CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વ્યાસ વલ્લભરામ સૂરજરામ રચિત

વાર્તામાં મહાભારત ની કથા સચિત્ર

(અઢારે પર્વ)







પૂ. શ્રી વ્યાસ વલ્લભરામ સૂરજરામ

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે મદાવાદ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અસલ

પરમપૂજ્ય વ્યાસ વલ્લભરામ કૃત

સચિત્ર

મહાભારતની કથા

વાર્તામાં અઢારે પર્વ ચિત્રો સાથે

રચનાર :
પરમપૂજ્ય વ્યાસ વલ્લભરામ સુરજરામ



પૂ. શ્રી. વ્યાસ વલ્લભરામ સુરજરામ

પ્રકાશક
મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
ત્રણદરવાજા, અમદાવાદ.

કિંમત રૂ. ૩૦-૦૦

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આ પુસ્તકના તમામ હક્ક શ્રી. મોદી મગનલાલ જેચંદના કુલ વારસ શ્રી. મોદી સવાઈલાલ મગનલાલ પાસેથી કાયદેસર વેચાણ લઈ સ્વાધીન રાખ્યા છે.

પુનર્મુદ્રણ ૮મી વાર સને ૧૯૭૬

(C) M. R. JAGUSHTE

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.

: મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ,
મંગલ મુદ્રણાલય
રતનપોળ—અમદાવાદ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પ્રસ્તાવના

મહાભારતના પુસ્તકો રાગરાગણીમાં બે ચાર કવિઓનાં બહાર પડેલાં છે, તે બધામાં વ્યાસ વલ્લભરામ સૂરજરામનું મહાભારત ઘણું વખણાયેલું છે અને કથા કરનારાઓની સુગમતાવાળું છે અને તેથી જ આ મહાભારતના પ્રથમ પ્રકાશકે વ્યાસ વલ્લભરામ પાસે વાર્તામાં લખાવી મહાભારત બહાર પાડ્યું તેની નકલો થોડા જ સમયમાં વેચાઈ જવાથી લોકોની માગણી ચાલુ રહેવાથી તેમની પાસેથી હક્ક ખરીદી બીજી વખત છાપવામાં આવ્યું. ત્યાર પછી આજે તેનું આઠમું પુનર્મુદ્રણ બહાર પાડવામાં આવે છે. વાચક તેને જરૂર અપનાવશે જ.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
પ્રકાશક

આ પુનર્મુદ્રણ વખતે

ટુંક સમયમાં સાતમું પુનર્મુદ્રણ વેચાઈ જવાથી તેમજ જનતાની માંગણી ચાલુ રહેવાથી કાગળો–છપાઇ–બાઇન્ડિંગની ઘણીજ મોંઘવારી હોવાથી ન છુટકે કીંમત વધારવી પડી છે. આ ૮મું પુનર્મુદ્રણ બહાર પાડવામાં આવે છે. ટુંક સમયમાં સાતમું પુનર્મુદ્રણ ખલાસ થઇ ગયું તે જ તેની ઉપયોગિતા બતાવી આપે છે

—પ્રકાશક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અનુક્રમણિકા

૧	આદ્યપર્વ	....	....	....	....	૧
	મત્સ્યવેધ	....	....	....	....	૨૨૪
૨	સભાપર્વ	....	....	....	....	૩૦૭
	હાંગવાખ્યાન	....	....	....	....	૩૫૫
૩	વનપર્વ	....	....	....	....	૩૯૯
	સુરેખાહરણ	....	....	....	....	૪૩૭
૪	વૈરાટપર્વ	....	....	....	....	૫૪૧
૫	ઉદ્યોગપર્વ	....	....	....	....	૬૧૧
૬	ભીષ્મપર્વ	....	....	....	....	૬૩૭
૭	દ્રોણપર્વ	....	....	....	....	૬૬૩
	અભિમન્યુનો ચક્રાવો	....	....	....	....	૬૬૭
૮	કર્ણપર્વ	....	....	....	....	૭૦૯
૯	શલ્યપર્વ	....	...	....	....	૭૧૫
૧૦	ગદાપર્વ	....	....	....	....	૭૧૯
૧૧	સ્ત્રીપર્વ	....	....	...	....	૭૨૩
૧૨	અનુશાસનપર્વ	....	....	....	....	૭૨૭
૧૩	શાન્તિપર્વ	....	....	....	....	૭૨૯
૧૪	અશ્વમેધપર્વ	....	....	....	....	૭૪૧
	સુધન્વા આખ્યાન	....	....	....	....	૭૫૫
	મયુરધ્વજ આખ્યાન	....	....	....	....	૭૯૭
	ચંદ્રહાસ આખ્યાન	....	....	....	....	૮૦૯
૧૫	વ્યાસાશ્રમપર્વ	....	....	....	....	૮૨૩
૧૬	મુશળપર્વ	....	....	....	....	૮૨૯
૧૭	યાનપર્વ	....	....	....	....	૮૩૩
૧૮	સ્વર્ગારોહિણીપર્વ	....	....	....	....	૮૫૩

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પરમપદનિવાસી, પરબ્રહ્માનંદ,
વ્યાસજી, વલ્લભરામ સૂર્યરામ

પ્રણવાધિવક્તા
વ્યાસજી, રમુજીલાલ વલ્લભરામ.
અમદાવાદ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મહાભારતનું લેખન



Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હેડંબા, ગટોરગચ્છ અને ભીમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મચ્છવેધ



CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આંબલી પીપળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વેડવેધન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દ્રૌપદી વસ્ત્રાહરણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુરેખા હરણ

Kirtikant Sharma Collection, Najafgarh

સુરેખા

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2



Kirtikant Sharma Collection, Najafgarh

ચક્રાવો

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અભેમન્યુ વધ



Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અશ્વમેધ



Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુધન્વા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બભ્રુવાહન

Kirtikant Sharma Collection, Najafgarh

સ્વર્ગારોહણી

CC0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નર્ક કુંડ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વ્યાસ વલ્લભરામ કૃત રસીલી

મહાભારતની કથા

(ગદ્યમાં)

આદ્ય પર્વ

આ ભરતખંડને વિષે સદાચારણી, સદ્ગુણી, હરિભક્ત; જ્ઞાનવાન કુન્તીનંદન પાન્ડવો હતા. તેમાંના અરજુનજીના પૌત્ર પરીક્ષિતહતા. તેમને જનમેજય નામનો પુત્ર હતો. તે બંને બાપ દીકરા સદાચારણી ને ધર્મિષ્ટ હતા. ને તે હસ્તિનાપુરનું રાજ્ય કરતા હતા. એક વાર રાજા પરીક્ષિત અશ્વપર બેસી વનને વિષે મૃગીઆ રમવાને ગયો. તે વનને વિષે એવો પોકાર થઈ રહેલો હતો, અરે ધર્મરક્ષક, ધાજો, ધર્મ રક્ષક ધાજો, તે શબ્દ રાજા પરીક્ષિતે સાંભળ્યો. તે સાંભળી તેણે પોતાનો ઘોડો તે તરફ દોડાવ્યો. ને જ્યાં શબ્દ થતો હતો ત્યાં પહોંચ્યો અને જોયું તો એક ગાયને પોકાર કરતી દીઠી. ગાયની પૂંઠે એક નંદી (આખલો) હતો. તે આખલાના ત્રણ ચર્ણ (પગ) છેદાયેલા અને એક પગ રહેલો. તે આખલાની પૂંઠે એક મનુષ્યાકાર ઘણો ઊંચો, રંગે કાળો ને ક્રોધી સ્વભાવનો હાથમાં ખડગ લઈ ઊભેલો દીઠો. તે દેખી પરીક્ષિત ઘોડા ઉપરથી ઉતરી પેલા કાળા પુરુષના કેશ ઝાલી કબજે કરી પોતે પેલી ગાયને પૂછવા લાગ્યો, હે જગતમાતા ગવરી ! તમે ત્રાસ ભરેલો પોકાર કેમ કરતાં હતાં ? ને આ નંદીના ત્રણ ચર્ણ કિયા દુષ્ટે છેદેલા છે તે મને કહો. એવાં પરીક્ષિતનાં નિર્મળ વચન સાંભળી માનુષી વાચાવડે ગાયે કહ્યું, હું પૃથ્વી છું ને આ નંદી ધર્મનો અવતાર છે. તે ધર્મના ત્રણ ચર્ણ તમે જે દુષ્ટને પકડયો છે તેણે છેદી નાંખ્યા છે ને ચોથો ચર્ણ છેદવાની તૈયારી હતી ને તમે આવ્યા તેથી આ ધર્મનો એક ચર્ણ રહ્યો. એવાં ગાયના વચન સાંભળી રાજા પરીક્ષિતે કાળરૂપ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુષ્ટને ખડગની મુષ્ટી વડે પ્રહાર કરતાં કરતાં કહ્યું, બોલ, કોણ છે? એટલે તે કદ્રુપ કહે, અરે મહારાજ, મને શું કામ મારો છો? એકવાર મારી વાત સાંભળો, મને ઓળખો, મારા ગુણ અવગુણ જુઓ, પછી મને યોગ્ય લાગે તેમ કરજો. એવાં તેનાં વચન સાંભળી રાજા પરીક્ષિત મારતો અટકી તેના કેશ ઝાલી બોલ્યો, તારી સાચેસાચી તમામ હકીકત મને કહે કે તું કોણ છે ને તારું નામ શું છે? એટલે તે દુષ્ટ રાજા પ્રત્યે કહેવા લાગ્યો હું કળી છું. મારું નામ પણ કળિયુગ છે. સત્ય, ત્રેતા ને દ્વાપર એ ત્રણે યુગનો રાજ્ય કરવાનો વારો ગયો ને હવે મારો વારો બેઠો છે, તેથી મારા વારામાં હું મારું ચલણ ચલાવું ને મારા ગુણ સર્વમાં પ્રસારું તેમાં તમે મને મારો તે અયોગ્ય છે. એટલે પરીક્ષિત કહે છે, ભલે, તું તારું રાજ્ય ભોગવે તેમાં મને હરકત નથી; પણ તેં આ ધર્મના ત્રણ ચર્ણ વિના અપરાધે કેમ છેદન કર્યા? કળી બોલ્યો. અરે મહારાજા જેવો રાજા તેવી પ્રજા જોઈએ. તેટલા સારુ આ ધર્મનું છેદન કરું છું. કેમ કે ધર્મનો નાશ થયા વિના અધર્મનો પ્રસારો થાય નહિ. એવાં કળીનાં વચન સાંભળી મહાક્રોધાયમાન થઈ રાજા પરીક્ષિત બોલ્યા, અરે દુષ્ટ, તું તો કેવળ અધર્મના જ ગુણનો ભંડાર દેખાય છે. માટે તારો સમુળો નાશ કરવો એ મારું કામ છે. એમ કહી ખડગ ઉપાડયું એટલે કળી કહે, અરે મહારાજ, હું અધર્મનો ભંડાર છું પણ મારામાં મોટા બે ગુણ છે તેથી મારા ગુણ અવગુણ જોઈને પછી યોગ્ય લાગે તેમ કરજો, ત્યારે પરીક્ષિત બોલ્યા, અરે કર્મચન્ડાળ, તું અધર્મ સ્થાપન કરવા ઇચ્છે છે તો તારામાં સદ્‌ગુણ હોય જ કયાંથી? છતાં કહે જોઈએ; તારામાં કિયા બે ગુણ છે. તે બોલ્યો, હે રાજા, પ્રથમ મારા અવગુણ જ કહું કે ગુણ કહું? પરીક્ષિત કહે છે, તારા અવગુણ જ કહી બતાવ એટલે મને તારા ગુણ સાંભળવાની ઇચ્છા રહે જ નહિ. ને તરત જ તારો નાશ કરવો મને ફાવે. ત્યારે કળી બોલ્યો, ભલે મહારાજ, પ્રથમ મારા અવગુણ કહું, પણ મારા બે ગુણ સાંભળ્યા વિના મને મારવો નહિ એવું વચન આપો તો જ મારા ગુણ ને અવગુણ કહી બતાવું. તે વિના મને મારવો હોય તો ભલે મારો. હું કાંઈ જ કહેવાનો નથી. એવાં કળીનાં વચન સાંભળી રાજા પરીક્ષિત બોલ્યો, લે જા મારું વચન છે કે તારા અવગુણ ગુણ સાંભળ્યા વિના મારે તને મારવો નહિ એમ કહી વચન આપ્યું. એટલે કળી બોલ્યો, હે મહારાજ, સત્ય, ત્રેતા ને દ્વાપરમાં સર્વે પ્રાણી પોતપોતાના ધર્મમાં રહી પોતાને જે કરવાનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હોય તે જ કરતા. કાંઇ ખટ પટ કરતા ન હતા. ને તેવું જ હાલ ચાલે છે, એટલે મારું રાજ્ય બદલાયું કેમ જણાય? જેમ કોઇ રાજાનું રાજ્ય બીજા રાજાના હાથ જાય ને તેમાં હોય તેથી કાંઇ ઉલટું ન થાય તો તે રાજા બીજો થયો એમ જણાય નહિ. માટે પ્રથમની રાજ્યરીતિ કરતાં મારે ઉલટી રીતો કરવી જોઇએ.

જુઓ સત્યયુગમાં ધર્મ ચારે પગે ચાલતો હતો. ત્રેતામાં એક પગે ખોડંગતો ત્રણ પગે હતો, દ્વાપરમાં ખોડંગતો બે પગે હતો, ને મારા વારામાં મારે તો ચારે ચરણ છેદીને ધર્મનો સમુળો નાશ કરવાનો હેતુ હતો પણ તેને કર્મે: તમે આવીને એક પગ ઉગાર્યો તેથી જગતમાં ધર્મસંબંધી ત્રણ ભાગ પ્રપંચના ને એક સત્યનો રહેશે. એવાં વચન સાંભળી રાજા પરીક્ષિત પૂછે છે, હે અધર્મિ, સત્ય; ત્રેતા, દ્વાપર અને તું કળી તેમાં ધર્મ સંબંધી પ્રપંચ ને માયાનો પ્રપંચ કેટકેટલો ને કેવે પ્રકારે હોય તે તું મને કહે. કળી કહે છે, સત્યયુગમાં સંબંધમાં કાંઇ જ પ્રપંચ નહિ ને માયામાં પાભાગનો પ્રપંચ પણ વિશેષ નહિ. ત્રેતામાં ધર્મ સંબંધમાં પાભાગનો પ્રપંચ ને માયાનો અડધા ભાગનો પ્રપંચ. દ્વાપરમાં ધર્મ સંબંધમાં અડધા ભાગનો પ્રપંચ ને માયાનો પોણા ભાગનો પ્રપંચ. મારા વારામાં ધર્મસંબંધમાં પોણા ભાગનો પ્રપંચ ને માયાનો આખો પ્રપંચ જાણવો.

કળિયુગનાં વચન સાંભળી રાજાપરીક્ષિતક્રોધે થઇબોલ્યો,હે અધર્મિ, માયિક કામમાં માયા પ્રપંચ તું કરાવે તેનો મને ખેદ નથી. કેમ કે માયા મોહિત જીવને હાનિકર્તા છે તે કાંઇ ધર્મિષ્ટ જીવને હાનિકર્તા નથી. પણ ધર્મ સંબંધી કામમાં તું પ્રપંચ કરાવે માટે તને હણવો જોઇએ. એમ કહી ખડગ ઉપાડયું ત્યારે કળી કહે, અરે મહારાજ, આ તો તમે મારા પ્રપંચના ને ધર્મ પ્રપંચના બે અવગુણો સાંભળ્યા. પણ મારા બે ગુણ સાંભળો તે પછી તમે મારો. તમે બે ગુણ સાંભળ્યા પછી મને મારવો એવા વચનથી મારી સાથે બંધાયા છો. એ સાંભળી રાજા પરીક્ષિતે કહ્યું,ભાઇ તારી વાત ખરી છે, હવે તારે તારા બે ગુણ જે હોય તે કહી દે, કેમ કે મારા કોમળ કર તારા ઉપર ક્રૂર થઇ રહેલા છે. ત્યારે કળી કહે, હે રાજા! મારા વારામાં કોઇ એક મુઠ્ઠીનું પુન્ય કરે તેને સહસ્ર મુઠ્ઠીનું ફળ થાય. મારો એક ગુણ એ છે. મારો બીજો ગુણ એ છે કે સત્ય-યુગમાં લક્ષ વરસ તપ કરે ત્યારે મનવાંચ્છિત ફળ મળતું ને ત્રેતામાં અયુત વર્ષ તપ કરે ત્યારે મનવાંચ્છિત ફળ મળતું, દ્વાપરમાં એક હજાર વર્ષ તપ કરે ત્યારે મનવાંચ્છિત ફળ મળતું, ને મારા વારામાં દૃઢ જ્ઞાન વડે છ માસ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તપ કરે તો માનવાંચ્છિત ફળ મળે. આ બે ગુણ સાંભળીને રાજા પરીક્ષિત શાંત થઇ બોલ્યા, વાહ વાહ રે કળી રાજા ! આ બે ગુણ સાંભળીને તારા ગમે તે અવગુણ હોય તે હું વીસરી ગયો. માટે જા, તને મારતો નથી ને જીવતો મૂકું છું. પણ જ્યાં જ્યાં મારી ભોમી હોય ત્યાં ત્યાં તારે રહેવું નહિ. ત્યારે કળીયુગ કહે, મહારાજ, હું કયાં જાઉં ? મને ગમે ત્યાં રહેવા સ્થળ આપો. ત્યારે રાજાવપરીક્ષિતે કહ્યું, જા, તારે વનસ્પતિમાં બેહેડાનાં ઝાડમાં રહેવું ને પશુમાં ભુંડ જાતિમાં રહેવું, પક્ષીમાં ગીધ જાતીમાં રહેવું, કીટમાં કરોળિયામાં રહેવું, પતંગિયામાં માંકડી કુકડીમાં રહેવું, વનચરમાં સુઅરમાં રહેવું, જળચરમાં કરચલામાં રહેવું, નિશાચરમાં ચામાચીડિયામાં રહેવું, દિનચરમાં પ્રેતભોજન કરનારમાં રહેવું, ધાતુમાં સોનું ને રૂપું ભેળું હોય તેમાં રહેવું. એવાં એવાં નીચ સ્થળોમાં તારે રહેવું, ત્યારે કળીયુગે કબૂલ કર્યું. એટલે પરીક્ષિતે પાપીને મૂકી દીધો ને પોતે અશ્વપર બેસી પોતાના નગર ભણી ચાલ્યો. એટલે કળીએ વિચાર્યું, એ જ રાજાના મસ્તક પર મુગટ છે તેમાં જ સોનું ને રૂપું ભેગું થયેલું છે. તો ત્યાં મારે રહેવું. એમ નિશ્ચય કરી કળી પરીક્ષિતના મુગટમાં પ્રવેશ કરી રાજાના શરીરમાં પ્રવેશ્યો. એવામાં રાજા પરીક્ષિતને તરસ લાગી, તેથી પાણી માટે જોતો વનમાં આગળ ચાલ્યો. એક ઋષિને તપ કરતા જોઇ તેમની પાસે જઇ પરીક્ષિતે પૂછયું, અરે મહારાજા, આટલામાં પાણી કયાં હશે ? પણ પેલાં ઋષિધ્યાનમાં હોવાથી તેમણે સાભળ્યું નહિ. નહિ સાંભળવાથી કાંઇ જવાબ પણ આપ્યો નહિ, તેથી પરીક્ષિત ને કળીયુગના પ્રવેશથી ક્રોધ ચઢયો ને એક મુએલો સર્પ પાસે પડેલો હતો તે લઇ તેણે તે ઋષિની કોટમાં (ગળામાં) વીંટાળ્યો. ને અશ્વપર બેસી પોતાને ઘેર ગયો.

સાંજ પડી એટલે પેલા સર્પવાળા ઋષિનો પુત્ર પોતાના પિતાને સ્થળે આવ્યો. તેણે પોતાના પિતાની કોટમાં મુએલો સર્પ દીઠો, તે સર્પ દેખવાથી ક્રોધે થઇ શ્રાપ દીધો, મારા પિતાની કોટમાં સર્પ નાખનારને આજથી સાતમે દિવસે સર્પ ડંસજો, ને તેનો પ્રાણ જજો. એટલામાં ઋષિ તપનાં ધ્યાનમાંથી મુક્ત થયા ને બોલ્યા, અરે પુત્ર, તેં કોને શ્રાપ દીધો ? ઋષિના પુત્રે કહ્યું. અરે પિતાજી, કોઇ પાપી તમારા ગળામાં મુએલો સર્પ વિંટાળી ગયો હતો તેને મેં શ્રાપ દીધો. એવાં પુત્રનાં વચન સાંભળી ઋષિએ સમાધિ ચઢાવી જોયું તો પરીક્ષિતે સર્પ પહેરાવ્યો હતો એમ જણાયું, પછી સમાધિમુક્ત થઇ ઋષિ બોલ્યા, અરે પુત્ર, તેં એકાએક શ્રાપ દીધો તે ઘણું જ ખોટું કર્યું. આ સર્પ તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાજા પરીક્ષિતે પહેરાવ્યો હતો. તે તેની ભૂલ છે. પણ તેં શ્રાપ દીધો તે ઘણું ખોટું કર્યું, કેમકે એ રાજા ગૌબ્રાહ્મણ પ્રતિપાળ છે; હવે જે થવાનું હતું તે થઇ ગયું. પણ જા તું જઇ ને એ રાજાને ચેતવણી આપ, ત્યારે તે ઋષિનો પુત્ર તરત હસ્તિનાપુર ગયો ને રાજા પરીક્ષિતને કહ્યું, અરે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, તમે મારા પિતાજીની કોટમાં મુએલો સર્પ પહેરાવ્યો તેથી મેં અજાણ પણે તમને શ્રાપ દીધો છે કે આજથી સાતમે દિવસે તમને સર્પ ડંસ થશે ને તમારો પ્રાણ પણ જશે. માટે તમે મોક્ષપદ પામવાને જ્ઞાનવાનશુકદેવજીના મુખથી શ્રીમદ્ ભાગવતની કથા સાંભળજો. એટલું હું તમને કહેવા માટે આવ્યો છું. એમ કહી ઋષિનો પુત્ર ચાલ્યો ગયો. તે પછી રાજા પરીક્ષિતે પોતાના પુત્ર જનમેજયને કહ્યું, અરે પુત્ર, મને શ્રાપ થયો તેથી હું સાતમે દિવસે દેહમુક્ત થવાનો છું; માટે આ રાજ્યગાદી તમે ભોગવજો, ને ધર્માસ્તિક રહી સર્વ કાજ કરજો. તેમાં કોઇવાર અશ્વમેધ યજ્ઞ કરશો નહિ, ને અશ્વમેધ યજ્ઞ કરો તો યુવાન બ્રાહ્મણના વરુણ કરશો નહિ ને યુવાન બ્રાહ્મણના વરુણ કરો તો અશ્વનું પૂજન કરતા સ્ત્રી પુરુષ સાથે રહેશો નહિ ને સ્ત્રી પુરુષ સાથે રહો તો કોઇ વાતે ક્રોધ કરશો નહિ. આટલું મારું વચન પાળજો. એમ કહી રાજા પરીક્ષિતે શુકદેવજીને તેડાવી શ્રીમદ્ ભાગવતની કથા કરવા વિનંતી કરી, ત્યારે શુકદેવજીએ જ્ઞાનમાર્ગથી શ્રીમદ્ ભાગવતની કથા કહી સંભળાવી. તે પછી પરીક્ષિતને સર્પડંસ થવાથી તે દેહમુક્ત થઇ સદ્‌ગતિને પ્રાપ્ત થયો; હવે પરીક્ષિતનો પુત્ર જનમેજય પોતાનું રાજ્ય ભોગવે છે, એવામાં એક દિવસ એને એવો વિચાર આવ્યો કે મારા પિતાજીએ મને અશ્વમેધ યજ્ઞ કરવાની ના કહી છે તે વાત મને યથાર્થ લાગતી નથી કેમ કે મારા પિતાજીની મરણને સમયે બુદ્ધિ ભમેલી તેથી તેમના વચન પર શ્રદ્ધા રાખવી તે અવિચારી પુત્રનું લક્ષણ છે, અશ્વમેધ કરવાથી કોઇને હાનિ થઇ હોય તેવું આજ સુધી મારા સાંભળવામાં આવ્યું નથી, માટે પિતાના વચનથી ઉલટા ચાલીને મારે તે જ કામ કરવું. એમ વિચારી પોતે અશ્વમેધ યજ્ઞ કરવા સર્વ સાહિત્ય તૈયાર કરી યજ્ઞનો આરંભ કર્યો. તેમાં પિતાજીનાં વચનથી ઉલટા ચાલવા યુવાન બ્રાહ્મણોના અઢાર વરુણ કર્યા. તે અઢારે બ્રાહ્મણોએ યજ્ઞક્રિયા ચાલતી કરી. તે વખત યજ્ઞ મંડપમાં અશ્વની પૂજા કરવા યજ્ઞના સ્થળે અશ્વ સંગાવ્યો પછી બ્રાહ્મણોએ જનમેજયને કહ્યું, રાજા, તમે બંને સ્ત્રી પુરુષ સ્નાન કરી સ્વચ્છ વસ્ત્રે આ અશ્વનું પૂજન કરવા સારુ આવો. ત્યારે જનમેજય રાજા પોતાની સ્ત્રી સાથે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પૂજાસામગ્રી લઇ યજ્ઞસ્થળે અશ્વ લાવી રાખેલો ત્યાં આવી ઊભો રહ્યો. તે સમયે બ્રાહ્મણોએ તે બંને સ્ત્રી પુરુષ પાસે પૂજનવિધિ કરાવવા માંડી, એટલામાં યજ્ઞના અશ્વની લઘુશંકા ઇંદ્રી મૈથુનાકૃતિએ થઇ, તેથી પેલા વરુણ કરેલા અઢારે બ્રાહ્મણોને હસવું આવ્યું. તે જોઇ જનમેજયને એમ લાગ્યું કે મારી સ્ત્રીના સામું જોઇ બ્રાહ્મણો વિકારબુદ્ધિથી હસ્યા તેથી તેણે ક્રોધે થઇ હાથમાં ખડ્ગ લઇ વરુણીના અઢારે બ્રાહ્મણોનાં મસ્તક છેદી નાંખ્યાં ને યજ્ઞમાં ભંગ પડયો. ને રાજા જનમેજયને હત્યા લાગવાથી તેનું સ્વરૂપ બદલાઇ ગયું. તે કાળો શ્યામ ને તેજહીન કદ્રુપ થઇ ગયો. થોડી વારે જ્યારે રાજાનો ક્રોધ શમ્યો ત્યારે વિચાર આવ્યો. અરેરે, મેં મારા પિતાનું વચન ઉલ્લંઘન કર્યું તેનું આ ફળ મને મળ્યું. માટે મારી પેઠે જે મનુષ્ય માબાપના સદુપદેશનું ઉલ્લઘન કરશે તેની મારા કરતાં પણ માઠી ગતિ, થશે.

હત્યા લાગી, તે હત્યાથી છુટવા કેટલાક જ્ઞાનવાન બ્રાહ્મણોને તેણે શ્રદ્ધા પૂર્વક પોતાને સ્થાનકે તેડાવી નમ્રતા પૂર્વક પ્રાર્થના કરી કહ્યું, હે ભુદેવો, મને અઢાર બ્રહ્મહત્યા લાગી તે પાપથી હું કેવી રીતે મુક્ત થાઉં તે મને કૃપા કરીને કહો. એટલે જ્ઞાનવાન બ્રાહ્મણો બોલ્યા, તું વૈશમપાયન ઋષિના મુખથી ભારત કથાના અઢારે પર્વશ્રવણ કરે તો તારી અઢારે બ્રહ્મહત્યા ઉતરે. એમ કહી બ્રાહ્મણો વિદાય થયા તે પછી થોડે દિવસે ફરતા ફરતા વૈશમપાયન ઋષિ હસ્તિનાપુરમાં જનમેજયને ત્યાં આવ્યા. ત્યારે જનમેજય રાજાએ ઘણા આદરથી ચરણે નમી પ્રાર્થના કરી બેસાડયા. પછી વૈશમપાયન પૂછવા લાગ્યા, હે ધર્મિષ્ટ રાજકુંવર, તું કેમ અતિ શોકાયમાન કુરંગ-કદ્રુપ થઇ ગયો ? ત્યારે જનમેય રાજા ચોધાર આંસુથી રડીને કહેવા લાગ્યો, હે કૃપાનીધી, મેં મારા પિતાજીના વચનનું ઉલ્લંઘન કરી અશ્વમેધ યજ્ઞ આરંભ્યો. તેમાં યુવાન વયના બ્રાહ્મણોનાં વરુણ કર્યા, ને ક્રોધ કર્યા. તેથી આ ફળને પાત્ર થયો છું. ક્રોધમાં ભાન ભુલવાથી અઢાર બ્રહ્મહત્યાઓ મારાથી થઇ. હવે જગતમાં મારા જેવો કોઇ પણ પાપી હત્યારો અધર્મિ નહિ જ હોય એમ મને નિશ્ચય ભાસ્યું. અને હું પસ્તાવો કરું છું ને ફરી આવુંકામ કામ કદી નહિ જ કરું એટલે માતાપિતાનું સુમાર્ગી વચન નહિ ઉલ્લંઘું, તેમ બ્રાહ્મણના અનંત અપરાધ હશે પણ કદી ક્રોધ નહિ કરું. પણ આ મને લાગેલી મોટી હત્યાઓથી મને મુક્ત કરો. એવાં દીનતા ભરેલાં વચન સાંભળી વૈશમપાયન ઋષિને દયા ઉપજી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ને કહ્યું, હે પરીક્ષિતના પુત્ર, તું ભારત ઇતિહાસના અઢારે પર્વની કથા શ્રવણ કરે તો તું અઢારે બ્રહ્મહત્યાથી મુક્ત થાય. ત્યારે જનમેજય ચરણે લાગીને બોલ્યો, હે દયાળુ, તે અઢારે પર્વ તમે મને સંભળાવો એટલે વૈશમપાયન ઋષિએ કહ્યું, એક સ્વચ્છ ભોવન ગાયના ગોબરથી લીંપાવો ને તેમાં અખંડ બળે તેવા ઘૃતના અઢાર દીપક કરાવો પછી તમે નરનારી શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવા બેસો, હું તમને તે ઉત્તમ કથા સંભળાવું. તેનું એક એક પર્વ પૂરણ થાય એટલે જે જે તમને કહું તે તે વિધિયુક્ત દાન કરો એટલે તે એક એક પરવે તારી એક એક હત્યા ઉતરતી જશે.

મહાત્માનાં એવા વચન સાંભળી રાજા જનમેજય પૂછવા લાગ્યો, હે કૃપાનીધી, એક એક પરવે એક એક હત્યા ઉતરી જશે તે મને શાથી જણાશે? કદી હું શ્યામ વરણ થઇ ગયો છું તે થોડે થોડે ગૌર વરણ થઇશ, વળી નિસ્તેજ થઈ ગયો છું તે તેજસ્વી થઇશ તેથી મારી હત્યા ઉતરી એમ હું કેમ માનું? કેમકે તમારી સમીપે નિત્ય કથા સાંભળવા શીતળ છાયામાં બેસી રહીશ તેણે કરીને ગૌરવર્ણ ને તેજસ્વી થઇશ એમ મને ભાસે છે. પણ હત્યા ઉતરી એમ મને શાથી જણાશે? વૈશમપાયન કહે છે, જે સ્થળે કથા આરંભ કરીએ તે સ્થળમાં કાળા વસ્ત્રના અઢાર પડદા બંધાવો, અઢાર કાળી ગાયો તે સ્થળમાં રાખો ને કાળા તલના સવા સવા મણના અઢાર ઢગલા કરાવો, તે પછી કથાનો આરંભ થશે. તે કથા કરતાં જેમ જેમ એક એક પર્વ પૂર્ણ થશે તેમ તેમ શ્યામ પડદો શ્વેત થશે, શ્યામ ગાય શ્વેત થશે, શ્યામ તલ શ્વત થશે તે ઉપરથી તું જાણજે કે તારી એક હત્યા ઉતરી. એવાં વૈશમપાયન ઋષિનાં વચન સાંભળી જનમેજય બોલ્યો, હે કૃપાનીધી, હવે મને શ્રદ્ધા બેઠી. કેમ કે એવો ચમત્કાર જોયા વિના શ્રદ્ધા રહેતી નથી. ત્યારે વૈશમપાયન બોલ્યા, તું સારા કુળનું ફરજન હોવા છતાં અશ્રદ્ધાળુ રહે તેજ તને હાનિકર્તા છે, જો કે તેં તારા પિતાના વચન પર શ્રદ્ધા ન રાખી તો તને બ્રાહ્મહત્યા લાગી, તેમ બ્રાહ્મણના વચન ઉપર તું શ્રદ્ધા ન હિરાખે તો તા સારું સર્વ કર્તવ્ય નિષ્ફળ છે. માટે શ્રદ્ધાથી જેજે શુભ કર્મ થાય તે તે તું કરજે. એવો ઉપદેશ સાંભળી રાજાએ એક સારા સ્વચ્છ ધામમાં ગૌગોબરથી લીપાવી વિશેષ સ્વચ્છ કરી તે સ્થળમાં અઢાર કાળા પડદા બંધાવ્યા. તે દરેક પડદામાં એક એક શ્યામરંગી ગાય બાંધી ને કાળા તલનો એક એક ઢગલો કરાવ્યો. વળી ત્યાં ઘૃતનો એક અખંડ દીપક મુકાવ્યો. પછી વૈશમપાયન ઋષિને બેસવાનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુંદર આસન આપી બેસાડ્યા. ને જનમેજય અને તેની સ્ત્રી શ્રદ્ધાપૂર્વક વિધિ કથા સાંભળવાં બેઠાં.

આરામ દુહો
પ્રથમ વાવ પૂરણ હવી, કથા સુણે કરજોડ;
વ્યાસ વલ્લભ વાણી વદે, જય જય શ્રીરણછોડ.

પ્રથમ વિષય સમાપ્ત

કથન બીજું

હવે વૈશમપાયન ઋષિ રાજા પરીક્ષિત પ્રત્યે કહે છે, હે પાન્ડુપૌત્ર, ભારત કથા પાંચ પ્રકારની છે. ૧ મહાભારત ૨ ભારતસાર ૩ બાળભારત ૪ ભારતચંપુ ૫ ભારતસાવંત્રી. એ પાંચે મહાભારતોમાં જુદા જુદા પ્રકારે વર્ણન કરેલું છે પણ સર્વના મતલબ એક છે. માટે મારા મુખથી શ્રવણ કરતાં તારે કાંઇ પણ સંદેહ ધરવો નહિ. જો ભારતના અઢારે પર્વથી જે પર્વની વાતમાં તું સંદેહ ધરીશ તે પર્વની હત્યા તારે માથે રહી જશે. એમ કહી પછી કથાનો આરંભ કર્યો.

વૈશમપાયન ઋષિ બોલ્યા, જમુનાજીની તીરે એક અયોધ્યા નગરીહતી.ત્યાં હસ્તસૈન્ય નામનો રાજા રાજ્ય કરતો હતો.તે રાજામહાધર્મિષ્ટ,શ્રદ્ધાળુ, દયાળુ ન્યાયનીતિનો ભરેલો ને અતિ પુન્યશાળી હતો. તેની પ્રજા ઘણી સુખી હતી ને તે રાજાને તેર રાણીઓ હતી. તે પણ તેવી જ સદ્‌ગુણી ને પવિત્ર હતી; પણ તેમાંથી મનમાં એક દિવસ વિચાર ઉત્પન્ન થયો, અરેરે, આ રાજ્યગાદી ભોગવનાર એક પણ પુત્ર મારે નથી. તેથી મારો દેહ પડયા પછી આ મારી રાજ્યધાની સ્વપ્નવત્ ઊડી જવાની ને મારું નામ નિશાન પણ નાશ થવાનું. અરેરે પુન્યદાન, આચારવિચાર પાળતાં, વ્રત કરતાં પણ હું આ દશાને પ્રાપ્ત થયો, હવે મારે આ ગ્રહસ્થાશ્રમમાં દેહ છોડવો યોગ્ય નથી. કેમકે દેહથી છુટતી વખત મારું લક્ષ મારા રાજ્યનું શું થશે એવું રહેશે તેથી હું સદ્‌ગતિને પ્રાપ્ત નહિ થાઉં, તેથી હું આ રાજ્ય મૂકી અરણ્યમાં જઇ ઇશ્વર સાથે લક્ષ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લગાડી એક આસને બેસી નિરાહારી રહી મારો દેહ પાડું તો મારી સદ્ગતિ થાય. તેમ કરતાં ત્યાં ઇશ્વર કૃપાથી જો મને પુત્ર થવાનું વરદાન કોઈ દ્વારાએ મળી આવશે તો જીવતો ઘેર પાછો આવીશ. એમ મનમાં નિશ્ચય કરી અતિ વૈરાગ્યને પ્રાપ્ત થઈ રાજાએ પોતાના પ્રધાનને બોલાવીને પોતાના રાજ્ય ની સોંપણી કરી પછી પોતાની તેર રાણીઓને પાસે બોલાવી કહ્યું, અરે સુપાત્ર માબાપની પુત્રીઓ, આ સર્વ ધામ, ધન તમને સોંપું છું, તેથી તમો તેર નારીઓ સદાચારણે, સદમારગે, સદ્ગુણે સંપીને રહેજો. હું વનમાં તપ કરવાને જાઉં છું. જો મને ઇશ્વર પુત્ર આપશે તો જીવતો ઘેર આવીશ નહિ તો તપમાં ઇશ્વર સાથે લક્ષ જોડીને આ દેહ પાડીશ. ત્યારે તેર સ્ત્રીઓ રડીને કહેવા લાગી, અરે સ્વામી, વનને વિષે ગયા વિના આ સ્થળે રહી સ્મરણ કરો તો શું ખોટું છે ? એવાં સ્ત્રીઓનાં વચન સાંભળી રાજા હસ્તસેન્યે કહ્યું, અરે નારી, આ સ્થળમાં રહી હરિ સ્મરણ કરું, પણ મારી મનોવૃત્તિ આ વૈભોગ ઉપરથી અરુચિ થઇને વનમાં લાગી છે, માટે હું વનમાં જ જઇશ. તમે કોઈ પણ મને કાંઇ કહેશો નહિ. એમ કહી રાજાએ પોતાની ઉપયોગી ચીજો લઈ લીધી. પછી પોતે અશ્વપર બેઠો ને સાથે પોતાના પાળેલા પ્રિય પોપટનું પાંજરું લીધું. તે પછી સારા શુકન જોઈ રાજા પંથે પળ્યો; તે સાત દિવસ સુધી વનમાં ચાલ્યો, તેવામાં તે વનમાં એક સારું સ્થળ દીઠું, ત્યાં મોટો સુંદિર વડ છે. તે વડની નીચે રાજા ઘોડેથી ઉતરી ઘોડાને તે વડની લાંબી વડવાઇએ ઘણાં લાંબા દોરથી બાંધ્યો, વળી તે વડની છેવટની વડવાઇ પાસે જ એક સુંદિર જળનું સરોવર છે, ત્યાં લાંબો બાંધેલો અશ્વ લીલો ચારો ચરે ને જળ પીએ એવી સગવડથી ઘોડાને બાંધી પછી તેણે પોતાના પોપટનું પાંજરું વડની એક ડાળે લટકાવી દીધું ને પોપટને પાંજરામાંથી કાઢી છુટો મુકયો એ પાંજરાનું બારણું ઉઘાડું રહેવા દીધું તેથી પેલો પોપટ પોતાની ખુશીમાં આવે ત્યાં ફરે, ચારો ચરે, જળ પીએ, વળી નજરમાં આવે તે વખત પાંજરામાં આવી બેસે ને રાજાની દૃષ્ટિ નીચે રહી રાજાની ને અશ્વની દેખરેખ રાખે એવી રીતે પોપટને સગવડ કરી આપી. પછી પોતે તે વડના થડની પાસે પદ્માસન વાળી નિવૃત્તિથી ને નિશ્ચિંતપણે જમણા હસ્તમાં માળા ગ્રહી પરમેશ્વરનું સ્વરૂપ ધ્યાનમાં લેવાની તૈયારી કરે એવામાં તે વડ ઉપર એક ઘુવડ પક્ષીને ઘુવડ પક્ષિણી રહે છે. તે ઘુવડ પક્ષિણી પોતાના મા-ળામાં બેઠેલી છે ને ઘુવડ પક્ષી ફરવા ગયેલો છે તે ઘુવડ પક્ષીને આવતા ઘણીવાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

થવાથી ઘુવડપક્ષિણી માળામાં બેઠી મનમાં કલેશ કરે છે. એટલામાં પેલો ઘુવડપક્ષી આવ્યો ને પક્ષિણી પાસે માળામાં બેઠો ત્યારે ઘુવડપક્ષિણી રડીને કહેવા લાગી, અરે સ્વામીજી, તમે આજ સવારના આટલી બધી વાર કયાં ગયા હતા ? તે શબ્દો હસ્તસૈન્ય રાજા વડની નીચે તપ કરવા બેઠેલો તેને કાને પડયા, તેવી જ તેની ચિત્તવૃત્તિ તે ઘુવડ પક્ષીની વાતમાં ગઇ ને એક ચિત્તે તે સાંભળવા લાગ્યો. ઘુવડપક્ષી પક્ષિણીના પુછવાથી કહેવા લાગ્યો, અરે પ્રિયા, આજ તો હું સ્વર્ગમાં ગયો હતો. ત્યાં દેવસભા હતી તે દેવસભામાં રૂડી રૂડી વાતો, વાતોના પ્રસંગો ચાલતા હતા. તેથી તે વાતો સાંભળવા એક કોરાણે જઇ બેઠો તેથી મને વાર લાગી.

પક્ષીનાં વચન સાંભળી પક્ષિણી પૂછવા લાગી, અરે સ્વામી, ત્યાં વાતોના શા શા પ્રસંગ ચાલ્યા હતા તે મને કહો. ત્યારે પક્ષી બોલ્યો, આખા જગતના લાભનો એક પ્રસંગ હતો તે એવો કે આજનો આખો દિવસ એવો છે કે જે પ્રાણી આજ સ્ત્રીને રુતુદાન આપે તેને જરૂર પ્રજા ઉત્પન્ન થાય. કાં પુત્રી કાં પુત્ર. પણ પેટ પ્રજા થાય,થાય ને થાય.કદી કોઇ સાત જન્મ સુધી વાંઝિયાનો શ્રાપ પામેલો હોય તો પણ તેને આજના દિવસના પ્રતાપ વડે વંઝામેણું ટળે. એવી વાત કરી તે બંને સ્ત્રીપુરુષ વિહાર કરવા લાગ્યાં. આ ઘુવડપક્ષીઓની વાત પુરેપુરી હસ્તસૈન્ય રાજાએ વડની નીચે તપ કરતાં સાંભળી. તે પછી હસ્તસૈન્ય રાજાનું તપમાંથી લક્ષ ઊઠી ગયું ને પક્ષીની વાતમાં લક્ષ લાગતાં ઘણો શોક કરવા લાગ્યો. અરરે, જો આજ હું મારે ઘેર હોત તો જરૂર મને પુત્રની પ્રાપ્તિ થાત. પણ હું ઘણો જ નિરભાગી છું. જો નિરભાગી ન હોઉં તો આ સમયે હું ઘેર જ હોત. એમ કહીને ઘણું રડવા લાગ્યો ને કપાળ કુટવા લાગ્યો. એટલામાં પોપટે રાજાને રડતો કુટતો દીઠો તેથી તે પોપટ રાજા પાસે આવી પૂછવા લાગ્યો, અરે મહારાજ, આ શું કરો ? ને શા માટે કરો છો ? ત્યારે હસ્તસૈન્ય રાજા કહેવા લાગ્યો,અરે પોપટ, આ વડ ઉપર ઘુવડ પક્ષીએ ઘુવડપક્ષિણીને વાત કરી કે આજના દિવસનો યોગ એવો છે કે ગમે તેવો કોઇશ્રાપી વાંઝિયો હોય તેને પુત્ર થાય તે વાત સાંભળી હું મારું કપાળ કુટી ભાગું છું. અરેરે, જો આજ હું મારે ઘેર હોત તો જરૂર મારું વંજામેણું જાત. પુત્ર કે પુત્રી થાત. પણ હું પૂર્ણ નિરભાગી છું આજ હું અહીં અરણ્યમાં આવી બેઠો છું; કદી અશ્વે બેસી ઘેર જઇ પહોંચવાની તૈયારી કરું પણ સાત દિવસનો રસ્તો છે તેથી આજ ને આજ ઘેર જઇ શકાય નહિ. એ રીતે વિચારમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગુંચાઇ હું મારા ભવિષ્યને દોષ દઉં છું. મનમાં થાય છે કે આજ જ અહીં આપઘાત કરી મારો દેહ ત્યાગ કરું. એવાં રાજાનાં વચન સાંભળી પોપટ બોલ્યો, અરે મહારાજ, આપઘાત કરશો તો આત્મહત્યા લાગશે, તેથી તેવું ન કરતાં હું કહું તેમ કરો; જેથી તમારો દેહ બચે ને વળી વંઝામેણું ભાગે. ત્યારે રાજા બોલ્યા, અરે મારા પ્યારા પોપટ, તારા કહ્યા પ્રમાણે થાય તો મારે તું જ પરમેશ્વર. ત્યારે પોપટે કહ્યું; અરે અન્નદાતા, આ વડનું એક પત્ર લઇ તેનો દડીઓ બનાવી તમે કામવૃત્તિ ઉત્પન્ન કરી તમારું વીર્ય તેડી દડીઆમાં સ્ખલિત કરી મને આપો; એટલે તે દડીઓ મારી ચંચુમાં લઇ હું આજ ને આજ જઇ તમારી ગમે તે રાણીને આપીશ. પછી તે રાણી હું કહું તેમ કરશે એટલે તેને જરૂર પ્રજા થશે. ત્યારે રાજાએ કહ્યું, અરે પોપટ, ભાઇ, સાત દિવસનો રસ્તો તું એક દિવસમા શી રીતે કાપીશ ? ત્યારે પોપટ કહે, ભોમી માર્ગે હું ઊડીને જાઉં તો પણ બે દિવસ થાય પણ સમુદ્ર ઉપર જળમાર્ગે ઊડતો જઇશ તો મને અડધો દિવસ લાગશે. એવાં પોપટનાં વચન સાંભળી રાજાએ વડનાં પાનનો દડીઓ બનાવી કામ ઉત્પન્ન કરી દડીઆમાં પોતાનું વીર્ય સ્ખલિત કરી પોપટને કહ્યું, લે ભાઇ, લઇ જા ને મારી પટરાણીને આપજે ત્યારે પોપટે કહ્યું, હે મહારાજ, હું દડીઓ લઇ સંચરું તેવા જ તમે અશ્વે બેસી ઘર તરફ પધારજો. એમ કહી દડીઓ ચંચુમાં લઇ ઊડીને પોપટ સમુદ્રના જળ-માર્ગે અયોધ્યાની દિશા બાંધીને ચાલ્યો. એવામાં શકરોબાજ નામનો પક્ષી આકાશમાં ઊડતો હતો તેણે પેલા પોપટને દડીઆ સહિત જતાં જોયો ને એને એમ લાગ્યું કે પેલો પોપટ કાંક દડીઆમાં ખાવાનું લઇ જાય છે. એમ સમજી શકરાબાજે પોપટના ઉપર આવી ચાંચનો ને પાંખનો પ્રહાર કરવા માંડયો. તેથી પોપટ ઘણો ગભરાઇ વિચાર કરવા લાગ્યો કે હવે આ શકરોબાજ દડીઓ પડાવ્યા વિના રહેવાનો નથી. કેમ કે મારા કરતાં ઘણો સમર્થ છે. હવે જો આ દડીઓ નાંખી દઉં તો બીચારા રાજાનું કાર્ય થતું નથી, તેમ મારી કરેલી મહેનત છૂટી પડે છે. જો દડીઓ નહિ નાંખી દઉં તો મને શકરોબાજ મારી નાંખશે, તેથી મારો જીવ જશે ને તેની સાથે દડીઓ પણ જશે, ત્યારે આ બેમાંથી મારે શું કરવું જોઇએ ? વિચાર કરતાં દડીઓ નાંખી દેવો યોગ્ય લાગ્યો. કેમ કે ન નાંખી દે તો જીવ જાય ને દડીઓ પણ જાય. એમ બે રીતે નુકશાન થાય છે. તે કરતાં એક નુકશાન થાય ને એક બચે તે જ સારું છે, એમ સમજી પોપટે પોતાની ચાંચમાંથી દડીઓ નાંખી દીધો, તે સમુદ્રના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જળમાં પડયો. પછી પોપટ દડીઓ નાંખી દઈ જળના પ્રવાહથી બહાર નીકળી પૃથ્વીપર એક વૃક્ષ ઉપર જઈ બેઠો ને વિચાર કરવા લાગ્યો કે મારાથી રાજાનું કાંઇ જ કાર્ય થયું નહિ તેથી મારે એ રાજાને ઘેર જઈ રહેવું તે મારા જીવતરને ધિક્કાર છે. તેમ રાજાને મોં બતાવવું તે પણ ધિક્કાર છે તે કરતાં વનમાં રહેવું તે ઠીક છે, એમ સમજી પોપટ ત્યાં જંગલમાં રહ્યો.

પેલો વીર્યવાળો દડીઓ જે સમુદ્રમાંના જળના તરંગમાં પડયો તે શકરાબાજથી પણ લઈ શકાયો નહિ કેમ કે પાણીની છોળોથી તે બાજ ગભરાઇને દડીઆની આશા મૂકી ચાલ્યો ગયો, એવામાં તે સમુદ્રની એક મચ્છા સમુદ્રના જળ ઉપર મોઢું કાઢી પેલા દડીઆમાંથી વીર્યના બે ઘુંટડા ભરી ગઈ. તેથી તે વીર્ય માછલીના ઉદરમાં ગયું ને તે માછલીને બેઉ કુખે ગર્ભ રહ્યો.

હવે હસ્તસેન્ય રાજા વડની નીચે તપ કરતો હતો તે તપ મૂકી દઈ પોતાના અશ્વ પર બેસી પોતાના નગ્ર ભણી ચાલ્યો. ને સાત દિવસે પોતાને ઘેર આવ્યો ને પોતાની તેરે રાણીઓને બોલાવી પૂછયું; આપણો પોપટ આંહી આવ્યો છે કે નહિ ? ત્યારે સર્વે સ્ત્રીઓ કહેવા લાગી, અરે પતિ, તમો પોપટને સાથે લઈને ગયા ત્યારથી તે જોવામાં આવ્યો નથી. એવાં સ્ત્રીનાં વચન સાંભળી, રાજાએ પશ્ચાત્તાપ કરી પોતાને લલાટે હાથ મૂકયો, ભલા ભગવાન, મારું જ નિરભાગ્ય છે. એ પોપટને ગમે તે વિઘ્ન થયેલું નહિ તો વીર્ય લઈને જતો રહે એવું કાંઈ કારણ દીસતું નથી. હાય, મારા નસીબમાં જ પુત્ર નથી. જો નસીબમાં પુત્ર હોત તો પ્રજાના યોગને દિવસે વનમાં જઈને શા માટે બેસત ? જો વનમાં બેઠો રહ્યો હોત તો તપના બળે કરી પુત્ર થાત, તે પણ નશીબમાં નહિ તેથી તપ મૂકી ઘેર આવ્યો. તેથી નિશ્ચય થાય છે કે મારા નશીબમાં પુત્ર છે જ નહિ. જે વસ્તુ નશીબમાં નથી તે વસ્તુને માટે યત્ન કરું તે કેવળ ખોટું છે. એમ મનવાળી નિશ્ચય કરી પોતે પોતાનું રાજ્યપાટ સંભાળી બેઠો.

પેલી જે સમુદ્રની મચ્છા સમુદ્રમાં હસ્તસેન્યરાજાનાવીર્યથી ગર્ભવતીથયેલી છે તે મચ્છાને મનુષી ગર્ભને લીધે પોતાની મરજી પ્રમાણે ધારેલે સ્થળે જવાતું અવાતું નથી. એવી શકિતહીન થવાથી મોજાના પ્રવાહને લીધે સમુદ્રમાંથી નીકળી ગઇ. ને યમુનાજીના જળમાં તણાતી હસ્તસેન્ય રાજાની અયોધ્યા નગરીની જમુનામાં તણાતી આવી, તે વખતે ત્યાં અયોધ્યા નગરીનાં ઢીંમર લોકો યમુનામાં મચ્છ ઝાલવા જાળી નાંખે છે તેમાંથી એક ઢીંમરની જાળમાં પેલી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગર્ભવતી મચ્છા આવી તેથી તે ઢીંમરને જાળ ઘણી ભારે લાગી. એટલે ઢીંમરે વિચાર્યું, કહો ના કહો પણ હીરા મોતીનો ચારો ચરેલી કે કોઇના માલ ગળી ગયેલી માછલી હશે; હવે મારું ભાગ્ય ફરશે. એમ સમજી ઢીંબરે તે મચ્છાને બહાર કાઢી જાળમાં વિંટાળી ને પોતાને ઘેર છાનીમાની લઈ ગયો, પછી પોતાની સ્ત્રીને કહ્યું, ઘરનાં બારણાં અડકાવી આવ, આજ આપણા ભાગ્યનો ઉદય થવાનો છે. એમ કહી બારણા બંધ કરીને બંને સ્ત્રી પુરુષે લાવેલી જાળમાંથી મચ્છા કાઢીને ખડગ લઈ મચ્છાને ઊભી ચીરી બે ફડચારિયાં કર્યાં તેવાં જ તે બંને ફડચારિયામાં મનુષ્યાકાર મહા રૂપવંત એક પુત્ર ને એક પુત્રી રડવા લાગ્યાં. આ જોઇ ઢીંમર અને તેની સ્ત્રી બંને જણ ઘણાં વિસ્મય થયાં. અરે દૈવ, આ તારી લીલા શી છે? પછી ઢીંમરે પોતાની સ્ત્રીને પૂછ્યું, અરે નારી, હવે આપણે શું કરવું? ત્યારે સ્ત્રીએ કહ્યું, શું કરવાનું હોય, કાંઇજ કરવું નથી, આપણે પેટ પ્રજા નહતી, તેથી જગતનું વંજામહેણું સાંભળતાં હતાં, તેમાંથી બચાવવા આપણને ઇશ્વરે કૃપા કરી એકને બદલે બે ફરજન આપ્યાં, માટે તે બંને ફડચારિયામાંથી બે બાળકોને કાઢી મને આપો. ત્યારે ઢીંબર બોલ્યો, અરે નારી. આ વાત આપણા રાજાને જાહેર નહિ કરવી કરીએ તો રાજા વાત જાણશે ને કેદ કરશે. વળી કહેશે, તું ગમે તેનાં છોકરાં ચોરી લાવ્યો એમ કહી આપણું ઘરબાર લૂંટી લેશે ને શિક્ષા દેશે. માટે આ વાત પ્રથમ રાજાને જાહેર કરવી. પછી છોકરાં આપણે ઉછેરીશું. ત્યારે નારી કહે, અરે પતિ, આપણા રાજાને પેટ કાંઈ પ્રજા નથી, તેથી આપણાં છોકરાં છીનવી લેશે. ત્યારે ઢીંમર કહે, અરે પ્રેમદા, આપણો રાજા એવો અન્યાય કરે તેવો નથી; એમ કહી ઢીંમર હસ્તસેન્ય રાજાની સભામાં ગયો, ને બૂમ પાડી, અહો રાજાધીરાજા, આજ હું જમુનામાંથી એક માછલી જાળ નાંખી પકડી લાવ્યો છું, તેને ઘણી વજનવાળી જોઈ મારા ઘરમાં ખડગથી ચીરી બે ફડચારિયા કર્યાં, તે બંને ફડચારિયામાં મનુષ્યાકાર મહા રૂપ રૂપનાં અંબાર બે બાળકો રડવા લાગ્યાં, એવી ઈશ્વર કૃતિ જોઈ હું આપને કહેવા આવ્યો છું. એવાં ઢીંબરનાં આશ્ચર્યકારક વચન સાંભળી, રાજાએ પોતાના પ્રધાન સામે જોયું; ને પ્રધાનને પૂછ્યું, અરે ડાહ્યા પ્રધાન, આ વાત સંભવે છે? ત્યારે પ્રધાને કહ્યું, અરે મહારાજ, કરતુમ, અકરતુમ ને અન્યથાકરતુ પરમાત્મા સમર્થ છે. ઇશ્વરની ગહન ગતિ છે; કોઈ કહી શકાય નહિં. તે કરતાં આપ ચાલો તો ચક્ષુથી સત્ય કરીએ. એટલે રાજાએ બે અશ્વ મંગાવ્યા; ને તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બંને રાજા પ્રધાન અશ્વ પર સવાર થઈ ઢીંમરને સાથે લઇ તેને ઘેર ગયા. ત્યાં આવી રાજા પ્રધાને અશ્વ ઉપરથી ઉતરી તેના ઘરમાં જઈ જોયું તો ઢીંમરનું કહેલું સત્ય લાગ્યું. પછી રાજાએ પ્રધાનને પૂછયું, અરે મારા ડાહ્યા પ્રધાન, આ તને કેમ ભાસે છે! ત્યારે પ્રધાને કહ્યું, અરે મહારાજ, આ કાંઈ કપટ ભરેલું મનુષ્ય કૃત્ય હોય તેમ ભાસતું નથી. કેવળ ઇશ્વર કૃત્ય છે. અને તે શાથી એમ બન્યું હશે તે કહેવાને હું સમર્થ નથી. પણ એવું ભાસે છે કે આ પુત્ર આ પુત્રી બંનેનાં મુખ તમારા જેવાં જણાય છે. ત્યારે રાજા કહે, અરે અજ્ઞાનના ભરેલા,મુખ મારા જેવાં છે તેથી મેં શું માછલી સાથે ગ્રહસ્થાશ્રમ માંડયો હશે?એમ કહી રાજા ક્રોધાયમાન થયો, એટલે પ્રધાન કાંઈ પણ બોલ્યો નહિ. પછી રાજાએ ચુપ રહી ઢીંમરને કહ્યું, અરે ઢીંમર, આ મચ્છાનાં ફડચારિયાં લઈ અમારી સાથે તું રાજ્યસભામાં ચાલ. ત્યારે ઢીંમર અને એની સ્ત્રી બંને જણ એક એક ફડચારિયું ઉંચકી રાજાની ને પ્રધાનની સાથે રાજ્યસભામાં ગયાં. ત્યાં તે બંને જણ પોતપોતાના આસનો ઉપર બેઠા. પછી રાજાએ સેવકો મોકલી વિદ્વાન, જ્ઞાનવાન બ્રાહ્મણોને બોલાવ્યા એટલે તેવા બ્રાહ્મણો આવી રાજ્યસભામાં વિરાજમાન થયા. રાજા હસ્તસૈન્યે બ્રાહ્મણોને વંદના કરી કહ્યું, અહો દેવો, જુઓ, આ સભાની વચમાં માછલાનાં બે ફડચારિયાં મૂકયાં છે; તેમાં એક ફડચારિયામાં પુત્રી ને એકમાં પુત્ર મનુષ્યદેહ અવતાર છે. તે શાથી ને શા કારણથી ને કોના પેટનાં મચ્છને પેટ અવતાર થયો હશે ? જુઓ કે હું ઘણો જ પુત્રને માટે તલસ્યો ને મારે તે જોઇતાં હતાં, પણ મને પ્રાપ્ત થયાં નહિ, ને આ મચ્છને મનુષ અવતારની પ્રજા જોઇતી નહોતી, તેમ એને ઇચ્છા ન હતી, તે છતાં મચ્છને મનુષદેહી પ્રજા થઈ તે શું ? એટલું કૃપા કરીને કહો.

દોહા ઢાળ

કૃપા કરીને કહો મને, વિનવું વિપ્રનો દાસ;
વ્યાસ વલ્લભ કહે બોલજો, જે જે જે અવિનાશ.

વિશ્રામ બીજો

હવે રાજાએ જે વખત પ્રશ્ન પૂછયો, તે જ વખતે સર્વ બ્રાહ્મણો સાવધ થઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિચારવા લાગ્યા. જોતિષવાળા ગણિતશાસ્ત્રથી જોવા લાગ્યા, વેદાન્તી વેદ વિદ્યા વડે, શાસ્ત્રીશાસ્ત્રાધારે, પુરાણી ધારે ને જ્ઞાની જ્ઞાન દૃષ્ટિએ જોવા લાગ્યા. પછી બે ઘડીએ સર્વને સુજી આવ્યું કે આ બે ફરજન રાજાનાં છે, પણ શાથી, ને શી રીતે, શા કારણથી થયાં તે સમજાતું નથી. બંને ફરજન તો રાજાનાં જ છે. એમ નિશ્ચય થયો, પણ રાજાને કોઇથી કહેવાતું નથી. કેમકેરાજાને કહે તો થાજા ક્રોધ કરે ને શું મેં મચ્છા સાથે ગ્રહસ્થાશ્રમ માંડયો હશે? એમ કહી આપણો તિરસ્કાર કરે એમ સમજી કોઇ બ્રાહ્મણે રાજાના પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. ઘણીવાર થંઇ એટલે હસ્તસૈન્ય રાજા અકળાયો. ને ઊભા થઇ સર્વ બ્રાહ્મણોને કહ્યું અરે મહારાજો, મેં પ્રશ્ન પૂછયો તેનો હજી સુધી ઉત્તર આપતા નથી તે શું ? એમ કહી રાજા બેસી ગયો, ત્યારે સર્વે બ્રાહ્મણો પ્રશ્નનો ઉત્તર સમજી ગયા છે પણ ઉત્તર દેતાં નથી. એક એકના મોં સામું જોવા લાગ્યા. તે પછી કેટલીક વારે હસ્તસૈન્યરાજા બીજીવારનો ઊભો થઇ ક્રોધભેર સર્વે બ્રાહ્મણોને કહેવા લાગ્યો, અરે મહારાજો, મેં તમને પ્રશ્ન પૂછયો તેને ઘણીવાર થઇ તો પણ હજી સુધી મને ઉત્તર મળતો નથી. આ તે શું ? વિદ્વાનોની વિદ્યા ગઇ ને જ્ઞાનવાનોનું જ્ઞાન ગયું કે શું ? જાઓ મહારાજો, હવે તમે મારા ગામમાં જોઇએ નહિ. જરૂર તમે સર્વ અવિદ્વાન છો. તેથી તમારા પાનાં પુસ્તકો પાણીમાં બોળો ને રાખોડી ચોળી મારાં આપેલાં ગામ ગ્રાસ મૂકીને નીકળી જાઓ; નહિ તો તમારું અપમાન કરી મારે કાઢવા પડશે.

રાજાના ક્રૂર વચન સાંભળી એક ક્રોધી બ્રાહ્મણબોલીઊઠયો, લે રે રાજા, તારા પ્રશ્નનો ઉત્તર હું આપું છું. આટલા બધા વિદ્વાનોને કેમ સપડાવે છે? જો રાજા, એ બંને સંતાનો તારાં છે. જરૂર તારાં છે. ત્યારે રાજા અતિ ક્રોધાયમાન થયો ને પોતાનું ખડગ લઇ ઉઘાડું કરી બોલ્યો, અરે બ્રાહ્મણો, બાવાજી રામ રામ; તો કહે તેરે ઘર ધામા. તમે એવો જ ઉત્તર મને આપ્યો, મેં તમને પ્રશ્ન પૂછયો, ત્યારે તમે મારે જ ગળે પડયા. શું મેં આ માછલી સાથે ગ્રહસ્થાશ્રમ માંડયો હશે? શું હું પાણીમાં માછલી સાથે રહી શકયો? મારે સ્ત્રીઓ નહોતી, કે મને એ બુદ્ધિ સુજી? તમે બ્રાહ્મણો જુઠા ને જુઠા. હવે આ ખડગથી તમારું મસ્તક પૂજન કરું, તેથી મને કાંઇ પાપ થવાનું નથી. એમ કહી હોકારો કરી ખડગ ઊંચું કર્યું, ત્યારે સર્વે બ્રાહ્મણો થરથર ધ્રૂજવા લાગ્યાને કેંક બ્રાહ્મણો નારદ ઋષિનું ધ્યાન ધરવા લાગ્યા ને કંઇકબ્રાહ્મણોપેલોજે બ્રાહ્મણ બોલ્યોહતો તેને ગોદાગોદ કરવા લાગ્યા ને કહેવા લાગ્યા, અરેમૂર્ખ, તારે ઉતાવળાથઈને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલવાનું કારણ શું હતું ? તું સર્વના જીવ લેવરાવનાર થયો. હવે બ્રાહ્મણોને બચવાનો કાંઇ પણ ઉપાય નથી. કેંક શોષના કરવા લાગ્યા. કેંક ઇશ્વર સ્મરણ કરવા લાગ્યા, ત્યારે અંતરિક્ષ માર્ગેથી નારદજી એ રાજાની સભામાં આવી ઊભા રહ્યા; ને હાં હાં કહી નારદજીએ હસ્તસેન રાજાનું ખડગ ઝાલ્યું ને રાજા પ્રત્યે કહેવા લાગ્યા, અરે ધર્મિષ્ટ, તારું ધર્મિષ્ટપણું ક્યાં જતું રહ્યુંને અધર્મપણું કયાંથી પ્રાપ્ત થયું ? એટલે હસ્તસેન્ય રાજા બે હાથ જોડી નારદ પ્રત્યે કહેવા લાગ્યો. અરે મહારાજા, આ વિદ્વાન બ્રાહ્મણોને મેં પ્રશ્ન પૂછયો કે આ મારી સભામાં મચ્છનાં બે ફડચારિયાં પડયાં છે તેમાં એકમાં પુત્ર છે ને એકમાં પુત્રી છે એ રીતે બે બાળકો મનુષ્યાવતાર થયાં છે તેનું કારણ શું ? ને શાથી થયાં ને તે કોનાં હશે ? આ પ્રશ્નનો ઉત્તર ઘણી વાર. થઇ તોપણ મને આપતા નહોતા. ત્યારે મેં ગુસ્સે થઇ કહ્યું, તમારાં પાનાં પુસ્તક પાણીમાં બોળી મારા ગામમાંથી ગમે ત્યાં જાઓ. એવાં મારાં વચન સાંભળી, સર્વ બ્રાહ્મણોની સૂચનાથી આ તામસી બ્રાહ્મણ એવું બોલ્યો, હે રાજા, એ પુત્ર ને પુત્રી બંને ફરજન તારાં છે, જુઓ મહારાજ, આ તે બ્રાહ્મણોનું બોલવું કેવું અયોગ્ય છે ? બાવાજી રામ રામ તો કહે તેરે ઘેર ધામા, એજ રીતે બ્રાહ્મણોને કાંઈ જ સુજ્યું નહિ ત્યારે મારે ગળે પડયા. એ રીતે અસત્ય ભાષણના કરવાવાળા બ્રાહ્મણોને મારા ગામમાં મારે રહેવા દેવા નહિ. વળી જુઓ મહારાજ, બ્રાહ્મણે એ કાંઈ જ વિચાર કર્યો નહિ, મારે તેર તેર સ્ત્રીઓ છતાં જળચર જે મચ્છા તેની સાથે મેં ઘર માંડયું હશે ? એટલી વારતા નારદજીને કહી રાજા શાંત ઊભો રહ્યો. પછી નારદજી રક્ત લોચન કરી બોલ્યા, અરે હસ્તસેન્ય રાજા બ્રાહ્મણ કોઈ કાળે જુઠું બોલે નહિ. બ્રાહ્મણના મુખમાંથી વચન નીકળે તે સત્ય જ હોય. ત્યારે હસ્તસેન્ય રાજા કહે, અરે મહારાજ, તમે બ્રાહ્મણ બ્રાહ્મણનો પક્ષ રાખી બોલો છો તે તમને શોભતું નથી. ત્યારે નારદજી કહે, અરે હસ્તસેન્ય રાજા, હું પક્ષ રાખી શું અસત્ય બોલું છું ? જો હવે તારી મેળે ઉઘાડું કરાવે છે તો કહું છું, એ બંને બાળકો તારા પેટનાં છે. જો રાજા, તારે પુત્ર નહિ હોવાથી, તું વૈરાગ આણી પાળેલો પોપટ લઈ, અશ્વપર બેસી, સાત દિવસ ચાલીને એક વનમાં ગયો. ત્યાં એક સુંદિર વડ દેખી અશ્વને વડની એક ડાળીએ લાંબો બાંધી પોપટને પાંજરામાંથી કાઢી છૂટો મૂકયો. ને તે વડના થડ પાસે તું પદ્માસન વાળી માળા ગ્રહી તપ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરવા લાગ્યો. એટલામાં તે વડ ઉપર ઘુવડ પક્ષીને ઘુવડ પક્ષિણી સાથે વાતોકરતાં તું સાંભળવા લાગ્યો. તેમાં ઘુવડ પક્ષીએ એવું કહ્યું આજ હું દેવસભામાં સ્વર્ગે ગયો હતો ત્યાં દેવલોકે એમ કહ્યું,, આજના દિવસનો યોગ એવો છે કે સાત જનમનો વાંઝિયો હોય અથવા પુત્ર ન થશે એવો શ્રાપ હોય તેને પણ આજ ગર્ભ રહી પુત્રની પ્રાપ્તિ થાય. એમ કહી ઘુવડ પક્ષીને ઘુવડ પક્ષિણી વિહાર કરવા લાગ્યાં, તે ઘુવડ પક્ષીની વાત સાંભળીતું ઘણો શોકાતુર થઈરડવા લાગ્યો. એટ-લામાં તારા પોપટે આવી પોતાની પાંખવતી તારી આંખના આંસુ લુછી નાંખ્યાં ને કહ્યું, અરે રાજાધિરાજ, તમે શા માટે રડો છો ? ત્યારે તે પોપટને ઘુવડ પક્ષીની કહેલી સઘળી વાત કહી, તેં કહ્યું કે હું નિરભાગી તે આજ વનમાં આવ્યો. જો હું મારે ઘેર હોત તો મારી નારીને રુતુદાન આપત તો મારી સ્ત્રીને ગર્ભ રહેત ને મારે પુત્ર થાત, તેથી મારું વંઝામેણું જાત. એમ કહી તેં ઘણું આક્રંદ કર્યું. ત્યારે તારા પોપટે તને કહ્યું કે આ વડનું પાંદડું લઈ એક દડીઓબનાવી તેમાં તમારુંવીર્ય સ્ખલિત કરીમને દડીઓઆપો.તેદડીઓ આજ ને આજ હું તમારી રાણીને જઈ આપીશ. તે રાણી અંગીકાર કરશે; તેથી તેને જરૂર ગર્ભ રહેશે. ત્યારે તે પોપટના કહ્યા પ્રમાણે વડના પત્રનો એક દડીઓ બનાવી કામજ્વર ઉત્પન્ન કરી તેં તારું વીર્ય સ્ખલિત કરી તે દડીઆમાં મૂકયું. પછી તારા પોપટે તે દડીઓ ચંચુમાં લીધો ને ઊડી આકાશ માર્ગે સમુદ્રના ઉપર ટુંકા માર્ગે ચાલ્યો. બોલ આટલે સુધીની વાત ખરી છે કે ખોટી ? ત્યારે રાજા કહે, અરે મહારાજ, ખરી વાત છે. ત્યારે નારદજીએ કહ્યું, બોલ તે પોપટને માર્ગમાં શું થયું તે તું જાણે છે ? રાજા કહે, ના રે બાપજી, તે વાત હું જાણતો નથી. ત્યારે નારદજી બોલ્યા, અરે અજ્ઞાનના ભરેલા, પૂર્ણ વાત જાણ્યા વિના ક્રોધાતુર થયો તે તારી ભૂલ છે. જો હવે તારી પાસેથી પોપટ ગયો તેને શું થયું તે હું તને કહું છું. એમ કહી નારદ કહેવા લાગ્યા, જો લ્યા, જે દડીઓ લઇને પોપટ સમુદ્ર ઉપર ઉડતો ઉડતો ચાલ્યો જતો હતો, તેને શકરાબાજ નામના પક્ષીએ દીઠો. તે પક્ષીએ જાણ્યું કે આ પોપટ પોતાની ચાંચમાં દડીઓ લઇને જાય છે, તે દડીઆમાં કાંઇક ખાવાનું છે. એમ સમજી.તે શકરાબાજે તારા પોપટને ચાંચ પાંખનો અંતરિક્ષ માર્ગે પ્રહાર કરવા માંડયો. તે પ્રહાર ખમીને પણ પોપટે એ શકરા બાજના પંજામાંથી ખસ વાનાં ઘણાં યત્ન કર્યા, પણ તે શકરાબાજે પોતાની ઝડપમાંથી પોપટને ખસવા દીધો નહિ ને પોપટને લોહીલુહાણ કરી નાખ્યો; ત્યારે પોપટે વિચાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કર્યો કે અરેરે, હવે મારો પ્રાણ જશે. એટલે દડીઓ પણ જશે. એ રીતે બેઉ નુકશાન થશે. જો દડીઓ નહિ મૂકું તો પ્રથમ જીવ જશે; પછી દડીઓ પણ જશે. જો દડીઓ મૂકી દઉં તો મારો જીવ બચે છે ને એકલો દડીઓ જાય છે. ને દડીઓ નથી મૂકતો તો બેઉ જાય છે. બે જાય તે કરતાં એક જાય તે સારું, એવું સમજી, વીર્ય સહિત દડીઓ પોપટે પોતાની ચાંચમાંથી મૂકી દીધો. તે દડીઓ સમુદ્રના જળમાં પડયો. પેલા શકરાબાજે પોપટને જવા દઈ પેલો દડીઓ લેવાની ચોટ રાખી ત્યાં તો પોપટ જળમાર્ગમાંથી નીકળી ભોમી માર્ગ ઉપર ગયો ને જઈ એક વૃક્ષ પર નારાજ થઈ બેઠો. એવામાં પેલા શકરાબાજે દડીઓ લેવા અંતરિક્ષ રહી ઘણી ઝડપો મારી; પણ સમુદ્રના જળની છોળોને લીધે તેનાથી તે દડીઓ લઈ શકાયો નહિ. તેથી તે પણ નિરાશ થઈ, દડીઆની આશા મૂકી જંગલમાં ચાલ્યો ગયો. એવામાં સમુદ્રમાં રહેનારી આ ચીરેલી માછલી પડી છે તે મચ્છા જળમાંથી જળ ઉપર આવી. તેણે તારા વીર્યવાળો દડીઓ દીઠો એ તેણે એમ જાણ્યું કે દડીઆમાં ભક્ષ છે. તેથી તેણે દડીઆમાંથી વીર્યના બે ઘુંટડા ભરી લીધા. તે દિવસના યોગે કરીને તેને બેઉ કુખે તારા વીર્યથી બે ગર્ભ રહ્યો. તે ગર્ભ સહિત મચ્છા સમુદ્રમાં રહી.

હવે જે તારો પોપટ વનને વિષે રહ્યો, તેણે એવો વિચાર કર્યો, અરેરે, મારાથી અન્નદાતાનું કાંઈ કામ થયું નહિ, ત્યારે મારે શું મોઢું લઈ રાજાને ઘેર જવું ? એમ સમજી તારો પોપટ વનમાં વાસ કરી રહ્યો. હવે જે આ ગર્ભવતી મચ્છા સમુદ્રમાં રહી; તેને પેટ ગર્ભ દિવસે દિવસે મોટો થવા લાગ્યો. આઠ નવ માસનો ગર્ભ થયો એટલે મચ્છા ઘણી નિર્માલ્ય થઈ ગઈ; પોતાના ધાર્યા પ્રમાણે તેનાથી હલનચલન થયું નહિ, ને પાણીના હેલકારાને લીધે સમુદ્રના જળમાંથી નીકળી યમુનાજીના જળમાં પેસી ગઈ; તે તણાતી તણાતી તારા ગામની યમુનામાં આવી. એવામાં આ ઢીંમરે જાળ નાખી હતી તેમાં તે ભરાઈ ગઈ. આ ઢીંમર ઉંચકી તેને પોતાને ઘેર લાવ્યો, ને ખડગ વડે બે ચીતાળિયાં કર્યાં. તેમાંથી બે બાળકો દીઠાં તેવો જ તને કહેવા આવ્યો, ને તેં ચીતાળિયાં સભામાં મંગાવી બ્રાહ્મણોને બોલાવી પ્રશ્ન કર્યો. બ્રાહ્મણોએ તને જેવું હતું તેવું કહી દીધું. હવે બોલ રાજા, આ બે બાળકો કોના? ત્યારે રાજા લાચાર થઈ પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અરેરે, મને આ શું સુજયું ? પછી નારદજીએ કહ્યું, હાય, બ્રાહ્મણોને દક્ષણા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપી રાજી કરી વિદાય કરજે. કહી નારદજી અંતરધ્યાન થઈ ગયા. હસ્તસેન્ય રાજાએ સર્વ બ્રાહ્મણોને આજીજી કરી, સારી દક્ષિણા આપી વિદાય કર્યા, તે પછી રાજાએ પેલા ઢીંમરને કહ્યું, જો ભાઈ, આ તો બંને સંતાન મારાં છે, હવે તું તારે ઘેર જા. ત્યારે ઢીંમર કહે, અરે મહારાજ, આ આમ ગળે પડી છોકરાં છીનવી લેવાં તે કાંઈ ન્યાય નહિ. એમ કહી મચ્છના ચીતાળિયામાંથી તે ઢીંમર બન્ને બાળક યુકિત વડે બહાર કાઢી વસ્ત્ર વીંટાળી પોતાના ઉછંગમાં લઈ સભામાં બેઠો, કહ્યું, અરે મહારાજ, હવે મને આજ્ઞા આપો ઘેર જાઉં ત્યારે હસ્તસેન્ય રાજાએ ગામના સારા પ્રમાણિક ગૃહસ્થોને સભામાં બોલાવ્યા. તેઓને સભ્યતાથી બેસાડી રાજાએ કહ્યું, અરે ગ્રહસ્થો, મારા વીર્યથી મચ્છને પેટ બાળકો ઉત્પન્ન થયાં છે, તે મચ્છને આ ઢીંમર યમુનાજીમાંથી કાઢી લાવ્યો છે, હવે એ ઢીંમરને હું કહું છું કે મને મારાં બંને બાળકો આપી દે; યમુનામાંથી તું કાઢી લાવ્યો છે, તેની તને મહેનત આપું, તેમ છતાં તે ઢીંમર માનતો નથી. જુઓ હું સરજોરી કરીને લઉં તો અન્યાય કર્યો એમ મને જગત કહે, માટે હું જોરાવરીથી લેતો નથી; તેથી તમને મેં તેડાવ્યા છે; તમને વ્યાજબી લાગે તેમ કહો. તે પ્રમાણે હું કરું; ત્યારે પ્રમાણિક પંચ બોલ્યા, અરે ઢીંમર, તારે શું કહેવું છે? ત્યારે ઢીંમર કહે, મારે તો કાંઈ જ કહેવું નથી; મને મારાં છોકરાં લઈ મારે ઘેર જવાની આજ્ઞા અપાવો. ત્યારે પંચોએ મળી હસ્તસેન્ય રાજાને અને ઢીંમરને કહ્યું, તમે બંને જણ અમારા સાંભળતા બાળકો સંબંધી આપવા લેવાની વાત કરો એટલે અમે તમારા બંનેનો શું હેતુ છે તે સમજી જઈશું; ને પછી વાંધો હશે તે ભાગી નાંખીશું. કહી પંચના માણસો છાના રહ્યા; એટલે હસ્તસેન્ય રાજાએ ઢીંમરને કહ્યું, અરે ઢીંમર, મારે પેટ પુત્ર નથી, તેથી મારી રાજગાદી નિરવંશ જાય છે, માટે મારાં સંતાનો છે તે મને આપ, ત્યારે ઢીંમર બોલ્યો, અરે મહારાજ, તમારાં હતાં તો તમે કેમ યમુનાજીમાંથી કાઢવા ન આવ્યા! ત્યારે રાજાએ કહ્યું, તું કાઢી લાવ્યો; તેની મહેનતનું તું કહે તે હું આપું, ત્યારે ઢીંમર કહે, અરે મહારાજ, આ છોકરાં તમારાં નહિ; તમારા વીર્યથી ખરાં પણ તે વીર્ય તમે કાંઈ માછલીને આપ્યું નહોતું, માછલીને તો અનાયાસે મળ્યું હતું.

માછલીએ મનુષ્ય દેહી પુત્રો થશે એવી આશાએ વીર્ય લીધું નહોતું.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એ તો ભક્ષ જાણીને લીધું હતું માટે તે છોકરાં તે માછલીનાં પણ નહિ. એ માછલીને જળમાંથી બહાર કાઢતાં જોર આવ્યું હતું; તેમ ઉંચકીને ઘેર લઇ જતાં પણ જોર મને આવ્યું હતું; માટે હે મહારાજ, એ મારાં છોકરાં છે. ત્યારે રાજા કહે, ભાઈ, મારા વીર્યથી છે માટે હું માગું છું, નહિ તો પરાયા પેટનાં ઘણાં મળે છે; તેમ છતાં હું કેમ લેતો નથી? એટલો વિચાર કરી તે બંને છોકરાં મને આપ. વળી તું ઘણો ગરીબ માણસ છે, તારા ઘરમાં પૂરું ખાવાને પણ નથી, તો તે છોકરાં તું શા માટે વહાલાં કરે છે? ત્યારે ઢીંમરે કહ્યું, અરે મહારાજ, આખી સૃષ્ટિમાં પૂછો કે છોકરાં સૌને સરખાં જ વહાલાં હોય છે કે નહિ? છોકરા તે ગ્રહસ્થને ને ગરીબને સહુને સરખાં જ વહાલાં હોય. ત્યારે રાજા કહે. અરે ભાઈ તું કહે તેટલું તને ધન આપું, પણ છોકરાં મને આપ; એટલે મારું વંઝામેણું ટળે. એ રીતે બંને જણ અરસપરસ વિવાદ કરવા લાગ્યા. પછી પેલા પંચના પ્રમાણિક માણસો રાજાનો ને ઢીંમરનો હેતુ સમજી ગયા. ને પંચના માણસો બોલ્યા; હવે તમે બંને જણ બોલવું બંધ કરો ને અમે કહીએ તે તમે બંને જણ કબૂલ કરો. ત્યારે રાજાને ઢીંમર બંને જણ બોલ્યા, તમે પંચ જે કહો તે અમારે કબૂલ છે. ત્યારે તે પંચે સર્વનો એક મત કરી એક જણની પાસે કહેવરાવ્યું; રાજાના વીર્યથી જેટલો રાજાનો હક છે. તેટલો જ મચ્છ લાવવાથી ઢીંમરનો હક છે. માટે પંચ એવો ન્યાય આપે છે કે ઢીંમરનું વંઝામેણું જવા સારું ઢીંમર પુત્રી લે; અને રાજાનું રાજ્યાસન સહિસલામત રહેવાના કારણથી તેમ વંઝામેણું જવા સારું ઢીંમર રાજીખુશીથી રાજાને પુત્ર આપે.

રાજા ઢીંમરને પુત્રી આપીને તેના ઉપર તે ઢીંમરને વીસ હજાર રૂપિયા આપે. એમ કહી પંચના પુરૂષો ઉઠી ગયા, ત્યારે ઢીંમર પુત્રી પોતાની સ્ત્રીના હાથમાં આપીને પુત્ર હસ્તસેન્ય રાજાના ખોળામાં મૂકયો, એટલે રાજાએ ખુશી થઈ વીસ હજારને બદલે પચીસ હજાર રૂપિયા આપ્યા, તે જ વખત ઢીંમર આશિષ દેઇ પોતાની સ્ત્રી સાથે પુત્રીને લઇ પોતાને ઘેર ગયો.

દૃષ્ટાંત રૂપી છે કથા, તે જોવો મહિમાય;
વલ્લભ વદે આ રાજ્યનો, કેવો ઉત્તમ ન્યાય.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ ત્રીજો

હવે વૈશમપાય ઋષિ જનમેજય પ્રત્યે કહેવા લાગ્યા, હે પરીક્ષિતનંદન, હસ્તસેન્ય રાજાએ પુત્ર લીધો તેનું નામ ઉલમુખ પાડયું ને તે પુત્ર પોતાની પ્રિય રાણીને સોંપી દીધો. તે વખતે રાણીના થાનમાંથી દૂધધારા ઉત્પન્ન થઇ તેથી તેણે તે પુત્રને ઉછેરવા માંડયો· હવે પેલો ઢીંમર પુત્રીને પોતાને ઘેર લઈ ગયો; ને તેનું નામ મચ્છગંધા પાડયું, તે ઢીંમર સ્ત્રીને પણ પયધારા છુટી તેથી તે ઢીંમરની સ્ત્રી પુત્રીને ઉછેરે છે. એ રીતે મચ્છનાં પેટથી મનુષ્યાવતાર પુત્ર ને પુત્રી તે દિવસના યોગે ઉત્પન્ન થયાં. (સિદ્ધાન્ત દિવસનો યોગ છે તે પથ સત્ય છે; જે પ્રાણી દિવસયોગ સત્ય નથી માનતા તે કેવળ ભૂલ ખાય છે.) હવે પેલાં બંને બાળકો પોતપોતાનાં માતાપિતાને ઘેર ઉછરે છે. એમ ઉછરતાં ઉછરતાં અગીઆર અગીઆર વર્ષના બંને બાળકો થયાં; એટલે હસ્તસેન્ય રાજાએ પોતાના ઉલમુખ નામના પુત્રને ઉપવિત સંસ્કાર કર્યો.

બારમે વરસે તે પુત્રને કોઇ કુલીન રાજાની ઉત્તમવતી નામની કન્યા સાથે પરણાવ્યો ને તે પુત્રને રાજાએ રાજગાદી પર વિધિપૂર્વક વિરાજમાન કર્યો. હવે જે પેલી મચ્છગંધા ઢીંમરને (માછીને ઘેર બાર વર્ષની થઈ છે; પણ નીચ જાત જે માછી તે કન્યાદાનના મહિમાને જાણે નહિ એટલે તે મચ્છગંધાને પરણાવવાની પેરવી કરતો નથી તેમ તે સંબંધી વિચાર પણ કરતો નથી. પોતાના વહેપારના જ વિચારમાં રહે છે. એ ઢીંમરને પચીસ હજાર રૂપિયા મળવાથી એણે મચ્છ પકડવાનો ઉદ્યોગ મૂકી દીધો છે, ને વહાણવટાનો વહેપાર કરે છે,

દિવસ પર દિવસજતાંજતાં પેલી મચ્છગંધાપુત્રી પંદર વર્ષની થઇ;એવામાં એક દહાડો મધરાત્રી વખતે પારાશર ઋષિ મહા તપસ્વી ચાલ્યા ચાલ્યા મચ્છગંધાનો બાપ જે ઢીંમર છે તેને ત્યાં વહાણવટીનો વહેપાર જાણીને આવ્યા; યમુનાની સામી તીરે ઉતરી અરણ્યમાં તપ કરવા જવું છે. તેથી ઢીંમરને ઘેર આવી તેનાં દ્વારા સામા ઊભા રહી, વાંટા કાઢી, ઢીંમરને પોકારવા લાગ્યા. અરે ઢીંમર, હે ઢીંમર બાપુ, જાગ્રત થા. એ અવાજથી ઢીંમર ભરનિદ્રામાંથી જાગ્રત થયો, ને લંગોટ વાળેલો બ્રાહ્મણ જોઈ ક્રોધાતુર થઈ કહેવા લાગ્યો, અરે બામણા, આ મધરાતે તુ કેમ જીવલેવાઆવ્યો છે? ત્યારે પારાશર કહે છે, અરે ભાઇ, મારે યમુનાજીની સામી તીરે જવું છે; માટે ધર્મ ખાતરઅત્યારેતારી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નૌકા છોડી, મને સામી તીરે મૂકી આવે તો પરમેશ્વર તારું સારું કરે. ત્યારે માછી કહે, એવો ધર્મ મારે જોઈતો નથી; તે કરતાં જો કાંઈ આપતો હોય તો ધર્મ જાણી મૂકવા આવું. સાંભળી પારાશર બોલ્યા, ભલે ભાઈ, મારી પાસે જે હોય તે આપું. ત્યારે માછી કહે, તારી પાસે શું છે તે તું આપીશ? એટલે પારાશર કહે, લે ભાઈ, મારી પાસે તુંમડું છે તે તુંમડું આપું; ત્યારે માછી બોલ્યો, ફોડ તારા કપાળમાં, કેમ કાંઈ મશ્કરી કરવા આવ્યો છે? ત્યારે પારાશર કહે, રહેવા દે ભાઈ, તુંમડું મારે ઘણા ખપનું છે, હવે તો મારી પાસે વધારે ખાતામાં એક લંગોટી છે, તે લેવી હોય તો તે લે. ત્યારે ઘાંટા કાઢી ઢીંમર બોલ્યો, જા જા બામણાં લંગોટી વાળી તું જ માગી ખા. એમ કહી ઘણા ટુંકારા હુંકારા કરવા લાગ્યો. તે વખતે ઘાંટા સાંભળી મચ્છગંધા જાગી ઊઠી; ને પોતાના પિતાજીને પૂછવા લાગી, પિતાજી, આ મધરાતે કોની સાથે લઢો છો? ત્યારે ઢીંમર કહે, આ કોઇ બામણો મારા જીવનો તરસ્યો આવ્યો છે; તે કેવારનો ઘાંટાઘાંટ કરવા મચ્યો છે. તેથી હું ભરનિદ્રામાંથી જાગી ઊઠયો છું. એણે મારી ખરી ઊંઘ બગાડી છે. ને મને એમ કહે છે કે રાત્રી છે તો પણ નૌકા છોડી મને જમુનાની સામી તીરે મૂકી જા. એવાં એનાં વચન સાંભળી મેં કહ્યું કે બોલ, મને તું શું આપે છે? ત્યારે મારી મશ્કરી કરવા મને કહે છેકે લે મારું તુંમડું આપું, ત્યારે મેં કહ્યું કે ફોડ તારાકપાળમાં. એટલેબીજીવારની મશ્કરી કરવા કહે છે કે લે મારી લંગોટી આપું, એ રીતે ફાવે તેમ બોલે છે. ત્યારે મચ્છગંધા બોલી, અરે પિતાજી, બ્રાહ્મણ ગમે તેમ બોલે, પણ આપણાથી તેમને ટુંકારો થાય નહિ, કેમકે એતો ભૂદેવ છે ત્યારે ઢીંમર કહે, જોયા જોયા એ ભૂદેવ. એના જેવા તો ઘણાએ ભટકે છે, ત્યારે મચ્છગંધાએ જાણ્યું, મારા પિતા તો ધનવાન થયો તેથી શું? ગમે એટલો પણ નીચ તે નીચ. નીચ વિના નીચાં વચન મુખમાંથી નીકળે જ નહિ.

છપ્પો

જેની જેવી જાત, વાત તેવી તે બોલે;
નીચું નીચી વાણ, વદીને દલમાં ડોલે.
ભરી ગાલમાં ગાળ; શ્વાન પેરે બહુ ભસતું;
દઈ પરજીવને દુઃખ, મૂરખ મન માંહી હસતું.
ઊંચ કુળનો હોય આદમી, પણ નરતી વાત છે;
વલ્લભ કહે છે જાણવું, નબળું નીચી જાત છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મચ્છગંધાએ પોતાના પિતાને નીચ જાણી બોલ્યા વિના, બારીએ જઈ જોયું તો મહા તપસ્વી ઋષિ દીઠા, એટલે મચ્છગંધાએ પોતાના પાળક પિતા ઢીમરને કહ્યું, અરે તાતજી, જો તમે આજ્ઞા કરો તો એ ઋષિ મહારાજને હું જમુનાની સામી તીર મૂકી આવું, એટલે ઢીંમર કહે, જા, એનું મોઢું દાટી આવ. એટલે મચ્છગંધા માળપરથી નીચે ઉતરી બે વાંસ લઈ ઘરની બહાર આવી. ને પોતે જઈ પારાશરને ચરણે લાગી, એટલે પારાશર કહે, અરે બાઈ તું, કોણ છે ? ત્યારે મચ્છગંધા કહે, અરે મહારાજ, ચાલો હું તમને યમુનાની સામી તીરે મૂકવા આવું છું. એ સાંભળી પારાશર ઘણા ખુશી થયા, ને મચ્છગંધાએ ઋષિને વૃદ્ધ જાણી ઋષિનો હાથ ઝાલી જમનાતટે લઈ, ત્યાં નૌકા છોડી ઋષિને તે નૌકામાં બેસાડયા, પછી પોતે નૌકામાં બેસી વાંસ લઈ નૌકા હંકારી.

નૌકા જમુનાની સામી તીરે જવા લાગી. એવામાં પારાશરના મનમાં કામવિકાર ઉત્પન્ન થયો તેથી પોતે બોલ્યા, અરે મચ્છગંધા, તારા તાતે તને હજી સુધી પરણાવી નથી, તેથી તું કુંવારકા છે, માટે મારી તારા ઉપર કામવૃત્તિ થઈ છે. એ સાંભળી મચ્છગંધા બોલી, અરે કૃપાનીધી, આ શબ્દ બોલવા તમને યોગ્ય નથી, કેમકે તમે તપસ્વી મહાત્મા છો; તે છતાં તમારી મનોવૃત્તિ ભમે તે તમારી તપશ્ચર્યાને લાન્છન છે, એટલે પારાશર કહે, અરે પ્રેમદા, વિશેષ વાતો બોલવાનું બંધ કરી તું મારે શરણે થા. જો તેમ નહિ કરે ને સ્ત્રી હઠ કરીશ તો હું તને શ્રાપ દઈશ. મચ્છગંધાને શ્રાપનો ભય લાગ્યો, તેથી બીજું ત્રીજું નહિ બોલતાં પારાશરને કહ્યું કે અરે મહારાજ હું આપને શરણે જ છું, પણ યમુનાની વચમાં યમુનાજી દેખે, તેમ તારા ચંદ્ર વિગેરે દેખે ને આ દુષિત કર્મ કરવું તે મહા પાપ છે.

પારાશરે યમુનાજીના જળની એક અંજલિ ભરી પોતે એમ બોલ્યા, મારા એક વર્ષના તપનું ફળ એવું હજો કે, આ નૌકાની આસપાસ ને ઉપર ધુમારની વૃષ્ટિ થજો એમ કહી જળ મૂકયું. એટલે તપના પ્રભાવે કરીને નૌકા પર ઘણો ધાડો ધુમાર વરસ્યો, તેથી ઘણો અંધકાર થયો, જળ ચંદ્ર તારા વગેરે દેખાતાં બંધ થયાં, પછી પારાશર ઋષિએ મચ્છગંધાને રુતુ આપ્યું. તેણે કરીને તે મચ્છગંધાને પેટ ગર્ભ રહ્યો. એવામાં નૌકા જમુનાની સામી તીર ગઈ. મચ્છગંધાને રુતુ આપ્યા પછી પારાશર ઘણા જ પસ્તાવા લાગ્યા, અરેરે, મને આ કુબુદ્ધિ કેમ સુજી ? એવામાં નૌકા કિનારા પર જઇ ને થોભી, તેવા જ પારાશર નાકામાંથી પડતું નાંખી એકદમ નાસવા લાગ્યા, તેવી જ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મચ્છગંધા નૌકામાંથી ઉતરી પડી ને પારાશરનો હાથ ઝાલ્યો, તેથી પારાશર કહેવા લાગ્યા, અરે બાઈ, મને મૂકી દે. મારે તો તપ કરવાને જવું છે, તે તપના કામમાં તું મને વાર કેમ કરે છે? એટલે મચ્છગંધા કહે, મહારાજ, તપ કરવું હતું તો લપ નહોતી કરવી ને લપ કરી તો હવે તપ થવાનું નથી. વળી હે મહારાજ, હવે તો હું જે લપ વળગી તે છુટવાની નથી, માટે છાનામાના તપનું નામ મૂકી દઈ લપનું પૂરું કરો, ઘર બાંધો, રળી લાવો, ધન સંચિત કરો. કેમ કે તમારો મને ગર્ભ રહેલો છે. તેથી કરીને બાળ બચ્ચાં થશે તે શું ખાશે? માટે તપનું નામ જવા દઇ હવે તો ખપનું હોય તે કરો.ત્યારે પારાશર કહેવા લાગ્યા.અરેરે બાઇ, હું ભુલ્યો ચુકયો તે મને કુબુદ્ધિ સુજી,હવે ગમે તેમ કર પણ મને તો જવા દે. ત્યારે મચ્છગંધા કહે, અરે મહારાજ, હું જવા દઇશ, પણ મારી શી ગતિ? જુઓ, હું કુંવારકા છું, મારા બાપે મને પરણાવી નથી ને મને આ ગર્ભ રહ્યો તે વાત મારા પિતાના જાણવામાં આવશે; તે જ વખત મને જીવથી મારી નાખશે. એટલે મારા જીવની ને ગર્ભના જીવની હત્યાઓ થશે તે તમને દોષ લાગશે. એટલે પારાશર બોલ્યા, જા તારે માથે મારો હાથ છે. તારો બાપ વાત જાણશે પણ તને મારશે નહિ, ને વન વગડામાં મૂકી આવશે, જા ત્યાં તારા પેટે વિષ્ણુ નારાયણનો અવતાર વેદ વ્યાસ અવતરશે. તે પછી તારા અંગમાંથી કસ્તુરીની વાસ એક જોજન (ચાર ગાઉ) ફરતી ઊડશે, તે જ વખતથી તારું નામ મચ્છાગંધા ટળીને યોજનગંધા પડશે. તે પછી થોડે દિવસે તને કોઈ રાજા માનિતી પટરાણી કરી લઈ જશે ત્યાં તું સુખી થઈશ. જા એવો મારો આશીર્વાદ છે. હવે તું મને મૂકી દે. ત્યારે મચ્છગંધાએ કહ્યું, જાઓ મહારાજ. મારા નશીબમાં જે થવાનું હશે તે થશે. એમ કહી હાથ મૂકી દીધો, તેવા જ પારાશર ઋષિ મુઠીઓ વાળીને નાઠા.ને અરણ્યમાં તપ કરવાને ગયા.એટલે મચ્છગંધા નૌકામાં બેસી નૌકાને પાછી વાળી પોતાના નગરકિનારે આવી. ત્યાં નૌકાને છીબાવી નૌકામાંથી ઉતરી તે પોતાને ઘેર આવી એટલે તેના પાળક માતાપિતાએ પૂછયું, અરે પુત્રી, તું બ્રાહ્મણને મૂકી આવી? મચ્છગંધા કહે. હા એમ કહી પોતે પોતાના સ્થળે સૂઈ રહી. ઋષિની સાથે કન્યાવ્રત ભંગ થયું; તે વાત કોઇ જાણતું નથી. એમ કરતાં માસ બે માસ ચાર માસ થયા એટલે મચ્છગંધાનું કન્યારૂપ ફરીને સ્ત્રીરૂપ થયું, ત્યારે એની પાળક માતા જે માછીની સ્ત્રી, તેના મનમાં વહેમ પડવા લાગ્યો, કહો ના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહો પણ પુત્રીને પુરુષનો સંગ થયો હોય એમ લાગે છે. એવામાં પાંચમો ને છઠ્ઠો માસ થયો, એટલે તો સ્પષ્ટ જણાયું કે પુત્રીને ગર્ભ છે. તેથી તે ઢીંમરની સ્ત્રીએ ઢીંમરને વાત કરી કહ્યું, પતિ આપણી પુત્રીએ આપણને લાન્છન આપ્યું. કેમ કે એ પુત્રીનું કન્યારૂપ ટળી સ્ત્રીરૂપ થયું. ને એને જરૂર ગર્ભ રહેલો છે. ત્યારે ઢીંમર કોપાયમાન થઇ હાથમાં ખડગ લઈ મચ્છગંધા પાસે ગયો. ને મચ્છગંધાને પૂછયું, અરે પુત્રી, સાચે તું કાંઈ વિકારમાં છે? એટલે મચ્છગંધાએ કહ્યું. અરે તાતજી, હું તમારી આગળ સાચું બોલીશ, અસત્ય નહિ બોલું પણ મારી પૂરેપૂરી વાર્તા સાંભળ્યા પછી જેમ ફાવે તેમ કરજો. ત્યારે ઢીંમરને ઢીંમરની નારીએ કહ્યું, જો ખરી વાત કહીશ તો તનેમારીશું નહિ.એમ કહી નરનારી બંનેજણ વાત સાંભળવા બેઠાં એટલે મચ્છગંધા કહે, હે માતાપિતા જુઓ, હું તમારા પેટની પુત્રી નથી. હું તો રાજાના ને મચ્છના પેટની છું. ફક્ત હું તો તમારે ઘેર ઉછરી મોટી થઇ છું.ને તમે મને ઉછેરી મોટી કરી છે. તેનું મેં તમને ફળ આપેલું છે તમારી મહા દુર્બળ સ્થિતિ હતી, ને ખાધાપીધાનું પણ મહા કષ્ટ હતું. તેમાંથી હું તમારે હાથ આવી તો તમને રાજાએ પચીસ હજાર રૂપિયા આપ્યા, તેથી તમે સુખ શાન્તિ ભોગવો છો. મને લઈ, ઉછેરવામાં તમને કાંઇ પણ કલાભ થયો નથી. બીજું મેં તમને જાણી જોઇને લાન્છનઆપ્યું નથી. હું તો પેલા જે પારાશર ઋષિઆવ્યા હતા તેમને બ્રાહ્મણ જાણી ધરમ માની જમનાની સામી તીર મૂકવા ગઇ હતી. તેમાંથી તે બ્રાહ્મણની કુદૃષ્ટિ થઇ ને તેણે મારું કન્યાવ્રત ભંગ કર્યું. એમાં મારો કોઇ દોષ નથી. મને તો ધરમ કરતા કરમ નડયું માટે મને મારશો નહિ. જો મારશો તો તમને સ્ત્રીહત્યા લાગશે ને બીજી બાળહત્યા ગર્ભની લાગશે, માટે તમે એ કૃત્ય કરશો નહિ. ત્યારે પારાશરનાવરદાનનેપ્રતાપેને મચ્છગંધાનાંનિર્મળવચનનેપ્રતાપે ઢીંમરનાને ઢીંમરની સ્ત્રીના મનમાં એમ થયું કે પુત્રીનું કહેવું ખરું છે. એ પુત્રી કયાં આપણા પેટની છેકે આપણનેલાંછન બેસે.પણ આ પુત્રીને આપણે ઘેર રાખીએ તો લોકોનું આંગળી દેખામણું થાય,માટે આ પુત્રી આપણે ઘેર રાખવી યોગ્ય નથી. એમ વિચારી ઢીંમરે કહ્યું, અરે મચ્છગંધા તારી નિર્મળ વાણીથી તને હું મારતો નથી, પણ તને અમારાથી અમારે ઘેર રખાય નહિ. ત્યારે મચ્છગંધા કહે, ખરી વાત છે, તમારે માથે દુનિયાની કહેણી થાય; માટે મને કોઈ વનને વિષે મૂકી આવો. તે વાત ઢીંમરની ધ્યાનમાં બેઠી ને પોતે મચ્છગંધાને લઇ નૌકામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બેસી જળમાર્ગે છેક નર્મદા ત્રટે જઈ ઉતારી મૂકી. પછી પોતે નૌકા લઈ પાછો ફરી પોતાને ઘેર આવ્યો. હવે મચ્છગંધાએ વિચાર કર્યો કે આ નર્મદાત્રટે ઝુંપડી બાંધી રહેવું, નર્મદાના નિર્મળ જળે નહાવું. વનમાંથી ફળ ફળાદિ વીણી લાવીને ખાવા અને પ્રભુનું સ્મરણ કરવું.એમ નિશ્ચય કરીને તેણે વનમાંથી કાષ્ઠ પત્ર વીણી લાવીને એક પર્ણકુટિકા બાંધી, તે તેમાં રહેવા લાગી.

તે હમેશાં નર્મદામાં નાહીને ઇશ્વર સ્મરણ કરતી જંગલની ઝાડીમાં જાય છે ને ત્યાંથી જે ફળો ઇત્યાદિ મળે તે લાવીને ઝુંપડીમાં બેસી ભક્ષ કરે ને નર્મદાનું જળપાન કરે. એવી રીતે મચ્છગંધા દિવસ કાઢે છે. એમ કરતાં એના ગર્ભને નવ માસ પૂર્ણ થઈ દસમો માસ બેઠો. એક દિવસ મચ્છગંધા જરા જરા નિંદ્રામાં ભરાઈ. તે એવી કે અડધી ઊંઘમાં ને અડધી જાગ્રતમાં તે વખતે મચ્છગંધાનો ગર્ભ લોપ થઈ ગયો,તેવા જ વિષ્ણુના અવતાર વેદ વ્યાસજીનું સ્વરૂપ પાંચ વર્ષ જેટલું થયું ને તે ઓર ભર્યા નાઠા. તેવી જ મચ્છગંધા જાગ્રત થઈ ગઈ ને પોતાનું પેટ જુએ તો ગર્ભરહિત દીઠું એટલે મારે પેટ પુત્રનો જન્મ થયો, ને તે પુત્ર મને મૂકીને નાસી જાય છે, મને મળ્યા વિના જાય તો તને પારાશરની આણ છે. તે શબ્દ વેદ વ્યાસજીને કાને પડયા. તેવા જ પોતે પાછા વળી પોતાની માતા મચ્છગંધા પાસે આવી ઊભા રહ્યા, ને માતાને કહ્યું હે માતા મને કેમ બોલાવ્યો ? તમારે જે મને કહેવું હોય તે કહો. નહિ તો એક ઘડી પછી હું તમારો પુત્ર નહિ ને તમે મારી માતા નહિ. મચ્છગંધા કહે, અને પુત્ર, તમારા પિતા તો નિર્દય હતા તે મને મૂકીને ગયા. અને તમે પણ પોતાની માતાને અઘોર વનમાં રઝળતી મૂકીને જાઓ તે સારું નહિ. ત્યારે વેદ વ્યાસજી કહે, અરે માતા, મેં તો તારે પેટ કહેવા માત્ર જ જન્મ લીધો છે. મેં તો આ જગતના જીવોના કલ્યાણાર્થે જન્મ ધારણ કર્યો છે, કેમકે આગળ જતાં કળી યુગનું રાજ્ય થશે, તે વખતે સર્વ જીવોની અધમ બુદ્ધિ થવાની. તે જીવો મહા દોષિત થઈ અતિ કષ્ટને પાત્ર થવાના. તેથી તેમને મારો ઉપદેશ શિખામણરૂપે કહેવા માટે મારે વેદનું ભાષ્ય વિગેરે અઢાર પુરાણો કરવાં છે. તે પુરાણો ઉપર કળીના મનુષ્યોની પ્રીતી નહિ રહે. પણ યથાર્થ ત્રણ પ્રકારનાં વચનો વાપરીને ઘણાં રસિક કરીશ. તેમાં પણ જે જે મનુષ્યમાં જેવો જેવો ગુણ રહ્યો હશે તેવા તેવા ગુણના ગુણાવિંદ ગાવાનાં પુરાણો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરીશ, જેવાં કે તમોગુણી મનુષ્યને તમોગુણ પ્રિય હોય માટે તમોગુણના શિવજીનો શિવ પુરાણમાં મહિમા ગાઇશ ને સત્વગુણી મનુષ્યોને માટે સત્વગુણી વિષ્ણુનો શિવ પુરાણમાં મહિમા ગાઇશ તેને એવી રીતે જે જે મનુષ્યોના જેવા જેવા ગુણ હશે તેવા તેવા ગુણના દેવોના તેવાં તેવાં પુરાણો રચીને તે તે દેવોના ગુણ ગાઇશ તેથી સર્વ પ્રાણીને પોતપોતાના સ્વભાવનાં પુરાણો પ્રિય થઇ પડશે. ને તે પુરાણો પર આસ્થા બેસશે તો છેક અધમ નહિ થઇ જાય એવા હેતુથી હું મારે કામે જવાનો છું. માટે તમારો રોકયો હું નહિ રહું તેથી જે મને કહેવું હોય તે કહી દો. મચ્છગંધા કહે, અરે પુત્ર, મેં તો પતિનું કે પુત્રનું કાંઈજ સુખ દીઠું નહિ, હવે આ વિકટ વનમાં મારી શું દશા ? વેદ વ્યાસજી કહે, અરે માતા, હવે થોડા દિવસમાં તમે સુખી થશો. કેમ તમારા લેખ પ્રમાણે ને મારા પિતાજીના વચન પ્રમાણે તમને કોઇ રાજા લગ્ન કરી લઇ જશે, ત્યાં તમે સુખી થશો. એટલે મચ્છગંધા કહે,અરે પુત્ર, જો મને કોઇ રાજા લઈ જાય તો મારું સતીવ્રત ભાગે. એટલે વેદ વ્યાસજી કહે અરે માતા, હવે આજથી તમારો જન્મ બદલાયો જાણજો ને બીજો જન્મ થયો જાણજો. જોજો એક પહોર પછી તમારા અંગમાં કસ્તુરીની વાસના ઊડશે. તેની સુગંધી એક યોજન સુધી જશે. તે જ વખતથી તમારું નામ યોજનગંધા ધરાશે. ને તેજ વખતથી જ તમારું કન્યા સ્વરૂપ થઇ જશે. તે ઉપરથી જ તમારા સમજ્યામાં આવશે કે આ મારો બીજો અવતાર થયો. હવે મને આજ્ઞા દો એટલે હું મારી ઇચ્છા પ્રમાણે જાઉં. ત્યારે મચ્છગંધા કહે, તમે મારા પેટ જન્મ લીધો તેનો તમે કંઇ જ બદલો વાળ્યો નહિ. ત્યારે વ્યાસજી કહે, જુઓ માતાજી, જે રાજાને ઘેર તમે જશો ત્યાં સુખી થશો; તેમ છતાં ત્યાં કોઇ વાર સંકટ આવી પડે તો મારું સ્મરણ કરજો, એટલે ત્યાં હું આવીને તમારું ગમે તવું સંકટ હશે તો પણ એકવાર ભાગી જઇશ. એજ મને જન્મ આપ્યાનો બદલો. એવું કરી વ્યાસજીએ ફરી આજ્ઞા માગી; મચ્છગંધાએ કહ્યું, પધારો. એટલે વ્યાસજી ત્યાંથી નાઠા ને તે નર્મદાજીની વચમાં વાસ પૂરી હરિ સ્મરણ કરવા વિરાજ્યા. એટલામાં પહોર વેળા વીતી તેવું જ મચ્છગંધાનું શરીર બદલાયું ને કન્યારૂપ થયું. તે જેવું રૂપ બદલાયું તેવી જ શરીરમાંથી કસ્તુરીની વાસના ઊડી. મચ્છગંધાએ જાણ્યું કે મને મળેલું વરદાન સફળ થયું. એમ સમજી યોજનગંધા ત્યાંને ત્યાં જ રહી, આનંદમાં દિવસ નિર્ગમે છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આનંદમાં દિન નિર્ગમે, પછી વર્યો કોણ રાય;
વ્યાસ વલ્લભ વદે ગદ્યમાં, સુણજો સહુ શ્રોતાય.

વિશ્રામ ચોથો

હવે વૈશમપાયન ઋષિ રાજા જનમેજયની પ્રત્યે કહેતા હતા, હે પુનેશ્વરના પુત્ર એ મસ્છગંધા ટળી યોજનગંધા થઈ, તે ત્યાં ને ત્યાં જ રહી છે, હવે એને કીયા દેશનો રાજા લગ્ન કરી લઇ ગયો તે કથા તું શ્રવણ કર.

આ તારું હસ્તિનાપુર છે તે હસ્તિનાપુર પ્રથમ કુરુ રાજાનું હતું, તેનો વંશ જવાથી ત્યાં પ્રજાસત્તાક રાજ્ય હતું. ને તે ગામને કિનારે ગંગાજી વહેતાં હતાં, તે ગંગાજી તે વખતે કુંવારકા હતાં. એવામાં એક સમે હસ્તિનાપુરની ગાયોને ગોવાળિયો ગંગાત્રટે ચારતો હતો, ત્યાં એક ગાય ઓચિંતી માંદી થઇ પૃથ્વીપર પડી. એટલામાં સાંજ પડવા આવી તેથી ગોવાળીઆએ ગાયો ગામમાં જવા હંકારી. તમામ ગાયો ગામ તરફ જવા લાગી. ગોવાળીઆએ પેલી માંદી ગાયને ઉઠાડવા માંડી. પણ તે ઊઠી શકી નહિ. ત્યારે ગોવાળીઆએ થાકીને ત્યાં પડી રહેવા દીધી, ને ગંગાજીની ગોવાળીઆએ સ્તુતિ કરી, હે ગંગાજી, આ ગાય તારે કિનારે તારે શરણે પડી છે, હવે હું તો એને મૂકી મારે ઘેર જાઉં છું, માટે આ ગાયનું રક્ષણ તું કરજે. જો કોઇ વાઘ વરુ એને મારી નાંખશે તો તે પાપ તારે માથે, ને હું તને ગંગા ગોઝારી કહીશ. એમ કહી ગંગાજીને ગાય સોંપી, ગોવાળીઓ ગામમાં ગયો. ત્યાં તો રાત્રિ પડી, એટલે સમુદ્ર વાઘનું સ્વરૂપ લઇ બહાર ફરવા નીકળેલો; તે જ્યાં ગંગાત્રટે ગાય પડી છે ત્યાં આવ્યો ગંગાજીએ જાણ્યું કે એ આવેલો વાઘ જરૂર ગાયને મારી નાંખશે તો મને ગૌહત્યા લાગશે ને વળી ગોવાળીઓ ગંગા ગોઝારી કહેશે, એવું સમજી ગંગાજી સુંદિર સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી, ગાયની પાસે વાઘના સામા આવી ઊભાં રહ્યાં. વાઘે મહા મનોહર છબી જોઈ મનુષ્ય વાચાએ કહ્યું, અરે સ્ત્રી, તું કોણ છે? ગંગાજીએ કહ્યું, હે પુરુષ, તમે કોણ છો? ત્યારે સમુદ્ર કહે, હું સમુદ્ર છું. ગંગાજીએ પૂછયું, તમે અહીં શા માટે આવ્યા છો? સમુદ્ર વાઘ સ્વરૂપ બોલ્યો કે એ પડેલી ગાયનું ભક્ષ કરવા આવ્યો છું, ત્યારે ગંગાજી કહે, એતો ગાય મેં શરણે રાખેલી છે, માટે મરવા નહિ દઉં, ત્યારે કહે, શરણે છે તેમાં મારે શું? હું તો એ ગાયનો વધ કરીશ. કેમકે હું મારા વાઘ સ્વરૂપનો ધર્મ બજાવીશ. ત્યારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગંગાજી કહે, એ ગાયને બદલે તમે જે માગો તે આપું. આ ગાયમે મરવા નહિ દઉં. એટલે વાઘસ્વરુપે સમુદ્ર બોલ્યા, બોલો ગાય ઉગારવા બદલ શું આપો છો? ગંગાજી કહે, જે માગો તે આપું, પણ ગાયને મરવા નહિ દઉં. ત્યારે સમુદ્ર કહે, વચન આપો કે જે હું માગું તે આપશો તો હું ગાયને મૂકીને પાછોવળું, ત્યારે ગંગાજીએ પ્રતિજ્ઞાપૂર્વક વચન આપ્યું, એટલે સમુદ્રે માગ્યું કે તમારે મારી સાથે પરણવું. ગંગાજીએ કબૂલ કર્યું ને પોતે આવાં પાછાં થયાં, એટલે પડેલી ગાયની નજર વાઘ ભણી ગઇ તેવી જ ગાય ત્રાસ પામી, અને તે ગાયને મનુષ્ય વાચા થઇ. તેણે મનુષ્ય વાચા વડે કહ્યું, અરેરે મારો જીવ બચાવવાને ગંગાજીએ વાઘ સાથે વરવાનું કબુલ કર્યું. માટે હું પણ મરતી વખત હે વાઘ, તને શ્રાપ દઉં છું કે તું જડ વૃક્ષ થાઓ; એવો શ્રાપ દેતામાં ગાયનો પ્રાણ નીકળી ગયો. ને તેજ વખતે સમુદ્ર વાઘરૂપે હતો તે પીપળાનું વૃક્ષ થઇ ગયો ને ત્યાંને ત્યાં જ રહ્યો. ગંગાજી જળમાં ગયાં એવામાં સાત સંત પુરુષો તપના કરવાવાળાં એ પીપળા પાસે થઇ બીજે સ્થળે તપ કરવા જતા હતા, ત્યાં તે સંતો પીપળાની સુંદર છાયા ને ગંગાજીનો કિનારો જાણી એ જ પીપળા નીચે તપ કરવા બેસી ગયા, તેમણે તે પીપળા નીચે સાત વરસ સુધી તપ કર્યું, પછી ત્યાંથી તે સંતોએ બીજે સ્થળે જવાનો વિચાર કર્યો, એટલે તે સાત સંતોમાંનો એક સંત બોલ્યો કે આ પીપળા નીચે આપણે સાત વરસ સુધી રહ્યા, ને આ પીપળાએ શીત-ઋતુમાં આપણને હુંફાળો વાળ્યો ને ટાઢ વાવા દીધી નહિ, તેમ ચોમાસામાં જળ વૃષ્ટિ પોતે ઝીલીને આપણને પલળવા દીધા નહિ, તેમજ ઉષ્ણ ઋતુમાં તે પીપળાએ આપણો ઘણો ઉપકાર કર્યો છેમાટે એનેઆપણેકાંઇક સુખ આપવું જોઇએ. અટલે તેની વાત સર્વ સંતપુરુષો એ કબૂલ કરી, સાતે બોલ્યા કે અમારું એક એક વર્ષના તપનું પુન્ય ઉદે થજો, ને આ પીપળો ટળી મનુષ્ય દેહ થજો.

એવું કહેતામાં જ તે પીપળો ટળી ગયો ને મહા મનોહર કાન્તિવાન સોળ વર્ષની ઉંમરનો બની ગયો.ત્યારે સાતેસંતે પ્રસન્ન થઇ ઉત્પન્નથયેલા કુંવરને કહ્યું, જા ભાઇ, તારું નામ સંતનુ. કેમકે તું અમારા સાત સંતોના તપે કરીને ઉત્પન્ન થયો, માટે તું સંતોનો તન થયો ત્યારે સંતનુએ કહ્યું, અરે પિતા-જીઓ, મને મનુષ્યાવતાર આપ્યો, પણ હવે મને રઝળતો મૂકી તમે તો જાઓ છો. ત્યારે મારી શી ગતિ? એટલે સંતોએ કહ્યું, જા આ ગામમાં રાજ-ગાદીએ રાજપુત્ર નથી તેથી તું આ ગામમાં ચાલ્યો ચાલ્યો રાજગાદી પાસે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જજે, એટલે નગ્રના લોકો અમારા આશીર્વાદને લીધે તને રાજગાદીએ બેસાડશે. એ રીતે વરદાન આપી સાતે સંતો ચાલ્યા ગયા.

સંતનું હસ્તિનાપુરમાં રાજ્યાસન છે ત્યાં ગયો. તે નગ્રના લોક તે સંતનુને જોવા ભેગા થયા અને સર્વ લોકોને સંતનુની આકૃતિ જોઇ તેના ઉપર અતિ પ્રેમ થયો. તેથી ગામના ગૃહસ્થો ને ડાહ્યા ડાહ્યા પુરુષોએ ભેગા થઇ હસ્તિનાપુરની રાજયગાદી ઉપર તે સંતનુને બેસાડી દીધો ને સર્વ રાજ્ય તેને સ્વાધીન કર્યું. પછી તેનું નામ સંતનું રાજા કહેવાયું. હવે સંતનું રાજા સમુદ્રનો અવતાર છે, તેને ગંગાજીએ પરણવાનું વચન આપ્યું તેને પરણવાનો યોગ કેવી રીતે બન્યો તે કથા કહું છું.

એકવાર સ્વર્ગને વિશે અષ્ટ વસુ દેવતા લોક છે તેમાંનો વિશ્વાવસુ નામનો દેવ પોતાની સ્ત્રીને સાથે લઇ વેમાને બેસી પૃથ્વીને વિષે પોતાના ગોર વશિષ્ઠને ઘેર આવ્યો. તે ગોર પાતાળમાં યજ્ઞ કરાવવાને ગયેલા છે, ને ઘેર એકલાં ગોરાણી છે, તે ગોરાણીએ યજમાને આવ્યા જાણી ઘણા આદરભાવથી બોલાવ્યાં ને પોતાના ઘરના જુદા ઓરડામાં ઉતારો આપી પૂછયું, અરે યજમાન રાજા, કહો તમને શું જમવાની ઇચ્છા છે? જે તમે કહો તે રસોઇ બનાવું? ત્યારે વિશ્વાવસુએ કહ્યું, હે માતાજી, અમે જમીશું નહિં અમે તો ઋષિનાં દર્શનની ઇચ્છાએ આવેલા છીએ. ત્યારે ગોરાણીએ કહ્યું, અરે ભાઇ, ગોર મહારાજ તો પાતાળ ગયા તે કાલે સવારે આવશે માટે તમો આજની રાત્રી અહીંરહો ને સવારે ગોર મહારાજ આવેએટલે તેમને મળીને જજો. પણ અત્યારે તમે જમવાની ના કહો તે સારું નહિ ત્યારે વિશ્વાવસુ કહે. અરે માજી, અમને જરા પણ ક્ષુધા છે નહિ, માટે કાંઇ બોલશો નહિ. એટલે ગોરાણી ઉઠી પોતાના ઘરમાં ગયા, એવામાં સાંજ પડી એટલે ગોરાણીએ પોતાના ઘરમાં પોતાની ગાય હતી તેને દોહી દૂધ કાઢયું. તેમાંથી થોડું દૂધ ગોરાણીએ જઇ પેલા વિશ્વાવસુને અને તેની સ્ત્રીને ઘણા આગ્રહથી પાયું. એ દૂધનો સ્વાદ અમૃત કરતાં અધિક છે. તે દૂધ પીને વિશ્વાવસુ તથા તેની સ્ત્રી મહા મોહિત થઇ ગયાં. એમ કરતાં રાત્રી પડી. એટલે ગોરાણી ઘરમાં સૂઇ રહ્યા ને વિશ્વાવસુ સ્ત્રી પુરુષ પોતાના ઉતારામાં સૂઇ રહ્યાં. એટલે વિશ્વાવસુની સ્ત્રીએ વિશ્વાવસુને કહ્યું. અરે સ્વામી, આજ આપણને ગોરાણીએ જે દૂધ પાયું તેવું દૂધ સ્વર્ગમાં તો નથી જ. પણ પાતાળમાં કે પૃથ્વીમાં પણ નહિ જ હોય. આજ મારી વૃત્તિ એવી થઇ છે કે આ ગાય આપણે લઇને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છાનામાનાં આપણે ઘેર જતાં રહીએ. એવાં સ્ત્રીનાં વચન વિશ્વાવસુ કહે, જારે પ્રેમદા, આપણે તે ગોરને ગાય આપીએ કે ગોરની ગાયલઇએ?ત્યારે સ્ત્રી કહે, અરે પતિ, ચાહો તો દસ ગાયો ગોરને આપજોપણ આ ગાયનેતો ચોરી લ્યો. એમ સ્ત્રીનો ઘણો આગ્રહ જોઇ વિશ્વાવસુની બુદ્ધિ બગડી, ને સ્ત્રીના કહેવા પ્રમાણે રાત્રીએ ગોરની ગાય છાનીમાની ચોરી લઇ વૈમાનમાં બેસી સ્ત્રી પુરુષ બંને જણુ ગોરાણીને કહ્યા વિના સ્વર્ગે જતાં રહ્યાં.

પ્રાતઃકાળ થયો એટલે પાતાળથી વશિષ્ટ ઋષિ પોતાને ઘેર આવ્યા, તેવા જ પોતે સ્નાન કરી પોતાની દેવસેવામાં બીરાજ્યા. તે વખતે મહાદેવને સ્નાન કરાવવા ગોરે પોતાની સ્ત્રી પાસે ગાયનું દૂધ માગ્યું. એટલે ઋષિપત્ની ગૌશાળામાં ગાય દોવાને ગયાં તો તે ગૌશાળામાં ગાય દીઠી નહિ તેવાં જ ઋષિપત્ની ગાભરા થઇ ઋષિની પાસે જઇ કહ્યું, અરે સ્વામીજી, આજ આપણી ગાય ગૌશાળામાં નથી. ગમે તે કોઇ લઇ ગયું, ઋષિએ પૂછયું, કોઇ આપણે ઘેર આવ્યું હતું ? ઋષિપત્નીએ કહ્યું, કાલ સાંજે સ્વર્ગથી વિશ્વાવસુ ને એની સ્ત્રી એ બંને આવ્યાં હતાં- એમને મેં આપણી ગાયનું દૂધ પાયું હતું તે પછી બંને જણાં રાત્રીએ અહીં સૂઇ રહ્યાં હતાં તે બંને જણાં ગમે તે વખતે મને કહ્યા વિના જતાં રહ્યાં છે તેથી મને પણ વહેમ આવે છે કે તે જ આપણી ગાય ચોરી ગયેલાં હોવાં જોઇએ. ઋષિના મનને નિશ્ચય થયો કે તે જ મારી ગાય લઇ ગયાં. તે ઉપરથી મહા ક્રોધાયમાન થઇ વશિષ્ટે શ્રાપ દીધોકે સર્વે વસુલોક સ્વર્ગથી પદભ્રષ્ટથઇ પૃથ્વીને વિષેઅવતરજો.

એ શ્રાપ દીધાની વાત નારદજીએ જઇ પેલા વિશ્વાવસુના જે સાત ભાઈ છે તેમને કહી. કહ્યું. અરે વસુઓ, પેલો વિશ્વાવસુ વશિષ્ટની ગાય ચોરી લાવ્યો છે ને ગાયનું દૂધ ખાય છે તેમ છતાં તમને સર્વને ઋષિએ શ્રાપ દીધો. માટે જાઓ જઇ ઋષિને કરગરી પડી તમારા શ્રાપનો અનુગ્રહ કરાવી આવો. એટલે સાતે વસુ ઉદાસ થઇ પૃથ્વી વિષે વશિષ્ટ ઋષિ પાસે આવી રડી પડયા ને કરગરી કહેવા લાગ્યા, અરે મહારાજ, તમારી ગાયનું દૂધ ખાનારો દૂધખાય છે, ને અમને વિના અપરાધે શું કામ શ્રાપદીધો! એવાં સાતે વસુનાં વચન સાંભળી વશિષ્ટને દયા આવી તેથી એમ કહ્યું, જાઓ તમે સાતે જણ પૃથ્વીમાં અવતાર ધારણ કરીને તરત જ પાછા સ્વર્ગને પ્રાપ્ત થજો. ને તમારો વિશ્વાવસુ ઘણા દિવસ પૃથ્વીને વિષે રહેજો. એટલે સાતે વસુ ગોરનેચરણે લાગીને સ્વર્ગમાં ગયા, તેમણેજઇ પેલા વિશ્વાવસુનેકહ્યું, અરેમૂર્ખ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બંધુ, તું આપણા ગોરની ગાય ચોરી લાવ્યો તેથી ગોર મહારાજે આપણાવસુ કુળના સર્વને શ્રાપ દીધો. તારે લીધે અમે સર્વ શ્રાપને પાત્ર થયા. હે મૂર્ખ અજ્ઞાનના ભરેલા, તું આવા કર્મને પહોંચ્યો, ધિક્કાર છે તને કે તારે લીધે અમે શ્રાપ પાત્રને થયા, પણ અમારા કાંઇક નસીબે અમને આવી નારદજીએ ખબર કહી તેથી અમે ભાઇઓએ જઇ ગોર મહારાજને કરગરી પડી અમારા શ્રાપનો અનુગ્રહ કરાવ્યો, ને તને શ્રાપ રહ્યો. એવાં પોતાના ભાઇઓનાં વચન સાંભળી વિશ્વાવસુ મહાક્રોધાયમાન થઇ પોતાની સ્ત્રી પાસે જઇ તેને ઘણી જ ધિક્કારીને કહ્યું, અરે કુભારજા, તેં મારી પાસે ગોરની ગાય ચોરાવી તેથી મને ગોરનો શ્રાપ થયો, હવે જે કોઇ મારી પેઠે સ્ત્રીનું કહ્યું કરી કુકર્મ કરશે તેની મારા જેવી દશા થશે. એમ કહી ગોરની ગાય લઇ રડતો રડતો વિશ્વાવસુ પોતાના ગોરને ઘેર જઇ તેમની ગાય તેમને આપી પોતે ગોરના ખોળામાં મસ્તક મૂકી રડી પડયો ને કહેવા લાગ્યો, અરે બાપજી, મેં મારી સ્ત્રીના કહેવાથી આ કર્મ કર્યું તેથી તમારે તે સ્ત્રીને શ્રાપ દેવો હતો, તેને બદલે તમે તો મને જ ગરદન માર્યો. હવે હું તમારે શરણે આવ્યો છું, માટે મારા શ્રાપનો અનુગ્રહ કરો. ત્યારે વશિષ્ટ ઋષિ બોલ્યા, એ શ્રાપ તો નિવારણ નહિ થાય, પણ જો તું પૃથ્વીમાં રહીને કાંઇપણ પાપમાં નહિ પડે, ને તારાથી ઘણાં સારાં પરાક્રમ થશે. એમ કહી તેને વિદાય કર્યો એટલે વિશ્વાવસુ સ્વર્ગે જઇ પોતાના સાત ભાઇઓને મળ્યો તે કહ્યું, હવે આપણે પૃથ્વીમાં અવતાર લેવો પણ આપણે મનુષ્ય જાતિને પેટ અવતાર લઇએ તે અઘટીત ગણાશે, માટે કોઇ દેવ વર્ગમાં ગણાતું હોય તેને પેટ જન્મ લેવો જોઇએ.

અન્યો અન્ય વિચાર કરતાં તેમને યાદ આવ્યું કે પૃથ્વી વિશે ગંગાજી છે તેમણે પોતાનું લગ્ન કર્યું નથી તેથી તેમની પાસે જઈ તેમને કહીએ હે માતાજી, તમે કોઇને વરો તો અમારાથી તમારે પેટ જન્મ લેવાય એમ નક્કી કરી આવીએ. એવો સર્વે વિચાર કરીને આઠે ભાઇઓ પૃથ્વીમાં ગંગાજી પાસે ગયા ને જઇને ગંગાજીની ઘણી સ્તુતિ કરી ત્યારે ગંગાજીએ કહ્યું, કહો ભાઇ, તમો સ્વર્ગથી અહીં કેમઆવ્યોછો? ને મનેશું કહોછો? ત્યારે આઠે વસુ કહેવા લાગ્યા, હે જગતના પાપો નિવારણ કરવાવાળી, તમે અમારું એક કષ્ટ નિવારણ કરો તો કહીએ. ત્યારે ગંગાજી કહે, બોલો ભાઇ, જે કષ્ટ હશે તે નિવારણ કરીશ. એટલે વસુ લોક બોલ્યો. અમનેઅમારા ગોરનો એવો શ્રાપ થયો કે તમે આઠે વસુ પૃથ્વીમાં અવતરજો. તેમાંથી અમે સાત જણના શ્રાપનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવા અનુગ્રહ કર્યો કે સાત જણ પૃથ્વીમાં જન્મધારણ કરીને પાછા તરત સ્વર્ગ-જજો ને આ વિશ્વાસુ ઘણા દિવસ પૃથ્વીમાં રહેજો. આવો શ્રાપ થવાથી અમે આઠે ભાઇએ એકાન્ત બેસીવિચાર કર્યો કે આપણે દેવવર્ગના થઈને મનુષ્યને પેટ અવતાર લઇએ તે ઘણું ખોટું કહેવાય માટે કોઇ દેવવર્ગને પેટ જન્મ લેવો એવો વિચાર કરી અમે આઠે બંધુ તમારી પાસે એટલી યાચના કરવા આવ્યા છીએ કે તમે કોકને વરો તો તમારે પેટ જન્મ લઈએ.

આઠે વસુના દીનતા ભરેલા વચન સાંભળી ગંગાજીએ કહ્યું, જાઓ હવે હું થોડા દિવસમાં યોગ્ય પુરુષને વરીશ. એમ કહીવસુલોકને વિદાય કરીગંગાજીએ વિચાર કર્યો કે હવે મારે કોને વરવું? આગળ એક ગાય બચાવવા સારું મેં સમુદ્રને વરવા વચન આપેલું છે, સમુદ્રનો અવતાર હાલ હસ્તિનાપુરની ગાદી પર બેઠેલો સંતનુ રાજા છે તેને મારે વરવું જોઇએ. એવો વિચાર કરીને આસો માસની પુનમને દિવસે પોતે ગંગાજી રાત્રીના સમે સોળે શણગાર ધરી મહાઉમંગભેર હાથમાં વીણા લઇ ચાલ્યાં. ને હસ્તિનાપુર બહાર સંતનુનો બાગ છે તે બાગમાં જઇ મધ્યરાત્રીએ વીણા સાથે સુર મેળવી ઘણું સુંદિર ગાયન સુકંઠે ગાવા લાગ્યાં, તે વખતે સંતનુ રાજા નગ્રને વિષે પોતાના મહેલની અગાશીમાં બેઠો હતો તેને કાને ગંગાજીના મનહર ગાયનનો સુર જવાથી ગુલતાન થઈથયો અને અતિ મોહ પામ્યો. તેથી મહેલ-માંથી નીચે ઉતરી પોતાના અશ્વપર બેસી સુરની દિશાએ તે ચાલ્યો ત્યાં જતાં જતાં પોતાના બાગમાં ગાયન થાય છે એમ માલમ પડયું, તેથી તે સંતનુ રાજા પોતાના બાગમાં જઇ અશ્વ ઉપરથી ઉતરી પડયો ને બાગમાં જ્યાં ગંગાજી ગાયન કરે છે ત્યાં ગયો, તે વખતે સંતનું રાજાએ મહા રૂપવાન ને સુંદિર, સુઘડ સ્ત્રી દીઠી. તેવો સંતનુ રાજા ગંગાજીની પાસે ગયો તે તેમનો પાલવ ઝાલી પુછવા લાગ્યો, અરે સુંદિર સ્ત્રી તમે કોણ છો? કયાંના રહીશ છો? કોણ જાતીનાં છો? તેમ તમારું સાસરું પિયેર કયાં છે? ને બાગમાં એકલાં મધ્યરાત્રીને વખતે કેમ આવ્યાં છો? ને ગાયન કોને સંભળાવો છે?

રાજાનાં એવાં વચન સાંભળી ગંગાજીએ કહ્યું,અરે રાજા,કોઇ સ્ત્રીનો પાલવ ઝાલવો તેસુજ્ઞ પુરુષને યોગ્ય નથી. અમે મનુષ્યંજાતી છીએ, અમારે સાસરી પીયેર નથી, અમે તો સ્વતંત્ર છીએ ને અમે અમારા મનને આનંદ કરવા રસ્તે જતાં આ સુંદિર બાગ જોઇને ગાયન કરીએ છીએ. ત્યારે રાજા કહે. અરે પ્રેમદા જેમ તમારે કોઇ નથી તેમ મારે પણ કોઈ નથી. હું પણ મારે પન્ડે એકલો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છું ને આ હસ્તિનાપુર નગરનો રાજા છું, તેથી તમે મારે ઘેર ચાલો ને મારે સાથે વરો. ત્યારે ગંગાજી બોલ્યાં હે રાજા મને પરતંત્ર થવાની મરજી નથી. ત્યારે સંતનુ રાજા કહે, તમે સ્વતંત્ર રહેજો. હું તમારા સ્વાધીનમાં રહીશ. ત્યારે ગંગાજી કહે, તેમ નહિ, અત્યારે તમે જેમ હું કહું છું તેમ કબૂલ કરો છો; પણ પાછળથી તમારી વૃત્તિ ભમી જાય માટે હું લગ્ન કરી પરતંત્ર થવા ખુશી નથી; ત્યારે સંતનું રાજા કહે, હે પ્રેમદા, હું જરા પણ વૃત્તિ ફેર કરવાનો નથી. એટલે ગંગાજી કહે, હું મારી મરજી પ્રમાણે વરતું તેમાં તમારાથી મને કાંઈ હરકત થાય નહિ એવું વચન આપો તો તમને વરું. સંતનુ રાજાએ ખરા અંતઃકરણથી વચન આપ્યું. એટલે ગંગાજી સંતનુ રાજાનો હાથ ઝાલી સંતનુની સંગાથે હસ્તિનાપુરમાં ગયાં. તે પછી તે રાત્રી વીતી ને દિવસ થયો એટલે રાજાએ બ્રાહ્મણને બોલાવી વિધિ પ્રમાણે ગંગાજીની સાથે લગ્ન કર્યું.

ગંગાજી અને સંતનુ રાજા બંને જણ રાજીખુશીથી રહી પોતાનો ગ્રહસ્થાશ્રમ ચલાવે છે, એમ કરતાં કેટલાક દિવસ વીતી ગયા એવામાં ગંગાજીને ગર્ભ રહ્યો. ને પેલા સ્વર્ગનાં આઠ વસુમાંના વિશ્વાવસુ વિના સાત વસુઓ હતા તેમાંનો એક વસુ ગર્ભમાં રહ્યો. એમ કરતાં નવ માસ થયા. એટલે ગંગાજી પુત્ર જન્મનો સમય થવાથી એકાન્ત સ્થળમાં રહ્યાં. એવામાં શુભયોગે પુત્ર પ્રસવ થયો. તેવો જ ગંગાજીએ એક વસ્ત્રમાં વીંટાળી પોતાની દાસીને આપ્યો ને કહ્યું, જા, આ પુત્ર ગંગાજીમાં નાંખી આવ. એટલે દાસી ઘણી દુઃખી થઈ બોલી, અરે બાઈ, આ શું કહો છો? ત્યારે ગંગાજીએ કહ્યું, જા, જા, જેમ હું કહું તેમ તારે કરવું, એટલે દાસી પુત્રને લઇ ગંગાજીથી છાનીમાની સંતનુ રાજા પાસે ગઇ, ને રાજાને એકાન્ત બોલાવી કહ્યું, અરે રાજાધીરાજ, આ આપનો પુત્ર, ગંગાજીને પ્રસવ થયો છે. પણ મને તો તેમણે વસ્ત્રે વીંટાળીને આપી કહ્યું, જા, આ પુત્રને ગંગાજીમાં નાખી આવ. તેથી હું આપને પૂછયા વિના નાખી આવું તો મને આપનો ઠપકો મળે માટે હું આપને પૂછવા આવી છું. હવે જેમ આપ કહો તેમ કરું સંતનુ રાજા કહે, જા, જા રંડા; એમાં તે તું મને શું પૂછવા આવી છે? જેમ ગંગાજી કહે, તેમ તારે કરવું. રાજાનાં એવાં વચન સાંભળીને દાસીએ જઇ પુત્રને ગંગાજીના જળમાં ફેંકી દીધો. તે પછી ઘણે દિવસે ગંગાજીને બીજો ગર્ભ રહ્યો તેનું પણ તેમજ કર્યું એ રીતે જે પેલા સાત વસુ જનમ્યા ને સાતેને ગંગાજીએ મારી નાંખ્યા તેમાં ગંગાજીનો જરાપણ દોષ નથી. કેમ કે ગંગાજી તે વસુઓના શ્રાપને જાણે છે ને પોતે એમ સમજે છે કે સ્વર્ગવાસી પૃથ્વીમાંથી સ્વર્ગે જાય તેમ સારું. એવામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પેલો જે ગાયનો ચોરનાર તે વિશ્વાસુ આઠમા ગર્ભમાં આવ્યો ને ગંગાજીનાં ઉદર વિષે ગર્ભમાં છે. તેને ગોરના શ્રાપથી ઘણા દિવસ પૃથ્વીમાં રહેવાનું છે તેથી એ ગાનંયોગે હસ્તિનાપુરની સર્વ પ્રજાને એમ થયું કે આપણો રાજા જે રાણી લાવ્યો છે તે તો ગોઝારી ને હત્યારી છે, જેણે પોતાના જ સાત દીકરા મારી નાંખ્યા. માટે આપણે તે હત્યારીના ગામમાં રહેવું જોઇએ નહિ. એમ સર્વ રૈયતે સંપ કરી ઘરબાર છોડી બીજા દેશમાં રહેવા જવાનું ધાર્યું. એ વાત સંતનું રાજાના કાને ગઇ. તેથી સંતનુ રાજાએ વિચાર કર્યો કે સર્વે રૈયત જતી રહેશે તો પછી હું રાજા કોનો ને હું રાજ્ય કોના પર કરીશ ? એમ સમજી સંતનુ રાજાએ ગામમાંથી સારા સારા ગ્રહસ્થ, ઘરડા ને ઠરેલ લોકોને એકાન્તમાં બોલાવી પૂછયું, હે ભાઇઓ, તમે લોકો બીજે દેશ જવાનો શા માટે ઇરાદો કરો છો ? ત્યારે તેમણે કહ્યું, હે મહારાજ, તમારી રાણીએ સાત બાળહત્યાઓ કરી તેથી અમને એમ લાગે છે કે પાપના છાંટા પાડોશીને લાગે છે; તો રાજાનું પાપ રૈયતને કેમ ન લાગે ? વળી બીજો વિચાર એમ આવે છે કે અમારો રાજા સાત સાત દીકરે વાંઝીઓ રહ્યો. આવા અનેક વિચાર કરતાં આ હત્યારી રાણીના રાજ્યમાં રહેવું યોગ્ય નથી એમ સમજી તમારું નગ્ર છોડવા સર્વનો વિચાર થયો છે, આ રીતમાં રૈયત લોકોનાં વચન સાંભળી સંતનુ રાજા બોલ્યો, હે સદ્ગ્રહસ્થો, હાલ આ રાણીને આઠમો ગર્ભ રહ્યો છે તેને પુત્ર થવા દો પછી તે પુત્રને હું રાણી પાસેથી લઈ લઇશ ને રાણીને કાઢી મૂકીશ, એમ કહી સર્વ પ્રજાને શાંત પાડી.

થોડે દિવસે ગંગાજીને પેલા આઠમા ગર્ભનો પુત્ર થયો, તેવા જ ગંગાજીએ વિચાર કર્યો કે આ પુત્રને તો પૃથ્વીમાં ઘણા દિવસ રહેવાનો શ્રાપ છે પણ દેવજાતીનાને પૃથ્વીમાં રહેવું તે અતિ દુઃખદાયક છે. માટે આને પણ ગંગાજીના જળમાં પધરાવું તો તેને સ્વર્ગ પ્રાપ્ત થાય. એવું તેનું ભલું ઇચ્છીને ગંગાએ તે પુત્રને પણ વસ્ત્રે વીંટાળીને દાસીને આપ્યો ને કહ્યું; આ પુત્રને ગંગાજીના જળમાં પધરાવી દે. ત્યારે દાસી પુત્રીને લઇને ચાલી તેવામાં સંતનુ રાજા તાકી રહેલો હતો, તેણે જઇને દાસીને તમાચો મારી પુત્ર છીનવી લીધો. એટલે ગંગાજી બોલ્યાં. અરે મહારાજ, એ પુત્રને તમે કેમ છીનવી લીધો ? ત્યારે સંતનુ રાજા કહે, અરે મૂર્ખ પ્રેમદા, આઠ પુત્રે શું મને વાંઝીઓ રાખવો છે ? ત્યારે ગંગાજી કહે, જો એ પુત્રને રાખશો તો હું રહેવાની નથી, જો મને રાખવી હોય તો મારે પુત્રને મારી નાંખો. ત્યારે સંતનુ રાજા કહે, આ પુત્રને ઉછેરવો હોય તો મારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઘેર રહો, નહિ તો તમારી નજરમાં આવે તેમ કરો, એટલે ગંગાજી વસ્ત્ર પહેરી-ને બોલ્યાં, આ તમારો પુત્ર ને આ તમારું ઘરબાર. તમે તમારે સંભાળી લેજો. હવે હું જાઉં છું. ત્યારે સંતનુ રાજા કહે, સુખરૂપે જાઓ. તમારે માટે મારો વંશ નહિ કાઢું ને બાળહત્યાઓ નહિ લઉં. તેમ જગતમાં મારી અપકીર્તિ નહિ કરાવું, એવાં સંતનુ રાજાનાં વચન સાંભળી ગંગાજી ક્રોધાયમાન થઇ મહેલમાંથી ચાલી નીકળ્યાં ને નગ્ર બહાર જઇ વિચાર કર્યો કે એ પુત્રનેમેં તો આ મનુષ્ય અવતાર છોડાવી અને દેવ પદવીએ મોકલવાનો ઘણો યત્ન કરી જોયો પણ એને થયેલો શ્રાપ મિથ્યા નહિ થવાનો હોય તેથી મારો કરેલો યત્ન મિથ્યા ગયો, હવે એનો શ્રાપ નિવારણ થવાનો નથી માટે હવે આપણે યત્ન કરવો નહિ ને એને સારાં સુખમાં રાખી ઉછેરવો પણ હવે સંતનુ રાજાની સાથે રહેવા મારી ઇચ્છા નથી તેથી રહેવું નહિ, ને મારે મારા જળમાં વાસ પૂરી રહેવું, સ્વતંત્રતા ભોગવવી. તેમ તે પુત્રને મારે મારી પાસે રાખી ઉછેરવો. ને ત્યાં જઈ કહ્યું, હે રાજા, એ પુત્ર મને આપો, એને હું પાંચ વર્ષનો કરી તમને સોંપી જઇશ. ત્યારે સંતનુ રાજા કહે, જો એ પુત્રનું આયુષ્ય હશે તો મારી પાસે રહી ઉછરશે. ત્યારે ગંગાજી કહે હે રાજા, માતાના ધાવણ સિવાય બાળક ઉછેરવું, અસંભવિત છે. મા વિના છોકરું કોઇ કાળે ઉછરે નહિ, માટે પુત્ર ઉછેરવા સારું મને આપો. ત્યારે સંતનુ રાજા કહે, જો એ પુત્રને તમારે ઉછેરવો હોય તો અહીં રહીને જ ઉછેરો; અહીં રહીને ઉછેરતાં તમને શી હરકત છે? ત્યારે ગંગાજી બોલ્યાં, તમારે જે વખતે મારી સાથે વરવું હતું ત્યારે એવું વચન આપ્યું હતું કે જેમ તમે કહેશો તેમ હું ચાલીશ, તે છતાં તમે આ પુત્રને મારા કહેવા પ્રમાણે નાશ કરવા દેતા નથી તે પુત્ર ઉછેરવો છે, તેથી તમે તમારા વચનથી ભ્રષ્ટ થયા માટે મારે તમારે ઘેર રહેવું નથી. ને હું મારા મુળ સ્થાનકે રહી એ પુત્રને ઉછેરી પાંચ વર્ષનો કરીને તમને આપી જઇશ. ત્યારે સંતનુ રાજા કહે, હું વચનથી ભ્રષ્ટ થવા ખુશી નથી ને તમારા કહેવા પ્રમાણે ચાલવા ખુશી છું પણ આ બાળહત્યાઓ કરવાનું, વંશ કાઢવાનું ને જગતમાં અપજશ મળવાનું, રૈયતનું મન દુભાવવાનું હોય ત્યાં વચન પાળવું બની શકે નહિ. જો તમારે પુત્ર ઉછેરી આપવા ખુશી હોય તો અહીં રહીને આ પુત્રને ઉછેરો, ત્યારે ગંગાજી કહે, ના, મને પુત્ર આપો હું એને મારે સ્થળે લઇ ઉછેરી પાંચ વર્ષનો કરી તમને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપી જઇશ. ત્યારે સંતનુ રાજા કહે, તમે મારા સાત પુત્ર માર્યા. તે પુત્રોનો નાશ કરતાં તમને જરા પણ ત્રાસ થયો નથી તેથી આ પુત્રને તમને સોંપતાં મને વિશ્વાસ કેમ આવે? એવાં સંતનુ રાજાનાં વચન સાંભળી ગંગાજી બોલ્યાં, હે રાજા, એ પુત્રને ઉછેરી પાંચ વર્ષનો કરી તમને ન આપી જાઉં તો પૃથ્વી વિષે જેટલું પાપ થાય તે સર્વ પાપ મારે માથે.

ગંગાજીનાં વચન સાંભળી સંતનુ રાજાએ કહ્યું લ્યો, આ પુત્ર તમને સૂર્યદેવની સાખે સોંપું છું. હવે તમે જાણો ને ઇશ્વર જાણે. એમ કહી રાજાએ પુત્ર આપ્યો. એટલે ગંગાજી પોતાના પુત્રને લઇ નગર બહાર જઇ જળમાં પોતાને સ્થળે ગયાં. ને પુત્રને પાણીમાં રહેવાથી કાંઇજ ઇજા કે હરકત થાય નહિ એવો ગંગાજીએ પોતાની શક્તિ વડે ઉપાય કરી પુત્રને રાખ્યો. ને તે પુત્રનું નામ ગાંગેવજી પાડ્યું. પછી તે ગાંગેવજી પોતાની માતા પાસે ઉછરે છે એમ કરતાં કરતાં ગાંગેવજી બોલતા ચાલતાં શીખ્યો ને તે પાંચ વર્ષનો થયો ત્યારે તે નાનાં નાનાં ધનુષ બાણ વિગેરે હથીઆરો લઇ ગંગાજીની બહાર વનમાં ઘણીવાર રમવાને જતો. તેવામાં એક દિવસ સંતનુ રાજા પોતાનું સૈન્ય લઇને ગંગાતટે રમવા ગયો, ત્યાં ગંગાજી પાસે મેદાનમાં એક સ્થંભ સવાસો ધનુષવા રોપ્યો. તેના ઉપર એક ત્રણ હાથ લાંબુ સુવર્ણનું નિશાન ઘાલ્યું. તે પછી ત્યાં નદીના મેદાનમાં રાજા સભા કરીને બેઠો. એવામાં ગાંગેવજી રમત રમતો ત્યાં આવ્યો. તેણે પેલું નિશાન જોઇ વિચાર કર્યો કે આ લોકો રમત કરે છે છે તે હું જોઉં. એમ સમજીને પોતે એક વૃક્ષની નીચે કોરાણે ઊભો રહ્યો. એવામાં સભામાં સંતનુ રાજા બોલ્યો, આજે સવાશેર સોનું નિશાન સ્થંભ ઉપર ઘાલ્યું છે; તેને જે પુરુષ એક બાણથી એક જ વખતે ત્રણ કટકા કરી નીચે નાંખે, તે સવાશેર સોનાનું નિશાન લઇ જાય અને તેને હું શેલા પાઘડીનો સરપાવ આપીશ, માટે જેને તે નિશાન તોડવાની હીંમત હોય તે આ સભામાં ઊભા થઇને એક બાણથી તોડો.

રાજાએ આજ્ઞા આપી તેવો જ સેનાપતિ એકદમ ભરી સભામાં ઊભો થયો; ને બોલ્યો, હે રાજા, એક બાણે એ નિશાન હું તોડું છું, માટે મને આજ્ઞા આપો, રાજાએ રજા આપી તેવું જ તે સેનાપતિએ પોતાનું ધનુષ લઇ તેના ઉપર એક બાણ ચઢાવ્યું, ને નિશાનને બરાબર તાકી બાણ ફેંકયું; તેવું જ તે બાણ નિશાન કરતાં આડું ગયું તેથી સેનાપતિનું મોં ઉતરી ગયું ને નીચું ઇ સભામાં બેસી ગયો. એટલે તમામ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સભા ખડખડીને હસવા લાગી. એટલામાં સંતનું રાજાનો પ્રધાન પોતે નિશાન તોડવા ઉભો થયો ને બોલ્યો, અરે સભાસદો, આપણા સેનાપતિએ આ નિશાન તોડવાની ઇચ્છા કરીને સરપાવ લેવા ધાર્યો, પણ નિશાન તૂટ્યું નહિ. સેનાપતિથી આવાં નિશાન તોડાતાં હોય તો, કોઇ અમારા જેવા પ્રધાનનો ભાવ પૂછે જ નહિ, તે નિશાન હવે જોજો હું એક બાણે એક ઝપાટે એક પલકમાં તોડી ફેંકી દઉં છું. એમ કહી પોતે પોતાનું ધનુષ લઇ તેના ઉપર બાણ ચઢાવી નિશાનને બરોબર તાકીને બાણ માર્યું. તેવામાં પવનનું લહેરું આવ્યું તેવું તે પ્રધાનનું બાણ આડું ચાલ્યું ગયું. તે જ વખતે પ્રધાનનું મોઢું ઉતરી ગયું ને નીચું ઘાલીને સભામાં બેસી ગયો. ત્યારે સંતનુ રાજા હસીને ઊભો થયો ને સકળ સભાને કહેવા લાગ્યો. અરે સભાસદો આપણો સેનાપતિ પોતાના બળના અભિમાને ઊભો થયો ને બાણ માર્યું પણ પોતે નિરાશ થઇ ગયો, તેથી આપણા પ્રધાનજી ઊભા થયા તેમણે સેનાપતિની મશ્કરી કરીને પોતાનું પ્રધાનપણું દર્શાવવા કેટલાક અભિમાનનાં વચન કહ્યાં પણ તેમને તેમનો અભિમાન નડયો તેથી તે પણ નિશાન તોડવામાં નિરાશ થયા. પણ હવે જોજો હું એક બાણે આ નિશાન તોડીશ. મારું એક બાણ બસ છે, જો પ્રધાન જેવાં આવાં નિશાન તોડે તો એમને કોઈ રાજા માને જ નહિ. ને અમે નિશાન તોડીએ નહિ તો એમને કોઇ રાજાની ઉપમા પણ આપે નહિ. એમ કહી રાજાએ ભરી સભામાં પોતાની ખાંધ પરથી ધનુષ લઇ તેના ઉપર બાણ ચઢાવી બરોબર નિશાનના સામુ જોઈ નિશાન તાકયું. પછી હાથને બરોબર ધારણ રાખીને બાણ વાયુના વેગથી છોડયું પણ રાજાએ મારેલું બાણ વાયુના વેગથી ખસી ગયું તેવો જ રાજાને ક્રોધ ચડયો તેથી રાજાએ દાઝમાં ને દાઝમાં બીજાં બે બાણ માર્યાં, તે પણ આડાં ગયાં એટલે ગાંગેવે વિચાર કર્યો કે આ સર્વે પુરુષો છે, તે સર્વ સ્ત્રીઓ જેવાં છે માટે એ નિશાન એક બાણથી હું જ તોડી નાખું. એમ ધારીને આઘે રહ્યા રહ્યા પોતાના ધનુષ પર બાણ ચઢાવી, બળ વડે માર્યું. તે બાણ વડે સુવર્ણના નિશાનના ત્રણ કટકા થઇ નીચે પડયા, એટલે સંતનુ રાજા આશ્ચર્ય પામ્યા, ઓહો, પેલા નાના બાળકે આપણા સર્વનું નાક લીધું. શાબાશ છે એ બાળકને. અરે સેવકો, જાઓ એ છોકરાને મારી પાસે લાવો. એ કોનો પુત્ર છે? એ બાળકને મારો પુત્ર કરી મારી પાસે રાખું.

રાજાનાં વચન સાંભળી ચાર સેવકો પેલા ગાંગેવજીને બોલાવવા ગયા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેવો જ ગાંગેવજીએ ચાર સેવકોને જોઇ વિચાર કર્યો, મેં રાજાની, પ્રધાનની ઇજ્જત લીધી તેથી રાજાએ મને પકડવા સારુ સેવકો મોકલ્યા, હવે તે સેવકો મને પકડી રાજા પાસે લઇ જશે એટલે રાજા મને કાંક શિક્ષા કરશે. એમ ભય પામીને ગાંગેવજી નાસી જવા લાગ્યો. એટલે પેલા ચાર સેવકોએ ગાંગેવને પકડવા સારુ મૂકી તેમાં એક સેવક ઘણા બળથી ગાંગેવની લગભગ થયો તેવો જ ગાંગેવજી જતાં ગંગાજીના જળમાં પડયો ને જ્યાં પોતાની માતા ગંગાજી છે તેને જઇ બાઝી પડયો. પેલા ચાર સેવકો ગંગાતટે ખમચાઇ ઊભા રહ્યા ને વિચાર કર્યો, એ છોકરો ભયનો માર્યો જળમાં પડી મરણ પામ્યો. એમ સમજી તે ચારે સેવકો ત્યાંથી પાછા વળ્યા, ને સંતનુ રાજા પાસે જઇ કહેવા લાગ્યા, હે રાજાધીરાજ, પેલું છોકરું અમને જોઇ ભય પામીને ગંગાજીમાં પડી મરણ પામ્યું. એવા સેવકોના વચન સાંભળી સંતનુ રાજા પશ્ચાતાપ કરવા લાગ્યો ને હવે આજ પછી મારે કોઈ દિવસ આ ગંગા ત્રટે આવી રમત કરવી નહિ એવો સંકલ્પ કરી પોતાનું સૈન્ય લઇ નગ્રમાં ગયો.

હવે ગંગાજીએ ગાંગેવજીને હૃદિયા સાથે ચાંપી કહ્યું, હે પુત્ર, તું શ્વાસભર્યો કયાંથી આવ્યો? ત્યારે ગાંગેવ કહે, અરે માતાજી, આપણા જળની બહાર કોઇ રાજા પોતાનું સૈન્ય લઇ અત્રે રમવા આવ્યો હતો, તેણે એક કાષ્ટનો સ્થંભ રોપી તેના ઉપર સવાશેર સુવર્ણનું નિશાન રોપ્યું હતું, તે નિશાનને એક બાણથી તોડી ત્રણ કટકા કરી નાંખવા એવી શરત કરી હતી. તે રાજાના સેનાપતિથી તે નિશાન તૂટયું નહિ, તે પછી રાજાના પ્રધાને ઉઠી બાણ માર્યું, તો તેનાથી પણ નિશાન તૂટયું નહિ. છેવટ રાજા પોતે ઊઠયો. તેણે પણ બાણ માર્યાં. તેના ત્રણે બાણ ખાલી ગયાં ને રાજા ઝંખવાણો થયો તે વખતે મેં આઘેથી એક બાણ મારી નિશાનના ત્રણ કટકા કરીનાખ્યા. તેથી રાજાએ ગુસ્સે થઇ મને પકડવા પોતાના ચાર સેવકો દોડાવ્યા, એટલે હું નાસીને તમારી પાસે આવતો રહ્યો, એ રીતનો ગાંગેવજીનાં વચન સાંભળી ગંગાએ વિચાર્યું કે આ સ્થળે સંતનુ રાજા રમવા આવ્યા હશે કોઇ બીજો આવે નહિ. એમ વિચારતાં યાદ આવ્યું, મારા ગાંગેવજીને પાંચ વર્ષ પૂરા થયાં ને મારે રાજાની સાથે એવો કોલ કરાર થઇ ગયો છે કે પુત્ર પાંચ વરસનો થાય એટલે રાજાને આપવો. એમ સમજી ગંગાજીએ ગાંગેવને કહ્યું, હે પુત્ર, જે રમવા આવેલા તે તારા પિતાજી સંતનુ રાજા હશે, માટે તું ગભરાતો નહિ. તું પાંચ વર્ષનો થયો તેથી ચાલ હું તને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તારા પિતાજી પાસે મૂકી આવું. એમ કહી ગંગાજીએ ગાંગેવને સ્નાન કરાવી સારા શણગાર વસ્ત્રો પહેરાવી આયુધ આપી પોતે પોતાનું સુંદિર સ્વરૂપ ધારણ કરી તેને આંગળીએ વળગાડી હસ્તિનાપુર ચાલ્યાં. ગાંગેવ તથા ગંગાજી બેઉ જણ હસ્તિનાપુરમાં રાજ્યસભામાં જ્યાં સભા કરી સંતનુ રાજા બેઠા છે ત્યા આવ્યાં. એટલે સંતનુએ ગંગાજીને જોઇ કહ્યું. આવો, આ કોણ છે? ત્યારે ગંગાજી કહે, હે પતિ, આ તમારો પુત્ર લ્યો. એટલે સંતનુ રાજા ગાંગેવની આકૃતિ જોઇ વિચારમાં પડયો કે આ છોકરું નિશાન તોડીને નાસી ગયું હતું તેવું છે. એમ સમજી સંતનુ રાજાએ કહ્યું, અરે પુત્ર, તેં કાલે કોઇનું નિશાન તોડયું હતું? ત્યારે ગાંગેવ કહે, હા તમારા કોઇથી નિશાન નહીં તૂટયું તેથી મેં એક બાણે નિશાન તોડયું હતું. એ સાંભળી સંતનુ રાજા પ્રસન્ન :થયો ને ઘણા પ્રેમ વડે ગાંગેવજીને બોલાવી પોતાને ઉછંગ લઇ હૃદિયા સરસો ચાંપ્યો, પછી ગંગાજીએ સંતનુ રાજાને કહ્યું કે હે મહારાજ, જુઓ તમારો પુત્ર તમને આપ્યો, હવે હું રજા લઉં છું. ત્યારે સંતનુ રાજાએ કહ્યું, અરે ગંગાજી, તમે શા માટે જાઓ છો? અહીં રહો રાજ્યાસન ભોગવો ને આ પુત્ર ઉછેરો. એટલે ગંગાજી કહે, હે રાજા, જો મને રાખવી હોય તો એ પુત્રનો નાશ કરો. ત્યારે સંતનુ રાજા કહે, એ પુત્રનો નાશ કરવાનો નથી. આ પુત્ર મને પ્રાણપ્રિય છે, જો તમારે રહેવું હોય તો રહો નહિ તો જે માર્ગે આવ્યાં તે માર્ગે પધારો એમ કહી વિદાય કર્યાં. એટલે ગંગાજી પોતે પોતાને સ્થાનકે ગયાં. તે પછી ગાંગેવ અને સંતનુ રાજા એ બંને પિતા પુત્ર વચ્ચે હેત પ્રીત વધી ગઇ, એવામાં સંતનુ રાજાને ત્યાં ફરતા ફરતા ફરશુરામ આવ્યા. સંતનુ રાજાએ ઘણા આદરભાવથી ફરશુરામને પોતાને ઘેર સાત દિવસ રાખ્યા. તે વખતે ગાંગેવજી ફરશુરામની સેવા ચાકરી કરે ને ફરશુરામની પાસેં જ રહે. પછી આઠમે દિવસે સંતનુ રાજાને કહ્યું કે, હે રાજા, આજ હું મારે મઠ જાઉં છું, ને આ તારો પુત્ર ગાંગેવજી છે તેને હું મારી સાથે લઇ જાઉં છું. કેમ કે આ પુત્ર મહા પરાક્રમી ને સત્યવાદી નીકળશે. માટે એને છ માસ મારે ત્યાં રાખી બાણવિદ્યા ભણાવી તારો પુત્ર પાછો આપી જઇશ. સંતનુ રાજા કહે. હે કૃપાનિધી, એ પુત્ર તમારો છે. માટે જેમ તમારી નજરમાં આવે તેમ કરો. ત્યારે ફરશુરામે ગાંગેજીને પૂછયું, હે પુત્ર, તું મારે ઘેર વિદ્યા ભણવા સારુ આવવાને ખુશી છે કે નહિ? ત્યારે હસતે મોઢે ગાંગેવે કહ્યું, અરે પિતાજી, હું આવવા ઘણો ખુશી છું. એમ કહી પોતે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પોતાના પિતા સંતનુ રાજાને ચરણે લાગી રજા માગી. ત્યારે સંતનુ રાજાએ ખુશી થઇ રજા આપી. એટલે ફરશુરામ અને ગાંગેવજી બંને મઠે ગયા.

ફરશુરામે ગાંગેવને પોતાના પુત્રની પેઠે રાખ્યો, ને પોતે ગાંગેવને પોતાની સાથે લઇ જમવા બેસે તેમજ પોતાની પાસે સુવાડે. રાત દિવસ ગાંગેવને વિદ્યાભ્યાસ કરાવે. એવી રીતે ગાંગેવને મહા વિદ્વાન બનાવ્યો, એવામાં છ માસ પૂરણ થયા એટલે ગાંગેવને લઇ ફરશુરામ હસ્તિનાપુર ગયા, ત્યાં જઇ સંતનુ રાજાને કહ્યું, સંતનુ, લે આ તારો પુત્ર ગાંગેવજી આવ્યો, એને મેં ઘણો વિદ્વાન સમર્થ બનાવ્યો છે, હવે તમે તમારે પિતા પુત્ર આનંદ કરો. એમ કહી પોતે પોતાને મઠ ગયા, તે પછી સંતનુ રાજા અને ગાંગેવ બંને પિતા પુત્ર આનંદથી રહે છે, રાજ્ય ભોગવે છે ને તે બંનેને સુવાનામહેલ જુદા જુદા છે, પણ ભેગા જમે છે ને આનંદ ભોગવે છે.

વિશ્રામ પાંચમો

પિતા પુત્ર બેઉ રહે, ભોગવે છે આનંદ;
વલ્લભ વદે તેવે સમે, કેવો ઉપજ્યો ફંદ.

એક દિવસ સંતનુ રાજા અશ્વપર બેસી વનમાં મૃગિયા રમવાને ગયો, તે નર્મદાત્રટે મૃગને શોધે છે એવામાં એને કસ્તુરીની વાસ આવી તેથી એણે જાણ્યું કે આટલામાં કોક જગાએ કસ્તુરીઓ મૃગ છે. એમ જાણી જે દિશાથી સુગંધી આવે છે તે દિશાએ રાજા ચાલ્યો, એ કસ્તુરીની વાસના જે પેલી યોજનગંધા એટલે જે મચ્છગંધા છે જેને પેટ વેદ વ્યાસનો જન્મ થયેલો તેના શરીરમાંથી ચાર ગાઉ ફરતી ઉડે છે. તેની ઝુંપડી ભણી રાજા ગયો. તેણે ઝૂંપડી દીઠી ને વિચાર કર્યો કે આ ઝૂંપડીમાંથી વાસના આવે છે. માટે નિશ્ચય ઝૂંપડીમાં જ મૃગ છે. એમ સમજી ધનુષ ઉપર બાણ ચઢાવ્યું એટલામાં મચ્છગંધા સ્વાભાવિક ઝૂંપડીની બહાર નીકળી, તો રાજા મનોહર સ્ત્રીને દેખી વિચાર કરવા લાગ્યો, અરેરે, જો મેં બાણ માર્યું હોત તો મને સ્ત્રીહત્યા લાગત. એમ પશ્ચાત્તાપ કરીને હાથમાંથી બાણ ફેંકી દઇ પોતે અશ્વ ઉપરથી ઉતરી પડયો ને જઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મચ્છગંધાનો પાલવ પકડયો. એટલે મચ્છગંધા કહે, અરે રાજા, તમે કેમ મારો પાલવ ઝાલ્યો! ત્યારે સંતનુ રાજા કહે, અરે બાઇ, તું કોણ છે? આવા અરણ્યમાં તું અબળા જાતી એકલી કેમ છે? તારી નાત જાત કોણ છે? તારાં માતા પિતા કોણ છે? તેમ સાસુ, સસરા ને પતિ કોણ છે? એટલે મચ્છગંધા કહે અરે રાજા, મારે સાસુ સસરા કે પતિ નથી. મારે માતા પિતા છે તે ઢીંમરની જાત છે. હું રાજબીજ છું, મારે ને મારી પાળક માતને બનાવ નહિ રહેવાથી મને મારા પિતાએ કાઢી મૂકી છે, તેથી હું અહીં ઘણા દિવસથી આઝૂંપડી બાંધીને રહી છું.

મચ્છગંધાનાં વચન સાંભળી સંતનુ રાજાએ કહ્યું, અરે પ્રિયા, આ વનમાં રહી શા સારુ દુઃખી થાઓ છો? તમે મારે ઘેર ચાલો, હું હસ્તિનાપુરનો રાજા છું. મારે પહેલી સ્ત્રી હતી તેનો એક પુત્ર છે ને તે સ્ત્રી પુત્રને મૂકી પોતાને પિયેર રહે છે. માટે તમે મારે ઘેર ચાલો. ત્યાં તમે સુખી થશો. એવાં રાજાનાં વચન સાંભળી મચ્છગંધાએ કહ્યું, ભલે, હું તમારે ત્યાં આવવા ખુશી છું; પણ મારાં પાળક માતા પિતાની આજ્ઞા વિના ને એમને હાથે તમારી સાથે પરણાવ્યા વિના આવવા ખુશી નથી, માટે મારા પિતાજીની પાસે તમે પધારો. મારા પિતાજી રાજી થઇ તમારી સાથે પરણાવશે.

મચ્છગંધાના વચન સાંભળી સંતનુ રાજા બોલ્યો, અરે પ્રિયા, તને તે માબાપે કાઢી મૂકી, હવે તેમને પૂછવું તે વ્યાજબી નથી. ત્યારે મચ્છગંધા કહે, ગમે તેમ હોય પણ જેણે ઉછેરી મોટી કરી તેની હું કૃતઘ્ની નહિ થાઉં જો તે તમને એમ કહે કે તમે જાણો ને તે છોકરી જાણે તો પછી એમને પૂછવાનું કાંઈ જ કારણ નથી; માટે તમે અયોધ્યાનગર જઇ મારા પિતાને પૂછો એવાં મચ્છગંધાનાં વચન સાંભળી સંતનુ રાજા અયોધ્યામાં ઢીંમરનું ઘર પૂછીને ગયો, ત્યાં ઢીંમરે ઘણા આદરથી સંતનુ રાજાને બોલાવ્યો ને આસન આપી બેસાડીને નમસ્કાર કરી પુછવા લાગ્યો, અરે મહારાજ, હું રંકને ઘેર કેમ કૃપા કરી? ત્યારે સંતનુ રાજા બોલ્યો, હે ઢીંમર, નર્મદાત્રટે જે મચ્છગંધા નામની કન્યા છે તે કોણ છે? ત્યારે ઢીંમરે કહ્યું, હે મહારાજ, એ તો મારી પાળક પુત્રી છે. ત્યારે સંતનુ રાજા કહે, તારી પુત્રીને તુમારી સાથે પરણાવ. તું જે કહે તે હું તને આપું. ત્યારે ઢીંમરે કહ્યું, મહારાજ, તમે હસ્તિનાપુરના સંતનુ રાજા છો ને તમારે ગાંગેવ નામનો પુત્ર છે તે બધું હું જાણું છું. તમને મારી પુત્રી પરણાવું તેમાં મને હરકત નથી. મારી પુત્રી સુખી થાય તેવું છે માટે પરણાવવાને હું ખુશી છું પણ તમારા પુત્ર ગાંગેવજી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવીને વિવાહ કરી જાય તો પરણાવું, તે વિના પરણાવું નહિ. એટલે સંતનુરાજા કહે, અરે ઢીંમર, કાંક વિચાર કરીને બોલ, હું પિતા પુત્રને મારી પરણવાની વાત કહું તે ઘણું અયોગ્ય છે. ત્યારે ઢીંમરે કહ્યું, ના મહારાજ, ગાંગેવના કહ્યા વિના મારી પુત્રી હું પરણાવવાનો નથી. એવાં ઢીંમરનાં વચન સાંભળીને સંતનુ રાજા ત્યાંથી અશ્વ પર બેસી હસ્તિનાપુર ગયો ને પોતાના મહેલે જઇ ઉદાસ થઇને મંચકમાં પડયો. એવામાં પ્રધાન સંતનુરાજાની પાસે ગયો ને તેણે રાજાને ઉદાસ દીઠો તેથી પ્રધાને પૂછયું, હે રાજાધીરાજ, આજ તમે શોકમાં ગરકાવ થઇ કેમ પડયા છો? તે મને કહો. ત્યારે સંતનુ રાજા કહે, અરે પ્રધાનજી, આજ હું મૃગિયા રમવા ગયો ત્યાં રૂપવાન સ્ત્રી જોવામાં આવી. તે સ્ત્રી પરણવાનો મને વિચાર થયો તેથી તે સ્ત્રીને મારી સાથે પરણવા કહ્યું, ત્યારે તે સ્ત્રીએ પણ પરણવાનું કબૂલ કર્યું, પણ એમ કહ્યું મારા માતાપિતા તમારી સાથે મને પરણાવે તો પરણું તેથી હું તેના પિતા પાસે ગયો ને મેં તેના પિતાને તેની પુત્રી મારી સાથે પરણાવવા કહ્યું.

ત્યારે ઢીંમરે મને કહ્યું. હા મહારાજ, મચ્છગંધા નામની મારી પુત્રી છે ને હું પણ વરને ખોળું છું, તેથી તમારી સાથે પરણાવતા હું ઘણો ઉજળો છું. પરંતુ હું કયારે પરણાવું કે તમારો ગાંગેવ જાતે અહીંઆં આવીને તમારા વિવાહ કરી જાય તો હું પરણાવું. તે સિવાય તમારે મને કાંઈ પણ કહેવું નહિ. તેથી હે ડાહ્યા પ્રધાન, હું ઘણા જ શોકમાં પડયો છું, અને એ શોકથી ને એ જ શોષનાથી મારો દેહ પડશે અને છેવટે હું અધોગતિને પામીશ એમ મને ભાસે છે. ત્યારે પ્રધાને કહ્યું, અરે મહારાજ, તમે શોષના ન કરશો, આપણે ગાંગેવને તે ઢીંમર પાસે મોકલીએ ને તે જઇને એ ઢીંમરનું મન પ્રસન્ન કરી વિવાહ કરી આવે. એટલે સંતનું રાજા કહે, અરે પ્રધાન, મારાથી પુત્રને એમ કેમ કહેવાય કે હે પુત્ર, તું મને પરણાવ, જો કે પુત્ર પિતાને કહે કે મને પરણાવો પણ પિતાથી કદી કહેવાય જ નહિ. ત્યારે પ્રધાન કહે, અરે મહારાજ, તમારે ગાંગેવને કહેવાની કાંઈજ જરૂર નથી. એ તો હું જ કહીને ગાંગેવને તમારો વિવાહ કરવા મોકલું છું. એમ કહી પ્રધાન ગાંગેવજીના મહેલે ગયો.

ગાંગેવે ઘણા આદરથી આસન આપી પ્રધાનને બેસાડયા ને પૂછયું, આજ આપોઆપ મારા મહેલમાં કેમ પગલાં કર્યાં? ત્યારે પ્રધાને કહ્યું, અરે ગાંગેવજી, તમારા પિતા આજ મંચકે દુઃખી થઈ પડયા છે. તેથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેમને જોઈ હું તમને કહેવા આવ્યો છું. ત્યારે ગાંગેવ કહે, એવું શું દુઃખ થયું છે કે એકાએક મંચકે પોઢયા છે? તેમ તેમણે કેમ કોઈને કહ્યું નથી? ત્યારે પ્રધાન કહે, એમને કાંઈ તન દુઃખ થયું હોય તેમ નથી પણ મનદુઃખ થયું હોય તેમ ભાસે છે. એટલે ગાંગેવે કહ્યું, એમના મનદુઃખની આપણને કેમ ખબર પડે અને તેવી ખબર પડયા વિના એમનું મન દુઃખ કેવી રીતે આપણે ભાંગી શકીએ? ત્યારે પ્રધાન કહે, અરે ગાંગેવજી, પુત્રનો ધર્મ એવો છે કે પિતાને ચાહ્ય તેવું દુઃખ હોય પણ તે દુઃખ ભાગવું, માટે તમે તમારા પિતા પાસે જઇ એમ કહો. હે પિતાજી, તમારા મનને જે દુઃખ હોય તે મને કહો, તમે મને કહો નહિ તો તમને મારા સોગન છે ને જે દુઃખ હોય તે દુઃખ હું ન ભાગું તો હું તમારો પુત્ર નહિ, એમ કહીને પૂછશો તો ખરી વાત નીકળી આવશે.

ગાંગેવને ઉશ્કેરીને પ્રધાને તેને સંતનુ રાજા પાસે મોકલ્યો એટલે ગાંગેવજી પોતાના પિતાના પાસે જઈ મંચક નીચે બેઠો ને પૂછયું, હે પિતાજી, આજ તમે કેમ ઉદાસ થઈ પડયા છો? ત્યારે સંતનુ કહે, કાંઇ જ નહિ. ત્યારે ગાંગેવ કહે હે પિતાજી, તમારા મનનું જે દુઃખ હોય તે મને કહો નહિ તો તમને મારા સોગન છે. ને તમારું જે દુઃખ હશે તે હું ભાગું નહિ તો હું તમારો પુત્ર નહિ. એવું કહ્યું એટલે સંતનું રાજા કહે, અરે પુત્ર, હું મારા મનનું દુઃખ તને કહીશ તે કેવળ અણઘટતું ને લજ્જા પામવા જેવું છે; માટે કહેતાં મારી જીભ ઉપડતી નથી, તેમ છતાં તેં સોગન દીધા છે માટે કહું છું. એમ કહી આડું જોઇને સંતનું રાજા બોલ્યો, હે ગાંગેવ, આજ હું વનમાં મૃગિયા રમવા ગયો હતો ત્યાં નર્મદાત્રટે એક યોજનગંધા નામની સ્ત્રી જોઇ મને મોહ ઉત્પન્ન થયો; તેથી મેં તેની મારી સાથે વરવાની વાત પુછી તો તે વાત તેણે કબૂલ કરી, પણ એમ કહ્યું કે અયોધ્યામાં ઢીંમર મારો પિતા છે, તે તમારી સાથે પરણાવે તો હું કબૂલ છું. એવા સ્ત્રીનાં વચન સાંભળી હું અયોધ્યામાં ઢીંમરને ત્યાં ગયો ને જઈ ઢીંમરને પૂછયું તો તે ઢીંમર પણ મારી સાથે પરણાવવા કબૂલ થયો; પણ તેણે એમ કહ્યું કે તમારો પુત્ર ગાંગેવજી આવીને વિવાહ કરી જાય તો હું પરણાવું. એવાં ઢીંમરનાં વચન સાંભળી ઘેર આવ્યો. ને મને પશ્ચાત્તાપ થયો કે અરેરે, મને આ શું સૂઝ્યું? હજી મેં મારા પુત્ર ગાંગેવને તો પરણાવ્યો નથી ને મેં પરણવા ઇચ્છા કરી? આ તે કેવી મૂર્ખતા? વળી કોઈ બીજી જાતી નહિ ને ઢીંમરની જાતમાં જ પરણવા વૃતિ થઈ, જેથી મારે જ્ઞાતિ બહાર રહેવું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પડે, મારા પુત્રને કોઈ કન્યા દે નહિ. તેમજ પુત્રને માથે લાંછન બેસે, એવા પ્રશ્ચાત્તાપથી ને કન્યામાં વૃત્તિ ખેંચાવાથી મને દુઃખ ઉત્પન્ન થયું છે. તેથી હવે મારો દેહ પડશે એમ મને ભાસે છે. એવાં સંતનુનાં વચન સાંભળી ગાંગેવજી કહે, અરે પિતાજી આ મારો દેહ જાય તો શું થયું ? પુત્ર પિતાનું અંતઃકરણ પ્રફુલિત ન કરે તો તે પુત્ર નહિ. ગમેતેમ થાય પણ એજ કન્યા તમને પરણાવું તો જ હું મારો દેહ રાખું નહિ તો મારો દેહ ત્યાગ કરું. કહી ગાંગેવજી ઉઠી પોતાના મહેલમાં ગયો; ત્યાં જઇ પોતાનાં વસ્ત્ર-ભૂષણ પહેરી પોતાનાં આયુધ લઈ રથે બેસી અયોધ્યા નગરમાં ઢીંમરને ઘેર ગયો, ઢીંમરે ગાંગેવને દેખતાં જ ઘણો ઘણો આદરભાવ કરી બોલાવીને આસન આપી બેસાડયા. પછી ઢીંમરે ગાંગેવજીને પૂછયું. અરે સંતનું-નંદન ફરશુરામના વિદ્યાર્થી, અતિ સત્યવાન હું કંગાલને ઘેર કેમ કરુણા કરી ? ત્યારે ગાંગેવજીએ કહ્યું, અરે ઢીંમર, મારા પિતાજીને તમારી પુત્રી વર વાની ઇચ્છા થઈ તેથી મારા પિતાજીએ આવી તમારી આજીજી કરી તો પણ તમે તે કન્યા તેમને કેમ નહિ પરણાવી ? ત્યારે ઢીંમર કહે અરે મહારાજ મેં જાણ્યું કે તમારા પિતાજીની વૃદ્ધાવસ્થામાં પ્રકૃતિ બગડી હશે વળી તમે ઉત્તમ જાતી ક્ષત્રી હોવા છતાં અમારી નીચ જાતી ઢીંમરની કન્યા માગી તેથી આશ્ચર્ય લાગ્યું, ને મેં જાણ્યું કે ગાંગેવને પૂછયા વિના કન્યા પરણાવીશ તો ગાંગેવજી ગુસ્સે થશે એમ સમજી તમારા પિતાજીને એમ કહ્યું, ગાંગેવજી આવીને વિવાહ કરી જાય તો પરણાવું ત્યારે ગાંગેવજી કહે, અરે ઢીંમર, તેં યોગ્ય જવાબ દીધો છે. હવે મને તારા ઉપર કાંઇપણ દ્વેષ નથી. તું તારી પુત્રી મારા પિતાજી સાથે પરણાવ, હું તને જે માગે તે આપું ત્યારે ઢીંમરે કહ્યું, અરે મહારાજ, તમે અમારી નીચની કન્યા લેશો તેથી ક્ષત્રીની જ્ઞાતિથી વિમુખ થશો. ત્યારે ગાંગેવે કહ્યું, જ્ઞાતિ બહાર રહીશું તો અમે રહીશું તો, એમાં તારે કાંઈ પણ કહેવાનું નથી, તારે બીજું કહેવું હોય તો કહે. ત્યારે ઢીંમર કહે. હે ગાંગેવજી, તમારા પિતાને મારી પુત્રી પરણાવું, તે મારી પુત્રીને પુત્ર થાય તો પછી હસ્તિનાપુરની રાજગાદી તમે ભોગવો કે મારી પુત્રીના પુત્ર ભોગવે ? ત્યારે ગાંગેવે વિચાર કર્યો કે આણે તો અમારા જ્ઞાતિ બહારના દુઃખે મને બોલાવ્યો નથી. એણે એના લાભના માટે બોલાવ્યો છે. હવે જો આ ઢીંમર કહેશે તેમ હું કબૂલ નહિ કરું તો મારા પિતાને આ ઢીંમર કન્યા પરણાવવાનો નથી; માટે ગમે તેમ થાય પણ મારે તો મારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પિતાજીની ઇચ્છા પૂરણ કરવી તે જ મારો ધર્મ છે. એમ સમજી ગાંગેવજી બોલ્યા જો ભાઇ, તારી પુત્રીને પુત્ર થાય તો તે જ રાજગાદી ભોગવે. જો રાજગાદીએ હું બેસું તો મને બ્રહ્મહત્યાનું પાપ છે. ત્યારે ઢીંમર બોલ્યો, અરે મહારાજ, કદી તમે તો ગાદી ભોગવો નહિ. પણ તમારા પુત્ર થાય તે મારી પુત્રીના પુત્રના રાજ્યમાં ભાગ લે કે નહિ ? ત્યારે ગાંગેવે ક્રોધમાં કહ્યું, હું સ્ત્રી પરણું તો મને પુત્ર થશે, નહિ તો થવાના નથી. એ તો તું જાણે છે કે નહિ ? ત્યારે ઢીંમર કહે મહારાજ, એ તો હું સમજું છું, ત્યારે ગાંગેવ કહે, જા જગતમાં જેટલી સ્ત્રી છે તેટલી સર્વ મારી મા અને બહેન છે. મારે લગ્ન જ કરવું નહિ.

ગાંગેવનાં વચન સાંભળી ઢીંમર કહે, જાઓ મહારાજ. હવે તમે ઘેર જઇ તમારા પિતાને સુખરૂપે પરણવા મોકલો, મારે કાંઇ પણ લેવું નથી. ને મને જે મળશે તે આપીને કન્યાદાન દઇશ. એવું કહી ગાંગેવને રજા આપી. એટલે ગાંગેવજી ઢીંમરના ઘરમાંથી નીકળી અશ્વે બેસી હસ્તિનાપુર ગયા; ત્યાં જઇ પ્રધાનને બોલાવી પોતાની સાથે લઇ સંતનુ રાજાની પાસે ગયો, ને ત્યાં જઈ ચરણે લાગ્યો ને કહ્યું, અરે પિતાજી, હું અયોધ્યા નગ્રમાં જઈ જે કન્યા તમે જોઇ હતી તેનો વિવાહ કરી આવ્યો; હવે તમે તમારે જાઓ, ને જઇને પરણી આવો. ત્યારે સંતનુ રાજાએ આડું જોઇ કહ્યું, હે પુત્ર, તને ધન્ય છે. પછી ગાંગેવ પોતાને મુકામે ગયો. એટલે સંતનુ રાજા મંચકમાંથી ઊઠયો ને પ્રધાનને કહ્યું. અરે પ્રધાન. આપણે બેઉ જણ દસવીસ સેવક લઇને અયોધ્યા નગ્ર ચાલો, એટલે પ્રધાને સારા સારા સેવકો તથા પાંચ દસ કારભારીને સાથે લીધા, ને સરવે સંતનુ રાજાની સાથે અયોધ્યા નગ્ર ભણી નીકળ્યા. એવામાં પેલો ઢીંમર અયોધ્યાથી જઇને નર્મદાતટથી પોતાની પુત્રી મચ્છગંધા કે યોજનગંધાને પોતાને ઘેર લઈ આવ્યો.

સંતનુ રાજ અયોધ્યામાં ઢીંમરને ઘેર આવ્યો; એટલે ઢીંમરે ઘણું માન દઇ જાનીવાસો આપી ઉતાર્યા, તે પછી શુભ મુહુર્ત્ત જોઇ ઢીંમરે બ્રાહ્મણને બોલાવી વિધિ પ્રમાણે સંતનુ રાજાને કન્યાદાન દીધું ને સહસ્ત્ર સોના મોહરો સંતનુ રાજાને કન્યાદાનમાં આપી પછી વરકન્યાને વળાવ્યાં. એટલે સંતનુ રાજા, મચ્છગંધા અને પ્રધાન વગેરે હસ્તિનાપુર આવ્યા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ છઠ્ઠો

હસ્તિનાપુર આવીઓ, કન્યા લઇ રાજન;
તે વાત ચાલી વિશ્વમાં, વલ્લભ વદે વચન.

હવે વૈશમપાયન ઋષિ જનમેજય પ્રત્યે કહે છે, હે, જનમેજય રાજા સંતનુ રાજા ઢીંમરની પુત્રીને પરણ્યો તે વાત ચોરાશી હજાર દેશમાં ચાલી તેથી સર્વે ક્ષત્રીનંદનોએ અન્યોઅન્ય પત્રો લખી ઠરાવ કર્યો, આજથી હસ્તિનાપુર જ્ઞાતિ બહાર છે. તેમની સાથે કોઇએ વાત વ્યવહાર પણ રાખવો નહિ. એવો ઠરાવ થવાથી હસ્તિનાપુર નાત બહાર મૂકયું. એ વાર્તા સંતનુ રાજાએ જાણી, તેથી પોતે ઘણો પસ્તાવા લાગ્યો. એવામાં ગાંગેવજી પોતાના પિતા પાસે આવ્યો; એટલે સંતનુ રાજાએ કહ્યું, અરે પુત્ર, મેં મહા મૂર્ખાઈ કરી, કેમ કે હું ઢીંમરની પુત્રીને પરણ્યો તેથી આપણને સર્વ ક્ષત્રિઓએ જ્ઞાતિ બહાર કર્યા. એટલે તને કન્યા મળવી દોહ્યલી છે, મેં તારો જન્મ બગાડયો, એવા પિતાજીનાં વચન સાંભળી ગાંગેવે કહ્યું, અરે પિતાજી મને કન્યા નહિ મળે એવા કારણથી કાંઇજ શોષના કરશો નહિ, કેમ કે મેં તો ઢીંમરને ઘેર એવી પ્રતિજ્ઞા કરી છે કે જગતમાં જેટલી સ્ત્રી તેટલી મારી માતા ને ભગિની છે. ત્યારે સંતનુ કહે અરે પુત્ર, આવી પ્રતિજ્ઞા કરવાનું કારણ શું ? ત્યારે ગાંગેવ કહે, એ ઢીંમરની મરજી મુજબ મેં કબુલાત ન કરી હોત તો તમને પરણાવત નહિ, માટે મેં પ્રતિજ્ઞા કરી છે.

ગાંગેવનાં વચન સાંભળી સંતનુ રાજા દિલગીર થયો, ને અફસોસ કરવા લાગ્યો, અરેરે, મારે માટે પુત્રનો આખો જન્મ બગડયો, અરે મને આ બુદ્ધિ કેમ સુજી ? એવો પિતાનો અફસોસ જોઈ ગાંગેવે કહ્યું, અરે પિતાજી, તમે જરા અફસોસ કરશો નહિ. હવે જે થયું તે ફરવાનું નથી, અને સંસારની ઉપાધીથી હું મુક્ત થયો તેથી મારું ઘણું સુધર્યું. વળી મારે લગ્ન કરવું નથી તો હવે આપણે જ્ઞાતિની કાંઈ જ જરૂર નથી માટે જ્ઞાતિ બહાર રહ્યાની પણ અફસોસી કરશો નહિ. એમ પોતે પોતાના પિતાને શાન્ત પાડી ગાંગેવજી ગયા. અને એકાન્ત સ્થળે જઇ રહ્યા, ત્યાં ઇશ્વરોપાસના હરનિશ કર્યા કરે છે ને દિવસમાં એક વખત પોતાના માતાપિતા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાસે જઇ આવે છે, ને જે મચ્છગંધા પોતાની ઓરમાન મા તેને પોતાની સગી મા કરતાં અધીક જાણે છે ને તેને સત્યવાદી માતા કહીને બોલાવે છે. મચ્છગંધા પણ ગાંગેવને પોતાના હૃદય કરતાં અતિ પ્રિય ગણે છે, એ રીતે એમનો ગ્રહસ્થાશ્રમ રૂડે પ્રકારે ચાલે છે. એવામાં મચ્છગંધાને ઉદર ગર્ભ રહ્યો તેને એક પુત્ર થયો તેનું નામ વિચિત્રવીર્ય પાડયું. તેની પાંચ વર્ષની ઉમ્મર થઇ તેવામાં બીજો પુત્ર થયો, તેનું નામ ચિત્રાંગદ પાડયું. એવા બે પુત્ર થયા પછી સંતનુ રાજા મરણ પામ્યો એટલે ગાંગેવજીએ પોતાના પિતાની ક્રિયા કરીને પોતાના બે ભાઇને હાથ લઇ વિદ્યાભ્યાસ કરાવવા માંડયો; ને પોતાનું રાજ્ય પોતે સભામાં રાજ્યગાદીની પાસે બેસી નીતિથી ચલાવે છે. નિત્ય પ્રાતઃકાળમાં ઊઠી પોતાનું નિત્યકર્મ કરી મધ્યાહ્નને એક ભુક્તા ભોજન કરી રાજ્યસભામાં જાય છે. તે પછી પોતાના બંધુઓને રાજ્યવિદ્યા અને બાણવિદ્યા શીખવે છે. રાત્રિએ પોતાની ઓરમાન મા સત્યવતીની પાસે જઈ માતાને જ્ઞાન વૈરાગ્યને ભક્તિનો ઉપદેશ કરે છે. તે પછી પોતે પોતાના ભોંયરામાં જઇ બે પોહોર શયન કરે છે. એ રીતે પોતે નિયમ કર્યો છે. એમ કરતાં પોતાના બંને ભાઈ ઉમ્મરલાયક થયા, એટલે તે બન્ને ભાઇઓને વિધિ પ્રમાણે ઉપવિત દીધાં ને તેમને ષટ કર્મના અધિકારી કર્યા. એવામાં વિચિત્રવીર્ય સોળ વર્ષની ઉમ્મરનો થયો ને ચિત્રાંગદ બાર વર્ષની ઉમ્મરનો થયો, એટલે ગાંગેવજીએ વિચિત્રવીર્યને પટ્ટા અભિષેક કરી રાજ્યગાદીએ બેસાડયો. રાજ ચલાવવા અધિકાર સોંપ્યો. અને ચિત્રાંગદને સેનાપતિનો અધિકાર સોંપ્યો, તે પછી ગાંગેવજીએ નિવૃત્ત થઇ પોતાના ભોંયરામાં નિવાસ રાખ્યો ને જેમ પોતાના પિતાજીના વખતમાં વરતતા હતા તેવી પોતાની વર્તુણુક રાખી.

પ્રાતઃકાળથી ભોંયરામાં સ્નાન સંધ્યાદિક કર્મ કરી રહી પરમાત્મા સાથે એકતા કરી પરમાનંદમાં મધ્યાહ્ન સુધી રહે ને મધ્યાહ્નને એક ભુક્તા ભોજન કરી બે ઘડી વિશ્રામ લઈ પાછા ઇશ્વરોપાસનામાં લીન રહેતા, ને સાયંકાળે તેમાંથી ઊઠી પોતાના બે બંધુઓ સાથે વ્યાવહારિક વાતચીત કરીને તથા તેમને વહેવારિક શિખામણ દઇને પોહોર રાત્રિએ ત્યાંથી ઊઠી પોતાની સત્યવતી માતા પાસે જઇ બેસતા; ને સત્યવતી માતાને મોક્ષ માર્ગ પ્રાપ્ત થાય તેવો ઉપદેશ કરતા. પછી મધ્યરાત્રી થાય એટલે ભોંયરામાં જઈ શયન કરતા. એ પ્રકારે ગાંગેવજી દિવસ નિર્ગમે છે. વિચિત્રવીર્ય, ચિત્રાંગદ તથા યોજનગંધા ને ગાંગેવજી સરવે આનંદમાં દિવસ કાઢે છે. પણ એમનું ઘર જ્ઞાતિ બહાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે, તેથી મચ્છગંધાના પુત્રોને કન્યા મળતી નથી. હવે તેમને કઈ કન્યાઓ મળી તે કથા સંભળાવું, તે તું શ્રવણ કર.

વિશ્રામ સાતમો

કઈ કન્યા બેઉને મળી, કયે પ્રકાર થયું કામ;
વલ્લભ વદે શ્રોતા સુણો, જેને સહાય શ્રીરામ.

હવે વૈશમપાયન ઋષિ રાજા જનમેજયને કહે છે, હે જનમેજય રાજા, કાશી દેશનો કાશીસૈન્ય નામનો રાજા હતો, તેને પેટે ત્રણ પુત્રી હતી. તે ત્રણનું નામ અંબે, અંબાળિકા ને અંબિકા હતું. તે રૂપવાન હતી, તે ત્રણે કન્યાઓ અગીઆર વર્ષની થઈ, એવામાં એક દિવસ કાશી રાજાએ પોતાનો સઘળો પરિવાર બોલાવી પાસે બેસાડયો ને ત્રણ પુત્રીઓને પોતાને ઉછંગ બેસાડી. પછી કાશી રાજા બોલ્યો, હે પુત્રીઓ, તમારે કીયા દેશના રાજાને પરણવાની ઇચ્છા છે? મારો સંકલ્પ એવો છે કે તમને ત્રણને મારે ઇચ્છાવર વરાવવા. ત્યારે ત્રણે પુત્રીઓ બોલી, હે પિતાજી, તમે એમ ખુશી છો તો આપણે ઘેર સ્વયંવરની સભા રચાવી સર્વે રાજા માત્રને આપણે ઘેર બોલાવો, પછી તે સભામાંથી અમને જે રાજા પસંદ પડશે તેને અમે વરમાળા પહેરાવીશું. એમ કહીને સર્વને વિદાય કર્યાં. તે પછી કાશી રાજાએ પોતાના પ્રધાનને અને પોતાના કારભારીઓને તથા મિત્રમંડળને બોલાવી કહ્યું, આપણે ઘેર સ્વયંવરની સભા કરવી છે, સર્વ ક્ષત્રીઓને બોલાવવા છે ને આપણી ત્રણે પુત્રીઓને ઇચ્છાવર વરવા દેવી છે માટે કહો, આપણે શું શું કરવું ને કયારે કરવું?

રાજાનાં એવાં વચન સાંભળી સર્વે બોલી ઊઠયા, જેવી આની ઇચ્છા હોય તેવું કામ શરૂ કરીએ ત્યારે કાશી રાજાએ કહ્યું; મહા માસની શુકલપક્ષ પૂર્ણિમાને દિવસે આપણી પુત્રીઓ ઇચ્છાવર વરે એવો નિશ્ચય રાખી તે કામ શરૂ કરો ત્યારે બધા કાશી રાજાને કહેવા લાગ્યા, તમે વિશ્વકર્માનું ધ્યાન ધરી તેમને બોલાવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેમની પાસે સ્વયંવરની સભા રચાવો. એટલે બીજા સર્વ કામ શરૂ કરીએ. ત્યારે કાશી રાજાએ વિશ્વકર્માનું સ્મરણ કરી વિશ્વકર્મા તેડાવ્યો એટલે વિશ્વ-કર્મા ત્યાં આવી ઊભા રહ્યા ને કાશી રાજાને પૂછવા લાગ્યો, હે કાશી રાજા, તેં મને કેમ બોલાવ્યો? એટલે કાશી રાજાએ કહ્યું, હે મહારાજ, મારે ત્રણ પુત્રીઓ છે તેમને ઇચ્છાવર વરવા છે, તેથી મારે સ્વયંવરની સભા રચાવવી છે, માટે મેં તમને તેડાવ્યા છે. ત્યારે વિશ્વકર્મા કહે, જે સ્થળે સભા કરાવી હોય તે સ્થળ મને બતાવો એટલે કાશી રાજા તથા વિશ્વકર્મા વગેરે નગ્ર બહાર મેદાનમાં ગયા. ત્યાં કાશીરાજાએ કહ્યું, હે કૃપાળુ, આ સ્થળે સભા રચના કરો. ત્યારે વિશ્વકર્મા કહે, આ સ્થળે એક યોજન ચોખુણ જગો સોનાના હળથી ખેડાવી આપ, પછી તે જગામાં હું સભા રચીશ. એટલે કાશી રાજાએ કેટલાંક સુવર્ણનાં હળ મંગાવી એક યોજન લાંબી પહોળી જમીન ખેડાવી, પછી વિશ્વકર્માને કહ્યું, હે મહારાજ. આ જમીન તૈયાર થઈ. હવે આપને જેમ કરવું હોય તેમ કરો. એમ કહી સર્વ અળગા જઈ ઊભા રહ્યા, પછી વિશ્વ-કર્માએ ખેડેલી પૃથ્વીમાં ઊભા રહી જળની એક અંજલિ પોતાના હાથમાં લીધી અને પોતે ઇચ્છા કરીને મંત્ર ભણી તે અંજલિ પૃથ્વીમાં છાંટી, તે પૃથ્વીમાં પશ્ચિમ દિશાએ કથાઓને બેસવા સુંદિર મહેલ બનાવ્યો. ઉત્તર દક્ષિણ બે બાજુએ ચોરાસી હજાર સિંહાસન રત્નજડિત બનાવ્યાં, પૂર્વ દિશાએ સર્વને આવવા જવાનો એક સુંદિર મૂકયો તેની પણ ઘણી સુંદિર શોભા કરી, પછી વિશ્વકર્માએ કાશી રાજાને કહ્યું, જો ભાઈ, તારી સ્વયંવરની સુંદિર શોભાવાળી સભા થઈ કે નહિ? સભા જોઈને કાશી રાજા, પ્રધાન, કારભારી, મિત્રમન્ડળ વગેરે ઘણા જ ખુશી થયા, અને વિશ્વકર્માને શાબાશી આપી નમસ્કાર કરી વિદાય કર્યા, કાશીરાજાએ સભાને સ્થળે પાંચ હજાર સેવકો સાચવવાને મૂકયા. તે પછી કાશીરાજાએ સર્વ દેશના રાજાઓને પત્ર લખવા આજ્ઞા કરતાં કહ્યું, હસ્તિનાપુર નાત બહાર છે; માટે તેને પત્ર લખવાનો નહિ. એટલે સર્વે મળી દેશમાં પત્ર લખ્યા તેમાં એવું લખ્યું કે કાશી નગ્રના કાશીસૈન્ય રાજાને અંબે, અંબાળિકા ને અંબિકા નામની પુત્રીઓ મહા રૂપવાન ગુણવાન છે, તે ત્રણે કન્યાઓને ઇચ્છાવર વરવાની ઇચ્છા છે, તેથી સુંદિર સભા રચાવી છે; ને સર્વ દેશના ક્ષત્રી માત્રને અત્રે તેડાવ્યા છે. તેમાં જેના પૂર્વના પ્રારબ્ધનો સંસ્કાર હશે તેને કન્યા વરમાળા આરોપશે, માટે સર્વે ક્ષત્રીને દને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મહા સુદી દશમને દિવસે અત્રે પધારવું,ને સ્વયંવરનો દિવસ મહા સુદી પુનમનો નિરધારેલો છે;એવી બીના પત્રમાં લખીને પત્રોસેવકોને આપી વિદાય કર્યા.

પછી દુકાનો માંડવા નગ્રના વેપારીઓને આજ્ઞા કરી તેથી રચેલી સભાની બહાર ઓળબંધ વેપારી લોકોએ દુકાનો માંડીઃ તેમાં જે જેને જે ફાવે તે તે વેપાર લઈ બેઠા એવામાં કાશી રાજા તરફથી સર્વ દેશોમાં પત્રો પહોંચી ગયા, તે પત્રો જે જે રાજા વાંચે છે તે તે રાજા આનંદ પામી કાશી દેશ જવાની તૈયારીઓ કરે છે. તે સર્વના મનમાં કન્યા પરણવાની આકાંક્ષા ઉપડે છે. તેથી સર્વે રાજાઓએ પોતપોતાના પ્રધાન તથા સૈન્યને આજ્ઞા કરી કે સર્વેએ સારાં વસ્ત્રાભૂષણો પહેરવાં ને પોતાની શોભા વધે તે રીતે બનીઠનીને કાશી જવા તૈયારી કરવી. એ રીતે દેશ દેશાન્તર સર્વે રાજાઓએ તૈયારીઓ કરીને તે રાજાઓ મહા સુદી દશમને કાશી દેશમાં પહોંચાય એવી રીતનો વિચાર કરી પોતપોતાનું સૈન્ય લઇને નીકળ્યા.

સર્વ ક્ષત્રીપુત્રો મહા સુદી દશમના રોજ કાશી દેશમાં આવી નગ્ર બહાર સારું મેદાન જોઈ પોતેપોતાને રુચે તેવાં ડેરા તંબૂઓ તાણી ઉતર્યા, એ રીતે દેશ દેશાન્તરના રાજાઓ ત્યાં આવી વસ્યા તેથી ઘણી શોભા ત્યાં થઈ રહી છે. ને વહેપારી લોકોને ઘણી જ કમાણી થવા લાગી છે, એવામાં નારદ ઋષિ આકાશ મારગે જતા હતા તેમણે કાશી દેશમાં આનંદ દીઠો તેથી પોતે ત્યાં નીચે ઉતરી તપાસ કરી; તો માલમ પડયું કે કાશી રાજાની ત્રણે પુત્રીઓનો સ્વયંવર છે, તેમાં સર્વ દેશના રાજા આવેલા છે. ફકત એકલું હસ્તિનાપુર નાત બહાર છે માટે તે આવ્યા નથી. નારદજીએ વાત સાંભળી વિચાર કર્યો કે આ સ્થળે કાંઈ લડાઈનું ઉપાસન થાય તો જોવાની ઘણી ગંમ્મત પડે, માટે હું હસ્તિનાપુર જાઉં; ને ત્યાંથી સંતનુ પુત્ર ફરશુરામનો વિદ્યાર્થી ગાંગેવ છે, તેને ચઢાવીને અહીં લાવી કન્યાઓનાં હરણ કરાવી યુદ્ધનો મામલો મચાવું. એમ ધારી નારદજી ત્યાંથી અંતરધ્યાન થઇ હસ્તિનાપુરમાં જ્યાં ગાંગેવજી ભોંયરામાં ઈશ્વરાધના કરે છે ત્યાં ગયા. ગાંગેવજીએ નારદજીને દેખી ઊભા થઈ આસન આપી બેસાડયા. પછી નારદજીને ચરણે લાગી પૂછયું, અરે કૃપાનીધી, આજ મારા પર કેમ કૃપા કરી ? ત્યારે નારદજી બોલ્યા, અરે ગાંગેવ, તમારા પિતા ગુજરી ગાય ને તમારું ઘર ઘણા દિવસથી નાત બહાર છે, તેથી તમને કન્યા મળી નહિ ને તમારો કુંવારો ભવ જાય એમ લાગે છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ત્યારે ગાંગેવ કહે, હે મહારાજ, મારે તો કોઈ કન્યા પરણવી નથી; કેમ કે મેં તો લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા કરેલી છે. તેથી તે વાતની મને જરાય ચિંતા નથી, પણ મારી ઓરમાન માતા જે સત્યવતી તેના બે પુત્ર વિચિત્રવીર્ય ને ચિત્રાંગદ મારા ઓરમાન ભાઈ થાય છે, તે મોટી ઉંમરના થયા છે, પણ અમે જ્ઞાતિ બહાર હોવાથી કોઇ કન્યા દેતું નથી, એટલી જ એ બે ભાઇની ચિંતા છે. ત્યારે નારદજી કહે છે, જો ગાંગેવજી, તારે તારા બે ભાઇ પરણાવવા હોય તો જા કાશી. ત્યાંના રાજાની ત્રણ પુત્રીઓને વરાવવા સારું સ્વયંવરની સભા મહા સુદી પૂર્ણિમાને દિવસે છે. ત્યાં જઇ તે ત્રણે કન્યાનું હરણ કરી લાવ, કેમ કે સર્વ રાજાને સ્વયંવરના નોતરા કાશી રાજાએ મોકલ્યાં છે, ને તમારે ઘેર મોકલ્યાં નથી. માટે જ ત્રણે કન્યા હરણ કરી લાવવી. જો તું આ પ્રમાણે નહિ કરે તો પછી કોઈ વાર નાતમાં તું પેસવાનો નથી કેમ કે જગતની એવી રીત છે કે હરિગંગા ગોદાવરી, કાં શ્રદ્ધા કાં જોરાવરી. માટે તું શૂરોપૂરો ને ફરશુરામનો વિદ્યાર્થી કાંઇ જેવો તેવો નથી. માટે ઊઠ એ કામ કરી લે, ત્યારે ગાંગેવે વિચાર કર્યો કે ચોરાસી સહસ્ત્ર રાજાની વચમાંથી હું કન્યા લાવી શકું એ વાત અશકય છે, તેમ છતાં એ કામ કરવા જાઉં તો જરૂર મારા જીવનું જોખમ થાય. એમ ગાંગેવે નારદજીને કહ્યું, અરે મહારાજ, એવો કલેશ કરીને આશાબંધ જેજે આવેલા તેઓની આશા ભંગ કરીને એ કન્યાઓ મારે લાવવી નથી. વળી જ્યાંને ત્યાં લડાઈલડાવવાનો તમારો સ્વભાવ હું જાણું છું માટે કૃપા કરીને હવે મને કાંઈપણ કહેશો નહિ.

ગાંગેવજીનાં વચન સાંભળી નારદજી ઊભા થયા ને ભોંયરાની બહાર નીકળ્યા, તેવા જ તેમને વિચાર આવ્યો, આ ઠેકાણે આપણી કારીગરી ચાલી નહિ, પણ એને લડાવું તો જ મારું નામ નારદજી. એમ અંટસ ધરીને ગાંગેવની ઓરમાન મા, જે સત્યવતી છે તેની પાસે જઉં ને તેને ઉશ્કેરીને મારું ધાર્યું કામ કરું. એમવિચારી તે સત્યવતી જેમચ્છગંધા છે તેના મહેલમાં ગયા. મચ્છગંધાએ નારદજીને દીઠા તેવી ઊભી થઈ અતિ આદરથી આસન આપી બેસાડયા, નેપોતે પાસે બેઠી પછી પ્રેમ વડે નારદજીને પૂછવા લાગી, મહારાજ, આજ હું પામર પર દયા કરીને કેમ પધાર્યા ! ત્યારે નારદજી કહે, તારી સાથે સુખદુઃખની વાતો કરવા આવ્યો છું. માટે તું મને કહે, તું દુઃખી છે કે સુખી છે ? ત્યારે મચ્છગંધા કહે, અરે મહારાજ; મનથી માનીએ તો સુખી છું. પણ ખરી રીતે મારા જેવી કોઈ પણ દુઃખી નહિ હોય, કેમ કે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારા સ્વામી મને પરણવાથી અમારું ઘર નાતબાર રહ્યું તેથી અમે ન રહ્યાં નાતના, કે જાતના કે સગાં વહાલાંનાં. કોઈનાં રહ્યાં નહિ, તેથી મારા બંને પુત્ર કુંવારા રહી ગયા. એ દુઃખ મને રાત ને દિવસ બળ્યા કરે છે, એમ કહી ચોધાર આંસુ ઢાળી રડવા લાગી. એટલે નારદજીએ પોતાના મુખનો ચહેરો ઉતારી આંખમાં ઝળઝળીઆં લાવી કહ્યું, અરે બાઈ, તું કલેશ કરીશ નહિ. હું જાણું છું કે અત્યારે જગતમાં કોઈ તારી વારે નથી, તેથી મને તારી ઘણી ચિંતા થતી હતી કે અરેરે બિચારી મચ્છગંધાના બંને પુત્ર ક્યાં સુધી કુંવારા રહેશે? ને હાલ યોગ આવ્યો એટલે હું તરત તારી પાસે આવ્યો. હે મચ્છગંધા હવે તું કલેશ મૂકી દે ને મારી વાત ધ્યાનમાં લે, હું તારા પુત્રને માટે ત્રણ કન્યાઓ શોધી લાવ્યો છું એવાં નારદનાં વચન સાંભળી મચ્છગંધા પોતાના નેત્ર લુછી નાખી નારદને ચરણે લાગી, બોલી, હે મહા-રાજ, ત્રણ કન્યાઓ ક્યાં છે? ત્યારે નારદે કહ્યું, જો બાઈ કાશી દેશના કાશી રાજાને ત્રણ દેવીઓ છે, તેને માટે કાશી રાજાએ સ્વયંવરની સભા રચી છે, તેમાં સર્વ ક્ષત્રીને સ્વયંવરનાં નોતરાં મોકલ્યાં છે, પણ તારે ઘેર નોંતરાં નથી. તેથી મને અતિ માઠું લાગ્યું છે. માઠું લાગવાથી હું તને કહેવા આવ્યો છું, જો તારો ગાંગેવ કાશી દેશ જઈ કાશી રાજાની ત્રણે કન્યાનું હરણ કરે તો તારા બંને પુત્ર પરણે તેમ તમારો પગ નાતમાં પણ પેસે. નારદજીના એવાં વચન સાંભળી મચ્છગંધા બોલી, અરેરે મહારાજ, ગાંગેવજી ગમે એટલો દીકરો, પણ ઓરમાન. આપણું કહ્યું કેમ માને? વળી પરદેશમાંથી પારકી કન્યાનાં વણાક રાજાની વચમાંથી હરણ કરવાં તે શિરસાટાંનું કામ છે, માટે આ વાત ગાંગેવજી કદી માને નહિ, ત્યારે નાર-દજીએ કહ્યું, હું તને એક યુક્તિ બતાવું કે જેથી ગાંગેવને તે કન્યાઓ લાવવી પડે, ને જો ગાંગેવ જશે તો જરૂર કન્યાઓ લાવશે, એને ઊની આંચ પણ આવશે નહિ, ત્યારે મચ્છગંધા કહે, હે મહારાજ. તમારું વચન સફળ હજો, હું ગાંગેવની પાસે જાઉં ત્યાં જઈ મારે શી યુક્તિ કરવી. તે કૃપા કરીને કહો. ત્યારે નારદજી કહે, તું તારાં રક્ત લોચન રાખીને હાથમાં ઉઘાડું ખડગ લઈને ગાંગેવના ભોંયરામાં જા; ત્યાં જઈને તારે એટલું કહેવું, હે પુત્ર, આ ખડગ હાથમાં લઈ મારું મસ્તક કાપ નહિ તો કાશીની ત્રણ કન્યા લાવી આપ. આ બેમાંથી એક કામ ન કરે તો તને બ્રહ્મહત્યાનું પાપ છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એ સાંભળી ગાંગેવને કબૂલ કરવું પડશે. જો તને એમ પૂછે કે તમને નારદે મોકલ્યાં કે શું ? પણ જોજે બાઈ તારે મારું નામ દેવું નહિ. મારે તો તારે માટે આ બધી યુક્તિઓ કરવી પડે છે. એમ કહી નારદજી અંતરધ્યાન થયા. પછી મચ્છગંધાએ વિચાર કર્યો કે નારદજીનું કહેવું ખરું છે. આ વાતમાં કાંઈ એમનો સ્વાર્થ નથી. માટે આ કામ હું કરીશ તો જ મારું કામ થશે. કારણ કે બોલ્યા વિના બોર વેચાતા નથી, એમ સમજી મચ્છગંધા હાથ-માં ઉઘાડું ખડગ લઇ રક્ત લોચન રાખી પોતે ગાંગેવજીના ભોંયરામાં ગયાં.

ગાંગેવે પોતાની માતાને કોપાયમાન સ્વરૂપે આવતાં જોઇ વિચાર્યું કે કહો ના કહો પણ નારદજીએ ઘર ઘાલ્યું. એવામાં મચ્છગંધાએ નજીક આવી કહ્યું, હે પુત્ર, તું મને પોતાની સગી મા કરતાં અધિક ગણે છે. ને તેમજ તું વર્તે છે. માટે કહું કે આ ખડગ લઇ મારું મસ્તક કાપ. નહિ તો કાશીની ત્રણ કન્યાઓ લાવી આપ; આ બેમાંથી એક કામ ન કરે તો તને બ્રહ્મહત્યાનું પાપ તેવાં સત્યવતી માતાનાં વચન સાંભળી ગાંગેવ કહે, હે માતાજી, તમે ક્રોધ સમાવો. કાલે સવારે કાશી દેશ જઇશ. ત્યારે મચ્છગંધા કહે હે પુત્ર, પરમેશ્વર તારું ભવેભવ ભલું કરજો. એમ કહી મચ્છગંધા પોતાના મહેલમાં ગઈ. એવામાં દિવસ વીત્યો ને રાત્રી પડી, ત્યારે ગાંગેવજી પોતાનાં શુભ કાર્યથી પરવારી પોતાની સત્યવતી માતા પાસે જઇ માતાના મંચકની પાંગથ પર બેઠા અને સત્યવતી મંચકમાં સુઇ રહી છે. ત્યારે સત્યવતી કહે. હે પુત્ર, તમે ત્રણ કન્યાનું હરણ કરશો તેથી જગતમાં મોટી શાબાશી મળશે. વળી આપણા બે ભાઇઓને પરણવાની ચિંતા ટળશે, ને એવી જ્ઞાતિની કન્યાઓ લાવવાથી તમારા બંને ભાઇ અથવા તેમનાં છોકરાં કોક દિવસે નાતમાં ભળશે ત્યારે ગાંગેવ કહે, હે માતા, ત્યાં ચોરાસી હજાર દેશના રાજાઓ આવેલા હશે; તેમાં કંસ, જરાસન, શિશુપાળ, શલ્લ જેવા મહા બળવાન યોદ્ધાઓ મને કન્યાઓ લઇ કેમ આવવા દેશે ? ત્યારે મચ્છગંધા કહે ગાંગેવ, કન્યાઓનું હરણ કરી ત્યાં ઊભા રહેવું નહિ ત્યાંથી નાસીને ઘેર આવતા રહેવું. આપણે આપણું કાર્ય થયું એટલે બસ છે. ત્યારે ગાંગેવ કહે હે માતાજી કન્યાઓ લઇને ચોરની પેઠે નાશી આવું તે મારો ધર્મ નહિ. કેમ કે હું પણ ક્ષત્રીપુત્ર છું. જો કન્યાઓ લઇ નાશી આવું તો આપણી ગાદીને લાન્છન બેસે, તેમ મારી ગંગા માતાનું પેટ લાજે, તેમ મારા પિતાજીનું નામ બોળાય. મારા ગુરુ ફરશુરામની વિદ્યા લાજે, તેથી મારાથી કન્યા લઇને નાસી અવાય નહિ. ત્યાં તો ક્ષત્રી-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઓની સાથે યુદ્ધ કરવું જ પડે. તેમાંથી આપણે ઇશ્વર ઘેર જીવતો લાવે તો અવાય, નહિ તો મારે તમારે નમસ્કાર સમજવા. ગાંગેવજીનાં એવા વચન સાંભળી મચ્છગંધા કહે હે પુત્ર ગમેતેમ થાયપણ કન્યાઓ લાવવી. જાઓ તમને મારો આશીર્વાદ છે, ત્યાં તમારો વાંકો વાળ નહિ થાય. ત્યારે ગાંગેવ કહે, કે માતાજી, તમારો આશીર્વાદ મને ફળશે. પણ ત્યાં જે જે ક્ષત્રીઓ આવેલા તે સરવે કન્યા પરણવાની આશાએ આવેલ તેમને નિરાશ કરવાનું આ કામ છે. સર્વની આશા ભંગ કરવાથી ગમે તે કાંઇ વિઘન આપણા ઘરમાં થશે ને ગમે તે કાંઈ નુકશાન થશે. ત્યારે મચ્છગંધા કહે, જે થશે તે વેઠીશું પણ કન્યાઓ લાવો. ત્યારે ગાંગેવ કહે, સારું માતાજી, હવે તમે શયન કરો. વાણું વહાશે એટલે હું જરૂર જઇશ. એવી વાત કરે છે એવામાં મચ્છગંધાના બંને પુત્ર જોડેના મહેલમાં સુતેલા છે તેમાંથી નાનો પુત્ર ચિત્રાંગદ લઘુશંકા કરવા ઉઠેલો, તેણે ગાંગેવને અને પોતાની માતાને વાતો કરતાં સાંભળી જાળીમાંથી માતાના મહેલમાં જોયું તો ગાંગેવને મચ્છગંધાનાં મંચકમાં બેઠેલો દીઠો ને મચ્છગંધાને સુતેલી દીઠી. તેથી એના મનમાં એવો વહેમ આવ્યો કે કહો ના કહો પણ મારી માતામાં ને મારા ઓરમાન ભાઈમાં કાંક ભ્રષ્ટતા છે. એવામાં ગાંગેવ મચ્છગંધાના મહેલમાંથી ઊઠી, પોતાના ભોંયરામાં જઈ સુઈ રહ્યો.

ચિત્રાંગદે લઘુશંકા કરી પોતાના મોટા ભાઈ વિચિત્રવીર્યને જગાડયા, ને કહ્યું, હે ભાઈ, આપણી માતામાં ને આપણા ઓરમાન ભાઈ ગાંગેવમાં ભ્રષ્ટતા જણાય છે. આજ મેં મારી નજરે જોયું, એવાં ચિત્રાંગદના વચન સાંભળી વિચિત્રવીર્યને પોતાના નાના ભાઈપર ઘણો ક્રોધ ચઢયો, ને કહ્યું, અરે મૂર્ખ, આપણો બંધુ ગાંગેવજી સત્યવાદી પુરુષ છે, તેમ આપણી માતા સતી છે. તે છતાં તને આવા ખોટા વિચાર સુજ્યા તે તું અલ્પ બુદ્ધિનો મહા પાપી છે. તું જા; મારી પાસેથી ઊઠ. એમ કહી તમાચો માર્યો. ત્યારે ચિત્રાંગદ પોતાના મનમાં અતિ કષ્ટ પામીને ઊઠયો ને એના મનમાં એમ થયું કે અરેરે, આ ખરી વાત મેં મારા ભાઈને કહી તેમ છતાં તેણે મને તમાચો માર્યો માટે હવે મારે જીવવું યોગ્ય નથી એમ મનમાં નિશ્ચય કરીને મોટા ભાઇથી છાનોમાનો ઊઠીને વસ્ત્ર પહેરી પોતાના ઘોડાની ઘોડારમાં જઈ એક ઘોડો લઈને ઉપર બેસી પોતે વનમાં ગયો. ત્યાં જઇ વનનાં કાષ્ટ લાવી ચિતા ખડકી, અગની સળગાવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

...માં પડી પોતાનો દેહ ત્યાગ કર્યો, એ વાત તે વેળા કોઇના જાણવામાં આવી નહિ, એવામાં વાણું વાયું એટલે ગાંગેવજી પોતાનું નિત્ય કર્મ પરવારી વસ્ત્રાભૂષણ પહેરી, ભોંયરાની બહાર નીકળી, પોતાનો રથ જોડી આયુધ લઈ રથમાં બીરાજ્યા, ને સત્યવતી માતાને કહ્યું, હે માતાજી, હું કાશી દેશ જાઉં છું. ત્યારે સત્યવતીએ કહ્યું, જાઓ દીકરા, ફતેહ કરો. એટલે ગાંગેવજીએ રથ હંકારવા કહ્યું, તેવી જ ગાય સામી આવી. એટલે ગાંગેવજીના રથના હાંકનાર સારથિએ રથ ઝપાટે હાંકયો.

હવે કાશી દેશમાં ચોરાશી હજાર રાજા આવી રહેલા છે. ત્યાં ચતુર્દશીની રાત્રીએ કાશી રાજાએ ઢંઢેરો વગડાવ્યો ને એમ કહેવરાવ્યું કે સર્વે રાજા કાલે સવારે સ્વયંવરની સભામાં પધારજો, ને સર્વે નામ વાંચીને પોતપોતાનાં આસને બેસજો એટલે સર્વે ક્ષત્રીઓને આનંદ થયો ને સરવે રાજાઓએ પોતપોતાના સેવકોને આજ્ઞા કરી કે સર્વે સારાં સારાં વસ્ત્રાભૂષણો પહેરી વહેલા તૈયાર થઈ રહેજો. એમ કહી પોતે પણ પોતાનાં વસ્ત્રાભૂષણો ધારણ કરવા લાગ્યા.

કેટલાક મોહના ભરેલા પોતાનાં શરીરો સાફ કરવાને રાત્રીએ સાબુથી ચોળી ચોળી નાહ્ય છે. કેંક વારંવાર દર્પણમાં પોતાનાં મુખ તથા પહેરવેશ જુએ છે. એવામાં પ્રાતઃકાળ થયો. સરવે રાજા સભામાં જવા લાગ્યા. કોઈ અશ્વે બેઠેલા ને કોઈ સુખપાલમાં તેમ કોઇ પગપાળા એ રીતે જે જેની મરજીમાં આવે તેમ તે સરવે સભામાં જાય છે. ને જે જે જાય તે તે સર્વે સભામાં સિંહાસનો પર પોતાનું નામ વાંચીને પોતાને આસને બેસે છે, એવામાં સર્વે રાજા સભામાં આવી રહ્યા. પ્રજાના લોકો સ્વયંવર જોવાને સારું ભરાયા, તે સર્વે રાજાઓના સિંહાસનો પૂંઠે જઇ ઊભા રહ્યા. એવામાં ચૌદશનો નીકળેલો ગાંગેવજી મહા સુદી પુનમને દિવસે કાશી દેશ પોહોર દહાડો ચડતામાં આવ્યો, ત્યાં કાશી દેશથી ચાર ગાઉ છેટે એક મોટું મેદાન છે, તે મેદાન જોઈ ગાંગેવે પોતાના સારથિને કહ્યું, અહીં રથ ઊભો રાખ. એમ કહી રથ ઉભો રખાવ્યો. ગાંગેવે પોતે રથમાંથી ઉતરી એક વસ્ત્ર મોઢે ઓઢી લીધું, ને પોતાના સારથિને કહ્યું તું રથ અહીં જ-રાખજે. ને ઘોડા જોડેલા રહેવા દેજે, ઘોડાને છોડીશ નહિ.ઘાસ પાણી જોડેલા રાખીને દેજે, નેતું મારા આવ્યાવિનાકાંઈપણ આડાઅવળો ખસીશ નહિ. એમ કહી ગાંગેવજી ત્યાંથી ચાલ્યો તે જ્યાં સભા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે ત્યાં ગયો ને સર્વ લોકો જોવા ઊભા છે તેના ભેગો જઈ જોવા ઉભો રહ્યો. તે પછી કાશી રાજાની ત્રણ પુત્રીઓ અંબે, અંબાળિકા ને અંબિકા એક સો દાસીઓની સાથે સભામાં જે મહેલ બનાવેલો છે તે મહેલના પાછળને બારણેથી મહેલમાં આવીને સભા ભણીના ઝરૂખામાં ત્રણ સિંહાસન મૂકેલાં તેના ઉપર બેઠી. ને ઝરૂખે જે ચક નાંખેલા તે લેવડાવી લીધા. એટલે સર્વ રાજાની નજર ઝરૂખામાં ગઈ, તો કન્યાઓને રૂપવાન દેવાંગના જેવી દીઠી. તેથી સર્વ રાજાઓનું મન મોહિત થયું. ને સર્વના મનને એમ થયું, અહો, જેનું ભાગ્ય ભળશે તેને કન્યા મળશે. એમ સભામાં ખળભળાટ થઈ રહ્યો છે, એવામાં અંબાળિકા કન્યા મારવાડ દેશના શલ્લ રાજાને બેઠી બેઠી શોધે છે. કેમકે એને તો શલ્લને જ વરવું છે.

સર્વ સભા શાંત પડી એટલે કાશી રાજાએ પુત્રીઓને કહેવડાવ્યું, હે પુત્રીઓ, વરમાળા લઈ સભામાં આવો; ને તમારી નજરમાં આવે તે રાજાને વરમાળા પહેરાવો, એવો સંદેશો કહેવડાવવાથી ત્રણે કન્યાઓ પોતાના હાથમાં મોતીની વરમાળા લઇ એકસો દાસી સાથે આગળને દ્વારે સભામાં આવી ને તે સભાની વચમાં ઉભી રહીછે સર્વ ક્ષત્રીઓને જુએ છે. એવામાં ગાંગેવજીએ વિચાર કર્યો, જો એ કન્યાઓ કોઇને વરમાળા પહેરાવી દેશે તો પછી તે મારા કામમાં નહિ આવે. કેમકે ક્ષત્રીના ધર્મ પ્રમાણે વરમાળા પહેરાવે એટલે તે વશકન્યા કહેવાય. તે કન્યાને જે કોઈ બીજો લઈ જાય તે ભ્રષ્ટ ગણાય છે, માટે તેમ થવું જોઇએ નહિ. એમ સમજી ગાંગેવજી ઇશ્વરનું નામ દઈ લોકોમાં ઉભેલો ત્યાંથી કુદકો મારી રાજસભામાં કન્યાઓની પાસે જઈ ઊભો. પછી પોતે મોઢે માથે ઓઢેલું વસ્ત્ર કાઢી નાંખી કમર બાંધી ત્રણે કન્યાઓને ઉંચકી ખાંધે લીધી. ને ભરી સભામાં બોલ્યો, હે ક્ષત્રીનંદનો ! આ તમારા સ્વયંવરની વચમાંથી તમારા સર્વેના દેખતાં તમારી આંખમાં ધુળ નાંખી ત્રણે કન્યાઓ હું લઇ જાઉં છું. જો મને ઓળખ્યો ન હોય તો ઓળખજો. હું હસ્તિનાપુરનો રહેવાસી નાતબહારીઆનો પુત્ર, મારું નામ ગાંગેવજી. મારે આ કન્યાઓ લઇને નાસી જવું નથી. જો કોઈને યુદ્ધ કરી કન્યાઓ લેવી હોય તો અહીંથી ચાર ગાઉ ઉપર મેદાનમાં ઉભો છું એક પોહોર સુધી તમારી વાટ જોઈશ ને પછી કન્યાઓ લઈ ચાલ્યો જઇશ.

કહી ગાંગેવજી ભરી સભા વચ્ચેથી વિકરાળ નેત્રે ત્રણે કન્યાઓને લઈ ચાલ્યો. એની કપરી આંખ જોઈ કોઈ બોલી શક્યું નહિ, સર્વે રાજાઓ એક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એકના સામું જોવા લાગ્યા. સર્વને એવા વિચાર આવ્યા, કોઈ એકલો કોણ લડાઇ લે ? એવો મનસુબો થવાથી કોઈ પણ ઊઠયું નહિ. તે ચર્ચા નારદજી અંતરિક્ષથી જોયા કરે છે. તેમને એમ વિચાર આવ્યો, આ તો ક્ષત્રીપુત્ર ચુપચાપ એમને એમ બેસી રહ્યા; પણ કોઈ યુદ્ધ કરવા ઊઠતું નથી. માટે લાવ સભાની વચમાં જઇ સર્વને ઉશ્કેરું તો કાંઇ શુરાતન આવે ને ગાંગેવના સામા જઇ યુદ્ધ કરે તો મારે જોવાની મઝા આવે.

નારદજી એમ વિચારીને સ્વયંવરની સભામાં ઉતર્યા. સર્વે રાજા નારદને દેખી ઉઠી જવાની તૈયારી કરતા હતા તે બંધ રહ્યા, ને નારદજી કેમ સભામાં આવ્યા ? ને એ સર્વ સભાને શું કહેવાને ઇચ્છે છે ! તેનો વિચાર કરવા લાગ્યા. ભરી સભામાં નારદ ઋષિ રક્તલોચન ને ક્રોધાયમાન થઇ ઘણી ગર્જનાથી બોલ્યા, ક્ષત્રીનંદનો ! શું નીચું જોઇ બેસી રહ્યા છો ? પેલો નાત-બહારીઓ આજકાલનો તમારા સર્વના દેખતાં મૂછે હાથ નાંખી ત્રણે કન્યાઓ લઇ ગયો. ધિક્કાર છે તમને; તમારું કાંઇ જ ચાલ્યું નહિ, હું તો ઘણો આશ્ચર્ય પામું છું. એની જ માયે દીકરો જણ્યો ને તમારી માયે તમને પથરા જણ્યા ? તમે તો તમારી માને પેટે દીકરી જન્મ્યા ને મિથ્યા માતા પાસે વેઠ કરાવી. તમે ક્ષત્રાણીની કુખ લજવી. બાપના નામ બોળ્યા, ગાદીને લાન્છન આપ્યું. તમે તમારા જામા મુગટ ઉતારીને હાથે ચુડા પહેરો, માથે ઓઢણી ઓઢો. નેત્રમાં કાજળ સારો ને ઢીલે મોઢે જેવા આવ્યા તેવા ઘેર જાઓ. અરે રાજ્યપુત્રો તમે કોઈ રાજ્યને લાયક નથી. અરે મૂરખો, આજ તો એ નાતબહારીઆએ તમારા સર્વના દેખતાં ઉઘાડી છાતીએ, ધોળે દહાડે ભરી સભામાં તમારી કન્યા-ઓનું હરણ કર્યું તો હવે કોઇ એકલા ક્ષત્રીને દાબવો તે એને કોઇ જ મુશ્કેલ નથી. વળી એ નાતબહાર રહેવાનો નથી. તમે નાત બહાર મૂકયો છે તે તમારું બોલ્યું તમારાજ મોંમાં રહેવાનું છે, તમને એ કન્યાઓ લેવાની શક્તિ નહોતી તો અહીં રૂપાળા બની બનીને શું કરવા આવ્યા હતા ? વળી હાથમાં હથીઆરો ઝાલ્યાં છે તે શું દેખાડવાને ઝાલ્યાં છે ? જો વાપરવાને ઝાલ્યાં હોય તો કોઇ બેસી રહે જ નહિ.

એ રીતે ઘણાં કટુ વચન કહ્યાં તેથી સર્વ રાજાના મનમાં ક્રોધ ભરાયો, ને કોઇની વાટ નહિ જોતાં સર્વ એકાએક ઉભા થયા, ને પોતપોતાના તંબુએ જઇ પોતાનાં સૈન્યને યુદ્ધે જવા સારું તૈયાર થવાનો હુકમ કર્યો. સૈન્યના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સર્વે લોકો યુદ્ધના વસ્ત્રો પહેરી આયુધ લઈ તૈયાર થઈ ગયા, ને પોતાના રાજાની સાથે યુદ્ધની ચડાઈઓ કરી. એવે સમે સર્વ રાજાનાં દુંદુભી ડંકા થયા તેમાંથી પહેલા શલ્લ રાજા આગળ ચાલ્યો કેમ કે અંબાળિકા એની સાથે પરણવાની હતી તે વાત તેના જાણવામાં હતી તેથી એને અતિ બળતરા ઉઠી છે. એટલે તે સર્વના પહેલો નીકળ્યો. એટલામાં સર્વે રાજા ક્રોધ ભરેલા વાજતેગાજતે પોતપોતાનું સૈન્ય લઈને દોટાદોટ કરતા જ્યાં ગાંગેવ છે મેદાન તરફ ચાલ્યા. એવામાં ગાંગેવજી કન્યાઓ લઈને મેદાનમાં જ્યાં પોતાનો રથ રાખેલો છે, ત્યાં આવીને ત્રણે કન્યાઓને રથમાં નાખી પછી રથ ઉપર ચઢી ઊભો રહ્યો. ત્યારે ત્રણે કન્યા સમજી કે આપણા સ્વયંવરમાં આ રડયા નાતબહારીઆએ ભંગ પાડયો. ને ત્રણે કન્યાઓ રડવા લાગી, ગાંગેવજીને ઘણી ગાળો દેવા લાગી, એટલે ગાંગેવજીને કન્યાઓને કપરી આંખ બતાવી, ત્યાં તો ત્રણે કન્યાએ રથમાંથી પડતું નાંખી ત્રણે તરફ નાઠી, તે જોઈ ગાંગેવે વિચાર્યું, આ તો દળી દળીને મુઆ ને કુલડીમાં વાળ્યા જેવું થયું, એમ વિચારી કન્યાઓને ઝાલવા જવા વિચાર કર્યો, પણ તેવું વિચારતા એવો વિચાર આવ્યો કે ત્રણે ત્રણ તરફ નાઠી તેથી પકડી શકાશે નહિ. એમ સમજી ગાંગેવે નાગપાસ મંત્રના ત્રણ બાણ મૂકી ત્રણે કન્યાઓના હસ્ત ને ચર્ણ બંધન કીધાં, કન્યાઓને ઉંચકી લાવી રથમાં નાંખી, ત્યારે ત્રણે કન્યાઓ અંદરોઅંદર કહેવા લાગી, અલીઓ આપણે બોલશો નહિ, નહિ તો આ રડયો બહુ જબરો છે, તે આપણને મારી નાંખશે. એવામાં સર્વ રાજાઓનાંયુદ્ધનાં નિશાન વાગતાં સાંભળી કન્યાઓના પગમાં જોર આવ્યું, ને બોલી ઠીક, છે, હવે બધા આવે છે. ત્યારે ગાંગેવ કહે, આવવા દો. સર્વને હરાવીને કાઢીશ. હવે તમે ત્રણે બોલવાનું બંધ કરો. હું તો તમારો જેઠ થાઉં, મારી સાસુ બોલાય નહિ, તમારે તો મારી લાજ તાણવી જોઇએ. એવી વાત કરે છે ત્યાં તો રાજાઓ દોટાદોટ કરતા આવી પહોંચ્યા, ને ગાંગેવજીનો રથ વચ્ચે ઘેરી કોટ વળી ઊભા.

ગાંગેવના સનમુખ શલ્લ, શિશુપાલ, કંસ અને જરાસન ઊભા રહ્યા. બાકીના સર્વે આસપાસ આયુદ્ધ લઈ ઊભા. પછી શલ્લ બોલ્યો, અરે નાતબહારીઆ, વગર નોતરે અહીં આવી કન્યાઓનું હરણ કર્યું તેથી હવે તારો આયુષ આવી રહ્યો જાણજે. ત્યારે ગાંગેવ કહે, તમે સર્વે જીવ્યાની આશા રાખતા હો તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પગે લાગીને જેવા આવ્યા તેવા જાઓ, નહિ તો યમપુરીના દર્શન થશે. એવાં ગાંગેવનાં વચન સાંભળી સર્વ રાજાઓએ એકદમ આયુદ્ધ લીધાં, બાણાવળીઓએ ધનુષો ચઢાવી ટંકાર કર્યો, પછી સર્વે રાજા તથા તેમનાં સૈન્ય મારો જ મારો શબ્દ કરતા આયુદ્ધનો માર દેવા લાગ્યા, કોઈ ગુપતી, ગેડી, તરવાર, તરકસ, ગદા, ગોફણ, ગોળા, બંધુક; જમૈયા, કટાર, ભાલા; ફરશી, ખંજર, ત્રિશૂળ વગેરે હથીઆરો ફેંકવા લાગ્યા, તે હથીઆરો ગાંગેવના ઉપર નવ દિશાથી આવવા લાગ્યાં, ત્યારે ગાંગેવજી અગણિતા મંત્ર ભણીને બાણ મારે તેથી એક બાણનાં અનેક બાણ થાય છે પણ ગાંગેવ એક તરફ મારેત્યારે બીજી તરફનો એને માર પડે છે, ને એવા મારથી ગભરાઈને વિચાર્યું, મને માર પડશે તે તો હું પુરુષ જીતી જીરવીશ. પણ આ ત્રણ કન્યાઓ અબળા જાતી વગર મોતે મરી જશે, એવું સમજી ત્રણ કન્યાનું રક્ષણ કરવા બ્રહ્માસ્ત્રનો મંત્ર ભણી એક બાણ કન્યાઓ ઉપર મૂકયું, તે બાણ ત્રણે કન્યાઓના ઉપર ફરવા લાગ્યું, એ બાણ જેટલા હથીઆર આવે તેટલાં હથીઆરને ભાગી નાંખે; ને કન્યાને જરાપણ વાગવા દે નહિ. એવામાં ગાંગેવનો સારથિ બોલ્યો; અરે મહારાજ, હું મરી જઇશ માટે તમે અહીંથી નાસી જવાદો. ત્યારે ગાંગેવ કહે, જવું હોય તો રથની નીચે ઉતર એટલે પહેલું જ મસ્તક છેદું, એટલે સારથિએ વિચાર્યું કે નાસવા જઈશ તોયે મરવાનું છે ને બેસીરહીશ તોયે મરવાનું છે; એમ સમજી સારથિ રથમાં બેસી રહ્યો. તે પછી ગાંગેવજી ક્રોધાયમાન થઈ સર્વની સાથે યુદ્ધ કરવા લાગ્યો પણ પોતે એકલો કેટલી તરફ નજર રાખે. તે એક તરફ વઢતો જાય, ત્યારે બીજી તરફનો માર પડે તેથી ગાંગેવનું શરીર ભાલોડાં ભોંકાઈ ભોંકાઈને ચારણી જેવું થઈ ગયું. શરીર તથા વસ્ત્ર રુધિરવાળાં થઈ ગયાં, પણ હિંમત ન હારતાં તેણે શલ્લ રાજાના સારથિનું મસ્તક છેદી નાંખ્યું ને તેનો રથ ભાગી નાંખ્યો. ત્યાં શિશુપાળે ગાંગેવના સારથિને એક બાણે ઠેર માર્યો, પછી ગાંગેવ ઉપર બહુ જ જુલમ કર્યો ત્યારે ગાંગેવના એક મોહાસ્ત્ર મંત્રનું બાણ લીધું તેના ઉપર અગણિતો મંત્ર ભણ્યો, તે પછી તે બાણ ઉપર પોતાની ગંગા માતાનું પુણ્ય મૂકયું, એ રીતે બાણ તૈયાર કરીને ફરશુરામનું ધ્યાન ધરીને ફેરકુંદડી કરી મહાબળમાં ફેંકયું. તેવાં જ તે બાણમાંથી અગણિતા મંત્ર વડે અનેક બાણ થયાં. અને તે એક એક બાણ દરેકની છાતીમાં ભોંકાયાં. તેથી જેને જેને બાણ વાગ્યું તે તે સર્વે મૂર્છા ખાઈ ખાઇને પડયા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેમાં સારથિ, મારથિ, સૈન્ય હય, હાથી, ઊંટ, બધાં જ ધરણી ઢળ્યાં તે જોઇ ત્રણે કન્યાઓ ભય પામી ગઇ અને વિચારવા લાગી, આ તો બહુ બળીઓ છે. માટે આપણે કાંઇ પણ બોલવું નહિ. એવામાં ગાંગેવે વિચાર કર્યો, ઇશ્વરકૃપાએ ને ગંગા માતાના પુણ્ય કરીને નાની ઉંમરમાં હું એકલો અનેકને જીત્યો પણ અહીંથી મૂર્છા વળીને ઘેર જશે એટલે એમ કહેશે કે અમે હાર્યા નથી. માટે આ સર્વેને હાર્યાની નિશાની શી રહેશે? એમ જાણી પોતે પવનાસ્ત્રનો મંત્ર ભણી બાણ ફેંક્યું તે બાણે પડેલા સર્વે ક્ષત્રીઓની ડાબી બાજુની એકેકી: મૂછ કાપી નાખી. પછી પોતે મૂછપર હાથ નાંખી ઊભો રહ્યો. ને ત્રણે કન્યાઓને કહ્યું. કેમ છે? જાઓ, તમારા રાજાઓએ શું કર્યું? તે સાંભળી ત્રણે કન્યાઓ ચુપ થઇ રહી, એવામાં પેલા જે જે પડેલા તેમાંથી એકે એકની મૂર્છા વળવા લાગી. અને જેની મૂર્છા વળે તે ગાંગેવ સામું જુએ કે કાળરૂપ દેખે. તેથી જેવા ઊઠે તેવા જ નાસી જાય, એ રીતે સર્વે ક્ષત્રીઓ તથા સૈન્યના યોદ્ધા જીવ લઇ નાસી ગયા. પછી ગાંગેવજીએ પોતાનો રથ ફેરવ્યો ને તે કન્યાઓને લઇ હસ્તિનાપુર ભણી ચાલ્યો.

રસ્તે જતાં માર્ગમાં શલ્લરાજાનો મારવાડ દેશ આવ્યો, ગામની ભાગોળે રથ આવ્યો, ત્યારે અંબાળિકા બોલી, હે ગંગાનંદ, આ ગામના શલ્લને હું તો વરી ચુકેલી છું, તેમ છતાં તમારે લઈ જવી હોય તો લઈજાઓ. ત્યારે ગાંગેવે વિચાર કર્યો, ક્ષત્રીધર્મની રીત પ્રમાણે તો આ કન્યા મારે લઈ જવી જોઇએ નહિ. કેમ કે એ શલ્લને વરી ચુકી છે. માટે એ તો પરવશ કન્યા કહેવાય; એવું સમજી ગાંગેવ બોલ્યા. હે અંબાળિકા, તું શલ્લને વરી ચુકી છે તો મારા રથમાંથી ઉતર ને આ ગામમાં જવાનો માર્ગ છે. તે માર્ગે જા. એટલે અંબાળિકા તરત જ રથમાંથી ઉતરી પડી ને ગામમાં દોડી. તે વખતે ગાંગેવે રથ ગામની ભાગોળે ઊભો રાખ્યો ને વિચાર્યું કે એ કન્યા મારા રથમાં બેઠેલી છે તે મારી વશકન્યા કહેવાય, માટે જોઉં જો એ કન્યાને શલ્લરાજા રાખે છે કે નહિ? શલ્લરાજા ક્ષત્રિધર્મ સાચવે છે કે નહિ? એવામાં અંબાળિકા દોડતી દોડતી શલ્લરાજાની સભામાં ગઈ, ત્યાં શલ્લ રાજા મૂછ વિનાનો બેઠો છે, કેમ કે એક બાજુની મૂછ ગઈ હતી, તેથી મૂછ શોભે નહિ માટે બીજી બાજુની મૂછ કઢાવી નાખી છે, તેના સનમુખ જઇ જુહાર કરીને અંબાળિકા ઊભી રહી, અને શલ્લને કહેવા લાગી. હે પતિ, જુઓ મને તમારા ઉપર પ્રેમ હતો તો હું કેવી રડયા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નાતબહારિઆને મૂકીને આવી છું, હવે તમે મને વરો. ત્યારે શલ્લરાજાએ વિચાર કર્યો આ કન્યા ગાંગેવના રથમાં બેસી ચુકી, તેમ તેની હરણ કરેલી છે. તેથી આ એની વશકન્યા કહેવાય. એવું સમજી શલ્લ કહે જા, જા, મૂર્ખ કન્યા તું એનીવશકન્યા થઈ ચુકેલી તે મારાથી રખાય નહિ, ત્યારે અંબાળિકા કહે હવે તો હું જવાની નથી. ત્યારે શલ્લ કહે. આબરૂભેર જા નહિ તો ત્રાસ દેવો પડશે ત્યારે કન્યાએ વિચાર કર્યો. આ શલ્લ મને રાખવાનો નથી અને પેલો નાત બહારીઓ છે તે પણ જતો રહેશે તો હું ભૂંડી દશાને પામીશ. એમ સમજી એકદમ એક શ્વાસે પાછી વળી, ને ગામની ભાગોળે જ્યાં ગાંગેવજીનો રથ છે ત્યાં આવી.

ગાંગેવે અંબાળિકાને આવતી દીઠી કે તરત પોતાનો રથ ચલાવ્યો. તેવી જ અંબાળિકા દોટ મૂકી ગાંગેવના રથને બાઝી, ત્યારે ગાંગેવે હાથમાં ઉઘાડુ ખડગ લઈકહ્યું. મારા રથથી આઘી જા, નહિ તો તને ઠેર મારીશ. એટલે અંબે ને અંબિકા ગાંગેવને કરગરી કહેવા લાગી, અરે જેઠજી, એ અમારી બેન ભોળી છે, તેથી એના બોલ્યા સામું નહિ જોતાં એને આપણે ઘેર લ્યો. ત્યારે ગાંગેવ કહે. જુઓ તમે બે જણીઓ ન બોલી તો મેં તમને ઉતારી મૂકી નથી, ને એણે શલ્લને વરી ચુકી છું એમ કહ્યું તેથી તે પરવશ કન્યા મારાથી રખાય નહિ. એમ કહી અંબાળિકાને રથથી અળગી કરીને પોતાનો રથ હાંકી મૂકયો, અંબાળિકા રણમાં રઝળતી રહી, તેથી તે આક્રંદ કરવા લાગી, ને બેબાકળી થઇ કાશી ભણી જવા લાગી. એવામાં અંતરિક્ષ માર્ગેથી નારદજીએ અંબાળિકા કન્યાને રડતી દીઠી, તેથી નારદને વિચાર આવ્યો, ગાંગેવ આ એક કન્યાને મૂકી ગયો છે, તે પણ ઠીક થયું. હવે એ કન્યા માટે યુક્તિ કરીને હું ગાંગેવ ને ગુરુ બંનેને યુદ્ધ કરાવું, તેથી યુદ્ધ જોવાની મને ખુબ મઝા આવશે. એવો વિચાર કરી નારદજીએ અંતરિક્ષથી અંબાળિકાની પાસે આવ્યા ને અંબાળિકાને કહ્યું, અરે બાઈ, તું બિચારી નિરપરાધીને ગંગાપુત્ર રઝળતી મૂકી ગયો હવે તને કોઇ પરણશે નહિ, ને તારા કુંઆરાભવ કેવી રીતે જશે? ત્યારે અંબાળિકા કહે, અરે મહારાજ, મેં શલ્લનું નામ દીધું તેથી મારે આ ઉપાધી થઈ, હવે હું શું કરું? ત્યારે નારદ કહે, જા બાઈ, જેમ હું તને કહું તેમ તું કર. તું રડતી રડતી તારા બાપની પાસે જા, ત્યાં જઈ એમ કહેજે, ગાંગેવને, મારું મોહું જ ન ગમ્યું ને એને બે જ કન્યાઓ બે ભાઇ માટે જોઇતી હતી, તેથી મને વિના અપરાધે રથમાંથી ઉતારીને કાઢી મૂકી. પણ જોજે શલ્લનું નામ ન દેતી. તું એટલી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વાત તારા બાપ સાથે કરીશ એટલામાં હું ત્યાં આવું છું, એમ કહી કન્યાને કાશી દેશ મોકલી. તેથી તે અંબાળિકા રડતી રડતી પોતાને પિયેર કાશી દેશમાં પોતાનાં માબાપ કને આવી, તેવી જ તેનાં માબાપને ફાળ પડી ને માબાપ પૂછવા લાગ્યાં, હે દીકરી, તું એકલી કેમ પાછી આવી? ત્યારે અંબાળિકા કહે, હે માતા પિતા, મારા ભવિશે કરીને; ગાંગેવને મારું મોઢું જ ગમ્યું નહિ. તેમ એને બે કન્યાની જ જરૂર હતી, હું ત્રીજી વધારે પડતી'તી તેથી મને કાઢી મૂકી, ત્યારે કાશીરાજા કહે, એ ગાંગેવ એવો અધર્મિ નથી કે તને વિના અપરાધે કાઢી મૂકે. એવી વાત કરે છે ત્યાં નારદજી આવી ઉભા રહ્યા. ને કાશી રાજાને કહેવા લાગ્યા, તારી પુત્રીનો કાંઇ જ વાંક ન હતો, હું અંતરિક્ષથી જોતો હતો. બીચારીને વિના અપરાધે કાઢી મૂકી છે. ત્યારે કાશી રાજા કહે, અરે મહારાજ, હવે મારે આ દીકરીને શું કરવી? આ દીકરીનું એ ગાંગેવે હરણ કર્યું તેથી એ એની વશકન્યા થઇ. હવે આ કન્યાને કોઇ વરવાનું નથી. ત્યારે નારદજી કહે, હે રાજા, તું ગભરાતો નહિ. તુ ને તારી સ્ત્રી આ પુત્રી લઇ ગાંગેવના ગુરુ ફરશુરામ છે તેને મઠ જાઓ, ત્યાં જઇ તમે ત્રણે રડી પડજો ને આળોટી પડજો. તમને ફરશુરામ બધી વાત પૂછશે. એટલે તું કહેજે. પછી ફરશુરામ તને ધીરજ આપીને ખાવા ઉઠાડશે પણ તમે કોઇ ખાવા ઉઠશો નહિ. જ્યારે ફરશુરામ આ કન્યાને ગાંગેવને ઘેર મોકલવાની પ્રતિજ્ઞા કરે ત્યારે સુખરૂપે ખાજો. એમ સમજાવીને નારદજી અંતરધ્યાન થયા. એટલે કાશી રાજા એની રાણી અને અંબાળિકા તે ત્રણે જણ ફરશુરામને મઠ ગયાં.

ત્યાં જઇ મઠની બહાર કારમી બૂમ પાડી પૃથ્વી પર પડતાં નાંખી રડવા લાગ્યાં. તે અવાજ સાંભળી ફરશુરામે વિદ્યાર્થીઓને આજ્ઞા કરી, જાઓ જુઓ મઠની બહાર કોણ રડે છે? તેવા જ વિદ્યાર્થીઓ દોટ મૂકીને ગયા. અને મઠની બહાર જોયું તો રાજ્યવંશી ત્રણેને રડતાં જોઇ ત્રણેના હાથ ઝાલી ઉઠાડીને ફરશુરામ પાસે લઇ ગયા. ત્યારે ફરશુરામ કહે, અરે કાશી રાજા, તું કેમ રડે છે? ત્યારે કાશી રાજા કહે, અરે મહારાજ, મેં મારી ત્રણ પુત્રીઓને પરણાવાને માટે સ્વયંવર કર્યો હતો ત્યાં તમારા વિદ્યાર્થી ગાંગેવજીએ આવી ભરી સભામાંથી મારી ત્રણે પુત્રીઓનું હરણ કર્યું. અને તે હરણ કરીને પાછો ગાંગેવજી સર્વ રાજાને તમારી વિદ્યાના બળ વડે કરીને જીત્યો. એ તો તમને ઘણી શાબાશી મળી, પણ એ ગાંગેવે એક વાતે તમારા નામને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાંછન આપ્યું; મારી બે પુત્રીઓને પોતાને ઘેર લઇ ગયો, ને આ મારી રંક પુત્રીને રસ્તામાં મૂકી ગયો, એ મહા મોટો અન્યાય કર્યો. હવે આ મારી પુત્રીને એ જ ગાંગેવને ઘેર મોકલો નહિ તો હું, મારી સ્ત્રી ને આ પુત્રી ત્રણે જણ તમારા આગળ ચિતા ખડકી બળી મરીશું; એ પાપ તમને છે. ત્યારે ફરશુરામ બોલ્યા, અરે કાશી રાજા, મારો ગાંગેવ એવો અધર્મિ નથી કે આ કન્યાને વિના અપરાધે કાઢી મૂકે, આ તારી પુત્રી ગમે તે કાંઇ બોલી હશે? ત્યારે અંબાળિકા કહે. નારે મહારાજ, હું કાંઇપણ બોલી નથી, પણ એને બે ભાઇ માટે બે કન્યાઓની જરૂર હતી. માટે મને કાઢી મૂકી. એટલે ફરશુરામ કહે. કાંઇ ફીકર નહિ. ઊઠો તમે ત્રણ જણ ભોજન કરો; એ જ કન્યા હું ગાંગેવને ઘેર મોકલી આપીશ. ત્યારે કાશી રાજા કહે, ના મહારાજ એ ગાંગેવ હઠીલો છે માટે તે નહિ લઇ જાય. ત્યારે ફરશુરામ કહે, જો આ તારી પુત્રી ગાંગેવ સાથે તેને ઘેર ન મોકલું તો મને બ્રહ્મહત્યાનું પાપ છે. ઊઠો જમી લ્યો. ત્યારે ત્રણેએ ઊઠી ભોજન કર્યું, પછી ફરશુરામે પોતાના ચાર વિદ્યાર્થીને આજ્ઞા કરી, જાઓ, હસ્તિનાપુર જઈ ગાંગેવને તેડી આવો, કદી ગાંગેવ પૂછે કે શું કામ છે, તો તમે કહેજો કે અમને ગુરુ મહારાજે કહ્યું નથી, એટલે ચારે વિદ્યાર્થીઓ ગુરુની આજ્ઞા લઈ હસ્તિનાપુર ભણી ચાલ્યા. એવામાં ગાંગેવજી બે કન્યા લઇ પોતાને ઘેર પહોંચ્યા ને પોતાના ઓરમાન મા જે મા મચ્છગંધા તેને જઇ ચરણે લાગ્યા ને બેઉ કન્યાઓ માતાના ખોળામાં મૂકી. એટલે મચ્છગંધા કહે, જાઓ બેટા. તમારું ભવેભવ સારું થજો. એવામાં ફરશુરામના ચાર વિદ્યાર્થીઓ આવ્યા, ગાંગેવે ઘણા પ્રેમથી તેમને બોલાવ્યા; ને કહ્યું. પધારો, આજ મારા ઉપર કેમ કરુણા કરી? ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું તમને આપણા ગુરુમહારાજ તેડે છે. એટલે ગાંગેવજી ઘણો રાજી થઇ બોલ્યો, મારું ધનભાગ્ય. એમ કહી બ્રાહ્મણને બોલાવી રસોઇ કરાવી વિદ્યાર્થીઓને જમાડી પોતે પોતાની માતા મચ્છગંધાની આજ્ઞા લઇ વિદ્યાર્થીને રથમાં લઇ ફરશુરામને મઠ ગયો, ફરશુરામે જાણ્યું કે ગાંગેવજી આવ્યો, એટલે પેલા કાશી રાજાને તેની સ્ત્રીને તથા પુત્રીને સંતાડી દીધા, ત્યાં તો ગાંગેવજી રથ છોડી મઠમાં ગુરુ મહારાજને ચરણે લાગ્યો. ફરશુરામે હસીને હૃદિયા સરસો ચાંપી માગે હાથ મૂકયો, પછી ગાંગેવજી કહે, હે પિતાજી, મને કેમ બોલાવ્યો? એટલે ફરશુરામ કહે, હું તારી ખ્યાતી સાંભળી ઘણો પ્રફુલ્લિત થયો છું, તે ક્ષત્રીના ધર્મ પ્રમાણે કાશી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાજાની ત્રણ પુત્રીનું ભરી સભામાં હરણ કર્યું; તે તેં ઘણી બહાદુરી કરી તે, વળી સર્વેને તેં કહ્યું કે કન્યાઓ લઇ નાસી જવાનો નથી. જેને યુદ્ધ કરવું હોય તે આવજો. તે તેં શુરાતનના શબ્દ વાપર્યા તેથી સર્વ રાજા યુદ્ધે આવ્યા તે તેની સાથે યુદ્ધ કરીને તેં જય મેળવ્યો. તેથી જગતે મને ને મારી વિદ્યાને ઘણી જ શાબાશી આપી. ગાંગેવ કહે, પિતાજી, એ હું જીત્યો નથી પણ તમારી વિદ્યા જીતી તેથી તમે જ જીત્યા છો. ને મને જીતનો યશ મળ્યો તે તમારો જ પ્રતાપ છે. ત્યારે ફરશુરામ કહે, હે પુત્ર, જીત મેળવીને તેં મને ઉજળો કર્યો, પણ એક વાતે મને નીચું ઘાલ્યું ને મોટું લાન્છન આપ્યું, કાશી રાજાની બે પુત્રીઓનો તારે ખપ હતો તેથી બે કન્યા લઈ ગયો, ને ત્રીજી જે ગરીબડી તેને બીચારીને તું મૂકી ગયો તે તેં ઘણું અયોગ્ય અને અધર્મ કર્યો છે. એમ કહી મહા રક્તલોચન કર્યા. એટલે ગાંગેવજી બોલ્યો, અરે મહારાજ, અત્યારે મને એમ લાગે છે કે એ અંબાલિકા કન્યા જરૂર અહીં આવેલા છે. ત્યારે ક્રોધભેર ફરશુરામ બોલ્યા, હા અહીં આવી છે.

કહી ફરશુરામે અંબાળિકાને બહાર બોલાવી એટલે અંબાળિકા અને તેનાં માતા પિતા ત્રણે જણ થરથરતાં બહાર આવી ઊભા રહ્યાં, ત્યારે ગાંગેવજીનાં લોચન રક્ત થઇ ગયાં એટલામાં ફરશુરામ કહે કહો, બેટાજી આ કન્યાને તમારે ઘેર લઇ જાઓ છો કે નહિ? ગાંગેવ કહે, અરે પિતાજી, આ દેહ પડે તો ભલે પણ એ કન્યાને હું કોઇ કાળે લઇ જવાનો નથી. ત્યારે ફરશુરામ કહે, હે પુત્ર. એ કન્યાનો અપરાધ શું છે? ગાંગેવજી કહે. અરે પિતાજી, હું ત્રણે કન્યાઓને કાશી દેશથી લઇ હસ્તિ-નાપુર જતો હતો ત્યાં માર્ગમાં મારવાડના શલ્લ રાજાનું નગ્ર આવ્યું. ત્યાં આ કન્યા એમ બોલી, અરે ગાંગેવ, મને શું કામ લઇ જાઓ છે? હું તો આ ગામના શલ્લ રાજાને વરી ચૂકેલી છું. એવા કન્યાનાં વચન સાંભળી મેં વિચાર્યું કે ક્ષત્રીના ધર્મ પ્રમાણે કોઈની વશકન્યા કોઇથી લઈજવાય નહિ, એમ સમજી મેં આ અંબાળિકાને મારા રથમાંથી ઉતારી મૂકી. આ વાતમાં મારો અપરાધ હોય તો કહો. એવાં ગાંગેવના વચન સાંભળી ફરશુરામને ફાળ પડી કે મેં કન્યાને ગાંગેવને ઘેર મોકલવાની પ્રતિજ્ઞા કરી છે, ને આ કન્યાની જીભડીએ તો ઘર ઘાલ્યું છે. હવે મારે કરવું શું? એમ વિચારી ઘણા ઉદાસ થઇ બેઠા. એવામાં ગાંગેવજી કહે, અરે પિતાજી, હવે મને આજ્ઞા દો તો હું મારે ઘેર જાઉં. ત્યારે ફરશુરામ કહે; અરે પુત્ર આ કન્યાએ મને દગો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરી પ્રતિજ્ઞામાં ફસાવ્યો છે. માટે તું આ કન્યાને તારે ઘેર લઇ જા. કેમ કે મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે હે અંબાળિકા, હું તને ગાંગેવની સાથે તેને ઘેર ન મોકલું તો મને બ્રહ્મહત્યાનું પાપ. તેથી તને હું કહું છું કે તું આ કન્યાને તારી સાથે તારે લઇ જા. ત્યારે ગાંગેવ કહે, અરે પિતાજી, તમે કહો તો તમને મારું મસ્તક આપું પણ એ કન્યાને હું મારે ઘેર લઇ જાઉં તો મને પણ બ્રહ્મહત્યાનું પાપ છે, એટલે ફરશુરામ ક્રોધાયમાન થઇ બોલ્યા, અરે દુષ્ટ, હવે હું તને ઠેર મારૂં. ત્યારે ગાંગેવ કહે, અરે મહારાજ, મને મારવાની જરૂર છે એ તસ્દી હું આપને શું કરવાને આપું. લ્યો હું જ મારે હાથે આપની આગળ મરી પડું, ત્યારે ફરશુરામ કહે ના, એમ તો નહિ પણ તું ને હું સામસામી રહી યુદ્ધ કરીએ ને તે યુદ્ધ કરતાં હું તને મારૂં. ગાંગેવ કહે, ભલે પિતાજી, યુદ્ધ કરવાને પણ હું તૈયાર છું, હું તમારી વિદ્યા ભણ્યો છું પણ તે વિદ્યાની પરીક્ષા મેં તમને કોઇવાર આપી નથી તેથી આજ તમને પરીક્ષા આપું, જો હું તમારે હાથે મરીશ તો હું સદગતીને પામીશ, અને હું મરીશ નહિ ને હારીશ તેમાં મારી આબરૂ જવાની નથી, કેમ કે ગુરુથી ચેલા હારે તેમાં નવાઇ નથી, ને જો દૈવ ઇચ્છાએ તમને જીતીશ તો જગતમાં મારી જય જય થઈ જશે ને કહેવાશે ગુરુ કરતાં ચેલા ચઢયા. આ રીતે મને તો મારવાથી યા હારવાથી કાંઈ જ નુકશાન નથી ને જીતવાથી મને ઘણો યશ છે. માટે મને તો બંને બાજુથી લાભ દેખાય છે. માટે હે ગુરૂ મહારાજ, હવે ઉતાવળા થાઓ ને આપણે બંને યુદ્ધ આરંભીએ.

આ સાંભળી ફરશુરામ ક્રોધાયમાન થઈ બોલ્યા, ઊઠ, તૈયાર થઈ જા એવું ગુરુનું વચન સાંભળતાં ગાંગેવજી પોતાનો રથ જોડીને આયુધ લઈ રથ પર વીરાજમાન થઈ ગુરુના મઠની બહાર નીકળ્યો. એટલે ફરશુરામ પણ પોતાનાં આયુધ લઈ પોતાને રથે બેસી મઠની બહાર નીકળી બંને ગુરુ ચેલો મેદાનમાં સામસામી ઊભા રહ્યા. એટલે ફરશુરામે કહ્યું. અરે ગાંગેવજી, તું મારું કહ્યું માની કન્યાને લઈ જા. તું તારો મુમત મૂકી દે. ત્યારે ગાંગેવ કહે, અરે પિતાજી, એ કન્યાનું નામ મૂકી દો અને યુદ્ધ કરવું બંધ રાખો નહિ તો કાંકરી ઘડાને ફોડી નાખશે તે વખત તમારી મહત્તાને ક્ષીણતા લાગશે. વળી ગમે તેટલા પણ તમે જાતે બ્રાહ્મણ છો, તેથી તમે ભણી જાણો ભણાવી જાણો, લઇ જાણો ને આપી જાણો, ખાઈ જાણો ને ખવરાવી જાણો. પણ યુદ્ધ કરી જાણો નહિ. માટે મારી સાથે લડતાં તમે

Kirtikant Sharma Collection, Najafgarh.

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જરૂર હારવાના છો. જો તમે મારી વાત સાચી ન માનો તો જોજો તમારી વિદ્યાને તમારો જ બરડો.

ગાંગેવનાં વચન સાંભળી ફરશુરામ કોપાયમાન થયા. નેબોલ્યા;જો અલ્યા, એકવીસવાર નક્ષત્રી પૃથ્વી કરી તે જ હું ફરશુરામ. હું ખાઇ જાણું છું કે યુદ્ધ કરી જાણું છું તે તું જો. એમ કહી ફરશુરામે હાથમાં આયુધ લીધાં ને ગાંગેવને કહ્યું તું મારા મોં આગળ બાળક છે માટે હું તારા ઉપર પહેલો હાથ નહિ ઉપાડું તેથી પહેલો હાથ તું ઉપાડ. એટલે ગાંગેવજીએ ધનુષ લઇ ટંકાર કર્યોને તે ધનુષ પર બાણ ચઢાવીને માર્યું ને ફરશુરામના સારથિનુંમસ્તક છેદી નાખ્યું. એટલે ફરશુરામ કોપાયમાન થઇ બાણ લઇ ગાંગેવના ઉપર બાણ વૃષ્ટિકરવા લાગ્યા. તે એવી રીતે કે ફરશુરામ એક બાણ અગણીતા મંત્રનું મારે તેમાંથી અગણીતા બાણ થઇને ગાંગેવના ઉપર પડે. તે સમે ગાંગેવજી પોતાના શરીરનો બચાવ કરતો જાય ને ફરશુરામની ઉપર બાણ નાંખતો જાય; તે એક બાણ ફેંકે તેનાં લક્ષ બાણ થાય, પણ ફરશુરામ ફેંકે તેનાં પાંચ લાખ બાણ તેથી ગાંગેવ ઘણો કાયર થઇ ગયો પણ પોતાનો ટેક મૂકતો નથી. એ રીતે લઢતાંવઢતાં સાંજ પડી ને સૂર્ય મેર બેઠે; તેથી બંને જણે યુદ્ધ બંધ કર્યું ને બંને ગુરુ ચેલા ભેગા થઇ વાતો કરતા મઠમાં ગયા. ત્યાં રાત્રીએ બંને જણે હળીમળી ભેગા બેસી ભોજન કર્યું; ને પછી રાત્રીએ શયન કર્યું.

રાત્રી વીતી ને પ્રભાત થયો એટલે ગુરુ ચેલા બંને જણે દાતણપાણી કરી નાહી ધોઇ ભેગા બેસી ભોજન કરી પોતપોતાનાં વસ્ત્રાભૂષણ પહેરી પોતપોતાનાં આયુધ લઇ પોતપોતાના રથમાં બેસી મઠની બહાર યુદ્ધ કરવાને નીકળ્યા, ને મેદાનમાં સામસામી ઊભા રહ્યા; ત્યારે નારદઋષિ આવીને અંતરિક્ષ રહી ગુરુ ચેલાનું યુદ્ધ જોવા લાગ્યા, ને મનમાં આનંદ પામવા લાગ્યા. આ ગાંગેવને મેં ચડાવીને ત્રણ કન્યાઓનું હરણ ન કરાવ્યું હોત તો આ યુદ્ધ જોવાની મને મઝા પડત નહિ. એવે સમે ગાંગેવજીએ ધનુષ બાણ ચઢાવી ને પહેલો ઘા કર્યો ને તે બાણે ફરશુરામના રથની ધજા છેદી નાંખી એટલે ગુરુજીએ ગાંગેવને બંધન કરવા નાગપાસ મંત્ર ભણીને બાણ માર્યું, તેવું જ ગાંગેવજીએ ગરુડાસ્ત્ર મંત્ર ભણી સામું બાણ માર્યું,

ગુરુના બાણથી નાગ દેવો પ્રગટ થયા તેવા જ ગાંગેવજીના ગરુડાસ્ત્રથી ગરુડજી પ્રગટ થઈ પેલા નાગોને વીણી ખાવા લાગ્યા. તેથી નાગપાસ બાણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગુરુજીનું નિષ્ફળ ગયું, એટલે ફરશુરામે ગાંગેવને દગ્ધ કરવા અગ્નાસ્ત્ર બાણ માર્યું તેથી અગ્નિદેવ પ્રગટ થઇ ગાંગેવને બાળવા ગયો. ત્યારે ગાંગેવે મેઘાસ્ત્ર બાણ માર્યું તેથી મેઘની જળવૃષ્ટિ થઇ તેણે કરીને અગ્નિ નાશ પામ્યો. એટલે ફરશુરામે પર્વતાસ્ત્ર બાણ માર્યું તેથી મોટા મોટા પર્વતો પ્રગટ થઇ ગાંગેવના ઉપર પડવા લાગ્યા. તે જોઈ ગાંગેવે વજ્રાસ્ત્ર માર્યું તે વજ્રાસ્ત્ર વડે ગુરુના તમામ પર્વતો ચકચુર કરી નાંખ્યા; એ રીતે ગુરુએ જેટલાં બાણ માર્યાં તેટલાં તેણે નિષ્ફળ કરી નાંખ્યા. એ રીતે બંને ગુરુ ચેલાનું યુદ્ધ જોઇ નારદજી અંતરિક્ષ રહી ઘણા ખુશી થાય છે ને કાખલીઓ કુટે છે, એવામાં સૂર્ય નારાયણ મેર બેઠા ને સાંજ પડી એટલે ગુરુ ચેલાએ યુદ્ધ બંધ કર્યું. તે પછી બંને જણા હળીમળી ભેગા થઇ વાતો કરતા મઠમાં ગયા. બંને જણે ભેગા થઇ ભોજન કર્યા તે પછી બંને જણે શયન કર્યું. એવામાં રાત્રી વીતી ને ત્રીજા દિવસનો પ્રાતઃકાળ થયો, એટલે ગુરુચેલા બંને જાગ્રત થઇ નહાવુંધોવું ખાવુંપીવું પરવારી પોતપોતાનાં આયુદ્ધ લઇ પોતપોતાના રથમાં બેસી મઠની બહાર નીકળી મેદાનમાં સામસામા યુધ્ધ કરવાને ઊભા રહ્યા. તે વખત નાદઋષિ આવીને અંતરિક્ષ ઊભા રહ્યા, એવામાં ત્રીજે દિવસે યુદ્ધ કરવા ગાંગેવજીએ ધનુષ ચઢાવી એક બાણ મારી ગુરુના રથનું શિખર તોડી નાંખ્યું. તેથી ગુરુજી કોપાયમાન થઇ અગણીતા મંત્ર ભણીબાણવૃષ્ટિ કરી ગાંગેવને બહુજ પ્રહાર કરવા લાગ્યા અને તે બાણના પ્રહાર કરીને ગાંગેવજીને રૂંએ બાણ ભોંકી દીધા તેથી ગાંગેવ કાહ્યર કાહ્યર થઇ ગયો ને ત્રાહ્ય ત્રાહ્ય કરવા લાગ્યો પણ પોતે પોતાના ક્ષત્રી ધર્મનો ટેક મૂકતો નથી. એ રીતે ત્રીજા દિવસે યુદ્ધ કરતાં સાંજ પડી ને સૂર્ય મેર બેઠા ત્યારે નિત્યની રીત પ્રમાણે યુદ્ધ બંધ કરી બંને મઠમાં ગયા ને રાત્રીએ ભોજન કરી શયન કર્યું; તે પછી ચોથા દિવસનો પ્રભાત થયો. એટલે નિત્યની રીત પ્રમાણે સર્વ કાર્ય પરવારી બંને જણ મઠની બહાર જઇ યુદ્ધ કરવાને ઊભા રહ્યા, તે વખતે નારદજી પણ અંતરિક્ષ આવી જોવા રહ્યા. એવામાં ગુરુચેલાએ યુદ્ધ કર્યું તેમાં કોઇ હાર્યા જીત્યા નહિ તેમ યુદ્ધનો છેડો આવ્યો નહિ, એ રીતે રોજ યુદ્ધ કરતાં કરતાં નવ દિવસ વીતી ગયા ને દસમે દિવસે યુદ્ધ કરવા ઊભા રહ્યા તે વખતે ગાંગેવજીએ કહ્યું, અરે ગુરુ મહારાજ; હવે તો યુદ્ધ બંધ કરો. નવ નવ દિવસથી તમે ઘણી મહેનત કરો છો પણ તમે જીત પામ્યા નહિ ને હું આજકાલનું છોકરૂં તમારી વિદ્યા ભણેલું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમને પરસેવા ઉતરાવ્યા કરું છું, તે તમને નાનમ ભરેલું છે. માટે આટલેથી સમજીને યુદ્ધ બંધ કરી ઘેર બેસી રહો તેમાં સારું છે. એવાં ગાંગેવનાં વચન સાંભળી ફરશુરામે વિચાર કર્યો, આજ ગમે તે થાય તો પણ આ છોકરા સાથે છેલ્લુ યુદ્ધ કરી મરૂં, કે મારૂં, કાં જીતું કે હારું એ બેમાંથી એક કરું તો જ મારે ઘેર જવું; એમ મનમાં ટેક ધરાવીને ફરશુરામે ગાંગેવને હાથ ઉપાડવા દીધો નહિ ને પોતે જ બાણ લઈ ગાંગેવ ઉપર તૂટી પડયા એટલે ગાંગેવ પણ મન મૂકીને ગુરુને પ્રહાર કરવા લાગ્યો. એવામાં ફરશુરામે ગાંગેવજીને રૂંએ રૂંએ છિદ્રો પાડી નાંખ્યાં તેથી ગાંગેવના શરીરમાં રુધિરની ધારાઓ છુટવાં લાગી ને તે રુધિર વહી વહીને શરીર પીતવરણું થઈગયું ને નેત્રના બે ડોળા ડગમગવા લાગ્યા, તો પણ ગાંગેવજી હિમ્મત રાખી ગુરુના સામો યુદ્ધ કરે જાય છે. એવામાં સાંજ પડવા આવી એટલે ફરશુરામે એક વજ્રાસ્ત્રનું બાણ મારી ગાંગેવનો રથ ભાગી નાંખ્યો ને બીજા બે બાણથી ગાંગેવના બે હાથનાં બે કાંડાં વીંધી નાંખ્યાં એટલે ગાંગેવના હાથમાંથી હથીઆરો પડી ગયાં ને હથીઆર વિનાનો થઈ ઊભો રહ્યો, એટલે ફરશુરામ ફરશી લઇ પોતાના રથથી ઉતરી ગાંગેવ હતો ત્યાં ગયા. ત્યાં જઇ ગાંગેવની બોચી પકડી ઊંચો કરી પૃથ્વી ઉપર ચત્તાપાટ નાંખ્યો ને હૃદય ઉપર ફરશી લઇ ઠેર મારવાના ઇરાદાથી બેઠા. એટલે અંતરિક્ષથી નારદજીએ જોઈ વિચાર કર્યો કે આજ જરૂર ફરશુરામ ગાંગેવને મારશે ને ગાંગેવ મરણ પામશે, જો આ ગાંગેવ જેવો યોધ્ધો જીવતો હશે તો મારે કોક દહાડો કોકની સાથે લડાવવા થશે, માટે એને મરવા દેવો નહિ, એવો વિચાર કરીને નારદજી અંતરિક્ષથી ઉતરી ગાંગેવની માતા ગંગાજીની પાસે ગયા. ગંગાજી નારદજીને જોઇ કહે, પધારો, પધારો. એટલે નારદજી કહે, અરે બાઇ, પધારવાની વાત મૂકી દે. હું તો તને સમાચાર કહેવાને આવ્યો છું, જો કે હું અંતરિક્ષ માર્ગે સહેજ સ્વભાવે ફરતો હતો એવામાં ફરશુરામના મઠ પાસે મેં જોયું કે તારા દીકરાની છાતી પર ચઢી બેસી તારા દીકરાને ફરશુરામ ઠેર મારી નાંખે છે. તારો દીકરો પૃથ્વી પર પડયો પડયો ધ્રૂસકા મૂકી રડી રડીને એમ બોલે છે કે અરેરે આ વેળા મારું કોઇ નથી, એવાં તારા પુત્રનાં વચન સાંભળી મને તો ઘણી જ દયા ઉત્પન્ન થઈ પણ હું નિર્બળ તેથી ફરશુરામના સામો બાઝીને શું કરું, મારું કાંઇ ચાલે નહિ માટે હું તને કહેવા આવ્યો છું. કે તું ઉતાવળી ત્યાં જા અને તારા પુત્રને મૃત્યુથી બચાવ. એવાં નારદજીનાં વચન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાંભળી એકદમ ગંગાજી સ્ત્રી સ્વરૂપ ધારણ કરી અંતરધ્યાન થઈ ફરશુરામને મઠે ગયાં. ત્યાં મઠની બહાર ગાંગેવને નીચે નાંખી ફરશુરામ મારે તે જોઇ ગંગાજીએ જઇ હાં હાં કહી એકાએક ફરશુરામના બે હાથ પકડયા ને બોલ્યાં, અરે મહારાજ, મારા પુત્રને શા માટે મારો છો? ત્યારે ફરશુરામ કહે, તારો પુત્ર મારો વિદ્યાર્થી થઇ મારું કહ્યું કરતો નથી માટે આજ એને જરૂર મારૂં, ત્યારે ગંગાજી કહે, ભલેમહારાજ,મારવોહોય તો મારો. આજથી હું પાતાળ ઉતરી પડું છું, પછી આ જગતનું લોક મારા જળમાં સ્નાન કરી પાપ મુકત થતું હતું, તે કીયા જળમાં નાહિને પાપ મુકત થશે? કોઇ પ્રાણી પાપ મુક્ત નહિ થાય ને તેમનાં પાપ તેમને દહેશે તે પાપ આજથી તેમને નહિ પણ તમને પણ લાગશે. ત્યારે ફરશુરામે વિચાર કર્યો કે આ છોકરો અંબાળિકા કન્યાને કોઇ રીતે લઇ જવાનો નથી તેથી એક બ્રહ્મહત્યા પાપ મને લાગ્યું, ને વળી આ આખા જગનું પાપ હું કયાં લઉં? એમ સમજી ફરશુરામ ગાંગેવની છાતી ઉપરથી ઊઠી ગયા ને ગાંગેવને કહ્યું, જા ગાંગેવ, તને એવો શ્રાપ દઉં છું કે આજથી તું જેની જોડે દશ દિવસ યુદ્ધ કરે ત્યાં દસમે દિવસે તારું મૃત્યુ થજો. ત્યારે ગાંગેવ કહે ભલે, પણ હું ક્ષત્રીપુત્ર તમને ગાંઠયો નહિ તેવા અમે ક્ષત્રી પુત્ર છીએ, ત્યારે ફર-શુરામ કહે, હવે આજથી હું કોઇ ક્ષત્રી પુત્રને ભણાવું તો મને બ્રહ્મહત્યાનું પાપ છે, એવી પ્રતિજ્ઞા કરી ફરશુરામ પોતાના મઠમાં ગયા. એટલે ગંગાજી અંતરધ્યાન થઇ ગયાં. તે પછી ગાંગેવજી પોતાને ઘેર ચાલ્યો એવામાં ફરશુરામે ફરશી ગ્રહી વિદ્યાર્થીઓને કહ્યું. અરે વિદ્યાર્થીઓ પેલી અંબાળિકા અને એનાં માતા પિતા કયાંગયાં? એમને મારી પાસેલાવો. એમણે જુઠું બોલી મને લડાવી માર્યો ને મને બ્રહ્મહત્યાનું પાપ લગાડયું.

તે વચન સાંભળી અંબાળિકા અને તેનાં માતા પિતા ત્રણે જણ મઠમાંથી જીવલઇને નાસી ગયાં. મઠથી ઘણાં છેટે જઇ ઊભાં રહ્યાં, પછીત્યાંઆગળ કાશી રાજા બોલ્યા. હે પુત્રી, તું કાશી દેશ જઇ અમારું રાજ્યભોગવજેને હું અને તારી માતા બંને જણ ગમે ત્યાં જઇ અમારો દેહ પાડીશું, ત્યારે અંબાળિકા કહે, અરે માતા પિતા, મારે માટે તમે શા સારું દેહ પાડો છો? હું જ મારી મેળે વનમાં જઇ મારો દેહ ત્યાગ કરીશ, એમ કહી તે કન્યા વનને વિષે ચાલી, ને કાશી રાજા તથા તેની સ્ત્રી તે બંને જણ કાશી દેશમાં ગયાં ને અંબાળિકા એક વનને વિશે ગંઇ ત્યાં એક શિવાલય દીઠું. તે શિવના દહેરામાં જઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ડાબા પગના અંગુઠા ઉપર કાયા તોળી ઊંધે મસ્તકે શિવજીનું તપ કરવા લાગી. ત્યારે ગાંગેવજી પોતાને ઘેર હસ્તિનાપુર પહોંચ્યો, ત્યાં એની ઓરમાન માતા મચ્છગંધાએ સર્વ સમાચાર પૂછયા તે પછી ત્યાં રહ્યો, ને કોઇ સારા વિદ્વાન બ્રાહ્મણને બોલાવી લગ્નનું મહુરત પૂછી પોતાના ઓરમાન ભાઇ જે વિચિત્રવીર્ય અને ચિત્રાંગદને બોલાવવા પોતાની મચ્છગંધા માતાને કહ્યું, મચ્છગંધાએ પોતાના બંને પુત્રોને બોલાવવા પેરવી કરી, તો તે બેમાંથી મોટો પુત્ર વિચિત્રવીર્ય આવ્યો ને ચિત્રાંગદ પોતાને હાથે આપઘાત કરી બળી મુઓ એવી ખબર મળી, ત્યારે ગાંગેવે પૂછયું કે એ શા માટે બળી મુઓ ? ત્યારે વિચિત્રવીર્યે કહ્યું, અરે ભાઇ, જે દિવસે તમે કાશી દેશ જવાના હતા તે દિવસે રાત્રીએ તમે આપણી માતા મચ્છગંધાની પાસે બેસી જ્ઞાન માર્ગની વાત કરતા હતા તે સમે ચિત્રાંગદ લઘુશંકા કરવા ઊઠેલો તેણે તમને જાળીમાંથી માતાજીની પાસે બેઠેલા દીઠા અને એના મનને વિકાર ભાસ્યો તેથી તેણે આવી મને કહ્યું એટલે એના પર મને ક્રોધ ચઢયો ને મેં એને એક તમાચો માર્યો તેથી તે ક્રોધાતુર થઇ રાત્રીએ સુઇ રહેલો ને પછી સવારે ઊઠી આપઘાત કરવા ગયેલો ને વનમાં જઈ આપઘાત કરેલો એવું અનુમાન થાય છે. એવા વિચિત્રવીર્યનાં વચન સાંભળી ગાંગેવજીએ વિચાર કર્યો કે હું પુરુષ છું તેથી એ ભાઇને વહેમ આવ્યો ને એને આપઘાત કરવો પડયો. એવું સમજી ગાંગેવજીએ પોતાના એકાંત સ્થળમાં જઇ ખડગ લઇ ભીષ્મ કર્મ કર્યું એટલે પોતાની મૈથુન ઇન્દ્રી છેદન કરી તે દિવસથી ગાંગેવજી નામને બદલે ભીષ્મજી નામ ધારણ કર્યું. તે પછી પોતાના ભાઇ ચિત્રાંગદની ક્રિયા કરી. તેના ક્રિયાના દિવસ પૂરણ થાય એટલે અંબે ને અંબિકા નામની બેઉ કન્યાઓ પોતાના એક

વિશ્રામ આઠમો

ભાઇ વિચિત્રવીર્યને પરણાવી. તે પછી સર્વે પોતપોતાના રિવાજ પ્રમાણે સુખરૂપે રહ્યાં.

સુખરૂપે સરવે રહ્યાં, સુણ જનમેજય રાય;
અંબાળિકા તપ કરે, તેની વલ્લભ કહે કથાય.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હવે અંબાળિકા કન્યા જે વનને વિષે મહાદેવજીનું તપ કરે છે, તેને તપ કરતાં કરતાં ઘણે દિવસે મહાદેવજી પ્રસન્ન થયા, તેથી મહાદેવજી યોગી વેશે અંબાળિકા પાસે આવી ઊભા રહ્યા, ને બોલ્યા, હે અબળા, તું માગ્ય માગ્ય જે માગે તે આપું. ત્યારે અંબાળિકા બોલી, હે મહારાજ, મારે હાથે ગાંગેવ મરે એવું મને વરદાન આપો, ત્યારે મહાદેવ બોલ્યા, અરે ભાઇ, આ યુગમાં સ્ત્રીને હાથે પુરુષ મરે તે ઘણો અનર્થ ને અયોગ્ય ગણાય, તે કરતા જા તું તારો આ દેહ તજી દે ને હવેને અવતારે તારે હાથેં ગાંગેવ મરશે. એવું વરદાન આપી મહાદેવજી અંતરધ્યાન થઇ ગયા. પછી અંબાળિકા કન્યા વનમાંથી કાષ્ટ લાવી ચિતા ખડકી ત્યાં જ શિવાલય પાસે બળી મુઇ. હવે એ કન્યા કયાં અવતરી કે પંચાળ દેશમાં એક દ્રુપદ નામનો રાજા હતો તેને ત્રણ સ્ત્રીઓ હતી પણ પેટે પ્રજા નહોતી, અને તે ત્રણ સ્ત્રીમાં એક રાણી અણગમતી ને અણમાનીતી હતી તે સ્ત્રીને પેટ દૈવ્ય ઇચ્છાએ ગર્ભ રહ્યો. તે ગર્ભમાં પેલી અંબાળિકા કન્યાનો વાસ થયો, એટલે તે અણમાનીતી દ્રુપદ રાજાને પ્રિય પટરાણી થઇ પડી, એમ કરતાં તે ગર્ભવતી સ્ત્રીને નવ માસ પૂરણ થયા એટલે પુત્રી જનમી. કેમકે સ્ત્રી તે જ થાય અને પુરુષ તે જ થાય એવો એક શાસ્ત્રકારનો સિદ્ધાંત છે.

અંબાળિકા કન્યા રૂપે અવતરી તેથી અણમાનીતીના મનમાં એમ આવ્યું કે આ મારે પુત્રી આવી એવી વાર્તા જો રાજા જાણશે તો હું તો હતી તેવી ને તેવી અણમાનીતી રહીશ. એવું વિચારીને પોતાની પાસે જે ચાર દાસીઓ હતી તે ચારેને ઘણું દ્રવ્ય આપીને ખુશી કરીને કહ્યું, અરે દાસીઓ, તમે ચારે મારી સલાહમાં રહેશો તો આગળ ઉપર હું તમને ઘણી જ રાજી કરીશ. ત્યારે ચારે દાસીઓ કહે, અરે બાઇ જેમ તમે કહો તેમ અમે વરતીશું, અણમાનીતી રાણી કહે, આપણે આપણે આ પુત્રીને પુત્ર ઠરાવો કે રાજાની સભામાં જઇ પુત્રની વધામણી ખાઓ તેથી રાજા તમને ઘણો શરપાવ આપશે, એટલે ચારે દાસીઓએ નિશ્ચય કર્યો કે આ પુત્રીને પુત્ર જ ઠરાવવો. એમ સમજી ચાર દાસીઓ જેજેકાર બોલતી બોલતી દ્રુપદ રાજાની સભામાં ગઇ. ત્યાં જઇ રાજાને કહ્યું, અરે રાજાધીરાજ, તમને પરમેશ્વરે પુત્ર આપ્યો. એવાં દાસીઓનાં વચન સાંભળતામાં જ રાજાને હર્ષના આંસુ છુટયાં, ને મૂર્છા આવી એટલે સર્વ સભાએ જેજેકાર શબ્દો ઉચાર્યા થોડી વારે રાજાને મૂર્છાવળી તે તે વખત રાજાએ દાસીઓને હજાર હજાર રૂપિયાના મોતીના હાર આપ્યા તેથી દાસીઓ મંગળ શબ્દ બોલતી ચાલી ગઇ તે પછી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાજાએ ઘણાંક પુન્યદાન કર્યાં ને પછી આનંદથી રહ્યો. અણુમાનીતીએ એવો બંદોબસ્ત રાખ્યો કે પોતાની પાસે ચાર દાસીઓ સિવાય કોઈ આવે નહિ તેથી અવી વાત જરાએ ઉઘાડી પડતી નથી. એમ કરતાં પુત્ર એક માસનો થયો એટલે દ્રુપદ રાજા હરખનો ભર્યો અણુમાનીતીના આવાસમાં ગયો ને બહાર રહી કહ્યું, અરે મારી પ્રાણપ્રિયા, મને મારા પુત્રનું મુખ બતાવો. ત્યારે રાણીએ કહ્યું. એ પુત્રનું મુખ હાલ બતાવવાનું નથી કેમ કે મારે બબ્બે શોકયોનું સાલ છે તેમ લોકોની ટોક છે તેથી મારા પુત્રને કોકની દૃષ્ટિ લાગે તેથી મારે તો આંધળાની આંખ ફુટયા જેવું થાય માટે હે સ્વામીજી,તમેકેમસમજતા નથી ને કેમ ગાંડાવિદ્યા કરો છો ? ત્યારે દ્રુપદ રાજા ઝંખવાણો પડયો ને બોલ્યો કે ખરી વાત છે, હે રાણીજી,તમારી નજરમાંઆવે તેમ પુત્રને સાચવો. મારી ભૂલ થાય છે હવે હું આમઃ કહીશ નહીં. એમ કહી રાજા પાછો ગયો. એમ કરતાં કરતાં પુત્ર છ માસનો થયો. એનું નામ શીખંડી પાડયું છે, એવામાં છએ માસે રાજાને પુત્રનું મુખ જોવાની ઈચ્છા થઇ તેથી રાજા અણુમાનીતીના મહેલમાં ગયો ને એકાન્ત સ્થળથી બહાર રહીને દ્રુપદ બોલ્યો. અરે મારી પ્રાણપ્રિયા- આજ તો મને નિરભાગીને પુત્રનું મોં બતાવો. જો તમે નહિ બતાવો તો બળાત્કારે પણ હું પુત્રનું મોઢું જોવાનો. ત્યારે રાણીએ જાણ્યું કે હવે રાજાને ઘણી જ આતુરતા થઇ છે. માટે એ મોઢું જોયા વિના રહેશે નહિ. એમ સમજી રાણીએ કહ્યું, જાઓ મહારાજ આજ હું પુત્રને નવરાવી ધોવરાવીને દાસીઓ સાથે તમારી સભામાં મોકલી દઇશ.

રાજાને સમજાવી વિદાય કર્યો, તે પછી ચાર દાસીઓ ને અણુમાનીતી રાણી તે પાંચે મળી વિચાર કર્યો કે આજ પુત્રને રાજાની પાસે લઈ જવો જોઇએ, ને લઈ જઇશું તેમાંથી રાજા જાણી જશે તો આપણને પાંચેને રાજા ગરદન મારશે માટે કેમ કરવું? ત્યારે ચારે દાસીઓ કહે, અરે બાઈ, અમને તો કાંઈ સુજ પડતી નથી જેમ તમે કહો તેમ કરીએ. ત્યારે અણુમાનીતી બોલી હવે જુઓ હું મારી કારીગરી કરું. એમ કહી પુત્રને નવરાવીને સુરવાલ પહેરાવ્યો તેના ઉપર ઝભલાં ટોપી તથા સારા સારા સુંદિર આભૂષણો પહેરાવી દાસીઓને કહ્યું, લ્યો, આ પુત્રને ખંમા ખંમા કરતાં સભામાં લઇ જાઓ અનેરાજાના હાથમાં પુત્ર આપવો નહિ ને રાજાના ખોળામાં મૂકવો તે મૂકતામાં જ પુત્રની જંગામાં ઝીણી ચુંટી ખણવી એટલે પુત્ર રડવા લાગશે તે જ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વેળા તમારે કહેવું, અરે કોઇકની નજર લાગી. લાવો લાવો મહારાજ આજ, તમે સમજ્યા વિનાનું કામ કર્યું એમ કહેજો. પછી દાસીઓએ જઈ રાજાના ખોળામાં પુત્ર મૂકતાં ચુંટી ખણી, ને દાસીઓ શીખવેલા શબ્દો બોલી.

દાસીઓનાં વચન સાંભળી રાજા ઓશીઆળો થઈ ગયો ને કહ્યું, લઈ જાઓ લઈ જાઓ. મારી ઘણી જ મુરખાઈ થઈ. એમ કહી બીચારા રાજાએ પુત્રને હલકો ભારે પણ જોયો નહિ ને દાસીઓ તે લઈ જવા આજ્ઞા કરી. એટલે દાસીઓ એકાએક પુત્રને લઈને નાઠી તે રાણીના મહેલમાં જઈ રાણીને પુત્ર આપ્યો, પછી રાણીએ દાસીઓને પૂછ્યું કે કેમ થયું ? ત્યારે દાસીઓ બોલી, અરે બાઇ, તમારા કહેવા પ્રમાણે કરવાથી બીચારા રાજાએ તો પુત્રને હલકો ભારે પણ જોયો નથી, ત્યારે રાણી કહે; અરે દાસીઓ, અમારી અકકલ વિના અમે તે રાજાની માનીતી થયાં હઈશું. એમ રાણી તો ફુલી ગયાં એમ કરતાં પુત્ર બાર માસનો થયો પછી પુત્રને રમવાને બહાર કાઢવા માંડયો. પણ દાસીઓ સાથેને સાથે રહે. પુત્રને જરા પણ સુનો મૂકે નહિ. એમ કરતા પુત્ર પાંચ વરસનો થયો એટલે રાજાએ એને નિશાળે મુકયો. ત્યાં પણ દાસીઓ સાથેને સાથે જ રહે, એમકરતાં શીખંડીઅગિયાર વરસનો થયો એટલે રાજાએ પુત્રને ઉપવિત(જનોઇ) દીધું એવામાંકમળ દેશનો કમળસેન્ય નામનો રાજા હતો. તેને કમળીતા નામની પુત્રી હતી તે પુત્રીનો વિવાહ શીખંડી સાથે કરી ગયો. એવે સમે સારો દિવસ જોઈ શીખંડીને પરણાવવા લગ્ન નિરધાર્યું તેથી દ્રુપદ રાજા વાજતેગાજતે જાન લઈ શીખંડીને પરણાવવા ગયો. કમળ-સેન્ય રાજાએ ઘણા આનંદથી પોતાની પુત્રીનું કન્યાદાન દીધું ને સારી રીતે પહેરામણી આપી વરકન્યાને વરાવ્યાં. તે જાન લઈ દ્રુપદ રાજા પંચાળ દેશમાં આવ્યો તે પછી કમળીતા ચાર દિવસ સાસરે રહીને પોતાને પીયેર ગઈ.

એમ કરતાં શીખંડી સોળ વરસનો થયો એટલે દ્રુપદ રાજાએ કમળીતાને આણું મોકલ્યું તેથી કમળીતા સાસરવાસો લઈ પંચાળ દેશ આવી. દ્રુપદ રાજાએ શીખંડીને સુવા બેસવાનું જુદું મકાન આપ્યું. ત્યાં શીખંડીને કમળીતા જઈ રહ્યાં, શીખંડી સમજણો થયેલો છે તેણે વિચાર કર્યો કે હું સ્ત્રી જાતી છું તેમ છતાં માએ મારા બાપને વહાલા થવાને મને પુત્ર ઠરાવ્યો ને આ પારકી પુત્રી સાથે પરણાવી તેનો અવતાર બાળ્યો. હવે મારે શું કરવું ? એમ શોષના કરતો રહ્યો એવે સમે સ્ત્રી પુરુષને શયન સમો થયો તે વખત શીખંડી અવળે મોઢે સુઈ રહ્યો, કમળીતા પોતાના સ્વામીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલાવેચલાવે તો પણ બોલેચાલે નહિ. એમને એમ દિવસો કાઢતી કમળીતા શોષના કરવા લાગી, અરેરે મારો સ્વામી કેમ મારી સાથે બોલતો નથી? એવામાં એક દિવસ રાત્રીને સમે શીખંડી નિદ્રાવશ થઈ ગયેલો તે સમે અંગનું વસ્ત્ર ખસી ગયેલું તેથી કમળીતાએ એનું અંગ જોયું તો પોતાના સ્વામીને સ્ત્રીરૂપે દીઠો. ત્યારે કમળીતાને ફાળ પડી, અહો, આ તો સ્ત્રી છે ને મને સ્ત્રીની સાથે મારા બાપે પરણાવી છે. મારા સ્વામી મારી સાથે નથી બોલતા તેનું કારણ એ જ છે. આ રીતનો વિચાર કરી પોતાના સ્વામીથી છાનોમાનો એક પત્ર પોતાના પિતાજી ઉપર લખ્યો. તેમાં એમ લખ્યું, હે પિતાજી કન્યા સાથે કન્યા પરણાવી મારો અવતાર બાળ્યો છે, વિશેષ હું કાંઇ જ લખતી નથી. એવું લખીને તે પત્ર એક અનુચરને છાનોમાનો આપ્યો ને તેને ઇનામ આપી કહ્યું, જા આ પત્ર મારા બાપને હાથોહાથ આપજે. તે પત્ર લઈ તે અનુચર કમળ દેશમાં જઈ કમળસેન રાજાને આપી પાછો આવ્યો.

કમળસેન રાજાએ પોતાની પુત્રીનો આવેલો પત્ર વાંચી જોયો. તે વાંચતામાં રાજા ક્રોધાતુર થઈ ગયો, અને વિચાર કર્યો, દ્રૂપદ રાજાએ મને દગો જ કર્યો, માટે હવે વહાણું વાય એટલે મારું સૈન્ય લઈ એકાએક દ્રુપદ ઉપર ચઢાઈ કરી એના સર્વ કુટુંબનો નાશ કરું, એવામાં પ્રભાત થયો. કમળ, સેન્ય રાજાએ ઉઠીને સેનાપતીને સૈન્ય તૈયાર કરવાની આજ્ઞા આપી તે વાત પ્રધાને જાણી તેથી પ્રધાન કમળસેન્ય પાસે ગયો અને કમળ, સેન્યને પૂછયું મહારાજ, આજ સૈન્ય કેમ તૈયાર કર્યું? ત્યારે કમળસેન્ય રાજાએ પોતાની પુત્રીનો આવેલો પત્ર પ્રધાનને આપ્યો ને કહ્યું, હે પ્રધાન, જો આ દ્રુપદ રાજાએ આપણને કેવો દગો કર્યો છે? તે પત્ર પ્રધાને વાંચી જોયો અને મનમાં તોલ કર્યો, પછી રાજા પ્રત્યે પ્રધાન બોલ્યો, અરે મહારાજ આ પત્ર આપણી દીકરીનો છે, પણ આપણે એકાએક સાહસ કામ કાંઇ જ કરવું નહિ, એક વાર તો આપણે બસો સેવકો સાથે લઇ પંચાળ દેશ જઈએ. અને તે ગામની ભાગોળે તંબુ તાણીને મુકામ કરીએ પછી આપણે બંને જણ જઇ દ્રુપદ રાજાને કહેવું. અમો યાત્રાથી આવીએ છીએ તે આવતાં મારગમાં તમારા ગામની ભાગોળે પડાવ નાંખ્યો છે તે એવા ઇરાદાથી કે જમાત્રને અમારે ત્યાં તંબૂમાં જમવા તેડીને કાંઈ સારી વસ્તુ જાત્રામાંથી લાવ્યા હોઇએ તે સરપાવ આપીને હળીમળીને બીજે દિવસે ઘેર જતાં

Kirtjkant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહીશું. તેથી આજ અમારા જમાત્રને અમારા ડેરા તંબૂએ જમવા મોકલજો. એવા બહાનાથી જઈજમાત્રને જમવા તેડીને ત્યાં તંબૂમાં એવી પરીક્ષા કરી લઇશું પછી જે કરવું હશે તે કરીશું. રાજાએ તે વાત કબૂલ કરી, સર્વ સૈન્યને તૈયાર થવાની ના કહાવી. પછી રાજા, પ્રધાન અને બસો સેવકો રથ, ઘોડા, સુખપાલ, હાથી વગેરે લઇને પંચાળ દેશ ચાલ્યા, જતા જતા પંચાળ દેશની ભાગોળે આવી નગ્ર બહાર તંબૂ તણાવ્યા ને ત્યાં પડાવ કર્યો.

થોડી વારે રાજા અને પ્રધાન બંને જણા ચાર સેવકોને લઇ દ્રુપદ રાજાની સભામાં ગયા દ્રુપદ રાજા ઘણો આનંદ પામ્યો ને આદરમાન દઈ ઉત્તમ આસને બેસાર્યા ને કુશળતા પૂછી કહ્યું, આપ કયાંથી ને કેમ પધાર્યા? ત્યારે કમળસેન્યના પ્રધાને કહ્યું, અમે તો યાત્રાએ ગયા હતા ત્યાંથી હવે ઘેર જઈએ છીએ. તે જતાં જતાં એમ થયું કે ચાલો જમાઇને મળતા જઇએ ને એમના લાયક કાંઈચીજ લાવ્યા હોઇએ તો આપતા જઇએ એમ સમજી તમારા ગામની ભાગોળે પડાવ નાંખ્યો છે, ને અમારા જમાત્રને ત્યાં તંબૂએ જમવાનું આમંત્રણ કરીએ છીએ. તેથી તેમને જમવા સારું આજ સાંજરે મોકલજો, ને અત્યારે અમે જમાઈનું મુખ જોવા ઇચ્છીએ છીએ તેથી તેમને અત્રે બોલાવો. દ્રુપદ રાજાએ સેવક મોકલી શીખંડીને સભામાં તેડાવ્યો, શીખંડી સભામાં આવ્યો, એટલે દ્રુપદ રાજાએ કહ્યું; હે પુત્ર, તમારા સસરા આવ્યા છે અને તેમણે આજ સાંજે ગામની ભાગોળે એમના તંબૂએ તેમને જમવા તેડયા છે. એવાં પિતાજીનાં વચન સાંભળી પોતાના સસરા સામું જોયું ને પોતાના સસરાને દીઠા કે તરત મોંનો ચહેરો ઊતરી ગયો, તેથી કમળસેન્ય રાજાએ તોલ કર્યો કે દીકરીનું લખવું સત્ય છે. પણ પોતે કાંઈ બોલ્યો નહિ. પછી કમળસેન્યના પ્રધાને શીખંડીને કહ્યું. તંબૂએ જમવાં સારુ વહેલા પધારજો; ત્યારે શીખંડીએ નીચું જોઈ કહ્યું કે સારું. એમ કહી શીખંડી પોતાના મહેલમાં ગયા એટલે કમળસેન્ય અને તેનો પ્રધાન તે બંને ગામની ભાગોળે પોતાના તંબૂમાં ગયા, ત્યાં જઈ રાજા પ્રધાને વિચાર કર્યો કે કહો ના કહો પણ પુત્રીનું લખવું ખરું છે, પણ ઠીક છે, એ સાંજે અહીં જમવા આવશે એટલે તેને નાહવા સારુ આજ્ઞા કરીને પલાળવા સારું જીર્ણ વસ્ત્ર આપવું, એટલે એની સઘળી પરીક્ષા થઈ જશે, એમ ધારી તેને તંબૂમાં રહ્યા અને શીખંડી એકાંત સ્થળમાં ગયો. ત્યાં જઈ વિચાર્યું કે જરૂર આજ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારો સસરો મારી પરીક્ષા લેવાને જ આવ્યો છે, હવે મારે કરવું શું ?

કેટલીક વિચાર કરી પોતાની જનેતા પાસે તે ગયો. ત્યાં જઇ એકાન્તમાં પોતાની જનેતા પાસે રડી પડીને બોલ્યો, અરે માતાજી, તમે મને પુત્ર ઠરાવ્યો ને પારકી પુત્રી સાથે પરણાવી, પારકી પુત્રીનો અવતાર બાળ્યો, આવું કૃત્ય કરવાનું કારણ શું ? ત્યારે અણમાનીતી કહે, અરે બેટા, હું તારા બાપને અણમાનીતી હતી, પણ મને ગર્ભ રહ્યા પછી હું માનીતી થઇને પછી તારો જન્મ થયો. તું પુત્રી અવતરી તેથી મેં વિચાર કર્યો કે જો રાજા પુત્રી જન્મી જાણશે તો પાછી મને અણમાનીતી કરશે એમ સમજી મેં તને પુત્ર ઠરાવ્યો. મોટો થતાં તારા લગ્ન થયાં. ત્યારે શીખંડી કહે. અરે માતાજી, હું પુત્રી છું એવું ગમે તે રીતે સ્ત્રીના જાણવામાં આવ્યું છે, તેથી તેણે ગમે તે પેરવીથી તેના બાપને અત્રે તેડાવ્યો છે. તેનો બાપ કમળસેન યાત્રાનું બહાનું કરી આવીને આપણા ગામની ભાગોળે તંબુ તાણી ઉતર્યો છે. ને તે મારી પરીક્ષા લેવાના ઇરાદાથી મને જમવાનું નોતરું દઇ ગયો છે, જો હવે હું ત્યાં જમવા જઇશ તો મારી પરીક્ષા કરી લેશે ને જમવા નહિ જાઉં તો પૂરણ વહેમ પડશે. ને તે વહેમ પડવાથી નક્કી તોફાન થશે, તને અને મારા બાપને જીવથી મારશે ને ઘર ગામ બધું લુંટી લેશે. હવે આ મહા મોટું વિઘ્ન આવ્યું તેનું કરવું શું ? ત્યારે અણમાનીતી બોલી, અરે પુત્ર, મને કાંઇ સુજ પડતી નથી. એટલે શીખંડીએ કહ્યું, હે માતા, જો હું ગમે ત્યાં જઇને મારો દેહ પાડું તો કોઇને કાંઇપણ વિઘ્ન કરી શકે નહિ, કેમ કે હું સ્ત્રી છું કે પુરુષ છું તેનો નિશ્ચય થયા વિના એ રાજા કાંઈ કરી શકે નહિ. મારા એક જીવને નુકશાન થવાથી અનેક જીવોના વિઘ્ન દૂર થઈ જશે. તેથી મને એમ લાગે છે કે હું મારો દેહ તજું.

શીખંડીનાં વચન સાંભળી એની માતા બોલી, હા ભાઈ, તારું ધારવું વ્યાજબી છે, તું ગમે ત્યાં વનમાં જઈ તારો દેહ પાડ. ત્યારે શીખંડી બોલ્યો, અરે શંખની માતા, ધીક્કાર છે તારા માનીતા થવામાં, તું અણમાનીતી રહી હોત તો કોઇના જીવની હાની થાત નહિ. એમ કહી પોતે પોતાનાં વસ્ત્રાભૂષણ પહેરી અશ્વ ઉપર બેસી કોઇને કાંઇ કહ્યું નહિ ને વનને વિશે ચાલ્યો, એવામાં જતાં જતાં એક જળનો કૂવો દીઠો તેથી પોતે ઘોડા ઉપરથી ઉતરીને ઘોડાને એક વૃક્ષ સાથે બાંધીને કૂવા ઉપર ચઢી તેમાં બે ચરણ લટકાવી રડવા લાગ્યો ને તે વાટમાં પડી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મરવાને આદરે છે, એવામાં તે કુવાની સામે એક ગુફામાં. મહાદેવજીનો અંગળ નામનો જક્ષ રહે છે તેણે ગુફામાંથી પેલા શીખંડીને રડતો દીઠો ને વિચાર કર્યો કે કોઇ રાજકુંવર મારા કુવામાં પડી આપઘાત કરવા ધારે છે, તેથી મારે કુવો ગોઝારો થશે, એમ સમજી અંગળ જક્ષ ગુફામાંથી બહાર આવી બોલ્યો કે ખબરદાર છોકરા, મારા કુવામાં પડીશ નહિ. મારો કુવો ગોઝારો થશે. ત્યારે શીખંડી બોલ્યો, અરે ભાઈ, તારા કુવાની કીંમત કરતાં બમણી કીંમતના મારા દાગીના લે પણ હું તો કુવામાં પડવાનો, ત્યારે અંગળ જક્ષ કહે,અરે ભાઇ, એવું શું દુઃખ છે કે તું આપઘાત કરે છે? ત્યારે શીખંડી કહે, અરે ભાઈ, એ મારું દુઃખ કોઈને કહેવાય તેવું નથી. ત્યારે અંગળ જક્ષ કહે,અરે ભાઇ,કોઈને દુઃખ કહ્યાં વિના બીજાને તારા દુઃખની શી સમજણ પડે? ત્યારે શીખંડી કહે, ભાઈ, દુઃખ કહે તેથી કોઈ કોઇનું દુઃખ ભાગતું નથી ને જગતમાં ફજેતી થાય, માટે પોતાનું દુઃખ પોતે સહન કરવું પણ કોઈ ને કહેવું નહિ, એટલે અંગળ જક્ષ બોલ્યો, અરે ભાઈ,તારું કહેવું ખરું છે કેમકે જ્યાં ને ત્યાં દુઃખ રડીએ તેથી કોઈ દુઃખ ભાગે નહિ ને હાંસી કરે તેથી ન કહેવું તે ઘણી સારી વાત છે; પણ માણસ જોઈને વાત કરીએ તો તેનાંથી દુઃખ ન ભાગે તો કાંક રસ્તો પણ બતાવે; માટે હે ભાઈ, તું મને તારા દુઃખની વાત કહે અને તું આપઘાત કરીશ નહિ, જો હું મહાદેવજીનો જક્ષ છું મને અત્યારે તારા ઉપર ઘણી જ દયા આવી છે, ત્યારે શીખંડી કહે, અરે ભાઈ, મારા બાપને કાંઈ પણ ફરજનું ભાન નહોતું અને તેમને ત્રણ સ્ત્રીઓ હતી. તેમાં મારી જનેતા મારા બાપને અણગમતી, એવામાં ઇશ્વર ઇચ્છાએ મારી માતાના પેટ મારો ગર્ભ રહયો તેથી મારી મા મારા બાપને માનીતી થઈ તે પછી મારો જન્મ થયો તે હું પુત્રી જન્મી તેથી મારી માએ જાણ્યું કે પુત્રી જનમી એવી રાજાને ખબર પડશે તો, પાછી હું અણમાનીતી રહીશ, એવું સમજી માનીતી રહેવા સારું મને પુત્ર ઠરાવ્યોતેથી મારો બાપ અતિ આનંદ પામ્યો એમ કરતાં હું મોટો થયો ને મારા બાપે મને જનોઇ દીધી.

મારા લગ્ન થયાં પછી મારી સ્ત્રી મારે ત્યાં રહેવા આવી,તેની સાથે હું બોલતો ચાલતો નહોતો. પણ ઊંઘ છે ને વેરણ છેતેથી હું કોઇવાર ઊંઘી ગયો હઇશ તે વખતે મારી સ્ત્રીએ મારું શરીર જોયું હશે, એટલે તેણે તેના બાપને કોઈ પ્રકારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સમાચાર મોકલ્યા હશે તેથી તેનો બાપ આજ મારે ગામને પાદરે પડાવ નાંખી પડયો છે ને મારી પરીક્ષા જોવા જમવાનું નોતરું દઈ ગયો છે, ત્યાં જો હું જમવા જાઉં ને મારી પરીક્ષા કરી જાય તો પછી મારી માને ને મારા બાપને મારી નાંખે ને મારું ગામ લુંટી લે તેથી મારે લઈને બધી દુનિયા દુઃખી થાય એમ સમજી મેં મારા જીવનો નાશ કરવો ધાર્યો છે. ત્યારે અંગળ જક્ષ કહે. હે રાજ્યપુત્ર, તને ધન્ય છે. ઘણાક જીવને માટે તેં તારો જીવ ખોવા ધાર્યું તેથી તું પરમ દયાળુ છે એમ મને લાગ્યું. માટે તને કહું છું કે ભાઈ, તારું સ્ત્રીપણું હું લઉં ને મારું પુરુષપણું તને આપું પણ છ માસે મારું પુરુષપણું મને પાછું આપી જાય તો આપું. ત્યારે શીખંડી કહે અરે ભાઈ મારે તો આજનો દિવસ પુરુષપણું જોઈએ છે. હું તો તારું પુરુષપણું કાલે જ પાછું આપી જઈશ. ત્યારે અંગળ જક્ષ કહે, ના, હું મારી ખુશીથી તને છ માસ આપું છું, ત્યારે શીખંડી બોલ્યો, ભલેભાઈ, છ માસ પૂરા થાય તેને બીજે દિવસે હું તમારું પુરુષપણું તમને પાછું ન આપી જાઉં તો સૂર્યની સાખે હું રોમ રોમ નરકે જાઉં. એવાં શીખંડીનાં નિરમળ વચન સાંભળી અંગળ જક્ષ બોલ્યો, આવ ભાઈ, તું મારી પાસે ઊભો રહે, ત્યારે શીખંડી અંગળ જક્ષની પાસે ઊભો રહ્યો એટલે અંગળ જક્ષે સૂર્ય નારાયણના સામું જોઈ કહ્યું, ઘણા દિવસથી મહાદેવની ચાકરી કરું છું, તેમાંનું પાંચ વરસનું પુન્ય આડે આવજો, ને મારું પુરુષપણું આ શીખંડીને જ જો અને એનું સ્ત્રીપણું મને આવજો. એવું કહી શીખંડીના અંગને ભેટયો. તે ભેટતામાં જ શીખંડી પુરુષ થઈ ગયો ને અંગળ જક્ષ સ્ત્રી થઈ ગયો. પછી અંગળ જક્ષે શીખંડીને કહ્યું. જા ભાઈ, તારી મેળે છ માસ આનંદ કરજે ત્યારે શીખંડી હર્ષ પામી પોતાને અશ્વ બેસી ઘેર ચાલ્યો એવામાં એના સસરાના તંબૂમાં જમવાનો સમય થઈ ગયેલો. ઔત્રણ તેડાં શીખંડીને થયેલાં પણ શીખંડી જડતો નથી તેથી દ્રુપદરાજા અનુચરો મોકલી શીખંડીની શોધ કરાવે છે, પણ શીખંડીનો કોઈ પત્તો લાગતો નથી. તેથી શીખંડીના સસરાને વહેમ પડયો કે જરૂર શીખંડીને સંતાડયો અથવા નસાડી મૂકયો હોવો જાઈએ. એવું સમજી શીખંડીનો સસરો કમળસેન્ય રાજા પંડે દ્રુપદ રાજાને ઘેર આવ્યો ને ગુસ્સે થઈ દ્રુપદને કહેવા લાગ્યો કે તમારો પુત્ર કયાં છે? જ્યાં હોય ત્યાંથી તાકીદે બોલાવો નહિ તો ખોટું નીપજશે. આવી વાત કરતામાં શીખંડી ઘોડે બેસીને ઘેર આવ્યો એટલે કમળસેન્ય રાજાએ કહ્યું, અત્યાર સુધી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ક્યાં ગયા હતા ? અમે ઘણી વારથી ખોટી થઈએ છીએ. ત્યારે શીખંડી કહે, એટલી બધી ઉતાવળ હોય તો તમે તમારે જમી લ્યો, જાઓ અમે જમવાને આવતા નથી, ત્યારે કમળસૈન્યે વિચાર્યું કે અમે સવારે નોતરું દેવા આવ્યા તે વખત તો અમને દેખીને મોઢાનો ચહેરો ઉતરી ગયો હતો ને અત્યારે તો બોલવાનો જુસ્સો આવ્યો છે તેનું કારણ શું હશે ? એમ વિચારમાં પડી કમળસૈન્યે કહ્યું, ક્ષમા કરો ને જમવા પધારો. પછી શીખંડીએ કહ્યું, જાઓ આવીએ છીએ. એટલે એનો સસરો તંબૂએ ગયો તે પછી થોડીવારે શીખંડી પહેરીઓઢી સસરાને તંબૂએ જમવા ગયો. ત્યાં એના સસરાએ નાહવાની આજ્ઞા કરી ને પલાળવા માટે જીર્ણ વસ્ત્ર આપ્યું ત્યારે શીખંડી મનમાં સમજ્યો કે મારું અંગ જોવાના હેતુથી મને જીર્ણ વસ્ત્ર આપ્યું છે. ભલે મને કોઇ રીતે હરકત નથી. એમ સમજી જીર્ણ વસ્ત્ર પહેરી શીખંડીએ ઊભા ઊભા સ્નાન કર્યું. તે સમે કમળસૈન્ય રાજા અને તેનો પ્રધાન ખુરશીઓ નાખી જ્યાં શીખંડી સ્નાન કરે છે ત્યાં બેઠેલા તેમણે જોઈ નિશ્ચય કર્યો કે પુરુષ છે, હવે ચુપ રહેવું, સવારે દીકરીના મોંની વાત પડશે પૂછી લેવી. એમ સમજી જમાત્રને જમાડી સાલ દુસાલા આપી વિદાય કર્યો. ને શીખંડી ઘેર આવી પોતાના એકાન્ત મહેલમાં સુવા ગયો, ત્યાં તેની સ્ત્રી કમળીતા આવીને સ્વામીને ચરણે લાગીને સેવા કરી; તે પછી સ્ત્રી પુરુષનો મેળાપ થવાથી કમળીતાએ કહ્યું, હે પ્રાણ પતિ, તમને મારા સોગન છે, તમે સાચું કહેજો, કાલે તો મારા જેવા સ્ત્રી હતા ને આજ પુરુષ ક્યાંથી થયા ? ત્યારે શીખંડી કહે, અરે નીચ બુદ્ધિ નારી, તેં તો તારું નીચપણું દાખવી તારા બાપને બોલાવ્યા, પણ પરમેશ્વરે ઘણા જીવોના દુઃખે મને પુરુષાતન આપ્યું, છ માસને વાયદે હું પુરુષપણું લાવ્યો છું; જા રે ભૂંડી, એક સ્પર્શવિષયના સુખ માટે તે ઘણા જીવોને નુકશાન કરવા ધાર્યું હતું, પણ તને એમ ન થયું કે આ વિષય સુખ છે તે અલ્પ સુખ છે તેમ છતાં હું આ કૃત્ય કેમ કરૂં છું ? ભલે, હવે વિષય ભોગવો પણ તે ઇશ્વર પદથી વિરુદ્ધ છે, ત્યારે કમળીતા કહે, હે સ્વામી, મારામાં મૂર્ખતા પેસી ગઈ તેથી મેં મારો જાતી સ્વભાવ દાખવ્યો, હવે મારે વિષય સુખ જોઈતું નથી. માટે જાઓ ખુશીની સાથે તેનું પુરુષપણું હોય તેનું તેને આપી આવો, ત્યારે શીખંડી કહે, છ માસ પૂરા થશે એટલે જ આપી આવીશું એમ કહી બંને સ્ત્રી પુરુષ આનંદથી રાત્રી રહ્યાં. એવામાં પ્રાતઃકાળ થયો એટલે કમળીતાને કમળસૈન્યે તેડવા મોકલ્યું, કમળીતા પોતાના પિતા પાસે ગઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એટલે કમળસેન્યના પ્રધાને કમળીતાને આડી નજરે પૂછ્યું, અરે દીકરી તને અમને પત્ર લખ્યો હતો ? ત્યારે આડું જોઈ કમળીતા બોલી, હા પત્ર લખ્યો હતો પણ તે પત્રમાં શું લખ્યું હતું તેનું મને ભાન નથી અને જે લખ્યું હશે તે બેભાનમાં લખ્યું હશે, એવાં કમળીતાનાં વચન સાંભળી રાજા પ્રધાન બંને જણ સમજી ગયા કે પત્ર લખેલો તો ખરો પણ પત્રાધારે આપણું આવવું થયું ને આપણા આવવાથી છોકરીને સુખ થયું માટે જે થયું તે સારું જ થયું અને પછી દીકરીને કહ્યું, જાઓ બેટીજી, તમો તમારે ઘેર સીધાવો. હવે અમે જઈશું. એમ કહી કમળીતાને કેટલુંક આપવા યોગ્ય હતું તે આપી વિદાય કરી પછી પોતે પણ વિદાય થયા.

હવે જે પેલો અંગળ જક્ષ જેણે શીખંડીને પુરુષપણું દીધું છે તેને એક બીજો જક્ષ મળ્યો, તેમાંથી તો બેઉને સ્ત્રીપુષના ભાવનો મેળાપ થયો. અને તે થવાથી દૈવ ઇચ્છાએ અંગળ જક્ષને પેટે ગર્ભ રહ્યો તેને ચાર માસ થયા, તે વાત કોઈ બીજા જક્ષોના જાણવામાં આવી. તે વાત જક્ષોએ જઈ મહાદેવજીને કહી એટલે મહાદેવજીએ કહ્યું, જાઓ જક્ષો, એ અંગળ જક્ષને અહીં લઈ આવો. એટલે એ ચાર જક્ષો દોડયા તે અંગળ જક્ષની ગુફાએ ગયા ત્યાં અંગળ જક્ષ ગુફા વાસીને સુઈ રહ્યો છે. ત્યાં આવી જક્ષોએ એની ગુફાનાં દ્વાર હડસેલ્યાં ને બોલ્યા, અરે અંગળ જક્ષ, બારણાં ઉઘાડ. ત્યારે અંગળ જક્ષ બોલ્યો, અરે ભાઈ, શું કામ છે ? ત્યારે બીજા જક્ષો કહે, તને મહાદેવજી બોલાવે છે. ત્યાં અંગળ જક્ષ બોલ્યો, અરે ભાઇઓ, મારાથી અવાય તેમ નથી. કેમકે હું તો માંદો છું. ત્યારે બીજા જક્ષો બોલ્યા, તને શું રોગ થયો છે ? ત્યારે અંગળ જક્ષે કહ્યું, ગમે તે થયો છે તમે તમારે જાઓ, મારાથી અવાય તેમ નથી. એવા અંગળ જક્ષનાં વચન સાંભળી આવેલા જક્ષમાંથી બે જક્ષ પાછા ગયા. તેમણે જઇ મહાદેવ અને પાર્વતી બેઠેલાં તેમને કહ્યું, માતાપિતા, અંગળ જક્ષ આવતો નથી ને એમ કહે છે કે હું તો માંદો છું માટે આવવાનો નથી. એવાં જક્ષોનાં વચન સાંભળી મહાદેવજી કહે, ન આવે તો એનાં બારણાં તોડી નાખી અને ઉંચકીને અહીં લાવો. એટલે તે જક્ષોએ જઈ અંગળ જક્ષને કહ્યું, અલ્યા, દ્વાર ઉઘાડ. ત્યારે અંગળ જક્ષ બોલ્યો, મારાથી બારણાં ઉઘાડવા ઊઠાય તેમ નથી. ત્યારે જક્ષ લોકો બોલ્યા, અરે ભાઇ, એવો તને શો રોગ થયો છે ? ત્યારે અંગળ જક્ષ કહે, ભાઇ, મને ઝળંદરનો રોગ થયો છે માટે મારાથી ઊઠાતું નથી, એવાં અંગળ જક્ષના વચન સાંભળી પેલા જક્ષોએ એની ગુફાનાં દ્વાર ભાંગી નાખ્યાં ને ગુફા-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માં ગયા ત્યારે અંગળ જક્ષનું પેટ મોટું થઈ ગયેલું જોઇ તે જક્ષોએ કહ્યું, ભાઈ ચાલ, તું મહાદેવજીની પાસે, એટલે મહાદેવજી તારો રોગ મટાડી દેશે. ત્યારે અંગળ જક્ષ કહે, ના ભાઈ, મારે આવવું નથી. ત્યારે તેડવા આવેલા જક્ષોએ કહ્યું. બોલ આવે છે કે નહિ? અંગળ જક્ષ કહે ગમે તેમ કરો પણ હું આવવાનો નથી. એટલે પેલા ચારે જક્ષોએ મળી અંગળના હાથ પગ ઝાલી ટાંગાટોળી કરી ઉચકીને મહાદેવજીની પાસે લઈ જઈ મહાદેવજીના મોં આગળ મૂક્યો. એટલે તેને જોઈ મહાદેવ ને પાર્વતી બંને જણ હસવા લાગ્યાં. પછી મહાદેવજી કહે, અલ્યા અંગળ સાચું કહેજે, તને શું થયું છે? ત્યારે અંગળ નીચું જોઇ બોલ્યો કે મહારાજ, મારું નસીબ, ત્યારે બીજા જક્ષો બોલ્યા, અરે કૃપાનીધી, એણે એક રાજકુંવરને પોતાનું પુરુષપણું આપી તેનું સ્ત્રીપણું લીધું છે. એ રીતે મહા દયાળુ થઈ લોકોને વરદાન આપતાં શીખ્યો છે માટે હે મહાદેવજી, અમારા જેવા વરદાન આપશે પછી તમારો ભાવ જ કોણ પૂછશે? એવાં બીજા જક્ષોનાં વચન સાંભળી મહાદેવજી કહે, હે અંગળ, જો તું જેમ લોકોને વરદાન આપે છે, તેમ જા તને પણ હું વરદાન આપું છું કે આજથી તારું સ્ત્રીપણું તને રહેજો. તેં જેને પુરુષપણું આપ્યું છે. તેનું પુરુષપણું તેને રહેશે.

આ સાંભળી અંગળ જક્ષ ધ્રૂસકા મૂકીને રડતો રડતો પોતાને સ્થળે ગયો. હવે એ અંગળ ગર્ભવંતો રહ્યો એવામાં શીખંડીનો જે છ માસનો વાયદો તે પૂરણ થયો. એટલે શીખંડી વસ્ત્રાભૂષણ પહેરી અશ્વે બેસી અંગળ જક્ષને પુરુષપણું આપવાને ચાલ્યો. તે અંગળને મુકામે ગયો ત્યાં જઈ અંગળ જક્ષને મળ્યો ને કહ્યું, લે ભાઇ, તારું પુરુષપણું અને મને મારું સ્ત્રીપણું દે. ત્યારે અંગળ જક્ષ બોલ્યો, જા ભાઈ, કાંઈ લેવું એ નથી ને દેવું એ નથી. મને ધરમ કરતાં કરમ નડયું. અને પુરુષપણું તને સેજમાં જડયું. ત્યારે શીખંડી કહે, અરે ભીડભંજન, આમ કેમ બોલો છો? ત્યારે અંગળ કહે, જો ભાઇ મને બીજો જક્ષ મળ્યો તેથી મારે પેટ ગર્ભ રહ્યો, તે વાત મહાદેવજીએ જાણી તેથી મને મહાદેવે શ્રાપ દીધો ને કહ્યું કે તારું સ્ત્રીપણું તને રહેજો. માટે જા ભાઇ તારું નસીબ ઘણું બળવાન છે. એટલે શીખંડી કહે, જો ભાઈ, હું તો વચનનો બાંધેલો આપવા આવ્યો છું, ને તું કહે છે તો હવે જાઉં છું. ત્યારે અંગળ કહે, સુખરૂપે જા ભાઈ, પછી શીખંડી કહે છે. હે ભાઈ, તારે કાંઇ જોઇએ છે? ત્યારે અંગળ કહે. ના ભાઈ, એટલે શીખંડી અશ્વે બેસી પોતાને ઘેર ગયો ને જન્મ પર્યંત પુરુષપણું લઇ બેઠો. હવે એ શીખંડી જે ભીષ્મપિતા ગાંગેવજી છે તેને અઢાર દિવસના યુદ્ધમાં મારશે; તે કથા આગળ આવશે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ નવમો

એ કથા રહી એટલે, ગાંગેવધર શું થાય;
વ્યાસ વલ્લભ વાણી વદે, પાન્ડવ ચરિત્ર મહિમાય.

હવે વૈશમપાયન ઋષિ રાજા જનમેજયની પ્રત્યે કહેતા હતા, હે જનમેજય રાજા, જે હસ્તિનાપુરમાં ભીષ્મજીએ પોતાના ઓરમાન ભાઇને અંબે અંબિકા નામની બે કન્યાઓ પરણાવી છે, ને તે ઓરમાન ભાઇએ એક વિદુરા નામની દાસી રાખેલી છે. તે ત્રણેને વિચિત્રવીર્ય સરખે ભાવે રાખે છે, ને ગ્રહસ્થાશ્રમ ભોગવે છે, રૂડે પ્રકારે રાજ્ય ચલાવે છે. એવામાં એના પૂર્વના સંસ્કારે કરીને એને ક્ષય રોગ એકદમ થઈ આવ્યો તેથી એ ઘણો દુઃખી ને શરીરે શોષાવા લાગ્યો. તેણે કરી એનાથી કાંઈ પણ બની શકતું નથી ને તે આખી રાત્રી ને દિવસ ખુંખું કર્યા કરે છે. એવામાં એની માતા યોજનગંધાએ ઘણો સંતાપ કરવા માંડયો કે અરે, આ તો મારો વંશ જવા લાગ્યો, એમ શોષના કરતાં કરતાં એને વેદવ્યાસજી સાંભરી આવ્યા. તેથી એણે વિચાર્યું કે જ્યારે મારે પેટ વેદવ્યાસ જનમ્યા ત્યારે મને કહ્યું હતું કે હે માતાજી, જા એકવાર તારું જેવું દુઃખ હશે તેવું ભાંગી જઇશ, એ વાત યાદ આવવાથી પોતે વેદવ્યાસનું આરાધન કર્યું, તેથી વચનના બાંધેલા વેદવ્યાસ હસ્તિનાપુર યોજનગંધાના મહેલમાં આવ્યા.

મચ્છગંધાએ આસન આપી બેસાડયા, ત્યારે વેદવ્યાસજી બોલ્યા, અરે માતાજી, મને કેમ બોલાવ્યો ? ત્યારે યોજનગંધાએ રડીને કહ્યું, અરે પુત્ર આ તમારો ભાઈ વિચિત્રવીર્ય ક્ષય રોગમાં પડયો છે તેનો રોગ મટાડો. ત્યારે વેદવ્યાસજી બોલ્યા, અરે માતા, એના પેલા જન્મના કર્મવડે આ રોગની પ્રાપ્તિ થઈ છે તે કોઈ કાળે મટવાની નથી, ત્યારે મચ્છગંધા કહે, અરે પુત્ર જ્યારે આ રોગ એને મટે નહિ તો એનાથી ગ્રહસ્થાશ્રમ ચાલે નહિ ને ગ્રહસ્થાશ્રમ ચાલે નહિ તો એને પેટ કાંઈ પ્રજા થાય નહિ ને પ્રજા થાય નહિ તો મારો વંશ રહે નહિ. તમે તો મને એમ કહ્યું હતું કે જાઓ માતા, એકવાર તમારું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જેવું દુઃખ હશે તેવું ભાગી જઈશ ને હવે તો દુઃખ ભાગવાની ના કહો છો, એ તે શું ? ત્યારે વ્યાસજી બોલ્યા, હે માતા, એનું દુઃખ તો કોઈથી ભાગવાનું નથી પણ વંશ રાખવો હશે તો વંશ રહે એવો એક ઉપાય છે, ત્યારે મચ્છગંધા કહે, મારે તો વંશ રાખવો એટલી જ જરૂર છે, મને વંશ રહે એટલું જ કરી આપો, મારે બીજું કાંઈ જોઈતું નથી. ત્યારે વ્યાસજી બોલ્યા, માતાજી, એક મહેલમાં એકાન્ત હોય ત્યાં ગાયના ગોબરથી લીંપાવો ને ત્યાં એકસો ને આઠ ઘૃતના દીપક કરો. ત્યાં હું એક આસને બેસું એટલે વિચિત્ર-વીર્યની જેટલી સ્ત્રીઓ હોય તેટલી વારાફરતી એક એક સ્નાન કરી નગ્નસ્વરૂપે હું બેઠો હોઉં ત્યાં આવીને ઊભી રહે; એટલે હું તેને નખથી તે શીખા સુધી નીરખીને નેનગર્ભ આપીશ. તેથી તે દરેક સ્ત્રીને એક એક પુત્ર થશે, ત્યારે મચ્છગંધા રાજી થઇને ગાયનું ગોબર લાવી મહેલને વિશે એકાન્તમાં સ્વચ્છતાથી લીંપી આપી તેમાં એકસો ને આઠ ઘીના દીવા કર્યા પછી તે સ્વચ્છ સ્થળમાં એક બાજઠ મૂકયો. તે પછી વ્યાસજીને કહ્યું, પધારો મહારાજ, સર્વ સામગ્રી તૈયાર કરી મૂકી છે. એમ કહી મચ્છગંધા બહાર આવી બેઠી, એટલે વ્યાસજી એકાન્તમાં જઈ બાજઠ પર બિરાજ્યા. એવે સમયે મચ્છગંધાએ પ્રથમ અંબે નામની સ્ત્રીને કહ્યું, જા બાઈ, પ્રથમ તું સ્નાન કરીને નીતરતે શરીરે વસ્ત્રાભૂષણ કે મસ્તકમાં દોરડો ધરાધરી રાખશો નહિ ને વેદવ્યાસ પાસે જઈ ઊભાં રહો એટલે તે તમને નીરખીને નેનગર્ભ આપશે. એટલે અંબે નારીએ સાસુના કહેવા પ્રમાણે સ્નાન કરી નીતરતે શરીરે જ્યાં વ્યાસનારાયણ બેઠા છે ત્યાં ચાલી. જતાં જતાં અંબેને વિચાર આવ્યો, અરે, પરપુરુષ પાસે નગ્ન સ્વરૂપે જતાં શરમાવા જેવું છે. અને આખા શરીરમાં શરમ છે તે બે આંખની છે માટે નેત્ર મીંચીને જાઉં તો મને શરમ લાગે નહિ. એવું વિચારીને વ્યાસજીના એકાન્તમાં પેઠી તેવાં જ પોતે પોતાનાં બે નેત્ર મીંચી દીધાં. ને વ્યાસજીના સનમુખ જઇ ઊભી રહી, એટલે વ્યાસજીએ તે અંબેને નખથી તે શીખા સુધી નીરખી. પછી પોતે બોલ્યા, જા બાઈ, તને એક પુત્ર થશે પણ તે બે આંખે અંધ થશે. શાથી કે તું નેત્ર મીંચીને આવી માટે અંધ થશે. એવાં વેદવ્યાસનાં વચન સાંભળીને અંબે બોલી, અરે મહારાજ લ્યો મારાં નેત્ર ઉઘાડી નાંખું. ત્યારે વ્યાસજી બોલ્યા, જારે બાઈ; એ તો જે થનારું હતું તે થઈ ગયું, એટલે અંબે નારી ઘણો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2.

પસ્તાવો કરતી વસ્ત્ર પહેરી બહાર નીકળીને પોતાની સાસુજી પાસે ગઈ. ત્યારે મચ્છગંધાએ પૂછ્યું, કેમ વહુ,તું પુત્ર લાવી ? અને લાવી તો કેવો લાવી?ત્યારે અંબે નારી રડી પડી ને કહેવા લાગી, અરે સાસુજી, ક્ષમા કરજો, મારી ઘણી ભૂલ થઇ. હું નેત્ર મીંચીને ગઇ, તેથી મને અંધ પુત્ર આપ્યો, એવાં અંબેનાં વચન સાંભળી મચ્છગંધાએ પોતાના લલાટે હાથ મૂકયો ને કહ્યું, જારે બાઈ, છેવટ જતાં કરમ ફોડી નાંખ્યું ને આંધળો જ પુત્ર લાવી,એ આંધળું છોકરું રાજ્ય શું કરશે ? તે લાકડી લઈ ભીંતે ભીંતે ભટકાઈ મરશે. વળી વહુ ત્યારે આંધળું દળે કે ગાય, બીજું કારજ કાંઇ ન થાય. એમ કહી અંબિકાને કહ્યું, અરે વહુ, હવે તું જા ને જોઉં જો તું કેવો સારો પુત્ર લાવે છે, એટલે અંબિકા કહે, અરે સાસુજી, હું કાંઈ મૂરખ નથી કે અંબેના જેવો પુત્ર આંખો મીંચીને લાવું. એમ કહી પોતે સ્નાન કરી નગ્નસ્વરૂપે વ્યાસના સ્થળે જતાં વિચાર કર્યો કે હું ઘણો જ સુંદિર પુત્ર લાવું. એમ સમજી આખે અંગે કેસરનું ચંદન ચોળી લીધું પછી આનંદ પામતી વ્યાસજીના સ્થળમાં જઈ સનમુખ ઊભી રહી, એટલે વ્યાસજીએ નખથી તે શીખા સુધી નીરખીને કહ્યું, જા બાઈ, તને પુત્ર થશે, પણ તું કેસરચંદન ચોળીને આવી માટે પીંડરોગીઓ પુત્ર થશે, ત્યારે અંબિકા કહે, અરે મહારાજ,કહો તો હું ચંદન ધોઇનાખું;ત્યારે વ્યાસજી બોલ્યા; એ તો થનાર વસ્તુ થઇ ગઈ હવે એમાં કાંઇજ ફેરફાર થાય નહિ.એટલે અંબિકા ઘણો પસ્તાવો કરતી વસ્ત્ર પહેરી સાસુજીની પાસે ગઈ. મચ્છગંધા કહે. અરે વહુ,: તું કેવો પુત્ર લાવી ? અંબિકા કહે, અરે સાસુ ક્ષમા કરજો હું ઘણી ડાહી તે ઘણી ખરડાઈ. મેં મારું ડહાપણ કરીને સારો પુત્ર લાવવાની આશાએ કેસરચંદન મારે શરીરે ચોળીને હું ગઈ તેથી મને પીન્ડરોગીઓ પુત્ર આપ્યો. ત્યારે મચ્છગંધા ઘણી જ કલેશ કરવા લાગી અને કહ્યું, એક આંધળું લાવી, ને બીજી રોગિયું લાવી,અરેરે એક પુત્ર રાજ્યસભા ભોગવે તેવો લાવી નહિ પછી વિચિત્રવીર્યની રાખ્ય દાસી જે વિદુરા નામની છે તેને કહ્યું, અરે બાઇ, હવે તું જા જઈને સારો પુત્ર લઇ આવ. એટલે વિદુરા દાસીએ જઇ સ્નાન કર્યું ને વિચાર કર્યો કે પેલી બે જણીઓનાં કરતાં હું સારો પુત્ર લાવું. એમ સમજી પોતે સ્નાન કરી નગ્નસ્વરૂપે હરિ ભજન કરતી કરતી વ્યાસજીને સ્થળે ગઈને તે નશરમી થઇ હરિ સ્મરણ કરતી સનમુખ ઊભી રહી, એટલે વ્યાસજીએ નખથી તે શીખા સુધી નીરખી કહ્યું, કે જા બાઇ તને પુત્ર થશે પણ પૂરણ ભક્ત થશે. ત્યારે વિદુરા દાસી રાજી થતી વસ્ત્ર પહેરીને સાસુજી પાસે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગઈ. એટલે-મચ્છગંધા કહે, અરે વહુ, તું કેવો પુત્ર લાવી? ત્યારે વિદુરા કહેઅરે સાસુજી, હું તો ભગત દીકરો લાવી, ત્યારે-મચ્છગંધાએ કપાળ પર હાથ મૂકયો ને કહ્યું, જારે ભૂંડી કુવો વંઠયો કે કબૂતર પેઠું ને કાયા વંઠી કે કાળિયું પેઠું ને ઘર વંઠયું કે ભગતડું પેઠું. માટે તું પણ પુત્ર સારો લાવી નહિ. એવામાં એકાં-તમાંથી ઉઠીને વ્યાસજી મચ્છગંધાની પાસે આવ્યા અને બોલ્યા, કેમ માતાજી તમારા મનની ઇચ્છા પૂર્ણ થઈ! ત્યારે મચ્છગંધા કહે, મહારાજ, ત્રણ પુત્રો આપ્યા. પણ એકે પુત્ર જોઇએ તેવો આપ્યો નહિ. કેમકે એક આંધળો આપ્યોતે આંધળાને કોઇ કન્યા દેવાનું નહિ, તેમ બીજો પીન્ડરોગીઓ આપ્યો તેરોગીષ્ટથી વંશ રહેવાનો નહિ, ને ત્રીજો ભક્ત આપ્યો તે પોતે જ ગ્રહસ્થાશ્રમ માંડવાનો નહિ. એ રીતે ત્રણ પુત્રો છતાં વંશ જશે એવું મને નિશ્ચય ભાસ્યું.

માતાનાં વચન સાંભળી વેદવ્યાસજી બોલ્યા, અરે માતાજી. જે આ તમારો મોટો પુત્ર આંખે અંધ થશે. તેનું નામ ધ્રુતરાષ્ટર પાડજો, એ જ પુત્ર રાજય રૂડે પ્રકારે ચલાવશે ને એને એકસો પુત્ર થશે બીજો પુત્ર પીંડરોગીઓ એનું નામ પાન્ડુ રાજા પાડજો. એ પ્રારબ્ધી અને પરાક્રમી થશે અને તે સર્વ દેશ જીતી આવશે ને એનાથી તમારું ઘર જ્ઞાતિ બહાર છે તે જ્ઞાતિમાં પેસશે ને જ્ઞાતિમાં તમે ઉત્તમ કુળમાં ગણાશો ને વળી એ પાન્ડુ રાજાને બે સ્ત્રીઓ થશે ને એને પાંચ પુત્ર થવાના તે મહા પરાક્રમી થવાના. હવે આજે ત્રીજો પુત્ર વિદુરાને થશે તેનું નામ વિદુરજી :પાડજો. એ વિદુર મહા ભક્તિવાન થશે તેને એક સ્ત્રી મહા પવિત્ર મળશે. ને એ વિદુરની ભક્તિ વડે તમારી ઇકોતેર પેઢી સદગતીને પ્રાપ્ત થશે. એવાં વ્યાસજીનાં વચન સાંભળી મચ્છગંધાએ પ્રસન્ન થઈને કહ્યું, વાહવાહ મહારાજ, મને મનવાંછિત ફળ આપ્યાં. ત્યારે વ્યાસજીએ જવાની આજ્ઞા લીધી ને વ્યાસજી ત્યાંથી અંતરધ્યાન થયા એવે સમે વ્યાસજીનાવરદાને કરી ત્રણે સ્ત્રીઓનેગર્ભરહ્યા.

દસ માસ થયા. એટલે પ્રથમ અંબે નામની સ્ત્રીને પુત્ર પ્રગટ થયો. તે મહા કાન્તિવાન અને ગૌર વરણ પણ બેઉ નેત્રે અંધ હતો, તેનું નામ ધ્રુતરાષ્ટર પાડયું. એવામાં બીજી સ્ત્રી અંબિકાને પુત્ર થયો, તેનું નામ પાન્ડુ રાજા પાડયું એમ કરતાં ત્રીજી સ્ત્રી વિદુરાને પુત્ર થયો તેનું નામ વિદુરજી પાડયું. એ ત્રણ પુત્રોની પ્રાપ્તિ થઈ તેથી તે મચ્છગંધાને આનંદ ઉપજયો. એ નાના નાના ત્રણે પુત્રોને ઉછેરે છે જે દિવસે દિવસે વૃદ્ધિ પામે છે. એમ કરતાં તે ત્રણે પુત્રો પાંચ વર્ષની ઉંમરના થયા એટલે તેમનો પિતા વિચિત્રવીર્ય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ક્ષય રોગથી મરણ પામ્યો તેથી ભીષ્મજીએ ઘણો કલેશ કર્યો. અને તેની ક્રિયા કરી. પછી ભીષ્મજીએ રાજ્યસભામાં રાજગાદીની પાસે બેસી રાજ્યકારભાર ચલાવવા માંડયો. અને ત્રણ પુત્રોને હાથ લીધા.

તેમાંથી ધૃતરાષ્ટર આંધળાને મુખપાઠે રાજ્યવિદ્યા ભણાવી અને પાન્ડુ રાજાને બાણવિદ્યા ભણાવી અને જે વિદુરજી છે તેમને તે ભણાવતા તે સહેજસાજ ભણ્યા ને કેવળ ભગવાનની ભક્તિજ કરવા લાગ્યા. એ રીતે ત્રણે પુત્રો અગિયાર અગિયાર વર્ષના થયા એટલે ભીષ્મપિતાએ ત્રણે પુત્રોને જનોઈ દીધી. તે પછી ભીષ્મપિતાએ જે મોટા ધૃતરાષ્ટર તેને ગાદીએ બેસાડયો, તેથી તેણે રૂડે પ્રકારે રાજ્ય ચલાવવા માંડયું. એટલે ભીષ્મપિતાએ પાછી એકાન્ત લીધી. એ રીતે હસ્તિનાપુરનો વહીવટ ચાલ્યો, પણ હસ્તિનાપુર નાત બહાર છે તેથી તેમને કોઇ કન્યા દેતું નથી. તેમાં જે પુત્ર મોટા ધૃતરાષ્ટર છે તેને પહેલી કન્યા મળવી જોઇએ, તેને પહેલી કન્યા મળી તે મળી તેની કથા કહું છું તે સાંભળજો.

વિશ્રામ દશમો

પહેલી કન્યા કઈ મળી, તેની કહું કથાય;
વ્યાસ વલ્લભ વાણી વદે, સુણજો સૌ શ્રોતાય.

હવે વૈશમપાયન ઋષિ જનમેજયની પ્રત્યે કહેવા લાગ્યા, હે જનમેજયરાજા, જે મોટા પુત્ર ધૃતરાષ્ટર તેને પ્રથમ કઈ કન્યા મળી તે તું સાંભળ. ગાન્ધાર દેશનો ગાન્ધર નામનો રાજા હતો તેને બે સ્ત્રીઓ હતી પણ પેટ પ્રજા નહોતી તેથી તે ગાન્ધારરાજાએ જઇ શિવજીનું તપ કર્યું, તેથી શિવજી શ્રાવણ માસમાં સોમવારે પ્રસન્ન થઈ પ્રગટ થયા ને આવી ગાન્ધારને કહ્યું, અરે ગાન્ધાર રાજા તું માગ્ય, તું જે માગે તે આપું. ત્યારે ગાન્ધાર કહે, અરે મહારાજ, મને એક પુત્ર આપો, ત્યારે શિવજીએ કહ્યું કે જા એક પુત્ર થશે પણ પુત્રનું નામ સસા ઉપર પાડજે કેમ કે હું શ્રાવણ માસમાં ને સોમવારને દિવસે પ્રસન્ન થયો માટે ત્રણ સસા ભેગા થયા તેથી સસા ઉપર નામ પાડજે. એમ કહી શિવજી અંતરધ્યાન થઈ ગયા, પછી ગાન્ધાર રાજા ઘર ભણી ચાલ્યો એટલે એની પૂંઠે શિવજીનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નંદીઓ (પોઠીઓ) ગયો ને કહ્યું, અલ્યા ગાન્ધાર. તને મારા શિવજીએ શું વરદાન આપ્યું ? ત્યારે ગાન્ધાર કહે, મને શિવજીએ એક પુત્ર આપ્યો. ત્યારે નંદી, કહે, જા ભાઇ, તારે ઇચ્છા હોયતો હું તને એક પુત્રી આપું. ત્યારે ગાન્ધાર કહે, નંદીજી, પુત્રી આપો તો ઘણું સારું.મારે દહીં ને દૂધ બેઉ થયા. ત્યારે નંદી બોલ્યો, જો ભાઇ, પુત્રી આપું તો ખરો પણ તે પુત્રી પાંચ વર્ષની થાય એટલે મારી સાથે પરણાવે તો તને પુત્રી થાય એવું વરદાન આપું. ત્યારે ગાન્ધાર કહે, વૃષભજાતિ પશુ છો, તેમ છતાં તમારે આવું લગ્ન કરવાનું કારણ શું ત્યારે નંદી બોલ્યો મને મારાં પાર્વતી માતા રોજ કુંવારો કુંવારો કહે છે. માટે મારે લગ્ન કરવામાં ફક્ત કોઇ કન્યાનો હસ્તમેળાપ કરવો એટલું જ કામ છે, એટલે મારે કુંવારામેણું ઉતારવું છે. ત્યારે ગાન્ધાર રાજાએ વિચાર કર્યો, અત્યારે હા કહું અને એ જે વેળા પરણવા આવશે તે વેળા મારીને કાઢી મૂકીશું. એમ સમજી ગાન્ધાર કહે, ભલે પાંચ વરસની કન્યા થાય એટલે સુખરૂપે પરણવા માટે આવજો, ત્યારે નંદીઓ બોલ્યો. હે કૈલાસપતિ, તમે મારા ઉપર સવારી કરો છો તેમાંનું પાંચ વરસનું પુન્ય આડે આવજો ને આ ગાન્ધરને એક પુત્રી થજો એમ કહી વરદાન આપી નંદીઓ પાછો ગયો ને ગાન્ધાર પોતાને ઘેર ગયો, તે પછી વરદાનના પ્રતાપે ગાન્ધારની બેઉ સ્ત્રીને પેટ ગર્ભ રહ્યો, તેથી દસ માસે એક સ્ત્રીને પેટ પુત્ર થયો ને બીજીને પેટ પુત્રી થઈ તેથી ગાન્ધાર પ્રસન્ન થયો ને એણે બ્રાહ્મણને પૂછી પુત્રનું નામ શકુની પાડયું, ને પુત્રીનું નામ ગાન્ધારી પાડયું, પછી તે બંને બાળકો ઉછરે છે એમ કરતાં કરતાં પુત્ર ને પુત્રી પાંચ પાંચ વરસનાં થયાં, ત્યાં પેલો જે મહાદેવજીનો નંદીઓ દિવસ ગણી રાખતો હતો તેણે જાણ્યું કે કન્યા પાંચ વર્ષની થઈ એવામાં એક દિવસ પાર્વતી બોલ્યાં અરે રડયો કુંવારા,તું સદા કુંવારો જ રહેવાનો.ત્યારે નંદી કહે, અરે માતાજી, જયારે ને ત્યારે તમે મને કુંવારો કુંવારો કહો છો માટે લાવો આજ મારાં શીંગડાં રંગો,મને ઝાંઝરીઓ ને શીંગડીઓ પહેરાવો.જુઓહું આજ જઇનેપરણીઆવું. ત્યારે પાર્વતી હસતાં હસતાં ઊભાં થયાં ને નંદીની શીંગડીઓ રંગી, ઝાંઝર, શીંગડીઓ પહેરાવી જરીનો હોડો ઓરાડી નંદીના કપાળમાં કંકુનો ચાંલ્લો કરી કહ્યું, જા પરણી આવ. જો તું પરણ્યા વિના પાછો આવીશ તો મારા ઘરમાં નહિ પેસવા દઉં, એટલે નંદી કહે, સારું માતા. એમ કહી પોતે છુમછુમ કરતો ગાન્ધાર દેશમાં ગાન્ધાર રાજાની સભામાં ગયો, ત્યાં જઈ ગાન્ધારને કહ્યું, અરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અરે ગાન્ધાર રાજા, પેલું બોલેલું વચન પાળી મને પરણાવો, હું પરણવાને આવ્યો છું, એવાં નંદીનાં વચન સાંભળી ગાન્ધારે નીચું જોઇ સેવકોને આજ્ઞા કરી જાઓ રે સેવકો, આ નંદી હેર મારી નાંખો. એટલે અનુચરો ડાંગ લાકડીઓ લઈ એકાએક મારવા લાગ્યા. તેથી નંદીઓ ત્રાસ પામીને નાઠો ને જઈ છાનો માનો પાર્વતી ન જાણે તેમ મહાદેવજીને મળ્યો, ધ્રુસકા મૂકી રડી પડયો; ત્યારે મહાદેવજી કહે, અલ્યા તું શા માટે રડે છે? ત્યારે નંદીઓ બોલ્યો, હે મહારાજ, જેવા તમે ભોળા તેવું હું તમારું વાહન ભોળું. તમે જે પેલા ગાન્ધારને વરદાનથી પુત્ર આપ્યો તેમ મેં એને વરદાનથી પુત્રી આપી. તે એવા ઠરાવથી કે તે પુત્રી પાંચ વરસની થાય એટલે મારી સાથે પરણાવે, મારે એમ કરવાનું કારણ કે મારી પાર્વતી માતા મને નિત્ય કુંવારો કુંવારો કહેતાં હતાં તેથી મેં મારી માતાજીનું મેણું દેવાનું ભુલાવવા સારું ગાન્ધારને પુત્રી થવા વરદાન આપ્યું તેથી તેને પુત્રી થઈને તે પાંચ વરસની થઈ એટલે હું પરણવા ગયો ત્યારે ગાન્ધારે એના સેવકોને આજ્ઞા કરી મારી કેડયો કુટી ભંગાવી, હવે હું શું મોં લઇને મારી પાર્વતી માતા પાસે જાઉં ? કેમ કે આજ હું પરણવા નીકળ્યો તેથી મારી પાર્વતી માતાએ મારાં શીંગડાં રંગ્યા, પૂછ રંગ્યું, મને ઝાંઝર પહેરાવ્યાં, શીંગડીઓ પહેરાવી, હોડો ઓઢાડી, કંકુનો ચાંલ્લો કરી મોકલ્યો ને મને એમ કહ્યું, જો તું પરણ્યા વિના પાછો આવીશ તો તને ઘરમાં નહિ પેસવા દઉં, તેથી હું તમારી પાસે છાનોમાનો આવ્યો છું.

નંદીઆનાં વચન સાંભળી મહાદેવજીએ ક્રોધાયમાન થઇ ભસ્મની એક મુઠી ભરી નંદીઆને અંગે લગાવી કહ્યું, જા, હવેથી તને કશું વાગશે નહિ ને વાગશે તો લાગશે નહિ, જા હવે જોર કરીને કન્યા પરણી આવ. એટલે નંદીએ મહા મસ્ત થઈ ઊંચું પૂછડું લઈ ગાન્ધાર રાજાની સભામાં જઈ કહ્યું, અરે ગાન્ધાર, તારી પુત્રી મને પરણાવ. ત્યારે ગાન્ધારે સેવકને આજ્ઞા આપી કહ્યું. ખડગથી એ નંદીઆને ઠેર મારો એટલે સેવકો ઉઘાડાં ખડગથી ઘા કરવા લાગ્યા, પણ તે ઘા નંદીઆને જરાએ લાગતા નથી પછી નંદીઆએ પોતાના બે શીંગડાં પૃથ્વીમાં ઘાલી મહાદેવજીનું નામ દઈ બળ કર્યું કે રાજાની સભા સહિત નગરી ઊંચી થઈ એટલે નંદીઓ બોલ્યો. તારું નગર ઉપાડીને સમુદ્રમાં નાખી આવું. ત્યારે ગાન્ધારે જાણ્યું, આ મારો વંશ કાઢશે ને નગર સહિત મને સમુદ્રમાં બોળશે. ગાન્ધારને એમ નિશ્ચય થવાથી બોલ્યો, અરે નંદીઆજી, ક્ષમા કરો મારા ઘરમાં ચાલો. જગતમાં કોઈ જાણે નહિ એવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રીતે તમને હું મારી પુત્રી પરણાવું. ત્યારે નંદીઓ બોલ્યો જા જા જીભના જુઠા ને વચનના વીલા, મારે કાંઈ દયાદાને તારી પુત્રી પરણવી નથી કે હું તારા ઘરમાં આવી છાનોમાનો પરણું. જો તારે જીવવું હોય ને તારે તારો વંશ રાખવો હોય તેમ નગર બચાવવું હોય તો તારા ઘરની બહાર મંડપ બાંધ,ગોરને બોલાવ. બૈરાં પાસે ગીતો મંગળ ગવરાવ ને મને પરણાવ. એટલે ગાન્ધાર કહે. જેમ કહો તેમ કરું છું પણ હવે મારી પૃથ્વીમાંથી શીંગડાં કાઢી લ્યો. ત્યારે નંદીએ પૃથ્વીમાં શીંગડાં કાઢી લીધાં. પછી ગાન્ધાર નંદીઆને પોતાને ઘેર લઈ ગયો; ત્યાં ઘરનાંને ગાન્ધારે વાત કરી એટલે ઘરનાં સર્વે રડવા કકળવા લાગ્યાં ને મંડપ બાંધી બ્રાહ્મણને બોલાવી નંદીઆને મંડપમાં બેસાડી ગાન્ધારી કન્યા બોલાવી ત્યાં પધરાવી. પછી ગોરે કલેશભેર લગ્ન ક્રિયાનું કાર્ય કરી નંદીઆની સાથે કન્યાનો હસ્ત મેળાપ કર્યો, એટલે નંદીઓ કહે, હવે મારે નથી પરણવું. કારણકે મારું પૂર્ણ લગ્ન થાય તો પછી આ કન્યાને બીજું કોઈ પરણે નહિ, માટે આટલેથી સર્વ લગ્નવિધિ બંધ રાખી મારે એક ચરણે મીંઢળ બાંધો એટલે હું ચાલ્યો જાઉં, ત્યારે બ્રાહ્મણે તે પ્રમાણે કરી નંદીઆને એક ચરણે મીંઢળ બાંધ્યું, એટલે નંદીઓ માહ્યરા-માંથી ઊઠી હરખભેર ચાલ્યો ગયો, તે જઈ પાર્વતી માતાને ચરણે લાગ્યો. જુઓ પાર્વતી માતા, હું પરણી આવ્યો. એટલે પાર્વતી હસીને બોલ્યા, જા ભાઇ, હવે તને કુંવારો નહિ કહું. એ રીતે નંદીઓ પરણી આવ્યો, હવે જે ગાન્ધારની પુત્રી ગાન્ધારીને નંદીઓ (આખલો) પરણી ગયો તે વાત દેશદેશાંતર ફેલાઈ ગઈ.

ગાન્ધાર રાજા પોતાની રાણીઓ સાથે બેઠો હતો ત્યાં રાજાએ પ્રધાનને તેડાવ્યો ને કહેવા લાગ્યો, અરે પ્રધાન, આપણી પુત્રીને આખલો પરણી ગયો. હવે આ કન્યા કોઈ પરણશે નહિ માટે તેનું કેમ કરવું ? ત્યારે પ્રધાન બોલ્યો, અરે મહારાજ, હજી આ વાત બધે ફેલાઈ ગઈ નહિ હોય, માટે ગમે તેવો કોઈ ક્ષત્રીપુત્ર લાવી એકદમ કન્યા પરણાવી દો, જો આ વાત ફેલાઈ જશે પછી આ કન્યાને કોઈ પરણવાનું નથી. ત્યારે ગાન્ધાર રાજા બોલ્યો, અરે પ્રધાન, તમે જ્યાં ફાવે ત્યાં જઇને કુળ, અકુળ, વૃદ્ધ, યૌવન કે બાળક જોવા રહેશો નહિ ને એકદમ વિવાહ કરી પરણવાને સારુ કોઈ ક્ષત્રીપુત્રીને લઈ આવો. વળી પરણનારો જેટલું માગે તેટલું આપવા કબૂલ કરજો. એમ કહી પોતાના પ્રધાનને વર શોધવાને મોકલ્યો. તે પ્રધાન દેશદેશાંતર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ફરવા લાગ્યો જ્યાં તે જાય ત્યાં કન્યા પરણવાની ને મોં માગી પહેરામણી આપવાની વાત કરે ત્યારે જેને તે એમ પૂછે કે તે કન્યા કોની પુત્રી ? ત્યારે પ્રધાન ગાંધારની પુત્રી કહે કે સર્વ એમ જ બોલે કે એ કન્યાને તો આખલો પરણી ગયો છે માટે તે કન્યા જોઇએ નહિ, એમ કહી બધા પ્રધાનને પાછો કાઢે. તેથી પ્રધાન દેશોદેશ રખડીને પાછો આવ્યો. ત્યારે ગાંધારે તેને પૂછ્યું કહો ભાઈ,કેમ થયું ? ત્યારે પ્રધાન કહે, હે મહારાજ, વાત તો વાયરો લઇ ગયો. આ વાત કોઇ સ્થળે છાની રહેતી નથી. તેથી કોઈ આ કન્યાને પરણવાનું હા કહેતું નથી,ત્યારે ગાંધાર રાજા કહે.અરે પ્રધાન, દીકરો કુંવારો રખાય પણ દીકરી કુંવારી રખાય નહિ, વળી પુરુષ કુંવારો રહ્યો સાંભળ્યો છે. પણ કોઇ સ્ત્રી કુંવારી રહી સાંભળી નથી માટે ગમે તેમ કરો પણ આ પુત્રીને પરણાવાનું કરો, ત્યારે પ્રધાન બોલ્યો, જુઓ મહારાજ, તમને ખોટું લાગે નહિ તો એ વાત કહું .ત્યારે ગાંધાર કહે,અરે ભાઇ જરાએ ખોટું નહિ લાગે,જે કહેવું હોય તે કહો,ત્યારે પ્રધાન કહે,જુઓ મહારાજ,હાલ હસ્તિનાપુર ક્ષત્રીની નાતથી નાત બહાર છે.ત્યાં પેલા ગાંગેવના ઓરમાન ભાઇના ત્રણ દીકરાછેતેમાં મોટો દીકરો જે રાજ્યગાદીએ બેઠો છે તે આંખે અંધ છે, તેથી તેને કોઈ કન્યા દેનાર નથી તેમ આપણી કન્યા કોઇ લેનાર નથી તેથી જો તમારી ધ્યાનમાં આવે તો તે આંધળા સાથે વિવાહ કરી આવું. ત્યારે ગાંધાર કહે અલ્યા ભાઇ એ વાત બરોબર છે, એને કન્યાની ગરજ હશે માટે જાઓ જઇ તે જેમ કહે તેમ કબૂલ કરીને વિવાહ કરી આવો,રાજાએ રજા આપી એટલે પ્રધાન રથમાં બેસી હસ્તિનાપુર ગયો ત્યાં જઇ ગાંગેવજી જ્યાં મચ્છગંધાના મહેલમાં છે ત્યાં તેમની પાસે આવ્યો,ત્યારે ગાંગેવજીએ માન દઈ બોલાવી બેસાડયો ને કહ્યું,પધારો કેમ આપનું પધારવું થયું ? ત્યારે પ્રધાન બોલ્યો. તમારા મોટા પુત્ર જે ધૃતરાષ્ટ્ર છે તેમનો વિવાહ કરવાની વાત કરવા આવ્યો છું. ત્યારે ગાંગેવજી કહે, ભલે કોણ દેશની, કીયા રાજાની કન્યા છે ? ત્યારે પ્રધાન કહે,ગાંધાર દેશના ગાંધાર રાજાની પુત્રી ગાંધારી કન્યાની વાત છે. ત્યારે ગાંગેવજી કહે, ના રે ભાઈ, એ કન્યાને તો આખલો પરણી ગયો છે, અમારાથી તો આખલાની વશકન્યા લેવાય નહિ. ત્યારે ગાંધારનો પ્રધાન બોલ્યો, અરે મહારાજ, તમારું ઘર નાત બહાર છે તેમ તમારો દીકરો આંખે અંધ છે તેને કન્યા કોણ દેનાર છે ? એમ વિચાર કરીને આ વિવાહ કબૂલ કરો, ત્યારે ગાંગેવે વિચાર્યું કે વાત તો ખરી. સમે વરતે સાવધાન. એમ સમજી ગાંગેવ કહે, અરે ડાહ્યા પુરુષ,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કોઈ વિદ્વાન વિપ્રને પૂછીને કબૂલ કરીએ. કેમ કે અમે નાતબહાર છીએ, કાંઇ જાત બહાર નથી, માટે જો કાંઇ પણ ધર્મશાસ્ત્રને આધારે જરાપણ રસ્તો નીકળતો હોય તો એમ કબૂલ થઈશું. એમ કહી વિદ્વાન વિપ્રોને બોલાવી પૂછયું કે એક કન્યાને આખલો પરણી ગયો પણ તેણે ફક્ત હસ્તમેળાપ કર્યો છે મંગળ ફેરા કર્યા નથી.હવે એવી કન્યા હોય તો આપણા પુત્રને પરણાવાય કે નહિ ? એટલે વિદ્વાન વિપ્રોએ ધર્મશાસ્ત્રને અનુસરીને કહ્યું, એ પરણનારી અને તેને કન્યાદાન દેનારો, તે બેઉ જણ અડસઠ તીર્થની યાત્રા કરી આવે તો હસ્તગ્રહણનો દોષ નિવારણ થાય. પછી એ કન્યા લેતાં કાંઈ બાધ નથી.

કહી વિપ્રો વિદાય થયા, પછી ભીષ્મપિતાએ ગાંધારના પ્રધાનને કહ્યું, જુઓ ભાઈ, આ વિપ્રોએ કહ્યું તે પ્રમાણે ગાંધારી ને એના બાપ તે બંને યાત્રા કરી પાપમુક્ત થાય તો વિવાહ અમારે કબૂલ છે. એ રીતે વાતચીત કરી ગાંગેવ અને ગાન્ધારનો પ્રધાન બંને જણ વચનોથી બંધાયા. પછી પ્રધાન ગાંધાર દેશ ગયો ત્યાં જઈ ગાંધારને બધી વાત કહી ત્યારે ગાંધારે કહ્યું, ભલે બાપ દીકરી યાત્રા કરી આવીએ. એમ કહી બાપ દીકરી દ્રવ્ય આદિ લઇ યાત્રાએ નીકળ્યાં.તે સર્વ તીર્થયાત્રાઓ કરતાંકરતાં બેવરસે પરિપૂર્ણ અડસઠતીર્થ ફરી પાછા વળ્યાં. ઘેર જતાં રસ્તામાં કુંતલપુર નગરી આવી.તે નગરીનો કુન્તી-ભોજ નામનો રાજા છે, તે રાજાને કુંતા નામની પાળક પુત્રી છે તે પણ ગાંધારીના જેવડી છે, તે કુંતીભોજ રાજાએ ગાંધારને પોતાના નગર આવતો જાણ્યો તેથી કુંતીભોજ રાજા સામો જઈ ઘણા આદરથી પોતાને ઘેર મેમાન-ગતીએ તેડી લાવ્યો, ત્યાં કુંતા અને ગાંધારીને બહેનપણાં થઈ ગયાં, તેથી તે બેઉ જણ સાથે ને સાથે હરેફરે ને આનંદ કરે; એવામાં રાત્રી પડી એટલે સર્વને સુવાનો સમય થયો તે વખત કુંતા ને ગાંધારી બંને જણ કુંતા સુવાના સ્થળે એકાન્ત જઈ એક પથારીએ સૂઇ રહ્યાં, તે વખતે કુંતાએ ગાંધા-રીને પૂછયું, અરે બહેન, આ નાની ઉંમરમાં તું કેમ યાત્રાએ નીકળી ? ત્યારે ગાંધારી કહે; અરે બાઈ; મારા પેલા ભવના કર્મે કરી યાત્રાએ નીકળવું પડયું છે. ત્યારે કુંતા કહે, એવાં કર્મથી શું શું થયું તે તું મને કહે. ત્યારે ગાંધારી કહે, અરે બહેન,હું પાંચવરસની હતી ત્યારે મને મહાદેવજીનો નંદીઓ અડધું પરણત પરણી ગયો, તેથી હવે મને કોઈ વરતું નથી, તેથી મારા બાપે હસ્તિનાપુરના નાતબહારિયાને ઘેર આંધળા સાથે વિવાહ કર્યો છે તે પણ મારા વિવાહની વાત કબૂલ કરતા ન હતા. પણ કોઈ વિદ્વાને એવો રસ્તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કાઢી આપ્યો કે કન્યા ને કન્યાનો બાપ અડસઠ તીરથની યાત્રા કરી આવે તો એ કન્યા લઇએ, તેથી મારા બાપે તે વાત પણ કબૂલ કરી વિવાહ કર્યો, તેથી અમે બાપ દીકરી યાત્રાએ નીકળ્યાં હતાં, તે યાત્રા કરીને પાછા ઘરભણી વળ્યાં તેમાંથી તમારે ઘેર આવ્યા. પછી કુંતાજી કહે, હોય ભાઈ, જે કરમના લેખ હોય તે ભોગવવા પડે છે. હવે તો આપણે ઊંઘીએ, કારણ કે મારે વહેલા ઊઠવું છે, ત્યારે ગાંધારી કહે. અરે બાઇ, શા માટે વહેલાં ઊઠો છો ? ત્યારે કુંતાજી કહે, આજ છ માસથી અમારા ગામની ભાગોળે ગંગાત્રટે દુર્વાસા ઋષિ આવ્યા છે, તેમને મારા બાપે મુકામ બાંધી આપીને ત્યાં રાખ્યા છે, ને હું હમેશ વહેલી ઊઠીને તેમનું કામકાજ સેવા કરવા જાઉં છું. તો ઋષિ કાલે સવારે જવાના છે. ને તેમણે મને એમ કહ્યું છે કે તું વહેલી ઊઠીને આવજે, હું તને એક મંત્ર આપીશ તે તારા પરણ્યા પછી મંત્રસાધન કરજે એટલે તને એક સો પુત્ર થશે. માટે મારે વહેલા ઊઠીને જવું છે. ત્યારે ગાંધારી કહે, અરે બહેન, ત્યાં જઈને શું શું કામ કરવું પડે છે ? ત્યારે કુંતા કહે સેવાનાં વાસણ અજવાળીને એમનાં વસ્ત્ર ધોવાં એટલું જ કામ કરીને પછી આવું છું. એમ વાત કરી બેઉ જણે બોલવું બંધ કર્યું ને કુંતાજી તો તરત નિદ્રાવશ થઇ ગઈ, પેલી ગાંધારીને નિદ્રા આવી નહિ તે વિચાર કરવા લાગી કે આ કુંતાને બદલે વહેલી ઊઠીને હું દુર્વાસાની સેવા કરી મંત્ર લઇ આવું તો આગળ ઉપર હું સો પુત્રની માતા થાઉં. અને તેમ મારે કરવું જ જોઇએ. કેમ કે હું નાતબહારીઆને ઘેર પરણું છું, વળી સ્વામી આંધળો છે. તેથી હું પાકી વસ્તારણ થઇશ તો ત્યાં કાંક પણ મારી વેળા વળશે. એમ સમજી કુંતાને સુતી મૂકી પાછલી રાત્રી રહી એટલે છાનીમાની ગામ બહાર ગંગાત્રટે ગઈ ત્યાં એક મુકામ દીઠો તેથી એણે જાણ્યું કે એજ દુર્વાસાનો મુકામ છે, એમ સમજી આઘુ ઓઢીને ઋષિની સેવામાં જઈ પ્રથમ ઋષિનાં વાસણ અજવાળી આપ્યાં તે પછી ઋષિનાં વસ્ત્ર ધોઈ સુકવી દીધાં, તે પછી મોઢું ન દેખાય તેમ આઘું ઓઢી દુર્વાસાની પાસે બેઠી ને દુર્વાસાને કહ્યું, મને મંત્ર આપો. એટલે દુર્વાસાએ એક મંત્ર સો પુત્ર થવાનો મોઢે ભણાવ્યો, તે મંત્ર ગાંધારીને મોઢે થઇ ગયો, એટલે ગાંધારી આવું છું કહીને બહાર નીકળી નાઠી. તે જ્યાં કુંતાજી સુઇ રહી છે તેના ભેગી આવીને સુઇ રહી એટલે કુંતાજી ઝબકી ને જાગી ને જાણ્યું કે અહો હો મારી વખત થઇ ગઇ. એમ જાણી કુંતા એકાએક ઊઠીને નાઠી તે દુર્વાસાને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્થળે ગઇ. ત્યાં જઇ જોયું તો વાસણ અજવાળેલાંને વસ્ત્ર ધોયેલાં દીઠાં. એટલે કુંતાજીએ ઋષિને કહ્યું, અરેમહારાજ,આજ કેમ પોતાને હાથે કામ કરી લીધું? ત્યારે દુર્વાસા કહે, અરે દીકરી, તેં કામ કર્યું છે ને તું આમ કેમ બોલે છે? ત્યારે કુંતા કહે, નારે બાપજી, હું તો હમણાં ચાલી આવું છું, ત્યારે દુર્વાસા કહે, જારે ગાંડી, જૂઠું શામાટે બોલે છે? તેં કામકાજ કરીને પછી મારી પાસેથી મંત્ર પણ શીખી. ત્યારે કુંતા કહે, અરે મહારાજ; મને મંત્ર આપવો નહિ હોય તેથી તમે આડું બોલો છો. એટલે દુર્વાસાને મનમાં વિચાર આવ્યો કે આ છોકરી કદી જૂઠું બોલે તેવી નથી ને આજ આમ કેમ બોલે છે? શું એને વિશેષ મંત્ર લેવાની ઇચ્છા હશેકે કેમ તેમ છતાં જોઉં કે આ કેમ છે? એમ સમજી દુર્વાસાએ સમાધી ચઢાવી જોયું તો ગાંધારી કુંતાને બદલે મંત્ર લઇ ગઈ એમ જણાયું. પછી સમાધી ઉતારી દુર્વાસા બોલ્યા, અરે બહેન, તું રડતી નહિ ને સાચું બોલજે, આજે નવી બહેનપણી કોણ થઈ છે? તે જ તને સુતી મૂકીને તારે બદલે આવી તેણે કામકાજ કર્યું ને તે જ સો મંત્રનો મંત્ર લઇ ગઈ. ત્યારે કુંતાજી કહે, મહારાજ, ખરી વાત છે. ગાંધાર રાજાની પુત્રી ગાંધારીએ મને બધી વાત પૂછી લીધી હતી. તેથી એજ કપટ કરી-મંત્ર લઇ ગઇ; પણ હે બાપજી, કોક લઈ ગઇ તેમાં હું શું કરું? એ એક દિવસની સેવાની કરનારીને સો પુત્ર આપ્યા તો છ માસની સેવા કરનારીને દસવીસ હજાર પુત્ર થાય એવો મંત્ર આપો. એટલે દુર્વાસાએ વિચાર્યું, આ કુંતા છોકરવાદમાં બોલે છે. પછી દુર્વાસા બોલ્યા. અરે બહેન, હવે તો મારી પાસે પાંચ મંત્ર છે, જો તું કહેતી હોય તો તે પાંચ મંત્ર તને આપું. ત્યારે કુંતાજી કહે, હે મહારાજ,તેપાંચમંત્રના પાંચસો પુત્ર થશે? ત્યારે દુર્વાસા બોલ્યા, નારે બહેન, પાંચ મંત્રના પાંચ થશે. ત્યારે કુંતાજી રડવા લાગી,ને કહેવા લાગી, પેલી સો પુત્ર લઇ ગઇ ને હું પાંચ પુત્ર કેમ લઉં? ત્યારેઋષિ બોલ્યા, અરે કુંતા,તું પાંચ પુત્ર લે;તારા પાંચ પુત્રોને હાથે ગાંધારીના સોએપુત્રમરશે. એટલે કુંતાજીએ રાજી થઇને કહ્યું મને એવા જ બધા પુત્રોના મંત્ર આપો. એટલે દુર્વાસાએ ૧ મંત્ર સૂર્યનો ૨ યમરાજાનો ૩ વાયુનો ૪ ઇંદ્રનો ૫ અશ્વનીકુમારનો એ રીતે પાંચ મંત્રો ભણાવ્યા, પછી દુર્વાસા ત્યાંથી ઊઠી વનને વિષે ચાલ્યા ગયા, અને કુંતાજી પોતાને ઘેર આવી, ગાંધારીના ઉપર આંખો કાઢવા માંડી ને કહ્યું, જોજોને, તું મને છેતરી સો દીકરા લઇ આવી છે, પણ હું પાંચ દીકરા લાવી છું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે મારા પાંચમાંનો ગમે તે એક દીકરો તારા સોએ દીકરાને મારશે એવું મને દુર્વાસાએ વરદાન આપીને પાંચ મંત્ર આપ્યા છે. એ વાત ગાંધારીએ કાળજે લખી રાખી. પછી તેણે પોતાના પિતા ગાંધારને કહ્યું, ચાલો હવે તો ઘેર જઇએ. ત્યારે પિતા પુત્રી કુન્તીભોજ રાજાનીરજા લઇ નીકળ્યાં તેપોતાને ઘેર ગયાં, પછી ગાંધારેહસ્તિનાપુર કહેવડાવી મોકલ્યું, હે ગાંગેવજી, તમે તમારા પુત્ર ધૃત્રાષ્ટરનો વરઘોડો ચડાવી જાન લઇને આવજો.

સંદેશો પહોંચવાથી ગાંગેવજી વરઘોડો ચડાવી જાન લઈ ધૃત્રાષ્ટરને પરણાવવાને ગયા. ત્યાં ગાંધાર રાજાએ કન્યાદાન દઈ પહેરામણી આપી કન્યાને વળાવી હસ્તિનાપુર મોકલ્યાં, પછી તે ગાંધારીને પિયર જવાનું બંધ થયું. કેમ કે નાતબહારીઆને પરણી, હવે એ ગાંધારી ત્યાં સાસરે રહી તેથી ધૃત્રાષ્ટરનો ને એ ગાંધારીનો જીવ એક થઈ ગયો.

વિશ્રામ અગિયારમો

એ કથા રહી એટલે, સુણજો સહુ શ્રોતાય;
કુંતા કુંતલપુરમાં, તેની વલ્લભ કહે કથાય.

હવે જે કુંતાજી કુંતલપુરમાં રહી છે તેને જે દુર્વાસાએ પાંચ પવિત્ર મંત્રો આપ્યા છે પણ તે મંત્રો પોતાની બાળકબુદ્ધિથી સત્ય લાગતા નથી. દુર્વાસાએ આ મંત્રો સાચા આપ્યા કે જૂઠા આપ્યા હશે ? ખરું જોતાં દુર્વાસાના મંત્રો સાચા જછે, પણ સ્ત્રી ગમે તેવી ડહાપણવાળી હોય પણતેનીબુદ્ધિ પગની પાની સુધી હોય એમ જગતમાં ગણાય છે માટે પોતાને તે વાત વહેમ પડતી જણાઇ આવી; અને તે વાતની અજમાયશ કરવા માટે કુંતાજી યમુના તીરે નહાવા સારું ગયાં, ત્યાં નિરાંતે સ્નાનકરીને પેલામંત્રોમાંથીસૂર્યનો મંત્ર લીધો અને તે મંત્રનું આરાધન કરવાનું શરૂ કર્યું. કહેવત છે કે મંત્ર આધીન દેવતા, તેથી સૂર્યદેવે અશ્વના કર્ણમાંથી એક સુંદર પુત્ર કુંતાજીના ખોળામાં મૂકયો. કુંતાજી વિસ્મય પામ્યાં કે હું આ વાત તદ્દન વહેમ પડતી માનતી હતી પણ આ મંત્રો સાચા છે. એમ પોતે વિસ્મય પામી મનમાં વિચારતાં સમજાયું કે હું કુંવારી છું. અને મારે પુત્ર થયો. માટે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારા પિતાજી મને વઢશે અને ઠપકો દેશે. એ પ્રકારે દિલગીર થઈ. હવે મારી શી વલે વશે, અને હું કયાં જાઉં, શું કરું ? ધરતી માતા મારગ આપે તો અંદર ઉતરી પડું એમ વિલાપ કરતાં કરતાં આંખોમાં ચોધારે આંસુ વહેવા લાગ્યાં. વારંવાર સૂર્યને અરજ કરે છે કે મહારાજ આ પુત્રને હમણાં પાછો લ્યો; કારણ કે મારો પિતા આ વાત સાંભળતાં મને તરત ગરદન મારશે અગર મારી આબરૂ જશે, પણ સૂર્ય તે પુત્રને પાછો કેવી રીતે લે ? કુંતાજીને ખબર નથી, પછી કુંતાજી હિંમત લાવી રુદનને સ્થંભાવી પોતે તે પુત્રને નદી પાસે એક સુંદર લીલું જાળુ, હતું તે જાળામાં સંતાડીને કુંતલપુરમાં આવ્યા.

ત્યાં આવી પોતે ઘણી જ સુંદીર અને સુશોભીત સોનાની પેટી જાળીઓ સહિત બનાવરાવી નદી ઉપર આવ્યાં અને તે પુત્રને જાળમાંથી ધીમે રહીને ઉંચકી લઇ નિરાંતે પેટીમાં સુવાડયો, તે પેટીને બરોબર બંધ કરી છોકરાને બિલકુલ ઇજા ન થાય એવી રીતે હાથમાં ઝાલી યમુના નદીમાં તે પેટી પુત્ર સહિત તરતી મૂકી. ને યમુના માતાને કરગરી કહ્યું કે મારા સુતને સાચવજો અને કદાપિ મારો પુત્ર મરશે તો હું તમારામાં મારો ચર્ણ સરખો બોળીશ નહિ. એમ કહીને કુંતાજી કુંતલપુરમાં આવ્યાં. તે પેટી તણાતી તણાતી હસ્તિનાપુર ગઈ. એટલામાં ધૃત્રાષ્ટરની રાધે નામની દાસી નદી ઉપર જળ ભરવા માટે આવી હતી તેણે એ પેટીને તણાતી જોઇ; જોતામાં પોતાના બેડાં ભોંય પર મૂકી પોતાનાં લુગડાંનો કાછડો વાળી નદીમાં પડી અને પેટીને બહાર કાઢી, તે પેટી સોડિયામાં સંતાડી અને પોતાના મનમાં વિચાર કરવા લાગી, આ પેટીમાં જરૂર દ્રવ્ય હશે. જેથી કરીને મારાં સર્વે દુઃખ; દળદર નષ્ટ પામશે, આવું અનુમાન બાંધી વિચાર કરતી કરતી પોતાને ઘેર આવી; આવતાં પેટીને બરોબર તપાસ કરવા ઘરનાં બારણાં બંધ કર્યાં પેટી ઉઘાડી અંદર જોયું તો પુત્રને દીઠો, તે પુત્રને કાને કુંડળ, ક્રાંતિ ઘણી જ રમણીય અને પોતાનો જમણો અંગૂઠો મુખને વિશે ઘાલી ધાવતો હતો; આવું રાધે દાસીજોઇ વિસ્મય પામી વિચારવા લાગી કે આ વાત હું રાજ્યસભામાં જાહેર નહિ કરું તો વિઘ્ન થશે; કારણ કે હું જાણુતી હતી કે અંદરથી ધન નીકળશે પણ આ તો પુત્ર નીકળ્યો; એમ વિચારી તુરત રાજ્યસભામાં આવી ને તે પેટી સભામાં મૂકી, રાધે દાસી બોલી, હે મહારાજા, આજ હું પાણી ભરવા ગઇ હતી ત્યાં આ કનકની પેટી નદીમાં તણાતી જતી હતી, તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તણાતી જતી જોઇ. મેં તે પેટી હિંમત રાખી બહાર કાઢી, કારણ કે અંદર શું હશે તે હું જાણતી નહોતી; તે પેટી આપની પાસે હું રજુ કરું છું.

એટલામાં ભીષ્મજી ત્યાં સભા વિશે આવ્યા. વાત જાણી તેમણે પેટીનું બરણું ઉઘાડયું. ઉઘાડતાં જ આનંદ પામ્યા. કારણ કે તેમાં રૂપરૂપના અંબાર પુત્રને જોયો, ભીષ્મજીએ તુરત બ્રાહ્મણોને બોલાવ્યા અને પૂછવા લાગ્યા, હે બ્રાહ્મણો? આ પુત્ર કેવા નીવડશે તે અમને સંપૂર્ણ કહી સંભળાવો. બ્રાહ્મણ કહે છે, હે ભીષ્મ! પુત્રના ચર્ણ ઘણા જ લાભકારી છે. તેનું નસીબ ઘણું જ ઉત્તમ નીકળશે, ઘણો-જ બળવાળો, ગુણવાળો, ધર્મિષ્ટ, ગાય, બ્રાહ્મણનું પાલન કરનારો, અધિકાર વિરુદ્ધ કર્મ કરનારનો નાશ કરનારો થશે, અને તેનું નામ કરણ રાખો, ને તમારા ઘેર સુખરૂપે લઈ જાઓ, ભીષ્મજીએ તરત તે પુત્ર રાધે દાસીને સોંપ્યો. તું આ પુત્રને જાળવજે અને તું એમ જાણજે કે તારો પુત્ર છે. તું તેને રૂડી પ્રકારે ઉછેરજે.

આ વાતને દસ દિવસ વીત્યા પછી પાન્ડુ રાજાએ વિચાર કર્યો કે શું ક્ષત્રી પુત્ર છું માટે યુદ્ધ કરી દેશો જીતવા એ મારો ધર્મ છે. તેથી ભીષ્મને કહ્યું હે દાદા, મને રજા આપો ભીષ્મજીએ તરત રજા આપી અને કહ્યું, બેટા, સુખેથી પધારો અને મરજીમાં આવે તેટલુ સૈન્ય સાથે લઇ દેશો જીતી ઘેર વહેલા આવો. પાંડુએ આજ્ઞા લઇ ચાર ક્ષોણી સૈન્ય લીધું, અને ઉમંગથી તથા હિંમતથી ડંકા, નિશાન, આયુદ્ધ સર્વે સાહિત્ય સંગે લઈ પોતે યુદ્ધ માટે તત્પર થયો. વાજાંગાજાં તૈયાર થયાં, છત્ર-ચામર ઢોળાઇ રહ્યાં છે, છડીદાર છડી પોકારે છે. આવી મોટી ધામધુમથી પાંડુ રાજા દેશો જીતવા નીકળ્યો. ગામની ભાગોળે આવ્યો એટલે ગાયના શુકન ઘણા જ શ્રેષ્ટ જોઇ આનંદ પામ્યો, ત્યાંથી તુરત અંક દેશમાં ગયો અને ગામની બહાર પડાવ નાખ્યો. પોતાની પાસે સૈન્ય ઘણુ જ છે તેથી ઉતરવાની જગ્યા ઘણી જ ટૂંકી લાગી, પાન્ડુ રાજાએ અંક દેશના રાજાને યુદ્ધના સમાચાર કહાવ્યા કે ભીષ્મના ભત્રીજા યુદ્ધ માગે છે માટે લડવા ચાલો-અને યુદ્ધ કરવાની મરજી ન હોય તો દેશ લખી આપો, રાજાએ પાંડુ રાજાના શબ્દો સાંભળી વિચાર કર્યો કે ભીષ્મે સઘળા ક્ષત્રીને જીત્યા હતા. અને તે ગંગાનો પુત્ર ભીષ્મ ઘણો જ બળવાન છે અને પાંડુ તેનો ભત્રીજો છે તે પણ તેવો બળવાન હશે; એવું વિચારી તરત ભય પામી તેણે દેખ-પાંડુ રાજાને લખી આપ્યો અને કરગરી રહ્યું, મહારાજ, આ દેશ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુખેથી લ્યો, પછી પાંડુ ત્યાંથી વંક દેશ આવ્યો ત્યાંના રાજાએ પણ ભય પામી તુરત વંક દેશ લખી આપ્યો. જ્યાં ને ત્યાં દેશો જીતવા લાગ્યો. જ્યાં બળીયો રાજા હોય ત્યાં પોતે યુદ્ધ કરવા જતો નથી, પોતાના ભાગ્યનો ઉદય ઘણો જ સારો છે તેથી સઘળા દેશો જીતી બહાદુરીથી કુંતલપુર આવી પહોંચ્યો, પાંડુ રાજાએ સમાચાર કહાવ્યા, રાજાએ જાણ્યું કે પાંડુ રાજા ઘણા દેશ જીતી આવ્યા છે તેથી મોતીના થાળ ભરી વધાવી, વાજતેગાજતે, મોટી ધામધુમથી પાંડુનો સત્કાર કર્યો,અને પોતે કુંવારી કુન્તાને પાળી હતી તે કુંતાજીનું લગ્ન પાંડુ રાજાની સાથે કર્યું, કુંતાજીનું કન્યાદાન આપી પેટપુર પહેરામણી આપી બંને સ્ત્રી પુરુષને ઘણું જ સુખ આપ્યું, આનંદ લીધા પછી પાંડુએ મારવાડ શલ્લ રાજાની સાથે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો તેથી કુન્તીભોજે બન્ને સ્ત્રી પુરુષને મારવાડમાં વિદાય કર્યા.પાંડુરાજાએ મારવાડમાં આવી શલ્લ રાજાને સમાચાર કહાવ્યા કે પાંડુ રાજા હસ્તિનાપુરથી સૈન્ય લઇ લડવા માટે આવ્યા છે, માટે યુદ્ધ આપો નહિ તો દેશ લખી આપો. શલ્લ રાજા આ સાંભળી ભાગોળે પાંડુ રાજા ઉતર્યો હતો ત્યાં આવ્યો અને કહ્યું, હે પાંડુ રાજા, મારી બેન માદરી ઘણી જ સુંદર અને રૂપવાન છે તેથી તેનું લગ્ન તમે કરો, નહિ તો હું યુદ્ધ કરવા ખુશી છું. પણ આપણામાં માંહોમાંહ્ય વિરોધ થાય તે વાત ઘણી જ દુઃખદાયક થાય.

પાંડુએ વખત વિચારી હા પાડી એટલે શલ્લે તુરત પાંડુને તેની બેન માદરી હતી તે પરણાવી, કુંતાજી અને માદરી બન્ને કન્યાઓ લઇ પાંડુ રાજા હસ્તિનાપુર આવ્યા, ભીષ્મ, વિદુરજી તથા નાતવાળા સર્વે આ વાત સાંભળી આનંદ પામ્યા. દેશો જીત્યા અને વળી બે કન્યાઓ પરણી લાવ્યા; આથી પાંડુ રાજાનાં વખાણ થવા લાગ્યાં. ગાંધારી ને કુંતાજી દેરાણી જેઠાણી થયાં પણ ગાંધારી ઘણી જ દુષ્ટ હતી તેથી વિચાર્યું કે મારે કુંતાનુ સાલ છે પણ હમણાં બોલ્યા વિના બેસી રહેવું એમ નિશ્ચય કર્યો. સતી કુંતા તથા માદરી સંપીને રહેવા લાગ્યાં. તેમજ જેમ બને તે પાંડુની સેવામાં જ પોતાનો વખત નિર્ગમન કરવા લાગ્યાં.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ બારમો

એમ કરતાં બહુ દન ગયા, તવ પાંડુ રાજન;
વદે વલ્લભ એ સંચર્યો, મૃગિયા રમવા વન,

વૈશમપાયન ઋષિ જનમેજયને કહે છે. હે રાજા, સતી કુંતા તથા માદ્રી બન્ને સ્ત્રીએ પતિવ્રતધર્મ પાળી પતિની આજ્ઞા સદા પાળ્યા કરે છે એમ કરતાં કરતાં ઘણા દિવસ વહી ગયા પછી એક દિવસ પાન્ડુ રાજા મૃગિયા રમવા માટે વનમાં સંચર્યા, વનમાં એક વિઘ્ન થયું.

વૈશમપાય ઋષિ જનમેજય પ્રત્યે કહે છે, હે રાજા, એક બ્રાહ્મણ હતો તે બાર વર્ષે પરણ્યો પછી બાર વરસનું નીમ લઇ વનમાં તપશ્ચર્યા કરવા માટે ગયો. હવે પેલી સ્ત્રી મોટી થઈ એટલામાં ભોગજોગે આ સ્ત્રીનાં માતાપિતા ગુજરી ગયાં તેથી સાસરે રહેવાનું થયું, પણ તેનો પતિ તો વનમાં તપ કરવા ગયો છે. તેથી તેના કાકાજીના ઘેર રહેવું પડયું. તેના પતિના કાકા તથા કાકી ઘણા ખરાબ હતાં તેથી આ બિચારી સ્ત્રીને હંમેશ વનમાં લાકડાં વીણવા મોકલતાં તે હંમેશાં રુદન કર્યા કરે છે, પણ પતિ સિવાય ભીડ કોણ ભાગે ? એવામાં તેના પતિનું તપ પૂરું થવાથી તે ઘેર ચાલી નીકળ્યો, રસ્તામાં આ બાઈ લાકડાં વીણવા ગયેલી તે ભેગી થઈ. ભેગા થવાથી સ્ત્રી પુરુષ રાજી થયાં. પછી તે બ્રાહ્મણે કહ્યું; ચાલ ઘેર જઇએ, ત્યારે સ્ત્રી બોલી, હે પતિ મને ૠતુ આપો પછી ઘેર જઇએ. બ્રાહ્મણ બોલ્યો, દિવસે ગ્રહસ્થાશ્રમ કરવો એ પશુ પક્ષીનો ધર્મ છે, માટે મનુષ્યને દોષ લાગે છે તેથી ૠતુ તને ઘેર જઈ ખુશીથી આપીશ. પણ સ્ત્રીએ ઘણી જક્ક કરી તેથી તે બ્રાહ્મણે એક વરસના તપનું પુન્ય મૂકી જળ છાંટયું તેથી બંને મૃગ ને મૃગલી થયાં ને વિહાર કરે છે, એટલામાં પાંડુ રાજાએ તે મૃગને બાંધવાના હેતુથી એક બાણ મૂકયું. તે બાણ કમનસીબે મૃગને વાગ્યું ને તરત મરણ પામ્યો; ને દેહ છુટી મનુષ્યનો થયો અને મૃગલી છુટી સ્ત્રી થઈ.બ્રાહ્મણને મરેલો પડેલો જોઈ તે ઘણું જ રોવા લાગી. રાજા ત્યાં આવી પહોંચ્યો અને પૂછવા લાગ્યો. તમે કોણ છો ને કેમ આવ્યાં છો ? સ્ત્રી બોલી, હે રાજા, અમે બ્રાહ્મણ છીએ તેં આ બ્રહ્મહત્યાનું પાપ કર્યું.

આ સાંભળી પાંડુ ઘણો ગભરાયો.પણ શું કરે?સ્ત્રીનેકહ્યું,તમે મારી માતા છો ને હું પુત્ર છું. માટે મારે ઘેર ચાલો. સ્ત્રી બોલી,મારે પતિ મરી ગયો તેથી મારું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જીવવું વ્યર્થ છે. માટે મને મરવા માટે લાકડાં લાવી આપ. પછી રાજાએ લાકડાં ભેગાં કર્યાં, ચિતા ખડકી, સ્ત્રી પોતાના પતિને ઉછંગે લઈ બળી મરવા માટે તૈયાર થઇ. રાજાએ કહ્યું, હે માતા, મને શ્રાપ દો કે જેથી કરીને મારું પાપ નિવારણ થાય. આ સાંભળી તે બાઇએ કહ્યું, જારે મૂર્ખ ! કહી શ્રાપ આપ્યો. જેવું મારે થયું એવું તારે થશે. તારી સ્ત્રીને ૠતુ આપતાં તારો જીવ જશે. કહી તે સ્ત્રી બળી મુઇ.

રાજા નિરાશ થઇ વનમાંથી ઘેર આવ્યો, પાંડુનું શરીર બ્રહ્મહત્યા લાગવાથી શામ થયું હતું, ભીષ્મ, અંબિકા, કુંતા, માદરી સર્વે પાંડુને જોઈ દુઃખી થયાં. શરીર શામ થવાનું કારણ તે પૂછવા લાગ્યાં, રાજાએ કહ્યું, હું વનમાં મૃગિયા રમવા ગયો ત્યાં બે શ્રાપ થયા એક બ્રહ્મહત્યા થઇ ને બીજો શ્રાપ એવો છે કે સ્ત્રીને ૠતુ કરતાં મારો જીવ જાય. આ સાંભળી બધાં ઘણાં જ દિલગીર થવા લાગ્યાં. ભીષ્મે તુરત બ્રાહ્મણોને તેડાવ્યા ને પૂછયું, મહારાજ, આ બ્રહ્મહત્યા શાથી નિવારણ થાય ? બ્રાહ્મણો બોલ્યા, હે ભીષ્મ ! પાંડુ રાજાને તેર વરસ સુધી તીર્થયાત્રાએ મોકલો તથા વિધિ પ્રમાણે દાન કરાવો ત્યારે નિવારણ થશે. પાંડુ રાજાએ ભીષ્મની આજ્ઞા લઈ પોતાની સાથે ઘણું સૈન્ય રાખી તથા મોટી ધામધુમ સાથે યાત્રાએ જવાનું નક્કી કર્યું. કુંતા તથા માદરી તૈયાર થયાં. પાંડુએ પોતાની સાથે લઈ જવા તેમને ના પાડી. બંને સ્ત્રીઓ પૂછવા લાગી કે અમને શા માટે સાથે નથી લેતા ? પાંડુ રાજા બોલ્યો, મને શ્રાપ છે કે સ્ત્રીને ૠતુ આપતાં જીવ જાય, માટે ત્યાં મન વિભળ થાય તો મારો દેહ પડે. માટે તમે અહીં રહો. સ્ત્રીઓ બોલી. અમે તમારી સેવા કરીશું, અમે ઇશ્વર સ્મરણ કરીશું. ત્યારે રાજાએ બંને સ્ત્રીઓને સાથે લીધી, પાંડુ રાજા સૈન્ય અને વાજાંગાજાં તથા સ્ત્રીઓ સહિત યાત્રાએ નીકળ્યો. ગામના લોકો વળાવવા નીકળ્યા. દરવાજાથી સર્વે લોકો પાછા વળ્યા, પાંડુરાજા તીર્થોમાં ફરે છે ને વિવિધ પ્રકારનાં દાન આપે છે, એમ કરતા છ માસ વીતી ગયા.

એક વખત ધૃતરાષ્ટ્ર અને ગાંધારી બંને એકાંતમાં બેઠાં હતાં, એવામાં ધૃતરાષ્ટ્રે ગાંધારીને કહ્યું, મારા ભાઇ પાંડુને ૠતુ આપતાં જીવ જાય એ શ્રાપથી તેને પુત્ર થવાના નથી, તેમ મારા વિદુરભાઇને પણ પુત્ર થવાના નથી માટે આવામાં આપણે બાળક ઉત્પન્ન કરીએ તો ઘણું સારું થાય અને નિરાંતે આપણા પુત્રો રાજ્ય કરે. ગાંધારીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, હે પતિ, જોઇએ તેટલા પુત્ર આપું. ધૃતરાષ્ટ્રે ગાંધારીને પૂછયું, કેવી રીતે? ગાંધારીએ ધૃતરાષ્ટ્રને પોતાની સઘળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બીના કહેતા કહ્યું; હું તો કુંતાને છેતરી સો પુત્ર ઉત્પન્ન કરવાના સો મંત્ર દુર્વાસા મુનિ પાસેથી લાવી છું તેથી હું મંત્ર જપું કે તરત સો પુત્ર થાય, કુંતાજી પાંચ મંત્ર લાવી છે.ધુત્રાષ્ટર બોલ્યો,પણ તે તો ધુમાડીના મુઠા,છાણમાં કીડા તેવા પાંચ પુત્રો તારે જાણવા. ને આપણા પુત્ર તો સોએ જણ બળવાન થશે માટે હે સ્ત્રી, તું પુત્ર ઉત્પન્ન કરે તો હું તો મોટો ભાગ્યશાળી કહેવાઉં. પછી ગાંધારીએ મંત્ર આરાધન કર્યું.

વિશ્રામ તેરમો

મંત્ર આરાધન આદર્યું, સુખને સારું નેટ;
વલ્લભ વદે ગાંધારીને, ગર્ભ રહ્યો તવ પેટ.

વૈશમપાય ઋષિ જનમેજયને કહે છે,હે રાજા, ગાંધારીએ મંત્રોનું આરાધન કર્યું. મંત્રનો જાપ પૂરો થવાથી ગર્ભ રહ્યો અને દશ માસ પૂરા વીતી જવાથી એક તુમડું અવતર્યું,તેથી ગાંધારીએ વિસ્મય પામી ધુત્રાષ્ટરને તે વાત પૂછી.ધૃત્રાષ્ટરે બ્રાહ્મણોને બોલાવ્યા, કહ્યું; હે મહારાજ, તુમડું,અવતર્યું છે. માટે શું કરીએ તો પુત્ર ઉત્પન્ન થાય? બ્રાહ્મણો બોલ્યા કે કુંડ કરાવો ને તે કુંડ ઘીથી પુરાવો પછી તે તુમડાને તે કુંડમાં ઘી પીવા રહેવા દો, તે તુમડુ ઘી પી રહેશે એટલે તુરત સો પુત્ર બહાર નીકળશે એક વરસે તુમડુ ફાટી અંદરથી સો પુત્ર રમતાજમતા, મહા બળવાન તરત બહાર નીકળ્યા.પુત્રને નાનો મોટો ઓળખી શકાય તે માટે ગાંધારી ત્યાં બેઠી છે.પહેલો પુત્ર નીકળ્યો તેનું નામ દુર્યોધન પાડ્યું, બીજાનું નામ દુ:શાસન પાડ્યું, દુરદમન, દંતુ, દવાલ, દાતરુ,દેવક, દુર્ધ દત્રોલ એ પ્રમાણે સો પુત્ર નીકળ્યા.સર્વે પુત્રો દુર્વાસા ઋષિથી ઉત્પન્ન થયા માટે દદા ઉપર પુત્રોનાં નામ પાડયાં. ત્યાં જયજયકાર થઈ રહ્યો, વાજિંત્રો વગડાવ્યાં. નાયકાઓનો નાચ કરાવ્યો; યાચકો આવી યાચના કરે છે. ભીષ્મ ધૃષ્ટરને કહે છે. પુન્યદાન પુષ્કળ કરીશ તો તારા પુત્રો બળવાન થશે. ધૃત્રાષ્ટર બોલ્યો, મારા પુત્રો ભોગવનાર છે, પુન્યદાનની તો વાત જ છોડી દો, ભીષ્મ કહે છે, અલ્યા અવળી મતી તને સુજી તેથી તારી પૂજી સવળી વ્યર્થ જશે, ભીષ્મ પછી ધૃત્રાષ્ટરને શિખામણ આપી ઇશ્વર આરાધના માટે ગયા. ધૃત્રાષ્ટરે સો પુત્ર ઉત્પન્ન થયાની વાત પાંડુ રાજાને લખી જણાવી. પાંડુ રાજા ઝાડખંડી વૈજનાથમાં હતા ત્યાં તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પત્ર આવી પહોંચ્યો. પાંડુ તે કાગળ વાંચી ખુશ થયા, કારણ કે મારા સો ભત્રીજા એકા એક ઉત્પન્ન થયા તે મારા જ પુત્ર છે. આ વાત કુંતાએ સાંભળી. એટલે આંખોમાં આંસુ આવ્યાં. પાંડુએ પૂછયું, કેમ સ્ત્રી રુદન કરો છો? કુંતા બોલ્યાં, હે પતિ મને છેતરી ગાંધારી તે મંત્રો દુર્વાસા પાસેથી લાવી હતી, માટે મને ઝેર આવ્યું હું પણ પાંચ મંત્ર લાવી હતી તેમાંથી એક મંત્રનું આરાધન કર્યું, તે સૂર્યનો મંત્રહતો તેથી સૂર્યદેવે એક પુત્ર ખોળામાં મૂકયો, પણ હું કુંવારી હતી તેથી લાંછન લાગવાના ભયથી મેં તે પુત્રને પેટીમાં ઘાલી યમુના નદીમાં તરતો મૂકયો, તે રાધે દાસી ઉછેરે છે ને તેનું નામ કરણ છે. મને આજ્ઞા આપો તો ચારે મંત્રથી ચાર પુત્ર ઉત્પન્ન કરૂં, પાંડુએ આજ્ઞા આપી, કુંતાએ મંત્રો આરાધન કરવાનો 'નિશ્ચય કર્યો. પહેલો મંત્ર યમરાજાનો, બીજો વાયુનો, ત્રીજો ઈંદ્રનો, છેલ્લો અશ્વનીકુમારનો આવા ચાર મંત્રનું આરાધ કરવા સારુ કુંતાજી ગંગા ઉપર ગયાં. માદરી પણ પાછળ કુંતાજી શું કરે છે તે જોવા ગઇ. કુંતાજીએ સ્નાન કરી પવિત્રાસન ઉપર બીરાજી નારદજીને બોલાવ્યા, નારદજી ત્યાં આવ્યા ને પૂછયું, મને કેમ બોલાવ્યો? કુંતાજી બોલ્યાં, આજ તસ્દી લઇને બીરાજો, કારણ મારે પુત્ર ઉત્પન્ન કરવાના છે તેમનાં ગુણ લક્ષણ મને કહો ને તે પ્રમાણે નામ પાડો. માદરી હવે કુંતા શું કરે છે તે જોવા માટે છેટે ઝાડ ઉપર ચઢીને બેઠી. કુંતાજીએ મંત્રનો જાપ શરૂ કર્યો, નારદજી કુંતા પાસે બેઠા છે.

વિશ્રામ ચૌદમો

એમ કહી નારદ બેસાડીઆ, માદરી જુવે ચરચાય;
વ્યાસ વલ્લભ મુખ ઓચરે, પાંડવ જન્મ મહિમાય.

વૈશમપાયઋષિ જનમેજયને કહે છે, હે જન્મમેજય રાજા, હવે કુંતા એમંત્રનું આરાધન કર્યું તેથી પુત્રો ઉત્પન્ન થયા તે હું તને કહી સંભળાવું છું તે તું સાંભળ. કુંતાજીએ પહેલો મંત્ર જપ્યો તેથી યમરાજાએ આવી એક પુત્ર ખોળામાં મૂકયો. તે સુંદર સુશોભીત પુત્રનું મુખ જોઈ કુંતા આનંદ પામી, કુંતા નારદજીને કહે છે, હે નારદ, આ પુત્રનાં ગુણ લક્ષણ ઉપરથી નામ પાડો. નારદ કહે છે, તારો આ પુત્ર ઘણાં જ સારાં કામ કરશે. દયાળુ; દાતા, ગુણવાન, યુદ્ધમાં પાછો ન પડે તેવો, ધર્મિષ્ઠ. આનું નામ ધર્મ રાજા કહેજો. પુણ્યદાન કરવા-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વાળો,ગાય બ્રાહ્મણનું પાલન કરનારો, સત્યવાદી, શત્રુ મિત્રને સમાન ગણનારો થશે. કુંતાએ પૂછયું, હે નારદ, ધૃતરાષ્ટ્રના સો પુત્ર મારા દુશ્મન છે, તેઓની સાથે કેવી રીતે રહી શકશે? એમ કહી પોતે તે પુત્રને નીચે મૂકયો ને કહ્યું કે આ તો ઠીક જ છે, એમ કહી બીજો મંત્ર જપવાનું શરૂ કર્યું. બીજો વાયુનો મંત્ર જપવા માંડયો. વાયુએ લાંબો, પહોળો, લાંબા ચરણ,શરીર અલમસ્ત,બીહામણો,ગાગર જેવડું માથું,તપેલા જેવડા ડોળા, બત્રીસ મોટા દાંતવાળો પુત્ર કુંતાના ખોળામાંમૂકયો. આવું ભયંકર સ્વરૂપ જોઈ કુંતાજી ભય પામ્યાં. નારદને પૂછે છે હે નારદ, આ સુત તો માબાપને ખાઈ જાય તેવો છે. નારદ કહે,જરા પણ બીશો નહિ એ બહુ બળવાન થશે તમે કહેશો જા ઉત્તરમાં તો તે દક્ષિણમાં જશે,એક હાથે ગદા ઝાલશે. જ્યાં વિવાહનું કામ થતું હશે, ત્યાં કરશે વરસી. ગૌબ્રાહ્મણનો પ્રતિપાળ અને શિવાજીનો સેવક થશે. મહાદેવજી,તેને વરદાનઆપશે તે વડે કરી તે દેખશે તેટલું ખાશે. મનમોજી ને સુમતી થશે, અધર્મની હાણ કરશે. કુશળક્ષેમ જગતમાં રહેશે, જગતમાં જય વરતાશે. બળીઓ છે તેનું નામ ભેમ. કુંતાજીએ તે પુત્ર નીચે મૂકયો. ત્રીજો મંત્ર ઇંદ્રનો લીધો. તેનું આરાધન શરૂ કર્યું. મંત્રનો જાપ પૂરો થવાથી ઇંદ્રે આવી કુંતાજીના ખોળામાં એક પુત્ર મૂકયો કુંતા કહે,હે નાર,આ પુત્રને જોઈને હું ખુશી થાઉં છું. આના રૂપ ગુર્ણનું વર્ણન કરો. પછી એનું નામ પાડો. નારદ બોલ્યા,આ પુત્ર બત્રીસ લક્ષણો છે. એનું નામ અર્જુન છે. બહુ બળવાન અને બાણાવળી થશે, વળી આગળ જતાં અંતરયામી કૃષ્ણ પ્રભુ તેનો રથ હાંકશે, સઘળા શત્રુઓ આથી હારશે. અર્જુનનાં આવાં પરાક્રમ સાંભળી કુંતાજી રાજી થયાં. આ સઘળું માદરી જોતી હતી તે ઝાડ ઉપરથી ઉતરી તરત કુંતા પાસે આવી અને કુંતાજીને કહેવા લાગી, હે બહેની, તમને ધન્ય છે, તમે દયાળુ છો માટે મારા ઉપર દયા લાવી મને એક મંત્ર જે બાકી રહ્યો ને તે આપો તો મારું વાંઝીયામેણું ભાગે. કુંતાજીએ તરત તે મંત્ર માદરીને જાપ કરવા આપ્યો. માદરીએ સ્નાન કર્યું,પવિત્ર આસન લીધું અને મનને શાંત કરી અશ્વનીકુમારનો છેલ્લો મંત્ર લઈ આરાધન કરવા લાગી. મંત્ર પૂરો થયો એટલે અશ્વનીકુમારે બે પુત્રોને માદરીના ખોળામાં મૂકયા. એટલે માદરીએ તે બંને પુત્રોને કુંતાજીને સોંપ્યા ને આનંદ પામી. પછી માદરીએ આજ્ઞા માગી કે કુંતા, મને રજા આપો તો હું રાજાને વધામણી ખાઉં ને તમારે માટે રથ ઇત્યાદિ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મોકલાવું. કહી માદરી તરત રાજાને વધામણી કહેવા સારુ ચાલી. કુંતા નારદને કહે છે, આ પુત્રોનાં જેવાં ગુણ લક્ષણ હોય તેવાં નામ પાડજો. નારદ કહે છે; જમણે ઉછંગે જે પુત્ર છે તેનું નામ સહદેવ પાડજો, કારણ કે તે પુત્ર મોટો છે તેમજ વિદ્વાન થશે, ત્રિકાળજ્ઞાની થશે. એમાં ને પ્રભુમાં ફેર નહિ રહે. બીજો પુત્ર ડાબા ઉછંગમાં છે તે પુત્રનું નામ નીકુળજી પાડજો. કારણ કે તે પુત્ર, રૂપ રૂપનો ભંડાર છે તેમજ વરણાગીઓ છે, વિચિક્ષણ બુદ્ધિ-વાળો છે. આ પ્રમાણે નારદે પાંચ પુત્રોનાં નામ પાડયા પછી નારદજીએ કુંતાંપાસે આજ્ઞા માગી ત્યારે કુંતાજીએ નારદજીને આજ્ઞા આપતાં કહ્યું; પધારો મહારાજ. એમ કહીને નારદજીને વિદાય કર્યા, નારદજી આશીર્વાદ આપી અંતરધ્યાન થઈ ગયા. ત્યાર પછી ડેરા તંબૂએ પાંડુ રાજા જયાં બીરાજમાન હતા ત્યાં કુંતાજીએ પુત્રો સહિત જવાનો વિચાર કર્યો. ધરમ અને અર્જુનને ખાંધે બેસાડયા. વસ્ત્ર ફાડીને બંને પુત્રોને શીશ સાથે તાણી બાંધ્યા, પછી સહદેવજી તથા નીકુળજીને જાંઘ સાથે તાણી બાંધ્યા. એકલા ભીમને ઊંચકવાની હિંમત ચાલતી નથી., પણ કુંતાએ હિંમત રાખી ભીમના પાંગોઠા ઝાલી ઉંચકવાનો વિચાર કર્યો તો તે ઊંચો બીલકુલ થયો જ નહિ તેથી ઘસડતો લીધો. ઘસડતામાં ભીમ હસ્યો અને હસી પોતાનો પગ પાછો ખેંચ્યો એટલે કુંતાજી તુરત નીચે પડી ગયાં; અને સઘળા પુત્રોને ઈજા થઈ, તેથી સઘળા રોવા લાગ્યા. તેને કુંતાએ આળપંપાળ કરી છાના રાખ્યા. પછી કુંતાજી નીચે બેઠાં વિચાર કરે છે કે છોકરા ઊંચકાતા નથી ને રથને આવતાં કેટલી વાર થશે એમ પોતાના મનમાં ગુંચવાવા લાગ્યાં અને અતિશય અકળાવા લાગ્યાં. આ ચાર પુત્રોને તો ઊંચકું પણ આ જાડા ભીમને કેવી રીતે ઊચકું ? જો તેને મૂકીને જાઉં છું તો જીવજંતુ તેને મારી નાંખે એમ કુંતાજી ઊંડા વિચારમાં પડયા, ત્યાર પછી માદરી પાંડુ રાજાને મળી અને પાંડુ રાજાને વધામણી કહેવા લાગી કે પાંચ મહા બળવાન, ગુણવાન, સ્વરૂપવાન, પરાક્રમી પુત્રો ઉત્પન્ન થયા છે. આ વાત સાંભળી એકદમ પાંડુ રાજા અતીશે હરખાયો અને ગાંડાઘેલા જેવો બની મૂર્છાગંદ થઇ પૃથ્વી ઉપર પડયો. માદરીએ બે રથ મોકલ્યા તેમજ સેવ-કોને મોકલ્યા. કુંતાજી સેવકો તથા રથોને જોઈ આનંદ પામ્યાં, પછી સઘળા સેવકોએ ભીમને ઊંચો કરી રથમાં નાખ્યો અને કુંતાજી ચાર છોકરાને લઈ પોતે બીજા રથમાં બેઠાં અને પુત્રો સહિત કુંતાજી જયાં પાંડુ રાજા પડયા છે, ત્યાં આવી પહોંચ્યાં.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ પંદરમો

પાંડુ રાજા જયાં પડયા, ત્યાં આવી કુન્તાય;
વલ્લભ કહે શ્રોતા સુણો, પાંડવ ચરિત્ર કથાય.

પાંડુ રાજા પુત્રની ઉત્પત્તિ જાણી આનંદમાં મૂર્છાગંદ પડયા છે ત્યાં કુંતાજી આવ્યાં, પોતાના પતિને ઉઠાડયા અને નિર્મળ વચને કહેવા લાગી, હે પતિ, આ તમારા પાંચ બાળકો. કુંતાજીએ ચાર પુત્રને પાંડુરાજા આગળ મૂકયા. પાંડુએ પુત્રો લઇ ઉછંગ વિશે બેસાડયા પણ ભીમ ઘણો ભારે હોવાથી ઉછંગમાં બેસાડયો નહિ, ચાર પુત્રોને છાતી સરસા ચાંપે છે. અને ભીમને પેટે હાથ ફેરવે છે. પાંડુરાજાને આંખમાં હરખનાં આંસુ આવવા લાગ્યાં. ખાવુંપીવું સર્વે પોતે ભૂલી ગયા. એમણે પોતાનું ચિત્ત પુત્રોમાં જ લગાડયું. કુંતાજીના થાનમાંથી ઇશ્વર ઇચ્છાએ દૂધ ભરાઈ આવ્યું. તેથી કુંતાજી વારંવાર પુત્રોને ધવડાવવા લાગ્યાં તેમજ નવરાવવા લાગ્યાં અને હેતથી રમાડવા જમાડવા લાગ્યાં. પાંડુરાજાએ પુત્રોનો જન્મ થવાથી અને આનંદ ઓચ્છવ થવાથી બ્રાહ્મણોને ઘણું જ પુન્યદાન કર્યું.

આ સર્વે વાત બન્યા પછી પાંડુ રાજાએ હસ્તિનાપુર પોતાના ભાઈ ધૃત્રાષ્ટ્રને તથા વિદુરજી, ભીષ્મપિતા, વૃદ્ધ અંબિકા સર્વને પુત્ર ઉત્પન્ન થયાની વધામણી તથા અમો વૈજનાથમાં છીએ આ સઘળી બાબતોનો એક પત્ર લખી સેવકને હસ્તિનાપુર મોકલ્યો. તે પત્ર સેવક હસ્તિનાપુરમાં ધૃત્રાષ્ટ્રને આપ્યો. ત્યારે દુર્યોધનનો મામો શકુની હસ્તિનાપુરમાં હતો, ધૃત્રાષ્ટ્રે તેને પોતાની પાસે બોલાવ્યો અને એકાંતમાં તે પત્ર તેને વંચાવ્યો તે સાંભળી ગાન્ધારી તથા ધૃત્રાષ્ટ્ર મનમાં ક્ષોભ પામ્યાં અને તે પત્ર બીજા કોઇને વાંચી સંભળાવ્યો નહિ ને ફાડી નાંખ્યો. ત્રણે જણે વિચાર્યું કે આગળ થવાનુ હશે તે થશે; પણ હાલ તે વાત ગુપ્ત રાખો. ત્રણે જણે વિચાર્યું કે આપણે એ પુત્રોને જુઠા ઠરાવીશું. પાંડવોનો જન્મ થવાથી ધૃત્રાષ્ટ્રની આંખમાં પૂરણ ઝેર આવ્યું પણ વિચારતો નથી કે પ્રભુ કેમ રાજી રહેશે ? પાંડવો વન વિશે ઉછરે છે, દિવસે દિવસે મોટા થાય છે, બાળચરિત્ર કરે છે. એમ કરતા કરતા બાળકો ઘુંટણીએથી ચાલવા લાગ્યાં. ભીમસેન ઉભો થઇને દોટ મૂકવા લાગ્યો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કુંવરો કાલું કાલું બોલે છે તેથી પાંડુ રાજાને ઘણો જ હર્ષ થાય છે. પુત્રોની પાછળ પાછળ ફરે છે અને કહે છે કે મારું નશીબ બ્રાહ્મણ તથા ગાયોને પાળવાથી જ શ્રેષ્ટ થયું હશે, કુંતાજી છોકરાઓને નવરાવે છે તેમાં ભીમસેન તો નાહ્યા સિવાય અડધો કોરો નાસી જાય છે પોતે સારું સારું ચોરી ખાય છે અને પૂછે તો સાચું બોલતો નથી. કુંતાજીને રાંધતાં વાર લાગી હોય તો કાચું અનાજ ખાવા માગે. તે પિતાના ભેગા ભોજન કરે છે. એંઠવાડ પાડે છે, મુછો તાણે છે. ખાંધ ઉપર ચડે છે તેથી પાંડુ રાજા ઘણોજ આનંદ પામેછે, ઘરમાં ઢોળે ફોડે પણ પાંડુ રાજા ખુશી થાય છે. કુંતાજી વઢવા જાય તો પાંડુરાજા ઠપકો દે છે કે ખબરદાર છો ઢોળે ફોડે. ભીમ કુદે છે, પાંડુરાજાને હડસેલા મારી પાડી નાંખે છે પણ પિતાને ખુશી-ઉપજે છે, વળી ભીમસેન છાસમાં ખાંડ તથા દૂધમા મીઠું માગે છે તેથી પિતા તથા માતા આનંદ પામે છે. કુંતાજી ખાવાની ચીજ સર્વ ભાઇઓને વહેંચી આપે તો ભીમસેન વધારે ભાગ માગે પોતે તે એક કોળિયામાં ખાઈ પોતાના ભાઇઓ પાસેથી ઝુંટવીને ખાઇ જાય. ભાઇઓ કહેવા જાયતો ડોળા કાઢી બીવડાવે. કુંતા વઢવા જાય તો સટ્ટક લઇને નાસી જાય. એમ કરતાં કરતાં પુત્રો પાંચ વરસના થયા એટલે પાંડુ રાજા ભણાવવા લાગ્યા, ચારે પુત્રો વિદ્યા ભણે છે ત્યારે ભીમસેન નાશી જાય છે એમ કરતાં પુત્રો એકાદશ વરસના થયા એટલે રાજાએ ઉપવિત આપ્યું, છોકરાઓ ષટકર્મ કરવા લાગ્યા. પરોઢમાં ઊઠી ઇશ્વરસ્તવન કરવા લાગ્યા, મધ્યાહ્નને પિતાની જોડે ભોજન કરી-સૂઈ રહે છે અને પછી જાગ્રત થઇ પાંચે પુત્રો આયુધ લઇને વનમાં પોતાની ગમતી રમત રમવા જાય છે. વનમાં ધર્મસત્યવાદી સુંદિર રેતી એકઠી કરી ગાદી બનાવી ઉપર બેસે છે; મનથી રાજ્યાસન માને છે, સહદેવ છુટા ફરે છે, અર્જુનજી બાણ ચડાવી પાંદડાં વીંધે છે, નીકુળ પુષ્પનો હાર કરી કોટમાં નાંખી ભાઇઓને પૂછે છે હું કેવો દેખાઉં છું ? ભીમ નાનાં વૃક્ષોને બાથ ભીડાવીને ખેંચી કાઢવા લાગ્યા તેમજ ઉછાળવા લાગ્યા અને તોફાન કરી મસ્તાનો થઇ મહાલવા લાગ્યો.

ભીમ, વાઘ, વરુ અનેક પ્રકારના જીવજંતુ ઝડપીને ઝાલવા લાગ્યો. એ પ્રકારે નિત્ય પાંચ પુત્રો રમત રમે છે. ધૃત્રાષ્ટ્રે દુર્યોધનને ગાદી આપી. રાધે દાસી કરણને ઉછેરતી હતી તેને પ્રધાન કર્યો. દુર્યોધનના બનેવી જયદ્રથને કારભારી કર્યો, શકુની મામાને મોટો કારભારી કર્યા. ભગદત, ભુરીશ્રવા સુસરમા વગેરે રાજ્યકારભાર ચલાવે છે. હવે પાંડવ વનમાં ઉછરે છે એવામાં પાંડુરાજા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લઘુશંકા કરવા મધ્ય રાત્રીને વિશે એક વૃક્ષ નીચે જઇ બેઠા, તે વૃક્ષ ઉપર એક ઘુવડ પક્ષીનો માળો છે તે ઘુવડ પક્ષી ઘુવડ પક્ષીણીને કહેવા લાગ્યો કે હે પક્ષણી, જે આ રાજાનું કાળજું બાફી તેનું ભક્ષ કરે તેને ત્રિકાળ જ્ઞાન થાય. પાંડુ રાજાએ તે વાતને ધ્યાનમાં રાખી વિચાર કર્યો કે આ વાત મરતી વખત પુત્રોને કહીશ. એવું મનમાં દ્રઢ કરીને પોતે સૂઈ રહ્યો, એવામાં એક દિવસ પાંચ ભાઈ વન વિશે રમવા ગયા છે. કુંતા ગંગાએ નહાવા ગયાં છે અને માદરી તથા પાંડુ તંબૂમાં છે, હવે રાજાનો આયુષ પૂરો થવાથી બુદ્ધિ ફરી ને કામદેવ ઉત્પન્ન થયો તેથી કરીને કામીનીનો કર ઝાલ્યો; માદરીએ કહ્યું, બ્રાહ્મણીનો શ્રાપ થયો છે તેથી તમારું મૃત્યુ થશે અને બાળકો તમારા સિવાય દુઃખી થશે. પણ રાજાને મરવાનું હતું તેથી તે વાત ભૂલી જ ગયો. જોર જુલમથી મનની ઇચ્છા પૂરી કરવા તૈયાર થયો ને બ્રાહ્મણીના શ્રાપથી રાજા એકદમ ઉછળી પૃથ્વી ઉપર પડી ગયો. માદરી રોવા લાગી. માદરીના રોવાથી સૈન્ય ભરાયું ને તે સર્વે રોવા લાગ્યું. આ વાત કુંતાએ સાંભળી તેથી ગંગા ઉપરથી તુરત ઘેર આવ્યાં અને માદરીને ઠપકો આપ્યો કે હું તને બેન ગણતી હતી પણ તું તો શોકય હતી, તેં તારો ભાવ ભજવ્યો. જો તેં કામ શાંત રાખ્યો હોત તો રાજા જીવત ને મારા પુત્રો તથા આપણે સુખે રહેત પણ તું મારી ખરેખરી શોકય નીકળી. એમ કહી કુંતા રડી પડી. માદરી કરગરી કહેવા લાગી કે કુંતાજી, મેં ના કહ્યા છતાં તે કામને વશ થયા. એમ કહી માદરી પણ રડવા લાગી.

આ વાત પાંડુપુત્રો જાણતા નથી, ભીમ રમતાં રમતાં જરા આઘો જઇ એક વાઘને ઉંચકી લાવ્યો અને ભાઇઓને કહેવા લાગ્યો, તમે મને ખાવાનું નથી આપતા ને આપણી મા વહેંચી આપે છે પછી તમે ખાઇ જાઓ છો અને હું માગું છું તો કુંતાને કહી દો છો માટે હું તમને વાઘ કરડાવીશ એમ કહી ધર્મ, અર્જુન તથા સઘળા ભાઇઓને ભીમ બીવરાવવા લાગ્યો. ચારે ભાઈ દોડે છે અને કહે છે, ભીમભાઇ હવે પછી સઘળું ખાવાનું તમને આપીશું, તો પણ ભીમ માનતો નથી અને ભાઇઓની પાછળ તે વાઘ લઇને દોડયો. ચારે ભાઈ દોડી તંબુમાં આવી પહોંચ્યા અને સર્વેને રડતાં જોઈ રડવા લાગ્યો. ભીમે જાણ્યું કે રડે છે તેથી તે વાઘ નાંખી દીધો અને તરત તંબૂમાં આવી રડવા લાગ્યો. ચારે ભાઇઓ પાંડુ રાજા પાસે બેઠા છે. ભીમસેન પાંડુને પૂછવા લાગ્યો, હે પિતા કે સૂઈ રહ્યા છો ? કુંતા કહે, સૂઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહ્યા નથી એતો મરવા પડયા છે. ભીમ કહે,છો મરવા પડયા તેમને મરવા દો. આવું સાંભળી પાંડુરાજાએ હાથ ઊંચો કર્યો એટલે ભીમે સર્વને છાના રખ્યાં, ને કહ્યું રોશો નહિ. મારા પિતા કંઇ કહે છે. સઘળાં છાનાં રહ્યાં. પાંડુ બોલ્યા, હે પુત્રો હું કહું તેમાં લક્ષ રાખજો. મારા મુવા પછી મારું કાળજું બાફી તેનું ભક્ષ કરશો તો તમો ત્રિકાળજ્ઞાની થશો. એટલી મારી આજ્ઞા પાળજો. પુત્રોએ કહ્યું, વારુ પિતાજી,એટલે પાંડુએ દેહ મૂકયો,એટલે સર્વે રડવા લાગ્યાં, ભીમે પૂછયું, માતાજી મડદાને શું કરવું છે? કુંતાએ કહ્યું, ચારે જણ ભેગા થઇ મડદુ ઉંચકી નદીકિનારે લઇ જાવ ત્યાં અગ્નિસંસ્કાર કરો. તે સાંભળી ભીમ મડદાને એકલો ખાંધ ઉપર ઉપાડી નદી ઉપર લાવ્યો,લાકડાં લાવી ચેહ ખડકી; મડદાને સ્નાન કરાવી ચેહ ઉપર સુવાડયું. ભીમે કાળજું કાઢી લઈએક ડોવલામાં ઘાલ્યું. કાળજાને કાચું ખાવું તો અભક્ષાભક્ષ થાય માટે બાફીને વાસના લેવી એ ઠીક છે એમ જાણી કાળજાને બાફવા મૂકયું. હવે મા માદરી કહે છે, હું બળી મરૂં છું,કુંતાજી કહે,મને બળવા દો. ભીમ કહે કે વઢશો નહિ, તમને બંનેને ઉપાડી અંદર નાખું છું. કુંતાજીએ બળવાનો નિશ્ચય કર્યો તેથી ધર્મ તથા અર્જુન માતાને બાઝી પડયા. તે જોઈમાદરી બોલી હે કુંતાજી, જો તમે બળી મળશો તો આ પુત્રો દુઃખ પામશે. વળી મારાનિમિત્તે રાજા મરણ પામ્યા છે માટે મને પતિ સાથે બળી મરવા દો. એમ કહી માદરી ચિતામાં પેઠી, પોતાના પતિનું મસ્તક ખોળામાં લીધું; ધર્મે અગ્નિ મૂકયો, અગ્નિ ચોતરફ સળગ્યો એટલે પેલું કાળજું બાફવા મૂકયું હતું તે બફાવા લાગ્યું,ત્યારે કૃષ્ણ પ્રભુએ વિચાર્યું કે કાળજું બફાશે ને કોઈ વાસના લેશે અને ત્રિકાળ જ્ઞાની થશે તો મારો કોઈ ભાવ પૂછનાર નથી; માટે પોતે એકદમતે કાળ-જાને અગ્નિમાં પાડી નાંખવા અને કોઇને ભક્ષણ ન કરવા દેવાના ઈરાદાથી બ્રાહ્મણનું રૂપ લઈ ત્યાં આવી પહોંચ્યા. પોતે ધોળી પાઘડી બાંધેલી છે.લાકડી ઝાલેલી છે.લલાટે ભસ્મ ચોળેલી છે. તુંમડું પકડેલું છે, ઘરડું રૂપ લીધેલું છે. શરીરનાં હાડકાં બહાર નીકળ્યાં છે, કેડયોમાંથી વાંકા વળેલા છે. નાસિકા-માંથી પાણી ચુએ છે. એવું રૂપ ધારણ કરી ઓ મારા પાંડુરાય જજમાન એમ બૂમ પાડી જ્યાં ચિતા બળે છે. તેની સામે કિનારે ઊભા રહ્યા, તે બૂમ કુંતાએ સાંભળી; અને પુત્રોને કહ્યું, બેટા, પેલે કિનારે કોઈ બ્રાહ્મણ છે તે તમારા પિતાનું નામ દઈબૂમ પાડે છે, એથાથી ઊભું રહેવાતું નથી માટે ચાલો તેને તેડી લાવીએ. એ પ્રમાણે ચારપુત્રો ને માતા તે બ્રાહ્મણને તેડવા ગયાં, ત્યાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બ્રાહ્મણ પાસે જઈ પૂછવા લાગ્યાં, હે મહારાજ, તમે કેમ રડો છો ? ત્યારે પ્રભુ બોલ્યા, ભાઈ, મારા કરમને રડું છું. મારો મિત્ર પાંડુરાજા હતો તે મારાથી છુટો પડયો છે તેને હું શોધું છું પણ તે મળતો નથી. આ સાંભળી કુંતા બોલ્યાં, હે મહારાજ, જેને તમે શોધો છો અને જેની સાથે તમારો સ્નેહ છે તે પાંડુ-રાજાની તો ચેહ બળે છે. તે સાંભળી પ્રભુ ખુબ રોવા લાગ્યા; પછી શાંત પમાડી પ્રભુને, કુંતાજી તથા પુત્રો જ્યાં ચેહ બળતી ત્યાં લાવ્યાં. પછી પ્રભુએ પૂછયું, આ પુત્રો કોના છે ? ત્યારે કુંતાએ કહ્યું તે પાંડુના છે, પ્રભુએ પૂછયું તેને તો વાંઝીયાનો શ્રાપ હતો. ત્યારે કુંતાજીએ કહ્યું, ના મહારાજ, દુર્વાસા મુનિના મંત્રો વડે કરીને મેં પાંચ પુત્ર ઉત્પન્ન કર્યા; અને માદ્રી પાંડુરાજાની સાથે બળી મુઈ. પ્રભુએ કહ્યું, તે તો ઠીક પણ મને તો મારા મિત્ર વિના ગમતું નથી માટે મને પણ અગ્નિમાં બળવા દો. કુંતા કહે છે. ના મહારાજ, અમે તમને પાળીશું પણ તમે અગ્નિમાં પડો તેથી અમને બ્રહ્મહત્યા લાગે માટે તેમ ન કરો. તો પણ પ્રભુ જોરથી ચેહમાં પડવા જાય છે, પુત્રો તથા કુંતા ઝાલી રાખે છે, પણ પ્રભુ માનતા નથી, ભીમે કહ્યું, શું છે માતા ? કુંતા કહે, આ મહારાજ તારા પિતાના સ્નેહી છે ને ચેહમાં બળી મરવાનું કરે છે. ભીમે કહ્યું, ભલે હું જ ઊંચકીને નાખી દઉં. એવું સાંભળી પ્રભુને બીક લાગી કે રખેને અંદર નાખી દે. એમ રકઝક કરતાં કરતાં ભીમ જરા આઘો ખસ્યો એટલે પ્રભુએ લાગ તાકયો ને તરત દોટ મૂકી પોતાની પાસે લાકડી હતી તેને હાથમાં મજબુત પકડી તે ડોઘલી ઉપર મારી તેથી ડોઘલી ફુટી ગઈ અને તે કાળજું અગ્નિમાં પડી ગયું, સહદેવે જાણયું કે બાપનું વચન જશે માટે લાવ્ય હું જઇને તે કાળજું કાઢી લઉં. એવું જાણી દોટ મૂકી અગ્નિની અંદર હાથ ઘાલી તે કાળજું કાઢી લીધું અને હાથમાં લઈ સહદેવ નાઠા, એટલે પ્રભુ તેની પાછળ નાઠા.

સહદેવે તે બાફેલા કાળજાની વાસના પહેલા વાર લીધી તેથી સ્વર્ગનું ભાન થયું, બીજી વાસના લીધી ત્યારે પૃથ્વીનું જ્ઞાન થયું ને પ્રભુને ઓળખ્યા, ત્રીજી વાસનાએ પાતાળની બીના જાણી લીધી. આ પ્રકારે ત્રિકાળજ્ઞાની થયો. પ્રભુને ઓળખ્યા તેથી સહદેવે કહ્યું, ઓ દીનબંધુ, મારા ગરીબ ઉપર આવો જુલમ આપને શા માટે કરવો પડયો? ભગવાન કહે, આપણા બે એક રૂપે થયા મારામાં ને તમારામાં ફેર ન રહ્યો; માટે હું તમારી પાસે એક વચન માગું છું તે આપો, સહદેવ કહે, ભલે મહારાજ, જેવું આપવું તેવું લેવું એ તો જગતનો વહેવાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે. પ્રભુ કહે, મારું પણવેણ છે પણ તમારું વેણ મને આપો. એમ કહી સામસામી વચન આપ્યાં, પછી પ્રભુએ સહદેવને કહ્યું. તમે માગી લ્યો, સહદેવે કહ્યું, ઓ જુગદાધાર, તમે પહેલું માગો પછીથી હું માંગું. પ્રભુ કહે, તમે ત્રિકાળજ્ઞાની થયા છો પણ કોઇને પૂછયા વિના વાત કહેવી નહિ, પાંચ ભાઇઓ જતા હોય ત્યાં તમારે સાથે જવું અને કદાચ કૂવામાં પડતા હોય તો જોડે તમારે પડવું પણ તેમના પૂછયા વિના તમારે વાત કરવી નહિ, પછી સહદેવે કહ્યું,વારુ મહારાજ, અમારા પાંચમાંથી કોઈ મરે તો પણ જોડે તમારે પણ મરવું. સાંભળી પ્રભુ બોલ્યા, મારું બોલવું મારે શિર પડયું. સહદેવ કહે તમારે પાલવે તો વચન આપો નહિ તો હું ને તમે બંને પોતપોતાને ઘેર જઇએ. પ્રભુ કહે, વચન તો પાળ્યા વિના ચાલે જ નહિ. એમ કહી વચન આપી પ્રભુ અંતરધ્યાન થઈ ગયા; ભીમ લાકડાં લઇ પાછો આવ્યો તો ડોઘલી દેખી નહિ તેથી ભાઇઓને પૂછયું ડોઘલી કયાં છે? ભાઇઓએ કહ્યું,પેલા ઘરડા બ્રાહ્મણે ફોડી નાંખી. કાળજું અગ્નિમાં બળી ગયું હશે અને તાતનું વચન નિષ્ફળ જશે એમ કહી ભીમ શોક કરવા લાગ્યો ત્યારે અર્જુને કહ્યું; સહદેવ કાળજું કાઢી લઇ ઊનું ઊનું હાથમાં ઉછાળતો દોડયો છે ને પેલો બ્રાહ્મણ તેની કેડે પડયો છે. તે સાંભળી ભીમ ચેહમાંથી બળતું લાકડું ઊંચકીને સહદેવની પાછળ પ્રભુ ગયા હતા ત્યાં આવી પહોંચ્યો. ભીમે સહદેવને પૂછયું,પેલા બ્રાહ્મણ કયાં છે? જોશી કહે, કોણ જાણે કયાં ગયો હશે. ભીમે પૂછયું, અલ્યા, બાપનું વચન પાળ્યું કે કાળજું અગ્નિમાં બાળી મૂકયું ? સહદેવ કહે કે ગભરાશો નહિ. તાતનું વચન પાળ્યું છે ભીમ કહે કે ત્યારે તું ત્રિકાળજ્ઞાની થયો હોઇશ ? સહદેવ કહે: ના ભાઇ એતો પિતાજી મરતી વખતે બેશુદ્ધિમા કહેતા ગયા છે, તે વાત સત્ય નથી, પિતાજીએ મરતી વખત બુદ્ધિ બગડી તેથી તેવું ખોટું ગપ્પું માર્યું હશે. એમ વાત કરતા બંને ભાઈ જ્યાં ચેહ બળતી હતી ત્યાં પોતાની માતા તથા ભાઇઓ પાસે આવી પહોંચ્યા, પાંડુરાજાનો દેહ અગ્નિથી બળી ભસ્મ થઇ ગયો. તેની ભસ્મ ભીમસેને નદીમાં વહેવરાવી નાંખી, પછી સઘળા ભાઇઓ માતા સહિત સ્નાન કરી રુદન કરતાં કરતાં તંબૂએ આવ્યા, કુંતાજી રડતાં કહે છે, મારા પુત્રોની શી વલે થશે. ધર્મ કહે છે, માતાજી, ઇશ્વર સૌનું પાલન કરશે, રડશો નહિ. એમ કરતાં કરતાં શયન કર્યું, ત્યાર પછી મધ્યરાત્રિએ અગ્નિદેવતા પધાર્યા અને આખું સૈન્ય બાળી મૂકયું. ફક્ત એક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રથ અને ચાર ઘોડા રહ્યા, તે સિવાય સઘળું બાળીને ભસ્મ કર્યું, વહાણું વાયુ ને દિવસ ઊગ્યો ત્યારે કુંતાજીએ પોતાને લલાટે હાથ મૂકયો અને અતિશય રુદન કરવા લાગ્યાં કે રાજા ગુજરી ગયા તેની પાછળ સૈન્ય તથા સઘળું સાહિત્ય પણ લેતા ગયા;અરે દૈવ, હવે તું શું કરવા બેઠો છે ? મારું તથા પુત્રોનું શું થશે ? મને તું મારી નાંખ, જીવતી શા માટે રાખે છે? આ પ્રકારે ચોધારે આંસુની ધાર કુંતાજીની આંખોમાંથી વહેવા લાગી તે જોઈ ભીમ માતા પાસે આવ્યો અને કહ્યું ,માતાજી તમે પહેલાં કહેતાં હતા કે બેટા, આપણે તો રાજ્ય છે, મોટી ગાદી છે, ઘણા દેશો છે, તે સિવાય અનેક પ્રકારનું સાહિત્ય આપણે ઘેર છે, તે કયાં છે? ચાલો, આપણે સઘળાં આપણા ઘેર જઇએ. કુંતાજી કહે છે, તે વાત ઠીક છે. પણ તારા પિતા પહેલેથી ત્યાં કાગળ લખી બેઠા છે કે અમારે પાંચ મંત્રપુત્ર થયા છે અને આનંદ થયો છે તે ઘણું ખોટું કર્યું છે. કારણ કે ધૃત્રાષ્ટ્ર આંધળાને સો પુત્રો છે, તેમને ગાદી મળી હશે અને આપણે અહીં રહ્યાં માટે દુઃખી થઇશું. જો તારા પિતા જીવતા હોત તો તમને ગાદી મળત પણ હવે આપણી પક્ષે કોણ ચઢે ? ઇશ્વર સિવાય આપણી વાર કોણકરે?

ધર્મ તથા ભીમ કુંતાજીને છાનાં રાખે છે, માતાજી ચાલો આપણે ઘેર જઇએ ત્યાં ઇશ્વર આરાધન કરીશું, ગંગામાં નાહીશું, અને સુખેથી રહીશું. કુંતાજી ઘણાં જ દિલગીર છે, તેથી ભીમ કહે છે, માતા કેમ દિલગીર છો ? અમારા જીવતા તમને આટલી દિલગીરી શી ? જે દુઃખ હોય તે કહો, અમારી ચિંતા બિલકુલ કરશો નહિ. કુંતા કહે, બેટા તારા કાકા કાકીઓ દાદા સર્વે હસ્તિનાપુરના છે, પણ મને લાગે છે, ધૃત્રાષ્ટ્રનો દીકરો દુર્યોધન સર્વનાથી મોટો છે, તેને આંધળાએ ગાદી આપી હશે. સઘળા દેશો તારા પિતાએ જીત્યા હતા અને આપણે નાતબહાર હતાં તે સઘળું દુઃખ તારા પિતાએ નાશ કર્યું અને જગતમાં જય વરતાવ્યો.ભીમ કહે,ચાલો માતાજી,વાર ન કરો.વખત જાય છે,આપણે હવે હસ્તિનાપુર જરૂર ચાલો. કુંતાજી કહે,વારુ બેટા, ચાલો. તમે સઘળા પરવારી લ્યો અને રથને જોડી તૈયાર કરો. અર્જુને રથ જોડયો એટલે ચાર ભાઈ તથા માતા રથમાં બેઠાં. કુંતાજી ભીમને કહે છે, બેટા, તું ઘણું તોફાન કરે છે; અને મસ્તાનો થઈ ઘુમે છે, તારા મનનું ધાર્યું કરે છે તેથી ઉદાસ છું. ભીમ કહે, કાંઇ નહીં, માતાજી ! હું ત્યાં તો ગરીબ થઇને બેસી રહીશ ને જે કહેશો તે કરીશ. કુંતા કહે, આવ્ય, રથમાં બેસ. ભીમ કહે, ના માતા, ઘોડા મરી જાય ને રથ ભાગી જાય, કુંતા કહે; બેટા, તું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચાલે ને હું બેસું એ સારું ન કહેવાય. ભીમ કહે, માતાજી, મને બેઠા રહેવાથી પગ અકડાઇ જાય છે ચાલવામાં આવે તેથી મને આનંદ થાય, એમ વાતો કરતાં હસ્તિનાપુર તરફ ચાલ્યાં, થોડેક છેટે આવ્યા પછી કુંતાજી પુત્રોને કહે છે, બેટાઓ, આપણી સઘળી મિલક્તનો ભોગદારી દુર્યોધન થયો હશે તેની મનેવણી ચિંતા છે. ધર્મરાજા કુંતાજીને કહે છે, માતાજી, દેહ બંધાય છે તેની સાથે જ પ્રારબ્ધ બંધાએલું છે અને પ્રારબ્ધમાં લક્ષ્મી, ધન, પુત્રાદિ જે લખ્યું હોય તે પ્રમાણે થાય છે માટે દુઃખ પડવાથી શોક કરવો ને સુખ થવાથી આનંદ પામવો ચાલે છે, મારા પિતાજીને શ્રાપ લાગ્યે જાત્રાએ આવ્યા; આપણને દુઃખ પડયું તે કર્મના આધારે પડયું તે રુદન કરવાથી મિથ્યા થવાનું નથી, માટે હરિભજન કરવું એ ઉત્તમ છે. એમ ઘણું જ્ઞાન આપી માતાજીને શાંતિ આપી.

હસ્તિનાપુર નજીક આવવા લાગ્યું, હસ્તિનાપુરથી યમુના નદી ચાર ગાઉને છેટે હતી ત્યાં પાંચ ભાઈ તથા કુંતાજી આવી પહોંચ્યાં. વહાણું વાયુ એટલે રથને છોડયો, ધર્મ કહે, માતાજી, ચાલો સ્નાન કરીએ, અને હરિકીર્તન કર્યા પછી નગરમાં પ્રવેશ કરીએ. કુંતા કહે, ચાલો સ્નાન કરીએ, એમ કહી માતા તથા ભાઇઓ સઘળાંએ સ્નાન કર્યું. પછી ત્રણ ભાઇને ચોથી માતા માળા ગ્રહી બેઠાં ને ધરમરાજા ઠાકોર સેવા કરવા લાગ્યા. તે સેવા કરતાં ધરમરાજા બોલ્યા, અરે માતાજી, આજ મારા ઠાકોર પુષ્પ વિના રહે છે તે ઠીક નહિ. ત્યારે કુંતાએ સહદેવને કહ્યું, બેટા પેલી સામી દેખાય તે વાડીમાંથી પુષ્પ લઈ આવ. કોઈ પૂછે તો કહેજે કે હું પાંડુ રાજાનો પુત્ર છું. એમ કહીશ એટલે તને પુષ્પ આપશે. સહદેવ કહે માતા, તે તો ઠીક પણ મારી માળા અધુરી છે. તેથી પેલા ભીમને કહો. જુઓ એ જમુનામાં તરે છે, ફરે છે ને તોફાન કરે છે તેથી તેને મોકલો. ત્યારે કુંતાએ ઘાંટો કાઢી ભીમને બોલાવ્યો. ભીમ જમુનામાંથી માતા પાસે આવ્યો, એટલે કુંતાએ કહ્યું, જા બેટા, પેલી સામી દેખાય તે વાડી તારા બાપની છે, ત્યાં જઇ માળીને કહેજે કે ભાઈ, હું પાંડુરાજાનો પુત્ર છું. મને દેવસેવા માટે ચપટી ફુલ આપ, એટલે તે આપશે. ભીમ કહે અરે માતા, હું તો કાંઈ જતો નથી. આ ભાઇઓમાંથી ગમે તેને મોકલો. ત્યારે કુંતા કહે, એતો માળા કરે છે ને તું તો નવરો કૂદે છે. ભીમ કહે, નારે માતા, હું તો જળમાં ધ્યાન ધરું છું. ત્યારે કુંતા કહે, ખોટા બહાના મૂકી દે ને જા લઈ આવ. જા એ વાડીમાં ઘણી ઘણી જાતનાં ફળ હશે પણ તું લઇશ નહિ. એટલે ભીમે વિચાર કર્યો કે ચાલો; ત્યાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મેવો ખાવાની મઝા પડશે, એમ સમજી તૈયાર થયો. એટલે કુંતાએ કહ્યું, જો બેટા, એકેફળ હાથે તોડે તો તને મારા સોગન છે. ભીમ કહે, સારું મા. એમ કહી એક બીજું વસ્ત્ર પાસે રાખી ભીમ બાગ તરફ ચાલ્યો. ભીમસેનનું ચિત્ત ફળમાં છે અને પ્રીતિ ફુલમાં છે તેથી આનંદ પામતો બાગ પાસે આવી પહોંચ્યો. બાગની ચોતરફ કોટ અને કાંગરા છે તેથી ભીમસેને દરવાજો ખોળ્યો પણ જડયો નહિ; ભીમે જાણ્યું, દરવાજો ઘણો દૂર હશે માટે ચાલ કોટ કૂદું. એમ કહી તુરત કોટ કૂદી બાગમાં પડયો. ચારે દિશાએ બાગ જોયો તો દશભાર વનસ્પતિથી ભરપૂર ભરેલો અને ફળ, ફુલ ઇત્યાદિ વસ્તુ અથાગ ભરેલી જોઈ ભીમસેન આનંદ પામ્યો. કેવાં કેવાં સુંદિર ઝાડો ભીમસેન જુવે છે.

કેવડો, કમળ, કેતકી, કુસુમ, જાઈ, જુઈ, ચંબેલી, મોગરો, મરેઠી, આક, અરેઠી, બોરસલી, પડવેલી, સોભાગસુંદરી, સુરજવંશી, ચંપક,ચાંપા નેચંપો બટમોગરો, વેલમોગરો,કાંટાશળી,વિશંપો,ગુલાબ,ચંપો,ગુલદાવડી,ગુલબાસ, ગોટાહજારી, પારસ, ધોળીઓ, જાસુદ,શાળી, કરેણો, હાથરો, બ્યારી એ પ્રકારે ઘણાં વૃક્ષોઃચારુ ચારોળી,ચંદન,ચંપુ મંક, વેલ, વાલોળ, વૈલશડો, આશાળ આંબા, આંબળા, આંબલી, અરણી, અગથીઓ, અનાર, પીપળા, પીપળી, પારસજાંબુ, બપૈયા, શીમળા, શેતુર, શ્રીફળ, તાડી, ખજુર, ખજુરી, સેફટી, સીમડી, શેલડી, અનુસડી, કમરખી, પપનસ, ફનસ, મીઠાંલીબુ, નારંગી જલદારુ આલુ, અંજીર, બદામ, કેરી, કેળાં, દ્રાક્ષ, અખરોટ, ગેરાણી એ પ્રમાણે ઘણાં ઝાડ, ફળ, ફુલ ઇત્યાદિ દસભાર વનસ્પતિ ખીલેલી જોઈ ભીમના મોંમાં પાણી ભરાઈ આવ્યું. પણ માતાએ સોગન દઈ હાથથી તોડીને ફળ ખાવાં નહિ કહ્યું છે માટે કેમ કરવું ? એમ વિચારતાં જાણ્યું, ફિકર નહિ, બેચાર ઝાડ ભેગા કરી હલાવીશું એટલે ફળ નીચે ગરી પડશે એ ફળો ખાવાનો બાધ નથી, એમ સમજી ભીમસેને ઝાડોને બાથ ભીડાવી એકઠાં કર્યા અને હલાવ્યાં તો તુરત ફળોનો ઢગલો થયો. તે ફળ ખાય છે, રમે છે. ઘુમે છે, અને કોઈની બીક રાખ્યા સિવાય મસ્તાનો થઇ મહાલે છે.

તે બાગના દરવાજા ઉપર એકમાળીચોકી કરે છે.તેણે કડાકા સાંભળ્યાઅને કડાકા સાંભળી પેટમાં ફાળ પડી, તે મહેલમાંથી અગાશીમાંથી બહાર જોવા આવ્યો; તો બાગમાં ભીમની પુંઠ દેખી ગાળો દેવા લાગ્યો, હરામખોર મફતનાં ફળ ખાય છે. મોટો ઊંટ જેવો મુઓ છું. એક હાથીથી વધારે શરીર ઘાલ્યું છે. તે મરવાનો થયો છું કે કેમ ? તારું આવી બન્યું હોય એમ મને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાગે છે, ભીમે તુરત પાછળ જોયું તો માળીને ગાળો દેતો ધાબા ઉપર દીઠો. ભીમે જાણ્યું, જો આજ ગાળો ખાઇને પહેલવહેલા ગામમાં જઈશું તો આખો જનમારો ગાળોખાધામાં જશે માટેલાવ્ય માળીને માતાનો ભોગ આપું. એમ અવળો અર્થ લઈ એક છલંગ મારી ધાબામાં પડયો, ધાબુ ધમધમવા લાગ્યું તો બિચારો માળી શા હિસાબમાં? માળીએ જાણ્યું, ઓ બાપ! આ તો ભોગ મળ્યા. હાય બાપલીઆ, હવે કયાં જાઉં ને શું કરું ? ભીમ કહે, બેટમજી પહેલાં ગાળો દેતાં વિચાર ન કર્યો, હવે શું કરશો ? એમ કહી ભીમે ગરદનપકડી બગલમાં ઘાલ્યો ને 'કહ્યું હે ગામદેવ્યા, તું મારો રોગદોગ કાઢજે ને આ માળીનો ભોગ આપું છું તે લેજે. એમ કહી માળીને દબાવ્યો એટલે માળી મરણ પામ્યો. પછી ભીમ ધાબામાંથીમહેલમાંગયો, ત્યાંથી એક દોરડું લાવ્યો ને માળીના પગ બાંધી દરવાજામાં વચ્ચોવચ્ચ ઊંધે માથે ટાંગી દીધો, પછી ભીમસેન બાગમાં ફરવા લાગ્યો. ઝાડો એકઠાં કરે છે. ફળો ખાય છે અને મસ્તાનો થઇ મહાલે છે. એવામાં માળીની છોકરી ભાતુ લઇ ને આવી. તે છોકરી જેવી દરવાજામાં પેસવા જાય છે તેવો જ પોતાના બાપને મરેલો ટાંગેલો દીઠો, તેથી તેણે કારમી ચીસ પાડી અને ભાતું ત્યાં મૂકી રોવા લાગી. અરે દૈવ, આ શો કોપ કર્યો? મારા પિતાને કોણે માર્યા હશે? એમ અતિશય છાતી-ફાટ રોવા લાગી. એણે રોતાં રોતાં ભીમસેનની પૂંઠ દેખી. ભીમને જોઈ ને તે છોકરી નગરમાં એકાએક દોડી અનેદુર્યોધનજ્યાંબેઠા હતા ત્યાંદરબારમાંઆવી પહોંચી. ચોધારે આંસુ વહે જાય છે, શીશ કૂટે છે અને વિલાપ કરે છે, આવું જોઇ છત્રપતી દુર્યોધન પૂછવા લાગ્યો, કેમ છોકરી, શા માટે રુદન કરે છે ?

છોકરી બોલી, એક મહા મસ્તાન પુરુષ આપણા બાગમાં પેઠો છે. સર્વે ઝાડ ભાંગી નાંખી ફળો ખાઈ ગયો છે, અને મારા પિતાજીને મારી નાંખીને દરવાજાની વચ્ચોવચ્ચ ઊંધે મસ્તક ટાંગ્યો છે;આવુંસાંભળીનેદુર્યોધને એકદમ સો મલ મોકલ્યા. તે મલ્લો ક્રોધ કરી બાગ તરફ ચાલ્યા. ભીમભાઇએ તો પેટપુર ફળો ખાધાં. ત્યાર પછી મલ્લોને છેટેથી દેખ્યાએટલે ભીમે જાણ્યું; આવવા દો. તેમની હોંશ મારે પૂરી કરવી જોઈએ એમ કહી ફળો ખાવાનાં પડતાં મૂકી ઝાડોનો જથ્થો હતો તેની વચમાં નિરાંતે ઊંધો સૂઇ રહ્યો. મલ્લો હથિયારો સહિત દોડતા સુસવાટાબંધ આવ્યા. તેમાં દસ જણ દરવાજામાં ઊભા રહ્યા ને નેવું જણા અંદર ભીમને શોધીકાઢવાપેઠા,મલ્લો ભીમની શોધ કરે છે, પણ ભીમ જડતો નથી, પછી મલ્લોનેચારઘડીભટકવા દઈ જાણી જોઇને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2.

પોતે પોતાનાં નસકોરાં બોલાવવા લાગ્યો. એટલે મલ્લોએ ચોરને દીઠો અને સઘળાઓએ શોરબકોર કર્યો. તેમણે ભીમસેનને સુતો ઘેરી લીધો; તોપણ વાયુપુત્ર સૂઈ રહ્યો છે. મલ્લોએ પૂછયું. તારું ગામ કીયું ? તારું નામ શું ? તારા માતાપિતા કયાં રહે છે અને અહીં શા માટે આવ્યો છે? આવાં વચન સાંભળી ભીમે કહ્યું, અલ્યા, ઝાઝુ બોલ્યામાં સાર નથી, અમે સૌના રાજાધીરાજા છીએ. મલ્લોએ કહ્યું, દુર્યોધનનો બાગ ભાગ્યો ત્યારથી તારું આવી બન્યું છે. ભીમ કહે, તમારા વાંકા દહાડા આવ્યા છે. મલ્લ કહે, ચાલ દુર્યોધન તેડાવે છે. ભીમ કહે,જાઓ દુર્યોધનને કહો કે ભીમસેન ભાઈ તેડાવે છે. મલ્લોએ કહ્યું; તારું કરમ ફુટયું જાણજે.હવે તું ઊઠે છેકે નહિ? ભીમ કહે, ના.ત્યારેમલ્લોએભીમસેનનાઉપર ચઢીને કુદવાનો વિચાર કર્યો, મલ્લોસઘળા ઉપર ચઢયા ને કુદવા લાગ્યા. ભીમે જાણ્યું, થાક ઉતરે છે. તો રાંડના કુદે. ભીમે કહ્યું, તમારા બાપાના સોગન છે, તમારાથી કુદાય તેટલું કુદો. મલ્લોએ ભીમને ખૂબ ગદડયો. ભીમે કહ્યું, શરીર ખુંદયું, થાક ઉતર્યો પણ મારી ગરદન ખુંદવાની બાકી રહે છે, આ સાંભળી મલ્લોને રીસ ચડી કે આપણો હિસાબ તો ગણતો જ નથી ને શરીર ગદડાવી ગુલામ બનાવ્યા. એમ સમજી એક મલ્લે ભીમના મસ્તક ઉપર લાકડી મારી, એટલે ભીમસેન ક્રોધાતુર થયો ને પાસું મરડી એકદમ બેઠો થઇને બાગના કૂવા ઉપરજઈને ઉભો રહ્યો. સઘળા મલ્લો ભીમને મારવા સારુ દોડયા. મલ્લો ભીમનું બળ જોઈ ખમચાયા અને ભીમને કહેવા લાગ્યા, અલ્યા તને કોઈ મારનાર નથી, દંડનાર નથી. ફકત રાજાની સભામાં અમારી સાથે ચાલ. ભીમ કહે, ભલે મને લઈ જાઓ. સર્વે જાણ્યું કે જો ઝાલવા સારું કૂવા ઉપર જઈશું તો કપટ કરી કૂવામાં નાખી દેશે તો મારી જઇશું અને સર્વે જણાના પ્રાણ જશે. આવો વિચાર કરી મલ્લો ભીમના સામુ ટગર ટગર જોયા કરે છે. મલ્લો એ એક બીજાને કહ્યું, જો આને લીધા સિવાય પાછા જઈએ તો દુર્યોધનને શું મોં બતાવીશું માટે ચાલો થનાર હશે તે થશે એમ કહી ભીમની પાસે આવ્યા.

ભીમ કહે, લાવો દોરડાં ને મને બાંધીને લઇ જાઓ. સઘળા મલ્લ દોરડું લાવ્યા અને ભીમને કહ્યું, હવે લાવ તારા હાથ અમને બાંધવા દે. ત્યારે ભીમે લાંબા હાથ કર્યા. મલ્લ લોકો ભીમની સનમુખ ઊભેલા તેથી ભીમે લાંબા હાથ કરી સર્વે મલ્લોને બાથ ભીડાવી ઊંચા કરી હીલોળીને કૂવામાં નાંખી દીધા. તે સોએ મલ્લાંથી એક મલ બાથ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માંથી નાઠો અને નવાણુ ક્રુવામાં પડેલામાંથી કેટલાક ક્રુવાની ઈટો ઝાલી ક્રુવા બહાર નીકળવા લાગ્યા. ભીમે જાણ્યું, આ તો મહેનત છુટી પડશે, એમ જાણી તરત દોડયો ને ઝાડો છૂટાં પડયાં હતાં તે ઊંચકી લાવી ક્રુવો પૂરી નાંખ્યો. મલ્લો સઘળા મરણ પામ્યા. પછી ભીમસેન મલ્લોને મારી નાખીને ફળોનો તથા પુલોનો ગાંસડો બાંધી માથા ઉપર ઉપાડી બાગનો કોટ કૂદી બહાર પડી જ્યાં પોતાનાં માભાઇ છે ત્યાં આવ્યો.

કુંતાએ ભીમસેનને જોઇ ક્રોધ કરી કહ્યું; તું દીકરો નથી મારો દુશ્મન છે. મેં તને પુષ્પ લાવવાનું કહ્યું હતું તેમાં ફળો લાવ્યો ને ફુલ પણ પુષ્કળ લાવ્યો. ભીમસેન કહે, માતાજી, મારો વાંક નથી. માળીએ આપ્યાં ને હું તો લાવ્યો છું. માળીએ ફુલ વધારે આપ્યાં હતાં, માટે હું તે જુમનાજીમાં ફુલો વેરતો વેરતો ચાલ્યો આવું છું. માતાજીએ ભીમને ગાળો દીધી, ભીમે વિચાર્યું, માળીગાળો દેતો હતોતેને તોમેંમારીનાખ્યો, પણ આને હું શું કરું ? આ તો મારી મા છે. બોલવું નહિ. એમ વિચાર ચપટીફુલ ઠાકોર સેવામાં આપી બાકીના ભોંય પર પાથર્યાં તેમાં પોતે સૂઈ રહ્યો ને ફળ છોડી ઢગલો કર્યો તેમાંથી ફળ ખાતો જાય છે ને ભાઇઓને કહે તે, આજ ગામમાં પેસતાં ફુલમાં સુવાનાં શુકન છે માટે આવો. એમ કહી હસે છે. એવામાં પેલો જીવતો ગયેલો મલ્લ દુર્યોધનની પાસે ગયો ને સર્વ મલ્લની વાત કરી એટલે દુર્યોધને એક હજાર મલ્લને બોલાવ્યા. તે મલ્લ એવા કે એક ટંકે મણ દૂધ પીનારા અને ઘણા બળવાન હતા. તેમને આજ્ઞા કરી કે બાગનોભાંગ-નાર માળીને મારનાર છે તેને અવળે હાથે બાંધીને લાવો એટલે મલ્લો દોટા-દોટ કરતા બાગમાં ગયા તેમાં સો મલ્લ દરવાજે ઊભા રહ્યા અને નવસે મલ્લ ભીમને શોધવા સારુ બાગમાં પેઠા. દરેક જગ્યાએ બધા ફરી વળ્યા પણ ભીમને જોયો નહિ. ત્યારે ભીમ કોટ કૂદ્યો હતો તે પગલું મલ્લોએ શોધી કાઢ્યું એને પગલે પગલે હજારેમલ્લ ભીમને શોધતા શોધતા ચાલ્યા. રસ્તામાં ભીમસેને ફુલોવેર્યાંહતાંતેજોઈ મલ્લો ઘણાં ક્રોધે ભરાયાનેજુમનાજી તરફચાલ્યા. તેમના પગના ધબડકા સાંભળી ભીમે મલ્લોને આવતા જાણ્યા કે તરત જુમ-નામાં જઇને તે નહાવા પડયો; અને ડોકું બહાર રાખ્યું, ભીમે વિચાર્યું, મને માતાગાળો દેતાં હતાં માટે છો મલ્લ જરાબીવરાવે એટલે પાંસરા થશે. એવામાં મલ્લ આવી પહોંચ્યાં તો ત્યાં મુદ્દામાલ ફળો તથા ફુલ જોવામાં આવ્યાં.

મલ્લોએ ફુલ તથા ફળ જોઈ જાણ્યું કે આ પાંચ ચોર છે; સઘળા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મલ્લોએ પાંચ જણાને માર મારવા માંડયો ને કહેવા લાગ્યા, તમે અમારા ચોર છો. નહિ તો અમારો ચોર બતાવો, પણ ધર્મ તથા કુંતા બતાવતા નથી, કારણ કે બતાવીશું તો ભીમને મારશે. એવો ભય લાગે છે. ચાર ભાઈ અને માતાને મલ્લો મારતા હતા, તે જોઈ ભીમને દયા આવી.હવે ગાળોનું સાટું વળ્યું, એમ માની ભીમ તાડુકો કરી દોટ મૂકી એક ડુંગર હતો તેના ઉપર ચડી મુછો મરડીને ઉભો રહ્યો અને સઘળા મલ્લોને કહ્યું તમારો બાપ આ રહ્યો. અહીં આવો. ફળો ખાનાર ફુલ તોડનાર,મલ્લ મારનાર,માળીને ઉંધે મસ્તકે ટાંગનાર આ રહ્યો.એટલે મલ્લોએ ભીમને જોયો, પછી ચાર ભાઇ તથા માતાની પાસે પાંચ મલ્લ ઉભા રહ્યા અને બાકીના સઘળા મલ્લ ભીમને સાથે યુદ્ધ કરવા આવ્યા. અને ભીમને કહે બચ્ચાજી, આવી બન્યું. હેઠો ઉતર, નહિ તો મારી નાખીશું. ભીમ કહે, બાપાજી કહો.અમે તો ઉતરવા નથી.તમને સઘળાને જમપુરમાં મોકલી દઇ તમારા બાપા ઃઉતરશે. મલ્લોએ કહ્યું, હવે આપણે દયા ન કરવી. આ તો ગાળો દે છે માટે મારી જ નાંખો, એમકહી આયુદ્ધ લીધાં અને પરાક્રમ વડે કરીને શોરબકોર કરવા લાગ્યા. ગુપતી ગેડી,સાંગ, કાતરિયાં વિગેરે અનેક ઃ પ્રકારનાં હથિયાર ભીમ ઉપર છોડે છે. ભીમ કહે છે. ઠીક, આ તો પુષ્પની માફક વૃષ્ટિ થાય છે તેથી ભીમ આડો અવળો ખસી આવતાં આ યુદ્ધ ચુકાવી દે છે. તેથી સર્વે મલ્લ ભીમને મારી મારીને થાકયા, ત્યારે ભીમને ક્રોધ ચઢયો અને સો બસેના ટોળામાં એકદમ પડયો; પડતામાં પચાસ સોનો કચ્ચરઘાણ થઈ ગયો. પછી જેના ચરણ હાથમાં તેના ચરણ ઝાલી મસ્ત ઉપર ફેરવી સો પચાસને ડુંગર સાથે પછાડે એટલે જમપુરીમાં પહોંચે, કોઇને પાટુ મારે છે, કોઇને મસ્તકના વાળ ઝાલીને પર્વત સાથે અથડાવી મારી નાંખે છે એમ મહા બળીઓ ભીમસેન યુદ્ધ કરવા લાગ્યો. એમ યુદ્ધ કરતાં કરતાં સર્વે મલ્લો મારી નાંખ્યા. પેલા પાંચ મલ્લો પાંચને બાંધીને ઊભા રહ્યા હતા તેમને કુંતાએ કહેલું, હું દુર્યોધનની કાકી થાઉં.તે મલ્લો સર્વને મુઆ જાણી જીવ લઇને નાઠા.તે પાંચને ભીમે જતા જોયા. ભીમે તેમને જવા દીધા. કારણ દુર્યોધનને કોણ જણાવે કે ભીમભાઇએ હજાર મલ્લોનો ઘાણ વાળી નાંખ્યો. પછી ભીમસેન બહાદુરી કરીને મુછો મરડતો ચાર ભાઈ તથા માતા પાસે આવ્યો;માતાને કહેવા લાગ્યો કેમ ડોશી ! ગાળોએ કેવું ફળ આપ્યું ! હવે ગાળો દેવી કેકેમ ? કુંતાજી કહે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે, આ તો રડયો કઠણ નીકળ્યો, એને લડવાનો ચાળો બહુ છે, એટલે ચારે ભાઇઓએ કહ્યું, ભાઈ, પછી વાતો કરજે. અમારા હાથ છોડ. પછી ભીમસેને ભાઈઓના તથા માતાના હાથ છોડયા. કુંતા કહે, દીકરા, મોટા સાથે બાથ ન ભીડીએ. તેં દુર્યોધન સાથે વહેર કર્યું માટે જીવવાની આશા મૂકી દેજો. ભીમ કહે, માતા! આયુષ્ય તુટયા વિના કોઈ મારનાર નથી. દુર્યોધન વાજતે-ગાજતે સામો આવશે ત્યારે નગ્રમાં જવું છે. કુંતા કહે, દીકરા, એની પાસેઘણું સૈન્ય છે, તેથી તું એકલો શું કરીશ? ભીમ કહે, માતા, ઇશ્વરના પ્રતાપથી સર્વને મારીને ચુર્ણ કરીશ. મારી ચિંતા ન કરશો. માતાજી તમને સોનાના રથમાં બેસાડીને મારે નગ્રમાં જવું છે; અને અમે તો હાથી ઉપર બેસી વાજતે-ગાજતે નગ્રમા પ્રવેશ કરનાર છીએ. કુંતાજી કહે, અરે ગરીબાઇથી નગ્રમાં રહેવા દે તો જ ઠીક છે. પણ મને લાગે છે કે દુર્યોધન નગ્રમાં આપણે નહિ પેસવા દે. ભીમ કહે, માતા ફીકર ના કરો, તેનો શો ભાર છે? આપણે તો વાજતે ગાજતે નગ્રમાં જવાનો વિચાર છે. ધર્મ કહે, માતા, ભીમને અભિમાન છે, માટે આપણે જોઈએ છીએ શું થાય છે? ઇશ્વર વિના કોઈ વાંકો વાળ કરનાર નથી. એમ વાતો કર્યા કરે છે, એવામાં પેલા પાંચ મલ્લો દુર્યોધનની સભામાં આવી પહોંચ્યા. તેમનો શ્વાસ તો માતો નથી. દુર્યોધનને પગે લાગ્યા ને કહ્યું, મહારાજ. હજાર મલ્લમાંથી અમે પાંચ જણ બચ્યા છીએ. બાકીના નવસેં પંચાણુંને જમપુરીમાં ભીમે મોકલાવી દીધા. દુર્યોધન કહે, તે તસ્કરો કયાં છે? મલ્લે દુર્યોધનને એકાંતમાં કહ્યું, પાંચ છોકરા છે ને એક ડોશી છે. તે ડોશી કહે છે કે હું દુર્યોધનની કાકી છું અને પાંચ મારા છોકરા છે. તેમાં એક છોકરો ઘણોજ બળવાન છે, તેણે તમામને મારી નાંખ્યા. દુર્યોધને ધૃતરાષ્ટર ને વાત કરી, ધૃતરાષ્ટર તે વાત સાંભળી ચિંતા કરતો મનમાં કહેવા લાગ્યો કે પાંડુરાજાનો કાગળ આવ્યો હતો તેમાં દર્શાવ્યું હતું કે પુત્રો દુર્વાસાના મંત્રથી ઉત્પન્ન થયા છે તે જ આ પાંચ પુત્રો હશે. પછી દુર્યોધનને કહ્યું. બેટા, તમારા ભાગ મળ્યા માટે પાંચ ભાઇઓને મારી નાંખી એકલી કુંતાને લાવો. કારણકે વિદુર તથા ભીષ્મના અજાણમાં છે, માટે તરત તે કામ જલદી કરો. એટલે દુર્યો-ધન યુદ્ધ કરવા તત્પર થયો; નીશાન વગડાવ્યાં નહિ, કારણ વિદુર તથા ભીષ્મથી છાનું જવું છે, દુર્યોધને પછી અગિયાર ક્ષોહણી સૈન્ય ભેગું કર્યું. સો ભાઇઓ, કરણરાજા, જેદ્રથ, ભગદત, ભુરીશ્રવા, સુસરમા, શકુનીમામો ઇત્યાદિ યુદ્ધે ચઢયા, સઘળા ભાઇઓ સૈન્ય સહિત છાનામાના નગ્ર બહાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નીકળ્યા, પછી નીશાનો વગડાવ્યાં. કુંતાએ ડંકા નીશાનનો અવાજ સાંભળ્યો અને તરત ભયભીત થયાં; કુંતાજીને ભીમ કહે માતા, કૃષ્ણ પ્રભુને સમરો, ચિંતા ના કરશો, તેમના પ્રતાપથી હું સર્વને પૂરો પડીશ, એટલામાં સૈન્ય આવી પહોંચ્યું અને છએ જણ બેઠાં હતાં ત્યાં આવી ઘેરો ઘાલ્યો ત્યારે કુંતાજી કહે, ઊભા રહો, દુર્યોધન મોટો છે માટે ડાહ્યો હશે એટલે હું એને સમજાવું, ત્યાં તો દુર્યોધન ક્રોધ કરીને કહ્યું, તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો? ને બાગ શા માટે ભાંગી નાંખ્યો? ત્યારે કુંતા કહે, સાંભળો દીકરા. હું તમારી કાકી થાઉં છું અને આ પાંચ તમારા ભાઇ છે. દુર્યોધન કહે, કાકી ખરાં છો, અમારે ઘેર ચાલો પણ તમે બનાવટના દીકરા લાવ્યાં છો, માટે અમે પાંચ જણને ઠેર મારીશું.

કુંતા કહે, દેવે દીકરા આપ્યા છે. તું મારીશ તો હું પણ મરી જઇશ. દીકરા સિવાય તું મને ગામમાં તેડે છે તેથી ત્યાં આવી શું કરું? દુર્યોધન કહે, મરજી તમારી. હું તો પાંચેને જીવથી મારીશ. ભીમ કહે જુઓ માતા, તમારું કહેવું માનતો નથી એને હું સપાટામાં સમજાવું છું. એમ કહી ભીમસેન આગળ આવી મુછો મરડતો, મસ્તાનો થઈ હસ્તીની માફક મલકાતો પૂછે છે, મારી માતાને તું કોણ પૂછનાર છે? તારું આયુષ્ય હવે આવી રહ્યું છે. મૂર્ખના સરદાર, જા ચાલ્યો જા. નહિ તો ઠેર મારીશ. દુર્યોધને શકુનીને કહ્યું. હવે તૈયારી કરો: અને પેલી ડોશીને પુંઠેથી લઇને નગરમાં સટકી જાઓ. એટલે શકુની ધીમો રહી છાનોમાનો પાછળ આવી કુંતા ડોશીને ઉંચકી લીધી અને પોતાના હાથમાં બેસાડી દીધી: તરત રથ દોડાવી મૂકયો. ધરમે બૂમ પાડી ગજબ થયો, ભીમસેન ભાઇ, કોક દુષ્ટ આપણી માયાને લઈ ગયો, તે સાંભળી ભીમસેન ગુસ્સે થયો, તે દુષ્ટના પ્રાણ હરું. એમ ક્રોધાયમાન થઈ અગ્નિની જ્વાળા પ્રગટી હોય એવી લાલચોળ આંખો કરી એકદમ સૈન્ય ઘેરી વળ્યું હતું તેમાં પડતું મૂકયું. તેના પડતામાં જ સો બસોના પ્રાણ ગયા પછી દોટ મૂકી શકુનીનો રથ જતો હતો તે રથના ઉપર યુક્તિ વડે કરીને પડયો. રથ ભાગી નાંખ્યો ને શકુનીનો કાન ઝાલી ચાર તમાચા લગાવી દીધા. શકુનીનું મોં સુજી ગયું, પછી પોતાનાં માતાજીને ખાંધ ઉપર ઉચકી એક વૃક્ષ નીચે મૂકી સૈન્યમાં દોડી આવ્યો. દુર્યોધન તે જોઇ વિસ્મય પામ્યો. ભીમે બે ભાઇઓને ખાંધે લીધા બેને કટીએ લીધા, એ રીતે ચારેને ઉચકીને નાઠો, સૈન્યનો કોટ ભાગી નાંખ્યો અને માતા પાસે ભાઇઓને મૂકી આવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નિરાંતે એકલો સૈન્યમાં આવ્યો અને યુદ્ધ કરવા લાગ્યો. રાતાં લોચન થઇ
ગયાં છે, દુર્યોધને મામાને બોલાવ્યો, કેમ મામા, કુંતાને ઘેર મૂકી આવ્યા? મામો
કહે, મને તો માર પડયો. દુર્યોધન કહે, કેવી રીતે માર પડયો? શકુની કહે,
ભીમે આવી રથ ભાગી નાંખ્યો, ઘોડા મારી નાંખ્યા ને તે તમાચાનો માર
માર્યો. દુર્યોધન કહે, હશે, હવે યુદ્ધ કરો શકુની કહે મેં મારો ભાગ લીધો છે.
એમ કહી સૈન્ય પાછળ ઊભો રહ્યો. સર્વે ભાઇઓ લડે છે, બધું સૈન્ય
ભીમસેન ઉપર તૂટી પડયું, અને ખુબ માર મારવા માંડયો. ભીમ અકળાઇને
નાહો સર્વે જણ પાછળ દોડયા. ભીમે કહ્યું. શું કરવું? હાથમાં હથિયાર નથી.
તેથી પ્રભુને અરજ કરવા લાગ્યો. પ્રભુએ પ્રેરણા કરી એટલે તેને બુદ્ધિ
સુજીને બે આંબલીના ઝાડ ખેંચી કાઢયાં અને યુદ્ધ કરવાનું શરૂ કર્યું, જે
હાથમાં આવ્યા તેના ભોગ જ મળ્યા. સઘળા સૈન્યમાં ભીમસેન તૂટી પડયો.
તેમાં કોઇની છાતીમાં પાટુ મારી પ્રાણ કાઢે છે, કોઇનો પગ ઝાલી ઉછાળે છે,
કોઇનાં માથાં સામાસામી કરી અથડાવે છે. આવું પરાક્રમ કરી સર્વના પ્રાણ
હરણ કરવા લાગ્યો. આયુદ્ધ છુટે છે, તે ભીમસેન ચુકાવી બચી જાય છે. અને
પોતે ઝાડ વડે કરીને સર્વેનો પ્રાણ હરી લે છે. અદકચારા લોક પડયા છે, તે
ઊઠી ઊઠી નાસવા માંડયા કે રખેને ભીમ મારી નાખશે. સઘળું સૈન્ય નાસવા
માંડયું. કારભારી, દુર્યોધનના ભાઇઓ સર્વને માર પડવાથી નાશી ગયા.
ફક્ત એકલો હાથી ઉપર દુર્યોધન રહી ગયો. ભીમસેન હાથી પાસે આવ્યો
અને હાથીના પગ પહોળા કરી હાથી ચીરી નાંખ્યો. દુર્યોધન હાથી
ઉપરથી ઢળી પડયો. એટલે ભીમસેન છાતી ઉપર ચઢી બેઠો. દુર્યોધને હાથ
જોડયા, હે ભીમસેનભાઈ, મને જીવતદાન આપો, મને જીવંવા દો ભીમને
દયા આવી ને છાતી પરથી ઉઠયો. પછી દુર્યોધને કહ્યું, કયાં મારી કાકી અને
મારા ભાઇઓ. ચાલો આપણે સઘળાં સુખેથી નગરમાં જઇએ, એમ કહી દુર્યોધન
તથા ભીમસેન કુંતા પાસે આવ્યા ત્યાં દુર્યોધન કુંતાને નમી પડયો, ભલે પધાર્યા.
કુંતા વિસ્મય પામ્યાં. દુર્યોધને એક યોદ્ધા સાથે કહેવડાવ્યું કે કારભારી તથા
સર્વે સૈન્યે વાજતે ગાજતે અહીં આવો. એટલામાં સૈન્ય આવ્યું. દુર્યોધને
કહ્યું, ઠીક થયું કાકી તમે પધાર્યા. મારા પાંચ પાંચ ભાઇઓની મારે મોટી ખોટ થઈ
એમ કહી રથમાં બેસાડયાં. ભીમ કહે, કેવો દુર્યોધનને પાંશરો કરી સમજાવ્યો
છે? કુંતા કહે, વારુ દીકરા તને ગમ્યું તે ખરું. દુર્યોધન ભીમને પૂછવા લાગ્યો,
તમારી કયાં બેસવાની ઇચ્છા છે? ભીમ કહે, મંગાવો હાથી. અમે હાથી ઉપર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બેસીશું, માવતે હાથીને નીસરણી છોડવા માટે હેઠે બેસાડ્યો પછી ભીમ ને દુર્યોધન બન્ને હાથી ઉપર બેઠા ને માવતને કહ્યું, હાથીને ઊઠાડ; હાથી ઉઠવા ગયો પણ ઊઠાયું નહિ, ભીમના ભારથી હાથી ઊભો થતો નથી. તેથી દુર્યોધને વિચાર્યું કે હાથી નથી ઊઠતો તો મને મારતાં શી વાર કરત ? અને મારી શી વલે થાત? દુર્યોધન કહે, કેમ ભાઇ, શું કરીશું ? ભીમ કહે, હાથીનું શું ગજું ? ચાલો, નીચે ઉતરીને આપણે એક એકના હાથ ઝાલી ગામમાં જઈએ. પછી હાથ પકડીને ચાલ્યા, આગળ છડી પોકારે છે, છત્ર-ચામર થાય છે, અને પાંડુના તન નગરમાં આવે છે. આવી વાત શહેરમાં ઊડી.

ભીષ્મ તથા વિદુરે તે વાત જાણી એટલે નગરના લોકો તથા સદગ્રહસ્થો સર્વેને લઈ તેઓ દરવાજા બહાર આવ્યા. બિછાનાં નાંખી સભા કરીને ભીષ્મપિતા બેઠા. વિદુર તથા ધૃત્રાષ્ટર બંને ત્યાં આવી બેઠા. એટલામાં સર્વે સૈન્ય આવી પહોંચ્યું. દુર્યોધને ભીષ્મને જોયા એટલે ભીમનો હાથ છોડી દઈને દાદાની પાસે જઇને બેઠો ભીષ્મે પૂછ્યું; કેમ દુર્યોધન, સૈન્ય સાથે તું ક્યાં ગયો હતો ? દુર્યોધન કહે, કુંતા કાકી પાંચ બનાવટના પુત્ર લાવ્યા છે. તેમાંનો એક પુત્ર ઘણો બળીઓ છે, તેણે બાગ ભાગ્યો ને મલ્લને મારી નાખ્યા તેથી તેને પકડવાને સૈન્ય મોકલ્યું હતું, એ પ્રકારે તેઓ મારા કાકા પુત્ર થઇને આવ્યા છે, મારું રાજ્ય લેવું છે. આ વાત સાંભળી ભીમ કુંતાને કહે છે, માતા, રજા આપો તો સૈન્યને મારી નાંખી રાજ્ય લઈ લઉં. કુંતાજી કહે,ના બેટા, પેલા ભીષ્મ, વિદુર સર્વે આપણી મદદમાં છે. એટલામાં કુંતાજીને ભીષ્મે પાસે બોલાવ્યાં; કુંતાજી દાંતમાં છેડો ઘાલી ઊભી સભામાં ચાલ્યાં આવ્યાં, ભીષ્મ પૂછે છે કે પાંડુ રાજાને બ્રાહ્મણીનો શ્રાપ હતો તેથી રાજાના પુત્ર તો નથી, તો આ પુત્રો તમે ક્યાંથી લાવ્યા ? કુંતાજીએ કહ્યું, તે ખરું. પણ પિતાજી મેં ગ્રહસ્થાશ્રમ કરી પુત્રો ઉત્પન્ન કર્યા નથી. દેવોએ તમારા પુત્રના જીવતા આપેલા છે. ધૃત્રાષ્ટર તથા દુર્યોધન બોલી ઊઠયા કે તે વાત જૂઠી છે. દેવો કેવી રીતે પુત્રો આપે? કુંતાજી કહે, તમારી સ્ત્રીને મંત્રપુત્ર થયા તેવી રીતે મારે પણ થયા છે. ધૃત્રાષ્ટર કહે, દેવો સાક્ષી પૂરે ત્યારે સાચું માનીએ. કુંતાજીએ દેવોનું આરાધન કર્યું, એક પગ ઉપર ઉભા રહી સ્તુતિ કરી એટલે દેવોએ અંત-રિક્ષ રહી સાક્ષી પૂરી કે એ પુત્રો અમોએ આપ્યા છે, એમ કહી અંતરધ્યાન થયા, ભીષ્મ કહે, હવે શી શંકા છે ? ધૃત્રાષ્ટર કહે, તે તો ભૂત આવીને બોલી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જાય તો શી ખબર ? માટે તે જૂઠું છે. ભીષ્મ કહે. તમને અક્કરમીને દેવદર્શન ક્યાંથી હોય ? મેં દેવ લોકોને જોયા અને તેમણે પુત્રો સાચા છે એવી સાક્ષી પૂરી છે માટે વાત સત્ય છે. કુંતાજી કહે, બીજી સાક્ષી પૂરાવું. એમ કહી નારદનું આરાધન કર્યું, તો નારદજી એકદમ આવી પહોંચ્યા અને સાક્ષીપૂરી કે ત્રણ કુંતાજીએ ને બે માદ્રીએ ઉત્પન્ન કર્યા. એમ પાંચ સાચા પુત્રો છે. દુર્વાસાએ પાંચ મંત્રો કુંતાને આપ્યા તે વાત સત્ય છે. તેના જ આ પાંચ પુત્રો છે. વળી નારદજી કહેવાલાગ્યા કે હે કૌરવો,પાંડવોને વીતાડશો તો તમારું સારું નહિ થાય, તમારું ભૂંડું થશે.એમજાણજો.એમકહી અંતરધ્યાન થઇગયા. પછી ધૃત્રાષ્ટરે પેટમાં ઝેર રાખી ઉપરથી પાંડવો ઉપર પ્રીતિ બતાવી કહ્યું, હે પુત્રો,તમે પહેલા પાંચઅનેપછી મારા સો. એમ સર્વસભાને સારું દેખાડયું. પછી ધૃત્રાષ્ટરે પાંચ પુત્રોને છાતી સરસા દાબ્યા અને આનંદ પમાડી ઘેર બોલાવી ખવરાવી પીવરાવી પાંડવોને ખુશી કરવા લાગ્યા. એ પ્રમાણે પાંડવો હસ્તિનાપુરમાં આવ્યા.

વિશ્રામ સોળમો

હસ્તિનાપુરમાં પાંડવો, આવી રહ્યા સુખ ભેર;
વલ્લભ વદે રમ્યાજમ્યા, ધૃત્રાષ્ટરને ઘેર.

હવે પાંડવો ખાઈ પી રાજી ખુશીથી રહ્યા. દુષ્ટ દુર્યોધને દગલબાજી કરવાનો વિચાર કર્યો. ધૃત્રાષ્ટરે દુર્યોધનને કહ્યું કે મૂરખા, દુશ્મન ઘેર આવ્યા છે, માટે, રાજ્ય ગયું એમ ધારજે. દુર્યોધન કહે. ત્યારે શું કરવું ? ધૃત્રાષ્ટર કહે, એક ઉપાય છે. તે કહું છું. આપણી જુની હવેલી છે તે વેદાપિક બાલીકની છે. તેને એકવીસ પુત્ર હતા તે જુમનાજીએ દીશા જતા હતા, ત્યાં ઋષિ લોકો તપશ્ચર્યા કરતા હતા તેમને કાંકરા મારે ને કહે આ તો ઢોંગી છે. તેથી ઋષિએ શ્રાપ દીધો કે જાઓ પ્રેત થઇ અધોગતિ પ્રાપ્ત થાઓ. તેથી તે સર્વ ભૂત થયા છે તોતે હવેલીમાં પાંડવનો મુકામ કરવો. એટલે રાતમાં ને રાતમાં ભૂતો ચુસી ખાશે. દુર્યોધને વિચાર્યું કે આ યુકિત ઠીક બતાવી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાપી સેવકોને લઇને તે હવેલીએ ગયો અને વળાવવા તથા ધોળાવવા લાગ્યો, અને ઝપાટામાં તૈયાર કરી દીવાબત્તી, દીવાનખાનું સર્વે સાહિત્ય તૈયાર કર્યું. પછી પથારીઓ, પાણી, પલંગ સર્વે તૈયાર કરી ઘેર આવી કુંતાને કહ્યું, કાકી, અહીં પહેલવહેલું અતડું લાગે અને તમારે માતા તથા પુત્રોને વાત કરવાનું ઠીક નહિ પડે માટે એકાંતમાં હવેલી તૈયાર કરી સાફ કરી છે ત્યાં તમને સારું ગમશે. પછી પાપી દુર્યોધન કુંતાજી તથા પાંચ ભાઇઓને તેડી તે હવેલીએ ગયો. મુકામ જોઈ પાંચ ભાઈ ખુશી થયા. પછી પાંડવોએ દુર્યોધનને કહ્યું, જાઓ ભાઈ હવે અમે ખુશીથી અહીં શયન કરીશું. દુર્યોધન ગયો, પછી કુંતાજી કહેવા લાગ્યા કે બેટા, આપણો સગો હતો તો સુંદર હવેલી આપી. એમ કેટલી વાત કર્યા પછી કુંતાજી કહે, ચાલો બેટા, સૂઇ રહો. ભીમ કહે, જુઓ માતાજી, આજ પહેલો દહાડો છે માટે સાવચેતી રાખવી, તમે પરસાળમાં પહેલે માળ સૂઇ રહો. નીકુળ પાંચમે માળે. સહદેવ ચોથે માળે અર્જુન ત્રીજે માળે, અને ધર્મ બીજે માળે સૂઇ રહે. આ પ્રમાણે આપણે બધાં છુટાંછુટાં સૂઇ રહીએ. કુંતા કહે, બેટા તું તો સદા વહેમી રહ્યો. ભીમ કહે, માતા ગમે તેમ પણ આજ મારું કહ્યું કરો. ધર્મ કહે, ભીમભાઇ કહે તેમ કરો. પાંચે ભાઇઓ છુટા છુટા સૂઈ રહીએ; કુંતા પરસાળમાં રહ્યાં ને ભીમભાઇ ધાબા ઉપર જઈ બેઠા અને વિચાર કર્યો કે આજ પહેલો દહાડો છે માટે સાવચેતી રાખવી, આજ જાગરણ કરવું ને કાલે ઉંઘીશું, એમ વિચારી ભીમસેન જાગતો રહ્યો. એવે મધ્યરાત્રી થઇ એટલે પાંચમે માળે પ્રેતો નીકળ્યાં. તેમનું કાળું શરીર છે, ગોળ આંખો છે, વાળ પીળા છે, ચરણ અવળા છે, તે તો ખાઉં ખાઉં શબ્દ કરતાં નીકુળજીની પાસે ફરે છે, ભક્ષ જોઇ આનંદ પામે છે, ભીમે ધાબા ઉપર બેઠા બેઠા ખાઉં ખાઉ એવા શબ્દો સાંભળ્યા, તેથી તેણે ધીમે રહી પાંચમા માળની નીસરણી ઉપર આવી જોયું તો નીકુળની પાછળ ભૂતો ફરે છે. ભીમે જાણ્યું, જો નહિ બોલું તો ભૂતની જાત છે ને નીકુળને વીતાડશે એમ જાણી ભીમે કહ્યું, અલ્યા ભૂતભાઈઓ, એના સુકા શરીરમાં શું ખાશો? આવો હું જાડા પાડા જેવો છું, મારી માને ગમતો નથી માટે મરવાની ઇચ્છા છે તેથી મને ખાઈ જાઓ. ભૂતોએ કહ્યું, તું નીચે આવ. ભીમે કહ્યું, તમે ઉપર ધાબામાં આવો, કારણ નીચે તમને ખાવાની અગવડ આવશે અને ધાબા ઉપર નીરાંતે મને ખાજો. ભૂતોએ જાણ્યું કે કોઇ ભલા માણસ જેવો છે માટે ચાલો સઘળા ઉપર જઇએ. એમ કહી ધાબા ઉપર ચાલ્યાં.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમ કહે, હું જાડો છું મારી કાયા કઠણ છે તેથી હું સુઇ રહું છું પછી તમે મારા ઉપર ચઢીને ગદડો એટલે નરમ થાઉં તો તમને ખાતાં ઠીક ફાવશે. ભૂતો વધારે ખુશી થયાં ને ભીમ ઉપર ચઢી ખુંદવા લાગ્યાં. ભીમ જાણે છે કે ઠીક થાક ઉતરે છે, થાક ઉતર્યો શરીર તાજું થયું એટલે ભીમ બેઠો થયો ને ભૂતડાંને કહ્યું કે મારા સામા આવો ને મને ખાઈ જાઓ. પહેલા મારા હાથ ચૂસો, ભૂતાવળ વળગવા ગયાં એટલે ભીમે તરત બાથ ભીડાવી. વાયુના સતથી મુકત થવાનાં છે એવો ઋષિ લોકોનો શ્રાપ છે તેથી ભીમે દબાવ્યાં કે તરત ભૂતોનો પ્રાણ નીકળી ગયો. ખોખાં પડી રહ્યાં. પછી ભીમ દોરડું લાવ્યો ને ચોટલીઓ દોરડા સાથે તાણી બાંધી અગાશીના ઉપર તોરણ કરીને લટકાવ્યું. લોકો તે જોઇને ખુશી થયા એવું ટીખળ કર્યું, પછી નિર્ભય થઈ કુંતા માતા પાસે જઈ પરસાળમાં સૂઈ રહ્યો. પાછલી રાત્રિ રહી એટલે દુર્યોધન ઉઠયો. ભાઇ ભોજાઇઓને જગાડયાં. અને કહેવા લાગ્યો રસોઇ કરો. વહેલા ખાઇ પીને પરવારી નિરાંતે બેસો. કારણ કે પાંડવોને ભૂત ચુસી ખાઈગયાં હશે માટે રોવું કૂટવું પડશે, પછી દુર્યોધને શકુનીને કહ્યું, મામા, ચાલો આપણે ચર્ચા જોવા જઇએ, એવામાં રસોઈ તૈયાર થઈ. દુર્યોધન; શકુની સર્વે જમ્યા પછી ઘોડે બેસી મોટા પરોઢમાં પાંડવોની હવેલીએ તપાસ કરવા ગયા, પાંડવોની હવેલીએ આવી આંટા મારે છે. આંટા મારતાં ઉંચુ જોયું તો તોરણ જેવું માલમ પડયું; ત્યારે દુર્યોધને કહ્યું, મામા, મને પેલો ભૂત હોય તેવું લાગે છે, પાંડવોએ ભૂતને મારી નાંખ્યાં હોય એવું લાગે છે; શંકુનીએ કહ્યું, હા ભાણીઆ, આપણીએ કોક દહાડો એ વલે છે. મનમાં સમજી નિરાશ થઈ પાછા વળ્યા. આવતાંજતાં લોકો જોઇ જોઈ એકઠા થયા, લોક કહે; જુઓ ભાઇ, ભૂતડાં માર્યાં. આખા ગામનું દળદળ હતું તે કુંતાજીના બહાદુર પુત્રોએ કાઢયું, એવામાં ચારે સુત જાગ્યા અને કુંતા માતા પણ ઉઠયા. કુંતા માતા લોકોને બહાર આવ્યાં. તો કુંતાજીએ ભૂત દીઠા તેથી કુંતાજીએ ઘરમાં આવી ભીમને જગાડયો ને કહ્યું, બેટા ભૂત. ભીમ આંખો ચોળતો બહાર આવ્યો અને ઉંચું જોઈને કહે છે કે માતા, બીક લાગે છે. કુંતા કહે, કેમ કરવું ? આપણને તો બીક લાગે છે. ભીમ કહે; તમારા ભત્રીજાએ ઉતરવાનું મકાન તો સરસ આપ્યું છે. નીકુળભાઈના આજ પ્રાણ જાત; દુષ્ટ દુર્યોધને દગો કરી આ હવેલીમાં ઉતરવાનું બતાવ્યું. હું જો જાગતો ન હોત તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નીકુળભાઈને ભૂતડાં વિઘ્ન કરત. કહી ભીમે ઉપર ચઢી તોરણ પૃથ્વી ઉપર ફેંકી દીધું અને નિર્ભયતાથી રહ્યાં.

દુષ્ટ દુર્યોધન લોક લજ્યાએ પાંડવને અન્ન વસ્ત્રો મોકલાવે છે. ખાઇ પીને પાંડવો ફરતા ફરે છે, ભીમભાઇ તો મલ્લોના અખાડામાં ભમ્યા કરે છે. એમ દિવસ જાય છે. એવામાં એક દિવસ પાંડવોને ઘેર વિદુરજી આવ્યા, ત્યારે કુંતા કહે. પધારો દિયરજી, એમ કહી આસન આપી રૂડી પ્રકારે બેસાડયા, કુંતાજી રુદન કરતાં કરતાં વિદુરને કહે છે કે દિયરજી, મારા દીકરા ખાઈ પીને ફરતા ફરે છે, રેઢીયાર થઈ જાય છે, ઘરમાં કોઈ કહેનારું નહિ, તેથી છોકરાઓને કોણ કેળવણી આપે? નબાપા છોકરા છે પણ તે છોકરા તમારા કહેવાય માટે કાંઇક દયા લાવી કેળવણી આપો તો ઠીક. તેમને કોઇ કહેનારું નથી, તેમને કોઈનો ત્રાસ નથી.

તમારા બંધુ ચોરાશી હજાર દેશ જીતીને લાવ્યા અને તેમનાં છોકરાંને ખાવાને પણ સાંસા પડે છે માટે મારું હૈયું હાથ રહેતું નથી, તેથી તમે વિચાર કરો. ત્યારે વિદુર કહે હું એ છોકરાઓના લક્ષણ જોઉં, તેમની પરીક્ષા લઉં પછી હું તેમને માટે વિચાર કરી શિખામણ આપીશ, માટે છોકરાઓને તેડાવો. કુંતાજીએ પાંડવને બોલાવ્યા; પાંડવો તરત માતા પાસે આવ્યા. પાંચે પાંડવો આવીને કાકાને પગે લાગ્યા. વિદુર કહે, દીકરા ધર્મ, શું કરશો? તમારે માથે બાપ નથી અને પૈસો તથા પૂંજી નથી. ખાઇ પીને ફરતા ફરો છો એવી અક્કલ કેમ સુજી છે? ધર્મ કહે, કાકા, સાંભળો પેટમાંથી કાઢી પુન્યદાન કરીશું. ધનમાલ નથી જોઇતા, પૈસો પૂંજી કોની સાથે ગયેલ છે? અન્ન વસ્ત્ર તો ભગવાન આપે છે. માટે નિવૃત્તિથી ખાઇ પી પ્રભુ ભજન કરીશું. દુર્યોધન ખાવા સારુ મોકલે છે.

વિદુરે જાણ્યું આ તો નિવૃત્તિવાળા છે. પછી સહદેવને પૂછયું, કેમ દીકરા, તમારા દહાડા કેવી રીતે જશે? સહદેવ કહે. કાકા મારા દિવસ સુખમાં જશે, ચિત્તમાં જરા ચિંતા નથી ઇશ્વર મારી પાસે છે તેથી મને દુઃખ પડનાર નથી. વિદુરે જાણ્યું. એની પ્રીતિ વિઠ્ઠલ સાથે લાગી છે. માટે તે પણ નિવૃત્તિવાળો છે. પછી નીકુળને પૂછયું, નીકુળ કહે, ખાવા પીવા મળે છે. પણ વસ્ત્રો દુર્યોધન ઉતરેલાં ને જુનાં મોકલે છે, તેથી કપડાનું સુખ નથી. વિદુરે જાણ્યું વરણાગીઓ છે. પછી ભીમને બોલાવ્યો, ભીમને પૂછયું કે તું શું કરીશ? ભીમ કહે, કાકા, ખાઈ પીને અખાડે જઈ કુસ્તી કરીશું, બાગ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બગીચાની હવા ખાઇશું અને લાગ આવશે ત્યારે દુર્યોધનનું ડોકું ઝાલી પૃથ્વી ભેગો કરી રાજય લઇ લઈશું. વિદુરે જાણ્યું કે આતો હુંડજંગ છે પછી અર્જુનને બોલાવ્યો ને વિદુરે કહ્યું, બેટા, તમે શું કરશો? અર્જુન કહેતા કહેતામાં રોઈ પડયો. વિદુરે જાણ્યું છોકરું ઠીક જણાય છે, માટે રાજયમાં મૂકું તો કેળવણી શીખી લેશે. અર્જુને કહ્યું. કાકા, જુઓ મારા ચારે ભાઈઓને ચિંતા નથી, પણ આમ અમારા દિવસ જાય તેવું લાગતું નથી. વિદુરે કહ્યું. વારુ બેટા, સભામાં આવજે હું માનભેર આવકાર સહિત તને બોલાવીશ.

વારુ કાકા, સભામાં આવીશ. અર્જુને કહ્યું એટલે વિદુરજી ઘેર ગયા ને તે જમ્યા પછી પાછા રાજસભામાં ગયા એટલે અર્જુન પણ જમી કરીને નિરાંતે સ્વસ્થ થઇ સભામાં ગયો. વિદુરજીએ અર્જુનને જોઈ પોકાર કર્યો, આવો બેટા અર્જુન, એમ કહી બેસાડયો. તે જોઇ દુર્યોધન દાઝે બળ્યો. વિદુર બોલ્યા. હે દુર્યોધન, એને રાજકાજનું કામ હોય તે સોંપો એટલે એ પ્રવીણ થશે. દુર્યોધન કહે, કેમ મામા, એ રાજયરીત શીખી જશે. શકુની કહે, એટલી વારમાં શું શીખી જાય છે. દુર્યોધન કહે, કરણભાઈ, તમારી પાસે રાખો. રાજકાજનું લખવાનું હોય તે તેને સોંપો. એટલે કરણે પાસે બોલાવ્યો અને કામ સોંપ્યું. દુર્યોધને મામાને કહ્યું. એનું નામ અર્જુનજી છે. તેવું મોટું નામ દઈને બોલાવતાં લાજી મરીએ. એની મા એ કહ્યું છે, મંત્રથી થયા છે માટે એનું નામ મંત્રપુત્ર રાખો. મામા કહે, વ્યાજબી છે. એનું નામ મંત્રપુત્ર રાખો અને સકળ સભાને મંત્રપુત્ર કહેવાનું બતાવ્યું, એટલે બધા તેને મંત્રપુત્ર કહેવા લાગ્યા તેથી અર્જુનનું મન દુખાવા લાગ્યું. પણ પારકી વિદ્યા શીખવી છે, તેથી હસતું મુખ રાખી વિદ્યા શીખે છે. બોલાવતામાં ઝટ ઊઠે છે, ઝટપટથી કામ કરે છે. સાંજે શીખીને ઘેર જઇ સર્વે શીખેલું લખી લે છે. રાત્રિ દિવસ અભ્યાસ કરે છે, વળી મહેણાનું દુઃખ છે. આવા કેટલાક કારણોથી અર્જુનનું શરીર નબળું પડતું જાય છે.

એક દિવસ સર્વે ભાઈ સાથે જમવા બેઠા છે. કુંતામાતા પીરસે છે. ને બધા જમે છે. એવામાં ભીમે સહેજસાજ દરેકના શરીરો સામું જોયું અને વિચાર્યું કે દરેક જણ છીએ તેવાને તેવા છીએ પણ અર્જુનજી દુબળો થતો જાય છે, તેથી ભીમે અર્જુનને પૂછયું, કેમ ભાઇ અર્જુન, તમે દુબળા પડયા છો! અર્જુન સમજયો પણ બોલ્યો નહિ. સર્વે જમી રહ્યા પછી ભીમે કુંતાને ઓરડામાં બોલાવ્યાં ને કહ્યું, માતાજી, અર્જુન દુબળો પડતો જાય છે, અને અમે છીએ તેવા ને તેવા છીએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેનું કંઈકારણ જણાય છે; માટે અર્જુનને પૂછી જુઓ. તમે અમને એમ કહેજો કે તમને ચારે ભાઈઓને ભીષ્મપિતાએ બાગમાં બોલાવ્યા છે તે જાઓ. એમ કહી અમને બાગમાં મોકલજો એટલે અમે જઈશું પછી અર્જુનને પૂછજો કે આ શા દુઃખે સુકાયા. એને પૂછી લઇ મને કહેજો, કુંતા કહે, એ વિદ્યા ભણે છે, તેથી તેનું શરીર દુબળું પડયું છે. ભીમ કહે, ના માતા, તેનું કારણ કાંઇ ઊંડું જણાય છે માટે જરૂર તમે પૂછી મને કહેજો. એમ કહી ભીમ ભાઈઓની પાસે જઈ બેઠો એટલે કુંતાજીએઅર્જુનવિનાચારપુત્રોનેકહ્યું, ચારે પુત્રો, તમોને અત્યારે ભીષ્મજીએ મોટા બાગમાં તેડયા છે માટે તમે ત્યાં જાઓ. એટલે અર્જુન વિના ચાર ભાઈઓ વસ્ત્ર પહેરી બાગમાં જવા નીકળ્યા. પછી અર્જુન સભામાં જવાને તૈયાર થયો, ત્યારે કુંતા બોલી, અરે બેટા, જવાની હજુ વાર છે. એમ કહી બારણાં બંધ કર્યાં. અર્જુને પૂછયું, કેમ માતા; બારણાં બંધ કર્યાં? કુંતા બોલી, બેટા, તારી સાથે સુખદુઃખની વાત કરવી છે. એમ કહી કુંતા અર્જુનને પૂછે છે, એવામાં ભીમે બાગમાં જતાં જતાં વિચાર કર્યો કે માતા અર્જુનને પૂછી જોશે પણ અર્જુન સોગન ખવરાવશે તો કુંતા ડોશી મને વાત નહિ કરે. તો મારી કરેલી મહેનત વ્યર્થ જશે, એમ ધારી ધર્મને કહે કે ધર્મભાઈ, મારો રૂમાલ ભૂલી આવ્યો છું માટે તમે ચાલતા થાઓ. તમારા જતા જતામાં હું આવી પહોંચું છું. એમ કહી ભીમ પાછો વળ્યો અને ઘેર આવ્યો તો બારણાં બંધ દીઠાં તેથી ભીમ ગભરાયો કે ફેરો પડયો ને વખત નકામો ગાળ્યો, પણ દૈવયોગે મેડાની બારી ઉઘાડી રહી ગઈ હતી એટલે છલંગ મારી અંદર કૂદી દાદર ઉપર જઈ બેઠો. ચોકમાં કુંતા તથા અર્જુન બેઠા છે ત્યાં ડોકું ઘાલી સાંભળવા લાગ્યો. કુંતાજીને અર્જુને પૂછયું, કેમ માતા શું કહો છો? મને કેમ બેસાડયો છે? કુંતાજી કહે, દીકરા, મને વ્હેમ પડયો છે. દિવસે દિવસે તું ગળતો જાય છે, તારું શરીર ઘણું જ નબળું થઈ ગયું છે તેનું કારણ? અર્જુનજી કહે, માતાજી, મહેનત વધારે પડે છે, વિદ્યા ભણવી, લખવું. રાજ્યનું કામકાજ કરવું તેથી શરીર સુકાય. કુંતા કહે, ના દીકરા, ઊંડું કારણ જણાય છે. અર્જુન કહે, ના માતા. બીજું કારણ નથી. કુંતા કહે, સાચું નકહે નો પરમેશ્વરની આણ છે, અર્જુન કહે, માતા, તમે સોગન દીધા તે ખોટું કર્યું, હું તમને કહું પણ ભીમસેનને વાત ન કરો તો કહું, કુંતા કહે, વારુ બેટા, હું તે ગાંડા દીકરાને વાત કરું તો તારા સોગન છે, ખરું હોય તે કહી દે. તે ભીમે સાંભળ્યું એટલે વિચાર આવ્યો, માતા તો સોગન ખાઈને બેઠા પણ ભલું થયું તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હું આવી પહોંચ્યો. પછી અર્જુન માતા પાસે રડીને બોલ્યો, હે માતા જ્યારે હું સભામાં જાઉં છું ત્યારે મને સર્વ કૌરવો મ્હેણું દે છે. અર્જુનજી કોઈ કહેતું નથી અને મંત્રપુત્ર કહે છે તેથી મને દારુણ દુઃખ થાય છે. તે દુઃખથી જ દુબળો પડું છું, કુંતાજી કહે, છાનો રહે બેટા, તને વાત કહું તે સાંભળ. દુર્યોધન મ્હેણું દેતો હોય તો તું પણ કહેજે. તું પણ દુર્યોધન કહીને બોલાવીશ નહિ, આખલાનો સુત કહેજે, એની મા ગાન્ધારી નાની હતી ત્યારે મહાદેવજીનો નંદીઓ પરણી ગયો હતો. અર્જુનજી કહે, મ્હેણું દેવામાં મારી હિંમત ચાલે નહિ, ભીમ મેડેથી બોલી ઉઠયો. એ તો મારું કામ કહીને ચોકમાં આવ્યો. અર્જુનજી ભીમને જોઇને ધ્રૂજવા લાગ્યો કે હવે શી ગતિ થશે ? ભીમ જઇ મ્હેણું દેશે તો ભણવાનું જશે. કુંતાજીએ કલેશ માંડયો રડયા શત્રુતું કયાંથી આવ્યો ? હું તને જીવ આપું. ભીમે વિચાર્યું કે આમાંથી કંકાસ થશે એટલે ભીમ તરત પગે લાગ્યો અને કહ્યું કે માતા, હું દુષ્ટની સભામાં આગ મૂકવા પણ નહિ જાઉં. કુંતા કહે, અર્જુન ! જાઓ બેટા હું ભીમસેનને સભામાં નહિ આવવા દઉં. અર્જુન તરત સભામાં જવા તૈયાર થયો. માર્ગમાં ભીમના ભયેથી પાછું જોતો જોતો અર્જુન સભામાં ગયો ભીમે વિચાર કર્યો કે હમણાં બે ત્રણ દિવસ ટાઢું પડવા દ્યો, પછી લાગ જોઈ આંધળાના દીકરાની વાત કરીશું.

ચાર પાંચ દિવસ પછી અર્જુન સભામાં જવા નીકળ્યો એટલે ભીમે પણ વસ્ત્ર પહેર્યાં અને છાનો માનો સભામાં જવાનો વિચાર કર્યો, પણ અર્જુનનો નિયમ છે કે પાછું વાળીને જોવું. જોયું તો ભીમસેન દીઠો એટલે અર્જુન ઊભો રહ્યો. ભીમ બીજે રસ્તે ચડયો ત્યારે અર્જુને વિચાર્યું કે એ તો ગમે ત્યાં જતો હશે એમ જાણી અર્જુન સભા તરફ ચાલ્યો. એવામાં આગળ બે રસ્તા ભેગા થાય છે ત્યાં ભીમ ભેગો થયો એટલે અર્જુન ઉભો રહ્યો ને ભીમને પૂછવા લાગ્યો. કેમ ભાઇ, સભામાં જવું હોય તો હું ઘેર જાઉં. ભીમ કહે, ના ભાઈ, મારે એની સભામાં રોવાનેય આવવું નથી. એમ કહી ભીમ એક તંબોળીની દુકાને બેઠો. તંબોળી થર થર ધ્રૂજવા લાગ્યો, ભીમે કહ્યું, બીશો નહિ. તંબોળી કહે, કેમ પધાર્યા છો ? ભીમ કહે, પાન ખાવા આવ્યા છીએ ત્યાં મુખવાસ કર્યો. પછી ભીમ એકદમ રસ્તો બદલી રાજ્યસભાના કિલ્લા પછાડી ગયો. તે કિલ્લો ઘણોજ મજબૂત હોવાથી ભીમે વિચાર્યું કે ફોગટ ફેરો પડયો; પછી કિલ્લાને જોઇ હિંમત રાખી કિલ્લાના કાંગરા ઉપર ચઢયો, અને કોટ ઉપર મુઠ્ઠી મૂકી તેના ઉપર ડાચું રાખી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લટકતે શરીરે રાજ્યસભામાં જોઇ રહ્યો. એવામાં અર્જુન આવ્યો એટલે દુર્યોધને પોકાર કરી કહ્યું. કેમ મંત્રપુત્ર મોડો આવ્યો ? એટલે ભીમે તે સાંભળી મેઘના સરખી ગર્જના કરી વીજળીની માફક છલંગ મારી સભામાં કૂદી પડયો અને દોટ મૂકી લાંબો હાથ કરીને કરણ રાજાને ઝાલ્યો, શકુની નાસવા લાગ્યો. શકુનીને નાસતાં ભીમે ચરણ ઝાલ્યો એટલે તરત ભોંય ઉપર પડયો, પછી દુર્યોધન અને દુશાસન એ ચાર જણને નીચે નાંખીને ભીમ ઉપર ચડી બેઠો ને ગડદા કોણી ઇત્યાદિના પ્રહારો કરવા લાગ્યો. આ બધાની બૂમ સાંભળી વિદુરજીએ આવી ભીમનો હાથ ઝાલ્યો. દીકરા, બસ હવે ક્ષિશા ઘણી થઇ છે. ભીમ કહે, કાકા, રોજ મંત્રપુત્ર મંત્રપુત્ર કહી બિચારા અર્જુનને ચીડાવે છે, ભલે અમે તો મંત્રપુત્ર પણ એની મા ગાન્ધારી તો આખલાને પરણી છે, જુઓ કાકા, કહીને કહેવરાવ્યું એમાં શો સાર કાઢયો ? પછી દુર્યોધનને પૂછયું કે બોલ સાચું છે કે જૂઠું ? દુર્યોધન કહે, સાચું છે પણ મેં જોયું નથી. ત્યારે શકુનીને પૂછયું. તું શું કહે છે ? મામો કહે, ખરી વાત છે, હવે ક્ષમા કરો. ભીમ કહે, જુઓ કાકા ! ત્યારે સર્વ સભા છાનીમાની હસવા લાગી. પછી વિદુરજી કહે, હશે, જવા દો બેટા. દુર્યોધન કહે, હવેથી મંત્રપુત્ર કહીએ તો બ્રહ્મહત્યાનું પાપ. ભીમભાઈ જવા ઘો. ત્યારે ભીમ ચારેની ઉપરથી ઊઠી ગયો, પછી ચાર જણાને માર પડેલો તેથી ઊઠાતું નથી, એટલે ડોળીઓ કરીને ચાર જણાને મહેલમાં લઇ ગયા, અને પલંગમાં સુવાડયા.

ભીમે ચારે જણને માર માર્યો તે વાત કુંતાએ જાણી. સાંભળતાં જ ગુસ્સે થઇ સ્થંભી રહ્યાં, એટલામાં ભીમસેન ઘેર આવ્યો. ભીમને જોઇને કુંતાએ અતિશય આક્રંદ કરવા માંડયું, કુંતાજી ભીમસેનને કહે છે, રંડયા, આટલું કહ્યા છતાં તને લાજ નથી આવતી ? તું જ અમારો શત્રુ થઇ લાગ્યો છે, તું ખાઇ ખાઇ ને ભાદરવાની ભેંસ જેવો થયો છે, છતાં તને અક્કલ આવતી નથી ? ભીમ કહે, માતાજી, તેં જે વાત સાંભળી તે વાત જૂઠી છે, મેં સભાના દરવાજામાં પગ સરખો મૂકયો નથી, અને મેં દરવાજામાં પગ મૂકયો હોય તો તારા સોગન છે. એવામાં અર્જુનજી સભામાંથી આવ્યો એટલે કુંતાજીએ અર્જુનને પૂછયું, કેમ બેટા ? આ વાત સાચી છે કે જૂઠી ? અર્જુનજી કહે, માતા દરવાજામાં તો પગ મૂકયો નથી પણ કિલ્લો કૂદીને સભામાં આવ્યો અને ચાર જણને માર માર્યો. ભીમ કહે, તે વાત ખરી છે. હું સભાની પૂંઠે થઇને જતો હતો ત્યારે એવો શોરબકોર થયો કે મંત્રપુત્ર મંત્રપુત્ર. તેથી મેં જાણ્યું કે મને

૧૭

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહે છે. એમ જાણી મને ક્રોધ ચડયો તેથી તરત કોટ કૂદી ચારે જણને માર માર્યો. માતાજી, મારે સાચું બોલવું છે. જૂઠું બોલવું નથી. ખરી બાબત આ છે. કુંતાજી સાંભળી ગુસ્સામાં બોલ્યાં, રડયા, તને લડવાનો જ ચાળો છે. તું ત્યાં ગયો શા માટે? હવે હું મરવા તૈયાર થાઉં છું ભીમ કહે, માતાજી, હશે ક્ષમા કરો, હવે હું તેવું નહિ કરું. એમ કરી કંકાસ ઓલવ્યો. પછી બીજે દિવસે અર્જુન દુષ્ટોને ઘેર માંદા પડયા હતા ત્યાં ગયો તો ચાર જણ બોલ્યા, કેમ આવ્યો? તારો ભાઇ અમને માર મારે છે માટે તારે આવવું નહિ. અર્જુન પગે લાગી બોલ્યો, મારી વાત સાંભળો; અમને સર્વેને મારે છે, તે મરે તો નિરાંત થાય. હૈયામાં ભીમ તો ઘણો વહાલો છે પણ કહ્યા સિવાય ચાલતું નથી. પારકી વિદ્યા લેવી છે, માટે ગરજે ગધેડાને બાપ કહેવો પડે તેમાં શી નવાઇ? શકુની કહે, ખરી વાત દુર્યોધન? આ બિચારાને પણ ભીમ રોજ મારતો હશે. આપણા ઉપર તેની પ્રીતિ સાચી છે; માટે તેને આવવા દો. દુર્યોધન કહે, મામા, તે વાત ખરી પણ મંત્રપુત્રની તો બાધા લીધી ને અર્જુનજી તો કહેવાય નહિ, ત્યારે શું કહી તેને બોલાવવો? મામો કહે, આપણું કામ કરે છે માટે તેને ગરીબડો કહી બોલાવો, જાણે સેવક છે એમ જાણજો. પછી અર્જુનને રહેવા દીધો. તે અર્જુન ઓસડવોસડ કરે છે અને સભામાં આવી દુર્યોધનને રીઝવે છે. એમ કરતાં કરતાં અર્જુનજી હોશિયાર થાય છે. પછી પેલા દુષ્ટ દુર્યોધનને તથા શકુની વિગેરેને મટયું એટલે તે પાપીઓ ઘોડા ઉપર બેસી ફરવા ગયા. ફરતાં ફરતાં રાજાને તરસ લાગી, એવામાં એક કૂવો દીઠો, તેથી ઘોડા ઉપરથી ઉતરી પાણી પીવા સારુ કૂવા ઉપર ગયો. ત્યાં પાસે દોરી લોટો નહિ તેથી વિમાસીને કૂવામાં પગ ઘાલી બેઠો. એવામાં એક પગની મોજડી કૂવામાં પડી તેથી રોવા લાગ્યો. એવામાં તે રસ્તે દ્રોણ ગુરુ જતા હતા તેમણે રાજાને રડતો જોયો એટલે દ્રોણાચાર્ય ત્યાં આવ્યા ને પૂછયું, અલ્યા, કેમ રડે છે? ત્યારે દુર્યોધન કહે, મારી મોજડી કૂવામાં પડી છે. દ્રોણાચાર્યે તુરત દર્ભની સળી લઇ મંત્રીને કુવામાં નાખી; તેથી કૂવાનું પાણી ઉભરાઇને બહાર આવ્યું, એટલે મોજડી બહાર આવી, પછી દુર્યોધને તે લઇ લીધી. ખોબે ખોબે પાણી પીધું, ને ખુશી થયા. પછી દ્રોણને કહ્યું, મહારાજા મારે ઘેર ચાલો. આપ બાણ વિદ્યા જાણો છો અને સર્વ વાતમાં હોંશિયાર છો માટે મારા રાજ્યમાંથી એક આની ભાગ આપીશ, તમે અમને બાણવિદ્યા શીખવો. દ્રોણ કહે, ભલે ચાલો. એમ કહી દ્રોણાચાર્ય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હસ્તિનાપુરમાં આવ્યા. દ્રોણાચાર્યને એક મુકામ આપ્યો. દ્રોણાચાર્યે ભાગ લખી લીધો;અને હસ્તિનાપુરમાં વાસ કરીને રહ્યા.રાજ્યના ગોર કૃપાચાર્ય હતા તેમને એક બહેન હતાં તે દ્રોણુની સાથે પરણાવી, પછી દ્રોણુ ખુશીથી ગૃહસ્થી થઇને બેઠા, ત્યાર પછી કૌરવોએ સારો દિવસ જોઇ બાણુવિદ્યા શીખવાનો આરંભ કરવાને નીકળ્યા. એવામાં અર્જુનજી આવ્યો એટલે દુર્યોધન બોલ્યો, અરે ગરીબડા અત્યારે પાછો જા, અમે દ્રોણુને ત્યાં ભણવા જઇએ છીએ. ત્યાંથી આવીએ એટલે આવજે, એટલે અર્જુને જાણ્યું ભણવાનું છે. એમ જાણી બોલ્યો, ભાઇ,જ્યાં તમે ત્યાં હું, ત્યારે દુષ્ટ કહે તારે નીચે બેસી રહેવું. અર્જુન કહે ભલે. કહી અર્જુન પગપાળો ચાલ્યો ને દુષ્ટો ઘોડે બેસીને દ્રોણુને ઘેર ગયા. ત્યાં અર્જુન દ્રોણુના ઉંમરા પાસે નીચે બેઠો એટલે દુર્યોધને પોતાના પગની મોજડીઓ અર્જુનના ખોળામાં મૂકી. અર્જુન તે મોજડીઓ ખોળામાં લઇ બેઠો. પછી દુષ્ટો દ્રોણુના ઘરમાં ગયા ત્યારે ગુરુજી ખુશી થયા ને પહેલે દહાડે એક મંત્ર લખીને આપ્યો ને કહ્યું, આ મંત્ર મોઢે કરો તે પછી ઊભા થાઓ અને પાટીમાં જોયા વિના બોલી જાઓ. કૌરવો કહે વારુ મહારાજ: એમ કહી કૌરવો મંત્ર ગોખે છે પછી મંત્ર મોઢે કરીને સર્વ જણુ બોલવા લાગ્યા. ગુરુએ પાટી હેઠી મુકાવીને કહ્યું, હવે શીખેલો મંત્ર બોલો. એટલે કોઇને મંત્ર આવડ્યો જ નહિ. જેમાં લખેલો તેમાં ને તેમાં રહ્યો. આથી દ્રોણુ ગુરુ ગુસ્સે થયા, ને કહ્યું, સાંભળો હું બોલું છું. એમ કહી ઉતાવળા ઘાંટે બોલ્યા તેથી તે મંત્ર અર્જુને સાંભળ્યો તેવો જ તેને મોઢે થઇ ગયો. પછી કૌરવ ગુરુને કહે છે, બસ, એટલું. હવે કાલ ભણીશું. એમ કહી દુર્યોધન રજા લઇ સૌ પહેલો નીચે ઉતર્યો એટલે અર્જુનજીએ મોજડીઓ પહેરાવી. પછી અધર્મી અશ્વ ઉપર બેઠો. અર્જુનજી કહે, દોડ ગરીબડા, હવે બાગમાં જઇએ. અર્જુન આગળ દોડતો જાય ને મંત્ર ગોખતો જાય છે. કાકાના છોકરાને સેવક રીતે દોડાવે છે,બિલકુલ દયા નથી. જેના પિતાનું ભેગું કરેલું રાજ્ય ભોગવે છે તેનો વિચાર નથી, જ્યારે ભગવાન રૂઠવાનો હોય ત્યારે જ તેવી બુદ્ધિ થાય. એ ભૂંડુ થવાનું જ લક્ષણુ છે. પછી દુષ્ટો ઘોડા ખેલાવતા બાગમાં ગયા. ભીમની બીકથી દરવાજાનાં કમાડ બંધ કર્યાં અને રમતનો આરંભ કરવા કર્ણે પુષ્પનો એક દડો બનાવ્યો, પછી રમત શી રીતે રમવી તે કહ્યું,જુઓ ભાઇઓ,આ દડો ઉછાળું,તે દડો જેઝીલેતે દડોગમે તેને મારે અને જેને તે દડો વાગે તે ઘોડી થાય અને મારનારો તેના ઉપર સવાર થાય. પછી બાકી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહ્યા તે ઘોડીની પીઠે થાપટો મારી આબલી ને પીંપળાના બે વૃક્ષ ઉપર ચડી જાય પછી સવાર થએલો ગમે ત્યાં નાસે એટલે ઘોડી થયેલો હોય તે દંડો લઇ ચહાય તેને મારે. તે દંડો જેને વાગે તે ઘોડી થાય ને મારનારો તેના પર સવાર થાય એ રીતે ન્યાયથી રમવું ને દિવસમાં ત્રણ દાવ લેવા. જેને માથે ચોથો દાવ પડે તેને માથે રહેવા દેવો તે બીજે દિવસે લેવો. એવો ઠરાવ કર્યો. અર્જુનજી હાએ હા કહેતો જાય છે, ગુરુનો મંત્ર ગોખે છે, પછી કરણે દંડો ઉછાળ્યો તે દુર્યોધને ઝીલી લીધો એટલે સૌ નાઠા, પણ મંત્ર ગોખ્યામાં અર્જુનજી ઊભો રહેલો તેને દુષ્ટે દંડો માર્યો અને કહ્યું, અલ્યા ગરીબડા; આવ્ય તારે માથે દાવ આવ્યો. ચાલ મારી ઘોડી થા. એટલે કુંતીસુત કિલ્લાને હાથ દઇ ઘોડી થયો, દુષ્ટ દુર્યોધને સવારી કરી. બાકી રહેલા દુષ્ટોએ પણ અર્જુન ઉપર દ્વેશ કર્યો. સર્વે જણે અર્જુનજીની પીઠ ઉપર થાપટો મારી, એકસોને પાંચ થાપટો લાગવાથી રૂધિરની તસરો છુટવા લાગી; થાપટો મારી સહુ ઝાડ ઉપર ચઢી ગયા, એટલે દુર્યોધન ઉતરીને નાઠો, ત્યારે અર્જુને દંડો લીધો અને તાકીને દુર્યોધનને માર્યો. સર્વ વૃક્ષથી ઉતરી આવ્યા. શકુની કહે, છત્રપતિને દંડો માર્યો તે દાવ કેમ બકાય? અર્જુન કહે, આ શું બોલ્યા? ભાઇ જરા ન્યાયમાં તો આવો, પ્રભુની બીક તો રાખો. શકુની કહે, ચાલો તેનો દાવ હું આપું છું. એમ કહી ઘોડી થયો ને અર્જુનેસવારી કરી એટલે એકસોનેપાંચ ધીમેથી થાપટો મારી નાસી ગયા; પછી અર્જુન ઉતરીને નાઠો. એટલે દ્વેષીલા મામાએ અર્જુનને દંડો માર્યો, અલ્યા આવ ગરીબડા, ઘોડી થા. એટલે અર્જુનને બીજી વાર ઘોડી થવું પડ્યું. તે મંત્ર ગોખ્યા કરે છે. પેલા એકસો પાંચ જણા થાપટો મારી ઝાડ ઉપર ચડી ગયા, એ રીતે અર્જુન પાસે ત્રણ વાર દાવ લીધો. ચોથી વારનો દાવ અર્જુનજીને માથે આવ્યો એટલે રમત બંધ કરીને સર્વે ઘેર ગયા; બીજે દિવસે દ્રોણને ઘેર ભણવા ગયા. અર્જુન મોજડીઓ ઉચકીને બેઠો છે.તે દિવસેગુરુએ બેમંત્રો આપ્યા,તે પણ અર્જુનને મોઢે થયા અને કૌરવોને તો બાપનો બુધવાર આવડયો. મંત્ર મોઢે થતા જ નથી. પ્રભુ જેને પ્રસન્ન છે તેને કોઇ શું કરનાર છે ? કૌરવ ગુરુ પાસે શીખે છે તો પણ આવડતા નથી; અર્જુન ઘેર આવી મંત્રો ઉતારી લે છે. એ પ્રમાણે દુઃખ વેઠી વિદ્યા સંપાદન કરે છે. મંત્ર ગોખતાં, માર ખાતાં એક રોગ થયો. અર્જુન તે રોગથી પીડાવા લાગ્યો, પીઠના ઉપર નાળાં પડયાં ને તેમાંથી રૂધિર પરુ ચાલ્યું જાય છે, તેથી અંગરખું પહેરેલું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાખે છે નહિ તો માતા તથા ભાઇ જાણી જાય, એમ દુઃખ વેઠી છ માસ વિદ્યા ભણ્યો. જેવો જોઇએ તેવો અભ્યાસ થઇ ગયો. એવામાં એક દિવસ ન્હાવા બેઠો એટલે વૃકોદરે ઓચિંતુ જોયું તો અર્જુનની પીઠ ઉપર નાળાં પડેલાં દીઠાં એટલે અર્જુનને જણાવ્યા વિના તે બહાર નીકળી ગયો. ભીમે એકાંત બેસી વિચાર્યું કે અર્જુનને દુઃખ ઘણું છે, તે કહેતો નથી માટે તેણે દુઃખ હાથે ઉત્પન્ન કરેલું હશે કે કેમ? તેનો હું તપાસ કરું. એમ વિચાર કરી બેઠો તે પછી અર્જુન વિદ્યા ભણવા માટે ચાલ્યો તેની પાછળ ભીમ પણ ધીમે ધીમે ચાલ્યો. ભીમે જાણ્યું કે મારે શા માટે ભટકવું? ચાલ દ્રોણને ત્યાં જાઉં. સઘળા ત્યાં આવશે. દ્રોણના ઘર સામું એક બ્રાહ્મણનું ઘર હતું તે ઘરમાં ભીમ છાનોમાનોપેસીગયો. બ્રાહ્મણ થરથર ધ્રુજવા લાગ્યો અને બે ચાર છોકરાં રોતાં હતાં તે ચુપ થઇ ગયાં. ભીમ કહે, કોઇ ગભરાશો નહિ. બ્રાહ્મણ કહે, ભલે પધાર્યા. એમ કહી આસનઆપી બેસાડયો. એટલે અર્જુન કૌરવ સર્વ આવી પહોંચ્યા. દુર્યોધન ઘોડા ઉપરથી ઉતરી અર્જુનના ખોળામાં મોજડીઓ મૂકી ઉપર ચાલ્યો. પછી બાકીના ઉપર ગયા. ભીમસેન ચર્ચા જોઇ ઘણો જ દિલગીર થયો. અર્જુનનો આ દહાડો ? દુષ્ટને ત્યાં ઘણા ઘોડા છે, પણ દયા આવતી નથી, બિચારા અર્જુનને ચલાવે છે, તેથી ભીમની આંખમાંથી આંસુની ધાર ચાલી, પછી સઘળા બાગમાં ચાલ્યા. ભીમસેને વિચાર્યું; ચાલ જોઉં ક્યાં જાય છે? એમ ધારી પૂંઠેપૂંઠે ચાલ્યો તો બાગમાં સર્વે જણ રમવા પેઠા ને દરવાજા બંધ કર્યા. ભીમ બહાર રહ્યો છે. એણે વિચાર્યું મહીં શું કરે છે, તે મારે જોવું. એમ વિચારી બાગના કિલ્લાની પાસે વૃક્ષોની જ્યાં ઘટા હતી તે વૃક્ષોની ઘટામાં કોટે વળગી લબડતો રહ્યો ને, કૌરવ શું કરે છે તે જોવા લાગ્યો. એટલામાં દુર્યોધન બોલ્યો, અલ્યા ગરીબડા, ચાલ ઘોડી થા. અર્જુનજી મંત્ર ગોખતો આવ્યો ને ઘોડી થયો. દુષ્ટ તેના ઉપર બેઠો અને એકસો પાંચ થાપટો મારી ઝાડ ઉપર ચડી ગયા, તે જોઇ ભીમે વિચાર્યું કે મારા કંગાલ ભાઇને દુષ્ટો ઘણી કષ્ટિ આપેછે. વાગ્યા ઉપર વાગે તેથી નાળાં પડે તેમાં નવાઇ જેવું નથી. એટલામાં દુર્યોધન ઘોડી ઉપરથી ઉતરીને નાઠો ત્યારે અર્જુને એને જ દડો માર્યો તે દુર્યોધનને વાગ્યો તેથી એની વતીનો દાવ દુશાસને લીધો એટલે એકસો પાંચ થાપટો ધીમે મારી ને સઘળા ઝાડ ઉપર નાસી ગયા. અર્જુન ઉતરીને નાઠો કે તરત દુર્યોધને દડો અર્જુનને માર્યો. અર્જુન રડવા લાગ્યો કે મારે નથી રમવું તમે માંહોમાંહ્ય પક્ષપાત કરો છો, મને માર મારો છો અને એક બીજાનો દાવ લો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે. અને હું તો એકલો કેટલો માર ખાઉં ? મારા વતીનો દાવ કોણ લે ? ત્યારે દુઃશાસન કહે, ભોગ તારા. અમે શું કરીએ ? કોઇ તારો દાવ લેનાર હોય તો બોલાવ.ત્યારે ભીમે જાણ્યું ઠીક થયું,ભલું વચન નીકળ્યું છે. એમ હરખ ધરી કોટ ઉપરથી ઉછળીને ભીમ બાગમાં પડયો. ભીમને જોઇ સર્વે આંબલી પીંપળી ઉપર ચઢી ગયા. અર્જુને વિચાર્યું કે ઠીક થયું કે ભીમસેન ભાઇ આવ્યો. ભણવાનું હતું તે છ મહિનામાં ભણ્યો છું,હવે મારે નથી ભણવું એમ સમજી બાગમાં એક ખુણે જઇ બેઠો; ત્યાં વિચાર કરે છે કે ભીમસેન ન આવ્યો હોત તો હું માર ખાઇને મરી જાત. એટલામાં ભીમ બોલ્યો, આવો ભાઇ,જેને રમ્યાનો ભાવ હોય તે નીચે ઉતરો, હું મારા ભાઇના વતીનો દાવ આપવા આવ્યો છું.દુર્યોધન કહે, ભૂલ્યાચૂકયા, ક્ષમા કરો. અમારે દાવ નથી જોઇતો. ભીમ કહે, વહેવારે દાવ દેવો જોઇએ. માટે દાવ લેવા હેઠા ઉતરો. હું અર્જુન વતીની ઘોડી થાઉં છું. કૌરવ કહે; અમારા ઉપર ક્ષમા કરો. એમ કહી હાથ જોડે છે, કાળજું કંપવા માંડયું છે. અને કહે છે કે ઘોડી નથી જોઇતી ભીમ કહે બાળકની કહેવત છે કે જેને માથે દાવ રહે તેને માથે ઘંટી પીંપળો ઊગે. કૌરવો કહે છે કે શું કરવા મહેનત કરો છો, તમારા ગયા વિના અમે નીચે ઉતરવાના નથી. એવું સાંભળી ભીમસેન ક્રોધે થયો અને દંત પીસી, કછોટો વાળી બંને ઝાડોને બાથ ભીડાવી. આંબલી પીંપળીના ઝાડોને મૂળમાંથી હચમચાવીનેખેંચી કાઢયાં પછી બે ઘડી બાગમાં નાચ્યો.તે પછી બોલ્યો, અલ્યા, હજુ ઉતરો, ઊંધી બુદ્ધિના અંધના છોકરા ? ઉતરો. ત્યારે કૌરવો કહે છે, ઉતરવાના નથી ને ઉતરીશું તો પણ ઘેર જવાના નથી, માટે દયા લાવી અમને બાગમાં મૂકી દો. ભીમને ગુસ્સો ચઢયો કે હેઠા ઊતરવાના નથી એટલે એક બીજા ઝાડોને અથડાવ્યાં તેથી ડાળે ડાળું હીચકાઇ ઝાડ ભાગી ગયાં તેથી કૌરવ અધમુવા થઇ નીચે પડયા; જેમ આંબો વેડી પાડે એ પ્રમાણે ભીમે સો કૌરવને નીચે નાંખ્યા. સર્વ કૌરવ એક એક ઢગલો થઇ પડયા છે. પછી ભીમે જઇ અર્જુનનું પાંગોઠું ઝાલી ખાંધે લીધો. તે બાગનો કોટ કુદી બહાર પડી ચાલ્યો. એવામાં બે રસ્તા આવ્યા ત્યાં અર્જુનને ખાંધેથી ઉતારી કહ્યું, ઘેર જા કાકાને ઘેર જઇ વધામણી ખાઉં કે તારા દીકરા મરવા પડયા છે,એમ કહી અર્જુનને ઘરભણી વિદાય કરી પોતે ધૃતરાષ્ટ્ર પાસે આવ્યો ને કહ્યું, તમારા સોએ દીકરા બાગમાં આંબલી પીંપળી રમતા પડી ગયા છે તે હમણાં મરી જશે. માટે જાઓ. એમ કહી પોતે પોતાના ઘેર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગયો. ધૃત્રાષ્ટર સમજ્યો કે એ તો ભીમનું કામ. જે અર્જુનજી ઘેર જઇ બેઠો છે, તેણે તે દિવસના તોફાનની વાત કુંતાજીને કરી નથી. પણ ભીમે આવી કુંતાજીને કહ્યું, માતા, ભૂલ્યોચુક્યો તમારો છોકરો છું માટે મને માફ કરો. કુંતાજી કહે, કેમ બેટા, આજ વગર કહે માફી માગો છો ? ભીમ કહે, અર્જુન જીએ સમાચાર નથી કહ્યા ? કુંતા કહે, ના. એટલે ભીમે અર્જુનને બગલમાં ઘાલ્યો અને અંગરખું ઊંચું કરીને કુંતાજીને પીઠ બતાવી. કુંતા ઘરમ વિસ્મય પામ્યાં. ભીમને પૂછયું, બેટા, આ શું કહેવાય ? ભીમ કહે, આ તમારો ડાહ્યો દીકરો વિદ્યા ભણી આવ્યો. નિત્ય ગુરુના ત્યાં ભણીને પાછા બાગમાં માર ખાતા હતા, તેથી આજ મેં ત્યાં જઇ કૌરવને કુટયા. કુંતાજી કહે, ભલે કુટયા, તારા પ્રતાપે મારો અર્જુન દીકરો જીવતો રહ્યો તેથી મારું મન પ્રસન્ન થયું, એટલે અર્જુન હાથ જોડીને બોલ્યો; ઓ માતા મારી વાત સાંભળો. વિદ્યા શીખવા માટે એવું દુઃખ વેઠયું છે. દુઃખ વેઠીને શીખવા જેવું હતું તે તમામ શીખ્યો છું માટે હવેથી એ દુષ્ટોનો સંગ મારે કરવો નથી. હવે પેલા આંધળાએ પોતાના પુત્રોને લાવવા માટે એક હજાર સેવક મોકલ્યા. તે સેવકો બાગમાં ગયા, તો બાગના દરવાજા બંધ કરેલા છે તેથી નીસરણીઓ મૂકીને સેવકો કોટે ચઢી બાગમાં ઉતર્યા ને દરવાજાના બારણાં ઊઘાડયાં એટલે સર્વ સેવકો બાગમાં પેઠા ને કૌરવને જોયા તો કોઇને કાંઇ શુદ્ધિ નથી. તેથી સેવકો જુદી જુદી ડોળીઓ કરી ઘેર લઇ ગયા. ત્યાં સર્વેને એક મકાનમાં જુદા જુદા ખાટલે સુવાડયા ને ઓસડવેસડ કરવા લાગ્યા. તેથી તેઓ બે મહિને સાજા થયા ને ફરવા લાગ્યા. પછી થોડે દહાડે ગુરુને ઘેર ભણવા ગયા, ગુરુએ કહ્યું, હું હવે લગારે ભણાવનાર નથી કારણકે છ મહિનાથી તમે ભણો છો તેમાં તમને કેટલું આવડે છે તેની પરીક્ષા લઇને ભણાવીશું, દુર્યોધન કહે, તમે કહો તેવી પરીક્ષા આપીએ. દ્રોણ કહે. અત્યારે લેવી નથી આવતી કાલે આપો, તે એવી રીતે કે આપણા નગરની બહાર એક જોજનીઓ વડ છે તે ચાર ગાઉ સુધી લાંબો પહોળો છે. ત્યાં મને કાલે વાજતે-ગાજતે લઇ જાઓ ને વડ નીચે હું તમારી પરીક્ષા લઇશ. ત્યાં વડના થડ પાસે મારું સિંહાસન નાંખવું. બીજાને બેસવા માટે બિછાનાં પાથરવાં. નગરમાં પડો વગડાવો કે લોક ત્યાં જોવા આવે. જેમ તમારી શોભા વધે તેમ કરજો. દુર્યોધન કહે, મહારાજા, તમારા શિષ્ય છીએ; પૈસાપૂંજી ઇત્યાદિ આપી તમને ખુશી કરીશું. એમ કહી કૌરવો આનંદ પામ્યા ને પરીક્ષા આપવાનું દ્રોણને વચન આપી ઘેર ગયા, પછી ગામમાં ઢંઢેરો વગડાવ્યો ને સૌને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જોવા આવવાનું કહેવડાવ્યું કે દ્રોણે છત્રપતિને વિદ્યા ભણાવેલી છે તેની પરીક્ષા આપે છે માટે જેને જોવાની ઇચ્છા હોય તે જોજનીઆ વડે જજો.

એમ કરતાં રાત પડી.બીજે દહાડો થયો એટલે દુર્યોધને સૌને આજ્ઞા કરી કે સર્વે પરીક્ષા આપવા માટે ચાલો. પછી સોનાનું સિંહાસન જોજનીએ વડે મોકલ્યું ને ત્યાં સાફ કર્યું. પછી કૌરવોએ શણગાર સજ્યા, વાજિંત્રો વગડાવ્યાં સાથે અગિયાર ક્ષોણી સૈન્ય લીધું, ભીષ્મ વિદુર, કૃપાચાર્ય અને તે સિવાય ગામના શેઠીઆ શાહુકાર સર્વે જોજનીઆ વડે ચાલ્યા.કૌરવો ગુરુના ઘેરઆવી ઊભા રહ્યા છે. એક સુખપાલ મંગાવી ગુરુને તેમાં બેસાડયા ને કૌરવોમાંથી ચાર જણે ખાંધે ઉંચકી લીધી.કોઇક જોવાને વહેલા વડ નીચે ગયા, ને કૌરવોમાંથી જોવા માટે જગ્યાઓ એકબીજાની રાખવા ગયા. ત્યાં કંઇક ઝાડો ઉપર ચઢીને જોવા બેઠા એ પ્રમાણે ધમશાણ મચ્યું છે. વાજિંત્રો અપરંપાર વાગવા લાગ્યાં, કોઇ બોલે તે કાને સંભળાય પણ નહિ એટલાં વાજિંત્રો લાગવા લાગ્યાં, દ્રોણ ગુરુ અપરંપાર વાજિંત્રો વાગવાથી, અતિશય માણસોની મેદની થવાથી ઘણો હરખાય છે, ત્યાં આગળ દુંદુભી ગડગડે છે, ઢોલ, મરદંગ તાલ, રામઢોલ પડગમ, કાંસીજોડા, સરોદા, શરણાઇ એ સિવાય અનેક પ્રકારનાં વાજિંત્રો વાગે છે, નગરની નારીઓ, સુંદીર વસ્ત્રો ધારણ કરી, ગીત ગાતી ગુરૂની પૂંઠે નગરના દરવાજા સુધી જાય છે. આ સઘળી શોભા દેવલોકો જોઇ ખુશી થવા લાગ્યા. ધીમે ધીમે સઘળા લોક ચાલે છે, ચાલતાં ચાલતાં જોજનીઆ વડે આવી પહોંચ્યાં ને સઘળા લોકો આનંદ પામ્યાં, દ્રોણાચાર્ય પોતાના આસન ઉપર જઇને બેઠા,ગુરૂજી આસન ઉપર બિરાજ્યા એટલે નગરના લોકો પોતપોતાની જગાએ બેસી ગયા.એક જગ્યાએ સઘળા રાજવંશી લોકો બેઠા.

ત્યારે કુંતા માતાજીને ધર્મરાજા કહેવા લાગ્યા કે માતાજી! અમને પરીક્ષા થાય છે ત્યાં જવાની આજ્ઞા આપો. કુંતાજી કહે, વારુ બેટા મારી આજ્ઞા છે, પણ ભીમને ઘેર મૂકી જાઓ. ભીમ કહે, માતાજી, મારી શી કસુર છે ? ત્યારે કુંતા કહે, કસુર નથી, પણ સભામાં દુર્યોધનને દેખે એટલે તને લડવાનું સુઝે. ભીમ કહે, માતાજી, હું બીલકુલ બોલીશ નહિ વળી તમને વહેમ આવતો હોય તો હું મારા ભાઇઓની અજ્ઞામાં રહું. કુંતા કહે, બેટા ધરમ, ભીમને તમારા હાથથી ઝાલીને લઇ જાઓ. ધરમ કહે, માતાજી, કાંઇ ચિંતા નહિ. એમ કહી ધરમે તથા અર્જુને ભીમના બંને હાથ ઝાલ્યા, અને વડ છે ત્યાં જોવા સારુ જાય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે. એટલે રસ્તામાં ભીમ કહે, આગળ સહદેવ છે, પાછળ નીકુળ છે અને ધર્મ અર્જુન મારા હાથ ઉચકી ચાલે છે,તેથી અમે રાજા જેવા શોભીએ છીએ ને અમારી કેવી સાહ્યબી છે ? આ સાંભળી ધરમે આંખ કાઢી. ભીમ કહે, ભાઇ હવેથી નહિ બોલું. એમ કહીને સભામાં ગયા. વિદુરજીએ પાંચ પુત્રોને જોયા એટલે તેમણે માન દઇ બોલાવ્યા અને રૂડા પ્રકારે આસન આપ્યાં. ભીષ્મજી પણ રાજીથયા.પછી દ્રોણ ગુરુએ દુર્યોધનને સભાની વચ્ચે બોલાવ્યો. દુર્યોધન સભાની વચમાં ગુરુ પાસે ગયો એટલે દ્રોણ ગુરુ પૂછવા લાગ્યા, વડવેધનની પરીક્ષા કોણ આપે છે ? દુર્યોધન કહે, હું આપું છું દ્રોણગુરુ કહે, મોઢે મંત્ર બોલી જવાના નથી. આ તો પરીક્ષા આપવાની છે. કાચો ઘડો મંગાવ્યો. દુર્યોધનનો સવાર માટીનો ઘડો લઇ આવ્યો. એટલે દ્રોણ ગુરુ કહે, જુઓ આ ઘડો ભાગે નહિ તેવી રીતે હાથમાં ઝાલી તેમાં પાણી ભરવું. પછી તે ઘડાને આકાશમાં ઊંચો ઉછાળવો, તે ગગનમાં ચાલ્યો જાય પછી ધનુષ ખાંધ ઉપરથી ઉતારી બાણનું સંધાન કરી મંત્ર ભણી એક બાણ મૂકવું. તે બાણના અનેક બાણ થાય. અને વડનાં સઘળા પાંદડાં વીંધી નાંખે. પછી જેવી રીતે બાણ વધ્યાં હતાં તેવી રીતે ઘટી જાય, અને છેવટે એક બાણ હતું તે રહે અને સર્વે સભાના દેખતા તે બાણ પાછું ભાથામાં આવીને પેસે અને પેલો ઘડો પણ ભાગ્યા સિવાય હાથમાં આવીને બેસે.તે ઘડો મારી પાસે મૂકી મને આવીને પગે પડે તે વિદ્યાર્થી મારો ઠરે. પછી આ સભામાં આશિષ દઇશ. દુર્યોધન આ સાંભળી વિસ્મય પામ્યો કે આ વાત કેમ મનાય ? કાચા ઘડામાં પાણી કેવી રીતે ભરાય? એમ વિચાર કરી શકુની મામાને બોલાવ્યો. મામો કહે,ગુરુનું ગપ્પુ છે.ગુરુએ ભાંગ પીધેલી છે.કરણ કહે,એમ જ જણાય છે. દ્રોણ ગુરુએ તે વાત સાંભળી તરત નીચું ઘાલ્યું.અરેરે દુષ્ટો,આ શું બોલોછો? સભા શા માટે ભેગી કરાવી?સભામાં મારી આબરૂ લીધી,તેમજ ભાંગ પીધેલી ઠરાવી.એવામાં દુશાસન બોલ્યો,ગુરુજી,ઘેર પધારો,એ તો વડવેધન થઇચૂક્યું. આ શબ્દોથી ગુરુજીને વધારે ખોટું લાગ્યું.તે વખતે એવુંથયું કે વિષ હોય તો પણ પી જાઉં. કજાતીને બોધ કદી દેવો નહિ. પ્રથમ તો શીખે ને સાંભળે પણ પાછળથી વિરોધ કરે માટે કુપુત્રોને વિદ્યા ભણાવવી જોઈએ જ નહિ, હવે મારે જીવી શું કરવું?સભામાં મશ્કરી થઇ, જળમાં જંપાપાત કરું કે શું કરું? એમ અનેક પ્રકારથી પોતાના મનને સંકલ્પ વિકલ્પ થાય છે.અને ગદગદ કંઠે દ્રોણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચાર્ય થઇ ગયા છે.દ્રોણ ગુરુએ તો અતિકલ્પાંત માંડયું, મેં જાણ્યું હતુ કે મારા ભણાવેલા સારા નીવડશે પણ છેવટે મહેનત છુડી પડી,સઘળુ ધૂળ ધાણી થઇગિયું કૌરવ લોકોમાં હું નિરાશ થયો.ખોટું નાણું હોય તે ચળકાટ મારે છે તેથી સર્વે મોહ પામે છે પણ બજારમાં વટાવા જાય ત્યારે સમજણ પડે,તેવી રીતે હું પણ કૌરવોથી છેતરાયો.વળી મને ભંગીઠરાવ્યો માટે હવે મારી દેહ પાડું કે શું કરું?

ગુરુજીને ઉદાસ થયેલા જોઇ વિદુર તથા ભીષ્મ દિલગીર થયા. ગુરુજીનું દુઃખ જોઈ અર્જુનની આંખમાં પાણી ભરાઈ આવ્યું, અને ધરમને પૂછવા લાગ્યા, ભાઈએ ગુરુની હું વિદ્યા ભણ્યો છું, માટે મને આજ્ઞા આપો તો હું વડવેધન કરું, ભીમ કહે,એ મુશ્કેલ કામ છે.તારાથી બને તેવું નથી, લાવ્ય કહેતો હોય તો વડને ખેંચી કાઢું પણ વિદ્યાનું તો આપણે જાણતા નથી.ધરમ કહે,ભીમભાઈ,છાનામાના બોલ્યા સિવાય બેસી રહો.ભીમ કહે, આ બેઠા.હવે નહિ બોલીએ. ધરમ કહે,અર્જુનજી,સભામાં ઊભા થાઓ મારી આજ્ઞા છે. પાપમાં પાછા પડવું ને ધરમમાં આગળ ધાવું માટે ભાઈ ઊઠો અને બ્રાહ્મણનું દુઃખ ટાળો; અર્જુનજી ભાઈઓને પગે લાગી ઊઠયો. ગુરુજીને નમસ્કાર કરી કહ્યું,મહારાજ,મને આજ્ઞા આપો.આપના દ્વારમાં બેસી ભણ્યો છું અને આપની કૃપાથી તે કાર્ય બજાવીશ.દ્રોણે વિચાર કર્યો કે પાસે બેસી ભણનારાથી નથી થતું તો આ નીચે બારણા આગળ બેસીને ભણ્યો તેનો શો વિશ્વાસ પડે? તેવો વિચાર કરી આજ્ઞા આપી નહીં ને નીચું જોઈ ગુરુજી બેસી રહ્યા. એટલે દુર્યોધન બોલ્યો, અર્જુન! અર્જુને જાણ્યું કે કોઈ દહાડો મને અર્જુન કહીને બોલ્યો નથી પણ ભીમભાઈના ભયથી મને અર્જુન કહ્યો છે. દુર્યોધને ભીમની બીકથી અર્જુનને માન દઈ ને બોલાવ્યો અને પૂછવા લાગ્યો. દ્રોણ ગુરુની શા માટે આજ્ઞા માગી? અર્જુન કહે. હું વડવેધન કરવા આજ્ઞા માગું છું. દુર્યોધન કહે, તે વિદ્યા તમને ગુરુએ શીખવી જ નથી. અર્જુન કહે. તે વિદ્યા દ્રોણ ગુરુએ મને બરોબર શીખવી છે. ને તે વાત ખરી છે. જો મને ગુરુ આજ્ઞા આપે તો હું વડવેધન કરું. એટલે દુર્યોધન કહે, અમે ગુરુની આજ્ઞા અપાવીએ પણ જો તારાથી વડવેધન ના થાય તો તારાં નાકકાન અમે કાપી લઇએ, એવી શરત કરતો હોય તો આજ્ઞા અપાવીએ. ત્યારે અર્જુન કહે, જાઓ, મારે કબુલ છે. દુર્યોધન કહે. ધર્મની પાસે એટલું લખાવી લાવો. અર્જુન ધર્મની પાસે આવ્યો, એટલે ધર્મ કહે, ભાઇ મુમત કરીને કામ કરવું નથી, આપણે સરપાવ લેવો નથી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપણે તો બ્રાહ્મણનું કામ કરવાંઊભા થવાની જરૂર છે.અર્જુન કહે,નહિલખી આપો તો મારા પ્રાણ ત્યાગ કરીશ. ભીમ કહે, ભાઈ, ધરમ લખી આપો સૌ ઈશ્વર સારાં વાનાં કરશે. અને તેમ કરતાં કામ નહિ થાય ને નાક કાન કાપવા આવશે. તો હું સોએને મારી નાંખીશ. ધર્મ કહે,મારા લખી આપ્યા પછીકંઈ નહિ થાય. કારણ કે મારું લખેલું મિથ્યા જાય જ નહિ, મારું લખેલું રદ કરે તો મારા પ્રાણ કાઢું. અર્જુન કહે, મારા નાકકાન કપાશે તેમાં તમારે કોઇને શો સંતાપ છે ? ઊઠેલો હવે બેસવાનો નથી, ત્યાર પછી ધરમે લખી આપ્યું, અર્જુને તે પત્ર દુર્યોધનને આપ્યો. દુર્યોધને મામાને કહ્યું, છરો ઘસીને તૈયાર કરી રાખજો, કારણ કે અર્જુનના નાક કાન કાપવાના છે. એવી રીતે સત્યવાદીએ દસ્તાવેજ લખી આપ્યો તેથીસર્વે સભા આશ્ચર્ય પામી.કરણરાજા પાસેથી ધનુષ્યબાણ અપાવ્યાં. અર્જુનજી કચ્છ ભીડી તૈયાર થયો અને કટી ખેંચીને બાંધી. દુર્યોધન કહે, મામા, નકામી મુસ્રત કરે છે. ત્રણે લોકમાં એવું કોઈ કરનાર નથી.ને નકામો વાદ ઝાલી કાન ને નાક આ ભરી સભામાં ખોવાનો છે. એમ વાત કરી ચાર દુષ્ટ કૌરવો દ્રોણ ગુરુની પાસે અર્જુનને આજ્ઞા અપાવવા આવ્યા. પણ દ્રોણ ગુરુ નીચું જોઈ બેઠા છે તે ઊંચું જોતા નથી.ત્યાં આવી દુર્યોધન કહે,ગુરુ મહારાજ આ અર્જુનને આજ્ઞા આપો પણ ગુરુ બોલ્યા નહિ ત્યારે મામો કહે, ન બોલે તો ગોદમગોદા કરીને બોલાવો. કરણરાજા કહે, આજ્ઞા આપો એટલે દુર્યોધન ગોદો મારીને બોલ્યો,ગુરુજી,આજ્ઞા આપો, દુશાસન ગોદો મારીને બોલ્યો,ગુરુજી આજ્ઞા આપો.એટલે ગુરુ ગભરાયા,અને મનમાં વિચાર કરવા લાગ્યા. અર્જુનથી કદી કામ નહિ બને તો મારું વેણ જશે. એમ કરવાં આજ્ઞા ન આપું તો ગોદમગોદા થાય છે.એમ સમજી ક્રોધેથઈ દ્રોણ ગુરુ બોલ્યા,હે અર્જુન,હું આજ્ઞા આપું છું, જા તારાથી આ કામ થજો. અર્જુનજી તે આશીર્વાદ મસ્તકે ચડાવી તરત સભામાં ઉભો થયો અને પ્રભુનું સ્તવન કરવાનું શરૂ કર્યું, અર્જુન પ્રભુને અરજ કરે છે કે હે નાથ ! જેવી રીતે શબરીનાં એઠાં બોર જમ્યા, કુબજાનું ચંદન લીધું ને તેમની લાજ રાખી તેવી રીતે મારી રાખજો, મારામાં વડવેશ્વન [illegible] જોર નથી. વળી હે પ્રભુ, દેવની લજ્જા સારું જાલંધર રૂપ ધર્યું,શલ્યાની અહલ્યા બનાવી શ્રાપ ટાળ્યો. એ પ્રમાણે ભકતોની લજ્જા રાખતા આવ્યા છે. મારી પણ લાજ રાખજો.હે પ્રભુ.હું જશ લેવા નથી ઉઠયો, ગુરુજી દેહત્યાગ કરતા હતા. માટે મારા મનમાં દુઃખ થવાથી હું ઊઠયો છું. મારા નાકકાન દુષ્ટોએ કાપી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નાંખવાનું ધાર્યું છે તે કપાશે તો તારાં કપાયાં એમ હું તો માનીશ,વળી હે નાથ,તમે દીનના દયાળુ છો.હે પ્રભુ,નાકકાન જશે તો મારો દેહ ત્યાગ કરીશ, માટે હે નાથ, મારી લાજ રાખજો.એ પ્રમાણે ઘણીવાર સુધી સ્તુતિ કરી પછી અર્જુનજીએ ધનુષ તથા બાણ સજ્જ કરી ખાંધે ભેરવ્યાં, કાચો કુંભ પોતાના હાથમાં લીધો ને ગુરુનું સ્મરણ કરી વિદુર તથા ભીષ્મને નમ્યો. સર્વે સભાને પણ નમ્યો. સર્વે લોકો તેને આશીર્વાદ આપવા લાગ્યા. દુર્યોધન બોલ્યો,મામા,કામ થશે કે નહિ થાય ? મામો કહે,કાચા ઘડામાં પાણીરહેવાનું નથી. હમણાં માટી થઇને ઘડો ભાગી જશે. સાંભળી છત્રપતિ ખુશ થયો. પછી અર્જુને ઘડા ઉપર વજ્ર મંત્ર મૂકયો તેથી ઘડો વજ્ર જેવો થયો. એટલે અર્જુન બોલ્યો,હે રાજા દુર્યોધન,પાણી લાવી રેડો, એમ કહીને પ્રભુની સ્તુતિ

કરવા લાગ્યો.દુર્યોધનનેશકુની કહેવા લાગ્યો, ઊઠો રાજા, જઇને ઊંચેથી પાણી રેડો એટલે ઘડો ભાગી જાય. દુર્યોધન ઊભો થયો ને અર્જુન પાસે જઈતે ઘડામાં પાણી રેડયું. ઘડો પાણીથી ભરાયો એટલે દુર્યોધનને વહેમ પડયો ને મામાને પૂછવા લાગ્યો કે મામા, ઘડો ભરાયો પણ ભાગી જતો નથી. મામો કહે, ધીરજ રાખ એ તો ઝાલવાની ચતુરાઇ છે. હમણાં ગગનમાં ઉછાળશે એટલે ઘડો પાણીમાં પલળી તુરત કાદવ થઈનીચે પડશે. ત્યારે દુર્યોધન ખુશી થયો. પછી અર્જુન વાયુનો મંત્ર ભણ્યો એટલે વાયુએ આવી તરત તે ઘડાને ખેંચી લીધો.દુર્યોધન કહે,મામા,ઘડો તો ઊંચે ગયો પણ ભાગ્યો નહિ,મામો કહે,ઘડોગયો પણધનુષ્યબાણખેંચતાં નહિ આવડેએટલામાં અર્જુનેધનુષ્ય લઇ ટંકાર કર્યો.દુર્યોધન કહે,મામા,અર્જુને તો ધનુષ્ય પણતૈયાર કરી ટંકાર કર્યો. મામા કહે, ધીરજ રાખ,હજુ બાણનું સંધાન કરતાં નહિ આવડે.એક બાણમાં વડના દરેક પાંદડાં વિંધવા માટે અનેક બાણ જોઈશે તે કયાંથી લાવશે ? કાંઈ બાણ વીયાશે ? તે માટે તું ધીરજ રાખી બેસ. દુર્યોધન કહે, મામા, બહુ સારું. પછી હું તુરત નાકકાન કાપી નાંખીશ. એટ-લામાં અર્જુનજી એક બાણ ધનુષ્ય ઉપર ચડાવ્યું અને અગણીતો મંત્ર બાણ ભણી તે ઉપર ધર્મભાઈનું પુન્ય મૂકયું.પ્રભુ ઉપર શ્રદ્ધા રાખી અનેએક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બાણ છોડી ભગવાનની સ્તુતિ કરતો સભામાં ઊભો રહ્યો. બાણ જતાં બે થયાં, ત્રણ થયાં ચાર થયાં, પાંચ થયાં એમ કરતાં કરતાં દસ બાણ થયાં. અર્જુનજી પ્રભુનું ભજન કરે જાય છે. પછી દસકે દસકે બાણ વધવા લાગ્યા એમ કરતાં કરતાં વીસ, ત્રીસ, ચાળીસ, પચાસ, સાઠ, સિત્તેર, એંસી નેવું, સો, બસેં, ત્રણસેં, હજાર, દસહજાર, લક્ષ, અને કરોડ થયાં. સર્વે લોકો જોઇ રહ્યા છે, એમ કરતાં કરતાં મધપુડાની મક્ષિકાની માફક અપાર બાણ થઇ ગયાં, જાનું મોટું પાંદડું વીંધાઇ જવા લાગ્યું. પછીથી બાણ ઘટવા લાગ્યાં જેવી રીતે વધ્યાં હતાં તેવી રીતે ઓછાં થવા લાગ્યા. છેવટે એક બાણ બનીને ભાથામાં પેઠું, અર્જુને લાંબા હાથ કર્યા એટલે ગગનમાંથી ઘડો અર્જુનના હાથમાં આવીને બેઠો. તે ઘડો ગુરુના આગળ મૂકી લાંબો થઇને ગુરુના ચર્ણાવિંદમાં મસ્તક મૂકી પગે લાગ્યો. એટલે દ્રોણે ઊંચું જોયું. દ્રોણ અર્જુનને જોઇ ખુશી થયા અને આશીર્વાદ આપ્યો કે મારા જેવા સો દ્રોણ તારાથી જીતાજો. તેં મારું મરણ ઉગાર્યું તેથી તારી જય થજો. મારા કોઠાની સઘળી વિદ્યા તારા કોઠામાં જજો, એટલે સર્વે સભા જય શબ્દો બોલવા લાગી. એટલામાં ભીમ ઊભો થયો અને બોલ્યો, દુષ્ટ દુર્યોધન ક્યાં ગયો ? એનાં નાકકાન કાપવાં છે. એટલે શકુની કહે, અલ્યા કરણ, દુશાસન, સર્વે નાસી જાઓ, નહિ તો આપણું મરણ આવ્યું, કાળે મોંઢે કૌરવ લોકો નાસી ગયા, બીજા બધા તો બેસી રહ્યા. સૈન્ય પણ નાસી ગયું. એવામાં ધર્મરાજાએ ભીમનો હાથ ઝાલ્યો ને કહ્યું, ભાઈ, અત્યારે બોલશો નહિ. ભીમ કહે, ધર્મભાઇ હું તો બીવરાવું છું. ત્યારે ભીષ્મજી બોલ્યા, અલ્યા, ભીમ, તે વાત ખરી પણ ગુરુને ઘેર લઇ જવા છે ને સૈન્ય તો નાસી ગયું; માટે શોભા બરોબર નહિ થાય, એ સાંભળી ભીમ દોડયો અને, અગિયાર ક્ષોણી સૈન્યને બીક બતાવી પાછો સભામાં લઈ આવ્યો. પછી ગુરુને પાલખીમાં પધરાવ્યા અને ધર્મ, નીકુળ, સહદેવ અર્જુન ચારભાઇઓએ પાલખી ખાંધે લીધી, ભીમ છડી લઇ આગળ ચાલ્યો, વાજતે-ગાજતે ગુરુને ગામમાં લાવ્યા અને આંધળાના છોકરા શરમાઇ ઘરમાં પેસી ગયા.

ગુરુજીને ઘેર પધરાવી સર્વે લોકો વિદાય થયા. અર્જુનજી પ્રેમ કરીને કુંતાજીને પગે લાગ્યો. કુંતાએ કહ્યું. કેમ બેટા, એટલે ધર્મ રાજા બોલ્યા, હે માતા, અર્જુનનું દુઃખ વેઠેલું મજરે પડયું. માતા, તારા અર્જુન-નજીએ વડવેધન કર્યું. દુર્યોધન તથા સર્વે કૌરવ કાળાં મોં લઈ ઘેર ગયા. વળી દ્રોણ ગુરુએ સર્વે વિદ્યા આપી અર્જુનને આશીર્વાદ આપ્યો. તેથી હવે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કોઇ પણ અર્જુનને જીતે તેવો જગતમાં નથી. તે સાંભળી ભીમને માઠું લાગ્યું કે મારું માન ઉતરી ગયું. ભીમકહે, મારાથી કોણ જબરો છે ? ધર્મકહે, આપણો અર્જુન તમારા જેવા પચીસને જીતે. ભીમ કહે, ઊઠો અર્જુનજી, આપણ બે યુદ્ધ કરીએ. અર્જુન કહે, તમો બળીઆ તમને હું પહોંચું નહિ. ત્યારે ભીમ કહે, ધર્મભાઈ સાંભળો, વળી જુઓ કે યુદ્ધ કરતાં અર્જુન મંત્ર ભણી બાણ ચડાવે એટલામાં હું દોટ મૂકી ડોકી ઝાલી પૃથ્વી ભેગો કરી નાખું. અર્જુન બોલ્યો, હા ભાઈ, તમે જીતો અમે ચારેએ ભીમનું માન રાખ્યું.

વિશ્રામ સત્તરમો

એમ આનંદમાં પાંડવ રહ્યા, કૌરવ જનને કલેશ;
વલ્લભ વદે ભેળા થઈ, દુષ્ટ વિચારે દ્વેષ.

દુર્યોધન ભાઇઓને ભેગા કરી કહે કે આપણે તો ઠોઠના ઠોઠ રહ્યા ને અર્જુન તો સઘળી વિદ્યા ભણી ગયો. એકલો ભીમ બળીઓ હતો પણ હવે તો અર્જુન ને ભીમબન્ને બળીઆ ભેગા થયા. બે ભાઇની જોડ થઇ, એકને આપણે પહોંચતાં નહોતા તો બેને કેવી રીતે પહોંચીશું ? અર્જુનજી સો દ્રોણને જીતી શકે તેવો સંમર્થ છે તેવો દુનિયામાં બીજો કોઈ હશે ? શકુની કહે, ફરશુરામ છે, તેની વિદ્યા કોઇ શીખી આવે તો અર્જુનને મારે. ઘણા જણ ફરશુરામની પાસે ભણે છે પણ ક્ષત્રી લોકોને તે ભણાવતા નથી,કેમ કે ક્ષત્રીઓ ભણીને ગુરુની સામા થયા તેથી તેમણે પ્રતિજ્ઞા કરી છે કે ક્ષત્રીને વિદ્યા શીખવવી નહિ, ભીષ્મ પિતા એમની વિદ્યા શીખ્યા હતા, પછી દાદા તેમની સામા થયા ત્યારથી શીખવતા નથી, જો કોઈ બ્રાહ્મણનો વેશ ધારણ કરી શીખી આવે તો શીખાય. એટલે કરણ બોલ્યો,હું બ્રાહ્મણનો વેશ લઇ શીખવા જાઉં. પણ ફરશુરામની આસપાસના ગામોમાં હુંડીઓ મોકલો તેમાં એમ લખો કે આવી કાન્તિને શરીરે આવાં નિશાન હોય તેવા વિદ્યાર્થીને જે માગે તે આપવું એવું સાંભળી દુર્યોધન બોલ્યો, જાઓ કરણભાઇ,હું હુંડીઓ મોકલીશ,તમે સુખેથી ભણી આવો એટલે કરણ બ્રાહ્મણનો વેશ લઈ નગ્રની બહાર ચાલ્યો, દુર્યોધન વળાવા ગયો અને કહેવા લાગ્યો; અર્જુનજી તારા હાથે મરણ પામે તેવી વિદ્યા શીખીને વહેલો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવજે. એમ કહી દુર્યોધન પાછો વળ્યો. કરણરાજા ફરશુરામનો મઠ છે, ત્યાં આવી પહોંચ્યો અને બારણે ઊભો રહીને આંખમાં આંસુ લાવ્યો પછી ફરશુરામની પાસે ગયો. ત્યાં ગયા પછી ફરશુરામને કરગરી પગે લાગ્યો અને કહેવા લાગ્યો. ક્ષત્રીપુત્ર અર્જુને મને અભડાવીને માર માર્યો. ફરશુરામ કહે, કેવી રીતે તને માર્યો? કરણકહે, મહારાજ, મારુ ગામ કાશી છે પણ હું હસ્તિનાપુરમાં રાંધેલી ભિક્ષા માગી ખાતો ને વિદ્યા ભણતો એવામાં એક દિવસ હું ભિક્ષા માગી ઘેર આવતો હતો ત્યાં એક નેળ આવી, તેમાં અર્જુનજી સામા મળ્યા તેમને મેં કહ્યું કે મને અડશો નહિ. જો અડકશો તો હું અભડાઇશ અને મારુ અન્ન નાંખી દેવુ પડશે. એટલામાં અર્જુને મને પાંચ ચાબુક મારી. પછી મેં અન્ન નાંખી દીધું અને મેં નિયમ લીધો કે અર્જુનને મારૂં ત્યારે જ ઘેર જાઉં, તેથી વિદ્યા ભણવા આવ્યો છું. ફરશુરામ કહે, ભલે. એમ કહી કરણરાજાને પોતાની પાસે રાખ્યો.

હવે દુર્યોધને મઠની આસપાસના ગામોમાં હુંડીઓ મોકલી. સર્વે વિદ્યાર્થીઓ માગવા જાય તેની સાથે કરણ પણ જવા લાગ્યો. ફરશુરામકહે, તારે થોડા દહાડા રહેવાનું છે માટે માગવા ન જઇશ. કરણ કહે, મને ઇચ્છા છે માટે હે મહારાજ, મને જવા દો. એમ આજ્ઞા લઈ કરણ વિદ્યાર્થીઓ સાથે ગયો. ત્યાં કોઈ ગામમાં ગૃહસ્થ હોય ત્યાં જઇ કરણ ઊભો રહે, એટલે કરણની કાન્તિ જોઇ ગૃહસ્થ બે હાથ જોડી કહે, કહો મહારાજ, શું જોઈએ છે? કરણ કહે, લાડુનું સીધું આપો. એટલે તરત ગૃહસ્થ તેવાં સીધાં આપે. બ્રાહ્મણોએ વિચાર કર્યો કે આ કેવો નશીબવાન છે કે નિત્ય મિષ્ટાનનું સીધું લાવે છે. કરણ કહે, હવેથી મારે માગવા આવવું નથી. કારણ કે મારે થોડા દહાડામા વિદ્યા ભણવી છે માટે લાડુ ખાધામાં રહું તો વિદ્યા કેવી રીતે શીખું? બ્રાહ્મણોએ વિચાર કર્યો કે આપણે એકલા માગવા જઇશું તો લાડુનું સીધું મળનાર નથી માટે કરણને રોજ માગવા સાથે લ્યો. એમ સર્વે બ્રાહ્મણોએ વિચારી કરણને કહ્યું કે અમે વારાફરતી તને ભણાવ્યા કરીશું પણ તું અમારી સાથે માગવા આવજે. અને લાડુનું સીધું અપાવજે. એમ બ્રાહ્મણો લાડુ ઉપર લાડુ જમે જાય છે અને કરણ રાજા વિદ્યા શીખે જાય છે. છ મહિનામાં કરણ રાજા મહા બાણાવળી થયો બ્રાહ્મણોને રીઝવી રીઝવી વિદ્યા શીખી લીધી. પછી કરણે ફરશુરામને કહ્યું મારાં માબાપ વૃદ્ધ છે અને હજુ અર્જુનને મારવો છે, પછી ઘેર જવું છે માટે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મને રજા આપો, ગુરુ કહે, બેટા અર્જુન તો ક્ષત્રી છે ને તું બ્રાહ્મણ છે માટે તેનો માર તારાથી જીરવી શકાશે નહિ. તેથી આજનો દહાડો રહે ને કાલે ઘેર જજે, હું વિચાર કરી ખુશીથી રજા આપીશ. એમ કહી તે દિવસે રાખ્યો. રાત્રિ પડી તે વખતે ફરશુરામે કરણને એકાંતે બોલાવ્યો અને સામો બેસાડયો. અંજલિમાં જળ આપ્યું પછી મંત્ર ભણીને કરણને પાણી છાંટે છે. એમ મંત્ર વડે કરીને, નવાણું કવચ કરણના અંગે પહેરાવ્યા. કોઈ બાણ તેના શરીરને ઇજા કરી શકે નહિ એવી રીતે વજ્ર જેવો બનાવ્યો પછી ગુરુએ બાણ લીધાં તેમાંથી એક બાણ મંત્રીને કરણને આપ્યું, અને કહ્યું કે આ બાણથી અર્જુનનું મરણ થશે. કરણ કહે, વારુ મહારાજા, પણ અર્જુનનો પક્ષ કરી કૃષ્ણ મને મારવા આવે, તે વખત હું શું કરું ? ફરશુરામે બીજું બાણ મંત્ર ભણીને આપ્યું અને કહ્યું કે જા આ બાણથી કૃષ્ણનું મરણ થશે.ત્યારે કરણ રાજા ખુશી થયો અને વિચારવા લાગ્યો કે વહાણું વાય કે તરત ઘેર જતો રહું.પછી ફરશુ-રામને નિંદ્રા આવી તેથી કરણના ચરણના ઉપર મસ્તક મૂકી સૂઈ રહ્યા, ત્યારે કૃષ્ણે વાત જાણી. પ્રભુએ વિચાર્યું કે મારું તથા અર્જુનનું મરણ થાય તેવા બે બાણ કરણરાજા લઇ ને ઘેર જશે તો જરૂર અમારા બન્નેનું મૃત્યુ થશે, એમ જાણી નારદ ઋષિનું આરાધન કરી નારદને બોલાવ્યા.નારદે કહ્યું. કેમ મહારાજ, મને બોલાવ્યો? કૃષ્ણ કહે,તમે ઇંદ્રને કહો કે તારો પુત્રઅર્જુન છે તેનું મરણ કરણના હાથે થવાનું છે. અને કહેજો કે ફરસુરામ પાસે કપટ કરી વિદ્યા શીખ્યો છે, અને કાલે વહાણામાં ઘેર જવાનો છે. માટે રાતમાં જે કરવાનું હોય તે કરો,નહિ તો અર્જુનનું મૃત્યુ થશે.એટલે નારદજી સ્વર્ગમાં ગયા અને ઇંદ્રને સઘળી વાત કરતાં કહ્યું, કૃષ્ણ પ્રભુએ મને બોલાવી કહ્યું કે ઇંદ્રને ખબર આપો કે તારા પુત્રનું મરણ કરણના હાથે થવાનું છે. ઇંદ્ર કહે, વારુ મહારાજ,હવે પધારો.હું તેને માટે ઉપાય કરું છું એમ કહી ઇંદ્ર કાળો ભમરો થઈ કરણની જગા ઉપર બેઠો કરણે વિચાર કર્યો કે ભમરાના કર-ડયાનું દુઃખ ગણીશ. તો બાણનો માર શી રીતે સહન કરીશ ? માટે છાના માના આપણે તો બેસી રહો. એમ વિચારી કરણ બિલકુલ ઊઠયો નહિ,એટલે ભમરે ડંસ કરી કરણની જંગામાંથી ઘણું જ રુધીર કાઢયું ને રુધીરની ધારા વહેવરાવી પણ કરણ બિલકુલ હાલતોચાલતો નથી. ફરશુરામની નીચે તે રુધિર ગયું, એટલે ફરશુરામ રુધિર અડવાથી જાગી ઉઠયા ને વિચાર્યું કે ઊનું ઊનું શું લાગ્યું ? એમ જાણી કરણને પૂછયું, આ મારા નીચે શું આવ્યું ?

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ત્યારે કરણ કહે; મને ભમરો કરડવાથી રુધિર નીકળ્યું તે તમારી તળે આવેલું. ત્યારે ફરશુરામે વિચાર કર્યો, બ્રાહ્મણ હોય તો તરત બૂમ પાડે, રુધિર દેખીને ત્રાસે, પણ આ કોઈ કઠણ જાત ક્ષત્રી હશે, એમ વિચારી ફરશુરામે પૂછ્યું કે સાચુ બોલ તુ કોણછે ? કરણ કહેવા લાગ્યો, મહારાજહું બ્રાહ્મણ છું. એટલેફરશુરામે વિચાર્યું કે સાહસ કામ ન કરવું. એમ ધારી સમાધી કરીને જોવા લાગ્યા. કરણે જાણ્યું સમાધી કરી તેથી મને ઓળખશે માટે લાવ હું છાનોમાનો નાસી જાઉં. નહિ તો મને ઠેર મારશે. એમ વિચાર કરી કરણે ફરશુરામનો રથ સાથે ઘોડા જોડી રથમાં બેસી ઘોડા મારી મૂકયા. પછી ફરશુરામ સમાધીમાંથી જાગ્યા અને વિદ્યાર્થીઓને પૂછવા લાગ્યા કે પેલો વિદ્યાર્થી કયાં છે ? વિદ્યાર્થીઓ કહે, તે તો તમારો રથ જોડીને નાસી ગયો. ફરશુરામ કહે, અર્જુનનો બિલકુલ વાંક નથી અને મારે માથે બ્રહ્મહત્યા લગાડી, અર્જુનનું મરણ કરવા માટે બાણ પણ લીધું અને મારો રથ તથા ઘોડા સર્વે લઇને નાસી ગયો, આ તો ગુરુનો ગુરુ થયો. પછી ફરશુરામે ગુસ્સે થઇ તુરત બીજો રથ જોડાવી કરણને પકડવા અશ્વના કર્ણમાં મંત્ર સૂકી અશ્વને મારી મૂકયા તેથી ઘોડા સુસવાટાબંધ ચાલ્યા, કરણ જતો હતો તેને રસ્તામાં ફરશુરામ પહોંચી વળ્યા અને હાક મારી, અલ્યા દુષ્ટ, ઊભો રહે, કયાં જાય છે ? કરણ કહે, હું તમારો શિષ્ય છું. મને જવા દો નહિ તો તમને સમજણ પાડીશ. ફરશુરામ કહે, અર્જુનનો વાંક નથી અને શા માટે તેના મરણનું બાણ લઈ જાય છે ? અને વળી મને બ્રહ્મહત્યા લગાડી, માટે હે દુષ્ટ, હવે તને શિક્ષા કરૂં. કરણ કહે, થવાની હતી તે થઇ, બાણ લેવાના હતાં તે લઈ લીધાં. હવે તમારાથી શું વળવાનું છે ? ફરશુરામ કહે, દુષ્ટ નહિ બને શું ? હમણાં તને શિક્ષા કરું છું. એટલે કરણ કહે. મહારાજ, છાનામાના ચાલ્યા જાઓ તમે ગુરુ છો અને હું શિષ્ય છું માટે આપણે બંને જણ લડીએ તો ખોટું દેખાય ને જગતમાં નિંદા થાય માટે ખુશીથી ઘેર પધારો. ફરશુરામ કહે, દુષ્ટ, કપટ કરી તું વિદ્યા શીખી જાય છે પણ શિક્ષા કર્યા સિવાય જવા દેવાનો નથી. એમ એક એકની સાથે વાદવિવાદ થયો, પછી સામ સામા રથમાં બેસી યુદ્ધ કરવા માંડયું. બંને જણાએ ધનુષનાં ટંકાર કર્યા, બાણોનું સંધાન કરી એક એકના ઉપર છોડવા માંડયાં. અગણિતા મંત્ર ભણી બાણ મારે છે. તેનાં અનેક થઇ વૃષ્ટિ થવા લાગી, એક એકથી પાછા પડતા નથી. એક આખો દિવસ યુદ્ધ ચાલ્યું અને બીજો દિવસ થયો તે દિવસે એક એકની શરમ તોડી અતિશય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

યુદ્ધ કરવા માંડયું. ફરશુરામે નવાણું મંત્રે બાણથી કરણરાજાના નવાણું કવચ છેદી નાંખ્યાં તેથી કરણ ઉઘાડો થયો. પછી ફરશુરામે કરણ ઉપર બાણો છોડવા માંડયાં. બાણ સુસવાટા કરતાં આવીને કરણના શરીરમાં પેસી જાય છે તેથી કરણને રુધિરની ધારા ચાલી જાય છે. તેથી કરણ ગભરાયો. ફરશુરામે કરણનો રથ ભાગ્યો તથા ઘોડા મારી નાંખ્યા ને કરણ નીચે પડી ગયો.

ફરશુરામે રૂંવાટે રૂંવાટે બાણ માર્યાં અને વીંધી નાંખ્યો. પણ ક્ષત્રી છે તેથી સહન કરી રહ્યો. ફરશુરામે આયુધ નીચે નાંખી કરણની પાસે આવી, તેને નીચે નાંખી, છાતી ઉપર ફરસી લઈ ચઢી બેઠા, કરણને કહે, દુષ્ટ, હવે તને મારી નાંખું. બે દિવસ સુધી યુદ્ધ ચાલ્યું તે નારદે યુદ્ધ જોઈને વિચાર કર્યો કે કરણને ફરશુરામ મારી નાંખશે તો ખોટું થશે, માટે ચાલ સૂર્યને કહું, કારણ કે કરણ સૂર્યનો પુત્ર છે તેથી કરણને બચાવશે. એમ વિચાર કરી નારદ સૂર્યની પાસે ગયા અને સૂર્યને કહેવા લાગ્યા, તારા પુત્ર કરણને ફરશુરામ ફરસી લઈને મારી નાંખે છે. તે સાંભળી સૂર્ય એકદમ રૂપ બદલી ફરશુરામ પાસે આવ્યા અને ફરશુરામને કહેવા લાગ્યા, હે મહારાજ, મારા પુત્ર કરણને વિના વાંકે શા માટે મારી નાંખો છો? ફરશુરામ કહે, મને બ્રહ્મહત્યા લગાડી, તેમજ અર્જુનને મારવા સારુ બાણ લઈ જાય છે અને કપટ કરી મને ફોસલાવી વિદ્યા ભણી જાય છે. સૂર્ય કહે, હશે મહારાજ, જવા દો, જો તમે મારશો તો હું પાતાળમાં જતો રહીશ, તેથી આ જગતમાં અંધારું થશે તેથી ઘણા જીવો અટવાઇ મરશે અને અનાજ પાણીની હરકત પડશે તે સર્વ પાપ તમારે માથે. ફરશુરામે વિચાર્યું કે આખા જગતનું પાપ કયાં માથે લઉં? એમ જાણી ફરશુરામ કરણના ઉપરથી ઊઠી ગયા ને શ્રાપ દીધો કે બે દિવસ સુધી જ્યાં તારું યુદ્ધ ચાલે ત્યાં બીજે દિવસે ત્રીજે પહોર તારું મૃત્યુ થજો. એમ શ્રાપ દઈ ફરશુરામ રથમાં બેઠા, પણ બે બાણ લેવાના ભૂલી મઠે ગયા. પછી કરણ હસ્તિનાપુર ચાલ્યો. જતાં જતાં કરણે વિચાર્યું કે હું ઇંદ્રનું તપ કરૂં. એમ ધારી તેણે વનમાં તપ આરંભ્યું. તપ પૂરૂં થવાથી ઇંદ્ર આવ્યો અને કહ્યું, કેમ અલ્યા, મારું તપ કરવા માંડયું છે? કરણરાજા બોલ્યો, મારા હાથે અર્જુનનું મરણ થાય તેવું વરદાન આપો. ઇંદ્ર કહે, જા દુષ્ટ, અર્જુનને હાથે તારું મરણ થજો. ત્યારે કરણ કહે, ઉલટું વચન તમે આપ્યું તેમાં સાર નહિ નીકળે. ઇંદ્ર કહે અમને દેવને ખીજવી કાં જઇશ? તારે જોઇએ તો સાંગ્ય આપું.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મેઘાડંબર છત્ર આપું, કલ્વીક રથ આપું એ સઘળું જોઈએ તો આપું, વળી તે રથને જ્યાં સુધી તું અડેલો હોય ત્યાં સુધી તારું મરણ થાય નહિ. કરણ કહે, અર્જુન મને મારે એવું વચન તમે મને શા માટે આપ્યું? ઇંદ્ર કહે, તારા બાપે જેવો તને ઉંગાર્યો તેવો મારો દીકરો મને વહાલો. પછી કરણે ત્રણ વસ્તુ માગી; તેથી ઇંદ્રે ત્રણ વસ્તુ આપી તેમાં મેઘાડંબર આપ્યું નહિ ને કહ્યું કે જા તારો તાર ઉપર ધરાવવું હોય તે વખત મારું ધ્યાન ધરજે એટલે મારો ગાંધર્વ આવી છત્ર તારા ઉપર ધરશે. કરણે જાણ્યું. ઝાઝો દેવનો કેડો લેવો તે સારું નહિ. એમ સમજી કલ્વીક રથ અને સાંગ્ય લઈ કરણ રાજા હસ્તિનાપુર ચાલ્યો. ને હસ્તિનાપુરની ભાગોળે આવ્યો, એ વાત દુર્યોધને સાંભળી એટલે સર્વે કારભારી, કૌરવ વિગેરે કરણના સામા આવ્યા, દુર્યોધનને કરણને કહ્યું, કેમ અર્જુનનું મરણ લાવ્યો? કરણ તે સાંભળી ક્રોધાયમાન થયો અને દુર્યોધનને કહે છે, દુષ્ટ, બીજા સમાચાર તો પૂછતો નથી કે ભાઇ તમે સુખી છો કે દુઃખી? દુર્યોધન કહે, હું તો રાજા છું પૂછું કે ન એ પૂછું. અને તમે બધા મારા નોકરો છો. એવા અભિમાનના શબ્દ સાંભળી કરણરાજા ઘણો જ ગુસ્સે થયો. અને દુર્યોધનને કહેવા લાગ્યો, આંધળાના છોકરા દુષ્ટ દુર્યોધન, મને ગુલામ કેમ કહ્યો? દુર્યોધન કહે, મને મહેણું દીધું માટે મારા નગરમાં તારે પેસવું નહી. કરણ કહે, મારે તારું નગ્ર નથી જોઇતું; મારી માતા તથા મારી સ્ત્રીને અહીં મોકલી દે. અમે નગ્ર બહાર રહીશું. દુર્યોધને સેવક મોકલી કરણની સ્ત્રીને તથા તેની માતા બંનેને કરણ પાસે મોકલી દીધાં. કરણ રાજાની પાસે માતા તથા સ્ત્રી આવ્યાં. કરણે બેઉને રથમાં બેસાર્યાં. અને વનમાં ચાલ્યો જાય છે. જતાં સૂર્યનું તપ કરવાનું શરૂ કર્યું. તેથી સૂર્ય પ્રસન્ન થયા અને કરણની પાસે આવી કરણને પૂછવા લાગ્યા, કેમ બેટા, મારી શી જરૂર પડી? ત્યારે કરણરાજા કહે, તમે આકાશમાં વસ્યા અને હું જમીન ઉપર છું તેથી કયા બાપને ત્યાં હું રહું? મારો કોણ પિતા અને કોણ માતા? આ તો પાલક માતા છે, સૂર્ય કહે, તારો પિતા તો જીવતો નથી અને તારી માતા જીવતી છે તે કોક દિવસ જણાશે. તેને ઓળખવા માટે લે આ ચૂંદડી આપું છું. તેને રાખી મૂકજે અને કોક દહાડો તારી જનેતા થતી કોઈ આવે તેને આ ચૂંદડી ઓઢાડી દેજે. એટલે તેના સ્તનમાંથી દૂધની ધારા નીકળી તારા મોંમાં પડે તો જાણજે કે ખરી માતા આ છે. કરણ કહે, તે વાત તો ઠીક છે પણ પિતાજી મને દુર્યોધને કાઢી મૂકયો તેથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારે કયા બાપના ત્યાં જઈવસવું ? એટલે સૂર્યમણિ ઘસીને એક મોટું રમણીય નગર રચ્યું. તેમાં ચાર બજાર, રાજ્ય તથા હવેલી સર્વે બનાવી આપ્યું, પછી કરણને કહ્યું. આમાં દિવસે દિવસે વસ્તી વધશે અને આ મણિ આપું છું. તેની પૂજા કરજે એટલે રોજ સવાભાર સોનું આપશે. ત્રણ મણ સોનું નિત્ય નીકળશે. એમ વરદાન આપી અંતરધ્યાન થઈ ગયા. કરણરાજા ઘણો ખુશી થયો, ને નગ્રમાં જઇ રહ્યો ત્યાં પોતાની માતા તથા સ્ત્રીને રાખી અનેક પ્રકારનાં સુખ આપવા લાગ્યો, પછી કરણરાજા ગામેગામ ફરવા લાગ્યો અને માણસોને કહ્યું, મફત ઘર મળશે માટે મારા રાજ્યમાં ચાલો, એટલે સઘળા માણસો નગ્રમાં આવ્યા અને આખુ નગ્ર વસ્તીથી ભરપૂર થયું. કરણ રાજાએ તે નગ્રનું નામ કરણપુરી પાડયું. નગ્રની શોભાનો કંઇ પાર નથી.

કરણ પોતાની પ્રજાને પાળી લાડ લડાવવા લાગ્યો. અને રોજ મણિની પૂજા કરે એટલે ત્રીસ મણ સોનું નીકળે. કરણે વિચાર્યું કે રોજ આટલું સોનું નીકળે છે માટે પુન્ય દાન કરું, તેથી કરણ રાજાએ ધર્મની ધજા બાંધી એ વાત દેશોદેશ ચાલી. કરણે એવી ધર્મની ધજા બાંધી કે સવારમાં સવા પહોર દિવસ થતા પહેલાં ગમે તે યાચક આવે તો મોહે માગ્યું દાન આપવું તેથી કરણ દાતાર આવું સઘળી જગાએ કહેવાવા માંડયું. દુર્યોધને મામાને કહ્યું જુઓ, કરણ દાતાર કહેવાયો ને હું તો ઝાંખો પડયો. મામા કહે, એને તે હમણાં રાજ્ય મળ્યું છે તેથી પૈસા ખુટશે એટલે ધજા બંધ કરશે. હે રાજા આપણે પૈસાની શી ખોટ છે? માટે આપણે પણ ધજા બાંધીએ, એની ધજાબંધ થશે અને આપણી પાસે પૂંજી વધારે છે માટે આપણી ધજા કાયમ રહેશે. પુન્યનું નામ તથા દાતારી બતાવીને જશ લેવા ધજા બાંધી, જશ લેવાનું તથા નામ રહેવાનું એવું જાણી જે પુન્ય કરશે તેને કલ્યાણમાં કાંઈ મળતું નથી, જગતમાં ફક્ત જશ કહેવાય પણ કલ્યાણ થાય નહિ. દુર્યોધન દાન આપીને જશ લે છે, ભિક્ષુકને દાન આપી પૂછે છે કે હું કેવો દાતાર છું ? એમ જશ લેવા પૂછે અને કરણરાજા તો દીનતા બતાવે છે ત્યારે દુર્યોધન તો પરાણે વાહ વાહ કહેવરાવે, અને જેને દાન આપે તેને કહે કે જયાં જાઓ ત્યાં કહેજો કે દુર્યોધન દાતાર છે અને કરણરાજાને તો સૌ કરણ દાતાર કરણ દાતાર કહેવા લાગ્યા. જે માણસ કીર્તિ કરવાના હેતુથી પુન્ય કરે છે તેના ઉપર પ્રભુ કોપ કરે છે. યાચક પોતાની મેળે કીર્તિ કરે તેનો દોષ નહિ.

એ જણાએ ધજાઓ બાંધી. પ્રભુએ વિચાર્યું એ બંનેની પરીક્ષા જોવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કે કોણ સાચો ને કોણ જૂઠો. એમ વિચારી પ્રભુ હસ્તિનાપુરમાં દુર્યોધને ધર્મની ધજા બાંધી હતી ત્યાં પધાર્યા, ભગવાને બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું છે, કયા કંપે છે. હાથમાં તુંબડું ગ્રહણ કર્યું છે, વૃદ્ધ સ્વરૂપ છે, ડાચાં ગળી ગયાં છે, જેષ્ટિકા ઝાલી છે એ પ્રમાણે પ્રભુ ધીમે ધીમે ત્યાં આવ્યા. દુર્યોધન કહે, આવો મહારાજ, તમે ઘરડા છો અને વળી પવિત્ર છો માટે હું તમને કહું તે સાંભળો. એમ કહી દુર્યોધન બોલ્યો, કહો મહારાજ, હું કેવો દાતાર છું ? મારા જેવો જગતમાં દાતાર છે ? કરણ રાજાનું દાન લઈ યાચક તો ગમે તેમ બોલે પણ કરણ રાજા કયારનો દાતા થયો. એને રાજય પાટ કયાં સુધી ચાલવાનું છે, મારા જેટલી પૂંજી તથા રાજય કયાં છે, હું તો સૌને પાળવાવાળો છું દયાળુ છું અને વળી મુખ માગ્યાં દાન આપું છું, કેમ મહારાજ બોલતા નથી ? હું કહું છું તે ખરું છે કે ખોટું ? પ્રભુ બોલ્યા, શાબાશ છે, ઇન્દ્રરાજા કે ઇશ્વર સરખા તારી ગણતરીમાં આવે નહિ તો કરણનો શો હિસાબ છે ? દુર્યોધન કહે. મામા, સાંભળો આ ઘરડા મહારાજાએ આપણી કેવી કિંમત કરી ? કહી દુર્યોધન બોલ્યો, કહો મહારાજ. તમારે શું જોઈએ ? હું તમારું દુઃખ ટાળી નાખીશ ત્યારે વૃદ્ધ સ્વરૂપે પ્રભુ બોલ્યા, જો ભાઇ વૃદ્ધાવસ્થામાં યાત્રાની ઇચ્છા થઇ છે. અડસઠ તિરથની યાત્રા કરવી છે પણ શરીરમાં શકિત નથી, હાથ પગ ચાલતા નથી. દુર્યોધન કહે, હાથી આપું, સુખપાલ, મેના, અશ્વ, રથ, ધનમાલ તમે માગો તે આપું. પ્રભુ કહે; મારે કાંઈ નથી જોઈતું. બધી યાત્રા કરવી તેમાં વાહન ઉપર બેસવું નહિ ને ચરણે ચાલીને યાત્રા કરવી છે. ત્યારે દુર્યોધન કહે, અરે મહારાજ, ત્યારે હવે શો ઉપાય ? પ્રભુકહે, હું યાત્રા કરી આવું ત્યાં સુધી મારૂં વૃદ્ધ શરીર તું લે અને મને તારું જુવાન શરીર આપ. યાત્રા કરી પાછો આવું એટલે મારું શરીર વૃદ્ધ છે તે પાછું લઇશ. એવું સાંભળી દુર્યોધન બોલ્યો, અરે મહારાજ, એ વાત મને વહેમ પડતી લાગે છે, માટે મારી રાણીને પૂછી આવું. પ્રભુ કહે, ભલે પૂછી જો ત્યારે દુર્યોધન ભાનુમતી પાસે આવ્યો અને રાણીને પૂછવા લાગ્યો, હે રાણી, એક બ્રાહ્મણ આપણા ઘેર આવ્યો છે તેને જાત્રા કરવાનો વિચાર છે પણ તે શરીરે વૃદ્ધ છે માટે તેનાથી જાત્રા થાય તેવું નથી. હું વાહન આપું છું પણ તેને નિયમ છે તેથી તે કોઇ વાહન ઉપર બેસતો નથી, અને મને એમ કહે છે કે મને તમારું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શરીર આપો, હું યાત્રા કરીને પાછો આવીશ એટલે તમને તમારું શરીર પાછું સોંપીશ અને હું યાત્રા કરું ત્યાં સુધી મારું વૃદ્ધ શરીર તમે લ્યો. આવો શરીરનો બદલો કરવાનું કહે છે. એવું સાંભળી ભાનુમતીએ સભામાં આવી બ્રાહ્મણને જોયો તો નાકમાંથી પાણી ચુએ છે, શરીર કંપે છે. ડાચાં મળી ગયાં છે. શ્વાસ ગંધાય છે- આવો દરિદ્ર બ્રાહ્મણ જોતામાં જ ભાનુમતી બોલી, આવા રડયા નાગા નવરા કયાંથી આવે છે? જાત્રા કરવી છે તેમાં વળી શરીરનો બદલો શો કરવો? આજ તોશરીરનો બદલોકરનારાઆવ્યા અને કાલ તો રાજય લેનારા આવશે. આવો ઊંધો ધંધો કોણે બતાવ્યો છે? ખાવા ન મળ્યું એટલે ભીખ માગી ખાવી, અને વળી શરીર જોઈએ છીએ આટલા દહાડા તો કોઇએ શરીર ન માગ્યું ને આ મારો રડયો, વળી શરીરનો માગનાર આવ્યો એમ ક્રોધાતુર થઇ ને દુર્યોધનને કહેવા લાગી, તમારી ધર્મ ધજામાં પૂળો મૂકો. એમ કહી ભાનુમતી મહેલમાં ગઈ. દુર્યોધન કહે, કેમ મામા, ભાનુમતી ના પાડે છે. માટેશું કરવું? મામો કહે ધરમ ધજાકહાડી નાંખો. રાજા કહે, મહારાજ, બીજું કાંઇ માગો, પ્રભુ કહે, શરીર આપે તો લાવ્ય નહિ તો ધર્મની ધજા છોડી નાંખ. મામો કહેવા લાગ્યો, ભલું થયું ભાઈ છોડી નંખાવો. આપણે ધર્મની ધજા નથી જોઈતી. આ રોજ ઊઠીને તોફાન શું? રાજયમાં ખોટ આવી જાય માટે પુન્ય દાન જોઇ વિચારીને કરવું. દુર્યોધન કહે, વારુ મામા, એમ કહી પ્રભુને કહે, મહારાજ પધારો. પ્રભુ કહે, ધિક્કાર છે. શું તું પહેલો નહોતો જાણતો કે ધર્મની ધજા બાંધવી એ કંઈ રમત નથી. એ તો ધરમના કામ છે તે તારા જેવા રંડવા કંજુસથી શું થાય? દુર્યોધન બોલ્યો, ઠીક મહારાજ, પધારો. તમે માગી ખાનાર ગમે તેમ બોલો પણ અમારે તો રાજયચલાવવું છે, માટે વગર વિચાર્યું પુન્ય કરીએ તો ભીખ માગીએ, ત્યારે પ્રભુએ, ધિક્કારીને, ધર્મધજા છોડાવી નાખી. પછી પ્રભુ ત્યાંથી કરણ પાસે જવા નીકળ્યા. આ સાર સાંભળી શ્રોતાજનોએ વિચાર કરવાનો છે કે આવા દુષ્ટ દુર્યોધન જેવા જીવ હોય તેના મોંમાંથી આવા નીચ શબ્દો નીકળે; હવે કૃષ્ણ ત્યાંથી નીકળીકરણપુરીમાંઆવ્યા. કરણે રાજયસભામાં પ્રવેશ કર્યો. પ્રભુ મધુરી વાણીથી બોલવા લાગ્યા. કરણે ઊઠી આસન આપ્યું. અને ધીમેથી બોલ્યો, પધારો મહારાજ, તસ્દી લઈ મારા ઉપર કૃપા કરી, પ્રભુ કહે છે, શાબાશ છે તેં ઠીક પુન્યદાન કર્યું. કરણ કહે, એમ ન કહેશો મહારાજ, હું તમારો દાસ છું. હું કયાંથી લાવી પુન્ય કરું?

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લક્ષ્મી મારી નથી, લક્ષ્મીના માલિક પ્રભુ છે. પ્રભુની સ્ત્રી લક્ષ્મી છે. જેની છે તેને આપું છું તેમાં મોટાઇ શાની ? આપણે તો ચીઠીના ચાકર છીએ. પ્રભુએ જાણ્યું કરણરાજા દીનતાવાળો છે, પછી પ્રભુબ્રાહ્મણના વેશે બોલ્યા, હે કરણ-રાજા, હું યાચના કરવા માટે આવ્યો છું. કરણ કહે, મહારાજા, ગમે તે માગો દાસ તે આપવા તૈયાર છે. પ્રભુ બોલ્યા, કરણરાજા મારે યાત્રાએ જવું છે. અડસઠ તીર્થ કરવાં છે. વાહન ઉપર હું બેસતો નથી. કરણ કહે, ત્યારે મહારાજા શો ઉપાય ? પ્રભુ કહે, મારું વૃદ્ધપણું લે, ને તારું યુવાન શરીર મને દે. કરણ કહે, ભલે મહારાજા, આ પાપીષ્ટ શરીર યાત્રા કરશે. મારું નસીબ સારુ કે આપ પધાર્યા. ઊઠો મહારાજ, બદલો કરો, પ્રભુ કહે, તારી સ્ત્રીને તો પૂછી જો કરણ હે પુન્ય કરવું તેમાં સ્ત્રીને શું પૂછવું ? વહેવાર વાતમાં સ્ત્રીને પૂછવું. પ્રભુ કહે ના, તારી સ્ત્રીને નહિ પૂછે તો તારું શરીર લેવું નથી. ત્યારે કરણરાજા મહેલમાં ગયો. રાણી રાજાને પગે લાગી. કરણ કહે એક બ્રાહ્મણ આવ્યો છે તે શરીરે વૃદ્ધ છે, તેને જાત્રાએ જવું છે અને તે બ્રાહ્મણ વાહન ઉપર બેસતો નથી માટે શરીરનો બદલો કરવાનું કહે છે, તું રજા આપે તો મારું જુવાનપણું તેને આપું અને વૃદ્ધપણું હું લઉં ? સ્ત્રી બોલી, તેમાં શી મોટી વાત છે. તે તમે મને પૂછવા આવ્યા ? પુન્યમાં શરીર કામ નહિ આવે ત્યારે આ શરીર શા કામમાં આવશે ? પછી કરણ તરત સભામાં આવ્યો; આવીને પ્રભુને પગે લાગી, બોલ્યો, મહારાજા, શરીરનો બદલો કરો, પ્રભુએ કહ્યું કે રાજા તારી સ્ત્રીને સભામાં બોલાવ્ય. પૂછી જોઉં તે શું કહે છે. કરણે રાણીને બોલાવી. રાણી સભામાં આવી પ્રભુને પગે લાગી. બોલો મહારાજા, તમારા શરીરનો બદલો કરો. તમારું વૃદ્ધ શરીર મારા સ્વામીને આપો ને મારા સ્વામીનું જુવાનપણું ખુશીથી લ્યો અને જાત્રા કરી આવો. આ સાંભળી પ્રભુ અતિશય ખુશી થયા. ઊભા થઇને કરણ તેમજ તેની રાણીને ચતુરભુજ મૂર્તિનું દર્શન આપ્યું, લીલું પીતામ્બર પહેરેલું છે, માથે મુગટ, કોટી સૂર્યના જેવું તેજ, હસતું મોઢું છે, ઉજ્વળ આકૃતિ ધારણ કરી છે. રાજા તથા રાણી પગે લાગ્યાં. પ્રભુએ મસ્તક ઉપર હાથ મૂકયો. પ્રભુ કહે, શાબાશ છે કરણ રાજા તને, તારી સ્ત્રીને, બેની જોડ છે, હે કરણરાજા, હું તારા ઉપર પ્રસન્ન છું તું કાંઈ મારી પાસે માગ. તું જે માગે તે આપું. ત્યારે કરણ કહે, મારે માયા નથી જોઈતી સદા મારા હૃદયમાં રહેજો અને મરણ સમયે આવી મને દર્શન દેજો, પ્રભુએ તે કબૂલ કર્યું. અને કરણને કહ્યું કે મરણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વખતે ભેગા થઇશું અને સવાપહોર સુધીમી વેળા કરણરાજાની કહેવાશે એમ વરદાન આપી પ્રભુ અંતરધ્યાન થઈગયા. જેની રૂડા પ્રકારની રીત છે તે જ પુન્ય કરવાવાળા છે. નમ્રતાવાળો દાતાર છે. કટુ વચન બોલે નહિ અને બ્રાહ્મણનું વચન સહન કરે તે કરણના જેવા દાનેશ્વરી કહેવાય છે. એ પ્રમાણે કરણની ધર્મધજા રહી અને દુષ્ટ દુર્યોધનની છૂટી ગઇ.

વિશ્રામ અઢારમો

દિવસ નિર્ગમે નીતિએ, કરણ પોતાને ઘેર;
હસ્તિનાપુર નગરની, વલ્લભ વદે છે પેર,

હવે હસ્તિનાપુરમાં દુર્યોધનની સ્ત્રી ભાનુમતીએ એકવાર એવી વાત વિચારી કે મારા સ્વામી દુર્યોધનનું મન સ્થિર રહેતું નથી. તે તે દહાડે બ્રાહ્મણને શરીર આપી દેતા હતા, પણ એતો હું પાસે હતી તો છેતરાયોનહિ, વળી કોઇ દિવસ મન ભમી જાય ને કોકને ગમે તે આપી દે માટે એમને વશ કરું. એવોવિચાર કરી સહદેવની પાસે જવા વિચાર કર્યો. કારણ કે ભાનુમતી જાણતી હતી કે સહદેવ જાદુ જાણે છે; માટે તેની પાસેથી ધુપેલ મંત્રાવી લાવું. એમ વિચારી ધુપેલ લઇ સહદેવ પાસે આવી અને સહદેવને કહેવા લાગી કે આ ધુપેલ મંત્રી આપો. સહદેવે ધુપેલ મંત્રી આપ્યુ અને ભાનુમતીને કહ્યું કે જોજો ભોજાઇ, ધુપેલનો છાંટો ભોંય ઉપર પડશે તો વશ કરતાં કવશ થશે. ભોજાઇ બોલી, દિયરજી, નહિ પડવા દઉં. ભૂમી ઉપર છાંટા પાડયા સિવાય ઘેર સાવચેતીથી ધુપેલ લઇ જઇશ. એમ ધુપેલ લઇ ભાનુમતી ઘેર આવી. ભાનુમતી પોતાના મહેલ ઉપર ચઢી. ચઢતાં ચઢતાં હાથમાંથી પ્યાલો પડી ગયો અને ધુપેલ સઘળું ઢળી ગયું. તે ધુપેલ પાતાળમાં ઉતર્યું ત્યાં એક અત્રીક નામનો નાગ રહે છે, તેના શીશ ઉપર ધુપેલ પડયું તેથી નાગને કામ વાપ્યો, ભાનુમતી ઉપર મોહ લાગ્યો.

રાત્રી પડી એટલે દુર્યોધન તથા ભાનુમતી જ્યાં સૂઇ રહેતાં હતાં ત્યાં પેલો અત્રીક નાગ જમીન ફોડીને ઉપર આવ્યો અને દુર્યોધનના હાથ પગ બાંધી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉંધે મસ્તકે લટકાવી ભાનુમતી સાથે રહ્યો. પછી રાત્રી ગઇ. અને દહાડો થયો એટલે નાગ જતો રહ્યો, દુર્યોધનના હાથપગ ભાનુમતીએ છોડી નાંખ્યા. દુર્યોધન કહે, ભાનુમતી આમ થવાનું કારણ શું હશે ? ભાનુમતી કહે, મારામાં ઘણું રૂપ છે, તેથી નાગ મોહ પામી મારી પાસે આવ્યો પણ તમે દુઃખ પામો છો તેથી મારું હૃદય બળી જાય છે. એમ વાતો કર્યા પછી બીજે દિવસે બીજા મહેલમાં ગયાં. ત્યાં ધરતી ઉપર સીસું ઢળાવ્યું તો પણ તે ધરતી ફાડીને નાગ એકદમ આવ્યો અને દુર્યોધનને તાણી ઉંધે મસ્તકે ટાંગ્યો ને નાગ ભાનુમતીની સાથે આનંદ ભોગવી ચાલ્યો ગયો, વહાણું વ્હાયું એટલે રાણીએ દુર્યોધનના હાથ પગ છોડયા. દુર્યોધન દિવસે દિવસે ગળતો જાય છે,

શ્રોતાજનો કથા માત્ર દૃષ્ટાંત છે માટે યાદ રાખો. આવી ભાનુમતી જેવી સ્ત્રી ચરિત્રવાળીનાં નારીનાં લક્ષણ કેવાં છે. અને દુર્યોધન જેવા પુરુષો કેવા બાયલા છે તે આ વાત વાંચી ધ્યાનમાં લ્યો. જો નારીને વિશ્વાસે રહેશો તો દુર્યોધન જેવાં દુઃખ પડશે. દુષ્ટ દુર્યોધન છ માસ દુઃખી થયો, દુર્યોધને વિચાર કર્યો કે આ વાત કોને કરું ? બીજાને કરું તો આબરૂ જાય. મામાને કહેવાય નહિ, માટે કરણભાઇ પાસે જાઉં તો મારું સઘળું દુઃખ જાય. એમ વિચારી પોતાનો ટેક મૂકી દઇ કરણ પાસે જવાનો નિશ્ચય કર્યો અને કરણપુરી જવા નીકળ્યો. ગામમાં પેસતાં પોતાના હાથ બંધન કરી કરણની સભામાં જઈ ઊભો. એટલે કરણે આવી દુર્યોધનના હાથ છોડયા અને હૃદય સરસો ચાંપ્યો. પહેલી કુશળતા પૂછી, ભાઈ, તું કેમ સુકાઈ ગયો છે ? દુર્યોધન કહે, ભાઇ વિના દુઃખ પડે છે, ટાઢીમીઠી વાત કોની સાથે કરીએ માટે હસ્તિનાપુર ચાલો, તમારે રાજ્ય કરવું હોય તો મારું રાજ્ય તમે લ્યો. કરણ કહે, તારું અનાજ ખાઈને મોટો થયો છું. હું લુણહરામી નથી; તેં કાઢી મૂકયો, ત્યારે અહીં જુદો રહ્યો ને તેડવા આવ્યો ત્યારે આવવા તૈયાર છું. અને આ રાજપાટ તારું છે સુખેથી ભોગવ. એમ કરણરાજાએ દુર્યોધનને શાંત કર્યો. પછી કરણે પોતાની માતા તથા સ્ત્રીને બોલાવ્યાં, અને હસ્તિનાપુર જવા માટે તૈયાર થયો. એણે સૂર્યનારાયણને મંત્ર વડે બોલાવી તેમનો આપેલો મણિ પાછો આપી હસ્તિનાપુર ગયો; જ્યાં પોતાનું જુનું ધામ હતું ત્યાં જઈ રહ્યો. આનંદ માની મુકામ કર્યો. એવામાં એકાંતમાં છત્રપતિએ આંખોમાંથી આંસુ કાઢયાં. કરણે કહ્યું, કેમ ભાઇ, શા માટે રડે છે ? ત્યારે છત્રપતી કહે છે, ભાઈ, કહેતાં

૨૦

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જીભ ચાલતી નથી. કરણ કહે, મારાથી બનશે તો તારું દુઃખ હું નિવારણ કરીશ, પછી દુર્યોધન બોલ્યો. હે ભાઇ, મને હમેશ એક નાગ નડે છે. હું અને રાણી આરામ લઈએ છીએ ત્યાં એક નાગ આવે છે તે મને ઉંચકી હાથ પગ તાણી બાંધી ઉંધા મસ્તકે ઉંચો લટકાવે છે અને રાણીની સાથે તે વૈભોગ ભોગવી વહાણામાં જતો રહે છે, એવું છ મહિનાથી દુઃખ દે છે. આ વાત બીજાને કરીએ તો ઇજ્જત જાય. તે સાંભળી કરણે વિચાર કર્યો કે સ્ત્રીએ કાંઇ કપટ કરેલું જણાય છે નહિ તો તે સિવાય નાગને મોહ લાગે નહિ. પણ તે વાત મનમાં રાખીને દુર્યોધનને કહ્યું, આજે રાત્રે હું તારા મહેલમાં છાનોમાનો સંતાઈ રહીશ. પછી નાગ આવશે એટલે જે બનશે તે ઉપાય કરીશ.

દુર્યોધન રાજી થયો એમ કરતાં રાત્રી પડી એટલે કરણરાજા દુર્યોધનના મહેલમાં છાનોમાનો સંતાયો, એવામાં પાતાળમાંથી નાગ આવ્યો એટલે કરણે નાગના શીશ ઉપર પાટું માર્યું. તે નાગને વરદાન હતું તેથી કોઈનો માર વાગે નહિ. ફકત સૂર્યનો પુત્ર કરણ મારે તો વાગે. તેથી કરણરાજાની લાત વાગી ને તરત કરણરાજાને ઓળખ્યો. પછી નાગ કરણરાજાને પગે પડયો અને કહેવા લાગ્યો, હે કરણરાજા, સૂર્યના પુત્ર; મેં તમને ઓળખ્યો, મારી ભૂલ થઇ તેથી હું અહીં આવ્યો. આજથી હું નહિ આવું. કરણ કહે, પરઘેર તું આવ્યો માટે નિશ્ચય ઠેર મારૂં, નાગ કહે, હું તમને મનવેગી ઘોડો આપું તે ઘોડા ઉપર બેસી તમે ગમે ત્યાં ચાલ્યા જાઓ અને જ્યાં જવા ઇચ્છતા હો ત્યાં જવાય. એવો અમૂલ્ય ઘોડો કરણરાજાને તે નાગે આપ્યો, પછી કરણરાજા પગે લાગીને નાગ ચાલ્યો ગયો, ને રાજા ને રાણી નિવૃતિથી સુખરૂપે રહ્યા,

વિશ્રામ ઓગણીસમો.

એ કથા રહી એટલે; આગળ કહું કથાય,
નિર્જળા જે એકાદશી, વલ્લભ કહે મહિમાય.

હવે એક વખત દુર્યોધન, દુશાસન કર્ણ ને શકુની આ ચાર જણ ભેગા થયા એટલે દુર્યોધન બોલ્યો, ભાઇ આપણે શું કરવું કે જેથી પાંડવો ખુશીથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ખાઈ પી લહેર કરે છે તેમને કંઇ વિઘ્ન થાય. જો કાંઇ નહિ કરીએ અને બેસી રહીશું તો રાજ્ય લઈ લેશે, માટે પાંચમાંથી એક બે ઓછા થાય તેવા પ્રયત્ન કરો. શકુની બોલ્યો, પહેલા ભીમને મારી નાંખીએ. જુઓ જેઠ મહિનો આવ્યો છે અને નિર્જળા અગિયારસ કરવાનો તેમને રિવાજ છે દશમને એ લોક એક વખત જમે છે, અને અગિયારસે ફળનો આહાર કરે છે તે વાત ભીમને બિલકુલ રુચતી નથી, અને બારસે એક વખત જમે છે. છેક બાર વાગે ભોજન કરે છે ભીમ ભુખાળવો છે તેથી બારસને દિવસે તારા બાપને ત્યાં ભીમ જમી જાય છે. માટે એકાદશીને દિવસે આપણે તારા બાપના ઘરમાં વિષનો લાડુ કરીને ભરી મૂકીએ એટલે બારસને દહાડે ભીમ ત્યાં જઈને ઝેરના લાડુ ખાશે અને ઝેર ચડશે એટલે તે મરણ પામશે. એવાં મામાનાં વચન સાંભળી દુર્યોધન કહે. વાહ મામા તારી બલીહારી છે. તમે ઠીક યુક્તિ બતાવી. દુર્યોધન મંદમતિ વિચારતો નથી કે દુષ્ટ મામો ઊંધી સલાહ આપે છે. માટે વિચાર કરી કામ કરીએ.

શ્રોતાજનો આ વાત ઉપરથી એમ સમજવાનું કે આવા શકુની જેવા માણસો હોય તે ખોટા ઉપર જ રાજી. પણ મૂર્ખ એમ વિચારતો નથી કે ખોદે તે પડે અને વાવે તે લણે માટે વિવેક વડે વિચાર કરી સઘળાં કર્તવ્ય કરવાં એ લાભદાયક છે. દુર્યોધને શકુની મામાની યુક્તિ પસંદ કરી અને ભીમ કેવી રીતે જાય તે વાતનો વિચાર કરવા લાગ્યો. ચાર જણાએ દગો કરવાનો નિશ્ચય કર્યો. દશમી થઈ એટલે ચાર દુષ્ટો ભેગા થયા અને ધૃતરાષ્ટ્રને આ વાત કહી સંભળાવી. આંધળો ખુશી થવા લાગ્યો. પચીસ મણ લોટ, પચીસ મણ ઘી, પચીસ મણ સાકર નાખીને લાડુ બનાવ્યો. ચુરમુ ચોળતાં ભેગું પચીસ મણ ઝેર નાંખ્યું પછી તેના લાડુ વાળ્યા, તે મહેલના સાતમા માળ ઉપર પવનમાં ઠાર્યા.

દુર્યોધને ચારેને કહ્યું, તમારે ઘેર રાંધવાનું નથી તમે મારે રસોડે જમજો, હવે તે દશમને દિવસે કુંતાજીએ પોતાના પુત્રોને બોલાવ્યા ને કહ્યું, બેટા, આવતી કાલે નિર્જળા એકાદશી છે માટે નરકષ્ટ ઉપવાસ કરવો જોઈએ, એવું સાંભળી ભીમ બોલ્યો. અરેરે, માતા, વળી રાંડ એકાદશી કયાંથી આવી? કુંતાજી કહે, અરે ગાંડા, એક દિવસ શું તને નડશે? તું ગમે તે કરીશ પણ ઉપવાસ તો કરવો પડશે. ભીમ કહે, મા, હું તો ઉપવાસ નહિ કરું. કુંતાજી કહે, ખાવા નહિ આપું, ભીમ કહે, ત્યારે આજ લાડુ જમાડો તો કાલ એકાદશી કરું નહિ તો બંદા એકાદશી કરનાર નથી. કુંતાજી કહે, ભલે બેટા દાળ, ભાત, બનાવું છું, જાઓ તમે સભામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જઇને બેસો. રસોઈ તૈયાર થશે એટલે હું સભામાં બોલાવવા આવું છું. માતાની આજ્ઞા લઇ પાંચે ભાઇઓ સભામાં ગયા. પોતાના ઘરથી થોડે છેટે એક સભા રચી છે. રાજ્ય વિના રાજ્યસભા ક્યાંથી હોય તેથી પાંચે ભેગા થઈ બ્રહ્મ-સભા કરે છે અને સત્‌સંગ ચલાવે છે, વેદનાં વ્યાખ્યાન કરી એક એકને જ્ઞાન બોધ થાય તેવા ઉત્તમ વાક્ય શોધી શોધીને વાત ચલાવે છે. તે સભામાં નિત્ય પાંડવ બેસે છે ને હંમેશા જ્ઞાનચર્ચા થાય છે. ત્યાં બેસવાથી ઉપાધિ માત્ર દૂર થાય છે. તેથી સભામાં જ્ઞાનોપદેશ ચલાવે છે. ઘર આગળ કુંતા રસોઈ કરે છે. રૂડે પ્રકારે કુંતાજી રાંધી રહ્યાં અને નાહવા સારું ઊનું જળ મૂકયું. પછી પાંડવોને પ્રભુનું સ્મરણ કરતાં કરતાં જેષ્ટિકા ઝાલીને તેડવા ચાલ્યાં, એટલામાં ભીમે માતાને આવતાં જોઇ વિચાર્યું કે માતાએ થોડું રાંધ્યું હશે તેથી કાલે આપણાથી તો એકાદશી નહિ થાય માટે માતા ધીમે ધીમે આવે તે પહેલાં હું ઘેર જઉં, એમ જાણી ભીમ વહેલો ઘેર જવા ધર્મરાજાની આજ્ઞા લઈ લઘુશંકાનું નામ દઇ ત્યાં ચાલ્યો, તે બીજે રસ્તે થઈ એકદમ ઘેર ગયો ત્યાં જઇ હવેલી ઉઘાડીને રસોડામાં પેઠો અને જોયું તો રસોઇ તૈયાર થઈ ગયેલી હતી તેથી ભીમનો જીવ રહ્યો નહિ, ભીમે જાણ્યું કે નાહવા રહીશું તો વાર લાગશે માટે આવશે ત્યારે નાહીશું, પણ અત્યારે તો ખાઇશું. એમ વિચાર કરી આખા લાડુ મોંમાં મૂકયા અને દાળ, ભાત, શાક ભેગાં ચોળી પી ગયો. પછી હતું તેમને તેમ ઢાંકી દીધું અને પોતે બહાર નીકળી સભામાં કુંતાજીના જતાં પહેલો જઇ બેઠો. એવામાં કુંતાજી આવ્યાં વિચાર્યું મારા પેટમાં કયારનીય ટાઢી થઇ ગઈ પણ પોતે શાહુકાર થવા પોતાનું મોં ઉતારી નાખ્યું ને ભાઇઓને કહ્યું. ચાલો; મને તો બહુ જ ભૂખ લાગી છે. એટલે સઘળા ભોજન કરવાસારું ઉતાવળા થઇ ઊઠીને ચાલ્યા.

સર્વે ઘેર ગયા પછી કુંતાજીએ ચારે ભાઇઓને સારું પાણી આપ્યું. ચારે ભાઇ નાહ્યા અને પોતાનું ખટકર્મ કરવા આસન ઉપર બેઠા. સૌથી છેવટ ભીમ નાહ્યો અને દેવસેવામાં કોઇ દહાડો નહિ ને તે દહાડે બેઠો. કુંતાજી કહે, બેટા, કોઈ દહાડો નહિ ને આજે નાહીને ઠાકોર સેવામાં માળા લઇને બેઠો તેથી હું ખુશી થઈ છું. ધર્મરાજા પણ તે જોઇને ખુશી થયા. પછી ચારે ભાઈઓ ભોજન કરવા માટે ઉઠયા. ભીમ ખાઇને બેઠો છે તેથી ઊઠતો નથી. કુંતાજી કહે. ઉઠ બેટા, હવે તે કેટલી માળા ફેરવીશ ? ભીમ કહે, ભાઇઓની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માફક અમે જેમ તેમ ફેરવનારા નહિ. કુંતાજી કહે, કાલે કરજો. ત્યારે ભીમ ઊઠયો, પછી માતાએ પાંચેને માટે બાજઠો, થાળીઓ વાટકા વિગેરે ભોજનનું સાહિત્ય તૈયાર કરીને પાંચેના મોઢા આગળ મૂકયાં એટલે પાંચ ભાઇઓ જોડે જોડે જમવા બેઠા. માતાજીએ રસોડું ઉઘાડયું ને ઢાંકેલી રસોઇનાં પાત્રો ઉઘાડયાં તો તેમાં અન્નનો એક પણ દાણો મળે નહિ. એટલે કુંતાએ ભીમના સામું જોયું, ત્યારે ભીમ કહે અરે માતાજી, મારા સામું શું જુઓ છો? હમણાં એક બિલાડો નાઠો. કુંતાજી કહે, તું જ બિલાડો. ભીમ કહે, જુઓ મોટાભાઈ, મારું નામ લે છે હું તમારી સાથે સભામાં હતો ને? ધર્મ કહે, માતા, લઘુશંકા કરવા ગયો હતો તે સિવાય ભીમ સભામાં જ બેસી રહ્યો હતો. અને લઘુશંકા કરી તરત પાછો આવ્યો હતો. કુંતા કહે એને રડયાને આવતા જતા શી વાર? તું તેમાં શું જાણે? એ તો ભીમનું જ કામ. ભીમ કહે, રાંધ્યાધાનની ચોરી ચઢાવી માટે અમારે નથી ખાવું એમ કહી ઓટલે જઇને બેઠો, માતાજી ગાળો દેવા લાગ્યાં. પછી કુંતાજીએ બીજી રસોઈ કરી પાંડવોને જમવા સારુ બોલાવ્યા, ચાર ભાઇઓ આવ્યા. ભીમ ઓટલે સૂઈ રહ્યો છે તે ઊઠતો નથી. કુંતા, ધર્મ, સર્વે બોલાવે છે પણ ભીમ કહે, મારે ખાવું નથી. ધર્મ કહે, ભીમ ન ખાય તો મારે પણ ખાવું નથી. ભીમ કહે, હવેથી મારું જૂઠું નામ લેશો? ધર્મ કહે, ના ભાઈ તું સાચો. પછી સહદેવે માતાજીને ઘરમાં બોલાવ્યાં અને કહ્યું, ભીમ હઠીલો છે માટે તમે મારા માથે નાંખો કે સહદેવ ખાઈ ગયો એટલે ભીમ ખાવા ઊઠશે. પછી કુંતાજીએ ભીમના સાંભળતાં ચોંટો કાઢયો અને સહદેવને કહ્યું, સહદેવ, તારું પેટ જમ્યા જેવું લાગે છે માટે તેં જ સઘળી રસોઈ ખાધી છે. સહદેવ કહે, માતા, માફ કરો, પછી ભીમ ઊઠી ઘરમાં ગયો અને માતાને કહેવા લાગ્યો કે મારા ઉપર આરોપ મૂકયો હતો પણ સહદેવ ખાઈ ગયો છે. કુંતા કહે, મારી ભૂલ થઈ પણ હવે તો ચોર ઝલાયો છે. પછી ભીમે કહ્યું, હું સહદેવને ઓરડામાં લઈ જઈ શિક્ષા કરું. કારણ કે આ ટેવ નઠારી કહેવાય. આજ ખાવાનું ને કાલ ગમે તે હોય માટે શિક્ષા કરું. એમ કહી ભીમ સહદેવને ઉંચકી ઓરડામાં લઈ ગયો અને સહદેવને કહે, કેમ ખાઈ ગયો? સહદેવ કહે, કોનો અપરાધ છે; તે હું જાણું છું. નાહ્યા વિના કોણે ખાધુ? ભીમ કહે. મારો ભાઇ હોય તો કોઇને વાત કરીશ નહિ. એમ કહી બહાર આવ્યો. કુંતાજીને કહેવા લાગ્યો. માતાજી આજ જવા દઉં છું. હવેથી, ખાશો તો શિક્ષા કરીશ. પછી પાંચે ભાઇ જોડે ભોજન કરવા બેઠા, ભીમે જરા ઓછું ખાધું, કુંતાજીએ પૂછયું કેમ બેટા ઓછું જમ્યો? સાચે સાચું બોલ. ભીમ કહે, માતાજી, હું પહેલું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જમ્યો હતો તેથી થોડું જમ્યો કાલે અગિયારસ કરવાની છે.માટે બમણું જમ્યો. કુંતાજી કહે, ભલે બેટા,કાંઇ વાંધો નહિ પણ કાલે જરૂર એકાદશી કરજે. ભીમ કહે,માતા,કાલે તો એકાદશી હું નક્કી કરવાનો જ.એમ કરતાં કરતાં રાત પડી પછી સઘળા સૂઈ રહ્યા. ત્રણ પહોર રાત્રી ગઈ એટલે નગરના લોક ગંગાએ સ્નાન કરવા માટે ચાલ્યા, એટલે, ચાર ભાઇ તથા કુંતાજીએ વિચાર કર્યો કે નાહવા જવા માટે ભીમને પણ ઉઠાડો. ધર્મ કહે,ના માતા રહેવા દો. ઉઠાડશો નહિ,ઉઠાડીશું તો આખો દહાડો બડબડશે અને ઘરમાં કંકાસ કરશે. આપણે નાહીને આવ્યા પછી જગાડશું. પછી તે એકલો નાહવા જશે એમ વિચાર કરી ભાઇઓ તથા માતા નદી ઉપર નાહવા માટે ગયાં, ત્યાં આરે એક બ્રાહ્મણ બેઠો હતો ત્યાં લુગડાં મૂકયાં અને ગંગામાં સ્નાન કરવા સારુ પડયાં પછી નાહીને બ્રાહ્મણોને દાન આપ્યું અને ગોવિંદના ગુણ ગાતાં પોતાને ઘેર આવ્યાં. પછી કુંતાજી કહે, નીકુળ બેટા, જા ભીમને ઉઠાડ. નદીએ નાહવા જવાનો વખત થયો છે, ભીમ મેદાનમાં જઇ સુતો છે. જાગ્રત પડી રહ્યો છે. નીકુળ ભીમને ઉઠાડવા આવ્યો અને કહેવા લાગ્યો, હે ભીમભાઈ, નાહવા જાઓ અને ગોવિંદના ગુણ ગાઓ.માએ મને ઉઠાડવા મોકલ્યો છે, એટલે ભીમ હસીને બોલ્યો, જા જઇને કહે કે ભીમે તો એકાદશી કરી છે. નીકુળ માતાજી પાસે ગયો ને કહેવા લાગ્યો. હે માતાજી, ભીમને ઉઠાડયો અને કહ્યું, નાહવા જાઓ અને પ્રભુનું સ્મરણ કરો એટલે કહે છે કે મેં તો એકાદશી કરી છે.

કુંતાજી ખીજાયાં અને ભીમની પાસે આવ્યાં. બેટા ભીમ, ઊઠ અને નાહવા જા, ભીમ કહે. એકાદશી કરી છે, કુંતા કહે, સુઈ રહ્યો છે ને એકાદશી કેવી ? ચાળા મૂકીને નાહવા જા.ભીમ કહે,ખાવું નહિ તે દિવસે નહાવું કેવું ? કુંતા કહે આડે દહાડે નહાવું પડે છે.અને અગિયારસે મલિયંત કેમ રહેવાય! ભીમ કહે માતા તે વાત ખરી પણ જે દિવસે ઉપવાસ તે દિવસે નાહવાનો નથી.તે કરતાં ખીચડી ઓરો તો નાહવા જાઉં. નાહવા જતાં ગઇ કાલનાં લાડુ પચી જાય તો ભુખ્યો થાઉં માટે ખીચડી ઓરો તો જરૂર નાહવા જાઉં. કુંતા કહે, જા ઓરૂં છું. તું નાહવા જા. ભીમ કહે, ના માતાજી, આંધણ મૂકો તો જાઉં. કુંતાએ દેવતા સળગાવી આંધણ મૂકયું. ભીમ કહે, ખીચડી ઓરો તો જાઉં. કુંતાજીએ ખીચડી ઓરી એટલે ભીમ ઊઠયો અને ધોયેલું વસ્ત્ર બગલમાં ઘાલી નાહવા ચાલ્યો. ભીમ આનંદમાં ગાંડો ઘેલો થઇ ગયો છે. ખીચડીનું ધ્યાન ધરતો ચાલ્યો. નદીએ નાહીશું અને ખીચડી ખાઈશું એમ આનંદમાં નદીનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રસ્તો ભૂલી ગયો અને બીજે રસ્તે ચઢી ગયો. વિચારમાં ને વિચારમાં ભીમ બાર જોજન ચાલ્યો ગયો, તો મોટું મેદાન આવ્યું ત્યાં રળિયામણી જમીન દીઠી અને શિવાલય દેખ્યું, ભીમ કહે; આ મારી જુમનાજી ન હોય, હું ખીચડીમાં ને ખીચડીમાંભૂલી ગયો અને ભૂલો પડયો,હશે જ્યાં ત્યાં નહાવું છે.એમ વિચારી ભીમ નદીમાંનહાવા પેઠો,પણ નદીમાં થોડા પાણી ને લીધે ભીમના પગની પાની પલળી નહિ તેથી ઘણું પાણી ભેગું કરવા સારુ ભીમસેન નદીના વચમાં આડો સૂઇ રહ્યો તેથી પાણી વધારે ભેગું થયું અને નદીકિનારે શિવના ડેરામાં પેસવા લાગ્યું એટલે પાર્વતીજી તે જોઇ ગભરાયાં. પાર્વતી કહે હે શિવ,આ ઉનાળામાં પાણી બિલકુલ થોડું હોય છે અને આ તો આપણાં પાછળ ફરી વળ્યું. આટલું પાણી કોણ લાવ્યું?શિવ કહે, મારો એક ભક્ત છે તે નાહવા આવ્યો છે. તેણે નદીની વચમાં સૂઈ રહીને આવતું પાણી રોકયું છે. ત્યારે પાર્વતી કહે,તમે ભલા ને તમારો ભકતે ભલો.હે શિવ, જાઓ જઈને તમારા ગાંડા ભક્તને નદીમાંથી ઉઠાડો, ત્યારે મહાદેવ કહે, એ તો હઠીલો છે.જો કહેવા જાઉં તો જટા ઝાલીને મને જ કુટે,તેમ છતાં તને ઉઠાડું છું તમે ગભરાશો નહિ, તમે ધીરજ રાખો. આપણે એક ઉપાય કરીએ. હું વાઘનું સ્વરૂપ લઉં અને તમે ગાયનું સ્વરૂપ લ્યો, પછી તમે ગાય થઈ આગળ નાસતાં ભીમની પાસે થઈ પેલી તીરે જજો. અને હું વાઘ થઈ તમારી પાછળ દોડતે આવીશ એટલે ભીમ તમને જવા દેશે ને મને પકડશે. પછી અમે અમારે ગમે તેમ કરીશું. પાર્વતીજી કહે, વારુ મહારાજ, હું જાઉં છું તમે વહેલા પધારજો. એમ કહી પાર્વતીજી ગાયનું સ્વરૂપ લઈ પોતે ચારે ચરણથી ઊંચું પૂછડું લઈ પૂરણ ત્રાસ ભર્યા આગળ દોડયા એટલે મહાદેવજી વાઘનું સ્વરૂપ લઇ ઘુઘવાટા કરતા સુસુ-વાટાભેર ગાયની પૂંઠે ચાલ્યા, ભીમ સૂઇ રહ્યો હતો તેણે આ કૌતુક જોયું અને વિચાર્યું કે આજે એકાદશીને દિવસે વાઘ ગાયને મારે છે. લાવ તેનો બચાવ કરું એમ સમજી પાણીની રમત ભૂલી જઇને ગાયનું દુઃખ જોઇએક-દમ ગભરાયો. ગાય ભીમની પાસે થઈને છેટે જઈ સામી તીરે ઉભી રહી એટ-લામાં વાઘ ઘુઘવાટા કરતો ભીમની પાસે થઇનેચાલ્યો. તેવો જ ભીમે વાઘનો પાછલો પગ ઝાલ્યો,એટલે વાઘે અવળા ફરીને ભીમને ડાબે પાસે પંજો માર્યો તેથી ભીમનું ડાબુ પાસુ ચિરાઇગયું. રૂધિરની ધારા ચાલવા માંડી, તેથી ભીમ અતિશય ગુસ્સે થયો અને બળી રમત, બળી રમત એમ બબડતો ઊઠયો. વાઘને જબ્બર ઝાલ્યો. એક પથ્થર શોધી ભીમે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછાડવા ગયો એટલે મહાદેવે વાઘનો પ્રાણ કાઢી નાંખવા વિચાર્યું ને અંતરધ્યાન થઇ ગયા. પછી જાણ્યું ભોગ મળ્યા, એમ સમજી મહાદેવ ભીમ બાવરો બની ગયો અને વિચાર કર્યો કે આ તો આકાશમાં પેસી ગયો કે પાતાળમાં પેસી ગયો કે કયાં ગયો ? આ તો એક કૌતુક બન્યું. ત્યાં તો ભીમની પાછળ જોગીનું સ્વરૂપ ધારણ કરી મહાદેવજી આવી ઊભા. વાઘને ખોળતો ભીમ આડો અવળો જુએ છે એવામાં જોગી દીઠા એટલે ભીમે-ઝડપ દઇને જટા ઝાલી અને બોલ્યો, ઓ રે જોગીડા, ઓ રે ધુતારા, આજ ભલો લાગમાં આવ્યો છે. મારો વાઘ બતાવ નહિ તો તને મારી નાંખુ છું મહાદેવ કહે; મેં વાઘ નથી જોયો. હું સત્ય કહુ છું, તે કરતાં તે વાઘથી તને શું નુકશાન થયું ? ભીમ કહે, જો વાઘે મારૂં પાસું ચીરી નાંખ્યું છે. એટલે શંકરે હાથ ફેરવી હતું તેવું ને તેવું તેનું શરીર કર્યું, શિવે બીજો શબ્દ કહ્યો, જા કુંતાજીના દીકરા. આજથી તારૂં ડાબુ પાસુ વજ્રનું થયું, તેથી તને ત્યાં નહિ વાગે. ગમે તે હથીઆર મારશે પણ તને જરા સરખી આંચ આવવાની નથી. ભીમના ડાબા પાસાનો રંગ ફરી ગયો. ભીમે વિચાર્યું આ વાત સત્ય છે કે ખોટી છે તેની ખાતરી કરૂં. તેણે એક મોટા પાષાણ ઉપર પોતાનું ડાબું પાસું પછાડયું પણ બિલકુલ વાગ્યું નહિ. ભીમ આવો ચમત્કાર જોઈને જોગીને પ્રેમ વડે કરીને પગે લાગ્યો. ભીમ કહે, હે મહારાજા, તમે કોણ છો ? મારે તમને ઓળખવા છે. તમે સત્ય હોય તે કહેજો. શંકર કહે, હું કૈલાસપતિ મહાદેવ છું.ભીમ કહેભલે ભેગા થયા; મારૂં દુઃખ સર્વે ટળી ગયું, તમે ઘણાક લોકોને વરદાન આપો છો માટે તમે મને એક વરદાન આપતા જાઓ.મહાદેવ કહે, અરે ગાંડા, એ તો તપ કરીને, દુઃખ વેઠીને આરાધના કરે તો વરદાન મળે. ભીમ કહે, તમે પંડે મળ્યા પછી તપ કોનું કરું ? વળી મળ્યા છો ને વરદાન નહિ આપો જટા ઝાલીને મારીશ. એટલે ભોળા શંભુ હસી પડયા, અને ભીમને કહેવા લાગ્યા, માગ્ય માગ્ય જે માગે તે આપું.હું પ્રસન્ન છું.ભીમ કહે, ઊભા રહો મને વિચાર કરવા દો પછી હું માગું છું.કહી વિચારી કહ્યું, ઘણો જ બળવાન થાઉં અને જેટલુ દેખું તેટલું અનાજ ખાઈજાઉં.મહાદેવજી કહે તથાસ્તુ.ત્યારે ભીમ કહે ઊભા રહો. મહારાજા,હજી માગવાનું બાકી છે,હું કાચું પાકું ખાઉં, પણ મને રોગદોગ કાંઇજ થાય નહિ અને મારા વતીનો શકુની મામો ઝાડે ફરવા જાય,એવું વરદાન આપતા જાઓ. શિવે તથાસ્તુકહ્યું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અને મસ્તક ઉપર હાથ મૂકી કહ્યું, થાય ન થાય પણ આજની તું એકાદશી કરજે. ભીમે કહ્યું, અરેરે, એકાદશી મારે કર્મે ચોંટી, વારુ મહારાજા, એકાદશીનો ઉપવાસ હું જરૂર કરીશ, ધર્મે કે શરમે કંઈ કર્યા વિના છુટકો નહિ થાય. એટલે મહાદેવ અંતરધ્યાન થઇ ગયા. પછી ભીમે થોડા જળમાં સ્નાન કરી લીધું, શિવનું પૂજન કરી પોતે ઘેર જવા સારું નીકળ્યો. આનંદભેર શિવનું સ્મરણ કરતો કરતો ઘેર ચાલ્યો આવે છે, કુંતાજી વાટ જોતાં કહે છે રડયો જરા ભૂખ્યો રહે તેવો નથી. વળી ખીચડી પણ ટાઢી થઇ ગઇ પણ આવ્યો નહિ. એવામાં ભીમ આવ્યો અને કહેવા લાગ્યો, હું તો નહાવા જતાં ભૂલો પડયો અને ત્યાં મહાદેવજી મળ્યા. કુંતાજી કહે, મહાદેવજી મળે તે વાત સત્ય ન મનાય ભીમ કહે, મારા ડાબા અંગનો રંગ જુઓ. ડાબું પાસુ વજ્રનું છે, લાકડીઓ મારીને તપાસ કરી જુઓ મને બિલકુલ વાગતું નથી, પછી કુંતાજીએ શરીર જોયું તો શરીરનો રંગ ફરેલો જોયો તેથી કુંતાને સાચું લાગ્યું, કુંતાજીબોલ્યાં, હેદીકરા, જો મહાદેવજી મળ્યા ત્યારે બીજું વરદાન માગવું હતું. ભીમ કહે, માગ્યું છે. કુંતા કહે, શું માગ્યું છે? ભીમે જવાબ આપ્યો હે માતા, હું ઝાઝો બળીઓ થાઉંને દેખું તેટલું ખાઉં અને મારા વતીનો શકુની મામો દીશાએ જાય. કુંતાજી બોલ્યાં, નિરભાગીને ખાધા પીધાનું જ જોર હોય. કોઈ રાજપાટ લેવાનું વરદાન માગવું હતું, ભીમ કહે, હું બળીઓ થઇશ એટલે ઘણુંય રાજપાટ લઈશ. કુંતાજી કહે. વારુ બેટા, ખીચડી ટાઢી થઈ જાય છે ખાઈ લે. ભીમ કહે, ના માતાજી, મહાદેવે મને ઉપવાસ કરવાનું કહ્યું છે, માટે મારે ખાવાનું નથી, કુંતાજી ખુશી થયાં અને તે ખીચડી કોઈ ભિખારીને આપી દીધી. પછી ચાર ભાઈ તથા પાંચમી માતા ઇશ્વર સ્મરણ કરવા બેઠાં, એવામાં રાત્રી પડી એટલે તેઓ પોતપોતાની પથારીમાં બેસી ઇશ્વર સ્મરણ કરવા લાગ્યાં. ઇશ્વર સ્મરણ કેવું કરે છે, હે રામ, આપની સુંદર સુશોભિત ઘનશ્યામ મૂર્તિ છે અને આપ અખંડ સુખના વાસી છો ભકતજનોના મન કામ પૂરણ કરનારા છો, હે દીનદયાળ, તમે ગરીબોને પાળવાવાળા છો, હે મોરલીધર, ગાયોનું રક્ષણ કરનાર, મુકુંદવર મોરારી છો, દુષ્ટનો સંહાર કરનાર છો, હે સીતાજીના સ્વામી, અલક ને અંતરયામી છો, અદ્વૈતપદ તે આપનું છે. હે રણછોડજી, દાસ દાસીઓને તાર્યાં તેવી રીતે અમને તારજો, અમને તમારી બહુ માયાલાગી છે અને અમારા આત્મા તમને અર્પણ કર્યો છે, એમ સ્મરણ કરતાં કરતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મધ્યરાત્રી થઈ એટલે ભીમસેન જાગી ઉઠયો અને પોતાના ભાઈ તથા માતા બેઠાં છે ત્યાં ગયો અને પૂછવા લાગ્યો કે કેટલી રાત ગઈ છે? કેમ હજુ રાંધવા માંડયું નથી? કુંતાજી કહે, બેટા, હજુ તો મધ્યરાત્રી થઈ છે, મોટું પરોઢિયું થશે એટલે રસોઈ કરવાનું શરૂ કરીશ, ભીમ કહે, માતાજી, મને તો ભૂખ લાગી છે ગમે તેમ કરો પણ મને ખાવા આપો. કુંતાજી કહે. બેટા, હવે હું રાંધું છું તું સૂઈ રહે, ભીમ પાછો પથારીમાં જઇ સૂઈ રહ્યો પણ ઊંઘ આવતી નથી એક પહોર થયો એટલે વળી પાછો ઊભો થયો ને કુંતાની પાસે આવ્યો, કેમ મા ખાવાનું કર્યું છે? કુંતાજી કહે, બેટા હવે દેવતા સળગાવું છું તું દાતણ પાણી કરી જુમનાએ સ્નાન કરી આવ પછી તને ખાવા આપું. ભીમ કહે, માતા પહેલું ખાવાનું પછી દાતણપાણીની વાત. કુંતાજી કહે, રડયા રોજ દાતણ કરે છે અને કાલની એકાદશી કરેલી છે ને દાતણ કરવાની ના પડે છે આ કેવી નઠારી ટેવ છે? ભીમ કહે, મને ભૂખમાં ચલાતું નથી. કુંતા બેટા, જા, દાતણ કરી લે.

ભીમ બબડતો દાતણ લઈ એટલા ઉપર જઈ ને બેઠો, એટલામાં એક મડદુ જતું હતું તેને ભીમે પૂછયું, અલ્યા, કોણ મરી ગયું અને શી નાતે છે? પેલો લોકે કહ્યું; મહારાજ એક કાછીઓ મરી ગયો, ભીમે કુંતાને કહ્યું મા, એકાદશીઓ મરી ગયો માટે જે એકાદશી કરે તે મરી જાય છે માટે ખાવાનું જલદી કર. કુંતા જોવા માટે બહાર આવ્યા. આવીને પૂછયું તો સર્વે જણે કહ્યું કે કાછીઓ મરી ગયો. કુંતાજી કહે રડયા એ તો કાછીઓ મરી ગયો; ભીમ કહે; તે ઠીક છે પણ તેણે એકાદશી કરી હતી માટે ખાવાની ઉતાવળ કર. કુંતાજી કહે; હું રાંધું છું પણ તું ગંગાએ સ્નાન કરી આવ. ભીમે જાણ્યું જો નહાવા નહિ જાઉં તો મને ખાવા નહિ આપે; તેથી ભીમ એકદમ નદી ઉપર દોડયો; અને સ્નાન કરી તુરત પાછો આવ્યો; તો ઘરમાં રંધાતું દીઠું નહિ. એટલે કુંતાને કહેવા લાગ્યો; કેમ મા રાંધ્યું નથી? કુંતાજી કહે; હવે રાંધું છું; રાંધતાં શી વાર થવાની છે? ભીમે જાણ્યું ભોગ મળ્યા; આપણું પેટ તો ચાડે ચોટયું છે અને રસોઈનું તો ઠેકાણું નથી; પછી ભીમે વિચાર્યું કે લાવ્ય કરણને ત્યાં રસોઈ થઇ હશે ત્યાં જાઉં. એમ વિચાર કરી ભીમસેન કરણને ત્યાં આવ્યો. કરણને ઘેર આવી જુએ છે તો દ્વાર બંધ જોયાં. ભીમે બૂમ પાડી ઉઘાડો; કરણની સ્ત્રીએ પૂછયું; કોણ છે; ભીમે કહ્યું; ભાભી ઉઘાડો મારે સહેજ કામ છે. સ્ત્રીએ કમાડ ઉઘાડયાં એટલે ભીમ અંદર પેઠો. ત્યારે કરણની સ્ત્રીએ કહ્યું કેમ આવ્યા છો? ભીમ કહે; જમવા માટે આવ્યો છું. કારણ કે મારી માતાએ રાંધ્યું નથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અને મેં કાલની એકાદશી કરેલી છે તેથી બરાબર ભૂખ્યો થયો છું. કરણની સ્ત્રી બોલી, ઠીક બેસો તમારા ભાઇ બહાર ગયા છે તે આવે એટલે તમે બે જમી લેજો. ભીમ કહે, ઠીક પછી કરણની સ્ત્રી ઓરડામાં કંઈચીજ લેવા ગઈ એટલે ભીમભાઇ રસોડામાં પેઠા અને દાળ ભાત શાક સર્વે ભેગાં કરી ચોળી પીગયો, પુરણ હતું તે ખાઇ ગયો ને કણેક હતી તે મોંમાં મૂકી એટલામાં કરણની સ્ત્રી આવી,ભીમસેનને ગાળો દેવા લાગી. ભીમે બે ટપલીઓ મારી અને ત્યાંથી દુર્યોધનના ઘેર જવા નીકળ્યો. રસ્તામાં પેટ ઉપર હાથ ફેરવે છે અને વિચારે છે, હજુ પેટ બરાબર ભરાયું નહિ, એમ કરતાં કરતાં દુર્યોધનના ત્યાં આવ્યો તો ભાનુમતી તથા બીજી સ્ત્રીઓ રાંધતી હતી. ભીમને જોઈ ભાનુમતી બોલી, કેમ ભીમસેનભાઈ કેમ આવ્યા? ભીમ વીલે મોંઢે બોલ્યો, એકાદશી કાલની કરેલી છે અને મારી માતા કુંતાએ હજુ રાંધ્યું નથી, મને પુષ્કળ ભૂખ લાગી છે, માટે મને ખાવા આપો તો ઠીક. ભાનુમતી કહે, ભલે બેસો તમારા ભાઈબહાર ગયા છે, તે બહારથી આવે એટલે જોડે બેસી ભોજન કરજો. ભીમ કહે; વારુ, પણ મને શણિયું આપો તો લાડુ વળાવું. ભાનુમતી કહે, અમેરાંધનારાં વધારે છીએ માટે તમારી જરૂર નથી. શણિયું અત્યારે જડે તેમ નથી. ભીમ કહે, મારું ધોતિયું ધોયેલું છે, એમ કહી રસોડામાં પેઠો. સર્વે સ્ત્રીઓ ના ના કરતી રહી ને ભીમે તો દાળ, ભાત, શાક ભેગાં ચોળીને પીધાં. લાડુનું દળ હતું તે સર્વે ખાઈ ગયો, પછી પેટ ઉપર હાથ ફેરવવા લાગ્યો, સર્વે કૌરવની સ્ત્રીઓએ ભીમને માર મારવા માંડ્યો એટલે ભીમ કૌરવોની સઘળી સ્ત્રીઓને બબ્બે ટપલીઓ ઠોકીને નાસી ગયો.

બહાર નીકળી પેટ ઉપર હાથ ફેરવે છે. અનેવિચારકરેછે, શિવનું વરદાન સાચું છે. કારણ કે આટલું બધું ખાઇ ગયોપણભૂખ્યો ને ભૂખ્યો છું, વરદાન વડે જઠરમાં બળી જાય છે. તેથી શકુની મામાને દીશાએ જવું પડતું નથી. માટે શ્રોતાજન શંકા કરવી નહિ. ભીમે પેટ ઉપર હાથ ફેરવ્યો તો પેટને ભૂખ્યું દેખ્યું. પછી વિચાર્યું ધૃત્રાષ્ટર આંધળાને ત્યાં જાઉં. એમ ધારી કાકાને ત્યાં આવ્યો આંધળો જેષ્ટિકા ઝાલીને બહાર ઓટલે બેસી રહયો છે. ભીમકહે હું કાલનો ભૂખ્યો છું. માટે મને ખાવા આપો. ધૃત્રાષ્ટર કહે, મારે ઘેર ત્રણ દિવસથી રંધાતું નથી. હું દુર્યોધનને ઘેર ખાવા જઉં છું. અહીં તો ખોરાકીના લાડુ મારા છોકરાઓ માટે કરાવીને ભર્યા છે. તેથી ઘરમાં રાંધીએ તો ધુમાડાથી લાડુ બગડે માટે આજ રંધાવ્યું નથી તેથી તું પાછો જા. ત્યારેભીમ કહે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અરે કાકા, છોકરા તે ખરા ને શું અમે છોકરા નહિ? ધૃત્રાષ્ટર કહે, તમે પણ છોકરા છો માટે તમારે પાંચને માટે પાંચ લાડુ મોકલીશ. ભીમ કહે મારા ભાગનો મને આપી દો. આંધળો કહે, હમણાં નહિ. ભીમેજાણ્યું આંધળોબહાર બેઠો છે માટે હું લાવ્ય છાનોમાનો પેસીજાઉં; ખરેખરી મઝા પડશે. બધા લાડુ ખાઇશ અને આનંદ કરીશ. એમ જાણી છાનોમાનો પેસવા જતો હતો એટલામાં ધૃત્રાષ્ટરે જાણી જોઈને લાકડી આડી ધરી, એટલે ભીમને ક્રોધ ચડયો તેથી આંધળાનેલાકડી સહિત બહાર ફેંકી દીધો. પછી ભીમ ઘરમાંપેઠો,સાતમે માળ ગયો ત્યાં લાડુ ઠારેલા જોઈ અતિશય ખુશ થઈ પ્રભુને અરજ કરે છે. હે વિશ્વંભર, વિશ્વનું ભરણપોષણ કરનારા, તમે દયાળુ છો. કીડીનેકણ અને હાથીને મણ સઘળાને આપી રહો છો. પછી પોતાનું પોતિયું ઢીલું કરી ભીમ શિવ શિવ જપતો જપતો એક એક ભૂજમાં વીસ વીસ લાડુ લઈ મોંમાં મૂકે છે, એમ કરતાં કરતાં નવાણું મણ મોદક ખાઈ ગયો, એટલે રૂંવે રૂંવે ઝેર ચડયું, આંખો લીલી પીળી થઈ ગઇ અને વિષની લહેર આવી મોઢે ફીણના ફીસોટા આવ્યા.પ્રાણ બ્રહ્માંડે ચઢયો શુદ્ધબુદ્ધિ રહી નહિ ને તેથી ઢળી પડયો. મુખમાં લાડુ છે, હાથમાં લાડુ છેઅને આંખો ફાટી ગઈ છે. લાકડા જેવું શરીર શૂન્ય થયું આખા શરીરે માંખો બમણવા લાગી.

આંધળાને ઓટલા ઉપરથી ભીમે ફેંકી દીધો હતો તે પાછો ઊઠીને ઓટલે બેઠો છે. કૌરવો ઘેર ગયાઅને ઘરમાંજોવા જાયતો બૈરાં રસોઈરાંધતાં હતાં, દુર્યોધનેપૂછયું;કેમરાણી રસોઇનું મોડું કર્યું ? ભાનુમતી કહે, સાંભળો સ્વામી રંધાઈ રહ્યું હતું પણ ભીમસેન ગાંડીઓ આવ્યો તે સર્વ ખાઈ ગયો. આ તો ફરીથી રાંધવા માંડયું છે. તેમાં અમારો શો વાંક ? દુર્યોધન કહે, ઉતાવળ કરો નહિ તો લોકાચાર નડશે. ખાઈ પીને પરવારો હમણાં રોવું કુટવું પડશે એમ કહી ઉતાવળ કરી ખાઈ લીધું. પછી દુઃશાસન, કરણ, શકુની તથા દુર્યોધન આ ચાર જણા ભીમની તપાસ કરવા ધૃત્રાષ્ટરને ત્યાં આવ્યા. આંધળો જેષ્ટિકા ઝાલીને ઓટલે બેઠો છે તેને ચારે જણે પૂછયું. ત્યારે આંધળો કહે, એ તો મરી ગયો હશે, દુર્યોધન કહે, જાઓ તમે મારે ત્યાં જઇ ઉતાવળથી જમી લ્યો. ધૃત્રાષ્ટર કહે, શબને યુક્તિથી ઠેકાણે કરજો નહિ તો જગત જાણશે તો આબરૂ જશે અરે ફીટકાર થશે. એમ કહી આંધળો ખાવા ગયો. પેલા ચાર ચાન્ડાળોએ મહેલનું બારણું હડસેલ્યું તો મહીંથી સાંકળો દીધેલી જોઈ. તેથી ચારે જણે ચણિયારાં ઊતાર્યાં ને મહેલમાં પેસી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નીચેનો ભાગ તપાસ્યો, મામો કહે ઉંપર ચાલો. દુર્યોધન કહે હું, તો પહેલો નહિ ચડું. દુર્યોધને કરણને કહ્યું, તું પહેલો આગળ થા. કરણ કહે, એ કામ અમારું નહિ એ તો દુશાસનનું કામ. પછી મામો આગળ થયો. એક એકના હાથ ઝાલીને માળ ઉંપર ચડવા માંડયું. ને નિસરણીમાં દાદર ઉંપર આવીને ચારે દિશાએ જોયું, ભીમનો અતિશય ભય છે તેથી ધ્રૂજતા ધ્રૂજતા ચાલ્યા જાય છે; એમ કરતાં કરતાં સાતમા માળની નિસરણી ઉંપર જઇને ઊભા રહ્યા, તો પ્રચંડ ભીમને તેમણે પડેલો જોયો. તેથી ચારે જણ તરફડે છે, એટલામાં પવન વાયો અને પવન વાવાથી ભીમની મૂછો હાલી એટલે ચારે જણે જાણ્યું હજી જીવતો છે માટે ઓય બાપલિયા નાસો એમ બૂમ પાડતાં એકએકના ઉપર લપસી ગયા અને નીચે ઢળી પડયા. ચારે જણનાં ઠાઠાં ભાગી ગયા. પછી કરણ રાજા બોલ્યો, મરો મૂર્ખા નકામા ગભરાઈ મુવા. ભીમ તો મરી ગયો છે; એમ કહી કરણ આગળ થયો અને ભીમની પાસે જઇને બેઠો. કરણની આંખોમાંથી આંસુ આવ્યાં કે આને કયાં વિષ દીધું? કરણરાજા સૂર્યનો પુત્ર છે, સત્યવાદી તથા દયાળુ છે પણ દુષ્ટોના સંગ વડે કરીને ચંડાળ કહેવાયો. કરણરાજા પૂરણ પસ્તાયો પછી શકુની ગયો. ત્યાર પછી દુશાસન ને દુર્યોધન ગયા. ભીમને મરેલો જોઇ તેના ઉંપર ચડી બેઠા અને ગાલોમાં ગોદા મારવા લાગ્યા. ભીમને, તેં અમને ઘણીવાર માર્યા છે તેનું આ વેર વાળ્યું. કરણ કહે, મરેલાને શું મારો છો? હવે આ મડદાનો કાંઈ ઉંપાય કરો. આ વાત કોઇ જાણશે તો હાહાકાર થશે. કાળું મોં કહેવાશે અને જગતમાં નિંદા થશે. દુશાસન કહે, છેક છેલ્લા માળમાંથી નીચે લો અને ઓરડામાં દાટી દઇશું. કરણ કહે, છાનામાના ગાડામાં ઘાલી ગામ બહાર લઈ લો ગમે તેવો પણ ભાઇ છે, માટે અગ્નિસંસ્કાર કરો. શકુની કહે. તમે સૌ મૂર્ખા છો, આપણો મહેલ જુમનાના કિનારા ઉપર છે માટે બારીમાંથી ધકેલી મૂકીએ તો નદીમાં જઈ પડશે એટલે માછલાં મગર સર્વે જીવજંતુ ભીમને ખાઇ જશે, ને જળમાંથી મડદુ હાથ આવશે તો એમ કહેવાશે કે નાવાની ટેવ હતી તે બુડી ગયેલો.

મામાનાં વચન સાંભળી દુર્યોધન કહે, મામા તારી બુદ્ધિની બલીહારી છે. પછી શકુની બોલ્યો, જુમનાજી વાળો કરો પાડી નાંખો અને ભીમને નાંખી દો; પછી ચારે જણ ઊભા થયા અને જુમનાજીવાળો કરો પાડી નાખ્યો, ને ભીમને નાંખી દેવા વિચારે છે, ભીમનો જીવ બ્રહ્માંડમાં ચડયો છે તે નીકળી જશે તો મારે મરવું પડશે. હું સહદેવ સાથે વચનથી બંધાયો છું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમ ચિંતા કરતા પ્રભુએ વાયુને બોલાવ્યો. એટલે વાયુ દેવતા ત્યાં આવ્યો, પ્રભુએ કહ્યું, અલ્યા, વગર મોતે તારો દીકરો ભીમસેન મરણ પામે છે, માટે તું જુમનાજીમાં જા અને કૌરવ ભીમને ફેંકે તે વખત હોંશિયારી રાખી ડાબે પાસે પડવા દેજે, જો જમણા પાસે પડશે તો મરી જશે માટે સાવચેતી રાખીશ તો જ તારો છોકરો બચશે. પછી વાયુદેવતા જુમનાજીના કિનારા ઉપર ઊભા રહ્યા અને ભીમના પડવાની વાટ જુએ છે. એવામાં ચંડાળોએ મડદું ફેંકી દીધું. વાયુદેવનો દીકરો છે માટે વાયુએ ઝીલી લાધો. અને અવળસવળ કરી ડાબે પાસે ફેંકી દીધો તેથી વજ્ર પાસું પૃથ્વી પર પડયું તેથી પૃથ્વી ફાટી ગઇ અને ભીમ પાતાળમાં ઊતરી પડયો. પાતાળમાં વ્રજેશ્વર મહાદેવના વજ્રદેરે અથડાઇને પડયો. જો વચમાં વજ્ર ન આવે તો સાત પાતાળ ઉતરી પડે. પણ વજ્ર આવ્યું તેથી ઉતરી પડયો નહિ, એને વજ્રેશ્વર મહાદેવના પાછલા ઓટલા પર પડયો. ત્યાં આગળ એક નાગની કન્યા આશરે પાંચ વર્ષની થઇ ત્યારથી શિવનું પૂજન કરી વર માગતી હતી એમ કરતાં કરતાં અગિયાર વર્ષની થઇ ત્યારે તેના પિતાએ પરણાવવાનો વિચાર કર્યો પણ તેણે કહ્યું, હે પિતાજી, હું પરણવાની નથી. હું શિવની પાસે વર માગું છું તે જ્યારે મને વર આપશે ત્યારે પરણીશ. તેનો પિતા કહેવા લાગ્યો, હવે તું મોટીથઇ અને જગત અમને ઠપકો દે છે માટે તને પરણાવીશું પણ તે કહેવા લાગી કે પિતાજી, શિવના આપેલા વર સિવાય હું પરણવાની નથી એમ કરતાં કરતાં તે પુત્રીને સોળ વર્ષ થયાં ત્યારે તેના પિતાએ કંકાસ માંડયા કે હવે તું નહિ પરણે તો અમારી આબરૂ જશે અને અમારે કુંવારીનું મોં જોવું પડશે, માટે તું પરણવા તૈયાર થા. તે બોલી, પિતાજી, શિવજી જે વર આપશે તેને પરણવાની છું એમ કંકાસ ચાલ્યા કરતો હતો. પણ જે દિવસે ભીમ પડયો તે દિવસે અતિશય કંકાસ થયો તેથી તે છોકરી મહાદેવજીના દેરામાં આવી પૂજન કરી રડવા લાગી કે મહાદેવજી મને વર આપો. શિવને દયા આવી તેથી તેમણે કહ્યું, તારો સ્વામી દેરાની પાછળ ઓટલા ઉપર પડયો છે. જા તું તેની સાથે પરણ. છોકરી તે વેણ મસ્તકે ચડાવી તુરત સ્વામીને જોવા માટે ચાલી. આવીને જુએ છે તો ભીમને મરણ પામેલો જોયો. પછી તેણે વિચાર્યું કે મહાદેવજી મને મુએલો સ્વામી આપે નહિ, માટે લાવ હું અજમાયશ કરું તેથી તેણે ઘી લાવી ભીમને તાળવા ઉપર મૂકયું એટલે ઘી ઊનું થયું. તેણે જાણ્યું, કોઇ શત્રુએ ઝેર દીધું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે તેથી જીવ બ્રહ્માંડમાં ચઢી ગયો છે. હજુ ખોળિયામાં પ્રાણ છે ખરો. પોતાનો પતિ જાણી તે વસ્ત્રથી મક્ષિકાઓ ઉડાડવા બેઠી. પછી તે કન્યાએ વિચાર્યું, મારા બાપને તેડી લાવું ઝેર ચુસી જશે તો મારો સ્વામી સાજો થશે. એમ જાણી તાતની પાસે દોડી અને પોતાના પિતાજીને કહેવા લાગી કે મને શિવે વર આપ્યો છે પણ કોઇ દુષ્ટે તેને ઝેર દીધેલું છે તેથી શુધબુધ બિલકુલ નથી માટે તમે આવોને ઝેર ચુસી લ્યો તો તે જાગ્રત થાય. પછી વાસુકી તથા તેનો ભાઈ બંને જણ જ્યાં ભીમ પડયો હતો ત્યાં આવ્યા ને ભીમના પગ સીધા રખાવ્યા. બે અંગૂઠે બે ડંસ દઈ સઘળું ઝેર ચુસી લીધું. પછી નાગ બોલ્યો, દીકરી, હવે ઘડી પછી આ જાગ્રત થશે, માટે તું અહીં બેસી રહે અને અમે આગળ જઇ વિવાહનો સામાન તૈયાર કરીએ છીએ. કહી બે જણ વિદાય થયા, જતાં જતાં છોકરીને કહેતા ગયા હતા કે એ જાગ્રત થાય એટલે આપણે ઘેર તેડીને લાવજે. એટલામાં ભીમ જાગ્રત થયો અને જોવા લાગ્યો, આ મારું ગામ નહિ,અરે હું કયાં આવ્યો છું ? લાડુ કયાં ગયા ? કાકાનું ઘર કયાં ગયું ? અને આ તો દેરું ને કોક છોકરી છે.ત્યારે તે કન્યા ભીમને હાથ જોડી પગે લાગી અને કહેવા લાગી. નાથ, શું જુઓ છો ? આ તો પૃથ્વી નથી પણ પાતાળ છે. કોઇ શત્રુએ તમને ઝેર દીધું હતું અને પાતાળમાં નાખી દીધેલા. મેં મારી ગરજને માટે મારા બાપ કાકાને તેડાવ્યા હતા તે અહીં આવી તમારું સઘળું ઝેર ચુસી ગયા, શિવજીએ મને વરદાન આપ્યું છે કે આ દેરાની પાછળ જે પડયો છે તે તારો સ્વામી છે, માટે હે નાથ, હવે હું તમારી સ્ત્રી છું. ભીમ સુંદર કન્યા જોઈ મોહિત થયો. કન્યાએ કહ્યું, ચાલો સ્વામી મારે ઘેર, મારા પિતા પરણાવવાની વાટ જુએ છે. ભીમ ઊઠયો અને કહેવા લાગ્યો, ચાલ સ્ત્રી તારે ઘેર જઇએ. પછી ભીમને તે કન્યા તેના ઘેર તેડી લાવી, વાસુકીએ આસન આપ્યું, પધારો જમાત્ર, મારું ઘર પાવન કર્યું. ભીમ કહે, વિચારી બોલો, મારે નથી પરણવું; નાગે કહ્યું, મેં તમને જમાત્ર કહ્યા તેથી તમે જમાત્ર થઈ ચુકયા,કન્યા તમને વરી ચુકી હવે કન્યાને મૂકી કયાં જશો ? ભીમ કહે, તમારા ઉપર દયા આવે છે માટે પરણવાની હા કહું છું. પણ મને પહેરામણી શી આપશો ? નાગ કહે, પહેરામણી આપીશું પણ તમને જવા નહિ દઈએ. ભીમ કહે, પહેરામણીમાં બીજું નથી માગતો, ફકત ખાવા આપજે. એવું સાંભળી નાગ હસ્યા, એવું કેટલું ખાધાના રસિયા છો ?તમે શું ખાઈ ખાઇને ખાવાના ?

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમ કહે, બે વખત થઈને ત્રણસેં મણ. તે સાંભળી વાસુકીની હિંમત ભાગી ગઈ કે આ તો ઘર વેચવા દહાડો આવે.ત્યારે સર્વે નાગ કહે,પાતાળની પૂંજી શું કરવાની છે ? ખવડાવવાની હા કહો. ને નાગે કબૂલ કર્યું, વરકન્યા પરણાવ્યાં. ભીમને માટે રસોઈ કરી જમવા બેસાડયા,તે જેટલું મૂકે તેટલું ભીમ જમી ગયો, તેથી સર્વે વિસ્મય થયા.પછી ભીમને એક મુકામ આપ્યો ત્યાં સ્ત્રી પુરુષબ નેરહ્યાં.

હવે હસ્તિનાપુરમાં શું બન્યું તે સાંભળો.મધ્યાહન થયા એટલે કુંતાજીએ રસોઈ તૈયાર કરી. પૂછી કુંતાજીએ ધર્મ, નીકુળ, સહદેવ સર્વને જમવા બોલાવ્યા. ધર્મ કહે.હેમાતા,ભીમસેન સવારનો બહાર ગયો છે તે હજુ આવ્યો નથી,માટે તેના આવ્યા સિવાય હું જમવાનો નથી.કુંતાજી કહે, ત્યારે જાઓ દીકરા શોધી કાઢો ગમે ત્યાં આથડતો હશે.ધર્મ, અર્જુન; નીકુળ ત્રણભાઇઓ ભીમને શોધવા માટે ચાલ્યા. આખા હસ્તિનાપુરના બાગ, બગીચા, વાડીઓ તથા અખાડા સર્વે ફરી વળ્યા પણ ભીમનો પત્તો લાગતો નથી. પછી ઘેર આવ્યા કુંતાએ કહ્યું,કેમ બેટા આવ્યા,ભીમ આવે છે ? ધર્મ કહે,માતા,સઘળું જોઈ વળ્યા પણ ભીમ કોઇ જગાએ નથી. કુંતાજી કહે,દુર્યોધનને ઘેર ગયો હશે માટે તમે ત્યાં તપાસ કરો. પછી ત્રણ જણ દુર્યોધનને ઘેર આવ્યા. દુર્યોધને આસન આપ્યું અને તે દિવસે વધારે માન આપી સત્કાર કર્યો અને પૂછયું, કેમ ભાઇ, પધારવું થયું ? ધર્મ કહે,ભાઇ, કાલે ભીમસેન એકાદશી કરી હતી તેથી તે ઘણો ભૂખ્યો હતો અને કુંતાજીએ રસોઇનું મોડું કર્યું એટલે તે રીસાઇને નાસી ગયો છે. હવે શોધતાં પત્તો લાગતો નથી. સાંભળી દુર્યોધન બોલી ઊઠયો,કુંતાજી આવાં કેવાં છે?રીસમાં ને રીસમાં ભીમ આપઘાત કરશે તો જગતમાં અમારું ને તમારું કાળું મોં થઈ જશે. એમ કરતાં કરતાં કૌરવો ભેગા થયા અને કુંતાજી પાસે આવ્યા. દુર્યોધન ક્રોધાતુર થઇ કુંતાજીને ઠપકો દેવા લાગ્યો કે કાકી,અમારે ઘેરથી અનાજ આપીએ છીએ છતાં તમે ભીમને ભૂખ્યો રાખ્યો અને ખવરાવ્યું નહિ તેથી રીસાઈ નાસી ગયો હશે, પણ રીસમાં ને રીસમાં આપઘાત કરશે તો નામોશી આવે માટે આવું કરવું તમને ઘટતું નથી. એમ દુષ્ટ દુર્યોધન જગતમાં સારું કહેવડાવવાના હેતુથી કહેતો પોતાની આંખોમાંથી આંસુ કાઢતો જાય છે અને કુંતાને ઠપકો દેતો જાય છે. પછી દુર્યોધને સેવકોને બોલાવ્યા અને કહ્યું, એક હજાર ઘોડેસવાર બોલાવો અને તુરત વનમાં ભીમની શોધ કરવા સારુ મોકલો, અને એક હજાર સેવકો નગરમાં શોધ કરવા મોકલો અને એક સો ઢીમ્મરો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding-IKS-MoE-Grant-2

જમુનાજીમાં શોધ કરવા મોકલો. કારણ કે ભીમને નાહવાનો શોખ હતો તેથી તે નાહવા ગયો હોય અને બૂડી મૂઓ હોય. આ સાંભળી કુંતાજી તો રુદન કરવા લાગ્યાં. દુર્યોધન તો જ્યાંત્યાં ફરવા લાગ્યો. કુંતાજીએ જાણ્યું કે દુર્યોધન સપુત છે. પણ દુષ્ટ દુર્યોધન જગતને સારું દેખાડવા માટે આ સર્વ પ્રપંચ કરે છે. એટલામાં વિદુર ભીષ્મ સર્વ ત્યાં આવી પહોંચ્યા. કૌરવોની સ્ત્રીઓ પણ આવી પહોંચી, જ્યાં જ્યાં શોધ કરાવી ત્યાંથી ખબર આવી કે ભીમ નથી. પછી સર્વે જણાએ આશા મૂકી. કુંતાએ સહદેવને પૂછયું કે ભીમસેન પૃથ્વીમાં છે કે નહિ ? સહદેવે કહ્યું નથી, જેવો પ્રશ્ન તેવો ઉત્તર આપ્યો, એટલે ડોશી રડવા લાગ્યાં. ધર્મરાજા ચીસ પાડી ધર્ણું ઢળ્યા.

હસ્તિનાપુરમાં હાહાકારનો શોક વરસી રહ્યો છે, ભીમસેનનું મૃત્યુ થયું એવું કુંતાજી જાણી અતિશય આક્રંદ કરે છે, છાતી માથું કુટતાં જાય અને ધાંડે સ્વરથી રુદન કરે છે જે સાંભળી હિંમતવાન પુરુષ હોય તો તે પણ રડવા લાગે. કુંતાજી રડતાં રડતાં કહે છે. હે દીકરા, તેં તો કાળોકેર કર્યો. ઘર ધુળધાણી કર્યું. તેં તારા ચાર બંધુની દયા ન જાણી, મોરા ભવિષ્યમાં ભંમરો ભૂંસાયો; હૈયાનો હરખ હતો તે ખોવરાવ્યો. મારો ખરો હીરો તેહડ તાઇ ગયો, સર્વને પાળનારો, સર્વનું કષ્ટ નિવારણ કરનારો ભીમ મારો કયાં ગયો ? મારું ઘડપણ રઝળાયું, મારું રમકડું ખોઇ બેઠી, દીકરા, તને કોઇએ બાંધ્યો હોય તો છોડાવું. તું રીસાઇને કયાં નાઠો ? હું કયાં જાઉં ? શું કરું ? દીકરા, તું મને છોડી કયાં ગયો ? દીકરા, કયાંક સંતાયો હોઉં તો વિજોગ મટાડજે, લાંબા પહોળા કલેવરવાળા ભીમ, તું કયાં પડયો હોઇશ ? એમ કુંતાજી પોકાર કરે છે. ધર્મરાજા પોતાના માથાના વાળ ચુંટી નાખવા લાગ્યા, આંખોમાંથી ચોધાર આંસુ ચાલવા લાગ્યાં. અને કહેવા લાગ્યા, ભીમ, વહાલા ભાઇ તું કયાં ગયો હોઇશ ? એમ વિલાપ કરી માથું પછાડી રુધિર કાઢયું, અર્જુનજી, સહદેવ, નીકુળ સર્વે રડે છે, પાંડવોને રડતા જોઈ પ્રજા પણ રોવા લાગી, ઘરડાં, જવાન, બાળક, સ્ત્રીઓ સર્વે અતિશય પોકાર કરવા લાગ્યાં, ઘોડા ઘાસ પણ ખાતા નથી, ઝાડ પણ સ્થંભી રહ્યાં; ભયંકર કલેશથી જમનાનું નીર પણ સ્થંભી રહ્યું, શ્વાન રડવા લાગ્યાં; આકાશમાં વાદળ છવાયાં. આ પ્રમાણે હસ્તિનાપુરમાં હાહાકાર થઈ રહ્યો. ભીષ્મ, વિદુર સર્વે રુદન કરવા લાગ્યા. આંધળો તથા કૌરવો રડે છે પણ હૈયામાં આનંદ છે. જગતમાં સારું દેખાડવા માટે જ રડે છે. ગાન્ધારી તથા કૌરવોની સ્ત્રીઓ અતિશય રડવા લાગી, દરેક કરતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધન છાતીફાટ રડવા લાગ્યો એટલું જ નહિ પણ માથું કુટી ભાગ્યું, અને રુધિર કાઢ્યું, મોઢેથી બરાડા પાડી બૂમ પાડવા લાગ્યો, શકુની તથા સુશરમા ઝાલી રાખે છે તો પણ પાપી જગતમાં સારુ દેખાડવા માટે ઘણું જ આક્રંદ કરવા લાગ્યો. દુનિયા દોરંગી જુએ છે અને વાતો કરવા લાગી, અરેરે છત્રપતી દુર્યોધન ઘણું જ રડે છે. ભીમ દુર્યોધન ઉપર ઘણો કેર કરતો હતો પણ છત્રપતીને તે વાતનું જરા પણ ઝેર નથી. આવી વાતો સાંભળી પાપી દુર્યોધન મનમાં હરખાવા લાગ્યો. દુર્યોધન કહે, ગમે તેવો હતો પણ મારો બંધુ હતો. એમ કહી પાપી દુર્યોધને અતિશય જુલમ કરી સાંજે સ્નાન કર્યું. ત્રણ દિવસ ઉપવાસ થવાથી મરણ સમાન થઇ ગયા. ભીષ્મ, વિદુરે, કુંતાજી તથા પાંડવોને બોધ આપી સમજાવ્યા અને અન્ન ખવરાવ્યું. ચૌદશે ચોથો દિવસ થયો,તે દિવસે કુંતાજીએ દુર્યોધનને પોતાના ઘેર તેડાવ્યો, કુંતાજીએ પૂછ્યું કે બેટા; ભીમ મરી ગયો માટે તેનું ક્રિયા-ખર્ચ જોઇએ તેનું શું કરવું ? અમારી પાસે પૈસો પૂંજી કંઇ નથી; તું જ્યારે અનાજ મોકલે છે, ત્યારે અમે ખાઈએ છીએ. દુર્યોધન કહે, કાકી, એં શું બોલો છો ? તમે કહો તે વાવરું, પછી એની ક્રિયા પૂરણ કરીને મારે તો નિશ્ચય મરી જવું છે. કુંતા કહે નારે બેટા, તારાથી તો અમે ઉજળા છીએ. પ્રભુ કોપ્યો ત્યાં કોઇનો ઇલાજ નથી માટે શાંતિ રાખીને રહો. દુર્યોધન કહે સાંભળો માતાજી, મારે દેશોદેશ પત્ર લખવા છે કે મારા ભાઇને રડવા માટે સઘળા રાજાઓ આવે. જ્યારે વાવરું ખરચું ને ખવરાવું ત્યારે મારા મનને શાંતિ થાય. ભાઇની પાછળ વરે નહિ ત્યારે પૈસો શા કામમાં આવવાનો છે ? એમ કહી શકુનીને બોલાવ્યો. કુંતાજી કહે, પહેલા ત્રણ પત્ર લખો. એક પત્ર કુંતલપુરમાં મારાં પિતાજીને, બીજો મારવાડમાં શલ્લ રાજાને કારણ કે મારી શોકયનો ભાઇ છે તે મને બેન સરખી ગણે છે, ત્રીજો દ્વારિકામાં શ્રી કૃષ્ણે તથા બળદેવજીને તે પણ મારા ભત્રીજા થાય છે વાસ્તે પહેલા ત્રણ પત્ર તરત લખી મોકલી દો. શકુનીએ ત્રણ પત્ર લખીને તરત મોકલી દીધા. પછી બીજે ઠેકાણે દુર્યોધને કાગળો લખાવ્યા. તેમાં લખી જણાવ્યું કે અમારો ભાઇ ભીમસેન મરી ગયો છે તેનો કુકવો કરવા માટે દરેક ક્ષત્રી રાજાએ આવવું. નહિ આવે તેનું ઘર, ગામ, જાગીર સર્વે લુંટી લઇશું. એમ પત્ર લખી સેવકોને મોકલી દીધા, દેશ દેશાવર પત્ર પહોંચી ગયા. દ્વારકામાં પત્ર પહોંચ્યો. બળદેવજીએ સર્વને વંચાવ્યો એટલે દરેક જણ રડવા લાગ્યાં કૃષ્ણજી રડે છે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અને કહે છે કે વૃદ્ધ ફોઈને ઘડપણમાં દુઃખ પડયું. જગત વહેવાર પ્રમાણે પ્રભુએ આક્રંદ કર્યું, એ પ્રમાણે કુંતલપુરમાં પણ સર્વે જણે કલ્પાંત કર્યું, મારવાડમાં શલ્લરાજા પણ અતિશય રુદન કરવા લાગ્યો, આ પ્રમાણે શોકનો સિંધુ વરસાવી દ્વારકામાંથી કૃષ્ણ તથા બળદેવજી, મારવાડમાંથી શલ્લરાજા તથા કુંતલપુરમાંથી કુંતાજીના પિતા હસ્તિનાપુર ભીમનો કુકવો કરવા સારુ પોતાના ગામમાંથી નીકળ્યા. તે સર્વે ભીમના નવમાને દિવસે આવ્યા. અને નગ્રના દરવાજામાં ભેગા થઈ દુર્યોધનને ખબર આપી કે શલ્લ, કુંતીભોજ, કૃષ્ણ અને બળદેવ ભીમનો કકવો કરવા સારું આવે છે. પછી રડતા રડતા ચારે જણ હસ્તિના-પુરમાં પેઠા.

શકુની દુર્યોધનને કહેવા લાગ્યો, તું રુધિર નીકળે તેવું અતિશય કુટજે, ત્રાહ્ય ત્રાહ્ય કરજે, જો તેમ નહિ કરે તો કૃષ્ણ ઘણો કપટી છે માટે તારો દગો જાણીજશે. એમ બન્ને વાતો કરી પથાણામાં બેઠા, દુર્યોધન રડવા લાગ્યો છે, શકુનીએ તેનો હાથ ઝાલ્યો છે તો પણ પાપી આક્રંદ કરે છે, પછી ચાર જણ પથારીની સનમુખ આવી પહોંચ્યા. નેત્રમાં આંસુ ચાલ્યાં જાય છે. ચારે જણ ભીમનો કુકવો કરી પથાણામાં બેઠા. દુર્યોધન તો અતિશય પોકાર કરવા લાગ્યો, હે ભીમસેનભાઈ, દુઃખ વખતે સહાય કરનાર ભાઈ, તું કયાં ગયો? એમ પાપી સર્વને વહાલેશ્વરી જણાવવા માટે રડયા કરે છે, પ્રભુ આંસુ લુછી નાંખીને દુર્યોધન છાતીમાંથી કુટતો હતો ત્યાં ગયા અને તેના હાથ ઝાલી કહેવા લાગ્યા, હે છત્રપતી જે જન્મે છે તે નાશ પામે છે. કોઈ મોડું કોઈ વહેલું માટે તેમાં આપણો ઉપાય નથી ગયે-લાને પાછું લવાતું નથી અને લવાતું હોય તો સર્વ લાવે. મુવાની પાછળ મરાતુ નથી અને મરે તેથી મરનારો પાછો આવતો નથી. માટે મિથ્યા કલ્પાંત મૂકી દો, એટલે દુર્યોધન રડતો-રડતો બોલ્યો, અરે મહારાજા, એ બંધુનો મને કયારે વિયોગ ટળશે? ભગવાન કહે, ભાવ હશે તો તમારો ભાઈ ભીમસેન તમને મળશે. આ સાંભળી પાપીએ મામાને સાન કરી. મામો કહે, તું તારે કુટ, કૃષ્ણ તો તને મન વળાવવા માટે કહે છે, એટલે દુર્યોધન પાછો કુટવા લાગ્યો. પ્રભુ કહે છે, શીદ કુટી ભાગો છો, હજુ તો ઘણા કુટાશો. એમ મર્મમાં પ્રભુ બોલ્યા પણ પાપી બિલકુલ ચેત્યો નહિ. બળાત્કારે આંધળાનો પુત્ર રડતો બંધ રહ્યો.

એમ કરતાં દસમો દહાડો થયો, એટલે કૃષ્ણ બોલ્યા, આજ દસમો દહાડો થયો માટે પરદેશી લોક આવશે. કૃષ્ણે ધર્મરાજાને કહ્યું, તમારે ભીમની ક્રિયા કરવાની છે. અર્જુનજી આવેલાને માન આપીને સેવા કરે, નીકુળજીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહ્યું જે ખરચ થાય તમારે લખી લેવું. સહદેવને કહ્યું, તમારે ધર્મરાજા પાસે બેસી રહેવું અને જે જે દાન દક્ષણા માગે તેતે તમારે આપવું.દુર્યોધનને કહેવા લાગ્યા, તમારે પથાણામાં બીરાજવું. આ પ્રમાણે પ્રભુએ સર્વને કામ સોંપી દીધું. એવામાં પરદેશી રાજાઓ આવવા લાગ્યા. નગ્રની બહાર તંબૂ તાણી સર્વે ઉતર્યા.સર્વે જણ મસ્તક ઉપર ધોળા મુગટ પહેરી શોક જણાવે છે. ધર્મરાજાએ દશા સરાવી એકદશા શ્રાદ્ધ કર્યું,એવામાં બારમાનો દિવસ થયો. ક્રિયાકાજ શરૂ કર્યું. દુર્યોધન પથાણામાં બેઠા છે કૈંક જણ આવ્યા છે, આવે છે અને પથાણામાં બેસે છે, ધર્મરાજા બારમાને દિવસે ક્રિયા કરવા માટે બેઠા. સહદેવ સામગ્રી લઈ જોડે બેઠેલા છે. કૃપાચાર્ય શ્રાદ્ધ કરાવે છે ને બીજા બ્રાહ્મણ પણ ભેગા થયા છે. સોનારૂપાની સળીથી પિંડ વહેરવાની વખત થઈ.પિંડ કરીને ગોરે કહ્યુ,આ પિંડ સળીથી કાપો, ધર્મે અવળો હાથ ધર્યો કે સળી આપો. સહદેવજીએ વિચાર્યું,આ અણઘટતું થશે. સળી લઈ પિંડને વહેરશે તો સગાઈ ઉતરી જશે. માટે આપવી નહિ, એટલે ધર્મે ઘાંટો કાઢીને કહ્યુ,ત્યારે સહદેવ અવળો બેઠો; ધર્મ કહે, શું નથી સાંભળતો ? કેમ વાર કરે છે? એટલે સહદેવે વધારે આડું જોયું.તેથી ધર્મરાજા કોપ્યા અને સહદેવને કોણી મારી કહ્યું, કેમ મૂર્ખ, માથું કુટાવે છે! એટલામાં પ્રભુજી સહજસાજ ધામમાંથી બહાર આવ્યા તો ધર્મરાજાને કોપાયમાન થયેલા જોયા,સહદેવ અને કૃષ્ણની દૃષ્ટિ મળી કે તરત બંને હસી પડયા.ધર્મે બેઉનો તમાસો જોયો અને પેટમાં વહેમ પડયો, કહો ના કહો પણ ભીમ જીવે છે.ધર્મે વિચાર્યું કે સહદેવ ત્રિકાળ જ્ઞાની છે; અને કૃષ્ણ પ્રભુ છે, બંને જણ જેવા તેવા નથી. જો ભીમ મરી ગયો હોય તો અતિશય શોક કરે પણ આ તો બંને જણ હસે છે, માટે જરૂર ભીમ જીવતો હોવો જોઈએ. એમ ધર્મરાજાએ વિચાર કરી ગોરને કહ્યું, પધારો મહારાજ. આટલેથી ક્રિયા આજે બંધ રાખો કારણ કે મારે આજ ઘણું કામ છે, એટલે ક્રિયા અધુરી રાખી ગોર મહારાજ ઘેર ગયા,સહદેવ કહે,ધર્મ-રાજા કેમ ક્રિયા બંધ રાખી! ધર્મરાજાએ સહદેવને કહ્યું. તું ત્રિકાળજ્ઞાની છે, માટે સાચે સાચું બોલ,ભીમસેન જીવે છે કે મરી ગયો છે? તું અને પ્રભુ હસ્યા માટે મને વહેમ પડયો છે,સહદેવ કહે,તે તો હું સહેજ હસ્યો હતો પણ જીવ્યા ન જીવ્યાનું તો કૃષ્ણ જાણે. એટલે ધર્મરાજા પ્રભુ પાસે આવ્યા અને પૂછે છે, કહો મહારાજ, મારો ભીમસેન ભાઈજીવે છે કે કેમ ? પ્રભુ કહે, તમે જાણો ભીમ મૂવો હોય એવું મને લાગતું નથી. જીવતો કયાંથી હોય ? હાની હા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અને નાની ના એમ જવાબ આપ્યો. ધર્મરાજાએ જાણ્યું. ગમે તેમ બોલે છે પણ મારો ભાઇ નકકી જીવે છે, ધર્મરાજાએ નિયમ કર્યો કે સાંજ સુધી પ્રભુનું સ્મરણ કરવું. જો પછી ભીમભાઈને દેખું નહિ તો જરૂર મારો દેહ ત્યાગ કરું.એમ ધારી પ્રભુનું સ્મરણ કરવા બેઠા. સહદેવ તથા પ્રભુ બંને એકાંતમાં ભેગા થયા અને એક એકને કહેવા લાગ્યા, ધર્મે તો નિયમ કર્યો છે કે સાંજ સુધી ભગવાનનું ધ્યાન ધરવું. ત્યાર પછી ભીમને ન દેખું તો મારો દેહ ત્યાગ કરું; આપણે તો હસીને સર્વ કામ કથળાવ્યું, ભીમ પાતાળમાં આ વાત જાણતો નથી, ઘરગામ,માત,ભાઇ બધું ભૂલી ગયો છે,સ્ત્રીને પરણીને વશ બન્યો છે. કૃષ્ણ કહે, કાંઈ ચિંતા રાખશો નહિ.આપણે ચાર ચંડાળોમાં બબે જણના વચમાં બેસો, કરણ તથા શકુનીના હાથ તમે ઝાલજો અને દુશાસન તથા દુર્યોધનના હાથ હું ઝાલીશ એમ કહી બંને જણા પથાણામાં ચાલ્યા,.કૃષ્ણપ્રભુએ ભીમને પાતાળ વિષે શુદ્ધિ સૂઝી એટલે ભીમને યાદ આવ્યું, હું તો સ્ત્રી પરણી આનંદમાં રહ્યો છું પણ મારાં માતા તથા ભાઈઓની શી વલે હશે ? તેઓ ખાતાં પીતાં નહિ હોય અને સઘળા રુદન કરતા હશે. અહીં બાર દિવસ થયા માટે મારું સગપણ જશે;સગું વહાલું રડવા આવ્યું હશે અને મારું બારસુ થતું હશે. એમ વિચારી નાગકન્યાને કહે છે, હે સ્ત્રી, મારે જરૂર ગયા સિવાય ચાલે તેમ નથી,આ સર્વ સુખ બળી ગયું.મારા માતા તથા ભાઇઓ શું કરતા હશે ? ભીમસેન અતિશય દુઃખી થવા લાગ્યો એટલામાં વાસુકી નાગ ત્યાં આવ્યો. તેણે આવીને ભીમના મોઢામાં ગુટકો ઘાલી કહ્યું, આંખો મીંચો ત્યાર પછી જ્યાં જવું હોય તેનું સ્મરણ કરો એટલે ત્યાં જઈ તમે ઊભા રહેશો,એમ કહ્યું એટલે ભીમે આંખો મીંચી અને ધારણા કરી તો હસ્તિનાપુરથી એકજોજન છેટે જઈને પડયો,નેત્ર ઉઘાડી નગરના સામું જોયું તો હસ્તિનાપુર દેખાયું. દેરા, તંબૂ અને માણસોની અપાર મેદની જોઈ, ભીમે જાણ્યું કે મને કોક ઓળખશે માટે નવો રંગ કરું તે ઠીક. એમ જાણી તળાવમાં પડયો અને સઘળે શરીરે કાદવ ચોપડયો, પછી બિહામણું રૂપ ધારણ કરીને રાજાના તંબૂ નજીક આવ્યો, તેમાં પેઠો, રાજા બોલ્યા, તું કોણ છે અને કયાંથી આવ્યો ? ભીમ કહે, હું તો સર્વનો રાજા છું. મને માન આપો. રાજા કહે,કોઇ ગાંડો છે. કહે, હું તો દુર્યોધનનું બારસું ખાવા આવ્યો છું; માટે મને પહેરવા પોશાક આપો તો ઘણું સારું. રાજાએ જરીના વસ્ત્ર આપ્યાં. ભીમે તે વસ્ત્રોને માથે ફેરવીને ફેંકી દીધાં.ભીમ કહે, આવાં વસ્ત્રો મારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નથી જોઈતાં. તમારો દેરા તંબૂ ઓઢવા આપો તો હું ઓઢીને ચાલ્યો જઇશ. રાજાએ જાણ્યું નહિ આપીએ તો મારી નાંખશે. તેથી રાજાએ તુરત દેરા તંબૂ આપી દીધો. ભીમે મસ્તકથી તે પગ સુધી ઓઢી લીધો. આંખો આગળ બે બાકાં પાડયાં, ભીમ ચાલ્યો જાય છે અને ચર્ચા જોતા જાય છે તો સઘળા રાજા ભીમને રડતા જાય છે અને રડીને પથાણામાં બેસે છે. એટલામાં ભીમ-સેન દરવાજામાં આવ્યો; તો રાજાઓની ભીડ અતિશય થયેલી જોઈ. સર્વે જણ ભીમના નામને રડતા હતા તેથી ભીમ જાણ્યું કે હું પાપી દુર્યોધનની પોક મૂકું તો ઠીક, જાણી ભીમ સર્વેની વચમાં પડયો. દરેક પાછળ જોયું. જોતામાં સઘળા પાછા ખસી ગયા. બહોતેર દરવાજા, બાસઠ બારી સર્વે સ્થળે ક્ષત્રીઓ ભીમનું નામ લઇને રડે છે. એક દરવાજામાં ભીમ પેઠો અને પોક મૂકી, ઓ મારા દુર્યોધન ભાઇ રે. એવી પોક મૂકી સર્વેના ચાંટા ઢાંકી નાંખ્યાં, ત્યારે દરવાજાના ત્રીસ દરવાનો લાકડીઓ લઇ ઊભા થયા ને ભીમના ઉંપર અતિ પ્રહાર કરવા લાગ્યા, ભીમે જાણ્યું કે ગામમાં પેસતાં જ માર ખાઈને અંદર પ્રવેશ કરવો તે ઠીક નહિ કારણ કે આખો જનમ માર ખાધામાં જાય, એમ જાણી પોતે ઊંચો કુદીને તંબૂ પહોળો કરી ત્રીસના ટોળામાં પડયો એટલે ત્રીસે તંબૂમાં આવ્યા. ભીમને જોઇ ત્રીસે ધ્રૂજવા લાગ્યા અને કહે છે ઓ બાપ અમને જવા દો. ત્યારે ભીમે તો પંદર પંદરને ઝાલીને બગલમાં ઘાલ્યા. પછી ગામની દેવીને કહ્યું,હે દેવી,આ તને ભોગ આપું છું તે માની લેજે. એમ કહી ત્રીસને દબાવ્યા એટલે ત્રીસે જણ મરણ પામ્યા. પછી ભીમે તે મડદાં બગલમાં રહેવા દીધાં અને વિચાર કર્યો કે આપણે તે મડદાં દુર્યોધન આગળ ભેટમાં મૂકીશું. એમ ધારી ધુમતો ધુમતો ભીમ પથા-ણામાં ગયો એટલે સહદેવને શામળીઆબંને જણ પથારણામાં સાવચેતીથી બેઠા અને ચાર ચંડાળોને શિખામણ આપવા લાગ્યા, સહદેવ કરણને તથા શકુનીને કહેવા લાગ્યા. શીદ રડો છો? આંખો દુઃખવા આવશે. અને દુર્યોધન તથા દુશાસનના હાથ ઝાલીને પ્રભુ બેઠા છે તે શિખામણ દે છે કે ભાઇ, હવે ન રડો કારણ કે થવાનું હતું તે થયું. એમ સહદેવજી તથા પ્રભુ ચારેને કહે છે. તો પણ પાપી અતિશય તોફાન કરી રડે છે.ભીમ આ ચારેને રડતા જોઈ ધીમેથી નીચે બેસી ગયો અને ઓઢેલો તંબૂ નાખી દઈને ત્રીસ મડદાને હાથમાં લબડતાં લઇ બેઠો બેઠો ચાલ્યો.પથાણમાંથી સર્વે જણ આઘા ખસવા લાગ્યા. કોઈ ભીમને દેખીને આઘો ન ખસે તો ભીમ તેને કોણી મારે એટલે ઝટ આઘો ખસે. એમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરતો કરતો અડધે ગયો પછી ઊભા થઇને મદડાં ફેંકયાં અને કહ્યું લે દુર્યોધન ભેટ. સભા સર્વે સજ્જડ થઈ ગઈ કે આવો માણસ કયાં આવ્યો? પછી ભીમ છલંગ મારી ચાર પાપી રડતા હતા ત્યાં આવી પડયો. એટલે સહદેવ તથા કૃષ્ણ દૂર ખસી ગયા. ભીમે ચાર ચંડાળોને ટપોટપ પકટી લીધા અને ચારે જણને નીચે નાંખી ઉપર ચઢી બેઠો. ગડદા, ઢીંચણ, કોણીથી અતિશય માર મારવા માંડયો. ચારે જણ મોઢેથી બરાડા પાડવા લાગ્યા. ભીષ્મ, દ્રોણ વિચારવા લાગ્યા કે આ કોણ આવ્યું? સર્વે સભા ધ્રુજવા લાગી, એટલામાં ભીમસેન સર્વે સભાને કહેવા લાગ્યો, હું કુંતાજીનો પુત્ર ભીમસેન છું. હું બારસને દિવસે આંધળા કાકાને ઘેર ખાવા સારું ગયો હતો. તેમણે સવળાઓએ મને લાડુમાં ઝેર નાંખી ખવરાવ્યું તેથી હું મરણ પામેલો પાતાળમાં પડયો હતો પણ મારા વૃદ્ધોનું પુન્ય આગળ આવવાથી હું પાતાળમાં જીવતો થયો ત્યાં જઈ હું નાગકન્યાને પરણ્યો. મારું આયુષ્ય હતું તો જીવતો પાછો આવ્યો.

આ પ્રમાણે ભીમ બોલીને કહેવા લાગ્યો, આજ ચંડાળોને ઠેર મારૂં અને મારે બદલે ચારનું બારમું કરું. જુઓ આ ચારે જણ કેવાં પાખંડ કરી કરીને રડે છે. એટલે સર્વ જણ પાંચા કરડવા લાગ્યા. પછી વિદુરે ઊઠીને ભીમના હાથ ઝાલ્યા, હાંહાં બેટા, મૂકી દે. મારવાથી શું વળશે? કરણી તેવી પાર ઉતરણી. તેમનાં કર્મફળ ઇશ્વર તેમને આપશે એના જેવા તમે ન થશો. ભીમ કહે, આ દુર્યોધનની મા આખલાને પરણી, માટે તેનું ફરજન તેના જેવું. મારા પિતાનું રાજય મને આપે તો જીવતા જવા દઉં નહિ તો જીવ લેવાનો છું. વિદુરજી કહે, કેમ દુર્યોધન, હીમની વાણી સાંભળે છે? રાજ્ય આપીશ તો જીવતો રહીશ નહિ તો જીવ લેશે, દુર્યોધન કહે, ભીમભાઇ, વગર મોતે શીદ મારે છે,? અડધું રાજ્ય આપીશું. વિદુરજી કહે, જવા દે બેટા, અડધું રાજ્ય તને આંપશે. ભીમ કહે કે તાંબાને પત્રે આજ ને આજ લખી આપ ત્યારે વિદુરજી તાંબાનું પત્ર લાવ્યા અને દુર્યોધનને કહેવા લાગ્યા કે બેંતાળીસ હજાર દેશ પાંડવોને લખી આપ. એમના બાપનું પેદા કરેલું પાપી તું ભોગવતો હતો તે બિચારા તારી પાસે માગતા નહોતા તો પણ તેં તારી બુદ્ધિ બગાડી ઝેર દીધું ધિક્કાર છે તને. દુર્યોધન કહે, મને ઉઠવા દે પછી બેતાલીસ હજાર દેશ તને લખી આપું. ભીમ કહે, તને ઓળખું છું. મૂકી દઉં તો તું તારે ઘેર નાસી જાય, સુતાં સુતાં લખી આપ નહિ તો ઠેર મારી નાંખું છું. એમ કહી કોણી મારી એટલે દુર્યોધન બોલ્યો, લાવો લખી આપું છું. પત્ર લઇને બેતાલીસ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હજાર દેશ લખી દીધા. પાંડવના ભાગમાં જે જે દેશો ગયા તે તે દેશોના રાજા ઘણા ખુશી થયા. ભીમ ઊભો થયો અને પત્ર લઇ ધર્મરાજાના હાથમાં આપ્યું. સેવકો ચાર ચંડાળોને ટોળીમાં ઘાલી ઘેર લઇ ગયા. પછી પલંગમાં સુવાડી ચાકરી કરવા લાગ્યા. ભીમ ખુશી થયો અને જ્યાં કુંતાજી છાતીમાથુ કૂટે છે ત્યાં આવી પગે લાગ્યો. તે જોઇ કૌરવોની સઘળી સ્ત્રીઓ ત્યાંથી જીવ લઇ ને નાઠી. દુષ્ટને ઘેર મોંકણુ મંડાઇ અને આખા શહેરમાં આનંદ ઓચ્છવ થયો. બારમાની રસોઈ કરી હતી તે વીવાની થઈ પડી. સૌને ખરી ખુશીથી જમાડી આનંદ કર્યો, પછી પ્રભુએ ધર્મને કહ્યું, હવે તમે વિચાર કરો કે સઘળા આવેલા રાજાને ખાલી હાથે કેમ મોકલાય? ધર્મ કહે, હે પ્રભુ, અમે તો નિર્ધન છીએ. ભીમ કહે. અરે મહારાજા, દુષ્ટનો ભંડાર લાવું છું. એમ કહી વાયુપુત્ર ભંડારખાને આવ્યો. તાળાં તોડી નાંખ્યાં. દ્વાર ભાગી નાંખ્યાં અને સઘળું દ્રવ્ય લઇ લીધું. લાવીને કૃષ્ણ પ્રભુને આપ્યું, પ્રભુએ સર્વેને ન્યાય પ્રમાણે વહેંચી આપ્યું, સકળ રાજા આનંદ પામ્યા અને વિદાયગીરી માગવા માંડી. પાંડવોએ સર્વ રાજાને પોતપોતાના ઘેર જવા આજ્ઞા આપી. સર્વના વેરાયા પછી પ્રભુ પ્રભુદ્વારકામાં ગયા. પાંડવો તથા કુંતાજી પોતાના દિવસો આનંદમાં કાઢવા લાગ્યાં, દસ વીસ દિવસ ગયા કેડે ભીમસેને પોતાના ભાઇઓને કહ્યું; હે માતા તથા ભાઇઓ, તમે મારી વાત સાંભળો, પાણીનો સુકાળ અને સાગરનો દુકાળ હોય તેવા સ્થળે રહીએ, ઇંદ્રપ્રસ્તમાં આપણું રાજ્યાસન કરીને રહીશું, કુંતાજીએ વિદુર તથા ભીષ્મને પૂછી જોયું. વૃદ્ધોએ કુંતાજીને કહ્યું, ભીમ કહે, છે તે વાત સાચી છે, પછી પાંડવો વૃદ્ધોની આજ્ઞા લઈ તરત ઇંદ્રપ્રસ્ત ગયા અને ત્યાં સુંદર મહેલ બનાવી રાજયગાદ્દી કરી, બેતાળીસ હજાર દેશમાં પોતાની આણ વરતાવી દીધી. જેવો રાજા તેવી પ્રજા, કોઈ જુઠું બોલતું નથી. ચોર લોકોએ ચોરી મૂકી દીધી. ગુણકાએ શરમ રાખી, કોઇને રોગ; વ્યાધી, ઉપાધી બિલકુલ ઇજા કરતાં નથી. અકાળ મૃત્યુ થતું નથી અને સર્વ પોતાનો ધર્મ બરોબર પાળે છે. કોઇ ને વેરો વેઠ નથી એવા પ્રકારનું રાજય ધર્મરાજા ચલાવે છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ વીસમો

રાજ્ય ચલાવે પાંડવો, સુણો સહુ શ્રોતાય;
એ કથા રહી એટલે, આગળ શું શું થાય ?

પેલા ચાર દુષ્ટો એક મહિના પછી સાજા થયા, અને વિચાર કરવા લાગ્યા કે આપણે કરેલો પ્રપંચ વ્યર્થ ગયો. દુર્યોધન કહે, મામા, એને જમના-જીમાં નાંખી દીધો તેથી ઝેર ઉતરી ગયું. શકુની કહે, ભલે ઉતરી ગયું, રાજાધિરાજ એક ચોટ ખાલી ગઇ વળી બીજી. હજુ તો એવા લાખો ઉપાય છે. ત્યારે તો એકલો ભીમ ધાર્યો હતો પણ જોજો આ વખત તો છએ જણને મારી નાખવાના છે, જો એક મારો મિત્ર પુલોચન કરીને છે પણ તે નાનપણથી વનમાં પડી રહે છે. તે જાદુ વિદ્યા જાણે છે, તેને ખાવાપીવા તથા વસ્ત્ર મળતાં નથી તેને હું તેડાવું છું. દુર્યોધન કહે, મામા, ત્યારે તેવું હોય તો તે વાત પહેલી કરો જેથી આપણું કાંઈ સાર્થક થાય.

શકુની મામાએ પુલોચનને એક કાગળ લખ્યો. મિત્ર પુલોચન બાળસ્નેહી હસ્તિનાપુરમાં આવજો. હું જાણું છું કે તમને ઘણું કષ્ટ પડે છે, મેં દુર્યોધનને સમજાવ્યો છે તેથી તમે અહીં આવી તેનું કાર્ય કરો તો તમને રાજ્યમાંથીએક આની ભાગ અપાવીશ. આવો પત્ર લખી પુલોચનને પહોંચાડયો. પુલોચનેપત્ર વાંચ્યો અને ઘણો ખુશી થયો કે મારું ભાગ્ય ઉઘડી ગયું. તેની સ્ત્રી કહેવા લાગી, તમે જાઓ, અને દુર્યોધનનું કામ કરી એક આની રાજ્યમાંથી ભાગ લ્યો, તમે રાજા થાઓ અને હું તમારી રાણી થાઉં. પુલોચન લંગોટી વાળી હસ્તિનાપુર ચાલ્યો, પુલોચન હસ્તિનાપુરમાં આવ્યો પણ એવાને કોણ બોલાવે ? તેથી હવેલી આગળ ફાંફાં મારવા લાગ્યો, શકુનીએ જોઈને ઓળખ્યો. દુર્યોધનને કહેવા લાગ્યો, પુલોચન આવ્યો માટે માન દઈને ઘરમાં લાવ્યા. દુર્યોધન આવ્યો અને પુલોચનને કહેવા લાગ્યો, પધારો મામા એમ કહી પુલોચનનો હાથ ઝાલ્યો, પોતાના મહેલમાં લઈ જઈને જરીનાવસ્ત્ર પહેરાવ્યાં પોતાની પાસે ગાદી પર બેસાડયો. પછી દુર્યોધન પુલોચનને કહેવા લાગ્યો, મામા તમારે શરણ છીએ. એમ દુર્યોધને પુલોચનને આજીજી કરી કહ્યું; મારા મામાના મિત્ર છો તેથી મારે મામા તુલ્ય છો માટે એક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કામ બતાવું તે કરો તો મારો જીવ શાંતિ પામે. જુઓ મારે માથે પાંચ શત્રુ છે. મારા કાકાના છોકરા પાંડવો મારા ઉપર અતિશય દ્વેષ કરે છે એટલું નહિ પણ મારી પાસેથી અડધું રાજ પડાવી લીધું. જો તમે તેમનો નાશ કરો તો તમને મારા રાજયમાંથી એક આની ભાગ આપું મારા રાજયમાંથી પા આનીનો જેને ભાગ મળે તેને ઘેર હાથી ઝુલે તો પછી તમને હું આની ભાગ આપું છું, માટે મારું ધારેલું કાર્ય પૂરું કરો. પુલોચન કહે, તારા શત્રુને ઝેર મારૂં, પણ તારા કાકાના છોકરા પાંડવોને તું જયાંમોકલે ત્યાં જાય કે ન જાય ? દુર્યોધન કહે મામા તે બિચાર ભોળિયાં છે હું જયાં મોકલીશ ત્યાં જશે, પુલોચન બોલ્યો, ત્યારે તો હું એક લાખાભુવન રચું તે એવું કે લાકડાનું તથા પાષાણનું માલમ પડે પણ એકલી લાખ તેમાં તેમને તું મોકલે તો અગ્નિ વડે બાળી નાખું, હું નગરથી વીસ જોજન જઈ ત્યાં લાખાભુવન રચું છું. મારું કામકાજ કરવા માટે સહસ્ર સેવક આપો. એમ વાત કરતા હતા તેવામાં વિદુરજી આવ્યા. તેમણે પુલોચનને દીઠો. વિદુરજી વિચારમાં પડયા કે આ નીચજાતીની સાથે વાતચીત કરે છે માટે પાંડવો ઉપર કાંક ચડાઇ હશે ? જાઉં તો ખરો કેવું કપટ કરે છે. તેમના પેટમાં પેસી વાત લઈલઉં, એમ જાણી દુર્યોધનને કહેવા લાગ્યા, કેમ ઊંઘે છે. ? કુંતાજી કે દા'ડાની આવી અને રઝળતા દીકરા લાવી તેની અમને દાઝ નથી પણ અડધું રાજ લઇ લીધું. દુર્યોધન કહે, અમો શું કરીએ ? તે દિવસે તો તમે હાથે કરીને રાજ અપાવ્યું. વિદુરજી કહે, તે દિવસે તેં રાજય ન આપ્યું હોત તો તને ભીમ મારી નાખત માટે મેં રાજય અપાવ્યું, તમે ભીમને ઝેર દીધું પણ યુક્તિ ન આવડી તમે હજુ છોકરવાદી છો તમને ચારેને અનુભવ નથી. ઘરડાં સિવાય ગાડું નહિ વળે. દુર્યોધન કહે, કાકા, મોઢાનું કહો છો કે હૈયાની વાત કરો છો. વિદુરજી કહે. સાચું કહું છું. દુષ્ટ કહેવા લાગ્યો, સાચું કહેતા હો તો મારા સોગન ખાઓ. દુષ્ટના સોગન ખાવાથી કાંઈ બાધ નથી એમ વિચારી કહ્યું, તારા સોગન છે. લે તારી પક્ષમાં છું. દુર્યોધન ખુશી થયો અને કહેવા લાગ્યો આટલા દિવસ હું જાણતો હતો કે તમે પાંડવના પક્ષમાં છો, પણ આજ મારો વહેમ દૂર થયો. પછી દુર્યોધનને કહ્યું, જુઓ પુલોચનને એટલા માટે જ બોલાવ્યા છે. વિદુરજી કહે, દીકરા દિવસ ઉપર દિવસ જાય છે માટે ઉતાવળ કરો. દુર્યોધન કહે, નગરથી વીસ જોજન છેટે પુલોચન એક લાખાભુવન રચવાના છે, તે લાકડા પાષાણનું દેખાય પણ તદન લાખનું બનાવશે, પછી પાંડ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વોને ત્યાં મોકલીશું ને તેની અંદર ઉતારો કરાવીશું. રાતમાં પુલોચન જાદુથી સળગાવી દેશે એટલે પાંડવો બળીને રાખ થશે. માટે વિદુરકાકા તમે સહસ્ર સેવક લઈને પુલોચન સાથે જાઓ અને તે લાખાભવન જલદી તૈયાર કરાવો. વિદુરે કહ્યું, હું મારે ઘેર પૂછીને આવું, એમ કહી પોતે ઘેર આવી વિચારકર્યો, આ વાત પાંડવને કહીશું તો પાંડવો ભોળા છે તેથી પાછા કૌરવોને વાત કરશે. માટે હું ત્યાં જઇને પાંડવ બચે તેવો રસ્તો કરું. પછી વિદુર દુર્યોધન પાસે આવ્યા અને કહ્યું, મને સહસ્ર સેવક આપો હું જઉં છું. દુર્યોધન કહે, કાકા જલદી બનાવજો. ત્યાંથી વિદુર, પુલોચન અને સહસ્ર સેવક લાખા-ભુવન રચવા નીકળ્યા. નગ્રથી વીસ જોજન છેટે ગયા અને સેવકોને કહ્યું, તમે પુષ્કળ માટી ખોદી લાવો. પુલોચને વિદુરજીને કહ્યું, હું સવારથી નદીકિનારે જઇશ. તે રાત્રિ સુધી મંત્ર જપીશ અને મારે મંત્ર પૂરો થશે એટલે અહીં આવીશ. ખાવાનું પેલા સામેના ઝાડ નીચે ઢાંકી મૂકજો એટલે રાત્રિએ આવી હું ભોજન કરીશ અને મહેલ રચી પાછો મોટે પરોઢીએ નદી ઉપર મંત્ર જપવા જઇશ. વિદુરે કહ્યું, બહુ સારું પછી સેવકોએ માટી ભેગી કરી એમ કરતાં રાત પડી એટલે સર્વે જણ ખાઇને નિરાંતે સૂઇ રહ્યા. પુલોચન મંત્ર જપીને આવ્યો તેણે ઝાડ નીચેથી પોતાનું ખાવાનું ખાઈ લીધું. પછી માટી પડી હતી ત્યાં આવ્યો, અને અંજલિ ભરી પાણી છાંટયું. તો માટીની લાખ થઈ ગઇ. પુલોચને મંત્ર ભણી લાખનાં પરસાળ, ઓરડો તથા ઉપલો માળ બનાવ્યો, સવાર થયું એટલે પુલોચન જાપ કરવા ગયો. સર્વ ઊઠીને જોવા લાગ્યા, પુલોચને રાતમાંનેરાતમાં આટલું બધું ચણી નાખ્યું એ જોઇને આશ્ચર્ય પામ્યા. બીજે દિવસે સેવકોએ માટી ભેગી કરી. એમ કરતાં રાત પડી તેથી સર્વે જણ ખાઈપીને સૂઇ રહ્યા. પાછો પુલોચન આવ્યો અને ખાવાનું ખાઈ માટી પડી હતી ત્યાં આવ્યો. આવીને મંત્ર ભણી પાણી છાંટયું એટલે માટી લાખ થઇ ગઈ, પછી બીજો ત્રીજો ચોથો એમ ચાર માળ બાંધ્યા. સવાર થયું એટલે જાપ કરવા નાસી ગયા. ત્રીજે દિવસે સેવકો માટી ખોદવા લાગ્યા ત્યારે વિદુરે કહ્યું, અલ્યા સેવકો, તમે જાણો છો કે આ કોના માટે રચાય છે? સેવકો કહે, ના અમે જાણતા નથી. વિદુરજી કહે, પાંડવોને મારવાનેમાટે રચાય છે. તેથી તમે રાજી છો કે કરાજી? સેવકો કહે, પાંડવો જીવે તેથી અમે રાજી છીએ. વિદુરજી બોલ્યા, જો તમે પાંડવોને જીવાડંવા રાજી હોતો પરસાળમાંથી એક ભોંયરું ખોદો અને તેનું મોં નદીની પાસે પીપળો છે ત્યાં નીકળે એવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુરંગ બનાવો તો પાંડવ બચે. વળી વિદુરજીએ કહ્યું, જો તમે ખોદશો તો હું હસ્તિનાપુર જઈ શીરપાવ આપીશ. સેવકોએ કહ્યું, અમારે શિરપાવ નથી જોઇતો. પાંડવો ઊગરશે તે અમને ઘણું જ પુન્ય છે માટે અમે આનંદથી તે કામ કરીશું. પછી સેવકોએ ભોંયરું ખોદ્યું અને જયાં મોઢું નીકળ્યું ત્યાં પથરો ઢાંકયો એમ કરતાં રાત્રિ પડી એટલે પુલોચન આવ્યો અને ખાઈ લીધું. પછી મંત્ર ભણી માટીમાં પાણી-છાંટયું એટલે લાખ થઈ ગઇ. પુલોચને પાંચમો છઠ્ઠો ને સાતમો એ પ્રમાણે સાત માળ તથા અગાશી સર્વે બનાવ્યું. પછી મંત્રી મંત્રીને પાણી છાંટવા લાગ્યો તેથી તે લાકડાનું ને પાષાણનું આબેહુબ દેખાવા લાગ્યું. વિદુરજી આશ્ચર્ય પામી ગયા. આ યુક્તિ ઘણી જ સરસ કરે છે. પુલોચન કહે, કેમ વિદુરજી, મારી કેવી યુક્તિ છે? વિદુરજી કહે બહુ સારી છે. પછી સેવકોને કહ્યું, તમે સઘળા ઊભા રહો તો હું આ પાસેના ગામમાં જઇ આવું. સેવકો કહે, જાઓ અમે સઘળા થોભીએ છીએ. વિદુરજી પાસેના ગામમાં ગયા અને એક ભગત ભીલને શોધી કાઢી કહ્યું, એક ધર્મનું કામ છે તે કરશો? તે ભીલ કહેવા લાગ્યો, ઘણી ખુશીથી કરીશ, ત્યારે વિદુરજીએ ભોંયરાનું મોઢું નદીને તીરે નીકળ્યું હતું ત્યાં પેલા ભીલને તેડી લાવી વિદુરજીએ કહ્યું, અહીંથી પાંચ જણ તથા એક ડોસી નીકળે તેમને શાંતિ આપજો અને નાવમાં બેસાડી સામી તીરે ઉતારી મૂકજો, હું તેમને આ એક વીંટી આપું છું તે ડોસીને આપજો. પછી તમે હસ્તિનાપુરમાં આવજો એટલે હું તમને અતિશય દ્રવ્ય આપીશ. તે સાંભળી ભીલ કહેવા લાગ્યો, દ્રવ્ય ચોર લુંટી જાય માટે હું ને મારી માળા ભલી. દ્રવ્ય નથી લેવું, જીવ ઉગરશે, તેથી મને ઘણું પુન્ય થશે. માટે પુન્યને આધારે કામ કરીશ.

વિદુરજીએ પીંપળાના પાસે સુરંગનું મોઢું હતું ત્યાં એક શિલા મૂકાવીઅને તેનું મોં પૂરી નાંખ્યું અને કોઈને ખબર ન પડે તેવી રીતે રેત પાથરી દીધી. વિદુરજીએ ખાદીનાં છ વસ્ત્ર આપ્યાંઅને કહ્યું, બળ્યાજળ્યા આવશે તેમને શાંત પમાડી આ વસ્ત્ર પહેવરાવજે. એમ કહી વિદુરજી પુલોચન પાસે આવ્યા. પછી ભીલ પોતાના ઘેર ગયો અને ત્રાપો વિગેરે સર્વ સામાન લઇ પીંપળાની પાસે આવીને બેઠો. એ રીતે ભીલને મૂકી વિદુરજી મહેલ પાસે આવ્યા, ત્યાં પુલોચને વિદુરજીને કહ્યું, જાઓ હવે પાંડવોને ઝટ મોકલો. એમ કહી વિદાય કર્યા, એટલે વિદુરજી હસ્તિનાપુરમાં ગયા, અને દુર્યોધનને મળ્યા. દુર્યોધને કહ્યું, કેમ કાકા, બરાબર યુક્તિ કરી ને? વિદુરજી કહે, ખરેખરી યુક્તિ રચી છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હવે પાંડવોને ઝટ મોકલ.દુર્યોધન શકુનીને કહેવા લાગ્યે. મામા, ઈંદ્રપ્રસ્તના દરવાજા સુધી આવો અને ત્યાં મારા હાથ બાંધીને પાછા વળજો. શકુની તથા દુર્યોધન ઈંદ્રપ્રસ્તના દરવાજે ગયા. દુર્યોધન કહે, લ્યો મામા, મારા અવળા હાથ બાંધો. શકુનીએ અવળા હાથ બાંધ્યા અને માથે સઘડી મૂકી પછી શકુની હસ્તિનાપુર ગયો. દુર્યોધન અતિશય આક્રંદ કરતો કરતો ઈંદ્ર પ્રસ્તમાં ધર્મરાજાના મહેલ પાસે ગયો. ધર્મરાજા દુર્યોધનને દેખતાંજ તરત દોડી સામા ગયા અને માથા ઉપરથી સઘડી લઈ લીધી અને હાથ બાંધ્યા હતા તે છોડી નાખ્યા, એટલામાં કુંતાજી દોડતાં આવ્યાં અને દુર્યોધનને હૃદય સાથે ચાંપીને કહ્યું, બેટા તું શા માટે રુદન કરે છે? તો પણ પાપી દુર્યોધન રડે જ જાય છે. ધર્મે કહ્યું, છત્રપતી, જે દુઃખ હોય તે કહો અમે તે નિવા- રણ કરીશું, ભીમ તે વખતે બાગમાં ગયો હતો. દુર્યોધન કહે, મેં જખ મારી અને ભૂલી ગયો ને ભીમને ઝેર દીધું; મારું જગતમાં કાળું મોં થઈ ગયું. માતાજી, મને વિષ આપો તો હું પી જાઉં. કુંતાજી કહે, તને રોજ મારતો હતો તેથી તારું મન વિપરીત થયું હશે. તેની અમારા મનમાં દાઝ નથી અને જે કહેશે તેનું કાળું મોં. તે પારકાને તો ઝેર નથી દીધું? આપણે સગા છીએ તે એક એકને લાકડીએ વઢીએ પણ આખરે ભેગા ને ભેગા. દુર્યોધન કહે, માતાજી, મને ઉગારવો હોય તો એક ઉપાયછે;ત્રીસ યોજન પર ઈંદ્રરાજાના મહાદેવ છે ત્યાં શિવરાત્રીની યાત્રા આવી છે. સઘળા ક્ષત્રીઓને મેં ત્યાં તેડાવ્યા છે, અને આપણા ઉતારા માટે રસ્તામાં મેં એક મહેલ રચાવ્યો છે, માટે આપણે એ યાત્રામાં જઈએ ને એક એકના હાથ ઝાલીને યાત્રામાં ફરીએ અને મારું કાળું મોં થયું છે તે ઉજળું કરીએ. કુંતાજી કહે, વારૂ બેટા, જોડે યાત્રા કરવા જઈશું. ધર્મરાજા કહે, ધન્ય છે ભાઇ, પછી દુર્યોધન કહે, તમે તો હા પાડો પણ ભીમસેનભાઇ નાપાડશે ત્યારે? કુંતાજી કહે; ના પાડશે તો તે ઘેર રહેશે પણ અમે તો જરૂર યત્રાએ આવીશું. પછી કુંતાજીએ રસોઈ તૈયાર કરવા માંડી અને દુર્યોધનને ઘરમાં બેસાડયો. ધર્મ તથા દુર્યોધન વાતો કરે છે એટલામાં ભીમ બાગમાંથી આવ્યો અને દુર્યોધનને ઘરમાં બેઠેલો જોઈ તેની ચાર આંખો થઇ. ભીમે ધર્મને કહ્યું, દુષ્ટ પાપીને કેમ ઘરમાં બેસાર્યો છે? એને મારીને બહાર કાઢો. ધર્મ કહે, તું તેને મારીશ તો મારા પ્રાણ ત્યાગ કરીશ. કુંતાજી કહે, રડયા, તું તો મગરૂબીમાંથી હાથ કાઢતો જ નથી, દુર્યોધને તને ઝેર દીધું હતું તેથી તે પસ્તાયો છે અને શિવરાત્રીની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

યાત્રા છે માટે આપણને તેડવા સારું આવ્યો છે.ભીમ કહે, મા જાત્રા નથી એ તો સાથરા છે તમે પ્રપંચને જાણતા નથી. દુષ્ટોએ જરૂર આપણો નાશ કરવાનો ખેલ કાઢયો હશે. કુંતાજી કહે, જે કરે તે છો કરે, અમારે તો યાત્રાએ જવું છે. ભીમ બે હાથ કપાળ ઉપર મૂકયા અને ઓટલા ઉપર જઈ રડવા લાગ્યો. કુંતાજીએ રસોઇ કરી સર્વને જમવા સારૂ બોલાવ્યા.ચાર ભાઈ અને પાંચમો દુર્યોધન જોડે જમવા બેઠો. ધર્મરાજા ભીમને મૂકીને કોઈ દિવસ ખાતા નહોતા પણ વિનાશકાળે વિપરીત બુદ્ધિ થવાથી ભીમનો ભાવ પૂછયો નહિ ને જમવા બેઠા. પછી ભોજન કરીને સર્વ જણ ઊઠયા. દુર્યોધને આજ્ઞા માગી. ભાઇ, મને રજા આપો અને યાત્રામાં વહેલા પધારજો ભીમને તેડીને આવજો. કુંતાજી કહે,ભીમ આવશે તો લાવીશું, નહિ તો અમે એકલા આવીશું. પછી દુર્યોધન હસ્તિનાપુર ગયો. પાંડવો યાત્રા જવા સારુ તૈયાર થઇ રથમાં બેઠા. ભીમ કહે, મા, જવાનું રહેવા દો. તમારે જવું હોય તો મારી ખાંધે બેસાડીને સર્વને યાત્રા કરાવીશ પણ પાપીની સાથે જવાનું બંધ રાખો. કુંતાજી કહે, રડયા, તારે એના માથે મહેણું રહેવા દેવું છે પણ અમારી તો તેમ કરવા દેવાની મરજી નથી,અમે તો તેની જોડે જઇશું અને યાત્રામાં તેનો હાથ ઝાલીને ફરીશું. ભીમે ઘણું કહ્યું પણ કોઈએ જરાયે માન્યું નહિ. ભીમે કહ્યું, તમે જીવતાં આવવાનાં નથી માટે મેં તમારું સ્નાન કર્યું. તો પણ ભીમનું કહ્યું કરતાં નથી અને જવા માટે તત્પર થયાં ને નગ્રની બહાર ચાલ્યાં. ભીમ તો છાતીફાટ રડવા લાગ્યો અને પોતાના મનમાં કહે છે, માતા તથા ભાઇઓ જીવતા આવવાના નથી અને હું એકલો ગાદી ભોગવી ખાઈપી એશઆરામ કરીશ તે મને ઘટતું નથી, માટે થનાર હશે ને થશે. એમ નિસાસા મૂકે ને રુદન કરે છે. પછી ભીમે વિચાર્યું કે જો હું જઇશ તો ગમે તેમ કરી મારાં માતા તથા ભાઇઓના આયુષ હશે તો જીવતાં પાછાં લાવીશ અને ભાઇઓની સાથે મરણ થશે તો બળાપો મટશે. એમ વિચારી ભીમ એકદમ પોતાના ચાર ભાઈ તથા માતાજીને જઇ પહોંચી વળ્યો,કુંતાજી કહે, રડયો, તું તો પાછો જા, કરણ કે દુર્યોધનને દેખીને તોફાન કરે છે. ભીમ કહે, મા, બોલ્યા વિના બેસી રહીશ. કુંતા કહે, પહેલાં તો નહોતો આવતો અને વળી. અમને નાહ્યો હતો ત્યારે કેમ આવ્યો ? ભીમ કહે, મેં તમારું સ્નાન કર્યું તેથી મારૂં મન પવિત્ર થઈ ગયું તેથી હું આવ્યો અને મારામાં ડહાપણ આવ્યું. કુંતાજી કહે, તારે તોફાનીને યાત્રા શી ? ભીમ કહે, માતાજી મને મહાદેવજીની યાત્રા સહુ કરતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વધારે ગમે છે માટે મને પણ આવવાની ઇચ્છા થઈ તેથી હું આવ્યો. પછી ભીમસેન પોતાની માતાને તથા ભાઇઓને પગે લાગી તેમની પાછળ ચાલ્યો. પોતાના મનમાં ઘણો મુંઝાય છે કે દુષ્ટોએ ગમે તે કપટ કરી મારા ભાઈઓને તથા માતાને સમજાવ્યાં હોય એમ મને ભાસે છે, એવામાં પાપી દુર્યોધને કપટ કરી સીધાના સો રથ ભરાવી સાથે લઈ શકુનીને ઘેર મૂકી પોતે તથા દુશાસન, અને વિદુરજી ચારે જણુ કોઇને સંદેહ ન પડે તેવી રીતે નગરના દરવાજા બહાર આવીને ઊભા રહ્યા, એવામાં કુંતાજી તથા પાંડવો આવ્યા. કુંતાજી ભીમસેનને કહેવા લાગ્યા, કેમ વૃકોદર કેવો સંઘ કાઢયો છે ? ભીમે હસતું મુખ રાખી માતાને જવાબ આપ્યો, ઘણો જ ઉત્તમ.

દુર્યોધને પાંડવોને દેખી ઘણું જ હેત બતાવ્યું અને પાંચ ભાઈ તથા માતાજી સર્વેને પગે લાગ્યો, દુર્યોધન કહે, તમોને આવતાં વાર લાગી તેથી સઘળા નગરની બહાર નીકળ્યા.હવે ચાલો. સર્વે સાથેસાથેચાલી ત્રણ ગાઉને છેટે ગયા એટલામાં શકુનીને શીખવી મુકેલું તેથી શકુનીએ ત્યાં આવી દુર્યોધનને કહ્યું, વિઘ્ન થયું છે, તું કયાં જાય છે ? વઢીને તથા મારામારી કરીને એક બ્રાહ્મણ તથા તેની સ્ત્રી બંને આવ્યાં છે માટે તેનો ઇન્સાફ કરવા પાછો ચાલ. દુર્યોધન કહે, કરણ રાજાને લઇ જાઓ. કારણ કે આવો રૂડો સંગાથ મૂકી હું પાછો આવવાનો નથી. એટલામાં ધર્મરાજા બોલ્યા, ભાઈ, બ્રાહ્મણનું કામ છે માટે તમે જાઓ. ટંટો ચૂકવીને એક બે દિવસમાં આવજો. ત્યારે દુર્યોધન કહે. મને એકલાને આવવું નહિ ગમે, ધર્મરાજા કહે, સઘળાને પાછા લઇ જાઓ અને બ્રાહ્મણનો ટંટો ન્યાયીરીતે ચૂકવી સઘળા આવજો. દુર્યોધન કહે, વારુ ભાઇ પણ આવવાનું કાલ થશે. કદાપિ રહી ગયા તો પરમ દહાડે અવાશે. મારગમાં આપણો મહેલ છે ત્યાં મુકામ કરજો. ત્યાં આપણો સેવક પુલોચન કરી મુકેલો છે તે તમારી સેવા બજાવશે. એમ કહી કરણ, દુશાસન અને દુર્યોધન પાછા વળ્યા, વિદુરજી મનમાં વિચાર કરે છે, પાંડવોને ચેતવણી આપું તો ઠીક. એમ જાણી ધર્મરાજા પાસે ગયા એટલે શકુની જોડે ગયો, પછી વિદુરજી અર્જુનજી પાસે ગયા તો પણ શકુની સાથે ગયો, વિદુરજીએ થાકીને ભીમસેનને કહ્યું, બેટા, મારું અંતઃકરણ દાઝે છે. માટે કહું છું, તમે જાઓ છો પણ ચેતતા નર સદાય સુખી, જાગે તે જીવે ને ઊંઘે તે મરે.તેમછતાં તમને વિઘ્ન પડે તો સહદેવ જોશીનેપૂછીકામ કરજો. ભીમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિદુરજીને પગે લાગ્યો,વારુ કાકા ઇશ્વરઇચ્છા હશેતેમબનશે. વિદુરજી આશિષ દઇનેપાછા વળ્યા તેમની સાથે શકુનીપણચાલ્યોઅને સીધાના રથ અને પાંડવો ચાલ્યાજાયછે,એટલામાંલાખાભુવનમાં આવી પહોંચ્યા.પુલોચન સામો આવી નમસ્કાર કરી પગે લાગ્યો, પધારો રાજાધિરાજ, ખમા ખમા. એવા શબ્દ પાંડવોને કહેવા લાગ્યો. ભીમે વિચાર્યું, ઘણો નમ્યો માટે કોઈ દગાખોર છે. દગાખોર તે દોઢો નમે. પછી મહેલમાં તેડી લાવ્યો અને કહ્યું, અહીં ઉતારો કરો. સીધાના રથ હતા તે મહેલમાં ઠાલવી નાખ્યા ને તે રથવાળાએએ કહ્યું. બીજીવારનાં સીધાં ભરવા જઈએ છીએ કહી સર્વે પાછા ગયાં.

ભીમસેન વિચારવા લાગ્યો કે આ સંઘમાં અમે ને અમારી માતા છીએ, પુલોચન કહે રસોઈ કરીને ખુશીથી જમો. મારું કામકાજ પડે તો હું તૈયાર છું. એમ કહી મહેલ બહાર પાટ હતી તેના ઉપર જઈને બેઠો.ચારે ભાઈતથા કુંતાજીનોજીવમહેલજોવામાંપેઠો.સાતમે માળચઢીને જોયું. કુંતાજી ભીમસેનને કહે છે, બેટા, દુર્યોધને કેવો મહેલ રચ્યો છે? ભીમસેન બોલ્યો, મા, ઘણો સારો. કુંતાજીએ રસોઈ કરી અને સર્વે જણે જમી લીધું. સૂવાનો વખત થયો એટલે ધર્મરાજાએ દ્વાર અડકાવ્યાં. પુલોચન પાટ ઉપર બેસી સઘળું જોયા કરે છે. માતા તથા ભાઇઓ એકાંતમાંબેસી વાતો કરે છે ભીમેહાથ જોડી કહ્યું, માતા, મારી વિનંતી ધ્યાનમાં લ્યો આપણે સઘળા જુદી જુદી જગાએ સુઓ. ધર્મરાજા કહે, માતા ભીમનું વચન પાળો. કુંતાજી પરસાળમાં, ધર્મ પહેલે માળે, અર્જુન બીજે માળે, સહદેવ ત્રીજે માળે નીકુળ ચોથે માળે અને ભીમ અગાસીમાં. આ પ્રમાણે પાંચ પાંડવ તથા કુંતાજી સૂઇ રહ્યા. ભીમે કુંતાજીને કહ્યું, માતાજી, મને પૂછયા સિવાય કમાડ ઉઘાડશો નહિ. ભીમ જઈ અગાશીમાં બેઠો છે ત્યાં વિચાર કર્યો, મારે દિવસે ઉંઘવું અને રાત્રીએ જાગરણ કરવું. એવામાં મધ્યરાત્રી થઈએટલે પુલોચન ઊભો થયો અને ટાઢા પાણીએ સ્નાન કર્યું. તેને ભીમ અગાશીમાં જોયા કરે છે. પુલોચન નાહીને એક પગે ઊભો રહ્યો અને પોતાના મુખમાંબળતું છાણું ઘાલ્યું. આકડાનીમાળાથીમંત્ર જપવા લાગ્યો, એટલે અગ્નિદેવ પ્રગટ થઇ પુલોચનપાસેઆવ્યો. પુલોચન તેને પગે લાગ્યો. અગ્નિ કહે મને નોતરું દીધું માટે મારું ભક્ષ લાવ્ય પુલોચન કહે, ભલે મહારાજા મને જોવા દો, સઘળાં એક જગ્યાએ સૂઈ રહ્યાં છે, કે જુદા જુદા સ્થળે સૂઈ રહ્યાં છે.એમકહી પુલોચન જાળીમાંથી જોવા લાગ્યો તો પરસાળમાં ફકત ડોશીને જોયાં, પુલોચન કહે,પાછાપધારો,આજકાંઈતાલ આવે તેમ નથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સર્વે જણ જુદાં જુદાં સુતાં છે માટે કાલ આવજો. ભીમ સમજીગયો કે અગ્નિમાં બળવાના છીએ તે જ વિઘ્ન થવાનું છે. એ રીતે એક રાત વીતી ને બીજો દિવસ થયો. રમ્યા જમ્યા પણ દુર્યોધન આવ્યો નહિ. પછી સાંજ પડી એટલે રાત્રિએ જેમ જુદાં જુદાં સુતાંતાં તેમ જઇ સૂઈ રહ્યાં, ને ભીમ તો અગાસીમાં બેઠો છે. એવે મધ્યરાત્રિએ પુલોચન ઊભો થયો, શીતળ પાણીથી સ્નાન કર્યું અને બળતું છાણું મુખમાં ઘાલ્યું, આંકડાની માળા લઈ મંત્રજપવા માંડયો એટલે અગ્નિદેવ આવ્યો,ત્યારે પુલોચન કહે, ઊભા રહો સર્વે ભેગાં સુઈ રહ્યાં છે કે જુદાં જુદાં એમ કહી પુલોચને જાળીથી જોયું તો એકલાં ડોશીને દીઠાં, તેથી અગ્નિને કહેવા લાગ્યો, મહારાજા, કાલે પધારજો. કાલે જુદાં હશે તો પણ હું આજ્ઞા આપીશ. અગ્નિઅંતર્ધ્યાન થઈ ગયો. પછી ભીમસેન સુઇ ગયો. એમ કરતાં ત્રીજો દિવસ થયો પણ દુર્યોધન આવ્યો નહિ. સર્વેનું મન ઉદાસ થયું. ધરતી ખાવા ધાતી હોય એમ દેખાવા લાગી રાંધ્યું ખાધું પણ ગમતું નથી. ભીમ કોરાણે ને કોરાણે રહે છે કોઈની સાથે બોલતો નથી. એવે શિયાળોના શબ્દ થયા. સાંજની વખત વાયસ બોલ્યા, તે સાંભળી પેટમાં ફાળ પડી. કુંતા તથા ધર્મે જાણ્યું કે નકકી દગો દેખાય છે, ભીમનું કહ્યું માન્યું નહિ અને હવે શી વલે થશે ? કુંતાજીએ ભીમસેનને બોલાવ્યો અને કહેવા લાગ્યાં, બેટા, મારી પાસે બેસ, કેમ તું બોલતો નથી ? અને ઉદાસ ફરે છે ? ભીમસેને ધર્મરાજા તથા કુંતાજીને જવાબ આપ્યો, દુર્યોધનનો મહેલ જોઇને હું તો તદ્રુપ બની ગયો છું કુંતાજી કહે, મરમમાં બોલે છે પણ હવે અમને દગો જણાય છે. ભીમ કહે, માતા, તમે વહેમ ખાઓ છો. સગો તે દગો કરે ? ઘણું ખર્ચ કરી આપણને યાત્રા કરાવે છે. એટલે કુંતાજી કહે, યાત્રામાં ભડકો ઊઠયો. ભીમ કહે હમણાં નહિ, અડધી રાત. કુંતાજી કહે, તારે મશ્કરી કરવી હોય તેટલી કર, વહાણું વાય તેટલી વાર છે પછી તમને બધાને લઇને પાછી ઇંદ્રપ્રસ્તમાં જઇશ. ભીમે જાણ્યું થવાનું હશે તે થશે પણ માતા તથા ભાઈઓને શિખામણ મળશે. ભવિષ્યમાં લેખ લખ્યા હશેતે બનશે.

એમ કરતાં રાત્રિ પડી અને પાંડવો તથા કુંતાજી પોતપોતાની જગાએ સૂઈ રહ્યાં. ભીમ પહેલે માળે સ્હેજસાજ બારીમાં બેઠો, ત્યાં ધર્મની સાથે વાતો કરતાં પુલોચનને બોલાવ્યો અને કહ્યું, તું ગંગામાંથી પાણી ભરી લાવ મને તરસ લાગી છે. પુલોચને વિચાર કર્યો, રાતમાં બિચારા મરી જવાનાં છે માટે લાવ્ય છેવટનું પાણી પાઉં એમ ધારી પુલોચન ગંગાએ પાણી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભરવા ગયો. એટલામાં પાંચ ભીલ તથા એક ભીલડીરસ્તામાં ભૂલાં પડયાંહશે તેલાખાભુવનમાં દીવો દેખી આવ્યાં અને કમાડ ઠેલવા માંડયાં, ભીમે કહ્યું, તમે કોણ છો ? તે લોકોએ જવાબ આપ્યો કે અમે જાતનાં કોળી છીએ. અને ગામે જતાં રસ્તો ભૂલ્યાં છીએ માટે અમને આજની રાતસુવા દો તો બહુ સારું થાય. તમારું ઈશ્વર કલ્યાણ કરશે. ભીમ તરત નીચે ઉતર્યો. અને ભીલડાંઓને મળ્યો. પછી ભીમે કુંતાજીને ઉઠાડયાં અને કહ્યું, માતાજી, તમે પહેલે માળે સૂઇ રહો, ધર્મરાજા બીજે માળે એમ સર્વે જણ એકેકોમાળ બદલી સૂઈરહો.

પાંડવોએ માળ બદલ્યા અને સૂઇ રહ્યા. ભીમે પછી ભીલ લોકોને તથા તે ભીલડીને પરસાળમાં સુવાડયાં અને શિખામણ આપી કે કોઈ બોલાવે તો બોલશો નહિ. કારણકે અહીં રાક્ષસની બીક રહે છે માટે તમારે કોઇએ બોલવું નહિ. એટલે ભીલ લોકો મોઢે ઓઢી નિરાંતે સૂઈરહ્યાં, ભીમ બારણાં બંધ કરી પાછો પહેલે માળે બારીમાં બેઠો, એટલામાં પુલોચન પાણી ભરીને આવ્યો. પુલોચને ભીમસેનને બોલાવ્યો. ભીમે જવાબ આપ્યો,હવે તરસ મટી ગઈ માટે પાણી નથી જોઈતું. પછી પુલોચન ઘડો મૂકીનેસૂઇ ગયો. ભીમપહેલા માળની બારી બંધ કરી પાછો પોતાની જગાએ અગાસીમાં ગયો અને પરમાત્માનું ધ્યાન કરવા બેઠો, એટલામાં મધ્યરાત્રી થઈ, પુલોચન ઊભો થયો, શીતળ પાણીથી સ્નાન કર્યું. એક ચરણે ઊભો રહ્યો. અર્કની માળા હાથમાં ઝાલી બળતું છાણું મોઢામાં ઘાલી મલિન મંત્ર જપવા લાગ્યો. એટલે અગ્નિદેવ આવ્યો અને પુલોચનને કહેવા માંડયુ. સેવક મારું ભક્ષ લાવ. પુલોચન કહે; ઊભા રહો મહારાજ, મને જોવાદો. પાંડવો એક જગાએ સુતા છે કે જુદી જુદી જગાએ સુતા છે, અગ્નિકહે,એકજગાએ હશે તો પણ ભક્ષ કરીશ અને જુદી જુદી જગાએસૂઈરહ્યા હશે તો પણ આજ છોડવાનો નથી. પુલોચન કહે, મહારાજ, જરા વાર થોભો. અગ્નિ કહે, ઝટ કર. પુલોચન ધીમો રહીને જાળીઆ આગળ જઈને જુએ છે. તો છ જણાને દીઠા. તેથી પુલોચને જાણ્યું, આજ મારું નશીબ ઉઘડયુ.એમ હરખ પામીને પુલોચને અગ્નિદેવને રજા આપી એટલે અગ્નિદેવ તુરત પ્રજળવા લાગ્યો; તે મહેલની આસપાસ ફરી વળ્યો ને મહેલ સળગવા લાગ્યો. પુલોચન લાખાભુવન સળગાવીને ત્યાંથી નાઠો, એટલે ભીમે જાણ્યું કે અમે તો મરીજઈશું ત્યારે પુલોચનને શા માટે જીવવા દેવો ? એવો વિચાર કરી ભીમસેનેઅગાસીમાંથી પડતું મૂકયું.અને પુલોચન દોડતો હતો તેને જઈ એકદમ પકડયો અને અગ્નિદેવને કહ્યું. અગ્નિ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કાકા, પાંચ ભીલ છઠ્ઠી ભીલડી અને સાતમો પુલોચન આ સર્વેનો ભોગ અમારે બદલે. એમ કહી પુલોચનને અગ્નિમાં પધરાવ્યો. અગ્નિદેવે પુલોચનને



ચુસી લીધો. ચોતરફ અગ્નિ સળગે છે ને ભડકા થાય છે, ભીમ બારણે ઊભો ત્રાહ્ય ત્રાહ્ય કરે છે. અગ્નિએ જાળીઆમાં પેસી છ ભીલડાનો ભોગ લીધો. અગ્નિ તો સળગે છે તેથી ધુમાડાના ગોટેગોટ થવા લાગ્યા. ઘણી અકળામણ આવવા લાગી. ચાર ભાઇ તથા માતાજી જાગી ઊઠયા. અને ધુમાડો દેખી અતિશય કલ્પાંત કરવા લાગ્યાં, નાકે મોઢે શ્વાસ લેવાતો નથી. મોઢેથી બોલાતું નથી. આંખો તથા ગળું બળી જવા લાગ્યું. પોતપોતાની પથારીમાં બેસી રુદન કરવા લાગ્યાં. નાસિકા ચુવા લાગી. ભીમે વિચાર્યું કે મારા માતા તથા ભાઇઓ બ્હક ખાઈ મરી જશે માટે હું તેમને બચાવવાનો ઉપાય કરું.

ભીમે એમ કહી છલંગ મારી અને ધાબામાં જઈ પડયો. પછી ધીમે ધીમે પાંચમે માળે ગયો અને નીકુળને શોધી કાઢયો. નીકુળ પથારીમાં બેસી રુદન કરતો હતો. ભીમ સ્મિત રાખી પાંગોઠાથી ઝાલ્યો અને ખાંધે બેસાડી દીધો ત્યાંથી ભીમે ચોથે મળ આવ્યો અને સહદેવને પણ ખાંધે ઉંચકી લીધો. ત્યાર પછી અર્જુનજીને શોધી કાઢી એને કેડ ઉંપર બેસાડયો ને ધર્મરાજને શોધી કાઢી બીજી કેડે બેસાડયા. કુંતાજી પથારીમાં બેસી રડતાં હતા તેમણે ભીમને બોલ્તો સાંભળ્યો એટલે ઊઠીને ભીમને બાઝી પડયાં. ભીમને દયા આવવાથી માથે બેસાર્યાં પછી પાંચે જણને ઊંચકીને મેડા ઉપર ફરે છે અને જુએ છે કે કયાં થઈને નાસી જાઉં ? ચારે દિશાએ દવ સળગે છે તે આડો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અવળો ભમવા લાગ્યો. એવામાં મેડાનાં પીઢયો તથા પાટિયાં લાખનાં છે તેથી અગ્નિ અડયો ને સળગીને તુટી પડવા માંડયાં. ભીમ પણ મેડાના પીઢયો પાટિયાં સાથે નીચે પડયો, લાખના લોચા સળગી સળગી ઉપર પડે છે તેથી પાંડવો ત્રાહ્ય ત્રાહ્ય કરે છે. શરીરે ફોલ્લા ઊઠે છે,વસ્ત્ર શણગારો સળગી ગયાંઅને સર્વે નગ્ન થઇ ગયાં. લાજમર્યાદા છુટી ગઈ. ભીમ હિંમત રાખી દોડાદોડ કરે છે પણ જવાનો રસ્તો સુઝતો નથી તેથી અથડાઈ ભી તોમાં ભચકાય છે, પણ સહદેવ રસ્તો બતાવતો નથી. ઘણીવારે ભીમસેન દોડાદોડ કરી થાકયો, અને છેવટે મૂર્છા પામી પૃથ્વી ઉપર પડયો.એટલે ચાર ભાઈતથા માતા ભીમની ઉપર ડોકાં નાંખી નાંખીને પડયાં,અગ્નિથી તેમનાંશરીર સળગવા લાગ્યાં,વાળ; રુવાટાં, વસ્ત્રો સર્વે બળી ભસ્મ થઈગયાં છે.ભીમની નસો નાડી ખેંચાવા લાગી, ફક્ત પ્રાણ જવો બાકી રહ્યો છે, એવી રીતે પાંચ ભાઇઓ તથા માતાજી અતિશય પરિતાપમાં પડયાં છે, કુંતાજીને જરા શુદ્ધિ છે, તેથી ઇશ્વરનું ધ્યાન ધરે છે ને પ્રભુની સ્તુતિ કરે છે, પ્રભુ, આ વેળા મારી વહારે ચડો; હે પ્રભુ, મેં ગંગામાં મળમૂત્ર ધોયાં હશે, તેનાં પાપ વડે કરીને શું મારા પાંચ પુત્રો મરી જાય છે? શું સરોવરની મેં પાળ તોડી હશે, મેં શું વૃક્ષની ડાળ તોડી હશે; મેં બ્રાહ્મણની થાળ અભડાવી હશે, મેં શું બ્રાહ્મણની સેવા છોડી વેશધારીની સેવા કરી હશે; ઓખર કરતી ગાયોની સેવાને તરછોડી હશે, વિપ્રના છિદ્ર જોયાં હશે;મેં રંક જાણી ચંડાને પૂજ્યા હશે,મેં ધાવતાં બાળ વછોડયા હશે; મેં શું કોઈનાં વેવીશાળ મળતાં તોડયાં હશે,પારકાને દુઃખ દઇ ગર્વધારણ કર્યો હશે; ઉનાળે પરબ ઉઠાડી હશે? તેવાં પાપે વડે કરીને મારું સર્વે જવા બેઠું છે?પ્રભુ મેં વિશ્વાસઘાત કર્યો હશે, શું મારે સ્વાર્થે અધર્મ કર્યો હશે, પારકાનો પૈસો લલચાવીને લીધો હશે, શું મેં નીચ જાતની સેવા ધરી હશે,મેં શું પ્રસાદી ખાવા સારુ ગુરુ કર્યા હશે,દેવની સામે કુદૃષ્ટિ કરી હશે પ્રભુ, તેવા અપરાધ કર્યા હોય તો પણ ક્ષમા કરજો. હું પાપી છું તેમાં મારા પુત્રો શું કરે?પ્રભુ તમે ભક્તના બેલી છો.પ્રભુ તમે મગરસુખથી હાથી છોડાવ્યો હતો, પ્રભુ તમે પ્રહલાદજીને સ્થંભે વસ્યા હતા, તમે નીભાડામાંથી મંઝાર બચાવ્યાં હતાં તેવી રીતે અમારો બચાવ કરો. હે પ્રભુ.

કૃષ્ણ પ્રભુ કુંતાજીની સ્તુતિ સાંભળી વિચાર કરવા લાગ્યા કે સહદેવજી જાણે છે છતાં કહેતો નથી. શાબાશ છે સહદેવ તારા વચનને. સહદેવે તેનું વચન બરાબર પાળ્યું પણ જો હું વચન નહિ પાળું તો પાંચેની નેડે મારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0: In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ મરવું પડશે. પછી પ્રભુએ એક કળાનું બળ ભીમસેનમાં મૂકયું એટલે ભીમ તરત બેઠો થયો. ચારે ભાઇને ઊંચકી લીધા અને પોતાની માતાને માથા ઉપર બેસાડયાં, પછી ભીમ દોડવા લાગ્યો, સહદેવને પૂછવાનું યાદ આવતું નથી તેથી પ્રભુએ શુદ્ધિ મૂકી એટલે યાદ આવ્યું કે વિદુરકાકાએ કહ્યું હતું દુઃખ પડે ત્યારે સહદેવને પૂછજો;માટે લાવ સહદેવને પૂછું. ભીમકહે,સહદેવ જોષી, રસ્તો કયાં છે ? સહદેવ કહે, તમારો ચર્ણ છે ત્યાં લાત મારો, ભીમે તુરત લાત મારી તેથી પથ્થરના ચૂરા થઇ ગયા. મોટી સુરંગ ખોદેલા દીઠી એટલે ભીમ અંદર ઉતર્યો અને ચાલવા માંડયું. તે થોડેક છેટે ગયો એટલે અગ્નિ સુરંગમાં ઉતરી પાંડવની પૂંઠે થયો, ત્યારે ભીમે પાછળ મોઢું ફેરવી ફુંક મારી. તેથી અગ્નિ સુરંગ બહાર પાછો જતો રહ્યો, ભીમ દસ ડગલા ચાલ્યો કે અગ્નિ પાછો આવી પહોંચ્યો ને પાંડવોને બાળવા લાગ્યો, ભીમે કહ્યું, અગ્નિકાકા, એક માના સો છોકરાનો તમને ભોગ આપીશ, એમ કહી ફુંક મારી તેથી અગ્નિ પાછો ગયો, પછી ભીમ દસ ડગલાં ગયો એટલામાં અગ્નિ આવી પહોંચ્યો અને પાછો બાળવા લાગ્યો,ભીમ કહે, અરે અગ્નિકાકા આ એક માનાપાંચને મૂકો હું તમને એક માના સો આપીશ,જરૂરસોઆપીશ એટલે અગ્નિ બોલ્યો,તું ત્રણ વાર સો આપીશ સો આપીશ બોલ્યો માટે ત્રણ માના ત્રણસોનો ભોગ લઇશ. ભીમે વિચાર કર્યો મારા કાકાના સો દીકરા એક માતાના છે તે સિવાય મને ખબર નથી માટે કયાંથીલાવીને ભોગ આપીશ પણ અત્યારે તો વખત ચુકાવું, એમ વિચારી ભીમે અગ્નિને કહ્યું,વારૂ કાકા,હું તમને ત્રણ માના ત્રણસોનોભોગ આપીશ.એટલે અગ્નિ પાછો વળ્યો.કુંતાજી કહ્યું, બેટા, વચન આપ્યું પણ ત્રણ માના ત્રણસે કયાંથી લાવી પૂરા કરશો ? ભીમ કહે,મા જાત્રામાંથી લાવીશું.એટલે કુંતાએ બોલવું બંધ કર્યું. પછી ભીમે વિચાર્યું કે ગઇ તક બ્રાહ્મણ વાંચતો નથી માટે અત્યારે બચ્યા તે તો ખરા જે થવાનું હશે તે થશે. પછી જ્યાં નદીકિનારે પીંપળા પાસે પથ્થરથી શલ્યા ઢાંકી હતી ત્યાં આવી પહોંચ્યો અને પથ્થરની છાંટ ઉચકી કાઢી નાંખી સુરં-ગની બહાર નીકળ્યો. એટલે પેલો ભીલ પાંડવની વાટ જોઇને બેસી રહ્યો હતો તેણે પાંડવોને દીઠા ને ખુશી થયો. ભીમે તેને પૂછી જોયું, અલ્યા. તું કોણ છે? ભીલ કહે, મને વિદુરજીએ બેસાડયોછે અને કહ્યું છે,બળ્યાંઝળ્યાં આવે એટણે ખાદીનાં વસ્ત્રો આપજે અને ત્રાપામાં બેસાડી પેલે પાર મૂકી દેજે. એમણે નિશાની સારૂં આ વીંટી આપી છે. કુંતાજીએ વિદુરજીની વીંટી ઓળખી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછી પાંડવોએ લૂગડાં શરીરે વીંટાળી લીધાં અને ત્રાપામાં બેઠા. ભીલે ત્રાપો હંકાર્યો તે સામી તીરે ગયો. ત્યારે પાંડવો ત્રાપામાંથી ઉતરી પડયા. પછી ભીલ ત્રાપો લઈ પાછો વળ્યો એવે શ્રીકૃષ્ણે વિચાર્યું, આ ભીલ જઈ વિદુરને કહેશે,કે પાંડવ જીવે છે, પણ ન પાંડવી પૃથ્વી એમ મારે આ જગતમાં કહેવરાવવું,એવું સમજી ભગવાને ભીલને ત્રાપો અડધી નદીમાં આવ્યો એટલે ભાંગી નાખ્યો તેથી તે ભીલ નદીમાં તણાયો ત્યારે ભીમે કુંતાને કહ્યું, માતાજી જુઓ પેલો ભીલ જાત્રા કરવા ચાલ્યો. ત્યારે કુંતાજીએ નીચું ઘાલ્યું

ધર્મરાજાએ પછી સહદેવને પૂછયું, સહદેવ, હવે આપણે કયાં જઇશું ? સહદેવ કહે પૂર્વ દિશા ભણી ચાલો વનમાં જઈને રહીશું. કારણ, હમણાં આપણી દશા સારી નથી.વસ્તીમાં રહીશું.તો દુઃખી થઇશું.માટે વનમાં રહેવું તે ઠીક છે. ધર્મરાજા કહે, તારું કહેલું વેણ માથે ચડાવ્યું. પણ દાઝી ગયેલા છે તેથી ભૂમિ ઉપર તો ચરણ મૂકાતો નથી,ત્યારે કેવી રીતે ચાલીનેજવું? ત્યારે સહદેવ કહે, ભીમભાઈ ઉંચકીને લઇ જાય તો જવાય. ભીમ કહે, મારો વારો થઈ રહ્યો.-સુરંગમાંથી ઉંચકીને લાવ્યો છું. ધર્મ કહે, ભાઈ તારે લીધે અમે બચ્યા છીએ તું ન હોત તો અમે મરી જાત,એમ કહ્યું એટલે ભીમને હર્ષ ઉત્પન થયો અને ચારે જણ તથા પાંચમી માતાજીને ઉંચકી ભીમ પૂર્વ દિશા ભણી ચાલ્યો. ભીમ વાયુવેગે ચાલ્યો જાય છે એમ કરતાં પ્રભુના પ્રતાપથી તે સવાસો ગાઉ પહોંચી ગયો તેવે વહાણું વાયું એટલે પ્રભુએ પોતાની કળાનું બળ પાછું ખેંચી લીધું તેથી ભીમ ઊભો રહ્યો. ત્યાં એક સરોવર છે તેને કિનારે ઉતાર્યા. સહદેવે કહ્યું,આ સુંદર સરોવર છે માટે આપણે અહીં આનંદ ઉપજશે.પાંચ ભાઇ તથા માતાજી બિરાજ્યાં.દિવસ ઊગ્યો તેથી ખુશીથયાપણ શરીર બળી ગયેલું. માંસ ઉપર માખો બમણવા લાગી તેથી અતિશય વેદના થવા લાગી. ભીમ તુરત ઊભો થઇ લીમડાના વૃક્ષ ઉપર (લીમડાની) ડાળી તોડી લાવ્યો અને તેના વડે કરી માખીને ઉડાડવા લાગ્યા. કુંતાજી ભીમના શરીર ઉપરથી માખો ઉડાડે છે. ચારે ભાઇ પોતપોતાનાં શરીર ઉપરથી માંખો ઉડાડવા લાગ્યા,પછી ભીમે વિચાર્યું કે અહીં ઝૂંપડી બાંધશું તો માંખો ઓછી વિર્તાડશે. એમ જાણી ભીમ દોડયો, ઝાડના ડાળાં ભાગી લાવ્યો અને તરત ઝૂંપડી બનાવી સાગનાં પત્રની ભીંતો બનાવી કારણ કે અંદર મક્ષિકાઓ પ્રવેશ કરી શકે નહિ. પછી પાંચ ભાઈ તથા કુંતાજી ઝૂંપડીમાં બેઠાં. કુંતાજી કહે, બેટા ખાવા માટે પાપી પેટ માગે છે માટે ગમે ત્યાં જઇને ફળ લાવે તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આહાર કરીએ. ભીમે ધર્મરાજાને કહ્યું, હું તો મારા ખાદીના લુગડાની લંગોટી બનાવું છું ને બાકીનાં લુગડામાં ફળ લાવીશ, કારણ કે અહીં વગડામાં લુગડાં કયાંથી લાવીશું ? માટે તમે પણ લંગોટી વાળો અને બાકીનાં લુગડાં સંઘરી રાખો; કુંતાજીને કહ્યું, માતાજી તમારી પાસે આખું લુગડું રહેવા દો. કહી ભીમ પંથે પડયો, અને લુગડાની ઝોળી કરી વનમાં વન ફળ તોડી તોડી તેમાં ભરતો જાય છે ને પોતે આહાર કરતો જાય છે. એ રીતે ઉત્તર દિશામાંથી ફળ તથા પાણી પીવાનાં તુંબડાં લાવ્યો અને માતાજી તથા પોતાના ભાઇઓ છે ત્યાં લાવીને મૂકયાં. એટલે સહદેવ સરોવરમાંથી તુંબડાં ભરી પાણી લાવ્યો અને કુંતાજીએ ફળ વહેંચી આપ્યાં, સર્વે જણે ફળ ખાધા અને પાણી પીધું ત્યાર પછી એક કામ શોધી કાઢયું. બેઠા બેઠા દર્ભની સાડીઓ બનાવવી અને ઇશ્વરનું સ્મરણ કરવું. માંખોના ત્રાસથી આખો દિવસ ઝૂંપડીમાં બેસી રહે છે રાત્રિએ સરોવર પર બેસી બે ઘડી હવા ખાય છે. પછી ઝૂંપડીમાં જઇ સૂઈ રહે છે એમ દિવસ ગુજાર્યા કરે છે, ભીમ વનફળ તોડી લાવે છે. અને ખાઈપી આનંદ કરી ભગવાનને ભજે છે. એમ કરતા કરતા ઉત્તર દિશાનાં ફળ ખુટયા, ભીમે વિચાર્યું. છ મહિના સુધી ફળ ચાલ્યાં હવે કયાંથી લાવાં ? પછી ભીમ પૂર્વ દિશામાં ચાલ્યો, ચાર ગાઉ આઘો ગયો એટલે હેડંબાવન આવ્યું, થોરની તે વાડ કરેલી છે આવું જોઈ ભીમે વિચાર્યું કે અહીં જંગલમાં કોણ રહેતું હશે ? એટલામાં બાગ જોયો. ભીમે ધાર્યું બાગમાંથી ફળ લેવાં, હું જોઉં તો ખરો મને કોણ પૂછે છે એમ વિચાર કરતો કરતો મનમાં હિંમત રાખી બાગમાં પેઠો. તે બાગમાં અઢારભાર વનસ્પતિ ઉગેલી જોઈ આનંદ પામ્યો, દશ વરશ લગી ખાઇશું તો પણ ફળ ખુટે તેમ નથી. માટે ઠીક ઠેકાણું હાથમાં આવ્યું છે, પછી જરા પણ બીક રાખ્યા સિવાય ફળ તોડવા લાગ્યો.

શેષ નાગ પણ વર્ણન ન કરી શકે તેટલાં ફળ, ફુલ, વૃક્ષો છે, રમણીય ફેળો ઊગી છે. ચારૂ, ચારોળી, ચંપો, વેલ, વાલોળ, વલશડો, મોગરો, હેરામણી, મરેઠી, આંબલી, આંવર, એખરો; કોઠી, અરેઠી, કેવડી, કાંચકી, સાગ; શીશમ, સાદડ' આશળના સ્થંભ, જાઈ, જુઈ, કમળ, કેતકી, ફોફળ, રામફળ, જામફળ; જાયફળ, લીંબુ, કરમદા, કરેણી, કંથેરી, કમરખ, જાંબુ બોર, તાલ, તમાલ, રસાળ, સમડી, રાયણ, આંબા, બાવચી, બીજોરાં, ચીનીકલાલા, દ્રાક્ષ, પપનસ, ફનસ, નારંગી, તાડ, બદામ, બપૈયા, ખજુર, ખારેક, પીપળા, પીંપળી, વડગુંદાં, ઘમીણ, પલ્લસ, ફાંલસી, શેરડી, શેતુરી, વરખડી, વાંસ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તજ, જાવંત્રી લવીંગ, એલચી, સીકોદરાં, જંલદારૂ, ગુલબાસ, ગુલસબો,ગુલચંપો, બોરસલી, સગધાર આ સિવાય અનેક ઝાડ તથા ફળફુલો છે, કાબર, કોયલ, બપૈયા, તેતર, વઇયો ચાત્રક પ્રકારનાં ચકોર, હીરામણ મેના, કાકાકઉઆ, મોર લોવા એવાં એવાં ઘણી જાતનાં સુંદર પક્ષીઓ મધુર સ્વરથી ટઉકી રહ્યાં છે, પાકાં ફળો જાઈભીમના મુખમાં પાણી ભરાઈ આવ્યું, ભીમ કોઇની બીકરાખ્યાસિવાયફળોનેતોડીને મોંમાંમૂકવા લાગ્યો, વનની માલિક હેડંબા રાક્ષણીના સહસ્ત્ર માયાવી દૂત છે, કૈંક કીર મુખાછે, કૈંકસ્વાનમુખાછે, ભૂંડમુખા, અશ્વમુખા, ગર્ધમુખા, મંજારમુખા, વૃષભમુખા, ઘુવડમુખા, જેને અન્ન કે પાણી જોઇતું નથી અને લોઢાના ચણા ચાવી જાય છે, લીલા, પીળા, કાળા, રાતા ભૂરા અનેક પ્રકારનાંરંગો છે એ રાક્ષસો નાકેથી બુચા, તાડપૂર ઊંચા છે એવા બાગની ચોકી પેરા ભરે છે, તેમાંનાં એક ભૂંડ મુખાએ ભીમને ફળ ખાતો દેખી એક્દમ બૂમ પાડી સર્વે રાક્ષસોને બોલાવ્યા. સર્વે એકઠાથઈ ભીમ પાસે આવ્યાઅનેભીમે વિચાર્યું, ભલેઆવેઆપણું બિચારાશું લઈ જશે ? દૈતો દોડતા આવ્યા અને ભીમને ઘેરી લીધો, ને પૂછયું અલ્યા, તું કોણ છે ? હવે તું કયાં જઇશ? ભીમ કહે, એમને કેમ પૂછો છો ? અમે પૃથ્વીના રાજા છીએ. આ સર્વે જમીન અમારી છે અને અમે તને અહીં વસવા દીધા છે માટે તેનું ભાડું આપો દૈતોએ વિચાર્યુ આ કોઈગાંડા જેવો છે માટે રાણી પાસે તેને લઇ જઇએ દૈતોએ ભીમને કહ્યું. બચ્ચાજી મરી જવાના થયા છો.કેટલાક કહે,જીવવું હોય તો બાપા કહો, નહિ તો બેટાજી હેર મરી જવાના કેટલાક કહે, રાણીને જઈને કહીએ કેટલાક કહેવા લાગ્યા, રાણીની પાસે લઇ જઇએ. એવું વિચારી અસુરો બોલ્યા, ચાલ અમારી રાણી પાસે લઈ જઈએ, ભીમ કહે મારે તેનું શું કામ છે ? મેં કદી તેને જોઈ નથી. તે રૂપાળી છે કે કાળી છે ? અસુરોએ હસીને કહ્યું, તું ત્યાં આવે તો બતાવીએ, ભીમે કહ્યું, ચાલો પછી અડધા અસુરો આગળ થયા અને અડધા પાછળ રહ્યા અને ભીમસેન વચમાં ચાલ્યો જાય છે. રસ્તામાં ફળ આવે તે તોડીતે ખાતો જાય છે,રાક્ષસો કહે, અલ્યા, હજુ ફળ ખાધા જ કરે છે? ભીમ કહે,જાઓ નથી આવતા,શું તમારા બાપના નોકર છીએ,રાક્ષસોએ વિચાર્યું, સમજાવીને લો. પછી રાક્ષસો ભીમની મરજી પ્રમાણે લઇચાલ્યા, એટલે એક દૈત હેડંબા પાસે ગયોઅને કહ્યું, એક મનુષ્યની જાતી-આપણા બાગમાં આવી ફળ ખાઇ રહ્યો છે, હેડંબાએ જવાબ આપ્યો; એવો કજાત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કોણ આવ્યો છે ? ઠીક એને પકડી અહીં લાવો. તે વખત વડની ડાળે પાષાણનો હિંચોળો બાંધી તેના ઉપર હેડંબા બેઠી છે. અને એક એક દાસી તેને હીંચોળે છે, સૌ રાક્ષસોએ ભીમને સમજાવી હેડંબાના હીંચોળા સામે લાવીને ઊભો રાખ્યો. અને તેની આસપાસ ઉભા રહ્યાં. ભીમે રાણીને જોઈ લીધી અને નીચું ઘાલી પોતાની ઝોળીમાંથી ફળ લઇને ખાવા લાગ્યો. હેડંબા કહે. હે ફળના ખાનાર મૂર્ખ, તું કોણ છે ? ભીમ કહે, હે વનચર, તારાથી મને મૂર્ખ કહેવાય નહિ. હેડંબા કહે, અલ્યા તું કયાંથી આવ્યો ? ભીમ કહે વાદળમાંથી હેડંબા. કહે, તારું ગામ કીયું ? તારા તાત માતાનું શું નામ છે? વળી તારી નાત જાત કોણ છે ? ત્યારે ભીમ કહે; પહેલી તું તારી વાત કહે. એટલે હેડંબા કહે, મારી શી વાત પૂછે છે? ભીમ કહે, તું પરણેલી છે કે કુંવારી ? હેડંબા કહે, હું કુંવારી છું પરણેલી નથી. ભીમ કહે. જો હું પણ તારા જેવો જ છું. પરમેશ્વરે કેવો આપણા બેનો જોગેજોગ મેળવ્યો છે. હેડંબા કહે, ઠેર મારી નાંખું તને વાસીદું વાળવા કોણ રાખે ભીમ કહે, અરે પ્રેમદા, તારા જેવી તો હજારો મારા પગ ચાંપે છે. પછી હેડંબા બોલી, મૂર્ખ જરા વિચારીને બોલ. ભીમ કહે. ચુપ રહે, શું મને ડરાવી પરાણે પરણવું છે ? હેડંબા કહેવા લાગી કે મને મનમાન્યા હીંચકા નાંખે તો મારે ઘેર તને ગુલામ કરીને રાખીશ અને ખવરાવીશ પીવરાવી ખુશ રાખીશ. ભીમ કહે, એમ કહે, સ્વામીનાથ પધારો અને હીંચકા ઉપર બેસો. હેડંબા કહે. જંગલી તને હીંચકે બેસવાનું મન થાય છે ? એમ કહી હેડંબા હીંચકા ઉપરથી નીચે ઉતરી અને કહ્યું, તું બેસ એટલે તને હીંચકા ખવરાવું ભીમ ઝોળી લઇને હીંચકા ઉપર બેઠો. હેડંબા કહે કે ઝોળી મૂકીને બેસ. ભીમ કહે, અમે એવું નથી ભણ્યા, ગર્થ ગાંઠે ને વિદ્યા પાઠે, માટે અમે તો ઝોળી લઈને બેસીશું હેડંબા બોલી કે દોર બરાબર ઝાલીને બેસ. ભીમે બે દોર બરાબર ઝાલ્યા અને ચરણ મૂકી બરોબર બેઠો અને હીંચકો તૂટી પડયો. હેડંબા આશ્ચર્ય પામી કે આ શું ? ભીમ આઘો જઇને ઊભો રહ્યો. વડનું ડાળું પણ તૂટી પડયું, હેડંબાએ રાક્ષસોને કહ્યું, બીજે ડાળે હીંચકો બાંધો.

રાક્ષસોએ તરત બીજે ડાળે હીંચકો બાંધ્યો. હેડંબાએ ભીમને કહ્યુ, હવે બેસ. ભીમ કહે ના, એ તો તારું પાણી જોવાનું હતું તે જોઇ લીધું હવે તું બેસ, હું હીંચકો નાંખું. હેડંબા કહે વારુ લે હું હીંચકા ઉપર બેસું છું. એમ કહી હેડંબા હીંચકા ઉપર બે દોર ઝાલી બેઠી. ભીમસેન મનમાં રામનું નામ દઈને હીંચકો હાથમાં પકડી હેડંબાને કહેવા લાગ્યો, જો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બરાબર હીંચકાને પકડજે. બોલતા ભીમને ક્રોધ ચડયો અને આકળોભૂત થઈ ગયો. પછી ભીમસેને પ્રભુનું ધ્યાન ધર્યું, હીંચકાને ચાક ચડાવ્યો અને એક પળમાં જેમ વીજળી નાસે છે તેવી રીતે હીંચકો આકાશમાં ફેંક્યો. તે ગગનમાં જઈને પાછો વળ્યો. હેડંબા ગભરાઈ ગઇ કે હાય હાય આ તો કોઇવણો બળીઓ છે, પછી એકદમ ભીમને કહેવા લાગી. હે નાથ, હું તમારી નારી છું. માટે મારા ઉપર દયા કરીને મને ઉગારી લ્યો. ભીમે વિચાર્યું, મારી સ્ત્રી થઈ માટે તને બચાવું. ભીમસેને સાવચેતીથી હીંચકાને પકડી ઊભો રાખ્યો અને હેડંબાને હૃદય સાથે ચાંપીને ઉતારી લીધી. ભીમસેન તથા હેડંબાએ પરણવાનો નિશ્ચય કર્યો. નારદ ઋષિએ આવીને બન્નેને પરણાવ્યાં. પછી ભીમે પરણી ઊઠી નારદને ચરણે મસ્તક મૂકયું ને કહ્યું કે આ વાત મારાં મા ભાઇને કરશો નહિ. નારદ કહે, હું કોઇની વાત કોઈને કરતો નથી. એમ કહી નારદ અંતરધ્યાન થયા. પછી પત્ની તથા પતિ કનકના મહેલમાં વિદાય થયાં અને હીરા, માણેક, મોતી જડેલા સુંદિર આસનો ઉપર બિરાજમાન થયાં. સેવકો તથા તેમની સ્ત્રીઓએ રસોઇ બનાવી. હેડંબા ભીમને કહેવા લાગી. સ્વામીનાથ, જમવાનું થયું છે, માટે સ્નાન કરવા પધારો. ભીમ તુરત ઉઠીને સ્નાન કરવા બેઠો. હેડંબા તેલ ફુલેલ લઈને ભીમ પાસે આવી, સેવકો પાસે ઉનું પાણી તૈયાર કરાવ્યું ને હેડંબાએ તથા સેવકોએ ભીમને ચોળીને નવરાવ્યો.

ભીમની ચામડી લાખા ગૃહમાં બળવાથી આળી થઇ ગઈ હતી તે ઉષ્ણ પાણીથી નહાયો તેથી જરા શાંતિ થઈ. ભીમસેને દૈતોને કહ્યું, અલ્યા બાગમાં હું તમને કહેતો હતો કે અમે તમારા રાજા હવે રાજા ખરા કે નહિ ? દૈતોએ જવાબ આપ્યો, ખરા મહારાજા. ભીમ સ્નાન કરી જમવા બેઠો, હેડંબાએ જાતજાતની રસોઇ પીરસી, ભીમસેન અતિશય આનંદ પામ્યો. ભીમસેનભાઇ જમી રહ્યા પછી હેડંબાએ મુખવાસ આપ્યો. ભીમે આરોગી લીધો. ભીમસેન ઢોલીઆ ઉપર જઈને બેઠો. હેડંબા તેની પાસે આવીને બેઠી, હેડંબા ભીમને કહેવા લાગી. પાણી પીને ઘર પૂછવું નહિ એવી રીત છે પણ હું તો પૂછયા સિવાય તમને દેખીને જ પરણી ચૂકેલ હતી માટે મારો અપરાધ ક્ષમા કરીને મને જવાબ આપો, તમે કોણ છો ? તમારું ગામ કીયું છે ? કયાંથી આવ્યા છો ? આ વનમાં કોઈ આવી શકે નહિ અને આપ આ વનમાં કેવી રીતે પધાર્યા ? ભીમે જવાબ આપ્યો સાંભળ સુંદરી, હસ્તિનાપુર મારું ગામ. હું ક્ષત્રીપુત્ર છું. સર્વે રાજાનો રાજા છું. મારે ચાર ભાઈ તથા એક માતા છે, અમે સુખરૂપે રાજ્ય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરતાં હતા પણ અમારા કાકાના દીકરાઓએ દગો કરી જાત્રાનું નામ દઇ લાખાભુવનમાં અમને બાળ્યા, ત્યાંથી પરમેશ્વરે અમને બચાવ્યા. અને આ વનમાં આવ્યાને છ માસ થયા છે. તારા બાગની પશ્ચિમ દિશાએ એક જોજન છેટે સરેવર છે તેની પાસે ઝુંપડી બાંધી રહીએ છીએ, હું ફળ લાવતો હતો અને સર્વેને ખવરાવતો હતો, ઉત્તર દિશામાં જ્યારે ફળ ખુટયાં ત્યારે આજ આ દિશાએ ફળ લેવા આવ્યો, ને આપણે બે ધણીધણિયાણી થયાં.

હેડંબા કહે વારુ સ્વામીનાથ,હવે આપણ બંનેજઇને તમારા માતા ભ્રાતાને અહીં તેડી લાવીએ, ભીમે વિચાર્યું, અહીં લાવીશું તો હસવા બોલવાનું બંધ થશે અને રંગમાં ભંગ થશે,એમ જાણી ભીમે કહ્યું,હું તો તેડી લાવવાનો નથી અને જો તું તેડી લાવીશ તો હું વનમાં જતો રહીશ.હેડંબાએ કહ્યું, તમે વનમાં જતા રહો તો મારે તમારા ભાઇ તથા માતાને શું કરવા છે?આપણા બાગમાંઘણા ફળ છે તે જઇને આપી આવો અને ખાઈ પીને સંસાર લ્હાવો લ્યો:ભીમસેને તુરત પાંકા ફળ મંગાવ્યાં અને ઝોળીમાં નાંખી ગાંસડી બાંધી જવાને તૈયાર થયો ત્યારેહેડંબાએ પૂછયું.હવે સ્વામીનાથ કયારે પધારશો?ભીમકહે,પહોરરાત્રિ જશે એટલે હું આવીશ,એમ કહી રાક્ષસને માથે પેલાં ફળની ગાંસડી ચડાવીભીમ આગળ થયો. ત્રણ ગાઉ ગયા પછી ભીમસેને પેલા રાક્ષસને રજા આપી. રાક્ષસ હેડંબાવનમાં પાછો આવ્યો.ભીમ ધીમે ધીમે ઝૂંપડીમાં પેઠો કુંતાજી કહે, બેટા, કેમ વાર લાગી ? ભીમ કહે, મા ઉત્તર દિશાએ ફળ ખુટી પડયાંતેથી આઘો વનમાં ગયો તેથી વાર લાગી. કુંતાજી કહે બેટા, અમારે માટે તું ઘણું કષ્ટ વેઠે છે. સહદેવ કહે માતા આજ તો ગોળ ધાણા વહેંચો, ભીમે જાણ્યુ કે જોષીડા જાણી ગયો છે, તેથી ભીમે તેના સામી આંખ કાઢી સહદેવ ચૂપ થઈ ગયો,પછી ફળોને વહેંચી નાખ્યાં.કુંતાજી કહે,લે બેટા ભીમસેન,તારા ભાગનાં ફળ લઇ લે, ભીમ કહે મે તો ફરી ફરી ઘણાં ફળ ખાધાં છે અને પાણી પીધું છે તેથી પેટ ભરાઇ ગયું છે. સહદેવ કહે,ભીમભાઈ એક કંસારનો કોળીઓ તો લાવો. ભીમ કહે છાનો રહે. કુંતાજી કહે ભીમ બિચારો દુઃખ વેઠી ફળ લાવે છે ને તને મશ્કરીઓ સુઝે છે, બેટા, કાલથી તું તારી જોડે અર્જુનજીને લઈ જજે, ભીમ કહે ના માતાજી, કારણ કે એ વનમાં એક મોટી વાઘણ છે તેથી અર્જુનને ઉપાડી જાય. માટે અમારાં લાગ્યાં અમે જ ભોગવીશું. કુંતાજી કહે વારુ બેટા.સહદેવ કહે, માતાજી, તે મોટી વાઘણને ભીમસેનએ વશ કરી છે. ભીમ કહે, માતાજી મોડું થાય છે માટે હું પરોઢીએ ઉઠી વનમાં વહેલો જઇશ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારી ફીકર ચિંતા કરશો નહિ. હું વહેલો ઊઠવા આજથી બહાર સૂઈ રહીશ. એમ કહી ભીમ બહાર સૂઇ ગયો અને ચાર ભાઇ તથા માતાએ ઝુંપડીમાંશયન કર્યું, એટલામાં પહોર રાત્રિ ગઇ એટલે ભીમસેન ઊઠયો અને હેડંબાને ઘેર ગયો. હેડંબા કહે, પધારો એમ કહી ભીમનો સત્કાર કર્યો અને ખાનપાન કરાવ્યું. મુખવાસ આપ્યો અને બંને જણ આનંદથી રહ્યાં,એમ કરતાં કરતાં હેડંબાને ગર્ભ રહ્યો.મનુષ્યને દશમા માસે પુત્ર અવતરે છે અને માયાવીને દશ દહાડે અવતરે છે, દશ દિવસ થયા એટલે રૂપ રૂપના અંબાર સરખો એક મહા બળવાન પુત્ર જન્મ્યો; તેવો જ ઊંચો ઉછળ્યો, તેને દાસીએ ઝાલી લીધો. ભીમસેનને મહા હર્ષ થયો. તે પુત્રનું નામ ગટોરગચ્છ પાડયું. પુત્રને ખવડાવે છે પીવડાવે છે અને મોટો કરે જાય છે, ગટોરગચ્છ માયાવી છે તેથી ઘડીમાં મોટો ઘડીમાં નાનો એવાં અનેક પ્રકારનાં રૂપ બદલતો જાય છે, કાલું કાલું બોલે છે. તેથી સૌને આનંદ ઉપજે છે. ભીમસેનને રોજ ફળ આપવા જવું પડે છે,તેથી કંટાળો આવે છે,એવી રીતે દિવસ ગુજારે છે એવામાં એક વિઘ્ન આવ્યું.

હેડંબાને એક હેડંબાસુર કરીને ભાઇ છે તે હેડંબાવનથી દશ ગાઉ આઘે માખણીઆ પર્વત ઉપર રહે છે,માખણીઓ પર્વત એવો લીસો છે કે મક્ષિકાપણ લપસી જાય, તે બાર ગાઉ ઊંચો છે, અસુરની વસ્તી છે. તેનું રાજ્ય કરે છે. તે ઉપર છત્રેશ્વરી માતાનું દેવળ છે, તે માતાજીનું પૂજન હેડંબાસુર હંમેશા કરે છે, ત્રણ પેઢીથી પાપી લોકો દેવીની પૂંઠે લાગ્યા છે,શિવ,વિષ્ણુને જીતવા માટે અમર થવાનું માગે છે પણ માતાજી તેવું વરદાન આપતાં નથી, દુષ્ટ લોકો કેડો મૂકતા નથી. દેવીએ જાણ્યું કે પાંડવો અહીં છે માટે નિવેડો લાવું. એવામાં એક દહાડો હેડંબાસુર આવ્યો અને પ્રેમ કરીને માતાજીનું પૂજન કર્યું. દેવીએ દર્શન આપ્યાં અને કહ્યું, માગ માગ જે માગે તે આપું, હેડંબાસુર બોલ્યો, મને અમર બનાવો.એટલે સ્વર્ગ પાતાળ સર્વે જીતી લાવું,દેવી કહે, પાંચ બત્રીસ લક્ષણા પુરુષનો હોમ કર. દૈત કહે, માતાજી બત્રીસ લક્ષણા કયાં હશે ? દેવી બોલી,હેડંબાવનથીપશ્ચિમ દિશાએ ચાર ગાઉને છેટે ઝુંપડીમાં પાંચ ભાઈ અને એક ડોસી તેમની મા એ છ જણ રહે છે તેમને લાવીને હોમ કરે તો અમર થાય, વળી તેઓમાં એક છત્રીસ લક્ષણવાળો છે. હેડંબાસુર કહે,આજ રાત્રે ઉંચકી લાવું, એમ કહી હેડંબાસુર ઘેર ગયો. પછી પોતે જઈ ખાધું પીધું ને ચોરી કરવાનો વિચાર કર્યો, હેડંબાસુર હેડંબાવન પાસે ગયો ત્યાંથી એક જોજન પશ્ચિમ દિશાએ આવ્યો એટલે સરોવર તથા ઝુંપડી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દેખી. પાપીને સાચું લાગ્યું.દેવીએ ખરું દેખાડયું છે. ભીમ તે વખતે હેડંબાને ઘેર ગયો છે, દુષ્ટ ઝૂંપડીમાં પેઠો તો ચાર ભાઇ તથા માતા નિરાંતે ઊંઘે છે' પછી ઝૂંપડીને છાતી સરસી રાખી આસપાસ બે હાથ ઘાલી, પૃથ્વીના ડગળા સુદ્ધાં બહાર કાઢી એક હાથમાં ઉંચકી લીધી, ને તે માખણીઆ પર્વત ઉપર છલંગ મારી ચડી ગયો. તે ઝૂંપડી વજ્ર કોટમાં મૂકી અને દેવીની પાસે આવી પગે લાગ્યો. માતા, હું લાવ્યો છું. દેવીએ કહ્યું, એમાં ચાર બત્રીસ લક્ષણા છે,છત્રીસ લક્ષણો હજુ બાકી રહી ગયો છે. પાપી હેડંબાસુર મશાલો ચેતાવી વજ્રકોટડીમાં આવ્યો અને બારણાં ઉઘાડી અંદર પેઠો.પ્રકાશ થવાથી ચાર ભાઈ ને પાંચમી માતા જાગી ઊઠયાં એને રાક્ષસોને જોઇ અતિશય ભય પામ્યાં દુષ્ટે જોયું તો ચાર પુરુષને એક ડોસીને દેખ્યાંપછી વજ્રકોટનાં બારણાં બંધ કરી માતાને આવી કહ્યું,એટલે માતા કહે,છત્રીસ લક્ષણાને શોધવા ઉત્તર દિશામાં જા. એમ કહી અવળે રસ્તે કાઢયો,ને કહ્યું.; કાલે પહોર દિવસમાં જડે ન જડે તો પણ પાછો આવજે. ત્યારે હેડંબાસુર ભીમને શોધવા ચાલ્યો, વનમાં ફરી વળ્યો પણ પત્તો લાગતો નથી વજ્રકોટીમાં માતા તથા ભાઈ રુદન કરે છે, એવામાં ભીમને સ્વપ્ન આવ્યું કે મારાં માતા તથા ભાઇઓ આજ રાતમાં ચોરાયાં છે, હેડંબાને સ્વપ્ન આવ્યું કે મારો ભાઈ હેડંબાસુર અમર થવાને મારા દિયર જેઠને લઇ ગયો છે અને ત્યાં મારા દિયર જેઠનો હોમ કરવાનો છે આવાં બંનેને સ્વપ્ન આવ્યાં.

ભીમ જાગી ઊઠયો અને હેડંબાને વાત કરી કે મને સ્વપ્ન આવ્યું કે મારાં માતા તથા ભાઇઓ ચોરાઈ ગયાં છે, હેડંબાને વાત મળી પણ સ્ત્રીએ તો વાત મનમાંરાખી,પછી ભીમ મોટા પરોઢીએ ઊઠયો અને ફળો મંગાવી ગાંસડી રાક્ષસને માથે મૂકાવીચાલ્યો, ત્રણ ગાઉ આવ્યો એટલે રાક્ષસને પાછો વાળ્યો, પછી ભીમે ઝૂંપડીનેસ્થળે આવીને જોયું તો ઝૂંપડી દેખી નહિ,તેથી ભીમ છાતીફાટ રડવા લાગ્યો, અરે દેવ, મારાં માતા તથા ભાઈને કોણ લઈ ગયું હશે ? અને તેમની શી વલે હશે ? એમ રુદન કરી હેડંબા પાસે આવ્યો.ભીમે હેડંબાને કહ્યું,નિશ્ચય મારા માતાની તથા ભાઈઓની ચોરી થઈ છે, તારા વનમાંથી ગયાં માટે લાવી આપ.હેડંબા કહે,મેં તો કહ્યું હતું કે અહીં લાવો પણ તમે માન્યું નહિ તેથી હું શું કરું. નશીબ તમારૂં ? એતો કોઈ રાક્ષસ લઈ ગયો હશે અને ભક્ષ કરી ગયો હશે, માટે નિરાંત વાળી બેસો. ભીમ કહે, માતા તથા ભાઈ જાય અને હું જીવું એમ કદી બનવાનું નથી. હેડંબા કહે, ચાલો તમારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દેશ હસ્તિનાપુર જઈએ અને હું તમારા કાકાના સો દીકરાને ગળી જઇશ. ભીમ કહે, તારા કરતાં હું ઘણો બળવાન છું;તું શું કરવાની હતી?પણમારા માતા તથા ભાઈને વિયોગે હું જીવવાનો નથી.એમ કહી ભીમ અતિશય આક્રંદ કરવા લાગ્યો, ભીમ કહે, મારાં માતા તથા ભાઈઓને બતાવ નહિ તો ચિતા ખડકી બળીમરીશ.હેડંબા કહે, મને ખબર નથી. બળી મરવું હોય તો ભલે બળી મરો. ભીમ રુદન કરતો જાય છે અને કહેતો જાય છે, સ્ત્રી કોઈની સગી નહિ. ખાવા, પીવા, ઓઢવા હોય અને દ્રવ્ય હોય ત્યારે જ સ્ત્રી સગી. પણ દુઃખ વખતે તો માતા,પિતા ને ભાઇ બેલી હોય છે. એમ કહી ભીમ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો.હેડંબા ગટોરગચ્છને લઇ ઝરૂખામાં જઈબેઠી, ગટોરગચ્છ કહે, માતાજી, મને તો કહો, મારા કાકા ને મારી દાદીને કોણ લઇગિયું છે? હેડંબા કહે, તારા પેટમાં વાત ટકે નહિ માટે તને કહેવાની નથી. ભીમ કહે છે, ગોરી દેખીને મારા જેવો ઘેલો બને તેને મૂર્ખ જાણવો. નારી કોઈની થઇ નથી અને થવાની નથી,મારા માતા તથા ભાઈઓને વનમાં મૂકીને હું સ્ત્રીસુખ ભોગવવા આવ્યો તેથી ચોરી થઈ, નહી તો કદી થાત નહી. એમ કહી ચિતા ખડકી ભીમ રુદન કરવા લાગ્યો. ભીમે પછી ગટોરગચ્છને કહ્યું, બેટા, અગ્નિ મૂકી જા,એટલે ગટોરગચ્છને દયા આવી તેથી હેડંબાને પૂછવા લાગ્યો,માતાજી મારા પિતાજીના માતા ભ્રાતને કોણ ચોરી ગયું હશે ! હેડંબા કહે,તુ અગ્નિ મૂકી આવ પછી તને વાત કરીશ. કેમ કે તું બાળક છે. માટે તને નહિ કહું, ગટોરગચ્છ કહે. તારા સમ હું કોઈને વાત કરવાનો નથી. હેડંબાએ કહ્યું, હોમ કરીને તારા મામાને અમર થવું છે,માટે તે લઈ ગયો છે. ત્રિલોકનું એ રાજ્ય લેવાનો છે તેમાંથી તને પણ આપશે, તેટલા માટે તને હું નથી કહેતી. કદી તારા પિતા મરી જશે તો શું અંધારું વળી જશે ? ગટોરગચ્છ કહે, વારુ માતા. એમ કહી માળ ઉપરથી નીચે ઉતર્યો અને ઉઘાડી તલવાર કરી ભીમ પાસે આવ્યો. ભીમને કહેવા લાગ્યો, પિતાજી, મારા દાદી તથા કાકાને મારો મામો લઈગયો છે માટે ચાલો ત્યાં જઇને તેડી લાવીએ. એમ કહી ભીમનો હાથ ઝાલી હેડંબા પાસે લાવ્યો. ગટોરગચ્છ કહે, મારી માતાનુ માથું છેદી નાંખો કારણ કે તમારી મરવાની ઘડી આવી પણ એણે એ વાત કહી નહિ.

પુત્રનાં એવાં વચન સાંભળી ભીમ દિગ્મુઢ બની ગયો છે. ગટોરગચ્છ કહે, આવી નારી જરૂર નરકમાં જશે. પોતાન પતિને મૂવો તાકયો અને પોતાના ભાઇને જીવતો રાખ્યો.આવી દુષ્ટ રંડાઓ જરૂર જમપુરીમાં જશે.જે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્ત્રીને પિયર વહાલું છે, કદી ઘર માંડતી નથી કાંતો વાંઝણી રહે છે. અને કાંતો રાંડે છે. એમ કહી ગટોરગચ્છેહેડંબાનેઘણીજધિકકારીનેમારીતેથી હેડંબા રડતી બોલી, મારું પેટ ફાટયું ત્યાંપાટો કયાં બાંધું? વાત છાની હતી તે ઉઘાડી કરી. ગટોરગચ્છ કહે, ચાલો પિતાજી, ભીમ કહે, તારો મામોકયાંરહે છે,તે મને ખબર નથી માટે તારી મા આપણી સાથે હોય તો રસ્તો બતાવે. ગટોરગચ્છ કહે, તો તો હું પૂછવાનું ભૂલી ગયો અને હવે મારી મા ક્રોધાતુર છે, માટે મને વાત કરવાની નથી. તો પણ ગટોરગચ્છ હેડંબાના ખોળામાં પડયો અને રુદન કરવા લાગ્યો. મારી મા ભૂલ થઈ અને મેં તનેમારી.એમ કહીમાતાનેઆજીજી કરવા લાગ્યો,હેડંબાએ હડસેલો મારી ઊઠાડી મૂકયો,હું તારી મા નહિ નેતું મારો દીકરો નહિ.ગટોરગચ્છએઠોથઈને પાછો ખોળામાંપડયો અને ઘાડે સ્વરથી રુદન કરવા લાગ્યો તેથી હેડંબાનેદયાઆવી અને ગટોરગચ્છનેછાતી સરસો દબાવ્યો.

હેડંબા કહે તેં મને મારી અને બાપ દીકરો એક થયા, માટે તમે બે જઇને તેડી લાવો. ગટોરગચ્છ કહે, અરે માતા, એમ શું બોલેછે? તું અમારી સાથે ચાલ આપણે ત્રણે જણ જઈએ. હેડંબા કહે તારો પિતાજી મારા ભાઇનો કાળ કરે માટે હું આવવાની નથી. ભીમ કહે, મને મારો સાળો વહાલો છે. માટે હું નહિ મારૂં.ગટોરગચ્છ કહે મારા પિતાજી મારા મામા સામા વડશે તો હું અનેમારા મામા બંને જણ થઇ મારા પિતાજીને હરાવીશું. માટે ખુશીથી ચાલ. મારા પિતાજીનાથી મારો મામો ઘણોજ બળવાન હશે.વળીમને મોસાળ જવાનું મન છે માટે માતા મને લઇ જાય તો ઠીક, હેડંબા તુરત ઊભી થઇ અને પત્ની, પતિ તથા પુત્ર ત્રણે જણ ચાલ્યાં, માખણીઆ પર્વતની પાસે આવ્યાં. હેડંબા કહે, હવે તમે બે જાઓ. ભીમસેન કહે, આતો લપસી પડીએ તેવું છે. હેડંબા કહે છલંગ મારીને ઉપર ચડો.મારો ભાઇ હેડંબાસુર છલંગમારીનેચડે છે ને નીચે ઉતરે છે, ભીમ કહે કે ઉપર ચડવું તે તો તારા હાથમાં છે,પછીહેડંબાએમાયા વડે કરીને પોતે બાર ગાઉ સુધી ઊંચી વધી માથું ધુણાવી પગ પાની સુધી લાંબા કેશ વધાર્યા. દસ ગજ લાંબા દાંત પહોળા પાવડાજેવાવધાર્યા.દરવાજા જેવું મુખ બનાવ્યું,નસકોરાં ગળનારા જેવાં,શરીરનાં રુંવાડાં જંગલના ઝાળા જેવાં. વૃક્ષના થડ સરખી આંગળીઓ, દસ થડ જેવા ખભા વધાર્યા. ભીમે જાણ્યું કે ન હોય હેડંબા,આતો હેડંબો.ગટોરગચ્છકેશનેવળગીઊંચે ચડી ગયો અને પર્વત પર જઇને બેઠો, ભીમ પણ ચોટલો ઝાલી પર્વત ઉપર ચડી ગયો. ગટોરગચ્છ બે હાથે પોતાની માનો ચોટલો ઝાલી પર્વત ઉપર બેઠો. અને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu.Trust. Funding IKS-MoE-Grant-2

પછી બોલ્યો,જાઓ પિતાજી.મારા મામાને ઠેર મારીનાંખજો.હેડંબા સાંભળીને ઊંચીનીચી થવા લાગી.ગટોરગચ્છેદબાવી દીધી ને કહ્યું.ઊભી રે શંખણીમાતા ભીમ કહે બેટા બોલશો નહિ, નહિ તો પાછળ પસ્તાઈ મરીશું. નાની થઇ જશે તો કેવી રીતે ઉતરીશું ? ગટોરગચ્છ કહે, છો ઊંચી નીચી થાય.ચોટલો ઝાલ્યો છે ત્યાંસુધી નાનું મોટું નહિ થવાય, જાઓ પિતાજી, કોઇ પ્રકારની ચિંતા કરશો નહિ, મારા મામાને મારી મારું મોસાળ ઉજ્જડ કરજો.તમે ન જાઓ તો હું જાઉં અને મારા મામાને મારી નાંખું. ભીમ કહે. હું જાઉં છું બેટા.એ તારું કામ નહિ. એમ કહી ભીમ ચાલ્યો ને દેવીનું દેરું દીઠું તેનાં દર્શન કર્યાં. દેવી તરત હસી પડયાં અને ભીમને કહેવા લાગ્યાં. તારા માતાની તથા ભાઇની તો મેં ચોરી કરાવી છે, કારણ કે હેડંબાસુરને અમર થવું છે, ત્રિલોકનું રાજ્ય લેવું છે અને અધર્મ કરવો છે. માટે તે પાપીનો નાશ કરવા મેં તને તેડાવ્યો છે, ભીમ કહે, ના માતાજી તેને અમર કરવો નહિ દેવી કહે જો અમર નથી કરતી તો મારો કેડો છોડતો નથી, માટે તું એનો નાશ કર, હું તને બધી યુક્તિ બતાવું છું,પહેલો તું તારા માતભ્રાતને મળી આવ,ભીમ કહે તે કયાં છે ? દેવી કહે પેલા વજ્રકોટમાં છે. ભીમ વજ્રકોટ કૂદી છલંગ મારી અંદર પડયો, એટલે ભાઈઓ તથા માતા બાઝી પડયાં; અને કહેવા લાગ્યાં, તું અહીં કયાંથી ? ભીમ કહે. માતા, જાત્રામાંથી. એટલે કુંતાજી બોલતાં બંધ રહ્યાં ત્યારે ચારે ભાઈઓ ભીમને કહેવા લાગ્યા ભીમસેન તું, નાસી જા. તું જીવતો હોઇશ તો અમારી ક્રિયા કરીશ. માટે તું જીવે તો સારું. અમને તો રાક્ષસ મારી નાખશે. ભીમ કહે. ચિંતા ન કરો. આપણને સહુને ઇશ્વર બચાવશે, એમ કહી દેવીના દેવળમાં આવ્યો અને બે બારણા બંધ કર્યાં. સાંકળો દઇ દીધી. પછી ભીમ દેવીની સામેઆવીપગેલાગી બોલ્યો, માતાજી શી આજ્ઞાછે?દેવીબોલી,દુષ્ટનો નાશ કર. ભીમ કહે, માજી તે વાત ખરી પણ હું ભૂખ્યો છું તેથી શી રીતે યુદ્ધ કરીશ ? દેવીએ કહ્યું,તનેશોધી હવે પાપી આવતો હશે તેની પાસેથી નૈવેદ્ય માગી લેજે, એટલામાં હેડંબાસુર આવ્યો અનેદેવીનાં દ્વાર ઠેલ્યાં,ભીમસેન નિવૃત્તિથી લાંબો સુઈ રહ્યો છે,હેડંબાસુર બોલ્યો, માતાજી દ્વાર ઉઘાડો. હું બધા સમાચાર લાવ્યો છું ઝીણે શબ્દે ભીમ બોલ્યો, હું તારે માટે અમર ભેગું કરું છું તેથી તે હમણાં ઉઘડશે નહિ. હેડંબાસુર રાજીથયો અને દેવીને કહેવા લાગ્યો, માજી, છત્રીસ લક્ષણો જડતો નથી. ભીમસેને જવાબ આપ્યો ન જડયો તો કાંઇ ચિંતા નહિતેનાભારોભાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નૈવેદ્ય લાવ્ય એટલે ચાલશે. હેડંબાસુર કહે, કેટલું નૈવેદ્ય લાવુ?ભીમ કહે સો મણનો લાડુ મીઠા મસાલા નાખીને, સો બેડા પાણી ભરીને, અને પચીસ મણ બાકળા (ચણા) લાવજે, રાક્ષસ તરત ખૂશી થતો થતો પોતાના ઘેર આવ્યો. અને સર્વે સાહિત્ય તૈયાર કરી દેવીના દેરા આગળ લાવ્યો. હેડંબાસુરે કહ્યું, માતાજી સર્વે સામાન લાવ્યો છું ભીમ કહેઉઘાડવાની જરૂરનથી.ધાબા ઉપર ચડો અને ત્યાં સર્વે સામાન લઇ જાઓ પછી ગોખલામાં નૈવેદ્ય નાખજો, એટલે હું ભક્ષણ કરીશ. સર્વેજણ ધાબા ઉપર ચડયા અને સામાન પણ ઉપર ચડાવ્યો. ભીમે કહ્યું. પચીસ મણમાંથી એક મણ ચણા બાકી રાખજો. પછી પેલા લાડવાના ટોપલા ભરી ભરીને ગોખલામાંનાખવામાંડયા.ભીમે વિચાર્યું, હાથમાં લઇને ખાઈ શું તો વાર લાગશે માટે મોઢું ગોખલા નીચે રાખ્યું. લાડુ આવે તેવા જ ભીમના પેટમાં જાય છે. ભીમ દાંતથી ચાવતો નથી એમ ને એમ ગળી જાય છે. એ રીતે લાડુ ખાઈ ગયો પછી ચણા નાંખ્યા તે ખાઈ ગયો. પછી પાણી રેડયું તે સઘળું પી ગયો, ચણા ચોવીસ મણ ખાઈ ગયો છે. એક મણ વધ્યા તે સર્વે દહિત લોકો ઉછાળે છે. અને અંએ અંએ કરે છે, ને કોણ વીર કોણ વીર એમ પોકાર કર્યા કરે છે. ભીમ ખાઈપી તૈયાર થયો પછી માતાજીને પગે લાગ્યો અને આજ્ઞા માગી. દેવી કહે,પાપીનેમારીવહેલોઆવ. ભીમ કહે માતાજી હારું તોશું કરું ?દેવી કહે, જો હાર થાય તો મારી પાસે આવજે હું તને ત્રિશુળ આપીશ, તેથી તેનું મસ્તક છેદી નાખજે, એટલે ભીમ તરત માતાજીની રજા લઇ છલંગ મારી બહાર આવ્યો ને બોલવા લાગ્યો. હું વીર, હું વીર. ત્યારે અસુર ભડકયા કે આતો દેવીને બદલે દેવો નીકળ્યો. ભીમે કહ્યું, જુવોરેઅસુરો, સર્વે નૈવેદ્યનોખાનારો હું છું, સર્વે જણ આશ્ચર્ય પામ્યા કે આ કેવો બળીઓ કે તમામ લાડુ ચણા ખાઈ ગયો ? બીજા લોકો ભીમની બીક લાગવાથી નાસી ગયા, ફક્ત હેડંબાસુર રહ્યો, તે અતિશય ક્રોધાયમાન થયો અને ધાબા ઉપરથી પડતું મૂકી ભીમની સાથે લડવા તૈયાર થયો, હેડંબાસુર તથા ભીમસેન બંનેની જુગલ જોડી શોભવા લાગી. જાણે વગડાના કેશરી વાઘ હોય એવા મહા બળીઆ એક એકની સામે ઊભા રાતા તાતા થઈ એક એકના ખંભ સામસામી ઠોકે છે. મેઘનાદની પેઠે ગરગડવા (ગાજવા) લાગ્યા. પછી દોટ મૂકી બાઝી પડયા.

શીશે શીશ લડાવે છે, કોઈને દયા આવતી નથી. આ સઘળું યુદ્ધ હેડંબાસુરની સ્ત્રી બારીમાં બેઠી બેઠી લડાવે છે, હેડંબાસુર ગડદા પાટુ મારે છે તેને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમ ડાબા વજ્ર પાસાથી ઝીલી લે છે અને ભીમ મારે છેતેને હેડંબાસુર ફુલની માફક જાણે છે, પર્વતમાં ખાડા પડયા. એવામાં ક્રોધ કરી હેડંબાસુરે ભીમના બે પગની વચ્ચોવચ્ચ માથું ઘાલ્યું અને ઉપાડીને ફેંકવાનો ખેલ રચ્યો, ભીમે કટી ઝાલી ઉંચકી લીધો, એટલે પાપીએ ગળે આંટી નાંખી. બેઉં જણ પૃથ્વી ઉંપર પડયા અને પાછા ઊભા થયા. કોઈપાછું પડતું નથી. પછી દુષ્ટે લાગ જોઇ ભીમનો ચરણ ઝાલી ઉંચકી માથે ફેરવી હેઠો નાખ્યો અને છાતીઉપર ચઢી બેઠો, જરા દયા લાવતો નથી. ભીમના મોંમાં ધૂળ ભરી ગડદાનો માર મારવા લાગ્યો,ભીમને કહે છે. આ મોઢે લાડવા ચણા ખાધા છે કે? એમ કહી ગળે નખ દીધા, ભીમનાં ચક્ષુ ઊંચાં ચડી ગયાં અને મોંઢે ફીણના ફીસોટા આવ્યા. પ્રભુએ જાણ્યું જો ભીમ મરી જશે તો મારે મરવું પડશે, તેથી પ્રભુએ એક કળાનું જોર ભીમમાં મૂકયું એટલે ભીમ મારો મારો પોકારતો ઉભો થયો ને છત્રેશ્વરી માતાના દેરામાંપેસી ત્રિશૂળ માગી લીધું ત્યારેદેવીએ ત્રિશૂળ આપ્યું. તે ત્રિશુળ લઇ ભીમ હેડંબાસુરનો સામો આવ્યો.

હેડંબાસુરે જાણ્યું કે દેવી તો મારો ઘાટ ઘડાવે છે, એમ ધારી નાસવાનો વિચાર કર્યો, પણભીમે તેની છાતીમાં ત્રિશુળ ભોંકી મારી નાખ્યો.પછી ભીમે પાપીનો એક પગ પગ તળે દાબ્યો અને એક પગ હાથમાં ઝાલી ઉંભો ચીરી નાંખ્યો,એટલે પોતાની ઉંદાસી મટી ગઇ.ભીમનીજેટલીહાથજીભ બહારનીકળે છે. મોઢે શ્વાસ માતો નથી, એવામાં હેડંબાસુરનીસ્ત્રી બારીમાંથી નીચે ઉતરી અને બોલી, તેં મારા સ્વામીનું મરણ કર્યું પણ હું સો ભાઇની બહેન છું તેથી તારી વલે માઠી કરાવીશને આ વેર લઇશ એમ-કહી નાઠી, ભીમને શ્વાસ માતો નથી તેથી વિચાર્યું કે છો બોલી ગઇ એનાથી શું થવાનું છે ?પર્વત ઉપરથી પડીને બાકી રહેલા અસુરનો પરિવાર નાસી ગયો, ત્યાર પછી ભીમને શ્વાસ વળ્યો એટલે ઉઠીને દેવીની પાસે જઈ ઊભો રહ્યો. દેવીને કહ્યું, લ્યો માજી ત્રિશૂળ, દુષ્ટનો નાશ કરી પાછો સહી સલામત આવ્યોછું, ત્યારે દેવીએ પ્રસન્ન થઈ આશીર્વાદ દીધો, પછી ભીમ પોતાનાભાઇઓતથા માતાની પાસે વજ્રકોટમાં આવ્યો અને વજ્રકોટ ચુર્ણ કરી માતા તથા ભાઇઓને બહાર કાઢયાં અને સર્વે જણ દેવીની પાસે આવીને પગેલાગ્યાં, દેવીએ સર્વને આશીર્વાદ આપ્યો, દેવીએ કુંતાજીને કહ્યું, ડોશી, ધન્ય છે, જણે તો હરિજન જણજે કાં દાતા, કાં શુર, એ પ્રમાણે જ ત્રણે લક્ષણ વાળા તારા પુત્ર છે. પછી દેવીને પગે લાગી છએ જણાં ત્યાંથી વિદાય થયા. પર્વત ઉપરથીઉતરવું છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માટે હેડંબા ભણી જાય છે. ભીમે વિચાર્યું, મારા માથે મારાભાઈતથા માતા છે અને પરણ્યાની વાત મેં છાની રાખી છે તે ઉઘાડી પડશે, એમ મનમાં ઘણો શરમાયો. થોડેક આગળ ચાલી ગટોરગચ્છને ઉઠાડી ભીમે હેડંબાનો ચોટલો ઝાલ્યો. ભીમે,કહ્યું,જા બેટા, તારા કાકાને, તારા દાદીને સર્વેને અહીં તેડી લાવ. હેડંબા ઊભી ઊભી રડવા લાગી. મારું પિયર રોળાઈગયું,ગટોરગચ્છ તેડવા ગયો. અને કાકા તથા વૃદ્ધ માતા કહી બાઝી પડયો.કુંતાજી કહે. સહદેવ આ કોણ છે? સહદેવ કહે,માતા તમારા પુત્ર ભીમસેનનો દીકરો છે.કુંતાજીકહે. કેવારે પરણ્યો ? સહદેવ કહે હું કહેતો હતો કે ગોળધાણા વહેંચોતે દિવસે ભીમ પરણ્યો હતો. કુંતાજી કહે, બારમાસ થયા સિવાય પુત્ર આવડો ક્યાંથી ? સહદેવ કહે, માતાજી આ તો માયાવી રાક્ષસ કહેવાય એટલે દસ દિવસમાંપુત્ર જન્મે અને નાનો મોટો એની મરજીમાં આવે તેટલો થાય. એવી રીતે વાતો કરતાં કરતાં ભીમની પાસે આવ્યાં.ભીમ ચોટલો ઝાલીને નીચું ઘાલી બેઠેલો છે,ચાર ભાઈ તથા પાંચમી માતા, હેડંબા ઊભી રહી છે તેને વાંકા વળીને જુએ છે પછી અર્જુન કહે ભીમસેનભાઈ,આ સ્ત્રી કોણ ઊભી રહી છે? ભીમકહે, જાણીને શું પૂછે છે, મારી વહુ છે. સહદેવ કહે તને ભીમ કહેતો હતો કે મેં વાઘણ વશ કરી છે, તેજ આ વાઘણ.કુંતાજી કહે છે,આ તે, વહુ કે વહુડો ? ભીમ કહે, મશ્કરી મૂકી હવે નીચે ઉતરો. ડોસી કહે દીકરા, હવે કેવી રીતે ઉતરવું ? ગટોરગચ્છે કેડ બાંધી અને માતાને ખાંધે બેસારી નીચે મૂકી આવ્યો. પછી ઉપર ચડી ધર્મરાજાને ઉચકી નીચે મૂકી આવ્યો.સહદેવ, નીકુળ તે સર્વે નીચે ઉતર્યા. ગટોરગચ્છે ભીમનેકહ્યું.પિતાજી તમેઉતરી પડો, ભીમપણ ચોટલો ઝાલી નીચે ઉતર્યો,કુંતાજી વર વહુને જોવા લાગ્યાં.ભીમ નીચું ઘાલી ભોંય ખોતરે છે, એવામાં ગટોરગચ્છપોતાની માને ગળે બાઝી પડયોઅને કહેવા લાગ્યો,માતાજી, હવે નાનું સ્વરૂપ ધારણ કરો. પછી હેડંબાએ સોળ વરસનું રૂપ ધારણ કર્યું. મહા સ્વરૂપવાન સુશોભીત અલંકારોથી ભરપૂર બની જેઠની લાજ તાણી. કુંતાજીને પગે લાગી. કુંતાજીએ તેના સામું જોયું.તો તે રડતી હતી તેથી પૂછયું કેમ રડે છે ? હેડંબા કહે, મારો ભાઈ મરી ગયો અને મારું પિયર ઉજ્જડ થયું. મેં તમારા પુત્રને પહેલું કહ્યું હતું, તમારા માતા ભાઇને અહીં લાવો પણ એમણે માન્યું નહિ અને મારું પિયર નાશ કર્યું.કુંતાજી કહે હશે જ થવાનું હતું તે થયું.હવે મિથ્યા શોકકરે શું વળે?એટલે હેડંબાકહે સલાહમાંરહીને ભાઈ મરાવ્યો એવું મારે માથે લાંછન આવ્યું,હવે હું મોઢું શું બતાવું?ભીમકહે,સુંદરી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તારો ભાઈ મૂઓ તો ભલે મરી ગયો શા માટે તેણે પારકી ચોરી કરી? ગટોરગચ્છ કહે હવે ઠીક થયું, ચાલો ઘેર જઇએ. હેડંબા કહે, તેને માર્યામાં ઘણું વેરથયું માટે દિયર, જેઠ, સાસુ સર્વ ચાલો મારે ઘેર. ભીમ કહે, તારે મુકામે નહિ આવે. એ તો હરિજન છે, માટે વનમાં રહેશે અનેવનફળ ખાશે. સંસારમાં તેમનેસુખ આવવાનું નથી. અહીં રહીનેગોવિંદના ગુણ ગાશે. હેડંબા કહે વેર વધ્યું છે, માટે ફરીથી ચોરી થશે. ભીમ કહે એમ કાંઈવારે વારે ચોરીઓ થતી નથી ચોરી થશે તો શોધાશે. કુંતાજી બોલ્યા, ભીમ કહે છે, તે ખરું છે, માટે જાઓ વહુ એમ નહિ આવીએ, કુંતાજીના મનમાં ખોટું લાગ્યું કારણ કે હેડંબાને ત્યાં જવા ખુશી હતાં પણભીમે નાકહીઅને સરોવર ઉપર ઝુપડી બાંધી આપી. ભીમસેન કહે માતાજી, હું ફળ મોકલીશઅને કદી ના આવું તો પણ મારી ચિંતા કરશોનહિ દૈત આવે તો પણ બીશો નહિ. કુંતાજી કહે જાઓ બેટા, તમારે પાલવે ત્યારે ફળ મોકલજો. પછી ભીમ હેડંબા વનમાં આવ્યો, ખાઈપી આનંદ કરવા લાગ્યો. ભીમસેને એક દૈતને બોલાવ્યો અનેપહેલાં જેપોતાનેફળની ગાંસડી લઇઆપવા જવું પડતું હતું તે કામદૈતને સોંપી દીધું. હમેંશા દઇતિ ફળની ગાંસડી બાંધી ભીમનાં માતા, ભાઇઓને આપી આવે છે, પેલી નાઠેલી હેડંબાસુરની સ્ત્રી કપિલા કબીરાપુરમાં ગઈ, દરવાજે જઇ ચૂડીકર્મ કર્યું. અને રડતી રડતી ગામમાં ચાલી. સેવકોએ બહેન જાણી હાથ ઝાલીને ઘેર લઇ ગયા. તેના સો ભાઇઓ તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા, તને રંડાપો કેવી રીતે થયો?

કપિલા કહેવા લાગી, તમારા બનેવી અમર થવા માટે છત્રેશ્વરી દેવીનું પૂજન કરતા હતા તેથી દેવીએ કહ્યું, પાંચ બત્રીશ લક્ષણા પુરુષનો હોમ કરે તો અમર થાય. પછી તમારા બનેવી હેડંબા વનમાં જઇચાર ભાઇઓને લાવ્યા તેનો પાંચમો ભાઈ હતો તે કોઇ ન જાણે તેવી રીતે નગરમાં પેઠો અને દેવીના દેરામાં સંતાઇ રહ્યો અને પોતે નૈવેદ્ય માગી લઇ સો મણ લાડુ, ચોવીસ મણ ચણા, સો બેડા પાણી આ સર્વે ખાઈ,' પી બળવાન થઈ તમારા બનેવીને મારી નાખ્યા. તેવાં બેનનાં વચન સાંભળી મોટા ભાઇ કદંબાસુર હતો તેને અતિશય ક્રોધ ચડયો અને કપિલાને પૂછવા લાગ્યો; મને બતાવ તે ક્યાં છે? કપિલા કહે, તમે હાલને હાલ વેર લો તો મારે અન્ન ખાવું, નહિ તો હું ખાવાની નથી. કદંબાસુર કહે રાત્રિ પડે એટલે હું ચોરી લાવું છું, મને ઠેકાણું બતાવ. કપિલા કહે હેડંબા વનથી પશ્ચિમ દિશાએ સરોવર ઉપર ઝુંપડી છે તેમાં ચાર ભાઇ તથા તેમની માતા એ પ્રમાણે પાંચ જણ રહે છે તેને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચોરી લાવો તો તેમને શોધતો શોધતો પાંચમો ભાઈ આવશે. એવામાં રાત પડી અને ભાલો લઈ કદંબાસુર ચાલ્યો તે કપિલાના બતાવ્યા પ્રમાણે હેડંબાવન પાસે થઈ પશ્ચિમ દિશાએ વળ્યો એટલે સરોવર તથા ઝૂંપડી દેખાવા લાગી. કદંબાસુર આવીને જુએ છે તો સર્વે ઊંઘી ગયાં છે.

ઝુંપડી છાતી સરસી રાખી તેણે પોતાના બે હાથ જોર કરી ભોંમીનું ડગળું ઉંચકી લીધું, અને તે ઝુંપડીને ઉંચકીને લઈ પોતાની ડાબી મૂછના વાળે બાંધી પોતાને ઘેર આવી કોટમાં તે મૂકી, પછી કદંબાસુર કપિલા પાસે આવ્યો અને કહ્યું, બેન, હું ઝુંપડી ઉંચકી લાવ્યો છું. રાત્રી વીતી ને વહાણું વાય એટલે હેડંબાવનમાંથી દઇત ધર્મકુંતાને ફળ આપવા ગયો ત્યાં ઝુંપડીને ઠેકાણે ખાડો જોયો. એટલે ભીમને જઈને વાત કરી. ભીમને ફાળ પડી. ભીમ હેડંબાને કહે છે, તું બતાવ કોણ લઈ ગયું હશે ? હેડંબા કહે, તમારા સાળાના સાળા, ઉત્તર દિશામાં માખણીઆ પાસે દસ ગાઉ છેટે રહે છે, તમારા સાળાના સો સાળા છે, શિવના વરદાનથી અમર થયા છે માટે તમે તમારાં મા તથા ભાઇને શી રીતે લાવશો ? ભીમ પૂછવા લાગ્યો, શિવજીએ અમર કેમ કર્યા ? હેડંબા કહે. સ્વામીનાથ, પહેલેથી માંડીને વાત કરું, એક માતાના સો પુત્રો નાના હતા ત્યારે ગામની ભાગોળે એક શિવના દેરામાં જતા હતા. નદી ઉપર જઈને બેસે અને નઠારૂં નઠારૂં બોલે. પાર્વતી તથા શિવ ઉપર નીચી વસ્તુઓ નાંખે ત્યારે ત્રણે દહાડે મહાદેવ બોલ્યા,અલ્યા તમે અમને કેમ નડો છો ? કબીરાઓએ જવાબ આપ્યો કે અમર થવા માટે આ કાર્ય કરીએ છીએ. શિવ કહે, અસુર છો માટે અમર તો નહિ થાઓ પણ અમર જેવું વરદાન આપું. કબીરા કહે, વરદાન આપો. શિવેવર-દાન આપ્યું કે ગામની આસપાસ દસ ગાઉ સુધી તમે મરશો નહિ, બ્રહ્મા વિષ્ણુ કે હું મારૂં તો પણ મરો નહિ, ફક્ત ભાગોળમાં તમારી વાવ છે તેમાં તમારું મૃત્યુ છે. તે વાવમાં કોઈ નાખી દે તો તમારા પ્રાણ જાય, તે સિવાય તમે અમર છો. એવું વરદાન આપેલું છે. ભીમે જાણ્યું ઠીક શિવે એટલી બારી મૂકી છે માટે જરૂર વાવમાં નાંખું, હેડંબા કહે, પાપ ફોડીને વાત કરું છું. આ વખત જશો તો તમારાં મા, ભાઈ મળનાર નથી. ભીમ કહે મા ભાઈ સિવાય મારે જીવવું નહિ. ગમે તે થાય પણ હું ગયા સિવાય રહેવાનો નથી. ગટોરગચ્છ તૈયાર થયો. એટલે હેડંબા કહે બેટા, તું જઇશ નહિ અહીં રહે. ગટોરગચ્છ કહે શંખણી મા તારે બોલવું નહિ. એમ કહી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગટોરગચ્છ તૈયાર થયો. ભીમે જાણ્યું કબીરા લોકો યોગી વેશને માનતા હશે માટે યોગી વેશ ધારણ કરી જાઉં. પછી ભીમ તથા ગટોરગચ્છે યોગી વેશ ધારણ કર્યા,ભસ્મ ચોળી, ટીલાં કર્યાં, હાથમાં ગળામાં માળાઓ ઘાલી તુંમડાં લીધાં એ પ્રમાણે જોગી રૂપ ધારણ કરી બંને બાપ દીકરો ચાલ્યા. તે ગામની ભાગોળે આવ્યા એટલે કબીરાપુરમાં વાત ચાલી કે અવધુત પધાર્યા છે. લોકોએ વિચાર કર્યો કે આ મહાત્મા આવ્યા છે માટે ચાલો દર્શન કરીએ.એમ જાણી લોકો યોગીનાં દર્શન કરવા આવવા લાગ્યા, અને બાપ દીકરો હેડંબાના કહ્યા પ્રમાણે ગામમાં પેઠા અનેસભામાં આવેછે. લોકો તેમને પૈસા આપવા લાગ્યા,ભીમ બોલ્યો "હમ નહિ લેગા" અનાડી જગત માગે તેને આપે નહિ અને ન માગે તેને પરાણે જઈને વળગાડે. પાકા પાખંડી થોડું લે નહિ અને સામટું હરણ કરી લે. ભીમ તથા ગટોરગચ્છ કબીરાની સભામાં આવ્યા.કબીરા ઉદાસમાં બેઠા છે તેઓ જોગીને જોઇ પગે લાગ્યા અને આસન આપીને બેસાડયા. જોગીએ પદ્માસન વાળ્યું અને નાસિકા ઝાલીને બેઠા. સર્વે જણે વિચાર કર્યો કે આ શું કરે છે? પછી ભીમે નાસિકા છોડી દીધી અને બરોબર બેઠો. બોલ્યો, 'બચ્ચા સો બંધુકુ અંતર દુઃખ હુઆ હૈ.

એ સાંભળી એક કબીરો બોલ્યો, શું દુઃખ હશે? ભીમ કહે, સુનો બચ્ચા સબ કહ દુંગા. એમ કહી ભીમે બીજી વાર નાક ઝાલ્યું અને પાછું મૂકી દીધું.ને કહ્યું, તુ મેરી ભેણ વિધવા હુઈ હૈ. તુમેરા બનેવી પાંચ જીવોકો ચોરી લાયા થા. છઠ્ઠા જીવે છેતરપિંડીસે લાડુ ચના ખુબ ખાયા, ખાયા પીયા ઔર ખુબ યુદ્ધ મચાયા,પીછે તુમારા બનેવીકુ મારા.ત્યારેકબીરાઊઠીનેપગેલાગ્યા, આ કોઈ જોગી ઉત્તમ છે, ભીમ કહે સુનો બચ્ચા દુસરી બાત, હરામખોર જો મારા ગયા હૈઉંનનેતુમ માત ભ્રાત લાયે હે, કબીરા કહે,આ તો સાક્ષાતશિવજી છે એમ કહી પગે લાગ્યા. સર્વેએ વિચાર કર્યો કે આપણું દુઃખ ભાગવા જોગીનું રૂપ ધારણ કરી શંકર પધાર્યા. કબીરા કહે, ખરી વાત કહો, આપ શંભુ છો? ભીમ કહે મુખસે નહિ કહેગા આપસે ઓલખ લીજે, કબીરા કહેવા લાગ્યા, એ જ કૈલાસપતિ છે. પછી ભીમને કહ્યું, મહારાજ, અમારો શત્રુ હાથમાં આવે તેવી યુક્તિ બતાવો.ભીમ કહે ફીકર મત રખો. તુમેરી કુલદેવી કીધર હે? કબીરા કહે ગામની ભાગોળમાં વાવમાં છે, ત્યારે જોગી કહે,બાવડી પર વાજતેગાજતે છત્રછાજતે હમકું સંગ લેકર ચલો. વહાં જા કે એકેક મંત્ર દેઉંગા ઉસકા જાપ કરો.સવાસો મંત્રકા જાપ પૂરા હો જાયગા તબ શત્રુ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તુમેરી પાસ આયગા. કબીરા કહે ખોળવો મટયો. એમ જાણી હર્ષથી વાજીંત્રો તૈયાર કર્યા, જે જેની મરજીમાં આવે તેવાં વાજીંત્રો લાવ્યા, વાવથી તે સભા સુધી માર્ગ સાફ કરાવ્યા. અત્તરના છંટકાવ કર્યા. કબીરા કહે હવે પધારો મહારાજ.ત્યારે બાપ બેટા ઊભા થયા. અડધી આંખો મીંચેલી રાખે છે. છત્રીસ વાજાં વાગવા લાગ્યાં, બાપ દીકરો ત્યાંથી ચાલવા લાગ્યા. ગુરુ ચેલો જોડે જોડે ચાલે છે, લોકો આડા અવળા ને ફાલ્યા અબીલ ગુલાલ, ઉડાડવા લાગ્યા. ઢોલ, પીપુડી, તાલ, પખાજ, કાંસીજોડાં, જળતંત્ર, સરોદા, સરણાઇ, નરઘાં, મૃદંગ એમ અનેક પ્રકારનાં વાજીંત્રો વાગે છે, અત્તર ફુલેલ છાંટતાં જાય છે. પુષ્પની વૃષ્ટિ કરે છે, લોકો ચાલતાં ચાલતાં કહે છે, આના જેવો જોગી આપણે કોઇએ જોયો નથી. જેને મોઢે તો ચંદન ચોળી લીધું છે, આખા શરીરે ભસ્મ ચોળી છે.સુંદીર શરીરની છટા શોભે છે, જોગીની પીતવરણી જટા છે, ડાબી ખાંધે ઝોળી છે. અબીલ ગુલાલ ઊંડી રહ્યા છે. કેટલાક ચરણની રજ લઈ મસ્તક ઉપર ચડાવે છે. કેટલાક ચરણુ નીચે આળોટે છે. ભીમ કહે કયું ગટોરગચ્છ બેટા ? એનાં અંગ ઉઘાડાં છે અને કેડે કંદોરાના કાપા પડયા છે, ગટોરગચ્છ કહે શાબાશ છે પિતાજી, ઠીક યુક્તિ કાઢી છે. એમ કરતાં કરતાં ગામની ભાગોળે આવ્યા, લોકો જયજયકાર કરવા લાગ્યા.વાવના કિનારા ઉપર આવ્યા અને આનંદ ઓચ્છવ થયો. પછી સમગ્ર કબીરા ભીમને પૂછવા લાગ્યા, મહા-રાજ શી આજ્ઞા છે ? ભીમ કહે,તમારાં હથિયાર દૂર છોડ દો અને આ વાવના થાળાના કિનારા પર જઇને ઓભમાં ઊંભા રહો. તમારા સો ભાઇ સિવાય બીજાને ગામમાં મોકલી દો. કબીરાઓ સો ભાઇ સિવાયના લોકોને ગામમાં મોકલી દીધા, કબીરા થાળામાં જઇ ઊંભા રહ્યા, તેમની પૂઠે ભીમ ઊંભો રહ્યો ને કહ્યું ,હાથ પગ જોડી જળના સામું ડોક રાખીને જુઓ,અને જીભે ભીમનાથ ભીમનાથ એમ જપો. નેત્ર મીંચી દેજો. જેમ જોગી કહે છે, તેમ સર્વે જણ કરે છે.જેમત નામનો કબીરો હતો તેને વહેમ પડયો કે આંખો મીંચીને અંદર પડવું છે કે કેમ ? એમ કહીને પાછો ખસ્યો,બીજા કબીરા જેમને ઠપકો દેવા લાગ્યા. આ તો મહાત્મા છે, એ જો તારી સાંભળશે, તો નાસી જશે.

જેમત કહે કદાપી કપટી હોય તો ? વાટેલું ઓસાડ, મુડેલો જતી તેને કોઈને પરીક્ષા નથી માટે સાચો જુઠો શા ઉપરથી જાણીએ?કબીરા કહે મહારાજ આબરૂથી ડરશે. જેમત કહે લંગોટીવાળી તેને આબરૂ કેવી?આબરૂવાળો હોય તો સગાં સહોદર ન્યાતવ્યવહાર માતા તાત સર્વે કેમ મૂકી દે?લાજ વાળો વેશ કેમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બદલે?લાજમાં રાખોડી છે,એની નાત કયાં છે!જાત કયાં છે?એનો વ્યવહાર કયાં છે ? એનું ઘરબાર કયાં છે ? નીચ હશે કે ઊંચ હશે અજાણે તેને મોડા માની સેવા કરીએ તો આપણે ઉલટા પાપના પોટલા બાંધી અઘોર નર્કમાં પડીએ માટે જેવો તેવો પણ સંસારી સારો,તેનાથી કામ પાડીએ,અને કદાચ દગો દઇને છટકે તો પણ ઘર ગામને કયાં લઇને નાસી જાય? થોડે દહાડે સંસારી તો હાથમાં પણ આવે અને મુડેલાને કયાં જઇને પકડશો?તમે ગરદન ઘલાવો છો પણ મારી કયાંગરદન ઘાલો છો. સર્વના મનને સાચું લાગ્યું. ભીમ કહે શું મને પંખડી જાણ્યો?ચાલો ચેલાજી ત્યાંસે ચાલો. એમ કહી બંન્ને કોપ્યા અને ચાલવા માંડ્યા. કબીરાને ચિંતા થવા લાગી. હાથે આવેલો હીરો જતો રહેશે, ઓ મહારાજા પાછા વાળો અને ગરીબોનું કામ કર્યા પછી પધારો અમારા મનમાં અવળું આવ્યું માટે માફ કરો, ભીમ કહે હમ નહિ આવેગા. હમ કાર્ય નહિ કરેગા, ગટોરગચ્છ કહે, ગુરુ મહારાજા ભક્તકા કાર્ય કરના ચૈયે, એટલે પાછો ભીમસેન વાવ ઉપર આવ્યો એટલે સર્વે કબીરા હાથ પગ જોડી, આંખો મીંચી ભીમનાથ ભીમનાથ એવો મંત્ર જપ્યા કરે છે, ભીમે પાછળ જઇને ઊભા રહી અગ્નિનું આરાધન કર્યું, અચાનક એક માના સો પુત્ર મળ્યા છે માટે હે કાકા આ એક માના સો માની લેજે. તું જળમાં સ્થળમાં સર્વ અગ્નિ ચૈતન્ય છે. માટે ભોગ લેજે. પચાસ પચાસ કબીરાની બે ઓળો પાણીમાં જોઈ આંખો મીંચી મંત્ર જપે છે એટલે ભીમે પાછળથી બાથ ભીડાવી અંદર નાખી દીધા, પેલો જેમત નાનનો કબીરો પહેલેથી ચેત્યો હતો તે નાઠો અને હસ્તિનાપુર જઇ દુર્યોધનના ત્યાં જઈ રહ્યો. કેટલાક કબીરા વાંવમાંથી બહાર નીકળવા માંડયા, કેટલાક મરી ગયા. કેટલાક તરફડવા લાગ્યા. ભીમે વાવને પૂરી નાંખી તેથી સર્વે મરણ પામ્યા પેલો નાઠેલો કબીરો ઊભો હતો અને નગરમાં ઊભા રહીને પોતાનું રુધિર કાઢી પૃથ્વીપર છાંટા પાડયા હોત તો સો ભાઇ ફરીથી જીવતા થાત પણ બીકમાં તે તો ભાન ભૂલી ગયો પછી ભીમ ગટોરગચ્છ બાપ બેટો ગામમાં ગયા. તેમને કપિલાએ જોયા,કપિલાએ ભીમને ઓળખ્યો તેણે કારમી ચીસ પાડી. ગટોરગચ્છે દોડીને તેને કેશથી પકડીને ભોમી ઉપર પછાડી તેના પ્રાણ લીધા. ગામને ઉંજ્જડ કર્યું.પછી ભીમ તથા ગટોરચ્છ વજ્ર કોટ પાસે ગયા ને તે કોટ તોડી નાખી મા ભાઇને બહાર કાઢયાં અને હેડંબા વનમાં લઈ ગયો,હેડંબા દિયર, જેઠ, સાસુ, પતિ સર્વને પગે લાગી અને પગ ધોઈ ચરણામૃત લીધું, હેડંબાએ રસોઈ કરી, સર્વે જણ જમી ઊઠયાં, કુંતાજી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહે દીકરા આજ અન્ન દીઠું, ભીમેવિચાર્યું. અહીં માતા, ભાઈઓ ભેગાં છીએ તેથી બોલવા ચાલવાની શરમ રાખવી પડેછેમાટેઅહીંથી ઉપડીજઈએ તો ઠીક. એમ વિચારી ભીમે સહદેવને પૂછયું કેમભાઈ,આપણે આવીરીતે કયાંસુધી બેસી રહીશું?સહદેવ કહે આજસાંજે ઉપડવું જોઈએ,હેડંબા કહે હું સાથે આવું. ભીમ કહે ના તારું કામ નહિ. મનેતો તારા જેવી રસ્તામાંહજારો મળે. ગટોરગચ્છ કહે, પિતાજી હું આવું. ભીમ કહે નાદીકરા, રાજ્યપાછું મેળવીશું એટલે તનેતેડાવીશું.

કેટલાક પ્રાણી શંકા કરે છે કે હેડંબા આખ્યાન મહાભારતમાં નથી પણ મહાભારત પાંચ છે તે છે તે પાંચેનો સાર આમાં છે માટે કોઈએ સંદેહ ધરવો નહિ, ભીષ્મ પર્વમાં કહ્યું છે, શંકા છે તે પાપનું મૂળ છે. અધુરો ઘડો હોય તે જ છલકાય છે, ગુરુનું શીખવેલું હોય પણ મોટો થવા કહેશે મારે માથે ગુરુ નથી તેવા ગુરુ દ્રોહીનું કહેલું કદી સત્ય માનવું નહિ, પાંડવો હરિભજન કરે છેતેથી તે બળીઆ થાય છે,અધર્મનો નાશ અને ધર્મનું સ્થાપન જે માણસ કરે તેને ઘણું પુન્ય છે, અને તેનામાં ઈશ્વરના પ્રતાપથી ઘણા ગુણ આવે છે. માટે ભાઇઓ બરાબર ધ્યાન આપી શ્રવણ કરો, અને ઈશ્વિર ભજન કરો. બા બોલી સાસુજી તમને દુઃખ સુખ હશે તે હું કેવી રીતે જાણીશ? ત્યારે કુંતાજીએ દાડમડીના પાંચ છોડ મંગાવ્યા, ને હેડંબાને કહ્યું, ધર્મ, ભીમ સહદેવ, અર્જુન, નીકુળ આ પાંચ ભાઇઓ છે તે આ પાંચ છોડવા જે જાણજે, અને આમાંથી જે કરમાય તે દુઃખી છે અને ખીલે તે જાણ જે સુખી છે. હેડંબા ખુશી થઇ અને સાસુને પાયે પડી, પછી પાંચ ભાઈ તથા માતાએ જવા નિશ્ચયકર્યો. ભીમે ચારે ભાઇને ઉચકીલીધા, બેને ખાંધે બેસાડયા, બેને કટીએ બેસાડયા અને કુંતાજીને માથા ઉપર બેસાડયાં. રાત્રિ પડી એટલે ભીમ ચાલ્યો. કૃષ્ણ પક્ષની રાત છેતેથી રાતહમહમ બોલ્યાકરેછે. માર્ગમાં ઝરડાં ઘાસ સર્વે અથડાય છે, ચારે તરફ ખાડા, ટેકરા, પર્વત, પહાડ ભયંકર લાગેછે.

બાવળીઆ, બોરડી બેખરા, સમડા પીલુડા કાળીઆ, તાડ, સાદડ, સાગ, શીશમ, સરગવા, અઇડુસી, પીતપાપડા એ સિવાય અનેક પ્રકારનાં ઝાડો ઉગેલાં છે, ઊંડાં કોતરો, તળાવ, નદી નાળાં સર્વે ભયંકર ભાસવા લાગ્યાં. અજગર, નાગ, સસલાં શિયાળ, સુવર, સાબર, શીકારાં, ચંદન ઘોયો, પાટલા ઘોયો, વણિયર, વાઘ, દિપડા, રીંછ એ સર્વે જાણે ખાવા ધાતા હોય એમ ભાસે છે. નેત્રે દેખાતું નથી. ભીમસેનની અડફટમાં જે ઝાડ આવે તે ઉખડીને વેગળું પડે છે, ભીમ હેડંબા વનથી ઉત્તર દિશામાં સાઠ જોજન ગયો, એવામાંકુતરાંભસતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાંભળ્યાં. સહદેવ કહે, ભીમસેનભાઇ, અહીં ઊભા રહો. કૂતરાં ભસે છે માટે નગ્ર હશે, ભીમ ઊભા રહ્યો.ચાર ભાઇ તથા માતાને નીચે ઉતાર્યાં. પછી એક ચક્રા નગરમાં ગયાં. ત્યાં દરવાજો ઉઘડતાં અંદર પેઠાં. સવારમાં એક બ્રાહ્મણી દાતણપાણી કરવા ઓટલે બેઠી હતી,તેને પાંચ ભાઈ તથા કુંતાજીએ જોઈ. કુંતા બ્રાહ્મણીને કહેવા લાગ્યાં. અમે દુઃખીયારાં છીએ, માટે અમારું દુઃખ નિવારણ કરો.આ મારા પાંચ પુત્રો ને અને હું એમની માતા છું.અમને ભાડે ઘર આપો તો બહુ સારું, પેલી બ્રાહ્મણી કહે,મારે પણ તારી પેઠે પાંચ પુત્ર હતા તેમાંથી ચાર મરી ગયા છે અને એક જીવે છે. તેમને રહેવા માટે પાંચ ઘર બંધાવ્યાં હતાં. તેમાંથી એક ઘર તમને વગર ભાડે આપું.એમ કહી બ્રાહ્મણીએ એક ઘર મફત રહેવા માટે પાંડવોને આપ્યું. પાંડવો ઘરમાં જઈને બેઠા.

કુંતાજી કહે દીકરા, વિદુરજીએ વીંટી આપી છે તે કોઇના ઘેર જઈ વેચી આવો અને તેના રૂપિયાનું કાપડ લાવો,ને કાપડ વેચવાનો ઉદ્યમ કરો. ચારે ભાઈ વીંટી લઇ ગૃહસ્થને ઘેર ગયા. ગૃહસ્થે વીંટી હાથમાં લઈ વિચાર કર્યો કે આ વીંટી ઘણી કિંમતી છે તેથી ગૃહસ્થે પૂછયું,અલ્યા આ વીંટી કયાંથી લાવ્યા છો ? ચારે ભાઇઓએ કહ્યું,ઇશ્વિર સાખે અમારી છે.દગો કરેલો નથી. ગૃહસ્થે વીંટીના સો રૂપિયા આપ્યા, પાંડવોએ એંસી રૂપિયાનું કાપડ લીધું. પંદર રૂપિયાનું અન્ન લીધું અને પાંચને પહેરવા માટે પાંચ રૂપિયાની ખાદી લીધી.તેના કુડતાં,માથેબાંધવાનાં ફાળિયાં વિગેરેબનાવ્યાં.માલ,અનાજ કપડાં લઈ ઘેર આવ્યા.કુંતાજીએ રસોઈ કરી પુત્રોને જમાડી,પોતે જમી લીધું. પછીધર્મરાજાએ કપડાંની બે ગાંસડીઓ બાંધી,ત્યારેભીમ કહે બે ગાંસડીઓ કેમ બાંધી ? ધર્મ કહે,હું ને અર્જુન એક ગાંસડી વેચીશું અને સહદેવ ને નીકુળ એક ગાંસડી વેચશે.ભીમ કહે હું બેઠો ખાનારો છું? લાવો મારા ભાગનું મને કાપડ આપો.ધર્મ કહે ભલે,જો ભાઇ નીતિનો પૈસો ખાવાનો છે માટેનીતિ રાખીવેપાર કરજે,એમ કહી ભીમને કાપડ આપ્યું.પછી પાંચ જણ કાપડીઆને વેશે ગાંસડીઓ લીધી,એક દિશાએ સહદેવ તથા નિકુળ ગાંસડીઓ લઇ વેચવા ચાલ્યા.ને એક દિશાએધર્મઅર્જુનઅને પૂર્વદિશાએ એકલો ભીમગયો.ભાઈઓ મોઢેથી પોકારે છે લો ભાઇ રેજા,લો કોઇ કાપડ, લો એમ બોલીને વેચે છે,ત્યારે ભીમ વિચારે છે ભિક્ષુકની પેઠે પોકાર કરીને ફરવું તે ખોટું છે, માટે આપણે તો જુદી યુક્તિ શોધી કાઢવી એમ કહી પૂર્વ દિશામાં એકચક્રા નગરીમાં એક મહોલ્લો જોયો તેમાં ગયો,પછી ભીમે પોતાના માથાનું ફાળિયું ભૂમિ ઉપર પાથરી તેના ઉપર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રેજા મૂકયા. ને ભીમે પોકાર કર્યો કે લો કોઈ રેજા લો. કોઈપાપડલોત્યારેલોકો જોવાઆવ્યા ભીમકહેઆવો રે ભાઇ, રેજા આપું સોંઘાને સસ્તા કર્યા છે, ભૂલે તેના ભોગ લોકોએ કાપડ તપાસ્યું. ભીમને પૂછે કે આ રેજાની શી કિંમત છે ? એક રેજાની કિંમત ધર્મ રાજાએ પાંચ રૂપિયા બતાવી તેનો ભીમે એક રૂપિયો બતાવ્યો. સર્વે લોકોએ વિચાર્યું કે આતો ભોળીઓ છે એમ જાણી લોકો માલ ખરીદવા લાગ્યા. જે માણસ માલ લે છે તેના રૂપિયા ભીમને આપતા જાય છે. લોકો માલ લઈ ઘેર જવા લાગ્યા, ભીમેપાછા બોલાવ્યા ને કહ્યું આ માલ હું દૂર દેશાવરથી લાવ્યો છું માટે ફાટેલું તૂટેલું નુકશાની હોય તે જોઇલેજો નહિ તો પાછળથી હું બદલી આપવાનોનથી.લોકો માલને ઉઘાડી જોવા લાગ્યા. ભીમે લાગ તાકી લોકોના હાથમાંથીમાલ ઝૂંટવી લીધો અને રૂપિયા તથા સઘળો માલ લઈ નાસી ગયો. લોકો લાકડીઓ લઇ મારો મારો કરતા ભીમની પાછળ પડયા. ભીમે પાછા કરી ડોળા દેખાડયા, એટલે સર્વે નાસી ગયાં, ભીમ થોડે દૂર આવી ગાંસડી બરાબર બાંધતો હતો, તેવામાં એક બ્રાહ્મણ આવ્યો, ભીમે તેને એક રૂપિયોતથાએકગજ રેજો આપ્યો.

બ્રાહ્મણ આશીર્વાદ દઇ ચાલ્યો ગયો, ભીમેવિચાર્યું કે વહેલા ઘેર જઇશું તો માતાજી તથા ભાઈ ઠપકો દેશે તેથી તે ઓટલા ઉપર નિરાંતે સૂતો. ચાર વાગ્યા એટલે ભીમ ઊઠયો, અને ઘેર આવ્યો. કુંતાજીએ ભીમને જોઇને કહ્યું રડયા તું તો એમને એમ ગાંસડી લાવ્યો છે, કેટલો માલ વેચ્યો ? ભીમ કહે ધર્મભાઇ હિસાબ કરશે પછી અમેકહીશું.એવામાંધર્મ, અર્જુન, સહદેવ, નીકુળ આવ્યા, ધર્મરાજા તથા અર્જુનજીએ હિસાબ કર્યો મૂડીએ મૂડી બેઠી અને નફાના ચાર આના લાવ્યા, સહદેવ નીકુળ નવ આના લાવ્યા ધર્મે ભીમને પૂછયું કે તું કેટલો નફો લાવ્યો ? ભીમ કહે, રાતો રેજો એક ગજ તેનું શું બેસે છે? ધર્મ કહે સવા રૂપિયો. એટલે ભીમે સવા રૂપિયો મૂકયો. કુંતાજી કહે તારું ઓછું વેચાણ થયું, તું શું નફો લાવ્યો ? ભીમ કહે, આ નફો. એમ કહી ચાર રૂપિયા મૂકયા, કુંતાજીધર્મ સર્વે આશ્ચર્ય પામ્યા, અને કહેવા લાગ્યા, કહો ના કહો પણ ધુતીને આવ્યો છે. ધર્મ કહે સાચું બોલજે એક ગજ રેજોકેટલાક જણે લીધો. ભીમ કહે દસ વીસ જણાએ લીધો. કારણ કે મુગજીમૂકવા માટે તસુ તસુ ફડાવી લઇ ગયા. ધર્મકહે,તારા નફાનાપ્રમાણેકોઈ નાણુ ન આપે, ભીમ કહે. મોટા ભાઇ, ગ્રાહકોને રીઝવવા માટે મીઠું મીઠું બોલીએ અને આપણા માલનાં વખાણ કરીએ તો સર્વે આપે. એતો વેચતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવડવું જોઈએ. ત્યારે ધર્મ કહે એ વાત સંભવતી નથી, ભીમ કહે ભાઇ, હું જ્યાં ગયો હતો ત્યાંના લોકો ભોળા છે, ધર્મ કહે અમે કાલે ત્યાંજઇશું તું કયાં વેચવા ગયો હતો ? ભીમ કહે પૂર્વ દિશાએ જમણે હાથેફળિયું છે, ને લોકોને કહેજો કે કાલે જે વેચવા આવ્યો હતો તેના અમે ભાઇ છીએ એટલે તમને બરોબર આવકાર દેશે. ધર્મ કહે, અમે જરૂર કાલે જઇશું. એમ કહીરાત્રી પડી એટલે સૂઇ રહ્યા. વહાણું વાયુ એટલે જમીને પરવાર્યા ગાંસડીઓ ખભે ભેરવી વેચવા જવાનો વિચાર કર્યો. સહદેવ નીકુળ ઉત્તર દિશાએ ગયા, દક્ષિણદિશાએ ભીમ ગયો, ધર્મ તથા અર્જુન પૂર્વ દિશામાં ગયા. ભીમે બતાવ્યું હતું તે પ્રમાણે જમણે હાથે મહોલ્લો આવ્યો ત્યાં ધર્મરાજા પેસવા ગયા. અર્જુન કહે ધર્મરાજા, એકદમ પેસશો નહિ, ધર્મે બહાર ઊભા રહી પોકાર કર્યો કે લો રે રેંજા. ત્યારેલોકો કહે કાલે ધુતી ગયો તેના જેવા તેના ભાઈ આવ્યાછે, એમકહી લઠીંગા લોકોએ લાકડીઓ લીધી, તેવું તોફાન જોઇ ધર્મ તથા અર્જુન બંને નાસી ગયા. બીજે સ્થળે જઈને નીતિપૂર્વક માલ વેચ્યો. દક્ષિણ દિશામાં ભીમ ગયો ત્યાં તેણે તો પૂર્વદિશાએ કર્યું હતું તેમને તેમકર્યું. લોકોએ માલ ખરી દેલો તે ઝડપીને લઈ લીધો. અને રૂપિયા લઈ ભીમ નાસી ગયો. એક ઓટલા ઉપર જઈ નિરાંતે બેઠો. માલ બરાબર ગડીએ ગડી મેળવી. એવામાં એક બ્રાહ્મણ આવ્યો તેને એક ગજ રેંજો તથા એક રૂપિયો આપ્યો. બ્રાહ્મણ આશીર્વાદ દઈ ચાલ્યો ગયો, પછી ભીમ સુઈરહ્યો અને સાંજ પડી એટલે ઊઠીને ઘેરગયો. પેલા ચાર ભાઇ વેચીને ઘેર આવ્યા છે. ધર્મરાજાએ કુંતાને ભીમની વાત- કહી બતાવી, કુંતાજી કહે, બોલશો નહિ, એટલામાં ભીમ આવ્યો. કુંતાજી કહે, શું નફો લાવ્યો ? ભીમ કહે કેમ છે અર્જુનજી ? મેં કહ્યું હતું ત્યાં ગયા હતા કે નહિ ? અર્જુન કહે, નહોતા ગયા. ત્રીજે સ્થળે ગયા હતા. ભીમ કહે નસીબ તમારું. અમે તો કાલના જેટલોનફો લાવ્યાછીએ. ધર્મરાજાક્રોધ કરીને બોલ્યા, મૂરખા તેં ગરીબોને ગરદન મારવા વહેપાર માંડયો છે. તેં કહ્યું હતું તે સ્થળ ગયા હતા, ત્યાંલાકડીઓલઈને લોકો મારવા આવ્યા. અમારાં હાડકાં ભાંગી નાખત. ઇશ્વર કૃપાથી બચીનેઆવ્યા, અધર્મનોપૈસોખાઇએ તો અસત્ય બુદ્ધિથાય. એમ કહીએના નફાના આઠ રૂપિયા લઈ લીધા અને બ્રાહ્મ- ણને બોલાવી દક્ષિણા આપી દીધી. પછી ભીમની ગાંસડી છોડીને કાપડ વહેંચી લીધું, ભીમને કહ્યું, તું માતાની સેવામાં રહેજે. તારે વહેપાર નથી કરવો. પછી એ ચારે ભાઈ વહેપાર કર્યે જાય છે, ભીમકુંતાજીનીસેવા કર્યેજાયછે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવામાં શું થયું તે ધ્યાન આપી સાંભળો. એ ગામની બહાર એક બક રાક્ષસ રહે છે, તે પહેલો આવ્યો ત્યારે તોફાન કરી ગામમાં બસો ત્રણસો માણસને મારી નાંખ્યાં તે વખતે રાજા ભોંયરામાં સંતાઇ ગયો. રાજાએ ભોંયરાની જાળીમાંથી રાક્ષસને અરજ કરી કે અમારા ગામની પ્રજાને કેમ હેરાન કરો છો ? બક રાક્ષસ કહે,બધાંને હું ખાઇ જવાનો છું,નહિ તો મારી હંમેશની ખોરાકી પૂરી કરો,રાજા કહે,શું ખોરાક જોઇશે ? બકરાક્ષસ કહે,નિત્ય સોમણ લોટનો લાડુ, પાંચ મણનો ખીચડો, પચીસ મણ દૂધ, મદ્યપાનનાં પાંચ માટલાં, પાંચ બકરાં આ સર્વે ખોરાક જોઇએ અને જમ્યા પછી સોપારીના કટકાને બદલે મનુષ્ય જોઇએ, એટલું રોજ આપે તો વસ્તી વસવા દઉં નહિ તો ભક્ષ કરી જઇશ. રાજાએ કહ્યું તમે કહ્યું તે કબૂલ છે.એમ કહીને બહાર આવ્યો. નગ્રની બહાર બક રાક્ષસને રહેવા માટે એક બંગલો બાંધી આપ્યો છે,હંમેશ ખોરાક આપે જાય અને વારાપ્રમાણે માણસ મોકલે જાય છે. પાંડવો જે બ્રાહ્મણને ઘેર રહ્યા છે,તે બ્રાહ્મણને પાંચ દીકરા હતા તેમાં ચાર છોકરાનું બક રાક્ષસે ભક્ષણ કરેલું અને એક છોકરો જીવે છે. તે છોકરાનો વારો પાંડવો છે તે વખતે આવ્યો.તેથી તેનાં માબાપ રડવા લાગ્યાં, ભીમ તે વખતે પાણી ભરવા ગયો છે. કુંતાજી ઘરમાં બેઠાં બેઠાં માળા ફેરવે છે. તેમણે બ્રાહ્મણીને રડતી સાંભળી એટલે માળા લઇને કુંતાજી તેના ઘરમાં ગયાં. ને પૂછયું કેમ રડો છો ? બ્રાહ્મણીએ જવાબ આપ્યો, બાઇ, તારા જેવા મારે પણ પાંચ પુત્ર હતા તેમાં ચાર પુત્રોનું ભક્ષણ રાક્ષસ કરી ગયો અને પાંચમો છે, તેનો આજ વારો આવ્યો છે તે મરી જાય એટલે હું વાંઝણી થાઉં એટલા માટે હું રડું છું. કુંતાજીને દયા આવી તેથી બ્રાહ્મણીને કહ્યું કે રડશો નહિ,મારે પાંચ છે. તેમાંથી એકને તારા પુત્રને બદલે મરવા મોકલીશ.બ્રાહ્મણી કહે, કોઇ ન મોકલે, એમ કહી વિલાપ કરવા લાગી. કુંતાજી કહે ન મોકલું તો બ્રહ્મહત્યાનું પાપ; એટલે સર્વે છાનાં રહી ગયાં કુંતાજી ઘેર આવ્યા પછી મનમાં વિચાર કરી રડવા લાગ્યાં, અરે હું શું વચન બોલી આવી વધારાના શું વાડમાં નાખીએ ? કીયા પુત્રને મોકલીશ ? એવામાં અર્જુનજી તથા ધર્મરાજા વસ્ત્ર વેચીને ઘેર આવ્યા, સહદેવ તથા નીકુળ પણ આવી પહોંચ્યા, વૃકોદર પાણી ભરવા ગયેલો તે પણ આવ્યો,માતાજીને રડતાં દેખીને સર્વે ભાઇઓ પૂછવા લાગ્યા, અરે માતાજી કેમ રડો છો ? તમને કોણે દુભ્યાં ? કોઇએ ગાળ દીધી હોય તો જીભ ખેંચી નાંખીએ, જો કોઇએ હાથ ઉપાડયો હોય તો કાંડું કાપી નાખીએ,કુંતાજી કહે કોઇએ દુભવી નથી મારું નસીબ વાંકું છે.એમ કહી કુંતાજી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શોકના સિંધુમાં પડયાં.ધર્મેપૂછયું માતાજી ખરી વાત હોય તે કહી દો નહિ તો મારો દેહ ત્યાગ કરીશ. કુંતાજી કહે, બક નામનોરાક્ષસછે.તેનેહંમેશાંમાણસનું ભક્ષ જોઇએ છે, આપણને જે બ્રાહ્મણે ઘર આપ્યું છે, તે જ બ્રાહ્મણને પાંચ છોકરા હતા તેમાં ચાર પુત્રનું ભક્ષણ બક રાક્ષસ કરી ગયો અને એક છોકરો જીવે છે, તેનો આજ વારો છે તેથી તેની મા ઘણી જ આક્રંદ કરે છે.

હું તેના ઘેર ગઇ ને મેં તેને ધીરજ આપી, કે મારા પાંચ પુત્રમાંથી ગમે તે એક પુત્રને મોકલીશ અને ન મોકલું તો બ્રહ્મહત્યાનું પાપ. ભીમ કહે ધન્ય-દયાળુ માત, ગમે તેને મોકલજો મારે નથી જવું, એમ કહી ઓટલા ઉપર જઇને સૂઇ રહ્યો, ધર્મરાજા કહે માતાજી, તમારું વચન પાળવા મને આજ્ઞા આપો.કુંતા કહે દીકરા તને કેમ મોકલું ? ને મોકલું તો રાજ્યગાદી ઉપર કોણ બિરાજે ?રાજ્યગાદી તારા સિવાય સૂની રહે.અર્જુન કહે હું જઉં મને આજ્ઞા આપો. કુંતા કહે દીકરા તું જાય તો ડાહી ડાહી વાતો કોને પૂછું ? સહદેવ કહે માતાજી મને રજા આપો કારણ કે મને જીવવાની તૃષ્ણા નથી. ડોસી કહે દીકરા, તારા વિના પ્રશ્ન કોને પૂછીએ? નીકુળે રજા માગી,કુંતા કહે બેટા તારા વિના વરણાગી કોણ કરે ? ભીમે આ સઘળી હકીકત સાંભળી વિચાર કર્યોસર્વને જવાની ના પાડે છે માટે હું પૂછી જોઉં, કેટલો વહાલો છું, તે જોઉં તો ખરો. એમ ધારી ભીમ કુંતા પાસે આવ્યો, અને પૂછયું, માતાજી મને આજ્ઞા આપો તો હું જાઉં. કુંતાજી કહે ના દીકરા, તેં બહુ દુઃખ વેઠી અગ્નિથી તથા ચોરીઓથી ઉગાર્યાં છે માટે તું જાયતો અમને કોણ ઉગારે? ભીમે વિચાર્યુંહું પણ વહાલો તો છું. પછી ભીમે કહ્યું, માતાજી અમે પાંચે ભાઇ સંપીને રહીશું માટે તમે જાઓ. ધર્મ કહે મૂર્ખા,એ શું બોલ્યો ? અમે ચારમાંથી ગમે તે જઇશું તું તારે ઓટલે જઇને સૂઇ રહે. ભીમ કહે ફાવે તે જજો. એમ કહી ઓટલે પથારી કરી સૂઈ રહ્યો. સહદેવે કુંતાજીને છાનુંમાનું કહ્યું, તમે મને કહો કે દીકરા સહદેવ તું મરવા જજેને ત્યાં ખીચડો, કઢેલું દૂધ અને સો મણના લાડુ ખાજે એવું કહેશો એટલે ભીમ સાંભળીને તરત જશે, ભીમનો વાંકો વાળ થાય તેવું નથી.કુંતાજીએ ઘાંટો કાઢયો ઓરે સહદેવ!તને આજ્ઞા આપું છું,તું રાક્ષસને ત્યાં જા અને સો મણનો લાડુ, પચીસ મણ દૂધ, ખીચડો આ સર્વે પદાર્થો ખાજે અને બક રાક્ષસ સાથે યુદ્ધ કરજે. સહદેવ કહે વારુ માતા એટલામાં ભીમે સાંભળ્યું લાડુ લાડુ શું થાય છે? લાડુની વાત સાંભળી ભીમના મોઢામાં પાણી ભરાયું તેથી ઊઠીને ઘરમાં આવ્યો,ભીમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહે માતાજી, મરવા કોને મોકલો છો? કુંતાજી કહે સહદેવને. દૂધ ખીચડો ખાશે અને દુષ્ટની સાથે યુદ્ધ કરશે.ભીમ કહે, માતા, એ સહદેવનું કામ નહિએ તો મારું કામ.સહદેવ કહે માતાજી,હું જઇશ ભીમ કહે જોસીડા, એ તારું કામ નહિ એ તો અમારાજેવા બહાદુરોનું કામ.અમારી વચમાંપડીશ તો સાર નહિ કાઢે.કુંતાકહે સહદેવને જવા દે. ભીમ કહે માતા તમે પણ ઠીક છો.ખાતી વખત સહદેવ દીકરો અને ઉગારવાની વખત ભીમ. ધર્મરાજા કહે ભીમને જવા દો. સહદેવે ભીમને કહ્યું, તું જાય છે પણ મારો પાડ માનજે કારણ કે મારે જવાનું હતું પણ તારા ઉપર દયા જાણી તને જવા દઉં છું. ભીમ વિચારે કે રાત્રિ ક્યારે પડે એટલે હું લાડુ ખાઉં અને રાક્ષસને મારું, કુંતાજી કહે દીકરા ધીરજ રાખો. એવામાં સૂર્ય મેર બેઠો,ભીમ કહે;માતાજી,બ્રાહ્મણના છોકરાને બોલાવો. કુંતાજીએ બ્રાહ્મણના છોકરાને બોલાવ્યો.ભીમકહે ચાલો મહારાજા,તે રાક્ષસનો મુકામ ક્યાં છે તે બતાવી પાછા પધારજો. બ્રાહ્મણ કહે તમે ગાંડા છો માટે નાસીને પાછા આવો મારા ભોગ મળે; ત્યારે ભીમ કહે ઇશ્વર સાક્ષી છે હું પાસો નહિ આવું. એટલે વિપ્રને વિશ્વાસ પડયો, ને બેઉ જણ ચાલ્યા.

ભીમે પૂછયું,દરવાજામાં મરવાનું લખાય છે કે નહિ? બ્રાહ્મણ બોલ્યો. હા પેલે દરવાજે લખાય છે. ભીમ કહે તમે લખાવીને દરવાજે બહાર પેલો વડ છે. ત્યાં આવજો. આ દરવાજે થઈ હું નીચે બેસીશ ત્યાં જરૂર વહેલા પધારજો.બ્રાહ્મણ નામ લખાવવાદરવાજે ગયો.ભીમ બીજા દરવાજામાંથી વડની નીચે જઇને બેઠો.બ્રાહ્મણે નામ લખાવ્યું અને જ્યાં વડ હતોત્યાંભીમને આવીને મલ્યો. જેમ આંધળો દેખતો થાય અને ખુશી ઉપજે તેવી રીતે બ્રાહ્મણને આનંદ થયો. પછી હળીમળીને બંને રાક્ષસના મુકામ પાસે આવ્યા. બ્રાહ્મણ બોલ્યો રાક્ષસ વન વિશે ફરવાગયોહશે તે પહોર રાત્રિએ પાછોઆવશે. તમે દ્વાર ઉઘાડીને અંદર જજો અને બારણાની પુંઠે બેસી રહેજો. પહોર રાત્રિએ આવી ઓટલે બેસી તમારી પાસે દાતણ પાણી માગશે તેને દાતણ-પાણી આપજો.તે દાતણ પાણી કરી ઘરમાં આવશે, પછી ખોરાકી ખાશે,છેલ્લો તમારી પાસે આવી તમારું એ ભક્ષણ કરશે.ભીમ કહે મારું એ કરશેકે પછીહું એનું કરીશ. બ્રાહ્મણ કહે રાઢ ન કરશો.અની સર્વેને બીક છે,ભીમે કહ્યું ઠીક મહારાજા,આપપધારો. પછી બ્રાહ્મણ ઘેર પાછો ગયો.ભીમ દ્વાર ઉઘાડીનેઅંદર પેઠો, તો જમણે હાથે પાણિયારું છે,ડાબે હાથે રસોડું, સનમુખ સુવાનું, ચીનઇખાનું તથા તળાઇ,ઓશીકાં, હાંડી ગલ્લાસ, ઝુમર આ સર્વે સોઈ જોઇ,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમે વિચાર્યું ધર્મીને ઘેર ધાડ છે કસાઈ ને ઘેર કુશળ. અરે પ્રભુ અમે તને પૂજીએ છીએ એટલે દુઃખ પડે છે અને આ અધર્મી રાક્ષસને સુખ છે, વળી ભીમને વિચાર આવ્યો કે ધર્મો જય અને પાપો ક્ષય માટે સત્ય તરશેઅને અધર્મ બુડશે. પાપીને સુખ ચાર ઘડીનું જ હોય છે, જોને આજ હું એને કર્મ આવ્યો છું. ઘણા પાપ કર્યાં તે પાપનો કુંભ ભરાયો એટલે જ હું આવ્યો. આજ દુષ્ટ આવે એટલે ઠેર મારૂં, એમ કહી ભીમ પલંગમાં સુઇ રહ્યો અને આળોટવા માંડયો,પછી ભીમેવિચાર્યું,હવે પાપી આવતો હશે માટે પરવારીને બેસું,એમ જાણી ભીમ ઊભો થયો અને રસોડામાં પેઠો.સો મણના લાડુ ઠરીને તૈયાર થયા છે.તે જોઈ ભીમઅતિશય ખુશી થવા લાગ્યો. એકેકા હાથમાંવીસવીસ લાડુ લઇ શિવનો જાપ જપતો જાય છે,અને મોઢામાંમૂકતો જોય છે; સો મણનો લાડુ ખાઈગયો, ખીચડું ખાઇ ગયો અને દૂધ ઊભો ઊભો પી ગયો, દારૂનાં માટલાં હતાંતેને ફોડીનાખ્યાં.બકરાંનેછોડી મૂકયાં,પછી ભીમે વિચાર્યું.રાક્ષસ ભુખ્યો આવીને શું ખાશે?તેથી ભીમ મહેલનું કોટડું કુદી તળાવ ઉપર ગયો, કાદવ લાવ્યો અને તેના લાડુ બનાવી ઠારી દીધા. ખીચડાની જગ્યાએ ધુળનું ખીચડું બનાવ્યું અને દૂધની જગ્યાએ લઘુશંકા કરી કડાયું ભર્યું. પછી ભીમે ખાટલાની ઇસ કાઢી તેનાથી હાંડી, ગલ્લાસ, ઘડીયાળ સર્વે ફોડી નાંખ્યાં ગોદડા,ઓશીકાં ભેગા કરી દીવાસળી મૂકીને બાળી નાંખ્યાં.અને બારણાંઠાલાં રાખી કમાડ પર એક પગ મૂકી પોતે સુઈરહ્યો. એવામાં પાપી આવ્યો અને આવીને બારણાંઠેલ્યાં,રાક્ષસ બોલ્યો અલ્યા, સોપારીના કટકા,બારણાં ઉઘાડ.

ભીમે બારણાની વચ્ચે પગ રાખેલો છે તેથી ઉઘડતાં નથી.ભીમઝીણાસ્વરે બોલ્યો,બારણાં સપડાઇ.ગયાં છે,તેથી તમે જોર કરીને ઉઘાડો. એટલે રાક્ષસેજોર કરીને હડસેલ્યાં,ભીમે પગ લઈ લીધો તેવાંજ દ્વાર ઉઘડી ગયાં,તેની સાથે રાક્ષસ પડી ગયો.એવું જ ડાચું કુટાઈ ગયું;રાક્ષસે કહ્યું,અલ્યા સોપારીના કટકા,મને વાગ્યું. ભીમ કહે, ખોટું થયું, રાક્ષસ બેઠો પણ દીવાબત્તી નથી તેથી ચીડાયો અને બોલ્યો, કાલે રાજાની વાત છે,એમકહી મહેલની બહારઓટલાઉપરજઇ બેઠો અનેબૂમ પાડી કે સોપારીના કટકાદાતણ પાણી લાવ,ભીમ તરતઊભોથયો અને દાતણને બદલે આખો બાવળ ખેંચી લાવ્યો અને બાવળ તથા પાણીનો લોટો મૂકયો.રાક્ષસે જોયું તો કાંટા વાગ્યા.એટલે તે વિચાર કરવાલાગ્યો.સોપારીનો કટકો કોઈગાંડો છે, એમ કહી બાવળનું દાતણ કાપી લીધું અને દાતણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કર્યું. પછી રાક્ષસ મહેલમાં ગયો તેવો જ રસોડામાં પેઠો ને બોલ્યો, અલ્યા સોપારીના કટકા, છેલ્લીવારનું ખાવું હોય તો લે ખા. હમણાં તારે મરી જવાનું છે. ભીમ કહે તમે ખાઓ મને ભૂખ નથી. રાક્ષસે લાડુ મોંમાં મૂકયા એટલે તરત થુથુ કરીને કાઢી નાંખ્યા. બીજો લાડુ ચાવવા લાગ્યો તો કરકર આવવા લાગી. રાક્ષસ બોલ્યો. અલ્યા સોપારીના કટકા, આ તો કાદવના લાડુછે, આ તે કેમથયું હશે? ભીમ કહે, તમારું મોં એવું હશે, માટે પાણી લઈને મોં ધુઓ. પાપી મોઢું ધોઈ બીજી વાર ખાવા લાગ્યો, તો પણ કાદવનો કાદવ લાગ્યો. ભીમ કહે લાડુ રહેવા દો. દૂધ પી લ્યો, રાક્ષસ દૂધ પીવા માટે કઢાયા પાસે આવ્યો, મોઢે માંડીને પીવા માંડતાં જ ખારું લાગ્યું, પાપીએ કહ્યું, અલ્યા આ તો પેશાબ છે. ભીમે કહ્યું, એ તો મારો પેશાબ તેં પીધો. પાપીએ જાણ્યું ગાંડીઓ છે. છો ગમે તેમ બોલે પછી દારૂ અને બોકડા માટે ગયો તે પણ દેખાયાં નહિ એટલે રાક્ષસ બોલ્યો, આવ્ય અલ્યા સોપારીના કટકા, આજ તો તને ખાઈને સંતોષ માનું, સવારે રાજાની વાત છે. ભીમ કહે, મને બીક લાગે છે. માટે તમે આ ખૂણે આવો. પાપી ખોળવા લાગ્યો ભીમસેન ત્યાંથી ઊઠીને બીજે ખુણે ગયો, રાક્ષસે જઈને ફાંફાં માર્યાં. અલ્યા કટકા તું કયાં છે? ભીમ બોલ્યો, આ રહ્યો, ત્યારે રાક્ષસ બીજે ખૂણે ગયો. એટલે ભીમ ત્રીજે ખુણે ગયો પાપી ત્રીજે ખુણે ગયો એટલે ભીમ ચોથે ખુણે ગયો. એમ ઘડી સુધી અથડાવ્યા પછી ભીમે વિચાર કર્યો કે કયાં સુધી રમત કર્યા કરવી? એમ જાણી તૈયાર થઈ સામો ગયો એટલે બંને જણાની છાતીએ છાતી હિચકાઈ. ભીમે તેનો હાથ ઝાલ્યો. રાક્ષસે ભીમના હાથનો પંજો જોઈ વિચાર્યું કે આ કોઈ મારા જેવો દેખાય છે. ભીમ બોલ્યો અલ્યા પાપી; તું હંમેશ પાંચ બકરાં તથા એક માણસ મારતો હતો, પણ બિલકુલ દયા નહોતો લાવતો, મૂર્ખ, આજ તારું આયુષ્ય આવી રહ્યું છે. હમણાં તારું મસ્તક છેદી નાંખીશ. લાડુ, ખીચડો દૂધ આવું ઉત્તમ ભોજન મૂકી માણસ તથા બકરાનું ભક્ષણ કરે છે. એમ કહી મોઢા ઉપર સખત તમાચાનો માર માર્યો. આથી બક રાક્ષસ કોપે ચડયો અને ભીમ તથા રાક્ષસ બંને યુદ્ધ કરવા લાગ્યા. ગડદા પાટુનો માર મારે છે, અને બૂમો પાડે છે. દાવપેચથી યુદ્ધ કરી એક એકને સખત માર મારવા લાગ્યા, મહેલમાં દોટા-દોટ કરે છે તેથી મહેલ તૂટી પડયો. બંને નીચે ઊભા ઊભા યુદ્ધ કરે છે. રાક્ષસે જાણ્યું, આ મને જરૂર મારશે. ભીમે દાવપેચ કરી રાક્ષસનો પગ ઝાલ્યો અને તેના ઉપર પોતાનો પગ મૂકી રાક્ષસનો બીજો પગ હાથમાં ઝાલી પાપીને ઊભો

૨૮

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચીરી નાંખ્યો, પછી ભીમસેન શ્વાસ ખાવાને બેઠો. થોડીક વાર પછી શાંત થયો. નગરમાં લોકોએ જાણ્યું, રાજાની કાંઈક ભૂલ થઈ છે તેથી રાક્ષસ ખીજાયો છે. એમ જાણી લોકો કોઈ ટાંકામાં, કોઇ ભોંયરામાં એવી રીતે સંતાઈ ગયા.

ભીમ એક દોરડું લાવ્યો અને બે વળીઓ લાવ્યો પછી બે ચીતાળિયાં ભેગાં કરી રાક્ષસને પહેલો જેવો હતો તેવી રીતે તાણી બાંધ્યો. પછી પેલી વળીઓ બે હાથમાં ઝાલી મડદાનો એક હાથ ઝાલ્યો, ભીમ ઘસડતો ઘસડતો દરવાજા આગળ લાવ્યો. ભીમે મડદાને દરવાજાની વચ્ચો વચ ઉભું કર્યું, બગલમાં બે વળીઓ ઘાલી. પછી ભીમે નાક કાન કાપી લીધાં, તેને પોતાના વસ્ત્રમાં બાંધી સરોવરમાં જઈ સ્નાન કર્યું, નાક કાન લઇ કોટે કૂદીને ભીમ ઘેર ગયો અને પોતાની માતાને જગાડયાં, કુંતાજીએ દોટ મૂકીને કમાડ ઉઘાડયાં ભીમે કહ્યું; જાઓમાજીપડોશણમાંથીબ્રાહ્મણનાછોકરાનેબોલાવો ત્યારે કુંતાએબ્રાહ્મણનાછોકરાને બોલાવ્યો, બ્રાહ્મણનો છોકરોભીમ પાસે આવ્યો, ને ભીમનેબ્રાહ્મણના પુત્રે પૂછયું, કેમપાછા આવ્યા! રાજા મને ને મારાંમાબાપને વહાણામાં મારી નાંખશે. ભીમ કહે મારશે શું, એ રાક્ષસને મેં મારી નાંખ્યો, બ્રાહ્મણ કહે, સાચુ નહોય; રાક્ષસ તો મહાબળવાન છે, ભીમ કહે, આ રાક્ષસનાં નાક ને કાન જો. બ્રાહ્મણને સત્ય લાગ્યું, બ્રાહ્મણે કહ્યું, આપ કોણ છો! ભીમે કહ્યુ કોઈને વાતકરશો નહિ. હસ્તિનાપુરઅમારું ગામ, આ મારી કુંતામાતા છે. અને આ મારા ચાર ભાઇ છે. અમે ક્ષત્રીય છીએ બ્રાહ્મણ કહે, ત્યારે તમારું નામ ભીમસેન હશે ? ભીમ કહેહા. વળી બ્રાહ્મણનેકહ્યું, પાપીને દરવાજાની વચ્ચે અદ્ધરગોઠવેલો છે. તેથી સવારમાં દરવાજો ઉઘાડતાં મડદુ હેઠું પડશે, તેથી રાજાને ખબર પડશે એટલે તમને તેડવા મોકલશે તે વખત આ નાક કાન લઈ જજો અને પૂછે તો કહેજો કે મેં માર્યો. બ્રાહ્મણ કહે, રાજા કહેશે તેં માર્યો હોય તો રાક્ષસને મારા સુધી ખેંચી લાવ તો શું કરું ? ભીમ કહે એમપૂછે તો કહેજે મારા ચાર ભાઈનેરાક્ષસે મારી નાખ્યા તેથી હું એક ઋષિની પાસે ગયો. તેમણે મને વરદાન આપ્યુ કેતારો વારો આવે એટલે તું જજે અને તું તથા રાક્ષસ બંને લઢો તે વખત રાક્ષસ કરતાં તારામાં ઘણું બળ આવશે પણ એક ઘડી સુધી બળ રહેશે. થોડા વખત પછી હતો તેવો ને તેવો થઇશ માટે મારામાં બળ નથી એમ કહેજો. બ્રાહ્મણ કહે, હું તમને અત્યારે જવા દેનાર નથી, ભીમકહે, અમારે છાનારહેવાનું છે માટે જો રહીએ તો વિઘ્ન થાય.

ભીમેમાતા, ભાઈઓને કહ્યું, ચાલો અહીંથી જઈએ. જો રહીશું તોજાહેર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પડી જઇશું. એમકહીસર્વને ઉંચકી ભીમ અંધારી રાત હમહમબોલવા લાગી છે, તરસ લાગી, કુંતા કહે બેટા, મનેપાણી પા. પડતું તો પણ તરસ લાગી? કુંતા કહે, ભીમે સર્વને નીચે ઉતાર્યાને પાસે માટીનો ગયો, એક ટેકરા ઉંપર ઉભા રહી જ્યાં પક્ષી બોલતાં હોય ત્યાં પાણી હોય મોટું સરોવર દીઠું તેની કિનારે ભીમ હજારઅપ્સરાઓ સાથેતેસરોવરમાં ક્રિડા ભગભગ શબ્દ થયો તે સાંભળ્યો. કર્યો. તે ટંકાર સાંભળી ભીમસેન ભાઈઓ પાસે આવ્યો. ધર્મે કહ્યું કેમ હતો તેવામાં કોઈસરોવરના રખવાળે મને ઠેર મારત, અર્જુન કહે, ચાલ્ય કહે, આગળ થા, અર્જુન આગળ

ભીમ કહે હું ઝાડને ઓથે ઉભો નજી પાણી ભરવા ગયો ને કિનારે સરોવરનો કેવો રખવાળ છે કે ને ફરી ભર્યો એટલે ગાંધર્વ બહાર જાણ્યું નિશ્ચય મને વગાડી બેસશે. રની આસપાસ વાયુનો દાટ કર્યો, અર્જુનના પાસે વાયુમાં ખળાઈ ગયું અર્જુનની પાસે ધનુષ્ય નહોતું પણ મંત્ર ભણી ફેંકયું એટલે તે બાણને એટલે ગાંધર્વે અપ્સરાઓને કહ્યું, છોડાવી આવું છું. ત્યારે અપ્સરાઓ રહી. પછી ગાંધર્વ અર્જુનના ભણી કોણે મને બાંધ્યો છે! ભીમે અને ગાંધર્વને ડોકથી પકડી

રાતોરાતકોટકૂદીનગરબહાર ચાલ્યો. ભીમ ચાલ્યો જાય છેએવામા કુંતાને ભીમ કહે મા તમારે ચાલવું નથી પાણીલાવોનહિતોમારોજીવજશે.ત્યારે ઘડો હતો તે લઈભીમપાણી ભરવા પક્ષીઓના સ્વર સાંભળ્યા, પછી વિચાર્યું એમ જાણીભીમ ઘડો લઈ ત્યાંગયો. ત્યાં પાણી ભરે છે એવામાં એક ગાંધર્વ કરતો હતો, તેણે ઘડામાં પાણી ભરતાં ત્યારેગાંધર્વે બહારનીકળી ધનુષનો ટંકાર ઘડો મૂકી જીવ લઈને નાહો અને પોતાના આવ્યો? ભીમ કહે, હું પાણીભરતો ધનુષનો ટંકાર કર્યો.જોહું નાહો નહોત તો તારી સાથે હું આવું ને ઘડો લાવું, ભીમ ચાલ્યો. ભીમ તેની પાછળ જાય છે. રહું છું તું પાણી ભરી લાવ. અર્જુ- જઈ વિચાર કરે છે, જોઉં તો ખરો પાણીભરવા દેતો નથી. એમજાણીઘડો ઠાલવ્યો નીકળ્યો ને ફરી ટંકાર કર્યો. અર્જુને એમ જાણી વાયુનો મંત્ર ભણીપોતાનાશરી- એવામા અંગારક ગાંધર્વે બાણ નાંખ્યું તે તે બાણ અર્જુને હાથમાં પકડી લીધું. વાયુનો મંત્ર ભણી તેના ઉપર નાગપાસ વાયુદેવે ગાંધર્વ પાસે લઈ જઈ નાંખ્યું, તમે સ્વર્ગમાં જાઓ, હું મારા હાથ વૈમાનમાં બેસી અંતરિક્ષમાંજઈ ઉભી રડતો રડતો ચાલ્યો, ને કહેતો જાય છેકે જાણ્યું, અર્જુને બાંધ્યો છે એટલે તે દોડ્યો નીચે નાખી ગડદા પાટુથી માર મારવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માંડયો. અર્જુનકહે, મોટાભાઇ, મારશો નહિ, હશે જવા દો. તો પણ ભીમ તો ઢીંચણ કોણીથી અતિશય માર મારે છે,અર્જુન કહે એને હાથ અડાડો તો મારા સોગન છે. ત્યારે ભીમે હાથ બંધ રાખી પગથી મારવા માંડયો. અર્જુન કહે, તમે પગથી મારો તો ધર્મ રાજાની આણ છે. ત્યારે ભીમ વૃક્ષથી મારવા માંડયો,ત્યારે અર્જુન કહે સોગન વૃથા છે તમને ફાવે તેટલા મારો. ભીમ કહે લે હવે નહિ મારૂં.પછી અર્જુનને,કહ્યું,આને આપણા મોટાભાઈપાસે લઈજઇએ ત્યારે ગાંધર્વે વિચાર કર્યોકે આતો નિર્દય છે તો તેનાથી મોટાભાઇ વળી કેવો નિર્દય હશે, તેથી ગાંધર્વે કહ્યું, ભાઈ, મને જવા દો હું તમારા મોટા ભાઈની પાસે નહિ આવું.હું તમને અક્ષય ભાથો,ગાજેવનામા ધનુષ્ય અને અભંગરથ આપું. અર્જુનજી કહે ધર્મરાજા પાસે તો લઈ જવો. ગાંધર્વને ધર્મરાજા પાસે લઈ ગયા. ધર્મ કહે, આ બિચારાને કેમ લાવ્યા ? એમ કહી ધર્મે તેના હાથ છોડી નાંખ્યા.અર્જુને કુંતાને પાણી પાયું એટલે બેશુદ્ધ થયેલાં કુંતાજી શુદ્ધિમાં આવ્યાં, ધર્મરાજાએ કહ્યું, તમારી ટેવ સુધારજો, તમે સરોવરમાં પાણી પીવા નથી દેતાં તે ઘણું ખોટું કરો છો માટે આજ પછી તમારે સરોવરમાં રહેવું નહિ. એમ કહી ગાંધર્વને વિદાય કર્યો,ગાંધર્વચાલ્યો એટલે ભીમે ઝાલ્યો. ગાંધર્વ કહે શું કામ મને ઝાલો છો?ભીમ કહે,પેલી ત્રણ ચીજો આપે તો જીવતો મૂકું નહિતો મારી નાખું. ગાંધર્વ કહે આપીશ. ભીમ કહે, ના અર્જુનને કહેતો જા કે તમે જ્યારે માગશો ત્યારે આપીશ. ગાંધર્વે અર્જુનને કહ્યું, મહારાજા મારું નામ અંગારક ગાંધર્વ કહીને યાદ કરશો એટલે ત્રણ ચીજો આપીશ. ગમે તે વખત માગશો ત્યાં હું હાજર કરીશ એમ વચન આપી ચાલ્યો ગયો, પછી ભીમ કુંતાજી તથા ચારે ભાઇઓને ઉચકી ચાલ્યો. એટલામાં વાણું વાયું, ઋષિ લોકોને આશ્રમ આવ્યો,બ્રાહ્મણ ત્યાં વેદાભ્યાસ કરે છે. સહદેવ કહે,ભીમસેન ભાઈ, અહીં ઉતારો, કુંતાજી કહે બેટા આ સ્થળ સારું છે. અહીં નિત્ય બ્રાહ્મણનાં દર્શન તથા સેવા થશે,અને ભગવાન ભજાશે. વહાણામાં ઋષિના આશ્રમમાં જઇશું, ભીમે બધાંને ઉતાર્યાં એવામાં એકચક્રામાં શું થયું તે શ્રોતાજન શ્રવણ કરો.

રાક્ષસ વાળો દરવાજો ઉઘડયો કે તરતજમડદુ નીચું પડયું તેજોતાં જ નગ્રના લોક નાસાનાસ કરવા લાગ્યા.રાજા ભોંયરામાં પેસી ગયા, કેટલાક ટાંકામાં પેસી ગયા, દરવાન સંતાઈ ગયા. એવામાં એક જમાદારે છેટેથી દરવાજામાંજેયું તો પાપીને મુવેલો દીઠોતેથીહિમ્મત રાખી તલવારઉઘાડીપોથીનોરંગ ચડાવીલાલ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરીરાજાનાભોંયરામાં પાસે આવ્યો નેકહ્યું,મહારાજ. મેંને રાક્ષસકા નાશકીયા હે,રાજા કહે,જા જા મૂર્ખા,તું શું મારે? જમાદાર બોલ્યો મેરી તલવાર દેખ લો, ત્યારે રાજાએ સાચું માન્યું અને ભોંયરામાંથી બહાર નીકળ્યો અને હથિયારો સહિત હજાર સેવક લઈ રાજા દરવાજે આવ્યો, દરવાજાની પાસે પથાણા પાથરી સર્વે જણ બેઠા ગામના લોક તમામે જોવા આવ્યા છે. રાજાએ કહ્યું. શાબાશ જમાદાર તેં પાપીને મારી નાંખ્યો અને આખા ગામનું હળદર કાઢી નાખ્યું.જમાદાર કહે મહારાજ હમકું સરપાવ દો.ત્યારે રાજાએ સોનાના સાંકળાં તથા દ્રવ્ય આપ્યું,દરમાયો વધાર્યો અને કહ્યું તમારે બેઠા બેઠા ખાવું, જમાદાર અત્યંત આનંદ પામ્યો, એવામાં પ્રધાન આવ્યો તેમણે પૂછયું કે રાક્ષસને કોણે માર્યો? રાજા કહે,જમાદારે.પ્રધાને વિચાર્યું કે જમાદાર મારે તેવું લાગતું નથી, એમ-જાણી જમાદારને બોલાવ્યા ને કહ્યું.કેમ જમાદાર રાક્ષસને કોણે માર્યો?જમાદાર કહેવા લાગ્યો, સાહેબ મેને મારા. ત્યારે પ્રધાન કહે,જમાદાર એ મડદાને ખેંચીને અહીયાં લાવો.જમાદાર કહે સાહેબ અબી લાતા હું.એમ કહી મડદા પાસે ગયો,એટલે મડદાની મૂછો હાલી જમાદાર તરત નાસી ગયો, અને બૂમ પાડી કે આય બાપલીઆ સાલા જીતા હે. એટલે પ્રધાને જમાદારને તમાચા મારી સરપાવ છીનવી લીધો ને કહ્યું,સાચું બોલ રાક્ષસને કોણે માર્યો? ત્યારે જમાદારે કહ્યું, સાહેબ ખુદા જાને, મેં નહિ જાનતા. ત્યારે પ્રધાને દરવાજાએ નામ કઢાવ્યું. તો બ્રાહ્મણના છોકરાનો વારો હતો. પ્રધાને તુરત સુખપાલ મોકલી સેવકોને કહ્યું,બ્રાહ્મણને સુખપાલમાં બેસાડી અહીં લાવો. સેવકો ચાલ્યા. બ્રાહ્મણને જઈને સેવકોએ કહ્યું,રાજા તમને તેડાવે છે. તેથી બ્રાહ્મણ ઘણો ખુશી થયો અને સુખપાલમાં બેસી સભામાં ગયો. સર્વે સભા બ્રાહ્મણને પગે લાગી ને સત્કાર કર્યો, પછી પ્રધાને પૂછયું,મહારાજ, રાક્ષસને તમે માર્યો ? બ્રાહ્મણ કહે, ઋષિના વરદાન વડે કરીને મેં બક રાક્ષસને મારી નાંખ્યો છે, ઋષિએ કહ્યું હતું કે તારા ચાર ભાઇનું રક્ષણ ભક્ષણ કરી ગયો છે. માટે તારો વારો આવે ત્યારે તું જજે અને રાક્ષસને ભેગો થઇશ એટલે તારામાં રાક્ષસ કરતાં દશગણું બળ આવશે તે બળ સવાપહોર સુધી રહેશે અને રાક્ષસ તારા હાથે મરશે. એમ કહી પોતાની પાસે નાક કાનની પોટલી હતી તે છોડીને આપી.સર્વને સત્ય લાગ્યું. પ્રધાને રાજાને કહ્યું,ફરી આવો યોગ નહિ આવે. એને આપતાં પાછા પડશો ભોગ તમારા.દક્ષણાવંતી શંખ અને તે દૂધે ભર્યો. રાજા કહે તમો કહો તે આપું. પ્રધાને કહ્યું, આપણી પુત્રી કુંવારીછે તેનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કન્યાદાન દો.રાજાએ તુરત પુત્રીને પરણાવી પોતાનું અડધું રાજ આપ્યું.

બ્રાહ્મણે નિયમ કર્યો, એક વરસ સુધી રાજ્યની ઊપજ મારે ખાવી નહિ ને બ્રહ્મભોજન કરાવવું. એ બધું પુન્ય પાંડવને હજો. આવાં પુણ્ય પાંડવો કરે છે અને ભગવાનનું ભજન કરેછે, તેથી પ્રભુ તેમના ઉપર રાજીરહેછે, ધન્યછે, કુંતાજી સતીના પુત્રોને, ધર્મનો નાશ કરનારા અને ધર્મને પાળનારાઆવા બળવાળા પુરુષો કવચિત હશે ? પછી પાંડવો મઠમાં જવા તૈયાર થયા. ધૂમ્રઋષિના આશ્રમમાં હજાર વિદ્યાર્થીઓ ભણે છે, ત્યાં જઇને પાંડવ પગે લાગ્યાં. એટલે ઋષિ બોલ્યા, તમે કોણ છો? ભીમ કહે હાલ અમારી કડવા કાપડીની નાત છે, ઘર, ગામ કે વિશ્રામ કોઇ જગોએ મળતો નથી તેથી વનમાં ફર્યા કરીએ છીએ. બ્રાહ્મણો બોલ્યા, તમેનીચ થઇને મઠમાં કેમ પેઠા?જાઓ બહારનીકળો. પાંડવોએ જાણ્યું શ્રાપ દેશે તેથી તરત બહાર નીકળ્યાંઅને થોડેક દૂર ઝૂંપડી બાંધી તેમાં રહ્યાં, કુંતાજી કહે અહીં આવ્યાં તે સારું કર્યું, કારણ કે બ્રાહ્મણોની વાણી સાંભળીને પવિત્ર થઇશું અને આઘેથી દર્શન કરીશું. પાંડવો ફળાહારકરીનેરહે છે, એવામાં દસ દિવસ થયા, એટલે ધર્મરાજા બોલ્યા, બ્રાહ્મણ આપણી સેવા ઇચ્છે એવો શો ઉપાય કરીએ ! ભીમ કહે ઋષિને મારૂં એટલે હા કરશે. ધર્મ કહે એ શું બોલ્યો ! બોલીને પાપમાંપડયો. ભીમ કહે, અવગુણ કરનારસાથેએવું કરતાં પાપ શું!ધર્મ કહે, હું કહું છું તે તું સાંભળ, ઓખર કરે, લાત મારે, શીંગડું મારે પણ પૂજન ગાયનું જ થાય. ગધેડી ગંગા જળે નહાય, ઓખર નકરે, લાત ન મારે બચકું ન ભરે અને ગમે તો ઘડો ભરી દૂધ દે તો પણ તેનું પૂજનથાય નહિ. ગાય જરા પણ દૂધ ન દેતી હોય પણ તેનું પૂજન કરવું એ યોગ્ય છે. કોટીક અવગુણ હોય પણ બ્રાહ્મણ- તે બ્રાહ્મણ. અને અન્ય વરણ ગમે તેવી શુભ ગુણી હોય પણ સેવા કરવા યોગ્ય નથી, જેમ જનેતા જારકરમી હોય તે પણ માતા કહેવાય છે અને સ્ત્રી સતી હોય પણ તેનેકોઈમા કહેતું નથી. ભીમ કહે મોટા ભાઈ, મારે એક પ્રશ્ન પૂછવો છે, ધર્મ કહે, ભાઈ. વૃકોદર કહે છે કે ભાઈ બ્રાહ્મણ મોટા છે એવું શાથી જાણ્યું ! બ્રાહ્મણની ને આપણી કાયા પંચભૂતની છે, અવયવો પણ એક જ છે, એમ કરણ, ચરણ, ચક્ષુ, મુખ, નાસિકા, હસ્ત ક્ષુધા, પીપાસા, નિદ્રા, આળસ, લઘુશંકા, દસ્ત આ સર્વે છે અને આપણને પણ તે જ છે, આપણને ઉપવીત છે તેવી તેમને છે. એમાંફેર શો?ધર્મ કહે જનેતામાં તથા નારીમાં ફેર શો છે ! ભીમ-કહે જનેતા તે જનેતા અને નારી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે તો નારીજ છે. ધર્મ કહે ત્યારે તેવો ફેર આ છે, ભીમ કહે ખરી વાતછે. મોટા ભાઇ આજથી બ્રાહ્મણ મારે માથાના મુગટછે, હું એમને ખુશીકરીશ. કહી ભીમ ગંગા ઉંપર નહાવા ચાલ્યો,જ્યાં બ્રાહ્મણ સ્નાન કરે છે ત્યાં આવીનેઊભો રહ્યો ને સારી સારી કસરતો તથા દંડ પીલવા લાગ્યો. આખા શરીરને વાળી નાંખી ચોરાસી જાતનાં આસન વાળ્યાં, તેથી બ્રાહ્મણો અતિશય ખુશ થયા.ભીમ કહે. મહારાજ તમે તો ખુશી થયા પણ હું ખુશી ન થયો. બ્રાહ્મણો બોલ્યા. કેમ ? ભીમ કહે, ઋષિ પાસે એટલી આજ્ઞા કરાવો કે મઠમાં અમને આવવા દે અને સઘળી સેવા કરવા દે. વિદ્યાર્થી કહે આજ તમે આવજો, અમે ઋષિને સમજાવીશું. ભીમ સ્નાન કરીને પોતાની ઝુંપડીએ ગયો. ભાઇઓને કહેવા લાગ્યો, આજ ચાલો ઋષિના આશ્રમે જઇએ. એમ કહી ઋષિના મઠમાં ગયાં. એટલે ઋષિ બોલ્યા, કેમ આવ્યા ? વિદ્યાર્થી બોલ્યા મહારાજ એ તો ઊંચ જાતીના જેવા છે. તે લોકોની રીતિ સારી છે બિલકુલ વિકાર બુદ્ધિ નથી, માટે તેમને એક કોરાણે બેસવા દો. ત્યારે ઋષિ કહે બેસો. પછી માતા તથાભાઇઓ બ્રાહ્મણોને પગે પડયા અને કોરાણે જઇને બેઠા, એમ કરતાં કરતાં થોડા દિવસ ગયા એટલે ધર્મ બોલ્યા, આશ્રમમાં બેસવાનું તો ઠર્યું પણ બ્રાહ્મણોની સેવા થાય ત્યારે આનંદ આવે. બીજે દિવસે વિદ્યાર્થીઓ નાહવા ગયા એટલે ભીમ સાથે ગયો,અને ત્યાં કસરત કરી તથા દંડ પીલ્યા તેથી વિદ્યાર્થીઓ ઘણા પ્રસન્ન થયા, ભીમે કહ્યું, મહારાજ આપની અમારે સેવા કરવી છે માટે ઋષિ પાસે આજ્ઞા અપાવો તો બહુ સારું. વિદ્યાર્થીઓ કહે, અમે ઋષિ મહારાજાને આજે સમજાવીશું વિદ્યાર્થીઓ પછી પોતાના આશ્રમે આવ્યા;ભીમમાતાતથાભાઈઓને મળ્યો, ધર્મ કહે ભીમસેન સેવા માટે કેમકર્યું ? ભીમ કહે,ચાલો આપણે ત્યાં જઇએ. પછી માતા,ભાઇઓ ઋષિને આશ્રમેગયાં, વિદ્યાર્થીઓએ ઋષિને કહ્યું, મહારાજા આ ઉત્તમ વર્ણના જેવા છે માટે તેમને સેવા કરવાની રજા આપો.એવામાંધર્મરાજાએઋષિને પ્રશ્નોપૂછયા,સિદ્ધાંતમાં,સિદ્ધાંત,એવા ઉત્તમ પ્રશ્નો સાંભળી ઋષિ ખુશી થયા અને સેવા કરવાની આજ્ઞા આપી. પછી ભીમ નિત્યે ચંદન ઘસે છે. સહદેવ, અર્જુન, નીકુળ ફુલ લાવે છે અને ઋષિ તથા વિદ્યાર્થીઓની સેવા રૂડે પ્રકારે કરે છે,ચારે ભાઈઓ બ્રાહ્મણોના ચરણ ચાંપેછે, ધર્મ કહે ધન્ય આપણા ભાગ્ય કે બ્રાહ્મણની સેવા કરવાની મળે છે, બ્રાહ્મણો જમે છે અને એંઠું વધે છે તે પાંડવો પાછળથી પ્રસાદી જમીને આનંદ પામે છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મચ્છવેધ

વિશ્રામ એકવીસમો

એ કથા રહી એટલે, સુણો શ્રોતા જન;
મચ્છવેધ મહિમા કહું, વલ્લભ વદે વચન.

હવે વૈશમપાયઋષિજનમેજયપ્રત્યેકહેછે, જનમેજયરાજા, પાંડવો પંચાળી દ્રૌપદીને પરણ્યા તે કથા કહું છું તે તું સાંભળ. એમ કહી પોતે કહેવા લાગ્યા.

પંચાળ દેશનો દ્રુપદ રાજા છે તેને એક છોકરો છે પણ પુત્રી નથી તેથી તેણે બ્રાહ્મણોને બોલાવી યજ્ઞનો આરંભ કરવાનો નિશ્ચય કર્યો, ને રાજાને ઘેર પુત્ર તથા પુત્રી કયાંથી અવતર્યાં તે તને કહું છું.

એક દિવસ બ્રહ્મપુરીમાં બ્રહ્મા વેદ ભણતા હતા તે સમે અચાનક મહાદેવ ત્યાં આવી ચડયા. મહાદેવજીબ્રહ્માના મુખના વેદ સાંભળીખુશીથયા. બ્રહ્માજીમુખથી વેદ ભણે છે પણ પાંચમા મુખથી ભુ ભુ એવો શબ્દ થાય છે. તેથી શંકરને ક્રોધ ચડયો. ને ત્રિશૂળ મારી બ્રહ્માનું પાંચમું મસ્તક છેદી નાંખ્યું. એટલે બ્રહ્મહત્યા લાગી તેથી શિવ સ્વરૂપ શામ થયું. શિવજી બહુપસ્તાયાઅનેબ્રહ્માનેપગેલાગ્યા. બ્રહ્માને કહ્યું, હું તામસી છું તેથી મેં આપનું મસ્તક છેદ્યું માટે મને પાપ લાગ્યું તેથી તે પાપ નિવારણ કરો. બ્રહ્મા કહે, ચાલો વિષ્ણુ પાસે જઇએ. એમ કહી બંને વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ પૂછયું, શિવજી! કેમ શ્યામ થયા છો? શિવ કહે બ્રહ્માનું મસ્તક છેદવાથી મને પાપ લાગ્યું છે, માટે બ્રહ્મહત્યાનું પાપ નિવારણ કરો. વિષ્ણુએ બે હાથ જોડી હત્યાને કહ્યું. તું શિવને મૂકી દે. તું જે કહે તે દંડ આપું. ત્યારે હત્યા કહે દંડમાં અઢાર ક્ષૌણી સૈન્ય ભક્ષણ આપો. વિષ્ણુએ કહ્યું, તે મારે કબૂલ છે. કૃષ્ણાવતાર ધારણકરીશ ત્યારે તને ભક્ષઆપીશ, એટલેહત્યા ખસી ગઈ પછી શિવજી તથા બ્રહ્મા આજ્ઞાલઇને ઊઠયા. તે પછી કૃષ્ણાવતાર થયો. હત્યા મેધાવી ઋષિને ઘેર દીકરી થઇને અવતરી. મેધાવી ઋષિ અરણ્યમાં રહેતા તેમને શાંતા નામની સ્ત્રી હતી. તેને પેટે પુત્રી આવી તેનું નામ ગુણસુંદરી પડયું. તે પુત્રી ઘણી સ્વરૂપવાન હતી. પુત્રી નવ વરસની થઈ એટલે ઋષિએ પરણાવવાનો નિશ્ચય કર્યો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવામાં તેની માતા મરી ગઈ પછી પુત્રી પિતાજીની સેવા કરવા લાગી. ઋષિ ઘરડા થયા એટલે વિચાર્યું કે મારી પુત્રીનું લગ્ન કરવું જ જોઇએ, કારણ કે મારે મરવાનું નજીક આવ્યું છે. એમ ધારી ઋષિ વર શોધવા નીકળ્યા. દૈવ ઈચ્છાએ રસ્તામાં જતાં જતાં ઋષિ મરણ પામ્યા. દીકરીએ પોતાના પિતાનું મૃત્યુ સાંભળ્યું તેથી અતિશય કલ્પાંત માંડયું. દુર્વાસા મુનિ ત્યાં આવી પહોંચ્યા અને પુત્રીને શાંત પમાડી, ગુણસુંદરી પછી શાંત પામી વૈરાગ જેવું મન કર્યું. પિતાજીનાં પાનાં પુસ્તક બ્રાહ્મણોને આપી દીધાં, વાસણ તથા વસ્ત્રો આપી દીધાં. પછી તે પુત્રીએ ડાબા પગના અંગૂઠા ઉપર આખા શરીરનો ભાર રાખી શિવનું તપ કર્યું. શિવ પ્રસન્ન થયા અને દર્શન આપ્યાં, શિવે કહ્યું, તારું તપ દેખી પ્રસન્ન થયો છું. માટે માગમાગ જે માગે તે આપું. પુત્રીએ ભરથાર આપો ભરથાર આપો એમ પાંચ વખત કહ્યું. શિવે કહ્યું તું પાંચ વાર બોલી માટે તારે પાંચ પતિ થશે. પુત્રી કહે એક નરને ઘણી સ્ત્રીઓ હોય પણ નારીને તો એકજ પતિ હોય, માટે મારે પાંચ પતિ નથી જોઇતા. શિવે કહ્યું. આ દેહનો ત્યાગ કર પછી બીજે અવતાર પામીશ. પુત્રીએ ચિતા ખડકાવી અંદર પોતાનો દેહ બાળી નાંખ્યો. બીજે અવતારે ગાય થઇ. એક દિવસ એવું બન્યું, તે ગાયની પુંઠે પાંચ આખલા પડયા. ગાય આગળ દોડે છે, અને આખલા પાછળ દોડે છે. એવામાં શિવનું દેવળ નજીક આવ્યું, ત્યાં પાર્વતી ઊભાં હતાં, પાર્વતીને ગાયની પુંઠે પાંચ આખલા જોઈ હસવું આવ્યું અને પાર્વતી બોલ્યાં, હે ગાય, તારામાં એવો શોગુણ છે કે પાંચે આખલા તારી પાછળ દોડે છે ? ગાયે કહ્યું, તું મારી માતૃશ્રી તુલ્ય છે, છતાં મને હસી માટે તારે પણ પાંચ પતિ થજો. એમ શ્રાપ દઈ ગાયે દેહ મૂકયો. પાર્વતી ચેતી ગયાં અને તરત તેનો અંશ ગળી ગયાં. અંશ ગળીને શિવજીને કહેવા લાગ્યાં, હું તો શ્રાપ પામી છું, માટે શ્રાપ પ્રમાણે મારે પાંચ પતિ કરવા જોઈએ. શિવે કહ્યું, મારા પાંચ રૂપ તે પાંચ સ્વામી જાણો. પાર્વતી કહે, ના એમ ચાલે નહિ. શિવ કહે, તમે ગાયનો અંશ ગાળ્યો તેની કન્યા બનાવો અને હું વીર બળીઓ બનાવું. એ બંને ભાઈ બેનનું જોડું થશે તેને રથ વિષે બીરાજમાન કરી દ્રુપદરાજાને ત્યાં યજ્ઞ થાય છે, તેમાંથી પ્રગટ કરો. ઊમીઆએ તે અંશની પુત્રી બનાવી અને થોડું પોતાનું તેજ મૂકયું, તેથી ઘણી જ સ્વરૂપવાન પુત્રી બની. વિષ્ણુ પણ આશ્ચર્ય પામે તેવી કન્યા બની. સહુ દેવે પૃથ્વીનો ભાર ઉતારવા માટે અવતાર ધારણ કર્યા હતા, પણ અગ્નિ નહોતો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અવતર્યો તેથી શિવજીએ અગ્નિને કહ્યું, અવતાર લે, આ કન્યાની જોડે જા અને તું દ્રુપદરાજાનો પુત્ર થા. અગ્નિએ પાંચ વરસનું રૂપ લીધું અને કન્યા પણ પાંચ વરસની છે. તે બેઉને મહાદેવજીએ રથ આપ્યો, તેને કુંવર હાંકવા બેઠો અને કુંવરી રથમાં બેઠી. તેવામાં પંચાળ દેશના યજ્ઞ વિશે બ્રાહ્મણો હોમ કરવા માટે છેલ્લુ નાળીએર અંદર નાંખે છે, તે વેળા રથ કુંડમાંથી નીકળ્યો, તેમાં તેજસ્વી કન્યાને જોઈ રાજા તથા બ્રાહ્મણો આનંદ પામ્યા. સર્વે જણ નમસ્કાર કરવા લાગ્યા. બ્રાહ્મણો દક્ષણા લઈ વિદાય થયા. પછી રાજાએ બંને ભાઈ બેનને ખોળામાં બેસાડયાં, બંનેને પૂછયું કે તમારે કયાં રહેવું છે? કુંવર કહે, મારે તમારા ઘરમાં રહેવું છે. કુંવરીએ જવાબ આપ્યો, મને બાગમાં મકાન આપો હું ત્યાં રહીશ, એટલે રાજાએ બાગમાં રાખી. કુંવરનું નામ ધૃષ્ટદ્યુમ્ન અને કુંવરીનું નામ દ્રૌપદી પાડયું. દ્રૌપદીને રાજાએ હજાર દાસીઓ આપી. રાજા બંનેને લાડ લડાવે છે, દ્રૌપદી માટે હમેશ મેવા મોકલે છે, એવામાં નારદઋષિ આવ્યા ને રાજા પ્રત્યે કહેવા લાગ્યા, તારી પુત્રી જગત-અંબા છે. માટે મારે તેના દર્શન કરવાં છે. આ સાંભળી દ્રુપદરાજા બોલ્યા, અરે મહારાજ, તમે સાક્ષાત્ ઈશ્વર છો તમારે દર્શન શા? મારી પુત્રી તમારાથી મોટી કેવી કે તમે તેના દર્શન ઇચ્છા છો ? નારદ કહે. રાજા તેને પુત્રી ભાવે ન ગણીશ. તે તો જગત અંબા છે, રાજાએ તુરત દ્રૌપદીને બોલાવી. નારદજી પગે લાગી અંતર્ધ્યાન થઇ ગયા. બીજે દિવસે, વેદવ્યાસજી પધાર્યા. રાજાએ આસન આપ્યું, અને રૂડી પ્રકારે સેવા પૂજન કર્યું. રાજાએ પૂછયું, દાસને શી આજ્ઞા છે? વ્યાસજી કહે, તારી પુત્રીને તેડાવ મારે તેનાં દર્શન કરવાં છે. રાજા કહે, મારી પુત્રીનાં દર્શન શાં? વ્યાસજી કહે, તું પુત્રી ભાવે માનીશ તો ખપ્પરમાં ભરાઈશ. એને ખપ્પર જોગણી જગદંબા માનજે સાંભળી રાજાએ દ્રૌપદીને તેડાવી.

દ્રૌપદી આવી એટલે વ્યાસજી પગે લાગ્યા. દ્રૌપદી વ્યાસજીને પગે લાગી પોતાને મકાને ચાલી ગઈ. વ્યાસજીએ રાજાને પૂછયું, આ પુત્રીને કયાં પરણાવવી છે? રાજા કહે. હું તે જ વિચારમાં છું. કોઈ કુળવંતો, રૂપવંતો, ધનવંતો મળી, આવશે તેની સાથે પરણાવીશ. વ્યાસજી કહે, કુળવંત શાથી જાણવો? રાજા કહે, મને તે વાતની ખબર નથી. વ્યાસજી કહે, વિદ્યા હોય, વિવેક હોય, દીનતા હોય, દયા હોય અને મુખથી ઉત્તમ ઉચ્ચાર નીકળે તેને કુળવાન જાણવો. એવો પુરુષ જોયા વિના કન્યાદાન દેશો નહિ, અને જો દેશો તો ખપ્પરમાં ભરાશો. રાજા કહે, મહારાજ, ત્યારે મને તેનો ઉપાય બતાવો, વ્યાસજી કહે, જે પુરુષ મચ્છવેધને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરે તેને જ કુળવાન જાણજે. તારી દ્રૌપદી તેને પરણાવજે. દ્રુપદરાજા વ્યાસજીને પૂછવા લાગ્યો, મહારાજ, મચ્છવેધન કેવી રીતે કરવો તે મને બતાવો. વ્યાસજી કહે, તારે ઘેર વિશ્વકર્માને બોલાવજે એટલે તને મચ્છવેધ રચી આપશે. પછી દેશાવર પત્ર લખજે અને સઘળા રાજાઓ, ઋષિઓ, યાદવો સર્વેને સભામાં તેડાવજે. સર્વે ઉત્તર, દક્ષિણ, પૂર્વ દિશાએ બેસે અને પશ્ચિમે મહેલમાં તારી પુત્રી બેસશે. સભામાં જળકુંડ કરજો તેમાં કાષ્ટનો બાર ગાઉ ઊંચો એક સ્થંભ ઊભો કરજો, તેનો છેવટનો ભાગ સોય સરખો બનાવજો અને તેના ઉપર સવામણ સોનાનું મચ્છ મૂકજો. તે થાંભલાને અડધે ભાગે આડા ખીલાને ત્રાંસ તથા સોનાની સાંકળે બે ત્રાજવાં મૂકજો. જળકુંડાળે સ્થંભે જવા માટે બે પાટિયાં મૂકી દેવાં. ચઢનારો ચઢી જાય એટલે તે પાટિયાં ખેંચી લેવાં. એ પ્રકારની રચના થવી જોઇએ.

સર્વ સભા બેઠી હોય તે વેળા તારે ઊભા થઇને બોલવું, મારી વાત સાંભળ્યા પછી ઊઠજો તે સિવાય ઊઠશો તો નિષ્ફળ થશે. એવું કહ્યા પછી જે રાજા ઊભા થાય તે રાજાને કહેવું, શરીર ઉપરથી વસ્ત્રાભૂષણ નાંખી શરીર ઉઘાડું કરો અને જંગાથી તે કટી સુધીનો કચ્છ રાખો. ભાથો તેમાં એક બાણ તથા વગર ચઢાવેલું ધનુષ લેવું. પછી કુંડને કિનારે જવું. સ્થંભને બાથ ભિડાવશો એટલે સેવકો પાટિયાં ખેંચી લેશે. સ્થંભે ત્રણ ઘટીકામાં છ ગાઉ જવું. આડા ખીલા ને ત્રાંસ છે તેના ત્રાજવા વિષે પડવું. બે ચરણ બે ત્રાજવામાં મૂકી ઊભા રહેવું. પછી ખાંધેથી ધનુષ ટંકાર કરવો, બાણ લઇ સાવધ રહેવું અને મચ્છનો પડછાયો જળમાં પડે તે જળમાં જોઇ રહેવું. પછી જળમાંથી મચ્છ તાકી ઊંચું બાણ ફેંકવું, તે બાણ ઊંચું જઈ મચ્છનું એક લોચન વીંધે. તેનું બાણ પૂંછ વીંધે, તેનું તે બાણ મચ્છ ઉપાડી કુંડમાં જળમાં નાખે એવી રીતે ત્રાજવામાં ઊભા રહી કહેલું પરાક્રમ કરો તો કન્યાને લાયક ગણાવ. તેમાં જે કોઈ ચઢતા અથવા અધુરું કામ કરે તે જળ કુંડાળા પાસે કાષ્ટને આસને ઉઘાડે માથે બેસે. એટલે સર્વ સભા તેમને જુએ, પહેલેથી આ હકીકત સર્વે સભા સાંભળતા કહી દેવી, કારણ કે પાછળથી તકરાર ન થાય. આ પ્રમાણે મચ્છવેધન કરનારને કન્યાદાન દેવું એમ કહી વ્યાસજી અંતર્ધ્યાન થઈ ગયા. એટલે રાજાને ચટપટી થવા લાગી. પોતાના બંને પુત્રોને બોલાવ્યા અને વ્યાસજીએ જે બાબત બતાવી હતી તે પુત્રોને કહી બતાવી. પુત્રોએ જવાબ આપ્યો, પિતાજી, મચ્છવેધનનો સ્વયંવર રચો. ઇશ્વર ઇચ્છા હશે તેમ બનશે. દ્રુપદરાજાએ ધ્યાન ધરી વિશ્વકર્માને તેડાવ્યા. પછી રાજા કહે, મચ્છવેધ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રચી આપો, વિશ્વકર્મા કહે, નગર બહાર મેદાન કરાવી આપો તેમાં રચીશું.

રાજાએ સેવકોને આજ્ઞા કરી, સેવકોએ પૃથ્વી ઉપરથી વૃક્ષો પાડી નાખ્યાં અને સોળ જોજન લાંબી પહોળી જગ્યાનું મેદાન બનાવ્યું. સોળ જોજન પૃથ્વી વિષે વિશ્વકર્મા ઊભા રહ્યા અને મંત્ર ભણી અંજલિ છાંટી એટલે ભૂમિ પવિત્ર થઇ. બીજી અંજલી ભરી છાંટયું એટલે ચોસઠ ગાઉની પવિત્ર જમીન આરસ પહાણની કરી.લીલાપીળા રાતા એ પ્રકારના રંગવાળી બનાવી. જળ છાંટીને ચારે તરફ ફરતો કનકનો કોટ બનાવ્યો તેમાં રૂપેરી કિનારી નાખી.કાંગરા બનાવ્યા અને તેમાં હીરામાણેક મોતી જડયા, વાયવ્ય નૈઋર્ત્ય, અગ્નિ ખૂણાઓમાં ત્રણ બારીઓ મૂકી. ઇશાન ખૂણે શોભીતો દરવાજો બનાવ્યો. મિનારા રઢીયાળા શોભવા લાગ્યા, હાંડી, તકતા, ઝુમ્મર, ઘડીઆળ, ગ્લાસ વિગેરે ટાંગી દીધા, પછી સભામાં પશ્ચિમ દિશામાં ગોખલા. ચોક વિગેરેથી ભરપૂર સુંદર શોભીતો મહેલ રચ્યો. આગળ એક ઝરૂખો મૂકયો છે. જાળીઓ, બારીઓ તથા અટારીઓ સર્વે રમણીય લાગે તેવા બનાવ્યા. ઝરૂખામાં બીરાજવા દ્રૌપદી માટે એક આસન રચ્યું. મસ્તક ઉપર સોનાનું છત્ર મૂકયું. આસન ઉપર જાતજાતના રંગભરી ચિત્ર ચીતર્યાં તથા જરીનાં વસ્ત્રો પાથર્યાં. અમૂલ્ય જડાવ જડેલાં તથા ઝવેર મઢેલાં સ્ફટીક મણિ છે, હીરા, લીલમ, મોતીની ઝુલ્યો મૂકી છે. એવી શોભા બનાવીને પછી દક્ષિણ દિશામાં ગયા ત્યાં જળની અંજલિ ભરી મંત્ર ભણીને છાંટી એટલે ચાર ચાર પગથીયાના છપ્પન ક્રોડ આસન કર્યા તેમાં નવ પગથિયાનું એક કર્યું તેના ઉપર કૃષ્ણ પ્રભુ તથા બળદેવજી બેસે અને તે બંનેની આસપાસ તમામ યાદવો બીરાજે. પછી પૂર્વ દિશામાં ગયા, મંત્ર ભણીને ચોરાસી હજાર સિંહાસન રચ્યાં તેના ઉપર બધા ક્ષત્રી લોકો બીરાજે, જેવો રાજા તેવું આસન ઊંચું બનાવ્યું છે, એક અગિયાર પગથિયાનું આસન બનાવ્યું તેના ઉપર દુર્યોધન બેસે. સર્વેને આસન,છત્ર વિગેરે સોનાના રચી આપ્યા. કોઇને તકરાર થયા નહિ માટે દરેક આસને જુદાં જુદાં નામ લખ્યાં. પછી ઉત્તર દિશા તરફ ગયા.મંત્ર ભણીઅઠયાસી હજાર આસન બનાવ્યાં.તે બ્રાહ્મણો માટે બબ્બે પગથિયાના રચ્યાં.મસ્તકે તામ્ર ધાતુનાં છત્ર તથા મૃગચર્મ વિગેરે પાથરી દીધી આચમાની, પંચપાત્ર, ગૌમુખી, રુંઢમાળા તથા આગળ અગ્નિ કુંડ રચ્યા, એવી શોભા કરીને સભાની વચમાં ગયા, જળ છાંટીને સજીવન પાણીનો કુંડ લાંબો, પહોળો તથા ઊંડો રચ્યો. મંત્ર વડે બાર ગાઉનો સ્થંભ અંદર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રોપી દીધો તેને મધ્ય ભાગે એક ખીલો મોરી તેનાથી ત્રાંસ બાંધ્યો અને ત્રાજવાં બે ઝુલતાં રાખ્યાં. પછી સ્થંભને છેલ્લે ભાગે મંત્ર વડે કરીને મચ્છા મૂકી, આકાશનો વાયુ આવે છે એટલે ફરે છે. એવી શોભા બનાવ્યા પછી દ્રુપદરાજાને બોલાવ્યો, વિશ્વકર્માએ કહ્યું, ખામી રહી હોય તો બોલજે. દ્રુપદરાજા કહે આપના કામમાં ખામી ન હોય એમ કહી પગે લાગ્યો. પછી આજ્ઞા માગી વિશ્વકર્મા વિદાય થયા. એટલે દ્રુપદે પુત્રો તથા કારભારીને તેડાવ્યા; તેમને હુકમ કર્યો; દેશદેશના રાજાઓને કાગળ લખીને તેડાવો. પહેલો છત્રપતિને લખો. દ્રુપદ રાજાનો છોકરો શીખંડી પત્ર લખવા બેઠો, દ્રુપદરાજા લખાવે છે, શ્રી હસ્તિનાપુર શિરછત્ર શિરોમણિ રાજા દુર્યોધન, લખીતંગ પંચાળ દેશનો સેવક દ્રુપદરાજા. મારી નમ્રતાપૂર્વક અરજ એ છે જે, મારા ઘેર યજ્ઞમાંથી એક સુંદર રુપવાળી કન્યા પ્રગટ થઇ છે, તેનું નામ દ્રૌપદી છે, તેના સ્વયંવર માટે મચ્છવેધ રચ્યો છે માટે આપ પધારી ઘર પાવન કરશો, વળી જો પાસા પાંસરા હોય તો આ કન્યા તમારા કુળમાં શોભે એવી મને આશા છે, લગ્નનું મૂહૂર્ત વૈશાખ સુદી પાંચમનું નિર્ધાર્યું છે. ચાર દિવસ વહેલા સર્વે કુટુંબ સહ જરૂર પધારજો. એવો પત્ર લખીને સેવકને આપ્યો. સેવકને કહ્યું, હસ્તિનાપુરમાં જઈને રાજા દુર્યોધનને આપજે. પછી બીજા દેશોમાં કાગળ લખ્યા, તેમાં લખ્યું કે મચ્છવેધ સભા છે, તેથી જેના ભાગ્યમાં કન્યા હશે, તેને વરશે. વૈશાખ સુદી પાંચમનું લગ્ન છે, માટે ચાર દિવસ પહેલાં આવજો, ક્ષત્રી લોકોને આટલી બીના લખી. પછી વિવેક વડે કરીને દ્વારકામાં પત્ર લખ્યો, કૃષ્ણ પ્રભુને માલમ થાય જે મારા ગરીબને ઘેર યજ્ઞમાંથી એક કન્યા ઉત્પન્ન થઇ છે, તેને પરણાવાને માટે મચ્છવેધ કર્યો છે, તે પ્રસંગે સર્વે યાદવોને લઇ વહેલા પધારજો. આપના પધારવાથી મારુ ઘર પાવન થશે, પછી અઠયાસી હજાર ઋષિઓને લખ્યુ કે મહારાજ મારા ગરીબના ઘેર પધારજો જેથી મારુ ઘર પવિત્ર થાય. એ પ્રકારના સહુને પત્ર પહોંચાડયા.

દેશદેશ વાત ચાલી તેથી અન્ય લોકોએ વિચાર કર્યો કે આવામાં આપણે વહેપાર કરીશું તો નફો મળશે, તેથી દશ દિવસ પહેલાં નગ્રની બહાર બજાર નીકળ્યાં. ગામમાં જરા પણ માગ મળતો નથી તેટલી બધી ભીડ થવા લાગી. દ્રુપદરાજાએ બ્રાહ્મણોને માટે મુકામ બાંધ્યો. વૈશાખ સુદી પડવેના દિવસે ક્ષત્રી રાજાઓ પંચાળમાં આવવા માટે તૈયાર થયા. વાજતે ગાજતે સૈન્ય સહિત નગ્રની બહાર નીકળ્યા, ભાટચારણ નાચવા લાગ્યા અને અપ્સરાઓ નાચ કરવા લાગી. એ પ્રમાણે ક્ષત્રીલોકો પંચાળ દેશના નગ્રની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બહાર તંબૂ તાણીને ઉતર્યા. દ્વારકામાંથી છપ્પન ક્રોડ યાદવો સાથે પ્રભુ ચક્ર લઇને તથા હળધારી હળ લઇને ચાલ્યા.તે પણ પંચાળ દેશમા આવ્યા.દ્રુપદ-રાજાએ તેમનો સત્કારકર્યો,રાજાઓના તંબૂમાંથીજુદી જગાએ યાદવોએપડાવ નાંખ્યો. પછી ઋષિ લોકો આવવા લાગ્યા. તેમના માટે મઠ બાંધેલો છે તેમાંતે ઉતરે છે, એકેક-બ્રાહ્મણની સેવામાં એકેક સેવક મૂકયો છે. ધ્રુમ ઋષિને પત્ર પહોંચ્યો. એટલે તે પત્ર ઋષિએ વિદ્યાર્થીઓને વાંચી સંભળાવ્યો. તે પાંચ પાંડવોએ પણ સાંભળ્યો, એક એકને સાન કરીને ધર્મરાજા ઊઠયા, પાંચભાઈ તથા છઠ્ઠી માતા પોતાની ઝુંપડીમાં આવ્યાં,કુંતાજી કહે છે,બેટા પાંચાળ દેશમાં ઋષિઓ, રાજાઓ, યાદવો સર્વે આવ્યા હશે અને મોટી મેદની થઈહશે માટે આપણે તે જોવા જઇશું ?ભીમસેન બોલ્યો,ચાલો માતા આપણેજોવામાટેજઇએ કારણ કે ધ્રુમ ઋષિ પણ જવાના છે, વળી નસીબ સારું હોય તો કન્યાને પર-ણીશું. કુંતા કહે છે, અરે રડયા, હાલ તું કેમ એમ બોલે છે? મને તારું બહું સાલ છે,તું તોફાન કરે છે. તેથી મારું મન પાછું પડે છે. ભીમ કહે, માતાજી હમણાં મારો વાંક બતાવો ? કુંતા કહે બેટા, હમણાંનો તો તારો વાંક નથી, પણ તું દુર્યોધનને દેખીશ એટલે તારી આંખો ફાટી જવાની. ભીમ કહે, મેં મન વાળ્યું છે, માટે હવેથી તોફાન નહિ કરું. કુંતાજી કહે તૈયારી કરો. ધ્રુમ ઋષિ નીકળે એટલે તેમની પાછળ પાછળ જઇશું.એમ કહી કાપડની ગાંસડીઓ બાંધી લીધી.સાદડીઓ તથા તુંબડાં લઈ લીધાં,એવામાંવિદ્યાર્થીઓતૈયારથયા. તેમણે ધ્રુમ ઋષિને સુખપાલમાં બેસાર્યા અને વિદ્યાર્થીઓએ પાલખી ઉંચકી

અડધા વિદ્યાર્થી આગળ ચાલે છે, અને અડધા પાછળ ચાલે છે, એક એકને પ્રશ્ન કરતાં જાય છે, અને ચાલતા જાય છે,પાંડવો ઝુંપડીએથી આવીને તેમને પગે લાગ્યા. ધ્રુમે કહ્યું, કડવા કાપડી તમે કયાં આવો છો ? કુંતાજી કહે, તમારી-કેડે કેડે આવીશું અને સઘળાનાં દર્શન કરીશું. ધ્રુમ કહે, તમે કાપડી છો માટે મને લાજ આવે. ધર્મ કહે, અરે મહારાજા,રસ્તામાં જ આપણે ભેગા રહીશું,નગ્ર થોડેક છેટે રહેશે એટલે અમે બીજે રસ્તે જઇશું.એવેજતાંજતાં ચાર ગાઉં ગામ બાકી રહ્યું,એટલે પાંડવોઋષિને પગે લાગ્યા અને બીજે માર્ગેચાલ્યા ગયા. નગ્રને દરવાજે આવ્યા તો રાજાઓની અતિશય ભીડ થયેલી જોઈ. કુંતાજી કહે, જવાનો માર્ગ નથી માટે કેમ કરીશું ? ભીમ કહે, હું આગળ થાઉં છું તમે બધાં મારી પછવાડે આવો, ધર્મરાજા કહે કોઇને દુઃખ દઇશ નહિ. ભીમ આગળ થયો અને માતા તથા ભાઈઓ પાછળ ચાલ્યા, બિલકુલ જવાનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માર્ગ દેખાતો નથી તેથી કુંતાજી ગભરાય છે, એવામાં ભીમ ભીડ વચ્ચે પડયો તેને દેખીને લોકો ત્રાસ પામવા લાગ્યા, ભીમ ડોળા કાઢીને દાંત પીસે છે. એટલે લોકો ગભરાઈને નાસે છે, એક એકના ઉપર પડે છે તેથી લોકો કચરાઇ જાય છે. દરવાજામાં માર્ગ થયો એટલે તેઓ નગરમાં પેઠાં, નગરમાં પણ અતિશય મેદની ભરાયેલી હતી. કુંતાજી કહે, દીકરા, આવી સખત ભીડમાં આપણે કયાં ઉતરીશું? સહદેવ કહે માતાજી, ગમે ત્યાં સારી જગા જોઈ ઉતરીશું. એમ કહી આગળ ચાલ્યાં. એટલે એક કુંભાર બેઠો હતો તેને કહ્યું, ભાઈ, અમે દુઃખીયારાં છીએ માટે મહેરબાની કરી અમને રહેવા માટે ઘર આપો. કુંભારે જાણ્યું કે આ કોઈ હરિજન છે. તેથી તેણે રહેવા માટે એક ઓરડી આપી. પાંડવો ઓરડીમાં ગયા અને તેમાં નિવાસ કર્યો, ભીમે વિચાર્યું કે આ કુંભારકાકો ખાતોપીતો જણાય છે. તેથી ભીમે ઘાંટો કાઢીને માતાજીને કહ્યું, મને ખાવા આપો. કુંતાજી કહે, તું તો પેલા ભવનો શત્રુ છે. આવું દુઃખ દેવું હતું ત્યારે અહીં શા માટે તેડી લાવ્યો? કુંભાર ઘાંટા સાંભળી ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો, અરે ગાંડા, ગરીબ માને કેમ વીતાડે છે? ભીમ કહે, ભૂખ લાગવાથી મારો જીવ જાય છે. કુંભારને દયા આવવાથી ભીમને કહ્યું, ગાંડા, પેલી ખડકીમાં ગધેડાને માટે હજાર મણ ચણા ભરાવ્યા છે તેમાંથી એક મૂઠી લઇને ખા, ભીમે જાણ્યું કે ભલું ઇશ્વરે ખાવાનું આપ્યું. કુંભાર આઘો પાછો જાય એટલે ચણા ખાઈ જાઉં. એમ જાણી ભીમે કહ્યું. કાકા, હું હવે ડાહ્યો થઇશ. મારી માતાનેનહિ વીતાડું. થોડી વાર પછી હું ચણા ખાઇશ, કુંભાર કહે, મને દેખાડીને ખાજે. ભીમ કહે, વારું. એમ કહી પ્રજાપત ગયો એટલે ભીમને લાગ આવ્યો અને ખાણવાળા ઘરમાં ગયો, ચણા ભરેલા જોઈને ભીમનું મન ઠેકાણે રહ્યું નહિ ને ચણાની એક મુઠી ભરીને એક હાથ બહાર રાખી ચણામાં મોં ઘાલ્યું અને તે સઘળા ચણા ખાઈ ગયો. પછી ભીમ પ્રજા-પતના ઘરમાં ગયો અને ડોસાને ચણા બતાવ્યા, ત્યારે કુંભારકહે, જા ખાઇ જજે. ભીમ કહે, બહુ સારું એમ કહી માતાની પાસે આવ્યો અને સર્વને કહેવા લાગ્યો, આ મુઠી ચણામાં લો ચપટી ચણા ફાકો અને પાણી પીઓ. મને હવે ભૂખ નથી. મારું પેટ બરાબર ભરાયું છે. કુંતાજીનેવહેમપડયો, મન ઝાલ્યું રહ્યું નહિ હોયઅને બધી ખાણખાઇગયો હશે. ભીમ કહે, કાકાને પૂછી જુઓ. હું તેમને ચણા બતાવીને લાવ્યો છું. તેથી કુંતાજીને સાચું લાગ્યું, પછી માતાજી ધર્મ તથા અર્જુનને કહેવા લાગ્યા, બેટા, હવે પેટને માટે કેમ કરીશું? ત્યારે ધર્મ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અર્જુને કાપડ લીધું અને વેચવા માટે ચાલ્યા બજારમાં ફરે છે, પણ કાપડનો કોઈ ભાવ પૂછતું નથી. ફક્ત ખાવાનું ખપે છે. અન્ન મોંઘું વેચાય છે, શાક ભાજી મહા મોંઘાં થઇ ગયાં છે.ધર્મે એક ઠેકાણે સઘળો માલ આપી દીધો,પછી બહુ જ મોંઘવારી ચાલે છે. ધર્મે એક ઠેકાણે સઘળો માલ આપી દીધો, પછી તે નાણાંનાં દાણા લઇ ઓરડીએ ગયા, કુંતાજીએ રસોઇકરી, સર્વે જણે જમી લીધું, ફક્ત એક દિવસનું પોષણ થયું, પછી રાત્રિ પડી એટલે કુંતાજી કહે, આજ તો જમ્યાં પણ કાલે અન્નનો દાણો નથી, સહદેવ કહે, આજ પરોઢિયે અમનેઉઠાડજો એટલે અમે પાંચ ભાઇઓ ગામની નદીએ નહાવા સારું જઇશું. પછી નહાઇ ધોઈ નિત્યકર્મ કરીને સામી તીરે જઇ હાથ જોડીને ત્યાં ઊભા રહીશું ત્યાં રાજા, ઋષિ, યાદવ, રૈયત સર્વે નાહવા આવશે તે સહુનાં દર્શન કરીશું એટલે એની મેળે પોષણ મળી રહેશે, ભીમ કહે તમે હાથ જોડજો ને હું પેટ કુટીશ, કારણ કે પેટ કુટયા વિના કોઈ પેટની પીડા જાણશે નહિ.એમવાતો કરતા સર્વે ઉંઘી ગયા. પછી પ્રાતઃકાળ થયો એટલે કુંતાજીએ પાંચ ભાઇ-ઓને જગાડયા; પાંચે ઉઠી નદી ઉપર સ્નાન કરવા ગયા. ત્યાં નહાઈધોઈ નિત્યકર્મ કરી હરિનું ધ્યાન ધર્યું. પછી સામા તીરે ગયા અને સૂર્યના સામું મુખ કરી હાથ જોડીને ઊભા, એટલામાં વહાણું વાયુ ને નગ્રમાંથી ઋષિ, યાદવ, રાજા રૈયત વિગેરે નદીએ નહાવા આવ્યા, ચાર વર્ગના ચાર જથ્થે સ્નાન કરે છે, યાદવ લોકો નદીમાં ઝીલે છે. બ્રાહ્મણો નહાઈધોઈ સંધ્યા કરે છે અને સૂર્યને અર્ધ્ય આપે છે. રાજા લોકો રૂપવિષય થકી પ્રેમ વ્યાપવા માટે પોતાનાં શરીર ચોળાવે છે. જેને જેમ ફાવે તેમ નદીમાં સ્નાન કરે છે, જાદવોમાં કૃષ્ણ તથા બળદેવ નાહ્યા તે વખતે પાંડવો સામી તીરે સૂર્યના સામે હાથ જોડીને ઊભા છે અને ભીમસેન પેટ કુટે છે. શ્રીકૃષ્ણે પીતાંબર પહેરતાં તેમને જોયા ને આંખમાં આંસુ આવ્યાં અને વિચારવા માંડ્યું કે મારા દાસોને આવું દુઃખ પડે છે. વનમાં અતિ કષ્ટ વેઠી મારું ધ્યાન ધર્યું છે છતાં હું તેમની સંભાળ લેતો નથી.ટાઢ, તાપ, વરસાદ વેઠીને મારું આરાધન કર્યું છે માટે જરૂર દુઃખ ટાળી નાંખું, એમ ધારી એવો સંકલ્પ કર્યો કે આ મચ્છવેધ એમની પાસે કરાવું અને કન્યા તેમનેવરાવું, સૌ આવેલા રાજાઓને પાછા કાઢું. એકલા સહદેવને ચેતાવવા શ્રીકૃષ્ણે ઉંચો હાથકર્યો, એટલે સહદેવે ભીમને કહ્યું, હવે ચાલો, ઘેરબેઠે સીધાં આવશે. ભીમે કહ્યું, કોઈ એ કહ્યું નથી ને કેમ જાણ્યું સીધાં આવશે? સહદેવ કહે જરૂર આવશે. પાંચે ભાઈઓ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઘેર ગયા, કુંતાજીએ પૂછયું, કેમ દીકરાઓ, શું કર્યું ? સહદેવ કહે માતાજી હમણાં સીધાં આવશે. ભીમ કહે, નહિ આવે તો તારી વલે કરીશ. કુંતાજી કહે, ધીરજ રાખ, સહદેવનું કહેલું સાચું હશે. એમ કહી સર્વે બેઠા. ઋષિ, રાજાઓ, યાદવો, રૈયત સર્વે નાહી નાહીને ઘેર જવા લાગ્યા, કૃષ્ણ પ્રભુ નાહીને બારોબાર દ્રુપદ રાજા પાસે ગયા. દ્રુપદે કહ્યું, વગર બોલાવ્યે કેમ પધારવું થયું ? કૃષ્ણ કહેવા લાગ્યા, દ્રુપદ રાજા, કોઈ ઉત્તમ જાતી તારે ઘેર સ્વયંવરમાં આવ્યા હોયે ને તેમનાથી ભિક્ષા મંગાય તેમ ન હોય, મંજૂરી થાય. તેમ ન હોય તેવા માણસો શું ભૂખે મરે ? દ્રુપદ કહે. ના મહારાજા, હું મોદીનું ઘર બતાવું ત્યાં જઇ સીધાં જોઇએ તે પ્રમાણે તેવા લોકો લેશે. કૃષ્ણ કહે મારી સાથે સેવક મોકલો. દ્રુપદે છડીદાર મોકલ્યો, કૃષ્ણ તથા છડીદાર ચાલ્યા. પાંડવોની ઓરડી થોડેક દૂર રહી એટલે પ્રભુએ સેવકને કહ્યું, પેલા કુંભારની ઓરડીમાં છ જણું રહે છે તેમને મોદીને ત્યાં લઇ જજે અને જે જોઇએ તે અપાવજે. સેવક કહે, બહુ સારું મહારાજ. કહી કૃષ્ણ પ્રભુ પોતાના તંબૂએ ગયા, સેવક પાંડવોની પાસે આવ્યો. ભીમે છડીદારને દીઠો એટલે તરત જ તેને આવકાર આપ્યો. છડીદાર કહે, ચાલો મારી સાથે, ને જોઇએ તે પ્રમાણે ભોજન સારું ખોરાકી અપાવું. ધર્મ અર્જુન ઊભા થયા. ભીમ કહે, ચાલો, હું આવું, કુંતાજી કહે, ના દીકરા. ભીમ કહે, હું બોલ્યા વગર ઊભો રહીશ. પછી ત્રણ જણા મોદીને ઘેર ગયા. છડીદાર મોદીને કહેવા લાગ્યો, આ માણસો જ્યાં સુધી રહે ત્યાં સુધી સીધાં આપજો. વળી જેટલાં જોઇએ તેટલાંને જેવાં જોઈએ તેવાં આપજો. મોદીએ પૂછયું, કેટલું જોઇએ ? ભીમ કહે, સો મણ લોટ, સો મણ ધૃત, સો મણ સાકર. પચીસ મણ મસાલો, પચીસ મણ દાળ તથા ચોખા, પચીસ મણ શાક લાવો. છડીદાર કહે, કોઈ કપટી પેચી છો. એટલું લઈ શું વેચી ખાવું છે ? ભીમ કહે, અમે રાંધીએ ત્યાં જોવા માટે ચાલો. વધે તો શિક્ષા કરજો અને ઘટે તો પૂરું કરજો. સેવક કહે, ઉપર બેસીને રસોઈ કરાવું. મોદીએ સીધાં આપ્યાં પણ કોઇને સાચું લાગતું નથી. ભીમે સર્વ સામાન લીધો અને કુંભારને ઘેર ગયો છડીદાર જોવા સારુ જોડે ગયો પછી ભીમે પ્રજાપતિની ખડકીમાં ચૂલા ચારી બનાવ્યાં, વાસણો જોઇએ તેટલાં ભંડારમાં અપાવ્યાં, ભીમ નાહ્યો ને લાડુ, દાળ, ભાત, શાક તૈયાર કર્યાં પછી પોતાના ચાર ભાઈ તથા માતાને જમવા બેસાડયાં. તે લોકોએ ચારશેરને લાડુ ખાધો. પછી છડીદાર બોલ્યો, આટલો બધો લાડુ વધ્યો તે કોણ જમશે ? ભીમે તરત પોતિયાની ગાંઠ ઢીલી કરી અને એક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એક હાથમાં વીસ વીસ લાડુ લઇ શિવ શિવ કહી મુખમાં મૂકયા. એ પ્રમાણે સો મણનો લાડુ ખાધો પછી દાળ, ભાત શાક સર્વે જમી હાથ ધોયા, છડીદારે નમસ્કાર કર્યા, આવી કોની હિંમત ચાલે ? નિત્ય રાજા આવાં સીધાં આપે તો ઘરગામ વેચવું પડે પછી છડીદારે ભીમને કહ્યું, તમે રહો ત્યાં સુધી આ પ્રમાણે સીધાં લેજો અને ખાજો. એવું કહી છડીદાર રાજા પાસે આવ્યો.

વૈશમપાય ઋષિ જનમેજયને કહે છે, ચતુર્થી થઈ તો પણ અભિમાની દુર્યોધન આવ્યો નથી. દુષ્ટ દુર્યોધન દ્રૌપદીને વરવા માટે વિવાહનો સામાન એકઠો કરે છે. ભાનુમતિને જઇને કહેવા લાગ્યો, હું તો પરણવા જાઉં છું કારણ કે તું તો ભૂતડી જેવી છે તેથી વીજળી જેવી લાવું. શોકયનું સાલ કરી તારો અભિમાન ઉતારી નાંખીશ. એટલે ભાનુમતીએ શુકનમાં છેડો વાળ્યો. અછકલો દુર્યોધન વાજિંત્રો વગડાવે છે, પાપડ, વડીઓ કરાવે છે અને પોતાને ઘેર ગીત ગવડાવે છે. એમ વિવાહની તૈયારીમાં ચતુર્થીની સાંજ થઇ દ્રુપદરાજા વાટ જુએ છે કે દુર્યોધન આવ્યો નહિ. આવતી કાલનું મારે મુહૂર્ત છે હવે મારે સલાહ કોની પૂછવી ? બંધ રાખું તો સર્વે ગુસ્સે થાય. જો કાલે મુહૂર્ત સાચવું તો દુર્યોધન મારું રાજપાટ છીનવી લે. એમ વિચારી તેણે ચાર બળવાન રાજા જરાસંધ, શલ્લ, શીશુપાલ અને કૃષ્ણને તેડાવ્યા આ ચાર રાજાઓને દ્રુપદરાજા કહેવા લાગ્યો, મહારાજા, મારે એક ઘાંટી આવી છે તમને સર્વેને પત્ર લખ્યા તેમાં કાલનું મુહૂર્ત દર્શાવ્યું છે.છત્રપતિ હજુ આવ્યો નથી માટે મુહૂર્ત ફેરવવાની રજા આપો. કૃષ્ણ કહે, શું દુર્યોધન ખરો ને બીજા ખોટા ? દુર્યોધન તારે મોટો.અમારે મન તો તણખલા જેવો છે.તારે કન્યા કોને પરણાવવી છે ? દ્રુપદરાજા કહે, મચ્છવેધ કરે તેને. પ્રભુ કહે, શું જુએ છે, જે મચ્છવેધ કરશે તેને કન્યા વરશે. માટે કાલની આજ્ઞા આપો નહિ તોરાજાઓ રીસાઈને ચાલ્યા જશે. દ્રુપદ કહે,હું આજ્ઞા આપું પણમારું રાજ્યપાટ દુર્યોધન ખુંચવી લે ત્યારે ? પ્રભુ શલ્લરાજાને કહે છે,શો જવાબ દેવો ? એટલે જરાસંધ તથા શીશુપાળ બોલ્યા કૃષ્ણ જે કહે તે કબૂલ છે, કૃષ્ણ કહે, તમે વચન આપો. એટલે કૃષ્ણને વચન આપ્યાં,દ્રુપદરાજાએ કૃષ્ણને પૂછયું પ્રભુ દુર્યોધન કેમ નહિ પધાર્યા હોય ? કૃષ્ણ કહે કોઈ એને ઘેર મરી ગયું હશે.દ્રુપદ કહે, જાઓ મહારાજા, એવું શું બોલો છો ? કૃષ્ણ પ્રભુએ કહ્યું. આજ્ઞા આપો. જો દુર્યોધન રાજપાટ લેવા આવશે તો અમે જોઇશું. એટલે દ્રુપદ રાજા બોલ્યો, વારુ મહારાજા, કાલે વહેલા પધારજો, ચારે જણને વિદાય કર્યા પછી ચાર સેવકોને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલાવ્યા. રાજાએ હુકમ કર્યો કે ડુંડી વગાડીને એવો પોકાર કરજો કે કાલે વહેલા પધારજો અને પોતાના આસન ઉપર નામ વાંચીને બીરાજજો.એપ્રમાણે સેવકોને આજ્ઞા આપી, એક જણાને રાજાઓના જથ્થામાં મોકલ્યો તેણે રાજાઓને ખબર આપી કે પોતપોતાના આસન ઉપર નામ વાંચીને બેસવું. એક જણાને જાદવોમાં મોકલ્યો, તેણે જાદવોને કહ્યું, કાલે પધારજો, તમારી જગ્યા દક્ષિણા દિશામાં છે ત્યાં બીરાજજો. એક જણાએ બ્રાહ્મણોમાં જઈ જણાવ્યું, મહારાજાઓ, આપના આસન ઉત્તર દિશાએ રાખેલાં છે માટે કૃપા કરીને ત્યાં પધારી રાજાનો મંડપ પાવન કરો,એકે રૈયતમાંજઇ ખબરઆપીકે સઘળાઓએ સિંહાસનની પાછળ બોલ્યાચાલ્યા વિનાબેસીરહેવું.જોકોઈટટો ફીસાદ કરશે તો શિક્ષા કરી દંડ લેવામાં આવશે.એ રીતે ચારે જણાએ સર્વનેખબરઆપીદીધી.

ક્ષત્રી લોકોને અતિશય ઉમંગ છે, કેટલાક રાજાઓ જોષીને પ્રશ્ન પૂછે છે, કેટલાક હસ્તરેખા દેખાડે છે; કેંક જણ જન્મોતરી બતાવી પૂછે છે કે મને કન્યા વરશે કે નહિ ? કેંક રાજા સાબુથી ચોળી ચોળીને નહાય છે અને અત્તર ફુલેલ આખા શરીરે ચોળે છે, દર્પણ મોઢા આગળ રાખી શણગાર સજે છે. શોભતા નથી એટલે ઉતારી નાખે છે વળી બીજી વાર પહેરે છે.વારેવારે વસ્ત્રો બદલે છે.શોભે છે કે નથી શોભતાં એ જોવાને માટે વારંવાર તકતામાંજુએ છે. વૃદ્ધ રાજાઓને પણ પરવાની મરજી થઈ છે. ડાચાં મળ્યાં છે તો પણ છોલાવી છોલાવીને ક્ષૌર કરાવે છે, કલમ લગાવી ધોળા વાળને કાળા બનાવે છે. હોઠ લુછીને લાલ કરે છે, પાન સોપારીના ડુચા ઘાલી ઊંચા રાખે છે, દાંત પડી ગયેલા છે તેઓ દાંત બંધાવે છે, એમ ઉજાગરા કરી દ્રૌપદીનું ચિંતવન કરતા નિદ્રામાં પડયા, પછી વહાણું વાયું એટલે દ્રુપદરાજાના સેવકોએ સર્વ રાજાઓને જગાડયા. તમામ જાગી ઊઠયા અને પોતપોતાની સામગ્રી સજવા લાગ્યા. સુખપાલમાં બેઠા છે, કોઈ રથમાં, કોઈ ઘોડા ઉપર કોઈ હાથી ઉપર બેઠા છે.એમ સર્વે તૈયાર થઇને ચાલ્યા.કેટલાક ચર્ણથીચાલવા લાગ્યા. રસ્તામાં ધૂળ ઊડીને અંધકાર થઈ જાય છે. તેમાં ઘોડાઓ ભડકવાથી લોકો કચરાઈ જાય છે. કેંક રાજાના મુગટ પડી જાય છે, તેને ખંખેરી પાછા માથા ઉપર મૂકે છે. સર્વે જણ સભામાં આવી પોતપોતાની જગાએ બેઠા. તેજ પ્રમાણે યાદવો પણ બેઠા.શ્રીકૃષ્ણ તથા હળધારી બંને ઊંચે આસન બીરાજ્યા, કૃષ્ણ પ્રભુના દ્વેષી લોકો નિંદા કરે છે. અને ભકત પુરુષો દર્શન કરે છે.પછી ઋષિ લોકો પધાર્યા એટલે આખી સભા ઉભીથઇ પાયે પડી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE Grant-2

ઋષિ લોકનાં શરીર સુકીત કર્મ વડે કરીને શોભે છે. કપાળ ચંદ્રની માફક ચળકી રહ્યાં છે. આવા મહર્ષિઓ ઉત્તર દિશામાં પધારી પોતપોતાને આસન બીરાજ્યા. રૈયત સિંહાસનની પાછળ બેઠી. એવામાં પાંડવોએ કુંતાજીને કહ્યું, માતાજી, અમને જોવા જવાની આજ્ઞા આપો. કુંતાજી કહે, ચાર ભાઇ જાઓ, ભીમને રહેવા દો. ભીમ કહે, માતા, હું બોલ્યાચાલ્યા વિના બેસી રહીશ. ધર્મ કહે, છો આવે. અમે એને સાચવીશું. કુંતાજી કહે, કૌરવોને દેખીને એ તોફાન કરશે. ધર્મ કહે, અમે ચાર જણ થઇને પકડી રાખીશું. ધર્મ તથા અર્જુને એક હાથ ઝાલ્યો અને સહદેવ નીકુળે એક હાથ ઝાલ્યો. ભીમ વચમાં ચાલ્યો. ભીમ રસ્તામાં બોલતો જાય છે કે અમારે કેવી સાહ્યબી છે કે બબે સેવકો આગળ પાછળ ચાલે છે, અને ભાઇ વચમાં ચાલે છે. ધર્મ કહે, મૂર્ખા, બોલ્યા સિવાય ચાલ, નહિ તો પાછો જા. ભીમ કહે નહિ બોલું. પછી સર્વે ઋષિ લોકોની સભામાં ધ્રુમઋષિ બેઠા હતા તેની પાછળ આવીને પાંચે ભાઇઓ બેઠા. ધ્રુમઋષિ વિદ્યાર્થીઓને કહેવા લાગ્યા, જુઓ આ નીચ લોકો આપણી પાસે આવીને બેઠા. તે જગત જાણશે તો આબરૂ જશે, વિદ્યાર્થીઓ કહે, તમે હાથે કરીને શા માટે ઉઘાડું પાડો છો, કોઇ તમને ઓળખતું નથી. જેમ લોક બેઠા છે. તેમ તે બેઠા છે. તમારું શું લઇ જાય છે? ભલે બેઠા. એમ વિદ્યાર્થીઓએ ઋષિને સમજાવ્યા. પાંડવો નિરાંતે બેસી રહ્યા. સર્વે આવી ગયા છે પણ દુર્યોધન આવ્યો નથી. જળકુંડાળે વીસ સેવકોને રાખેલા છે. અને જે રાજાઓ મચ્છવેધ કરવા જાય તે લોકો ચડતાં ઉતરતાં નીચે પડી જાય તેમને માટે કાષ્ટનાં આસન તૈયાર કર્યા છે, પછી કુંડ ઉપર દ્રુપદરાજા તથા દ્રોણિક ગોર બંને આવીને ઊભા રહ્યા. ગોરે રાજાને આજ્ઞા કરી કે કન્યાને સભામાં તેડાવો. રાજાએ સેવકોને હુકમ કર્યો. સેવકોએ દાસીઓને ખબર આપી, દ્રૌપદી સોળે શણગાર સજી તૈયાર થઈ. તેની સાથે હજાર દાસીઓ છે, ચમ્મર ઢોળ્યા કરે છે, વાજિંત્રો વાગવા લાગ્યા, દ્રૌપદીએ પોતાની પાસે જોડમાં બે સખીઓ રાખેલી છે. ક્ષત્રીઓ સર્વે જોવા લાગ્યાં, દ્રૌપદીના પગની પાની લાલગુલાલ જેવી છે, હંસના જેવી ચાલ ચાલે છે. જગદંબાના જેવી શોભે છે. જેના રૂપથી રંભા પણ લાજ પામે. ચરણ કદળીના જેવા છે, ચંદ્રની કળા ઘટી જાય એવું તો તેજ છે, યોગીનું મન પણ મોહિત થઇ જાય, સિંહના સરખી કટી છે, પલ્લાસના પાન સરખું જેનું ઉદર છે. તેની ચામડી કાચના સરખી છે, કમળના સરખી હથેળીઓ છે, ચંપાની કળીઓ જેવી આંગળીઓ છે, દાંત દાડમની કળીઓ જેવા છે. શરીરનો રંગ ગુલાબી છે, પોપટ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સરખું નાક છે, શીશ ઉપર નાગની માફક કાળા વાળ છે, તેનો અંબોડો વાળેલો છે.મૃગનાં જેવાં લોચન છે,લીલી નસો તથા ઝીણી ખાલ છે,હોઠ લાલ છે, ગોરા ગાલ ઉપર છુંદણું છુંદેલું છે. હડપચી ઉપર હીરો ચળકે છે,કાનમાં લીલમ લટકે છે,આનંદી મોઢું મલકાવે છે, એ પ્રકારે દ્રૌપદી સભા વચ્ચે થઈ પશ્ચિમ દિશાના મહેલ ઉપર ચઢી. ઝરૂખાની બારીએ બેઠી. તેના રૂપથી સભા સર્વ ઝાંખી પડી, તેથી સર્વે રાજાના મનને લાગ્યું,આ કન્યા આપણે હાથ આવે તેમ લાગતું નથી. જેના અહંકાર હતા તેના ઉતરી ગયા. ત્યારે દ્રુપદરાજા સર્વેને સમજુતી આપતા કહેવા લાગ્યા, જ્યારે હું રજા આપું. ત્યારે ઊઠીને કાર્ય કરવું. જેને કન્યા વરવાની ઇચ્છા હોય તેણે ઊભા થઇને કુંડની પાસે આવવું, વસ્ત્રાભૂષણ ઉતારી દેવાં. જંઘાથી તે કટી સુધી કચ્છ ભીડવો વગર ચડાવેલું ધનુષ લેવું તથા ભાથામાં એક બાણ રાખવું. તે પણ ખાંધે ભરાવી લેવું,સ્થંભ ઉપર ચડવા માટે પાટિયું મૂક્યું છે,તે પાટિયા ઉપર થઈને સ્થંભે ચડવા જવું. પછી સ્થંભને હાથ અડકાડશો એટલેસેવકો પાટિયું ખેંચી લેશે. સ્થંભ ઉપર સપાટે ચઢીજવું; છ ગાઉ ઉપર આડો ખીલો મારેલો છે,ત્યાં જરા વિશ્રામ કરવો પછી કનકનાં ત્રાજવાં છે,તે ત્રાજવામાં બે પગ દઇ ઊભા રહેવું,ધનુષને હાથમાં લઈ પડપંચા ચડાવી ટંકાર કરવો. પછી ભાથામાં બાણ લઇ જળમાં જોઇ મચ્છ તાકવી. નીચું જોવું. ને ઊંચું બાણ મારવું. તે બાણ ઊંચે છ ગાઉ જઈ માછલીનું લોચન વીંધે,તેનું તે બાણ પૂંછ વીંધે પછી મચ્છને ઉપાડીને એ બાણ જળમાં નાખે, એક જ બાણે ત્રણ કામ કરવાં, એટલું પરાક્રમ જે કોઈ પુરુષ કરે તે મારો પૂજ્ય અને મારી કન્યાને વરે.તેમાંથી કોઈ ચડતાં પડે અથવા કોઈ અધુરે કામે પડે તો ઉઘાડે માથે સભામાં બેસે. તે વાતમાં કોઈ સુમત કરે તેને બ્રહ્મહત્યાનું પાપ છે.

આ કામમાં શી શી આંટીઓ છે તે તમને કહી સંભળાવું છું,છાતીવરાણે સ્થંભે ચડવું, ખીલેથી ત્રાજવે ઉતરવું. ત્રાજવા ડાંડી બે સાથોડાં નીચાં છે. એક હાથે ડાંડી ઝાલીને ઉતરવું. ઉતરતાં સાવચેતી ન રાખે તો ત્રાજવાં ભમી જાય અને ચડનારો પડી જાય.ત્રાજવામાં ઊભા રહ્યા પછી ધનુષને ચડાવવું. તેનું એક તરફ તોલ આવે અને બીજું ઊંચું જાય તેથી ચઢનારો નીચે પડી મરણ પામે ત્રીજું એ છે કે નીચું જોઈ ને ઊંચે બાણ મારવું અને તે બાણ વડે ત્રણ કામ કરવાં એ રીતે આ કામ ઘણું કઠણ છે, માટે હું કોઇને આગ્રહ કરીને કહેતો નથી; જેને સાત વખત પાલવે તે અથવા જેને હિંમત હોય તે ચઢજો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાછળથી મને દોષ દેશો નહિ, એમ કહેશોનહિ કે રૂપાળી દીકરી હતી તે સારુ સહુને શૂળીએ ચઢાવ્યા, પછી સર્વ રાજાઓને છેવટે આજ્ઞા આપી કે જેને મચ્છવેધ કરવો હોય તે ખુશીથી ઊઠો.

સર્વથી પહેલો મગધ દેશનો રાજા જરાસંધ મચ્છવેધ કરવા ઊભો થયો. તેથી સઘળા રાજાઓ નિરાશ થયા કારણ કે જરાસંધ કન્યા પરણી જશે તો આપણે રહી જઇશું; એવા વિચારથી સર્વ રાજાઓએ જરાસંધને આશીર્વાદ આપ્યો, તું જેવો ચડે તેવો પડજે. બે માતાઓને પુત્ર જરાસંધ જળ કુંડાળા આગળ જઈને ઊભો રહ્યો, હોઠ કરડે છે, મૂછો મરડે છે. એમ કરતો કરતો પોતાનાં વસ્ત્ર આભૂષણ ઉતારી કચ્છ ભીડાવી દીધો, માથાનો અંબોડો વાળ્યો. અને ડાબી ખાંધે ધનુષ ભાથો ભરાવ્યો, કન્યાના રૂપમાં મોહિત થયેલો અહંકાર ભરેલો કોઇને નમતો નથી. ભીમ કહે, જુઓ ધર્મભાઈ, જરાસંધ રાજા ચઢેછે, એ જો ચઢતાં પડે તો કેવી ગમ્મત આવે ? ધર્મ કહે, મૂર્ખા, કોઇનું ભૂંડું તાકીએ તો આપણું ભૂંડું થાય. એવું તાકનાર પ્રાણીનું કોઇદિવસ રૂડું ન થાય. જરાસંધ શૂર ભરેલો પાટીયા પાસે ગયો, સ્થંભને બાઝયો એટલે તુરત સેવકોએ પાટિયાં ખેંચી લીધા, જરાસંધે છાતી વરાણે સ્થંભ ઉપર ગપાટાથી દોટ મૂકી સુસરો ચાલ્યો જાય છે, શ્વાસ પણ લેતો નથી. એની ચઢવાની ઝડપ જોઇ સર્વ સભા વિસ્મય પામી. સર્વ ક્ષત્રી વાતો કરવા લાગ્યા. જરૂર આ રાજા મચ્છવેધ કરી કન્યાને વરશે, જરાસંધ ચાર ગાઉ ઉંચે ચઢયો એટલે પ્રભુએ ઊંચું જોયું, જાણ્યું કે જો દુષ્ટ મચ્છવેધ કરશે તો મારા દુઃખીઆ દાસ પાંડવો નિરાશ થઈ પાછા જશે. કયાં સુધી વનમાં દુઃખ વેઠશે ? એમ વિચારી પ્રભુએ જરાસંધનું બળ હરણ કરી લીધું. શરીરમાં શક્તિ ઘટી ગઇ એટલે ગભરાયો અને સ્થંભને બાઝી પડયો, પરસેવાના રેબઝેબ છુટયા. થરથર ધ્રુજવા લાગ્યો. ઊંચું જુએ તો આભ દેખાય નીચું જુએ;તો પણ આભ દેખે છે, જમીનને તો દેખતોજનથી આંખે લીલાં પીળા દેખાવા લાગ્યા, વાયુ અતિશય વાવા લાગ્યો અનેતેથીજરાસંધને બકારી થઈ, મોઢે શ્વાસ માતો નથી. રાજાએ વિચાર કર્યો, રૂપાળી કન્યા દેખીને ચડયો પણ હવે હિંમત ચાલે તેમ નથી. એમ કરતાં કરતાં શુધબુધ જતી રહી ને હાથ પગ સ્થંભથી છૂટી ગયા અને જળકુંડમાં આવીને પડયો. સભા ખડખડ હસી પડી, જેવોજરાસંધ જળમાં પડયો તેવો નીચે જઇ જળના હેલકારે ઊંચો આવ્યો. એટલે સેવકોએ ખેંચી લીધો, ઉંધો કરી ઝોલા ખવરાવ્યા પાણીને ઓકી કઢાવ્યું એટલે દ્રોણિક ગોર આવ્યા, ગોર ક્રોધ કરીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલ્યા, આવો જરાસંધ કાષ્ટને આસને બીરાજો. એમ કહી માથેથી મુગટ લઈ લીધો ને ઉઘાડે માથે બેસાડયો. જરાસંધે નીચું જોયું, પોતે વિચાર કરે કે હું કયાં આવ્યો ? મારા પિતાનું નામ બોળ્યું. પૃથ્વીમાગઆપેતો સમાઇ જઉં. એવામાં શીશુપાળ ઊઠયો અને જરાસંધને કહેવા લાગ્યો, તમે તો તમારા બાપનું નામ બોળ્યું પણ જુઓ હું મચ્છવેધ કરું છું. એમ કહી કચ્છ ભીડાવી દીધો. મૂછો મરડીને જળકુંડાળા પાસે આવ્યો, સ્થંભને બાથ ભીડાવી એટલે સેવકોએ પાટિયું ખેંચી લીધું. તે વાયુવેગે દોડયો જાય છે. સહુસભાએ જાણ્યું, જરૂર આ રાજા મચ્છવેધ કરશે, બીજા આવેલા રાજા પાછા જશે, જરાસંધથી આની ચઢવાનીઝડપ બમણીછે. એમ સભા વખાણ કરવા લાગી, એમકરતાંકરતાં સાડાચાર ગાઉં ગયો એટલે જગતપતિએ સામું જોયું. પ્રભુએ વિચાર્યું, પાપી મચ્છવેધ કરશે તો મારા ભકત પાછા જશે એમ ધારી એક પળમાં બળ હરણ કરી લીધું. દોઢ ગાઉ ઊંચો ત્રાંસ રહ્યો છે એટલે શક્તિ હઠી ગઈ અને શ્વાસ ચઢયો, મોંઢે ફીણ આવ્યું. અરેરે રૂપાળી કન્યાને મોહીને ઉપર ચડયો. પણ હવે મારા બાપનું નામ મેં બોળ્યું. તેવામાં વાયુ પુષ્કળ વાયો તેથી શીશુપાળના હાથપગ છૂટી ગયા અને જળકુંડમાં પડયો.

જળની ઉંપર આવ્યો એટલે સેવકોએતાણી કાઢયો ઝોલા ખવરાવી પાણી ઓકાવી કાઢયું પછી માથા ઉપરથી મુગટ લઈ લીધોઅનેઉઘાડે માથે કાષ્ટના આસન ઉંપર શીશુપાળને બેસાડયો. જરાસંધ કહે, આવો શીશુપાળ, એકલો હતો તે આપણ બે થયા, શીશુપાળ નીચું ઘાલી રુદનકરવા લાગ્યો. પછીશલ્લ રાજા ઉભો થયો એટલે સર્વેસભા તેનું પુષ્ટ શરીર જોઈને ખડખડ હસવા લાગી. જળકુંડાળા આગળ આવ્યો. લોકોએવિચારકર્યો, થાંભલો એના અંગૂઠા જેવો છે તેથી ચઢતાં ભાગી પડશે. લાંબો, પહોળો ને પાંચતોએ પાંડવોનો મામો છે. ત્રણ મણનો સુરવાલ પહેરે છે, પાંચ મણનો જામો પહેરે છે અને બાર મણ બોજનો માથે પાઘ બાંધે છે, બાણ યુદ્ધ જાણે છે. તેમ મલ્લયુદ્ધ પણ જાણે છે. અને જમણે હાથે બહોતેર મણનું માદળિયુ બાંધેલું રહે છે. તેણે વસ્ત્ર આભૂષણ ઉતારી દીધાં, કચ્છ ભીડાવી દીધો પછી સ્થંભને બાઝવાનો નિશ્ચય કીધો.

દ્રુપદરાજાના સેવકોએ દસવીસ પાટિયાં મૂકી દીધાં કારણ કે એક પાટિયું ભાર ઝીલી ન શકે, શલ્લ પાટિયાં ઉપર ગયો અને સ્થંભને બાથ ભીડાવી. સેવકોએ પાટિયાં ખેંચી લીધાં. ભીમે ધર્મને કહ્યું, ભાઈ, આપણો મામો ચઢે છે તેથી હું ખુશી છું. કોઇક દહાડો કન્યાના હાથનો કંસાર ખાઇશું. ધર્મ કહે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઇશ્વર ઇચ્છા હશે તેમ થશે.તું બોલીશ નહિ.સર્વ સભાજુએછેતેમબેઠોબેઠો જો.

શલ્લરાજા સ્થંભ ઉપર ચડવા લાગ્યા. શલ્લના ચઢવાથી સ્થંભ ઝોલે ચડયો ને કચડ કચડ થવા લાગ્યો. સઘળી સભા હસવા લાગી છે, સર્વે વિચારવા લાગ્યા. જો સ્થંભ ભાગી જશે તો કચ્ચરઘાણ વાળી નાંખશે. બે જણ ચઢી ગયા પણ આના જેવા નહિ.એમ માંહેમાંહે વાતો કરે છે. શલ્લ પાંચગાઉ ગયો એટલે પ્રભુએ ઊંચું જોયું. શલ્લનું બળ આકર્ષણ કરી લીધું તેથી શ્વાસ માતો નથી ને સ્થંભને બાઝી પડયો, પરસેવાના રેબઝેબ છુટયા, શુદ્ધિ રહી નહિ અને ઉછળીને જળકુંડમાં પડયો, સેવકોએ તાણી કાઢયો અને પાણી એકાવી કાઢયું. દ્રોણિક ગોર આવ્યા અને શલ્લરાજાને કહેવા લાગ્યા, મારવાડના મહારાજા, માથાનો પાઘઆઘોમૂકોનેકાષ્ટના આસનેબિરાજો.શીશુપાળ તથા જરાસંઘ કહે,આવો શલ્લરાજા,અમને ગમતું નહોતું માટે ભલે આવ્યા. પછી દંતવક્ર ઊભો થયો, દમઘોસનો દીકરો છે અને શીશુપાળનો ભાઈ છે. શીશુપાળે તેને બોલાવ્યો અને પૂછયું,ભાઇ,કેમ ઊભો થયો ? દંતવક્ર કહે,તમે બાપનું નામ બોળ્યું તેથી હું મચ્છવેધ કરી કન્યાને વરીશ. શીશુપાળ કહે, આપણા બાપના બાપ પાસે મચ્છ તો દેખાતો નથી માટે આબરૂ ભેર બેસી જાઓ. એક હાથ ઉઘાડો થઈ ગયો પણ એકની બાંધી મુઠી રહી છે તેથી તું બેસી જા. શલ્લરાજા બોલી ઉઠયો, ક્ષત્રાણીને ધાવેલો હોય તે પાછો પડે નહિને જો દાસીને ધાવેલો હોય તો પાછો પડે. એવું સાંભળી દંતવક્ર કહે, જો હું ન ચઢું તો બ્રહ્મહત્યાનું પાપ.શીશુપાળે શલ્લને કહ્યું,આભડયો અભડાવે ને વટલ્યો વટલાવે. મારા ભાઇને ફુલાવીને ચડાવ્યો. દંતવક્રે વસ્ત્ર ઉતારી દીધાં અને કચ્છ ભીડી જળકુંડાળા આગળ આવી સ્થંભને બાથ ભીડી. સેવકોએ પાટિયાં ખેંચી લીધાં, પ્રભુએ વિચાર કર્યો, આ દંતવક્ર મારો ભક્ત છે માટે એને ઉંચેથી પાડવો ન જોઇએ, એમ જાણી એનું બળ ખેંચી લીધું એટલે ગભરાવા લાગ્યો, મચ્છના સામી દૃષ્ટિ કરે તો મચ્છ દેખાતું નથી, મનમાં વિચાર્યું; હું ન ચઢયો હોત તો સારું, મેં મારા ભાઇનું કહેવું માન્યું નહિ અને હવે શો ઉપાય કરું? એવામાં એના હાથ છુટી ગયા ને જળકુંડમાં પડયો. સેવકોએ તાણી લીધો. શીશુપાળે હાથ ઘસ્યા અને નીચું ઘાલ્યું, ગોરે કહેવા માંડયું, ધન્ય દમઘોસના દીકરા,બે દીકરાઓએબાપનું નામ બોળ્યું. એમ કહી મુગટ લઈ લીધો, દંતવક્ર ઉઘાડે માથે શીશુપાલની પાસે આવીને બેઠો, શલ્લ કહે, ભા, ભલે પડયો, ચારે નામીચા પડયા તેથી કોઇની હિંમત ચાલતી નથી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દ્રુપદ રાજાએ દુર્યોધનને તેડવા માટે પવનવેગી સાંઢ આપીને એક છડીદાર મોકલ્યો. તે છડીદારે જઈને સમાચાર આપ્યા, દુર્યોધન કહે. મામા પીઠી તૈયાર કરી મને ચોળાવો. મામાએ સ્ત્રીઓને બોલાવી તેમણે પીઠી તૈયાર કરી, દુર્યોધનને બાજઠ ઉપર બેસાર્યો. સર્વે સ્ત્રીઓ પીઠી ચોળતી જાય છે અને ગીત ગાતી જાય છે. દુર્યોધનને શરીરે અત્તર, તેલ, ફુલેલ વિગેરે ચોળે છે. વરરાજાથી હોઠમાં હસી જવાય છે. દુર્યોધન કહે. મામા, ચીકણાશ મૂકો, હવે, કયાંસુધીપીઠી ચોળાવશો? મામો કહે બીજા બાજઠ ઉપર બિરાજો એટલે નવરાવીએ. દુર્યોધન બીજા બાજઠ ઉપર જઇને બેઠો. સ્નાન કરાવ્યું. પછી લુછીને વરને સાવધાન કર્યો, વરરાય બોલ્યા, મામા હું શોભું તેવા અલંકારો પહેરાવો, મને જામો પહેરાવો અને દૃષ્ટિ ન લાગે માટે મારા ગાલે કાળું ટપકું કરો. દુર્યોધનને વસ્ત્રો પહેરાવ્યા અને મોંઢે જરા મેંશ ઘસી. દુર્યોધન કહે, મામા, મનેતેડીને ઘોડે બેસાડો મામાએ વરને તેડીને ઘોડે બેસાડી દીધો. બેસતામાં દસવીસ છીંકો થઇ. દુર્યોધન કહે, મામા આ શુકન કેવા ? મામો કહે, દસ વીસ કન્યાઓ મળે તેવા. મામાએ શ્રીફળ લાવી દુર્યોધનના હાથમાંઆપ્યું, દુર્યોધનકહે, સેવકોને પણ દાગીના પહેરાવો. અગિયાર ક્ષોણી યોદ્ધાઓને એકેકલક્ષનાદાગીના પહેરાવી દીધા. આગળ સૈન્ય ચાલે છે, પાછળ નવાણું ભાઇની સ્ત્રીઓગાતીગાતી વાજતે ગાજતે વરઘોડો લઈને જાય છે. વરઘોડો લઇને દરવાજેઆવ્યા, એટલે કાગ કળકળવા લાગ્યા. ભીષ્મ, વિદુર, દ્રોણને કૃપાચાર્ય ચારે જણ દરવાજાની બહાર આવ્યા. સર્વે સ્ત્રીઓને રોકી રાખી અને કહેવાલાગ્યા, ઘેર તો વરની રાણી છેડા વાળીને બેઠી છે. પછી મામો ચમ્મર ઢોળવા બેઠો. કર્ણ કહે, હવે વાર ન કરશો. વાગતે ડંકે ચાલ્યા જાય છે, રસ્તે અત્તરનો છંટકાવ થયે જાય છે, ચાર ભાટ આવીને યાચના કરે છે અને અપ્સરાઓ નાચ કરે છે. સાંઢણીવાળો છડીદાર આગળ ગયો અને રાજાનેખબરઆપીકે છત્રપતી પધારે છે. સર્વેજાણ્યું દુર્યોધનઆવે છે.

દ્રુપદ રાજા સાકરનાં પાણી ભરી સેવકોને સાથે લઇને દુર્યોધનના સામો આવ્યો. ક્ષત્રી લોકો પણ સામા આવ્યા. બ્રાહ્મણ, યાદવ અને સ્થંભ ઉપરથી પડેલા ચાર એટલા બેસી રહ્યા છે. સ્વયંવરમાં પોકાર થયો, દુર્યોધન આવ્યો. દ્રુપદરાજા સાકરનાં પાણી દુર્યોધનનેપાય છે, અને કહે છે કે ભલે પધાર્યા. હવે કોઇથી ઘાંટો કાઢીને બોલાતું નથી, કોઇથી છાની વાત થતી નથી એવી છત્રપતીની બીક છે. પછી આંધળાનો પુત્ર હાથમાં નાળીએર ઝાલી સભામાં આવ્યો અને ઊંચે આસને બેઠો, સર્વે એના બેઠા પછી બેઠા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધને આસન ઉપર બેસી સર્વેના સામી દૃષ્ટિ કરી. વૃકોદર ધર્મને કહે કે મોટા ભાઈ, આંધળાનો પુત્ર તમારો પાપી ભ્રાત આવ્યો. ધર્મ કહે, મૂર્ખા, છાનોમાનો બેસી રહે, ગમે તેવો પણ આપણો ભાઇ છે. એના વિના સભા શોભતી નહોતી. એ આવ્યો એટલે સભા શોભવા લાગી,એમ ભીમને સમજાવીને બેસાડયો.ત્યારે ભીષ્મ વિદુરને કહેવા લાગ્યા,આતો અછકલુ દેખાય છે. શ્રીફળ ઝાલીને બેઠો છે તેથી સર્વ સભા ચેષ્ટાળી કરે છે. માટે તમે જઇને હેઠું મૂકાવો. એટલે વિદુર કાકાએ જઇને કાનમાં કહ્યું, આ તો અછ-કલુ દેખાય છે. સર્વે સભા હસે છે માટે નીચું મૂકી દે.ભીષ્મપિતા કકળે છે,જો ગાળ દેશે તો સર્વ સભા હસી પડશે અને નીચું ઘાલવું પડશે. દુર્યોધન કહે; કેમ મામા ? મામો કહે, નાળીયરમાં શું પેઠું છે ? કન્યા તારી છે બીજે કયાં જવાની છે, માટે નાળીએરને હેઠું બાળ. પાપીએ નીચે મૂકયું પછી દુર્યોધને ઘાંટો કાઢી દ્રુપદને બોલાવ્યો. દ્રુપદ થરથર ધ્રૂજવા લાગ્યો, દ્રુપદે ગોરને કહ્યું,મહારાજા, મારી સાથે ચાલો અને છત્રપતી જે પૂછે તેનો ઉત્તર તમે આપો. ગોર કહે, ચાલો હું આવીને ઉત્તર આપીશ. તમારે બીક છે, મારે એની કંઈ બીક નથી. ગોર તથા દ્રુપદ દુર્યોધન આગળ આવીને ઊભો. દુર્યોધન કહે, કેમ વાર કરો છો ઝટ અમને પરણાવી દો. ગોર કહે,એમ કન્યાને પરણ-વાનું નથી. તમારો કંઇ વિવાહ કર્યો નથી, અહીં જે મચ્છવેધ કરે તેને કન્યા પરણશે.દુર્યોધન કહે મચ્છવેધ કેવો ? ગોર કહે, આ સ્થંભ બાર ગાઉ સુધી ઊંચો છે તેના ઉપર છ ગાઉ સુધી ઝપાટાથી ચડી જવું અને ત્યાં બે ત્રાજવાં છે તેમાં બંને ચર્ણો મૂકવા. પછી ધનુષ ચડાવી બાણનું સંધાન કરી પાણીમા નીચું જોઇ ઊંચે મચ્છની આંખ વીંધો પછી તેના તે બાણે પૂંછ વીંધે ને તેના તે બાણ વડે કરીને મચ્છને ઉપાડી જળમાં નાંખો,એટલું પરાક્રમ કરો તો કન્યા વરો અને જો તે કામ કરતાં પડી જાઓ અગર અધુરું કામ કરો તો જળ કુંડાળાની પાસે ઊંધાડે માથે બેસવું પડશે.પછી દુર્યોધન કહે,શું અમે જેવાતેવા છીએ,અમે ચઢનાર નથી, તાઇ પીંજારા ઘણા ચઢેછે. બળ્યો મચ્છવેધ. બળી સભા.સને કન્યા પરણાવી દો.બસ ઝટ કરો.અમે નહિ બેસી રહેવાના,ગોરેકહ્યું. સભાને બળે છે તેમ મચ્છવેધને બાળે છે તે કરતાં ત્રારું મોં બાળ ફાવે તેમ લવારા કરવા લાગ્યો છે, મચ્છવેધ કર્યાં સિવાય કન્યાને પરણવાનું નથી. તે સિવાય પરણવું હોય તો તારી માને પરણ. એ કન્યા દ્રુપદની નથી, એ કન્યા મારી છે, તારી જાતી ઊંચ છે પણ કોઇક નીચનાં લક્ષણ છે. ઊંચ જ્ઞાતિમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જનમ્યો પણ નીચનું ફરજન જણાયછે,નીચસિવાય આવી ખરાબ વાણીમોઢા-માંથી ન નીકળે.દુર્યોધન કહે, મામા, ગોરે તો ઊલટી ગાળો દીધી. મામોકહે, મચ્છવેધ કરે તો કન્યા મળે.છત્રપતિ કહે સ્થંભે ચડીશું થનાર હશે તે થશે પણ મારા પહેલાં સભામા રાજાઓ કેમ આવ્યા ? મારી મર્યાદા બિલકુલ રાખી નહિ. નિત્ય એવું કરે માટે સર્વને શિક્ષા કરું. મામો કહે, એ વાત સાચી છે. કારણ તે તું તો સર્વનો માબાપ છે, હા,હા કહી દુર્યોધન સભામાં ઊભો થયો અને સર્વ ક્ષત્રિયોને કહેવા લાગ્યો, હવે હું આવ્યો એટલે કેમ કોઇ મચ્છવેધ કરવા ઊઠતા નથી ? સર્વે આશા ભરેલા સુંદિર પોષાક પહેરીને આવ્યા છો, પણ મારા આવ્યા વિના કામ ન થયું. માટે ઓઢણી ઓઢો, ચુડા પહેરો અને આંખમાં મેંશ આંજો.ખાઈ ખાઈને ભાદરવાની ભેંસ જેવા બન્યા છો ધિક્કાર છે તમને,તમે ક્ષત્રાણીને ધાવેલા નથી કોઇ નીચ જાતની દાસીને ધાવેલા છો. તમારી માતાના પેટ પથ્થર અવતર્યા.મારા આવ્યા વિના કામ કોઇનાથી બની શકયું નહિ. શું પહેલાં તમે જાણુતા નહોતા, બાપા આવ્યા નથી.ઓછું પાત્ર છલકાઇ ગયો અને ફાવે તેમ બોલ્યો, પણ સઘળા ક્ષત્રીઓમાંથી એના સામું કોઇ બોલી શકયું નહિ, કૃષ્ણ પ્રભુથી ખમાયું નહિ તેથી દીનબંધુ દુર્યો-ધનની પાસે પધાર્યા અને દુર્યોધનને કહેવા લાગ્યા, હાં હાં છત્રપતી, આ શું બોલો છો ? સઘળા ક્ષત્રીઓ લજવાય છે. મોટાનું મોટું મન જોઇએ, ગંભીરતા છે એ જ મોટાઈ છે. છોટાં વચન બોલવાથી છોટાઈ જણાય છે.એવું બોલવું તમને ઘટીત નથી.નીચ હોય તે નીચું વેણ બોલે.તાબાના ક્ષત્રીના માતાપિતા તુલ્ય છો અને એ તમારી પ્રજા છે,હવે આસન ઉપર બીરાજો નહિ તો દ્રોણગુરુ ઠપકો દેશે. દુર્યોધન કહે, અરે ભરવાડા, તું મને કોણ કહેનાર ? તું ગાયોનો ચારનાર, છાશ પીને મોટો થયેલો તથા મામા માસીને મારનારો બ્રાહ્મણનું અન્ન માગી ખાનારો,તું મારા સામું કોણ બોલનારો? તું અમારી તોલે નથી કૃષ્ણ કહે,તારી તોલે કયાંથી આવું ? કારણ કે તારી મા તો આખલાને પરણેલી છે.ક્ષત્રીને ત્યાં અવતર્યા છે તેમાં શું મોટાઈ બતાવે છે. પહેલો પિતા આખલો તેની અસર જાય નહિ. ભેગ વિના ઊંચ કુળની આવી બુદ્ધિ હોય નહિ. આખલાની જાત અવળી હોય જ્યાં ને ત્યાં શીંગડાં મારે.પ્રભુ કહે, બધી સભા સાંભળો, નંદીનો ભેગ થયેલો છે તેથી એની બુદ્ધિ જુદી છે,ઊંચે હોય પણ નીચી વાણીથી નીચ જાણવો, જે માણસ ખોટો હોય તેને ખરું કહ્યાથી ખોટું લાગે અને જે માણસ ખરો હોય તેને ખોટું કહ્યાથી કાળજામાં વાગે છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એ અનાદિની રીત છે. પ્રભુએ સહજ કહ્યું પણ દુષ્ટે વધારે ખેંચી લીધું. પછી પાપી બોલ્યો, મેં તમને કહ્યું નથી. મેં તો ક્ષત્રીઓને કહ્યું છે. પ્રભુએ કહ્યું ક્ષત્રીઓ તારા તાબાના તે સહન કરે પણ અમે કાંઇ તારા તાબાના નથી. દુર્યોધન કહે, મામા, આતો ફાવે તેમ બોલે છે? કરણ કહે, બોલીને બોલાવ્યા. દુર્યોધન કહે તમે તમારા આસને પધારો. પ્રભુ કહે, તારે તોફાન કરવું છે? દુર્યોધન કહે મારે તો કાંઈ કરવું નથી. એમ કહી પાપી આસન બેઠો. કૃષ્ણ પ્રભુ પણ પોતાના આસન ઉપર જઇને બીરાજ્યા. આખી સભા રાજી થઇ કે પ્રભુએ ઠીક પાપીને ખાસડા માર્યા. પછી પાપી મામાની તથા કર્ણની સાથે બોલ્યો હવે આપણે કેમ કરવું? મામો કહે, સ્થંભે તો ચઢવું જ પડશે. દુર્યોધન કહે, સ્થંભ ઊંચો તેમાં વળી માછલીની ઉપાધી. મામા કહે, માછલું જોયા સિવાય પેલા ઝરૂખામાં કન્યાને તો જો.

દુર્યોધન કન્યા જોઈ હરખાવા લાગ્યો અને વિચાર કરે છે કે મચ્છવેધ કરી કન્યાને પરણું, ને પરણતાં એના કંસાર આ મોં ખાશે. મારો જન્મારો સફળ થશે. હું રંકને રત્ન મળ્યું. પાપી આંખો પલકાવા લાગ્યો. દુર્યોધને દ્રુપદરાજાને બોલાવ્યો દ્રુપદ રાજા ગોરને કહેવા લાગ્યા, ગોર મહારાજા, મારી સાથે ચાલો કારણ કે છત્રપતી બોલાવે છે. ગોર કહે ચાલો. ગોર તથા દ્રુપદ રાજા દુર્યોધન પાસે આવીને ઉભા રહ્યા. દુર્યોધન કહે, ગોર મહારાજા, હું મચ્છવેધ કરી કન્યાને પરણું પણ પહેરામણી શી આપશો? ગોર કહે, પાણી પહેલાં મોજડાં શીદ કાઢો છો? કામ કરીને પહેરામણીમાં ઘર, ગામ, સૌ લે, એમારે કંઇ જોઇતું નથી. દુર્યોધન કહે, પધારો ત્યારે દ્રુપદરાજા તથા ગોર બંને જળકુંડ આગળ ઊભા રહ્યા. દુર્યોધન ઉભો થયો અને મામાને કહે છે, હું સ્થંભ ઉપરથી પડું તો તમે તથા કરણ ઝીલી લેજો. કર્ણ કહે, શુકનમાંથી જ પડવાની વાત કરે છે, આવા શબ્દો બોલી બોલીને અમારા ફજેતા કરે છે, દુર્યોધન કહે. આ ઉઠયો, પણ મામા કન્યા મારા સામું કેમ જોતી નથી? કોઈ સાથે કહેવરાવો, મામો કહે, વહેવરાવીએ તો ગમાર બનીએ. દુર્યોધન કહે, પરણ્યા પછી મારે મારા ખાવાની છે, મામો કહે, પછી ચાહ્ય તેમ કરજે, પછી પાપી ઊભો થયો કન્યાના સામું જોઇ રહ્યો છે. પણ કન્યા તો સામું શાની જુએ? દાસીએ દ્રૌપદીને કહ્યું, બાઇ સાહેબ, છત્રપતિ ઉઠયા, સામું કેમ જોતાં નથી? દ્રૌપદી કહે, તે અહંકારી છે. તેમારે લાયક નથી. દાસી કહે, ગમે તેવો પણ એને ઘેર જવાનુ છે. દ્રૌપદી કહે, એનાથી કાર્ય થવાનું નથી, દાસી કહે, જોઇએ છીએ, કોનુ સાચુ થાય છે? એવામાં દુર્યોધન જળ-

Kirtikant Sharma Collection, Najafgarh.

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કુંડ આગળ આવ્યો, ભરી સભામાં દુર્યોધન કન્યાના સામું જોઈ રહ્યો છે, તેનું મન લબ્ધ થઈ ગયું છે. એટલે સર્વ ગુસ્સે થયેલી સભાએ આશીર્વાદ આપ્યો, જેવા પાપી ચડે તેવા જ પડજો. પેલા ચાર જણા નીચું ઘાલીને બેઠા છે. તે મનમાં વિચાર કરે છે, પાપી દુર્યોધન કયારે ચડીને હેઠો પડે, ભીમસેન ધર્મને કહેવા લાગ્યો, પાપીનો અહંકાર નડજો અને તમારા દુર્યોધનભાઈ પડજો, ધર્મ કહે, મૂર્ખા,એ શું બોલે છે ? એ પડશે તેમાં આપણને લાંછન છે. માટે બોલ્યા વગર બેસી રહે. દુર્યોધને સ્થંભને બાથ ભીડાવી એટલે સેવકોએ પાટિયું ખેંચી લીધું. દુર્યોધન વાયુવેગે દોડયો જાય છે. સર્વે સભાએ વિચાર્યું કન્યા તો દુષ્ટ દુર્યોધનને વરે તેમ લાગે છે. એવામાં દુર્યોધન પોણા છ ગાઉ ચડયો, પછી પ્રભુએ ઊંચું જોયું અને વિચાર કર્યો, પાપી મચ્છવેધ કરશે, તેથી તેનું બધું બળ હરણ કરી લીધું. દુર્યોધનનો જીવ ગભરાયો અને પરસેવાના રેબઝેબ વળ્યા, આંખોએ લીલાંપીળાં જણાવા લાગ્યાં, વાયુ અતિશય વાયો તેથી શુદ્ધિ રહી નહિ ને દુર્યોધન તો બૂમો પાડે છે, ઓ મામા, કર્ણ, મને તમે ઝીલી લેજો. પણ કોણ બાપ સાંભળે ? દુર્યોધનના હાથ પગ છુટી ગયા અને ઊંધે માથે કુંડમાં પડયો. સેવકોએ ખેંચી કાઢયો. અને થાંભલો દુષ્ટના માથામાં હીચકાવાથી કપાળ ફુટી ગયું. તેને મામાએ અને કરણે પાટો બાંધ્યો. ગોરે આવી મુગટ લઇ લીધો અને કહ્યું, ચાર જણાની જોડે જઈ ઉઘાડે માથે બેસો. દુર્યોધન કહે અમે ત્યાં બેસવાના નથી. મામો કહે, દુર્યોધન બેસ. એમ જાણજે કે ઘરમાં બેઠા છીએ. પાપી કહે, આ બેઠા. એમ કહી ચારે જણની વચ્ચે જઇને બેઠો. ચારેજણ કહે, આવો આંધળાના છોકરા બેસો. દુર્યોધન કહે, અમે કન્યાને વરવાના છીએ અહીં બેઠા તેથી શું થયું ? જરાસંઘ કહે, તારી મા ગાંધારી સાથે લગ્ન કરજે, ગાંધારીને બે ધણી તેમાં વળી ત્રીજો થાય. એમ ટટો કર્યા કરે છે. વૃકોદર બોલ્યો, હે, ધર્મરાજા તમારા ભાઇએ ભરી સભામાં અજવાળુ કર્યું. એવામાં કર્ણરાજા ઉઠયો અને જળ કુંડાળે આગળ આવ્યો દુર્યોધન કહે. કર્ણ શા માટે ઊભો થયો ? કર્ણ કહે, મચ્છવેધ નહિ કરીએ તો કન્યા બીજાને હાથે જશે. અને આપણે જાન લઈને પાછા જઇએ તો જગતમાં નિંદા થશે. માટે હું મચ્છવેધ કરીશ, દુર્યોધન કહે, તું મચ્છવેધ કરી કન્યાને પરણે અને હું પાછો જોઉં એમ નથી કરવું. છો આબરૂ જાય. પાપીએ મામાને બોલાવ્યો, મામો આવ્યો, દુષ્ટ કહે, મામા, હું વર છું, તે બેસી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહે અને જાનયો કન્યાને પરણી જાય એ સારુ કહેવાય ? મામો કહે, તમે ને કર્ણ બે જાણો હુ તો મારે આ ચાલ્યો. એમ કહી મામો પોતાના આસન ઉપર બેઠો. દુર્યોધન કહે, કર્ણ રાજા, તું મચ્છવેધ કરે પણ કન્યાને હું પરણું એવું વચન આપો તો સ્થંભ ઉંપર ચડ નહિ તો પાછો જા. કર્ણ કહે હું મચ્છવેધ કરીશ અને કન્યા તમને વરશે એવું મારુ વચન છે. એટલે દુર્યોધન કહે, વારુ, હશે ચઢીને મચ્છવેધ કર.

કર્ણ રાજાએ વસ્ત્ર ઉંતાર્યાં. અને કચ્છ ભીડી લીધો. ધનુષ તથા ભાથો ખાંધે ભેરવી લીધો. પછી સ્થંભને બાથ ભીડાવી એટલે સેવકોએ પાટિયું ખેંચી લીધું. કર્ણ રાજા વાયુ વેગે ચાલ્યો જાય છે. છ ગાઉ સુધી ચડયો અને ખીલાને તથા ત્રાંસને લટકી શ્વાસ ખાવા લાગ્યો. પ્રભુએ ઉંચું જોયું અને વિચાર કર્યો કે આ પણ મારો ભક્ત છે તેમ દાતાર છે. તેથી ઊંચેથી નીચે પાડું તો ઠીક. એમ ધારી નારદને બોલાવ્યા; નારદ ઋષિ પ્રભુને કહેવા લાગ્યા, મને કેમ તેડાવ્યો? પ્રભુએ કહ્યું, કર્ણને નીચે ઉતારો તો ઠીક. નારદ કહે, બહુ સારુ. એમ કહી નારદ દ્રૌપદી પાસે આવ્યા. દ્રૌપદી સતી નારદજીને પગે લાગી. નારદજી આંખો માંથી આંસુ કાઢવા લાગ્યાં. દ્રૌપદી કહે, મહારાજ, આવા આનંદના સમયમાં રુદન કેમ કરો છો ? નારદ કહે, જે રાજા સ્થંભ ઉંપર ચડયો છે તેની નાત તથા જાતનું ઠેકાણું નથી. વળી દાસી પુત્ર છે એના બાપનું પણ ઠેકાણું નથી, પ્રધાનની નોકરી કરી ખાય છે. માટે તેની સાથે પરણો તેથી હું દિલગીર છું તેથી તેને નીચે ઉતારો તો ખુશી થાઉં. દ્રૌપદી કહે, વારુ મહારાજ, હમણા હું નીચે ઉતારું છું, નારદઋષિ અંતરધ્યાન થઈ ગયા, દ્રૌપદીએ ચાર દાસીઓને હુકમ કર્યો કે તમે ચારેજ સભામાં જઈ શંખ વગાડો અને જાહેર કરો કે આ દાસીપુત્ર છે તેમજ પ્રધાન છે તેથી કન્યા વરવાની નથી. કામ કરશે તો પણ પાછો જશે.

ચાર દાસીઓ સભામાં આવી જળકુંડ આગળ ઊભી રહી, શંખ વગાડી લોકોને જાહેર કરવા લાગી કે આ તો દાસીપુત્ર છે તેમજ પ્રધાન છે માટે અમારાં બાઈ તેને વરશે નહિ. તેને હેઠું ઉંતરવું હોય તો હેઠો ઊતરે અને કામ કરવું હોય તો કામ કરે. મચ્છવેધ કરશે તો પણ કન્યા વરવાની નથી. કર્ણ આ સાંભળીને પશ્ચાતાપ કરવા લાગ્યો. મને મહેણું દઈ મારુ અપમાન કર્યું. કર્ણ રાજા નીચે ઉતરી પડયો, દાસીઓ શંખ વગાડી નાસી ગઈ. કર્ણરાજાનું મોં ઉતરી ગયું. દુર્યોધન કહે, કન્યાએ તો લાજ લીધી. મેં તો આશા રાખી હતી, પણ નિષ્ફળ ગઈ. કર્ણ કહે, કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે. જોઉં તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ખરો કોણ મચ્છવેધ કરે છે ? આભ ને અવની એક થાય પણ તને પરણાવીને લઇ જઇશ. દુર્યોધને મામાને બોલાવી કહ્યું, મામા, કર્ણ કહે તે ખરું કે ખોટું ? મામો કહે, ખરું જાણજે. દુર્યોધન કહે, કોઇ મચ્છવેધ કરશે તો કેમ કરીશું? કર્ણ કહે જો કોઇ મચ્છવેધ કરશે તો બાણ મારી ઠેર મારીશ. દુર્યોધન કહે, વારુ ત્યારે. હવે કન્યા કયાંય જવાની નથી, મારે ઘેર બેઠી. પછી સૌ સભામાં બેસી રહ્યું છે. તથા દ્રુપદ રાજા અકળાય છે કે કોઇ ઊઠતું નથી તેથી કન્યા કુંવારી રહેશે કે કેમ ? અગર કોઇ હરણ કરી જશે તો મારેનીચું જોવું પડશે. માટેઘેરજઇ ઝેર પી મારો દેહ પાડું. વળી જોઉં છું, કોઇ ઉઠે છે. પણ સભામાંથી કોઇ મચ્છવેધ કરવા ઊભું થતું નથી તેથી દ્રુપદ રાજા દિલગીર થઇ ઝેર ખાઇમરવા સારું પોતાને ઘેર જવા નીકળ્યો. સ્વયંવરમાં એવી વાત ચાલી કે કોઇ મચ્છવેધ કરવા ઉઠતું નથી, તેથી દ્રુપદ રાજા મરવા સારું ઘેર ગયો. બિચારાએ ખર્ચ કર્યું તે ધુળ મળ્યું. એવામાં બળભદ્ર કૃષ્ણને કહેવા લાગ્યા, ભાઈ દ્રુપદ ઉપર મને દયા આવે છે. કારણ કે તેણે એટલો બધો ખર્ચ કર્યો છે તે નિષ્ફળ જાય છે, માટે તમે કહો તો હું મચ્છવેધ કરું, પ્રભુએ વિચાર કર્યો કે પાંડવો સાટે પાંચ જણાને નીચે પાડયા અને હવે મારા મોટાભાઈ ચઢે છે. તેથી યુક્તિ કરી તેમને રોકી રાખું તો ઠીક. એમ ધારી પ્રભુએ બળભદ્રને કહ્યું, મોટે ભાઇ, રૂપાળી કન્યા દેખીને તમારું મન ચળિત થયું કે શું તમે ઘરડા થયા તેથી તમારી બુદ્ધિ નષ્ટ પામી, હું તમારાથી નાનો ભાઇ છું. મારા આગળ વાત કરતાં શરમ નથી આવતી? બળભદ્ર શરમાઇ ગયા ને કૃષ્ણને કહેવા લાગ્યા, આ વખતે આપણી કુંતા ફોઇના પાંચ પુત્ર હોત તો મચ્છવેધ જરૂર કરત અને દ્રુપદની પુત્રીને વરત. પ્રભુએ કહ્યું, પાંચ પાંડવમાંથી એકને બતાવું તો શું આપશો ? બળભદ્ર કહે, જો બતાવે તો મારા અત્યાર સુધી કરેલાં સુકિત પાંચમાંનો જે મચ્છવેધ કરવા ઉઠે તેને અર્પણ કરું. પ્રભુ કહે. વચન આપો, બળભદ્ર વચન આપ્યું. વચન લઇને હસી પડયા. બળભદ્ર કહે, કેમ હસવું આવ્યું ? પ્રભુ કહે, પાંડવો કયાં ને વાત શી ? બળભદ્ર કહે, હું તારા જેવડો છું, તે તું મારી મશ્કરી કરે છે ? પાંડવો નહોતા ત્યારે વચન શા માટે માગ્યું એમબળીભદ્ર ક્રોધે ચઢયાએટલે પ્રભુ સભામાં કૌરવોના જથામાં દ્રોણ, ભીષ્મ, કૃપાચાર્ય, વિદુર એ ચારની પાસે આવ્યા, ત્યારે ભીષ્મ કહે, પધારો. કહી કહેવા લાગ્યા, હે જગતપતિ દ્રુપદનો બધો ખર્ચ કરેલો નિષ્ફળ જાય છે. જો આ વખત અમારાં પાંડવો હોત તો મચ્છવેધ કરી કન્યાને વરત. કૃષ્ણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહે,હું પાંચ પાંડવમાંથી એકને બતાવું તો શું આપો? ચારે જણ કહે,જો બતાવે તો અમારું સુકિત આપીએ કૃષ્ણે ચારે જણ પાસેથી વચન લઈ લીધાં, પછી હસી પડયા. ચારે જણે કહ્યું, કેમ હસી પડયા ? પ્રભુએ કહ્યું, પાંડવો કયાંને વાત શી?ચારે જણ કહે, ઘરડા થયા તો પણ તમારી મશ્કરીની ટેવ નથી જતી. પ્રભુ બોલ્યા વગર પોતાના આસન ઉપર બીરાજ્યા.

હવે દ્રુપદરાજાએ પોતાના સાતમે માળે જઈ વિષનો પ્યાલો તૈયાર કરી હાથમાં ઝાલ્યો, ચક્ષુમાં ચોધાર આંસુની ધાર ચાલી જાય છે અને મુખમાંથી એવું બોલતો જાય છે કે હે વેદ વ્યાસજી, તમે મારા કીયા ભવના શત્રુ હતા તે મારે ઘેર શૂળી રોપાવી. મચ્છવેધ થયો નહિ ને શૂળી કહેવાઈ,એમ કહી વિષ મોઢે માંડવા જાય છેકે એકદમ વેદવ્યાસ આવ્યા ને ધોલ મારી પ્યાલો પાડી નાંખ્યો. અને રાજાનો હાથ ઝાલ્યો. વ્યાસજી કહે, મુર્ખા; શા માટે આપઘાત કરે છે ? દ્રુપદ કહે, વાહવાહ મહારાજા,તમે ખરા મારા વ્હાલેશરી.છેવટે મારે આપઘાત કરવો પડે છે. દુનિયાનું એવું લાંછન માથે આવ્યું; દ્રુપદ રાજાએ કન્યાને માટે રાજાઓને શુળીએ ચઢાવ્યા. વ્યાસજી કહે,જો ભાઈ,જેટલા ચઢીને પડયા તેટલા તારી પુત્રીના લાયક ન હતા, ત્યારે ્રુપદ કહે, મારી પુત્રીના લાયક કયાં છે ને હોય તો કેમ ઊઠતો નથી ? વ્યાસજી કહે, એને કન્યાનો મોહ નથી, માટે હું કહું તેમ કર. તું અને તારો ગોર બંને રાજા,ઋષિ અને યાદવો આ ત્રણે સભામાં ફરજો અને હાથ જોડીને એટલું કહેજો કે રૂપરંગનું કામ નથી ફક્ત અમારે તો ક્ષત્રીની જરૂર છે.માટે જો કોઈ ક્ષત્રી જાતી કામ કરી શકે તેવા હોય તેમ છતાં જાત છુપાવીને બેસી રહે તેને બ્રહ્મહત્યાનું પાપ છે, એટલે પાપના ભયથી તે ઊઠશે. દ્રુપદ કહે,વારુ મહારાજા,તમારું વચન માથે ચઢાવ્યું. પછી વ્યાસજી અંતર્ધ્યાન થઈ ગયા. દ્રુપદરાજા આંસુ લુછી સભામાં આવ્યો. ગોરને કહ્યું કે મહારાજા, મારી સાથે આવો, ગોર સાથે રાજા યાદવોમાં હાથ જોડીને ફરવા લાગ્યો ને કહેવા લાગ્યો, અમારે રૂપરૂંગનું કામ નથી. જાતે ક્ષત્રી હોવો જોઇએ, જો કોઈ જાત છુપાવીને બેસી રહે તો તેને બ્રહ્મહત્યાનું પાપ છે. યાદવો વિચાર કરવા લાગ્યા, આપણામાં તો કોઇ જાત છુપાવીને બેઠેલું નથી. યાદવોમાંથી તો કોઈ ઊઠયું નહિ તેથી રાજા આક્રંદ કરતો રાજ્યસભામાં ગયો. એટલે દુર્યોધન કહે, મામા; દ્રુપદરાજા કન્યા મને પરણાવાનો વિચાર કરીને આવ્યો. મામો કહે, કન્યા તો તને જ વરી ચુકી છે. દુર્યોધન કહે. મામા; તમે વિવાહનો સામાન સજો એટલામાં દ્રુપદરાજા

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહેવા લાગ્યો, રૂપ રંગનું કામ નથી જાતે ક્ષત્રી હોવો જોઈએ. અને જે ક્ષત્રી જાત છુપાવીને બેસી રહે તેને બ્રહ્મહત્યાનું પાપ છે. દુર્યોધન કહે, અહીં કોણ એનો બાપ જાત છુપાવીને બેઠો છે? ત્યાંથી પણ કોઇ ઊઠયું નહિ. ત્યારે રાજા રુદન કરતો બ્રહ્મસભામાં ગયો ત્યાં હાથ જોડીનેપણ કહેવા લાગ્યો, રૂપરંગનું કામ નથી. ફક્ત ક્ષત્રીની જાત હોવી જોઈએ. જો કોઇ ક્ષત્રી જાત છુપાવીને બેસી રહે તેને બ્રહ્મહત્યાનું પાપ છે. ધર્મરાજા અર્જુનને કહેવા લાગ્યો, ભાઈ, વિચાર કરો. આપણે જાત છુપાવીને બેઠા છીએ, આપણને બ્રહ્મહત્યા લાગશે. ભીમ કહે ખરી વાત છે, મોટાભાઈ, મને રજા આપો, સ્થંભને મૂળમાંથી ઉખેડી નાંખું, ધર્મરાજા કહે, તું તારે પ્રભુનું ભજન કર. કહી અર્જુનને કહેવા લાગ્યા, અર્જુનજી, કુળના હીરા, ઊભા થાઓ. ભીમ કહે, ભલે અર્જુનજી ઉભા થાઓ. કાર્ય કરીને પડતું નાખજો એટલે હું ઝીલી લઇશ. અર્જુન કહે, ભીમસેનભાઈ, મને તમારી ચિંતા છે, તમે તોફાન કર્યા સિવાય બેસી રહો તો હું ઉઠું. ભીમ કહે, હવે તોફાન કરવાનો નથી. પછી અર્જુન ધર્મરાજાની આજ્ઞા લઇને ઉઠયો. મોઢે ને માથે કેશ ઉગી ગયા છે, તંગીઓ કુરતુ શરીરે પહેરેલું છે અને માથે ફાટેલું ફાળિયું બાંધી લીધેલું છે, દ્રુપદરાજા નીરખવા લાગ્યો, આ વળી કોણ ઉભું થયુ? અર્જુનજી ઉઠીને બ્રહ્મસભામાં ધ્રુમઋષિની આગળ આવી પગે લાગ્યો. ધ્રુમને કહેવા લાગ્યો. મહારાજા, તમારા પુણ્ય-પ્રતાપથી મચ્છવેધ કરીશ માટે મને આજ્ઞા આપો. ધ્રુમઋષિએ વિદ્યાર્થીઓને સમસ્યા કરી, જુઓ, મઠમાં પેસવા દીધાનું ફળ નીકળ્યું. જાતનો કૈડવો કાપડીછે અને રૂપાળી કન્યાનો મોહ લાગ્યો તેથી મચ્છવેધ કરવા ઉઠયો છે. એવામાં પ્રભુ ઉભા થયા એટલે તેમને પૂછવા માટે દ્રુપદ રાજા ચાલ્યો, દ્રુપદે કહ્યું, અરે, મહારાજ, આ કુપાત્ર કોણ ઉભું થયું! પ્રભુ કહે, કુપાત્ર નથી એ જ તમારો જમાત્ર છે. એટલે દ્રુપદને માઠું લાગ્યું, દ્રુપદ કહે, મહારાજા, વિચાર કરીને બોલો. પ્રભુ કહે, ખોટું પડશે તો મારો બનેવી કરીશ. એટલે દ્રુપદ વિચારમાં પડયો; અવિનાશી પ્રભુ આ શું બોલ્યા, પછી બંને આંગળીઓ ઝાલી ધ્રુમઋષિની પાસે આવ્યા, પ્રભુ ધ્રુમને કહેવા લાગ્યા, મહારાજ; શું તમારો મિત્ર છે કે તમારી પાસે આજ્ઞા માગે છે? એટલે ધ્રુમને ક્રોધ ચડયો અને બોલ્યા. અરે પ્રભુ, હું તેને ઓળખતો પણ નથી. પ્રભુ કહે, ઓળખતા નથી ત્યારે તમારી પાસે આજ્ઞા કેમ માગે છે? ઋષિ કહે, જાતનો કૈડવો કાપડી છે. અમારા મઠની પાસે રહેતો અને પ્રભુનું ભજન કરતો હતો. આજ વળી કન્યાનો મોહ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાગવાથી ઊઠયો હશે.પ્રભુ કહે તમારી પાસે આજ્ઞા માગે છે.માટે તેને ખુશીથી આજ્ઞા આપો દ્રુમ કહે. વાહ મહારાજ,તમે આજ્ઞા અપાવો અને કાર્ય ન થાય તો મારુ વચન જાય. પ્રભુ કહે, વચન નહિ જાય,આજ્ઞા આપી દો. શાને માટે વાર કરો છો ? એટલે ઋષિ રીસભર્યાબોલ્યા કે પ્રભુના વચને અને મારા વચને તારાથી મચ્છવેધ થજો અને તારુ સઘળુ સંકટ દૂર થજો. પ્રભુએ આજ્ઞા અપાવી માટે તે ફળ પણ તને મળજો,અર્જુનજી શીશ નમાવી બોલ્યો,મહારાજ તમારુ વચન ફળજો,એમ આશીર્વાદ લઈ નીચી દૃષ્ટિ એ જોતા જોતા જળકુંડાળા આગળ જઇને ઊભા. સકળ સભા સામુ ને સામુ જોઇ રહી છે. પછી પ્રભુએ દ્રુપદને કહ્યું હુ મારા આસન ઉપર જઉં છુ પણ તુ આ પુરુષની પાસે રહેજે અને જે માગે તે આપજે. એમ કહી પ્રભુ આસને જઈ બીરાજ્યા.

દુર્યોધન કહે, મામા, દ્વારકાવાળો કાળીઓ સભામાં દોડાદોડ કરે છે. મામા કહે. છો ફાંફાં મારે;રૂપાળી કન્યા તને પરણાવ્યા વિના છુટકો થવાનો નથી. અર્જુનજીને દુર્યોધન જુએ છે અને વિચાર કરી મામાને કહેવા લાગ્યો. નેત્ર નાસિકા ઉપરથી મને અર્જુનજી જેવા લાગે છે.મામા કહે,લાખાગૃહમાં બાળે ત્રણ વરસ થયા; રાખોડી થઈ ગઈ હવે પાંડવો કયાં ને વાત શી ? જો જીવતા હોયતો આપણને ખબર પડયા વિના ન રહે. દુર્યોધન કહે;મામા; માનો ન માનો પણ જરૂર અર્જુન જેવો મને આભાસ પડે છે. મામો કહે, જો ભીમ સંતાયો હશે અને આવશે તો કાળો કેર કરશે અને વૈર મારશે.દુર્યોધન કહે; મામા;અર્જુન હશે તો કેમ કરીશુ ?મામો કહે.આ તો કોક ભિખારી છે;અર્જુન હોય તો એની સાથે ભીમસેન કયારનો આવ્યો હોય. પાપી બોલ્યો; ખરી વાત મામા હવે, મેં નિશ્ચય જાણ્યુ કે અર્જુન નથી. એમ બંને દુષ્ટ માંહોમાંહે વાતચીત કરે છે.

દ્રુપદ રાજા તથા દ્રોણિક ઓર અર્જુનજીને પૂછે છેકે ઊભા થનાર,જેસામગ્રી જોઈએ તે માગી લો. અર્જુન કહે, ધનુષ તથા ભાથો એ બંને ચીજો આપો. દ્રુપદે સેવક મોકલી દસવીસ હથિયાર મંગાવ્યાં, સેવકોએ લાવી અર્જુન આગળ મૂકયાં,અર્જુન આયુધ જોઇને બોલ્યો. હે દ્રુપદરાજા,આ હથિયાર મારે કામમાં નહિ આવે, કર્ણ રાજાની પાસેથી ધનુષબાણ માગી લાવો. દ્રુપદ રાજા કર્ણની પાસે ગયો અને કરગરીને કહેવા લાગ્યો, મને તમારાં ધનુષબાણ આપો. કર્ણ કહે, દુર્યોધન કહે તો આપુ. દ્રુપદ રાજા ધ્રુજતો ધ્રુજતો દુર્યોધનની પાસે આવ્યો, અને આજીજી કરીને કહેવા લાગ્યો, કર્ણરાજા પાસેથી મને ધનુષબાણ થોડીવાર અપાવો. દુર્યોધન ગાજીને બોલી ઉઠયો, આઘો જા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્મતિ, આયુધ મળવાનાં નથી, આવું સાંભળીને દ્રુપદ અકળાયો. એટલે પ્રભુજી આસન ઉપરથી ઊઠીને દ્રુપદની પાસે આવ્યા, પ્રભુ દ્રુપદને કહેવા લાગ્યા, કેમ ગભરાયા છે? શા માટે દિલગીરી થાય છે? દ્રુપદ રાજા કહે, ઊભા થનારે ધનુષબાણ કર્ણનાં માગ્યાં છે, દુર્યોધને આપવાની ના પાડી. પ્રભુ કહે હથિયાર અપાવું, પણ હાએ હા કરતો જજે. પ્રભુ પાપીની પાસે આવીને બોલ્યા કે છત્રપતિ, દ્રુપદને આયુધ કેમ આપતા નથી? આયુધ આપવાનાં કબૂલ કરો. તો તમને પેચ બતાવું. દુર્યોધન કહે, શો પેચ બતાવો છો? ત્યારે પ્રભુ કહે, દ્રુપદ રાજાની પાસેથી એટલું લખાવી લો કે આ ઊભા થનારથી કાર્ય ન થાય તો કન્યા તમને પરણાવે, પછી આયુધ ખુશીથી આપો. ચઢનારો કોક જંગલી જેવો દેખાય છે, તેનાથી કામ બનવાનું નથી. આખરે કન્યા તમને વરશે, પહેરામણી પણ પુષ્કળ મળશે અને તમે કહેતા હો તો હું પાસે રહીને તમારો ઘાટ ઘડાવું. દુર્યોધન કહે વાહ વાહ મહારાજા, દ્રુપદને સમજાવીને લખાવરાવો અને મારો ઘાટ ઘડાવો, પ્રભુએ રાજાને બોલાવ્યો. રાજાને કહ્યું કે દસ્તાવેજ કરી આપો તો દુર્યોધન આયુદ્ધ આપે. દસ્તાવેજ એવો લખી આપો, ઊભો થનારો આયુદ્ધ લઇને મચ્છવેધ કરે તો કન્યાને તે વરે. જો તેમનાથી મચ્છવેધ ન થાય તો છત્રપતીને વરે અને છત્રપતી ઊભા થનારનાં નાક કાન કાપે. ત્રાંબાના પતરાં ઉપર લેખ લખી આપો. મામા કહે, ચઢનારનું શરીર ધ્રૂજે છે અને પગ ફરી જાય છે. માટે તેનાથી મચ્છવેધ થવાનો નથી, આખરે કન્યા તને વરશે માટે આયુદ્ધ આપ. દુર્યોધન કહે, મામા કૃષ્ણને આપણે દ્રોહી જાણતા હતા પણ પ્રભુ તો રહીને આપણો ઘાટ કરશે, આપણે તેમનો ગુણ ન ભુલવો જોઇએ. હે પ્રભુ શાબાશ, મારે માટે ઠીક તસ્દી લીધી, પ્રભુ કહે, હજી તો ઉપર રહી તમારો ઘણો ઘાટ ઘડવો છે

દુર્યોધન પ્રભુની ઉલટવાણીને સમજ્યો નહિ અને કર્ણની પાસેથી ધનુષભાથો બાણ વિગેરે મંગાવીને આપ્યાં. દ્રુપદે અર્જુનજીને આપ્યાં. કુંતાસુતે ખાંધ ઉપર ધારણ કર્યાં. પ્રભુ સિંહાસન ઉપર જઇને બીરાજ્યા, દુર્યોધન કહે, મામા, મને વહેમ પડયો છે, મામો કહે, શો? પાપી કહે. જ્યારે અર્જુને વડવેધન કર્યો હતો ત્યારે પણ કર્ણના ધનુષબાણ માગ્યાં હતાં અને આજે પણ માગ્યાં. તેથી મને તો એમ ભાસે છે નિશ્ચય અર્જુન છે. મામો કહે, અર્જુન હોય તો ભીમ ઢાંકયો ન રહે. એમ વાત કરી મન વાળતા જાય છે. પછી અર્જુનજી જળકુંડાળે પ્રભુનું સ્તવન કરે છે, નમ્રતાથી બંને હાથ જોડયા છે અને પ્રેમ લક્ષણાથી પ્રભુને અરજ કરે છે કે હે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રણછોડ ! દુઃખરૂપ સંસારમાંથી મુક્ત કરનાર મારા નાથ, આ વખતે સઘળો આધાર તારો છે. બ્રહ્મહત્યાનું પાપ માથે બેસવાથી ઉઠયો છું. કાંઈ કન્યાનું રૂપ જોઇને અથવા વિષયજાળમાં મોહિત થઇને ઉભો થયો નથી. દીનબંધુ, તારાવિના કોણ લાજ રાખે ? દુષ્ટ બુદ્ધિના કૌરવોએ નાક કાન કાપવા લખી લીધાં. દ્રુપદ રાજાએ લખી આપી પત્ર પાપીઓને સોંપી દીધો. નાક કાન બચવાં ન બચવાં એ તારે હાથ છે. નાક કાન કપાશે તો જગતમાં મારી ફજેતી ગણાશે. તે લાજ તને છે. માટે મારા પ્રભુ જરૂર આ સમે લજ્જા રાખજે. મારી ફજેતી થશે તે તમારી જ થઈ એમ હું જાણીશ. જશનો ભોક્તા તું છે, પાપની બીકથી ઉઠયો છું. સઘળી જગાએ મારી શોભા રાખી છે તેવી જ આ ઠેકાણે રાખજે. વડવેધનમાં ગુરુની લજ્જા રાખી, ભીમને વિષયના લાડુથી બચાવ્યો, લાખાગૃહમાં અગ્નિથી બચાવી લીધા, હે દીનબંધુ, હેડંબાસુર ચોરી ગયો હતો તે વખત ભીમને બળ આપ્યું હતું. કબીરાને ત્યાંથી પણ અમને ઉગારી લીધા, હે મારા નોંધારાના, આધાર, ભક્તવત્સલ પ્રભુ, મચ્છવેધ કરવાનું સામર્થ્ય મારામાં નથી, મારે માથે તો સાચો ધણી તું જ છે તેથી મને બળ આપજે.

એ પ્રમાણે અર્જુન પ્રભુનું સ્મરણ કરતો કરતો સકળ સભાને પગે લાગ્યો. ગુરુજીને તથા બ્રાહ્મણોને સર્વને ચરણે લાગ્યો. પછી કોઈ ન જાણે એમ કૃષ્ણ પ્રભુને અતિશય પ્રેમ વડે કરીને નમ્યો, કન્યાના સામી દૃષ્ટિ કર્યા સિવાય શ્રીહરિનું સ્તવન કરતો કરતો જળકુંડળાની આસપાસ ફરવા લાગ્યો. સભામાં ડાહ્યા ડાહ્યા પુરુષોએ વિચાર કર્યો કે ચઢનારો કોઈ ઉંચી જાતી છે, કારણ કે ઉંચ સિવાય બીજો નમે નહિ, ગમે તેવો હશે પણ જરૂર કામ એનાથી થવાનું છે. જેમ ઊંટ તાડ વિગેરે ઉંચાં હોય છે તેની માફક નીચ અક્કડ રહે છે અને શાળીનું વૃક્ષ હોય છે તે જરૂર નીચું નમે છે, માટે ઉંચ નીચ તુરત જણાઈ આવે છે. જેમ   ति गुणान् कथयति આકૃતિ જ ગુણોનું કથન કરે છે, નીચ કદી નથી નમતો, એવી સભામાં ચર્ચા ચાલી રહી છે. દ્રૌપદી અર્જુનજીના સામું જોઇ રહી છે એટલે દાસી બોલી, બાઈ સાહેબ ! આવા ચીંથરીઆ પ્રાણી ઉપર આપ શું મોહિત થઈ જોઈ રહ્યાં છો ? દ્રૌપદીએ જવાબ આપ્યો, હે દાસી ! એને તું ગરીબ ન ધારીશ. એ કોઇ બહાદુર ક્ષત્રી બાળક છે, એ છાનું રત્ન છે, દાસી કહે બહુ સારું, આપ કહો છો તેની ખરાખોટાની પરીક્ષા હમણાં થશે. દ્રૌપદી કહે છે અહંકારી કે અભિમાની પણ નથી અને નમ્રતાવાળો છે માટે કોઈક ઊંચનો કુંવર છે. દાસી બોલી. જે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હશે તે હમણાં છ જણાશે. એ વખતે દુર્યોધન કહે છે, મામા ! આ ઊઠનારો જાતે કોણ હશે ? મામો કહે, એને નાત શી જાત શી ? કોઇક વનમાં રહેનારો જંગલી છે. કન્યાનું સ્વરૂપ જોઇને મોહ થયો હશે તેથી ઊભો થયો છે. એનું શરીર થરથર ધ્રુજે છે, પગ અમરાઇ જાય છે; એનાથી શું મચ્છવેધ થશે ? હમણાં પાંચ પચા ડગલાં ચઢતાં પાણીમાં આવીને પડશે, કર્ણરાજા બળવાન છે એવું જાણીને ધનુષભાથો માગી લીધો છે પણ એનાથી કાર્ય થવાનું નથી. બિલકુલ ગભરાઇશ નહિ. રૂપાળી કન્યા તને જ વરવાની છે. દુર્યોધન કહે, વાહ મામા, હવે મને ચિંતા નથી. રૂપાળી કન્યા મારા ઘેર આવી ચૂકી. મામો કહે. હું કહું છું તે ધ્યાનમાં લે, મચ્છવેધ કરવો એ નાના છોકરાના ખેલ નથી. પહેલી ઘાંટી એવી છે કે બળવાન હોય તો થાંભલા ઉપર ચડે, પણ ત્રાજવામાં બે ચર્ણ મૂકવા એ ઘણું જ કઠણ છે. એક ચરણ ત્રાજવામાં મૂકે તો બીજું ત્રાજવું ખસી જાય, જો ઉપરથી પડતું મૂકી ત્રાજવામાં બંને ચર્ણ સાથે મૂકે અને ઝોલો લાગે તેથી પણ ત્રાજવા ભમી જાય તેમ છતાં એક તરફની સાંકળ ઝાલે તો બીજું ત્રાજવું ઉંચું થાય, ચર્ણ મૂકવો ફાવે નહિ અને એક દમે ઊંધે માથે જળમાં પડે એ પ્રમાણે ત્રાજવામાં ઊતરવાનો કોઈ ઉપાય નથી. કદાપી ત્રાજવામાં બંને ચરણ ઠેરવ્યા તો પણ કામ થાય તેવું નથી, ધારો કે ત્રાજવામાં પગ મુકે પણ ધનુષ કેમ કરીને ચઢાવે ? ધનુષ વાંકું વાળવા છેડા શા ઉપર મૂકે ? એક તરફ મૂકી બળ કરે તો બીજું ત્રાજવું ઉંચું ચઢે. પગ પહોળા થઇ જાય અને પાણીમાં આવીને પડે, તેમ છતાં ધનુષ ચઢાવે તો પણ મચ્છ છગાઉ ઊંચું છે તેને નીચે પાણીમાં જોઈને તાકવું, અને લોચન તથા પૂંછ વીંધવું એક બાણે ત્રણ કામ કરવાં એ કદી બનનાર નથી. એવી એવી ઘણી ઘાંટી છે. માટે કાંઇ ઉપાય ચાલે તેમ નથી દુર્યોધનનું મન વળાવીને મામો આસન ઉપર જઈને બેઠો, એટલે દ્રુપદરાજા અર્જુનજીને કહેવા લાગ્યો, તમારાં વસ્ત્ર ઉતારી કચ્છ ભીડી લો, અર્જુન કહે તમારે કામ કર્યાથી કામ છે કે વસ્ત્ર ઉતરાવવાં છે? એમ કહી પાટિયા ઉપર ગયો. સકળ સભાના દેખતાં સ્થંભને પગે લાગ્યો. તંગીઓ કુરતુ પહેરેલું છે અને માથે ફાટેલો ફેંટો બાંધ્યો છે, ઇશ્વરનું સ્મરણ કરીને સ્થંભને બાથ ભીડાવી એટલે દ્રુપદના સેવકોએ પાટિયું ખેંચી લીધું.

વૈશમપાય ઋષિ જનમેજય રાજાને કહે છે, અર્જુને ઇશ્વરનું સ્મરણ કરી એક પગલું ભર્યું, એને પ્રભુ પ્રસન્ન છે તેથી બીજું પગલું ભર્યું. એને ચઢતાં પડવાનો ભય નથી. એના ચાર ભાઈ જોઈ રહ્યા છે, એને દેખીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુષ્ટ પુરૂષોના મનમાં દ્વેષ આવે છે.સ્થંભ કડકડાટ થાય છે. દ્રૌપદી જોઈ રહીં છે અર્જુન પ્રભુનું સ્તવન કરતો કરતો વીસ પગલાં ચડયો પછી દસકે દસકે વધવા માંડયો. ઇશ્વરને યાદ કરતો પગલાં ભરતો જાય છે. કોઈ જાતની મનમાં ચિંતા કરતો નથી. પતંગ દોર માગે તેવી રીતે ઝપાટાથી સુંસરો ચાલ્યો જાય છે. સર્વે સભા વિસ્મય પામી કે ધન્ય છે આના માતાપિતાને.આ ચઢયો તે પ્રમાણે કોઈ ચઢયો નહોતો, વાયુવેગે પ્રભુ નામ જપતો દોડયો જાય છે એમ કરતાં કરતાં છલંગ મારી આડા ત્રાંસના ખીલાને જઇ બાઝી પડયો ને તે ખીલાને લબડીને એક ઘડીકવાર શ્વાસ લીધા પછી વિચાર્યું કે હે ઇશ્વર, બે ત્રાજવામાં કેવી રીતે ઊતરવું ? એવામાં દુર્યોધન બોલ્યો, મામા, તમે કહેતા હતા કે ચઢનારો પડશે પણ આ તો પુરપાટ ચઢયો. મામો કહે, એ તો જંગલમાં તાડ ઝાડ ઉપર ચઢેલો તેથી ચઢવાની રીત જાણે. પણ બંને ત્રાજવામાં બે ચર્ણ કેવી રીતે મૂકશે ? એ જ મરવાની ઘાંટી છે. માટે નિશ્ચય કન્યા તારી છે.પાપી કહે, વારુ મામા, રૂપાળી કન્યા મારી થશે માટે વિવાહનો સામાન તૈયાર કરો.

અર્જુને ત્રાજવા ભણી નજર કરીને જોયું અને લાંબો હાથ કર્યો પણ ત્રાજવાની દાંડી હાથ આવતી નથી, થાંભલે થોડો પાછો ઉતરી ત્રાજવામાં પગ મૂકું તો હેલકારાથી ત્રાજવું આઘું પાછું થઈ જાય, વચમાં લટકી પડું તો નીચે જાઉં.પડતું નાખીને ત્રાજવામાં પડુ તો ત્રાજવા સ્થિર કેમ રહીશકે! પડતાં શરીર ધારણ રાખું તો વાંધો મટી જાય,પણ શરીરને ધારણ રાખું એટલું મારામાં બળ નથી. અરેરે વિશ્વપતિ,હવે શું થશે !મને ઉઠાડીને સ્થંભે ચડાવ્યોઅનેહવે લાજ લેવામાંડી;અરે મારા નાથ,ચઢાવીનેબનાવો એ આપને ઘટતું નથી.આવું આરાધન સાંભળીનેપ્રભુને ચિંતા થવા ભાગી.પ્રભુભકતનેઆધીન છે તેથીએક કળાનું બળ અર્જુનને આપ્યું એટલે અર્જુનના શરીરમાં શક્તિ આવી ત્યારે વિચાર સૂઝયો,માનો ન પણ મચ્છવેધ કૃષ્ણ પ્રભુ જ કરાવે છે. ધણી છે તે સાચો છે,જે કરે છે તે ઠીક કરે છે; મિથ્યા મારા મનમાં ભય રાખું છું.હવે બીક ન ધરવી. પછી પરમાત્માનું સ્મરણ કરીને પડતું નાંખ્યું, દૈવયોગે બે ત્રાજવામાં બે ચર્ણ પડયા તેથી ત્રાજવાં સરખે બોજે સ્થિર રહ્યાં. સકળ સભા ખડખડ હસી પડી; અને એકદમ બોલી ઉઠી કે ચઢનારને શાબાશ છે. અર્જુનનું પરાક્રમ જોઇને પાપી દુર્યોધન ઉદાસ થઈ ગયો. મામાને કહેવા લાગ્યો:તમે કહેતા હતા કે ત્રાજવા સ્થિર નહિ રહે પણ આ તો ત્રાજવાની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચાંટી મટી ગઇ.મામો કહે,ભવિષ્ય તારું,હજુ ધનુષ શી રીતે ચડાવશે?ધનુષ વાંકું વાળશેએટલે ત્રાજવા ભમી જશે.ચઢનારનીચેપડશેએટલેતારુંભાગ્યઉઘડીજશે. અને કન્યા તને વરશે.પાપીકહે, શાબાશ મામા,રૂપાળીકન્યા મારૂં રમકડું બનશે.

અર્જુન ત્રાજવામાં ઊભો રહ્યો તે વખતે કૃષ્ણ પ્રભુએ તેના સામે જોયું, અને પોતે વિચાર કરે છે કે સર્વ સભા શોભે છે,તેમ દ્રૌપદી પણ શોભે છે અને મારોભક્ત જરા પણ શોભતો નથી.એની પાસે વસ્ત્રશણગાર નથી એમાં ઇજ્જત મારી ઘટે છે,કહેશે કેશું ભંડારખુટયો હશે? એમ જાણીને ભકતની ભીડે ભુદરાએ પ્રેરણા કરી.નારદજીને બોલાવીને શામળીઆને સમજાવ્યા.નારદજી સ્વર્ગમાં ઇંદ્રની પાસે ગયા. ઇંદ્ર કહે, પધારો મહારાજ. નારદજી કહે,કુંતાજીને આપેલો અર્જુનજી નામનો તમારો પુત્રછે તે મચ્છવેધ કરે છે.પંચાળ દેશમાં દ્રુપદરાજાને ત્યાં કામ આરંભેલું છે, ગાભા જેવાં વસ્ત્રો પહેરીને સ્થંભેચઢયોછે,રાજાઋષિ યાદવ,રૈયતસર્વે શોભે છે અને તારો પુત્ર મેલો ઘેલો દેખાય એમાં તારી નિંદા થાય છે.લોકો કહે છે કે ફોગટીઆએ ફાટેલાં વસ્ત્ર પહેર્યાં છે, શું એના બાપના ઘરમાંથી છેક ખાવાનું ખુટયું હશે?આવું સાંભળીને મારું મન ખેદ પામ્યું તેથી હું તેને કહેવા માટે આવ્યો છું, માટે તું ત્યાં જઇને આભૂષણ પહેરાવ. અને સભામાં શોભાવ. એમ કહી નારદ ત્યાંથી વિદાય થયા.ઇંદ્રે તરત તેત્રીસ કોટી દેવતાઓને આજ્ઞા કરી કે સઘળા વિમાનમાં બેસો અને ચંદન, પુષ્પ દુંદુભી, ડંકા વિગેરે સાથે રાખો.દેવલોકો તૈયાર થયા અને ઇંદ્રની સાથે અંતરિક્ષ આવ્યા.સભામાં સત્યવાદી બેઠા હતા તેમને દર્શન થયાં.સત્યવાદીવિચાર કરે છે કે તેત્રીસ કોટી દેવતા તથા ઇંદ્ર હર્ષ ભર્યા આવ્યા છે તેનુંશું કારણહશે? કેટલાક વિચારે છે કે ચઢનારો કોઇ દેવ હશે.કોઇ કહે છે કે શિવ હશે કોઈ કહે છે વિષ્ણુ હશે,જે જેની મરજીમાં આવે તેમ બોલે છે. દુષ્ટ લોકોને તો દર્શન થયાંજ નહિ તેથી તેતો જાણે છે કે ચઢનારો જંગલી છે.એવામાં ઇંદ્રે ત્રાજવામાં અર્જુનને દીઠો,પુત્રને દેખીને લજ્જા આવી.તેથી તેણે આયુદ્ધ લીધાંને પોતાના પુત્રને શણગાર પહેરાવવા ધનુષબાણ ધારણ કર્યું તે પ્રભુ બેઠા બેઠા જુએ છે.

ઇંદ્રરાજાએ પહેલું બાણ મારીઅર્જુનનું ફાળિયું પાડી સભામાં નાંખ્યું તેથી સભા ખડખડ હસી પડી.ઇંદ્રરાજાએ બીજા બાણે ક્ષૌર કરાવી મુગટ પહેરાવી દીધો, ત્રીજે બાણેમુખવાસ આપી મોઢું લાલ કરાવ્યું.ચોથેબાણેત ગિયા ઉપરસુરવાળ પહેરાવ્યો.પાંચમે બાણે કવચબખ્તર પહેરાવીછઠે બાણે જરીનોજામોપહેરાવ્યો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ને કમર પટો બંધાવ્યો ગોરાસ્તંર બાણ મારી શરીરને ગૌર બનાવ્યું. પછી બાણ મારી શરીર ઉપર શણગાર પહેરાવ્યા, કેડમાં કંદોરો, માથે મોતીનો તોરો, કડાં સાંકળાં, વેઢ, વીંટી, બાજુબંધ, કાનમાં કુંડળ, હીરાના હાર, મોતીની માળા એ સર્વે પહેરાવી દીધાં. એટલે અર્જુનજી વિચાર કરે છે, આ શું શ્યામ છોગાળાએ કૃપા કરી? સકળ સભા જોઇને વિસ્મય પામી. જગતપતિ પણ ખુશી થયા. પ્રભુએ જાણ્યું, ગોરો થયો પણ જરાએ તેજ નથી; સુકિત વિના તેજસ્વી ન થાય માટે પાંચ જણાંને વચને બાંધ્યા છે, તેમની પાસેથી પુન્ય અપાવું, એમ જાણી બળદેવજીને પ્રેરણા કરી એટલે બળદેવજી પૂછવા લાગ્યા, હે કૃષ્ણ, આ તો આશ્ચર્યની વાત છે, સ્થંભ ઉપર ચઢનારો પ્રાણી કોણ છે? પ્રભુ કહે, કુંતાજીનો પુત્ર અર્જુનજી છે, તેને તમારા સુકિતનું પુન્ય આપો. બળદેવજી કહે, મશ્કરી મૂકો, અર્જુનજી છે એવું હું શા ઉપરથી માનું? પ્રભુ કહે, બ્રહ્મસભાની પૂંઠે ભીમને જુઓ. પછી બળદેવજીએ જોઇને માન્યું અને કહ્યું કે મારું આજ સુધીનું સુકિત અર્જુનના અંગમાં જજો અને જય જયકાર થજો. એમ કહી એ સુકિત આપ્યું એટલે અર્જુનના શરીરનું તેજ તરત વધી ગયું, સહુ રાજાના સરખો શોભ્યો. પણ પ્રભુ રીઝ્યા નહિ, કૃષ્ણજી રાજસભામાં સત્યવાદી દ્રોણ, ભીષ્મ, વિદુરજી ને કૃપાચાર્ય પાસે આવ્યા. ચારે જણાંએ માન દઇને બોલાવ્યા, અને પૂછવા લાગ્યા, મહારાજ! સ્થંભે ચઢનારો કોણ છે? પ્રભુ કહે, કુંતાજીનો પુત્ર અર્જુન છે. માટે તમારા સુકિત તેને આપો. સત્યવાદી કહે, અર્જુન શા ઉપરથી માનીએ! કૃષ્ણ કહે, બ્રહ્મસભા પૂંઠે કોઇ ન ચેતી જાય તેમ ભીમને જુઓ. એકે ઊંચા થઇને જોયું તો લાંબો પહોળો પહોંચતો ભીમને જોયો. પાંડવો જીવતા જાણીને ઘણા પ્રસન્ન થયા, સત્યપુરુષોએ આશીર્વાદ આપ્યો, અર્જુનજીની જય જય થજો અને આજ સુધીનાં સુકિત અર્જુનના અંગમાં જજો, એ રીતે પાંચ જણનાં સુકિત અર્પણ થવાથી અર્જુનના શરીરનું તેજ વધી ગયું અને સભા ઝાંખી પડી, જેવી કન્યા તેવો જ વરરાજા બન્યો. વરકન્યાનું જોડું મળ્યું. તેમાં જરા પણ ખામી નથી. પ્રભુ જોઈ આનંદ પામ્યા કે શોભ્યો. પણ દ્રૌપદીથી વધારે શોભે ત્યારે મારું મન વધારે આનંદ પામે. દ્રૌપદીના મનમાં અભિમાન થશે કે વર મારા જોટાના છે. માટે તેનાથી વધારે શોભાવું ત્યારે મારું નામ રણછોડ. એમ ધારી આસન ઉપર જઇને બેઠા, ભક્તને માટે પ્રભુએ ધ્રુમઋષિને પ્રેરણા કરી ધ્રુમઋષિ વિચારમાં પડયા કે ચઢનારના ચાર ભાઈ તો જેવા છે તેવા ને તેવા છે અને આ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચઢનારનું તેજ વધી ગયું, તેનું શું કારણ હશે ? છતી વિદ્યાએ હું અજાણ્યો રહ્યો. એમ જાણી આસન વાળી સમાધી કરીને જોયું તો માલમ પડયું, ચઢનારો કુંતાનો પુત્ર અર્જુન છે, અને આ ચાર ભાઈ બેઠા છે તે ભીમ, ધર્મ, નીકુળ સહદેવ છે, પ્રભુની કૃપાથી મચ્છવેધ કરવા ચઢયો છે. એવું સ્પષ્ટ સમજી ઋષિએ સમાધી ઉતારી. દિલમાં દુઃખ લાગ્યું, અરે મેં બિચારા પાંડવોને નાહક હેરાન કર્યા. એમ કરી રડવા લાગ્યા. ચોધારે આંસુ જાય છે. અને કલ્પાંત કરે છે. હું તો સમુદ્રમાં જંપાપાત કરું કે કયાં જાઉં ? ધિક્કાર છે, મને કે મેં પ્રભુના ભકતોને દુઃખ દીધું, ધ્રૂમઋષિ આક્રંદ કરે છે, અને વિવિધ પ્રકારના વિલાપ કરે છે. છતી વિદ્યાએ હું છેતરાયો, મને કીયાં જનમનાં પાપી આવી નડયાં? આળસુને ઘેર ગંગા પધારે પણ આળસુ ઉઠીને નહાતો નથી. જ્યારે ગંગા જતાં રહે ત્યારે પાછળથી પસ્તાય છે. કાગડાની ચાંચમાં રત્ન આવે અને મરકટની પાસે મોતીનો હાર આવે તેવા પાંડવો મારે હાથ આવ્યા.

આંધળાની સ્ત્રી આભૂષણ પહેરે પણ અવતાર અવર્થા જાય, બહેરાના આગળ શંખ ફુંકે તો હાડકાં કરડયાં કહેવાય, ચકલીને માળે જેમ ગરુડજી પધારે તેવા મારે ત્યાં તો પાંડવો પધાર્યા, કાપડીજાણી મેં મારા મઠમાં ટકવા ન દીધા, હરિજન દીનતાવાળા મને ફરી ફરી કયાં મળશે ? એમ અતિશય આક્રંદ કરતાં ધર્મ રાજાએ જોયા. ધર્મ કહે, ભીમસેન, હું ધ્રૂમ ઋષિને સમજાવું કારણ કે આવામાં શોક ન થાય. અર્જુન સ્થંભે ચડયો છે ને બ્રાહ્મણ રડે તે સારું નહિ. ભીમ કહે. એ બ્રાહ્મણને રડવા દો, રડે એ જ મતાનો છે. ધર્મરાજા કહે છે, ધિક્કાર છે, તને હજુ સમજણ ન આવી. બ્રાહ્મણની અને માતાની કરણી જોવી એ બંને સરખું છે. એમ કહી ધર્મરાજા ધ્રૂમને છાના રાખવા માટે કોઇ ન જાણે તેવી રીતે પાછળ આવીને ઊભા રહ્યા. અરે મહારાજ, આ શું કરો છો? આ કેવો ખોટો નાદ ચઢયો છે ? આ વખતે અર્જુનને આશીર્વાદ આપવો જોઈએ કે રુદન કરવું જોઈએ? અમારું ભલું ઇચ્છતા હો તો રડવું બંધ કરો. એવું સાંભળી ધ્રૂમ ઋષિ બોલ્યા, અરે ધર્મરાજા, મારી આગળ જાત છુપાવી રાખી તે શું હું તમારો દુશ્મન હતો? ધર્મરાજા કહે, અમારી ભૂલ થઈ, જે બનવાની હતી તે બની ગઇ, જળ વહી ગયે શોષના શી? ધ્રૂમઋષિ છાના રહી ગયા અને કહ્યું, પાંડવોનો જય થજો. આજ સુધીનું મારું સુકૃત અર્જુનને અંગે જજો. એ રીતે અર્જુનને સુકૃત આપ્યું. એટલે તેજ વધી ગયું. ધર્મરાજા પોતાની જગાએ બેસી ગયા. પછી પ્રભુએ અર્જુનના સામું જોયું. દ્રૌપદીના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરતાં અર્જુન શોભી ઊઠયો, તેજનો બિંબકાર છુટયો અને કન્યાને ઝાંખી કરી નાંખી.પ્રભુએ વિચાર્યું કે વર શોભ્યો પણસૂર્યના જેવો શોભતોનથી.માટેમારું મન પાછું પડે છે. પછી પ્રભુએ ભક્તને પોતાનું એક વર્ષનું પુણ્ય અર્પણ કરી દીધું એટલે અંગમાંથી તેજ છુટયું અને શોભા વધી ગઈ. સૂર્યનો તાપ અને એની શીતળતા જાણે બે ન હોય એમ ભાસવા લાગ્યું.

ઉપર સૂર્ય વચમાં અર્જુન બેઉનો તેજ પ્રકાશજળમાં પડયો તેથી જળકુંડમાં જળથી ચીદાભાસથયો,નેસર્વ સભા શોભી ઊઠી, તેજનો બિંબકાર ઝબુકઝબુક ઝબુકા મારે છે.આ સઘળું દ્રૌપદી જોઈ રહી છે, દ્રૌપદી સખીઓને કહેવા લાગી કે સાંભળો સૈયર,આ વર મને પરણશે કે નહિ ? દાસીઓ જોઇને વિસ્મય પામી કહેવા લાગી. બાઈ સાહેબ, તમે કહેતાં હતાં કે ઢાંકેલું રત્ન છે તે વાત સાચી.ગભરાશો નહિ.નિશ્ચય એ વર તમને વરશે. દ્રૌપદી અર્જુન સામું જોઇ રહી અને પતિભાવ લાવી. એવામાં અર્જુનજીએ ધનુષ ચઢાવવાને હાથમાં લીધું, મનમાં વિચાર કરે છે કે એક છેડો કોના ઉપર મૂકું અને ભાર શાના ઉપર દઉં ? એક ત્રાજવા ઉપર ટેકો દઈને ભાર દેવાય તો બીજું ત્રાજવું ઊંચું ચઢે અને તેથી ચર્ણ પહોળા થઈ જાય એટલે લટકી પાણીમાં પડું તો સભામાં હાંસી થાય. સ્થંભને ટેકો દઈભાર દઉં તો પણ ફાંસી એ ફાંસી છે, ધક્કાથી ત્રાજવા આઘા જાય અને ઝોલ્લો ખાઈને પડું. કેવી રીતે ધનુષ ચડાવું અને કયાં લગી લટકું ! શરીરનો મધ્યમભાગ નાભી ઉપર અણીઆરું દઉં. તો જોર કરતાં સુંસરું પેસી જાય તેથી મારું મર્ણ થાય,છતાંય અણી મૂકી જોઉં વહેમ કાઢવા સારૂ નાભીમાં અણીઆરું ખોસી જોયું તો જરા દબાવતામાં પેસવા માંડયું,જાણ્યું કે આ તો નિવેડો આવ્યો, તરત પાછું ઉપાડી લીધું.અને અપાર ગભરાવા લાગ્યો. જુગજીવન મને ચઢાવીને બનાવ્યો, પાકી મશ્કરી કરવા મને શા માટે ચઢાવ્યો ? વસ્ત્ર આભૂષણ આપીને તેજ શું કરવા વધાર્યું?આ તો મને મરવા માટે દીપાવ્યો કે શું ? આટલી ઘાંટીનું નિવારણ કરો. પહેલી જેવી બાંહ્ય ઝાલી તેવી રીતે મારી વહારે ચઢો, એ રીતે પ્રભુને પ્રેમ વડે ફરીને સ્તુતિ કરી એટલે દીનાનાથે સામું જોયું,વિચાર્યું,બિચારો મારો ભક્ત ગુંચવાય છે એમ જાણી ગોવિંદ વાયુનોગોળો થઇનાભી ઉપર જઈનેબેઠા,ડુંટી ઉપર દંડો વાગે એવું અર્જુનને લાગ્યું તેથી આસ્થા બેઠી, અણીઆરું ઘોંચી જોયું.અર્જુને જાણ્યુ ધણી સાચો છે એવું જાણી ધનુષના બીજા છેડાને એક હાથે જોર કરીને વાંકું વાળ્યું.બીજે હાથે દોર ચઢાવી એટલે ટંકાર થયો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધનુષ ચડયું એટલે આંધળાનો છોકરો બોલ્યો, મામા,તમે કહેતા હતા કર્ણ-રાજાનું ધનુષ નહિ ચડાવી શકે.પણ આ જંગલીએ તો ટંકાર કર્યો. મામો કહે, ભોગ મારા કે મેં તને કહ્યું. પણ નીચું જોઈને ઊંચું બાણ કેવી રીતે મારશે ? દુર્યોધન કહે,ખરી વાત મામા એ હજુ આંટી છે માટે કન્યાને હું જ પરણવાનો છું. એમ પાછો મન વાળીને બેઠો.

વૈશમપાયન કહે છે કે હે જનમેજય રાજા, આ ઠેકાણે સિદ્ધાંત લેવું. દુર્યોધનની બોલીચાલી, નીતિરીતિ પ્રમાણે જે વર્તે તેને દુર્યોધન જેવો જ જાણવો, પાંડવો જેવી સંતોષી,શીતળતા, રીતિનીતિ, શુદ્ધ વાણી,દીનતા,દયા રાખે તો તે પ્રાણી પાંડવની તુલ્ય થાય.કથા તો દ્રષ્ટાંત છે તેનું સિદ્ધાંત એ છે કે જેવી જેની રીતિ તેવી રીતે તેને જાણી લેવું. પાંડવ કૌરવની વાત સાંભળે યુકિત નથી પણ મુકિતને માટે નીતિ અનીતિની યુકિત જાણી લેવી.અર્જુનજીએ ટંકાર કર્યો અને તે ધનુષમાં બાણ સંધાન કરી મચ્છ વીંધવાનો વિચાર કરવા લાગ્યો,એવામાં દુર્યોધન કર્ણને બોલાવ્યો. કર્ણને કહેવા લાગ્યો. ચઢનારો જરૂર મચ્છવેધ કરશે અને આપણે કાળે મોઢે ઘેર જવું પડશે. કર્ણ કહે, છત્રપતી, મેં એવો વિચાર કર્યો છે, ચઢનારો મચ્છવેધ કરે એવું જતે ને બાણ મારવું અને ત્રાજવા માંથી નીચે નાંખી એના પ્રાણ કાઢું. નીચે પડે એટલે સર્વ ભાઇઓએ મારી નાખવો અને હું દ્રૌપદીનું હરણ કરી નાસી જઇશ.ને તને નિશ્ચય પરણાવીશ. દુષ્ટ કહે,હવે મને સાચું લાગ્યું,હું કન્યાને પરણીશ અને મોજમજા ભોગવીશ. કર્ણરાજા આશા આપીને આસન ઉપર જઈ બેઠો. શકુની મામાએ સઘળા આંધળાના છોકરાઓને સમજાવ્યા,સાવચેતીથી હાથમાં હથિયાર ગ્રહીને બેસો. કૌરવોએ હાથમાં હથિયાર તૈયાર રાખ્યાં, સહુએ સભાએ નજરે જોયું કે કૌરવ તથા કર્ણરાજા કોપે ચડયા છે, માટે રૂપાળી કન્યાનું હરણ થશે અને એના પિતાનો કરેલો ખર્ચ વ્યર્થ જશે, અરેરે,દ્રુપદનું આંધળાના કુંવરો ધુળ ધાણી કરશે. એમ સભામાં વાત ચાલી રહી. ધૂમ્ર ઋષિએ કૌરવોને હાથમાં હથિયાર ઝાલતાં જોયા એટલે જાણ્યું,અર્જુન ઉપર છેવટનો માર મારશે તેથી ધૂમ્રે સઘળા ઋષિઓને સમજાવ્યા. વર આપણી સભામાંથી ઊઠયો છે, માટે આપણે મારવા દેવો નહિ. આપણે એ વરના-જાનૈયા. અહીંથી ઊઠયો વાસ્તે કૌરવોનો ઘાટ ઘડવો અને તેને બચાવવો.સર્વ ઋષિઓ પ્રસન્ન થયા અને અર્જુનને આશીર્વાદ આપ્યો.કેટલાક ઋષિઓ કહે વાલાગ્યા, કૌરવો અર્જુનને મારે તો અમે સર્વે મારીશું, કેટલાક કહે, તુબડાં મારીશું, કોઈ કહે. આંખો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પૂરી નાંખવા ભસ્મના ગોળા મારીશું, થનાર હશે તે થશે પણ કૌરવોને ઠેર મારી નાંખવા કંઇક કહેવાલાગ્યા, આ યમનિયોથી ડોળા જ ફોડી નાંખવા. એ પ્રમાણે બ્રાહ્મણો કોપે ચડ્યા, એવામાં દ્રુપદરાજાએ દ્રૌપદીને કહાવ્યું કે હાથણી ઉપર બેસીનેસભામાં આવો. દ્રૌપદીએહાથણી શણગારાવીનેમંગાવી. સુંડમાંસોનાનો સુશોભીત કળશ આપ્યો, દ્રૌપદી ઝરૂખેથી ઉતરી મહેલની હેઠે આવી. ભેવરમાળાઓ હાથમાં લઈ હાથણી ઉપર બેઠી. પૂંઠે દાસીઓ ચમ્મર ઢાળે છે, સભાની વચમાં દ્રૌપદી જળકુંડાળે આવીનેઉભી. ભીમસેન ઊભો થવા ઉંચો નીચો થાય છે પણ એનો હાથ ધર્મરાજા ઝાલીરહ્યા છે. અર્જુનજીએ ચઢાવેલું ધનુષહાથમાં ઝાલ્યું તે વખતે તેની કાંતિ અલૌકિક શોભી ઊઠી. સહદેવ જોષી ખુશીથયાઅને હસી હસીને ધર્મરાજાને કહેવા લાગ્યા. મોટાભાઇ, ધનંજયે ધનુષબાણ કેવું ધારણ કર્યું છે? તેનું સ્વરૂપ કેવું શોભી રહ્યું છે? ત્રણ ત્રણ વરસ સુધી દુઃખ વેઠયું તે આજ સઘળું પ્રભુ મજરે લાવ્યા દુષ્ટોએ લાખાગૃહમાં બાળ્યા, ત્યાંથી ઉગરી વનમાં રહ્યાં, ત્યાં ભીમ હેડંબાને પરણ્યો પછી આપણને હેડંબાસુર ચોરી ગયો. તે દુષ્ટ દેવને દુઃખ દેનાર હતો તેને ભીમે મારી નાંખ્યો અને છત્રેશ્વરીને સુખ કરી આપ્યું, પછી કબીરા લઇ ગયા ત્યાં યોગીનો વેશ ધારણ કરીને ભીમે તેમને વાવમાં નાંખી મારી નાખ્યા, તે પછી એકચક્રામાં ગયા ત્યાં ઘણા દિવસ રહ્યા. બકરાક્ષસને મારી એક બ્રાહ્મણના છોકરાનો બચાવ કર્યો. નિત્યનાં પાંચબકરાં તથા એક મનુષ્યને મારી નાંખતો, તે જીવોને બચાવ્યા, એ પ્રમાણે પુન્યનો વિવેક કર્યો, ત્યાંથીધૂમ્રઋષિનેત્યાં આવ્યા, પ્રભુનું સ્મરણ કર્યું અને બ્રાહ્મણોની સેવા કરી, વનમાં તાપ, તડકા વેઠી દુઃખ સહન કર્યું તેનું આજ પુન્ય ઉગી નીકળ્યું. અર્જુનના શરીર ઉપર વસ્ત્ર અલંકાર કર્યા હતાં. તેજ મોઢા ઉપર ક્યાં હતું? તે સર્વે જગજીવનની કૃપા વડે કરીને થયું, સૂર્યના સરખી છબી શોભે છે અને બે હાથમાં ધનુષબાણ શોભે છે એ સઘળી પ્રભુની કૃપા છે.

અર્જુનજી હાથમાં ધનુષબાણનું સંધાન કરીને વૈકુંઠપતિનું સ્મરણ કરે છે, મચ્છના સામું આકાશ તરફ જોયું તો મચ્છનું લોચન માલુમ પડતું નથી, આકાશના વાયુથી મચ્છો ચાક ચડી છે. મનમાં વિચાર કરે છે. મચ્છનું લોચન કેમ કરીને વીંધીશ? જળમાં જોઈને મચ્છને તાકવું, મચ્છને તથા જળને બાર ગાઉનું છેટું છે ત્યાંથી કેવી રીતે બાણ તાકીને મારવું. મચ્છ સ્થિર હોય તો તાકી શકું, હે જદુપતિ, હવે હું ગુંચાયો છું. એમ પ્રભુની પ્રેમ વડે સ્તુતિ કરી, દીનબંધુ દયાળે સ્તુતિનો સ્વીકાર કરી મનમાં હેત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાગ્યા. પ્રભુએ મચ્છ પાસેનો પવન બંધ કર્યો એટલે સુવર્ણ મચ્છા તરત સ્થિર થઇ ગઈ, તે દેખીને અર્જુન હસીને પ્રભુનું સ્મરણ કરે છે. પછી કુંતાપુત્ર અર્જુને પાણીમાં મચ્છા તાકી એટલે તુરત મચ્છાનું લોચન દેખાયું જળમાં મચ્છાનો પડછાયો દર્પણની માફક જણાવા લાગ્યો. પછી મચ્છ વીંધવાનો વિચાર કર્યો. ધનુષ્યબાણ સંધાન કરી શકિતનો મંત્ર જપ્યા પછી તેના ત્રણ ભાગ ગણ્યા, પહેલે ભાગે બ્રહ્મા, વચમાં વિષ્ણુ છેલ્લા મહાદેવ મૂકયા. વાયુનો મંત્ર ભણી તેના ઉપર ધર્મરાજાનું પુન્ય મૂકયું એવી રીતે બાણ તૈયાર કરીને અર્જુને જળમાં જોયું, કેડયો વાંકી વાળી અર્જુનજી ત્રાંસમાં ઊભા રહ્યો છે ને સમજણ વડે કરીને તથા નમ્રતા વડે કરીને પ્રભુનું સ્મરણ કર્યું, પ્રભુ સાચા જાણી મંત્રને બરોબર સાધ્ય કર્યો. પછી જળમાં જોયું ને મચ્છા તાકી, ઇશ્વરનું આરાધન કરી બાણને મેલી દીધું, તે સુસવાટા કરતું વીજળીની માફક ઝબુકા કરતું મેઘના જેવું ગર્જના કરતું મચ્છની પાસે જઈ પહોંચ્યું. રામના બાણની માફક મચ્છનું લોચન વીંધી નાખ્યું પછી તે કડકો નીચે પડયો અને વિષ્ણુ કડકો ઉંચો ચડયો તેણે કરીને પૂંછને વીંધી નાંખ્યું. પછી શંકરનો કડકો ફેરો મારવા લાગ્યો અને શિવના મંત્ર વડે કરીને તે બાણે મચ્છને એક પળમાં જળમાં ફેંકયું, દેવોએ તેજોઈને ફુલની વૃષ્ટિ કરી. સર્વે લોકો ઘણા ખુશી થયા, દેવોએ દુંદુભીના નાદ કર્યા. સમગ્ર સભાએ આશીર્વાદ આપ્યો કે જય થાઓ, બાણ વડે જળમાં મચ્છ નાખવાથી આનંદ થઇ રહ્યો. તેવામાં કર્ણરાજા તથા કૌરવો આયુધ લઈને ઊભા થયા. એટલે ભીમ ધર્મરાજાનો હાથ મરડી નાખી છલંગ મારી જળકુંડાળે આવી ઊભો રહ્યો, ગર્જના કરી અર્જુનને કહેવા લાગ્યો, ભાઇ ઉતરવાની તસ્દી ન લેશો ત્યાંથી પડતું મેલો એટલે હું ઝીલી લઇશ. દુર્યોધને બૂમ પાડી, અરે મામા, આતો ભીમ. મામો કહે, જીવતા રહેવું હોય તો ચાલો ઘેર નાસી જઇ એ. ભીમને જોઇ કર્ણ રાજાએ વિચાર્યું કેમારું બોલેલું વચન નિષ્ફળ જશે, માટે કન્યાનું હરણ કરું. એમજાણી કન્યાનું હરણ કરવા દોડયો. એટણે ભીમે કર્ણને હરણ કરવા જતો જોઈને મનમાં વિચાર્યું કે ભાઇનાં લાગ્યાંભાઇ ભોગવશે પણ કન્યાનું હરણ થશે તો સઘળી કરેલી મહેનત વ્યર્થ જશે અને ઈજ્જત જશે તેથી છલંગ મારીને કર્ણને પકડયો અને માર માર્યો. કર્ણરાજા ત્રાસ પામી ત્યાંથી નાસી ગયો. ભીમે હાથણી ઉપર કુદકો માર્યો તેથી હાથણી મરણ પામી અને દ્રૌપદીનું પાંગોઠું ઝાલી ખાંધ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉપર બેસાડી સભાની બહાર નીકળ્યો, વૃકોદર કુંભારના ઘર તરફ ગયો અને બહારથી બૂમ પાડી કે માતાજી, હું અમૂલ્ય વસ્તુ લાવ્યો છું. કુંતાએ વિચાર કર્યો કે ખાવાનું કે રમવાનું હશે, અગર ફાંફાં મરાવતો હશે એવું અનુમાન કરી કુંતા બોલ્યાં વારુ બેટા, જે લાવ્યો તેમાં પાંચે ભાઇઓનું સહિયારૂ, ભીમે ઘરમાં જઈ કન્યા મુકી, પછી માતાને કહેવા લાગ્યો. અર્જુનજીએ મચ્છવેધ કર્યો, કન્યાનું હરણ થતું હતું તેથી હું ઉંચકી લાવ્યો છું; માતા, તું વિચાર કર્યા વિના બોલી તેં આ શું કર્યું ? એમ માતાજીને ઠપકો દે છે. કુંતાજી રડતાં રડતાં કહે છે કે બળ્યું ઘડપણનું જીવવું, ફાવે તેમ બોલી જવાય છે. ભીમ મનમાં વિચારવા લાગ્યો, કન્યા રૂપવાળી છે માટે માતાજી ઠીક બોલ્યાં કે પાંચેનું સહિયારું, એમ જાણી ભીમે કહ્યું, માતા, શા માટે રુદન કરો છો! તમારું બોલેલું પાળો નહિ તો તમારે બ્રહ્મહત્યાનું પાપ છે, એમ કહી ત્યાં બેસી રહ્યો. હવે સભા વિષે શું થાય છે. વાયુનંદને કર્ણરાજાને માર માર્યો તેથી કર્ણરાજા ક્રોધે ભરાઈને જળકુંડાળે આવીને ઊભો. બાણ ધનુષ ઉપર ચઢાવી ત્રાજવામાં અર્જુનને માર્યું, અર્જુનને ત્રાજવામાં વાગવાથી ત્રાજવાં ઝોલાઈ ગયાં તેથી અર્જુન પડી ગયો. તે જળમાં પડયો, તેવો જ કૌરવોએ બહાર ખેંચી કાઢીને માર મારવા માંડયો. સો ભાઈ અને છ કારભારી ક્રોધે ભરાયા છે, એવું જોઈને બ્રાહ્મણો મારવા તૂટી પડયા. કૌરવો અર્જુનને મારે છે અને બ્રાહ્મણો તુંમડાથી કૌરવોનાં માથાં ફોડી નાખે છે, ભભુતીના ગોળા મારી આંખો પૂરી નાંખે છે, ગડદા પાટું મારીને મારો મારો એમ પોકારે છે. કૌરવ ઉપર બ્રાહ્મણોએ ઘણું તોફાન માંડયું છે એવામાં ભીમને કુંભારને ત્યાં સાંભળી આવ્યું કે અરેરે ભાઈ એકલા છે એમ જાણી સભામાં એકદમ દોડી આવ્યો. ભાઇને માર પડતો જોઈને પાણીમાં પડતું નાખ્યું અને બાર ગાઉના સ્થંભને હચમચાવી બહાર ખેંચી કાઢયો. કૌરવો ત્રાસ પામ્યા. જીવતા રહેવું હોય તો ઘેર ચાલો નહિ તો ભીમ મારી નાંખશે. દુષ્ટ કૌરવો ભીમના ભયથી અર્જુનને મારવો રહેવા દઈને કાળાં મોં લઈ નાસી ગયા એટલે ત્રણ ભાઇ તથા કૃષ્ણ વિદુર, ભીષ્મ, દ્રોણ, બળદેવ, કૃપાચાર્ય એ સઘળાંએ ખમા ખમા કરીને અર્જુનને ઉઠાડયો, લોકોએ જાણ્યું, મચ્છવેધ કરનારા પાંડવો છે, તેથી સૌને અતિ આનંદ થયો. સ્વયંવરની રીત એવી હતી કે, મચ્છવેધ કરે તે એકલો રહે બાકીના પોતપોતાને ઘેર જાય. પણ સઘળાઓએ વિચાર કર્યો કે પાંડવોને પરણાવીને ઘેર જઇશું. સર્વને પાંડવ ઉપર ઘણો પ્રેમ છે તેથી બધા અર્જુનજીની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાછળ પાછળ કુંભારને ત્યાં આવ્યા. રાજા, ઋષિ, જાદવ વગેરે આસન સિવાય ભોમી ઉપર બેઠા. અર્જુનજી ઘરમાં જઇને માતાને પગે લાગ્યો. માતાજી મને આશીર્વાદ આપો મેં શુભ વેળાએ મચ્છવેધ કર્યો અને તમે શા સારુ રુદન કરો છો? કુંતાજી કહે ભીમ ગાંડો લઇને બહાર આવ્યો હશે અને બહારથી બૂમ પાડી કે હું કોઈ અમૂલ્ય ચીજ લાવ્યો છું, ત્યારે મેં જાણ્યું કે ખાવા રમવાનું હશે એમ જાણી મેં કહ્યું, જે લાવ્યો હોય તેમાં પાંચેનું સહિયારું. પછી ભીમ બોલ્યો, માતા આ શું બોલ્યાં? તમારું બોલ્યુ પાળો નહિ તો તમને બ્રહ્મહત્યાનું પાપ. એવું સાંભળી અર્જુને જવાબ આપ્યો, માતાજી, રુદન કરવું બંધ કરો, પાંચે ભાઇને મૂકીને એકલો પરણું તો મને જ બ્રહ્મહત્યાનું પાપ છે.

કુંતાજીએ રડતાં બંધ રહીને આશીર્વાદ આપ્યો. પછી અર્જુન ઓટલે જઇને બેઠો. એવામાં કુંભાર બહાર આવ્યો અને ભીમને બોલાવીને પૂછયું, આ સઘળા કેમ ભરાયા છે? વૃકોદર કહે. હું તમારા રાજાની કન્યાને હરી લાવ્યો છું તેથી સઘળા લાંઘવા બેઠા છે, તમોએ અમને રાખ્યા છે, વાસ્તે રાજા ઘણો ગુસ્સે થયો છે. તમને બરોબર શિક્ષા થવાની છે. એવું સાંભળી કુંભાર બોલ્યો. ગાંડિયા, આ શું કર્યું? તમને અહીં રાખ્યાનું ફળ આ આપ્યું? એમ કહી ઘરમાં જઇને નરનારી રડવા લાગ્યાં, તે ધર્મરાજાએ સાંભળ્યું એટલે યુધિષ્ઠિર ઉઠીને પ્રજાપતિના ઘરમાં ગયા અને પૂછવા લાગ્યા, કાકા, તમે કેમ રડો છો? કુંભાર કહે, મારે કર્મે તમે કયાંથી આવ્યા? રાજાની પુત્રી હરણ કરી લાવ્યા? તારા ગાંડીઆએ ગજબ કર્યો, કન્યાને ચોરી લાવ્યો તેથી એમારું ઘરબાર લુંટાશે. ધર્મ કહે, તમને કોણે કહ્યું? કુંભાર કહે, તમારો ગાંડીઓ કહી ગયો. યુધિષ્ઠિરે કુંભારને સમજાવ્યો કે અમે કુંતાજીના પુત્ર પાંડવો છીએ અને મચ્છવેધ કરીને કન્યાને લાવ્યા છીએ. કુંભારને વિશ્વાસ આવ્યો, વાત ખરી છે. પછી યુધિષ્ઠિર ઓટલે આવીને બેઠા. દ્રુપદે ઘેર જઇ મંડપ તૈયાર કર્યો પછી તેના બે પુત્રો પાંડવોની પાસે મોકલ્યા. પુત્રોની સાથે કહાવ્યું કે મચ્છવેધ કરનારને કહી દ્રૌપદી અહીં લાવો. વળી કહેજો, વાજિંત્રો અમે મોકલીએ છીએ, તમે પરણવા સારુ વહેલા પધારજો, દ્રુપદના બે પુત્રો પ્રજાપતિને ત્યાં ગયા તો સઘળા યાદવો રાજા, ઋષિઓ, રૈયત ભરાઇને આનંદમાં બેઠેલ છે, ત્યાં દ્રુપદના પુત્રો આવી સર્વને પગે લાગ્યા. પછી નમ્રતાથી અર્જુનજીને કહેવા લાગ્યા, અમારી બેન દ્રૌપદીને લાવો. અમે ઘેર જઈ વાજિંત્ર મોકલીએ, એટલે પરણવા સારુ ખુશીથી પધારો. અર્જુને જવાબ આપ્યો, તમારી બેનને ઓરડામાંથી લઈ જાઓ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ને તમારા પિતાને સમાચાર કહેજો કે કુંતાજીને પાંચ પુત્ર છે,તેમાંથી મચ્છવેધ એકે કર્યો પણ પાંચભાઈ કન્યાને વરશે.ધર્મ,ભીમ,સહદેવ, નીકુળ આ ચારઅને પાંચમો હું અર્જુન.અમે સઘળા ભાઇઓ તમારી બેન સાથે લગ્ન કરીશું.' તેમની મરજી હોય તો તમે તેડવા આવજો નહિ તો સંદેશો મોકલજો. આ સાંભળી બંને ગુસ્સે થયા અને પોતાની બહેનને ઉંચકી ગયા, ઘેર જઇને પોતાના પિતાજીને કહ્યું કે તમે તથા તમારી દીકરી બંને વિષ પીને મરી જાઓ.દ્રુપદ કહે,કેમ બેટાઓ એવું બોલ્યા? પુત્રોએ જવાબ આપ્યો.મચ્છવેધ કરનારાએ એવું કમાવ્યું છે કે અમે કુંતાજીના પાંચ પુત્રો છીએ, માટે પાંચે ભાઈ કન્યાની સાથે લગ્ન કરીશું, હું એકલો વરવાનો નથી. આ ઉપરથી અમે કહીએ છીએ કે અમારી બેનને પાંચ પતિ થાય તે તો અમને બિલકુલ ગમતું નથી.એટલે દ્રુપદને ખોટું લાગ્યું, વચમાં આ ઉપાધી કયાં આવીને નડી ? હું તો વેદવ્યાસજી ઉપર વિષ ઘોળીને પી જાઉં. મહેલમાં જઈ વિષ ઘોળી પીવાનીતૈયારી કરી એટલે તરતવ્યાસજીઆવ્યા અને તમાચો મારી પ્યાલો લઇ લીધો. પછી કહેવા લાગ્યા, મૂર્ખ શા માટે આપઘાત કરે છે? દ્રુપદ કહે, મારી દીકરીને પાંચ પતિ એ ખોટું થાય છે.વ્યાસજી કહે, તારી પુત્રીના કર્મમાં પાંચ પતિ છે, તારી પુત્રીને પૂછી જોજે. એટલે તે જ કહેશે. કહી વ્યાસજી અંતર્ધ્યાન થઇ ગયા. દ્રુપદરાજા પૂછવા ગયો, બેન, મચ્છવેધનો કરનારો એવું કહે છે હું એકલો પરણવાનો નથી. અમે પાંચ જણ કન્યાની સાથે લગ્ન કરીશું. હવે અમે કેમ કરીએ ? દ્રૌપદી પિતાજીને કહેવા લાગી, પિતાજી, મારા કર્મમાં પાંચપતિ છે માટે તમે તેમાં ડહાપણ કરશો નહિ. અને જો કરશો તો પાપે પેટ ભરશો. દ્રુપદ મનમાં સમજ્યો, વ્યાસજી કહેતા હતા તે વાત સાચી છે. દ્રુપદ કહે, બેટી તું સાધવી છે અને તારે પાંચ પતિ થાય ત્યારે તું શાની સતી ? દ્રૌપદીએ જવાબ આપ્યો, પિતાજી, તમે મંડપની પાસે ચંદનની ચિતા ખડકજો અને તે વખતે સળગાવજો. પછી એકની સાથે પરણીને ચિતામાં પડીશ તેમાંથી સજીવન નીકળી બીજાને વરીશ એ રીતે હું પાંચને વરીશ.તેથી હુંસદા સતી ને સતી છું, દ્રુપદને સાચું લાગ્યું અને ખુશી થયો.

આ પાંડવો છે એવું શા ઉપરથી માનવું ? તેનું નિરાકરણ કરવા માટે દ્રુપદ શ્રીકૃષ્ણ પાસે ગયો અને પ્રભુને કહેવા લાગ્યો, મહારાજ, આ કુંતાજીના પાંચ પુત્ર પાંડવો છે એવું શી રીતે મનાય ? પ્રભુએ જવાબ આપ્યો. દ્રુપદ રાજા, એ તો લક્ષણથી જ ઓળખાઈ આવે, જેનામાં જેવા ગુણ હોય તેવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જ જણાઇ આવે; પછી કૃષ્ણજીએ દ્રુપદના પાચ સુશોભિત ઓરડામાં જુદી જુદી વસ્તુઓ મૂકી, એક ઓરડામાં સિંહાસન, બીજામાં ગદાઓ ભરી, ત્રીજો ઓરડો તૈયાર કરી ધનુષબાણ ભર્યાં, ચોથો તૈયાર કરી પાનાં પુસ્તક ભર્યાં, પાંચમામાં વસ્ત્ર શણગાર ભર્યા. આ પ્રમાણે ગોઠવણી કરી પ્રભુએ દ્રુપદને બોલાવ્યો. આ ઓરડામાંઓની પાછળ જાળી છે તે જાળીમાંથી છાનોમાનો તું જોઇ રહેજે. હું પાંચે ભાઇઓને મોકલું છું. એમ કહી પ્રભુએ પાંચ ભક્તને બોલાવ્યા. પાંડવો આવ્યા. પ્રભુ કહે, મારે તમને એકાંતમાં વાત કરવી છે પણ હું પણે જઈ આવું એટલીવાર ઓરડાઓમાં જોવા જેવું છે તે જોતા થાઓ, એવું કહી પ્રભુ દ્રુપદની પાસે ગયા, પાંડવો પહેલા ઓરડામાં પેઠા તો સિંહાસન જોવામાં આવ્યાં. ત્યાં એકલા ધર્મરાજાને ગમ્યું. ચારેભાઇ બહાર નીકળી ગયા. બીજા ઓરડામાં પેઠા ત્યાં ગદા જોઈ. ત્યાં એકલા ભીમનું મન માન્યું. ત્રીજા ઓરડામાં પેઠા ત્યાં ધનુષબાણ જોયાં. ત્યાં એકલા અર્જુનને પસંદ પડયું. ચોથા ઓરડામાં પાનાં પુસ્તક દેખ્યાં. ત્યાં સહદેવજી આનંદ પામ્યા. પાંચમામાં વસ્ત્ર શણગાર જોઇને નીકુળજી પેઠા. પહેલે ઓરડે ધર્મરાજા પેઠા છે તેમને દ્રુપદરાજા જોઈ રહ્યા છે, ધર્મરાજા સિંહાસનો તપાસી બડબડવા લાગ્યા, હું ઇંદ્રપસ્ત જઇશ એટલે આના જેવું સિંહાસન કરાવીશ. દ્રુપદ રાજાએ સાંભળી ભગવાનને કહ્યું, આ ધર્મરાજા છે. પછી બીજે જાળીએ ગયા, તો ભીમ ગદાઓ તપાસે છે તેમાં દ્રુપદ રાજાના દાદાની દસ હજાર મણ ભારની ગદા ભીમના હાથમાં આવી. ભીમે હાથમાં ઉંચકીને વિચાર કર્યો કે ગમે તો દ્રુપદનો બાપ આવે પણ આટલી ગદા તો ઘેર લઇ જવાનો, પ્રભુ કહે, જો રાજા, આ ભીમસેન ખરો કે નહિ? પછી ત્યાંથી ત્રીજે જાળીએ આવ્યા ત્યાં અર્જુન છે, દ્રુપદે કહ્યું એનું પારખું તો સ્થંભે ઉપર કર્યું છે, પછી ચોથેજાળીએ આવ્યા તો સહદેવજી પાનાં પુસ્તક તપાસે છે અને વાંચે છે. દ્રુપદ કહે, આ સહદેવ જોષી છે. પાંચમે જાળીએ આવ્યા, તો નીકુળજી વસ્ત્ર શણગાર પહેરી દર્પણમાં જુએ છે અને બરોબર ન ગમે તો પાછા ઉતારી બદલી નાખે છે. દ્રુપદ કહે, બરાબર આ નીકુળ ફાંકડો એજ છે. પછી પોતે ભગવાનને કહ્યું. આ પાંડવોને લઈ તમે પાછા જાઓ અને હું વાજામોકલું તેની સાથે આપ વાજતેગાજતે પધારો એમ કહી રાજા, વિદાય થયો, પછીપ્રભુએ પાંચ પાંડવોને બોલાવ્યા. સઘળા ઓરડામાંથી બહાર આવ્યા. કૃષ્ણજી પાંડવોને લઈ કુંભારને ઘેર આવ્યા. પાંચે ભાઇઓના મસ્તકે ક્ષૌરે કરાવ્યા. પછી રાજવંશી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વસ્ત્ર શણગાર પહેરાવ્યાં, દ્રુપદ રાજાને તેડું મોકલ્યું. તેઓ વાજીંત્ર સાથે પ્રજાપતિને ત્યાં આવ્યા, પાંડવોને કહેવા લાગ્યા, દ્રુપદ રાજા પરણવા તેડે છે, તે સાંભળીને સર્વને હર્ષ થયો. ધર્મરાજા કુંતા માતા પાસે જઇ પૂછવા લાગ્યા, રામણદીવો કોણ ઝાલશે ? કુંતા કહે, જેના ઘેર આપણે રહ્યાં છીએ તેમને માતતાત જેવાં સમજવાં, તેમને જ ખબર આપો કે તમારી સ્ત્રી મોડ ધાલે અને તમારાં સગાંવહાલાંને તેડાવો. ધર્મરાજાએ કુંભાર પાસે જઇને સર્વ હકીકત કહી. કુંભારે તેની સ્ત્રીને કહ્યું તેથી સ્ત્રી ખુશી થઇને તેના સગાવહાલાને તેડી લાવી, તેની નાતના કહેવા લાગ્યા, અમારું કેવું નસીબ કે રાજાના વેવાઈ થઈશું ? કુંભારની સ્ત્રીએ મોડ ઘાલ્યો, રાવણદીવો લીધો અને સ્ત્રીઓ ગીત ગાવા લાગી. દ્રુપદ રાજાએ સુંદર મંડપ રચ્યો છે, તેની પાસે ચંદનની ચિતા ખડકાવી છે. પોતાની પુત્રીનું સત્ય જોવા માટે રાજાએ દ્દઢ કર્યું.

પછી પાંડવો તથા શ્રીકૃષ્ણ દ્રુપદને ત્યાં જવા તૈયાર થયા. આગળ યાદવોને રાખ્યા. વચમાં ઋષિઓને, તેની પાછળ ક્ષત્રિયો એ પ્રમાણે પ્રભુએ ગોઠવ્યા. પછી વાજતે ગાજતે પાછળ સ્ત્રીઓ સુંદર ગીત ગાતી જાય છે. પાંચે પાંડવો વરઘોડામાં મહાલે છે. શ્રીહરિ કારભારુ કરે છે. યાદવો, ઋષિઓ, રાજાઓ સર્વને હર્ષ માતો નથી. ભીષ્મ, વિદુર, દ્રોણ, કૃપાચાર્ય વિગેરે અતિ ઉલ્લાસ પામવા લાગ્યા. પ્રજાપતીની સ્ત્રીના હૈયામાં તો હર્ષ માતો જ નથી. ગામના લોક સહુ વાતો કરે છે કે દ્રૌપદીને યોગ્ય પાંચ પતિ મળ્યા છે. ધન્ય છે દ્રૌપદીના ભાગ્યને. પાંચે મહાબળવાન છે. એમ સર્વને પાંડવની ઉપર અતિશય પ્રેમ છે. બધી જાતના દ્રુપદના માંડવાની નજદીક આવ્યા એટલે દ્રુપદ રાજાની રાણી જમાત્રને પોંખવા આવી. બત્રીસ કુદડીવાળો માથે મોડ ઘાલ્યો છે. માંડવાની પાસે સહુ સાજન ભરાઇ બેઠું છે, રાજાના દ્રોણિક ગોર પાસે રહી પોંખાવે છે, ધુશળ મુશળ રવૈયો, સળીઓ, સંપુટ ત્રાક વિગેરે તૈયાર કર્યું. અને એંડી પેંડી ઉતારી તિલક તાણીને નાક તાણ્યાં. પછી મંડપની અંદર વરને પધરાવી દીધા. દ્રોણિક તથા કૃપાચાર્ય બંને ગોર પરણાવવા લાગ્યા. પ્રભુ બોલ્યા, ધર્મરાજા સર્વનાથી મોટા છે માટે તેમનું લગ્ન પહેલું કરો. પછી ધર્મરાજાને પહેલા બાજઠ ઉપર બેસાડયા. શિખંડી ભાઇએ દ્રૌપદીને ઉચકીને બાજઠ ઉપર પધરાવી. પહેલવહેલા ધર્મરાજા બીરાજ્યા તેમનો હસ્તમેળાપ કર્યો. પટોળે ગાંઠ વાળી તથા કંઠમાં વરમાળા પહેરાવી બ્રાહ્મણો વેદવાકય બોલી રહ્યા છે, કૃષ્ણપ્રભુ પાસે બીરાજ્યા છે. પહેલું મંગળ વરતાવા લાગ્યું તેમાં ગાયોનાં દાન અપાયાં, પછી બીજું મંગળ વરતાયું, તેમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દાસીઓનાં દાન અર્પણ કરાયાં, ત્રીજું મંગળ વરતાયું તેમાં ભોમીનાં દાન



અપાયાં, ચોથું મંગળ વરતાયુ તેમાં ભંડારસહિત અપાયું. પછી વરકન્યા કંસારજમ્યાં મોતીના હાર આરોપી દીધા. રૂપિયા વીંટીથી રમાડયા, વરકન્યા ગોત્રજનેપગે લાગ્યાં, પછી સતી કન્યા ઊઠીને સ્કંદનનીચિતામાંપડી, નાહીનેઅગ્નિની બહાર નીકળી એટલે જયજયકાર થયો. પછી ભીમસેન પરણ્યો. તેનાં ચારે મંગળ વરતાયાં તેમજ દાન પણ અપાયાં. પછી અર્જુનજીનું લગ્ન થયું વરકન્યાનું તેજ એવું દીપ્યું, સર્વે સભા ઝાંખી પડી. તેનાં પણ ચાર મંગળ વરતાયાં દાન અપાયાં તેના પછી સહદેવ વર્યો, તેમનાં ચાર મંગળ થતા દાન અપાયાં, છેવટે નીકુળ પરણ્યા તેનાં ચારે મંગળ વરતાયાં તથા દાન અપાયાં પછી કન્યા અગ્નિમાં પડી નહિ ને પોતે પરણેલી કાયા રાખી. સર્વે જોઈને આનંદ પામ્યા અને શ્રી રણછોડ શ્રી રણછોડ શબ્દ કરવા લાગ્યાં. પછી દ્રુપદ રાજા પ્રભુને કહેવા લાગ્યો, મહારાજા મારા ઉપર દયા કરી મચ્છવેધની સભામાં બેસીને સર્વે જણ ભોજન કરે એવી આજ્ઞા આપો. પ્રભુએ સર્વેને આજ્ઞા આપી કે પોતપોતાની જ્ઞાતિ પ્રમાણે ભોજન કરવા બેસી જાઓ. રાજા, ઋષિ, યાદવો, પ્રજાપતી સર્વે જણ ભોજન કરવા આવો એટલે બધા આવી યોગ્ય રીતેબેઠા. દ્રુપદ રાજાએ સેવકો પાસે પીરસાવવાનું શરૂકર્યું. મીનાકારી થાળીમાં પુરી, રૂપાના પ્યાલામાં બદામ, પીસ્તાં, ચારોળી, દ્રાક્ષ નાંખેલું દૂધ. સેવ, ઘેબર, મગદળ, બરફી, પેંડા કળીના લાડુ, કણસઈ, મોતીચુરસુ, પુરીઓ, વડા, દૂધપાક, વંતાકનું શાક, રાઇતું, ચણાની દાળમાં કાકડી નાખેલી તેનું શાક, કારેલાં, વાલોળ, વાંકડીઓ ગવાર, કંકોડાં, કુશમાન્ડ, તુરિયાં, પાપડીઓ. પંડોળાં, વડીઓ, ગલકાં, ઢેબરવાં, નૈયા, ગવારસીંગો, ચોળાફળીઓ, કંદમૂળ, ભીંડાં, અળવી, રતાળુ, ગાજર, ગીલોડું, શકરીઆં, સૂરણ, વળીઆરી, દહીં છમકારેલી કાઢી, ભાત ભાતની ભાજી, તાંદરજો, મેથી, કુબી, ગળજીભી; પોઇનાં પાનાં, પતરવેલીઆં, પિસ્તાં, લીલી ખારેકો, અખરોટ, અંજીર, સોનેરી કેળાં, તડબૂચ, બીજારાં, સેતુરાં, પાકા કરમદ, ફનસ, ફાલસા, શ્રીફળ, ખજુર, કમરખ, જામફળ,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાયણ, શીંગોડાં પાકા ઉમર, પારસજાંબુ, પાકી ચીકણુ, કેળાં, દાડમ, ચટણી, અથાણું; કેળાં, દોડા, આબળાકાકડી, જીરાકેરી ચીરીને અંદર મસાલો નાંખી સરસિયામાં ડુબાવેલાં, ખારીબીલી, આદારસ; ચટણી લીંબુના પટની, આદા-સૂળી. હળદરમૂળી એ સિવાય અનેક પ્રકારની રસોઇ પીરસાવવામાં આવી. સર્વેને ભોજન કરાવી મુખવાસ આપ્યા. કૌરવ લોકો કન્યા સિવાય નિરાશ થઇને નાસી ગયેલા. જતાં જતાં રસ્તામાં એક નેળ આવી તે નેળ લગભગ બાર ગાઉ સુધીની હતી. દુર્યોધને સર્વ કૌરવોને ઊભા રાખીને મામાને પૂછયું, મારા પરણવાના મનસુબા તો મનમાં ને મનમાં રહી ગયા અને કાળું મોં લઈ નાસી આવવું પડયું. ખારીલા ખુની મામાએ કહ્યું. હું એક યુક્તિ બતાવું તે પ્રમાણે કરો તો દ્રૌપદી હાથમાં આવી જાય. બાર ગાઉ સુધી લાંબી અને બે વાંસપુર ઉંડી આ નેળ છે, તેમાં થઇ પાંડવ જાય એટલે તેમને ઘેરી લ્યો, એક રથ જતો હોય તો કોઈ પણ જઇ શકે તેવું નથી, એવી સાંકડી નેળમાં પાંચ ભાઇ તથા કુંતાને મારી નાખી રૂપાળી કન્યાને લઈજઈશું. પાપી કહે, મામા, તારી બલીહારી. એમ કહી દુર્યોધને કર્ણને બોલાવી કહ્યું કે ભાઇ, તમે છ ક્ષોણી સૈન્ય રાખો ને નેળની માંહી ભરાઇને બેસો. પાંડવો આવે એટલે ઘેરો ઘાલી દેજો. પોતાના સો ભાઇઓ તથા જેદ્રથ, ભગદત, ભુરીશ્રવા, સુસરમા વિગેરેને પાંચ ક્ષોણી સૈન્ય આપીને નેળના સામે મોઢે મોકલ્યો, કર્ણ કહે, કબૂલ છે પણ ભાઇ, સંદેશો કહેવા સારુ નેળ ઉપર દસ વીસ સેવકો રાખો. દુર્યોધને વીસ યોદ્ધા નેળ ઉપર રાખ્યા. પછી પાંચ ક્ષોણી સૈન્ય લઇને સામે મોંઢે કોતરોમાં ને કર્ણરાજા આગલે મોઢે છ ક્ષોણી સૈન્ય લઇને ઘોઘોમાં આવતું જતું કોઈ દેખી શકે નહિ તેવી રીતે અન્યાય કરવા તેઓ સંતાઈ બેઠા. ચોકી કરવા રાખેલાને સમજાવી રાખ્યા, આપણા વૃદ્ધો પહેલાં જાય તેના સમાચાર અમને આપી દેજો. એ પ્રકારે ગોઠવણ કરી પાપી લોકો સંતાઇ રહ્યા છે. દ્રુપદ રાજાએ સર્વેને મન ગમતું ભોજન કરાવ્યું. ભેગા થવાની રજા આપી એટલે રાજા, ઋષિ, યાદવો સભામાં આવીને બેઠા. પાંડવો તથા કુંતાજી પણ બીરાજ્યાં છે. દ્રુપદ રાજા જાત જાતના સરપાવ લઈને આવ્યો. પાંડવને પહેરામણી આપવા અતિશય હરખાયો. કૃષ્ણ પ્રભુ કારભારુ કરે છે. દ્રુપદે પાંડવોને તિલક કર્યાં. એ રથ મહોરો ભરીને તથા દસ ગામ આપ્યાં, દ્રૌપદીની સેવામાં હજાર દાસીઓ આપી પાંડવોને બે ક્ષોણી સૈન્ય આપ્યું, એક ગામની આવદાની આ[illegible] પછી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કુંતાજીને પગે લાગીને બોલ્યો, હે વૃદ્ધ સતી, મેં તમને તમારા લાયક કંઇ આપ્યું નથી.કુંતાજી કહે,ભાવ જોઈએ બીજું કંઇ નથી જોઇતું.પછી ધર્મરાજાને પગે લાગીને બોલ્યો, હે સત્યવાદી,તમારા જોગ મારાથી કંઇ આપી શકાયું નથી. ધર્મ કહે,કંઈ ખામી નથી રાખી. પુષ્કળ આપ્યુંછે.પછી અર્જુનને પગે લાગ્યો. અર્જુન કહે, પ્રીતિરાખો એટલે બસ છે,સહદેવને પૂછયું. જોષીજી જે જોઇએ તે માગીલ્યો.સહદેવ કહે,સંતોષ પામ્યા એ ઘણું છે,ભીમે વિચાર્યું,સર્વનેપૂછયું પણ મને કેમ પૂછતો નથી?પછી નીકુળને પૂછયું;જે જોઈએ તે માગી લો.નીકુળેકહ્યું ઘણું આપ્યું છે.પછી ભીમને પ્રેમ વડે પાયે પડીને કહ્યું,જે જોઈએ તે માગો,ભીમ કહે,આ દશહજાર મણની ગદા આપી દો. દ્રુપદ કહે એમાં શું માગ્યું ? અને કોઇ ઉપાડી શકે તેવું નથી તેથી અમારે નકામી પડી રહી છે, પણ અમારે ઘેર જેમંગળ નામનો હાથી છે તે લઈજાઓ તો તમને આપું ભીમ કહે મને બતાવો કયાં છે! દ્રુપદ કહે,કિલ્લો ચણીને અંદર પૂરી મૂકયો છે,દરવાજોઉઘાડાતો નથી. સેવકો કિલ્લા ઉપર ચઢીને ઘાસ પાણી નાંખે છે માટે એવા મદ ભરેલા હાથીને વશ કરે તો તે હાથી તથા ગદા બંને લઈ જાઓ. ભીમે હાથી બતાવવા કહ્યું એટલે રાયે તુરત કુંચી લઇ દરવાજાનું તાળું ઉઘાડયું. હાથી દરવાજા બહાર નીકળ્યો, ભીમે ગદા સહિત છલંગ મારી અને હાથીઉપર બેસી ગયો. હાથીને પુષ્કળ ભાર લાગ્યો, ભીમે હાથીને રેતમાં દોડાવ્યો.જેથી હાથી હાર પામી થાકીને ઊભો રહ્યો. ભીમ ઉપરથી ઉતરી પડયો. અને હાથીને હાથ ફેરવ્યો. પછી પોતાની સાથે હાથી લઈને સભામાં આવ્યો, દ્રુપદ કહે, હવે હાથી તથા ગદા બંને ચીજો તમને અર્પણ. ભીમસેન વિનોદમાં બોલ્યો, હે દ્રુપદરાજા, મારા સરખો જમાઈતને શોધ્યો નહિ મળે. દ્રુપદ કહે, વધારે ઓછું ન બોલશો. તમારા પરાક્રમ જોઈસંતોષ પામ્યો છું, પછી જેવો રાજા તેવો દરેકને સિરપાવ આપ્યો. કૃષ્ણને કાંઈ આપ્યું નહિ તેથી ભીમને ગુસ્સો ચડયો છે. દ્રુપદ કહે,ક્રોધ ન કરશો. કૃષ્ણપતિ તો લક્ષ્મીના પતિ છે તેમને હું શું આપવા સમર્થ છું?એટણે પ્રભુ ખુશી થયા અને રાજાના મસ્તક ઉપર હાથ મૂકી બોલ્યા, શાબાશ છે તારા જ્ઞાનને, પછી સર્વે જણે વિદાયગીરી માગી. દ્રુપદ કહે, પાંડવો મારા ઘેર ચાર દિવસ.રહેશે. ત્યાર પછી એમને ઘેર જશે. રાજાઓ,ઋષિઓ,યાદવો સર્વ પોતપોતાને દેશગયા,પ્રભુ પણ દ્વારકામાં પધાર્યા. ભીષ્મ,વિદુર,દ્રોણ, કૃપાચાર્ય આ ચાર જણા નેળમાં થઇ હસ્તિનાપુર ગયા. ચોકીદારોએ વાત દુર્યોધનને કહી. પાપી ખુશી થયો કે પાંડવો આવશે એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારી નાંખી દ્રૌપદીને લઈ જઈશું. આમ પાપીઓ અનર્થ કરવાનો વિચાર કરે છે.

પાંડવો દ્રુપદરાજા પાસેથી વિદાય થવાની આજ્ઞા માગવા લાગ્યા. રાજાને કહ્યું, ઘણા દિવસથી ઘરગામ સૂનું પડયું માટે રજા આપો. દ્રુપદ રાજાએ તુરત આજ્ઞા આપી. હવે ખુશીથી પધારો. પાંડવો કુંતા સૈન્ય વિગેરે તૈયાર થઈને ઘેર જવા નીકળ્યા. દ્રુપદ રાજા તથા આખા ગામના લોક ભાગોળ સુધી વળાવવા ગયા, એવામાં પેલા પ્રજાપતિને ચણાની જરૂર પડી, કુંભારે તપાસી જાયું તો ચણાનો દાણો સરખો પણ મળે નહિ. કુંભાર તરત ભાગોળે દોડતો આવીને ભીમને કહેવા લાગ્યો, ભીમભાઇ, મારા ગરીબના ચણા ખાઈ તેનું શું કરો છો? ધર્મે તે સાંભળી ભીમને ઠપકો આપ્યો, મૂરખા તું જેનું ખાય તેનું ખોદે, તારે શા માટે ચણા ખાવા પડયા? ભીમ કહે, ખાધા તે ખાધા, હવે નહિ ખાઈએ. ભીમે દ્રુપદને કહ્યું, આ કુંભારને ચણા આપજો નહિ તો હિસાબ ગણી તેવા પૈસા આપજો. ધર્મરાજા કહે, ભૂંડા, તે તો ભવાઈ માંડી છે, ભીમ કહે, જમાઇનું દેવું આપવું તેમાં શી નવાઇ છે? એમના ગામમાં રહીને અનાજ ખાધું છે માટે તેમને જખ મારી આપવું પડશે. રાજા કહે, હું પ્રજાપતીને ખુશીથી નાણાં આપીશ. એમ કહી પાંડવોને વિદાય કર્યા. પછી રાજા પોતાને ઘેર ગયો. એક રથમાં કુંતા, દ્રૌપદી તથા ધર્મ એ ત્રણ જણાં બીરાજે છે, ભીમ જેમંગળ હાથી ઉપર બેસી આનંદ કરતો ચાલ્યો જાય છે. એમ કરતાં કરતાં બાર ગાઉની નેળે આવી પહોંચ્યો. ભીમને વહેમ આવવાથી સર્વને ઊભા રાખ્યા, કુંતા કહે, રડયા, તું તો વહેમી ને વહેમી રહ્યો. ધર્મ કહે, હશે માતા, તે જે કરતો હશે તે સારુ જ કરતો હશે. જે જાગે તે જીવેને ઊંઘે તે મરે. પછી ભીમે પોતાનો હાથી સૌ આગળ રાખ્યો. તેની પાછળ એક ક્ષોણી સૈન્ય, તેનાં પાછળ સહદેવ જોષી, તેની પાછળ ધર્મ, દ્રૌપદી તથા કુંતાજીનો રથ, તેની પાછળ નીકુળનો રથ. તેની પાછળ બીજી એક ક્ષોણી સૈન્ય; તેની પાછળ એકલો અર્જુન એ પ્રમાણે ભીમે વિવેકથી ગોઠવણ કરી; પછી વૃકોદર પોતાની ગદા ખાંધે મૂકીને જેમંગળ હાથી ઉપર ચઢી બેઠો. સૌને પોતાની પાછળ આવવાનું કહીને પોતે નેળ વિષે પેઠો. સૈન્ય પાછળ ચાલ્યું આવે છે એ પ્રમાણે અર્જુનજી સહિત નેળમાં પેસી ચુકયા. એટલે કૌરવોના સેવકોએ સઘળા સમાચાર કર્ણ તથા દુર્યોધનને કહ્યા. ત્યારે કૌરવ લોકો અન્યાય કરવા સારુ કોતરમાંથી બહાર નીકળ્યા. ઉત્તર દક્ષિણ બેઉ મોઢે પંથ ઘેરી ઊભા રહ્યા. ઉત્તર દિશાએ સો બંધુ પાંચ ક્ષોણી સૈન્ય સહિત ઊભા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહ્યા. જેદ્રથ, ભગદત્ત, ભુરીશ્રવા, શકુની તથા સુશરમા વિગેરે આગેવાન થઇને ઊભા. દક્ષિણ દિશાએ સૂર્યને પુત્ર કર્ણ છ ક્ષોણી સૈન્ય લઇને ઊભો, એમ પાંડવોને તેમના સૈન્ય સહિત નેળમાં ઘેરી લીધા. સૂરના વાજિંત્ર વાગવા લાગ્યાં તે ભીમસેને સાંભળ્યાં એટલે પોતાનાં વાજિંત્ર બંધ કરાવ્યાં. પછી વૃકોદરે અર્જુનને સમાચાર કહાવ્યા કે તમારા ભણી કોણ ઊભો રહ્યો છે તે સંદેશો પહેલો મોકલો. એમ કહી પોતે ગદા લઈ નીચે ઉતર્યો. ગદા ખાંધ ઉપર ચઢાવી નેળના મોંઢે ક્રોધભર્યો આવીને ઊભો તો કૌરવોને સૈન્ય સહિત ઊભેલા જેયા. સેવકે અર્જુનજીને સમાચાર કહ્યા. અર્જુને ભીમને પાછો જવાબ એમ મોકલાવ્યો કે મારા ભણી કર્ણ સૈન્ય સહિત ઊભેલો છે માટે આપણે કેમ કરીશું ? ભીમે પાછું બીજી વખત કહાવ્યું. જે મારો ભાઈ હોય તો પછી પાછી પાની કરીશ નહિ અને સર્વને ઠેર મારી નાંખ. અર્જુને પાછું કહાવ્યું. જે હારું તો ઠપકો દેજે. મારી ચિંતા ન રાખશો તમે તમારું સંભાળશો. ભીમે કહેવરાવ્યું, મારે તો કંઈ ચિંતા નથી કૌરવોનું આવી બન્યું છે. પછી વૃકોદરે સહદેવ, નીકુળજીને એમ કહાવ્યું, તમારા બેની વચ્ચે ધર્મ, કુંતા તથા દ્રૌપદી સોંપ્યા છે તેમાં કોઇને હરકત થશે તો તમે જીવવાના નથી. ચાહે તેમ કરી તેમનું રક્ષણ કરજો, કન્યાનું હરણ ન થાય માટે ઘણી સંભાળ રાખજો. સહદેવ નીકુળે કહાવ્યું, ચિંતા ન કરશો. અમારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી હરણ નહિ થવા દઇએ. દેહમાંથી પ્રાણ ગયા પછી થનાર હોય તે થાય. એવા સમાચાર સાંભળી ભીમ કમ્મર બાંધી ગદા ખાંધે મૂકી, જાણે સૃષ્ટિનો નાશ કરવાને કાળ આવતો હોય એવા સ્વરૂપે દુષ્ટ કૌરવોની સામે આવીને ઊભો. કર્ણના સામું મોઢું કરીને ઇંદ્રપુત્ર ઊભો રહ્યો. મર્યાદામાં બંને ઊભા રહ્યા છે, કોઇ કોઇની સાથે બોલતા નથી, સહદેવ નીકુળ બંને ધનુષ બાણ સંધાન કરીને રક્ષણાર્થે આગળપાછળ ઉભા. ભીમસેન રાતોતાતો ક્રોધભર્યો કૌરવોને કહેવા લાગ્યો, નીચ જાતી નીચ બુદ્ધિના, માર્ગને કેમ ઘેર્યો છે ? દુર્યોધન કહે, વિચારીને બોલ, હું કહું તેના પછી તારે બોલવું હોય તે બોલજે એટલે તારો અભિમાન ઊતરી જશે. એમ કહી દુર્યોધન કહે, કન્યા આપીને પગે લાગ. ભીમ કહે, એ દ્રૌપદીને તારી માતા જાણજે. પાપી બોલ્યો, અલ્યા ભીમડા આજ સુધી તો તમે વનમાં ભટકી મર્યા. બીજું તમે તો કુંતાના પુત્ર નથી. તમે તો મંત્રપુત્ર છો. ભીમ કહે, અમારાં સુકૃતથી અમે તો મંત્ર દેવતાના પુત્ર છીએ પણ તારો બાપ જન્મનો આંધળો અને વળી તારી મા આખલાને પરણી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધન કહેવા લાગ્યો, અમે કેવું કપટ કરી બારસના દિવસે લાડુમાં ઝેર ખવરાવ્યુ ?ભીમ કહે,તેં તો અન્યાય કરી ઝેર દીધું પણ મને પ્રભુએ બચાવ્યો અને પાતાળમાં નાગકન્યાને પરણ્યો, વળી પૃથ્વી ઉપર જીવતો આવીને બારમાના દિવસે સભામાં કેવા કચરી કચરી મારી ને અડધું રાજ્ય લખાવી લીધું.પાપી કહે, રાજ્યઃલઇને શા સુખ ભોગવ્યાં ? વળી કૌતુક ઊભું કરી લાખા ભુવનમાં બાળ્યા. ભીમ કહે,ઇશ્વરના પ્રતાપથી આયુષ દોરી હતી તો ત્યાંથી ઉગરીને વનમાં હેડંબા રાણી પરણ્યો ત્યાં બહુ વૈભોગ લીધો. દુષ્ટ કહે રણમાં ભટકી ખાનપાન વગર શરીર સુકાયાં હતા તેવા શરીરે સભામાં આવી અમને લજાવ્યા. ભીમ કહે, તું તો જાન તથા વરઘોડો કાઢી કન્યા પરણવા આવ્યો હતો પણ કન્યા લેવાઈ નહિ તે કેવો કાળે મોઢે ઘેર પાછો વળ્યો. દુરાચારી બોલ્યો, ભીખારવા તમારે માથે વાળની જટા તથા કાપડીનાં લુગડાં લઇને સ્વયંવરમાં આવ્યા, ભીમ કહે,દુઃખના દહાડા હોવાથી કાપડીનો વેશ લીધો હતો પણ તેં તો વગર વિવાહે પીઠી ચોળી.તો પીઠી બદલે કોયલા ચોળ્યા ઠર્યો.શ્રીફળ મહોર આપ્યા વિના તેં તો હાથમાં કોઠું ઝાલ્યું. વળી સભામાં સહુ રાજાને અપશબ્દો સંભળાવી પરણ્યા પહેલાં પહેરામણી માગી તેના બદલામાં તેં તો તારા કપાળમાં પાટા બાંધ્યા.શકુની કહે, દુર્યોધન ? તારા કરતાં ભીમ તને દોઢું મહેણું દે છે તેથી મારું પાસું બળી જાય છે. દુર્યોધન, કહે, ભીમડા, સમજીને કન્યા આપી દે.ભીમ કહે,પરણવું હોય તો તારી મા ગાંધારીને પરણ દુષ્ટ કહે, ભીમડા ઝાઝું બોલ્યા સિવાય પગે લાગી કન્યાને આપી દે, નહિ તો તારા સૈન્ય સહિત તને ઠેર મારી કન્યાને લઇ જઇશું, ભીમ કહે, તારા લશ્કરને ઠેર મારી નાખીશ અને તને તથા તારા સો ભાઇઓને આ ગદાથી મારી નાખીશ. આવું સાંભળી દુષ્ટ દુર્યોધને ક્રોધે ભરાઇને પોતાના સૈન્યને હુકમ કર્યો. પોતપોતાના હથિયાર તૈયાર કરી ભીમના ઉપર તૂટી પડો. જેમ વરસાદની વૃષ્ટિ થાય તેવી રીતે આયુધની ઉપર આયુધની વૃષ્ટિ થવા લાગી. બાણની વૃષ્ટિ વડે કરીને અંધકાર થઈ ગયો, એવામાં જેદ્રથે બાણ લઈ ભીમની નજર ચુકાવીને તેનાં હૃદયમાં ભોંકી દીધું, તેથી ભીમનો પ્રાણ ઊંચો ચડયો અને પૃથ્વી પર પડી ગયો. દુર્યોધન કહે, શાબાશ બનેવી, હવે મારું અંતઃકરણ હરખાયું. કહી મામાને કહ્યું, શું જુઓ છો મામા, ભીમનો ભય નથી માટે તમે નેળમાં જઇ દ્રૌપદીનું હરણ કરી લાવો. શકુની નેળમાં પેઠો, ખડગ હાથમાં પકડેલું છે ને પાંડવના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સૈન્ય કાપતો ચાલ્યો જાય છે. સૈન્યના લોકોએ બૂમ પાડી, એ સહદેવ જોષી, શકુની સર્વેને મારી નાંખે છે.સહદેવે ધનુષ ઉપરબાણ ચઢાવી શકુનીનીછાતીમાં માર્યું, તે બાણ વડે કરીને શકુની નેળના મોઢે જઈને પડયો. પછી ઘડીવાર પડયો રહી દુર્યોધનને જઇ વાત કરી કે હું તો કન્યા લેવા ગયો પણ સહદેવે માર માર્યો. એવામાં ભીમની મૂર્છા વળી એટલે પાછો ગદા લઇને ઉભો થયો. સૈન્યમાં ભંગાણ પડેલું જોઈને ક્રોધ ચઢયો, ને મનમાં વિચાર્યું, મરવું છે તે એકવાર. એમ ધારી કટી કસીને તૈયાર થયો, ભીમ ગદા લઇને કૌરવ સૈન્યમાં તૂટી પડયો. ગદા વડે કરીને કેટલાક રથ ભાંગી નાંખ્યા તેમ કેટલાક ઘોડા મારી નાખ્યા. કોઈને ગડદા પાટુનો પ્રહાર કરી પ્રાણ કાઢી નાંખે છે. હાથી પૂંછડે ઝાલી આકાશમાં ઉછાળે છે એવો એક ઘડીવાર જુલમ કરી છ હજારને મારી નાખ્યા, લોકો ત્રાસ પામી લડવાનું મૂકી જીવ લઈને નાઠા. ફક્ત સો તથા પાંચ કારભારી રહ્યા. પાપી કહે, મામા, ચાલો નાસી જઈએ નહિતો ભીમડો મારી નાંખશે. એમ ધારી કૌરવો ઘેર જવાના બદલે ભૂલમાં નેળમાં પેસી ગયા.ભીમ કહે,સહદેવહથિયાર તૈયાર રાખજે.દુષ્ટ લોકો તારી તરફ આવ્યા છે,સહદેવે ધનુષ્યબાણતૈયાર કર્યું.દુર્યોધન કહે,આતો બે બાજુથી મરણ આવ્યું, હવે કેમ કરીશું ? એવામાં ભીમે નેળમાં પેસીને દુષ્ટોને પકડયા, એક પર એક નાખી ઢગલો કર્યો. પછી એક દોરડું લાવીને સર્વના ચર્ણ તાણી બાંધ્યા, સર્વેને નગ્ન કર્યા.તમામનું તોરણ કરી હાથમાં ઉંચકી લીધા પછી તેમને એકે આંબલીના ઝાડના ડાળા ઉંપર ટાંગી દીધા. પછી વૃકોદરે સહદેવને હુકમ કર્યો, રથ સહિત. તમામ નેળની બહાર ચાલ્યા આવો. સહદેવ વિગેરે બહાર આવ્યા, એવામાં ધર્મરાજાનો રથ બહાર આવતો જોઈને કૌરવો બોલવા લાગ્યા. હે સત્યવાદી ધર્મભાઈ, અમને છોડાવો. સત્યવાદીએ ઓઝલમાંથી ડોકું કાઢી બહાર જોયું તો કૌરવોને એમની માએ જણ્યા તેવા દીઠા. ધર્મરાજા ભીમને કહેવા લાગ્યા, મૂર્ખા આ શું કર્યું છે ? સૂર્ય દેખે તો આપણને પાપ લાગે. પિતૃલોક જોઈને લજ્જા પામે, માટે છોડી નાંખ. એમ બંને ભાઇ વાતો કરે છે. એવામાં પાછળ અર્જુને પોતાનો રથ નેળમાંથી બહાર કાઢવા હાંકયો, એટલે કર્ણરાજા બોલ્યો, કુંતાપુત્ર અર્જુનજી, ઊભા રહો, હજુ યુદ્ધ પૂરું થયું નથી, અર્જુન કહે,ત્યારે શા માટે બેસી રહ્યા, ચાલો યુદ્ધ કરો. એમ કર્ણ તથા અર્જુન બંને જણા યુદ્ધ કરવા લાગ્યા, કર્ણે પહેલવહેલો હાથ ઉપાડી

Kirtlkant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એક બાણ અર્જુનને માર્યું, અર્જુને કર્ણના બાણને છેદી નાંખ્યું. કર્ણે અર્જુનને બાંધવા સારુ નાગપાસનું બાણ માર્યું. અર્જુનજીએ ગરુડાસ્ત્ર માર્યું એટલે ગરુડ આવી નાગને વીણી ખાવા લાગ્યો, કર્ણે પર્વતાસ્ત્ર માર્યું એટલે અર્જુને વજ્રાસ્ત્ર માર્યું. કર્ણે અગ્નાસ્ત્ર માર્યું એટલે અર્જુને મેઘાસ્ત્ર માર્યું. કર્ણે અર્જુનના રથની ધજા કાપી નાંખી. ત્યારે અર્જુને કાળજવર મારી કર્ણના સારથિને મારી નાંખ્યો.પછી સામસામી કોપે ચઢી બાણનો વરસાદ વરસાવા લાગ્યા. અગણીતાં બાણ છુટવાથી અંધકાર થઈ ગયો. કર્ણરાજા એકબાણ મારે તેનાં સાત સહસ્ત્ર બાણ થાય છે. અર્જુનજી એકબાણ મારે છે તેનાં પણ કર્ણના જેટલાં થાય છે. કર્ણરાજાની પાસે છ ક્ષોણી સૈન્ય છે. તે હથિયાર આવવાથી અર્જુન પહોંચી શકતો નથી તેથી અર્જુનને માર પડવા માંડયો,એવામાં નેળને મોઢે ધર્મ તથા ભીમ જક્ક કરે છે, યુધિષ્ટિર કહે, સર્વને છોડી દે નહિ તો દાંતમાં જીભ ઘાલીને મરી જાઉં છું. ભીમ કહે, લંપટ લોકો છો લટકતા, તેમને તમે છોડાવવા માંગો, પણ પણે અર્જુનભાઈ એકલો છે. તેની પક્ષે જઈને આવ્યા પછી છોડવાની વાત.એમ કહી નેળ ઉપર ચઢી કર્ણની પાછળ જઈ કર્ણના સૈન્યમાં ગદા લઈ તૂટી પડયો, એકઘડીવારમાં કચ્ચરઘાણ વાળી નાખ્યો.સૈન્યના લોકોબાવરાબનીગયાઅનેકર્ણને કહેવા લાગ્યા,આપણા સૈન્યમાં ભંગાણ પડયું.સાંભળી કર્ણે વિચાર કર્યો, ભીમને મારી નાખું. નહિ તો જુલમ કરશે, એમધારી બાણ લઈ ભીમના તરફ ફર્યો એટલે અર્જુને લાગ તાકી નાગનો મંત્ર ભણી નાગપાસ માર્યું,તેથી કર્ણના હાથ બંધાઈગયા.કર્ણ બંધાયો એટલે સૈન્ય નાસી ગયું. ભીમ દોડતો આવી કર્ણને નીચે નાંખી નગ્ન કર્યો. કર્ણ કહે નગ્ન કરી લાજ લીધા સિવાય મારી નાંખે તો બહુ સારું. ભીમ કહે, સૌને નગ્ન કર્યા છે,તો તને કર્યો તેમાં શી નવાઈ? એમ કહી નેળની બહાર ઘસડતો ઘસડતો લાવ્યો.ધર્મરાજાકર્ણને જોઈને બોલ્યા, અરે દુષ્ટ ભીમડા,આવું કરતાં તને કોણે શીખવાડયું ? સર્વને છોડી નાખ નહિ તો મારા પ્રાણ તજીશ ભીમસેને સૌ કૌરવોને ઉતાર્યા. પછી કૌરવોને કહેવા લાગ્યો, હું છોડું એટલે લુગડાં લીધો સિવાય નાસી જજો. નહિ તો ઠેર મારી નાંખીશ. એમ કહી છોડયા એટલે માતાએ જણ્યા હતા તેવા ને તેવા જીવ લઈને નાસી ગયા.ધર્મ કહે, અલ્યા, વસ્ત્ર લઈને જાઓ. કૌરવો કહે, છોને લાજ જતી પણ લુગડાં લેવા આવીએ તો જીવ જાય, એમ દુષ્ટો કાળાં મોં લઈ નગ્ન સ્વરૂપે નાસી ગયા. કૌરવો ઊભા મારગે થઈને ચાલ્યા જાય છે, સતી કુંતાના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાંચ પુત્રો વાજતેગાજતે ધીમે ધીમે ચાલે છે, રસ્તે જતાં જ્યાં રાત્રિ પડી, ત્યાં એક નાનું ગામ આવ્યું, તે ગામમાં પાંડવોએ પડાવ નાંખ્યો. કૌરવોએ વિચાર્યું કે આપણે નગ્ન સ્વરૂપે કયાંય રોકાઇશું તો લાજ જશે. એમ ધારી દોઢ પહોર રાત્રિ જતામાં હસ્તિનાપુરના દરવાજા આગળ જઇ ને ઉભા, દુષ્ટોએ ધાર્યું કે દરવાન લોકો તથા રૈયત નગ્ન જાણશે તો આબરૂના કાંકરા થશે, તેથી સુશર્મા, ભગદત્ત, ભુરીશ્રવા, જયદ્રથ તથા મામો એ પાંચ જણે જવા વિચાર કર્યો. જયદ્રથ સૌથી પહેલો ગયો, દરવાનલોકોએ જોઇ ને વિચાર્યું, આવો નગ્ન કોણ ગયો ? એવામાં મામો, ભગદત્ત, ભુરીશ્રવા વિગેરે અંદર પેઠા. સિપાઈ-ઓએ દોડતા આવી પકડયા. સૌને માર મારવા માંડયો, મામો કહે, અમને એકલાને શા માટે મારો છો, બહાર આખું ટોળું ઊભું રહ્યું છે. એટલે તો સિપાઇઓ ડંડા લઈ બહાર ગયા અને કૌરવોને માર મારવા લાગ્યા. તેમાંના કેટલાક દરવાન લોકો મશાલો લાવ્યા મશાલોથી મોં તપાસવા લાગ્યા. દુર્યોધન કહે, અલ્યા, એ તો હું છત્રપતિ છું. દરવાન લોકો તરત શરમાઇ ગયા કારણકે પોતાના રાજાને કુટી નાંખ્યો હતો. દુષ્ટો કહેવા લાગ્યા ભીમે મારતાં બાકી મૂકયા હતા તે તમે પૂરા કર્યા. પછી સિપાઇઓએ દરેકને પહેરવા એકેકું લૂગડું આપ્યું. કૌરવો તે પહેરી કાળાં મોં લઈ ગામમાં છાનામાંના પેસી ગયા, ભાનુમતી કહે, પધારો પિયુજી, મારી શોકલડી કયાં છે તે મને બતાવો. દુર્યોધન કહે, તું મને બહુ વહાલી છે, તારા ઉપર હું કેમ શોકય લાવું ? ભાનુમતી કહે, લાવવી હતી તો ખરી પણ ભીમ મળ્યો એટલે રહી ગઇ, પાંડવોએ વિસરામ કર્યો હતો ત્યાંથી બીજે દિવસે ઈંદ્રપ્રસ્તમાં ગયા અને પોતાનું ઘર તથા રાજ્ય સંભાળી ધર્મની આણ વરતાવી. પાંડવો સુખરૂપે ખાઇ પી પોતાના દિવસો આનંદમાં નિર્ગમન કરવા લાગ્યા.

મચ્છવેધ સંપૂર્ણ

વિશ્રામ બાવીસમો.

મચ્છવેધન પૂરણ હવો, સુણ જનમેજય રાય;
આગળ હવે વર્ણવું, વલ્લભ મુખ કથાય.

વૈશમપાય ઋષિ કહે છે કે હે જનમેજયરાજા એપ્રમાણેપાંડવો માતા તથા સ્ત્રી સહિત સંપી ખાઇ પી આનંદ ભોગવે છે. એમ થોડાક દિવસ વહી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગયા. પછી કુંતાજીને ચિંતા થવા લાગી, કારણ કે પાંચ પાંડવ વચ્ચે એક સ્ત્રી છે તેમાં એક જણ ચરણ ચંપી કરાવે, એટલામાં બીજો જળ માગે એ પ્રમાણે નાના મોટાની મર્યાદા રહી નહિ તેથી અવિવેક જેવું દેખાવા લાગ્યું એવામાં વેદવ્યાસજી પધાર્યા. કુંતાજી પગે લાગી પૂછવા લાગ્યાં, મહારાજા, પાંચ પાંડવોને એક નારી પરણાવી છે તેથી મારી આઝા તૂટી જાય છે અને અણઘટતું થાય છે તે આપ ગમે તે વ્યવસ્થા કરો તો બહુ સારું. વ્યાસજીએ પાંચ પાંડવોને બોલાવ્યા. પાંચે ભાઇઓ ત્યાં આવ્યા. વ્યાસજીએ કહ્યું, મને વચન આપો. પાંચે જણે વચન આપ્યું. વ્યાસજી બોલ્યા, હું તમને એક રીત બતાવું તે પ્રમાણે તમે ચાલો. પાંડવો કહે, બહુસારું મહારાજા. વ્યાસજી કહે. વરસના ત્રણસે સાઠ દિવસ છે તેના પાંચે ભાગે બહોતેર દિવસ થાય છે તે બહોતેર બહોતેર દિવસનો વારો કરો જ્યાં દ્રૌપદીનો વારો હોય તે ઘરમાં કોઈએ ચરણ સરખો મૂકવો નહિ. ભૂલેચૂકે કોઈ ચરણ મૂકે તો અઢીવરસસુધી યોગી વેશે વનમાં રહે. પાંડવોએ કબૂલ કર્યું. વ્યાસજી કહે, ધર્મના ત્યાં પહેલો વારો. એમ કહી અંતરધ્યાન થઈ ગયા, પછી દ્રૌપદી ધર્મના ત્યાં રહી, ચાર ભાઇઓમાંથી કોઈ ધર્મના મહેલમાં જતું નથી, એમ કરતાં કરતાં થોડા દિવસ વિત્યા પછી કૃષ્ણ પ્રભુ ગરુડ ઉપર બેસી પોતાની સઘળી સ્ત્રીઓને લઇ પાંડવને ત્યાં આવ્યા. કુંતાજી અતિશય હરખાવા લાગ્યા. પ્રભુએ કહ્યું, માતાજી, મને ભૂખ લાગી છે, માટે ખાવાનું કરાવો. કુંતાએ રસોઇ કરવા માંડી, કુંતાએ વિચાર્યું, પ્રભુ ભૂખ્યા હશે, તેથી શેરડી તથા ચાકુ આગળ મૂકયું. કૃષ્ણજીએ ચાકાથી શેરડી છોલી. છોલતાં આંગળીએ વાગવાથી લોહી નીકળ્યું તે વખતે સઘળી સ્ત્રીઓ બોલી કે અરેરે પ્રભુને વાગ્યું, પણ દ્રૌપદીએ પોતાનું અમૂલ્ય ચીર ફાડી પ્રભુને પાટો બાંધ્યો. ભગવાન કહે, બેન દ્રૌપદી, તમે નકામું ચીર ફાડયું. દ્રૌપદી કહે, ભાઈ તમારા કરતાં ચીર વધારે નથી. પ્રભુએ મોટો પાડ માની લીધો. ભોજન તૈયાર થયું એટલે ભગવાને સર્વે સ્ત્રીઓનેસાથે લઇ ભોજન કર્યું. જમી રહ્યા પછી મુખવાસ લઇ પ્રભુએ ભીમને કહ્યું, ચાલો આપણે બે બાગમાં જઈએ. ભીમ કહે બહુ સારું

ભીમ તથા ભગવાન બાગ તરફ ચાલ્યા. રસ્તે જતાં ભગવાને વિચાર્યું, બહેનનું દેવું થયું; એમ જાણી પાટો છોડી તાંતણા ગણીજોયાતોનવસેં નવાણું, થયા. પ્રભુએ સંકલ્પ કર્યો કે નવસેં નવાણું ચીર મારે દ્રૌપદી બહેનને પૂરા કરવાં, પછી બાગમાં ભીમની જોડે એકાંતમાં બેસી વાત ઉપાડી. ભીમને કહ્યું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

થોડા દિવસમાં આપણા છયેનું મરણ આવ્યું. ભીમ કહે, એવો કોણ શત્રુ છે. મને બતાવો એટલે પહેલેથી ઠેર મારી નાખું. કૃષ્ણ કહે, ઘરમાં ને ઘરમાં છે. ભીમ કહે, કોણ છે? પ્રભુ કહે. સતી દ્રૌપદી. વૃકોદર કહે. કેવી રીતે આપણને મારશે? પ્રભુ કહે,આપણ છને ખપ્પરમાં લેશે,એ વાત કોઈને કહેશો નહિ.ભીમ કહે, તેનો શો ઉપાય કરવો ? પ્રભુ કહે,હું બતાવું તે પ્રમાણે કરો. ધર્મરાજાનો બહોતેર દિવસનો વારો પૂરો થશે એ જ રાતમાં કૌતુક કરશે. મધ્યરાત્રિએ બાળવેશે ઘરની બહાર નીકળશે. કેડે એક વસ્ત્ર તાણી બાંધસે અને કેશ છુટા મૂકશે પછી આખા નગ્રમાં તામસી વિદ્યા ભણી ઉંઘ મૂકશે એટલે તમામ નગ્રના માણસો, પશુ; સહિત ઉંઘી જશે.પણ જાઓ તમને ઉંઘ નહિ આવે. તે કોટ કુદી ગામની બહાર એક ગાઉ દૂધક સરોવર છે ત્યાં જશે.ત્યાં જોગણી સ્વરૂપ ધારણ કરશે. સરોવર ઉપર ચિતા ખડકી હશે અને તેના સેવકો પૂજાપો લઈને ત્યાં બેઠા હશે, પછી ચિતાને સળગાવશે.તેમાં દ્રૌપદી બેસશે. સેવકો આરતી કરશે એટલે દ્રૌપદી ચિતામાંથી એવું બોલશે કે કોઇ બ્રાહ્મણનો પુત્ર છે ? હોય તો માગે તે આપું. એમ કહે એટલે તમે માગજો કે પાંચ પાંડવ અને ભગવાન એ છ જણ તારા ખપ્પરમાં નહિ. પણ તમે ચિતાના સામા કિનારે પાણીમાં સંતાઈ જજો. નહિ સંતાઓ તો બળીને ભસ્મ થઈ જશો, ભીમ કહે બહુ સારું.હું આપના પ્રતાપથી સાવચેતીથી તે કામ કરીશ.

પ્રભુ ભીમને સમજુતી આપીને ઘેર આવ્યા. થોડા દિવસ પછી કૃષ્ણજી સ્ત્રીઓને લઈને દ્વારકામાં પધાર્યા. ભીમ ફરતો જાય છે. પણ મનમાં ચિંતા કરે છે કે ક્યારે ધર્મરાજાનો વારો પૂરો થાય એટલે પેલું કાર્ય થાય. એમ કરતાં ધર્મરાજાનો બહોતેર દિવસનો વારો પૂરો થયો તે રાત્રિએ ભીમે વિચાર્યું કે હવે હું જાગતો રહું, પછી પોતાનાં બારણાં ઠાલાં વાસ્યા અને બહાર ડોકું રાખી ટગટગ જાવા લાગ્યો, એવામાં મધ્યરાત્રિ થઈ એટલે દ્રૌપદી ધર્મરાજાના ઘરમાંથી બહાર નીકળી, પોતે બાળવેશ ધારણ કરેલો છે, માથાના વાળ છુટા મૂકેલા છે, પછી દ્રૌપદીએ આખા નગ્રમાં ધારણ મૂકયું, સમગ્ર નગ્ર ઉંઘી ગયું. ફક્ત ભીમને ધારણ લાગતું નથી કારણ કે કૃષ્ણ પ્રભુ કહેતા ગયા છેકે આખું નગ્ર ઊંઘશે પણ મારા પ્રતાપથી તને ઉંઘ નહિ આવે, તેથી ભીમ ડોકું ઘાલી જોઈ રહ્યો છે. દ્રૌપદી તામસી વિદ્યા ભણતી નગ્રમાં ચાલી જાય છે, એટલે ભીમ પણ તેની પાછળ છાનોમાનો ચાલ્યો જાય છે, દ્રૌપદી કોટ કુદી બહાર પડી. ભીમ પણ કોટ બહાર છાનોમાનો કુદ્યો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દ્રૌપદી દૂધક સરોવર ઉપર ગઈ, ભીમ પણ છાનોમાનો ચિતાના સામા કિનારા ઉપર જઇ પાણીમાં સંતાઇ પેઠો. વૃકોદર વિચારે છે કે જે પ્રમાણે પ્રભુએ બતાવ્યું હતું તે જ પ્રમાણે બન્યું. સેવકોએ પૂજાપો તૈયાર કર્યો. દ્રૌપદી ચિતામાં પડી એટલે અગ્નિ સળગ્યો. ભીમ પાણીમાં તરતો રહી જોયા કરે છે, પાણીનો તાગ કાઢી-જોયો તો આશરે બાવીસ વાંસ પાણી માલુમ પડયું, ચિતા સળગી એટલે સેવકોએ પૂજા આરતી ઉતારી, ચિતા બરાબર સળગી રહી એટલે દ્રૌપદીએ શબ્દ કર્યો કે કોઈ બ્રાહ્મણ છે? કોઇ બ્રાહ્મણ હોય તો જે માગે તે આપું. ભીમ કહે, પાંચ પાંડવ તથા ભગવાન છ જણ તારા ખપ્પરમાં નહિ. એમ કહી ભીમ પાણીના તળીએ બેસી ગયો. દ્રૌપદી કહે, તથાસ્તુ. એ છયે જણ મારા ખપ્પરમાં નહિ.એમ કહ્યું એટલે ચિતામાંથી અગ્નિજ્વાળા છુટી તે જ્વાળા સરોવરની આસપાસ પડી, સરોવરનું બાર વાંસ પાણી બળી ગયું. પછી ભીમ જાળવીને બહાર નીકળ્યો તો પાણી બળી ગયેલું જોઇને ગાભરો બની ગયો અને છાનોમાનો ઘેર નાસી આવ્યો. ભીમે વિચાર્યું કે આ સ્ત્રીને તો કશું કામ બતાવવું નહિ, કારણ કે જાદુવાળી છે. દ્રૌપદી ચિતાની બહાર નીકળી અને જોગણી સ્વરૂપ બદલી, હતી તે સ્વરૂપે બની, ત્યાંથી કોટ કૂદી નગ્રમાં આવી, ભીમનું ઘર હેલી ઘરમાં પેઠી, પછી ભીમના ચરણ ચાંપવા લાગી વૃકોદર કહેવા લાગ્યો કે તારે મારા ચરણ ચાંપવા નહિ; તારું કામ હોય તે મને બતાવ એટલે હું તે કરીશ. દ્રૌપદી કહેવા લાગી, સ્વામીજી, એમ કેમ બોલો છો ? ભીમ કહે, કાંઈ નહિ, દ્રૌપદી મનમાં ધુંચાવા લાગી. ભીમ ચાર દિવસે પછી ભ્રમણા ભૂલી ગયો અને દ્રૌપદી સાથે ખાઈપી આનંદ કરવા લાગ્યો.એવામાં ભીમ તથા અર્જુન બંને ભાઈ નગ્ર બહાર રમવા ગયા ત્યાં રમી આનંદ કરી સાંજે ઘેર પાછા આવતાં અર્જુનને તૃષા લાગી. અર્જુન કહે, ભીમસેન ભાઈ મારાં હથિયાર લઈ તમે ઘેર જાઓ હું પાણી પીને આવું છું, ત્યારે ભીમ અર્જુનનાં હથિયાર લઈ પોતાને ઘેર ગયો ને હથિયાર પોતાના ઘરમાં ખીંટીએ ભરાવ્યાં. તે પછી અર્જુન સરોવર જઇ પાણી પીને પોતાને ઘેર આવ્યો, પણ પોતાનાં હથિયાર ભીમને ઘેરથી લેવાનાં ભૂલી ગયો. એવે સમે રાત્રિ પડી એટલે સર્વે જણે શયન કર્યું.

હસ્તિનાપુરમાં દુર્યોધને કર્ણ, દુશાસન તથા શકુની ત્રણે જણને બોલાવીને કહ્યું, આપણે ઇંદ્રપ્રસ્ત જઇએ અને પાંડવોને વિઘ્ન કરીએ, મામો કહે બહુ સારું. એમ કહી ચારે જણા ઘોડા ઉપર બેસી ઈંદ્રપ્રસ્તમાં આવ્યા તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આખું નગ્ર ઊંઘી ગયું છે, ચારે જણે વિચાર્યું કે આપણે ચારે દિશામાં જઇ ચારે તરફ અગ્નિ મૂકી નાસી જવું. ચાર જણ ચાર દિશામાં ગયા અને નગ્રની આસપાસ અગ્નિ મૂકયો.નગ્ર ઝપાટાથી સળગી ઊઠયું, એટલે ચારે જણ નાસી ગયા. નગ્રમાં બૂમાટો ચાલ્યો અને લોકો કારમી ચીસો પાડવા લાગ્યા. અર્જુન જાગી ઊઠયો અને કુંતાની પાસે આવ્યો, કુંતા કહે બેટા ધનંજય અગ્નિને ઓલવો તો ઠીક નહિ તો આખું નગ્ર બળી જશે. અર્જુન કહે, માતાજી, તે વાત ખરી પણ મારાં હથિયાર ભીમના ઘરમાંરહીગયા છે,કુંતાજી કહે, તું જઇને લઇ આવ. અર્જુન કહે માતાજી, હું લાવું ખરો પણ મારે અઢી વરસ વનમાં જવું પડે તેના માટે શું કરવું ?કુંતા કહે, પાછે પગે જઇને લાવ એટલે વનમાં નહિ જવું પડે. અર્જુન કહે, ભીમ તકરાર કરશે અને કહેશે કે શા માટે મારા ઘરમાં પેઠો ? માતાજી કહે, બેટા ? ભીમસેન તકરાર કરશે તો પણ હું તને વનમાં નહિ જવા દઉં. અર્જુને ભીમને બોલાવ્યો પણ ભીમસેન ઉંઘે તેથી કોણ બોલે? અર્જુન પાછે પગે ઘરમાં જઇ હથિયાર લઇ આવ્યો. ધનુષ ઉપર બાણ સંધાન કરી (મેઘાસ્ત્ર) મેઘનો મંત્ર ભણી માર્યું એટલે અગ્નિ સળગતો બંધ પડી ગયો, એવામાં પ્રભાત થયું. ભીમસેન દાતણ પાણી લઈ એટલે આવ્યો, કુંતાજી બોલ્યાં, અલ્યા અઘોરી આટલી બધી ઊંઘ કેમ રાખે છે? ભીમ કહે, માતાજી, કેમ ગુસ્સે થયાં છો ? કુંતા કહે, રાત્રે નગરમાં લ્હાય થઈ હતી તે વખત તને જગાડયોપણ તું ઊંઘતો હતો. ભીમ કહે, માતાજી અગ્નિ શી રીતે ઓલવાયો? કુંતા કહે, અર્જુને બાણ મારી ઓલવી નાંખ્યો, વૃકોદર કહે, અર્જુનનાં હથિયાર મારા ઘરમાં પડયાં છે તે શી રીતે લીધાં? કુંતા કહે, પાછે પગે પેસીને લીધાં છે.ભીમ કહે, શામાટે રજા સિવાય તે મારા ઘરમાં પેઠો ?તેને અઢીવરસ સુધીવનમાં જવું પડશે. કુંતા કહે, મારી રજાથી ઘરમાં પેઠો છે, ભીમ કહે, તે તો ઠીક પણ વ્યાસજીનું વચન ખોટું થાય માટે અઢી વરસ વનમાં જવું જ પડશે. વનમાં જઇ માથાના કેશ વધારે, જોગી થાય, તુંમડું રાખે લંગોટી વાળે ત્યારે વ્યાસનું વચન પાળ્યું કહેવાય. ભલે તેને ન જવું હોય તો ન જાય પણ વચન ભ્રષ્ટ થયો. અર્જુને ધારો તોડયો માટે બીજાને ત્યાં વારો હશે ત્યારે તેના ઘેર અમે જઇશું. આ સાંભળીને નરને માઠું લાગ્યું. અર્જુનજી બોલ્યો, માતાજી, હું વનમાં જરૂર જઇશ. અઢી વરસ પૂરાં થશે એટલે પાછો આવતો રહીશ, માટે મને ખુશીથી આજ્ઞા આપો. કુંતાજી રુદન કરતાં કરતાં કહે છે કે દીકરા, મેં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તને કોઇ દહાડે સુનો મૂકયો નથી અને અત્યારે તું વનમાં જાય તેથી મારા દહાડા શી રીતે જશે ?અર્જુન કહે, માતાજી,અઢી વરસ કાલ પૂરા થશે અને હું તમારી સેવામાં હાજર થઇશ, માટે ખુશી થઇને મને આજ્ઞા આપો. કુંતાજીએ ધર્મરાજાને તથા સહદેવ, નીકુળને બોલાવીને કહ્યું કે અર્જુન વનમાં જાય છે. સર્વે ભાઇઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. માતા તથા ભાઇઓએ અર્જુનને રોકી રાખ્યો પણ અર્જુને પોતાના સોગન ખાઈ કહ્યું, હું જરૂર વનમાં જઇશ તેથી સર્વે જણે અર્જુનને વનમાં જવા રજા આપી. અર્જુનજી વનમાં જવા માટે તૈયાર થયો, ભીમસેન તે વખત યોગીનાં વસ્ત્ર બગલમાં લઇને ઉભો રહ્યો.

માતા તથા ભાઇઓ અર્જુનને દરવાજા બહાર વળાવવા ગયા એટલે ભીમસેન તેમની પાછળ ગયો,દરવાજા બહાર જઇ સર્વે જણ ઊભા રહ્યા.અર્જુને ભીમને જોઇ કહ્યું, ભાઇ,અઢી વરસ હું વનમાં જાઉં છું,હવે તું ખુશી થયો કે નહિ ? ભીમસેન બગલમાંથી યોગીનાં લુગડાં બહાર કાઢયાં અને અર્જુનને કહ્યું, ભાઈ, તમારાં આભૂષણો ઉતારી આ યોગીનાં વસ્ત્ર, લંગોટી, તુમડું લ્યો તથા શરીરે ભભૂતી ચોળો ત્યારે ખુશી થાઉં. અર્જુનજીએ વસ્ત્રો ઉતારી નાખ્યાં અને યોગીનાં વસ્ત્રો ધારણ કરીને શરીરે ભભૂતી ચોળી,તુમડું હાથમાં પકડયું,લંગોટી વાળી લીધી પછી પોતે વનમાં ચાલ્યો, થોડેક દૂર ગયા પછી પોતે એવો નિયમ કર્યો, સૂર્ય ઉદય થતા પહેલાં જે મળે તે લેવુ જો સૂર્ય ઉદય થઇ જાય તો ખાવું નહિ, ફકત પાણી પીને રહેવું,એવો દૃઢ સંકલ્પ કરીને ધનંજય ચાલ્યો જાય છે.એવામાં મધ્યાહ્ન કાળ થયો એટલે અર્જુનને અતિશય તરસ લાગવાથી ગભરાયો.દૈવયોગે ત્યાં આગળ થઈને સંતઋષિઓ જતા હતા તેમને અર્જુને પૂછયું, મહારાજ, પાણી કયાં મળશે ? ઋષિઓએ કહ્યું,સરોવર તો આ રહ્યું, પણ જળ પીતાં પ્રાણ જશે તે સાંભળી અર્જુને વિચાર્યું,પ્રાણ જાય તો ભલે, વિચારતો સરોવર ઉપર ગયો.તે સરોવરનું નામ પંપા સરોવર છે. તેમાં જઇ પાણી પીવા લાગ્યો, એટલે સરોવરમાંથી બે સરપણીએ અર્જુનને ચરણે ડંશ કર્યો તેવી જ તે સરપણો ટળી અપ્સરાઓ બની ગઈ. બંને અપ્સરાઓ અર્જુનને પગે લાગી. અર્જુનજીએ તુમડું સરોવરમાં બોળ્યું અને પાણી ભરી લઇ દૂર જઇને છાંયે બેઠો. ત્યાં નિરાંતે બેસી ઈશ્વર સ્મરણ કરી પાણીપીવા લાગ્યો.બંને અપ્સરાઓ ત્યાંગઈ એટલે અર્જુને પૂછયું,તમે કોણ છો? એકે કહ્યું મારું નામ ઉલ્પી છે અને આનું નામ ચિત્રકળા છે; અમે બંને દેવતાઓની અપ્સરાઓ હતી,પણઅમને શ્રાપ થવાથી સર્પણીનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દેહ ભોગવતાં હતાં. અર્જુને પૂછ્યું, કોના શ્રાપથી આમ થયું? અપ્સરાઓ બોલી, એક સમે દેવોની સભા ભરાઇને બેઠી હતી તેમાં અમને નૃત્ય કરવાનું કહેવામાં આવ્યું. અમે બંને નૃત્ય કરવા લાગી. એવામાં દુર્વાસા ઋષિ આવ્યા, ત્યારે દેવોએ અમને કહ્યું. રોજ અમને ખુશી કરો છો પણ આજ દુર્વાસાને ખુશી કરો ત્યારે ખરાં. અમે કહ્યું, ઋષિને ખુશી કરવા એ કંઇ મોટી વાત નથી. એમ કહી અમે ઋષિના આગળ નૃત્ય કર્યું પણ ઋષિ મોહ પામ્યા નહિ, તેથી અમે ક્રોધમાં કહ્યું. ઋષિ જંગલી જેવા છે, તેથી દુર્વાસા ક્રોધે ભરાયા અને શ્રાપ દીધો કે પાપણીઓ, તમે બંને પંપા સરોવરમાં સર્પણીઓ થઇને પડો. અમે ઋષિને કરગરી પડીને કહ્યું, મહારાજા, અમારી ભૂલ થઈ માટે કાંઇક અનુગ્રહ કરો, ઋષિને દયા આવવાથી કહ્યું, ઇંદ્રનો પુત્ર અર્જુન યોગીરૂપે પાણી પીવા આવશે તે વખત તમે ડંશ કરશો એટલે સર્પણીઓ ટળી અપ્સરાઓ બની જશો. એમ કહી દુર્વાસા ચાલ્યા ગયા, પછી અમે સર્પણીઓ હતી તે આપના ચરણ પ્રતાપથી પ્રથમના દેહને પામી. હવે અમે આપને વરી ચુકી માટે અમને પરણો.

અર્જુન કહે, અત્યારે હું યોગી છું એટલે કેવી રીતે લગ્ન કરું? અપ્સરાઓ બોલી ગમે તેમ કરો નહિ તો અમારા કેશ વણી ગળે ફાંસો ઘાલી આપઘાત કરી સ્ત્રીહત્યા આપીશું. અર્જુને જાણ્યું, સુકિત કરતાં દુષ્કિત થાય છે. તેથી કહ્યું. હમણાં મારું યોગીવ્રત ભંગ થાય છે માટે હાલમાં તમે મારે દેશ જાઓ અને હું વ્રત પુરું થશે એટલે ત્યાં આવી તમને પરણીશ. અપ્સરાઓ કહે વ્રત હોય તો હસ્ત લગ્ન કરીને જાઓ. એવામાં નારદજી આવીને કહેવા લાગ્યા, કેમ યોગીજી? યોગી થઈને ઠીક કામ આરંભ્યું છે; અર્જુન કહે, શું કરું મારે તો બિલકુલ ખપ નથી. મહારાજ, શા માટે ખોટો આરોપ મૂકો છો, મને તો વાટમાંથી લપ વળગ્યું છે નારદજી કહે, આવો પરણાવું. એમ કહી બંને કન્યાઓ પરણાવી. પછી નારદજી અંતરધ્યાન થઈ ગયા. અર્જુન કહે, અરે સ્ત્રીઓ, તમે હવે મારા દેશમાં જજો સ્ત્રીઓએ કહ્યું. સ્વામીજી, આજની રાત્રિ અહીં રહી અમને ઋતુદાન આપો નહિ તો સ્ત્રીહત્યા આપીશું. અર્જુન કહે, હું અહીં કયાં આવી ચડયો કે જેથી કરીને આ ઝાંખરું વળગી પડયું? સ્ત્રીહત્યાના ભયથી રાત્રિ રહી ઋતુદાન આપ્યું. દૈવયોગે બંનેને ગર્ભ રહ્યો, એવામાં વહાણું વાયું એટલે અર્જુને કહ્યું. હવે હું જાઉં છું. સ્ત્રીઓ બોલી, પરણ્યાને પાળો અને જણ્યાને જીવાડો તેમાં કંઈ નવાઈ કરતાં નથી. હાથ ઝાલીને હવે કયાં જાઓ છો? તમારો અમોને ગર્ભ રહ્યો છે માટે કાલ છોકરાં થાય તો શું ખાય? માટે ગામ વસાવી આપો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અર્જુને સૂર્યનું તપ કર્યું.સૂર્ય પ્રસન્ન થઇને અર્જુન પાસે આવ્યા,એટલે અર્જુન કહે, મહારાજ, ગામ વસાવી આપો. સૂર્યે મણિ ઘસી ગામ વસાવી આપ્યું,તેનું નામ મણીપુર પાડ્યું.સૂર્ય તરત અંતરધ્યાન થઈગયા,અર્જુને બંને સ્ત્રીઓને કહ્યું,હવે તમે તમારે નગરમાં ખુશીથી રહો. અને મને આજ્ઞા આપો. બંને સ્ત્રીઓએ અર્જુનને કહ્યું,કોઇ દિવસ કૃપા કરી પધારજો. અર્જુન કહે, શા ભોગ છે તે તમારી પાસે આવીશ. એમ કહી પોતે દ્વારકાના રસ્તે ચાલ્યો. ઇશ્વર સ્મરણ કરતો કરતો દ્વારકાંથી બે ગાઉને છેટે મહાદેવનું દેવળ હતું ત્યાં આવ્યો. ને પોતે મહાદેવજીના દેરામાં મુકામ કર્યો. શંકરની હમેશાં પૂજા કરે છે અને પોતાના દિવસ નિર્ગમન કરે છે, કેટલાક દિવસ વિત્યા પછી એજ મહાદેવજીનો મેળો ભરાયો.ત્યાં દ્વારકાંના લોક મેળામાં આવ્યા,છપ્પન ક્રોડ યાદવો તથા બળદેવજી તથા શ્રીકૃષ્ણ પ્રભુ સર્વે સ્ત્રી પુત્રાદિ સહ વર્તમાન મેળો જોવા પધાર્યા. મેળામાં જાતજાતની દુકાનો નીકળી છે, ત્યાં મહાદેવમાં અર્જુનજી પદ્માસન વાળી હાથમાં માળા ઝાલી પરમાત્માનું સ્મરણ કરે છે. સર્વે જણ અર્જુનને યોગી જાણી પગે લાગે છે. એવામાં કૃષ્ણ પ્રભુ મહાદેવમાં પધાર્યા.પોતે લાંબા થઇ અર્જુનને પગે લાગ્યા, અર્જુને ઊંચો હાથ કરી પ્રભુના મસ્તક ઉપર મૂકયો. પ્રભુ મર્મની મશ્કરી કરવા સારું ધનંજયને પૂછવા લાગ્યા, કેમ મહારાજ, તમારું નામ શું ? તમારું ગામ કીયું ? અહીં કેમ આવવું થયું છે?અર્જુનેજવાબ આપ્યો કયું નહિ સમજતે.ત્યાગીકા નામ કયા, ઔર ગામ કયા હમ તો સદાઇ રમતે રામ હે, પ્રભુ કહે વારુ મહારાજ,તમે નિરોગી માલુમ પડો છો માટે ખરું કહેજો આપ યોગી છો કે ભોગી છો? અર્જુન કહે,હમેરી સામનેભોગ કી બાત મત કરના.પ્રભુ કહે,ક્ષમા કરજો બાપજી, કુંતામાતા શું કરે છે ? અર્જુને જાણ્યું કે પ્રભુ સઘળું જાણે છે તેથી પ્રભુને શીશ નમાવી કહેવા લાગ્યો, મહારાજ, મને વગોવશો નહિ. દીનબંધુ કહે,હું યાદવને કહીશ અને તમારી સર્વે બાબત ઉઘાડી પાડીશ કે અર્જુનજોગી થઈ અહીં આવ્યા છે.અર્જુનજી કહે,હેપ્રભુ મારો શો અપરાધ છે? ઇજ્જત હલકી કર્યામાં તમારા હાથમાં શું આવશે ? કૃષ્ણ કહે, એક કામ કરો તો વાત ગુપ્ત રાખું.અર્જુનબોલ્યો,લ્યો મહારાજ,મારું વચન છે.પ્રભુએવચન લઇ લીધા પછી કહ્યું, દ્વારકામાં આવી મારી બહેન સુભદ્રાનું હરણ કરો, મારા મોટા ભાઇ બળદેવજીનો વિચાર કૌરવોમાં લગ્ન કરવાનો છે અને મારું મન તમારામાં છે માટે સુભદ્રાનું હરણ કરી જાઓ.અમે અહીંથી ઘેર જઈએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એટલે તમે અશોક બાગમાં આવજો. ત્યાં પીંપળા નીચે તમારા માટે આસન બનાવીશ, બીજું તમારી આગળ એક કુંડ બનાવીશ તેમાં મંત્રેલી ભભુતી નાખીશ એટલે તે ભભુતી તમે જેના ઉપર નાંખશો તેના સઘળા રોગ મટી જશે. વળી તે ભભુતી નિર્ધનના ઉપર નાંખશો તો ધનવાન થશે; વંઝા ઉપર નાંખશો તો પુત્રવાળી થશે. જેના ઉપર નાંખશો તેના મનમાં ધારેલાં કામ પૂરાં થશે. મારા મોટાભાઈ બળદેવજીને છોકરું નથી તેથી તમને પગે લાગી ઘેર તેડી જશે તે વખત તમારી સેવામાં કુંઆરકા માંગજો. બળદેવજી સુભદ્રા સોંપશે એટલે સુભદ્રા તમારી ભભુતીથી વશ થશે. પછી લાગ જોઇને તેનું હરણ કરી જજો, મારા મોટાભાઇની અગર યાદવોની બીક રાખશો નહિ. હું તમારા પક્ષમાં છું. અર્જુનજી કહે, મહારાજા, રાત્રિએ અશોક બાગમાં આવીને મુકામ કરીશ. એટલે પ્રભુ વિદાય થયા. મેળામાં આવેલા લોકો પોતપોતાને ઘેર ગયા. અંતરયામીએ બાગમાં જઇ જોગીને માટે બેસવાની પીંપળા નીચે ઓટલી બનાવી તેના આગળ કુંડ રચી તેમાં મંત્રેલી ભભુતી નાંખી, પછી જુગદાધાર ઘેર જઈ નીરાંતે પોઢી ગયા. એવામાં પહોર રાત્રિ વિત્યા પછી અર્જુન અશોક બાગમાં દાખલ થઈ પીંપળા નીચે ઓટલીના આસન ઉપર બેઠો. આશ્ચર્ય પામ્યો, અહો ભક્તિને વશ ભગવાન છે, મારા પામર ઉપર દયા કરી મને અત્યંત સુખ આપે છે. હે મારા નાથ કૃષ્ણ, આપના સિવાય અમારા ગરીબની વારે કોણ ચડે ? એમ પ્રભુનું સ્મરણ કર્યા કરે છે.

એ બાગમાં એક આંધળો માળી રહે છે અને સવારમાં ઊઠીને પીપળા નજીક આવ્યો, અર્જુને તેના ઉપર ભભુતી નાંખી એટલે દેખતો થયો. માળીને અતિશય પ્રેમ આવવાથી પગે લાગ્યો. એટલામાં તેનો પુત્ર આવ્યો, માળી બોલ્યો, દીકરા. આ યોગેશ્વર સાક્ષાત્ ભગવાન છે. કારણ કે હું ઘણા વરસનો આંધળો હતો, પણ તેમના દર્શન કરવાથી દેખતો થયો છું માટે તું યોગીને જવા દઇશ નહિ. હું ગામમાં જઈને સઘળાને ખબર આપું અને તારી માને વાત કરું. એમ કહી નગરમાં દોડયો અને સઘળાને કહેતો જાય છે કે હું આંધળો દેખતો થયો છું માટે જેને મનવાંચ્છિત ફળની ઇચ્છા હોય તો અશોક બાગમાં યોગેશ્વર પાસે જાઓ. એમ આખા નગરમાં સમાચાર પહોંચાડયા. સમગ્ર નગરમાં વાત ફેલાવાથી લોકોને અતિ ઉમંગ થયો. માળી પોતાની સ્ત્રી લઇને યોગી પાસે આવ્યો તેમજ દુખીઆ લોકો જેવા કે બહેરા, બોબડા, ઠાંટા, ઠુંટા, લુલા, લંગડા, આંધળા, ખુંધા, ક્ષૈંઆળા, વૈયાળા અને પતિયા, પક્ષીઘાતીઆ, મુળશી, મુઝારાવાળા, કાણા,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કટ્ઠા, કુબડા, કોડીલા, ગાંડા, કદરૂપા, કાળાએ સિવાય અપાર રોગીઓ બાગમાં યોગેશ્વર પાસેઆવી પ્રેમ વડે કરીને પગે લાગ્યા. યોગીસર્વને ભભુતી નાંખેએટલે તરત રોગથી મુક્ત થાય. એટલે સર્વ લોકોને શ્રદ્ધા બેઠી કે નિશ્ચય આ તો ભગવાન છે. દ્વારકામાં એવો મહિમા ચાલવાથી બૈરાં, છોકરાં ખાવાનું પીવાનું લઈ બાગમાં આવીને બધાં વસવા લાગ્યાં. નિર્ધન ધનની આશાએ, વાંઝિયા પુત્રની ઇચ્છાએ એમ સર્વે જણ સુખની આકાંક્ષારાખીને આવ્યા છે, આખું નગર બાગમાં વસવાથી દ્વારકાં ઉજ્જડ દેખાવા લાગ્યું. એવામાં રાજ્યસભામાં યોગીની વાત થવાથી બળદેવજી પૂછવા લાગ્યા આખું નગર કેમ ઉજ્જડ દેખાય છે? એવું સાંભળી એક યાદવ બોલ્યો, કોઈ એક સાધન યોગ જાણનાર યોગી પધાર્યા છે. તે સહુ પ્રાણીને ભભુતી નાંખે છે એટલે રોગી હોય તે રોગથી મુકત થાય છે, વંઝા હોય તે પુત્ર પામે છે, નિર્ધન હોય તે ધનવાન થાય છે, એમ સર્વની મનકામના પૂરી કરી પોતે નિરાશી રહે છે, સર્વનાં દુઃખ ટળી જવાથી બધાં બાગમાં જઈ વસવા લાગ્યાં છે. એવું સાંભળી બળદેવજીનું મન લલચાયું કે હું યોગીની સેવા કરું તો મને પુત્રની પ્રાપ્તિ થાય. તેથી પ્રભુને કહેવા લાગ્યા ચાલો આપણે યોગીને આપણા ઘેર તેડી લાવીએ કારણ કે એવા મહાત્મા પુરુષોની સેવા કરીશું તો કાંઇક ફળ મળશે તેમજ આખું નગર પાવન થશે.

કૃષ્ણે જવાબ આપ્યો, અને મોટાભાઈ, એ ધુતવાને માટે ઢોંગ ધારણ કર્યો હશે તેમજ પ્રપંચી ને વિકારી હશે, જો યોગાભ્યાસી હોય તો વનમાં રહી પોતાનું કલ્યાણ કરે, વ્યવહારમાં આવી વસવાનું કાંઈ પ્રયોજન નથી એવું સાંભળી બળદેવજીને માઠું લાગ્યું; ક્રોધાયમાન થઈ પોતાના ભાઇને કહેવા લાગ્યા, મારો વંશ વૃદ્ધિ પામે તેથી તું અદેખાઈ કરે છે. વળી વંશ વૃદ્ધિ પામે તો રાજ્યમાં ભાગ માગે એવો તારા મનમાં ડાઘ રહ્યો હોય તેવું જણાય છે. કૃષ્ણજીએ કહ્યું, ભાઈ જો મારા મનમાં કોઈ જાતનો પ્રપંચ હોય તો ઇશ્વર સાક્ષી છે તેમ છતાં હું પ્રપંચી છું એવું તમને ભાસતું હોય તો ચાલો, યોગી પાસે જઇએ, અને તમારો વંશ વૃદ્ધિ પામતો હોય તો યોગીને ઘેર તેડી તેમની સેવા કરીએ-બળદેવજી આનંદ પામ્યા, અને પચાસ યાદવો લઈ બંને ભાઇઓ યોગીની પાસે આવી ચરણમાં મસ્તક મૂકયાં. યોગીએ ભભુતી લઈ સઘળા યાદવો ઉપર નાંખી તે વડે કરીને સઘળા મોહિત થઈ ગયા. બળદેવજીએ પ્રભુને કહ્યું, હે કૃષ્ણજી? તમે યોગીને સમજાવીને આપણા ઘેર લઈ જવાની વાત કરો. પછી કૃષ્ણ યોગીને પગે લાગીને કહેવા લાગ્યા, હે મહારાજા. મારા મોટા ભાઇને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપની સેવા કરવાની ઇચ્છા છે માટે ગામમાં પધારો, યોગીએ જવાબ આપ્યો, હમ તો ત્યાગી હે, હમેરે ઘર ગામકા કયા કામ હે ? પ્રભુએ કહ્યું, અમારા ઘર લઇ જઇ ફક્ત આપની સેવા કર્યા કરીશું. યોગીએ કહ્યું, હમેરી સેવામાં એક કુંઆરકા ચેયે. કૃષ્ણજીએ બળદેવજીને કહ્યું, ભાઇ ? આ તો કુંઆરકા માગે છે. માટે કો પ્રપંચી છે. બળદેવજી બોલ્યા, તમે જેવા છો તેવાજ તેમને ધારો છે. આ મહારાજ તો બહુ જ પવિત્ર છે માટે આપણી બહેન સુભદ્રાને તેમની સેવામાં મૂકીશું. પ્રભુએ કહ્યું, અરે મોટાભાઈ. તમારી બુદ્ધિ વિપરીત હોય તેવું લાગે છે. જો સુભદ્રાને સેવામાં મૂકશો તો જરૂર આપણા કુળમાં લાંછન લાગશે. બળદેવજી કહે, આ મહારાજ તો સાક્ષાત પ્રભુ જેવા છે, માટે તેમની સેવામાં સુભદ્રા રહેશે તો કાંઈ હરકત નથી. પ્રભુએ યોગીને કહ્યું, ચાલો મહારાજ, અમારી સુભદ્રાબહેન તમારી સેવા કરશે. મહાત્મા તરત ઊભા થયા એટલે સઘળા લોકો યોગીની પૂંઠે ગામમાં ગયા. અર્જુનજીએ પોતાની ઝોળીમાં ભભુતી ભરી લીધી હતી. બળદેવજીએ એકાંત જોઈ યોગેશ્વરને એક મહેલ રહેવા સારુ આપ્યો. હળધારીએ સુભદ્રાને બોલાવી યોગેશ્વરને પગે લગાડી એટલે અર્જુને ઝોળીમાંથી ભભુતી લઈ સુભદ્રા ઉપર નાખી, સુભદ્રા તરત યોગીને જોઈ મોહિત થઇ. બળદેવજીએ સુભદ્રાને કહ્યું, બહેન, તારે આ યોગેશ્વરની સેવામાં રહેવું અને મહારાજ જે કહે તે કર્યા કરવું. સુભદ્રા બોલી, બહુ સારું. હું યોગી-રાજની સેવા બરોબર ઊઠાવીશ. પછી અર્જુનજીએ સર્વને કહ્યું, સવારમાં સવા પહોર સુધી અને પાછલે પહોર દહાડે જેને મળવાની ઇચ્છા હોય તેણે આવવું. તે સિવાય કોઈએ અમારી પાસે આવી ઉપાધી કરવી નહિ. સઘળાએ કહ્યું, બહુ સારું મહારાજ, આપની આજ્ઞા મસ્તકે ચઢાવી. કહી સઘળા પોતપોતાને ઘેર ગયા. બળદેવજીની સ્ત્રી રેવંતી યોગીને પ્રેમ વડે કરીને પગે પડયાં, અર્જુનજીએ ભસ્મમાં જળ રેડી દર્ભની સળી તેમાં બોળી રેવંતી ઉપર છાંટી, તેથી ઇશ્વરી ચમત્કારને લીધે રેવંતીને ગર્ભ રહ્યો. આવું આશ્ચર્ય કારક બનવાથી ઘણો જ મહિમા વધવા લાગ્યો અને લોકો કહેવા લાગ્યા, સ્વર્ગ મૃત્યુ તથા પાતાળમાં આવા દિગંબર યોગી નથી. દરેકે એવો નિયમ રાખ્યો, યોગીની પૂજા કર્યા સિવાય અન્ન જળ લેવું નહિ, તેમજ વહાણામાં વહેલા ઉઠી યોગીનું મોં જોયા સિવાય કામકાજ કરવું નહિ, તેમજ ઘણા પ્રકા-રની અર્જુનજીની માનતાઓ વધવા લાગી. સુભદ્રા હંમેશ સેવા કરે છે. એવામાં એક દિવસ મધ્યાહ્નકાળે કૃષ્ણ પ્રભુ સુભદ્રાની પાસે આવીને પૂછવા લાગ્યા,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અરે બહેન, સાચું બોલજે, આ યોગી કેવા છે? અને તારું હૃદય શું કબૂલ કરે છે? સુભદ્રા બોલી, ભાઈ મારું મન આ યોગીની સાથે પરણવાનું છે. કૃષ્ણ પ્રભુ કહેવા લાગ્યા, અરે બહેન, આ વાત બળદેવજી જાણશે તો આપણ બંનેને મારી નાંખશે, માટે બોલ્યા સિવાય યોગીની સેવા કર્યા કર.

એમ કહી પ્રભુ અર્જુનની પાસે ગયા અને કહેવા લાગ્યા. હવે સુભદ્રાનું હરણ કરો. આવતી કાલે એકાદશી છે, માટે ગોમતી ઉપર સઘળા લોકો નહાવા જશે. બળદેવજી તમને તેડવા આવે તો ના કહેજો પછી સર્વે જણ નહાઈને ઘેર આવે એટલે બપોરે તમે નહાવા જવાનું રાખજો. કારણ કે બપોરે કોઇ ગોમતી ઉપર નાહવા જતું નથી એટલે તમે સુભદ્રાનું હરણ કરી જજો. અર્જુન કહે બહુ સારું મહારાજ, કદાચ હું પકડાઉં તો મારી રક્ષા કરજો. બહુ સારું. પ્રભુ બોલ્યા, તે બાબત ચિંતા કરશો નહિ એમ કહી પ્રભુ ઊભા થયા અને સુભદ્રા કાંઈ કામ કરતી હતી તેની પાસે આવી કહેવા લાગ્યા, હે વહાલી બહેન, કાલ એકાદશી છે, માટે ગોમતી ઉપર નહાવા જવું પડે તો મારો રથ મંગાવીને જજો. સુભદ્રા કહે, બહુ સારું. પછી પ્રભુ ત્યાંથી વિદાય થયા એમ કરતાં કરતાં દસમો દિવસ પૂરો થયો, બીજે દિવસે એકાદશી થઈ એટલે બળદેવજી યોગીની પાસે આવીને પગે પડયા. યોગીને કહેવા લાગ્યા, મહારાજ, આજ એકાદશીનો યોગ છે, માટે ગોમતી ઉપર નાહવા પધારો. યોગીશ્વર બોલ્યા, હમારે ન્હાણા કયા ઔર ધોણા કયા? હમ ત્યાગી હૈ તુમેરી સંસારી રીતભાતકું હમ નહિ માનતે હૈ, હમેરા મગજમેં આવેગા શો કરેગા. ત્યારે બળદેવજી રજા લઇ ત્યાંથી ઘેર ગયા. સઘળા લોકો ગોમતી ઉપર નહાવા ગયા. નહાઇ ધોઈ પુન્યદાન કરી તમામ લોકો યોગીની સેવા કરવા આવ્યા. સેવા કરીને પોતપોતાને ઘેર ગયા એમ કરતાં બપોર થયા એટલે યોગેશ્વર સુભદ્રાને કહેવા લાગ્યા, સુભદ્રા, હમકો ન્હાણેકું જાના હૈ, સુભદ્રા યોગીની આજ્ઞા લઇ તુરત બળદેવજી પાસે આવીને કહેવા લાગી. મોટાભાઇ યોગીને ગોમતી ઉપર નહાવા જવું છે માટે તમને તેડાવે છે. બળદેવજી તરત યોગીશ્વરની પાસે આવ્યા, પગે પડી યોગીને પૂછવા લાગ્યા, કેમ મહારાજ, આપની શી આજ્ઞા છે? અર્જુને જવાબ આપ્યો, હમેરી ઇચ્છા ગોમતીજીમેં નહાણેકી હુઈ હૈ. બળદેવજી કહે, બહુ સારું. એમ કહી સુભદ્રાને કહ્યું, બહેન ચાલો રથ જોડી આપું તેમાં યોગીને બેસાડી ગોમતીજીમાં નહાવા સારું લઈ જાઓ. સુભદ્રા કહે, મોટાભાઈ તે વાત સાચી છે, પણ કૃષ્ણનો મોટો રથ મંગાવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપો તો જાઉં. બળદેવજીએ યોદ્ધા મોકલી કૃષ્ણજીને કહેવરાવ્યું તમારો મોટો રથ આપો. કારણ કે યોગીને બેસાડી ગોમતીમાં નાહવા મોકલવાના છે. યોદ્ધાએ પ્રભુની પાસે જઈ સઘળી બીના કહેવા લાગ્યા, પ્રભુ આ સાંભળી ક્રોધ કરી બોલ્યા, બળદેવની બુદ્ધિ વિપરીત થઈ હોય તેમ લાગે છે, જાઓ હળધારીને કહો કે બીજો રથ જોડી આપીને મોકલો. હું મોટો રથ આપવાનો નથી.એમ કહી પ્રભુએ મોટા રથના ભંડારિયામાં ચુડો,પાનેતર.મીંઢળ વિગેરે લગ્નનો સામાન મૂકયો. યોદ્ધાઓ બળદેવજીને કહેવા લાગ્યા, મહારાજા, કૃષ્ણજી પોતાનો રથ આપવાની ના પાડે છે, એવું સાંભળી ક્રોધમાં આંખો લાલચોળ કરીને બળદેવજી પ્રભુની પાસે આવ્યા ને કહ્યું,અલ્યા તારો મોટો રથ આપવાની કેમ ના કહે છે ? કૃષ્ણ પ્રભુ બોલ્યા, મોટાભાઈ, જરા વિચારીને બોલો.મારો મોટો રથ હરણીઓ, છે,સોળ સહસ્ત્ર એકસો ને આઠ સ્ત્રીઓને તે રથમાં હરણ કરીને હું લાવ્યો છું; માટે મોટો રથ આપું તો આપણી બહેન સુભદ્રાનું જરૂર હરણ થશે. યોગી અને આપણી બહેન બંને રથમાં બેસશે, એટલે તુરત મનોવૃત્તિ ફરી જશે.અને આપણા કુળને લાંછન લાગશે.બળદેવજી કહે, જા જા જેવો તું છે, તેવો યોગીને ધારે છે, પણ યોગીરાજ તો સાક્ષાત પ્રભુ છે,જો સંસારમાં રહેવાની તેમને મરજી હોત તો સંસારનો ત્યાગ શા માટે કરત ! વળી તે પ્રપંચી હોત તો વચનસિદ્ધિ કયાંથી થાત ? પોતાના આત્માનું કલ્યાણ કરવાના માટે જ વહેવાર ત્યાગ કર્યો છે, મનમાં વૈરાગ ધરીને દશે ઇંદ્રિઓનો નાશ કરેલો છે. એવું સાંભળી પ્રભુ બોલ્યા, હે હળધારી, શાંતવૃત્તિ રાખી હું કહું તે સાંભળો. ક્રોધનો ત્યાગ કરી ન્યાય રીતે વાત ધ્યાનમાં લ્યો. એ યોગીની શી ન્યાત હશે ? વળી નીચ હશે કે ઉંચ હશે તેનો તમે તપાસ કર્યો છે? પાતાંજલિએ પોતાના શાસ્ત્રમાં કહ્યું છે,નીચની સેવા ઊંચ કરે તો ઊંચ નીચ યોનીમાં જાય છે, કદી કહેશો કે જાતને નથી જોતા, વેશને નમીએ છીએ; તો ક્ષત્રીનો વેશ અનામિક લે તેથી શું આપણે તેની સંગાથે જમવા બેસીશું ? હા કહેશો તો બાપનું નામ બોળવા બેઠા તેમ કુળનો ધર્મ ખોવા બેઠા, બધા એકારે થવા બેસશો તો વર્ણાશ્રમનો ધર્મ તૂટી જશે, માટે વ્યવહારનો ત્યાગ કરે તે ત્યાગી નથી,ફકત અનીતિનો ત્યાગ કરે તે જ ત્યાગી છે. વ્યવહારમાં રહી મનમાં વૈરાગ ધરે તે જ વૈરાગી છે, અસત્યમાંથી શાંત પડેલો તે સંત છે. યોગાભ્યાસ કરે તે યોગી છે, યોગીમાં યોગી મહાદેવજી છે, તે પણ સદા નારી રાખે છે. રિદ્ધિ સિદ્ધિ પુત્ર પરીવાર સઘળું શંકરને છે, ઘરને ત્યાગ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરે તે યોગી નથી,દુઃખ પડવાથી,કાં દેવું થવાથી વ્યવહારનો ત્યાગ કરીનેનાસી જાય છે. સંસારમાં સરસો રહે, મન રાખેમુજ પાસ, વ્યવહારને લોપે નહિ તે જાણું મમ દાસ.જો પોતાના આત્માનું કલ્યાણ કરવાને ઇચ્છતો હોય તો પાછો વ્યવહારમાં શા માટે આવે ? ઘરગામ વ્યવહાર સર્વનો ત્યાગ કરી નાસી ગયો હોય તો પાછો ઉપાધીમાં શા સારુ આવે ? હું ગુરુ, મારો ચેલો, આ મંદિર મારુ તેમજ રોગોનો નાશ કરવો એ વૈદ્ય લોકનું કામ છે તે કામ તેમને કરવાની શી જરૂર છે ? ભૂત પ્રેતાદિ વળગણુ કાઢવાનું તથા લોકોને પુત્ર આપવાનું તથા નિર્ધનને ધનઆપવાનું,કુંવારાને વરસૂત્ર કરી આપવાનું કામ સંસારીનું છે તે કામ ત્યાગીનું નથી. જ્યાં સુધી જ્ઞાન દૃષ્ટિએ વિચારતા નથી ત્યાંસુધી અંધારુ છે. ઘર,ગામ, માતા, પિતા, છોકરાં, નારી, સગા વહાલાં, પાડોશી સર્વને તજી નાસી ગયો પછી જગતમાં વસવાની શી જરૂર છે?ભાઇ, તેમણે કાંઈ તજ્યું નથી. સાંભળો, નાત તજીને જમાતમાં પેઠો, માતા તજીને માઇ કરી, બાપ તજીને બાવા કર્યા, બંધુ તજીને ગુરુ ભાઇ કર્યા, ઘર તજીને મંદિર બનાવ્યું, ગ્રાહકો તજીને સેવક કર્યા, દીકરા તજીને ચેલા કર્યા, કહો શું બાકી મૂકયું ? કદી કહેશો કે દશ ઇંદ્રિયોનો ત્યાગ કર્યો છે તે પણ કહું તે સાંભળો, કાને શું દાટા માર્યા છે?શું આંખો ફોડી નાંખી છે? શું જીભલડીને કાપી નાંખી છે ? શું હાથને ઠુંઠા કર્યા છે? લઘુશંકા તથા દસ્તનો શું ત્યાગ કર્યો ? અવયવ જુઠા કર્યા છે? ત્યાગી થઈતેણે શું ત્યાગ કર્યું તેનો વિચાર કરીને ધ્યાનમાં લ્યો કદી તમે કહેશો કામજ્વર તજ્યો, તો પણ સાંભળો. મહાદેવજીથી કામ નથી જીતાયો તો બીજો કોણ જીતવા સમર્થ છે મહાદેવજીથી બળવાન નીકળ્યા કે કામદેવને જીતી શકયા ? સંસારનો વૈરાગ ધરી સંસારનો ત્યાગ કર્યો હોય તો પાછું વસ્તીમાં આવી વ્યવહાર કરવાનું પ્રયોજન છે ? સર્વનો ત્યાગ કરીને સર્વમાં પેસે તેને કેવું સમજવું? જેમ કે પેટમાંથી ઓકી કાઢીને પાછું ખાધાજેવું થાય છે.જો ત્યાગ કરવું હોય તો તરછટ ત્યાગ કરીને વનમાં જઈને વસવું.વનમાં જઈને પાછો સંસારમાં આવે તેને પૂરણ પાખંડી સમજવો. સંસારમાંરહેલાને વૈભોગી કહો છો તે કરતાં ત્યાગ કરીને નાસી ગયેલો બમણો વૈભોગી હોય છે. અજ્ઞાની લોકોતેને મોટોસમજી બાગ બગીચામાંરમાડે છે. વળી પુષ્કળ ઘૃત નાંખી ગળ્યાં ગળ્યાં ભોજન જમાડે છે. ગાદી તકિયાનાં આસન આપી ચરણ ચાંપી સેવા કરે છે. વાયુ ઢોળાવે છે,પાયે પડાવે છે એનાથી તો વૈભોગ કેવો? રળવું પડતું નથી, મફતનું ખાવા મળે છે, કોઈ એ બેટા એવું નામ ધારણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કર્યું નહિ, સઘળાએએ આવા નામ ધારણ કર્યું, જેથી જેમા ને તેના આવા થઈને ફરવું છે. કદી કહેશો ઉપદેશ કરવા વ્યવહારમાં પધારે છે તેનો ઉત્તર આપું તે સાંભળો, ઉપદેશ કરી પંથ ચલાવવો એ આચાર્યનું કામ છે. બીજાનો અધિકાર નથી. ધર્મશાસ્ત્રમાં મનુએ કહ્યું છે કે ત્યાગી ગળ્યું ખાય તેમ ઘી તેલ વિગેરે ચીકણા પદાર્થ ભક્ષણ કરે તો કામની વૃદ્ધિ થાય છે. તે વખત મન વશ રહી શકતું નથી અને વીર્ય સ્ખલિત થઇ જાય છે. તેથી ઘૃતગળપણ જમાડનારને બાળહત્યાનું પાપ લાગે છે. મોહિનીરૂપે મહાદેવજી પલળ્યા તો બીજો કોણ રહેનારો છે. કોઇ એમ કહે કે કામદેવ ઘણાએ જીત્યો છે તે લોકોને મૂર્ખા સમજવા. એકલા બ્રાહ્મણને પાંચમી દ્વાદશીમાં કુટુંબની રજા માગી સંન્યાસ્ત લઇ ત્યાગી થવાનો અધિકાર છે. તેમણે પણ નગ્રથી પાંચ ગાઉ દૂર રહેવું, ગળ્યો, ચીકણો પદાર્થ નહિ જમવો, કોઈનો હાથ નહિ જોવો, વૈદુ નહિ કરવું, પલંગમાં નહિ સૂવું, સ્ત્રીનો પડછાયો સરખો પણ નહિ લેવો. આ પ્રમાણે પોતાનો ધર્મ સાચવવો. એવું મનુ ભગવાને પોતાની સ્મૃતિમાં કહેલું છે. મફતનું ખાવા અને વૈભોગ ભોગવવા માટે ઘેર આવ્યા છે તેવા પ્રાણીને ઇશ્વર ઠરાવી બેઠા છો તે કેવું ભૂલ ભરેલું છે, વસ્તીમાં આવી રોગ મટાડી ચમત્કાર બતાવવાની તેમને શી જરૂર છે? પોતાનું કલ્યાણ કરવું મૂકી અન્યનાં દુઃખ ટાળવાનો ઉપાય કરે છે તે પણ એક ધંધો કાઢયો છે તેમાં તેણે શું ત્યાગ કર્યું?

આ સઘળું સાંભળી બળદેવજીને ખુબ રીસ ચઢી, આંખો લાલચોળ કરી, સામી કારમી દૃષ્ટિ કરી બોલ્યા, અલ્યા કૃષ્ણ? તું પવિત્ર મહાત્માની નિંદા કરે છે? વૈકુંઠપતિએ જવાબ આપ્યો કે મેં તો સત્ય વાત કરી છે પણ તમને નિંદા લાગી માટે તમારું ભૂંડું થવાનું છે એમ સમજજો. કીયા ત્યાગીને ઇશ્વર મળ્યા છે તેનો વિચાર કરો અને સંસારીને તો પ્રભુ પ્રત્યક્ષ મળ્યા છે બ્રહ્મવેત્તા હતા તે પણ સંસારી હતા, શિવ બ્રહ્મા સરખાને પણ નારી છે, સૂર્ય ચંદ્ર, વિષ્ણુ દેવલોકો, વરુણ, અગ્નિ વિગેરે સંસારી છે, હરિશ્ચંદ્ર તથા રામચંદ્રજી તે પણ ઘરબારી હતા, કહો તો વિશેષ દાખલા આપું. આથી વધુ કેવું સમજાવું? હાલ હું કહીશ તે ધ્યાનમાં ઉતરવાનું નથી. શાથી કે તમારો જીવ ભ્રમણમાં પડયો છે. બળદેવજી કહે, તારે રથ આપવો છે કે કેમ તેનો જવાબ દે. પ્રભુ કહે, આ રથ જરૂર હરણ કરાવશે માટે બીજો રથ મોકલો.

બળદેવજીએ કહ્યું બસ તારું ડહાપણ મૂકી દઇ મોટો રથ લાવી આપ.

૩૭

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પ્રભુએ રથ જોડી આપ્યો; બળદેવજીને કહ્યું,જોજો ભાઈ નવાજુની થશે તો મારો તથા તમારો બંનેનો જીવ જશે. પણ હળધારી રથ લઈને ચાલ્યા. પ્રભુને હરણ કરાવવાનો સંપૂર્ણ વિચાર છે તો પણ બળદેવજીને જણાવે છે કે બરોબર સાચવીને કામ કરજો. એમ કહી પોતાનું શાહુકારપણું બતાવ્યું.બળદેવજીએ રથ લાવી સુભદ્રાને સોંપી દીધો. હળધારીને મનમાં વિચાર આવવા લાગ્યો, મને કૃષ્ણે ટોકયો છે માટે વીસ યોદ્ધા રથની જોડે મોકલું તો ઠીક. પછી બળદેવજીએ સુભદ્રાને આજ્ઞા આપી કે યોગેશ્વરને ગોમતીમાં નવરાવી તરત પાછા લાવજો. યોગેશ્વર પોતાનું તુમડું, ઝોળી વિગેરે સાથે લઈ રથમાં પલાંઠીવાળી બેઠા,સુભદ્રા મનમાં હર્ષ પામવા લાગી, ઘોડાનાં અછેડા તથા ચાબુક મજબૂત પકડી હાંકવા બેઠી એમ કરતાં કરતાં નગરની બહાર આવ્યાં, દસ યોદ્ધા આગળ ચાલે છે,અને દસ પાછળ ચાલે છે.સુભદ્રાનું યોગીમાં ચિત્તગયું છેતેથી સુભદ્રા હાંકવાનું ભૂલી જઈનેયોગીના સામું એક ચિત્તે જોઈરહી છે.એના મનમાં એવો પ્રેમ આવ્યો,આહ ! આ મહાત્મા જેવો કોઈ ત્રિલોકમાંનથી. એનું સ્વરૂપ તથા એના ગુણનો તો પાર નથી.એમ કરતી કરતી બાવાનાગુણ ગાવા લાગી.

વૈશંમપાયન જનમેજયને કહેછે,હે રાજન,એ પ્રમાણે સુભદ્રાને અર્જુનને જોઈ મોહ ઉત્પન્ન થયો,સુભદ્રાનું મન બાવામાં લુબ્ધ થઈગયું, વળી કહેવા લાગી બાવાનું કેવું સુંદિર શરીર શોભે છે.બાવાના ચરણમાં અડસઠ તીર્થ યાત્રાહોય તેવું જણાય છે.બાવાના હાથમાં કેવું તુંબી પાત્ર શોભે છે,બાવાજીએ મોંઢે કેવું ચંદન ચર્ચ્યું છે; બાવલીઆના શરીરે ભભૂતી ચોળેલી છે. ડાબી ખાંધે ઝોળી કેવી શોભે છે,લાંબી લાંબી જટા શોભે છે, જમણા હાથમાં કેવો સુંદિર સોટો શોભે છે, બાવલીઆએ કેવો વજ્ર લંગોટો વાળ્યો છે, એ પ્રકારે સુભદ્રાને અતીશય મોહ ઊત્પન્ન થયો, અર્જુને સુભદ્રાને કહ્યું, અરે સુભદ્રા, તું મારા સામું જોઈ રહી છે તેથી કોઈનેવહેમ પડશે.સુભદ્રા કહે,હું તમારાચર્ણની દાસી થઈનેરહીશ જો મારા ઉપર આપની કૃપા હોય તો ચાલો આપણે બંને નાસી જઈએ.અર્જુનજી કહે,અરે અબળા,તું વાતોકરે છેપણ વીસયાદવોમાંથી કોઈને વહેમ પડશે માટે છાનીમાની વાતો કર્યાં સિવાય રથને હાંક.સુભદ્રા કહે,અરે મહારાજ હું મારું સ્ત્રીચરિત્ર કરું છું એ તે રડયા શું જાણતા હતા ! હમણાં તેમને પાછા કાઢું છું એમ કહી પોતાના પગનું ઝાંઝર કાઢી હાથમાં સંતાડયું. પછી યાદવોને કહ્યું કે અલ્યા, મારું ઝાંઝર રસ્તામાં પડી ગયું છે માટે તેને શોધી કાઢો, એટલે દસ જણ શોધવા લાગ્યા અને દસ જણ સાથે ચાલ્યા, સુભદ્રાએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહ્યું, મારું અમૂલ્ય ઝાંઝર છે માટે વીસે જણા જઇ શોધી કાઢો.ત્યારે વીસે જણા શોધવા ગયા.સુભદ્રાએ કહ્યું,કેમ મહારાજ, હવે આપની આજ્ઞા હોય તો ઘોડા દોડાવીમૂકું,ત્યારે અર્જુન કહે,તું રથમાં બેસ અને હું હાંકવા બેસું છું સુભદ્રા રથમાં બેઠીઅને અર્જુનજીએ ઘોડાવાયુ વેગે હાંકી મૂકયા.તે જોઈસુભદ્રા વિસ્મય પામી કે આ યોગી તો સર્વે વિદ્યા જાણે છે. અર્જુને ચાર ગાઉ દૂર જઇ એક વૃક્ષ નીચે રથ ઊભો રાખ્યો. સુભદ્રા કહે, રથને શા માટે ઊભો રાખ્યો ?કોઇ વાત જાણી જશે તો સઘળા યાદવો લઈ મારા ભાઇઓ લડવાને માટે આવશે, કારણકે મારા ભાઇઓ નઠારા છે.એવામાં અંતરયામીએ નારદજીને બોલાવ્યા અને તેમને કહેવા લાગ્યા, તમે અર્જુનજીને તથા સુભદ્રાને પરણાવો, મેં લગ્નનો સામાન રથના ભંડારીઆમાં મૂકયો છે,તમે જઇને હસ્ત મેળાપ કરી આવો,એવું સાંભળીને નારદઋષિ વનમાં અર્જુનજી તથા સુભદ્રા છે ત્યાં ગયા. નારદજી બંનેને કહેવા લાગ્યા,આવો ઇંદ્રપુત્ર ધનંજય લગ્નનો આરંભ કરીએ.

અર્જુન તથા સુભદ્રા રથમાંથી નીચે ઉતર્યા અને ભંડારીઆમાંથી લગ્નનો સામાન બહાર કાઢયો.સૂર્યની સાક્ષીએ તથા બ્રાહ્મણના વચને બંનેનો હસ્ત મેળાપ કર્યો. જાદવ કંચુકી પાનેતર, ચૂડો વગેરે પહેરાવી દીધો. પછી નારદજીએ કહ્યું,હું મંગળ નહિ વર્તાવું કારણ કે કૃષ્ણજી કન્યાદાન દેવાના છે. એમ કહી નારદઋષિ આશીર્વાદ આપી અંતર્ધ્યાન થઈ ગયા. વરકન્યા બંને રથમાં બેઠાં. સુભદ્રા કહે, હવે રથને હાંકો, નહિ તો કોઇક આવી પહોંચશે. અર્જુનજી કહે,સુભદ્રા તને નાસી જવાનું મન છે.પણ હું ક્ષત્રીનો પુત્ર છું માટે હું કેમ નાસું?હું ઇંદ્રપ્રસ્તનો રાજા છું અને કુંતા સતીનો પુત્ર અર્જુનજી છું. હું યોગી નથી વૈભોગી છું. હું શત્રુને ઠેઠ પહોંચાડું તેવો છું. જો ચોરની માફક કન્યા લઈ નાસી જાઉં તો જનુનીનું પેટ લાજે. સુભદ્રા કહે,સ્વામી,કાંઈ ચિંતા નહિ.મારા ભાઇઓને કહીશ કે હું કાંઇ નાત બહાર નથી ગઈ.અર્જુનજી કહે, તું ચાહે તેમ કહેજે,એમ કહી મહા બળવાન ઊભો રહ્યો. પેલા યાદવોએ ઝાંઝર શોધ્યું પણ પત્તો લાગ્યો નહિ, નગર સુધી તપાસી જોયું પણ બિલકુલ હાથ લાગ્યું નહિ, સઘળાઓએ ગોમતી તીરે આવીને જોયું તો યોગીને તથા સુભદ્રાને દીઠાંનહિ તેથી નિરાશ થઇ નગરમાં ગયા અને રડતા રડતા બળદેવજીની પાસે જઇચરણમાં મસ્તક મૂકયાં,બળદેવજીએ સર્વને પૂછયું,કેમ રડો છો?યોગી તથા સુભદ્રા કયાં છે?રડતાં રડતાં તેમણે જવાબ આપ્યો, સુભદ્રાબહેને ઝાંઝર પાડી નાંખ્યું તેની શોધ કરવા અમે પાછળ રહ્યા એટલે યોગી હરણ કરી નાસી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગયો. બળદેવજી કહે, છાના રહો, જો પ્રભુ વાત સાંભળશે તો મારો જીવ લેશે. એમ કહી રડતા જાય છે અને મનમાં મુંઝાય છે. એવામાં પ્રભુએ ભભુત મંત્રની માયા પાછી ખેંચી લીધી એટલે જેને જેવો રોગ હતો અને જેવું પહેલું હતું તેવું થઈ ગયું, બહેરા હતા તે બહેરા થયા, આંધળા હતા તે આંધળા થયા, લુલા હતા તે લુલા થયા, પાંગળા હતા તે પાંગળા થયા, બોલવું શીખ્યા હતા તે બોબડા થયા, ગર્ભવતી તે નિરાશ થઈ. એ પ્રમાણે લોકો દુખીઆ થયા અને જોગી ધુતારો ધુતારો એવી આખા નગરમાં અફવા ચાલી. સર્વે જણે વિચાર કર્યો. ચાલો જોગી પાસે જઇએ અને પૂછી જોઇએ. જોવા ગયા તો યોગી દીઠો નહિ તેથી હાહાકાર વર્ત્યો. બળદેવજી ઘરમાં છાના રડે છે એટલે પ્રભુ જાણી જોઇને બળદેવજીને ત્યાં આવ્યા. બળદેવજી ઘરમાં બેઠા બેઠા નીચું ઘાલીને રડે છે, પ્રભુએ હળધારીના હાથ ઝાલ્યા અને કહેવા લાગ્યા, તમે કેમ રડો છો? શું કુળમાં લાન્છન લાગ્યું? બળદેવજી કહે, ભાઈ તમારું કહેવું માન્યું નહિ ને યોગી તો સુભદ્રાનું હરણ કરી નાસી ગયો. પ્રભુ કપાળ કુટીને રડવા લાગ્યા, ને કહે છે કે મારા ચોરના ઘરમાં ચોરી થઈ. હું હરણ કરીને સર્વ સ્ત્રીઓ લાવ્યો એટલે યોગીએ મારી બહેનનું જ હરણ કર્યું. બળદેવજીએ પ્રભુને ઘણી આજીજી કરીને કહ્યું, મારી મોટી ભૂલ થઈ છે માટે માફ કરો. પ્રભુ કહે, જો મને જીવાડવો હોય તો સુભદ્રાબહેનને લાવો નહિ તો મારા પ્રાણ તજી દઈશ.

હળધારી છાતીફાટ રડતા જાય છે. અને પસ્તાય છે કે મેં જોગીને ઈશ્વર રૂપ માની સેવા કરી પણ આખરે જેનું ખાધું તેનું ખોદ્યું માટે આવા પાખંડી પ્રપંચી ત્યાગીઓને કોઈ દિવસ નગ્રમાં સંચરવા દેવા નહિ, પ્રભુએ કહ્યું, તમારો દીકરો લાવો તેને મારે રમાડવો છે. બળદેવજી કહે, મુવો તમારો. એવામાં આખું ગામ પોકાર કરતું આવ્યું. જોગી કેવો ધુતારો જાદુવાળો મોટો સિદ્ધ થઇને આવ્યો હતો, સુભદ્રાબહેનનું હરણ કરી નાસી ગયો અને યદુકુળમાં લાન્છન દીધું. બળદેવજીએ જાદવોને હુકમ કર્યો કે આઠ દિશાઓમાં જાઓ અને એક પહોરમાં ચાહ્ય ત્યાંથી શોધી લાવો. એટલે છપ્પન કોટી યાદવો હાથમાં હથિયાર ગ્રહીને ચાલ્યા. કંઇક પગે ચાલવા લાગ્યા. કંઇક ઊંટ પર ચાલ્યા, કંઇક ઘોડા ઉપર બેસીને ચાલ્યા. એ પ્રમાણે શોધ કરવા માટે ચાલી નીકળ્યા. બળદેવજી ઘર આગળ બેસી કૃષ્ણને સમજાવે છે. અરે ભાઈ, તમે ચિંતા ન કરશો. હમણાં યાદવો શોધી લાવશે. તમારું કહેવું અમે સ્વીકાર્યું નહિ અને ઘેર ઉતારો આપ્યો. અમે ત્યાગી માન્યો અને તમે

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધુતારો માન્યો. પ્રભુ કહે.શિખામણ દઉં તે સાંભળીને યાદ રાખજો. જે ત્યાગી થઇ વ્યવહારમાં વસે તેને જરૂર ઢોંગી જાણવો; વળી જાતી કજાતી જોયા સિવાય જે પુરુષ ઉપરનો ડોળ જોઇ સેવા કરે છે તેનું સુક્રિત ધોવાઈ જાય છે અને ઊલટો અઘોર નર્કને પ્રાપ્ત થાય છે. જો કોઇ બ્રાહ્મણનો પુત્ર પુખ્ત ઉમ્મરે સંન્યાસી થયો હોય, શાસ્ત્રમાં કહ્યા મુજબ અનુસરતો હોય તો તેને અન્ન વસ્ત્રાદિક આપવું; તે સિવાય સેવા કરવી નહિ. નારીએ કોઇ દિવસ એવા ત્યાગી પુરુષ પાસે નહિ જવું. તેવાની પાસે જવાથી જરૂર તેનું મન વિહવળ થાય છે અને તેનું વ્રત કરેલું હોય તેનો ભંગ થાય છે, તે દોષ ખચીત સ્ત્રીને લાગે છે, માટે જ ત્યાગી પુરુષોએ નગ્રમાં વસવું નહિ, તેમ કોઇએ વસવા દેવા પણ નહિ. બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણના કોઈ પુરુષે વેદાભ્યાસ કરી કોઇને ઉપદેશ કરવો નહિ. વ્યવહાર તજ્યો તે વ્યવહારથી છુટયો પછી તેની શી લાજ રહી ? અજ્ઞાની પુરુષોને મોટાઇ બતાવે એટલે ભોટ લોકો મહારાજ માની સેવા કરે. નાતનાં, જાતનાં, માતાનાં, તાતનાં સર્વેનાં ખોટા કરીને નીકળ્યો તો અન્ય પ્રાણીનું ખોટું કેમ નહિ, કરે ? મોક્ષને અર્થે નીકળ્યો હોય તો વનમાં વસીને બ્રહ્માનંદમાં સુખ માને.સંસાર તજીને સંસારમાં આવેતેને કોઈ જાતનો સ્વાર્થ હોય ત્યારે આવે.વ્યવહાર જૂઠો છેએમ સમજી તેનો ત્યાગ કર્યો અને વળી વ્યવહારમાંઆવીને વસવા લાગ્યો માટે કોઇ પ્રકારની મતલબ હોય ત્યારે તેવું કરવાની જરૂર પડે. વનમાં વનફળ જળ ખાવા પીવા પ્રભુ આપે છે તો સંસારમાં આવવાનું શું કારણ છે ? જે વસ્તી તજીને વસ્તીમાં આવે છે તે કોઇ જાતના સ્વાર્થને માટે આવે છે. કોઇ મહત્તાને સારું, કોઇના મનમાં એવું કે દેવળ બાંધી મારૂ નામ રાખું, કોઈના મનમાં એવું કે ભંડાર કરું તેમ બ્રહ્મભોજન કરું. તેથી નામના વધે, કોઈના મનમાં એવું કે મહંત થઈ ગાદીએ બેસું અને દરેક ઠેકાણે ગુરુ ગણાઉં. વળી ચમતકારી કહેવરાવું, ચર્ણ પૂજાવરાવું. સેવક લોકો પાસે સેવા કરાવરાવું, વિવિધ પ્રકારના ભોજન મળશે એવા પ્રપંચી વિચારો કરીને જ વ્યવહારમાં ઢોંગી થઈ આવે છે. જો ઢોંગીના મનમાં ઢોંગી ન હોય તે વ્યવહારનો ત્યાગ કરી પાછા વ્યવહારમાં વસવાની શી જરૂર ? માટે મોટાભાઈ, આ વાત સત્ય માની યાદ રાખજો. હળધારી કહે, સત્ય છે ભાઇ, હવે મને બિલકુલ શંકા રહી નહિ. એવામાં યાદવો શોધવા ગયા છે તે ફરીને પાછા આવે છે અને કૃષ્ણ ન ચેતી જાય તેવી રીતે બળદેવજીને સાન બતાવે છે, એવામાં બે યાદવો જ્યાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અર્જુનજીએ રથ ઉભો રાખ્યો હતો ત્યાં આવી પહોંચ્યો, સેવકોએ વિચાર કર્યો કે જો જાગીને પકડીશું તો જોગી જાદુવાળો છે તેથી પશુ બનાવે અગર અંધ બનાવે તો આખી જીંદગી દુઃખમાં જાય, જેવો જોગી જાદુવાળો છે તેવા કૃષ્ણ જાદુવાળા છે માટે તેમને તેડીને અહીં આવીશું. એમ વિચાર કરી બંને નગરમાં આવ્યા. બળદેવજીને યાદવોએ કહ્યું, જોગી તો સુભદ્રાને પરણ્યો છે એવું કહેતામાં જ બળદેવજીને ક્રોધ ચડયો. હળધારી પ્રભુને કહેવા લાગ્યા, પ્રપંચ કરી કન્યાને વર્યો માટે ચાલો ત્યાં જઈ જોગીનો નાશ કરીએ. એટલે છપ્પન કોટી યાદવો, એક લાખ સાઠ સહસ્ર એક સો પ્રભુના પુત્ર, બળદેવજી તથા કૃષ્ણ પ્રભુ સર્વે હથિયાર ગ્રહી જ્યાં યોગી ઉભા છે ત્યાં આવી આગળ પાછળ ઘેરો ઘાલીને ઉભા રહ્યા. સુભદ્રાને પરણેલી જોઇ સર્વે લોકો ગુસ્સે થયા. બળદેવજીએ પ્રદ્યુમનને કહ્યું, જાઓ બેટા, સુભદ્રા ફોઇને રથમાં બેસાડી અહીં લાવો. પ્રદ્યુમને રકત લોચને શ્વાસંભર્યો દોડી યોગીને પૃથ્વી પર નાંખી દીધો અને રથમાં સુભદ્રાને બેસાડી હળધારી પાસે લાવ્યા. શેષ પૂછવા લાગ્યા, કેમ બહેન ?તું જોગીની સાથે આવી કે જોગી તને હરણ કરી લાવ્યો?

સુભદ્રા કહે જોગીનો વાંક નથી.હું જોગીને લઈ નાસી આવી છું. બળદેવજી કહે, ધિક્કાર છે તેને કે અમારી બહેન થઇ તેં અમને નીચું ઘલાવ્યું ? સુભદ્રા કહે. નીચું નથી ઘલાવ્યું. હું નાતબહાર નથી ગઇ, તે જોગી નથી એ તો કુંતાજીના પુત્ર અર્જુન છે, બળદેવજી કૃષ્ણને કહેવા લાગ્યા, ભાઇ, જરૂર પાંડવોનો નાશ કરો અને નપાંડવી પૃથ્વી કરો કારણ કે પ્રપંચ કરી કન્યાનું હરણ કર્યું. પ્રભુ કહે ખરી વાત છે મોટાભાઈ, તેમનો નાશ કરવો જોઇએ. સુભદ્રા કૃષ્ણને કરગરે છે, હે ભાઈ, તમે પૂછવા આવ્યા ત્યારે મેં તમને કહ્યું હતું કે મારે યોગીની સાથે પરણવું છે તે વખતે તમે મને તમાચો માર્યો હોત તો હું આમ ન કરત. હવે અત્યારે મારું હેતાવણ ખોવરાવા બેઠા છો ? ભાઈ, મારા પતિની રક્ષા કરી તેમને બચાવો પ્રભુએ કોઈ ન જાણે તેમ સુભદ્રાનો ચર્ણ દાબ્યો કે ફીકર કરીશ નહિ. અર્જુનજીને હું બચાવીશ. વાંકો વાળ થવા દેનાર નથી, સુભદ્રા કહે, બહુ સારું ભાઈ, એમ શાંત થઈ. હળધારી કહે, સુભદ્રાને મારી નાંખો કારણ કે જોગીને શીખવાડી શા માટે નાસી આવી ? અને વળી યદુકુળમાં લાંછન લગાડયું: પ્રભુ કહે, સુભદ્રાનો શો વાંક છે ? તમે જાતે બાવાને ઘેર લાવ્યા, અને તેની સેવામાં સુભદ્રાબહેન સોંપી. વળી તે બાવા પાસે ભભુતી હતી તે ભભુતી સુભદ્રા ઉપર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નાંખી તેથી સુભદ્રા વશ થઇએમાં બહેનનો શો વાંક ? તમારે પુત્રની પ્રાપ્તિ કરવી હતી તેના લોભમાં બહેનનું હરણ કરાવ્યું તેમાં બિચારી સુભદ્રાની બિલકુલ કસુર નથી, ને જોગીને મારો તેમાં મારી ના નથી. એમ બળદેવજીને સમજાવી પ્રભુ સુભદ્રાના રથમાં બેઠા. પ્રદ્યુમન હાથમાં ફરસી લઇ યુદ્ધ કરવા તૈયાર થઇ રથમાં બેઠો. પ્રભુએ યાદવોનેઉશ્કેર્યા, ને કહ્યું જોગીને ઠેર મારીનાંખો. આ સાંભળી અર્જુનજીના મનમાં ઓછું આવ્યું, અરેરે હવે મારી વારે કોણ ધાશે ? એમ ધનંજય શોક કર્યા કરે છે, રડતો જાય છે, અને પોતાના ભાઈઓને યાદ કરે છે. હે બંધુ. ગદાને ધારણ કરી જય મંગળ નામના હાથી ઉપર ચઢનારા હે ભીમસેન ભાઇ, મારી વારે ધાઓ. તમે યોગી કરી નગરની બહાર મૂકવા આવ્યા હતા ત્યાંથી હું વનમાં આવ્યો અને રૂડીપ્રકારથી યાત્રાઓ કરી પંપા સરોવર ઉપર પૂર્વના લેખે બે અપ્સરાઓ પરણ્યો ત્યાંથી હું દ્વારકામાં આવ્યો ત્યાં પ્રભુજીનાં દર્શન થયાં. પ્રભુએ મને વચને બાંધી ગામમાં લઈ ગયા. પછી સુભદ્રાનું હરણ કરાવ્યું - હવે સામા શત્રુ થઈ ને ઉભા રહ્યા છે, અને યાદવો પાસે મરાવે છે. યાદવો અનેક છે. અને હું એકલો છું. અરેરે પ્રભુ, મારી વારે કોણ ધાશે ? એમ પોકારી રુદન કરે છે, આ યાદવો જમ જેવા લાગે છે, મારા મનમાં ભય ઉત્પન્ન થાય છે. સમડી કારમા શબ્દ બોલી રહી છે. ધરતી ખાવા ધાય છે. હે બંધુઓ, તમે દુઃખવખતના બેલી છો. તમે અમને લાખાભુવનમાં લાહ્ય લાગેલી તેમાંથી ઉગાર્યા. વનમાંથી દૈતોએ ચોર્યા હતા ત્યાંથી પણ છોડાવ્યા, એકચક્રામાં બ્રાહ્મણનો પુત્ર બચાવ્યો તેમજ હંમેશ મરી જતાં છ જીવ બચાવ્યા, તેવી રીતે અહીં મારી વારે ધાજો. અહીં હું એકલો છું મારી પાસે હથિયાર નથી, મારે રથ નથી હું નિરાધાર છું. હથિયાર સિવાય બાહુબળથી તમે બકરાક્ષસને માર્યો, ત્યાંથી આગળ જતા ગાંધર્વ મળ્યો એમ સંભારતાં સંભારતા અભંગરથ ભાથો અંગારકે આપવાનું વચન આપ્યું. છે એમ સાંભરી આવ્યું. પછી મનમાં હિંમત આવી કે કાંઈ ચિંતા નહિ. હમણાં સર્વનો નાશ કરી નાંખું છું. એમ કહી અંગારકનું સ્મરણ કર્યું એટલે અંગારકે રથ તથા ભાથો અને ગાંડીવ નામે ધનુષ વિગેરે સાહિત્ય અર્જુનની પાસે અંતરિક્ષથી મૂકયું. અર્જુને ઝોળી ફેંકી દીધી અને ઘોડાના અછોડા પકડી રથમાં બેસી ગયો, ભાથાને ખભા ઉપર ભેરવી દીધો અને ધનુષ તૈયાર કરી ટંકાર કર્યો. તેનો શબ્દ ત્રિલોકમાં ગયો અને દશે દિગપાળ ડોલવા લાગ્યા પછી મૂછ ઉપર હાથ નાંખી બોલ્યો, હવે જુગજીવન, જે કરવું હોય તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરે એવું સાંભળી પ્રદ્યુમન ક્રોધે ચઢયો અને યુદ્ધ કરવા સામો ઊભો, યાદવો પણ લડવા તૈયાર થઇ ગયા. પ્રદ્યુમને પહેલો હાથ ઉપાડયો. ધનુષ ઉપર બાણ ચઢાવી ફેંકે જાય છે, તે એકનાં અનેક થઇ જાય છે. યાદવો પણ ચોતરફથી માર મારે છે. અર્જુનજી ગાંડીવનામે ધનુષ ઉપર બાણ ચઢાવી ફેંકે છે તે જાદવોના હથિયારને કાપી નાંખે છે પણ જાદવ અનેક ને અર્જુન એક તેથી ગ્અર્જુનજી ગભરાવા લાગ્યા. યાદવોએ અર્જુને વીંધી નાંખ્યો. અર્જુને વિચાર્યું, હું એકલો આટલી બધી સેનાને કેવી રીતે પહોંચી શકીશ! એમ વિચાર કરતાં યાદ આવ્યું, મોહાસ્ત્ર બાણ મારું તો સર્વે મૂર્છિત થશે.

એમ ધારી મોહાસ્ત્ર બાણ અગણિતો મંત્ર ભણી માર્યું. તેથી અનેક બાણ થઇ સર્વેનાં હૃદયમાં પેસી ગયાં તેથી સર્વના પ્રાણ ઊંચા ચઢી ગયા ને સર્વે બેભાન થઇ પૃથ્વી પર પડયા. ફક્ત કૃષ્ણ તથા બળદેવજી બંને ભાઇ સાવચેત રહ્યા, પછી અર્જુને કહ્યું, ચાલો તમારે લડવું હોય તો યુદ્ધ કરવા તત્પર થઇ જાઓ. બળદેવજીએ હળમુશળ લીધું એટલે શ્રીકૃષ્ણે ચક્ર લીધું. ત્યારે બળીભદ્રે કહ્યું, ભાઈ, તમે ચક્ર રહેવા દો હું હળમૂશળથી જોગીનું મસ્તક છેદું છું. ત્યારે પ્રભુ કહે, તમે યોગીને મારો તો હું ચક્ર લઇને છપ્પન કોટી યાદવોને મારૂં. ત્યારે બળદેવ કહે, અલ્યા જાદવોનો શો વાંક છે! ત્યારે પ્રભુ કહે, યોગીનો શો વાંક છે? બળદેવ કહે; આપણી બહેનનું હરણ કર્યું. ભગવાન કહે, ક્ષત્રીનો ધર્મ છે. હું જ્યાંથી હરણ કરી લાવું છું, તેમ મારે ઘેર થાય. ત્યારે બળદેવ હળમુશળ પછાડી નગરમાં ગયા, પછી પ્રભુ જઇ અર્જુનને એટલે બળદેવ હળમુશળ પછાડી નગરમાં ગયા, પછી પ્રભુ જઈ અર્જુનને નમી પડયા ને કહ્યું કે અમે હાર્યા ને તમે જીત્યા અર્જુન કહે, મહારાજા આટલી બધી વાર સુધી યુદ્ધ કરાવ્યું અને હવે નમવા આવ્યા તેનું શું કારણ? પ્રભુ કહે, અભંગ રથ તથા ભાથો મંગાવવો હતો તેથી યુદ્ધ કર્યું. પછી અર્જુનને ગામમાં લઇ ગયા. ને પ્રભુ બળદેવજીને મનાવા માટે ગયા. બળદેવજી કહે, જા અલ્યા કપટી, તું તો મારો ભાઇજ નથી. આપણાકુળમાં લાન્છન લગાડયું તેને તું જઈને નમી પડયો. ત્યારે પ્રભુ કહે, ભૂલ્યા, જે થનાર હતું તે થઈગયું. આટલું કહ્યા છતાં હળધારીએ માન્યું નહિ. પછી પ્રભુએ અર્જુનજીનો જોગી વેશ ઉતરાવી નાંખ્યો. ક્ષત્રીનાં વસ્ત્ર અલંકારો અર્જુનજીને પહેરાવી દીધાં.

પ્રભુએ અર્જુનજીને કહ્યું કે ઇંદ્રપ્રસ્તમાં કંકોત્રી લખો એટલે સઘળા જાન લઈ અહીં આવે. અર્જુનજીએ તરત કંકોત્રી લખી દીધી. એક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સેવકની સાથે ઇંદ્રપ્રસ્તમાં કંકોત્રી મોકલી દીધી. સહદેવે સૌના સાંભળતાં, કંકોત્રી વાંચી. પછી હસ્તિનાપુરમાં ભીષ્મ વિદુરને સંદેશો કહાવ્યો તેથી સતીઓ જાનમાં જવા માટે ઇંદ્રપ્રસ્તમાં આવ્યા. દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, ભીષ્મ વિદુર પાંડવોને ત્યાં આવ્યા. પાંડવો સતીઓને પગે લાગ્યા અને આદરસત્કાર કરી પોતાના ઘેર ઉતાર્યાં. પછી પાંડવો જાન લઇને દ્વારકામાં આવી પહોંચ્યા.

કૃષ્ણ પ્રભુએ સુંદર મકાનમાં ઉતારો આપ્યો. અર્જુનજી માતા તથા ભાઇઓ સર્વને મળ્યો. પ્રભુ બોલ્યા, લગ્નનો દિવસ આજ ઘણો ઉત્તમ છે માટે કન્યાદાન દઇશું. એમ કહી મંડપ રચાવવા માંડયો અર્જુનજીએ લગ્નની તૈયારીઓ કરવા માંડી, વસ્ત્ર અલંકારો પહેરી તૈયાર થયા, પ્રભુએ પાંડવોને કહાવ્યું કે લગ્નનો સમય વીતી જશે માટે તૈયાર થઇ મંડપમાં આવો, એટલે પાંડવો મંડપે આવ્યા. અર્જુનજીને મંડપમાં પધરાવ્યા પ્રભુએ સુભદ્રાને પણ મંડપમાં પધરાવી, પ્રભુ કન્યાદાન આપે છે. પાંડવોના ગોર કૃપાચાર્ય અને યાદવોના ગોર ગર્ગાચાર્ય પરણાવે છે. પ્રભુએ પહેલા મંગળ વખતે ગાયોના દાન આપ્યાં, બીજું મંગળ વરતાવા માંડયું તેમાં દાસીઓના દાન આપ્યા, ત્રીજા મંગળ વખતે પૃથ્વીનું દાન આપ્યું, ચોથા મંગળ વખતે ભંડાર આપ્યો અને ત્યાર પછી વર કન્યાને કંસાર જમાડયો, રૂપૈયા વીંટીઓથી રમાડયાં, વરકન્યાને ગોત્રજ આગળ પગે લગાડયાં. એ પ્રકારે વિધિ પ્રમાણે લગ્ન કરી આનંદ ઓચ્છવ કરવા લાગ્યા. પ્રભુએ ધન ભરી બે રથ આપ્યા અને તેના ઉપર સિરપાવ કર્યો. પછી કુંતાજીને પૂછવા લાગ્યા, કુંતાજી જે માગવું હોય તે માગી લો. કુંતાજી કહે, સદા મને ભક્ત ભાવે દાસ જાણજો, એટલે ધર્મરાજાને પૂછવા લાગ્યા. માંગવું હોય તે માગી લો કારણકે તમજોગ મારાથી કાંઈ અપાયું નથી. ધર્મે કહ્યું, મહારાજ, અમારા ઉપર મહેર રાખો એટલે ઘણું છે. પછી અર્જુનને પૂછયું, અર્જુને કહ્યું, મેદાનમાં મને ઘણું આપ્યું છે. એટલે સહદેવને પૂછયું, સહદેવ કહે કરૂણા રાખો, માગનારો માગીલેશે, પછી નીકુળજીને પૂછયું, નીકુળે જવાબઆપ્યો, અરે મહારાજ, કાંઈ ખામી નથી. એવામાં ભીમસેન બબડવા લાગ્યો, કૃષ્ણ સર્વને પૂછે છે પણ મને પૂછતા નથી, ન જમનારાને નવ નોતરાં અને જમનારાનો કોઈ ભાવ પૂછતું નથી. એવામાં પ્રભુ વૃકોદર પાસે આવ્યા અને પૂછવા લાગ્યા, ભીમસેન, તમારે માગવું હોય તે માગી લો. મારાથી તમયોગ્ય અપાયું નથી, ભીમ કહે, ખરી વાત છે, મહારાજ, આટલા દિવસ ગાયો ચારી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હમણાં ઘર ગામ વસાવ્યું. ભગવાને ભીમને કહ્યું, કાંઈ માગો, ભીમ કહે તમે મને શું આપશો ? પ્રભુ કહે, તમારે શું જોઇએ છે તે કહો, વાયુપુત્ર કહે, હમણાં ઊભા રહો વિચાર કરીને માગું છું,એવામાં ધર્મરાજાએ ભીમનો ચર્ણ દબાવ્યો અને કુંતાજીએ સાન્ન કરી,જોજે વગર વિચાર્યું બોલીશ તો પ્રભુ તોલ કરશે. ભીમે કહ્યું, અરે મહારાજ,મારે નથી માગવું. કારણ કે કુંતાજીએ આંખો કાઢી અને ધર્મે પગ દબાવ્યો.પ્રભુએ કહ્યું,કોઈ ભીમને વારશોનહિ,જે માગવું હોય તે માગવા દો. ભીમે કહ્યું,મહારાજ, હું માગું તે આપો.આજથી મારા કુળ કુટુંબમાં કોઇને દિકરી થાય નહિ. ત્રિલોકી નાથે કહ્યું તથાસ્તુ.ધર્મ રાજાએ કહ્યું,અરે મૂર્ખા, તેં આ શું માગ્યું ? કુટુંબમાં કોઇને કન્યા ન થાય. કન્યાદાન દે તેને સપ્ત યજ્ઞનું ફળ મળે છે.એટલે ભીમસેન બોલ્યા આવા મોટા દ્વારકાપતિને પણ પગે લાગવું પડયું. માટે મારે પેટ કન્યા હોય તો તેવી રીતે મારે પણ પગે લાગવું પડે. ધર્મરાજાએ કહ્યું; ભીમ ગતિ વિનાનો ગાંડો છે. હવે માગવાનું હતું તે માગી લીધું, પછી પાંડવોએ પ્રભુ પાસે વિદાયગીરી માગી. પ્રભુએ જાનુને સુભદ્રા સહિત વળાવી દીધી. સુભદ્રા ચાર દિવસ સાસરે રહી પાછી દ્વારકામાં આવી.તે વાતને વરસ દહાડો થયો પછી કુંતાજીએ પાંડવોને કહ્યું, તમારામાંથી એક જણ જઇને સુભદ્રાને આણું કરીને તેડી લાવો. ધર્મ કહે, મારું નામ ન દેશો. કુંતાજી કહે, જેઠ હોય તે તેડવા જાય કાં તું જાય. કે ભીમ જાય. ભીમ કહે, લો હું જાઉં છું, કારણ અર્જુનથી હું મોટો છું. કુંતાજી કહે તને નથી મોકલવો.તને ખાધા બોલ્યાનો ધડો જ નથી, ભીમસેન કહે ના માતાજી,વેવિશાળમાં તો બોલ્યાચાલ્યાનો નિયમ રાખવોપડે તે હું સમજું છું,જો ઠપકો આવે તો સુભદ્રાને પૂછી જોજે.કુંતાજી કહે,વારુબેટા ખુશીથી જાઓ, અને તેડી વહેલા આવો. ભીમસેન વસ્ત્ર અલંકારો પહેરી લીધાં અને ગદા ધારણ કરી હાથી ઉપર ચઢી બેઠો. દ્વારકામાં ગજશાળામાં જઈહાથીને તાણી બાંધ્યો. પછી પ્રભુના ઘર તરફ ચાલ્યો,મોહનજીએ મશ્કરી કરવાના ઈરાદાથી છડીદારોને ઊઠાડયા અને દ્વારકા બંધ કરાવ્યું. રુક્ષ્મણીની પાસે ભોજન પીરસાવ્યું અને માળ ઉંપરજમવાબેઠા.એવામાંભીમસેન આવ્યો.

તેણે બારણાં બંધ દીઠાં, ભીમે વિચાર્યું,કે માન વિના ઘરમાં પેસવું એ ઠીક નહિ,તેથી ઘર પાસે આમ તેમ ફરવા લાગ્યો. મશ્કરી કરવાના ઇરાદાથી પ્રભુ મોઢેથી સબડકા બોલાવે છે,તે સાંભળી ભીમના મોઢાંમાં પાણી ભરાઇ આવ્યું. વૃકોદરે વિચાર કર્યો કે પ્રભુ જમવા બેઠા છે અને હું બારણે અથડાઉ છું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમ જાણી ભીમે બારણાં ઠેલ્યાં એટલે પ્રભુ બોલ્યા કોણ બારણાં ઠેલે છે?અજીઠે હાથે બારીએ જોયું તો ભીમને જોયા, પ્રભુએ કહ્યું, પધારો પધારો. છડીદારો પાસે બારણાં ઉઘાડાવ્યાં, પ્રભુ હાથ ધોઈ ઊભા થયા અને ભીમને આવકાર દેવા લાગ્યા. સેવકો પાસે આસન નંખાવ્યું અને ભીમને આદર કરી બેસાડયો સર્વની કુશળતા પૂછી. પ્રભુએ વૃકોદરને કહ્યું, તમે થાકયા પાકયા હશો, માટે નિરાંતે સૂઈ રહો. ભીમે વિચાર્યું. હું ભૂખ્યો રહી જઇશ તેથી કળકળીને બોલ્યો. હરીફરી તમે ગાયો ચારી જાણો તમે મેમાનની રીતમાં કશું જાણતા નથી.પ્રભુ કહે,એમ શા માટે બોલવું પડયું? ભીમ કહે,પહેલી ખાવાની તે વાત કરો પછી સૂવાની વાત.પ્રભુ કહે,માગ્યા વિના તો માયે ન પીરસે,મોઢે માગશો તો મળશે. એમ કહી પ્રભુ ઘરમાં ગયા અને સર્વે સ્ત્રીઓને બોલાવી કહેવા લાગ્યા, તમારી જેવી ઇચ્છા હોય તેવી રસોઈ કરો. સ્ત્રીઓ બોલી તમે પાશેર અનાજ જમો છો તમારું નામ પાશેરીઆ છે. કૃષ્ણ કહે, આજ પાશેરીઆ કહેવાની ખો ભુલાવવાનો છું માટે જેટલું રાંધવું હોય તેટલું રાંધો. સ્ત્રીઓ કહે મેમાન ખાઇ ખાઇને કેટલું ખાશે ? પ્રભુ કહે તમારી મરજીમાં આવે તેટલું રાંધી તૈયાર કરો,સ્ત્રીઓ બોલી,હે નાથ,જેટલું વધશે તેટલું તમારી કોટે બંધાવીશું.પ્રભુ કહે, સારું.એમ સ્ત્રીઓને આજ્ઞાઆપી પ્રભુ ભીમસેન પાસે આવ્યા.ભીમને નાવાની આજ્ઞાઆપી. ભીમ કહે,હું થાકયોપાકયો છું માટે તમે પાણી કાઢી આપો અને ચોળીને નવરાવો. પ્રભુ હસીને બોલ્યા. બહુ સારું. તમને નવરાવીશું તેમાં અમારી આબરૂ જવાની નથી, એમ કહી પ્રભુ પાણી કાઢવા ઊભા થયા. ભીમે વિચાર્યું, કૃષ્ણે મારી મશ્કરી કરી તેથી મેં તેમની કરી, એમ વિચાર કરી ખુશ થવા લાગ્યો. પછી ભીમસેને કહ્યું.અરે મહારાજ,હું જાતે નહાઈ લઈશ. આપ નિરાંતે બીરાજો, આપનું કેવું હેત છે તે જોવા માટે જ મેં આપને તેવાં વચનો સંભળાવ્યાં.પછી ભીમસેન નહાઈને માળ ઉપર જમવા ગયો. ત્યાં સ્ત્રીઓએ જાતજાતનાં પકવાન તથા શાક વિગેરે સાહિત્ય તૈયાર કરેલ છે. ભીમ ને ભગવાન સામાસામી બે બાજઠ ઢળાવી બીરાજ્યા, પાસે જળઝારી તથા વાડકા મીનાકારી વિગેરે તૈયાર કર્યું જમવા સારું બાવન ગજનો થાળ મૂકયો. ભીમ કહે, અરે મહારાજા, તમે કયાં ભોજન કરશો?પ્રભુકહે,મને આજ એવો પ્રેમ થયો છે,કે આપણે બંને ભેગાબેસી જમીએ. ભીમે કહ્યું, તમને જમવું નહિ ફાવે ભૂખ્યા રહેશો.પ્રભુ કહે હું તો જમેલો છું ફકત પ્રેમને લીધે જ ભેગો બેસીશ. ભીમ કહે કોઇ ગંદુ અને કોઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચોકખું માટે જુદા જમવા બેસો.પ્રભુ કહે,હું ગંદો હોઉ તો જુદો બેસું. વૃકો દર કહે, ના મહારાજ,તમને ગંદા કેમ કહેવાય.તમે સુઘડ છો પણ તમે જમવા પામશો નહિ: પ્રભુ કહે, કાંઈ ચિંતા નહિ એમ કહી સ્ત્રીઓને આજ્ઞા આપી, ભોજન પીરસી જાઓ. સ્ત્રીઓ જુદીજુદી સામગ્રી લઈ પીરસવા લાગી.તમામ સામગ્રી પીરસી દીધી. પ્રભુએ ભીમને કહ્યું,બ્રહ્માર્પણ કરો. ભીમે જળનો લોટો થાળમાં રેડી દીધો અનેથાળ મોંઢે માંડી પી ગયો. પ્રભુએ સ્ત્રીઓને હુકમ કર્યો કે જેટલું હોય તેટલું પીરસી દો. સ્ત્રીઓએ તમામ પીરસી દીધું અને ફેર ચૂલાસળગાવી રસોઇ ચાલુ કરી.ભીમસેન ઝપાટાથી ખાઈ ગયો, પ્રભુ આનંદ પામે છે કે સ્ત્રીઓ પાશેરીઓ કહે છે તેથી આજ ખો ભૂલી જશે. પ્રભુએ કહ્યું, જેમ રંધાતું જાય તેમ લાવી લાવીને પીરસી જાઓ. સ્ત્રીઓ કાચું પાકું લાવી પીરસે જાય છે.રાત્રીએજમવાબેઠાહતાતેવહાણું વાયું ત્યાંસુધીજમ્યાકર્યું.

આખી રાત સ્ત્રીઓંએ રસોઇ કરી તેથી આંખો ધુણી વડે કરીને ફુલી ગઈ. પછી સ્ત્રીઓ પગે લાગીને બોલી કે અરે સ્વામી, પાશેરીઓ નહિ કહીએ, એટલે પ્રભુને દયા આવી તેથી પ્રભુએ હાથ ધોયા.ભીમસેન કહે,કેમ હાથ ધોયા? પ્રભુ કહે; હું, જમી રહ્યો, ભીમ કહે, હું જમી રહ્યો છું પણ તમારી વાટ જોતો હતો કે તમે હાથ ધુઓ એટલે હું પણ ધોઉં,પછી ભીમે પણ હાથ ધોયા. બંને જણે મુખવાસ લીધા, સવારે પ્રભુએ બેનનો સાસરવાસો કરી વળાવ્યા, ભીમસેન તેડીને ઇંદ્રપ્રસ્તમાં ગયો. સુભદ્રા કુંતાજીને પગે લાગ્યાં, કુંતાજીએ આશીર્વાદ આપ્યો. કુંતાજીએ ભીમને પૂછયું, કેમ પ્રભુ ખુશીમાં છે? ભીમ કહે, હા માતા ખુશીમાં છે.કુંતાજીએ સુભદ્રાને પૂછયું, કેમ બેટા સુભદ્રા, ભીમસેન બરોબર રહ્યો હતો કે તોફાન કર્યું હતું ? સુભદ્રા કહે, ખુશીથી રહ્યા હતા પણ સંધ્યાકાળે જમવા બેઠા હતા તે સવાર સુધી જમ્યા, અને સઘળી સ્ત્રીઓની આંખો રસોઇ કરી કરીને ફુલી ગઈ હતી.કુંતાજી કહે મૂર્ખા,તને કયારે લાજ આવશે ? ભીમ કહે,માતાજી પ્રભુ અને હું બંને જમવા બેઠા હતા તેમાં પ્રભુ ખાઇ જાય અને હું ભૂખ્યો રહું.પ્રભુએ આખી રાત જમ્યા કર્યું, કુંતાજી કહે, જા જા રડયા,પ્રભુ મારો અજાણ્યો નથી અને તું પણ અજાણ્યો નથી.ભીમ કહે, ખાવું ને વળી ખાઇશું, જ્યાં જઇએ ત્યાં પેટને કયાં મૂકીએ ? કુંતા કહે, ખાવાનું હોય તેમ ખવાય,ભીમ કહે જે ખાય તે ધાય પછી સર્વે સુખ શાંતિમાં રહે છે એવામાં ઇશ્વર ઇચ્છાએ સુભદ્રાને પેટ ગર્ભ રહ્યો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ તેવીસમો

એ કથા રહી એટલે, સુણ જનમેજય રાય;
વલ્લભ વદે અભિમન્યુના જન્મ તણી કથાય.

વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે કે સુભદ્રાને પેટ ગર્ભ રહ્યોતેથી પ્રભુ સિમંત ઉપર ઇંદ્રપ્રસ્તમાં આવ્યા અને સઘળી વ્યવહાર રીતિ કરી ગયા. પાંડવો ઉપર પ્રભુની બહુ પ્રીતિ છે. પ્રભુએ સુભદ્રાને દ્વારકામાં તેડાવી લીધી. હવે એના ગર્ભમાં દૈત્યનો અંશ છે તેની કથા તને કહી સંભળાવું છું તે સાંભળ.

સૂળ જોવા જતાં ચંદ્રનો અવતાર છે પછી અસુરનો પરિવાર નીવડયો હેદાનવ મેદાનવ નામના બંને અસુરો હતા. તેમાં હેદાનવ અસુર મહા બળવાન હતો. તે બંને અસુરોને પ્રભુએ મારી નાખ્યા હતા તે વખતે તેની સ્ત્રી ગર્ભવતી હતી, પછી તે સ્ત્રી પોતાના પતિનું મરણ સાંભળી બીજા અસુરના ગામમાં જઇને વસી, ત્યાં તેને પુત્ર થયો તે પુત્રનું નામ હેલોચન પાડયું. તે પાંચ વરસનો થયો એટલે માએ ગુરુજીના ત્યાં વિદ્યા ભણવા સારુ મોકલ્યો. એવામાં રસ્તે જતાં ડોશી મળી. તે ડોશીને ઠેસ વાગી અને પૃથ્વી પર પડી ગઈ,તેથી ડોશી બોલી, મેરમુઆ નબાપા, મને શું મારી મારને તારા બાપને મારનારને.ત્યારે હેલોચન પૂછવા લાગ્યો, ડોશીમાં મને નબાપો કેમ કહો છોએટલે ડોશી બોલી,રડયા,તારો કયાં બાપ છે' જાતારી માને જઈને પૂછીજો,તે તને કહેશે.એટલે હેલોચન પોતાનેઘેરપોતાનીમાનેપૂછવા લાગ્યો,હે માતૃશ્રી,તું મારી માતા છે પણ મારોપિતા કયાં છે?એવા પુત્રનાંવચન સાંભળીને રાક્ષસણી રડી પડી અને બોલી કે દ્વારકાના પતિ શ્રીકૃષ્ણજીએ તારા પિતાનો નાશકર્યો. એવું સાંભળીહેલોચન બોલ્યો,માતાજી,હું કૃષ્ણના ઘેર જાઉં છું અને ગમે તેમ કરી પિતાનું વહેર લઉં તો જ હું પુત્ર ખરો,નહિતો તારે પેટ પથરો પડયો છું એમ સમજજે. માતાએ પુત્રનો હાથ ઝાલ્યો અને કહ્યું. બેટા તે દેવલોક છે અને આપણે અસુરો છીએ, દેવને અને દાનવને તો અનાદિનું વહેર છે,માટે આપણે લડવાની જરૂર નથી. હે પુત્રહેલોચન, અનાદિનું વહેર કોને કોને છે તે કહી સંભળાવું છું, આદ્ય વહેર ગુણકા ને સતી, યોગીને જતીને, જ્ઞાનીને, અજ્ઞાની, જુના વિચારવાળાને અને નવા વિચારવાળાને, ન્યાયીને અને અન્યાયીને, વિવેકીને અને અવિવેકીને,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિચારવંતને અને અવિચારીને, સાચાને અને જુઠાને, જગતને અને ભકતને, અંરતને અને અધીરને,અને,લોભીને અને સંતોષીને.એ રીતે ઘણા પ્રકારનાં વહેર છે માટે વઢવા નથી જવું. ગોવિંદજીની અકળગતિ છે અને તે અનેક પ્રકારનાં રૂપ ધારણ કરે છે માટે તેમને જીતવાની આશા છોડી દે, તે અનેક પ્રકારની યુકિત કરી તને છેતરી મારી નાંખશે. તો પણ પુત્રે પોતાની માનું કહેવું માન્યું નહિ. પુત્ર માતાની રજા લઈ મહાદેવજીનું તપ કરવા ગયો.

એક સુંદર શિવનું દેવાલય હતું ત્યાં જઇ આસન વાળી તપ કરવા લાગ્યો, થોડે દિવસે ભોળાંશંભુ પ્રસન્ન થયા. ને આવી પુત્રને મસ્તકે હાથ મૂકી કહેવા લાગ્યા, માગ માગ તે આપું. હેલોચને કહ્યું. હે ભોળાશંભુ દ્વારકાધીશ મારે હાથે મૃત્યુ પામે. એટલે શંકરે કહ્યું, જા તું દ્વારકાધીશના હાથે મૃત્યુ પામીશ.હેલોચન બોલ્યો,કેમ મને અવળું વરદાન આપ્યું? પુષ્કળ તપ કરી કૈલાસ ડોલાવું અને તમારી પાસે સવળું બોલાવું. શિવ કહે,હું કહું તે તું કર, એક મજબૂત પેટી લઈ આવ. હૈલોચન તરત વનમાં ગયો અને કાષ્ટ શોધવા લાગ્યો,બોરસલ્લી નામનું એક વૃક્ષ છે અને તે વૃક્ષ ઓત્રાનો છઠો અવતાર છે.તેબોરસલ્લીનેતેણે કાપી નાંખી,વિશ્વકર્માને ઘડવા આપી.તે પેટીને મજબૂત ઘડી એને સવાસો મણ લોઢે જડી.બાવન કુચી છપ્પન ભેરવિગેરે પેચવાળી સુંદિર પેટી બનાવી. તે પેટી લઇને હૈલોચન મહાદેવ પાસે આવીને ઊભો રહ્યો. તે પર શિવે એવું સરનામું કર્યું કે યે પેટીમાં પહેલો પેસે તે મરે. હૈલોચન ખુશી થયો અને પેટી લઇને પંથે પડયો. ક્રોધે આંખો લાલચોળ કરી દ્વારકા ભણી ચાલ્યો, પ્રભુએ તે વાત જાણી અને વિચાર કરી અસુરના સામા આવ્યા,અંતર્યામી બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને માર્ગમાં આવીને ઊભા રહ્યા. માથે ધોળી પાઘડી પહેરી છે,ડાબે હાથે લાકડી ઝાલેલી છે, ચાર છેડે પોતિયું પહેરી લીધું છે. બગલમાં પોથી મારી, પાઘડીમાં ટીપણું ખોસ્યું છે. લલાટે ભસ્મ ચોળી છે, ખાંધે ઝોળી ભેરવી છે,- જમણા હાથમાં તુંબીનું પાત્ર છે, આંખે સુઝતું નથી.ચામડી લટકે છે, કાયા થરથર ધ્રુજે છે, દાંત પડી ગયા છે અને ડાચા મળી ગયાં છે, મોઢે તથા માથે પળિયાં ઉગ્યાં છે, કમ્મરમાંથી બેવડા વળ્યા છે,એવું વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી માર્ગમાં આવીને ઊભા.

અસુરને જોઈ પ્રભુએ બૂમ પાડી કે હે દાનવ જજમાન, એવા શબ્દ કુંવરે સાંભળી મહારાજને પૂછયું કે કેમ ભુદેવ રુદન કરો છો? એટલે પ્રભુએ જવાબ આપ્યો કે તું તારે ચાલ્યો જા તારે પુછવાની શી જરૂર છે?મારા હૈદા-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નવ જજમાનને કૃષ્ણ કાળાએ મારી નાંખ્યો છે માટે મારે તેનું વેર લેવું છે, હેદાનવની સ્ત્રી ગર્ભવતી હતી તે નાસી ગઇ છે એનું શું થયું હશે તેની મને ખબર નથી, તેને પુત્ર આવ્યો કે પુત્રી આવી. હેલોચને જાણ્યું, જરૂર મારા ગોર જ છે. પછી હેલોચને કહ્યું કે મહારાજા, તમારા જજમાનનો પુત્ર છું. એટલે પ્રભુ હસી પડયા અને કુંવરને હૃદય સરસો ચાંપ્યો, પ્રભુએ કહ્યું, બેટા, તું મોટો થા એટલે વેરે વેર લઇએ. કુંવર બોલ્યો, મહારાજા આજને આજ વેર લેવા જવું છે. જુઓ પેટી ઉપર મહાદેવજીએ અક્ષર લખી આપ્યા છે. એટલે દ્વારકામાં જઇ કૃષ્ણ કાળાને ઊંચકી પેટીમાં ઘાલી મારી નાંખું. પ્રભુએ માથું ધુણાવીને કહ્યું કે બેટા, કૃષ્ણ કાળીઓ આ પેટીમાં માવાનો નથી. હેલોચન કહે, એ કેવડો મોટો છે? પ્રભુ કહે, તારા જેવડો. કુંવર કહે, હું પેટીમાં માઈ શકું કે નહિ? પ્રભુ કહે, જે કામ કરવું તેમાં શંકા ન રહે તેવું કરવું, તું પેટીમાં પેસી જો હું અડકાવી જોઉં; પછી આપણ બન્ને દ્વારકા જઇએ અને કૃષ્ણને અંદર ઘાલી મારી નાખીએ. કુંવરે સત્ય માની પેટી મસ્તક ઉપરથી નીચે મૂકી પોતાનો એક ચરણ પેટીમાં ઘાલ્યો, પછી વિચાર આવ્યો કે મારી માએ મને ટોકયો છે કે કૃષ્ણ કાળીઓ અનેક રૂપ ધારણ કરે છે માટે રખેને આ કૃષ્ણ તો નહિ હોય? એમ ધારી પગને બહાર કાઢી લઇ પાછો પેટીને માથે મૂકી આગળ ચાલ્યો. પ્રભુએ જાણ્યું કે કાંઠે આવેલું નાવ બુડે છે માટે યુક્તિ લડાવું તો ઠીક. એમ ધારી શ્રીહરિ પૃથ્વી ઉપર ઢળી પડયા અને પોકાર કરવા લાગ્યા, હે હેદાનવ જજમાન આ પુત્ર મને કોઈ કપટી જાણ્યો. હે પુત્ર તને મારનારો મરી જજો, એપ્રકારે પ્રભુ પગ ઘસતા જાય છે અને મનમાં હસતા જાય છે. માથેથી પાઘડી નાંખી દીધી તુંબડું ફોડી નાખ્યું અને રડવા લાગ્યા, તે જોઈ કુંવરને વિશ્વાસ આવ્યો કે કોઇ પ્રપંચી નથી, જરૂર મારા ગોર જ છે. એમ ધારી પાછો આવી ગોરને નમસ્કાર કરી બોલ્યો, હે મહારાજા, હું પેટીમાં પેસી જોઉં છું પછી ચાલો આપણે બંને દ્વારકામાં જઇએ. એમ કહી અંદર તે પેઠો, પ્રભુએ પેટી અટકાવી દીધી અને આઘા જઈ ઊભા રહ્યા. હેલોચને કહ્યું કે હે મહારાજા હવે પેટી ઉઘાડો કારણ કે હું અકળાઈ મરું છું. એટલે પ્રભુ બોલ્યા, અલ્યા ગોર કોણ ને કોણ જજમાન, હું જાતે કૃષ્ણ કાળીઓ જ છું. કુંવરને રીસ ચઢી અને બોલ્યો કપટ કરી મને અંદર ઘાલ્યો માટે જુગદીશ નામ ખોટું ધારણ કર્યું છે મને એકવાર બહાર કાઢે તો જુગજીવન નામ ધારણ કર્યું પરમાણ છે. હું કયારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દ્વારીકાનાથ જાણું કે આપણે બંને બાથોબાથ વઢીએ. આપણે ધનુષ બાણથી લડીએ. ભાલાની અણીએ લડીએ, ઢાલ તલવારથી લડીએ. એવું સાંભળી ભગવાને કહ્યું, અલ્યા મૂર્ખા, શાને માટે બકવાદ કરે છે ? જીતી બાજી હવે શા માટે હારવી ? ગોળેમરે તેને વિષ શા માટે દેવું ? માટે છાનામાના પેટીમાં મરી જાઓ અને જોર હોય તો પેટીમાં કરો:એટલે હેલ્લોચન કોપે ચડયો અને પેટીને લાત મારી તેથી પેટી ગગનમાં ઊંચે જઈ હેઠે પડી એટલે બીજી વાર લાત મારી. પાછી પેટી ઊંચે જઈ હેઠળ આવીને પડી. ત્રીજી લાતે ત્રીજી વાર ચડી અને પાછી નીચે આવીને પડી, પછી પ્રભુએ ચૌદ બ્રહ્માંડનો ભાર મૂકયો, તો પણ પેટી ચાર ગજ ઊંચી ઉછળીને અસુર પેટીમાં મરી ગયો.

દેહથી આત્મા જુદો પડયો, પેટીમાંથી જીવને જવાનો રસ્તો જડતો નથી તેથી પેટીમાંને પેટીમાં ભમ્યા કરે છે.પછી પ્રભુએ પોતાનું રૂપ ધારણ કર્યું અને ઉપરણાનું ઊઢાણું કરી પેટીને મસ્તક મૂકી દ્વારકાંમાં આવ્યા નારીઓએ પ્રભુને જોઇને વિચાર કર્યો, પેટીમાં કાંઈ લેતા આવ્યા છે, અમૂલ્ય વસ્તુ હશે કારણ કે પ્રભુએ જાતે ઊંચકી છે, એમ જાણી સર્વે સ્ત્રીઓ પ્રભુને આવકાર દેવા લાગી, પણ પ્રભુ કોઇને ત્યાં ઊભા રહ્યા નહિ અને ચાલ્યા ચાલ્યા સુભદ્રાને ઘેર આવ્યા.સુભદ્રા પ્રભુને જોઈ અતિ આનંદ પામી અને પૂછવા લાગી,પેટીમાં શું લાવ્યા છો ? પ્રભુ કહે,જે છે તે ઠીક છે. તમારે જોવા જેવી વસ્તુ નથી માટે તમારે પેટીને ઉઘાડવી નહિ,જો ઉઘાડશો તો દુઃખી થશો,સુભદ્રા કહે,બહુ સારુ ભાઈ,હું પેટીને ઉઘાડીશ નહિ. એમ કહી સુભદ્રા પોતાને કામે લાગી. પ્રભુએ પેટીને સુભદ્રાના સાતમે માળે મૂકી,પેટીની કૂંચીઓ સુભદ્રાને સોંપી પ્રભુ પોતાને ઘેર ગયા, કૃષ્ણજીની અષ્ટાપટરાણીઓ એક દિવસ ભેગી થઇ વિચાર કરવા લાગી, પ્રભુએ પેટી લાવીને સુભદ્રાના ઘેર મૂકી છે તેનું કંઈ વિચિત્ર કારણ જણાય છે. માટે તે પેટીમાં શું હશે તેની તપાસ કરીએ તો બહુ સારુ થાય.એમ વિચારકરી અષ્ટપટરાણીઓ ભેગી મળી સુભદ્રાને ઘેર આવી. સુભદ્રાએ અષ્ટપટરાણીઓને આવકારઆપી બેસાડી પછી પૂછયુ,ભાભી કેમ પધાર્યાં? ત્યારેરુક્ષ્મણીજીએકહ્યું, આજ અમને તમારા ઉપર પ્રેમ આવ્યો છે. એમ કહી રુક્ષ્મણીજીએ કંચુકી આપી,જાંબુવંતીએ વાળી આપી અને સત્યભામાએ સાળુ આપ્યો એ પ્રમાણે અષ્ટપટરાણીઓએ પોતપોતાની મરજીમાં આવ્યુ તે પ્રમાણે સુભદ્રાનેઆપ્યું. સુભદ્રા કહે, આજ શું છે મને વિસ્તાર કરીને કહો. રુક્ષ્મણી બોલ્યાં, સહેજ સ્વભાવે આપ્યું છે,તમારા કરતાં બીજું અમારે શું વધારે છે ?તમારે જુદઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અમે જુદાઇ રાખતા નથી, સુભદ્રા કહે,હું કાંઈ જુદાઈ રાખું તેવી નથી, માટે આવવાનું કારણ કહો.રુક્ષ્મણી કહે,તમારા ભાઇ પેટીમાં શું લાવ્યાછે તે જોવાની ઇચ્છા છે.સુભદ્રા કહે,હું બતાવું પણ તમે કોઈ મારા ભાઈ ને વાત કરશો નહિ.

રૂક્ષ્મણીજી કહેવા લાગ્યાં,બહુ સારું બહેન, અમે તમારા ભાઇને વાત નહિ કરીએ.પછી સુભદ્રા બાવન કુંચીઓ તથા છપ્પન ભેરે લઈ માળ ઉપર ચડી અને અષ્ટ પટરાણીઓને પાસે બોલાવી સુભદ્રાએ પેટીના પેચ ફેરવ્યા.પેટીને ઉઘાડતાં જ સુભદ્રાને બગાસું આવ્યું તેવો જ અંદરનો ગભરાયેલો જીવ સુભદ્રાના મોંમાં પ્રવેશ્યો અને ગર્ભમાં નિવાસ કર્યો.અષ્ટ પટરાણીઓએ પેટીમાં મડદું દીઠું.એટલે અષ્ટ પટરાણીઓએ હસીને સુભદ્રાને કહ્યું,તમારા ભાઇની પુંજી જોઇ લીધી હવે પેટીને બંધ કરો,સુભદ્રાએ પેટી બંધ કરી રાણીઓ પોતપોતાના મહેલમાં આવી પસ્તાવા લાગી કે નકામું ખર્ચ કરી જણશો સુભદ્રાને આપી દીધી એમ દિલગીર થઇ રાણીઓ એક એકને કહેવા લાગી, પ્રભુ તો જન્મના અટપટિયા છે એમ વાતચીત કરી પોતાને કામે લાગી.સુભદ્રાના ગર્ભ વિશે અસુરે નિવાસ કર્યો છતે અસુર પેટમાં આમ તેમ ફરવા લાગ્યો અને લાતો મારી સુભદ્રાને દુઃખ દેવા લાગ્યો. એમ કરતાં કરતાં દશ મહિના થયા પણ પુત્રનો પ્રસવ થયો નહિ.સુભદ્રા ચિંતા કરે છે કે દસ મહનિા થયા પણ પ્રભુ બિલકુલ મારી ખબર જોતા નથી, અગિયાર મહિના થયા તો પણ પ્રસવ થયો નહિ, સુભદ્રાને અતિશય દુઃખ પડવા લાગ્યું.હાથ પગ દોરડી અને પેટ ગાગરડીના જેવું થઈ ગયું.આજ મરે કાલ મરે એવું થઈ ગયું.ઉઠાતું નથી.બેસાતું નથી તેમ સૂવાતું પણ નથી એમ કરતાં કરતાં સત્તર મહિના થયા તો પણ પ્રસવ થતો નથી.એમ કરતાં અઢાર મહિના પૂરા થવા આવ્યા એટલે પ્રભુ જોવા માટે આવ્યા, પ્રભુના આવવાથી સુભદ્રાને ભાન આવ્યું,સુભદ્રા કહે, શાબાશ ભાઈ, હું અતિશય દુઃખ પામું છું છતાં મારી પાસે આવવાની નવરાશ મળી નહિ.પ્રભુ બોલ્યા,તમે તમારા કર્મે કરીને દુઃખ પામો છો. મેં તમને પેટી ઉઘાડવાની ના પાડી છતાં તમે પેટી શા માટે ઉઘાડી ! હવે દુઃખ નિવારણ થાય તેવું કરું છું. હું સાત કોઠાની વિદ્યા ભણું છું તેમાં હુંકારો દેજો.તે સાંભળી ગર્ભે જાણ્યું કે તોફાન મૂકી વિદ્યા શીખી લઇશ તો કામમાં આવશે,એમ ધારી ગર્ભ પેટમાં સ્થિર બેસી રહ્યો,કૃષ્ણપ્રભુએ પોથી છોડી.ગર્ભ સ્થિર થવાથી સુભદ્રાને દુઃખની વેદના મટી ગઈ,પ્રભુ કોઠા વિદ્યા વાંચે છે તે ગર્ભ શીખી લે છે. સુભદ્રાને દુઃખ ઓછું થયું છે, ઘણા દિવસના ઉજાગરા ભેગા થયા છે, તેથી સુભદ્રાને ઉંઘ આવવા લાગી. પ્રભુએ છ કોઠા સુધીની વિદ્યા વાંચી પોતાની બહેનને ઉંઘેલાં જોઈ પ્રભુ બોલ્યા, બહેન પોથી બંધ કરું છું. ઉદરમાંથી ગર્ભે જવાબ આપ્યો, છ કોઠાની વિદ્યા શીખ્યો પણ સાતમા કોઠાની અધુરી રહી તે પૂરી કરો,પ્રભુ બોલ્યા,મળ સૂત્રમાં રહીને સાંભળે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે તેના કરતાં બહાર આવીને સાંભળે તો બહુ સારું, ગર્ભે જવાબ આપ્યો. હું કહું તે વચન આપો તો બહાર આવું. પ્રભુ બોલ્યા મારું વચન છે, તું જે કહીશ તે હું તને આપીશ. ગર્ભે કહ્યું, જે છ કોઠાની વિદ્યા ગર્ભ વાસમાં રહીને શીખ્યો છું તે વિદ્યા બહાર આવું તો પણ મને યાદ રહે તેવું વચન આપો, પ્રભુ કહે, જા, મારું વરદાન છે. છ કોઠાની વિદ્યા તને યાદ રહેશે. ગર્ભે કહ્યું, જાઓ દાસીને મોકલો હું બહાર આવું છું. પ્રભુ બહાર ગયા અને દાસીને સુભદ્રા પાસે મોકલી એટલે ગર્ભ છુટી ગયો અને કુંવર અભિજીત નક્ષત્રમાં જન્મ્યો તેથી તેનું નામ અભિમન્યુ ધરાવ્યું અને આનંદ ઓચ્છવ થઇ રહ્યો. ઈંદ્રપ્રસ્તમાં પાંડવોને કાગળ લખ્યો, પાંડવોએ મહાશુભ સમાચાર સાંભળી પુષ્કળ પુન્યદાન કર્યું. બંધીજનોની બંધી છોડી દીધી. એ પ્રકારે ધર્મરાજા, કુંતાજી વિગેરે ખુશી થયાં. વૈશમપાયન ઋષિ કહે છે, હેરાજા, આદ્ય પર્વ તને કહી સંભળાવ્યું. સવાલક્ષ બ્રાહ્મણોને જમાડયા. સવાસો વિપ્રને ઉપવિત સંસ્કાર કરાવ્યો. સવાસો કન્યાદાન દીધાં, અન્નધન સંપૂર્ણ ભરીને સવાસો બ્રહ્મપુરીઓ આપી, સવાસો ગાયોના દાન આપ્યાં એ પ્રમાણે વિવિધ પ્રકારનાં દાન કૃષ્ણાર્પણ કરીને આપી દીધાં. જનમેજયને અઢાર બ્રહ્મહત્યા લાગી હતી તેમાંથી એક બ્રહ્મહત્યામાંથી મૂકત થયો. અઢાર કાળા પડદા બાંધ્યા હતા. અઢાર કાળી ગાયો બાંધી હતી અને અઢાર કાળા તલના ઢગલા મૂકયા હતા. તેમાંથી એક ગાય, એક પડદો ને તલનો એક ઢગલો ધોળાં થઈ ગયાં. હે હરિજનો, આ પવિત્ર કથા સાંભળવાથી અને પુન્યદાન કરવાથી જાણ્યે અજાણ્યે પાપ થયું હોય તો મુકત થવાય છે. માટે પર્વ પૂરું થાય એટલે જરૂર શ્રદ્ધા પ્રમાણે પુન્યદાન કરવું જોઇએ, ગૃહસ્થ હોય તો ગૃહસ્થની રીત પ્રમાણે અને ગરીબ હોય તો તેના પ્રમાણે પુન્ય દાન કરવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. વિશેષ પુન્ય ન થાય તો એક પર્વે એક બ્રહ્મ ભોજન કરાવવું તેમ ન ફાવે તો પોષણ જેટલું આપવું. બ્રાહ્મણને ઉપવીતનો જોટો તથા સોપારી દક્ષણા વિગેર અર્પણ કરી પગે લાગવું, જનોઈ દેવાની તથા કન્યાદાન દેવાની ઉરમાં વિશેષ ઊર્મિ ધારણ કરવી. શાંત વૃત્તિ રાખી કથા શ્રવણ કરવી અને રૂડા પ્રકારથી ધ્યાન હરિનું ધરવું. આસ્તિક માણસને ઉત્તમ ફળ મળે છે અને ભગવાન તેના ઉપર રાજી રહે છે, કથા સાંભળવાથી શ્રોતા વકતા સુખી થાય છે અને નિર્મળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, મોક્ષપદ પમાય છે. માટે ભાઇઓને; પ્રભુ પદ મેળવવાની અપેક્ષા રાખવી. બીજા ત્રીજાની જરૂર રાખ્યા સિવાય પ્રભુનું ભજન કરે છે. તે વિદુર ભકત જેવો થાય છે.

આદ્ય પર્વ પૂરણ હવું, કથા કહી કરજોડ;
વલ્લભ વાણી ઓચરે, જેજે શ્રી રણછોડ.

આદ્ય પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૨. સભા પર્વ

વૈશમપાયન ઋષિ જનમેજય રાજા પ્રત્યે કહે છે કે હે રાજા, પ્રથમ મેં તને આ પર્વની કથા કહી સંભળાવી,હવે સભા પર્વ કહું છું.તેમાં યજ્ઞ કથા આવે છે માટે આ પર્વ જે માણસ શ્રદ્ધાપૂર્વક સાંભળશે અને વિધિ પ્રમાણે દાન આપશે તો જરૂર તેને યજ્ઞનું ફળ મળશે.નાસ્તિક પુરુષને કદી આસ્તા બેસવાની નથી, ઉલટો કથા સાંભળીને સંદેહયુકત થાય છે. છાશનું તત્વ શું છે તે શોધી કાઢતો નથી.છાશના કુચા નીચે પડયા રહે છે અને માખણ ઉપર રહે છે. જે માણસ ઉંડા હાથ ઘાલે છે તેના હાથમાં કુચા આવે છે;માટે કથા રૂપી કુચા જાણવા અને માખણ રૂપી મોહનલીલા સમજવી, દુષ્ટ અજ્ઞાની લોકો પ્રભુના ગુણ ગાતા નથી અને માયા કુચાને ગ્રહણ કરે છે. વિદ્વાનપણું જણાવવાને માટે ફલાણા રાજાના બાપનું શું નામ છે અને તેના સસરાનું નામ શું એવા નિરર્થક પ્રશ્ન પુછે છે. પોતે તો પોતાની દસમી પેઢીના બાપનું નામ જાણતા નથી તો વકતા જન પરાયાનું નામ કેવી રીતે જાણી શકે? માટે તેવા પ્રશ્ન પુછનારાને કપાળમાં ડામ દેવા જોઇએ.પારકાનું નામ જાણવાથી શું કલ્યાણ થાય? જયકારક પ્રભુને શોધી કાઢવા અને તેનું સ્મરણ કરવું હાસ્ય વિનોદ વચન છે રૂપી સાકર ઘૃતનો લાડુ સમજવો. કળીયુગમાં કડવું કૃષ્ણ પ્રભુનું નામ લાડુમાં ઘાલીને ખવાડું છું તો શ્રોતાજનો સંદેહ ધર્યા સિવાય શાંતચિત્તે શ્રવણ કરો.પાંડવ અને કૌરવનો ન્યાય અન્યાય જોવો,નીતિ કોની અને અનીતિ કોની છે તે સ્પષ્ટ રીતે સમજવું. કોને ઉત્તમ ફળ મળ્યાં અને કોને દુષ્ટ ફળ મળ્યાં તે સાંભળી જે માણસ શુભ માર્ગને ગ્રહણ કરશે તેવા પુરુષના ભાગ્યને ધન્ય છે.

વૈશમ ઋષિ કહે છે હે રાજા, ભગવાને પાંડવ ભકતની ભીડ ઘણી વખત ભાગી છે તે તું શ્રવણ કર. સુભદ્રાને પેટ રૂપરૂપનો ધામ એવો સુશોભિત પુત્ર અભિજીત નક્ષત્રમાં અવતર્યો તેથી તેનું નામ અભિમન્યુ પાડયું, તેને નવરાવે છે ધોવરાવે છે એ પ્રમાણે પુત્રની સેવા કરે છે. કુંવર ત્રણ મહિનાનો થયો. એક દિવસ સુભદ્રા પુત્રને પ્રભુ પાસે સુવાડીને બહાર ગઇ. પ્રભુએ ભાણેજનું કપાળ તપાસી જોઇને વિચાર કર્યો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કે અઢાર વર્ષનો થશે તો આ ભાણેજ મને મારશે અને દ્વારીકા ઊજ્જડ કરશે.તેમ સ્વર્ગ મૃત્યુ અને પાતાળનું શતવર્ષ સુધીરાજ્ય કરશે. એવું વિચારી શામળીઆએ અભિમન્યુની સોડમાં સર્પ મૂકયો. અભિમન્યુએ હાથમાં ઝાલી તેના કકડા કરી ફેંકી દીધા. પ્રભુએ નિશ્ચય કર્યો કે જેવી સર્પની વલે તેવી આપણી વલે,માટે આગળ ઉપર જોઇ લઇશું.એ વારતા પ્રભુએ ધ્યાનમાં રાખી. બહુ દિવસ વહી ગયા પછી ઇંદ્રપ્રસ્તમાં એક કાગળ લખ્યો, તમે તેડવા આવજો. પાંડવોએ પત્ર વાંચી જયજયકાર વર્તાવ્યો.કુંતાજી કહે ભીમસેન બેટા, દ્વારકામાં જાઓ અને તમારી ભાભી તથા ભત્રીજાને તેડી લાવો એટલે ભીમ તરત ઊભો થયો અને ગદા લઇ જે મંગળ નામના હાથી ઉપર બેઠો ને દ્વારકામાં ગયો. ગજશાળામાં હાથી મૂકી પ્રભુની પાસે આવ્યો, પ્રભુએ તેને આવકાર આપ્યો. સુભદ્રાએ પુત્રને ભીમના ઉછંગમાં મૂકયો, ભીમસેન પુત્રની છબી જોઇને અતિ આનંદ પામ્યો, પછી મસ્તકે હાથ ફેરવી આશીર્વાદ આપ્યો, તું મારા જેવો થજે, સુભદ્રા કહે,એમ ના કહેશો કારણ કે એક તોફાની તમે અને વળી બીજો આ તમારો ભત્રીજો થાય તો મારા ભોગ મળે; એ પ્રમાણે બોલી સુભદ્રા હસી પડયાં,પછી પ્રભુએ જમાડી કરી બહેનને વળાવી દીધાં.ભીમસેન તેડીને ઇંદ્રપ્રસ્ત ગયો.બાળકનેજોઇ કુંતાજીતથા ધર્મ વિગેરે ખુશી થયાં.એ પ્રમાણે ઘરસુત્ર વૃદ્ધિ પામવાથી સઘળાને અતિઆનંદ થયો.અભિમન્યુ પાંચ વરસનો થયો,ત્યારે એક દિવસે વેદવ્યાસજી કુંતાજીના મુકામે પધાર્યા એટલે કુંતાજીએ અતિ આદર કરી વ્યાસજીને આસન ઉપર બેસાડયા,વ્યાસજીનું પ્રેમ વડે પૂજન કરીને પગે લાગ્યાં,વ્યાસજી કુંતાજીને કહેવા લાગ્યા, તું બહુ ભાગ્યશાળી છે, કારણ કે પ્રભુની સહાયતા વડે કરીને છત છોકરાંથી તું ભરપૂર છે, પણ તારો સ્વામી પાંડુરાજા તે અવગતિને પામ્યો છે,પ્રેત રૂપે પૃથ્વી ઉપર ફરે છે, માટે તને ધિક્કાર છે. જો સપુત તાતની પુત્રી હોય તો તારા સ્વામીનો ઉધ્ધાર કર.એવું સાંભળી કુંતાજીને આંસુ આવ્યાં.કુંતાજી બોલ્યાં, હે મહારાજા કૃપાળુ, મારા સ્વામી સદ્ગતિને પ્રાપ્ત થાય તેવો ઉપાય બતાવો તો હું તે કામનો આરંભ કરું.વ્યાસજી બોલ્યા, તારા સ્વામીને સદ્ગતિ પહોંચાડવા હોય તો રાજસૂયી યજ્ઞ કર. કુંતાજી કહે, એ યજ્ઞમાં શું શું જોઇએ તે મને કૃપા કરી સંભળાવો.વ્યાસજીકહે પહેલવહેલો યજ્ઞનો આરંભ કરો એટલે પ્રભુ આવી સર્વે વાતની સમજ પાડશે, તેમ કરવાથી પાંડુરાજા સદ્ગતિને પ્રાપ્ત થશે. પ્રથમ શું કરવું તે તમને કહું છું.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પહેલાં શ્રીકૃષ્ણ પ્રભુને તેડી લાવવા:પ્રભુ આવી યજ્ઞનું કામ આરંભી લેશે અને સઘળું દુઃખ ટાળી દેશે.બીજું ગઢ લંકામાંથી સોનું લાવવું. ત્રીજું કામ ઘણું કઠણ છે પણ તે કામ પ્રભુકૃપાએ થશે, પાતાળ જઈ કાળી નાગ પાસેથીસરાવટ મંડપ લાવવો જોઇએ, ચોથું કામ એ છે કે સ્વર્ગમાંથી કામધેનું ગાય મંગાવવી.પાંચમાં કામમાં વીસહજાર વિદ્વાન બ્રાહ્મણ લાવવા. છઠું કામ ઘણું કઠણ છે તેમ વિઘ્નભરેલું છે, સર્વ જીવોના બંધ છોડાવવા. જ્યાં જ્યાં ક્ષત્રીનો દેશ હોય ત્યાં ત્યાં મનુષ્ય તથા પશુ-પક્ષી દરેકના જીવનું બંધન તોડવો. પોપટ પાંજરે રહેવા દેવા નહિ. ગાયના ગળે ગાળો જોઇએ નહિ. એ પ્રમાણે જે જે પ્રાણીને બંધન હોય તો તે બંધન ટાળો.કહ્યા છતાં કોઈ ન છોડે તે યુદ્ધ કરવું. કાં મરવું પણ ધારેલી વાત પૂરી પાડવી. એટલાં કામે કરવામાં કાંઇ પ્રશ્ન પૂછવો પડે તો શ્રી પ્રભુને પૂછી જોજો. એમ કહી વ્યાસ અંતરધ્યાન થઈ ગયા.

કુંતાજીએ રુદન કરવા માંડયું એટલે પાંચે પુત્રોએ આવીને પૂછયું કે હે માતાજી,કાંઈ પણ વિઘ્ન સિવાય શા માટે કલ્પાંત કરો છો ? કુંતાજી કહે, અરે દીકરાઓ, શું પૂછો છો ? તમારા પિતા સદ્ગતિને પ્રાપ્ત થયા નથી તેથી રુદન કરું છું જેવો મને ધિક્કાર છે તેવો તમને પણ ધિક્કાર છે. માટે સદ્ગતિ પમાડવાનો ઈરાદો રાખો તો હું અન્ન લઇશ,નહિ તો મારો દેહ ત્યાગ કરીશ. પાંડવોએ પૂછયું, માતાજી, તેના માટે શો ઉપાય કરવો ? કુંતા કહે દીકરાઓ ! રાજસૂય યજ્ઞ કરો તો તમારા પિતા મોક્ષ ગતિને પામે હાલ પૃથ્વી ઉપર પ્રેત થઇને ભમે છે.યજ્ઞનાં છ કામ વ્યાસજીએ કહ્યાં હતાં તે પુત્રોને કહી સંભળાવ્યાં. પછી રુદન કરી આંસુ પાડવા લાગ્યાં. કુંતાજીને રડતાં દેખીને ધર્મરાજાએ વિચાર કર્યો કે પહેલ વહેલું હું યજ્ઞનું કામ માથે લઇશ તો બીજા લેશે. એમ ધારી કુંતાજી કહેવા લાગ્યા,માતાજી,તમારા મનમાં ધીરજ રાખો. એ પ્રમાણે માતાની આસનાવાસના કરી ભાઇઓને કહ્યું, હે વીરાઓ, આપણા પિતા પ્રેત થઈ પૃથ્વી ઉપર ભમ્યા કરે છે તેનું આપણને મોટું લાંછન છે.જો તેમને મોક્ષ ન પમાડીએ તો આપણા જીવ્યાને ધિક્કાર છે, હું મોટોભાઈ છું માટે સ્વર્ગમાંથી કામદુર્ગા ગાય લાવવી તે મારે શિર છે. યજ્ઞ કરીશું તો સુખી થઇશું.ધર્મરાજાએ એ પ્રમાણે બોલી કુંતાજીને ધીરજ આપી,ભીમસેને વિચાર્યું કે મોટાભાઇએ એક કામ માથે લીધું માટે બીજું કામ મારે માથે લેવું જ પડશે.એમ ધારી વૃકોદર બોલ્યો,માતાજી હું વીસ હજાર બ્રાહ્મણોને તેડી લાવીશ. અર્જુન કહે, હું ગઢ લંકા જઇને સોનું લાવીશ. સહદેવ કહે, દ્વારીકાં જઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હું કૃષ્ણને તેડી લાવું છું. ભીમ કહે. એ કામમાં નહિ આવે, કારણ કે દ્વારકાં કાગળ લખી જણાવીશું એટલે કૃષ્ણ આવશે. અર્જુનના સાળા થાય છે, માટે તરત આવશે. સહદેવ કહે, વ્યાસજીએ કામ બતાવ્યું છે માટે તે કામ સિવાય બીજું કામ કરવાની મારી હિંમત નથી, ધર્મરાજા કહે, વારુ તેમ રાખો. નીકુળજી કહે પાતાળમાં જઈ કાળીનાગ પાસેથી હું સરાવટ મંડપ લાવીશ. ધર્મરાજા કહે છઠું કામ કઠિન છે. સર્વ જીવોનાં બંધ છોડાવવા પડશે તેમાં જરાસંધ ઘણો અભિમાની છે. મગધ દેશનો માલિક છે તેમ બે જનેતાનો બાળક છે. એણે ભોંયરામાં વીસ હજાર ક્ષત્રીને કેદ કર્યા છે, છોડાવતાં આપણને ઘણું દુઃખ પડશે. જો નહિ છોડે તો છેવટે યુદ્ધ કરવું પડશે, તે કામ કોણ માથે લે છે ? ત્યારે પાંચે ભાઈઓ એક એકના સામું જુએ છે પણ કોઈની હિંમત ચાલતી નથી. ભીમે જાણ્યું થનાર હશે તે થશે પણ લાભ્યને જશ તો લઉં એમ ધારી બોલ્યો, માતાજી, તમારા ચાર પુત્રોએ નીચું ઘાલ્યું પણ તે કામ હું બજાવીશ. કુંતાજી કહે, શાબાશ છે બેટા ? એટલે ભીમ પોતાના મનમાં મગ્ન થયો. ભીમ બોલ્યો, પહેલું કીયું કામ કરવું ! ધર્મ કહે દ્વારીકાંથી પ્રભુને તેડી લાવવા તે. ભીમ કહે, ઊઠો સહદેવ જોષી, દ્વારીકામાં જઈશ્રીકૃષ્ણનેતેડી લાવો.

સહદેવ ટીપણું કાઢી જોવા લાગ્યો, ને જોયું તો તે દિશામાં જતાં જોગણીનું ઘર સામું છે માટે એ દિશાએ જતાં ખપ્પર ભરાશે. હું આજ જાઉં તો દુઃખ પામું, ભીમ કહે, જોષીડા, તારાથી કાંઈ બનવાનું નથી. જો જવાનું ઇચ્છતો હોય તો જા. સહદેવ કહે. ભાઈ આજ જઇશ તો જરૂર હું પાછો નહિ આવું, માટે કાલ વહાણમાં જરૂર જઇશ. કુંતાજી કહે, વારુ બેટા; તેમ કરજે. ભીમ કહે, અમે પણ બ્રાહ્મણ લેવા બે ત્રણ દિવસ પછી જઇશું, પાંચ વરસ પછી જરાસંધને મારવા જઇશું. કુંતાએ જાણ્યું કે આ રડયો આડો ફાટયો માટે યજ્ઞ ભાગી પડશે, એમ ધારી ડોશી ઉદાસ થયાં, એટલે સહદેવ અકળાઇને ઊભો થયો. ભાગી ના પાડશો હું ચાલ્યો. એમ કહી સહદેવે પોતાના સારથીપાસે રથ જોડાવ્યો, આયુદ્ધ હાથમાં લઈ રથમાં બેઠો, સૂર્ય મેર બેઠો તે વખતે થરને હાંકયો, નગ્રની બહાર નીકળ્યા એટલે અંધારું ઘોર થયું. માર્ગમાં પશુ પક્ષીના બિહામણા શોર થાય છે, એવામાં એક મેદાન આવ્યું તેમાં કેવી હકીકત બની તે શ્રોતાજન શ્રવણ કરો. બાળવેશે છુટાકેશે ચોસઠ દેવી રમે છે. ચીર કસીને કેડે બાંધ્યા છે, ચણિયા ચોળી પહેરી લીધાં છે ખપવા ખંજર સાંગ્યો વિગેરે હથિયારોમાં ગ્રહેલાં છે તેમ મસ્તકમાં અતિશય તેલ ઘાલેલું છે. ચોસઠ જોગણી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભક્ષની ભોગણીરથ જોઈને મનમાં પ્રસન્ન થઇ,ભલુ આજ ભક્ષ મળ્યું છે.શુકન સારા થયા એમ એક એકને વાતો કરે છે,ત્યારે સહદેવજી ખમચાયો નહિ ને સુસવાટાભેર રથ હંકારાવીને ચાલ્યો, એટલે ચોસઠે જોગણીઓ ઘેરો ઘાલી સનમુખ આવીને ઊભી. સહદેવને રથ રોકી રાખ્યો. કુંતાપુત્ર સહદેવ બોલી ઊઠયો, હે માતા ? રસ્તો શા માટે રોકો છો? જોગણી કહે,આજ આ દિશામાં ખપ્પરનો વારો છે,તેમ છતાં તું અહીં આવી ચડયો માટે જરૂર તારો ભોગ લઇશું.

સહદેવ કહે ધન્ય ભાગ મારું કે તમે ભક્ષણ કરશો,પણ મારે એક કામ છે. જોગણીઓ બોલી,શું કામ છે? સહદેવ કહે દ્વારિકામાંથી પ્રભુને તેડી લાવવા છે. માટે આજ જવા દો.કાલે મારો ભોગ લેજો.જોગણીઓ બોલી,કાલે આ દિશાએ અમારો હક્ક નથી માટે આજ જવા દેનાર નથી,સહદેવ કહે,માતાજી,આજભોગ નહિ મળે તેમ છતાં રોકી રાખશો તો જોયા જેવું બનશે,દેવી કહે,તમારાથી થાય તે કરી નાંખો.એમ કહી હથિયાર ઉંચા કરી સહદેવને મારવા માંડયો. મરજાદ લોપીને જોષીને પુષ્કળ દુઃખ દેવા લાગી, ખપવા,ખંજર,ત્રિશુળ,સાંગ્ય,ભાલા અને તલવારો ફેંકાવા લાગી.પછી સહદેવે ધનુષબાણ તૈયાર કર્યું,બાણ લઇને પુષ્કળ ક્રોધાયમાન થઇ ગયા, અગણિતા મંત્રભણીને બાણ ફેંકે જાય છે તે બાણ ચોસઠ જોગણી આડી અવળી થઈ ચૂકાવી દે છે, એવામાં સહદેવે જોગણીના શરીરમાં બાણ ઘોંચી દીધું. ભાલોડું વજ્ર જેવું હતું તેથી શરીરમાંથી રુધિરની ધારા ચાલી.તે ધારા પૃથ્વી પરપડવાથી ચોસઠ જોગણીની ચોસઠ ક્રોડ જોગણીઓ બની ગઇ, જ્યાં જુઓ ત્યાં જોગણીઓ. સર્વે બાળ વેશે, કેશ છુટા મૂકીને યુદ્ધ કરવા તત્પર થઇ ગઇ. આડી અવળી ઉંચી નીચી થઈ આયુધની વૃષ્ટિ કરવા લાગી.આ જોઇ સહદેવ ગભરાયો અને વિચાર કર્યો,નિશ્ચિત મરણ આવી પહોંચ્યું, થરથર શરીર ધ્રુજવા લાગ્યું, એવામાં દેવીએ જુલમ ગુજાર્યો, રથને ભાંગી નાંખ્યો, સારથિને મારી નાખ્યો અને ઘોડાઓનો પણ નાશ કર્યો,સહદેવ પગપાળો થયો, અને ચોતરફ જોવા લાગ્યો,એક તરફ યુદ્ધ કરવા જાય તો બીજી તરફ દેવીઓ વીંધી નાખે. સહદેવજીએ કોપાયમાનથઇ દેવીઓને બાળી મૂકવા અગ્નિનું બાણ લીધું અને મંત્ર ભણીને છોડી દીધું,તે બાણ વીજળીની માફક ચમકારા કરતું ચાલ્યું, તે બાણથી દેવીઓનાં વસ્ત્રો બળી ગયાં. પાસે સૂતરનો તાર સરખો પણ રહ્યો નહિ તેથી સર્વે જોગણીઓ નગ્ન સ્વરૂપે થઈ ગઇ.

સહદેવે વિચાર્યું, દેવીઓ નગ્ન થઇ છે માટે તેમની એબ જોવી જોઇએ નહિ, કારણ, મારે માતા તુલ્ય છે, તેમની એબ જોવીને જનેતાની જોવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બરોબર છે એમ કહીનીચુ ઘાલ્યું, પછી જોગણીઓએ વિચાર કર્યો. કોઈસતીનો કુંવર જણાય છે જોબવંતી છીએ તેમ રૂપવંતી છીએ છતાં આપણા સામુ જોતો નથી. માટે તેને મારવો નહિ. ચાલો તેની પાસે જઇએ, આપણુને જનેતા જેવી જાણી માટે તેને મારવો ન ઘટે, સર્વે દેવી સહદેવની પાસે આવીને ઊભી રહી, જોગણીઓ બોલી અરે બળવાન શૂરા પુત્ર ઊંચું જો. સહદેવ કહે, માતાજી ઊંચું નહિ જોઊં, દેવીઓ બોલી, દીકરા, તને નહિ મારીએ તારા ઉંપર અમે પ્રસન્ન છીએ, તું માગ માગે તે આપીએ, સતીનો પુત્ર નીચું ઘાલીને બોલ્યો કે માતાજી, તમે વસ્ત્ર પહેરો તો હું વરદાન માગું, ત્યારે મંમાયાએ માયા વડે કરીને હતા તેવા શણગાર વસ્ત્ર પહેરી લીધાં એટલે સહદેવેઊંચું જોયું અને દેવીઓને પગે લાગ્યો, દેવીઓ બોલી, તેં અમારી કાયા જોઇ નહિ, માટે વરદાન માગ. સહદેવ કહે, માતાજી, બીજું તો હું શું માગું પણ પહેલાં તો મારા ઘોડા તથા રથ આપો, પછી તમારે આપવું હોય તે આપજો. દેવીઓએ તરત રથ તથા ઘોડા સજીવન કરી દીધાં. સારથિને પણ સજીવન કર્યો, વળતી કહ્યું, બેટા બીજું માગો. સહદેવ કહે, માતાજી, જેવી રીતે તમે એકનાં અનેક થયાં તેવી રીતે જ્યારે તારું ધ્યાન ધરું ત્યાં હું પણ એકનો અનેક થઉં. દેવી ઓએ તથાસ્તુ કહ્યું, શ્રોતાજનો આ કથાનું દૃષ્ટાંત સાંભળીને એટલો સિદ્ધાંત લેવો કે દેવીઓ રૂપવંતી હતી તેમ યુવાન હતી તો પણ સહદેવજીનું મન બિલકુલ વિકાર પામ્યું નહિ તો સહદેવને વરદાન મળ્યું, એ મોટો લાભ થયો. તેવીરીતે વર્તવાથી તેવો ઉત્તમ લાભ મળશે. પછી સહદેવ ચાલ્યો. તે વહાણું વાતા પહેલાં દ્વારકા પહોંચ્યો, પોતે ભાગોળે ઉભા રહીને એક યાદવ સાથે એવા સમાચાર કહાવ્યા, પ્રભુને કહેજો. નગરના દરવાજા બહાર સહદેવજી આવીને ઉભા છે તે તમને બોલાવે છે. યાદવ સંદેશો લઈ કૃષ્ણ અને બળદેવ બંને ભાઈઓ વાતો કરતા હતા ત્યાં આવ્યો ને કહ્યું, હે પ્રભુ કુંતાજીના પુત્ર સહદેવજી તમને દરવાજે તેડે છે.

તે સાંભળી બળદેવજી બોલ્યા, શા માટે ઊભા રહ્યા, અહીં કેમ ન આવ્યા? અરે કૃષ્ણભાઇ, એવી છાની શી વાતો છે કે તમને દરવાજે બોલાવેછે. પ્રભુ કહે, એ તો નવરા છે તે નાઠા નાઠા અહીં આવે છે, જા લ્યા જાદવ, જઇને કહે પ્રભુતમારા જેવા નવરા નથી, તમારે કામહોયતો અહીં ઘેર અવીને કહી જાઓ, ત્યારે જાદવે જઇને સહદેવને સમાચાર કહ્યા. તે સાંભળીને સહદેવજીને પુષ્કળ ક્રોધ ચડયો, પોતાને યજ્ઞનું કામ કરવું છે, તેમાં વળી ભીમના હાથે જરાસંઘનું મૃત્યુ કરાવવું છે છતાં પ્રભુ અજાણ થવા ઇચ્છે છે, એમ ક્રોધે થઈ સહદેવે કહ્યું, જા લ્યા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જાદવ, પ્રભુને ખબર આપ કે સહદેવ યુદ્ધ માગે છે, અને યુદ્ધ ના કરવું હોય તો રાજ્ય આપો. એવું સાંભળી જાદવ પાછો સમાચાર લઈ કૃષ્ણ પાસે જઈ પગે લાગ્યો. પ્રભુને કહ્યું કે સહદેવ સંગ્રામ માગે છે. જો સંગ્રામ ન કરો તો ઘર ગામ લખી આપો. એવું સાંભળી બળદેવજી ક્રોધાતુર થઈ બોલ્યા, સાંભળ કૃષ્ણ ભાઈ, પાંડવોને તું સગા માનતો હતો પણ જો રાજ્ય લેવા આવ્યો. અર્જુન જોગીનો વેશ લઈ બહેનને ઉપાડી ગયો અને આ વળી ઘર ગામ લેવા આવ્યો દિવસે દિવસે તેમણે ચેન માંડયાંછે, માટેજરૂરતેમની સાથે યુદ્ધ કરો. કૃષ્ણબોલ્યા તમારું કહેવું સત્ય છે, એમ કહી છપ્પન કોટી યાદવોને ખબર આપી કે હથિયાર સજી લડવાની તૈયારી કરો. જાદવોએ હથીયારો સજ કર્યા અને હળધારી હળ-મુશળ લઈ રથમાં બેઠા. પ્રભુના એક લક્ષ સાઠ સહસ્ત્ર એકાશી પુત્ર હથિયાર લઈ તૈયાર થઈ ગયા, પ્રભુ ચક્ર લઈ રથમાં બીરાજ્યા, પછી ડંકા નિશાન વિગેરે વાજિંત્ર વગડાવતા વગડાવતા દરવાજા બહાર આવીને ઊભા રહ્યા. સહદેવે જાણ્યું હાંસી કરવા ગયા પણ આ તો સાચું થયું. પણ હશે દેવીઓનું વરદાન છે માટે ફીકર નથી. બળદેવજી પ્રભુને કહેવા લાગ્યા, સહદેવને પૂછી જુઓ. કેમ આવ્યા છે ? પ્રભુ બોલ્યા, સહદેવજી ? કેમ આવ્યા છો ? સહદેવ કહે, મહારાજ, રાજ્ય લેવા આવ્યા છીએ. તે સાંભળી કૃષ્ણજીને ક્રોધ ચડયો અને કહેવા લાગ્યા, જે તમને મદદ કરી તેમ બમણા ફાટયા. એ પ્રમાણે બન્ને જણા મુખ-વાદ કરવા લાગ્યા. સહદેવ કહે, પ્રભુજી છપ્પન કોટી યાદવો તથા તમારા પુત્રોને લઈ સંગ્રામ કરવા આવ્યા છો પણ જીવવાની આશા રાખશો નહિ. હમણાં યુદ્ધ કરી ઘરબાર પડાવી લઇશ. કૃષ્ણ કહે, અમારી સુભદ્રા બહેન પારથને પરણાવી ત્યારે ઘણા ફાટયા. સહદેવ કહે, તારું કુળ અમારું અજાણ્યું નથી. અલ્યા કાળિયા ગોકુળમાં નાનેથી મોટો થયો તે તું ભૂલી ગયો ? કેડે કામળી બાંધતો, માથે ફાળિયું બાંધતો, અને માખણ ચોરી ખાતો હતો તે દહાડા તો છેક વીસરી ગયો. ઢોર ઝાલીને ગાળિયાં ઘાલતો, ગોપિકા સાથે મરકટની પેઠે રંગમાં રમતો અને આહિર થઇ વનમાંભમી ખાતો હતો તે અમારૂં અજાણ્યું નથી.

પ્રભુ વળતી બોલવા લાગ્યા, તેણ ગર્ભથી પાંડુરાજા અવતર્યા તેના ઘરડા માછીની પુત્રી વર્યા હતા તેથી નાત બહાર હતા, બીજું તમારા અંધકાકા આખલાની કન્યા પરણી લાવ્યા તેના કૌરવો થયા. અમે અમારી બહેન પરણાવી ત્યારે તમે વરણમાં આવ્યા છો. વળી કૌરવોએ તમારા ઉપર જુલમ ગુજાર્યો તેમાં અમે મદદ કરી તમને બચાવ્યા. તે ગુણ ભૂલી જઈ ઉલટા સામા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવી યુદ્ધ કરવા ઇચ્છો છો, સહદેવ કહે, વિચારીને બોલને,બ્રાહ્મણોનું અન્ન ખાધું; વળી પારકી કન્યાઓનુ હરણ કર્યું, કોઈ પરણેલી કોઈ કુંવારી સ્ત્રીઓને બળાત્કારથી પકડી લાવ્યો, ઘેર માગી માગી ખાનાર, ભરવાડ તને અમે ઓળખીએ છીએ તારી બહેન સુભદ્રાને મારો અર્જુનભાઈ પરણ્યો ત્યારે તું વર્ણમાં આવ્યો,પછી પ્રભુ ક્રોધ કરીને બોલ્યા,શું જુઓ છો યાદવો,ચાલો યુદ્ધ કરો. અમારી મહેર હતી ત્યાં સુધી જીવવા દીધા હવે તેમનો નાશ કરો એમ કરી હાથ ઊંચો કર્યો એટલે યાદવો જોષીના ઉપર તૂટી પડયા, પ્રભુના એક લાખ સાઠ હજાર એકાશી દીકરાઓ તથા બળદેવજી સર્વે જણા સહદેવ ઉપર આયુદ્ધની વૃષ્ટિ કરવા લાગ્યા.મેઘનાં જેવી રીતે ફોરાં પડે તેવી રીતે આયુદ્ધની વૃષ્ટિ વરસી રહી.સહદેવજીએ બાણ ચઢાવ્યાં અને અગણિતા મંત્ર ભણી ફેંકવા માંડયાં.એક બાણનાં અનેક થઇ સુસવાટા કરતાં ચાલ્યા જાય છે,જાદવો અનેક છે, અને સહદેવ એક છે તેથી પહોંચી શકતો નથી,બાણની વૃષ્ટિ થવાથી અંધકાર જામી ગયો, સહદેવજી ગભરાયો અને ક્રોધ લોચન રકત કરીને શકિતનું સ્મરણ કર્યું,એટલે સત્તાવનક્રોડ સહદેવજી બની ગયાને એક જાદવને એકસહદેવ એમ બાઝી પડયા, બહુ બળિયા હતા તેમને બબ્બે બાઝી પડયા. વળી કોઇને ચાર બાઝયા એ પ્રમાણે સામા સામી અપાર યુદ્ધ કરવા લાગ્યા. બળદેવજીને બાર બાઝી પડયા અને પ્રભુને વીસ બાઝી પડયા. કોઇ કેશ ઝાલે; કોઈ કાન ઝાલે અને કોઇ માર મારવા માંડે, બળદેવજીને અકળાવી નાંખ્યા અને ખેંચીને પૃથ્વી ઉપર નાંખી દીધા. મુગટ, કુંડળ શણગાર વિગેરે નીકળી પડયાં વસ્ત્ર વિખરાઇ ગયાં. જાદવો અનેક સહદેવને જોઇ ગભરાઇ ગયા અને ચીસો પાડી નાસાનાસ કરવા વાગ્યા.બળવદેવજી વિચારમાં પડયા.આવી કેવી વિદ્યા ભણ્યા ? જયાં જુઓ ત્યાં એકલા સહદેવ સિવાય બીજું ભાસતું જનથી.

એક જ સહદેવ કુંતાજીનો છે કે કુંતાજીએ આટલા બધાનેજણ્યા? એમકહી બૂમ પાડી, પ્રભુજી,મારી વાહરે ધાઓ. પ્રભુ બોલ્યા. તમને બારવળગ્યા છે તો મને વીસ બાઝયાછે,સહુના લાગ્યા સહુભોગવી લ્યો.અમારો ઉપાય નથી,પ્રભુએ સહદેવને કોઇ ન જાણે તેમ કહ્યું,વહાલામાં વિયોગ શા માટે કરો છો?આવો,સુખ દુઃખની વાત કરીએ.એમ સહદેવની સાથે વાતોકરવાલાગ્યા.પ્રભુકહે,સહદેવજી, હું માગું તે વચન આપો. સહદેવ કહે તે ખરી વાત છે પણ વ્યવહારે લેવુંને આપવું. પ્રભુ કહે બહુ સારું તમારે માગવું હોય તે માગજો પણ પહેલું મને માગવા દો,જોષી કહે,ભલે માગી લ્યો.પ્રભુ કહે,આજ પછી જયાંલડાઈ થાય ત્યાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એકના અનેક બનવું નહિ.સહદેવ કહે,એ કબૂલ છે પણ હું માગું તે મનેઆપો પ્રભુ કહે,ખુશીથી માગી લો.સહદેવ કહે,આજથી તમારે મારા અર્જુનજીનોરથ હાંકવો. પ્રભુ કહે, વાહ સહદેવજી,મને તો તમે દાસ બનાવ્યો,મારી આબરૂના કાંકરા કર્યા.સહદેવજી કહે,ના મહારાજ. વ્યવહારે લેવું દેવું તેમાં આબરૂ શી ? અર્જુનજીનો રથ હાંકશોએટલે આપણે કોઈ દિવસ વિરોધ થવાનો સંભવ રહેશે નહિ.પ્રભુ કહે,ના હવે પછી કોઈ દિવસ વિરોધ નહિ થાય.સહદેવ કહે,પ્રભુ હજુ એક વાત કહેવાની બાકી રહી ગઈ છે.પ્રભુ કહે,ભલે કહો.સહદેવજી કહેજ્યારેતમે રથ હાંકવા ન બેસો ત્યારે હું એકનો અનેક થાઉં એવું વચન આપો. પ્રભુ કહે હું રથ હાંકવા ન બેસું ત્યારની વાત ત્યારે છે પણ તેમ કદી બનનાર નથી આપણે સગા વહાલા છીએ તેથી વિરોધ પાડવાનો બિલકુલ સંભવ નથી,

એમ એક એકની સાથે વચનથી બંધાયા,પછી સહદેવે જોગણીઓનું ધ્યાન કર્યું,કે માતાજી ક્ષમા કરો.એટલે અનેકસહદેવનો એક સહદેવ રહ્યો,બળદેવજીએ કૃષ્ણને સહદેવની જોડે વાત કરતાં જોયા, તેથી ક્રોધે ભરાયા. પ્રભુને કહ્યું,એ શત્રુ લોકોની જોડે પાછો શા માટે વાતો કરે છે ? પ્રભુ બોલ્યા,તેમાં શી હરકત છે? બળદેવજી કહે બાર સહદેવે મને પુષ્કળ માર માર્યો છે, પ્રભુ કહે, તમને સ્વપ્ન આવ્યું હશે. એક જ સહદેવ છે અને તમે કહો છો બાર સહદેવે મને માર માર્યો. બળદેવજી બોલ્યા, તું મારી મશ્કરી કરે છે ? એમ કહી હળધારી રીસાઇને નાસી ગયા. પ્રભુ કહે, જાઓ જાદવો પોતપોતાને કામે વળગી જાઓ.યાદવો દ્વારીકામાં ચાલ્યા ગયા.ભગવાન કહે,સહદેવજીકેમઆવ્યા છો ?સહદેવજી કહે,તમારું શું અજાણ્યું છે ? યજ્ઞનું કામ છે માટે ચાલો તૈયાર થાઓ.એટલે પ્રભુ તૈયાર થઈ સહદેવની જોડે ઇંદ્રપ્રસ્તમાં આવ્યા. ધર્મ અર્જુન કુંતાજીને અતિ આનંદ થયો. કુંતાજી કહે. પ્રભુ, આપણા ઘેર રાજસૂઈ યજ્ઞ કરવો છે.તેમાં વ્યાસજીએ છ કામ બતાવ્યા છે.પ્રભુ કહે કીયાં છકામ બતાવ્યા છે ? કુંતાએ તે વિસ્તારથી કહી સંભળાવ્યા. ભગવાને કહ્યું, પહેલ વહેલું ગઢ લંકામાંથી સોનું લાવવું જોઇએ અર્જુન કહે, મહારાજા, તે મારું કામ છે.હું જઇને હાલ લાવી દઉં છું અર્જુનજી તરત ઉભા થયા અને વસ્ત્ર આભૂષણ વિગેરે ધારણ કર્યા. હથિયારો, આયુધો તથા ધનુષ બાણ તૈયાર કરી દીધાં.પ્રભુ અર્જુનનો રથ હાંકવા ઉભા થયા,અર્જુનનો રથ બહાર કાઢયો અને ઘોડાના અછોડા હાથમાં લઇ તે ઊભા રહ્યા. ધર્મ કહે, અરે મહારાજા આ તો દાસનું કામ છે, રથ હાંકનારા ઘણા સારથિ છે, આપની પાસે રથ કેમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હંકાવાય ! પ્રભુ કહે, મારે હાંકવાની ઇચ્છા થઇ છે, ધર્મે હાથ ઝાલ્યા એવામાં અર્જુનજી આવ્યો ને જોયું તો પ્રભુ રથ હાંકવા તૈયાર થઈ ઊભા છે. પાર્થ બોલ્યો, હે દીનાનાથ, તમારે રથ હાંકવાની જરૂર નથી. મારા સારથિ પાસે હંકાવી અને આપણ બંને રથમાં બેસીશું. પ્રભુ કહે, મારે હાંકવો છે એમાં તમારે પરડ કરવાની જરૂર નથી. ધર્મરાજા થાકી પાછા આવ્યા. ભીમસેને વિચાર કર્યો કે આગળ જતાં જરાસંધને મારવો છે માટે લાવ હું અર્જુનની સાથે જાઉં તો અર્જુન મારી સાથે આવે. એમ વચારી ભીમ વસ્ત્રપહેરી દસ હજાર મણની ગદા ઉચકી રથની આગળ આવીને ઊભા. અર્જુને પૂછયું, કેમ મોટાભાઇ, કયાં પધારો છો ?ભીમ કહે, તારી જોડે મદદ કરવા. અર્જુન કહે કાંઇ જરૂર નથી. ભીમ કહે, જરૂર કેમ નથી? અમે તારી રક્ષા કરીશું. અર્જુન કહે, તમારું પાપ જાણી ગયો છું. તમારા મનમાં એમ છે કે આગળ જતાં જરાસંધને મારવામાં અર્જુન મદદે આવશે પણ તેમ કદી બનનાર નથી. ભીમ કહે, કાંઈ ચિંતા નહિ હું તો તારા રક્ષણ માટે આવીશ. અર્જુન કહે, મારે તમારું કામ નથી. ભીમ કહે, એક બીજાનું કામ કરવું તે વ્યવહારનું છે. હું કહેતો નથી કે તું મારી જોડે આવજે.

પ્રભુ કહે, છો આવે. ભગવાન ભીમને કહેવા લાગ્યા, અમે રથને ઉતાવળો હાંકીશું તો તમે શી રીતે ચાલી શકશો? ભીમ કહે, હું આગળ દોડું છું, તમે તમારી મરજીમાં આવે તેમ હાંકજો. એમ કહી ભીમ ગદા લઇ આગળ દોડયો. પ્રભુએ રથને હાંકી મૂકયો, નરનારાયણ બંનેની મૂર્તિઓ શોભી રહી છે. દેવ લોકો અંતરિક્ષ ઊભા ઊભા નરનારાયણનાં દર્શન કરે છે. એવામાં નારદે બંનેને જોઇ વિચાર કર્યો, કાંઈ લડાઈ કરાવું તો ઠીક. એમ જાણી સ્વર્ગમાં ગયા અને અગ્નિદેવને મળ્યા. અગ્નિદેવને અજીર્ણ થવાથી અતિશય ઉપાધિનો ત્રાસ આવી પડયો છે. નારદજી કહે; અરે અગ્નિદેવ, તું કેમ દુઃખી દેખાય છે? અગ્નિ બોલ્યો. હે મહારાજ, મરુતરાજાએ પરનાળે પરનાળે ઘી હોમાવ્યું હતું તે મારા ચરવામાં આવ્યું તેણે કરીને અજીર્ણ થઇ ગયું છે. મને અતિશય પીડા થાય છે માટે કંઇક ઉપાય બતાવો.એવાં વચન સાંભળી નારદજી બોલ્યા, નારાયણ ગઢ લંકામાં સોનું લેવા જાય છે તેમના માર્ગમાં જઇ સૂઈ રહે એટલે તારું સઘળું દુઃખ ટાળશે,એમ કહી નારદજી વિદાય થયા.અગ્નિ ઉઠીને લંકાના માર્ગમાં પડયો.ભીમ ચાલ્યો ચાલ્યો જતો હતો તેણે અગ્નિને પડેલો જોયો. ભીમે પૂછયું. અલ્યા ત્રણ મસ્તકવાળા, અમારો રસ્તો રોકીને શા માટે સુતો છે ? અગ્નિ કહે, મહારાજા યાચવા માટે આવ્યો છું. અમારું અજીર્ણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નિવારણ કરો. ભીમે જાણ્યું કોઇ દુઃખી છે એથી વૃકોદરે અગ્નિને સમજાવ્યો. અલ્યા, મારી પાછળ નરનારાયણદેવનો રથ આવે છે તેમને અરજ કરીશ તો તારું દુઃખ ટળી જશે.અગ્નિ કહે બહુ સારું.એમ કહી ભીમ આઘો ઊભોરહ્યો,નરનારાયણનો રથ આવી પહોંચતામાંજ અગ્નિ જઇને નમી પડયો કે હે કારણ રૂપ અવિનાશી, પતિતપાવન, જુગજીવન, અખંડ અચળવાસી, ત્રિગુણાતીત, માયાતીત, તુરીયાતીત, અચળધામી, ગરુડાગામી હું સેવકની વહારે ધાઓ. મારા દુઃખીઓનું દુઃખ નિવારણ કરો, મર્યુત રાજાએ યજ્ઞમાં ઘૃતનો પુષ્કળ હોમ કરાવ્યો તે દિવસથી મનેઅજીર્ણ થયું છે માટે તેનો ઉપાય કરો.આપ વિના તેનો ઉપાય કોણ કરે ?એવાં અગ્નિનાં વચન સાંભળીને અર્જુનને અહંકાર ચઢયો.આવા મોટા દેવ સરખા પણ મને આવીને અપાર કરગરે છે,એ વાત સાંભળી પ્રભુ બોલ્યા,અલ્યા અગ્નિદેવ,આ અમારા સુરુબ્જી બેઠા છે તે તારું દુઃખટાળશે માટે તેમની પાસે માગ.અર્જુન કહે,અરે મોરારી,આશું બોલોછો ?પ્રભુ કહે,તમે મોટા છો તેથી દેવલોકો તમને આવીને નમસકાર કરે છે.અર્જુન કહે, હું મોટો નથી. આપની કૃપાથી હું પૂજાઉં છું.

કૃષ્ણ કહે,મનમાં તો અહંકાર કરો છો અને બહાર મીઠું બોલો છો.એવો અહંકાર ધરો છો ત્યારે મને કેમ પૂછો છો ? અર્જુન કહે, મારી ભૂલ થઈ છે મહારાજા, માટે મને ક્ષમા આપો. તમે જે બતાવશો તે કામ હું બજાવવા તૈયાર છું. પ્રભુ કહે. પાર્થજી,અગ્નિ મંત્ર ભણી આ ખાન્ડે વનને વિશે બાણ મારો.અષ્ટ દસ ભાર વનસ્પતિ છે તેનું ભક્ષણ અગ્નિ કરશે એટલે અજીર્ણનું દુઃખ નષ્ટ પામશે.તે સાંભળી અર્જુનજીનું મન ફરી ગયું કે આમાં પ્રભુએ શું બતાવ્યું એમ ધારી અગ્નાસ્તર મંત્ર ભણી ખાન્ડેવ વનમાં બાણ સૂકી દીધું. તે બાણ એકદમ પ્રલય કાળના અગ્નિ માફક ઝપાટાથી છુટી ગયું અને ચોતરફ અગ્નિ સળગ્યો.ચારે દિશાએ અગ્નિ લાગ્યો તે નારદે જોયું;એટલે વિચાર કર્યો, હું ઇંદ્રને વાત કરું અને લડાઇ થાય તો જોવાની ગમ્મત આવે એમ ધારી નારદજી સ્વર્ગમાં ગયા અને ઇંદ્રને કહેવા લાગ્યા,તારા પુત્ર અર્જુન જીએ ઇંદ્રાસન લેવા માટે તારા ખાન્ડેવ વનમાં અગ્નિ સળગાવ્યો છે તમે ત્યાં યુદ્ધ કરવા જાઓ,નહિતો ઇંદ્રાસન ખોઇ બેસશો.એમ કહી નારદજી છાનામાના ઉભા રહ્યા, ઇંદ્રે જાણ્યું, મારો પુત્ર એવો નથી કે ઇંદ્રાસન લઈ લે. આ તો નારદજીલડાઈ કરાવવાનો ઇરાદો રાખે છે.ઇંદ્રે કહ્યું,નારદજી! દીકરો બાપનું વન બાળે છે તેમાં તમને શી ચિંતા થઈ? તમે તમારે અહીંથી પધારો.એવું સાંભળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નારદ વિદાય થયા. અને ઇંદ્રે બાર મેઘ બોલાવી ત્યાં વૃષ્ટિ કરાવું તો આગ હોલવાશે એમ વિચારી બાર મેઘને બોલાવી તે વનમાં વૃષ્ટિ કરવાની આજ્ઞા આપી.બાર મેઘ તરત ખાન્ડેવ વનમાં આવી મુશળધારથી સવસવા લાગ્યા. અગ્નિએ નરનારાયણને પોકાર કરી કહ્યું, મહારાજ, મેઘ મને વીતાડે છે. પ્રભુ બોલ્યા,અર્જુનજી,અગ્નિની વહારે ચડો.અર્જુન કહે,મહારાજ,આપ બતાવો તેવો ઉપાય કરું, અંતર્યામી કહે,મેં બતાવ્યું તે તો તમારી ગણત્રીમાં નથી માટે તમારી મરજીમાં આવે તે ઉપાય કરો.એવું સાંભળીને પાર્થને દુઃખ લાગ્યું,અર્જુન કહે,મહારાજ,મારૂં મન ભમી ગયું હતું તેથી એમ વિચારતો હતો હવે મને તેની ક્ષમા આપો. પ્રભુ કહે, વાયુના મંત્રથી વાયુના ચાર સ્થંભ મૂકો પછી તેના ઉપર બાણનું છાપરું બનાવો એટલે મેઘ બાણના છાપરા ઉપર પડશે અને અગ્નિ ખુશીથી ચારો ચરશે. અર્જુને વાયુનો મંત્ર ભણી ચાર સ્થંભ બનાવ્યા અને અગણિતું બાણ લઈ મંત્ર ભણીને મૂકી દીધું એટલે તે બાણનું છાપરું થયું. જેટલું જળ વરસે છે, તેટલું છાપરા ઉપર થઇને જતું રહે છે. અગ્નિ પોતાનો ચારો ચર્યે જાય છે, મેઘ થાકીને નાસી ગયો. પછી કૃષ્ણ પ્રભુ અર્જુનને કહેવા લાગ્યા, હું દક્ષિણ દિશાએ જોઉં છું અને જે મળે તેને ઝાલી ભીમની પાસે લાવું છું. અને તમે ઉત્તર દિશાએ જાઓ. ત્યાં જે તમને મળે તેને તમે ભીમની પાસે ઝાલી લાવજો. જે નહિ ઝાલી લાવે તેને બે બાપ. આપણા જઇશું ત્યાં સુધી અગ્નિદેવ ચર્યા કરશે.ભીમે કહ્યું જોજેઅર્જુનજી,મળે તેને ઝાલી લાવજે નહિતો કાળીઓ રોજ મહેણા મારશે. પ્રભુ કહે, ભીમસેન તમે રથ વિગેરે સાચવજો. એમ કહી પ્રભુ દક્ષિણ દિશામાંપરવર્યા.રસ્તે જતાં સંપ્તફણાનો નાગ મળ્યો,તેને દેખીને પ્રભુએ લાત મારી. એટલે સર્પ દેહ મુક્ત થઇ બ્રાહ્મણનો દેહ પામ્યો, પ્રભુની સામે આવીને ઊભોઊભો સ્તુતિ કરે છે,હે કૃપાનાથ,દીનદયાળુ,મારો શ્રાપ આપના પ્રતાપથી નાશ થયો.હું પહેલો બ્રાહ્મણ હતો પણ ઝેરીલો ને વહેરીલો હતો. નાતોમાં શેઠિયાપણું કરતો અને ગરીબોને દંડકરી કનડતો,તેટલા માટે સર્પનું ખોળિયું પામ્યોહતો પણઆપના ચરણના સ્પર્શથીપાછોમૂળ સ્વરૂપનેપ્રાપ્તથયો.

પ્રભુ બોલ્યા, તારું કહેવું હું સમજ્યો પણ એક શરત બાકી છે કે જે મળે તેને ભીમ પાસે લઈજવો એટલે ભીમ તને મારી નાંખે. પેલો બ્રાહ્મણ થરથર ધ્રૂજવા લાગ્યો, ઓય મારા બાપ. મથીને શ્રાપ નિવારણ થયો અને વળી પાછું મરણ તો નજીક આવ્યું. વિપ્ર આજીજી કરી બોલ્યો, અરે મહા-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાજ,મને મૂકી દો તમને કાંઇક આપું. એમ કહી બત્રીસ દોરડીનો એક કીરટ નામનો મુગટ આપ્યો.પ્રભુએ તેને છોડી મૂકયો, મુગટ બગલમાં ઘાલી ઉપર ઉપરણો ઢાંકી દીધો.હવે અર્જુન ઉત્તર દિશામાં ગયા છે,ત્યાં મયનામા નામનો દહિત મળ્યો. અર્જુને દોડી તેના કેશ ઝાલી કહ્યું, ચાલ ભીમ પાસે તને જીવતો હૈર મરાવી નાંખું. મયનામાં બોલ્યો, મારો શિષ્ય પુલોચન કરીને હતો તેને ભીમે હૈર મારી નાંખ્યો છે, વળી મારું મૃત્યુ શા માટે કરવા ઇચ્છો છો ? મને જીવતો જવા દો. મને જીવવા દો એક અવળ મંત્ર શીખવાડું, પાર્થ કહે, શીખવી દે હું તને જવા દઉં છું. મયનામા બોલ્યો, મંત્ર ભણીને જળ છાંટશો એટલે સભા સુશોભિત થઈ જશે,ભીંત હશે ત્યાં દ્વાર જણાશે અને દ્વાર હશે ત્યાં ભીંત જણાશે. સભા દસ ગજ લાંબી થશે, પણ જેમ જેમ માણસ પેસે તેમ તેમ મોટી થાય, તેમાં ગજ ગજનું પરથાર હશે, તેમાં એક પરથાર જળનો ને એક પરથાર સ્થળનો થશે, તેમાં જ્યાં સ્થળ હોય ત્યાં જળ જણાય અને જળ હોય ત્યાં સ્થળ જણાય, એવી અવળ સભા રચવાની યુક્તિ બતાવું.

અર્જુને વિચાર્યું કે કયાં પ્રભુ જોવા બેઠા છે. ભણી લઈશું તો કામ આવશે. એમ ધારી મયનામા પાસેથી મંત્ર શીખી લીધો. અને એને મૂકી દીધો. પછી પોતાના રથ ભણી આવ્યો. એટલામાં પ્રભુ પણ આવીને ઉભા રહ્યા. કૃષ્ણ ભીમને કહેવા લાગ્યા કે જુઓ તમારા ભાઈને બે બાપ, મંત્ર ભણી લઇને મયનામા દહિતને મૂકી દીધો.અર્જુન બોલ્યો,અરે પ્રભુ,તમે તો છાની વાત જાણી ગયા. એટલામાં ભીમે પ્રભુની બગલમાં ચળકાટ દીઠો. વૃકોદરે ભગવાનની બગલમાં હાથ ઘાલ્યો તો મુગટ દીઠો.મુગટને બહાર ખેંચી કાઢયો. પ્રભુ બોલ્યા, અરે ભીમસેન મારે પણ બે બાપ, જેવા અમારે બન્નેને બે બાપ તે વાત મારે પણ બે બાપ.ભીમ કહે,અરે,મહારાજ,શા માટે મને બે બાપનો કહો છો? પ્રભુ બોલ્યા,તમારે વાયુ અને પાંડુ એ બે બાપ.અર્જુનજીને ઇંદ્ર અને પાંડુ એ બે બાપ અને મારે નંદ તથા વાસુદેવ એ બે બાપ. આપણા ત્રણને બબ્બે બાપ છે માટે રીસ કરવા જેવું નથી,ભીમ કહે,ધન્ય છે.એવે અગ્નિ દેવ ચરી રહ્યો,ને તેને અજીર્ણ મટી ગયું તેથી આવીને પ્રભુને ચરણે પડયો. પ્રભુને કહેવા લાગ્યો કે મારું અજીર્ણ દૂર થયું અને તમારા પ્રતાપથી સર્વે દુઃખ ટળી ગયું. એમ કહીને જામો આપ્યો. પ્રભુએ તે અર્જુનજીના શરીરે પહેરાવ્યો. વળી મુગટ લાવ્યા હતા તે પણ મસ્તક ઉપર પહેરાવ્યો. અર્જુનજીની છબી ઘણી સુશોભિત બની. તે વખતે અર્જુનનું નામ કીરટધર એવું પડયું, ત્યાંથી ગઢ લંકા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જવા ચાલ્યા. અગ્નિ આજ્ઞા માગી પોતાને સ્થળ ગયો.ભીમ બે ગાઉ આગળ ચાલે છે. એટલે જતાં જતાં સમુદ્ર આવ્યો, ત્યાં સમુદ્રના કિનારે અંજની સુત હનુમાનજી સૂતેલા છે. રામ રામ એમ મુખથી અખંડ ધુન ચાલ્યા કરે છે એવામાં ભીમસેન ત્યાં આવી પહોંચ્યો, વાયુપુત્રે હનુમાનજીને ઓળખ્યા નહિ તેથી ભીમે બૂમ પાડી કે અલ્યો વાંદરા, મારગ મૂકી ચાલ્યો જા, અમારે ગઢ લંકામાં જવું છે. હનુમાનજીને દુઃખ લાગ્યું, ઊંચી ડોક કરીને બોલ્યા, અમે તો સદા અહીં જ પડયા રહેવાના. ભીમ કહે. જો વાંદરા, તારી પૂંછડી ઝાલી ફેંકી દઉં છું, એમ કહી ભીમે ગદા નાંખી દીધી- હનુમાને કહ્યું, અલ્યા; તું જબરો હોય તો મારી પૂંછડી ઝાલી મને ફેંકી દે તો જ હું ઊઠું. ત્યારે ભીમે કહ્યું, અલ્યા જોજે ઉપાડી ફેંકી દઉં છું. એમ બોલી તરત જોર કરી પૂંછડી ઝાલી, પણ બિલકુલ ઊંચી થઈ નહિ.ભીમે જાણ્યું મારા કરતાં જબરો જણાય છે માટે નાસવા દો.ભીમ નરનારાયણ આવે છે તેમના સામે દોડતો ગયો.

પ્રભુએ પૂછયું,ભીમસેન,કેમ નાસી આવ્યા ?વૃકોદરબોલ્યો.અરે મહારાજ સમુદ્ર ઉપર એક વાંદરો છે તે મહા બળીઓ છે, હું પૂંછડી ઝાલી ઊંચો કરવાનો વિચાર કરતો હતોપણબિલકુલ પૂંછડી જ ઉંચી થઇ શકી નહિ. પ્રભુ બોલ્યા,એ વાંદરો નથી એ તો રામભક્ત હનુમાનજી છે.ભીમ કહે, તમારો રથ આગળ હાંકો હું તમારી પાછળ પાછળ આવું છું,પ્રભુએ રથ હાંકયો, જ્યાં કપિરાજ સુતા છે ત્યાં પ્રભુ આવ્યા અને ભગવાને કહ્યું,અરે હનુમાનજી માર્ગ આપો,અમારે લંકામાં જવું છે,તે સાંભળી હનુમાનજી બોલ્યા,મને ફેંકીદેનારો કયાં નાસી ગયો?એટલે પ્રભુ બોલ્યા તે તો તમારો નાનો ભાઇથાય.હનુમાનજી કહે, કેવી રીતે મારો નાનો ભાઇ થાય. પ્રભુ કહે, એ વાયુનો પુત્ર છે, જેવા તમે વાયુના પુત્ર છો તેવો તે પણ છે, માટે બંધવ થઈ એક એકની વિરુદ્ધ થાઓ છો તે સારું કરતા નથી. હનુમાનજી ખુશી થયા. ભલે. મારો નાનો ભાઈ બોલી ગયો, પણ તે કયાં ગયો ? ત્યારે ભીમ રથની પાછળ હતો ત્યાંથી નીકળીને હનુમાનજીની પાસે આવીને ઉભો રહ્યો, હનુમાને ભીમને બોલાવ્યો, કપિરાજ પ્રભુને પૂછે છે કે તમારે કયાં જવું છે ? કૃષ્ણ કહે, અમારે ગઢ લંકામાં જવું છે. કપિએ વિચાર્યું કે એ કેવી રીતે સમુદ્ર ઉતરે છે તે હું જોઈલઉં, મારા રામે તો પાષાણની પાજ બાંધી હતી ત્યારે ઉતરાયું અને આ શી રીતે જાય છે ? એમ ધારી હનુમાનજી રામનું નામ લઈ સમુદ્ર કુદી પેલી તીરે પડયા, એવામાં અર્જુનજી બોલ્યા, અરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મહારાજ આપણે કેમ કરી સમુદ્ર ઉતરીશું ?કૃષ્ણકહે,અગણિત મંત્રથી બાણની પાજ બાંધો. પછી અર્જુને બાણ લઈ મંત્ર ભણી સો જોજન પાજ બાંધી, તેથી અર્જુનજીને અહંકાર આવ્યો. મારા જેવો કોઈ કૃષ્ણનો ભક્ત નથી હું કેવો મારા હાથે પાજ બાંધીને સમુદ્ર ઉતરું છું. રામના કરતાં પણ હું જબરો છું પાજ બાંધેલી જોઈ હનુમાનજીને ઈર્ષા આવી કે રામના કરતાં જબરો કે પાજ બાંધી સમુદ્ર ઉતરે ? મારા રામની પ્રતિષ્ટા ઘટી જાય અને અર્જુનનું નામ વધી જાય, લોકો એમ કહે કે રામે પાજ બાંધી ત્યારે સમુદ્ર ઊતર્યા અને અર્જુન તો બાણની પાજ બાંધીને સમુદ્ર ઊતર્યો, એમ જાણી રામ નામ દઈ હનુમાનજી ઊંચા ચઢયા અને અર્જુનની પાજ ઉપર કૂદીને પડયા. તેમના પડવાથી પાજ ભાગી ગઈ અને પોતે લંકા તીરે હતા ત્યાં જઇને પડયા.ભીમ કહે, અરે ભાઈ. મહેનત મૂકી દો, એ વાંદરો બહુ બળવાન છે,પ્રભુ કહે.બીજી વાર બાંધો થનાર હશે તે થશે.નરે બીજીવાર પાજબાંધી તે પણ હનુમાને ભાગી નાંખી.એટલે અર્જુનજી કૃષ્ણને પગે લાગી બોલ્યા,અરે મહારાજ, રામનો ભક્ત મારા કરતાં જબરો અને હું કૃષ્ણનો ભક્ત તેનાથી નબળો હવે મારાથી કંઈ બની શકે તેમ નથી. ફોગટ ફાંફાં મારું એટલે. એ હનુમાનજી ચડશે ચડયા છે માટે રહેવા દેનાર નથી.પ્રભુએ જાણ્યું ઠીક,કૃષ્ણ ભક્તનો અહંકાર ઊતરી ગયો પણ હનુમાનનો રામ ભક્તનો હંકાર ઊતર્યોનહિમાટેતેનોઉતારું.

એમ ધારી પ્રભુ અર્જુનને કહેવા લાગ્યા, હું કહું તેમ કરો, તો વાંદરો કહ્યું કરશે. અર્જુન કહે, મહારાજ, આપ ફરમાઓ તેમ કરવા તૈયાર છું.પ્રભુ કહે, હું કહું તેમ હાયે હા કરજો. એમ કહી અંતરયામીએ એવો ખેલ કર્યો કે પોતાનો પાંચજન્ય શંખ વગાડયો. તેમાં એવો શબ્દ કર્યો કે હનુમાનજી તમે આ તીરે ન આવો તો તમને રામચંદ્રની આણ છે. એવું સાંભળી હનુમાનજી ઊંચા ચડયા અને ચારસેં ગાઉનો સમુદ્ર હતો તે ઓળંગી કૃષ્ણ પ્રભુની પાસે આવીને પડયા ને કહ્યું કે કેમ પ્રભુ મને બોલાવ્યો ? પ્રભુ બોલ્યા,અરે હનુમાનજી તમે પાજ શા સારુ ભાગી નાંખો છો ? હનુમાનજી કહે, એ કૃષ્ણના દાસ છે; તે શું પાજ બાંધીને સમુદ્ર ઊતરશે ? રામને પાષાણ તારવા પડયા.તેમને શું એ લજાવશે ? હું રામનો દાસ છું. તેના દેખતાં કૃષ્ણ દાસ શું જીતી જશે ? જો જીતી જાય તો મને લાજ આવે. પ્રભુ કહે,તમે રામભક્ત અને અર્જુન કૃષ્ણભક્ત બંને જણને ઠીક મુમત પડયો છે, અમે અમારે મૌન રહીને જોયાં કરીશું; તમે કાંઈ શરત કરીને લડો.અર્જુન ત્રીજી વાર પાજ બાંધે તેને તમે ભાગી ન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નાંખો તો તમારે શું કરવું ?અને તમે ભાગી નાંખો તો અર્જુનને શું કરવું ? માટે તમે બંને વચનથી બંધાઓ. પછી કપિ તથા કીરીટધર બંને બોલ્યા પ્રભુજી અમારા બાપ દાદાનાં વેણ છે, અમે બોલેલું કદી ફરનાર નથી. પ્રભુ કહે, હું ત્રાહિત છું મારે કંઇ લેવા દેવાનથી જે હારે તે ગુલામ થઇને જીતેલાની સેવાકરે.

આ વેળા અર્જુન પાજ બાંધે તેને તમે ભાગી નાંખો તો અર્જુનતમારો દાસ થઇને રહે. અને તમારાથી પાજ ન ભાગે તો તમારે અર્જુનની સેવામાં રહેવું. કપિ તથા કીરીટધર બોલ્યા, અમારે તે વાત કબૂલ છે કપિરાજ બોલ્યા, હવે પાજ બાંધવાની તૈયારી કરો. એમ કહી હનુમાનજી કૂદીને લંકાને તીરે પડયા. એટલે ભીમ બોલ્યો, અરે અર્જુનજી, પાજ બાંધવી બંધ રાખો.કારણ શામળી આએ ગુલામ બનાવવા શરત મારી છે, વાંદરો જરૂર પાજને ભાંગી નાંખશે, કૃષ્ણ કહે.નહિ ભાગી શકે તમે ધીરજ રાખો દાસપણું નહિ કરવા દઉં. ભીમ કહે, જો મારો ભાઈ હારશે તો તમારો શત્રુ થઇશ અને તમને દરિયમાં ડૂબાડીશ. કહે, ભલે તેણ કરજો. પછી અર્જુનને પ્રભુ કહેવા લાગ્યા, ઇંદ્રપુત્ર શું જોઇ રહ્યા છો ? પાજ ફરીથી બાંધો. બાણ ચઢાવ્યું અને અગણિત મંત્ર આરાધ્યો. ચારસે ગાઉના સમુદ્ર સુધી બાણનો માર્ગ રચી દીધો.પ્રભુએ કોઇ ન જાણે તેમ સુદર્શન ચક્ર પાજની નીચે મૂકી દીધું. હનુમાનજી રામનું નામ લઇ ઊંચે ચડયા અને ઉછળીને પાજ ઉપર પડયા પણ પાજ બિલકુલ ખસી નહિ. એવી રીતે ઊપર ને ઉપર અગિયાર વાર કૂદ્યા પણ કિંચિત માત્ર સળી હાલી નહિ. પોતાનો અભિમાન ઉતરી ગયો અને કૃષ્ણની પાસે આવી મસ્તક નમાવ્યું.હનુમાનજીએ કહ્યું,હું રામભક્ત હાર્યો અને અર્જુન કૃષ્ણ ભક્ત જીત્યો, વળી કહેવા લાગ્યા, કૃષ્ણ ભગવાન મને રામચંદ્રે રાવણની ચોકી માટે મૂકયો છે.રાવણ છ માસે ચિતામાંથી ઊઠે છે એટલે તેને દાબીને અંદર ઠોકી બેસાડું છું તે કામ હવે મૂકી દઇને અર્જુનજીની સેવામાં તત્પર રહીશ. હું એવું ધારતો કે રામના ભક્તને કૃષ્ણનો ભક્ત પહોંચી શકે નહિ પણ હું હાર પામ્યો. પ્રભુ બોલ્યા, એ જ તમારી મોટી ભૂલ હતી.રામમાં ને કૃષ્ણમાં બિલકુલ ભેદ સમજવો નહિ.જે રામજી તે હું કૃષ્ણજી કારણરૂપે એક છીએ; તે તમને જ્યાં સુધી સમજાયું નથી ત્યાંસુધી અવિવેક છે. એટલે કપિ તથા કીરીટધર બોલ્યા, અરે મહારાજા,એ વહેમ ટાળો,આ દેહ જુદો ને એ દેહ જુદો તમેઅને રામ એક છો એવી અમને શી ખાતરી ? પ્રભુ કહે,તમને જ્ઞાન થવાને માટે સમજાવું છું. કારણમાં સુવર્ણ છે પણ કાય જોવા જતાં જુદા જુદા ઘાટ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જણાય છે.ભવાઇમાં ભવાયો જેમ વેશ કાઢે છે.તેમાં મીયાં થાય કે કંસારો થાય. નામ જુદા જુદાં પડે પણ ખરું જોવા જતાં પોતે તેનો તે જ છે. એ પ્રમાણે અનંત દેહ જુદા ધરું પણ છું. જુદાં દેહથી મને જુદાં માને તેજ અજ્ઞાનીનું લક્ષમ છે,કોઈ કહે કૃષ્ણ મારા,કોઈ કહે રામ મારા, કોઇ લોકોશિવ શક્તિને જુદા માને છે તેને મૂઢ પ્રાણી સમજવા.આંધળા પુરુષે હાથીન અવયવ જુદા ઝાલીને જુદો હાથી જાણ્યો. અને દેખતાએ સૌ અવયવો મળીને એક જ હાથી જાણ્યો. પગવાળો સ્થંભ જેવો જાણ્યો. દાંતવાળે પાયા જેવો જાણ્યો સુંઢવાળે યુશળ સરખો જાણ્યો, કાનવાળે સુપડા જેવો પ્રકારે જુદા જુદા ઘાટ જોઇને આંધળે લડાઈ ચલાવી,દેખતાએએ સૌ અવયવો ભેગા કરીએએક જાણ્યો તેમને શી લડાઇ રહી ? આંધળા જેવા અજ્ઞાની પ્રાણી જુજલું જુજવું જાણે છે.અજ્ઞાનીના જ્ઞાનમાં સમજ પડતી નથી અનેનકામો યુમત ઝાલી નર્કવાસમાં પડે છે.કંઇક કહેશે ટેકની ભક્તિ કરીએ તો સારું.એમ માની ટેકની ભક્તિ કરે છે. પણ અનેકનો જાણીને ભકિત ટેક ધરાવો. કંઇક કહે, બધાને બાઝીએ તેમાં કયો આવીને કામ કરે ? માટે એકને બાઝયા હોઇએ તો ઠીક,એ બોલવું અજ્ઞાનીનું છે. સર્વ મળીને એક થાય છે તેમાં એકને માન્યો ને એકને ન માન્યો તો તેનાં માઠાં ફળનીવડે છે, તેનાં કેવાં દુષ્ટ ફળો મળે છે, તે વિષે દૃષ્ટાંત કહું છું.

એક પુરુષને બે સ્ત્રીઓ હતી. ને સ્ત્રીઓને એવું કામસોંપ્યું હતું કે પોતાના પતિનો એકેક ચરણ ચાંપવો,જુનીનેજમણો અને નવીને ડાબો.એ પ્રમાણે પોતપોતાને ચરણ સોંપેલાતે.તેની સેવા કર્યે જાય છે,એવામાં એક દિવસ નવી નારી પિયરગઇ અનેજુની એકલી ઘેરરહીછે.પોતપોતાનાભાગમાંઆવેલોચર્ણચાંપેછે. તે ચાપતાંચાપતાંવિચાર આવ્યો,આવેળા મારીશોકગઇનથી માટે એનાભાગમાં સોંપેલા ચર્ણને કાપી નાંખુ તો નિત્ય છાતી કાઢી સામી બેસે છે તે બેસે નહિ. એમ જાણીખીંટીએથીતલવાર ખેંચી કાઢીએટલેઅનો સ્વામી બોલી ઉઠયો,અરે અબળા, તું શું કરે છે ? કેમ તલવાર લીધી ? નારી બોલી, સ્વામી તમે બોલશો નહિ.મારું અંતઃકરણ બની જાયછે,મારી શોકય મારા માની આવીને બેસે જે માટે એના ભાગમાં સોંપેલો ચર્ણ કાપી નાંખું તો સામી બેસવા પામે નહિ. એમ કહી તલવાર ઉગામી. કંથે જાણ્યું;કાપી નાખશે તો ભોગ મળશે. અમ વિચારી એકદમ ઊભો થયો અને તલવાર પકડી લીધી. પતિએ કહ્યું,એતો મારો પગ છે. સ્ત્રી બોલી. તમારો શેનો ? તમે તો તેને ચાંપવા સોંપી દીધો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે. પતિએ જાણ્યું, નવી નારીને ચાંપવા શીશ આપીએ તો નવીનું શીશ સમજી આ રાંડ કાપી નાંખે માટે આવી દુષ્ટ રાંડ મારા કામની નહિ. તમામ મારું અંગ છે એવું આ રાંડ સમજતી નથી, માટે કોઈ દિવસ જીવનું જોખમ કરી નાંખે: એમ જાણી જુનીને શિક્ષા કરી કાઢી મૂકી. આ દૃષ્ટાંતનું સિદ્ધાંત એટલું લેવું, એક સ્વરૂપને અંગ ઘણાં હોય તે અંગમાં જે ભેદ જાણે તેમને અજ્ઞાની જાણવા, માટે રામ,કૃષ્ણ,શિવ,શકિત વિગેરે જુદા જુદા માનશે તો ભકિત કરેલી નિષ્ફળ જશે અને ઉલટા નર્કને પ્રાપ્ત થશો.પ્રભુ બોલ્યા,અર્જુનજી,તમે પહેલો મનમાં અહંકાર કર્યો, હું કૃષ્ણભકત રામભકત કરતા જબરો છું એમ ધારી પાજ બાંધવાની તૈયારી કરી; તેથી કપિએ બે વખત પાજ ભાગી નાંખી.તમારો ગર્વ ઉતરી ગયો અને હનુમાનને રામભક્તનો ગર્વ ચડયો, તેમનાથી ત્રીજી પાજ ન ભાગી અને દાસના દાસ થવું પડયું.અહંકાર કરી જુદા જુદા માનશે તેનો વિનાશ થશે જેમ પેલા પુરુષે જમણા ચરણવાળી નારીને તરછોડી મૂકી તેવી રીતે ભેદી ભકતોને હું તરછોડી નાંખું છું.

રામમાં અને કૃષ્ણમાં કદી ભેદ જાણવો નહિ; એમ કહી કૃષ્ણનીકાયા બદલી રામનું સ્વરૂપ ધારણ કર્યું, કપિરાજ હનુમાનજી તરત પગે પડયા ને અર્જુનજીએ પણ સ્તુતિ કરી,બંને પ્રભુના પ્રેમી ભકત આનંદ પામ્યા.હનુમાનજીએ કહ્યું. તમારે કયાં જવું છે તે મને કહો ? કૃષ્ણજી કહે ? કનક લેવા માટે લંકામાં જવું છે. કપિરાજ બોલ્યા તમે કહો તેટલું સોનું લઇને આજ ને આજ ઇંદ્રપ્રસ્તમાં આવું પ્રભુ કહે. સો મણ સોનું લઇને આવજો કપિરાજ બોલ્યા; તમે પાછા વળો હું આજ ને આજ સોનું લઈ ઇંદ્રપ્રસ્તમાં આવું છું. કૃષ્ણ કહે; મારે લંકા જોવી છે. હનુમાનજી બોલ્યા, અરે ભગવાન, મંદોદરીની આજ્ઞા નથી.રામ અને લક્ષ્મણ તે બે સિવાય કોઈનાથી ત્યાં જવાય નહિ. અટલે પ્રભુએ લંકામાં જવા માટે અર્જુનનું રૂપ હતું તે બદલી લક્ષ્મણનું રૂપ આપ્યું, હનુમાનજી કહે, હવે પ્રેમ કરીને પધારો પણ ભીમ રહી જશે. પ્રભુ કહે, તમે લંકામાં જઈ મંદોદરીને કહો. લંકામાં હાથી પડયા હતા, તેનો નાંખનારો આવ્યો છે. મંદોદરીને હનુમાનજીએ જઇ સર્વ સમાચાર કહી બતાવ્યા. મંદોદરીને કહે, ભલે આવવા દો રાણીએ વિચાર્યું હાથીંના નાખનારામાં કેટલું બળ છે તે તો જોઇ લઉં, કપિરાયે પ્રભુને કહ્યું; રાણીએ આજ્ઞા આપી માટે ખુશીથી પધારો એટલે બંને રથમાં બેસી પાજ ઉપર ચાલ્યા. ભીમને અહંકાર ચઢયો; હું કેવો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બળીઓ છું કે આખી સૃષ્ટિ મને જોવાને ઇચ્છે છે. ભીમસેન પણ પાજ ઉપર ચાલે છે, હનુમાનજી તો આગળ કુદીને પેલે તીરે પડયા, ચારે જણ મંદોદરી પાસે આવે છે, રસ્તામાં આવતાં ભીમને તૃષા લાગી, એવામાં એક તળાવ જોવામાં આવ્યું; ભીમસેન ત્યાં પાણી પીવા માટે ગયો, કુંભકરણની ખોપરી હતી તેમાં ચોમાસાનું પાણી ભરાયેલું, તેના કિનારા ઉપર લીલ વળગેલી હતી, ભીમસેન પાણી પીવા ત્યાં આવ્યો. પાણી પીવા જતાં ખસી પડયો તેથી ભીમ તેમાં ડુબી ગયો. એવામાં રામ લક્ષ્મણ બંને મંદોદરીના ત્યાં ગયા. મંદોદરીએ રામ લક્ષ્મણ જાણીં આસન આપ્યું અને પ્રેમ વડે કરીને પૂજન કર્યું મંદોદરી બોલી, અરે પ્રભુ હાથીનો નાંખનારો કયાં છે ? પ્રભુ કહે, અમારી પાછળ આવે છે, મંદોદરી ઊઠીને જોવા ગઈ તો ભીમસેન ડુબકાં ખાય છે, મંદોદરી જોઇને હસવા લાગી. મારાદિયરની ખોપરીમાંથી નીકળાતું નથી તો તેનામાં બળ શું હશે ? રાણી હનુમાનજીને કહેવા લાગી, પેલાને પાછો કાઢી મૂકો મેં તેનું જોર જોઈ લીધું. રામ લક્ષ્મણ કહે, મંદોદરી ? અમે પણ જઇશું. મંદોદરી કહે, ભલે આપની ઇચ્છા, અમે તો આપની સેવામાં જ દિવસ ગુજારીએ છીએ. પ્રભુ કહે. બહુ સારું. રામ લક્ષ્મણ પાછા વળ્યા. હનુમાનજીએ કહ્યું, અરે ભીમસેન, તમે પાછા વળો. ભીમ કહે કેમ ? પ્રભુ કહે, તમારો અહંકાર તમને નડયો, તમારા મનમાં એવું હતું કે હું કેવો બળીઓ છું જેથી કરીને સૌ સૃષ્ટિ મને જોવાને ઇચ્છે છે, પણ કુંભકરણની ખોપરીમાં તો નીકળાયું નહિ, ભીમ કહે, ઈશ્વર ઇચ્છા. જે થઈ તે ખરી. પછી પાજ ઉપર રથ ચાલે છે. હનુમાનજી કુદી આગળ જઇને બેઠા, ભીમસેન રથની પાછળ ચાલ્યો આવે છે. સિંધુ ઉતરીને બહાર નીકળ્યા. કપિરાજ બોલ્યા, કહો પ્રભુ, હવે શી આજ્ઞા છે ? પ્રભુએ રામ લક્ષ્મણનાં સ્વરૂપ બદલી પોતાનાં હતા તેવાં બનાવી કપિરાજને કહેવા લાગ્યા, તમારે ચિતાને સાચવવી અને જે વખત અર્જુન ધનુષનો ટંકાર કરે તે વખતે તેના રથની ધજા ઉપર આવીને તમારે બેસવું, એટલી તમારે ચાકરી બજાવવી અને આજ રાત્રિએ સુવર્ણનું એક ગચ્ચિયું ઇંદ્રપ્રસ્ત મૂકી જજો, તે સિવાય કાંઈ કામ કરવું નહિ, હનુમાનજી પ્રણામ કરી પાછા વળ્યા. કૃષ્ણ, અર્જુન તથા ભીમસેન ત્રણે જણ ઇંદ્રપ્રસ્તમાં આવી પહોંચ્યા અને કુંતાજીને પગે લાગ્યા. કુંતાજીએ પૂછયું, સુવર્ણ કયાં છે ? પ્રભુ કહે. આજ આવશે. સર્વે જણ રાત્રે સૂઈ રહ્યાં એટલે કપિરાજ આવી સો મણ સુવર્ણ મૂકી ગયા, સવારે તેના કકડા કરી પરસાળમાં ભરી પ્રભુએ કુંચીઓ પોતાની પાસે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાખી. પછી કુંતાજીએ પૂછયું, અરે ભગવાન, બે કામ સિદ્ધ થયાં હવે કીયું કામ કરવું,તે આજ્ઞા આપો.પ્રભુ બોલ્યા,કામદુર્ગા લાવવી જોઇએ.ધર્મરાજાએ ઇંદ્રનું આરાધન કર્યું.કહેવત છે કે મંત્ર આધિન દેવતા.દેવ લોકો ધર્મરાજાના સત્યથી બીએ છે તેથી કામદુર્ગા ધેનું અંતરિક્ષ આવીને મૂકી ગયા, તે ગાયના આવવાથી સઘળાને અતિ આનંદ થયો. બધું ગામ રાજાના જેવું ભક્તિવાન છે,જેવો રાજા તેવી પ્રજા.એ પ્રમાણે આખું નગર આનંદ ઓચ્છવ કર્યે જાય છે. કામધેનુ આગળ ઘૃતોના ચાર દીવા બળતા રાખ્યા, પછી કુંતાજીએ કહ્યું,ત્રીજું કામ આ થયું. હવે કીયું કામ કરવું ? પ્રભુ બોલ્યા,અરે ભીમસેન,હવે વિદ્વાન બ્રાહ્મણોને તેડી લાવો.એટલે ભીમ ગદા લઇ તૈયાર થયો.

પહેલવહેલો ધ્રુમઋષિના આશ્રમ ગયો ત્યાં વેદધુન ચાલી રહી છે.વૃકોદર ઋષિને પગે લાગ્યો. ને કહ્યું, મારા ઘેર રાંજસૂય યજ્ઞ થાય છે માટે આપના ત્યાં કેટલા બ્રાહ્મણો તૈયાર છે ? ઋષિ કહે, તમારે કેટલાની જરૂર છે ? વૃકોદર બોલ્યો, મારે વીસ હજાર જોઇએ છીએ, ઋષિ કહે, અહીં દશ હજાર છે. હવે તું ગૌતમ મુનિના ત્યાં જા.ભીમસેન ગૌતમના મઠમાં ગયો.ઋષિને પગેલાગી કહ્યું કે મારે ઘેર.રાજસૂય યજ્ઞ થાય છે,માટે તમારા ત્યાં જેટલા બ્રાહ્મણ હોય તેટલા લઈ પધારો. ગૌતમ કહે,મારા ત્યાં ત્રણ હજાર છે.તું અગસ્તના મઠમાં જા ત્યાં વિદ્યાર્થી જોઇએ તેટલા છે, તેમ યજ્ઞ કરાવે તેવા છે, ભીમસેન અગસ્તના મઠમાંગયો અને ઋષિનેપગે લાગી બોલ્યો,મારા ત્યાં સાત હજાર વિદ્યાર્થી છેભીમ કહે,તે લઇને આપણે ગૌતમ મુનિને ત્યાં જઇએ અગસ્તે વિદ્યાર્થીઓને આજ્ઞા આપી. વિદ્યાર્થી પોતપોતાનાં પુસ્તક સજી તૈયાર થઈ ગયાં. ત્યાંથી ઋષિ વિદ્યાર્થીઓને લઈ ગૌતમ મુનિને ત્યાં આવ્યા.ભીમસેન બોલ્યો,અરે મહારાજ, અગસ્તમુનિ પધાર્યા,હવે,આપ કૃપા કરો તો બહુ સારૂં.ગૌતમ મુનિ અગસ્તને મળ્યા અને વિદ્યાર્થીઓ પણ એક એકને મળી આનંદ કરવા લાગ્યા.ગૌતમ મુનિએ ત્રણ હજાર વિદ્યાર્થી તૈયાર કર્યા, ત્યાં સર્વે ધ્રુમઋષિનાં આશ્રમે ગયા ભીમસેને ધ્રુમને પગે પડી કહ્યું,મહારાજા, હું દસ હજાર વિદ્યાર્થીઓને લાવ્યો છું. ધ્રુમઋષિ બહાર જોવા આવ્યા તો અગસ્ત મુનિ, ગૌતમમુનિને વિદ્યાર્થીઓ સહિત નીરખ્યા.ઋષિએઋષિઓ એકએકને મળ્યા અને વાતચીત કરવા લાગ્યા. ધ્રુમઋષિ બોલ્યા, ભીમસેનને મશ્કરી કરવાની ટેવ છે, માટે ફોગટનો ફેરો ખવરાવશે તો શું કરીશું ? અગસ્ત કહે,તમને તેમ લાગતું હોય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તો ખબર મંગાવી લો, ધૃમ કહે, ભીમસેન, તું ઘેર જઈ તારા બીજા ભાઈને મોકલ. કારણ કે તું મશ્કરી કરે તો અમારી આબરૂના કાંકરા થાય.તારોભાઈ તેડવા આવે ત્યારે આવીશું.ભીમ કહે,આ કામ મારે માથે છે માટે તમે જરૂર ચાલો, બીજી વાતમાં મશ્કરી થાય આવી મોટીવાતમાં મશ્કરી થાય નહિ.

બ્રાહ્મણોને સત્ય લાગ્યું તેથી સર્વે તૈયાર થયા, ભીમસેન ગદા લઈ ઋષિ લોકોને પગે લાગીને આગળ ચાલ્યો, ઋષિ લોકો વિદ્યાર્થીઓને લઇ પાછળ પાછળ ચાલ્યા જાય છે.ઈંદ્રપ્રસ્તની ભાગોળ આવ્યા એટલે ગામમાં ખબરપડી કે બ્રાહ્મણો પધાર્યા, પાંડવો પ્રેમ વડેપૂજન કરવા સારુંનગ્રની બહારસામાગયા. તેમની પાછળ આખા નગ્રના લોકો પણ ગયા.અપાર માણસની ભીડભરાઈછે. બ્રહ્મરૂપનાં દર્શન કરવા વડે પાવકોનોનાશ.થાય તેટલા માટે નગ્રનાલોકો મોતી તથા પુષ્પથી વધાવે છે. પાંડવો દંડવત કરી ઋષિઓને પગે લાગે છે. ઋષિ લોકો પાંડવોને પ્રભુના પ્રેમી ભક્ત જોઈ ખુશી થાય છે, પછી બ્રાહ્મણોને વાજતેગાજતે નગ્રમાં લાવ્યા; નગ્રના લોકોનો સંતાપ ટળી ગયો અને આનંદ ઓચ્છવ થઇ રહ્યો, એક સુંદર મુકામ બાંધી રાખ્યો હતો તેમાં બ્રાહ્મણોને ઉતારો આપ્યો. એકેક ઋષિની પાસે બબે સેવકો મૂકયા, નગ્રના લોકો હમેશાં દર્શન કરવા આવે છે અને જન્મ મૃત્યુ ટાળવાના પ્રશ્ન પૂછે છે.ઋષિઓ તેના જવાબ આપે છે,તે પ્રશ્નોના ઉત્તરથી લોકોનેજ્ઞાન થાય છે.આખા નગ્રમાં જયજયકાર થઈ રહ્યો છે. પછી કુંતાજી બોલ્યાં,હે પ્રભુ, હવે કયું કામ બાકી રહ્યું છે ? પ્રભુ નીકુળજીને કહેવા લાગ્યા, અરે નીકુળજી,તમે તૈયારથઇ પાતાળ માંથી મંડપ લઇ વહેલા આવો. કુંતાજી કહે, બેટા નીકુળ, ભોજન કરી લે પછી મંડપ લેવા જજે,પછી સહદેવજી તથા બંને એકાંતમાં મળ્યા, સહદેવ કહે છે પ્રભુ, નાનાભાઇ નીકુળજી પાતાળમાં મંડપ લેવા જાય છે,ત્યાં કાળી નાગ કાળનો કાળ છે માટે તેની સંભાળ કોણ લેશે ? કૃષ્ણ કહે, તમારી વાત સત્ય લાગે છે માટે પાતાળમાં ભીમના પુત્ર ઉપર કાગળ લખો. વૃકોદરનો પુત્ર તેને મદદ કરશે,તેમ મંડપ પણ અપાવશે. વૈશમપાયન ઋષિ કહેછે હે રાજા, સહદેવે પાતાળમાં નાગકન્યાને પત્ર લખ્યો, તમારા નાના દિયર નીકુળજી ત્યાં આવ્યા છે માટે તેને મદદ કરજો.એ પ્રમાણે પત્ર લખી નીકુળના જામાની કસે કોઇ ન જાણે તેમ તાણી બાંધ્યો, નીકુળજી જમી ઉઠયા, પોતાના શણગાર સજી લીધા તેમ કવચ્ચ બકતર વિગેરે આયુધ સાથે લીધાં, ધનુષ બાણ તૈયાર કરી ખાંધે ચડાવી લીધું. માથા ઉપર મુગટ પહેરી લીધો, પછી ભાઇઓ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તથા માતા પાસે આજ્ઞા લેવા આવ્યો. સર્વેજણે આશીર્વાદ દીધોકે મંડપલઈ વહેલા આવજો. નીકુળજી તૈયાર થઈ ચાલી નીકળ્યો, તે ચાલ્યો ચાલ્યો આબુ પર્વત ઉપર આવીને ઉભો રહ્યો. ત્યાંથી પાતાળમાં જવાનું તેણે શોધી કાઢયું.

નીકુળજી તેમાં પ્રવેશ કરીને પાતાળમાં ગયો, કાળીનાગનાં બારણાં પાસે જઈને ઉભો રહ્યો. તે વખતે કાળીનાગ સૂતો હતો. કાળી નાગની નાગણીઓ ભેગી થઇ તેનું અંગ ચાંપતી હતી, તેમણે ધાંટો સાંભળ્યો તેથી એકદમ બહાર દોડી આવી; મહારૂપવાળો પુરૂષ દેખીને નાગણીઓ પગે લાગી બોલી, અરે મહારાજા, આપ કોણ છો? અહીં કેમ પધાર્યા છો? વળી આપની સ્ત્રીનું કેવું કઠણ હૃદય હશે કે જેણે આવા સુંદિર પતિને મરવા માટે આજ્ઞા આપી છે? કાળીનાગ મહા કાળનો કાળ છે તે તમને જરૂર મારી નાંખશે. તમને મારવાની બીક નથી? નીકુળજી બોલ્યા, અરે એ શું મારતો હતો. નાગણીઓ કહે તમે ધાંટા કાઢયા સિવાય બેસી રહો. એવી ગડબડ સાંભળી કાળીનાગ જાગી ઉઠયો અને નીકુળજીના ઉપર વિષની જવાળા નાંખી. નીકુળજીને વિષ ચડવાથી લહેર આવી અને બેભાન થઇ પૃથ્વી ઉપર પડયા, સ્ત્રીઓ મનમાં શોક કરવા લાગી. પહેલેથી એ પુરુષને ચેતાવ્યો હતો પણ તેણે માન્યું નહિ તેમાં આપણે શું કરીએ. કૃષ્ણજીને બહુ દુઃખ પડયું ત્યારે કાળીનાગ વશ થયો. તો આ મનુષ્યનું શું ગજુ? કાળીનાગને ગુસ્સામાં જોઇ સ્ત્રીઓ તેનું શરીર ચાંપવા લાગી. એવામાં ત્રીસ ચાલીસ છોકરાઓનું ટોળું ત્યાં રમવા આવ્યું. તેમાં ભીમનો પુત્ર બબરીક સૌનો સરદાર છે. બબરીકે નીકુળજીનેજોઇને મનમાં વિચાર કર્યો કે આ કોઈ ભાગ્યશાળી પુરુષ પૃથ્વી ઉપર રહેનારો જણાય છે, તેણે વિચાર કર્યો કે સુંદિર પોષાક મારે ઘેર લઇ જાઉં તો ઠીક થાય એમ ધારી બીજા છોકરાઓને મારી ઘેર કાઢી મૂકયાં. પોતે મુગટ તથા વસ્ત્ર શણગાર વિગેરે ઉતારી લીધા અને ઘેર જઇ પોતાની માતાને સોંપી દીધા, માતાજીએ પૂછયું, દીકરા, આવાં સુંદિર વસ્ત્રો કયાંથી લાવ્યા? બબરીક કહે, માતાજી, કાળીનાગના દ્વાર આગળ કોઈ પુરૂષ મરી ગયા જેવો પડયો હતો તેના શરીર ઉપરથી ઉતારી લાવ્યો છું. નાગકન્યા કહે, આવા રૂપાળાં વસ્ત્રો- પહેરનારો કોણ હશે? દાગીનાં તથા મુગટની શોભા કેવી સુશોભિત દેખાય છે?

શણગાર જોતાંજોતાં સહદેવજીનો લખેલો પત્ર હાથમાં આવ્યો. નાગકન્યાએ ચીઠી ઉઘાડીને વાંચી બબરીકને કહેવા લાગી, અરે દીકરા, આતો તારા કાકા નીકુળજી છે. તું સત્વર જા અને તેમને આપણા ઘેર તેડી લાવ. વિષની જવાળા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાગી હતી તે હવે ઉતરી જઇ શુદ્ધિમાં આવ્યા હશે માટે ત્યાં જઈ તારા કાકાને આપણા ઘેર તેડી લાવ. બબરીક કાકાની પાસે આવીને ઊભો રહ્યો. નીકુળજીને શુદ્ધિ આવી છે, તેથી ઊઠીને જોવા લાગ્યા તો પોતાના શણગાર દીઠા નહિ. અરે દૈવ ! મારા શણગાર કોણ લઈ ગયું હશે ? ગમે તે થાય પણ મંડપ લીધા સિવાય ઘેર જવું નથી. બબરીક બોલ્યો, કાકા નીકુળજી ! મારી માતાજી આપને બોલાવે છે ? નીકુળજી કહે, તું મને કાકા કેવી રીતે કહે છે ? બબરીક કહે, તમારા ભાઈ ભીમસેનનો હું પુત્ર છું. કૌરવોએ ઝેર દઈ મારા પિતાને પાતાળમાં ફેંકી દીધા હતા, ત્યારે મારી માતા સાથે વર્યા હતા, તેમનો હું પુત્ર છું, માટે આપણે ઘેર ચાલો. ત્યાં મારી માતા બધી વાત કરશે. નીકુળજી કહે, મારા શણગાર ક્યાં હશે? બબરીક બોલ્યો, તમારા શણગારને હું લઇ ગયો છું.

આ સાંભળી નીકુળજીને હિંમત આવી અને ત્યાંથી નાગકન્યા પાસે આવ્યા. નાગકન્યાએ બહુ આદર કર્યો, રૂડા પ્રકારથી ભોજન કરાવ્યું. પાનસોપારી વિગેરે મુખવાસ આપી નીકુળજીને બેસાડ્યા. પછી પૂછ્યું, કેમ પધાર્યા છો? નીકુળજી હસીને બોલ્યા, આપણે ઘેર રાજસૂયયજ્ઞ થાય છે તે યજ્ઞમાં સરાવટ મંડપ જોઇએ છે, તેટલા માટે કાળીનાગ પાસે મંડપ લેવા આવ્યો છું; પણ કાળી નાગે તો મને એક ફૂંકમાં ઉડાવ્યો. બબરીક કહે, કાકા ? કાળીનાગ મારો મામો થાય. પુત્ર માતાને કહેવા લાગ્યો, તારો ભાઇ કેવો ફાટી ગયો છે કે મારા કાકાને વિષની જ્વાળા નાંખી ? મારા કાકાની ઈજ્જત લીધી માટે તેને ઠેર મારી નાંખું. એમ કહી મારવા માટે તૈયાર થયો. નાગકન્યાએ હાથ ઝાલી કહ્યું, મામાને મારી નાંખવો તે ઉત્તમ કામ કર્યું ન કહેવાય. વ્યવહારમાં ખોટું દેખાય. મારાં ભાઇએ તારા કાકાને ઓળખ્યા નહિ તેથી વિષની જ્વાળા નાંખી હશે. મોસાળ ઉજજડ કરે તેને નિર્દય ભાણેજ જાણવો. માતાના વિસરામને ભંગ કરવો તે સારું નહિ. બબરીક કહે, હું કુટુંબની લાજ કેમ ખોઉં ? જે તાતની શોભાને લાજ લગાડે તેને કપુત જાણવો. પહેલું કુંટુંબ પછી મોસાળ. નાગકન્યા કહે દીકરા ! તું જઇને મંડપ માગી લે અને જો ન આપે તો લડાઈ કરજે. મંડપ આપે તો લડાઈ કરવાની શી જરૂર છે ? બબરીક બોલ્યો, બહુ સારું. એમ કહી કાકાનો હાથ ઝાલી ઊભો રહી કહેવા લાગ્યો, ચાલો મારા મામાની મજા બતાવું. જો મંડપ નહિ આપે તો ઠેર મારી નાંખીને મંડપ લાવું છું. એમ વાતો કરતો કાળીનાગને ત્યાં ગયો. ઘાંટા કાઢીને બોલ્યો, કેમ મામા, ઘરમાં ભરાયા છો ! મારા કાકાના ઉપર તમે શા માટે વિષની જ્વાળા ફેંકી ? કાળીનાગ ઊંઘમાંથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જાગીને બોલ્યો,તારો કાકો છે તેની મને શી ખબર ?અજાણ્યાનો દોષ ન ગણાય. બબરીક કહે,બહુસારું પણ મારેસરાવટ મંડપ જોઇએ છીએ.કાળીનાગ બોલ્યો. સરાવટ મંડપ ઈંદ્રનો છે માટેતે નહિ મળે.બબરીક કહે,ગમે તે કરો પણ મંડપ આપ્યા સિવાય ચાલે તેમ નથી. મામો કહે,ઇંદ્રરાજાની આજ્ઞા નથી માટે કદી આપનાર નથી. બબરીકને રીસ ચઢી અને પોતાના મામાના મસ્તક ઉપર જોરથી એક ગેડી મારી.મામાના મસ્તકમાંથી રુધિરની ધારા ચાલી. કાળીનાગ ગુસ્સે થયો અને વિચાર્યું મને મારા ભાણેજે ગેડી મારી માટે તેને ઠેર મારી નાંખું. એમ ધારી કાળીનાગ મારવા દોડયો. બબરીકે કાળીનાગને આવતો જ પકડી લીધો અને ગેડીનો માર મારવા લાગ્યો. કાળીનાગના શરીરમાંથી પુષ્કળ રુધિર છુટવા લાગ્યુ તે જોઈ નીકુલ કાખલીઓ કુટે છે કે બહુ સારું થયું. મારા ઉપર વિષની જવાળા નાંખી હતી તેનું વહેર ઠીક લેવાય છે.

નાગણીઓ આવી બબરીકને કરગરવા લાગી ભાણેજજી, તમે શા માટે તમારા મામાને મારી નાંખો છો?અમને હેવાતણ આપો.બબરીકને દયા આવવાથી કાળીનાગને લાત મારી ઘર બહાર રસ્તામાં ફેંકી દીધો.કાળીનાગ બેભાન થઇનેપૃથ્વી ઉપર પડયો.બબરીક-ઘરમાંપેઠો અને સરાવટ મંડપ ઊંચકીલીધો. કોઇનાથી ના કહી શકાયું નહિ. સર્વે જણ ધ્રુજવા લાગ્યા. મંડપને ઊંચકી પોતાના કાકા પાસે આવ્યો.નીકુળજી બોલ્યા,શાબાશછે દીકરા ! ધન્યછેતારા માતપિતાને. જેવા તારા બાપ બળવાન છેતેવો તું બળવાન પાકયો. બબરીક કહે, કાકા, પ્રભુની કૃપાથી અને આપના પુન્યથી સર્વ વાત બની. નીકુળજી બબરીકનું બોલવું સાંભળી શાંત થઈ ગયો.પછી કાકો ભત્રીજો બંને નાગકન્યા પાસે આવ્યા. બબરીકે પોતાની માને તમામ હકીકત કહી સંભળાવી. તારા ભાઇને ઘણો સમજાવ્યો પણ ન માન્યું. છેવટે મારી સરાવટ મંડપ ઊંચકી લાવ્યો છું. તેની મા બોલી, દીકરા ? તારા મામાને જીવતો મૂકયો કે મારી નાંખ્યો ? બબરીક કહેવા લાગ્યો, માતાજી ! મારી મામીઓ કરગરી પડી તેથી મામાને જીવતો રહેવા દીધો, નહિ તો પૃથ્વી ભેગો કરી નાંખત. નાગકન્યા બોલી તારા મામાને જીવતો મૂકયો તે બહુ સારું કર્યું, કારણ કે જીવતો હશે તો પિયર જવા થશે. બબરીક બોલ્યો, પિયેરનું નામ મૂકી છાનીમાની પ્રભુનું ભજન કર. નિકુળજી કહેવા લાગ્યા, ભાભી ! બબરીકને મારી સાથે યજ્ઞમાં મોકલો. બબરીક કહે, માતાજી ! મારા બાપ પાસે જવા દો, નાગ કન્યા બોલી, બેટા, તું જઇશ તો મને ખાવાપીવાનું બિલકુલ ગમશે નહિ, તું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મને બહુ વહાલો છે. તું જઈશ તો મારાથી જીવાશે નહિ. બબરીકે શિખામણ દીધી, માતાજી, જેટલો મારામાં પ્રેમ રાખો છો તેટલો પ્રભુ ઉપર રાખતાં હો તો જરૂર તમારું કલ્યાણ થાય, આ જગત મિથ્યા છે. પરમાત્મા સત્ય છે, સગાં સંબંધી સ્વાર્થી છે. માતાજીએ કહ્યું, દીકરા, હું બિલકુલ સ્વાર્થી નથી. બબરીક બોલ્યો, હે માતા ! હું મરી જાઉં તો તું શું કરે ? માતાએ જવાબ આપ્યો; એ શું બોલ્યો ? તું મરી જાય તો મારુ જીવતર ખરાબ થાય. મારો કોઈ ભાવ પૂછે નહિ, જગતમાં નખોદ ગયું કહેવાય. બબરીક કહે, તું તો તારા સ્વાર્થના જવાબ દે છે પણ મારો ભાવ તો પૂછતી જ નથી. હું જઈશ ત્યાં મને દુઃખ પડશે કે સુખ પડશે તેનું શું કહે છે ? માતાએ જવાબ આપ્યો. તું જાય તો મને અપાર દુઃખ પડે. બબરીક બોલ્યો, અરે માતાજી, આટલો બધો સ્વાર્થ રાખો છો છતાં જૂઠું બોલો છો, માટીના કાચા ઘડાની માફક આ કાયા છે માટે તેનો ભરોસો રાખ્યા સિવાય પ્રભુનું ભજન કરશો તો કલ્યાણ થશે.નાગકન્યા તથા નીકુળ આશ્ચર્ય પામ્યા.દીકરો ગુણવાન છે. બળવાન છે એટલું જ નહિ પણ મોક્ષમાર્ગી છે. નીકુળજીએ વિચાર્યું બબરીકને તેડી જઈશું તો આપણી ફજેતી થશે, કારણ કે કાળીનાગે વિષની જવાળા ફેંકી હતી તેથી રસ્તામાં પડી ગયો હતો, આ બધી વાત ઉઘાડી થશે, અને હું એકલો જઈશ, તો એમ કહીશ, કાળીનાગને મારીનો સરાવટ મંડપ લાંઘ્યો તેથી નીકુળજીએ મોં ઉપરનું કહ્યું, બબરીકને મોકલો તો તેડી જાઉં. નાગ-કન્યાએ જવાબ આપ્યો, દિયરજી અત્યારે મારાથી મોકલાય તેમ નથી. બબરીક બોલ્યો, કાકા, હવે પધારો, હું આવત પણ મારી માને કલેશ થાય, માટે નહિ આવું. નીકુળજી કહે, તમારી મરજી એમ કહી પોતે ઘેર જવા તૈયાર થયો, કન્યા તથા બબરીકે નીકુળજીને વિદાયગીરી આપી.

નીકુળજી આબુના ડુંગર ઉપર નીકળ્યા. ત્યાંથી ઇંદ્રપ્રસ્તમાં આવીને કુંતાજીને પગે લાગ્યો.કુંતાજીએ આશીર્વાદ આપ્યો.ત્યાં ચારભાઈ તથા શ્રીકૃષ્ણ પ્રભુ બીરાજ્યા હતા.કુંતાજીએ પૂછ્યું,તું મંડપ કેવી રીતે લાંઘ્યો ? કાળીનાગ કાળનો કાળ છે.ભલી તેણે જ્વાળા ન નાંખી?કૃષ્ણ પ્રભુને ઘણો પરસેવો વળ્યો ત્યારે તે દુષ્ટ વશ થયો હતો,એવો બહુ બળવાન છે,નીકુળજી કહે,હું પાતાળમાં ગયો,અને ત્યાં જઇ કાળીનાગનું ધામ પૂછી જોયું,કોઇએ મને મુકામ બતાવ્યો. ત્યાં જઇ કાળીનાગને ચાર ઘાંટા કાઢયા, એટલે તેની તમામ સ્ત્રીઓ મારી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાસે આવી મને કહેવા લાગી.તમે બહુ રૂપાળા છો,કૃષ્ણજી કાળા છે અને તમે ગોરાં છો.એટલામાં કાળીનાગ જાગી ઉઠયો અને મને દેખીને રોષમાં ભરાયો એટલે મને પણ એકદમ રીસ ચઢી. કાળીનાગને આવતો જ પકડી લઇ માર માર્યો અને માર્ગમાં ફેંકી દીધો, ઘરમાં જઈ મંડપ ઉંચકી લીધો, એવી રીતે જીતીને મંડપ લાવ્યો છું.સહદેવ જાણ્યું,ભાઇને અહંકાર થયો.જોષીએ પૂછયું, નીકુળજી કેટલા કંસાર જમ્યા? ભીમ ચેતી ગયો કે જરૂર મારા ઘેર ગયો હશે. નીકુળે જાણ્યું, છાનું રાખવા ગયા પણ છેવટ પાપનો ઘડો ઉઘાડો થયો પછી પોતે ખરી વાત કહી બતાવી; ભીમભાઈની જય થાજો, હું પાતાળ ગયો હતો ત્યાંકાળીનાગે મને જવાળા ફેંકી તેથી હું બેભાન થઇ પૃથ્વી ઉપર પડયો, ત્યાં ભીમનો પુત્ર આવ્યો, મારાં વસ્ત્ર અલંકાર પોતાને ઘેર લઈ ગયો અને પોતાની માને સઘળા સમાચાર કહ્યા,ભોજાઇએ આવકાર દઈ કંસાર જમાડયો,

ભીમનો પુત્ર બબરીક ઘણો બળવાન છે તેમ રૂપરૂપનો અંબાર છે, કુંવરે કાળો કેર કર્યો અને મારું વહેર લીધું,કાળીનાગની સ્ત્રીએ કરગરી પડી, નહિ તો બબરીક ઠેર મારી નાખત,પછી ઘરમાં જઈ પોતે મંડપ ઊંચકી લાવ્યો અને મને આપીને વિદાય કર્યો.શિવ બ્રહ્મા પણ એનાથી હાર પામે એવો ભીમનો પુત્ર બળવાન છે.ભીમ કહે,દીનાનાથ;સાંભળોમારો પુત્ર કેવો બળીઓ છે?એમ કહી પોતાની મુછે હાથ નાખ્યો,તમારે ઘણા પુત્ર છે પણ મારા બબરીક જેવો કોઇ છે ? મારો દીકરો કેવો પરાક્રમી નીકળ્યો. બાપ તેવા બેટા, હું બળવાન છું તેવો જ તે બળવાન નીવડયો.પ્રભુ કહે.સમુદ્ર ઉપર હનુમાનજી સાંભરે છે કે નહિ ? ભીમ બોલ્યો, અરે પ્રભુ, એ વાંદરાની વાત કરશો નહિ એ તો બહુ બળવાન હતો. સઘળા ભાઇઓ તથા પ્રભુ હસી પડયા.ભીમ કહે,મારા દીકરાથી કામ થયું માટે આ કામ પણ મેં કર્યું એમ સમજજો. પ્રભુએ વૃકો-દરને ફુલાવ્યા કે ધન્ય છે તમને તથા તમારા દીકરાને. બંને બહાદુરો પાકયા.

ભીમ બોલ્યો, દીનાનાથ,સર્વ તમારી કૃપાથી છે. કુંતાજી પ્રભુને પૂછે છે હવે કયું કામ કરવું ? પ્રભુ બોલ્યા,હવે દેશાન્તર પત્ર લખો, દરેક મનુષ્ય પશુ પક્ષીનાં બંધ છોડી દે, એટલે દેશ દેશાન્તર પત્ર લખી દીધા, રાજાએ કાગળ વાંચીને પોતાના ત્યાં બંધન કરેલા હતા તેમને છોડી દેવા લાગ્યા, ફકત એકલો જરાસંઘ છોડતો નથી. જરાસંઘે પાંડવોને પત્ર લખી જણાવ્યો, મારા ઘેર વીસ હજાર રાજાઓ કેદમાં છે તેમાંથી હું કોઈને બંધનમાંથી છોડનાર નથી. પાંડવોએ પત્ર વાંચ્યો. પ્રભુ કહે,ભીમસેન તૈયાર થાઓ, એ કામ તમારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માથે છે માટે ઉતાવળ કરો. ભીમ, કહે અર્જુનજી, તમે તૈયાર થાઓ કારણકે લંકામાં સોનું લેવા જવું હતું તે વખતે હું તમારી મદદે આવ્યો હતો. અર્જુનજી કહે, કંઇ સારૂં કર્યું નહોતું. પ્રભુ કહે. કાંઈચિંતા નહિ. સાથે જવું છે તેમાં તમારું શું બગડે છે ? અર્જુન કહે,ભલે રથ તૈયાર કરો, પ્રભુએ રથને જોડયો.અર્જુનજીએ વસ્ત્ર અલંકારો પહેરી લીધાં તેમજ પોતનાં આયુદ્ધ ગદા ધનુષબાણ ધારણ કર્યાં.ભીમસેને વસ્ત્ર પહેરી પોતાની દસ હજાર મણની, ગદા ખાંધે ઉપાડી લીધી, ત્રણે જણ તૈયાર થઈ ચાલ્યા. ચાલતાં ચાલતાં પ્રભુ વાતો કરવા લાગ્યા. મગધદેશમાંજરાસંધ રાજ્ય કરે છે, તેનો કાયદો બહુ જ કઠણ છે. જનારને દરવાજેરોકી રાખેછે ને પ્રશ્નપૂછે છે કે તમે કીયા ગામના છોઅને શા માટે આવ્યા છો એવું પૂછયા પછી ચીઠી લખી દરવાન રાજાનેં બતાવે, ચીઠી વાંચી લઇ તેના મનમાં આવે તેવો હુકમ કરે છે. એવી વણી પરડ કરે છે. ફકત એકલા બ્રાહ્મણને જવાની છુટ આપણે આવા ને આવા વેશે જઇશું તો પેસવા નહિ,દે.માટે આપણે પણ બ્રાહ્મણનું રૂપ ધરીને નગરમાં પેસવું.આપણે આયુદ્ધ વનમાં મૂકીશું. ભીમ કહે ખરી વાત છે મહારાજા, એમ કહી જંગલમાં ગયા અને રથ ઘોડાગુફામાં મૂકયા,અર્જુને તક્ષક નાગનો મંત્રભણીને એક બાણ પૃથ્વીમાં માર્યું તે બાણના પ્રભાવથી તક્ષક નાગ પ્રગટ થયા. નાગ તરત રથની આસપાસ વીંટળાઇ વળ્યો અને ચોકી કરવા લાગ્યો, અર્જુને કહ્યું, મારી ચીજો જાળવજે, જો તેમાંથી કોઇ ચીજ ખોવાશે તો તારું મૃત્યુ આણીશ.એમ કહી વિપ્રનો વેશ ધારણકરી દરવાજે આવી ઊભા રહ્યા,તેવખતે રાજા શિવની સેવા કરવા લાગ્યો છે. જરાસંધ બે માતાઓનો પુત્ર છે,

શ્રોતાજનો એવી શંકા થાય કે બે માતાઓનો પુત્ર કેવી રીતે હશે ? તેનો સંદેહ ટાળું છું, રાજાને બે માતાઓ હતી.તેમાં એકનું નામ જરારાણી અને બીજીનું નામ જરારાક્ષસણી, તેમને ફરજન નહોતું તેથી બેઉ શિવની સેવા કરતાં હતાં. એવામાં શિવજી રાણીને પ્રસન્ન થયા ને કહ્યું કે માગ માગ માગે તે આપું. રાણીએ પુત્ર માગી લીધો એટલે મહાદેવજીએ તેને એક કેરી આપી કહ્યું.આ ફળ બધું ખાઇ જજે એટલે તારે પુત્ર થશે.તે ફળ લઈજરા રાણી ઘેર જતી હતી એવામાં જરા રાક્ષસણી તેને સામી મળી. તેણે રાણીના હાથમાં કેરી જોઇને રોકી રાખી પૂછયું કે આ કેરી કયાંથી લાવી? રાણી બોલી, મને મહાદેવજીએ આપી છે, અને કહ્યું કે આ ફળ ખાઇશ એટલે જરૂર તારે પુત્ર થશે.જરા રાક્ષસણી બોલી.આપણે અડધી અડધી વહેંચીખાઇએતોબંનેને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પુત્ર થશે અને વંઝા મહેણું ટળશે.રાણી બોલી,હું નહિ આપું.રાક્ષસણી કહે હું ઝૂંટાવી ખાઇ જઇશ તો શું કરીશ ? એટલે રાણી થરથર ધ્રુજવા લાગી. ને કેરીની ઊભી ચીરાડીઓ કરી તેમાં એક ચીરી રાક્ષસણીને આપી.બંને રાણીઓએ ભક્ષણ કરી. અડધી કેરી ખાવાથી અડધો અડધો ગર્ભ રહ્યો. પહેલું રાક્ષણીએ ભક્ષણ કર્યું હતું તેથી અડધું અંગતેને અવતર્યું.માથું અડધું, નાક અડધું, એક આંખ તથા એક કાન. એવું જોઇને રાક્ષસણી ક્રોધે ભરાઇ અને પુત્રને ઊંચકી શિવાલયમાં જઈ શિવના ઉપર મૂકી દીધો તેમજ નીચની માફક એવું બોલી, લે મહાદેવડા, તારો અડધો પુત્ર. એમ કહી પોતાને ઘેર ચાલી ગઈ પછી જરા રાણીને પેટ પણ અડધો પુત્ર અવતર્યો તે જોઈ રાણી પુષ્કળ રડવા લાગી અને નિશ્ચય કર્યો, આ અડધો પુત્ર મારા કામનો નથી, માટે મહાદેવજીને પાછો આપી આવું.

એમ ધારી પુત્રને ઊંચકી લીધો અને શંકરનું ધ્યાન કરતી દેરામાં પ્રવેશી, એટલે શિવના ઉપર રાક્ષસણીએ મૂકેલો અડધો પુત્ર દીઠો, તે પુત્રને ઉપાડી લઇ બંને ચિતાળિયાં પાસે મૂકી મહાદેવજીને કરગરે છે કે ગમે તેમ કરી મારો પુત્ર સજીવ કરી આપો નહિ તો મારા પ્રાણ ત્યાગ કરીશ. અરે દૈવ ! કેરીને ચીરી તેનું ભક્ષણ કર્યું, તેથી આવું માઠું ફળ ઉત્પન્ન થયું. હે શંકર ત્રિપુરારી, દીનબંધુ દયાળ ! મારી વહારે થાઓ પુત્રને સાજો કરો તો મને જીવતદાન આપ્યું એવું હું સમજીશ. શંકરે દીનતાનાં વચન સાંભળ્યાં અને પોતે પ્રગટ થઇ ચિતાળિયાં ભેગાં કરી તેના ઉપર હાથ ફેરવ્યો એટલે પુત્ર સજીવ થયો. મહાદેવજીએ કહ્યું, આ તારો પુત્ર લોઢાથી, લાકડાથી, હાડકાથી, ચામડાથી, પાષાણથી કોઈ રીતે મરશે નહિ. રાણીએ પૂછ્યું, શું મહારાજ, મને અમર પુત્ર આપ્યો ? ત્રિપુરારી કહે, મારી વાત ધ્યાનમાં લે. કોઈ એને ઊભો ચીરી ચિતાળિયાં કરી ઊંચે ફેંકશે તો પણ ચિતાળિયાં ભેગાં થઈ પાછો સજીવન થશે. પણ કોઈ ચીરી તેનાં ચિતાળિયાં કરી વચમાં શિવનું બાણ કરે તો ચિતાળિયાં ભેગા નહિ થાય અને પુત્ર મરણ પામશે, એમ કહી શંકરે પુત્ર આપ્યો અને રાણી આનંદ પામી પોતાને ઘેર ગઈ.ને પુત્રનું નામ જરાસંધ ધારણ કર્યું. તે જરાસંધ મોટો થઇ રાજ્ય કરે છે.અને ગૌબ્રાહ્મણ ઉપર પ્રીતિ સારી રાખી પોતે હંમેશાં શંકરનું પૂજન કરે છે.એ પ્રમાણે બે માતાઓથી ઉત્પન્ન થયેલો જરાસંધ રાજા વહાણામાં વહેલો ઊઠી નાહી ધોઈ મહાદેવની પૂજા માટે શિવાલયમાં જાય છે. ચંદનપુષ્પથી પૂજા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરી સુવર્ણનું છત્ર ધરે છે. ધૂપ દીપ નૈવેદ્ય વિગેરેથી વિધિપૂર્વક પૂજન કરી બીલીપત્ર ચડાવે છે, વળી સવાસો મણની આરતી હાથમાં ઉંચકીને અને સો મણનો ઘંટ કાને બાંધીને, માથું ધુણાવીને વગાડે છે. એ પ્રમાણે રૂડે પ્રકારે શિવની સેવા કરી પોતાને ઘેર જાય છે. ઘેર જઈ દરેક દરવાજેથી સેવકો મોકલી જેટલા બ્રાહ્મણો હોય તેટલા મંગાવે છે. તેમને આસન આપી સારી રીતે જમાડે છે. પછી મુખવાસ આપીને સ્વસ્તિ એવું વચન કહેવડાવે છે. ત્યાર પછી બ્રાહ્મણોને વિદાય કરે છે. રાજા બ્રાહ્મણોના પાત્રમાંથી એઠવાડના પાંચ ગ્રાસ ભર્યા પછી બીજું અન્ન જમે છે, એવો મહા ધર્મિષ્ટ રાજા છે. પણ શિવમાં તથા વિષ્ણુમાં ભેદ માને છે. શિવને સાચા માને છે. અને વિષ્ણુને જૂઠા માને છે. તેમજ પોતાના બળનો અહંકાર ધરાવે છે, એ બે વાતની મોટી ખામી છે તેથી અધર્મી કહેવાય છે. વીસ હજાર ક્ષત્રીઓને કેદ કર્યા છે. કોઇ દિવસ કામ કર્યું ન હોય તેની પાસે દયણું દળાવે છે એવો જરાસંધ રાજા બહુ બળીઓ છે તે કૃષ્ણ પ્રભુ જાણે છે. કારણ તેમને પણ યુદ્ધમાં સત્તરવાર નસાડયા હતા.

રાજા શિવનું પૂજન કરી પોતાના મહેલમાં આવ્યો ને છડીદારોને હુકમ કર્યો દરવાજે જેટલા બ્રાહ્મણો ઊભા હોય તેને જમવા તેડી લાવો, સેવકો દરવાજે આવ્યા, તો ત્રણે જણા વિપ્રને વેશે ઉભેલા, તેમને સેવકો આવીને પગે પડયા. અને કહેવા લાગ્યા, ચાલો મહારાજા જમવા સારું તેડાવે છે. એટલે ત્રણે જણા તેની પાછળ ચાલ્યા. રાજાના મહેલની પાસે જતામાં જરાસંધ સામો જઈ પગે લાગી પધારો પધારો કહી મહેલમાં તેડી ગયો. પછી ભોજનને માટે આસન આપી બેસાર્યા, તે પછી સામગ્રીના મોટા થાળ ભરીત્રણે જણની આગળ મૂકયા. દરેકની આગળ ઘૃતના દીપક તથા અગરબત્તીના ધુપ કર્યા. ત્રણે જણાએ નીચું ઘાલી ભોજન કરી લીધું. ત્રણે જણે હાથ ધોયા. મુખવાસ લીધા પછી રાજા દક્ષિણા આપવાને આવ્યો એટલે હાથ ઊંચા કર્યા. રાજાએ દક્ષિણા આપવા માંડીને કહ્યું, સ્વસ્તિ શબ્દ કહો. ત્રણે જણ માંથી કોઈ જવાબ આપતું નથી, બીજી વખત બોલ્યા પણ કોઈ ઉચ્ચાર કરતા નથી, છેવટે ગુસ્સે થઇ બોલ્યો. તમે બ્રાહ્મણ છો કે અન્ય વર્ણ છે ? જો બ્રાહ્મણ હોતો સ્વસ્તિ કહો અને બીજા હો તો મને જવાબ આપો. ત્રણે જણાએ વિચાર્યું, જો સ્વસ્તિક કહીશું તો સુકિત કરેલું ધોવાઈ જશે, કારણ, સ્વસ્તિ કહેવાનો અધિકાર ફક્ત એકલા બ્રાહ્મણને જ છે. માટે આપણે સ્વસ્તિ કહીશું તો નર્કમાં જઇશું. રાજા બોલ્યો, અરે મહારાજા, તમે સ્વસ્તિ બોલો નહિ તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમારાં મસ્તક છેદી નાંખીશ. એટલે ભીમ ઉતાવળો થઇને બોલ્યો, અલ્યા, અમે તો ક્ષત્રીપુત્ર છીએ, ઇંદ્રપ્રસ્તના અમે રાજા છીએ અને પાંડુરાજાનો પુત્ર હું ભીમસેન છું. રાજા કહે ભલે પધાર્યા મારું કયાંથી એવું ભાગ્ય. આપનું પધારવું મારે ઘેર થાય.વારુ ભીમસેન,તમારી જોડે જમણા હાથે કોણ બેઠું છે? ભીમ કહે, મચ્છવેધ કરનારો મારો ભાઇ અર્જુનજી છે. જરાસંઘ કહે, મારા ભાગ્યનો તો પાર નહિ વગર તેડાવ્યા અચાનક પધાર્યાછો તેથીહું અતિઆનંદ પામ્યો છું. વારુ તમારી ડાબી બાજુએ કોણ બેઠું છે? ભીમ કહે. દેવકીજીના પુત્ર દ્વારકાપતિ શ્રીકૃષ્ણજી બીરાજ્યા છે. વળી અર્જુનજીના સાળા થયા છે.

તે સાંભળી રાજા પુષ્કળ ક્રોધે ભરાઈ બોલ્યો, એ ભરવાડો, પિંઢારો, ગોકુળમાં ગાયો ચારી ખાનારો અહીં કેમ આવ્યો છે? એણે મારું ઘર અભડાવી માર્યું.ભીમ કહે,જરા વિચારીને બોલો, કૃષ્ણજી અમારી સાથે આવ્યા છે. રાજા કહે, ત્યારે બહુ સારું.મારા ઘેર પધારવું કેમ થયું? ભીમ કહે, તારું મૃત્યુ કરવા પધારવું થયું છે. તેં કેદી લોકોને છોડયા નહિ. તેટલા માટે તને શિક્ષા કરવાની જરૂર છે,રાજા કહે,બહુ સારું કર્યું. આપ પધાર્યા પણ કૃષ્ણ કાળી આને ન લાવ્યા હોત તો સારું થાત. ભીમ કહે, કૃષ્ણજી પધાર્યા છે તેમાં તારું શું લીધું? રાજા કહે. બોલો, મને કેવી રીતે મારવો છે? ભીમ કહે, ક્ષત્રિયની રીત પ્રમાણે યુદ્ધ કરી મારી નાખવો છે. જરાસંઘ કહે, તમારા ત્રણમાં મારી સાથે કોણ યુદ્ધ કરશે? ભીમ બોલ્યો, તારી નજરમાં આવે તેને માગી લે. જરાસંઘ કહે, અર્જુનજી સુંવાળા છે વળી ફક્ત બાણ વિદ્યા જાણે છે માટે તેમની સાથે યુદ્ધ કરવું પસંદ નથી કરતો. ભીમ કહે. તે ન ગમે તો કૃષ્ણની સાથે યુદ્ધ કરવું. જરાસંઘે જવાબ દીધો, એ કાળીઆને તો મેં સત્તર વખત નસાડયો છે તે બીચારો મારી સાથે કેમ કરીને લડી શકશે? ભીમ કહે હું નજરમાં આવું છું કે નહિ? રાજા કહે, તમે ફક્ત બે આની ધ્યાનમાં આવો છો. ભીમ બોલ્યો, તું મને અડધી આની નજરમાં આવે છે, જરાસંઘ બોલ્યો મશ્કરી નથી કરતો, સત્ય વાત કહું છું.મને યુદ્ધમાં પૂરેપૂરો સંતોષ પમાડે તેવો કોઈ યોદ્ધો નથી મળતો, વૃકોદર કહે, તું જે પ્રમાણે કહીશ તેવી રીતે તારી સાથે યુદ્ધ કરીશ. તું કહીશ કે મલ્લની માફક યુદ્ધ કરો તો મલની પેઠે યુદ્ધ કરીશ પણ તને માર્યા સિવાય અમે ઘેર જવાના નથી. રાજા કહે, બહુ સારું, પણ મારું એક વચન માનો તો કહું.ભીમે કહ્યું,તમે જેમ કહેશો તેમ કરવા તૈયારછું.રાજા બોલ્યો,બરોબર મારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઘેર એક મહિનો રહો અને ખોરાકી ખાઈ જોરાવર થાઓ. ત્યાર પછી મારી સાથે યુદ્ધ કરો. ભીમે જાણ્યું ખાવાની મજા પડી. જરાસંધ કહે, તમે એકલા મારે ઘેર રહો. તમારા ભાઇને ઘેર રાખું પણ સાથે ભરવાડો છે માટે મારા બાગમાં રાખીશ. કાળીઓ મહા પ્રચંચી અને કુકરમી છે એને મારા ઘરમાં રાખું તો આખું ઘર અભડાય. ભીમ કહે, ભલે.પછી જરાસંધ કહે શરમાશો નહિ. બોલો એક ટંકે કેટલો ખોરાક જમશો? ભીમ કહે ખાવાની તો હું શરમ રાખતો જ નથી,મારી મશ્કરી ના કરશો. હું ટંકે સો મણનો લાડુ જમું છું. બે વેળાએ બસેં બસેં મણનો લાડુ અને પચીસમણ કઢેલું દૂધપી જાઉં છું,પછી જોજે જરાસંધ તારા ભૂકકા કાઢી નાંખું છું કે નહિ ? રાજા કહે, ભલે ખુશીથી ખોરાક ખાઓ અને વળી તમે હિંમત ધરાવતા હો તો તમારી સાથે કસરત કરવા સો મલ્લ સોંપું.એક મહિનામાં તમે તૈયાર થઇ જશો, પછી યુદ્ધ કરીએ. કોણ જીતે છે અને કોણ હારે ? એમ કહીને ભીમને ઘેર રાખ્યો અને સેવકોને હુકમ કર્યો કે અર્જુનજીને તથા કૃષ્ણને આપણા બાગમાં મૂકી આવો, તેમની સેવામાં સો સેવકો મૂકયા. સેવકોને આજ્ઞા આપી, જે જોઇએ તે આપજો. બરોબર ચાકરી નહિ કરો તો ગરદન મારીશ. સેવકો કહે, બહુ સારું મહારાજા એ રીતે વિવેક બતાવી બેઉને બાગમાં વિદાય કર્યા. મહેલમાંથી નીકળતાં અર્જુનજી બોલ્યો, અરે જાદવરાય ! ભીમ તો ભોળવાઈ બેઠો પણ ખોરાકમાં જરાસંધ ઝેર દેશે તો શો ઉપાય કરીશું ? પ્રભુ કહે સૂર્ય પૂર્વમાં ઊગે છે તેના બદલે પશ્ચિમમાં ઊગે તોય જરાસંધ રાજા એવું કપટ કરે એવો નથી.મારો દુશ્મન છે પણ તેવી બાબતોમાં તેનાં હું વખાણ કરું છું.પ્રભુના શબ્દે અર્જુનજીને વિશ્વાસ આવ્યો, પછી બેઉ જણ બાગમાં આવ્યા, સેવકોએ સીધા સામાન તૈયાર કરી દીધાં છે. બેઉ જણની આજ્ઞા પ્રમાણે સેવકો ચાકરી કરે છે. અર્જુનજી પ્રભુની રજા માંગી જંગલમાં ગયો અને મૂકેલા ઘોડા તથા રથ વિગેરે લઇને બાગમાં આવ્યો, સેવકે જાતજાતની રસોઈ કરી બેઉ જણને જમાડે છે, જરાસંઘે ભીમને માટે જોઇએ તેવી રસોઈ કરાવી રોજનું પચીસ મણ દૂધ અને બસેં મણનો લાડુ તૈયાર કરી ભીમને જમાડે છે, એક અખાડો તથા સો મલ્લ કુસ્તી કરવા સોંપ્યા, કસરત કરીને પચીસ મણ દૂધ પી જાય છે તેથી તે પુષ્ટ થવા લાગ્યો, પંદર દિવસ ભોજન કર્યું એટલામાં તો ભીમનું બળ માતું નથી. ભીમ કહે, અરે જરાસંધ, યુદ્ધ લાવો, મારાથી હવે રહેવાતું નથી.

જરાસંધ બોલ્યો,હજુ પંદરદિવસની વાર છે,અત્યારે આઠ આની નજરમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવ્યા છે। મહિનો પૂરો થશે એટલે સોળ આની ધ્યાનમાં આવશે. એમ કહી ભીમને સમજાવ્યો, બીજા દશ દિવસ ગયા એટલે ભીમે પાછું રાજા પાસે આવીને યુદ્ધ માંગ્યું. રાજાએ કહ્યું, જાઓ કાલે જરૂર કરીશું, એમ કહી નગ્રની બહાર એક અખાડો કરાવ્યો અને તેમાંઝીણી ચાળેલી રેતી પથરાવી, એ પ્રમાણે લડવાની તૈયારી કરાવી, રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો. કાલે અમે ભીમસેન સાથે યુદ્ધ કરવાના છીએ, માટે નગ્રની બહાર જોવા માટે આવજો. ભોંયરા વિશે કેદી લોકો આ સમાચાર સાંભળી આનંદ પામ્યા. સર્વે પ્રભુની સ્તુતિ કરે છે. અમારે પુન્યે જરાસંધ રાજા મરણ પામજો. જરાસંઘનો પુત્ર સહિદેવ પ્રભુનો ભક્ત હતો, તેણે પણ એવું કહ્યું, મારા પુન્યથી મારો પિતા મૃત્યુ પામજો.

એમ કરતાં રાત્રિ વીતી વહાણું વાયુ એટલે ભીમસેન ભાઇને મળવા ગયો. ભીમે કહ્યું. સવારે યુદ્ધ થવાનું છે માટે જરૂર જોવા માટે ગામની બહાર અખાડો છે ત્યાં આવજો. એમ કહી વૃકોદરમુકામે ગયો. સવારે જરાસંઘ વાટ જોઈ બેસી રહ્યો છે ભીમ ત્યાં આવી પહોંચ્યો. નગરનું તમામ લોક જોવા ભેગું થયું. કોઈ ઝાડે ટેકરે ચઢીને જોવા લાગ્યું, કાંઇક જણ બેઠા છે, કાંઇક જણ ઊભા છે, અને પોતપોતાની મરજી માફક જુએ છે. રાજાનો પુત્ર સહિદેવ ઘોડા ઉપર બેસી યુદ્ધ જોવા આવ્યો છે, નરનારાયણ બંને રથમાં બીરાજ્યા અને અખાડા પાસે પીંપળા નીચે આવીને ઊભા, એવામાં જરાસંઘ રાજાએ તમામ લોકોની વચ્ચે જંગાથી તે કટી સુધી કચ્છ ભીડી લીધો, એટલે ભીમે પણ કટી કસીને કચ્છ ભીડી લીધો, પોતાની દસ હજાર મણની ગદા ખાંધ પર ચડાવી દીધી. જરાસંઘે સવાસો મણની ગદા ઉંચકી લીધી. બેઉ જણા આંગળીએ વળગી અખાડા તરફ રાતાતાતા થઇને પહેલવાનની માફક ડોલતા ડોલતા ચાલ્યા, જાણે હસ્તી ડોલતા ન હોય એમ ઉમંગે ચાલે છે. અખાડાના કિનારા ઉપર આવી બેઠા. પોતાની ગદાઓ કોરાણ મૂકી બેઉ જણા અંદર ઉતર્યા. છાનામાના લોકો વાતો કરવા લાગ્યા, બંને બળવાન પુરૂષો યુદ્ધકરશેતેમાં કોણ જીતશે અને કોણ હારશે? કોઇક કહે, જરાસંઘ બળીઓ છે માટે તે જીતશે, કોઇક કહે, ભીમસેન બળવાન છે માટે તે જીતશે. કોઇક કહે, ધારણા મિથ્યા છે કોઇક કહે, જરાસંઘ જેવો છે અને ભીમસેન મચ્છ જેવો છે, કોઇક કહે છે, ભીમસેન સિંહ જેવો છે અને જરાસંઘ શિયાળ માફક છે. કોઇક કહે, જરાસંઘ પાડા જેવો છે અને ભીમસેન વચ્છ જેવો છે કોઇક કહે સમુદ્ર સરખો ભીમસેન છે, અને તળાવ સરખો જરાસંઘ છે. એમ જે જેની મરજીમાં આવે તેમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલે જાય છે. અર્જુન તથા ભગવાન બેઉં જણા ટગરટગર જોઈ રહ્યા છે, પછી જરાસંધ કહે, આપણે કેવી રીતે યુદ્ધ કરીશું ? ધનુષબાણથી લડવાનું કહો તો તેવી રીતથી યુદ્ધ કરીએ. ભીમ કહે ધનુષબાણથી લડનાર પુરૂષો તો બાયલા સરખા સમજવા, પોતાને તે વિદ્યા નથી આવડતી એટલે જરાસંધને મશ્કરીમાં ઉડાવી દીધો, જરાસંધ કહે ગદાથી યુદ્ધ કરીશું કે કુસ્તી કરીશું ? ભીમ કહે પહેલી વહેલી કુસ્તી કરીએ એમ કહી બેઉ જણ ખંભ ઠોકી ઉત્તરદક્ષિણ દિશાએ સામસામી ઉભા રહ્યા, બંને જણ એવા શોભે કે જાણે ગઢલંકાના તોડા હોય ને ઇંદ્રના હાથી હોય. જાણે વગડાના કેસરી વાઘ હોય ને જાણે પાતાળના નાગ



હોય. મદનાભરેલા જાણે ચોમાસુ ચરેલા આખલા હોય એમ બેઉ જણનાં લોચન રાતાં થઇ ગયાં છે. પછી દાવ જોઇને એક એક પર ખુન્નસ કરવા લાગ્યા. મેઘની માફક ગર્જનાઓ કરી દોટ મૂકીને એક એકની સાથે લથબથ બાઝયા, આંટી-ઘુંટીથી દાવ ખેલવા લાગ્યા, કારમી ચીસ નાખીને એક એકના ખભા લડાવે છે. ગડદા મારી મારીને હાડકાં ખોખરાં કરી નાંખે છે. બેઉના શરીર ઉપર પર-સેવા છુટે જાય છે, ભીમ ગડદા વજ્ર પાસે ઝીલે છે. ભીમ ગડદા મારે છે તે જરાસંઘને ફુલની માફક લાગે છે; અને જરાસંઘ મારે છે તે ભીમને વજ્ર માફક જણાય છે, લડતા લડતા રાજા ચેતી ગયો. ભીમનું ડાબુ અડધું પાસુ વજ્રનું છે માટે જમણા પાસામાં મારૂં તો ઠીક. એવામાં જરાસંઘનો પગ પકડી લીધો, પણ રાજાએ યુક્તિથી ભીમને ચત્તાપાટ પાડી નાખ્યો અને છાતી ઉપર ચડી બેઠો, મોંમાં રેતી ભરીને પુષ્કળ માર મારવા લાગ્યો. અલ્યા, આટલા દિવસ ખોરાકી ખાધી તે કયાં નાખી ? એમ કહી ગળે નખ દીધો એટલે ભીમની આંખો ફાટી અને નસો નાડી ખેંચાઈ ગયાં. પ્રભુએ આ જોઈ વિચાર્યું, ભીમસેન મરી જશે તો મારે મરવું પડશે, એમ ધારી પ્રભુએ ભીમસેનના અંગે બળની કળા મૂકી એટલે ભીમના શરીરમાં બળ આવ્યું, મારો એમ મોંઢેથી બોલી જરાસંઘને પગની આંટીથી ઉછાળી મૂકયો, ભીમ તરત બેઠો થયો અને વિચારવા લાગ્યો, જો યુદ્ધ કરીશું તો મરી જઇશું એમ ધારી ગદા ત્યાં પડતી મૂકી જીવ લઇને નાઠો. પ્રભુએ વિચાર્યું ભીમની હિંમત ભાગી ગઇ છે, માટે સમજાવીને લડવા મોકલું. એમ ધારી રથ નીચે ઉતરી ભીમની સામા આવી ભીમને કહ્યું, તમે દોડો તો તમને ધર્મરાયની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આણ.ભીમ શ્વાસભર્યો ઊભો રહ્યો,અને કહેવા લાગ્યો, મહારાજ,શું કહો છો પ્રભુ કહે,બધું કામ કરેલું આજ વ્યર્થ કાઢો છો.જગતમાં જરાસંધ જીત્યો કહેવાશે.અને તમે હાર્યા કહેવાશો,તમારા વડે તમારા પિતા સ્વર્ગ પામશે અને યજ્ઞ પૂર્ણ થશે. ભીમ કહે, યજ્ઞ નથી કરવો, જરા મારાસામું તો જુઓ, પિતાજીને સ્વર્ગ મોકલતાં પહેલાં હું સ્વર્ગ પામુ, શરીરનાં હાડ ભાંગી ગયાં છે માટે હું લડવાસો નથી,છો લોકો કહેતા, ભીમસેન હાર્યો,પ્રભુ કહે,આશું બોલો છો ? નામને લાન્છન લાગે છે.તમારા સિવાયજરાસંધનેકોઇપૃથ્વીમાંજીતનારુ નથી.

એમ કહીને ભીમસેન ઉપર હાથ ફેરવ્યો એટલે દુખાવો મટી ગયો. ભીમ કહે, અરે મહારાજ, હવે દુઃખ મટી ગયું. પ્રભુ કહે, તમને કંઇદુઃખ નહિ થાય નકામો વહેમ રાખો છો ભીમ કહે, રજા આપો તો પાછો લડવા જાઉં. ભગવાન કહે, ભીમસેન લડવા ગયા સિવાય ચાલે તેમ નથી. એમ વૃકોદરને ચડાવ્યો અને જરાસંધ સાથે યુદ્ધ કરવા પાછો તેડી ગયા. ભગવાન જઇ રથમાં બીરાજ્યા.ભીમસેન ખોંખારા કરતોજરાસંધપાસે આવીને ઉભો રહ્યો. જરાસંધે કહ્યું, અલ્યા નાસી કેમ ગયો ? ક્ષત્રાણીનું દૂધ લજાવ્યું ભીમ કહે, નકામુ બોલ્યા સિવાયબેસી રહે, લઘુશંકા કરવા ગયા હતા. જરાસંધ કહે, ચાલ તૈયાર થઇ જા, ભીમ બોલ્યો, મલ્લ કુસ્તી તને બરાબર નથી. આવડતી માટે ગદાઓ લઈ યુદ્ધ કરીએ. એમ કહી બેઉ જણે ગદાઓ લેવાનો વિચાર કર્યો.ભીમે દસ હજાર મણની ગદા ઉંચકીલીધી અનેજરાસંધે સવાસો મણ બોજની ઉંચકી લીધી.ભીમની પાસે ગદાનોમંત્રનથી અનેજરાસંધ પાસે તેનો મંત્ર છે. બંને જણ સરખા બળવાન છે પણ જરાસંધ મંત્રના જોરથી જીતી શકે છે. જો ભીમની પાસે મંત્ર હોય તો સ્વર્ગ મૃત્યુ પાતાળ એકાકાર કરે માટે પ્રભુએ એટલી ખામી રાખી છે.જો મંત્રભણી મણની મારે તો સો મણ બોજ થઇ વાગે, જરાસંધે સવાસો મણની ગદા ખાંધે ઉચકી લીધી. બેઉંજણા સામસામી ઊભા રહ્યા. દોટ મૂકીને એક એકનેમારવા લાગ્યા.ભીમજરાસંધને ગદા મારે છે પણ રાજા પોતાની ગદાથી ઝીલી લે છે. અને જરાસંધ ભીમનું ડાબું પાસું વજ્રનું છે તેથી જમણા પાસા ઉપર માર મારે છે. જમણું પાસું ને પગનો નળો ગદાથી ભાગી નાખે છે. ભીમસેન ત્રાહ્ય ત્રાહ્ય પોકારે છે, જમણું પાસું ભાગી ગયું અને રુધિરની ધારા વહેવા લાગી.વસ્ત્રને વાધા રુધિરથી રાતાચોળ થઇ ગયા, ભીમે જાણ્યું, અરે બાપ આ, તો મર્ણ આવ્યું,એવામાં જરાસંધે ક્રોધે ભરાઈને ભીમના જમણાકાંડા ઉપર બળ કરીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગદા મારી એટલે વૃકોદરનાં આંગળાં પહોળાં થઇ ગયાં અને હાથ તરછોડતો તરછોડતો જીવ લઇને નાઠો. પ્રભુએ જાણ્યું યજ્ઞ અધુરો રહે તો કરેલું કર્તવ્ય નિષ્ફળ જશે. અને મારા ભક્તની લાજ જાય તો મારી જ ગઈ. એમ ધારી દીનાનાથ રથમાંથી નીચે ઊતરી તેનીપાછળ દોડતા દોડતાબોલ્યા,તમે ન ઊભા રહો તો તમારી કુંતા માતાની આણ છે. વૃકોદરે કહ્યું, તમારે લડવું હોય તો આવો નહિ તો જરાસંધની સાથે હવેમારે તો યુદ્ધ નથી કરવું. એમ શ્વાસભર્યો બોલતો ઊભો રહ્યો. પ્રભુ તેનીપાસેઆવીનેઊભા.ભીમકહેઆવોઆવોતમારી સાથે યુદ્ધ કરું. દીનાનાથકહે,મનેકાંઇ કરો તોબ્રહ્મહત્યાનું પાપ.એમ કહીપ્રભુએ તેના શરીર ઉપર હાથ ફેરવ્યો એટલે સર્વે દુઃખ મટી ગયું, ભીમ કહે, અરે મહારાજા, મને બહુ વાગ્યું હતું, હાડોહાડ ભાગી ગયાં હતાં પણ તમારો હાથ ફર્યો એટલે દુઃખ નાશ પામ્યું માટે તમારી પાસે કંઈ જડીબુટ્ટી છે. કૃષ્ણે કહ્યું કાંઇ નથી તમારું શરીર આવું વજ્ર જેવું છે કે તમને કંઈ વાગે નહિ. ભીમ કહે, તે વાત પણ ખરી છે. પ્રભુ કહે, તમે લડવા જાઓ, નહિ તો યજ્ઞ અધુરો રહેશે.

વૃકોદર બોલ્યો, અરે મહારાજ, હવે તો ક્ષમા રાખો.'મારાં હાડેહાડભાગી જાય અને મરી જાઉં.તમે ઉપર રહીને મરાવી નાખો છો માટે હવેજવાનોનથી. કૃષ્ણ કહે, શું તમારી સાથે મારે વહેર છે ? આરંભેલો યજ્ઞઅધુરો રહેશે અને હાર્યા કહેવાશો. પિતાજીની સદ્ગતિ નહિ થાય અને જગતમાં આબરૂના કાંકરા થશે. આટલી વખત જાઓ અને કુસ્તી કરજો, પછી લડતાં લડતાં હારો તો મારા સામું જોજો. એટલે તમને સાન બતાવીશ. વૃકોદર કહે, ત્યારે અત્યારે કહી દો. પ્રભુ કહે, પહેલેથી ન કહેવાય તો જેવખતે જેવો દાવ આવે તેવો ઉપાયબતાવાય.ભીમ કહે, વારુમહારાજા,લડાવશો તેમ લડીશઅનેસામું જોયે સાન નહિ બતાવો તો તમને બાઝી પડીશ. કૃષ્ણજી કહે, મારે કબૂલછે. આટલી વખત હિંમત રાખી યુદ્ધ કરો.એમ કહી પોતે રથમાં બીરાજ્યા અને ભીમસેન જરાસંધ પાસે અખાડામાં આવીને ઉભો રહ્યો. જરાસંઘે વિચાર્યું કાળીઆએ શીખવાડી મોકલ્યો છે, પણ આ વખત જરૂર ભીમના પ્રાણ લઉં અને કાળીઆની વલે કરું. એમ ધારી દુષ્ટમતિ ગર્જના કરી બોલ્યો, ધિક્કાર છે તને,અલ્યા બીજી વખત પણ નાસી ગયો ક્ષત્રી કુળને મોટું લાંચ્છન લગાડયું. એવું સાંભળી ભીમ બોલ્યો, અલ્યા વિચારીને બકજે, હું તો વનમાં એક જડીબુટ્ટી સુંઘી આવ્યો, મારું સર્વે દુઃખ નિવારણ થઈગયું છે. જરાસંઘે વિચાર્યું, આ વખતે ભીમને જીવતો રાખીશ તો પાછી જડી સુંઘી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવશે, માટે નિશ્ચે મારી જ નાખું, ભીમ કહે, અલ્યા, તારા છોકરાને કહેવું હોય તે કહી લે. કારણ કે આ વખતે તારું મૃત્યુ થવાનું. તારે મરવાનીહવે એક પળ બાકી રહી છે. ચાલ આપણે ગદાઓ કોરાણે મૂકી કુસ્તી કરીએ, એટલે બંને જણે ગદાઓ કોરાણે મૂકી દીધી અનેકુસ્તીકરવાસામાસામીઊભા રહ્યા,

ભોંયરામાં વીસ હજાર ક્ષત્રીઓને કેદ કર્યા હતા તેઓ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા, અરે દીનાનાથ, ભીમસેનને અમારી દયાની ખાતરબળ આપજો અને તેના હાથે જરાસંધ મરજો. સહિદેવ પણ અરજ કરે છે કે જરૂરમારા પિતાનું મૃત્યુ થજો. એવામાં જરાસંધ તથા ભીમસેન મેઘનાદની ગર્જના કરી એક એકની સાથે લથબથ બાઝીપડયા. ખભેખભા લડાવે છે, એકેકના શીશ અથડાવે છે અને કારમી ચીસ નાંખી નિર્દયપણે યુદ્ધ કરે છે. લડતાં લડતાં પગપાનીથી પૃથ્વીમાં ખાડા પડી જાય છે. કોઇ નીચે પડે છે. કોઈ ઊંચે પડે છે એમ ગડબડતા ગડબડતા આડા અવળા જતા રહે છે, અને વળી એક એકના કાન ઝાલી દાવ જોઇને માથાના કેશ પકડે છે. હાથ હાથ જીભ બહાર કાઢી નાખે છે. જરાસંઘે ભીમને પુષ્કળ માર માર્યો. ભીમે પોતાનાથી બન્યું તેટલું જોર કર્યું પણ અતિશયમાર પડવાથી વિચાર્યું, દુઃખ વેઠયા સિવાય પ્રભુની સામે જોઉં તો સાન બતાવશે. એમધારી પ્રભુના સામું જોયું દીનાનાથે વિચાર કર્યો કે જો સાન નહિ બતાવું તો ગાંડીઓ મનેઆવીને બાઝી પડશે એમ ધારી જુગદીશે ઉંચો હાથ કરી પીંપળનું પાંદડું લીધું અને બંને હાથ વચ્ચે રાખી તે પત્રને ઊભું ચીરી નાખ્યું. ભીમ પોતાના મનમાંસમજ્યો, ચીરી નાંખવાનું બતાવ્યું એમ ધારી નીચો બેઠો અને બળ કરી જરાસંઘના બે ચરણ ઝાલ્યા પછી ઊભો થયો અને જેવી રીતે વાંસડો ચીરે તેવી રીતે ઊભો ચીરી નાખ્યો. બે ચિતાળિયા કરી પૂર્વ પશ્ચિમ ફેંકી દીધાં. ભીમસેન મનમાં હરખાઈ પોતાની મૂછો ઉપર હાથ નાંખવા લાગ્યો. કૃષ્ણ સરખા પણ એનાથી હારી ગયા અને મેં ઝપાટામાં તેનો નાશ કર્યો. શાબાશ છે. એમ અહંકાર કરતામાં જરાસંઘના બંને ચિતાળિયાં ગડબડતાં ગડબડતાં એક એકને મળી ગયાં અને હતો તેવો પાછો થઇ યુદ્ધ કરવા તૈયાર થઇ ગયો, ભીમસેન આશ્ચર્ય પામ્યો આવી કેવી વિદ્યા ભણ્યો, પાછો સજીવન થયો. ભીમે અહંકારનો ત્યાગ કરી દીનતાથી પ્રભુના સામે જોયું પ્રભુના સામેજોયું પ્રભુએવિચાર્યું અહંકારઊતરીગયોછે. માટે હવે સાન બતાવું, એમધારી બીજીવારપીંપળાનું પત્ર લીધું અને તેને ઊભું ચીરી નાંખ્યું. પછી બે ભાગ જુદા મૂકી તેની વચ્ચો વચ્ચ મુઠી મૂકી ગાલ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વગાડયા,એટલે ભીમ ચેતી ગયો;ચિતાળિયાની વચ્ચે શિવલિંગ કરવાનું બતાવે છે,વૃકોદરે દાવ જોઇ જરાસંધને મજબૂત પકડી બંને પગ ઝાલી ઉભો ચીરી નાંખ્યો અને ચિતાળિયાં ઉત્તર દક્ષિણ ફેંકી દીધાં; પછી રેતીનું શિવલીંગ બનાવ્યું,અને ભોળા શંભુ કહી ગાલ વગાડયા, એટલામાં બંને ચિતાળિયાં ગડબડતાં શિવલિંગ પાસે આવી અટકી ગયાં અને તેના પ્રાણ છુટી ગયા, જરાસંધ મરણ પામ્યો એટલે જય જયકાર થઈ રહ્યો. સહિદેવે ઘોડા ઉપરથી ઉતરી ત્રણ જણની પાસે આવી મસ્તક નમાવ્યું, પુત્ર બોલ્યો. આ રાજ્ય તમારું છે. મારે કાંઈ જોઇતું નથી. ભીમ કહે, સઘળું પછી કહેજો પહેલા એકવાર કેદીઓને બહાર કાઢો એટલે એકદમ ભોંયરામાં ગયો અને બેડીઓ તોડી કેદીઓને છુટા કરી દીધા. વીસ હજાર કેદીઓ બહાર આવી પ્રભુને પગે લાગ્યા, ભીમે જાણ્યું કે મહેનત કરી તો મેં કરી અને નકામાં કૃષ્ણ જશ લઈ જાય છે, તેથી તેણે ક્રોધ કરી કહ્યું, અલ્યા, મને કેમ ન નમ્યા?લોટએ પ્રભુ કહે જાઓ, ભીમસેનને પગે લાગો. એટલે સર્વે જણ ભીમને નમી પડયા. ભીમ કહે, પાછળથી નમ્યા એ અણઘટતું થયું.પ્રભુ કહે,તમે અવળું બોલો છો. પહેલા છડીદારને નમ્યા પછી રાજાએ નમાય છે તેવી રીતે નમ્યા તેમાં તમે શું લજ્જા પામી ગયા ? એવું વચન સાંભળી તે ખુશી થયો.

કેદમાંથી છુટેલા રાજાઓ અરજ કરવા લાગ્યા,અરે મહારાજા અમારા ઉપર ઘણીજ કૃપા કરી અમને બંધનમાંથી મુક્ત કર્યા માટે અમને યજ્ઞમાં તેડી જાઓ અમે યજ્ઞમાં મહેનત કરવા આવીએ, ભીમ કહે, નારે બાપુ, તમારા ઘેર જઈ તમારાં કુટુંબ પરિવારને મળો. અમારા પત્ર આવે એટલે અમારે ત્યાં યજ્ઞમાં આવજો. એમ કહી વિદાય કર્યા.સહિદેવ કહે,આ સઘળી મિલકત તમારી.ત્યારે ભીમે કહ્યું. જા બેટા,અમારે તો તારી ખંડણી પણ લેવી નથી.સ્વતંત્રપણે તારું રાજ્ય ભોગવ. વળી અમારો પત્ર આવે એટલે અમારે ઘેર આવજે, એમ કહી અર્જુન, ભીમ તથા દીનાનાથ ત્રણે વિદાય થયા અને ઈંદ્રપ્રસ્તમાં આવી પહોંચ્યા. ભીમસેન પોતાની માતાને પગે લાગ્યો, કુંતાજી કહે, શાબાશ છે બેટા, તને જોઇ હું બહુ આનંદ પામી છું,કારણ કે તું ઘણોજ પરાક્રમી પુત્ર પાકયો,હવે યજ્ઞ પરિપૂર્ણ થશે.પછી ધર્મને કહ્યું,હસ્તિનાપુર જઇ ભીષ્મ,વિદુર, દ્રોણ, કૃપાચાર્ય વિગેરેને તેડી લાવો અને દુર્યોધન આવે તો તેને પણ કહેજો. પછી ધર્મરાજા તથા અર્જુનજી બેઉ જણ હસ્તિનાપુર આવ્યા.ભીષ્મ વિદુર વગેરે સભામાં બીરાજ્યા હતા તેથી બેઉ જણા પણ સભામાં આવીને સતિયાને પગે લાગ્યા પછી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહ્યું, અમારે ત્યાં રાજસૂય યજ્ઞ કરવો છે માટે અમારા ઉપર કૃપા કરી પધારો, સર્વે પ્રાણીઓને તેડાવ્યા છે એમ કહી દુર્યોધન પાસે આવ્યા અને તેને કહેવા લાગ્યા, અમારે ત્યાં યજ્ઞ થાય છે માટે કુટુંબ પરિવાર સાથે પધારી અમને પાવન કરો. જળને ડાંગ મારીએ તો પણ જળ જુદું નથી પડતું તેમ આપણે પણ કદી જુદા પડવાના નથી, દુર્યોધને છાનામાના મામાને પુછી જોયું કે આતો યજ્ઞમાં તેડવા આવ્યા છે માટે તેમને શો જવાબ આપવો? શકુની કહે, આપણે યજ્ઞમાં જવું અને કારભાર માથે લેવો. પૈસા પૂંજી હોય તેને લુંટાવી દેવી. તમારું રાજ્ય ઢંકાઇ જાય અને તેમની ચડતી થાય એવો જશ લેવા સારું યજ્ઞ કરે છે તેથી આપણે ત્યાં જઇશું અને સર્વે પૂંજી લુંટાવી દઇશું એટલે ફજેતી થશે, ફરીથી જશ લેવાની ખો ભૂલી જશે. છત્રપતિ કહે, ધન્ય છે. મામા, તમારી બુદ્ધિને. એમ કહી પોતે ધર્મને કહેવા લાગ્યો, તમારું નોતરું માથે ચડાવ્યું, એમ કુટુંબ પરિવાર લઇને તમારે ત્યાં આવશું. ધર્મરાજા કહે, બહુ સારું વહેલા પધારજો. એમ કહી અર્જુનજી તથા ધર્મરાજા બેઉ જણા પોતાના ઘેર આવી પહોંચ્યા, પછી દેશ દેશાંતર પત્ર લખી દીધાં. દ્વારીકામાં બળદેવજીને પત્ર લખ્યો, તમે કુટુંબ પરિવાર પધારજો. સર્વે ઋષિઓના મઠમાં પત્ર લખ્યા, પધારી અમારૂં ઘર પાવન કરો. પછી યજ્ઞનો આરંભ કર્યો, બ્રાહ્મણોએ ભોમીને પવિત્ર કરી ગણિત પ્રમાણે કુંડ બનાવ્યો.

બ્રાહ્મણોના વરુણ કર્યા એટલે વિશ્વામિત્ર, વશિષ્ઠ, ભારદ્વાજ, ગાધી, અત્રી, જાબાલી, સાંડીલ, માર્કંડ; મેધાવી, વાચ્છસ એકલશ્રંગી, સુછંગ, માતંગ; કપીલ કેદાર, મરીચ્ય, બાપી, બકદાલ્લવ, માધ્યપી, શટમંત્રી, વીરભ્રાતા ભ્રગુ, ભાર્ગવ, માન્ધાતા, ચ્યવન એ પ્રમાણે તમામ ઋષિ મંડળ ભેગુ થયું અને ઇંદ્રપ્રસ્તમાં જય જંયકાર વર્તીરહ્યો. સહુ બ્રહ્મવેત્તા પધાર્યા છે તેથી નગરની પ્રજા આનંદમાં દિવસ નિર્ગમન કરે છે. પછી ક્ષત્રી લોકો તથા છપ્પન કોટી યાદવો પ્રભુની સ્ત્રીઓ સહિત ઇંદ્રપ્રસ્તમાં આવી પહોંચ્યા, વળી પ્રભુના પુત્ર પણ આવ્યા તેમણે ઘણું માન દઈ બોલાવ્યા પાંડવોએ ઋષિ, રાજા, યાદવો વગેરેને રહેવા માટે સુંદર મકાનો આપ્યાં. ત્યાર પછી કૌરવો આવ્યા તેમને પ્રભુએ માનદઇ બોલાવ્યા.

યજ્ઞનું કામ શરૂ થયું અને વાજિંત્રો વાગવા લાગ્યાં. દીનાનાથ કારભાર કરે છે. પાંચ ભાઈ, દ્રૌપદી તથા દુર્યોધનને બોલાવીને પ્રભુ કામ સોંપવા લાગ્યા, પ્રભુ દુર્યોધનને કહેવા લાગ્યા, યજ્ઞ પુરો થઇ રહે એટલે તમે ઓરડો ઉઘાડજો. અને સુવર્ણના કડકા કરીને તેમાં ભરી મૂકયા છે તેનું બ્રાહ્મણોને દાન કરજો. વિચારકરીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપજો નહિ તો કોઇ લોભીઓ લૂંટી લેશે, એવું કહીને કૂંચી આપી દીધી. દુર્યોધન કૂંચી લઈ હરખાતો શકુની પાસે આવ્યો, પોતાના મામાને કહેવા લાગ્યો, કૂંચી લાવ્યો છું હવે હું ફજેતો કરું તે જોઇ લેજો, શકુની કહે ઠીક થયું. પછી ભીમ પ્રભુને કહે છે કે તમે કૂંચી શત્રુને સોંપી દીધી માટે જરૂર લુંટાવી દેશે, દીનાનાથ કહે, મેં જે કર્યું હશે તે વિચારીને કર્યું હશે તેમાં તમારે ડહાપણ કરવાની જરૂર નથી પછી ધર્મરાજાને કહ્યું કે તમે તથા દ્રૌપદી બેઉં જણ યજ્ઞ કરવા માટે બેસજો. સહદેવને કહ્યું, તમે દાન દક્ષણા લઇ ધર્મરાજાની જોડે બેસજો અને તે જે માગે તે તમે આપજો. પછી નીકુળને કામ બતાવ્યું કે સેવકો જે જે સીધાં સામાન આપે તેનો હિસાબ કરી રાખજો. યજ્ઞ પૂરો થશે એટલે હિસાબ લઇશ. અર્જુનને કહ્યું, તમે સભા રચો, મયનામા પાસે શીખી લાવ્યા છો તેનો અજમાયશ કરો. અને સર્વને આવકાર દઇ એવું માન આપો કે બિલકુલ કહેણી ન આવે. જોષીને કહ્યું, યજ્ઞ પૂરણ થઈ રહે એટલે તમારે સભાના દ્વાર પાસે બેસવું. કારણ અર્જુનજી એવી સભા રચવાના છે કે જ્યાં જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય તેથી સર્વ સભાનાં વસ્ત્ર ભીંજાશે. જે જે રાજાઓ અંદર પ્રવેશ કરે તેઓના હાથમાં અંગૂઠી આપજો અને તેમને ચેતાવવા કે સહુ પછડાતા પછડાતા ચાલે. એ કામ સોંપીને ભીમને બોલાવ્યો. ભીમ કહે, શું બતાવો છો? પ્રભુ કહે, રીસ ચઢતી હોય તો રહેવા દો. ભીમ બોલ્યો, ના મહારાજ, મનેરીસ નથીજે બતાવશો તે કરીશ પ્રભુ કહે, તમારે બે કામ કરવાં, તમારે રાત્રિએ આખા નગરની ચોકી કરવી અને દિવસે સર્વનું રાંધવું. વૃકોદર બોલ્યો, ઠીક કામ બતાવ્યાં છે. રાત્રે પેરો ભરનારો બનાવ્યો અને દહાડે ભઠીઆરો બનાવ્યો. સારી ઉપમાનું કામ બતાવ્યું. વારું તમોએ કામ શું લીધું? કુંતાજી કહે, રડયા, એમને તે કામ બતાવાય? ભીમ કહે, શું નવરા ફરશે? અર્જુનના સાળા થાય છે માટે ઝખમારીને કરશે. ગમે તેટલા છોગાળા પણ અમારા ભાઇના સાળા છે. પ્રભુ કહે, વધારે બોલ્યામાં ફાયદો નથી, અમને બતાવશો તે કામ કરીશું. ભીમ કહે, મારે રાંધવું અને તમારે એઠવાડ ઉપાડી ઉકરડે જઇને નાંખી આવવો એટલે તમે ને હું સરખા થયા. પ્રભુ કહે કબૂલ છે પણ અન્ય વર્ણના એંઠવાડ ઉપાડનાર નથી. ફકત બ્રાહ્મણોનો ઉંપાડીશ. ભીમ બોલ્યો, વારુ મહારાજ, બ્રાહ્મણોનો ઉપાડજો.

પ્રભુએ વિચાર્યું, મારા હાથમાં અમૂલ્ય કાર્ય આવ્યું. બ્રાહ્મણોનો એંઠવાડ ઉપાડવો એ દેવને દુર્લભ છે. એમ ધારી પોતે કબૂલ રાખ્યું, પછી યજ્ઞ શરૂ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કર્યો અને પોતપોતાને સોંપેલું કાર્યકરવા લાગ્યા.બ્રાહ્મણોએ એવો સુશોભિત યજ્ઞ બનાવ્યો છે કે જેની ચારે બાજુએ કદળીના સ્થંભ રોપ્યા છે અને આસોપાલવ વિગેરેથી ભરપૂરસુંદિરતોરણ બાંધ્યાં છે,ઘણા પ્રકારનાં વાજિંત્રો વાગે છે, ત્યાં સ્ત્રીઓ ગુણિયલ ગીતો ગાવા લાગી, ધર્મરાજા અને દ્રૌપદી યજ્ઞ કરવા બેઠાં છે તે જોઈને કુંતાજી અતિશય હરખાય છે. કામધેનુ ગાયનું રૂડા પ્રકારથીપૂજન થાય છે,પ્રભુ સર્વના અધિષ્ટાતા થયા છે. બ્રાહ્મણો વેદના ઉચ્ચાર કરી રહ્યા છે. બિચારા પામર લોકો તો આ વાણીને સમજી શકતા નથી. જ્યાં જ્યાં ઘટે ત્યાં ત્યાં વેદ મંત્ર ભણે છે.જવ,તલને ઘી અગ્નિમાં હોમે છે, શરવા ભરી ભરી હોમ કરે છે તેની ધૂમ્ર વ્યોમે ચડે છે, તેથી સર્વ દેવ ખુશી થાય છે.છેલ્લો હોમ સઘળા બ્રાહ્મણોએમંત્રવડે હોમ્યોએટલે યજ્ઞ પરિપૂર્ણ થયો, તેથી જયજયકાર વર્તી રહ્યો.ધર્મરાજા તથા દ્રૌપદી બ્રાહ્મણોની આજ્ઞા લઈ ઊભાં થયાં અને કુંતાજીનેપગે લાગ્યાં.ભીષ્મપિતા પુરુષ સભામાં બેઠા છે તેથીએકલા ધર્મરાજા તેમની પાસે જઈ પગે પડયા,બીજા વિદુર તથા દ્રોણાચાર્ય,એ સર્વને પણ નમસ્કાર કર્યાસર્વેજણેઆશીર્વાદઆપ્યા.જયજયકારના શબ્દો થઈ રહ્યા. પછી કુંતાજી બોલ્યાં,અરેશ્રીકૃષ્ણ પ્રભુ! મારા પતિ સદ્ગતિને પામ્યા તે શાથી જણાય? એવું સાંભળી જવાબ આપ્યો. મનુષ્ય, પશુ પક્ષી વિગેરે કોઈ પ્રાણી ભુખ્યો રહે નહિ. નગર ફરતું એક ગાઉ સુધી સૌ પ્રાણી તૃપ્ત થાય તો એમ જાણવું યજ્ઞ પૂરો થયો. એટલે ભીમ નગરમાં કહી વળ્યો અને ત્યાર પછી ગામની બહાર કહેવા ગયો,ઘાંટોકાઢીનેએવું બોલે છે કે જે જમવા ન આવે તેને ધર્મરાજાની આણ છે. રસોઈ કરીને ઢાંકી મૂકી છે, તેને જમવાનો સહુ પ્રાણીનેપ્રેમથયોછે.નહાઇધોઇ સ્વચ્છ થઇને ભીમ લોકોને જમાડવા ફરે છે. પીરસવાને એક લક્ષ યોદ્ધા રાખ્યા.પોતપોતાની જાતમાં સૌ પ્રાણી ભોજન કરવા બેસે છે. રાજા, ઋષિ, રૈયત પોતપોતાના કુળના ધર્મ પ્રમાણે સાચવીને બેઠા.

પીરસણિયાં, પાંડવો અને કૃષ્ણ ભગવાન એમના સિવાય સર્વે જણ બેસી ગયા, પીરસવાની આજ્ઞા આપી દીધી. કૃષ્ણની તથા કૌરવોની સ્ત્રીઓ જળ પૂરાં પાડે છે. પ્રેમ વડે કરીને સુંદિર પીરસણાં કાઢયાં; જેવાં કે અનેક પ્રકારનાં પકવાન તેમજ શાક, ભાજી, અથાણું વિગેરેની રસોઈ કરી છે, બરફી જલેબી, પેંડા ઘારી, ઘેબર, સાકરિયા ચણા, સુતરફેણી, લાકડશી, ખાજાં, મોતીચુર, મગજ, મગદળ, મરકી, નુકતી,વલીયારી દામા, હલવો, કોપરાપાક, કણશી, સાલમ, ગુંદરપાક, બદામપાક, મેસુર,માવો, મુરબ્બો, પરસુરીક સાર;

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માલપુડા, શીરો, રોટલી, સેવો, દઈથિરાં, ચુરમું, ખારીપુરી, દુધપાક, બાસુદી, શીખંડ, વેડમી, મલાઈ, શેવગાંઠીઆ, સંજોરી, દાડમપાક, કોરું, રવૈયાં, મુળા, મોગળી, વાલોળ, વંતાક, તાંદરજો, મેથીનીભાજી, પુંવાડ, લુણી, કોથમી, સવા, સુરણ, પંચામૃત, જલદારૂ, દુધેલી, ખાંડણી, ગળજીભી, પુનુફટોળાં, વરશા દોડી, કુંજરી, કૂબી, રતાળું, અળવી, કાકડી, કંકોડાં, કારેલાં, બટાટા, તુરીયાં, ગવારફળી, ગીલોડાં તડબુચ, ટેટી, પરવર, પંડોળાં વાડકારેલાં, વાંકડીઓ ગવાર, ભીંડા, ભુરુ કોળું, દુધી, મગફળી, કાઠમડાં સાંગરી, ચોરાફળી ચીભડાં, મીઠાં લીંબું, પાટાલીબું વાલ, વટાણા, લીલવા, ખીર, વડીઓ, ડાલીગડાં, ટીમરું, ગાજર, શકરિયાં, સુનેરી કેળાં, લીલીખારેક ચારોળી, કરમદાં, ફનસ, અંજીર, અનુસ રામફળ, બોર, ફાલસા, ફનસ, પાપડ, પારસજાંબું, માખણ અખોડ, અનાર, ગોળ, ગલેફાં, ગુંદા, રેવડી, જામફળ, પરદેશી શીંગો, બીલી, આમલી, હળદર, આદુ, રાજેરી કેળાં, બીજોરાં ફાફડા, વડાં કચોરી, લાવશી, બદામ, બપૈયાં, પસ્તાં, પુરણપોળી, લીલાંશ્રીફળ, લવિંગ મરચાં કુલવડી, ખજુરી, ખરસવાં, ખુમચાં, આલુ, છુટી દાળ, કઢી પોઈનાં પાનાં પતાસાં ગળી કેરી, ગળમણું, સકરપારા, શેતુર, ઉમેંડા નારંગી, દાણા શીંગોડાં, કંકણી કેળાં, કાજુકળીઆ, કમરખ, લાડુ ચીકણ, દ્રાક્ષ, ચણીબોર, સફરજન દાડમ, દહીવડાં, ભજીયાં. જાયફર, કોપરાં, શેરડી, કુલાવર; કોબીસ, આબુવા માવાની ઘારી, કઢેલું દૂધ, ગુંદવડાં, આળું, સુખડી, ખારીભાજી, ઢોકળાં, રાઈતાં, રાઈતી, કેરીઓકોડા નાંકુલ, કેરાં, કણસઇ, ખારીઆ, મરીઆં, બીરંજ ડોડકાં, ટીંડોળાં, ફીલકંટોળાં, મોઘરાં, મોસરભાજી, આદામુળી, હળદળમુળી, વાંસની ગાંઠયો, પત્તરવેલિયાં, મીઠાં ઘુઘરા, કેસરી ભાત, સેકટા, શીગોકમોદનો કોરી રોટલી, રોટલાં, ઢેબરાં મીઠો ભાત, એ સિવાય અનેક પ્રકારની સામગ્રી પીરસવામાં આવી. પ્રભુએ સઘળાંનેજમવાની આજ્ઞા આપી. જેમ જેમ માગેછે તેમ તેમ પીરસે જાય છે, સર્વ જણ તૃપ્તિથી જમી ઉઠયા, પછી મુખવાસ આપ્યા. પીરસણીઆ તથા ઘરનાંએ પણ જમી લીધું. કોઈપ્રાણી ભુખ્યું રહેલું દેખવામાં આવતું નથી. પ્રભુએ પ્રેમ વડે કરીને બ્રાહ્મણો જમ્યા હતા તે એંઠવાડ ઉપાડી લીધો, પોતાનાં ઉપરણામાં ગાંસડી બાંધી ઉકરડે નાંખી આવે છે.

ભીમસેન જોઇને મૂછો મરડે છે. પ્રભુ કહે, તમે શાની મશ્કરી કરો છો ? એંઠવાડના રેલા ઉતર્યા એટલે સઘળું પાતક નાશ પામી ગયું. આ કાર્ય સર્વથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અમૂલ્યછે.સર્વનીલક્ષ ચોરાશીદૂરકરવાનો પહેલો ઉપાય છેભીમસેન તમેહૃદયમાં લખી રાખજો, કોઇ બ્રાહ્મણના તુલ્ય નથી. એમ અતિ ઉપદેશ કરીને ભગવાને સ્નાન કર્યું. પછી વસ્ત્ર પહેરીને તૈયાર થયા. કુંતાજીએ કહ્યું, મારા સ્વામી સદ્ગતિ પામ્યા એની સિદ્ધતા બતાવો. એટલે પ્રભુ કહે, ઘરનાં નરનારી તૈયાર થઇ ચાલો, તેનું પારખું જોવા ઉકરડે જઇએ. ત્યાં જઈ એક બાજઠને ઢાળી તેના ઉપર ઘૃતનો દીપક સળગાવો. પછી તેની પાસે વિષ્ણુદેવ તથા પંચજન્ય ખંખ પધરાવો એટલું કરી હરિનું ભજન કરવું એટલે પાંડુરાજાનું સર્વ પાપ નિવારણ થશે. પાપ નિવારણ થયું એટલે આકાશમાંથી એક નોળીઓ ઉતરશે તે આવીને એઠવાડમાં આળોટશે તેને નજરે દેખીશું. પછી તેની કાયા અડધી સુવર્ણની અને અડધી રૂપાની થશે એટલે તરત પંચજન્ય શંખ વાગશે.પોતાની મેળે વાગી જય જય શબ્દનો ઉચ્ચાર થશે એટલે પાંડુરાજા અધોગતિથી મુક્ત થઇ મોક્ષ પામશે. એ સિદ્ધતા પ્રત્યક્ષ જોવી હોય તો તે પ્રમાણે કરો.

કુંતાજી કહે,ચાલો દીકરાઓ,પ્રભુએ કહ્યું તે કામ કરવા માંડો.પ્રભુએ બતાવેલી સામગ્રી લઇને તમામ લોકો ઉકરડે ગયા.ત્યાં જઈ બાજઠ મૂકયો,અને તેના ઉપર દીપક પ્રગટાવ્યો. પછી પંચજન્ય શંખ તથા વિષ્ણુને પધરાવ્યા. સર્વે જણે એકાગ્ર ચિત્તથી પ્રભુનું સ્મરણ કરવા લાગ્યા. એવામાં આકાશમાર્ગથી નોળીઓ આવ્યો, પણ તેની કાયા સોના રૂપાની બની નહિ, કુંતાએ કહ્યું કેમ પ્રભુજી ! સોના રૂપાની કાયા ન બની ? કૃષ્ણે કહ્યું, કહો ના કહો પણ કોઇક ભૂખ્યું રહેલું જણાય છે, એટલે કુંતાજીએ સેવકોને કહેવડાવ્યું, કોઇક સ્થળે તપાસ કરો અને જે ભૂખ્યું હોય તેને પ્રભુની આણ દેવરાવી જમવા તેડી લાવો. એટલે સેવકો તૈયાર થયા અને ગામમાં તથા ગામ બહાર ફરી ફરીને સોગન દઇ ભુખે પોકાર કરે છે. તે સમય નગ્રની બહાર નીચ જાતી અનામિક આંખે આંધળો એકાંત ખેતરમાં બેસી પ્રભુનું ભજન કરતો હતો. વૃકોદરની બીકથી બિચારો નગ્રમાં પણ આવતો નથી. તેના મનમાં એવી બીક પેસી હતી કેજો નગ્રમાં જઇકોઇને અડકીશ તો ભીમસેન મારી નાંખશેતેથી પોતે એક તંબુરો તથા મંજીરા લઇ એકાંન્ત ખેતરમાં ભજન કરતો હતો.સેવકો ત્યાં જઈ ચઢયા. અનામિકને પૂછયું,તું ભૂખ્યો રહ્યો છે કે ખાઇને બેઠો છું ? અનામિકે જવાબ આપ્યો, ભીમસેનના ભયથી હું ત્રણ દિવસથી ભૂખ્યો છું. એવું સાંભળી એક સેવકે અભડાઇને તેનો હાથ ઝાલ્યો.અને તેનેદોરીને ઉકરડા આગળ લાવ્યો. ભગવાને દ્રૌપદીને કહ્યું, તમે અભડાઇને પીરસો, પછી સ્નાન કરી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લેજો. એટલે દ્રૌપદીએ સીપચને બાજઠ ઉપર બેસાડયો અને તેના મોં આગળ મોટો થાળ ભરીને મૂકયો, સીપચ ત્રણ દિવસનો ભૂખ્યો હતો તેથી બધું ભેગું ચોળીને પી ગયો. દ્રૌપદી એવું જોઈ મનમાં સંખ્યા લાવી આ નીચ જાતી શું જમી જાણે? પછી સ્નાનકરી પોતે જોવા આવી તો નોળીઆની કાયા સોના રૂપાની થઇ, પણ શંખે શબ્દ કર્યો નહિ. પ્રભુએ કહ્યું, હવે કોઈ ભૂખ્યું નથી એટલા માટે નોળીઆની કાયા સોના રૂપાની થઈ. યજ્ઞની રીત એવી છે, કોઇ ભૂખ્યું રહેવું ન જોઈએ, પણ શંખે શબ્દ થયોનહિ માટે કોઇના મનમાંસંખ્યા છે. જેના મનમાં સંખ્યા આવી હોય તે ભગવાનની બીક રાખીને બોલી દેજો.

દ્રૌપદી કહે, આ અનામિક ભેગું ચોળી મૂઢની માફક જમ્યો તેથી મને સંખ્યા આવી,આ નીચ જાતી શું જમી જાણે?પ્રભુએ કહ્યું,એ મોટું પાપથયું છે. તમે તેને ભેગું કરી જમ્યાથી નીચ જાણ્યો, પણ મારી ભક્તિકરેછેતેથીતો ઉંચો છે. બાજઠ ઉપર વિષ્ણુજીને નમ્રતાપૂર્વક અરજ કરો કે ભૂલીચૂકી તે સંખ્યા લાવી, માટે મને માફી આપો. ઊંચ થઇને જે પુરુષો મને તેથી ભજતા તે ચંડાળ જેવા જાણવા અને નીચ થઇ મારું ભજન કરતા હોય તો તેમને મારી દેહ જાણો. એવું પ્રભુ વચન સાંભળીને ધર્મરાજા બોલી ઊઠયા. અરે મહા રાજા, મને તેમાં સંદેહ પડયો. તમે કહ્યું, નીચ થઇને મને ભજે તો મારી દેહ માટે પૂછું છું, જ્યારે તમારો દેહ ત્યારેએનીસાથે જમતાં તથા તેને અડકવાથી શો બાધ છે? પ્રભુ કહે, સમજ્યા વિના સંદેહ કર્યો છે, કારણ કે જો તેની સાથે જમે અગર તેને અડકે તો વર્ણાશ્રમ તૂટી જાય જેથી કરીને અવિવેક થઇ જાય. વિવેક છે તે વિશ્વમાં સર્વથી વડો છે, વિવેકથી વહેવાર ચાલે છે, વિવેકને કોઇ ન માને તો એકાદાર થઇજાય. એક થયું તો કંઈ ન રહ્યું. સ્ત્રી તથા માતા પણ સરખી થઈ એમસરખુ માનેતો પણ પશુ જાણી લેવો. કુંતરાં બિલાડાં અને ગધેડાં સંસાર માંડે છે તેવી રીતે મનુષ્ય અવતારને પણ માનવો. પશુને વર્ણાશ્રમ, જાતી નથી અવિવેક થાય છે. માટે જે મનુષ્યો અવિવેકથી ચાલે છે તેમને પશુ જેવા જાણવા. મનુષ્યદેહ વિવેક સમજવા માટે છે. જે હરામખોર પાખંડી હોય છે તે જાણી જોઈને વિવેકનો ત્યાગ કરે છે અને અવિવેકને ધારણ કરે છે અરે યુધિષ્ઠિર, મારો કહેવાનો ભાવાર્થ બરોબર સમજો,નહિતો તમારું ડહાપણ વ્યર્થ છે.એકશબ્દ ઝાલી ને બેસી રહેશોતોતેમાંથી કંઈજ્ઞાન મેળવશો નહિ, માટે ન્યાય નીતિ, વિવેક બરોબર શાંત ચિત્તે શ્રવણ કરશો તો શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરી શકશો. ધર્મરાજા પગે લાગીને કહે છે, મહારાજા,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારા પામર ઉપર કૃપા કરી સમજાવો. પ્રભુ કહે, મેં તમને કહ્યું, જે મને ભજે તે મારો દેહ જાણવો તેમાં મને ભજનારો કયો છે તે પહેલાં સમજો, માયાના પાંચ ભૂત છે. તે પાંચ ભૂતની કાયા બનેલી છે. કંઇ ચૈતન્ય નથી, જડ વસ્તુ છે તે જડ વસ્તુ કેમ કરીને ભજે, તેનો એક વાર વિચાર કરો. અરે ધર્મરાજા, મને તો ચૈતન્ય આત્મા ભજે છે. મને ભજે તે મારો દેહ જાણવો એટલે ભજનારો જે આત્મા તેને મારો દેહ જાણવો, તેને સુખરૂપે અડો. પણ તે અડવા જેવી વસ્તુ નથી, કાયા છે તે તો માયાની બનેલી છે તેમ જડ છે. માટે ડાહ્યો માણસ તો ચૈતન્ય આત્માને માને છે અને કાયાને તજી દે છે. તે અનામિકની કાયાને અડકવાથી અતિ દોષને પાત્ર થવાય છે, માટે ગમેતેવો ભક્ત હોય પણ શોષ પાળવો જોઇએ. અનામિકના ચૂલાનો અગ્નિ લઈને રસોઇ થાય છે પણ તેનો ચલો ગમે તેવો ધોયો હોય છતાં તેના ઉપર રંધાય નહિ, અગ્નિરૂપી આત્મા જાણો અને ચૂલારૂપી દેહ જાણો. નીચ જાતીથી પ્રગટ થયેલ અશુદ્ધ માનવીનો કદી કહેશો કે આત્માને સમજીને તેની સાથે સંગ કરીએ છીએ તો ચલાસાં અગ્નિ દેખીને તેના ઉપર રાંધવાની ઇચ્છા કરશો ? ધર્મરાજા કહે, ના મહારાજા, નીચના ચૂલા ઉપર રસોઇ ન થાય. પ્રભુ કહે, ધન્ય છે તમારા ડહાપણને. હવે બરાબર સવળું સમજ્યા. ચુલામાંથી અગ્નિ છુટો પડે ત્યારે તે કામમાં આવે ચુલા સહિતનો અગ્નિ કદી કામમાં આવતો નથી. ભજે તે દેહ મારો એવું કયારે સમજવું કે જ્યારે દેહથી આત્મા છુટો પડે ત્યારે. એ રીતે કાયા તજ્યા પછી આત્મા મારો દેહ છે એમ સમજવું. 'ખોળિયું બદલાયા વિના ભજનથી જે ઉંચ માને છે, તેમને પાપી પ્રાણીઓ જાણવા. ઉંચમાણસે નીચને કદી નમવું નહિ, જો નમશે તો નીચ યોની પ્રાપ્ત થશે. નીચયોનીનો ઊંચને નમાવે તો શત વર્ષ સુધી અઘોર નર્ક ભોગવે છે. નીચ ગધેડી ગંગામાં નહાઇને ભસ્મમાં કાયા બોળે, વળી ઓખદ ન કરતી હોય અને ચોખ્ખી રહેતી હોય, તો કદી પણ પૂજાય નહિ. અને ગાય ગંદી રહેતી હોય, ઓખારકરતી હોય તો પણ ઉત્તમ યોની હોવાથી સદા તેનું પૂજન થાય છે. આ દ્રષ્ટાંતનું સિદ્ધાન્ત એ છે કે નીચ દેહની ઊંચ કૃતિથી કદી પગે પડવું નહિ. ઉંચ દેહનાં કર્મ ગુપ્તપણે નીચાં હોય તો પણ તેને નમવું યોગ્ય છે. આકડાનું દૂધ ઉજળું દેખાય છે, પણ કોઈ માણસ પીએ તો જીવ જતો રહે છે. અને ગાયનું દૂધ શામળું હોય તો પણ તે તે પીવાથી પુષ્ટી થાય છે, સ્ત્રી સતી હોય તેથી કરીને માતૃશ્રી મનાય નહિ અને મા કદાચ વ્યભિચારિણી હોય તે સ્ત્રી મનાય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નહિ માટે બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણ ગમે તેટલો ઊંચનો આચાર પાળે તો પણ ઊંચ થતો નથી. અને ઉલટો બંધન થઈ નર્કવાસ ભોગવે છે. નીચ દેહ કદી ઊંચ થતો નથી. હે ધર્મરાજા ! વળી આગળ ઉપદેશ કરીશું. ધર્મરાજા કહે, આપણો ઉપદેશ થવાથી મને ઘણો જ આનંદ થયો છે પછી દ્રૌપદીએ વિષ્ણુને પગે લાગી અને ભૂલચૂકની માંફી માગી. શંખને જયજય શબ્દ થવાથી પાંડુરાજા સ્વર્ગવાસી થયા, કુંતાજી તથા પાંડવો ઘણાં જ આનંદ પામ્યા. પ્રભુ કહે. ચાલો ઘેર જઇએ, સઘળા વાજતેગાજતે ઘેર આવ્યા. તે પછી ભગવાન દુર્યોધનને કહેવા લાગ્યા, તમે ઓરડે જઇ બ્રાહ્મણોને સોનાનાં દાન વિવેક પ્રમાણે આપજો. એટલે પાપી દુર્યોધન હરખાતો હરખાતો મામાની પાસે આવ્યો. મામા કહે કેમ છત્રપતી, આટલા બધા ખુશી થયાં છો ? દુષ્ટમતી કહે, આજ પાંડવોની લાજ લેવી છે. માટે ખુશી થયો છું. શકુની બોલ્યો ધન્ય છે. દુષ્ટમતી તથા મામો બેઉ જણા ઓરડો ઉઘાડી અંદર પેઠા.પાપી કહે, ચાલો મામા તમામ ભંડાર લુંટાવી નાંખીએ.મામો બોલ્યો,હાલને હાલ લુંટાવીએ છીએ.ભીમસેન સર્વ બ્રાહ્મણોને કહેવા લાગ્યો.અરે મહારાજા,અમારા ઉપર કૃપા કરી દાન લેવા પધારો, એટલે બ્રાહ્મણો દાન લેવા ઓરડા પાસે આવ્યા; દુર્યોધને ઓરડો ખુલ્લો કર્યો એટલે અસંખ્ય બ્રાહ્મણોની ભીડ ભરાઇ, દુષ્ટને લુંટાડવાનો તથા ખુટાડ વાનો અતિશય પ્રેમ વ્યાપી રહ્યો છે, તેથી જે બ્રાહ્મણ શેર સોનું માગે તેને એ મણ આપે બ્રાહ્મણોથી ઉંચકી ન શકાય એટલું કુંડીઓ ભરી ભરીને સોનું આપવા લાગ્યો. પણ એના હાથે પદ્મ હતું તેથી જેટલું આપે છે તેનાથી બમણું વધે; એપ્રમાણે આખા ઓરડામાં વધીને ફેલાઇ ગયું,જેમ આપે છે તેનાથી બમણું થાય છે; ઓરડામાંથી ઉભરાઇ ઉભરાઇને બહાર આવવા લાગ્યું. દુર્યોધન કહે. મામા આ શું ? એમ કહી વિસ્મય પામી ગયો. મામો બ્રાહ્મણોને ચોઘણું ચોઘણું અપાવે છે; તેમ તેમ દુષ્ટ દુર્યોધનને તાન આવે છે. બ્રાહ્મણોને કહે છે કે અરે મહારાજા, તમારાથી ઉંચકાય તેટલું લઇ જાઓ. પદ્મના પ્રતાપથી જેમ આપે છે, તેમ વધે છે. દુર્યોધન કહે, મામા, હવે કોઈ લેનાર રહ્યું નથી અને સોનું તો હતું તે કરતું બમણુ થયું હવે તેનો શો ઉપાય કરીશું

મામો કહે, આ તો મહેનત છુટી પડી.કહો ના કહો પણ કૃષ્ણ કાળીઆએ કંઈ જડીબુટી ઘાલેલી જણાય છે એટલામાં ભીમ આવી પહોંચ્યો, દુર્યોધન કહે, તમારું સંભાળી લ્યો હવે કોઈ બ્રાહ્મણ લેનાર નથી. એમ કહીને ઓરડો સોંપી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દીધો. ભીમસેન વિસ્મય પામ્યો કે સોનું હતું તે કરતાં આટલું બધું વધી જવાનું શું કારણ હશે ? એવામાં ત્યાં કૃષ્ણજી આવીચઢયા. ભીમ કહે, અરે મહારાજા થોડું આપતાં ઘણું વધ્યું તેનું શું કારણ ? પ્રભુ કહે, દુર્યોધનના જમણા હાથે હથેળીમાં પળ છે તેના ઉપર જમનો વાસો છે; તે વાતની તેને ખબર નથી. જો તેને ખબર હોત તો ઘરમાંથી દાન આપે તેનાથી બમણું વધે પણ ઉપર જમ બેઠા છે તેથી આપી શકતો નથી. પરઘેર ખુટાડવાને આવ્યો પણ પોતે તો પાપીનો પાપી રહ્યો. ભીમ કહે, શાબાશ છે દીનાનાથ, તમે જે વખતે કૂંચી આપી તે વખતે અમે અધીરા હતાં. આપ અંતરયામી છો, વળી સર્વે ભેદનો જાણવાવાળા છો પણ અમારી અલ્પ બુદ્ધિથી અધીરા થયા હતા. એમ કહી ઓરડો અટકાવ્યો અને જય જયકાર થઇ રહ્યો. પાંડવોને બ્રાહ્મણોનો અતિ આશીર્વાદ મળ્યા. પછી પ્રભુએ અર્જુનને આજ્ઞા આપી કે સર્વને આનંદ થાય તેવી તમે સુશોભિત સભા રચો. એટલે અર્જુનજી ઊભા થયા અને સભા રચવાનો વિચાર કરવા લાગ્યા. પછી બહોળી જગા શોધી કાઢી અને પોતે ત્યાં એવી સભા રચી કે જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય. એમ ઘણા પ્રકારની કામગીરી કરી સુંદિર સભા રચી, બારણું ત્યાં ભીંત ને ભીંત ત્યાં બારણું એમ અવળું દેખાવા લાગ્યું. સભાની પાસે એક મહેલ છે. ત્યાં સ્ત્રીઓને બેસવાનું રાખ્યું છે. સભાની સુંદિર શોભા બનાવી પ્રભુની પાસે ગયા. એટલે પ્રભુએ ખબર આપવા ચાર સેવકોને મોકલ્યા. સૌ ક્ષત્રીઓને ખબર આપી. સભામાં પધારોઃ એટલે સર્વ ક્ષત્રીઓ સભામાં આવવા લાગ્યા.

સહદેવજી સભાના દ્વારે બેઠા છે. રાજા આવે છે તેના હાથમાં સોનાના તારે બાંધેલી સોનાની અંગુઠી આપે છે. તે અંગુઠી પછાડતાં પછાડતાં સહુ રાજા જાય છે. અને જ્યાં જલ આવે ત્યાં લુંગડાં ઊંચા લે છે. જેમ મરજીમાં આવે તેમ પોતે આસન પર બેસે છે. સભા જોઇને સર્વ રાજા ખુશી થાય છે. એ પ્રમાણે સર્વ રાજાઓ બેઠા જ્યાં મહેલનો ઝરૂખો છે ત્યાં પ્રભુની તથા કૌરવોની સ્ત્રીઓ બેઠી. સૌના વચમાં દ્રૌપદી બેઠી છે, તેની જમણી બાજુએ રુક્ષ્મણીજી બેઠાં છે અને ડાબી બાજુએ ભાનુમતી બેઠી છે, વળી બીજી અનેક સ્ત્રીઓ ભરાઇને બેઠી છે, એ પ્રમાણે સર્વે બેઠી બેઠી સભાની શોભા જોયા કરે છે. વૈશમપાયન કહે છે હે રાજા હવે સભામાં સર્વે રાજાઓના આવ્યા પછી કૌરવ આવવા લાગ્યા. દુર્યોધન ચાલતાં ચાલતાં ઉંચી દ્રષ્ટી રાખે છે, દુષ્ટમતીએ સ્ત્રીઓમાં બેઠેલી દ્રૌપદીને જોઇને કહ્યું, મામા જેમ વીજળી ચમકે છે તેમ દ્રૌપદી કેવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચળકે છે ? અને મારી રાણી ભૂતડી જેવી દેખાય છે, એવી વાતો કરતા કરતા ચાલ્યા. જોષીએ જાણ્યું કામી આવ્યો એટલે પોતે ઉઠીને અંગુઠીઓ લઇ ખસી ગયા; એટલામાં દુર્યોધન ઝરૂખામાં જોતો જોતો સભાના દ્વારમાં પેઠો; તેવો પહેલો ખંડ આવ્યો; ત્યાં સ્થળનું જળ દેખાયું કે દુષ્ટે લુગડાં ઊંચાં લીધાં એટલે સર્વે રાજાઓ મનમાં હસવા લાગ્યા. એવામાં જળખંડ આવ્યો ત્યાં સ્થળ દેખાવાથી લુગડાં મૂકી દીધાં તેથી જળમાં પડયો ને વસ્ત્રો પાણીમાં પલળ્યાં, તે જોઈ સકળ સભા હસી પડી, ઝરૂખામાંથી સતી દ્રૌપદીજી આ જોઇને રૂક્ષ્મણીને કહેવા લાગ્યાં, અરે રૂક્ષ્મણી, તાળી લ્યો, છત્રપતીની કેવી હોંશિયારી છે? તેમ કેવા ચતુર છે? પણ આંધળાના આંધળા જેવા.

પાપીએ તે શબ્દો સાંભળી ગુસ્સો કર્યો. મામો કહે, તું પાછો જા અને રૂપાળી છાકમાં છકી ગઈ છે તેને ચાર તમાચા ચોઢી દે. દુર્યોધન કહે, એ આજકાલની આવેલી મને મહેણું દેનાર કોણ? એમ કહી પાપી પાછો વળી મહેલમાં જવા જાય છે એટલામાં ફરતો ફરતો ભીમસેન આવી પહોંચ્યો. મામો કહે, અરે છત્રપતી, પાછા વળો, નહિ તો ભીમ મારી નાખશે. દુષ્ટમતી ભય પામી સભામાં પેઠો. ક્રોધમાં રાતોરાતો થઈ આસન ઉપર જઇને બેઠો. સભા ભરાઇચૂકી એટલે ધર્મરાજા પોતાના હાથમાં પૂજાની થાળ લઈ આવ્યા ને સભાના



તમામ રાજાઓને પૂછવા લાગ્યા, પહેલું પૂજન કોનું કરું ? સભાએ કહ્યું, કૃષ્ણજીનું કરો. એટલે શિશુપાળ ક્રોધ કરીને બોલ્યો, એનું પૂજન નહિ થાય. એ આહિરનો પુત્ર છે, વળી ભરવાડો, પિંઢારો ગાયો ચારનારો, મામા માશીને મારનારો, પરનારી હરણ કરનારો એ કે દાડાનો મોટો થઇ ગયો ? એવું એનું બોલી ગાળો દીધી તે પ્રભુએ ગાળોના લીટા તાણ્યા તો સો ગાળો થઈ એટલે પોતે પડેલું સંપુટ કરમાં લીધું, અને સો ગાળનો ગુનો ગણી તેનું મસ્તક છેદી નાખ્યું, સકળસભા ખુશી થઈ. ધર્મરાજાએ પ્રભુનું પ્રેમવડેકરીનેપૂજન કર્યું. પછી સર્વ રાજાઓનું કર્યું, જેવા રાજા તેવા સરપાવઆપ્યો, બળદેવજીએ કંકુનો કંકાવટો હાથમાં લીધો અને ઊભા થઇને અભિમન્યુના લલાટે ચાંલ્લો કર્યોને કહ્યું કે મારી બાળક પુત્રી સુખેનનીસુરેખાછેતેનોવિવાહઅભિમન્યુ સાથે કર્યો. તે સાંભળી સકળ સભા ખુશી થઇ અને કહ્યું, બળદેવજીએ ઘણું સારું કર્યું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછીસર્વેજણેવિદાયગીરીમાગી.કૌરવોસિવાયસઘળા ક્ષત્રીઓ પોતાનાદેશગયા. પાંડવોકુંતાજીને પગે લાગ્યા,કુંતાજીએ કહ્યું,તમે ઘણાદિવસમહેનતકરીછે, માટે નિવૃત્તિથી ભોજન કરો. પાંડવોમાંથી ધર્મરાજા બોલ્યા, અરે માતાજી, હજી કૌરવો આવ્યા નથી; તે આવે એટલે સાથે બેસીશું. એવામાં કૌરવો આવી પહોંચ્યાં. કુંતાજીકહે, બેટા દુર્યોધન, ચાલો ભોજન કરી લ્યો. દુર્યોધન કહે, કુંતાકાકી અમારે કંઇ જમવું નથી. અમે તો જશના ભૂખ્યા હતા તેથી જશ લઇને જાત ભાગી નાંખી,પણ અમારે મહેણાં ખાવાં પડયાં. કુંતા કહે,શું મહેણું દીધું ? કોણે તને કટુ વચન કીધું ? એટલે દુર્યોધન બોલ્યો. આજકાલની છર ભરેલી દ્રૌપદીએ મહેણું દીધું. એના રૂપમાં ભાગી પડે છે પણ એનું રૂપ એને ગંધાય; હું શા માટે એનું મહેણું સાંખી લઉં ? પંચાળની બેટી બહુ બહેકી ગઈ છે. શું ઘરમાં તમારું કંઇ ચાલતું નથી ? એવું સાંભળી કુંતા સતીને અતિશય ક્રોધ ચઢયો અને બોલી ઊઠયાં કે ખરા રંગમાં ભંગ પડયો. એ મોટા કુળવાળી કયાં ગઇ? એવું સાંભળી સતી દ્રૌપદીજી રડતાં રડતાં આવ્યાં, કુંતાજી કહે, તારી જીભડી ખેંચી નાખીશ. મહેણું દેતાં કયાંથી શીખી ? મહેણાં દેવા હોય તો તારે પિયર જા, મારાઘેર એવું ચાલવાનું નથી. સારી રીતે રહેવું હોય તો રહે, નહિ તો તારા પિતાને ત્યાં ચાલી જા. એટલે દ્રૌપદી આંસુ લાવીને બોલી, અરે માતાજી, મારી મોટી ભૂલ થઈ ગઇ. તેમને મેં મારા પિતા જાણી મહેણું દીધું હતું. હું છોકરું છું અને તે તો મારા પિતા તુલ્ય છે, પછી સતી દુર્યોધનને ખોળા પાથરી કહેવા લાગી, અરે છત્રપતી, હું તમારું છોકરું છું. મારી મોટી ભૂલ થઇ ગઈ, હવે પછી કોઈ દિવસ હું તમને કંઈ કહેનાર નથી. દુષ્ટમતી મનમાં વિચાર કરે છે કે હજુ મને તાત કહી બોલાવે છે. એવો પેટમાં બળાપો થાય છે. એવામાં ભીમસેન આવી પહોંચ્યો, માતાજીને પૂછે છેકે શાનો શોર બકોર કરો છો ? કુંતા કહે, આ દ્રૌપદીએ દુર્યોધનને મહેણું દીધું. ભીમસેન કહે; એવું શું મહેણું દીધું છે ? દુર્યોધન કહે, મને આંધળાનો પુત્ર કહ્યો. ભીમ બોલ્યો, અલ્યા શીદ આંધળે બહેરું કુટાવો છો ? હું ન્યાય કરું છું. એમ કહી કુંતાને કહેવા લાગ્યો,- એમાં શી ખોટી વાત કહી ? એમાં શું મોટું દુઃખ લાગ્યું ? આંધળાનો પુત્ર છે તેથી દેખતાનો કેમ કહેવાય ? માતાજી, તમે હાથે કરીને જૂઠું બોલાવો છો ? નારીએ બરાબર સત્ય વચન કહ્યું છે. આંધળાનો છોકરો સત્તરવાર, એમાં તલ માત્ર ખોટું કહ્યું નથી. એવાં ભીમના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વચન સાંભળી દુર્યોધન બોલ્યો, હવે મેં તારી ઠગાઈ જાણી લીધી.હવે હું તારી સગાઈ રાખતો નથી. એમ કહી રીસાઇ ગયો, કુંતાજી કહે, રડયા, પાછો ઘરમાં કુસંપ કર્યો. ભીમ કહે,છો થયો. મારે ને એને જરા પણ બનવાનું નથી કારણ, તે દુષ્ટમતી દુરાચારી છે. એમ કહી સમાધાન કર્યું.પછી સર્વે આનંદથી રહ્યાં છે. વૈશમપાય ઋષિ કહે, હે જનમેજય રાજા એ કથા એટલેથી રહી હવે દાંગવાખ્યાનની સુંદિર કથા શાંત વૃત્તિ રાખીને શ્રવણ કર.

વિશ્રામ પહેલો

દાંગવાખ્યાનની કહું કથા, સુણ જનમેજય રાય;
વ્યાસ વલ્લભ મુખ ઓચરે, શ્રવણ કરો શ્રોતાય.

વૈશમપાયનઋષિએ જનમેજયરાજાને જે કથા શ્રવણ કરાવી તે હું કહી સંભળાવું છું. શ્રોતાજનો ! કથાને દ્દષ્ટાંતરૂપ સમજશો તો જ તમને જ્ઞાન થશે. જેવી રીતે દૂધ ને પાણી એકઠું કર્યું હોય તેમાંથી હંસ દૂધ પી જાય છે અને કાગડો પાણી પી જાય છે, માટે હંસની માફક દૂધ પીવાની વૃત્તિ રાખો. જ્યાં ને ત્યાં પ્રભુની સ્તુતિ કરવાનું કહ્યું છે માટે આત્મા પરમાત્મા જુદા માનીને જ્ઞાન સ્વરૂપ જે પરમાત્મા તેમને યથાર્થ સમજો અને તેમનું એકાગ્ર ચિત્તે ધ્યાન ધરો, જેથી કરીને મોક્ષપદને પ્રાપ્ત થવાય. કંઈ કથાઓ વાંચવાથી મોક્ષપદ મળતું નથી માટે અનુભવી પાસેથી જ્ઞાન લઈ, તેનું મનન કરી, અનીતિનો ત્યાગ કરી મોક્ષ પદનેપ્રાપ્ત થશે જેથી કરીને જન્મમૃત્યુ ટળી જાય.આ દાંગવાખ્યાનની કથાને જે પુરુષ સાંભળી શીખીને સંભળાવશે તો તેના ત્રિવિધ તાપ ટળી જશે,અને પશુનો દેહ પ્રાપ્ત થશે નહિ,તેમજ કોઈ મોટાનો શ્રાપ પણ છુટી જશે. એક વખત ઈંદ્રપુરીમાં દેવ લોકો સભા કરીને બીરાજ્યા હતા, વાદવિવાદ તથા વિનોદ કરતાં કરતાં શોક ઉત્પન્ન થયો. એટલામાં ઉર્વશી નામની એક રંભા આવી પહોંચી.તેની કનકના સરખી કોમળ કાયા છે; મૃગના જેવી આંખો છે. કેશન વેણી વાળેલી છે એનું વર્ણન કરતાં કરતાં શેષ પણ થાકી જાય એવી અતિશયરૂપાળી છે.તે તારુણીનેજોઈ દેવલોક આનંદ પામ્યા.થોડીવાર પછીદેવલોકોએ કહ્યું.અરે સ્ત્રી,તું સભામાં નૃત્ય કર.એવી આજ્ઞા આપી એટલે રંભાએ નાચનો આરંભ કર્યો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવો સુંદિર નાચ કરે છે કે જો પામર પ્રાણી નજરે જુએ તો તરત જ સ્થંભિત થઇ જાય. વાજિંત્ર વાગવાથી અતિશય મીઠાશ લાગે છે. સરોદા, શરણાઇ, જળતરંગ, મોરચંગ, મૃદંગ નસ્રંગ, પખવાજ અને ખવાઇએ સિવાય અનેક પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા, ઘમઘમ ઘમઘમ ઘુઘરીબોલે છે તેથી દેવલોકો ખુશી થાય છે. તેવામાં દુર્વાસા મુની આવી પહોંચ્યા. એટલે સર્વ સુરલોક ઊભા થઇને બોલ્યા, ભલે દર્શન આપ્યા. પધારો પધારો મહારાજા.એમ કહી આસન આપ્યું, પછી સુરપતિ કહે અરે અપ્સરા તું અમને તો ખુશી કરે છે, પણ આ ઋષિને ખુશી કરીને પ્રેમ ઉપજાવ મુનિનું મન મોહિત થાય તેવો નાચ કરે તો તારી ક્રિયા સાચી દેવલોકોનું કહેવું સાંભળી સ્ત્રી બોલી, અરે સુરલોકો, મેં તેત્રીસ કોટીને લબ્ધ કર્યા તો એ બ્રાહ્મણ કોણ માત્ર છે ? એમ કહીને નૃત્યનો આરંભ કર્યો. મનમાં એવો અભિમાન ધારણ કર્યો કે જરૂર આ બ્રાહ્મણને લબ્ધ કરું, બરોબર લક્ષધરીને જેટલી ક્રિયા હતી તેટલી કરી તો પણ ઋષિજીબિલકુલ રિઝાયા નહિ, અને જરાપણ મોહિત થયા નહિ.જેમણે મહાદેવજીનું નૃત્ય જોયેલ છે તેમને આ નૃત્ય કેમ પસંદ પડે ?

ઋષિ બિલકુલ ખુશી થયા નહિ તેથી ઉર્વશીને અપાર ક્રોધ ચઢયો. ક્રોધ કરીને બોલી, બ્રાહ્મણ જરૂર ઝેરીલો દ્વેષી છે, મન તો માન્યું છે પણ મોટે કંઇ બોલતો નથી, અંતર ઉલટ ન આણતો હોય તો પછી પશુ સરખો સમજવો. તે પામર મારા નૃત્યમાં શું જાણી શકે ? એવાં એવાં વેણ સાંભળી ઋષિને ઘણો ક્રોધ ચઢયો ને કહ્યું, તું શું બોલી દુષ્ટ રંડા ? એમ કોપ કરીને દુર્વાસાએ શ્રાપ દીધો, નિશાએ સ્ત્રી અને દિવસે ઘોડી થઇને પૃથ્વી ઉપર પડજે અને તરણાં તથા જળથી ઉદર ભરી રણમાં રખડજે. એ શ્રાપ સાંભળી અપ્સરા અકળાઇ અને ત્રાસ પામી રડવા લાગી, તેનું શરીર થરથર કંપવા લાગ્યું, સઘળા દેવલોકો તરફડવા લાગ્યા અને હાહાકાર વરત્યો. સુરલોકો શોક કરે છે કે આપણે આ રંભા સિવાય તો ચાલશે નહિ, આ નારી સિવાય સ્વર્ગ સુનું પડશે, એમ કહી દેવતા લોકમુનિને કરગરવા લાગ્યા.ઋષિને દયા ઉપજી, શ્રાપને નિવારણ કરું તો ઠીક વિચારી ઋષિજી કરુણા કરીને કહેવા લાગ્યા, હે સુંદિર, જ્યારે સાડા ત્રણ વજ્ર ભેગાં મળે ત્યારે તું સ્વર્ગમાં આવજે.

શ્રાપનો અનુગ્રહ કરીને પોતે ત્યાંથી ચાલી નીકળ્યા. અપ્સરા કહે, અરે સુર લોકો મને આજ્ઞા આપો તો હું પૃથ્વી ઉપર ઘોડી થઇ ઋષિના શ્રાપને અંગીકાર કરું. હું દોષ કોનો કાઢું ? મારા ભવિષ્યમાં હતું તે થયું. એમાં કોઇનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઇલાજ નથી. વનમાં પશુરૂપ ધારણ કરીશું અને દુઃખ વેઠીશું, તમારાથી બને તો છોડાવવાનો ઇલાજ કરતા રહેજો. તમારું હેત સાંભરી આવશે તો રડી રડીને સાદ દઇશું. પશુના વર્ગમાં પડી રહીશું તેની તમને લાજ છે. એમ કહી અપ્સરાએ આજ્ઞા માગી. દેવલોકોએ આજ્ઞા આપીને કહ્યું, અમારાથી બનશે તેટલી યુક્તિ કરીશું, અપ્સરાએ ઘોડીનું રૂપ ધારણ કર્યું અને અંતરિક્ષથી પૃથ્વી ઉપર ઉતરી પડી, તેનું સ્વરૂપ પંચરંગી છે, શ્યામ ચર્ણ છે, સુંદિરકેશ છે. શ્વેત શરીર છે, કાન રક્ત છે, સુવર્ણ સરખું મુખ છે, પૂંછ પીત વર્ણની છે એ પ્રમાણે રૂપ ધારણ કરીને ટૂંકી ચાલે ચાલવા લાગી. ચાલતાં ચાલતાં યમુના તીરે આવીને ઘાસ ચરવા લાગી; ઘાસ ચરે છે અને યમુનાનું સુંદર નિર્મળ જળ પીએ છે. એમ આખો દિવસફરે છે અને જે વખતે રાત્રિ પડે છે તે વખતે સુંદર સ્ત્રી થઈને ઝાડ ઉપર ચઢીને બેસી રહે છે, આખી રાત ઝાડ ઉપર ગાળે છે અને દિવસે ઘોડી થાય છે. સૂર્યનારાયણ ઉદય થાય છે એટલે પોતે ચારો ચરે છે, હવે યમુનાની સામી તીરે એક સુંદિર દેશ છે. ત્યાં દાંગવનામનો રાજા રાજય કરે છે. તે રાજાને બહુ બળવાળા સાત ઘોડા છે, તેનો અનુચર હમેશાં મધ્યાન કાળે પાણી પાવા લઇ જાય છે, એક દિવસ તે ચાકર ઘોડાને પાણી પાવા ત્રટ ઉપર લાવ્યો. સામી તીરે અપ્સરા ઘોડી થઇને ચારો ચર્યા કરેછે. ઘોડાએ એ ઘોડીને જોઇને પાણી પીવાનું મૂકી દીધું અને અનુચર પાસે છટકી ઘોડીની પાછળ દોડયા. આખો દહાડો ભૂખ્યો ભમ્યો. પણ ઘોડી હાથ આવીનહિ સૂર્ય મેર બેઠો એટલે ઘોડી સ્ત્રી બની વૃક્ષ ઉપર ચઢી ગઇ. ઘોડાઓ દિલગીર થઈ પાછા વળ્યા. એ પ્રમાણે નિત્યની લેહ લાગી તેથી ઘોડાઓનું શરીર શોષવા લાગ્યું. રાજા એક વખત ઘોડારમાં ફરવા આવ્યો, ત્યાં સઘળા ઘોડા દુર્બળદીઠા તેથી રાજાએ દાસને પૂછયું ઘોડા કેમ સૂકાય છે ? દાસ કહે, અરે રાજાજી, મારી અરજ સાંભળો. હમેશાં જ્યાં જળ પાવા જાઉં છું ત્યાં કોકની ઘોડી જોઇને હાથ રહેતા નથી. એટલે રાજા બોલ્યા એવી કોની ઘોડી છે? દાસ કહે, મહારાજા, મને તેની ખબર નથી. રાજા કહે, ગમે તેની હશે પણ કાલ હું બાંધીને આપણા ઘેર લાવીશ. કાલે પાણી પાવા હું જઇશ. એમ કહી રાજા ઘેર ગયો. અનુચરે ઘોડાઓને દાણો ખવરાવ્યો તથા ખરેરો કર્યો. એમ કરતાં કરતાં રાત્રિ પડી રાજા સૂઈરહ્યો પણ ઊંઘ આવતી નથી. બીજે દિવસ થયો એટલે રાજાએ ચાકરને બોલાવી કહ્યું, એક ઘોડો લાવ ચાકરે લાવીને આપ્યો. રાજા એ અશ્વ ઉપર ચઢીને બેઠો, પછીદાસને હુકમ કર્યો. તું બીજા ઘોડાઓને લઇનેમારી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાથે ચાલ. ચાકર ઘોડારમાંથી ઘોડા લાવ્યો અને રાજાની સાથે ચાલ્યો. બેઉ જણા ઘોડા સહિત નદી ઉપર આવ્યા. ઘોડાએ ઘોડી દેખી એટલે શૂરસપાટે દોડયા. રાજા જોવાને ઘોડા ઉપર ચઢી રહેલો તેમની પાછળ દોડયો. ચાકર પાછો ગયો. રાજા આખો દિવસ ભમ્યો, દિનમણી આથમ્યો એટલે ઘોડીના રૂપનો ત્યાગ કરી સ્ત્રી બની ગઈ. ને ઝાડ ઉપર ચઢવા લાગી. દાંગવરાજા ઘોડા ઉપરથી ઉતરી તેની પાસે ગયો. રાજાએ તેનો હાથ ઝાલીને કહ્યું, અને સુંદરી, તું કોણ છે? ભૂત પ્રેત કે દેવી છે? તારી નાત, જાત, ગામ, ઘર કયાં છે? તારું નામ શું છે? અને શા માટે અહીં આવી છે? એટલે ઉર્વશી બોલી, અરે રાજા હું ઈંદ્ર રાજાની અપ્સરા છું, તેમાં તમારે શું કામ છે? બોલી, મારું નામ ઉર્વશી છે. ઋષિના શ્રાપથી હું બે દેહ ધરૂં છું અને વનમાં વસું છું, આવી મધુર વાણી સાંભળીને રાજાના મનમાં ચટકી લાગી. સુંદિર સ્વરૂપવાન જોઇને તે તદનુરૂપ બની ગયો. નમીને બોલ્યો મારા ઘેર પધારો, તમને પટરાણી સ્થાપીશું ખાનનું સુખ આપીશું. અતિશય મોહ ઉત્પન્ન થયો છે.

ઉર્વશી કહે; તમારું કહેવું સત્ય લાગે છે પણ હું કહું તે કરો તો આવું. રાજા કહે તમે જેમ કહેશો તેમ કરીશ. અપ્સરા કહે, શિવ વિષ્ણુ મને માગે પણ તમે આપશો નહિ. એક પલવાર માગે તો પણ આપશો નહિ. રાજા કહે વાત ખરી છે. પણ મારે તમને પૂછવાની જરુર છે, કારણ મારા કરતાં કોઈ જબરો રાજા તમને માગે તો શું કરવું? જો તેવાને ન આપું તો રણ સંગ્રામ માગે, તે વખતે મારે શું કરવું? તેનો જવાબ આપો. અપ્સરા કહે, બીજાને શરણે જવું. અને જો શરણ રાખનારો ન મળે તો મને લઇ બળી મળવું. રાજા કહે, મારે કબૂલ છે. એમ કહી વચન આપ્યું, એટલે રાજા ઘોડે બેસાડીને સુંદરીને પોતાને ઘેર લાવ્યો. રાત્રિએ સ્ત્રી રહી દિવસે ઘોડી થાય છે. રાજા ઘાસ ચારો નાખી તથા પાણી પાઇ ચાકરી કર્યા કરે છે. એમ કેટલાક દિવસ વિત્યા પછી દેવલોકમાં શોકાતુર થયા અને નારદને બોલાવી સર્વે વિનંતિ કરવા લાગ્યા, અરે નારદજી, તમારા છતાં અમને ભીડ પડી છે. નારદે કહ્યું, એવી શી ભીડ પડી છે? હું સ્વર્ગમાં સુખ દેખતો નથી. આજ તમે સઘળા ઉદાસ છો. તેનું શું કારણ છે? શું દુઃખે તમે આનંદને ભૂલી ગયા તે વાત મને કહી દો. તમારું દુઃખ નિવારણ કરીશ. તે સાંભળી સુરલોકો બોલ્યા ઉર્વશી નામની રંભા હતી તે દુર્વાસા ઋષિનો શ્રાપ પામી છે. દિવસે ઘોડી થાય છે અને રાત્રિએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્ત્રી બને છે. પૃથ્વી ઉપર ભમ્યા કરે છે. તેથી એના સિવાય અમને બિલકુલ ગમતું નથી. જો સાડા ત્રણ વજ્ર ભેગાં કરવો તો શ્રાપ નિવારણ થાય, અપ્સરા સ્વર્ગમાં આવે. એવું સાંભળી નારદજી બોલ્યા, હું પૃથ્વી ઉપર પરવરું છું અને સાડા ત્રણ વજ્ર ભેગાં કરાવી શ્રાપને નિવારણ કરું છું, યુદ્ધ થયા વિના સાડા ત્રણ વજ્ર કોઇ કાળે ભેગા થનાર નથી, મને પણ ટંટો જોવાની ગમ્મત પડશે એમ ધારી પોતે પૃથ્વી ઉપર આવ્યા અને દ્વારિકા ગામ છે. નગર ઘણું જ સોહામણું શોભે છે કૃષ્ણ પ્રભુ ત્યાં રાજ્ય કરે છે. વળી પ્રભુના એક લાખ સાઠ હજાર એકાશી સંતાન છે, તે સહુના મહેલ જુદા જુદા છે. પુત્રોમાં પ્રદ્યુમન સર્વથી જયેષ્ટ છે,તેમજ બળવાન,ગુણવાન તથારૂપવાન પણછે. નારદજી તેના ધામમાં જ પધાર્યા. પ્રદ્યુમને માન દઈ આસન આપી બેસાડયા, નારદે પ્રદ્યુમનનાં ઘણાં વખાણ કર્યા. પછી કહેવા લાગ્યા, તું બહુ ભાગ્યશાળી છે તારા વૈભોગનું હું શું વર્ણન કરી શકું ?ત્રણે લોકમાં તારા સરખું કોઇ પુરુષને સુખ નથી. માત, તાત, ભ્રાત અને પુત્ર પરિવારતેમજ રીદ્ધિસિદ્ધિ પણ અનેક પ્રકારની છે. નવે ગ્રહ તારા પલંગના પાયે છે. સંસારનો સઘળો લ્હાવો તારે જ ઘેર છે, આ સઘળું જોઇ હું આનંદ પામ્યો છું. પણ એક વાતે ખામી રહી છે.

પ્રદ્યુમાન કહે, જે કહેશો તેઓ જ ને આજ સિદ્ધ કરીશ અને સુખ લઇશ નારદજી બોલ્યા, તું તારું બોલેલું વચન પાળજે. દાંગવરાજાને ત્યાંથી ઘોડીને મંગાવી લે. ત્રણ લોકમાં એવી રૂપાળી ઘોડી નથી.હું આટલાદિવસથી ફરું છું પણ કોઇ જગ્યાએ તેની જોડ મળી શકતી નથી.ઘણું નહિતો એક ચાર ઘડી પણ મંગાવી લે. જ્યારે તું આ કાર્ય સિદ્ધ કરે ત્યારે તું પ્રભુનો પુત્ર ખરો. ધન્ય છે તારી માનું પેટ, મંગાવે નહિ તો છોકરી જેવો તેમજ ઊલટી દૈવની વેઠ જેવો નીવડયો. એવું કહીને નારદજી વિદાય થઇ ગયા. કુંવરના મનમાં તો ચટકી લાગી લઈછે, તે જ દિવસે બળદેવજીના ઘેર સર્વને ભોજન કરવાનું હતું તેથી સગાં સહોદર, પુત્ર પરિવાર જમવા સારું આવ્યા. એકલો પ્રદ્યુમાન આવ્યો નથી, બળદેવજીએ પૂછયું, હજુ સુધી પ્રદ્યમાન કેમ આવ્યો નથી ? એટલે રુક્ષ્મણીજી બોલ્યાં, તમે જઇ ને બોલાવી લાવો. એવું સાંભળીને બળદેવજી બોલાવવા ચાલ્યા. પ્રદ્યુમાનના ધામમાં પ્રવેશકર્યો. પ્રદ્યુમાનને કહ્યું, ઊઠો બેટા ભોજન કરી લો. સહુ જણ તારી વાટ જોઇ બેસી રહ્યાં છે. અમને ઘણો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉચાટ કરાવ્યો, આટલી બધી વાર કેમ બેસી રહ્યો ? પ્રદ્યુમાન કહે, મારે તમારા ઘેર આવવું નથી અને જમવું પણ નથી. બળદેવજી પૂછે છે કે નહિ જમવાનું શું કારણ ? પ્રદ્યુમાન કહે, મારા જીવતરને ધિક્કાર છે. બળદેવજી કહે, કોઇ દિવસ નહિને આજ કેમ આવા શબ્દો કાઢે છે ? પ્રદ્યુમાન બોલ્યો, દાંગવરાજાને ઘેર એક ઘોડી છે, તે ઘોડીની ત્રિલોકમાં જોડી નથી. માટે એ જ સુંદિર ઘોડી મારે જોઇએ છે, ત્યારે બળિભદ્ર કહે, બેટા, એમાં શું મોટું કામ કરવું છે. આજને આજ ઘોડી મંગાવું છું પણ તું એકવાર ભોજન કરી લે. પ્રદ્યુમાન કહે, એ કામ કાચું કહેવાય માટે તેનો જવાબ માગોતો સાચું લાગે. તે સાંભળી હળધારીએ દાંગવને કાગળ લખ્યો કે તારી ઘોડી અમને આપજે. અમારો કાગળ લઇને જે પુરુષ આવે તેને તારી ઘોડી આપી દેજે. બે દિવસ રાખીને પાછી તારા ઘેર પહોંચાડીશું, નહિ આપે તો યુદ્ધ કરીને લઇશું.

એ રીતે પત્ર લખી એક જાદવને આપીને મોકલ્યો. તે દાંગવપુરીમાં આવી પહોંચ્યો. દાંગવરાજાને પત્ર આપ્યો. દાંગવે વાંચી ઘણો જ શોક કર્યો. તેના જવાબમાં લખી જણાવ્યું, અરે જદુપતિ, ઘોડી પાપળવાર પણ મળવાની નથી. જે જાદવને પત્ર આપી મોકલ્યો હતો તે પાછો નિરાશ થઇને દ્વારકામાં આવી પહોંચ્યો. બળદેવજીના હાથમાં દાંગવના હાથનો લખેલો પત્ર આપ્યો. બળીભદ્રે પત્ર વાંચતાં જ દાંગવ ઉપર ઘણો જ ક્રોધ જણાવ્યો. ચાર ઘડી વાર થઈ એટલે પ્રભુ બેઉ જણને તેડવા આવ્યા. પ્રભુ કહે, બેઉ જણ આટલી બધી વાર ખૂણે બેસી શી છાની વાતો કરો છો? એટલે બળદેવજી બોલ્યા, તારા પુત્ર પ્રદ્યુમાનને એક પ્રેમ થયો છે. પ્રભુ કહે, એવો કેવો પ્રેમ થયો છે? બળીભદ્રે જવાબ આપ્યો દાંગવરાજાના ઘેર પચરંગી એક સુંદિર ઘોડી છે; ત્રિલોકમાં એની જોડી નથી. તે તારા પુત્ર પ્રદ્યુમાનને જોઇએ છે. વળી કહે છે કે જ્યારે ઘોડી આવે તો જ જમવા બેસું. મેં દાંગવરાજાને પત્ર લખી જણાવ્યો પણ તેણે પ્રતિ ઉત્તર એવો લખી જણાવ્યો કે ઘોડી પા પળવાર માટે મળી શકવાની નથી. મારા મનમાં પણ તે સાંભળી ટેક ભરાયો. એટલે ભગવાન બોલી ઉઠયા; તમને આ શું ઉકલ્યું છે કે ખોટો મત લઇને બેઠા છો ? નકામી ખોટી હઠ લઇને બેસી રહ્યા છો ? બાળકનું કહ્યું કર્યા કરો છો. જેમ બાળકનું કહેલું કરશો તેમ તે બાળક હઠીલું થશે. આજ તેની ઇચ્છા પરિપૂરણ કરી એટલે કાલે ચાંદની ને ચંદ્રમા માગશે. તેવું કંઈ સદા પૂરું પડે નહિ. ચાલો ઊઠો. જમવાનો સમય વીતી જાય છે. તે સાંભળી બળિભદ્ર બોલ્યા, તારો સુત ઊઠવાનો નથી. એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પ્રભુ બોલ્યા. ભલે ન ઊઠે તો એની ખુશી.ભૂખ્યો થશે એટલે ઘણોએ જમશે. આપણે જેમ જેમ ઢાપલા કરીશું તેમ તેમ મીજાજ ચઢશે. બાળકને ઝાઝાં લાડ લડાવવા નહિ અને જો લાડ લડાવો તો પછી હાક રાખવી,ચાલો આપણે ભોજન કરી લઇએ. બળદેવજી કહે, પુત્રના જમ્યા સિવાય બાપે જમવું યોગ્ય નથી. પ્રભુ કહે, તે વાત ખરી છે, પણ હઠીલાં છોકરાં હોય તો તે નિયમ રહેતો નથી. કારણ કે ન દીઠી હોય તે ચીજને મંગાવે, ન લવાય એવી ચીજની લત કરે. ત્યારે કયાંથી લાવીને તે ચીજો પુરી પાડવી ? એવાં પિતાજીના વચન સાંભળી પ્રદ્યુમાનની આંખોમાં આંસુ આવ્યાં.ચાર ઘડી વીતી એટલે રુક્ષ્મણીજીએ વિચાર કર્યો,જે બોલાવવા જાય છે તે ત્યાંના જ રહે છે,તેનું શું કારણ હશે ! માટે લાવ હું જઈને તપાસ કરું.એમ ધારી પોતે પ્રદ્યુમાનના ધામમાં પધાર્યાં તો કુંવરને રડતો તથા થરથર કાંપતો જોયો. એવું જોઇને કુંવરને હૃદય સરસો ચાંપ્યો અને તેનાં આંસુ લુછવા લાગ્યા. માએ પૂછયું, બેટા, તને કોણે દુઃખ દીધું ? તું કેમ રડે છે તે મને કહે તેમ તેમ તેમ કુંવર છાતીફાટ રડવા લાગ્યો- દીકરા, તને કોણે દુભવ્યો એમ કહેતાં રુક્ષ્મણીજીની આંખમાં આંસુ ભરાઇ આવ્યા, આ જોઈ હળધારી બોલ્યા, અરે રુક્ષ્મણી ! તમારા પુત્રને ભગવાને કટુ વચન કહ્યાં. રુક્ષ્મણી કહે, શા માટે મારા પુત્રને એવું કહેવું પડયું ?હળધારી બોલ્યા, દાંગવરાજાને ઘેર એક ઘોડી છે, તેની ત્રિલોકમાં જોડી નથી. તે તારા પુત્રને જોઇએ છે હઠ લઈને બેઠો છે. મેં તેના ઉપર પત્ર લખી જણાવ્યો,તેણે જવાબ આપ્યો કે ઘોડી પા પળ માટે પણ મળવાની નથી, દાંગવરાજાએ માથામાં વાગે તેવી ચોખ્ખી ના કહી,માટે મને અતિ રીસ ચઢી છે કે જાણે એની કને યુદ્ધ માગી લઉં.પણ તારો પતિ મને લડે છે અને કહે છે કે એ તો કાલ ચંદ્રમા માગશે એમ કયાં એની ઇચ્છા પૂરી પાડતા ફરીશું ? મને ઊલટો તારો ભરથાર ઠપકો દે છે. મારા મનને તો નક્કી છે કે જરૂર દાંગવ સાથે યુદ્ધ કરી તારા પુત્રને ઘોડી અપાવું. એવું સાંભળી રાણી બોલી ઊઠયાં,અરે શામળીઆ સ્વામી, સુતને શા માટે રડાવો છો ? હું તમને જે જે કહું તે સાંભળી લેજો. તમારી ધ્યાનમાં આવે તો માનજો અને ન આવે તો ના કહેજો, કોઈ દહાડો નહિ અને આજ કુંવરને આવી ઊલટ આવી છે માટે તેની ઇચ્છા પૂરી પાડવી જોઇએ. વળી તેણે તેના કાકાને કંઈ કહ્યું છે, તેમાં તમને શાની રીસ ચઢી ? તમારા મનમાં ઇચ્છા થઈ હતી તો કુંતલપુર પધાર્યા અને તારા ભાઈની સાથે વેર કરી મને હરણ કરીને લાવ્યા. તમે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કેર વર્તાવીને ઘેર ઘેર વહેર વધાર્યા, વળી નર્કાસુરને મારીને સોળ હજાર સ્ત્રીઓને હરી લાવ્યા. હું તો પુત્રની ઇચ્છા પૂર્ણ કરીશ તમે આ મારી કંચુકી પહેરીને ખૂણામાં પેસી રહો. અમે યુદ્ધ કરીશું, અને લડી વઢી તોફાન કરીને પણ ઘોડીને ઘેર લાવીશું. આ મારા ચણિયા તમે ધારણ કરો અને તમારાં આયુદ્ધ મને આપી દો. જગતના જાણવાથી તમારા ગુણ પણ વખણાશે. નાનપણમાં પહેરીને નાચ્યા હતા તો આજ કાંઇ નવાઈ નથી. બળદેવજીનું બોલ્યુ પણ પાછું કાઢી નાંખ્યું, ક્ષત્રીધર્મનો જરા પણ ટેક ન લાગ્યો ત્યારે નર નામ શા માટે ધારણ કર્યું ? અમે ઘોડીને લાવીશું. છો જગત કહેતું કે ભામનીઓ ભૂંડી છે. તમારું ચક્ર લાવો અને આ મારી ચૂડીઓ તમે પહેરી લો. આગળ પરાક્રમ કરેલાં હતાં તે સઘળાં ધૂળધાણી કરી નાખ્યાં અરે સ્વામી આમ ટાઢા થઇને શું સાંભળી રહ્યા છો?આખા જાદવકુળને વગોવી માર્યું. ઉલટી હિંમત આપવી તો કયાંથી પણ ઠપકો દીધો. કાયરપણું કરીને મોટા હળધારીને લજાવ્યા, એવા વચન સાંભળીને જદુનાથ બોલ્યા, દાંગવરાજાને કહાવો, આપણી સાથે યુદ્ધ કરે. પ્રભુને પુષ્કળ શૂર ચઢયું અને પત્ર લખીને હળધારીને આપ્યો, પત્રમાં એવું લખ્યું, દાંગવરાજા ! તેં ઘોડી ન આપી તેથી તારી દશા માઠી થવાની છે. ન આપી તો ભલે પણ હું પદ લાવી અભિમાન ધરાવે છે માટે ક્ષત્રીધર્મપ્રમાણે અમારી સાથે યુદ્ધ કર. એમ પત્ર લખીને જાદવની સાથે મોકલ્યો. જાદવ દાંગવપુરી જવા સારુ નીકળ્યો, એટલે પ્રદ્યુમાન ભોજન કરવા ઊઠયો સઘળા કુટુંબીઓએ પ્રદ્યુમાનને સાથે લઇને ભોજન કર્યું.

દાંગવરાજાને પત્ર પહોંચ્યો એટલે વાંચીને પેટમાં ફાળ પડી, અરેરે જાદવ યોદ્ધાઓને હું કેવી રીતે પહોંચી શકીશ ? કયાં સિંહના સામુ સસલું, કયાં મગરને મચ્છા, કયાં નદી ને કયાં ખાબડું, કયાં પાડો ને નાનું વચ્છ, કયાં શેષ ને અળશિયું. કયાં કનક ને કથીર. કયાં કેળ ને કાંચકી, કયાં કાયર ને ધીર એ પ્રમાણે વિચારીને થરથર ધ્રૂજવા લાગ્યો. પોતાનું અંતઃકરણ અતિશય દાઝવા લાગ્યું. વળી મનમાં યાદ આવ્યું, મને અપ્સરાએ કહ્યું કે મોટાને શરણે રહેવું, એવું ધારી શરણે જવા તૈયારી કરવા માંડી, ઘરની બહાર નીકળી ઘોડીને છોડી તેના ઉપર સવાર થયો. જાણ્યું કે જાદવના સામા યુદ્ધે ચડે એવા કૌરવો છે અને બીજા પાંડવો છે. એમ વિચારી હસ્તિનાપુર જવા નીકળ્યો. દાંગવરાજા દુર્યોધનની સભામાં આવી પહોંચ્યો. ને ભીષ્મ, વિદુર, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, જેદ્રથ, ભગદત્ત, કરણ, શકુની, દમનીક, દુશાસન આ સર્વને નમી પડયો,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધન કહે, શા માટે આવ્યા ? રાજા કહે, મહારાજા, આ ગાદી સત્યવાદી શરાની છે, તેથી હું તમને કરજોડીને અરજ કરું છું, જદુપતિએ અન્યાય કરી મારી ઘોડી માગી છે. પણ મારે પા ઘડી પણ આપવાનો મોખ નથી. મારું માથું જાય તે હા, પણ હું આપવાનો નથી. તેટલા માટે મારી પાસે લડાઇ માગે છે. હું નિર્બળ તેમની સાથે યુદ્ધ કરું એટલું બળ નથી. મારો ઇલાજ રહ્યો નહિ તેથી પગ ભાગી ગયા છે, આપને મોટા જાણીને હું અલ્પ પ્રાણી તમારે શરણે આવ્યો છું. શરણે રાખીને ઘોડી બચાવો અને જદુકુળ સામા યુદ્ધ કરો.

તે સાંભળી દુર્યોધનના સામું શકુનીએ માથું ધુણાવ્યું. એટલે દુર્યોધને કહ્યું, એ કામ અમારું નથી. ફક્ત બે ઘડી ઘોડી માગે છે, એમાં તારું શું જાય છે ? વેર વધારવા માટે પરાઇ અમારે લઢવાની જરૂર નથી. જાદવ જબરા યોદ્ધા છે તેમ પ્રભુ પણ અપાર બળવાળા છે, તું મુમત મૂકી ઘોડીને આપી દે જે, નહિ તો ઘણું દુઃખ પામીશ. એમ કહીને કાઢી મૂકયો. દાંગવરાજાનું મોં ઊતરી ગયું. આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં અને આક્રંદ કરતો કરતો ઘોડી લઇને ચાલ્યો, સભામાં વિદુરજી તથા ભીષ્મપિતાએ પોંચા કરડયા. દુર્યોધનને કહેવા લાગ્યા, શરણે આવેલાને પાછો કાઢવો એ ક્ષત્રીનું કામ નથી. હે દુષ્ટમતી દુર્યોધન, તે ગાદીનું નામ બોળ્યું. એમ સભામાં સંતાપ કરે છે, પછી દાંગવરાજાએ વિચાર્યું. પાંડવોના શરણે જઈને રહેવું કારણ કે સતી કુંતાજીના પુત્ર છે. એવું ધારીને ઇંદ્રપ્રસ્તમાં આવ્યો. તેવખતે સુભદ્રા તથા અભિમન્યુ બેઉ જણ નદી ઉપર નાહવા ગયાં છે. મહેલમાં હળીમળીને પાંચ ભાઇઓ બેઠા છે. કુંતાજી પણ તેમની પાસે બેઠા છે. દાંગવરાજા આંસુ ભરતો ભરતો મહેલમાં પ્રવેશ્યો. પોતે કરગરતો કરગરતો આવીને ધર્મરાજાના ચરણે પડયો, અરે સ્વાતી ધર્મરાજા, હું તમારા શરણે આવ્યો છું. મેં બળીઆના સામી કેડ બાંધી છે, મારા ઉપર અંતર્યામી રૂઠયો છે, બોલતામાં બંધાઇ ગયો છું માટે શરણે રાખો. વગર વેરે જાદવકુળ સામે લડાઇ જાગી છે, ધર્મરાજા કહે, શા માટે અંતર્યામી સામી કેડ બાંધી ? દાંગવ બોલ્યો અરે મહારાજા, જદુપતિએ આ ઘોડી માગી છે, અને મારે આપવી નથી. મેં જ્યારથી આ ઘોડીને રાખી છે, ત્યારથી મારો એવો ટેક છે. તેમણે માગી અને મેં ન આપી તેથી જાદવ બળીઆ યુદ્ધ માગે છે, વળી બળિભદ્ર અને ભગવાન પણ અપાર કોપાયમાન થયા છે, હું નિર્બળ પ્રાણી તેમના સામું શું યુદ્ધ કરી જાણું ? ઉભા રહેવાની હિંમત નથી રહેતી ત્યારે તમારા શરણે આવ્યો છું. આ સાંભળી ધર્મરાજાએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિચાર્યું કૃષ્ણ અર્જુનના સાળા થાય છે, જો શરણે આવેલાને પાછો કાઢું તો દોષ આવે છે, અને રાખું છું તો નરને રોષ આવે છે, માટે મારે બોલવું નથી એમ ધારી અર્જુનને કહ્યું, તમે જવાબ આપો. તે સાંભળી અર્જુનજી દાંગવને કહે છે તું વળી સગાને કયાં શત્રુ કરાવે છે? અમારે તને શરણે નથી રાખવો. કોઇ અન્યના શરણે જા. એમ દાંગવને આજ્ઞા આપી, દાંગવરાજા નિરાશ થઈને ચાલ્યો. રાજાએ વિચાર્યું, કોઇ જગાએ ક્ષત્રી નામ નથી. ક્ષત્રીઓમાંથી શુરાતન નષ્ટ થઇ ગયું. અરેરે દૈવ, મારા ભોગ લાગ્યા હતા કે મેં ઘોડીને રાખી, હું નહોતો જાણતો કે મારે યુદ્ધ કરવું પડશે. રાંકને ઘેર રતન કેમ છાજે? જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં અપમાન પામી પાછો આવ્યો હવે મારે કોને શરણે જવું? એમ ધ્રૂસકા મૂકી વિલાપ કરે છે, છેવટ થાકીને વિચાર કર્યો, નદીના ત્રટે ચિતા ખડકી ઘોડી સાથે બળી મરું, એમ ધારી નદી ઉપર આવ્યો. ઘોડી ઉપરથી ઉતરીને કાષ્ટભેગાંકરવાલાગ્યો પછી પોતે ચિતા ખડકી મનમાં વૈરાગ્ય લાવ્યો, ને ચિતામાં અગ્નિ મૂકયો. હરિનું સ્મરણ કર્યે જાય છે.

તે જ નદીના કિનારા ઉપર અર્જુનજીનો પુત્ર અભિમન્યુ સ્નાન કરે છે. તેણે નાહતાં જોયું, કોઇ પ્રાણી આપઘાત કરે છે, એવું સમજી મનમાં દયા લાવ્યો અને દાંગવરાજાની પાસે ગયો ને કહેવા લાગ્યો, અરે રાજપ્રાણી કેમ બળી મરે છે? તારું રાજ ઘર નાત જાત વિગેરે કયાં છે? કયા દેશનો તું રાજા છે? એવા શા કામમાં દુખી પડયો કે આપઘાત કરવાની જરૂર પડી? તે સાંભળી દાંગવરાજા બોલ્યો, ભાઇ હું ગમે ત્યાંનો છું કંઈ તમારાથી દુઃખ ભાગે તેવું મને લાગતું નથી. તમે તમારે ચાલ્યા જાઓ. અભિમન્યુ કહે, અલ્યા તારું દુઃખ નિવારણ કરી. જો ના કરું તો ક્ષત્રી બચ્ચો નહિ. મારી માને પેટ હું પથરો અવતર્યો એમ માનજે. દાંગવ કહે, તમે કોના પુત્ર છો? અભિમન્યુ બોલ્યો, મારા પિતાનું નામ અર્જુનજી છે. ત્યાં દાંગવ અભિમન્યુને કહેવા લાગ્યો, તમારા મામાએ આ ઘોડી માગી પણ મેં આપી નથી, એટલા માટે લડાઈ માગે છે. મારે ઘોડી સાથે વચન છે. કોઇને ઘડી પણ સોંપવી નહિ તેથી મેં ના કહ્યું એટલે પત્ર દ્વારાએ યુદ્ધ માગ્યું; મારામાં બળ નથી માટે તમારી ગાદીને શરણે ગયો. જદુકુળના સગા જાણી તમારા પિતાજીએ મને કાઢી મૂકયો, કોઇએ શરણે ન રાખ્યો, તેથી મરવાનો નિશ્ચય કરી આ નદીના ત્રટ ઉપર આવ્યો છું. આ વાત સાંભળી અભિમન્યુને અતિશય રીસ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચઢી. જગદીશ છેક છક્કી ગયા છે, હે દાંગવરાજા, હવે મરણ પામીશ નહિ. મેં તને શરણ રાખ્યો. રાજાએ કહ્યું, તમારા બાળકથી શું રખાશે ? જો તમારા પિતા જાણશે તો ઉલટા ગુસ્સે થઈ ઠપકો દેશે. એટલે તમારું બોલેલું મિથ્યા જશે, એને મારી જગતમાં હાંસી થશે. અભિમન્યુ કહેવાલાગ્યો, તું મનેબાળક જાણીને ડરીશ નહિ,ચાલ મારે શરણે મારા પિતાશ્રી એમના સાળાથી શરમાયા છે, પણ મારો ઝપાટો જોઈ લેજે.તેમણે ક્ષત્રીની રીત ન બજાવી અને ઉલટીવૃધ્ધ પિતાની ગાદી લજાવી. હું ઘોડી આપવા દેવાનો નથી. જો ઘોડી આપવા દઉં તો મને બ્રહ્મહત્યાનું પાપ છે. એમ કહી દાંગવને શરણે રાખીને પોતાને ઘેર તેડી લાવ્યો. પોતાના ધામમાં ઘોડીને તાણી બાંધી બેઉ જણા આનંદમાં બેઠા.

હવે રસોડે રસોઈતૈયાર થઈ છે અને જમવાનો વખત થયો છે. કુંતાજી સુભદ્રા, દ્રૌપદી, ધર્મ,ભીમ,અર્જુન,સહદેવ,નીકુળસર્વેભોજન માટે તૈયાર થયા પણ અભિમન્યુ આવ્યો નથી. તે જોઈને વૃધ્ધ માતા બોલ્યાં બેટા ભીમસેન, તું અભિમન્યુના ધામે જા અને તેડીને વહેલો આવ. કેમ આજ આટલી વાર કરી ? રીસાઈ ગયો છે કે શું ? કયાં લગી ખોટી થઇશું ? સર્વેને ભૂખ લાગી છે માટે વહેલો ચાલ.એવા માતાનાં વચન સાંભળી,ભીમસેન અભિમન્યુને તેડવા સારું નીકળ્યો. કુંવરનાધામમાં આવીને હાક મારી બેટા, કેમ બેસી રહ્યો છે ? અભિમન્યુ કહે. પાછા પધારો, કુંવરનું તમારે શું કામ છે ?દાંગવરાજાનેપાછો કાઢયો અને ગાદીનું નામ બોળ્યું. ક્ષત્રીના ધર્મનો ધારો તોડયો, અને સત્યનો નાશ કર્યો. શરણે આવેલાને શાંત પાડયો નહિ અને સાતે પેઢી લજાવી. આછી ઓઢણી ઓઢીને નાચો અને આંખમાં મેંશ આંજો પુષ્કળ ખાઈ ખાઇને ભાદરવાની ભેંસની માફક શરીર વધાર્યામાં સમજ્યા છો. હું દાંગવરાજાને શરણે લાવ્યો છું તેથી ઘોડે ચડીને મારા મામાની સાથે યુદ્ધ કરીશ. ભીમ કહે, ભાઇ ભલું કર્યું ; હું પણ તારી જોડે મદદમાં આવીશ. મારા મનમાં ક્ષત્રીનો ધર્મ પાળવાનો ઉમંગ હતો, પણ તારા પિતાએ તરછોડી નાખ્યો. એને સાળાની શરમ આવી. એમ કહી ભીમ મહેલમાં બેઠો. ચાર ઘડી થઇ એટલે કુંતાજી ક્રોધાતુર થઇ સહદેવજીનેકહેવા લાગ્યા, રડયા, ભીમડાનેબોલાવવા મોકલ્યો તે ત્યાંને ત્યાં ચોંટી રહ્યો, માટે તું જા. એવું સાંભળી સહદેવજી અભિમન્યુના ધામમાં ગયા અને કકળીને બોલ્યો, કાકો ભત્રીજો કેમ બેસી રહ્યા છો ! અભિમન્યુ કહે, ધિક્કાર છે કાકા તમને,શરીરે ભસ્મ ચોળો.તમારી વિદ્યા નાશ પામી, તમારા પોથાં પાણીમાં ડુબાવી દો. હું દાંગવને શરણે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાવ્યોછું.સહદેવ કહે,હુ પણ તમારી જોડે આવીશ.એમ કહી ધામમાં બીરાજ્યા.

બે ઘડી વાર થઇ એટલે પાછા કુંતાજી ક્રોધાતુર થઇ બોલ્યાં,બેટા નીકુળજી તું અભિમન્યુના ત્યાં જઇને તથા સહદેવને, ભીમને ઉતાવળો તેડી લાવ અને જો બેસવા જેવું જણાય તો અમને ખબર આપીને જજે.નીકુળજી અભિમન્યુના ધામમાં આવ્યા ને કહ્યું. અલ્યા કાકા ભત્રીજા કેમ બેસી રહ્યા છો ! ઘેર કુંતા માતા વઢે છે.અભિમન્યુ કહે,નીકુળ કાકા મેં દાંગવને શરણે રાખ્યો છે.જાદવે ઘોડી માગી છે મારે તેમને અપાવવી નથી અને તેમની સાથે યુદ્ધ કરવું છે. શરણે આવેલા રાજાને નિરાશઃકરી કાઢી મૂકયો. ધિક્કાર છે તમને. છુટી પડી તમારી વરણાગી.તમારી વરણાગીમાં વાટ ઉઠી. મેં ખરી હોંસથી શરણે રાખ્યો છે. નીકુળજી કહે, હું પણ તમારી સાથે યુદ્ધ કરવા આવીશ, એમ કહી પોતે અભિમન્યુની પાસે બીરાજ્યા.કુંતાજી કહે,આ કેવું કહેવાય ? જે જે ગયા તે ત્યાં ને ત્યાં ચોટી રહ્યા. આ કંઇ આશ્ચર્ય જેવું જણાય છે. બેટા અર્જુનજી તમે જાતે જઈ તેને તેડી લાવો, કંઈ વિઘ્ન થયું કે કેમ ? અર્જુનજી ચિંતાતુર થઇને બોલાવવા ચાલ્યા, જ્યાં પોતાના પુત્રનુ ધામ હતું ત્યાં ગયા. પિતાજીને દેખીને અભિમન્યુ બોલ્યો,અરે ભીમકાકા,તમે મારા પિતાજીને ધિક્કારીને કહો કારણ, મારે તેમની સાથે બોલવું ઘટીત નથી. એટલે વૃકોદર અર્જુનજીને કહેવા લાગ્યો. તું શા માટે આવ્યો છે ? તેં રાજાને તગડી મૂકયો પણ તારો કુંવર શરણે રાખીને લાવ્યો છે. તેણે ગાદીનું નામ રાખ્યું માટે હું પણ તેની સાથે મદદમાં છું. તું સાળાની શરમ રાખી ધર્મને બોળીને બેઠો. અમે ત્રણે ભાઇ અને ચોથો ભત્રીજો ચારે ભેગા થઇ રાજાનો પક્ષ કરીશું.તારી સાસરીનું તાકવું હોય તો તેમનો પક્ષ કરજે તું અમારી સાથે યુદ્ધ કરજે. તારામાં બળ હોય તેટલું દાખવી લેજે, સત્યના માટે અમે પાછા પડવાના નથી, કૃષ્ણ શું કરી નાંખશે. જા જઇને માતાને વાત કર. અમારે ભોજન નથી કરવું અને ઘેર પણ નથી આવવું,અમે અમારે અભિમન્યુના ધામમાં રહીશું.ભીમસેનના વચન સાંભળી અર્જુનજી શોકના સિંધુમાં આવી પડયા. પોતે વિચાર કરે છે વહાલામાં વિરોધ થઈ પડયો. સંતાપ કરતો કરતો માતાજીની પાસે ગયો, કુંતાને તથા ધર્મરાજાને ટંટાની વાત કહી સંભળાવી. આપણો પુત્ર તથા સુભદ્રા નદી ઉપર સ્નાન કરવા ગયાં હતાં, દાંગવરાજા ચિતા ખડકી ઘોડી સહિત બળી મરતો હતો, કુંવરને દયા આવવાથી પોતાને શરણે રાખ્યો. કુંવરને ત્રણ જણા તેડવા ગયા તે પણ તેનાં પક્ષમાં પેઠા છે. સગાનો સ્નેહ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તોડી નાંખવા માટે જ આ ટંટો આરંભ્યો છે. ધર્મરાજા કહે, અરે અર્જુન વીરા, તેં નર નામ શા માટે ધારણ કર્યું ? કાયર થઈ પિતાનું નામ બોળ્યું. કુંતાજી કહે, અલ્યા નર તું નારી તોલે થયો, એટલી બધી સાસરીઆની શરમ શા માટે રાખે છે ? તેં ક્ષત્રીપણું લજાવી દીધું. આપણા મુળ કુળનો પણ તેં બિલકુલ વિચાર કર્યો નહિ. શરણે આવેલાને પાછોકાઢયો એ ઘણું ખોટું કર્યું. મારી કૂખ વગોવી, અરે કુંવર, તેં કાયર થઈ અનાદીની ગાદીને લાંછન આપ્યું પાંડુરાજાને પણ લજાવ્યા, તારા પિતાએ સકળ દેશો જીતી આબરૂ વધારી હતી તેના માથે તેં પાણી ફેરવ્યુ. તું અજ્ઞાની જેવો ક્ષત્રી ધર્મને કયાં સમજે છે ? જ્યાં સુધી ક્ષત્રી ધર્મ પાળીશ નહિ ત્યાં સુધી તું ભ્રષ્ટ છે, જે માણસ શરણે આવે તેને માન દઇને બોલાવવો અને તેના દુઃખનો નિવારણ કરવું જોઇએ તે રીત તો તેં જ છોડી દીધી. દાંગવરાજા તથા ઘોડી બેઉ જણાને બળી મળતા તારા કુંવરે અટકાવ્યો. ધન્ય છે તારા કુંવરની નીતિને. તેણે દાંગવને શરણે રાખ્યો અને બળી મળતો બચાવ્યો. મારા દીકરા તેના પક્ષમાં પેઠા તેથી હું પણ તેમની જોડે જઇશ અને યુદ્ધ કરીશ. તને શરમ આવતી હોય તો તું ઘેર બેસી રહેજે. અમે યુદ્ધ કરીશું તેથી ક્ષત્રીનો ધર્મ સચવાશે. ભીમ નીકુળ ને જોશી એ ત્રણે જણાની સાથે ચોથી હું ડોશી. અમે ચારે જણ કુંવરના પક્ષમાં જઈશું અને તેનો ટેકો રાખીશું, ધર્મ રાજા અર્જુન જીને શિખામણ દે છે કે સાસરિયાનો તને બીલકુલ ઠપકો નથી. તું તેમને એવો પત્ર લખ કે દાંગવરાજા અમારે શરણે આવ્યો હતો પણ અમે તેને રાખ્યો ન હતો ને અમારા ઘેરથી તેને કાઢી મૂકયો હતો પણ તમારો ભાણેજ અભિમન્યુ તેને શરણે લાવ્યોછે તે ભાણેજ તમારો છે. એમાં અમારો બીલકુલ વાંક નથી. છોકરાની સાથે તેનું રક્ષણ કરવા અમે આવીશું, એ અમારો ધર્મ છે. તેવો કાગળ દ્વારિકામાં લખી મોકલો ને સર્વને જમવા તેડી લાવો.

ધર્મે જે આજ્ઞા આપી તે અર્જુને ગ્રહણ કરી લીધી, પછી અર્જુન અભિમન્યુના ધામમાં ગયો ત્યાં જઇને કુંવરને કહેવા લાગ્યો. દેહમાં પ્રાણ હશે ત્યાંસુધી હું ઘોડીને આપવા દેનાર નથી. મેં દાંગવને શરણ રાખ્યો છે, ચાલો ભાઇઓ, માતાજી વાટ જોઇ રહ્યાં છે કૃષ્ણજી શું કરી નાખશે ? દાંગવ રાજા તું પણ જમી લે. મેં તને શરણ રાખ્યો છે માટે તું જરાએ ચિંતા ન કરીશ, એમ કહી, સર્વને ઊઠાડીને પોતાના ધામમાં ભોજન કરાવવા સારું લાવ્યો. ધર્મરાજા કહે, અલ્યા દાંગવરાજ, હવે તું આનંદભેર રહેજે, આમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહી તેનો હાથ પકડી સૌ જમવા બેઠા. નિરાંતે જમી રહ્યા પછી મુખવાસ લીધા. અભિમન્યુ તથા ભીમસેન સંગ્રામનો વિચાર કરે છે. અર્જુન પ્રત્યે ધર્મરાજા બોલ્યા; તમે પ્રભુને મર્મમાં કાગળ લખી જણાવો. અર્જુનજી પત્ર લખવા બેઠા. પત્રમાં એવું દર્શાવ્યું, યદુપતી શ્રીકૃષ્ણજીને માલમ થાય જે તમે અનીતિથી દાંગવરાજાની ઘોડી માગી છે, પણ તેનું પરિણામ માઠું નિપજશે, દાંગવરાજા મરણ પામતો હતો તેથી તમારા ભાણેજે તેને શરણે રાખ્યો છે. તેનો પક્ષ કરી અમે તમારી સાથે યુદ્ધ કરવા આવીશું. માટે તમે યુદ્ધની તૈયારી કરજો. એમ પત્ર લખીને દ્વારિકામાં પહોંચાડયો. બળિભદ્ર તથા ભગવાન બેઉ જણ વાતો કરતા હતા ત્યાં આગળ અનુચર પત્ર લઇને આવી પહોંચ્યો. અનુચરે કાગળ બળિભદ્રના હાથમાં મૂકયો. બળિભદ્ર પત્ર ઉઘાડીને વાંચવા લાગ્યા, વાંચતાં વાંચતાં અતિશય ક્રોધાયમાન થઇ ગયા. એવું જોઇનેપ્રભુ પૂછવા લાગ્યા, કેમ વીરા, ગુસ્સો ચડયો ? બળિભદ્રે સર્વ હકીકત વાંચી સંભળાવી. હળધારી કહેવા લાગ્યા, જુઓ પાંડવોની સગાઈ. જ્યારે ને ત્યારે આપણી સાથે એ જ લડાઇ કરવા માટે તૈયાર થઈને આવે છે.

સાંભળી ભગવાન બોલી ઉઠયા, એ કોના સગા ને વહાલા. જેમ જેમ તેમનો પક્ષ કરી તેમ તેમ ઊલટો વેર કરવા ઉભા થાય છે. બળિભદ્ર કહે, હું તને પહેલેથી કહેતો હતો કે તું તેમની સગાઈ મૂક, પણ તું માનતો નથી. પ્રભુ કહે, હવે સગાઇ આઘી મેલી તેમની સાથેજરૂર યુદ્ધ કરવું. એમ કહી સામો પાંડવોને પત્ર લખ્યો, તેમાં એમ જણાવ્યું, હે પાંડવો, તમે દાંગવનો પક્ષ કરી અમારી સાથે યુદ્ધ કરવા માગો છો, માટે સુખેથી પધારજો. તમારું જેટલું સૈન્ય હોય, તથા જેટલાપક્ષીઆવવાના હોય તેસઘળાને લઇને વહેલા આવજો એમ લખ્યા પછી પોતે હળધારીને કહેવા લાગ્યા, મોટાભાઇ, આપણે શું કરીશું ? તે સાંભળી બળદેવજી બોલ્યા, સઘળા દેશોમાં પત્ર લખો, જેટલાને આપણી પક્ષમાં આવવું હશે તેટલા આપણી પક્ષમાં આવશે આપણા સગાવા'લાને પણ લખી જણાવો જેથી સગપણ જણાઇ આવશે. તે સાંભળી શામળાજી લખવા મંડયા કે અમારા સગાં હો તો અમારી પક્ષ કરવા સારુ આવજો. એમ દરેક દેશ પત્ર પહોંચાડયા, ધર્મરાજાએ આ વાત જાણી ને પોતાના ભાઇઓને કહેવા લાગ્યા. કૃષ્ણજીએ પક્ષ માગી, તેથી સઘળા રાજાઓ તેમની પક્ષમાં જશેમાટે આપણે શી વ્યવસ્થા કરવી? પછીચારે ભાઇઓ ધર્મને કહેવા લાગ્યા, આપણે પણ દેશોદેશ લખી જણાવો, જેથી કરીને કોઇને આવવું હશે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે આવશે. આપણા વહાલેશરી હશે તેજણાઈ આવશે. એવું જાણી પત્ર લખીને સેવકો સાથે પહોંચાડી દીધા, પછી કુંતાજી બોલ્યાં, અરે દીકરાઓ; બીજો હું તમને ઉપાય બતાવું. ધર્મરાજાકહે, માતાજી, એવો શો ઉપાય છે? કુંતાજી કહે, તમે હસ્તિનાપુરમાંજાઓ કારણકેઆપણુ સગું વહાલું પરિવાર સઘળું ત્યાં છે. માટેભીષ્મ, વિદુર દ્રૌણાચાર્ય, કૃપાચાર્ય, તથા છત્રપતી દુર્યોધનને યુદ્ધનું નોંતરું દો, એવી માતાની વાણી સાંભળીને અર્જુનજી તથા ધર્મરાજા તૈયાર થઈને હસ્તિનાપુર ગયા. ત્યાંસભામાં ભીષ્મ, વિદુર, દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, કારભારી શકુની મામા, ભુરીશ્રવા, ભગદત્ત અને સુશરમા. વળી બીજા ઘણા યોધ્ધા ધૃત્રાષ્ટરના સો પુત્ર જેવા કે છત્રપતી દુર્યોધન, દંતુ, દમનિક, દુશાસન, દુરદમન, દેવક, દ્રાક્ષા, દ્રુમપતી, દ્રગનાથ 'દહેણુસેન્ય, દુરઘાસુર, દંભુ દુશણ અને દગ્ધાતુર એવા અનેક જણા ભરાઇને બેઠા હતા; ત્યાં ધર્મરાજા તથા અર્જુનજી બેઉ સભામાં આવી સહુને પગે લાગ્યા, કહ્યું, અમે દાંગવ-રાજાને શરણે રાખ્યો તે માટે તમારે સર્વને અમારી પક્ષે આવવું પડશે. એવું સાંભળીને ભીષ્મજી બોલ્યા, ધન્ય છે. દીકરાઓ, તમે ગાદીનું બિરદ રાખ્યું; અમે પણ તમારી જોડે યુદ્ધ કરવા આવીશું. કૃષ્ણજીએ ઘણી અનીતિ કરી, દાંગવરાજાની વોડીમાગી છે માટે તેમને બરોબર હાથ બતાવવા જોઈએ. મહા શુરાતનવાળા નીકળ્યા અને દુર્યોધને તો ઊલટું નામ બોળી નાખ્યું: અમે ઘણી ખુશીથીકૃષ્ણના સામુ યુદ્ધ કરીશું. સગાનીશરમ રાખવી નહિ. ક્ષત્રીના ધર્મ પ્રમાણે વર્તશું. અલ્યાદુર્યોધન, આપણે કેમ કરીશું? એટલે આંધળાનો પુત્ર કહે વિચાર કરીને કહીએ છીએ. એમ બોલી તરત મહેલમાં ગયો અને પોતાના મામાને પાસે બોલાવ્યો. દુષ્ટે કહ્યું. કહો મામા, આપણે કૃષ્ણના સામા યુદ્ધ કરવા જવું કે નહિ? મામો કહે. ઉપાય બતાવું તેમ કર. દુર્યોધન કહે, મામા, એવો ઉપાય બતાવો કે જેથીપાંડવો મૃત્યુ પામે. મામો બોલ્યો, હું એવોજ ઉપાય બતાવવાનો છું. એમ કહી વિચાર કરી દુર્યોધનને કહેવા લાગ્યો, આપણે તેમની પક્ષે જવાની હા પાડવી પણ જે વખતે યુદ્ધ આરંભ થાય તે વખતે આપણે પાછળથી ઘા કરીશું. બેઉ બાજુથી પૂર્ણ માર પડશે એટલે પાંડવોમૃત્યુ પામશે. મામાનું બોલવું સાંભળી દુષ્ટમતી કહે, તમારી બુધ્ધિની બલિહારી છે. એમ વિચાર કરી બેઉ દુષ્ટોએ સામસામી હસીને તાળીઓ લીધી. ત્યાર પછી મામાને સાથે લઇને દુષ્ટ સભામાં આવ્યો. દુર્યોધને ધર્મરાજાને કહ્યું; ભાઈ, તમે બહુ સારું કર્યું; અમે પણ તમારી મદદે આવીશું.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવું સાંભળી યુધિષ્ઠિર કહે, વહેલા પધારજો. એમ કહી બેઉ ભાઇઓ ઇંદ્રપ્રસ્તમાં આવ્યા.બીજે દિવસ થયો એટલે પાંડવોની પક્ષે જવા દુર્યોધન રાજાએ અગિયાર ક્ષોણીસૈન્ય સાથે લીધું અને પોતે આયુદ્ધગ્રહી હસ્તી ઉપર બેઠો,ભીષ્મ વિદુર,દ્રોણ,કૃપાચાર્ય અને અશ્વત્થામા વિગેરે કારભારી સહિત ઇંદ્રપ્રસ્તમાં ગયા. પાંડવોએ માન દઇ પોતાના ઘેર ઉતાર્યા.પાંડવોના તથા યાદવોના પત્ર દેશોદેશ પહોંચી ગયા છે. તેથી સઘળા રાજાઓ વિચાર કરે છે. સગાસગામાં લડાઇ છે તેમાં આપણે કોની મદદે જવું ? આપણે કોઇની પક્ષમાં જવું નથી, જો જઇશું તો દુઃખ પામીશું. વહાલે વહાલાના વિરોધમાં જઇને પક્ષ કોની કરવી? આજે લડે અને કાલે ભેગા થાય, કહેવત છે કે શાકદાળ એકઠાં થાય અને તરીઓ તેંડે રહી જાય. ઉષ્ણ જળથી ઘર કદી સળગતું નથી, આપણે કોઇની પક્ષ ન કરવી તેમ ન્યાય અન્યાય પણ ન જોવો. પછી પોતાની ધ્યાનમાં ઊતર્યું તે પ્રમાણે સૈન્ય મોકલ્યું.જાદવ પક્ષમાં ચાળીસક્ષોણી આવી અને પાંડવ પક્ષમાં બેતાળીસ ક્ષોણી આવી. સાત ક્ષોણી પાંડવોનું હતું અને અગિયાર ક્ષોણી કૌરવોનું હતું.તે સહુ મળી સાઠ ક્ષોણી સૈન્ય તૈયાર થઈ ગયું એટલે ભીષ્મજી બોલ્યા,તમે મારું કહેવું સાંભળો.કૃષ્ણની પાસે ચક્ર અને હળધારીની પાસે હળમુશળ.એ બે હથિયાર જ્યાં મોકલે ત્યાં જઇ પ્રાણ લીધા સિવાય પાછા ફરતાં નથી,તેની મને ઘણી જ ચિંતા છે તેમના આયુદ્ધને બાઝે તેવું આપણી પાસે એકાદું હથિયાર હોવું જોઇએ.માટે કોઇ ત્રિપુરારીનું ત્રિશુળ લાવો તો તેમના આયુદ્ધની સાથે બાઝી શકશે.શંભુનો સેવક હોય તે ઝટ લાવી શકે.એવું સાંભળી વૃકોદર બોલ્યો, હું શિવજીની પાસે જઈ સમજાવીને હાલ લાવું છું તેમ છતાં નહિ આપે તો દાઢી ઝાલીને ધુણાવીશ.એમ કહી પોતે દોડતો શિવાલયમાં ગયો અને પ્રેમ વડે મહાદેવજીનું પૂજન કર્યું. જળ ચડાવીને ચંદન ચરચ્યું. પછી પુષ્પના હાર પહેરાવ્યા તથા આકધંતુરો વીજીઆ વાટીને પ્રેમે દૂધની ધાર કરી ધુપ, દીપ, નૈવેદ્ય મૂકી અતિશય હરખવા લાગ્યો.ત્યાર પછી નૃત્ય કરીને તથા હરહર શંભુ કહી ગાલ વગાડયા, તો પણ શિવજીએ દર્શન આપ્યા નહિ,તેથી મનમાં રીસ લાવીને બહાર આવ્યો અને એક મોટું બીલીપત્રનું ઝાડ ખેંચી લાવ્યો,તે લઇને દેરામાં પરોવી દીધું,એટલે ઉમિયાજી ધ્રુજી ગયાં.શંકરને કહેવા લાગ્યાં, જુઓ તમારો ભોળો ભક્ત દેરામાં વિઘ્ન કરે છે તે જોઇને જટાધારી પ્રગટ થયા અને ભીમસેનને દર્શન આપ્યાં.હાં હાં ગાંડિયા, આ શો ગજબ કરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે? એમ કહી તેના મસ્તક ઉપર હાથ મૂકયો, ને કહ્યું, માગ માગ, માગે તે આપું. ભીમસેન બોલ્યો, કૃષ્ણજી સામે યુદ્ધ કરવું છે, માટે તમારૂં ત્રિશૂળ આપો. ત્રિપુરારી કહે, ત્રિશૂળ તો મળવાનું નથી. જો કહેતો હો તો બીજું દુઃખ નિવારણ કરૂં. ભીમ કહે, જો ત્રિશૂળ નહિ આપો તો દાઢી ઝાલીને દોડાવીશ. ભોળા શંભુ ભીમનું ભાષણ સાંભળીને હસી પડયા. પછી કહ્યું, લે બેટા, ત્રિશૂળ. લઈજા અને શામળીઆ સામું યુદ્ધ કરી જીત મેળવીને આપી જજે; ભીમસેન પગે લાગ્યો અને ત્રિશૂળ લઈ ઘેર આવ્યો. સભામાં આવીને શાબાશી લીધી, ભીષ્મજીને કહ્યું, જુઓ દાદા, ત્રિશૂળ લાવ્યો છું. ભીષ્મજી ઘણા ખુશી થયા અને કહેવા લાગ્યા, ત્રિશૂળને તું તારી પાસે રાખજે ને તું સંગ્રામ કરીશ નહિ, જ્યારે ચક્ર તથા હળ એમાંનું ગમે તે આયુદ્ધ છુટે ત્યારે ત્રિશૂળને છોડી દેવું. ફક્ત આટલુંજ તારે કરવું. પછી સઘળાઓએ પોતપોતાનાં હથિયારો ધારણ કરી લીધાં. લડાઇની ચડાઈ કરી નિશાન ફરકાવ્યા. રણધીર પુરૂષો ડંકા વગાડતાં ચાલ્યા, ઘોડાની તથા ઊંટોની ઓળ ચાલવા માંડી. ભીમસેન પોતાની દસ હજાર મણની ગદા તથા ત્રિશૂળને ધારણ કરી જયમંગળ નામના હાથી ઉપર ચઢી બેઠો. દાંગવરાજા ઘોડી ઉપર ચઢીને યુદ્ધ જોવા ચાલ્યો.

સઘળું સૈન્ય રણભૂમિમા આવી પહોંચ્યું. પ્રભુએ જાણ્યું, પાંડવોયુદ્ધકરવા ચડી આવ્યા, તેથી યાદવોનેકહ્યું, સઘળાતૈયારથઇ.જાઓ.યાદવનાયોદ્ધા, એક લાખ સાઠ હજાર એકાશી પ્રભુનાપુત્ર, છપ્પનક્રોટી યાદવો, ચાળીસ ક્ષોણીસૈન્ય તથા બળદેવજી સઘળા તૈયાર થઇ સંગ્રામ કરવા આવ્યા. કૃષ્ણજી પણ ચક્ર ધારણ કરી સામા આવીને ઊભા. રાતામાતા મદના ભરેલા સામા સામી કટાક્ષથી જોયા કરે છે. ભગવાન તથા પાંડવો સામાસામી મુમતે ભરાયા છે. પાંડવોની પ્રત્યે શ્રીકૃષ્ણજીઆકળાભૂત જેવા થઇને બોલ્યા, તમને સગા જાણી તમારી સહાય કરી તેથી અમને મદદ આપવા આવ્યા હશો? આવાં પ્રભુનાં વચન સાંભળીને અર્જુનજી બોલી ઊઠયા, સગા જાણીને દાંગવને અમે શરણે રાખ્યો નહિ પણ તમારો ભાણેજ અભિમન્યુ શરણે રાખીને ઘેર લાવ્યો. તે કુંવરનું રક્ષણ કરવા અમે આવ્યા છીએ. અમે કંઈ તમારીસાથે વેર રાખી આવ્યા નથી. માટે અમને કંઇ કહેશો નહિ. જે તમારે કહેવું હોયતે તમારા ભાણેજને કહો, એમ પાંડવો છુટી પડયા. એટલે પ્રભુ બોલ્યા, ધન્ય છે ભાણેજા, ધન્યછે, તું અમારો ભાણેજ ઘણો સારો નીવડયો, ઘેર રાખીને ઉછેર્યો તેનું આ લ્હાણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મળ્યું. શત્રુનો અર્થ સારે તેવો સગો પરમાણ છે, જગતની એવી રીત છે. વહાલું તે વેરી, તેમાં શો રોષ ધરવો ? તારી કસુર કયાં કાઢું ? ગુણનો ભાઈ દોષ છે, અમે તારા સગા નહિ અને તમે અમારા સગા નહિ, આજથી સગપણ છુટી ગયું. યાદવોની સાથે વેર વધાર્યું છે, તેથી તમારું માઠું થવા કાળ છે.

એવું સાંભળીને અભિમન્યુને અતિશય ક્રોધ ચડયો; અને મામાને કહેવા લાગ્યો, જોઇ વિચારીને બોલજો, શું તમે એમાથાં ધરાવો છો? તમારા છાકમાં છકી ગયેલા છોકરા પારકી ઘોડી માગે છે, તે શું સારું કહેવાય ? આજ તો ઘોડી માંગીને કાલે કોઇની છોડી માગે. સત્યની સારુ સગાની સાથે યુધ્ધ કરવું તેમાં વેર નથી, તમે તમારો મામો મારી નાંખ્યો તેમ હું મારો મામો મારું તેમાં શી નવાઇ ? મામાનું દેખીને ભાણેજ શીખે. ક્ષત્રીના મૂળ ધર્મ પ્રમાણે અમે યુધ્ધ માગીએ છીએ. બળદેવજી કહે. અરે કૃષ્ણજી, તમે બાળકની સાથે શું બોલો છો? સહદેવજી ત્રિકાળ જ્ઞાની થઇને આવ્યા હતા તો બાળક કેમ નઆવે ? જોષીએ સામું જોઈને શીશ ધુણાવ્યું. ભગવાન કહે છે અલ્યાં જાદવો, શું જોઇરહ્યા છો, તૈયાર થઈ જાઓ, પછી પાંડવોમાં ભીષ્મ પિતાએ એવો વિચાર કર્યો, સેળભેળ રાખીને યુધ્ધ કરીશું, તો કૌરવો દગો કરી પાંડવોને મારશે. દુષ્ટમતી કૌરવો ઘણા કપટી છે, વખત છે ને મળતા રહીને માંહોમાંહે યુધ્ધ કરે તો ભાગ મળી જાય. એમ જાણી પોતે ઓળ કરીને એક એકના સામુ સૈન્ય ઊભુ રાખ્યું. પોતે બળદેવજીના સામા ઉભા રહ્યા, અર્જુનજી ભગવાન સામા ઊભા રહ્યા, પ્રધુમન ને દ્રોણગુરુ, કમળલોચન સામે કર્ણ, શાંબના સામે શકુની, ભાનુના સામો ભુરીશ્રવા, સુદંત સામે સુસર્મા, ભાનુમંત સામો ભગદત્તને, અભિમન્યુ છે અનિરુધ્ધ એવા એવા અન્યો-અન્ય ગોઠવ્યા, પછી ભીમસેનને કહેવા લાગ્યા, તું સર્વની પાછળ ગદા તથા ત્રિશૂળ લઇ ને હાથી ઉપર સૈન્યની પાછળ ઉભો રહી ચર્ચા જોજે; આ ઓળમાંથી જે પાછો પડે તેનો પ્રાણ લેજે, દુર્યોધન મામાને કહેવા લાગ્યો. ધારેલો ઘાટ ભાગી પડયો, અરે મામા દાદાએ ગર્જના કરીને ભીમસેનને ખબર આપી, આ ઓળમાંથી જે પાછા પડે તેને મારી નાંખજે. હૈયાની હોંશ તો હૈયામાં રહી ગઈ, પાંડવોનો ઘાટ ઘડવો હતો તેમાં આ ડોસાએ દાટ વાળ્યો. મામો કહે. હવે મનસુબા મેલી દો. જો પાછા પડશો તો વાયુનંદન ભીમડો ગદાથી પ્રાણ લઇ લેશે. આપણે તો હવે કબજે પડી ગયા, હવે કંઇ ઉપાય ચાલે તેમ નથી. સામસામો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સંગ્રામ કરવો રહ્યો, થનાર હશે તે થશે. એ પ્રમાણે મામા ભાણેજે કપટનીવાત છોડી યુદ્ધ કરવા સારુ આયુધ તૈયાર કર્યા. યોદ્ધાઓએ સામસામી હથિયારો ગ્રહણ કર્યાં. બાણાવળીએ બાણ ચડાવી ધનુષ ટંકાર કર્યો, અર્જુનજીએ ગાંડિવનામા ધનુષ ધારણ કર્યું ને ટંકાર કર્યો તેનો શબ્દ ત્રિલોકમાં પહોંચ્યો. એટલે દસે દિગપાલ ડોલવા લાગ્યા, ધરણ ધ્રુજવા લાગી અને પાતાળ ખળભળી ઊઠયું તે શબ્દ સાંભળી પવનનો પુત્ર ઊછળીને આકાશે ચડયો અને રણભૂમિમાંઆવી પહોંચ્યો. ઉપમા ન આપી શકાય તેવું કારમું સ્વરૂપ ધારણ કર્યું અને પાંડવ દળમાં પ્રવેશી અર્જુનજીના રથની ધજાએ પૂંછ વિંટાળીને બેઠા, એટલે ત્યાં સર્વે શોભી ઊઠયું અને નિશાન ગડગડવા લાગ્યાં, રણસંગ્રામને વિષે રણશિંગાં વાગવા લાગ્યાં, સાંભળીને શુરા પુરુષોને એવું શુર ભરાયું કે જેમ મેઘગર્જના કરે છે તેમ તેઓ ગાજ્યા, સામસામી દોટ મૂકીને યુદ્ધકરવા બાઝી પડયા. એક એકનાં આયુધો ઊછળવા માંડયાં. એવો તો માર મારે છે કે કોઇને સાન શુધ્ધિ રહેતી જ નથી.

ભેરી; માળ તથા ગોળા સુસવાટા બંધ છુટે છે, બાણ, ભાલા અને ફરસીથી મુસ્તક છેદી નાંખે છે, ગુપ્તિઓ, ગેડીઓ અને ગદાથી શરીર ચુર્ણ કરી નાખે છે. તર્કસ, તીર, તલવાર, ખપવા, ખંજર, સાંગ્ય, જમૈયા, કટાર, કરવત કોવાડા, ડાંગ, આડાં, બંધુક, પિસ્તોલ, આડિયા, કાતરિયાં. ઢાળિયાં, ગોફણની ગલોલો, વિગેરે અનેક પ્રકારનાં હથિયારો એક એકને જુસ્સામાં મારેછે, મેઘની જેમ વૃષ્ટિ થાય છે તેમ બાણની વૃષ્ટિ થવા લાગી. યોધ્ધાઓ એક એકને એવો માર મારે છેકે ગમે તેવો ધીરજવાન પુરુષ હોય તો પણ તેની ધીરજ છુટી જાય. બાણાવળી અગણિતા મંત્ર ભણીને બાણ મારે છે, તે બાણ કાયરના શરીર ઉપર અડે તો તરત પ્રાણ જતો રહે. બળીભદ્ર અગણિતું બાણ નાંખે છે તેનાસાઠ સહસ્ર બાણ થાય છે, ભીષ્મપિતા પણ મારે છે તેમાં એક લક્ષ થાય છે. અર્જુનજીનાં સાઠ હજાર ચાલે છે, પ્રભુજીનાં પણ તેટલાં જ છુટે છે. અનંત બાણની ઝડી પડવા લાગી. શૂર પુરુષોને શૂર ચઢવાથી પુષ્કળ જોર જણાવે છે. મધમાખોની માફક બાંણની વૃષ્ટિ થયા કરે છે; બાણની વૃષ્ટિ થવાથી સૈન્યમાંઅંધકાર થઇ ગયો, સહદેવ જોષીને જોગણીઓનું વરદાન હતું તેથીં તેમણે ધ્યાન ધર્યું એટલે પંચાણું કોટી સ્વરૂપ ધારણ કર્યા, જ્યાં જુએ ત્યાં સહદેવ જોષી દેખાવા લાગ્યા. એક યોધ્ધો ને એક સહદેવ સામસામી યુદ્ધ કરવા લાગ્યા, યાદવોને જળોનીમાફક બાઝી પડયા, બળવાન યોધ્ધાને બબેચચ્ચાર બાઝી પડયા, બળદેવજીને બાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જણા બાઝી પડયા, સૈન્યમાં ચીસાચીસ થઇ રહી, પ્રભુને વીસ જણા બાઝી પડયા. યદુકુળ ત્રાહ્યત્રાહ્ય પોકારે છે. બળભદ્ર વિચારે છે, પેટ ચોળીને કયાં શૂળ ઉત્પન્ન કર્યું, કુંતાજીએ આટલા બધા કઇ વખતે જણ્યા હશે ? સાંભળીને સહદેવે બળદેવજીને પૃથ્વી ઉપર પછાડયા, એટલે બળદેવજી પોકારે છે, હે કૃષ્ણજી મારી વહારે ચડો. તે સાંભળીને પ્રભુ બોલ્યા, મને તો વીસ વળગી પડયા છે. સૌનાં લાગ્યા સૌ ભોગવી લો. પરાઈ ઘોડી લેવી છે માટે દુઃખ તો પડે જે, એમ કહીને પ્રભુએ સહદેવ સાથે વાત કરી, મેં તમારી પાસેથી વચન લીધું હતું, એકના અનેક નહિ થવું તે કેમ ચૂકી ગયા? સહદેવ કહે, તમે તમારું વચન સંભાળો એટલે હું એકનો અનેક નહિ થાઉં. મને પાકું વેણ દીધું હતું, સદા અર્જુનનો રથ હાંકું તે તમે ચૂકયા તેથી એકનો અનેક થયો, તે સાંભળી કૃષ્ણ છટકીને પાંડવદળમાં પેઠા અને અર્જુનજીના સારથીને પૃથ્વી પર નાખી પોતે રાસ પરોણો હાથમાં ઝાલી રથ હાંકવા બેઠા. સહદેવે જાણ્યું, જો હું અનેકનો એક નહિ થાઉં તો સારું વચન જુઠું પડશે, એમ ધારી પોતે અનેકના એક બની ગયા, સહદેવજી મૂળ સ્વરૂપે રહ્યા એટલે પ્રભુ રથ ઉપરથી ઉતરી પોતાના સૈન્યમાં આવ્યા અને ક્રોધે ભરાઇ ચક્રને ધારણ કર્યું. ભીષ્મપિતાએ ભીમસેનને ખબર આપી, જો ત્રિશૂળ મૂકવાનું ભૂલી જઇશ તો સૈન્યસહિત આપણે મરી જઇશું, તું ચૂકી જઇશ પણ ભગવાન ચુકવાના નથી. ભીમ ગુસ્સે થઈ ત્રિશૂળ લઇને તૈયાર થયો. પ્રભુનાં લોચન ક્રોધમાં રક્ત થઈ ગયાં છે, સામા સામી હથિયારો તૈયાર કર્યાને સામાસામી મૂકી દીધાં એટલે બંને આયુધો ક્રોધે ભરાઈ પવન વેગે ધુધવાટી કરતાં સન્મુખ ભેગાં થયાં.

જેમ પ્રલય કાળનો અગ્નિ સૃષ્ટિનો નાશ કરવા ઉત્પન્ન થયો હોય એમ બેઉ આયુધો સર્વનો નાશ કરવા સામસામી લડવા માંડયાં. એક એકને ટક્કર મારે છે પણ કોઈ પાછું પડતું નથી, ભડાકાને કડાકા અતિશય થવા લાગ્યા; ધારે ધાર ટીચાઇને ઘાવ વાગવાથી ધીખધીખતા અંગારા ઝરવા લાગ્યા. અગ્નિની ચૌદશ વૃષ્ટિ થઈ રહી. સૌ સૈન્ય લઢવું મૂકી દઇને પોકાર કરવા લાગ્યું, શૂરા પુરુષોનાં શૂર ઉતરી ગયાં અને મુખેથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા માંડયા. સર્વના અંગ ઉપર અંગારા આવી આવીને પડે છે તે ખંખેરી નાંખે છે, કંઇકની ચામડી દગ્ધ થઈ ગઈ. કંઇકના કેશ સળગી ગયા, કંઇકનાં વસ્ત્રાભૂષણ બળી ગયાં, કંઇક જણ નગ્ન થઇ ગયા. ઘણાક પ્રાણી નાશ પામી ગયા. સહુ સૃષ્ટિ ત્રાસ પામવા લાગી. ભોમી થરથર ધ્રુજવા લાગી. અગ્નિની અપાર વૃષ્ટિ થઈ રહી; કષ્ટિ પડે છે તે દૃષ્ટિથી જોઈ શકાતી નથી. સૈન્ય શોકાતુર બની ગયું છે. આયુધો લડતાં લડતાં આકાશમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊંચાં ચડયાં એટલે દેવતા લોકો જોવા આવ્યા હતા તે જીવ લઇને નાસી ગયા. મોટા મોટા અગ્નિ અંગારા વરસવાથી કોઇ પ્રાણી તાપ જીરવી શકતું નથી. સ્વર્ગમાંથી દેવ લોકોએ ઉંચાળા ભરવા માંડયા. પૃથ્વીમાં હાહાકાર થઇ રહ્યો. જુગજીવને જાણ્યું કે જરૂર આથી પ્રલય થશે. મોટાને મોટપ હોય નહિ અને વડાને વડાઇ હોય નહિ. નીચા નમ્યાથી ઉંચા ગણાઈશું એમધારી પોતે નિશ્ચય કર્યો. જરૂર લડાઇ ને હોલવી નાંખું, દુનિયાને દુઃખે હું દાઝીશ નહિ તો મને કોણ દયાળુ કહેશે ? એમ જાણી રથ ઉપરથી ઉતરી પડયા અને ચાલીને પાંડવ દળમાં આવ્યા, જીવને જીવાડવા પોતે ભાણેજને શીશ નમાવવા લાગ્યા. પ્રભુએ કહ્યું, તમે જીત્યાને અમે હાર્યા; હું કરજોડીને કહું છું કે સૃષ્ટિની કષ્ટી નિવારણ કરો. અમારો ટેક તમારા આગળ મૂકયો. અમારે ઘોડી નથી જોઇતી.

અગ્નિથી પૃથ્વી બળી જશે અને પાપ ચોંટશે. તે સાંભળીને ભીષ્મજીએ તથા વિદુરજીએ પ્રભુને નમસ્કાર કરીને કહ્યું, શાબાશ, મોટા છે તે કદી ખોટા નથી. હે પ્રભુ દીનદયાળ! જ્યાં ત્યાં કરીને પૃથ્વીના જીવોને જીવાડો છો. એવું સુણીને શ્રીકૃષ્ણચંદ્ર કહેવા લાગ્યા, અરે ભીમસેન ! તમે તમારું ત્રિશુળ પાછું બોલાવી લો, તે સાંભળીને ભીમે પોકાર કર્યો. પ્રભુએ કહ્યું, આયુધ્ધો હઠમાં ભરાયાં છે માટે બોલાવે નહિ આવે, કહી હનુમાનજીને કહેવા લાગ્યા. અરે કપિવર, પ્રેમી ભક્ત ! તમે કૃપા કરી છલંગ મારીને આકાશમાં જાઓ અને તે બેઉ આયુધ્ધોને એક એક હાથમાં પકડીને લાવો. કારણ કે તમે પણ તેમના જેવા છો. અંજનીનંદન હનુમાનજીએ જવાબ આપ્યો, બે વજ્ર ને ત્રીજો હું અમે ત્રણ જણ કયાં પડીએ ? પૃથ્વી પર પડું તો પૃથ્વી ફાટી જાય. પૃથ્વીના ફાટવા વડે કરીને પાતાળમાં જતો રહું, માટે મારે પડવાની વસ્તુ અહીં ભોમી ઉપર હોવી જોઇએ. ને તે વજ્રની હોય તો તેમ કરું, તે સિવાય હે દીનાનાથ, કંઈ બને તેમ નથી. ત્રણ વજ્રનો બોજ પૃથ્વી ઝીલી શકવાની નથી. પ્રભુ કહે, ભીમસેન, તમે અડધા વજ્ર છો તમારું ડાબુ પાસુ ઉપર રાખીને પૃથ્વી ઉપર સુઈ રહો, તેના ઉપર રામભક્ત પડશે એટલે ભૂમિનો ભંગ થઇ શકશે નહિ. તે સાંભળી ભીમસેને જવાબ આપ્યો; અરે દીનાનાથ, શું અજાણ થાઓ છો ? મારાથી તેનું પૂંછડું તો ઊંચુ થયું નહોતું અને એ આખો મારા ઉપર પડે તો પ્રાણ જતા રહે. હનુમાનજી કહે ધીમેથી પડીશું. આ સૃષ્ટિના જીવને જીવાડવા તે તમારો ધર્મ છે. ભગવાન, ભીષ્મ તથા વિદુરે કહ્યું કે સૃષ્ટિના જીવોને બચાવો. ભીમસેને કપાળે હાથ મૂકયો, મનમાં વિચારવા લાગ્યો, અનેક જીવોના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સારું હું મરૂં; તો દીનાનાથ મને ઉગારશે એમ કહી પોતે પૃથ્વી ઉપર સૂઈ રહ્યો.



ડાબુ પાસુ ઉપર રાખ્યું અને જમણું નીચે રાખ્યું. અર્જુનજીના રથ ઉપરથી હનુમાનજી રામ શબ્દની ગર્જના કરી આકાશમાં ઉછળ્યા, તેઆકાશે જઈઝડપ લઇ ને એક હાથમાં એકેકું આયુધ્ધ પકડી લીધું. તો પણ આયુધો લડવા દોડયા. બળ કરીને હનુમાનજીએ પકડી રાખ્યાં છે. પછી પાંડુપુત્ર ભીમસેન જ્યાં સૂઈરહ્યો છે તેના ડાબા પાસા ઉપર હનુમાનજી આવીને પડયા. સાડાત્રણ વજ્ર એકઠાં થયાં એટલે જ્યાં દાંગવરાજા ઘોડી ઉપર બેઠો યુધ્ધ જોતો હતો ત્યાં દાંગવરાજાની ઘોડી તરત અપ્સરા બની ગઈ અને દાંગવને તરછોડી નાંખીપ્રભુને નમસ્કાર કરી સ્વર્ગમાં ચાલી ગઈ. સર્વ સૈન્યનું લોક જોઇ રહ્યું ને દાંગવનું મોં ઉતરી ગયું. મનમાં ઘણો શોક ઉત્પન્ન થયો, વિચાર્યું કે પાપણી માટે મેં વહાલામાં વિરોધ કરાવ્યો પણ આખરે મને મૂકીને ચાલી ગઇ, હવે હું શું મોં બતાવીશ? એમ ધારી પોતે પ્રાણ કાઢવા તૈયાર થઇ ગયો. કટારને ગ્રહણ કરી એટલે પાંડવો તથા યાદવો હળીમળી દાંગવરાજાની પાસે જઈ કહેવા લાગ્યા, અરે દાંગવરાજા, આમાં અમને વિરોધ નથી થયો. આ બાબતમાં અમને બિલકુલ રીસ નથી, થવા કાળ થયે જાય તેમાં તમારો શો દોષ ? એમ કહીને તેને ઉગાર્યો, દાંગવરાજા નમી પડયો અને સ્તુતિ કરવાલાગ્યો. અલબેલા પ્રભુએ સૈન્યમાંઅમી દૃષ્ટિ કરી એટલેસર્વનો ક્રોધ નષ્ટ પામ્યો અને આનંદ આનંદ થઈરહ્યો, મરણ પામ્યા હતા તે પણ ઊઠીને બેઠા થયા. સહુ સહુનું સૈન્ય વિદાય થઈ ગયું, દાંગવરાજા પણ પોતાના ઘેર ચાલ્યો, પાંડવો ઈંદ્રપ્રસ્તમાં જવા સારુ ચાલ્યા. ભીષ્મ, વિદુર, દ્રોણાચાર્ય અને કૌરવ હસ્તિનાપુર ગયા. ભીમસેન ત્રિશુળ શંકરને આપી આવ્યો, અપ્સરા ઘોડીનો દેહ ત્યાગ કરી સ્વર્ગ ભુવનમાં આનંદથી રહી જે નરનારી એક ચિતે કથા સાંભળશે, શીખશે અગર સંભળાવશે તેનો જેવી રીતે અપ્સરાનો પશુ દેહ ટળી ગયો તેવી રીતે પશુદેહ ટળી જશે. તેને પશુનો જન્મ ધરવાનો સંભવ રહેશે નહિ.

દાંગવાખ્યાન સંપૂર્ણ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાંડવ જુગટું



વિશ્રામ પહેલો

દાંગવાખ્યાન પૂરણ હવું, સુણજો શ્રોતાજન;
વ્યાસ વલ્લભ વાણી વદે પર્વ કથા પાવન.

વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે, સર્વે રાજાઓ તથાં સૈન્યો પોતપોતાના સ્થળે ખુશીથી રહ્યા એમ કરતાં કરતાં બહુ દિવસ વીતી ગયા, એવામાં એક દિવસ દુર્યોધન એકાંતમાં બેઠો હતો. તેને દ્રૌપદી સાંભરી આવી અને તેથી આકુળવ્યાકુળ થઈ ગયો. એણે સેવક મોકલી પોતાના મામાને પાસે તેડાવ્યો, પોતે ઉદાસ થઈને બેસી રહ્યો. મામો એકદમ આવી પહોંચ્યો તો દુર્યોધન તો ઉદાસમાં બેસી રહ્યો છે, તે જોઈને મામાએ પૂછ્યું કે કેમ ઉદાસમાં છે ? કેમ બાવરો બની ગયો છે ? મારા છતાં તું શા માટે દિલગીરી ભોગવે છે ? તને જે દુઃખ હોય તે કહી દે. તેનો નિવેડો લાવી દઈશ. તને તન દુઃખ નથી પણ મન દુઃખ જણાય છે; માટે જે હોય તે કહી દે. એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુષ્ટમતી દુર્યોધન બોલ્યો, અરે મામા, મને દ્રૌપદી ખટકે છે,જયારે એનું સ્વરૂપ સાંભળે છે,ત્યારે મારા હૈયામાં હોળી ઊઠે છે માટે જો તેને લાવી આપો તો જીવું નહિ તો મારો દેહ ત્યાગ કરું. છેવટે વિષ ઘોળીને પણ પી જઇ મારો પ્રાણ તજી દઇશ. તે સાંભળી શકુની બોલી ઊઠયો, અરે છત્રપતિ ! તમે મને શા માટે કહેતા નથી ? તું ધીરજ રાખ, રૂપાળી દ્રૌપદી તથા રાજય બંને તને અપાવું તો જ હું ખરો. જયારે પાંડવોએ યજ્ઞ કર્યો હતો ત્યારે આપણે એક થઈ ગયા છીએ, વળી દ્વારકા પણ તેમની પક્ષ કરી ગયા હતા. એવી રીતે આપણે ને એમને ઘણો વહેવાર થઇ ગયો છે માટે હું કહું તેમ કરો. દુર્યોધન કહે, જો દ્રૌપદી અપાવો તો તમે કહો તે કરું. તમે કહો રાજપાટ તજી દઉં, અન્ન જળ તજી દઉં, સર્વે વસ્તુને તજી દઉં; પણ કંઇ કરતાં રૂપાળી દ્રૌપદી અપાવો તો મારો જન્મારો સફળ થાય.અરે શ્રોતાજનો, ધિક્કાર છે આવા દુષ્ટ દુરાચારી પુરુષોને, જે નર્કમાં પડવા તૈયાર થાય ! દીવાનું સુંદિર તેજ દેખી પતંગીયું તેની આસપાસ ભ્રમણ કરે છે, પણ વિચાર કરતું નથી કે હું તેમાં બળી મરીશ. છેવટે પોતે દીવામાં બળી ભસ્મ થાય છે ત્યારે જ જંપે છે, તેમ દુષ્ટમતી દુર્યોધન અગ્નિ સ્વરૂપે દ્રૌપદી ઉપર મોહિત થઇ તેને મેળવવા ઇચ્છા કરે છે; પણ અંધ પુત્ર નથી સમજતો કે જેમ પતંગીયું દીવામાં બળી જાય છે, તેમ હું દ્રૌપદીને સ્પર્શ કરવાથી બળી જઇશ. હવે મામો કહે છે, આપણે ત્યાં ગોત્રયાગ માંડો અને પાંડવોને કુટુંબ સાથે તેડાવો એટલે વહુઓ તથા પુત્રો સહવર્તમાન આવશે, તેમને ઘણું હેત બતાવજો અને ધર્મરાજાને સાથે લઇ સિંહાસન ઉપર બીરાજજો; એટલે હું બગમાં બાજી ઘાલીને ત્યાં આવીશ. તેમાં સોળ સોંગટાં છે, તે જુદા જુદા રંગનાં છે. જેવાં કે પીળાં,રાતાં, લીલાં, કાળા વળી તેમાં ત્રણ પાસા છે, તે પાસાઓ ઘણા રૂપાળા છે, તેમ મારી મરજી સાચવવાવાળા છે,મારા કાકાના હાડના પાસા કરાવી રાખ્યા છે, તેથી મારી મરજી સાચવે છે, મારું ધારેલું કામ કરે છે, જેમ ડાળો ફેરવું તેમ તે ફરે છે, ધારું તેટલા દાણા પડે છે, સામે રમનારો જે હોય તે જરૂર હારી જાય અને રડતો થાય. તે બાજી હું રમવા સારું કાઢીશ. પછી હું તમને બે જણાને રમવા બેસાડીશ તે વખતે હું તારૂં ઘસાતું બોલીશ પણ તું મનમાં કાંઇ પણ લાવીશ નહિ. શરત કરીને તને જીતાડીશ, રાજય તથા રૂપાળી રાણી તને અપાવીશ. તું મને સાચો મામો માની લેજે. એવું સાંભળી અંધ કુંવર ખુશી થયો અને ગોત્રયાગ આરંભ કરવાનો વિચાર કર્યો. મામો કહે, ઇંદ્રપ્રસ્ત પાંડવોને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પત્ર લખી જણાવો. દુષ્ટમતી કહે, હું તેની પેરવી કરું છું. પછી પાપીઓએ ઇંદ્રપ્રસ્તમાં પાંડવો ઉપર પત્ર લખ્યો. પત્ર લખીને સેવકને સોંપીદીધો, સેવકને કહ્યું કે જલદીથી તેમને પહોંચાડી દે. સેવક ત્યાંથી દોડતો ઇંદ્રપ્રસ્તમાં આવી પહોંચ્યો. પાંચ પાંડવો તથા કુંતાજી બેઠાં છે, ત્યાં આવીને સેવકે પત્ર આપ્યો. પત્ર વાંચીને કુંતાજીએ કહ્યું, દુર્યોધન ગોત્રયાગ કરે છે, તે ઉપર આપણું સઘળાંને તેડાવ્યાં છે; માટે આપણે કેમ કરવું? દુર્યોધનેખેંચતાણ કરી તેડાવ્યા છે, માટે જરૂર જવું તો પડશે. આપણે વહેવાર બંધાયો છે, માટે જો નહિ જઈએ તો પાછી આંટી પડશે. એમ કહી સેવકના સંગાથે કહાવ્યું કે જરૂર અમે ગોત્રયાગ ઉપર આવીશું. ભીમસેન બોલ્યો, મોટા ભાઈ આપણે હસ્તિનાપુર જઈશું અને વિદુરજીના ઘેર ઊતરીશું એમ સઘળાનો વિચાર જવાનો થયો. પછી પાંડવોએ વસ્ત્રાલંકાર પહેરી લીધાં, દ્રૌપદી તથા સુભદ્રાએ શણગાર પહેરી લીધા, પહેરી ઓઢીને સઘળા હસ્તિનાપુર જવા સારું નીકળ્યા.

અતિ આનંદભેર હસ્તિનાપુર આવી પહોંચ્યાઅનેવિદુરકાકાનેત્યાંઉતારો કર્યો પછી દુર્યોધનના ઘેર ગયાં, સહુ સગાંવહાલાં ભેગાં થયાં. એકેકના દુઃખસુખની વાતો કરવા લાગ્યાં, એકસો નેપાંચભાઈઓભેગાથઇવાતો કરવા લાગ્યા, હેતે ઉપજે તેવી રીતે હળીમળીને ફરે છે, ગોત્રયાગ પૂર્ણ કરીને હળીમળીને આનંદમાં જમવા બેઠા. જમી રહ્યા પછી પાનસોપારીના મુખવાસ લીધા. આખા જન્મારામાં તે દિવસ ભેગામળીજમ્યા, પોતપોતાનાંવસ્ત્ર પહેરી લીધાં. દુર્યોધને ધર્મનો હાથ ઝાલ્યો, ને કહેવા લાગ્યો, અરે ધર્મભાઇ, ચાલો આપણે એકસો ને પાંચ ભાઇઓ સાથે રાજ્યમાં જઈએ. એટલે સર્વેજણા ખુશી થઇને એકએકના હાથ ઝાલીનેરાજયસભામાં ગયા. ત્યાંપાપી ધર્મરાજાને સાથે લઈને સિંહાસન ઉપર બેઠો. જાણે કોઈ સાચા સ્નેહીને લઇને બેસે એમ અતિશય હેત બતલાવીને બેઠો. બીજા ભાઈઓ નીચે હારબંધ બેઠા, એવામાં રાજયસભામાં શકુની મામો મુખેથી એવું બોલતો આવ્યો આ વેળા કેવું રૂડું દેખાય છે; જાણે રામ લક્ષ્મણની જોડી શોભતી હોય એમ બેઉ જણની જોડી શોભી રહી છે. જો સદાકાળ આવો સંપ રહેતો હોય તો તમારાથી બીજું કોઇ ડાહ્યું નહિ. એવું સાંભળીને દુષ્ટ દુર્યોધન બોલ્યો, અરે શકુનીમામા. અમેસંપ કેમ ન રાખીએ ? બીજાની ગમે તેટલી હજાર સગાઈ હોય પણ કુટુંબી ભાઇ કયાંથી ? જયારે સર્વની છોકરવાદી હતી તે વખતે ઉપાધી થઇ, પણ હવે ડહાપ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ણના ઘરમાં આવ્યા તેથી લડાઈ શાની થાય ? વળી એવું શું વહેંચવાનું બાકી છે કે જેથી કરીને લડાઈ ઉત્પન્ન થાય. એવું સાંભળી શકુની બોલ્યો, બહુ સારું ત્યારે.હું બેઉ જણાનું પારખું લઉં છું. મને જોવાની ઇચ્છા છે કે બેઉ ભાઇઓમાંથી મૂઢ કોણ છે અને ચતુર કોણ છે? આવો બંને ભાઇઓ નીચે બેસો, તમે બાજી રમો,નેહું બેઠો બેઠો ચતુરાઇ જોઉં.બાજીરમવીતેઘણી હોંશિયારીનું કામ છે, તે રમવાથી પળવારમાં નરનારી પરખાઈ આવે છે. એમ કહી પાપી શકુનીએ બાજી બગલમાંથી કાઢી નીચે ઢાળી દીધી, તે વખતે રાજયસભામાં કોરવોસિવાય કોઇ નહોતું. જયદ્રથભગદત્ત,ભુરીશ્રવા,સુશર્મા શકુની, કર્ણ ફક્ત આટલા જ સભાની અંદર બેઠા હતા. ભીષ્મ, વિદુર દ્રોણ, એમાંથી કોઈ નહોતું. તેથી કપટને જાણી શકે ? મામાએ બાજી માંડી એટલે દુર્યોધન બોલ્યો, ઉઠો ધર્મભાઇ,આપણારમવાથી એક એકનીચતુરાઈ જણાઈ આવશે. એટલે ધર્મરાજાએ એવો જવાબ આપ્યો, ભાઈ મને રમવાની ઇચ્છા નથી. બાજી છે તે તો વિષનું મૂળ છે, તેમાંથી હેમ તુટી જાય છે અને ઉલટી ધૂળ ઉડે છે. એ સાંભળી છત્રપતી બોલ્યો, જયારે શરતથી રમત રમીએ ત્યારે તે

પ્રમાણે બને છે, પણ આપણે તો ખુશીની ખાતર રમીએ છીએ; કંઇ હોડ કરીને રમતા નથી. એમાં મત શા માટે ખેંચો છો ? તેવું સાંભળી ધર્મરાજા હેઠા ઉતર્યા અને સામસામી બેઉ જણા રમવા બેઠા, કૌરવ લોકો તથાપાંડવોજોવાલાગ્યા.પાપીએ પાસા હાથમાં લીધા અને ધર્મ સમક્ષ નાંખ્યા. એના દાણા આછા પડયા પછી ધર્મરાજાએ પાસા હાથમાં લઈ નાંખ્યા. એટલે યુધિષ્ઠિરના પોબાર પડયા, વળી અઢાર, અગિયાર એ પ્રમાણે પડે છે મામો જેમ જેમ ચક્ષુ ફેરવે છે તેમ ત્રણ પાછા ફર્યા કરે છે. ધર્મરાજા તથા પાંડવો ખુશી થાય છે. શકુનીએ એવો યુકિતનો ખેલ રચ્યો કે ધર્મરાજાનો પાસો ચડાવી દીધો. દુર્યોધનને પહેલો હરાવ્યો, ધર્મરાજાને રમવાનો મોહ થયો. વિનાશકળે વિપરીત બુદ્ધિ. વિનાશ થવાનો હોય એટલે ઊંધું ઉકલે.બાકી સત્યવાદી ધર્મરાજાએવો મોહ કોઈ કાળે ધારણ ન કરે.પછી શકુની મામો બોલ્યો. છત્રપતિ ! તમારી બુદ્ધિની ચતુરાઈ જોઈ લીધી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સભા વચ્ચે પાપી દુર્યોધન બોલી ઉઠયો, ઠાલી બાજી રમવામાં શી ચતુરાઈ? જે વખતે શરત કરી હોય તે વખતે જોવાની મજા આવે. શકની મામો બોલ્યો, કેમ ધર્મરાજા, શરત કરવાની મરજી છે? એટલે ધર્મરાજાનું મન મોહ પામ્યું. પોતે ભીમસેન સામું જોવા લાગ્યા, ત્યારે વાયુનંદને સાન કરી; અરે ધર્મ-ભાઈ; શરત કરી ખુશીથી રમો. પછી ધર્મરાજા બોલ્યા; અરે શકુની, એવી શી શરત બકવાની છે? શકુની કહે, હું કહું તે શરત કરો. બેઉ ભાઇઓએ જવાબ આપ્યો. અમારે કબૂલ છે. શકુની કહે, હવે હું કહું તે બરાબર સાંભળી ધ્યાનમાં લો, આપણે ત્રણ વાર બાજી રમવી, પહેલી બાજીમાં શરત એવી કરો, દુર્યોધન છત્રપતી જો પહેલી બાજી તમે હારો તો તમારા બેતાળીશ હજાર દેશ પાંડવ લે અને જો ધર્મરાજા હારે તો તેમના બેતાલીસ હજાર દેશ તને આપે. બીજી બાજીમાં તું હાર પામે તો તારા સસરાનું રાજય તને રાણી છે તે પાંડવોને આપવું. જો પાંડવો બીજીવાર હારે તો તને દ્રૌપદી રાણી અર્પણ કરે. હવે ત્રીજી બાજી જો તું હાર પામીશ તો તારે બાર વરસ સુધી વનમાં રહેવું. ત્રીજી બાજી ધર્મરાજા હારે તો તે હારે બાર વરસ સુધી વનમાં રહે. જે હાર પામીને વનમાં જાય તેને કેવી રીતે વર્તવું તે કહી બતાવું છું.

બાર વરસ સુધી વનમાંફરવું, પછી તેરમું વરસછાનામાના ફરવું,છાના રહેતાં હોય અને જો પકડાઈ જાય તો ફરીથી બાર વરસવનમાં જાય એવી શરત કરીને બાજી રમો. ખુશી થઇને દસ્તાવેજ કરી આપો. ધર્મરાજાએ ભાઇઓને વાત પૂછી, કહો ભાઇ કેમ કરીશું? તે સાંભળી સહદેવ નીકુળે જવાબ આપ્યો, મોટાભાઇ; ખુશીથી રમો, કારણ કે દુર્યોધન હાર પામે તેવું જણાય છે. અર્જુન બોલ્યો, મારો પણ એવો મત છે કે તમે મનમાં ઉલટ રાખી રમો. કારણ કે તમારા પાસા ઘણા સરસ પડે છે. ભીમ કહેવા લાગ્યો, અરે ધર્મ રાજા, ખુશીથી રમો. તમારા દાવ ઉપરથી એમ જણાય છે, તમે જીતશો. તેમ કરતાં જો હારી બેસશો તો કાંઈ પણ ઉચાટ જેવું નથી. કારણ ઘાલ મારીને બધું પાછું લઇ લઇશ.ધર્મરાજા કહે, અલ્યા મૂર્ખા,તું એ શું બોલ્યો!જા બોલ્યું અબોલ્યું કરવું હોય તો મારે રમવાનો મોહ નથી,ચંદ્રચલાયમાનથાય, સૂર્ય પશ્ચિમમાં ઊગે, અગ્નિ શીતળ થાય, સિંધુ માર્યાદા લોપે પણ ધર્મરાજાનું વચન ફરે નહિ. મારા હાથમાં પડેલા અક્ષરોનું ભંગાણ કરે તો દાંતમાં જીભ લઇને મરણ પામીશ.ભીમસેન કહે,અરે મોટા ભાઈ,હું કંઈ કરવાનો નથી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ણના ઘરમાં આવ્યા તેથી લડાઈ શાની થાય ? વળી એવું શું વહેંચવાનું બાકી છે કે જેથી કરીને લડાઈ ઉત્પન્ન થાય. એવું સાંભળી શકુની બોલ્યો, બહુ સારું ત્યારે.હું બેઉ જણાનું પારખું લઉં છું. મને જોવાની ઇચ્છા છે કે બેઉ ભાઇઓમાંથી મૂઢ કોણ છે અને ચતુર કોણ છે? આવો બંને ભાઇઓ નીચે બેસો, તમે બાજી રમો,નેહું બેઠો બેઠો ચતુરાઇ જોઉં.બાજીરમવીતેઘણી હોંશિયારીનું કામ છે, તે રમવાથી પળવારમાં નરનારી પરખાઈ આવે છે. એમ કહી પાપી શકુનીએ બાજી બગલમાંથી કાઢી નીચે ઢાળી દીધી, તે વખતે રાજ્યસભામાં કૌરવોસિવાય કોઇ નહોતું. જયદ્રથભગદત્ત,ભુરીશ્રવા,સુશર્મા શકુની, કર્ણ ફક્ત આટલા જ સભાની અંદર બેઠા હતા. ભીષ્મ, વિદુર દ્રોણ, એમાંથી કોઈ નહોતું. તેથી કપટને જાણી શકે ? મામાએ બાજી માંડી એટલે દુર્યોધન બોલ્યો, ઉઠો ધર્મભાઇ,આપણા રમવાથી એક એકનીચતુરાઈ જણાઈ આવશે. એટલે ધર્મરાજાએ એવો જવાબ આપ્યો, ભાઈ મને રમવાની ઇચ્છા નથી. બાજી છે તે તો વિષનું મૂળ છે, તેમાંથી હેમ તુટી જાય છે અને ઉલટી ધૂળ ઉડે છે. એ સાંભળી છત્રપતી બોલ્યો, જયારે શરતથી રમત રમીએ ત્યારે તે



પ્રમાણે બને છે, પણ આપણે તો ખુશીની ખાતર રમીએ છીએ; કંઇ હોડ કરીને રમતા નથી. એમાં મત શા માટે ખેંચો છો ? તેવું સાંભળી ધર્મરાજા હેઠા ઉતર્યા અને સામસામી બેઉ જણા રમવા બેઠા, કૌરવ લોકો તથાપાંડવોજોવાલાગ્યા.પાપીએ પાસા હાથમાં લીધા અને ધર્મ સમક્ષ નાંખ્યા. એના દાણા આછા પડ્યા પછી ધર્મરાજાએ પાસા હાથમાં લઈ નાંખ્યા. એટલે યુધિષ્ઠિરના પોબાર પડ્યા, વળી અઢાર, અગિયાર એ પ્રમાણે પડે છે મામો જેમ જેમ ચક્ષુ ફેરવે છે તેમ ત્રણ પાછા ફર્યા કરે છે. ધર્મરાજા તથા પાંડવો ખુશી થાય છે. શકુનીએ એથો યુક્તિનો ખેલ રચ્યો કે ધર્મરાજાનો પાસો ચડાવી દીધો. દુર્યોધનને પહેલો હરાવ્યો, ધર્મરાજાને રમવાનો મોહ થયો. વિનાશકળે વિપરીત બુદ્ધિ. વિનાશ થવાનો હોય એટલે ઊંધું ઉકલે.બાકી સત્યવાદી ધર્મરાજાએવો મોહ કોઈ કાળે ધારણ ન કરે.પછી શકુની મામો બોલ્યો. છત્રપતિ ! તમારી બુદ્ધિની ચતુરાઈ જોઈ લીધી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સભા વચ્ચે પાપી દુર્યોધન બોલી ઉઠયો, ઠાલી બાજી રમવામાં શી ચતુરાઈ? જે વખતે શરત કરી હોય તે વખતે જોવાની મજા આવે. શકની મામો બોલ્યો, કેમ ધર્મરાજા, શરત કરવાની મરજી છે? એટલે ધર્મરાજાનું મન મોહ પામ્યું. પોતે ભીમસેન સામું જોવા લાગ્યા, ત્યારે વાયુનંદને સાન કરી, અરે ધર્મ-ભાઈ, શરત કરી ખુશીથી રમો. પછી ધર્મરાજા બોલ્યા; અરે શકુની, એવી શી શરત બકવાની છે? શકુની કહે, હું કહું તે શરત કરો. બેઉ ભાઇઓએ જવાબ આપ્યો. અમારે કબૂલ છે. શકુની કહે, હવે હું કહું તે બરાબર સાંભળી ધ્યાનમાં લો, આપણે ત્રણ વાર બાજી રમવી, પહેલી બાજીમાં શરત એવી કરો, દુર્યોધન છત્રપતી જો પહેલી બાજી તમે હારો તો તમારા બેતાળીશ હજાર દેશ પાંડવ લે અને જો ધર્મરાજા હારે તો તેમના બેતાલીસ હજાર દેશ તને આપે. બીજી બાજીમાં તું હાર પામે તો તારા સસરાનું રાજય તને રાણી છે તે પાંડવોને આપવું. જો પાંડવો બીજીવાર હારે તો તને દ્રૌપદી રાણી અર્પણ કરે. હવે ત્રીજી બાજી જો તું હાર પામીશ તો તારે બાર વરસ સુધી વનમાં રહેવું. ત્રીજી બાજી ધર્મરાજા હારે તો તે હારે બાર વરસ સુધી વનમાં રહે. જે હાર પામીને વનમાં જાય તેને કેવી રીતે વર્તવું તે કહી બતાવું છું.

બાર વરસ સુધી વનમાં ફરવું, પછી તેરમું વરસ છાનામાના ફરવું, છાના રહેતાં હોય અને જો પકડાઈ જાય તો ફરીથી બાર વરસ વનમાં જાય એવી શરત કરીને બાજી રમો. ખુશી થઇને દસ્તાવેજ કરી આપો. ધર્મરાજાએ ભાઇઓને વાત પૂછી, કહો ભાઇ કેમ કરીશું? તે સાંભળી સહદેવ નીકુળે જવાબ આપ્યો, મોટાભાઇ, ખુશીથી રમો, કારણ કે દુર્યોધન હાર પામે તેવું જણાય છે. અર્જુન બોલ્યો, મારો પણ એવો મત છે કે તમે મનમાં ઉલટ રાખી રમો. કારણ કે તમારા પાસા ઘણા સરસ પડે છે. ભીમ કહેવા લાગ્યો, અરે ધર્મ રાજા, ખુશીથી રમો. તમારા દાવ ઉપરથી એમ જણાય છે, તમે જીતશો. તેમ કરતાં જો હારી બેસશો તો કાંઈ પણ ઉચાટ જેવું નથી. કારણ ધોલ મારીને બધું પાછું લઇ લઇશ. ધર્મરાજા કહે, અલ્યા મૂર્ખા, તું એ શું બોલ્યો! જો બોલ્યું અબોલ્યું કરવું હોય તો મારે રમવાનો મોહ નથી, ચંદ્ર ચલાયમાન થાય, સૂર્ય પશ્ચિમમાં ઊગે, અગ્નિ શીતળ થાય, સિંધુ મર્યાદા લોપે પણ ધર્મરાજાનું વચન ફરે નહિ. મારા હાથમાં પડેલા અક્ષરોનું ભંગાણ કરે તો દાંતમાં જીભ લઇને સરણ પામીશ. ભીમસેન કહે, અરે મોટા ભાઈ, હું કંઈ કરવાનો નથી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમે ખુશીથી રમો. થનાર વસ્તુ હશે તે થશે. પ્રભુએ જેમ ધાર્યું હશે તેમ બનશે.

એમ ચારે ભાઈઓ રમવા માટે કબૂલ થયા. ધર્મરાજાએ હા પાડી. એટલે કપટ ભરેલો શકુની મામો તાંબાનું પત્ર લાવ્યો, દુર્યોધન પાસે લખાવ્યું પછી ધર્મરાજાએ પોતાના હાથમાં તાંબાનું પત્ર લીધું એટલે અકસ્માત સમળી સિંચાણા આવીને અંતરીક્ષ રહી આંટા મારવા લાગ્યા અને રૂધિરના છાંટા પડવા લાગ્યા તેથી કરીને માઠા શુકન દેખાવા લાગ્યા. વિનાશકાળે વિપરીતબુદ્ધિ સહદેવ સમજે છે પણ બુદ્ધિ આપી શકતા નથી. ધર્મરાજાએ પણ દસ્તાવેજ લખી આપ્યો. પછી શકુનીએ બાજી ઢાળી, દુર્યોધન મનમાં ખુશી થવા લાગ્યો. કૌરવો એક એકને વાવા કરે છે, ધર્મરાજા ઠીક ફસાયા છે. મામાનો તો નિશ્ચય છે, જરૂર મારો ભાણેજ છત્રપતિ જીવશે, કારણ, પાસા ફેરવવા ન ફેરવવા પોતાની મરજી ઉપર છે, પાંચે પાંડવો જાણતા નથી, દુષ્ટ કૌરવોએ કપટ કરી રમવા બેસાડયા છે, જેવા પોતે હોય તેવા સામાને દેખે. પાંડવો સત્યવાદી છે, તેથી તેઓ મનમાં સદા એવું ધારે છે, દરેક જણા સત્યવાદી હશે. ઘણી વખત કૌરવોએ પાંડવો સાથે કપટ કર્યું તો પણ પાંડવો સમજતા નથી. આ પાપી પુરુષોએ હરાવવા માટે આ ધંધો માંડયો છે, પણ એમાં કંઇ નવાઈ જેવું નથી. કારણ, ખોટું થવાનું હોય ત્યારે ખોટી બુદ્ધિ થાય, અનાદિ કાળનો નિયમ છે. ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય. પાંડવોના નસીબમાં દુઃખ ભોગવવાનું લખ્યું છે, તેથી પોતાને સદ્બુદ્ધિ સુજતી નથી. સહદેવજી જાણી શકે છે, પણ અજાણ થઈ બેસી રહ્યા છે, થનાર વસ્તુ કદી કાળ મિથ્યા થતી નથી, ધર્મરાજા સત્યવાદી છે; છતાં પણ એટલું સમજતા નથી, બાજી રમવી એ સારા માણસનું લક્ષણ નથી. જેમ કૌવચ વાવીએ તેમાંથી કેળાં થાય નહિ, તેમ બાજી રમવાથી સારું પરિણામ આવતું નથી, નીચની સોબત કરવાથી નીચપણું આવે છે, હવે બંને બાજી રમે છે. તેમાં શું થાય, છે તે શ્રોતાજનો ચિત્ત દઈને સાંભળો. મામા સ્વસ્થ થઇને બેઠા છે, કૌરવો પણ એકચિત્તે જોઈ રહ્યા છે, પાંડવો ધર્મરાજાના સામું જોઇ રહ્યા છે; દુર્યોધન પાસા નાખે છે; તેમાં પાંચ-દાણા પડે છે; શકુની મામો રોળા ફેરવે છે; એટલે પાંચના અઢાર દાણા થઇ જાય છે; પાપીના કાચા દાવમાં બાર તથા પોબાર થઇ પડે છે. ગણતરી ગણીને સોગટી મારે છે. આખી બાજી કપટ રાખીને રમે જાય છે. ધર્મરાજા પાસા નાખે છે; તેમાં અઢાર કે પોબાર દાણા પડે છે; શકુની મામા જેમ ડોળા ફેરવે તેમ પાસા ફરી જાય છે; ધર્મરાજાના પાંચ કે સાત દાણા પડે છે; તે કરતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશેષ પડતા નથી. ધર્મરાજા બાજી ખેલતાં ખેલતાં પાછા પડયા. તે જોઇ ને સર્વે જણા વિસ્મય પામીગયા. પહેલી બાજી યુધિષ્ઠિર હારી ગયા અને રાજ્યાસન ખોઈ બેઠાએટલેદુષ્ટ દુરાચારી દુર્યોધન હસીને કુદવા લાગ્યો. શકુનીમામો કહે છે મૂર્ખા, તું ખુશી કેમ થાય છે? હજી બે વખત રમવું છે, એટલામાં એ જીતશે તો મોઢું કાળું મેશ થઈ જશે. એમ કહી રમવા બેસાડયા. જેમ દેખતો પુરૂષ છતી આંખે પાટો બાંધીને કુવામાં પડે; તેમ સત્યવાદી ધર્મરાજા હાર પામી ગયા તો સૂજતું નથી. બીજી બાજી પણ ધર્મરાજા હારી બેઠા.

દ્રૌપદી સ્ત્રી પણ પારકાને સોંપી દીધી, દુષ્ટ દુર્યોધન હાથ હાથ કુદવા લાગ્યો, ઘણા દિવસથી તલસતો, તો તે આજ રૂપાળી નારી હાથમાં આવી છે, મારું નસીબ ઘણું પાદરું છે, એમ કહીને પાપી ફુલાવા માંડયો. શકુની મામો કહે, શું ફુલા રહ્યા છે? હજી ત્રીજી વાર રમતાં હારીશ તો સઘળું કરેલું વૃથા જશે, આ વખત પાંડવો જીતશે તો તારી પાકી મશ્કરી થશે. એમ કહી અંધકુંવરને રમવા બેસાડયો, બેઉ જણા ત્રીજીવાર રમવા માંડયા. કુંતાના પુત્ર યુધિષ્ઠિર બાવરા બનીને રમવા લાગ્યા. પોતે જીતવા માટે ઘણા યત્ન કરે અને ગદ્ગદ્ કંઠે થઇગયા, દાવ ઘણા સરસ પડે છે, પણ શકુની મામો ડોળો ફેરવે છે એટલે પાસો આડો અવળો ફરી જાય છે. એના ડોળામાં દેવતા મેલાયો હોત તો બહુ સારું. કારણ કે જો શકુની ન હોત તો પાંડવો જીતત. ત્રીજી બાજી પણ ધર્મરાજા હારી ગયા. બાર વરસ વનમાં જવાનું થયું. તેથી હાહાકાર વર્ત્યો.સતી કુંતાનાપાંચે પુત્રોના પ્રાણઊંચા ચડયા અને મૂર્છિત થઇ પૃથ્વી ઉપર પડયા, શરીરની શુદ્ધિ બિલકુલ રહી નહિ. એટલે દુષ્ટ અંધપુત્ર સભામાં ખુંખારો કરીને ઉભો થયો અને ઘણો જ ખુશી થઇ ગયો જેમ ગાય માતાને ચિત્તો વાઘ પકડે અને તેથી કરીને કોઈ યવન ખુશી થાય તેમ પાપી નરકાધિકારી દુર્યોધન ખુશી થયો. ગાયરૂપી પાંડવો વાઘરૂપી બાજીથી હાર પામ્યા તેથી કરીને યવનરૂપી દુર્યોધન આનંદમાંપડયો, અંધપુત્ર ચાલ્યો ચાલ્યો મામાની પાસે ગયો અને તેને કહેવા લાગ્યો, ધન્ય છે, મામા તારી બુદ્ધિની બલિહારી છે. તેં આજ દિન સુધી ખાધેલું સફળકર્યું તારા ભાણીયાને જીવતદાન આપ્યું. લાવ તારા ચરણ ધોઈને પી જાઉં. જે માગે તે તને અર્પણ કરું. શકુની દુર્યોધનનાં વાકય સાંભળીને મનમાં ખુશી થવાલાગ્યો દુર્યોધનને પોતે કહેવા લાગ્યો, મારે કંઈ પણ જોઈતું નથી. તારા કરતાં મારે કંઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust, Funding IKS-MoE-Grant-2

વધારે નથી, તને જોઈને હું સદા મગ્ન રહું છું. તારે દ્રૌપદી જોઈતી હતી પણ મેં તો રાજપાટ સહિત અપાવ્યું બાર વરસ સુધી વનમાં મોકલ્યા. આ પ્રમાણે તારી ઈચ્છા પરિપૂર્ણ થઈ એટલે મારે કંઈ જોઈતું નથી દુષ્ટમતી દુર્યોધને દુશાસનને કહ્યું, રૂપાળી, છબીલી છાકમાં છકી ગયેલા, મને મેણું દેનારી મારી સ્ત્રી દ્રૌપદીને મારી પાસે લાવો. એને સભામાં નગ્ન નચાવું ત્યારે મારું નામ દુર્યોધન ખરું. એને નગ્ન નચાવીશ એટલે મારું સઘળું વેર વળી રહેશે. તેથી દુશાસન સભામાં ઊભો થયો ને બોલ્યો, દ્રુપદની પુત્રી દ્રૌપદીને પકડીને સભામાં લાવું છું; દુર્યોધન કહે. ગોરીના કેશ ગ્રહી ઝપાટામાં અહીં લાવ, તું બિલકુલ ડરીશ નહિ. હવે તેનાઉપરકોઈનો હક ચાલેતેમનથી.

હું છત્રપતી દુર્યોધન તેનો પતિ છું, માટે મારી આજ્ઞાથી લાવો. દુશાસન કહે, સારું. એમ કહી પાપી દ્રૌપદીને તેડવા ચાલ્યો.દુષ્ટબુદ્ધિનો વિદુરકાકાને ત્યાં ગયો અને કુંતાજીને પૂછયું. દ્રૌપદીભાભી કયાં છે? કુંતાજી કપટ બાજીની વાત બિલકુલ જાણતાજ નથી, તેથી તેમણેદુશાસનને જવાબ આપ્યો કે મને કહ્યા સિવાય ગઇ છે પણ ઘણું કરી ભૂતાવળવાળી હવેલી જોવા ગઈ હશે. એટલે દુરાચારી દુશાસન દાંત પીસીને જયાં દ્રૌપદીજી હવેલી જુએ છે ત્યાં ક્રોધ કરીને કુકરમી જઈ પહોંચ્યો, જેમ કુતરું મરજીમાં આવે તેમ ભસે છે, તેવી જ રીતે દુષ્ટ દુશાસન એવું ભસવા લાગ્યો, રૂપાળી, કામણગારી, સુંદિર સ્ત્રી કયાં ગઈ? આવા શબ્દ સાંભળીને થરથર ધ્રૂજતાં દ્રૌપદીજી છજામાં આવીને જોવા લાગ્યાં, દુષ્ટને ક્રોધાતુર જોઈને સતી કંપવા લાગ્યાં. દ્રૌપદી લજજા તાણીને ઊભાં રહ્યાં પછી પાપીને પુછયું, અરે જેઠજી, શું કહો છો? દુશાસન કહે તું ઝટ નીચે ઊતરી પડ, અમે તો તારા દિયર છીએ, અમારો મોટો ભાઈ છત્રપતી છે, તેની તું સ્ત્રી થઈ છે, તારો સ્વામી દુર્યોધનની સાથે જુગટુ રમ્યો, તેમાં તને હારી ગયો, હાર પામવાથી છત્રપતીની તું સ્ત્રી બની છે, દ્રૌપદી કહે વિચારીને બોલો, તમારી જીભડીએ ડામ દો. જેઠજી છો તે બાપની જગાએ છો, વગર વિચાર્યું શું બકબક કરો છો? તમારી દુષ્ટ બુદ્ધિથી ભૂંડું થશે. દુષ્ટ કહે છે અરે સુંદરી! હું તો તારો દિયર છું તું છત્રપતીની સ્ત્રી છે. સતી બોલ્યાં, જો નારી કરવી હોય તો તારી માતાને કરજે.જાજા દુષ્ટ બુદ્ધિના, સતી સામુ બોલાતાં જરાવિચાર નથીઆવતો? થોડા દિવસમાં તમારું આવી બન્યું છે એમ માનજો.દ્રૌપદીજીનાં આવાં કઠોર વચન સાંભળીને પાપીને ક્રોધ ચડયો અને કટી કસી મહેલમાં ચાલ્યો. સતી દ્રૌપદીજી અતિશય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધ્રુજવા લાગ્યાં, પાપીએ આવી એકદમ ચોટલો ઝાલ્યો. ક્રોધ કરીને અબળાને ઊંચકી લીધી, જેમ કોઇ દારૂડીઓ દારૂમાં બેભાન બની જાય, તેમ દુષ્ટ દુશાસન ક્રોધમાં બેભાન બનીને સતીને છજામાંથી નીચે ફેંકી દીધી. દ્રૌપદીજી બાવરાં થઇને પૃથ્વી ઉપર નીચે પડયાં, શરીરની બિલકુલ શુદ્ધિ રહી નહિ, પછી પાપી નીચે ઊતર્યો ને દ્રૌપદીને તરત ચોટલાથી પકડીને પૃથ્વી પર ઘસડતી ખેંચી એટલે દ્રૌપદીને ભાન આવ્યું. પોતે દુષ્ટને કરગરવા લાગી, અરે મને છોડી દો આંખમાંથી રુધિરની ધારા છુટે છે, રડતાં રડતાં કહે છે, મારું કઠોર નસીબ કેમ થયું? મારા સ્વામી હારી ગયા. અહો દેવ, મારી શી ગતિ થશે? કયાં પતિ, કયાં હું, અને પ્રભુ આવા દુઃખ દાયક સમયમાં આપ બેઠી છો. એમ સતી ઘણો જ વિલાપ કરેછે, પાપી તો ક્રોધ કરીને મારતો મારતો લઈ જાય છે, સતી દુષ્ટને કહેવા લાગ્યાં. અરે જેઠજી, તમે મને મૂકી દો. આ પાપનો પોટલો કયે જન્મારે છુટશે? મારું માથું દુઃખે છે, માટે ચોટલો તાણશો નહિ. એમ કહી ખોળા પાથરે છે, આ વેળા મારું કોઈ સગું નથી, જેમ ટીટોડી ટળવળે તેમ દુષ્ટની આગળ સતી ટળવળે છે. દુષ્ટ કહે. હવે તને કેમ મૂકું? હજી તો તને સભામાં છત્રપતીની આગળ લઇ જવી છે, એમ કહી ગડદા પાટુથી માર મારવા લાગ્યો. છાતીમાં ઢીંચણ મારે છે તેથી સતી બેવડી વળી જાય છે. કોણીથી પુષ્કળ માર મારે છે. જેમ હાથી ક્રોધે ભરાઇને નિર્દયતા વાપરે છે, તેમ પાપી સતી ઉપર નિર્દયતા વાપરવા લાગ્યો. બે હાથે પકડી પૃથ્વી ઉપર પછાડે છે, કેશ પકડીને એવી વીંઝોળે છે કે જેથી કરીને શરીર છોલાઇ જાય છે, કુખમાં ચૂંટી ખણીને તમાચાનો માર મારે છે. ઈંટ, પથ્થર તથા લાકડીથી પણ બેસુમાર માર મારે છે.

બિચારી દ્રુપદરાયની બાળી રુદન કરે છે. શરીર છોલાવાથી રુધિરની ધારા છુટી, આવા દુષ્ટની આગળ બિચારી બાળાનું શું જોર ચાલી શકે? ન સંભળાય તેવા કારમા પોકાર કરે છે. તેને જોઇને ગમે તેવો કઠોર હૈયાનો પુરુષ રડી પડે તો પણ દુષ્ટ દુરાચારી દુઃશાસનને બિલકુલ દયા આવતી નથી, શરીર ઉપર ઢીમડાં ઊઠયાં અને મસ્તકમાંથી કેટલાક કેશ ખરી ગયા. પેટમાં એવી પાટુ વાગે છે કે જેથી કરીને શુધબુદ્ધ જતી રહી, આખા ગામનું લોક તેવી નિર્દયતા જોઈ ત્રાસ પામી ગયું, ઘણીક મેદની ભેગી થઈ છે, પણ દુષ્ટની આગળ કોનું જોર ચાલે? સર્વે જણા આગળટોળું વળીને ઊભા રહ્યા છે. પુરુષો તથા સ્ત્રીઓ આ જોઇને ટળવળે છે, દુષ્ટ ખેંચીને લઈ જાય છે, તેથી તમામ લોકો કળકળે છે, સતીનાં ચીર ચણીઓ, ચોળી ફાટી ગયાં,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચુડીઓ પણ નંદાઇ ગઇ, બિચારી સતી સ્ત્રીને પૃથ્વીમાં રોળી નાંખી. કોઇ માણસે એના પગની પાની સરખી પણ જોઇ નહોતી પણ અત્યારે તેનું શરીર જણાવા લાગ્યું.સતીને ઘસડતી લઇ જાય છે તેથી અંગ ઉઘાડું થઇ જાય છે. ચીરના ગાભાથી સતી પોતાની એબ ઢાંકે છે. કોમળ કાયા કંપે છે, અને તેથી પોતે મુખેથી ત્રાહ્યત્રાહ્ય પોકારે છે કોઈ દિવસ સતીએ ભૂમિ ઉપર પગ નહોતો મૂકયો, પણ આજ એવી વખત આવી કે આંખમાંથી આંસુને બદલે રુધિરની નદી વહેવા લાગી. સતી દ્રૌપદી દુઃખથી હૈયાફાટ રડે છે. દ્રૌપદીને રડતી જોઈને આખું ગામ રડવા લાગ્યું. ઘરડા જુવાન બાળક વિગેરે રડે છે, તેમજ પશુ,પક્ષી અને ઝાડ પણ રુદન કરવા લાગ્યાં,નગરનાં કુતરાં શોકાતુર થયાં છે અને સ્વર્ગના સુર લોકો પણ રુદન કરવા લાગ્યાં, છતાં દુરાચારી દુશાસનને કિંચિત પણ દયા આવતી નથી, ગગનમાં વાદળાં છાઈ રહ્યાં અને જુમનાજીનું પાણી સ્થંભી ગયું,એનું બેલી કોઇનહિ હોવાથી અતિશય આક્રંદ કરે છે દુષ્ટ ખેંચતો ખેંચતો સભા આગળ લાવ્યો. પછી પોતે સતીને ઉચકી સભા વિષે છત્રપતીની આગળ ફેંકી દીધી. સુંદરીને સભામાં ફેંકવાથી આખા નગરનું લોક બહાર ઉભું ઉભું રડવા લાગ્યું. સતી દ્રુપદરાજાની બાળીસભામાં લોચો થઈને પડી. અંધપુત્ર દુર્યોધન ત્યારે બોલ્યા. અરે રૂપાળી, છબીલી કામણગારી સ્ત્રી ! તેં મને જે આંધળાનો પુત્ર કહ્યો હતો, તે હું હજી નથી ભૂલી ગયો, ચાલ ઊભી થા, અને મને પગે પડી જો જીવવાની આશા ધરાવતી હોય તો સભામાં નગ્ન નાચ, એવું કહ્યું તો પણ દ્રૌપદી ઊઠી નહિ અને મુખથી એક આંકડો પણ બોલી નહિ. દુષ્ટ કહેવા લાગ્યો, અરે ભાઇ, આને લાત મારીને ઊભી કરો. એટલે દુશાસને લાત મારી, અને પાંગોઠું ઝાલી સભામાં ઊભી કરી, કપુતને જરા પણ શરમ નથી. શકુની આંખો કાઢીને બોલ્યો,અરે સુંદરી, તું માર ખાઈને મરી જઇશ. તું અમારું કહ્યું માની લે. દુર્યોધન કહે, પાખંડ મૂકી દઈને મારી આગળ નગ્ન થઇને નાચ.અબળા નીચું જોઈ નેઊભી રહી છે,દુર્યોધન મગ્ન થઇને બેઠો છે. પાપી બોલ્યો, આવ રૂપાળી દ્રૌપદી, વસ્ત્રો કાઢીને મારી આગળ નાચ દ્રૌપદી કહે,અરે જેઠજી આ શું બોલો છો? ઇશ્વરથી જરા પણ બીતા નથી.હું તો તમારી દીકરી છું અને તમે મારા બાપ છો, હે જેઠજી ! દ્રુપદરાજાના તુલ્ય છે. પ્રભુની બીક લાવી જરા વિચારો.

રાવણરાજા સીતાજી ઉપર મોહિત થઈ સીતાને લઇ ગયો હતો, પણ તેને લીધે છેવટે તેના પ્રાણ ગયા,માટે હે મહારાજા છત્રપતી,તમે વિચારકરો.આ પવિત્ર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બેટીની લાજ લેવી તમને ઘટતી નથી. તમને આવું શરમ ભરેલું કર્મ કરવું બિલકુલ શોભતું નથી. દુર્યોધન કહે, જુઓ મામા, માર ખાઇ ખાઇને મરણ તુલ્ય થઇ તો પણ હજી તાતજી તાતજી કહ્યા કરે છે, એમ બોલતી નથી કે હું તમારી સ્ત્રી ને તમે મારા પતિ. અરે સુંદરી, તું તારી અકડાઇ મૂકી દે. હજુ શિક્ષા નથી પામી. માર ખાઇ ખાઈને મરી જઇશ. અને આખરે સ્વામી કહેવા પડશે. અરે સુંદરી,તું મુમત મૂકી દે. તારી ચામડી ઉતરી જશે માટે મને સભા વચ્ચે પગે લાગીને કહે કે હું તો તમારી સ્ત્રી છું.એવું સાંભળીનેસતીબોલી કે મેં તો તમને પિતા માન્યાછે,પણ તેમ છતાં તમે સ્ત્રી કહેવડાવવાની ઇચ્છા રાખતા હો તો, તમારી માતા પાસે કહેવરાવો,દેહ જશે પણ હું કહેવાનીનથીઅરે મૂઢ બુદ્ધિના દુષ્ટ છત્રપતી, યાદ રાખજે, જરૂર તારું ભૂંડું થશે, તારી બુદ્ધિ કેમ બળી ગઈ છે ? બલાડીની પેઠે જેમ ફાવે તેમ બોલતાં શરમ નથી આવતી ? મારી કાયાના કટકે કટકા થાય તો ભલે, પણ હું તો તારી દીકરી તુલ્ય છું.

દુર્યોધન કહે, અરે દુશાસન વીરા ?શું જોઇ રહ્યા છો? એ સ્ત્રી એના હાથેથી કદી નગ્ન નથી થવાની,તમે ઝટ ઊભા થાઓ અને તેનાં વસ્ત્ર ખેંચી કાઢો.એટલે દુષ્ટ દુશાસન ઊભો થયો અને બિચારી દ્રુપદરાજાની પુત્રીને ઉછળીને લાત મારી સતીનો છેડો ઝાલ્યો અને ખેંચવાનો વિચાર કરવા લાગ્યો.આખા નગ્રમાં વાત ફેલાઇ ગઇ કે છત્રપતી દુર્યોધન પાંડવોની સ્ત્રી દ્રૌપદીને સભામાં નગ્ન કરી લાજ લે છે. આખું નગ્ર ત્રાસ પામ્યું અને કહેવા લાગ્યું,ક્યારે આ દુષ્ટ રાજા મરણ પામે ભીષ્મ,વિદુર,દ્રોણતથા કૃપાચાર્યવિગેરે સતીઆપુરુષોએ આ વાત સાંભળી એટલે ત્રાસ પામીને દોડતા દોડતા સભામાં આવી પહોંચ્યા. મનમાં વિચારે છે, આ દુષ્ટ કૌરવોએ કાળો કેર કરવા માંડયો ચારે જણાના ક્રોધમાં લોચન રક્ત થઈ ગયાં છે. સભામાં પ્રવેશ કરતાંજ પાંડવોને બેભાન સૂતેલા જોયા. સતીના શરીરે માર દીઠો, તેમજ તેનું વસ્ત્ર ખેંચેલું દીઠું,રૂંવાટે રૂંવાટાં ઊભાંથયાં અને આંખોમાંથી આંસુ ચાલ્યા. મોંઢામાં આંગળીઓ ઘાલીને ધ્રુંચાવા માંડયા, શા કારણથી આમ બન્યું હશે ? એકેકના સામું જોઈ મસ્તક ધુણાવે છે. ગંગાજીના પુત્ર ભીષ્મપિતાને તો હળાહળ રીસ પ્રગટી, પોતે દુર્યોધન પ્રત્યે બોલ્યા, અલ્યા,કર્મ ચંડાળ, આ તેં શું કર્મ કર્યું છે ? તારું રસાતાળ જવા બેઠું છે ? સતી દ્રૌપદીને છોડી દે નહિ તો તેમાંથી માઠું પરિણામ નિપજશે. અરે જુલમી,તારા મનમાં નિશ્ચય કરજેકે આમ કરવાથી અમારા જરૂર જીવ જશે અને મોટો ધર્મરોળ થઇ કંઇક લોકોના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પ્રાણ જશે, અને મૂઢ મંદબુદ્ધિ દુર્યોધન, તું બે માથાં ધરાવે છે ? અમે મારીશું કે મરીશું પણ આવો કાળો કેર થવા દેવાના નથી. એવો કોણ મૂવો છે કે આ સતી દ્રૌપદીની લાજ લઈ શકે ? જુલમ કરી નાંખીશું, પણ લાજ જવા દેવાના નથી. દુર્યોધન કહે, અરે દાદા. મારી વાત સાંભળો. પાંડવો અને અમે બાજી રમ્યા, તેમાં તેઓ હારી બેઠા છે. તે માટે હું ચાહ્ય તેમ કરીશ, હવે દ્રૌપદી મારી સ્ત્રી થઈ છે. પારકી નારી નથી. તેમ કરશે પણ મારું ઘર માંડયા વિના એનો છુટકો થવાનો નથી, બીજાને બોલવાનો કશો હક્ક નથી. મારું કહેવું જુઠ્ઠું હોયતો જુઓ આ દસ્તાવેજ. એમ કહી દાદાને દસ્તાવેજ વાંચી સંભળાવ્યો. તે સાંભળી સતીઓએ પોંચા કરડયા. કાંઇ ઉપાય ચાલ્યો નહિ અને નીચું ઘાલ્યું. અરેરે દૈવ હવે શું કરવું? કાંઈ આપણાથી લેખ ઉપર મેખ મરાય તેમ નથી. જો ધર્મરાજાના અક્ષરોનું ઉલંઘન કરીએ તો આપણું સઘળું સત્ય નાશ પામી જાય. આપણો સતીને છોડાવવાનો બીજો તો ઉપાય નથી, પણ એક ઉપાય ચાલે તેમ છે, તે એવો છે કે પાપી દુર્યોધનને પગે પડી વાત કરીએ તો સિદ્ધ થાય. તે વિના કાંઇ સૂઝતું નથી, એમ સમજી ચારે સત્ય પુરુષોએ પાપીને મસ્તક નમાવ્યાં, પછી કહ્યું, અરે દીકરા દુર્યોધન, તું બહુ ડાહ્યો છે. પાંડવોનો સઘળો પૈસો તથા ઘરબાર લઈલે. વળી ફાવે તો તેમના જીવ લે. પણ અમારી દયા લાવી આ સતી દ્રૌપદીને છોડી દે. દુર્યોધન કહે; મિથ્યા મુમત ન કરો. ચાહ્ય તેમ કરશો પણ હાથમાં આવેલું રત્ન કદી મૂકનાર નથી. મને મારી પ્રાણપ્યારી મળી ગઈ છે, હવે કદી જવા જવા દેનારનથી. એટલે સઘળા સત્યવાદી બોલ્યા, દીકરા, તું સત્ય માની લેજે; અમે ફાંસાખાઇને પ્રાણ ત્યાગ કરીશું. દુર્યોધન કહે. તમે ફાવે તે કરો. આવી મદમતી છબીલી, સુંદરીને કેમ છોડીશ ? એવું સાંભળીને સત્યવાદીઓએ છાતી કુટી ભાગી, શીષ પછાડીને રુધિરની છોળો ઉડાડી, આંખોમાંથી આંસુની ધારાઓ ચાલી. કપાળ માંથી લોહી વહ્યું જાય છે. હૈયાફાટ રડે છે અને કહે છે. દુષ્ટ દુર્યોધન. કર્મચંડાળ તારું કાળું કર. એમ વમરોળ કરતા પાછા વળ્યા. પ્રેમદા દ્રૌપદી પોકે પોકે રડે છે, અને કહે છે, ઓ દાદા. મને ગરીબડીને છોડાવો. એમ કહી ભીષ્મ દાદાને બાઝી પડી. પવિત્ર ગંગાપુત્રના ખભા ઉપર લલાટ મૂકી દ્રૌપદી બેફાટ રડવા લાગી. સતી સભામાં ધ્રુજતી ધ્રુજતી અતિશય વિલાપ કરીને કહે છે, ઓ માબાપ, મને છોડાવો. હું રાંકડી પુત્રી તમારી છું. મારો તમારો મોટો આધાર છે. તમે મારું શરીર જુઓ. દુષ્ટનો માર જીરવાતો નથી. મારું બેલી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કોઈ નથી: મારા પિતા, ભાઇ, તથા સગું વહાલું અત્યારેકોઇએલી નથી.સાસરિયામાં સસરા નથી અને ભરથાર તો બેભાન થઈ ભોંય ઉપર પડયા છે. એ દાદા તમારે જવું હોય તો મને ઠાર મારી નાંખીને ખુશીથી જાઓ;પણ ગરીબ ગાવડીને કસાઇના ઘેરથી છોડાવ્યા વિના જશો નહિ. અરેરે દુષ્ટો રીસે ભરાઈમારી લાજ લેશે, સતીનું જરૂર સત્ય ચુકાવશે, તેથી મારો દેહ ત્યાગ કરીશ. જેણે મારી પગની પાની સરખી પણ નીરખી નહોતી, તે લોકો મારા અંગને જોશે. માટે બળ્યું મારું જીવવું. જાઓ તો મને સાથે લઇને જાઓ, કપટબાજીમાં મારા પતિ લેવાઈગયા. અરેરે મારું નસીબ કેહેર નીકળ્યું. મને કૌરવોનાં મોઢાં જમડા જેવા લાગે છે. એમ સતી આંખમાંથી આંસુની ધાર કાઢી બેફાટ રડે છે. દાદાએ સતીને હૃદિયા સાથે દાબીને કહ્યું, હું તારે માટે મરીશ તે હા. પણ તને છોડાવવાનો ઉપાય મારી પાસે નથી. તું મારી પુત્રી તુલ્ય છે.હું જોઉં છું;દુષ્ટો કેમ લાજ લે છે ? અરે પણતારાપતિના અક્ષર છે તેથી મારો ઉપાય નથી.તારે માટે ધર્મરાજાના હાથે લખાયેલા લેખનું મારાથી અપમાન થાય નહિ, જો અપમાન કરું તો મારું સત્ય નષ્ટ પામે. એમ કહીને પોતેશીશકૂટી રુધિર કાઢયું. પછી ત્યાંથી વિદાય થયો. સતી ત્રાસ પામીને તેમની પાછળ દોડી અને ભીષ્મનો છેડો પકડવા દોડી. એટલે દુશાસને તેનો હાથ ઝાલીને ખેંચી લીધી, દુર્યોધને ડોળા કાઢયા એટલે દ્રૌપદીને ત્રાસ પડયો. જેમ નાનું છોકરું યવનને જોઈત્રાસ પામેએમસતીઆઓએ સભાના સામું એક ધામ હતું ત્યાં દોરડાં બાંધ્યાં, તેના ગાળા કરીને ગળામાં ઘાલ્યા. હવે સતીની લાજજશે તોઆપણે નિશ્ચયમરીશું.અરે જુગદાધાર, તમે સતીની લાજ રાખજો, નહિ તો અમારા પ્રાણ જશે. તે દોષ તમારે શિર છે. એમ કહીને સ્મરણ કરવા લાગ્યા. સતીની લાજ જશે, કે તરત જ અમે પૃથ્વી ભેગા થઈજઇશું એવો વિચાર કરીને ચાર જણા ઊભા રહ્યા અને છાતીફાટ રડવા લાગ્યા. સતીના દુઃખને માટે નગ્રનું અસંખ્ય લોક ભેગું થઈ ગયું છે, સભામાં પેસાતું નથી તેથી બહાર ઊભા ઊભા રુદન કરે છે; પ્રેમદા, પુરુષ બાળક સુદ્ધાં ઊભાં રહીને આક્રંદ કરે છે. સપુત માતાના જણેલા હતા તે તો બહાર નીકળી ગયા; અને કપુત વ્યભિચારિણીમાતાનાજણેલાહતા તે જોવાને સભામાં ગયા. સપુતે જાણ્યું. સતી છે તે તો ખપ્પર જોગણી દેવી છે, માટે એની એબ આપણાથી કેમ જોવાય ? જેવી આપણી માતાની એબ જોવી તેવી સતી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દ્રૌપદીની જેવી એ બંને સરખું છે, કપુતે જાણ્યું, રૂપાળી સુંદર સ્ત્રીનું અંગ જોઇશું એમ જાણી અંદર ભરાયા, ફક્ત કર્ણ રાજાએ નેત્ર મીંચ્યાં. એવામાં દુર્યોધન બોલ્યો, અરે દુશાસન વીરા તમે શું જોઈ રહ્યા છો ? રૂપાળીનું ચીર ખેંચી કાઢો. એટલે તરત દુશાસન ચીર ખેંચવા તૈયાર થયો.

દ્રૌપદી કહે, અરે દુષ્ટો, જરા ધીરજ રાખો, મારી વાત સાંભળી લો. એક ઘડી પછી મારૂં પહેલું ચીર કાઢજો. દુર્યોધન બોલ્યો, અરે વીરા, જરા ધીરજ ખમો, જોઇએ છીએ વારુ એ શું કરે છે ? મને તેનું ચરિત્ર જોવા દો. એમ દુષ્ટ દુરાચારી અંધપુત્ર છત્રપતિ બકવાદ કરવા લાગ્યો; એટલે દુશાસને છેડો મૂકી દીધો, સઘળી સભા સતીની ખૂબી જોવા લાગી. દ્રૌપદી સભા વચ્ચે એક ચર્ણે ઊભી રહી, ઊંચું જોઇ બે કર જોડીને પ્રભુની સ્તુતિ કરવા લાગી. એટલે દુર્યોધન બોલ્યો, અરે મામા, એ ઉંચું કેમ જોઈરહી છે ? શું એના બાપને બોલાવે છે? મામો કહે એ તો ઇશ્વિરનો ભય બતાવે છે. પણ અત્યારે તો તારા વિના બીજો કોણ ઇશ્વર છે ? આ વેળા તો તું જેમ કરીશ તેમ થશે. ચતુરા કેટલી વાર કરે છે,તેતું જો. દ્રૌપદી ઉભી ઉભી પ્રભુનું સ્મરણ કરે છે. પંચાળી પોકાર કરીને કહે છે; હે વિઠ્ઠલ વીરા; મારી વહારે ધાજો; હે પ્રભુ તમે વિપત વેળાના વીર છો; હે શ્યામ શરીર, તમે સત્યના બેલી છો, હે નાથ, સઘળા ચંડાળો ભેગા થઇ મારું ચીર કાંઢે છે. લંપટ લોકો લાજ લેવા ઢુંકી રહ્યા છે. હે પ્રભુ, તમારી સેવામાં હું શું ચૂકી છું કે મારા પાંચ પતિએ મને જુગટામાં મૂકી ? અરે દયાળુ,અભિમાનમાં હું છકી નથી તો પછી શા દોષે આઉપાધીમાંઆવી પડી ? અરે દીનબંધુ હું અતિહરખમાં હણઈ ગઈહું પાંચ પતિપરણીને ગુણકા ગણાઈ, અરે પ્રભુ, એકજ પતિની સ્ત્રી સુખ પામે, પણ મને તો પાંચ ભરથારમાંથી કોઈ એ પોતાની ન ધારી. મજીયારી જાણીને મને જુગટામાંમૂકી.હે જગદીશ શું મેં ત્યાગીને જંજાળ વાળગાડી હશે? શું મેં બ્રાહ્મણની થાળ અભડાવી હશે? શું મેંસરોવરની પાળ તોડી હશે! શું મેં ગંગામાં મળમૂત્ર ધોયાં હશે? અરે ઇશ્વિર; મેં કોઇનું વરસુત્ર ભંગ કર્યું હશે ? જેથી કરીને સાસુજીના પાંચે પુત્રો બેભાન થઈપોઢી રહ્યા છે હે પ્રભુ શું મેં પીંપળાની ડાળ તોડી નાખી હશે? શું મેં ધાવતાં બાળ વછોડયાં હશે? શું મેં મળતાં વેવિશાળ ભાગ્યાં હશે ? હે નાથ; શુંમેં ગર્વધારીને પારકાને દુઃખ દીધું હશે ? હે ઇષ્ટ; શું મેં ઉનાળાની પરબો ઉંઠાડી હશે ? તેના પાપ વડે કરી આજ મારું સઘળું સુખ નાશ પામ્યું ? હે પ્રભુ, શું મેં કોઇને પુણ્ય કરતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આડી જીભ ઘાલી હશે ? ત્યાગીને સ્પર્શ કરી મન શું ચળાવ્યું હશે ? અવળું બતાવી શું નિર્ધનનું ટળાવ્યું હશે ? હે પ્રભુ, મારા પતિએ મને પરઘર મેલી. હવે તમારા વિના મારું કોઈ બેલી નથી માટે મારી વહારે વહેલા પધારો નહિ તો આ વખત મારા પ્રાણ કાઢું છું. એ પ્રમાણે એક ચિત્તે પ્રભુની સ્તુતિ કરી એટલે જુગદાધાર અદશ્ય આવીને ઉભા રહ્યા, ને સતી દ્રૌપદીને પોતાનો પડછાયો બતાવી તેના રૂપે રૂપ થઇ ગયા. જેવું સતીએ ચીર, ચણીઆ ચોળી વગેરે પહેર્યું હતું અને જેવો માર પડયો હતો તેવાંજ જુગદાધાર બનીને ઊભા રહ્યા. ક્રોધથી લોચન રક્ત થઇ ગયાં પછી પોતે મનમાં વિચાર્યું કે મારી બહેનના નવસેં નવાણું ચીરનું મારે દેવું બાકી રહ્યું છે, તે હું આજે પૂરું કરું. બહેનના ચીર પૂરાં પાડવાનો આજ ખરો ઘાટ આવ્યો છે. એ પ્રમાણે ભક્તને આધીન પ્રભુ છે, સતી દ્રૌપદીની વહારે વિઠલો પધાર્યો. પછી દ્વિચરણે ઊભા રહીને દુષ્ટ દુર્યોધનના સામું કટાક્ષથી જોયું ? દુર્યોધન કહે. અરે ચરિત્રની ભરેલી સ્ત્રી, તારું દુઃખ કોણે નિવારણ કર્યું ? તું એક ચરણે ઊભી રહીને તથા ઊંચું જોઇને કોની સ્તુતિ કરતી હતી ? તારા કીયા બાપે તારી અરજ સ્વીકારી ? દ્રૌપદી રૂપે પ્રભુ બોલ્યો, કુબુદ્ધિના પાપી ચંડાળ, હવે કેડો મૂકી દે. જો તારે સભામાં નગ્ન નચાવવાની મરજી હોય તો લે હું ચીરનો છેડો આપું.

દુર્યોધને દુશાસનને કહ્યું, મારા વીરા, એ જોરઝપાટાથી બોલે છે, માટે એનાં ચીર ખેંચી કાઢો, દુશાસને સતીનો છેડો ખેંચ્યો, એટલે પ્રભુ ફેરા કુંદડી ફરવા લાગ્યા. એવામાં એક ચીરની સાથે બીજું ચીર સંધાઇને આવ્યું, બીજું તાણ્યું તેની જોડે ત્રીજું સંધાઇ આવ્યું. સકળ સભા આવો ચમત્કાર જોઇને વિસ્મય પામી કે આ શી કારીગરી ચલાવી ? દુર્યોધન કહે, જુઓ મામા બે-ચાર પહેરી લાવી છે, મામો કહે ખેંચી કાઢો. એમ કેટલાં પહેર્યાં હશે ? છેવટે નગ્ન થયા વિના નથી રહેવાની હાથમાં આવેલી કયાંજવાની છે? દુષ્ટ દુશાસન સતીનું ચીર ખેંચે જાય છે એવામાં ત્રીજા પુંઠે ચોથુ આવ્યું પછી પાંચમું આવ્યું. પ્રજાપતના ચાકડાના પેઠે પ્રભુ ફરે છે. નવા નવાઇનાં વસ્ત્રો નીકળ્યાકરે છે. જુદી જુદીજાતના વસ્ત્રો ચાલ્યાં આવે છે. લીલી, પીળી, લાલ, ગુલાબી, કેશરી, ભૂરી એમ જુદીજુદી ભાતની સાડીઓ નીકળી આવે છે. પોમચાં, પટોળાં, ડંડીયાં છીદરી, ગાળા, રાતાં બંગાળાં, અમ્બર, મઢીયાં, સુગા સાડી, એવાં સુંદિર ચીર નીકળે છે. નગદ જરી ભરેલાં એક એકથી અદકાં વસ્ત્ર નીકળે છે. મૂલ્ય ન થાય તેવાંમોતીની ફોર્યો ભરેલાં અમૂલ્ય ચીર ચાલ્યાં આવે છે. નાંદકીશોર જેમ ફર ફર ફર ફર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કુંદડી ફરે છે તેમ પતંગની દોરીની માફક પાપી ખર ખર ખર ખર વસ્ત્ર ખેંચી કાઢે છે. છુટે કેશે અને કારમા વેશે પ્રભુ ફેર ફરે છે. વનમાળી બિલકુલ શ્વાસ પણ ખાતા નથી. દુશાસને પૂરણ પાંચસો ચીર ખેંચી કાઢયાં એટલે પ્રભુ તેના ઉપર કોપે ચઢયા. કોપ દૃષ્ટિએ તેના સામું જોયું એટલે તેને તાવ ચઢયો. તેના હાથ બંધ પડી ગયા અને સણકા આવવા લાગ્યા. પાપીએ સભા વિષે ચીસ પાડીને કહ્યું. અરેરે, કાંઇ જાદુ કર્યો. એમ કહી શીશ કુટવા લાગ્યો. એટલે શકુની મામો ઊભો થઇને દુશાસનને કહેવા લાગ્યો, બૂમ પાડતો આઘો બેસ. એટલી તારી હામ ચાલી નહિ ? એ તો અમારા જેવા બહાદુર પુરુષનું કામ છે. એમ કહી શકુનીએ ચીરનો છેડો પકડયો અને લાજ લેવાનો વિચાર કર્યો. રીસ ચડાવીને ચપ ચપ તાણવા માંડયો. સભામાં એક એકથી ચડીયાતાં વસ્ત્રનો મોટો ઢગલો થયો, તે દેખીને કૌરવોનાં દિલ દુઃખાવા લાગ્યાં, શકુની મામાએ ચારસો નવાણું ચીર ખેંચી કાઢયાં એટલે અંતર્યામી ગરુડપતિએ દુષ્ટના ઉપર કોપ કર્યો. તતડાવીને તાવ મૂકયો એટલે દુષ્ટના હાથ બંધ પડયા. રૂંવાડાં ઊભાં થયાં અને શરીરે ધ્રુજ છુટી. શકુની મામો બોલ્યા, હવે પછી જે માણસ દ્રૌપદીનું વસ્ત્ર ખેંચશે તે કુશળખેમ રહેવાનો નથી.કહો ના કહો પણ પંચાળી પાસે કંઇ જાદુ છે.મનમાં ભય પામીને પાંપી લોકોએ પોંચા કરડયા,દ્રૌપદીના સ્વરૂપ ગોવિંદજી ગર્જના કરીને બોલ્યા,અરે દુષ્ટ અંધપુત્ર દુર્યોધન ! લે, વસ્ત્રને તાણવા હોય તો તાણ, આ વાત જાણીને સતીઆેએ ગળામાંથી ગાળા કાઢી નાંખ્યા અને રાતા તાતા થઇને સભામાં આવ્યા. જેટલા માણસો બહાર બેઠા હતા, તેટલા સભામાં આવીને દ્રૌપદીને પગે લાગ્યા. એટલે પ્રભુએ મનથી સંકલ્પ કીધો, મારી બહેનની જે માણસ શ્રદ્ધાથી કથા શ્રવણ કરશે અને વસ્ત્રનું દાન આપશે તેના ફળની હું નિશ્ચય લજ્જા રાખીશ.એમ કહી પોતે અંતરધ્યાન થઇ ગયા.પ્રભુની એજ ખૂબી છે કે ભક્તની વહારે કૃપા કરીને પધારે છે. પછી મુળ હતી તેવાં વસ્ત્રને વેશે દ્રૌપદી ઊભી કરી. સભામાં સતી રાતી રાતી થઇને ઊભી રહી છે. છકેલો છત્રપતી ટગ ટગ સામું જોઇ રહ્યો છે. ભીષ્મજી કહે છે, શું મનમાં મગ્ન થતા હતા ? હવે તમારી માને બોલાવીને સભામાં નગ્ન કરો.ધિક્કાર છે તારા જીવતરને, ધિક્કાર છે તારી માને,ધિક્કાર છે તારા બંધુઓને, દુષ્ટ દુરાચારી અંધપુત્ર, ભૂમિમાં સમાઇ જા,તારું કાળું મોં મને ન બતાવ,તારી આંખો ફોડઅને તપાસ કરી જો કે સતીની લજ્યા કોણે રાખી ? કાળે મોઢે શું બેસી રહ્યો છે ?

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમારી પાપણી માતા ગાંધારીને સભામાં હવે નાચ નચાવો. દુર્યોધન કહે, દાદા થોડું બોલો. પાંડવો હારી ગયા છે તેથીમારીમરજીમાંઆવશેતેમકરીશ. હવે એ સ્ત્રી મારી છે. કહીને પાપી બોલ્યો, ઓ રૂપાળી કામણગારી, તારું અંગ મને અર્પણ કર. લજ્જા ન લેવાઇતોભલેપણમારાઉછંગે બેસ. છેવટે સતીદ્રૌપદીને અતિશય ક્રોધ ચઢયો અને તેથી બોલી ઉઠી, અરે મૂર્ખા, ભીમસેનની ગદા તારે ખોળે બેસશે એટલે તારોપ્રાણજશે. ભીષ્મપિતા કહે, લ્યોબેટાજી, લાભનીગાંસડીબાંધો.

દુર્યોધન કહે, મારા ઘરમાં જા એટલે પછી કાંઈ વાંધો નથી. ભીષ્મે મનમાં વિચાર્યું, પાપી સતીને મૂકવાનો નથી માટે દુષ્ટને અવળું સમજાવું તો ઠીક. તેમ કર્યા સિવાય સતીનું સવળું થાય તેમ નથી. એમ જાણીને દાદાબોલ્યા, એને ઘરમાં ઘાલશો તો ઘરમાંઘરનાં મરશે, જેવીરીતેસભામાંચીરનોઢગલોથયોછેતેવી રીતે મડદાંનો ઢગલો થશે હું તો તારેમાટેકેરવારનો કકળું છું. રૂપાળી જાદુવાળી છેતેથી સઘળાનો ઘાટઘડી નાખશે. એટલે દુર્યોધનેસભામાં ભય પામી વિચાર્યું કે દાદા કહે છે તે વાત નકકી સત્યહશે. એમધારી પાપી બોલ્યો, મારે એ નારી કાંઇ કામની નથી કારણ કે કમજાત જાદુવાળી છે, ભીષ્મપિતા કહે, તારુનીટિકવાળી છે તેથી કાંક રોશણ વાળી દેશે માટે એનાં સંબંધી કાંઇ લખેલુંહોય તો છેકી નાંખ. દુર્યોધને પત્ર મંગાવી છેકી નાંખ્યું. ભીષ્મપિતા ઘણા ખુશી થયા, ઠીક થયું તે કસાઇના ઘેરથી ગાય છુટી. દુર્યોધન કહે, જાઓ દાદા, હું આવો છત્રપતી છું પણ જેવા એણે ચીરકાઢયા તેવાં મારા ઘરમાંસમખાવા પણ એકે નથી. એમ કહી સેવકોને કહ્યું, ઝટ ઉભા થાઓ, અને ગાંસડીઓ બાંધી આ સઘળાં ચીર લઈજાઓ. મામા, આજ તો ઘણો ધનનો લાભ થયો છે. ભીષ્મે જાણ્યું, રાંડનો મફતનાં લઇ જાય છે. માટે ન લઈ જવા દઉં. એવું વિચારીને ભીષ્મપિતાએ વહેમ ઘાલ્યો, બેટા, તું જોજે. જે સ્ત્રી આ વસ્ત્રને પહેરશે તે તરત મૃત્યુ પામશે અને એનું ઘરબારભાગીપડશે. નારીઅડેતો નર મરી જાય અને નર અડે તો નારી જાય. નરની નારી મરે તો તો ઠીક પણ જો નારીને આપશો તો તમે મરણ પામશો, તમારી સ્ત્રીને રંડાપો આવશે. દુર્યોધન કહે, અરે ભીષ્મપિતા. ત્યારેતો હવેઆ ચીરને કેમ કરીશુ? ભીષ્મપિતા કહે, હું અડું છું, મારે કોણ મરવાનું છે? એમ કહી ધ્યાન ધરીને કામધેનુને સ્વર્ગમાંથી બોલાવી, કામધેનુ અંતરિક્ષ મારગે રાજય સભામાં આવી. એટલે ભીષ્મપિતાએ સઘળાં ચીર તેને ઓરાડયાં, પછી ગાયમાતાને સ્વર્ગમાં જવા માટે વિદાયગીરી આપી. કામધેનુ જેવી રીતે સભામાં આવી હતી તેવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રીતે અંતરિક્ષ માર્ગે ચાલી; એટલે આકાશનો વાયુ વાયો તેથી નવસેં નવાણું ચીર નવસેં નવાણું નદીઓમાં ઊડી પડયાં એમ બનવાથી રાજ્યસભામાં જય જયકાર થયો. પ્રભુની લીલા મૂઢ પુરુષોને તો સમજાય જ નહિ. કાગડો વિષ્ટામાં આનંદ કર્યાં કરે છે, અને હંસ મોતીમાં આનંદ કર્યાં કરે છે; દુરાચારી પુરૂષો વિષ્ટારૂપી માયાના ફંદમાં સુખ માની છે. અને હંસ રૂપી જ્ઞાની પુરુષો મોતીરૂપી જ્ઞાનમાં સુખ માની લે છે, એમાં કાંઈ નવાઈ જેવું નથી. એ તો અનાદિથી ચાલ્યું આવ્યું છે. દ્રૌપદીની લાજ રહેવાથી આખું નગર આનંદમય થઈ રહ્યું છે, એવામાં પાંડવોની મૂર્છા વળી ઊઠીને બેઠા થયા; ભીમસેને દ્રૌપદીને જોઈ તો શરીરે માર પડેલો છે. આવો જુલમ જોઇને વૃકોદર ધર્મરાજાને કહેવા લાગ્યો, અરે મોટાભાઇ ? મને આજ્ઞા આપો તો તો હાહાકાર વર્તાવું. જુઓ, આપણી નારી દ્રૌપદીને માર મારીને મરણ તુલ્ય કરી નાંખી છે. ધર્મરાજા કહે, આપણે તો એને હારી બેઠા છીએ;હવે પછી એ નારી તારી કે મારી નથી. એની અબળા છે તેથી એ ચાહે તેમ કરે. કેમ અજાણ્યો થાય છે ? મારા લખ્યાં છતાં કંઇ પણ વિરુદ્ધ વરતીશ તો મારો પ્રાણ તજી દઇશ. એમ કહીને વૃકોદરને દાબી રાખ્યો, દુષ્ટ દુર્યોધન બોલી ઉઠયો, અરે પાંડવો, તમે ઝટપટ ઉભા થાઓ અને ખાદી પહેરીને વનમાં જાઓ, એટલે ધર્મરાજાએ વ્યવહારવાતે વસ્ત્ર બદલ્યાં. તેમને દેખીને ચાર ભાઇઓને બદલવા પડયાં. એવામાં વિદુરજીને ઘેર કુંતા વિગેરેને ખબર મળી કે પાંડવો જુગટામાં રાજ્યાસનતથા નારી ખોઇ બેસી. ને વનમાં જાય છે,તેથી છાતીફાટ રડતાં રડતાં રાજસભામાં પાંડવો પાસે આવ્યાં

અભિમન્યુ દોડતો આવીને અર્જુનને બાઝી પડયો. ધનંજયને કહેવા લાગ્યો,અને પિતાજી,તમે દીકરાને દારુણ દુઃખ કેમ દીધું ? અરે મારા પ્રાણાધાર રાજપાટ, ઘર, ગામ વિગેરે ખોઈ બેઠા. હવેથી અમારે વિશ્રામ કયાં કરવો અરે વહાલા પિતા,તમે ઠરવાનો કંઇ પણ ઠામ રાખ્યો નહિ ? મારી સઘળી હિંમત ભાગી ગઈ. હે પિતાજી ? તમે વનમાં ના જશો,હું કોને આધારે રહીશ ? અરે મારી સાચવણ નાકરનાર પિતા,મને કેમ તરછોડો છો ? જયારે મારી માતા મને ગાળ દેતી ત્યારે તમે રીસે બળતા, અને કદી મારી કસુર હોય તો પણ તમે તમારા મનમાં લાવતા નહોતા; મારી માતા મને રડાવતી ત્યારે તમે મને હૃદિયા સાથે ચાંપતા, મને એકલો બહાર કયાંય જવા દેતા નહોતા અને ખોળે બેસાડી મને ખવડાવતા હતા,મારું મોઢે માગેલું તમે હાજર કરતા હતા તે હવે હું કોની પાસે માગીશ ? હે જીવના આધાર પિતા હવેથી ખાવા પીવાના ટોટા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પડશે અને ઓશિયાળે અવતાર થઈ ગયો.મોઢે માગેલી મોજડીઓ હવે કોણ આપશે ? ઉષ્ણ ઋતુમાં મારા ચરણ બળી જશે અને શીત ઋતુએ ટાઢ વેઠવી પડશે. અરે દેવ, ધરમીને ઘેર ધાડ આવી પહોંચી,અરે મારુ કેવું કઠોર નસીબ છે. હે પિતાજી ! હું કદી તમને વનમાં જવા દેનાર નથી, મને મીઠા મેવા કોણ આપશે ! તમારા જેવા પિતા ફરી ફરી મને કયાં મળશે ? અરે દેવ, મારું નસીબ ફુટી ગયું. એમ કહી કહીને છાતીફાટ રડવા લાગ્યો, પિતાજીની કટીએ શીશ દઈને ધ્રૂસકા મૂકીને ચીસો પાડે છે, હે રામ હું રઝળતો થયો, અર્જુનજી ઊભા ઊભા રડે ને કહે છે કે હે દીકરા ! ભૂંડા ભવિશે અમને ભૂલવણીમાં નાખ્યા તેથી આપણા ભૂંડા દિવસો આવ્યા, અરે બેટા,તમે નિર્ભાગી પિતાનેપેટ આવવાથી બિલકુલ સુખ પામ્યા નહિ. અમારી દુર્બળ દશા આવવાથી તમને દુઃખ પડયું, બેટા તમે વિદુર દાદાને ત્યાં રહેજો.તમને દાદા રૂડે પ્રકારે સાચવશે.અરે દીકરા,તમેઓશિયાળા થયા. એમ કહીને ચુંબન કરે છે તે પુત્રને તેડી તેડીને હૃદયા સાથે ચાંપે છે, પિતાની તથા પુત્રની કાયા થરથર ધ્રુજે છે, એવું દુઃખ જોઈને આખા નગ્રના લોક બેફાટ રડે છે, કુંતાજી પુત્રોને બાઝી પડીને કહેવા લાગ્યા, અરે પુત્રો;તમને કુબુદ્ધિ કેવી સૂઝી,જેથી વનમાં જવાનો સમય આવી ગયો અરે દીકરાઓ, જુગટું રમીને આપનું રળેલું રાજપાટ;ઘર,ગામ વિગેરે ખોઈબેઠા. તમારા ભાગમાં બેતાલીસ હજાર દેશો આવ્યા હતા, તે પણ તમે ખોઇ બેઠા. દીકરાઓ, તમને કદી હું વનમાં જવા દેવાની નથી. દુષ્ટ દુર્યોધન સઘળું દબાવી પડયો છે તે તમામ પાછું લઇ લ્યો. એટલે ધર્મરાજા બોલ્યા, અરે સતી પવિત્ર માતાજી, મારી વાત સાંભળ્યા પછી જે કહેવું હોય તે કહેજો. મારે આડું દોડું બોલવું નથી, જો કંઇ વાંધો પાડશો તો મારા પ્રાણ તજી દઇશ. હે માતા, રામચંદ્રજી પોતાના પિતાનું વચન પાળવા માટે વનમાં ગયા હતા, હરિચંદ્રરાજા પણ વચન પાળવા માટે નીચને ઘેર રહ્યા હતા. હે માતાજી, જેણે બોલેલું વચન પાળ્યું નથી તેણે મનુષ્યદેહ વૃથા ધારણ કર્યો છે એમ સમજજો.

પશુ પક્ષીનું હાડ માંસ ચામ કામમાં લાગે છે. પક્ષીના નખ પીંછાંવિગેરે કામમાં આવે છે,પણમનુષ્યનું કોઈ કામમાં આવતું નથી.માટે હે માતાજી,તમે મુમત મૂકી દો, કારણ, લેખ મારા હાથથી લખાયો છે. સૂર્ય પશ્ચિમમાં ઊગે સમુદ્ર માઝા મૂકે તો પણ મારુ લખેલું ફરનાર નથી,જો લખેલા લેખનું ભંગાણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરશો તો મારા પ્રાણ તજી દઇશ. હે માતા,જો વચનને ઓળંગું તો તારું પેટ લજવાય માટે વચનને સત્ય કરવા દો. બાર વરસ વનમાં લહેર કરીને કાલેઘેર આવતા રહીશું.હે માતાજી,મને આજ્ઞાઆપો એટલે અમે વિદાય થઇએ. તમે આંસુ પાડીને શું કરશો? પાંચે ભાઇઓ ઊભા થયા એટલે દ્રૌપદીજી દોડતાં આવીને પાસે ઊભા રહ્યાં.ધર્મરાજા કહે, કેમ અમારી પાછળ આવે છે ? હવેથી તારે અને અમારે કાંઈ સગાઈ નથી; દુષ્ટ દુરાચારી આંધળાનો પુત્ર દુર્યોધન બોલ્યો, અરે પાંડવો તમે તેને લઇ જાઓ. મારે તે સ્ત્રી કામની નથી, તે જાદુવાળીને હું ઘરમાં ઘાલનાર નથી. જે એના નિમિત્તનો લેખ હતો તે મેં મારી જાતે છેકી નાંખ્યો છે. જો એને હું મારા ઘરમાં રાખું તો મારું ભૂંડું થાય. ધર્મરાજા કહે, ઠીક ત્યારે હવે પછી ફરીને નામ ન લઈશ. ભીમે જાણ્યું;ઠીક વહેમ ભરાયો છે એમ ધારી દુષ્ટને કહ્યું, તારા ઘરમાં ચાર દહાડા રાખી જો, પછી તારી મરજીમાં આવે તેમ કરજે.દુર્યોધન કહે, હું સઘળું સમજું છું;તેં રાખવાનું કહ્યું પણ મારે તેનું કંઈ કામ નથી, તારે મારા ઘરનાંને મરાવી નાંખવાં છે પણ મારે તેમ કરવાનો શોખ નથી; દુષ્ટે એ પ્રમાણે કહ્યું, તમે તમારી સ્ત્રીને ખુશીથી લઈ જાઓ, એટલે ધર્મરાજા દ્રૌપદી પ્રત્યે બોલ્યા, હે સુંદરી, તમે વિદુરકાકાને ત્યાં વાસો કરજો, તે આપણે પિતા સમાન છે,થોડા દિવસે તમારા પિયરથી તેડવા આવે એટલે તમેતમારે પિયર પંચાળ દેશમાં જજો.પછી વિદુરકાકાનેકહ્યું તમેઅમારે માથે તાતને ઠેકાણે છો. માટે કુંતાજી, દ્રૌપદી, સુભદ્રા તથા અભિમન્યુને હંમેશાં તમારે ઘેર રાખજો અને તેમને સાચવજો. અભિમન્યુ જે માગે તેલાવી આપજો.એવું સાંભળી વિદુરજી બોલ્યા, હે દીકરાઓ, તમે તેમની બિલકુલ ચિંતાના કરશો. એમ કહી રડવા લાગ્યા. એટલે દ્રૌપદી ધર્મરાજાને કહે છે હે મારા વહાલા નાથ,જેમ માછલું જળ સિવાય રહેતું નથી તેમ પતિ વિના પત્ની કદી રહેનાર નથી, હું રતીપુર તમારા વિના અળગી રહેવાની નથી,હું તો તમારી સાથે વનમાં આવીશ.જ્યાં તમે જશો ત્યાં દાસી તમારી સેવા માટે આવશે.કાયાને જેમ છાયા વળગી છે તેમ હું દાસી તમને વળગી છું. હું તમારી સ્ત્રી છું તેથી ઘડી પણ તમને મૂકીને ખસવાની નથી. મારું આખું જીવન તમે છો.માટે તમારા ગયાપછીશાસુખને સારુ હું અહીં બેસી રહું ?ધર્મ-રાજા કહે;હે નારી, વનમાં તારું કોમળ મોં કરમાઈ જશે.ટાઢ તડકા, વરસાદ વિગેરે વેઠવા પડશે. એ પ્રમાણે વનમાં અતિશય કષ્ટ પડશે. ઝટીઆ જાળામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભરાઈ જશે,ઉષ્ણઋતુએ ચરણ બળી જશે,ત્યાં પહેરવા, ઓઢવા તથા સુવાનું કંઈ સાધન બની શકે તેમ નથી. માટે માનુની, તમારા મનમાં વિચાર કરીને ડાહ્યાં થાઓ, વનમાં આવીને તમારી કોમળ કાયા દગ્ધ ન કરશો.વનમાં પશુ પક્ષી,રાક્ષસ વિગેરે ઘાતકી પ્રાણીઓનો મોટો ભય રહેલો છે.સ્વપ્નામાં પણ સુખ મળવાનું નથી.અતિશય ઉપાધીમાં આવી પડશો.દ્રૌપદી કહે,તમે વનમાં જઇને દુઃખપામશો તો સુખ મારે શા કામનું છે ? મારે પણ તમારી સાથે દુઃખવેઠવુંછે.

ધર્મરાજાએ ઘણું કહીને સમજાવ્યા, પણ સતી છે તેથી પતિને મૂકીને કેમ અળગી રહે ? છેવટે થાકીને યુધિષ્ઠિરે કહ્યું, તારાં મૂળ વસ્ત્ર ઉતારીને વનફુળ પહેરી લે.એટલે દ્રૌપદીએ પોતાના મૂળવસ્ત્ર ઉતારી નાખ્યા અને ખાદીનાં વસ્ત્ર અંગ ઉપર ધારણ કરી દીધાં. પાંચ પતિ અને છઠ્ઠી પત્ની સભાની બહાર નીકળ્યાં. ધર્મરાજાએ મોટા ભાઈ જાણીને દુષ્ટ દુર્યોધનને નમસ્કાર કર્યા, પાપી મનમાં ખુશી થઇને બેસી રહ્યો છે. પાંચ પાંડવો તથા દ્રૌપદી એ છએ જણાને વન જતાં જોઇને દુષ્ટ દુર્યોધન બોલી ઉઠયો, કુંતાપુત્ર,તમારાં હથિયાર રાજસભામાં મૂકીને ચાલ્યા જાઓ. એટલે સભામાં સતીઓ ક્રોધ કરીને બોલ્યા,બ્રાહ્મણનું જનોઈ અને ક્ષત્રીનું ખડગ કોણ ઉતરાવનાર મુવો છે, એટલે પાપીએ કહ્યું,ત્યારે સાથે લઇને જાઓ. પાંડવો વનમાં ચાલ્યા એટલે આખા નગ્રનું લોક તેમની પાછળ ચાલ્યું. તમામ લોકો બેફાટ રડતા ચાલ્યા જાય છે.પાપી દુર્યોધનના મનમાં બિલકુલ દયા આવતી નથી.સર્વેજણાએ મનમાં વિચાર્યું.પાંડવો વનમાં જાય છે તો આપણે પણતેમની પાછળ જવું. એમ ધારી સઘળા રુદન કરતા તેમની પાછળ ચાલ્યા. દ્રોણ, કૃપાચાર્ય,વિદુર,ભીષ્મ,વૃદ્ધ કુંતાજી અને વળી અભિમન્યુ,સુભદ્રા સર્વે રડતા જાય છે અને દુર્યોધનને ગાળો દે છે. આવો રાજા મરણ પામજો. અનેકની આંતરડી કકળવા લાગી અને નિસાસા નાંખવાં લાગ્યા, એકલા ધર્મરાજા આનંદમાં છે, તેમના મનમાં જરા દિલગીરી નથી. ધર્મરાજા દરવાજા બહાર આવીને ઊભા રહ્યા ત્યારે અપાર ભીડ ભરાઈ છે. સર્વેને યુધિષ્ટિર કહેવા લાગ્યા, ભાઇઓ, તમે સઘળા પાછા જાઓ. સઘળી રૈયત ધર્મને હાથ જોડીને:: કહેવા લાગી, આ દુષ્ટના રાજ્યમાં રહેવું તે અમને પસંદ નથી, માટે અમે તમારી સાથે વનમાં આવીશું. ધર્મે હરિજનોને સમજાવીને કહ્યું, તમે તમારે હરિભજન કરજો. જે જેવું કરશે તેવું તે ભોગવશે.કોઠ વાવવાથી કેળાં ઉતરવાનાં નથી. અને કેળ વાવવાથી કોઠ ઉતરવાના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નથી માટે માયાનું રટણ કરનારને મોક્ષપદ મળતું નથી અને મોક્ષેચ્છુને માયામાં આવવું પડતું નથી,તમે સહુ સમજો છો,કાંઈ કહેવું પડે તેમ નથી,માટે કૃપા કરી પાછા વળો.બાર વરસ કાલ પૂરાંથશે અને કાલ ઘેર આવીશુ..અમારી કોઈ વાતની ચિંતા ના કરશો, વનમાં ફરીશું અને પ્રભુ ભજન કરીશું,અમે ખુશી થયા છીએ.કારણ, માયારૂપી પ્રપંચમાંથી મુક્ત થયા, તમે કોઇ રડશો નહિ. અને કકળશો નહિ, તમે સપુત છો તેથી કંઈ સમજાવું પડે તેમ નથી.

એમ ધર્મરાજા સહુને રજા આપીને પાછા કાઢે છે પણ પાછા વળતા નથી, પછી છેવટે યુધિષ્ઠિરે પોતાના સોગન દીધાં એટલે સર્વજણે આંખોમાંથી આંસુ લુછી નાંખ્યાં અને ધર્મરાજાને પગે પડયા, દ્રૌપદીને પણ પગે લાગીને અઢારે વર્ણ રુએ છે,સતી કુંતાજીએ પાંચે પુત્રોને હૃદિયા સાથે ચાંપ્યાં. પછી પાંચે પુત્રો તથા દ્રૌપદી છએ જણ કુંતાજીને પગે પડયા,કુંતા માતાએ તેમનાં મસ્તક ઉપર હાથ મૂકયો, હે દુઃખી દીકરાઓ, તમે સુખી થજો, અહોનિશ તપ પરમેશ્વરનું સ્મરણ કરજો, અમારી બિલકુલ ચિંતા કરશો નહિ. અભિમન્યુ અર્જુનજીને વળગી પડીને બોલ્યો, હે તાતજી,તમે વહેલા આવજો.અમારા માટે તમે ઉદાસ રહેશો નહિ, તમારી જાત જાળવજો. અર્જુનજીએ ચુંબન કરીને પુત્રના મસ્તક ઉપર હાથ મૂકયો,પુત્રને કહ્યું,બેટા, દાદાની સેવા કરજો એને ખુશીમાં રહેજો એમ કહી અળગો કરીને પાંડવો નગરની બહાર નીકળ્યા.

: વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે,હે રાજન,સભાપર્વ પૂરું થયું. જનમેજય રાજાએ બ્રહ્મભોજન કરાવ્યાંઅને વિધિપ્રમાણે દાન આપ્યાં.બ્રાહ્મણને જનોઈ દીધી અને બ્રહ્મપુત્રીનાં કન્યાદાન દીધાં, અપાર ધાન્ય ભરી બ્રાહ્મણોને અર્પણ કર્યાં,ગૌદાન પણ પુષ્કળ આપ્યાં,શ્યામપડદો હતો તે શ્વેત થયો.અને શ્યામ તલ હતા તે શ્વેત થયા.શ્યામગાય શ્વેત થઈ.રાજાએ પ્રત્યક્ષ પ્રમાણ દીઠું તેથી અતિશય હરખાવા લાગ્યો,પછી રાજા કથા સાંભળવા આસનવાળીને બેઠો.

વિશ્રામ ત્રીજો

સભા પર્વ પૂરણ હવું, ઉતરી બ્રહ્મહત્યાય;
વન પર્વની કહું કથા, વલ્લભ તે મહિમાય.

સભા પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૩ વન પર્વ

વૈશમપાયનઋષિ જનમેજય રાજાને કહે છે કે હે રાજા, હું હવે વનપર્વની કથા કહું તે શાંત વૃત્તિ તથા નિર્મળ મન રાખીને એક ચિતે શ્રવણ કર. પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી નગરની બહાર નીકળ્યાં. કુંતાજી કહે, ભીષ્મ દ્રોણ, વિદુર તથા કૃપાચાર્ય વિગેરે અચકાયા. સઘળાનાં દિલ દગ્ધ થઇ ગયાં છે, સુભદ્રાજી ઊભાં ઊભાં ટળવળે છે, અભિમન્યુ નાનો બાળક છે; એમ વિચાર કરી હૈયાફાટ રુદન કરે છે. અભિમન્યુ પણ રુદન કરે છે. હે પિતાજી તમે કયારે મળશો ? તેની કાયા થર થર કંપે છે.. તે જોઇ અર્જુનને પણ આંસુ છુટે છે.ધર્મરાજાએ સર્વને શિખામણ દઇ પાછા વાળ્યાં. પછી પોતે વનનો રસ્તો ઝાલ્યો. ધર્મરાજાએ પોતાના ચાર ભાઇને તથા સતી દ્રૌપદી રડતાં જોયાં, તે જોઇ યુધિષ્ઠિરે કહ્યું, તમે તમારે વનમાં ચાલ્યા જાઓ અમે અમારી મરજીમાં આવશે ત્યાં જઇશું.અમે એકલા ફરીશું અને પ્રભુનું ભજન કરીશું, મારે આનંદ છે અને તમારે કલેશ છે, તેથી મારે તમારે બનવાનું નથી,એટલે પાંચે જણાં રડતાં બંધ થયાં અને ધર્મને કહેવા લાગ્યા, હે ધર્મરાજા અમે તમારા જોડે આવીશું; હવે પછી કોઈ દિવસ કલેશ નહિ કરીએ, એમ કહીને કેડે ચાલ્યાં. ધરતી તપી ગઇ છે, તેથી રેતીઅગ્નિ માફક ઉકળી છે, તેમાં પગ બળે છે,ચાલતાં ચાલતાં પાછાં પડી જાય છે,છાંયો દેખીને દોડે છે,પણ પગમાં બિલકુલ જોડા નહિ હોવાથી ચામડું દાજી ફોલ્લા ઊઠે છે, વૃક્ષ ઘટામાં પેસવા જાય છે, પણ વસ્ત્રો કાંટામાં ભરાય છે, કોમળ કાયાવાળી દ્રૌપદીનાંઝટીઆં જાળામાં ભરાય છે.કોઇ દિવસ દીઠામાં નહોતું આવ્યું તે કમનસીબે આવી પડયું,તેથી મનમાં રડું રડું થઈ જાય છે. પણ મુંઝાઇને રહે છે. ઉઘાડું રડાતું નથી, સુખેદુઃખે ચાલ્યાં જાય છે. અને રાત્રી પડે છે ત્યાં મુકામ કરે છે; જતાં જતાં થોડે દિવસે ધ્રુમ ઋષિનામઠમાં પહોંચ્યાં.પાંડવો ઋષિનેપગે લાગ્યા. પાંડવોની દુર્દશા જોઈ ધ્રુમ ઋષિની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. ઋષિ પૂછે છે, અરે દુઃખીઆ દીકરાઓ ! વસ્ત્રાભૂષણ કયાં ઉતાર્યા ? આવા દુર્બળ વેશે કેમ ભટકતા આવ્યા ? ભીમસેન કહે, અરે મહારાજા, કૌરવોએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કપટ કરી અમને બાજી રમાડી, તે બાજીમાં અમે હાર પામ્યા; તેથી દુર્યોધને ઘર, ગામ તથા રાજપાટ ખુંચવી લીધું, વળી વનકુળ પહેરાવીને વનમાં કાઢી મૂકયા. હવે તમારે શરણે આવ્યા છીએ. ધ્રુમઋષિ કહે, થોડા દિવસે કૌરવોનું કુળ નાશ પામજો. ધર્મરાજા કહે, અરે મહારાજા, આ શું બોલો છો ? તમે પહેલાં મારી વાત સાંભળી લો, નબળો સબળો ગમે તેવો મારો ભાઇ છે, એ ભાઇએ ખોટું નથી કર્યું; હું પ્રસન્ન થયો છું, કારણ કે ભાઇએ વનમાં ન કાઢયા હોત તો આજ આપનાં દર્શન કયાંથી થાત ? સંસારની ઉપાધીથી મુકત કર્યો, માટે તેણે ઠીક કામ કર્યું છે. સુખમાં સુંદરી તથા સોનું સાંભરી આવે છે અને દુઃખમાં ઇશ્વરનું નામ સ્મરણ કરવાનું સુઝે છે, ઋષિ કહે છે, ધન્ય છે ધર્મરાજા તું અર્થ બહુ સવળો લે છે. પણ દુષ્ટ દુર્યોધનનાં કૃત્ય જોઇને મારો આત્મા ગાળ દે છે, જે પુરુષ ગુણ કેડે અવગુણ કરે તે દુષ્ટ દુરાચારી સમજવો અને જે અવગુણ કેડે ગુણ કરે તે ધર્મિષ્ટ સદાચારીજાણવો એમ કહી ને પાંડવોને પોતાના આશ્રમમાં રાખ્યા. પાંડવો વનમાંથી ફળ લાવીને ખાય છે. પણ બ્રાહ્મણનું કંઇ પણ ખાતા નથી. પ્રેમ વડે કરીને ઋષિઓની સેવા કરે છે. હરનિશ સત્યસમાગમ ચાલે છે, જેથી પ્રભુજી રાજી રહે છે. ઋષિને ધર્મરાજા પ્રશ્નો પૂછે એને જે જવાબ મળે છે તેનાથી ઘણો આનંદ પામે છે. પાંડવો સદા પ્રભુનું જ રટણ કર્યા કરે છે, પાંડવોની સેવાથી બ્રાહ્મણો ઘણા ખુશી થાય છે. અને આશીર્વાદ આપે છે. ધર્મરાજા કહે છે, હે દુર્યોધનભાઇ, તારો હું ઘણો ઉપકાર માનું છું, કારણ કે વનમાં આવવાથી બ્રાહ્મણોની સેવા બને છે. અમાર નસીબને પણ ધન્ય છે, કે હંમેશા બ્રાહ્મણોનો સમાંગમ ચાલ્યો.

એમ કરતાં છ માસ વહી ગયા. પાંડવોએ ઋષિપાસેથી વિદાયગીરી માંગી પોતાના ખરા મનથી અને તનથી ઋષિની સ્તુતિ કરે છે, હે મહારાજા, આપના ચરણની સેવા કરી એટલે અડસઠતીર્થની યાત્રા થઇ ચૂકી. હે બ્રહ્મદેવ. અમારાથી આપની કંઇ સેવા થઈ નથી, અમારા કમનસીબે વનમાં આવ્યા છીએ અને આપને ઊલટી ઉપાધીમાં નાંખ્યા. ઋષિકહે, અરે સત્યવાદી ધર્મરાજા, તમે એ શું બોલો છો. અમે સેવાને ઇચ્છતા નથી, અમે ફકત તમારી નિર્મળતા અને પ્રભુની ભકિત જોઇને આનંદ પામ્યા છીએ. તમે ક્ષત્રીનો ધર્મ બરોબર પાળો છો તમારા આવવાથી મનેકંઇ ઉપાધી થઇ નથી, હમેશાં સમાગમ ચાલ્યો તેથી હું ઘણો ખુશી થયો; પહેલાં અમારા વિદ્યાર્થી સાથે ચાલતો હતો, અને તમારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવ્યાથી તમારી સાથે થયો, તમારી પ્રેમભકિત જોઈ મારું હૃદય ખુશી થાય છે. સુખદુઃખ તો ચાલતું આવ્યું છે. તેમાં હર્ષશોક કરવાનો નથી, ધર્મ કહે, અરે મહારાજા, આપના ચરણની સેવાથી મને એવો લાભ થયો, જેથી કરીને સર્વે દુઃખાદિ ઉપાધીઓનો નાશ પામી એમકહીપાંડવો ઋષિપાસેથી આજ્ઞા લઇ અડસઠ તીર્થની યાત્રા કરવા સારું ગયા. તીર્થેતીર્થેસ્નાન કરેછે અને પ્રભુનું નિર્મળ બુદ્ધિ વડે કરીને ધ્યાન ધરે છે. મૂળ જ્ઞાનને ગ્રહણ કરીને નિષ્કપટપણે યાત્રા કરતાં જાય છે, વનપર્વમાં વિશેષ વાતો છે તેથી કરીજે લાંબો વિસ્તાર થાય તેમ છે પણ શ્રોતાજનોને સમજવાને માટે ટુંકમાં સાર દર્શાવ્યો છે. શ્રોતાજનોએ એટલો સાર સમજવાનો છે કે નીતિ, અનીતિ શીલતા, અને અશીલતા વિષે વિચાર કરવાનો છે. જેનું સર્વે ગયું હોય તેને મનમાં ન લાવવું, કારણ કે કોનું છે, અને કયાં જાય છે, તેને બરોબર અનુભવીને પૂછીને નિશ્ચય કરવો. જે બધું છે તે કયાં જતું નથી. ફકત જગતમાં આધું પાછું થાય છે. જેને જે પ્રાપ્ત થાય છે તે જાણે છે કે મને મળ્યું અને જેની કનેથી બીજે જાય છે તે જાણે છે કે ગયું. આ વિશ્વનો વ્યવહાર મિથ્યા છે, કારણ, જેટલું આપ્યું છે તેટલું કોઇએ સાથે લીધું નથી. જયાં હતું ત્યાંનું ત્યાં પડી રહ્યું. જેની પાસેથી નાશ પામ્યું, તેણે વિચાર કરવો કે હું કેટલું જોડે લઇને આવ્યો હતો, જીવતાં સુધી મારું તારું છે બાકી ખરું જોતાં તે મિથ્યા અહંકાર છે. વિદેહી પુરૂષોએ તો જીવતાં જ મિથ્યા માનેલું છે. ધર્મરાજા એવું સમજીને મનમાં હર્ષશોક ધરતા નથી. માટે તે પ્રમાણે શ્રોતાજનોએ પણ સત્ય સમાગમ કરી સમજવું. જે વખતે દુઃખ આવી પડે. તે વખતે દિલને દુઃખાડવું નહિ, અને સુખ આવી પડે તો હર્ષમાં પડવું નહિ. કોઇને નથી આપવાનું, કે લેવાનું, આ સંસારબાજી ફોગટ છે શ્રોતાજનો ધર્મરાજાની પેઠે સમજશે તેને કદી દુઃખ દુભી શકતું નથી. જે લોકો વાદીગરનો ખેલ સમજે છે તેમને સદા સુખ જ છે. શ્રોતાજનોએ ફકત એટલું તત્વ સમજી લેવું, બીજો વૃથા સાર પકડીને નર્કમાં જવાનો યત્ન કરવો નહિ.

ભારત કથા પાંચ પ્રકારે છે. તેનો પાર આવી શકે તેમ નથી. હવે પાંડવોએ સર્વ તીર્થ યાત્રા કરીને વિચાર કર્યો, આપણે કયો રસ્તો પકડવો. ધર્મરાજા કહે, અરે ભાઇઓ, ચાલો આપણે ગૌતમ ઋષિને આશ્રમે જઇએ, એમ વિચાર કરી પોતે ગૌતમમુનિના આશ્રમે ગયા. પાંડવોની દુર્દશા જોઇને ગૌતમ-મુનિએ પોચા કરડીને કહ્યું, અરે પ્રભુના પ્રેમી ભકતો, તમે કેમ દુઃખી હાલતમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવી પડયા ? ભીમસેને જવાબ આપ્યો, અરે મહારાજ, કૌરવોએ કપટબાજી રમાડી અમારી પાસેથી ઘર ગામ તથા રાજપાટ સર્વે ખુંચી લીધું અને વનમાં કાઢયા. ઋષિએ કહ્યું, હવે બેટા, તમારૂં સારું થશે. અને થોડે દહાડે કૌરવોનું સત્યાનાશ જશે. ધર્મરાજાએ ભીમસેનને-ઠપકો આપ્યો, અરે મૂર્ખા તને બીલકુલ અક્કલ નથી, ભીમ કહે, કેમ મોટાભાઈ ગુસ્સે થયા ? ધર્મે કહ્યું. જ્યાં ને ત્યાં સૌથી પહેલો જવાબ આપે છે. તેથી ઋષિઓ શ્રાપ દે છે. ભીમકહે, ખોદે તે પડે એમાં નવાઈ જેવું નથી. કૌરવો પાપી છે, તેથી તેમનું સત્યાનાશ જશે; એમાં કોઈ આશ્ચર્ય જેવું નથી. ધર્મ કહે, મૂર્ખા તારા પેટમાં પાપ છેમાટે તારૂં બુરૂં થશે, ભીમસેન બોલ્યો, મોટાભાઇ, મારામાં જોપાપ હોત તો આપણે વનમાં આવવું પડત નહિ, કારણકે કૌરવોને મારી નાંખી સઘળું રાજપાટ લઇ લેત. પણ પ્રભુની બીક રાખી હું તો સત્યથી જ વર્તુ છું. ઋષિ પૂછે છે તેનો યથાર્થ જવાબ આપું છું. ધર્મ કહે, હવે પછી તારે જવાબ દેવો નહિ નહિ. ભીમ કહે, બહુ સારું, હવે પછી જવાબ આપું તો ચાર તમાચા મારજો.. ધર્મ કહે, ગમે તેવા કૌરવો છે, પણ આપણા ભાઈ છે; તેમની તો તું પાસેરહીને ભવાઇ કરેછે. ભીમ કહે, મોટાભાઈ જેવા હશે તેવા ગણાશે એમાં શી નવાઈ છે? એમ કરતાં કરતાં પાંડવો ગૌતમમુનિના આશ્રમે છ મહિના રહ્યા. જ્યાં ઋષિઓના આશ્રમે જાય છે, ત્યાં બિલકુલ તેમનું ભોજન કરતા નથી, પોતાની જાતે વનફળ લાવે છે અને તેનું ભક્ષણ કરે છે. સત્ય સમાગમ કરે છે, અને બ્રાહ્મણની સેવામાં અહોનિશ હાજર રહે છે. ધર્મરાજા ગૌતમમુનિને પ્રશ્નો પૂછે છે અને તેનો જવાબ યથાર્થ મળવાથી ઘણા ખુશીથાય છે. પછી પાંડવોએ સ્તુતિ કરી ગૌતમમુનિ પાસેથી જવાની આજ્ઞા માગી. ગૌતમે કહ્યું, ભાઇઓ, અહીં રહો તો બહુ સારું, કારણ કે અહીં રહેવાથી સત્ય સમાગમ અને પ્રભુનું ભજન રૂડે પ્રકાર થશે, ધર્મરાજા કહે, આપનું કહેવું સત્ય છે પણ એક જ આશ્રમે ઘણો વખત ગાળવો એ ઘટીત નથી. માટે કૃપા કરી આજ્ઞા આપો તો અમે અગસ્તના આશ્રમે જઈએ. એમ કહી પાંડવો નમી પડયા, એટલે ઋષિએ તેમનાં મસ્તક ઉપર હાથ મુકયો. પછી ધર્મરાજા, ચાર ભાઈ તથા પત્ની સહિત ત્યાંથી ચાલ્યા.

સતી કુંતાજીનાપુત્રોઅગસ્તમુનિના આશ્રમેગયા. પાંડવો જઈ ઋષિને પ્રેમ વડે પગે લાગ્યા; અગસ્ત ઋષિ પાંડવોની દુર્દશા જોઈ ગુસ્સે થયા અને કૌરવોને શ્રાપ દીધો કે તમારું સમુળું મૂળ જજો. પાંડવોને ઋષિએ ઘણો જ આશીર્વાદ આપ્યો. ધર્મરાજાએ સ્તુતિ કરી અરે માબાપ, આ તમે શું કર્યું ? ગમે તેવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુષ્ટ છે, પણ મારો ભાઈ, તેને આપે શ્રાપ આપ્યો. અમારું એણે ભૂંડું કર્યું નથી, ઉલટું સારું કર્યું છે. તેણે સંસારની ઉપાધી છીનવી લીધી તેથી હું ખુશી થયો છું. વનમાં આવવાથી અડસઠ તીર્થોની યાત્રા કરી, અને તમ સરીખા મહાન ઋષિઓનાં દર્શન થયાં, તે સઘળો એનો પ્રતાપ છે, એવા મારા સપુત ભાઈઓને શ્રાપ દેવો એ આપને ઘટીત નથી એવું સાંભળી અગસ્તમુનિ બોલ્યા. સપુત હોય છે તે હંમેશાં સવળું જ માને છે, પણ મેં કાને સાંભળ્યું છે, એ પાપીનાં ઘણાં પાપ એકઠાં થયાં છે. અતિ પાપનો ભારો થવાથી માઠું પરિણામ નિવડે છે. પછી ત્યાં છ મહિના પાંડવો રહ્યા. ત્યાંઋષિનું બિલકુલ જમતા નથી વનમાંથી વન ફળ લાવી આહાર કરે છે, અને તેમની સેવા કર્યા કરે છે. અગસ્તમુનિ ધર્મરાજાની પ્રેમભક્તિ જોઈ હરખાવા લાગ્યા. પાંડવોએ ઋષિ પાસેથી વિદાય થવાની આજ્ઞા માગી લીધી. મુનિએ કહ્યું, બેટાઓ, અહીં રહો તો મારો જીવ આનંદ પામે, તમે વનમાં રહેશો તો દુઃખ પડશે, ટાઢ, તાપ, વરસાદથી અતિશય દુઃખી થશો, તમે કોઈ દિવસ દુઃખ દીઠું નથી, પાપીએ તમારા ઉપર ઘણો જુલમ કર્યો છે. તેથી હું ગુસ્સામાં છું. ધર્મ કહે, ના મહારાજા તેમનો બિલકુલ દોષ નથી. અમારા નશીબમાં દુઃખ છે, તેમાં તેમનો શો દોષ કાઢીએ? અગસ્તઋષિ ધર્મરાજાના વાકય સાંભળી ખુશ થયા છે. પછી પાંડવો ઋષિને નમી પડયા. અગસ્તમુનિની પાસે પાંડવોએ આજ્ઞા માગી તેથી પોતે ઉદાસ થઇને કહેવા લાગ્યા, તમારા વિના મને ગમવાનું નથી. ધર્મરાજા કહે, મહારાજા, આપનું કહેવું ખરું છે, પણ ગયા સિવાય ચાલે તેમ નથી. ઋષિ બોલ્યા, જો તમારે જવાની જ મરજી હોય તો તમેઇંદ્રરાજાના મહાદેવમાં જાઓ ત્યાં શિવરાત્રિનો મોટો મેળો ભરાય છે. મહાદેવજીનાં દર્શન કરજો. નિવૃત્તિમાં દિવસ ગુજારજો. પણ તમે વગડામાં જશો ત્યારે રણભૂમિમાં શું ખાશો? તે તમારું દુઃખ નિવારણ કરવા માટે હું એક મંત્ર આપું છું. તેનાથી સૂર્યનું અક્ષપાત્ર મળશે. એમ કરીને દ્રૌપદીને એકાંતમાં બોલાવી અને ઋષિને દયા આવવાથી સૂર્યનો મંત્ર આપ્યો. પછી કહ્યું, હંમેશાં મંત્ર ભણી સૂર્યનારાયણની પાસે અક્ષપાત્ર માગી લેજે. પણ તે સઘળું તારા હાથથી જ બનશે, બીજાથી બનવાનું નથી. તારા હાથે તું જે ધારીશ તે અન્ન પેદા થશે. તારા જન્મ્યા પછી કાંઈ ઉત્પન્ન થવાનું નથી એવું સાંભળી દ્રૌપદીજી મુનિને ઘણા પ્રેમથી નમી પડયાં. ઋષિએ આશીર્વાદ આપ્યો. દ્રૌપદીજીએ પૂછયું, મહારાજા, આપનું કહેવું સત્ય છે પણ હું જ્યારે ચાર દિવસ રજસ્વલા હોઉં ત્યારે મારા સિવાય તો અન્ન નિપજે નહિ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તો તે વખતે ભૂખ્યા રહેવું કે શું કરવું? એવું સાંભળી મુનિએ જવાબઆપ્યો, ચાર દહાડા અર્જુનજીના હાથે સામગ્રી ઉત્પન્ન થશે અને તમારું સઘળું સંકટ દૂર થશે. એવું સાંભળી આનંદ પામી પોતાના પતિની પાસે ગઈ, પછી તેઓએઋષિનીઆજ્ઞામાગી.મુનિએઆશીર્વાદ આપી મસ્તકઉપર હાથમૂકયો.

પાંડવો અગસ્તના આશ્રમથી વિદાય થયા. દુર્યોધન રાજાએ પાંડવોની તપાસ રાખવા માટે અનુચરો રાખેલા છે, તે વિપ્રને વેશે ફર્યા કરે છે, સેવકો હમેશાંપાંડવસંબંધી તમામ હકીકત દુષ્ટને જણાવે છે, પાંડવો ઇંદ્રના મહાદેવ વિષે યાત્રા કરવા સારુ ગયા. યાત્રાની વાર હોવાથી મુકામ માટે તેમણે શિવાલયથી થોડેક છેટે ઝૂંપડી બાંધી, હસ્તિનાપુરમાં કૌરવોએ વાત સાંભળી, પાંડવો ઇંદ્રના મહાદેવમાં યાત્રા કરવાસારુગયા છે, દુષ્ટ દુર્યોધન મામાનેકહેવા લાગ્યો,પાંડવો યાત્રાને માટે ઇંદ્રના મહાદેવ ગયા છે તેથી તેમની સાથે દ્રૌપદી પણ ગઇ હશે?શકુની બોલ્યો, અરે મૂર્ખા,મેં તને ઘેર બેઠાં અપાવી હતી, તે તું ખોઈ બેઠો અને હવે શા સારુ વલખાં મારે છે? દુષ્ટે કહ્યું, મામા, મારી મોટી ભૂલ થઈ ગઈ, મેં દ્રૌપદીને જવા દીધી; તમે મારે માટે ઘણી મહેનત કરી મને અપાવી હતી; પણ મારું નસીબ ફુટેલું તેથી રૂપાળું રમકડું જવા દીધું. હે મામા,ગમે તેમ કરી હવે રસિલી દ્રૌપદીને અહીં લાવો તો બહુ સારું થાય. જો તમે નહિ લાવો તો પ્રાણ તજી દઈશ, મને ઘડીવાર દ્રૌપદી વિસરતી નથી, એનું સ્વરૂપ સાંભળી આવે છે,એટલે મારું કાળજું ખસી જાય છે.એનું કાલું કાલું બોલવું મને ઘણું સારું લાગે છે, મૃગના સરખી આંખો જોઇ મારું મન આનંદ પામે છે,મારી બુદ્ધિ ફરી ગઈ તેથી મેં આપી દીધી. હવે જો તમે લાવી આપો તો મારા ઘેર રાખીશ. મને રૂંવે રૂંવે સાલે છે. એવું સાંભળી દુષ્ટ શકુની બોલ્યો,અરે છત્રપતિ દુર્યોધન, તું ચિંતા કરીશ નહિ; કારણ વનમાં તેને ઘણું દુઃખ પડતું હશે તેથી તે ઘણી અકળાઈ હશે.પહેલાં એ જાણતી હતી, વનમાં લહેર કરીશું, પણ વનમાં બહુ દુઃખ પડયું હશે, હવે તો રાત્રિ દિવસ તારું જ ભજન કરતી હશે. એના મનમાં હશે, કયારે દુર્યોધનની પાસે જતી રહું. તું બિલકુલ શોકમાં રહીશ નહિ, તે બહુ પસ્તાતી હશે. મેં કયાં દુર્યોધનને મૂકયો. વનમાં ફરી ફરીને ધરાઈહશે,ભૂખ દુઃખ ઘણું વેઠયું હવે,તેથી તારું જ ધ્યાનધરતી હશે.તે સ્ત્રી ઇંદ્રના મહાદેવમાં પાંડવો સાથે નિશ્ચય આવી હશે માટે ચાલો આપણે પણ ત્યાં જઇએ. મને તો જરૂર એવું ભાસે છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તારા જ ઉપર પ્રેમ થયો હશે. જેમ તરસ્યાને પાણી મળે તેમ તને દેખીને હરખાશે, બહુ દુઃખ પડયુ છે તેથી સ્ત્રી જાતી તને જોઇને ભોળવાઈ જશે. એના હૈયામાં હોળી બળે છે તેથી જરૂર તને બાઝી પડશે. તું કાઢી મૂકીશ તો પણ જશે નહિ. સુખ મૂકીને દુઃખમાં કોણ પડે ? તારું છત્રપતીનું સુખ કયાં અને પાંડવોનું સુખ કયાં ? પાંડવોને જ ખાવાનાં ફાંફાં છે તો તેણીને કયાંથી સુખ હશે? માટે આપણે જો ત્યાં જઇએ તો નારી હાથમાં આવે, એવું સાંભળી પાપી હસીને બોલ્યો કે ખરી વાત છે મામા,તે બિચારી મારું જ ભજન કરતી હશે. ચાલો મામા, ત્યાં જવાની તૈયારી કરો.નહિ તો રાણી ટળવળીને મરી જશે, બધાં સૈન્યને સાથે રાખશો નહિ. દસબાર યોદ્ધાઓ રાખજો. કાલે સવારમાં રૂપાળો ફાંકડો બનીને આવુ છું. જરીનાં કપડાં પહેરી લઇશતેથી મને જોઇને મોહિત થઈજશે.હવે યાત્રાના દહાડા લગભગ પૂરા થવા આવ્યા છે. તેથી દસ દિવસ પહેલાં યાત્રાળુ લોકો ત્યાં મહાદેવ ગયા,નિર્મળ મતિના અને પ્રેમ ભરેલાં કંઇક લોકો તંબૂ તાણીને ઉતર્યા. યાત્રાને વિશે હજારો માણસ આવવા લાગ્યા છે, તેમાં કેટલા દર્શનને માટે આવ્યા છે,કેટલાક ચોરીઓ કરવા આવ્યા છે અને કેટલાક કામી લોકો સ્ત્રીઓને મોહિત કરવા માટે પણ આવ્યા છે. જે જેની ઈચ્છા પ્રમાણે આવ્યા કરે છે.પછી દુર્યોધન રાજા વહાણું વાયું એટલે યાત્રામાં જવાની તૈયારી કરવા લાગ્યો. સેવકોને ખબર આપી, હાથી, સુખપાલ વિગેરે તૈયાર કરવા માંડો. છડી, ચમ્મર, છત્રી વિગેરે સજવા માંડયાં, પોતાના ભાઇઓ યાત્રામાં જવા માટે તૈયાર થયા. દુષ્ટ દુર્યોધન રાજા તમામ જરીના વસ્ત્રો પહેરી તૈયાર થયો. જેમ કોઈ પરણવા માટે જતો હોય તેવી જ રીતે બની ઠણીને યાત્રામાં જવા સારું નીકળ્યો. ખરી રીતે યાત્રામાં જવું હોય તો કોઇને મોહ ઉત્પન્ન ના થાય તેવાં વસ્ત્ર ધારણ કરવાં જોઇએ. મનુષ્યનો દેહ વિવેકથી વર્તવા માટે જ છે, કંઈ પશુ પક્ષીના દેહમાં વિવેક રહેતો નથી. વિવેકહીન પુરુષો નર્કને જરૂર પ્રાપ્ત થાય છે.વિવેક છે તે દશમો નિધિ છે.જેમ ગુણકાનો સ્વભાવ સર્વને વિષયી કરવાનો છે; તેમ કળીયુગનો સ્વભાવ સર્વને સવળું તે અવળું બેસે તો જેવું પોતાનું સુખ હોય તેવુંજ ચાટલામાં દેખાય છે,કોઇ ફેરફાર જેવું ભાસતું નથી,પણ ખરી રીતે વિચાર કરીનેજોઇએ તો એટલોબધોફેરફારમાલમ પડે છે કાંઈ બાકી રહેતું નથી, એવો ફેર માલમ પડે છે કે આપણે પૂર્વ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust-Funding IKS-MoE-Grant-2

ભણી સુખકરીનેબેઠા હોઇએતોચાટલામાંપશ્ચિમભણીમુખહોય છેતેમાટે વિચાર અને વિવેક એ બહુ બળવાન છે, વિચારવાથી અને વિવેકથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાન પ્રાપ્ત થવાથી જ મોક્ષપદને પમાય છે, જ્ઞાન સિવાય મોક્ષપદને પામવાનો બીજો રસ્તો નથી. દુષ્ટ દુર્યોધન વિવેકનો ત્યાગ કરીને યાત્રામાં જવા સારુ નીકળ્યો. પોતાના સો ભાઇ, કારભારી તથા વાજિંત્રો સઘળું તૈયાર કરાવીને ચાલ્યો. જાતજાતના વાજિંત્રો વાગે છે. પાપી અહંકાર ધારણ કરીને હસ્તી ઉપર બેઠો.ભાઇઓતથાકારભારીઓપોતપોતાનાવાહનઉપરબેઠા. નિશાન ડંકા આગળ ચાલ્યા જાય છે, પછી દુષ્ટ દુર્યોધને સર્વને યાત્રાનોરસ્તો ઝાલવાની આજ્ઞા કરી. સર્વે જણાંત્યાંથી ચાલ્યા, એવામાં સ્વર્ગનોરાજાઇંદ્ર છે તેણે એવો વિચાર કર્યો, મારે મહાદેવ યાત્રાનો દિવસ આવ્યો છે. માટે કોઈ નીચ, ઠગારા, દુર્ગુણી તથા વિષયી આવ્યા હશે એવા અહંકારી દુરાચારી પુરુષો મારી યાત્રાનેવગોવશે.એવું જાણીનેતેણે એક ગાંધર્વને બોલાવ્યો, તેના હાથમાં એક સાંગ્ય આપીને કહ્યું કે તું તારો વિશ્રામ યાત્રામાં કરજે અને લોકોની બરાબર ચોકી કરજે.કોઈ ચોર,ધુતારો,ડાંડિયો તથાકોઇ વ્યભિચારી હોય તેવાને બાંધીને માર મારતો મારીપાસે લાવજે.એમ કહીનેયાત્રામાં મોકલ્યો. તેથી તે ગાંધર્વ તરત યાત્રાને વિષે આવ્યો. તેણે વિચાર કર્યો કે જે જગ્યામાં રહેવાથી સર્વની ચોકી થઇ શકે તેવી જગા શોધી કાઢવા એમ ધારી તે મહાદેવના ઓટલા ઉપર આવ્યો, તો તેને તે જગા પસંદ પડી, પોતે ત્યાં ઉતારો કર્યો. હવે દુષ્ટ દુર્યોધન રાજા મોટી ધામધુમ સાથે આવી પહોંચ્યો.

પોતાના મનમાં અતિ અભિમાન ધારણ કરીને ડેરા તંબૂઓ ખેંચાવીને ઉતર્યો, એવામાં પાછલો પહોર થયો એટલે દુષ્ટશકુનીને કહેવા લાગ્યો, મામા રૂપાળી છબીલીની ઝુંપડી કયાં હશે? મામોકહે,ચાલો આપણે તેનું સ્થળશોધી કાઢીએ. પાપી બોલ્યો,હું ને તમે આપણે બંને જણે ત્યાં જવું નથી મામો કહે. ત્યારે તું કહે તેને સાથે લઇએ. દુષ્ટે જવાબ આપ્યો. આપણ બે અને દુશાસન તથા કર્ણ ચારે મળીને જઇએ તો બહુ સારું, મામાએ કર્ણ તથા દુશાસનને બોલાવી લીધા, કર્ણે પૂછયું, કેમ ભાઈ, શું કામછે? પાપીએ કહ્યું, રૂપાળીને ઝુંપડી શોધી કાઢીએ. કર્ણ કહે, બહુ સારું. એમ કહી ચારે જણા ઘોડેસવાર થયા અને કુડી દૃષ્ટિથી જોતા જોતા ઘોડા દોડાવેછે, હવાખાવાનો વિચારકરી પાંડવોની ઝુંપડી તરફ વળ્યા. દ્રૌપદીજી બારણાં વચ્ચે લાંબા પગ કરીને બેઠા છે, દુર્મતિ પુરુષોએ સતીને બારણા વચ્ચે બેઠેલી જોઈ. ચારે જણાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ત્યાં જઈ પહોંચ્યા, આંધળાનો પુત્ર દુર્યોધન દ્રૌપદીને જોઈ ને હરખાયો, પછી દુર્યોધને પોતાનો ઘોડો દોડાવ્યો અને દ્રૌપદીના ચર્ણ ઉપર ઘોડાનો પગ નંખાવ્યો તેવી જ સતી મુખ મરડીને પોતાના પતિ પાસે ગઇ અને પતિને કરજોડીને કહે છે, હું બારણામાં લાંબા પગ ઘાલીને બેઠી હતી ત્યાં દુર્યોધન, શકુની તથા દુશાસન આ ચારે દુષ્ટો ઘોડા દોડાવતા દોડાવતા મારી આગળ થઈને ચાલ્યા, તેમાં અંધપુત્રેઘોડાનો ચર્ણ મારાપગ ઉપર નંખાવ્યો, તેથી મને ઘણું દુઃખ થાય છે. એટલે ધર્મરાજા બોલ્યા, ભોગ તારા. બારણાં વચ્ચે લાંબા પગ ઘાલીને શા માટે બેઠી હતી? જે સ્ત્રી લાંબા ચર્ણ ઘાલીને બેસેછે તેણીને પાપણી સમજવી, જે નારી તારી પેઠેબેસશે તેને તારા જેવી શિક્ષા થશે, આજથી મારો એવો શ્રાપ છે. દ્રૌપદી પોતાના સ્વામીના શબ્દો સાંભળી પસ્તાવા લાગ્યાં, હું તેમ ન બેઠી હોત તો એમાંનું કાંઈ પણ બનત નહિ અરેરે દૈવ, મારા લીધે મારા સ્વામીને ઘણું દુઃખ પડે છે એમ કહી સતી વિલાપ કરવા લાગી. દુષ્ટ લોકો તો ઝુંપડીની આસપાસ ફરે છે. અહંકારી પાપીઓઝુંપડી ઉપર ઘોડા કુદવા લાગ્યા એટલે ભીમે કહ્યું મોટાભાઈ, જો મને રજા આપો તો ચાર દુષ્ટોને ઠેર મારી નાંખું. ધર્મરાજા કહે, એની જમીનમાં આપણને રહેવા દે છે એટલો તેમનો ઉપકારમાનવાનોછે. તું તેમને મારીશ તો હું મારા પ્રાણ તજી દઇશ. ભીમ ધર્મરાજાનું વચન સાંભળી બેસી રહ્યો. શકુની ઝુંપડીની આસપાસ ફરે છે અને બારણામાં ડોકા કરે છે એમ કરતાં સાંજ પડી, દુર્યોધન રાજા શકુનીને કહેવા લાગ્યો. અરે મામા, સાંજ પડી તો પણ આપણું ધારેલુ કામતો બન્યું નહિ, આટલો બધો વખત ફેરા માર્યા પણ-સઘળું નિષ્ફળ ગયું. મામો કહે, હે મૂર્ખા તને કયાં ભાન છે? મારે ને એને સાનો થઈ ગઈ છે, મને તેણીએ કહ્યું છે કે હું છત્રપતીને જ ચાહું છું પાંડવોથી મને દુઃખ પડે છે મારે છત્રપતી પાસે આવવું છે. પાપી બોલ્યો, મારી રસિલી કયારેઆવવાની છે?મામો કહે, તેણીએ એવું કહ્યું છે કે રાત્રે ડેરા તંબુએ આવીશ. મને પૂર્ણ ભરોસો છે કે તે જરૂર રાત્રે તારી પાસે આવશે. દુર્યોધન અતિશય ખુશી થયો અને કહેવા લાગ્યો, ધન્ય છે મામા તમારી બુદ્ધિને; ફકત તમે એકલા જ મારા વહાલેશરી છો મામો કહે, તારા કરતાંમારે હું વધારે છે? પાપીખુશીથયો. એમ તંબુએઆવ્યા, દુર્યોધન મામાને કહ્યું, તમે મારા સોગન ખાઓ. મામો કહે, તારા સોગન. આજ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જરૂર દ્રૌપદી તારી પાસે આવશે. એવું સાંભળી પાપીએ સેવકોને બોલાવ્યા અને તેમને કહ્યું, આજ મારે માટે એકાન્ત સ્થળે જરીનો તંબુ તાણો. વળી મારા ડેરા તંબુની બહાર તથા અંદર ખરેખરી રોશનાઇ કરો. હાંડી તકતા, ઝુમ્મર વિગેરે લટકાવો, લોકો જોઈનેખુશ થાય તેવીસુંદરરોશનાઈ કરો. મેવા મીઠાઇ તથા સાકરીઆં પાણી અંદરમૂકો. પછીસેવકોએ જરીનોતંબુતાણીદીધો

મામાએ ભાણીઆને શીખવ્યું, આજે રાત્રે જાગરણ કરજે. જો ઉંઘીશ તો સઘળી મહેનત નકામી જશે, તું નહિ જાગે તો દ્રૌપદી જોઇને નાસી જશે. કારણ કે તે કોમળ કાયાવાળી શરમાળ છે, તે નાસી જાય તો મારો દોષ કાઢીશ નહિ. દુર્યોધન હસીને બોલ્યો, મામા, જરૂર હું આજે રાત્રે ઊંઘવાનો નથી. બિલકુલ આંખ મીંચવાનો નથી, એને માટે તો ખાસ યાત્રામાં આવ્યો છું. એ પ્રમાણે ડેરા તંબુ તણાવીને અતિશય હરખાવા લાગ્યો, તંબુની બહાર ખુરશી નાખીને બેઠો, મનમાં દ્રૌપદીનું ધ્યાન કરે છે. મનમાં વિચારે છે, પાંડવોને ઊંઘાડી દ્રૌપદી રાણી આવશે, રસિલી પ્યારી આવે તેટલી વાર છે. અરેરે દૈવ, એના જેવું સ્વરૂપ મેં કોઇનું જોયું નથી. આજ મને રાણી મળી જાય તો મારો જન્મારો સફળ થઈ જાય. એમ વિચારમાં ને વિચારમાં પહોર રાત્રી વીતી, અરે મનગનતી સ્ત્રી હજુ કેમ નહિ આવી હોય ? અરે મારા હૈયાનો હાર, હજુ કેમ ન આવી ? એમ પાપી વિચાર કર્યા કરે છે, વળી એક ઘડી થઇ એટલે પાછો બકવા લાગ્યો. ઊઠી ઉઠી જુએ છે પણ કંઈ દેખાતું નથી, એટલે નિસાસો નાંખી તંબુમાં પેસે છે, હમણાં આવતી હશે. આવતી હશે. એમ કહી પાછો ખુરશીમાં બેસે છે. વન વગડામાં તંબુ તાણેલો છે. તેથી વાત સપાટા ચાલે છે. જરી તંબુ ફર ફર હાલે છે; તેથી ઝબકી ઊઠીને દરેક ઠેકાણે જુએ છે. પણ કંઈ દેખાતું નથી. એટલે નિસાસો નાંખે છે, પણ કંઈ દેખાતું નથી, એટલે ડાળી હાલે તેનો પડછાયો દેખાય એટલે ઊભો થઇને નાસે છે. મનનો ધર્મ એવો છે કે જેવું મનમાં હોય તેવું ભાસે છે. તેથી એને એમ ભાસે છે કે અબળા આવી. એટલે ઝડપ લઇને ઝાલવા દોડે છે. પણ પડછાયો દેખાય એટલે પાછો નિરાશ થઈને બેસે છે. અરેરે, હજુ કેમ ન આવી? કંઈ વિઘ્ન થયું હશેકે શું ? પાછી તંબુ વાયુથી ખખડે છે એટલે દુષ્ટ દુર્યોધન દોડે છે, મનમાં ધારે છે કે આવેલાં છે પણ મશ્કરી કરવા માટે દોડાવી મારે છે. ઓ પ્રાણ પ્યારી ઓ પ્રાણપ્યારી, શીદ દોડાવી મારો છો?એમ બકવાદ કરે જાય છે. ચિત્ત હરાયા ઢોરની પેઠે થઈ ગયું છે. ભણકારા વાગ્યા કરે છે, એમ કરતાં કરતાં આખી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાતનો ઉજાગરો કર્યો ને વહાણું વહાયું. સવારમાં વીલે મોઢે શકુની મામા પાસે ગયો. ત્યાં જઇને તે કહેવા લાગ્યો, મને જાગરણ કરાવીને મારી નાંખ્યો, મેં આંખ જરાય મીંચી ન હતી, છતાં દ્રૌપદી રાણી ન આવી, મામો કહે, એમ કેમ થયું હશે ? ચાલ તેની તપાસ કરવા જાઉં. એમ કહી શકુની ઘોડેસ્વાર થઈ જોવા માટે નીકળ્યો. પ્રપંચી મામો ચારઘડી વગડામાં હવા ખાઇને પાછો ડેરા તંબૂએ આવ્યો. દુર્યોધન બોલ્યો, કેમ રાણીની શી ખબર લાવ્યો ? મામો કહે, નારી દિશાએ ગઈ હતી, ત્યાં મને એકાંતમાં મળી. મેં તેને ખૂબ ઠપકો દીધો, મારા કોમળ ભાણેજને આખી રાતનો ઉજાગરો કરાવ્યો. એટલે દ્રૌપદી રાણી રડી પડી અને મને કરગરી કહેવા લાગી, હું આવત તો ખરી પણ મારો રડયો ભીમડો જાગતો હતો, તેથી અવાયું નથી તેમાં મારો બિલકુલ દોષ નથી, વળી તેણીએ કહાવ્યું છે, છત્રપતીને એટલું કહેજો. મારા ઉપર રીસ કરશો નહિ, મારો ગુનો માફ કરજો તમે મોટા છો, અને વળી અત્યંત દયાળુ છો, હું રાંકડી સાથે રીસાશો નહિ.

દુષ્ટ દુર્યોધન કહેવા લાગ્યો, જુઓ મામા એનો જીવ કેટલો બધો મારા ઉપર ખેંચાય છે. શકુની કહે ઘણો વળી મને એક બીજો સંદેશો કહ્યો છે. આજ રાત્રિએ હું જરૂર આવીશ અને નહિ અવાય તો થોડા દિવસ પછી દાવ જોઇ હસ્તિાપુરમાં આવતી રહીશ એટલે દુષ્ટ દુરાચારી અંધપુત્ર ઘણો ખુશી થયો. જેવા મામો છે, તેવો ભાણેજ પણ કુકરમી છે, તે દિવસરાત્રે જાગરણ કર્યું તો પણ કોઈ દેખાયું નહિ, એવામાં રાત્રિ વીતી ગઈ અને વહાણું વાયુ, તે જ દિવસે યાત્રા હતી. દુર્યોધન કહે ચાલો મામા આજ યાત્રા છે, માટે મહાદેવનાં દર્શન કરવા જઇએ. મામો કહે. બહુ સારું પછી મામે ઘોડા હાથી, સુખપાલ, વિગેરે વાહનો તૈયાર કરાવી સવારી ચઢાવી અને દુર્યોધન હાથી ઉપર બેઠો. પછી વાજિંત્રો વગડાવતો વગડાવતો મહાદેવનાં દર્શન કરવા ચાલ્યો. ઉપરથી એવું બતાવે છે કે મહાદેવજીનાં દર્શન કરવા જાય છે. અને મનની અંદર તો એવું રહેલું છે. દ્રૌપદી માતાનાં દર્શન કયારે થાય દર્શન કરવા જતાં જતાં કામીનો જીવ ઝાલ્યો રહેતો નથી. જે રૂપાળો બનીને રૂપ દર્શાવે તે જરૂર કામી સમજવો. તીર્થમાં જઈને ચાળા ચટકા કરે તો તેને કુમતી હરામી જાણવો. બીજી જગ્યાએ પાપ કરે તો તીર્થમાં નાશ પામે અને તીર્થમાં કરે તે વજ્ર લેપ થઈ જાય છે. સામાનું મન ચળાવવાને વાસ્તે જરૂડા પોશાક ધારણ કરે છે નહિ તો તીર્થમાં પહેરવાની કંઈ જરૂર નથી, કેટલાક લોકો એમ કહેશે, અમે દેવને રીઝવવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માટે સુંદિર પોશાક ધારણ કરીએ છીએ,પણ જો દેવને રીઝવવા હોય તો તિલક છાપાં તથા માળાઓ, બેરખા વિગેરે ધારણ કરો, સુંદિર પોષાક ધારણ કરીને તીર્થયાત્રા કરવી, એવું તો કોઈપણ વેદ, શાસ્ત્ર પુરાણમાં લખ્યું નથી, તેમ મોહ ઉત્પન્ન થાય તેવા વસ્ત્રો ધારણકરવાની ભક્તિ લોકોએ પણ મના કરેલીછે, માટે શ્રોતાજનો વિવેક વિચારીને ચાલો, શ્રોતાજનોએ ભજન મંડળ કરવું, ભક્ત ચિહ્ન ધારણ કરવું પણ કૃષ્ણ પ્રભુને વગોવી નર્કમાં જવાની મંડળીની સોબત ન કરવી.ભજન યા અન્ય વાર્તામાં માતા તથા બહેનની આગળ ન બોલી શકાય તેવાં વચનો કદી પણ વાંચવા નહિ અને ગાવાં પણ નહિ. આપણા બોલવાથી કોઇ પણ સ્ત્રીને લાગે તેવું કદી ભાષણ કરવું નહિ. પાખંડી તથા વિષયી ભક્તો મોહ ઉત્પન્ન થાય તેવાં વસ્ત્રો ધારણ કરે છે, અને લોકોને એમ જણાવે છે, અમે શોખ માટે નથી પહેરતા; પણ મનમાં એવું રહે છે. મને જોઈને નરનારી મોહિત થઇ જાય. જો સારા હોય તો ચતુરાઈ કરી જુઠું શા માટે બોલે છે ? મોઢે કહે છે, હું દેવને રીઝવું છું અને મનમાં તો લુચ્ચાઈ ભરી છે, આવા લબાડી ભકતોને ધિક્કાર છે. વળી તેમને માનનારાઓને તો વધારે શું કહી શકીએ ? તીર્થયાત્રામાં જઈને જે પુરુષો બ્રાહ્મણની પાસે દાસ પણું કરાવે છે.તે પુરુષો જરૂર નર્કમાં જાય છે, તેમનું સુક્તિ કરેલું સઘળું ધોવાઈ જાય છે, અને તેથી ભગવાન ગુસ્સે થાય છે, કોટાનકોટી દાન કરે પણ સઘળી યાત્રા વૃથા જાય, ચાર માણસ સારાં લુગડાં પહેરે પણ પાસે કુંચીઓનું ઝુમખું તથા ખાતરીયું કાતર વિગેરે હોય ત્યારે જાણવું પાકો ચોર છે, નહિ તો કુંચીઓ વિગેરે સાહિત્ય રાખવાની કાંઈ જ જરૂર નથી.

હવે અભિમાની હાથી ઉપર બેસી પાપે પેટ ભરવા માટે ચાલ્યો જાય છે. ચોતરફ જોતો જાય છે. એટલે ઇંદ્રના ગાંધર્વે જાણ્યું, આ કોઇ કામી દુરાચારી રાજા આવે છે, એનો અભિમાન હમણાં ઉતારી નાંખુ છું.એવો મનસુબો કરી પોતાની સાંગ્ય બરોબર તૈયાર કરીને દુર્યોધનના સામો ધસ્યો. દુર્યોધનનો આવવાનોરસ્તો રોકીને ઊભો રહ્યો,એટલામાં પાપીના છડીદાર આવી પહોંચ્યા સેવકોએ પૂછ્યું, અલ્યા દુરમતી, શા માટે વચમાં ઊભો છું ? જો મારો છત્રપતી જાણશે તો તને ઠેરમારી નાંખશે.માર્ગ મૂકીને ચાલ્યો જા.તો પણ ગાંધર્વ તલ માત્ર દૂર ખસતો નથી. છડીદાર થાકી ને પાછો વળ્યો અને દુર્યોધનને સઘળા સમાચાર કહ્યા. દુષ્ટ છત્રપતી અપાર કોપાયમાન થયો. ક્રોધ કરીને એવું બોલ્યો, અલ્યા છડીદારો ? એવો દુષ્ટ કોણ મૂવો છે ? રસ્તા વચ્ચે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊભો છે ? જલદીથી જાઓ અને તેને બાંધીને પુષ્કળ માર મારો. એવી દુષ્ટે આજ્ઞા આપી એટલે ગાંધર્વે સાંભળ્યું તેથી તે અતિશય ક્રોધે ભરાઇને બોલ્યો, એવો કેવો રાજા છે કે મને બાંધીને માર મરાવે છે ? તેવા કામીને તો શિક્ષા થવી જોઈએ, એમ કહી છલંગ મારીને દુષ્ટના હાથી ઉપર જઇને પડયો ને દુર્યોધનને બંધન કર્યાં. પછી લાંબા દોરડાથી પોતાના એક ચર્ણ સાથે ટાંગી દીધો. એવું કરીને ગાંધર્વ સ્વર્ગને માર્ગે ચાલ્યો.

દુર્યોધનરાજા પોકાર કરવા લાગ્યો. જેમ સમળી તળે સાપ લબડે તેમ ગાંધર્વ તળે લબડતો ચાલ્યો. સર્વે જણા બૂમો પાડે છે: છત્રપતી એ જાય, એ જાય. પણ ત્યાં કોનો ઉપાય ચાલે ? એવામાં ભીમસેન ઝુંપડીની બહાર ઊભો રહ્યો છે, તેણે દુષ્ટને સ્વર્ગમાં લઈ જતો જોયો તેથી અતિશય હરખાવા લાગ્યો. વૃકોદરે અર્જુનજીને સાન કરી બહાર બોલાવ્યો, અર્જુનજી ઊઠીને બહાર આવ્યો. ભીમે બતાવ્યું, જો ભાઈ, પાપીને કેવી સજા થાય છે ? અર્જુને જોઇને ભીમને કહ્યું, તું કંઈ પણ બોલીશ નહિ, કારણ કે જો ધર્મરાજા જાણશે તો છોડાવશે. આપણા બોલવાથી યુધિષ્ઠિર ચેતી જાય તો પાપીને છોડાવી દે. એટલું કહેતામાં ધર્મરાજા ચેતી ગયા તેથી પોતે બહાર આવ્યા અને ગગનમાં ઊંચું જોવા લાગ્યા, તો ગાંધર્વે દુર્યોધનને દોરડાથી ચર્ણ સાથે ટાંગેલો છે અને સ્વર્ગમાં લઇ જાય છે એવું જોઇને પોતે ગર્જના કરીને બોલ્યા, હે ગાંધર્વ, જો તું ઊંચે ચડે તો તને ઇંદ્રરાજાની આણ છે. એટલે ગાંધર્વ અચકીને ઊભો રહ્યો, એવામાં ભીમસેન બોલી ઊઠયો, જો તું નીચે ઊતરે તો ઇંદ્રરાજાની આણ છે. એવું સાંભળી ધર્મરાજાએ ક્રોધે ભરાઈને ભીમસેનને ઠપકો દઈ કહ્યું, મૂર્ખા, શા માટે ઉલટું બોલ્યો ? ભીમ કહે. સવળું બોલતામાં અવળું બોલાઇ ગયું : માટે મોટાભાઈ માફ કરો. ધર્મરાજા, કહે, હું સવળું સમજું છું તું વેરભાવે બોલ્યો છે, પણ ગમે તેમ કરી દુર્યોધનને છોડાવું છું. એમ કહી પોતે અર્જુનજીને કહ્યું, તમે દુર્યોધનને ઉતારો, અર્જુનજી કહે, હું કેમ કરીને ઉતારું ? ધર્મે જવાબ આપ્યો, જમીનથી તે ગાંધર્વના ચર્ણ સુધી બાણની પાજ બાંધો. અર્જુનજી કહે તમારી વાર્તા સત્ય છે, પણ જ્યારથી આપણે વનમાં આવ્યા, ત્યારથી બાણ વિદ્યા હું ભૂલી ગયો છું. વનમાં દુઃખ પડયામાં બાકી રહ્યું નથી તેથી તેની શોષનામાં ભૂલાઈ ગયું, હાલ મને યાદ નથી, ધર્મ બોલ્યા, અરે અર્જુનજી, તમે પાખંડ મૂકી બાણની પાજ બાંધો, નહિ તો દાંતમાં જીભ દાબીને મારા પ્રાણ કાઢીશ. વળી ભીમને કહ્યું, અર્જુનજીને સમજાવી પાજ બંધાવો. ભીમ કહે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અરે અર્જુનજી, તમે બાણ વિદ્યા ભૂલ્યા હો તો બીજી જગાએ જઇ ભણી આવો. ધર્મરાજા કહે, બીજી જગાએ ભણીને આવતાં તો ઘણી વાર લાગે. ભીમ બોલ્યો, છ માસ સુધી બરોબર શીખે ત્યારે ભૂલેલું આવડે. ધર્મરાજા કહે, તું પ્રપંચી છે, તે હું સઘળું સમજું છું. જો નહિ છોડાવો તો પરમેશ્વરના સોગન છે, જરૂર હું પ્રાણ તજી દઇશ. એટલે ભીમે અર્જુનને કહ્યું, જલદીથી પાજ બાંધી દે. નહિ તો ધર્મરાજા પ્રાણ તજી દેશે. તેમણે પ્રતિજ્ઞા કરી છે માટે કહેવા પ્રમાણે નહિ વર્તીએ તો ઉત્પાત થશે. એટલે અર્જુનજીએ મનનો મુમત દૂર કરીને ધનુષ ચેઢાવ્યું, અનેબાણ લઈને પાજ બાંધવાનો વિચારકર્યો.

અગણિતો મંત્ર ભણીને જેવો બાણ મારે છે, તેવા જધર્મરાજાબોલીઊઠયા, જરા ધીરજ રાખો. એમ કહી પોતેઆસનવાળી જમીન ઉપરબેઠા. પછીનીકુળજીને કહ્યું, અરે ભાઇ, તમે મારી આસપાસ વાળીને સાફ કરો. કારણ કે મારો વહાલો દુર્યોધનભાઇ મારા ઉછંગમાં પડવાનો છે, તેને કાંકરો સરખો પણ ન ખૂંચે. નીકુળજી જમીન સાફ કરવા લાગ્યા, મનમાં તો ઘણો ક્રોધ ચઢે છે પણ ધર્મરાજા મોટા ભાઈ છે તેથી તેમની આગળ કંઈ ચાલતું નથી, અર્જુનજીને કહ્યું, ગબડતા ગબડતા મારા ઉછંગમાં પડે તેવી સીધી પાજ બાંધો. ગબડતો ગબડતો મારા ઉછંગમાં નહિ પડે તો મારા પ્રાણ ત્યાગ કરીશ, માટે ધ્યાન રાખી સુંદિર પાજ બાંધો. એટલે અર્જુનજીએ બાણ મૂકી ભૂમિથી તે ગાંધર્વના ચર્ણ સુધી જેવી જોઇએ તેવી ઢાળ પડતી પાજ બાંધી એટલે ધર્મરાજા બોલી ઊઠયા, હે ગાંધર્વ, મારા ભાઇને કંઈપણ વિઘ્ન ન થાય તેવી રીતે ગબડતા મૂકી દો. તેને બિલકુલ વાગે નહિ, તે જો તમે નહિ માનો તો શ્રાપ દઇશ. ગાંધર્વ ધર્મરાજાના શ્રાપના ભયથી ગભરાયો અને તેથી દુર્યોધનને ચાર તમાચા મારીને કહ્યું, કુકર્મી, કામી; અંધપુત્ર, હવે પછી સુધરજે નહિ તો માર ખાઈને મરી જઈશ. એમ શિખામણ આપી પાજ ઉપર સુવાડયો, એટલે ગબડતો ગબડતો ધર્મરાજાના ઉછંગમાં આવીને પડયો, ધર્મે ખમ્મા ખમ્મા કહ્યું. પાપી લજઈવાને ઉછંગમાંથી ઊઠયો, અવગુણી દુર્યોધન બોલી ઊઠયો, તમે આ કામ શા માટે કર્યું છે તે હું સમજું છું, રાજપાટ લેવાને માટે કર્યું છે, પણ રાજ્ય માટે તો ડામ છે. એમ કહી પાપી કાળું મોં લઇ કૌરવોમાં નાસી ગયો, ભીમસેન બોલ્યો, જુઓ ધર્મરાજા, પાજ બાંધ્યાનો શિરપાવ આપ્યો. ધર્મરાજા કહે, ભાઇ હતો તે કહ્યું છે બાકી બીજો એવું કોણ બોલનારો છે ? ગમે તેવો છે પણ ભાઈ છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધનને સર્વે જણા આવો આવો એમ કરવા લાગ્યા, વળી કહ્યું, આ શો ગજબ થઇ ગયો? દુર્યોધન કહે, જે થયું તે ખરું, મારું મન જાણે છે. કરણરાજા કહે, અરે ભાઇ છત્રપતી, મારું એક વચન પાળો તો બહુ સારું. પાપીએ કહ્યું, તમે જે કહેશો તે કરીશ. કર્ણ કહે, પાંડવોને નગ્ર વિષે લ્યો, અને થોડું ઘણું રાજ્ય આપો. આ વખતે તમે બચ્યા તે સઘળો તેમનો પ્રતાપ છે તમને ભાઈ જાણી ઉગાર્યા છે. માટે મેં કહ્યું તેમ વર્તો તો આપણે માથે જાત કહેવાય. દુર્યોધન કહે, મામા, કર્ણરાજા શું કહે છે તે સાંભળી લેજો. મામો બોલ્યો, કર્ણરાજા તો બુદ્ધિહીન છે. રાજ્યને માટે પાંડવોના કપાળમાં ડામ.

છત્રપતી કહે, શાબાશ મામા. તમારી બુદ્ધિની બલિહારી છે, તમારો અને મારો બંનેનો વિચાર મળતો આવ્યો, હવે આપણે મહાદેવનાં દર્શન નથી કરવાં, ચાલો એકદમ ઘેર જતા રહીએ, શાના મહાદેવ, એમણે જ સઘળું વિઘ્ન કર્યું. દુષ્ટ પોતાનો દોષ જોતો નથી અને ઉલટો દેવને માટે દોષ મૂકે છે, ધિક્કાર આવા દુરાચારી પુરૂષોને. નાહક મનુષ્યનો અમૂલ્ય દેહ ખુએ છે, મનુષ્ય શબ્દનો અર્થ ઉઘાડો જ છે, જોદરેક શબ્દનો બરોબર વિચાર કરી વિવેકથી વર્તે તો જરૂર મોક્ષમાર્ગી થઇ જાય, જેના મનની હોંશ મોક્ષપદ પ્રાપ્ત કરવાની છે, એવા જીવોને મનુષ્યદેહના લાભ મળે છે. જે પુરુષો મનુષ્યદેહનો લાભ નથી લેતા તેઓને પશુ પંક્ષી સમજવા. કેટલાક દુરાચારી માણસો એમ સમજે છે કે સારું થયું તો મારા નસીબે થયું. અગર મેં કર્યું. અને ખોટું થયું તો ભગવાને કર્યું. ધિક્કાર છે આવું સમજનારાઓને એમની માતાઓ વાંઝણી રહી હોત તો કેવું સારું? જે મનુષ્યદેહમાં આવીને પ્રભુનું ભજન નથી કરતા, એમને વ્યંઢળ કે સ્ત્રી જેવા સમજવા અને સ્ત્રી છતાં જો ઇશ્વર સ્મરણ કરતી હોય તેને પુરુષ સમાન માનવી. ધન્ય છે એવી સ્ત્રીઓને અને તેમના પુત્રોને. જેવું બીજ તેવું ઝાડ. માબાપ સારાં હોય તો તેમનાં ફરજન જરૂર સારાં જ નીપજે, જેમ પાંડુરાજા તથા કુંતાજી બેઉ ધર્મિષ્ઠ તથા સત્યવાદી હતા, તો પાંચ પાંડવો પણ સત્યવાદી તથા ધર્મિષ્ઠ નીપજયા અને ધૃત્રાષ્ટર તથા ગાંધારી બેઉ જણા કુકર્મી તથા ધર્મહીન હતાં, તો દુર્યોધન તથા કૌરવો પણ કુકર્મી તથા ધર્મહીન નીવડયા. જે જે વાંચવું તેમાં વિચાર કરવો, વિચાર વિનાનું વાંચવું વૃથા છે. કથાને દ્દષ્ટાંતરૂપી સમજી તેમાંથી તત્ત્વ શોધી કાઢવું. કંઇ કૌરવ પાંડવોની લડાઇ સાંભળી તેમાં ખરું છે કે ખોટું એવા કુતર્કો નહિ દોડાવવા. ફકત દરેકનો સાર સમજી લેવો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કૌરવો કાળે મોંઢે હસ્તિનાપુર ગયા.બીજા લોકોએ સુખભેર યાત્રા કરીને આનંદ ઓચ્છવ કર્યો. મેળો બરાબર પાંચ દહાડે વેરાઈ ગયો. કોઇપણ માણસ ત્યાં રહ્યું નહિ કૌરવોના કપટી સેવકો ફર્યા કરે છે. એવામાં ધર્મરાજા બોલ્યા, અરે ભાઈઓ અહીં આપણે કયાં સુધી વખત ગાળીશું, અહીંથી વસ્તીની ઉપાધી મૂકી, ચાલો વનમાં જઈએ. એમ વિચાર કરી કુંતાપુત્રો પાંડવો ઉપાધી રહિત થવા કામીક વનમાં ગયા. ત્યાંજઈને નદી કિનારા પાસે બે ઝૂંપડીઓ બાંધી, અને સંસારવ્યવહાર પ્રમાણે દ્રૌપદીનો વારો કર્યો, પ્રથમ ધર્મરાજાની સેવામાં રહી બેઉ સ્ત્રી પુરુષ એક ઝૂંપડીમાં રહ્યાં, અને ચાર ભાઇઓ બીજી ઝુંપડીમાં રહ્યા,એ પ્રમાણે વાસો વસી આનંદમાં દિવસ નિર્ગમન કરે છે. એ વનમાં ફળની ઘણી જ અછત છે તેથી હમેશાં અડધાં ભુખ્યાં રહે છે એટલે ધર્મરાજાએ દ્રૌપદીને આજ્ઞા આપી,તમે સુર્યનો મંત્ર ભણીને અક્ષેપાત્ર માગી લો. એવી આજ્ઞા થતાં જ દ્રૌપદી સૂર્યનો જાપ જપવા લાગી, દેવલોકો મંત્રને આધીન છે તેથી અંતરિક્ષ આવીને અક્ષેપાત્ર આપી ગયા. દ્રૌપદીએ કહ્યું.કેમ સ્વામી, અન્ન ઉપજાવુ?ધર્મરાજા કહે,અન્ન ઉપજાવી પહેલ વહેલા બ્રાહ્મણોને જમાડો, ત્યાર પછી આપણે જમીશું એવામાં ઇશ્વર ઇચ્છાએ બ્રાહ્મણો ત્યાં થઈને જતા હતા, તેમને બોલાવી ભોજન કરાવ્યું. બ્રાહ્મણો જમીને વિદાય થયા, ત્યાર પછી દ્રૌપદીએ ધર્મરાજાને પૂછયું, શું અન્ન ઉત્પન્ન કરવું છે? ધર્મરાજાએ જવાબ આપ્યો. મારે માટે બાજરીનો રોટલો અને તાંદળજાની ભાજી, પછી ચાર ભાઇઓની મરજીમાં આવે તે તેમને માટે તૈયાર કરો.

ચારે ભાઇઓએ વિચાર કર્યો; મોટાભાઈ રોટલો ને ભાજી તૈયાર કરાવે છે અને આપણે બીજુ કરાવીએ તે ખોટું છે, તેથી ચારે જણાએ ધર્મને કહ્યું, જે તમારે માટે તૈયાર થાય છે તે અમારે ખાવું છે. એવું સાંભળી ધર્મરાજા ખુશી થયા, પછી દ્રૌપદીએ રોટલાની તથાભાજીની ઇચ્છા મનમાં કરીને પાત્ર ઉપર હાથ ઢાંકયો, એટલે તરત જમવાનું તૈયાર થઇ ગયું. પાંચે પતિને જમાડી પોતે જમી લીધું. એવી રીતે હંમેશાં જમ્યા કરે છે. દુર્યોધન રાજા છાના સેવકો મોકલી પાંડવોની શોધ રાખે છે. પછી મામાને બોલાવીને પૂછયું. તમે કહેતા હતા કે થોડા દહાડામાં દ્રૌપદી રાણી આવશે પણ હજુ કેમ આવી નહિ? મને તો ઘડીવાર વિસરતી નથી. મને જલદીથી દ્રૌપદી મેળવો નહિ તો મારા પ્રાણ તજી દઇશ. મારી વહાલી મને કયારે મેળવી આપશો? એમ વિલાપ કરી પાપી ગદગદ કંઠે થઇ ગયો. મામો કહે, યાત્રામાં ગાંધર્વે તને ખોટું કર્યું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે જોઈને દ્રૌપદીનું મન તારા ઉપરથી ખસી ગયું. છત્રપતી કહે, ખરી વાત છે. પણ ગમે તે કરી તેણીને લાવો, કોઈ સરસ ખેલ ઉઠાવો. શકુની મામો બોલ્યો, કામીક વનમાં કામીક નામનો અસુર રહે છે, તે નાનપણનો મારો મિત્ર છે,તેને હસ્તિનાપુર તેડાવવો જોઈએ, અસુર માયાવી છે, તેમ મોટો યોદ્ધો છે, તેની પાસે તારી રૂપાળી દ્રૌપદીનું હરણ કરાવી અહીં મંગાવીશ.તે અસુર પાંચે પાંડવોને ઠેર મારી નાંખી દ્રૌપદીને અહીં લાવશે એમ કહીશકુનીએ કામીક અસુર ઉપર પત્ર લખ્યો. અને તરત સેવક સાથે મોકલી દીધો થોડે દિવસે પેલો સેવક વનમાં પહોંચ્યો એવામાં ફરતો રસ્તે કામીક દૈત તેને મળ્યો. સેવકે અસુરના હાથમાં પત્ર આપ્યો. દૈતે વાંચવાં જ સેવકને કહ્યું, ચાલ અત્યારે તારી સાથે જ હસ્તિનાપુર આવું છું. એમ તરત બેઉ જણા હસ્તિનાપુર આવ્યા.શકુની ઊભો થઈ પોતાના મિત્રને બાજી પડયો. દુર્યોધને ઘણા આવકાર સાથેઆસનઆપીને બેસાડયો.પછી દુષ્ટ અસુરને કહેવાલાગ્યો. શકુની મારા મામા થાય છે તમે તેમના મિત્ર છો તેથી તમે પણ મારા મામા થાઓ અને હું તમારો ભાણેજ થાઉં. કામીક એવું બોલ્યા; હું મામો ને તું ભાણેજ.એટલે દુર્યોધને કહ્યું,જયારે તમે સાચા મામા છો, ત્યારે મારા દુશ્મન શા માટે તમારા વનમાં રહેવા દીધા છે ?મારા કાકાના પાંચ પુત્રો મારા દુશ્મન છે.એ સાંભળી અસુરે જવાબ આપ્યો, છત્રપતી, તે વાતની મને બિલકુલ ખબર જ નથી. હવે મેં જાણ્યું તેથી જલદી જઈ તમારા શત્રુને ગળી જાઉં. દુર્યોધન બોલ્યો.અરે મામા,ત્યાં પાંચ પુરુષ ને એક સ્ત્રી છે.તેમાં પાંચ જણાને મારી નાંખીને તેમની સાથે રૂપાળી છે તેને લાવો; જયારે કામ કરશો ત્યારે તમને સાચા મામા જાણીશું એવું સાંભળી કામીક દૈત તરત ચાલ્યો ને પોતાના વનમાં ગયો. પાંડવોને શોધવા લાગ્યો. પાંડવોએ શયન કરેલું છે, ત્યાં ઝૂપડી પાસે આવ્યો. ઝૂંપડીમાં ડોકિયાં કરતો મધ્યાનકાળ વખતે ગર્જના કરીને બોલી ઉઠયો. અહીં કોણ વસ્યું છે ? અહીં તમને કોણે જગા આપી છે ? તે સાંભળી પાંચે પાંડવો જાગી ઉઠયા પાંચે જણ બહાર જોવા માટે આવ્યા દ્રૌપદી સ્ત્રી પણ જોડે આવી. અસુરને જોઇ દ્રૌપદીથરથર ધ્રૂજવાલાગી.એવામાં એવામાંભીમસેનબોલીઉઠયો,અલ્યા,તું કોણ પૂછનારો છે, છાનોમાનો ચાલ્યો જા; નહિ તો મરી જઇશ, આ બધી અમારી જમીન છે,તેમાં તું શામાટે આવ્યો?તેસાંભળીને કામીક દૈતે જવાબઆપ્યો,અરે મૂર્ખ માણસ ! હું તો આ વનની ચોકીકરું છું,અને આ બધી જમીન તો રાજા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધનની છે, એ મારો ભાણેજ થાય છે. અને તું તેનો શત્રુ છે. તારી જોડે જે રૂપાળી નારી છે તે દુર્યોધનને માટે લઈ જવાની છે. મારા ભાણેજે તેણીને મંગાવી છે.ભીમ બોલ્યો, અરે ધર્મરાજા,આ દુષ્ટ શું બોલે છે? જુઓ તમારા મોટાભાઇએ દ્રૌપદીને મંગાવી છે,માટે તમારાભાઇનું દુઃખકાપવુંહોયતો તમારી દ્રૌપદીને આપો. ધર્મરાજ કહે, ભાઈ, દુર્યોધન સદા દુરીજન રહ્યો,હવે તેને શું કરવું? પછી વૃકોદર બોલ્યો. બોલો ભાઇ,હવે શું કરીશું? એટલે નીકુળજી કહે દુષ્ટ મારેમન તરણા સરખો છે.પહેલી હું લડાઇ કરું છું,તેમાં જો હું હારી જાઉં તો પછી તમે લડજો. ભીમ કહે, બહુ સારું. નીકુળજી ધર્મરાજાની આજ્ઞા લઇ લડવા લાગ્યો. ધનુષબાણ ધારણ કરી કામીક દૈત સામો નીકુળજી બાણ ચઢાવીને ફેંકવા લાગ્યો, જેટલાં બાણ છૂટે છે તેટલાં દુષ્ટ મોંઢું ફાડી ગળી જાય છે. નીકુળજી બાણ મારી મારીને થાકયા. પછી પોતે દોડીને અસુરને બાઝી પડયા. એટલે અસુરે માયાવી રૂપ ધારણ કર્યું. બતરી તાડ લાંબો થયો અને ત્રણ તાંડ જેવડા હાથ વધાર્યા. એનું મોંઢું દરવાજા જેવડું પહોળું કર્યું. એનાં નાક ગરનાળા જેવડાં મોટાં વધાર્યાં. મહાકદરૂપો ભયંકર દેખાવા લાગ્યો. ગમે તેવો ધીરજવાન હોય તો પણ તેની ધીરજ છુટી જાય તેવું સ્વરૂપ ધારણ કર્યું. તેણે નીકુળજીને જગ્યા ઝાલી લીધો અને મસળી પોતાના મોંમાં મૂકી દીધો. એવામાં સહદેવજી કોપે ચડીને જાણી જોઈ બાઝી પડયા એટલે દૈતે ઊંચકીને પહોળા મોંઢામાં મૂકી દીધા, તે પણ નીકુળજીની જોડે જઈને બેઠા. અર્જુનજી ઊભા થયા અને કોપ કરીને ધનુષ બાણ ધારણ કર્યા પછી પોતે અગણિત મંત્ર ભણીને દુષ્ટને બાણ મારવા લાગ્યા.જેટલાં બાણ આવે છે તેટલાં પહોળે મોઢે ગળી જાય છે. અસુરને બિલકુલ ઇજા થતી નથી, પછી દૈત દોટ મૂકીને અર્જુનને ગળી ગયો,સહદેવ તથા નીકુળજીબેઠા હતા ત્યાં જઇને તેમને મળ્યો છેવટે વાયુપુત્ર ભીમસેન ઊભો થયો અને અસુરના સામે આવીને ઊભો રહ્યો બેઉ જણા મલ્લ કુસ્તી કરવા લાગ્યા, લડતાં લડતાં દૈતે ભીમસેનને બહુબહુ કરીને ઉંચકી લીધો અને પહોંળા મોંમાં મૂકી દીધો, પોળના સરખું તો ગળું પહોળું છે, તેમાંથી જઈને પોતાના ભાઇઓને મળ્યો. જાણે ઘરમાં બેઠા હોય તેમ બેઠા પછી ધર્મરાજાને પકડાઇ એટલે દ્રૌપદી ધ્રુજી ગઇ, અસુરે યુધિષ્ઠિરને પણ ગળ્યા.ભીમ કહે પધારો ધર્મરાજા,અમે તો ઘર જાણીને અહીં રહીશું ધર્મ કહે ત્રણ પહોર પછી આપણે સવળામરી જઇશું.એનાશરીરનું ઝેર ચડશે. આ મળમૂત્રમાં પડી રહેવું એ મોટું દુઃખ છે તેમ સર્વે મળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પ્રભુનું ભજન કરો તો સઘળું દુઃખ નાશ પામે. એટલે બધા આરાધન કરવા લાગ્યા, ખરેખરી લે લાગી છે. દ્રૌપદી બારણે ઊભી ઊભી પ્રભુનું ભજન કરે છે. અતિ ઉચાટને લીધે તેનું હૈયું ફાટી જાય છે. છાતીફાટ રડી રડીને પ્રભુને બોલાવે છે,હે પ્રભુ,તમારા વિના આ વખત મારી કોણ સંભાળ લેશે?હું રાંકડી સ્ત્રી વિકટ વનમાં ગભરાણી છું.દૈતને દેખીને દુઃખમાં ડુબી ગઇ છું. હે દીન દયાળુ ! પતિને પાપી ગળી ગયો હવે શું કરવું ? મારાં સાસુજીના બાળ મને મૂકીને કયાં ગયા ? હે નાથ, તમે ભરી સભામાં મારા ચીર પૂરી લાજ રાખી અને બિલકુલ વાંકો વાળ પણ ન થયો. તેવી અહીં લાજ રાખો. જો લાજ નહિ રાખો તો મારા પ્રાણ તજીશ.જ્યાંને ત્યાં જંજાળમાં આવી પડું છું,કોઇ ઠેકાણે ઠરીને બેઠાં નહિ. હે નાથ, તારું ભજન છુટી પડયું. અસુરનું મોટું કલેવર જોઇ મારા પેટમાં ફાળ પડી છે, અરેરે કહીને કપાળે હાથ મેલી નીચે બેસી ગઈ. ભક્તોની પ્રાર્થના સાંભળી શ્રીકૃષ્ણ અસુરના સામા આવીને ઊભા રહ્યા, તેવા અસુરે કોપ કર્યો અને જુગજીવનને ઊંચકીને મોંમાં મૂકયા. પ્રભુ જાણી જોઈને ઉદરમાં ઉતર્યા, પાંડવોને પેટમાં દેખ્યા.

ધર્મરાજા કહે, અરે પ્રભુજી, તમે કયાંથી આવ્યા ? આ રુધિર મળ-મૂત્રમાંથી નીકળો અને અમને બહાર કાઢો, આ દુઃખ નથી વેઠાતું. માટે હવે નિવૃતિ પમાડો.પ્રભુને પાપી ગળી ગયો એટલે દ્રૌપદી મૂર્છામાં પડી,તે સર્વેની પીડા જાણીને પ્રભુ કોપે ચડયા. વિશ્વના આધાર આકળા થયા. પાપીના પેટમાં પ્રભુએ વૈરાટ સ્વરૂપ ધારણ કર્યું. હાથમાં હાથ ને ચરણોમાં ચરણ ઘાલ્યા, ભકતને જાળવવા માટે પહોળા ન થયા અને શીશમાં શીશ ઘાલ્યું,એ પ્રકારે લાંબા થતા જાય છે.કામીક અસુરની આંખો ખેંચાઇ જવા લાગી, તાળવું ફાટી પ્રાણ નીકળી ગયો,એટલે પાંડવો બહાર નીકળી ગયા. ભકતને ઉગારી પ્રભુ અંતર-ધ્યાન થઈ ગયા. અસુર મરી ગયા પછી અસુરનું સ્વરૂપ નાનું થયું, દ્રૌપદીને ધર્મરાજાએ બેઠી કરી. ભીમે પાપીના પગ હાથમાં પકડીને આકાશમાં ઊંચો ઉછાળ્યો.ઉછાળેલો દુષ્ટ હસ્તિનાપુરમાં જઇને પડયો.આ વાત સાંભળીનેદુષ્ટ દુર્યોધન નિરાશ થઇને બેઠો, અરેરે, મારી આશા છુટી પડી. રૂપાળી હવે મળવાની નથી. પાંડવો નિર્ભયપણે કામીક વનમાં રહ્યા. ફકત કામીકનો ભય હતો, તે તો મરણ પામ્યો એટલે આનંદ થયો. અક્ષેપાત્રથી અન્ન ઉપજાવે છે. અને આનંદમાં દિવસ નિર્ગમન કરે છે. દુર્યોધને જાણ્યું, પાંડવો સુખે રહ્યા.

એવામાં દુર્વાસા મુનિ હસ્તિનાપુરમાં પધાર્યા, પોતાની સાથે પાંચ હજાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિદ્યાર્થી લાવ્યા છે. કૌરવો પાંડવો સર્વે દુર્વાસાના મંત્રથી ઉત્પન્ન થયા છે, તેથી દુર્યોધન ગર્વ તજીને સામો ગયો. પધારો પિતાજી, પધારો પિતાજી,એમ ઘણા આવકાર સાથે પોતાના ઘેર તેડી લાવ્યો. દુર્વાસા કહે, પાંડવો ક્યાં છે ? તે મને કહે. દુષ્ટ બોલ્યો, પહેલું મહારાજા ભોજન કરી લો, પછી હું સર્વે હકીકત કહું છું.એમ કહી સર્વે બ્રાહ્મણોને જમાડયા પછી બોલ્યો, અમે તથા પાંડવ સહેજસાજ શરત કરીને બાજી રમ્યા. તેમાં પાંડવો હારી ગયા. તેથી બધું રાજ છોડીને ચાલ્યા ગયા. મેં પાંડવોને કહ્યું. તમારું રાજ્ય સુખેથી કરો, પણ તેમણે બિલકુલ માન્યું નહિ. તેમણે કહ્યું, અમે કદી વચન ભ્રષ્ટ થવાના નથી, એમ કહી તેઓ વનમાં ગયા. પાપીએ જાણ્યું, દુર્વાસાને પ્રપંચ કરીને ત્યાં મોકલું. ત્યાં જશે એટલે ખાવાપીવાનું મળશે નહિ, તેથી તેમને શ્રાપ દેશે.મધ્યાન્હકાળે પાંડવો જમી લે છે; તે પછી દ્રૌપદી પોતાના પતિની આજ્ઞા લઈ જમે છે. નારીના જમ્યા પછી બિલકુલ અન્ન ઉત્પન્ન થતું નથી. એટલે ક્યાંથી લાવીને જમાડશે ? બ્રાહ્મણોની આંતરડી ભૂખથી કળકળશે તેથી તરત શ્રાપ દેશે, એવું વિચારીને દુષ્ટે દુર્વાસાને કહ્યું, પાંડવો હંમેશા સંદેશા કહાવે છે કે દુર્વાસા તમારી તરફ આવે એટલે તરત અમારે ત્યાં વિદાય કરજો.માટે તમે જરૂર કામીક વનમાં જાઓઅને તેમનેમળો, પણ મધ્યાહનકાળ થવા દીધા પછી ઝૂંપડીએ જજો.દુર્વાસા કહે,વારું.એમકહીવિદાયથયા.પોતાના સઘળ વિદ્યાર્થીઓને લઈને કામીક વનમાંજવાનોરસ્તો ઝાલ્યો.મધ્યાહ્નકાળ થવા દીધા પછી ઝૂંપડી તરફ ચાલ્યા. પાંડવો જમીને સૂઈરહ્યા છે અને દ્રૌપદી બેઠી બેઠી પગ ચાંપે છે, બ્રાહ્મણો હોંશ ધરીને પાંડવોની ઝૂંપડી આગળ આવ્યા અને ભિક્ષાન દેહી કહીને ઊભા રહ્યા, દ્રૌપદીએ જેવો શબ્દ સાંભળ્યો તેવીજ પેટમાં ફાળ પડી. તેણીએ તેના પતિને જગાડયા પછી કહ્યું, બ્રાહ્મણો આવ્યા છે, પાંચે ભાઈઓ ધ્રુજતા ઉઠયા, મનમાં વિચાર કરે છે કે ક્યાંથી લાવીને જમાડીશું ? ભુખ્યા બ્રાહ્મણો ભિક્ષા માગવા આવ્યા છે તેમને કેવી રીતે તૃપ્તિ પમાડવા ? એમ વિચાર કરી છેવટે હસ્તે મોંઢે બહાર આવીને દર્ભનાં આસન લાવીને મૂકયાં, બ્રાહ્મણો માંહોમાંહે કહેવા લાગ્યા, હવે ખાવા માંગો.

પાંડવો સમજી ગયા એટલે ભીમસેન બોલી ઉઠયો, મહારાજા ! હું રસોઈ કરું છું. તમે સઘળાસ્નાન કરવા સારુ પધારો; બ્રાહ્મણો ગંગાતટે નાહવા ગયા, પછી પાંડવોએ વિચાર કર્યો; દ્રૌપદી જમી છે, માટે અન્ન ઉત્પન્નથવાનું નથી, હવે જો બ્રાહ્મણો ભુખ્યા રહેશે તો શ્રાપ દેશે,તેમને નિર્મુખ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કેમ કઢાય ? તેઓ સ્નાન કરીને આવશે એટલે શું ભોજન આપીશુ ? આપણે શાના સતીના પુત્રો. અરેરે, શું મોં બતાવીશું ? એમ વિલાપ કરે છે. ભીમે કહ્યું, અરે ભાઇઓ, હમણાં બ્રાહ્મણો નહાઇને આવશે, તે વખતે આપણે શું ભોજન આપીશુ ? આપણાથી કંઈ બનવાનું નથી માટે ચાલો તમને તેડીને નાસી જઉં, આપણને નહિ દેખે એટલે ચાલ્યાજશે.ધર્મરાજા કહે, અરેમૂર્ખા! આશા દઇને જઇએ તો તેમનો નિસાસો પડે, નોંતરું દઇને નાસી જવું તે કરતાં તો મરવું એ ઘણું સારું અરે ભાઈઓ ! કાષ્ટ લાવીને ચિતા ખડકો તો હું બળી મરૂં એવું સાંભળી ચાર ભાઇ તથા દ્રોપદી બોલ્યાં, તમે તમારા પ્રાણ ત્યાગ કરો તો અમારે પણ તમારી સાથે મરી જવું. બ્રાહ્મણોને વીલે મોંઢે જવાબ આપવો તે કરતાં મરી જવું એ વધારે સારું છે.એવું કહેતામાં ભીમસેન દોડયો અને ઝટપટ લાકડાં ભેગાં કરીને ચિતા ખડકવા લાગ્યો. પછી ચિતા તૈયાર થઇ એટલે અગ્નિ મૂકીને પ્રભુની પ્રેમ વડે કરીને સ્તુતિ કરી. ધર્મરાજા ચિતાની પ્રદક્ષિણા ફરવા લાગ્યા.તેમનીપાછળભીમસેન,સહદેવ,અર્જુન,નિકુળ સર્વે ફરે છે. સર્વથી છેલ્લી દ્રૌપદી ફરતી ફરતી પ્રભુનું સ્મરણ કરે છે. એટલે ભગવાન તો ભક્તને વશ છે. પ્રભુએ તે વાત જાણી પોતે મનમાં વિચાર કરવા લાગ્યા, મેં અને પાંડવોએ ભૂમિનો ભાર હરવા માટે અવતાર ધારણ કર્યો છે. તે કાર્ય તો પૂરું થયું નથી અને પાંડવોમરવા બેઠા છે.એ મરશે એટલે મારે પણ એમની સાથે મરવું પડશે. કારણ કે હું સહદેવની સાથે વચને બંધાયો છું. એમ વિચાર કરીને ચરણપાદુકાઓતથા ગરુડનો ત્યાગ કરી પ્રભુ કામીક વનમાં પધાર્યા, રખડતા, આથડતા, રડવડતા શરીરે ઉઝરડા દેખાતા એવા ચિંથરેહાલ સ્વરૂપે આવતા પ્રભુને ધર્મરાજાએ દીઠા. યુધિષ્ઠિરે કહ્યું, અરે ભાઇઓ. શ્રીકૃષ્ણજી આવે છે, આપણે મરી જઇશું તો ફજેતી થશે,કારણ કે તે લોકોને વાત કરશે. બ્રાહ્મણોને ભૂખ્યા કાઢીને પાંડવો મરી ગયા, આથી જગતમાં આપણી અપકીર્તિ થશે. ભીમ કહે, તમે સઘળાં ચિતામાં પડો એટલે હું પણ કૃષ્ણને લઈને પડું છું. પછી કોણ વાતકરશે ? ધર્મરાજાએ કહ્યું, જાજા મૂર્ખા, તું તો જન્મગાંડો રહ્યો એ મહા પાપ થઈ જાય આપણા માટે બીજાને નડવું એ ખોટું કહેવાય.જેથનાર હશે તે થશે. સઘળાં નિરાંતવા થઇને બેસો.

એમ ધારી પાંડવો બેસી ગયા. અંતરયામી ગરુડગામી પ્રભુ ઢીલું મુખ કરીને આવ્યા. દ્રૌપદીને કહેવા લાગ્યા, બહેન ! મને ભૂખ લાગી છે માટે કંઈ ખાવા આપો. એટલે દ્રૌપદી મુખ મરડીને બોલી, ભાઇ બહેનને ખાઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જાઓ, પ્રભુ કહે, અરે બહેન, આમ કેમ બોલો છો? મને ખાવા આપો. અક્ષપાત્રમાં ઢાંકેલુ હશે માટે તેમાંથી ખાવા દો. દ્રૌપદી બોલી, તમે જાણતા હો તો હાથે લઈ ખાઓ. ભીમે વિચાર્યું, અંદર તો ઇંટાળા ઢાંકયા છે. પછી પ્રભુ ઝૂંપડીમાં પધાર્યા અને ધોયેલું અક્ષય પાત્ર હાથમાં લઇને જોવા લાગ્યા તેમાં તાંદળજાની ભાજીનો એક તાર દેખાયો, પ્રભુએ તે તારને ખોતરી કાઢયો. પછી તે તારને પોતાની હથેળીમાં મૂકીને તેના ભેગું જળ લીધું, પ્રભુએ ભક્તની લાજ રાખવા અદ્ભૂત કાર્ય કર્યું. પોતે એવો સંકલ્પ કર્યો, જળમાં, સ્થળમાં તથા આકાશમાં દેવ,દાનવો અને માનવ સહુ, પક્ષી, પતંગીયા, કીટ સર્વ તૃપ્ત થાઓ, જેને જેવી જમવાની ઇચ્છા હોય તેવી તેની પૂર્ણ થજો. કોઈને જરા પણ કલ્પના ન રહે,તેમ સર્વની ક્ષુધા નાશ પામજો એમ કહી પ્રભુએ આચમન કરી અમી દ્દષ્ટિ કરી, એટલે સર્વની ક્ષુધા જતી રહી અને ત્રિલોક તૃપ્ત થઈ ગયું. બ્રાહ્મણોને માટે ભક્ત દુભાયા અને ભકતને માટે ભગવાન ભીડ ભાગીને અંતરધ્યાન થઇ ગયા.એવામાં પાંડવોને ઓડકાર આવ્યા. ભીમ કહે, મોટાભાઈ, મને એવું લાગે છે કે જાણે મેં મોદકનું ભોજન કર્યું હોય! ધર્મરાજાકહે;એતો અંતરયામીએભકતનું દુઃખ નાશ પમાડયું.વિશ્વંભર ત્રિલોકને તૃપ્ત કરી અંતરધ્યાન થઈ ગયા. હવે જઇને બ્રાહ્મણોને તેડી લાવો. મનમાં બિલકુલ ચિંતા કરશો નહિ. એટલે ભીમસેન તરત ગંગાતીરે ગયાં અને સર્વને કહેવા લાગ્યો, મહારાજા, ચાલો રસોઈ તૈયાર થઈ ગઈ છે. એટલે માંહેમાંહે વાતો કરે છે કે અલ્યા, મને બિલકુલ ભૂખ લાગી નથી. કંઇક જણા કહે, એમ કેળાં ને પોળી જમ્યા, કંઇક કહે, અમે લાડુ જમ્યા, એમ દરેક જણાએ પોતાને ભાવતાં જમણ જમ્યા હોય તેવું જણાયું. કેટલાક બ્રાહ્મણો દુર્વાસાને કહેવા લાગ્યા, ભીમસેન તેડવા આવ્યો છે પણ અમને ભૂખ લાગી નથી, એટલે ઋષિ વિચાર કરવા લાગ્યા, પહેલી સહુને ભૂખ હતી અને હવે તૃપ્ત થયા તેનું શું કારણ હશે ? એવું સમજીને સમાધીમાં જોયુ તો સર્વે વાત જાણી લીધી દુર્વાસા પોતાના મનમાં સમજીને બ્રાહ્મણોને તેડીને પાંડવોની ઝૂંપડીએ પધાર્યા.

પોતના આસન ઉપર બેસીને હસતાં હસતાં ભીમસેનને કહે છેકે તું કહેતો હતો માટે તૈયાર થયેલી રસોઇ લાવ્ય, અમારા સઘળા વિદ્યાર્થીઓને પીરસી દે: ભીમસેન બોલ્યો, અરે પિતાજી, કયારની ટાઢી થઈ ગઈ. ઋષિ કહે, અમે નદી ઉપર નાહવા ગયા હતા ત્યારની ટાઢી થઇ હશે ? તમે તો મરવાને માટે ચિતા ખડકી હતી પણ પ્રભુએ આવી તમને બચાવી લીધા, તેમાં વળી વિશ્વ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભરે આખા વિશ્વનું પોષણ કર્યું" દુષ્ટમતીના દુર્યોધને પેટમાં પાપ રાખીને વાત કરી, તમને શ્રાપ દેવરાવવાને માટે જ મધ્યાન પછી તમારે ત્યાં મોકલ્યા. મારા મંત્રના પ્રતાપથી તમે તથા કૌરવો ઉત્પન્ન થયા છો, માટે એક રીતે તો મારા પુત્ર છો અને હું તમારો પિતા છું. ધર્મરાજા કહે, સત્ય છે મહારાજા, તમારા વડે જ અમે છીએ. દુર્વાસા કહે, તમારાથી હું ખુશી થયો પણ પેલા પાપી નીકળ્યા, તે પાપીએ પાપનું કર્મ કરીને તમારી સાથે કપટ કર્યું. બાજી રમાડીને, ઘર, ગામ, રાજ્યપાટ સર્વે ખૂંચવી લીધું અને તમને વનમાં કાઢયા, દ્રૌપદી ઉપર ત્રણ ચાર વાર કુડી દૃષ્ટિ કરી આટલું કર્યું તો પણ પાપીએ તમને શ્રાપ દેવરાવવા અમને અહીં વિદાય કર્યા તેટલા માટે અમારો તમારા ઉપર આશીર્વાદ છે, તમારી જય થજો અને દુષ્ટમતી દુર્યોધનનું સમુળુ મૂળ જજો, એટલે ભીમે કહ્યું, તથાસ્તુ, તમારું વચન મસ્તકે ચઢાવ્યું. દુર્વાસા કહે, એ સર્વેનું મૃત્યુ તારા હાથેથી થશે. એટલે ધર્મરાજા કહે, બાપુજી આમ બોલવું તમને નથી ઘટતું. છોરું કછોરું થાય પણ માબાપે કદી કોપ ન કરવો જોઇએ તમે તમારા ભાઇને શ્રાપ દીધો તેથી મને પરિતાપ થાય છે, અરે માબાપ, તમે તેનો ગમે તે પ્રકારે અનુગ્રહ કરો. તમને અમારી પાસે મોકલ્યા તેથી તેણે અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે તમારાં દર્શન થયા તેટલાં માટે આભાર માનીએ છીએ. ઋષિ કહે, ધન્ય છે ધર્મરાજા તમને, ધન્ય છે તમારા નામને. અવગુણ બદલે ગુણ માને છે એજ તારું ઉત્તમ કર્તવ્ય છે. ગુણ પછાડે અવગુણ કરે છે તે કુકર્મી દુરાચારી સમજવો, અને અવગુણ પછવાડે ગુણ કરે તેને ધર્મિષ્ટ સદાચારી સમજવો. એમ કહી ઋષિજી કામીકા વનમાં રહેવાનો વિચાર કરવા લાગ્યા. ધર્મરાજા કહે, અરેમહારાજ, તમારો મુકામ અહીં રાખો તો બહુ સારું, અમે હંમેશા સેવા કરીને અમારા પાપ નિવારણ કરીશું. તમારી સેવાથી સત્યસમાગમ ચાલશે અને તેમ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થશે માટે કૃપા કરી તમે અહીં રહો. દુર્વાસા મુનિ ધર્મરાજાના નમ્રતા ભરેલા વાકય સુણી અતિ આનંદ પામ્યા ને પોતે કામીક વનમાં રહેવાનો નિશ્ચય કર્યો. ભીમ વનમાં દોડયો અને મઠ બનાવવા માટે મોટાં લાકડાં લાવ્યો, પછી ઋષિજીમાટે સુંદર આશ્રમ બનાવ્યો. દુર્વાસા મુનિ આનંદથી રહે છે, દ્રૌપદીજીએ એવો નિયમ કર્યો કે મારો દેહ પડે તો ભલે, પણ મારા પતિને દુઃખ પડે તેમ નહિ વર્તવું હવે પછી હું રાત્રિએ ભોજન કરીશ. કારણ કે દુર્વાસા મુનિની પેઠે કોઈ ઓચિંતુ આવી ચઢી માટે હંમેશા રાત્રિએ ભોજન કરવું તે સારું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બ્રાહ્મણો ત્યાં રહ્યા રહ્યા આનંદ કર્યા કરે છે, પાંડવો હમેશા સેવા બજાવે છે, અક્ષપાત્રથી અન્ન ઉપજાવીને હમેશાં ભોજન કરાવે છે. શ્રદ્ધાળુ કુંતાપુત્ર સેવા કરે છે. ઋષિને પૂછીને જ્ઞાન ગ્રહણ કરે છે, પ્રશ્નોના જવાબ યથાર્થ મળવાથી ખુશી થાય છે, એવી રીતે ઋષિને છ મહિના રાખ્યા, બ્રાહ્મણો છ મહિના રહિને અતિ આનંદ પામ્યા, છ માસ સુધી બ્રહ્મભોજન કરાવ્યું, મોટો એક બ્રહ્મયજ્ઞ કર્યો હોય તે કરતાં પણ અધિક પુણ્ય ઊગી નીકળ્યું. બ્રાહ્મણોએ પાંડવોને આશીર્વાદ આપ્યો, તમારી સદા જય છે. એમ કહી વિદાય થયાં. પાંડવોએ વિદાયગીરી આપી દીધી. બ્રાહ્મણના ગયા પછી પાંડવોને શોક થવા લાગ્યો, હવે તે વનમાં દ્રૌપદીનો વારો ધર્મરાજા સાથે ચાલે છે. તેવામાં ઇશ્વર ઇચ્છાએ સતીને ગર્ભ રહ્યો, એટલે બીજા ભાઈઓના વારા બંધ પડયા. એમ કરતાં દસ મહિના પૂરા થયા. પુત્રનો જન્મ થયો. તે સુત સવા વરસનો થયો, એટલે પાછો વારો શરૂ કર્યો, એવામાં ભીમસેનનો વારો ચાલુ થયો, તેનો પણ સતીને ગર્ભ રહ્યો, એ પ્રમાણે પાંચ પાંડવોના વારામાં પાંચ પુત્ર થયા, એવામા ધર્મરાજા બોલ્યા હવે આ વનમાં ગમતું નથી, માટે બીજે સ્થળે જઇએ, એટલે સર્વે ભાઇઓએ કબૂલ કર્યું. ધર્મ કહે દ્વવીત વનમાં જઇને વસીએ તો સારું. એમ વિચાર કરી કુંતાપુત્રો ત્યાંથી વિદાય થયા. નદીના કિનારા પાસે ડુંગર ઉપર દ્વવીત વનમાં જઇને વસ્યા. ડુંગર ઉપર મોટું પીપળાનું ઝાડ હતુ., ત્યાં તેની નીચે સુંદર આશ્રમ બાંધ્યો. નિર્મળ ગંગા વહે છે. તેમાં સુખેથી સ્નાન કરે છે. વૈશમપાયન ઋષિ રહે છે,હે જનમેજય રાજા એ પ્રમાણે પાંડવો પોતાના દિવસ આનંદમાં ગુજારે છે

વિશ્રામ પહેલો

એ રીતે રહ્યા વન વિશે, સુણ પરીક્ષીત તન;
એવે ઉપાધિ ઉપની, વલ્લભ વદે વચન,

વૈશમપાયન ઋષિજનમેજયરાજાને કહે છે, રાજન,દ્રૌપદીને, પાંચ પુત્ર થાય છે એવી દુષ્ટ દુર્યોધન રાજાને ખબર પડી. તેથી પાપીએ અતિ શોકાતુર થઇને પોતાના મામાને પાસે તેડાવ્યો, પછી મામાને વાત કરવા લાગ્યો, દ્રૌપદી તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વસ્તારી થઇ મારી આશા તમે પરિપૂર્ણ ન કરી. મારું મન આકુળવ્યાકુળ થઇ જાય છે. અને કર્ણરાજા તેણીને માટે મારો જીવ આ દેહમાંથી નીકળી જશે, કર્ણે વિચાર્યું, આટલું દુઃખ પડે છે, છતાં મૂર્ખો દ્રૌપદીને વિસરતો નથી. એટલે શકુની મામો બોલ્યો, અરે છત્રપતી ? તમે સભામાં પધારો હમણા હું ત્યાં આવીને રૂપાળીને મંગાવું છું, એટલે પાપી ઊઠીને સભામાં ગયો. પછી મામાએ બાસઠ પાનનું બીડું બનાવી દીધું ને તેણે સભામાં કહ્યું, જે માણસને છત્રપતીનું કાર્ય કરવું હોય તે માણસે ઊભા થઇને આ પાનબીડું ખાઇ જવું. પછી દ્વૈત વનમાંથી પાંડવોની સ્ત્રી દ્રૌપદીનું જે પુરુષ હરણ કરી લાવશે તેને રાજ્યમાંથી બે આનીનો ભાગ અપાવીશ.સર્વ સભાએ નિશ્ચય કર્યો, એની આશા નિષ્ફળ જવાની છે, જે પુરૂષ દ્રૌપદીનું હરણ કરવા જશે તે જમપુરીમાં જશે.તેથી સભામાંથી કોઇપણ માણસ ઊભું થયું નહિ.

જયદ્રથે મનમાં વિચાર કર્યો,સાળાનું કામ નહિ કરીએ તો ખોટું દેખાશે,જો નારીનું હરણ કરીને લાવીશું તો આબરૂ વધશે અને રાજ્યસભામાં રાજા બનીને બેસીશું.હરણ કરતાં મરણ થશે તો તાબેદારીથી છુટીશું. વહેલા મોડા એક વાર મરવું છે. એમ ધારી પોતે બીડું લીધું.એટલે દુષ્ટ દુર્યોધન એવું બોલ્યો, મારા વહાલા બનેવી ધન્ય છે તમને. ઘી ઢળે તો ખીચડીમાં, તમને ચાર આની ભાગ આપીશું તેથી જાઓ અને રૂપાળી લાવો. તમે લાવશો એટલે અમારું નસીબ ઉઘડી જશે;તેનાં ભેગું તમારું પણ ઉઘડયું એમ ધારજો એવું સાંભળી સર્વે સભા ખુશી થઇ. ફકત એકલો કર્ણરાજા બોલી ઊઠયો, અરે છત્રપતિ,તમે શા માટે મિથ્યા મહેનત કરો છો?તે સતી કદી સત્ય છોડવાની નથી.અબળાનું જોર ચાલવાનું નથી,પણએની સહાયમાં ભગવાન છે.સભામાં પણ પ્રભુએ એનાં ચીર પૂર્યાં,અને લાજ જવા દીધી નહિ. આપણે યાત્રામાં ગયા હતા ત્યાંથી પણ બનીને આવ્યા. મામા કહેતા હતા, દ્રૌપદી થોડા દિવસમાં આવશે,તે પણ હજી આવી નહિ. વળી કામીક અસુર મહા બળી હતો તે પણ લાવી શકયો નહિ.એવા મહા બળવાન અસુરને પણ મારી નાખ્યો, પાંડવો ઘણા બળવાન છે તેમ પ્રભુના ભકત છે. માટે મિથ્યા આશા રાખો છો;પૂજનીકને મોકલશો તો મૃત્યુ થશે, જેથી કરીને આપણી બગિની રાંડશે તો તેણીની શી દશા થશે ? દુષ્ટ દુર્યોધન કહે, એમાં શું થઈ જવાનું છે ? જો આપણી બહેન રાંડશે તો સો ભાઇઓને ઘેર રહેશે અને ખાઇ પીને આનંદ કરશે. કર્ણે કહ્યું, તમારી મરજી, જયદ્રથ દુર્યોધનની આજ્ઞા લઇને હરણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરવા ચાલ્યો, સારથીએ રથ તૈયાર કર્યો તેમાં જયદ્રથ બેઠો, બેઉ જણ ચાલ્યા ચાલ્યા દ્વૈત વનમાં જાય છે, ડુંગર ચાર ગાઉ દૂર રહ્યો એટલે જયદ્રથે સારથિને કહ્યું અલ્યા, રથને અહીં ઊભો રાખ.સારથિએ તરત રથને થોભાવ્યો, એટલે જયદ્રથ રથમાંથી બહાર ઉતરી પડયો.સારથિને સમજાવ્યા તું ઘોડા જોડેલા રાખજે, એમ ને એમ પાણી પાઇને ચાર નાખજે, તું આઠ દિવસ સુધી મારી રાહ જોજે, હું આઠ દિવસમાં હરણ કરીને ન આવું તો જાણજે, મારું મૃત્યુ થયું હશે. પછી તું તારે પાછો વળજે. એમ કહીને સતીનું હરણ કરવા સારુ ચાલ્યો, પાંડવની એવી રીત છે કે સવાર થાય એટલે નાહી ધોઇને ભગવાનનું પૂજન કરવું અને ધ્યાન કરવું પછી તેમાંથી પરવારીને મધ્યાનકાળે ભોજન કરવું, તેમ કર્યા પછી પાંચે ભાઇઓ તથા પાંચ પુત્રો સાથે શયન કરે છે, એમ ચાર ઘડી દિવસ રહે છે એટલે જાગ્રત થાય છે. પછી ભીમ, અર્જુન, સહદેવ તથા નીકુળ ચારે ભાઇઓ હથિયાર ગ્રહણ કરીને વનમાં રમવા જાય છે, દીપડા,વાઘ તથા સિંહની સાથે રમતાં હદ વાળી નાંખે છે, વનમાં ભયંકર પશુઓ ચાર ભાઇથી ભય પામી નાસી જાય છે. એ પ્રમાણે હમેશાં રમે છે. હવે ઝૂંપડીમાં શું બને છે તે શ્રોતાજનો શાંત ચિત્તે શ્રવણ કરો.

ચાર ભાઈ વનમાં રમવા જાય છે એટલે દ્રૌપદી પોતાના પાંચે પુત્રો ધર્મરાજાને સોંપી દે છે અને તેમની આજ્ઞા માગી તુંબડાં ગ્રહણ કરીને નદીમાં પાણી ભરવા જાય છે, જળ ભરી લાવીને ભોજન કરી લે છે. તે છેક સાંજે પરવારે છે. વનમાંથી ચારે ભાઈ રમીને આવે છે એટલે ભજન કરે છે, ભજન કર્યા પછી સર્વે જણાં નિરાંતે સૂઇ રહે છે.ત્યાં જયદ્રથ આવી પહોંચ્યો.તે દિવસે મધ્યાનકાળે જમીને બધાં સૂઈ રહ્યા અને દ્રૌપદી ચરણ ચાંપે છે,તે જ કાળે જયદ્રથ છાનોમાનો ઉપર ચઢીને ઝૂંપડી પાસે પીંપળો છે;તેના થડ ઉપર ચઢીને સંતાઈ રહ્યો, એવામાં ચાર ઘડી દિવસ રહ્યો, એટલે પાંડવ જાગ્રત થયા અને હંમેશના નિયમ પ્રમાણે ચારે ભાઇઓ ધર્મરાજાની આજ્ઞા લઇને વનમાં રમવા ગયા. ધર્મરાજા દ્રૌપદીને કહેવા લાગ્યા, હે સતી, પુત્રોને મારી પાસે મૂકીને તમે પાણી ભરવા જાઓ, કારણ કે તમારે જમી લેવાનો વખત થયો છે.એટલેપાંચે પુત્રો દ્રૌપદીએ ધર્મરાજાને આપ્યા.ધર્મરાજા પુત્રોને રમાડવા લાગ્યા, સતીએ તુંબડાં હાથમાં ઝાલ્યાં અને જળ ભરવાને માટે ડુંગર ઉપરથી નીચે ઉતરીને ગંગાતટે ગઈ. દ્રૌપદીને તુંબડામાં કાંકરા નાંખીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેને સાફ કરે છે. દુર્યોધનના બનેવી જયદ્રથે તે નજરોનજર જોયું. પોતે મનમાં વિચાર કર્યો કે ધર્મના દેખતા સતીને લઇ લઉં તો પણ હરકત નથી. કારણ કે જે બળિયા ભાઇઓ હતા તે તો હથિયાર લઈ વનમાં રમવા ગયા છે. ધર્મરાજાના શા ભાર છે ? પણ ઠીક થયું તે ધર્મને મોઢું પણ બતાવવું ન પડયું. સ્ત્રી નદી ઉપર છે માટે ત્યાં જઈને તેનું હરણ કરી જઉં. એમ ધારી દુષ્ટ જયદ્રથ પીંપળા ઉપરથી નીચે ઊતર્યો અને ડુંગર ઉપરથી ઊતરીને છાનોમાનો નદી ઉપર જઇ પહોંચ્યો. દ્રૌપદીજી તો નદી તરફ નજર રાખી પાણી ભરે છે, પાપીએ શૂર સપાટે આવીને પાછળથી સતીનો ચોટલો પકડી લીધો. તેવી દ્રૌપદી બાવરી બની ગઈ. દુષ્ટે કેડ બાંધીને એક હાથે દ્રૌપદીને ઉંચકી ખાંધે નાંખી ને અતિશય હડીઓ કાઢતો દોડયો. દ્રૌપદીનું અંગ ધ્રૂજવા માંડયું. બુમો બરકા પાડવા લાગી, જયદ્રથે જાણ્યું, કોઇ જાણશે તો રંગમાં ભંગ થશે. વળી મારો ચાર આની ભાગ પણ આવેલો જતો રહેશે, હવે નસીબ ઉઘડયું છે.

તે પાછું ફુટી જશે. એમ વિચરી દ્રૌપદીને હેઠી નાંખીને દુષ્ટે કાળો કેર કર્યો. અબળાના હાથ પગ બાંધી લીધા અને મોંમાં ડુચો માર્યો, ને ઉપાડીને ખાંધે લઈ દોટયો કાઢતો ચાલ્યો દ્રૌપદીથી બિલકુલ બોલાતું નથી. મનમાં અપાર રુદન કરતાં પ્રભુનું સ્મરણ કરવા લાગી. હે પ્રભુ, મારે ને તમારે શું વહેર છે કે વારે વારે મને દુઃખ આપો છો ? હે નાથ, મારાથી દુઃખ નથી વેઠાતું. અરેરે, મેં કોને વિશ્વાઘાત કર્યો હશે કે મારે માથે શોકનો સિંધુ આવી પડયો. હે પ્રભુ, જ્યાં ને ત્યાં મારી જાત વગોવી. હે હરિ મારો અપરાધ હોય તે ક્ષમા કરો. અરેરે મારા સત્યમાં શો બાધ આવી પડયો હશે ?

અરે મારે વિપત વેળાના વીર, આવું કરવું હતું તો સભામાં ચીર નહોતા પૂરવાં હે વિશ્વંભર તમે જાતે પધારી કામીક અસુરને મારી નાંખી મને ત્યાં પણ બચાવી લીધી. દુર્વાસામુનિ પધાર્યા હતા તે વખતે પણ ભાજીને તાર શોધી કાઢી ત્રિલોકને તૃપ્ત કર્યા હતા. જેવી રીતે અત્યાર સુધી લાજ રાખતા આવ્યા છો તેવી રીતે અત્યારે પણ રાખો, હે પ્રભુ, મારા પાંચે બાળ ટળવળી મરશે; તેમના ઉપર તો જરા દયા લાવો. હે પ્રભુ, તમારા વિના મારું કોઈ બેલી નથી. આ વખતે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જો નહિ બચાવો તો મારા પ્રાણ ત્યાગ કરીશ.આ દુષ્ટ મને લઈ જશે ને તમારી ભોળી ભગની વગોવાશે. એમ ઘણી પ્રકારની સ્તુતિ કરી એટલે પ્રભુએ વાતને ધ્યાનમાં લીધી.ચારે ભાઇઓ રમતા હતા,તેમાં ભીમસેનને તરસ લાગી.તરસથી ઘાંટો બેસી ગયો અને કંઠે કાંટા પડયા.ભીમ કહે, ભાઇઓ,જરા મારી ગદાને સાચવજો, હું પાણી પીને આવું છું. તરસથી મારો જીવ જાય તેમ છે. એમ કહી ભીમ દોડતો નદી ઉપર ગયો, ભીમ પૂર્વમાંથી પશ્ચિમ આવ્યો, અને જયદ્રથ ઉત્તરમાંથી દક્ષિણ ચાલ્યો જાય છે. નદી કિનારેથી સ્ત્રી લઇને જતો હતો, તેવામાં ભીમે તેને જોયો. ભીમના પેટમાં ફાળ પડી,આ દુષ્ટે કોનું હરણ કર્યું છે ? જોતાં માલુમ પડયું, મોં તો દ્રૌપદીના જેવું લાગે છે. એમ વિચારી પોતે પાણી પીવા લાગ્યો. બે હાથે પાણી પીતાં વાર થવા લાગી. તેથી ભીમે પાણી આઘું પાછું કરી પાણીમાં મોં મૂકી દીધું, તરસ છીપી એટલે હાશ કહીને ઊભો થયો. પછી કેડે બાંધીને જયદ્રથ પછવાડે દોડયો,

પાછળથી જયદ્રથની ગરદન પકડીને એક ગડદો માર્યો,જયદ્રથે ભીમને એકલો જોઇને હિંમત ધાલી.પોતે ભીમસેનને નાગપાસના બાણથી હાથે પગે બંધન કીધો. પછી પાછો દ્રૌપદીને ખાંધે મૂકી ચાલ્યો,ભીમે મોટેથી બૂમ પાડી કે અરે ભાઇઓ ધાજો રે ધાજો.સહદેવે બૂમ સાંભળીને અર્જુનને કહ્યું, ભીમસેન સંકટમાં આવી પડયો છે,અર્જુનજી તથા તેમના ત્રણભાઇ ભીમનું રક્ષણ કરવા સારુ દોડયા.ભીમે પોકાર કર્યો, પહેલાં મને છોડો. પછી તમે ધીમે ધીમે આવજો,અર્જુને ગરુડાસ્ત્ર બાણ મૂકી નાગપાશ બંધનથી ભીમને છોડી નાખ્યો.ભીમસેને દોડીને જયદ્રથને પકડી ગડદો માર્યો, જયદ્રથે દ્રૌપદીને વેગળે મૂકી દીધી અને હથિયારો પકડયા. ભીમસેનને બીજી વખત બાંધી દીધો. જયદ્રથે પાછી દ્રૌપદીને ખાંધે ઊંચકી લીધી અને દોડવા લાગ્યો.ભીમસેને પાછી બૂમો પાડીને કહ્યું,અરે ભાઇઓ, ઝટ દોડો નહિ તો મને છોડો,શું તમારા પગ ભાગી ગયા છે ? ઉતાવળા આવી પહોંચો નહિ તો દુષ્ટ જયદ્રથ દ્રૌપદીનું હરણ કરી જશે.એવું સાંભળી ત્રણ ભાઇઓએ દોટ મૂકી.ભીમે કહ્યું, પહેલો મને છોડો.અર્જુન ગરુડાસ્ત્ર બાણ મારી વૃકોદરને છોડયો એટલે ભીમસેન દોડયો અને જયદ્રથને પકડીને માર મારવા લાગ્યા.જયદ્રથે દ્રૌપદીને કોરાણે મૂકી દઈ હથિયારો હાથમાં લીધાં.પછી પોતે બાણ મારી ભીમસેનને બાંધી સતીને ખાંધે લઈ ચાલ્યો. એટલે ભીમે ઘાંટો કહાડયો. અરે ભાઇઓ, દોડો નહિ મને છોડો એટલે અર્જુને બાણ મારીને છોડયો,ભીમ કહે,ભાઇઓ ઝપાટાથી આવી પહોંચો,એમ કહીને દોટ મૂકી અને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding-IKS-MoE-Grant-2

જયદ્રથને પકડી પાડયો. જયદ્રથે દ્રૌપદીને કોરાણે મૂકી.ત્યારે ભાઇઓને દેખીને જયદ્રથ ધ્રૂજી પડયો. અર્જુને જયદ્રથને નાગપાસના બાણથી અવળો બાંધી દીધો. સહદેવે દ્રૌપદીના મોંઢામાંથી ડુચો તાણી કાઢયો, ત્યારે ભીમે નિર્દયપણે જયદ્રથને માર મારવા માંડયો.જયદ્રથ અતિશય બૂમો બરાડા પાડવા લાગ્યો પણ ત્યાં કોણ તેની મદદે આવે ? જયદ્રથ કરગરે છે, હે માબાપ, દ્રૌપદી મારી માતા તુલ્ય છે. અને મેં તેને ભૂલથી દુઃખ દીધું, હવે મારો અપરાધ ક્ષમા કરો. ભીમ કહે, હવે ઠેર મારી નાંખું, તેં મને વારે વારે બાંધ્યો હતો. એમ કહી વૃકોદર ગડદા પાટું કોણીઓના અપાર પ્રહાર કરવા લાગ્યો. જયદ્રથ ત્રાહ્ય ત્રાહ્ય પોકારે છે, ભીમ મારતો કહે છે,લેતો જા દુષ્ટ કુકર્મી, પહેલી તારી આંખો કુટી ગઇ હતી ? પાંડવો પાસેથી હરણ કરતાં મહાદુઃખ પડશે તેનો વિચાર નહોતો આવ્યો ? અર્જુનને દયા આવી ભીમસેનને સોગન દઇને કહ્યું, ભાઇ, તેને જવા દે, તું એને હાથ અડાડે તો ધર્મરાજાની આણ છે. એટલે ભીમ હાથથી મારવો રહેવા દઇને પગની પાટુથી માર મારવા લાગ્યો. જયદ્રથ ઊંટની માફક બરાડા પાડવા લાગ્યો. અર્જુનને પાછી દયા આવી. પોતે ભીમને કહ્યું, ભાઇ જવા દે. ભીમ કહે, ચિતામાં જાય ત્યારે. હવે એનું આવી બન્યું છે. આપણી સ્ત્રી દ્રૌપદીનું હરણ કરી જતો હતો તેને કેમ છોડી દેવાય ? જો હરણ કરીને લઇ ગયો હોત તો બિચારાં પાંચે બાળક ટળવળી મરત, ઠીક થયું. પ્રભુએ તૃષા મૂકી, જો હું પાણી પીવા ન આવ્યો હોત તો જરૂર દ્રૌપદીનું આ પાપી હરણ કરી જાત. હવે તો દુશ્મન હાથમાં આવ્યો છે. જયદ્રથ કરજોડી કરગરે છે, પણ ભીમ નિર્દયપણે મારે છે.

અર્જુનને પુષ્કળ દયા આવવાથી ભીમને કહ્યું, જો તું એને અંગે અડે તો તને મારી આણ છે. ભીમે મારવા બંધ કર્યો. પછી વૃકોદરે વિચાર્યું, હાથ પગથી તો મારવું બંધ કર્યું છે, માટે ઝાડોથી મારૂં તો ઠીક. એમ ધારી ઝાડોને મૂળમાંથી ખેંચી કાઢી પાછો જયદ્રથને ઝાડે ઝાડે ઝુડવા માંડયો. અર્જુને જાણ્યું, સોગન પાળે છે ને મારે છે. આટલો બધો માર્યો તો પણ હજી કેડો મેલતો નથી. છેવટે કહ્યું, અરે ભીમસેનભાઇ, તમારી મરજીમાં આવે તેમ કરો. એટલે ભીમે ચોટી ઝાલીને પકડી લીધો અને પોતાના ભાઇ ધર્મ-રાજાને દેખાડવા માટેસાથે લઇનેચાલ્યા.દ્રૌપદીએ નદીમાંથી તુંમડાં ભરી લીધાં અને ડુંગર ઉપર સૌ આવ્યાં, ધર્મરાજા જયદ્રથ બનેવીને જોઇને બાઝી પડયા. પછી તેના બેઉ હાથ છોડી નાંખ્યા. જયદ્રથને યુધિષ્ઠિરે કહ્યું, પૂજ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નીક બનેવી ભલે પધાર્યા, મને આજ પાવન કર્યો. ભીમ કહે, અરે મોટાભાઇ, એતો પાવન કરવા તો નથી આવ્યો, પણ ઉલટો દ્રૌપદીનું હરણ કરવા આવ્યો છે, ધર્મ કહે, હશે, અરે દ્રૌપદી જળ ભરી લાવો, અને પૂજનીક બનેવીને સ્નાન કરાવી રૂડે પ્રકારે જમાડો.દ્રૌપદી કહે,અરે સ્વામી,હું તે દુષ્ટનેકદી જમાડવાની નથી જો મને હરણ કરીને લઇ ગયો હોત તો મારા પાંચ બાળક ટળ વળી મરત. ધર્મ કહે તમે તમારી લવારી મૂકી દઇને મારું વચન અંગીકાર કરો. જયદ્રથ કહે, અરે ધર્મરાજા, મને જવા દો.મારે ભોજન નથી કરવું,ધર્મરાજા કહે,જમાડયા વિના હું તમને મોકલવાનો નથી એટલે જયદ્રથે સ્નાનકર્યું.

દ્રૌપદીએ ભોજન પીરસ્યું.જમી ઊઠીનેઆજ્ઞા માગી.ધર્મરાજાબોલી ઊઠયા, અરે બનેવી,આવો પધારો જરા વાર આરામ લ્યો. એમ કહી સાદડીમાં સુવાડયો. ધર્મરાજા તેના પગ ચાંપવા લાગ્યા,ચાર ભાઈતથા દ્રૌપદીના મનમાં ઘણો ક્રોધ ચઢે છે, પણ ધર્મરાજાને કશું કહેવાતું નથી. જયદ્રથ કહે, ધર્મરાજા, આ શું કરો છો ? ક્ષમા કરો, મારે પગ નથી ચાંપવા. ધર્મરાજા કહે, અરે બનેવી, તમે મહેનત કરીને થાકી ગયા હશો,કારણ કે અમારા ચર્ણની રજ દ્રૌપદી તેને તમે ખાંધે લઈ દોડયા છો: તમારા ચર્ણની રજ અમે અને અમારા ચર્ણની રજ દ્રૌપદી,તેને ઉંચકીને દોડવું પડયું, તેથી બહુ તસ્દી પડી હશે. તમારું પૂજન કરવું ઘટે તેના બદલામાં તમે તસ્દી લીધી. વળી અમારો ભીમસેનભાઇ મૂર્ખ છે તેણે તમારી ગડદા પાટુથી પૂજા કરી. વારું બનેવી, સાચું બોલજો, એમ કરવાનું શું કારણ ? જયદ્રથ રડી પડયો,પછી આંખમાં આંસુ લાવી ધર્મરાજાને કહે છે, દુર્યોધને મને લાલચ આપી અહીં મોકલ્યો છે. ધર્મરાજા કહે,શી લાલચ આપી છે? જયદ્રથ કહે,રાજયમાંથી ચાર આની ભાગ આપવાનું કબૂલ કર્યું છે, તેથી દ્રૌપદીનું હરણ કરવા સારું આવ્યો છું. અરેરે, હું કયાં આવી પડયો મને આવું ઊંધું કેમ ઊકલ્યું ? અરે દેવ, મારું નસીબ કેવું અભાગિયું છે.જેથી કરીને હું આવાં કર્મને પહોંચી ગયો. એમ પાપી જયદ્રથ પસ્તાવા લાગ્યો. ધર્મરાજા કહે,હશે બનેવી, જે થયું તે ખરું,હવે પશ્ચાતાપ કરે શું વળે તેમ છે ? મનુષ્યનું ધારેલું કોઇ દિવસ પૂરું બનતું નથી. અરે બનેવી, જો તમે દ્રૌપદીનું હરણ કર્યું હોત તો તેના પાંચે બાળકો ટળવળીને મરી જાત. એ બાળકોને કોણ ધવડાવત ? તેનો દોષ તમને લાગત ? તેનો જરા મનની સાથે વિચાર કરો તમે સમજુ છો,ડાહ્યા છો, જો નાના બાળક હોત.અગરમૂર્ખા હોત તો તે વાત સંભવિત હતી પણ તમે પૂજનીક થઇ અમારા ચરણની રજ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉપાડીને ચાલ્યા, તે તમને ઘટીત નથી. અરે બનેવી, સતી સ્ત્રીની લાજ લેનાર પૃથ્વીમાં કોઈ નથી, કારણ તેના સત્યના આધારથી પ્રભુ તેના વશમાં હોય છે. તેથી કોઈનું જોર ચાલી શકતું નથી. તેમ છતાં કર્તા કારવતાં ભગવાન છે, આપણે વિચાર પૂરો પાડવો યા ન પાડવો એ સઘળું તેમના હાથમાં છે. વારુ ધારો તમે કદાપી કામ કરીને ચાર આની રાજ્યમાં ભાગ મેળવત, તેથી તમને શું ફળ મળત તેનો તમે સંપૂર્ણ રીતે વિચાર કરો. રાજ્ય મળવાથી તમે પુષ્કળ વૈભવ લેત, તેથી શું આયુષ્ય વધી જાત? અને જે માણસો નથી ભોગવતા તેનું શું આયુષ્ય ઘટી જાય છે? એ સઘળી વાતનો જે ઉમંગ રાખવો તે મિથ્યા છે. વૈભોગથી શું શરીર સચવાયું? વૈભોગ નહિ મળવાથી શું શરીર ઘસાઈ જાય? પણ બેઉ પક્ષવાળાઓને મરવા રસ્તો એક જ પ્રકારનો છે, સર્વને એક જાતનો દેહ છે, કદાપી કોઈ ધનવાન હોય અને તેથી તે રૂડા પ્રકારથી વૈભોગ લેતો હોય તો તે પાંચ પચાસ કે સો વર્ષ સુધી ભોગવશે? તેનાથી શું થઈ ગયું? કદી એક જન્મમાં વૈભોગ ભોગવે. વૈભોગ છે, તે જ રોગનું મૂળ છે, વૈભોગવાળાને પેટ ભરવું છે. અને વૈભોગ વિનાનાને પણ પેટ ભરવું છે. સ્વાદ હોય તો પણ શું અને સ્વાદ ન હોય તો પણ શું? જ્યાં ત્યાં બેઉ પક્ષવાળાને પેટ ભરવાનું છે, તેમ છતાં મૂઢ પુરુષો પ્રપંચ કરે છે; તે સઘળુ પાપનું મૂળ છે, આપણે ધારેલો વિચાર પાર પડતો નથી નાહક લોકો મિથ્યા વેઠ કરે છે. એમ ધર્મરાજાએ દુષ્ટ જયદ્રથને અપાર બોધ કર્યો. એવો બોધ સાંભળીને જયદ્રથ બોલ્યો, અરે મારી કેમ બુદ્ધિ ફરી ગઈ? તમે મને એવો ઉપદેશ કર્યો કે જેથી કરીને બીજી વખત મારાથી આવું કુકર્મ કદી ન થઇ શકે. અરે મહારાજા, હવે કૃપા કરીને મને આજ્ઞા આપો તો બહુ સારું.

ધર્મરાજા કહે, વારુ બનેવી, સુખેથી પધારો. મેં આપને જે કહેલું છે, તેની માફી માગું છું. આજ્ઞા માગી દુષ્ટે પોતાનો રસ્તો ઝાલ્યો, ભીમે વિચાર કરીને અર્જુનને કહ્યું તમે ધર્મરાજાની પાસે બેસીને તેમને વાતે વાળો, જેટલી ધર્મરાજાએ ચાકરી કરી તેટલો દુષ્ટને માર મારવો જોઇએ. તમે તેમને વાતો કરી વિશ્વાસ આપો, હું જયદ્રથની પછવાડે જઇને જરા પોખરો કરી આવું, એમ કહી ભીમસેન જયદ્રથની પછવાડે ઊઠયો, જયદ્રથે ભીમસેનને પોતાની પાછળ આવતો જોઇને બૂમ પાડી. અરે ધર્મરાજા, ભીમસેનને પાછો બોલાવી લો, નહિ તો મને મારી નાંખશે. એટલે યુધિષ્ઠિરે ઊભા થઇને ભીમનેજી પડીમાં બોલાવ્યો. જયદ્રથ ઝડપથી દોડયો અને જ્યાં પોતાનો રથ ઊભો હતો ત્યાં આવી પહોંચ્યો. સારથિ જયદ્રથને ઢાલો ભાળીને બોલી ઊઠયો, અરે જયદ્રથજી, પેલી રૂપાળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ક્યાં ? જયદ્રથે કહ્યું,તેણીને હસ્તિનાપુર મોકલી દીધી. એમ કહી રથમાં બેસી ગયો પછી બેઉ જણાએ હસ્તિનાપુરનો રસ્તો ઝાલ્યો, રસ્તામાં જતાં વિચાર કરવા લાગ્યો.હું દ્રૌપદીને હરી લાવત, પણ અર્જુનજી વચમાં નડયો. મારો ખરેખરો દુશ્મન અર્જુન છે.તેણે મારો ચાર આની ભાગ ખોવરાવ્યો.હવે તેને મારવાની પેરવી કરું એમ વિચાર ગોઠવતો હતો એવામાં એક શિવાલય નજરે દેખાયું. ત્યાં પાપી રથમાંથી ઉતરી પડયો અને શિવાલયમાં પ્રવેશી

તપ કરવા લાગ્યો. જયદ્રથે તપ કર્યું એટલે શિવજી ચાર દિવસમાં પ્રસન્ન થયા શિવે કહ્યું. અલ્યા, માગ માગ,માગે તે આપું.તારાતપથી હું ખુશી થયો છું જયદ્રથ કહે,અરે મહારાજા, અર્જુનજીનું મૃત્યુ મારા હાથે થાય એટલું આપો.એટલે મહદેવજી બોલ્યા,જા તારું મૃત્યુ અર્જુનજીના હાથે થશે.એવું સાંભળી દુષ્ટને વહેમઆવ્યો,શંકરે કેમ ઊલટું વચન આપ્યું? પછી તેણે શંકરને પૂછયું,કેમ મહારાજ, આપ એવું ઊલટું બોલ્યા ? મહાદેવે કહ્યું.અરે મૂર્ખા, જરા વિચાર તો કર, તેં અર્જુનજીની સ્ત્રીનું વિના વાંકે હરણ કર્યું તેથી અર્જુનજીનો અવગુણ લીધો અને મારું તપ કરવા બેઠો. પણ તારી મોટી ભૂલ છે,મેં તો તને સત્ય કહ્યું છે,પણ તું અવગુણી છે તેથી તને માઠું લાગે છે,જયદ્રથે કહ્યું અરે મહારાજા હું તમને છોડવાનો નથી.હું તમારું બીજીવખત તપ આદરીશ પણ અર્જુનનું મૃત્યુ મારે હાથે થાય તેવું વચન લઈશ.મહાદેવજીકહે,તેવું વચન તો હું કદી આપવાનો નથી, તારી ખુશી હોય તો બીજું આપું,જયદ્રથ કહે હશે મહારાજા. આપની મરજીમાં આવે તે વચન આપો, એટલે ત્રિપુરારી બોલી ઊઠયા, જ્યારે અઢાર દિવસ યુદ્ધ થશે ત્યારે મારું વચન ફળશે. જયદ્રથ બોલ્યો અરે મહારાંજા,તે વખતે શું થશે? શંકરે કહ્યું પાંડવો તારા ખાંળ્યા ખળશે. કહી શંકર અંતર્ધાન થયા ને દુષ્ટ પોતાને રસ્તે ચાલ્યો, રથમાં બેસીને વિચાર કરે છે, અર્જુનજીનું મૃત્યુ ન થયું તો ભલે, પણ પાંચે પાંડવો મારાથી ખળશે એટલે બસ છે.

જયદ્રથ હસ્તિનાપુર આવે છે, સમાચાર દુર્યોધનને મળ્યા એટલે અંધપુત્ર દુર્યોધને દ્રૌપદીને વધાવી લેવા માટે મોતી પુષ્પ વિગેરે તૈયારકર્યા,દુષ્ટે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પોતાના મામાને પાસે બોલાવ્યો, શકુની દોડતો ત્યાં આવ્યો.દુર્યોધને કહ્યું, મામા,રૂપાળી આવી.મામો કહે, બહુ સારું. પાપી બોલ્યો, અરે મામા,કર્ણ દુશાસન વિગેરેને બોલાવો.શકુનીએ સેવક મોકલીને કર્ણ તથા દુશાસનને બોલાવી લીધા. પછી સર્વે જણ એકઠા થઈ વાજિંત્ર સાથે બનેવીના સામા આવ્યા.દુર્યોધને જઇને નમસ્કાર કર્યો પછી પૂછયું, અરે બનેવી ! રૂપાળી કયાં મૂકી છે ? મને બતાવો તો હું ઘેર લઈ જવું.તે સાંભળી જયદ્રથના મનમાં રીસ વ્યાપી, દુષ્ટ સુખદુઃખની તો ખબર પૂછતો નથી અને પોતાના સ્વાર્થની વાત કર્યા કરે છે: એમ ક્રોધે ભરાયેલો જયદ્રથ બોલ્યો, અરે દુર્યોધન ? રૂપાળી તમારા ત્યાં મોકલી છે, દુર્યોધન કહે, ના જયદ્રથ કહે,તમારી મા તેજ દ્રૌપદી ધારજો.દુર્યોધન કહે,કેમ બનેવી,ઊંધું બોલો છો? જયદ્રથ કહે, ઊંધું નથી બોલતો સવળું બોલું છું.તમે મને હરણ કરવા મોકલ્યો હતો કે મારી નંખાવવા મોકલ્યો હતો? હું મરી ગયો હોત ચાર આની ભાગ કોણ ખાત ? ધિકકાર છે તમને સુખ દુખની વાત તો કરતા નથી ને આવ્યા એવા રૂપાળીનું ભજન કરતા આવ્યા. એ તો પરમ સતી છે. જગતજનુની છે,એની લાજ લેનાર કોઈ પૃથ્વીમાં મૂવો નથી.ભગવાન સદા તેને વશ છે.હું તો હરણ કરવા ગયો હતો પણ હરણ કરતાં ભીમસેને મારું જ મરણ કર્યું હોતતો પણ ધર્મરાજાએ બચાવ્યો.એવું સાંભળી કર્ણરાજાને બોલવું ફાવ્યું. કર્ણે કહ્યું, જાઓ દુર્યોધનભાઇ ? હું કહેતો હતો તેજ આગળ આવ્યું. પછી સઘળા નિરાશ થઇને ઘેર આવ્યા.મામો તથા ભાણેજ જેમ કોઈ સ્મશાનીઆ પુરુષો ઘેર આવીને રુદન કરે છે એમ રુદન કરવા લાગ્યા.

દુર્યોધન કહે.મામા હવે શો ઉપાય કરવો? મામો બોલ્યો, અરે ભાણીઆ, થોડા દિવસ વિતવા દે પછી હું એક નવી યુકિત દોડાવીશ. દુર્યોધન ખુશી થયો. સઘળા મન વાળીને બેઠા.હવે દ્વવિત વન વિષે એવું બન્યું, એક દિવસ અર્જુનજી ધર્મરાજાને પગે લાગીને કહેવા લાગ્યા, હે મોટાભાઇ? જો તમે આજ્ઞા આપો તો હું મારા પિતાજી ઇંદ્રની પાસે વિદ્યા ભણવા જઉં.વિદ્યા ભણીને હું ઝટ આવતો રહીશ. આપણે આગળ જતાં ઘણું યુદ્ધ કરવું પડશે, માટે જો નહિ ચેતીએ તો હાર પામીશું. લાજ ભગવાન રાખનાર છે પણ આપણે પુરુષપ્રયત્ન તો કરવો જોઇએ.એવું સાંભળી ધર્મરાજાએ આંખોમાં આંસુ આણ્યાં. ધનંજયને કહે છે ભાઈ તારા વિના મને બિલકુલ ગમવાનું નથી. અરેરે તારા સિવાય મારી ચાકરી કોણ કરશે ? હું દુઃખી થઇશ. ભીમસેન તો સવા પહોર દહાડે ઊઠે છે અને હું કામ બતાવું એટલે બબડે છે, અને જો કામ કરે તો આડું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અવળું કરીને વિતાડે છે. સહદેવજી કરે છે, પણ મધ્યાનકાળે સેવા પૂજામાંથી પરવારે ત્યારે. એને કામ બતાવીએ ત્યારે ટીપણું લઇને જોવા બેસે છે. જોઈ વિચારીને બહાર નીકળે છે. વળી દક્ષિણમાં જાઉં તો સામો કાળ થાય અને ઉત્તરમાં જાઉં તો દુઃખ પામું. આજ તો જોગણીનું ઘર સામું આવે છે તેથી નહિ જઉં.શુભ અશુભ ચોઘડિયું જોયા કરે છે,એટલે મારું કામ રખડે છે,નીકુળ જીને બતાવું છું. ત્યારે વસ્ત્ર પોષાક પહેરતા બે પહોર થાય છે, એની છેલાઇનો પાર આવતો નથી, જો દ્રૌપદીને બતાવું તો તે કરે પણ તેનું સ્વરૂપ પીડાકારક છે, એનાથી અળગા જવાય તેમ નથી. એનું સ્વરૂપ જોઇને કોઇ હરણ કરી જાય તારાથી જેટલું કામ બને છે તેટલું મારું કામ કોણ કરનાર છે ? માટે મારા વહાલા ભાઇ, તને હું મારાથી અળગો કરનાર નથી, એમ કહી નેત્રમાં આંસુ આણ્યા. અર્જુનજી કહે, અરે વીરા, તમે કરુણા કરો તો ધર્મરાજા મને ભણવા સારું જવા દે.તમે ધર્મરાજાની સેવા કરો તો મારાથી ભણવા જવાય.

એવામાં ભીમ બોલી ઊઠયો, અરે ભાઈ ભણીને શું કરશો ? ભણ્યા હોય છે તે પણ મરી જાય છે અને ભણેલા ન હોય તે પણ મરી જાય છે. જેને ને તેને સર્વને મરી જવું છે, તમે ભણ્યામાં દહાડા કાઢયા તેમાં અમારાથી કેટલા જાડા થયા, માટે ભાઈ,ભણ્યા વિના ચલવો. અર્જુને હાથ જોડયા. એટલે ત્રણે ભાઇએએ આજ્ઞા આપી કહ્યું, અરે અર્જુનજી ! તમે ખુશીથી વિદ્યા ભણવા માટે જાઓ, અમે ત્રણ ભાઈઓ મળી ધર્મરાજાની તમારા કરતાં સારી સેવા ઉઠાવીશું. ત્રણે જણાએ ધર્મરાજાને કહ્યું, અરે મોટાભાઈ અમે તમારી બરાબર સેવા ઉઠાવીશું. જે વખતે આજ્ઞા આપશો તે વખતે કામ બજાવીશું પછી ધર્મરાજાએ અર્જુનજીને બોલાવીને કહ્યું, ભાઇ ખુશીથી જાઓ અને વિદ્યાભણીને વહેલા આવો. ત્રણ ભાઇએ મળી મારી સેવા કરશે. તમે તમારી જાત જાળવજો. મારી બિલકુલ ચિંતા કરશો નહિ, તમે ભણીને વહેલા આવજો એમ ધર્મરાજાએ આજ્ઞા આપી એટલે ધનંજય હાથમાં હથિયાર ગ્રહણ કરીને વિદાય થયો. અર્જુનજી અઘોર વનમાં ચાલ્યો એવામાં તેણે શિવાલય દીઠું. શિવજી વિના સ્વર્ગમાં મને કોણ મોકલશે ? એવું ડહાપણ શોધી કાઢી અર્જુન જીએ ઊંધે મસ્તકે તપ માંડયું.એવામાં નારદજીએ વિચાર્યું અર્જુનજીને તથા શિવજીને લડાવું તો મારે જોવાની ગમ્મત પડશે.એમ ધારી નારદમુનિ અર્જુન જીની પાસે આવ્યા. અર્જુનજીને પૂછયું, અલ્યા કુંતાપુત્ર ! તને તપ કરવાનું કોણે બતાવ્યું ? છ મહિના વીતી જશે તો પણ તપ કદી પૂર્ણ નહિ થાય.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જો તારે શંભુને પ્રસન્ન કરવા હોય તો હું તને ઉપાય બતાવું તે તું કર, તું ઊભો થઇને આયુદ્ધ ઝાલીને શિવનું નામ લે એટલે તરત શંકર તને પ્રસન્ન થશે. પછી તારે જે માગવું હોય તે માગી લેજે. અર્જુનજી કહે, વારુ મહારાજા, તમે તો મશ્કરી કરવા સારું બોલ્યા હશો, પણ મને બ્રાહ્મણના વચન ઉપર વિશ્વાસ છે, તેથી તમારું બોલવું સત્ય પડશે. બ્રાહ્મણનું વચન કદાપી પણ મિથ્યા જતું નથી, મારા મનને તો પૂર્ણ શ્રદ્ધા છે. પછી અર્જુનજીએ માળા નીચે મૂકી દઈ, આયુધને ગ્રહણ કર્યાં, એટલે નારદજી ત્યાંથી વિદાય થઇને મહાદેવજી પાસે ગયા, ત્યાં જઇને શંકરને કહેવા લાગ્યા, જો જો મહારાજા, તમારો દાસ જાણીને વરદાન આપવા જતા. એ તો આયુદ્ધ પકડીને તપ કરે છે, એનો વિચાર એવો છે કે જ્યારે ત્રિપુરારી વરદાન આપવા આવે ત્યારે તમને મારવા અને તેમનું કૈલાસ લઇ લેવું. અત્યારે સાચું માનતા નહિ હો તો પછી પાછળ પસ્તાશો. શંકર કહે, એવો કોણ પુરૂષ છે ? જે મને મારી નાંખીને કૈલાસ લેવાનો વિચાર કરે છે ? વારુ નારદજી, હું જોઉં છું કે કેવો મને મારીને કૈલાસ લઇ લે છે ! હું એનું પારખું તો જોઉં. નારદજી ચઢાવીને નાસી ગયા. કૈલાસપતિ શંકર કોપાયમાન થઈએ મુખનો મૃગ બનાવીને પોતે પારધીનું રૂપ ધારણ કર્યું, આગળ મૃગને પાછળ પોતે; એમ શંકર હથિયાર ગ્રહણ કરીને જ્યાં અર્જુનજી તપ કરે છે ત્યાં આવી પહોંચ્યા. આગળ મૃગ અને પાછળ પારધી જોઇને અર્જુનજીએ વિચાર્યું, મૃગ તો ક્ષત્રીઓનું રમકડું છે. મારા દેખતાં પારધી મૃગનું મરણ આણશે તે મારાથી કઈ રીતે જોયું જાય ! એવું સમજી અર્જુનજી બોલ્યા, અરે દુષ્ટ પારધી ! તું મને ઓળખે છે ? જો મારા દેખતાં મૃગને મારીશ તો જરૂર હું તારો કાળ આણીશ. કારણ મૃગને મારવો તે ક્ષત્રીનો ધર્મ છે. એવું સાંભળી પારધી સ્વરૂપે શંકરે કહ્યું, અલ્યા, મને મારનારો પૃથ્વીમાં ક્ષત્રીપુત્ર હાલ નથી. તમે લોકો તો ખતરા છો, તમારાથી શું બની શકે તેમ છે ? હું તો મૃગને તારા દેખતાં જ મારીશ, તારાથી થાય તે કરી લેજે. અર્જુને કહ્યું, જો અત્યારે તને બતાવી આપું છું. કહી ક્રોધ કરી એક બાણ માર્યું, તે બાણને શંકર પહોળું મોં કરી ગળી ગયા. પછી અર્જુને બીજું બાણ માર્યું. તે પણ પોતે ગળી ગયા. કુંતાપુત્ર અર્જુનજીએ અગણિત મંત્ર ભણીને અનેક બાણ માર્યાં, તે પણ શંકર ગળી ગયા. અર્જુનજીએ ધનુષને ફેંક્યું, તે પણ શિવજી ગળી ગયા. પછી બાણનો ભાથો માર્યો, તે પણ ત્રિપુરારી ગળી ગયા

૫૫

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એટલે ધનંજયને અતિશય ક્રોધ ચઢયો, તેથી શંકરસામા દોટ મૂકીને તેમની કોટે બાઝી પડયો. એટલે મહાદેવજી ઊંચા બન્યા ને અર્જુનજીપણ તેમની સાથે ઊંચો લબડયો. જેમ ઊંટની કોટે ઘંટ લટકાવ્યો હોય ને તે જેમ શોભે તેવી રીતે શંકરની કોટે ધનંજય શોભવા લાગ્યો. અર્જુનજી ઘણો અકળાઇ ગયો.

છેવટ અર્જુનજીએ મહાદેવજીના ખભે બચકું ભર્યું. એટલે શિવજીને હસવું આવ્યું ને અર્જુનના ઉપર પ્રસન્ન થયા. અર્જુનજીને આગળ ઉતારીને શંકરે દર્શન આપ્યાં. પછી પોતે બોલ્યા, અરે બેટા અર્જુન ? માગ માગ માગે તે તને આપું. અર્જુનજી કહે, અરે મહારાજા, બીજું પછી આપજો, પહેલાં

તમે ગળી ગયા છો તે મારાં આયુદ્ધો તથા ધનુષ આપો. એટલે શંકરે તરત તેનાં આયુદ્ધ તથા ધનુષ આપ્યાં. પછી અર્જુનજીને પૂછયું, અલ્યા, આમ હથિયાર ગ્રહણ કરીને કેમ તપ કરતો હતો? અર્જુન કહે, મને તો નારદજી એમ બતાવીને જતા રહ્યા. મેં બ્રાહ્મણના વચન ઉંપર શ્રદ્ધા રાખી તો તમે મને મળ્યા. શંકર બોલ્યા, અરે અર્જુનજી ! એ જ નારદે મને અહીં મોકલ્યો. આપણા બેઉ જણાને લડાવવા હતા તે તેણે લડાવ્યા. તને આયુદ્ધ પકડીને અહીં ઊભો રાખ્યો તે પણ મારી સાથે લડાવવાને માટે જ. અર્જુનજી કહે, તે તો તે જાણે. પણ મારે તો બ્રહ્મવાકય ફળી ગયું. મને તો તેમના આવવાથી અતિશય લાભ થયો. હું આયુધ ઝાલીને ઊભો એટલે તમે આટલા જલદી આવ્યા નહિ તો કેટલાય દહાડા તપ કરવું પડત. ભગવાન, આફીન છે તે મોટું છે. મારા નસીબનો પાર રહ્યો નહિ. જે માણસ બ્રાહ્મણના વચન ઉપર શ્રદ્ધા રાખશે તેને મારા જેવું ફળ મળશે. એટલે શંકરે કહ્યું, અરે અર્જુનજી ? તારી શી ઈચ્છા છે ? તેં આ તપ શા માટે કર્યું ? અર્જુનજી કહે, મારે સ્વર્ગમાં મારા પિતાજીની પાસે વિદ્યા ભણવા સારુ જવું છે, માટે મને ત્યાં મોકલી આપો. તેટલા માટે મેં તપ કર્યું છે. શિવે કહ્યું, હે ઈંદ્રના પુત્ર, તું પૂર્વ દિશા ભણી ચાલ્યો જા. તું ત્યાં જઈશ એટલે તને તેડવા માટે ગાંધર્વ વિમાન લઇને આવશે. હવે કંઈ બીજું માગવું હોય તો માગી લે. અર્જુનજીએ જવાબ આપ્યો, આપની મરજીમાં આવે તે મને આપો. શિવજીએ કૃપા કરી પશુપાત કરી પશુપતાકા નામનું બાણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પારથને અર્પણ કર્યું, પછી તેને કહ્યું, આ બાણ તારી પાસે રાખજે. આ બાણનો પ્રભાવ એવો છે કે કોઇ દિવસ બ્રહ્મા, વિષ્ણુ કે હું ત્રણમાંથી ગમે તેને મારે તો તે વખત તેનું માથું છેદન થઇ જાય.આ બાણ તારું એક વખત કામ કરીને મારી પાસે આવતું રહેશે.માટે ખરી વેળાએ આ બાણને વાપરજે,જેવી તેવી લડાઈમાં વાપરીશ નહિ. બાણ આપીને શંકર અંતરધ્યાન થઈ ગયા. એટલે અર્જુનજી વિમાનની વાટ જોતા જોતા પૂર્વ દિશામાં ચાલ્યો જાય છે. શિવજીએ ઇંદ્રરાજાની પાસે પોતાના ગણ મોકલી દીધા, તેમની સાથે એવું કહાવ્યું, શંકરના વરદાનથી અર્જુનજી માટે વિમાન મોકલી દે. કારણ, તેને, વિદ્યા ભણવા સારુ સ્વર્ગમાં આવવાની ઇચ્છા છે.ઇંદ્રે કહ્યું,વારું મહારાજા હું જલદીથી વૈમાન મોકલીશ. એટલે શંકરના ગણો પાછા કૈલાસે જતા રહ્યા.

ઇંદ્રરાજાએ વિચાર કર્યો કે હવે શો ઉપાય કરવો? લવશ કવશ નામનાબે અસુરો અહીં ઘણી વાર આવી ચડે છે. તે અસુરો ઘણા જ બળવાન છે,જેથી કરીને સર્વ દેવતાઓ તેમનાથી હારી જાય છે,દેવતાઓ અમ્મર છે તેથી મરતા નથી. પણ અર્જુન મૃત્યુ લોકનું પ્રાણી છે, તેથી દૈતો મારી નાખે તો મારી ઇજજતધુળધાણી થઇ જાય,અરે દૈવ ! અર્જુનના આવવાથી મને ઉલટો હરખ થવો જોઇએ તેના બદલે શોક ઉત્પન્ન થયો છે.તે કુંવરનામાં કેટલું પરાક્રમછે, તેની બરોબર તપાસ કરું.પછી તેને સ્વર્ગમાં લાવું ઇંદ્રરાજા અર્જુનની પરીક્ષા જોવા માટે નીકળ્યો, જયાં અર્જુનજી ચાલ્યો આવે છે ત્યાં પોતે વાંદરાનું રૂપ ધારણ કરીને આવ્યો. બે ધોધો ઊંચી છે અને નેળ નીચી છે. તેની બે બાજુએ પોતાના બે ચરણ ધર્યા.ધનંજય ત્યાં આવી પહોંચ્યો.તેણે નેળ ઉપર વાંદરાને જોઈને કહ્યું,અલ્યા કપિ,અહીંથી ચાલ્યો જા,મારે આરસ્તેથઇને જવાનું છે.ઇંદ્ર કહે,નીચે બહુરસ્તો છે,હું તને કયાં નડવા બેઠો છું?મારી નીચે થઇનેજવું હોય તો જા.હું તલભર ખસવાનો નથી.એટલે પારથે ધનુષ તૈયાર કર્યું.ઇંદ્રેજાણ્યું કે પાણીવાળો છે, એમ ધારી પોતે અંતરધ્યાન થઈ ગયો,સ્વર્ગ જઈગાંધર્વને આજ્ઞા કરી કે વૈમાન લઈ મારા પુત્રને અહીં તેડી લાવ. ગાંધર્વે વૈમાન તૈયાર કર્યું અને જયાં અર્જુનજી આવતો હતો તેની પાસે લાવીને સૂઝી અર્જુનને કહ્યું, મહારાજ બીરાજો,અર્જુનજીસ્વર્ગમાં પહોંચી ગયોપછીપોતાના પિતાને પગે પડયો. ઇંદ્રને કહ્યું,પિતાજી ! હું તમારી પાસે વિદ્યા ભણવા માટેઆવ્યો છું. ઇંદ્ર કહે ભલે બેટા. પણ આ તમારાં વસ્ત્ર ઉતારી નાંખીને બીજા ધારણ કરો. તમારે રહેવા માટે આ ઘર છે, તેમાં સુખેથી રહો, સ્વર્ગના વૈભોગો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભોગવવા હોય તેટલા ભોગવી લ્યો. અર્જુન કહે, હે પિતાજી,હું તો ભણવા માટે આવ્યો છું,કંઈ ભોગ ભોગવવા માટે આવ્યો નથી. મારા ભાઈઓ વનમાં રહ્યા રહ્યા ઘણું જ દુઃખ ભોગવે ને હું અહીં ભોગ સુખ ભોગવું ? ના, ના તેમ કદી બનવાનું નથી. હું પણ હંમેશાં રોટલો ને ભાજી ખાઇશ, નીચે શયન કરીશ.- ઇંદ્ર તથા ઈંદ્રાણી કહે બેટા, જેમ તારી મરજીમાં આવે તેમ વરતજે; ને સુખેથી અહીં રહેજે. વિદ્યા ભણીને જયારે જવું હોય ત્યારે જજે. ઇંદ્ર અને ઈંદ્રાણીનાં વચનો સાંભળી અર્જુન રાજી થયો. અને વિદ્યા ભણવા સ્વર્ગમાં રહ્યો. સ્વર્ગમાં રહી પોતે સ્વાદ રહિત ભોજન કરે છે.સાદડી નાંખી નીચે જમીન પર સુઈ રહે છે,અને નિયમિત વિદ્યા ભણે છે. એ પ્રમાણે અર્જુનજી સ્વર્ગમાં રહીને ભણવામાં ચિત્ત રાખીને વિદ્યા સંપાદન કરે છે.

પાંડવો વનમાં ગયા એ વાત દેશપરદેશમાં ફેલાઇ ગઇ, પાંડવો દુર્બળ થઈ ગયાં છે. રાજપાટ, ઘરગામ, પૈસો પુંજી હારીને ગયા છે. એ સમાચાર બળદેવજીને મળ્યા એટણે તે મનમાં ગભરાયા. કન્યાકાળ થવા આવ્યો છે ને અભિમન્યુ જોડે મેં વિવાહ કર્યો છે. જો હું અભિમન્યુ જોડે સુરેખાને પરણાવું તો લોકો મારી મશ્કરી કરશે. માટે હું એ વિવાહ ફોક કરી નાંખીશ.

વિશ્રામ બીજો

અર્જુનજી સ્વર્ગે રહ્યો, પાંડવ વસિયા વન;
હસ્તિનાપુર શું થયું, જયાં અર્જુનનો તન.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુરેખા હરણ

વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે, હે રાજા, આ કથામાં શ્રી કૃષ્ણજીનાં ચરિત્રો છે. પોતાના ભક્તોના પુત્રને કેવી સહાય કરી છે, તે પવિત્ર કથા તું નિર્મળ મન રાખી શ્રવણ કર. પાંડવો વનમાં રહ્યા છે અને કુંવર તથા સુભદ્રા વિદુરને ત્યાં આનંદ ભેર રહ્યાં છે. બળદેવજીએ રાજસૂય યજ્ઞમાં પોતાની પાળક પુત્રી સુરેખાનો વિવાહ અભિમન્યુની સાથે કર્યો હતો; પણ પાંડવો વનમાં ગયા તેથી તેમનું મન ઉદાસ થઇ ગયું. પૂર્ણ પસ્તાવા લાગ્યા. તેમને કંઇ પણ વિચાર સુઝતો ન હતો. હળધારી કહે છે, અરે દૈવ ? મેં અભિમન્યુનો વિવાહ કર્યો છે, પણ હાલ તો નિર્ધન છે, વળી નિર્ધનનો પુત્ર મારી પુત્રીની સાથે પરણવા આવશે ત્યારે મને લ્હાવો વીતવાનો નથી.

પુત્રીનો કન્યાકાળ આવી પહોંચ્યો છે. તેથી જો એકલા અભિમન્યુને તેડાવું તો જાન વિના શું શોભી શકશે ? તેઓ તાણીતોશીને સાથે લાવે તો ભીષ્મ, કૃપાચાર, દ્રોણ જેવાને લાવે. સુંદરીઓમાં ફકત સુભદ્રા આવે અને બીજી આવે તો કદાચ કુંતા ડોસી આવે. વ્યવહાર કરવા વિદુરજી આવે. તો જન્મનો ભગતડો જે ત્રણ ગજનું ટીલું તાણીને છોકરાંને હસાવે છે, તાલ, ફીડતાલ તથા મોટા મંજીરા વગાડીને ચાળા કરે છે, છાતીમાં છપ્પન છાપા કરે છે. ડોકમાં દસવીસ માળાઓ રાખે છે. આખો દિવસ ગોવિંદના ગીતો ગાયા કરેછે, હોઠને બબડાવે છે, જીભને ફફડાવે છે, તે વખતે જાણે ભમરા ગણ ગણતા હોય એમ ભાસે છે, સંસારમાં વ્યવહાર પ્રમાણે મને બરાબર લ્હાવો વીતવાનો નથી. સઘળા લોક મને હસી કાઢે હું જરૂર વિવાહ તોડી નાંખું. કંઈ ગરીબને ત્યાં મારે મારી પુત્રીનું લગ્ન નથી કરવું. છત્રપતિ દુર્યોધન ઘણો ગૃહસ્થ છે. આજકાલ તેની ચઢતી છે, તેવી કોઇ રાજાની નથી. ભાનુમતી જેની સ્ત્રી છે. અને લક્ષ્મણ જેનો પુત્ર છે. એવા પૈસાવાળાને ત્યાં પુત્રીને પરણાવું તો સુખી થાય, તેનો વિવાહ ફોક કરવાથી અન્યાય ગણાશે નહિ. દુર્યોધનને ત્યાં વિવાહ કરીશ તો સઘળા મને શાબાશી આપશે. વળી હસ્તિનાપુરથી મોટી ધામધુમ સાથે જાન આવશે. જેથી કરીને મારા મનને અતિ આનંદ થશે, એવા વિચાર કરીને શ્રીકૃષ્ણને પૂછવા માટે બોલાવવાનો નિશ્ચય કર્યો, એક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સેવકને બોલાવીને કહ્યું, તું કૃષ્ણ પાસે જા અને તેને મારી પાસે તેડી લાવ્ય. પેલો દ્વારપાળ પ્રભુ પાસે આવીને કહેવા લાગ્યો, મહારાજા, તમને હળધારી તેડે છે. પ્રભુ કહે,અલ્યા, શા માટે મને તેડે છે?દ્વારપાળે ઉત્તર દીધો,અરે પ્રભુજી, મને તે બાબતની ખબર નથી, શ્રીકૃષ્ણ હળધારી પાસે આવી પહોંચ્યા, પ્રભુએ પૂછયું,કેમ મોટાભાઈ? શા માટે મને તેડાવ્યો ? હળધારી બોલ્યો, અરે કૃષ્ણજી તમે હસ્તિનાપુરના છત્રપતિ દુર્યોધન રાજાને ત્યાં કંકોતરી લખો. પ્રભુ કહે અરે મોટાભાઈ? શાની કંકોતરી તે તો મને સમજાવો. બળદેવજીએ જવાબ દીધો, અભિમન્યુનો વિવાહ મેં ફોક કર્યો છે. કારણ કે કુંતાજીના પુત્ર પાંડવો નિર્ધન થઈ વનમાં ગયા છે. તેથી તેમનો પુત્ર અભિમન્યુ અહીં પરણવા આવશે તો મને બિલકુલ લ્હાવો વીતશે નહિ. માટે વિવાહ ફોક કરવાનો છે.

પ્રભુ કહે, ત્યારે કોને ત્યાં કરવાનો વિચાર છે ? હળધારીએ કહ્યું, છત્રપતિ દુર્યોધનની ઢાલ ચઢતી છે માટે તેના પુત્ર લક્ષ્મણની સાથે કરવાનો મારો વિચાર છે. છત્રપતિ મોટી ધામધુમ સાથે આપણા ત્યાં જાન લઇને આવશે તેથી લ્હાવો બરાબર વીતશે માટે અભિમન્યુનો વિવાહ ફોક કરી લક્ષ્મણની સાથે કર્યાની તમે હસ્તિનાપુર કંકોતરી લખો. બળદેવજીના એવા વાકય સાંભળી શ્રીકૃષ્ણજી બોલી ઊઠયા,અરે વડીલ વીરા,તમે કેમ આવા વચન બોલો છો? આપણી બેન સુભદ્રા અને આપણો ભાણેજ અભિમન્યુ તે બેઉની માથે શું વેર બાંધવાં છે? વહાલાને માથે વિપત પડી તેથી શું વહાલાને દુશ્મન થવું ? મોટાભાઈ! ઊંમરો મૂકીને કદી કાળ ડુંગરો પૂજવા નહિ જવું. જે સગો હોય તે વિપત વખતે જણાય છે. સગાનો સાથી કયારે જાણવું કે જયારે દુઃખ વખતે મદદ કરે.સુખ વખતે તો સર્વે લેવા ખાવાને માટે ભેગા થાય છે. અને દુઃખ વખતે દુશ્મન થઇને બેસે છે, ધિક્કાર છે એવા અવગુણી પુરુષોને. કોઇનો તલ માત્ર ગુણ કદી વીસરી જવો નહિ.મને લક્ષ્મણાની સાથે સુરેખાનો વિવાહ થાય તે બિલકુલ પસંદ નથી. પછી તમારી મરજીમાં આવે તે ખરું,વિનાશકાળે વિપરિત બુદ્ધિ,વિનાશ થવાનો હોય ત્યારે કુબુદ્ધિ સુઝી આવે છે, તમે આપણો વિનાશ કરવા બેઠા છો. આપણું ઘર શોભાવે એવો તો અભિમન્યુ છે. લક્ષ્મણો તો ઊલટું આપણું ઘર લજવે તેવો છે.તમે શું જોઇને લક્ષ્મણા ઉપર ખુશી થયા છો? પાંડવોનું રાજય ગયું,દ્રવ્ય ગયું પણ અભિમન્યુનું કર્મ તો નથી ગયું એકને મૂકીને બીજાને ત્યાં વિવાહ કરવો એ આપણા યુદુ કુળનો ધર્મ નથી. લક્ષ્મી તો ચલિત છે.હોય છે ત્યાંથી જતી રહે છે અને નથી હોતી ત્યાં થાય છે.વિવાહભંગ કરવાથી આપણી બેનનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તથા આપણા ભાણેજનું મનદુભાશે. એવાં પ્રભુનાં વાકય સાંભળીને હળધારીને અતિશય ક્રોધ ચઢયો.પ્રભુને કહેછે,મેં તારી વાત જાણી લીધી,તારે અભિમન્યુ સાથે લગ્ન કરાવવું છે પણ મારે તેમ કરવાનો વિચાર નથી. તેમ બીજા કોઇ રાજાની સાથે વેવિશાળ કરવું નથી.સુભદ્રાનું હરણ પણ તેં કરાવ્યું હતું માટે તારી વાત હું કદી ધ્યાનમાં લેવાનો નથી. તે મારી પાળક પુત્રી છે તેથી મારી મરજીમાં આવશે ત્યાં વેવિશાળ કરીશ. શું એના વિના બીજું ઠેકાણું નથી મળતું ? દુર્યોધનના ત્યાં કરવું એ ઘણું સારું છે.મારે તો છત્રપતીનો જ લ્હાવો લેવા છે અનેતને ઝાંખો પાડવો છે.તું મારા ઉપર દાઝે બળતો હોય એમ લાગે છે, તારા મનમાં એવું છે કે બળદેવે સારો વેવાઇ શોધી કાઢયો; માટે તેમનો વિચારભંગકરાવું તોઠીક,પણહું કદી અભિમન્યુનીસાથેવિવાહ રાખવાનો નથી.

એવું સાંભળી શ્રી પ્રભુ બોલ્યા,અરે મોટાભાઈ? જો તમને મારો વિશ્વાસ ન આવતો હોય તો તમારી મરજી.તમે જેમ લખાવશો તેમ હું કંકોતરી લખીશ. તમે હસ્તિનાપુર સુખેથી વેવિશાળ કરો, હું તો તમારા માટે કહેતો હતો પણ તમને વાંકું પડયું,માટે તમને ગમે તેમ કરો.લાવો હું કંકોતરી લખું.એમ કહી પ્રભુએ પત્ર હાથમાં લીધો. બળદેવજી લખાવે છે કે સ્વસ્તી શ્રી હસ્તિનાપુર મધ્ય શિરછત્ર શિરોમણિ સુંદિર શોભાયમાન છત્રપતી દુર્યોધનરાજાને માલુમ થાય જે તમારા રૂપેકુટડા લક્ષ્મણા દીકરાનો વિવાહ સુરેખાની સાથે અમે કર્યો છે,અને અભિમન્યુનો વિવાહ ફોક કર્યો છે, લગ્ન વૈશાખ માસની પૂનમે નિરધાર્યું છે.પણ તમે બારસના દિવસે વહેલા પધારજો. અમારે ત્યાં ચાર દિવસ રહો તેવી નિવૃતિથી પધારજો.અમારું ઘર ગામ શોભે તેવી મોટી ધામધુમસાથે જાન લઇને પધારજો, એવી રીતે પ્રભુએ કંકોતરી લખી દીધી. પછી હળધારીને કહ્યું, કુમકુમ લાવો તો છાંટણું કરીએ, બળદેવજી કંકુ લેવાગયા ત્યારે પ્રભુએ છાનામાના પત્રની પાછળ લખ્યું,જોઇ વિચારીને આવજે. તું ન જાણીશ કે કન્યા તારી થઇ. સિંહનું ભક્ષ શિયાળ નહિ લઈ શકે. સામે અર્જુનજીનો પુત્ર અભિમન્યુ છે. હંસનું ભક્ષણ કાગડો શું લઈ શકશે ? એટલામાં બળદેવજી કુમકુમ લઇમે આવ્યા. પ્રભુએ તેના ઉપર છાંટણાં છાંટી દીધાં, પછી સેવકોને તેડાવ્યા. સેવકોને કહ્યું, તમે જલદીથી હસ્તિનાપુર જાઓ અને છત્રપતી દુર્યોધનને આ કંકોતરી આપો, સેવકો આજ્ઞા લઇને ત્યાંથી ચાલ્યા.ચારે સેવકો ચાલ્યા ચાલ્યા હસ્તિનાપુર આવ્યા.

દુર્યોધન સભા ભરીને બેઠો હતો ત્યાં આ આ ચાર યાદવો કંકોતરી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લઇને આવ્યા. બેઉ હાથે જુહાર કરીને રાજાના હાથમાં કંકોતરી આપી. કંકોતરી ઉપર કુમકુમના છાંટણાં છાંટેલાં જોઇને દુર્યોધનને તેના મામાને આપી,મામાને કહ્યું,ઊભા થઇને મોટેથી વાંચો. સભામાં વિદુર, ભીષ્મ વિગેરે બેઠા હતા, શકુનીએ કંકોતરી વાંચીને દુર્યોધનને કહ્યું, અલ્યા,તારું નસીબ ઉઘડી ગયું, તારા પુત્ર લક્ષ્મણાનો વિવાહ અભિમન્યુનો વિવાહ ફોક કરીને સુરેખાની સાથે કર્યો. છપ્પન કોટી યાદવો તારા વેવાઈ થયા. શ્રીકૃષ્ણ અને બળદેવજીની તારે મદદ આવી.તારા પુત્રને ધન્ય છે કે આવા શુરવીર યાદવોને ત્યાં લગ્ન કરશે.અભિમન્યુનો વિવાહ ફોક થયેલો સાભળી દુષ્ટ દુર્યોધન અતિશય હરખાયો. જેમ કોઈ તદ્દન ચીંથરેહાલ પુરુષને હાથ એકાએક સમૃદ્ધિ આવવાથી તે અતિશય હરખાય છે તેમ દુષ્ટ દુરાચારી છત્રપતિ પોતાના પુત્રનું લગ્ન બળદેવજીને ત્યાં થયાનું સાંભળી અતિશય હરખમાં આવી ગયો, મનમાં વિચાર કરતો નથી કે આપણું ધાર્યું કદી થતું નથી, સર્વ જણ ઇચ્છે છે કે પૈસાદાર થવું, પણ તેમ થવું ન થવું પોતાના હાથમાં નથી, પૂર્વના દત્ત પ્રમાણે તથા હાલના કર્તવ્ય પ્રમાણે થયાં કરે છે. તેમાં હરખ શોક મનમાં લાવવો એ મૂર્ખનાં લક્ષણ છે રાજા એવો તો હરખાઈ ગયો કે હવે કોઈપણ મારાથી મોટો દુનિયામાં નથી, મારા તુલ્ય કોઇને હું જોતો નથી. શ્રીકૃષ્ણે ઉત્તમ કામ કર્યું, જેથી કરીને મારું કર્મ ઉઘડી ગયું. પ્રભુ તથા પાંડવોનું હેત તૂટી ગયું અને હવે તો મારી સાથે બંધાયું. હું ઇંદ્ર કરતાં પણ મોટો થયો, હવે આખી પૃથ્વીને વશ કરી નાંખું. મારા સામું કોઈપણ લડવા આવનાર નથી, અને જો આવશે તો શ્રીકૃષ્ણ તથા બળદેવજી મારી મદદે આવશે. એમ પાપી બકયા કરે છે. એટલે શકુનીએ કહ્યું, અલ્યા, જરા સાંભળી લે કંકોતરીની નીચે એવું લખ્યું છે કે આવે તો વિચારીને આવજે. તું એમ ન માનીશ, કન્યા તારી થઈ. એવું સાંભળી દુર્યોધન બોલ્યો;મામા,અક્ષર કોના છે? મામો કહે, લખીતંગ તો શ્રીકૃષ્ણજી છે. દુર્યોધન હસીને કહેવા લાગ્યો, વારુ મામા, હવે તો વેવાઈ થયા એટલે મશ્કરીમાં લખે તેમાં કંઈ નવાઈ જેવું નથી,એમની વાત આપણે સીધી માની લ્યો. એમને જન્મારાની મશ્કરી કરવાની ટેવ પડી છે,તેથી હોય વેવાઇ છે તે મશ્કરીમાં કરે ત્યારે જ લ્હાવો વીતે છે.આજ મારો લ્હાવો પરિપૂર્ણ થયો.

એમ કહીને દુષ્ટ દુર્યોધન ભાનુમતી પાસે ગયો. રાણી પ્રત્યે કહે છે, તારા પુત્રનો વિવાહ થયો. ભાનુમતીએ પૂછયું, કોની સાથે કર્યો ? દુર્યોધને જવાબ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપ્યો, બળદેવજીની પાળક પુત્રી સુરેખાની સાથે અભિમન્યુનો વિવાહ ફોક કર્યો અને આપણા પુત્ર લક્ષ્મણની સાથે કર્યો. યાદવોના ચાર દૂત કંકોતરી લઇને આવ્યા છે, તેમને માટે કંસાર બનાવી તેમને રૂડે પ્રકારે જમાડો. એવું સાંભળી રાણી અતિશય હરખાઇ ગઈ, દૂતોને આવ્યા જાણીને છત દેખાડવાને તે પોતે શણગાર સજવા લાગી, વિવિધ પ્રકારના વસ્ત્ર ધારણ કર્યા કુલાશોમાં ફરવા લાગી, પોતે લગનીઆઓને તેડવા મોકલ્યા. લગનીઆઓને ખબર મળી એટલે જમવા માટે તૈયાર થયા. યાદવો ભાનુમતીને ત્યાં આવ્યા. ભાનુમતીએ બહુ આદરથી આસન આપી ભોજન કરવા બેસાડયા. પછી પોતાના પુત્ર લક્ષ્મણાનાં વખાણ કરવા બેઠી. મારો લક્ષ્મણો દીકરો ભણીને તૈયાર થયો છે. તેનું શરીર પણ ઘણું કોમળ અને સુશોભીત છે, બળીભદ્રનું ભાગ્ય ઉઘડી ગયું તે છત્રપતીના છોકરા સાથે વિવાહ કર્યો.

લક્ષ્મણાનાં અનેક માગાં આવ્યાં હતાં પણ મેં એકે માગું કબૂલ કર્યું નહિ. વિશ્વમાં સર્વથી અમે મોટા છીએ તેથી અમારે કંઈ કન્યાની ખોટ નથી. એમ કહી પોતાના પુત્રને બોલાવ્યો. યાદવોએ લક્ષ્મણાને જોયો. યાદવો એક એકને કહેવા લાગ્યા કે આ તો કાળભૂત છે, એ પ્રમાણે યાદવોનું દિલ દુભાયું. પછી પોતાનું મુખ મરડીને કહેવા લાગ્યા કે બળદેવજીનું કરમ ફુટેલું છે. તે સિવાય આવા કાળાભૂત જેવા છોકરાનો વિવાહ કોણ કરે? કયાં હંસ અને કયાં કાગડો ? કન્યા બિલકુલ શોભવાની નથી, આપણાથી હળધારીને ખોટું ન કહેવાય, ધણીને સુજ્યું તે ઢાંકણમાંને પડોશીને સુજયું તે આરસીમાં.તેમને ગમ્યું તે ખરું, વેવાણ તો અભિમાની છે, વરને વરની મા વખાણે. એવું સમજીને યાદવો વિદાય થવા માટે આજ્ઞા માગી. દુર્યોધને આજ્ઞા આપી, એટલે યાદવો હસ્તિનાપુરમાંથી દ્વારકા જવા નીકળ્યા. કૌરવો અતિશય હરખમાં પડયા. સભામાં દુર્યોધન બોલી ઉઠયો, અભિમન્યુ કેવો રઝળ્યો છે ? હવે પાંડવોનું નુર ઉતરી ગયું. આપણી ચડતી થઈ, મારું નસીબ ઉઘડી ગયું. એવું સાંભળી વિદુરજીનું મન દુભાયું.સભામાંથી ઉભા થઇને દિલગીર થતા ઘેર ગયા. કુંતાએ પૂછયું, કેમ વિદુરજી દિલગીરીમાં છો? વિદુરે કહ્યું, સુભદ્રાના ભાઇ હળધારીએ અભિમન્યુનો વિવાહ તોડી નાંખીને દુર્યોધનના પુત્ર લક્ષ્મણા સાથે કર્યો, તે સાંભળીને સુભદ્રા અતિશય રડવા લાગી. પોતાનો પુત્ર અભિમન્યુ નિશાળે ભણવા ગયો છે તેના જાણવામાં બિલકુલ નથી. વિદુરને ત્યાં તો કલેશ થઈ રહ્યો. વિદુરજી ચોક વચ્ચે બેસીને રડી પડયા, દુઃખથી હૃદય ભરાઇ આવ્યું. કુંતાજી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ પરસાળમાં બેસીને રુદન કરવા લાગ્યાં. સુભદ્રા મેડે બેઠી બેઠી પુષ્કળ રુદન કરે છે,અરે દેવ, મારે દુઃખના દહાડા આવી પડયા. મેં પૂર્વે શા પાપ કર્યાં હશે ? નેત્રમાંથી આંસુની ધાર વહે છે. અરે દેવ ? કોનું દિલ દુભાવ્યું હશે કે આજ મારે દુઃખ આવી પડયું ? એમ સુભદ્રા છાતીફાટ રડે છે. કુંતાજી પણ રડતાં જાય છે. અને કહે. હે પ્રભુ મારો દહાડો વાંકો થયો. અરે પ્રભુ, મારા નવ ગ્રહ વાંકા થયા કે જેથી મારા દીકરા ગૃહસ્થ મટીને વનમાં રઝળતા થયા.તેમની માઝા તૂટી ગઇ અને ઝાંખા પડયા.અરેરે એમનું અન્નોદક ઊઠી ગયું;બિચારા દુનિયામાં ડુબી ગયા. અરેરે કીયા પાપ આવીને નડયાં જેથી સુખની વૃતિ નાશ પામી ? અરેરે,પાપીએ પાંચે પુત્રોની સાથે પ્રપંચ કર્યો અને ધુત રમાડી સર્વે ખુંચવી લીધું.દુષ્ટ મારા દીકરાઓની મતી અવળી કરાવી, કર્મ એવું કઠોર જાગ્યું, જેથી સત્યવાદી ધર્મરાજા પણ ભોળવાઇ ગયો. હે મોરારી,જ્યારે મારા દુઃખીઆ દીકરા વ્રનકુળ પહેરીને વનમાં ગયા ત્યારે દુર્યોધન ખુશી થયો.અરે પ્રભુ,પાપી મારો જન્મનો વહેરી છે. મારું જાદવ કુળ વહાલું હતું તે વહેરી થયું.પુત્રનો વિવાહ ભાગ્યો તેથી મારો અભિમન્યુ કુંવારો રહ્યો. હે વિશ્વંભર ! આ પુત્રે બિલકુલ તાતનું સુખ દીઠું નહિ. જ્યારે સમજણમાં આવ્યો ત્યારે દુઃખમાં પડયો. અરેરે કુંવર લેવાઈ ગયેલા મોંઢે ફરે છે. છૈયો ઓશિયાળો રોટલો વીણી ખાય છે. એના મોસાળમાં એનું કોઈ સગું થયું નથી. બિચારો પારકે ઘેર પેટ ભરે છે. ભાણેજને ભમતો મૂકીને વ્રેવિશાળ ભાગી નાંખ્યું. અરેરે હળધારી તથા શ્રીકૃષ્ણ કેમ વિરોધી થયા ? અરેરે તેમણે શત્રુઓને રાજી કર્યા. એ પ્રમાણે કુંતાજી, છાતીફાટ રુદન કરે છે,

એવામાં અભિમન્યુ નિશાળમાંથી છુટીને ઘેર આવ્યો, બારણાં બંધ દેખીને દાદા દાદા કહી બૂમો મારી. વિદુરજી હંમેશાં કુંવરને માટે મીઠાઈ મેવો મંગાવે છે, નિશાળેથી આવે એટલે તરત તેને આપે છે. કુંવરને આવો કહી પોતાના ઉછંગમાં બેસાડી હૃદય સરસો ચાંપે છે, અને પછી મસ્તક ઉપર હાથ ફેરવે છે, રખે કુંવરને ઓછું આવે અને તેથી બાપ કે કાકા સાંભરી આવે એવું જાણીને લાડ લડાવે છે અને સંભાળ રાખે છે. તે દિવસે કુંવરે બોલાવ્યાં પણ વિદુર દાદા બોલ્યા નહિ, અભિમન્યુને ખોટું લાગ્યું અને તેથી તેના બાપ કાકા સાંભરી આવ્યા પછી બોલ્યો, અરે દાદા મેં તમને પાંચ પોકાર કર્યા તો પણ તમે સાંભળતા નથી ? વિદુરજીએ બારણાં ઉઘાડયાં પછી કુંવરે કહ્યું, અરે દાદા ! મારા બાપ કાકા વિના કોણ બોલાવે ? મારો ઓશિ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

યાળો અવતાર થઈગયો. એમ આંસુ પાડતો ઘરમાં પેઠો.દાદાને રડતા જોઇને પૂછવા લાગ્યો,અરે દાદા,કેમ રડો છો? તમારા મનમાં શો કલેશ આવી પડયો છે ? કુંવરે કરગરીનેપૂછયું,પણ દાદાએ ઉત્તર આપ્યો નહિ.એટલે કુંવરનું મન ભરાઈ આવ્યું. આંખમાં આંસુ લાવીને કહે છે,હું નબાપો તે કોણ બોલાવે ! એમ ચોધાર આંસુની ધાર ચાલી, આક્રંદ કરતો. તથા આંસુ ભરતો કુંતાજીની પાસે આવ્યો. અરે મારી વહાલી માતા ! તમે શા માટે રુદન કરો છો ? મારો બાપ કાકા વનમાં ગયા છે, તે શું તમને સાંભરી આવ્યા ? અરે માતાજી, મને સાચું કહી દે. કુંવરે ઘણું કહ્યું. પણ સતી કુંતાએ બિલકુલ જવાબ આપ્યો નહિ,બિચારો અભિમન્યુ લાચાર બનીગયો.માતાજીકહી કહીને મોઢું હલાવે છે,અને વારંવાર માનાં આંસુ લુછી નાંખે છે, ઢાંકેલું મોં ઉઘાડી વાંકો વળીને પૂછે છે, તો પણ કુંતાજીએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. છેવટે કુંવર આક્રંદ કરવા લાગ્યો. અભિમન્યુએ વિચાર કર્યો, મારી માતા સુભદ્રાને પૂછીશ તો જવાબ આપશે;એમ ધારી રડતો રડતો મેડા ઉપર ચઢી સુભદ્રાને પૂછવા લાગ્યો, કેમ માતાજી, રુદન કરો છો ? મને સાચે સાચું કહો.

સુભદ્રા પણ જવાબ આપતાં નથી. અભિમન્યુ કહે છે, હે માતાજી, તમે શા દુઃખમાં ડુબ્યાં છો ? તમે કેમ આંસુપાત કરો છો? ઓશિયાળા થઇને કેમ આક્રંદ કરો છો?અરે જનેતા,મારા બાપકાકા વનમાંગયા છે તેનું દુઃખ સાંભરી આવ્યું કે શું ? તમારું મોં કેમ લેવાઈગયું છે ? જો મારા બાપા કાકા વનમાં ગયા છે તેનું દુઃખ ધરાવીને રડતાં હો તો કાલે પ્રભુ સહાય કરશે અને બાર વરસ ઝપાટામાં જતાં રહેશે. હે માતાજી, દ્રવ્ય ગયું તેની શોષના કરતા હોતો જ્યારે જન્મ્યા ત્યારે શું લઇને અવતર્યા હતા ? સાથે લઇને આવ્યાં નથી અને લઇ જવાના નથી, માટે મિથ્યા હર્ષ શોક ધરવો મૂકી દો. સત્યને પકડો ન હોય ને થાય છે,અને હોય ને જાય છે,એ તો વેળા વેળાની છાંયડી છે, અરે માતાજી આ સઘળું તમે સમજો છો;છતાં કેમ રુદન કરો છો ? જો તમને કોઇએ દુભવ્યા હોય તો મને કહો,જો કોઇ પાપીએ ગાળ દીધી હોય તો તેની જીભ વાઢું. જો કોઇએ હાથ ઉપાડયો હો તો તેનાં કાંડા વાઢી નાંખું, તમે કેમ રડો છો ? રડવાથી શું દુઃખ જતું રહેશે ? હું તમારો દીકરો ભાગ્યશાળી છું; આગળ ઘણો આનંદ થશે. આવું પુત્રનું વચન સાંભળીને સુભદ્રાના મનમાં ચટકી લાગી ગઇ. પુત્રને કહે છે, તું તો નિર્ભાગી નીકળ્યો, આગળ તે શું સુખ મળવાનું છે ? અરે મારા દીકરા, જો તું સભાગી હોત તો તને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવું દુઃખ પડત નહિ. જ્યારે તારો જન્મ થયો ત્યારે પાંડવો વનમાં પધાર્યા તારાં પગલાંથી સર્વને પીડા થઈ. અમને સઘળાંને દુઃખ પડે છે તે સઘળું તારા કમનસીબને લીધે. અભિમન્યુ કહે, અરે માતાજી, મારા પગલે તો આપણા ઘેર રાજસૂય યજ્ઞ થયો, તેથી કરીને વડીલ દાદા પાંડુરાજા શુભ ગતિને પ્રાપ્ત થયા. મારા પગલાંથી તો સારું થયું છે, અરે માતા, હું નિર્ભાગી નથી નીવડયો. તે સાંભળીને સુભદ્રા કહે છે, રડયા, સઘળા શત્રુના ઘેર આનંદની હેલી થઈ રહી છે. જો તું ભાગ્યશાળી હોય તો તારો વિવાહ કદી ફોક થાત નહિ.

બળીભદ્રનો જીવ ભમી ગયો તેથી તારો વિવાહ ફોક કર્યો, અને દુર્યોધનના પુત્ર લક્ષ્મણા જોડે કર્યો. સાચા સગા હતા તે પણ શત્રુ થઇને બેઠા. માટે તું નિશ્ચે કર્મકુટેલો છે. કુંવર કહે, અરે માતાજી, તેમાં તમે શા માટે કલેશ કરી રુદન કરો છો ? કાચા વિવાહની કન્યા ગઇ છે, તેમાં આવડો બધો કલેશ શા માટે કરો છો ? અરે માતાજી, કન્યા ગઇ તો ભલે ગઈ. હજી મને મોટો થવા દો, મારા બાપ કાકા જીવે છે તો એવી લક્ષ કન્યાઓ લાવીશ, તેને માટે કલ્પાંત ન કરો અને મનથી સુખ માની લો, સુભદ્રા કહે, કન્યા ગઈ છે તેનું મને બિલકુલ દુઃખ નથી, સાચા દુશ્મન આનંદ પામ્યા છે તેનું મને ઝેર પ્રગટયું છે. આપણી કન્યાનો વિવાહ દુર્યોધનના ઘેર થયો, લક્ષ્મણાનું લગ્ન લેવરાવ્યું છે, તેથી મારું મન કલ્પાંત કરે છે. તે જ વેદનાથી કુંતાજી તથા વિદુર દાદા રડે છે, બીજું કંઇ કારણ નથી. અભિમન્યુ કહે, અરે માતાજી, તમે મિથ્યા રડો છો, કન્યા શત્રુને ઘેર ગઈ તો છો ગઈ, તેમાં શું થઇ ગયું ? એ વાતનું વહેર રાખવું એ મૂર્ખતા ભરેલું છે. વાવે તે લણે અને ખોદે તે પડે. એ કન્યા લક્ષ્મણા સાથે પરણશે તો પણ આપણું ઘર છે, એવા વચન સાંભળીને સુભદ્રા ક્રોધે ભરાયાં; પછી કહ્યું, જા પુત્ર, તું નિર્ભાગી છે, એમ કહી છાતીમાં લાત મારી કહેવા લાગી. દીકરા, તું નિર્બળ પાકયો, તું મારે પેટ દીકરો આવ્યો, પણ દીકરી જેવો છે. જે ક્ષત્રી છે તે પોતાની કન્યાને કદી જવા દેતો નથી, ગમે તેવો મોટો સંગ્રામ કરીને પણ સામાને હાર પમાડે. તે મારી કુખ વગોવી. મારું અને તારા બાપનું નામ બોળ્યું, અરે કાયર કુંવર, તેં ગાદીને લજાવી મારી. તેં ક્ષત્રીનું ડીંટ વાળી નાખ્યું, ધિક્કાર છે તને. તું મારે પેટ શા માટે અવતર્યો? દીકરા; મારે પેટ તું પથ્થર પડયો. એવાં માતાજીના વચન સાંભળીને કુંવરને ક્રોધ વ્યાપ્યો. અરે માતાજી, તમે મારી વાત સાંભળી લો. તમે જરા શાંત પડો. હું મારા પિતાજીને નહિ લજાવું. જો એ જ સુરેખાને હું ન પરણું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તો મને બ્રહ્મહત્યાનું પાપ. એમ કહીને નીચે ચાલ્યો,આવીને ભંડાર ઉઘાડયો, પોતાની પેટીમાંથી વસ્ત્રાભૂષણો તથા શણગારો લીધા.શુકનમાં મુખવાસ કરીને મોં લાલ કર્યું. ઉંપાન ચર્ણમાં ધારણ કરી લીધા અને સુરવાળ પહેરી લીધો. અંગે કવચ, બકતર, કમ્મરપટો વિગેરે કર્યા, જરીનો જામો પહેરી લીધો. વળી મસ્તક ઉપર મુગટ પણ પહેરી લીધો. કાનમાં કુંડળ, લોલક લટકે છે, કોટમાં એકાવળ હાર શોભે છે, પટકાથી કટી કસીને બાંધી તેમાં હથિયારો ખોસી દીધાં. હથિયારોમાં ખપવા, ખંજર, સાંગ્ય, ત્રિશૂળ, જમૈયા, કટાર, ગુપ્ત, ગેડી, ગદા, તીરકસ, તીર તથા તલવાર સર્વે ધારણ કર્યાં. વળી કરવત, કુહાડો, ભાલો, ફરસી વિગેરે કમ્મર સાથે તાણી બાંધ્યાં. બાણનો ભરેલો ભાથો તથા ધનુષ ખાંધે ભેરવી દીધાં. કુંવર અતિશય ક્રોધે ભરાઈ ગયો છે,પોતે તૈયાર થઈને વિદાય થવાનો વિચાર કરવા લાગ્યો.

અભિમન્યુ વિદુર દાદાને પગે લાગીને કહેવા લાગ્યો,અરે દાદા,મને આજ્ઞા આપો તો કન્યાને લાવું. વિદુરજી જોઈને ગભરાયા પોતે વિચાર કરવા લાગ્યા, અરે આવી ચંડાળ બુદ્ધિનું કોણ મળ્યું કે કુંવરને ચડાવ્યો ? આવો ખોવાનો ખેલ કોણે લડાવ્યો ? એવું સાંભળી કુંતાજી પરસાળમાં બહાર આવ્યાં તો કુંવરને તૈયાર થઈને ઉભેલો દીઠો. વિદુરજીને કહેવા લાગ્યાં, સુભદ્રાએ કુંવરને ચડાવ્યો હોય એમ લાગે છે. કુંતાજી કહે, અરે બેટા તને કોણે શીખવાડયું ? તે મને કહી દે. અભિમન્યુ બોલ્યો, અરે કુંતાજી, મારી માતા કન્યાને માટે આંસુપાત કરે છે. મેં સુભદ્રાને શિખામણ દીધી; અરે માતા, તું કલ્પાંત કરીશ નહિ,કન્યા ગઇ છે તો છો ગઈ,મારાબાપ કાકા જીવે છે તો ઘણીય લાવશે પણ મારી માતાએ બિલકુલ માન્યુ નહિ અને મને લાત મારી. વળી કહેવા લાગી, તું દીકરો નથી દીકરી છે. તે તારો અર્જુન બાપ લજાવ્યો. મારી કુખે તું પથરો પડયો તેવાં કઠોર વચન સાંભળી મેં કન્યા વરવાનું માથે પાપ લીધું છે. દ્વારકાં જઇને સુરેખા કન્યાનું જરૂર હરણ કરીશું. એવાં વચન સાંભળીને કુંતાજી કોપાયમાન થઈ ગયા.સુભદ્રાને ગાળો દઈ વઢવા લાગ્યાં, અરે પાપણી,તું નીચે આવ, તેં કુંવરને કયાં ચડાવ્યો ! એવું સાંભળીને સુભદ્રા થરથર કંપવા લાગી, પછી કુંતાજીની પાસે નીચે આવી કુંતાજી ક્રોધ કરીને બોલી ઉઠયાં, અરે વિવેકહીન વહુ સુભદ્રા! તેં શા માટે દીકરાને દુભવ્યો ? આપણે ઘેર ગોદા વાગે તેવા ઉપાય તેં કયાંથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શોધી કાઢયો ? આવી છોકરવાદી વિદ્યા તું કયાંથી શીખી લાવી ? હરીફરીને મારે એક છોકરુ છે, તે શું કુંવારો રહેશે ? ગોળી હશે તો ગોળીનાં ઢાંકણાં ઘણાં મળી આવશે. હવે અભિમન્યુને હઠ ભરાણી છે, તે કદી ગયા સિવાય રહેવાનો નથી, અરે વહુજી ! પુત્રની ખબર કોણ લેશે ? તેં મૂર્ખાઇ કરી, કુંવરને ચડાવ્યો. ઘેલી વહુ, તારે સાસુપણું દાખવવા જોઇએ છે; તે હું બરોબર સમજું છું, તારો પતિ વનમાં ગયો એટલે સાસુની બીક કયાંથી હોય ? ધણી વિના ધણીઆપુ માંડીને તેં આ શો જુલમ કર્યો ? પુત્રની પૂંઠે કોઈ પક્ષ નથી. તેના બાપ કાકા વનમાં ગયા છે, પિયરમાં તો કાંઈ ઉપજતું નથી ને નકામા ચાળા ઉકલ્યા છે, તું છેક છકી ગઈ છે. અને રાંડ છાછવિ, તેં છૈયાને છકાવ્યો છે તે હું જાણું છું. તું જાણે છે મને કોણ પૂછનાર છે ? તારા આવા અવગુણે જ પિયરના લોકોએ તારી સંભાળ લીધી નહિ. જયારથી સાસરિયામાં આવી છે ત્યારથી વળગણીઓ શોધતાં વસ્યાં છો, ભાઈ તો શત્રુ થઇ પડયા છે, શા ઉપર હુંપદ આણતાં હશો ? કોઇ દહાડો નહિને આજ કયાંથી આવું ડહાપણ આવ્યું ? ક્રોધમાં ને ક્રોધમાં જનુની પણું દાખવ્યું ? મારા કુંવરને શા માટે છાતીમાં લાત મારી ? કેડ કસીને તમે તો આખી મર્દાઈ હાંકવા માંડી. કૌરવો તથા યાદવો બેઉં પક્ષવાળા જમડા જેવા છે, આપણો કુંવર એકલો છે અને કોઈની મદદ નથી, એનું ત્યાં કોણ બેલી થશે ? શું કરુ સંસારની શરમે હું તારી સાથે બોલતી નથી, આ તારો કુંવર દુશ્મનમાં ચાલ્યો, તેને પકડી રાખ તારી જીભડીએ આ કર્મ આદર્યું. ચાહ્ય તેમ કરી કુંવરને સમજાવીને ઘેર રાખ. જો મોકલીશ તો તેમાંથી વિપરીત થશે. ધિક્કાર છે તને.

કુંતાજીના શબ્દો સાંભળીને સુભદ્રાના પેટમાં ફાળ પડી. સુભદ્રા તરત કુંવરનો હાથ ઝાલીને કહેવા લાગી, દીકરા, તને હું નહી જવા દઉં. અને મારા જાયા, હું જવા દેવાની નથીં. જો તારે જવું હોય તો મને મારી નાંખીને જા. મારો પ્રાણ ત્યાગ કરીશ અને દીકરા, મારી ભૂલ થઇ ગઇ છે, તારો બિલકુલ વાંક નથી. તારા પિતાજી વનમાં ગયા છે તેથી તારી પક્ષે કોઈ આવે તેમ નથી. કાળરૂપ કૌરવો કેર કરશે, યાદવો જમ જેવા જોરાવર છે, માટે તેમના સામું યુદ્ધ કરવાનું મૂકી દો. જે દુરાચારી બળિયા પુરૂષો છે તેમના સામી કદી રાઢ ન કરવી. અરે મારા દીકરા, બળિયા સાથે બાથ ભીડવી નહિ. દીકરા તેં મુમત પકડયો છે. ઓ કાલા કુંવર, કંથેરનાં જાળામાં કદી હાથ ન ઘાલવો. ઓ પુત્ર, કોઇની મદદ સિવાય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાંબી દોડમાં નહિ પહોંચી શકે. એ વાઘની બોડમાં શા માટે હાથ ઘાલે છે ? કાળ કલેશની કન્યા મારે નથી જોઈતી, દારુણ દ્વેષવાળી કન્યાને કદી નથી વરવું.જો તું જીવતો હોઇશ તો આવી લક્ષ નારીઓ આવશે, તારા બાપ કાકા બહુજ બળવાન છે, તેથી તારે માટે ઘણી કન્યાઓ લાવશે. સઘળા ક્ષત્રીઓ જાણશે, અભિમન્યુનો વિવાહ ભાગ્યો એટલે પછી મનગમતા વેવિશાળ આવશે. કન્યાની કંઇ ખોટ નથી.દીકરા, તું મુમત મૂકી દે. હું તારી મા તારા વિના મરી જઇશ. સુભદ્રાના છાતીફાટ રુદનથી અભિમન્યુનું દિલ દુભાયું, પોતાની માતાને કહેવા લાગ્યો. અરે માતા ? તેં પહેલું ન માન્યું પણ હવે તો બ્રહ્મહત્યાનું પાપ માથે લીધું તે. માટે નિશ્ચય સુરેખા કન્યાને વરવી છે, જો બેસી રહું તો મારો બાપ લાજે, મેં મારે મોંઢે કન્યાનું હરણ કરવાનું કબૂલ કર્યું છે, તેને જો ન પાળી શકાય તો જીવ્યા કરતાં મરવું સારું એટલે વિદુરે મનમાં વિચાર કર્યો, હવે કુંવર રોકયો રહેવાનો નથી એમ જાણી પોતે કુંવરને કહે છે કે ધન્ય દીકરા, તારી બરોબરી કરી શકે તેવો કોઈ નથી. ભલે ખુશીથી જાઓ. પણ મારું એક વચન માની લો દિવસે નીકળવાનું બંધ રાખો. સાયંકાળે જવાનું કરો તો સારું. તેનું કારણ એટલું જ છે કે જો તારી જવાની વાત કૌરવો જાણશે તો પાપી લોકો તને રસ્તામાં જતા નડશે, તારા ઉપર દ્વેષ આણી તને વિઘ્ન કરશે. માટે દીકરા મોડી રાતે જજો, વળી તારી માતાને જોડે લઇને જજે. એટલે અભિમન્યુ બોલ્યો,અરે દાદા. તમારું વચન મારા મસ્તકે ચઢાવું છું, પણ મારી માને સાથે લેવાનું શું કારણ છે ?

ત્યારે વિદુરજી કહે, દીકરા તારી માતા સંગાથે આવશે એટલે લગ્ન થશે. સુભદ્રા તારી જોડે આવીને એના ભાઇઓને સમજાવશે અને કરગરીને કન્યા અપાવશે. એવું સાંભળી અભિમન્યુ બોલી ઉઠયો. અરે દાદા. એમ કદી બનવાનું નથી. તમે વૃદ્ધ થઇને કેમ ભૂલો છો? આડા માણસની સાથે અન્યાય કરવો જ પડે. કગરવાથી કરજ ને કન્યા આવતા નથી,વિદુરજી કહે, અરે દીકરા તારું કહેવું સત્ય છે, પણ જો સમજીને ખુશીથી વેવિશાળ કરે તો આપણે લડવાની જરૂર નથી જો યાદવો કન્યા આપશે તો હેત રહેશે, નહિ તો કદી રહેવાનું નથી. એવું સાંભળી અભિમન્યુ ટાઢો થઇને બેઠો. મનમાં વિચાર કરે છે કે કયારે રાત્રિ પડે ને હું દ્વારીકામાં જાઉં. એમ કરતાં કરતાં દિનામણી મેર બેઠો, એટલે તે પોતે ઉભો થયો અને ભંડાર ઉઘાડી પોતાનાં વસ્ત્ર ફેર પહેરી લીધાં. વિવિધ પ્રકારનાં આભૂષણો તથા શણગાર સજી લીધાં. પોતાની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાથે આયુદ્ધ પણ લઇ લીધાં. કમ્મરે કસીને તાણી બાંધ્યાં એટલે સુભદ્રાએ વસ્ત્રની ગાંસડી બાંધી તૈયાર કરી બેઉ જણા માતા પુત્ર દ્વારીકાં જવા માટે તૈયાર થયા. કુંવરે રથને બહાર કાઢયો. પોતે ચાર ઘોડાં જોતર્યાં. એટલે સુભદ્રા રખેને અભિમન્યુ મને મૂકીને જતો રહે એવા ભયથી તરત રથમાં બેસી ગઇ.

વિદુર ભકત કુંવરને હૃદયને સરસો ચાંપીને શિખામણ આપે છે કે દીકરા, જાળવી જોઇ વિચારીને કામ કરજે, એકલો છે તારી પક્ષે કોઈ નથી હજુ તું તો બાળક છે, કેવી રીતે યુદ્ધ કરવું. તેની તને બિલકુલ ખબર નથી માટે બળિયા સાથે કદી બાથ ન ભીડવી. કુંતાજી પણ હૃદયે ચાંપી શિખામણ દે છે કે દીકરા, ટંટાનો તંત ધરશો નહિ, જ્યાં સુધી કળથી કામ થાય ત્યાં સુધી બળે કરવું નહિ, તારી પાછળ કોઇનો પક્ષ નથી, માટે લાંબી લાંબી ફાળ ન ભરીશ, ઓ દીકરા, હરિએ ધાર્યું તે થશે. પછી વિદુરજી કહે છે કે સુભદ્રા ? તું તારા ભાઇઓને કરગરીને સમજાવજે અને જા તેમ ન માને તો તારાં સગાંવહાલાં ભેગાં કરીને સમજાવજે, તેમ છતાં કબૂલ ન કરે તો આપઘાત કરવાનું આદરજે એમ શિખામણ આપી પછી બેઉ જણાં દાદાને પગે લાગ્યાં. દાદાએ બેઉનાં મસ્તક ઉપર હાથ મૂકી આજ્ઞા આપી.

કુંવરે રથ ઉપર ચઢી એક હાથમાં અછોડા ઝાલ્યા અને બીજા હાથમાં ચાબુક ઝાલી, જેવા ઘોડા ચાલવા જાય છે, તેવી જ સામી ગાય આવતી જોઇ. વિદુરજીએ કહ્યું, દીકરા,શુકન સારા થાય છે માટે તારું કામં ફતેહ થશે. કુંવર અશ્વ હાંકીને ચાલ્યો.ચાલતાં ચાલતાંનગરની બહાર આવ્યો એટલે શિયાળના શબ્દ થવા માંડયા.શુકન માઠા થવા લાગ્યા.પણ કુંવરે બિલકુલ ગણકાર્યું નહિ અને પુરપાટ ઘોડાઓ દોડાવી મૂકયા. રથનો ગડગડાટ અતિશય થાય છે, એ પ્રકારે જતાં જતાં બે રસ્તા આવ્યા, અભિમન્યુએ ખમચાઇને રથ તથા ઘોડા ઊભા રાખ્યા. સુભદ્રાએ પૂછયું, કેમ દીકરા રથને થોભાવ્યો ? અભિમન્યુ કહે, માતાજી, બે રસ્તા આવ્યા તેથી મને સુઝ નથી પડતી. બે રસ્તામાંથી કીયે રસ્તે ઘોડા હાંકું ? તમે કહો તો જમણો રસ્તો પકડું અને કહો તો ડાબો પકડું. જ્યાં મારું મોસાળ હોય ત્યાં હું હાંકું. રાત્રિ વીતી જાય છે, માટે માતાજી, મને ઝટ સુઝ પાડો, તમે હંમેશના ભોમિયાં છો,માટે તમને બરાબર ખબર હશે ? એટલે પ્રભુએ જાણ્યું, ભાણેજ હરણ કરવા આવે છે. પણ પંડે એકલો છે, તેથી એનું બળ ચાલવાનું, મારા ભકતનો પુત્ર છે તેથી એને પાછો પડવા દેવો જોઇએ નહિ. પહેલું મેં બળદેવને કહ્યું હતું. પણ તેમને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારું કહેવું કબૂલ રાખ્યું નહિ. મેં ઘણા સમજાવ્યા હતા પણ આખર કૌરવોમાં ગયા, માટે એમનું ધાર્યું મારે કદી ન થવા દેવું. ભાણેજ કન્યાને પરણે અને હું જશ લઉં, એવું મારે જરૂર કરવું પણ ભાણેજ એકલો છે તેથી ધાર્યો મનસુબો ઉતરશે નહિ. એમ જાણી પ્રભુએ યુક્તિ શોધી કાઢી. સુભદ્રાને દ્વારીકાંના રસ્તાનું બરોબર ભાન હતું, પ્રભુએ તેને ભૂલ ખવરાવી દીધી, અભિમન્યુએ પૂછયું ત્યારે માતાએ કહ્યું, બેટા, ડાબો માર્ગ ઝાલો. તમારું મોસાળ તે જ રસ્તે આવશે. એવાં પોતાની માતાનાં વાકય સાંભળી રથને ડાબા રસ્તા તરફ હાંકયો.ડાબો માર્ગ ઘણો લાંબો હતો તેને છેડા આવી રહ્યો એટલે સપાટ વનવગડો આવ્યો, કુંવર દિશાભૂલ થઈ ગયો, ઘોડા અરણ્યમાં ચાલ્યા જાયછે.

ચાલતાં ચાલતાં એક મોટું વન આવ્યું,ત્યાંથી પાછા વળ્યાની સુઝ પડતી નથી, રાત્રિ અંધારી ઘોર થઇ છે, સણુસણુ રાત્રિ બોલ્યા કરે છે, તમરાં ઘાડા સ્વરથી પોકાર કર્યા કરે છે. કુંવર વિકરાળ વગડે રખડે છે,મોટાં મોટાં બાવળનાં ઝાડ રસ્તામાં અથડાય છે. વચ્ચે ટેકરા,ખાડા,કોતર,ડુંગર, પર્વત, પહાડ અને તાડ વિગેરે અનેક પ્રકારનાં વિઘ્ન આવે છે. નદીનાં નાળાં, ઝાડનાં જાળાં કંથેર કાંચકીનાં કાંટા, વૃક્ષની લાંબી વેલીઓ, ખેર, ખાખરા, ખરસાણી ખજુરીઓ વિગેરે ભયંકર ભાસવા લાગ્યા, રાફડામાં સર્પ શબ્દ કરી રહ્યા છે. ચિતરા રસ્તામાં આડા પડયા છે, નાગ ફણા માંડીને ફરે છે અને નોળીઆ તથા વણિયર દોડદોડ કરી રહ્યા છે. શાહુડી, શિયાળ, સુવર, સસલાં, હરણ, મૃગ, હસ્તી,ભુંડ,રોજ, રીંછડા,સિંહ,ચિત્તા અને વાઘ વિગેરે વિવિધ પ્રકારના જાનવરો જોવામાં આવે છે. તનછ, ચંદનઘો, પાટલાઘો, કરચલાં, કાચડા ઘૂવડ, ચીબડીઓ, ઊંટ, ઉડગડા ગુફામાં બેસી રહ્યા છે, ઝાડોનાં જડીઆં તથા ડાળાં રસ્તામાં પડયા છે તેથી તેમાં પૈડા ભરાઇ જાય છે. રથ હાલતો નથી તથા ઘોડા પણ ચાલતા નથી.અશ્વો ઘણા પગ પછાડે છે પણ રથ નીકળતો નથી કુંવર અંધારે હેઠો ઉતરી બળ કરીને રથને કાઢે છે. મોઢે પોકાર કરીને ચાબુક મારે છે પણ ઘોડા ચાલી શકતા નથી. રાત્રિ ભયંકરરૂપે ભાસી રહી છે. એવું દુઃખ જોઇને સુભદ્રાને અફસોસ થયો. દીકરાને કહે છે, અરે વહાલા બેટા, આપણે જરૂર રસ્તાની ભૂલ ખાધી. અભિમન્યુ કહે,હશે માતાજી મને, પરણાવવો છે માટે લ્હાવો લ્યો. મ્હોડ ઘાલીને લ્હાવો લેવો છે કંઈ સહેલાઇનું કામ નથી. માતાજી ! દુઃખ વેઠયા વિના વહાલી વહુ કયાંથી આવશે ? એવાં મર્મનાં વચન સાંભળી સુભદ્રાએ નીચું ઘાલ્યું.પછી કુંવરે વિચાર કરીને ધનુષ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હાથમાં લીધું પોતે મનમાં કહેવા લાગ્યો મારી પાસે વિદ્યા છે છતાં હું શા સારું કષ્ટી વેઠું છું અને વેઠાવું છું? અગ્નાસ્ત્ર બાણથી અગ્નિ મૂકી રસ્તામાં પ્રકાશ કરું. તિમિરનો નાશ થવાથી અને અજવાળું થવાથી માર્ગ બરોબર દેખાશે તેથી મારી માતાને તથા ઘોડાને સુખ થશે એવું જાણીને એક બાણ લીધું. મંત્ર ભણીને અગ્નાસ્ત્ર બાણ છોડી દીધું. સુસવાટા કરતું બાણ છુટયું એટલે અગ્નિ પ્રગટ થયો. સઘળા બીડ સળગવાથી અંધારાનો નાશ થઇગયો. વનને વિષે અગ્નિ સળગવાથી અપાર ઝાડો બળી ગયાં. પુષ્કળ પ્રકાશ થવાથી ઘોડા ચાલવા લાગ્યા. તેથી કુંવર અતિશય હરખાવા લાગ્યો. આગળ ચાલતાં ચાલતાં પ્રકાશ ઓછો થાય છે કે તરત પાછું બાણ મારે છે. પાછળ પ્રકાશ રહે છે કે આગળ મારે છે. એ પ્રમાણે વનને સળગાવતો સળગાવતો આગળ ચાલ્યો જાય છે, એવામાં હેડંબાવન આવ્યું.

તે વનમાં વિકરાળ માયાવી રાક્ષસો રહે છે. ત્રણ ત્રણ તાડના ઊંચા અસુરો છે; તેઓ હેડંબાના બાગનું રક્ષણ કરે છે. ત્યાં હેડંબા રાણી રાજ્ય કરે છે. તે રાણી ભીમસેન સાથે પરણીને વનમાં રહેલી છે. તેનો માયાવી ગટોરગચ્છ નામનો પુત્ર બળવાન છે. તેમનું વન અભિમન્યુએ સળગાવ્યું. પવનના ઝપાટાથી અતિશય સળગવા લાગ્યું, અગ્નિના ભડકા ભડકા સળગતા જોઈ અસુરો જાગી ઉઠયા. પોતે પોકારકરવા લાગ્યા, અરે કોણે આપણા વનને સળગાવી દીધું? ધાજો રે ધાજો. એમ બૂમો પાડવા લાગ્યા. તે શબ્દ સાંભળીને તમામ અસુરો દોડી આવ્યા. સઘળા તોફાની દૈત્યો એ આયુદ્ધો તૈયાર કર્યા. સર્વ વાતો કરે છે, આપણી રાણીના ભયથી કોઇ પ્રાણી અહીં આવી શકવા સમર્થ નથી. છતાં કોણે આવીને વન બાળ્યું છે? અંતરીક્ષનાં ઉડનારાં પક્ષી પણ આ માર્ગે જતાં નથી, દેવલોકો દષ્ટિ નાંખી શકતા નથી તો પછી બીજાનો શો ભાર છે? વળી રાણીનો પુત્ર બળવાન છે. મોટા મોટા મહારથી હોય તો પણ ગટોરગચ્છથી હારી જાય, તેવામાં બાગમાં અગ્નિ મૂકીને કોણે આવું જોર જણાવ્યું છે? ચાલો આપણે જઇને રાણીનો ચોર પકડી લાવીએ. એમ કહીને હજાર અસુરો તૈયાર થઇએ ચાલ્યા. ત્રણ તાડ ઊંચા છે, હાથ હાથ લાંબા દાંત છે. કાન સુપડા જેવા છે, એવા ભયંકર સ્વરૂપના સહસ્ત્ર અસુરો ફલંગો ભરતા દોડી આવ્યા. સુભદ્રા તથા અભિમન્યુએ રથમાં બેઠાં બેઠાં રાક્ષસોને જોયા. સુભદ્રા મનમાં કહેવા લાગી. અરેરે દૈવ, મેં અભાગણીએ આ શું કર્યું કે કુંવરને ચડાવ્યો? અરે જાન તો ફીટી ગઇપિણઆતો કાણ થઇ. દુષ્ટ રાક્ષસો મારા પુત્રને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારી નાંખશે. એમ ભયંકર ભય ભાસવાથી મૃતક મૂર્છા ખાઇને રથમાં આડી પડી. શુધબુધ સર્વે જતી રહી, અભિમન્યુએ પાછળ જોયું તો પોતાની માને બેભાન પડેલી જોઇ, અભિમન્યુ શોકના સિંધુમાં પડયો. પોતાની માતાને પડેલી જોઈ છાતીફાટ રુદન કરે છે, અરેરે માતાજી; તમારી હોંશ પરિપૂર્ણ ન થઈ. હે મારી ગરીબ માતા, તું શા માટે રથમાં પડી રહી છે?તારા દીકરાનું લગ્ન તો કયાંય રહ્યું, ઉલટી મૂર્છા ખાઇ પડી છું. તને પહેલેથી સમજાવ્યું હતું, પણ તેં ન માન્યું.અતિશય હઠ કરીને વહુ લાવવા સાથે આવી અને હવે કેમ સુતી છે ? અરે મારી રત્ન સરખી માતા, જો તું નહિ ઉઠે તો દાંતમાં જીભ લઇ મરણ પામીશ. અરે માતા, મારો પિતા હતો તે વનમાં ગયો અને તું પણ મરણ તુલ્ય પડી.અરે દૈવ, મારે કોનો આધાર રહ્યો? મારાં માત પિતાથી હું છુટો પડયો.અરે માતા મને કોણ ઉછંગમાં બેસાડીને પાળશે? કોણ મને મીઠી નજરથી બોલવશે? મારે બીજી માતા કોઇ નથી. મને હ્રદયે ચાંપીને તું હસી જતી. અરેરે હું હવે કઈ માતા પાસે બેસીને રમીશ ? હે માતા,મારા હ્રદયમાં અગ્નિ સળગે છે, અરે માતાજી,મારું જીવન ધુળ થઈ ગયું ધિક્કાર છે મને. હે માતાજી, હવે તું મને કીયે ભવે મળીશ?એ પ્રમાણે બેફાટ રડતો જાય છે અને આંસુ લુછતો જાય છે. પછી કુંવરે મનમાં વિચાર કર્યો, રડયામાં રોળાઈ શું માટે કાળજાને કઠણ રાખું તો ઠીક એમ ધારી આંસુ બરાબર લુંછી નાંખ્યાં. જાણ્યું અસુર ઉત્પાત કરશે તેથી મારી માતા મરી જશે. મારી માતાનો પ્રાણ બ્રહ્માંડમાં છે. તેને એકાંત સુવાડું તો સારૂં. જો રથમાં રહેવા દઉં તો બે ઘડીએ શુદ્ધિ આવશે, પણ અસુરનો પ્રહાર થવાથી માતાજીનો પ્રાણ જતો રહેશે, એમ જાણી બહાદુર કુંવર અભિમન્યુ નીચે ઉતરી પડયો અને પોતાની કમ્મર કસીને તાણી બાંધી.

શુધસાનથી હીન થયેલી માતાને કુંવરે ખાંધે ઉંચકી લીધી. એકાંત ઝાડોની ગુફામાં માતાને સુવાડીને ઉપર લુગડું ઓઢાડી દીધું, ને અસુર સાથે સંગ્રામ કરવાના ઇરાદાથી પોતે પાછો આવ્યો.રથ ઉપર ચઢીને ઘોડાના અછોડા હાથમાં પકડીને બેઠો.પોતાનાં આયુધો તૈયાર કર્યાં એવામાં પાપી અસુરો પોકાર કરતા આવી પહોંચ્યા ને કુંવરનો રથ ઘેરી લઇને ઊભા રહ્યા; રકત લોચન કરીને અભિમન્યુને પૂછવા વાગ્યા, અલ્યા, તું કોણ છે ? અને કયાંથી આવ્યો છે ? તું મનુષ્યપ્રાણી અહીં શા માટે આવ્યો છે?તું બાળક તારાં માબાપથી કેમ છુટો પડયો છું ? તારી કઇ નાતજાત છે? તારૂં કીયું ઘરગામ છે ? તારા માતપિતાનું

Kirtikant Sharma Collection; Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શું નામ છે ? અરે બાળક, તારું શું નામ છે ? અભિમન્યુ કહે, અરે દુષ્ટો, તમે શું જોઇને પૂછો છો ? મારી નાતજાત જોવાની તમારે જરૂર નથી. લાંબી વાત કર્યા કરતાં ટુંકી કહું છું તે સાંભળો. હું સકળ ભૂમિનો રાજા છું. દાનવ માનવ સર્વનો હું અન્નદાતા છું. તમે સઘળા મારી રૈયત છો. એવું સાંભળીને પાપી લોકોને અતિશય ક્રોધ વ્યાપી ગયો ને કહ્યું, તું નાને મોઢે વધારે ન બોલ નહિતો વિપરીત થશે. તને બાળક ધારી અમે બોલતા નથી, નહિ તો તું તો અમારું ભક્ષ છે. અમારા અસુરોના આગળ માણસો શા હિસાબમાં ? અમરા આગળ તું બાળક કાંઇ લેખામાં નથી, તારું કાલું કાલું બોલવું અમને બહું પ્યારું લાગે છે. અરે કુંવર, તારા પિતાનું શું નામ છે તે તું અમને કહી દે.

અભિમન્યુ કહે અરે પાપી લોકો, તમે મને બાળક ધારો છો ? આવો લડવું હોય તો તૈયાર થઈ જાઓ. તમારાથી શું બનવાનું છે ? જેમ રૂનો ઢગલો હોય છે, તેમાં અગ્નિનો તણખો પડવાથી સર્વનો નાશ થાય છે, તેમ પાપી લોકો હું અગ્નિની માફક તમારો કાળ છું એમ માની લેજો. તમારા અધર્મ કર્મોથી આજ તમારું આવી બન્યું છે. પતંગિયું મરવાનું થાય એટલે તેજમાં તરફડિયાં મારે છે. તેમ તમે પતંગિયા હવે પળવાર પછી મરી જનાર છો, દુષ્ટોયાદ રાખજો, તમારૂં આવી બન્યું. એવું સાંભળી રાક્ષસોને મહા દુઃખ લાગ્યું. તેઓ અભિમન્યુને કહેવા લાગ્યા, અલ્યા બાળક, વિચારીને બોલ. તને અમે બાળક ધારી બોલતા નથી, તેમ તું અભિમાન ધારણ કરે છે, તે બાગમાં આગ લગાડી છે, તેથી જરૂર તારું મૃત્યુ થશે એમ જાણજે. તું જેમ ફાવે તેમ બકયા કરે છે, તેથી તારો આયુષ્ય બહું ટુંકુ જાણજે. અલ્યા, તું જીવતો ઘેર નથી જવાનો તે યાદ રાખજે. તારે માથે કાળ ફેરા ફરી રહ્યો છે, અભિમન્યુ કહે, અલ્યા દુરાચારી મારો કાળ કોણ કરનાર છે ? હું દુનિયામાં મને ઘા કરી શકે તેવો જોતો નથી. જો તમારે જીવવાની આશા હોય તો તમે તમારે ઘેર ચાલ્યા જાઓ, નહિ તો ઘડીવારમાં તમારો અંત આણીશ. તે સાંભળી કુમતિ અસુરો કોપાયમાન થઇને એક એકને કહેવા લાગ્યા. એ બાળકનો પ્રાણ હરણ કરો એમ પોકાર કરી ભાલા હાથમાં લીધા. માયાવી અસુરો બૂમો પાડતા પડતા આકાશમાં ઉછળ્યા, આકાશમાં ફાળો ભરતા અભિમન્યુના ઉપર પડે છે. અભિમન્યુ બાણથી નિવારણ કરે છે. ઊંચા નીચા થઇને અભિમન્યુની શરત ચૂકાવે છે, પણ ચંચળ અભિમન્યુ તરત જ ચેતી જાય છે, દુરાચારી અસુરો ગર્જના કરવા લાગ્યા. જેમ લાગ આવે તેમ રથ ઉપર લાતો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ફેંકે છે. ઘોડાઓનો નાશ કરવા જાય છે, પણ અભિમન્યુ બાણ મારે છે તેથી કોઈનાથી પાસે અવાતું નથી. લાંબા પંજાથી લડત લડે છે અને મારોમારો કરી પોકાર કરે છે. વાંસડાના ફાંસડા ઉખાડીને કુંવર ઉપર ફેંકે છે. આવા રાક્ષસોનો જોર જુલમ જોઇ અભિમન્યુ કોપાયમાન થયો, ધનુષ ઉપર બાણ ચડાવીને તૈયાર કર્યાં. મહા ક્રોધ કરીને બાણ મારે છે. પણ અસુરો આવતાં બાણ ચુકવી નાંખે છે. અભિમન્યુ તાકી તાકીને પાપીઓને મારે છે પણ બિલકુલ અસર થતી નથી. કદાચ કોઇને વાગે છે પણ બિલકુલ નુકશાન થતું નથી. પ્રાણ જતો નથી અને ઘાત થતો નથી. પાપી અસુરો એવા ને એવા રહે છે. આ જોઈ કુંવર વીમાસવા લાગ્યો, અરે દૈવ ? આ જીવ કેવો હશે ? હું માતાના ઉદરમાં અઢાર માસ હતો, તે વખતે મારા મામા કૃષ્ણજીએ કોઠાવિદ્યા વાંચી સંભળાવી હતી; તેમાં એવો હેતુ આવ્યો હતો કે જે માયાવી હોય છે, તેને ખડગ વિગેરે કોઇ પણ આયુદ્ધો ઈજા કરી શકતાં નથી, તેમ તેમનો દેહ પણ પડતો નથી, તેમાંના આ અસુરો હોય એમ લાગે છે. તેમના પર ફક્ત શિવજીનું બાણ અસર કરશે એવું જાણીને કુંવરે ભાથામાંથી એક બાણ કાઢયું અને તેના ઉપર શિવજીનો મંત્ર ભણ્યો, પછી કારમો કોપ કરી ફુદડીની માફક ફેરવીને તે બાણને છોડયું, તે બાણનો એવો પ્રભાવ છે કે જે જે યોદ્ધાઓને તે બાણ વાગ્યું તે તે યોદ્ધાઓ લોપ થઇ ગયા. એમ કરતાં કરતાં નવસે નવાણું રાક્ષસને મારી નાખ્યા. ફક્ત એક રાક્ષસ જીવતો રહ્યો. અભિમન્યુએ તે રાક્ષસને નાસી જતો જોયો. પોતે મનમાં સવળો સાર લેવા લાગ્યો કે બિચારો જીવતો ગયો. જો તેની પક્ષનાં કોઇ અસુરો આવશે તો મારી નાંખીશું. એવા અધરમીઓનો નાશ કરવો એ અમારા ક્ષત્રીઓનો ધર્મ છે.

પેલો જીવતો રહેલો રાક્ષસ દોડયો દોડયો હેડંબા બાગમાં ગયો. તે ગર્જના કરીને કહેવા લાગ્યો, અરે માતા હેડંબા, ઝટ જાગો, જટ જાગો, કોઇએ આપણું આખું વન સળગાવી દીધું છે, તમે શું જોઇને સુખમાં સૂઇ રહ્યાં છો? એવી અસુરની ગર્જના સાંભળી હેડંબા જાગી ઊઠી, પછી અસુરને પૂછવા લાગી, અલ્યા મૂરખ, શા માટે નકામો પોકાર કરી રહ્યો છે ? અસુરે કહ્યું, અરે માતાજી આપણું સઘળું વન સળગાવી દીધું, તે જોઇને હેડંબા ભયભીત થઈ ગઈ. બાવરી બનીને બોલી. અરે ભાઈ, આ કર્મ કોણે કર્યું કોણે સઘળા વનનો નાશ કર્યો ? અરેરે આપણી તમામ ઝાડી બાળી નાંખી આવો બળીઓ કોણ આવ્યો હશે ? અસુરે કહ્યું, અરે માતાજી, આટલો બધો અગ્નિ કેવી રીતે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હોલવાય? એવી કારમી ચીસો સાંભળી બીજા અસુરો જાગી ઊઠયા. અસુરે કહ્યું અરે માતા, વનનો બાગ બાળી નાખવાથી અમે હજાર અસુરો તેની સામે લડવા માટે ગયા હતા. અમે તેને પૂછી જોયું કે તું કોણું છે અને તારા પિતાનું નામ શું છે ? તેનો જવાબ આપવો તો કયાં ગયો પણ ઉલટો ગાળો દેવા લાગ્યો. કોઈક મનુષ્ય જાતિનું બાળક જણાય છે. આવી વિકાળ રજનીમાં એકલો રથમાં બેસીને આવ્યો છે. એની સાથે કોઈ પણ નથી. પોતે નિરભયપણે હિમ્મત રાખીને યુદ્ધ કરે છે, અમે તેના સાથે યુદ્ધ આરભ્યું. એને મારી નાખવાની ઘણી યુક્તિઓ કરી પણ કુંવર બહુ ચાલાક અને બુદ્ધિશાળી છે. એક બાણમાં નવસેં નવાણું અસુરોને મારી નાંખ્યા, હજારમાં ફક્ત હું એકલો બચ્યો છું તેથી હું જીવ લઇને નાસી આવ્યો છું ને તમને જગાડયાં છે. એવું સાંભળી હેડંબા રાણી દિલમાં દુભાણી. પછી પોતાના અનુચરને કહ્યું, અલ્યા, તું નીચે ઊભો રહેજે, ગટોરગચ્છને સાતમા માળથી બોલાવું છું, એમ કહી રાણી પોતાના પુત્રને બોલાવવા ચાલી. તે સાતમે માળે ચઢી, જ્યાં ગટોરગચ્છ સુતો છે ત્યાં ગઈ. ક્રોધમાં એના લોચન રક્ત બની ગયાં છે. પછી ગર્જના કરી પોતાના પુત્રની છાતીમાં લાત મારીને કહ્યું, ઊઠ ગટોરગચ્છ, ઝટ ઊભો થા. તારો કોક બળીઓ બાપ આવ્યો છે, આપણું આખું વન બાળી મૂકયું છે છતાં દરીદ્રી તું ઊઠતો નથી? એક એક પળમાં આપણા સહસ્ત્ર સેવકોને મારી નાખ્યા, ખરી હિમ્મત રાખીને સર્વનો ઘાણ કાઢી નાંખ્યો છે ને હજી પણ ઊભો રહ્યો છે. એના મનમાં શો મનસુબો રાખીને આવ્યો હશે ? પોતાની માતાનાં એવાં કઠોર વચન સાંભળી મહા ખુની ગટોરગચ્છ ઊઠી ઊભો થયો. પોતાની માતાની સર્વ હકીકત સાંભળી જ ક્રોધાયમાન થઈ સાતમે માળથી નીચે કુદી પડયો. નીચે ઊભેલા સેવકને પૂછયું, અલ્યા, આપણું વન કોણે સળગાવ્યું ? ગટોરગચ્છનાં વચન સાંભળીને સેવકે તમામ હકીકત કહી સંભળાવી, વનમાં વિકાળ વહ્નિ જોઇને હૃદયમાં લ્હાય લાગી. અગ્નિના અંગારા ઊઠે છે અને ભભક ભડકા થાય છે. વનસ્પતિ સુસવાટા સળગે છે. ધ્રુમના ગોટે ગોટા થાય છે, એવું દેખીને કુંવરને મહા રીસ વ્યાપી. મનમાં કહે છે. આવો પાપી કોણ આવ્યો છે ? સેવકને પૂછયું કે એ કોણ છે? સેવકે કહ્યું, અમે તેને પૂછયું હતું પણ તેણે બિલકુલ જવાબ આપ્યો નહિ; ઊલટી અમને ગાળો દીધી. એવું સાંભળી ગટોરગચ્છ ખુનસે ભરાયો, લડવા જવાની તૈયારી કરવા માંડી.

વાયુના પુત્રનો પુત્ર ગટોરગચ્છ બળવાન છે; તે મનમાં બોલ્યો હું જરૂર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અગ્નિ સળગાવનારને ઠેર મારી નાંખીશ, એમ બોલતો આકળો ભૂત બનીગયો, દિલમાં દારુણ દ્વેષ ભરાઇગયો. માયાવી ગટોરગચ્છે માયા રચવાને માટે પોતાના મસ્તકના કેશ છુટા કર્યા. રીસમાં ને રીસમાં પોતાનું માથું ધુણાવીને પથ્થર ઉપર પછાડયું, એટલે મસ્તકમાંથી જુ જુ જેવડા સહસ્ત્ર જંતુ ખરી પડયા. તે જંતુઓ પવન પૃથ્વીનો સ્પર્શ થયો એટલે સઘળા રાક્ષસો બની ગયા. તે શરીરે પહોળા, પુષ્ટ અને લાંબા આશરે ત્રણ તાડપુર થયા. ધરતીને ધ્રુજાવવા લાગ્યા. ગમે તેટલા માણસો હોય તો પણ ચાવીને ચુરણ કરી નાંખે એવા મહા બળવાન અસુરો ઉત્પન્ન થયા, એવું દેખીને હેડંબા આનંદ પામીને બોલી ઉઠી, અરે દીકરા, હું પણ તારા રૂપે થઇ તારી પક્ષ કરવા માટે આવું છું, યુદ્ધ કરનારો કોઇ મહા પરાક્રમી છે. માટે નિશ્ચય તારી સાથે આવીશ, કોઇ બહાદુર હશે ત્યારેરાત્રે બહાર નીકળ્યો હશે, નહિ તો બીજા કોઈની હિંમત ચાલે નહિ, તું એકલો જઇશ તો વખત છે ને તે વિઘ્ન કરી બેસશે. તું બાઝજેઅને હું આગળ ઉભી રહીને જોઇશ, જો તું જીતીશ તો ઠીક છે અને હારીશ તો તારી પક્ષ કરી તેનું ભક્ષણ કરી જઇશ. એવાં પોતાની માતાનાં વાકય સાંભળીને પુત્રે જવાબ દીધો, અમે પુરુષે પુરુષ પરાક્રમ કરીશું એમાં તારું કામ નથી, જો હું યુદ્ધ કરતાં હાર પામું તો તું ધાઇને આવજે, એકલાને મારી નાંખવો છે તેમાં શું મોટું કામ છે? એવું સાંભળી હેડંબા બોલી, બહું સારું દીકરા સુખેથી પધારો. વિચારીને લડજો, હું પણ એ ઘડી પછી યુદ્ધ જોવાને માટે આવીશ કારણ કે દીકરા, તારી મને ચિંતા છે. તું મને ઘણો વહાલો છે, તને મોકલતા મારો જીવ નથી ચાલતો. આ વખતે જો તારા પિતાજી ભીમસેન અહીં હાજર હોત તો આવું કર્મ કરી શકવા કોઇ પણ સમર્થ થઇ શકે નહિ, પણ તારો પિતા અહીં નથી. શું કરું મારો ઉપાય નથી, તેથી તને મોકલું છું. એવું સાંભળી ગટોરગચ્છ બોલી ઊઠયો, માતા, વિલાપ ન કરો એક પળમાં દુષ્ટનો નાશ કરી તમારી પાસે આવું છું. હેડંબાએ આશીર્વાદ આપ્યો. ગટોરગચ્છ પોતાના અસુરોને કહેવા લાગ્યો, અરે, સર્વે જણા આયુદ્ધ ગ્રહીને તૈયાર થઇ ચાલો. સઘળાઓએ પોતપોતાનાં હથિયારો લઈલીધાં. કમ્મરો કસીને તાણી બાંધી, તેમાં પોતાના હથિયારો પણ તાંણી બાંધ્યા. ગટોરગચ્છે કહ્યું, અને દૈતો, ચાલો, જઇને જોઇએ કે આપણાં વનનો બાળનારો કોણ છે? એટલા બધો જુલમ કરનાર કોણ આવ્યું છે? આપણા દૈતોનો નાશ કરનારો કોણ દુષ્ટ જાગ્યો છે? શું એ બે માથાં ધરાવીને આપણી ભણી આવ્યો છે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવું સાંભળીને સર્વે જણા તૈયાર થયા, હાથમાં આયુધો ગ્રહણ કરીને જોડા જોડ ચાલ્યા. ધમકધમક પૃથ્વી ધ્રૂજે છે;ચમક ચમક ચાલીને પરડ પરડ પગલાં પાડે છે. અસુરોના પગની પડઘી પારથના પુત્રે સાંભળી ચેતન બનીને ચતુર થઇને ઊભો રહ્યો. સરદાર સહિત અસુરો દોડતા આવે છે,તેમણે અભિમન્યુનો રથ જોયો. પછી સઘળાઓ ત્યાં આવી અભિમન્યુને ઘેરીને આગળ પાછળ ઊભો અને ગટોરગચ્છ અભિમન્યુના સન્મુખ ઊભો રહ્યો એ. પ્રમાણે અસુરોને અભિમન્યુ સાવચેત થયો. પોતાના હથિયારો હાથમાં ગ્રહણ કરી તૈયાર થયો, પછી ગટોરગચ્છના સામી દષ્ટિ કરીને જોઈ રહ્યો. તેણે અસુરોને ત્રણ તાડપુર ઊંચા દીઠા, ફકત એકલા ગટોર-ગચ્છને મનુષ્યના આકારે જોઈ વિચાર્યું, આ સર્વનો સરદાર હશે, કારણ કે ધસીને આગળ ઊભો છે. એવું જાણીને અભિમન્યુ બોલી ઊઠયો, અલ્યા તમે કોણ છો ? અને શો મનસુબો ધારીને અહીં આવ્યા છો? મને રાજા જાણીને શી અરજ કરવા ઊભા છો?એવું સાંભળીને હેડંબાનો પુત્ર ગટોરગચ્છ બોલ્યો. અલ્યા. વગર વિચારે બકબક શું કરી રહ્યો છે ? તેં વિના કારણે વનને બાળ્યું છે તેથી જરૂર તારું મૃત્યું આવ્યું એમ જાણજે. હું તને પળ વારમાં મારી નાંખીશ. એવું સાંભળી અભિમન્યુ કહે, ચાલ, બકવાસ છોડી દઇ યુદ્ધ કર, પાપી તું તારા મનમાં શું સમજે છે ? એક પળવારમાં તારા હજાર અસુરોનો નાશ કર્યો હતો તે જ હું છું, મને બાળક સમજીશ નહિ. યાદ રાખજે, તું જીવતો ઘેર જવા પામીશ નહિ. તારે રજા લેવી હોય તો તારા માતા, પિતા તથા તારી સ્ત્રીની રજા લઇ આવજે. નિશ્ચય હું તને મારી નાંખીશ, એવાં અભિમન્યુનાં વચન સાંભળી ગટોરગચ્છ ક્રોધાયમાન થઈ અભિમન્યુને પૂછવા લાગ્યો, અલ્યા, તું કોણ છે અને કયાંથી આવ્યો છે ? તારા પિતાનું નામ શું છે ? તારે એકલાને અહીં આવવાની શી જરૂર પડી છે ? તું કોના કુળનો કુંવર છે ? એવું સાંભળી કિરિટધરના પુત્ર અભિમન્યુએ કહ્યું. અલ્યા. તું મને શું પૂછી જુઓ છે ? તું કોણ છે ? અનેકોનો પુત્ર છે ? તે મને કહે, બેઉ જણા મુમત કરે છે. પણ બાપના નામ દેતા નથી.

જો પિતાનું નામ કહે, તો બિલકુલ લડાઈ થાય નહિ પણ જુવાનીઆ છે તેથીબાળચેષ્ટામાં હુંપદ આણીને કહેતા નથી. સીમમાં શિયાળ અને ગામમાં કુતરાની પેઠે મત તાણે છે.ગટોરગચ્છ કહે, અલ્યા છોકરા ? તું કેમ વાંકાં વચન બોલી રહ્યો છે ? તું શા માટે અમારી ભોમિમાં આવ્યો છે અને શા માટે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અમારું વન બાળી નાંખ્યું ? અભિમન્યુએ જવાબ આપ્યો,હું સકળ ભૂમિનો રાજા છું. આ ભૂમિ મારી છે. તું અહીં કેટલા વર્ષથી રહે છે, તે મને સાચે સાચું કહી દેજે, નહિ તો તેમાંથી બિપરીત પરિણામ નીપજશે. વગર રજાએ મારી જમીનમાં વસ્યો છે માટે ભાડું લાવ્ય. ભાડા વિના રહેવા દેવાનો નથી. જો ભાડું નહિ આપે તો તારું સઘળું ધન માલ લુંટી લઇશું. જે માણસ મને પગે લાગી જાય તેને જવા દઉં છું અને જે સામે બાંકરી બાંધે છે તેની આયુષ્ય દોરી ખુટી છે એમ માનજે. એવાં વચન સાંભળી હેડંબાનો પુત્ર ગટોરગચ્છ ખડખડ હસવા લાગ્યો. પોતાના અસુરોને કહે છે, અલ્યા અસુરો ! હું વનમાં ભાડે રહ્યો છું જરા જુઓ તો ખરા, આ છોકરું શું છાકમાં છકી ગયું છે ? જેમ ફાવે તેમ બોલે છે, એન મા-બાપે મોંઢે ચઢાવ્યું હશે. દેવ ધરાધરી પણ મારાથી ભય પામે છે, અને આ અલ્યા રથમાં બેસનાર ? તું મારા સમાન નથી. જેમ શેષની સામું અળશિયું કંઇ પણ ગણત્રીમાં નથી. તેમ તું મારી ગણત્રીમાં નથી. જેમ સિંહના સામું શ્વાન હોય તેમ તું ભાસે છે,જેમ સાગર આગળ ખાબોચિયાનો હિસાબ નથી, તેમ મને તારો હિસાબ નથી, કનક ને કથીર હોય તેમ હું ને તું છીએ. શું સમજીને ધીરજ રાખી રહ્યો છે? એવું સાંભળીને અભિમન્યુ બોલી ઉઠયો,અલ્યા નીચ જાતી,શું તું મને નથી ઓળખતો ! તને મારી બિલકુલ કિંમત નથી,તું હિંમતવાન ન થઇશ, તમે અનેક ને હું એકલું છું, પણ મારા હાથનો ઝાપટો લેજે, તમે લોકો મારા આગળ તુચ્છ છો, જેમ ચંદ્રના આગળ તારા છે. સૂર્યના સમા દીવા છે, ગંગા આગળ છાંટા છે તેવા જ તમે મને તણખલા જેવા ભાસો છો, ભાલાના આગળ કાંટા હિસાબમાં નથી તેમ મારા આગળ તમારો કંઇ પણ હિસાબ નથી. એવું અભિમન્યુનું બોલવું સાંભળીને હેડંબનો પુત્ર ગટોરગચ્છ અતિશય ક્રોધે ચડયો. પોતાના અસુરોને કહેવા લાગ્યો, આલ્ય, શું જોઇ રહ્યા છો ? છોકરાને ઠેર મારી નાંખો. કાળો કેર વર્તાવી નાંખો. વધારે બોલીને શું જીવતો જશે ? મારા બાગમાં અગ્નિ મૂકયો છે માટે તેના કકડા કરી નાંખો, એની ચામડી તથા હાડના ચૂરેચુરા કરી નાંખો, એનું અંગ આખું રહેવા દેશો નહિ, કોઇ પાછો પડશો નહિ. એકદમ રીસ કરીને રોષણ વાળી નાંખો

એવું કહેતામાં અસુરો કોપાયનમાન થયા અને રાતાતાતા થઈ અભિમન્યુના સાથે સંગ્રામ કરવા લાગ્યા, વાંસડાં કાઢી કાઢીને ફેંકે છે. જંગલની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઝાડ ઉપાડી લાવીને ઉપર નાંખે છે, એવું જોઇને અભિમન્યુએ હથિયાર ધારણ કર્યાં, ધનુષ ઉપર બાણ ચઢાવીને માર મારવા લાગ્યા. એટલે વૃકોદરનો પુત્ર ગટોરગચ્છ ગર્જના કરીને આકાશમાં ઊંચો ચડયો ત્યાંથી નીચે આવી ઝાડ પહાડ વિગેરે એકઠાં કરી આકાશથાં લઇ જઇને અભિમન્યુ ઉપર ફેંકે છે. પણ અભિમન્યુ ચેતીને તેનું નિવારણ કરે છે. પોતાના બાણોથી પર્વતોને ચૂરણ કરી નાંખે છે. ઝાડ તાડ છેદન કરે છે, પણ પાતો પડતો નથી. એમ લડતા લડતાં અભિમન્યુએ શંકરનું બાણ લીધું. પછી ફેરફુદડી ફરીને તે બાણ ફેંકયું, એટલે ળહસ્ર અસુરો લોપ થઇ ગયા, તે દેખીને વનવાસી ગટોરગચ્છ ક્રોધે ભરાયો ને નીચે ઉતર્યો અને વીસ વાર પોતાનું માથું પછાડયું એટલે વીસ હજાર રાક્ષસો ઉત્પન્ન થયા, તેઓ અભિમન્યુના સામા ધસી ધસીને આવવા લાગ્યા, ઢેપાં, ઢેખાળા વિગેરે ધારી ધારીને મારે ને. પાપીઓ મોટી બૂમો પાડે છે, દૈત્યોને સોંપી ગટોરગચ્છ અંતરિક્ષ ગયો, ને અભિમન્યુના ઉપર ઝાડ પહાડની વૃષ્ટિ કરવા લાગ્યો. સપળા રાક્ષસો શોરબકોર કરી રહ્યા છે, ગટોરગચ્છ બૂમો પાડે છે, મારો ચોર હાથમાં આવ્યો. મારા વનમાં આગનો મૂકનાર પકડાયો છે; જરૂર એનો પ્રાણ લેવાનો છું.

અસુરો ઘણા છે અને અભિમન્યુ એક છે તેથી ઝાઝું જોર ચાલી શકતું નથી, અભિમન્યુના હાડ ભાંગી જવા લાગ્યાં છેવટે અભિમન્થુએ જાણ્યું, મારું મરણ આવ્યું. અરેરે મારો દેહ વનમાં રઝળશે, હવે મારી મદદે કોણ આવે ? અરે દૈવ, હવે હું શું કરું ! મારો કંઇ ઉપાય ચાલે તેમ નથી, મારી માતા પણ બિચારી એકલી પડી છે, તેની શી વલે થશે ? મને મરલો જોઇને મારી માતા પણ મરી જશે. એમ વિલાપ કરતાં કરતાં અનેક બાણ છોડયાં પણ ગટોરગચ્છને ઇજા આવતી નથી' અસુરો અભિમન્યુના ઉપર પાષાણની વૃષ્ટિ કરે છે, ફરસી, ગોફણ, ગોળા વિગેરે ફેંકે છે. અભિન્યુનું શરીર ભંગ થવા માંડયું. પછી અકળાઇને પારથપુત્ર મોહાસ્ત્ર નામનું બાણ હાથમાં લીધું. મંત્ર ભણીને ગટોરગચ્છ ઉપર આકાશમાં ફેંકયું. વીજળીની માફક ચમકારા કરતું અને મેઘની માફક ગરજના કરતું બાણ સૂસસપાટે ચાલ્યું જાય છે. ગટોરગચ્છે જાણ્યુ, આ બાણ નિશ્ચય મને મારશે એમ ધારી ચુકાવવાનો વિચાર કર્યો. ગણ ચુકાવતામાં બાણ એકા એક આવી પહોંચું અને તેની છાતીમાં વાગ્યું. મર્મસ્થાનમાં તિક્ષણ બાણ ભોંકવાથી ગટોરગચ્છનો પ્રાણ બ્રહ્માંડે ચડી ગયો અને તે નવ જોજન છેટે જઇને પડયો. એને શુદ્ધસાન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બિલકુલ રહી નહીં અને બેભાન થઇ પૃથ્વી ઉપર પડયો, પછી અભિમન્યુએ મનમાં વિચાર કર્યો, જે મોટો સરદાર થઇને આવ્યો હતો તેને તો ભોંય ભેગો કરી દીધો, પણ બીજા અસુરોને શંકરના બાણથી લોપ કરું તો આનંદ થઈ જાય એમ ધારી પોતે સાવચેત બનીને પોતાના ભાથામાંથી મહાદેવજીનું બાણ કાઢયું પછી તે બાણને ધનુષ ઉપર ચડાવ્યું. એટલે ટંકાર થયો. ત્યાર પછી અભિમન્યુએ ક્રોધ કરી કર્ણપર્યંત ખેંચીને બાણને ધનુષમાંથી છોડી દીધું. તે બાણ વીજળીની માફક ચમકાર કરતું અને મેઘની પેઠે ગર્જના કરતું એકાએક અસુર દળમાં આવી પહોંચ્યું, તે બાણના પ્રભાવથી એકદમ સઘળા અસુરો લોપ થઈ ગયા. એવામાં ચાર ઘડી થઈ એટલે ભીમનો કુંવર ગટોરગચ્છ શુદ્ધિમાં આવી ગયો. ને દુઃખી થતો બોલ્યો, અરે દૈવ એક નાના છોકરાએ મારી આબરૂ લીધી. એક બાણના પ્રભાવથી હું નવ જોજન આવીને પડયો. ધન્ય છે એના માતા પિતાને. કોઇ ખાનદાનનો પુત્ર જણાય છે. એની કાન્તિ કેવી શોભા આપે છે ? એનું કાલુ કાલુ બોલવું સાંભળીને મને બહુ આનંદ થાય છે, એ કોનો પુત્ર હશે ? કોઇ ક્ષત્રીપુત્ર મહાબળવાન છે. પુત્ર આવો બળીઓ છે, તો તેના પિતાજી કેવા બળવાન હશે? પણ મને ગાળો દીધી છે તેથી જરૂર એ છોકરાનો હું પ્રાણ લઇશ. એને ઘેર જીવતો પહોંચવા દેવો નથી. મારો બાગ તથા સઘળું વન બાળીને ભસ્મ કર્યું એ મારો કટ્ટો દુશ્મન છે, માટે જરૂર તેના પ્રાણને હરણ કરું. એમ વિચારી મહાક્રોધમાં ભરાઇને ઊભો થયો. પોતાના માથાને ધુણાવીને એક હજાર રાક્ષસ ઉત્પન્ન કર્યા. તેઓને હેડંબાસુત કહેવા લાગ્યો, અરે અસુરો, આપણે ચાલો, કારણ, આપણા દુશ્મનનો નાશ કરવો છે. સઘળા સાવચેત રહેજો, એ શત્રુ ઘણો બળવાન છે. તમામના એક પળમાં પ્રાણ લેશે. એમ વાતો કરતા કરતા જ્યાં અભિમન્યુ રથ લઇને ઊભો છે ત્યાં સર્વે અસુરો સાથે ગટોરગચ્છ આવી પહોંચ્યો.

અભિમન્યુએ ગટોરગચ્છને જોયો, પોતાનાં ધનુષબાણ તથા હથિયાર તૈયાર કર્યા, ગટોરગચ્છ ઘણોજ કકળવા લાગ્યો છે. હેડંબાસુત પોતાના અસુરોને કહે છે, હું કહું એ વાત સાંભળી લો. તમે દુશ્મન ઉપર ઝાડ, પહાડ વિગેરેની વૃષ્ટિ કરશો નહિ. મોઢેથી બૂમો પાડીને ધુળ એકઠી કરો અને પછી દુશ્મન ઉપર ખોબા ભરીને ફેંકો, એટલે ધુળ એકઠી કરો અને પછી દુશ્મન ઉપર તમારે ધુળ ઉછાળવાનું કામ જારી રાખજો એટલે હું કુંવરને મારી નાખીશ. એ રીતે અસુરોને આજ્ઞા આપી એટલે તેઓ ખુંખારીને તૈયાર થયા. ઘણાક ગર્જના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરી કરીને વઢવા લાગ્યા, ઉછળી ઉછળીને મારો મારો મુખેથી પોકાર કરે છે, પછી ખોબે ખોબે ધુળ લઇને કુંવર ઉપર નાંખે છે. રાક્ષસો પોતાની આંખો મીંચીને ધુળ ઉછાળ્યા કરે છે, ધુળ ઉડવાથી એટલું બધું અંધારું થયું, એક એકને જોઇ પણ શકતા નથી. થેકડા ભરી ભરીને જબરું જોર જણાવે છે, કાંકરા કુંકરી તથા ઝીણી રજોટીથી અંધારુ ઘોર થઈ ગયું, પછી ગર્જના કરીને હેડંબા-પુત્ર ગટોરગચ્છ આકાશમાં ઊંચે ચડયો, અંતિરક્ષ રહીને ચર્ચા જોયા કરે છે, ધુળ ઉડવાથી અભિમન્યુ અકળાઈ ગયો. તેના ચરણ થરથર ધ્રૂજવા લાગ્યા, રજોટી નાસિકામાં ભરાઇ ગઇ, આંખોથી બિલકુલ દેખી શકાતું નથી, શ્વાસ બિલકુલ લેવાતો નથી તેમ મૂકાતો નથી. રાક્ષસો તો બળ કરીને પુષ્કળ રેણુ ઉછાળ્યા કરે છે, ધુળ ઉડતી ઉડતી પાસે આવે છે તેથી આંખો ચોળ્યા કરે છે, પોતાનાં વસ્ત્ર તથા શરીર ધુળમાં રગદોળાઈ ગયાં, મોઢું મૃતિકાથી ભરાઈ ગયું: વઢવાનું મૂકી દઇને લુગડું ઓઢીને, બેઠો, એવી ગટોરગચ્છને ખબર પડી એટલે ગર્જના કરીને આકાશમાં ઉંચે ચડયો, પછી સમડી સરખી ઝડપ મારીને રથમાં આવીને પડયો, કુંવર ઉપર ક્રોધ કરીને મુષ્ઠિના માર મારવા લાગ્યો. ગટોરગચ્છે કુંવરને ગાભરો કરીને હથિયાર છીનવી લીધાં એવો જુલમ જોઈને અભિમન્યુના પેટમાં ફાળ પડી, પછી પોતાના ઉપરથી ઓઢેલું વસ્ત્ર ખેંચી કાઢયું.

અભિમન્યુએ પોતાના મનમાં મરવું ધારીને મલ્લની પેઠે યુદ્ધ આરંભ્યું. બેઉ બળીઆ ગર્જના કરીને બાઝવા લાગ્યા, કુસ્તાઈ કરવાથી સુસ્તાઇ ઉડીગઇ, સર્વે અસુરો ઊભાઊભા જુવેછે, બંને જણા લડતાલડતા રથમાંથીનીચેપડયાસિંહની માફક ગર્જના કરીને એક એકને પ્રહાર કરે છે. ગટોરગચ્છના પક્ષના અસુરોએ અભિમન્યુ ઉપર જબરો જુલમ કરવા માંડયો. અસુરો અનેક છે અને અભિમન્યુ એક છે. બિચારો એકલો એટલા બધા અસુરોને કેવી રીતે પહોંચી શકે? અસુરોને બિલકુલ દયા આવતી નથી. પારથના પુત્રનાં હાડેહાડ ભાગી નાંખ્યાં. અભિમન્યુએ પણ ગટોરગચ્છને માર મારવા માંડયો. ગટોરગચ્છ પણ ત્રાહ્ય ત્રાહ્ય કરે છે, માયાવી ગટોરગચ્છ ચીડાઇ ગયો અને સુભદ્રાસુત ઉપર જુલમ કરવા માંડયો. બેઉ જણા એવું બાઝયા કરે છે, જેથી એક એકના છાતીના બંધ પણ તુટી જાય છે. ગડદા મારવાથી હિક પણ આવી જાય છે. કર્ણ નાસિકા પકડી પકડીને કોણીથી માર મારે છે. એક એકની છાતીમાં ઢીંચણનો માર મારે છે. ધોલ થપ્પડથી ગાલ સુજાવી નાંખે છે. એક એકના કેશ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પકડી પૃથ્વી ઉપર પછાડે છે. કુખમાં ચોંટી ખણવાથી કારમી ચીસો નાંખે
છે. એક એકનાં શીશો લડાવે છે. એવામાં માયાવી ગટોરગચ્છ દાવ
જોઇને નીચે બેસી ગયો, અને ક્રોધ કરીને અભિમન્યુનો ચરણ પકડી લીધો.
ઉંચકીને ઊભો થયો પછી હિલોળીને હેઠો નાંખી દીધો. અભિમન્યુ ચત્તાપાટ
પડી ગયો એટલે તેના હૃદય ઉપર ચડી બેઠો. કુંવર નીચે તરફડે છે, પોતાનો
કંઇ પણ ઉપાય ચાલી શકતો નથી, સર્પ સાણસામાં પકડાઈ જાય તેમ અભિ-
મન્યુ કબજામાં પડી ગયો. ગટોરગચ્છ દ્વેષ કરીને અભિમન્યુના મોઢામાં
ધળ ભરી ભરીને ગડદાનો માર મારે છે. દાંત પીસીને તેના ગળામાં નખ
માર્યો, તેથી પારથપુત્રની નસો નાડી ખેંચાઇ ગયાં અને ચક્ષુ ઊંચાં ચડયાં.
મોઢામાંથી ફીણના ફિસોટા નીકળી પડયા. માયાવીએ કારમું કુભાંડ કરી
નાંખ્યું, શુધસાન જતી રહી અને શ્વાસ પણ બંધ થયો, તેનો પ્રાણ બ્રહ્માંડમાં
ચડી ગયો. અંતર્યામી શ્રીકૃષ્ણે જાણ્યું, મારો ભાણેજ મરવા પડયો. જો તે
મરી જશે તો પાકી ફજેતી થશે. કારણકે બળદેવજીની પાળક પુત્રી સુરેખાનું
હરણ પછી થશે નહિ ને હરણ નહિ થાય તો મારું બોલ્યું મારા મોમાં
રહેશે અને કૌરવો પરણીને સુખેથી ઘેર જશે. અભિમન્યુ સિવાય
બીજા કોઈથી હરણ કરી શકાય તેમ નથી. એવું વિચારીને દયાળુ
પ્રભુએ ગટોરગચ્છના હૃદયમાં દયા મૂકી દીધી. એટલે ગટોરગચ્છનું હૃદય
કોમળ થઇ ગયું. હેડંબાસુતે વિચાર કર્યો, કુંવરનો જીવ નીકળી ગયો છે,
માટે હવે તેને મારવાની કંઇ જરૂર નથી, એમ શાંત પ્રકૃતિથી દયા લાવી ઊભો
થઈ ગયો. પછી પોતાના દૈતોને કહે છે, આપણો શત્રુ મરી ગયો માટે
ચાલો આપણે વનનો અગ્નિ હોલવી નાંખીએ. આગ હોલવવા માટે સઘળા
અસુરો સાથે હેડંબાસુત તૈયાર થઇને ચાલ્યો. ગર્જના કરી દોટો કાઢે છે જ્યાં
અગ્નિ સળગી રહ્યો છે ત્યાં સર્વ જણા આવી પહોંચ્યા.

લડતા લડતા બહુ વાર થઇ ગઇ છે તેથી હેડંબા ચિંતા કરે છે. પોતાના
મનમાં વિચાર કરે છે, મારો પુત્ર દુશ્મનનાં પંજામાં ફસાયો હશે કે શું ? મારો
બળીઓ પુત્ર ગટોરગચ્છ કેમ ન આવ્યો ? કોઇ બળવાન શત્રુ માથાનો મળ્યો
હશે ? રખે જો કાંઈ મારા પુત્રને થશે તો મારું જીવતર ધુળધાણી થશે માટે હું
લડાઈમાં લક્ષ ઘાલું નહિ તો મારો પુત્ર માર્યો જશે. હું પુત્રની
મદદે જાઉં. એમધારી પોતાના ઘરમાંથી બહાર નીકળી. પહેલાં સૂક્ષ્મ
સ્વરૂપે હતી, પણ પોતાના પુત્રની પક્ષે જવા માટે તેણીએ માયાવી રૂપ ધારણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કર્યું. રણમાં લડવા માટે પોતે સાત તાડપુર ઊંચી બની, ત્રણ તાડપુર લાંબા બે ચરણ બનાવ્યા, ચાર તાડ લાંબુ શરીર, ડુંગર માફક શીશ, લાંબા મોટા જાડા વાંસ જેવા કેશ, નવ ગજ લાંબી નાસિકા, શ્વાસ માટે મોટા ગરનાળા જેવા ગાળા, મોઢું શહેરના દરવાજા જેવડું, મોટું સરોવર તુલ્ય લોચન, સાગરનાં મોટાં વહાણના સરખા કાન, બબ્બે ગજ લાંબા વજ્ર સરખા દાંત છે. એવો કારમો વેશ ધારણ કરીને પોતાના પુત્રની પક્ષે ચાલી. પક્ષ કરવા જતાં લોઢાના ચણા ચાવતી જાય છે. ગટોત્કચ્છે પોતાની માને ક્રોધમાં જતી જોઈ, તેથી તેની પાસે આવ્યો ને પૂછવા લાગ્યો, માતાજી, કયાં પધારો છો ? એટલે હેડંબાએ જવાબ આપ્યો. અરે મારા વહાલા દીકરા, તને લડતાં ઘણીવાર લાગી, તેથી મેં જાણ્યું. દુશ્મનનું જોર વધી પડયું હશે, તેટલા માટે દુશ્મનનું ભક્ષણ કરવા અને તારી મદદ કરવા સારુ આવતી હતી, પણ સારું થયું, બેટા તું સામો મળ્યો, પછી પોતાના પુત્રને હૃદય સરસો ચાંપી પૂછવા લાગી, બેટા, તું યુદ્ધના સમાચાર સંપૂર્ણ કહી બતાવ. તારી સાથે લડનારો દુશ્મન કેવડો હતો ? પુત્રે જવાબ આપ્યો અરે વહાલી માતુશ્રી, મારા જેવડો હતો પણ ઘણો બળવાન હતો. હું ધારું છું કે કોઇ મહા બળવાનનો પુત્ર હશે. એનાં માતાપિતા ખાનદાન હોવા જોઇએ. બાણાવળી પણ મહા સમર્થ હતો. મેં એને છેતરીને મારી નાખ્યો છે. હેડંબાએ કહ્યું, દીકરા; તે કુંવરની સાથે પક્ષમાં કોણ હતું ? કુંવરે જવાબ આપ્યો, અરે માતાજી, તે બાળકની સાથે કોઇ પુરુષ અથવા સ્ત્રી બેમાંથી એકે નહોતું. વળી એકલો રથમાં બેસીને આવ્યો હતો. આવી અંધારી ઘોર રાત્રિમાં હિંમત રાખીને આવ્યો હતો, તેના મેં પલવારમાં પ્રાણ લીધા. તેનું શબ મેં રણમાં રળઝળતું મૂકયું છે. એવું સાંભળીને હેડંબા બોલી, અરે મારા વહાલા પુત્ર, મને તે બાળકને જોવાની ઘણી હોંશ છે. તમે સઘળા આપણું સળગતું વન બરોબર ઓલવી નાંખો. સર્વને વન ઓલવવાની આજ્ઞા આપીને પોતે અભિમન્યુ તરફ ચાલી, રાક્ષસો અગ્નિ હોલવવા લાગ્યા. ગર્જના કરીને અગ્નિ હોલવવાનો ઉપાય કરે છે, ત્યારે સુભદ્રાને મૂર્છા વળી ગઇ છે, તેથી પોતે ઊઠીને જુવે છે તો પુત્રને દેખયો નહિ. અરેરે, મારો વહાલો પુત્ર રથ સહિત કયાં ગયો ? એમ ભયંકર વનમાં છાતીફાટ રુદન કરે છે પુત્ર પુત્ર કરીને પોકાર કરે છે, પણ કોઈ બોલતું નથી. તેથી ગભરાઇને વનમાં શોધવા લાગી અરેરે, મારા પુત્રનું શું થયું હશે ? રથપણ કોઇ જગ્યાએ દેખાતો નથી. અરે પુત્ર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મને મૂકીને તું કયાં ગયો ? તારી માતા તારા વિના વનમાં રઝળે છે, ઓ મારા અભિમન્યુ બેટા તમે કયાં સંતાયા છો ? જ્યાં સંતાયા હો ત્યાંથી આવીને માતાને દર્શન આપો. તમારી વહાલી માતા તમારા વિના ગભરાઇ મરે છે. એમ રુદન કરતી જાય છે અને અંધારામાં ફાંફાં મારે છે. ત્રાહ્યત્રાહ્ય મુખે પોકારે છે. એવી દુર્દશામાં ફરતાં ફરતાં ભાગી ગયેલો રથ અથડાયો. તેની પાસે અભિમન્યુને પડેલો દીઠો. પુત્રનું શબ જોઇને સુભદ્રા એકદમ બેભાન જેવી થઈ ગઈ.

બિચારીના પગમાં પુષ્કળ કાંટા પણ વાગ્યા છે, વનમાં અથડાઈને આખા શરીરે ઉંજરડા ભરાયા છે, દેહમાંથી રુધિરની ધારા ચાલી જાય છે. એમ અર્જુનની સ્ત્રી મોટા દુઃખદરિયામાં ડૂબી ગઇ છે, એના હોશકોશ ઊડી ગયા છે, થોડીવાર પછી ભાન આવવાથી મોટા ઘાંટા પાડીને રડવા લાગી; અરેરે દૈવ, આ શું થઇ ગયું ? મારી દુર્દશા કેમ થઇ ? મારું નસીબ ફુટી ગયું, મારું એકનું અક છોકરું ખોઈ બેઠી. અરે દૈવ! મારો દિવસ વાંકો આવ્યો. મારા દુઃખનો કાંઇ છેડો રહ્યો નહિ. એમ રુદન કરતાં કરતાં પોતે પુત્રને ઉછંગમાં લીધો. પુત્રને બોલો બોલો એમ પોકાર કરીને બોલાવે છે. પણ પુત્ર મૃત્યુ તુલ્ય થઈને પડયો છે, તેથી બિલકુલ બોલી શકતો નથી. અભિમન્યુનું મોં ઝાલીને હલાવે છે, પુત્રને ઊંચો કરીને જુએ છે.

ગમે તેવો ધીરજવાન પુરુષ હોય તો પણ તેની ધીરજ છુટી જાય, એવું આક્રંદ કરે છે. આંખમાંથી આંસુની ધાર ચાલી જાય છે. પોતાનું શીશ અને છાતી પથરો લઇને કૂટી ભાગે છે. અરે દૈવ ! મારા નવે ગ્રહો વાંકા થઈ પડયા. મારા કઠોર કર્મે દીકરાનો જીવ ખોવરાવ્યો. ઓ દીકરા, તેં મને ઘણું કહીને સમજાવી હતી, પણ મેં તારું કહેવું બિલકુલ કબૂલ ના કર્યું. અરેરે, મારું રાજ્યપાટ, ઘર ગામ સર્વ ગયાં હતાં, તેની મને બિલકુલ ચિંતા નહોતી; કારણ કે મારે તારો મોટો આધાર હતો. તારો ટેક તારી લાજ સર્વે રણમાં રઝળ્યું. પારકે ઘેર રહીને પેટ ભરતી હતી તો પણ મારી દશા આવી ? અરે પ્રભુ, મારા કમનસીબે પુત્રને ઘણું દુઃખ પડયું. સ્વામી મને મૂકી વનમાં ગયા, તેમ પુત્ર પણ વનમાં રઝળ્યો. એ પ્રમાણે ઝીણે સ્વરે છાતીફાટ રુદન કરે છે. એવામાં હેડંબા પુત્રને જોવા માટે આવી, તેણીએ સુભદ્રાનું રુદન સાંભળ્યું. ને પોતાના મનમાં વિચાર કરે છે કે મારા ગટોરગચ્છે કહ્યું હતું કે પુત્રની સાથે કોઇ નથી, ત્યારે કોણ સ્ત્રી રુદન કરે છે. કોઇની છાતી છળી જાય તેવી રીતે કોઈ દુઃખી સ્ત્રી રુદન કરે છે. પુત્રની સાથે તેણીને શી સગાઈ થતી હશે ? એની માતા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હશે કે બહેની હશે? ચાલ, હું તેની બરોબર તપાસ કરવા પાસે જાઉં. પછી વિચાર કરવા લાગી, જો હું તેની પાસે જઇશ તો રુદન કરતી બંધ પડી જશે. એમ જાણી પોતે સૂક્ષ્મ સ્વરૂપે બની ગઇ. પાસે એક વૃક્ષની ગુફા હતી તેની પાછળ નિરાંતે સાંભળવા બેઠી. પોતે ધ્યાન દઈને સાંભળે છે.

સુભદ્રા કપાળે હાથ દઇને હૃદય ફાટીજાય તેવું કારમું રુદન કરે છે, એમરડતાં રડતાં સાસરિયાને સંભારવા લાગી. અરેરે મારા લાડ લડાવેલા અભિમન્યુ બેટા, એકવાર તો બોલો.હું તારી માતા તારા સિવાય મરી રહી છું,અરે પુત્ર જરા આંખ ઉઘાડીને તો જો. તારી માતાને તેં રણમાં રઝળતી મૂકી. અરે દીકરા, તને કિયા દુશ્મને રામશરણ કર્યો? બેટા, તારીસાથે સગાંવહાલાં હોત તો તારી આવી દશા ન થાત. હે દીકરા, આ વખતે તારી કુંતા ડોશી હોત તો તને બચાવત. એવું છાતીફાટ રડવું સાંભળીને હેડંબાની આંખોમાં આંસુ ભરાઈઆવ્યાં.પોતે મનમાં વિચાર કરવા લાગી,અને પોતાને કુંતા નામના સાસુ છે. પછી સુભદ્રા બોલી, અરે બેટા, મારા કઠોરનસીબે વને રણમાં રોળ્યો. જો આ વખતે વડીલ કાકા ધર્મરાજા હોત તો તારા પક્ષમાં આવત. એટલે હેડંબાને સાંભળી આવ્યું, ધર્મરાજા તો મારા જેઠજી થાય. વળી સુભદ્રા બોલી, અરે બેટા, તું કુશળખેમ ન રહ્યો. જો આ વેળા તારો બહાદુર કાકો ભીમસેન હોત તો તારા દુશ્મનને પળમાં મારી નાંખત. એવું સાંભળીને હેડંબા ત્રાસ પામી મનમાં વિચાર્યું, ભીમસેન તો મારા પતિ થાય. પછીસુભદ્રા બોલી, અરેમારા વહાલા પુત્ર, એકવાર તો બોલો. જો યુદ્ધ વખતે તારોપિતાઅર્જુનજી હોત તો તારો વાંકો વાળ પણ કોઇથી ન થઈ શકત. તું સઘળાં આયુધ્ધ લઇને લડવા આવ્યો પણ છેવટે વનમાં રઝળવું પડયું. આ વખતે તારો કાકો સહદેવ જોશી હોત તો તને મદદ કરત. દીકરા, આ વખતે તારો કાકો નીકુળ હોત તો તારા દુશ્મનને ધૂળ ફકાવત. આવું સાંભળીને હેડંબાએ વિચાર કર્યો, આ તો મારી દેરાણી ને હું તો એની જેઠાણી. એમ ધારી પોતે એકદમ રડી પડી, પછી રુદન કરતી કરતી સુભદ્રા ભણી ચાલી. સુભદ્રાએહેડંબાનું રુદનસાંભળી પાછળ જોયું તો હેડંબાને દીઠી. સુભદ્રા તેણીને જોઈને ધ્રૂજી પડી. મનમાં ત્રાસ પામી વિચારે છે કે આ ભયંકર વનમાં અબળા જાતે કોણ હશે? કોઇ પિશાચ, વંતરી, ડાકણ, સાકેણ, ચૂડેલ, ઝાંપડી, મેલડી, શિકોતરી હશે કે શું? એ પ્રકારે મનમાં અતિશય તરંગો ઊઠયા; એવામાં હેડંબા પાસે આવીને બોલી, અરે બાઈ, તમે મારી દેરાણી છો, કારણ કે હું ભીમની સ્ત્રી છું. આપણ બંને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જણાં દેરાણી જેઠાણી છીએ, જરા પણ બીશો નહિ, તમારા મનમાં હિંમત રાખજો. આ તમાર પુત્ર સાથે મારા ગટોરગચ્છે યુદ્ધ કર્યું છે. બંને ભાઇઓ માંહેમાંહે લડી પડયા છે. કોઈ પારકા લડયા નથી. એવું સાંભળીને સુભદ્રાને મનમાં ધીરજ આવી.પછી હેડંબાએ અભિમન્યુને પોતાનાઉછંગમાં લીધો, અને રડવા લાગી. હેડંબા કારમુ રુદન કરીને કહે છે, હવે હું જીવીને શું કરું ? મારા પ્રાણ હું તજી દઇશ.અરેરે, પહેલેથી જાણ્યું હોત કે આ તો મારી દેરાણી થાય છે,તો હું મારા પુત્રને લડવા મોકલત નહિ. અરે મારા ડાહ્યા અર્જુન દિયર,હું તમને શું મોં બતાવીશ ? મારે કપાળે કાળી-ટીલી ચોંટી, મોટું લાંછન લાગ્યું, અરેરે કોઇ કહેશે કે ખરેખર પિતરાઇ પણું જણાવ્યું. એમ છાતીફાટ પોકો મૂકીને રડે છે. ગટોરગચ્છ બાગને હોલવવા ગયો છે, તેણે પોતાની માને રડતાં સાંભળી દૈતોને કહેવા લાગ્યો, અલ્યા ભાઇઓ ! ઘણું કરીને માતા રુદન કરે છે એવું મને લાગે છે. પેલો દુશ્મન મૂર્છામાંથી જીવતો થઇને મારી માતાને હેરાન કરતો હશે,અલ્યા,શું જોઇ રહ્યા છો ? ચાલો, જલદીથી જઇને તેના પ્રાણ હરી લઇએ

એમ કહીને તેઓ સિંહની માફક ગર્જના કરતા હેડંબાની તરફ આવવા લાગ્યા.લડવાને માટે લગભગ આવ્યા એટલે પોતાની માને છાતીફાટ રડતી જોઇ.સર્વે અસુરો ઘેરો ઘાલીને ઊભા રહ્યા.ગટોરગચ્છે પૂછ્યું,કેમ માતા,શત્રુને ઉછંગમાં લઈ રુદન કરે છે ? હેડંબા બોલી, અરે દીકરા, તેં ઉધમાતમાં ઘર ઘાલ્યું. તેં પૂછ્યા વગર એકાએક શું જોઇને સંગ્રામ કર્યો ? તેં સામા સામી મા બાપ,તથા ઘર ગામનું નામ શા માટે ન પૂછ્યું ? ગટોરગચ્છ કહે,અરે માતા, એ બધું પછી પણ આ દુશ્મનને તેં શા માટે ઉછંગમાં લીધો છે ? વળી આ બીજી સ્ત્રી કોણ બેઠી છે ? તારે પુત્રને ઉછંગમાં લઈ રડવાનું શું કારણ છે ? તને કાંઈ ગાંડછા ઉકલી છે કે શું ? આપણે નથી સગું કે વહાલું નાહક શા માટે આંખોમાં આંસુ લાવી રડે છે ? ઊઠ ઊભી થા ચાલ ઘેર જઇએ એવા પુત્રના વાક્ય સાંભળી માતા બોલી અરે દીકરા ? તારો ભાઇ મરણ પામ્યો.ગટોરગચ્છ કહે,અરે માતાજી ? કેવી રીતે મારો ભાઈ થાય ? હેડંબાએ જવાબ આપ્યો.આ તારા અર્જુનકાકાનો પુત્ર અભિમન્યુ છે,એવું સાંભળીનેતેતા મનમાં ચીરાડો પડયો. પછી બોલી ઊઠયો, અરેરે શ્રીપ્રભુજી, ત્રણ લોકમાં પણ આવો મહા બળવાન ભાઈ મને નહિ મળે. અરે દેવ ? મારી જોડ નાશ પામી, મારો વહાલો ભાઇ મરણ પામ્યો, અરેરે, અર્જુનકાકા હું શું મોં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બતાવીશ ? હે ભાઈ, તેમને નોધારો કર્યો. એમ નિરાશ થઈને પૃથ્વી ઉપર પડયો, શુદ્ધસાન જતી રહી. એક ઘડી પછી મૂર્છાવળી એટલે બેઠો થયો. નેરુદન કરે છે, અરેરે, હવે જીવીને શું કરું ? જરૂર મારો દેહ ત્યાગ કરૂં. એમ કહીને પોતે છાતી માથા કુટવા લાગ્યો, હેડંબા તેના હાથ ઝાલી રહી છે, તો પણ દેહને પૃથ્વી સરસો પછાડે છે, પોતાની માને કહે છે. અરે માતા, તું મારી દુશ્મન છે. જો તેં મને સાતમે માળથી ન જગાડયો હોતો તો મારો અભિમન્યુભાઈ સહી-સલામ રહેત. પણ પાપણી, તેં મારા ભાઈનો નાશ કરાવ્યો. હે માતા, ધિકકાર છે તને, તું માતા છે તેથી શું ? રાક્ષસણીની બુદ્ધિ નીચ હોય તેમાં નવાઈ જેવું નથી, અરે બંધુ, તું હવે કયાં મળીશ ! તારા જેવો બળવાન મેં હજુ કોઈને જોયો નથી. હું આવો માયાવી છું તો પણ તેં મને હરાવ્યો તું મારાથી જીતાયો નહિ તેથી મેં તને છેતરીને માર્યો. હેડંબા શોકનાં સિંધુમાં ડુબી ગઈ છે. ગટોરગચ્છ કહે છે, હે માતા, તેં મારો ભાઈ ખંડિત કરાવ્યો.

અરેરે, મારા ભાઈ ? જ્યારે હું લડવા આવ્યો હતો તે વખત જો તેં માતા પિતાનું નામ કહ્યું હોત તો આપણે બિલકુલ લડાઈ થાત નહિ. અરે મારી ભીડ વખતના ભાઈ, એકવાર તો મારી સાથે બોલ. જો ખબર હોત તો, આમ બનવાનો કદી સંભવ નહોતો. બંધુ, તેં મને એકલો રાખ્યો. તારો ભાઈ ગટોરગચ્છ વનમાં રઝળતો રહ્યો. હે બંધુ, તું ઊભો થા નહિ તો મારા પ્રાણ ત્યાગ કરૂછું. હે ભાઈ, તને પડેલો જોઈને મારૂં હૃદય બળી જાય છે. હું શું કરૂં ? મારો ઉપાય નથી. હું વગર ઓથનો કયાં જઈને રહીશ ? તારા દુઃખથી હું ગાભરો બની ગયો છું. હું તારા વિના લેવાઈ ગયેલા મુખે ફરીશ. હવે મારાથી કોઈની સાથે સંગ્રામ કરવો બનવાનો નથી. અરે દીનબંધુ. તારા વિના મારા દિવસ રોઈરોઈને કાઢીશ મને મારા જન્મારામાં બિલકુલ દુઃખ નહોતું; તારૂં દુઃખ દેખીને મારે હૈયે હોળી સળગી છે. મને આ પહેલ વહેલો ઘા વાગ્યો છે. અરે ભાઈ, તું મારી સાથે વાત કર, નહિ તો મારા પ્રાણ કાઢું છું. એમ કહી ગટોરગચ્છ મરવા માટે તૈયાર થયો. હેડંબાએ તેના હાથ પકડીને કહ્યું, અરે દીકરા ? મરી ગયામાં શો સાર કાઢીશ ? તારો અભિમન્યુ ભાઈ જીવેછે; તેનો પ્રાણ બ્રહ્માંડે ચડી ગયોછે. આપણા વૃદ્ધોના પુન્યે જરૂર સજીવન થશે. અરે ગટોરગચ્છ દીકરા ? તું આપણા ઘેર જા, અને ચર્ણામૃત્ત અમ્મર કુંપો સાતમે માળે મૂકલો છે તે તું અહીં લાવ. એવું સાંભળીને ગટોરગચ્છત્યાં ચાલ્યો ચાલ્યો પોતાના ધામમાં આવ્યો. એકદમ સાતમે માળ ચઢી ગયો અયો અને અમ્મર કુંપો શોધીકાઢયો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મનમાં ખુશી થતો ચાલે છે અને વિચાર કરે છે, પ્રભુ પ્રતાપથી જરૂર મારો વહાલો ભાઇ અભિમન્યુ જીવતો થશે. એમ દોડતો પોતાની મા પાસે આવી પહોંચ્યો. હેડંબાએ અમ્મર કુંપો હાથમાં લઇને અમ્મર વહેંચી લીધું એક હાથમાં હેડંબાએ લીધું, બીજાહાથમાંગટોરગચ્છે લીધું અનેત્રીજું સુભદ્રાએપોતાના હાથમાં લીધું. સુભદ્રા કહેછે,આવખતે ધર્મ રાજાનું પુણ્ય આડે આવજો અનેમરણપામેલો મારોસુતસજીવન થજો. ગટોરગચ્છ કહે, હે પ્રભુ, મારું દુઃખનિવારણ કરજો. આ વખતેસતીકુંતામાતાનું પુણ્ય આગળ આવજો અને મરણ પામેલો મારો અભિમન્યુ ભાઇ સજીવન થજો, હેડંબા કહે છે, હે પ્રભુ, અરણ્યમાં નાનેથી મોટી થઈ છું પણ ભીમસેન સિવાય બીજા કોઇના સામું મેં જોયું નથી મારું પતિવ્રત પાળ્યાનું પુણ્ય આગળ આવજો અને મરણ પામેલો સુત બેઠો થજો. એમ કહી અભિમન્યુના મુખમાં પાણી રેડયું, ત્રણે મળીને અભિમન્યુના મોઢામાં પાણીમૂકયું, તેનાપ્રભાવ વડે કરીને અભિમન્યુનોપ્રાણ બ્રહ્માંડમાં ચડી ગયો હતો, ત્યાંથી આખા શરીરમાં રૂંવે રૂંવે પ્રસરી ગયો, નસોનાડીમાં ચેતન આવવાથી શુદ્ધિ આવી, એક ઘડીમાં બરોબર સાવચેત થઇ બેઠો થયો અને મારો મારો પોકાર કરવા લાગ્યો.

અરે મારો દુશ્મન કયાં ગયો ? એમ અતિશય ક્રોધ ભરેલો ઊઠયો. એટલે ગટોરગચ્છેઅભિમન્યુનાચરણમાંપોતાનું મસ્તકમૂકયું. સુભદ્રા કહેછે,અરેમારા વહાલા દીકરા, તું દુશ્મન કોને ગણે છે? આ તને નમી પડયો છે એ તારો શો સગો થાય છે, તેનોતોજરાવિચારકર. ઘરમાં નેઘરમાં વઢી મુઆ, એક એકને દુશ્મન ગણી નકામી લડાઇ આરંભી. આ તારા ભીમસેનકાકાનોપુત્ર ગટોરગચ્છ છે. તે તારો વડીલબંધુ થાય. તે સાંભળીને અભિમન્યુને અતિશય હેત આવ્યું. પોતાના ભાઇ ગટોરગચ્છનો હાથ ઝાલીનેઊભો કર્યો અનેબેઉ જણા મળ્યા પછી બેઉ ભાઇ એક એકની આંગળી ઝાલી ચાલ્યા. તેમની પાછળ સુભદ્રા તથા હેડંબા બંને દેરાણી, જેઠાણી પણ એક એકની આંગળીએ ઝાલી મહેલમાં આવી. બંને માતા પુત્રને સુંદિર આસન ઉપર બેસાડયાં, સુભદ્રા તથા અભિમન્યુ એકએકને મળી આનંદ કરવા લાગ્યા. પછી સ્નાન કરીને બંને માતા પુત્ર જમવા બેઠાં ચારે જણાએ સુખરૂપે ભોજન કરી લીધું, પછી દેરાણી તથા જેઠાણીએ પાન સોપારીના મુખવાસ લીધાં. અભિમન્યુ તથા ગટોરગચ્છે પણ મુખવાસ લીધા. પછી સામસામી હીંડોળા ખાય છે તેમાંથી એક હીંડોળા ઉપર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુભદ્રા તથા અભિમન્યુ બેઠાં અને બીજા ઉપર હેડંબા તથા ગટોરગચ્છ બંને બેઠાં. તે બેઉ જણાં સુભદ્રાને વાતો પૂછવા લાગ્યાં. હેડંબાએ પૂછયું, અરે દેરાણી, આપણે ઘેર સૌ ખુશી આનંદમાં છે? અહીંથી પાંડવો ઘેર આવ્યા,ત્યારપછી શું બન્યું તેની મને બિલકુલ ખબર નથી, સુભદ્રા કહે, અરે જેઠાણી, જેટલી વાત બની છે તેટલી હું કહી બતાવું છું તમારા ત્યાંથી ફરતા ફરતા પાંચે ભાઇઓ તથા તેમની કુંતામાતા પાંચાળ દેશમાં ગયાં. ત્યાં મચ્છવેધ કરી પાંચે ભાઇઓ દ્રૌપદીની સાથે પરણ્યા, ઘેર જઇને ધર્મરાજાએ રાજ કર્યું, પછી તમારા અર્જુન દિયર દ્વારિકામાં આવ્યા, ત્યાંથી મારુ હરણ કરી મારી સાથે લગ્ન કર્યું એમ કરતાં કરતાં અભિમન્યુનો જન્મ થયો, પછીલીલાહેર થઈગઈ. અમારે કોઇ વાતનું દુઃખ નહોતું. ત્યાર પછી પાંડુ રાજાને મોક્ષગતિ પહોંચાડવા સારુ આપણે ત્યાં રાજસૂય યજ્ઞ કર્યો, તેમાં કૌરવોની અપકીર્તિ થઈ અને આપણી જગતમાં જય જય થઈરહી, તે યજ્ઞમાં બળદેવજીએઅભિમન્યુનો વિવાહ કર્યો; ત્યારપછી આપણા દિવસો વાંકા આવવાથી કૌરવોના ઘેર જવું પડયું. કારણ કે દુર્યોધને ગોત્રયોગ કર્યો હતો, તેથી અમે સઘળા ત્યાં ગયાં હતાં.

ગોત્રયોગ પૂર્ણ થયો, પછી કૌરવોએ કપટ કરી પાંડવોને બાજી રમવા બેસાડયા તેમાંરાજ્યપાટ,ઘર,ગામ, દ્રોપદી સહિત સર્વહારીગયા. વિનાશકાળે વિપરિતબુદ્ધિ. ધર્મરાજા સત્યવાદી ડાહ્યા હતા, તે પણ બાજી રમવા લાગ્યા. રમતાં રમતાં સર્વે ખોઇ બેઠા એટલે પાંડવો મૂર્છા ખાઇને કૌરવોની સભામાં ચત્તાપાટ પડયા. પાપી કૌરવોએ દ્રૌપદી સતીને સભામાં પકડી મંગાવી તેને નગ્ન કરવાનો વિચાર કર્યો, પાપીઓ સતીને મારતા મારતા સભામાં લાવ્યા. સો ભાઇઓએ મળીને સતી દ્રૌપદીનાં ચીર તાણ્યાં. પણ સતીની લાજ કોણ લેનાર છે? પ્રભુએ નવસે નવાણું ચીર પૂરી દ્રૌપદીની લાજ રાખી. તેમ થયા પછી સતીને દુર્યોધન વીતાડવા લાગ્યો તેથી ભીષ્મપિતાએ પાપીને વહેમ ઘાલીને સમજાવ્યો. તું દ્રૌપદીને રાખીશ તો તારા કુટુંબનો તથા તારો નાશ થશે. પાપીએ વચન ઉપર વિશ્વાસ રાખી દ્રૌપદી પાછી પાંડવોને સોંપી દીધી, પછી પાંચ ભાઇઓ તથા દ્રૌપદી સઘળાં વનમાં ગયાં. તેઓ વનમાં બાર વરસ સુધી રહેશે, તેરમું વરસ છાનું રહેવાનું છે, જો તેરમા વરસમાં કૌરવો પકડી કાઢે તો પાછાં બાર વરસ વનમાં જવું એવો નિયમ રાખેલો છે. દુર્યોધને આપણને ઘણું દુઃખ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દીધું, હું તથા કુંતાજી વિદુર કાકાને ત્યાં રહ્યાં છીએ. આ મારા અભિમન્યુ દીકરાને વિદુરજી પોતાના પુત્રને પાળે તે કરતાં પણ વધારે લાડ લડાવીને આનંદમાં રાખે છે. દુર્યોધનની સભામાં ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય આ ચાર સત્યવાદી પુરુષો છે. તે સિવાય આખી સભામાં સર્વે જણા કાગડા છે. ફકત આ ચાર હંસ જેવા છે. પાપી કૌરવોએ પોતાના વડીલોનું નામ બોળ્યું.

સવારમાં ઊઠીને જો તેનું નામ દીધું હોય તો ખાવા ન મળે, એવા દુષ્ટ દુરાચારી છે. વળી તેનો મામો શકુની છે તેની તો વાત જ કરવાની નથી તે મામો ભાણેજને ઘેર રહી સર્વે લુંટી ખાય છે અને દુર્યોધનને ખોટી સલાહો આપ્યા કરે છે, પણ કહેવાય છે કે વાવે તે લણે અને ખોદે તે પડે. એ દુષ્ટોની તો મેં કહી બતાવી તેવી સ્થિતિ ચાલે છે. હવે અમે વિદુરના ત્યાં રહીને પ્રભુ ભજન કરતાં હતાં, એમ કરતાં કરતાં દુર્દશામાં વિઘ્ન આવી પડયું. જેમ દાઝયા ઉપર વળી ડામ દેવો એ ઘણું દુઃખદાયક છે. તેવી રીતે અમારે પણ દુઃખ આવી પડયું છે. હેડંબા કહે અરે દેરાણી, તમને શું દુઃખ આવી પડયું છે? સુભદ્રાએ જવાબ આપ્યો, અરે જેઠાણી. હું તમને સર્વ હકીકત કહી સંભળાવું છું, તે તમે શાંત ચિત્તે શ્રવણ કરજો. અમે નિર્ધન થઇ ગયાંતે વાત સઘળા દેશોદેશ ચાલી, તેવી વાત ફેલાવાથી દ્વારીકામાં બળદેવજીનું મન ઉદાસ થયું, કારણ કે તેમને એમ ભાસ્યું કે પાંડવો ગરીબ અવસ્થામાં આવી પડયા છે. વનમાં ગયા છે. મારી પાળક પુત્રી સુરેખાનો કન્યાકાળ આવી પહોંચ્યો છે; તેથી જો હું અત્યારે અભિમન્યુને પરણાવીશ તો બરોબર લ્હાવે વીતશે નહિ. કારણ કે તેઓની પાસે બિલકુલ દ્રવ્ય નથી તેમ તેમના સગામાં સંપ નથી, તેથી આપણા અભિમન્યુનો વિવાહ ફોક કર્યો અને દુર્યોધનના પુત્ર લક્ષ્મણાનો વિવાહ કર્યો; વિવાહ ફોક કર્યો તે વાતની ફીકર નહોતી અથવા તેને માટે કંઈ વેર નહોતું, પણ તે વિવાહ તોડી નાખીને પાછો આપણા દુશ્મન દુર્યોધનના ઘેર કર્યો, તેથી મને મહા કલેશ થયો. અભિમન્યુનો વિવાહ ફોક થયેલો સાંભળી હું કુંતા તથા વિદુરકાકા ત્રણે મળી રડતા હતા, તે વખતે કુંવર નિશાળેથી ભણીને ઘેર આવ્યો, કુંવરે વિદુરકાકાને તથા કુંતા માતાને પૂછયું, કેમ રુદન કરો છો? ઘણી આજીજી કરીને પૂછયું; પણ બેઉમાંથી કોઇએ જવાબ આપ્યો નહિ, કારણ કે જો કુંવર જાણશે હબક ખાશે, તેથી બિલકુલ વાત કરી નહિ. કુંવર રડતો રડતો મેડા ઉપર આવ્યો, તે વખત હું પણ છાતીફાટ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રડતી હતી. મારું રુદન સાંભળી અભિમન્યુને પણ રડવું આવ્યું. કુંવરે મને પૂછયું, માતા. શા માટે રુદન કરો કરો છો ? હું તમારો મહાબળવાન પુત્રછું, છતાં તમે શા માટે રડો છો? તમને કોઇએ ગાળ દીધી હોય તો તેની જીભ કાપી નાંખું. તમને કોઇએ હાથ ઉગામ્યો હોય તો તેનાં કાંડા કાપી નાંખું, એ પ્રમાણે ઘણું એ કહ્યું, તો પણ હું રડતી બંધ રહી નહિ, વળી કુંવરે કહ્યું, માતાજી, હું સભાગી છું, મારા આવ્યા પછી આપણે સુખી થયાં છીએ. એવું પુત્રનું બોલવું સાંભળી મને રીસ ચઢી. પછી મેં અભિમન્યુને કહ્યું. રડયા, તું તો દીકરો નથી પણ દીકરી છે. તારો વિવાહ ફોક થયો અને દુર્યોધનના પુત્ર લક્ષ્મણાનો થયો, તું મારે પેટ નિર્ભાગી અવતર્યો. મારાં વચન સાંભળીને કુંવરે કહ્યું, અરે માતાજી તેમાં તમે શા માટે રડો છો ? ત્યા વિવાહ કર્યો તેથી શું થઈ ગયું ? તે પણ આપણું ઘર છે. આ પ્રમાણે વહેર રાખવાથી આપણું ખોટું થાય છે, માટે સર્વેનું ભલું ઇચ્છવું. એવાં અભિમન્યુનાં વચન સાંભળીને મેં તેની છાતીમાં લાત મારી, એટલે, અભિમન્યુ કળકળીને બોલ્યો, જો તે કન્યાને હું ન પરણું તો બ્રહ્મહત્યાનું પાપ. આ પ્રમાણે તેણે નિશ્ચય કર્યો ને જવા તૈયાર થયો, અમે ઘણુંએ સમજાવ્યો પણ તેણે અમારું કહેવું ન માન્યું.

પાપી કૌરવોનાં ભયથી અમે રાત્રિએ નીકળ્યા. મારા મનમાં મેં એમ ધાર્યું, હું પિયર જઇશને મારાં બંને ભાઇઓને સમજાવી કન્યાને અભિમન્યુ સાથે પરણાવીશું, અમે માતા પુત્ર રથમાં બેસીને ચાલ્યાં આવતાં હતાં તેવામાં બે રસ્તા આવ્યા. કુંવરે મને પૂછયું, માતાજી, હું રથને કયે રસ્તે હાંકું, એવામાં મને પણ દ્વારકાના રસ્તાની બરાબર શુદ્ધિ રહી નહિ તેથી મેં તેનો સવળો રસ્તો બતાવવાને બદલે અવળો બતાવ્યો. મારો વહાલા કુંવરે અંધાર વનમાં રથ હાંકયો અને આવતાં આવતાં અંધારું ઘોર થઇ ગયું. રસ્તો તો બિલકુલ દેખાય જ કયાંથી ? પછી મારા પુત્રે અકળાઇ અગ્નાસ્ત્ર બાણ માર્યું, તે બાણના પ્રભાવથી અગ્નિ પ્રગટયો તેથી સઘળું વન સળગી ઉઠવાથી પ્રકાશ આવવા લાગ્યો. અમે ચાલ્યાં ચાલ્યાં આ વનમાં આવી ચડયાં, અહીં આવવાથી બંને ભાઇઓ લડી પડયા. અરે ગટોરગચ્છ દીકરા તમે મારા અભિમન્યુને સમજાવો. કન્યાની હઠ મૂકી દે. આપણે કલેશની કન્યા નથી જોઇતી. આપણને ઘણીઓ મળશે, તારા બાપ કાકા બહુ સમર્થ છે, તમે જાતે જીવતા હશો તો કન્યાઓની કંઈ ખોટ નથી એ પ્રમાણે તમારા ભાઇને સમજાવો તો અમે પાછાં ઘેર જઇએ. એવાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુભદ્રાકાકીનાં વચન સાંભળી ગટોરગચ્છ બોલી ઊઠયો, અરે કાકી, જો મારા ભાઇને એ કન્યા લીધા સિવાય પાછો મોકલું તો મારા માતા પિતા લજ્જા પામે. એ જ સુરેખકન્યા અભિમન્યુને ન પરણાવું તો બ્રહ્મહત્યાનું પાપ.

સુભદ્રા કહે છે; અરે જેઠાણી ? તમારો દીકરો ટંટાનો ભોગી છે; તેને તમે કેમ શિખામણ દેતાં નથી ? તમે શા માટે એવું સાંભળી રહ્યા છો ? એવું સાંભળી હેડંબા બોલી ઊઠી, અરે દેરાણી સુભદ્રા ? મારો પુત્ર ટેકને ઝાલી રહ્યો છે, તેમાં તેને હું શું કહું ? ટેક રાખવી એ ક્ષત્રીપુત્રનો ધર્મ છે. સામા સામી યુદ્ધ કરતાં પાછા ન પડવું. મારવું કે મરવું એમાંથી એક કરવું. આ પ્રમાણે વર્તનારા ક્ષત્રીપુત્રો ધન્ય છે. વળી મારો ગટોરગચ્છ દીકરો ધારે તે કરે તેવો છે. કદાચ મારો કુંવર હાર પામશે તો હું પણ તેની પક્ષે જઇશ. કન્યાનું હરણ કરતાં દ્વારકાપતિ શ્રીકૃષ્ણજી મારા કુંવરને મારશે તો હું દ્વારીકાને ગળી જઇશ. એવું હેડંબાનું બોલવું સાંભળીને સુભદ્રા વિસ્મય પામી. પોતાના મનમાં વિચાર કરવા લાગી, એની માતા બળવાળી છે, તો તેનો પુત્ર બળવાન હોય તેમાં શી નવાઇ ? એવામાં ગટોરગચ્છ બોલી ઊઠયો, અરે સુભદ્રાકાકી લગ્ન કયારે થવાનું છે અને કૌરવોની જાન દ્વારીકા કયારે જશે ? ગટોરગચ્છનું પૂછવું સાંભળી સુભદ્રા કહે છે, બેટા ગટોરગચ્છ, કાલે સવારે કૌરવોની જાન નીકળશે. ગટોરગચ્છ કહે. બહુ સારૂં કાકી, અમે પરમ દહાડે તૈયાર થઇશું, એ પ્રમાણે સુભદ્રા તથા અભિમન્યુ બંને માતા પુત્ર હેડંબા વનમાં ખાય છે અને આનંદ કર્યા કરે છે. હવે હસ્તિનાપુર શી વ્યવસ્થા થાય છે તે શાંત ચિત્ત શ્રવણ કરો. કૌરવો લગ્નની ધામધૂમ કરવા મચી રહ્યા છે, દુર્યોધન આનંદમાં ને આનંદમાં પોતાનો વખત ગુજારે છે. જાન જવાનો વખત નજીક આવ્યો ત્યારે દુર્યોધને શકુની મામાને પાસે બોલાવ્યો ને કહ્યું, મામા આપણે લક્ષ્મણની જાન તૈયાર કરવાની છે, માટે સૈન્ય, જાનૈયા, વાજિંત્રો વિગેરે સામગ્રી તૈયાર કરી દો. મામો કહે, હાલનેહાલ તૈયાર કરી નાંખું છું. એમાં શું મોટું કામ કરવાનું છે ? અરેછત્રપતિ ? આપણે કેટલી સેના સાથે લઇ જઇશું ? દુર્યોધને જવાબ આપ્યો, અગિયાર ક્ષોણી સૈન્ય તૈયાર કરાવો એટલે બસ—છે. હું ધારૂં છું તે કરતાં વધારેની જરૂર નહિ પડે. કારણ કે જાનનું કામ લડાઇનું કામ હોત તો વધારેની લઈ જાત. એવું સાંભળીને મામો કહે, બહુ સારૂં. એમ કહી પાપી શકુની સૈન્ય તૈયાર કરાવવા ગયો. હવે પાપી દુર્યોધન વરરાજા સમજાવવા માંડયો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પોતાના સઘળા કુટુંબને જાનમાં લેવાનો વિચાર કર્યો. વળી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને અશ્વત્થામા આચાર સતીઓને પણ જાનમાં લીધા, કૌરવોમાંથી સાબેલા તૈયાર કર્યા. સર્વ જાનૈયાએ વિવિધ પ્રકારનાં સુશોભિત વસ્ત્રાભૂષણો પહેરી લીધાં;કૌરવોની સ્ત્રીઓ પણ જાતજાતનાં સુંદિર વસ્ત્રોસજવાં લાગી, દુંદુભીના નાદ થવા માંડયા. ભેરી તથા ભુંગળના ટંહકાર થઈ રહ્યા છે. મોરલા, શરણાઇ, મૌવર, તાંસા, ઢોલ, પડગમ તથા છત્રીસ વાજા સાથે વરઘોડો તૈયાર કર્યો. વરરાજાને સુંદિર શણગાર સજાવી દીધા છે. જેવા કે જામા, હીરાના હાર, પટકો ચીર વિગેરે પહેરાવ્યા છે. કાનમાં કુંડળ તથા લીલમ લળકી રહ્યા છે, બાજુબંધ રત્ન સહિત ચળક ચકળ ચળકી રહ્યાં છે.

સ્ત્રીઓ વરરાજાની પાછળ સુંદિર ગીતો ગાતી ચાલી જાય છે. ભાનુમતીએ દીપક હાથમાં ઝાલ્યો છે. સર્વે જણાં શોભા સહિત ચાલ્યા જાય છે, નગરની બહાર આવ્યાં એટલે નાગદેવતા આડા થઈને ચાલ્યો તેથી અપશુકન થયા, એવું જોઇ પાપી દુર્યોધને શકુનીને કહ્યું, અને મામા ! આ શુકન કેવા કહેવાય ? મામાએ જવાબ આપ્યો, ફતેહ થાય તેવા. એવું સાંભળી સર્વે જણા આનંદભેર દ્વારકા ભણી ચાલ્યાં. સ્ત્રી પુરુષ તથા બાળક સહવર્તમાન ચાલ્યાં જાય છે. દુર્યોધનના મનમાં ઘણો જ અભિમાન ભરાઈ આવ્યો. એમ ચાલતાં ચાલતાં દ્વારીકાની લગભગ આવી પહોંચ્યાં, દુષ્ટ દુર્યોધન કહે, અરે શકુનીમામા, આપણી સઘળી સેનાના યોદ્ધાઓને વસ્ત્રાભૂષણો આપી દો. કારણ કે આવો મોટો ઠાઠમાઠ જોઇને શ્રીકૃષ્ણ તથા બળદેવજી ખુશી થઈ જશે, યાદવો પણ વિસ્મય પામી જશે કારણ કે તેમના બાપ જન્મારામાં આપણા જેવા પોશાક દીઠો નહિ હોય, તો પછી પહેર્યો તો કયાંથી જ હશે ! વળી બળદેવજી મનમાં હરખ પામશે, મને આવો વેવાઈ કદી મળ્યો નથી. પછી સ્ત્રીઓને પાપી કહે છે કે અરે સુંદરીઓ, તમે પણ સુકંઠથી ભાતભાતના ગીતો ગાવા માંડજો. જો મારા કહ્યા પ્રમાણે કરશો તો દ્વારીકામાં પ્રખ્યાત થઇશું. લોકો કહેશે ધન્ય છે. વેવાઈ મળો તો આવા કૌરવો જેવા મળજો. મામો કહે, ધન્ય છે. પાપી બોલ્યો, અરે મામા, આ તો અક્કલના પૈસા છે. એમ વાતો કરતા કરતા જ્યારે દ્વારિકાના ઝાંપા નજદીક આવ્યા ત્યારે દુંદુભીના ડંકા કરવા લાગ્યા જેના ઊંટ ઉપર ઘોંસા વાગી રહ્યા છે,તેની પાસે માગણ લોક માગવા આવ્યા છે. હજારો બંધીજનો જાચવા લાગ્યાં છે. રસ્તે ચાલતાં અપ્સરાના નાચ થઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

થઈકાર થઇ રહ્યો છે. રસ્તામાં ટોળાં વળીને–હજારો લોકો જોવા ભરાયા છે, છડીદારો છડી પોકારે છે. ઊંટ, હાથી, ઘોડા વિગેરે ઝુલતા ઝુલતા ચાલે છે. રથ,સુખપાલ તથા મેના વિગેરે પુર ભપકાથી શોભી રહ્યા છે,રસ્તામાં અત્તરના છંટકાવ થઈ રહ્યા છે. એ પ્રમાણે ઠાઠમાઠથી જ્યારે દ્વારીકાનાં ઝાંપે જાન આવી એટલે ભગવાન તથા બળદેવજી સામા ગયા, તેમની જોડે છપ્પન કોટી યાદવો પણ આવ્યા છે. યાદવો કહે છે, ધન્ય છે કૌરવોને, ઘણી મોટી જાન સાથે પોતે પધાર્યા છે. એ પ્રમાણે ઘણાં વખાણ થવા માંડયાં, એ સાંભળીને કૌરવોની સ્ત્રીઓ જાતજાતનાં ગીતો ગાય છે. આખા દ્વારિકા નગરનું લોક જોવા માટે આવ્યું છે.નગરના લોકો કૌરવોનો ભપકો વિસ્મય પામે છે, માંહેમાંહે વાતો કરે છે કે બળદેવજીનું નસીબ ઘણું સારું છે કે જેથી આવો ધનવાન વેવાઇ મળ્યો. સુરેખા કન્યાનું નસીબ ઘણું શ્રેષ્ઠ છે કે જેથી આવો લાડીલો સસરો મળ્યો. એમના નસીબનો તો પાર રહ્યો નહિ. એવું લોકોનું બોલવું સાંભળીને કૌરવો ફુલાઈ જાય છે. પોતાના મનમાં અભિમાન ધરાવે છે કે અમારા જેવા દુનિયામાં કોઇ જન્મશે નહિ.

હવે વેવાણો ગીત ગાય છે, અરે જાદવરાય, શ્રીકૃષ્ણજી તથા બળદેવજી તમે કેમ ઊંઘમાં ઊંઘો છો? તમારે ત્યાં છત્રપતિ દુર્યોધન તથા કૌરવો જાન લઇને આવ્યા છે, તમારા નસીબને ધન્ય છે કે જેથી તમને આવા ઉત્તમ જાનૈયા મળ્યા છે, ઘણા રાજાઓ વેવિશાળ કરવા આવ્યા હતા, પણ તમારા ઉપર દયા આવવાથી કૌરવોએ તમારો વિવાહ કબૂલ રાખ્યો. ઘણા ક્ષત્રીઓએ કૌરવોને આજીજી કરીને કહ્યું હતું, પણ તેમણે બિલકુલ માન્યું નહિ. છત્રપતી દુર્યોધને તમારા ઉપર ઘણી કૃપા કરી છે. માટે તેમનો ગુણ ભૂલશો નહિ. કૌરવોની જાન આવવાથી તમારું નગર પાવન થશે. વળી હલમલતા હાથીઓ તથા રથ,મેના સુખપાલ સાથે જાનૈયા પધાર્યા છે, સએલા પણ ખુંખારી રહેલા ઘોડાઓ ઉપર શણગાર સજીને બીરાજ્યા છે, મૃદંગ, ઢોલ, તાલ.ભેરી, શરણાઇઓ,પડઘમ,રામઢોલ,ભુંગોળ તથા છત્રીસ વાજા સાથે કૌરવો પધાર્યા છે. અરે ગોકુળ ગામના રહેનારાઓ-તમે ઘણા દિવસ સુધી ગાયો ચારી ચારી પેટ ભર્યાં છે, તમને સહુ લોક ભરવાડ કહીને બોલાવતું હતું, તમે બિલકુલ જ્ઞાતિમાં પણ નહોતા, તમને કોઇક્ષિત્રી કહેતું નો'તું. તમારા સુભાગ્યને લીધે કૌરવો મળવાથી તમે જ્ઞાતિમાં આવ્યા અને તમારા દિવસો પણ સારા આવ્યા. આ સઘળો તમે વેવાઇનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાડ માની લેજો. એવું સાંભળીને જાદવોની સ્ત્રીઓ ગાવા લાગી, અરે કૌરવોની સ્ત્રીઓ ! તમે ફુલાશો નહિ; અમે તમારા કુળને ઓળખીએ છીએ. તમારું કુળ અમારાથી અજાણ્યું નથી. તમે થોડાં ફુલીને ફાળકો થઈ જાઓ. અરે વેવાણો તમારું મુળ વિચારીને બોલો. પહેલાં તમે પણ ઢીંમર જાતનાં હતાં. શંતનુરાજાની મચ્છગંધા સ્ત્રી હતી તે સ્ત્રી જાતે માછીની પુત્રી હતી, તેથી તમારું ઘર નાતબાર હતું, અમારી વડીલ વેવાણ ગાંધારી છે, તેણીની પાસે જઇને સઘણી હકીકત પૂછી જુઓ. ત્રિપુરારી જે શંકર છે તેમનો નંદીઓ ગાંધારીને પરણી ગયો હતો, તમે આજકાલ વિશ્વમાં વધી પડયાં છો, નહિતો જ્ઞાતિમાં લેવાને માટે અમારી કન્યા તમને પરણાવીએ છીએ. અમારી કન્યા ચંદ્રના સમાન છે અને વરરાજા તો ભૂતડાનો ભાઈ છે, અમે તો તમને ઘણી ડહાપણવાળી દીકરી દઇએ છીએ, પણ વરરાજામાંતો બે દાણા જેટલી બુદ્ધિ નથી.

જેમ કાગડાની સાથે હંસને બાંધી એ તો હંસ લજવાઈ જાય, તેમ હંસરૂપી અમારી દીકરી તે કાગડા તુલ્ય વરરાજા સાથે પરણાવીએ છીએ, જેમ મરકટને મોતીનો હાર આપવો તે શરમ ભરેલું છે, તેમ મરકટરૂપી વરરાજાને મોતીના હારરૂપી અમારી દીકરી પરણાવવી એ શરમ ભરેલું છે. અમારા બળદેવજી ભોળવાયા છે તેથી તમને કન્યા આપે છે, નહિ તો તમારા સુધી કન્યા કાંયથી હોય ? અરે કૌરવોની સ્ત્રીઓ, થોડામાં સમજી જાઓ, ઝાઝું કહેવડાવવામાં કંઈ માલ નથી. અમે તમારાથી પાછાં પડીએ તેમ નથી. એ પ્રમાણે વેવાણો સામાસામી આનંદ ગીતો ગાય છે. સઘળા નગરનું લોક વિસ્મય થઈને એકી નજરે જોઈ રહ્યું છે. પછી આખા નગરનું લોક વરરાજાને જોઈજોઇને પોતાનું મુખ મરડી નાંખે છે. માંહેમાંહે વાતો કરે છે કે બળદેવજીએ પૈસાનું મુખ જોઇએ બીહામણો વર શોધ્યો છે. અર્જુનજીનો પુત્ર ચંદ્ર જેવો સુશોભિત છે, તેનું નામ અભિમન્યુ કરીને છે, તેને કન્યાની સાથે પરણાવ્યો હોત તો આનંદ થાત. કન્યા લાયક વર તો એ હતો, તે કુંવર ઘણો જ રૂપવાન, ગુણવાન અને બળવાન છે, આ વરરાજા તો અજવાળાને અંધારું કરે તેવો છે. અભિમન્યુનું સ્વરૂપ જોઇને કામદેવ પણ લજ્યા પામે તેવો રૂપરૂપનો ધામ છે. અરે દેવ ! બળદેવજી આ વરરાજા ઉપર શું જોઇને મોહિત થઇ ગયા છે ? મોટા પુરુષ થઇને આવો અન્યાય કેમ કરતા હશે ? ખરી વાત છે કે મોટાને કાન હોય છે પણ સાન હોતીનથી, તે ખરેખર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આજ દાખલો મળ્યો. આ કાગડા તુલ્ય વરરાજાની કોટમાં સુરેખા સરખું રત્ન બાંધે છે, તેમાં બળદેવજી સારું ફળ મેળવશે નહિ યાદવો છતી આંખે દીવો લઇ કુવામાં પડે છે. વરરાજા દેખીતો જ અક્કલહિણુ છે, તેને ચકોર માની પોતાની કન્યા પરણાવે છે. એમ ટોળે વળી છાની વાતો કરે છે, બળદેવજી દ્વારકામાં જાનને તેડી લાવ્યા, સ્ત્રીઓને તથા પુરુષોને સામાં સામી બે મુકામો આપ્યા. કૌરવોની ઘણી પ્રકારે આસનાવાસના કરી બળદેવજી પોતાને મુકામે ગયા. એમ આનંદ કરતાં કરતાં દિવસ પૂરો કર્યો, સૂર્યનારાયણ મેર બેઠા અને રાત્રિ પડી. કૌરવો પોતપોતાને આસને બેસી આનંદની વાતો કર્યા કરે છે, હવે રાત્રિ વીતી ગઈ એટલે ગટોરગચ્છ જાગીને અભિમન્યુને કહે છે, અરે ભાઇ, હું દ્વારીકા જાઉં છું. ત્યારે અભિમન્યુ કહે, અરે વડીલ વીરા, હું પણ તારી સાથે દ્વારીકા આવું છું. ગટોરગચ્છ કહે અરે ભાઈ, તમે તમારે શિવ શિવ કર્યા કરો. કારણ કે સુભદ્રાકાકીનો જીવ અધીરો છે, તેથી તેમના મનને ઉદાસી થશે. તમારા સિવાય કાકી રહી શકતાં નથી માટે હું એકલો જાઉં છું અને કન્યાનું હરણ કરીને આવું છું.

એવું સાંભળી સુભદ્રા બોલી, અરે બેટા, ગટોરગચ્છ ! તું ઠાલું બોલે છે. જેવો મારો કુંવર મને વહાલો છે, તેવો તું તારી માને પણ વહાલો છે. તેં એકલાએ શાં પાપ કર્યાં, તારી સાથે તારા નાના ભાઇ અભિમન્યુને પણ લેતો જા, હું ખુશીથી તને આજ્ઞા આપું છું. તમે બન્ને ભાઇઓ હળીમળીને દ્વારીકામાં જાઓ અને સુરેખા કન્યાનું હરણ કરીને લાવો. પણ બેટાઓ સાવચેતીથી કામ કરજો. જો મારા ભાઇઓ તમને હરણ કરવા આવેલા જોશે તો તમારા બન્નેના પ્રાણ લઈ લેશે. મારા કૃષ્ણભાઇ તમને ચક્રથી મારી નાંખશે. અરે મારા મોટા બળદેવજી હળમૂશળથી પ્રાણ લેશે, તેમનાં આયુધો કોઈ કાળે પાછાં ફરતાં નથી. દીકરાઓ, તમે સમજુ છો તમને વધારે શિખામણ દેવાની જરૂર નથી. અમારો આશીર્વાદ છે જેથી તમારું કામ ફતેહ થશે. ગટોરગચ્છ કહે, અભિમન્યુ વીરા, આવવું છે કેમ ? અભિમન્યુ બોલ્યો, હું તૈયાર થાઉં એટલી જ વાર છે. મારી માતાની આજ્ઞા લેવાની હતી, તેણીએ આજ્ઞા આપી એટલે બહુ સારું થયું. એમ કહી પોતે ઊઠીને ઊભો થયો અને પોતાનાં વસ્ત્રાભૂષણો સજવા લાગ્યો. ગટોરગચ્છ પોતાની માતા હેડંબાની આજ્ઞા લઈને તૈયાર થઇને ઊભો. અભિમન્યુએ વસ્ત્રો પહેરી લીધાં અને હથિયારો પણ બાંધી લીધાં. પછી તૈયાર થઇને ગટોરગચ્છને કહે છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અરે વીરા, તમારે ત્યાં સર્વ વાતની સાહ્યબી છે,પણ મને એક ખામી લાગે છે. તમારે ત્યાં રિદ્ધિ સિદ્ધિની ખોટ નથી, તેમ દ્રવ્ય પણ દેવ લોકોના કરતાં વધારે છે, ફક્ત એક ખામી રહી ગઇ છે, ગટોરગચ્છ કહે છે. ભાઇ, તમે બે વખત કહ્યું, ખામી રહી ગઇ છે પણ તમે કંઈ ખામી બતાવી આપો છો ? તે મને કહો. અભિમન્યુ કહે, તમારે ત્યાં વાહન કેમ નથી ? ઊંટ, હાથી, ઘોડા; સુખપાલ, એના તે સઘળા વાહનો કોઈ પણ વાહન તમારે ત્યાં નથી. આપણે બંને જણા દ્વારીકા ચરણે ચાલીને જઇશું ? એવું સાંભળી ગટોરગચ્છને હસવું આવ્યું, પછી પોતે અભિમન્યુને કહે છે, અરે ભાઈ, તમને વાહન આપું છું. કહી માયાવી દહિતોને બોલાવ્યા. તેમાંના ચાર દહિતોના રથ બનાવ્યા અને ચારના ઘોડા બનાવ્યા.ચાર દહિતોનાં પૈડા બનાવ્યાં;અને ચારના અછોડા કર્યા.આ સઘળું જોઇને અભિમન્યુ ઘણો જ ખુશી થયો.ગટોરગચ્છના અતિશય વખાણ કરતો કરતો રથમાં બેઠો. અરે ભાઈ ધન્ય છે તને તારા ગુણને હું કેમ કરીને વીસરી શકું ?

વૃકોદરનો પુત્ર ગટોરગચ્છ ચાબુક હાથમાં ઝાલી રથ હાંકવા બેઠો, બંને માતાની આજ્ઞા લઇને ઘોડાઓને હાંકવા માંડયા. પવનની માફક રથને હાંકે છે. એમ કરતાં કરતાં દ્વારીકાની લગખગ આવી પહોંચ્યાં. દ્વારીકા એક જોજન દૂર રહ્યું એટલે અભિમન્યુ ગટોરગચ્છને કહે છે,અરે ભાઈ,રથ અહીં સ્થંભાવો ગટોરગચ્છે કહ્યું, કેમ ભાઇ, રસ્તા વચ્ચે રથને સ્થંભાવવાનું કહો છો ? અભિમન્યુએ જવાબ આપ્યો, અહીં નજદીકમાં અશોક બાગ છે,તેમાં ઉતારો કરવા માટે એક સુંદર ભોંયરું એવું છે તે ભોંયરું એવું છે કે કોઇપણ અંદર જઈશકતું નથી, ગામમાં આપણે જવાનું કામ નથી. કારણ કે પારકાની દીકરીનું હરણે કરવાનું છે, તે આપણે અહીં શાહુકારનું કામ કરવા નથી આવ્યા; કપટ કરીને ચોરી કરવા માટે આવ્યા છીએ. એવું સાંભળીને ગટોરગચ્છે રથને ઉભો રાખ્યો. બંને ભાઇઓ રથમાંથી ઉતરી પડયા માયાવી હેડંબાપુત્રે રથને લોપ કરી દીધો. પછી બંને ભાઇઓ વાતો કરતા કરતા ભોંયરા ભણી ચાલ્યા.ત્યાં બાગની શોભા ઘણી જ રમણીય છે,લીલોતરી નાના પ્રકારની ખીલી રહી છે. જુદી જુદી જાતનાં ઝાડો પણ ફળોથી શોભી રહ્યાં છે. શીતળ વાયુ વાયા કરે છે. ત્યાં અઢારે ભાર વનસ્પતિ ઉગી નીકળી છે. બાગની વચ્ચોવચ્ચ સુંદિર સરોવર નિર્મળ જળ વડે શોભાયમાન દેખાય છે, તેના કિનારે હંસો ફર્યા કરે છે. વળી કમળ, પોયણાં વિગેરે ખીલી રહ્યાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે, તેની આસપાસ ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે. બાગમાં બપૈયા બોલાવી રહેલા છે. કોયલો કંઠથી ટૌકા કરી રહી છે. પોપટો ઝીણી ડાળીઓ ઉપર હિંચકા ખાયા કરે છે. મોર ટેહુંક ટેહુંક શબ્દોથી કલોલ કરી રહ્યા છે, મેના પણ શબ્દ કરી રહી છે. ચકલાઓ પણ ચકચક કરીને આનંદથી ચણે જાય છે. ચકોર, કૌવા, તેતર દાદુર, વિગેરે પક્ષીઓ મીઠા ટહુકા કરી રહ્યા છે. બાગમાં એ પ્રમાણે અનંત પક્ષીઓ શોરબકોર કર્યા કરે છે ત્યાં એટલાં બધાં પક્ષી છે કે કહેતાં તેનો પાર આવી શકે નહિ. તરુવરની લીલી લટારો ઘણી લાંબી વધી ગઈ છે. ગુલાબાસ, ગુલછડી, ગુલસબ્બો તથા. ચંપો ચંબેલી વિગેરે સુંદર સુગંધી આપ્યા કરે છે. મોગરો, મલિયાગરી, મરેઠી, મોટા સૂર્યવંશી ફૂલો કરેણા, કરેણીઓ, ગુલદાવડી, ગલગોટી, ખડચંપો, ચંપાવતી, ચમરી, અમ્મર ફૂલ, રેવતી, કેતકી જાઇ, જુઇ, બારમાસી, બોરસલી, હારસંગો, અગથીઓ, ફનમ, વંસી. જાયફળ, જાવંત્રી; તમાલપત્ર, તજ વિગેરે અનેક પ્રકારનાં ઝાડો ફલ ફુલ સહિ શોભી રહ્યાં છે. સફરજન, શ્રીફળ, ફોફળ, શીકોતરા, શેતુર, શેફટો, શીમળો, સીતાફળી, લીલામરી, રામફળ, જામફળ, જાંબુ, બપૈયા, બદામ, કનસ. ફનસ, પપનસ, લીંબુ, દાડમ, અખોડ, અંજીર, અનનસ, કાજુ, કમરખ, કેળાં, ડમરા, કલમી, આંબાની કેરીઓ, બોરડીઓનાં મીઠાં બોર, નારંગી, દ્રાક્ષ, ચારોળી, પિસ્તાં. ફાલસા, મોથી, ખારેકો, પીંપર, લવીંગ, અક્કલગરો, એલચી, અગર, ચંદન; સુખડ, જાસુદ, વલીઆરી વિગેરે જુદી જુદી જાતનાં મીષ્ટ ફળો જોઇને જીવને આનંદ રહે તેવી રીતે લટકતાં દેખાતા હતાં.

પડો પાંદડી, હેરામણી, સમુદ્રસોસ, નાગરવેલો, કમળ, પોપટ, વેલી ચાંદગેલી એ પ્રમાણે કોમળ વેલો રમણીય દેખાય છે, એવા બાગમાં બંને ભાઇઓ આવ્યા, બેઉ ભાઇઓ ફરતા જાય છે અને સઘળાં ઝાડ, વેલીઓ તથા ફળો જોઇ અતિશય આનંદ માને છે, પછી બેઉ બળવાન ભાઇઓ ભારે વિશાળ ભોંયરામાં પ્રવેશ્યા. ગટોરગચ્છે માયા વડે કરીને દહિતો ઉત્પન્ન કર્યા. તેમાં બે દહિતોને ખુરસી બનાવી, બંને ભાઇઓ બે ખુરસીઓમાં બેસીને શ્વાસ લે છે. એક એકના સુખદુઃખની વાતો કરે છે. પછી ગટોરગચ્છે ઊભા થઇને માયા વડે ચાર દહિતનાં પાત્ર બનાવી દીધા, લોટા, લોટીઓ, થાળીઓ, વાડકીઓ વિગેરે વાસણો બનાવી દીધા. ચાર દહિતોને મનુષ્ય બનાંવ્યા તે લોકો તેમની ચાકરી કર્યે જાય છે, એવું જોઇ અભિમન્યુ વિસ્મય પામીને કહે છે. અરે બંધુ, તારું મસ્તક એવુ કેવુ. છે, જેમાંથી જે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જોઇએ તે નીકળી આવે છે, ગટોરગચ્છ કહે, અમારા દહિતોની તો જન્મની વિદ્યા જ છે, એમ બંને ભાઇઓ એકએકની સાથે વાતો કરી વિનોદ કર્યા કરે છે. દ્વારીકાપતિ ભગવાન નથી તો કંઈ અજાણ્યું છે જ નહિ. બંને ભાઇઓ ભોંયરામાં ઉતર્યા છે, એવી ખબર પ્રભુને થતાં જ અંતર્ધ્યાન થઇ કહેતા જાય છે, અરે ભાણીઆ તને મળવા માટે આવ્યો છું. ગટોરગચ્છ કહે કોણ આવે છે? અભિમન્યુ કહે, એ તો મારા નાના મામા આવે છે, એમને ખુશીથી આવવા દો. મારા મોટા મામા દુશ્મનને કન્યા આપવા તૈયાર થયા છે, મારા નાના મામા તેમ કરવામાં ખુશી નથી, હું બરોબર રીતે સમજું છું, નાના મામા તો સાક્ષાત ભગવાન છે. બંને ભાઇઓ વાતો કરે છે, એવામાં પ્રભુ આવી પહોંચ્યા. જ્યાં મામા આવ્યા એટલે ભાણેજે મુખ મરડયું, પ્રભુ કહે અરે ભાઇ, મારાથી કેમ રીસાઇને આડું જુએ છે! મેં તારું શું બગાડયું છે? મારા આવવાથી તને નુકશાન થતું હોય તો હું જાઉં, જેટલી કસુર છે તેટલી સઘળી હળધારીની છે, તેણે વિવાહ ફોક કર્યો છે, હું તો સૂર્યનારાયણની સાખે ચોકખા અંતઃકરણ તમને બે ભાઇઓને કહું છું, સુખરૂપે કન્યાનું હરણ કરો. જેવું તમારે ધુમવું હોય તેવું ખુશીથી ધુમો. હું તમારા બંનેની સલાહમાં છું. મારી વાતની તમે ચિંતા કરશો નહિ, તમે ખુશીથી કપટ કરી સુરેખાનું હરણ કરી જાઓ, મારાથી બનશે તેટલી હું પણ મદદ કરીશ, મારા સરખું કામકાજ હોય તો મને કહેજો. મારે ભાણીઆ કરતાં શું વધારે છે? તું મને ઘણો વહાલો છે.

છેવટ સુધી મારી સહાયતા છે. તમારા બે ભાઇઓનો કોઈ વાંકો વાળ કરી શકે તેમ નથી. અભિમન્યુ કહે, બહું સારું મામા. પણ મારે તમને થોડું કહેવાનું છે. અત્યારે અમારે દુઃખના દહાડા આવવાથી વિદુરના ઘેર રહીને અમે પેટ ભરીએ છીએ. સુભદ્રા તમારી બહેન છે અને હું તમારો ભાણેજ થઉં છું આટલી બધી સગાઇ છે છતાં તમે અમને શા માટે તમારે ઘેર તેડતા નથી? શું તમારા ઘરમાંથી છેક ખાવાનું ખુટી ગયું? એવું સાંભળી શ્રીભગવાને જવાબ આપ્યો, અરે ભાઈ? વિશ્વનો ધારો કેવો છે તે તને કહી સંભળાવું છું. જ્યારે દુઃખના દિવસો આવી પડે છે ત્યારે કોઇ સગું થતું નથી જે વખતે આપણી ચઢતી દશા હોય છે તે વખતે હજારો માણસ સગા થતા આવે છે. જ્યારે આફત આવે છે ત્યારે ભાઈ હોય છે તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ વહેરી થઇને બેસે છે, સ્ત્રી હોય છે તે પણ સગી થતી નથી. તું સમજીને શા માટે મેણાં મારે છે ? અત્યારે તેવી વાતો કરવાનો વખત નથી, જે માટે આવ્યા છો. તે કામની તૈયારી કરવા માંડો. તમને જરૂર કન્યા મળશે. એવું સાંભળી ગટોરગચ્છ ખુશી થયો. પ્રભુએ ગટોરગચ્છને કહ્યું, અરે ભીમસેનના પુત્ર ! હું તમારી પાસે એક વચન માગું છું. માયાવી કહે, અરે મહારાજ, ખુશીથી માંગી લો. એટલે ભગવાન બોલ્યા, મારા સોળ હજાર એકસોને આઠ મહેલમાં તમારે ચરણ મૂકવો નહિ. એવું સાંભળીને અભિમન્યુને મહા દુઃખ લાગ્યું. પોતાના મામાને પૂછવા લાગ્યો, અરે પ્રભુ, તમે શા માટે એવું ખોટું વચન બોલો છો ? તમે મારા ભાઇ ને કેવો ધારો છો ? તમને કોઇ વાતનો વહેમ આવ્યો ? પ્રભુ કહે, અરે ભાઈ, કંઈ વહેમ નથી, જાઓ આજ્ઞા આપું છું, તમે ગમે ત્યાં ફરો, મારે ના પાડવાનું કારણ કે તારો ભાઈ જ્યાં જાય છે ત્યાં મશ્કરી કરે છે. તારો ભાઈ બહુ મશ્કરો છે. ગટોરગચ્છ કહે, અરે મારા વહાલા ભાઈ અભિમન્યુ ? શ્રીકૃષ્ણજી જે મારા વિષે કહે છે તે તો બધી ખરી વાત છે. માટે તારા મનમાં કંઇ દુઃખ લાવીશ નહિ, એ પ્રમાણે અભિમન્યુને સમજાવ્યો. પછી વૃકોદરના પુત્રે પ્રભુને વચન આપીને કહ્યું, હું તમારા ધામમાં પ્રવેશ કરવાનો નથી. તમારા ધામ સિવાય મારી મરજીમાંઆવશેત્યાં જઇશ. પ્રભુ કહે સારું, પછી પ્રભુ ઘેર પધાર્યા. ગટોરગચ્છ અભિમન્યુને કહે છે, અરે ભાઈ, હું દ્વારીકામાં જાઉં છું કારણ કે કૌરવ કુળનો અજાણ્યો છું માટે તેમને બરોબર ઓળખીને આવું છું. અભિમન્યુ કહે, ભલે ભાઈ, ખુશીથી પધારો, પણ વહેલા આવજો. શાથી કે આપણા દુશ્મનો વધારે છે વાંકો મારા મનમાં ચિંતા થાય. ગટોરગચ્છ બોલ્યો, નારે વીરા, કોઇનાથી મારોવાંકો વાળ થઈ શકે તેમ નથી, મારી વાતની તારે બિલકુલ ચિંતા મનમાં લાવવી નહિ, મારા જેવો બળવાન હું કોઇને જોતો નથી. કારણ મારું એકાએક મૃત્યુ થઈ શકે તેમ નથી. એ પ્રમાણે અભિમન્યુને શાંત પમાડી પોતે ભોંયરા, માંથી બહાર નીકળ્યો. વૃકોદર પુત્ર દ્વારકાના દરવાજા પાસે આવીને ઊભો.

એવામાં એક જાદવ ત્યાં થઇને જતો હતો તેને પોતાની પાસે બોલાવી તે યાદવને પૂછે છેકે કહો ભાઈ, તમે કોણ છો ? પેલા યાદવે જવાબ આપ્યો. જે જદુકુળ દુનિયામાં પ્રસિદ્ધ છે તે કુળનો હું જાદવ છું. એવું સાંભળીને ગટોરગચ્છ બોલ્યો, ભાઇ, અમારે તમારી સાથે લાંબુ કામ નથી, તમે તમારે જાઓ, એમ કહીને યાદવને વિદાય કર્યો. પેલા યાદવની આકૃતિ જોઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેવું પોતાનું રૂપ ધારણ કર્યું. યાદવ જેવા યોદ્ધો બનીને નગરની વિષે પ્રવેશ કર્યો. ફરતાં ફરતાં બજારમાં બીજો યાદવ મળ્યો, તેની પાસે તે ગયો ને કહેવા લાગ્યો, કેમ ભાઇ, વેવાઇ ક્યારના આવ્યા છે. હું તો બિલકુલ જાણતો નથી. પેલા યાદવે જવાબ આપ્યો, ગઇકાલની કૌરવની જાન અહીં આવેલી છે, તમારે જાનીવાસે જોવા જવું હોયતો ખુશીથી પધારો. એવું સાંભળી ગટોરગચ્છે કહ્યું. અરે ભાઈ, મહેરબાની કરી તમે મારી જોડે ચાલો અને સૌ કૌરવોની મને ઓળખાણ પડાવો. પેલો જાદવ કહે, અલ્યા, શું તું દુર્યોધનને નથી ઓળખતો ? ચોરાશી હજાર દેશના છત્રપતી રાજા છે. હેડંબાસુતે કહ્યું, હું તેમને બિલકુલ ઓળખતો નથી. માટે મારી સાથે આવીને ઓળખાવો. એમ કહીને પેલા યાદવને જોડે લીધો અને બેઉ જણા વાતો કરતા કરતા જાનીવાસે આવ્યા, પેલો જાદવ ગટોરગચ્છને બતાવે છે, જો પેલા શકુની મામા પાસે ગાદીએ બેઠા છે તે જ છત્રપતી દુર્યોધન. આ ભગદત્ત ભુરીશ્રવા, કરણ, સુશરમા પેલા સો ભાઇઓ છે. જયદ્રથ તેમનો બનેવી છે. આ દ્રોણ તથા કૃપાચાર્ય તેમના ગોર મહારાજા છે. આ વૃદ્ધ ભીષ્મપિતા છે. એ પ્રમાણે સર્વ માણસોને ઓળખાવ્યા. પછી પેલો યાદવ બહાર નીકળ્યો ભીમના પુત્રે વિચાર કર્યો કે હવે કૌરવોની સ્ત્રીઓ ઓળખી લઉં. એવામાં એક જાદવની સ્ત્રી ત્યાં થઇને જતી દીઠી, માયાવીએ માયા વડે કરીને તેવું સ્વરૂપ ધારણ કર્યું. જાદવની બીજી સ્ત્રીને ગટોરગચ્છ મળ્યો. તે સ્ત્રીને પૂછે છે કે આપણા નગરમાં કૌરવોની જાન આવી છે તેમની સ્ત્રીઓને મારે જોવાની હોંશ છે. અરે મારી સૈયર, તું મારી સાથે આવ અને મને કૌરવની રાણીઓ બતાવ. એમ સમજાવીને સ્ત્રીઓને જાનીવાસે લઇને આવ્યો, સુંદિર શોભા જોઇને ગટોરગચ્છ ખુશી થયો. પેલી જાદવની સ્ત્રીએ ગટોરગચ્છને ભાનુમતી ઓળખાવી.

તેની પાસે રાણીની દેરાણીને ઓળખાવી પછી શકુનીની સ્ત્રીને ઓળખાવી તેમને જોઇને તે ઘણો ગુસ્સે ભરાયો. મનમાં વિચારે છે કે દ્રૌપદી માતાનું વહેરે વહેરે લઉં તો જ હું ભીમસેન પિતાનો પુત્ર. પછી ત્યાંથી બહાર નીકળ્યો. એટલે ભાનુમતીની મુખ્ય દાસીને જોઇ યાદવની સ્ત્રીનું રૂપ બદલીને પોતે દાસીનું રૂપ ધારણ કર્યું ત્યાંથી બળદેવને ધામે ગયો એટલે રેવંતીએ જાણ્યું, ભાનુમતી રાણીની દાસી આવી. એવું સમજીને રૂડે પ્રકારે આવકાર દીધો. રેવંતીએ પૂછ્યું, કેમ પધાર્યા છો ? ભાનુમતિએ કંઇ મંગાવ્યું છે ? ગટોરગચ્છ કહે છે. મને મારી રાણીએ સુરેખા કન્યાને જોવા મોકલી છે, એવું સાંભળીને રેવંતીએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુરેખાને બતાવી, ગટોરગચ્છે જોઇ ને વિચાર કર્યો, વાહ વાહ બહુ સારું થયું. કન્યાનું સ્વરૂપ તો ચંદ્રમા જેવું છે, ભાભી ખરખર ભાઇના જેવી છે. ઈશ્વરે બરોબર જોડું મેળવ્યું છે. રાંકના ત્યાં રત્ન કદી શોભે નહિ, કાળા મોંના કૌરવોને આવી કન્યા આપવી ઘટતી નથી. બળદેવજીના ઘરમાં નજર ફેરવીને સઘળું જોઈ લીધું, મનમાં વિચાર કરીને નિશ્ચય કર્યો, જરૂર આ કન્યાનું હરણ કરવું. પછી સઘળાને ઓળખીને ત્યાંથી ચાલ્યો. રસ્તામાં ઊતો જોતો ભોંયરા તરફ ચાલ્યો જાય છે પછી મીષ્ઠ મીઠાઈ, મેવા લઇ ભોંયરામાં અભિમન્યુને આવી મળ્યો. બે ભાઇએ ભેગા મળી ભોજન કર્યું. જમ્યા પછી મુખવાસ લીધા. ત્યાર પછી પોતાને આસને બેઠા વાતો કરવા લાગ્યા. ગટોરગચ્છે બનેલી સઘળી વાત પોતાના અભિમન્યુ ભાઇને કહી સંભળાવી. એમ કરતાં દિવસ વીત્યો. પહોર રાત્રિ ગઇ. તે વખતે ગટોરગચ્છ અભિમન્યુને કહે છે કે અરે ભાઈ, કાલે ગમ્મત કરવાની છે. અભિમન્યુ બોલ્યો, કેમ ભાઇ, એવી શી ગમ્મત કરશો ? ગટોરગચ્છ કહે, કાલે રાત્રિએ આવીને કહી બતાવીશ. સઘળા કૌરવ કાકાને ત્રાહ ત્રાહ પોકારાવું તો જ ખરો. આપણું ધન તેણે હરી લીધું છે માટે તેનું ધન હરણ કરું તો જ મને તારો ભાઇ જાણજે.

એમ કહી પોતે ભોંયરાની બહારનીકળવાતૈયારથયો. અભિમન્યુ કહે, અરે વીરા, અત્યારે ક્યાં પધારશો ?ગટોરગચ્છ બોલ્યો, ભાઈ, ધીરજરાખોચિંતા ન કરો. હું તમારી સમીપમાં જ છું. કાલે રાત્રે આ વખતે હું આવીશ. એમ અભિમન્યુને સમજાવીને ભોંયરાની બહાર નીકળ્યો. ને એક મેદાનમાં ગયો તેર વખત ત્યાં પોતાના કેશ છોડીને શીશ પથ્થર સરસું પછાડયું એટલે જુ જુ જેવડા તેર હજાર જીવ ખરી પડયા. તે જીવોને પૃથ્વીતથાપવનનોસ્પર્શ થવાથી દૈત્યો ઉત્પન્ન થયા. તેમાંથી હજાર દૈત્યના મોટા હાથી બનાવ્યા. એક હજારનાં ઊંટ બનાવ્યા, એક હજારને ઘોડા બનાવ્યા. એપ્રમાણે હાથી, ઘોડા ને ઊંટ ત્રણ હજાર અસુરોના બનાવી દીધાં. પછી ત્રણ હજાર અસુરોની ત્રણ હજાર સાંકળો કરી. એકેકી સાંકળે એકેકું પશુ બાંધ્યું. જુજવી જાતની જુદી જુદી ઓળ્યો ઊભી રાખી. પછી ત્રણ હજાર રાક્ષસોના ત્રણ હજાર મનુષ્ય બનાવ્યા, એટલે એક એક જાનવર પાસે એકેક માણસબેસી ગયો. બેસાડવાનું કારણ એટલું જ કે જાનવર વશમાં રહે તેથી કરીને તોફાન કરી શકે નહિ. ત્રણ હજાર પશુને ખાવા માટે ત્રણ હજાર રાક્ષસોની ઘાસ બનાવી દીધી. એ પ્રમાણે બાર હજાર દૈત્યો બરોબર વિવેક વડે વેગ કરી વાવરી દીધા, પછી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એકહજાર દૈત્યો બાકી રહ્યા તેમાંથી ત્રણસેંનો જરીયાનનો તંબૂ બનાવી દીધો. તેના ઉપર એક સોનાનું શિખર મૂકયું, તેમાં હીરા ટાંગ્યા. ત્યાં ફરતી મોતીની ઝુલ મૂકી દીધી. લીલમો ળળકી રહ્યાં છે અને રત્ન ચળકી રહ્યાં છે. એવું બનાવ્યું છે કે જો કોઇ માણસ જુવે તો તરત મોહ પામે. વળી સો રાક્ષસોનું તંબૂમાં મોટું સિંહાસન બનાવ્યું: સો દૈતોનાચોપડા બનાવ્યા. સો અસુરોના મહેતા બનાવી દીધા. તે મહેતા એવા બનાવ્યા, કોઈ પણ કપટ કરી ન શકે. સઘળાની પાસે ખડીઓ, કલમ, સીસાપેન વિગેરે મૂકી દીધાં. મહેતા પોત પોતાના ચોપડા લખ્યા કરે છે. ત્રણસેંના પેરાદાર બનાવ્યા, તેઓ સઘળા બહાર ઊભા ઊભા પેરા ભરે છે. પોતાના હાથમાંઆયુદ્ધો ધારણકરીને ચોકી કર્યા કરે છે. વળી સો અસુરોને અનુચર બનાવ્યા છે. તેઓ ખમ્મા ખમ્મા કરીને રાજાને ખુશી કરે છે. પંખાથી પવન નાંખીને ગટોરગચ્છને આનંદ પમાડે છે. કોઈ પાન આપે છે, કોઇ સોપારી આપે છે, કોઇ ચમ્મર ઢોળે છે, કોઇ પગ ચાંપે છે, કોઈ એવા છે કે ગટોરગચ્છ જે કહે તે હાજર કરી દે છે, એ પ્રમાણે પોતે સોળે કળાએ શોભવા લાગ્યો, પોતે પણ લીલી ટોપી, લીલી કફની તથા લીલો સૂરવાળ વિગેરે સુશોભિત વસ્ત્રો પહેરી લીધાં, પોતાની આકૃતિ ભયંકર અને કપરી આંખ કરી સોદાગર થઇને બેઠો. વહાણું વાયુ એટલે મેદાનની શોભા વધી ગઇ.

સર્વે વસ્તુઓ સુશોભિત દેખાવા લાગી. દ્વારીકાના દરવાજા ઉઘડયા એટલે ગામમાં વાત ચાલી. નગર બહાર કોઈ મોટો વહેપારી આવ્યો છે, તે જુદી જુદી જાતના જાનવરો લાવ્યો છે. તેના મનમાં એવું ધારીને આવ્યો છે કે આ નગરમાં દુર્યોધન રાજા જાનવરો ખરીદી શકે તેવા આવ્યા છે, માટે આવવું થયું છે, એવી વાર્તા બળદેવજીની સભામાં ચાલી, એવું સાંભળીને બળદેવજી હરખ પામ્યા. પોતે કૃષ્ણની પ્રત્યે હસીછે બોલ્યા, અરે શ્રીગોપાળ ? તમછે મારા સરખુ એકે વેવિશાળ મળ્યું નથી. ગૃહસ્થ વેવાઇનું નામ સાંભળીને મોટો સોદાગર આવ્યો છે. વળી પોતાની સાથે વેચવાને માટે ઊંટ, હાથી તથા ઘોડા પણ લાવ્યો છે. પ્રભુએ મનમાં જાણ્યું, ખરેખરો વહેપારી આવ્યો છે, માટે બળદેવજીને ચઢાવીને જાનવરો ખરીદ કરાવરાવું. એમ વિચારીને ગિરીધારી શ્રી કૃષ્ણ બોલ્યા, અરે મોટાભાઇ, વેચવા આવનારો સોદાગર કરમનો કુટેલો હશે, કારણ કે એનાં જાનવરો કોઇ ખરીદવાનું નથી,તેથીતેનોફોગટ ફેરો પડશે, એનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સઘળો શ્રમ મિથ્યા જવાનો છે. હું તમારા વેવાઈને ઓળખું છું. છત્રપતી દુર્યોધન નાદારનો નાદાર છે. ચામડી તોડે પણ દમડી ન છોડે, એવો તે પૂરણ મખીચુસ છે. જીવનો એવો તો કંજૂસ છે કે એક પાઇ પણ ખરચી શકે તેવો નથી, એવું સાંભળી બળદેવજીને ખોટું લાગ્યું. અરે કૃષ્ણ, તું જરા વિચારીને બોલ, શું મારો વેવાઇ નાદાર છે? હું તારા મુમત ઉપર જાનવર તેમની પાસે ખરીદાવીશ, પછી તારું બોલેલું તારા મોંમાં રહેશે. પ્રભુજી બળદેવજીને કહે છે, હળધારી તમે તમારી જાતે કહેવા માટે જશો નહિ; કારણ કે તમારું બોલેલું તે પાપી કબૂલ કરવાનો નથી. અને જો કબૂલ નહિ કરે તો તમને માઠું માગશે; છેવટે તમે પસ્તાઇને નિસાસો નાંખશો. એવું સાંભળીને હળધારી કહે છે અલ્યા, હવે તારા મુમત ઉપર જાનવરો લેવરાવું. તું ઘણો જ અદેખો છે, તારા મનમાં એવું પાપ છે, જો બળદેવજીનો વેવાઈ જાનવરો ખરીદશે તો હળધારીની આબરૂ વધશે, લોકો એમ કહેશે, હળધારીએ કેવો ગૃહસ્થ વેવાઇ શોધી કાઢયો છે. તેં ભિખારી વેવાઈઓ શોધી કાઢયા છે, તેવા અમારે નથી. એવું સાંભળીને શ્રીહરિ કહે છે, જરા આબરૂમાં બેસી રહો નહિ તો હમણાં લેવાઇ ગયેલા મોંઢે પાછા આવશો. એ પ્રકારે પ્રભુએ બળદેવજીને ચડાવીને મોકલવા સારુએવાં વચનો કહ્યાં એટલે હળધારી તુરત ઊભા થયા અને મુમતમાંને મુમતમાં જાનીવાસેગયા. હળધારીને આવતા જોઈએ દુષ્ટ દુર્યોધને માન આપીને આસન આપ્યું. કૌરવોએ બળદેવજીને અતિશય પ્રેમ બતાવ્યો. પછી દુર્યોધને પૂછયું, અરે વેવાઇ કેમ પધાર્યા છો? બળદેવજી કહે છે, તમારું નામ સાંભળીને એક મોટો વહેપારી આવ્યો છે. તેમની સાથે વેચવા માટે ઊંટ, હાથી, ઘોડા, વિગેરે લાવ્યો છે; તેથી અમારી સભામાં તમારાં વખાણ થયાં તે સાંભળીને મારો કૃષ્ણ ઝાંખો પડી ગયો અને અદેખાઈથી એવું બોલી ઊઠયો, દુર્યોધન તો નાદાર છે, એ બિચારો શું જાનવરને ખરીદશે? એમ તમારી ચેષ્ટાળી કરી માટે તમે એકદમ તૈયાર થઇને જાઓ, અને તમારા ટેકને માટે જાનવર ખરીદીને પાછા વહેલા આવો, જેટલી કિંમત માગે તેટલી આપીને પણ જાનવરોને ખરીદો.

એવું સાંભળીને દુષ્ટ દુર્યોધન કહે, તમે ઘેર પધારો હું હમણાં જઇને ઝપાટામાં ખરીદી લાવું છું. એજ કૃષ્ણને ઝાંખો પાડું ત્યારે ખરો, એમ કહી બળદેવજીને ઘેર મોકલ્યા, પાપી દુર્યોધન જ્યાર થયો. પછી સઘળા કૌરવોને કહેવા લાગ્યો, અલ્યા ભાઈઓ, નગ્ર બહાર એક સોદાગર આવ્યો છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેની પાસે જાનવરો ખરીદવા જઈએ. અરે શકુની મામા તમે એકદમ ઉભા થઇ તમારાં વસ્ત્ર પહેરી લો.દુશાસ ન ભાઈ, તેમ પણ તમારાં આભૂષણો સજી લો. કર્ણ વીરા તમે પણ જ્યાર થાઓ, આપણે સઘળા વહેપારીની પાસે જઇશું એટલે વેવાઇનુ મન આનંદ પામશે. એમ કહીને ચાર જણાએ વસ્ત્ર શણગારો પહેરી લીધાં, પછી ચારે જણા રથમાં બેસીને જોવા માટે ચાલ્યા.

છકેલા કૌરવો ધનના અહંકારમાં નગ્નની બહાર નીકળ્યા,પોતાના મનમાં જાનવરોખરીદવાનીટેકધારણ કરીને બાગના મેદાનમાં જવાલાગ્યા,એટલેઊંટ, હાથ, ઘોડા, વિગેરે નજરે પડવા માંડયાં. દુર્યોધન કહે, મામા,જરાજુઓ તો ખરા, આપણુને મોહ ઉત્પન્ન થાય એમાં શી નવાઇ ? આ સોદાગરના હાથી જેવા આપણા ઘેર હાથી નથી. મામો કહે, આપણા ઘેર ઘણો પૈસો બચ્યો છે. તમામ જાનવરો ખરીદી લો, પણ અત્યારે આપણી પાસે રોકડા પૈસા નથી. ધન દોલત હસ્તિનાપુરમાં છે. દુર્યોધન બોલ્યો, અરે, મામા, શા માટે ગભરાવ છો ? છત્રપતીના નામે વહેપારી સઘળો માલ ઉધાર આપશે. જેમ જેમ નજદીક આવતા જાય છે, તેમ તેમ દુર્યોધનખુશી થતો જાય છે. પાપી બોલ્યો, અરે શકુની મામા,આ સઘળાં જાનવરો આપણાલાયક છે, આપણા સિવાય આ જાનવરોને કોઇ ખરીદી શકે તેવા નથી. એમ વાતો કરતા જાય છે એટલામાં ગટોરગચ્છનો તંબૂ નજરે પડયો. એટલે દુષ્ટ દુર્યોધન કહે અરે મામા ? આવો હું ધનાઢય છત્રપતી છું પણ આ સોદાગરના જરીયનના તંબૂ જેવો તંબૂ મારે ઘેર નથી, એ પ્રમાણે ગટોરગચ્છની સાહ્યબી જોઇને વિસ્મય પામી ગયા. ચારે જણા રથમાંથી નીચે ઉતર્યા. મનમાં વિચારે છે, આપણે તો સોદાગરની પાસે જઈને જ ઉભા રહેવું, મામો કહે, અરે ભાણીઆ ?તું તો છત્રપતી છે માટે કોઇ રોકી શકનાર નથી.તારાદાબના લીધે અમે પણ તારી જોડે ચાલ્યા આવીશું. દુર્યોધન ફુલાઇને બોલી ઉઠયો, અરે મામા? તમારે બિલકુલ ગભરાવું નહિ? ચારે જણા રથમાંથી ઉતરી એક એકની આંગળી ઝાલી તંબૂ તરફ ચાલ્યા. જ્યાં ડેરા તંબૂમાં પ્રવેશ કરવા જાય છે, તેવા જ સેવકોએ રોકી રાખ્યા.નોકરોએ કહ્યુ અમારા શેઠની રજા આપ્યા સિવાય તંબૂમાં પેસવાનો હુકમ નથી. અરે મૂરખો, રજા લીધા સિવાય ચાલ્યા જતા શરમ નથી આવતી ? તમે કોઇ નીચ જાતી હો તેવુ લાગે છે. શકુની મામો કહે, આ તો ચોરાશી હજાર દેશના છત્રપતી દુર્યોધન મહારાજા છે. સેવકોએ કહ્યું, ચાલ, ચાલ, છત્રપતી છે તો તેના ઘરનો, શેઠની આજ્ઞા વિના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તંબૂમાં પ્રવેશ કરશો તો માર ખાઇ બેસશો, એમ કહીને ચારે જણને ઊભા રાખ્યા. એક સેવક ગટોરગચ્છને પૂછવા ગયો, અરે મહારાજા! આપને મળવા માટે છત્રપતી દુર્યોધન આવ્યા છે, એવું સેવકનું બોલવું સાંભળીને ગટોરગચ્છ કહે, તેમને આવવા દો, સેવક સલામ કરીને બહાર આવ્યો પછી ચારે જણને કહ્યું, હવે તમે ખુશીથી તંબૂમાં પધારો એટલે ચારે જણા ડેરા તંબૂમાં ગયા. ગટોરગચ્છ પોતાનું મોં આડુ કરીને બેસી રહ્યો છે. ચારે જણા ગટોરગચ્છનો ભપકો જોઇ ભય પામી આવકાર વિના નીચે બેસી ગયા. પછી ગટોરગચ્છ હસીને સામુ જોયુ. ચારે જણને માયાવીએ પૂછયું, અલ્યાભાઇઓ તમે પાંડવમાંના હશો? દુર્યોધન કહે, અરે મામા, આ તે શું કહેવાય? હું આવો છત્ર પતી છું છતાં મારુ નામ કોઇ જાણતું નથી અને પાડવો ભિખારી થઈ નાસી ગયા છે છતાં તેમને લોકો સંભારે છે. એટલે ગટોરગચ્છ પ્રત્યે શકુની મામો બોલી ઊઠયો, પાંડવો તો નિર્ધન બની વનમાં ભટકયા કરે છે. તેમને અન્નવસ્ત્રના તો ઉધારા પડયા છે. એમની બહુ જ દુર્દશા થઈ છે. આ તો સહુના શિરોમણી ચોરાસી હજાર દેશના છત્રપતી દુર્યોધન મહારાજા છે. આ છત્ર પતીના તોલે કોઇ પણ રાજા આ દુનિયામાં નથી. એ પ્રમાણે પ્રપંચથી શકુની મામાએ પોતાના ભાણીઆ દુર્યોધનનાં વખાણ કર્યા. એ સાંભળી દુર્યોધન તો કુલાઇ ગયો: પોતાના મનમાં અભિમાન લાવીને કહે છે. વાહ, મારી કેવી આબરૂ છે, વળી હું કેવો ધનવાન મહારાજા છું, તેમજ કૃષ્ણજી તથા બળદેવજી જેવા મહા બળવાન મારા વેવાઇ થાય. ધન્ય છે મને. મારા માતાપિતાનું પણ મોટું ભાગ્ય હશે, જેથી કરીને મારો જન્મ તેમના ઘેર થયો. એ પ્રમાણે પાપી દુર્યોધન મિથ્યા અભિમાન ધારણ કરીને વિચારો કર્યા કરે છે.

પાંડવોની નિંદા સાંભળીને ગટોરગચ્છે મનમાં વિચાર કર્યો કે ખરેખર કૌરવો અમારા દુશ્મન છે, હશે પણ અમારે પ્રભુનો આધાર છે. એ પાપી લોકો અમારુ બુરુ તાકે, પણ થોડે દિવસે તેમનું જ બુરું થશે. પછી પોતે ગુસ્સે થઇને પોતાના મહેતાઓને કહે છે, અરે આપણા વહેપારમાં વાંધો પડયો, આપણને ઘેરથી નીકળતા અપશુકન થયા હશે, તમે ઝટ પટ ચોપડા વિગેરે બાંધી લો આપણે પાંડવોને આવ્યા જાણી આનંદમાં ને આનંદમાં આંહી આવી ચડયા, પણ ખરેખર રાંડીરાંડ સામી મળી હશે, જેથી દુર્યોધન રાજા નીકળ્યો. આપણને ફોગટ ફેરો પડયો. તમે તમારા ચોપડા બાંધીને તૈયાર થઇ જાઓ. એ પાપી નાદાર દુર્યોધન આપણો માલ શું ખરીદી શકશે? હું તેને સારી પેઠે જાણુ છું. ચમડી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તોડે પણ દમડી ન છોડે એવો મખીચુસ છે. એનું મોં જોયું હોય તો ખાવા પણ ન મળે એવી તેની દુષ્ટ કરણી છે, એ આંધળાનો પુત્ર છે અને વળી એની મા ગાંધારી છે તે આખલાને પરણી છે. મારા હાથીની કિંમત વાયુનો પુત્ર ભીમસેન જાણી શકે, અશ્વની કિંમત અર્જુનજી તથા નીકુળજી બંને જણ જાણી શકે અને ઊંટની કીમત રાયકા તથા સહદેવજી જાણી શકે તેવા છે. આ કાળા મોંના કૌરવો તેમાં વળી નાદાર કંજુસ જીવનો દુર્યોધન મારા જાનવરની કિંમત શું જાણી શકે ? માટે ચોપડા બાંધીને આપણા ઘેર ચાલ્યા જઇએ.

એવું સાંભળીને દુર્યોધન ગટોરગચ્છના ભભકામાં દબાઈ ગયો. જેમ શિયાળ સિંહને જોઇને ગભરાઈ જાય છે તેમ દુષ્ટ દુરાચારી આંધળાનો પુત્ર ગભરાઈ ગયો. પછી શકુની મામો બોલી ઊઠયો, અરે વહેપારી, તમે જરા મારી વાત સાંભળી લો. પછી તમારે કરવું હોય તેમ કરજો. અમારી સાથે એક વખત કામ પાડી જુઓ, પછી તમને અમારી પરીક્ષા પડશે. અમારા ઉપર મહેરબાની કરીને વ્યાજબી કિંમત કરશો તો જે માગશો તે આપીશું. અમે કંઈ ભિખારી નથી. ચોરાસી હજાર દેશ અમારે ત્યાં ઢુકે છે, અમારે ધન દોલતની ખોટ નથી. દેશોદેશ અમારી શાખ ચાલે છે. એવું સાંભળીને ગટોરગચ્છ કહે બસ બકવાટ કરવો બંધ કરો. હું પૂછું એટલાનો જ જવાબ આપો. નહિ તો ધક્કા મારી બહાર કાઢવામાં આવશે. દુર્યોધન તો ગભરાઇ ગયો. ગટોરગચ્છ કહે, મારા હાથી ગજથી ભરાય છે હાથી જે પ્રમાણે ઊંચા હશે તે પ્રમાણે ઉંચાણનો ભાવ ભરાશે. તેની કીંમત એક એક ગજના પાંચ પાંચ હજાર રૂપિયા બેસશે એવું સાંભળીને દુર્યોધને શકુની મામા સામું જોયું શકુની કહે, હજી આપણે રૂપિયા કયાં આપ્યા છે. પાપી બોલ્યો, અરે મામા, હાથીએ તો ઘર વાલ્યું. શકુની કહે છત્રપતી બોલ્યા વિના ઊભા રહો નહિ તો ધક્કા મારી બહાર કાઢશે. અને જો તમને બહાર કાઢયા તો આખા નગ્રમાં તમારી આબરૂના કાંકરા થયા એમ જાણજો. વેવાઈ પણ જાણી જશે, દુર્યોધન તો બાયલો છે. માટે જરા મનમાં હિંમત રાખો. ગટોરચ્છ કહે. અલ્યા કહે, કેમ ગડબડ કરો છો ? દુર્યોધન બોલી ઊઠયો, અરે સોદાગર, તમે કિંમત કહે જાઓ. પછી ગટોરચ્છે કહ્યું, અશ્વોની તથા ઊંટોની ઉચક કિંમત એક એકના દસ દસ હજાર હશે. જો શુદ્ધ ક્ષત્રી હો તો માંગણીતાગણી કરશો નહિ. મામો કહે, છત્રપતિ ? આપણા ત્યાં ઘણા રૂપિયા છે માટે ખરીદી લો. જો નહિ ખરીદીએ તો બળદેવજીનું અપમાન કર્યું ગણશે અને કૃષ્ણ બડાઇઓ મારશે. માટે આપણે જરૂર જાનવરોને ખરીદવાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જોઈએ. એવું મામાનું બોલવું સાંભળીને દુર્યોધને કહ્યું, અમે કબૂલ છીએ. તમારો હાથી ભરવાનો ગજ લાવો,ગટોરગચ્છે ગજ લાવીને મૂકયા.એટલે કર્ણ રાજાએ હાથમાં લીધો. દુર્યોધન કહે, અમે અસત્ય નથી બોલતા માટે અમારા હાથે હાથીને ભરીશું.ગટોરગચ્છ કહે,બહુ સારું.દુર્યોધન કહે,જો તમને વહેમ આવતો હોય તોઅમારી સાથે જોવા માટેઆવો એટલે માયાવી ગટોરગચ્છ પાવડીઓ ઉપરચઢીને સાથેગયો.મહેતા મુસદ્દી સર્વેચોપડા લઇને ગયા,ગટોરગછ શેઠની સેવામાં સેવકો તથા છડીદારો હાજર રહ્યા,દુર્યોધન કહે,મામા,હું છત્રપતી છું તો પણ મારે આ સોદાગરના જેટલો ભભકો નથી મારા કરતાં હજાર દરજજે એનો ભભકો સારો છે. એ પ્રમાણે વાતો કરતા કરતા સર્વે જણા હસ્તિની પાસે આવીને ઊભા. મહેતા મુસદ્દી લોકો ચોપડા લઇને આગળ આવીને ઊભા.દુર્યોધન કહે, મામા, આ વહેપારીનો તો રાજાના રાજા મહારાજાના જેવો ઠાઠ છે. કર્ણરાજા ગજ લઇને ભરતો જાય છે. મહેતા લોકો રૂપિયાનો હિસાબ ગણતા જાય છે. જેમ જેમ કર્ણરાજા હાથીને ભરતો જાય છે તેમ તેમ મહેતાઓ ચોપડામાં આંકડા મૂકીને ભરતર બરોબર ચોકસ કરે છે. કર્ણરાજા ભરતાં ભરતાં જાણી જોઇને ઓછું ભરે છે એટલે ગટોરગચ્છ માયા વડે કરીને સોળ ગજનો હાથી વીસ ગજનો કરે છે. એ પ્રમાણે એ હજાર હાથી ભરી રહ્યા પછી અશ્વની તથા ઊંટોની ઉચક કિંમતની ગણતરી કરી દીધી. તેના ઉચક રૂપિયા બે કરોડ થયા અને હજારની કિંમત દસ કરોડ રૂપિયા થઇ. એ પ્રમાણે હાથી, ઘોડા તથા ઊંટ મળી બાર કરોડ રૂપિયાનો હિસાબ ગણ્યો એટલે માયાવી ગટોરગચ્છ બોલી ઊઠયો, અરે ખરીદનારા કૌરવો ? અમારા રૂપિયા ઝટ ચુકવી આપો નાંણાનો આંકડો ચોપડામાં તૈયાર મૂકી દીધો છે.

એવું સાભળી દુર્યોધન કહે, અરે વહેપારી ભાઈ? તમારું કીયું ગામ છે, કોણ દેશમાં તમે રહો છો ? તમારું નામ લખાવો. થોડા દિવસ પછી હુંડી કરીને રૂપિયા તમારા ઘેર પહોંચાડીશું. એટલે રક્ત લોચન ગટોરગચ્છ બોલા ઊઠયો,અમારે ઉધારનો ધંધો નથી.હાલને હાલ નાણાં ભરીને આપો.દુર્યોધન બોલ્યો, અમે પરદેશમાં આવ્યા છીએ.માટે તમને કહીએ છીએ.જરા વિવેક રાખો તો સારું. તમને માણસની પરીક્ષા નથી. હું છત્રપતી થઈને તમારા રૂપિયા ધાલી જઇશ ? અમે અત્યારે દીકરાની જાને આવ્યા છીએ,તેથી રૂપિયા સાથે લાવ્યા નથી. જો તમને વિશ્વાસ આવતો હોય તો હું તમને લખી આપું ગટોરગચ્છ કહે,તમે રૂપિયા નથી લાવ્યા,તેમાં અમે શું કરીએ ? અમારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તો હાલ રોકડા રૂપિયા જોઇએ. દુર્યોધન કહે, અત્યારે રોકડા નથી. અમારો જરા ભરોસો રાખો અને તેથી તમને અધિરી આવતી હોય તો રહેવા દો, અમારે તમારાં જાનવરો નથી ખરીદવાં. અમારે ઘેર જાનવરો છે તેમનાથી ચલાવશું. આ તમારો માલ ધર્યો રહ્યો. એવું સાંભળી ગટોરગચ્છ ક્રોધ કરીને બોલ્યો, જ્યારે નાણાં હાથમાં નહોતાં, ત્યારે શું જોઇને વેપાર કર્યો ? અમારા ચોપડા બગડાવ્યા ? તેમ અમને પુષ્કળ મહેનત આપી. અમારો વખત વ્યર્થ બગાડયો.

એમ કહી સેવકોને હુકમ કર્યો, અલ્યા, શું જોઈ રહ્યા છો ? ઝટ ઊભા થાઓ અને કાળો કેર કર્તાવો. આ ચારે દુષ્ટોને માર મારો અને તેમના હાથપગ બાંધી ઊંચે લટકાવો. એવું સાંભળીને ગટોરગચ્છના સેવકો કોપે ચડયા. ચારે દુષ્ટોને અવળા બાંધી દીધા અને ઉઘાડી તરવારે પેરા મૂકી નજર કેદ કર્યા. દુર્યોધન કહે, અરે મામા, તમે દ્વારીકાંમાં જાઓ અને ગૃહસ્થોના ઘેરથીખત ખાતા લખીને નાણાં લાવી આપો એટલે શકુની મામાએ અરજ કરી કે અરે માબાપ, અમારા ચારમાંથી એકને છોડો તો બહુ સારું. હું દ્વારીકાંમાંથી નાણાં લઈને આવતો રહીશ. ગટોરગચ્છે ચારમાંથી એકને છોડવાનો સેવકોને હુકમ કર્યો. એક સેવક ચારે જણ પાસે આવીને પૂછવા લાગ્યો, તમારે ચારમાંથી કોને છુટવું છે ? એટલે મામો કહે, મને છુટવા દો, હું દ્વારકામાં જઈને નાણાં લાવું છું. પેલા સેવકે શકુનીને છોડયો, મામો કહે, અરે છત્રપતી હું જાઉ છું. જો મને કોઈ નાણાં ધીરશે તો લઈને આવું છું નહિ તો મારે ને તમારે રામ રામ છે. એમ કહી શકુની મામો દ્વારીકામાં ગયો. ગૃહસ્થોને મેં માગ્યું વ્યાજ લખી આપી બાર કરોડ રૂપિયાથી રથ ભરી દીધા. જયાં મેદાનમાં છત્રપતી વિગેરેને નજર કેદ કર્યા હતા ત્યાં રથ ભરાવીને લાવ્યો. શકુનીએ ગટોરગચ્છને કરગરીને કહ્યું, અરે સોદાગર, તમારા રૂપિયા ગણી લઈ અમારા મહારાજા દુર્યોધનને નજર કેદ રાખ્યા છે, તેમને છોડી દો. ગટોરગચ્છે મહેતાઓને બોલાવ્યા. મહેતાઓએ રૂપિયાથ ચોક્કસ ગણી લીધા. પછી ત્રણ જણને બાંધેલા હતા તેમને છોડી દીધા. ગટોરગચ્છે કહ્યું, અલ્યા કૌરવો, તમે બરોબર વહેવાર સાચવ્યો. હવે તમને ઉધાર આપીશું, જેટલો માલ જોઇએ તેટલો સુખેથી લઈ જાઓ. પછી ત્રણ હજાર જાનવરો સાથે ત્રણ હજાર માવતને મોકલ્યા. માવતોને હુકમ કર્યો, જાનવરોને મૂકીને તરત પાછા આવજો. સેવકોએ કહ્યું, બહુ સારુ મહારાજા. પછી દુર્યોધન, શકુની, દુશાસન તથા કર્ણ રાજા ચારે જણા રથમાં બેસીને આગળ ચાલ્યા, જાનવરો માવત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાથે પાછળ ચાલ્યાં આવે છે દ્વારીકાંમાં જાનવરોને બરોબર બાંધ્યાં. સેવકો દ્વારીકામાંથી પાછળ ગટોરગચ્છ પાસે આવ્યા. જાનવરો ખરીદ્યાની વાર્તા બળદેવજીના કાને ગઈ, તે વખતે દીનાનાથ પ્રભુ બીરાજમાન હતા. એટલે બળદેવજીએ પ્રભુના સામે પોતાની મૂછો ઉપર હાથ નાંખ્યો, વળી પ્રભુને કહે છે કે જો અલ્યા; તું અદેખાઇથી કહેતો હતો કે દુર્યોધન નાદાર છે, પણ તમામ જાનવરોને ખરીદીને લાવ્યા છે. મારા વેવાઇને કોઈ પહોંચી શકે તેમનાથી એવું સાંભળીને પ્રભુ બોલ્યા, ભાઇ મોટા તે મોટા. એની તુલ્ય કોઇ દેખાતો નથી, પણ દિવસ કરતાં રાત્રે શોભા વધશે. એ પ્રમાણે દીનાનાથ મરમમાં બોલી ગયા; પણ બળદેવજી સમજ્યા નહિ. એમ કરતાં કરતાં રાત્રી પડી, પછી પહોર રાત્રી વીતી એટલે સર્વે નગરનું લોક શયન કરી ગયું ત્યારે ગટોરગચ્છે માયા વડે કરીને એક હજાર દૂતો બનાવ્યા. તેમાંથી પાંચસોના ટોપલા કરીને તેમાં નાણાં ભરાવી દીધાં. અસુરોએ માથે નાણાં ઉંચકી લીધા, ગટોરગચ્છ અસુરોને તેડીને ભોંયરામાં આવ્યો. અભિમન્યુએ આવકાર આપ્યો. એક ખૂણામાં નાણાંના ટોપલા ઠાલવી દીધા, એવું જોઇને અભિમન્યુ કહે આટલું દ્રવ્ય કયાંથી લાવ્યા ? આ નાણાં કોઇ દિવસ ખુટવાનાં નથી. ગટોરગચ્છે કહ્યું, અરે ભાઈ! આપણા દુષ્ટ દુરાચારી કાકાને લૂંટયો. એમ કહીને બંને ભાઈ-ઓએ ભેગું ભોજન કર્યું. એવામાં મધ્ય રાત્રી વીતી ગઈ એટલે ભીમનોપુત્ર બોલ્યો, અરે ભાઇ! હવે હું પાંછો દુઃખ દેવાને જાઉં છું. તમે તમારે નિર્ભયપણે રહેજો, હું કાલે રાત્રે આવીશ. એવું સાંભળીને અભિમન્યુ કહે, તમે હંમેશ જાઓ તે ઠીક કહેવાય, ગટોરગચ્છ કહે, આજનો દહાડો કાકીઓની સંભાળ લઈ આવું છું એમ કહીને ભોંયરાની બહાર નીકળીને બાગ બહાર જઈ માથાના કેશ છોડી ધુણવા બેઠો. એટલે એની માયા સંકેલવા માંડી.

ગામમાં ઘોડા, હાથી, ઊંટો વિગેરે બાંધ્યાં હતાં, તે ભોંય પડી આળોટવા લાગ્યાં. ઊંટ બરાડે છે, અશ્વ ચરણ પછાડે છે અને હાથી ત્રાડે છે. શોરબકોર સાંભળીને કૌરવો જોવા લાગ્યા, દુર્યોધન, દુઃશાસન વિગેરે પોકાર કરીને કહે છે કે અલ્યા, કોઇક ઉપાય કરો, નહિ તો મરી જશે. આખા ગામમાં હોકારો થવાથી લોકો જાગી ઊઠયા એટલે ગોવિંદજીહસીને કહે છે કે ચાલો બળદેવજીનો વેવાઇનો તમાસો જોવા જઇએ એમ કહીને જોવા પધાર્યા. માયાવી ગટોરગચ્છે જાનવરોના જીવ ખેંચી લીધા. જાનવરોના શરીરના ખોળિયાં પડયાં રહેવા દીધાં. ત્રણ હજાર જાનવરો મરણ પામવાથી પાપી દુર્યોધનના મનમાં શોક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉત્પન્ન થયો. અરેરે મારું ઘર ભિખારી થઈ ગયું. એમ કરી પોક મૂકી એટલે મામાએ દુર્યોધનને ગોદો મારી કહ્યું, મૂર્ખા છાનો રહે, જો તું બાયલાની પેઠે રડીશ તો આપણી કિંમત થશે. લોકો કહેશે કે જાનવરો માટે રડે છે, તેથી તેની પાસે બિલકુલ પૈસો નહિ હોય. એમ કહીને પાપીને છાનો રાખ્યો. પછી દુર્યોધને હળધારીને કહ્યું, વેવાઈ, જાનવરોને દાટવા માટે મીઠું આપો. કૃષ્ણજી કહે, અરે બળદેવજી, વેવાઇને જે જોઇએ તે આપો. બળદેવજી કહે, અરે કાળિયા' તું મશ્કરી કરવી મૂકી દે. હળધારીએ મીઠું આપ્યું. સેવકો પાસે મોટા ખાડાઓ ખોદાવ્યા, જાનવરોનાં ખોખાં ખાડામાં નાંખ્યાં. અને તેમના ઉપર મીઠું નાંખ્યું. માયાવી ગટોરગચ્છના મનમાં એવું છે કે દુષ્ટોને હરેક પ્રકારનાનુકશાનમાં ઉતારવા. તેથી તેણે એવી યુક્તિ રચી કે જેવાં ખોખાં ખાડામાં નાંખે છે તેવાંજ તે લોપ થઈ જાય છે. બધું મીઠું બગડયું. પછી કૌરવો સૌ સૌના સ્થળે ગયા.

દુર્યોધન પોકેપોક મૂકીને રડવા લાગ્યો, ભાનુમતી તેની પાસે આવીને ઠપકા દેવા લાગી. આવો ઊંધો વહેપાર કરજો. પછી સઘળાં સ્ત્રી પુરુષો મન વાળીને સૂઈ રહ્યાં. હવે દુષ્ટ કાકાઓને લુટયા તેવી રીતે સઘળી કાકીઓને લુંટું ત્યારે હું ભીમસેનનો પુત્ર ખરો, આ વખતે જુદો ખેલ ઊઠાવું, ત્યારે રમુજ આવશે. એમ નિશ્ચય કરીને દરવાજા પાસે આવ્યો. દરવાજાથી બે બાજુએ ઓળબંધ લાંબી દુકાનો બનાવી, સુંદિર સુશોભિત તંબૂઓ તાણી દીધા છે, જુદી જુદી જાતના વહેપારી કર્યા. તેમજ જુદા જુદા જાતના વહેપાર કરવાનું આદર્યું. મનુષ્ય પણ જુદી જુદી જાતના ઉત્પન્ન કર્યા. તેમાં ઘણા પુરુષોને મહેનતું બનાવ્યા અને ઘણાને માગી ખાનારા બનાવ્યા, કોઈને વહેપારી કર્યા છે, કોઇને ભિખારી કર્યા છે. એ પ્રમાણે કહેતાં પાર ન આવે તેવી યુક્તિ બનાવી દીધી. તેનું ટુંકમાં વર્ણન કરી બતાવું છું. કેટલાક વૈદ, પુરાણી, બ્રાહ્મણ, ભૈડા ભાટેલા, જોષી, વિદ્યાર્થી, મહેતા, કાયત, મુત્સદ્દી, ઝવેરી, સોની, ચોકસી જડીઆ, ચીતણીઆ, શેઠ, પટલીઆ, સલાટ, સુથાર, કડીઆ, ગાંધી, નેસ્તી, તંબોળી, પાટીદાર, વાણીઆ, સરૈયા, સાળવી, પટવા, ચપડીઆ, ખમાર, ખતરી, શ્રાવક, તાણીઆ, શણવી કુંભાર, લુહાર, કંસારા, રજપૂત, કોળી, ઘાંચી, મોચી, માળી દરજી, કંદોઈ, કાઠી, ગોલા, ધોબી, છીપા, ગળીયારા, કણબી, કાછીઆ, મારવાડી, ચુડઘર, અંધારા, ડોશી, વાણિયા, ઘાટી, દલાલ, ઘાંચજા, ભાટીઆ, ખાળ, ખાખરવાન, ખરાદી, કાસદ, વણઝારા, રાવળીઆ, ભોઇ ભીલડા, બગર, હલકારા, દુધારા, તવંગા, વાડીઆ, ગાડીવાન, વહેલવાન. દરવાન; સરવણ, મસ્તાન, પહેલવાન,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રંગારા, ચીતારા,વિંધારા, પખાલી,તુનનાર,ચોધારી,દાતણીઆ,વાઘરી, સાદ- ડીઆ, ચુનારા, આશેદાર, તારકસી, ચોર, ચાડીયા,જુગારી, બહારવાસીઆ, ઢીમ્મર ચમાર, બાજીગર,બજાણીઆ, ભાંડ, ભાટ,ભગૈયા,નટવા, નાચણીઆ, વાદી, ગાંધર્વ, ગઠૈયા, ફાતડા, હીજડા, ગુણકા, દેયણ, સેવડા, ઝલાલી,ઝંડા, ફકીર, જોગી, જતી, હલાલી, ભાવસાર, ભરવાડ, ભાડભુંજા, બુકસેલર, લેખ- ણીઆ,વૈદ્ય, ઘડવી, ચોવડીયા, વાંસફોડા, સારસ્વત, કાપડીયા, ખલાસ,ક્ષત્રી; બ્રહ્મક્ષત્રી નાગડા, બહુરૂપી, મધવાસી, છાપતીઆ, કઢીઆરા,કુંદીગરા, વળ- તણીઆ, વળાવીઆ,નાણાવટી, પરમહંસ,ઉદાસી,સંન્યાસી,બ્રહ્મચારી,ભગત, ગોંસાઈ,તપેશ્વરી,વૈરાગી,મુનિ,કાનફાટ, પવાઇ,તેલી,ખાખી એ પ્રમાણે અનંત જાતો બનાવી છે.વધારે વિસ્તાર કરીએ તો વખત વીતીજાય માટે ટુંકું સમજીલેજો.

હવે રાત્રિ:વિત્યા પછી વહાણું વાયું, એટલે દરવાજા ઉઘડયા. ગામમાં એવી વાત ફેલાઈ કે આપણા દરવાજા ભહાર છત્રપતીનું નામ સાંભળી પર- દેશી લોકો આવ્યા છે. તેઓએ દુકાનો બનાવી જુદી જુદી જાતના વહેપાર માંડયા છે.હવે ગટોરગચ્છ એ દુકાનમાં શણગાર તથા અમૂલ્ય વસ્ત્ર વેચવા બેઠો. સોળ શણગાર તથા ચણિયા,ચોળી,કપડાં વિગેરે અમૂલ્ય શણગારે તૈયાર કર્યા છે. એકેક સ્ત્રી માટે એકેક પોશાક જુદી જુદી ખીંટીએ ભેરવીને તૈયાર રાખ્યો છે. સર્વ કરતાં પોતે મોટો વહેપારી બન્યો છે.અંતર્યામી પ્રભુનું તો કંઈ અજાણ્યું નથી. અભિમન્યુ ઉપર પોતાની પરીપૂર્ણ કૃપા છે.તેથી પોતે કૌરવોની સ્ત્રીઓને ઘાટ ઘડાવવા મહેલમાં પધાર્યા.એકસોને આઠ પટરાણીઓનેપોતાની પાસે બોલાવી તેમને સમજાવ્યું કે તમે સઘળા વસ્ત્ર પહેરીને જાનીવાસે જઇને કૌરવોની સ્ત્રીઓને ફુલાવીને દરવાજા બહાર લઇ જાઓ. પછી એમની પાસે થોડું ઘણું વહેરાવજો.તમારામાંથી કોઇ બહારની ચીજ લાવશે તો હું ઘરમાં પેસવા દેવાનો નથી. પ્રભુએ એવી આજ્ઞા આપી એટલે સઘળી સ્ત્રીઓએ વસ્ત્ર શણગાર પહેરવા માંડયા. પછી સઘળા એકઠાં મળીને સ્ત્રીઓના જાનીવાસે ગયાં.દુર્યોધનની સ્ત્રી ભાનુમતીએ તેમને હેત આણીને બોલાવ્યાં. રૂક્ષ્મણીને પોતાની પાસે બેસાડયાં પછી પૂછવા લાગ્યાં, અરે શ્રીકૃષ્ણની પટરાણી ? કેમ પધાર્યા છો ? એટલે રુક્ષ્મણીએ જવાબ આપ્યો.જગતમાં ભાગ્યશાળી સ્ત્રી તમારા તુલ્ય કોઈ નથી. તમારા પતિને ધનવાન જાણીને દરવાજા બહાર કોઇ પરદેશી વેપારી માલ વેચવા આવ્યા છે સુંદિર દુકાનો માંડી છે. તે સઘળું જોવા જવાનો માટે અમે વસ્ત્ર પહેરીઓઢીને આવ્યા છીએ. તે સાંભળીને ભાનુમતી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કુલાઇ ગઇ. રુક્ષ્મણીને કહે છે કે અરે વેવાણ ? તમે તે વાત હજી હવે જાણો છો ? મારા ધણીને તો આખી દુનિયા જાણે છે. એમની સાથે મનુષ્યોની મેદની ફર્યા કરે છે. અમારા જેવા ધનવાન પૃથ્વીમાં કોઇ નથી, આજકાલ દુનિયામાં અમે ગૃહસ્થ કહેવાઇએ છીએ, અમારા ચર્ણ નીચે લક્ષ્મી અથડાયા કરે છે. બધો પ્રતાપ મારો છે. મારા આવ્યા પહેલાં છત્રપતી ભિખારી હતા. જ્યારથી હું પરણીને આવી ત્યારથી હસ્તિના પુરમાં લીલાલહેર થઈ છે.

એવું સાંભળીને પ્રભુની પટરાણીઓ ખુશ થઇ ગઇ.તેમાં સત્યભામા તથા રુક્ષ્મણીજીનો વિચાર એવો છે કે ભાનુમતીને બરાબર ટકાની ત્રણ શેર કહેવરાવાવી. પછી રુક્ષ્મણીજી કહે છે કે તમે વસ્ત્રશણગાર સજી લ્યો તો આપણે બજાર જોવા જઇએ. કૌરવોની સ્ત્રીઓએ શણગાર સજી લીધા. એટલે રુક્ષ્મણીએ કહ્યું કે હવે તમારા પતિની આજ્ઞા માંગીને ચાલો; ભાનુમતી કહે; અરે વેવાણ, અમારા ઘરમાં ધણીને પૂછીને વાત કરવાનો ધારો નથી. શું કંઈ ધણીનાં દબેલાંછીએ ? એમના બાપનાં ઓશિયાળાં નથી.જ્યારે એમને બહાર જવું હોય છે ત્યારે મને આવીને પૂછે છે,મને પૂછયા વિના પાણી પીતા નથી. રાત દિવસ મારા વશમાં રહે છે. મને પૂછયા વિના કાંઇ કામ કરે તો તેમની ધુળ કહાડી નાંખું. રુક્ષ્મણી કહે, ભલે બાઇ, ભલા તમારા પતિ સાંખે છે, અમે તો અમારા પતિને પૂછયા વિના કંઈ કરીએ તો ચામડી ઉતારી નાંખે છે ભાનુમતી બોલી,અરે રુક્ષ્મણી,તમે શા માટે ડરો છો ? એ વિચારા કૃષ્ણથી શું બનવાનું હતું ? જો મારા પતિ મને ટુંકારો કરે તો બે મણની ગાળ આપું છું. પ્રભુની સ્ત્રીઓએ ગાંઠ વાળી કે અરે પ્રભુ, આ ભાનુમતી શું બોલે છે ? કોઇ ખાનદાનની પુત્રી જણાતી નથી. ખરેખર આ તો નીચ છે, પોતાના પતિને તુચ્છ કરી કાઢે તે જ કપુતની પુત્રી સમજવી.રુક્ષ્મણીજી કહે છે, ધન્ય છે તમને તમે બહુ જ ભાગ્યશાળી છો,કારણ કે તમારુ ધાર્યું થાય છે,એટલે રાણીકહે,હું જુઠું બોલતી હોઉં તો મારી મામીજીને પૂછી જુઓ.મારા ઘરમાં મારા પતિથી પાંદડું સરખું પણ હાલી શકતું નથી. એમ કહીને વસ્ત્રે પહેરી લીધાં, શણગાર સજીને એકસોનેછ સ્ત્રીઓ જાનીવાસની બહાર નીકળી. સો ભાઇનીસો સ્ત્રીઓ અને છ કારભારીની છ સ્ત્રીઓ કુલ એકસોને છ તથા પ્રભુની પટરાણીઓ સર્વે એકઠી મળીને નગરની બહાર બજાર જોવા વાતો કરતી કરતી આવી તો બજાર વસ્ત્રો તથા છણગારથી ઝળઝળ શોભીરહ્યુંછે,ભાનુમતી કુલાઇને બોલી કેજુઓ પ્રભુની પટરાણી, મારા ધણીના નામની કેટલી મંડાણી છે? રુક્ષ્મણી કહે,તમારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધણીના નામની બહુ મંડાણી છે. રુક્ષ્મણીજીનું આવું મર્મનું બોલવું શંખણી રાણી બિલકુલ સમજતી નથી. અહંકારમાં છકી ગઇ છે. જેમ કાગની દૃષ્ટિ વિષ્ટા ઉપર હોય છે. તેમ ભાનુમતી અહંકારમાં છે. પછી બજાર જોતાં જોતાં ગટોરગચ્છની દુકાને આવ્યાં. ગટોરગચ્છ વાટ જોઇને બેઠો હતો. તેવામાં ભાનુમતી આવી પહોંચી. દુકાનમાં વસ્ત્ર શણગાર ખીંટીએ ભરાવેલા જોઈ ભાનુમતી ખુશી થઈ ગઇ. ભાનુમતી સર્વના આગળ થઇને ગટોરગચ્છને પૂછવા લાગી કે આ તમારા શણગાર તથા વસ્ત્રની શી કિંમત પડે છે? ગટોરગચ્છ બીજી ભાષામાં બોલવા લાગ્યો કે તમારા વસ્ત્ર આભૂષણ મૂકીને અમારા વસ્ત્ર આભૂષણ પહેરી લ્યો. એવું સાંભળી ભાનુમતી ખુશી થઇને રુક્ષ્મણી પ્રત્યે બોલી કે અરે વેવાણ! આ વહેપારી તો આંધળો છે, એના અમૂલ્યવસ્ત્ર શણગાર આપી દે છે. માટે ખરેખર તમે પણ પહેરી લ્યો. ભુલશે તેના ભોગ. જેનું કુટેલું નસીબ હશે તેને પહેરવાનું સુજશે નહિ, પછી રાણીએ ગટોરગચ્છને પૂછયું, અરે ભાઇ! તમારે આમ કરવાનું શું કારણ છે? ગટોરગચ્છ કહે, અમારા દેશની સ્ત્રીઓ તમારા શણગાર માગે છે માટે તેમને માટે આટલી બધી ખોટ ખાઇને અમારે લઈ જવાની જરૂર છે. તમારું નસીબ ઘણું શ્રેષ્ઠ છે, તેથી તમને હું મળ્યો છું જેને જેટલું પહેરવું હોય તેટલું પહેરી લ્યો. ભાનુમતી સર્વ કૌરવોની સ્ત્રીઓને પહેરી લેવા આજ્ઞા આપી. રાણી કહે છે. અરે રૂક્ષ્મણીજી! આપણા કરતાં આ સોનાનો દાગીનો કેવો ભારે છે? મોતી પણ ઘણાં જ અમૂલ્ય છે. અરે બાઇ, આવો યોગ ફરી મળવો મુશ્કેલ છે. સત્યભામા કહે, ઉઘાડો નફો ભુલશે તેના ભોગ. ભાનુમતી કહે છે, તમે અને અમે સઘળાં બદલી લઇએ; એવું સાંભળી પ્રભુની પટરાણીઓ બોલી ઊઠી, અમારા ઘરમાં અણસમજુ ઘણી છે તેથી અમને તેમની બીક લાગે છે. આ નફો છે કે નુકશાન છે એવું જરા પણ સમજી શકતા નથી. ભાનુમતી કહે, ભોગ ભવીશના

એમ કહી સઘળી કૌરવોની સ્ત્રીઓ દુકાનમાં આભૂષણો બદલવા પેઠી ગટોરગચ્છ કહે; અરે બાઇઓ, તમામ આભૂષણો બદલી લેજો, કોઈ પણ શણગાર તમારી પાસે રાખશો નહિ. મારો નવો શણગાર પહેરીને આનંદ કરો. ભાનુમતી કહે, એમાં તમે શું કહેશો, અમે કંઈ વરખોયાં નથી. એમ કહીને સઘળાં પટકુળ બદલી લીધાં, કૌરવોની સ્ત્રીઓએ વાલની વીંટી ધરાધરી પણ બદલી લીધી. ભાનુમતી કહે, અરે જાંબુવતીજી? હું કેવી દેખાઉં છું? સત્યભામા કહે છે; એમાં શું પૂછો છો? તમારી છબી સાક્ષાત લક્ષ્મીજી જેવી બની છે. એ પ્રમાણે વાતો કરતાં કરતાં ગામમાં ગયાં, કૃષ્ણ પ્રભુની સ્ત્રીઓ પણ પોતપોતાને ઘેર ગઇ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પ્રભુએ પોતાની સ્ત્રીઓનેસમાચાર પૂછયા. સત્યભામા કહે, કૌરવોની સ્ત્રીઓએ તો વસ્ત્ર શણગારનો બદલો કર્યો. પેલી કૌરવોની સ્ત્રીઓ પોતાના સ્વામીઓને લાભ બતાવવા માટે જાનીવાસે ગઇ, છત્રપતી કહે અરે ભાનુમતી ? મને આજ વહેમ પડયો છે, તમારું શરીર ઇંદ્રાણી સરખું કેમ શોભી રહ્યું છે ભાનુમતી કહે અમારાં વસ્ત્ર શણગાર તપાસી જુઓ, તમારા જેવાં નથી કે ઊંધા વહેપાર કરીએ, તમે હાથી, ઘોડા, ઉંટ વિગેરે ખરીદી લાવ્યા હતા, તેમાં શુ લાભ મેળવ્યો ? જુઓ આજ અમે એક વહેપારીને છેતરી આવ્યાં. દુર્યોધન કહે, જુઓ મામા, ભાનુમતિ કેવી પક્કી છે! મામો કહે છે, તારી મામી કયાં કાચી છે ? એમ નારીઓનાં વખાણ કરવાલાગ્યા. પછી સ્ત્રીઓ પોત પોતાના સ્થળે ગઇ. એવામાં પહોર રાત્રી વીતી એટલે સર્વે શયન કર્યું. નગરના સઘળા દરવાજા બંધ થઇ ગયા. માયાવીએ માયા મેલીને સઘળુ હજાર લોપ કરી દીધું પછી માયા વડે બસે દૈતો બનાવ્યા. તેમાંથી સો દૈતોના સો ટોપલા કર્યા. તેમાં નારીઓના ધુતી લીધેલા દાગીના ભર્યા. સો દૈતોના માથે ચડાવીને સઘળું દ્રવ્ય બાગમાં લાવ્યો. સઘળું દ્રવ્ય ભોંયરામાં લઇ ગયો જ્યાં બાર કરોડ રૂપિયાનો ઢગલો માર્યો હતો, તેના સામે આ વસ્ત્રશણગારોનો ઢગલો કરાવ્યો.

અભિમન્યુ હસીને કહે છે, અરે ભાઇ, આ દ્રવ્ય કયાંથી લાવ્યા ? ગટોરગચ્છ કહે છે અરેવીર સઘળીકાકીઓને લુંટી એમ કહી ભેગા બેસીનેભોજન કર્યું બંને ભાઇએ હસી હસીને વાતો કરી એવામાં મધ્યરાત્રિ વીતી ગઇ, ગટોરગચ્છ કહે, હું બે ઘડી બહાર જઇને કાકીઓને નચાવીને આવતો રહીશ, મારી ચિંતા કરશો નહિ. નિર્ભયપણે બેસી રહેજો. એમ કહીને બહાર આવ્યો. પછી માયાવી મસ્તકના કેશ છુટા મૂકી ધુણવા લાગ્યો. કૌરવોની સ્ત્રીઓનાં ચીર, ચણિયા તથા ચોળી લોપ કર્યાં, ફક્ત શણગાર રહેવા દીધા. માયાવીએ માયા રચીને શણગારના ભયંકર જંતુ બનાવ્યા. ચીતાકોની ચાકરણો બનાવી. કલ્લાંના કાળા નાગ બનાવ્યા, સાંકળના સર્પ બનાવ્યા. દામણીના કાનખજુરા શરીર ઉપર ફર્યા કરે છે, મોતીના મંકોડા થઇને ચટપટ ચટકા ભરે છે. વાળીના વીંછુ, પાંદડીના વંદાઝીણાં મોતીનીકીડીઓ. ચુડીઓની ચંદન ઘોયો. આ સઘળાજંતુઓ સ્ત્રીઓના ત્રાસ પમાડવા લાગ્યા. કાળીગાંઠીની કાળી નાગણો, તુસીની કાળી તનસો એ સર્વે શરીર દોડાદોડ કરીને ચટકા ભરે છે. તેથી આખી જાન બૂમો પાડતી જાગી ઉઠી, કોઇના શરીર ઉપર સૂતરનો તાર સરખો પણ નથી. સર્વ સ્ત્રીઓ ભયંકર જંતુઓને દેખીને પોકો મૂકે છે, તે સાંભળીને આખા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નગરનું લોક જાગી ઊઠયું. શ્રીકૃષ્ણજી પણ જાગીને ખુશી થયા છે. પ્રભુ કહે, અરે ભાઇઓ, જઈને તપાસ કરીએ. એટલે સર્વે લોકો જોવા માટે ગયા. અંધનો પુત્ર સઘળા ભાઇઓ સહિત જોવા આવ્યો. સર્વે પૂછે છે કે અંદર ભૂત ભરાયું છે કે શું ? પગમાં આડા અવળા વાંકાચુંકા સર્પ વીંટાયા છે, તેથી ત્રાસ પામીને સ્ત્રીઓ બૂમો પાડે છે. અબળાઓ ઊંચી નીચી થઇને કુદે છે, પોતાની માર્યે જેવી જણી હતી ને પ્રમાણે બની ગઇ છે. બહારથી છત્રપતી દુર્યોધન બૂમો પાડે છે કે અરેરંડાઓ ? દ્વાર ઉઘેડો શું વિઘ્ન આવી પડયું છે ? તો પણ કોઇસ્ત્રીઉત્તર આપતી નથી. પોતાના દુઃખમાં ડુબી ગઇ છે. તેથી કોઇનું બોલવું પણ સાંભળતી નથી. સઘળી સ્ત્રીઓ છુટે કેશે ભૂતડીઓની માફક કૂદે છે. ચાર ઘડી કુદાવી માર્યા પછી પોતે વિચાર્યું, હવે ઘણું દુઃખ દીધું છે, માટે બંધ કરું તો ઠીક.

એમ ધારી ગટોરગચ્છે માયા સંકેલવાનો નિશ્ચય કર્યો. દુર્યોધન, દુઃશાશન તથા શકુની બહાર ઊભા ઊભા ઘાંટા કાઢીને બોલાવે છે. ગટોરગચ્છે ધુણવાનું બંધ કર્યું એટલે સઘળા ઉત્પન્ન થયેલાં જંતુઓ લોપ થઈ ગયા. જીવડાઓનાં લોપ થઇ જવાથી સૌને ભાન આવ્યું અને તેથી મનમાં ધીરજ રાખીને શરમમાં ટોળેટોળાં એકઠાં મળી ખૂણેખૂણે બેઠી. તેમાંથી એક સ્ત્રીએ અદ્ધબોલે બારણે જવાબ આપ્યો અમારી પાસે સૂતરનો તાર પણ નથી, માટે અમને વસ્ત્ર આણી આપો. પુરુષોની પાસે ધોળાં વસ્ત્ર હતાં તે સઘળી સ્ત્રીઓને આપ્યાં, એટલે કૌરવોની સ્ત્રીઓ ધોળાં વસ્ત્ર પહેરીને નીચે બેઠી. પછી એક સ્ત્રીએ બારણાં ઉઘેડી નાંખ્યાં. એટલે સઘળા પુરુષો અંદર પેઠા. બળદેવજી તથા શ્રી કૃષ્ણજી સાથે આખું નગર પણ જોવા માટે આવ્યું છે. સઘળા કૌરવો પોત પોતાની સ્ત્રીને પૂછે કે આવો ખેલ કોણે રચ્યો ? સ્ત્રીઓએ કહ્યું તમે જાણતા હશો કે એકલાં વસ્ત્ર નથી પણ અમારા હાથે ચુડીઓ સરખી પણ નથી. એમકહી પોતપોતાના હાથ બતાવી દીધા. એવું જોઇને દુષ્ટ દુર્યોધન પોતાના મામાનેકહે છે કેઅરે મામા ? ભાનુમતીને તો મારા છતાં રંડાપો આપ્યો. એટલેશકુની બોલ્યા, તે તો ઠીક છે, પણ તારી મામીના હાથ સામું તો જો. એ પ્રમાણે સઘળી સ્ત્રીઓને જાણે રંડાપો આવ્યો હોય તેમ થયું છે. એવું જોઇને આખા નગરના લોક હસી પડે છે. શ્રી ભગવાન કૃષ્ણજી મશ્કરી કરે છે કે વેવાણોને માથે વાળ રહી ગયા છે એટલી ખામી છે. એવું સાંભળીને બળદેવજી કળકળીને કહેવા લાગ્યા, અલ્યા કૃષ્ણ ? જા તારે મશ્કરી કરવી હોય તો છાનોમાનો ઘેર જા. જ્યારે ને ત્યારે તું મશ્કરીઓ કરે છે. એવું બળદેવજીનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલવું સાંભળીને પ્રભુ કહે છે, મોટાભાઇ ? જગત વ્યવહારે તમાસો જોઇએ છીએ તેમાં તમને કેમ ચીડ થાય છે ? વાહ ધન્ય છે તમને વેવાઇ તો બેશ શોધી કાઢયા છે. વેવાઇઓ જીવે છે તેમ છતાં વેવાણો રંડાપો ભોગવે છે, એનાથી વળી બીજો કેવો તમાસો ? તમાસાને તેડું હેતું નથી.એક દહાડો હોય તો ઠીક છે, પણ હમેશાં જગાડી મારે છે, એમ પ્રભુનું બોલવું સાંભળી બળ-દેવજી ચુપ થઈગયા. પછી છત્રપતી ભાનુમતીને પૂછવા લાગ્યો કે અરે રાણી? તમારા વસ્ત્રાભૂષણો કયાં છે ? અને કેમ કુદવા માંડયું હતું ? એવું પતિનું વચન સાંભળીને ભાનુમતી કહે છે, અમારા વાંકાં દિવસે અમને ભુલાવ્યા. કારણ કે સઘળાં વસ્ત્રાભૂષણો બદલાવી એક વહેપારી છેતરી ગયો.દુર્યોધન કહે, વાહ રાણી,તમે બહુ ડહાપણમાંને ડહાપણમાં નફો મેળવ્યો. તે સાંભળી રાણી બોલી,તમે કેમ જાનવરોમાં છેતરાઈ ગયા હતા ? વસ્ત્ર ગયા તો દેવતા મૂકયો. પણ તમારે અમને છાકોટા નહિ કરવા. અમે અહીં રહે-વાનાં નથી. તમારે તમારો છોકરો પરણાવવો હોય તો ભલે. એવું સાંભળી દુર્યોધન કહે, એમાં શું કહ્યું છે કે આટલી બધી રીસ કરો છો ? અરે રાણી હસ્તિનાપુર જવાની તો વાત ન કરશો, તમે જે કહેશો તે કરવા કબૂલ છું. ત્યારે રાણી કહેવા લાગી, તમે નફટને વધારે શું કહું ? જો અમને અહીં રાખવા હોય તો કોઇક જગ્યાએથી વસ્ત્રાભૂષણ લાવી આપો આ સાંભળી દુર્યોધને પ્રભુને કહ્યું કે અરે મહારાજા ? અમારા સ્ત્રીઓ માટે પોષાક આપો તો બહુ સારું,અમે ઘેર જઈને તુરત તમારા પોષાષક પાછા દ્વારીકા પહોંચાડી દઇશું.બળદેવજીએ કૌરવોની સ્ત્રીઓને વસ્ત્ર આપવા કૃષ્ણજીને કહ્યું. પ્રભુએ હળધારીનું કહેવું માન્ય કરી એકસો છસ્ત્રીઓને પોષાક આપ્યા. પછી સર્વ માણસો પોતપોતાને સ્થળે ગયા, હેડંબા પુત્ર ગટોરગચ્છ પણ ભોયરામાં આવ્યો. ભોંયરામાં અભિમન્યુની જોડે સૂઈ રહ્યો. રાત્રિ વિત્યા પછી વહાણું વાયુ એટલે ભીમનો તન ગટોરગચ્છ ઊભો થયો. પછી અભિમન્યુને કહે છે કે ભાઈ, હું જરા નગરમાં ગમ્મત કરી આવીને આવતો રહું છું. એમ કહી દુષ્ટ કૌરવોને દુઃખ દેવા માટે પોતે ભોંયરા બહાર નીકળ્યો. તેણે પચીસ દૈતો ઉત્પન્ન કરી તેની શાકભાજી બનાવી પછી પોતે કાછીઆ બની શાકનો ગાંસડો માથે લીધો, ગટોરગચ્છ નગરના બજારમાં વેચવા બેઠો, તેની પાસે સુંદિરશાક દેખીને લોકોભાવ પૂછવા આવે છે;એટલે ગટોરગચ્છ બજાર કરતા બમણું મૂલ્ય બતાવે છે, તેથી કોઈ માણસ તેનું શાક ખરીદતું નથી. એવામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગિરધારી શ્રીકૃષ્ણ જાનૈયા માટે નિયમ પ્રમાણે શાક લેવા પધાર્યા. તેમણે ગટોરગચ્છને શાક વેચતો જોયો. કૃષ્ણજીએ ગટોરગચ્છની કને આવીને કહ્યું, અરે સાચા કાછીઆ ? તું શાકનો શો ભાવ લઇશ ? એવું સાંભળીને માયાવી ગટોરગચ્છે જવાબ આપ્યો,અરે મહારાજ,શાનો ભાવ ? તમારે જે જોઈએ તે લઇ જાઓ. ફક્ત સત્યવાદીઓને ખવરાવશો નહિ. બાકી તમામને શાક પીરસજો. એમ કહીને બધું શાક આપી દીધું, ગટોરગચ્છ શાક આપીને ભોંયરામાં ગયો, પછી પ્રભુએ માયાવીના શાકની જોડે બીજા સારાં શાક લીધાં.

દીનાનાથ શાક સેવકોને માથે ચઢાવીના ઘેર પધાર્યા,કોઇ દહાડો નહિ ને તે દિવસે શ્રીહરિ રસોઇ કરવા પેઠાં, જગતપિતાએ પાપી કૌરવોને માટે માયાવી શાક જુદાં કર્યાં.આખી સૃષ્ટિનો સ્વાદ તે શાકમાં મૂકીદીધો પછી જાનૈયાઓને જમવા સારું બોલાવવા મોકલ્યું,સઘળા જાનૈયા જમવામાટે.આવ્યા.સેવકોએ જાનૈયા માટે બાજઠ ઢાળી દીધા, સર્વ જાનૈયા બાજઠ ઉંપર બીરાજ્યા એટલે પ્રભુ પીરસણું લાવ્યા.સત્યવાદીઓને સાચું શાક પીરસ્યું, છ કારભારી સહિત સઘળા કૌરવોને માયાવી શાક પીરસ્યું,સઘળું પીરસીરહ્યા પછીજમવાનીઆજ્ઞા આપી.શાક ચાખી જોતાંમાં અતિશય સ્વાદ લાગ્યો,એટલે કૌરવોએ કહ્યું, આ પાંચે પકવાન પાછા લઇ જાઓ.અમારે બીજું ત્રીજું કાંઇ ખાવાની ઇચ્છાનથી. અરે ભગવાન !અમને એકલું શાક મૂકી જાઓ,એવું સાંભળી પ્રભુએકહ્યું,જોઇએ તેટલું માગી લેજો.દુર્યોધન કહે,તમારું જેટલું શાક હોય તેટલું બધું મૂકી જજો. જેમ સ્વાદ લાગતો જાયછેતેમ દુષ્ટો પુષ્કળ ખઇ જાય છે. પ્રભુ તો શાક પીરસે જાય છે. અવિવેકી દુરાચારી અંધના કુંવરો એકલું શાક ખાધા કરે છે,વળી જમતાં જમતાં વખાણ કરે છે કે આજ કેવી સુંદર રસોઇ બની છે ? અરે બળદેવજી? આજ રાંધનારો કોઈચતુર હોવો જોઇએ.એવું સાંભળી બળદેવજી બોલ્યા,અમારા કૃષ્ણજીએશરમે લેવાઇને આજ રાંધ્યું છે.કૃષ્ણજીકહેછે, એમાં કોનું કરવું'તું? અમારા પણ વેવાઈ છે. દુર્યોધન કહે મામા,કૃષ્ણ સારી રસોઇ કરી જાણે છે.કૃષ્ણ જેવા આપણા ઘેર રાંધવા માટે રસોઇઓ જોઇએ.અજ્ઞાની દુર્યોધન જેમ ફાવે તેમ બોલેછે.માયાવીશાક એટલું બધું ખાધું કેગળાસુધીઆવી ગયું.પછી સર્વે જણા જમી ઊઠયા.બળદેવજીએમુખવાસ આપ્યા.દુષ્ટ કૌરવો રસોઇનાં વખાણ કરતાં કરતા જાનીવાસે ચાલ્યા. જાનીવાસમાં આવીને સઘળા પોતપોતાના આસને બેઠા.રસોઇનાં વખાણ કરતાં કરતા એક બીજાને તાલીઓ આપી ખુશી થાય છે,એમ કરતાં કરતાં રાત્રિ પડી, નગરનાં સઘળા દરવાજા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બંધ થયા, કૌરવોએ પણ પોતાનાં દ્વાર બંધ કરાવી શયન કર્યું. મધ્યરાત્રી થઇ એટલે ભીમસેનનો પુત્ર ગટોરગચ્છ ભોયરામાંથી બહાર નીકળી આવ્યો ને પોતાના માથાન કેશ છુટા મૂકયા એટલે તેની માયા સજીવન થઈ. માયાવીએ માયા ઉપાડી એટલે કૌરવોના પેટમાં ઘુટ ઘુટ થવા માંડયું, તેમાં કંઇકના મોંઢામાંથી મોળ છુટે છે, કંઇક જણાને આંકડી આવીને ચુંક ચાલુ થઇ છે. એ પ્રમાણે અકળાઈ અકળાઇને સર્વ દુષ્ટો પથારીમાં બેઠા થયા. કંઇક જણના પેટમાં આંતરડાં દોવાવા લાગ્યાં, તેથી ઓકવા બેઠા. સઘળા લોકો ખરળ ખરળ ઓકે છે, તેમના પેટમાંથી ચકલાં, ઉંદરડાં, વીંછી, વંદા સાપ, ગરોળી, કાનખજુરા, ખીસકોલાં, ચાકરણો, ચામાચીડિયાં વગેરે અનંત જંતુઓ બહાર તરફડે છે. વળી અધુરમાં પૂરાં અડધા પેટમાં અને અડધા બહાર મોટા સાપ લબડે છે. એવું જોઇ ત્રાસ પામીને મોટી પોકો પાડે છે. જબરા હોકારા થવાથી આખા નગ્રનું લોક જાગી ઊઠયું, અંતરર્યામી જાગી ઊઠી સઘળાને કહે છે, ચાલો વગર પૈસાનો તમાસો જોવા જઇએ.

પ્રભુ તથા બળદેવજી પુષ્કળ માણસ સાથે દોડયા આવ્યા. બળદેવજી કહે, અરે વેવાઈ, ઝટ ઉઘાડો, રોજ ઊઠીને તોફાન શું? પણ બારણાંને કોણ ઉઘાડે? સઘળા ઓકવા મચી પડયા છે. કંઇક જણા લોટા, ભરી ભરીનેત્યાંબેસી જાય છે. તેથી અતિશય દુર્ગંધ ઉડે છે. એ પ્રમાણે ચાર ઘડી સુધી ઓકી મુઆ. સઘળાઓ જીવજંતુ દેખીદેખીને અતિશય ત્રાસ પામી ગયા માયાવીનો એટલો બધો કોપ થયો કે આંતરડાં દોવાઇ ગયાં. ગટોરગચ્છે દુષ્ટોને બરાબર શિક્ષા કરીને માયા લોપ કરી એટલે જીવજંતુ તથા ઓકેલું કંઈ પણ રહ્યું નહિ. જીવજંતુઓ લોપ થવાથી કૌરવોને ધીરજ આવી. બળદેવજીની પુષ્કળ બૂમો સાંભળીને દ્વાર ઉઘાડયા, એટલે અંતરયામી બોલ્યા, અરે લોકો, શા માટે બહાર ઊભા છો? લહાવો લેવો હોય તો અંદર આવો, એટલે બળદેવજીને અતિશય ક્રોધ ચઢયો. પ્રભુને કહેવા લાગ્યા, ઉપર રહીને મશ્કરી કરાવે છે? જો તારે મશ્કરીઓ કરવી હોય તો તારે ઘેર ચાલ્યો જા. એવું સાંભળીને પ્રભુ કહે છે, અરે મોટા ભાઈ. તમે શા સારુ ઠપકો આપો છો? હમેશાં આ શું તોફાન? તમે એવા સપુત વેવાઈ શોધી લાવ્યા છો, જેથી કરીને જ્યાંને ત્યાંવગોવાય. રાત પડે એટલે રોજ હોબાળો, નાગી ભવાઈ શી? એકે દિવસ સુખેથી ઊંઘ લીધી નથી. એવુંસાંભળી બળદેવજી જંખવાણા પડી ગયા, પછી વેવાઈની પાસે જઇને પૂછવા લાગ્યા, આજ શા માટે બૂમો પાડી હતી? તમનેશું દુઃખ આવીપડયું

Kirtikant Sharma Collection; Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હતું ? દુર્યોધન બોલ્યો,અરે વેવાઇ,અમે બાપના બાપ પોકાર્યા,અમને સઘળાંને ઉલટી થઇ,તેમાં મોંમાંથી સાપ નીકળી પડયા,એવું સાંભળીને બળદેવજીએ કહ્યું, રોજ ઉઠીને આ શું? મને બતાવો,સર્પ કયાં પડયા છે? કંઈ નથી ને નકમીબૂમો પાડો છો ? હમેશાં તમાસો કરો છો તેથી આખું નગ્ર ઊંઘતું નથી.તમે તમારે કાલ સવારે છાબ મોકલી દેજો, ત્યાર પછી વરઘોડો ચઢાવીને અમારે ત્યાં આવી કન્યા પરણાવી જજો.એમ કહીને પાછા વળ્યા. આખા નગ્રનું લોક પોતે પોતાનાં ઘેર ગયું. છત્રપતિ કહે, અરે મામા,આપણી બહુ ફજેતી થઇ.મામા બોલ્યો,બળી તારી ફજેતી. મારો તો ભૂખે જીવ જાય છે. પછી મોડી રાત્રેખીચડી ઓરાવીને સઘળા એકેલાએ ખાઈ લીધી. દુષ્ટો ખાઇ પીને સૂઈ રહ્યા.

વહાણું વાયું એટલે અંતર્યામી અંતરધ્યાન થંઈ અભિમન્યુને મળવા સારું ભોંયરામાં ગયા. બંને ભાઇઓ ઊંઘતા હતા, તેમને જગાડયા. પછી પ્રભુ બોલ્યા, અરે ભીમસેનના પુત્ર, જો તમારે વિવેક રાખવો હોય તો કન્યાને છાબ આપો. એવું સાંભળી ગટોરગચ્છે કહ્યું,અરે મહારાજ,તેની મને રીત બતાવો. હું તમારા વ્યવહારમાં બહાબર સમજતો નથી.તમે જે પ્રમાણે બતાવશો તે જ માફક હું વર્તીશ. પ્રભુએ જબાબ આપ્યો, તમે ભાનુમતીનું સ્વરૂપ ધરીને વેવાઇ ને ત્યાં જાઓ,તમારી સાથે બીજી સ્ત્રીઓને લઇ ગાતાંગાતાં હળધારીને ત્યાં જજો.તેમાં વસ્ત્રાભૂષણ ભરેલી છાબ તમારા હાથમાં રાખજો,તમે ગાતાં ગાતાં મંડપે જશો. એટલે વેવાણો ગાવા માંડશે. તમારે ફક્ત છાબ લઇને મંડપમાં બેસવું. પછી સુરેખા કન્યા આવીને તમારા હાથમાંથી છાબ લઇ જશે, તે મૂકી આવીને તમારા ખોળામાં બેસશે. છાબ આપવાની રીત એ પ્રમાણે છે. એવું સાંભળીને ભીમસેનનો પુત્ર ગટોરગચ્છ બોલ્યો, અરે પ્રભુ, સઘળો વટવ્યવહાર બરાબર કરીશ. તમારા પ્રતાપથી સઘળું કાર્ય બનવાનું છે. એટલે પ્રભુ વિદાય થયા. ત્યાર પછી માયાવી ગટોરગચ્છે છાબ આપવા જવા માટે ભાનુમતિ સ્વરૂપ ધારણ કર્યું. વળી તેણે એકસોને છ દહિતોને ઉત્પન્ન કર્યા.તેમાંથી એક દહિતની છાબ બનાવી તેમાં વસ્ત્ર શણગાર ભર્યા, પછી એકસોને પાંચ રાક્ષસો રહ્યા તેમાં નવાણું ભાઇની નવાણું સ્ત્રીઓ અને છ કારભારીની છ સ્ત્રીઓ,એ પ્રમાણે તૈયાર બનાવી ગટોરગચ્છે છાબ તૈયાર કરી સઘળી સ્ત્રીએઓને કહે છે,મારી સાથે બરાબર ચાલજો. એમ કહી ગટોરગચ્છ સ્ત્રીઓને લઇને નગ્રમાં આવ્યો. પછી ગાતાં ગાતાં મંડપ ભણી ચાલ્યા, પોતાના મનમાં તો હર્ષ માતો નથી, બળદેવજીને ત્યાં ખબર પહોંચી,છાબ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપવા આવે છે; એટલે હળધારીની સ્ત્રી રેવંતીએ સઘળી જદુકુળની સ્ત્રીઓનેગાવા માટે તેડાવી.જદુકુળની સ્ત્રીઓ બળદેવજીના ત્યાં આવી.ભીમનો પુત્ર ગટોરગચ્છ ભાનુમતી બનીને સઘળી સ્ત્રીઓ સાથે ગાતો ગાતો આવે છે. ગામના લોક જોવા માટે રસ્તામાં ભેગું થયું છે.નગરના લોક તેને ભાનુમતી જાણે છે.રાણી ઘુંઘટ તાણીને ઠમક ઝમક ચાલે છે. તમામ સ્ત્રીઓ ગાતી ગાતી પ્રેમવડે કરીને મંડપમાં બેઠી. પછી ભાનુમતી પોતાના હાથમાં છાબ ગ્રહી ગાદી તકીએ બેઠી. રેવંતીએ ઘરમાં જઈને સુરેખાને ખબર આપી કે તારી સાસુજી જે છાબ આપે છે લઇને ઘરમાં આવો. સુરેખાએ વસ્ત્ર પહેરી લીધાં, ત્યાર પછી મનમાં ઉમંગ લાવીને પોતે ગટોરગચ્છ પાસે આવી. ગટોરગચ્છે તેને પ્રેમ કરીને બોલાવી. સુરેખાને વસ્ત્ર શણગાર ભરેલી છાબ હાથમાં આપી, તે લઇને સુરેખા ઘરમાં આવી,રેંવતીએ ઉમંગ ધરીને છાબ વધાવી લીધી, પછી છાબ લઇને દીકરીને કહ્યું, હવે તું તારી સાસુના ઉછંગમાં બેસ.એટલે સુરેખા મંડપમાં ગઇ.જ્યાં ભીમસેનનો પુત્ર સાસુજી બનીને બેઠો છે. ત્યાંસુરેખા તેના ઉછંગમાં બેઠી.સુરેખા કહે,અરેમારાં વહાલાસાસુજી, આજ તમારા ઉછંગમાં બેસવાનો દિવસ આવ્યો છે. એવું સાંભળી ગટોર. ગચ્છ મનમાં કહે છે, હું તો સાસુજી નથી પણ સાસુડો છું. પછી ગટોરગચ્છ કહે, બહુ સારું. પણ મને તારા તાતનો મહેલ જોવાની ઇચ્છા થઇ છે માટે મારી સાથે આવીને દેખાડ. સુરેખા કહે. ચાલો પધારો એ પ્રમાણે બંને સાસુ તથા વહુ ઉભાં થઇ ઘરમાં પેઠાં. બેઉ જણાં વાતો કરતાં કરતાં પહેલે માળે ચડયાં.

પહેલા માળની જાળીઓ, અટારીઓ તથા બારીઓ વિગેરે ફરી ફરીને જોયું. પછી વાતો કરતાં કરતાં બીજે માળ ગયાં. પેલી નીચે માયાવી સ્ત્રીઓ રહી છે તે તો જદુકુળની સ્ત્રીઓ સાથે ગાયા કરે છે. એમ કરતાં કરતાં ત્રીજે માળ આવ્યાં ત્યાં વાતો કરીને પાછાં ચોથે માળ આવ્યાં. ગટોરગચ્છ કહે, વહુજી, તમારા પિતાજીએ હવેલી તો ઘણી જ રમણીય બંધાવી છે, એમ કરતાં પાંચમાં માળે આવ્યાં. પાંચમો માળ જોઇને ભીમનો પુત્ર ગટોરગચ્છ સુરેખાને કહે છે, વહુજી, ધન્ય છે તમારા પિતાને કે આવી સુંદર હવેલી બંધાવી છે. ગટોરગચ્છના મનમાં એવું છે, જ્યાં ત્યાં બાળકને ફોસલાવી સાતમા માળે લઇ જવી તેથી ગમ્મતની વાતો કરતાં કરતાં બેઉ જણાં ચાલ્યાં જાય છે. પછી છઠે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માળે થોડીવાર ઊભાં રહી, સાતમે માળે ચઢયાં, ત્યાં મોટા ધાબામાં બેઉ જણાં ઊભાં રહ્યાં ત્યાં શીતલ વાયુ વાયા કરે છે. ધાબાઉપર ઊભા ઊભા આખું નગ્ર તથા અશોક બાગસુદ્ધાં દેખાય છે, એવું જોઇને ગટોરગચ્છેમનમાંવિચાર્યું, અહીં કાળો કાગ સરખો નથી માટે કન્યાને ઉપાડીને ચાલ્યો જાઉંતો ઠીક, મારી સુરેખા ભાભીને લઇ જઇ અભિમન્યુને પરણાવી દઉં. આ વખત જો ચુકીજઇશ તો પછી ફરીથી આવો જોગ બનવો મુશ્કેલ છે. એમ નિશ્ચય કરી પોતાની કહેડ તાણી બાંધી અને સુરેખાને કહે છે, આવો લાડકડી ભાભી. એમ કહીને પોતાની ખાંધે ઉંચકી લીધી, પછી ગટોરગચ્છ પવનવેગે ભોંયરા તરફ ચાલ્યો.

થોડી વારમાંબાગમાંઆવી પડયો, ને ભોંયરમાં પેઠો. કયાંગયા મારા અભિમન્યુ ભાઇ ? લો મારી સુરેખા ભાભી અંગીકાર કરો. અભિમન્યુએ ગટોરગચ્છને સુરેખા સહિત આવતો જોયો. અભિમન્યુ અતિશય હરખવા લાગ્યો. પછી ગટોરગચ્છે સુરેખાને અભિમન્યુ પાસે બેસાડી આ જોઇને સુરેખા ગભરાઇગઇ, સુરેખા અભિમન્યુને ઓળખીને રુદન કરવા લાગી. રડતાંરડતાંકહેછે, મારાડયા, તમારી ઓશ કુટુ, તમે શા માટે હરણ કરીને ભયંકર ભોંયરામાં લાવ્યા ? હું મારા પિતાજીને હાલને હાલ બતાવું છું, મેં ઓળખ્યો છે, આ મારો જુનો વર છે. હું મારા પિતાજીને કહીને તમારાં બંનેનાં માથાં છેદાવીશ.

ગટોરગચ્છ કહે છે, અરે મારી લાડકડી ભાભી, છાનાં રહો ગટોરગચ્છનું બોલવું સાંભળીને તે વધારે રુદન કરે છે. પછી ગટોરગચ્છે મનમાં વિચાર્યું, આ છાતીફાટ રુદન કરે છે તેથી કોઇ વાત જાણી જશે. મારે કોઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ જાતનો ભય બતાવી સુરેખાને રડતી બંધ રાખું તો ઠીક. જો કોઇ જાણી જશે તો ધારેલો ખેલ પૂરો પડનાર નથી. સઘળી મહેનત વ્યર્થ જશે. એમ જાણી સુરેખાને એવું સમજાવવા લાગ્યો,રૂપાળો વર મૂકીને પેલાને કેમ મોહી રહ્યાં છો ? એવું સાંભળી કન્યા ગાળો દઇને કહેવા લાગી, મારા રડયા, તમને ઠેઠ પહોંચાડીશ. ગટોરગચ્છ કહે, ભાભી, ગાળો દેશો નહિ, હું તો તમારે જેઠ થાઉં છું.તમે તમારે છાનામાના રડવું બંધ કરીને આ વરની સાથે લગ્ન કરો અને સંસારનું સુખ આનંદ સહિત માણો.મને હુંકારાકર્યા સિવાય મારીલાજ તાણો. એવું સાંભળીને ફાવે તેમ ગાળો દીધા કરે છે. ગટોરગચ્છ કહે, ભાભી મારું કહેવું કબૂલ નહિ કરે તો બાપના બાપ પોકારાવીશ. એમ ઘણું કહે છે પણ સુરેખા રડતી બંધ રહેતી નથી. મોટેથી ધાંટા પાડીને શોરબકોર કરે છે, સુરખા નાની વયની વહુ છે તેથી ગભરાઈ ગઇ છે, મારા માતા પિતાથી અળગી કરીને હવે શું કરશે ! પછી ગટોરગચ્છે માયાથી ગર્ધવમુખા ચાર મોટા દહિતો ઉત્પન્ન કર્યાં. તે દહિતો શરીરે કાળા-મેંશ. ચાર ગજ લાંબા દાંત. ગોળ ગોળા જેવા ડોળા. કદરૂપ પહોળા મોં એ પ્રકારે ભયંકર દહિતો દેખી સુરેખા કન્યા રડતી ચુપ થઇ ગઈ, રાક્ષસો કહે, થનાર હશે તે થશે પણ અમે તને ખાઇ જઇશું. એવું સાંભળી સુરેખા કહેવા લાગી કે-જેઠજી,હું તમને પગે લાગું છું.આ રડયા અસુરો મને ખાઇ જશે, આ તમારી રંક ભાભીને બચાવો.હવે પછી હું નહિ રડું, પેલા લક્ષ્મણો વર મારે નથી જોઇતો. હું નિશ્ચય આ વરને પરણીશ, એવું સાંભળીને અભિ-મન્યુ હસી પડયો. ગટોરગચ્છ કહે કેમ ભાઇ ? લાડકડી ભાભીને કેવી મનાવી દીધી ? અભિમન્યુ કહે, ધન્ય છે વીરા, હું તારો ઉપકાર ભૂલી જવાનો નથી.

ગટોરગચ્છ બોલ્યો, અરે વહાલા ભાઈ, એમાં કોની વચ્ચે કરવું'તું.મારી મોટાભાઈની ફરજ છે, તેમાં હું કંઈનવાઈનથી કરતો પછી રાક્ષસોને કહેછે, અરે દુષ્ટો, મારી ભાભીને ના ખાશો. હવે અભિમન્યુ સાથે પરણવાનું હા કહે છે, ખબરદાર કોઇ પણ તેને ખાશો નહિ, તેની પાસે ને પાસે ઊભા રહેજો.જો કન્યા બૂમો પાડે તો તરત ખાઈજજો.એમ રાક્ષસોને બરોબર સમજાવ્યાપછી અભિમન્યુને કહે છે, અરે વીરા ? ત્યાં કન્યાની બૂમ પડશે માટે હું જઇને સુરેખા બનું છું.કૌરવોનો વર આશા ભરેલો આવ્યો છે માટે તેની કન્યા થવાને જઉં છું,મારી બિલકુલ ચિંતા રાખશો નહિ.હું કોઈથાતો પાછો પડું તેમનથી. સુરેખા કહે, અરે જેઠજી ? આ તમારા રાક્ષસ લેતા જાઓ.કારણ કે તે રડયાની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મને ઘણી બીક રહે છે. અસુરો અજ્ઞાની હોય છે તેથી રખેને ખાઇ જાય, માટે મારા રાંક ઉપર દયાલાવો. ગટોરગચ્છ કહે, તમને બિલકુલ ઇજા કરનાર નથી. જો તમે બોલશો તો ખાઇ જશે. સુરેખા બોલી, અરે જેઠજી, હવે પછી હું આનંદમાં વખત ગાળીશ. વળી તમારા ભાઇની પાસે બેસી રહીશ. એટલે રડયા શું ખાવાના છે ? એવું સાંભળી માયાવી ગટોરગચ્છ કહે છે, ડાહ્યાં થઇને તમારા પતિની પાસે બેસો. એમ કહીને પોતે ભોંયરા બહાર નીકળ્યો. ત્યાં આકાશ માર્ગે ઊડીને શુદ્ધ સુરેખાનું સ્વરૂપધારણ કર્યું. ને બળદેવજીની અગાશીના ધાબામાં પડયો, છાબ હતી તે લોપ કરી, અને માયાવી સ્ત્રીઓને પણ લોપ કરીદીધી. એ પ્રમાણે જેટલો માયાવી ખેલ રચ્યો હતો તેટલો નાશ કર્યો. માયાવી સ્ત્રીઓ લોપ થઇ એટલે જદુકુળની સ્ત્રીઓ બાવરીબનીગઇ, માંહોમાંહે વાતો કરે છે કે અરે આ તે શું કહેવાય ? વળી પેલી ભાનુમતી છાબ આપવા આવી હતી તે પણ અત્યાર સુધી ઘરમાંથી બહાર નીકળી નહિ; એટલે સહુ સુંદરી કહેવા લાગી કે આતો એક કૌતક કહેવાય, ઘણું કરીને આપણને સ્વપ્ન આવ્યું હશે ? વેવાણો સિવાય ગાંડાની માફક ગાવા લાગ્યાં, એ તે શું કહેવા ? એવું સાંભળીને બળદેવજીની સ્ત્રી રેવંતી કહે છે કે શાનું સ્વપ્ન ? આપણે ખરી જાગ્રતીમાં ગીતો ગાયાં છે. વળી મારી સુરેખા એની સાસુને મહેલ બતાવવા સાતમે માળ ગઇ છે. અરેરે તેની તપાસ કરું. એમ કહી રેવંતીજીએકાએક ઘરમાં પેઠાં ને બૂમો પાડે છે. અરે સુરેખા, અરે સુરેખા ઓ મારી વહાલી દીકરી ! એ પ્રમાણે મોંડે ચઢી ઘાંટા પાડવા લાગી.

એટલે ગટોરગચ્છ સુરેખાના સ્વરૂપે ઓ મા ઓ મા એમ પોકાર કરતી સાતમે માળથી નીચે ઉતરીને આવે છે. એમ બેઉ મા દીકરી ચોથે માળે ભેગાં થયાં. સુરેખા કહે, માતાજી મને બીક લાગે છે. એમ કહી બાઝી પડી, એટલે રેવંતીજીએ તેને પોતાના હૃદયે ચાપી સુરેખાને નીચે ઉતારી. પ્રભુની સઘળીપ્રેમદાઓસુરેખાનીખબરકાઢવા માંટે બળદેવજીને ત્યાં આવી. રેવંતીજી કહે છે, અરે મારી લાડકડી દીકરી. તારા જીવનેકેમ છે ? ગટોરગચ્છ કહે, મારું કાળજું ધડકયા કરે છે. સઘળી સ્ત્રીઓએ પૂછયું કે સુરેખા ? તારી સાસુજી કયાં ગયાં ? અને શું બની ગયું ? ગટોરગચ્છ કહે, ઉંચે ઉડીને ચાલી ગઇ. અરે માતા, મારા પેટમાં તો એવી ગભરામણ થાય છે કે જાણે હું મરી જઇશ. મારો જીવ ગભરાઇ જાય છે, મને એવું લાગે છે કે જાણે કોઇ મારાં હાડ ભાંગી નાંખે છે. એવું સાંભળી રેવંતીજી ચોધારે આંસુથી રડવા લાગ્યા,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછી સુરેખાને વાસ્તે પથારી પાથરીને તેને સુવાડી કહેવા લાગ્યાં કે અરેરે જોશીને બોલાવીને જોશ જોવરાવો, વળી મારી દીકરીના માટે દોરાચીઠી કરાવો, હે દૈવ ? મારી દીકરીનો શો દોષ હશે ? એમ કહી રેવંતીજી વિલાપ કરે છે. અરે ભાઇ ભુવાને તથા જતીને બોલાવો, મારી દીકરીને શું થયું તેના દાણા દેખાડો. દષ્ટિ, નજર વિગેરે ઉતારી મારી લાડકડી પુત્રીને હસતે મોંઢે ઉઠાડો. એમ કહ્યું એટલે લોકો દોડાદોડી કરવા લાગ્યા. એવું જોઇને કન્યા મુખ મરડવા લાગી. મોંઘાઇ માટે ગોઠમડાં ખાય છે તે જોઈ સૌને કહે છે કે અરેરે સુરેખાને ઘણું દુઃખ આવ્યું છે. બળદેવજી ત્યાં આવ્યા તો દોડાદોડ થઇ રહી છે,.તેવું જોઇનેબહુ ચિંતા કરવા લાગ્યા.વળી પોતે કપાળે હાથ દઈ સુરેખા પાસે બેઠા. બળદેવજી કહે છે કે અરે દૈવ ?દીકરી લગ્ન વખતે કયાંથી દુઃખી થઇ ? ત્યાં કોઈ ઉતાર ઉતારે છે, નજર બાંધે છે, દોરાચીઠી કરાવે છે. એ પ્રમાણે દવાદારૂ કરે છે પણ ગટોરગચ્છ તો સૂઈ રહ્યો છે.

બળદેવજી અતિશય ઉદાસીમાં આવી પડયા છે, પોંતે મનમાં વિચારે છે કે અત્યાર સુધી મારી પુત્રી સાજી હતી અને લગ્ન તૈયારી છે એટલામાં દુઃખ આવી પડયું; અરે દૈવ, આ તે શું કહેવાય ? એમ બળદેવજી ચિંતા કરી રહ્યા છે. એટલામાંસહેજાસ્વભાવે શ્રીકૃષ્ણત્યાં આવીચડયા. પોતે કન્યાને ઓળખી તરત પાછા વળ્યા, એવામાં સુરેખા બળદેવજી પ્રત્યે બોલી કે અરે પિતાજી? કૃષ્ણકાકાને મારી પાસે બોલાવો. તેમના ખોળામાં બેસવું છે. બળદેવજીએ બૂમ પાડીને પ્રભુને પાછા બોલાવ્યા, કૃષ્ણજી કહે, મોટાભાઈ શું કામ છે? બળદેવજીબોલ્યા, અરેવીરા,સુરેખાનેતમારેખોળે બેસવું છે માટે તમારા ખોળામાં બેસાડો,બિચારીકયારની સૂઇ રહીછે તેથી અકળાઈ ગઈ હશે. તમે જરા તમારા ખોળામાં બેસાડી તેને રમાડશો એટલે ખુશી થશે. એટલે પ્રભુએજવાબઆપ્યો.મારે અત્યારે કામ છે, હું નવરો નથી. એવું સાંભળીને બળદેવજીને પુષ્કળ રીસ ચઢી. પોતે કળકળીને બોલી ઊઠયા કે મેં અત્યાર સુધી તારાં બાળકને મારા ખોળે બેસાડી મોટાં કર્યાં છે;અનેતારેએકઘડીમારી પુત્રી ખોળેબેસાડવી છેએટલામાંતારો ખોળો દુઃખી જાય છે કેમ ? મેં તારા બાળક માટે જે મહેનત લીધી હતી તે સઘળીછુટીપડી.મારી દીકરી સુખી નથી તેથી ખોળે બેસવાનું માગે છે,એમાં શું તને જોર આવે છે ? એવું હળધારીનું બોલવું સાંભળીનેપ્રભુ ઓશિયાળાથઇ પાછા આવ્યા,અને દીનાનાથે સુરેખાને પ્રેમવડેબોલાવીનેપોતાનાઉછંગમાંબેસાડી,ગટોરગચ્છ પોતાના મનમાં વિચારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે હું કેવો પૂન્યાશાળી છું જેથી કરીને સાક્ષાત કૃષ્ણ પ્રભુના ખોળામાં બેસીને આનંદ કરૂં છું ? પ્રભુએ છાનુંમાનું ગટોરગચ્છને કહ્યું, તું તારી મરજીમાં આવે તે પ્રમાણે ખુશીથી કર, મારા તરફથી તને બિલકુલ ભય નથી. હું ઇશ્વર સાખે તારી મદદમાં છું. પછી ગટોરગચ્છે ન જાણે તેમ પ્રભુને પ્રમાણ કરીને કહ્યું, અરે નોધારાના આધાર, મારા વહાલા પ્રભુ ! મેં જે જે કર્તવ્ય કર્યું છે તે સઘળું આપના પ્રતાપથી પરિપૂર્ણ થયું, એ પ્રમાણે ગટોરગચ્છ ઘણી સ્તુતિ કરવા લાગ્યો. ત્યાર પછી કૃષ્ણજીએ માયાવીને કહ્યું. હું મારે ઘેર જઉં છું એવું સાંભળીને ગટોરગચ્છ કહે છે, જુઓ પ્રભુ, તમારી નારીઓ કેવા મારા પગ ચાંપે છે ? પ્રભુ કહે છે. અરે ભાઇ, તારો દિવસ ઘેર છે તેથી તું જે ધારે છે તે કરે છે. એવું બોલીને ચેષ્ટાળી કરે છે. પછી બળદેવજીને તે કહેવા લાગ્યો, પિતાજી હવે મારા શરીરને સારું છે, તેથી નીચે સુવા દો. એમ કહી ગટોરગચ્છ પથારીમાં સુતો. પ્રભુ પોતાને ઘેર ચાલ્યા ગયા. સઘળી જદુકુળની સ્ત્રીઓ પણ પોતપોતાના ઘેર ગઇ. એ જ પ્રમાણે જે માણસો સુરેખાને જોવા આવ્યાં હતાં. તે સઘળાં પોત-પોતાના મુકામે વેરાઇ ગયા. ત્યાર પછી બળદેવજીની સ્ત્રી રેવંતીજી સુરેખાને પૂછે છે, મારી લાડકડી દીકરી, તારે શું ખાવાની ઇચ્છા છે ? તારે જે ખાવું હોય તે માગી લે. મારી વહાલી પુત્રી તું ઘણીવારથી પથારીમાં ભૂખી સુઇ રહી છે, માટે કંઇ પણ ઇચ્છિત ભોજન કરે તો મારો જીવાત્મા શાંત પડે. એ પ્રમાણે સુરેખાને કરગરવાં લાગ્યાં છે, એટલે ગટોરગચ્છે સુરેખારૂપે કહ્યું, માતા ? તમે મને કુંચીઓ આપો ઓરડે જાઉં. જાનૈયાને માટે પકવાન ખડકીને તૈયાર કર્યાં છે, તેમાંથી ખાવાની મરજી થઇ છે. એટલે માતાને ઘણો જ હર્ષ ઉત્પન્ન થયો, અને એકદમ કુંચીઓ આપીને કહ્યું, દીકરી, તારી મરજીમાં આવે તે ચીજ લઇને ખાજે. પોતાની માતની આપેલી કુંચીઓ લઇને સુરેખારુપે ગટોરગચ્છ ઓરડા ઊઘેડી ઓરડામાં ગયો.

ત્યાં જાતજાતનાં પકવાન વિગેરે ખડકેલાં જોયાં, પોતે ઘણો જ ખુશી થયો. અરે દૈવ ? જાનૈયા માટે શું સરસ ભોજન તૈયાર કર્યું ? મારે જરૂર આ વસ્તુઓ મારે ઘેર પહોંચાડવી જોઈએ. દુષ્ટ જાનૈયાના કપાળમાં ડામ દેવો એ ઘણું સારૂં છે. એમ કહી પોતે માયા રચીને એક હજાર દૈત ઉત્પન્ન કર્યાં, તેમાં પાંચસે દહિતોનાં ટોપલા બનાવ્યા. પછી પેલાં પકવાન તે ટોપલામાં ભરી દીધાં એટલે પાંચસે રાક્ષશોએ ટોપલાઓને ઊંચકીને પોતાને માથે મૂકયા.

૬૪

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગટોરગચ્છે માયાવડે કરીને રાક્ષસોને અદશ્ય પોતાના ઘેર પહોંચાડી દીધા, પેલા રાક્ષસો પકવાન સહિત હેડંબાવન તરફ ચાલ્યા. માયાવીએ સઘળા પકવાન ભરેલા ઓરડા ખાલી કરી, પાછા જેમ બંધ હતા તેમ વાસી દીધા. ગટોરગચ્છે વાળી ચોળીને પકવાન ખાલી કર્યું. પછી કુંચીઓ પાછી લાવીને રેવંતીજીને સોંપી દીધી. ગટોરગચ્છે મોકલેલા રાક્ષસો હેડંબાવનમાં આવી પહોંચ્યા.

જ્યાં હેડંબા તથા સુભદ્રા બેઉ જેઠાણી દેરાણી વાતો કરતા હતાં ત્યાં પકવાનનો મોટો ઢગલો કર્યો. હેડંબા પકવાન જોઇ ખુશી થઈ. સેવકોએ સઘળી હકીકત કહી સંભળાવી. સુભદ્રાએ પૂછયું, અરે જેઠાણી, આટલાં બધાં પકવાન કયાંથી આણ્યાં? એવું સુભદ્રાનું બોલવું સાંભળીને હેડંબા કહે છે. અરે દેરાણી આ સઘળા પકવાન દ્વારિકામાંથી દહિતો તાણી લાવ્યાં, વેવાઈએ તમારા સારું ઢાંકયું મોકલાવ્યું છે. એમ કહી બેઉં જણાં હસી પડયાં, એ પ્રમાણે દેરાણી તથા જેઠાણી ખાઈપી આનંદમાં પોતાના દિવસ નિર્ગમન કરે છે. હવે માયાવી ગટોરગચ્છ સુરેખા કન્યા બનીને બળીભદ્રને ત્યાં બેઠો છે એમ કરતાં કરતાં મધ્યાહ્ન કાળ થયો એટલે દુષ્ટ દુર્યોધન સઘળી સ્ત્રીઓને કહેવા લાગ્યો, તમે વેવાઇના ત્યાં છાબ ભરીને આપી આવો. પોતાના પતિનું વચન સાંભળી ભાનુમતીએ વસ્ત્ર શણગાર સજી લીધા, બળીભદ્રના ત્યાં લઈ જવાની છાબ વિગેરે સામાન તૈયાર કર્યાં, પછી ભાનુમતીએ સઘળી કૌરવોની સ્ત્રીઓને વસ્ત્ર શણગાર પહેરવાનું કહ્યું. જાતજાતના વસ્ત્ર શણગાર સર્વ નારીઓએ સજી લીધા, ભાનુમતીએ છાબ તથા વસ્ત્ર શણગાર પોતાના હાથમાં ધારણ કર્યાં એ પ્રમાણે તૈયાર થઈ સઘળી સ્ત્રીઓ જાનીવાસમાંથી બહાર નીકળી બળદેવજીના ઘર તરફ ગાતી ગાતી ચાલી. તેમને ગાણાં સાંભળીને રેવંતીજીએ યદુકુળની સ્ત્રીઓને ગીત ગાવા સારું બોલાવી, એટલે જદુકુળની સ્ત્રીઓ પણ બળદેવને ત્યાં આવી, કૌરવોની સ્ત્રીઓ હળધારીને ત્યાં આવી એટલે વેવાણોએ બહુ માન આપીને બોલાવી, ભાનુમતી અહંકારમાં ગાદી ઉપર બેઠી. વેવાણો સામાસામી ગીતો ગાય છે, રેવંતીજી ઘરમાં ગયા એટલે સુરેખા ઊભી થઇ. પછી સુરેખાને કહ્યું, મારી વહાલી દીકરી, સાસુજી કનેથી છાબ લઇ આવો. એવું સાંભળી ગટોરગચ્છ બોલ્યો, માતાજી? હું સાસુજી પાસે નહિ જાઉં, કારણ કે પહેલું થયું હતું તેમ થાય, પછી માતાએ કહ્યું, અરે દીકરી આ તો સાચી સાસુ છે, તું ગભરાયા વિના છાબ લઇને ચાલી આવ, એટલે માયાવી ગટોરગચ્છ હસતે મોઢે મંડપમાં ગયો. તેણે ભાનુમતી પાસેથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છાબ લઈ પોતાની માતાને સોંપી દીધી, ત્યાર પછી પાછો મંડપમાં આવીને ભાનુમતીના ખોળામાં બેઠો; એટલે ભાનુમતી હરખાઈ ગઈ. તેણીએ સુરેખાને રૂપાળી વહુ જાણી પોતાની છાતી સરસી દાબી, એટલે માયાવી ગટોરગચ્છે વિચાર્યું. એને મારા પંજા બતાવું તો ઠીક, એમ ધારી ભાનુમતીને કહેવા લાગ્યો, અરે સાસુજી? તમે મને બહુ વહાલાં લાગો છો. એમ સાસુને પ્રેમ જણાવીને પોતેભાનુમતીનેછાતી સરસી દબાવી, એટલે દુર્યોધનની સ્ત્રી ભાનુમતીનાં હાડેહાડ ભાંગી નાંખ્યાં. ભાનુમતીએ એકદમકારમી ચીસ પાડી. નેત્ર તથા શીશ તપી ગયું. એટલે શકુની મામાની વહુ કહે છે કે અરે ભાનુમતી તું અકકલ વિનાની છે. બિચારી વહુએ તને લાડ કર્યાં તેમા બૂમ પાડી, એમ વહુનો કેટલો ભાર હતો કે તેં તેની ફજેતી કરી? એમ કહી તેને ગોદો મારી વહુને પોતાના ખોળામાં લીધી, પછી મામીજી કહેવા લાગ્યાં, તારી સાસુનામાં તો બે દાણા પણ અકકલ નથી, એમ કહી હૃદય સરસી દાબી. માયાવી ગટોરગચ્છે કહ્યું, મામીજી, તમે બહુ વહાલાં લાગો છો. એમ લાડ કરીપોતાની છાતી સરસી દબાવી. એટલે શકુનીની સ્ત્રીએ કારમી ચીસપાડી. ગટોરગચ્છના દબાવવાથી તેના લોચન તરી ગયા અને સઘળા હાડેહાડ નરમ થઈ ગયા.

પછી ભાનુમતીએ કહ્યું મને શિખામણ દેતાં હતાં ત્યારે તમે કેમ બૂમ પાડી? એવું ભાનુમતીનું બોલવું સાંભળીને શકુનીની સ્ત્રી બોલી ઉઠી, હવે કન્યાની વાત બરોબર જણાઈ આવી. આપણો લક્ષ્મણો દીકરો બિચારો રાંક છે માટે તેનો કંઈ વિચાર કરવો જોઈએ. જો આ કન્યા સાથે લગ્ન કરીશું તો કોઈક દિવસ આપણને પણ નુકશાન છે. મામીજીને ભાનુમતી કહે છે કે મને પણ આ કન્યાગમતીનથી. પણ જો પરણાવ્યા વિના પાછાં જઈએ તો બળદેવજીના દુશ્મન થઈએ. હશે, આપણે અહીં તો પુત્રને આનંદથી પરણાવો, ઘેર ગયા પછી વળી બીજી વહુ લાવીશું, પણલક્ષ્મણાને બીજીવાર પરણાવ્યા વિના છુટકો થવાનો નથી. કોઈ દિવસ મારા લક્ષ્મણા છોકરાને પણ મારી નાંખે. એવી વાતો કરતી કરની જાનીવાસે ચાલી, બળદેવજીએ કૌરવોને કહાવ્યું કે વાજતેગાજતે વરઘોડો ચડાવીને પધારો. એવું સાંભળી દુષ્ટ દુર્યોધને મામાને કહ્યું, વરરાજાને તૈયાર કરો. એને પીઠી ચોળાવીને વસ્ત્ર શણગાર સજાવો. દુર્યોધને મામાને આજ્ઞા આપી એટલે શકુનીએ સ્ત્રીઓને કહ્યું, લક્ષ્મણાને પીઠી ચોળો. સઘળી સ્ત્રીઓ ગીત ગાતી લક્ષ્મણાને પીઠી ચોળવા લાગી. વરરાજાને ગંગાજળ ચઢાવે છે. વળી વરરાજાના શરીરે અત્તર,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ફુલેલ, તેલ, વિગેરે ચોળે છે, પછી ગાતી ગાતી સળિયા ઘોંચે છે, વરરાજાના મનમાં તો હરખ માતો નથી, એવામાં દુર્યોધન આવીને કહેવા લાગ્યો, કેટલી વાર ! વરરાજાને ઘણી વારથી બાજઠ પર ચઢાવ્યો છે હવે એને ભોંય ઉતારો, વળી વરરાજાને ઝટપટ નવરાવો એટલે શકુની મામાએ વરારાજાને બાજઠ ઉપરથી નીચે ઉતારીને નવરાવ્યો; પછી; છત્રમતી દુર્યોધન વસ્ત્રાભૂષણ લાવી મામાને કહે છે, ઝટપટ વેવાઇના ઘેર જવાનો ખટકો રાખો. વરરાજાને શોભે તેવો સુંદિર જામો પહેરાવો, એટલે મામાએ વરને વસ્ત્રાભૂષણ પહેરાવી દીધાં. વળી હાર મોતીના અછાબા નાંખ્યા. એટલે દુર્યોધન રાજાના અનુંચરોએ વરરાજાની ઘોડી શણગારી તૈયાર કરી.

છત્રપતી કહે, અરે મામા હવે તમે બિલકુલ ઢીલ કર્યા સિવાય વરરાજાને ઝટપટ બહાર કાઢો, ને એકદમ લઈ ચાલો. સઘળા જાનૈયાને કહ્યું કે તમે પણ વસ્ત્રાભૂષણ પહેરીને તૈયાર થઇજાઓ.પછી મામાએવરરાજાને ઉંચકીને ઘોડી ઉપર બેસાડયો એવી જ દસવીસ છીંક થઇ દુર્યોધન બોલ્યો,મામા આ શુકન કેવા ? શકુનીએ જવાબ આપ્યો, એ શુકન એવા સરસ થાય છે કે આપણે વેવાઇના ત્યાંથી જશ લઈને આવીશું. એવું સાંભળીને દુર્યોધન રાજા કહે છે મામા, હવે વરારાજાના ગાલે કાળું ટપકું કરો એટલે એને કોઇની નજર ટોક લાગે નહિ. એવું દુર્યોધનનું બોલવું સાંભળીને મામાએ વરરાજાના મોંઢે મેશ ઘસી પછી વરરાજાના હાથમાં શ્રીફળ આપ્યું. લક્ષ્મણાની માતા ભાનુમતી મોડ ઘાલીને ઘોડીની પાછળ ઊભી દુર્યોધન કહે. મામા, હવે વરરાજાને મુખવાસ આપો. શકુની મામાએ પાન સોપારી વિગેરેનો મુખવાસ આપ્યો છત્રપતીએ સઘળા જાનૈઓને વરરાજાની સાથે ચાલવાનું કહ્યું એટલે જાનૈયા તૈયાર થઇ વરરાજાની પાસે જાવીને ઊભા. હવે વરરાજાને વરઘોડો વેવાઈને ત્યાં જવા માટે તૈયાર થયો. દુર્યોધન રાજાએ સર્વેને આજ્ઞા આપી એટલે નિશાન ગડગડવા માંડયાં છત્રીસ વાજા વાગ્યાં કોરવોમાંથી રૂપવાન સાબેલાવસ્ત્રશરણગારસજીનેવરરાજાની જોડેચાલેછે, એમસ્વર્ગનાઇંદ્રાદિ દેવો શોભાયમાનદેખાયતેમકૌરવોનીજાનશોભવા લાગી. છત્રપતીજાનમાંમહાલે છે,ભાનુમતીવરરાજાની માતા ધીમીધીમીચાલે છે. પોતાના મસ્તક ઉપર મોડ મેલીને રામણદીવો હાથમાં ઝાલ્યોછેનવાણું ભાઇનીસ્ત્રીઓભાનુમતીની સાથે ચાલે છે, વરરાજાને જોવા માટે આખાનગરનું લોકભેગું થયું છે લોકો કહે છે કે બાપના જેવા બેટા નથી, વરરાજા તો કાળોભૂતછે. એ પ્રમાણે વરરાજાનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નગરના લોકોએ ધિક્કારી કાઢયો, દુર્યોધન રાજા સઘળા લોકોને પોતાની સાહ્યબી બતાવે છે. મારા જેવો કોઇ ગૃહસ્થ નથી, એવો પોતાના મનમાં અભિમાન ધારણ કરીને જાનમાં ફર્યા કરે છે. એમ મહાલતાં મહાલતાં ભરપૂર શોભાથી બળદેવજીના ત્યાં પહોંચ્યા. વરરાજાને તોરણે રાખ્યો એટલે રેવંતીજી વરરાજાને પોંખવા માટે હાથમાં રામણદીવો ઝાલીને તથા માથા ઉપર બત્રીસ ભમરીયાળો મોડ ઘાલીને જ્યાં વરરાજા ઊભો હતો ત્યાં આવી.

શકુની મામો વરરાજાની પાસે ઊભો રહ્યો છે. બ્રાહ્મણો વિધિ સાથે વરરાજાને પોંખાવે છે' ધુશળ, મુશળ, રવૈયો, સળિયો, સંપુટ, ત્રાક, એંડી. પેંડી વિગેરે ઉતારીને તથા ટીલું તાણીને વરરાજાનું નાક આમળ્યું. એ પ્રમાણે વરરાજાને પોંખીને મંડપમાં લાવ્યા.ત્યાં ગર્ગાચાર્ય ગોરે વરરાજાને બાજઠ ઉપર પધરાવ્યા. કૌરવોના કૃપાચાર્ય ગોર પણ બેઠા છે. બળદેવજીએ મધ્ય ભાગને વિષે સુંદર મંડપ રચ્યો છે તેમાં પૂર્વ દિશાએ અને પશ્ચિમ દિશાએ સભા રચી છે. પૂર્વદિશાનીસભામાં પુરુષો બીરાજ્યાંછેઅને પશ્ચિમદિશાની સભામાં સઘળી સ્ત્રીઓ બેઠી છે, સભામાં બેઠા બેઠા સર્વ ચર્ચા દેખાય છે. ગર્ગાચાર્ય તથા કૃપાચાર્ય બેઉ જણા મંડપમાં બેઠા છે. વરરાજા બાજઠ ઉપર બેઠો અને તેની પાસે શકુની મામો બેઠો છે, રેવંતીજીએ સુરેખાને પીઠી ચોળી ચૂડો, મોજડી પાનેતર વિગેરે વસ્ત્ર શણગાર પહેરાવી દીધા. કન્યા મોઢીઆ માથે મૂકીને કન્યારૂપ બનાવી, એટલે પ્રભુના પુત્રે સુરેખાને ઊંચકી મંડપમાં પધરાવી. કન્યાની પાસે પ્રધુમન બેઠો, તેથી કૃષ્ણજી ચિંતા કરે છે. કારણ કે ગટોરગચ્છને જેમ કરવું હોય તેમ બની શકશે નહિ. એવું જાણીને પ્રભુએ પોતાના પુત્ર પ્રદ્યુમનને પોતાની પાસે બોલાવી ઠપકો દીધો કે કન્યાની પાસે તો સ્ત્રી શોભે માટે કોઇ દાસીને તેની પાસે બેસાડી તમે અહીં બેસો. એવાં પોતાના પિતાજીના વચન સાંભળી પ્રધુમને દાસીને બોલાવી કન્યાની પાસે બેસાડી પોતે સભામાં જઇને બેઠો.

હવે મંડપમાં સામસામી વરકન્યા આગળ પટકુળ ધરવાની તૈયારી થઇ છે. પછી બ્રાહ્મણોએ હસ્ત મેળવવાનું કહ્યું. જે આડો પટ થતો ને લઈલીધો એટલે હસ્તમેળાપકર્યો. કન્યાનો કોમળહસ્ત દેખીનેવરરાજા ખુશીથયો. શકુની મામાએ કહ્યું, અરે લક્ષ્મણા દીકરા ? સુરેખા કન્યા કેવી છે? મામાનું કહેવું સાંભળી વરરાજાએ જવાબ આપ્યો, મારા પિતાજીને પણ આવી સ્ત્રી નથી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મામો કહે, સુખેથી એ કન્યાના હાથ ઉપર નખ દેજે. વરરાજા કહે, હું બધું જાણું છું. મારા મિત્રોએ મને શીખવ્યું છે, એમ કહી સુરેખાને પ્રેમવડે કરીને નખ દેવા લાગ્યો, એવું જોઇ ગટોરગચ્છે મનમાં વિચાર્યું કે જ્યારે પતિઆપણુને લાડ કરે છે ત્યારે આપણે પણ તેમને કરવા જોઇએ. એવું જાણી રીસ કરી વરનો પોંચો દબાવ્યો. વરરાજાનાં આગળાંનાં હાડ વિગેરે ભાગી નાખ્યા.

વર ચીસ પાડીને ઊભો થયો. શકુની મામાને કહેવા લાગ્યો, અરે મામા મારો પ્રાણ જાય છે માટે હું પરણવાનો નથી. આ કન્યાને પરણું તો કન્યા મારી મા છે· એવું લક્ષ્મણાનું બોલવું સાંભળીને શકુની મામાએ કહ્યું, અરે બેટા, ડાહ્યા થઇને પરણવા બેસો. આવી કોમળ અંગની કન્યાથી શું ડરી જાય છે ? જો હવે પછી ઊઠીશ તો લોકો એમ ધારશે કે વરરાજા તો ગાંડા છે, માટે બોલ્યા સિવાય છાનોમાનો બેસીજા. એ પ્રમાણે સઘળી સભાનાદેખતાં મામાએ વરરાજાને સમજાવી પાટલે બેસાડયો. પણ વરરાજાની સઘળી હોંશ ભાગી ગઇ છે. તેથી બેઠો બેઠો રડે છે, સુરેખા કન્યાએ વિચાર્યું કે વરરાજા કયારનો રડયા કરે છે માટે તેને ખુશી કરું. એમ ધારી પોતાનો ઘુંઘટ ઉઘાડીને પૂર્ણિમાના ચંદ્ર જેવી પોતાની કાન્તિ બતાવી, કન્યાનું સ્વરૂપ જોઇ વરરાજા હસી પડયો, અને પોતાના મામાને કહેછે કે કન્યા મારી મા નહિ, હું તો આ કન્યાને પરણીશ. એ પ્રમાણે ગટોરગચ્છે લક્ષ્મણાને ખુશી કરીને ઘુંઘટ ખેંચી લીધો, વળી પાછું માયાવીએ વરરાજાને દુઃખ દેવાનું વિચાર્યું. ગટોરગચ્છે ઘુંઘટ ખોલીને મંઝારનું મોઢું બતાવ્યું. એવું જોઈને વરરાજા પાટલા ઉપરથી ઉઠી ગયો, અને કહે છે કે આ કન્યા તો કાળી કલાડો જેવી છે, વળી એને પીળા પીળા ડોળાછે, એવુંસાંભળીને મામો બોલ્યો, અલ્યા મૂર્ખા આમ કેમ ગાંડુ બોલે છે?આવી રૂપાળી કન્યાને તું બિલાડીકહે છે. તેથી તારી મા જ બિલાડી જેવી છે. એ પ્રમાણે શકુનીએ ખેંચીને બેસાડયો. વળી કન્યાએ ઘુંઘટ ઉઘડીને શ્વાનનું મોં બતાવ્યું. એટલે પાછો વરરાજા પાટલા ઉપરથી નીચે ઉતરીને મામા પ્રત્યે કહેવા લાગ્યો, આ કન્યા કુતરી છે. એવું સાંભળી મામો કહે છે, અરે લક્ષ્મણા, નીચે બેસ. એમ કહી કુખમાં ચોંટી ખણી વળી પાછું કહ્યું, આવી સુશોભિત કન્યાને તું કુતરી જેવી જાણે છે, માટે તારી જ મા કુતરી હશે. વળી પાછું ગટોરગચ્છે વરરાજાને ગંધર્વ જેવું મોં બતાવ્યું, એટલે વરરાજા ઊભો થઇને મામાને કહેવાલાગ્યો; મામા કન્યા તો ગધેડી છે હું આ કન્યા સાથે લગ્ન કરવાનો નથી,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શકુની મામાએ લક્ષ્મણાનો હાથ ખેંચોટીને એક ડાંસો ભર્યો. ને લક્ષ્મણાને કહે છે કે તારી મા ગધેડી છે. એ પ્રમાણે વરરાજાને શકુનીએ બેસાડયો.

માયાવી ગટોરગચ્છ લક્ષ્મણાને દુઃખ દેવા લાગ્યો. હેડંબાપુત્રે વરરાજાને રાક્ષશ મુખ દેખાડયું એટલે લક્ષ્મણાએ પાટલા ઉપરથી નીચે ઉતરીને મામા પ્રત્યે કહ્યું આ તો રાંડ રાક્ષસણી છે.એવું સાંભળી ભાનુમતી વરરાજાની પાસે આવીને બેઠી.લક્ષ્મણાએ કહ્યું,અરે માતાજી,આ રાક્ષસણી સ્ત્રી મને પરણાવશો તો મને ખાઇ જશે.એવું બોલીને રડવા લાગ્યો;ભાનુંમતી કહે,બેટા જરાવાર કષ્ટ વેઠો એમ કહીને પાલવથી આંસુ લુએ છે. અરે દીકરા મને વીતેલું છે તે મારું મન જાણે છે.મામાજીએ નથી જોયું એટલે પક્ષ તાણે છે. એટલે મામો કહે છે, ગોર મહારાજા, પરણાવવાની ઝટ ઉતાવળ કરો. કારણ કે કહોનો કહો પણ છોકરો બીએછે.એવાં શકુનીના વચન સાંભળી બન્ને ગોર કહે છેકે અમારાથી બને છે તેટલી ઉતાવળ તો કરીએ છીએ પછી તેનાથી વહેલો પાર લાવવો હોય તો સરાવ્યાની પેઠે પરણાવી દઇએ. કહી ગોર મહારાજાએ ઝટ પરણાવી દીધાં. ત્યાર પછી વરકન્યા આંખો મીંચીને ઉભી છે, વરના કરતાં કન્યા એક વેંત નીચી જણાય છે.પહેલું મંગળ ફેરા ફરીને વરકન્યા ઉભાં રહ્યાં એટલે બન્ને જણ બરાબર થયાં, એવું જોઇ સકળ સભા વિસ્મય પામીને વિચાર કરે છે કે પહેલાં તો જરા ઊંચા નીચી હતાં તે બરાબર થયાં, એનું શું કારણ હશે ? પછી બીજું મંગળ ફર્યાં એટલે કન્યા વર કરતાં એક હાથ ઉંચી દેખાઇ,વરરાજા તો તરછટ નીચો પડી ગયો.એવામાં પાછું ત્રીજું મંગળ વરતાવ્યું એટલે વરરાજાના કરતાં કન્યા બે હાથ ઉંચી વધી.આવું જોઇ સભાસદો આશ્ચર્ય પામી ગયા કે અરે આ શું? આમ બનવાનું કારણ શું? આવર કન્યા તો જાણે મા દીકરો હોય એમ જણાય છે. તે જોઈ બળીભદ્રનું દિલ દુભાયું. જાણ્યું કે આ કન્યા મારી નથી. કન્યાનું જરૂર હરણ થયું. આ તો કોઇ કપટી કન્યા છે, તેથી તે એકદમ હળસુશળ લેવા ઘરમાં ગયા. તેમણે કન્યાનું મસ્તક છેદી નાંખવા નિશ્ચય કર્યો હળધારી પોતાના ઘરમાં ગયા એટલે ભગવાન ચેતી ગયા. ને પ્રભુએ ગટોરગચ્છને બચાવવા માટે સાન કરી, સાનમાં એમ જણાવ્યું કે તું વિદાય થઇ જા. હવે જો વિલંબ કરીશ તો તારા પ્રાણ જશે. એવી પ્રભુજીની સાન જોઇને માયાવી વરરાજાને બગલમાં ઘાલી તથા મંડપને માથે લઈ એકદમ આકાશમાં ઉડયો, પછી અંતરિક્ષ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉભો રહીને એવું બોલ્યો, અરે અંધ પુત્ર દુર્યોધન ! તું રાંડીરાડના શુકન જોઈને દ્વારીકાંમા પેઠો હોઇશ. સુરેખા કન્યા તો અર્જુનજીનો પુત્ર અભિમન્યું પરણી બેઠો. ત્રણ દિવસ સુધી જે તમને દુઃખ પડયું.તે સઘળું મારું કામ.હું ભીમસેનનો પુત્ર છું અને મારું નામ ગટોરગચ્છ છે.

અમારે કન્યા લઇને નાસી જવું નથી. કારણ કે અમે ક્ષત્રીના બાળકો છીએ. જો તમારે લડવું હોય તો બાગના મેદાનમાં આવજો, એવાં ગટોરગચ્છનાં વચન સાંભળી દુર્યોધને કહ્યું, અલ્યા ભીમસેનના પુત્ર તું શા માટે મારૂં ઘરસૂત્ર નાશ કરે છે? મારા પુત્રને જીવતો નીચે મૂકી દે. એવું દુર્યોધનનું બોલવું સાભળીને ગટોરગચ્છે વરરાજાને બગલમાંથી હાથમાં ઝાલીને કહ્યું, તું તારી મા ભાનુંમતીને પરણજે. એમકહી નીચે ફેંકી દીધો. કુંવરને દુર્યોધનના સેવકોએ હાથમાં ઝીલી લીધો, કુંવર થરથર કંપવા લાગ્યો, દુયોધને ખોળામા લઈ હૃદયસરસો દાબ્યો. છત્રપતીએપૂછ્યું, અરે દીકરા, તને શું શું દુઃખ પડયું હતું ? એવામાં પોતાના પિતાજીનાં વચન સાંભળી લક્ષ્મણો બોલ્યો, અરે પિતાજી, મેં મામાને ઘણીવાર કહ્યું, પણ તેમણે બિલકુલ ગણકાર્યું નહિ, તેણે ચારે પ્રકારે રૂપ બતાવ્યાં તો પણ મામાએ જુઠું જાણ્યું, મેં પુષ્કળ રડી રડીને કહ્યું, પણ મનમાં જરાએ દયા લાવ્યા નહિ, એવાંપુત્રનાં વચન સુણી દુર્યોધને કહ્યું, ધિકકાર છે મામા તમારાં વર્ષ છુટી પડયાં. દીકરાએ રડી રડીને કહ્યું તોપણ તમે જુઠું માન્યું ? મામો કહે, સારું ઠપકો દે છે ? શું હું વાંકો વળીને કન્યાનું મોં જોઉં ? ? મુઓ વર ને ફીટી જાન. એવુંબોલે છે, એટલમાં બળદેવજી હળમુશળ લઇને સભામાં દોડતા આવ્યા, અને પૂછવા વાગ્યા કે કારમી કન્યા કયાં ગઇ? એવાં બળદેવજીનાં વચન સાંભળી દુર્યોધને જવાબ આપ્યો કે અરે હળધારી ! એ કન્યા નહોતી, એ તો ભીમસેનનો પુત્ર સુરેખાનું સ્વરૂપ ધારણ કરીને બેઠો હતો, વળી તે કહેતો ગયો છે કે અર્જુનનો પુત્ર અભિમન્યુ સુરેખાને પરણી બેઠો છે. અને તેનું નામ ગટોરગચ્છ છે, વળી તેણે હાથી, ઘોડા ઘરેણું આપીને અમારું સઘળું ધન લુંટી લીધું. એવું સાંભળી બળદેવજી કૃષ્ણ પ્રભુને કહે છે કે જ્યારે ને ત્યારે પાંડવો આપણને નડે છે, અરે વીરા, તે પાંડવોને પેધાડયાં, આપણી બહેન સુભદ્રાનું હરણ કરાવીને ખરાબ કર્યું આપણી બહેનને ભીમસેન તેડવા આવ્યો હતો, તે પણ ખુબ ખાઈ ગયો હતો. વળી પાછો સહદેવ આવ્યો હતો તે પણ લડીને ગયો હતો. અભિમન્યુ ભાણેજ દાંગવરાજાને શરણે રાખીને આપણા સાથે યુદ્ધ કરવા આવ્યો હતો. આજ તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમસેનના પુત્ર ગટોરગચ્છે હરણ કર્યું, તેને માટે શું કરીશું ? એવું સાંભળીપ્રભુ બોલ્યા, હું શું કહું ? જેવી તમારી મરજી. એટલે હળધારી કહે મારું કહેવું જો માનવું હોય તો ઝટપટ વસ્ત્રો પહેરીને યુદ્ધેચઢો. કૃષ્ણપ્રભુ કહે, હું વસ્ત્રો પહેરીને આવું છું તમે પણ તૈયારી કરો. એમ કહી પોતે ઘરમાં પધાર્યા, એવામાં દુર્યોધન ભીષ્મને તથા દ્રોણગુરુને કહેવા લાગ્યો, જુઓ મારા લક્ષ્મણાની લાજ લીધી. જુઓ દાદા, આજ કોનો વાંક છે ? એટલે દ્રોણગુરુ કહે વાંક તો બે છોકરાનો છે, માટે જે કરવું હોય તે કરો. દુર્યોધન બોલ્યો જાદવો તૈયાર થયા છે આપણે પણ તૈયાર થઇએ એટલે કૃપાચાર્યગોર, અશ્વત્થામા, દ્રોણ અને ભીષ્મ ચારે જણા એકાંતમાં બેસી વાતો કરે છે, દ્રોણગુરુ કહે અરે ભીષ્મજી ! આપણે કેમ કરીશું ? ખરું જોવા જતાં છોકરાનો વાંક માલુમ પડે છે, એવું સાંભળીને ભીષ્મજી બોલ્યા, જો ન્યાયમાં આવશે તો છોકરાનો બિલકુલ વાંક નથી.

પહેલા એ કન્યા છોકરાની હતી પણ બળદેવે ગાંડાઈ કરી દુર્યોધનના લક્ષ્મણા સાથે પરણાવવાનું ઠેરવ્યું તેમ છતાં બળદેવે તો ગમે તેમ કર્યું, પણ દુર્યોધને શા માટે કુંટુંબીઓની કન્યા લીધી? જેમ આરતીઓ તો આંધળો હોય તેમ બળદેવજીએ તો ભૂલ કરી, પણ દુષ્ટ છત્રપતિએ કેમ વિચાર ન કર્યો ? અભિમન્યુએ અભિમન્યુની સ્ત્રી લીધી તેમાં આપણે શું કરીએ? શું તે બીજાને લેવા દે ? એને એના બાપની આબરુ વહાલી હશે કે નહિ ? ખરું જોતાં બેઉ છોકરાઓએ વ્યાજબી કર્યું છે. એવું સાંભળી કૃપાચાર્ય બોલ્યા અરે ભીષ્મજી, તમારું કહેવું ખરું છે, પણ લોકો કહેશે કે ગંગાના પુત્ર વરરાજાને પરણાવ્યા સિવાય પાછા ઘેર ગયા. જગતની રીત પ્રમાણે તો જાનૈયાને લાજ કહેવાય, આપણે માથે લોકકહેણી થશે, માટે જરા વિચાર કરો. એવું સાંભળી ભીષ્મજી બોલ્યા અરે ગોર મહારાજ, મારા ઉપર કૃપા કરી આપ વિચારી જુઓ કે જ્યારે આપણું કુંવારુ રહે અને પારકું પરણી જાય ત્યારે લોકકહેણીની લાજ આવે; ખરું જોવા જતા અભિમન્યુ પણ આપણો કુંવર છે, માટે તે પરણ્યો તથા ઘણું રૂડું છે, આપણે ખાલી પાછા જતા નથી, આપણે પણ છોકરું પરણાવીને જઇએ છીએ. કન્યા આપણા ઘરમાં આવી છે, કંઈ પારકાને ઘેરગઇ નથી. દ્રોણગુરુ કહે, તમે વ્યાજબી કહો છો, હવે આપણે શું કરવું ? કૌરવ તથા જાદવ બંને ભેગા થઈને બે છોકરાઓને નડશે, આપણને પણ યુદ્ધમાં લેશે એટલે છોકરાની સાથે લડવું પડશે. અરે ભીષ્મપિતા, આપણા જીવતાં તેઓ છોકરાને મારે તે પણ ખોટું કહેવાય. લોકો કહેશે, સત્યવાદીઓએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાસે રહીને છોકરાઓને મારી નંખાવ્યા. એવું સાંભળી ભીષ્મપિતા કહે આપણે સૌની સાથેયુદ્ધમાં જવું;પછી સામા મોરચા બંધાય એટલે આપણે ચારે સત્ય પુરુષોએ યુદ્ધથી કોરાણે રહેવું.વળી બળદેવજીને તથા શ્રીકૃષ્ણને પણ આપણી પાસે બોલાવી લેવા. આપણે તેમને સમજાવીશું.નાનાછોકરાંની સાથે યુદ્ધ કરવું તે આપણને ઘટતું નથી. જાદવ કૌરવ કંઈ પાછા હઠી જાય તેમ નથી, માટે છોકરાની સાથે તેમને લડવા દો.

બંને છોકરાઓ બહુ બળવાન છે, તેઓ જાદવ કૌરવથી પાછા હઠે એવા નથી. તેમ છતાં જ્યારે બળદેવજી તથા કૃષ્ણ યુદ્ધ માટે ઉપડશે, તે વખતે આપણે પણ છોકરાઓની પક્ષ કરવી. આપણે ચારે ભેગા થઇ કૃષ્ણ બળદેવજીના સામું લડવું.એમ ચારે જણે સંતલસ કરી.એવામાંદુર્યોધને પોતાના યોદ્ધાઓને તથા કૌરવોને કહ્યું.હવે યુદ્ધમાં જવા માટે તૈયાર થઇને ઊભા રહો. જાદવો પણ યુદ્ધની વાત સાંભળી ઊભા રહ્યા. હવે ગટોરગચ્છે ભોંયરાની બહાર અભિમન્યુને પરણાવવાને માટે મંડપ બાંધીને તૈયાર કર્યો છે. તેણે ભાઇ તથા ભોજાઇને આવકાર દઇને ભોંયરાની બહાર બોલાવ્યાં. પોતે વિવેકથી વિચાર કરીને એક હજારદહિત ઉત્પન્ન કર્યા. તેમાંથી પાંચસેંના પુરુષ બનાવ્યા અને પાંચસેની નારીઓ બનાવી. તે પુરુષો સભા કરીને બેઠા છે. સ્ત્રીઓ ગીત ગાવા લાગી છે. એવામાં પ્રભુએ નારદજીને પોતાના ઘરમાં બોલાવ્યા, પછી દયાળે ચૂડો, પાનેતર, કંકુપડો, મીંઢળ નાડાછડી વિગેરે જે સામગ્રી જોઇએ તે સઘળી નારદજીને આપી દીધી. ત્યાર પછી પ્રભુએ નારદજીને આજ્ઞા આપી, તમે અશોક બાગમાં જઇને વરકન્યા પરણાવો, અહીં બેઠે બેઠે મંગળે મંગળે હું દાન આપુ છું. એટલે નારદજી બાગમાં આવ્યા, નારદજીને દેખીને સુરેખાના પગમાં જોર આવ્યું. નારદજીને કહેવા લાગી, અરે મારા નારદ કાકા તમે આ સઘળી વાત મારા પિતાજીને કહી દો. તેમાં મારા પિતાજીને એટલું કહેજો કે જુના વર પરણી જાય છે. એટલે માયાવી રાક્ષસો બોલ્યા, હવે તને ખાઈ જઇશું, રાક્ષસોનું બોલવું સાંભળી સુરેખા કહે છે, અરે અભિમન્યુ, આવો આપણે પરણીએ. નારદજી કહે, પેલા વર કરતાં આ વર ઘણો સારો છે. હમણાં તમને પરણાવી દઉં છું, નારદજી વરકન્યાને પરણાવે છે. એ સઘળું કર્તવ્ય પ્રભુનું છે. શ્રીકૃષ્ણ કન્યાદાન આપે છે, અશોક બાગમાં સ્ત્રીઓ રૂડે પ્રકારે ગીત ગાય છે.હવે ત્યાં હસ્ત મેળાપ કરવાનો સમય થતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હસ્તમેળાપ કર્યો, હવે ચોરીમાં પહેલું મંગળ વર્તાવા લાગ્યું તેમાં ગાયોના દાન અપાયાં. પછી બીજું મંગળ વર્તાવા લાગ્યું તેમાં દાસીઓનાં દાન અપાયાં પાછું ચોરીમાં ત્રીજું મંગળ વર્તાય છે, તે મંગળમાં ભૂમિનાં દાન અપાય છે. ચોરીમાં ચોથું મંગળ વર્તાય છે. તે મંગળમાં ભંડાર સહિત અપાય છે. પ્રભુજી સઘળાં દાન આપે છે. પછી રૂપિયો વીંટીઓથી વરકન્યાને રમાડયાં. વરકન્યાને ગોત્રજ આગળ પગે લગાડયાં. એ પ્રમાણે વરકન્યા પરણી રહ્યાં. શ્રીકૃષ્ણજીએ સુખરૂપે કન્યાદાન દીધું. ત્યાર પછી પોતે યુદ્ધમાં સાવધાન થયા, દીનાનાથ હથિયાર ધારણ કરીને તથા ક્રોધનો આવેશ જણાવીને ઘર બહાર નીકળ્યા.

પ્રભુની સાથે એક લાખ સાઠ હજાર એકયાશી પુત્ર પણ યુદ્ધ કરવા સારુ ઘરની બહાર નીકળ્યા. બળદેવજી પણ છપ્પન કોટી યાદવો લઈ યુદ્ધ માટે તૈયાર થઇ પ્રભુ પાસે આવીને ઊભા. હસ્તિનાપુરના છત્રપતી દુર્યોધને પણ પોતાની અગિયાર ક્ષોણી સૈન્ય તૈયાર કરી. છ કારભારીઓ તથા સો ભાઇઓએ પોતાના હાથમાં હથિયાર ગ્રહણ કર્યા. શુરવીરોએ નીશાન ડંકા વગાડયાં. સત્યવાદી ચાર જણા પણ આયુદ્ધ ધારણ કરીને નીકળ્યા. અશોક બાગમાં વરકન્યા પરણી રહ્યાં એટલે નારદજી બોલ્યા, અરે કુંવર હવે દક્ષિણા આપો. ગટોરગચ્છ કહે, અરે મહારાજા, ભોંયરા વિષે નગદ નાણું ભર્યું છે. તે તથા નારીઓનાં સઘળાં વસ્ત્ર શણગાર સુદ્ધાં તમને અર્પણ કર્યું. નારદજી આશિષ દઇને અંતર્ધ્યાન થઇ ગયા. પછી વરકન્યાને ગટોરગચ્છે ભોંયરા વિષે ઉતાર્યાં. સુરેખા કન્યાને ચાર રાક્ષસોની ચોકીમાં બેસાડીને ગટોરગચ્છ કહે, અરે વીરા ચાલો યુદ્ધ કરવા જઈએ, એવું સાંભળીને સુરેખા કહે, હું એકલી, કેવી રીતે રહી શકીશ? એટલે માયાવી ગટોરગચ્છે ચાર નાની છોકરીઓ સુરેખાના જેવડી ઉંમરની બનાવી, તેથી 'સુરેખાને બરાબર ગમ્મત પડે. પાંચે જણીએ. ભેગી થઇને આનંદ કર્યા કરે છે. પછી બંને ભાઇઓ ભોંયરા બહાર નીકળ્યા. ગટોરગચ્છે માયા વડે સત્તર હસ્તિનો એક રથ બનાવ્યો. તે રથમાં અભિમન્યુ બેસી ગયો. બંને ભાઈઓએ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. ગટોરગચ્છ રથ હાંકવા માટે બેસી ગયો. ઘોડાના અછોડા ગ્રહણ કરીને રથને હંકાર્યો તે દ્વારકાના મેદાનમાં આવ્યો. બંને ભાઇઓ હિંમત રાખીને રણ ભૂમિમાં ઊભા છે. એટલે યુદ્ધ કરવા માટે જાદવ તથા કૌરવ આવી પહોંચ્યા. બાગના મેદાનમાં સઘળા લોકો જુદે જુદે જુથે જઈને ઊભા, ભીષ્મ દ્રોણ, કૃપાચાર્ય અને અશ્વત્થામા આ ચારે જણા મોટા મેદાનમાં અળગા જઇને

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊભા એટલે કૃષ્ણજી એમ બોલ્યા,અરે ભીષ્મજી ! તમે ચાર સત્યવાદી આગળા જઇને કેમ ઊભા ? એવું સાંભળી ભીષ્મે કહ્યું,બાળકની સાથે યુદ્ધ કરવું મને યોગ્ય લાગતું નથી,જો કદી છોકરા જીતશે તો છેવટે લડવા માટે તૈયાર છીએ.જાદવ તથા કૌરવો સૈન્ય સહિત શું તે એને નહિ જીતી શકે ? અમે તેમની ચર્ચા જોવા માટે અળગા ઊભા છીએ.તમારે પણ ચર્ચા જોવા માટે અળગા રહેવું જોઇએ. જો છોકરા જીતશે તો છેવટે સામા થઇશું. એવું સાંભળીને પ્રભુએ બળદેવજીને કહ્યું,મને આ વાત વ્યાજબી લાગે છે માટે આપણે પણ કોરાણે ઊભા રહો. જો આપણું સૈન્ય હારશે તો આપણે તે છોકરાની સાથે યુદ્ધ કરીશું.એ બાળકોના શા ભાર છે ? ચાલો આપણે પણ તેમની પાસે જઇને ઊભા રહીએ.

...એ પ્રમાણે વિચારીને બંને ભાઇઓ ચારે સતીયા પુરુષોની પાસે ગયા. ભીષ્મપિતાના રથની સાથે રથ રાખી ઊભા.ભીષ્મની પાસે પ્રભુનો રથ છે. અને પ્રભુની પાસે બળદેવજીનો.ભીષ્મપિતાએ સાન કરી,રથને એકમેક ભીડાવી દો. એટલે ગુરુ રથ હંકારીને બળદેવજીની પાસે આવ્યા. તેમની જોડે ગોર કૃપાચાર્યને રથ લઈને આવ્યા, ભીષ્મની જોડે અશ્વત્થામા પોતાનો રથ રાખીને ઊભા છે. એ પ્રમાણે ચારે જણની વચ્ચે બંને બંધું કબજે થયા. ભીષ્મે દ્રોણને સાન કરી. આપણે કદી યુદ્ધ કરવું નથી. તેમ છતાં જો આ બંને ભાઇઓ છોકરા ઉપર ઉંપડે તો આપણે પણ તેમના ઉપર પડવું. આપણા વચમાંઘાલીનેકચડીનાંખીશું.કૃષ્ણજી શું કરીશકશે ? આપણે તોએટલું કરવું છોકરાંનો વાંકો વાળ ન થાય.પ્રભુના મનમાં તો એવું છે એ છોકરાઓને સારી પેઠે મદદ આપવી,તેજ પ્રમાણે ચાર સત્યવાદીઓએ પણ સંતલસ ગોઠવી હવે મેદાનમાં લડવૈયા બે તરફે ઊભા. બંને છોકરાઓ આગળ ઊભા છે, તેમાં અભિમન્યુ ગટોરગચ્છને કહે છે,અરે ભાઈ, લડવૈયા તો જુજવા બે જુથે ઊભા છે. તેને માટે શું કરીશું ? એવું સાંભળી ગટોરગચ્છ બોલ્યો,અરે વીરા તમે બિલકુલ ગભરાશો નહિ.જ્યાં તમને ફાવે ત્યા તમે જાઓ,તમને ન ફાવતુ હોય ત્યાં જવા હું ખુશી છું. હું લઢતોવઢતો જઇશ અને તમારી પક્ષ કરતો જઇશ. હે વીરા,જરા પણ ગભરાશો નહિ, તમારા હૈયામાં હિંમત રાખજો.એવું સાંભળી અભિમન્યુ બોલ્યો, મુરબ્બી ભાઈ ? તમે જાદવોમાં જાઓ અને હું કૌરવોમાં જાઉં.એમ સંતલસ થતાં જ ગટોરગચ્છ રથ ઉપરથી ઉતરી પડ્યો.ગટોરગચ્છને જતાં જતાં અભિમન્યુએ કહ્યું, અરે વીરા, તમે જાઓ છો તે તો ઠીક છે પણ મને એક વાતનો મોટો વહેમ રહી જાય છે.તમારો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રથ માયાવી છે તેથી કોઇ શુરાની ચોપ વાગવાથી લોપ થાય તે વખતે મારે શું કરવું ? હું એ વખતે નિરાધાર થઇને ઊભો રહીશ, માટે મને હિંમતઆપીને જાઓ. એવું પોતાના નાના ભાઇનું કહેવું સાંભળી ગટોરગચ્છ કહે છે, અરે વીરા ? હું સઘળું જાણું છું, તે કેમ ભૂલી જઇશ ? હું લઢીશ પણ તારી ખબર લેતો રહીશ. એમ કહી પોતે જાદવ લોકોની સામે ગયો. અભિમન્યુ રથ હંકારીને કૌરવ દળમાં ચાલ્યો. એ પ્રમાણે દુષ્ટ કૌરવોની સામે અર્જુનપુત્ર અભિમન્યુ ઉભો રહ્યો છે. જ્યાં ગટોરગચ્છ ગયો છે ત્યાં પ્રભુનો પુત્ર પ્રધુમન છે. ગટોરગચ્છને દેખીને પ્રભુનો મોટો પુત્ર પ્રધુમન બોલી ઊઠયો, અરે રાક્ષસીનાપુત્ર, તું અમારી સામે શું જોઇને આવ્યો છે? તું તારાં પરીયાંને તપાસી જો, તું કયારે ક્ષત્રીકુળનો છે ? જયારે સંતનું રાજા માછીની પુત્રી પરણ્યા ત્યારે નાત બહાર રહ્યા હતા. તે તો ઠીક પણ તારા બાપના કાકા આખલાની પરણેલી સ્ત્રી પરણી લાવ્યા છે. ફક્ત એકલા કુંતલપુરના રાજાએ અમારી ફોઇને પરણાવ્યાં હતાં અલ્યા કુંતાજીના પાંચે કુંવારા છે. તેમાં વળી તારો પિતા ભીમસેન તાણીતોશીને રાક્ષસણી પરણ્યો છે. તેટલા માટે અરે રાક્ષસણીના પુત્ર, તું અમારી સામે શોભતો નથી. જ્યારે પાંડવો એક સ્ત્રીને વર્યા ત્યારે ઘરસુત્ર થયું. અમારી કન્યાનું હરણ કર્યું છે માટે નિશ્ચય તારું મરણ આવ્યું એમ ધારજો. એવું સાંભળી ગટોરગચ્છ કહે, અરે પ્રભુના પુત્ર તું મારું બોલવું સાંભળી લે. તારા દાદા વસુદેવને કંસ રાજાએ કન્યા દીધી હતી. તારા દાદા કુળવાન હતા તો તેમને કાળાગ્રહમાં કેદ શું કરવા કર્યા ? કુળવંતને તો છુટા મૂકવા જોઇએ. વળી તારા પિતાજીને પૂછી જોજે તે પણ કાળાગ્રહમાં અવતર્યા હતા, ગોકુળમાં છાશ પીને તથા ગાયો ચારીને ઉછર્યા છે, વળી કયા પુરુષે તારા પિતાજીને કન્યા વિધિ સહિત પરણાવી છે ? તારી માતાને અંબાના દેશમાંથી હરણ કરી લાવ્યા છે. નરકાસુરને મારીને સોળ હજાર સ્ત્રીઓ હરણ કરી લાવ્યા છે.

વળી જાંબુવતી રીંછડીને લાવતાં પણ શરમ ન આવી ? તારું કુળ તું છાનું રાખ, હું સઘળું જાણું છું. તારું પાનું મારા હાથમાં છે. હજી બીજું સાંભળવું હોય તો લાંબી વાત છે, એવાં વચન સાંભળીને પ્રધુમન બોલી ઊઠયો, અલ્યા રાક્ષસણીના પુત્ર, જરા વિચાર કરીને બોલ એ પ્રમાણે પ્રભુનો મોટો પુત્ર પ્રધુમન ક્રોધમાં રાતોમાતો થઈ બોલ્યો, અરે ભીમસેનના પુત્ર ગટોરગચ્છ તું બહુ મદમાં ભરાઈ ગયો છે, પણ હવે મારા હાથમાં આવેલો કદી છુટવાનો નથી. જેમ વાઘના પંજામાં આવેલું શિયાળ કદી છુટવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પામતું નથી તેમતું પણ બચવાની આશા છોડી દે. જો તારે જીવવું હોય તો છાનોમાનો ચાલ્યો જા: હું તારા ઉપર મહેર રાખી તને જવા દઉં છું. એવું સાંભળી ગટોરગચ્છ ક્રોધે ભરાઈને, બોલ્યો, અરે પ્રદ્યુમન, તારા મનમાં તું જાણે છે, હું જીતીને ઘેર જઈશ, પણ યાદ રાખજે, તારી ખો ભૂલાવી દઉં છું. એવું સાંભળી પ્રદ્યુમન કહે છે, તેં મારા નગ્રમાં બહુજ તોફાન કરી પ્રપંચ કર્યો છે. વળી બળીઆ સાથે બાથ ભીડી છે તેથી જીવતો જવાનો નથી. જમ સરીખા જાદવો છે અને કાળ સરખા કૌરવો છે, તેઓ હળીમળી તને મારી નાંખશે. તેમાં વળી મારા બાણનો ઝપાટો જોઈ લેજે, બંને ભાઇઓને પકડી પકડી સંહારીશું, એવું સાંભળી ગટોરગચ્છ બોલ્યો, અરે કૃષ્ણના પુત્ર, તું લડયા વિના ઘેર ચાલ્યો જા. નહિ તો મારા રાક્ષસોને લલકારીશ. હું માયાવી કોપીશ એટલે તારો પ્રાણ તારા દેહમાંથી દૂર થશે, તને એવો માર મારીશ કે તારા બાપ જન્મારામાં લડવાની ખો ભૂલી જઇશ. તારાથી હું પાછો પડું તેમ નથી, જયાં ને ત્યાં પકડી પકડીને મારીશ. વળી તારા સકળ યાદ-વોને તો મારા રાક્ષસો ચૂર્ણ કરી નાખશે. તેમ છતાં જો વધારે ક્રોધે ભરાઇશ તો તારા સહિત સઘળા યાદવોને દરિયામાંફેંકી દઇશ. તું મારી પાસેથી જીતીને જવાની આશા છોડી દેજે. તમારા કેશ ઝાલી ઝાલીને માર મારવાનો છું.

જ્યારે ગટોરગચ્છ આવાં વચન બોલ્યો ત્યારે પ્રદ્યુમનને અતિશય ક્રોધ ચડયો. હવે કૌરવોમાં બહાદુર લડવૈયામાં મુખ્ય લડનાર કર્ણ રાજા છે, મધ્ય પોતાના બે પુત્ર સાથેલઇને અભિમન્યુની સામા લડવા સારુ આવ્યો છે, તે ભાગમાં બરાબર અભિમન્યુની સામો આવીને ઊભો. પછી કર્ણ રાજા બોલ્યો, અરે અભિમન્યુ, તું તારા મનમાં નિશ્ચય ધારજે, તારું મરણ નજીક આવ્યું છે તારે જીવવું હોય તો મને કરગરી પડી માફી માગ, નહિ તો તને અમારા બાણથી મારી નાંખીશું. એવાં અભિમાનનાં વચન સાંભળી અભિમન્યુ કહે છે, અરે કર્ણરાજા, જરા વિચારીને બોલો તમે તમારા મનમાં એમ સમજતા હશો કે અભિમન્યુ નાનો છોકરો છે માટે કાંઈભય બતાવીએ તો લડયા વિના નાસી જાય, પણ તેમ કદી બનવાનું નથી. હું હમણાં તમારો કાળ આણીશ. તમારે જીવવાની આશા હોય તો મને પાયે પડો. એ પ્રમાણે કર્ણરાજા તથા અભિમન્યુ બેઉ જણા સામસામી ચડાઉતરી કરે છે, એટલામાં કર્ણરાજાના બંને પુત્ર વૃષકેતુ તથા ચંદ્રકેતુ પોતાના પિતાજી પ્રત્યે બોલ્યા, અરે તાતજી તમે તો છોકરાની સામા કંઇપણ બોલશો નહિ, અમે બંને જણા તેની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાથે યુદ્ધ કરીશું. તમે દૂર ઊભા ઊભા અમારી લડાઇની તપાસ રાખજો. પોતાના પુત્રોનું બોલવું સાંભળી કર્ણે વિચાર્યું, બેઉ જણા કેવું યુદ્ધ કરે છે. તે મારે બરાબર જોવું.એવું સમજીને પોતે દીકરાઓનું યુદ્ધ જોવા માટે દૂર જઇને બેઠા. પછી વૃષકેતુ તથા ચંદ્રકેતુ બે જણા અર્જુનના પુત્ર અભિમન્યુની સામા પોતાના રથ લાવીને ઊભા.વૃષકેતુ અભિમન્યુ પ્રત્યે બોલ્યો, અરે અર્જુનજીના પુત્ર, તું કન્યાને પાછી સોંપીને અમને કરગરી પડ, એવું વૃષકેતુનું બોલવું સાંભળીને અભિમન્યુએ કહ્યું.વરરાજાને પરણવું હોય તો એની માતા ભાનુમતી સાથે પરણે. વૃષકેતુ બોલ્યો, અલ્યા બાળક, વિચાર કરીને જવાબ આપ. તું મંત્રના પુત્રનોપુત્ર છે. અભિમન્યુ કહે છે,અરેમુર્ખા. તું મારા સામે શોભતો નથી, કારણ કે તું તો દાસીના પુત્રનો પુત્ર છે.એવું સાંભળી વૃષકેતુ ક્રોધે કરી કહ્યું.અલ્યા અભિમન્યુ! અમે કેવું કપટ કરીને તારા બાપ પાસેથી રાજપાટ ધુતી લીધું અભિમન્યુ કહે છે. કપટ કરનારનું ભુંડું થશે વળી તે તો ઠીક છે પણ મારા ભાઇએ માયવી હાથી આપી કેવું નગદ નાણું લીધું. એટલે કર્ણકુમાર બોલી ઊઠયો.અમે કેવા બહાદુર, રાજસભામાં નગ્ન નચાવવા માટે તમારી દ્રૌપદી માતાને ખેંચી લાવ્યા ત્યારે અભિમન્યુ કહેવા લાગ્યો,અરેબળહીણ, જરા મનમાંવિચાર કરીને દિલગીર થા, મારા ભાઈ ગટોરગચ્છે તારી કાકીઓને તથા તારી માને વસ્ત્રાભૂષણ હરી લઈ આખી રાત્રિ નગ્ન નચાવી. એવાં અભિમન્યુનાં વચન સાંભળી વૃષકેતુ બોલી ઊઠયો. અલ્યા, તારા બાપ કાકાને કેવા અઘોર વનમાં કાઢયા છે? એટલે અભિમન્યુએ પ્રત્યુત્તર આપ્યો, માર ભાઈએ તમને શાકભાજી ખવરાવી કેવા ઓકાવી હગાવી માર્યાં.

એવાં બંનેના વચન સાંભળી કર્ણરાજા બોલી ઊઠયો, અરે દીકરા, તારા કરતાં અભિમન્યુ સવાયુ મેણું મારે છે તેથી મારું હ્રદય બળી જાય છે. હવે હે કુમાર? જીભની વઢવાડ મૂકી દઇ શસ્ત્રથી યુદ્ધ આરંભો, એ પ્રમાણે કર્ણરાજાએ પોતાના બંને પુત્રોને યુદ્ધ કરવા માટે ઉશ્કેર્યા એટલે વૃષકેતુ તથા ચંદ્રકેતુ બંનેભાઇઓએહથિારો તૈયાર કર્યા.તે જોઇને અભિમન્યુએ પણપોતાનું ધનુષ્ય બાણ સજ કરી ટંકાર કર્યો,અર્જુનજીના પુત્રે પોતાનો રથ સામો ઊભો રાખ્યો. એટલે કૌરવોએ પોતપોતાનાં હથિયારે અભિમન્યુના ઉપર અજમાવ્યાં. યાદવોમાં પ્રદ્યુમને હાથ ઊચો કર્યો એટલે સઘળા યાદવો હથિયારો તૈયાર કરી ઊભા રહ્યા. યાદવો ઘણા ગુસ્સે થઇને ગુપ્તીઓ, ગદાઓ એ સિવાય પુષ્કળ હથિયારો લઈ ગટોરગચ્છ ઉપર તૂટી પડયા.માયાવી ગટોરગચ્છ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એકલો છે અને યાદવો પુષ્કળ છે. જેમ કદળી ઉપર વીજળી પડે તેમ ગટોરગચ્છ ઉપર યાદવોએ જુલમ કર્યો, એવું યાદવોનું તોફાન દેખી માયાવીને પુષ્કળ રીસ ચઢી, પોતાના કેશ છોડી નાખીને પાષણ ઉપર મસ્તકને પછાડયું, જ્યાં માથું પછાડયું એટલે મસ્તકમાંથી જુ જુ જેવડા હજારો જીવ ખરી પડયા તે જીવોને પવન ને પૃથ્વી અડી એટલે સઘળા જીવો રાક્ષસો બની ગયા. તે રાક્ષસો તાડ જેવાડા ઊંચા, નાક બુચા તથા ગજ ગજ લાંબા દાંતવાળા થયા. એવા ભયંકર સ્વરૂપવાળા દહિતોએ યાદવો ઉપર જબરું જોર જણાવ્યું.

યાદવો ગટોરગચ્છનો ચમત્કાર જોઇ આશ્ચર્ય પામી ગયા. રાક્ષસો તથા યાદવો સામસામી કારમુ યુદ્ધ કરવા લાગ્યા. હવે કૌરવોમાં કર્ણના પુત્ર વૃષકેતુ, ચંદ્રકેતુ અર્જુનના પુત્ર અભિમન્યુ સાથે લડવા લાગ્યા. વૃષકેતુએ અભિમન્યુ ઉપર એક બાણ માર્યું. સુભદ્રાસુતે સામુ બાણ મારી તેના બાણને ભંગ કર્યું એટલે ચંદ્રકેતુએ મંત્ર ભણીને અગણિતા બાણ માર્યા. તે સામા આવતાં જોઇને અભિમન્યુએ પણ બાણ માર્યા. તેના બાણ વડે કરી ચંદ્રકેતુના બાણનો નાશ થયો. વળી અભિમન્યુએ કર્ણના પુત્રોને નાગપાસના બાણ મારી અવળે હાથે બાંધી દીધા તે જાઇને કર્ણરાય ઊભો થયો અને પોતાના પુત્રોની પાસે આવીને કહેવા લાગ્યો. તમે મારું નામ બોળ્યું. એમ કહીને પુત્રોના હાથ છોડી નાખ્યા. પછી કર્ણરાજા મેઘનાદની પેઠે ગર્જના કરીને અભિમન્યુના સામો યુદ્ધ કરવા ઊભો, પોતાનાં આયુધો સજ કર્યા. પોતે અગણિતા મંત્ર ભણીને અભિમન્યુ ઉપર બાણની વૃષ્ટિ કરે છે. તેનું એક બાણ જતામાં સાઠ હજાર બાણ થઇ જાય છે. એટલે અભિમન્યુ પણ અગણિતું બાણ મારે છે તેનું એક બાણ જતામાં ચાળીસ હજાર બાણ થાય છે. કર્ણરાજાના આગળ અભિમન્યુ બાળકનું શું જોર ચાલી શકે? અભિમન્યુને પુષ્કળ માર પડે છે. વળી આસપાસના યોદ્ધાઓના હથિયાર પણ તેના ઉપર આવીને પડે છે. એવું જોઇને અભિમન્યુ પોતાના મનમાં ખેદ કરવા લાગ્યો. કર્ણરાજા સુભદ્રાસુત ઉપર અતિશય જુલમ કરે છે તો પણ અભિમન્યુ યુદ્ધને ટકાવી રહ્યો છે. યાદવોમાં પ્રદ્યુમન બહુ જોર કરે છે, પોતે શિવનું બાણ લઇને ગટોરગચ્છના દૈત્યોને તે બાણ માર્યું; તે બાણના પ્રભાવ વડે કરીને માયાવી રાક્ષસો લોપ થય ગયા. એવો કાળો કેર જોઇને માયવી ગટોરગચ્છ બહુ જ ક્રોધાયમાન થઈ ગયો. તેણે રીસમાંને રીસમાં પોતાનું મસ્તક પાષણ ઉપર ચાલીસ વખત પછાડયું. તેમાંથી જુ જુ જેવડા ચાલીસ હજાર જંતુઓ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉત્પન્ન થયા, તે જંતુઓને પવન તથા પૃથ્વી અડી કે તરત જ ચાલીસ હજાર રાક્ષસો બની ગયા. તે રાક્ષસો ત્રણ ત્રણ તાડ લાંબા, બળવાન,બીહામણા તથા પહોળા હાડવાળા યુદ્ધ કરવા ઊભા રહ્યા, પછી માયાવી ગટોરગચ્છે પાછું પોતાનું મસ્તક પાષણ ઉપર ચાળીસ વખત પછાડયું તેમ કરવાથી મસ્તકમાંથી ચાળીસ હજાર જીવડાઓ ખરી પડયા. તે જીવડાઓને પવન તથા જમીનનો સ્પર્શ થયો; એટલામાં ચાળીસ હજાર રાક્ષસણીઓ બની ગઈ, તે રાક્ષસણીઓ સાત તાડ જેવડી ઉંચી બનાવી, કેટલીક ગર્ધવમુખી, ભુંડમુખી શ્વાનમુખી, વાયસમુખી, હરણમુખી એ પ્રમાણે ભિન્ન ભિન્ન મુખવાળી કંઈક પીતવરણી, કંઈક શામવરણી, તથા સાત સાત ગજના લાંબા દાંત વાળી ટુંકા કેશવાળી વળી કંઇક રાક્ષસણીએ ચણીઓ પહેર્યા છે, કંઇક કેશ ઢાંકયા છે, કંઇકે કછ માર્યા છે. કંઇકે લંગોટી વાળી છે. કોઇ નગ્ન વેશે ઉભી રહી છે, તેમના સ્તન એકેક તાડવા લાંબા છે, સ્તનો પોતે પકડી યાદવાને મારે છે, તેથી યાદવો બૂમ પાડીને નાસવા લાગ્યા, તે સ્તનો નીચે દસ દસ યાદવો દબાય છે, તેથી કારમો પોકાર પાડે છે. રાક્ષસણીઓના ભયથી લોકો નાસભાગ કરે છે, કંઇક રાક્ષસણીઓ યાદવોના ટોળામાં પડતું મૂકી યાદવોને પકડી પાડે છે. પછી તેમને અધમુવા કરી પોતાના મુખમાં તથા નસકોરાંમાં ઘાલી દે છે.એ પ્રમાણે રાક્ષસાણીઓ જબર જોર કરવા મચી પડી છે.

રાક્ષસ લોકો યાદવોના ઉપર ખોળા તથા ખોબા ભરી પુષ્કળ રેણું નાંખે છે તેથી યાદવો ઊભા ઊભા આંખો ચોળે છે. ધુળ ઉડવાથી અંધકાર થયો તે જોઇને ગટોરગચ્છ ગગન ઉપર ઉંચે ચડયો ને ઉપર રહી યુદ્ધ કરાવે છે. વળી વનમાં જઇને ઝાડ, પહાડ વિગેરે લાવે છે અને અંતરિક્ષં ઊભો ઊભો ઝાડ પહાડ વિગેરે યાદવોમાં ફેંકે છે એ પ્રમાણે કારમું યુદ્ધ ચાલી રહ્યું છે. હવે કૌરવોમાં કર્ણરાજા અભિમન્યુ ઉપર અતિશય ગુસ્સે થયો તેણે શિવનું બાણ મારી અભિમન્યુનો માયાવી રથ લોપ કર્યો. રથ લોપ થવાથી અભિમન્યુ પૃથ્વી ઉપર ઊભો રહ્યો. વળી કર્ણ રાજાએ અપાર બાણ માર્યાં તેથી તેનાં આભૂષણો તૂટી ગયા, શરીરમાંથી રુધિર નીકળ્યું અને આખું અંગ ચારણી જેવું થઈ ગયું. તેનાં લોચન ફાટી ગયાં. તેવી માઠી હાલત આવી પડવાથી પોતાના ભાઈ ગટોરગચ્છને સંભારવા લાગ્યો. અભિમન્યુ કહે છે, અરે મારા વહાલા ભાઇ ! જો તમે આ વખત મારી વહારે નહિ ચડો તો હું મૃત્યુ પામીશ.અરે વીરા !તેં મને રણમાંરઝળાવ્યો. અરે દૈવ!મારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હવાલ ભૂંડા થયાં. એ પ્રમાણે પોતે ટળવળવા લાગ્યો, એવામાં ગટોરગચ્છની દૃષ્ટિ તે તરફ ગઇ તો પોતાના ભાઇને બહુ દુઃખીઓ દીઠો. તેથી તેણે એકાએક કૌરવોમાં દુર્યોધનનાબનેવી જયદ્રથના રથમાંપડતું મૂકયું.ગટોરગચ્છેજયદ્રથને હડસેલો મારી રથમાંથી બહાર પૃથ્વી પર ફેંકીદીધો. પછી ઘોડાઓનાં અછોડા પોતાના હાથમાં પકડી લઇરથને અભિમન્યુની પાસે હાંકી લાવ્યો માયાવીએ અભિમન્યુને ઉંચકી લઇને રથમાં બેસાડી દીધો, ત્યાર પછી અભિમન્યુને પૂછયું. કેમ ભાઇ, તારી શું ઇચ્છા છે ? એવાં ગટોરગચ્છનાં વચન સાંભળી અભિમન્યુ બોલ્યો, અરે વીરા! હવે મારી કાંઇ ચિંતા કરશો નહિ;તમે તમારૂં લડવાનું પૂરું કરીને વહેલા આવો. એવું સાંભળી માયાવીએ કહ્યું, બહુ સારું એમ કહી પોતે આકાશમાં ઉંચે ચડયો. ત્યાંથી છાનોમાનો પ્રદ્યૂમનના રથની નીચે પડયો, રથ પોતાના મસ્તક ઉપર ઉંચકી લઇ ગગનમાં ચઢી ગયો. ગગનમાં ચઢયા પછી માયાવીએ પ્રઘુમનને ગાજીને કહ્યું, અરે પ્રભુના પુત્ર,હું તને આ રત્નાગર સાગરમાં તથા રથ સહિત ફેંકી દઈ તારા પ્રાણ જરૂર હરણ કરું છું એવું કહેતા 'પ્રઘુમન ચેતી ગયો અને તરત પોતે પોતાનો ભાલો માયાવીને મારવા માટે હાથમાં પકડી લીધો. માયાવીએ પ્રઘુમનનેક્રોધાતુર જોઇને રથને ગામમાં ફેંકી દીધો. ત્યાર પછી યાદવોની વચ્ચે તુટી પડયો.

યાદવોમાં શોરબકોર થઇ રહ્યો છે. યાદવો માંહેમાંહે પોકાર કરે છે કે અરે ભાઇઓ,આપણો મોખરાનો લડવઇઓ ગયો,હવે આપણાથી કંઇબનીશકવાનું નથી. એવામાં રાક્ષસ તથા રાક્ષસાણીઓએ જોર બતાવ્યું. તેથીયાદવના મહા બળવાન યોદ્ધાઓ પણ રણસંગ્રામમાંથી જીવ લઇને નાસી ગયા, એ પ્રમાણે યાદવોની સેનામાં ભંગાણ પડી ગયું. માયાવીએ સઘળા લોકોને નસાડીદીધા. ત્યાર પછી તે રાક્ષસ તથા રાક્ષસણીઓપ્રત્યે બોલ્યો, ચાલોહવેઅભિમન્યુભાઇની વહારે ચડીએ. વેશમપાયનઋષિ કહે છે, જનમેજયરાજા, એપ્રમાણે યાદવોને હરાવીને માયાવી તથા રાક્ષસાણીઓએ અભિમન્યુની મદદે આવવાનો વિચાર કર્યો, ગટોરગચ્છે રાક્ષસ રાક્ષસણીઓને આજ્ઞા આપી કે તમે કોરવોનીસેનામાં તૂટી પડો. આજ્ઞા આપીને પોતે આકાંશમાં ઊંચો ઊડયો, એટલે રાક્ષસ રાક્ષસણીઓનું ટોળું હસતા સુખે કૌરવોની સેનામાં આવી પહોંચ્યું. કૌરવોએ માંહેમાંહે વિચાર્યું, જરૂર આ રાક્ષણીઓ આપણો ભોગ લેશે. અરે ભાઇઓ, હવે આપણે શું કરીશું ? રાક્ષસ તથા રાક્ષસાણીઓને કૌરવસૈન્યમાં આવેલા જોઇને અભિમન્યુના પગમાં અતિશય જોર આવ્યું, ત્યાર પછી હેડંબા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુત ગટોરગચ્છે આકાશમાં રહી નીચે જોયું. તો કર્ણરાજાને જબરું જોર કરતો દીઠો. એવું જોઈ પોતે છલંગ મારી કર્ણરાજાના રથની નીચે પેસી ગયો પછી તે રથને પોતાના મસ્તક ઉપર ઊંચકી લઈ ગગનમાં ઊંચો ચઢી ગયો. ગગનમાં ગયા પછી બોલ્યો, અરે કર્ણ કાકા, હવે બરોબર મારો લાગ આવ્યો છે. હું તમને દરિયામાં ફેંકી દઈ મારી કાકીને રંડાવીશ. એવું સાંભળી કર્ણરાજા થર થર ધ્રૂજવા લાગ્યો, સૂર્યનો પુત્ર મનમાં વિચાર કરે છે. અરે દૈવ, આ માયાવી ગટોરગચ્છે ખરા રંગમાં ભંગ પાડયો. જો મને નીચે ફેંકી દેશે તો જરૂર મારા પ્રાણ નીકળી જશે. એવું જાણી પોતાના હાથમાંથી ધનુષ બાણને નીચે મૂકયાં ને વાંકા વળીને પોતાનો ભાલો માયાવીને મારવા માટે હસ્તમાં પકડયો. કર્ણરાજાનો આવો કોપ જોઇને ગટોરગચ્છે રથને વનમાં ફેંકી દીધો, રથ પૃથ્વી પર પડવાથી કર્ણરાજાનાં હાડોહાડ ભાંગી ગયાં. માયાવી ગટોરગચ્છ ગગનમાં ઊંચે ચઢીને દુર્યોધનના હાથી ઉપર પડયો. દુર્યોધનના હાથી ઉપર અંબાડીમાં પડીને દુષ્ટના હાથમાંથી હથિયાર છીનવી લીધાં, પછી દુર્યોધનનો ચોબળો ઝાલીને નીચે નાંખી દીધો. માયાવી પાપીને છાતી ઉપર ચઢી બેઠો. એવું જોઈને શકુની ત્યાંથી જીવ લઇને નાસી ગયો. જ્યાં સેનામાંથી શકુની નાઠો એટલે બીજા યોદ્ધાઓ પણ તેમની પાછળ નાસી ગયા.

ગટોરગચ્છ દુર્યોધનને કહેવા લાગ્યો, અરે દુષ્ટ પાપી તને ઠેર મારી નાંખું. એટલે દુર્યોધને ગટોરગચ્છને હાથ જોડીને કહ્યું, લક્ષ્મણાને પરણવું હશે તો એની માને પરણશે પણ મને જીવતો ઘેર જવા દે. અરે ભીમસેનના પુત્ર, તું મને જીવતદાન આપ. દુર્યોધનના શબ્દો સાંભળી ગટોરગચ્છે વિચાર્યું, કાકો થઇને આવા શબ્દો કાઢે છે માટે જીવતો જવા દઉં. એમ ધારી પોતે છાતી ઉપરથી ઉઠી ગયો, તેને આ દુષ્ટનો અનુભવ ન હતો તે ગરજ વખતે ગધેડાને બાપ કહે તેવો છે તે જાણતો નહતો. જ્યાં માયાવી ઊઠયો કે તરત પાપી દુર્યોધન જીવ લઇને નાસી ગયો. ભીમસેનના પુત્રે રાક્ષસ રાક્ષસણીઓને લોપ કરી દીધાં, પછી પોતે અભિમન્યુના રથમાં આવીને બેઠો રથમાં બેઠા પછી ઘોડાના અછોડા પોતાના હાથમાં પકડી લીધા. દુષ્ટ દુર્યોધન ઘણો જ ખેદ પામ્યો, પાપી શકુની મામાને જઇને મળ્યો ને કહેવા લાગ્યો. અરે મામા ભીમસેનનાં પુત્ર ગટોરગચ્છે જુલમ કર્યો, પાપી લોકો એકાંત મળી વાતો કરે છે. રણ વિષે છોકરા જીત પામ્યા તેથી બળદેવજીએ પોતાના હાથમાં હળમુશળ ધારણ કર્યું, બળદેવજીને ક્રોધાતુર દેખીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શ્રીકૃષ્ણજીએ પણ પોતાના હાથમાં ચક્રને ધારણ કર્યું, એવું દેખી ભીષ્મપિતા બોલી ઊઠયા. તમે વિચાર કરીને આયુદ્ધ ધારણ કરજો, નહિ તો અમારે ને તમારે લડાઇ થશે, તાટે સમજીને કામ કરજો. એવું સાંભળી બળદેવજી બોલ્યા, અરે ભીષ્મજી? તમે અવળું કેમ બોલો છો? ભીષ્મજી કહે છે, તે દીકરાઓ અમારા છે, માટે કોટી ઉપાયે તમને મારવા દેનાર નથી. એમ કહી ભીષ્મજીએ આયુદ્ધ ધારણ કર્યાં બળદેવજીએ શ્રીકૃષ્ણને કહ્યું, હે વીરા, આ લોકોની સાથે યુદ્ધ આરંભો હું પેલા બંને છોકરાઓને હળમુશળથી મારું છું એવું બળદેવજીનું વચન સાંભળી પ્રભુ બોલી ઊઠયા, હું તો મારું ચક્ર યાદવોના શીશ છેદવાને માટે મૂકી દઉં છું. એટલે હળધારી બોલી ઊઠયા, અરે કૃષ્ણ,તું આડું કેમબોલે છે?આપણા યાદવોબિચારા રાંક છે. તેમને શા માટે મારવા જોઇએ ?તેમનો બિલકુલ વાંકનથી.એવું સાંભળી શ્રીદીનાનાથે મોટાભાઇને સમજાવીને કહ્યું, ભાઈ જરા મનમાં વિચાર કરો, તે છોકરાઓનો શો વાંક છે? બળદેવજી કહે, છોકરાઓએ કપટ કરી આપણી કન્યાનું હરણ કર્યું તેનાથી બીજો શો મોટો વાક? પ્રભુ કહે કન્યાનું હરણ કર્યું તેમાં છોકરાઓની બિલકુલ અનીતિ નથી. જ્યારે તમે પહેલવહેલો વિવાહ કર્યો હતો તો કન્યા લીધી. એમની કન્યા હતી ને એમણે લીધી તેમાં એમનો વાંક નથી.

ક્ષત્રી થઇને પોતાની કન્યાને કેમ જવા દે? સર્વે જનને પોતાનું નાક વહાલું છે. એટલે ભીષ્મજીએ દ્રોણ ગુરૂને સાન કરી. હવે આપણે બિલકુલ ભય રહ્યો નહિ. બંને ભાઇઓ સામાસામી બોલે છે, તેમાંથી શો સાર નીકળે છે તે જોયા કરો. કૃષ્ણજીનું બોલવું સાંભળીને બળદેવજી કહે છે અરે બંધવ તારા કહેવાથી એવો નિશ્ચય થાય છે, આ સઘળું કર્તવ્ય તે કરાવ્યું. કૃષ્ણજી કહે, હા મેં કરાવ્યું છે. પણ બાળકોને મારવા દેવાગો નથી. એવાં કૃષ્ણજીના વચન સાંભળી બળદેવજી બોલી ઊઠયા,અરેકપટી તારા કપટની મને સમજણ ન પડી. એમ કહી હળમુશળ હેઠું નાંખી દઈને રથમાંથી નીચે ઉતરી પડયા. પછી ક્રોધમાં ને ક્રોધમાં અભિમન્યુને પૂછવા લાગ્યા, અરેછોકરા કન્યા કયાં છે? કન્યાને તારા ઘેર મોકલવાનો નથી. એવું બળદેવજીનું બોલવું સાંભળીને અભિમન્યુ કહેવા લાગ્યો, મારે તમારી કન્યા જોઈતી નથી. ફક્ત અમારે અમારી કહેવરાવવી હતી તે તો લહાવો લઈ લીધો, મારે કન્યાની જરૂર નથી. જાઓ અશોક બાગના ભોંયરામાંથી કન્યાને સુખેથી લઈ જજો એવું સાંભળી બળદેવજી ત્યાંથી ભોંયરામા ગયા. ગટોરગચ્છના માયાવી રાક્ષ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સોને ગટોરગચ્છે લોપ કરી દીધા પછી બળદેવજી પોતાની પુત્રીને ખાંધેઉચકીલઇને ખડખડતા તથા કળકળતા પોતાને ઘેર ગયા. ત્યાર પછી હાર પામેલા કૌરવો એક જગાએ ભેગા થયા હતા તેઓએ બળદેવજી કન્યાને લઇને ઘેર ગયા; એમ જાણીને દુર્યોધન શકુની મામાને કહેવા લાગ્યો, અરે મામા તમે, હું દુશાસન ને કર્ણ આપણે ચાર જણ બળદેવજીને ત્યાં જઇએ. પહેલાં આપણે આપણી સ્ત્રીઓને રજા આપી દઇએ, તે હસ્તિનાપુર જાય. એ પ્રમાણે વિચારી કૌરવોએ પોતાની સ્ત્રીઓને નગ્રમાંથી વિદાય કરી દીધી. તે હસ્તિનાપુરને રસ્તે ચાલવા માંડી. પછી ચારે જણા કન્યા લેવા માટે દ્વારકામાં ગયા.

ચાલ્યા ચાલ્યા બળદેવજીને ત્યાં જઇને બેઠા. પછી દુર્યોધન બળીભદ્રને કહેવા લાગ્યો. પાંડવના પુત્રોએ આપણા રંગમાં ભંગ કર્યો,જ્યારેને ત્યારે એ પ્રમાણે અમને વિતાડે છે. અરે બળીભદ્ર,આ તમે નજરે જોયુ, જુઓ અમારા બંનેમાં કોનો વાંક છે? હશે, ભોગ એમનાં. એમનાં કર્મ એ ભોગવશે. જે થવાનું હતું તે થયું.અમારી સુરેખા કન્યા અમને આપો.અમે અમારે ઘેર લઇ જઇએ. એવું દુષ્ટનું બોલવું સાંભળીને બળીભદ્રને ગુસ્સો ચડયો તેથી પોતે બોલી ઊઠયા. અરે મૂર્ખા! તું શું લવારો કરે છે! એ કન્યા તો પરણી ચૂકી છે. શું હું બીજો સ્વામી કરું? અને દુષ્ટ, તું વગર વિચાર્યું કેમ બોલ્યો? એ પ્રમાણે હળધારી મહા ક્રોધાયમાન થયા. સેવકોને કહ્યું, અલ્યા. શું જોઇ રહ્યા છો? મારું ખડગ લાવો,હું દુષ્ટોનો નાશ કરું.એવાં બળદેવજીનાં ગુસ્સાવાળાં વાકય સાંભળીને ચારે કૌરવો ત્યાંથી જીવ લઇને નાસી ગયા. ચારે જણા રથમાં બેસી નગ્ર બહાર નીકળી ગયા. હવે રણસંગ્રામમાં ચારે સતીઆ પુરુષો તથા પાંચમા અવિનાશી પાંચે મળી પાંડવોના પુત્રોને પોતાની પાસે બોલાવ્યા, તરત અભિમન્યુ તથા ગટોરગચ્છ આવીને પગે લાગ્યા, એટલે ભીષ્મજીએ પુત્રોના મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ દીધો. પછી મંદમંદ હસીને ભીષ્મપિતા ગટોરગચ્છને કહેવા લાગ્યા, દીકરા હું તારી ક્રિયા જોઇને ખુશી થયો છું. ધન્ય છે તારી માતા હેડંબાને તથા ધન્ય છે તારા ભીમસેન તાતને! તેં ઘણું જ શૂરવીરતાનું કર્તવ્ય કર્યું છે. એવાં ભીષ્મજીનાંવચન સાંભળી માયાવીએ કહ્યું,અરેદાદા,એ સઘળો તમારો પ્રતાપ છે,દાદાકહે,વહેવાર વટમાં કોઇ બીક ધરવી નહિ. આવી શાબાશી વધારતા જેવું, આપણું નાક જવા દેવું નહિ. પછી અભિમન્યુને કહ્યું, અરે દીકરા, જ્યાં સુધી તારા બાપ કાકા વનમાંથી ઘેર આવે નહિ ત્યાં સુધી તારે હેડંબા વનમાં રહેવું. કારણ કે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કૌરવ લોકો બહુ કપટી છે માટે તેને દગો દઈ ઠેર મારશે. વળી ગટોરગચ્છને ભલામણ કરી, તું અભિમન્યુને તારી પાસે રાખજે. આવાં ભીષ્મજીનાં વચન સાંભળી ગટોરગચ્છ બોલ્યો, અરે દાદા, મા દીકરો બંને મારા ઘેર રહેશે. ફક્ત કુંતા માતાની સંભાળ રાખજો. ભીષ્મપિતા કહે, કુંતાજીની તમે બિલકુલ ફીકર ચિંતા કરશો નહિ.તમે તે વાતેં નિર્ભય રહેજો.એવું દાદાનું બોલવું સાંભળી બંને પગે લાગ્યા. તે જોઈને શ્રીકૃષ્ણજી ખુશી થયા. પછી સતીઆ પુરુષોએ તથા શ્રીપ્રભુએ પુત્રોના મસ્તક ઉપર આશીર્વાદ દઈ હાથ મૂકી પાંડવના પુત્રોને આજ્ઞા આપી, હવે તમે તમારા હેડંબાવનમાં જાઓ.

એ પ્રમાણે પુત્રોને આજ્ઞા આપી ને સત્પુરુષોએ રથને હસ્તિનાપુર તરફ હાંકયાં. પાંડવપુત્ર ગટોરગચ્છ તથા અભિમન્યુ બંને જણા હેડંબાવન તરફ ચાલ્યા. અને શ્રીકૃષ્ણજી દ્વારકાં ભણી વળ્યા. એ પ્રમાણે સઘળા લોકો પોતપોતાને પંથે વળ્યા. ચારે સતીઆ પુરુષો કૌરવ દળને પહોંચી વળ્યા.એવામાં પાંડવના પુત્ર હેડંબાવનમા જવા માટે એક જોજન દૂર ગયા એટલે ભીમસેનના પુત્ર ગટોરગચ્છને સાંભરી આવ્યું, તેથી પોતાના ભાઇને કહે છે, અરે વીરા, તમે જરા અહીં ઉભા રહો. હું કૌરવોની સંભાળ લઇને આવું છું. એવું કહીને તરત હસ્તિનાપુર તરફ વિદાય થયો. જ્યાં કૌરવ લોકોની સ્ત્રીઓ ચાલી જાય છે ત્યાં આવી પહોંચ્યો.માયાવી ગટોરગચ્છે દુર્યોધનનું રૂપ લીધું ને રાક્ષસો ઉત્પન્ન કરી નવાણું ભાઇઓ માયાવી રૂપવાળા બનાવ્યા,વળી બીજા છ કારભારીઓ બનાવ્યા, તે સઘળા કૌરવોની સ્ત્રીઓ વચ્ચે આવી પહોંચ્યા. એવામાં ભાનુમતીએ પૂછયું. કહો કન્યાનું કેમ થયું ? એવું ભાનુમતીનું બોલવું સાંભળીને દુર્યોધન બોલ્યો, અરે રાણી તું નિર્ભાગી છે.તમારા પગના પ્રતાપ વડે કરીને આ સઘળું દુઃખ ઉત્પન્ન થયું,એવું દુષ્ટનું વચન સાંભળીને સઘળી સ્ત્રીઓ બોલી ઉઠી, તમે પંડે નિર્ભાગી છો, તેથી સઘળો સંતાપ પેદા થયો. એવું સ્ત્રીઓનું બોલવું સાંભળીને પુરુષો ક્રોધે ભરાયા અને પોતપોતાની સ્ત્રીના કેશ ઝાલીને ગાળો દેવાં દેતાં પુષ્કળ માર મારવા લાગ્યા. ગડદા, પાટુ, ઢીંચણ, કોણી વગેરેથી અતિશય પ્રહાર કર્યો. એ પ્રમાણે માયાવી ગટોરગચ્છે દ્રૌપદી માતાનું વહેર લીધું. એવામાં કૌરવો આવી પહોંચ્યા એટલે ગટોરગચ્છ લોપ થઈ ગયો.કૌરવોએ આવીને પૂછયું,તમે શા માટે રડો છો? દુર્યોધનેરાણીને પૂછયું, રડવાનું શું કારણ છે? રાણીએ જવાબ આપ્યો, તમારું કપાળ. અમને મારીને અજાણ્યા થાવ છો, તમે સપુત છો તે હું તમને જાણું છું આ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સઘળો ખેલ સત્યવાદી પુરુષો જોઇને આનંદપામ્યા. એવામાં દુર્યોધનને શકુનીને પૂછયું, અરે મામા, આવું દુષ્ટ કર્મ કોણે કર્યું હશે? એવું દુર્યોધનનું બોલવું સાંભળીને શકુની બોલી ઊઠયો, આ સઘળું ગટોરગચ્છનું કર્તવ્ય છે. હવે જેવો ગટોરગચ્છ લોપ થયો કે તરત હસ્તિનાપુરમાં ગયો અને જ્યાં ધૃત્રાષ્ટર રાજા બીરાજેલો છે ત્યાં શકુનીનું રૂપ લઇને આવ્યો. શકુનીને જોઇ આંધળાના છડીદાર બોલી ઊઠયા, અરે રાજાજી, શકુની પધારે છે માટે જુહાર લેજો. એટલે આંધળો બોલ્યો, પધારો શકુની, કહો કેમ થયું? આપણી જાન કેટલે રહી છે? મારા પુત્રો કયાં છે? એવું ધૃત્રાષ્ટરનું બોલવું સાંભળીને માયાવી શકુનીરૂપે રડતો રડતો બોલ્યો, અરે રાજાજી, દ્વારીકામાં પાંડવના છોકરા અભિમન્યુ તથા ગટોરગચ્છ બંને આવી પહોંચ્યા. તેમણે સઘળા કૌરવોના પ્રાણ હરણકરીલીધા. કોઇને જીવતો રાખ્યો નહિ. બાળબચ્ચાં, નર તથા નારી સર્વને પૃથ્વી ભેગાં કરી દીધાં હું એકલો જીવતો નાસી આવ્યો છું. વળી પાંડવોનાં બંને પુત્રો એવું બોલ્યા, હવે અમે હસ્તિનાપુર જઇશું અને સો ભાઇઓના મહેલ ભોગવીશું. એવું સાંભળીને ધૃત્રાષ્ટરને રીસ ચડી તેથી તેણે કપાળ તથા મસ્તક કૂટી ભાગ્યું, પછી રડતો રડતો બોલ્યો, અરેરે મારો વંશ કાઢયો. મારા પુત્રોને મારીને મહેલ ભોગવવા છે પણ હું કદી તેમ થવા દેવાનો નથી.

એવું કહી આંધળાએ સેવકોને રજા આપી દીધી, સપાટામાં સો ભાઇઓના મહેલપાડીનાંખો. એવી આજ્ઞા સાંભળતામાંજ સેવકોએ મહેલને તોડીનાંખવામાટે તૈયાર થઇ ગયા. સેવકોએ એક ઘડીમાં મેદાન જેવું કરી દીધું પછી શકુની આડોઅવળો થયો અને લોપ થઈ ભાઈ પાસે જઈ પહોંચ્યો, ત્યાં આવી ઘોડાના અછોડા પોતાના હાથમાં પકડી સારથિ થઇને હાંકવા બેઠો. બંને ભાઇઓ વાતોચીતો કરતા કરતા હેડંબાવન તરફ ચાલ્યા જાય છે. હવે કૌરવોની જાન હસ્તિનાપુરમાં ગઈ તેમણે મોટું મેદાન જોયું. તેથી સઘળા દીકરાઓ ધૃત્રારાષ્ટરને પૂછવા લાગ્યા, અરે પિતાજી, મહેલ શા માટે તોડી નાખ્યા? એવું પુત્રોનું બોલવું સાંભળીને ધ્રુત્રાષ્ટર કહેવા લાગ્યો, અરે દીકરા, તમે મુવેલા કયાંથી આવ્યા? દુર્યોધન બોલ્યો, અરે પિતાજી આવી બુરી વાત કોણે કહી? ધ્રુત્રાષ્ટરે કહ્યું, તારા મામાએ સમાચાર કહ્યા કે સઘળા કૌરવોને અભિમન્યુ એ તથા ગટોરગચ્છે મારી નાખ્યા. એવું સાંભળી શકુની બોલ્યો, અરે બાપુ, હું તો જાણતો જ નથી. પણ એમ થયું હશે, મારૂ રૂપ લઇને ગટોરગચ્છ કહી ગયો હશે, એ ભીમસેનના પુત્રનું કામ. બીજાથી એવું કામ બની શકે નહિ. એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધન બોલ્યો, અરે પિતાજી, હજુ પાંડવો તો બહુ સારા પણ તેમનાં બંને પુત્રો તો બહુ જ નઠારા છે વળી અભિમન્યુ તો ઠીક પણ ગટોરગચ્છની ઘણીજ બીક લાગે છે. એ પ્રમાણે માંહોમાંહે વાતો કરે કરે છે. હવે પેલા બંને ભાઇઓ વાતો કરતા કરતા હેડંબાવનમાં આવ્યા. જ્યાં પોતાની માતા હેડંબા માતા બીરાજેલા છે ત્યાંસુવર્ણના ધામમાં આવી પહોચ્યા. અભિમન્યુ પહેલો હેડંબા પગે લાગ્યો. ત્યાર પછી સુભદ્રા માતાને નમી પડયો. બંને માતાઓએ અભિમન્યુને આશીર્વાદ આપ્યો. બંને માતાઓ પુત્રોના વિયોગથી દુઃખી હતી તે શોકનો નાશ થઇ આનંદ ઉત્સવ પ્રગટયો. પછી સુભદ્રાએ અભિમન્યુને સઘળા સમાચાર પૂછયા, બેટા, કેમ થયું ? અભિમન્યુએ ઉત્તર આપ્યો, અરે માતાજી જો મારો ગટોરગચ્છ ભાઇ ન હોત તો પરણાવાનો નહોતો, પણ ભાઇના પ્રતાપથી હું પરણ્યો છું. એવું અભિમન્યુનું બોલવું સાંભળીને ગટોરગચ્છે કહ્યું, અરે કાકી, એ તો પ્રભુ પ્રતાપથી એને મેળે પરણ્યો છે. એ પ્રમાણે એક એકનાં વખાણ કરી બંને ભાઈઓ હેડંબાવનમાં સુખેથી રહ્યા. હવે હસ્તિનપુરમાં ભીષ્મજીએ કુંતાજીને સઘળા સમાચાર કહ્યા. સમાચાર સાંભળી કુંતાજી બહુ જ આનંદ પામ્યા. પાંડવો દ્વવીત વનમાં રહ્યા છે. પ્રભુજીએ સહાય કરવાથી પાંડવોના પુત્રોએ જીત મેળવી એ પ્રમાણે પોતાના ભકતના પુત્રને માટે શ્રી હરિએ સઘળી ખટપટ કરી. જે મનુષ્યોનાં માતાપિતા પ્રભુને સેવે છે તેનો પરિવાર આનંદ કરે છે. માતપિતાના ભજનના મહિમા વડે કરીને પ્રભુજી ભકતના પુત્રને સ્હાય કરે છે.

સુરેખાહરણ પૂરણ હવું. સુણો શ્રોતા કરજોડ;
વલ્લભ વાણી ઓચરે. બોલો જે જેશ્રીરણછોડ.

સુરેખા હરણ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વૈશમપાયન ઋષિ કહે છે, હે જનમેજય રાજા, હવે તું વન વિષે પાંડવો છે તેની કથા તારા મનને શાંત કરી શ્રવણ કર. પાંડવોમાં ચાર ભાઇતથા દ્રૌપદી દ્વૈત વનમાં રહ્યાં છે. ફક્ત અર્જુનજી સ્વર્ગ વિષે વિદ્યા ભણે છે, એક વખત અર્જુનજીની ઇંદ્રરાજાની સભામાં બેઠા વિદ્યા ભણે છે, એવામાં દેવતાઓના શત્રુ લવશ કવશ નામના અસુરો દેવતાઓને ભ્રષ્ટ કરવાના ઇરાદાથી પોતાની સાથે મળ,મૂત્ર,રુધિર લઇને સ્વર્ગમાં આવી પહોંચ્યા.લીલા હાડ તથા માંસ હાથમાં પકડીને હોકારા કરવા લાગ્યા. અશુદ્ધતાથી બીનારા દેવો દુષ્ટ અસુરોની બૂમ સાંભળીને ગભરાયા, ઇંદ્રરાજાના પેટમાં ફાળ પડી. મારો બાળક અર્જુનજી મૃત્યુ લોકમાંથી અહીં આવ્યો છે, રાક્ષસો તેનો જરૂર નાશ કરશે, જો રાક્ષસો અર્જુનને મારશે તો મારે માથે કાળાટીલી આવશે, જગતમાં મારી અપકીર્તિ થશે. અને તો દેવ લોકો અમર રહેવાના, પણ મૃત્યુ લોકનો મનુષ્ય તો જરૂર મરણ પામે, એમ ધારી પોતે સભામાં ઊભો થયો. અને એકાએક નર અર્જુનજીને ખાંધે ઉંચકી લીધો, એવું. જોઈને અર્જુનજી કહેવા લાગ્યો, અરે પિતાજી, આમ શા માટે કરો ? જરૂર તમારા શત્રુઓનો નાશ કરીશ, તેમાં કંઇ સંદેહ ધરશો નહિ. અર્જુનજી એવી રીતે કહ્યા કરે છે તો પણ સુરપતિ તેનું કહેવું માનતા નથી. પછી ઇંદ્રરાજાએ વજ્ર કોટડી હતી તેમાં અર્જુનજીને પૂરી દીધો. અર્જુનજી કોટડીમાં રહ્યો રહ્યો બૂમો પાડે છે, ઓ પિતાજી મને બહાર કાઢો, હું તમારા શત્રુઓનો પરાજય કરીશ. હું અસુરોને મારી નાંખું તે વખત મારા હાથ જોજો.

અર્જુનજી એ પ્રમાણે સુરપતિને કહે છે તો પણ ઇંદ્રરાજા કબૂલ કરતા નથી. ઇંદ્રરાજા અસુરોની સામે લડવા તૈયાર થઈ એરાવત ઉપર બેઠા અસુરોનો નાશ કરવા માટે વજ્ર ધારણ કરી લીધા. વળી તેત્રીસ કોટી દેવતા લોકો પણ પોતાના રાજાની પાછળ યુદ્ધ કરવા માટે ચાલ્યા દેવતા લોકોને યુધ્ધ કરવા માટે આવતા દેખીને લવશ કવશ નામના પાપી આપાર ક્રોધાયમાન થયા, વળી તેમની સાથે ચૌદ હજાર માયાવી દહિતો પણ આવ્યા છે. જ્યાં દેવતા લોકોને અસુરોએ જોયા કે તરત જ અસુરોએ પોતાના ચૌદ હજાર લડવૈયાઓને દેવતા લોકોની સાથે યુધ્ધ કરવાની આજ્ઞા આપી.દુષ્ટ લોકોએ હાથ ઊંચો કર્યો એટલે અસુરો દેવ લોકો ઉપર તૂટી પડયા.રાક્ષસો મારો.મારો એ પ્રકારના શબ્દો મોઢે બોલ્યા કરે છે.વળીપોતાના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાસે મળમૂત્રનાં કુંડાં રાખેલા છે તે દેવ લોકો ઉપર છુટાં ફેંકે છે, તેથી બિચારા દેવ લોકો ત્રાહ્ય ત્રાહ્ય કરે છે. ઊંચની પાસે નીચ વસ્તુ આવે તો ઊંચનું જોર ચાલી શકે ? એવામાં કવશ નામના દૈતે નાગપાસનો મંત્ર સાધીને દેવલોકોનો સ્વામી જે ઇંદ્રરાજા તેને અવળો બાંધ્યો એટલે દેવલોકો પોતાના રાજાને બંધાયેલો જોઈ નાસી ગયા.લવશે ઇંદ્રરાજાને પોતાના રથમાં ઊંચકી લીધો.સઘળા લોકો નાસીને ઇંદ્રરાજાને ઘેર ગયા ત્યાં જઇને ઇંદ્રાણીને ખબર આપી, તારા પતિને રાક્ષસોએ બાંધી લીધો છે. પોતાના પતિના માઠા સમાચાર સાંભળી ઈંદ્રાણી રડવા લાગી તે જોઇ અર્જુનજી વજ્ર કોટડીમાં ગાજી ઊઠયો.ઈંદ્રાણીને કહેવા લાગ્યો, અરે માતાજી, મને કોટડીની બહાર કાઢશો તો હું રાક્ષસોનો નાશ કરી નાંખીશ. મારા પિતાજીને મારા જીવતાંકોણ બાંધનાર છે ? ઇંદ્રાણી,અરેબેટા,તમે તમારે કોટડીમાં બેસી રહો.તમારા કરતાં દેવલોકોમાં બહુ જોર ભર્યું છે છતાં તેઓ અસુરોને જીતી શકતા નથી.તો તું મનુષ્ય તેમની આગળ કોણ માત્ર ? એમ કહીને પોતે રડવા લાગી.એવું દુઃખ જોઇને નરે વિચાર કર્યો. હું સ્વર્ગમાં છું છતાં મારા તાત બંધાય તે સારું કહેવાય નહિ, આથી તો જગતમાં મારી નાલાશી ગણાશે અને ભીમભાઈ મને ઠપકો આપશે.એમ વિચારતા અર્જુનજીને પુષ્કર શુળ ચઢયું અને વજ્ર કોટડી બાણ વડે તોડી નાંખીને બહાર નીકળ્યો, ઈંદ્રાણીને ત્રાસ પડયો, જરૂર આ મારો પુત્ર મરણ પામશે, એવું ધારી અર્જુનજી બહુ સમજાવ્યો પણ નરે કોઈનું કહેવું માન્યું નહિ. પોતે દેવલોકના રથમાં ચઢી બેઠો અને વસ્ત્રો ધારણ કરી યુધ્ધ કરવા માટે ચાલીનીકળ્યો,એટલે સઘળા દેવ લોકો પણ યુધ્ધ કરવાના મનસુબાથી તેના રથની પાછળ ચાલ્યા મહાબળીઓ અર્જુનજી અસુરોના ટોળાની સામે યુધ્ધ કરવા માટે આવી ઊભો,તેને જોઈ ઇંદ્રરાજાને પુષ્કળશોક થયો, મારો પુત્ર અસુરોને જીતવાનો નથી ઉલટી નામોશી આપશે.

એવું ધારી પોતે ગર્જના કરીને બોલ્યો, અરે દીકરા અર્જુનજી ! તમે યુધ્ધ કર્યા સિવાય પાછા વળો તો બહુ સારું. એવું તાતનું વચન સાંભળીને અર્જુને જવાબ આપ્યો, જો હું પાછો વળુ તો મારી માતાની કુખ લાજે માટે હું તો દુશ્મનને ઠેર મારવાનો. વળી જો હું યુધ્ધ કર્યા સિવાય પાછો જાઉં તો મારા બાંધવ,ગુરુ મહારાજ તથા બાપ વિગેરે લજવાય માટે જરૂર આજ મરીશ કે મારીશ, બેમાંથી એક વાત કરીશ. અર્જુનજીનું એવું બોલવું સાંભળીને અસુરોને પુષ્કળ હસવું આવ્યું. આ મૃત્યુ લોકનો મનુષ્ય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શું બોલે છે ? લવશ કવશ દહિતોએ કહ્યું. અલ્યા, શું જુઓ છો દુશ્મનને ઠેર મારી નાંખો. મનુષ્યજાતી મળમુત્રથી પાછો નહિ હઠે માટે તેની સાથે શસ્ત્રથી યુદ્ધ કરો.કરો.એ પ્રમાણે અસુર લોકો શસ્ત્ર ધારણ કરીને અર્જુનજીના સામા યુદ્ધ કરવા માટે ઊભા. તે જોઈ અર્જુનજીએ પોતાના ધનુષનો ટંકાર કર્યો.તેનો શબ્દ સ્વર્ગ; મૃત્યુ, પાતાળમાં પ્રસરવાથી હનુમાનજીએ સાંભળ્યો. મારુતી રામનામ દઇને આકાશમાં ઉછળ્યા અને સ્વર્ગદ્વારે થઈ અર્જુનજીના રથની ધજા ઉપર બેઠા. તે જોઈ અસુરો આશ્ચર્ય પામ્યા, આ તો રામનો ભક્ત હનુમાનજી આવ્યો. હશે જેમ થનાર હસે તેમ થશે,પણ યુદ્ધ કરવામાં પાછા પડવું નથી. એમ ધારી અસુરો અર્જુનના ઉંપર તુટી પડયા. અસુરો ક્રોધે થઇને આયુદ્ધો મારે છે. અસુરોનો કારમો કોપ જોઈ અર્જુનજીએ પોતાના હાથમાં ધનુષ બાણ લીધા. નરે અસુરોને પુષ્કળ બાણ માર્યા પણ તેઓ માયાવી છે તેથી તેમને બિલકુલ ઇજા થતી નથી. એવામાં એક અસુરને બાણ વાગવાથી તેના શરીરમાંથી રુધિરનું ટપકું પૃથ્વી ઉપર પડ્યું. છાંટો પડતામાં જ ચૌદ હજારને બદલે ચૌદ કરોડ અસુરો બની ગયા. તે સઘળા અર્જુનજીના ઉપર તૂટી પડયા.અર્જુનજી ઉંપરઆયુદ્ધનીવૃષ્ટિ થાય છે. એવામાં લવશ નામના અસુરે એક બાણ મારીને અર્જુનજીનો રથ ભાંગી નાંખ્યો;રથના ભાગવાથી હનુમાનજી તથા અર્જુનજી એ બંને પૃથ્વી ઉપર પડયા. અર્જુન, જીએ જાણ્યું કે હું નિશ્ચય મરણ પામીશ. એનું મન ડરવા લાગ્યું.

નર જેમ પાછો પડે છે તેમ અસુરો તેના ઉપર ધસીને ઉપર પડે છે. છેવટ અર્જુનજીએ વિચાર કર્યો,શિવજીનું આપેલું બાણ શા કામમાં આવશે ? માટે લાવ્ય તે બાણથી દુશ્મનનો નાશ કરૂં. એવુ ધારી શિવજીનું આપેલું પશુપતાક નામનું બાણ પોતાના ભાથામાંથી ખેંચી કાઢ્યું;પછી ધનુષ ઉપર સંધાન કરી કર્ણપર્યંત ખેંચીને દુશ્મનો ઉપર છોડી દીધું, તે બાણ વીજળીની માફક ચમકારા કરતું દુશ્મનો તરફ ચાલ્યું. લવશ કવશે જાણ્યું, જરૂર હવે આ બાણથી મોત થશે. એમ વિચાર કરતાંમાં જ બાણ નજીક આવી પહોચ્યું તે બાણથી સર્વ અસુરોનાં શીશ છેદાઈ ગયાં. કોઇ અસુર જીવતો રહ્યો નહિ. સ્વર્ગમાં સઘળા દેવલોકો તથા ઇંદ્રરાજા બહુ જ ખુશીથયા. ઇંદ્રરાજા એટલો બધો હરખ્યો કે તેના હર્ષનું વર્ણન કરવાકોઇપણ સમર્થ ન થઈ શકે ઇંદ્રરાજા બોલ્યો;હે દીકરા,ધન્ય છે તને.સ્વર્ગના લોકોને નિર્ભય કર્યાતેથી સઘળાદેવલોકો અતિશયઆનંદ પામ્યા.પછી સઘળા સુર લોકો વાજાવગડાતા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અર્જુનજીને ઇંદ્રરાજાને ત્યાં લાવ્યા.અર્જુનજી ઇંદ્રાણીને પગે લાગીને બોલ્યો, હે માતાજી, હું તમારા પ્રતાપથી જીત્યો.ઇંદ્રાણીએ અર્જુનજીના મસ્તક ઉપર આશીર્વાદ દઇને હાથ મૂકયો. અર્જુનજી પોતાની માતાજીની પાસે બેઠો. એ પ્રમાણે સઘળા દેવલોકોની ઉદાસી મટી ગઈ દેવ લોકો ઇંદ્ર સહિત સભામાં ભેગા થયા અને અર્જુનજીને વખાણવા લાગ્યા. અર્જુનજીએ અસુરોને માર્યા તેથી સ્વર્ગમાં જયજયકાર થયો. સઘળા દેવલોકો ઇંદ્રને કહેવા લાગ્યા, અરે મહારાજા, તમારો પુત્ર અર્જુનજી મહા બળવાન છે, તેમને પૃથ્વીમાં મોકલવા યોગ્ય નથી, એવા બહાદુર પુરુષોને તો સ્વર્ગમાં રાખવા જોઈએ. નહિ તો ફરી ફરી ફરીને એવું રત્ન હાથમાં આવવાનું નથી. માટે તમારા પુત્રને સમજાવીને અહીં સ્વર્ગમાં રાખો.

અરે મહારાજા, તેમને અમર પાઈને અમર કરો. એવું દેવલોકનું બોલવું સાંભળીને ઇંદ્રરાજાએ અર્જુનજીને પોતાની પાસે સભમાં તેડાવ્યો, અર્જુનજી પોતાના તાતની આજ્ઞા મસ્તક ઉપર ચઢાવી સભામાં આવ્યો.પોતાના પિતાજીને પ્રેમ વડે પગે લાગ્યા. ઇંદ્રરાજાએ આશીર્વાદ દઇ મસ્તક ઉપર હાથ મૂકયો.ત્યારે પછી પોતાના પુત્રને કહ્યું, અરે બેટા, હવે પછી તારે પૃથ્વીમાં જવું નહિ.કારણ કે દેવલોકોનો અતિશય પ્રેમ છે. એવાં તાતજીના વચન સાંભળીને અર્જુન બોલી ઉઠયો, અરે પિતાજી, તમારા સહુની નજર બગડી માટે મને એકદમ આજ્ઞા આપો. મારે અહીં રહેવું નથી. દેવ થઇને પારકી પૂંજી ખાવી તે યોગ્ય નથી. માટે મારા તાતજી હમણાં ને હમણાં મને ઘેર જવાની આજ્ઞા આપો. એવું પુત્રનું કહેવું સાંભળીને ઇંદ્રરાજાએ કહ્યું, બહુ સારું બેટા,આજની રાત્રિ અહીં રહો,કાલે સવારમાં તને તારા ઘેર વિદાય કરીશું. અર્જુનજી કહે, બહુ સારું. એમ કહીને અર્જુન પોતાના એકાંત સ્થળમાં જઈ સૂઇ રહ્યો.ત્યાર પછી સભામાં સર્વ દેવોએ એવો વિચાર કર્યો, આપણો રોકયો એ રહેવાનો નથી માટે કોઈ અપ્સરાને બોલાવીએ તો તે રોકી રાખશે. નારીથી સહુ માણસો મોહ પામે છે તેથી તે પણ મોહી જશે. વળી બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ સરખા નારીને દેખીને મોહિત થઇ ગયા છે, તો પછી મનુષ્ય શા હિસાબમાં ! માટે અપ્સરાને મોકલીએ તો અર્જુનજીને મોહિત કરી નાંખશે. અર્જુનજી મોહિત થશે એટલે પૃથ્વી પર જવાનું નામ લેવાનો નથી. એટલે તરત ઇંદ્ર રાજાએ અપ્સરાને સભામાં બોલાવી. સુર પતીનો હુકમ થનામાંજ સુંદિર રૂપવાળી બે અપ્સરાઓ સભામાં આવીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊભી રહી. અપ્સરાઓએ ઇંદ્રરાજાને નમસ્કાર કર્યો ત્યારે ઇંદ્રરાજા અપ્સરા પ્રત્યે બોલ્યો, તમે હમેશાં નાચી નાચીને દેવતા લોકોને રીઝવ્યા, પણ મારા પુત્ર અર્જુનજીને, રીઝવી મોહિત કરો તો તમારી ક્રિયા સાચી. સઘળી લાજ મૂકીને એની નારી થજો પણ ભોમી ઉપર જવાનું નામ ભુલાવી દેજો.

એવાં ઇંદ્રરાજાના વાકય સાંભળીને અપ્સરાઓએ જવાબ આપ્યો, અરે મહારાજા, મોટા મોટાને વશ કરી દીધા તો પછી મનુષ્યને વશ કરવું તેમાં શી નવાઈ? ચાહ્ય તો તેને વરીશું પણ પૃથ્વીમાં જવાનું નામ ભુલાવી દઈશું. એવું સાંભળીને સઘળા દેવ લોકો પ્રસન્ન થયા. પછી ઇંદ્રરાજાએ તથા સુર લોકોએ જ્યાં અર્જુનજી એકાંતમાં સુતો હતો ત્યાં જવાની અપ્સરાઓને આજ્ઞા આપી. કુંતાપુત્ર અર્જુનજીએ સાદડીમાં સૂતાં સૂતાં સ્ત્રીઓને જોઇ. પોતે મનમાં વિચાર કરે છે, જોઈએ જો વારુ, આ અપ્સરાઓ શું કરે છે? અર્જુનજીને ખુશી કરવા માટે અપ્સરાઓએ નૃત્ય આરંભ્યું. સુંદિર રૂપાળી સ્ત્રીઓને જોઇ અર્જુનજી અતિશય હરખાવા લાગ્યો, મધુર મોઢે હસે છે પણ પથારીમાંથી બેઠો થતો નથી. પોતાના મનને જરા પણ વિકાર થતો નથી. અપ્સરાઓએ જાણ્યું, ખરેખર મોહ લગાડયા સિવાય એ પથારીમાંથી બેઠો થવાનો નથી. એમ ધારી બંને સ્ત્રીઓએ પોતાના વસ્ત્રો ઉતારી અળગાં મૂકયાં અને નગ્ન સ્વરૂપે અર્જુનજીના આગળ આવીને ઊભી, એટલે અર્જુનજીએ અપ્સરાઓને નગ્ન જોઈ નીચું ઘાલ્યું, પોતે પગે લાગીને બોલ્યા, અરે મારી માતા, તમે વસ્ત્ર પહેરી લો. પુત્રની આગળ આવું કરવું ઘટતું. નથી. એવું અર્જુનજીનું બોલવું સાંભળી અપ્સરાઓ શરમાઈ ગઇ. તે સ્ત્રીઓએ તરત પોતના વસ્ત્રો શરીર ઉપર ધારણ કરી લીધાં. પછી અર્જુનજી ઉપર ક્રોધ કરીને બોલી ઊઠી, અરે ઇંદ્રના પુત્ર, તું મિથ્યા નરમાં ગણાય છે. આટલું કર્યા છતાં તને મોહ નથી લાગતો માટે જ તને શ્રાપ દઇએ છીએ, તું વ્યંઢળ થજે. અર્જુનજી કહે, બહુ સારું માતાજી. એમ કહી વિદાય કરી અપ્સરાઓ સભામાં આવીને ઇંદ્રરાજાને તથા દેવના લોકોને પગે લાગીને કહેવા લાગી, અરે મહારાજ, અમે અમારાથી બન્યું તેટલું કર્યું તો પણ તે મોહ પામતો નથી. તેણે અમારો નાચ વગર વિકારે જોયો. ધન્ય છે તેને, તે પુરુષ દેવનો પણ દેવ છે. અમને દેખી મોટા મુનિવર ચળે પણ તેનું મન તેના વશમાં છે. અમે વસ્ત્ર વગરનાં નગ્ન થયાં એટલે તેણે અમને માતા કહીને બોલાવી તેથી અમે શરમાઈ ગઇ. જે મનને વશ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરવાવાળા છે તે દહિતોને શું પણ દેવલોકોને જીતે તેમાં શી નવાઇ ? એમ કહીને ત્યાંથી વિદાય થઇ ગઈ. એમ કરતાં રાત્રિ વીતી વહાણું વાયું એટલે અર્જુનજી ઊઠીને સભામાં ગયો, ત્યાં જઈ ઇદ્રરાજાને પગે લાગ્યો.સુરપતીએ આશીર્વાદ દઇનેપોતાના પુત્રનામસ્તકઉપર હાથ મૂકયો. અર્જુનજીએ કહ્યું,અરે પિતાજી, તમે મને ઠીક શિરપાવ બંધાવ્યો,કાલે રાત્રે અપ્સરાઓને મોકલીને ઊલટો શ્રાપ દેવડાવ્યો. એવું સાંભળીને ઇદ્રિરાજાએ તરત અપ્સરાઓને બોલાવી,એટલે,શ્રાપદેનારી બંને અપ્સરાઓ સભામાં આવી. તેમને જોઈને ઇંદ્રરાજા બોલી ઊઠયો, અરે પાપણીઓ, તમે કેમ મારા પુત્રનેશ્રાપદીધો ? એવાં ઇંદ્રરાજાનાં ગુસ્સાભરેલાંવાકય સાંભળીઅપ્સરાઓએ જવાબ આપ્યા,અમે અમામારું નગ્ન સ્વરૂપદર્શાવ્યું તો પણ તેને મોહ લાગ્યો નહિ તેથી અમે તેને શ્રાપ દીધો, જા તું વ્યંઢળ થજે. તમને રીસ ચઢતી હોય તો શ્રાપને નિવારણ કરું.ઇંદ્રરાજાએકહ્યું.તમે શ્રાપને નિવારશો નહિ તોતેનું સારું ફળ દેખશો નહિ.એવું સાંભળી અપ્સરાઓ બોલી,અરે અર્જુનજી, તું ફક્ત બાર મહિના વ્યંઢળ રહેજે.અર્જુનજીએ કહ્યું,અમારે બાર મહિના છાના રહેવાનું છે માટે આ શ્રાપ તે વખતે ભોગવીશું. આ શ્રાપમાં મને હર્ષ શોક નથી,મારે જેવો જોઈએ તેવો શ્રાપ મળી ચૂકયો. પછી પોતે ઇદ્રિરાજાને કહેવા લાગ્યો,અરે પિતાજી,વ્યંઢળનો શ્રાપ પાળવા સારું મને વ્યંઢળનાં વસ્ત્ર આપો.

એટલેઇદ્રરાજાએ ચુંદડીચુડો તથા છાસટહાથચણીઓ વિગેરે આપ્યાંવળી પોતાના પુત્રને અશ્વનો મંત્ર ભણાવ્યો.અર્જુનજી મનમાં અતિશય હરખવા લાગ્યો.અર્જુનજીનેએવો મંત્ર શીખવ્યો કેમડદા જેવાઘોડા હોય,તોતેપવનવેગી ચાલ ચાલે.એ પ્રમાણે શીખવીનેવિદાય કરવાનો વિચારકર્યો,પછી વિમાનમાં બેસાડીને દ્વવીત વનથી ચાર ગાઉને છેટે અર્જુનજીને મૂકી દીધો, પાંડવોદ્વવીત વનમાં રહે છે તેનાથી એક જોજન દૂર અર્જુનજીને ઉતારી વૈમાન સ્વર્ગમાં પાછું ગયું.પછીપારથચાલતો ચાલતો ડુંગરઉપર ગયો.ત્યાં અર્જુનજીનેજોઇને ચારે ભાઇઓએ તથા દ્રૌપદીએ અતિશયપ્રેમપૂર્વક આવકાર.દીધો.અર્જુનજી સ્વર્ગમાંથી વિધા ભણીને તથા વિજય પામીને પોતાના ભાઇઓને મળ્યો. હવે દ્વવીત વનમાં શું બને છે, અર્જુનજીને જોઈને ધર્મરાજાની આંખમાંથી હર્ષના આંસુ છૂટયાં. પછી પોતે પારથને સઘળા સમાચાર પૂછયા એટલે અર્જુનજી એમ બોલ્યો, અરે વીરા, આપણે વનમાં બહુ વખતથી ભટકીએ છીએ,માટે બાર વર્ષ કયારે પૂરાં થાય છે ? તે સાંભળી સહદેવે કહ્યું, મારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હિસાબ પ્રમાણે તો પરમ દિવસે બરોબર બાર વર્ષ પૂરા થયાં છે. અઢી ક્ષણુ વરસે અધિક માસ આવે છે પણુ તે દિવસ ગણાય નહિ કારણુ કે વધઘટ ગણીને અધિક માસ કહેવાય છે પણુ બારવર્ષ પૂરાં થઇ ગયાં છે, જો છાના રહેવું હોય તો ચાલો રહી જઇએ. એટલે મોઢું ઉતારી ધર્મરાજા બોલ્યા. અરે વીરા. તમારુ કહેવુ સત્ય છે. પણુ દ્રોપદી સતી અને તેનાં પાંચ બાળક તેનું કરવું? એવો વિચાર કરે છે એટલામાં દ્રોણિક ગોર રથમાં બેસીને પાંચાળ દેશથી આવ્યા. તે દ્રુપદરાજાના ગોર છે તેથી દ્રૌપદીની તથા પાંડવોની ખબર લેવા ઘણીવાર આવતા હતા. તે ઉપરથી તે દિવસે અચાનક આવી ચઢયા. દ્રોણિક ગોરને જોઇને ધર્મરાજા ખુશી થયા, દ્રોણિકને આવેલા જોઇને ધર્મરાજાએ પ્રેમપૂર્વક આવકાર દીધો અને કહેવા લાગ્યા, અરે મહારાજા, તમારાં ભાણેજાને તથા તમારી પુત્રીને તમારી સાથે તેડી જાઓ, અમારે બાર મહિના છાના રહેવા માટે જવું છે, તેથી તેમને અમારી સાથે કેવી રીતે રાખી શકીએ? દ્રોણિક ગોર કહે બહુ સારુ અમે ખુશીથી તેડી જઇશું. એટલે દ્રૌપદી બોલી ઊઠયાં, અરે નાથ મને કયાં મોકલો છો? હું તમને મૂકીને જવાની નથી જ્યાં તમે પધારશો ત્યાં હું તો આવ્યા વિના રહેવાની નથી.ધર્મરાજા કહે,અરે પ્રિયા, તારી પાસે પાંચ બાળક છે તેનું તું કેમ કરીને સાચવીશ? તે કરતા તારે અમારી સાથે આવવું હોય તો બાળક ગોર મહરાજને સોંપી દે. આપણે પારકા ઘેર જવું છે માટે ત્યાં બાળકો વેંઢાળાય નહિ. દ્રોપદી કહે, ભલે, હું તેમ કરું છું. એમ કહી બાળક પોતાની પાસે લીધાં. પછી બાળકોને પોતાની છાંતી સરસાં ચાંપીને રડવા માગી.બાળકોને કહે છે, હે પુત્રો, તમારા મોશાળ પધારો અરે દીકરાઓ, તમે દુઃખીઆં માબાપોના પેટે અવતાર ધારણ કર્યો. મેત તમારુ કઠોર નસીબ લઇને આવ્યા. મેઅ તમને કંઇપણ પપેરાવ્યું ઓઢાડયું નથી.

અરે, બેટા વનમાં જન્મીને તમે ટાઢ તડકા વેઠયા છે. હે પુત્રો, તમે દુનિયાનો વહેવાર હજું જોયો નથી. સગાવહાલાએ તમને રમડયા નથી. અરે પુત્રો પારણું તો તમે સ્વપ્નમાં પણ પામ્યા નથી. તરે બાળકો તમે ભૂમિ ઉપર પડે પડે મોટ થયા છે. તમને કોઇ દિવસ ગોદડીનો ગાભો સરખો પણ મળ્યો નથી. સાદડીઓમાં તમારાં શરીર છોલાઈ ગયાં છે. વખતે વખતે સારુ સારૂં ખાવા પણ મળ્યુ નથી. ન્હાવા સારૂં ઉષ્ણ જળ મળ્યું નથી. જન્મતી વખતે તમને પાવા સારૂં ગળથુથી પણ મળી નથી. તમે માબાપનું બિલકુલ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુખ જોયું નથી, અવતરીને ઉલટું દારુણ દુઃખ ભોગવ્યું છે, અમે કોઇ દિવસ સારી વસ્તુ લાવીને તમારા પેટમાં ઘાલી નથી. હવે તમે મોસાળમાં જઇને ઉછરજો. હે પુત્રો, તમે ત્યાં સાચવીને રહેજો. જો જો દીકરા, કોઈ દિવસ તમારે માથે આળ લેતા, તમારા મામા તથા મામીની ગાળ સાંખી રહેજો,કોઇની ચેષ્ટાળી કરશો મા, હે બેટા,તમે ક્ષુધા પીપાસા વિગેરે સઘળું દુઃખ સહન કરજો તમારા મામા મામાની ઓશિયાળા રહેજો. અરે દુઃખીઆ દીકરા, તમે સર્વેના ચાકરરૂપ રહેજો. તમને ટાઢુ શીળું જે ખાવા આપે તે ખુશી થઇને ખાજો. મુમત કરીને કંઈ પણ ખાવાની ચીજ માગશો નહિ. અરે બેટા, પારકા ઘેર લાહવા લેવના નથી, તમે દુઃખીઆ છો તેથી સુખ કયાથી હોય ? તમારી જાત ભાગીને જેનું તેનું કામકાજ કરજો. શીત ઋતુમાં ધાગા ધાગી ઓઢજો. વળી ઉષ્ણઋતુમા મોજડીઓ,માગશો નહિ.હે દીકરાઅમારુ ભવિષ્ય નઠારું નિકળ્યુ અરે બેટા,હસ્તે મુખડે માતા એવું કયારે કુહેશો?તમારો વિયોગ મને અતિ દુખ દાયક થઈ પડશે.મારુ કાળજુ બળી જાય છે, ઓ પ્રભુ આવુ દુઃખ દેવા કરતાં મૃત્યુ આપો તો બહુ સારું. અરે દીનાનાથ આ દુઃખ હું શી રીતે સહન કરીશ

એ પ્રમાણે મોટોડીની માફક ટળવળે છે. દ્રૌપદીના અતિ આક્રંદથી ધર્મ રાજા ત્રાસ પામ્યા. દ્રોણિક ગોરે દ્રોપદી પાસેથી બાળકોને લઇ લીધા.પછી ગોર મહારાજ બાળકસહિત રથમાં બેસીને ત્યાંથી વિદાયથયા.હવે ધર્મરાજાદ્રૌપદીને સમજાવે છે કે હે સ્ત્રી, કોનાં છોકરાંને કોની માતા ? જ્ઞાનવંતી થઇને કેમ ભૂલે છે ? આ સંસાર સ્વપ્ન તુલ્ય મિથ્યા છે.તેને તું પોતાના માને છે.તે તારું કેવળ અજ્ઞાન છે. તેમ છતાં બાળક જીવતાં રહેશે તો કાલે ભેગાં થશે. એ પ્રમાણે પુષ્કળ ઉપદેશ કરીને દ્રૌપદીનું મન શાંત કર્યું. એમ કરતાં કરતાં બે દિવસ વિત્યા પછી ધર્મરાજા બોલ્યા, અરે સહદવ વીરા, આપણે કાલે સવારે ગુપ્ત રહેવું જોઇએ, નહિ તો દુષ્ટ દુર્યોધન પકડશે તો ફરી બીજી વખત વનવાસ ભોગવવો પડશે' તમે ત્રિકાળજ્ઞાની છો માટે તમને પ્રશ્ન પૂછું છું, આપણે કયાં જઇએ તો સુખી થઇએ ? એવું ધર્મરાજાનું બોલવું સાંભળીને સહદેવ જોષી કહે છે, આજ સાયંકાળે અહીંથી ઉપડી જવું જોઇએ. પૂર્વ દિશાએ રાત્રિને વિષે ચાલ્યા કરવું અને જે ઠેકાણે વહાણું વાય તે ઠેકાણે નિવાસ કરવો એટલે ધર્મ રાજા બોલ્યા, રાત્રે મુસાફરી કરવી એ દુઃખ દાયક છે. તેમ છતાં ભીમભાઇઊંચ કીને ચાલે તોમન ધાર્યું જવાય,એટલે વૃકોદર બોલી ઊઠયો,અરે વીરા,તમારા હૃદયે ધીરજ રાખો. તમને પાંચે જણને ઊચકીને ચાલ્યો જઇશ. તમે તમારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તૈયાર થઇ જાઓ. એટલે ધર્મરાજાએ સર્વને તૈયાર થવાની આજ્ઞા આપી: દ્રૌપદીને કહ્યું,જેવી રીતે સૂર્ય નારાયણે અક્ષપાત્ર આપ્યું હતું તેવી રીતે તેમનું પાછું સોંપી દો.એ પ્રમાણે કથન કહ્યા મુજબ રવિનું સ્મરણ કર્યું, એટલે દિનમણી તરત પધાર્યાં.સતીએ પાત્ર સોંપી દીધું.એવામાં દિનમણી મેર બેઠા વૃકોદર પોતાની કટી કસીને બાંધે છે.કટી કસીને બાંધ્યા પછી ધર્મરાજાને તથા અર્જુનને ખાંધે ઉંચકી લીધા. સહદેવજી તથા નિકુળજી એ બંનેને કેડે લઇ પછી દ્રૌપદી સતીને પોતાની જંઘાએ તાણી બાંધી,કારણકે સ્ત્રી છે તેથી મસ્તક ઉપર બેસાડાય નહિ. એ પ્રમાણે પાંચેને ઉંચકીને વાયુનંદન ડુંગર ઉપરથી નીચે ઊતર્યોપછી વિષ્ણુનારાયણને પગે લાગીને પૂર્વદિશાએ ચાલવા લાગ્યો.

ઘોર અરણ્યમાં ઉતાવળે, નિર્ભયપણે. વાયુવેગે સંચરે છે. વૃકોદર આખી રાતમાં પોણાબસેં ગાઉ ચાલ્યો. એવામાં વહાણું થવા આવ્યું, અને કૂતરાનો શોરબકોર સાંભળનો, એટલે સહદેવ જોષી બોલ્યો, અરે ભીમભાઇ, અહીં અમને સઘળાને ઉતારો. વૈરાટનગર નજીક આવ્યું માટે અહીં રહેવાનું નિશ્ચય કરો. ભીમસેને પાંચે જણાને નીચે ઉતાયો. એ પ્રમાણે પાંચ ભાઇ તથા દ્રૌપદી સ્ત્રી વિગેરે નીચે બેઠાં. પછી ધર્મ રાજા કહેવા લાગ્યા, અરે વહાલા બંધુઓ આ આપણાં હથિયાર આપણી સાથે રાખવાં એ સારું નહિ. એવું મોટાભાઇનું કહેવું સાંભળીને અર્જુનજી બોલ્યા, ભીમભાઈ તમે ઝટપટ ઊભા થાઓ કારણ કે આપણાં હથિયારોને એકાંતમાં મૂકી દઇએ. ભીમસેને પોતાની ગદા તથા ત્રણ ભાઇઓનાં ત્રણ હથિયાર સાથે લીધાં અને અર્જુને પણ પોતાનાં આયુધ્ધ રઇ બંને કુંતાપુત્ર એકાંતમાં ચાલ્યા.જતાં જતાં સ્મશાનમાં એક સમડાનું વૃક્ષ આવ્યું તેના ઉપર પોતાનાં સઘળાં આયુધ્ધો મૂકયાં, પછી અર્જુનજીએ નાગમંત્ર ભણીને નાગ પ્રગટકર્યો.તે તક્ષક નાગ ગદા,ધનુષ્ય,બાણ તથા ભાથાની આસ-પાસ વીંટાઇવળ્યો-એટલે અર્જુનજી નાગદેવતાને કહેવા લાગ્યા,આ અમારાં હથિયારો બાર મહિના સુધી સાચવજો. જો મારા આયુધ્ધમાંથી એક પણ ઓછું થયુંતો તારું કુળ બાળીને ભસ્મ કરીશ.જયારે અમે બે અહીં આવીએ ત્યારે અમારાં આયુધ્ધ સોંપવાં. એ પ્રમાણે પોતાનાં હથિયારો તક્ષક નાગને સોંપીને પોતાનાભાઇઓ પાસે આવ્યા. એટલે ધર્મરાજાએ શકિતનું સ્મરણ કર્યું.તેથી મહામાયા સન્મુખ આવીને કહેવા લાગી,માગ, જે માગે તે તને આપું. એવું માતાનું વચન સાંભળીને ધર્મરાજા કહે, હે જગજનુની,હું કોઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દિવસ જૂઠું નથી બોલતો, તેથી મને સૌ ધર્મરાજાના નામે ઓળખે છે. માટે મને એવું વરદાન આપો કે હું સત્ય બોલું તો પણ મને કોઇ ધર્મરાજાના નામે ઓળખે નહિ, એવું મને બાર મહિના સુધીનું વરદાન આપો તો આનંદ થાય. એટલે જગદંબાએ કહ્યું, તથાસ્તુ. જા તારું માગેલું સત્ય થાઓ. એ પ્રમાણે ધર્મરાજાને વરદાન આપીને માતાજી લોપ થઇ ગયા. પછી યુધિષ્ઠિરે તે વરદાનની વાત પોતાના ભાઇઓને કરી.

ધર્મ કહે, બંધુઓ, હવે મારે ચિંતા રહી નહિ. કારણ કે જ્યાં ફાવે ત્યાં જાઉં અને સત્ય બોલું તો પણ મને કોઇ ધર્મરાજા કહે નહિ, જગતજનુનીના વરદાનથી મને કોઇ પણ મનુષ્ય ઓળખવા સમર્થ નથી. ત્યાર પછી ધર્મ રાજાએ સહદેવજીને કહ્યું, અરે વીરા, હવે આપણે નાહીને હરિ સ્મરણ કરી લ્યો. વહાણું વાતાં ગામમાં જવું છે. તમે જ્ઞાનના ભંડાર છો માટે તમને એક પ્રશ્ન પૂછું છું તેનો તમે યથાર્થ ઉત્તર આપો. તે પ્રશ્ન એવો છે કે આપણે પાંચે ભાઇઓ દ્રૌપદી સ્ત્રીના પતિ છીએ. આપણે દ્રૌપદીને પિયર જવાનું કહ્યું છતાં તેણે માન્યું નહિ. સતી સ્ત્રીનો ધર્મ એ છે કે પતિનું વચન ઉલ્લંઘન નહિ કરવું, અને દ્રૌપદીએ તો આપણું બોલેલું વ્યર્થ કરાવ્યું માટે તેને સતી કેવી રીતે કહેવી તેનો મને પ્રભુ સાખે ઉત્તર આપો. એવા મોટાભાઇનો પ્રશ્ન સાંભળીને સહદેવજીએ કહ્યું, હે વીરા, તમારા પ્રશ્નનો ઉત્તર નિરાંતે સાંભળો. સ્ત્રી જાતી નામ એક છે, પણ તેના જુદા જુદા વિવેક છે. નારી જાતિમાં ત્રણ પ્રકાર છે, તે તમે બરોબર શ્રવણ કરો. એક શંખણી, બીજી શામા અને ત્રીજી સતી. પછી ધર્મરાજા બોલ્યા, અરે ભાઈ, તમે સ્ત્રીના ત્રણ પ્રકાર બતાવ્યા તે મેં યથાવિધિ સાંભળ્યા. પણ હવે શંખણી, શામા ને સતી એ ત્રણ પ્રકારની સ્ત્રીઓને કેવી રીતે ઓળખવી તેનો ઉત્તર આપો. પહેલાં શંખણીનો જવાબ આપો, કેવાં લક્ષણ કાર્ય ઉપરથી શંખણી જાણવી. તેની વાણી તથા તેના શરીરની એંધાણી કેવી રીતે ઓળખવી. ઓ સહદેવ જોષી, તમે ત્રિકાળ જ્ઞાની છો માટે તમારું કહેવું સત્ય માની લઇશ મોટા મુનિ લોકો કહી ગયા છે કે ગમે તેટલો વિદ્વાન વિદ્યા ભણેલો હોય પણ જ્ઞાનીની તુલના કરી શકશે નહિ. વિદ્વાન પુરુષ જેટલું લખેલું હોય છે, તે ફકત વાંચી જાણે છે. એટલે તે ત્રણ આંખોવાળો છે એમ કહેવાય છે, પણ જ્ઞાની તો અનંત લોચનવાળો છે તેથી તે ન્યાય વિવેકમાં સમજે છે, ભણેલું મોંઢે બોલે તે પોપટિયું જ્ઞાન સમજવું, અર્થાત્ તેને વિદ્વાન સમજવો. વળી મનુજીએ કહ્યું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે, વિદ્વાન અને જ્ઞાનીમાં બહુ જ ફેર છે. માટે જ્ઞાનીનાં કરતાં કોઇ શ્રેષ્ઠ નથી. તેથી હે વીરા, મારા પ્રશ્નોના ઉત્તર તમે એવા આપો કે જેથી કરીને મારું મન શાંત થાય. શંખણી સ્ત્રીની હંમેશા કેવી સ્થિતિ હોય છે તથા તેનામાં કેવાં ગુણ હોય છે. તેનો મને યથાર્થ ઉત્તર આપો. એટલે સહદેવજી કહે છે કે હું તમને શંખણીનો સ્વભાવ કહું છું તે સાંભળો. શંખણી સ્ત્રી બહુ હઠીલી હોય છે. તેનામાં વઢવાનું જોર ઘણું હોય છે. આંખ બહુ કપરી હોય છે, કઠોર વાણી બોલનારી હોય છે, પિયરમાં બધાંની સાથે ઝગડે, છણકા છાકોટા કરે, જ્યાં સ્ત્રીઓ ભેગી થઇ બેઠી હોય ત્યાં ન પગી વાત કાઢે. પોતાના પતિને કહેશે, અમે સાધુ સંતમાં ફરશું, અમારું કલ્યાણ કરીશું. પતિના ચરણ ચાંપતાં કંટાળે ને સાધુ, સન્યાસી, બ્રહ્મચારીના ચરણ દબાવે. તેમના પગમાં માથું મૂકે. પરણ્યા પતિને સંસારી સગો માને પણ સ્વામીજીને સાથી કહે.

હવે શામાનાં લક્ષણ કહું છું. શામા પતિની બીક રાખે. મોઢે કોઇને ખોટું ન મનાવે. સાસરિયાનાં અવગુણ પાછળ બોલે; સાસરિયાનાં સગાનો ત્રાસ હોય તો મનમાં દુઃખી રહે. સાસરા તેમજ પિયરની મર્યાદા રાખે, તે ઘણી વિવેકવાળી હોય; ઘરમાં ભગવાનનું ભજન કરે. હવે સતીના લક્ષણ કહું, તે પરણ્યા પતિથી જરાય વેગળી ન રહે. સવારમાં ઊઠી પતિને પગે લાગે. તેમનું મોઢું જુએ. પતિનાં દુઃખને પોતાનું ગણી દસ ઘણું દુઃખ પોતે માને. સદાય તે હસતી ને હસતી રહે. નમ્રતા રાખે. પતિ ઉદાસ હોય તો શાંતિ આપે. પાસે રહી સ્નાન કરાવે, વસ્ત્રો પહેરાવે, જમાડે સૂતી વખતે પગ દબાવે, દરેક વાતમાં હિંમત આપે. દયાળુ હોય, ગરીબનું ઘર ચલાવે. પતિ સિવાય બીજાને દેવ ન માને. સ્વામીની છાયામાં રહે. સન્યાસીને મોઢું ન બતાવે. છાયાની જેમ પતિ સાથે રહે. આ સાંભળી અર્જુનજીએ પૂછયું, પરમાત્મા ભેગો છે કે જુદો ? સહદેવે કહ્યું, પરમાત્મા જુદો છે. જે તેને ભેગો માને તે નર્કનો અધિકારી છે. એવામાં સૂર્યના પ્રકાશનો આભાસ થયો.

હે જનમેજય રાજા આ સ્થળે વન પર્વ પૂરણ થયું તેથી તારે ત્રીજી બ્રહ્મહત્યા ઉતરી. હવે તું ત્રિપર્વનું વિધિ પ્રમાણે દાન કર. એટલે જનમેજયે બ્રાહ્મણ ભોજન કરાવ્યાં, ગૌદાન આપ્યાં, બ્રહ્મપુરીઓ આપી,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિપ્રોને ઉપવિત દીધાં. બ્રાહ્મણની પુત્રીઓનાં કન્યાદાન દીધાં, તે પ્રમાણે કરવાથી શામ ધેનુ શ્વેત થઈ, શામ તલ શ્વેત થયા અને શામ પડદો શ્વેત થયો. એટલે પ્રત્યક્ષ પ્રમાણ દેખાયું પછી પાછો જનમેજય રાજા શુદ્ધ બુદ્ધિથી કથા શ્રવણ કરવા બેઠો.

વિશ્રામ પહેલો

વૈરાટ પર્વ થયું, સુણજો શ્રોતા જન;
વલ્લભ વાણી ઓચરે, પરમ કથા પાવન.

વન પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૪. વૈરાટ પર્વ

હવે વૈશમપાયન ઋષિ જનમેજય પ્રત્યે કહે છે હે જનમેજય, ધર્મરાજા વરદાન લઇ બેઠા પછી પોતે પોતાના ભાઇઓને પૂછવા લાગ્યા,અરે બંધુઓ આપણે સઘળા વૈરાટ રાજાને ત્યાં કેવી રીતે રહીશું તેની મને બહુ ચિંતા છે, બિચારો વૈરાટ રાજા ગરીબ છે તેથી આપણને સઘળાંને કેમ કરી સંઘરશે? તેમ છતાં સર્વ સમાશે પણ આપણા ભીમભાઇની મોટી ચિંતા છે. કારણ કે તેમને ઘણું ખાવું ને ઘણું બોલવું એવી નઠારી કુટેવ છે. માટે પારકા ઘેર કેમ કરીને દિવસો ગુજારાશે? એવું ધર્મરાજાનું બોલવું સાંભળી વૃકોદર એકદમ ઊભો થયો. અને એકાંતમાં ચાલ્યો, થોડેક દૂર જઇને એક મોટું વૃક્ષ ખેંચી લાવ્યો. તેને કોતરીને એક કડછો બનાવ્યો. બહોતેર મણ ભારનો કડછો પોતાના હાથમાં પકડી ધર્મરાજાની પાસે આવીને નમી પડયા.પછી ધર્મ પ્રત્યે બોલ્યો, હે મોટાભાઈ અમે વૈરાટ રાજાને ત્યાં સુખથી રહીશું, વૈરાટ રાજાની સકળ સૈન્યનું હું એકલો સપાટામાં રાંધી નાખીશ. ઘણા માણસ મળીને રાંધે તેથી બગાડ થાય અને એક હાથે ઓછો બગાડ થાય માટે મને જરૂર રાંધવા રાખશે, અમે આનંદથી રહીશું અને મનમાન્યુ ખાવાનું ખાઇશું. વૈરાટરાજા પણ અતિ આનંદ પામશે, ભઠિયારો કદી ભૂખે ન મરે.માટે ભઠિયારાનો ધંધો હું ખુશીથી કરીશ અને મારું પેટ ભરીશ. તમે બિલકુલ ચિંતા કરશો નહિ. અમે અમારે રસોઇનું કામ કરીશું. હવે પછી અમને ભીમસેન નામથી બોલાવશો નમિ. તમે સઘળાં મને વાલવો કહેજો. એવું વૃકોદરનું બોલવું સાંભળીને ધર્મરાજા ખુશી થઇને કહેવાલાગ્યા,શાબાશ મારા વીરા.હવેસઘળો વહેમ ટળી ગયો. બત્રીસ લક્ષણા હે અર્જુન વીરા,હવે તમે કેમ કરશો તે મને કહો,અર્જુનજી કહે,હે ધર્મભાઇ,હું શું કરું છું તે તમે નિરાંતે બેઠા બેઠા જુઓ.

અર્જુનજી ઊભો થયો અને પોતે ચણીઓ પહેરી લીધો, ઇંદ્રની આપેલી ચૂંદડી ઓઢી, તથા ચૂડો પણ ધારણ કરી લીધો, એ પ્રમાણે સઘળાં વસ્ત્રો ધારણ કરીને ઉદ્દા ભવાની કહીને ઊભો રહ્યો. ધર્મભાઇને કહેવા લાગ્યો કેમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વીરા, મને કોઈ અર્જુનજી કહી શકે તેમ છે ? મારા વ્યંઢળ વેશથી હું કદી ઓળખાવાનો નથી. વૈરાટ નગરનાં છોકરાઓને ભણાવીશું અને ગુરુપદધારણ કરીશું. હવે પછીથી મને અર્જુનજી કહીને બોલાવશો નહિ વ્યંઢળ મહેતા કહીને બોલાવજો. એવું અર્જુનજીનું બોલવું સાંભળીને ધર્મરાજાકહે,ધન્ય છે વીરા તને, હવે હું ખુશી થયો, પછી પોતે સહદેવજીને પૂછવા લાગ્યા, હે વીરા, તમે કેમ કરશો ? સહદેવજી કહે, હે વીરા, તમે પહેલવહેલા મારી વાત સાંભળી લો. અમે વૈરાટ રાજાને ત્યાં રહીને તેની ગાયો ચારીશું એટલે ધર્મરાજા બોલી ઊઠયા, તમારું કહેવું મને ઠીક લાગતું નથી કારણ જયારે રાજાને ત્યાં ગાયો હશે ત્યારે ગોવાળ કેમ નહિ હોય? એવું ધર્મરાજાનું બોલવું સાંભળીને સહદેવ જોષીએ જવાબઆપ્યો.હે ધર્મભાઇ, મારી પાસે એક વિદ્યા છે. તે એવી છે,જે ગાય ટંકે શેર દૂધ દેતી હોય તો તે બશેર દૂધ દે એમ બનવાથી રાજા ખુશી થશે અને જરૂર મને પોતાના રાજયનાં રાખી લેશે. અમે અમારી ગૌરક્ષા કામ સારી રીતે બજાવશું.હવે પછી મનેસહદેવજીકહીને બોલાવશો નહિ. પંથીજી નામ કહીને બોલાવજો.ધર્મરાજા કહે,બહુ સારું વીરા,તમે કુશળક્ષેમ રહેજો. હે વરણીગીઆ ભાઈ હવે તમે કેમ કરશો ? તમારે તો હમેશાં પહેરી ઓઢીને ફરતા ફરવું છે પણ તે પારકા ઘેર ચાલવાનું નથી.

મોટાભાઈનું બોલવું સાંભળીને નીકુળજી બોલ્યા, હે ધર્મભાઈ, તમે મારી વાત સાંભળો. મારી પાસે એવી વિદ્યા છે જેથી કરીને હું રાજાના ઘોડા ભણાવીશ, પચાસ રૂપિયાના ટટવાને ભણાવીશ તો ટટવાના પાંચસે રૂપિયા ઉપજશે. માટે વૈરાટરાજા જરૂર મને ઘોડા ભણાવવા રાખી લેશે. અમે અમારે ઘોડારનું કામ કરીશું,અને મનગમતા અશ્વે બેસીનેબાગ બગીચે ફરવા જઇશું. હવે પછી મને નીકુળજી કહેશો નહિ, બહાદુરજી નામ દઇને બોલાવજો. ધર્મરાજા કહે, બહુ સારું મારા વીરા, હું તારા ઉપર બહુ ખુશી ગયો. પછી યુધિષ્ઠિર દ્રૌપદીને કહે છે,રૂપાળી ગુણવાન પ્રિયા, હવે તમે કેમ કરશો ? એવું પતિનું બોલવું સાંભળીને દ્રૌપદી સતી કહેવા લાગી, હે નાથ, હું વૈરાટ રાજાની રાણીની દાસી થઈને રહીશ, રાણીને જ્ઞાનમાર્ગનો ઉપદેશ કરીશું એટલે રાખશે, વળી મારી પાસે વાળે વાળે મોતી પરોવવાની વિદ્યા છે તે વિદ્યા એવી છે કે એક મુઠી ભરીને મોતી મારા મોઢામાં મૂકું પછી કેશની એક લટ લઇને જીભ વતી વાળે વાળે મોતી પરોવી દઉં, એ ક્રિયા જોઇને મને રાણી તેની સેવામાં રાખી લેશે.હે પતિ,તમે મારી ફિકર કરશો નહીં.હવે પછીમનેકોઈ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દ્રૌપદી કહેશો નહિ. સૈયંદ્રી દાસી કહીને બોલાવજો. ધર્મરાજા બોલ્યા, હે સ્ત્રી,હવે મારા મનને શાંતિ થઈ, દ્રુપદરાજાની :બાળા, ધન્ય છે તને. એટલે ભીમસેન ધર્મરાજા પ્રત્યે બોલી ઊઠયો, હે મોટાભાઈ, અમારા સર્વનું તો ઠેકાણું પડયું પણ તમારે તો સેવામાં ચારચાર નોકરો જોઇએ તેનું કેમ થશે ?

ધર્મરાજા કહે,અરેભાઈ,મારી ફિકર ચિંતા કરશો નહિ.અમે અમારે રાજ્ય ગાદીના ગુરુ બનીશું અને ખાઇ પીને આરામ કરીશું, હવે પછી અમને ધર્મ રાજા કહીને બોલાવશો નહિ.કિંકઋષિ નામથી ઓળખજો.વૈરાટ રાજાઅમારી સેવામાં રહેશે, અમારી ચિંતા કરશો નહિ. ઇશ્વર કરશે તો સૌ સારું જ કરશે.એટલે સર્વ ભાઇઓ પ્રત્યે ભીમસેન બોલી ઊઠયો, હે વહાલા વીરા,આપણે સઘળાઓએ વૈરાટ રાજાને એવી રીતે કહેવું, અમે પાંડવોના સેવકો છીએ, જયારે પાંડવો વન વિષે ગયા ત્યારે અમે પણ તેમની સાથે દાસત્વપણું કરવા નીકળ્યા. આ કિંકઋષિ છે તે પાંડવની ગાદીના ગુરુ છે.હું કહીશ, ભીમની સાથે બાથ ભીડનાર હું હતો, અર્જુનજીને શીખવ્યું કે તમે એમ કહેજો, હું પાંડવના ઘેર મહેતાજી હતો, અને અભિમન્યુને મેં ભણાવ્યો છે. સહદેવજીએ કહ્યું, હું એમ કહીશ કે પાંડવોના ઘરની ગાયોનો હું ગોવાળ હતો. નીકુળજીને એવું શીખવ્યું, તમે કહેજો હું પાંડવના ઘોડાને ભાણાવનાર હતો, હે દ્રૌપદી સતી, તું એમ કહેજે, હું દ્રૌપદીની મુખ્ય દાસી હતી,એપ્રમાણે પાંચભાઇઓએ તથા સતીએ વૈરાટ રાજાની પ્રત્યે બોલવાનો નિશ્ચય કર્યો, પછી ભીમસેને આગળ કહેતાં કહ્યું. આપણે વૈરાટ રાજાને એવી રીતે સમજાવવો કે જેથી કરીને કોઇ જાતનો વાંધો આવી શકે નહિ. આપણે એવું કહેવું, પાંડવની સાથે અમો વનમાં વાસો વસતાં હતાં, એવામાં પાંડવો છાના રહેવા માટે અમને સૌને સુતેલાં મૂકી નાસી ગયા. તેથી અમે સઘળાં તમારે ત્યાં આવ્યા છીએ, માટે અમને એક વરસ સુધી તમારા ત્યાં રાખી લો સર્વ જણે એક બોલી રાખવી અને ઉંચ જાત છીએ એમ જણાવવું, હવે હે દ્રૌપદી સતી, તને એક વાત કરવાની છે. જયારે તું રાજયસભામાં જાય ત્યારે તું વૈરાટ રાજાને એટલું કહેજે, હે રાજા, મારામાં વિશેષ રૂપ છે માટે મારા ઉપર કોઈ કુદ્દષ્ટિ કરશે તો તે પ્રાણી જીવવાનો નથી. વગર મોતે મરશે, મારે માથે પાંચ ગાંધર્વો છે તે કાળો કેર કરી નાંખશે. કુદ્દષ્ટિએ જોનારને ઠેર મારી નાંખશે, હે સ્ત્રી, એ પ્રમાણે તું પહેલવહેલી પાળ બાંધી લેજે. તારા ઉપર કુદ્દષ્ટિએ જોનારો કોણ છે ? કદાપી જો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કોઇ કુદષ્ટિએ તારાં ઉપર જોશે તો હું ઠેર મારી નાંખીશ.દ્રૌપદી કહે,બહુ સારું. એમ કહીને પ્રેમ વડે પગે લાગી. પછી ભીમે કહ્યું.હે ભાઇઓ હવે આપણે એકે એકે વિદાય થઈએ તો સારું, વહાણું વાયુ છે તેથી દરવાજા ઉઘડયા હશે, માટે હે ધર્મરાજા,તમે ખુશીથી નગ્રવિશે પધારો.ત્યારે ધર્મરાજા પ્રભુનું સ્મરણ કરતા ચાલ્યા.ધર્મરાજાએ ઉઘડતા દરવાજે નગ્રમાં ચર્ણ મૂકયો. નગ્રમાં ધર્મ રાજાનો ચર્ણ પડયો કે તરત ગામમાંથી રોગદોગ, વ્યાધિ વગેરે નાશ પામ્યાં. અકાળ મૃત્યુનાં મડદાં પડેલાં હતાં તે એકદમ બેઠાં થયાં, ઝડપથી જમ-કિંકર પણ નાસી ગયા.અધર્મપાપ સર્વે દૂર થઇ ગયું.એ પ્રમાણે ધર્મરાજાના ચર્ણના પ્રતાપ વડે કરીને આખા નગ્રની કુબુદ્ધિ નાશ પામી. સવળા મનુષ્ય માત્રનાં મન ફરી ગયાં.ચોર લોકોએ ચોરી કરવાનું કર્મ મૂકી દીધું, ગુણકાએ ગુણકાનું કર્મ મૂકી દીધું. સૌને પોતાનો ધર્મ પાળવો સારો લાગ્યો. એ પ્રમાણે સવળા મનુષ્યોની વૃત્તિફરી ગઇ.ધર્મરાજાને સવળા લોકો પગે લાગેછે.

ધર્મરાજા ચાલ્યા ચાલ્યા વૈરાટરાજાને ત્યાં આવ્યાં. વૈરાટરાજાએ યુધિષ્ઠિરને તેજસ્વી દીઠા, તેથી તે એકદમ ઘરમાંથી બહાર આવ્યો. રાજાએ પધારો પધારો કહી સુંદિર આસન આપ્યું.પછી ધર્મરાજાને પ્રેમવડે નમસ્કાર કર્યો. વૈરાટપતિએ ધર્મરાજાને પૂછયું, કેમ મહારાજા, કયાંથી પધાર્યા છો ? અને તમે કોણ છો ? તે કહો. એટલે યુધિષ્ઠિર બોલ્યા, મારું નામ ધર્મરાજા છે અને હું પાંડવની ગાદીએ બેસનારો તથા સદા ખુશી રહેનારો છું. હાલમાં મારું નામ કિંકઋષિ છે, તારે ત્યાં બાર મહિના પેટ ભરવા સારું આવ્યો છું એટલે શક્તિના વરદાન વડે વૈરાટરાજા એવું સમજયો કે પાંડવના ગુરુ મહારાજા ધર્મરાજાના જેવા હશે. આવા મોટા પુરુષ મારે ત્યાં કયાંથી આવવા ? એમ ધારી વૈરાટ રાજા બોલ્યો, અરે મહા-રાજા.આ સવળું રાજપાટ,ઘર ગામવિગેરે આપનું છે.આ નગ્રમાં રહીનેઅમને પાવન કરો. વળી હે ધર્મરાજા, હું આપની આજ્ઞા મુજબ વર્તીશ.ધર્મરાજા કહે, ચાલ સભામાં. એમ કહી રાજાને રાજસભામાં લીધો. વૈરાટરાજા તથા સત્યવાદી ધર્મરાજા બંને જણા રાજસભામાં ગયા. ગયા.રાજાએ ધર્મરાજાને વાસ્તે રાજગુરુની ગાદી સ્થાપન કરી. ધર્મરાજા છે તે ગાદી ઉપર બીરાજમાન થયા. ચાર ઘડી વાર થઇ એટલે ભીમભાઇએ અર્જુનજીને કહ્યું, અરે વ્યંઢળ મહેતા,હવે તમે નગ્રમાં જવાની તૈયારી કરો.એવું ભીમસેનનું. બોલવું સાંભ-ળીને અર્જુનજી એકદમ ઊભા થયા અને નગ્ર વિષે ચાલ્યા.જયાં પારથનગ્રમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચાલ્યા એટલે સઘળા લોકો અર્જુનજીને વ્યંઢળ સ્વરૂપવાળા જોઇ હસવા લાગ્યા.ગામમાં લોકો ટોળેટોળાં મળી જોવા ઊભા છે.છોકરાઓ કેડે તાળીઓ પાડે છે અને તેની પાછળ ધૂળના ખોબા ભરી ઉછાળે છે. અર્જુનની પાછળ લોકો ફીકીયારી કરી છે,તો પણ પારથ પોતાના રસ્તે ચાલ્યા જાય છે. હવે ધનંજય ઉદો ભવાની નામનો શબ્દ બોલી રાજ્યસભામાં દાખલ થયા, ધર્મરાજાને નમસ્કાર કર્યા. અને વૈરાટરાજાને જુહાર કર્યો. એટલે વૈરાટરાજાએ પૂછયું. અરે, તમે કયાં રહો છો ? અર્જુનજીએ જવાબ આપ્યો. અમે ઈંદ્રપ્રસ્તમાં રહેનારા પાંડવો, તેમની પાસે રહેતા. હું અભિમન્યુને ભણાવનારો છું અને મારું નામ વ્યંઢળ મહેતા છે. હું બાણ વિદ્યા સારી જાણું છું. તારા પુત્રને બાણ વિદ્યા સારી રીતે ભણાવીશ. પાડવો સાથે અમો બાર વરસ વનમાં નીકળ્યા હતા. આ કિંકઋષિ પણ જોડે રહેતા હતા. આ ઋષિ પાંડવની ગાદીના ગુરુ મહારાજા છે.પાંડવો અમને સુતા મૂકીને છાના રહેવા માટે નાસી ગયા તેથી તેમનાથી અમે છુટા પડી ગયા છીએ. આ કિંકઋષિ તમારે ત્યાં પધાર્યા તેથી હું પણ તમારે ત્યાં આવ્યો છું.નગ્રના છોકરા તથા તમારા પુત્રને રૂડે પ્રકારે ભણાવીશ. ફક્ત બાર મહિના તારે ત્યાં પેટ ભરવું છે, વૈરાટરાજા કહે બહુ સારું. પછી રાજાએ ગામમાં નિશાળ સ્થાપન કરી. અર્જુનજીને કહ્યું તમને આખી વિદ્યાશાળા સોંપી દીધી,તમે તમારે શાળામાં ખાજો, પીજો અને એશઆરામ કરજો. મોટાના ઘરના મારે ત્યાં કયાંથી ? એમ કહી વ્યંઢળ મહેતાને વિદ્યાશાળામાં રવાના કર્યા. અર્જુનજીએ વિદ્યાશાળામાં વાસ પૂર્યો.

બે ઘડી થઇ એટલે ભીમસેને સહદેવ જોષીને કહ્યું,જોષીજી, હવે તમે પધારો તમારા સર્વના ગયા પછી અમે ધીમે ધીમે આવીશું, એવું સાંભળી સહદેવ જોષી તુરત ઊભા થયા ને પોતાની કટી બાંધવા લાગ્યા. પછી એક હાથમાં ટીપણું ઝાલ્યું અને જેષ્ટિકાને ખાંધે નાંખી ગામમાં ચાલ્યા. રાજ્યસભામાં જઇને ધર્મરાજાને નમસ્કાર કર્યો, ત્યાર પછી વૈરાટરાજાની સામું જોઇને તેને જુહાર કર્યો. એટલે વૈરાટ રાજા સહદેવજીને પૂછવા લાગ્યા, તમે કયાંના રહેનાર છો ? જોષીએ તેનો ઉત્તર એવો આપ્યો, હું પાંડવની ગાયોનો ગોવાળ છું. મારે સહદેવજી સાથે ઘણો સ્નેહ હતો, તેથી હું તેમની પાસેથી એવી વિદ્યા શીખ્યો છું કે જે ગાય ટંકે શેર દૂધ દેતી હોય તે બશેર દેતી થાય. વળી જોતીષ જાણું છું. તમારા ઘેર બાર મહિના સુધી રહીશ અને મારું પેટ ભરીશ. ગાયો ચાર્યા સિવાય બીજું કામ કરવાનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નથી મારું નામ પંથીજી છે. સહદેવજીનું બોલવું સાંભળીને વૈરાટ રાજાએ તરત ગૌશાળા સોંપી દીધી. વળી રાજાએ કહ્યું તમારે ગાયો ચાર્યા સિવાય બીજું કંઇપણ કામ કરવું નહિ. પછી સહદેજી ધર્મરાજાને નમસ્કાર કરીને ગૌશાળમાં ગયા. બે ઘડી થઇ એટલે ભીમસેન નીકુળભાઇને કહ્યું, હવે તમે નગરમાં પધારો. એ પ્રમાણે નીકુળજી ભીમસેનનું બોલવું સાંભળીને તરત ઊભા થયા અને નગર તરફ ચાલ્યા. વરણાગીઆ ભાઇ ચાલ્યા ચાલ્યા રાજસભામાં આવીને ઊભા.સભામાં પેંસતા જ ધર્મરાજાને નમસ્કારકર્યા.પછી વૈરાટને જુહાર કરીને પોતાની તમામ હકીકત કહી સંભળાવે છે, રાજાજી, હું ઘોડાઓને ભણાવી જાણું છું અને મારું નામ બહાદુરજી છે. એટલે વૈરાટરાજાએ તરત નીકુળજીને હયશાળા સોંપી દીધી. એ પ્રમાણે નીકુળજી પણ હયશાળામાં આનંદભેર રહ્યા.એવામાં બે ઘડી વાર થઈ એટલે ભીમસેન દ્રૌપદી સ્ત્રીને કહ્યું, હવે તું પણ જા. એવું ભીમસેનનું બોલવું સાંભળીને દ્રૌપદીજી પોતાના સાલ્લાનો છેડો દાંત વચ્ચે દાબીને રાજસભા તરફ ચાલ્યાં.

રાજસભામાં જંઇને ધર્મરાજાને પગે લાગ્યાં, વૈરાટરાજાને જુહાર કર્યો, વૈરાટરાજા દ્રૌપદીજીને હાથ જોડી કહેવા લાગ્યો, હે જગદંબા જોગમાયા આપ કોણ છો ? અને કયાંથી આવ્યાં છો ? મારું ભાગ્ય ઘણું જ ઉત્તમ છે કે જેથી કરીને આવી જગદંબાના દર્શન થયાં.એવાં રાજાના વાકય સાંભળીને દ્રૌપદીએ જવાબ આપ્યો. અરે વૈરાટપતિ, હું હાલમાં વનવાસી હતી વળી મારું નામ સૈયંદ્રી છે. હું હમેશ દ્રૌપદીજીની સેવામાં રહેનારી દાસી છું. તે છાના રહેવા માટે ગયા તેથી હું અહીંયાં આવી છું. વળી તેમાં કિંક- ઋષિને દીઠા તેથી મને અહીં રહેવાની ઊલટ આવી છે.જો તમારી મરજી હોય તો મારે તમારે ત્યાં ફક્ત બાર મહિના પેટ ભરવું છે. હું રાણીને ઉપદેશ કરીને સેવા નીતિ વિગેરે સારી રીતે શીખવીશ. એવું દ્રૌપદીનું બોલવું સાંભળીને વૈરાટરાજાએ જવાબ આપ્યો. અરે જગદંબા એવું શા માટે વદો છો ? આ સઘળું ઘરબાર તમારું છે. તમારી મરજીમાં આવે તેમ ખુશીથી વર્તજો. દ્રૌપદીએ રાજાને કહ્યું, હે વૈરાટપતિ, મારે તમને એક વાર્તા નિવેદન કરવાની છે. રાજા કહે, અરે જગદંબા, જેમ આપ ફરમાવશો તેમ કરવા હું તૈયાર છું. એટલે દ્રૌપદીજી બોલ્યાં. મારાં શરીરનું રૂપ ઘણું સુંદિર છે માટે કામીક લોક મને કુદૃષ્ટિથી જોશે તો જરૂર મરણ પામશે. કારણ કે મારે માથે પાંચ ગાંધર્વો છે, તેમાંનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એક કુદૃષ્ટિએ જોનારને ઠેર મારશે, આ સઘળી બીના હું તમને પહેલેથી જ કહી બતાવું છું. એવું દ્રૌપદીનું બોલવું સાંભળીને વૈરાટપતિ બોલી ઊઠયો, તું તો મારી ધર્મની બહેન છે.તારા સામુ કુદૃષ્ટિ જોનારું કોણ છે? તેમ છતાં જે કુદૃષ્ટિએ જોશે તો તેજરૂર મૃત્યુ પામશે. આ પ્રમાણે વાર્તા ચાલતી હતી એવામાં સભામાં વૈરાટરાજાનો સાળો ત્યાં બેઠો હતો, તેણે આ સઘળી વારતા સાંભળી. તેનું નામ કૈચોજી હતું અને વળી તેજ રાજનો પ્રધાન છે. તેઓ એક માના સો પુત્ર છે, તેમાં સૌથી મોટો પ્રધાન આ કૈયોજી છે, તે એકલો દ્રૌપદીની સામું કુદૃષ્ટિએ જોયા કરતો હતો. તે કૈયાજીએ મનમાં વિચાર કર્યો કે આ સ્ત્રી મિથ્યા વહેમ ઘાલે છે. ગાંધર્વો બિચારા શું મારતા હતાં ? હું એકલો ગાંધર્વને મારૂં એવો છું. પણ ઠીક છે, આવેલી પાછી કયાં જવાની છે ? એવી તે દુષ્ટને કુબુદ્ધિ થઇ. વૈરાટરાજાએ દ્રૌપદીજીને પોતાના ઘરમાં મોકલી દીધાં. વૈરાટરાજાની રાણી સુદૃષ્ણા દ્રૌપદીજીને પગે લાગીને બોલી પધારો બાઇ, આપના પ્રતાપથી મારી શુભ મતિ થશે, એવું લાગે છે. એમ કહી ઘણું માન આપીને બેસાડી. વળી રાણી કહેવા લાગી, હે બાઇ, આ સઘળું ઘરબાર તમારું છે. તમે કંઈપણ કામ કર્યા સિવાય આ હીંડોળા ખાટે હીંચ્યા કરો. એ પ્રમાણે ચાર ભાઇ તથા દ્રૌપદી આ પાંચ જણાં રાજાને ત્યાં આનંદભેર રહ્યાં, એવામાં ચાર ઘડી થઇ એટલે ભીમસેન ઊઠીને ઊભો થયો અને પોતાની કટી કસીને બાંધવા લાગ્યો. પોતાના કડછાને ખાંધે નાંખી લીધો પછી નગ્ર તરફ ચાલ્યો.તે ચાલ્યો ચાલ્યો નગ્રના દરવાજાની પાસે આવ્યો. ત્યાં ઊભો ઊભો તે વિચાર કરે છે, આ ખંડણી ભરનારા રાજાની કમાનમાં થઇને નગ્રમાં દાખલ થવું એ મારે શરમાવા જેવું છે, માટે કોટ કુદીને અંદર જાઉં ઠીક. એમ ધારી વાલવાજીએ થોડેક દૂર જઇને દડબડ દોટ મૂકી અને છલંગ મારીને કોટકુદીને અંદર પડયો, જે પ્રમાણે આભ પડે તે પ્રમાણે ભીમસેન પૃથ્વી ઉપર પડયો.જ્યાં પૃથ્વી પર પડયો એટલે ધરતી કંપવા લાગી, પાણી ભરનારી પાણીયારીઓ ભીમના ભયથી પોતાનાં પાણી ભરવાનાં બેડાં ફોડી નાખીને પોતાના ઘેર દોડી ગઇ, આખા ગામમાં એવીવાત ચાલી, સઘળા નગરના લોકોના પૂરા ભોગ મળ્યા.

એક મોટો દહિત પોતાની ખાંધ ઉપર કડછો મૂકીને નગ્રમાં આવ્યો છે.હવે આખા ગામનું આવી બન્યું. ઘણાક પ્રાણીઓના પલકવારમાં જીવ ખેંચી લેશે, વળી કેટલીક પ્રાણીને પોતાના કડછા પર ચઢાવીને ખાઈ જશે, એવો બોંબાટો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આખા નગરમાં ચાલી રહ્યો. નગ્રના લોકો નાસાનાસ કરી રહ્યા છે. વૃકોદર ગમ્મત કરવાના ઇરાદાથી દાંત ને ડોળા બતાવે છે, જેમ જેમ ભીમસેન દાંત ને ડોળા બતાવે છે તેમ તેમ નગ્રના લોકો ભયથી નાસાનાસ કરે છે. આખાગામનું લોક ભીમસેનથી ત્રાસ પામી ગયું, પછી વૃકોદરે વિચાર કર્યો, આખું ગામ શું જાણશે, ભીમભાઇ પધાર્યા હતા, માટે કંઇ પણ મારું નામ કરું તો ઠીક એમ જાણીને પોતે બજારમાં ચાલ્યો, બજારમાં જતાં જતાં ધાણી ચણાની દુકાનો આવી. તે દુકાનોમાંથી ધાણી ચણાના ખોબા ભરી ભરીને પોતે રસ્તા વચ્ચે ઉછાળવા લાગ્યો. પણ કોણ તેના હાથ ઝાલી શકે ? વૃકોદર જયાં મીઠાઇની દુકાન દેખે છે ત્યાં લાગલું મોં ઘાલી દે છે. ભાવે તે ખાય છે અને મજા ઊડાવે છે. ભીમસેનના આવા ભયંકર કામથી નગ્રમાં ફીટીયારી થઇ રહી.

વૃકોદર ઘુમતો ઘુમતો રાજ્યસભા પેસતાં જ પોતે ખંભ ઠોકયો. તરત આખી સભા ધમધમી. વૈરાટરાજા પણ ધ્રૂજી ઊઠયો. વાયુનંદન ભીમસેન ધર્મરાજાને પ્રેમ વડે પગે લાગ્યો. ભીમસેનને જોઇને વૈરાટરાજા કિંકઋષિને પૂછવા લાગ્યો, અરે મહારાજા, આ બળવાન કોણ છે ? ધર્મરાજા કહે હે વૈરાટ, તું શા માટે ભય પામે છે ? શરમાયા સિવાય તેમ ભય પામ્યા સિવાય સઘળી વાર્તા પૂછી લે. એટલે વૈરાટરાજા બોલ્યો, અરે ભાઇ, તમે કોણ છો ? અને કયાંથી આવો છો ? એવું વૈરાટરાજાનું બોલવું સાંભળીને ભીમસેને કહ્યું. ઇંદ્રપ્રસ્તનો રહેવાસી છું, ભીમસેનભાઈનો ભીલ્લુ છું. અને રસોઇનું કામ કરું છું. આ મારું પાપી પેટ ભરવા સારુ બાર મહિના સુધી તારે ત્યાં રહેવું છે. હું એકલો તારી તમામ સેનાનું રાંધણું રાંધીશ અને એકલો સઘળી વેઠ કરીશ. વૈરાટરાજા કહે, ભલે પધાર્યા. પણ હાલમાં કયાંથી આવો છો ? ભીમ કહે, એ બધું ખરું પણ મને કેટલું ખાવા આપશો ? વૈરાટરાજા કહે તમે કેટલું ખાશો તે મોંઢે માગી લો. તમને હું જવા દેવાનો નથી. સુખેથી અહીં રહો; એટલે ભીમસેન બોલ્યો, હું સુખેરૂપે તારું રાંધણું રાંધીશ, પણ મારે ખાવા માટે સોળ કળસી અન્ન જોઇશે, એવું વૃકોદરનું બોલવું સાંભળીને વૈરાટરાજાએ પાંચો કરડયો ને બોલી ઊઠયો, અરે બાપલીઆ, એ મારું કામ નહિ/ એ પ્રમાણે ખવરાવું તો મારૂં આખું ગામ વેચવું પડે. અરે ભાઈ, મારું એટલું બધું અનાજ આપવાનું ગજું નથી. મારાથી આપને રાખી શકાશે નહિ. એટલે ભીમસેને કહ્યું, જો મને નહિ રાખે તો તને ઠેર મારી નાંખીશ એવું ભીમસેનને બોલતો જોઈ ધર્મરાજાએ વાયુનંદનને સાન બતાવી,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મૂર્ખા, શું લવારો કરે છે ? એવામાં વૈરાટરાજાબોલી ઊઠયો. અરે ભાઇ, સોળ કળશી તો નહિ પણ બાર કળશી અનાજ તમને રોજ જમવા આપીશ. પણ તેમાં એટલું છે રસોઇમાં જેટલાં લાકડાં બળે તેટલાં તમારે પૂરાં કરવાનાં છે. ભીમસેન કહે, બહુ સારું વૈરાટરાજા, તમે તે વાતની કાંઇ પણ ચિંતા રાખશો નહિ.હું જેટલું અનાજ ખાઇશ તેટલાનો બદલો વાળી આપીશ,તમે ખવરાવશો તેનો મને લાભ નથી પણ કોઇ વખત તમને ગુણ થઇ પડશે. વૈરાટરાજા કહે, બહુ સારું.વાલવાજીને એમ કહી રસોડું સોંપી દીધું. એ પ્રમાણે પાંચ ભાઇઓ તથા સતી દ્રૌપદીજી, એ છએ જણાં વૈરાટરાજાને ત્યાં આનંદથી સમાયા. પાંડવોના આવવાથી આખા નગરમાં આનંદ ઓછવ થઇ રહ્યો. ધર્મરાજા રાજસભામાં રહે છે અને એક વખત વૈરાટરાજાને ત્યાં ભોજન કરી આવે છે. પોતે આખું રાજય ચલાવે છે અને શુભ ન્યાય કરે છે, નગરના સર્વે પ્રાણીને આનંદ માતો નથી. અર્જુનજી નિશાળ ભણાવે છે. આખા ગામના છોકરાં નિશાળે ભણવા સારું આવે છે; તેમાં અર્જુનજી વૈરાટરાજાનાં ઓત્રા કુંવરને તથા ઓત્રા કુંવરી, એ બંનેને દરબારમાંથી નિશાળે તેડી જાય ઓત્રા કુંવરને તથા ઓત્રા કુંવરી, એ બંનેને દરબારમાંથી નિશાળ જાય છે, વૈરાટરાજાનાં પુત્ર અને પુત્રી પણ વિદ્યા ભણે છે. ઈંદ્રપુત્ર અર્જુનજી રાત દહાડો નિશાળમાં રહે છે. સહદેવજી રાજાની ગાયો લઇને વન વગડામાં જાય છે. વનમાં જઈને પીપળાના વૃક્ષની નીચે ગુફા ગોડી તેની મહીં ઊતરીને નિરાંતે બેઠા બેઠા હરિસ્મરણ કરે છે. સાંજ પડે છે એટલે ગાયો લઈને નગરમાં જાય છે. સઘળા ગોવાળિયા સહદેવજીના વશમાંછે. અને તેઓ પંથીજીના ગુણ ગાય છે. નકુળજી વહાણામાં ઊઠીને મનગમતો ઘોડો લઈ બાગબગીચે ફરી આવે છે, અને પહેરી ઓઢીને સહેલ કર્યા કરે છે. વૈરાટ-રાજાની રાણી સુદક્ષણા પાસે સૈયંદ્રી આનંદથી રહે છે. સૈયંદ્રી રાણીને શુભ રીતિ નીતિ શીખવાડે છે.શુભ ઉપદેશ કરીને પ્રભુના ઉપર શ્રદ્ધા ઉત્પન્ન કરે છે.

વળી વૈરાટરાજાની કેવી રીતે સેવા કરવી તેનો ઉપદેશ કરે છે. વૃકોદરે રાંધવાની સારી ગોઠવણ કરી. પહેલાં જે ચુલાચુલ્યો હતી તે તમામ પૂરી નાખી એને મોટી મોટી તમણો ખોદીને લાંબી ચારીઓ બનાવી. તેમાં વચમાં થોડી છુટી જગા રાખી. તે એટલા માટે કે જેમાં પોતાની પથારી થાય વૈરાટ રાજાનું ચાર ક્ષૌણી સૈન્ય છે તેથી તેમને ખાવા સારુ ખીચડી રાંધવાનું આવે એટલે ભીમસેન લાંબી ચારી સળગાવી તેના ઉપર મોટા પાત્ર ચડાવી દે છે, વચમાં સોડો તાણીને સુએ છે. પણ બધી જગાએ સુરતા રાખે છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પીમ્મળથી કાચુ પાકું પારખીને પગ વડે નીચે ઉતારી નાંખેછે. પોતે દશવીસ દિવસે વગડામાં જાય છે અને રંધાય એટલાં કાષ્ટ એકે ફેરે ઊંચકી લાવે છે, વળી રસોડામાં રાત્રિએ સૂઇ રહે છે, તેના ઉંઘવાથી નસકોરાં બોલે તેથી તે છાપરાનાં નળિયાં ઉંચા નીચાં થાય છે. જાણે ટકોરખાનું વાગ્યું.વાલવાજીનું નામ સાંભળીને રડતાં બાળક ચુપ થઇ જાય છે. એ પ્રમાણે પાંચ ભાઈ તથા સતી દ્રૌપદી સુખરૂપે રહ્યાં છે.

વિશ્રામ પહેલો

પૂરવ કથા વૈરાટની, સાંભળી શ્રોતા જન;
વલ્લભ વાણી ઓચરે, ઉત્તર કથા પાવન.

વૈશમપાયન ઋષિ કહે છે, હે જનમેજય રાજા, એ પ્રમાણે પાંડવો વૈરાટ રાજાને ત્યાં ખુશીથી રહ્યા છે. હવે હસ્તિનાપુરમાં શું બને છે તે તું શાંત ચિત્ત શ્રવણ કર. છત્રપતી દુર્યોધને. ચાર મહિને હિસાબ ગણ્યો. રાજાએ ત્રણસેં સાઠ દિવસનું એક વર્ષ ગણ્યું અને પુરૂષોત્તમ માસને જુદો ગણ્યો.. એ પ્રમાણે અન્યાય કર્યો. પછી શકુની મામાને કહ્યું, આપણે બેસી રહ્યા છીએ પણ કુંતીનંદન પાંડવો વન ગયાને બાર વર્ષ પૂરાં થઇ ગયાં. હવે તેઓ છાના રહેવા માટે ગયા હશે અનેતેમની મરજી માફક વર્તતા હશે.અરે મામા આપણે બહુ ભૂલ ખાધી. હવે તેમનો કેમ કરીને પત્તો લાગશે ? એટલે શકુની મામો બોલ્યો. તું કાંઈપણ ચિંતા કરીશ નહિ. તું સહુનો શિરછત્ર છેમાટેદેશોદેશનાં રાજાઓને પત્ર લખીદે,તેમાં એવું લખવું કે જ્યાં જયા પોતાની ધરતી, વસ્તી, વગડો, ડુંગર, દરિઓ, વિગેરેમાં સત્તા ચાલતી હોય ત્યાં ત્યાં પાંડવોની શોધ કર્યા પછી અમને પત્ર લપવો, જો તેમાં કંઈપણ ચુક પડશે તો દુર્યોધનરાજા ગુસ્સે થશે ને રાજપાટ છીનવી લેશે. માટે જોઈ વિચારીને કામ કરજો, તેમાં કંઈ પણ ફેર પડશે તો તેના કુટુંબસહિત ઘાણીમાં ઘાલી પીલાવી નાખશે. એ પ્રમાણે પત્રો લખીને દેશોદેશ મોકલાવી દો એટલે સઘળા રાજાઓ ખરી ખબર કાઢીને આપણને પત્ર લખશે. દુર્યોધન કહે ખરી વાત છે, લખી દો નહિ તો કામ કથળી જશે. મામાએ ચોરાશી હજાર પત્ર લખાવી દીધા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછી લખેલા પત્રો દેશોદેશ પહોંચાડી દીધા. સઘળા રાજાઓએ પોત-પોતાની હદ શોધીને હસ્તિનાપુર પત્રો લખી વાળ્યા. હસ્તિનાપુરથી લખેલો પત્ર વૈરાટરાજાને ત્યાં આવ્યો. રાજાએ કિંક ઋષિને પત્ર વંચાવ્યો. કિંકઋષિએ તે પત્રને બરાબર વાંચ્યો. વૈરાટપતિએ કિંકઋષિએ પૂછ્યું, અરે મહારાજા, કેમ કરીશું ? તમે પાંડવાના ઘરના છો પણ પાંડવો મારે ત્યાં નથી માટે છત્રપતિને શું લખી જણાવું ? ધર્મરાજા કહે, તારી મરજીમાં આવે તે લખી જણાવ. તે સંબંધી મને કંઈ પણ પૂછીશ નહિ. વૈરાટરાજાએ પત્ર લખ્યો, હે છત્રપતિ દુર્યોધનરાજા, પાંડવો અમારે ત્યાં નથી. એ પ્રમાણે લખીને હસ્તિનાપુર પહોંચાડી દીધો. દેશ દેશાન્તરના કાગળો હસ્તિનાપુર પહોંચી ગયા. દુર્યોધન કહે અરે શકુની મામા, પાંડવો કયાં રહ્યા હશે ? એટલે શકુની મામો બોલ્યો. અર છત્રપતિ, તમે જરા ધીરજ રાખો, તેનો ઉપાય જલદીથી શોધી કાઢું છું. કહી તેણે એક પાન મંગાવી તેનું બીડું બનાવી દીધું. પછી સઘળા મલ્લ લોકોને ભેગા કર્યા. મામાએ સભા વચ્ચે ઊભા થઈ કહ્યું, જે પાંડવની શોધ કરવા જાય તે આ પાનનું બીડું ખાઈ જાય, જે માણસ એટલું કામકરશે તેને એકઆની ભાગ રાજમાં અપાવીશ. એવું સાંભળીસઘળા મલ્લોએ વિચાર કર્યો જે જશે તે ફરીથી પાછો આવવાનોનથી, માટે આપણે જવું યોગ્ય નથી તે મલ્લોમાં જેમત કબીરો કરી એક મલ્લ હતો, તેણે તે કામ બજાવવાની હિંમત ચલાવી. જ્યારે ભીમસેને કબીરાને વાવમાં નાખ્યા હતા ત્યારે તેમાંથી ઉગરીને હસ્તિનાપુરમાં નાસી આવ્યો હતો. તે મલ્લ થઇને દુર્યોધનના ત્યાં રહેતો હતો. તેણે મનમાં એમ વિચાર્યું, જ્યારે ત્યારે એક વખત મરવું છે માટે હું શોધ કરવા જાઉં તો ઠીક. જો શોધ લઇને આવીશ તો એક આની રાજ્ય મળશે અને ત્યાં મરી જઇશ તો આ દાસત્વપણા-માંથી મુકત થઇશ; એમ ધારી તેણે પાનનું બીડું ઝડપી લીધું અને પોતાના મુખમાં મૂકી દીધું, એટલે મામાએ તેને શાબાશી આપી, ધન્ય છે તને.

મામાએ તે જેમત કબીરાને શોધ કરવા સારુ મોકલવાનો નિશ્ચય કર્યો. જેમત મલ્લની કોટે તાંબાનું પત્ર બાંધ્યું, તેમાં એવું લખી જણાવ્યું, આ યોદ્ધો છત્રપતિ દુર્યોધનનો છે, અને તે પાંડવની શોધ કરવા માટે આવ્યો છે. માટે હે ક્ષત્રી રાજાઓ, તેને ખાવા પીવા માટે સારી રસોઇ કરજો. વળી તમારી હદમાં જો પાંડવો રહેતા હોય તો તપાસ કરી આ મલ્લને કહેજો. કદાપિ પાંડવો પોતાની હદમાં ન હોય તો આ મલ્લને સવામણ સોનાનું પૂતળું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરીને આપી દેજો. એ પ્રમાણે તાંબાના પત્રમાં લખ્યું. ત્યાર પછી તે બળવંતો મલ્લ જવા માટે તૈયાર થયો. તે મલ્લે પોતાની કેડે સો મણ લોઢાની સાંકળ તાણી બાંધી, તથા પોતાના હાથમાં ભાલો ઝાલી લીધો અને પછી ચાલતો થયો. તે મલ્લના ગયા પછી દુર્યોધન રાજાએ પોતાના મામાએ પૂછયું, હે મામા, પૂતળું લેવાનું કેમ ઠરાવ્યું ? દુર્યોધનનું બોલવું સાંભળીને મામો બોલ્યો, હે રાજા, તું મારું કહેવું બરોબર સાંભળી લે જ્યાં પાંડવો રહેતા હશે તે જગાએથી તેઓ પૂતળું આપવા દેવાના નથી. જો પૂતળું આપવા દે તો ક્ષત્રીપણું ખોયું એમ થાય, માટે તે નક્કી પૂતળું નહિ આપવા દે. તેથી આપણે પાંડવો સમજીશું. તેને ત્યાંજ છે. એવું મામાનું બોલવું સાંભળી દુર્યોધન રાજા ખોંખારી કહે મામા, ધન્ય છે, તારી બુદ્ધિની બલીહારી છે.

હવે જેમત કબીરો ચાલ્યો ચાલ્યો એક દેશમાં આવ્યો, એક દેશનો રાજા જ્યાં પોતાની રાજસભા ભરીને બેઠો હતો ત્યાં તે મલ્લ આવી પહોંચ્યો. જેમત કબીરાએ તાંબાનું પત્ર પોતાની છાતી આગળ લટકાવ્યું હતું, તેથી રાજાએ તે વાંચીને મલ્લને સભા વચ્ચે આવકાર આપ્યો, વળી તેને ખાવા પીવાનું પણ આપ્યું, સવામણનું સુવર્ણનું પૂતળું ઘડાવીને મલ્લને સોંપી દીધું. જેમત તે પૂતળું પોતાની પાસે લઇ લીધું અને ત્યાંથી બીજે દેશ ચાલી નીકળ્યો. જ્યાં જ્યાં તે મલ્લ જાય છે ત્યાં ત્યાંના રાજાઓ તરત પુતળું ઘડાવીને આપી દે છે, જે જે રાજા પુતળું આપે છે તે તે પુતળું પોતે લેતો જાય છે ને સાંકળે બાંધતો જાય છે, એમ બહોતેર પુતળાં ભેગાં થયાં, જેમત કબીરાએ બહોતેર ક્ષત્રીના સવાનેવું મણ સોનાનાં પુતળાં લીધાં; એવામાં દ્વારીકા નગરી આવી. જેમત કબીરાએ વિચાર કર્યો, કૃષ્ણજી તથા બળદેવજી તેમના સગા છે માટે કાંઈ દગો કર્યો હશે. તો જોઉં તો ખરો એ પ્રમાણે પોતાના મનમાં શંકા લાવ્યો; મલ્લે એવો મનસુબો કર્યો, અહીં તપાસ કર્યા પછી બીજાની પાસે જવું, એમ ધારી પોતે જાદવસભામાં જઇને ઊભો રહ્યો કૃષ્ણજી તથા બળદેવજી બંને ભાઇઓ સભા વચ્ચે બીરાજ્યા છે. બળદેવજીએ તે તાંબાનું પત્ર વાંચ્યું, પત્ર વાંચ્યા પછી ગાજીને બોલી ઊઠયા. અમારે ત્યાં પાંડવો નથી આવ્યા એમ અમે હસ્તિનાપુર પત્ર લખી જણાવ્યો છતાં કેમ તું આવ્યો ? એવું સાંભળી મલ્લે કહ્યું, આ પત્ર વાંચીને સવામણ સુવર્ણનું પુતળું ઘડાવી આપો. બળદેવજી ક્રોધ કરીને બોલ્યા, અરે મૂઢમતિ, અમે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding,IKS-MoE-Grant-2

ખંડણી ભરતા નથી. અમે એના તાબાના નથી માટે કંઇ પણ આપવાના નથી.તું મિથ્યા લવારી કરે છે. તું મરીશ પણ તને પૂતળું મળવાનું નથી, એટલે જેમત કબીરો બોલ્યો, અરે મહારાજા, જરા વિચાર કરીને બોલો. મૂઢ મૂઢ એવું શા માટે કહો છો ? તમારાથી સોનું આપી શકાય એવું ન હોય તો યુદ્ધ આપો. એવું સાંભળીને બળદેવજીને હળાહળ ક્રોધ વ્યાપ્યો. પોતે બોલ્યા, અરે નીચ, એ શું બોલ્યો ? એમ કહી હસ્તમાં મુશળ પકડી ઉભા થયા. એટલે શ્રીહરિએ હળધારીને સમજાવ્યા, તે દુષ્ટનું મૃત્યુ ભીમના હાથથી છે, માટે તેને જીવતો નાખી દેવાનો ઉપાય કરો. તેથી બળદેવજીએ તે મલ્લને પોતાના હળની અણીએ ચઢાવ્યો અને બળ કરીને ગગનમાં ફેંકયો. ગગનમાં ફેંકવાથી તે મલ્લ વૈરાટનગરની ભાગોળે બેભાન થઇને પડયો. પછી તેને બે ઘડીએ શુદ્ધિ આવી. મલ્લ વિચાર કરવા લાગ્યો ઠીક થયું કે હું તેમની સાથે ઝાઝું બોલ્યો નહિ. જો વધારે બોલ્યો હોત તો ઠેર મરી જાત. હવે હું આ ગામ દેખાય છે તે ગામમાં જઈ સીધું લઇને રાંધી ખાઈ પુતળું લઇ પછી બીજા ગામમાં જઇશ, એમ વિચાર કરીને વૈરાટનગરમાં દાખલ થયો. રાજ સભામાં જેમત કબીરો આવ્યો. પોતે તાંબાનું પત્ર છાતી ઉંપર ધરીને ઊભો રહ્યો. વૈરાટરાજાએ તે પત્રને બરોબર વાંચ્યું. એવામાં છજામાં દ્રૌપદી ઉભી હતી તેણે પણ તે પત્ર વાંચ્યું. વાંચ્યા પછી પોતે ચિંતા કરવા લાગી, અરે દેવ, હવે તું બચાવી લેજે. ધર્મરાજાએ પણ તે પ્રમાણે વાંચીને પોતાના મનમાં શોક કર્યો. વૈરાટરાજાને સાળો કૈયાજી રાજસભામાં બેઠો હતો, તેનું ધ્યાન દ્રૌપદીમાં ચોટયું હતું. તે દુષ્ટ ખુંખારીને હોઠ બચકારતો હતો, સતી સામી આંખો મચકારતો હતો, એવામાં વૈરાટરાજા કિંકઋષિને પગે લાગીને બોલ્યો; અરે મહારજા, આ મલને પુતળું આપવું કે નહિ તેનો ખુલાસો આપો. એવું રાજાનું બોલવું સાંભળીને ધર્મરાજાએ કહ્યું એને પુતળું નથી આપવું. વૈરાટરાજાએ કહ્યું અરે મહારાજ ! જો તેને પુતળું ન આપું તો છત્રપતીની માઝા તુટી જાય. જો દુર્યોધન રાજા ગુસ્સે થાયતો મારું ઘરબાર ધુળધાણી કરી નાંખે. હું તો એના તાબાનો પ્રાણી છું માટે જરૂર પુતળું આપવું પડશે. એટલે ધર્મરાજા બોલ્યા; અરે વૈરાટરાજા, તારે મારું વચન પાળવું પડશે.

એવું ધર્મરાજાનું બોલવું સાંભળી વૈરાટરાજાએ જેમત કબીરાને કહ્યું, અરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભાઇ, તું તારે દેશ ચાલ્યો જા. એવું સાંભળી જેમતને અતિશય ક્રોધ ચઢયો. જેમત કબીરાએ વૈરાટરાજાને કહ્યું, અલ્યા, તારું આવી બન્યું છે. જો તારે પૂતળું આપવું ન હોય તો મારી સાથે યુદ્ધ કર. એવું જેમતનું બોલવું સાંભળી વૈરાટરાજા ધ્રુજવા લાગ્યો. વૈરાટરાજાએ ધર્મરાય પ્રત્યે કહ્યું, અરે મહારાજા, હવે કેમ થશે ? મારાથી આ મલ્લની સાથે યુદ્ધ થાય તેમ નથી, ધર્મરાજાએ કહ્યું ત્યારે તું જાણે. તારી મરજીમાં આવે તેમ કર. રાજાના સાળા કઇચાજીનું આ વાતમાં બિલકુલ ધ્યાન નથી, તે દુષ્ટ પાપી તો દ્રોપદીમાં ગુલતાન બની ગયો છે. દ્રૌપદીએ વિચાર કર્યો, રડયાને માર ખવરાવું તો ઠીક. એમ જાણી કઇચાના સામું જોયું. કઇચાએ જાણ્યું. હવે મારા ઉપર એનું મન મોહ્યું. એ પ્રમાણે કઇચાજી તો અતિશ હરખાઈ ગયો. પછી પોતે મોઢે મૂછો પર હાથ નાંખ્યો. એટલે દ્રૌપદીએ તેને સાનમાં સમજાવ્યો; તમે આ મલ્લની સાથે યુદ્ધ કરો એટલે કઇચાએ જાણ્યું. સૈરંદ્રીને મારા ઉપર બરોબર પ્રેમ થયો છે માટે હું મલની સાથે યુદ્ધ કરું તો વળી વધારે ખુશી થશે અને મારા વશ થઇજશે.

એવું સમજી કૈચાજીએ ગુસ્સે થઇને મલ્લ પ્રત્યે કહ્યું, અલ્યા ગુલામ, તું, રાજાજી પાસે શા માટે યુદ્ધ માગે છે ? તારા મનમાં શું સમજે છે ? હમણાં કાળો કેર થઈ જશે. હું ઊભો થઇશ તો તને સભા વચ્ચે ઠેર મારી નાંખીશ એટલે મલ્લ બોલ્યો, અલ્યા તારામાં લડવાનું જોર હોય તો ચાલ ઊભો થા, આપણે બંને જણા લડીએ. એટલે કૈચાજી એકદમ સભામાં ઊભો થયો. પોતે મનમાં વિચાર કર્યો, થનાર હશે તે થશે પણ બાઝયા વિના ચાલશે નહિ કારણ સૈરંદ્રીનું એવું કહેવું છે કે તમે મલ્લની સાથે બાઝો, હવે હું બાઝું તો મલ્લ તો બહુ બળવાન છે એમ વિચાર કરતો જાય છે દ્રૌપદી સામું ઊંચુ નીચું જોતો જાય છે. સતીએ સાન કરી કે તમે બહાદુર છો ત્યારે મલ્લને બાઝી પડો. શા માટે વાર કરો છો ? મિથ્યા ચાળા કર્યા સિવાય યુદ્ધ કરો. એટલે પાછું તાન ભરાઈ આવ્યું, પોતાની બાંહ્યો ચઢાવી ત્યારે પછી દ્રૌપદીના સામું જોઇને મલ્લને બાઝયો. જેવો મલ્લને બાઝયો તેવો જ મલ્લે બળ કરીને ચોચીમાંથી પકડી પછી પોતાના માથા ઉપર ફેરવી બગલમાં ઘાલ્યો ને દબાવ્યો, તેનું શરીર ભાગી ગયું અને તેથી બૂમ પાડીને કહેવા લાગ્યો, અરે બાપ, મને છોડાવો. મોઢામાંથી રુધિરની ધારા ચાલી, એવું જોઈ વૈરાટરાજાએ બૂમ પાડીને કહ્યું, એ મલ્લ, તું જેમ કહીશ તેમ કરીશ. પણ મારા પ્રધાનને મૂકી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દે. સુવર્ણનું પૂતળું તને ઘડાવી આપીશ. એટલે મલ્લે કૈયાજીને રાજ-સભામાં ફેંકી દીધો. કૈયાને પુષ્કળ દુઃખ પાડયું. દ્રૌપદીજીએ સાન કરીને પોતાનું મોં મરડયું, એટલે કૈયાજીએ પડયા પડયા દ્રૌપદીજીને સાન કરી કે હું ચોટ ચુકયો, નહિ તો મલ્લને મારી નાખત. દ્રૌપદી દુષ્ટને શિક્ષા કરાવીને ઘરમાં ચાલી ગઇ. તો પણ દુષ્ટ કૈયાને કાંઇ પણ સાન આવી નહિ. દ્રૌપદીજીનું ધ્યાન ધરતો ધરતો સભાની વચ્ચે પડયો છે. વૈરાટરાજાએ સેવકોને કહ્યું, કૈયાજીને અહીં કયાં સુધી રાખશો તેમને ઉંચકીને તેમના ઘેર લઈ જાઓ. એટલે સેવકોએ ડોળી બનાવી તેમાં સુવાડીને તેમના ઘેર મૂકવા ચાલ્યા. એ પ્રમાણે કૈયાજીને તેમના ઘેર પહોંચાડી દીધા. પછી વૈરાટરાજાએ મલ્લને કહ્યું. હમણાં અમારી પાસે સોનાની સવડ નથી માટે મોદીખાનેથી સીધું લઇ રાંધી ખાઓ એટલામાં જો બનશે તો તમને આપી દઇશું, મલ્લે સીધું લીધું અને શહેર બહાર ગયો. ગામની બહાર જઇને પોતે રસોઇ કરવા લાગ્યો. વૈરાટરાજા મનમાં વિચાર કરે છે કે પુતળું આપવું તે ઠીક છે. તેથી પોતે ધર્મરાજાને કહેવા લાગ્યો, અરે મહારાજા, મલ્લને સુવર્ણનું પુતળું આપવા દો,મોટાની સાથે શા માટે વેર કરાવરાવો છો ? ધર્મરાજા બોલ્યા, અરે વૈરાટપતિ,પુતળું અપાય તેમ નથી.

પોતાનું ક્ષત્રીપણું નષ્ટ થઇ જાય અને ક્ષત્રીકુળને લાંછન લાગે, એમ મનમાં વિચાર કરીને પુતળું આપવા ના કહે છે. વૈરાટરાજા કહે, મલ્લ યુદ્ધ માગે છે માટે તેનું કેમ કરવું ? એક જણને મલ્લે ખાટલે નાંખ્યો અને મારું બળ તો તેની સાથે ચાલી શકે તેમ નથી. તે યુદ્ધ માગે તો તેના સામું કોણ લડે ? ધર્મરાજા કહે, તું તારા મનમાં શાંતિ રાખ એક ઉપાય તને બતાવું છું.હમેશાં વાલવો બેઠો બેઠો બાર કળશી અનાજ જમી જાય છે માટે તેને બોલાવ. શા માટે ગભરાઇને ચિંતા કરે છે ? તે મલ્લની સાથે યુદ્ધ કરી શકે તેવો છે, એટલે વૈરાટરાજા બોલ્યો, અરે મહારાજા,એ બિચારાનું શું ગજું કે મલ્લની સાથે યુદ્ધ કરી શકે ? ઉલટો મલ્લનો માર ખાઇને મરી જશે. ધર્મરાજા બોલ્યા, તું તારે તેને બોલાવી જા. પછી તેનો ઝપાટો જાઈ લેજે. રાજાએ સેવકને હુકમ કર્યો. વાલવાજીને બોલાવી લાવો. એટલે ચાર સેવકો વાલવાજીના રસોડે આવ્યા. વાલવાજીને કહ્યું, ચાલો વાલવાજી, તમને વૈરાટ રાજા બોલાવે છે. ભીમસેને સાંભળ્યું, ને ક્રોધે ભરાયો, પોતે એકદમ બોલી ઉઠયો, તમે મુવા ને તમારો રાજાએ મુવો.જાઓ અમે આવવાના નથી.

Kirtikant Sharma Collection,.Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમ કહીને કડછો ઉપાડયો. એટલે રાજાના સેવકો જીવ લઇને નાસી ગયા. સેવકો દોડયા દોડયા રાજસભામાં આવ્યા અને રાજાને કહ્યું. અરે મહારાજા, વાલવો તો એમ કહે છે તમે મુવા અને તમારો રાજાએ મુવો. અમે તો આવવાના નથી. વળી કડછો લઇને અમને મારવા આવ્યો. એટલે વૈરાટ રાજા કહે, જુઓ કિંકમહારાજા, વાલવાજીએ તો એવું કર્યું માટે હવે કેમ કરીશું ? વાલવાજીનું પૂરું પડે તેમ નથી. તેથી હું દિલગીર છું. ધર્મરાજા કહે;અરે સેવકો,તમે બીજી વખત જાઓ અને વાલવાજીને કહેજો,તમને કિંકઋષિ બોલાવે છે એટલે પાછા છડીદારો વાલવાજીના મુકામે આવ્યા. છડીદારોએ કહ્યું, અરે વાલવાજી, તમે ઝટપટ રાજસભામાં ચાલો. તમને કિંકઋષિ બોલાવે છે.એટલે ભીમસેન બોલી ઊઠયો,અરેભાઇઓ ઊભા રહો હું તમારી સાથે જ આવું,એમ કહી પોતે ઊભો થયો અને પોતાનાં વસ્ત્રો પહેરી તથા કડછો ખાંધે નાંખી રાજસભામાં ગયો. ભીમસેને ધર્મ-રાજાને નમસ્કાર કર્યા. વૈરાટરાજાને એમ કહ્યું, અલ્યા, તું મારો માલિક નથી. તેં શા માટે તેડવા મોકલ્યો, ? વૈરાટરાજા કંઇ પણ બોલ્યો નહિ. ધર્મરાજાએ ભીમસેનને કહ્યું; અલ્યા વાલવા વૈરાટરાજા જે કહે તે સર્વે વાત તું સાંભળી લે. એટલે ભીમસેન બોલ્યો, અરે રાજા, તારે શું કહેવું છે ? એવું વૃકોદરનું બોલવું સાંભળી રાજાએ કહ્યું,મારું બોલવું તો તમતે ગમતું નથી માટે કંઇ પણ કહેતો નથી. ભીમસેન બોલ્યો. કિંકરુષીના કહેવાથી તારી વાત ધ્યાનમાં લઇશ. વૈરાટરાજા કહે, અરે વાલવાજી, ત્યારે મારી વાત સાંભળી લો. દુર્યોધન રાજાનો મલ્લ પાંડવની શોધ લેવા માટે અહીં આવ્યોછે આપણે ઘેર પાંડવો તો નથી માટે કેમ કરી શોધી આપીએ ? મલ્લને કહ્યું, પાંડવો અમારે ઘેર નથી. એમ કહ્યાથી મલ્લ ગુસ્સે થઇને બોલ્યો સવામણ સોનાનું પુતળું આપો.હું તેના કહેવા મુજબ પુતળું ઘડાવી આપતો હતોપણ કિંકઋષિએ આપવાની ના પાડી તેથી મલ્લે યુદ્ધ માગ્યું. હું તો લડતાં લાજ્યો પણ આપણો પ્રધાન કયાજી તે મલ્લની સાથે બાઝયો, મલ્લે તે કૈયાજીને પોતાની બગલથાં ઘાલીને દબાવ્યો તેથી તેનો પ્રાણ ઊંચો ચઢી ગયો અને નાક તથામોં વાટે લોહી વહી ગયું. તે બિચારો હાલ ખાટલામાં પડયો પડયો દુઃખભોગવેછે. લડયા પછી સીધું અપાવીને તે મલ્લને રાંધી ખાવા નગર બહાર મોકલ્યો છે. માટે તમે જેમ કહો તેમ કરીએ. પુતળું આપવું કે નહિ ? ઋષિ તો બહુમુમતી છે, તેથી પુતળું આપવા દેતા નથી. ભીમસેન બોલ્યો, હે વૈરાટપતિ, હું કહું તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાંભળી લો. ઋષિજીનું વચન ઉલ્લંઘન કરીને પૂતળું અપાય નહિ.રાજાકહે,જો પૂતળું ન આપું તો મલ્લ યુદ્ધ માગે છે. હવે એ મલ્લની સાથે યુદ્ધ કરવાનું મારામાં બળ નથી. ભીમસેન કહે, તે તો તારી મરજી, તેમા હું શું કરુ ?એટલે વૈરાટરાજાએ કિંકઋષિના સામું જોયું. કિંકઋષિએ વૈરાટરાજાને કહ્યું, શા માટે બીએ છે જે વાત કહેવી હોય તે ફોડીને કહી દે. એટલે વાલવાજી પ્રત્યે વૈરાટરાજા હાથ જોડીને કહેવા લાગ્યો, અરે વાલવાજી, તમે તે મલ્લની સાથે યુદ્ધ કરો. ભીમસેન કહે, તારું કહેવું બરાબર છે. પણ યુદ્ધ તે શા ખાધા ઉપર કરીએ ? અમને હરીફરી ફક્ત બાર કળશી અન્ન મળે છે. તેમાં તો હું અડધો ભૂખ્યો રહું છું. તેમ છતાં જો આજ મને મોં માગ્યું ખાવા આપો તો પછી મારો ઝપાટો જોઈ લેજો. વૈરાટરાજા કહે, બહુ સારું,તમે જેમ કહો તેમ મારે કબૂલ છે. તમારે જેટલું ખાવાની ઈચ્છા હોય તેટલું મને કહી દો. પછી ભીમે કહ્યું, સો મણ આટો; સો મણ સાકર સો મણ ઘી તથા વીસ મણ મસાલો આ સર્વનો લાડુ બનાવરાવી મને જમાડો મારો ઝપાટો જોઇ લેજો. તે મલ્લને ઠેર મારી નાંખીને તેની પાસે રહેલાં સુવર્ણનાં પુતળાં તમને અપાવીશ. એટલે વૈરાટરાજાએ સેવકોને આજ્ઞા આપી વાલવાજીના કહ્યા મુજબ સીધાં તૈયાર કરી રસોડે નાંખી આવો.ભીમસેન ખુશી થતો થતો રસોડે ગયો. વૈરાટરાજાની આજ્ઞા મુજબ સેવકોએ સીધાં તૈયાર કરી દીધાં. અને તે સર્વે સાહિત્ય રસોડે પહોંચાડી દીધી. વૃકોદરે લાડુ બનાવી દીધો. લાડુ બનાવીને સ્નાન કરવા બેઠો. સ્નાન કરીને સ્વચ્છ થઈ શંભુનું ધ્યાન ધર્યું. પછી પોતે પલાંઠી વાળીને લાડુ જમવા બેઠો, એક એક હાથમાં વીસ વીસ લાડુ લઇને શિવ શિવ એવું મોંઢે બોલીને પોતાના મોમાં મૂકે છે,એ પ્રમાણે તૈયાર બનાવેલો લાડુ જમી ગયો, પછી પાન સોપારી ખાઈ લીધાં.

પોતાના મનમાં આનંદ આનંદ થઈ રહ્યો છે. વળી મનમાં વિચાર કર્યો, દુર્યોધનને ત્યાં રહેનારો મલ્લ છે માટે મને જરૂર ઓળખશે, તેથી મારો વેશ બદલીને એની પાસે જાઉં. તો ઠીક. એવું વિચારી મેલોઘેલો પોષાક ધારણ કરી લીધો, પોતાના મોંઢા ઉપર માટી ચોળી ને કડછાને ખાંધે નાંખી લીધો. એ પ્રમાણે અદ્ભુત દેખાવ ધારણ કરીને રાજસભમાં ચાલ્યો. રાજસભામાં આવીને કિંકઋષિને તથા વૈરાટરાજાને ખબર આપી. ચાલો મારો ઝપાટો જોઇ લો. હું મલ્લની સાથે કેવી રીતે યુદ્ધ કરું છું. એવું ભીમનું બોલવું સાંભળીને વૈરાટરાજા તથા ધર્મરાજા બંને જણા અશ્વ ઉપર બેસીને યુદ્ધ જોવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માટે ચાલ્યા. આખા ગામે પણ તે વાત જાણી તેથી લોકો પણ જોવા માટે આવ્યા છે. વ્યંઢળ મહેતા પણ પોતાના નિશાળીયાઓને સાથે લમેને યુદ્ધ જોવા માટે આવ્યા. સહદેવ જોષી પણ ગોવાળીયાઓને લઇને યુદ્ધ જોવા માટે આવ્યા. નીકુળજી પણ ઘોડે બેસીને નગરની બહાર ગયો. માર્ગે જતાં જતાં કિંકઋષિએ વૈરાટરાજાને સમજાવ્યો, મલ્લને તારે એમ કહેવું, મને સોનાનું પુતળું મળ્યું નહિ તેથી હું આ પુતળાને લાવ્યો છું. એટલું કહીને તું તારે ઊભો રહેજે. પછી વાલવો તેના સામે ઊભો રહેશે. એ રીતે શીખવી મલ્લની પાસે આવ્યા.ત્યાં વૈરાટે મલ્લને કહ્યું, મને સોનાનું પૂતળું મળતું નથી. તેથી આ પૂતળું લો. એમ કહી વૈરાટ આઘો ખસ્યો એટલે ભીમ મલ્લના સામો જઈ ઊભો રહ્યો. મલ્લે ભીમસેનને કહ્યું, અલ્યા રંધવારા, તું શા માટે આવી ચડયો છે? તારું મોત ભમે છે કે શું ? ભીમે કહ્યું,અને મૂર્ખા, તારાં પૂતળાંની આશા મૂકી દે. તને ઠેર મારી નાંખીને આ સઘળું સોનું વૈરાટરાજાને આપીશ, આજ તને નિશ્ચય યમલોકમાં પહોંચાડી દઇશ. એટલે મલ્લ બોલ્યો, અલ્યા ઝાઝી ચીપાસી કર્યા વિના મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થઇ જા.

એ પ્રમાણે બંને જણાએ યુદ્ધ કરવાનો મનસુબો કર્યો, ભીમસેને પોતાની ખાંધ ઉપરથી કડછો ઉતારીને નીચે મૂકી દીધો. મલ્લે પણ પૂતળાં છોડી નીચે મૂકી દીધાં, પછી બેઉ જણા સમાસમી ઊભા. મલ્લ બોલ્યો, અલ્યા રંધવારા, તારું રાંધણું ભૂલાવી દઉં છું. એટલે ભીમસેન કહ્યું, અને મૂર્ખા, એક વખત મારા સામો થઇ જા પછી સર્વે જણાશે. સઘળા લોકો કોટ વળીને જોવા માટે ઊભા છે, લોકો વિચારે છે, હવે બેમાંથી કોણ જીતશે? ભીમસેન તથા મલ્લ બંને જણાએ લડવાના ઇરાદાથી સામસામી લાંબા પહોળા ઊભા રહી યુદ્ધ કરવાનો આરંભ કર્યો. બંને જણા પોતપોતાના ખંભ ઠોકે છે. એમ કરતાં કરતાં બેઉ જણાએ ગાજીને દોટ મૂકી અને એક એકને બથાબથી બાઝી પડયા. ભીમે વિચાર કર્યો, એનામાં કેટલું બળ છે તે તો હું જોઈ લઉં પછી ખરું યુદ્ધ કરીશ. એ પ્રમાણે પોતે રમત કરવાનો વિચાર કર્યો. મલ્લે તો નિશ્ચય કર્યો, રંધવારાને ઠેર મારી નાખવો. ભીમસેન મલ્લને પોલા પોલા ગડદા મારે છે.બેઉ જણાને શરીર ઉપર પરસેવા ઉતરે છે. ભીમસેન મલ્લનો ગડદા પોતાના ડાબા પાસે ઝીલે છે. મલ્લ પુષ્કળ જોરથી ભીમસેનને ગડદા મારે છે પણ વૃકોદરને તે ફુલની માફક લાગે છે, એમ યુદ્ધ કરતાં કરતાં ભીમસેને વિચાર્યું, સો ભાઇમાંનો આટલો ભાઇ બાકી રહી ગયો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain: Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે માટે આજ અગ્નિકાકાને ભોગ આપું તો ઠીક. એ પ્રમાણે રમત કર્યા કરે છે પણ મલ્લનો પાડયો નીચે નથી પડતો, લોકો વિચાર કરે છે, વાલવો બિચારો માર ખાઇ ખાઇ ને મરી જાય છે. તે રંધવારો રાંધી જાણે, પણ યુદ્ધમાં તેનું કેવી રીતે ચાલી શકે ? ભીમસેનને રમત કરતાં કરતાં બે ઘડી થઇ એટલે ધર્મરાજાને વિચાર સુઝયો, આ તો રમતમાં ચઢયો છે પણ કોઇને વહેમ પડશે કે આ તો પાંડવો છે તો બીજી વખત બાર વરસ વનમાં જવું પડશે. એમ જાણી પોતે ભીમસેનને સાન કરી. ભૂંડા, તારું ભાન કયાં બળી ગયું ? રમતાં રમતાં કોઈ જાણી જશે તો ફરી બાર વરસ વન જવું પડશે, એટલે ભીમસેન તરત ચેતી ગયો અને પોતે ક્રોધે થઇને મલ્લને એક ગડદો માર્યો. તે ગડદાથી મલ્લનાં ચક્ષુ તરી ગયાં, મલ્લે મનમાં વિચાર્યું, જરૂર આ રંધવારો ભીમસેન હશે કારણ કે ગડદો જરૂર ભીમસેનનો છે એવામાં વૃકોદરે વાંકા વળીને મલ્લનો ચર્ણ ઝાલી લીધો અને તેને ઉંચકીને પોતાના માથા ઉપર ફેરવી નીચે નાંખી દીધો.

મલ્લ બેબાકળો બનીને પૃથ્વી ઉપર ચત્તાપાટ પડયો. ભીમસેન રાતાં લોચન કરીને તેનાં હૃદય ઉપર ચઢી બેઠો. પોતાના બે પગ નીચે મલ્લના બે હાથ દબાવીને મલ્લના મોંમાં ધૂળ ભરીને ગાલમાં ગડદા મારે છે. જેમત કબીરો બિચારો તરફડવા લાગ્યો. એવામાં ભીમસેને મલ્લના ગળે નખ દીધો. તેથી તેનાં ચક્ષુ ઊંચાં ગયાં પછી મલ્લે જાણ્યું, હું તો મરી જવાનો છું પણ આ ભીમસેન છે એમ જાહેર કરું એવું સમજી મરતાં મરતાં ભીમ કહેવા જાય છે એટલામાં વૃકોદરના ગડદાનો ગળે આંચકો આવ્યો તેથી ભીમના બદલે ભેં શબ્દ થઈ ગયો. તે શબ્દમાં કોઇ પણ માણસ સમજી શકયું નહિ. પાપી જેમત કબીરાના પ્રાણ નીકળી ગયા. ભીમે પુતળાં લઈ વૈરાટરાજાને સોંપી દીધાં. તે બહોતેર પુતળાં નેવું મણ સુવર્ણના હતાં. વૈરાટરાજા વિસ્મય પામીને વાલવાજીને કહેવા લાગ્યો, ધન્ય તમને. વળી કહ્યું હવે પછી તમારે કાષ્ટ નહિ લાવવાં અને બેઠે બેઠે સોળ કળશી અન્ન જમવું. ભીમસેને કહ્યું, અરે રાજા, તમે જેટલું જેટલું અન્નખવરાવશો તેનો તમને ફાયદો છે. તેમાં અમારે તો કંઇ લેવાદેવા નથી. પછી ગાંમના લોકોને કહેવા લાગ્યો, અરે ભાઇઓ, તમે નગ્રમાં નાસી જાઓ, નહિતો તમને મલ્લના ભેગા બાળી મૂકીશ. એટલે સઘળા લોકો ભીમસેનના ભયથી નગ્રમાં નાસી ગયા. એનાથી લોકો તરફડી જાય છે, રખેને મારી નાંખશે. પછી વૃકોદરે કાષ્ટ લાવીને જેમતના માટે ચિતા ખડકી. તેચિતા અગ્નિ વડે સળગાવીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પોતાના હાથમાં મલ્લની લાશ લીધી. અગ્નિના સામો ઊભો રહીને પોતે સ્તુતિ કરવા લાગ્યો,હે અગ્નિકાકા, સો ભાઇઓમાંનો એક ભાઈ બાકી હતો તે પાછો તને અર્પણ કરું છું માટે તે માની લઇને અમને શુભ આશીર્વાદ દેજે. વળી જ્યારે અમે લાખાભુવનમાંથી બચી નીકળ્યાં ત્યારે ત્રણ માના ત્રણસેં માન્યા હતા. તેમાં હું મારી કાકીના સો જાણતો હતો, પણ તમારા કર્મે કબીરા મળી ગયા, તે કબીરામાંનો એક ખુટતો હતો તે આજ પૂરો કરી આપ્યો. વળી હે અગ્નિકાકા, તમે બહુ ભાગ્યશાળી છો જેથી કરીને અહીંને અહીં જ એક માના સો મળી આવ્યા.વૈરાટના રાજાના સાળા છે તે પણ એક માના સો જણા છે માટે તેમનો જરા વાંક આવશે કે તરતતમને ભોગ આપી દઇશ.એમ કહી બાકી રહેલો જેમત કબીરો તેને અગ્નિમાં હોમી દીધો,અગ્નિ દેવતાએ તેનેચુસીલીધો ત્યારપછી ભીમસેને સરોવરમાં સ્નાનકર્યું.

નહાયા ધોયા પછી પોતે નગ્રમાં ગયો. વૈરાટનગ્રમાં તો વાલવાજીનો પુષ્કળ મહિમા વધી ગયો છે,જેને તે વાલવાજીને જશ આપે છે.વૃકોદરને હમેશ સોળ કળશી અન્ન જમવા મળે છે,અને વળી કાષ્ટ લાવવાના બંધ કર્યાં છે તેથી ભીમસેન આનંદમાં દિવસ નિર્ગમન કરે છે વૈરાટરાજાનો સાળો કૈયાજી મલ્લના મારથી એક મહિના સુધી ખાટલે પડયો હતો તે સાજો થયો. કૈયાજીએ એક મહિને પોતાના માથામાં પાણી ઘાલ્યું, તેની બહેન સુદક્ષણા તેના ઘેર જઇને કહેવા લાગી, અરે ભાઇ, તું નવા અવતારે આવ્યો માટે બહેનના હાથનો કંસાર ખા. આજ મારા ઘેર જમવા આવજે. કૈયાજીએ જવાબ આપ્યો,વારુ બહેન, આજ જરૂર તમારા ત્યાં જમીશ. એટલે સુદક્ષણાએ ઘેર જઇને રસોઈકરવા માંડી. કૈયાજી તો દ્રૌપદી ઉપર મોહીત થઈ ગયો છે તેથી દ્રૌપદીનું જ ભજન કરે છે. કૈયાજીએ વિચાર્યું, હું ઘણું દુઃખ ભોગવીને નવા અવતારે આવ્યો છું પણ હજુ સુધીમેં સૈયંદ્રીનું મોં જોયું નથી માટે ધીમેધીમે ચાલીને બેનને ત્યાં બેસીશું અને સૈયંદ્રીને પાસે બેસાડીને ગમ્મતની વાતો કરીશું,એવું જાણી પાપી એકદમ તૈયાર થયો અને સૈયંદ્રીનું સ્મરણ કરતો કરતો વૈરાટરાજાને ત્યાં ગયો. તેને જોઇને સુદક્ષણાએ કહ્યું,કેમ વીરા, તરત આવ્યો? હું હવે રસોઇ કરવા માંડું છું માટે હજુ વાર થશે. કૈયાજી કહે, અરે મારી બહેન,ઘરમાં મને બિલકુલ ગમતું નથી તેથી હું વહેલો આવ્યો છું. સુદક્ષણા કહે,બહુ સારું કર્યું ભાઈ,તું વહેલો આવ્યો,તો અહીં થોડો વખત આરામ લે એટલામાં રસોઈ તૈયાર થઈ જશે. કહી રાણીએ બૂમ પાડી. સૈયંદ્રી કયાં ગયાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સતી ! ભાઈને આસન આપો. દ્રૌપદીએ આસન પાથરીને તેના ઉપર તકીઓ મૂકયો, એટલે કૈયાજી તે આસન ઉપર બેસીને બોલ્યો, અરે સૈયંદ્રી, તમારા ઉપર તો અમને બહુ પ્રેમ છે, વળી હું મરતાં બચ્યો છું છતાં તમે મારી ખબર કેમ પૂછતા નથી? એવું સાંભળી દ્રૌપદીજીએ જવાબ આપ્યો હું તમને નજરે દેખું છું કે તમે ક્ષેમકુશળ છો, પછી ખબર પૂછવાની શી જરૂર છે ? કૈયાજી બોલ્યો, મને રાત દિવસ બિલકુલ ગમતું નથી, માટે મારી પાસે બેસો તો સુખદુઃખની વાતો કરીએ, દ્રૌપદીજી કહે, મારે તો ઘણું કામ છે, કાંઇ નવરી નથી કે તમારી પાસે બેસીને વાત કરું. અરે કૈયાભાઈ, તમારી સુદષ્ણાબહેનની સાથે વાત કરો. એમ કહીને દ્રૌપદી ચાલી ગઇ. તેથી કૈયાજી બોલી ઊઠયો, અરે સુદષ્ણાબહેન, રાંધશો નહિ. મારે તમારા ત્યાં ભોજન કરવું નથી. સુદષ્ણા કહે, વળી એટલામાં શું વાંકું પડયું ? કૈયાજી કહે; હું શા માટે જીવ્યો ? મને મૃત્યુ આવ્યું હોત તો બહુ સારું. સુદષ્ણા કહે, અરે ભાઇ, શા માટે આવું બોલે છે ? શા સારું મોં ઉદાસ રાખે છે ? કૈયાજી કહે મને મારે ઘેર જવા દે, હું તારો ભાઇ નથી. હું મારે ઘેર ફાંસો ઘાલીને આપઘાત કરીશ, એટલે સુદષ્ણા રડવા લાગી. રડતાં રડતાં કહે છે, હે વીરા, તું શા દુઃખથી મરે છે ? જે દુઃખ હોય તે તું મને કહી દે. હે વીરા, સઘળું રાજપાટ પણ તારું છે. તારા બનેવી તો નિમિત્ત માત્ર છે અને રાજ્યનું કામકાજ તો તું ચલાવે છે. તેમ છતાં તારે શી ખામી છે ? તને કયું દુઃખ આવી પડયું છે. તારે કંઈ જોઈતું હોય તો તે મારી પાસે માગી લે.

કૈયોજી કહે, અરે બહેન, તને કહેતાં મારી જીભ ઉપડતી નથી, પણ કહ્યા વિના તે કામ થાય તેવું નથી. અરે વહાલી ભગિની, મને બહુ મોહ લાગ્યો છે જેથી કરીને મારું મન વશ રહેતું નથી. હું તને વાત કરીશ એટલે તને ખોટું લાગશે. મારે રાજપાટ તથા ખાવા પીવાનું નવે નીધ છે, વળી ત્રણ ત્રણ નારીઓ મારા ધામને વિષે છે મને કોઇ જાતનું દુઃખ નથી. પણ તારે ત્યાં એવી ચીજ છે કે તે ત્રિલોકમાં પણ મળી શકે નહિ. તે ચીજમાં મારું મન મોહી ગયું છે. રાત દિવસ તેનું સ્મરણ ચાલ્યા કરે છે. માટે તે ચીજ મને આપવાની કૃપા કર. સુદષ્ણા કહે, અરે ભાઇ, જે ચીજ જોઇએ તે માગી લે. એટલે કૈયો બોલ્યો, મને સૈયંદ્રી દાસી આપો. એવું સાંભળી રાણી બહાવરી થઈને બોલી ઉઠી. અરે વીરા, તું આ શું વચન બોલ્યો ?

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તારું આવી બન્યું, તારો દિવસ વાંકો આવ્યો. કહેવત છે કે વિનાશ કાળે વિપરિત બુદ્ધિ,માટે તારો વિનાશ થવાનો વખત આવી પહોંચ્યો છે. આ સૈયંદ્રી તો સતી સ્ત્રી છે,એના ચરણ ધોઇને પીવા યોગ્ય છે. આવું બોલીશતો પૃથ્વી રસાતાળ જતી રહેશે.સૈયંદ્રી શ્રાપ દઈ બાળીને ભસ્મ કરી નાંખશે. હે વીરા, તારા જેવો માણસ મેં હજુ સુધી જોયો નથી. એ પ્રમાણે ભાઈ બહેન વાદવિવાદ કરવા લાગ્યાં,કૈચાજી બોલ્યો, અરે બહેન, તારા મનને દ્રોહ લાગ્યો પણ મહાદેવજી ભીલડીને જોઇ મોહ પામ્યા હતા. ચંદ્રદેવ ગુરુપત્નીને જોઇને મોહ પામ્યા હતા, કૃષ્ણજી ગોપિકાઓને જોઇ મોહ પામ્યા હતા. ઈંદ્રરાજા અહલ્યાને જોઈ મોહ પામ્યા હતા.પરાસર મચ્છગંધાને જોઈ મોહ પામ્યા હતા. રાવણ સીતા સતીને જોઇને મોહ પામ્યો હતો તથા દુર્યોધન પણ પંચાળી દ્રૌપદીને જોઇ મોહ પામ્યો છે.તો તે શું મારી નવાઈ દીઠી ? અરે બહેન,એવાએવા તો અનેક દાખલા છે તો તું શા માટે મને દબાવે છે ? સુદષ્ણા કહે, અરે ભાઇ, તારા દાખલા ખરા છે પણ જે લોકો મોહ પામ્યા છે તેમના કેવા હાલ થયા તે તું સાંભળી લે. શિવ, વિષ્ણુ ને પારાસરના દાખલા આપ્યા પણ તેમનો વાદ કરવો યોગ્ય નથી, કારણ કે તે તે મોટા પુરુષો છે પારાસર મચ્છગંધાને મોહ્યા તો તેમનું ત્રણ વરસનું તપ રદ થયું.કૃષ્ણ વિષ્ણુગોપિકાને મોહ્યા પણ તેમનો રસ્તો જુદો છે,કારણ કે તેમણે ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કરી રાખ્યો હતો, મહાદેવજી ભીલડીને મોહ્યા હતા પણ તેમણે પરાક્રમ કર્યું છે. સમુદ્રનું મંથન કરતાં અંદરથી વિષ નીકળી આવ્યું તે પોતે પી ગયા;માટે એવા સમર્થનો વાદ આપણે ક્યાં લેવા જઈશું ? આપણે તો મનુષ્યજાત છીએ. અરે ભાઈ, વળી ઈંદ્રરાજા અહલ્યાને મોહ્યો હતો તો તેને પણ ગૌતમ મુનિના શ્રાપથી મહા ભયંકર ભગંદરનું દરદ વેઠવું પડયું હતું. ચંદ્ર ગુરુપત્નીને મોહ્યો હતો તો તે પણ શ્રાપથી ક્ષયરોગને પ્રાપ્ત થયો હતો, અને તે રોગ લાગુ થવાથી ક્ષીણતાને પામે છે. રાવણરાજાસતી સીતાને મોહ્યો હતો તો રામના હાથે રણમાં રોળાઈ ગયો. દુર્યોધન પણ દ્રૌપદીને મોહ્યો છે તેથી તેની હવે શી ગતિ થાય છે તે તું જોજે.માટે હે વીરા સમજીને લલુતા મૂકી દો અને તમારા મનને સ્થિર રાખો.એવાં વચન સાંભળીને કૈચાજી બોલ્યો; મારું વચન તમને અવળું પડયું, માટે મારે ઘેર જઇને આપઘાત કરું. તું તે સૈયંદ્રીને સતી જાણે છે પણ તેની બધી વાત હું જાણું છું. એવું કૈચાનું બોલવું સાંભળી સુદષ્ણા મનમાં ગભરાઇ ગઈ કે મારો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભાઇ જરૂર મરી જશે. અને તેના મરવાથી સો ભાઇની જોડમાં ખોટ પડશે, વળી કીચકજી કહે છે કે હું સૈરંધ્રીને ઓળખું છું. માટે શું સૈરંધ્રી કુચાલવાળી તો નહિ હોય ? એવો રાણીના મનમાં ખોટો વહેમ આવ્યો. તેથી ભોળી ભામની ભરમાઇને બોલી ઊઠી, અરે ભાઇ, હું તારી સલાહમાં છું તું જેમ કહીશ તેમ કરીશ, સૈરંધ્રીને મારા મોઢેથી કંઈ નહિ કહી શકાય. કીચકજી કહે, તારે કંઈ કહેવાનું નથી. આજ રાત્રે સૈરંધ્રીને દૂધનો આપખોરો ભરીને આપજે. પછી તેને કહેજે કે મારા ભાઇને હાથોહાથ આપી આવ. કારણ કે ભૂમિ ઉપર મૂકેલો તેમને કામમાં આવતો નથી, એ પ્રમાણે સમજાવીને તેને આપખોરો આપીને મારા ઘેર મોકલજે. જો તમે નહિ થાય તો હું જરૂર મરી જવાનો છું.

સુદષ્ણા કહે, બહુ સારું ભાઈ, હવે શાંત થા. તારા કહ્યા મુજબ કરીશ. પછી તું જાણે ને સૈરંધ્રી જાણે. તેમાં મારે માથે કંઈ દોષ નહિ. કીચકજી બોલ્યો, બહુ સારું બહેન, તારે માથે બિલકુલ દોષ નથી, તું તારે મારી એન રાખજે. એ પ્રમાણે સપુત ભાઈ ખુશી થયો અને પોતે પ્રેમ વડે ભોજન કરવા બેઠો. જમ્યા પછી પોતાને ઘેર ગયા. ઘેર આવી વિચાર કરવા લાગ્યો, દેવસેવા ચોકમાં છે. અને સાંજે સૈરંધ્રી દૂધનો આપખોરો હાથમાં પકડીને આવવાની છે તેથી આપીને નાસી જશે માટે મારો મુકામ સાતમે માળ રાખું તો બહુ સારું. કારણ કે સૈરંધ્રી માળ ઉપર આવશે, એટલે ઉપરથી નાસી જવાનો લાગ ફાવશે નહિ. એવું જાણી કીચકકિચકે પોતાની ઠાકોરસેવા, માળા, પોથી વિગેરે લઇ લીધું અને તે સાતમે માળે ગયો પછી ત્યાં એવી રીતે બેઠો કે ચોકમાં પોતાની દૃષ્ટિ પડી શકે. ગૌમુખી તથા માળા હાથમાં પકડી લીધી અને ઠાકોરસેવા પોતાના આગળ મૂકી. ચોકમાં ટગટગ જોયા કરે છે અને પોતાના મનમાં વિચાર કરે છે કે હજુ સાંજ કેમ નથી પડતી ? ઊંચું જોયા કરે છે. સૈરંધ્રી ક્યારે આવશે ? એવામાં દિનમણી મેર બેઠો, એટલે કીચકજીએ વિચાર કર્યો, હવે સૈરંધ્રી દૂધનો આપખોરો લઇને આવતી હશે. એમ પાપી દ્રૌપદીનું ધ્યાન ધરતો ધરતો પાપના મણકા મૂકે છે. માળા તથા ઠાકોરજી એવા ભાગ્યશાળી, તે દુષ્ટના પાલે પડયા. મોહાધીન થયેલો કીચક સૈરંધ્રીનું નામ લેતો જાય છે અને માળના મણકા મૂકતો જાય છે. પ્રભુનું સ્મરણ તો શાનું પણ ઊલટો પાપની ગાંસડી બાંધવા લાગ્યો છે, એટલું ધ્યાન જો હરિનું ધરતો હોય તો તેનો જન્મારો સફળ થઈ જાય. પણ કામીને કાંઈ સુજતું નથી અને કામમાં જ તદાકાળ બની ગયો છે. એવામાં સુદષ્ણાએ દૂધ મંગાવ્યુ અને ઉજવળ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપખોરો ભરીને તૈયાર કર્યો. પછી સૈયંદ્રીને બોલાવીને કહ્યું, મારા કૈયાભાઇને આ દૂધ પહોંચાડી આવો. તે દેવસેવામાં બેઠા હશે માટે તમે હાથોહાથ આપી આવો, ભોંમી ઉપર મૂકેલું દૂધ તે કામમાં લેતા નથી..

એવું સાંભળીને સૈયંદ્રી પોતાના મનમાં શોષાઈ ગઈ, પછી પોતે રાણીને કહેવા લાગી, તમે નીચી વસ્તુ ઉપાડવાની કહેશો તો તે ઉપાડીશ પણ અત્યારે હું ત્યાં જવાની નથી. હું તમને પગે લાગીને કહું છું કે આ કામ તમે મને સોંપશો નહિ. એવું સાંભળી સુદષ્ણાને પુષ્કળ ક્રોધ ચઢયો. પછી તે બોલી, તેં મારા ભાઇને કેવો જાણ્યો ? તું તો મારા ઘરની પેટભરનારી દાસી છે. જો તારે કામ ન કરવું હોય તો મારા ઘરમાંથી ચાલી જા.હું તને મારા ઘરમાં રાખવાની નથી. દ્રૌપદી કહે, ઘાંટા ન કાઢશો. દૂધનો આપખોરો લાવો, હું જાઉં છું. એમ કહી પોતે આપખોરો લીધો અને આપવા માટે ચાલી. સૈયંદ્રી લાજ તાણીને કૈયાના ઘર તરફ ચાલી જાય છે.તેની કાયા થરથર કંપે છે અને આંખમાંથી આંસુ ચાલે છે, પોતે રડતાં રડતાં વિચાર કરે છે, અરેરે પાપી પેટ માટે આ દહાડો આવ્યો. જેથી કરીને આવી વેઠ કરવી પડે છે. જો કામ કર્યા વિના પતિની પાસે જાઉં તો તે પણ લડે કે અમે તને સાથે આવવાનું કયારે કીધું હતું ? જો કૈયાને ત્યાં નથી જતી તો સુદષ્ણા રાણી કાઢી મૂકે છે. જો કાઢી મૂકે તો પછી હું એકલી કયાં જાઉં ? પછી પોતે નિશ્ચય કર્યો, થવાકાળ હશે તે થશે. સૈયંદ્રી કૈયાભાઈ કૈયાભાઈ કહેતી કહેતી ઘરમાં પેઠી તેણીનું બોલવું સાંભળીને કૈયાજીને તો હરખમચક મઈ ગયો, એટલે કૈયાજીએ સાતમા માળથી ખુંખારો કર્યો.કૈયાનો ખુંખારો સાંભળીને સતીએ ઊંચું જોયું, દ્રૌપદીએ કહ્યું, નીચે આવીને આપખોરો લઈ જાઓ એટલે કૈયાએ બારીમાંથી હાથ બહાર કાઢીને ગોમુખી બતાવી. પછી સૈયંદ્રીને કહેવા લાગ્યો, જુઓ, આરાધનામાં બેઠો છું માટે મારાથી ઉઠાય તેમ નથી, તમે ઉપર આવીને આપી જાઓ. જમીન ઉપર મૂકેલો આપખોરો કામમાં આવશે નહીં, તમે જરા પણ ડર્યા સિવાય સાતમે માળ આપીને આપી જાઓ. એટલે દ્રૌપદી ધ્રૂજતી ધ્રૂજતી સાતમે માળ ચાલી, પોતાના મનમાં પ્રભુને પ્રાર્થના કરે છે કે હે દુઃખભંજન, દયાળું, મારી લજ્યા રાખજો. એમ કહીને સાતમે માળે દાદરમાં જઇને ઊભી રહી, ત્યાં ઊભા ઊભા કહ્યું, લાંબો હાથ કરીને લઇ લો. કૈયાજીએ કહ્યું બાજઠ ઉપર મૂકી જાઓ, એટલે દ્રૌપદી ઉપર ચઢી, જ્યાં સૈયંદ્રી ઉપર ચઢી એટલે કૈયાએ ગોમુખી માળા ફેંકી દીધી અને પોતે ઝટપટ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊભો થઈ ગયો. તેણે એકાએક દાદર વાસી તાળું દઈ દીધું. દ્રૌપદી જવા લાગી. કૈયાએ જરૂર કાળું કરવા ધાર્યું. એમ વિચારી નિસાસો નાખીને હેઠી બેઠી. ને કૈયાને કહેવા લાગી, અરે કૈયાભાઈ મારે ઘેર જવું છે. તમે શા માટે દાદર દઈ દીધો? કૈયાજી બોલ્યો, અરે સૈયંદ્રી, તમને હજુ બોલતાં નથી આવડતું. તમે મને ભાઇ કેમ કહો છો ? તમે તો મારી પ્રાણ પ્યારી છો, મારે ત્રણ નારીઓ છે તમારી સેવામાં રહેશે, અને આજથી હું તમને મારી પટરાણી સ્થાપું છું, તમે શા માટેદાસીપણું કરો છો?નીચધંધો કરવા મૂકી દો અને પહેરી ઓઢીને મોજ મારો. અહીં મારે ઘેર કંઇ પણ કામકાજ કર્યા વિનાહીંચોળાખાટે હીંચ્યા કરો. એવું કૈયાજીનું બોલવું સાંભળીને દ્રૌપદીજી કહે છે, હું તો તારી બહેન છું; જો મારી સામુ કુદષ્ટિથી જોઇશ તો તારું ખરાબ થશે. હે મૂર્ખા, તું રૂપ જોઇને શું મોહ પામે છે ? આ દેહ મળ મૂત્રથી ભરેલો છે, માટે તે ઉપર અરુચિ રાખી પ્રભુનું સ્મરણ કર્યા કર. એટલે કૈયે વિચાર્યું આ હઠીલી સ્ત્રી છે, સમજાવે સમજવાની નથી, માટે માર મારૂં તો કાંઇક દહાડો વળે. એવું જાણી તેણે કુદ્દષ્ટિ કરી અને કામજ્વરનાં ચિન્હ કરવા માંડયા.દ્રૌપદી કહે, જા જા રડયા, આઘો જા. હું તો તારી ધર્મની બહેન છું. એટલેકૈયાએ તેના કેશ ઝાલી માર મારવા માંડયો, બીચારી સૈયંદ્રીને ગડદા-પાટુ, ઢીંચણ, કોણી તથા જેષ્ટિકાથી પ્રહાર કરવા માંડયો. પાપી કૈયો જુલમ માર મારે છે તો પણ શુભ સતી દુષ્ટને તાબે થતી નથી, સૈયંદ્રી દુષ્ટ કૈયાને કરગરે છે, હે ભાઇ, મને જવા દો, સતીની આંખોમાંથી ચોધાર આંસુની ધાર ચાલી જાય છે. સૈયંદ્રીએ કહ્યું, ઓ કૈયા ભાઇ, મારા ગરીબ ઉપર શા માટે કાળો કેર કરો છો ? મારા કેશ મૂકી દો. મારુ માથું દુખે છે. એમ સતી કરગરે છે તો પણ દુષ્ટને જરા પણ દયા આવતી નથી. કૈયો સતીને પકડીને પોતાની સમીપ તાણે છે.પછી સતીએ કૃષ્ણ પરમાત્માને યાદ કર્યા. હે દીનાનાથ, ગરીબના બેલી, વિઠ્ઠલ પ્રભુ અબળાની વહારે ચઢો, ભરી સભામાં ચીર પૂર્યા હતા, વળી જયદ્રથ પાસેથી મને છોડાવી, હવે હેપ્રભુ, આ પાપીના હાથમાંથી મને મુકત કરો, છેવટે મારી લાજ જશે માટે દયાળુ દીનબંધુ અહી પધારીને મને બચાવી લો. જ્યાં સતીએ એ પ્રમાણે ઇશ્વરની સ્તૃતિ કરી એટલે પ્રભુએ તે સ્તુતિ ધ્યાનમાં લીધી,ભગવાને બહેનનું દુઃખ મનમાં ધારણ કર્યું અને પોતે વાંદરાનું સ્વરૂપ ધારણ કરીને કૈયાજીના છાપરા ઉપર આવ્યા.વિશ્વના પતિ કૈયાજીના ઉપર બહુ જ ગુસ્સે થયા છે, શ્રીપ્રભુ કૈયાજીના ઘરના ધાબાની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બારી ઉઘાડી હતી તેમાંથી અગાસીમાં ઉતર્યા અને ત્યાંથી સાતમે માળ ગયા ત્યાં જઇને દયાળુએ કૈચાજીને ઝડપ દઇને ઝાલ્યો, ને દુષ્ટને આડો પાડીને પ્રભુએ પુષ્કળ માર માર્યો, અદ્ધર ઊચકી લીધો, પછી બચકાં ને બચકાં ભરીને સાતમે માળથી નીચે ફેંકી દીધો, પાપી ચોકમાં જઈને પડ્યો. શુધસાન સર્વે જતું રહ્યું અને બેભાન થઇને ચત્તાપાટ પડ્યો, પછી શ્રી હરિએ દાદરનું તાળું તોડી નાંખ્યું અને દ્રૌપદીનોપાલવ પકડીને પોતે આગળ થયા. સતીનું સત્ય રાખીને જાળવીને નીચે ઉતારી ચોકમાં લઇ ગયા, પોતે કૈચાજીની પાસે ઊભા રહ્યા, અરે દ્રૌપદીને ઘરની બહાર કાઢી મૂકી ત્યારે દ્રુપદ રાજાની બાળી મધ્યરાત્રિએ ઘરમાંથી બહાર નીકળી, એ પ્રમાણે દ્રૌપદીનું સત્ય રાખી શ્રીહરિ બેભાન કર્યા પાસેથી અંતર્ધ્યાન થઈ ગયા. પાપી પાસેથી દ્રૌપદી છુટીને વિચાર કરે છે, અરે દેવ, હવે હું ક્યાં જાઉં? જો રાણીની પાસે જાઉં તો ત્યાં સમાઉં તેમ નથી, સવારે રડ્યા કૈચાને કળ વળશે એટલે રાણીની પાસે આવશે અને એની બહેનને શીખવાડી મને કાઢી મૂકાવશે. તેથી મોટો ફજેતો, થશે વનમાં નાસીને કોને આસરે વાસો પૂરું ? મારામાં અતિશય રૂપ છે, તેથી દુઃખી થાઉં છું. અરે દેવ, મારો એકે આરો નથી. મોટા પુરુષોએ કહ્યું છે, સારા મનુષ્યની સલાહ લીધી વિના કંઈ પણ કાર્ય કરવું નહિ, માટે મારા પતિ શું કહે છે તે જોયા પછી વિચાર. વગર વિચાર્યું કામ કરવું એ હાની ભરેલું છે, માટે ધર્મરાજાની પાસે જઇને શાંત ચિત્તે વાત કરું.

એમ નિશ્ચય કરી સતી રાજસભામાં ધર્મરાજાની પાસે આવી, આવીને સતી યુધિષ્ઠિરના પગ ચાંપવા લાગી, જ્યાં ચર્ણે હાથ અડક્યો એટલે ધર્મરાજા જાગી ઊઠયા, દ્રૌપદીને જોઈને ધર્મરાજા બોલ્યા, અરે કામની, તું શા વિચારે અહીં આવી છે? તારા મનનો જે ધર્મ હોય તે મને ઝટ કહી દે. એવું પોતાના પતિનું બોલવું સાંભળીને દ્રૌપદીજી એ કહ્યું, હે નાથ, મારું મોં ઉતરી ગયું છે. રાજાનો સાળો કૈચો કીચક મારી પાછળ પડ્યો છે, દુષ્ટે આજ મને અતિદુઃખ દીધું. આજ બપોરે રાણીને ત્યાં જમવા આવ્યો હતો તે વખતે મારી સામે કુદૃષ્ટિએ જોઇ વ્યભિચાર ચિન્હ કરતો, તેની બહેન સુદષ્ણાએ આજે સાંજે દૂધનો આપખોરો આપીને તેને ત્યાં મોકલી હતી. તેને ત્યાં ગઇ તો કૈચાજી પોતાને સાતમે માળ બેઠો હતો. હે નાથ, દુષ્ટ કૈચાએ મને ત્યાં ઘેરી લીધી, તેમાંથી મને ઇશ્વરે બચાવી, હવે જેમ કહો તેમ વર્તવા તૈયાર છું. તમે કહો તો વન વિષે જાઉં અને કહો તો એની સ્ત્રી થઈને રહું, હે પતિ,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમે કહો તો કૂવો હવાડો કરું. એવું દ્રૌપદીનું બોલવું સાંભળીને ધર્મરાજા બોલ્યા. અરે સુંદરી. અમે પહેલેથી કહ્યું હતું, તું અમારી સાથે આવીશ. નહિ, છતાં તે કહેલું માન્યું નહિ, માટે સહુના લાગ્યાં સહુ ભોગવો, તમને ફાવે તેમ કરો. ચાહ્ય તો તેની સ્ત્રી થાઓ, ચાહ્ય તો વો કૂહવાડો કરો. તેં તારા મુમતથી કષ્ટ ભોગવ્યું તેમાં અમે શું કરીએ ? હવે ઠાલી ઠગાઈકામમાં આવવાની નથી. અરે સુંદરી, અત્યારે હું ઋષિ છું અને તું દાસી છે માટે અહીંથી ચાલી જા, નહિ તો હમણાં ફજેતથશે. ઝટ તારા મુકામે જા નહિં તો પેટ ભરીને માર ખાઈશ, એટલે દ્રૌપદી બોલી, હે નાથ મારા ઉપર ગુસ્સે થયા સિવાય શાંત થાઓ. ઓ પિયુ, હું જાણું છું, તમારાથી કંઈ થાય તેમ નથી, એમ કહી પોતે વ્યંઢળ મહેતાની નિશાળે આવી, ત્યાં જઈ અર્જુનજીના પગ ચાંપવા લાગી. અર્જુનજીને હાથ અડયા એટલે તરત ઊઠી બેઠા થયા: એટલે દ્રૌપદી બોલી, હે નાથ, રાજાજીનો સાળો કૈયોકીચક મારી કેડે પડયો છે. તે દુષ્ટ મને અતિશય માર માર્યો. હવે મારાથી સવારમાં અહીં રહેવાય તેવું નથી, માટે તમે કહો તો વનમાં જઇને મારો વાસ પુરૂં,વળી કહો તો તેની સ્ત્રી થઇને રહું, કહો તો મારો દેહ ત્યાગ કરું. એવું દ્રૌપદીનું બોલવું સાંભળીને વ્યંઢળ મહેતાએ જવાબ આપ્યો, હે સુંદરી તારી મરજીમાં આવે તેમ કર. તને કોણે કહ્યું હતું, અમારી સાથે ચાલ. તું તારા મુમતથી આવી છે,માટે તારું કર્યું તું ભોગવી લે.અત્યારે હું વ્યંઢળ છું અને તું દાસીછે મારે ને તારે કંઈ સગાઈ નથી તારે ચીર છે ને મારે ચુંદડી છે. તારે ઘાઘરો છે તેવો મારે પણ છે,તારે જેવી ચોળી છે તેવી મારે પણ છે. તારા હાથે ચૂડો છે તેવો મારે પણ છે, અલી તું ને હું બંને જણ સરખા છીએ. મારામાં ને તારામાં લગાર પણ ફર નથી. તો ચાહ્ય તો વનમાં જાઓ, ચાહ્ય તો કૈયાની સ્ત્રી થઇને રહો, તમને ફાવે તેમ કરો. એવું અર્જુનજીનું બોલવું સાંભળીને દ્રૌપદી તરત ઉભી થઇ, અર્જુનને કહેવા લાગી. હે નાથ, તમે પહેલા નર હતા હાલમાં મારા જેવા થયા છો તેથી હું જાણું છું તમારાથી મારું દુઃખ કપાવાતું નથી. એમ કહી દ્રૌપદી સતી ત્યાંથી ચાલી નીકળી ને ગોશાળામાં આવી. દ્રૌપદીને આવી જાણીને સહદેવ જોષી જાગ્રત થયા.સહદેવ કહે,હે સુંદરી,તને માર પડયો છે તે સઘળુ હું જાણું છું.પણ અત્યારે મારાથી તે દુઃખનું નિવારણ થઈશકે તેમ નથી, અરે સુંદરી, તું હિંમત રાખજે, તારું દુઃખ અમારા પાંચમાંથી એકજણ ભાગશે.એટલે સતી પતિને નમીને નીકળીજી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાસે ચાલ્યાં, સતી હયશાળામાં જઇને નીકુળજીના ચરણ ચાંપવા લાગ્યાં.જયાં નીકુળજીના ચરણે સંતીના હાથનો સ્પર્શ થયો એટલે પોતે જાગી ઊઠયા. જાગીને દ્રૌપદીને પ્રશ્ન કર્યો, હે સ્ત્રી, અત્યારે મોડી રાત્રીએ શા દુઃખે અહીં આવી છે ? એવું પોતાના પતિનું બોલવું સાંભળી સતીએ જવાબ આપ્યો, હે કંથ, તમે મારી વાત સાંભળો. રાજાજીના સાળા કેચાજીએ મારા ઉપર કુદૃષ્ટિ કરી તેમજ મને પુષ્કળ માર માર્યો, પણ પ્રભુજીએ મને બચાવી લીધી. હે નાથ, અત્યારે તો હું બચીને ચાલી આવી છું, પણ સવારમાં મને કાઢી મૂકશે. માટે તમે કહો તો વન જાઉં, કહો તો મરી જાઉં ને કહો તો એનું ઘર માંડીને બેસુ, આપ કહો તેમ કરું. તે સાંભળી નીકુળજી બોલ્યા, હે સુંદરી, અમે તને કયારે કહ્યું હતું, તું અમારી સાથે આવજે, માટે તમારાં લાગ્યાં તમે ભોગવો. અમે શું કરીએ ? તમને દુઃખ પડયું તેમાં અમને રીસ નથી. તમારો પક્ષ કરવાથી પ્રસિદ્ધ થઇએ તો પાછું બાર વર્ષ બીજી વાર વનમાં જવું પડે. માટે તમારું કર્યું તમે ભોગવી લો. તમારે તે વિષે અમને કાંઈ કહેવું નહિ. એટલે દ્રૌપદી તુરત ઊભી થઇ ને ત્યાંથી ભીમ-સેનના રસોડા તરફ જવાને નિશ્ચય કર્યો. જતાં જતાં જતાં નીકુળજીને એટલું કહ્યું, હે નાથ, તમારી વરણાગીમાં વાટ ઊઠી. મારા દુઃખ વખતે મદદ નથી કરતા તેથી દિલગીર છું. અરેરે દેવ, સૌ સ્વાર્થનું સગુ છે. એમ કહી ત્યાંથી ચાલી નીકળી, પોતે મનમાં વિચાર કરે છે, ભીમસેન સિવાય મારું દુઃખ કોઇ ભાગનાર નથી. એવું ધારીને ભીમસેનના રસોડે ગઇ.સતી રસોડામાં દાખલ થઇ તે વાયુનંદનલાંબો પડી સુતેલો છે, દ્રૌપદી તેના ચરણ ચોપવા લાગો જરા સતીના હાથનો સ્પર્શ થયો કે તરતભીમસેન બેઠો થયો.ભીમે અંધારામાંદ્રૌપદી ને ઓળખી નહિ. તેથી પૂછયું, તું કોણ છે ? એવું પોતાના પતિનું બોલવું સાંભળીને દ્રોપદીએ જવાબ આપ્યો હે નાથ,આપની પત્ની છું. ભીમ કહે, બહુ સારું. આવ બેસ. દ્રૌપદીએ કહ્યું હે પતિ, હું બેસવા માટે નથી આવી ? એટલે ભીમસેન બોલ્યો, અરે સુંદરી,અત્યારે મધ્યરાત્રિએ શા માટે આવી એવું ભીમસેનનું બોલવું સાંભળીને દ્રૌપદી રડવા લાગી.

સતી રડતાં રડતાં વૃકોદરને કહે છે, હે પતિ વૈરાટ રાજાનો સાળો કચોજી મારી પાછળ પડયો છે, હે નાથ, તે રડયાએ તેના ઘરમાં મને કબજે કરી અને પુષ્કળ માર માર્યો, એ દુષ્ટે મને બહુ બહુ સમજાવી પણ આપની દાસીએ બિલકુલ માન્યું નહિ, હે વહાલા નાથ, મેં ન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માન્યું તેથી મને અતિશય માર માર્યો છે. એવું દ્રૌપદીનું બોલવું સાંભળીને ભીમસેને જાણ્યું ભલું થયું કે તે દુષ્ટનો વાંક આવ્યો. જોઈતું હતું તે આવી મળ્યું. એમ વિચારી પોતાનો કડછો ખાંધે નાંખી ચાલવા લાગ્યો. એટલે દ્રૌપદીએ તેનો હાથ ઝાલી લીધો. સતીએ ભીમને કહ્યું, હે પતિ, તમે એકદમ કયાં ચાલ્યા ? સાહસ કામ કરશો તો ફસાઈ પડશો. માટે હમણાં ધીરજ રાખો. દ્રૌપદીનું કહેવું સાંભળીને ભીમ નીચે બેઠો. ભીમ બોલ્યો, હે સુંદરી, હવે તેનું આવી બન્યું. હું તેને જીવતો મૂકવાનો નથી. અગ્નિદેવનું મોટું ભાગ્ય છે કે જેથી કરીને એક માના સો પુત્ર મળી આવ્યા. દ્રૌપદી બોલી હે નાથ,જે કાર્ય કરવું તે વિચારીને કરવું. જો આપણે ઓળખાઈ જઈશું તો પાછાં બીજા બાર વરસ વનમાં જવું પડશે. ભીમે જાણ્યું,સતીનું કહેવું યથાર્થ છે, માટે સાહસ કાર્ય કદી ન કરવું જોઈએ. કળથી થશે તે બળથી નહિ બને એમ ધારી પોતે શાંત થયો. ને કહ્યું,અરે સ્ત્રી,તું મને પહેલેથી વાત સંભળાવ, તને શું દુઃખ પડયું ? એવું પોતાના પતિનું વચન સાંભળીને દ્રૌપદીએ જવાબ આપ્યો, હે નાથ કૈયાએ પહેલેથી રાણીને સમજાવી હશે કે આજ સાંજે સૈયંદ્રીને દૂધનો આપખોરો આપીને મારે ત્યાં મોકલજે. એટલે તે પ્રમાણે રાણીએ મને બોલાવીને મારા હાથમાં દૂધનો આપખોરો મૂકી કહ્યું, આ દૂધનો આપખોરો મારા ભાઇના ઘેર મૂકી આવ.

રાણીની આજ્ઞા પ્રમાણે હું કૈયાને ત્યાં ગઇ તો દુષ્ટ પાપી પોતાની દેવસેવા લઇને સાતમે માળે ચઢયો હતો. મને તેણે સાતમે માળ બોલાવી. હું સાતમે માળ ચઢી એટલામાં દાદર દઇને તાળું વાસી દીધું પછી તે દુષ્ટે મને બહુ સમજાવવા માંડી પણ તમારી પ્રિયા સમજી નહિ તેથી કૈયાએ અતિશય ક્રોધ કરીને મને પુષ્કળ માર માર્યો, તમારી સ્ત્રીને ઘણું દુઃખ પડવાથી પ્રભુને પોકાર કર્યો,વિશ્વપતિ વાંદરાનું રૂપ ધારણ કરીને કૈયાના ત્યાં આવી પહોંચ્યા. તેમણે કૈયાને આડો પાડીને ઘણો જ માર માર્યો. ને નીચે ચોકમાં નાંખી દીધો. ત્યાર પછી દયાળુએ તાળુ તોડીને દાદર ઉઘેડી નાંખ્યો. વળતી મને કૈયાના ઘરની બહાર કાઢી મૂકી. હું ચાલી ચાલી ધર્મ, અર્જુન સહદેવ તથા નીકુળ વિગેરે ચાર ભરથાર પાસે ગઇ તો તેમણે કહ્યું, તારુ ભવિષ્ય, તારું કામ અમારાથી બની શકે તેમ નથી. તેમાં સહદેવે એટલી હિંમત આપી.ગમે તે તારું કામ પૂરું પાડશે.એવું સાંભળી ભીમસેન બોલ્યો, અરે સ્ત્રી, તારુ દુઃખ કોઇએ ન નિવારણ કર્યું ? ધારો કે ધર્મરાજા મોટા કહેવાય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ અર્જુન શા માટે તને કાઢી મૂકી ? હું જ ખરો કે વ્યંઢળ મહેતાને નિશાળમાંથી ઉચાળા ભરાવ્યું, નીકુળજી નાના છે માટે તેમના ઉપર રીસ ચઢાવવી તે વ્યર્થ છે, સહદેવે તને હિંમત આપી માટે તેમને કંઇ કહેવાય નહિ, હવે હે સ્ત્રી, હું તને જેમ કહું તેમ કર. હવે રાત્રિ અડધો પહોર રહી છે. માટે તું કચાને ત્યાં જા, જ્યાં પતિ સ્ત્રીને મોકલે ત્યાં જતાં કંઈ પણ પાપ નથી. આપણે કળથી કાર્ય કરવાનું છે ત્યાં જઇને દુષ્ટને હસતે મુખે તથા આંખને ચાળે સુખભેર બોલાવજે. એટલે કામી કૈચો તને તરત બોલવશે. કારણ કે કામીના મનમાં બિલકુલ દાઝ હોતી નથી. કામીને કદી ટેક હોતો નથી તેમ તેને લાજ પણ હોતી નથી. કહેશે કે આવો સૈયંદ્રી બેસો. તે વખતે તું એમ કહેજે કે તમારામાં તો બિલકુલ સમજણ નથી. કાલે સાંજે મારે તમારી સાથે રંગ રમવો હતો પણ માથે પાંચ ગાંધર્વો છે તેમાંથી એક વાંદરના રૂપે મારો ટેક જોતો હતો. જો મેં તમારું કહેલું માન્યું હોત તો તમારું ગળું દાબી પ્રાણ કાઢી નાંખત, મેં તમારું માન્યું નહિ તેથી જીવતા ફેંકી દીધા, તમને જીવાડવાના ઇરાદાથી જ મેં માર ખાધો છે.

હમણાં મારા ગાંધર્વો સ્વગમાં ગયા તેથી હું તમારી પાસે આવી છું. એમ કહીશ એટલે પાપી ખુશી ખુશી થઈ જશે અને તને પ્રેમથી બોલાવશે.વળી તને એમ કહેશે, તમે ઘરમાં આવો ત્યારે તું એમ કહેજે કે મારે આજ તમને મળવું છે પણ જેમ હું કહું તેમ કરો.પછી તું એમ કહેજે કે આજ વ્યંઢળ મહેતાની નિશાળ ખાલી કરાવો, આપણો મુકામ ત્યાં રાખીશું, નિશાળને રંગાવી ધોળાવી સાફ કરો. પછી તેમાં દીવાનખાનું વિગેરે ગોઠવો. વળી બીજે દિવસે છોકરાંઓને આપવા માટે સો મણ મીઠાઈ ભરાવજો, એમ કહીશ એટલે કૈચો ખુશી થશે- પાપી ખુશ થાય એટલે બીજીવાર એવું માગી લેજે કે મારે ઘડીએ ઘડીએ સ્વાંગ બદલવા માટે સુંદિર પોષાક આપો એટલે દુષ્ટ રાજી થઇને તને વસ્ત્ર શણગાર આપી દેશે તે સઘળું લઇને તું અહીં આવતી રહેજે. પછી અંધારે રાણીના ઘરમાં પેસી જજે, ને નિર્ભયપણે સૂઈ રહેજે-કૈચાજી મારો પતિ અને હું કૈચાની નારી બનીશ. જોઇએ છીએ પછી શું બને છે ? તું ઉતાવળી જા નહિં તો વાણું વહી જશે. દ્રૌપદીએ કહ્યું,હે નાથ, તમે જેમ કહો છો તેમ કરવા જતાં મારું મન પાછું પડે છે. ભીમસેન કહે,જ્યાં ભરથાર મોકલે ત્યાં સ્ત્રીએ જતાં બિલકુલ લજ્યા ધરવી નહિ, તેમાં શાસ્ત્રથી પણ કંઇ દોષ નથી માટે તું,જા, નહિ તો વહાણું વાશે. એટલે દ્રૌપદી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સતી ભીમસેનની આજ્ઞા લઇને રસોડામાંથી બહાર નીકળીને કૈચાના ઘર તરફ ચાલી. પોતાના મનથી સંકોચ પામતી દાંતમાં છેડો ઘાલીને જાય છે, હવે કૈચાજીને કળ વળી છે દાતણ પાણી લઈ બહાર ઓટલે બેઠો બેઠો દાતણ કરે છે. દાતણ કરતો કરતો વિચાર કરે છે કે વહાણું વાય એટલે સૈરંધ્રીને કાઢી મુકાવું.

એવામાં સૈરંધ્રી મુખ બતાવવા આવી. કૈચાએ સૈરંધ્રીને જોઇને કહ્યું, આવો બેસો. એટલે દ્રૌપદી આંખનો ચાળો કરીને તથા હસીને બોલી, અરેરે તમે તો મુમતી છો. તમારામાં તો બિલકુલ અક્કલ નથી. કાલે સાંજે મારો ગાંધર્વ વાંદરારૂપે છાપરા ઉપર બેસીને જોતો હતો, તેથી જો મેં તમને રંગ રમવા દીધા હોત તો તમને ઠેર મારી નાંખત. પણ તમને બચાવવા માટે મેં માર સહન કર્યો છે. મેં મારનું દુઃખ વેઠયું તેથી તમે જીવતા રહ્યા છો. અત્યારે ગાંધર્વો સ્વર્ગમાં ગયા તેથી હું તમારી પાસે આવી. એવું સાંભળી કૈચાજી બોલ્યો, ધન્ય છે સૈરંધ્રી, મારા જીવ સારું તેં માર ખાધો? અરે પ્રેમદા, આ ગુણ હું કેમ વીસરીશ? જો તું કહેતી હોય તો હું તારે માટે મારો દેહ ત્યાગ કરું. એવું કૈચાનું બોલવું સાંભળીને દ્રૌપદીને હસવું આવ્યું. લંપટને બિલકુલ લાજ નથી. સતીએ મનમાં જાણ્યું, આજ તું મારે માટે જ મરવાનો છે. કૈચો કહે, હવે સૈરંધ્રીજી ઘરમાં પધારો. એટલે દ્રૌપદી બોલી તમારી બુદ્ધિ તમારી પાસે રહેવા દો, હું તમને જેમ બતાવું તેમ કરો. ગાંધર્વો આજ સ્વર્ગમાં રહેવાના છે માટે વ્યંઢળ મહેતાની નિશાળે આજ રાત્રે રંગ રમીશું. તમે જાઓ અને નિશાળ ખાલી કરાવી ઓછાનાબીછાના તથા દીવાબત્તી વિગેરેથી ઝાકઝમાળ બનાવી દો, આજ રાત્રિએ આપણે ત્યાં મળીશું. વળી એક બીજું કામ કરજો. સવારે બાળકોને વહેંચવા માટે સોમણ મીઠાઈ ભરાવજો. એવું સાંભળી કૈચોજી બોલ્યો, અરે સૈરંધ્રી તમે આ શું કહો છો? તમારો જીવ આનંદ પામે તેવી રીતે નિશાળને રંગાવી ધોળાવી સરસ બનાવું. વળી તમારે માટે પાણીનાં બે માટલાં ભરાવીશ. બીજું છોકરાંને વહેંચવા માટે બસે મણ મીઠાઇ ભરાવીશ. હે સૈરંધ્રી તમે જેમ કહો તેમ મારે કબુલ છે. મને કંઇ કહેવું પડે તેમ નથી. સતી કહે, વારું કૈચાજી, તે ઠીક છે, પણ ઘડીએ ઘડીએ પોષાક બદલવા માટે મને સુંદિર પોષાક આપો, એવું સાંભળી કૈચોજી તરત ઊભો થઇ ને ઘરમાં ગયો. પોતાના ઘરમાં જેટલા પોષાક હતા તેટલા સતીને આપી દીધા, એટલે દ્રૌપદી તે સઘળા પોષાક લઇ ભીમસેનના રસોડા ભણી ચાલી. રસોડામાં આવીને સઘળા પોષાક ભીમસેનને આપી દીધા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછી વૃકોદરને કહે છે, હે પતિ, રડયો કૈચો તો ખુશી ખુશી થઈ ગયો છે. તેણે મારે મોઢે તમામ સાહિત્ય તૈયાર કરવાની હા કહી, મેં દુષ્ટને કહ્યું, બદલવા માટે વસ્ત્ર શણગાર આપો, એટલે પાપી એકદમ ઘરમાં ગયો અને તમામ વસ્ત્ર શણગાર લાવ્યો, અરે પતિ,કોઈ બિચારો ભિક્ષુક તેના ઘેર જઈ કંઈ પણ માગે તો તેને બિલકુલ આપે નહિ,અને આવા પાપ કર્મમાં પૈસાને કાંકરા માફક વાપરે છે, અરેરે અજ્ઞાની જીવડો, પંચ વિષયમાં ઘેલો બની ગયો છે,ભીમ કહે,જે જીવનું મન પુન્યનું કામ કરવામાં પાછું પડે છે તેવા જીવોને એમની મેળે જ અવળા માર્ગ સૂજે છે. મનુષ્ય દેહધારણ કરીને જે જે પ્રાણી ધર્મને નથી જાણતો તેને જરૂર અવળું સૂજી આવે છે. જે માણસ સુમાર્ગે નથી વાપરતા તેનું કુમાર્ગે જાય છે. સુપંથ ગ્રહણ કરવાથી સારાં ફળ મળે છે અને કુપંથ ગ્રહણ કરવાથી નઠારાં ફળ મળે છે, હે સ્ત્રી, જો કૈચા જેવા અધર્મીને હું આવી મળ્યો. આજ સાંજે જરૂર તેના પ્રાણ લઇશ. હે નારી હવે વહાણું વાશે માટે તું રાણીને ત્યાં જા. એમ કહી સૈયંદ્રીને વિદાય કરી.

દ્રૌપદી રાણીના મહેલમાં આવી, સુદક્ષણાએ મનમાં વિચાર કર્યો. સૈયંદ્રીને હું સાક્ષાત સતી જાણતી હતી. પણ ઠીક જ છે, કારણ કે મારા કૈચાના ઘરમાં આખી રાત રહી આવી છે. એવું સમજી રાણીએ કહ્યું, આવો સૈયંદ્રી, હવે તમે દાસી નથી. મારા ભાઇની માનીતી તે મારી પણ માનીતી, માટે હવે કંઈ પણ કામકાજ કર્યા સિવાય, હીંચોળા ખાટે બેસો. એવું સાંભળી દ્રૌપદીએ નીચું ઘાલીને વિચાર કર્યો, અરે દયાળુ પ્રભુ, મારે માથે નકામું લાંછન આવ્યું. આ જીવ્યા કરતાં મરવું ઘણું સારું છે, વળી પોતાના મનમાં વિચાર કર્યો, સાચને કદી આંચ આવતી નથી. જે બન્યું છે તે સઘળું જુગદાધાર જાણે છે. એવું મન વાળીને પોતે બેઠી. એવામાં વહાણું વાયુ એટલે કૈચાજી બસે સેવક લઈ બ્યંઢળ મહેતાની :નિશાળે આવ્યો. કૈચાને દેખીને અર્જુનજીના પેટમાં ફાળ પડી,કોઇ દહાડો નહિ ને આજ અત્યારે સવારમાં કયાંથી આવ્યો ? કૈચાજીએ અર્જુનજીને કહ્યું, તમારી નિશાળ ખાલી કરી દો. આજનો દિવસ સઘળાં છોકરાને છુટી આપી દો, કારણ કે અમારે કામ છે. તમે આજનો દિવસ પેલા કોટડામાં પડી રહો. પછી કાલે સવારમાં અહીં આવીને રહેજો. એવું સાંભળી અર્જુને મનમાં વિચાર કર્યો, મને કેમ ઉચાળો ભરાવે છે? તેનો હું બરોબર તપાસ કરું. એમ ધારી પોતે કૈચાને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પૂછવા લાગ્યો, કૈયાજી, આજ શા કામ માટે અહીં આવ્યા છો ? અર્જુનજીનું પૂછવું સાંભળીને પાપી હસી પડયો, તેથી ધનંજયે જાણ્યું, કામી કૈયાજીનો ભીમસેને ઘાટ ઘડવો ધાર્યો છે, માટે લાવ હું સમાન કોટડામાં મુકી દઉં. એમ ધારી પોતે ઝટ ઊભો થયો અને ગોદડી તથા ઘડો લઇ સામા કોટડામાં મૂકી આવ્યો. પછી કૈયાજીએ સેવકને નિશાળનું કામ સોંપી દીધું. કૈયાજીની આજ્ઞા મુજબ સેવકોએ નિશાળને રંગીને સુંદિર બનાવી પછી તેમાં ચીનાઇખાનું ગોઠવી દીધું, વળી દુષ્ટે પોતાના માટે સોનાનો ઢોલીઓ ઢાળ્યો. તળાઇ ઓશીકા વિગેરેથી પલંગને બીછવી દીધો. પછી બસો મણ મીઠાઈ તથા પાણીના માટલાં પણ ભરાવી દીધાં. વળી હાંડી તકતા ગલ્લાસ ઘડિયાળ તથા ઝૂમ્મર ટાંગી દીધા. દિવસે દીવા કરીને બહાર નીકળ્યો. દ્વાર બંધ કરી તાળું દઇ દીધું. પછી તે તાળાની કુંચી લઇને રાણીને ત્યાં ગયો. ત્યાં જઇને દ્રૌપદીને સાન કરી તમે આજ રાત્રે આ કુંચી લઇને નિશાળમાં જજો. એમ કહીને પોતે રાજસભામાં જઇને બેઠો. ધર્મ-રાજાએ કૈયાને જોઇને પોતાના મનમાં વિચાર કર્યો, રાત્રિએ તોફાન કર્યું હતું તેનું તેણે શું કર્યું ? પાપી નો પ્રેમ જોવાને માટે યુધિષ્ઠિરે તેને પૂછયું, અરે કૈયાજી, આજ આખો દિવસ તમે કયાં ગયા હતા ? એટલે કૈયો બોલ્યો, આજે મારા ઘેર કામમાં હતો, વળી ધર્મરાજાએ પૂછયું, કેમ કૈયાજી આનંદમાં છો કે ઉદાસીમાં છો ? એવું પૂછતામાં કૈયો હસીને બોલ્યો, અરે મહારાજા, આનંદમાં છીએ. કૈયાના મનનો ઉંમળકો જોઇને ધર્મરાજાએ વિચાર કર્યો, નકકી ભીમસેને પાપીને, ખુશી કર્યો છે; ભીમના હાથમાં ગયો એટલે જીવવાની આશા નથી. અરેરે ગમે તેમ કરીને કૈયાને ઉગારું તો ઠીક.

એમ ધારીને ધર્મરાજા બોલ્યા, રાજા અને પ્રધાન તમે બંને સાળા બનેવી મારું કહેવું ધ્યાનમાં લો. હું તમને બંનનેને એક હિસાબ માંડી આપું. તે હિસાબ તમે જુદાં જુદાં બેસીને કરી આપો એમ કહી પોતે ત્રાંબાના બે પત્ર લઇ તેમાં એવો હિસાબ માંડયો કે તે બે દિવસે પણ પૂરો ન થાય. પછી બંનેને બેઉ પત્ર વહેંચી આપ્યાં, રાજા તથા પ્રધાને પત્ર પોતપોતાના હાથમાં પકડી લીધા. પછી યુધિષ્ઠિરે તેમને કહ્યું, જે હિસાબ પૂરો કરી આપે તે ઘેર જાય અને પુરો ન કરે તે અહીં રહે. હિસાબ પુરો કરી આપ્યા વિના ઘેર જવાનું નથી. એવું ધર્મરાજાનું બોલવું સાંભળીને કામવશ કૈયો ગભરાઇ ગયો, હિસાબ પૂરો નહિ થાય તો મારું મનગમતું કામ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કથળી જશે. આ દુશ્મન બ્રાહ્મણાએ કયાં ટીંખળ શોધી કાઢયું ? ઝટપટ હિસાબ પૂરો કરી આપીને નાસી જાઉં એમ ધારી પોતે હિસાબ ગણે છે પણ ચિત્ત ભ્રમણતામાં પડયું છે. એવામાં રાત્રિ પડી, ભીમ સેન તૈયાર થયો. વૃકોદરે દ્વાર બંધ કરીને દીવો કર્યો. પછી તેણે વસ્ત્ર શણગાર બહાર કાઢયા.દર્પણ પોતાની સામે મૂકયું.ભીમસેને ચાર ચાર વસ્ત્ર ભેગાં સાંધીને એક બનાવ્યું. પછી પોતે હસતાં હસતાં ઊભા થઇને પહેરી લીધું, પછી દાબડા ઉઘાડીને શણગાર બહાર કાઢયા. ઘણા કિંમતી શણગાર દેખીને તે ઘણો જ ગુસ્સે ભરાયો. ને કહેવા લાગ્યો, અરેરે આવા અજ્ઞાનીનું કયે કાળે કલ્યાણ થવાનું ? પુણ્યમાં આપવું હોય તો આપતાં પ્રાણ જાય પણ આવા કામમાં કેવું આપી દીધું ? પાછું વળીને જોયું નથી. મારું ઘરેણું ઘેર આવશે કે નહિ. અરેરે જેટલું સ્ત્રીમાં ચિત ચોટયું છે તેટલું પ્રભુમાં પરોવ્યું હોત તો તેનું કલ્યાણ થઇ જાત. પણ અભાગીનો કાળ આવ્યો છે. તેથી મારા હાથમાં ફસાઇ પડયો.એમ બબડતાં બબડતાં શણગારને દોરડાનાં કકડા સાથે બાંધીને પોતાના પગમાં ઝાંઝર કરીને તાણી બાંધ્યાં. કપાળમાં કુમકુમનો ચાંલ્લો કર્યો, નેત્રમાં કાજળ આંજ્યું. પછી પોતે દર્પણમાં જોઇને બોલ્યો વાહ વાહ હવે મારું મોં સારું શોભે છે, જેથી કરીને મારા કૈયા સ્વામીજી ખુશ થઇ જશે. એ પ્રમાણે મશ્કરીઓ કરતો જાય છે અને શણગાર સજીને દર્પણમાં જોતો જાય છે. વળી બોલ્યો, જો હું મોડી જઇશ તો મારા ભરથાર ગુસ્સે થશે માટે ઉતાવળી જાઉં. એમ દુષ્ટની મશ્કરીઓ કરીને ત્યાંથી ઊભો થયો. વૃકોદર અંધારે અંધારે નિશાળમાં ગયો. તે વખતે અર્જુનજી સામા કોટડામાંથી બહાર ડોકું કાઢીને જોઇ રહ્યો છે. તેમના મનમાં એવું છે, જે બહારથી આવે તેને ટોકીશ. એવામાં વાલવો નિશાળના ઓટલા ઉપર ચઢયો. એટલે અર્જુને પૂછયું, અત્યારે અંધારે ઓટલા ઉપર કોણ ચઢે છે એવું સાંભળી વૃકોદર ધીમેથી બોલ્યો, અરે વ્યંઢળ મહેતા, હું કૈયાજીની સ્ત્રી આવી છું. ભીમનું બોલવું સાંભળી અર્જુનજી છાનો રહી ગયો, પોતાના મનમાં વહેમ હતો તે ટળી ગયો. પારથે નિશ્ચય કર્યો, આજે કૈયાજીનું કાટલું થશે, કારણ કે ભીમસેન સૈરંદ્રી બન્યો છે. ભીમસેને નિશાળની દ્વારે તાળું દેખ્યું. તેણે તાળાને તોડીને ફેંકી દીધું. એને કુંચીની તો ગરજ હોય જ શાની ? ઝાડનાં ઝાડ ઉખેડી નાંખે તો પછી તાળું શા હિસાબમાં ? અંદર દાખલ થઇને તેણે દ્વાર હતાં તેમ ને તેમ વાસ્યાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાંકળ દઇ દીધી, પછી કૈયાજીએ સુંદિર ઢોલીઓ ઢળાવ્યો હતો તેમાં બેઠા. ઢોલીઆની તથા નિશાળની શોભા જોઇને પોતે હસીને કહેવા લાગ્યો, વાહ મારા પતીએ મારી સાથે રંગ રમવા મહેનત તો સારી કરી છે. ધિક્કાર છે આવા અજ્ઞાની પુરુષોને જે આવા વ્યભિચારી કામમાં લક્ષ્મીને વાપરે છે. આ રીતે વાપરનારા અભાગીઓ જરૂર રોમરોમ નર્કે જશે. દુષ્ટોને કહે કોઈ તો પણ મંદિરમાં કે હરિકથામાં આવું ન કરે. ધર્મમાં બિલકુલ પાઈ સરખી પણ ન ખરચે અને વિષય માટે ખરચે તેને જરૂર કર્મનો કુટેલો જાણવો. તેનાં કર્મનાં ફળ તો હમણાં બે ઘડીમાં મળશે. એ પ્રમાણે વૃકોદર ગમ્મત કર્યા કરે છે; વળી પોતાના મનમાં વિચાર કરે છે, પોતાના આવતા પહેલાં પરવારીને બેસું તો ઠીક, નહિ તો આવીને મને ઠપકો દેશે. સતીસ્ત્રીએ તો જરૂર પતિની બીક ધરવી જ જોઇએ. એમ મશ્કરી કરતાં કરતાં ખૂણામાં મીઠાઇનો ઢગલો દીઠો. તે જોઈ વૃકોદરના મોંમાં પાણી આવ્યું તેણે જઇ પોતાનું મોઢું મીઠાઇમાં ઘાલ્યું; પકવાન ફાવે તેમ ચાવી ગયો. એક ઝપાટામાં આખો ખુણો ખાલી કરી દીધો. બાળકોને વહેંચવાને માટે એક કકડો પણ રાખ્યો નહિ. મીઠાઇ જમ્યા પછી માટલાં મોંઢેમાંડી પાણી પી ગયો. ખાધા પીધા પછી પોતાના ઉદર ઉપર હાથ ફેરવવા લાગ્યો. ને સુવર્ણના ઢોલીઆમાં સૂઇ રહ્યો. તેમાં બે ઘડી આળોટયો. પછી એવો ખેલ કર્યો, એક દીવો સળગાવીને એકાંતમાં ઢાંકી દીધો. ને પાપી ઉપર પુષ્કળ ગુસ્સે થઇ પલંગને છોડી નાંખીને તેની લાંબી ઇસ પોતાના હાથમાં લીધી, ઇસ લઇને નિશાળમાં ટાંગેલાં ઘડિયાળ, હાંડીઓ, તકતા, ઝુમ્મર વિગેરે ચીનાઈખાનાનેચૂર્ણ કરી નાંખ્યું, ઢોલીઆ ઉપર પાથરેલાં તળાઇ ઓશીકાં વગેરે ભેગાં કરી તેમાં દીવાસળી મૂકી. સઘળું હોલાયા પછી દ્વારે ચરણ દઇ ત્યાં લાંબો સૂઇ રહ્યો.

સૂતાં સુતાં ગમ્મત કરે છે અને ખડખડ હસે છે, વળી પોતાના મનમાં વિચાર કરે છે, અરેરે હજુ સુધી મારા સ્વામીજી કેમ ન પધાર્યા? હજુ સુધી ન આવ્યા તેથી મારું કાળજું ધીકી જાય છે, અરે મારા પ્રાણના પ્યારા મારા નેત્રની કીકી, હે નાથ, પ્રિયાની પાસે કયારે પધારશો? એમ પોતાના મનની સાથે રમુજ કરે છે. જ્યાં ચાર ઘડીરાત ગઈ એટલે કૈયાજીના મનમાં ચટપટ થઈ. મનની સામે કહે છે, અરેરે સૈરંધ્રી વાટ જોઈને બેસી રહી હશે; હવે શો ઉપાય કરું? જેથી કરીને આ પાપમાંથી છુટાય? કિંકઋષિનું વચન કોઈ પ્રાણીથી ઉલ્લંઘન થાય નહિ તો મારાથી કેમ કરીને જવાય? અરેરે, આજનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આનંદ વ્યર્થ ગયો. આ બ્રાહ્મણ પેલા ભવનો દુશ્મન થઈ લાગ્યો છે. આ કિંકઋષિનું કદી સારું થવાનું નથી. કારણ કે મારો મળેલો વૈભોગ તેણે ભંગ કર્યો છે. વળી પોતાના મનમાં વિચાર કરીને બોલ્યો, અરે કિંકઋષિજી, મારી એક અરજ સાંભળી લો. આપ કહો તો કાલે હિસાબ કરી આપીશ, અત્યારે હું ખુશીમાં નથી. અરે મહારાજ, હું દુઃખી છું માટે મને મારા ઘેર જવા દો. મારા પેટમાં ચુંક આવે છે તેથી બિલકુલ જીવ ઠેકાણે નથી. એટલે ધર્મરાજાએ સેવકોને કહ્યું, અલ્યા અજમો લાવીને કૈયાજીને ફકાવી દો. ત્યારે દાસીએ દુષ્ટને અજમો ફકાવ્યો. કૈયો ઘણો અકળાયો છે પણ કિંકઋષિના આગળ તેનું કંઈ ચાલતું નથી. પછી કૈયાએ કહ્યું, મહારાજ મારાથી બેઠા રહેવાતું નથી. એટલે કિંકઋષિ બોલ્યા, અરે સેવકો, કૈયાજીને સભામાં પથારી કરી આપો.કૈયાએ જાણ્યું આ તો સાચો દુશ્મનથઈલાગ્યોછે માટે જવાદેનારનથી તેથી એનો હિસાબ કરી આપું તો ઝટ જવાય. એમ જાણી હિસાબ ગણવા લાગ્યો. હિસાબમાં બિલકુલ ચિત્ત ચોંટતું નથી. ગણિત ગણતાં ગણતાં વિચાર કરે છે. સૈયંદ્રી આવી હશે, અને મારી વાટ જોતી હશે. અરેરે હું નહિ જાઉં તો રૂપાળી રીસાઇ જશે. એમ ધારી પત્રને મોં આગળ આડું રાખી પોતાની આંગળી ગળામાં ઘાલી દુષ્ટે સભામાં ઊલટી કરી. એવું જોઇ ધર્મરાજાએ વિચાર કર્યો. કયો જરૂર મરનારો થયો છે. માટે તેમાં મારો કાંઇ ઉપાય ચાલતો નથી. એમ જાણી પોતે કૈયાને કહેવા લાગ્યા, અરે કૈયાજી, તમે તમારે ખુશીથી ઘેર પધારો. અત્યારે તમારે ઘેર જશો તો કુશળક્ષેમ રહેશો અને બીજે જશો તો મરણ પામશો. માટે જોઇ વિચારીને કામ કરજો. કૈયોજી કહે, બહુ સારું મહારાજા એમ કહીને બહાર નીકળ્યા, પછી દુષ્ટ થોડેક સુધી તો ધીરે ધીરે ચાલ્યો, પછીથી દોટ મૂકીનેનિશાળે પહોંચીગયો. પોતાનામનમાં હર્ષ તો માતો નથી. દુષ્ટે જેટલો જીવ પ્રેમદા ઉપર રાખ્યો છે તેટલો ઇશ્વર ઉપર રાખ્યો હોત તો જગતમાં તેનું અમર નામ થાત અને પરલોકમાં તેનો વાસ થાત. પણ જે નિર્ભાગી છે તે કોઇ દિવસ સભાગી થાય જ નહિ. એ પ્રમાણે કૈયોજી આનંદભેર નિશાળને ઓટલે ચઢયો, કોટડામાંથી અર્જુને જોયું તો કૈંયાજીને ઊભેલો દીઠો. પોતે જાણ્યું, કૈયોજી કામાતુર મતિ કરીને આવ્યો છે પણ ભીમસેન યમપુરીમાં પહોંખાડશે. એવામાં કૈયાએ સાંકળ ઠોકીને કહ્યું, પ્યારી દ્વાર ઉઘેડો. એટલે ભીમે જાણ્યું, મારા ભરથાર પધાર્યા, તેથી પોતે ઝીણા સ્વરથી જવાબ આપ્યો, દ્વારને સાંકળ દીધેલી નથી, ઠાલાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વાસ્યાં છે માટે જોરથી હડસેલો, એટલે ઉઘડશે. કૈયાજીએ બે ભુજ દઇ દ્વારને હડસેલ્યુ એટલે ભીમસેને પોતાના ચર્ણ ઉપાડી લીધી, ને દ્વારને એચિંતુ ઉઘડી જવાથી કૈચો પૃથ્વી ઉપર ઊંધા મસ્તકે પડયો. પાપીનું ડાચું તથામાથું ફુટાઇ ગયું. ભીમ કહે, અરેરે આ શું થયું ? કેમ જાળવતા નથી ? કૈયાજી કહે, કાંઇ ફીકર નહિ,જીવ બાળશો નહિ. મને કાંઇ પણ ઇજા થઇ નથી. એમ કહીને રંગરમવા માટે ઘર વાસી દીધાં. ભીમસેન એક ખૂણામાં જઇને નિરાંતે બેઠો, એટલામાં કૈચો બોલી ઊઠયો, અરે સૈયંદ્રી નિશાળમાં અંધારું કેમ છે ? એવું સાંભળી ભીમે જવાબ આપ્યો,હે પતિ હું જ્યારની આવી છું ત્યારનું અંધારું છે. જાઓ જાઓ, બળ્યું તમારું કામ, મને જરાયે લ્હાવો વીત્યો નહિ. એવું સાંભળી કૈચોજી બોલ્યો, અરે સુંદરી, મેં તો ઠીક ઠાઠ કર્યો હતો પણ તેમાં કોઇએ ભંગ પાડયો, વાર ઠીક છે, સવારમાં તેની શોધ કરીશું, પણ હાલમાં તો મારી સાથે સંગ કરો, અરે પ્રાણની પ્યારી, મને ખુશી કરો, એટલે ભીમસેન હસીને બોલ્યો, સ્વામી, આ ખૂણામાં પધારો. કામમાં તદરૂપ થયેલો કૈચો તરત ખૂણે પેઠો એટલે વૃકોદર તે ખુણામાંથી ઉઠીને બીજે ખુણે ગયો. કૈચોજી ખુણો શોધવા લાગ્યો, પણ કાંઇ સંબંધ થયો નહિ. એટલે ભીમે કહ્યું, ત્યાં કયાં ખોળો છો? કેમ છતી આંખે અંધ થયા છો ? કચોજી કહે, આવું છું, પ્યારી, તારું બોલવું મને મીઠું લાગે છે. પાપીના પગમાં કાચ પેસી જાય છે પણ કામાતુર મતિ થયેલી છે તેથી સમજણ પડતી નથી. ભીમ ત્યાંથી ઊઠીને ત્રીજે ખુણે જઈને પેઠો. કૈચોજી બીજા ખુણામાં જઇને શોધે છે પણત્યાં તો કોઈ મળ્યું નહિ.

ફોગટ ફાંફાં મારીને પોતે ત્રીજેખુણે ગયો એટલે ભીમસેનત્યાંથી ઊઠીનેચોથે ખુણે ગયો. એ પ્રમાણે કૈયાજીને બે ઘડીવાર સુધી અથડાવ્યો,પછી કૈચા અકળાઈ ને કહેવા લાગ્યો,અરેરે વહાલી,તું શા માટેખાલીખોળાવે છે? મને મળી તો હું તમારો પાડમાનું,તમે જાણી જોઇનેહાથનથી આવતાં તેથી હુંસમજું છું કે તમે મને લાડ કરો છો. એવું સાંભળી ભીમે જવાબ આપ્યો,અરેસ્વામી, હું તમને લાડ ન કરું ત્યારે કોને કરું ? કૈચાજી કહે હે નારી, હવે તો મારાથી નથી રહેવાતું માટે મને એકવાર મળો તો પગે લાગુ. ભીમે જાણ્યું, હવે પાપીને બહુ અથડાવ્યો છે માટે તેનીઅથડામણ કાઢીનાંખું. એવુંધારીપોતાના મનમાં ઊલટ લાવીને વાયુનંદન બોલ્યો, આવો કંથજી, એમ કંહી કૈચાજીને મળ્યો. સામસામી બંને જણાંએ એક એકનો હાથ ઝાલ્યો. કૈચાએ જાણ્યુ કે આ સૈયંદ્રી નથી. આ તો વીર વાલવો છે.ભીમે કહ્યું. આવો ભરથાર. એમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહી કૈચાને ચોટીમાંથી પકડ્યો અને પોતાના માથા ઉપર ફેરવી તરત તેને બગલમાં ઘાલ્યો. એમ કરવાથી કૈચાની કાયા કંપવા લાગી. કૈચાએ જાણ્યું કે હવે મારા ભોગ મળ્યા. તેથી પોતે ભીમસેનને કરગરવા લાગ્યો, અરે મા બાપ, હું ભૂલ્યો, મને આટલી વખત જવા દો. એટલે ભીમે કહ્યું, ઊભા રહો સ્વામી, પરનારીનો સ્વાદ બતાવું. તમે સતી સામે કુદૃષ્ટિ કરી માટે તેનું ફળ તમને મળવું જોઈએ. એમ કહી કૈચાને બગલમાં દબાવી

તેનો પ્રાણ કાઢી નાંખ્યો. પછી મડદાને ભૂમિ ઉપર નાખી દીધું. ભીમસેને ગુપ્ત દીવો ઢાંકી મૂક્યો હતો તે ત્યાં લાવ્યો. તેણે કૈચાનુંમોંજોયું પછી બોલ્યો, અરે ઓ ભરથાર, મારી ગરીબડીનું ઘર ભાગી ગયું, મારું હેવાતણ ઉતરી ગયું. હે સ્વામી, મને હવે કોણ લાડ લડાવશે ? એવી મશ્કરી કરતો કરતો દુષ્ટ ને ઘણું હસ્યો. પછી મેંશ પાડીને કૈચાને મોઢે ઘસી અને નાસીકાથી તે તાળવા સુધી ચૂનાનું ઊભું ટીલું તાણ્યું. હોઠ ઉપર ચૂનો ચોપડ્યો. એ પ્રમાણે ભીમસેને કૈચાને ભૂતનોભાઇ બનાવ્યો. પછી કૈચાની પછેડી લઈને નિશાળમાં પાથરી. તેમાં તેણે કૈચાનું મડદું સુવાડ્યું ને બળ કરીને મડદાની ગાંસડી તાણી બાંધી. ગાંસડીને ઊંચી પકડી લીધી અને બીજે હાથે નિશાળનો પાટડો ઊંચો કર્યો. તે મડદાની ગાંસડી પાટડા તથા ભીંતની વચ્ચે પોલાણમાં ખોસી ઘાલી, ફક્ત મડદાનું ડોકું બહાર રાખ્યું કૈચાના શરીર પર પોષણના પાટડાનું પુષ્કળ વજન આવવાથી હાડે હાડ ભાગી ગયા. તેથી થાંભલે રુધિરના રેલા ઉતર્યાં, મડદાનું ડોકું બહાર લબડે છે, તેથી ભીમે વિચાર કર્યો, મારા જેવા અપરાધીને કોઇ નહિ ઝાલે પણ કોઇક ગરીબને નડશે માટેક ઈકયુક્તિ કરું તો ઠીક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમ ધારી પોતે પાટડા નીચે થાંભલા ઉપર એક દોહરો લખ્યો, પરનારી સાથે રંગ રમતા રાજાનો સાળો કૈચો મેં માર્યો. એવું લખીને નિશાળનાં દ્વાર વાસીને બહાર નીકળ્યો. પછી ધીમે રહીને અર્જુનને કહ્યું, તું બહાર નીકળીશ નહિ. એમ કહીને રસોડે ગયો. ત્યાં જઇને શીતળ જળે સ્નાન કર્યું, પોતાની પાસે વસ્ત્ર તથા જરીઆન હતું તે સઘળું કુટી બાળ્યું. ત્યારબાદ નિવૃત્તિથી સૂઇ રહ્યો. એટલામાં વહાણું વાયું. ગામનાં છોકરા નિશાળે ભણવા ગયાં. છોકરા દ્વાર ઉઘેડીને અંદર ગયાં તો કાચના કકડા વાગવા લાગ્યા, ડાહ્યાં છોકરાં સાવરણી લઇ કચરો વાળે છે, કંઇક છોકરાં અંદર મસ્તી કરે છે. કંઇક અંદર ભણે છે.વળી કંઇક ભણાવે છે.કંઇકિ હિસાબ ગણે છે,કંઇક લખે છે.એ પ્રમાણે સૌ સૌનું કામ કર્યા કરે છે. એવામાં એક છોકરાએ થાંભલે દેખ્યું, એક જણાએ દોહરો વાંચ્યો એટલે બીજા છોકરાએ કહ્યું, અલ્યા, શું કૈચાને તેં માર્યો ? એમ કરતાં જરા ઊંચું જોયું તો સઘળા છોકરાઓએ મડદાની ડોક નીચે લબડેલી જોઇ. તેવું દેખી તમામ બાળકો નિશાળમાંથી બહાર નાસીગયાં.

બધાં છોકરાં બૂમ પાડીને કહેવા લાગ્યા, નિશાળમાં ભૂત છે. નગરનું લોક બાળકોનું કહેવું સાંભળીને જોવા ભરાયું ને વાતો કરે છે, બાળકો બિચારા કુમળ છે તેથી ભૂત ત્યાં ભરાયું હશે ? કંઇક લોકો કહે છે, તે ખોટી વાત છે. કંઇક અવળચંડા લોકો કાંકરા લઇને મડદા સામે ફેંકે છેતેથી ડોકું હાલે છે.તેમ થવાથી લોકો માંહો માંહ્ય કહેવા લાગ્યા, ભૂત કાંકરા મારવાનું ના કહે છે. એ રીતે ત્યાં તોફાન મચી રહ્યું છે, આખા ગામમાં વાત ચાલી કે નિશાળમાં ભૂત ભરાયું છે.તે વાતરાજસભામાં ગઇ.વૈરાટરાજાએ કિંકઋષિને પૂછયું.મહારાજા, આ વાત શું હશે ? એટલે ધર્મરાજા બોલ્યા, વરાટપતિ, ચાલો આપણે ત્યાં જઇએ. જોયા વિના શું કહેવાય? ધર્મરાજા તો મનમાં જાણે છે ભીમસેને ભૂત બનાવ્યું હશે વૈરાટરાજા કહે, ત્યારે ચાલો મહારાજા, આપણે નિશાળમાં જઇએ. એવું વૈરાટરાજાનું બોલવું સાંભળીને ધર્મરાજા નિશાળે જવા માટે તત્પર થયા. રાજા તથા ઋષિ બંને જણા નિશાળે આવ્યા. વૈરાટરાજાએ થાંભલા ઉંપર લખેલો દોહરો વાંચ્યો. પરનારીની સાથે રંગરમતા રાજાનો સાળો કૈચો મેં માર્યો. ધર્મરાજાએ જાણ્યું, આ ભીમની યુક્તિ છે. તેમ છતાં રાજાને કહેવા લાગ્યાં. હે વૈરાટપતિ, શું તમે કૈચાને માર્યો? વૈરાટ-રાજા કહે, કોઇએ લખ્યું છે તેમાં મારી શી કસુર? એમ વાતો કરેછે એટલામાં લબડતું ડોકું જોયું. એટલે ધર્મરાજા કહે, અરે વૈરાટરાજા, મારા ધાર્યા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મુજબ આ તો કૈચોજી દેખાય છે, માટે સેવકોને બોલાવીને તેનું મોં ધોવરાવો. ધર્મનું બોલવું સાંભળીને વૈરાટરાજાએ અનુચરોને બોલાવીને તેનું મો ધોવરાવી નાંખ્યું. પછી વસ્ત્રથી લુછી નંખાવ્યું, એટલે તો શુદ્ધ કૈચો માલુમ પડયો. જ્યાં કૈચાનું મરણ સાંભળ્યું એટલે નવાણું કૈચા ત્યાં આવી પહોંચ્યા. એવામાં સુદષ્ણાએ પણ કૈચાના મરણની વાત સાંભળી તેથી

તે પણ રડતી રડતી નિશાળે આવી.ને પૂછયું, આમ કેમ થયું? વ્યંઢળ મહેતા કયાં છે.તેમને પૂછવાથી સઘળો વહેમ દૂર થશે.એટલે સેવકો સામા કોટમાંથી વ્યંઢળ મહેતાનેજગાડીનેત્યાં લાવ્યા.અર્જુનજીઆંખોચોળતાત્યાં આવ્યા, જાણે અજાણ્યા હોય! વૈરાટરાજા અર્જુનજીને પૂછવા લાગ્યા,તમેતમારી નિશાળ છોડીનેકેમ કોટડામાં પેઠા? અર્જુન કહે,તેમાં મનેશું પૂછો છો ? હું છાની વાત રાખું પણ પહેલવહેલા છોકરાઓની જુબાની લો.એટલે છોકરાંબોલી ઊઠયા, કાલે તમારા સાળા કૈચાજીએ સહુ છોકરાંને છુટી અપાવી હતી અને અમારા મહેતાજીને એમ કહ્યું હતું કે તમે બીજે વિસરામ કરો, કારણ કે આજની રાત્રિ અમારે નિશાળમાં કામ છે,પછી અર્જુનજી બોલ્યા, હે વૈરાટપતિ, મારા કોટડામાં ગયા પછી શું બનાવ બન્યો તે હું કંઇ જાણતો નથી.

એવું સાંભળીનેસુદષ્ણારાણી બોલી,હું તમામ વાતજાણું છું,મારા ઘરમાં સૈયંદ્રી દાસી છેતેણીએઆકર્યું છે.એવું વૈરાટરાજાનીરાણીનું બોલવું સાંભળીને નવાણું કૈચા દ્રૌપદી હતીત્યાં દોડયા.રાણીના મહેલમાં આવીને દ્રૌપદીનો ચોટલો ખેંચી મહેલની બહાર લાવ્યા, નવાણું કૈચા દ્રૌપદીને પુષ્કળ માર મારે છે. મારતા મારતા નિશાળે લાવ્યા, ધર્મરાજાએ દ્રૌપદીને દુઃખી જોઇને નવાણું કૈચાઓને કહ્યું. અરે મૂર્ખાઓ મૂઆનું નિશ્ચય કર્યા સિવાય તમે નિરપરાધી અબળાને શા માટે મારો છો ? એક વખત મડદાને બહાર કાઢી તેની તપાસ કરો, તે પછી જે કરવું હોય તે કરજો. એટલે સઘળાઓએ માર મારવો મૂકી દીધો. વૈરાટરાજાએ મડદાને બહાર કાઢવા કહ્યું. અનેક અનેક યોદ્ધાઓ નિશાળના પાટડાને વળગ્યા, પણ પાટડો એક ઈંચ માત્ર પણ ઊંચો થતો નથી, એવું જોઇ વૈરાટરાજા બોલ્યા, ભાઇઓ, રસોડેથી વીરા વાલવાજીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલાવી લાવો. એટલેચાર અનુચરો ભીમસેનનેબોલાવવા ચાલ્યા. સેવકોએ ભીમસેનને કહ્યું. અરે વાલવાજી, તમે નિશાળમાં ચાલો, કારણ કે કૈચાજી મરણ પામ્યા છે તેથી તમને રાજાજી ત્યાં તેડે છે, એવું સાંભળી ભીમસેનરસોડાની બહાર આવીને બોલ્યો, અરે દુષ્ટો, કૈચાને કોણ મુઓ કહે છે? મરે તમારો બાપ. એમ કહીને ડોળા કાઢયા એટલે અનુચરો ત્યાંથી જીવ લઇને નાઠા. તેઓએ રાજાની પાસે આવીને કહ્યું,અરેમહારાજા,વીર વાલવાજીએ તો અમારું કહેવું માન્યું નહિ, એમ કહ્યું, મરે તમારો બાપ. મારા કૈચાજીને શું થાય? એવું સેવકોનું બોલવુંસાંભળીનેરાણીએ કહ્યું, અરે ભાઇઓ, મારા ગયા સિવાય તે વાલવો આવવાનો નથી. એમ કહીને રાણી સેવકો સાથે વીર વાલવાના રસોડે આવી, ત્યાં આવીને સુદષ્ણાએ કારમી પોક નાંખીને કહયું, અરે વાલવાજી, મારો કૈચોભાઈ રૂપાળીથી મરણ પામ્યો છે. એવું સાંભળીને ભીમસેને મોં ઉપર મિથ્યા શોક જણાવ્યો પછી પોતે રસોડામાંથી કૈચાની પોક મુકી છાતીફાટ માથું ફૂટતોકૂટતો બારણેઆવ્યો.અરેમારામિત્રકૈચાજી, આ શેં કાળો કેર થયો? તમારી પાછળ હું મારોદેહ પાડીશ. સઘળાલોકો ભીમસેનને રડતો જોઇનેમાંહેમાંહે કહેવા લાગ્યા,અરેરે કૈચાજીનામરણનો શોકતેન ભાઇઓ કરતાં વાલવાજીને ઘણોજ છે.વાલવાજીનો કલેશ જોઇને રાણીએવાલવાનોહાથ ઝાલી કહ્યું; અરે ભાઈ જે થવાનું હતું તે થયું પણ હવે તમે નિશાળે ચાલો. એટલે ભીમસેન કહે; અરે બહેન, મને એ બહુ વહાલો હતો. પછી સુદષ્ણા ભાઇ ભાઇ કહીને ફોસલાવીને લઇ ચાલી. ભીમસેન છાતી માથું કુટતો કુટતો નિશાળમાં આવ્યો તો વૈરાટરાજા તથા નવાણું કૈચા પૂર્ણ શોકથી રડયાક રેછે.

ભીમસેન તે લોકોને રડતા જોઇને પુષ્કળ ધાંધલ કરવા મચી પડયો. પૃથ્વીમાં પછાડયો ખાય છે અને કારમી ચીસો પાડે છે, મનમાં હસે છે અને મિથ્યા ચરણ ઘસીને ચીસાચીસ પાડે છે. અરેરે મારો વહાલો મિત્ર મરી ગયો હવે મારે જીવીને શું કામ છે? અરે ભાઇઓ, કોઇ કટારી લાવો, મારે મરવું છે; એવું સાંભળીને વૈરાટરાજા તથા નવાણું કૈચા વાલવાજીને સમજાવીને શાંતિ આપવા લગ્યા. તેઓ જેમ જેમ શાંતિ આપે છે તેમ તેમ ભીમસેન વિશેષ રડે છે, જે ને તે એના હાથ ઝાલે છે. પણ વૃકોદર છાનો રહેતો નથી. કુંતીનંદનની આંખોમાંથી આંસુ આવતાં નથી તેથી વાંકો વળીને થુંક ચોપડે છે, તે જોઈ ધર્મરાજા મનમાં હસે છે, વાહ વીરા વાલવા, કૈચાને મારીને કેવો મિથ્યા તોફાન કરે છે. ઓ ભીમડા પાખંડી,ધન્ય છે તારી યુક્તિને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમ મનમાં બોલ્યા, ઓ વાલવા હવે રડવાનું મુકી દઈને પાટડામાંથી કૈચાને બહાર કાઢો. ભીમસેનમડદાને બહારકાઢવા એકદમ ઊભો થયો, એટલે ધર્મરાજાએ તેનો હાથ દબીને કહ્યું, અરે મુર્ખ, હવે તારાં ચરિત્ર જવાદે. ભીમસેને જવાબ આપ્યો, અરે કિંકઋષિ, મારો ખરો મિત્ર કૈચામરણપામ્યો. અરેરે હમેશ સવારે મારી ખબર લેવા રસોડે આવતો. કાલે રાત્રે તો મને મળ્યો હતો અને એટલામાં શું ? એટલે ધર્મરાજા બોલ્યા, હા ભાઈ, ખરી વાત છે તને મળ્યા વિના આવું થાય નહિ. વળતી ભીમે કહ્યું, અરે મહારાજ, મને મીઠાઇ પણ ખવરાવી હતી. અમે એક એકનાહાથ ઝાલી ગમ્મત કરી હતી. એવું ભીમનું બોલવું સાંભળીને ધર્મરાજાએ તેના કાનમાં કહ્યું, તારી વાત સાચી છે, હવે મડદાને બહાર કાઢ. એટલે ભીમસેને સર્વે માણસોને કહ્યું, ચાલો આ તો હાથો હાથનું કામ છે.

એમ કહી આગળ થયો. સેવકોએ પાટડો ઊંચો કરવા ઘણી મહેનત કરી પણ ઉંચો થયો નહિ. એટલે ભીમે પોતાના હાથના જોર વડે ઊચો કર્યો, એટલે પાટડો ઊંચો થયો, ત્યારે સેવકોએ મડદાને બહાર ખેંચી કાઢયું, તો કૈચાજીના આભૂષણો ઓળખ્યા. તેથી એકદમ પોકાર થઇ રહ્યો. નવાણું કૈચા કોપાયમાન થયા ને દ્રૌપદીને મારવા તૂટી પડયા. એટલે ભીમસેને કહ્યું. અરે ભાઇઓ; તમે શા માટે બિચારી અબળાને મારો છો ? સુદષ્ણા કહે, ઓ વાલવાભાઈ, એણે જ કૈચાને માર્યો છે. ભીમસેન કહે, નિશ્ચય કરવા દો, તે પછી તેનો ઘાટ ઘડીશું; સાચું જાણ્યા વિના મારીએ તો રોમ રોમ નર્ક જઇએ. એમ કહી પોતે બોલ્યો, અરે સૈયંદ્રી, તું વૈરાટરાજાના તથા કિંકઋષિના આગળ સાચે સાચું કહી દે, આ કૈચાને કોણે માર્યો ? એટલે દ્રૌપદીએ કહ્યું, અરે રાજાજી, હું સત્ય વાર્તા કહું તે સાંભળી લેજો. કૈચાજીએ મારી ઉપર કુદષ્ટિ કરી મને એક રાત રોકી હતી, તેથી તે વાત મારા ગાંધર્વે જાણી. જ્યારે હું તમારે ઘેર રહેવા આવી ત્યારે મેં તમને તે વિષે જણાવ્યું હતું. માટે તે ગાંધર્વોમાંથી એક જણે કૈચાને મારી નાંખ્યો હશે. બાકી હું અબળા જાતિ નરને શું મારી શકું ? ધારો કે મેં માર્યો હોય તો પછી પાટડા નીચે કેમ કરીને ઘાલું ? એટલે ભીમસેનેકહ્યુંખરેખર આ બાઈસાચું બોલે છે, મારા જેવાગાંધર્વે ઠેરમાર્યોહશે. કિંકઋષિ કહે, અરે વાલાવાજી, તમારુ બોલવું પણ યથાર્થ લાગે છે. હવે બધી વાત પડતી મૂકી મડદાનું ઠેકાણું કરો. જ્યાં ધર્મરાજાએ મડદાને બાળવાનું કહ્યું, એટલે ભીમસેને રાજાને વહેમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઘાલ્યો. રાજાજી, હવે બરાબર જાગ્રત રહેવાનું છે, સ્મશાને પણ જોઇ વિચારીને જવાનું છે, કારણ કે સૈરંધ્રીનાં ગાંધર્વો તમારે માટે દુશ્મન થયા છે એ સત્ય માનજો. જેવા તેવા સ્મશાને જશો તો તમને પણ યમપુરીમાં પહોંચાડી દેશે. જો સર્વે મળીને સ્મશાને જશો તો ત્યાં આવતાં તેઓ ડરશે પણ ગામ સુનું રહેશે તો ગામને ઉજડ કરશે. આ વાત સાંભળી વૈરાટરાજા ગભરાયો, આ સાંભળી ધર્મરાજા મનમાં વિચાર કરવા લાગ્યો, ભીમે આ યુક્તિ શા માટે શોધી કાઢી હશે ? એવામાં વૈરાટરાજા બોલ્યો, અરે વાલવાજી, ત્યારે આપણે મડદા વિશે કેમ કરીશું ? પહેલેથી નહિ ચેતીએ તો પાછળથી પસ્તાઇ મરીશું. ભીમસેન કહે, તમારે માટે બહુ ચિંતા છે, હું પણ તે જ વિચારમાં છું. તમે સ્મશાન ગયા સિવાય ગામમાંરહીને રક્ષાકરો. ચારક્ષૌણી સૈન્ય લઇને બજાર વચ્ચે ઊભા રહો અને હાથમાં હથિયાર ગ્રહણ કરીને દસે દિશાએ શરત રાખજો. નવ્વાણું કૈચા મડદું ઉપાડે અને હું તેમનો રખેવાળ થાઉં. વળી આ સૈરંધ્રીને ભેગી બાળવી છે માટે તેણીને પણ સાથે લઇ જાઉં, એમ નગર બહાર નીકળીએ એટલે તમે સાવધ રહેજો, અમારા ગયા પછી દરવાજા બંધ કરીને તાળાં દેજો. કદાપિ ગાંધર્વ કૈચાનું રૂપધારણ કરીને આવે અને કહે, હું કૈચો છું પણ મારાં આવ્યા વિના દરવાજા ખોલશો નહિ, જો ગફલતમાં ઉઘાડશો તો હાહાકાર થશે.અને જો સ્મશાનમાં આવશેતોહું તેને ઠેર મારીનાંખીશ.

એવું સાંભળી વૈરાટ રાજા પગે લાગી કહેવા લાગ્યો ધન્ય છે વાલવજી; તમારી બુદ્ધિને, અમે હાથમાં હથિયાર ગ્રહણકરીને ગામની ચોકી કરીશું, એટલે ધર્મરાજા સમજી ગયા, જરૂર નવાણું કૈચાનો ઘાટ કરવા માટે આ યુકિત લડાવી છે. એમ જાણી ભીમને પોતાની પાસે બોલાવી કહ્યું. અરે વાલવા હું તો એવું સમજું છું, તારે નવાણું ને મારી નાખવા છે. એટલે ભીમસેને જવાબ આપ્યો, હા મારી નાખીશ, તેમાં તમારું શું જાય છે ? સૌ સૌને પાપે લેવાશે માટે તેમાં તમારે ડહાપણ કરવું નહિ. ધર્મરાજા બોલ્યા, અલ્યા,વગર વાંકે હું નવાણું કૈચાને મારવા દેનાર નથી એટલેભીમસેન બોલ્યો, અરે મોટાભાઈ, મેં લાખાભોવનમાં અગ્નિ દેવતાની બાધા માની છે માટે મને બાધા પરિપૂર્ણ કરવા દો, એવું સાંભળી ધર્મે કહ્યું, અલ્યા, મને વાર્તા રુચતી નથી. મારુ શરીર કંપી ઊઠે છે. ભીમસેન કહે,ઠીક છે ભાઇએમ કહીને અળગો ઊભો. એટલે ધર્મરાજા નવાણું ભાઈને ઉગારવા માટે વૈરાટરાજાને કહેવા લાગ્યા, અરે રાજાજી, કંઇ ફીકર કરશો નહિ, તમે તમારે ખુશીથી સ્મશાનમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જાઓ. વાલવાનું કહેવું તદ્દન ખોટું છે. એ તો પ્રભુ સર્વને સાચવશે. ભીમ કહે, ત્યારે ખુશી તમારી, હું તો તમને સાચું કહું છું, પછી ધર્મરાજાને કહ્યું, અરે કિંકઋષિ, જેનું અન્ન ખાઓ છો તેનું તો કંઇક સારું તકો. એવું સાંભળી ધર્મરાજાને પોતાના મનમાં ચીડાઇને કહેવાલાગ્યા, હેભાઈ, તું જ સારું તાકનારો છે. ભીમસેન કહે, કેમ વૈરાટરાજા, તારો શો વિચાર છે? વળી કહેવત છે, અગમ બુદ્ધિ વાણીઓ ને પાછળ બુદ્ધિ બ્રહ્મ માટે ઋષિનું કહેવું માનશો તો ફજેત થશો. વૈરાટરાજા તથા નવાણું કૈયા કહેવા લાગ્યા, વાલવાજી સાચું કહે છે, માટે હે કિંકઋષિ, આપ જરા પણ બોલશો નહિ. એટલે ભીમસેને ધર્મરાજાને સાન કરીનેકહ્યું, કેમ અમારું કહેવું કેવું ખરૂં પડયું ને? એમ બોલી પોતાની મૂછો ઉપર હાથ નાંખ્યો. એટલે ધર્મરાજા રાજસભામાં ગયા.

વૈરાટરાજાએ પોતાની સૈન્ય તૈયાર કરાવી. નગરના લોકો સ્મશાન જવા માટે તૈયાર થઇને આવ્યા હતા પણ તોફાનની વાત સાંભળીને સૌ પોતપોતાના ઘેર નાસી ગયા. નવાણું કૈયાઓએ મડદું તાણી બાંધ્યું એટલે ભીમ તરત ઊભો થયો. પછી વૃકોદર ક્રોધથી દ્રૌપદીનો હાથ પકડી કૈયાની સાથે સ્મશાન તરફ ચાલ્યો, નગરની બહાર આવ્યો પછી ભીમસેને ધંધ મચાવ્યો. વૈરાટરાજાએ ચારે દિશાના દરવાજા બંધ કરી દીધા. સાંકળ તાળાં વિગેરે દઇ દીધાં. તેમના ઉપર ચોકી કરવા માટે યોદ્ધાઓને ફરતાં મૂકયા. ભીમસેને યોદ્ધાઓને સમજાવ્યા, અલ્યા, બરાબર સાચવજો. વળી કહ્યું, કદાપિ ગાંધર્વ કૈયાનું રૂપ ધારણ કરીને દરવાજે આવે તો તેને ઠેર મારી નાંખજો, પણ ઉઘાડયો નહિ. એ પ્રમાણે ભીમસેન અગાઉથી પાળ બાંધી, આગળ કૈયા ચાલ્યા જાય છે અને પોતે દ્રૌપદી સાથે પાછળ ચાલ્યો જાય છે. એ પ્રમાણે ચાલ્યા ચાલ્યા સ્મશાન ભૂમિમાં ગયા. કૈયાએ મડદું નીચે ઉતાર્યું એટલે ભીમસેન સતીને સાથે લઈને બેઠો. સર્વ કૈયા પૂછવા લાગ્યા, વાલવા હવે કેમ કરીશું? એવું સાંભળી ભીમસેને જવાબ આપ્યો, બિચારો મરનાર કૈયો સાથે શું લઈ ગયો છે? માટે કાષ્ટની મોટી ચિતા ખડકી તેમાં બાળો. એનો ફેરો અફળ ગયો છે તેના હાથે પુન્યદાન કંઇ પણ થયું નથી માટે વનમાં જઈને ઝટપટ લાકડા લાવી. એ પ્રમાણે ભીમસેનનું બોલવું સાંભળીને પચીસ દક્ષિણ દિશાએ ગયા પચીસ પૂર્વ દિશામાં ગયા, પચીસ ઉત્તરમાં ગયા અને ચોવીસ પશ્ચિમમાં ગયા. જ્યાં કૈયા લોકો કાષ્ટ લેવા ગયા એટલે દ્રોપદી બોલી, અરે મારા સ્વામી, મને ફીકર થાય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે કે શા માટે મોટી ચિતા ખડકાવો છો? તમારો શું વિચાર છે? એટલે ભીમસેને જવાબ આપ્યો, હે સુંદરી, એકની જોડે નવાણુંનો હોમ કરવો ધાર્યો છે. દ્રૌપદી કહે, અરે નાથ, બિચારા બીજાઓએ શાં પાપ કર્યાં, તેમને પણ ચિતામાં હોમો છો? જો તમે તેમને હોમશો તો મારાથી સહન નહિ થાય. ભીમસેન કહે, અરે તું જોજે તો ખરી, એ તો જોવાની ગમ્મત પડશે. અગ્નિમાં ઊંચાનીચા કુદશે અને મોંઢે પોકાર કરશે. એટલે દ્રૌપદી બોલી, અરે નાથ, તેમ કરવાથી મારું કાળજું ફટકી જશે. એવું સાંભળી ભીમે કહ્યું, પ્રિયા તું આડું જોઇને બેસી રહેજે. એવામાં દક્ષિણ દિશામાંથી કાષ્ટ સાથે પચીસ કૈયા આવી પહોંચ્યા. ભીમસેને તેની મોટી લાંબી પહોળી ચિતા ખડકી, પછી પોતે બોલ્યો અલ્યા ભાઇ, તમે શા માટે ખોટી થાઓ છો? ચિતા વિશે શબને સુવાડી અગ્નિ મૂકો. એટલે કૈયાએ મડદું મૂકી અગ્નિ સળગાવ્યો. અગ્નિ ચોદશ લાગ્યો. ત્યાર પછી ભીમસેને કૈયાઓને કહ્યું, તમારો ભાઈ વગર મોતે મર્યો છે માટે બોળબંધ ચિતા પાસે ઊભા રહીને શ્રીરામ શ્રીરામ કરો. કૈયાએ ભીમસેનને કહ્યું, વાલવાજી, તમે સાચું કહો છો. એમ કહી તેઓ ચિતાની પાસે બોળબંધ ઊભા રહી પ્રભુનું સ્તવન કરે છે. એટલે ભીમસેન પચીસ પાછળ ઊભો રહીને અગ્નિકાકાને અરજ કરે છે, આ એક માના સો આપું છું તે તમેમાની લેજો. એમ કહી પોતાના હાથલાંબા કરીને પચીસ કૈયાને બાથમાં ઘાલ્યા. કૈયા ઊંચાનીચા થાય એટલે ભીમસેને હીલોળીને અગ્નિમાં ફેંકી દીધા, પછી તેઓ અગ્નિમાં આડા અવળા ફાલવા. લાગ્યા. તેથી ભીમે અગ્નિવાળું કાષ્ટ લઇને તેમને ચિતામાં ગડબી ઘાલ્યા. ને તેના ઉપર બીજાં કાષ્ટ નાંખ્યાં. એટલામાં બીજા કૈયા લાકડાના ભારા માથે ચઢાવીને આવી પહોંચ્યા. ભીમસેને તેમનાં કાષ્ટ અગ્નિમાં નાખીને તેમને પાસે બોલાવી કહેવા લાગ્યો, દક્ષિણમાંના અગ્નિ મૂકીને લાકડાં લેવા માટે ગયા છે, તેથી હવે તમે જવાનું બંધ રાખો, અને હું કહું તે શુભ કામ કરો.

આ ચિતાની પાસે ઊભા રહીને શ્રીરામ શ્રીરામનું સ્મરણ કરો, કૈયાઓએ જાણ્યું વાલવો ખરું કહે છે. એ જાણી તેઓ ચિતાની પાસે કર જોડીને ભજન કરવા ઉભા. એટલે ભીમે પૂંઠેથી બાથ ભીડાવીને ઊંચકીને લીધા એ પ્રમાણે ઉંચકીને અગ્નિમાં પધરાવી અગ્નિ દેવતાને અરજ કરી કે તારી બાધા માની લેજે, કૈયા અગ્નિમાં તરફડે છે તેથી ભીમે સળગતા લાકડાથી ગડબી ગડબીને અંદર ઘાલે છે. એવામાં ઉત્તર દિશાના આવ્યા, તેને પણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેમજ કર્યું. પછી પશ્ચિમ દિશામાંથી આવ્યા એટલે ભીમસેન બોલ્યો, અરે ભાઈ, તમે લાકડાં લેવા માટે જશો નહિ. ફક્ત હું બતાવું તે કરો. આ ચિતાની પાસે ઓળખંધ ઊભા રહો અને પ્રભુનું સ્મરણ કરો એટલે તેઓ ઓળખંધ ઊભા રહીને વૈકુંઠપતિનું સ્મરણ કરવા લાગ્યા. ત્યાં તો વૃકોદરે પૂંઠે બાથ ભીડાવી દીધી. તેમાંથી એક કૈચો ચેતી ગયો. જરૂર વાલવો ઠેર મારશે, એમ જાણી બાથમાંથી વચકળીને નાઠો. તેણે જાણ્યું કે સૈરંધ્રીને વાલવો એક છે. વળી હું વાલવાના હાથમાંથી નાસીને કેટલે જવાનો છું? જાણી પોતે દ્રૌપદી પાસે દોડી આવીને કહેવા લાગ્યો, ઓ બાઈ, તારે શરણે છું. મને જીવતદાન આપ. દ્રૌપદીને દયા આવવાથી પોતાનું ઓઢેલું ચીર અળગું કરીને પાછળ ઊભો રાખ્યો, પછી તે ચીર ઓઢી લીધું. વાયુનંદન આ વાત ન જાણે તેવી રીતે ઊભી રહી. એવામાં ભીમસેને તેવીસ જણાને ચિતામાં હોમી દીધા. તેઓ ઊંચા નીચા થઈને બહાર આવવા લાગ્યા. તેથી વૃકોદરે સળગતા કાષ્ઠથી તેમને ગડબી ગડબીને અંદર ઘાલ્યા. એ પ્રમાણે નવાણું પૂરા કરી દીધા. પછી વૃકોદરે જાણ્યું. એક કૈચો નાસી ગયો છે તે આ સઘળી વાત ઉઘાડી કરશે તો વનમાં જવું પડશે. એમ જાણી પોતાના હાથમાં સળગતું કાષ્ટ પકડીને કૈચાને શોધવા માટે નગર ભણી દોટ મૂકી. દરવાજા સુધી આવ્યો, વળી આસપાસ શોધી વળ્યો પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. છેવટે ચિંતા કરતો કરતો દ્રૌપદી પાસે આવ્યો. આંસુવાળા લોચને દ્રૌપદીને પૂછવા લાગ્યો, હે સુંદરી, કૈચો કઈ દિશાએ ગયો તે મને બતાવી દે, નહિ તો મોટો ફજેતો થશે. જો કોઇને એ કૈચો આ સઘળી વાતો કહી દેશે તો આપણે વનમાં જવું પડશે. એટલે દ્રૌપદી બોલી, હે નાથ, મેં તેને દેખ્યો નથી. તમે મારું કહેલું ન માન્યું તેથી તમારા હાથમાંથી છુટીને નાઠો. પાપનો ઘડો ફુટશે તેમાં શી નવાઇ? એટલે ભીમસેને બોલ્યો, મારું ભવિષ્ય વાંકું એમાં કોનો વાંક કાઢું? અરે સુંદરી, હવે જીવીને શું કરવું? મારે કર્મે સઘળા ભાઇઓને વન જવું પડશે માટે આપઘાત કરીને મરવું એ સારું છે. એમ કહીને રડતો રડતો પૃથ્વી પર પડયો. એવામાં તેણે દ્રૌપદીના ચાર ચર્ણ દીઠા. ભીમે જાણ્યું, દ્રૌપદી ચારપગી કયાંથી? એમ પોતાને વહેમ આવવાથી ગબડતો ગબડતો દ્રૌપદી પાસે ચાલ્યો ને ઓચિંતી ઝડપ મારીને પાજલો પગ ઝાલ્યો, કૈયાએ કારમી ચીસ નાંખીને કહ્યું, મને મારશો નહિ. ભીમસેને પાપીને ખેંચી કાઢયો. એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દ્રૌપદી કહેવા લાગી, હે સ્વામી, જો તમે એને મારશો તો મારો પ્રાણ ત્યાગ કરીશ. ભીમસેન બોલ્યો, અરે સુંદરી, તું અળગી ઊભી રહે. જો તેને મારી નાખું તો તારા સોગન છે. એટલે દ્રૌપદી આઘી ઊભી રહી, ભીમસેને કૈયાને કહ્યું, હવે તારું દુઃખ ગયું પણ જો જીવવાની આશા હોય તો તારું મોં પહોળું કર. એટલે કૈયાએ ભીમનું કહ્યું માની પોતાનું મોઢું પહોળું કર્યું એટલે તરત વૃકોદરે તેની જીભ પકડીને ખેંચી નાંખી. પછી બેઉ ભૂજના દસે આંગળા ભાંગી નાંખીને ચિતામાં ફેંકી દીધા તેથી કૈયાએ કપાળ કૂટયું કે આ કરતાં તો મરણું સારું. એવું જોઇ દ્રૌપદી બોલી ઉઠી, અરે પતિ. મારું અંતઃકરણ બળી જાય છે. તમે મારા સોગન પાળ્યા નહિ તેથી મને ખોટું લાગ્યું. ભીમસેન કહે,અરે સુંદરી. જીવતો છે ક્યાં મારી નાંખ્યો છે? જો જીભ ન કાઢી નાખું તો ગામમાં વાત કહી દે છે, તેથી કરીને આપણે વન જવું, પડે અને આંગળાં ભાગી ન નાંખું તો તો કોઇને લખીબતાવે માટે મેં જે કર્યું છે તે ન્યાયથી કર્યું છે.પછી ભીમેકહ્યું,હવે ચાલો નગરમાંજઇએ. એમકહી ભીમ એક હાથે દ્રૌપદીને ઝાલી ને બીજે હાથે કૈયાને ઝાલ્યો એ રીતે બંનેને લઈ ભીમસેન ચાલ્યો ચાલ્યો દરવાજા આગળ આવ્યો તેમને જોઇને સેવકોએ દરવાજા ઉઘાડયા. સુદક્ષણાએ દ્રૌપદીને દેખીને સમાચાર પૂછયા. એટલે કૈયાને શુર ભરાઈ આવ્યું, બધી વાત કહી દઉં એમ જાણી બોલવા જાય છે પણ બોલાતું નથી. તેથી સાન કરી બાથ કરી બતાવી. એટલે સુદક્ષણા કહે. આ આમ કેમ બોલે છે.? એવું સાંભળી કૈયાએ મોં ફાડી બતાવ્યું કે આમાં જીભ નથી એટલે રાણી પૂછવા લાગી, અરે વાલાભાઇ. કૈયાનું કહેવું બીલકુલ મારાથી સમજાતું નથી માટે ખરેખરું મને કહી દો, ભીમ કહે, અરે બાઈ, મારા ભોગ લાગ્યા હતા કે હું તેમની સાથે ગયો, સવળા કૈયાઓએ ચિતામાં, પડવા માંડયું એટલે મેં આને બાથ ભીડાવી દીધી. પછી એક હાથે સૈયંદ્રીને પકડી અને બીજા હાથે કૈયાને પકડયો. અરે સુદક્ષણાબહેન,ભાઇના દુઃખથી સવળાભાઇઓ ચિતામાં પડી મરણ પામ્યા, એવું સાંભળી સુદક્ષણા કહે, ભવિષ્ય મારું અરેરે વાલાભાઈ, મારું પિયર ઊજ્જડ થયું, એટલે કૈયો અકળાયો કે મારી બહેન તદ્દન ખોટું સમજી, તેથી પોતે ઘાંટા પાડયા પણ બોલાયું નહિ; ને તેણે પથ્થર સાથે માથું પછાડી દેહત્યાગ કર્યો, એટલે ભીમસેન તેનું મડદું ઉંચકીને ચિતામાં નાખી આવ્યો. વરાટની રાણીએ કહ્યું,અરે વાલવાભાઇ,આ સવળું રૂપાળી સૈયંદ્રીએ કર્યું, માટે તેને મારા ઘરમાં રાખવી નથી. એવું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાંભળી ભીમસેન બોલ્યો, અરે સુદક્ષ્ણા બહેન, કાંઇ ચિંતા નહિ. હું હાલને હાલ સૈયંદ્રીને વનમાં મૂકી આવું છું, એમ કહી ભીમસેન સતીનો હાથ પકડીને જ્યાં સહદેવ જોશી ગાયો ચારે છે ત્યાં આવ્યો. વૃકોદરે વૃક્ષ ઉપર દ્રૌપદીને માળો બાંધી આપ્યો. પછી સહદેવજીને સોંપણી કરી કે તમે રાત દિવસ અહીં રહેજો. હંમેશાં રસોડેથી ખાવાનું લઇ જજો. હું તમને પેટપુર જેટલું જોઇએ તેટલું અન્ન આપીશ. હે વીરા જોજે તેમાં કોઈ ખામી આવે નહિ. એ પ્રમાણે સોંપણ કરીને પોતે સુદક્ષ્ણા પાસે આવ્યો. રાણીને કહેવા લાગ્યો, અરે બહેન, પેલી ગૌઝારીને વનમાં મૂકી આવ્યો. એવું સાંભળી સુદક્ષ્ણાએ કહ્યું, બહુ સારું વાલવાભાઇ, તમે ઘણું જ ઉત્તમ કામ કર્યું. એ પ્રમાણે વાત કર્યા પછી ભીમસેન રસોડે ગયો. આ વાત દુનિયામાં ચાલી, હસ્તિનાપુરમાં દુર્યોધને પણ આ સઘળી બીના જાણી તેથી છત્રપતીએ શકુનીને પૂછયું, પાંડવો તો ન જડયા, માટે હવે શું કરીશું ? જુઓ વૈરાટનગરમાં મલ્લ મુઓ ને સો ભાઇઓ એક ચિત્તામાં બળ્યા એમ સંભળાય છે માટે વૈરાટનગરમાં પાંડવો હોવા જોઈએ. અને ત્યાંજ હશે. એટલે મામો કહે અરે છત્રપતિ ! જરા ધીરજ રાખો. હું હાલ ને હાલ પાંડવોની શોધ કાઢું છું. એક માળીને બોલાવો તો તેને યુક્તિ બતાવું. એટલે રાજાએ તરત માળીને બોલાવ્યો. શકુનીએ માળીને કહ્યું હે ભાઇ, તું વૈરાટનગરમાં જઇને તારાં સગામાં રહેજે. પછી ત્યાં કોઇનો બાગ ભાડે રાખજે. તું પુષ્પની કળીઓ વાણી લઈને ગરીબને કે ગ્રહસ્થને જેને તેને મફત આપજે. તેમાં એવું છે કે જેના હસ્તમાં કળીઓ ખીલીને પુષ્પ થાય તે જનને યાદ રાખજે કે આ ધર્મરાજાછે. તે જાણ્યા પછી તરત તું અહીં આવતો રહેજે, એમ કહીને વિદાય કર્યો.

માળી વૈરાટનગરમાં ગયો, ત્યાં પોતાના સગાના ત્યાં ઉતર્યો. તેણે બીજે દિવસે નાણાંની પરકણ કરીને બાગ રાખી લીધો, ત્યાર પછી તેમાંથી ફુલની કળીઓ વીણી ચાબ ભરી, પ્રથમ રાજસભામાં વહેંચવા માટે ગયો, ધર્મરાજા રાજગાદીના ગુરુ જાણી કળીઓ તેમના હાથમાં મૂકી એટલે કળીઓ મટી પુષ્પ થઇ ગયાં એમ બનાવાથી માળી મનમાં સમજી ગયો. પછી તેણે સર્વને ઉતાવળથી વહેંચી હસ્તિનાપુર જવા માટે નીકળી પડયો. હસ્તિનાપુર આવીને રાજસભામાં ગયો. ભરી સભામાં કહ્યું. અરે મહારાજા, પાંડવો વૈરાટનગરમાં છે. એવું સાંભળી છત્રપતિ દ્રોણગુરુને તથા ભીષ્મપિતાને કહેવા લાગ્યો, અરે મહાપુરુષો, પાંડવો વૈરાટનગરમાં છે માટે ચાલો જઇનેતેમનેપકડી પાડી વનમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મોકલીએ. એમ કહીને છત્રપતિએ વૈરાટનગર જવાની તૈયારી કરી. પોતે અગિયાર ક્ષોણી સૈન્યને સાથે લીધું તથા સત્યવાદી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અશ્વત્થામા વિગેરે ચાર જણને પણ પોતાના સાથે લીધા. લશ્કર સાથે દુર્યોધન વૈરાટનગરમાં ઉત્તર દિશાને દરવાજે ગયો. પછી છત્રપતી બોલ્યો, અરે ભાઇ, વૈરાટનગરનો કોણ ભોમિયો ? જે હોય તે પશ્ચિમ દિશાને દરવાજે જાઓ, ત્યાં જઇગાયો વાળીને ગોવાળને માર મારજો.એટલે તે ગોવાળરાજાને ખબર આપશે. તેથી ગાયોને છોડાવવા કોણ આવે છે તે જોઇશું. ઘણું કરીને ઘેરી રાખેલી ગાયોને પાંડવો છોડવવા આવ્યા વગર રહેવાના નથી.

એવું સાંભળી સુશર્મા બોલ્યો, અરે મહારાજા, હું જાઉં છું. કારણ કે હું પહેલો આ નગરનો પ્રધાન હતો. એટલે દુર્યોધન રાજાએ કહ્યું,અરે ભાઈ, ત્યારે તો તમે સુખરુપે પધારો.અને તે કાર્ય સફળ કરીને વહેલા આવો.વળી હે જયદ્રથ,ભગદત્ત તમે પણ ક્ષોણી સૈન્ય સાથેલઇને સુશર્માની મદદેજાઓ.રાજાની આજ્ઞા મુજબ ત્રણ જણા સૈન્ય સહિત પશ્ચિમ દિશાએ પહોંચ્યા. ત્યાં આવી ગાયો ઘેરી. ગોવાળને માર માર્યો. એટલે ગોવાળો રડતા રડતા વૈરાટરાજાની પાસે ગયા.ને કહેવા લાગ્યા,તમારો જુનો પ્રધાન સુશર્મા છ ક્ષોણી સૈન્ય સાથે પશ્ચિમ દિશાએ આવ્યો છે. તેણે ગાયોને ઘેરી અને અમને પુષ્કળ માર માર્યો, ત્યારે વૈરાટરાજાએ કિંકઋષિને કહ્યું, અરે મહારાજ, મારો કયો પ્રધાન મરણ પામ્યો તેથી સુશર્મા પ્રધાનપણું લેવા છ ક્ષોણી સૈન્ય લઇને આવ્યો છે,માટે હે ઋષિ, મારે તેની સાથે યુદ્ધમાં જવું પડશે, એટલે ધર્મરાજાએ વૈરાટને ઉશ્કેર્યો, તમે જલદીથી તૈયાર થાઓ અને ઘેરેલી ગાયોને છોડાવો. વૈરાટરાજા ચાર ક્ષોણી સૈન્યસાથે તૈયાર થઇગયો.ધર્મરાજાએજાણ્યું આ ગાયો અમારા માટે ઘેરાયેલી છે માટે જો ગાયો દુઃખી થશે તો અમને પાપ લાગશે, તેથી હું તેની સાથે જાઉં તો ઠીક. એમ પોતે પણ અશ્વ ઉપર બેસી ગયો. વૈરાટરાજા ચાર ક્ષોણી સૈન્યને સાથે લઇને યુદ્ધ કરવા માટે પશ્ચિમ દિશાએ આવ્યો. જ્યાં સુશર્મા ઊભા છે ત્યાં વૈરાટરાજા સૈન્ય સહિત આવી ઊભા રહ્યા. ધર્મરાજા તો લડાઇની ચિકિત્સા જોવા માટે એક ઝાડની નીચે ઊભા રહ્યા. ફક્ત એકલો વૈરાટરાજા સૈન્ય સહિત સુશર્મા સામો થયો. એટલે સુશર્મા બોલી ઊઠયો, અરે વૈરાટરાજા, હવે તું નશ્ચિય જાણજે, તારું આવી બન્યું. હમણાં તને કેદ કરીને તારું રાજપાટ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છીનવી લઉં છું. એવું સાંભળી વૈરાટરાજાએ પોતાના યોદ્ધાઓને હુકમ કર્યો, અલ્યા, શું જોઇ રહ્યા છો? દુશ્મનને ઠેર મારી નાંખો. એમ કહી યુદ્ધનો આરંભ કર્યો. યોદ્ધાઓ ક્રોધ સહિત સામાસામી તૂટી પડયા, જયદ્રથે એક બાણ લઇ નાગશસ્ત્ર મંત્ર સાધ્યો અને એક જ બાણ વડે રાજાને અવળે હાથે બાંધી લીધો, ત્યારે સુશર્માએ રથ દોડાવીને વૈરાટરાજાને ઉંચકીને પોતાના રથમાં નાખ્યો. પછી છ ક્ષોણી સૈન્યે વૈરાટરાજાની ચાર ક્ષોણી સેનાને માર મારીને નસાડી દીધી. બીચારો વૈરાટરાજા હાર પામ્યો, અનેક કાગડાઓમાં એક હંસ શું કરી શકે? તેમ બિચારો વૈરાટરાજાથી દુષ્ટોની આગળ કંઈ પણ બની શકયું નહિ. રાજા હાર પામ્યો તેથી ધર્મરાજાએ પોતાનો ઘોડો નગ્ર તરફ દોડાવ્યો અને રસોડેથી ભીમસેનને બહાર બોલાવી યુધિષ્ઠિરે કહ્યું, અલ્યા, શું જુઓ છો? બિચારો વૈરાટરાજા આપણા માટે બંધાયો છે. એવું સાંભળીને ભીમસેન અતિશય ક્રોધાયમાન થયો. તેણે મેલાં ઘેલાં વસ્ત્ર પહેરી કડછાને ખાંધે નાખ્યો, વળી મોઢા ઉપર મૃતિકા ચોપડી લીધી, કારણ કે પોતાને કોઈ ઓળખી શકે નહિ. પછી ધર્મરાજાની સાથે ચાલ્યો. ધર્મરાજાએ વૈરાટપતિને ઊંચો હાથ કરી બતાવ્યો. વૈરાટરાજાએ જાણ્યું, હવે હું બચીશ. એમ મનમાં ધીરજ આવી. એવામાં ભીમસેન સેનાના સન્મુખ આવીને ઊભો.

વૃકોદરે જયદ્રથને કહ્યું, અલ્યા વૈરાટરાજાને તું કોણ બાંધનારો છે? એ અમારો અન્નદાતા છે માટે પગે લાગીને અમારા અન્નદાતાને પાછા આપી દો. નહિ તો તમારા સર્વના પ્રાણ જશે, એટલે જયદ્રથે કહ્યું, અલ્યા, તને ઓળખ્યો, તું કુંતાનો પુત્ર ભીમસેન છે. અને હાલમાં વૈરાટરાજાને ત્યાં તું પારકાને ઘેર રાંધણું રાંધવા રહ્યો છે. એવું સાંભળી વૃકોદરના મનમાં શોક થયો, બોલી ઊઠયો, અલ્યા, ભીમસેન કોને કહે છે? કયાં તારો બાપ ભીમસેન? એવું સાંભળી જયદ્રથ બોલ્યો, અરે યોદ્ધાઓ, દુશ્મનના સામા તૂટી પડો. જયદ્રથની આજ્ઞા થતાં જતાં જ યોદ્ધાઓ ભીમસેન ઉપર તૂટી પડયા. જયદ્રથ, ભગદત્ત, ભુરીશ્રવા તથા સુશર્મા આ ચાર જણા આયુદ્ધ લઇ વૃકોદરના સામા થયા. મદભરેલા યોદ્ધાઓ રાતાતાતા થઇને ભીમસેનને ગુપ્તી, ગેડી, ગદાઓથી માર મારે છે. છુટા ગોફણના ગોળા પણ મારે છે. ભીમસેન આડો અવળો ખસી જઇને હથિયાર ચૂકાવે છે. કડછાથી પોતાનું અંગ સાચવે છે. એવામાં ભગદત્તે એક બાણ મારીને ભીમસેનનો કડછો ભાગ્યો. એટલે આયુધ વિના ભીમસેન ગભરાઈ ગયો. વૃકોદરને અતિશય માર પડવાથી જીવ લઇને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નાઠો,તેથી સઘળા યોદ્ધાઓ પણ ભીમસેનની પાછળ પડયા. આ જોઈ ભીમસેને વિચાર કર્યો, આ તો અનેક હું એક છું, પણ આ વખતે પ્રભુ દયા કરીને કાંઈ હથિયાર આપે તો સર્વનો ઘાણ કાઢી નાંખું એમ વિચારતામાં જ તેની નજરે આંબલીનાં બે ઝાડ દેખાયા, એટલે વૃકોદરે દોડીને તેને બાથ ભીડાવી પછી ઝાડોને હચમચાવીને બહાર ખેંચી કાઢયાં. તે ઝાડોને જુજવાં જુજવાં પકડી લીધાં. પછી ગર્જના કરી સેનામાં તૂટી પડયો. આંખો મીંચીને જેમ ફાવે તેમ ઝાડોથીસૈન્યનાયોદ્ધાઓનો નાશ કરે છે. વળી કાંઈકને કોણી, કંઈકને ઢીંચણ, કાંઇકને પાટુથી ઠેર મારે છે. જ્યાં ભીમસેનનું ઝાડ પડે ત્યાં બસો ત્રણસોના ઘાણ કાઢી નાંખે છે. એ પ્રમાણે વાયુનંદને એક ઘડીમાં ચૌદસો માર્યા. આવો ત્રાસ જોઇ સૈન્યના યોદ્ધા ચીસ પાડીને નાઠા.

પછી ભીમસેને બંધાએલા વૈરાટને રથમાંથી ઉતાર્યો તે હાથ છોડી નાંખ્યા તેથી વૈરાટરાજા ભીમસેનને ચરણે લાગ્યો. એવામાં વૈરાટની રાણીએ સાંભળ્યું, પોતાના પતિના હાથ બંધાયા છે, તેથી તે પણ રડતી રડતી રણસંમુહમાં આવી. તેણે આવતાં આવતાં ભીમસેનને પોતાના પતિના હાથ છોડતો જોયો. તેથી તે દોડી આવીને ભીમસેનને પગે લાગી પછી વૈરાટરાજા કહે છે, વાલવાજી, હું તમને પગે લાગીને કહું છું, તમે મારી પાસે કાંઇક માગી લો. ત્યારે સુદષ્ણા બોલી અરે વાલવાભાઇ, મારી પાસે કંઇક માગો. એવું સાંભળી ભીમસેન બોલ્યો, અરે બાઇ મોઢે માગ્યું કોઇથી અપાતુ નથી.એટલે વૈરાટરાજાએ કહ્યુ, તમારી જે ઇચ્છા હો તે માગી લો. ત્યારે વૃકોદર બોલ્યો, ચાલો હનુમાનના બાગમાં રસોઇ (ઉજાણી) જમીએ.ત્યારે વૈરાટે કહ્યું, અરે બાપ એમ શું માગ્યું ? ભીમ કહે, એટલું જ. પછી સુદષ્ણા પગે લાગીને બોલીઅરે વાલવાભાઇ, હવે મારીપાસે કંઇક માગી લે, તું જે કહીશ તે મારે કબૂલ છે. એટલે ભીમસેન બોલ્યો, અરે બાઈ, હું સ્ત્રીનું કહેલું સાચું માનતો નથી, એટલે રાણીએ કહ્યું, જો હું તને માગ્યું ન આપુ તો મને સૃષ્ટિનું પાપ છે. ત્યારે ભીમસેન બોલ્યો, સૈયંદ્રીને તમારી પાસે રાખો.જ્યાં પેલો પંથજી ગાયો ચારે છે ત્યાં મેં તેનેરાખીછે. ત્યારે રાણીએ કહ્યું,બહુ સારુ વાલવાભાઈ,હુંઅત્યારે ત્યાં જઇ સૈયંદ્રીનેલઇને મારા ઘેર જાઉં છું એમ કહી ચાર સેવકો સાથે રાણી સૈયંદ્રી પાસે જવા નીકળી. પછી જ્યાં સહદેવ ગાયો ચારે છે ત્યાં વૃક્ષે વૃક્ષે શોધતી ચાલે છે, એવામાં તેણે સૈયંદ્રીને દીઠી. તેથી રાણીએ તેને પગે લાગીને કહ્યું, અરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બાઇ તું મારી સાથે ઘેર ચાલ, મારા ભાઈ મરી ગયા તે એમના કર્મે મુવા, તેમાં તારો કંઇ પણ વાંક નથી, પેલા વાલવાએ મને મોકલી છે. તેથી હું તને તેડવા સારુ આવી છું,માટે તું ન આવે તો તને ગૌહત્યાનું પાપ. વળી હું તારા ઉપર દ્વેષ રાખું તો પણ મારા માથે સર્વે પાપ. દ્રૌપદીએ જ્યારેએવાં વચન સાંભળ્યાં ત્યારેનીચે ઉતરી.એટલે સુદષ્ણા તેનો હાથ ઝાલીને ગામમાંતેડી ગઇ.તેપછીરાણીએ વિચાર કર્યો.આજ મારું હે વાતણુ રહ્યું,માટે પ્રભુનું સ્મરણ કરવું.એમ જાણી પોતે એકાંતમાં હરિના ભજનાર્થે બેઠી, વૈરાટરાજાએઉજાણી જવાની તૈયાર કરી, ને બારોબાર બાગમાં ગયો. એવામાં ઉત્તમ દિશાએ રહેલ છત્રપતી દુર્યોધને ભિષ્મપિતા કહ્યું,હે દાદા,મનેએમ જણાય છે કેવાલવો લડવા માટે આવ્યો હતો તે ઘણું કરીને ભીમસેન હશે.એવું સાંભળીભીષ્મજીએજવાબ આપ્યો,મારાથી જોયા સિવાય તેને કેવી રીતે ભીમસેન કહી શકાય.ત્યારે દુર્યોધને સેવકોને આજ્ઞા આપી આ દરવાજાની ગાયો ઘેરી લો એવી આજ્ઞા થતાં જ સેવકોએ તરત ઉત્તર દિશાની ગાયોઘેરી લીધીઅને ગોવાળિયાઓને માર માર્યો બિચારા ગોવાળિયાને પુષ્કળ માર પડવાથી નગ્રમાં નાસી ગયા. એવું સાંભળી દ્રોણગુરુએ કહ્યુ, એવું આવી બન્યું છે. વિનાશકાળે વિપરીત બુદ્ધિ, ખોટું થવાનું છે માટે ખોટું સૂજે છે.જુઓ આ બિચારી ગાયો કેવી ધ્રૂજે છે.!

હવે ગોવાળ લોકો તો રાજાને સમાચાર કહેવા માટે નગરમાં ગયા છે.ત્યાં આવીને રાજસભામાં જોયું તો કોઈ મળે નહિ. પછી ગોવાળિયાઓએ તપાસ કરી તો ઓત્રાકુંવરને દેખ્યો ત્યારે તેઓ ઓત્રાકુવરને પૂછવા લાગ્યા,હે કુમાર તમારા પિતાજી કયાં છે? ઓત્રાકુંવરે રમતાં રમતાં જવાબ આપ્યો. મારા પિતાજી ઉજાણી જમવા માટે ગયા છે. આ વાત દ્રૌપદીએ છજામાં બેઠી બેઠી સાંભળે છે. ગોવાળિયો કહે છે કે હસ્તિનાપુરનો રાજા દુર્યોધન સૈન્ય સાથે લઇને લડવા માટે આવ્યો છે. તે પાપીએ બિચારી ગાયો ઘેરી લીધી છે અને અમને પુષ્કળ માર માર્યો તેથી અમે દોડીને સમાચાર કહેવા માટે આવ્યા છીએ. એવી વાત દ્રૌપદીએ સાંભળીને વિચાર કર્યો, બિચારી ગાયો અમારે માટે ઘેરાઇ છે. માટે તેમને છોડાવવી જોઇએ. જો ગાયો ભૂખી તરસી રહેશો તો અમને પાપ થશે તેથી તેનો ઉપાય થાય ઠીક. એમ જાણી દ્રૌપદી ઓત્રા કુંવરની પાસે આવીને કહેવા લાગી, તમારા પિતા ઘેર નથી માટે તમે યુદ્ધ કરવા જાઓ.જો બધી ગાયોનું દુઃખ નિવારણ કરશો તો તમને બહુ પુન્ય થશે.હે કુમાર,તમે બહુ જબરા જણાઓ છો તેથી આગળ જતાંરાજા કહેવાશો,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એ પ્રમાણે સતીએ કુંવરને ચઢાવ્યો, એટલે કુંવરે કહ્યું, હું ધારું તો છત્રપતીને ઠેર મારું, પણ મારી પાસે રથ નથી. તેમ સારથિ નથી, તેથી શું કરું ? ત્યારે દ્રૌપદી કહે, અરે કુમાર, તમે ભૂલો છો ? તમારા ગુરુ વ્યંઢળ મહેતાને નિશાળમાં જઈ તેડી લાવો. તેમને રથ હાંકતાં સારો આવડે છે, એવું સાંભળી વૈરાટ કુમાર અર્જુન પાસે આવ્યો ત્યાં આવીને કહેવા લાગ્યો.અરે મહેતાજી,આપણી ગાયોને દુષ્ટ દુર્યોધને ઘેરી છે, માટે ચાલો પાપીને હરાવી ગાયોને દુઃખમાંથી મુક્ત કરીએ. જો તમે મારી સાથે આવો તો અક્કરમીના પ્રાણ લઉં. એવું સાંભળી અર્જુને પૂછ્યું, અરે કુમાર, તને કોણે કહ્યું, વ્યંઢળ મહેતાને રથ હાંકતાં આવડે છે ? ઓત્રાકુંવરે કહ્યું, સૈયંદ્રી તમને સારી પેઠે જાણે છે. તેથી તેણીએ મને કહ્યું. એટલે વ્યંઢળ મહેતા બોલ્યા. સૈયંદ્રીને તો તારી માતાએ કાઢી મૂકી હતી. વળી તારા બાપના ઘેર નથી માટે આપણે એકલા શું કરીશું ? ત્યારે કુંવરે કહ્યું,અરે મહેતાજી, શું તમે સૈયંદ્રી વિષે કંઇ પણ જાણતા નથી ?

પહેલવહેલું યુદ્ધ પશ્ચિમ દિશામાં થયું હતું ત્યાં જયદ્રથે મારા પિતાને બાંધ્યા હતા. પછી વાલવાજીએ જઇને સવળાને મારીને નસાડી મૂકયા અને મારા તાતને છોડાવ્યા. તેથી મારા બાપે વાલવાને ઘણું માન આપીને કહ્યું, મારી પાસે કાંઇક માગો ત્યારે વાલવાએ કહ્યું. ચાલો ઉજાણી કરો. તેથી મારા પિતાજી તથા વાલવાજી ઉજાણી જમવા માટે બાગમાં ગયા છે. મારી માતા મારા પિતાને બંધાયેલા સાંભળી રડતી રડતી સૈન્યમાં ગઈ, ત્યારે મારા પિતાને વાલવાજી છોડતા હતા તેથી મારી માતા પણ વાલવાજી ઉપર ખુશી થઈ ગઈ, મારી માતાએ વાલવાજીને કહ્યું, તમે મારી પાસે કાંઇક માગો. ત્યારે વાલવાજીએ એટલું માગ્યું, તમે સૈયંદ્રીને તમારા ત્યાં લઇ જાઓ, તેથી મારી માતા સૈયંદ્રીને આજ અમારા ઘેર તેડી લાવી છે. તે સૈયંદ્રીએ મને કહ્યું, જાઓ કુંવર, રથ હાંકવા માટે નિશાળમાંથી વ્યંઢળ મહેતાને તેડી લાવો. તેટલા માટે હું તમને તેડવા આવ્યો છું. તમે ઝટ ઊઠો. કારણ કે મારે યુદ્ધ કરી ગાયોને દુઃખમાંથી મુકત કરવી છે.એવું સાંભળી અર્જુને વિચાર કર્યો, જો નહિ ઊઠું તો મારે માથે પાપ બેસશે. વળી ગાયોને ભૂખી તરસી જાણશે તો ધર્મરાજા ઠપકો દેશે. એવું સમજીને અર્જુનજી યુદ્ધ કરવા માટે તત્પર થયા. ઓત્રાકુંવર તથા કિરીટધર બંને મહેલ પાસે આવ્યા.એટલે અર્જુને કહ્યું જાઓ કુંવરજી, તમે વસ્ત્ર શણગાર સજીને ઝટ આવો. એટલે કુંવર ઘરમાં ગયો. ત્યારે દ્રૌપદીએ અર્જુનજીને સાન કરી કે તમે ગાયોને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છોડાવો, ત્યારે કુંવરને બરોબર સાચવજો. એટલે અર્જુને પણ સાન કરી કે એને ભગવાન સાચવશે. એમ કહી પોતે રથશાળામાં ગયા, ત્યાં તો એકકે આખો રથ મળે નહિ, તો પણ અર્જુનજીએ દોરડાં બાંધીને રથ તૈયાર કર્યો. પછી તે રથને રથશાળામાંથી બહાર કાઢયો. ત્યાર પછી કીરીટધર હયશાળામાં દાખલ થયો. તો સારો ઘોડા પણ હાથમાં આવ્યો નહિ. બે ચાર ટટવા હતા તે પણ મડદાલ જેવાં હતાં. પછી અર્જુને તેમનાં પૂછડાં ઝાલીને ઊભાં કર્યાં. એ પ્રમાણે જેમ તેમ કરી હડસેલીને ટટવાં બહાર કાઢયાં, બહુ બળ કરીને ટટવાને રથ સાથે જોડયા, પછી જેમ તેમ કરીને ઘોંસરી મૂકી. એવામાં ઓત્રાકુંવર તૈયાર થઇને આવ્યો. રથનો તથા ટટવાનો ડોળ જોઇને કુંવર બહુ ગુસ્સે થયો. અર્જુનજીને કહેવા લાગ્યો, અરે વ્યંઢળ મહેતા, આ સંગ કેમ કરીને કેદાર પહોંચશે ? રથ તથા ઘોડા અધવચમાં અચકી જશે. અર્જુને કહ્યું, બીજા રથ તથા ઘોડા નથી, પણ કંઈ ફીકર નહિ. તમે તમારે રથમાં બેસી જાઓ, હું તમને સપાટામાં પહોંચાડી દઇશ. એટલે કુંવર શાંત થઇને રથમાં બેઠો. પછી અર્જુનજી રથ હાંકવા બેઠા. હાંકતામાં બે ઘોડા આવા પાછા થયા. બે ઘોડા ચાલે તો બે અચકે એ પ્રમાણે ઘોડાઓ રસ્તો બરોબર કાપતા નથી. બે ઘોડા નીચા છે અને બે ઊંચા છે, તથા બે કઇડકણા અને બુચા છે. તેમાં વળી શરીરે ગોબર ગંદા છે. અને બગઇઓ પણ બમણ્યા કરે છે. અર્જુનજી હડસેલી હડસેલીને હાંકે છે. પણ આડા અવળા ખસી જાય છે. વારે વારે ઊભા રહીને પેશાબ કરે છે. એક ચાલે છે તો એક બેસી જાય છે. વળી અર્જુન રથમાંથી ઊતરીને પૂછડું ઝાલીને ઊભા કરે છે, એ પ્રમાણે જેમ તેમ કરીને રથને દરવાજા આગળ લાવ્યો. એવામાં પુષ્પની છાબ લઇને ઓત્રા-કુંવરી બાગમાં સામી આવી. પોતાના ઓત્રાકુંવર બંધુને જોઇને પૂછવા લાગી, હે વીરા શીદ પધારો છો ? ઓત્રાકુંવર કહે, વહાલી બેન, હું યુદ્ધકરવા માટે જાઉં છું. હસ્તિનાપુરના રાજા દુર્યોધને આપણી ગાયોને રોકી છે. તેથી તેમને છોડાવવા જાઉં છું. એટલે ઓત્રાએ કહ્યું, મારા વહાલાબંધુ ખુશીથી પધારો. શત્રુને જીતી વહેલા આવજો અને શત્રુનાં વસ્ત્ર શણગાર વિગેરે મારે ઢીંગલા કરવા માટે લાવજો. એવાં વચન સાંભળીને અર્જુનજીએ વિચાર કર્યો, પુષ્પ સાથે નાહેલી કુંવારી કન્યા સામી મળી છે માટે જરૂર જીતીને વહેલા આવીશું, કહો ના કહો પણ જયજયકાર વરતાશે. એ પ્રમાણે કીરીટધર આનંદ પામ્યો. પછી ઓત્રા નગરમાં વિદાય થઇ એટલે વ્યંઢળ રથથી નીચે ઊતર્યો,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અને ઇંદ્રનો આપેલો અશ્વમંત્ર ભણી પોતે ઘોડાના કાન ફુંકયા એટલે ઘોડા વાયુવેગે ઊડયા ને અર્જુનજી દોડીનેરથમાં બેસી ગયા.બંનેજણાચાલ્યાચાલ્યા સ્મશાન ભૂમિમાં આવ્યા.ઓત્રાકુંવર અર્જુનજીનું પરાક્રમ જોઇ ખડખડહસવા લાગ્યો. વળી કહેવા લાગ્યો, અરે વ્યંઢળ મહેતા તમે બહુ હોંશિયાર છો કારણ કે ત્રણ કોટીનાં ટટવાંને તમે પંખાળ કર્યા. પછી અર્જુનજીએ જયાં પોતાનાં આયુદ્ધ સમડાના વૃક્ષ ઉપર મૂકયાં છે ત્યાં રથને ઉભો રાખ્યો.એટલે ઓત્રાકુંવરે કહ્યું, અરે વ્યંઢળ મહેતા, શા માટે રથને મશાણમાં લાવ્યા ? અર્જુન બોલ્યો, મારા આયુદ્ધ લેવા માટે આવ્યો છું. તમે વૃક્ષ ઉપરથી મારાં આયુદ્ધ લાવી આપો કારણ કે હું ઘોડા ઝાલી રાખું છું. કુંવર કહે,અરે વ્યંઢળ મહેતા, તમારે આયુદ્ધનું શું કામ છે ? તમે ફકત રથને હાંકજો એટલે બસ છે,હું યુદ્ધ કરનાર કંઇ કમ નથી. અર્જુનજી કહે, તમે આયુદ્ધ લઈ આવો તો બહુ સારું.એટલે ઓત્રાકુંવર નીચે ઉતરીનેજેવો ઝાડને બાઝે છે તેવો તક્ષક નાગ ફણા ચઢાવીને તૈયાર થયો. કુંવર એકદમ પાછો નાઠો. કુંવરે અર્જુનને કહ્યું.જાઓ વ્યંઢળ મહેતા,તમે લાવો.અર્જુનજી કહે લો અછોડા પકડી રાખો. હું ઝાડે ચઢીને લાવું છું. એમ કહી પોતે નીચે ઉતરીને ઝાડ ઉપર ચઢયો એટલે નાગે ફરીથી ફુંફાવાટો કર્યો. ત્યારે અર્જુને બોધ કર્યો,હું,અર્જુનજી છું માટે ક્રોધ કરશોનહિ.મારે હાલ હથિયારની જરૂરપડી છે,માટે અહીં આવ્યો છું.ચાર ઘડી યુદ્ધ કરીને પાછા આપી જઇશ.ત્યારેતક્ષક નાગે કહ્યું, અલ્યા ભાઈ, મને વહેમ રહે છે. અર્જુને કહ્યું. ને મારો ભીમસેન ભાઇ બંને મુકવા સારુ આવ્યા હતા.હું પણ તક્ષક કહે તો કેમ સાચું માનું? તે કરતાં તમે તમારા નામ જાણતા હશો માટે ગણી બતાવો. અર્જુનજી કહે આખર સુધી બાર નામ ધરીશું પણ હમણાં આઠ નામ ધરાયાં છે,ચારનામ આગળ ધરાશે. તક્ષક કહે તે આઠનામ ગણી બતાવો, એટલે અર્જુને તક્ષકને ગણાવ્યાં, કુંતાનંદન, પાંડુનંદન ઇંદ્રનંદન, નર, પારથ, કિરીટ-ધર, ધનંજય અને આઠમું નામ હાલ અર્જુનજી છે. માટે હવે હથીયાર આપો.

જો હું પાછા ન આપી જાઉં તો મને ચાર હત્યાનું પાપ એટલે તક્ષક નાગ અળગો ખસી ગયો. અર્જુનજીએ પોતાનો અક્ષય ભાથો મથા ગાંડિવ નામા ધનુષ ઉપાડી લીધું. પોતે હરખ ભર્યો વૃક્ષ ઉપરથી ઉતરીને રથમાં બેસી ગયો. પછી ઘોડાના અછોડા હાથમાં પકડી લીધા, ત્યારે કુંવરે કહ્યું, અરે વ્યંઢળ મહેતા, આવડું મોટું ધનુષ લાવ્યા તે કોણ ચઢાવશે ? એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અર્જુન કહે, આ ધનુષથી હું મારું રક્ષણ કરીશ, એમ કહીને રથને હંકારી દીધો, રથ વાયુ વેગે ચાલ્યો જાય છે. જતાંજતાં કૌરવોનું સૈન્યઆઘેથી દેખાયું. હાથી ઘોડા, ઉંટ, મનુષ્ય રથ વિગેરે અથાક છે તેથી કુંવરે પૂછયું, અરે વ્યંઢળજી પણે કેમ આટલા બધા લોકો ભેગા થયા છે ? એટલે અર્જુને જવાબ આપ્યો.અરે કુંવરજી,એ તો દુર્યોધન રાજાનું સૈન્ય છે,વળીતેમાંભીષ્મ વિગેરે મહા બળવાન યોદ્ધા છે,એટલે કુંવર કહે, ઓ વ્યંઢળ મહેતા,આપણી પાસે તો બિલકુલસૈન્ય નથી અને એની પાસે તો અપારસૈન્ય છેતેથી આપણે કેમ કરીને પહોંચીશું ? આપણું ગજું પહોંચે તેવું લાગતું નથી માટે રથને સ્થંભાવો, ઓ વ્યંઢળજી, રથને પાછો વાળો,નહિ તો મરણ પામીશું.અર્જુન કહે, સામા જઈસંગ્રામ કરવો છે કંઇ રમત કરવા માટે આવ્યા નથી. હવે જો પાછા વળીએ તો બાપનું નામ બોળાય.એમ કહીને ઘોડાને દોડાવીમૂકયા.

કુંવરે એટલે ચીસ નાખીને કહ્યું, ઓ વ્યંઢળ,ઘોડાને પાછા વાળો નહિ તો મારા પ્રાણ તજીશ.મારા બાપને હું એકનો એક છું તેથી મારુ મૃત્યું સાંભળી તે આક્રંદ કરશે,અને મરણ પામશે. ઓ વ્યંઢળમહેતા,તમને પગે લાગું છું.એમ કહી રડી પડયા. તો પણ અર્જુનજી ખચમાયો નહિ, તેથી ઓત્રા કુંવર એકદમ ઉતરી પડયો. અર્જુને વિચાર કર્યો, જો એકલો યુદ્ધે જાઉં તો મને સહુ ઓળખી જાય અને વનમાં મોકલે. ધણી વિના શું બાનુ બતાવું ? જો કુંવરને ઝાલવા માટે રથને પાછો વળું તો જગતમાં પૂંઠ દેખાડી કહેવાય એવું જાણીને ઘોડાને પાછે પગે ખેંચોટી લીધા.પછી નાગપાસથી ઓત્રાકુંવરને અવળો બંધન કર્યો. ગળમાં ધનુષની બેડી નાંખીને ઉંચકી બંધન રથમાં નાંખ્યો અટલે કુંવર રડી રડીને કહેવા લાગ્યો,ઓ વ્યંઢળ મહેતા,તમેઅમારી ક્ષત્રીની વાત સાંભળો. હું તમને પહેલેથી કહી સંભળાવું; અરે મહેતાજી આખી દુનિયામાં સૌથી બળવાન ક્ષત્રી છે. તેમાં સઘળા ક્ષત્રીઓમાં બળવાન આ છત્રપતી દુર્યોધન છે. આ દુર્યોધન રાજા ચોરાસી હજાર દેશનો ધણી છે. એને જીતે તેવું પાંડવો સિવાય કોઇ નથી. પાંડવો બહુ બળવાન છે; પણ તે તો વનમાં ગયા છે;ત્યારે વ્યંઢળ મહેતા બોલ્યા. ઓત્રાકુંવર. જો તને હું બધી વાત કહું.તું ચાર દિવસ કોઇને વાત કરે તો તને બ્રહ્મહત્યાનું પાપછે. તેં પાંડવો બળવાન કહ્યા પણ તે પાંડવો તારા ઘરમાં છે. જે તારી ગાદીના ગુરુ થઇને રહ્યા છે અને જેનું નામ કિંકઋષિ છે. તે જાતે ધર્મરાજા છે. વળી ગાયો ચારીને પોતાનું પેટ ભરે છે અને જેનું હાલ નામ પંથજી છે. તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સહદેવ જોષી છે. ઘોડા ભણાવીને પેટ ભરે છે, અને બહાદુર નામથી ઓળખાય છે તે નીકુળજી, વળી તારા મામાને માર્યાનું આળ સૈયંદ્રી ઉપર આવ્યું હતું તે જ જાતે દ્રૌપદી છે. જેણે તારા સો મામાને ઠેર મારી નાંખ્યા અને હાલ જેનું વાલવો નામ છે તે ખુદ ભીમસેન છે. હું મહેતા થઇને રહ્યો છું તેજ હું જાતે અર્જુનજી છું. મચ્છવેધ મેં કર્યો હતો. અને અભિમન્યુ નામનો મારો પુત્ર છે. દ્રોણની પાસે હું વિદ્યાર્થી થઇને રહ્યો હતો તેથી સઘળી બાણ વિદ્યા જાણું છું. એવું સાંભળીને કુંવર ગાજીને બોલ્યો. ઓ પિતાજી, હવે મારા હાથ છોડી નાખો અને દુષ્ટ દુર્યોધનને શિક્ષા કરવા માટે ઉતાવળા ચાલો, હું તમારો દીકરો ને તમે મારા બાપ. હવે હું બિલકુલ ડરવાનો નથી. અરે તાતજી, તમે મારી વાત સાંભળી લો, તમારા સારથિ રણછોડ તમે તેમનાથી મોટા છો અને વળી તમે મારા સારથિ તેથી તમારા કરતાં હું નસીબવાળો છું. ઓ પિતાજી, તમે મને બહુ માન આપ્યું. હવે રથને ઉતાવળો હાંકો, કારણ કે મારે દુષ્ટનો નાશ કરવો છે. વળી પાપી દુર્યોધનને મારે મહેણાં દેવાં છે. ત્યારે અર્જુનજીએ જાણ્યું, હવે કુંવરનો વહેમ જતો રહ્યો. પછી પોતે ઓત્રાકુંવરના હાથ છોડી નાંખ્યા. હાથ છોડી નાખીને રથ વાયુ વેગે ઉડાડયો. બંને જણા રથને લઇને સૈન્યના સામા જાય છે એટલે કૌરવોએ રથને જોયો. જયદ્રથે દુર્યોધનને કહ્યું, અરે છત્રપતી રથનો હાંકનાર અર્જુનજી લાગે છે. એટલે દુર્યોધને ભીષ્મપિતાને જણાવ્યું, આતો અર્જુનજી છે. એવું સાંભળી ભીષ્મજીએ જવાબ આપ્યો, અરે મૂર્ખા, જરા વિચાર તો કર. અર્જુન તો નર છે અને આ તો વ્યંઢળ છે, માટે અર્જુનજી નથી નકામો લવારો કર્યા સિવાય બેસી રહે.

દુર્યોધન કહે, અરે દાદા, એની હાંકણી જરૂર અર્જુનજી જેવી છે માટે તે જરૂર ધનંજય છે. ભીષ્મપિતાએ અર્જુનને ઓળખ્યો છે પણ બિચારા પાંડવોને વનમાં જવું પડે એટલા માટે દુર્યોધનને ગમે તેમ સમજાવે છે. હવે અર્જુનજી રથ લઇ કૌરવોના સામા આવી ને ઊભા રહ્યા. એટલે દુર્યોધન બોલી ઊઠયો, ઓ દાદા, નિશ્ચે આ અર્જુન છે, હવે ખોટું માનશો નહિ, તેના નાકની ટીસી અર્જુનના જેવી છે, ભ્રમર ભ્રકુટી પણ તેના જેવી છે તે ઉપરથી જરૂર અર્જુનજી છે, અરે ઓ દાદા તેનો હાથ ઝાલીને વનમાં મોકલી દો. એટલે ભીષ્મપિતા બોલ્યા અલ્યા, મૂર્ખા એ તો વ્યંઢળ છે, જો તે અર્જુનજી હોય તો સઘળાને પૂછી જો. કોઈ તેને અર્જુનજી કહે છે? શું અર્જુનજીના જેવી આકૃતિ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બીજાને નહિ હોય ? એટલે દુર્યોધને જવાબ આપ્યો, હે દાદા, તમે તેનો પક્ષ કરો છો, તે હું સઘળું જાણું છું, પણ તેના મોંઢે કહી બતાવું, તું અર્જુનજી છે, પછી શું કરશો ? એવું કહીને દુષ્ટ અર્જુનજી પ્રત્યે બોલ્યો, અરે ધિક્કાર છે કુંતાપુત્ર! છેવટે વ્યંઢળ વેશ લેવો પડયો? એટલે ઓત્રાકુંવર ક્રોધ કરીને બોલી ઊઠયો, અરે અધર્મી, અહીં તારો બાપ અર્જુન કયાં છે? દુષ્ટ કહે, અલ્યા છોકરા ચૂપ રહે, નહિ તો તારું રાજપાટ છીનવી લઇશ. એવું સાંભળી ઓત્રાકુંવરે કહ્યું, જા જા, મૂઢમતિ, તું આખલાનો પુત્ર શું છીનવી લેશે ? એટલે કર્ણ રાજા બોલ્યો; છાનો રહે બાળકડા,હમણાં હાર પામી નાસી જઈશ.ત્યારે કુંવર કહે, ચુપ રહે, હે દાસીપુત્ર, તું તારા મનમાં શું સમજીને બોલે છે ? મારા વ્યંઢળ મહેતાજીને કોણ નર કહેનાર છે ? લડવું હોય તો ચાલો લડવા માંડો, હું કોઇનો ઝાલ્યો રહેનાર નથી. એવું સાંભળી ભીષ્મપિતા તથા દ્રોણ વિગેરે સતીઆ પુરુષો હસી પડયા. વળી પોતાના મનમાં આનંદ પામ્યા. વ્યંઢળ મહેતાએ પુત્રને ઠીક ભણાવ્યો છે. હાશ હાશ, દુષ્ટને ઠીકે મહેણાં માર્યાં છે.

એવામાં દુષ્ટ દુર્યોધન બોલી ઊઠયો, અલ્યા, શું જોઇ રહ્યા છો ? દુશ્મનને ઠેર મારી નાંખો. એમ કહી પોતાનો હાથ ઊંચો કર્યો એટલે સૈન્યના સમગ્ર લોકો બાળક ઉપર માર મારવા તૂટી પડયા. બળવાન ઈંદ્રકુમાર અર્જુનજીએ રથમાંથી પોતાનું ગાંડિવનામાં ધનુષ હાથમાં પકડીને પહેલવહેલો ટંકાર કર્યો. તેથી તે શબ્દ ત્રિલોકમાં પહોંચ્યો. દશે દિગપાળ ડોલવા લાગ્યા. ધરતી ધ્રૂજવા લાગી અને પાતાળ ખળભળી ઊઠયું. લંકામાંથી હનુમાનજી આવીને નરના રથની ધજાએ પૂંછડું વીંટાળીને બેઠા. એટલે દુષ્ટ દુર્યોધન બોલી ઊઠયો. અરે દાદા,હવે તેના કર ઝાલીને વન વિષે મોકલો.હનુમાનજી સદાકિરીટ ધરની ધજાએ બીરાજે છે, માટે અર્જુનજી છે. એટલે ભીષ્મપિતા કહે, જો કપિના બેસવાથી અર્જુનજી મનાતો હોય તો હનુમાનજી રોજ રામના રથે બેસતા હતા. જેમ ત્યાં બેસતા હતા તેમ અહીં બેઠા છે. જે સાધના કરે તેની પક્ષ કરવા સારું આવે છે, જો તું સાધના કરે તો તારી પક્ષે આવીને તારી રથની ધજાએ બેસશે. એવું ભીષ્મનું બોલવું સાંભળીને દુર્યોધનને શકુનીને કહ્યું, જુઓ મામા, આ ડોસો ઊઘાડી આંખે જુવે છે છતાં અવળું બોલે છે. એટલે મામો કહે, કયાં સુધી પક્ષ કરશે ? હવે આપણે હથિયાર લઇને તેમની સાથે યુદ્ધ શરૂ કરો. ત્યારે ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય આ ચાર સતીઆ પુરુષોએ વિચાર કર્યો, આપણે કેમ કરીશું ? એટલે દ્રોણગુરુએ કહ્યું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અહીં ઊભાઊભા આડાઅવળાં બાણ ફેંકો, ફક્ત આપણે એટલો નિશ્ચય કરવો આપણાં બાણ અર્જુનજીના રથમાં જાય નહિ, કદાપિ કોઇ બીજાનું બાણ ત્યાં જતું હોય તો આપણે તે બાણનો નાશ કરવો, એ પ્રમાણે આપણે અર્જુનની તથા કુંવરની રક્ષા કરવી. એમ નિશ્ચય કરી પોતે યુદ્ધમાં તૈયાર થયા. એવામાં ઓત્રાકુંવર બોલ્યો, હે અર્જુનજી તમે નિરાંતે બીરાજો અને મને યુદ્ધ કરવા દો એટલે અર્જુને કહ્યું, વારુ બેટા, એમ કહીને પોતે ઓત્રા કુંવરના રક્ષણાર્થે અક્ષય બ્રહ્મનું બાણ લીધું, પછી તે બાણને કુંવરની રક્ષા કરવા સારું તેના ઉપર મૂકયું. એવું કરીને અર્જુનજી નિરાંતે બેઠા, એટલે કુંવરે ધનુષ ઉપર બાણ ચઢાવ્યું. હવે કૌરવોમાં દુર્યોધનની આજ્ઞાથી સઘળાસૈન્યના લોકો કુંવર ઉપર તૂટી પડયા, ફકત ચાર સતીઆ પુરુષો કુંવરના રથમાં પોતાનાં બાણ જવા દેતા નથી. કૌરવોમાંથી કર્ણરાજા જબરું જોર જણાવે છે.

ઓત્રાકુંવર ઉપર ઘણાં આયુધ આવે છે પણ અર્જુનજીએ તેના રક્ષણાર્થે બાણ મૂકયું છે તેથી કુંવરને ઈજા થતી નથી. જેટલાં આયુધો આવેછે. તેટલાંને અર્જુનજીનું મૂકેલું બાણ ભાગી નાખે છે. તે દેખીને ઓત્રા કુંવર ઘણો ખુશી થયો, ત્યાર પછી વૈરાટરાજાના પુત્રે કર્ણરાજાના માથાનો મુગટ ગગનમાં ઉડાવી દીધો, તેથી કર્ણરાજાએ ચીડાઇને અર્જુનજીને મોહસ્ત્રબાણ માર્યું, એટલે તે બાણથી અર્જુનજી બેભાન થઇને ધર્ણ ઢળી પડયો. વળી કર્ણે બીજા વજ્રાસ્ત્રના બાણ વડે કુંવરનો રથ ભાગ્યો તેથી ઓત્રાકુંવર તથા કપિ બંને જણા પૃથ્વી ઉપર પડી ગયા. આમ બનવાથી કુંવરે વિચાર્યું, રખેને મારા અર્જુન પિતાને કોઇના હથિયારથી નુકશાન થાય, એમ ધારી પોતે કિરીટધરના આગળ આવીને ઊભો. પછી ત્યાંથી ઊભો ઊભો યુદ્ધ કરે છે. એટલામાં અર્જુનની મૂર્છા વળી. અર્જુનજીએ કુંવરને દુઃખી જોઇ ને કુંવરની ફરસી ઉપાડી લીધી અને કૌરવના દળમાં પેસી ગયાં, ત્યાં જઇને સુશર્માને નીચે નાંખી ઘોડા સહિત રથ ખેંચી લાવ્યો. ત્યારે કુંવરતથા કપિ તે રથમાં બેઠા. અર્જુનજી ધનુષ ઉપર બાણ ચડાવીને કૌરવોમાં ફેંકયા કરે છે. એવામાં ઓત્રાકુંવરે એક અગણીતું બાણ લઇ મોહાસ્ત્રનો મંત્ર ભણી કૌરવોમાં છોડી દીધું. એટલે તે બાણનાં અગણીતાં બાણ થઈ સહુના હૃદયમાં વાગ્યા, તેથી કૌરવની સૈન્યના લોકોના પ્રાણ ઉંચા ચડયા અને હાથી, ઘોડા, ઊંટ, વિગેરે ધર્ણ ઢળી પડયા. એકલા ચાર સતીઆપુરુષો વિના સર્વે બેભાન થયા. એટલે અર્જુનજીએ કહ્યું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નિશાની રહેશે, માટે તે બાબત ખરી યુકિત ચલાવવી જોઇએ. એમ કહી પોતે પવનાસ્ત્રનોમંત્ર ભણી એક બાણ કૌરવોમાં ફેંકયું.તેથી તે બાણના પ્રભાવ વડે સઘળા યોદ્ધાની ડાબી બાજુની એકેકી મુછ કપાઈ ગઈ. તે જોઇને સતીઆ પુરુષો આનંદ પામ્યા.વળી ચાર સતીઆઓએ ઊંચો હાથ કરીને અર્જુનજીને આશીર્વાદ આપ્યો, બેટા, સદા તમારી જય થાજો. પછી સતીઆ માંહેમાંહે વિચાર કરવા લાગ્યા. આપણને કોઇ દેખશે તો વહેમ ભરાશે. વળી દુર્યોધનને ખબર પડશે તો આપણને ઠપકો દેશે. માટે આપણે રથમાં સૂઇ રહો. એમ વિચારી ચારે સતીઆ પુરુષોએ રથમાંઆરામ લીધો.હવે ઓત્રાકુંવરે અર્જુન જીને કહ્યું કે પિતાજી, મારી બહેને શું કહ્યું હતું તે વાતને યાદ કરો, તેણીએ દુશ્મનનાં વસ્ત્ર શણગાર ઢીંગલે રમવા માટે મંગાવ્યાં છે. એટલે અર્જુનજી બોલ્યા,બેટા, તું જઇને લાવ,ફકત પેલા સતીઆ પુરુષોના રથમાં ચઢીશનહિ.

એવું અર્જુનજીનું બોલવું સાંભળીને કુંવર ખુશી થયો અને એક વસ્ત્રની ઝોળી વાળીને પોતે રથમાંથી નીચે ઉતરી પડયો. પછી ચાલ્યો ચાલ્યો દુર્યોધનના રથ ઉપર જઇને બેઠો, તેણે છત્રપતીનાં વસ્ત્ર તથા શણગાર ઉતારી લીધાં, પછી કરણરાજાને લુંટી લીધો. એ રીતે. ગભરાયા સિવાય તમામ યોદ્ધાને લુંટયા.કુંવરને જેજે સારાં વસ્ત્રો આભૂષણ માલુમ પડતાંજાય છે તે તે લેતો જાય છે એમ કરતા કરતા સતીઆ પુરુષોના રથમાં જવાનો વિચાર કર્યો પહેલવહેલો ભીષ્મના રથ ઉપર ચઢવાગયોકે ભીષ્મજીએ ઊંચોહાથકર્યો.એટલે કુંવર ચીસ પાડીને દોડયોદોડયો અર્જુનજીનાપાસે આવતોરહ્યો.આવીને કહેવા લાગ્યો કે હે અર્જુનતાત,એકડોસો જાગે છેતેણેમનેધમકાવ્યોત્યારેકીરીટધરેકહ્યું, અરેબાળક,મેંતનેપહેલેથીનાકહ્યુંહતુંછતાં તુંશામાટેત્યાંગયો?કુંવરેકહયું, મારી ભૂલ થઈગઇ. એમકહી પોતેઅર્જુનનીઆગળસઘળા આભૂષણોમૂકયાધનંજયે કહયું,શાબાશબેટા,તેંઠીક કયું.એવામાંકૌરવોનાસઘળાયોદ્ધાઓનીમુર્છાવળવા માંડી એટલે એક એક ઉભા થયા. તમામ લડવૈયા કુંવરથી ભય પામી નાસી ગયા. સર્વના ગયા પછી પેલા સતીઆ પુરુષોએ અર્જુનજીનેસાન કરીનેપૂછયું, દીકરા. હવે પ્રગટ થવાના કેટલા દહાડા છે? અર્જુનજીએ સાન બતાવીનેકહયું, ચાર દિવસ બાકી છે. એટલે સતીઆ પુરુષોએ વાત ધ્યાનમાં રાખી આવેલાં પંથે પળ્યા. તેઓ આગળ જતાં કૌરવોને પહોંચી વળ્યા. એવામાં દુર્યોધને પૂછયા, મામા,તમારી મૂછ કયાં ગઈ છે?વળી હે કર્ણભાઇ,તમારીકયાંછે? એટલે બંને જણાએ જવાબ આપ્યો, અરે છત્રપતી, તમારે પણ અમારા જેવી જ છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એ પ્રમાણે સર્વે જણાએ જોયું તો અકેકી મુછ જણાઈ નહિ. તેથી તેમણે વિચાર કર્યો,અકેકી મુછ શોભે નહિ માટે દરેક જણે બાકી રહેલી મુછ બોડાવી તેથી જાણેપોતાના બાપનુંસુતક કાઢયુ હોય એવું જણાયું. પછીસઘળાકાળેમોઢે હારીને હસ્તિનાપુર તરફ ચાલ્યા. હવે હર્ષ ભર્યો અર્જુન રથથી નીચે ઉતરીને ઘેરેલી ગાયો પાસે ગયો. તો ગાયો તરસી છે એમ જણાયું, તેથી તેણે ગંગાશસ્ત્રનો મંત્ર ભણી એક બાણ પૃથ્વીમાં માર્યું, પૃથ્વીમાંથી જળની ધાર નીકળી, સઘળી ગાયોએ તે પાંણી પીને અર્જુનને આશીર્વાદ આપ્યો. પછી અર્જુને તે ગાયોનું ટોળું ગામમાં હાંકી મૂકીને પોતે રથમાં બેસી ગયો.

હવે ત્યાંથી કુંવર તથા કીરીટધર સ્મશાન ભૂમિમાં આવ્યા. અર્જુન ઘોડાના અછોડા કુંવરને સોંપી સમડીવૃક્ષે ગયો, ત્યાં જઇને પોતાના આયુદ્ધ તક્ષક નાગને સોંપી દીધાં. પછી રથમાં બેસી બંને જણા ગામમાં આવ્યાં. એવામાં વૈરાટરાજા પણ ઉંજાણી જમીને ઘેર આવેલ છે. તે તથા ધર્મરાજા રાજસભામાં બેઠા બેઠા બાજી રમે છે, અને આનંદ કરે છે. હવે સુદષ્ણા પ્રભુનું સ્મરણ કરવા માટે એકાંતમાં બેઠી હતી, ઓત્રાકુંવર યુદ્ધ કરવા ગયો છે, તેની તેને બિલકુલ ખબર ન હતી, એવામાં હરિસ્મરણ પૂરું કર્યાં બાદ તે બહાર આવી તો કુંવર યુધ્ધે ગયાની વાત સાંભળી, તેથી સુદષ્ણા એકદમ રાજસભામાં દોડી આવીને રાજાને કહ્યું. ઓત્રાકુંવર દુર્યોધનના સામુ યુદ્ધ કરવા માટે ગયો છે. અપશુકન નડવા માટે પોતાની સાથે વ્યંઢળ મહેતારે તેડી ગયો છે. એવું સુદષ્ણા રાણીનું બોલવું સાંભળીને વૈરાટરાજા ભય પામ્યો કે રખેને મારો કુંવર મરણ પામશે. એમ ધારી પોતાનાં હાથમાં બાજી રમવાના જે ત્રણ પાસા હતા તે રાજાએ પૃથ્વી પર પછાડયા એટલે તેમાંથી એક પાસો ઉછાળીને ધર્મરાજાના લલાટે વાગ્યો તેથી રુધિર નીકળ્યું તે જોઇ દ્રૌપદી એકદમ દોડી આવી અને ધર્મરાજાનું રુધિર તેના હાથમાં ઝાલીને પોતાના હાથમાં ઘાલ્યું, નીકળેલા રુધિરનો છાંટો ભૂમિ ઉપર પડવા દીધો નહિ. કારણ કે કીરીટધરનો એવો નિયમ છે કે ધર્મ-રાજાને જે માણસ રુધિર કાઢે તેને મારી નાંખવો અને કદાચ રુધિરનો છાંટો નીચે પડે તો તો આખા કુટુંબ સહિત તેનો નાશ કરવો. એટલા માટે દ્રૌપદીએ રુધિર પોતાનાં મસ્તકમાં ઘાલ્યું અને લલાટે પાટો બાંધ્યો. હવે વૈરાટરાજા તો બેશુદ્ધ થઇને પડયો છે. એવામાં ઘેરાયેલી ગાયો તથા ગોવાળિયા નગરમાં આવ્યા, તેથી નગરવાસી આનંદ પામ્યા. ગોવા-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ળિયાઓએ રાજસભામાં જઇ વૈરાટરાજાને વધામણી ખાધી. તમારા બાળકે છત્રપતીને હરાવ્યો. એવું સાંભળી વૈરાટરાજા ઊભા થયો અને પોતાના કુંવરને મોતી પુષ્પોથી વધાવા સામો જવા માટે તૈયાર થયો. ત્યારે દ્રૌપદીએ વિચાર્યું, જો અર્જુનજી ધર્તરાજાને વાગ્યું છે એમ જાણશે તો વૈરાટ-રાજાને ઠેર મારશે. તેથી વૈરાટરાજાને કહ્યું, રાજાજી આપ જે વખતે કુંવરજીને તેડીને પાછા પધારો તે વખત વ્યંઢળ મહેતાને બારોબાર નિશાળે મોકલી દેજો. કારણ કે તે આવે તો તેના શુકન કોઈ દિવસ ખોટા પડે. એમ કહીને સર્વને સામા મોકલ્યા. દૂરથી અર્જુનજીએ વૈરાટરાજાને જોઇ કુંવરને એવો ઉપદેશ કર્યો કે બેટા! તું મારા અવગુણ ગાજે, કારણ કે અમારે હજી ચાર દિવસ છાના રહેવાનું છે. એવું સાંભળી કુંવર બોલ્યો, અરે તાતજી, આપ કાંઈ પણ ચિંતા કરશો નહિ, આપના પ્રતાપથી મારી મતિ સુધરી છે. એમ વાતો કરતા કરતા દરવાજામાં આવ્યા એટલે વૈરાટરાજાએ તથા રૈયતે સર્વે મળીને કુંવરના ઉપર પુષ્પ વૃષ્ટિ કરી. પછી વૈરાટરાજાએ અર્જુનજીને કહ્યું, તમે નિશાળે જાઓ. એવું સાંભળી અર્જુનજી મનમાં કંઇ પણ લાવ્યા વિના નિશાળે ગયા.

કુંવરજીને રાજસભામાં લાવ્યા. વૈરાટરાજાએ કુંવરને કહ્યું, બેટા, તે બળિયા સાથે શી રીતે બાથ ભીડી? એવું સાંભળી કુંવર બોલ્યો, અરે તાત, તમે તો બાગમાં ઉજાણી જમવા ગયા અને દુર્યોધને ગાયોને ઘેરી ગોવાળિયાઓને પુષ્કળ માર માર્યો, તે જાણીને રથ હાંકવા માટે હું વ્યંઢળ મહેતાને તેડી લાવ્યો. બિચારા વ્યંઢળ મહેતાએ જેવો તેવો રથ તથા જેવા તેવા ઘોડા તૈયાર કર્યા. પછી રથમાં બેસી અમે નગર બહાર ગયા તો કૌરવ સૈન્ય દેખાવા લાગ્યું, તે જોઇ ને વ્યંઢળમહેતો ભયપામીને રથથી ઉતરીને નાઠો, મેં તેને કબજે રીને મારી સાથે લીધો. ને અમે સૈન્યના સામા જઈને ઊભા; એટલે દુર્યોધન બોલ્યો, અરે છોકરા, તું શા માટે સામો આવ્યો? એવું સાંભળી મને ક્રોધ ચઢયો, તેથી મેં તેને એક બાણ મારી ધરણ ઢાળ્યો પછી મેં બીજું બાણ મારી કર્ણરાજાને ગગન ઉડાડયો એટલે સૈન્યાના લોકો ભય પામીને નાસી ગયા. એ પ્રમાણે જયજયકાર વર્તાવી ગાયોને લઈને હું ઘેર આવ્યો, એટલે વૈરાટરાજાએ ઉભા થઇને કુંવરને બાથમાં વાલી ગાદી ઉપર બેસાડી આશીર્વાદ દઈ કુંવરને કહ્યું, બેટા. તું મોટો થઇશ એટલે ઇંદ્રાસન લઇશું. એ પ્રમાણે બાળકનું બોલ્યું વૈરાટરાજાએ સત્ય માન્યું. પછી કુંવર ઘેર ગયો એટલે સુદક્ષણા તેને જોઈને બહુજ હરખ પામી. રાત્રિ પડી ત્યારે કુંવર રાજસભામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધર્મરાજા પાસે ગયો. ત્યાં જઇ ધર્મરાજાના ખોળામાં પોતાનું શીશ મૂકી પગે લાગ્યો,એટલે યુધિષ્ઠિરેઆશીર્વાદદઇ તેના મસ્તક ઉપર પોતાનો હાથ મૂકયોને કુંવરને કહયું, બેટા, અમારી વાત બહારપાડીશ નહિ. એટલે કુંવર બોલ્યો, બહુ સારું પિતાજી. એમ કહી પોતે નીકુળજીની પાસે ગયો. ત્યાં જઇ નમી પડીને પુત્રભાવ જણાવ્યો. નીકુળે કહયુ, ચાર દિવસ સમજીને બેસી રહેજે. એટલે કુંવરે જવાબ આપ્યો, પિતાજી, હું સમજું છું. એમ કહી ગૌશાળામાં સહદેવજી પાસે ગયો. ત્યાં સહદેવજીએ સમજાવ્યો, બેટા અમારી વાત છાની રાખજે.એટલે સુત કહે બહુ સારું પિતાજી.એમકહી ભીમને રસોડે ગયો. ત્યાં કુંવરજઈવિલવાજીનેપગે લાગ્યોભીમે જાણ્યું,જરૂર વ્યંઢળ મહેતા એવિદ્યા ભણાવી હશે. એમ ધારી કુંવરને કહયુ, બેટા,અમારી વાત ચાર દિવસ છાની રાખજે. એવું સાંભળી કુંવર કહે વારું પિતાજી, હું કાંઈ કહેવાનો નથી. એમ કહીત્યાંથીનીકળીદ્રૌપદીને મળ્યો, સતીને પગે લાગીને બોલ્યો,અરેમાતા, હું તમારો છોકરો છું. હે માતા મારા દુશ્મન મામાએ તમને ઘણું દુઃખ દીધું તથા પુષ્કળ મારા માર્યો માટે જરૂર તેઓ નર્કે જાય એવું ઈચ્છું છું. એટલે સતીએ આશીર્વાદ દઈ તેને કહયું. બેટા, ચાર દિવસ વાત છાની રાખજે. એમ કુંવર સર્વેને મળ્યો. પછી કુંવર હરિ ભજનમાં ભળ્યો.

સંગમાં રંગ લાગ્યા વિના રહેતો નથી,તેણેહંમેશ,નિયમ રાખ્યો. પ્રભાતે વહેલા ઉઠીને સૂર્ય ઉદય થયા પહેલાં હરિસ્મરણ કરી લેવું, ત્યાર પછી ધર્મ રાજાનાં દર્શન કરી નિશાળે જવું. એમ નિત્ય સેવા કર્યા કરે છે. એમ કરતાં કરતો ત્રણ દિવસ વહી ગયા, એટલે ચોથા દિવસની સાંજે સહદેવ જોષીટીપણું ખોસીને ભીમસેનના રસોડે ગયા, ત્યાં જઇ ભીમસેનને કહયું, હે વીરા ! હવે દિવસો પૂરણ થયા છે માટે સવારે પ્રગડ થવું જોઇએ. હવે શા સારું સંતાવું પડે ? એવું સાંભળી ભીમસેન ખુશી થઈ બોલ્યો, જોષીજી, તમે બરોબર મધ્યરાત્રિએ અહીં આવજો અને હું અત્યારે સર્વેને ખબર આ પું છું તેથી તેઓ પણ મધ્યરાત્રિએ આવશે. એમ કહી પોતે સહદેવજીને વિદાય કરીને હયશાળામાં નીકુળજી પાસે આવ્યો. ત્યાં નીકુળજીને કહીને વ્યંઢળ મહેતા પાસે ગયો. અર્જુનજીને કહયું, બરોબર મધ્યરાત્રિએ આવજો. પછી પાછો ધર્મરાજાને કહેવા લાગ્યો, મોટાભાઈ, આજ મધ્યરાત્રિએ મારા રસોડે પધારજો. પછી દ્રૌપદીને પણ તેની ખબર આપી આવ્યો, આ વાત સાંભળી સર્વે પાંડવોને હરખ ભરાઇ આવ્યો. મધ્યરાત્રિ થઇ એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધર્મ તથા અર્જુન બંને રસોડે આવ્યા. ત્યાર પછી નીકુળ તથા દ્રૌપદી આવ્યાં તે કેડે સહદેવ જોશી પણ આવી પહોંચ્યા, ત્યાર પછી ધર્મરાજાએ સહદેવ જોશીને કહ્યું. આપણે કાલ સવારે પ્રગટ થઈએ તો તેમાં શી લાજ છે? પણ ગાદીનું મૂહુર્ત કયારે છે? એવું સાંભળી સહદેવજી બોલ્યા, કાલે સવારે નકકી છે. એટલે ધર્મરાજાએ કહ્યું, હે બંધુઓ, અહીંથી હસ્તિનાપુર ચારસો ગાઉ દૂર છે. તેથી આજને આજ કેમ કરીને જવાય? એવું સાંભળી સહદેવજી બોલ્યા, અરે બંધુ, હું એક સહેલો રસ્તો બતાવું છું. આજ નગ્રની બહાર જઇ રેતીની ગાદી બનાવીએ, પછી તે ઉપર આસન કરી રાજગાદી માની લઇશું. ત્યારે ધર્મરાજા ખુશી થઈને કહેવા લાગ્યા, મનસા વાચા કર્મ વડે સઘળું કરીશું. પછી વાયુકુમાર બોલ્યો, હે ધર્મરાજા, આજ્ઞા આપો તો કંસાર કરું. ત્યારેધર્મરાજાએ આજ્ઞાઆપી એટલે ભીમસેને કંસાર બનાવી દીધો. પાંચે ભાઇ તથા સ્ત્રી જમ્યા પછી નગ્ર બહાર જવા માટે પરોઢમાં તૈયાર થયાં, ભીમસેને બંને ભાઈઓને ખાંધે લીધા, બેઉને કટીએ બાંધ્યા તથા દ્રૌપદીને જાંગે તાણી બાંધી, વાયુનંદન દોટ કાઢતો કોટ કુદીને નગર બહાર પડયો. ભીમસેને પોતાના ભાઈઓને તથા દ્રૌપદી સ્ત્રીને ઉતાર્યાં. પછી ભીમ તથા અર્જુન આયુદ્ધ લેવા માટે સ્મશાનમાં ગયા. ત્યાં જઈ અર્જુન સમડાના વૃક્ષે ચઢયા, નાગને વિદાય કરી પોતાનાં તથા પોતાના ત્રણ ભાઇઓનાં હથિયાર ઉપાડી લીધાં.

ભીમસેને પોતાની ગદા ઉંચકી લીધી. એ પ્રમાણે બંને ભાઇઓ પોતાનાં આયુદ્ધ લઇ ધર્મરાજાને આવી મળ્યા. સહદેવે ભીમસેનને રેતીની ગાદીબનાવવા કહ્યું એટલે ભીમ ગાદી બનાવવા લાગ્યો. નીકુળજી લીંમડાની ડાળી ભાંગીને લાવ્યો, એમ કરતાં કરતાં ભળભાંખળું થયું એટલે સહદેવજીએ કહ્યું, સત્યવાદી ધર્મરાજા, આપ સતીને ઉછંગમાંલઈ ગાદી ઉપરબીરાજો એવું સાંભળી ધર્મરાજા દ્રૌપદીને પોતાના ઉછંગમાં લઇ ગાદી ઉપર બીરાજ્યા, ત્યારે વાયુનંદન ભીસેમન ગદા લઈ છડીદાર ઊભો છે, ચાંટા કાઢી કાઢીને નેકી બોલે છે. નીકુળજી કેડે લીંબડાની ડાળી હલાવી ચમ્મર ઢોળે છે, અર્જુનજી અરજદાર તરીકે હાથ જોડી સામો ઉભો છે અને સહદેવ જોશી એક સળી લઇ લખવા બેઠો છે. એવી મન થકી ધર્મરાજાએ ગાદી માની લીધી. પોતાના મનથી જયજયકાર માનીને પ્રભુનું સ્મરણ કરે છે. એવામાં વહાણું વાયું એટલે દરવાજા ઉઘડયા ત્યારે આવતું જતું લોક પાંડવોને જોવાને ઉભું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહ્યું. ઘણા લોકો વિચારમાં પડયા, ગુરુ ગોઝારીને લઇને બેઠા છે. વાલવો છડીદાર થઇને ઊભો છે. પેલો ઘોડા ભણાવનારો ચમ્મર ઢોળે છે. વ્યંઢળ મહેતા અરજદાર થઇને ઊભા છે. અને વળી પેલો ગોવાળીઓ લખવા બેઠો છે. આ શું કહેવાય ? વળી માંહોમાંહ્ય વાતો કરે છે, આ તો રાજ્ય લેવાનો ટુચકો કરે છે. આ લોકો જરૂર આપણા રાજાનું રાજ્ય લઇ લેશે, માટે આપણે કુંવરજીને ખબર આપવી જોઇએ. કુંવર આ લોકોને ઠેર મારી નાંખશે. બોત્રા કુંવરજીએ છત્રપતીને હરાવ્યો હતો તો આ બિચારાનો શો હિસાબ છે.? એમ ધારી સર્વે લોકો કુંવરજી પાસે આવ્યા, તો કુંવરજી દેવસેવામાં બેઠા છે. તેથી વૈરાટરાજાએ પોતાના સેવકોને કહ્યું, બધાસૈન્યને તૈયાર કરવો, કારણ કે આપણે ઘેર પેટ ભરનારાએ આપણું રાજ્ય લેવા માટે ટુચકો કર્યો છે. પણ તે લોકોને એમ ખબર નથી, કુંવરે છત્રપતિને જીત્યો છે તો આપણો શો હિસાબ છે? હે સેવકો, પહેલાં આપણે લડવા જઇશું. તેમાં કદી વાલવાથી હાર પામીશું તો આપણો કુંવર આવી સર્વને ઠેર મારી નાંખશે. એમ કહી પોતે તૈયાર થયો.

નિશાન ડંકા ગડગડવા લાગ્યા. કુંવરજીએ સેવામાં સાંભળી વિચાર કર્યો, નિશાન ડંકા કેમ ગરગડયા હશે ? વિચારતો તે સેવામાંથી બહાર આવીને પૂછવા માગ્યો, હે પિતાજી, આપ કયાં પધારો છો ? અને કોની સાથે વિષ વધારો છો ? ત્યારે વૈરાટરાજાએ જવાબ આપ્યો, હે દીકરા, પેલા આપણા ઘેર પેટ ભરનારાઓએ આપણું રાજ્યાસન લેવા માટે ટુચકો કર્યો છે, તેથી હું યુદ્ધ કરવા જાઉં છું. તું પરવારી વહેલો આવજે. તેં મોટા છત્રપતીને હરાવ્યો તે વિચાર તેમનાં મનમાં ન આવ્યો. એવું સાંભળી કુંવર બોલ્યો, હે પિતાજી, તમારા વરસ પાણીમાં ગયાં, શું મેં દુર્યોધનને હરાવ્યો ? ના ના એ તો કુંતાપુત્ર અર્જુનજીએ હરાવ્યો છે. એ લોકો આપણાં પેટભરા નથી એ તો કુંતાપુત્ર પાંડવો છે. જેણે ગુરુ થઇને આપણી ગાદી ભોગવી તે સત્ય-વાદી ધર્મરાજા છે, જેનું નામ સૈરંદ્રી છે તે પંચાળ દેશના રાજાની પુત્રી દ્રૌપદી છે. પેલા પંથીજી છે તે સહદેવ જોશી છે. ઘોડા ભણાવનાર છે તે નીકુ-ળજી છે. વાલવાજી છે તે ભીમ છે. વળી જે વ્યંઢળ મહેતા છે તે અર્જુનજી છે તેણે કૌરવ દળ હરાવીને મારું નામ મહારથી પાડયું. એવું સાંભળી વૈરાટ-રાજા બોલ્યો, હે પુત્ર, હવે હું મારી કાયાનો ત્યાગ કરું. હવે જીવીને શું કરું? કારણ કે મેં પાંડવોને ગુલામ બનાવ્યા. હું તેમના તાબાનો છું છતાં તેમને નોકર બનાવ્યા, તેથી તેમના મનમાં બ દ્વેષ ભરાયો હશે. એવું સાંભળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કુંવરે કહ્યું, હે પિતાજી, મોટાના મનમાં કંઈપણ દ્વેષ હોતો નથી, તેમાં કાંઇ ચિંતા કરશો નહિ,તમે ત્યાં હાથ જોડીને જાઓ અને આપણી ઓત્રાનો વિવાહ પાંચમાંથી ગમે તેની સાથે કરી આવો, ને તેમને રાજવંશી વેશ ધારણ કરાવીને વાજતે ગાજતે અહીં લાવો. હે તાતજી આમ કરવાથી હેતમાં હેત થશે. એ પ્રમાણે કુંવરનું બોલવું સાંભળી વૈરાટરાજા પોતાના હાથ બંધાવીને નેત્રમાં આંસુ ભરતો ચાલ્યો. એટલે સુદક્ષણા રાણી પણ તેની સાથે ચાલી. બંને સ્ત્રી પુરુષ ચાલ્યાં ચાલ્યાં નગ્રની બહાર આવ્યાં, ત્યારે ભીમસેને તેમને આવતાં જોઇને ધર્મરાજાને કહ્યું, મોટાભાઇ, વૈરાટ રાજા તથા સુદક્ષણા બંને આવે છે. એટલે ધર્મરાજા તથા દ્રૌપદીએ દોડીને તેમના હાથ છોડી નાખ્યા અને ખમા ખમા કહી બેઉને હૃદય સરસાં ચાંપ્યા,ત્યારે વૈરાટરાજા બોલ્યો,હેસત્યવાદી,મેં ઘણું જ અણઘટતું કાર્ય કર્યું છે, કારણ કે ચકલીના માળે જેમ ગુરુડજી પધારે તેમ તમે મારે ત્યાં પધાર્યા. મેં દાસનું કામ કરાવ્યું તે માટે મારા દેહનો હું ત્યાગ કરીશ. જો મને જીવાડવો હોય તો મારી ઓત્રાને પાંચમાંથી ગમે તે પરણો. એટલે ધર્મ-રાજાએ ધોલ મારીને કહ્યું, અરે અનાડી, એ શું બોલ્યો ? ઓત્રાકુંવરીને મેં મારે ખોળે બેસાડી છે તેને તું પરણવાનું કહે છે ? એવું સાંભળી વૈરાટે કહ્યું, હે ધર્મરાજા, ગમે તેમ કરો પણ મારી પુત્રીને ફાવે તે વરો.એટલે ભીમ-સેને ધર્મરાજાનો ચર્ણ દબાવીને કહ્યું, કન્યા લેવાનું કબૂલ કરો. ત્યારે ધર્મરાજાએ ભીમને ધોલ મારીને કહ્યું,મૂર્ખા, એ શું બોલ્યો ? ત્યારે ભીમસેન ગાજીને કહેવા લાગ્યો,અરે યુધિષ્ઠિર, બિચારો વૈરાટરાજા મરણ પામે છે માટે તેની કન્યા આપણા અભિમન્યુને પરણાવવાનું કબૂલ રાખો. ધર્મરાજા કહે,તેં ખરું કહ્યું, મારો સઘળો વહેમ દૂર થયો. એવું સાંભળી વૃકોદરે કહ્યું, તમે મને વગર વિચારે ધોલ કેમ મારી ? ધર્મરાજાએ જવાબ આપ્યો, ભાઇ, મારી ભૂલ થઈ, પણ તેં ઠીક રસ્તો બતાવ્યો. પછી ધર્મરાજાએ વૈરાટરાજાને કહ્યું, અમારા અભિમન્યુ સાથે તારી કન્યાનો વિવાહ કર્યો.

એટલે વૈરાટરાજા બહુ ખુશી થયો અને તેણે પાંચેના કેશ તથા વનકુળ ઉતરાવી નાંખી રાજવંશી વેશ લેવરાવ્યો પછી વાજતે ગાજતે તેમને ગામમાં લાવ્યો.ત્યાર કેડે વૈરાટરાજાએ કુંવાજીને કંકોતરી લખાવી કે જાન લઇને વહેલા પધારજો. પછી અર્જુનજીએ દ્વારકામાં એક પત્ર લખ્યો કે વૈરાટરાજાને ત્યાં તમારા ભાણેજને પરણાવવા માટે હસ્તિનાપુરથી જાન લઇને જાદવ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાથે વહેલા પધારજો. બીજો પત્ર વિદુર કાકાને લખ્યો, તમે જાન લઇને કુંટુંબ સહિત વહેલા પધારજો. જો દુર્યોધન આવે તો અતિ આનંદ થાય માટે તેમને પણ લેતા આવજો. એવી રીતે કંકોતરી લખીને મોકલી દીધી. એ કંકોતરીઓ બે સ્થળે પહોંચી, હવે એક કંકોતરી દ્વારકામાં વંચાઈ. તેમાં પાંડવ સહિસલામત છે એવું જાણી સર્વે ખુશી થયા, પછી બળદેવજીએ સર્વ કુંટુંબને કહ્યું, ચાલો નરનારીઓ અભિમન્યુને પરણાવવા સારુ તૈયાર થઈ જાઓ. સઘળાં લોકો વસ્ત્ર શણગાર સજી તૈયાર થયાં, પછી ગિરધારી તથા બળદેવજી બંને ભાઇઓ જાન લઇને વાજતેગાજતે નીકળ્યા. એટલે પ્રભુએ કહ્યું, ચાલો બારોબાર હેડંબા વનમાં જઇએ. કારણ અભિમન્યુ તથા સુભદ્રા ગટોરગચ્છના ત્યાં રહ્યા છે. સઘળી જાન હેડંબાવન તરફ ચાલી. ગટોરગચ્છ જાનને દેખી સામો આવ્યો. બળદેવે બહેનને હેતથી બોલાવી, એટલે સુભદ્રા બોલી, તમારા ઘેર શું છેક ખાવાનું ખુટયું કે જેથી તમે તમારાં ભાણેજ તથા ભગની પારકા ઘેર રાખ્યાં? એવું સુભદ્રાનું બોલવું સાંભળી બળદેવ કહે, અરે બહેન, કાંઈ બોલશો નહિ, એ તો જ્યારે વાંકા દિવસ હોય ત્યારે સહુની વૃત્તિ ફરે છે. અને સહુ દુશ્મન થાય છે. હે બહેન, બીજી ત્રીજી વાત છોડી દઈ હવે જાનની તયારી કરો. અભિમન્યુનું લગ્ન કર્યું છે. ત્યારે અભિમન્યુ એટલું બોલ્યો, ચાલો ગટોરગચ્છભાઈ, તમારા વિના હું જવાનો નથી. ત્યારે ગટોરગચ્છ તથા તેનોપુત્ર મેઘવર્ણ જવામાટે તૈયાર થયો. તેને હર્ષ માતો નથી.

એ પ્રમાણે હેડંબાવનમાંથી સઘળી જાન હસ્તિનાપુરમાં આવી. વિદુરજીના ત્યાં કુંતામાતા છે તેમને સઘળા મળ્યા. એવામાં ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય તથા અશ્વત્થામા આ ચાર સતીઆ પણ આવ્યા. શ્રીકૃષ્ણ પ્રભુ આ ચાર સતીઆને પ્રેમવડે મળ્યા. પ્રભુ કહે, ચાલો ભીષ્મપિતા આપણે દુર્યોધન પાસે જઇએ અને તેને પણ આપણી સાથે તેડી જઇએ કહી તેઓ રાજસભામાં ગયા. જ્યાં દુર્યોધન બેઠો હતો. ત્યાં જઈ તેને કંકોતરી આપીને કહ્યું, અભિમન્યુનું વેવિશાળ વૈરાટ નગરમાં થયું છે માટે જાન લઇને ચાલો. એટલે દુષ્ટ બોલ્યો, પાંડવો શરત તોડીને પ્રગટયા છે માટે ગામમાં પેસવા દેવા નથી. મારે તેમને ફરીથી વન મોકલવા છે. અમારે જાનમાં આવવું નથી એમ કહી વિદાય કર્યા. ત્યારે ચાર સતીયા તથા યાદવ વિગેરે જાન લઇને નીકળ્યા. ને વૈરાટનગરથી એક ગાઉ છેટે આવીને વિશ્રામ કર્યો, સઘળા લોકો તંબૂ ઠોકીને ઊતર્યા, પછી તેમણે વિચાર કર્યો,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપણે વરઘોડો સાંજે ચડાવીને જઇશું. એક તંબૂમાં સઘળી સ્ત્રીઓનો મુકામ રાખ્યો અને એકમાં માત્ર પુરુષ રહ્યા. વળી એક તંબૂમાં સુપાત્ર બાળકો છે. એવામાં એકાંતમાં બેસીને પ્રભુએ વિચાર કર્યો. કે જો ભાણેજ આ કન્યા વરશે તો મને વિઘ્ન કરશે. ઓત્રાનું મોઢું દેખશે તો પછી યુદ્ધે જવાનો નથી, માટે વિવાહ તોડાવું તો ઠીક. એમધારી પ્રભુએ ઘરડા વિપ્રનું રૂપ ધારણ કર્યું. ને પોતે ચાલ્યા ચાલ્યા તંબૂમાં પેઠા. સઘળા યાદવોના બાળકો તથા અભિમન્યુ બેઠા બેઠા આનંદથી વાતો કરતા હતા તેવામાં પ્રભુ પધાર્યા. એટલે યાદવોના બાળકો બોલી ઊઠયા, પધારો મહારાજા, એમ માન દઈ આસન આપ્યું. પ્રભુ આસન ઉપર બીરાજ્યા. યાદવોના બાળકોએ પ્રભુ પાસે પોતાના હાથ જોવરાવ્યા.એટલેપ્રભુએ સઘળાના દાખલેદાખલા મેળવ્યા. એવું જોઈ યાદવોના બાળકોએ પ્રભુને કહ્યું, અરે મહારાજા, તમે અમારા દાખલા બરોબર પૂર્યા પણ અમારા અભિમન્યુનો હાથ જુઓ, તેને કેવી કન્યા મળશે? એટલે પ્રભુએ અભિમન્યુનો હાથ પોતાની પાસે લીધો.પછી દયાળુએ રેખા જોઇને કહ્યું, અરે ભાઇઓ, કન્યા બહેરી બોબડી તથા કાળી છે. માટે હે અભિમન્યુભાઈ, તમે પરણ્યા વિના ઘેર ચાલ્યા જાઓ. એવું સાંભળી અભિમન્યુ બોલ્યો,અરે મહારાજા, તમે જુઠા છો.જો કદરૂપી હોય તો મારા પિતાજીકદી મને પરણાવેનહિ માટે તમારું કહેવું વ્યર્થ છે.એટલેભગવાને જાણ્યું,અહીં કાંઈ ચાલે તેવું નથી. એમધારી પોતે અંતરધ્યાન થઈ ગયા.

હવે નગરમાં ઓત્રાકુંવરીસરખી સાહેલીઓસાથે રમે છે,ત્યાં પ્રભુજોશીનું રૂપ ધારણ કરીને આવ્યા. દયાળુએ કહ્યું, લાવો બહેનો હાથ જોઉં, ત્યારે છોડીઓએ કહ્યું, અરે મહારાજ, અમારા હાથ જોવાની જરૂર નથી. અમારી ઓત્રાકુંવરીને વર કેવો મળશે તે જુઓ. એટલે પ્રભુએ ઓત્રાનો હાથ જોઈ સઘળીછોડીઓને કહ્યું,અરે બહેનો,આબાઇનો વર બહેરો,બોબડો તથા કાળો છે,માટે હે ઓત્રાકુંવરી,તું સત્યમાનતી હોય તો તારું લગ્ન તોડી નાંખ.આવો વર પરણવા કરતાં મરવું એ ઠીક છે. એટલે ઓત્રાએ કહ્યું, અરે મહારાજા, તમે જૂઠા છો. અર્જુનજીના પુત્ર અર્જુનજી જેવા જ છે, તમે કોઈ કપટી છો માટે જલદીથી ચાલ્યા જાઓ. એટલે પ્રભુએ વિચાર કર્યો, અહીં કાંઇ ચાલે તેમ નથી, એમ ધારી અંતરધ્યાન થઈ ગયા. દયાળુને અતિશય દુઃખ લાગ્યું.વળી પોતે દિલમાં વિચાર્યું, વર કન્યાનું મોં ન જોવા દઉં તો ઠીક. એમ જાણી માયા વડે વા વંટોળ કર્યો અને કાંકરા ઉરાડી વરકન્યાની આંખો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પુરી નાંખી, વળી શ્રીહરિએ તતડાવીને તાવ મૂકયો. પહેલો તાવ અભિમન્યુને મૂકયો, એટલે આખી જાન ખળભળી ઉઠી. સુભદ્રા માતાએ તેની આંખોએ પાટા બાંધ્યા. તે પછી પ્રભુએ ઓત્રાકુંવરીને દુઃખ મૂકયું તેથી ઓત્રાને પણ સુદષ્ણાએ પાટા બાંધી દીધા. હવે પાછલા પહોરે વરઘોડો તૈયાર કર્યો. વરરાજાને વાજતેગાજતે ઘોડા ઉપર બેસાડયો, પછી દીનબંધુ જાન લઇને નગરમાં પધાર્યા. એટલે લોકો તે જોવા માટે રસ્તામાં ઊભા રહ્યા છે. હવે વૈરાટરાજા જાનના સામો આવ્યો છે, જગતની રીત પ્રમાણે વૈરાટપતિએ જાનીવાસો આપ્યો, પાંડવો તથા સગાવહાલાં ભેગાં મળ્યાં. પછી વરકન્યા દુઃખી થવાથી લગ્નનો દિવસ ફેરવ્યો.હવે જાનૈયા માટે નિત્ય રસોઈ થાય છે, પણ વહાણામાં બાળક ખાવા માગે એટલા માટે વૈરાટરાજાએ પકવાનના સાત ઓરડા ભરેલા છે. તેની કુંચી ધર્મરાજા પાસે રાખેલી છે. તેથી ધર્મરાજાએ ભીમસેનને બોલાવીને કહ્યું, તારે હંમેશાં સવારમાં છોકરાંને ખાવા આપવું.કારણ કે તારા વિના યાદવોનાં બાળકો વશ રહેવાનાં નથી. એવામાં બીજા દિવસનું સવાર થયું એટલે છોકરાં ભીમને તેડીને પકવાનના ઓરડાં પાસે આવ્યાં,ભીમસેને તાળું ઉઘાડયું એટલે છોકરાં અંદર પેઠાં.પછી જે જેને ફાવે તે ઉમંગથી ખાય છે,તે દેખીને ભીમના મોઢામાં પાણી ભરાયું તેથી તે ઓરડામાં પેઠો અને સઘળા બાળકોને બહાર કાઢયાં. પછી કમાડ બંધ કરીને નિરાંતે ખાવા લાગ્યો, બહારથી બાળક બાકામાં જોઇ જોઇને બૂમો પાડતાં કહે છે,અરે ભીમસેન,તમે ખાઓ છો માટે ધર્મરાજાને કહીશું,તો પણ વૃકોદરે બિલકુલ ભય પામ્યા સિવાય સાતે ઓરડાનાં પકવાન ખલાસ કર્યાં, પછી ઊઠીને બહાર આવ્યો એટલે સઘળાં બાળક નાસી ગયાં.

ભીમસેન તાળા વાસીને જાની વાસે ગયો, એવામાં બાળકોએ જાનના લોકોને કહ્યું, આ ભીમસેન તો નિર્દય છે, કારણ કે અમને ખાવા ન આપ્યું અને પોતે ખાઇ ગયા. એટલે વૃકોદરે કહ્યું, આ બાળકોએ વેરી નાખ્યું હતું તેથી હું એકઠું કરવા અંદર પેઠો હતો. એવામાં બીજે દિવસે વૈરાટરાજાએ જાણ્યું, પકવાન ખાલી થયાં તેથી તેણે બીજીવાર પકવાન બનાવી ભરાવી દીધાં. ધર્મરાજાએ તેની કુંચી પોતાની પાસે રાખી. ત્યાર પછી યુધિષ્ઠિરે વૈરાટરાજાને કહ્યું, અમારે ઘણી ઉતાવળ છે માટે વરકન્યાને જલદીથી પરણાવો. અમારે ઘર ગામનું નક્કી નથી માટે વિદાયકરો. એવું સાંભળી વૈરાટરાજાએ કહ્યું, બહુ સારું હાલને હાલ કન્યાને પરણાવું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છું. એમ કહી પોતે મંડપની રચના કરી. એટલે ધર્મરાજાએ જાન સાથે લઇને વરઘોડો ચઢાવ્યો. પછી વરઘોડાને આખા નગરમાં ફેરવીને વૈરાટને ત્યાં આવ્યા. મંડપમાં વરરાજાને બાજઠ ઉપર બેસાડયો. વરકન્યાના ગોર સામાસામી મંત્રનો ઉચ્ચાર કરે છે, હવે વૈરાટરાજાએ કન્યાને પધરાવી કન્યાદાન દેવાનું શરૂ કર્યું. સઘળા લોકો તથા ભગવાન બેઠા બેઠા જુએ છે.

વૈશમપાયન કહે છે, હે રાજા,વરકન્યા આંખે પાટારાખીનેપરણે છે.ત્યારેતે વખતે સ્ત્રીઓ સુંદર ગીત ગાય છે. હવે ચોરીમાં પહેલું મંગળ વરતાયું એટલે રાજાએ ગાયોનાં દાન આપ્યાં, બીજા મંગળમાં દાસીના દાન આપ્યાં, ત્રીજા મંગળમાંભંડાર સહિત આપ્યું.ચોથા મંગળે ભૂમિનાં દાન આપ્યાં.પછીવરકન્યા કંસાર જમ્યાં.વળી છેડો ઝાલ્યામાં મોતીનો હાર આપ્યો,ત્યાર પછી રૂપિયાતથા વીંટીઓ રમ્યાંએ પ્રમાણેલગ્ન થયા પછી વરકન્યા ગોત્રજને પગે લાગ્યાં.વૈરાટ રાજાએ પૂરણ પ્રેમથી જાનને જમાડી અને પાંડવોને પહેરામણીઆપવાનીતૈયારી કરી. રાજાએ પાંડવોને ત્રણ રથ ભરીને ધન આપ્યું અને બે ક્ષોણી સૈન્ય આપ્યું, એટલું આપીને વિદાય કરી દીધા. વરકન્યાની આંખે પાટા હતા તેથી કન્યાને ઘેર રહેવા દીધી, અને સઘળી જાનને વિદાય કરી. વૈશમપાયન એવું બોલ્યા, હે રાજા, હવે વૈરાટપર્વ પૂરણ હવું તેથી તારી બ્રહ્મહત્યા ઊતરી. એટલે કાળા પડદા શ્વેત થયા અને કાળા તલ ધોળા થયા. તેમ ગાયો કાળી હતી તે ધોળી બની. એ પ્રમાણે બ્રહ્મહત્યા દૂર થઈ તેની નિશાની બતાવી. જનમેજય રાજાએ લક્ષ ગૌદાન કર્યાં. અને બ્રાહ્મણોના સવાસો પુત્રોને જનોઈ દઇને પરણાવ્યા.સવાસો કન્યાનું કન્યાદાન દીધું અને સવાસો બ્રહ્મપુરીઓ આપી તથા ધર્મિષ્ટ રાજાએ સવાલક્ષ બ્રહ્મભોજન કરાવ્યાં અને પોતાનું સઘળું પાપ દૂર કરી નાંખ્યું, પછી પાછો આસન વાળીને કથા શ્રવણ કરવા બેઠા.

વિશ્રામ પહેલો

વૈરાટ પર્વ પૂરણ હવું, સુણો શ્રોતા કરજોડ;
વલ્લભ વાણી ઓચરે, જય જય શ્રીરણછોડ.

વૈરાટ પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૫. ઉદ્યોગ પર્વ

હવે વૈશમપાયન ઋષિ જનમેજયરાજાને કહે છે હે ધર્મિષ્ટ રાજા,, ઉદ્યોગ પર્વનો મહિમા શાન્ત ચિત્તે શ્રવણ કર. વૈરાટનગરમાંથી પાંડવો જાન લઇને હસ્તિનાપુર ભણી ચાલ્યા. અને બળદેવજી યાદવોને સાથે લઇને દ્વારીકા ભણી વિદાય થયા. શ્રીકૃષ્ણ પ્રભુ પાંડવોની સાથે રહ્યા. ભીષ્મ, વિદુર, દ્રોણ કૃપાચાર્ય તથા અશ્વત્થામા વિગેરે જાન સાથે આનંદભેર હસ્તિનાપુર આવી પહોંચ્યા. દુર્યોધરે પાંડવોને આવતા જાણીને સેવકોને એવો હુકમ કર્યો કે દરવાજા બંધ કરો. એટલે સઘળા સેવકોએદુષ્ટનીઆજ્ઞાપ્રમાણે દરવાજા મૂકયા. સઘળા દરવાજા બંધ દેખીને ધર્મરાજાએ કહ્યું, અરે ભાઇઓ, આપણે કાંઇ તોફાન કર્યા સિવાય ચાલો આ બાગમાં જઇને ઉતરીએ. એટલે સર્વે બાગમાં ગયા અને ત્યાં બીછાના પાથર્યા, વળી એક તંબૂ તાણ્યો તેમાં કુંતા તથા સુભદ્રા વિગેરે ઉતર્યા. એવામાં પંચાળમાંથી દ્રુપદરાજાપણપોતાના બે દીકરા તથા પાંડવોના પાંચ દીકરા અને બે ક્ષોણી સૈન્ય સહિત ત્યાં આવ્યા. દ્રુપદે પાંચ પુત્રો દ્રૌપદીના ઉછંગમાં મૂકયા. તેથી સતીને પુત્રનો વિયોગ ટળ્યો. સર્વે જણા સભામાં બીરાજ્યા એટલે અભિમન્યુ બોલ્યો, અરે ધર્મકાકા, મને આજ્ઞા આપો તો એક બાણથી હસ્તિનાપુરના દરવાજા ચીરી નાંખું, એટલે ભીમસેન કહે, મોટાભાઇ, મને આજ્ઞા આપો તો મારી ગદાથી નગરને ઠેકાણે ઝગર કરીને કિલ્લા કોટ વિગેરે પાડી નાંખું. એવામાં ગટોરગચ્છઉછળીને બોલ્યો,અરે કાકા,મને આજ્ઞા આપો તો કોટકૂદીને અંદર જાઉં અને આંધળાના સો પુત્રોને અવળા બંધન કરી લાવું. એટલે મેઘવર્ણે કહ્યું,હેદાદા,મનેઆજ્ઞાઆપોતોહસ્તિનાપુરનુંડગળુંઉપાડી દરિયામાં બોળું.

એવું સાંભળી ધર્મરાજા બોલ્યા, તમે મિથ્યા લવારો કરો છો, હું કુટુંબ સાથે કદી કલેશ કરવાનો નથી. એટલે ભીમસેન કહે, કલેશથી ડરશો તો દુષ્ટ માણસો કંઈરાજ આપવાનાનથી, ત્યારેધર્મરાજાએ જવાબ આપ્યો, નહિ આપે તોવનમાંજઈને વસીશું;આ સાંભળી કુંતાજી ક્રોધમાં બોલી ઊઠયાં,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એ દીકરા, આ તે શું કરવા માંડયું છે ? આપનું રળેલું ખોવા બેઠો છે ? માણસ આપથી સવાયું ભેગું કરે કે ઊલટું આપનું રળેલું ખોઇ બેસે ? એ અર્જુન બેટા, તું ધર્મરાજા સામું શું જુએ છે ? દ્રુપદરાજા બોલ્યો, અરે ધર્મરાજાજયારે તમારે વનમાંવસવાનીમરજી હતી ત્યારે મારી પુત્રીને શા માટે વર્યા ? તમે તમારે મારી છોકરીનાં છોકરાંને ઘરબાર રાજપાટ વિગેરે અપાવીને વનમાં જાઓ. એટલે ભીષ્મપિતા બોલ્યા, હે ધર્મરાજા, તું સત્ય સમજજે, સામા થઇને યુદ્ધ કરવું એજ ક્ષત્રીનો ધર્મ છે. ચાહ્ય તો આપણું મૃત્યુ થાય તે હા, પણ ડર્યા વિના શત્રુનો નાશ કરવો.

એવું સાંભળી ધર્મે કહ્યું,ના દાદા,એક પાપી પેટ ભરવા કલેશ ન કરવો. એ તો ઇશ્વર આપી રહેશે.તે કરતાં હે ભીષ્મદાદા,તમે નગરમાં જઈને દુર્યોધન ભાઇને પહેલાંની હકીકત કહી સંભળાવો. એટલે ભીષ્મ, દ્રોણ બોલ્યા, બહુ સારું. અમે દુષ્ટના ત્યાં જઇને સઘળી વાત કહીશું અને તેને સમજાવીને તારી પાસે મોકલીશું, એટલે કરગરી પડજો. ત્યારે અમે તેને શરમાવીશું, તેથી તેની ખુશી પ્રમાણે તે તમને આપશે, તે વખતે દુર્યોધન જે તમને આપે તે કબૂલ કરજો. એમ કહીવિદાય થયા.સત્યવાદીઓએ દરવાજે જઇ કિલ્લાના સેવકોને કહ્યું, દ્વાર ઉઘેડો. સેવકોએ દુર્યોધનને કહ્યું, ત્યારે પાપીએ પાસે ઉભા રહીને દરવાજો ઉઘડાવ્યો.એકલાપાંચસતીઓને અંદર દાખલકરીદરવાજો બંધ કરાવ્યો. ત્યાર પછી સતીઆ પુરુષોએ દુર્યોધનને રાજસભામાં લીધોત્યાં જઇને પાપીને પાસે બેસાડીને બહુ પ્રકારથી સમજાવ્યો, પાંડવોને થોડું ઘણું રાજ્ય આપ નહિ તો ઝેરવધશે. એવું સાંભળીદુર્યોધન બોલ્યો, અરેદાદા, હું તમારું વચન કબૂલ કરું છું પણ જોપાંડવમનેનમીપડેતો થોડું ઘણું કાંઈઆપું એટલે ભીષ્મજીએ કહ્યું, વારુ બેટા, તું બાગમાં જજે એટલે પાંડવો તને લેટી પડશે. ત્યારે છત્રપતિબોલ્યો, બહુ સારું દાદા,અમે કાલેસવારમાંજઇશું,તેમાં કાંઈ શંકા રાખશો નહિ,એટલેભીષ્મજીએપાંડવોનેસમાંચારકહાવ્યા,દુષ્ટ કાલે વારમાં તમારી પાસે આવવાનો છે. એ સમાચારબાગમાંઆવવાથી ધર્મરાજા બહુ હરખાયા, મોટાભાઇ કાલે પધારશે, એ ભીમસેનભાઇ મોટાભાઇને જરૂર નમી પડજો. કારણકે રાજી કરીને રાજયલેવાથીસુખ ઉપજશે અને કલેશ કરીને લેવાથી દુઃખ ઉત્પન્ન થશે. એટલે ભીમસેન બોલ્યો, બહુ સારું મોટા ભાઇ, એવામાં રાત્રિ પડી તેથી સઘળાઓએ શયન કર્યું, મધ્યરાત્રિએ પ્રભુ જાગી ઉઠયા અને પોતે ભીમનો પગ ખેંચ્યો. ત્યારે ભીમસેન એકદમ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊભો થયો એટલે શ્રીહરિએ તેને સાન કરીને બહાર બોલાવ્યો. પછી પ્રભુએ કહ્યું, આજ પ્રભાતે દુર્યોધન આવશે એટલે ધર્મરાજા તો નમી પડશે પણ તમારા મનમાં શો વિચાર છે ? એવું સાંભળી વૃકોદરે જવાબ આપ્યો. દયાળુ પ્રભુ,હું તો તે દુષ્ટને કદી નમવાનો નથી,ત્યારે પ્રભુએ કહ્યું,આ બીછાનું ઉપાડી નાંખી એક ખાડો કરો, ને તેના ઉપર બીછાનું પાથરી દો. એટલે અભિમાની હાથી ઉપર બેસીને આવવાનો છે, તેથી આ ખાડામાં તે હાથી સુદ્ધાં પડશે. તેવો જ પાપી ઉછળીને ધર્મરાજાના ખોળા આગળ આવીનેપડશેએટલે આપણે હસી પડવું અને હડીઓ કાઢી કહેવું. દુર્યોધન ધર્મરાજાને નમી પડયો. એમ બનવાથી પાપીને ક્રોધ ચઢશે અને તેથી તે કાળે મોંઢે પાછો જશે. પછી આપણે દુષ્ટની સાથે યુદ્ધ કરી રાજપાટ લઇશું. એવું સાંભળી ભીમસેન રાજી થયો. પ્રભુ તમે મને ઠીક બતાવ્યું. ધર્મરાજાની સમાધાન કરવાની મરજી હતી પણ મારી નહોતી. એમ કહી કમ્મર બાંધીને બીછાનું ઉપાડી નાખી એક ઝપાટામાં ખાડો ખોદ્યો, પછી તે ઉપર પાછું બીછાનું પાથરી દીધું. વળી વૃકોદરે ધર્મરાજાને બીરાજવા માટે કોર ઉપર સુંદિર ગાદી પાથરી પછી આખી રાત પહેરો ભર્યો. એમ કરતાં પ્રભાત થયું. એટલે ધર્મરાજા ભીમસેનને પૂછવા લાગ્યા, અલ્યા,કેમ ચોકી કરે છે! જે ખરી વાત હોયતે મને કહી દે. ત્યારે ભીમસેન કહે, મોટાભાઇને ખુશી કરવા માટે રંગબાજી તૈયાર કરી છે. આવા સુશોભીત બીછાનામાં કોઈ પણ ચરણું ન મૂકે એટલા માટે ચોકી કરું છું. આવો ઠાઠમાઠ જોઇને છત્રપતી રાજી થશે. એટલે ધર્મરાજા બોલ્યા વાહ વીરા,હવે મારું અંતઃકરણ હરખ્યું.આપણે છત્રપતીનેરાજીકરીને રાજ્ય લઇશું તેમાં આનંદ થશે. એટલે ભીમ કહે, ભાઇ, મારું પણ આજ રાત્રિએ એમ જ મન ફર્યું.એમ કહી સર્વે જણા નહાવા માટે ગયા.થોડા વખત પછી નહાઇ ધોઇને ધર્મરાજા ગાદી ઉપર બીરાજ્યા. એટલે બીજા માણસો પણ યુધિષ્ઠિરની ગાદીની આસપાસ બીરાજ્યા. એવામાં એક પહોર દિવસ ચઢયો એટલે ગામમાં દુર્યોધન રાજા પણ બાગમાં આવવા માટે તૈયાર થયો.

છત્રપતી શકુનીને કહે છે, ચાલો મામા, આપણે બંને જણા ધર્મરાજા પાસે બાગમાં જઇએ. એમ કહી બેઉ હાથી ઉપર બેઠા.તેઓદરવાંજે ઉઘડાવી બાગ વિશે આવ્યા, ત્યાં આવીને નીચે ઉતર્યા વિના હાથીને બીછાના ઉપર ચલાવ્યો. એટલે હાથીના આગલા પગ ખાડામાં પડયા. તેથી છત્રપતીને મામો બેઉ હાથીઉપરથી ગબડી પડયાતેમાં દુર્યોધન રાજા તોધર્મરાજાનાચરણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આગળ આવીને પડયો, એટલે વૃકોદરે ઘાંટો કાઢીને કહ્યું; છત્રપતી યુધિષ્ટિરને પગે લાગ્યો. ત્યારે દુર્યોધન ઝટ ઊભો થઇ ગયો. એવામાં પ્રભુ પણ હસીને કહેવા લાગ્યા, દુર્યોધન મોટા છત્રપતી ધર્મરાજાને નમ્યા. એવું સાંભળી છત્રપતી તથા મામા કકળીને કહેવા લાગ્યા, હવે રાજ્યની આશા મૂકી દેજો. તમને કંઇપણ મળવાનું નથી. એમ કહી બેઉ જણા ગામમાં ગયા અને દરવાજા બંધ કરાવ્યા. તેઓના ગયા પછી ધર્મરાજાએ પૂછયું, ખરી વાત કહેજો આ દગો કોણે કર્યો ? અરે આ કર્મ કોણે કર્યું ? બીછાનું ઉપાડીને ખાડો ખોદ્યો ? એટલે વૃકોદર બોલ્યો. અરે મોટા ભાઇ, કોઇને વઢશો નહિ તે કર્મ મેં કરેલું છે. ત્યારે ધર્મરાજાએ પોતાના લલાટે હાથ મૂકીને કહ્યું, અરેરે ભીમડા, તેં સરાડે ચઢેલું ભાગીને ઊલટું વહેર વધાર્યું. એમ કહી ધર્મરાજાએ પ્રભુને કહ્યું, આપ નગરમાં પધારો અને અમારાં રાજ્ય વિષે કાંઇ ખટપટ કરો. એવું સાંભળી શ્રીકૃષ્ણજી બોલ્યા, અરે સત્યવાદી! મને તમારા બોલ્યાનો વિશ્વાસ નથી આવતો માટે હું જવાનો નથી. ધારો, હું દુષ્ટની પાસે જાઉં અને તેં ન માને તો પછી મારે શું કરવું? એટલે ધર્મરાજા કહે, છત્રપતી ન માને તો તમે પાછા આવજો. એવું સાંભળી શ્રીહરિએ જવાબ આપ્યો, અમે એવી નાગી પંચાત કરવા જતા નથી. દુર્યોધનની પાસે જાઉં અને મારું માન ન રાખે તો શું હું ઢીલે મોઢે આવું ? જો કબૂલ નહિ કરે તો તમને બંનેને લડાવીશ. ત્યારે ધર્મે કહ્યું, અરે મહારાજા, અમે દુઃખ વેઠીશું પણ છેવટે પાંચ દેશ માગી લેજો. એટલે શ્રી હરિ કહે, જો કદી પાંચ દેશ આપવાની ના પાડે તો મારે શું કરવું ? એવું સાંભળી ધર્મરાજા બોલ્યા, જો પાંચ નહિ આપે તો હું યુદ્ધ કરવાનું હા કહીશ, ત્યારે કૃષ્ણજીએ કહયું, મને વચન આપો. તમે કૌરવોની સામે યુદ્ધ કરશો, ધર્મરાજાએ પ્રભુને વચન દીધું. એટલે અંતર્યામીએ દુર્યોધનની પાસે જવાનું નકકી કર્યું.

એવામાં ભીમસેને પ્રભુને એકાંતમાં બોલાવીને કહયું, તમે યુદ્ધ કરવાનું નકકી કરીને આવજો. એવું સાંભળી પ્રભુએ કહયું, મને કંઇ કહેવું પડે તેમ નથી. એમ કહી પોતે રથમા બેસી દરવાજે ગયા. ત્યાં દરવાન પાસે દરવાજો ઉઘાડવા શ્રીહરિ નગરમાં દાખલ થયા. ફક્ત એકલા પ્રભુને અંદર લઇ દુષ્ટે દરવાજા દઇ દીધા. ત્યાર પછી પ્રભુએ પ્રમાણિક લોકોને સભામાં ભેગા કર્યા. ભીષ્મ, વિદુર, દ્રોણ, કૃપાચાર્યે વિગેરેને પણ બોલાવ્યા. પછી પ્રભુજીએ દુર્યોધનના સામા બેસીને કહયું, પહેલું મારું બોલવું સાંભળી લો. તમે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તથા પાંડવો ભાઇ છો તેથી કદી વધતું ઓછું અપાયતો પણ વાંધો નથી. એમ કહી પોતે ભીષ્મજીને કહેવાલાગ્યા, તમે વૃદ્ધ છો તેથીસઘળું જાણો છો. તેટલા માટે જ હું કહું તે જુઠું હોય તો તમે મને સુખરૂપે ઠપકો દેજો. મૂળ પુરુષ જે શંતનું રાજા તે બેતાળીસ ગામના ધણી હતા, વળી તે શંતનુ રાજાને બે દીકરા હતા, તેમાં એકનું નામ ભીષ્મપિતા હતું અને બીજાનું નામ વિચિત્રવીર્ય હતું. તેમાં ભીષ્મજીએ પોતાનો ભાગ અંગીકાર કર્યા વિના તેમના ભાઇ વિચિત્રવીર્યનેઆપ્યો.હવેવિચિત્રવીર્યને એક ધૃતરાષ્ટર, બીજા પાંડુરાજા અને ત્રીજા વિદુરજી એ પ્રમાણે ત્રણ પુત્ર છે.પછીતેત્રણપુત્રોનેબેતાળીસગામ વહેંચી આપ્યાં. તે સિવાય પાંડુરાજા તમામ રાજ્ય લાવ્યા તેમાં બીજા કોઇનો હકક નથી માટે પાંડવને ચોરાશી હજાર દેશ સોંપો. ત્યારે દુર્યોધન કહે, અરે

પ્રભુજી, પાંડવના પિતા પાંડુરાજા સઘળું રાજ્ય જીતી લાવ્યા તે કબૂલ કરીએ છીએ. પણ પાંડુને હત્યા લાગી તેથી બારવરસ વનમાં ગયા હતાતે વખતે અમે રાજય જાળવ્યું હતું. એવુંસાંભળીશ્રીહરિએછત્રપતીને કહ્યું.તમે જેટલા વરસ રાજયની રક્ષા કરી તેટલા વરસ સુધી તેની આવદાની લીધી તેમાં તમને નુકશાન નથી. માટે એમનું રાજય પાછું સોંપી દો. એટલે દુર્યોધન બોલી ઊઠયો,અરેમહારાજ,જરાન્યાયમાંઆવો. પાંડવો દ્યુત રમતા હાર્યામાટેહું રાજા થયોછું એવુંસાંભળીપ્રભુએકહ્યું,તમેબેતાળીસહજાર દેશ જીત્યાછો તે બેતાળીસ હજાર તમે લો, અને બાકીના જે બેતાળીસ હજાર રહ્યા તે પાંડવને આપો. એટલે દુર્યોધન કહે, જાઓ મહારાજ, એવી ખોટીપંચાત અહીંમારા આગળ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચાલે તેમ નથી. એટલે અંતરયામી બોલ્યા, અરે છત્રપતી, તમે વાત કરવામાં ક્રોધ ન કરશો.જેમ તેમ કરી સમાધાન થાય તો સઘળો વિરોધ દુર થાય.એવું સાંભળી કુબુધ્ધિ બોલ્યો, અરે જદુપતિ, જો એવી રીતે રાજ્ય માગવું હોય તો પંચાત મૂકી ચાલ્યા જાઓ.એટલે પ્રભુએ કહ્યું,વારુ તેમ નહિતો પાંડવને ગરીબ ભાઇ જાણીને તો આપો. એટલે દુર્યોધને જવાબ આપ્યો, હા પણ તમારે પાંડવોને કેટલું રાજ્ય અપાવવું છે તે તો હું જાણું. જો તમે રીતસર માગશો અને મારા ધ્યાનમાં બેશશે તો તરત આપી દઇશ. એવું સાંભળી દયાળુ બોલ્યા. અરે છત્રપતિ, જો તમે પાંડવનું દુઃખ ટાળવા ઇચ્છતા હો તો તેમને ચાળીસ હજાર દેશ આપો, એવું સાંભળી પાપીએ માથું ધુણાવ્યું એટલે પ્રભુ બોલ્યા, અરે દુર્યોધન,ત્રીસ હજાર દેશ આપો. એટલે દુષ્ટે પોતાનું શીશ ધુણાવ્યું. દીનાનાથે વીસ હજાર માગ્યા તે પણ પાપીએ ના કહ્યું. જગત પતિએ પાપીને દસહજાર આપવા કહ્યું:તો તેની પણ સાફ ના પાડી. શ્રીહરિએ પાંચ હજાર માગ્યા તે પણ દુષ્ટે આપવા ન કબૂલ કર્યું. એટલે કૃષ્ણજીએ કહ્યું, સભાનું માન રાખીને ફકત પાંચસે આપો. તેમ ન આપો તો સો દેશની હા પાડો, તો પણ માંકડો માથું ધુણાવે છે.દયાળુ પ્રભુએ ચાળીસદેશમાગ્યા તે પણ આપવાની ના કહી. પછી ત્રીસ દેશની માગણી કરી, વીસની કરી. એમ કરતાં દસની કરી તો પણ દુષ્ટે ના કબૂલ કર્યું. છેવટ કૃષ્ણજીએ પાંચ દેશની માગણી કરી, એટલે દુર્યોધન બોલી ઊઠયો, અરે મહારાજ, હું પાંડવને તો આપવાનો નહોતો પણ તમારી શરમથી હું તેમને આપીશ. જો તમે પંચાત કરવા ન આવ્યા હોત તો હું તેમને કંઇ આપત નહિ. એમ કહી પાપીએ કર્ણને કહ્યું, હે ભાઇ! પાંડવને પાંચ દેશ લખી આપો.એટલેકર્ણરાજા લખે છે અને કૃષ્ણજી લખાવે છે,પ્રભુએ કર્ણરાજાને કહ્યું, પહેલો દેશ આગ્રા, બીજો બંગાળા, ત્રીજો કાશી, ચોથો હસ્તિનાપુર અને પાંચમો મારવાડ આ પાંચ દેશો લખી આપો. પ્રભુના કહ્યા મુજબ કર્ણે લખ્યું. પછી કર્ણરાજાએ મોઢામાં કલમ ઘાલી તથા ખડીઓ માથા ઉપર મૂકયો અને તાંબાનું પત્ર હાથમાં પકડીને સભા વચ્ચે ઊભો થયો; એટલે દુર્યોધને કહ્યું કેમ ભાઇ,ઊભા થયા ? એવું સાંભળી કર્ણરાજાએ જવાબ આપ્યો, અરે ભાઇઓ! કૃષ્ણજીએ કપટ કરી પાંચ દેશો લખાવી લીધા. હવે આપણે પૃથ્વીમાં ઊભા રહેવાની જગો નથી. એવું સાંભળી દુર્યોધનને અતિશય ક્રોધ ચડયો અને તેથી પાપી એકદમ ઊભો થઇને પ્રભુને મારવા લાગ્યો. દુર્યોધનને મારતો જોઇને સો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભાઇઓ પણ પ્રભુને મારવા લાગ્યા, તેથી શ્રીહરિએ વિચાર કર્યો,જો હું બચવા માટે યુક્તિ નહિ કરું તો મને દુઃખ દેશે. એમ ધારી પોતાનું મોં ઉઘાડી એવી લીલા બતાવી કે વાયુનંદન ભીમસેન ગદા પકડી સર્વેને મારવા માટે આવે છે. એવું જોઇ સઘળા નાસી જવા લાગ્યા એટલે પ્રભુએ ઊભા થઇને કહ્યું, પાપી! યુદ્ધ કરવા માટે તૈયાર થજે. એવું સાંભળી દુષ્ટ દુર્યોધન પોતાના પિતા પાસે જઇને કહેવા લાગ્યો, હે પિતાજી, આજ તો શ્રીકૃષ્ણ પાંડવની પંચાત કરવા આવ્યો હતો, તેમાં તેણે કપટ કર્યું, તેથી અમોએ તેને ખૂબ કુટયો, એટલે ધૃત્રાષ્ટર બોલ્યો. અરે દીકરા, તમે કૃષ્ણજીને માર્યા તેથી તમારું મૃત્યુ આવ્યું એમ ધારજો. એવું સાંભળી પાપીએ કહ્યું, અરે પિતાજી, ત્યારે મારે શું કરવું? એટલે ધૃત્રાષ્ટરે જવાબ આપ્યો, હે દુર્યોધન, તું કૃષ્ણને પગે લાગીને આપણા ઘેર જમવા માટે તેડી લાવ. પોતાના પિતાનું વચન સાંભળી પાપી મમત મૂકીને એકદમ પ્રભુને તેડવા માટે દોડયો, એવામાં શ્રીકૃષ્ણજી સભામાંથી બહાર આવી રથમાં બીરાજ્યા. ત્યાં પાપીએ આવીને પ્રભુને કહ્યું, મારા ઘેર જમીને સુખરૂપે પધારજો. એટલે પ્રભુએ જવાબ આપ્યો, અમે તમારા ત્યાં ઘણી વખત આવતા હતા પણ મારા ઉપર હાથ ઉપાડયો માટે આવવાનો નથી. વળી દયાળુએ કહ્યું, મારે જમવું હશે તો બહુ ઠેકાણાં છે. એવું સાંભળી દુર્યોધન બોલી ઊઠયો, અલ્યા,જમે નહિ તો ખાસડે મારી. ચાલ્યો જા અહીંથી. જો તું તારી નગરીમાં જમે તો દેવકીનો પુત્ર ખરો એમ કહી પોતે ચોકી મૂકીને પાછો વળ્યો. એટલે દયાળુ પોતાનો રથ હંકારીને વિદુરજીના ત્યાં ગયા. વિદુરજીના બારણાં આગળ રથ રાખીને પ્રભુ ઉતરી પડયા. પછી વિદુરપત્નીને માતા કહેતા ઘરમાં ગયા તો વિદુર પત્ની ચોકમાં બેઉ બારણાં બંધ કરીને સ્ત્રીસ્વભાવે નગ્નસ્વરૂપે સ્નાન કરવા બેઠાં છે. તેમણે પ્રભુનો શબ્દ સાંભળ્યો, તેથી એકદમ કમાડ ઉઘાડી બહાર આવ્યાં અને નગ્નસ્વરૂપે પગે લાગ્યાં. એટલે પ્રભુએ આડું જોયું. ત્યારે વિદુર પત્નીએ પૂછ્યું, કેમ કૃષ્ણ પ્રભુ, આડું જોયું? એવું સાંભળી પ્રભુએ કહ્યું, હે માતાજી, તમે વસ્ત્ર પહેરીને વાત કરો. એટલે વિદુર પત્ની બોલ્યાં, હે દયાળુ, તમને દેખીને ભાન ભૂલી ગઇ તેથી વસ્ત્ર પહેરવાનું સુઝ્યું નહિ. એમ કહી પોતે વસ્ત્ર ધારણ કરી લીધાં, પછી પ્રભુને એક આસન આપી બેસાડયા. ત્યાર પછી શ્રીકૃષ્ણજીએ કહ્યું, અરે માતાજી, મને બહુ જ ભૂખ લાગી છે. એટલે વિદુરપત્ની ઘરમાં જઇને, કેળાં લાવી. પ્રભુના સામા બેસીને કૃષ્ણ, કૃષ્ણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહેતી જાય છે અને ફેલતી જાય છે. છોતરાં પ્રભુને આપે છે અને અંદરનો ગલ બહાર નાંખી દે છે. એ રીતે પ્રભુમાં તકાદાર થઇ ગઈ છે. અને પ્રભુજી ભક્ત ઉપર કૃપા કરીને કેળનાં છોતરાં ચાવે છે. છેવટ વિદુરપત્નીએ પ્રભુને કેળનાં છોતરાં ચાવતા દીઠા, ત્યારે ભાન આવ્યું, અરેરે, મેં છોડાં આપ્યાં અને મારા ભગવાને તે આરોગ્યાં. પછી બારણે જઇને જોયું તો ગલ દીઠા. એટલે બહુ પસ્તાવો કર્યો ત્યારે પ્રભુ બોલ્યા, અરે માતાજી કંઈ પસ્તાશો નહિ, મેં આજે જ આ સ્વાદ લીધો. મેં આ સામગ્રી નહોતી આરોગી તે આજ આરોગી લીધી. એવું સાંભળી વિદુરપત્નીએ કહ્યું. મહારાજ, જરાવાર બીરાજો. હું ને હાલ રાંધી નાંખું છું એમ કહી ત્યાંથી ઉઠીને વિદુરજીની વાટ જુએ છે. હવે વિદુરજી સન્યસ્ત પાળે છે તેથી પોતાના ઘરમાં અનાજનો દાણો સરખો પણ રાખતા નથી. એટલામાં વિદુરજી આવ્યા તો કૃષ્ણને મેમાન દીઠા. તેથી વિદુરજી બોલ્યા, હે ભગવાન, વગર તેડે પધાર્યા તેથી મારું અંતઃકરણ અતિ આનંદ પામ્યું. એમ કહી ઘરમાં જઇને પોતાની પત્નીને મળ્યા. પત્નીએ કહ્યું, હે નાથ, આપણા ઘરમાં કંઇ પણ નથી અને પ્રભુ પરોણા છે માટે શું કરીશું ? એવું સાંભળી વિદુરજી બોલ્યા, અરે સતી, હું ભંડારખાનેથી અન્ન લઇ આવું છું. એવામાં દુર્યોધનના સેવકે છત્રપતીને કહ્યું શ્રીકૃષ્ણજી વિદુરજીને ત્યાં ગયા છે, તેથી દુષ્ટે ભંડારખાનું બંધ કરાવ્યું. અને વળી સર્વે જણને કહ્યું, જે કોઈ વિદુરજીને કંઈ આપશે તેનું સર્વ લુંટી લઇશું.

એવું સાંભળી સહુ રૈયતે વિચાર્યું, ભક્તને શું ના કહીએ? એમ ધારી સર્વે પ્રાણી પોતાનો રોજગાર બંધ કરી ઘરમાં બેસી ગયા. એવામાં વિદુરજી અન્ન લેવા માટે ભંડારખાને ગયા. ત્યાં જઇને જોયું તો તાળાં દીધેલાં છે એટલે પોતે મહેલમાં જઇને દુર્યોધનને ઠપકો દેવા લાગ્યા, અલ્યા, ભંડારખાનાને તાળાં કેમ દીધાં છે? એવું સાંભળી કાકા પ્રત્યે દુષ્ટ બોલી ઉઠયો, તમારે અન્ન કોને માટે લઈ જવું છે? એટલે વિદુરજી કહે, મારે માટે તથા જદુપતી કૃષ્ણજી પધાર્યા છે તે પણ મારે ત્યાં જમવાના છે. એવું સાંભળી પાપી બોલી ઉઠયો, અરે ભકત કાકા, અન્ન લોકોને ખવરાવી દેવાનું નથી. તમારે તથા મારી કાકીને જમવું હોય તો મારા ઘેર આવીને જમી જાઓ, એટલે વિદુરજી ક્રોધે ભરાઇને પાછા વળ્યા. પોતાના મનમાં વિચાર કરે છે કે અરેરે, ઘેર આજ પ્રભુ ભૂખ્યા રહેશે ? એમ કરતાં ઘેર આવીને એક થાળી લઇ બગલમાં મારી તેના ઉપર લુગડું ઢાંકી દીધું. ને પોતે વેચવા બહાર નીકળ્યા તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આખું બજાર બંધ છે. સઘળાં લોકો તાળાં વાસી વાસીને પોતાના ઘરમાં પેસી ગયા છે. એવું દેખીને વિદુરજીએ વિચાર્યું, અરેરે, મારા ભગવાન શું જમશે? એવામાં એક કૂવો દીઠો, પછી પોતે વિચાર કર્યો કે આ કૂવામાં પડીને મારો દેહ ત્યાગ કરું એમ ધારી પાછા પોતે કૂવા ઉપર ચડયો તો તાંદળજાની ભાજી ઊગેલી દીઠી. પછી વિદુરજીએ તે ભાજીને ચુંટી લીધી. પોતાના મનમાં વિચાર કરે છે કે આટલી ભાજી તૈયાર કરીને પ્રભુજીને મૂકીશું એવું સમજી ભાજીની પોટલી પોતાની બગલમાં મારીને ઘેર આવ્યા. પછી પોતાની નારીને છાનામાના તે ભાજી આપી, ભગતે સઘળી વાત પોતાની વામાને કહી બતાવી, એટલે વિદુરપત્નીએ ભાજી સુધારી નાંખી અને પછી ચુલો સળગાવી તે ભાજી વઘારી દીધી. ને વિદુરપત્ની ભગતને પૂછવા લાગ્યાં, પ્રભુને શું ભાજી ધરાવીશું! એકલી ભાજી મુકયા કરતાં વિષ ઘોળી પીવું ઘણું સારું છે. એ પ્રમાણે નરનારીએ મરવાનું આદર્યું, એટલામાં દુષ્ટ દુર્યોધન ત્યાં આવી પહોચ્યો. પાપી આવીને કહેવા લાગ્યો. ઓ ભગત કાકા, આજ તો તમારે ઘેર પરોણા છે તેથી રસોઈ બહુ સારી બનશે માટે અમે પણ પરોણા ભેગા પાઇ, જમવા આવીશું, એટલે વિદુરજી ક્રોધમાં બોલી ઉડયા, અલ્યા, તારા કુટુંબ સહવર્તમાન ડંકો દઇને વહેલો આવજે.

એવું સાંભળી પાપી હસી પડયો. પછી વિદુરજી તથા તેમની પત્ની બંને સાતમા માળે ગયાં ત્યાં જઈને પતિપત્નીએ મરવા માટે ઝેરના પ્યાલા તૈયાર કર્યા. તે પ્યાલાને જેવા પોતાના મોઢે માંડવાની તૈયારી કરી એટલે અંતરયામી જાણી ગયા કે મારા ભકત ભકતાણી મારે માટે પોતાનો દેહ ત્યાગ કરે છે માટે તેમને બચાવવાં જોઈએ. એમ ધારી ચત્રભુજ રૂપે પ્રભુ પોતે તરત દોડીને ઝેરના પ્યાલા ફોડી નાખ્યા. પછી બંનેને પ્રભુ કહેવા લાગ્યા, તમારે કંઇ વાતની ખામી નથી, સાતે ઓરડામાં સઘળી સામગ્રી તૈયાર છે. વળી રસોઇ વિગેરે બહાર બને છે. એવું સાંભળી પતિપત્ની બંને જણાં બધી ચર્ચા જોવાને નીચે ઊતર્યાં. પહેલાં ઘર બહાર જોવા માટે ગયાં તો જાદવો રસોઈનો સામાન તૈયાર કરવા મચી ગયા છે. તેમાં કોઇ જાદવ ચુલા સળગાવે છે, કોઇ નિર્મળ જળ ભરી લાવે છે, કોઇ બેઠા બેઠા શાક સુધારે છે, એ પ્રમાણે પ્રભુની લીલા જોઈને હરિજનો હસે છે, ત્યાર પછી નરનારી મહેલમાં ઓરડા જોવા માટે ગયા, તો પહેલે ઓરડે બાજઠ, બીજે ઝારિયો, ત્રીજે નાના પ્રકારનાં વસ્ત્રો, ચોથે વાટકા, પાંચમામાં કનકના થાળ, છઠામાં રતાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અથાણાં અને સાતમામાં સુંદિર પકવાન, આ પ્રમાણે શ્રીહરિએ સામગ્રી તૈયાર બનાવી દીધી. ભકતવત્સલ પ્રભુએ ભકત ભકતાણી ઉંપર બહુ જ કૃપા કરી આ સઘળું જોઇ પત્ની અતિશય હરખાઇ ગયાં છે. એવામાં પાપીને ત્યાં ખબર પહોંચી કે ભકત કાકાને ત્યાં રસોઇ તૈયાર થાય છે. એવું સાંભળી દુષ્ટ દુર્યોધને વિચાર કર્યો, મામાને પૂછું તો તે વાતનું જેહશે તે સમજાવશે. એમ ધારી તેણે મામાને પૂછયું, કાકાએ રસોઈ કેવી રીતે કરાવી એવું સાંભળી મામો બોલ્યો, અરે છત્રપતી, એ તો કૃષ્ણજી કરે છે, જો જમ્યા વિના પાછો જાય તો તેની ફજેતી થાય, માટે પોતાના ઘરનું વાપરે છે. એવામાં રસોઇ તૈયાર થઈ એટલે વિદુરજીએ દુર્યોધનને સમાચાર કહાવ્યા, તમારે જેટલા માણસો લાવવા હોય તેટલાલાવજોએટલે દુર્યોધનબોલ્યો, કહો મામા, આપણે કેમ કરીશું ? એટલે મામાએ કહ્યું, ચાલો જમવા જઇ એ, આપણે જમવાનું મુકીશું તો આપણને નુકશાન થશે માટેઆવેલુંશામાટે જવા દઈએ?એમ કહી પોતાનું સઘળું કુટુંબપરિવારતથાનરનારી સુદ્ધાં લઇ વિદુરજીને ત્યાં આવ્યો.

સઘળા માણસો પોતાને પહેરવા માટે શણિયાં લાવ્યા હતા. તેથી વિદુરે તેમને કહ્યું કેતમારાંશણિયાં વિગેરે પાછાં મોકલી દો. સઘળું અહીંથી આપીશું એટલે સઘળાઓએ પાછાં મોકલાવી દીધાં. પછી કૌરવોએ ઊના પાણીએ સ્નાન કર્યું. એટલે ભકતે વિવિધ પ્રકારનાં વસ્ત્રોતેમને પહેરવા માટે આપ્યાં, પછી રત્ન જડિત્ર બેસવા માટે બાજઠ, રૂપાના વાટકા, કનકના થાળ જળ પીવાની ઝારિયો એ પ્રમાણે દરેક કૌરવને જેમ જોઇએતેમ આપ્યું. ત્યાર કેડે ભકતને ઘેર પ્રભુ પીતાંબર પહેરીને ઉભા. એટલે દુર્યોધન બોલ્યો, અરે મામા, કદી આપણે વિચાર કરીએ, રસોઇ કૃષ્ણે બનાવરાવી પણ આ સઘળી અમુલ્ય ચીજો કયાંથી આવી ? એવું સાંભળી શકુનીએ કહ્યું, હેછત્રપતી, હું તે સર્વે જાણું છું. જયારે તમારા કાકા પાંડુરાજા હત્યા મૂકવા જાત્રાએ ગયા, ત્યારે તમારા પિતાજી આંધળા હતા તેથી તે વખતે વિદુરે છાનોમાનો, ભંડાર લુંટીને સઘળું ભોંયરામાં ભર્યું,તે વખતે તારી ઉંમર કાચીહતી.એવું સાંભળી દુર્યોધન બોલ્યો, વાહ મામા તારી વાત સાચી છે. એવામાં શ્રીકૃષ્ણજીએ પીરસવાની આજ્ઞા આપી એટલે જાદવ યોદ્ધા પીરસવા મંડી પડયા. પકવાન, અથાણાં; શાક, રાયતાં વિગેરે સઘળી સામગ્રી એક ઝપાટામાં પીરસી નાખી. પછી જયારે પ્રભુએ જમવાની આજ્ઞા આપી ત્યારે પોતે મશ્કરી કરીને કહ્યું હે છત્રપતી, કાંઈ માગી લેજો. એવું કહ્યા છતાં પાપી નીચું જોઇને જમે છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછી મામાએ દુર્યોધનને એવું સમજાવ્યું આપણે સઘળા જમી રહ્યા પછી વાસણોને ઘેર લઇ જઇએ, પીતાંબરો પણ પહેરેલાં ને પહેરેલાં ઘેર લઈ જઇએ. સઘળી આપણી પુંજી છે માટે તેમાં પ્રભુ શું કરશે? એવું સાંભળી દુર્યોધને કહ્યું, શાબાશ મામા, તમારું કહેવું સાચું છે. એમ કહી પોતે સઘળાં કૌરવોને તથા તેમની સ્ત્રીઓને સઘળું ઘેર લઇ જવાનું કહાવ્યું. ત્યાર પછી દુર્યોધન પોતાની સઘળી સામગ્રી હાથમાં લઇને ઊભો થયો. સઘળા કૌરવોએ તથા તેમની સ્ત્રીઓએ પણ દુર્યોધનની માફક કર્યું, એટલે વિદુરજી બોલ્યા, અલ્યા, ઠાલાં વાસણો શા માટે લઇ જાઓ છો? પકવાન ભરી ભરીને લઈ જાઓ. એવું સાંભળી દુર્યોધને મામાને પૂછયું, મામો કહે, ખરી વાત છે, મફતનુંઆવેલું શા માટે ચુકવું? એમ કહી સઘળાઓએ પકવાન લેવા માટે પોતાનાં વાસણો ધર્યાં. એવું જોઇને પ્રભુજી બોલ્યા, અરે વિદુરજી આ ગરીબ લોકોને જેમ જોઇએ તેમ આપજો. સઘળા કૌરવો વસવાયાંની માફક વાસણ હાથમાં પકડીને ઉભા રહ્યા છે. વિદુરજીએ તમામને જેટલું જોઇએ તેટલું ભરપુર આપી દીધું. પછી કૌરવો તથા તેમની સ્ત્રીઓ ખુશી થતાં થતાં પોતાને ઘેર ચાલ્યાં ગયાં, પછી શ્રી હરિએ એવી લીલા કરી, કે ફકત ત્રણ જણ જમે તેટલી રસોઇ રાખી ને બાકીની સામગ્રી અદશ્ય કરી દીધી. ત્યારે વિદુરજી તથા તેમની પત્ની ઘણાં ખુશી થઈ ઘરમાં ગયાં. પ્રભુજી પણ તેમની પાછળ પાછળ ઘરમાં ગયા. હવે વિદુરપત્નીએ વિદુરજી તથા પ્રભુ બંનેને જમવા માટે સામસામી બાજઠ ઢાળ્યા. એટલે શ્રીહરિ તથા વિદુરજી બંને જણા તે બાજઠ ઉપર બિરાજ્યા. પછી વિદુરપત્નીએ થાળ પીરસીને મૂકયા, ત્યારે મોરારીએ વિદુરપત્નીને કહ્યું હે માતાજી, તમારું આસન પણ અમારે સાથે જ પીરસો. ત્યારે વિદુરપત્નીએ જવાબ આપ્યો, હે દયાળુ પ્રભુ, તમે તમારે બંને જણ ખુશીથી જમી લો. તમે નરે નરની જોડ છો, અને હું એકલી સ્ત્રી છું માટે જમવાનું મને બિલકુલ ફાવે નહિ. એવું સાંભળતા શ્રી કૃષ્ણજી બોલ્યા, હે માતાજી. પેલું બારણામાં કોણ આવે છે? એવું સાંભળી જ્યાં વિદુર પત્નીએ જોયું તો રૂક્ષ્મણીજીને આનંદભેર આવતાં જોયાં, ત્યારે વિદુરપત્નીએ રુક્ષ્મણીજીને આસન આપીને બેસાડયાં, એટલે પ્રભુજી બોલ્યા, હે માતાજી હવે તમારી જોડ આવી મળી માટે ખુશીથી જમવા બીરાજો, ત્યારે વિદુરપત્નીના મનમાં એવી ચિંતા થઇ, એક જણની સામગ્રીમાં બંને જણ કેવી રીતે જમશે? એટલે દયાળુએ પોતાના થાળમાંથી અડધી સામગ્રી લઈને રુક્ષ્મણીજીને પીરસી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દીધી. પછી પોતે રાજી થઇને ઊભા થયા અને રસોડામાં ભાજી ઢાંકેલી હતી તેને લાવી પોતાના થાળમાં ઠાલવી દીધી. એવું જોઈ વિદુરજીએ કહ્યું, અરે મહારાજ, આ શું કર્યું ? ત્યારે શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, અરે વિદુરજી, આ તો પ્રેમની ભાજી છે. આવી ઉત્તમ ભાજીનો સ્વાદ મેં આજે જ લીધો. તમારે પણ જરા જરા ચાખવી હોય તો ચાખો. એમ કહી દયાળુએ ચૌદ લોકનો સ્વાદ ભાજીમાં મૂકી દીધો. પછી પોતે થોડીત્રણ જણને વહેંચી આપી, જ્યારેં તે ભાજી ત્રણે જણે ચાખી એટણે પ્રભુનો થાળ ઝુંટાવા લાગ્યાં. તે ત્રણે જણા પ્રભુને કહે છે, હે જગતપતિ, આ ભાજીનો સ્વાદ કહી શકાય તેવો નથી, માટે અમને આપના થાળમાંથી લેવા દો. એવું સાંભળી પ્રભુજી પોતાનો થાળ ઉંચકીને ચોકમાં નાઠા. એટલે ત્રણે જણ પ્રભુનો થાળ લુંટવા માટે તેમની પાછળ પાછળ દોડયા. ભક્તના ઘેર પ્રભુએ રાસ મંડળ જેવું કરી તે સમયે બતાવ્યું.

તેત્રીસ કરોડ દેવતા દર્શન કરવા માટે અંતરિક્ષ આવીને ઊભા રહ્યા છે. એવામાં પ્રભુએ એવો ખેલ કર્યો, ભાજીનો સ્વાદ ખેંચી લીધો. પછી ત્રણ જણે ભાજીને ચાખી તે વખતે તદ્દન ફીકી લાગી. એવી પ્રભુની અદ્ભુત લીલા જોઇને વિદુરજીએ સ્તુતિ કરી, હે નાથ, તમે સચરાચર ભરપૂર છો, હે રણછોડ, તમારી ગતિ સિવાય ઠાલો ઠામ નથી. સ્વાદ બે સ્વાદ પણ તમારી પાસે જ છે, અરેરે લોકો મિથ્યા મોટાઇમાં ને મોટાઇમાં મરે છે. એમ સ્તુતિ કર્યા પછી પ્રભુને કહ્યું, હે દીન દયાળ, આપને ભાજી જમવી હોય તો ખુશીથી જમો. પછી શ્રીહરિએ બાજઠ ઉપર બેસીને સઘળું જમી લીધું. ત્યાર પછી મુખવાસ લીધા. એ પ્રમાણે દયાળુએ ભકતને અપાર લીલા બતાવીને રુક્ષ્મણીજીને અંતર્ધાન કરી દીધા. પછી પોતે રથમાં બીરાજીને નગરની બહાર બાગમાં આવી પહોંચ્યા, પ્રભુને આવેલા જોઇને પાંડવો ખુશી થયા. પછી ધર્મરાજાએ પ્રભુને પૂછયું, હે જગતના નિયંતા ! આપે દુર્યોધનની પાસે જઇને શું કર્યું ? ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું, અરે ધર્મરાજા, તમારી પંચાતમાં એવો સાર નીકળ્યો જે જેથી કરીને મેં માર ખાધો. એવું સાંભળી ધર્મરાજા બોલ્યા, અરે મહારાજા, દુર્યોધનનો કાળ આવી પહોંચ્યો છે. ઊઠો રે ભાઇઓ, શું જોઇ રહ્યા છો ? દુર્યોધનને એવો પત્ર લખો, આપણી સામા યુદ્ધ કરે. એવું સાંભળીને ભીમસેન બહુ હરખાયો. હવે ધર્મરાજાના કહેવાથી પારથે દુષ્ટને એવો પત્ર લખ્યો, યુદ્ધ કરવા માટે તૈયાર થા. દુર્યોધન તે પત્ર વાંચીને ગભરાઈ ગયો, પછી પોતાના અંધ પિતાને પૂછવા લાગ્યો. હે પિતાજી, પાંડવો લડવા માટે તૈયાર છે, તેથી હવે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારે શું કરવું? એવું સાંભળી ધૃત્રાષ્ટ્રે જવાબ આપ્યો, અરે, બેટા, જો મારું કહેવું સાચું માનતો હોતો પાંડવોને બોલાવીને તેમનું અડધું રાજય આપી દો. ત્યારે પોતાના પિતાને પાપી કહેવા લાગ્યો, જાઓ જાઓ, તમારી મતિ બગડી છે.પાંડવોને તો રાજ્ય બિલકુલ આપવું નથી,બીજી યુકિત બતાવો તો બહુ સારૂં થાય. એવું સાંભળી ધૃત્રાષ્ટ્ર બોલ્યો, અરે દીકરા, જો મારૂં કહેવું સાચું ન લાગતું હોય તો તમારા દ્રોણ ગુરૂને પૂછીને ખાતરી કરો ત્યાર પછી દુર્યોધન પોતાના મામાને સાથે લઇને દ્રોણ ગુરુના ત્યાં પુછવા માટે ગયો. ત્યાં જઇ ગુરૂને દંડવત કરીને પુછવા લાગ્યો, હે મહારાજા, અમે તથા પાંડવો સામાસામી યુદ્ધ કરીએ તેમાં કોણ જીતે ને કોણ હારે?એવું સાંભળી દ્રોણ ગુરુએ કહ્યું,અરે છત્રપતિ,દક્ષિણા વિના પ્રશ્નનો જવાબ યથાર્થ મળવાનો નથી.એટલે દુર્યોધન બોલી ઉઠયો, બ્રાહ્મણની જાત બહુ લોભી હોય છે. કેવારનો પ્રશ્ન કર્યો છે, પણ હજુ થોભીને બેસી રહ્યા. પછી પોતે પોતાના મુગટના મોતીના તોરાની લટ તોડીને દ્રોણને આપી દીધી. એટલે દ્રોણ ગુરુએ મોતી ગણીને કહ્યું, હે છત્રપતી, જે દિવસથી તું યુદ્ધનો આરંભ કરીશ તે દિવસથી અઢારમે દિવસે તું તારા કુટુંબ સહિત મરીશ એવું સાંભળી દુર્યોધન ગભરાઈ ગયો. એટલે શકુની મામાએ કહ્યું,અરે છત્રપતી,બ્રાહ્મણનું કહેવું સત્ય માનીશ નહિ. એમ વાતો કરતા બંને જણા ઘેર આવ્યા, પછી ધુત્રાષ્ટ્રને વાત કરવા લાગ્યા.ત્યારે ધૃત્રાષ્ટ્ર બોલ્યો, અરે, દીકરા, તમે નિશ્ચય જાણજો;તમારું મર્ણ નજીક આવી પહોંચ્યું, તે કરતા જીવવાનીઆશા રાખતા હો તો ભીષ્મને શર્ણ રહો. ત્યારે દુર્યોધન ત્યાંથી નીકળીને ભીષ્મપિતાની પાસે ગયો ત્યાં જઈને દાદાને પગે લાગીને બોલ્યો; પાંડવની સાથે મારે યુદ્ધ કરવું છે, માટે મને તમારે શરણે રાખો. એવું સાંભળી ભીષ્મજી વિચાર કરવા લાગ્યા. જો શરણે આવેલાને પાછો કાઢું તો તો મારું સત્ય જાય. એમ ધારી પોતે દુર્યોધનને કહ્યું, હે છત્રપતી હું દશમે દિવસે મરવાનોછું માટે તને દસ દિવસ શરણે રાખીશ. એટલે દુષ્ટ બોલી ઉઠયો, હે દાદા,બીજા આઠ દિવસ મને કોણ શરણે રાખશે? ત્યારેભીષ્મજીએજણાબ આપ્યો, અરે બેટા,તું તારા દ્રોણ ગુરુને કરમરી પડ. એવું સાંભળી પાપી દુર્યોધન ત્યાંથી નીકળી દ્રોણ ગુરુની પાસે આવ્યો. અને આવીને ગુરુજીને પગે લાગીને બોલ્યો, હે મહારાજા, મને દશ દિવસ ભીષ્મજીએ શરણે રાખ્યો છે, માટે બાકીના આઠ દિવસ આપ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શરણે રાખો. એવું સાંભળી દ્રોણ ગુરુએ કહ્યું, હે છત્રપતી, આઠ દિવસ તો નહિ પણ જા પાંચ દિવસ શરણે રાખીશ. એટલે દુર્યોધને કહ્યું, મહારાજા આપ જ્યારે મને પાંચ દિવસ શરણ રાખો છો ત્યારે તેવા આઠ દિવસ રાખો તો બહુ સારું, કારણ કે ફક્ત ત્રણ દિવસ માટે શા સારું મૃત્યું કરાવો છો ? એવું સાંભળી દ્રોણ ગુરુ કહે, જા તારો ભાઈ કર્ણ રાજા તને ત્રણ દિવસ શરણે રાખશે, એટલે છત્રપતી દુર્યોધન ત્યાંથી ચાલીને કર્ણ રાજાને ત્યાં આવ્યો. છત્રપતીને જોઇને કર્ણરાજાએ પૂછયું, કેમ મોટા ભાઈ, કોઈ દહાડો નહિને આજ અત્યારે પધાર્યા ?

એવું સાંભળી દુર્યોધન કહે, પાંડવ સામે યુદ્ધ કરવું છે માટે ત્રણ દિવસ તમારે શરણે રાખો. ત્યારે કર્ણ કહ્યું, હું તમને બે દિવસ શરણે રાખીશ.ત્યારે છત્રપતિએ કહ્યું, મને ફરસુરામનો શ્રાપ છે, જો હું લાગલાગટ બે દિવસ યુદ્ધ કરું એટલે બીજે દિવસ મારું મૃત્યુ થશે.તેટલા માટે હું તમને બે દિવસ શરણે રાખીશ.એવું સાંભળી દુર્યોધને પુછયું, અરે કર્ણભાઈ,હું એક દિવસ કોને શરણે રહીશ ? ત્યારે કર્ણે દુર્યોધનને જવાબ આપ્યો, પાંડવનો મામો શલ્લરાજા પાંડવની પક્ષે આવે છે માટે કાંઈ કપટ કરીને તેને શરણે રહી જશો તો મૃત્યુથી બચશો. ત્યારે દુર્યોધન ત્યાંથી નીકળીને જ્યાં શલ્લરાજાને આવવાનો રસ્તો છે તે જ રસ્તાની વચ્ચોવચ બેઠો. એવામાં શલ્લરાજા બે ક્ષોણી સૈન્ય સાથે પાંડવની પક્ષે આવે છે, તેણે દુર્યોધનને રસ્તા વચ્ચોવચ દીઠો. તેથી શલ્લે પૂછયું,કેમ છત્રપતિ,અહીં રસ્તો રોકીને બેઠા છો ? અમને જલદીથી જવા દો. એટલે દુર્યોધન શલ્લરાજાને હાથ જોડીને કહેવા લાગ્યો,અમે ને પાંડવે રાજપાટ વહેંચી લીધું છે. વળી પાંડવોએ મને કહ્યું, છે. જાઓ, મારા મામા તમારું દુઃખ ભાગશે, માટે તમે વચન આપો તો તે દુઃખ હું તમને કહું. એવું સાંભળી શલ્લરાજાએ દુષ્ટને વચન આપ્યું.ત્યારે પાપી હસીને બોલ્યો,અરે શલ્લ રાજા, મારે પાંડવની સામા યુદ્ધ કરવું છે માટે એક દિવસ શરણે રાખો. એવું સાંભળી શલ્લરાજા ગભરાયો, જરૂર દુષ્ટે દગો દીધો, પછી વિચારીને કહ્યું, જા છત્રપતી, હું તને અડધો દિવસ શરણે રાખીશ. એટલે છત્રપતિએ વિચાર કર્યો, હું અડધા માટે મારો પ્રાણ તજીશ ? હશે ? હશે. કાંઈ ચિંતા નહિ. હું કાંઈ મરવાનો નથી એમ ધારી હિંમત રાખી. પછી દુર્યોધને શલ્લ રાજાને કહ્યું, ચાલો, મારા ઘેર જઇએ.એવું સાંભળી શલ્લે જવાબ આપ્યો, હું મારા ભાણેજને મળીને ત્યાં આવીશ એમ કહી બે ક્ષોણી સૈન્ય સાથે શલ્લરાજા પાંડવના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાસે આવ્યો. જયાં શલ્લ બાગમાં આવ્યો એટલે પાંડવો આડું મોઢું કરીને બેઠા.ત્યારે શલ્લે કહ્યું, કેમ ભાણેજા, આડું જોઇને બેઠા ? એવું સાંભળી ભીમે જવાબ આપ્યો,તમે અમારો દુશ્મન શરણે રાખ્યો માટે. ત્યારે શલ્લ કહે,મને દગાથી બાંધી લીધો તેથી મારો ઉપાય રહ્યો નહિ. પણ એના હું ભેગો રહીને એનો ઘાટ ઘડાવીશ. એમ કહી પાંડવોને પોતાની બે ક્ષોણી સૈન્ય આપીને પોતે દુર્યોધનની પાસે ગયો. એવામાં પાપીએ પાંડવોમાં એક પત્ર લખ્યો,વઢવાની જગ્યા શોધી કાઢીને અમને પત્ર લખજો, એટલે અમે તમારી સાથે ઘણી ખુશીથી લડીશું. એ પ્રમાણે એક એકને યુદ્ધના સમાચાર પહોંચાડયા. ત્યારપછી કૃષ્ણ પ્રભુએ દ્વારીકાં જવાની રજા માગી. એટલે ભીમસેને પ્રભુને કહ્યું, હવે કયાં જાઓ છો ? જો દ્વારીકાં જશો તો અમને લડાઇની સૂજ પડે તેમ નથી એટલે પ્રભુ બોલ્યા, હમણાં મનેઘેર જવા દો,કારણ કે ઘણા દિવસથી હું અહીં રોકાયો છું માટેબળદેવજી ગુસ્સેથતાહશેતેથી તમે અર્જુનજીને તેડવા માટે મોકલજો એટલે હું અહીં આવીશ. એમ કહીને પ્રભુજીએ દ્વારીકાં જવાની આજ્ઞા માગી. એવામાં દુર્યોધને જાણ્યું, શ્રીકૃષ્ણ રથમાં બેસીને દ્વારીકાં જાય છે, તેથી તે યુદ્ધનું નોતરું દેવા માટે પ્રભુની પાસે આવ્યો. તેણે આવીને હરિને કહ્યું, મહારાજા, તમને મારું યુદ્ધનું આમંત્રણ છે. એટલે પ્રભુએ જવાબ આપ્યો, હું માર્ગમાં કોઇનું નોતરું ઝીલતો નથી. માટે કાલે અર્જુનજી મારે ત્યાં નોતરું દેવા આવવાના છે. તેથી તમારે પણ આવવું હોય તો સુખભેર પધારજો. એમ કહી પોતે દ્વારીકા ગયા. બળદેવજીએ પ્રભુને પાંડવ કૌરવના સમાચાર પૂછયા એટલે દયાળુએ એવો જવાબ આપ્યો કે બંનેને સમાધાનથયું.

એમ કહીને શ્રીહરિ રહ્યા છે. એવામાં બીજો દિવસ થયો. અર્જુનજી અભંગ રથમાં બેસીને પ્રભુને તેડવા નીકળ્યા. દુર્યોધન પણ રથમાં બેસીને નીકળ્યો, તે બંને જણને દ્વારીકાં જવાનો સંગાથ થયો. તે બેઉ જણા વાતો કરતા કરતા દ્વારીકાંમાં આવી પહોંચ્યા. આવીને બેઉ જણા પોતપોતાના રથ રથશાળામાં મૂકીને પ્રભુને ત્યાં જવા લાગ્યા. જયાં પ્રભુનો મહેલ થોડેક દૂર રહ્યો એટલે દુર્યોધન નોંતરું દેવા માટે પહેલો દોડયો. પ્રભુને કહયું મારું નોતરું છે. ત્યારે કેડે અર્જુને જઇને નોંતરું દીધું. પ્રભુએ બેઉ જણાને કહયું, તમે દિવસે નોંતરાં દીધાં તેથી હું માનતો નથી.તમે બંને બીજી જગોએ નિશા નિર્ગમન કરો,પછી પરોઢમાં હું જેનું મોઢું દેખીશ તેનું નોંતરું કબૂલ કરીશ, એવું સાંભળી દુર્યોધને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિચાર કર્યો,કૃષ્ણ તેના બનેવીની પક્ષ કરશે માટે ગમે તેમ કરી હું વહેલો ઊઠીને પ્રભુને મોં બતાવીશ. કુંતાનંદન કૃષ્ણના મહેલમાંથી બહાર આવ્યો એટલે આંધળાનો પુત્ર પણ તેની પાછળ પાછળ નીકળ્યો. કૃષ્ણજીના સેવકે દ્વાર બંધ કરી દીધાં. પછી દુર્યોધને વિચાર્યું. હું પ્રભુના બારણાંની વચ્ચે સૂઈ રહીશ તો મારાથી અર્જુનના પહેલું નોંતરું દેવાશે. એમ ધારી પાપી એટલા ઉપર બેઠો. પછી પ્રભુના બારણાં વચ્ચોવચ પીછોડી પાથરીને સૂઈ રહ્યો. હવે અર્જુનજી તો બીજી જગાએ ગયા છે આ સઘળી વાત અંતરયામીએ જાણી તેથી પોતે અતિ ક્રોધે થઇને પાપી દુર્યોધનની પાસે માંકણ, મચ્છર તથા જુવા વિગેરે મૂકયા. આ સઘળી જીવાતો દુષ્ટને કરડવા લાગી તેથી બરોબર ઊંઘ આવતી નથી.નિદ્રા નહિ આવવાથી ઊઠીને શરીર વલુરવા લાગ્યો.વળી પાપી પોતાના મનમાં અહંપદ લાવે છે કે અરેરે આ ભરવાડો રાજા થયો એટલે શું થયું ! આ જીવાતમાં ચાતુર માણસ કદી રહે નહિ. એમ તેણે આખી રાત પ્રભુને ગાળો દીધી. સર્વનું ભૂંડું અને પોતાનું રૂડું તાંકવા લાગ્યો.એમ કરતાં કરતાં દુઃખમાં ત્રણ પહોર રાત્રિ વીતી ગઈ એટલે સેવકોએ દ્વાર ઉઘાડયાં એટલે પાપી કૃષ્ણના ધામમાં પેસીને જ્યાંપ્રભુ સૂઇ રહ્યા છે ત્યાં તેમના ઓશીકા ઉપર જઇને બેઠો, પ્રભુ સુતા સુતા સર્વે જાણે છે કે છત્રપતી આવ્યો પણ હજુ અર્જુનજી આવ્યા નથી. એવામાં અર્જુનજી આવીને પ્રભુની પાંગથ નીચે બીરાજ્યા, એટલે પ્રભુ ઓઢેલે વસ્ત્ર બેઠા થયા અને તરત ઓઢેલું વસ્ત્ર ઉઘાડીને અર્જુનજીનું મોં જોયું. પછી પારથને કહ્યું, તમારું નોતરું કબૂલ છે. પણ હજુ છત્રપતી કેમ નથી આવ્યા ? એટલે દુર્યોધન બોલી ઉઠયો, અરે કૃષ્ણજી, કપટ કરી બનેવીને મોં બતાવીને ચાળા કરો છે,તે સઘળું જાણું છું. એવું સાંભળી શ્રીહરિ બોલ્યા, અરે છત્રપતી, મારે હંમેશાં મોઢું ઓઢેલું રાખીને ઊઠવાની ટેવ છે.જો હું ખોટું કહેતો હોઉં તો મારા સેવકોને પુછી જુઓ. ત્યારે પાપીએ કહ્યું,જાઓ મહારાજ,હું તમને સારી પેઠે જાણું છું.એમ કહી પ્રભુને ક્રોધ વડે કહેવા લાગ્યો, તમે નહિ આવો તો તમારા ભાઈ બળદેવજીને મારી પક્ષમાં લઈ જાઉં છું. એમ બોલીને પોતે બળદેવજીને ત્યાં જવા નીકળ્યો, હવે પ્રભુએ વિચાર કર્યો, જો દુર્યોધનને બળદેવજી હા પાડશે તો મોટી ફજેતી થશે. એમ ધારી પોતે અદૃશ્ય થઇને બજારમાં ગયા,ત્યાં એક વૃદ્ધ બ્રાહ્મણ ટેલીઓ હતો. તેનો પ્રાણ આકર્ષણ કરીને વૈકુંઠમાં મોકલ્યો, પછી તેનું ખોળિયું પોતે ખાંધે ઊચક્ષી લઇને બળદેવજીના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બારણા વિષે ગોઠવ્યું. પછી દયાળુ પોતાના ધામમાં જઇ બેઠા એટલે દુર્યોધને બળદેવજીના મહેલ આગળ આવી બે ચાર ટકોરા પાડયા, તેથી બળદેવજી એકદમ જાગીને બારીએથી જોવા લાગ્યા તો દુર્યોધનને દેખ્યો. છત્રપતીને જોઇને પોતે બહુ જ હરખાઇ ગયા. ધીમે રહીને પોતે નીચે આવી પોતાનાં બારણાં ઉઘડયાં, એટલે પેલું મડદું દ્વારના ઉંમરા પર પડયું, તેથી બળદેવજીએ કહ્યું, અરે આ શું ! એમ કહી દીવો મંગાવી જોયું તો બ્રાહ્મણ દીઠો. તેથી વિચાર્યું દ્વાર ઉઘડતામાં ટેલીએ ચગદાઈ મુઓ. એમ જાણી બળદેવજી મહા પશ્ચાતાપ કરવા લાગ્યા. એટલામાં પ્રભુ દાતણનો લોટો લઇને મોટાભાઈ મોટાભાઇ એમ પોકાર કરતા કરતા બળદેવજીના ત્યાં આવ્યા તો બળદેવજીની આંખોમાંથી ચોધારે આંસુ ચાલ્યા જાય છે.

દુર્યોધન બ્રાહ્મણ મરવાનું તોફાન જોઇને ત્યાંને ત્યાં ઊભો રહ્યો છે. બળદેવ પાસે આવીને કૃષ્ણજીએ કહ્યું, અરે ભાઇ.કેમ રડો છો ! ત્યારે બળદેવજીએ કહ્યું, મને બ્રહ્મહત્યા લાગી. એવું સાંભળી પ્રભુ બોલ્યા, અરે મોટાભાઈ, આવું દુષ્ટકર્મ આપણા કુટુંબમાં થયું નથી એમ કહી દિલગીર થઈ હળધરને પૂછયું. તમે વહાણામાં કોનું મોઢું જોયું હતું ? કોઈ દુષ્ટનું મોં જોવામાં આવ્યું હશે; તેથી આ કર્મ બન્યું છે.એટલે હળધારીએ ક્રોધમાં કહ્યું,આ પાપી દુર્યોધનનું મોં જોવામાં આવ્યું છે, એમ બોલી પોતાના સેવકોને હુકમ કર્યો, છત્રપતીનું મસ્તક છેદવા માટે હથિયાર લાવો. તેથી દુર્યોધન પ્રભુને ગાળો દેતો દેતો ત્યાંથી જીવ લઇને હસ્તિનાપુર નાસી ગયો. ત્યારે પ્રભુએ વિપ્રોને બોલાવી તે મડદાને ગોમતી તટે અગ્નિસંસ્કાર કરાવ્યો. ત્યાર પછી બળદેવજીએ પ્રભુને પૂછયું, બ્રાહ્મહત્યાનું પાપ કેવી રીતે નિવારણ થશે ? એવું સાંભળી દયાળુએ વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી પૂછયું, અરે મહારાજ આ બ્રાહ્મહત્યાનું પાપ કેવી રીતે દૂર થાય ? ત્યારે બ્રાહ્મણોએ જવાબ આપ્યો, અચાનક હત્યા લાગી છે માટે તેનો ઉપાય એવો છે, સવાસો બ્રાહ્મણો તથા ગાયો આ સઘળાંને સાથે લઇને યાત્રાએ જવું.પછી તે ગાયોને જવ ખવરાવવા. તે ગાયો જવ ખાઇ ગોબર કરે, તેમાં જે જવના દાણા નીકળી આવે તેને છોલી દૂધમાં રાંધીને પોતાનો નિર્વાહ ચલાવવો, તથા હરિસ્મરણ કરવું. એ રીતે અડસઠ તીર્થ યાત્રાઓ કરવી, અને સંપતી પ્રમાણે પુન્ય કરવું.એ રીતે બ્રાહ્મણો બતાવીને ચાલ્યા ગયા. પછી બળદેવજીએ પ્રભુને પૂછયું, કેમ ભાઈ મારે કયારે યાત્રાએ જવું ? ત્યારે દયાળુએ જવાબ આપ્યો હાલને હાલ જાઓ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કારણ કે પાપ દિવસે દિવસે વધતું જાય. એવું સાંભળી બળદેવજીયાત્રાએ જવા માટે રથમાં બીરાજયા, ને તરત ને તરત રસ્તે પડયા. તેમના ગયા પછી પ્રભુએ સવાસો બ્રાહ્મણો તથા સવાસો ગાયો અને અન્નના રથ ભરીને બળદેવજીની તરફ સઘળું મોકલી દીધું. પછી કૃષ્ણજીએ અર્જુનને કહ્યું, હવે ચાલો આપણે હસ્તિનાપુર જઇએ. એમ કહી બંને જણા હસ્તિનાપુર જવા તૈયાર થયા.

અર્જુન વસ્ત્ર શણગાર સજીને રથમાં બેઠા, પછી પ્રભુ ઘોડાના અછોડા ઝાલી હાંકવા બેઠા. બેઉ જણા સાળો બનેવી વાતો કરતા કરતા હસ્તિનાપુર આવી પહોંચ્યા.પાંડવો કૃષ્ણ પ્રભુને જોઈ અતિ હરખાયા. પછી પ્રભુ પોતાની સાથે થોડા સેવકો લાવ્યા હતા તેમને દુર્યોધનને ત્યાં વિદાય કર્યા. કારણ કે પાપીને ખોટું ન લાગે. ત્યાર કેડે ધર્મરાજાએ પ્રભુને પૂછયું,આપણે યુદ્ધ કરવાનું કયાં રાખીશું ? એવું સાંભળી પ્રભુએ કહ્યું, અરે સત્યવાદી ધર્મરાજા, જયાં નિર્દય પૃથ્વી હોય ત્યાં યુદ્ધનો આરંભ કરવો. એટલે ધર્મ કહે, તમને ગમે તેવી ભોમી શોધીને ભાડે રાખી આવો.તમને એકલાને ન ગમે તો તમારી સાથે અર્જુનજીને તેડતા જાઓ, ત્યારે પ્રભુએ અર્જુનજીને કહ્યું, એટલે અર્જુનજી વસ્ત્ર પહેરીને તૈયાર થઇને રથમાં બેઠા. પછી પ્રભુ ઘોડાના અછોડા ઝાલી હાંકવા બેઠા. એ પ્રમાણે બંને જણા વાતો કરતા કરતા નિર્દય પૃથ્વીમાં ગયા. પ્રભુએ કહ્યું, પારથ આ નિર્દય પૃથ્વી છે માટે અહીં સંગ્રામ કરવાનો રાખીશું, એટલે અર્જુનજી બોલ્યા, ના રે મહારાજ, આ નિર્દય પૃથ્વી કયાં છે ? આ પૃથ્વી પણ આપણા જેવી જ છે એવું સાંભળી પ્રભુ કહે તમે શરત રાખજો હું તમને તેની પરીક્ષા કરી બતાવું છું. એમ વાતો કરે છે એટલામાં એક ખેતરમાં એક કોશીઓ કોશ તાણે છે અને તેનો છોકરો નીકોમાં પાણી વાળે છે એવું જોવામાં આવ્યું.ત્યારે પ્રભુ અર્જુનને પરીક્ષા બતાવવા સારુ એક સ્વરૂપે સર્પ થઇને કોશીઆના પુત્રને કરડયા, એટલે તે છોકરો એકદમ ચકરી ખાઇને નીચે પડયો, તેથી અર્જુનજીએ પ્રભુને કહયું. અરે મહારાજ, આપણે વાતો કરીએ છીએ એટલામાં પેલા કોશીઆના છોકરાને સર્પ ડસ્યો તેથી બિચારો મરી ગયો પણ તેનો બાપ જાણતો નથી માટે ચાલો તેને ખબર આપીએ. એટલે પ્રભુએ કુવા તરફ રથ હાંકયો ત્યાં આવીને ખેડુતને કહયું, અલ્યા, તારો પુત્ર મરણ પામ્યો તેથી કોશીઓ પોતાનો કોશ છોડી નાંખીને પોતાના દીકરાને ગાળો દેતો દેતો ગયો, ત્યાં જઈ મડદાને મારતો મારતો કુવાના કિનારા આગળ લાવીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કાદવમાં નાંખ્યો. વળી પોતાના દીકરાને કહેતો જાય છે, એ ઘડી પહેલો મુઓ હોત તો ગમે તેને પાણી વાળવા લાવત. આ જોઇને અર્જુ-નજી વિસ્મય પામ્યા. ને પ્રભુને કહે છે, હે દયાળુ, આ બાપ દીકરાને બિલકુલ સગાઈ નથી, એવું સાંભળી શ્રીહરિએ કહ્યું, આગળ ચાલો, હજી તો બીજી પરીક્ષા બતાવું, એમ કહી ગામમાં જવા માટે રથને હાંકયો. થોડેક દૂર આવ્યા એટલે કોશીઆના છોકરાની વહુ ભાતુ લઇને આવતી હતી તે રસ્તામાં મળી.તેણીને શ્રીહરિએ પૂછયું, બાઈ,તું કયાં જાય છે? ત્યારે તેણીએ જવાબ આપ્યો, પેલા કોશીઆના દીકરાની હું સ્ત્રી છું એવું સાંભળી પ્રભુ બોલ્યા, અરે બાઈ, તારા પતિને સર્પ ડસ્યો તેથી તે મરી ગયો છે.

એવું સાંભળી તે બાઇએ કહ્યું,અરે ભાઇ તમે મને ઠીક પહેલેથી ચેતાવી કારણ કે મારા સ્વામીના ભાગનું ભાથું મારો સસરો ખાઇ જાત, તમે ચેતાવી તો હું આંહી બેસીને મારા સ્વામીના ભાગનું ખાધા પછી જઇશ.એમ કહી ખાવા બેસતાં પોતાનો ચુડો કાઢી નાંખીને ભોંયમાં ડાટયો, ત્યારે અર્જુને પુછયું,કેમ બાઈ,તારો ચુડો તેં ભોંયમાં ડાટયો? એટલે તેણીએ જવાબ આપ્યો અરે ભાઈ,આજથી બારમા દિવસે હું નાતરે જવાની,માટે તે દિવસે આ ચુડો પહેરવા કામમાં આવશે.એવું સાંભળી અર્જુને કહ્યું, હે દયાળુ, આ તે શું કહેવાય? સ્ત્રી પુરુષને બિલકુલ સગાઈ નથી. એટલે શ્રી હરિ અર્જુન પ્રત્યે બોલ્યા, પારથ, હજી તમને ત્રીજી પરીક્ષા બતાવું છું એમ કહી પોતાનો રથ ગામમાં હાંકયો, ભગવાને પેલા કોશીઆના ઘર આગળ જઇને રથને ઊભો રાખ્યો, તો ઘરમાં કોશીઆની સ્ત્રી તથા તેની પુત્રી બંને બેઠાં હતાં તેમાં કોશીઆની પુત્રી ખીચડો ખાંડતી હતી, પ્રભુએ કહ્યું, અરે બાઈ, તારો પુત્ર ખેતરમાં સર્પ કરડવાથી મરી ગયો છે,એટલે તે કોશીઆની સ્ત્રીએ તેની પુત્રીને કહ્યું,અરે દીકરી,તું તારા ભાઇના ભાગનો ખીચડો પાછો કાઢી નાંખ.ત્યારે તે પુત્રીએ એક શેર ખીચડો પાછો કાઢી લીધો. અર્જુને પ્રભુને કહ્યું,જુઓ મહારાજ, આમા દીકરીને બિલકુલ સગાઈ નથી. પછી પ્રભુએ સાદ પડાવીને ગામના લોકોને ભેગા કર્યા, શ્રી હરિએ તેમને પુછયું, અમારે તમારું કુરુક્ષેત્ર યુદ્ધ માટે ભાડે રાખવું છે માટે તેનું ભાડું શું લેશો?એવું સાંભળી ગામના લોકો કહેવા લાગ્યા,અરે ભાઇઓ, તમારા લડનારા કેટલા માણસ છે? ત્યારે દયાળુએ કહ્યું, બધી થઇને અઢાર ક્ષોણી છે. પછી લોકોએ પુછયું, તેમાં તમે કેટલાં મડદાંને બાળશો એવું સાંભળી પ્રભુએ જવાબ આપ્યો, પાંચ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હજારમડદાને બાળીશું, ત્યારે ગામના લોકોએ રાજી થઇને કહયું, બહુ સારું, તમને વગરપૈશે યુદ્ધ કરવા સારુ આજથી જમીન આપી.તમે પાંચ હજાર મડદાને બાળજો અને બાકીનાં અમે ખાતરમાં વાપરીશું. મડદાં પડયા રહેવાથી ઉલટી અમારી જમીન સુધરશે, માટે અમારે તમારી પાસેથી ભાડું લેવું નથી. ત્યારે અર્જુને કબુલ કર્યું, પછી વાતો કરતા કરતા હસ્તિનાપુર ભણી ચાલ્યા. નિર્દય ભૂમિનો પાસ અડવાથી બંને જણા લડી પડયા. પછી નિર્દય ભૂમિમાંથી બહાર નીકળી ગયા. ત્યારે એક એકને સ્નેહથી બાઝી પડયા.ત્યાર પછી કૃષ્ણ તથા અર્જુન બેઉ જણા હસ્તીનાપુરના બાગમાં ગયાં. ત્યાં જઇને સઘળા સમાચાર ધર્મરાજાને કહી બતાવ્યા. પછી અર્જુને કૌરવોને પત્રલખી જણાવ્યો તમે સઘળા પરમ દિવસે કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવા સારૂ આવજો.દુષ્ટને પત્ર પહોંચ્યો એટલે શકુનીને કહયું, મામા, તમે આપણું સૈન્ય તૈયાર કરો. મામાએ તમામ સૈન્ય તૈયાર કરાવી દીધું. એવામાં ધૃતરાષ્ટ્રે દુર્યોધનને કહયું,અરે બેટા, તું લડવા જાય છે તે ઠીક છે પણ ત્યાં શું શું બને છે તે બીના મને કોણ કહેશે? ત્યારે દુર્યોધને પ્રભુજીનો આપેલો સંજય નામનો યોદ્ધો ત્રિકાળજ્ઞાની હતો તેને ત્યાં મૂકયો. પછી સોએ ભાઇએ યુદ્ધમાં જવા માટે તૈયાર થયા.

સઘળા પોતાના સગાવહાલાને મળવા લાગ્યા, અમે જીવતા હોઇશું તો આવીશું નહિ તો છેવટના રામરામ છે.એમ કરતાં કરતા બે દિવસ વહી ગયા. હવે પાંડવોને રહેવાનું સ્થળ નથી તેથી દ્રૌપદી,સુભદ્રા કુંતાજી,તથા બાળબચ્ચાં વિગેરેને સાથે લીધાં એવામાં વૈરાટરાજા પણ એક ક્ષોણી સૈન્ય લઇને વેવાઇની પક્ષે આવ્યો. બે ક્ષોણી સૈન્ય શલ્લરાજાની આવી છે. પછી બે ક્ષોણી દ્રુપદરાજાની આવી. અને બે ક્ષોણી વૈરાટરાજાએ પહેલેથી આપી હતી. એ પ્રમાણે પાંડવની પાસે સાત ક્ષોણી સૈન્ય એકઠી થઈ. પછી દ્રુપદ, વૈરાટ, ધૃષ્ટ, પ્રદ્યુમન, શીખંડી, મેઘવર્ણ, ગટોરગચ્છ, અભિમન્યુ એ પ્રમાણે બહાદુર લડવૈયા પણ તૈયાર થઈ ગયા. પાંડવો વાજતેગાજતે બહાર નીકળ્યા. એટલે અગિયાર ક્ષોણી સૈન્ય લઇને અંધકુમાર દુર્યોધન પણ તૈયાર થયો. તેણે પણ પોતાના સો ભાઇને તથા તેમના ચારસો સિતેર દીકરા પણ સાથે લીધા. કારભારીએ ભગદત્ત, જયદ્રથ, ભુરીશ્રવા સુશર્મા તથા શલ્લરાજા તેમજ સતીઆ પુરુષો જેવા કે દ્રોણ, કૃપાચાર્ય અશ્વત્થામા, ભીષ્મ વિગેરે યુદ્ધમાં જવા તૈયાર થઈ ગયા. એ પ્રમાણે કૌરવોએ કેસરિયાં કરીને-નિશાન ફરકાવ્યા. પછી અંધકુમાર વાજતેગાજતે સૈન્ય સહિત નગર બહાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવ્યો તે વખતે માઠા શુકન થયા, આડા નાગ ઉતર્યાં અને કાગડાઓ કકડયા. એટલે વિદુરજી દોડતા આવીને પાંડવને તથા કૌરવોને કહેવા લાગ્યા અરે દિકરાઓ શા માટે વઢી મારો છો ? શુકન માઠા થાય છે, ખીલેલો બાગ શા માટે ઉજ્જડ કરવા બેઠા છો ? એ પ્રમાણે ઘણું કહ્યું પણ કોઇએ માન્યું નહિ.તેથી પોતે વૈરાગ ધારણ કરીને વન વિષે ગયા.હવે કૌરવોએ તથા પાંડવોએ નિર્દય ભૂમિ જે કુરુક્ષેત્રમાં આવીને પડાવ નાંખ્યો.તેમાં દુષ્ટ કૌરવોએ પોતાના તંબૂ દક્ષિણ દિશામાં તાણ્યા અને પાંડવોએ ઉત્તર દિશાએ તાણ્યા. બેઉ પક્ષે લડવાનું પૂર્વ પશ્ચિમ દિશાએ રાખ્યું, થેડા વખત પછી દુર્યોધને સભા એકઠી કરીને ભીષ્મપિતાને પ્રશ્ન કર્યો, હે દાદા આપણે કયારે યુદ્ધનો આરંભ કરવો ? અને કયારે રણસ્થંભ રોપવો ? એવું સાંભળી ભીષ્મજીએ કહ્યું, હું કાંઈ ત્રિકાળજ્ઞાની નથી માટે તે સઘળી બાબત સહદેવ જોષીને પૂછી આવ. ત્યારે દુર્યોધન કહે, સહદેવ જોષીને પૂછું તો ખોટું બતાવે.કારણ કે એ તો આપણને દુશ્મન જાણે છે. એવું સાંભળીને ભીષ્મપિતા બોલ્યા, અરે મૂર્ખા, તારા મનમાં તું દુશ્મન જાણે છે, પણ એતો નિર્દોષી છે. જો તારે બરોબર સાચું મુહૂર્ત જોવરાવવું હોય તો તેની પાસે જા. તે બિચારો જેવું હશે તેવું કહેશે. એના મનમાં બિલકુલ દુશ્મનદાવો નથી.

એવું સાંભળી દુર્યોધન તરત સહદેવ જોષીના તંબૂમાં ગયો. એટલે સહદેવે આવકાર દઇને આસન ઉપર બેસાડયો. પછી પોતે પૂછયું, અરે છત્રપતી, કેમ પધાર્યા ? ત્યારે પાપી બોલ્યો, અમને રણસ્થંભ રોપવાનું એવું મુહૂર્ત આપો, જેમાં અમારી જીત થાય અને તમારી હાર થાય.એટલે સહદેવે વિચાર્યું અરે દૈવ, આ તો અમારું ભૂંડું તાકવા આવ્યો છે પણ તેણે મારા પર વિશ્વાસ રાખીને મને પૂછયું માટે વિશ્વાસઘાત કેમ થાય ? એમ ધારી સહદેવે કહ્યું, કાલે સવારે રણસ્થંભ રોપ્યા પછી યુદ્ધનો આરંભ કરજો. શેષ નાગને શીશ ખીલી વાગશે એટલે તમે અમને જીતશો. એ પ્રમાણે મુહૂર્ત લીધા પછી દુર્યોધન ભીષ્મપિતા પાસે ગયો.ત્યાં જઇને પાપીએ કહ્યું, સહદેવ જોષીએ મુહૂર્ત કાલનું આપ્યું છે.એમ કહી પોતપોતાના સ્થળે બેઠા.એવામાં રાત્રિ પડવાથી સઘળા પ્રાણીઓ સૂઇ રહ્યા, પછી વહાણું વાયું એટલે કૌરવોએ ખાડ ખોદાવ્યો. ત્યાર કેડે દુર્યોધને તે ભૂમિનું પૂજન કર્યું.પૂજન કર્યા પછી અગિયાર સેવકોએ તૈયાર કરેલા સ્થંભને પૃથ્વીમાં રોપ્યો. જોષીનું મુહૂર્ત પણ સાચું પડયું કારણ કે શેષનાગના શીષ ઉપર ખીલી વાગી તેથી સ્થંભ ડગડગ્યો, એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુર્યોધન ભીષ્મ દાદાને કહેવા લાગ્યો, સહદેવજીનું આપેલું મુહૂર્ત સત્ય છે. એટલે ભીષ્મજીએ દુષ્ટને કહ્યું,સ્થંભને બળીદાન આપ.ત્યારે દુર્યોધને બળીદાન વિષે મામાને પૂછયું, શકુનીએ દુર્યોધનને કહ્યું, તારા છોકરા લક્ષ્મણાનું બળીદાન આપ. એવું સાંભળી દુર્યોધને અનુચરોને એવો હુકમ કર્યો, રસ્તામાં જે માણસ આવતો હોય તેને પકડી લાવો. અનુચરો દુષ્ટની આજ્ઞા પ્રમાણે શોધવા ચાલ્યા.શોધતાંશોધતાં એક નીચ જાતી મળી આવ્યો.

સેવકો તેને પકડી લઇ દુર્યોધન પાસે બોલાવ્યા.દુર્યોધને તેનું શીશ છેદવાનો હુકમ કર્યો. સેવકોએ તે અનામીકનું મસ્તક છેદીને તેનું રુધિર કાળરુદ્રને છાંટયું. એટલે કાળરુદ્ર અનામીકના ભક્ષથી ખીજવાયો. તેથી પોતે ક્રોધ કરીને શ્રાપ દીધો કે તારું ધુળધાણી થજો. હવે તે સ્થંભનું મોઢું ઉત્તર તરફ છે તેથી ધુળ કાંકરા વિગેરે પાંડવો તરફ ઉડે છે, તેમ બનાવથી પાંડવને દુઃખ પડવા લાગ્યું.એટલેધર્મરાજાએ શ્રીકૃષ્ણને તે બાબત કંઈ ઇલાજ કરવાનું કહ્યું ત્યારે રાત્રે ઉપાય કરીશું એવું ભગવાને કહયું. રાત પડી એટલે પ્રભુએ ભીમસેનને શિવજી પાસે ત્રિશુળ લેવા માટે મોકલ્યો. વૃકોદર શિવજીને પ્રસન્ન કરીને ત્રિશુળ માગી લાવ્યો. પછી શ્રીહરિએ અર્જુનનેધનુષનો ટંકાર કરવાનું કહયું,અર્જુને જ્યાં પોતાના ધનુષનીટંકાર ચર્યો એટલે લંકામાંથી હનુમાનજી ત્યાં આવીને ઊભા. પ્રભુએ કહયું, હવે સાડા ત્રણ વજ્ર ભેગાં થયાં તેથી થાંભલો ફેરવાશે એમ કરી પોતે હનુમાનજીને રણસ્થંભ ઉપર બેસવાની આજ્ઞા કરી પછી પોતાનું સુદર્શન ચક્ર પાતાળમાં મૂકયું. તેથી તે ચક્રે જઇને રણસ્થંભ ઊંચકી લીધો. પ્રભુએ ભીમને એમ કહયું, તમો ત્રિશુળ ઝાલીને સ્થંભને બાઝો. તમારા ડાબા હાથથી થાંભલાનું મો ફેરવી નાંખો, એવી આજ્ઞા થતામાં જ કુંતાકુંવર ભીમસેને સ્થંભને બાઝીને ડાબા હાથથી જોર કરીને સ્થંભનું મોં પશ્ચિમ તરફ ફેરવી નાંખ્યું. પછી દયાળુએ કહયું. બસ હવે રહેવા દો. એ પ્રમાણે કાર્ય સિદ્ધ કર્યા પછી હનુમાનજીને લંકા વિદાય કર્યાં, જદુપતિએ પોતાનું ચક્ર ખેંચી લીધું. અને ભીમસેન શંકરને ત્રિશુળ આપી આવ્યો. પછી વહાણું વાયું, એટલે પાંડવો સભા કરીને બેઠા. હવે ધર્મરાજા પ્રભુને રણસ્થંભ રોપવા વિષે પૂછવા લાગ્યા, તેથી દયાળુએ તેમને તે જ વખતે રણસ્થંભ રોપવાનું કહયું. પાંડવોએ રણસ્થંભ તૈયાર કર્યો ત્યાર પછી તે રોપવા માટે ભૂમિ પણ ખોદાવી દીધી. શ્રીકૃષ્ણજીએ પાંડવને એમ કહયું, જો તમારે જીતવું હોય તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પહેલવહેલું કાળરુદ્રને પૂર્ણ પ્રેમથી ઉત્તમ ભક્ષ આપો.એટલે ભરી સભામાં ધર્મરાજાએ કહયું,હે દયાળું,મને આજ્ઞા આપો તો હું મરવા માટે તૈયાર છું એવું સાંભળી પ્રભુ બોલ્યા,અરે સત્યવાદી,એ શું બોલ્યા ? જયારે તમે ન હો ત્યારે રાજગાદી કોણ ચલવે ? તે પછી અર્જુન બોલ્યો, મહારાજા, હું મરવા માટે તૈયાર છું.એટલે પ્રભુએ જવાબ દીધો, એ શું બોલ્યા ? તમારા સિવાય બાણાવળી કોણ છે કે જે મોખરે ઊભો રહે. એટલે સહદેવ મરવા માટે તૈયાર થયા.ત્યારે હરિએ મશ્કરીમાં કહ્યું,તમારા વિના દુર્યોધન કોની પાસે આવીને મુહુર્ત પૂછે ? એટલે સહદેવ નીચું ઘાલીને બેસી ગયા. ત્યારપછી નીકુળજીએ કહયું, અરે મહારાજા જો મને આજ્ઞા આપો તો હું મરવા માટે તૈયાર છું.દયાળુએએ કહયું,તમારા વિના કુંતા માતાની આગળ વરણાગી કોણ કરે? એટલે ભીમે મનમાં વિચાર્યું, સઘળા ભાઇએ મરવા માટે ત્યાર થયા તેથી મારે પણ બોલવું જોઇએ એમ ધારી પોતે સભા વચ્ચે બોલી ઊઠયો. હે ગિરધારી,મને આજ્ઞા આપો તો બહુ સારું, એટલે પ્રભુ બોલ્યા હે ભીમસેન, તમારા વિના ગદા પકડીને કોણ યુદ્ધ કરશે ? એવું સાંભળી ભીમસેન બોલ્યો, અરે મહારાજા ત્યારે આપ તૈયાર થાઓ એટલે ધર્મરાજા ક્રોધ કરીને બોલ્યો, અરે મૂર્ખા,એ શું બોલ્યો ? એટલે ભીમે કહયું,હું હસવા માટે કહું છું. એ પ્રમાણે બન્યા પછી પ્રભુએ પોતાના પાંચજન્ય શંખમાં એવો શબ્દ કર્યો,કૌરવ પાંડવ સામા સામી યુદ્ધ કરે છે માટે જે શુરો પુરુષ હોય તે જોવા માટે આવે.

તે શબ્દ ત્રિલોકમાં પહોંચી ગયો. તેથી મણીપુરમાં અર્જુનજીના બંને પુત્રો જે ઇલેવાન અને બબ્રુવાહન તેમને શુર ભરાઈ આવ્યું. એટલે ઇલેવાને પોતાના નાના ભાઈ બબ્રુવાહનને ઘેર રહેવાનું કહયું; ત્યારે બબ્રુવાહન કહે, અરે મોટાભાઇ, હું પણ તમારી જોડે આવ્યા વિના રહેવાનો નથી. એવું સાંભળી ઇલેવાન બોલ્યો,અરે બંધુ જો આપણે બંને યુદ્ધમાં જઇશું તો ઘર-બાર સુનું રહેશે,માટે મારી આજ્ઞા એવી છે કે તમે ઘેર રહો ને હું પિતાજીની પક્ષે જાઉં છું એટલે બબ્રુવાહને કહ્યું,બહુ સારું મોટાભાઇ, હું ઘેર રહીશ એ પ્રમાણે ઇલેવાન પોતાના નાના ભાઇને ઘરબાર સોંપીને યુદ્ધમાં ગયો. હવે તે પાંચજન્ય શબ્દનો નાદ પાતાળમાં ભીમસેનના પુત્ર બબરીકે સાંભળ્યો.તેથી તે પણ પોતાની માતાની આજ્ઞા લેવા લાગ્યો.નાગકન્યાએ કહયું,અરે બેટા,તું કૌરવ પાંડવને ઓળખતો નથી માટે તને આજ્ઞા આપવાની નથી.એવું સાંભળ, બબરીક બોલ્યો, હે માતા, હું મારા પિતા પાંડવની રક્ષા કરીશ અને કાકા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કૌરવને ઠેર મારીશ. પછી નાગકન્યાએ કહ્યું, હું તને જવાની આજ્ઞા આપું છું પણ તારે પહેલું યુદ્ધ કર્યા સિવાય એક જગાએ ઊભા રહેવું, પછી જેની હાર થાય તેની મદદે ચઢી જવું અને જીત થાય તેનો નાશ કરવો. આ પ્રમાણે બબરીકને સમજાવ્યો. પણ નાગ કન્યાને ખબર નથી કે શ્રીકૃષ્ણના પ્રતાપથી પાંડવો જીતશે. પાંડવો ફક્ત પાંચ છે અને કૌરવો સો છે માટે પાંડવો જીતવાના નથી તેથી પુત્રને એમ સમજાવ્યું, પોતાની માતાનું બોલવું સાંભળી બબરીક બોલ્યે, વારુ માતાજી, આપનું વચન માથે ચડાવું છું.

એમ કહી તેણે ધનુષ ખાંધે ભેરવી દીધું તથા ભાથામાં ફકત ત્રણ બાણ નાંખ્યાં. એ પ્રમાણે તૈયાર થઇને પોતાની માતાની આજ્ઞા લીધી ને બબરીક પાતાળમાંથી નીકળીને કુરુક્ષેત્રમાં એક કોરાણે વૃક્ષની નીચે ઊભો રહ્યો. એવામાં પ્રભુએ પાંડવોને કહ્યું, અરે ભકતો, જરા બેસો હું થોડી વારમાં આવું છું. એમ કહી પોતે બબરીક પાસે આવ્યા. ત્યાં આવીને બબરીકને કહેવા લાગ્યા, અરે બાળક, આવા ભયંકર યુદ્ધમાં શા માટે આવ્યો છે ? જો તું અહીં ઊભો રહીશ તો તારું મૃત્યુ થશે. એટલે બબરીકે કહ્યું, મારું મૃત્યુ કરનારો ત્રિલોકમાં કોઈ નથી. હું એવો બળવાન છું કે બ્રહ્મા, વિષ્ણુ, અને શિવનાં પણ મૃત્યુ તાકી શકું. એવું સાંભળી પ્રભુ બોલ્યા, અલ્યા બાળક, તું મિથ્યા બોલે છે, તારા ભાથામાં ફ્રકત ત્રણ બાણમાં એક બાણ મિથ્યા છે. એમ કહી હતો ? એટલે બબરીક કહે. ત્રણ બાણમાં એક બાણ મિથ્યા છે. એમ કહી એક બાણ ભાગી નાંખ્યું. પછી બોલ્યો કે આ બે બાણ છે તેમાં એક બાણે મૃત્યુ તાકું અને બીજા બાણે મારૂં. એવું સાંભળી શ્રીહરિએ કહ્યું, અલ્યા તું એવો બળવાન હોય તો લે મારું મૃત્યુ તાક. એટલે બબરીકે એક બાણ લઈ પ્રભુ ઉપર મૂકયું, એટલે શ્રીહરિએ વૈરાટ સ્વરૂપ ધારણ કર્યું. શીશને સ્વર્ગમાં રાખ્યું, ધડને પૃથ્વીમાં રાખ્યું અને ચરણને પાતાળમાં રાખ્યા. ફકત દેખવા માત્ર પોતાનું સ્વરૂપ બબરીક આગળ રાખ્યું. હવે બબરીકનું બાણ સ્વર્ગમાં ગયું, ત્યાંથી નીકળી પૃથ્વીમાં આવ્યું. ત્યાર પછી પાતાળમાં ચરણ તપાસવા લાગ્યું પ્રભુના પગતળીએ પદ્મમાં સિંદુરની અરચા કરી તે બાણ પાછું પૃથ્વીમાં આવીને બબરીકના ભાથામાં છાનું માનું પેસી ગયું. એટલે દયાળું પ્રભુએ વૈરાટ સ્વરૂપને સંકેલી દીધું. પછી પોતાનો ચરણ તપાસવા લાગ્યા તો પતળીઆમાં સિંદુરની અરચા કરેલી જોઈ. એટલે બબરીકે બીજું બાણ મૃત્યુનું લીધું ત્યારે શ્રીકૃષ્ણે ઊભા થઇને બબરીકનો હાથ ઝાલી લીધો બબ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રીક કહે,હવેમને મારવા દો. એવું સાંભળી પ્રભુ બોલ્યા, અરે ભાઇ, હું તો તારા અર્જુનનાં કાકાનો સાળો છું, મારા ઉપર કૃપા રાખો. વળી હરિએ કહ્યું, ચાલો, હું તમને તમારા પિતા પાસે તેડી જાઉં;એમકહી પ્રભુ બબરીકનોહાથ પકડીને પાંડવની પાસે આવ્યા. સૈન્યના લોકો વિચારમાં પડયા, પ્રભુ એમની સાથે કોને લાવ્યા છે ? એવામાં શ્રીહરિએ બબરીકને કહ્યું,આસામા બેઠા તેજ તારા પિતા ભીમસેન છે. એટલે વૃકોદર કહે, આ કીયો દીકરો? એવું સાંભળી બબરીક બોલ્યો, અરે પિતાજી, આપ પાતાળમાં જે નાગકન્યાને પરણ્યા હતા તેનો હું પુત્ર છું, એટલે ભીમસેને તેને બોલાવીને પોતાની પાસે બેસાડયો. પછી પ્રભુએ બબરીકનાં ઘણાં જ વખાણ કરતાં કહ્યું. આ પુત્ર તમારા કુળમાં બહુ જ બળવાન છે. શિવ, વિષ્ણુ વિગેરેકરતાં પણ વધારે પરાક્રમી છે. એટલે ભીમસેન હસીનેબોલ્યો,જેવા બાપ તેવા બેટા. એટલે ધર્મરાજાએકહ્યું, અરે પ્રભુજી,આ રણસ્થંભ રોપ્યો છે તેનું કેમ કરીશું?એટલે બબરીક બોલ્યો, ઓ ધર્મકકા, એવી શી ગુંચવણ આવી પડી છે? એટલે પ્રભુએ સર્વ સભાના સાંભળતાં ઘાંટો કાઢીને કહ્યું,જે માણસ મરવા ઉઠેતેના માથાનેઅમ્મર પાઇને અમ્મર કરું.તેનું માથુંધડ વિનાસદાકાળસજીવન રહેશે. એટલે ભરી સભામાં નાગકન્યાનો પુત્ર ઊભો થયો, ને પ્રભુને કહેવા લાગ્યો, મને મરવા ઉપર પ્રેમ છે. સભાએ જાણ્યું આ ભીમસેનનો પુત્ર બત્રીસ લક્ષણો મરવા માટે તૈયાર થયો. ભીમસેનને પણ સ્વાર્થને લીધે માઠું લાગ્યું નહિ.

હવે પ્રભુએ બબરીકને કુમકુમની અરચા કરી તથાપુષ્પના હારપહેરાવ્યા. તે પછી મસ્તક છેદન કરાવી દીધું. તેમાંથી જે રુધિર નીકળ્યું કાળરુદ્રને છાંટયું એટલે જય જય શબ્દ થયો. એ પ્રમાણે કર્યા પછીજાદવરાયે તે શીશ પોતાના ખોળામાં લીધું. ત્યાર કેડે તે મસ્તકને અમી દૃષ્ટિથી અમર પાયું એટલે સજીવન થયું. ને મસ્તક યુદ્ધ જોવા માટે ઉછળીને સ્થંભ ઉપર બેઠું. રણસ્થંભ પૂર્વ પશ્ચિમ રોપાયા એટલે શ્રીહરિએ યુદ્ધ કરવાની આજ્ઞા આપી. ધર્મરાજાએ અર્જુનજીને કહ્યું, તમે કૌરવોને લખીજણાઓ કે કાલ સવારે યુદ્ધ માટે આવે. પારથે કૌરવોને લખ્યું કે કાલે સવારે યુદ્ધ કરવા તત્પર થજો. એ પ્રમાણે કૌરવોને ખબર પહોંચવાથી દુર્યોધન ભીષ્મને કહેવા લાગ્યો. હે દાદા, હવે આપની શી આજ્ઞા છે?એટલે ભીષ્મજીએકહ્યું, તું અગિયાર ક્ષોણી સૈન્ય તૈયાર કર. હું કાલે સવારે જાતે યુદ્ધ કરવા જઇશ. એવું સાંભળી દાદાને પાપી કહેવા લાગ્યો, અમે પણ પાંડવોની સામા યુદ્ધ કરવા આવીશું.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એટલે ભીષ્મજી ક્રોધ કરીને બોલ્યા, અરે કર્મચંડાળ, એવી અસત્યની લડાઈ કેમ લડાય ? ફક્ત અમે અમારે જઇશું તારે આવવાની જરૂર નથી, જયારે તારો લડવાનો વારો આવે ત્યારે તું જજે. એવું સાંભળી દુર્યોધને પાંડવને કાગળ લખ્યો, કાલે સવારે ભીષ્મજી યુદ્ધ કરવા માટે આવશે. તે કાગળ વાંચી સઘળા પાંડવોને શુર ભરાયું. એમ કરતાં કરતાં રાત્રિ વીત્યા પછી વહાણું



વાયુ એટલેગંગાજીનાપુત્રનાહીધોઇનેપોતાના ખટકર્મથીપરવાર્યાતેવીરીતે પાંડવોપણ નાહી-ધોઇને પોતાનું ખટકર્મ પરિપુર્ણકરીજમીને યુદ્ધ કરવા જવા માટે તૈયાર થયા.અર્જુનજી પોતાના અભંગરથમાંબેઠાએટલેકૃષ્ણ સારથિ થઇને હાંકવા બેઠા. અભિમન્યુપણજુદારથમાં બેઠો,તેનો રથ હાંકવા ગટોરગચ્છ બેઠો.ભીમ-સેન પોતાનાહાથી ઉપરમેઘવર્ણનેલઇને બેઠો. નિકુળ, સહદેવ પણ પોતે પોતાના રથમાં બેઠા દ્રુપદ,વૈરાટ, શીખંડી, ધૃષ્ટ, પ્રધુમાન વગેરે આ યુદ્ધ ધારણકરીનેરથમાંબેઠા.ફકતએકલાધર્મરાજા સિવાય સઘળા યુદ્ધેચઢયા. હવે કૌરવોમાંથી ભીષ્મપિતા શ્વેતવસ્ત્ર ધારણ કરીનેરથમાં બેઠા,તેમનારથતથા ઘોડા નિશાન સર્વ શ્વેત છે.સારથિને પણ શ્વેત વસ્ત્રધારણકરાવ્યાં.એ પ્રમાણે તૈયાર થઇ પોતે પશ્ચિમ દિશાના સ્થંભેઆવીનેઊભાઅને પૂર્વદિશાના સ્થંભે પાંડવો આવીને ઊભા, પાંડવોમાંથી સૌથી આગેવાન અર્જુનજી આગળ ઊભા અને કૌરવોમાં ભીષ્મપિતા સૌથી આગળ આવીને ઊભા. એ પ્રમાણે સામા સામી બંને પક્ષવાળો યુદ્ધ કરવા માટે ઊભા.

વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે કે ઉદ્યોગપર્વ પૂર્ણથયું અને તેથી તારી બ્રહ્મહત્યા ઉતરી, એવું કહેતામાં જ શામ પડદાશ્વેતથયાઅનેકાળા તલ ધોળા થયા. જનમેજયરાજાએવિધિ પ્રમાણે બ્રાહ્મણોનેબહુ દાન આપ્યાં.

વિશ્રામ પહેલો.

ઉદ્યોગ પર્વ પૂરણ હવું. સુણો સહુ શ્રોતાય,
વલ્લભ વાણી ઓચરે, ભીષ્મ પર્વ મહિમાય.

ઉદ્યોગ પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૬. ભીષ્મ પર્વ

વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે. હે રાજા, તું ભીષ્મ પર્વને પૂર્ણ પ્રેમથી શ્રવણ કર જેથી તારુ પાતક દૂર થાય. હે રાજન, ભીષ્મજી અર્જુન ઉપર બહુ રાજી છે તેથી દાદાએ પારથને પોતાના ઉપર હાથ ઉપાડવાનું કહ્યુ. એટલે અર્જુનને વિચાર આવ્યો, એક પાપી પેટ સારુ મારા વૃદ્ધ પિતા સાથે યુદ્ધ કરવું, સૈન્યના લોકોનો બિલકુલ વાંક નથી છતાં તે ગરીબ પ્રાણીઓને મારે હણવા એ ગેરવ્યાજબી છે. પછી પોતે દક્ષિણ દિશાએ જોઈને વિચાર કર્યો, અરેરે આ કૌરવો મારા ભાઈ છે, તેમને પણ મારે હાથેથી હણવા એ ઘણું જ પાપ છે. એમ કરતાં કરતાં પાછું પોતાનાસૈન્યનાસામુ જોઈ વિચાર્યું, અહો દેવ, આ સઘળાં પ્રાણીઓ માંહોમાંય લડી મરશે. હે પ્રભુ, સઘળો ખીલેલો બાગ નાશ પામશે. અરેરે શા જીવ્યા સારુ આટલું બધુ પાતક બાંધવુ જોઇએ?મારેબિલ-કુલ રાજયમાં ભાગ લેવો નથી. એમ વિચારતા પોતાના મનમાં વૈરાગ્યથયો તેથી તેણે પોતાનાં હથિયાર છોડી નાંખ્યા, એટલે અર્જુનજી પ્રત્યે શ્રી હરિએ ઉચ્ચાર કર્યો હે પારથ, કેમ હથિયાર છોડી નાંખ્યાં ? એવું સાંભળી પારથે જવાબ આપ્યો. અરે મહારાજ, મારે યુદ્ધ કરવું નથી કારણ કે એક પાપી પેટને માટે આખાકુટુંબનોનાશકરુ ? વનમાં રહીને ગમેતે પ્રકારે પેટ ભરીશું. કાંઈ રાજ્ય લેવાથી આવરદા વધવાનો નથી. તેમ નહિ લેવાથી ઘટવાનો નથી.એવું પારથનું બોલવું સાંભળી પ્રભુએ કહયું ,હેધનંજય,તમારો ક્ષત્રીનો શો ધર્મ છે તે બરોબર સમજો. જુઓ વેદશાસ્ત્રથી ચારે વર્ણના ચાર ધર્મ કરેલા છે. તે ચારે વર્ણો તથા તેના ધર્મ કહી સંભળાવું છું, બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર આ ચાર વર્ણો છે તે ચારેના ચાર કર્મ છે. બ્રાહ્મણનો ધર્મ એ છે, ત્રણ વર્ણને ઉપદેશ કરવો. ક્ષત્રીનો ધર્મ ત્રણ વર્ણની રક્ષા કરવી. વૈશ્યનો ધર્મ ત્રણ વર્ણ માટે વહેપાર કરવાનો છે. અને શુદ્રનો ધર્મ ત્રણ વર્ણની ચાકરી કરવાનો છે, માટે તે ધર્મનું જે ઉલ્લંઘન કરે છે તે પાપી ગણાય છે, તેથી તમે તમારો ધર્મ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાળો તેમાં કંઈ દોષ નથી. તમારાં માબાપ લજાવ્યા સિવાય રથમાં આયુદ્ધ ગ્રહણ કરીને યુદ્ધ કરો. એટલે અર્જુન કહે, અરે મહારાજા, શું સગાને ન ગણવાં? કીયા પારકા છે કે તેમને મારું? મારાંને મારે હણવાં તેથી જગતમાં લાંછન લાગે. એવું સાંભળી પ્રભુ બોલ્યા, પારથ, તમે હું ને મારૂં માન્યું છે તે અજ્ઞાન છે, આ જગતમાં તમારૂં ને અમારૂં કંઇ નથી. તમે તમારા સગાને સમજયા વિના મારાં માન્યાં છે. તમારાં સગાંની વાતો તો પછી કહેજો પણ આ તમારી દેહ જ તમારી નથી. જળ, તેજ, પૃથ્વી, વાયુ અને આકાશ આ પાંચ ભૂતનો દેહ તેના ચોવીસ તત્ત્વ થઇને શરીર બંધાયું છે. તે ચોવીસ તત્ત્વ કીયાં છે તે કહી સંભળાવું છું પાંચ ભૂતો પાંચ જ્ઞાન ઇંદ્રિયો પાંચ કર્મ ઈંદ્રિયો પાંચ પંચ વિષય અને ચાર અંતઃકરણ. આ સઘળાં મળી ચોવીસ તત્ત્વનું શરીર બન્યું છે તેમાં તમારૂં શું છે? તે સઘળું કાળે કરીને છુટું પડે છે. શરીર તો પંચભૂતોનું છે, તેને આપણું કહીએ તો પારકી પૂંજી પચાવવા જેવું થાય. વળી તમે કહો કે હું મરનારો છું. તે તમે કીયા છો? તે જરા હાથ મૂકીને બતાવો. ત્યારે અર્જુનજીએ પોતાની દાઢી ગ્રહીને કહ્યું, અરે મહારાજા, આ હું છું, એવું સાંભળી પ્રભુ બોલ્યા. તમે જેને પકડી છે તે તો દાઢી છે તેમાં તમે કીયા? એટલે પારથે પોતાની છાતી ઉપર હાથ મૂકીને કહ્યું, શૂરાનો સાથી આ રહ્યો, ત્યારે દયાળુ બોલ્યા ના રે ધનંજય, તમે જે બતાવો છો તે તો છાતી છે. તમે જે સ્થળે આંગળી મૂકીને

બતાવો છો તે સઘળાના તો નામ છે, પણ તેમાં કીયા તે તમે શોધી કાઢો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવું પ્રભુનું વચન સાંભળીનેઅર્જુનજગુંચવાયો અનેતેથીતેણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, અરે દીનાનાથ, મારા ઉપર કૃપા કરીને મને સમજાવો. એવાં પારથનાં મુખનાં દીન વચનોથી દયાળુએ દયા કરી અર્જુનને અઢાર અધ્યાયની ગીતા કહી સંભળાવી. હે હરિજનો, ગ્રંથનું લંબાણ વિશેષ થવાના ભયથી ગીતાનું તત્ત્વ કહી બતાવું છું, પ્રભુએ કહયું, હે પારથ, ચાર વેદના ત્રણ કાંડ છે. એક કર્મ, બીજો ઉપાસના અને ત્રીજો જ્ઞાનકાંડ. હે હરિજનો, પ્રભુએ આ ત્રણ કાંડનો જે સાર અર્જુનને કહી બતાવ્યો તેનું નામ જ ગીતા કહેવાય છે. હવે પ્રભુ કહે છે, હે અર્જુનજી, આ દુઃખરૂપ માયા મિથ્યા છે માટે હું ને મારું માનો છો તે વૃથા છે. અર્જુનજીએ પ્રભુને પૂછયું, અરે દયાળુ, આપ માયા કોને કહો છો ? એવું સાંભળી શ્રીહરિએ જવાબ આપ્યો. જળ, તેજ, પૃથ્વી, વાયુ અને આકાશ પંચ ભૂત તેને જ માયા કહેવાય છે, ત્યારે અર્જુને કહયું, આપ જયારે માયાને જૂઠી કહો છો, અસત્ય કહો છો ત્યારે સત્ય વસ્તુ શી છે ? એવું પારથનું બોલવું સાંભળી પ્રભુએ જવાબ આપ્યો, સત્ય વસ્તુ પરમાત્મા છેઅને તે માયાથી પર છે. વળી હે અર્જુનજી, અત્યારે જે પ્રશ્ન પૂછો તે મોક્ષ સંબંધી પૂછજો જેથી કરીને તમારું કલ્યાણ થાય. ત્યારે અર્જુને પૂછયું, મોક્ષ એટલે શું? ત્યારે દયાળુએ જવાબ આપ્યો, હે પારથ, આ જીવાત્માનું જન્મ મરણ ટળી જઈ તેને અખંડ પદની પ્રાપ્તિ થાય તેનું નામ મોક્ષ.

જે માયાવી વસ્તુ છેતે માયિક ચક્ષુવડે કરીને જોવાયછે. અને જે અમાયિક છે તેજ્ઞાનચક્ષુથીજોવાયછે. અત્યારે તમારાં માયિકચક્ષુછેપણજયારેતમારાં જ્ઞાન ચક્ષુ થશે, એટલે તમેઆપોઆપ અમાયિકને જોશો, એવુંસાંભળીઅર્જુનેકહયું હે મહારાજ, આ સઘળું મિથ્યા છે, માટે મારોમોક્ષકેવી રીતેથાયતેકહો. હેજગપતિ, હું શું કરું તો આ દુઃખરૂપ માયામાંથી મુક્ત થઇ અખંડઆનંદભોગવું? એવું સાંભળી હરિએ જવાબ આપ્યો, જેને મોક્ષનું કામ છે, તેનેઅમાયિક જ્ઞાનજાણવાની જરૂર છે. તે જ્ઞાન જાણીને મનન કરવું, મનન કરીને તે જ્ઞાન દ્રઢ કરવું. પછીમોક્ષરૂપજેપરમાત્માતેમાં પ્રેમલક્ષણા જોડવી ત્યાર પછી સાક્ષાત્કારથવાથી મોક્ષપદ પમાય છે. ત્યારે અર્જુને પૂછયું, જ્ઞાન શું કરવાથી પ્રાપ્ત થાય ? એટલે પ્રભુ બોલ્યા; સત્ય પુરુષોનો સમાગમ કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાયછે. ત્યારે અર્જુને પ્રશ્ન કર્યો, હે દીનાનાથ, સત્ય પુરુષોને શા ઉપરથી ઓળખવા ? એવું સાંભળી હરિએ કહ્યું, જે પુરુષો સંસારમાં રહ્યા છતાં સંસાર ઉપર અરુચિ રાખે છે, અને સત્ય સ્વરૂપ જે પરમાત્મા તેને વિષે પોતાની વૃત્તિ સદા જોડી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાખે તેને જ્ઞાની અથવા સત્ય પુરુષો જાણવા, વળી હે પારથ, સત્ય પુરુષો તેમના ઉપલા ડોળથી ઓળખાતો નથી, કારણ કે તેઓ મોક્ષ સંબંધી જે જે કરે છે તે જગતને દર્શાવવા માટે કરતા નથી. ત્યારે અર્જુને કહ્યું બહુ સારુ મહારાજ, હવે મારે જરૂર મોક્ષપદ મેળવવું જોઇએ, પણ તે મોક્ષપદ કયાં હશે ? એવું સાંભળી શ્રીહરિએ જવાબ આપ્યો, હે અર્જુનજી, મોક્ષપદ જે પરમાત્મા તે સ્વસ્વરૂપે ન્યારા રહેલા છે અને તેમની બે પ્રકારની ગતિએ વ્યાપક રહેલા છે. ત્યારે અર્જુને પૂછયું, અરે દીનાનાથ, ગતિ એટલે શું? એવું સાંભળી પ્રભુ બોલ્યા, સૂર્યનારાયણની પ્રકાશ ગતિ અને ઉષ્ણ ગતિ આ બે પ્રકારની ગતિઓ છે. તેમજ પરમાત્માની પણ બે ગતિઓ છે. એક ચૈતન્યગતિ અને બીજી જ્ઞાનગતિ. આ બે નિર્દોષ ગતિઓ માયામાં વ્યાપક છે. હવે જે જ્ઞાનગતિ છે તે તુટક તુટક વ્યાપક છે અને ચૈતન્યગતિ સચરાચર વ્યાપક હોયછે, ત્યારે ઉપર કહેલી જે જ્ઞાનગતિની ગંઠીઓ પડી તેને આત્મા સમજવો હવે તે આત્મા આ દેહમાં રહ્યા થકી શુદ્ધ સ્વરૂપ જે પરમાત્મા તેમાં લક્ષ રાખે તો આ દેહમાંથી મુક્તથયા પછી તેપદને પામેછે. ત્યારે અર્જુને કહયું, અરે મહારાજ, આપ જાતે ભગવાન છો તો પછી મારે બીજાનું જ્ઞાન લેવાથી શું દહાડો વળશે? એવું સાંભળી પ્રભુ બોલ્યાં, અરે પારથ, તારું સમજવું ભૂલ ભરેલું છે. ભગવાન એટલે ઇશ્વર છું પણ પરમેશ્વર નથી. ત્યારે અર્જુને પૂછયું, શું ઇશ્વરને પરમેશ્વર જુદા છે ? એવું પારથનું કહેવું સાંભળી હરિએ જવાબ આપ્યો, જેમ મોતી નામ એક છે પણ સીણિયું, છીપિયું, અને ખરું મોતી આ પ્રમાણે વિવેકથી જુદું જુદું સમજાય છે. તેમ ઇશ્વર નામ એક પણ તેમાં વિવેકવડે જુદાજુદા સમજવાના છે, જેવા કે ઇશ્વિર વિશ્વેશ્વર અને પરમેશ્વર. આ પ્રમાણે સમજવું તે જ જ્ઞાન છે. હવે જે ઇશ્વર કહ્યા તે જ હું ઇશ્વર છું, પણ પરમેશ્વર નથી. ઉપર કહેલા જે વિશ્વેશ્વર તેમનો હું અંશ છું. એટલે મને અંશાત્મા પણ કહેવાય છે. હે પારથ જયારે આ સૃષ્ટિમાં અધર્મ થાય છે ત્યારે અમે યુગે યુગે અંશે કળાવતાર ધારણ કરીએ છીએ. પછી અધર્મનું ઉચ્છેદન કરી પાછા અમારા મૂળ સ્વરૂપમાં મળીએ છીએ. વળી હે અર્જુન, હું મોક્ષઆપવાવાળો છું પણ હું જ મોક્ષ છું એમ સમજશો નહિ, મારાથી મોક્ષરૂપ પરમાત્મા ન્યારા છે. તે માયાતીત છે, નિરંજન છે, નિર્લેપ છે, નિર્દોષ છે, નિર્બાધ છે, નિશંક છે. આ ચલિત માયા થકી તે પર છે. એવું સાંભળી અર્જુને કહ્યું, વાહ મહારાજ આજ મારું મન પ્રફુલ્લિત થયું, પણ હજુ થોડું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પૂછવાનું છે તે પૂછું, હું હે દીનાનાથ, એ પરમાત્માનાં દર્શન કેવી રીતે થાય ! એવું સાંભળી હરિએ જવાબ આપ્યો, હે અર્જુનજી, જાગ્રત, સ્વપ્ન,સુષુપ્તિ અને તુરીઆ ચાર અવસ્થાઓ છે. તેમાં ત્રણ અવસ્થાઓ માયાની છે અને એક અવસ્થા અમાયિક છે. માટે તે અમાયિક પરમાત્મા જ્ઞાનચક્ષુ વડે દેખાય છે. ત્યારે અર્જુને કહ્યું, વાહ મારા દયાળુ હરિ આજ મારો જન્મારો સફળ થયો. હવે હું આપના બતાવ્યા મુજબ પરમ પદનું સાધન કરું. હવે મારે યુદ્ધ કરવાની બિલકુલ જરૂર નથી. એવું સાંભળી શ્રીહરિએ કહ્યું અરે અર્જુનજી,હું પાછળ શું કહી ગયો કે સંસારમાં રહ્યા થકી સંસારિક કર્મો કરવા, માટે તમારો ક્ષત્રીનો ધર્મ યુદ્ધ કરવાનો છે તેથી તે ધર્મ બજાવશો તો તમારું ભલું થશે.કંઈ ત્યાગ,તપ, તીર્થ, કર્મ વિગેરે કાર્યો કરવાથી મોક્ષ મળવાનો નથી. માટે પહેલવહેલો તમારો ધર્મ સમજો. હે અર્જુનજી, તમે મિથ્યા સુખદુઃખ માનો છો, તમારું માર્યું કોઇમરતું નથી. એમ કહી પોતે પોતાનું મુખ પહોળું કર્યું તેમાં ચૌદ બ્રહ્માંડ, સઘળી ભૂમિ તથા, કુરુક્ષેત્ર વિગેરે બતાવ્યું, એટલે અર્જુનજીએ પાંચ પાંડવો અને છઠ્ઠા કૃષ્ણ આ છ જણને ઉભેલા દીઠા, બાકીના તમામ મુએલા દીઠા. એવું જોઈ અર્જુને કહ્યું, ઓ મારા પ્રભુ, હવે આપની લીલા બસ કરો. ઓ મહારાજ, હું શું મારૂં, હું તો નિમિત્ત માત્ર છું બાકી તે તો મુએલા જ છે.એટલે પ્રભુ પોતાનું મુખ બંધ કરીને બોલ્યા, હે પારથ,તમારું કર્યું કંઇ થાય તેમ નથી.બન્યું બનાવ્યું બની રહેલું છે.માટે જે મૂર્ખ હોયતે નકામો અભિમાન કરે છે. હું મદારી છું, અને જગત મરકટ છે, સઘળાની દોરી મારા હાથમાં છે. હું જેમ રમાડું તેમ સૌ રમે છે. માટે તેમાં તમારે ઉદાસી પણું કે હર્ષપણું ધરવું એ મિથ્યા છે. એવું સાંભળી અર્જુનને વહેમ પડયો.તેથી તેણે પ્રભુને પૂછયું કે હે મહારાજ, જ્યારે આપનું કરાવ્યું થાય છે ત્યારે સારાં નરતાં કર્મોના ભોક્તા આપ છો કે કેમ ?એટલે પ્રભુ હસીને બોલ્યા, અરે હે પારથ, તમે વચનોને ઝાલ્યા સિવાય વચનોના ભાવાર્થ પકડો.મારૂ કહેવું કંઇ છેઅને તમે સમજો છો કંઈ.માટે વચનોનાભાવાર્થ વિવેક વડે સમજો.

જુઓ એક દૃષ્ટાંત આપું તે સાંભળો, જેમ આપણી આંખો સૂર્ય વડે દેખવા શકિતવાન થાય છે, તેથી આપણે સારીવસ્તુ જોઇએ અગર નીચી વસ્તુ જોઇએ છે ત્યારે સૂર્યનારાયણઆવીને કહેતા નથી,તમે સારી વસ્તુ જુઓ અગર નરતી વસ્તુ જુઓ,તેવી રીતે મારી શક્તિથી સઘળું જગત કાર્યો કરે છે પણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સારાં અગર નરતાં કર્મો કરવાં તે જીવોના હાથમાં છે. કંઈ હું કહેવા જતો નથી, તમે સારાં કર્મો કરો અગર નરતાં કર્મો કરો. એમ કહી અર્જુનજીને ઘણું જ્ઞાન કર્યું, પછી અર્જુનજી પગે લાગીને બોલ્યા, અરે મહારાજ, હવે હું મારો ધર્મ સાચવું છું. એટલે ભીષ્મપિતા કહેવા લાગ્યા, અરે કુંતીકુમાર, બેટા, અર્જુનજી, તું કેમ હથિયાર છોડીને બેસી રહ્યો છે ? આપણો ક્ષત્રીનો ધર્મ યુદ્ધ કરવાનો છે. માટે યુદ્ધથી કદી કાયર નહિ થવું. આપણે આપણું તો માથું હાથમાં લઇને ફરવાનું. એટલે અર્જુને કહ્યું, વારુ દાદા, એમ કહી પોતે હથિયાર ધારણ કર્યા. પછી ધનુષ ચઢાવીને ટંકાર કર્યો એટલે તેનો શબ્દ ત્રિલોકમાં પહોંચ્યો. દસ દિગપાળ ડોલ્યા, ધરણ ધ્રૂજવા લાગી અને પાતાળ ખળભળી ઊઠયું. એ પ્રમાણે તેનો શબ્દ સાંભળીને લંકામાંથી હનુમાનજી કુદી ત્યાં આવ્યા અને અર્જુનજીના રથની ધજાએ પૂંછ વીંટાળીને બેઠા. એટલે ભીષ્મપિતાએ અર્જુનજીને કહ્યું. બેટા, પહેલવહેલો મારા ઉપર હાથ ઉપાડ એટલે અર્જુને વિચાર્યું, પહેલું દાદાનું પૂજન કરું તે પછી યુદ્ધનું કર્મ શરૂ કરું. એમ ધારી વરુણનું બાણ લઇને ધનુષ ઉપર ચઢાવ્યું. પછી તેને ભીષ્મ ઊપર છોડી દીધું. તેથી તેના પ્રતાપ વડે દાદાના શીશ ઊપર જળ ચઢાવ્યું તે પછી વસ્ત્ર ભેરવી બીજું બાણ માર્યું એટલે તેના પ્રતાપથી દાદાનું મોં સાફ થઇ ગયું. ત્રીજું બાણ મારીને ચંદન લેપન કર્યું. ચોથા બાણે હાર આરોપ્યા પાંચમે બાણે અબીલ. ગુલાલ, છઠે બાણે દીવો પ્રગટ થયો, સાતમ બાણે નૈવેદ આઠમે ધુપ, નવમું બાણ પ્રદક્ષિણા ફર્યું અને દશમું બાણ પગે લાગ્યું. તે પછી અગીયારમું બાણ ભમરાની પેઠે ગણગણાટ કરીને ચેતાવવા ગયું. તે સઘળું જોઈ ભીષ્મપિતા રાજીથઇને બોલ્યા અરે બેટા, તારી જય થજો- મને પાપી દુર્યોધન લડાવે છે, નહિ તો હું તારી સાથે યુદ્ધ કરવા ખુશી નથી. એમ કહી શ્રાપ દીધો કે દુર્યોધનનું સમુળુ નખોદ જજો. પછી ભીષ્મપિતાએ હથિયાર લીધાં.

એ પ્રમાણે અર્જુનજી તથા ભીષ્મપિતા બેઉં જણા રથ ભેથી છુટા પડીને વચ્ચોવચ તૂટી પડયા. બેઉનાં બાણ એકમાંથી અનેક થાય છે. સૈન્યના લોકો પણ અતિશય ક્રોધે ભરાયા છે તેથી એક એકને સામાસામી જેમ ફાવે તેમ આયુધ્ધ વડે મારે છે, તરવારવાળા તરવારથી, ગુપ્તીવાળા ગુપ્તીથી, સવાર વાળા સવાર સાથે, પગપાળા પગપાળે એ પ્રમાણે સામાસામી લડે છે. નીકુળ તથા સહદેવ અગણીતાં બાણ મારે છે તેમાંથી પાંચ પાંચ હજાર બાણ થાય છે. વૈરાટ, શીખંડી ને ધ્રુષ્ટ પ્રધુમાન તેમનાં બાણ ચાર ચાર હજાર છુટે છે, દ્રુપદ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાજાના એક બાણના દશ હજાર થાય છે અને અભિમન્યુના એક બાણના વીસ હજાર છૂટે છે. વળી અર્જુનજીનાં ચાળીશ હજાર બાણ જાય છે. ભીષ્મપિતાનાં એક લક્ષ બાણ થાય છે. એ પ્રમાણે ગંગાના કુમાર ભીષ્મજી બહુ બળ કરવા લાગ્યા, અર્જુનજી એક બાણ મારે એટલામાં ભીષ્મજી બે વાર બાણ મારે છે. સૈન્યવાળાઓ પણ પોતપોતાની માઝા મૂકીને એક એકને મારે છે. હવે ભીષ્મજીએ પાંડવના સૈન્યનું હથરાણ વાળી નાંખ્યું તેથી પાંડવો પાછા પડવા લાગ્યા. એમ યુદ્ધ કરતાં કરતાં કરતાં ભીષ્મે પાંડવોને રણસ્થંભ બહાર કાઢી દીધા. અને પોતે પાંડવના સ્થંભે જઇ ઊભા રહ્યા, એવામાં સૂર્યનારાયણ મેર બેઠા એટલે પાંડવનાં વાજિંત્ર બંધ થયા અને કૌરવોની ભેર ભૂંગળ વાગી. એ પ્રમાણે દાદા જીત્યા અને પાંડવો હાર્યા. તેથી અર્જુનજીનું મુખ પહેલે દહાડે જ ઊતરી ગયું. પછી પારથે ભીમસેનને કહ્યું, તમે સઘળું સૈન્ય લઇને ઘેર જાઓ, હું દાદાની સેવા કરીને જલદીથી આવું છું, એમ કહી રથમાંથી નીચે ઉતરીને દાદાની પાસે ગયો. એટલે ભીષ્મપિતા કહે, આવો બેટા, ચાલો આપણા તંબૂએ જઇએ. એમ કહી અર્જુનને પોતાના રથમાં લીધો. ત્યાર પછી તંબૂએ ગયા. તંબૂએ આવીને વસ્ત્ર ઉતારી સ્નાન કર્યું. એટલામાં દુર્યોધન થાળ લઇને આવ્યો. પછી ભીષ્મ તથા અર્જુન બેઉ જમવા બેઠા.

તેઓએ જમ્યા પછી મુખવાસ લીધા. ત્યાર કેડે દાદા સૂઇ રહ્યા એટલે અર્જુનજી ચરણ ચાંપવા લાગ્યો. ત્યારે ભીષ્મપિતા બોલ્યા, હે બેટા અર્જુન, તને પ્રભુ સહાય છે છતાં તે શા માટે જોર ન કર્યું ? એવું સાંભળી અર્જુન બોલ્યા, અયે દાદા, હજુ તમારો માર સાલે છે. વિદ્વાન, અનુભવી, વૃદ્ધ આગળ મારું શું ચાલી શકે ? એટલે ભીષ્મજીએ કહ્યું, બેટા પારથ, યુદ્ધ કરતાં ઘણી હિંમત રાખવી. તે વેળા આડું અવળું જોવું નહિ. એમ કહી અર્જુનને કહ્યું, હવે જાઓ બેટા, તમારા તંબૂએ જઇ સૂઇ રહો, કારણ કે આજ થાકી ગયા હશો વળી કાલે સવારે વહેલા આવજો. એટલે અર્જુન ઊભો થયો. પછી ભીષ્મને પગે લાગીને પોતાના તંબૂએ ગયો. કુંતાજી કહે, આવો દીકરા, કેમ આજ હામ હારી ગયા ? એવું સાંભળી અર્જુન બોલ્યો, હે માતા, હું શું કરું ? મારો કાંઇ પણ વાંક હોય તો નંદકિશોર સાક્ષી છે. સઘળા એએ છેટે ઉભા ઉભા યુધ્ધ જોયું પણ કોઇએ જોર કર્યું નહિ. એટલા બધા માણસોમાં મારા એકલાની હિંમત શું ચાલી શકે ? તમારો ભીમસેન તો હાથી ઉપરથી નીચે જ ઊતર્યો નથી. એટલે વૃકોદર બોલી ઊઠયો, અલ્યા અર્જુન,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એતો આજ તારું પારખું જોયું.પણ કાલે મારો ઝપાટો જોઇ લેજે.કાલેઆપણાં નિશાન વગડાવું તો જ મારું નામ ભીમસેન. એટલે ગટોરગચ્છ બોલ્યો, અરે પિતાજી,હું પરમ દહાડે વાજાં વગડાવીશ.એવું સાંભળીને મેઘવર્ણ બોલી ઊઠયો,અરે ભીમસેન દાદા,ચોથે દિવસે મારો ઝપાટો જોઇ લેજો.એટલે અર્જુન જીએ કહ્યું, હવે તમે બાપ દીકરા ત્રણ જણ બોલેલું પાળજો.એમ કહી સઘળાઓએ શયન કર્યું, ત્યાર પછી રાત્રિ વીતી વહાણું વાયું. એટલે સઘળા નિદ્રામાંથી જાગી ઊઠયા. પછી સૌએ નહાઇ ધોઇ પોતાનું ખટકર્મ કર્યું.ત્યાર કેડે ખાઇ પીને પરવારી રહ્યા.એ પ્રમાણે કામમાંથી નિવૃત્ત થઇ સૌએ પોતપોતાનાં હથિયાર ગ્રહણ કરી લીધાં.પછી નિશાન વગડાવતા પોતપોતાનાં વાહનો ઉપર બેસી યુધ્ધ કરવા માટે નીકળ્યા. સઘળા ચાલ્યા ચાલ્યા જ્યાં પોતાની યુદ્ધ કરવાની જગા છે ત્યાં આવી પહોંચ્યા. એટલે કૌરવોમાંથી ભીષ્મપિતા પણ યુદ્ધ કરવા આવી પહોંચ્યા;હવે અર્જુનજીએ ધનુષનો ટંકાર કર્યો તેથી તેનો શબ્દ ત્રિલોકમાં પહોંચવાથી લંકામાંથી હનુમાનજી કૂદીને અર્જુનજીના રથની ધજાએ આવી બેઠા.પછી પારથે ભીષ્મપિતાનું દશ બાણથી પૂજન કર્યું. ત્યાર કેડે પોતે ભીષ્મના સામું યુધ્ધ કરવા લાગ્યો.એટલે ભીષ્મ-પિતા પણ પારથના સામું લડવા લાગ્યા. એક એકના સામી બાણની વૃષ્ટિ કર્યા કરે છે, બંને સૈન્યવાળાઓ પણ સામસામી લડવા તૂટી પડયા. ભિષ્મપિતા ક્રોધમાં ભરાયા ને પોતે પાંડવ દળમાં તૂટી પડયા અને હજારો લોકોના પ્રાણ કાઢી નાંખ્યાં. પછી ભીષ્મપિતાએ પાંડવોને રણસ્થંભથી બહાર કાઢી મૂકયા. એટલે શ્રીકૃષ્ણ ભીમસેનને કહેવા લાગ્યા, અરે વૃકોદર, તમારું બોલેલું વચન મિથ્યા ગયું અને ભીમસેન નામ લજવાયું. એવું સાંભળીને ભીમસેન એકદમ ક્રોધે ભરાયો અને પોતે ગદા લઇને સામો પડયો, પોતે રાતો તાતો થઇને કૌરવ દળમાં તૂટી પડયો. વૃકોદર હજારોના પ્રાણ લેતો લેતો ઓચિંતો ભીષ્મપિતાને બાઝી પડયો, તેથી ભીષ્મપિતા તો બાવરા બની ગયા. ભીમસેને દાદા દાદા કહીને પોતાની ખાંધે ઉંચકી લીધા, એટલે હેડંબાસુતે આકાશમાંથી કૌરવ દળમાંથી પડતું મૂકયું. તેનો પુત્ર મેઘવર્ણ પણ તેની વારે દોડયો. પછી બંને બાપ દીકરાઓએ કૌરવનો સૈન્યને માર મારવા માંડયો. કૌરવનું સૈન્ય બાપ પોકારીને નાઠું એવામાં વાયુનંદન ભીમસેન દાદાને ખાંધે લઇ કૌરવ સ્થંભે ઊભો રહ્યો. એટલે અર્જુન અભિમન્યુ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તથા બીજા લોકો રથ દોડાવીને કૌરવ સ્થંભે આવીને ઊભા. એવામાં સૂર્યનારાયણ મેર બેઠા એટલે કૌરવોનાં વાજાં બંધ પડયા અને પાંડવનાં વાગ્યા. પછીથી ભીમસેનની ખાંધે રહયા રહ્યા ભીષ્મદાદા બોલ્યાં, અલ્યા ભીમડા, મને છોડી દે. તેં દગો કર્યો તે વેર કેમ ભૂલાશે ? એટલે વાયુના તને ભીષ્મજીને નીચે ઉતાર્યા. પછી તે દાદાને કરગરી પડયો, લો મારો. એવું સાંભળી ભીષ્મપિતા શાંત થઇને બોલ્યા, અરે ગાંડા, લડવું હતું તો કપટ શા માટે કર્યું ?એટલે ભીમે કહ્યું, અરે દાદા,તમારી સાથે લડવાનું જોર તો જોઇએ. એમ વાતો કર્યાં પછી ભીષ્મજી પોતાના તંબૂએ જવા માટે રથમાં બેઠા એટલે અર્જુનજી પણ પણ તેમની જોડે રથમાં બેઠા.પછી બેઉ જણા કૌરવ દળમાં ભીષ્મજીના તંબૂએ આવ્યા. પાંડવો પણ પોતપોતાના તંબૂએ ગયા.

હવે ભીષ્મપિતા જમ્યા પછી સૂઇ રહ્યા એટલે અર્જુન તેમના ચરણ ચાંપવા લાગ્યો થોડી વાર પછી ભીષ્મજીએ અર્જુનને તેના તંબૂએ જવાની રજા આપી. એટલે અર્જુન પોતાના તંબૂએ આવી સૂઇ રહ્યા. એમ કરતા રાત્રી વીતી વહાણું વાયુ એટલે ત્રીજે દિવસે પાંડવો તથા કૌરવો હમેશની રીત મુજબ પોતપોતાના રણસ્થંભે આવીને ઊભા. અર્જુનજીએ દશ બાણથી ભીષ્મનું પૂજન કર્યું ત્યાર પછી યુદ્ધને ચાલુ કર્યું, હવે ભીમસેન ભીષ્મથી બહુ બીએ છે તેથી પોતે અર્જુનના રથની પાછળ ઊભો ઊભો મડદાને ભીષ્મ ઉપર ફેંકે છે. હવે ભીષ્મજીએ પાંડવને તથા તેમના સૈન્યને પુષ્કળ માર માર્યો.છેવટે દાદાએ પાંડવોને સ્થંભની બહાર તગડી મૂકયા. ફકત ચાર ઘડી દહાડો રહયો એટલે અંતર્યામી ગટોરગચ્છને કહેવા લાગ્યા, અલ્યા,રાત્રિ પડવા આવી છે તેથી જો તું જીતીશ નહિ તો બાપનું નામ જશે. એવું વચન સાંભળીને ભીમસેનસુત વા વંટોળ કરીને ગગનમાં ચઢી ગયો. વા વંટોળથી રેણું ઉડી તેથી લોકો ગાભરા બની ગયા. પછી ગટોરગચ્છ ઓચિંતો દાદાનાં રથમાં પડયો, ત્યાં આવીને દાદા દાદા કહીને ભીષ્મપિતાના હાથમાંથી હથિયાર પડાવી લીધાં,પછીપોતે દાદાને ઉંચકી લઇને પોતાની ખાંધે બેસાડયા.ભીષ્મને કબજે પડેલા જોઉને વાયુનંદન વૃકોદરને સૂર ભરાઇ આવ્યું, તેથી તે ગદા લઇને કૌરવ દળમાં તૂટી પડયો એટલે મેઘવરણ પણ તેની જોડે જઇને લડવા મચી પડયો. એ પ્રમાણે બનવાથી કૌરવદળ નાસી ગયું. ત્યારે પછી ગટોર-ગચ્છ ભીષ્મને ઊચકીને ને કૌરવ સ્થંભે રહ્યો એટલે પાંડવ લોકો પણ કૌરવ સ્થંભે આવીને ઊભા. એ પ્રમાણે ત્રીજે દિવસે કૌરવનાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વાજાં બંધ પડયાં અને પાંડવની ભુગળ ભેર વાગી. ભીષ્મદાદા કળકળીને બોલ્યા, બે દિવસથી કપટ કરો છો પણ કાલે જોઈ લેજો. ગટોરગચ્છે દાદાને નીચે ઉતાર્યા અને ભીષ્મજીને ચરણે લાગી કહ્યું, હે દાદા, અમારા ઉપર શા માટે ક્રોધે ભરાઓ છો? એવામાં વૃકોદર બોલ્યો, અરે વૃધ્ધ દાદા આજ તો તમને ઠીક લ્હાવો વિત્યો,તમે બાળકની ખાંધે ચડયા. એટલે ભીષ્મપિતા હસીને કહેવા લાગ્યા. સૂરા હો તો સામા આવીને કેમ લડતા નથી? એવું સાંભળી મેઘવરણ બોલ્યો,અરે દાદા,બરોબર ચેતતા રહેજો.કારણકાલે મારો વારો છે.તેથી હું સન્મુખ રહીને તમારા સાથે યુધ્ધ કરીશ.એટલે ભીષ્મપિતાએ કહ્યું,ત્યારે તો તું બળવાન ખરો. એમ કહી પાંડવોને પોતપોતાના તંબૂએ જવાની આજ્ઞા આપી.ફકત અર્જુનજી ભીષ્મપિતાના રથમાં બીરાજ્યો ત્યાર પછી ભીષ્મજી પણ અર્જુન સાથે પોતાના તંબૂએ આવ્યા. થોડા વખત પછી દુર્યોધન થાળ લઇને આવ્યો,એટલે ભીષ્મે તથા અર્જુને જમી લઇ મુખવાસ લીધો. ત્યાર કેડે ભીષ્મ સૂઈ રહ્યા. અર્જુન પગ ચાંપવા લાગ્યો. થોડી વખત થઈ એટલે દાદાએ અર્જુનને તેના તંબૂએ જવાની રજા આપી. ત્યારે અર્જુન પણ પોતાના તંબૂએ આવીને સૂઈરહયો ત્યાર કેડે રાત્રિ વીતીને વહાણું વાયુ એટલે ચોથે દિવસે પાંડવો તથા કૌરવો સામા સામી યુધ્ધે ચઢયા. અર્જુને દસ બાણથી દાદાનું પૂજન કરીને હાથ ઉપાડયો,

ભીષ્મપિતા પણ લડવા માટે તૈયાર થઇ ગયા. પોતે વિચાર્યું, બે દિવસથી પાંડવો કપટ કરે છે માટે આજ ઠેર મારૂં. એવું વિચારી ભીષ્મજીએ અર્જુનને એવું બાણ માર્યું કે પારથ પોતાના રથમાંથી મૂર્છા ખાઇને નીચે પડી ગયો. પછી બીજા બાણથી નીકુળ, અભિમન્યુ, સહદેવ વગેરેને મૂર્છિત કર્યાં.તે પછી ભીમસેનને તથા ગટોરગચ્છને નાગપાસ મંત્ર વડે તાણી બાંધ્યા. ત્યાર કેડે ગટોરગચ્છના પુત્ર મેઘવરણ તેને પણ અવળો તાળીબાંધ્યો.પછી ભીષ્મે મેઘવરણને કહ્યું, અરે બેટા આજ વાજા પગડાવો. એવું સાંભળી ભીમસેન બોલ્યો, અરે દીકરા મેઘવરણ,તેં નાહક બોલીને બગાડયું. જો આજ નહીં જીતે તો બાપનું નામ બોળાશે. ત્યારે મેઘવરણે જવાબ આપ્યો અરે દાદા જો હું આજ આપણાંવાજાં ન વગડાવું તો તમારો પુત્ર નહિ.એમ કહીને ધીરજઆપી બે ઘડી દિવસ રહયો ત્યારે જુગજીવને કહ્યું, અરે મેઘવરણ, તમારું બોલવું નકામું જશે. જો આજ નહિ જીતો તો બાપનું નામ બોળાશે. એવું વચન સાંભળીને માયાવી કોપાયમાન થયો. પોતે નાગપાસથી બંધાયેલો હતો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેથી તેણે પોતાનું બીજું સ્વરૂપ દુર્યોધનનું લીધું. તે દુર્યોધનના સ્વરૂપે ભીષ્મના સામો ગયો. એટલે ભીષ્મે કહ્યું, અરે દુર્યોધન, આજ તારા દુશ્મનને કેવા હાર પમાડયા છે.? ત્યારે મેઘવરણ બોલ્યો. વાહ, શાબાશ છે દાદા. એમ કહીને હસતો હસતો ભીષ્મની પાસે જઇને બાઝી પડયો. પછી તેણે તેમનાં હથિયાર ખુંચવી લીધાં. એટલે ભીષ્મદાદા એકદમ બાવરા બની ગયા. ત્યારે મેઘવરણે પોતાનું સ્વરૂપ ધારણ કર્યું. ભીષ્મદાદાએ વિચાર્યું કે આજ પણ છોકરાએ દગો કર્યો. એકને બાંધી મૂકયો છે અને આ બીજો કયાંથી આવ્યો ? એમ ભીષ્મજી જુએ છે એટલામાં મેઘવરણ કહે આવો દાદા, એમ કહી પોતાની ખાંધે ઉંચકી લીધા. એવામાં પારથની મૂર્છા વળી ગઇ તેથી ઊઠીને ઊભો થયો. અભિમન્યુ તથા બીજા લોકોની પણ મૂર્છા વળી ગઇ. તેથી પાંડવોએ કૌરવ દળને નસાડી મૂકયું ને કૌરવ સ્થંભે ઊભા. એટલે મેઘવરણ પણ દાદાને લઇને કૌરવ સ્થંભે ઊભો રહ્યો, ત્યારે ભીષ્મપિતા મેઘવરણને કહેવા લાગ્યા, હે પુત્ર, હવે છોડ. તમે સૌ કપટી છો તેની આજ ખાતરી થઇ. તમે સઘળા કપટ કરો છો માટે કાલે તમારી વાત છે. એટલે મેઘવર્ણ કહે, દાદા ગમે તેમ કરો પણ આજ તો તમને છોડવાનો નથી, જો તમે સોગન ખાશો કે તમારા ઉપર ઝેર નહિ રાખું તો તમને નીચે ઉતારીશ નહિ તો આખો જન્મારો જશે તો પણ તમનેનીચે ઉતારવાનો નથી. એટલે દાદાએ વિચાર્યું કે બાળક ચડસે ચઢયો છે માટે નીચે ઉતારશે નહિ, એમ ધારી ભીષ્મજી બોલ્યા, હેપુત્ર, જો તમારા ઉપર વહેર રાખું તો તો મને તારા સોગન છે. એમકહ્યું એટલે મેઘવર્ણે દાદાને છોડી દીધા. પછી ભીષ્મજી બોલ્યા, અરે બેટા. આજતો દગો કર્યો તે ઠીક છે, પણ કાલ જોઇ લેજો. મેઘવર્ણ કહે, અરે દાદા, હું તો દગો કર્યા વિના જીત્યો છું, શા માટે તમે અંટસ રાખો છો ? પછી ભીષ્મપિતા પાંડવોને કહેવા લાગ્યા, હવે તમે તમારા તંબૂએ જાઓ એમ કહ્યું એટલે અર્જુન વિના સઘળા પાંડવો પોતપોતાના તંબૂએ ગયા.

પછી ભીષ્મદાદા તથા અર્જુનજી બેઉ જણા વાતો કરતા કરતા તંબૂએ આવ્યા, ત્યાં આવીને બેઉ જણાએ ભેગા બેસીને ભોજન કર્યું, પછી ભીષ્મજી સુઇ રહ્યા એટલે પારથપગ ચાંપવા લાગ્યો. થોડા વખત પછી ભીષ્મજીએ અર્જુનને તેના તંબૂએ જવાની રજા આપી એટલે અર્જુનજી પણ ભીષ્મદાદાને પગે લાગીને પોતાના તંબૂમાં આવીને સુઇ રહ્યો. એમ કરતાં થોડી વખત વીતી એટલે વહાણું વાયું, ત્યારે પાંડવોએ તથા કૌરવોએ નહાઇ ધોઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ખટકર્મ કર્યાં પછી જમી લીધું. બંને પક્ષવાળા આયુધ્ધ ધારણ કરી પોતપોતાની મેળે રણ સ્થંભે આવી ઊભા, વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે, હે રાજા, પાંચમે દિવસે કૌરવો તથા પાંડવો સામસામી યુધ્ધ કરવા લાગ્યા. તે દિવસે ભીષ્મપિતાનેપુષ્કળ ક્રોધ ચઢયો છે, તેથી તેમણે નાગ પાસનો મંત્ર સાધીને. ભીમ, અભિમન્યુ તથા ગટોરગચ્છને તાણી બાંધ્યા તેમજ અર્જુનજી, દ્રુપદ, શીખંડી, વૈરાટ, ધૃષ્ટપ્રદ્યુમન આ સર્વેને પણ તાણી બાંધ્યા. પછી મેઘવર્ણને એવી રીતે બાંધ્યો કે તેનાથી માયાવી સ્વરૂપ બદલાય નહિ અને જો બદલે તો તેનું મસ્તક છેદાઇ જાય. ત્યારપછી ભીષ્મજીએ વિચાર્યું ફકત એકલા જુગજીવન છુટા છે. તેમણે દયાળુને પૂછયું. તમારે લડવું છે કે નહિ સત્ય કહો. પ્રભુએ કહ્યું, નારે મહારાજ, હું તો ફકત રથ હાંકવા બેઠો છું; યુધ્ધ કરવા હથિયાર ઝાલું તો બ્રહ્મહત્યાનું પાપ. એટલે ભીષ્મપિતા બોલ્યા, ઠીક, ત્યારે હવે છુટા બેસો, નહિ તો તમને પણ બાંધત. એમ કહી ભીષ્મ-પિતા નિવૃત્તિથી ઊભા, પછી પોતે પાંડવોને કહેવા લાગ્યા, અરે કુન્તાકુમારો, આજ તમારાં નિશાન વગડાવો તો ખરા. એ પ્રમાણે કહીને પોતે આનંદમાં ઊભા રહ્યા છે. એવામાં છ ઘટીકા દિવસ રહ્યો એટલે મણીપુરથી અર્જુન જીનો પુત્ર ઇલેવન રથમાં બેસીને ચાલ્યો આવે છે. તેણે ત્રાહિત માણસને પૂછયું. પાંડવો કયાં છે ? ત્યારે તે માણસે કહ્યું, પાંડવો પૂર્વ દિશામાં બંધાઇને ઊભા છે. ત્યારે ઇલેવન પાંડવ તરફ જઇને ઊભો રહ્યો, ત્યાં આવીને પોતે પાંડવોને બંધાયેલા જોયા તેથી તે ઘણો જ ગુસ્સે થયો. ને પોતે ભીષ્મપિતાના સામો યુદ્ધ કરવા ઊભો. એટલે ભીષ્મદાદા વિચારમાં પડયા આ નવો છોકરો કોણ આવ્યો ? પાંડવો પણ જોઇને વિસ્મય પામ્યા કારણ કે તેને કોઇ પણ ઓળખતું નથી, પાંડવોમાં સઘળા માંહોમાંહે પૂછે છે. આપણી પક્ષે કોણ આવ્યું છે ? એવામાં ભીષ્મદાદા બોલ્યા, અલ્યા, તું કોનો પુત્ર છે ? એટલે ઇલેવાને કહ્યું, અરે ડોસા, તારે શું કામ છે ? ત્યારે ભીષ્મજીએ જાણ્યું, આ તો કાફર છોકરો જણાય છે માટે નાગપાસનો મંત્ર ભણીને તેને બંધન કરું તો ઠીક, નહિ તો બધું યુધ્ધ ધુળધાણી કરી નાખશે. એમ જાણી પોતે ઇલેવાનને નાગપાસનું બાણ માર્યું, ઇલેવાને ગરુડાસ્ત્ર માર્યું, તેથી ગરુડજી આવીને સઘળા સર્પ ભક્ષ કરી ગયા. એવું જોઇને ભીષ્મ કોપાયમાન થયા. તેથી તેમણે અગણીતા મંત્ર ભણીને ઇલેવાનને પુંકળ માર મારવા માંડયો. દાદાનું એક બાણ છુટે છે, તેનાં લક્ષલક્ષ થઈ જાય છે. અને ઇલેવાન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ અગણીતા મંત્ર ભણીને દાદાના ઉપર નાંખે છે, તેથી તેનાં ત્રણ ત્રણ લાખ બાણ થઇ જાય છે, ભીષ્મપિતાના કરતાં ત્રણ ઘણાં ઇલેવાનના ધનુષમાંથી છુટે છે તેથી ભીષ્મપિતા ગભરાવા લાગ્યા. ભીષ્મપિતા એક વાર મારે એટલામાં ઇલેવાન ત્રણ વખત મારે છે. એવું જોઇ ડોસાએ વિચાર કર્યો કે જો હું હારીશ તો મારા ધોળામાં ધૂળ પડશે. એવું જાણીને પોતે પવનાસ્ત્રનો મંત્ર ભણી એક બાણ ઇલેવાન ઉપર છોડી દીધું. તેથી તે બાણના પ્રભાવથી ઇલેવાન તેના રથ સુદ્ધાં ગગનમાં ગયો, તેનો રથ અંતરિક્ષ જઇને ઊભો રહ્યો. પછી પોતે વિચારવા લાગ્યો, ડોસાને મારા હાથ બતાવું તો ઠીક. એમ ધારી તેણે અવળસવળ મંત્ર ભણીને પવનાસ્ત્ર બાણ લીધું, પછી ગગનમાં રહ્યા રહ્યા તે બાણ ભીષ્મપિતાના રથની નીચે માર્યું એટલે તે બાણ ભીષ્મપિતાને તેમના રથ સુદ્ધાં ઊંચે લાવ્યું. એ પ્રમાણે ઇલેવાને ભીષ્મપિતાને ગગનમાં પોતાની સામે બોલાવી લીધા. પછી તેણે અંતરિક્ષમાં રહી ડોસાને ખૂબ હેરાન કર્યા એમ કરતાં કરતાં ઇલેવાને પોતાના રથના નીચેનું બાણ ભાલાથી ભાગી નાંખ્યું. એટલે પોતાનો રથ પૃથ્વી ઉપર આવ્યો તે દેખીને ભીષ્મપિતાનું મન પણ નીચે ઉતરવા માટે લલચાયું. તેથી પોતાના રથ નીચેનું બાણ ભાગી નાખ્યું. તેમનો રથ નીચે ઉતરવા લાગ્યો. ઇલેવાને ભીષ્મદાદાને નીચે ઉતરતા જોઇને પવનાસ્ત્રનો મંત્ર ભણીને બીજું બાણ માર્યું એટલે દાદા અધવચ આવતા પાછા ગગનમાં ગયા. પછી ભીષ્મદાદાએ વિચાર કર્યો, હવે મારું લડવું વૃથા છે. આ છોકરો છકેલો છે તેથી મનેઉતરવા દેવાનો નથી. એવું સમજી ભીષ્મજીએ ગગનમાં રહીને ઇલેવાન ઉપર બાણની વૃષ્ટિ કરવા માંડી. તેથી ઇલેવાન ભીષ્મના બાણથી ગભરાઈ ગયો, છેવટે તેણે ભીષ્મના રથની નીચે ચાર બાણ માર્યાં એટલે દાદાનો રથ ગગનમાં ચોતરફ ફેર કુદડી ખાવા લાગ્યો. ભીષ્મ ઇલેવાનને બાણ મારે છે પણ રથ આડે અવળો ભમે છે તેથી બાણ ઇલેવાનને વાગ્યા વગર આડાંઅવળાં પડે છે.

એમ કરતાં કરતાં ઇલેવાને ડોસાનો રથ બાણમારી મારીને હડસેલી સ્થંભ બહાર અંતરિક્ષ લઈ ગયો, તેથી કૌરવોની સેના જીવ લઇને નાસી ગઈ. જ્યાં કૌરવ દળ ફેંકાઈ ગયું એટલે પાંડવોના બંધાયેલા હાથ છોડીને ઇલેવાન કૌરવ સ્થંભે ઊભો રહ્યો. પાંડવો પણ દોડતા આવીને સ્થંભ આગળ ઊભા રહ્યા. પછી જ્યાં સૂર્યનારાયણ મેર બેઠો એટલે કૌરવનાં વાજાં બંધ પડયાં અને પાંડવનાં વાગવા લાગ્યાં. એ પ્રમાણે જય જયકાર થયા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછી ભીમે ઇલેવાનને કહ્યું, અરે ભાઇ, તમે અમારા દાદાને ગગનમાંથી નીચે ઉતારો એવું કહેતામાં જ ઇલેવાને બાણ મૂકી ભીષ્મના રથની નીચેનાં બાણ ભાગી નાંખ્યાં. એટલે તરત રથ નીચે ઉતર્યો. પછી ભીષ્મદાદાએ ભીમસેનને પૂછયું. આ કયા દેશનો રાજા છે? એટલે વૃકોદરે ઇલેવાનને પ્રશ્ન કર્યો, તમે કોના પુત્ર છો? ઇલેવાને જવાબ આપ્યો, હું અર્જુનજીનો પુત્ર છું અને હાલ મણીપુર રહું છું એટલે ભીમે અર્જુનને કહ્યું, અરે ભાઈ આ તમારે કીયો પુત્ર છે? અર્જુને કહ્યું, ભાઈ, હું જાણતો નથી. એટલે કૃષ્ણજી બોલ્યા, વાહ પોતાના પુત્રને પોતે ઓળખતા નથી. એટલે ઇલેવાન કહેવા લાગ્યા, હે પિતાજી, જયારે આપ યોગી સ્વરૂપે પંપા સરોવર આગળ થઇને જતા હતા તે વખતે, આપને તૃષા લાગવાથી સરોવરમાં પાણી પીવા પેઠા, ત્યારે આપના ચરણથી મારી બંને માતાઓ સરપણીઓના દેહથી મુક્ત થઈ સ્ત્રીઓ બની, એવામાં નારદજીએ આવીને મારી માતાઓ સાથે આપનું લગ્ન કરાવ્યું. પછી આપે મારી માતાઓને મણીપુર વસાવી આપ્યું. ત્યાં આપના અમે બે પુત્ર થયા, તેનાં ઉલપીનો હું મોટો પુત્ર છું અને મારું નામ ઇલેવાન છે. અને ચિત્રકળાનો બભ્રુવાહન છે તે પણ બહુ જ બળવાન છે. એટલે અર્જુને કહ્યું, હે ભાઇઓ, આ પુત્રનું કહેવું તમામ સાચું છે, એટલે ભીમ બોલ્યો, અરે ભત્રીજા હું તારો કાંકો થાઉં છું. એમ કહી વૃકોદરે ભીષ્મને કહ્યું, જુઓ દાદા, અમારા ઘરમાં કેવાં રત્ન પડયાં છે? પછી ભીષ્મપિતા બોલ્યા, અરે ઇલેવાન, તું મને વૃધ્ધ જાણીને જરા પણ નમ્યો નહિ, તેથી આવતી કાલે કાળો કેર વર્તાવું. એટલે ભીમસેન ઇલેવાનને કહેવા લાગ્યો, અરે બેટા, તમે ભીષ્મપિતાને પગે લાગો. ત્યારે ઇલેવાન બોલ્યો, હું ડોસાને કદી નમવાનો નથી. શું મારા તાતને લજવીશ? તમે કહો તો દાદા તરીકે નમું, નહિ તો કંઈ ડોસાના ભયથી હું ડરીને નમવાનો નથી, એવું સાંભળી ડોસાએ કહ્યું, જો હું કાલ ઇલેવાનને ન મારું તો બાળહત્યાનું પાપ ત્યારે ઇલેવાન બોલ્યો, હે ગંગાપુત્ર, તમે મને ઠેર મારશો તે પછી હું તમને રથંભમાં પાછા કાઢીશ અને પાડવોનાં વાજાં વગડાવીશ, વાત યાદ રાખજો. પછી ભીમસેને કહ્યું. અરે ભાઇઓ, હવે ચાલો આપણા તંબુએ જઇએ. એટલે સઘળા અર્જુન વિના પોતાના તંબુએ ગયા, ભીષ્મપિતા તથા અર્જુન બેઉ જણા વાતો કરતા કરતા પોતાના તંબુએ ગયા. ત્યાં જમી કરી આનંદ કર્યા પછી અર્જુન પોતાના તંબુએ આવ્યો. ત્યાં સઘળા હળીમળીને વાતો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરવા લાગ્યા. ભીમસેને ઇલેવાનને કહ્યું, અરે બેટા, તું કાલે યુધ્ધે ના આવીશ. કારણ કે પ્રતિજ્ઞા કરી છે માટે ડોસો તને મારશે. એવું સાંભળી ઇલેવાન બોલ્યો, હું કાંઈ મરવાથી ડરતો નથી. એ તો ક્ષત્રીનો ધર્મ છે કે સામા રહીને યુદ્ધ કરવું ને મરવું, એમ કહી સર્વે જણાએ શયન કર્યું,

છઠ્ઠો દિવસનું વહાણું વાયુ એટલે સઘળા યુદ્ધને માટે તૈયાર થઇ ગયા. ભીષ્મપિતા પણ સૈન્ય સહિત પોતાના સ્થંભે આવીને ઊભા, જ્યાં બંને પક્ષ સામસામી ઊભા એટલે ઇલેવાન બોલ્યો, અરે બાપ કાકાઓ, આપ આપણા સૈન્ય સહિત આઘા ઊભા રહો. ફકત મારે એકલાએ ડોસાની સાથે યુદ્ધ કરવું છે. એવું સાંભળી પાંડવો પોતાનું સૈન્ય લઈ દૂર જઇને ઊભા. તે દેખીને ભીષ્મપિતાએ પણ વિચાર કર્યો, જો હું સૈન્ય રાખીને યુદ્ધ કરીશ તો ખોટું દેખાશે માટે મારે પણ સૈન્ય દૂર કાઢવું જોઇએ. એમ ધારી પોતે પોતાના સૈન્યને અળગું કર્યું. ત્યારે પછી ઇલેવાન તથા ભીષ્મપિતા બંને સામસામી યુદ્ધ કરવા તૂટી પડયા. ઇલેવાન અગણિતા મંત્ર ભણી બાણ મારે છે તેનાં એક બાણના જતા જતામાં ત્રણ લક્ષ થાય છે અને ભીષ્મ; પિતાના જતા જતામાં એક લક્ષ થાય છે. ભીષ્મ કરતાં ઇલેવાનનાં ત્રણ ઘણાં થાથ છે. તેથી ઇલેવાનના બાણથી ભીષ્મદાદાનું શરીર ભેદાઈ ગયું. એમ કરતાં કરતાં ફકત બે ઘડી દિવસ રહ્યો. એટલે ભીષ્મપિતાએ જાણ્યું, જો ઇલેવાન નહિ મરે તો મારુ બોલેલું વ્યર્થ જશે ને મારે માથે પાપ બેસશે. એમધારીપોતે કાળજ્વરનું બાણ કાઢયું અને તે બાણ તૈયાર કરી તેના ઉપર પોતાનું પાંચ વરસનું પુન્યુ મૂકયું. ને તે બાણ ઇલેવાન ઉપર છોડી મૂકયું, એટલે તે બાણ મેઘની માફક ગર્જના કરતું વીજળી માફક ચમકાર કરતું ઇલેવાન તરફ ચાલ્યુ આવ્યું. આવતામાં જ તે બાણે ઇલેવાનનું શીશ છેદી નાંખ્યું. પછી તે શીશ ઉછળીને ભીષ્મદાદાની છાતીએ વાગ્યું, તેથી ભીષ્મપિતા ગગનમાં ચઢીને ચાર જોજન છેટે જઇને પડયા. એવું જોઈ પાંડવોએ છોકરાએ નામ તો બોળ્યું નથી. એમ કહી તેઓ કૌરવ સ્થંભે દોડી ગયા એવામાં સૂર્યનારાયણ મેર બેઠા એટલે કૌરવોનાં વાજાં બંધ પડયાં અને પાંડવનાં ગડગડી ઊઠયાં. પછી અર્જુન તથા દુર્યોધન બંને જણા પોતાના રથ દોડાવીને ભીષ્મપિતાને શોધવા માટે ગયા, ભીષ્મપિતાની શોધ કરતા તે મળી આવ્યા. અર્જુને પોતાના રથમાં તેમને બેસાડી દીધા. ભીષ્મપિતા ઇલેવાનનું મસ્તક પોતાના ખોળામાં લઈ ને બેઠા ને રણસ્થંભે આવી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પહોંચ્યા. અર્જુને ચિતા ખડકાવી પોતાના પુત્રનો અગ્નિસંસ્કાર કર્યો, ત્યાર પછી સઘળાએ સ્નાન કરીને પોતાના તંબૂએ ગયા. ભીષ્મપિતાએ અર્જુનજીએ કહ્યું, અરે પારથ, મેં તારો રત્ન સરીખો પુત્ર મારી નાંખ્યો.

એવું સાંભળી પારથે જવાબ આપ્યો, નારે દાદા, તે વાતનો મને કંઈ હરખ શોક નથી. પણ મારા કુંવરે તમને અતિશય માર મારી બે દિવસ વાજાં વગડાવ્યાં.એવું સાંભળી ભીષ્મપિતા બોલ્યા, વારુ દીકરા, હવે હું જોઉં છું કે તમારામાં કોણ વાજાં વગડાવે છે? એમ કહી અર્જુનને વિદાય કર્યો, એટલે પારથે પોતાના તંબૂએ આવીને શયન કર્યું. વહાણું વાયુ એટલે સઘળા યુધ્ધે જવા તત્પર થયા. પાંડવો તથા કૌરવો પોતપોતાના રણ સ્થંભે આવીને ઊભા રહ્યા. હવે સાતમે દિવસે અર્જુને ભીષ્મપિતાનું પૂજન કર્યું ત્યારબાદ બંને સામાસામી યુદ્ધ કરવા કૂદી પડયા. ભીષ્મપિતાના બાણથી પાંડવ સેનાનું હથરાણ વળવા માંડયું, એટલે અર્જુને ક્રોધ કરીને એક બાણે કૌરવના બે લક્ષ યોધ્ધા ઠેર મારી નાંખ્યા.ને ભીષ્મદાદાએ રીસમાં ને રીસમાં પાંડવના દસ લાખ યોધ્ધા મારી નાંખ્યા. ને ભીષ્મપિતાએ પાંડવને પુષ્કળ માર મારીને સ્થંભની બહાર કાઢી મૂકયા, તે સ્થંભે ભીષ્મદાદા આવીને ઊભા, એટલે અર્જુને પ્રભુને કહ્યું, હે મહારાજ, આજ શું બનશે? એવું સાંભળી પ્રભુ બોલ્યા, અરે પારથ, તમે શા માટે ગભરાઓ છો? જેનાં વાજાં વાગે છે તેનાં જ વાગશે. અર્જુન કહે, અરે મહારાજા, આજ હું જીતું એવું લાગતું નથી! એવામાં ભીષ્મપિતામહે અર્જુનને એક બાણે રથ સહિત ગગનમાં ચઢાવી દીધો. પછી ભીમને, ઘટોત્કચ્છને તથા મેઘવર્ણને અવળા હાથે તાણી બાંધ્યા. અભિમન્યુને પણ બાંધ્યો,બાદ શીખંડી વૈરાટ ધૃષ્ટપ્રદ્યુમાન વિગેરેને મૂર્છા પમાડી દીધા. નીકુળને ડેરા તંબૂએ ફેંકી દીધો. સહદેવજી પણ મૂર્છા ખાઈ નીચે પડયા, એ પ્રમાણે પાંડવોમાં કોઈ છુટું નથી,ભીષ્મપિતા પાંડવની સેનાને બિલકુલ મારતા નથી, આ જોઇ અર્જુને કહ્યું, હવે પ્રભુ ફક્ત બે ઘડી દિવસ રહ્યો છે માટે આપણાથી જરૂર જીતાવાનું નથી. એવું સાંભળી પ્રભુએ ડોસાનું બળ હરણ કરી લીધું. પોતે એંસી હજાર બાણનું બળ હરણ કરીને અર્જુનને સોંપી દીધું. પણ રથ આકાશમાં રહ્યો છે તેથી શ્રીહરિએ ચૌદ બ્રહ્માંડનો ભાર મૂકી રથને નીચે ઉતાર્યો ત્યારે ભીષ્મપિતાએ બાણ લઇને જોર કરવા માંડયું. પોતે અગણિત મંત્રનાં બાણ મારે છે પણ ફક્ત વીસ હજાર જાય છે અને અર્જુનનાં એક લાખ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચાળીસ હજાર થાય છે. એવું જોઇને ભીષ્મપિતા પાછા પડતાં જાય છે જેમ ડોસો પાછા પડે છે તેમ અર્જુન પુષ્કળ જોર કરે છે. પછી પારથે સઘળા લોકોના હાથ છોડી નાંખ્યાં એટલે તમામ જણા યુદ્ધ કરવા લાગ્યા. તેથી ભીષ્મપિતા ગભરાઇને નાસી ગયા. તેમની સેના પણ જીવ લઇને નાઠી, એવામાં સૂર્યનારાયણ મેર બેઠા એટલે કૌરવના વાજા બંધ પડયાં અને પાંડવોનાં આનંદભેર વાગવા લાગ્યા. એ પ્રમાણે પાંડવ જીત્યા. અર્જુન સિવાય બધા પોતાનાં તંબૂએ આવ્યા. પછી ભીષ્મ તથા અર્જુનજી બંને રથમાં બેસી દાદાનાં તંબૂએ આવ્યા. જમીને અર્જુન તથા ભીષ્મદાદા બંને જણા વાતો કરવા લાગ્યા. અર્જુને ભીષ્મ દાદાને કહ્યું, કેમ દાદા, આજ કેવા તમને નસાડી મૂકયા ? એવું સાંભળી ભીષ્મપિતા બોલ્યા, અરે અર્જુન, આજ કંઈ કપટ જેવું જણાયું, કારણ કે આખો દિવસ જીત્યો અને બે ઘડી માટે હાર પામ્યો, તેથી તમારું કંઇ કપટ થયેલું છે. એમ કહી અર્જુનને વિદાય કર્યો પછી અર્જુન પોતાના તંબૂએ આવી સૂઈ રહ્યો.

વહાણું વાયુ એટલે યુદ્ધની તૈયારી કરવા માંડી. પાંડવો પોતપોતાનું સૈન્ય લઇને રણસ્થંભે આવીને ઊભા, વૈશમપાયન ઋષિ કહે છે,હે જનમેજય રાજા, હવે ભીષ્મદાદા તથા અર્જુનજી આઠમા દિવસે સામાસામી યુધ્ધ કરવા માટે ઊભા.પછી જ્યાંઅર્જુનજીએ ધનુષનો ટંકાર કર્યો એટલે હનુમાનજી આવીને તેના રથની ધજાએ બેઠા. ત્યાર પછી પારથે દશ બાણ વડે ભીષ્મ પિતાનું પૂજન કર્યું,હવે ભીષ્મપિતાએ પાંડવોનો ગર્વ ઉતારવા માટે બે બાણ લીધાં, ને અર્જુન તેમજ અભિમન્યુના રથને ગગને ચઢાવ્યા એટલે બાપદીકરો ને ભગવાનઅધ્ધર રહ્યા.પછીઆખાસૈન્યસહિત ભીમ દ્રુપદ વૈરાટ પ્રદ્યુમનવિગેરે સઘળાને નાગ પાસથી બાંધી દીધાં.એ પ્રમાણે કરીને ભીષ્મપિતા પાંડવના રથ ભે આવીને ઊભા.એવામાંચાર ઘડી દિવસ રહ્યોએટલે અર્જુને પ્રભુ પ્રત્યે કહ્યું, હે મહારાજ ફક્ત ચાર ઘડી દિવસ રહ્યો એટલામાં આપણે કેવી રીતેજીતશું? એવું સાંભળી પ્રભુ બોલ્યા,અરે પારથજી, તમે શા માટે ગભરાઓ છો ? જેના વાજા વાગતા હશે તેના જ વાગવાના છે. એમ કહી દીનાનાથે ભીષ્મપિતાનું બળ હરણ કરી લીધું, અને તે બળ અભિમન્યુને આપી દીધું. પછી અભિમન્યુના રથ નીચેનું બાણ ભાગી નાંખ્યું, એટલે તેનો રથ નીચે આવ્યો, એવું દેખીને ભીષ્મપિતાને વિચાર આવ્યો, અરેરે કંઈ કપટ જેવુ જણાય છે. કારણ કે એક ઘડી વારમાં મારું બળ ઓછું થઈ જાય છે. તેથી જરૂર આ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કૃષ્ણનું કપટ હશે. પણ આપણે બરોબર તપાસ કર્યાં વિના કહેવું તે વૃથા છે. એમ ધારી પોતે અભિમન્યુના સામા યુધ્ધ કરવા લાગ્યા. ભીષ્મપિતા અગણીતા મંત્ર ભણીને બાણ મારે છે તેથી તેમના ફક્ત વીસ હજાર બાણ થાય છે અને અભિમન્યુના એક લક્ષ વીસ હજાર થાય છે. આ જોઈ ભીષ્મદાદાએ વિચાર કર્યો, જરૂર કૃષ્ણજી કપટ કરે છે પણ આવતી કાલે વાત એમ વિચારતા યુધ્ધ કરે જાય છે પણ અભિમન્યુના આગળ પોતાનું કંઇ ચાલતું નથી. છેવટે અભિમન્યુએ દાદાને રથંભની બહાર નસાડી મૂકયા. એવામાં ગગનથી અર્જુનનો રથ ઉતર્યો અને સઘળા લોકો પણ બંધનથી મુક્ત થઇ ગયા. એટલે સઘળું સૈન્ય કૌરવના રણસ્થંભે આવ્યું. પાંડવનાં નિશાન ગડગડયાં અને કૌરવનાં બંધ પડયા. એ પ્રમાણે પાંડવો આઠમા દિવસે જીતીને પોતેપોતાના તંબુએ ગયા. ભીષ્મ તથા અર્જુન પણ તેમના તંબુએ ગયા. ત્યાં દાદાની સેવા કર્યા પછી અર્જુન પાછો પોતાના તંબુએ આવી સૂઈ રહ્યો

હવે અર્જુનના ઘેર આવ્યા પછી દુર્યોધન ભીષ્મની પાસે આવ્યો. પોતે ભીષ્મને કહેવા લાગ્યો, હે દાદા, હવે તમારા યુદ્ધના ફક્ત બે દિવસ રહ્યા માટે મને જીવતદાન આપો. એવું સાંભળી ભીષ્મને દયા આવી તેથી પોતે દુર્યોધનને કહ્યું, તારી સ્ત્રીને મારી પાસે મોકલજે, હું તેને અખંડ સૌભાગ્યવંતીનું વરદાન આપીશ એટલે દુર્યોધન ખુશી થઇને બોલ્યો, વારુ દાદા, એમ કહી પોતે આનંદમાં તંબુએ આવ્યો. પાપી પોતાના સામા શકુનીને કહેવા લાગ્યો, હું અમ્મર થઇ આવ્યો છું. હવે હું કદી મરવાનો નથી. એમ કરતાં રાત્રિ વીતી વહાણું વાયુ, એટલે પાંડવો તથા ભીષ્મપિતા યુદ્ધે તત્પર થયા. હવે દુર્યોધને પોતાની સ્ત્રીને તેડવા સાંઢણી મોકલી. પછી નવમા દિવસે પાંડવો પોતાના સૈન્ય સહિત રણસ્થંભે આવ્યા. અને ભીષ્મપિતા પણ પોતાના સૈન્ય સહિત આવી પહોંચ્યા, બંને પક્ષ સામ સામી ઊભા રહ્યા. અર્જુનજીએ પ્રેમ વડે બાણથી દાદાનું પૂજન કર્યું. ત્યારે પછી ભીષ્મજીએ નાગપાસનું બાણ લીધું તે બાણ ફેરકુંદડી ખાઈને જોરથી પાંડવ દળમાં ફેંકયું તેથી તે બાણ વડે સઘળા બંધાઇ ગયા, ફકત મેઘવર્ણ તથા ગટોરગચ્છ બંને ગગનમાં ચઢયા હતા તેથી તેઓ બંધાયા વિના રહી ગયા. ને તેઓ કૌરવ દળમાં તૂટી પડયા, બંને બાપદીકરાએ એકપળવારમાં દસહજાર યોદ્ધા મારી નાંખ્યા. પછી સૈન્યાએ બુમાટો કર્યો એટલે ભીષ્મપિતાએ હાથમાં બાણ પડયું. તે દેખીને બન્ને બાપ દીકરાએ વિચાર કર્યો, જો નહિ નાસીએ તો ડોસો ઠેર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારી નાંખશે એમ ધારી બંને ગગનમાં ચઢી ગયા. ભિષ્મપિતાએ તે બંનેને પણ નાગપાસથી તાણી બાંધ્યા. શ્રીકૃષ્ણ પ્રભુને પણ તે દિવસ ભીષ્મદાદાએ રથ સાથે બાંધ્યા. તેવામાં ચાર ઘડી દિવસ રહ્યો એટલે અર્જુનજીએ કહ્યું, હે મહારાજા, હવે ફક્ત ચાર ઘડી દિવસ રહ્યો છે માટે આપણાથી કેમ કરીને જીતાશે ? એવું સાંભળી પ્રભુ બોલ્યા,અરે પારથજી,તમે કેમ ગભરાઓ છો, જેનાં વાજાં વાગે છે,તેનાં જ વાગશે.એટલે અર્જુને કહ્યું,અરે મહારાજ,આપણામાં કોઈ છુટું નથી,સઘળા બંધાયેલા છે તેથી કોણ યુધ્ધ કરશે? એવામાં પ્રભુએ અદ્ભુત ખેલ કર્યો કે એકદમ અંતરિક્ષમાંથી ગરુડજીને પાંડવની સૈન્યામાં બોલાવ્યા.તથી ગરુડજીએ આવીને સઘળા સર્પ વીણીને ખાધા. એવું જોઇને ભીષ્મપિતા બોલ્યા કૃષ્ણ કપટી છેવટે તમે તમારું કપટ કર્યું, જાઓ હવે મારે નથી લડવું. એમ કહી પોતે સ્થંભની બહાર નીકળી ગયા. ત્યારે પાંડવો સૈન્ય સહિત કૌરવસ્થંભે આવીને ઊભા રહ્યા. કૌરવનાં વાજાં બંધ પડયાં અને પાંડવોના ગગડી ઊઠયાં, પછી અર્જુન દાદાના રથમાં બેસતો હતો એટલામાં દાદાએ કહ્યું અરે બેટા પારથ, આજ મારે તારી પાસે સેવા કરાવવી નથી. એમ કહી પોતે રીસમાં ને રીસમાં પોતાના તંબૂએ ગયા. એટલે પાંડવો પણ આનંદભેર પોતાના તંબૂએ આવ્યા. હવે હસ્તિનાપુરથી દુર્યોધનની રાણી ભાનુમતી આવી પહોંચી, દુર્યોધન તેણીને તેડી રાત્રે ભીષ્મપિતા પાસે આવ્યો. ભીષ્મપિતાએ દુર્યોધનને કહ્યું, હે છત્રપતી, અત્યારે તો હરિસ્મરણમાં બેસવું છે, માટે પરોઢીએ મરઘો બોલે ત્યારે તારી ભાનુમતીને મારી પાસે મોકલજે. અત્યારે મને મારો તંબુ લીંપાવી આપ એટલે હું નાહીને હરિસ્મરણમાં બેસું. એવું કહેતામાં દુર્યોધને ભાનુમતીને વિદાય કરીને સેવકો પાસે દાદાનો તંબુ લીંપાવરાવ્યો,પછી દુર્યોધન દાદાના પૂજન માટે સઘળી સામગ્રી તૈયાર કરીને મૂકી.ત્યાર પછી દુષ્ટ છત્રપતી પોતાના તંબુએ જઇ સૂઈ રહ્યો. હવે ભીષ્મજી શીતળ જળે સ્નાન કરીને હરિસ્મરણ કરવા બેઠા. એવામાં મધ્યરાત્રિ થઇ એટલે શ્રી કૃષ્ણજીએ ઊઠીને દ્રૌપદીને છાનીમાની જગાડી. દ્રૌપદીએ પૂછયું, કેમ વીરા, મને મધ્યરાત્રિએ જગાડી ? એવું સાંભળી પ્રભુ બોલ્યા,અરે બહેન,આજ દુર્યોધન અમ્મર થાય છે,માટે તમને જગાડયાં.દુર્યોધનની સ્ત્રી ભાનુમતીને ભીષ્મપિતા વરદાન આપે છે તેથી મને ઊંઘ આવતી નથી. એવું સાંભળી દ્રૌપદી બોલ્યાં,કહો ભાઇ, ત્યારે આપણે શું કરીશું ? ત્યારે પ્રભુએ કહયું, તમે આધું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઓઢીને ભીષ્મની પાસે જાઓ અને ભાનુમતીના બદલે તમે વરદાન લઈ આવો. એવું સાંભળી દ્રૌપદી કહેવા લાગ્યાં, અરે દીનાનાથ, પારકી હદમાં અબળા જાતે ચોરી કરવી એ લાન્છન ભરેલું છે. વળી ચોકીદારો જાગતા હોય તો મને અંદર જવા પણ ન દે, એટલા માટે હે મારા દયાળુ પ્રભુ; તમે વિચાર તો કરો, હું એકલી કેવી રીતે જાઉં ? એટલે શ્રીકૃષ્ણજી બોલ્યા, હે ભગની, તમે કોઈ જાતની ચિંતા કરશો નહિ; હું તમારી સાથે આવીશ. ત્યારે પંચાળી હસીને બોલી, ઓ જગપતિ, તમે મારી સાથે આવો તો હું જવા માટે ખુશી છું, એવું સાંભળી પ્રભુ બોલ્યા, તમે સ્નાન કરીલો. એમ કહી પોતે શ્રી હરિ પુષ્પ લાવ્યા પછી ચંદન, અબીલ, ગુલાલ; ધુપ દીપ, નૈવેદ્ય વિગેરે તૈયાર કર્યું. ત્યાર પછી પંચાળીએ સ્નાન કરીને પોતાનાં વસ્ત્ર આભૂષણો પહેરી લીધાં. એ પ્રમાણે તૈયાર થઇ પોતે ગઇ. ભાઈભગની વાતો કરતાં કૌરવદળ ગયાં.

જતાં જતાં પ્રભુ તામસી વિદ્યા ભણ્યા એટલે સઘળા લોકો ઉંઘમાં પડયા, પ્રભુ તથા દ્રૌપદી કૌરવ દળમાં ખુશીથી ચાલ્યાં. એમ કરતાં કરતાં જ્યાં ભીષ્મજી હરિસ્મરણ કરે છે ત્યાં આવી પહોંચ્યાં. પછી દીનાનાથે દ્રૌપદીને કહયું, તમે એકલાં જાઓ અને હું બહાર બેસું એમ કહી પ્રભુજીએ કુકડાનું સ્વરૂપ ધારણ કરીને બે ચાર ટઉકા કર્યા, ત્યારે ભીષ્મજીએ જાણ્યું વહાણું વાયુ છતાં પણ ભાનુમતી કેમ આવી નહિ ? આવામાં દ્રૌપદી રૂમઝુમ કરતી આધુ ઓઢીને તંબૂમાં દાદાનું પૂજન કરવા લાગી. સન્મુખ બેસીને જળ ચઢાવ્યું. ચંદન લેપન કર્યું. અબીલ, ગુલાલ ચઢાવીને હાર આરોપી દીધા, ત્યાર કેડે ધુપ, દીપ, નૈવેદ્ય વિગેરે ધરીને પ્રદક્ષિણા કર્યા પછી દાદાના ચરણ ગ્રહીને નમસ્કાર કર્યો, એટલે ભીષ્મજી આનંદ પામ્યા, આ સ્ત્રીએ ઘણી સારી સેવા કરી. દુર્યોધન તો મૂરખ છે, પણ તેની સ્ત્રી સુલક્ષણી છે, એમ સમજી ભીષ્મજીએ આશીર્વાદ દીધો. હે નારી, તને અખંડ સૌભાગ્ય હજો. વળી તારા સ્વામીનું આયુષ વધજો. તેમના દુશ્મનનું સમળુ મુળ જજો. ત્યારે દ્રૌપદીએ કહયું. વારું દાદા. કહી પોતાનું મુખ ભીષ્મને બતાવીને સતી નાસી ગઇ. એટલે ભીષ્મજીએ દ્રૌપદી ઓળખીને વિચાર કર્યો, અરેરે, ભાનુમતીને બદલે આ કયાં વરદાન આપીશ ? હવે દુર્યોધનની સ્ત્રી પૂજન કરવા આવશે તો તેને શું વરદાન આપીશ ? એમ ચિંતા કરે છે. હવે દ્રૌપદીએ તંબૂમાંથી દોડી આવીને શ્રી કૃષ્ણજીને કહયું, અરે દીનાનાથ, હું વરદાન પામી છું હવે આપણે કોઈ જાતની ચિંતા રહી નહિ એટલે પ્રભુ બોલ્યા. બહુ સારુ બહેન, તમે ઘણું જ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉત્તમ કાર્ય કર્યું. એવું સાંભળી દ્રાપદીએ જવાબ આપ્યો, હે પ્રભુ, મેં જે કર્યું તે સઘળું આપના પ્રતાપથી કર્યું છે,બોલતાપ્રભુ તથા દ્રૌપદી બંને જણાં તંબૂએઆવ્યાંનેપોતપોતાનાઠેકાણેશયનકર્યું તેવામાંકૂકડા બોલ્યા,પરોઢ થયું, એટલે દુર્યોધન જાગીને વિચાર કરવા લાગ્યો, વહાણું તો વહી ગયું છતાં રાણી હજી સુધી કેમ ન ઊઠયાં ? જો વધારે વખત વહીજશે તો ભીષ્મજી વરદાન નહિ આપે, એમ ધારી પાપી દુર્યોધન ઊઠીને પોતાની સ્ત્રી પાસે ગયો. જઈ બૂમો પાડીને ભાનુમતી નારીને જગાડી એટણે ભાનુમતી આંખો ચોળતી અને માથું ખણતી ઊભા થઈ. દુર્યોધને કહ્યું, ઓ વહાલી નારી, તમે ઝટપટ ભીષ્મપિતા પાસે વરદાન લાવો. એવું સાંભળી ભાનુમતી બોલી, હે નાથ, હવે હું સ્નાન કરીને વસ્ત્રાભૂષણ ધારણ કરી દાદા પાસે જાઉં છું. એટણે દુર્યોધન કહે બહુ સારું. એમ કહી પાપી દાદાનું પૂજન કરવાને માટે પુજાપાની છાબ તૈયાર કરી લાવ્યો. ભાનુમતી નાહીને તૈયાર થઈ. તે પછી પોતે વસ્ત્ર શણગાર ધારણ કરી લીધાં. ત્યારે દુર્યોધને ભાનુમતીના હાથમાં પુજાપાની છાબ મૂકી. ભાનુમતી રૂમઝુમ કરતી દાદાના તંબૂની લગભગ આવી. ભીષ્મજી તો દ્રૌપદીને વરદાન પામેલી જાણીને ચિંતા કરતા મૂર્છામાં પડયા છે, એવામાં ભાનુમતી ઉઘાડે મુખે અને વાંકે અંબોડે તંબૂમાં દાખલ થઈ. તો ભીષ્મદાદાને સૂતેલા દીઠા. તેથી તેણીએ જળની ઝારી હાથમાં લઈને દાદાના ઉપર રેડી. દાદા ઝબકીને સૂતા સૂતા સઘળું જોઈ રહ્યા. ભાનુમતીએ ભીષ્મ ઉપર રેડેલું પાણી એક લુગડાથી લુછી નાંખ્યું. પછી પોતે ચંદન દાદાના મુખ ઉપર ચોપડયું પુષ્પને છાતી ઉપર મૂકયાં.

અબીલ ગુલાલ દાદાના ચક્ષુઉપર મૂકયાં. ધૂપ સળગાવીને આંગળીઓમાં મૂકયો. નૈવેદ દાદાનાં બંને ભુજમાંમૂકયું.એપ્રમાણે પૂજન કર્યા પછી અવળી પ્રદક્ષિણા ફરીને દાદાને પગે લાગી. એટલે ભીષ્મજીએ ક્રોધ કરીને કહ્યું, તને રંડાપો હજો. ત્યારે ભાનુમતી બોલી ઊઠી, હે દાદા, તમે મને વગર વાંકે શા માટે રંડાપોઆપ્યો ?અરેરે આશીર્વાદ દેવાને બદલે ઊલટો શ્રાપદીધો ? એવું સાંભળી ભીષ્મદાદાએ જવાબ આપ્યો, ભાનુમતી, તને હજી પૂજન કરતાં કયાં આવડે છે?તારા માબાપને ત્યાં કે સસરાને ત્યાં કોઈ દિવસ તેં પૂજન કર્યું છે! એવું સાંભળતાં જ ભાનુમતી દાદાને ગાળો દેતી પોતાના પતિની પાસે આવી, દુર્યોધનને કહેવા લાગી, અરે નાથ, ભીષ્મજીએ તો મને વરદાન આપવાને બદલે ઊલટો શ્રાપ આપ્યો, હે નાથ, જ્યારે રંડાપો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અપાવવો હતો ત્યારે તમે મને શા માટે તેડાવી? એવું સાંભળી દુર્યોધને તેને કહ્યું, હે નારી, ચાલ આપણે બંને ભીષ્મદાદાની પાસે જઇને તેમને ઠપકો દઈએ. એ પ્રમાણે વિચાર કરીને બંને જણાંભીષ્મજી પાસે આવ્યાં. દુર્યોધન કહે, અરે ડોસા, તમે સૌભાગ્યનેબદલે રંડાપો કેમ આપ્યો? મેં તમારા વિશ્વાસે મારી સ્ત્રી તેડાવી સઘળું ધૂળ મળ્યું, ધિક્કાર છે તમને, તમે સત્યવાદી શાના એવું સાંભળી ભીષ્મે કહ્યું, ઓ છત્રપતી, તારું કહેવું યથાર્થ છે પણ તારી સ્ત્રીને પૂજન કરતા ક્યાં આવડે છે? જેણે માબાપના ત્યાં પુન્ય પૂજન વિગેરે કંઇ કર્યું નથી, તે પ્રાણી શું કરી જાણે? એવાં વાકય સાંભળીને દુર્યોધન બોલ્યો, અરે દાદા! ગમે તેવી પણ મારી સ્ત્રી છે. વળી કહ્યું. બળ્યું આ પૂજન કરવું. એમ કહીને બંને સ્ત્રી પુરુષ પોતાના તંબૂએ આવ્યા. ત્યાર પછી દુર્યોધને ભાનુમતીને સાંઢણી ઉપર બેસાડીને હસ્તિનાપુર વિદાય કરી દીધી. હવે ભીષ્મપિતાએ વિચાર કર્યો. જે દ્રૌપદી સતી મારા પાસેથી વરદાન લઈ ગઇ તેમાં કાંઇ કપટ થયેલું જણાય છે. કારણ કે આટલા કૌરવ વચ્ચે થઇને એકલી અબળા મધ્યરાત્રિએ આવી શકે નહિ. એમ ધારી પોતે સમાધિ ચઢાવાને બેઠા તો માલુમ પડયું, સઘળું કપટ કૃષ્ણજીનું છે તેથી ભીષ્મજી દુઃખી થયા અરેરે પ્રભુએ મને બ્રહ્મહત્યાનું પાપ વળગાડયું. પણ ઠીક છે, જો આજે હું કૃષ્ણને બ્રહ્મહત્યાનું પાપ ન ચોટાડું તો મારું નામ ભીષ્મ નહિ. શ્રીકૃષ્ણજીએ એવા સોગન ખાધા છે કે મારે હથિયાર ઝાલવાં નહિ માટે તેમને આજ હથિયાર ઝલાવીને બ્રહ્મહત્યા ચોટાડું. જો પોતાની બ્રહ્મહત્યા ભંગ કરશે તો મારી પણ બ્રહ્મહત્યા દૂર કર્યા વિના છૂટકો થવાનો નથી. એવો નિશ્ચય કર્યો.

વહાણું વાયું. દસમો દિવસ યુદ્ધ માટે ચાલુ થયો. ભીષ્મપિતા પરવારી સૈન્ય સહિત રણસ્થંભે આવ્યા એટલે પાંડવો પણ દાદાની સામે યુધ્ધ કરવા માટે પોતાના રણસ્થંભે આવીને ઊભા રહ્યા. એ પ્રમાણે તૈયાર થયા પછી અર્જુનજીએ ગાંડેવનાનામના ધનુષનો ટંકાર કર્યો. હનુમાનજી લંકામાંથી આવીને પારથની ધજાએ બેઠા. પછી અર્જુનજીએ ભીષ્મ-પિતાનું પૂજન કરવા માટે એક બાણ લીધું એટલે ભીષ્મજી બોલી ઉઠયા, પારથ, આજ તું મારું પૂજન કર્યા સિવાય લડવા માટે તૈયાર થઈ જા. એવું સાંભળી પારથે વિચાર્યું, આજ ડોસા ક્રોધે ભરાયેલ છે માટે પૂજન કરવા દેવાના નથી, તેથી અર્જુનજીએ તે બાણ ભીષ્મ ઉપર મૂકયું. ભીષ્મ ક્રોધ કરીને પાંડવો ઉપર તૂટી પડયા. દાદાએ મોહાસ્ત્ર બાણ લઇને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અગણીતા મંત્રો વડે પાંડવો વચ્ચે માર્યા એટલે તેના પ્રભાવથી જેને તે મૂર્છામાં પડી ગયા. હાથી, ઘોડા, ઊંટ વિગેરે સૈન્ય સહિત ઢળી પડયા. દ્રુપદરાજા, વૈરાટરાજા, શીખંડી, અભિમન્યુ, ગટોરગચ્છ વિગેરે સર્વે મુર્છામાં ઢળી પડયા. વૃદ્ધ ડોસાએ અર્જુનજીને પણ છાતીમાં બાણ મારી મુર્છાગત કરી નાંખ્યા. પછી પ્રભુને બાંધવા માટે એક બાણ લીધું. તેથી પ્રભુએ વિચાર કર્યો કે ડોસો આજ ક્રોધે ભરાયો છે માટે હું પણ નીચે પડી જાઉં તો ઠીક, એમ ધારી પોતે અર્જુનજી પાસે આડા પડયા એવું જોઇ ભીષ્મજી વિસ્મય પામીને મનમાં બોલ્યા. એ કૃષ્ણ કપટી ધન્ય છે તમને. પોતાને લડવું પડે માટે કેવા ચાળા કરવા માંડયા છે પણ હું અર્જુનજીને મારીશ તે શું છોગાળા જોઇ રહેશે ? એવું બોલતા ભીષ્મજી પોતાના હાથમાં ફરસી પકડીને અર્જુનજીની છાતી ઉપર જઇ ચઢી બેઠા. પછી પ્રભુને સંભળાવવા માટે બોલ્યા, હે અર્જુન બેટા, કોઇકને માટે તને ઠેર મારવો પડે છે, તેથી જેણે મને પાપ લગાડયું છે તે પણ પોતાને માથે પાપ લેશે તો તને જીવતો રાખીશ. નહિ તો ઠેર મારી નાંખીશ. એમ કહી ફરસી ઉગામી. એટલે પ્રભુએ વિચાર કર્યો, જો આ વખત હથિયાર નહિ પકડું તો અર્જુનને ઠેર મારશે. એવું જાણી શ્રી હરિએ સુતાં સુતાં પોતાનું સુદર્શન ચક્ર ચાકચઢાવ્યું. તે જોઇ ભીષ્મજી હસીને અર્જુનની છાતી ઉપરથી ઉતરી પડયા. પછી દયાળુને કહેવા લાગ્યા, હે દેવકી નંદન, તમને બ્રહ્મહત્યાનું પાપ થઇ ચુકયું. એવું સાંભળી શ્રી હરિએ કહ્યું મને પાપ નથી, તેમ તમને પણ નથી. કારણ કે મેં યુદ્ધ કરવાના હેતુએ સુદર્શન ચક્ર ધારણ કર્યું નથી. મેં તો ફક્ત તમે મુમત ઝાલ્યો હતો માટે ચક્રને ધારણ કર્યું, અને તે જ પ્રમાણે તમને પણ પાપ નથી, કારણ કે તમે દ્રૌપદીને ભાનુમતી જાણીને વરદાન આપ્યું છે તેને કંઇ દ્રૌપદી જાણીને વરદાન આપ્યું નથી માટે તેનું તમને પાપ નથી. એવું સાંભળીને પોતે પગે લાગ્યા, પછી દાદા પોતાના રથ ઉપર બેઠા. એવામાં અર્જુનજી વગેરે સઘળા મુર્છામાંથી જાગ્રત થયા, તેવાજ આયુદ્ધ લઇ લડવા માટે પાછા તૈયાર થઇ ગયા. એટલે ભીષ્મપિતાએ પોતાનાં લડવાનાં હથિયાર મુકી દીધાં. પછી પોતે કહેવા લાગ્યા, અરે ભાઇઓ, દ્રુપદરાજાના પુત્ર શીખંડીના હાથથી મારું મૃત્યુ છે માટે તેને બોલાવીને તેની પાસે બાણ મરાવો એટલે હું નીચે પડીશ. એવું સાંભળી શ્રીહરિ પાંડવ દળમાં દોડયા અને દ્રુપદરાજાના પુત્ર શીખંડીને શોધી કાઢયો. પછી શ્રીકૃષ્ણજીએ શીખંડીને કહ્યું, તમે એક બાણ ચઢાવીને ભીષ્મજીને મારો તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ડોસાના પ્રાણ જાય.કારણ કે તેમનું મૃત્યુ તમારે હાથે છે.એવું પ્રભુનું બોલવું સાંભળી શીખંડી બોલ્યો.હે દીનાનાથ,આપનું કહેવું યથાર્થ છે,પણ ભીષ્મજી હથિયાર છોડી નાખીને બેઠા છે માટે તેમને મારૂં તો મને પાપ લાગે અને મારો ક્ષત્રી ધર્મ લજવાય. એટલે શ્રી હરિએ કહ્યું, જો તમને પાપ લાગે તો તે મારે શિર છે, પણ તમે એક બાણ ચઢાવીને ડોસાને મારો ત્યારે શીખંડી ડોસાને મારવા તૈયાર થઇ ગયો, તેણે ધનુષ ઉપર બાણ ચઢાવ્યું અને પછી જોર કરીને ડોસાની છાતીમાં માર્યું. જ્યાં ભીષ્મજીની છાતીમાં બાણ વાગ્યું, એટલે પોતે રામકૃષ્ણ જપતા જપતા નીચે પડયા.

સૈન્યમાં લીલા બાવટા ચઢી ગયા, અને યુધ બંધ થયું.પાંડવના નીશાન ગડગડી ઊઠયા અને કૌરવોનાં બંધ પડયા. એ પ્રમાણે ભીષ્મજી પડયા પછી ભીમનો પુત્ર જે બબરીક તેનું શીશ સ્થંભ ઉપર બેઠું છે તેણે મનમાં એવો વિચાર કર્યો જો હું હારેલાની મદદ નહિ કરૂં તો મારી માતાનું વચન જશે. એમ વિચારી તે શીશ પાંડવ દળમાં તુટી પડયું તે મસ્તકે થોડી વારમાં ત્રણ અયુતપ્રાણી ઠેર મોરી નાખ્યા.તે દેખીને ભામસેનગદા લઇને તેના સામો ઉપડયો.વૃકોદરે વિચાર કર્યો, દીકરાએ ગજબ કર્યો માટે તેને ઠેર મારી નાંખું. એટલે પ્રભુએ ભીમસેનનો હાથ ઝાલીને કહ્યું.અરે વાયુનંદન, ધીરજ રાખો જો વગર વિચાર્યું કરશો તો મરણ પામશો, એવું સાંભળી ભીમસેન ઊભો રહ્યો. પછી પ્રભુ બબરીકને કહેવા લાગ્યા. હાં હાં તમે શું કરો છો ?તમારા તાતનાકુળનોસંહાર કરો છો તે ગેરવ્યાજબી છે.એવાં પ્રભુનાં વચન સાંભળી તે મસ્તક ઉભું રહ્યું, અને પોતાના ચક્ષુ શ્રી હરિના સામા રાખીને બોલ્યું,હે કૃષ્ણજી,હું તો મારી માતાનું બોલેલું વચન પાળું છું એટલે પ્રભુ બોલ્યા, અરે બબરીક, તમારી માતાનું વચન પળાઇ ચુકયું છે.માટે આટલેથી ક્ષમા કરો તો એક વરદાન આપું. ત્યારે બબરીકે કહયું,બહુ સારું મહારાજા, મને વરદાન આપો તો હું ક્ષમા રાખું. પછી પ્રભુએ એવું વરદાન આપ્યું, હે બબરીક, આખું વિશ્વ તમારી સેવા કરશે અનેતમે બળીયાકાકાના નામથી ઓળખાશો. તમે જેના ઉપર અમલ કરો ત્યાં અન્યથી કદી જવાય નહિ. એવાં પ્રભુના મુખનાં વાકય સાંભળીને બબરીક ઘણો જ ખુશી થયો.પછી દયાળુએ એક લીમડાના વૃક્ષ નીચે બબરીકનું સ્થાપન કર્યું. એ પ્રમાણે બબરીકને શાંત પમાડયા પછી સર્વ સૈન્યને વિદાયકરીને પાંડવો તથા પ્રભુ દાદા પાસે આવીને બેઠા.ત્યારે સૌ કૌરવો તથા કારભારીઓ વિગેરે ભીષ્મની પાસે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવ્યા, એટલે ભીષ્મપિતા બોલ્યા, અરે દીકરાઓ, મને ઉંચકીને પીંપળાના વૃક્ષ નીચે લઇ જાઓ. એવું સાંભળી દુર્યોધને ભીષ્મને કહ્યું. તંબૂમાં લઈ જઈએ તો શો વાંધો છે? ત્યારે ભીષ્મજી બોલ્યા. અરે મૂર્ખા, અત્યારે માયાને છોડવા બેઠા છીએ ત્યાં તું પાછો માયાનો સંગ કરાવે છે? ભીષ્મજીનું બોલવું સાંભળીને પાંડવોએ તથા કૌરવોએ ભેગા થઈ ભીષ્મપિતાને પીંપળાના વૃક્ષ નીચે સુવાડયા એટલે ભીષ્મજી બોલ્યા, અરે દીકરાઓ મારી છાતીમાં બાણ આરપાર નીકળ્યું છે. માટે મારું માથું ને ચર્ણ નીચે રહે છે.તેથી મને બિલકુલ ફાવતું નથી ત્યારે દુર્યોધન તંબૂમાંથી ઓશીકાં લાવ્યો. એટલે



ભીષ્મે કહ્યું, અરે પાપી, અત્યારે આ માયાને શા માટે ધારણ કરાવે છે? એમ કહી દાદા અર્જુન પ્રત્યે બોલ્યા, અરે બેટા ધનંજય,તમે મને ઓશીકા આપો. ત્યારે અર્જુને ઊભા થઈ ને પોતાના ધનુષ ઉપર બાણ ચઢાવીને દાદાને લલાટે માર્યું. એટલે તરત ભીષ્મનું મસ્તક ઊંચું રહ્યું.પછીઅર્જુનજીએ બે બાણ બંને ખભામાં માર્યાં ત્યારે ઠાઠું ઊંચુ રહ્યું. બે બાણ કેડમાં માર્યા, બે ઢીંચણમાં માર્યાં અને બેપગની પાનીમાં માર્યાં. તેથી ભીષ્મ પિતા દસ બાણની સજ્યાએ આનંદભેર પોઢયા.પછી ભીષ્મજીએ હસીને કહ્યું, દીકરા, પાણી પાઓ,ત્યારેદુર્યોધન રત્નજડિત્રપાત્ર ભરીને લાવ્યો. એટલે ભીષ્મ પિતા બોલ્યા, અરે દુષ્ટ,આ માયાનું પાત્ર શામાટે લાવ્યો.એમ કહી અર્જુનને કહ્યું,બેટા,મને જળઆપો.ત્યારે અર્જુનજીએ ગંગાસ્ત્રનો મંત્ર ભણીને એક બાણ પૃથ્વીમાં માર્યું એટલેગંગાનીધારાભીષ્મના મુખમાંપડી તેથીભીષ્મ પિતા ઘણા જ આનંદ પામીને કહેવા લાગ્યા,અરે દીકરાઓ,સંપ સંપીને રાજ્યવહેંચીલો તો બહુ સારું. એવું સાંભળી ધર્મે કહ્યું, અરે દાદા, આપની મરજી હોય તેમ કરવા માટે અમે તૈયાર છીએ,એટલે દુર્યોધન બોલી ઊઠયો.અરે દાદા, રાજ્ય આપવા લેવાની વાત તો કરશોજ નહિ.ત્યારે ભીષ્મજીએ કહ્યું,હવે તમે સઘળા તમારો સ્થળે જાઓ, તમારે ફાવે તેમ કરજો. એટલે સઘળા પોતપોતાના સ્થળે ગયા અને ભીષ્મજી પોતે એકલા બાણ સજ્યાએ પોઢયા. તે વખતે ભીષ્મને તેડવા માટે દેવદૂત આવ્યા. ભીષ્મપિતાએ તે દેવદૂતને કહ્યું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છ મહિના પછી મારો દેહ મૂકીશ, એમ કહી તેમને શ્વાનરૂપ બનાવીને પોતાની પાસે રાખ્યા. વૈશમપાયન ઋષિ કહે છે, હે જનમેજય રાજા, ભીમસેને જે હાથીને આકાશમાં ઉછાળેલા છે તે હજી પણ આકાશમાં જછે, એવું સાંભળી જનમેજય કહે છે, અરે મહારાજા, આવાં ખોટા ગપોડા શા માટે ગોઠવો છો હું શી રીતે સત્ય માનું કે હજી હાથીના ખોખાં આકાશમાં છે ? એવું સાંભળી વૈશમપાયન ઋષિ બોલ્યા, હે રાજા, તેં સંદેહ ધર્યો માટે આ ભીષ્મપર્વની બ્રહ્મહત્યા તારે માથે રહી. તેમ છતાં જો તારે પરીક્ષા કરવી હોય તો જોઇ લે. એમ કહી જળની અંજલિ લઇ એક વરસનું તપ મૂકીને વાયુની ગતિ બંધ કરી એટલે આકાશથી હાથીનાં ખોખાં પડયાં, તે દેખીને જનમેજયના ચરણ થરથર ધ્રુજયા. વળી પોતાના મનમાં વિચાર કર્યો. અરેરે ઋષિનું વચન મેં જૂઠું માન્યું તેથી મારા નસીબમાં પાપ ચોંટયું. જાણીને આંખોમાં આંસુ લાવીને કહ્યું, હે મહારાજા, મારી ભૂલ થઈ હવે મને પામરને પાવન કરો. એટલે વૈશમ પાયન ઋષિ બોલ્યા, અરે રાજા, આ તારું પાપ કળીયુગમાં વહેંચાઇ જશે. માટે ચિંતા કરીશ નહિ. કળીયુગમાં જે પ્રાણી કથા સાંભળતાં સંદેહ ધરશે તેને જ આ પાપ ચોંટશે. એવું સાંભળી જનમેજય બોલ્યો. વારુ મહારાજા, હવે બીજું પર્વ સંભળાવો તેથી કરી બ્રહ્મહત્યા દૂર થાય. હે મહારાજા, આટલી વખત મને ક્ષમા આપો અને હવે પછી હું શ્રધ્ધાયુકત થઇને કથા શ્રવણ કરીશ. એમ કહી પોતે બ્રાહ્મણોને વિધિપૂર્વક દાન આપ્યું.

વિશ્રામ પહેલો

ભીષ્મ પર્વ પૂરણ હવું, જેને નહિ સંદેહ;
વલ્લભ વાણી ઓચરે, નિર્દોષી જન તેહ.

ભીષ્મ પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૭. દ્રોણ પર્વ

વૈશમપાયન ઋષિ કહે છે,હે જનમેજય રાજા,એ પ્રમાણે પાંડવો તથા કૌરવો પોતપોતાના તંબૂમાં બીરાજ્યા છે, એવામાં દુર્યોધન તથા શકુની બંને ઘણા જ ઊંડા વિચારમાં પડયા. પછી બેઉ જણે દ્રોણગુરુને કહ્યું,અરે મહારાજ ભીષ્મપિતાએ તો સત્યમાંથી હાથ ન કાઢયો, પણ તમારે જરા વિચાર કરવો જોઇએ.કારણ કે તમે અમને તમારી સાથે યુદ્ધમાં લઇ જાઓ તો બહુ સારુ થાય, એવું સાંભળી દ્રોણગુરુએ દુષ્ટોને પોતાની સાથે લઈ જવાનું હા કહ્યું ત્યારે દુર્યોધને પાંડવોને ખબર આપી કે કાલે વહાણું વાય એટલે રણસ્થંભે યુદ્ધ માટે આવજો. પછી રાત્રિએ જમી કરીને શયન કર્યું. વહાણું વાયુ એટલે પાંડવો પોતાના સૈન્ય સહિત રણસ્થંભે આવ્યા.તેમજ કૌરવો પણ પોતાના સઘળા સૈન્ય સહિત અસત્યનું યુદ્ધ કરવા માટે આવ્યો.

હવે અર્જુનજીને દ્રોણગુરુ સામાસામી ઊભા.અભિમન્યુ ને કર્ણરાજા ઊભા એ પ્રમાણે જેને જેમ ઘટે તેમ સામસામી યુદ્ધ કરવા માટે ઊભા રહ્યા. એવામાં અર્જુનજીએ દ્રોણગુરુને પગે લાગીને કહ્યું, હે મહારાજ, આવું અસત્ય યુદ્ધ કરવું તમને ઘટતું નથી. એવું સાંભળી દ્રોણગુરુએ નીચુ ઘાલીને શ્રાપ દીધો કે દુર્યોધન, તારું સત્યાનાશ જજો. ત્યાર પછી ધનંજયે પોતાનું ધનુષ ચઢાવીને ટંકાર કર્યો તેથી તેનો શબ્દ સાંભળીને લંકામાંથી હનુમાનજી કૂદીને અર્જુનજીના રથની ધજાએ આવીને બેઠા.ત્યાર પછી પારથે પહેલવહેલું દસ બાણથી દ્રોણગુરુનું પૂજન કર્યું. તેથી દ્રોણગુરુએ આશીર્વાદ આપ્યો, હે અર્જુનજી, તારો જયજયકાર થજો અને દુષ્ટ દુર્યોધન મને તારી સાથે લડાવે છે માટે તેનું જડમૂળ જજો. એ પ્રમાણે કહીને પછી પોતપોતાનાં આયુદ્ધ ધારણ કરી લીધાં.હવે પાંડવ દળમાંથી ગટોરગચ્છ તથા મેઘવર્ણ એ બેઉ બાપ દીકરા કૌરવના સૈન્યમાં ક્રોધ કરીને તૂટી પડયા. તેથી તેમણે ઘણાક માણસોનો ઘાણ વાળી નાંખ્યો. કૌરવમાં દ્રોણગુરુ, જયદ્રથ, ભગદત્ત ભુરીશ્રવા વિગેરે પોતાનાથી બને તેટલું જોર કરીને પાંડવો સાથે લઢે છે, તેમ પાંડવો પણ માઝા મૂકીને તૂટી પડયા છે. દુર્યોધન ને ભીમસેન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ સામાસામી યુદ્ધ કરવા મચી પડયા છે. એ પ્રમાણે યુદ્ધ ચાલ્યા કરે છે. એવામાં મેઘવરણે શકુનીના સાત પુત્ર ઊંચકી લીધા અને પોતાના બગલમાં ઘાલીને પાંડવ દળમાં પડયો. પછી તે પુત્રો ભીમસેનના હાથમાં મૂકયા. ભીમસેને તે પુત્રોને પોતાની બગલમાં ઘાલીને દબાવ્યા, એટલે તે પુત્રોના પ્રાણ નીકળી ગયા. એવું દેખીને શકુની ત્રાહ્ય ત્રાહ્ય કરવા લાગ્યો. દ્રોણગુરુએ પોતાના દળમાં જોયું તો ગટોરગચ્છે હથરાણ વાળી નાખ્યું છે, એવું જાણતા જ પોતે એક બાણ લીધું. તે દેખીને ગટોરગચ્છ આકાશમાં ચઢી ગયો, એટલે દ્રોણગુરુ થાકીને પાંડવ સાથે યુદ્ધ કરવા લાગ્યા. શકુનીના પુત્રો મરી જવાથી શકુનીને બહુ દુઃખ લાગ્યું તેથી પોતે લડવું મૂકીને નાસી ગયો, શકુની નાઠો તેની સંગાથે સૈન્ય પણ નાસી ગયું. એવું જોઇ દ્રોણગુરુ પણ જીવ લઈને નાઠા. એવામાં સૂર્યનારાયણ મેર બેઠો. કૌરવનાં વાજા બંધ પડયાં અને પાંડવનાં ગરગડી ઊઠયાં. પછી દ્રોણગુરુ વિગેરે પોતાના તંબુએ ગયા.

એવામાં અર્જુનજીએ વિચાર કર્યો, દ્રોણગુરુએ અસત્યનુંયુદ્ધ કર્યું છે. માટે તેમની સેવા કરવા જવું તે ઠીક નહિ એમ ધારી પોતે પોતાના સૈન્ય સહિત તંબુએ ગયો. હવે કૌરવો પોતાની તંબુએ બેઠાબેઠા વાતો કરે છે તેમાં દુર્યોધને દ્રોણગુરુને પૂછયું, હે મહારાજ, આજ તમે કેમ હાર પામ્યા ? એવું વચન સાંભળીને ગુરુજી બોલ્યા, તમારા અધર્મના સંગે ચઢી અસત્યનું યુધ્ધકર્યું માટે હારી બેઠા, તમે તમારા મન સાથે વિચાર કરો કે અધર્મના ફળ કેવાં નીકળે? એવું દ્રોણગુરુનું બોલવું સાંભળીને દુર્યોધને કહ્યું, 'અરે મહારાજા, ગમે તેમ થાય જેટલું અસત્ય કરવામાં ફળ મળે તેટલું સત્યમાં નથી મળતું. માટે અસત્ય જ કરવું. એમ કહીને રાત્રિએ સઘળાઓએ શયન કર્યું તે વખતે જગપતિ વિચાર કરવા લાગ્યા. અગિયાર દિવસ પૂરા થયા અને હવે ફક્ત સાત દિવસ રહ્યા છે માટે જો અભિમન્યુ નહિ મરે તો ખોટું થશે. કારણ કે તે અઢાર વરસનો થશે એટલે મારું પણ મૃત્યુ કરશે અને સ્વર્ગ, મૃત્યુ પાતાળનું રાજ્ય કરશે, તેથી તેને જગતના હિત સારુ મારી નાંખું તો ઠીક. એમ પોતે વિચાર કરે છે એવામાં વહાણું વાયું. પ્રભુ બીજું બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને પાતાળમાં જયાં બ્રાહ્મણની વસ્તી હતી ત્યાં ગયા તો સર્વે બ્રાહ્મણો પ્રભુને કહેવા લાગ્યા, અરે મહારાજ, તમે અહીં કયાં આવ્યા છો ? આપાતાળમાં તાડુકી નામે અસુર છે તે ઘણો જ અધર્મીઅને પાપનું રૂપ છે તે અનાચારી અમારાં બ્રાહ્મણનાં ચિહ્ન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધારણ કરવા દેતો નથી. જો ઉપવીત અંગ ઉપર ધારણ કરીએ છીએ તો તે સ્થળે ડામ દે છે, તેમજ તેણે દેવ દેવસ્થાન પણ ભાંગી નાંખ્યાં છે. વળી જો લલાટે તિલક કરીએ છીએ તો જેવું તિલક કર્યું હોય તેવો જ ડામ દે છે. તે માટે તમે અહીંથીપાછા પધારો, નહિ તો તમારી પણ અમારા જેવી જ વલે થશે.

એવું સાંભળી પ્રભુ બોલ્યા, અરે બ્રાહ્મણો, તમે શા માટે બેસી રહ્યા છો ? શું ક્ષત્રીઓ પૃથ્વીમાંથી મરી ગયા છે ? જો તમે બળવાન ક્ષત્રીઓના શરણે જશો તો તુમારું દુઃખ દૂર થઇ જશે. વળી તમે કુંતાના પુત્ર અર્જુનજીના શરણે જશો તો તે અહીં આવીને તાડુકી રાક્ષસને ઠેર મારશે. માટે ચાલો આપણે તેમની પાસે જઇએ. એમ કહ્યું એટલે પાતાળના સઘળા બ્રાહ્મણો પ્રભુની સાથે ચાલ્યા. કુરુક્ષેત્રમાં પાંડવો તથા કૌરવો વાજતે ગાજતે યુદ્ધ કરવા માટે રણસ્થંભે આવ્યા છે, એટલામાં પાતાળમાંથી બ્રાહ્મણો આશીર્વાદ દેતા ત્યાં આવ્યા એટલે યુદ્ધને બંધ રાખ્યું. હવે બ્રાહ્મણો અર્જુનજીને કહે છે, હે પારથજી, પાતાળમાં તાડુકી નામનો દૈત છે, તે અમને ઘણું જ દુઃખ દે છે, માટે અમે તમને તેડવા માટે આવ્યા છીએ. એટલે અર્જુનજી બોલ્યા, હે મહારાજા, જો મને દ્રોણગુરુની, આજ્ઞા અપાવો તો હું આવું ત્યારે બ્રાહ્મણોએ દ્રોણ ગુરુને કહ્યું, હે મહારાજ, ધનંજયને અમારી સાથે આવવાની આજ્ઞા આપો, વળી હે મહારાજ, જે બ્રહ્મ હોય તેજ બ્રાહ્મણનું હિત ચાહે છે. બાકી જે અન્ય વર્ણનાં વીર્યથી ઉત્પન્ન થયેલો હો, તેનાં લક્ષણ બ્રહ્મદ્રેષી હોય છે તે લક્ષણો એવાં હોય છે કે બ્રાહ્મણને દેખીને દાંતીઆ કરે અને પોતાનું મુખ મરડીને બ્રહ્મનો મહિમા ઘટાડે. વળી પોતાની વિદ્વતા દેખડે અને અભણ બ્રાહ્મણની નિંદા કરે. અવર જાતીનું દાસત્વ કરે અને બ્રાહ્મણ ઉપર શેઠાઈ કરે. અવર જાતીનું એઠું ઉપાડે અને વેશધારીની સેવા ચાકરી કરે. ભોજન માટે ભટકતો ફરે અને નીચાં દાન લે. આમંત્રણ વિના જમવાની સવડ કરે અને શુદ્રોની પળસી કર્યા કરે, અને સર્વ પશુમાં ગાય ગધેડીને સરખી જાણે એવાં અતિ અપલક્ષણો હોય તેને કદી બ્રાહ્મણનું વીર્ય ધારવું નહિ. હે દ્રોણગુરુ, આપ સમજુ છો માટે પારથને ઝટ વિદાય કરી દો. એવું સાંભળી દ્રોણગુરુ બ્રાહ્મણોને પગે લાગીને બોલ્યા, હે મહારાજા, ભલે અર્જુનજીને તેડી જાઓ, પરોપકારે જે આડી જીભ કરે તેને ચંડાળ જાણવો. માટે હું ખુશીથી આજ્ઞા આપું છું. એટલે અર્જુનજી કહે, દ્રોણગુરુ, મારા આવતા સુધી તમે યુદ્ધ બંધ રાખો તો હું જાઉં. એવું સાંભળી દ્રોણગુરુ બોલ્યા, જો હું રણસ્થંભનુ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

યુદ્ધ કરું તો બ્રહ્મહત્યાનું પાપ. એટલે અર્જુનજીએ વૃકોદરને કહ્યું, હું તથા શ્રીકૃષ્ણજી પાતાળમાં જઇએ છીએ માટે તમે અમારા સિવાય કદી યુદ્ધ કરશો નહિ. ફકત બે દિવસ ધીરજ રાખજો.હું તાડુકી રાક્ષસનો નાશ કરીને આવીશ એટલે આપણે કૌરવોની સાથે યુદ્ધ કરીશું. પણ મારી ગેરહાજરીમાં જો તમે વઢશો તો પરિણામ ખોટું નીપજશે. એવું સાંભળી ભીમસેન બોલ્યો, અરે અર્જુનજી, તમારા સિવાય હું કદી લડવાનો નથી, જ્યારે તમો વિજય પામીનેઅહીં આવશોત્યારે યુદ્ધ કરીશું.હેઅર્જુનજી, આબ્રાહ્મણનું પરોપકારનું કાર્ય છે માટે તમે ઉતાવળથી જાઓઅને દુષ્ટનોક્ષય કરો.એટલે અર્જુનજીતથા પ્રભુ બ્રાહ્મણોની સાથે પાતાળમાં ગયા. અને પાંડવો તથા કૌરવો પોતપોતાના તંબૂએ ગયા, હવે અર્જુનજી પાતાળમાં ગયા પછી બ્રાહ્મણોએ પ્રભુને કહ્યું, હે મહારાજ, આજનો દિવસ આપ અહીં રહોએટલે કાલે સવારે તાડુકી અસુરને બતાવીશું. એમ કહીને વિશ્રામ આપ્યો.

વૈશમપાયન ઋષિ કહે છે, હે જનમેજય રાજા, પ્રભુ તથા અર્જુન પાતાળમાં રહ્યા છે અને પાંડવ તથા કૌરવો પોતપોતાના સ્થળે રહ્યા.

વિશ્રામ બીજો

પારથ પાતાળમાં રહ્યા, પાંડવ તંબૂમાંય,
વલ્લભ વાણી ઓચરે, ચકાવાની કથાય.

॥ દ્રોણ પર્વ સમાપ્ત ॥

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2.

અભિમન્યુનો ચકાવો

વૈશમપાયન ઋષિ જનમેજય રાજા પ્રત્યે કહે છે કે હે રાજન, કૌરવોમાં દુર્યોધન પોતાના ગુરુ તથા બીજા યોધ્ધાઓને પાસે બોલાવીને કહેવા લાગ્યો, હે ગુરુજી, પાંડવોમાંથી અર્જુનજી પાતાળમાં ગયા છે, માટે આપણે તેઓના સામુ યુધ્ધ કરીશું તો જીત પામીશું. એવું સાંભળી દ્રોણગુરુ બોલ્યા, અલ્યા દુષ્ટમતી, તું મરેતો પણ હું યુધ્ધ કરવા આવવાનો નથીકારણ કેમે અર્જુનજીને વિશ્વાસ આપ્યો છે. એટલે દુર્યોધન આંખમાં આંસુ લાવીને કહેવા લાગ્યો, અરે મા બાપ, મારું કહેવું માનીને યુધ્ધનો આરંભ કરો તો બહુ સારું. એવું સાંભળી દ્રોણગુરુએ કહ્યું, જો તારી મરજી હોય તો કોઠા યુધ્ધ આરંભુ, પણ રણસ્થંભે હું કદી આવવાનો નથી; એટલે દુર્યોધને પૂછયું, હે મહારાજા, તે યુધ્ધ કેવી રીતે થાય તેનું વર્ણન કરો. એટલે દ્રોણગુરુએ જવાબ આપ્યો. આપણે સામસામી લડવા માટે સાત કોઠા રચવા. તેમાં પહેલો પાષાણનો, બીજો લોહ વજ્રનો, ત્રીજો તાંબાનો, ચોથો રૂપાનો, પાંચમો સોનાનો છઠો સપ્ત ધાતુનો અને સાતમો ગોબરનો. એ પ્રમાણે સાત કોઠા રચવા. તેમાં પહેલા કોઠાને સો દરવાજા, બીજાને બસેં, ત્રીજાને ત્રણસેં, ચોથાને ચારસેં, પાંચમાને પાંચસેં; છઠાનેછસેં સાતમાને સાતસે દરવાજા થશે. બીજા કોઠાનેએકેક દરવાજે દસ દસ યોદ્ધા એ રીતે સાતમા કોઠે સાત હજાર યોદ્ધા રાખવા જોઇએ. વળીતે પ્રમાણે શીખર ધજા પણ ચઢતી ચઢતી હોવી જોઇએ. હવે તેમાં મોખરે ઊભા રહે તેવા બહાદુર યોદ્ધાઓ ઊભા થાઓ. એટલે દુર્યોધન કહે, મહારાજા, ધન્ય છે તમને કે જેથી કરીને આવો ઉત્તમ વિચાર સૂજયો. હવે આપ જેને આજ્ઞા કરશો તે ઝટ તૈયાર થશે. એટલે દ્રોણગુરુ કહેકે પહેલે કોઠે મારે રહેવુ. કૃપાચાર્યને બીજે કોઠે રહેવું. એવું સાંભળી અશ્વત્થામાએ કહ્યું, પિતાજી હું ત્રીજે કોઠે રહીશ. પછી ચોથે કોઠે કર્ણરાયને રહેવાનું પાંચમે દુર્યોધનને રહેવાની આજ્ઞા આપી. છઠે શલ્યને રહેવાનું કહ્યું અને સાતમે જયદ્રથને આપ્યો એટલે સર્વે જણાએ દ્રોણગુરુનું કહેવું માન્ય કર્યું. પછી શકુનીએ દુર્યોધનને કહ્યું, તમે પાંડવને કોઠાયુદ્ધ માટે લખી જણાવો એટલે દુર્યોધને પાંડવોને કોઠા સંબંધી તમામ હકીકત લખી જણાવી. તેમાં વળી લખી જણાવ્યું, હે પાંડવો, જો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમારે યુદ્ધ કરવાની મરજી ન હોય તો તમે અમને લખજો કે અમે ક્ષત્રીના પુત્ર નથી અને તમારે યુદ્ધ કરવાની મરજી હોય તો ઝટ તૈયાર થઈ જજો. એવો પત્ર લખીને પાંડવોમાં જયાં ધર્મરાજા સભા ભરીને બીરાજયા છે ત્યાં તેમને પહોંચાડી દીધો. એટલે ધર્મરાજાએ તે પત્ર લઇ નીકુળજીને આપ્યો. તે વખતે અભિમન્યુ તથા ગટોરગચ્છ બેઉ જણા વનમાં રમવા માટે ગયા છે તેથી તેઓ જાણતા નથી. હવે નીકુળજી પત્ર ઉઘાડીને વાંચવા લાગ્યા તેમાં કોઠા યુદ્ધની વાત સાંભળી સૌના હૃદયમાં ફાળ પડી. ધર્મરાજા બોલ્યા, અરે વીરા, આ યુદ્ધ કેવી રીતે થતું હશે તે કોઈ જાણે છે? એટલે ભીમસેને કહ્યું, નારે મોટાભાઇ, હું જાણતો નથી. એવમાં દ્રુપદરાજા બોલી ઊઠયા, અરે ધર્મરાજા, કોઠા યુદ્ધ કેવી રીતે થાય છે તે હું જાણતો નથી પણ મેં કોઠાયુધ્ધનું નામ કાને સાંભળ્યું છે ખરું, માટે બાસઠ પાનનું બીડું કરાવીને સભામાં ફેરવો એટલે જેને યુધ્ધ કરવાની મરજી હશે તે જશે. એવું સાંભળી સહદેવે તરત બાસઠ પાનનું બીડું તૈયાર બનાવી દીધું. પછી તે બીડું આખી સભામાં ફેરવ્યું પણ કોઇએ લીધું નહિ. એટલે ધર્મરાજા,ભીમસેન તથા તબૂમાં સ્ત્રીઓ વિગેરે સર્વે કલેશ કરવા લાગ્યાં. હવે એવામાં અભિમન્યુ વનમાંથી રમીને રાજસભામાં આવ્યો, તેણે સર્વ સભાને દિલગીરીમાં દીઠી. પછી ભીમસેને ઊભા થઇને અભિમન્યુને કહ્યું, અરે બેટા, તારા પિતાજી પાતાળ ગયા છે અને દુર્યોધને કોઠાનું યુદ્ધ માંગ્યું છે. તેથી બાસઠ પાનનું બીડું બનાવીને આખી સભામાં ફેરવ્યું. પણ કોઇએ તે લેવાની હિમંત ધરી નહિ. એવું સાંભળી અભિમન્યુએ તરત તે બીડાનો સાતમો ભાગ પડતો મૂકી બાકીના છ ભાગ પોતાનાં મોમાં મૂકયા પછી સર્વે સભાને કહેવા લાગ્યો, મ્હારી માતાના ઉદરમાં શ્રીકૃષ્ણજીએ મને છ કોઠાની વિદ્યા ભણાવી છે.માટે છ કોઠાની વિદ્યા જાણી છું ફકત સાતમો કોઠો કોઇ બહાદુર હોય તે માથે લે. એવું અભિમન્યુનું બોલવું સાંભળી ભીમ સેને મનમાં વિચાર કર્યો, સાતમો છાણ માટીનો કોઠો ભાગવો એમાં શું ભારે કામ છે, એમ ધારી પોતે બીડાનો સાતમો ભાગ ખાઇ ગયો. પછી સર્વે સભા પ્રત્યે બોલ્યો, હું સાતમો કોઠો માથે રાખું છું. એવું કહેતામાં સર્વે સભા હરખી અને નિશાન ગરગડી ઊઠયાં પછી અભિમન્યુ પાન ચાવતો ચાવતો પોતાના તંબૂએ ગયો એટલે સુભદ્રા પૂછવા લાગી, હે દીકરા, યુદ્ધમાં જવાનું કોણે માથે લીધું કે જેથી કરીને વાજાં ગરગડી ઊઠયાં. એવું પોતાની માતાનું બોલવું સાંભળીને અભિમન્યુએ જવાબ આપ્યો,માતાજી;કોઠા યુદ્ધમાં જવાનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મેં માથે લીધું છે, તમે ખોટું માનતા હો તો જુઓ બાસઠ પાનનું બીડું મારા મુખમાં છે. એમ કહી પોતે સુભદ્રાને પોતાનું મુખ બતાવ્યુ. એટલે તંબૂ ઉપર કાગડા બોલવા લાગ્યા અને માઠા શુકન થયા તેથી સુભદ્રા બોલી ઊઠી, અરે મારા વહાલા બાળ, હું તને કદી યુદ્ધ કરવા જવા દેવાની નથી. એમ કહી છાતી માથાં કૂટતી રાજ્યસભામાં દોડી. ત્યાં મર્યાદા મૂકીને ધર્મરાજા પ્રત્યે કહેવા લાગી. હે ધર્મ જેઠ, તમે શાના સત્યવાદી થયા છો! પારકા છોકરાંને લડાવી મારીને પોતાને રાજગાદી ભોગવવી છે. પછી સહદેવને કહ્યું. ધિક્કાર છે તમને, જોષી નામ વૃથા ધારણ કરેલું છે. મારા અભિમન્યુને શા માટે મરાવી નાંખવા માટે તૈયાર થયા છો ? ત્યાર પછી નીકુળ પ્રત્યે બોલી, તમારી વરણાગીમાં ધૂળ પડી, પારકાં છોકરાં મરાવી નાંખવા ને પોતાને છેલાઈ કરવી. પછી ભીમસેનને કહ્યું, તમે તો ખાઇ ખાઇને ભાદરવાની ભેંસની માફક શરીર વધાર્યું, એવું સાંભળી ભીમસેન બોલ્યો, અરે બાઈ, તું મને કંઇ પણ કહીશ નહિ, કારણ કે મેં મારા ભાગનો સાતમો કોઠો લીધેલો છે. એટલે સુભદ્રા કકળીને કહેવા લાગી, મારા છોકરાને યુદ્ધમાં જતો અટકાવો નહિ તો રાજ-સભા વચ્ચે સ્ત્રીહત્યા આપીશ. એમ કહી પોતાના મસ્તકના કેશ વડે ગળામાં ફાંસો ઘાલ્યો. ત્યારે ધર્મરાજા બોલ્યા, ઓ બાઇ, તું જરા ધીરજ રાખ, તારા પુત્રને સમજાવીને યુદ્ધમાં જવાની ના પાડીશું. એમ કહી અભિમન્યુને બોલાવવા માટે અનુચર મોકલ્યો. ત્યારે અભિમન્યુ રાજસભામાં આવ્યો, એટલે ધર્મ-રાજા અભિમન્યુને કહેવા લાગ્યા, અરે પુત્ર તારી માતા ઘણો જ કલેશ કરે છે. માટે તું યુધ્ધમાં જવાનું બંધ રાખ. એવું સાંભળી અભિમન્યુએ કહ્યું, હે વડીલ કાકા ? ભરી સભામાં પાનનું બીડું ચાવ્યું છે, કંઈ કોયલા ચાવ્યા નથી માટે જો હું કાલે યુધ્ધે ન જાઉં તો બ્રહ્મહત્યાનું પાપ. મારી માતા રડતી હોય તો રડવા દો, પણ હું કોઇનો રોકાવાનો નથી. એમ કહીને કુંવર ત્યાંથી નાસી ગયો. એટલે સુભદ્રા બોલી હે જેઠજી, હવે શી વલે થશે ? ત્યારે ધર્મરાજા સહદેવ પ્રત્યે બોલ્યા, હે ત્રિકાળજ્ઞાની જોષી, આનો કાંઇ, ઉપાય બતાવો. એવું સાંભળી સહદેવજીએ કહ્યું, હે ધર્મ વીરા, જો પુત્રને યુદ્ધમાં જતો અટકાવવો હોય તો તેની ઓત્રારાણી તેડાવો જો અભિમન્યુ ઓત્રાનું મોઢું જોશે તો ઘર બહાર નીકળ-વાનો નથી. માટે ગમે તેમ કરીને વૈરાટ નગરથી ઓત્રાને તેડાવો. એવું સાંભળી ધર્મરાજાએ સહદેવને પુછયું, વૈરાટ નગર અહીંથી ચારસો ગાઉ થાય. જતા આવતાના આઠસેં ગાઉ થાય. હવે જનારો એક રાત્રીમાં કેવી રીતે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવે !એટલે સહદેવજીકહે,વીરા,શા માટે ગભરાઓ છો?રાયકા લોકોને બોલાવશો તો સાંઢ લઇને તેડી લાવશે, એવું સાંભળી ધર્મરાજાએ છડીદારને મોકલીને રાયકાને તેડાવ્યા. તેમાં રાજો, કાજો, રૂપો ને રત્નો આ ચાર રાયકા આવ્યા, પછી ધર્મરાજાએ છડીદારને કહ્યું ,એકેકરાયકાને મારી પાસે મોકલો.

છડીદારે બહાર જઇને એકલા રાજા રાયકાને રાજસભામાં ધર્મરાજા પાસે મોકલ્યો, રાજા રાયકાએ ધર્મરાજાને જુહાર કરીને કહ્યું, હમારા હરખું કાંય કામકાજ બતાવો. એવુંસાંભળીધર્મરાજા બોલ્યા, હે રાયકા, તમે વૈરાટનગરથી અમારી ઓત્રા વહુને તેડીને કયારે પાછા આવો ? એટલે રાયકાએ કહ્યું, હું અત્યારે જાઉં તો કાલે સાંજે આવું. આવું. સાંભળી સુભદ્રાએ કહ્યું, આઆપણાકામનો નથીમાટેએને કાઢી મૂકો. એવું કહેતામાં છડીદારોએ તેને બહાર કાઢી મૂકયો.એટલે કાજા રાઇકો સભામાં આવવા માટે તૈયાર થયો. પછી કાજા રૈકાએ રાજસભામાં આવીને ધર્મરાજાને જુહાર કરીને કહયું, હે રાજવી, અમારું હુંકામપડયું હે ?ત્યારેધર્મરાજા બોલ્યા, વૈરાટનગરથી અભિમન્યુનીઓત્રા રાણીનેતેડીનેકયારે આવો ? એવું સાંભળી કાજા રૈકાએ જવાબ આપ્યો, જો હું અત્યારે જાઉં તો કાલે ત્રીજે પહોર આવું. એટલે સુભદ્રા કહે, આ પણ આપણા કામનો નથી માટે બીજાને બોલાવો. પછી છડીદારોએ રૂપા રૈકાને બોલાવ્યો, ત્યારે રૂપો રૈકોધર્મરાજાનેજુહાર કરીને કહેવા લાગ્યો, અરે રાજાજી, એવું હું કામ પડયું હે કે અત્યારે મનેતેડાવ્યો ? એટલે ધર્મરાજાએ કહ્યુ, અમારા અભિમન્યુની ઓત્રા સ્ત્રીને તેડીને કયારે પાછા આવશો ?

એવું સાંભળી રૂપા રૈકાએકહ્યુંકાલે મધ્યાનેતમારીઓત્રારાણીનેતેડીલાવું. એટલે સુભદ્રા બોલી, આ રૈકોપણઆપણા કામનો નથી માટે કાઢી મુકો, ત્યારે છડી દારોએ રૂપા રૈકાને ધપ્પા મારીને બહાર કાઢી મુકયો, પછી છેવટે રત્નો રૈકો સભામાં આવવા માટે તૈયાર થયો. રત્ના રૈકાએ પોતાના હાથમાં હોકો ઝાલ્યો છે, હાથમાં સાંકળાં છે, માથે મંડીલ બાંધ્યું છે, આવા ભભકાથી રાજસભામાં આવી ધર્મરાજાને પ્રણામ કરીને બોલ્યો, હે રાજાજી હમારું હું કામ પડયું હે ? એટલે ધર્મરાજાએ કહ્યું, વૈરાટનગરથી ઓત્રા વહુનેતેડીનેપાછાઅહીં કયારે આવશો ? ત્યારે રત્ના રૈકાએ જવાબ આપ્યો, હું અત્યારે જાઉં તો કાલે પહોર દિવસ પહેલાંઆવતો રહું. એવું સાંભળીસુભદ્રાએ તેને મોતીનો હાર આપીને કહ્યું, અરે રત્ના રૈકા, તું હાલ ને હાલ જઇને મારી ઓત્રા વહુને તેડી લાવ.એવું સાંભળીરત્નો રૈકો કહેવા લાગ્યો, હે સુભદ્રા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બહેન, કાલે પહોર દિવસ ચઢતાં ચઢતાં આવવાનોવાયદો કરુ છું. પણ જો કાલે સૂર્ય ઉગતા પહેલો ન આવુ તો મારુ નામ રત્નો નહિ. ત્યારે તે બોલી, જોસૂર્ય ઉદય પહેલાં આવું તો દશવીશ ગામ આપું. પછી રૈકો પોત પોતાની સાંઢ લેવા માટે ઘેર ગયો. રત્નાએ જવાની હા પાડી તેથી સુભદ્રાને મન જરા આનંદ થયો. હવે રત્નો રૈકો સાંઢ લઇને રાજસભામાં આવી પહોંચ્યો. એટલે ધર્મરાજાએ જે પત્ર લખીને તૈયાર કર્યો હતા તે રૈકાને આપી દીધો. તેના છેવટ એવું લખ્યું હતું કે ઓત્રારાણી પાણીનો કોગળો સરખો પણ અહીં આવીને કરજો. એ પ્રમાણે પત્ર લઇને રત્નો રૈકો સાંઢ ઉપર બેસીને વૈરાટજવા માટે ચાલ્યો. રૈકાની સાંઢણી છલંગો મારતી સુસવાટાબંધ ચાલી જાય છે.

હવે વૈરાટનગરમાં ઓત્રાકુંવરીએ તથા તેનીમાતા સુદક્ષણાએ મહેલમાંશયન કર્યું છે. એવામાં પહેલા પહોરની રાત્રિએ ઓત્રાને ઘોર સ્વપ્ન આવ્યું તેથી તે એકદમ ઝબકીને જાગી ઊઠી. પછી પોતાની માતાને બાઝી પડીને રડવા લાગી રડતાં રડતાં કહે છે, હે માતાજી, મને એવું સ્વપ્ન આવ્યું, કે હું તથા મારો પતિ બેઉ જણાં વનમાં જતાં હતાં. જતાં જતાં રસ્તામાં એક નદી આવી તે નદીમાં અમે નરનારી એક નૌકામાં બેઠા, હવે તે નૌકા નદીમાં જતાં જતાં અડધે ભાગે ઊંડા જળમાં ભાગી ગઈ, તેથી મારો પતિ તણાઈ ગયો અને હું તરીને બહાર નીકળી, એ પ્રમાણે જળમાં મારો પતિ બુડી મુઓ તેથી મારુ એવાતણ નષ્ટ પામ્યું. એવું સાંભળી સુદક્ષણા બોલી, હે પુત્રી, તું છાની રહે, તને માતા ભવાની સહાય કરશે, તારું સ્વપ્ન સુકે લાકડે પડજો. એમ કહી પોતાની ઓત્રાકુંવરીને શયન કરાવ્યું, પછી પાછું બીજું ચોઘડિયું થયું એટલે ઓત્રા ઝબકીને જાગી ઊઠી. વળી પાછી પોતાની માતાને કહેવા લાગી, અરે વહાલી માતુશ્રી, હું તથા મારા સ્વામી અમે બેઉ જણાં વનમાં જતાં હતાં એવામાં અમારી પાછળ સળગતો દવ આવી પહોંચ્યો, તેમાં મારા પતિએ તેમનો દેહ ઝંપલાવ્યો તેથી મારુ એવાતણ દૂર થયું. એવું સાંભળી સુદક્ષણાએ કહ્યું, ઓ દીકરી તું છાનીરહે, માતાભવાની તારું રક્ષણ કરશે, વળી હે દીકરી તારું સ્વપ્નું જે બ્રાહ્મણોની નિંદા કરતા હોય તેમના ઉપર પડજો. એમ સમજાવીને ઓત્રા કુંવરીને શયન કરાવી દીધું. ત્યાદ પછી ત્રીજું ચોઘડિયું થયું એટલે ઓત્રાજાગી ઊઠી. પછી પોતાની માતાને કહેવા લાગી, મને એવું સ્વપ્ન આવ્યું છે કે મારો પતિ ભયંકર રૂપ ધારણ કરીને પાડા ઉપર બેઠો. વળી તેણે કોટમાં કરેણના હાર પહેર્યા, અંગ ઉપર લોઢાના શરણગાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધારણ કર્યા. માથે સગડીમાં ધીખત અંગારા લીધા છે, ગળે મનુષ મસ્તકની માળા, મોંઢે રુધિરના ઓઘરાળા એ પ્રમાણે બીહામણું રૂપ ધારણ કરી પાટા ઉપર બેસીને દક્ષિણ દિશાએ જતો અને ઠીબમાં ખીર રોટલો ખાતો જોવામાં આવ્યો છે. વળી તેના આગળ ભૂત ભૈરવ નાચ કરતાં તથા વંતરી ચડેલ વિગેરે જાચતાં હતાં.

એવું સાંભળી સુદષ્ણા બોલી,હે, સદ્દગુણી દીકરી,તને અંબાજીમાતાસહાય કરશે અને તારું સમણું ઘોજારી રાંડના પેટ પડજો એમ સમજાવીને સુવાડીપછી ચોથું ચોઘડીયું થયું એટલે ઓત્રા ઝબકીને પોતાની માતાને કહે છે, મારા સસરા અર્જુનજી તથા મારા મામા શ્રીકૃષ્ણ બેઉ જણ પાતાળ ગયા છે, અને દ્રોણગુરુએ કોઠા રચ્યા છે. હવે મારા કાકાજીએ બીડું બનાવ્યું, તે તારા જમાત્રે લીધું. તેથી મારી સાસુએ રૈકાને સાંઢણી લઇને મોકલ્યો છે. એવું સાંભળી સુદષ્ણા કહેવા લાગી, હે દીકરી, સ્વપ્નું છે તે તદન જૂઠી વાત છે, માટે સ્વપ્નાને કદી સત્ય માનીશ નહિ. વળી હે દીકરી એક વાંઝીઓ હતો તેને સ્વપ્નામાં વાંઝિયાપણું ટળી જઇને પુત્ર પ્રાપ્ત થયો ત્યાર પછી જાગીને જોવા જાય તો કોનું બાળક લાવે ? માટે તે જુઠું સમજજે. વળી સ્વપ્નમાં એક નિર્ધનીઓ ધન પામ્યો. પછી જાગીનેજોવા જાયતો ઘરમા કોડી પણ ન મળે. માટે તે જુઠું છે. સમાણામાં એક કુંવારો કન્યાને પરણ્યો, પછી જાગીને જોવા જાય તો પોતાનાઘરમાં બાપનીવહુને દેખી માટે સ્વપ્નાનો કદી સત્ય માનીશ નહિ. એમ કહીને વળી પુત્રીને કહ્યું,હવે તું ના સૂઇશ મારી પાસે વાત કરવા બેસ. એવામાં દોઢ પહોર રાત્રિ ગઈ એટલે રૈયકો નગરના દરવાજે આવીને દરવાનને જગાડવા લાગ્યો. દરવાન જાગી ઊઠયો, એટલે રૈકો કહેવા લાગ્યો, ઓત્રારાણીને હું કુરુક્ષેત્રમાંથી તેડવા માટે આવ્યો છું.એવું સાંભળી દરવાન દરવાન દરબાર કૂંચી લેવા દોડયો. તેણે જઈ સુદષ્ણાને કહ્યું. કોઇ રૈકો કુરુક્ષેત્રમાંથીઆપણા ઘેર આવ્યો છે. એવું સાંભળી સુદષ્ણાએ વિચાર કર્યો, અરેરે ઓત્રા કુંવરીનું કહેવું સાચું પડયું. એમ જાણીને રાણી મૂર્છામાં પડી. એવું જોઇને ઓત્રાએ દરવાનને દરવાજા કૂંચી આપી, એટલે તે દરવાને દોડતાજઇ દરવાજો ઉઘાડયો, ત્યારે રત્નારૈકા સાંઢ ઉપર બેઠેલા રહી ઓત્રાને પત્ર આપ્યો, એટલે ઓત્રાએ ઘરમાં જઇને પોતાની માતાને જગાડીને પત્ર આપ્યો, સુદષ્ણાએ તરત તે પત્રને વાંચ્યો તેથી ઓત્રા કુંવરી બોલી, હે માતા, તું મને જવાવી આજ્ઞા આપ.એવું સાંભળી સુદષ્ણાએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહ્યું, અરે વહાલી દીકરી, તારું કહેવું ખરું છે, પણ તારો સાસરવાસો તૈયાર ક્યાં છે જેથી તને વિદાય કરૂં ? એટલે ઓત્રા બોલી, હે માતા, જો તારો જમાત્ર જીવતો રહેશે તો સાસરવાસો કરવાના ઘણા દિવસ છે. માટે મને ઉતાવળથી વિદાય કર. સુદષ્ણાએ કહ્યું, આટલા મધ્યરાત્રિએ તને એકલીને શી રીતે મોકલાય ? એવું સાંભળી ઓત્રાં રાણી બોલી, માતાજી ! તું મારી બિલકુલ ચિંતા ના કર. ઇશ્વરકૃપાથી મને ઉની આંચ પણ આવે તેમ નથી, માટે હે માતા હું તારી પાસે એટલું માગું છું કે મને ઉતાવળથી વિદાય કરી દે, હે માત, તું તારો મુમત ઝાલે છે પણ તેમાં મારો આખો જન્મારો ખરાબ થાય છે. જે માતાપિતા પુત્રીને સાસરે મોકલતાં લાડ જણાવે અને તેને પિયરમાં રાખે તો જરૂર તેમની બુદ્ધિનો બગાડ સમજશો માટે તેવાં માબાપને ધિક્કાર છે. વળી જે વખતે પુત્રીને સાસરે વળાવે તે વખતે પણ જે માતાપિતા પોતાની પુત્રીની સાથે મીઠું બોલીને રડાવે છે, તે પુત્રી જરૂર મુવાની ખબર લઇને પાછી ઘેર આવે છે. માટે જે સપુત હોય છે તે કદી કંકાસ કરતી નથી. એમ કહીને પોતાની માતાને સમજાવી. એટલે સુદષ્ણા રાણી વિચાર કરવા લાગી, ઓત્રાનું પહેલું આણું છે, માટે સાસરવાસો તો જરૂર કરવો જ જોઇએ. એમ ધારી છડીદારોને કહ્યું, તમે કાપડીઆ, સરૈયા, ચુડગર વિગેરેને ઉતાવળે બોલાવો. એવું કહેતામાંજ છડીદારો તેઓને બોલાવી લાવ્યા.

હવે કાપડિયામાં કપુરચંદ કાપડ લઇને આવ્યા. તેમને વખાણીને કોથળામાંથી માલ કાઢવા માંડયો એટલે માંહેથી કાળાં ગજકણ નીકળ્યાં તેથી માઠા શુકન સમજી કાપડિયાને છડીદારે ખુબ માર મારીને બહાર કાઢી મૂકયો. પછી સરૂપચંદ સરૈયાએ કંકુ કાઢવા માંડયું એટલે તેમાંથી કાજળ નીકળ્યું. તે દેખીને છડીદારોએ સરૈયાને પણ મારીને કાઢી મૂકયો. ત્યાર કેડે ચતુરચંદ ચુડગરે ચુડા કાઢવા માંડયાં; એટલે માંહેથી કાળાં બલ્લઇયાં નીકળ્યાં, તેથી છડીદારોએ તેને પણ માર મારીને કાઢી મૂકયો, પછી ત્રણે વહેપારીઓ પોતાના ઘેર જઈ સારો માલ લાવ્યા. તે માલ લાવી ઓત્રા કુંવરીને સોંપી દીધો. એટલે ઓત્રાએ તેની ગાંસડી બાંધી દીધી. પછી સુદષ્ણાએ કહ્યું, હે દીકરી, મધ્યરાત્રિએ નીકળે છે, માટે તને જાઓ એવું મારાથી કહેવાય નહિ. એમ કહી ઓત્રાને પોતાની છાતી સરસી દાબીને છાતીફાટ રડવા લાગી. એટલે ઓત્રા કહેવા લાગી, અરે માતા, તું શા માટે નકામી વાર કરે છે ? જો મને અહીં વધારે વખત જશે તો તારો જમાત્ર યુદ્ધમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જતો રહેશે, અને વળી હે માતા, જો યુદ્ધમાં જશે તો મારે તેમને વિયોગ પડશે. મારે અને મારા કંથને છ છ અવતારનો વિયોગ રહી ગયો છે. આ તો અમારો સાતમો જન્મ છે. એવું સાંભળી સુદક્ષણા કહે. અરે દીકરી, શાથી જાણ્યું, આ સાતમો જન્મ છે? એટલે ઓત્રાકુંવરી બોલી,મને ઇશ્વર ઇચ્છાથી સૂજી આવ્યું. એટલે સુદક્ષણાએ કહ્યું, મને તે સઘળી હકીકત કહી સંભળાવે તો તને.જવાની આજ્ઞા આપું. એવું સાંભળી ઓત્રાકુંવરીએ કહ્યું, જો તારો જમાત્ર યુદ્ધે જશે તો પૂરું વિઘ્ન આવી પડશે.એટલે સુદક્ષણા બોલી.અરે દીકરી કદાપી સ્વામીને વિઘ્ન થાય તો પણ કંઇ હરકત નથી, કારણ કે આપણે સાતમે માળ પેટીમાં અમ્મર કુંપો છે તે કુંપાથી મરણ પામેલો સજીવન થશે.

એવું પોતાની-માતાનું બોલવું સાંભળીને ઓત્રા રાણી તરત સાતમે માળ અમ્મર કુંપો લેવા માટે ચઢી, એટલે પ્રભુને પાતાળમાં ચિંતા થઇકે જો ઓત્રા અમ્મર કુંપો કુરુક્ષેત્રમાં લાવશે છો મરણ પામેલો અભિમન્યુ સજીવન થશે માટે એનો અમ્મર કુંપો ઢોળાવી નાંખું તો ઠીક, એ પ્રમાણે શ્રીહરિએ વિચાર કર્યો. હવે ઓત્રાકુંવરી જેવી અમ્મર કુંપો લઇને નીચે ઉતરે છે, તે વખતે શ્રીકૃષ્ણજીએ તરસ મૂકી, તેથી ઓત્રા કુંવરી અમ્મર કુંપો પાણી યારીમાં મૂકીને પાણી પીવા લાગી. પાણી પીને અમ્મર કુંપો લીધા સિવાય પોતાની માતા પાસે આવીને સાતજન્મની વાતો કરવા બેઠી.એવામાં પાતાળ-માંથી શ્રીહરિ ઉંદરનું રૂપ ધારણ કરીને પાણીયારીમાં આવ્યા. અને અમ્મર કુંપો ઢોળી નાંખી પાત્રને ફોડી નાંખ્યું. એ પ્રમાણે પ્રાત્રના કટકેકટકા ચાંચમાં વાલી શ્રીહરિ પાતાળમાં ગયા. આ વાર્તા ઓત્રાકુંવરી તથા તેની માતા સુદક્ષણા બેમાંથી કોઈ પણ જાણતું નથી. હવે ઓત્રાકુંવરી પોતાની માતાને પહેલાં જન્મની વાત કરે છે. હે માતા, પહેલે અવતારે હું રાજાની પુત્રી થઇને અવતરી હતી અને અભિમન્યુ બ્રાહ્મણનો પુત્ર થઇને અવતર્યો. નાની ઉંમરમાં તે પુષ્કળ ભણ્યો તેથી મારા પિતાજીના ત્યાં તેને કથા કરવા માટે બોલાવતા હતા. એમ કરતાં કરતાં મને તેના ઉપર મોહ લાગવાથી મેં દાસી સાથે કહેવરાવ્યું, તું મારી સાથે લગ્ન કર, ત્યારે તેણે કહાવી મોકલ્યું, તું તો મારા ધર્મની બહેન છે. તેથી મેં મારા પિતાને કહ્યું, આપણે ત્યાં કથા કરવા બ્રાહ્મણ આવે છે તેની સાથે મને પરણાવો. ત્યારે મારા પિતાએ તેને બોલાવીને પૂછયું, તું મારી પુત્રીને પરણવા ખુશી છે કે નહિ? એટલે તે બ્રાહ્મણે ના પાડી. પણ મારી ખેંચતાણથી મારા પિતાએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મને તેની સાથે પરણાવી પછી અમને બંનેને રહેવા માટે એક મહેલ આપ્યો. હવે મારા વાંકા નસીબે એવું બન્યું, મારો પતિ મારી સાથે બિલકુલ બોલે-ચાલે નહિ તેમ મારુ રાંધેલું પણ ખાય નહિ. એમ કરતાં કરતાં તેણે એક દિવસ ઓરડામાં પેસી ગળે ફાંસો ઘાલી પોતાનો દેહ ત્યાગ કર્યો. તેથી મને પણ વિયોગ પડવાથી મેં તેની પાછળ દેહ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. મેં ઇશ્વર પાસે મરતા એટલું માંગ્યું, આ બ્રાહ્મણ જ્યાં અવતાર ધારણ કરે ત્યાં મને પણ તેની સ્ત્રી બનાવજે અને તેના પહેલાં મારું મૃત્યુ થાય તેમ કરજો. એમ કહીને મેં પણ મારો દેહ તે બ્રાહ્મણની પાછળ ત્યાગ કર્યો. એ પ્રમાણે મારો પહેલો અવતાર પૂર્ણ થયો. હવે બીજા અવતારની વાત સાંભળ. હે માત બીજે અવતારે માળણની કુંવરી થઈ અને તારો જમાત્ર રાજાનો કુંવર થયો. હવે તે રાજાની રાજસભામાં મારો પિતા હંમેશ ફૂલ મૂકવા માટે જતો હતો. એમ કરતાં કરતાં એક દિવસ કામ આવી પડવાથી મારા પિતાએ મને ફુલ લઇને દરબારમાં મોકલી તેથી હું રાજદરબારમાં ફૂલ લઇને ગઇ. હવે તે વખતેં કુંવર મને જોઇને મોહ પામ્યો તેથી સેવક સાથે મને કહાવ્યું, તારા ઉપર રાજકુંવરની પૂર્ણ કૃપા છે. એવું સાંભળી મેં સેવકને ઠપકો આપી કાઢી મૂકયો. એમ કરતાં કરતાં એક દિવસે હું બાગમાં ફુલ વીણતી હતી તે વખતે કુંવર અચાનક બાગમાં આવી ચઢયો. તેણે મને ઓળખી તે મારી લાજ લેવા માટે મારી પાસે આવ્યો. હવે મેં જાણ્યું કે મારી લાજ જશે, તેથી તેં એકદમ કૂવામાં ભુસકો માર્યો તેવું જોઈ તેણે પણ મારા વિયોગના લીધે કૂવામાં પડતું મૂકી પોતાના દેહનો ત્યાગ કર્યો. એ પ્રમાણે મારો બીજો અવતાર પૂર્ણ થયો. હવે હે માતા મારો ત્રીજો અવતાર સાંભળ.

ત્રીજા અવતારમાં અમે બેઉ જણાં મેના પોપટ થઇને અવતર્યા, હવે તે વખત અમે બંને એક નદીના ધોધમાં રહેતાં હતાં. એક દિવસ મારાં માતા પિતાને પારધીએ પકડયાં અને પોપટના માબાપને પણ તેવી જ રીતે ઝાલ્યાં ત્યારે અમે બેઉ જણા ત્રાસ પામીને ત્યાંથી નાઠાં. જતાં જતાં અમે ગાઢ વનમાં વિખુટાં પડયાં. હું એક નગરમાં પેસી ગઇ ત્યાં એક ગુણકાની બારીના ડંડા ઉપર જઇ બોલતી બોલતી બેઠી. દૈવયોગે મારું બોલવું ગુણકાને મીઠું લાગ્યું તેથી તેણીએ મને પકડીને પાંજરામાં પૂરી હવે મારો પોપટ મને શોધતો શોધતો ભટકયા કરે છે. એક દિવસ તે જ પોપટ મારા નગરમાં આવી ચડયો અને તેણે મને મારા ટઉકા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉપરથી ઓળખી એટલે તે પોપટ બોલતો બોલતો મારા પાંજરા ઉપર આવીને બેઠો. એવામાં ગુણકાને મારા વાંકા નસીબે પોપટ ઉપર રીસ ચડી, તેથી તેણીએ મારા પોપટને પકડયો અને તેની પાંખો તોડી નાંખીને ચુલામાં ઘાલ્યો તે દેખીને મારાથી સહન નથયું તેથી મેં મારું ડોકું સળિયામાં ઘાલીને મારો પ્રાણ ત્યાગ કર્યો.હે માતા,એ પ્રમાણે મારા પાપે મારું હેવાતણ નાશ પામે છે. હવે ચોથે અવતારે અમે હરણાં હરણીનો જન્મ પામ્યાં. એક દિવસ હરણ વિષય વૃત્તિથી મારી પૂંઠળ પડયો. પણ મેં તેને તરછોડી નાંખ્યો; છતાં તે મારી પાછળ પાછળ ફર્યા કરે. એમ કરતાં કરતાં હે માતા મને એકવીસ ઉપવાસ થયા, તેથી મેં મારો દેહ ત્યાગ કર્યો. એટલે હરણે પણ મારી પાછળ તેનો પ્રાણ ત્યાગ કર્યો; પછી અમે પાંચમે અવતારે હોલો હોલી થયાં એક દિવસ મને વિષય વ્યાપવાથી હું હોલાની પાછળ પડી. પણ હોલાએ મારું કહેવું બિલકુલ માન્ય કર્યું નહિ

ઘણે દિવસ હોલો અકળાયો વથી તે સળગતા દવમાં પડયો, એ પ્રમાણે તેને આપઘાત કરતા દેખીને મને પણ બહુ જ પશ્ચાતાપ થયો. તેથી મેં પણ તેની પાછળ મારો દેહ ત્યાગ કર્યો. પછી હે માત છઠે અવતારે હું બોરસલીના વૃક્ષનો જન્મ પામી અને અભિમન્યુએ અસુરને ત્યાં અવતાલ ધારણ કર્યો. હેદાનવ અને મેદાવન નામના બેઉ ભાઇઓ હતા, તેમને ત્યાં અભિમન્યુ પુત્ર થઇને અવતર્યો. હવે તેના બાપ કાકાને કૃષ્ણજીએ હણ્યા હતા. તેથી તેણે તેમનું વેર લેવાને માટે મહાદેવજીનું તપ કર્યું. મહાદેવજી તેના તપથી પ્રસન્ન થયા તેથી તેમણે હેલોચનને કહ્યું, માગ્ય માગ્ય માગે તે આપુ. ત્યારે તેણે એટલું માગ્યું, પ્રભુનું મારા હસ્તે મરણ થાય. ત્યારે શિવે તેને કહ્યું, એક પેટી ઘડાવીને મારી પાસે લાવ. એટલે હેલોચને મને વાઢીને તેની પેટી બનાવી . તે પેટી ઉપર મહાદેવે એમ લખ્યું, આ પેટીમાં પહેલો પેસે તે મરે. તે પેટી લઈ કૃષ્ણને મારવા ગયો, ત્યાં કૃષ્ણજીએ કપટ કરીને હેલોચનને પેટીમાં ઘલીને માર્યો. તે પછી તે હેલોચન સુભદ્રાને પેટે અવતર્યો અને હું તારે પેટ અવતરી. એ પ્રમાણે અમે છ છ અવતારથી વિયોગી છીએ માટે હે માતા, હવે તું ઉતાવળથી મને વિદાય કરી દે એટલે માતાએ કંસાર કરીને પોતાની પુત્રીને પાંચ ગ્રાસ ભરાવ્યા. પછી દીકરીને આજ્ઞા આપી. એટલે ઓત્રાકુંવરી રાઈકાની સાંઢ ઉપર ચઢી બેઠી, તે વખતે દોઢ પહોર રાત્રિ રહી હતી.રાઇકાએ સાંઢને હાંકી મૂકી. તે સાંઢ અડધા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પહોરમાં બસો ગાઉ નીકળી ગઇ. એટલે ઓત્રાકુંવરીને અમરકુંપો યાદ આવ્યો તેથી તેણીએ રાયકાને કહ્યું, અરે ભાઈ, સાંઢને ઊભી રાખો.કારણ મારા ઘેર અમ્મર કુંપો રહી ગયો છે તે ઉતાવળથી લઈ આવો. એટલે રાયકો બોલ્યો, અરે બહેની, મારી સાંઢ થાકી ગઈ છે માટે તે કેમ કરીને બની શકાશે? ત્યારે ઓત્રાએ તેના મોતીનો હાર આપીને કહ્યું,ગમે તેમ કરો પણ મને અમ્મર કુંપો લાવી આપો. તમે જઇને આવશો ત્યાંસુધી હું આ ઝાડ ઉપર બેસી રહીશ, એવું ઓત્રકુંવરીનું બોલાવું સાંભળી રત્ના રાયકાએ ઓત્રાને ઝાડ ઉપર મૂકી દીધી અને પોતે પાછો વૈરાટનગર તરફ વળ્યો.વૈરાટનગરમાં જઇને તેણે સુદક્ષ્ણાને અમ્મર કુંપાની વાત કરી તેથી સુદક્ષ્ણાએ પાણીયારામાં શોધ્યો પણ કાંઈ પત્તો લાગ્યો નહિ, છેવટે સુદક્ષ્ણાએ રાયકાને કહ્યું, અરે ભાઈ, અમ્મર કુંપો નથી જડતો માટે તું ઉતાવળથી જા,કારણ કે ઓત્રા જંગલમાં એકલી છે, એવું સાંભળતા જ રત્નો રાયકો વૈરાટનગરમાંથી નીકળી સાંઢને વાયુ વેગે ચલાવે છે. એમ કરતાં કરતાં ઓત્રાકુંવરીની પાસે આવી પહોંચ્યો,ત્યારે ઓત્રા કુંવરીએ કહ્યું,કેમ ભાઇ,અમ્મરકુંપો લાવ્યો? ત્યારેરત્ના રાયકાએ જવાબ આપ્યો,અરે બહેન,તારી માતાએ પાણીયારામાં શોધ્યો પણ તે હાથ ન આવ્યો. એવું સાંભળી ઓત્રાએ નિશ્ચય કર્યો, નક્કી મારું નસીબ ફુટેલું છે તેમાં રાયકો બિચારો શું કરે? એમ ધારી તેણીએ સંતોષ વાળ્યો.

પછી બેઉ જણાએ સાંઢઉપર બેસીનેસાંઢને હાંકી મૂકી.હવે પાતાળમાં શ્રી



કૃષ્ણજીને ચિંતા થઈ,જો અભિમન્યુના યુદ્ધગયા પહેલાં ઓત્રા કુરુક્ષેત્રમાં જઇ પહોંચશે તો તે અભિમન્યુને કદી લડવા જવા દેનાર નથી.એમ વિચાર કરી પોતે ભાલો થઇને મારગ વચ્ચે પડયા,એટલે પેલી સાંઢ તે ભાલાને ઓળંગીને ચાલી,પણ ભાલો આગળને આગળ જઇઊભો રહે,એવામાં તે ભાલા ઉપરસાંઢનો પગ આવ્યો તેવા જ ભાલો પગમાં પેસી ગયો તેથી તે સાંઢ બરાડીને નીચે બેસી ગઇ. તેના હેલકારાથી ઓત્રા તથા રાઇકો ઉછળીને આવાંપડયાં. આ પ્રમાણે બનવાથી બિચારો રાયકો મોટા શોકના સિંધુમાં આવી પડયો, ને સાંઢના પગમાં જોયું તો ભાલો દીઠો, તેથી સાંઢના પગ પર બે પગ મૂકી પગ માંથીભાલો ખેંચીકાઢયો અને વાગ્યાનીજગ્યાએ શેક કરીને પોતાની પાઘફાડી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પટો બાંધ્યો.પછી સાંઢ સાચવીને ઊભીકરી તે પછી ઓત્રા તથા રઇકો બેઉજણા ધીમે રહીને સાંઢ ઉપર બેઠાં.પણ બિચારી સાંઢને વાગ્યુંતેથી રસ્તામાં ધીમેધીમે ચાલે છે તેથી રાઇકો ઓત્રાકુંવરીને કહે છે,અરે બહેન મારી હોંશ મનમાં રહી ગઈ.કારણકે મારે તને તારા પતિના જાગ્યા પહેલાં કુરુક્ષેત્રમાં લઇ જવીહતીતેના બદલમાં ઊલટું બિચારી સાંઢને વાગ્યું. એવું સાંભળી ઓત્રારાણી બોલી.મારું નસીબ વાકું તેમાં તું શું કરે ? એ પ્રમાણે વાતચીત કરતા ચાલ્યાં જાય છે.હવે કુરુક્ષેત્રમાં સુભદ્રા જાગી ઊઠીને જુએ છે તો અભિમન્યુ યદ્ધે જવાની તૈયારી કરે છે, એટલે સુભદ્રા અભિમન્યુને બાઝી પાડી, પોતાના પુત્રને કહે છે, મારા વહાલા દીકરા, હું તને કદી યુધ્ધે જવા દેવાની નથી. એવું પોતાની માતાનું બોલવું સાંભળીને અભિમન્યુએ કહ્યું, માતા, જો યુદ્ધમાં ન જાઉં તો મને બ્રહ્મહત્યાનું પાપ.એવી પ્રતિજ્ઞા કરી તેથી સુભદ્રા થરથર ધ્રુજવા લાગી.પછી અભિમન્યુનો છેડો ઝાલીને રડવા લાગી.ત્યાર પછી પોતાના પુત્રને કહે છે,હે હઠીવા દીકરા,તેં જ્યારે પાનનું બીડું ખાધું હતુ ત્યારે મારું જમણું લોચન ફરક્યું હતું, માટે જો યુધ્ધે જઇશ તો તારો કાળ થશે. વળી તારા પિતા તથા મામા શ્રીકૃષ્ણજી પાતાળમાં ગયા છે તેઓ આવીને કહેછે, અભિમન્યુને શા માટે યુદ્ધમાં મોકલ્યો ? ત્યારે મારી વલે થશે તેથી હે દીકરા, યુદ્ધમાં ન જશો. ઓ મારા લાડકા પુત્ર, મેં તને ઉછેરીને કેવી હોંશે પરણાવ્યો તે સઘળી હોંશો મારા મનમાં રહી ગઇ, એમ કહીને સુભદ્રાએ તંબૂ ઉપર ચઢીને જોયું તો ઓત્રાને આવતી દીઠી નહિ. તેથી રાયકાને પોતાના મનમાં ગાળો દે છે,રડયા રાયકાએ વિશ્વાસઘાત કર્યો. કારણ કે તેણે કહ્યું હતું, હુ વહેલો વહાણામાં આવીશ પણ તે હજી સુધી આવ્યો નહિ. એ પ્રમાણે નિરાશ થઇને અભિમન્યુને કહેવા લાગી,હે દીકરા,પુત્ર વિનાની માતાનું જીવવુ વૃથા છે તેમ ઓ વહાલા કુંવર,દીકરા વિનાની સ્ત્રીનું પણ જીવન છુટી પડેલુ છે,કારણ કે સદા તેને ઓશિયાળા રહેવું પડે છે. વળી હે બેટા અભિમન્યુ, જ્યારે તારા પિતા પાતળમાંથી પાછા આવીને મારી પાસે પુત્ર માગશે,ત્યારે હું શું આગળ ધરીશ?ઓ મારા વહાલા તન, મારા ઉપર દયા કરીને મારું કહેવું કબૂલ કરો.હે દીકરા, તમારા કરતાં દુશ્મન ઘણા બળીઆ છે, તેથી તેમને તમે કેવી રીતે જીતી શકશો ? ઓ દીકરા,તારા જેવા બાળક ઉપર તેઓ અધર્મીને જરા પણ દયા આવવાની નથી. એવું સાંભળી અભિમન્યુ બોલ્યો, માતાજી, તમે મને શા સારુ બાળક ગણો છો? જુઓ બાળક બાળકમાં ફેર છે તે હું તમને સમજાવું છું.અરે માતાજી, વીંછી ઘણો નાનો હોય છે પણ તેનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ડંખ એવા કારમો છે, જેથી કરીને અતિશય દુઃખ થાય છે. વળી માતા ભંફેડો બહુ નાનો હોય છે પણ તે કરડતાં પ્રાણને ખેંચી લે છે. એ પ્રમાણે હું કેટલા દાખલા આપું ? માટે હે માતા, મારી ચિંતા કરશો નહિ. એવું કુંવરનું બોલવું સાંભળીને સુભદ્રા પૃથ્વી સરસી પછડાઇને પડી. અને સુતાં સુતાં રુદન કરીને કહે છે. અરેરે મારો ખરો હીરો ખોવાઇ જશે. અરે દીકરા, મેં તને લાંબી આશાએ મોટો કર્યો તે સઘળું વૃથા ગયું, ઓ મારા લાડકવાયા તન,હું તનેયુદ્ધમાં જવા દેવાની નથી.એવું પોતાની માતાનું કલ્પાંત સાંભળીને કુંવરે સુભદ્રાને કહ્યું, અરે મારી માતા, મને જ્ઞાનદષ્ટિથી જણાય છે, હું યુદ્ધમાંથી જીવતો ઘેર આવવાનો નથી. માટે જો હું તને વહાલો હોઉં તો મારી પાછળ મારાં વસ્ત્ર અલંકાર બ્રાહ્મણોને પહેરાવી દેજે. વળી તમારાથી જેટલું બને તેટલું બ્રહ્મભોજન પણ કરાવી દેજે,એમ કહીને પોતાની માને બાઝી પડયો. ત્યારે માતા તથા પુત્ર પૃથ્વી પર ઢળી પડયાં તે જોઇને કુંતાજી તથા દ્રૌપદી બેઉ જણાં ત્યાં દોડી આવ્યાં. બેઉ જણાંએ સુભદ્રાને સમજાવી,તારો દીકરો હઠીલો છે તેથી તે યુધ્ધે ગયા વિના રહેવાનો નથી માટે તેને યુદ્ધમાં જવા દે,તેના તરફની તું બિલકુલ ચિંતા કરીશ નહિ, વળી તું સૂતરના સાત તાર ભેગા કરીને મારી પાસે લાવ એટલે તેનો દોરો કરીને અભિમન્યુને બાંધીશ, જેથી કરીને તારા પુત્રને બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ્વર પણ મારવાને સમર્થ નથી, એવું સાંભળી ધર્મરાજાએ પણ સુભદ્રાને કહ્યું, કુંતાજીનું કહેવું સત્ય છે. માટે તું ઝટપટ સુતરના તાર લાવી દે.એ પ્રમાણે ધર્મનાંમુખની વાણી ઉપર શ્રદ્ધા રાખીને સુભદ્રા સુતરના સાત તાર લેવા માટે ગઇ. જતામાં તેણીને ઓત્રા રાણી યાદ આવી તેથી પોતે તંબૂ ઉપર ચઢીને જોયું તો ઓત્રાને આવતી દેખી નહિ. છેવટ સુભદ્રાએ કુંતાને તાર લાવી આપ્યા.

વૃદ્ધ ડોસીના બોલાવ્યાથી અભિમન્યુ પણ પાસે આવીને બેઠો, પછી કુંતાએ સાત તાર ભેગા વણીને દોરડો બનાવ્યો.તેમાં સતીએ સાત ગાંઠો વાળી. તે શું શું બોલીને વાળી તે શ્રવણ કરો. પહેલી ગાંઠે એક પરમેશ્વર બે સૂર્ય, ચંદ્ર, ત્રણ ગુણ, ચાર વેદ, પાંચ વિષય અને છ શાસ્ત્ર એ સર્વ હે પુત્ર દિવસમાં તારી દસદસ વખત રક્ષા કરો. બીજી ગાંઠે સાત સમુદ્ર, અષ્ટકુળ પર્વત, નવકુળ નાગ, દસ અવતાર અગિયાર રુદ્ર અને બાર મેઘએ સર્વે તારી રક્ષા કરો. ત્રીજી ગાંઠે તેત્રીસ કોટી દેવ, છત્રીસ રાગણી, અડતાળીસ અગ્નિ, ઓગણપચાસ બાયુ,બાવન વીર, ચોસઠ જોગણી,બહોતેર કોટી દાનવ,અઠયાસી સહસ્ર ઋષિ એ સર્વે તને બચાવે. ચોથી ગાંઠે શેષનારાયણ, પારસનાથ,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રણછોડરાય,ચૈતન્ય આત્મા અને સ્વ સ્વરૂપે પરમા એ સર્વે તારી રક્ષા કરો,
પાંચમી ગાંઠે, મચ્છા અવતાર અને નરસિંહ, વરાહ અવતાર, રામ
કૃષ્ણાવતાર એ સર્વે તારુ રક્ષણ કરો. છઠ્ઠી ગાંઠે દહિતોના ગોર શુક્રાચાર્ય,
ગણપતી, અંગીરા ઋષિ, હનુમાનજી, ઈંદ્રરાજા,એ સર્વે તારી રક્ષા કરો. સાતમી
ગાંઠે હું કુંતાજી, સહદેવ, ધર્મરાજા, અર્જુનજી નારદજી, શ્રીકૃષ્ણજી એ સર્વે
દિવસમાં તારું દસ વાર રક્ષણ કરો. એ પ્રમાણે દોરો તૈયાર બનાવીને અભિ-
મન્યુને હાથે તાણી બાંધ્યો. પછી કુંતાએ કહ્યું. હે બેટા અભિમન્યુ, જ્યાં સુધી
-આ રક્ષા દોરો કાયમ રહેશે ત્યાં સુધી તારો કોઈ પણ વાંકો વાળ કરનાર નથી.
કુંતાજીનું વચન સાંભળીને અભિમન્યુએ ગટોરગચ્છને સૈન્ય તૈયાર કર-
વાનું કહ્યું,ત્યારે ગટોરગચ્છે સૈન્ય તૈયાર કર્યું. પછી અભિમન્યુ તંબૂમાં ગયો
એટલે સુભદ્રાએ તેને પકડી લઇને કહ્યું, અરે બેટા, મારા હાથનો કંસાર
ખાઇને જા. ત્યારે અભિમન્યુ બોલ્યો,માતા તમે શા માટે નકામી વાર કરો છો?
ત્યારે સુભદ્રાએ કહ્યું, હે બેટા, તારી ઓત્રા નારી આવવાની તૈયારીમાં છે
માટે મારા હાથનો કુંસાર ખાઇશ એટલામાં આવી પહોંચશે એવું સાંભળી
કુંવર બોલ્યો, અરે માતાજી, તમે જે બોલો છો તે છુટી પડવાનું છે કારણ કે
ઓતરા આવશે તેથી શું ? હું તો મારે યુધ્ધમાં જરૂર જઈશ, ત્યારે સુભદ્રા
બોલ્યાં, હે પુત્ર, તારી માતાના હાથનાં પાંચ ગ્રાસ ભર્યા સિવાય જઈશ, તો
દુઃખી થઈશ,માટે મારુ કહ્યું માનીને પાંચ ગ્રાસ જમી લે.ત્યારે કુંવરે વિચાર્યું
મારી માતાનો આટલો આગ્રહ છે માટે જમીને જાઉં તો ઠીક. એમ ધારી પોતે
જમવાની હા કહી, એટલે સુભદ્રાએ તરત ચૂલો સળગાવીને કંસાર બનાવી
દીધો. પછી અભિમન્યુને પોતાની પાસે બેસાડીને પોતાના હાથે પાંચ ગ્રાસ
મુખમાં મૂકયા, ત્યારે અભિમન્યુએ જમીને પોતાની માતાને કહ્યું, હે
માતાજી, હવે યુદ્ધમાં જવાની આજ્ઞા આપો. એવું સાંભળી સુભદ્રા મનમાં
વિલાપ કરે છે; ઓત્રા અભાગણી હજી સુધી કેમ ન આવી પહોંચી ?
એ પ્રમાણે પોતે ઊંડા વિચારમાં પડી છે, પછી કુંવરે પોતાના
વસ્ત્ર શણગાર ધારણ કરી લીધાં ને તૈયાર થઇ ગયો. હવે
કૌરવોમાં દુર્યોધન બોલી ઊઠયો, હે ગુરુજી, આપણે કોઈની તૈયારી
કરવી જોઇએ. એટલે દ્રોણગુરુ બોલ્યા, મુએલાં શબ મંગાવીને
મેદાનમાં સાત ઢગલા કરાવો. ત્યારે દુર્યોધને તે પ્રમાણે કરવાની સેવકોને
આજ્ઞા આપી. સેવકોએ તરત મડદાનો મેદાનમાં ઢગલો કર્યો
પછી દ્રોણગુરુએ જળની અંજલી ભરી મંત્ર ભણીને એક ઢગલાને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે છાંટીને પાષાણ રચના બનાવી. એટલે મંત્ર વડે ત્યાં પાકટ પાસાણનો કોઠો બન્યો.તે કોઠામા આંટીઘુટી ફરાય તેટલો ઘેરો ઘાલ્યો. વળી તેમાં એવી યુકિત કરી કે ગમે તેવો પણ નીકળવાનો રસ્તો ભૂલી જાય પછી તેને સો શિખર, સો ધજા તથા સો દ્વાર વિગેરેથી ભરપૂર સુશોભિત બનાવ્યું. વળી તેમાં દ્વારે દ્વારે દસ દસ યોદ્ધાઓ એટલે એકહજાર પગપાળામૂકી દીધા.એ પ્રમાણે પહેલો કોઠો તૈયાર બનાવ્યા પછી દ્રોણગુરુએ બીજો કોઠો લોહ વજ્રનો બનાવ્યો.તેને પહેલા કરતાં ત્રણ ત્રણ ઘણી રચના કરી ત્યાં અશ્વત્થામાને રાખ્યા.ત્યાર પછી ચોથો કોઠો રૂપાનો તૈયાર કર્યો. તે પછી પાંચમો તદ્દન કનકનો બનાવ્યો. છઠ્ઠો કોઠો સપ્તધાતુનો બનાવ્યો તેમાં છસેં દ્વાર, છસેં શિખર અને છસેં ધજા કરી પછી સાતમો છાણ માટીનો બનાવ્યો. ત્યાં દરેક કરતાં સાત ઘણી રચના કરી એ પ્રમાણે સપ્ત કોઠો તૈયાર બનાવીને કૌરવો યુદ્ધની ગોઠવણી કરે છે, હવે અભિમન્યુ હથિયાર ધારણ કરીને રથમાં બેસી ગયો.એટલે દ્રુપદ,શીખંડી ધૃષ્ટપ્રદ્યુમાન તથા ભીમ, ગટોરગચ્છ, સહદેવ, નીકુળ. મેઘવર્ણ વિગેરે પણ પોતપોતાના વાહન ઉપરબેઠા.તેમાં ગટોરગચ્છ અભિમન્યુનો રથ હાંકવા બેઠોછે.

એ પ્રમાણે તૈયાર થઈ સૈન્ય સહિત અભિમન્યુ વાજાં વગડાવતો કુરુક્ષેત્રમાં કોઠા હતા તે તરફ ચાલ્યો. શુભ શુકન જોઇને સવળા ચાલ્યા જાય છે, એવામાં પાતાળમાં શ્રીકૃષ્ણજીને વિચાર આવ્યો, મેં અભિમન્યુને મારવા માટે ઓત્રાને અમ્મરકુંપો લાવતી અટકાવી છતાં પાછો ડોશીએ દાટ વાળ્યો, કારણ કે અભિમન્યુને રક્ષાનો દોરો બાંધ્યો છે તેમાં મને પણ બાંધી દીધો છે માટે જો આ દોરો કાયમ રહેશે તો તેને કંઇ પણ હરકત આવવાની નથી.તેથી એ દોરાને તોડાવી નખાવું તો તેનું મરણ થાય એમ ધારી પ્રભુ ઘરડા બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને ત્યાં આવ્યાં. સવળું સૈન્ય ચાલ્યું જાય છે તેમાંના સેવકોએ પૂછયું, હે મહારાજા, આપ કયાં પધારો છો ? એવું સાંભળી પ્રભુ બોલ્યા,મારે અર્જુનજી સાથે ઘણો સ્નેહ છે માટે તેમને મળવા જઉં છું.એટલે સેવકોએ કહ્યું.અર્જુનજી તો નથી પણ તેમનો પુત્ર હાલ કોઠા યુદ્ધ માટે જાયછે, ત્યારે દયાળુ હરિએ કહ્યું,અરે ભાઇઓ, મને અર્જુનજીના પુત્રની પાસે લઇ જાઓ, એટલે સેવકો અભિમન્યુનો રથ ઊભો રખાવી પ્રભુને અભિમન્યુ પાસે લાવ્યા. અભિમન્યુ પ્રભુને પગે લાગ્યો. પછી પ્રભુએ પૂછયું. હે અર્જુનના પુત્ર, તું શીદ જાય છે ? ત્યારે અભિમન્યુએ જવાબ આપ્યો, હે મહારાજ !

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારા પિતા તથા મામા પાતાળમાં ગયા છે તેથી દુષ્ટ કૌરવોએ કપટ કરીને કોઠાયુદ્ધ આરંભ્યું છે માટે હું સૈન્ય સહિત લડવા માટે જાઉં છું. એવું સાંભળી શ્રીહરિએ કહ્યું, ધન્ય છે તને, હે અર્જુનના બાળ, તું ભાગ્યશાળી છે. એટલે અભિમન્યુ બોલ્યો, અરે મહારાજ, એ સઘળું આપના પ્રતાપથી છે, પછી શ્રીકૃષ્ણજીએ પૂછયું, અરે અભિમન્યુ, તારા હાથે શું તાણી બાંધ્યું છે ? એવું સાંભળી અભિમન્યુએ જવાબ આપ્યો, એ તો મારી વૃદ્ધ કુંતા માતાએ રક્ષાનો દોરો બાંધ્યો છે. એટલે દયાળુએ કહ્યું, અરે કુમાર, જરા વિચાર તો કરો કે તમે યુદ્ધ કરીને જીતશો તેમાં ડોસીને જશ મળશે, વળી, તેમાં તમે રાંડેલીના હાથનો દોરો બાંધ્યો છે, તેથી તે અપશુકન થયેલ જાણવા. અમારે તો તમારા ભલા માટે કહેવાનું છે પછી કરવું ન કરવું એ તમારી મરજી. એવું સાંભળી અભિમન્યુને વિચાર આવ્યો, આ મહારાજનું કહેવું યથાર્થ છે, એમ ધારી પોતે પોતાની રક્ષાનો દોરો તોડીને નાંખી દીધો. તેમાંથી એક તાર ગટોરગચ્છના પાસે પડયો, માયાવીએ રમતના હેતુથી તે તારને અભિમન્યુના ધનુષની પર-પંચાએ તાણી બાંધ્યો. બીકી નાંખી દીધેલો દોરો પ્રભુએ પગવતી ખેંચી લીધો ત્યાર પછી અભિમન્યુને કહ્યું, હવે તમારે યુદ્ધે જવું હોય તો ખુશીથી જાઓ. એમ કહી કુંવરને વિદાય કર્યો. એ પ્રમાણે પ્રભુ લીલા કરી અદશ્ય થઇ ગયા.

હવે પાંડવો વાજતેગાજતે આવે છે તેથી દ્રોણગુરુને ચિંતા થઈ. તેમણે ચાર સેવકોને જોવા મોકલ્યા. એટલે સેવકોએ જોઇ આવીને દ્રોણને ખબર આપી કે અર્જુનનો પુત્ર અભિમન્યુ કોઠા યુદ્ધ માટે આવે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે. એવું સાંભળી દ્રોણગુરુ ખુશી થયા. એવામાં ઓત્રારાણી સાંઢ ઉપર ચાલી આવે છે, તેણીએ, દૂરથી અભિમન્યુને રથમાં બેઠેલો જોઇને રાયકાને પૂછયું. પેલા લીલા રથમાં સુશોભિત કાંતિવાળો કોણ બેઠો છે ? અરે રાયકા ભાઈ, એની સ્ત્રીએ કેવાં પુન્ય કર્યાં હશે કે આવો સુંદિર પતિ મળ્યો હશે ? એવું સાંભળી રાયકો બોલ્યો. એ ઓત્રાબહેન, એજ તારો પતિ છે. એવામાં અભિમન્યુએ પણ ઓત્રાને ઓચિંતી આવતી જોઇ તેથી તેણે પણ ગટોરગચ્છને પૂછયું, અરે વીરા, પેલી સ્ત્રીના પતિએ કેટલાં પુન્ય દાન કર્યાં હશે કે જેથી આવી અતિશય રૂપવાળી સ્ત્રીનો તે પતિ થયો હશે ? એવું અભિમન્યુનું બોલવું સાંભળીને ગટોરગચ્છે કહ્યું, હે વીરા, એ જ તમારી સ્ત્રી ઓત્રા ચાલી આવે છે. એવું સાંભળીને અભિમન્યુ ચમકી ઊઠયો. એટલામાં સાંઢ લગભગ આવી પહોંચી. ઓત્રાએ રાયકાને કહ્યું ભાઇ, સાંઢને અહીં થોભાવો.

રાયકાએ સાંઢને નીચે બેસાડી. ઓત્રાએ નીચે ઉતરીને પોતાના ગવાળામાંથી સોળે શણગાર પહેરી લીધા. પછી તેણીએ રાયકાને કહ્યું, હે ભાઇ, તું મારી સાસુજીને એટલું કહેજે, તમારી ઓત્રારાણી આવી છે તે તેના સ્વામીને રોકવા માટે ગઇ છે. વળી કહેજે કે તેનાથી બનશે તેટલું. કરીને તેના પતિને પાછો લાવશે. એમ કહી રાયકાને વિદાય કર્યો. પછી ઓત્રા કુંવરી અભિમન્યુના સામી આવી. એટલે ભીમે વિચાર કર્યો. ઠીક થયું કે ઓત્રારાણી આવી પહોંચી, કારણ કે કુંવર યુદ્ધે જાય છે તેથી સઘળાના જીવાત્માને કલેશ થાય છે, માટે જો ઓત્રારાણી પાછો લઇ જાય તો બહુ સારુ થાય. એમ ધારી વૃકોદરે સઘળાં સૈન્યને સાન કરી કે તે બંને પતિપત્ની પાસેથી દૂર રહે; વળી ગટોરગચ્છને પણ સાનમાં સમજાવ્યો, ઓત્રારાણી પાસે આવે એટલે તું પણ દૂર ઉભો રહેજે. એ પ્રમાણે સહુને સમજાવ્યા પછી જ્યાં ઓત્રારાણી પાસે આવી એટલે વૃકોદરના સમજાવ્યા મુજબ સઘળા લોકો દૂર ખસી ગયા. ઓત્રાએ આવીને ઘોડાના અછોડા પકડી લીધા. ગટોરગચ્છ એકદમ નીચે ઊતરી દૂર જઇને ઊભો. ત્યાર પછી અભિમન્યુએ પૂછયું, તમે કોની પત્ની છો ? એવું સાંભળી ઓત્રા કુંવરીએ પણ સામો પ્રશ્ન કર્યો, તમે કોના પતિ છો ? એટલે અભિમન્યુએ કહ્યું, હું વૈરાટરાજાની પુત્રીનો પતિ છું. એટલે ઓત્રાકુંવરીએ પણ જવાબ આપ્યો, હું અર્જુનજીના કુંવરની સ્ત્રી છું. એવું સાંભળી કુંવર બોલ્યો, અરે વહાલી તું આટલી બધી મોડી કેમ આવી? જો જરા વહેલી આવી હોત તો હું કદી યુધ્ધે જાત નહિ. એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઓત્રાએ કહ્યું,હે નાથ,આ તો અણઘટતું દેખાય છે.કારણ કે તમારા બાપાકાકા લડનાર બહુ સમર્થ છે છતાં તમે શા સારું મુમત કરીને જાઓ છે? એટલે અભિમન્યુ બોલ્યો,હે વહાલી પ્રિયા, તું ગમે તેટલું કરીશ પણ હવે હું ક્ષત્રી-કુંવર પાછો વળવાનો નથી.જો હું પાછો વળું તો મારાં માતાપિતાને લાંછનછે, વળી કહ્યું,હે સ્ત્રી જગતમાં કોના માતા પિતાને ધન્ય છે તે તું સાંભળ. એક તો છે ભગવાનનો ભકત થાય તે, બીજો દાતા હોય તે અને ત્રીજો શુરાતન વાળો હોય તે તેમાં શુરાતન વાળો એટલે અધર્મનું ઉછેદન કરી ધર્મનું પાલન કરતો હોય તેવા શુરાતનવાળાના માતાપિતાને ધન્ય છે. માટે હે સ્ત્રી,હું યુદ્ધ કરવા જરૂર જવાનો છું. તેટલા માટે તમે મિથ્યા મુમત મૂકી તંબૂમાં જાઓ કારણ કે આપણા સગાં વહાલાં આપણને જુએ છે.તમારે તમારા પિતાની તથા મારા કાકાની શરમ રાખવી જોઇએ. એવું સાંભળી ઓત્રાકુંવરી બોલી. અરે સ્વામીન, હવે મારે શરમને શું કરવી છે? મારું વહાલું રત્ન તો રણમાં રોળાવા બેઠું છે, પછી મારે કોની શરમ રાખવી? એટલે અભિમન્યુએ કહ્યું, અરે નારી,તમે ઝટ તંબૂએ જાઓ નહિ તો માર ખાશો. ત્યારે ઓત્રા બોલી. હે નાથ,તમે બહુસારુ બોલ્યા,હું આપના હાથનો માર ખાઇશ? આપના પવિત્ર હાથથી મારું શરીરપાવનથશે એવા મધુર વચનો સાંભળી કુંવરને અતિઉલટ આવી,તેથી તેણે પોતાની સ્ત્રીને કહ્યું,જગતમાં ચાર હઠો છે. તેમાં તે સ્ત્રીહઠ પકડી છે. એટલે ઓત્રાએ કહ્યું. હે પતિ મેં સ્ત્રીહઠ પકડી છે તેમ તમે પણ બાળહઠ પકડી છે. એવું ઓત્રાનું બોલવું સાંભળી અભિમન્યુએ જાણ્યું સ્ત્રી નાની છેપણ હોંશિયાર છે. ત્યારે પછી પોતે ઓત્રાને કહ્યું,ઓ અબળાહવે મારો ઉપાય નથી. નહિતો હું પાછો વળત, એમ કહીને પોતાની આંખોમાં ઝળઝળિયાં આણ્યાં,તે જોઇને ઓત્રાકુંવરી પણ રડીને કહે છે કે હે નાથ જો તમે મને મૂકીને જશો તો હું મારા પ્રાણ તજીશ. અરે મારા વહાલા પતિ, મને જ્ઞાનથી સમજણ પડે છે કે તમે જીવતા પાછા આવવાના નથી,માટે મારુ જોબન કેવી રીતે પાર પડશે?હે નાથ, મને શીદ રડતી મુકીને ભવની આશાનો ભંગ કરાવો છો? જયારે તમારે આવું કરવું હતું તો મને શા માટે પરણ્યા?

એવું પોતાની સ્ત્રીનું છાતીફાટ રડવું જોઇને અભિમન્યુએ કહ્યું,હે નારી તમે શા માટે મને રડાવો છો? તમનેજોઇને મને બહુજ દયા આવે છે.હેસ્ત્રી,મને તારી સાથે રહેવાની ઈચ્છા છે પણ તેનો મારા મામાએ ભંગ પડાવ્યો.પણહે સ્ત્રી,જો એકવાર જીવતો ઘેર આવું તો પહેલવહેલું મોસાળ ઉજજડ કરીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કૃષ્ણને ઠેર મારીશ. અને જો જીવતો નહિ આવું તો તને પેલે ભવે મળીશ. એવાં પોતાના પતિનાં વચન સાંભળી ઓત્રા ધ્રૂસકા મૂકીને રડે છે. વળી રડતાં રડતાં પોતાના પતિને કહે છે,હે નાથ,મને મારી નાંખ્યા પછી યુદ્ધ કરવા માટે ખુશીથી જાઓ, ઓ પતિ! મને આ ભૂમિ સ્મશાન જેવી ભાસે છે. એ પ્રમાણે કહીને છાતીમાથા કુટે છે. તે જોઇને અભિમન્યુ કહે છે હે સ્ત્રી, તું જરા વહેલી આવી હોત તો હું ઘરની બહાર ન નીકળત. હવે મારો ઉપાય ચાલે તેમ નથી, કારણ કે હું ક્ષત્રીનો કુંવર, પાછો વળું તો પૃથ્વી રસાતાળ જાય. એમ કહીને પોતે ઓત્રા પ્રત્યે બોલ્યો, હે નારી, તું વૈભોગ લેવાને માટે આટલી ખેંચતાણ કરે છે પણ તે વૈભોગ તો વૃથા છે. આ સંસારને તજી પ્રભુનું ભજન કરવું એ ઉત્તમ છે. એવું સાંભળી ઓત્રાએ કહ્યું, અરે પતિ, તમે કીયા સંસારને તજવાનું કહો છો? જેણે અનીતિનો ત્યાગ કર્યો છે તેણે જ સઘળો વહેવાર તજેલો છે એમ સમજવું, વળી જુઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરે પણ સ્ત્રી રાખેલી છે માટે નારી વિના સંસાર કયાંથી? વળી હે સ્વામી, મોટા જ્ઞાની પુરુષો પણ નારીથી અવતર્યા છે. માટે નારી જ સ્વર્ગ આપવાવાળી છે. એટલે અભિમન્યુ બોલ્યો,હે સ્ત્રી, તારું કહેવું સત્ય છે. હવે મારાથી પાછું વળાય તેમ નથી. તેમ છતાં જો પાછો વળું તો જગતમાં કહેણી થાય,લોકો કહેશે, એની માતાએ પાછો વાળવા માંડયો હતો તો પણ તેણે માન્યું નહિ અને સ્ત્રીના કહેવાથી પાછો વળ્યો, તેટલા માટે હું કદી પાછો ફરવાનો નથી એ નિશ્ચય માનજે. એવું સાંભળી ઓત્રાએ વિચાર કર્યો, હઠીલો પતિ માનવાનો નથી, એમ ધારી તેણીએ અભિમન્યુને કહ્યું, હે પતિ મને પુત્ર આપીને ખુશીથી જાઓ. એવું સાંભળી અભિમન્યુ બોલ્યો.અરે સ્ત્રી,આ શું બોલી યુદ્ધ કરવા જતાં.સ્ત્રીને ન અડવું જોઇએ,કારણ નારી તો નર્કની ખાણ છે, ત્યારે ઓત્રા બોલી, ઓ પતિ, જરા વિચારીને બોલો, જો નારી નર્કની ખાણ હોય તો તમારી માતા, મારી માતા કોણ છે? એવું સાંભળીઅભિમન્યુએનીચું ઘાલ્યું.પછી ઓત્રાએ અભિમન્યુને કહ્યું,નારી તો રત્નની ખાણ છે;જેથી કરીને તમારા જેવા રત્ન સરખા કુંવરોને જન્મ આપે છે,નર્કની ખાણ તો કોને સમજવી કે જેના પેટ વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે.

એવું સાંભળી અભિમન્યુએ વિચાર કર્યો. સ્ત્રી ઘણી ચાલાક છે. તેથી હું તેને પહોંચવાનો નથી. એમ ધારી ઓત્રાને કહ્યું, સ્ત્રી, સ્ત્રીની બુદ્ધિ કેટલી? પગની પાનીએ. એનામાં પુરુષ કરતાં ઘણી ટુંકી બુદ્ધિ હોય છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એવું સાંભળી ઓત્રા બોલી હે નાથ, હું તમને ક્યારે પુરૂષ જાણું કે તમેમારા પ્રશ્નનો ઉત્તર આપો ત્યારે. જો તમે મારા પ્રશ્નનો ઉત્તર આપશો તો હું તંબૂએ ચાલી જઇશ,અને જોતમારાથી ઉત્તર ન અપાય તો મને પુત્ર આપવો પડશે.એ પ્રમાણે મારાસાથે વચનથીબંધાવોએટલે અભિમન્યુએ ઓત્રાનેકહ્યું,તારે પુત્રની આશા છે,પણ પ્રશ્નનો ઉત્તર મારાથી નહિ અપાય એવું શું રસાતાળ ગયું છે, હું પ્રશ્નનો ઉત્તર આપું તો તારે કંઈ હઠ લેવી નહિ. ત્યારે ઓત્રા બોલી, બહુ સારું પતિ.એ પ્રમાણે બોલી બેઉ જણાએ સામાસામી વચન આપ્યું,ત્યારપછી ઓત્રાએ કહ્યું, એકાદશીના દિવસે પિતૃનું શ્રાદ્ધ અને નારીના ગર્ભનો દિવસ હોય તો તે દિવસે ત્રણને કેવી રીતે સાચવવા? કારણ કે એકાદશીનો ઉપવાસ થવો જોઇએ.શ્રાદ્ધ સરાવીને જમવું જોઇએ અનેસ્ત્રીને ઋતુપણ આપવું જોઇએ,આ ત્રણ કર્તવ્ય સિદ્ધ થવાં જ જોઇએ. માટે હે પતિ, વિવેકથી પ્રશ્નનો ઉત્તર કરો. વળી હે પતિ, આ પ્રશ્નનો ઉત્તર તમે જ્ઞાન વડે આપજો. કારણ કે વિદ્વાન જેમ ફક્ત વિદ્યા ભણી જાણે છે અને જ્ઞાનભાગને સમજતા નથી તેમ તમે વિદ્વાનની માફક વગર વિચારે જવાબ આપ્યા સિવાય જ્ઞાનની માફક જ્ઞાનદષ્ટિએ વિચાર કરીને જવાબ આપજો.એવું સાંભળી અભિમન્યુએ કહ્યું,હે સ્ત્રી, ત્રણે કાર્ય એક બીજાથી વિરુદ્ધ છે, માટે મારી નજર પહોંચતી નથી,તેથી તારા પ્રશ્નનો ઉત્તર મને કરી બતાવો તો મારૂં મન શાંત થાય. એટલે ઓત્રા બોલી, તમે મને પુત્ર આપો તો કહી બતાવું. એવું પોતાની સ્ત્રીનું બોલવું સાંભળી અભિમન્યુએ વિચાર કર્યો, નારી હઠીલી છે માટે માનશે નહિ. એમ કરી તેણે ગટોરગચ્છને સાન કરી, હે વીરા, તમે તંબૂ ખેંચાવો. ત્યારે ચતુર ગટોરગચ્છ સમજી ગયો, તેથી તેણે સેવકોને હુકમ કરીને તંબૂ ખેંચાવી દીધો.

હવે પાતાળમાં પ્રભુને વિચાર થયો, મારે ભાણેજને મારવો એ ખરું પણ મારા ભક્તનો વંશ રહે તેમ કરવું જોઇએ. એમ ધારી પોતે સૂર્યને આજ્ઞા આપી. હે દેવ તું છ માસ સુધી સ્થંભી રહેજે. પછી પોતે. પશુ, પક્ષી, દેવ દાનવ અને માનવ સઘળાને અંજલિ ભરીને છાંટી,જેથી કરીને સહુને આળસ નિદ્રા આવે, વળી હરિએ વિચાર્યું, કદી દિવસે ગર્ભ રહેશે તો વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થશે એમ ધારી પોતે તંબૂ ઉપર ધુમાર વરસાવ્યો, જેથી કરીને સૂર્યનો બાધ ન આવી શકે. એ પ્રમાણે શ્રીહરિએ પાતાળમાં રહી ભક્તનું કામ કર્યું,હવે અભિમન્યુને તથા ઓત્રાને પરસ્પર હેત ઉપજ્યું,તેથી સંસાર વહેવાર ચલાવ્યો,એ પ્રમાણે આનંદ કરતામાં ઇશ્વરઇચ્છાએ ઓત્રાને પેટ ગર્ભ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહ્યો.હવે અભિમન્યુ ઓત્રાનેકહે છે.હે સ્ત્રી,હું જે વચનથી તારી સાથે બંધાયો હતો તે પરિપૂર્ણ થયું માટે હવે તું વચન સત્ય કરતી હોય તો તારા પ્રશ્નનો ઉત્તર કહી દે.ત્યારે ઓત્રાએ કહયું,બહુ સારું પતિ,હું આપને હમણાંજ કહી બતાવું છું. એમ કહી પોતે બોલી, હે નાથ, એકાદશીનો ઉપવાસ જરૂર કરવો તેમાં શ્રાદ્ધે કરીને પિંડ સુંઘીએ તો જમ્યા બરાબર થાય છે અને તેમ કરવાથી ઉપવાસ કાયમ રહે છે, એકાદશીની મધ્યરાત્રિ પછી સ્ત્રીને ઋતુ આપવું,જેથી કરીને ઉપવાસ બાધ નડતો નથી. એ પ્રમાણે ત્રણે કાર્ય સચવાય અને બાધ ન આવે તે મુજબ વર્તવું એ આજ્ઞાની પુરુષોનો ધર્મ છે. એવું પોતાની સ્ત્રનું બોલવું સાંભળીને અભિમન્યુ હરખી ગયો. ત્યારે પછી ઓત્રાને કહ્યું, હે નારી, હવે તમે મારી આશા તજી દેજો. કારણ કે મને નથી લાગતું, હું જીવતો ઘેર આવું. તમે મારી ગરબડી માતાની ચાકરી કરજો, અને દાંતમાં છેડો ઘાલીને કામ તમારા દહાડા ઘેર બેઠા ઇશ્વિર સ્મરણમા નિર્ગમન કરજો. એમ કહી ઉભો થયો એટલે ઓત્રાએ આવીને તેના ચરણમાં પોતાનું શીશ મૂકયું. પછી પોતાના સ્વામીની છબી નિરખીને રુદન કરે છે. હે નાથ,હું આપનું કોમળ મુખ કયારે દેખીશ? એ પ્રમાણે ઓત્રાને વિલાપ કરતી રહેવા દઇને અભિમન્યુ પોતાના રથમાં આવીને બેઠો.એટલે સકળ સૈન્ય પણ તૈયાર થઈ ગયું. પછી અભિમન્યુની આજ્ઞાથી એ સેવકો ઓત્રા રાણીને તંબૂએ તેડી ગયા. ત્યાં ઓત્રારાણીએ સુભદ્રાને પગે લાગીને કહ્યું, હે સાસુજી મારા કમનસીબે રસ્તે આવતાં સાંઢને ભાલો વાગ્યો તેથી હું મો[illegible] આવી છું, માટે ક્ષમા કરજો. વળી મેં તમારા પુત્રને ઘણા સમજાવ્યા પણ મન ગરીબડીને રણમાં રઝળતી મૂકીને ચાલ્યા ગયા. તો પણ હે સાસુજી, તમારા પુન્યથી એમનો એક પુત્ર લાવી છું ત્યારે સુભદ્રાએ ઓત્રાને કહ્યું, બાઇ,મોટે આવેલો કોળીઓ ગયો તો અન્યની શી આશા ? હશે તારૂં ને મારૂં ભવિષ્ય.

એમ કહી બંને સાસુ તથા વહુ તંબૂએ રહ્યા.હવે અભિમન્યુ તો આનંદમાં ચાલ્યો જાય છે. જ્યાં કોઠાની લગભગ થયા એટલે અભિમન્યુ બોલ્યો અરે ભીમકાકા, કોઠામાં જ લડવાનું છે તે યુક્તિ ભરેલું છે તેમાં સૈન્યની જરૂર નથી, એવું કહેતામાં જ ભીમસેને સકળ સૈન્યને હુકમ કર્યો. તમે સુંદિર છાંયો જોઇ વિશ્રામ કરો, ફક્ત હું, ગટોરગચ્છ અને અભિમન્યુ અમે ત્રણ જણા યુદ્ધ કરીશું. એટલે નીકુળ સૈન્ય લઈ સુંદિર છાયામાં બેઠા. પછી ભીમ,ગટોરગચ્છ તથા અભિમન્યુ પહેલે કોઠે ગયા તો પાષાણ કોઠામાં દ્રોણગુરુ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊભેલા છે. આ ત્રણ જણાએ ત્યાં આવી તેમને નમસ્કાર કર્યાં એટલે દ્રોણગુરુ બોલ્યા, આવો દીકરા.મને પણ લડવાની ઘણી હોંશ છે. એવું સાંભળી અભિમન્યુ બોલ્યો, અરે ગુરુ મહારાજા, મારા પિતાને વચન આપીને પાતાળમાં મોકલ્યા; અને આપ દુષ્ટની શિખામણથી આ કાર્ય કર્યું તે આપને ઘટિત નથી. એમાં તમારી આબરૂના કાંકરા છે. અમારે તો કંઈ હરકત નથી. કારણ કે અમે જીતીશું તો જગતમાં કહેવાશે કે ગુરૂ કરતાં ચેલા વધ્યા, અને હારીશું તો એમ કહેવાશે કે ગુરૂએ વિદ્યાર્થીનું છોકરું માર્યું. એમાં મોટું શું પરાક્રમ કર્યું? માટે બે તરફની તમને મુંઝામણ છે. એવું સાંભળી દ્રોણગુરુએ વિચાર કર્યો, અરેરે દૈવ, જો મેં આ કાર્ય ન કર્યું. હોત તો કેણ ઠપકો દેનાર હતું,પણ દુષ્ટ દુર્યોધને મને ઠપકો અપાવ્યો, માટે તેનું સત્યાનાશ જજો.

એમ કહી દ્રોણ બોલ્યા, હે અભિમન્યુ, જે થવાનું હતું તે થયું માટે હવે ધનુષ ખેંચી મારી સાથે યુદ્ધ કર. ત્યારે અભિમન્યુએ કહ્યુ,અરે મહારાજ, તમે યુદ્ધમાં શું સમજો,તમે તો બ્રાહ્મણ છો માટે લાડુ ખાઈ જાણો.એવું અભિમન્યુનું બોલવું સાંભળીને દ્રોણગુરુએ ક્રોધ કરીને કહ્યું, યાદ રાખજે છોકરા, હવે શું બને છે. પછી અભિમન્યુ તથા દ્રોણગુરૂ સામસામી યુધ્ધે તૂટી પડયા.અભિમન્યુનાં એક બાણનાં ચાલીસ હજાર બાણ થાય છે અને દ્રોણગુરૂનાં એકનાં એંસી હજાર થાય છે. તેથી બિચારો કુંવર દ્રોણને કયાંથી પહોંચી શકે? એમ લડતાં લડતાં દ્રોણગુરૂએ અમિન્યુનું શરીર બાણથી ચારણી જેવું કરી નાંખ્યું, તેથી સુભદ્રાના કુંવરના દેહમાંથી રુધિર ચાલ્યું જાય છે. એ પ્રમાણે બનવાથી ગટોરગચ્છે જાણ્યું, અભિમન્યુને દ્રોણગુરુ મારશે એમ ધારી માયાવી આકાશમાં ઉંચે ચઢયો. ત્યારે દ્રોણગુરુએ વિચાર્યું મને રખેને વિઘ્ન કરે એમ ધારી પોતે એક બાણથી ગટોરગચ્છને તંબૂ આગળ ફેંકી દીધો, એવું જોઇ ભીમસેન ગદા લઇ દ્રોણગુરુની આગળ આવીને ઉભો. એટલે દ્રોણગુરૂએ મોહાસ્ત્રનું બાણ મારી વૃકોદરને પૃથ્વી ઉપર પાડયો. તે પછી દ્રોણગુરૂ વિચાર કરવા લાગ્યા, અભિમન્યુએ મને લાડુ ખાનારો કહ્યો છે માટે તેને મારવો જોઇએ. એમ ધારી પોતે અભિમન્યુના ઉપર બાણ મારે છે. તેથી બિચારા ઓત્રાપતિને બહુ દુઃખ થાય છે. એવામાં ગટોરગચ્છ તંબૂએથી આવ્યો અને ભીમસેન પણ તૈયાર થઇ ઉભો રહ્યો. તે બેઉને જોઇને અભિમન્યુને પણ હિંમત આવી. એ પ્રમાણે ત્રણ જણા ભેગા થઇને પાછા દ્રોણગુરૂની સાથે યુધ્ધ કરવા લાગ્યા, એવામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમસેને મડદાં લઇને દ્રોણગુરુ ઉપર નાંખ્યાં. તેથી દ્રોણ ત્રાસ પામીને દૂર ખસી ગયા એટલે અભિમન્યુ રથ હંકારાવીને કોઠાના દ્વારમાં પેઠો, ને વૃકોદરે પોતાની દસ હજાર મણની ગદા દ્રોણગુરુ ઉપર છુટી ફેંકી, ત્યારે દ્રોણે વિચાર કર્યો, ગાદી ભોગવનારો ભોગવશે અને હું નકામો મરી જઇશ. એમધારી નાસી ગયા, ને દુર્યોધન હતો ત્યાં જઇ દ્રોણગુરુએ કહ્યું હું હાર્યો. ત્યારે દુર્યોધન કહે, તમે યુદ્ધ કર્યામાં શું સમજો? તમે ફક્ત લાડુ ખાઈજાણો. એમ કહી પાપી કૃપાચાર્યને કહેવા લાગ્યો, તમારો કોઠો બીજો છે માટે તૈયારી કરો. હવે ભીમસેન તથા ગટોરગચ્છે પહેલા કોઠાના તમામ યોધ્ધાઓનો નાશ કર્યો, પછી ત્રણે જણા પહેલા કોઠામાંથી બહાર નીકળી ગયા. એટલે અભિમન્યુએ વજ્રનું બાણમારી પહેલો પાષાણનો કોઠો ભાગી નાખ્યો. ત્યાર પછી બીજા કોઠાએ આવીને તેઓ ઊભા. હવે કૃપાચાર્ય પણ સામાઆવીનેઊભા રહ્યા છે. ત્રણે જણા કૃપાચાર્યનેપગે લાગ્યા પછી ભીમસેને કૃપાચાર્યને કહ્યું, હે મહારાજ, તમારા બનેવી દ્રોણગુરુ અમારાથી હાર પામીને નાસી ગયા તો પછી તમારી શી ગણત્રી? એવું સાંભળી કૃપાચાર્ય બોલ્યા, અરે વૃકોદર, તમારું કહેવું મને સત્ય ભાસે છે પણ હું કેમ કરીને જાઉં? ત્યારે ભીમસેન કહે, હું તમને યુક્તિ બતાવું તેમ કરો એમ કહી વૃકોદર બોલ્યો. હે કૃપાચાર્ય, આપણે આપણાં આયુદ્ધો ઊંચે ઉછાળવાં એટલે કૌરવો જાણશે. તેઓ લડે છે એ પ્રમાણે થોડો વખત યુધ્ધ કર્યા પછી તમે યુધ્ધ પડતું મૂકીને હાર્યો હાર્યો કહેતા કહેતા કૌરવો પાસે જજો

એવું સાંભળી કૃપાચાર્યે કહ્યું, વાહ ભીમસેન. ધન્ય છે તારી યુક્તિનેએમ તેઓ સામસામી ઊભા રહ્યા. પછીઆયુધોને આકાશમાં ઊંચા ઉછાળવામાંડયા. ભીમસેન પોતાની ગદા નીચે પછાડીને બુમો પાડયા કરે છે. એટલે કૌરવોએ દ્રોણગુરુને કહ્યું. જુઓ મહારાજ, આનું નામ તે યુધ્ધ કર્યું કહેવાય. તમે તો લડયા વિના હાર પામીને નાસી આવ્યા એટલે દ્રોણે વિચાર કર્યો, જો મારો સાળો જીતશે તો મારું નામ લજવાશે માટે તે હાર પામજો. એ પ્રમાણે પોતે શ્રાપ દીધો. હવે અભિમન્યુ તથા કૃપાચાર્ય બેઉજણાએ થોડો વખત યુદ્ધ કર્યું એટલે ભીમસેને કૃપાચાર્યને સાન કરી, મહારાજ, હવે નાસી જાઓ. એટલે કૃપાચાર્ય જીવ લઇ કૌરવોમાં દુર્યોધનની પાસે જઇને ઊભા અને કહેવા લાગ્યા, છત્રપતી મારાં તો હાડકાં કુટાઈ ગયાં છે, છે, છેવટે હું તો ત્રાસ પામીને, નાસી આવ્યો છું. એવું સાંભળી દુર્યોધન બોલ્યો, અરે અશ્વત્થામા, હવે તમે પધારો તમારા બ્રાહ્મણોનો પાર આવ્યા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પછી અમારા ક્ષત્રીઓનો ઝપાટો જોઇ લેજો, એ પ્રમાણે માંહેમાંહે વાત કરે છે. હવે અભિમન્યુએ વજ્રાસ્ત્રથી બીજો કોઠો ચુર્ણ કરી નાંખ્યો. ભીમસેન તથા ગટોરગચ્છે બીજા યોધ્ધાઓને ઠેર મારી નાંખ્યા. પછી ત્રણે જણા ત્રીજા કોઠાએ આવીને ઊભા.હવે અશ્વત્થામાએ વિચાર કર્યો,મારે જરૂર અર્જુનજીનાકુંવરને ઠેર મારવો. એમ ધારીને પોતે ત્રીજા કોઠાએ ઊભા એટલે અભિમન્યુ, ભીમસેન તથાગટોરગચ્છેઆવીનેઅશ્વત્થામાને નમસ્કાર કર્યા.એટલેઅશ્વત્થામા બોલ્યા,અરે અભિમન્યુ,તેં મારા પિતાને હરાવ્યા પણ હવે મારો ઝપાટો જો.એમ કહી અભિમન્યુને યુદ્ધ કરવાની આજ્ઞા આપી,એટલે અભિમન્યુએ અશ્વત્થામાને કહ્યું.તમે યુદ્ધ કર્યામાં શું સમજો,તમે ફક્ત લાડુ ખાઈ જાણો.હું ધારું તો તમને એક બાણે ઉડાડી દઉં.ત્યારે અશ્વત્થામા બોલ્યા,અલ્યા,તું મને એકબાણે ઉડાડે તો અર્જુનનો પુત્ર ખરો, નહિ તો નામ બોળ્યું. એવું સાંભળી અભિમન્યુએ કહ્યું,જો તમને એક બાણે ન ઉડાડું તો મારા પિતૃ નર્કે જાય એટલે અશ્વત્થામાએ પણ ક્રોધ કરીને કહ્યું, અલ્યા, એક બાણથી તારા બાણના ત્રણ કટકા ન કરું તો મારા પિતૃ નર્કે જાય,એ પ્રમાણે બેઉ જણાએ નિશ્ચય કર્યો,ત્યારે ભીમસેને અભિમન્યુને કહ્યું, અરે સુભદ્રાસુત, તેં શું કર્યું ? તમે બેઉ જણા યુદ્ધ કરો, તેમાં બિચારા પિતૃને શું કે તેમને નર્કે મોકલો છો ? એવું સાંભળી અભિમન્યુ બોલ્યો, ઓ કાકા, તેમાં મારી મોટી ભૂલ થઈ હવે ઉપાય ચાલે તેમ નથી.

એટલે અશ્વત્થામા પણ પસ્તાવા લાગ્યા,અરેરે બિચારા પિતૃને વૃથા દુખ દેવાનું ધાર્યું.પછી અભિમન્યુએ બાણ ઉપર બ્રહ્મા,વિષ્ણુને મહેશ્વર એ ત્રણનું સ્થાપન કરી ધર્મ કાકાનું પુણ્ય મૂકયું ને શક્તિનો તથા વાયુનો મંત્ર ભણીને બાણ અશ્વત્થામા ઉપર છોડી દીધું. એટલે અશ્વત્થામાએ પણ તે બાણના કટકા કરવા સારુ એક બાણ છોડયું. એટલે બેઉ જણાના બંને બાણ વચ્ચોવચ્ચઅથડાઇને યુદ્ધ કરવા લાગ્યાં.હવે અભિમન્યુના તથા અશ્વત્થામાના પિતૃઓ જોઈ રહ્યા છે કોને નર્કમાં જવાનું થાય છે. તેમાં અભિમન્યુના પિતૃ ઇશ્વરને કરગરે છે કે મહારાજ,અમારો પુત્ર જીતજો અને અશ્વત્થામાના પિતૃ એવી સ્તુતિ કરે છે કે અમારો દીકરો જીતજો. એટલામાં અશ્વત્થામાના બાણે અભિમન્યુના બાણના ત્રણ કટકા કરી નાંખ્યા એટલે તે ત્રણ કટકા કોઠામાં આવીને પડયા. તે જોઈ અશ્વત્થામાએ મૂછ ઉપર હાથ નાંખ્યો. એટલામાં જ અભિમન્યુએ જે બાણ માર્યું હતું તે બાણનો વચલો ભાગ વિષ્ણુનો કટકો ઉછળીને અશ્વત્થામાની છાતીમાં વાગ્યો.વાગતાં જ તે કટકાએ અશ્વત્થામાને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આકાશમાં ઉછાળીને જ્યાં દ્રોણ કૃપાચાર્ય બેઠા હતા ત્યાં ફેંકી દીધા. એટલે બંનેના વૃધ્ધોએ રાજી થઇને આશીર્વાદ દીધો. હવે અભિમન્યુ, ભીમસેન તથા ગટોગચ્છ આ ત્રણે જણે યોદ્ધાઓને મારી નાંખ્યા. ને કુંવરે વજ્રાસ્ત્રનું બાણ મારી ત્રીજા કોઠાને ચુરણ કરી નાંખ્યો. ત્યારે કૌરવોમાં દુર્યોધન, દ્રોણ, કૃપાચાર્ય તથા અશ્વત્થામાને કહે છે, અરે મહારાજા, તમે યુદ્ધ કર્યામાં શું સમજો, હવે અમારો ક્ષત્રીનો ઝપાટો જોઈ લેજો. એવું સાંભળી દ્રોણ મનમાં શ્રાપ દે છે હે દુષ્ટ ચંડાળ,તારે પણ અમારા જેવું થજો. હવે કર્ણરાજા પોતાના વૃશકેતુ તથા ચંદ્રકેતુ એ બેઉ પુત્રસાથે ચોથો રૂપાનો કોઠો શોભાવીરહ્યા છે.એવામાં અભિમન્યુસામોયુદ્ધને માટે તૈયાર ઊભેલો છે.હવે વૃશકેતુએ કરણ રાજાને કહ્યું,હે પિતાજી. તમે અળગા ઊભા રહો અમને બેઉ ભાઈઓને અભિમન્યુની સાથે યુધ્ધ કરવા દો.ત્યારે કર્ણે,કહ્યું,અરે દીકરાઓ,અભિમન્યુ તો સિંહ છે, એની સામુ શું યુધ્ધ કરી શકશો ? એવું સાંભળી વૃશકેતુ બોલ્યો,શું ત્યારે અમે સિંહ નથી ? માટે હે પિતાજી, અમને ખુશીથી લડવા દો. એટલે કર્ણરાજા અળગો બેઠો. અભિમન્યુએ પણ ભીમસેનને અળગા બેસાડયા. હવે વૃશકેતુ તથા ચંદ્રકેતુએ હથિયાર ધારણ કરી ધનુષ ચડાવીદીધું એવું જોઈ અભિમન્યુ પણ તૈયાર થયો. વૃશકેતુ તથા ચંદ્રકેતુનાં એકેક બાણનાં દસદસ હજાર બાણ થાય છે અને અભિમન્યુનનાં ચાળીસ હજાર થાય છે. તેથી બિચારા કર્ણરાજાના કુંવરોનું બિલકુલ જોર ચાલતું નથી. એમ કરતાં કરતાં અભિમન્યુએ બેઉ ભાઇઓના બે રથ ભાગી નાંખ્યા તથા બેઉને નાગપાસથીબંધન કીધા,એવુંજોઇને કર્ણરાજા બે પુત્રોના હાથ છોડીને યુદ્ધ કરવા માટે તૈયાર થયો.એટલે ભીમસેન પોતાની ગદા લઇકર્ણ સામે આવીને ઊભો.

હવે અભિમન્યુ તથા કર્ણરાજા સામસામી યુધ્ધ કરવા લાગ્યા. તેમાં કર્ણરાજાએ અગણિતા મંત્રથી અભિમન્યુનું શરીર વીંધી નાંખ્યું એવું જોઈને ગટોરગચ્છ આકાશમાં ઉછળ્યો. એટલે કર્ણરાજાએ બાણ મારી ગટોરગચ્છને ડેરા તંબૂએ ફેંકી દીધો. એટલે ભીમસેન ગદા લઇ તૈયાર થઇ ગયો, ત્યારે કર્ણરાજાએ મોહસ્ત્ર બાણ લઇ ભીમસેનના હૃદયમાં માર્યું જેથી કરી વૃકોદર પૃથ્વી ઉપર પડી ગયો, હવે અભિમન્યુનું શરીર ચારણી જેવું થવાથી પાતે બેભાન થયા જેવો થઈ ગયો છે.એવામાં કર્ણરાજાએ બે બાણથી અભિમન્યુનો રથ ભાંગ્યો તથાઘોડાનો નાશ કર્યોતેથી અભિમન્યુ પૃથ્વી ઉપર પડી ગયો.તે દેખી કર્ણરાજાહાથમાંફરસી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લઈને અભિમન્યુની છાતી ઉપર ચઢી બેઠો. પછી અભિમન્યુને કહે છે કે આજ તને ઠેર મારી નાંખું છું, તેમ છતાં તારે જીવવું હોય તો મને કાકા કહે તો જીવતો રહેવા દઉં એટલે અભિમન્યુએ વિચાર કર્યો, કાકા નહિ કહીએ તો મારી નાંખશે માટે કાકા કહ્યામાં શું જાય છે. એમ ધારી પોતે કર્ણને કહ્યું; કેમ છે કર્ણ કાકા ! એવું કહેતામાં જ કર્ણરાજા છાતી ઉપરથી ઉતરીને પોતાના પુત્રો પાસે જઈને બેઠો ત્યાર પછી અભિમન્યુએ ઊભા થઈને વિચાર કર્યો, હું ક્ષત્રીનો પુત્ર થઈને પાછો પડું તે ખોટું કહેવાય માટે સામો ઊભો રહીને યુદ્ધ કરું એમ ધારી પોતે કર્ણરાજાને કહેવા લાગ્યો, અરે કર્ણરાજા તમે કાકા કહેવરાવીને શું રાજી થયા છો ? કાકા તો જગતમાં પાંચ પ્રકારના છે. તેમાં ઘરમાં ગુલામ હોય તેને પણ કાકા કહેવાય છે. માટે જનમથી તું ઘરમાં રહેલો છે તેથી તું ગુલામ કાકો છે. એવું સાંભળી કર્ણરાજાને ક્રોધ ચઢવાથી અભિમન્યુ સામુ યુદ્ધ કરવા લાગ્યો, ત્યારે અભિમન્યુએ વિચાર કર્યો, કર્ણ-રાજા મને માર્યા વિના રહેવાનો નથી એમ ધારી પોતે કાળજ્વરનું બાણમારી કર્ણરાજાના નાના પુત્ર ચંદ્રકેતનું શીશ છેદી નાખ્યું. અને બીજા પવનાસ્ત્રના બાણે મોટા પુત્ર વૃશકેતુને આકાશમાં ઉરાડયો તે હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્રની પાસે આવીને પડયો. હવે કર્ણરાજાએ પોતાના બંને પુત્રોનું મરણ જાણી અભિમન્યુનું શરીર બાણથી વીંધી નાંખ્યું, તે અર્જુન સુતે મનમાં વિચાર કર્યો, અરેરે હવે જીવ જશે. એવામાં ભીમસેન તેની મૂર્છા વળી જવાથી પાછો ગદા લઈને તૈયાર થયો, એટલામાં ગટોરગચ્છ આકા-શમાં ઉછળીને કર્ણરાજાના રથ તળે ભરાઈ ગયો. ને કૌરવોમાં તે રથને ફેંકી દીધો તેથી કર્ણરાજાનાં હાડ ચુરણ થઈ ગયાં. બિચારો કર્ણ રથમાંથી બહાર નીકળીને કહેવા લાગ્યો, અરેરે મારા બેઉ પુત્રોનાશ પામ્યા, અને હું વાંઝીઓ થયો. એવું સાંભળી દુર્યોધન બોલી ઊઠયો. અરે દ્રોણ-ગુરુ, જો પ્રધાનથી કાર્ય થતું હોય તો રાજાનો કોણ ભાવ પૂછે ? હવે તમે સઘળા જોઈ લેજો કે છત્રપતી કેવું લડે છે. એ પ્રમાણે બોલીને ફુલાઈ ગયો. એટલે કર્ણે મનમાં શ્રાપ દીધો કે અરે પાપી, તું પણ મારા જેવો વાંઝીઓ થજે. હવે ભીમ-સેન તથા ગટોરગચ્છે ચોથા કોઠાના તમામયોધાઓનો નાશ કર્યો, પછી ગટોર ગચ્છ આકાશમાં ઉછળીને પોતાની સેનામાં પડયો. ત્યાંથી રથ ખેંચી લાવી અભિમન્યુને બેસાડી દીધો. એટલે ભીમસેને પૂછયું. બેટા અભિમન્યુ. તારાશરી-રને કેમ છે ? અભિમન્યએ કહ્યું, કાકા, આજ મને વધારે માર પડયો, પણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હશે, મારા શરીરમાંથી બાણ ખેંચી કાઢો. એટલે ભીમસેન તથા ગટોરગચ્છે અભિમન્યુના શરીરમાં વાગેલાં બાણ ખેંચી કાઢયાં. પછી બાણની જગાએ લૂગડાની ચીંદરીઓ ઘોંચી ઘાલી. એ પ્રમાણે અભિમન્યુનું શરીર ધોઈ કરીને સાફ કર્યું. પછી નવાં વસ્ત્ર શણગાર ધારણ કરાવી દીધાં. એટલે અભિમન્યુ ખુશી થઇને બોલ્યો, અરે વૃકોદર કાકા, હવે મને ઠીક છે, માટે પાંચમે કોઠે ચાલો. પણ જોઈ વિચારીને ચાલજો. કારણ કે જો આડા અવળા ચઢી જશો તો આખો જન્મારો ફરશો પણ રસ્તો હાથ આવવાનો નથી. એવું સાંભળી ગટોરગચ્છ કહે. બહુ સારું વીરા, તમારી મરજી મુજબ રથને હાંકીશ. પછી અભિમન્યુ સુતાં સુતાં આંગળી બતાવે છે તેમ ગટોરગચ્છ રથને હાંકે છે. એવામાં અભિમન્યુએ ભીમસેનને કહ્યું, અરે કાકા, જો મારા જેવો માર ગટોરગચ્છને પડે તો જીવ લઇને નાસી જાય. એવી વાત કરે છે એવામાં પ્રભુએ વિચાર કર્યો. જ્યાં સુધી ગટોરગચ્છ છે ત્યાંસુધી અભિમન્યુ મરવાનો નથી. માટે બેઉને વિખુટા પાડું તો ઠીક. એમ ધારી પ્રભુએ બેઉ જણાને અહંકાર મૂકયો. ગટોરગચ્છ બોલ્યો, હે અભિમન્યુ, જો હું કર્ણને ન ઉંચકી ગયો હોત તો તને ઠેર મારત.

એવું સાંભળી અભિમન્યુએ કહ્યું, અલ્યા, તારાથી શું બનવાનું હતું? તું તો મારો ગુલામ છે ત્યારે ગટોરગચ્છ બોલી ઊઠયો, હવે હું રથ હાંકું તો બ્રહ્મહત્યાનું પાપ. એમ કહી પોતે સૈન્યમાં આવીને બેઠો, ત્યારે વૃકોદર બોલ્યો, બેટા અભિમન્યુ, તમે શા માટે ગટોરગચ્છને કાઢી મૂકયો, હવે તમારો રથ કોણ હાંકશે? જો હું હાંકવા બેસું તો રથ ભાગી જાય તથા ઘોડા પણ મરણ પામે. એવું સાંભળી અભિમન્યુ બોલ્યો, વહાલા કાકા, જે [illegible] હતું તે થયું. હું મારી જાતે રથને હાંકીશ, મારા પગના અંગૂઠાથી રથ હાંકીશ અને યુદ્ધ કરીશ. પણ હું કોઇનાથી ડરવાનો નથી. એમ કહી પોતાના અંગૂઠા નીચે ઘોડાના અછોડા દબાવીને રથને હાંકવા લાગ્યો. પછી અભિમન્યુ તથા ભીમસેન પાંચમા કનકના કોઠે જઇને ઊભા ત્યાં દુર્યોધન તેના લક્ષ્મણા પુત્રને લઇને સામો ઊભો છે, હવે દુર્યોધન પોતાના પુત્ર લક્ષ્મણાને કહે છે, તું અભિમન્યુને મારી નાંખ અને હું વૃકોદરના પ્રાણ લઇશ. ત્યારે અભિમન્યુ ભીમસેનને કહે છે. તમે દુર્યોધનને મારજો અને હું લક્ષ્મણાને ઠેર મારીશ, કહી તેઓએ સામાસામી યુધ્ધ આરંભ્યું. હવે દુર્યોધને તથા ભીમસેને પોતાનાં આયુધ્ધ નાંખી દઇને સામાસામી મલ્લયુધ્ધ કરવા માંડયું. એટલે અભિમન્યુએ તથા લક્ષ્મણાએ સામસામી બાણ ફેંકવા માંડયા. અભિ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મન્યુએ મનમાં વિચાર કર્યો લક્ષ્મણો મારી શી ગણત્રીમાં છે એમ ધારી પોતે રમતમાં બાણ ફેંકે જાય છે. હવે વૃકોદર તથા છત્રપતી મોટા મહારથી પણ ડરી જાય એવું યુધ્ધ કરે છે. યુધ્ધ કરતાં કરતાં દુર્યોધનને ભીમસેનને ઉંચકીને નીચે નાંખ્યો. પછી તેની છાતી ઉપર ચઢી બેઠો. એટલે ભીમે બુમ પાડી, હે અભિમન્યુ, તારો કાકો મરણ પામે છે. ત્યારે અભિમન્યુએ વિચાર કર્યો, જોહુ લક્ષ્મણાને નારી નાંખું તો લડવાનું ફાવે એમ ધારી પોતે કાળજ્વરનું બાણ લક્ષ્મણાને માર્યું તેથી લક્ષ્મણાનું મસ્તક છેદાઇ ગયું. એવું જોઇને દુર્યોધને વિચાર કર્યો, હવે અભિમન્યુ લક્ષ્મણાને મારીને નવરો થયો છે તેથી મને મારી નાંખશે, એમ ધારી પાપી ભીમની છાતી ઉપરથી ઉઠીને ત્રાસ પામી નાસી ગયો. ને દ્રોણગુરુને કહેવા લાગ્યો, હે મહારાજ, મારો પુત્ર લક્ષ્મણો પણ મરણ પામ્યો, એવું સાંભળી કર્ણ કહે, અલ્યા, રાજા થઇને કેમ હારી ગયો? ત્યારે છત્રપતી બોલ્યો, અરે ભાઈ, હું રાજયગાદી ભોગવવા આવ્યો છું. જો ન નાસી આવ્યો હોત તો મારી પણ લક્ષ્મણા જેવી વલે થાત. એમ કહીને નીચે બેઠો.

હવે ભીમસેન ઊભો થઇને દુર્યોધનને શોધે છે. એવું જોઇને અભિમન્યુએ કહ્યું. કાકા પાપી છત્રપતી તો નાસી ગયો હશે, માટે તેને શોધ્યા વિના તમે યોધ્ધાઓને મારી નાંખો. ત્યારે વૃકોદરે પાંચ હજાર યોધ્ધાઓને ઠેર માર્યા. અભિમન્યુએ વજ્રાસ્ત્રથી પાંચમો કોઠો ચુર્ણ કર્યો, પછી બેઉ જણા છઠે કોઠે ગયા. પછી શલ્લે કહ્યું, આવો ભાણેજા, આજ તો આપણે સામાસામી યુધ્ધ કરીએ. એવું સાંભળી ભીમસેને કહ્યું, ભાણેજાને મારશો તેમાં બહુ પાપ છે. ત્યારે શલ્લ કહે, જો યુધ્ધ કર્યા વિના પાછો જાઉં તો ઇજ્જત જાય, એટલે ભીમસેન કહે ઇજ્જત ન જાય એવો ઉપાય કરું. ત્યારે શલ્લ કહે, એવો શો ઉપાય છે? એવું સાંભળી ભીમસેને કહ્યું, અરે મામા, અમે તથા કૃપાચાર્યે જે પ્રમાણે કર્યું હતું તેજ યુક્તિ હું તમને બતાવું છું. મેં મારી ગદા પૃથ્વી ઉપર પછાડી પછાડીને શોરબકોર કર્યો. અને અભિમન્યુએ તથા કૃપાચાર્યે સામસામી બાણો ઊંચે ઉછાળ્યાં. એ પ્રમાણે થોડો વખત યુદ્ધ કરીને કૃપાચાર્ય નાસી ગયા. પછી કૌરવોની પાસે જઇને કહેવા લાગ્યા, હું હાર્યો હું હાર્યો. માટે તમે પણ તે જ પ્રમાણે વર્તવા માંડો. એવું સાંભળી શલ્લરાજાએ કહ્યું, ધન્ય છે ભીમસેન તારી બુધ્ધિને. એમ કહી તેઓએ યુધ્ધ શરૂ કર્યું. થોડો વખત યુધ્ધ કર્યાં પછી શલ્લરાજા નાસી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગયા અને ... જઇને કહેવા લાગ્યા, હું હાર્યો એ પ્રમાણે બન્યા પછી ભીમસેને ... ર યોધ્ધાનો નાશ કર્યો. ત્યાર પછી અભિમન્યુ તથા વૃકોદર છઠ્ઠા કોઠાની બ... નીકળ્યા. પછી અર્જુનસુતે વજ્રાસ્ત્ર બાણથી છઠ્ઠો કોઠો ચુર્ણ કર્યો, એ પ્રમાણે જય વર્તાવી બેઉ કાકા ભત્રીજો સાતમે કોઠે આવીને ઉભા, તો જયદ્રથ પણ સામો આવીને ઉભેલો છે. હવે પાતાળમાં શ્રીકૃષ્ણજીને ચિંતા થઇ, જ્યાંસુધી ભીમસેન ભાણેજની સાથે હશે ત્યાંસુધી તે મરવાનો નથી. માટે વૃકોદરને પણ છુટો પાડું તો ઠીક. એવામાં પ્રભુ તથા અર્જુન નાહી જમી પરવાર્યા પછી તાડુકી દહિતને મારવા જવાની તૈયારી કરવા લાગ્યા, પ્રભુએ રથને ... અર્જુનજી રથમાં બીરાજ્યા. એટલે શ્રીહરિ રથ હાંકવા બેઠા. ... જઇને ... સઘળા બ્રાહ્મણો પણ તાડુકી દહિતનું રહેઠાણ બતાવવા સારુ અર્જુન ... રથની પાછળ પાછળ ચાલ્યા. તે પાપી એક ગુફામાં રહેતો હતો, ત્યાં ... નાસને અર્જુનજીને લઇ આવ્યા.

અર્જુને ધનુષનો ટંકાર ... એટલે તાડુકી ક્રોધ કરીને ગુફા બહાર આવીને ઉભો. ત્યારે ... કહ્યું અલ્યા, તું કોનો પુત્ર છે? એવું સાંભળી અર્જુને કહ્યું, અરે ... ચંડાળ, તું બ્રાહ્મણને દુઃખ દે છે માટે તને મારવા માટે આવ્યો છું. એવું સાંભળી રાક્ષસને ક્રોધ ચઢવાથી મોટા મોટા પહાડ ઉંચકીને અર્જુનના ઉપર ફેંકવા લાગ્યો. ત્યારે પ્રભુએ વિચાર્યું જો અર્જુનજી એક બાણથી રાક્ષસને મારશે તો પછી તરત પૃથ્વીમાં જવાનું કહેશે અને હજી અભિમન્યુ જીવતો છે જો માટે અર્જુનજી ત્યાં જશે તો અભિમન્યુ મરવાનો નથી. અને તે નહિ મરે તો મને મારીને ત્રિલોકનું રાજ્ય કરશે. એ પ્રમાણે હરિએ વિચાર કરીને તાડુકી પોતાનું એક કળાનું બળ આપ્યું તો તાડુકીદહિત અપાર કોપાયમાન થયો અને અર્જુનજી ઉપર પુષ્કળ પર્વત નાંખવા લાગ્યો. પણ અર્જુનજી તાડુકી દહિતના સઘળા પહાડ પર્વત પોતાના બાણથી ચુર્ણ કરે છે. એ પ્રમાણે બંને સામ સમી યુધ્ધ કરે છે, હવે સાતમે કોઠે અભિમન્યુ તથા ભીમસેન ઉભા રહ્યા છે. એવામાં શ્રીહરિએ ભીમસેનને અભિમન્યુ જુદા પાડવા માટે જયમંગળ નામના હાથીને ગાંડછા મૂકી. ત્યારે સૈન્યમાં કુદવા લાગ્યો, અને પોતાની સુંઢમાં સૈન્યના માણસોને ઘાલીને દોડાદોડ કરવા લાગ્યો, એક પળવારમાં ઘણા માણસોનો ઘાણ વાળી નાખ્યો સૈન્યના લોકો હથિયાર લઇને હાથીને બાંધવા લાગ્યા પણ બંધાતો નથી. તેથી ત્યાં સઘળા લોકે બૂમ પાડી, ઓ ભીમસેન, ધાઓ. ત્યારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમસેન બોલ્યો, બેટા અભિમન્યુ, આપણા સૈન્યને કંઇ વિઘ્ન આવી પડયું છે માટે હું જાઉં છું, ત્યારે અભિમન્યુએ કહ્યું, ઓ કાકા, અત્યારે મને આ ભૂમિ ભયંકર ભાસે છે માટે તમે ન જશો. એવું કહ્યા છતાં પણ ભીમસેન પોતાના સૈન્ય તરફ નાઠો. પછી સૈન્યમાં આવીને પોતાના જયમંગળ હાથીને પકડવા લાગ્યો, એટલે હાથી એકદમ ભીમસેનને મારવા ધસ્યો, તે દેખીને ભીમસેનને પુષ્કળ ક્રોધ ચઢયો. એવામાં પાતાળમાં શ્રીહરિએ વિચાર કર્યો, ભીમસેન એકદમ હાથીને મારી નાંખશે તો ઘણું ખોટું થશે. કારણ કે વૃકોદર પાછો અભિમન્યુની મદદે જશે. એવું ધારી [illegible]ળુ પ્રભુએ હાથીને એક કળાનું બળ આપ્યું ત્યારે હાથી ઘણું જ તોફાન ક[illegible], પછી ભીમસેન તથા હાથી સામાસામી બાઝયા. હવે સાતમો કોઠે અ[illegible] એકલો રડવા લાગ્યો.

જયદ્રથે વિચાર્યું અત્યારે બાળ[illegible] માટે તેને કપટથી મારીએ તો ઠીક. એમ ધારી તેણે છત્રપતીને [illegible] વિચાર જણાવ્યો. ત્યારે છત્રપતી હરખાઇને દ્રોણગુરુને પૂછવા લાગ્યો [illegible] દ્રોણગુરુએ કહ્યું, એવું કપટ કરવું તે અમને યોગ્ય લાગતું નથી. અ[illegible] કપટ કરીશ તો તને વિઘ્ન થશે. એવું સાંભળી દુર્યોધન બોલ્યો, અરે દુર્યોધનજે, ગમે તેમ થાય પણ કોઠામાં જઈ અભિમન્યુને ઠેર મારી નાંખવો. [illegible]કહી પાપી પોતાના સો ભાઇઓ તથા પોતાના સો ભાઇઓના ચારસો અગણોસિતેર છોકરાઓ તે સઘળા લઇને સાતમે કોઠો સંતાયો. હવે અભિમન્યુનું હૈયું ભરાઈ આવ્યું છે. તેથી ધ્રુસકા મૂકીને રડે છે, પોતે રડતાં રડતાં ભીમ કાકાને યાદ કરે છે. અભિમન્યુ કહે છે, ઓ મારા ગદા ધારણ કરનાર ગુણવાન કાકા, મારી, મદદે આવો. અરે દૈવ મારી માતાએ મને પહેલેથી કહ્યું હતું; દીકરા તું તારા કાકાનો વિશ્વાસ ન રાખીશ. તેવી જ રીતે અત્યારે મારા ભીમ કાકાએ વિશ્વાસઘાત કર્યો, હે પ્રભુ, મારે માટે બિચારી ઓત્રારાણી શત જોજન ચાલીને આવી તે પણ વ્યર્થ. અરેરે તે બિચારી ગરીબડી તેની ઉંમર કેવી રીતે ગુજારશે ? ઓ કૃપાળુ પ્રભુ, મારા પિતાજી મારા મુવાની વાત સાંભળીને પોતે આપઘાત કરશે, અરેરે ગરીબડી માતા મારા વિના અકળાઈ મરશે. હે પ્રભુ, મને કૌરવો જમ જેવા ભાસે છે. હું મરવાથી ડરતો નથી પણ મારો દેહ અગ્નિ નહિ પામે તેથી દિલગીર થાઉં છું કારણ કે દુષ્ટ કૌરવો મારા દેહના કકડે કકડા કરીને ફેંકી દેશે. અરેરે મારું ડાબુ અંગ ફરકે છે તેથી હું કદી જીવતો ઘેર જવાનો નથી, એ પ્રમાણે બોલી બોલીને ધ્રુસકા મૂકીને રડે છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૧૩. શાન્તિ પર્વ

વૈશમ્પાયન ઋષિ જનમેજય રાજાને કહે છે, હે ગોબ્રાહ્મણ પ્રતિપાળ, તું શાન્તિ પર્વ વિષેનો મહિમા પ્રેમથી શાંત ચિત્તે શ્રવણ કર. હવે ધર્મરાજાને ગાદી ભોગવ્યાને ફક્ત સાત દિવસ થયા એટલામાં પોતાને કુટુંબ સાંભરી આવ્યું તેથી પોતે ભીષ્મદાદાની પાસે જઇને રડવા લાગ્યા. એટલે ભીષ્મજીએ પૂછયું. દીકરા કેમ રડે છે? ત્યારે ધર્મરાજા બોલ્યા, ઓ દાદા, મેં મારા કુટુંબનો નાશ કર્યો, તેથી આખા જગતમાં મારા નામને લાંછન લાગ્યું છે. વળી જ્યારે મારે રાજ્યાસન નહોતું ત્યારે પણ પેટ ભરતો હતો અને અત્યારે રાજપાટ પામ્યો તોય તેનું તેજ થાય છે. માટે નાહક મેં મારું કુટુંબ હણ્યું તેથી મારું મન કંકાસ કરે છે વાસ્તે બીજાને ગાદી સોંપીને મને વનમાં કાઢો. અને જો મને સંસારમાં રાખવો હોય તો શાંત પમાડો. એવું સાંભળી ભીષ્મજી બોલ્યા, તું આ સંસારને મિથ્યા માની લઇશ તો તને કંઇ દુઃખ નથી. વળી હે ધર્મરાજા, આત્મા કોઇનો માર્યો મરતો નથી, કારણ કે તે સદા અછેદ, અભેદ અખંડ તથા અમર છે, અને પરમાત્માની ગતિ થકી થયેલો છે, હવે સમજવાનું ઘણું કઠીન આવે છે માટે હે સતીનાં તન, બરાબર ધ્યાન દેજે, જેમ સૂર્યને સૂર્યનો પ્રકાશ છે તેમ સૂર્યને ઠેકાણે પરમાત્મા અને પ્રકાશને ઠેકાણે આત્મા સમજવો.

હવે બ્રહ્મ ને બ્રહ્મની ગતિ અને ત્રીજી માયા છે તે માયા ચૈતન્યથી ચૈતન્ય થઇને કાયારૂપ બંધાણી. એ મૂળ માયા ત્રીગુણી રજો, તમો અને સત્ત્વ સહિત છે: તે ત્રણ ગુણથી કાયાનાં ચોવીસ તત્ત્વ ઉત્પન થયાં. અને પચીસમો આત્મા ગણ્યો છે, તેમાં કોઇ વિશેષ અને કોઇ ઓછું ગણે છે. જ્યારે ત્યાં એનું એ સમજવાનું છે, હે ધર્મરાજા, પ્રથમ શુદ્ધાત્મા થઇને પરમાત્માને યથાર્થ જાણવા, પછી તેનું પૂરણ જ્ઞાન લઇને પરમાત્મામાં પ્રેમ વડે લક્ષ રાખવો. જે મનુષ્ય-જ્ઞાન વડે મોક્ષ પામે છે, તેનું આવા ગમન ટળી જાય છે. એટલે ધર્મરાજા બોલ્યા, અરે ભીષ્મદાદા, મનુષ્ય દેહ ધારણ કરીને શું કરવું જોઇએ? ત્યારે ભીષ્મજીએ ધર્મરાજા પ્રત્યે કહ્યું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સંસારમાં રહીને સંસાર ઉપર અરુચી રાખી પરમાત્મામાં સદા લક્ષ રાખવો એ જ ધર્મ છે. એવું સાંભળી ધર્મરાજા બોલ્યા, અરે દાદા, મને સર્વના ધર્મ બતાવો કોણ પ્રાણીએ કેવાં દૈહિક કર્મ કરવાં? બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર આ ચાર વર્ણાશ્રમ છે તેમનો ધર્મ શું છે અને તેમને કેવી રીતે વહેવાર ચલાવવો જોઇએ તે કૃપા કરી સમજાવો. એટલે ભીષ્મજીએ ધર્મરાજાને કહ્યું. ચારે વર્ણમાં બ્રાહ્મણ જાતિ સર્વથી શ્રેષ્ઠ છે, અને તેથી તેઓ ક્ષત્રી વૈશ્ય અને શુદ્રના ગુરૂ છે. તેમણે પોતાનાં ષટકર્મો કરવાં અને ત્રણ વર્ણને ઉપદેશ કરવો. વળી વિદ્યા પણ ભણાવવી અને પાપ થકી મુક્ત થવાનાં કર્મ કરાવવાં. દાન પણ અંગીકાર કરવું. એ પ્રમાણે બ્રાહ્મણોનો દૈહિક ધર્મ છે. પછી ક્ષત્રીએ નીતિ પાળીને આયુદ્ધ ધારણ કરવાં. વળી પૃથ્વી ઉપર રાજ્ય કરીને ત્રણ વર્ણની રક્ષા કરવી તથા ન્યાય પણ આપવો. હવે વૈશ્ય લોકોનો ધર્મ એ છે, ખેતી તથા વહેપાર કરી પોતાનો નિર્વાહ ચલાવવો.

શુદ્રનો ધર્મ ત્રણ વર્ણની ચાકરી કરવાનો છે. એવું સાંભળી ધર્મરાજા બોલ્યા, અરે દાદા, તે સઘળું હું સમજ્યો, પણ રાજાને રૈયત તે એનો શો ધર્મ હશે? ત્યારે પિતાએ કહ્યું, રૈયતનો ધર્મ પોતાના રાજાને માતાપિતા જાણવાનો છે. અને રાજાનો ધર્મ અવનીમાંથી ઉપજ લઈ હરામખોરોને શિક્ષા દેવાનો છે, જેનો જેવો અપરાધ તેને તેવી શિક્ષા કરવી જોઇએ, વળી કોઈ અજ્ઞાની ફાવે તેમ બોલે તેનો મનમાં કાંઈ દ્વેષ ન રાખવો. વળી ચહાય કોઈ મોટો હોય કે છોટો હોય પણ પક્ષ વિનાનો ન્યાય કરવો. જે પુરુષ ન્યાયધીશ થઈ અન્યાય કરીને ગરીબને ગરદન મારે તે લક્ષ ચોરાસી ભોગવે છે. જે ન્યાયાધીશ લાંચ લઇને ગરીબોને નડે છે તે અંતે નક્કી નરક પામે છે. વળી પોતાના રાજ્યમાં અધર્મ શોધી કાઢવો એ રાજાની ચતુરાઈ છે જે શત્રુ અને પુત્ર બેઉ જણાનો સરખો ન્યાય કરે છે તેને ન્યાયી સમજવો. રૈયતને બેટા બેટી જાણીને તેમને અતિ સુખ આપવું જોઇએ. રાજાએ રૈયતને પૂછતા રહેવું કે તમે સુખી છો કે દુઃખી. ગૃહસ્થ કરતાં ગરીબ ઉપર વધારે કૃપા રાખવી. ગૃહસ્થને કોઈ દિવસ પૂછવું નહિ. કે તમે સુખી છો કે દુઃખી? ફકત ગરીબોને પૂછીને ખાતરી કરવી, બાકી પૈસાદારો તો કહેશે, બધા ખુશીમાં છે. એ પ્રમાણે બોલીને હસી કાઢશે, વગર વિચારે વેઠ વેરો કોઈ દિવસ લેવો નહિ. શાસ્ત્રમાંશ્રદ્ધા રાખીને ગૌબ્રાહ્મણ પ્રતિપાળ થવું. વિના અપરાધીને શિક્ષા કરવી એ ઘણું પાપ છે. અપરાધીને શિક્ષા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ન આપે તે વણે દુ:ખી થાય છે. જે પક્ષ કરે છે. તેને પતનો વ્યાધિ પેદા થાય છે અને તેથી તેના આખા શરીરે પરુ વહે છે, જે લાંચો ખાય છે તેને જરૂર લકવો થાય છે, તેનું અડધું પાસું રહી જાય છે. જીભ પણ વળી શકતી નથી. એ પ્રમાણે અનેક પ્રકારની વ્યાધિ પામે છે અને ઈશ્વરનો ચોર થાય છે. આ લોકમાં સુખ પામ્યા વિના અંતે અઘોર નરકને પ્રાપ્ત થાય છે. કોઈ અધર્મ આદરે તેના સામુ યુદ્ધ આદરવું. એ પ્રમાણે ભીષ્મપિતાએ ધર્મરાજાને કહ્યુ,આ સઘળો ધર્મ રાજાનો છે. એટલે યુધિષ્ઠિર કહે છે, પે શંતનું બાળ, મને પુરુષ તથા પ્રેમદાનો ધર્મ બતાવો. એવું સાભળી ભીષ્મપિતા બોલ્યા, નીતિમાં રહીને પૈસા પેદા કરીને, માતા પિતા, પુત્ર તથા પત્ની વિગેરેનું પોષણ કરવું. વળી અબળા નીતિમાં રહેતી હોય તો તેને કદી દુ:ખ નહિ દેવું. આ સઘળા પુરુષના ધર્મ છે. વળી જે પુરુષ રૂપ વિષયથી પોતાની સ્ત્રી છોડીને પરદારાની સાથે હળે છે તેવા વ્યભિચારી પુરૂષને રગદકોઢ નીકળે છે. હે ધર્મરાજા, હવે સ્ત્રીના ધર્મ શ્રવણ કરો. સ્ત્રીએ હંમેશાં પોતાના પતિની આજ્ઞા પ્રમાણે જ વર્તવું, પતિને પરમેશ્વર જાણી તેની સેવા કરવી. પતિના સુખે સુખ અને દુ:ખે દુ:ખ ભોગવવું. પરપુરુષથી કદી નજર નહિ જોડવી. જો પતિ ઘેર ન હોય તો દરભના આસને શયન કરવું. પતિના પહેલાં કદી ભોજન નહિ કરવું. પતિ ઘેર ન હોય તો સારા શણગાર સજવા નહિ, પોતાના પતિના ચરણ ચાંપી તેના કહ્યા મુજબ વર્તવું અને દીનતા વાણી બોલી પતિને ખુશી કરવો જોઈએ.

ધર્મરાજાએ ભીષ્મપિતાને કહ્યું, મને જ્ઞાની અજ્ઞાનીનો ધર્મ સમજાવો. જે પુરુષને પરમ પદનું જ્ઞાન ન હોય તેણે પ્રથમ શું આદરવું જોઈએ ? ભીષ્મપિતા બોલ્યા, તેવા પ્રાણીએપ્રથમ કયું કર્મઆદરવું,કેવાં કર્મ કરવાં તે શ્રવણ કરો. તેવા પ્રાણીએ પ્રથમ વ્રત, વચુલાં, ઉપવાસ, દેવદર્શન વગેરે ઘણા પ્રેમ વડે કરવાં જોઈએ, વળી તિલક,માળા ધારણકરીને હરિકથા શ્રવણ કરવી. સત્ય સમાગમ તથા ગુરુનું પૂજન કરવું. જ્ઞાનીની સેવા કરવી અને અન્ન ધન વિગેરેનું શ્રદ્ધાપૂર્વક દાન આપવું. આ સઘળા અજ્ઞાનીના ધર્મ છે. હવે જ્ઞાનીના ધર્મ શાંત ચિત્તે શ્રવણ કર. જ્ઞાની જનને કર્મ કરવાની જરૂર નથી. તે તો સદા બ્રહ્માનંદમાં રહે છે. તે માન, અપમાન વિગેરેનું સુખ, દુ:ખ ગણતો નથી. જ્ઞાની આ સંસારની બાજી કેવળ જુઠી જાણે છે, વળી પરમ પદમાં લક્ષ રાખીને આત્મસ્વરૂપે પરમાત્માને દેખે છે,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે સત્ય અસત્યને સારી રીતે સમજીને આનંદમાં રહે છે. વળી તે જગતની કહેણીથી ડર્યા વિના નિર્ભય પદ પામે છે,જ્ઞાની દૈહિક કર્મ કર્યા વિના જ્ઞાનનો મર્મ સમજાવે છે; વળી પરમ પદનો ઉપદેશ કરવો એ જ્ઞાનીનો ધર્મ છે.પછી યુધિષ્ઠિરે ભીષ્મપિતાને પુછયું,મને ત્યાગી તથા ગૃહસ્થી વિષે સમજાવો.એટલે ભીષ્મપિતા બોલ્યા,આ સંસાર તજીને સંન્યાસ્ત લેવાનો અધિકાર બ્રાહ્મણનો છે. વળી બાર વરસ સુધી બાલ્યાવસ્થા ગણાય છે.અને તે પછી બાર વરસ એટલે ચોવીસ વરસ સુધી બ્રહ્મચર્ય પાળવું,ત્યાર પછી બાર વરસ સુધી ગૃહસ્થાશ્રમ પાળવો,ત્યાર પછી વાનપ્રસ્ત ભોગવવું અને તે પછી સંન્યસ્ત લેવું. તે પછી પરમહંસ દીક્ષા વિગેરે અનેક પ્રકાર છે. જેને બ્રહ્મચર્યમાંથી સંન્યસ્ત લેવાની મરજી હોય તેણે ઉપર કહ્યા મુજબ વર્તવું.તે સિવાય નાની ઉંમરમાં સંન્યસ્ત ધારણ કરે તો નિશ્ચય માયામાં લેપાય છે. વળી બ્રાહ્મણ સિવાય ત્રણ વર્ણમાંથી જો ત્યાગી થાય તેને પણ પાંચમી દ્વાદશીએ તે ઉપાય કરવો. પછી પાંચમી દ્વાદશીએ ત્યાગી થઇને એવો ધર્મ પાળવો, પા જોજન વસ્તીથી દૂર રહેવું, કોઇનું જયોતિષ નહિ જોવું; કોઇની દવા કરી પૈસા નહિ મેળવવા. કોઇને બોધ કરી ગુરુ નહિ થવું,નારીનું દર્શન નહિ કરવું, કદી દર્શન થાય તો તેનો પડછાયો લેવો નહિ. પોતાને સ્થળે બેસીને હરિસ્મરણ કરવું અને અન્ન ફળ ન મળે તો ભિક્ષા લેવા માટે જવું. વળી તેમાં સ્વાદ વિનાની ભિક્ષા લેવી ઘૂન, ગળ્યું,ખારું,ખાટું તીખું વિગેરે પદાર્થોને કોઈ દિવસ ભક્ષણ કરવાં નહિ.

ત્યાગીઓએ દર્ભાસને, ચરમાસને બેસવું જોઇએ. વળી કોઇ અજ્ઞાની પ્રાણી કહે તો પણ ખાટે પાટે કદી બીરાજવું નહિ. વળી પોતાની પથારી પૃથ્વી ઉપર કરવી. ધાતુપાત્રને કદી પાસે રાખવું નહિ. વળી પોતાની સાથે પહેર્યા સિવાય વિશેષ પટકુળ રાખવા નહિ. અને ઉષ્ણોદકજળથી કદી સ્નાન કરવું નહિ, એવા ત્યાગીના ધર્મ છે તેથી તમે મનુસ્મૃતિમાં વિચારી જોજો. વસ્તીમાં વસીને જે મિષ્ટાન માગે તેમને વેષધારી સમજવો. વળી રહેવા માટે મઠ હોય અને સેવા માટે સેવકોને ઇચ્છતો હોય તો તેવાને ધુતારા સમજવા. વળી જયાં સ્ત્રીઓનાં ઉતારા હોય અને જમણ જમવાનાં હોય તેઓને ઠગારા સમજવા. ભીષ્મપિતા કહે,હે યુધિષ્ઠિર,હવેગૃહસ્થીના ધર્મશ્રવણકરો.મનુષ્યનો દેહ ધારણ કરીને વહેવારમાં વિવેકથી વર્તવું. ગૌબ્રાહમણનું પોષણ કરવું અને ગૃહસ્થી બ્રાહમણ વિના કોઇ ત્યાગીને ધન નહિ આપવું. અને બ્રાહમણ ભિક્ષુક બારણે આવે તો તેને નિર્મુખ નહિ કાઢવો. જે ચપટી ચાંગળુ મળે તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આપવું પણ તેને કટુ વચનથી ખેદ નહિ પમાડવો. બ્રાહ્મણે બ્રાહ્મણો ચહાય તેમ બોલે, અને એક એકનો તિરસ્કાર કરે તો પણ ત્રણ વર્ણને તેમના છિદ્ર જોવાનો અધિકાર નથી. તેમ છતાં છિદ્ર જુએ તો તે અઘોર નર્કે પળાય છે. બ્રાહ્મણો જે કરે તે કરવું નહિ, વળી કોઇ દિવસ વિપ્રના સામું થવું નહિ, જે બ્રાહ્મણ ઉપદેશકપણું ધારણ કરી કથા વાર્તા કરતો હોય તેની કથા શ્રવણ કરીને જ્ઞાનને ગ્રહણ કરવું. જે પુરાણી કથા વાંચીને ચાળા ચટકા લટકા કરતો હોય તેની કથા કદી શ્રવણ કરવી નહિ. તેવા પાખંડીને અન્ન ધન કંઇ આપ્યા વિના કાઢી મૂકવો. તેમ છતાં કોઈ તેની વાણી સાંભળે તો તેને પ્રભુ દંડ દે છે, જે કીમીઓ, જાદુ વિગેરે ખેલ કરતા હોય તો તેમનો સંગ કરવો નહિ. હમેશાં શ્વાન ભાગ અને ગૌગ્રાસ કાઢીને ભોજન કરવું. બરોબર ત્યાગી ભાસે તો તેને ફકત અન્ન આપવું. શ્રાદ્ધ, સંવત્સરી, વિગેરે કરી પિતૃનો દહાડો સાચવવો. પોતાની શકિત પૂર્વક બ્રાહ્મણને ભોજન કરાવવું. પેદાશમાં દશમો ભાગ પુણ્ય માટે વાપરવો, જશ લેવા માટે કદી પુણ્ય નહિ કરવું. નબળા વિપ્રનો કદી સંગ નહિ કરવો, પોતાથી નીચી વર્ણનો ઉપદેશ શ્રવણ નહિ કરવો. અને કદી સાંભળીએ તો પણ છુટી પડે છે. પોતાના કરતા નીચા વર્ણનો ગમે તેવો જ્ઞાની હોય તો પણ તેનું કદી પૂજન નહિ કરવું, તેમ તેને મોટો માનીને કદી નહિ નમવું. વળી બ્રાહ્મણથી સ્વાર્થ હોય અને તેને જમાડે તો તે પુણ્યમાં ગણાતું નથી, પણ સ્વાર્થ ન હોય ને જાણીતો હોય તો તેને જમાડવાથી પુણ્ય થાય છે. જે નોતરા વિના જમવા માટે પડતું નાંખે છે તેવાને જમાડયાનું બિલકુલ પુણ્ય નથી. અને તેવાને જો એકવાર જમાડે તો તેને લાલચ લાગવાથી જયાં ને ત્યાં પડતું મૂકે છે. તેનું જોઈ જોઇ ને બીજા શીખે છે. પછી તેઓ નીચ ઊંચ જોતાં નથી અને ભ્રષ્ટ થઈ જાય છે. ભ્રષ્ટ થવાનો દોષ જમાડનારને લાગે છે. જેમ પાપી પક્ષીને પકડી લાવીને ધર્મી માણસ પાસેથી ધન પડાવે છે, તેમ તે લોકો અધર્મનું કૂટી ખાય છે માટે તેવાને કદી જમાડવા નહિ.

જે ધર્મી પાપીને પાસેથી પક્ષી છોડાવે છે તેને ઊલટું પાપ થાય છે. કારણ કે તે પાપી ધનની લાલચથી હમેશાં પક્ષી પકડી લાવે છે. તેથી બિચારા પક્ષીઓને હમેશાં વિયોગ પડે છે, તે પાપ ધર્મીને થાય માટે કદી છોડાવવાં નહિ. તેવા પાપીને માર મારી, ધમકી આપીને કાઢી મૂકવા બીજુ જે બોદ્ધિક છું. એમ નામ દઇને વિષયી ચાળા કરે તો તેવાને દૂર કરવા. કારણકે તેથી સઘળાં નર નારી વિષયી બને છે. વળી હરિકથામાં ઉપદેશ વિના ગાયન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કળા બતાવે તો તેવાને પણ દૂર કરવા. કારણ સઘળાને ગાયન ઉપર મોહ થવાથી ઉલટું જીવાત્માનું ભૂંડું થાય છે. બૌદ્ધિક ગાયન કળા, લહેકા લટકા વિગેરે કરીને પંચ વિષયના સ્વાદમાં નાંખે છે, તેવાની વાણી શ્રવણ કરવામાં આવે તો અઘોર નર્કમાં પળાય છે. વળી તેવાને માન આપીને વખાણ કરે તો તેમને નારકી પ્રાણી જાણવા. એ પ્રમાણે કરવાથી બૌદ્ધિક વંઠે છે માટે તેવાને વખાણ્યા વિના અપમાન કરી દૂર કરવો. પ્રપંચથી કોઇનું દાન નહિ લેવું વિશ્વાસઘાત નહિ કરવો, શ્રદ્ધાપૂર્વક દાન કરીને દીનતા વાણી બોલવી. એ વિના ગૃહસ્થીના ઘણા ધર્મો છે તેમાં દરેકે વિવેક પ્રમાણે વર્તવું. સંસારમાં સરસા રહીને નીતિનો ટેક ગ્રહણ કરવો, જેમ બત્રીસ દંતુમાં જીભ રહે છે તેમ સદા રહેવું, અને હંમેશાં મોક્ષમાર્ગ માટે એક પહોર દિવસ નિર્ગમન કરવો, ત્યારે ધર્મરાજાએ પૂછયું, હે ભીષ્મદાદા, મોક્ષ માર્ગ વિષે મને બરોબર સમજાવો.

એવું સાંભળી ભીષ્મજી બોલ્યા, અરે કુંતીતન, જ્ઞાન વિના મુકિત થતી નથી, માટે પહેલવહેલું જ્ઞાન સંપાદન કરવું જોઇએ. અને વ્યવહારમાંપણ નીતિ જ્ઞાન લઇને પરમપદમાં જ્ઞાન રાખવું. પોતાની સ્વજ્ઞાતીનો ધર્મ સમજવો તેમ પુણ્ય દાન કેવી રીતે કરવું તે પણ યથાર્થ જાણવું. વ્યવહારની માયા મિથ્યા છે કે સાચી છે. તે સમજવા માટે જ્ઞાન ગ્રહણ કરવું. વળી આપણે ચૈતન્ય છીએ તે કઇ વસ્તુ તે પણ યથાર્થ જાણવી જોઇએ. હંમેશાં સૌ પ્રાણીમાત્ર પોતાનું સ્વરૂપ નિશ્ચય સમજીને તે સ્વરૂપનું મૂળ કોણ તેને યથાથ જાણીને તેમાં પૂર્ણ લક્ષ પરોવવું, પોતાના ચૈતન્યનું મૂળ ચૈતન્ય જાણી લેવું. પછી તે સાકાર છે કે સગુણ છે, કર્તા છે કે અકર્તા છે, વ્યાપક છે કે ન્યારો છે આ વિષે જ્ઞાનીની દૃષ્ટિ જો જ્ઞાનાકાર દેખાય છે. પછી દેહનો નિમિત્તપૂર્ણ થવાથી તે પદની પ્રાપ્તિ થાય છે. ઓમકાર મંત્ર વડે આવાગમનનો ફેરો ટળી જાય છે. પછી અખંડાનંદ નિર્ભય પદથી કોઇ દિવસ છુટું પડાતું નથી. એટલે ધર્મરાજાએ દાદાપ્રત્યે કહ્યું, હવે મારે કોની પાસે જ્ઞાન લેવા જવું ? ત્યારે ભીષ્મપિતાકહે, હે ધર્મરાજા મોટા મોટા વિદ્વાનો પણ વેદનો મર્મ નથીજાણી શકતા. તે મર્મ હું તને અત્યારે સમજાવું છું. વેદની મહીં જે ભેદ ભરેલો છે તે ભેદનું નામ જ્ઞાન સમજવું હવે તેના પરમેશ્વરના સ્વરૂપ સંબંધી સમજાવું તે શ્રવણ કર. પરમાત્મા પાંચ ભૂતોથી નિરાકાર છે અને જ્ઞાન સ્વરૂપે સાકાર છે. ત્રિગુણે નિર્ગુણ છે અને જ્ઞાન ગુણે સગુણ છે, ગતિથી કર્તા અને સ્વરૂપે અકર્તા છે, સઘળું કર્તવ્ય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમની શકિતથી બને છે માટે કર્તા ગણાયછે. એ પ્રમાણે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા આ ચાર અવસ્થાથી તુરીયાતીતને યથાર્થ જાણવા જોઇએ. પછી તેમાં પૂર્ણ પ્રેમ વડે પ્રેમલક્ષણા ધરવી જોઇએ. તેથી જેની જ્યાં મતિ હોય ત્યાં તેની ગતિ થાય છે. હે ધર્મરાજા, એ પ્રમાણે અનાદી ધર્મ છે. પણ જ્ઞાન વિનાના અજ્ઞાની પ્રાણી તો પાખંડ પંથે કુટાય છે. એવું સાંભળી ધર્મરાજાએ ભીષ્મને પૂછયું, પાખંડ પંથના લક્ષણો કેવા હોય છે તે મને યથાર્થ સમજાવો. ત્યારે ભીષ્મપિતા બોલ્યા પહેલો પાખંડ ધર્મ એ છે કે પ્રસાદથી લલચાવે છે. બીજો પાખંડ ધર્મ એ છે કે ત્યાગપણું બતાવીને અતિ શય ધન એકઠું કરે છે, ત્રીજો એ છે ગાયન ગાઇ વિષયનો મોહ લગાડીને ભકતને હેત ઉપજાવે છે. ચોથો પાખંડ ધર્મ એવો છે, પોતે તેજસ્વી છે. ને રૂપ રંગ બતાવે છે. પાંચમો પાખંડ ધર્મ ચમત્કાર બતાવે છે. છઠ્ઠો પાખંડ ધર્મ ઘોડાગાડી દોડાવે છે. સાતમો પાખંડ ધર્મ એવો છે કે, તેઓ અનીતિથી મિષ્ટાન ભોજન કરે છે અને પછી મસ્તાન થઇને મહાલેછે. સાતમો પાખંડ ધર્મ ગુરુગુરુ સ્મરણ કરાવીને દેવનામે ધન એકઠું કરે છે. અરે ધર્મ રાજા, એ પ્રમાણે ઘણા પાખંડીધર્મ ચાલે છે, તેવા ધર્મને માન્ય કરનારો લક્ષ ચોરાસીમાં જાય છે. જે અસત્ય વસ્તુને ખરી ખોટી નક્કી કરી બતાવીનેસત્યનું શોધન નથી કરતાં તેનું નામ ખળ ભકત છે. માટે હંમેશાં જ્ઞાની પુરુષોનીસાથે સત્ય સમાગમ કરવો. એ જ મુમુક્ષુની ચતુરાઈ છે, મોક્ષેચ્છુ પ્રાણીએ ખરુ ગ્રહણ કર્યા વિના ખોટાને બાઝીને પોતાની ઉંમર કદી એળે નહિ ખોવી.

જે મનુષ્ય જ્ઞાન પામીને મોક્ષમાં જાય છે તે કદી માયાઘંટીમાં આવતો નથી. જેમ ખીલીને વળગેલો કણુકો ઘંટીના પડમાં પીલાતો નથી તેમ પરમાત્માને પ્રાપ્ત થયેલો જીવ માયામાં આવતો નથી. અરે જે કણુ ખીલડાથી ખસીને અળગો જાય છે તે બીજા કણુકાની માફક ઘંટીમાં દળાય છે. પછી તે રોટલો દેહની સાથે મળવાથી વિષ્ટા થઇ ગુદા દ્વારે બહાર પડે છે, પછી તે વિષ્ટાથી ભૂમિ રૂપ થઇ જાય છે અને ભૂમિથી પાછો અંશ રૂપ કણુ બને છે, એ પ્રમાણે તે કણુ અનેક સ્વરૂપ પામે છે. ને જીવાત્મા લક્ષ ચોરાસી ભોગવે છે. એવું સાંભળી ધર્મરાજા ભીષ્મપિતાને પૂછે છે, દરેક પ્રાણી માત્રને શી ઇચ્છા હશે ? ત્યારે ભીષ્મપિતા બોલ્યા, પ્રાણી માત્ર માયાનું સુખ ઇચ્છે છે, પ્રાણીમાં બે પ્રકાર છે. મનુષ્યદેહ વિના પ્રાણી, પશુ પક્ષી વિગેરે સદા જીવરૂપ છે. હવે મનુષ્ય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દેહીના બે પ્રકાર છે. એક તો જીવ દશા અને બીજી આત્મદશા. મનુષ્યને આ લોકનું પરલોકનું બે તરફનું જ્ઞાન છે. તેમાં પરલોકના જ્ઞાન વાળો આત્મા પરઆત્માને પામે છે. પણ જીવ દશાવાળો જીવ તે શિવ થતો નથી. એવું સાંભળી ધર્મરાજાએ ભીષ્મપિતાને પૂછયું કે આત્મા અને જીવ એ બેઉને શી શી ઇચ્છા થતી હશે ?ત્યારે ભીષ્મપિતા કહે છે, અરે યુધિષ્ઠિર, જે જીવ છે તેનો લક્ષ સદા કાળ માયોમાં રહે છેઅને જે આત્મા છે તેનું લક્ષ હંમેશા પરમાત્મામાં રહે છે. એ પ્રમાણે ભીષ્મપિતાનાં વચન સાંભળી ધર્મરાજા આનંદ પામીને પૂછે છે કે હે દાદા, માયામાં તત્વ આગેવાન શું છે ? ત્યારે ગંગાસુત કહે છે, માયા તત્વ કનક છે. તેથી સઘળા જીવ તેને ચાહ્ય છે. તે માયાનું નામ લક્ષ્મી છે. તે બાઇ સર્વે જગાએ બેટી, સ્ત્રી કે માતા બનીને રહે છે, તેમાં જે પ્રાણી લક્ષ્મીને માતારૂપ જાણે છે, તે મનુષ્યદેહનું સુખ ભોગવે છે. અને જે લક્ષ્મીને સ્ત્રી રૂપ જાણે છે, તે નરકે જાયછે અને જે બેટી તરીકે વાપરે છે તે પરમપદ પામે છે. ત્યારે યુધિષ્ઠિર કહેછે ઓ દાદા, તે લક્ષ્મી ત્રણ પ્રકારે કેવી રીતે વપરાય તેનું સ્વરૂપ મને સમજાવો, એવું સાંભળી ભીષ્મ પિતા બોલ્યા હે ધર્મરાજા, મનુષ્ય પ્રાણી પણ ત્રણ પ્રકારનાં છે તે હું તને સમજાવું. ત્યાર પછી લક્ષ્મીનું નિરુપણ કરીશું. મનુષ્ય પ્રાણીમાં ત્રણ પ્રકાર એવા છે કે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ. તેમાં ઉત્તમને ઘેર લક્ષ્મી બેટી બને છે, મધ્યમને ઘેર માતા બને છે અને કનિષ્ટને ત્યાં સ્ત્રીરૂપે રહે છે.

ઉત્તમ પ્રાણી એવુંસમજેછેકે લક્ષ્મીના કંથવિષ્ણુ સિવાય બીજા કોઇ નથી માટે તે લક્ષ્મી કૃષ્ણાર્પણ કરે છે. કારણ કે વિષ્ણુની વામા વિષ્ણુદ્વારે જ વળાવવી જોઇએ, તેવા ઉત્તમ પ્રાણીને જરુર મોક્ષપદ મળે છે. હવે મધ્યમ પ્રાણીને ત્યાં લક્ષ્મી તેના જીવતાં સુધી માતા ભાવે રહે છે. તેના મરણ કેડે ખસી જાય છે. મધ્યમ પ્રાણીપોતાના પેટ સિવાય લક્ષ્મીનો બીજો ઉપયોગ કરતોનથી પોતે હંમેશા લક્ષ્મીથી લલના,સુખ સજયા અત્તર,ફુલેલ વિગેરે વૈભોગભોગવે છે. વળી કનિષ્ટ પ્રાણી કર્ણ દ્વારે વાજિંત્ર ગાનતાન વિગેને વિષયીશબ્દોશ્રવણ કરે છે, નાસિકદ્વારે અત્તર; પુષ્પ, પાન વિગેરેની સુગંધ લે છે, નેત્રદ્વારેરૂપ ગળ્યું ખાટું; ખારું, તીખું વિગેનેના સ્વાદ લે છે. આ પ્રમાણે કનિષ્ટ પ્રાણી લક્ષ્મીને સ્ત્રીરૂપે વાપરી નર્કે જાય છે. વળી ભીષ્મપિતા ધર્મરાજાને કહે છે કે માતા ભાવમાં એક બીજું રૂપ છે તે હું તને સમજાવું. વડિલાઇ દાદી તે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ માતા કહેવાય છે. હવે મધ્યમમાં ચંડાળને ત્યાં લક્ષ્મી વડિયાઇ દાદીતરીકે રહે છે, તેથી વડિયાઇને ઊલટી સાચવવી પડે છે. એટલે કે દુનિયામાં મધ્યમ ચંડાળ પોતે ન ખાય, પુત્રને ન આપે, પરિવારને પણ દુઃખ દે. આ પ્રમાણેજે વર્તે તેને ત્યાં લક્ષ્મી વડિયાઇ દાદી તરીકે રહી છે. હવે કનિષ્ઠ પ્રાણીને ત્યાં લક્ષ્મી કેવી રીતે વપરાય છે તે બરાબર શ્રવણ કર. તે પ્રાણી સ્ત્રીથી સઘળો ભૈભોગ ભોગવીને પંચવિષયનું સુખમાણે છે,લક્ષ્મીથી ભૈભોગભોગવીનેલક્ષ્મી પતિ થનારના ઉપર વિષ્ણુ ગુસ્સે થાય છે. તેથી દયાળુ હરિ તેવા દુષ્ટને રોમ રોમ નર્કમાં નાંખે છે.જે લક્ષ્મીને સ્ત્રીભાવી જાણે છે તેને અવળું સુજેછે. કનિષ્ટ પ્રાણીને સ્ત્રીભાવી લક્ષ્મી વિષયોમાં દોરે છે પછી તેવા પ્રાણી ઘોડા,ગાડી દોડાવે છે. સુંદિર પલંગ, ઓશીકાં, તળાઈ, અત્તર, ફુલેલ, ફુલ,ગજરા પાન સોપારી, એલચી વિગેરેનો વૈભોગ લે છે. વળી ધર્મોમાં પ્રસાદ લેવા માટે મોટા કારભારી થાય છે. તેઓ દુનિયાને વિશ્વાસ બતાવીને ધર્મનું ધન ધુતી ખાય છે. વળી તેવા કનિષ્ટ પ્રાણી પોતાનો અહંકાર તથા ક્રોધ ગરીબો ઉપર વાપરે છે. એવા કનિષ્ટ પ્રાણીના લક્ષણ કહેતા પાર આવે તેમ નથી, માટે ટુંકામાં એટલું કે સાક્ષાત કનિષ્ટ પ્રાણી છે એ જ કળીનું લક્ષણ છે.

ઉત્તમ પ્રાણી લક્ષ્મીને બેટી તરીકે વાપરે છે એટલે તેઓ શ્રી કૃષ્ણાર્પણ કરે છે. કારણ કે ગોરરૂપી બ્રાહ્મણ હસ્તક લક્ષ્મીને સાસરે પહોંચાડે છે. જે વિપ્ર દ્વારા એ વપરાય છે. તે લક્ષ્મી પ્રભુધામ જાય છે. હવે ઉત્તમ પ્રાણીનાં લક્ષણ દયા, દીનતા, ક્ષમા અને નિરહંકાર છે, વળી બાળક સાથે બાળક, વૃદ્ધ સાથે વૃદ્ધ અને ગરીબ સાથે ગરીબ રહે છે અને અજ્ઞાનની સાથે ચુપ રહે છે. વળી પોતાના મનમાં કીર્તિની ઈચ્છા રાખતા નથી. ઉત્તમ પ્રાણી કલેશ કંકાસ વિના સદા આનંદમાં રહે છે. વળી પોતાના પાડોશીને વાપરવાના માટે રાચરચીલું વિગેરે આપે છે. તે પરને દુઃખે દુઃખ અને પરને સુખે સુખ માને છે. વળી જ્ઞાન, નીતિ, વૈરાગવાળો હોય છે. તે અવિનાશીને યાદ કરે છે અને નાશવાન [માયાને] દેહના નિમિત્ત સુધી અરુચિથી વાપરે છે, વળી પોતે હંમેશાં સદગુણ, શીળતા, સંતોષ, શાન્તિ વિગેરેથી આનંદમાં રહે છે. અને જ્ઞાનની સાથે સત્ય સમાગમ કરવાથી પોતે ખરા ખોટાની પરીક્ષા કરે છે. ઉત્તમ પ્રાણી અજ્ઞાની ગુરુની દીક્ષા ધારણ કરતો નથી. એવા અનંત લક્ષણ ઉત્તમ પ્રાણીનાં છે. વળી પોતે જ્ઞાન વડે માયિકને તથા અમાયિકને સમજે છે. વિવેક તથા અવિવેક પણ જાણે છે, તેમ ન્યાય, અન્યાય, સારું નરતું વિગેરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સમાગમથી સવળું સમજે છે. વળી આ લોકની ને પરલોકની રીતિ જુદી જુદી છે, તે કોઇ જ્ઞાની પુરુષ સમજાવે ત્યારે જ સમજાય છે. પરલોકનું જ્ઞાન ઘણું જ ગુપ્ત છે, તે તો કોઇ જવલ્લે જાણે છે. ભીષ્મપિતા કહે.હે ધર્મરાજા, એ પ્રમાણે ઉત્તમ પ્રાણીના લક્ષણો અપાર છે.ત્યારે ધર્મરાજાએ કહ્યું,ઓ દાદા,મોક્ષમાર્ગ અઘરો છે માટે બિચારા પામર જીવો તે રસ્તે કેવી રીતે ચઢી શકે તે મને બરોબર સમજાવો.એટલે ભીષ્મજી બોલ્યા, જો ભાવાર્થ જ્ઞાનીના સમાગમ કરવામાં આવે તો તેવા જીવો તે રસ્તે ચઢી શકે છે.બાકી ભાવાર્થીજ્ઞાની વિના તે રસ્તો કોઈના હાથમાં આવતો નથી.એવું સાંભળી ધર્મરાજાએ કહ્યું,અરે ગંગાસુત, અર્થ ભાવાર્થ એટલે શું તેનું વિવેચન કરો. એટલે ભીષ્મપિતા બોલ્યા હે ધર્મરાજા,એકલા અર્થથી અનર્થ થાય છે અને ભાવાર્થથી સત્ય સમજાય છે માટે વેદ શાસ્ત્રના અર્થનો ભાવાર્થ (હેતુ) જાણ્યા વિના સવળું સમજવું વ્યર્થ છે.

એવું સાંભળી ધર્મરાજા કહે છે, ઓ પિતાજી,મને એક શંકા થાય છે તે નિવારણ કરો, વેદશાસ્ત્ર કહે છે, બ્રહ્મ સચરાચર છે અને વેદનાં મહાવાકયો પણ એમ કહે છે, બ્રહ્મ વિના કોઇ પદાર્થ નથી.માટે પુન્ય, પાપ, મોક્ષ, અમોક્ષ વિગેરે માનવું વ્યર્થ છે.પરમાત્મા અપ્રોક્ષ છે અનેઆત્મા જે ચૈતન્ય છે તે ત્રણે અવસ્થાને જાણે છે તેમ અખંડાનંદમાં રહે છે.એ પ્રમાણે મેં ઘણાં વેદાન્તશ્રવણ કરીને એક તાત્પર્ય શોધી કાઢયું છેકે અહંબ્રહ્માસ્મિ એટલે હું બ્રહ્મ છું.આથી ભીષ્મપિતા હસીને બોલ્યા,જયારે તું બ્રહ્મ છે.ત્યારે તારે ત્રિતાપ ટાળવાનીકંઈ જરૂર નથી. વળી તારે જપ, તપ, તીર્થ વિગેરે કરવું પણ વ્યર્થ છે. એમ કહી ભીષ્મપિતાએ કહ્યું, અરે યુધિષ્ઠર, બ્રહ્મ સદા સર્વજ્ઞ છે. જયારે તું સ્થુલ દેહને જાણે છે ત્યારે તું મને જવાબ આપ કે તારી પાંપણના કેટલાવાળ છે, તે તું જાણતો નથી માટે તું અલ્પજ્ઞ છે.જો સર્વજ્ઞ હોય તો મારા મનસુબા પણ જાણી શકે.જયારે તું કંઇ જાણતો નથી ત્યારે તું શાનો બ્રહ્મ ? તારું માનવું કેવળ ખોટું છે.વળી તું ત્રણે અવસ્થાને જાણતો હોય તો સ્વપ્ના વખતે શા માટે સત્ય મને છે. જો તું બ્રહ્મ હોય તો ખોટા સ્વપ્નાને કદી સત્ય માને નહિ. હે ધર્મરાજા,ભગવાન ભજવાનો આવો મનુષ્યદેહ વારંવાર આવવાનો નથી.માટે આવાં કળિયુગી વચનો કયાંથી કાઢે છે ? જુઓ પરમેશ્વર તો સર્વશક્તિમાન છે તેવી શકિત તમારામાં કે મારામાં કયાં છે ? વળી પરમાત્મા નિરોપાધી,છે. અને તમારે ને મારે અનંત પ્રકારની ઉપાધી છે.તેથી ત્રિગુણી માયામાં રહેલો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે પરમાત્મા કહેવાય નહિ. અને જે મત તાણીને પરમાત્મા કહે તેમને કેવળ મૂર્ખા સમજવા, તેમ કોઇ માણસ ભાંગ પીને એમ બોલે, હું દુનિયાનો રાજા છું. એમ બોલવાથી કાંઇ રાજા થતો નથી. રીતે જ રીતે દંતકથાથી બ્રહ્મવાદ કરી બ્રહ્મ થઇબેસે તો તેવાને કેવળ મૂર્ખો જાણવો, વળી જ્ઞાનમાં અજ્ઞાન કદી આવે નહિ. સૂર્યમાં અંધકાર કદી સંભવે નહિ તેમ બ્રહ્મમાં કદી ભ્રાંતિ સંભવતી નથી, વેદનો હેતુ સમજયા વિના બ્રહ્મ થઇને બેસનારા અઘોર નરકમાં પડે છે. ભીષ્મપિતા કહે છે, હે ધર્મરાજા, બ્રહ્મ એક અવિનાશી છે તથા સદા અખંડાનંદ છે અને આ દેહમાં આવેલો આત્મા આ દેહથી મુકત થઈ અન્ય દેહમાં જાય છે માટે તે ચળીત છે. વળી હે ધર્મરાજા, હવે હું પરમેશ્વર વિષે તને યથાર્થ સમજાવું તે તું શાન્ત ચિત્તે શ્રવણ કર. પરમેશ્વર એક છે અને તે માયાતીત, તુરીયાતીત, તથા સદા સર્વદા અચળિત છે. આવા જ્ઞાન સ્વરૂપ પરમાત્માને કોઈ વીરલા જાણે છે. વેદાંતી લોકો વેદનો હેતુ સમજયા વિના નાહક શાસ્ત્રાર્થ કરી તકરાર કરે છે, વળી યોગી, તપસ્વી પણ તેનો ભેદ જાણતા નથી.

પરમેશ્વર અજન્મા છે તેથી કોઇ દિવસ તે અવતાર લેતા નથી. વળી જેમાં શંકા ઊત્પન્ન થાય એવા પરમાત્મા છે. વિદ્વાન, શાસ્ત્રી વેદાન્તી તો ફકત વિદ્યા ભણી જાણે છે, જેનો લક્ષ અવતારીમાં હોય છે તે મોક્ષપદ જાણતો નથી. જે કર્મકાંડને વખાણે છે તેને બીજી રીતિ માફક આવતી નથી, જેને ઉપાસના ઉપર પ્રીતિ હોય છે તેને બિલકુલ જ્ઞાન રુચતું નથી. જે જીવે, ગયા જન્મે સ્હેજ જ્ઞાન સંપાદન કર્યું હશે તો જ તેને જ્ઞાની પુરુષ મળશે. અને તેવા જ્ઞાની પુરુષના સત્ય સમાગમથી તે જીવનું મૃત્યુનું આવાગમન ટળી જશે. જેમ પહેલો અક્ષર ઓળખાતો હો તો જરા વંચકમાં ઠીક ચાલે છે તેમ કેટલાક જન્મોનું સફળ કર્તવ્ય હો તો તેવાને જ્ઞાન સારું થઈ શકે છે, કદી જ્ઞાન સુણે તેમાં ધ્યાન લાગતું નથી, કદી ધ્યાન દેવાય તો તેને દઢ થતું નથી, કદી કોઈ કાળે દ્રઢ થાય તો તેનું ચિંતવન બરોબર થતું નથી. તેટલી ઘાંટીઓમાં જેનું મન ડગતું નથી તેવો તો કોક મોક્ષમાર્ગી હોય છે, વળી ભીષ્મપિતા ધર્મરાજાને કહે છે, જે ફકત વિદ્યા જ્ઞાની છે તે સર્વ જીવને પરમેશ્વર માને છે માટે કોઈ શ્રોતા કે વકતા કે બેમાંથી એક જણ તેનો વિચાર કરતા નથી. જયારે સૌ બ્રહ્મ છે અને તે સિવાય કંઈ નથી ત્યારે સઘળા સરખા હોવા જોઇએ. કોઈ સુખી દુઃખી, ત્યાગી ગૃહસ્થી અગર વૈરાગી વિગેરે ભેદરહિત હોવા જોઇએ. વારું સર્વને ઇશ્વર માનશો તો મોક્ષ અમોક્ષ મિથ્યા થઈ ગયો, પાપ કર્મ કરનારો કોણ નરકમાં જશે. વળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જો ઇશ્વરને કહેશો તો તમારું મુખ જોવું યોગ્ય નથી; તેમ છતાં આપણે ઇશ્વર હોઇએ તો વારંવાર ગર્ભોમાં કેમ અથડાઇએ છીએ ? હે યુધિષ્ઠિર, પરમેશ્વર અચળિત છે અને આપણે ચળીત છીએ માટે આપણે બ્રહ્મ નહિ ને નહિ. એવું સાંભળી યુધિષ્ઠર ભીષ્મપિતાને દીનતાથી કહેવા લાગ્યા, અરે દાદા, આપના કહ્યા મુજબ મારે પણ જ્ઞાનીના શરણે થવું જોઇએ. એટલે ભીષ્મપિતા કહે છે, હે ધર્મરાજા, વેદશાસ્ત્ર પુરાણથી બ્રહ્મજ્ઞાન તદ્દન જુદું છે. હવે જુઓ. બ્રહ્મની ગતિને પણ બ્રહ્મ કહેવાય છે અને બ્રહ્મના સ્વરૂપને પણ બ્રહ્મ કહેવાય છે માટે આ સઘળું જ્ઞાની પાસે સઘળું સમજવું જોઇએ. વળી જ્ઞાનીઓમાં પણ ફેર તે કેવા, એક તો શ્રવણ જ્ઞાની, અનુભવ જ્ઞાની, વંચક જ્ઞાની એને ચોથો કર્મ જ્ઞાની છે. આમાંથી કીયા જ્ઞાનીને સાચો માની, લેવો ? એવું સાંભળી યુધિષ્ઠર બોલ્યા, ઓ ગંગાસુત, મને તે વિશે યથાર્થ સમજાવો. એટલે ભીષ્મજી કહે છે, વંચક જ્ઞાની ફક્ત વાંચીને સમજેલો, અને શ્રવણ જ્ઞાની઼ઓ કાને સુણેલું હોય છે, અનુમાનીએ ત્રીજું પદ છે અને ચોથો અનુભવ જ્ઞાની તે સર્વ કરતાં મહા સમર્થ છે. તેવા જ્ઞાનીનું જ્ઞાન સાંભળવાથી યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને તેવા જ્ઞાન વડે મોક્ષ પમાય છે. જે મનુષ્ય મોક્ષ વિના અવર ઇચ્છાથી ફળ લેવાની વાંછના રાખે તો તેવા મનુષ્યો કોઈ કાળે તરતા નથી.

વૈશમપાયન ઋષિ જનમેજય રાજા પ્રત્યે કહે છે કે શાન્તિ પર્વ પુરણ થયું અને તે શ્રદ્ધા વડે શ્રવણ કર્યાથી તારી બ્રહ્મહત્યા ઊતરી એટલે પરીક્ષિતના પુત્રે બ્રાહ્મણોને વિધિપૂર્વક દાન આપ્યા. સવાસે બ્રહ્મપુરીઓ આપી તથા સવાસો ઉપવીત દીધાં. એવી રીતે પુન્ય કરવાથી કાળા પડદા શ્વેત થયા. કાળી ગાયો ધોળી થઈ અને કાળા તલ પણ ધોળા થયા. એ પ્રમાણે પ્રત્યક્ષ દાખલા મળવાથી જનમેજય આનંદ પામીને પૂર્ણ શ્રદ્ધાથી કથા શ્રવણ કરવા બેઠો.

વિશ્રામ બીજો

શાન્તિ પર્વ પૂરણ હવું, સુણો મૂકી ગર્વ;
વ્યાસ વલ્લભ વાણી વદે, અશ્વમેધનું પર્વ.

શાન્તિ પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૧૪. અશ્વમેધ પર્વ

વૈશમપાયન ઋષિ જનમેજય રાજાને કહે છે, ધર્મીષ્ટ રાજન, મેં તને તેર પર્વની કથા શ્રવણ કરાવી અને હવે બાકી રહેલાં પાંચ પર્વની કથા જયમુનિના મુખથી શ્રવણ કરજે, કારણ કે એક જગ્યાએ એકના મુખથી પૂરણ ભારતની કથા કહેવાય તો કાં શ્રોતાને અગર કાં વકતાને એમાંથી એકને વિઘ્ન થાય છે. માટે હે રાજા, તું છ માસ પછી જયમુનિ મુખથી કથા શ્રવણ કરજે. એમ કહીને વૈશમપાયન ઋષિ વિદાય થયા. એમ કરતા કરતા છ માસ વીતી ગયા એટલે જયમુનિ જનમેજય રાજાની પાસે પધાર્યા. એટલે જનમેજય રાજા ચર્ણે લાગીને કહેવા લાગ્યો, પધારો ઋષિ મહારાજા ત્યારે જયમુનિએ જનમેજય રાજાની દીનતા જોઇ ખુશી થઇને આશીર્વાદ આપ્યો. પછી જનમેજય રાજા જયમુનિને વિનંતી કરે છે, હે મહારાજા! વૈશમપાયન ઋષિએ તેર પર્વની કથા કહી સંભળાવ્યા પછી પાંચ પર્વની કથા આપના મુખથી મને સાંભળવાની કહી છે, માટે હે કૃપાનિધિ, મારી બ્રહ્મહત્યા દૂર થાય તેવી રીતે કથા શ્રવણ કરાવો. એવું સાંભળી જયમુનિ પદ્માસન વાળી જનમેજય રાજાને કથા શ્રવણ કરાવવા બેઠા, એટલે જનમેજય પણ આસન વાળી ઋષિના સામો પૂરણ શ્રદ્ધાથી કથા શ્રવણ કરવા બેઠો. જયમુનિએ જનમેજયને કહ્યું, હે રાજન, તારે કથામાં સત્ય અને નીતિ સિવાય બીજું કંઇ જોવું નહિ, જે માણસ બીજા વિષયમાં વૃત્તિ રાખીને કથા શ્રવણ કરે છે તે જનનું પુન્ય ધોવાઇ જઇને ઉલટું પાપ થાય છે. દાખલા તરીકે, રાગ વિષયમાં અગર હાસ્ય વિષયમાં વૃત્તિ રાખીને કથા શ્રવણ કરે છે તે પ્રભુના પદને પામ્યા સિવાય ઉલટો મૃગનો દેહ પામે છે. વળી તેમાં જેને હાસ્ય વિષય વધારે વહાલો હોય તે ભવાયો થઇને અવતરે છે. જે માણસ કામવૃત્તિ રાખે છે તે વાનરનો દેહ પામે છે. માટે હે ધર્મીષ્ટ પરીક્ષિત તન, તારું ચિત્ત હરિચર્ચામાં રાખીને કથા શ્રવણ કરજે જેથી કરીને તારા પાપનો નાશ થાય.

હવે વ્યાસજી વલ્લભરામ શ્રોતાને કહે છે, આ ગ્રંથ છપાઈ ગયો છે માટે હું તમને ટુંકામાં કહી સંભળાવું તે પૂરણ શ્રદ્ધાથી શ્રવણ કરો. આ અશ્વમેધની કથા ત્રણ કવિઓની રચેલી છે તેથી હું તમને સંક્ષેપથી કહું તેમાં કોઇ સંદેહ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ધરશો નહિ, પાંડવો ગાદીએ બેઠા ત્યાં સુધીની કથા સારી કહી સંભળાવી છે પણ આ અશ્વમેધ બહાર પડયો છે તેથી તે વિષે વિશેષ વિવેચન કરવું તે વૃથા છે. હવે હસ્તિનાપુરની ગાદીએ પાંડવો નીતિપૂર્વક રાજ્ય ચલાવી અવિનાશી પરમાત્માનું સ્મરણ કથા કરે છે. એવામાં વેદ વ્યાસજી મહારાજા ત્યાં પધાર્યા. એટલે પાંડવોએ પ્રેમવડે ચર્ણે પડીને આસન આપ્યું, ત્યાર પછી ધર્મરાજા વેદ વ્યાસના ચર્ણ ચાંપવા બેઠા. ચરણ ચાંપતાંચાંપતાં યુધિષ્ઠિરે વ્યાસજીને પુછયું, હે મહારાજા, અમે રાજયપાટ માટે અમારું કુળ નિકંદન કર્યું છે તેથી પાપ બેઠાથી મારા મનમાં ઘણીજ દિલગીરી રહે છે, એવું સાંભળી વ્યાસજી બોલ્યા, અરે યુધિષ્ઠિર તેં તારો ક્ષત્રી ધર્મ બજાવ્યો તેમાં પાપ શાનું ? પણ લૌકિક અપવાદ બેઠો માટે એનો કિંચિત દોષ છે. એ પ્રમાણે વ્યાસજીના મુખથી દોષ સાંભળી ધર્મરાજા અતિશય ચિંતાતુર થયા, તેથી પુછવા લાગ્યા, અરે મહારાજા, તેટલો દોષ પણ નિવારણ થાય તેવું કાંઈ બતાવો, એટલે વેદ વ્યાસજી બોલ્યા જે પ્રમાણે રામચંદ્રજીએ યજ્ઞ કર્યો હતો તે પ્રમાણે તમે પણ કરો, તે અશ્વમેધયજ્ઞ કરવાથી તમારા ઉપર બેઠેલો જગતનો અપવાદ દૂર થશે અને જય જયકાર વરતાશે.

એ સાંભળી ધર્મરાજા વ્યાસજીને પુછવા લાગ્યા, હે મહારાજ, એવો મોટો યજ્ઞ દ્રવ્ય વિના કેવી રીતે થઈ શકશે ? વળી અમે છ માસથી ગાદીએ બેઠા છીએ પણ હજુ સુધી ધન સંચિત કર્યું નથી અને પહેલું ધન જે દુર્યોધનનું સંચિત કરેલું હતું તે ધન અમને અધર્મનું જણાયું તેથી લુંટાવી દીધું છે, માટે અમે નિર્ધન પ્રાણી કેમ કરીએ ? એવું સાંભળી વ્યાસજી બોલ્યા. અરે ધર્મરાજા, જે હું તને કહી બતાવું તે તું ધીરજ રાખીને શ્રવણ કર. પહેલાં મરીયુત નામના રાજાએ મોટો યજ્ઞ કર્યો હતો. તે વખતે તેણે બ્રાહ્મણોને પુષ્કળ સુવર્ણનું દાન આપ્યું હતું. હવે તે સુવર્ણ બ્રાહ્મણોએ ડુંગરામાં દાટયું છે, માટે તમે તે ધન લાવીને તમારો યજ્ઞ પૂર્ણ કરો. એટલે ધર્મરાજાએ કહ્યું, અરે મહારાજ, શ્રી કૃષ્ણાપર્ણ થયેલું ધન મારાથી કેમ કરીને લેવાય ? ત્યારે વ્યાસજીએ સમજાવી કહ્યું, ધરણનો તું ધણી છે માટે તે ધન લાવતાં તને બિલકુલ દોષ નથી. પછી તે ધન લાવીને યજ્ઞ આરંભશો તે જગતમાં જય-જયકાર થઈ રહેશે. એવું સાંભળી ધર્મરાજા કહે, વારું મહારાજા, હવે આ સિવાય બીજા શાં શાં કાર્ય કરવાં તે કૃપા કરીને કહી બતાવો. એટલે વેદ વ્યાસજી બોલ્યા, અરે યુધિષ્ઠિર રાજા, તારે પહેલવહેલા વરુણ માટે વીસહજાર બ્રાહ્મણોને તેડી લાવવા પડશે. પછી તે સઘળાના સાઠ દિવસ સુધી વરુણ કરવા જોઈએ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે દિવસોમાં પોતાનો જીવ આનંદમાં રાખીને સૌને ઇચ્છા ભોજન દેવું. જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ થાય ત્યારે સર્વ બ્રાહ્મણોને ગાયો, રથ, બળે જોડી વસ્ત્ર, શણગાર અને વીસ મણ સુવર્ણ, એકેક ખોબા મોતી વિગેરે પ્રેમવડે કરીને દેવું. વળી વ્યાસજી કહે છે, હે ધર્મરાજા, તારે તથા દ્રૌપદીએ ધારાવ્રત કરવું, એટલે કે તમારે બન્નેએ એક પથારીએ વચમાં ખડગ મૂકીને સૂવું. વળી તારે તથા દ્રૌપદીએ એક અન્ન ખાવું, તે સિવાય બીજો કાંઇ પણ પદાર્થ ખાવો નહિ. ત્યાર પછી યજ્ઞને માટે પંચ કલ્યાણી અશ્વ લાવવો જોઇએ. તે અશ્વને ખવરાવી પીવરાવી દેવ જેવો જાણીને પૂજન કરવું. હવે હે યુધિષ્ઠિર, તે ઘોડાના હું ચિહ્ન બતાવું તે તું શ્રવણ કર. તે ઘોડાને પીળું પૂછડું, કાળા કાન શ્વેત કાયા તથા લીલા રંગના ચરણ આ પ્રમાણે નિશાનીવાળો ઘોડા લાવીને થોડા દિવસ તમારા ઘેર રાખો. પછી તે ઘોડાને ચૈત્ર સુદી પૂર્ણિમાએ આનંદભેર છોડી મૂકવો. તે ઘોડાના લલાટે કનકના પતરામાં એવું લખવું, જે ક્ષત્રીપુત્ર હશે તે જ આ ઘોડાને બાંધશે. એટલું લખીને ઘોડાને છોડી મૂકવો, જ્યાં તેની ખુશી આવે ત્યાં ચાલ્યો જાય, વળી તેની પાછળ ચોકી વાસ્તે સૈન્ય સહિત બાણાવળી યોદ્ધાઓએ જવું જોઇએ. જતાં જતાં રસ્તામાં જ્યાં પંચકલ્યાણી ઘોડો લાદ કરે ત્યાં ધર્મશાળા અગર વિશ્રામ કરવો અને જ્યાં લઘુશંકા કરે ત્યાં કૂવો અગર વાવ કરાવવી. વળી જો અશ્વને જેક્ષત્રીનંદન બંધન કરે તો તેનો પરાજય કરીને ઘોડો લઇ આગળ ચાલવું. એ પ્રમાણે ત્રણસો સાઠ દિવસ ઘોડાની પાછળ ફરવું. એવું સાંભળી ધર્મરાજાએ વેદ વ્યાસજીનેકહ્યું, હે મહારાજ, એવોઘોડો અમે ક્યાંથી લાવીએ? એટલેવેદવ્યાસજી બોલ્યા, ઉત્તર દિશામાં ભદ્રાવતી નગરી છે, તેમાં યમુનાશ્વ રાજાના ત્યાં પંચ-કલ્યાણી ઘોડો છે. માટે તે રાજાની સાથે યુદ્ધ કરીને ઘોડાને તમારા ઘેર લાવો.

તે ઘોડાને એવી યુક્તિથી લાવજો કે તે રાજા મરણ પામે નહિ. છાનોમાનો પણ લાવવો નહિ. તે રાજાનો પુત્ર આઠે દિવસે રવિવારે પંચકલ્યાણી ઘોડાને દસ હજાર ક્ષૌણી લશ્કર સાથે ક્ષીપ્રા નદીમાં નવડાવવા સારુ લાવે છે, તેથી તે વખતે સામા યુદ્ધ કરીને તે ઘોડાને લાવજો. એમ કહી વેદ વ્યાસજી અંતર્ધ્યાન થઇ ગયા. પછી ધર્મરાજાએ પોતાના ભાઇઓને બોલાવીને કહ્યું, આપણે અશ્વમેધ કરવો પડશે, કારણ કે વેદ વ્યાસજી મને કહી ગયા છે. એવામાં ત્યાં હેડંબા વનમાંથી ગટોરગચ્છનો પુત્ર મેઘવરણ આવ્યો અને કરણ રાજાનો નંદન વૃષકેતુ ધર્મરાજાના ત્યાં રહે છે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayū Trust. Funding IKS-MoE-Grant-2

સઘળા ધર્મરાજાની પાસે આવીને બેઠા. યુધિષ્ઠિરે ભીમસેનને કહ્યું, હે વહાલા વીર, તમે દ્વારીકાથી કૃષ્ણજીને તેડી લાવશો તો સર્વ વાતનો ખુલાસો થશે. એવું સાંભળતાં જ વૃકોદર ધર્મરાજાની આજ્ઞા લઇ દ્વારીકા તરફ ચાલ્યો. પછી ત્યાં જઇને વૃકોદરે કૃષ્ણ પ્રભુને હસ્તિનાપુર આવવાનું કહ્યું, એટલે દયાળુ હરિ તરત ભીમસેનની સાથે હસ્તિનાપુર આવ્યા. ધર્મરાજા વિગેરે પ્રભુને જોઇ ઘણો જ આનંદ પામ્યા. તે પછી યુધિષ્ઠિરે કહ્યું, હે ભાઇઓ આપણામાંથી ઘોડો લેવા માટે કોણ જશે? એટલે ભીમસેને કરગરીને કહ્યું, મોટા ભાઈ, હું ઘણી ખુશીથી તે કાર્ય કરીશ. એવું સાંભળી મેઘવર્ણ તથા વર્ષકેતુ બોલી ઊઠયા, અમે પણ ઘોડા માટે જઇશું. ત્યારે ધર્મરાજાએ ત્રણે જણને ઘોડા લેવા જવાની આજ્ઞા આપી. ત્રણે જણા એક માસે ભદ્રાવતી નગરીએ પહોચ્યા. ત્યાં નગરીની પાસે એક ગિરિ ગુફામાં ઉતર્યા.

મેઘવરણ ભીમસેનને કહેવા લાગ્યો, હે દાદા મને આજ્ઞા આપો તો હું તે ઘોડાની તપાસ કરી આવું. એવું સાંભળી ભીમે મેઘવર્ણને ઘોડાની તપાસ કરવા માટે મોકલ્યો. ગટોરગચ્છનો નંદન ભદ્રાવતી નગરીમાં ઘોડો શોધવા માટે ગયો તો યમુનાશ્વ રાજાના ત્યાં ઘોડાને ઊભેલો જોયો. તપાસ કરીને મેઘવર્ણ પાછો ભીમસેનની પાસે ગિરિની ગુફામાં આવ્યો. ને વૃકોદરને કહેવા લાગ્યો,યમુનાશ્વરાજાનો પુત્ર સુવેધ રવિવારે ઘોડાનેનવરાવવા માટે દસ હજાર ક્ષોણી લશ્કર સાથે ક્ષીપ્રા નદીએ આવશે. એવું સાંભળી ભીમસેન તથા વૃષકેતુ ખુશી થયા, રવિવારે સુવેધ દશહજાર ક્ષોણી લશ્કર સાથે ઘોડાને નવરાવવા માટે ક્ષીપ્રા નદીએ આવ્યો એટલે મેઘવર્ણે ઘોડો લાવવાની વૃકોદરની પાસે આજ્ઞા માગી. વૃકોદરે મેઘવર્ણને કહ્યું, બેટા, સાચવીને કાર્ય કરજે. એમ કહી તેને આજ્ઞા આપી. એટલે મેઘવર્ણ વાવટોળ કરીને ઘોડાની પાસે પડયો. ને તેણે ઘોડાને ઊંચકીને ભીમસેનની પાસે લાવીને મૂકયો.હવે વાવટોળ મટયા પછી સઘળાઓએ ઘોડાનું હરણ થયેલું જોયું તેથી સુવેધે સેવકોને ઘોડાની તપાસ માટે નગ્રની આસપાસ મોકલી દીધા. શોધ કરતાં કરતાં એક બે સેવકોએ ઘોડાને ભીમસેનની પાસે ઊભેલો જોયો. તેથી તેઓએ દોડતા જઇને સુવેધના પિતાને ખબર આપી કે ઘોડો ગિરિની ગુફામાં છે,એવું સાંભળી યમુનાશ્વરાજા યુદ્ધ કરવા માટે પોતાની દસ હજાર ક્ષોણી સૈન્ય તથા સુવેધ પુત્ર તથા સહવર્તમાન ડુંગરની ગુફા પાસે આવીને ઊભો. એટલે વૃકોદર, મેઘવર્ણ તથા વૃષકેતુ ત્રણે જણા યમુનાશ્વ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રાજાની સાથે યુદ્ધ કરવા સામા ઊભા.તેમાં યમુનાશ્વની સામે વૃષકેતુ ઊભો, સુવેધની સામો ભીમસેન ઊભો અને મેઘવર્ણ સઘળી સેનાની સામો ઊભો.એ પ્રમાણે તૈયાર થઇને સઘળા સામસામા યુદ્ધ કરવા તૂટી પડયા. વૃષકેતુ તથા યમુનાશ્વ અગણિતા મંત્ર ભણીને બાણ કરે છે.એવામાં મેઘવર્ણે યમુનાશ્વના ચાળીસ હજાર યોદ્ધાઓને ઠેર મારી નાખ્યા,એ પ્રણાણે યુદ્ધ કરતાં છેવટે વૃષકેતુએ મોહાસ્ત્રનો મંત્ર ભણીને એક બાણ યમુનાશ્વની છાતીમાં માર્યું તેથી રાજાનો પ્રાણ ઊંચો પડયો અને ચકરી ખાઈ પૃથ્વી પર પડયો. એ પ્રમાણે બનવાથી વર્ષકેતુ ભયભીત થઇને વિચાર કરવા લાગ્યો,ધર્મરાજાએ એવું કહ્યું, હતું કે રાજાને જીવતો રાખીને ઘોડા લાવજો, માટે જો રાજા મરણ પામ્યો હશે તો આ ઘોડો કામમાં લાગશે નહિ એમ ધારી પોતે રાજાને જોવા માટે ચાલ્યો, એવામાં રાજાને પૃથ્વી પર પડેલો જોઈ સૌ સૈન્યે યુદ્ધ કરવું બંધ રાખ્યું.

તે વાર્તા ગામમાં પહોંચી એટલે રાજાની માતા જડદંબા નામની હતી તે યમુનાશ્વની મદદે જવા માટે ચાલી,હવે યમુનાશ્વની મૂર્છા વળવાથી પોતે ઊભો થઇને ભીમસેનને પૂછવા લાગ્યો, તમે કોણ છો ? ત્યારે વૃકોદર બોલ્યો, પાંડવોમાં હું ભીમસેન છું અને મારે યજ્ઞ છે, માટે અમે ઘોડો લેવા આવ્યા છીએ. એવું સાંભળી યમુનાશ્વ ઘણો ખુશી થઇને કહેવા લાગ્યો, બહુ સારું ચાલો હું પણ ઘોડો લઇને આપની સાથે પ્રભુનાં દર્શન કરવા માટે આવું છું. એમ કહી રાજાએ ભીમસેન વિગેરેને પરોણાગતે નગ્રમાં લીધા. એ પ્રમાણે સઘળા ચાલ્યા જાય છે. એવામાં જડદંબા સામી મળી એટલે યમુનાશ્વે પગે લાગીને પૂછયું, હે માતા, કયાં પધારો છો ? ત્યારે જડદંબા બોલી, યુદ્ધમાં તારો પરાજય સાંભળી હું તારી મદદે આવું છું. એવું સાંભળી યમુનાશ્વે કહ્યું. અરે માતા, હવે પાછા વળો અને હસ્તિનાપુર શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા માટે ચાલો. એટલે જડદંબા બોલી, એ કાળીયા કપટીનાં દર્શન કરવા હું કદી આવવાની નથી. તેણે તો મારા ભાણેજ સકટાસુરને માર્યો હતો,તેથી હું તેનાં ઉપર ગુસ્સે છું.એવું સાંભળી યમુનાશ્વે વિચાર્યું, મારી માતામાં રાક્ષસ ગુણ છે,માટે તેને સમજાવીને પ્રભુ પાસે લઇ જાઉં તો બુદ્ધિ શુદ્ધ થશે, એમ ધારી રાજા બોલ્યો, અરે હણીશું એટલે જડદંબા રાજી થઇને કહેવા લાગી,ચાલ્લકરીહીકરા,તારી જોડે આવુ છું. એ પ્રમાણે વિચાર કરતાં કરતાં સઘળાં જમી કરીને પધાર્યા, ત્યાર પછી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમામ લોકો વાજતેગાજતે ઘોડો લઇને હસ્તિનાપુર ભણી વળ્યા, તે હસ્તિનાપુર ગયા ત્યાં જઇને ભીમસેને પંચકલ્યાણી ઘોડો સોંપી દીધો અને યમુનાશ્વે પોતાની માતાને કૃષ્ણ પ્રભુને ચરણે લગાડી એટલે પ્રભુએ તેના મસ્તક ઉપર હાથ મૂકયો, તેથી રાણીની બુદ્ધિ શુદ્ધ થઇ ગઈ. પછી જડદંબા પ્રભુને કરગરીને કહેવા લાગી હે મહારાજ, મારી ભૂલચુક માફ કરજો. એ પ્રમાણે બનવાથી સઘળા લોકો ખુશી થયા.હવે ધર્મરાજા સઘળાની આસનવાસના પૂરણ પ્રેમથી કરાવે છે. એવામાં શ્રીકૃષ્ણ બોલ્યા અરે ધર્મરાજા, મને અત્યારે દ્વારિકા જંવા દો અને ચૈત્ર માસ આવે એટલે ભીમસેનને બોલાવવા મોકલજો. એમ કહીને પોતે દ્વારીકા પધાર્યા. હવે થોડા દિવસ ગયા પછી ચૈત્ર માસ આવ્યો એટલે ધર્મરાજાએ ભીમસેનને દ્વારિકા મોકલ્યો.

ભીમસેને દ્વારીકા જઈ પ્રભુને કહ્યું,આપ સહકુટુંબ પધારો. એટલે દયાળુ હરિ ઉગ્રસેન અને વસુદેવ આ બંને વૃદ્ધને નગરી સોંપી પોતે પોતાની નારીઓ તથા પુત્ર પરિવાર સુદ્ધાં હસ્તિનાપુર જવા નીકળ્યાં.જતાંજતા રસ્તામાંજમુનાજી નદી આવ્યા. ત્યાં જશોદા તથા ગોપીઓ પણ મળી. એટલે પ્રભુ સર્વેને કહેવા લાગ્યા, હસ્તિનાપુરમાં પાંડવોને ત્યાં યજ્ઞ છે, માટે તમે સઘળાં ચાલો. પ્રભુની અજ્ઞાથી તમામ લોકો તૈયાર થઈ હસ્તિનાપુર તરફ ગયાં. પછી પ્રભુ સઘળા માણસો સાથે હસ્તિનાપુરમાં પધાર્યા. એટલે પાંડવોને અતિશય આનંદ થયો.એમ કરતા કરતા એક દિવસ સઘળી નારીઓને ઘોડો પૂજવાની ઇચ્છા થઇ તેથી દ્રૌપદી, સુભદ્રા તથા સઘળી સ્ત્રીઓ ધર્મરાજાની આજ્ઞા મંગાવીને ઘરના ચોકમાં ઘોડાનું પૂજન કરવા ચાલી. એવામાં અનુસાલ્લવ નામનો માયાવી અસુર વા વંટોળ કરીને ચોકમાં પડયો ઘોડાને ઊંચકીને નગ્રની બહાર જઇને ઉભો રહ્યો.હવે થોડા વખત પછી વાવંટો,ળનો નાશ થયો એટલે સઘળી સ્ત્રીઓએ ઘોડાને જોયો નહિ તેથી તેઓએ એકાએક બૂમાટો કર્યો, ઘોડાનું હરણ થયું છે. એટલે પાંડવો શોકાતુર થઇને પ્રભુને પૂછવા લાગ્યા, હે મહારાજા,હવે કેમ કરીશું ? ત્યારે દયાળુ હરિ બોલ્યા, રહદાલ્લવના ભાઇએ મારે માટે ઘોડાને ચોર્યો છે, 'તેથી તમે ચિંતા કરશો નહિ, હમણાં હું મંગાવી આપું છું. એમ કહી હરિએ એક બીડું બનાવી સઘળાને કહ્યું, જે શુરો હોય તે આ બીડું લઇને યુદ્ધ કરવા જાય. એટલે પ્રધુમને તે બીડું ઝડપી લીધું. પછી પ્રધુમન પોતાના યાદવોને સાથે લઈને યુદ્ધે ચઢયો. અનુસાલ્લવ ઘોડો પકડીને નગરની બહાર ઊભો છે, વળી અનુસાલ્લવની સાથે ચૌદ હજાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અસુરો યુદ્ધ કરવા માટે આવ્યા છે. તેની સામે પ્રદ્યુમન યુદ્ધ કરવા સારુ ઊભો રહ્યો. અનુસાલ્લવ પણ પોતાનાં આયુદ્ધ ગ્રહણ કરી પ્રદ્યુમનના સામે ઊભો રહ્યો. બન્ને જણા સામસામી યુદ્ધ કરવા તૂટી પડયા. યુદ્ધ કરતાં કરતાં અનુસાલ્લવે પ્રદ્યુમનના હૃદયમાં પવનાસ્ત્ર બાણ માર્યું, તેથી પ્રદ્યુમન ઊછળીને રાજસભામાં પ્રભુની પાસે પડયો. એટલે શ્રીહરિએ પ્રદ્યુમનને લાત મારીને કહ્યું, ધિક્કાર છે તને, પછી ભીમસેન તથા વર્ષકેતુ ધર્મરાજાની આજ્ઞા લઈને યુદ્ધ કરવા માટે ગયા. હવે અનુસાલ્લવ તથા વૃકોદર બેઉ જણા યુદ્ધ કરે છે. એવામાં અનુસાલ્લવે ભીમસેનને વાયુ મંત્રથી રાજસભામાં ફેંકી દીધો, એવું જોઈને પ્રભુ કોપાયમાન થઇને અનુસાલ્લવ સામા યુદ્ધ કરવા માટે પધાર્યા. હવે બંને જણા લડે છે, એવામાં અનુસાલ્લવે યુક્તિ કરીને પ્રભુને રાજસભામાં ફેંકી દીધા. તેથી રુક્ષ્મણીજી આવીને કહેવા લાગ્યા. હે પતિ તમે કેમ હાર પામ્યા ? હવે અનુસાલ્લવની સામે એકલો વર્ષકેતુ યુદ્ધ કર્યા કરે છે. છેવટે કર્ણપુત્રે શિવનું બાણ લઇને અનુસાલ્લવના માયાવી રાક્ષસો ઉપર ફેંકયું, એટલે અનુસાલ્લવ વિના સઘળા અસુરો લોપ થઈ ગયા. એવું જોઇને અનુસાલ્લવ ભય પામવા લાગ્યો.

એવામાં વર્ષકેતુએ નાગપાસબાણ મારી અનુસાલ્લવને બંધનકર્યો. એટલે અનુસાલ્લવ કરગરી પડયો. હે મહારાજા, હવે મને જવા દો, પણ કર્ણપુત્રે ગુસ્સે થઇને તેની ચોટલી પોતાના હાથમાં પકડીને અનુસાલ્લવને રાજસભામાંલાવ્યો. એટલે ધર્મરાજા વિગેરે ઘણા ખુશી થઇને વર્ષકેતુને આશીર્વાદ આપવાલાગ્યા. અનુસાલ્લવ પ્રભુને પગે લાગીને બોલ્યો, હે મહારાજા મારી મોટી ભૂલથઈછે માટે માફ કરો. એટલે શ્રીહરિએ અનુસાલ્લવના હાથ છોડી નાંખ્યા પછી દયાળુએ પાંડવોને કહ્યું, અનુસાલ્લવને પણ તમે તમારા છઠાભાઈ જેવા જાણજો. એટલે ધર્મરાજા બોલ્યા. બહુ સારુ મહારાજ આપનુંવચન મારા મસ્તકે ચઢાવું છું. પછી વર્ષકેતુએ પંચકલ્યાણી ઘોડો ધર્મરાજાને સોંપી દીધો. એટલે યુધિષ્ઠિર કહે શાબાશ છે બેટા, તને ધન્ય છે. એ પ્રમાણે સઘળા આનંદથી રહે છે. પછી પ્રભુએ ભીમસેનને વીસ હજાર બ્રાહ્મણોને તેડી લાવવાની આજ્ઞા આપી એટલે ભીમસેન જઇને વીસ હજાર બ્રાહ્મણોને તેડી લાવ્યો. ધર્મરાજાએ બ્રાહ્મણો માટે મઠ બંધાવ્યા હતા તેમાં બ્રાહ્મણોને ઉતાર્યા, એમ કરતાં કરતાં ચૈત્ર સુદી-પૂર્ણિમાનો દિવસ આવ્યો. ત્યારેતે દિવસે ધર્મરાજાએ પ્રેમવડે બ્રાહ્મણોનુંપૂજન કરીને વરુણ કર્યા, બ્રાહ્મણોએ ગણિત પ્રમાણે કુંડ રચ્યો. વળી યુધિષ્ઠિરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બ્રાહ્મણોને કનકના આસને બેસાડયા ને યજ્ઞ આરંભ કર્યો પછી પંચકલ્યાણી ઘોડાને બહાર કાઢી પ્રેમ વડે પૂજન કર્યું, ત્યારબાદ તેના લલાટે કનકનું પત્ર તાણી બાંધ્યું. તે પતરામાં એમ લખ્યું, જે ક્ષત્રીનો પુત્ર હોયતે આ ઘોડાનેબાંધે. પછી પ્રભુએ પંચકલ્યાણીને છૂટો મૂકી દેવાની આજ્ઞા આપી. એટલે તેની પાછળ અર્જુન, યમુનાશ્વ વૃષકેતુ તથા સુવેધ વિગેરે જબરા યોદ્ધા દસ ક્ષોણી સૈન્ય સાથે રક્ષણ કરવા સારું ચાલ્યા, હવે પંચકલ્યાણી ઘોડો ચાલ્યો ચાલ્યો નર્મદા કિનારે માહિશ્વરી નગરી તરફ ગયો. તે નગરીમાં નિલધ્વજ નામનો રાજા રાજય કરે છે, વળી તે રાજાને પાંચ પુત્ર છે તેમાંનો પરવીર પુત્ર એક હજાર સ્ત્રીઓને લઇને નગરની બહાર બાગમાં ક્રીડા કરવા માટે ગયો છે. તે બાગને વિષે પંચકલ્યાણી ઘોડો ફરતો ફરતો આવ્યો, તેથી એક સ્ત્રીએ તેને પકડીને પોતાના પતિને સોંપી દીધો, હવે તે વાર્તા અર્જુને જાણી તેથી બાગ આગળ આવીને ધનંજયે ધનુષનો ટંકાર કર્યો. એટલે પરવીર સામો આવીને ઊભો. પછી પરવીર તથા અર્જુનજી સામસામી યુદ્ધ કરવા તૂટી પડયા.

એવામાં પરવીરે બાણ મારી દશ હજાર યોદ્ધાનો ઘાણ વાળી નાંખ્યો તેથી પારથે ક્રોધ કરીને પરવીરનું શીશ છેદી નાંખ્યું. એટલે સર્વ નારીઓ બૂમ પાડીને ઘોડાને લઇ નગરમાં નાસી ગઇ, હવે નિલધ્વજે પોતાના પુત્રનું મરણ સાંભળીને પોતાના જમાત્ર અગ્નિદેવને તેડાવ્યા. એ રાજાને સ્વાહા નામની દીકરી હતી. તે દીકરીએ અગ્નિને પરણવા માટે અગ્નિદેવનું તપ કર્યું. તેથી સાત દિવસે અગ્નિદેવે આવીને વિપ્રસ્વરૂપે દર્શન દઇ પોતાની ઓળખાણ આપી. પછી તે કન્યા અગ્નિદેવને પોતાના પિતા પાસે લઇ ગઇ. નિલધ્વજે અગ્નિને પૂછયું તમે બ્રાહ્મણ સ્વરૂપે કોણ છો? ત્યારે અગ્નિદેવે કહ્યું, આખું જગત જેની સેવા કર્યા કરે છે તે હું અગ્નિદેવ છું. એવું સાંભળી નિલધ્વજે કહ્યું, હું શાથી જાણું કે તમે અગ્નિ છો? એટલે અગ્નિદેવે ફૂંક મારીને રાજાના પ્રધાનની દાઢી મુછ બાળી. એવામાં રાજાની વૃદ્ધ ડોસીએ અગ્નિદેવને કહ્યું, તમે દાઢી મુછ બાળી છે માટે હું તમને માનતી નથી. જો બરોબર પારખું બતાવો તો હું તમને પગે પડું એટલે અગ્નિદેવે કહ્યું, ચાલો તમારા ઘેર આવીને તમને બરોબર પારખું બતાવું. એમ કહી અગ્નિદેવે જવાળા પ્રગટ કરીને ડોસીને સઘળું ઘર તથા રાચરચીલું વિગેરે તમામ બાળીને ભસ્મ કર્યું. એટલે ડોસીએ કરગરીને કહ્યું, હે અગ્નિદેવ હવે ક્ષમા કરો, હું તમને મારી પુત્રી પરણાવી દઉં છું. એટલેઅગ્નિદેવેબ્રાહ્મણનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્વરૂપ ધારણ કર્યું એટલે રાજાએ રાજી થઇને વિધિ પ્રમાણે કન્યાદાન કીધું. પછી અગ્નિદેવે કહ્યું હે નિલધ્વજ, જે જોઇએ તે માગી લ્યો, ત્યારે નિલધ્વજે કહ્યું, હે કૃપાનિધિ, મને હરિદર્શન થાય ત્યાં સુધી મારા ઘેર રહો તેથી અગ્નિ નિલધ્વજ રાજાને ત્યાં રહ્યા છે, નિલધ્વજે એ અગ્નિને આજ્ઞા આપી, તમે દુશ્મનની સામે યુદ્ધ કરો. ત્યારે અગ્નિદેવ કોપાયમાન થઇ જવાળા રૂપે પાંડવમાં પડયા. તેથી આખું સૈન્ય બળવા લાગ્યું. એ પ્રમાણે સૈન્યનું દુઃખ જોઇને અર્જુનજીએ મેઘાસ્ત્ર બાણ માર્યા, તેથી મેઘની ધારા અગ્નિમાં પડવાથી અગ્નિની બમણી જવાળા ઉત્પન્ન થઈ ત્યારે અર્જુનજીએ થાકીને પ્રભુને યાદ કર્યા, એટલે શ્રીહરિ ભક્તની વહારે ધાયા, દયાળુએ અર્જુનને કહ્યું, તમે નરનારાયણ બાણ મારો, એટલે અર્જુનજીએ તે બાણ માર્યું, તેથી અગ્નિ બળવા લાગ્યા, ને આવીને અર્જુનને નમી પડયા. પછી પોતે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા, હે નાથ, આપે મારું અજીર્ણ દૂર કર્યું હતું, હે ત્રિલોકના નાથ, મારા ઉપર કૃપા કરીને જરા થોભો. એમ કહીને અગ્નિદેવ નિલધ્વજ રાજાની પાસે આવ્યા. પછી નિલધ્વજને કહ્યું, કૃષ્ણજી પધાર્યા છે, માટે દર્શનાર્થે ચાલો. ત્યારે નિલધ્વજ રાજા ખુશી થઇને કૃષ્ણ પ્રભુની પાસે જવા નીકળ્યો. એ પ્રમાણે અગ્નિ તથા નિલધ્વજ પ્રભુનેનમીપડયા. પછી અગ્નિ નિલધ્વજ પ્રત્યે બોલ્યો, હવેમને મારાધામમાંજવાનીઆજ્ઞાઆપો ત્યારે નિલધ્વજે કહ્યું, બહુ સારું ખુશીથી પધારો. એટલે અગ્નિદેવે પોતાના ધામમાં જતી વખતે રાજાને કહ્યું, તમે ઘોડાને સોંપી દેજો. તેથી નિલધ્વજરાજા ઘોડો લેવા માટે પોતાને ઘેર ગયા. રાજાએ આવીને પોતાની રાણીને સઘળી હકીકત કહી સંભળાવી. ત્યારે રાણી ગુસ્સે થઇને બોલી, જો ઘોડાનેઆપશો તો હું ફાંસો ખાઇને મરી જાઇશ. એમ કહી રાણીએ પોતાના ચાર પુત્રો બોલાવીને કહ્યું, હે દીકરા તમે ક્ષત્રી હો તો દુશ્મનનો પરાજય કરો. ત્યારેનિલધ્વજનાચારે પુત્રો હથિયાર ધારણકરીને અર્જુનજીના સામા આવીને ઊભા. પછી અર્જુનજી ધનુષબાણ ધારણ કરીને યુદ્ધ કરવા લાગ્યા. એવામાં કર્ણ પુત્ર વૃષકેતુએ કાળ જવર બાણથી ચારે પુત્રોનાં શીષછેદી નાંખ્યાં. તે વાર્તા નિલધ્વજનેપહોંચવાથી પોતે અર્જુનની સામું યુદ્ધ કરવા માટે ચઢયો. નિલધ્વજે પાંડવ સૈન્યમાં હથ-રાણ વાળી નાંખ્યું, અર્જુનજી બાણ મારી મારીને થાકયો પણ નિલધ્વજ બિલકુલ પાછો પડતો નથી, છેવટે અર્જુનજીએ પ્રભુને પૂછયું. હે મહારાજ, હને શું કરવું ? ત્યારે દયાળુ હરિએ કહ્યું, તમે પવનાસ્ત્ર બાણથી તેને ઉડાડી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દો. એટલે અર્જુનજીએ પવનાસ્ત્ર બાણ મારી નિલધ્વજને અગ્નિદેવ પાસે ઉડાડી દીધો. ત્યારે અગ્નિદેવે નિલધ્વજને ઉઠાડીને પૂછયું. તમને કોણે અહીં નાંખ્યા? અને શી બીના બની? ત્યારે નિલધ્વજે કહ્યું, હે મહારાજ, અર્જુનજીએ મારો પુત્રો ઠેર માર્યા તેથી રાણીની શિખવણીથી હું પણ યુદ્ધે ચઢયો ને છેવટે અર્જુનજીએ મને બાણ મારીને ઉડાડી દીધો. એવું સાંભળી અગ્નિદેવ બોલ્યા, અરે નિલધ્વજ રાજા, એ અર્જુનજીને શ્રીકૃષ્ણજી સહાય છે માટે તેને કાંઇ થવાનું નથી. તેથી તમે તેમને કરગરીને ઘોડો સોંપી દો. ત્યારે નિલધ્વજે પોતાના ઘેર આવીને અર્જુનજીને પંચકલ્યાણી ઘોડો સોંપી દીધો. પછી પોતે અર્જુનજીની સાથે જવા માટે સૈન્ય સહિત તૈયાર થયો. કૃષ્ણ પ્રભુ ભક્તનું કાર્ય કરી પાછા હસ્તિનાપુર પધાર્યા, પછી અર્જુનજી ઘોડાને આગળ કરી તેની પાછળ રક્ષણ કરવા માટે ચાલ્યા. સઘળું સૈન્ય પણ આનંદ કરતું કરતું ચાલ્યું જાય છે.

હવે નિલધ્વજની જવાળા રાણી પોતાના પિયર જઇને તેના ભાઇદુલમુખને કહેવા લાગી, હે વહાલા વીરા, મારા પાંચ પુત્રોને અર્જુનજીએ ઠેર માર્યા, તેથી જો તું વહેર લે તો બહુ સારું. ત્યારે દુલમુખે કહ્યું, જયારે ઘોડો ફરતો ફરતો અહીં આવશે ત્યારે તેમને બરોબર પંજો બતાવીશ. એવું સાંભળી જવાળા રીસાઇને ત્યાંથી ગંગાસ્થળમાં ગઇ.ત્યાં ગંગામાં પોતાનાપગનો અંગુઠો બોળીને નૌકામાં બેઠી એટલે એક જણે કહ્યું અલી, તું કેવી મલીયંત છે? ત્યારે રાણી બોલી,ગંગા તો વાંઝણી છે માટે મેં મારું શરીર ગંગામાં બોળ્યું નહિ. ત્યારે ગંગાજી સ્વરૂપ લઇને પ્રગટ થયાં; ને જવાળાને કહેવા લાગ્યાં, હે નારી, હું કુરુ કુળમાં પરણેલી હતી તેનો હજી મારો ભીષ્મજી પુત્રહયાત છે. ત્યારે જવાળાએ કહ્યું, તારા પુત્રની સામું અર્જુનજીએ યુદ્ધ કર્યુંને તારાપુત્રને માર્યો તેનું તું વહેર નથી લેતી માટે તને ધિક્કાર છે, એવું સાંભળી ગંગાજી ક્રોધાયમાન થઇને બોલ્યાં, છ માસમાં અર્જુનજીનું શીશ છેદાઈ જજો. એ પ્રમાણે શાપ દઇનેપોતે ગુપ્ત થઈ ગયાં.પછી જવાળા રાણીસામાતીરે જઇને ચિતા ખડકી બળીમુઈ.હવે નિલધ્વજ તથા ઘોડો વિગેરે રાત દિવસ ફર્યા કરેછે, એવામાં એવું બન્યું કે પંચકલ્યાણી ઘોડો ફરતો ફરતો મોટા અરણ્યમાં ચાલ્યો જાય છે. એવામાં ચાર ગાઉની લાંબી એક શલ્યા રસ્તામાં પડેલી છે, પંચકલ્યાણીએ તેના ઉપર એક ચર્ણ મૂકયો એટલે તે ચર્ણ વજ્ર માફક ચોંટી ગયો. ત્યારે સઘળા લોક ભયભીત થઈ ગયા. અર્જુનજી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રથથી નીચે ઉતરીને ઘોડાનો ચર્ણ છોડાવવા માટે ગયા. તેમણે ઘણું જોર કર્યું પણ ઘોડાનો ચર્ણ ઉખડયો નહિ,તેથી નિલધ્વજ, પ્રદ્યુમન તથા યમુનાશ્વ આ ત્રણે જણે શલ્યાને પુષ્કળ બાણ માર્યાં પણ શલ્યા બિલકુલ છેદાઇ નહિ એવામાં ત્યાં એક શોભ્રી ઋષિ તપ કરતા હતા. અર્જુનજી વિગેરે તેમની પાસે જઇને પગે લાગ્યા એટલે ઋષિ બોલ્યા, તમે કીયા દેશના રાજા છો ? ત્યારે અર્જુનજીએ કહ્યું,હે કૃપાનિધિ, અમે તમારા દાસ પાંડવો છીએ.એવું સાંભળી શોભ્રી ઋષિ રાજી થઇને કહેવા લાગ્યા,અરે પ્રભુના પ્રેમી ભક્ત, તમે અહીં આવ્યા તેથી મારો આત્મા ઘણો જ પ્રસન્ન થયો, ત્યારે ધનજંયે પૂછયું, અરે મહારાજા,આ શલ્યા રૂપ કોણ છે ? તે મને યથાર્થ કહી સંભળાવો.

અર્જુનજીના મુખનું વચન સાંભળી શોભ્રી ઋષિ કહે છે, ગરુડ પુરાણ વિષે એનો મહિમા લખ્યો છે,તે હું તમને કહી સંભળાવું છું.એક દિવસ વનમાં ઉદ્દાલક ઋષિ તપ કરતા હતા. તેમણે સહેજસાજ ભૂમિનું પડ ઉખેડયું. તો તેની નીચે નર્કનો કુંડ દીઠો, ત્યારે તે નર્કના જીવોએ ઉદ્દાલક ઋષિને કરગરીને કહ્યું, અમે તમારા પિતૃ છીએ માટે અમને આ દુઃખથી મુકત કરો, એટલે ઉદ્દાલક ઋષિએ તેમના પિતૃને હાથ ગ્રહીને કુંડની બહાર કાઢયા. પછી સઘળા જીવો કહેવા લાગ્યા અરે ઋષિ અમને મોક્ષ પમાડો તો બહુ સારું. એટલે ઉદ્દાલકે પૂછયું, હું શું કરું. જેથી કરીને તમારો મોક્ષ થાય ? ત્યારે જીવોએ કહ્યું, તમારો પુત્ર શ્રાદ્ધ કરે તો અમારી સદ્દગતિ થાય એમ કહી તે જીવો પૃથ્વી ઉપર ભમતા રહ્યા, હવે ઉદ્દાલકે વિચાર કર્યો પુત્ર ઉત્પન કરી તેની પાસે શ્રાદ્ધ કરાવું તો મારા પિતૃની સદ્દગતિ થાય. એમ ધારી તેમણે મનથી ગમન કરી વીર્યને ઊંચુ ચઢાવી નાક વાટે બહાર કાઢયું. ત્યાર પછી ઋષિએ તે વીર્યને સરોવરમાંથી કમળ તોડીને તેના સુંદર પત્રમાં સાચવીને મૂકયું. એ પ્રમાણે તૈયાર કરીને તે પત્ર સરોવરમાં મૂકીને કહ્યું, જ્યારે ફરજન થાય ત્યારે મને સોંપી દેજે. એમ કહીને પોતે તપ કરવા ગયા. એવામાં અયોધ્યાના રઘુરાજાની પુત્રી સખીઓને લઇ સરોવરમાં નહાવા સારું આવી. કુંવારિકાઓ સ્નાન કરે છે. એવામાં રઘુરાજાની પુત્રી ઋષિનું પત્રમાં મૂકેલું વીર્ય અજ્ઞાનતાથી પી ગઇ તેથી કુંવરીને ગર્ભ રહ્યો. આ વાતને ચાર મહિના થયા એટલે તે કુંવરીના તાતે ગુસ્સે થઇને તે કુંવરીને વનમાં મોકલાવી દીધી. ગર્ભને દસ મહિના થયા એટલે તે કુંવરીને મહા તેજસ્વી પુત્ર ઉત્પન થયો. કુંવરીએ જાણ્યું હું કુંવારીકા છું માટે પુત્રને ગંગામાં મૂકું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તો ઠીક. એમ ધારી તે કુંવરી પુત્રને ગંગામાં મૂકવા ગઈ. ત્યારે ગંગાએ કહ્યું, અરે બાઇ, તું આ પુત્રની માતા છે, અને આ પુત્ર ઉદ્દાલક ઋષિનો છે, માટે તું તેને સોંપી દેજે ત્યારે તે કુંવરી ખુશી થઇને ઉદ્દાલક ઋષિને શોધતી ફરે છે, એવામાં ઉદ્દાલક ઋષિ સંધ્યા કરવા માટે આવ્યા ત્યારે તે કુંવરીએ એક કાષ્ટના ખોખામાં પુત્રને સુવાડીને તે ખોખું ગંગામાં તણાતું મૂકી દીધું.

ઋષિ સ્નાન કરીને સમાધિ કરતા હતા એટલામાં પેલું ખોખું તણાતું ત્યાં આવ્યું. ત્યારે ઋષિએ તે ખોખું પકડી લઈ બહાર કાઢયું, તો પોતાનો પુત્ર માલુમ પડયો, ઉદ્દાલક ઋષિએ તે પુત્રને તેડી લીધો એટલે પેલી કુંવરીએ આવીને ઋષિને પૂછયું, મહારાજ, આ કોનું છોકરું છે? ત્યારે ઉદ્દાલકે કહ્યું, આ મારું છોકરું છે, ત્યારે તે કુંવરી બોલી. ઓ મહારાજા, મેં તમારી સાથે વિષય કર્યો નથી, છતાં આ પુત્ર મારે પેટ કેવી રીતે અવતર્યો? એવું સાંભળી ઉદ્દાલકે જવાબ આપ્યો, તેં સરોવરમાંથી કમળમાંનું વીર્ય પીધેલું તેથી તારો પુત્ર થયો. ત્યારે તે કુંવરીએ કહ્યું, અરે મહારાજ, મારા પિતાએ વણદોષે મારો ત્યાગ કર્યો છે તેનું કેમ કરવું? ત્યારે ઋષિ બોલ્યા, ચાલ, હું તારી સાથે આવીને તારા પિતાને સમજાવું. ત્યારે કુંવરી કહે ચાલો મહારાજા. એમ કહી કુંવરી તથા ઋષિ બંને અયોધ્યા ગયાં. ત્યાં જઇ ઋષિએ રાજાને કહ્યું, આ પુત્રી પવિત્ર છે માટે તારે ઘેર રહેવા દે, ત્યારે રાજાએ કહ્યું, ઓ મહારાજ, તમારાથી પુત્ર થયો, માટે આ મારી કુંવરી સાથે તમે લગ્ન કરો. એમ કહી રાજાએ ઉદ્દાલકને પોતાની પુત્રી પરણાવી. પછી ઉદ્દાલકને ધામ બાંધી આપી અયોધ્યામાં રાખ્યા, એમ કરતાં કરતાં પુત્ર મોટો થયો એટલે તેનું નામ નાશીકેત પાડયું. તે નાશીકેત પુત્ર પુષ્કળ વિદ્યા ભણ્યો. દિવસો જતાં ઉદ્દાલકને ત્યાં પિતૃશ્રદ્ધ આવ્યું ત્યારે ઉદ્દાલક ઋષિએ પોતાના નાશીકેત પુત્રને દર્ભને લેવા માટે મોકલ્યો. ત્યારે નાશીકેત દર્ભ લેવા માટે ભાગોળે ગયો. જ્યાં શંકરનું દેવળ હતું ત્યાં શુંભુ નાશીકેતને મળ્યા, એટલે નાશીકેત દર્ભ લેવાનું ભૂલી જઇને શંકર સાથે વાતો કરવા બેઠો, હવે ઉદ્દાલકઋષિએ નાશીકેતની ઘણી રાહ જોઇ પણ નાશીકેત ન આવ્યો તેથી ઋષિ શ્રાદ્ધ કર્યા પછી પુત્રને શોધવા માટે ચાલ્યા. એવામાં નાશીકેતને શ્રાધ્ધ યાદ આવ્યું, તેથી દર્ભ લઇને પોતાના ઘેર જવા નીકળ્યો, ઉદ્દાલક ઋષિ તેને સામા મળ્યા, એટલે નાશીકેતે કહ્યું, અરે પિતાજી, હું શંકર સાથે સમાગમ કરવા બેઠો હતો તેથી મને ઘણીવાર લાગી છે માટે માફ કરો. ત્યારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉદ્દાલકે ક્રોધ કરીને શ્રાપ દીધો, જા મૂઢમતિ,નર્ક કુંડમાં તારો વાસ કર. એટલે નાશીકેત પોતાના પિતાનું વચન મસ્તકે ચઢાવીને નર્ક કુંડમાં જવા માટે યમપુરીમાં ગયો. યમરાજાએ પ્રેમથી નાશીકેતનું પૂજન કર્યા પછી કહ્યું, મહારાજ, આપની ઇચ્છા હોય તે માગી લો. એટલે નાશીકેત બોલ્યા;મારા પિતાનો શ્રાપ છે, માટે મને નર્ક કુંડમાં નાંખો એટલે યમરાજાએ પાલખી લાવીને તેમાં નાશીકેતને બેસાડયો.પછી યમરાજા નાશીકેતને નર્કના કુંડ બતાવવા માટે તેડી ગયા. ત્યાં સત્તાવીસ કુંડમાં જીવો તરફડયા કરે છે. એવું જોઇ નાશીકેત ત્રાસ પામીને બોલ્યો, અરે યમરાજા, મને આ નર્ક કુંડમાં નાંખીને સઘળા જીવોને બહાર કાઢો.એટલે યમરાજાએ કહ્યું,મહારાજા,આપનું કહેવું સત્ય છે, પણ જરા મારુ બોલવુ સાંભળી લો. તમે તમારા પિતા સમક્ષ ત્રણ યજ્ઞ કરજો એટલે તમે પણ શ્રાપથી મુકત થશો અને આ સઘળા જીવો પણ દુઃખથી મુકત થશે, એવું યમરાજાનું બોલવું સાંભળીને નાશીકેત તરત પોતાને ઘેર આવ્યો, ત્યાર પછી પોતે વિધિ પ્રમાણે ત્રણ યજ્ઞ કર્યા.તેથી સઘળા જીવો દુઃખથી મુકત થઈ ગયા. એ પ્રમાણે જીવોનો તથા પોતાની માતાનો ઉદ્ધાર કર્યા પછી નાશીકેત વનમાં તપ કરવા માટે ગયો. ફકત એકલા ઉદ્દાલક ઋષિ ઘેર રહ્યા.

હવે ઉદ્દાલક ઋષિએ વિચાર્યું, મારી વૃદ્ધાવસ્થા થઇ છે તેથી સેવા માટે બીજી સ્ત્રી પરણું તો ઠીક, એમ ધારી પોતે અક્કલઋષિની પુત્રી અવળચંડીને પરણ્યા. હવે તે અવળચંડી બાઇ એવી હતી કે ઉદ્દાલક ઋષિ જે કામ સવળું બતાવે તે પોતે અવળું કરે અને અવળું બતાવે તે સવળું કરે. એમ કરતાં કરતાં ઉદ્દાલક ઋષિને ત્યાં એક કૌડક ઋષિ પધાર્યા, ત્યારે ઉદ્દાલકે કહ્યું મારા ઘરમાં ગાંડી સ્ત્રી છે, તેથી હું ઘણો દુઃખી છું. જો તેણીને પાણી લાવવાનું કહુ તો તેલ લાવીને આપે, લાડુ કરવાનું કહુ તો ખીચડી કરીને આપે. આ પ્રમાણે મારે પૂર્ણ ઉપાધી આવી પડી છે. એવું સાંભળી કૌડક ઋષિ બોલ્યા, હે ઉદ્દાલકજી, તમે તમારી સ્ત્રીને અવળું બતાવજો એટલે તે સવળું કરશે. ઉદ્દાલકે પોતાની સ્ત્રીને પોતાની પાસે બોલાવીને કહ્યું, કાલે મારા પિતાનું શ્રાદ્ધ છે, પણ મારે કરવાની મરજી નથી. ત્યારે અવળચંડીએ કહ્યું, અરે સ્વામી,કાલે હું જરૂર શ્રાદ્ધ કરીશ.એવું સાંભળી ઉદ્દાલક બોલ્યા, આપણા બે સિવાય કોઇને નોતરું દઇશ નહિ ત્યારે તેણીએ કહ્યું હું વીસ જણને નોતરાં દઇશ. એટલે ઉદ્દાલક બોલ્યા કાલે રોટલા કરજે એટલે તેણી એકદમ બોલી ઉઠી, કાલે તો મારે લાડુ બનાવવાના છે. વળી ઋષિએ કહ્યું, કાલે મોડી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઊઠજે, ત્યારે તેણીએ જવાબ આપ્યો હું કાલે વહેલી ઉઠીશ. અને જમવાનું બરોબર મધ્યાન્હકાળે કરીશ. એ પ્રમાણે વાતો કરી બંને જણાં સુઈ રહ્યાં ત્યાર પછી વાણું વાયું એટલે અવળચંડી ઊઠીને ઘરમાં કામકાજ કરવા મંડી પડી. પછી વીસ બ્રાહ્મણોને નોતરા દઇ આવી ત્યાર પછી અવળચંડીએ શ્રાદ્ધને માટે સઘળો સામાન તૈયાર કર્યો ને તેણીએ રૂડે પ્રકારે રસોઇ બનાવી. એટલે ઋષિએ સઘળાને જમવા બોલાવીને શ્રાદ્ધ પરિપૂર્ણ કર્યું, ત્યાર પછી ઉદ્દાલકે અવળચંડીને કહ્યું, શ્રાદ્ધના પિંડ તથા શ્રાદ્ધની વસ્તુ ગંગામાં નાખી આવ ત્યારે અવળચંડીએ શ્રાદ્ધનો સામા નમળમૂત્રમાં ફેંકી દીધો. તેથી ઉદ્દાલક ઋષિએ ક્રોધ કરીને શ્રાપ દીધો, જા રંડા, પૃથ્વી પર શલ્યા થઇને પડ એટલે અવળચંડી એકદમ ભયભીત થઇને કરગરી પડી કે હે નાથ; મારો કંઇક ઉધ્ધાર થાય તેમ કરો. એવું સાંભળી ઋષિને દયા આવવાથી અવળચંડીને કહ્યું અરે સ્ત્રી, જ્યારે અર્જુનનો ચર્ણ શલ્યાને સ્પર્શ કરશે ત્યારે શલ્યા મટીને તું તારા પૂર્વના સ્વરૂપને પામીશ માટે એ અવળચંડી નારી શલ્યા થઇને પડી છે. પછી શોભીની આજ્ઞા લઇને પારથે પોતાના ચર્ણ વડે શલ્યાને સ્પર્શ કર્યો, તેથી શલ્યા મટીને સ્ત્રી બની. એ પ્રમાણે અવળચંડી નારી શ્રાપથી મુકત થઇને ઉધ્ધાર પામી, ત્યાર પછી પંચકલ્યાણી ઘોડો છુટો થઈ ફરતો ફરતો ચંપાવતી નગરી તરફ ચાલ્યો જાય છે.

વિશ્રામ પહેલો

એ કથા રહી એટલે, સુણજો સૌ શ્રોતાય;
સુધન્વા આખ્યાનની, વલ્લભ વદે કથાય.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુધન્વાખ્યાન

જયમુનિ ઋષિ જનમેજય રાજા પ્રત્યે કહે છે, હે રાજા, મહાભારતની કથા શ્રવણ કરવાથી જ્ઞાન પ્રાપ્ત થવાથી લક્ષ ચોરાસી મટી મોક્ષપદ પમાય છે. એવી પાવન કથા વિષે પ્રભુએ સુધન્વા ભકતનું સંકટ દૂર કરીને સહાય કરી હતી,તેવી જ રીતે જે શ્રધ્ધાળુ પુરુષ વા નારી દઢતા રાખીને મનન કરશે તો તે મહાસુખ મેળવશે.હવે પંચકલ્યાણી ઘોડો ફરતો ફરતો મહા શોભાયમાન એવી ચંપાવતી નગરીમાં જાય છે. તે નગરીમાં હંસધ્વજ રાજા રાજ્ય કરે છે. તે હંસધ્વજરાજા મહાબાણાવળી તથા ગદાયુધ્ધને જાણનારો બહુ પરાક્રમી.આવા ભાગ્યશાળી રાજાને પાંચ પુત્ર છે તેમાં સુધન્વા નામનો મોટો પુત્ર જ્ઞાનવાન તથા પરમાર્થ સ્વાર્થને સમજે તેવો નીતિવાળો છે. સુધન્વા હંમેશાં વહેલો ઊઠીને સ્નાન સંધ્યાદિ કર્મોથી મુકત થયા પછી પ્રભુ સેવામાં સાવધાન રહેતો. ત્યાર પછી દેવદર્શન વિગેરેથી પરવારીને પોતાનાં માતાપિતાની સેવા કરતો. એ પ્રમાણે શુભ પ્રકારે વરતીને સુધન્વા પાંચબ્રાહ્મણોને જમાડીને જમતો તે પછી વિપ્રનું ઉચ્છિષ્ટ અન્ન લઇને તેના પાંચ ગ્રાસ ભર્યા પછી બીજું ભોજન કરતો.

આ પ્રમાણે સુધન્વા ગૌબ્રાહ્મણનો દાસ થઇને પ્રભુના ધ્યાનમાં તત્પર રહે છે,હવે હંસધ્વજ રાજાનોબીજો પુત્ર સુરથ નામનો છે,તે પણ પૂરો પરાક્રમી છે,ત્રીજો પુત્ર સુનળ, ચોથો સુદિરસેન અને પાંચમો સુખેન આ પ્રમાણે મહાબળવાન કુંવરો છે. વળી રાજાને કોવરીકા નામની પુત્રી અને સુખવતી નામની પવિત્ર સ્ત્રી પણ છે. તેવા રાજાની નગરી વિષે પાંડવને પંચકલ્યાણી વાજી ગયો. તે બળવાન હંસધ્વજ ઘોડાને જોઇને ઘણો જ ખુશી થયો. પછી રાજાએ ઘોડાને કપાળે બાંધેલું કનકનું પત્ર વાંચીને તરત મનમાં વિચાર કર્યો, આ તો પાંડવનો ઘોડો છે, તેથી હું ઘોડાને નહિ બાંધુ તો એક દાસીના પુત્ર જેવો ગણાઇશ. તેમજ આખા વિશ્વમાં મારા ક્ષત્રીકુળને લાંછન લાગશે. મારો કરપ કોઇ મનુષ્ય માનશે નહિ અને સગા સહોદર મને ધિક્કારી કાઢશે. આજ સુધી હું પૃથ્વી ઉપર મોટો થઇને ફરતો હતો પણ અત્યારે લાજ જવાનો વખત આવ્યો છે. વળી લોકો કહેશે, હંસધ્વજ રાજાએ પોતાનો દેહ બચાવીને અસલ ગાદીને લજાવી. એને જીવવાનું વહાલું લાગ્યું. તેથી પાંડવ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાથે યુદ્ધ કર્યું નહિ. પાંડવો ઘણા જ પોમાઈ જશે. માટે હું ક્ષત્રીનંદન છું તેથી યુદ્ધ કરતાં કદી નહિ ડરવું જોઇએ, જ્યારે ત્યારે એકવાર મરવું છે માટે શીશને હાથમાં લઇને ફરવું. ક્ષત્રીઓનો તો એ પ્રમાણે જ વહેવાર છે. માટે મારે જરૂર ઘોડા બાંધવો જોઇએ. પછી કૃષ્ણજી તથા પાંડવો મારા સામા આવીને ભલે યુદ્ધ કરે. વળી શ્રીકૃષ્ણજી પાંડવને મદદ કરશે તેથી પાંડવ યુદ્ધ કરીને મને હરાવશે, તો તેને માટે મને કંઈ હર્ષ શોક નથી, પણ શ્રીહરિનાં દર્શન તો કરીશું. તેમ છતાં પ્રભુના પધારવા વડે મારી નગરી પાવન થશે અને તેથી યમદૂતનો ભય નાશ પામશે. માટે અશ્વ રોકયા સિવાય વિશ્વાધાર કદી મળવાના નથી,એમ જાણી હંસધ્વજરાજા એકદમ ઊભો થયો એટલે સેવકો પણ ઘોડાને બાંધવા માટે સાંકળ દોરડું ઇત્યાદી લાવ્યા.

રાજાએ ઘોડાને એકાંતમાં બાંધીને તેના ઉપર ઉઘાડાં ખડગવાળા બળવાન યોદ્ધાઓ રક્ષણાર્થે મૂકયા;એ પ્રમાણે રાજાએ ઘોડાને બરોબર ચોક્કસ બાંધીદીધો. પછી હરખે ભરાયેલો રાજન સભામાં જઇને બેઠો એવામાં ચંપાવતીની ભાગોળે પાંડવનું સૈન્ય આવ્યું. તેમને ખબર મળી કે હવે ઘોડાની આશા રાખવી તે વ્યર્થ છે, કારણ કે મહાબળવાન રાજાએ ઘોડો તાણી બાંધ્યો છે, એમ સૈન્યના લોક માંહોમાંહ્ય છાની છાની વાતો કરે છે. વળી કંઈક લોકો એવો મમત હાંકે છે કે હંસધ્વજ રાજાને અર્જુનજી કદી જીતવાના નથી. કારણ કે હંસધ્વજ શશી તુલ્ય છે, અને અર્જુનજી તારાની બરોબર છે. વળી તેમાં કંઈક લોક એવું કહે છે કે અર્જુનજી શેષ સરખો છે. અને હંસધ્વજ બળશીઆ તુલ્ય છે. તેમ છતાં પાંડવની પક્ષે શ્રીકૃષ્ણ ભગવાન છે, માટે પાંડવો જરૂર વિજય પામશે અને હંસધ્વજ હાર પામશે. એ પ્રમાણે માંહોમાંહ્ય વાતો કર્યા કરે છે. એવામાં અર્જુનજીને સૈન્યના માણસો કહે છે, હે મહારાજા, આ બળવાન રાજાએ આપણો ઘોડો બાંધ્યો છે તેથી હવે શું પરિણામ આવશે? એટલે અર્જુનજી બોલ્યા, અરે શુરાઓ,તમે શા માટે ગભરાઓ છો? હમણાં તેને જીતીને ઘોડો છોડાવીશું. મોટા મોટા રાજાઓને મેં હાર પમાડયા તો પછી હંસધ્વજ કોણ માત્ર છે? એવાં અભિમનનાં વચન સાંભળી ભીમસેન બોલી ઊઠયો, અરે ભાઈ, તું મિથ્યા ગર્વ કરે છે; એ હંસધ્વજરાજાના વૈભોગ ઉપરથી ખાતરી થાય છે કે એ પૂર્ણ ભાગ્યશાળી છે. એને પાંચ પુત્ર તથા એક પુત્રી છે, વળી તેના ઘેર સુખવતી નામની પવિત્ર સ્ત્રી છે. ને હંસધ્વજ રાજા ત્રણ યુદ્ધ જાણે છે. અને તેથી તે ઘણા દેશો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જીતી લાવ્યો છે. વળી તેને સુધન્વા નામનો પુત્ર ઘણો જ બળવાન છે અને શ્રીકૃષ્ણજી ભગવાન તારા કરતાં તેના ઉપર બહુ જ પ્રીતિ રાખે છે, તે સુધન્વાને મહા સતી સ્ત્રી છે. અને તે સ્ત્રીના સત્યથી સુધન્વા ઘણો જ સમર્થ છે. માટે હે અર્જુન, તમે હંસધ્વજને શીશ નમાવીને વાત કરો. એવું ભીમસેનનું બોલવું સાંભળી અર્જુનજીને અભિમાન ચડયો. તેથી બોલવા લાગ્યો, અરે વૃકોદરભાઇ, તમે શું સમજીને હંસધ્વજનાં મારા આગળ વખાણ કરો છો? મેં ઘણા રાજાઓને જોયા છે, તો આ બિચારા ગરીબ રાજા પાસેથી વાજી લેવા એ ઘણું મુશ્કેલ નથી. અરે વહાલા વીરા, તમે ડાહ્યા થઇને આવું કેમ બોલ્યા? તમે આપણા પક્ષની હિંમત ભાંગીને ઊલટાં દુશ્મનનાં વખાણ કર્યાં. તમારે તો આપણા સૈન્યને હિંમત આપવી જોઇએ તેના બદલામાં ઊલટા ચર્ણ ઢીલા કરાવો છો. તેથી આ કાર્યક્રમ કેમ કરીને સરાડે ચડશે? તમે જે બોલ્યા તે કેવળ મૂર્ખાઇથી બોલ્યા છો એમ જણાય છે.

હેતસ્વી માણસ કોને કહેવો જે ખરી વાત ધારણ કરીને સદા ભલું ચહાય અને દુશ્મનનો હેતસ્વી કોને સમજવો જે દુશ્મનનું હંમેશાં સારું વાંચે. શિયાળવું સિંહને જીતી જાય તે નવાઇ જેવું છે તેમ આ હંસધ્વજ રાજા શું મને જીતી જશે? તમે દુશ્મનનાં વખાણ કરીને પોતેપોતાના પગ ભાગો છો, માટે હે વીરા આવું બોલવું તમને ઘટતું નથી. ત્યારે ભીમસેને વિચાર કર્યો, દુશ્મનના વખાણ કરવાથી આખું સૈન્ય ડરી જશે, માટે મારા મનમાં હિંમત રાખીને આખા સૈન્યને શુર ભરાઇ આવે તે પ્રમાણે કરું. એમ સમજી વૃકોદર બોલ્યો, અરે મારા વહાલા વીર હું તો તમારા મનની પરીક્ષા જોવા સારુ બોલ્યો છું, પણ ધન્ય છે ધનંજય તમને આપણે આપણો ઘોડો પાછો લાવવા માટે દુશ્મનને મન મૂકીને માર મારવો જોઇએ, એમ કહીને અર્જુનને ઉશ્કેર્યો તેથી પારથ અતિશય હરખાઇને કહેવા લાગ્યો. હવે આપણે ઘોડો લાવવાની પેરવી કરવી જોઇએ. પછી કીરીટધરે કર્ણના પુત્ર વૃષકેતુને આજ્ઞા કરી, તમે હંસધ્વજને મળીને આપણો ઘોડો પાછો લાવો. તેમાં રાજાને એમ કહેજો, તમે ઘોડો પાછો આપો નહિ તો તેમાંથી વિપ્રિત થશે. માટે તમારો અભિમાન દૂર કરીને ઘોડા સહિત તમે અર્જુનજી પાસે ચાલો. એવું સાંભળી કર્ણપુત્ર વૃષકેતુ આનંદ પામીને વસ્ત્ર આભૂષણ પહેરવા લાગ્યો. અને પછી પોતાના આયુધ ધારણ કરી અર્જુનજીને નમીને પોતાના બે સેવક સહવર્તમાન હંસધ્વજ રાજાપાસે જવા નીકળ્યો. એપ્રમાણે જોશભેરચાલીનેવૃષકેતુ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હંસધ્વજ રાજાની સભાના દરવાજે જઇને ઉભા ને તેણે એક છડીદાર સાથે હંસધ્વજને કહેવરાવ્યું, પાંડવની તરફ વૃષકેતુ વાતચીત કરવા સારુ આવ્યા છે. એટલે છડીદારે સભા વિષેજઇને હંસધ્વજને કહ્યું,કર્ણ પુત્ર વૃષકેતુ આપની સાથે વાતચીત કરવા માગે છે, એવું સાંભળી હંસધ્વજ રાજાએ સેવકને આજ્ઞા આપી, વૃષકેતુને સુખેથી પધારવાની રજા છે, એટલે અનુચરે વૃષકેતુ કહ્યું, આપ ખુશીથી સભા વિષે પધારો. ત્યારે વૃષકેતુ મનમાં આનંદ પામતો હંસધ્વજ પાસે રાજ્યસભામાં ચાલ્યો, ચંપાવતી નગરીના પતિએ વૃષકેતુને આસન આપીને પોતાના સનમુખ બેસાડ્યો. પછી ક્ષત્રીની રીત પ્રમાણે આદરભાવ કરીને કહ્યું, હે કર્ણકુમાર, કેમ પધાર્યા છો ? એટલે વૃષકેતુ બોલ્યો,તમે અમારોવાજી લીધો છે.તેથી આવવાની જરૂરપડીછે.

એવું સાંભળી હંસધ્વજે કહ્યું, ઘોડાને લલાટે એવું લખ્યું છે, જે ક્ષત્રીનો પુત્ર હોય તે આ અશ્વને બાંધે, તેટલા માટે મેં વાજીને બંધન કર્યોછે. શું પાંડવો સિવાય સઘળા ક્ષત્રી નાશ પામ્યા ? શું પાંડવ એકલા ખડગધારી છે ? અને બીજાએ શું ચૂડી પહેરી છે ? માટે અર્જુનજી અહીં આવી વાજીનું પત્ર છોડી નાંખી અમને ભેટ કરે તો ઠીક છે નહિં તો યુદ્ધ કર્યા સિવાય પંચકલ્યાણી ઘોડો તમને મળવાનો નથી. એવું સાંભળી વૃષકેતુ બોલ્યો, અરે રાજન, આ તમે શું બોલો છો ? જરા થોડો અહંકાર રાખો ને તમારા મનને શાંત કરો. એ પાંડવો કુરુકુળના છે માટે સમજીને ઘોડો આપો તો બહુ સારુ; નહિ તમે તો તેમને કદી જીતવાના નથી.કારણ કે એ અર્જુનજી પંચાળીને વર્યા તથા અવનીમાંથી તેમણે અસુરોનો પણ નાશ કર્યો, વળી શ્રીકૃષ્ણજી જેને હંમેશ સહાય છે માટે જો તમે બળીઆ સાથે બાથ ભીડશો તો; તેમાંથી માઠું ફળ નીપજશે. એટલે હંસધ્વજ ક્રોધ કરીને બોલ્યો, અરે કર્ણકુમાર, હું તમારા બોલવા ઉપરથી તમારા મનનો હેતુ સમજી ગયો છું, ભય બતાવીને તોખાર લેવાની ઇચ્છા છે. પણ જો હું તમને અશ્વ આપું તો મારા ક્ષત્રીકુળ ધર્મને લાંછન લાગે. વળી હે વૃષકેતુ, તમે એમ ધારો છો, પાંડવો જીતશે અને હું હાર પામીશ?ના; ના, તેમ કદી બનવાનું નથી.મારાસામાયુદ્ધ કરવાથી ઉલટા પાંડવો પાછળથી પસ્તાશે. એમણે પત્રમાં લખ્યું છે, જે ક્ષત્રી હોય તે વાજીને બાંધે માટે મેં ક્ષત્રીધર્મ બજાવવા માટે જ ઘોડો બાંધેલો છે. શું એકલા પાંડવો જ ક્ષત્રીની જાતી છે અને બીજા શું કોળી નાળી છે? અમારો તો નિશ્ચય એ છે, યુદ્ધ કર્યા:વિના વાજી આપવાનો નથી શું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમની માએ જ દીકરા જણ્યા હશે અને બીજીએ શું પાષાણ જણ્યા હશે? શું એ એકલા મનુષ્ય અને બીજા શું શ્વાન જનમ્યા છે? પાંડવો શું એ શીશ ધરાવે છે અને બીજા શું એક ધરાવે છે? મારો ક્ષત્રીનો ધર્મ એ છે ઘોડો કદી આપવાનો નથી. એમ કહી હંસધ્વજ વૃષકેતુ પ્રત્યે ક્રોધકરીને બોલ્યો, અરે દાસીના સુતના સુત, તું એકદમ મારી સભામાંથી ચાલ્યો જા, નહિ તો શિક્ષા થશે. એપ્રમાણે ક્રોધ ભરેલા શબ્દો સાંભળી વૃષકેતુ સભામાં ઊભો થઇને કહેવા લાગ્યો, તમે પાંડવ સામા યુદ્ધ કરવા તત્પર થજો. યાદ રાખજો, બળીઆ સામા બાથ ભીડી છે પણ છેવટ ઘર ગામ ખોવાના છો. કૃષ્ણપ્રભુથી કોઇ બળીઓ નથી તો પણ તે પોતાની બહેન પરણાવીને સદા રથ હાંકવા બેસે છે. વળી પંચાળ દેશના સ્વયંવરમાં જરાસન, શીશુપાળ, શલ્લ, કર્ણ, છત્રપતી દુર્યોધન આવા મહા બળવાનરાજા પણ મચ્છવેધ સ્થંભેથી નીચે પડયા અને અર્જુનજી મચ્છ વેધ કરીને દ્રૌપદીને પરણ્યા, માટે તમે તેની બરોબરી કદી આવવાના નથી. તમે તો એક ખૂણામાં પડી રહેનારા છો, માટે પાંડવોને કદી જીતવાના નથી, ત્યારે હંસધ્વજ કહે, અમે કયારે બાયલાની પેઠે ખૂણે પેઠા છીએ, અમારે તો તમારા સામું યુદ્ધ કરવું છે, માટે તમે આવતી કાલે સવારે તૈયાર થજો, એમ કહીને વૃષકેતુને વિદાય કર્યો. ત્યારે કર્ણકુમાર રક્તલોચનને અર્જુનજીને મળ્યો. અર્જુને પૂછયું, કેમ દીકરા, હંસધ્વજે શું કહ્યું? ત્યારે વૃષકેતુ બોલ્યો, અરે પિતાજી, મેં રાજાને ઘણું સમજાવ્યો પણ તેણે માન્યું નહિ, તેથી યુદ્ધનું નોતરું દઇને આવ્યો છું.

એવું સાંભળી અર્જુનજી ક્રોધ કરીને સર્વને કહેવા લાગ્યા, હે ભાઇઓ કાલે સવારે હંસધ્વજ રાજાને મન મૂકીને પુષ્કળ માર મારજો. હવે નગર વિષે હંસધ્વજ રાજાએ પોતાનાં બે પ્રધાનોને બોલાવ્યા, તે પ્રધાનો શંખ લેખ નામના જાતે બ્રાહ્મણ હતા. પણ તેઓ કુબુદ્ધિવાળા, બ્રહ્મદ્વેષી તથા અતિ અદેખા અને ચંડાળ સ્વભાવના હતા. પછી હંસધ્વજ રાજાને અક્કલહીણ પ્રધાનોએ પૂછયું, હે મહારાજ; અમને શા માટે તેડાવ્યા? ત્યારે ચંપાવતી પતિએ જવાબ આપ્યો, કુંતાસુત પાંડવોનો અશ્વ આપણી નગરીમાં આવેલો છે. તેના લલાટે પત્રમાં એવું લખ્યું છે, જે ક્ષત્રી હોય તે અમારો અશ્વ બાંધે. માટે મેં એ પ્રમાણે વાંચીને પંચકલ્યાણી ઘોડાને બાંધ્યો છે, તેથી કર્ણકુમાર વૃષકેતુ મારી પાસે વિષ્ટિ કરવા આવ્યો હતો, પણ મેં સ્પષ્ટ કહ્યું છે, તમારો ઘોડો તમને કદી મળવાનો નથી, ત્યારે તેમણે કાલનું યુદ્ધનું નોતરું ઠરાવ્યું છે. એવું સાંભળી શંખ લેખ નામના બે પ્રધાનો બોલ્યા, અરે રાજન, તમને ધન્ય છે; તમારા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સરખાને કોઇ જીતે એમ અમને લાગતું નથી. પછી બંને પ્રધાનોએ છાની ગોષ્ટી કરી, આપણે લડવું નથી, માટે તમાસો જોવાની ખાતર યુક્તિ લડાવીએ તો બહુ સારુ. એ પ્રમાણે વિચાર કરીને બેઉ જણા બોલ્યા, હે હંસધ્વજ રાજન, શું તમે ક્ષત્રિયનંદનનથી, કે યુદ્ધકર્યા વિનાવાજીને સોંપો? માટે આપણી આખી નગરીમાં એવો ઢંઢેરો પીટાવો કે કાલે સવારે પહોર દહાડામાં સઘળા યોદ્ધાઓ ભેગા થાય. તેમાં વળી એમ કહેવડાવવું. જે લોકો વખત પહેલાં આવશે તેમને સરપાવ મળશે અને વખત વિત્યા પછી આવશે તો તેને તેલ કાઢવામાં તળાશે. ત્યારે રાજા કહે મારે તે કબૂલ છે. એમ કહીને રાજાએ છડીદારોને હુકમ કર્યો, મારા કુટુંબમાં તથા સકળ સૈન્યમાં આ સંદેશો કહી સંભળાવો. એટલે ચાર છડીદારો રાજાની આજ્ઞા લઇનેસકળ સૈન્યને કહેવા લાગ્યા. કાલે સવારે પહોર દિવસમાંસઘળા યોદ્ધાઓયુદ્ધ કરવા માટે વહેલા આવી મળજો, નહિ તો હેરાન થશો. જે સમય પહેલા આવીને ઊભા રહેશે તેને ઇનામ મળશે અને વખત વિત્યા પછી આવશે તેને રાજાજી તેલ કઢામાં તળશે.. ત્યાં કોઇનો પક્ષપાત ચાલે તેમ નથી. એ રીતે સૈન્યમાં સંભળાવીને છડીદારો રાજાજીના કુટુંબને પણ તેજ પ્રમાણે કહેવા લાગ્યા.

સુધન્વા રાજમહેલમાં એકાંતમાં પોતાની સ્ત્રી સાથે તે વખતે બેઠાછે, તેણે તેની સ્ત્રીને કહ્યું, હે પ્રેમદા, કાલે તો યુદ્ધે જઇશું તેમાં શ્રીકૃષ્ણજીનાં દર્શન થશે. એવું સાંભળતામાંજ સુધન્વાની સુંદરીનું જમણું લોચન ફરક્યું. તેમજ તેનું જમણું અંગ ફરક્યું.. વળી તે વખત મહેલના દીપક રાણા થયા. નજરબાગ કરમાયો અને સુધન્વાનીબારીએ બેસીને કાળા કાગ કકળવા લાગ્યા. એવું ભયભીત બનેલું જોઇને સુધન્વાની સ્ત્રી ત્રાસ પામી ગઇ. તેણીના મનમાં એમ ભાસ્યું, માઠા શુકન થયા માટે કંઇ વિઘ્ન થશે, એમ કરતાં દિવસ વીત્યો અને રાત્રિ પડી એટલે સુધન્વાની સુંદરીએ શયન કર્યું. શયન કરતામાં જ તેણીને ઊંઘ આવી ને ભયંકર સ્વપ્નું આવ્યું, તેમાં તેણીને એમ ભાસ્યું, જાણે તેનો ભરથાર સુધન્વા મરણ પામ્યો અને તેને રંડાપો આવ્યો. તેથી સુધન્વાની સુંદરી સ્વપ્નામાંથી મુક્ત થઇને એકદમ રુદન કરવા લાગી. હવે એવામાં સુધન્વાને પણ એવું સ્વપ્ન આવ્યું કે મારો દેહ પડી જશે અને અબળાને રંડાપો આવશે. આ પ્રમાણે સ્વપ્નું આવ્યું, કે તરત તેની સુંદરીએ ઢંઢોળીને જગાડયો, પછી સુધન્વા જાગ્રત થયો તો તેની સુંદરીનેરડતી દીઠી એટલે પોતેપોતાની સુંદરીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પૂછવા લાગ્યો,હે વહાલી, તને શું દુઃખ આવી પડયું છે? ત્યારે અબળા બોલી હે સ્વામીનાથ તમને કહેતા મારી જીભ ચાલતી નથી પણ કહ્યા વિના છુટકો થાય તેમ નથી. પછી તેણીએ કહ્યું, અરે પતિ,જાણે તમે રણયુધ્ધે ચઢયા તેમાં પહેલી વખતે બચીને બીજી વખતે મૃત્યુ પામ્યા જેથી મારું હેવાતણ નાશ પામ્યું. એ સ્વામીજી, વળી પહેલા મારા સસરા શત્રુ થઇ પડયા કારણ કે તેમણે તમને તેલની કઢામાં તળ્યા, તેમાં શામળિયાએ સહાય કરી ત્યાર પછી શત્રુએ તમને અતિશય માર માર્યો અને છેવટે મારો શણગાર ઉતારી લીધો હે પતિ, હું તો અભાગણી રણમાં રઝળતી રહી. વળી મને સ્વપ્નની વાત સાચી લાગી છે, કારણ કે તમારા પિતાએ પણ એવી દવૈ દેવરાવી છે કે જે મનુષ્ય વખત વિત્યા પછી આવશે તેને તેલ કઢામાં તળીશું, એ પ્રમાણે મારું સ્વપ્નું સિધ્ધ થવાથી મને ભાસે છે કે મારું હેવાતણ રહેવું કઠીન છે. વળી મને શુકન પણ માઠા થયા હતા તેથી હું જરૂર કહું છું કે હે સ્વામી, તમે યુધ્ધે ન જશો. અને જો જશો તો ગયા પછી પસ્તાશો. હે પતિ, આ યુધ્ધમાં ન પધારો એવી પ્રતિજ્ઞા કરો તો મારો જીવ શાન્ત પડે. એટલે સુધન્વા પોતાની પ્રિયા પ્રત્યે કહે છે,અરે સાધવી, તું શૂરાની સુંદરી થઇને કેમ કાયર થાય છે ? મારા પિતાજીએ દવૈ દેવરાવી તેને મારાથી કેમ લોપીશકાય ?અને જોમારા પિતાજીનુંવચનપાછું પડે તો જગતમાંમારી ખોટીકહેણી થાય.વળી હે સાધવી,જે જગતમાંઅપકીર્તિ કરાવીને જીવે છે,તે જીવ ગમે તેટલો ઊભો ફરે પણ જીવતાં મુવા જેવો જાણવો.

ક્ષત્રીનો પુત્ર હોય તે રણસંગ્રામમાં યુધ્ધ કરે છે, તે મરવાથી ડરતો નથી. જે માણસ મરવું માને છે,તે કેવળ અજ્ઞાની છે. કારણ કે આત્મા મરતો નથી. અને ખોળિયું છે તે તો પંચભૂતોનું છે. જેમ મીયાંને મહાદેવ ને બનાવ નથી તેમજ આ જડ ચૈતન્યને કદી બનતું નથી, હે સુંદરી,જો રણસંગ્રામમાં મરણ પામીશ તો મોક્ષ પદવી લઇશ. મારો ક્ષત્રીનો મુખ્યધર્મ એ જ છે માટે હું યુધ્ધમાં ગયા વિના રહેવાનો નથી. જો હું સંગ્રામમાં ન જાઉં તો મારી જ્ઞાતી, કુળ, ધર્મ વિગેરેને લાંછન લાગે. માટે હે અબળા, જરા ડહાપણથી વિચાર કર. વળી તું જીવવું મિથ્યા જાણજે. જે અસત્યને સત્ય માને છે.તેને ઇશ્વરી જ્ઞાન કાચું સમજવું. જ્યારે ત્યારે આ દેહ તજીને બીજો ધારણ કરવાનો છે, એ નિશ્ચય છતાં શા માટે ડરવું જોઇએ ? એટલે સુંદરવતી બોલી, હે પતિ, તમે તો મરવાનું સત્ય માની બેઠા માટે હું તમને યુદ્ધમાં જવા દેનાર નથી.ઓ પિયુજી;હું તમને પગે લાગીને કહું છું કે તમારા સિવાય

Kirtikant Sharma Collection, Najafgarh.

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મારું કોઈ બેલી નથી એમ કહીને પોતે અતિશય રુદન કરે છે, તે વખતે બરોબર મધ્યરાત્રિ થઈ. બિચારી માતાપિતા તથા ભાઇ ભગીની વિનાની સુંદરવતી ઘણું જ કલ્પાંત કરે છે. સુધન્વા તેણીને હૃદય સરસી ચાંપીને છાની રાખે છે. પણ અતિશય દુઃખમાં ડુબેલી સ્ત્રી છાની રહેતી નથી. છેવટે સુંદરવતી સુધન્વાનો પાલવ પકડીને વિમળ વાણી વડે કહે છે કે, પતિ મારી ગરીબડીનું કહ્યું માનીને યુદ્ધમાં જવાનું બંધ રાખો, એ પ્રમાણે કોમળ કાયાવાળી, મહારૂપવંતી યૌવન વયવાળી, મૃગયા નેણવાળી, સુંદિર કેશવાળી, દાડમની કળિયોના જેવા દાંતવાળી, કમળ સરખી હથેળીવાળી કદળી સ્થંભના સરખી જંગાવાળી, કુમકુમ સરખી પગની પાનીવાળી પતિવ્રતા સુંદરવતી અબળા રડતાં રડતાં કહે છે કે અરે મારા જીવનહાર પતિ, હું તમને યુધ્ધે જવા દેવાની નથી. અરે પતિ, તમને આવડી નાની ઉમ્મરમાં વઢવાનો શો શોખ છે? હજી તમે પરણીને કંઈ લ્હાવો તો લીધો નથી. આપણે કોઇ દિવસ એકાંતમાં બેસીને હાસ્યવિનોદ પણ કર્યો નથી.

હજી મેં તમને પીરસીને જમાડયા પણ નથી. અરે મારા હૈયાના હાર વહાલા પતિ તમારા વિના મારી શી વલે થશે? એવું સુંદરવતીનું અતિશય રડવું સાંભળીને સુધન્વા બોલ્યો, વહાલી, હવે રુદન કરવાનું બંધ રાખ. જે થવા કાળ હશે તે થયા વિના રહેશે નહિ માટે હરખ શોક ધારણ કરવો વ્યર્થ છે. મારે તારો એટલો સંબંધ હશે તો થોડો લ્હાવો લીધો. સઘળું ઋણસંબંધે આવી મળે છે, તેમાં કોનો દોષ? વળી હે નારી, આજ મને પણ એવું સ્વપ્ન આવ્યું છે, જાણે મારો પ્રાણ ત્યાગ થયો જેથી તારું હેવાતણ દૂર થયું માટે અત્યારે આપણું છેલ્લું મળવું છે એમ નિશ્ચય જાણજે. હે સાધવી, ધણીનું ધારેલું પાર પડે છે અને આપણી ધારણા જુઠી પડે છે, માટે તારા રડવાથી કંઇ બનવાનું નથી. વળી તું કહે છે કે આ દુનિયામાં મારું કોઈ બેલી નથી. પણ તારા મનમાં એટલું યાદ રાખજે વિશ્વંભર વિના અહીં અગર જ્યાં જઈશું ત્યાં કોઇ બેલી નથી. તેટલા માટે હરખ શોક ધારણ કર્યા વિના જેમ બને તેમ આનંદ માનવો એ ઘણું ઉત્તમ છે. શોક ધારણ કર્યાથી તે દૂર થનાર નથી માટે સદા આનંદમાં રહેવું. જેમ પ્રકાશ થવાથી અંધકાર નાશ પામે છે, તેમ આનંદ માની લેવાથી સઘળો શોક નષ્ટ થઇ જાય છે. હે પતિવ્રતા સાધવી સ્ત્રી, આનંદ છે તે સર્વ કરતાં ઉત્તમ છે. માટે આ દુઃખદાયક માયાનો ફંદ મિથ્યા માની આનંદમાં તારો વખત નિર્ગમન કર, વળી પહેલાં હું તારો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નહોતો અને તું મારી નહોતી, માટે કોણ કોને લાગ્યું છે તેનો ઊંડો વિચાર કર. જે જેને ફાવ્યું તેવું સઘળું પોતાના કર્મે આવી મળ્યું છે. એક જન્મે તું ને હું ભેગાં થયા તેમાં તારું ને મારું શું છે?એકબીજાના સંગાથ તૂટયાં પછી કોણ કોને સંભારે છે ? આપણી દેહ ઘરમાં પડયા છતાં કોઈ ભાવ પૂછતું નથી. સઘળા લોકો જીવ સામું જોઇને રડતા નથી તો પછી શાની સગાઇ સમજવી ? જો ખોળિયાની સગાઇ માનતા હોય તો માણસ ખોળિયું બાળે નહિ અને જો કદી જીવની સગાઇ હોય તો જીવના સામું કોઇ જોતું નથી. કારણ કે જીવ કદાપી પ્રેતરૂપે આવીને કોઇને ધુણાવે તો તેને જા જા કરીને તથા પુષ્કળ માર મારીને કાઢી મૂકે છે. માટે હે સુંદરી; તું શાની સગાઈ સત્ય માને છે? તું જ્ઞાન દૃષ્ટિએ વિચાર કરીને પછી મારી જોડે વાત કર. જો સુંદરી, લોકો ખોળિયાને બાળે છે, સઘળા ખોળિયાના વિરોધી છે. અને જો જીવના વિરોધી ન હોય તો પ્રેતરૂપ આવેલા જીવને કેમ માર મારીને હાંકી કાઢે છે ? માટે હે સાધ્વી આ જગતમાં કોઇ કોઈનું સગું નથી. હું તારો કે તું મારી આ સઘળું માનવું તે મૂર્ખાઇ ભરેલું છે. આ સંસાર કેવળ ખોટો, જુઠો અને સ્વપ્નવત્ છે,માટે હું જરૂર યુદ્ધમાં ગયા સિવાય રહેવાનો નથી.જો હું યુદ્ધમાં ગયા વિના કાયર થઇને બેસી રહું તો મારી જનુનીનું પેટ લાજે. જો હું રણસંગ્રામે ન જાઉં તો બ્રહ્મહત્યાનું પાપ. હે સુંદરી, તું ખાલી ખોટો ભવાડો કરે છે, તેમાં તારી ને મારી બંનેની ફજેતી છે. તારા કલ્પાંતથી. મારા સાથ સહોદર તથા આખું જગત કહેશે, સુધન્વા ભક્ત એની સ્ત્રીને વશ છે માટે હે માનુની, મન વાળીને તું શાંત પડ. તું અત્યારથી એમ જાણજે કે મારો પતિ ગત થયો છે.

હે સાધ્વી, કંથ કામનીને નડે છે તેનું કારણ એ છે કે જો કામની જીવતા હોત તો મારો પરિવાર થાત, રાંધી આપત વિગેરેથી હું સુખ પામત હવે બીજી સ્ત્રી સારી મળશે કેવી મળશે. અને પ્રમદા પતિને એટલા માટે યાદ કરે છે કે અરેરે મારો વૈભોગ નાશ પામ્યો. વળી તેમ છતાં માથા ઉપર દેવું હોય તો એટલા માટે રડે કે જો જીવતા હોય તો દેવું વાળત. અને કેટલીક નિર્ધન સ્ત્રીઓ એમ રડે છે કે હવે મરણક્રિયા કયાંથી લાવીને કરીશ ? તેમજ પેટનાં છોકરાંને શામાંથી ખવરાવીને મોટા કરીશ ? કદાપી પતિ ધન મૂકીને જાય તો એમ રડે કે જો ઝાઝું જીવ્યા હોય તો પુષ્કળ પૈસા પેદા કરત તો તેનો વૈભોગ ફાવે તેમ લેત. એવાં ગમે તે કારણ વિના કોઈ જન રડતું જ નથી, જો વિવેક વિચારમાં આવે તો સગપણ કેવળ સ્વાર્થનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે. હું તારો નથી અને તું મારી નથી. કોઇ કોઇનું સગું નથી તેમ છતાં કોઇ કોઇનું થતું હોય તો તેની જોડે કેમ જતું નથી? માટે જો કદી જોડે ન જવાય તો સઘળો શોક દૂર કરવો જોઇએ, કારણ કે છેવટે તેના મરણ પછી વરસે બે વરસે સઘળા રમી જમીને આનંદ કર્યા કરે છે. માટે જો શાસ્ત્ર પ્રમાણે સમજીએ તો મુવા જીવ્યાનો હરખ શોક કરવો કેવળ વ્યર્થ છે, એ પ્રમાણે સુધન્વાએ પોતાની સુંદરીને બરોબર સમજાવી. એવે પહોર રાત્રિ બાકી રહી એટલે સુધન્વાએ પોતાની સ્ત્રી સહવર્તમાન દંતધાવન કર્યું પછી પોતે ઉષ્ણોદકથી સ્નાન કરીને પોતાનું સંધ્યાદિ નિત્યકર્મ કર્યું. ત્યાર પછી પરવારતાં પહોર દહાડો ચઢી ગયો, એટલે સુધન્વાએ બ્રાહ્મણોને જમાડીને પોતે પણ ભોજન કર્યું. હવે તે વખતે સઘળા સહોદર તથા સો સૈન્ય પણ પરવારીને નગર બહાર જવા લાગ્યું. તે તમે હંસધ્વજ રાજા પણ સર્વથી પહેલો પરવારીને દરવાજા બહાર ગયો. ત્યાં ખુરશી નંખાવીને પોતે બેઠો.

રાજાએ બીછાનાં પથરાવીને રાતાં નિશાન રોપાવ્યાં છે. વળી ત્યાં શંખ તથા લેખ બંને પ્રધાન પણ રાજાજીની પાસે બેઠા છે. એક મોટો ચુલો કરાવી તેમાં તાપ સળગાવીને તેના ઉપર તેલની કઢાઈ ઉકળાવી. પછી જેજન ત્યાં આવે તે માણસ બિચારા થરથર ધ્રુજવા લાગ્યા. સઘળા જણ વિચાર કરે છે કે અરેરે આ તેલમાં તળાતાં વેદના કેમ કરીને વેઠી શકાય? એ પ્રમાણે જોઇને કેટલાક પોતાના ભાઇબંધોને વહેલા તેડી આવે છે. એ પ્રમાણે અડધા પહોર દિવસમાં સઘળું માણસ આવી રહ્યું. ફક્ત એકલો સુધન્વા આવ્યો નથી, પ્રધાનો બરાબર જોઇ રહ્યા છે. હવે જે વખતે અડધો પહોર થયો તે વખતે હરિદાસ સુધન્વા જમી કરી મુખવાસ લઇને તૈયાર થયો. યુદ્ધમાં જવા માટે વસ્ત્રઅલંકારો સજવા લાગ્યા, શણગાર સજીને સઘળાં આયુદ્ધો ધારણ કરી લીધાં, ને તૈયાર થયા પછી તેણે યુદ્ધમાં જવા માટે પોતાની સ્ત્રીને જે ગોપાળ કહ્યા. એટલે સુંદરવતીના પેટમાં ફાળ પડી કે મારો પતિ જીવવાનો નથી તેથી તેણીએ એકદમ દોડીને પોતાના સ્વામીનો પાલવ પકડયો. ને સુધન્વાને કહેવા લાગી હે વહાલા પ્રાણાધાર, મારી અરજ સાંભળ્યા પછી ખુશીથી યુદ્ધે પધારો. એટલે સુધન્વાએ કહ્યું, તારે જે કહેવાનું હોય તે કહી દે મારે જવાનું મોડું થાય છે. એટલે સુંદરવતી બોલી, હે પતિ, તમે સુખેથી યુદ્ધે પધારજો પણ મારું કહેવું એવું છે, તમે મને એકાંતમાં મળ્યા પછી જાઓ. અરે સ્વામી મને છેવટનો કામ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પ્રગટયો છે, માટે આટલું વચન પાળીને જાઓ, થનાર હશે તે થશે પણ આટલી પીડાને દૂર કરો. હે નાથ, માગી માગીને હું એટલું માગું છું, મને ઋતુદાન આપો. ત્યારે સુધન્વા બોલ્યો, અરે સાધ્વી, રણસંગ્રામમાં જતાંતું એ શું બોલી ? જેટલું સમય વિનાનું બોલીએ તેટલું છુટી પડે છે. વળી તેમ છતાં જો હું રોકાઉં તો મોટું દુઃખ થઇ પડે તેમ છે. માટે જો સ્વામીનું હિત ઇચ્છતી હો તો સુમત મૂકીને મને જવા દે, વળી સુધન્વાએ કહ્યું, હે સતી, તું મારા પિતાને જાણે છે કે કેવા સુમતી છે. મારા પિતાજી ક્રોધભર્યા તેલની કઢા ઉકાળીને દરવાજા બહાર ખુરશી નાંખીને બેઠા છે, માટે જો વેળા વીતી જશે તો આજ મને તેલમાં તળી નાંખશે તેટલા વાસ્તે હે સાધ્વી,સુમતમૂકીનેમારો પાલવ છોડી દે,ત્યારે સુંદરવતીએ કહ્યું.જોમનેઋતુદાન આપ્યા વિના જશો તો તમને સ્ત્રીહત્યા આપીશ. ત્યારે સુધન્વાએ વિચાર કર્યો, જો સ્ત્રીનું વચન માન્ય નહિ કરૂં તો બિચારી અબળા પોતાનો દેહ ત્યાગ કરશે. એમ ધારી સુધન્વાએ સઘળાં આયુદ્ધ ઉતારી પોતાની સ્ત્રી સુંદરવતીને ઋતુદાન આપવા નિશ્ચય કર્યો. પછી પોતે સુંદરવતીને કહ્યું, હે સતી,દિવસે ઋતુદાન આપું તે મનુષ્યનો ધર્મ નથી ત્યારે સુંદરવતી બોલી અરે પતિ હું મારા એક વરસનું તપ મૂકીને ધુમાર વરસાવીશ, એમ કહીને સુંદરવતીએ ધુમાર વરસાવ્યો,એટલે સુધન્વાએ તેની સ્ત્રીને ઋતુદાન આપ્યું.

પછી સુધન્વા વસ્ત્રાભૂષણ તથા આયુદ્ધ ધારણ કરીને તૈયાર થયો એટલે એક પહોર દિવસ ચઢી ગયો, સુધન્વાએ છડીદારને રથ જોડવાની આજ્ઞા આપી, સારથિ રથ જોડીને ત્યાં લાવ્યો.જેવો સુધન્વા બહાર નીકળ્યો તેવો જ કાગડો કળકળ્યો, અને પછી પોતે દ્વારના ઉંમરે ચર્ણ મૂકયો એટલે આડો નાગ ઉતર્યો. ત્યારે સુધન્વાએ વિચાર્યું, નિશ્ચય મારો કાળ થશે. એમ ધારી પોતે પોતાની માતાને મળવા ગયો. એટલે માતાને પણ એમ ભાસ્યું. મારો દીકરો સુધન્વા જરૂર મરણ પામશે, તથા સુખવંતીએ સુધન્વાનો કર ઝાલીને કહ્યું, હે દીકરા, મને એમ જણાય છે, મારા વહાલા પુત્ર, મને માઠા શુકન થાય છે માટે તું સુમત મૂકીને યુદ્ધમા જવાનું બંધ રાખ, એવામાં તેની બહેન દોડી આવી ને કહેવા લાગી, હે વીરા તમારો કાળ થશે, એવું મારા મનમાં જણાય છે, માટે મારું કહેવું કબૂલ કરો ને યુદ્ધમાં જવાનું બંધ રાખો, વળી હે વીરા, જો તાતજીનો ઠપકો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવશે તો તે મારા માથે, પણ હું તમને યુદ્ધમાં જવા દેવાની નથી. વળી એવામાં સુખવંતી કહે, એ દીકરા,તારા પિતાને હું જવાબ દઈશ જેથી તને કાંઇ હરકત થશે નહિ. તારે માટે અમે મા દીકરી બંને મરીશું પણ તું યુદ્ધમાં જતાનું બંધ રાખ, ત્યારે સુધન્વા કહે, અરે માતાજી,હવે હું રણસંગ્રામે જવા તૈયાર થયેલા ક્ષત્રી શી રીતે થોભી રહું ?વળી મારા પિતાએ દુવાઇ ફેરવવાથી તેનું શું કહીશ. તેમ છતાં હે માતા, મારા ચાર ભાઇઓ યુદ્ધ ગયા તેમને તમે શા માટે ન રોકી રાખ્યા અને મારા માટે આટલું આક્રંદ કરોછો ? વળી જગતમાં કહેવાય છે, જે પુત્ર તાતનું વચન લોપે છે, તેને દીકરી જેવા જાણવા માટે હું નર થઇને દુનિયામાં નારી ગણાઉં, તેટલા વાસ્તે મૃત્યુનો ભય ત્યાગ કરી હું રણસંગ્રામે જઇશ. અરે મારી વહાલી માતા, તમારું ધાર્યું કરું છું તો મારા તાતજી કકળે એવું સાંભળતાં જ સુખવંતી બોલી, અરે દીકરા,તું જાણે છે, માબાપનું વચન ઓળંગવાથી ઇશ્વર નારાજ રહે છે,છતાં તું શા માટે સુમત પકડી રહ્યો છે. ત્યારે સુધન્વાએ કહ્યું, માતાજી, તમારું કહેવું સત્ય છે. પણ તેમાં વિવેક વડે એવું સમજવાનું છે. પુત્ર હોય તેણે પિતાનું કહેવું કબુલ કરવું અને પુત્રી હોય તેણીએ માતાનું વચન માન્ય કરવું

સુધન્વાના મુખનું વચન સાંભળીને સુખવંતી છેવટે બોલી ઉઠી, એ વહાલા દીકરા,તારો જરૂર નાશ થવાનો છે માટે તને યુદ્ધમાં જવાદેવાની નથી. એમ કહી સુખવંતી અતિશય આક્રંદ કરવા લાગી.હવે એવામાં નગરની બહાર એવું બન્યું, હંસધ્વજ રાજાએ પ્રધાનોને કહ્યું, તમે બરોબર તપાસ કરો,હજી સુધી કોણ નથી આવ્યું ? એવું હંસધ્વજ રાજાનું બોલવું સાંભળી શંખ લેખ નામના પ્રધાનો ઊભા થઇને સઘળા સૈન્યમાં ફરવા લાગ્યા. બંને પ્રધાનો આખા સૈન્યમાં ફર્યા,તો સઘળા આવી ગયા છે, ત્યાર પછી શંખલેખ હંસધ્વજરાજાના સગા સહોદરમાં ફરવા લાગ્યા.તો ત્યાં તેમને શોધતાં શોધતા માલુમ પડયું સઘળા આવી ગયા છે, ફક્ત સુધન્વા જ ન નથી. એ પ્રમાણે સુધન્વાને નહિ આવેલો જાણીને બંને પ્રધાનો ખુશી થયા. પછી શંખ લેખે એકાંતમાં વિચાર કર્યો. આપણા ઉપર સુધન્વા વધારે દ્વેષ કરતો હતો માટે તેને આજ તેલની કઢામાં મારી નંખાવીએ તો બહુ સારું થાય. સુધન્વા આપણું ધાર્યું થવા દેતો નથી માટે મરી જાય તો વચ્ચેથી પાપ જાય. એમ ધારી શંખલેખ નામના બંને દુષ્ટ પ્રધાનો પોતાના મનમાં હસતા હસતા રાજાની પાસે આવીને કહેવા લાગ્યા.હે મહારાજા, તમામ લોકો આવ્યા છે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પણ આપનો પુત્ર સુધન્વા જ આવ્યો નથી. ત્યારે રાજાએ પ્રધાનોને કહ્યું સુધન્વા નથી આવ્યો. તેનો શો ઇન્સાફ કરીશું?એવું સાંભળી પ્રધાન બોલ્યા, અરે હંસધ્વજ મહારાજા આ તમે શું બોલ્યા ? આપણા સામી તેલની કઢા ઉકળાવી છે તે શું બીજાને માટે ? પોતાના દીકરાની પક્ષ કરશો તેમાં તમે સારુ ફળ મેળવશો નહિ. જો ન્યાયની રીતે ચાલો તો તમારા સુધન્વાને તેલની કઢામાં તળવો જોઇએ. ત્યારે રાજા બોલ્યો, હે પ્રધાનો, તમારી મરજીમાં આવે તેમ કરો હું તમને કંઈ દોષ દેવાનો નથી. શંખ લેખ નામના પ્રધાનોએ રાજી થઇને સો સેવકોને બોલાવ્યા, પછી પ્રધાનોએ તે સેવકોને એવી આજ્ઞા આપી કે તમે સુધન્વાને અહીં તેડી લાવો. જો માનભેર આવે તો ઠીક, નહિં તો તેને તાણી બાંધીને માર મારતા મારતા લાવજો.

પ્રધાનનો હુકમ સાંભળીને સેવકો પોતાનાં આયુધ ધારણ કરીને સુધન્વાને તેડવા માટે ચાલ્યા. હવે સુધન્વા પોતાની માતાની પાસે આજ્ઞા માગે છે પણ સુખવંતી તેને યુદ્ધમાં જવાની ના પાડે છે, એવામાં સેવકો ઉઘાડા ખડગ ધારણ કરીને સુંદરવંતીના મહેલે આવ્યા. ને ધાટો કહાડી કહ્યું. સુધન્વા અહીં છે ? એવું સાંભળી સુંદરવંતી બારી આગળ આવીને કહેવા લાગી. અરે અનુચરો મારા પતિ અહીં નથી, તે તો તેમની માતાજી પાસે ગયા છે, ત્યારે સઘળા સેવકો ત્યાંથી સુખવંતીના મહેલે આવ્યા. તો સુધન્વા સુખવંતીની પાસે ઊભો રહ્યો છે. સુધન્વાને ઊભેલો જોઇને સઘળા સેવકો બોલી ઊઠયા, અરે સુધન્વા, કેમ આટલી બધી વાર સ્થંભી રહ્યા? તમારા પિતાજી તમને તેલમાં તળવા માગે છે માટે તમે એકદમ ચાલો, જો તમે નહિ આવો તો તમને બંધન કરીને લઇ જવા પડશે. એવું સાંભળી સુધન્વાની માતા સુખવંતી બોલી, હે દીકરા, મને તારા આયુદ્ધ આપે તો આ સઘળા સેવકોને ઠેર મારૂં. ત્યારે સુધન્વા બોલ્યો, અરે વહાલી માતા, જે થનાર હશે તે થશે પણ મને મારા પિતાજી પાસે જવાની આજ્ઞા આપો. એ પ્રમાણે સુધન્વાનાં વચન સાંભળીને સુખવંતી કહેવા લાગી, ઓ દીકરા તારા પિતાજી તને તેલમાં તળવાના છે માટે તું જવાનું બંધ કર. ત્યારે સુધન્વાએ કહ્યું, ગમે તેમ થાય પણ પિતાજીના વચનને તાબે થવું જ પડશે. એટલામાં જ સેવકો આવીને સુધન્વાના હાથ બાંધવા લાગ્યા. ત્યારે સુધન્વાને એકદમ રીસ ચઢવાથી પોતાનું ખડગ લઇને વીસ સેવકોને ઠેર મારી નાંખ્યા. તેથી બાકીના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સેવકોએ જાણ્યું, ખીજાએલો સુધન્વા આપણને મારી નાંખશે. માટે ચાલો રાજાની પાસે જતા રહીએ.એમ ધારી તેઓ રાજાની પાસે આવ્યા,ત્યાં આવીને કહેવા લાગ્યા, હે મહારાજ, અમે સુધન્વાને તેડવા ગયા હતા, પણ સુધન્વાએ તો ઉલટા વીસ યોદ્ધાઓને નાશ કર્યો.એવું સાંભળીને રાજાને તથા પ્રધાનોને સુધન્વા ઉપર પુષ્કળ રીસ ચઢી ને રાજાએ એક પત્રમાં એવું લખ્યું, સુધન્વાને ખબર થાય જે આ પત્ર વાંચી તરત અહીં આવજે. આ પ્રમાણે પત્ર લખીને રાજાએ બાકી રહેલા એંસી સેવકોને આપ્યો. ને સુધન્વાને તેડી લાવવાની આજ્ઞા આપી. એટલે સેવકો પત્ર લઇને સુધન્વાની પાસે આવ્યા. તે પત્ર સુધન્વાને આપ્યો એટલે હરિદાસે તે પત્ર વાંચીને વિચાર કર્યો હવે તાતજીનું વચન લોપાય તેમ નથી. માટે બંધન થઇને જવું પડશે. એમ ધારી પોતાની માતાને કહ્યું, અરે દયાળુ માતાજી, મારા પિતાની લખેલી ચિઠ્ઠી આવી છે. માટે મારે તેમની આજ્ઞાને તાબે થવું જોઇશે. ત્યારે સુખવંતી બોલી હે દીકરા, તું શા માટે કુમત કરે છે, જો તને શરમ આવતી હોય તો તારી તલવાર મને આપ, જેથી કરીને સઘળા સેવકોનો નાશ કરું. ત્યારે સુધન્વા બોલ્યો, તમારું કહેવું સત્ય છે. પણ મારે મારા પિતાજીનું વચન ઉલઘંન નહિ કરવું જોઇએ; જો વચન માન્ય ન કરું તો જગતમાં તમારી કુંખ લજવાય. માટે હે માતા,તમે ડાહ્યાં છો છતાં કેમ ભૂલ ખાઓ છો ? જ્યારે ત્યારે એક વખત મરવું છે માટે મા બાપની આજ્ઞા પુત્રે અવશ્ય પાળવી જોઇએ. વળી હે માતાજી,હું હમણાં જ તમારા પ્રતાપથી સઘળા સેવકોનો નાશ કરું, પણ મારા પિતાજીના વચનને વળગી રહ્યો છું.

એ પ્રમાણે માતા પુત્ર વાતો કરે છે. એટલામાં સેવકોએ દોરડું લઇને સુધન્વાના હાથ બાંધવાનો વિચાર કર્યો. ત્યારે સુધન્વાએ પોતાના પિતાની આજ્ઞા પાળવા માટે સેવકના સામા બંને હાથ ધર્યા.સેવકોએ સુધન્વાના હાથ બરાબર કસીને તાણી બાંધ્યા.ત્યારે સુધન્વા ગભરાઇને બોલ્યો,અને સેવકો, જરા મારા હાથ નરમ કરો, એટલે હું તમારી સાથે આવું છું. અરે ભાઇઓ આટલું બધું જોર કરીને મારા હાથ તાણી બાંધ્યા છે, તેથી એવી સખત વેદના થાય છે કે થોડીવારમાં મારો જીવ જશે. એ પ્રમાણે સુધન્વા દીનતાનાં વચન બોલે છે,પણ સેવકોને બિલકુલ દયા આવતી નથી, સેવકો તો સુધન્વાને ઉલટા ઠોંસા મારીને કહે છે,અલ્યા,પહેલાં શું નહોતો જાણતો,તારું આવી બન્યું છે, એમ કહીને જ્યારે સુધન્વાને ખેંચી લીધો.ત્યારે સુખવંતી ઘણી ગભરાઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગઈ. બિચારી સુખવંતી બેબાકળી થઈને સુધન્વાને બાઝી પડી. પછી તે સુધન્વાને કહેવા લાગી, હે દીકરા, તેં તારા હાથ સેવકો પાસે બંધાવ્યા તે જ તારી મોટી ભૂલ થઇ છે. એમ કહી પોતે છાતીફાટ રડવા લાગી. સુખવંતી રડતાં રડતાં કહે છે, હે કોમળ કાયાના પુત્ર, તારા ઉપર પિતાનો આટલો બધો જુલમ સંભવતો નથી. એમ કહી સુધન્વાને છાતી સરસો ચાંપે છે, વળી કહે છે કે ઓ લાડકવાયા દીકરા, મેં તને લાંબી આશાએ મોટો કર્યો હતો તે સઘળી આશા વ્યર્થ ગઈ. મારા વહાલા દીકરા, તારા વિના તારી બહેન રડી રડીને મરી જશે. ઓ પુત્ર, તારી સુંદર છબી તારી રાંકડી માતા કયારે નિરખશે? અરે દૈવ, આ શું થયું? એમ કહીને સુખવંતી મૂર્છિત થઈ. એટલે સુધન્વાની બહેન કોવલીકા આવીને પુષ્કળ રડે છે, પછી કોવલીકા બોલી હે વીરા, આ તમે શું કરો છો? તમારી વહાલી બહેનને છોડીને કયાં જાઓ છો? ઓ વીરા, આપણા દુશ્મન પિતાને તાબે તમે ન થાઓ, નહિ તો તે તમને તેલની કઢામાં ઉકાળશે. અરે પ્યારા બંધુ, તમારી રાંકડી બહેન તમારા વિના પિયરમાં કેમ કરીને રહી શકશે? એ પ્રમાણે સુધન્વાને કહ્યા પછી કોવલીકા સેવકો પ્રત્યે બોલી ઊઠી, અરે દુષ્ટો, મારા બંધુના હાથ છોડી દો, નહિ તો તમને હત્યા આપીશ. મારો તાત શંખલેખ પ્રધાનોના તાબે થઇ ગયો છે, તેથી મારું હૃદય બળી જાય છે. હાય હાય દૈવ, આવા દુષ્ટ પ્રધાનોને તમે શા માટે દુનિયા ઉપર જીવવા દીધા છે? આ પ્રભુ, તે દુષ્ટો કિયા જનમની દાઝ વાળવા ઊભા થયા છે? અલ્યા સેવકો જો તમે મારા ભાઇને છોડો તો હું તમને જે જોઇએ તે આપું, તમે કહો તે કરવા તૈયાર છું પણ આ મારા મોટાભાઇનો શા માટે જીવ લેવા બેઠા છો? એ પ્રમાણે સેવકોએ સાંભળીને અચરકો માર્યો એટલે સુધન્વા નીચે ઢળી પડયો. પછી સુધન્વા ઊભો થઈને કહેવા લાગ્યો, અરે દુષ્ટો, હું મારી જાતે બંધાયો તેથી તમે ત્રાસ કરો છો? પણ યાદ રાખજો આગળ જતાં તમારી બૂરી વલે થશે; પહેલા વીસ યોદ્ધાના પ્રાણ લીધા તે વખતે કેમ જીવ લઇને નાસી ગયા હતા? હું તો મારા પિતાજીની ચિઠ્ઠીના લીધે બંધાયો છું, નહિ તો તમારા જેવા પામરની મારા આગળ શી ગણત્રી? એમ કહીને સુધન્વા ચાલવા લાગ્યો. સઘળા લોકો સુધન્વા સહવર્તમાન નગરની બહાર આવીને ઊભા, પછી સુધન્વા જ્યાં પોતાના પિતાજી બીરાજ્યા હતા ત્યાં આવીને નમી પડયો, એટલે સુધન્વાને જોઇને હંસધ્વજ રાજાને ઘણી રીસ પ્રગટી, ને બોલી ઊઠયા, અરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દુષ્ટ સુધન્વા, તું મારો પુત્ર નથી, કારણ કે તેં મારા વચનનો ભંગ કર્યો છે. તું અહંકારી થયો છું, માટે આવી બન્યું છે, એમ જાણજે. મેં આખા નગરમાં દવાઈ ફેરવાવી હતી છતાં તેં તેના ઉપર બિલકુલ લક્ષ ન આપ્યું. હે દુષ્ટ, દુશ્મન તો સામા વાટ જોઇને બેસી રહ્યા છે, છતાં તેં ઘણું કાયરપણું કર્યું, મારા પેટ પેદા થઇને તેં મારું નામ લજવ્યું. તે તો તારા પિતાજીનો હુકમ છોડી નાંખ્યો તેથી તું ઘણો અપરાધી છે. મેં તારો ઇન્સાફ પ્રધાનોને સોંપી દીધો છે. માટે તું કયાંથી બચીશ ?

એવું સાંભળી સુધન્વા ગળગળા અવાજે બોલ્યો, અરે મારા વહાલા તાત, થોડો વખત મારી સ્ત્રીએ રોકયો અને થોડો વખત મારી માતાએ રોકયો તથા થોડો સેવામાં રોકાયો, તેથી અહીં આવતાં મને વાર લાગી છે. અરે તાતજી, છોરું કછોરું થાય પણ પિતાજીએ તો સદા ક્ષમા રાખવી જોઇએ. માટે આપ હસીને મને આજ્ઞા આપો તો હું અર્જુનજીને જીતીને હાલ આવું છું. ત્યારે હંસધ્વજ બોલ્યો, અરે દીકરા, તું શું જીતવાનો છે? તેં તો મારું નામ બોળ્યું અને આખા જગતમાં મને લાંછન લગાડયું માટે હે દીકરા, તમે તો નિશ્ચત શિક્ષાને પાત્ર છો. એટલે સુધન્વા કહે, ઓ તાતજી, તમારા ગરીબ પુત્ર ઉપર દયા કરીને માફી આપો. જ્યારે તમે પિતા થઇને મારા ઉપર કૃપા નહિ કરો ત્યારે મારી શી વલે થશે? એવું કહ્યા છતાં પણ હંસધ્વજ માથું ધુણાવીને કહે છે, ઓ દીકરા, તમે જરૂર તેલ કઢામાં તળાશો સુધન્વાને તેલની કઢામાં તળે છે. તેથી સઘળા ગામમાં હરિદાસોને અતિશય ચિંતા થઈ. તમામ હરિભકતો માંહોમાંહ્ય વાતો કરે છે, અરેરે બિચારો સુધન્વા ભક્ત તેલ કઢામાં તળાશે. આ વાત સુંદરવતીએ સાંભળીને અતિશય આક્રંદ કરી મૂકયું. પછી તે સુખવંતીના મહેલમાં આવીને છાતીફાટ રુદન કરવા લાગી. એટલે તેને જોઇને સુખવંતી પણ મૂર્છામાંથી જાગી ઊઠી ને છાતી માથા કુટવા મંડી પડી. એવામાં કોવલીકા બોલી ઊઠી, માતા, મારો બંધુ તેલમાં તળાવાનો છે, તેથી મને પણ અતિશય ઉચાટ થાય છે. એટલે સુખવંતી, સુંદરવતી તથા કોવળીકા એ ત્રણે નારીઓ દસ વીસ દાસીઓ સાથે છાતીફાટ રડતી રડતી સુધન્વા પાસે જવા ચાલી. આખા નગરમાં હાહાકાર થઈ રહ્યો છે. લોકોનાં રાંધ્યા ધાન રઝળે છે. સુધન્વાનું સંકટ જાણીને નરનારી ત્રાસ પામી ગયાં છે. કેટલીક પવિત્ર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્ત્રીઓ ધાવતાં બાળક માર્ગમાં નાખીને ભક્તને મળવા માટે દોડે છે. કેટલાક લોકો કહે છે,આપણો ઉપાય નથી નહિ તો રાજાને ઠેર મારીએ. વળી માંહોમાંહ્ય વાતો કરે છે, રાજા પણ અક્કલ વિનાનો દેખાય છે,કારણ દુષ્ટ પ્રધાનોના કહ્યા પ્રમાણે હા એ હા કહે છે. કંઇક કહે છે કે એ ચાર બંધુ સુધન્વાને મદદ કરે તો એકલો તાત શું કરવાનો હતો ? વળી સઘળી રૈયતે વિચાર કર્યો, જો રાજા સુધન્વાને દેશવટો દે તો આપણે તેની સાથે જવું અને કદી તેના જીવનો નાશ કરે તો આપણે પણ તેની જોડે મરવું. એ પ્રમાણે લોકોના જુદા જુદા તરંગ ચાલે છે, હવે સુખવંતી સ્ત્રી પોતાના દીકરાના દુઃખે પોતાનું અંગ ભાગી નાંખે છે. કોવલીકા કલ્પાંત કરે છે, અરે દેવ, મારું પિયર ઉજજડ થવા બેઠું છે આનંદ વરસી રહ્યો હતો ત્યાં વળી આ મોડું વિઘ્ન આવ્યું. મારે બીજા ચાર બંધુઓ છે પણ આ સર્વથી પાટવીનો નાશ થાય તો ગજબ થઈ જાય. વળી સુધન્વાની સુંદરવતી સ્ત્રી પણ અતિશય રડતી રડતી ચાલે છે. આ પ્રમાણે સઘળા મનુષ્ય આક્રંદ કરતા કરતા દરવાજા લગભગ આવ્યા.આ સૈન્યના લોકોએ હંસધ્વજ તથા પ્રધાનોને કહ્યું.

રાજાએ વિચાર કર્યો, અરેરે બિચારી અબળાઓ સુધન્વા માટે ઘણું જ આક્રંદ કરે છે. પણ તેમાં મારો ઉપાય ચાલે તેમ નથી, એટલામાં સઘળા મનુષ્ય તથા ત્રણે સ્ત્રીઓ રાજા પાસે આવ્યાં.:સુખવંતી સુધન્વાને બંધાયેલો જોઇ તેને બાઝી પડી. ત્યાર પછી કોવળીકા તથા સુંદરવતી પણ મરજાદમૂકીને સુધન્વા પાસે ગયાં,સુધન્વાને અતિશય દુઃખી જોઇને ત્રણે સ્ત્રીઓ અતિશય રુદન કરવા લાગી છે. તેમાં સુંદરવતી કહે છે, હે સસરા, જ્યારે તમારે આ પ્રમાણે ઉતપાત કરવો હતો તો મને શા સારું તમારા દીકરા સાથે પરણાવી ?એવામાં હસંધ્વજ રાજા બોલ્યો,હે સુખવંતી સ્ત્રી તું મર્યાદ મૂકીને અહીં આવી તે તને ઘટતું નથી. જેવો તને દીકરો વહાલો છે તેવો મને પણ વહાલો છે. પણ જે પુત્રે પિતાને લાંછન લગાડયું તે સુતને આપણે શું કરીશું ! તેવા અપરાધી પુત્રને તો બળાત્કારે પણ મારી નાંખવો જોઇએ. ખરી વાતે ડરવું નહિ. એવું સાંભળી સુખવંતી કહે છે, ઓ સ્વામી મારા પુત્રને મારનારા જગતમાં કોઇ નથી જો તમે તમારો પુત્ર માનતા હો તો આવો અઘટીત જુલમ તેના ઉપર કદી ગુજારો નહિ. તમારી આણદાણ સૈન્ય ઉપર ચાલશે, ઘરમાં ચાલવાની નથી, તમે તો સુધન્વાને તેલમાં તળવાનો નિશ્ચય કર્યો છે માટે તે તમારો પુત્ર નથી.ઓ સ્વામી,તમે સુધન્વાના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પગલે ઘણું સુખ પામ્યા છો. તમારું કંઈ બગડવા કાળ થયું તેથી તમારી મતિ ભ્રષ્ટ થઈ છે. આપણું વાંઝિયામેણું આ પુત્રે ટાળ્યું છે. માટે હું જ્યાં સુધી બેઠી છું ત્યાં સુધી આ પુત્રને કદી મરવા દેનાર નથી, મારે ગામ ઘર કંઈ જોઈતું નથી. ફક્ત મારો પુત્ર જીવતો રહેવા દો એટલે બસ છે, જો તમારી મરજી હોય તો અમે મા દીકરા વનમાં જઈએ પણ સુધન્વાને જીવવા દો. અમારે તમારો આશરો નથી જોઈતો, અમે તો વિઠલવરને સાચા માનીએ છીએ જે પુરુષ છે તે વૈભોગના સગા છે. ફરજનની ફિકર રાખતા નથી. પહેલી સ્ત્રી મરી જાય એટલે બીજી લાવે છે, પણ પહેલી સ્ત્રીના ફરજનની બિલકુલ ચિંતા રાખતા નથી, બાપ ગમે તો ઘોડાગાડીઓમાં ફરે પણ તેનાથી પુત્ર સચવાતો નથી અને માતા ગમે તો રેંટીયો કાંતતી હોય પણ તેના દીકરાને આનંદથી મોટો કરે છે, માટે હે સ્વામી, જરા ઊંડા ઉતરીને વિચાર કરો.

એવું સાંભળી હંસધ્વજ કહે છે, અરે રાણી, જરા મરિયાદામાં રહી બોલ. મારા ઘરની મરિયાદા છોડીને કુળ લજાવવા માટે અહીં શા માટે આવી? તારા ચરણની પાની સરખી પણ કોઈએ જોઈ નથી તેને બદલે અત્યારે આખું શરીર તું બતાવે છે તે ઘણું ખોટું કરે છે. ધન્ય છે તારા માતાપિતાને કે તેમણે આવી બેશરમ પુત્રીને જન્મ આપ્યો. પિતા વિના કદી પુત્ર થતો નથી માટે અમારા મનમાં આવશે તે કરીશું. તેમાં તારું ધાર્યું કદી થવાનું નથી. જે પુત્ર પિતાનું વચન લોપે તેને જરૂર શિક્ષા થવી જોઈએ. આપણે પાંચ પુત્રો છે તેમાંથી એક જશે એટલે કંઈ વાંઝિયામેણું આવવાનું નથી, માટે તું સમજીને મહેલે જા. નહિ તો શિક્ષા કરવી પડશે. વળી તારી સાથે દીકરીને શા માટે દરવાજા સુધી તેડી લાવી? મારું કહ્યું માનીને બધાં ઘેર જાઓ તો બહુ સારું. પ્રેમદાનું કહેલું વચન જો પુરૂષ સાંભળશે તો રસાતાળ જશે. હે સ્ત્રી તમે બધાં ખુશીથી ઘેર જાઓ નહિ તો તેમાંથી નવાજુની થશે. એટલે સુખવંતી નેત્રમાં આંસુ લાવીને બોલી ઊઠી, હે નિર્દય સ્વામી, ધિક્કાર છે તમને કે આવો ભકત દીકરો નાશ કરાવો છો ? મારો સર્વથી મોટો દીકરો મરે છે માટે મારે પણ તેની સાથે મરી જવું છે, એ પ્રમાણે સુખવંતીએ રીસ કરી પોતાના હાથમાં ખડગ લીધું પછી તે ખડગથી સુધન્વાનાં બંધન તોડી નાંખ્યાં, એટલે કોવળીકા બહેન રકત લોચનથી હંસધ્વજ પ્રત્યે બોલી, હે પિતાજી, તમે શા માટે ખોટો ગર્વ ધારણ કર્યો છે? દુષ્ટ પ્રધાનોના કહેવા પ્રમાણે તમે કેમ ચાલો છો ? હે પિતાજી, જરા ઊંડો વિચાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરો, નહિ તો તેમાંથી માઠું પરિણામ નીપજશે, અમારી કાયા સ્ત્રીની છે પણ આત્મા તમારો તથા અમારો એક છે માટે છેવટ તમે નહિ માનો તો અમે અમારી મરજીમાં આવશે તે કરીશું, હું બહેન મારા ભાઈ વડે છું, માટે મારા ભાઇને કદી મારવા દેવાની નથી. તમે દીકરો મરાવા તૈયાર થયાછો તેથી એમ જણાય છે કે તમારી બુદ્ધિ કોઈ એ ભ્રષ્ટ કરી છે. એ પ્રમાણે કહીએ તેણીએ તેના કેશનો ગળે ફાંસો નાખ્યો, ત્યારે રાજાએ જાણ્યું, જરૂર કોવળીકા મરણ પામશે. તેથી હંસધ્વજે ઊભા થઈને કોવળીકાના હાથ ઝીલીને કહ્યું, બહેન, તું મરીશ નહિ, હું તેને માટે બીજા ઉપાય શોધી કાઢું છું. એમ કહીને કોવળીકાને શાંત પાડયાપછીરાજાએ પ્રધાનોના સામું જોયું. ત્યારે પ્રધાનો બોલ્યા, અરે રાજા, તમારું બોલેલું વચન કેમ ભૂલી જાઓછો ?એટલે હંસધ્વજકહેછે. હે પ્રધાનો,સુધન્વાના માટે સઘળાં લોક ઘણાં જ દિલગીર છે તેટલા વાસ્તે તમે કાંઇ બીજો ઉપાય બતાવો તો બહુ સારું. ત્યારે બંને પ્રધાનો એકાંતમાંજઇને વિચાર કરવા લાગ્યા, સુધન્વા બરાબર લાગમાં આવ્યો છે માટે તેને જરૂર મારી નંખાવવો એ સારું છે. આપણું તે ઘણું ભૂડું કરે છે એટલા માટે તેને મારી નાંખીને નિર્ભય થઇશું. એ પ્રમાણે નિશ્ચય કરીને તેઓ રાજાના પાસે આવ્યા, પછી તેઓએ હંસધ્વજને કહ્યું, તમે સુધન્વાનો ઇન્સાફ કરો એટલે અમે તેની બરાબર તપાસ કરશું.ત્યારે હંસધ્વજ પોતાના આસન ઉપર સુધન્વાનો ઇન્સાફ કરવા બેઠો, રાજાએ સુધન્વાને કહ્યું, હે દીકરા. હું તને કહું તે તું સાંભળી લે. ત્યારે સુધન્વા બોલ્યો, ઓ વહાલા પિતા, આપનું વચન પાળવા માટે હું તૈયાર છું. આપ જે કહેશો તે સઘળું મારે કબૂલ છે.

જે પુત્રપિતાના વચનનેમાન્ય નથીકરતો તેને ધિક્કાર છે. એટલે હંસધ્વજ પ્રધાનને કહે છે, આ દીકરાને દેશવટો દેવો એ તેલમાં તળવા કરતાં ઉત્તમ ન્યાય છે, કારણ કે દેશવટો દેવાથી મારા ઘરનો કંકાસ ઓછો થશે, અને તેલમાં તળવાથી પુત્રનો નાશ થશે, માટે ગાય જીવતી રહે અને રત્ન નીકળે આ પ્રમાણે પુત્રને શિક્ષા થાય અને વળી જીવતો રહે તો ઘણું જ ઉત્તમ છે. સુધન્વાના ચાર બંધુ પણ રકત લોચને જોઈ રહ્યા છે. વળી નગરની રૈયત પણ સુધન્વાની પાસે આવી છે. તેમાંથી જો મોટો દંગો થાય તો શું કરીએ? તેટલા વાસ્તે તમે કાઇ ખુલાસો આપો. એટલે શાંતિ રાખીને શંખ લેખ નામના પ્રધાનો રાજાને કહે છે, અરે તમારું અભિમાન કયાં ગયું ? પોતાની પ્રેમદા તથા દીકરીથી ડરી ગયા તો તમે બીજું શું કરવાના છો ? અમે તમને મરદ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જાણીને તમારા પ્રધાન થયા પણ તમે તો વ્યંઢળ નીકળ્યા. બાકી જો તમારે વચન પાળવું હોય તો દીકરા, દારા તથા પુત્રી શું કરવાનાં હતાં ? બીજું ત્રીજું બોલ્યાવિના તમારું વચન પાળો. એટલેહંસદવજ બોલ્યો,આપણે હમણાં ઇન્સાફ કરવાનો બંધ રાખો પહેલવહેલા અર્જુનની સાથે યુદ્ધ કરીને આવ્યા પછી જે કરવું હશે તે કરીશું. એવું રાજાનું બોલવું સાંભળીને બેઉ પ્રધાનો ક્રોધ કરીને બોલી ઊઠયા, અરે સ્વાર્થી રાજા, ધિક્કાર છે તને! તારું બોલેલું વચન તારાથી પળાયું નહિ.અને સોનું દેખીનેસંગ કર્યો પણ આખર તું કથીર નીકળ્યો. અરે વ્યંઢળ, તું રણધીર નથી પણ કાયર છે. હે ચંપાવતીના નાથ, ચુંદડી ઓઢીને આંખમાં મેંશ આંજ. તું કુંતાસુત પાંડવો સામે શું યુદ્ધકરવાનો હતો?તેં તો ઉલટું ગાદીનું નામબોળ્યું.તારી નારીના ભયથી તારું બોલેલું તારા મોંમાં પેઠું.અમારે તારાનગરમાં રહેવું નથી,વળી પોતાનાં વહાલાં અને બીજાનાં ખોટાં, એ પ્રમાણે જાણવાથી ઇશ્વર કેમ રીઝશે ? અમે તારે ત્યાં રહીને તારું ઉચ્છિષ્ટ અન્ન ખાધું માટે પાપીષ્ટ ગણાઇશું. હવે આટલેથી સમજી ગયા. તમને છેલ્લી વારના જુવાર છે. એમ કહીને બંને પ્રધાનોએ ચાલવા માંડયું, ત્યારે રાજાએ તેમના હાથ ઝાલ્યો. પ્રધાનો કહે, અમારે તમારા રાજ્યમાં રહેવું નથી. ત્યારે રાજા બોલ્યો, તમારું કહેવું યોગ્ય છે પણ શા માટે રીસાઈજાઓ છો?એટલે પ્રધાનોએ કહ્યું. જેવાં તમારાં બાળક તમને વહાલાં છે તેવા બીજાને પણ હશે. જો સુધન્વા સિવાય બીજો કોઇ ગરીબડો મોડો આવ્યો હોતતો તેને તેલમાં તળીને મારી નાંખત,પણ આ તો પોતાનો પુત્ર એટલે તેલમાં કેમ તળાય ? હે હંસધ્વજ રાજા, આગળ પણ મોટા મોટા રાજાઓ જેવા કે, રામ, નળ તથા હરિશ્ચંદ્ર વગેરેએ પોતાનાં વચન કેવાં પાળ્યાં હતાં? અમે તો વચન ભ્રષ્ટના છાંયે પણ ઊભા રહેવાના નથી.

આવું પ્રધાનોનું બોલવું સાંભળીને રાજાના મનમાં વિચાર આવ્યો, મારી અબળાએ તથા પુત્રીએ મારી બુદ્ધિ ફેરવી દીધી. બાકી મારી આટલી વય થઈ પણ કોઈ દિવસ હું ભ્રષ્ઠ થયો નહોતો. એ પ્રમાણે વિચાર કરી રાજાએ નિશ્ચય કર્યો, ગમે તો પુત્ર પરિવાર ધન, દોલત આ સર્વે નાશ પામે અને વળી દેહના કકડે કકડા થઈજાય પણ વચનને કદી લોપવું નહિ. એમ મનમાં દૃઢ કરીને પોતે ખુરશીમાં બેઠો, પછી હંસદવજે સઘળી સભાના સાંભળતાં સુધન્વાને કહ્યું, જો તું મારો દીકરો, હોય તો તેલ કઢામાં પડીને મરી જા, એ પ્રમાણે જેવો રાજાએ હુકમ કર્યો કે તરત હરિજનોએ પોક મૂકી. સઘળા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નરનારી પોંચા કરડીને અતિશય રડવા લાગ્યા, તમામ હરિજનોએ મનમાં શ્રાપ દીધો કે હે પ્રધાનો, તમારું ખરાબ થજો. વળી પોતાના મનમાં કહેવા લાગ્યા, પ્રધાનો બ્રાહ્મણોના દેહ પામ્યા છો પણ કોઇક ચાંડાળ જાતીના હો એમ જણાય છે. તમારી ચોટલીઓ ગ્રહીને ચીરી નાંખવામાં કાંઈ પાપ નથી. વળી કાચા કાળજાની સ્ત્રીઓ છૈયાં નાંખી દઇને રડવા લાગી છે. કંઇક ભક્તોના મનમાં એવું થયું, આપણે બળીયા સાથે કેમ કરીને બાથ ભીડીએ ? કયાં આગીઓ ને કયાં ચંદ્ર ? કયાં ખાબડુ ને કયાં દધી ? કયાં બિલાડો ને કયાંવાઘ ? કયાં સસલો ને કયાં સિંહ ?કયાં અળશિયું ને કયાં સર્પ એ પ્રમાણે આપણે કયાં રૈયત ને કયાં રાજા ?એમ વિચાર કરીનેસઘળા રડેછે. કંઇક પ્રભુને અરજ કરે છે, જો સુધન્વા બચે તો બહુ સારું. કંઈક તો સુધન્વા માટે અન્ન જમવાની બાધા લીધી છે. વળી કેટલાક લોકો કહે છે. સુધન્વા ભક્તની બરોબર કોઈનથી, કારણ કે એનું આનંદમુખ જોઇને સર્વેને અતિ આનંદ ઉપજે છે. એના પુન્યથી આખી નગરી સદા સુખી છે. એ વિચાર કરીને સઘળા લોકો માંહેમાંહે કહે છે,જો સુધન્વા ભક્ત મરણ પામશેતોઆપણે પણ આપણા પ્રાણ ત્યાગ કરીને પ્રધાનોને અર્પણ કરીશું. એવામાં બેઉ પ્રધાનો એક એકને કહે છે, આપણે રાજાને ઠીક બીવડાવીને સમજાવ્યો છે.

પહેલાં આપણે જે જે કામ કરતાં તેમાં રાજા હાએ હા કરતો અને સુધન્વા આડો પડતો માટે હવે સુધન્વા તેલમાં તળાઇને મરણ પામશે તેથી સઘળું દુઃખ નાશ પામશે.વળી સુધન્વા વિના એના ચાર ભાઇમાં બિલકુલ અક્કલ નથી માટે સુધન્વાના મુવા પછી આપણે રાજ્યના ધણી થઇ પડીશું અને ભંડાર જેમ લુંટવો હશે તેમ લૂટીશું, એ પ્રમાણે બેઉ દુષ્ટ પ્રધાન હસીહસીને તાળીઓ લે છે,પછી શંખ પ્રધાને રાજાને કહ્યું, અરે હંસધ્વજ,તમારો કરેલોહુકમ કયારે પાળશો ? તમારા સુધન્વાને એકદમ તેલ કઢામાં બાળી નાંખો. પછી આપણે દુશ્મનની સામા યુદ્ધ કરવા જોઇએ. જો તમે તે કામ કરવામાં વિલંબ કરશોતો દુશ્મનઆપણા ઉપરએકાએક ચઢીઆવશે.આ પ્રમાણેશંખ પ્રધાને રાજાનેકહ્યું તો પણ હંસધ્વજ છાનામાન ખુરશીમાંબેસી રહ્યા છે. તેથી શંખ ચંપાવતીના નાથ પ્રત્યે બોલ્યો,અરે રાયજી,સૌ અજાની ઇદકરે છેપણ કોઈ વાઘની ઇદકરતા નથી, ત્યારે લેખ પ્રધાન બોલ્યો, શંખભાઇ, અત્યારે આવો અન્યાય ચાલે છે ત્યારે કળિયુગમાં તો શું થશે ત્યારે શંખે લેખને કહ્યું, કળિયુગમાં રાજનીતિ કેવી થશે તે હું કહી સંભળાવું છું. તે સમયે પ્રજા જાણશે કે રાજા ક્યારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મરી જાય કે જેથી કરીને આપણે નિર્ભય થઇએ, વળી પ્રજા અન્યાય કરીને રાજા પાસે ન્યાય માગવા જશે. તેમાં પોતાનો સ્વાર્થ ન થાય એટલે રાજાને ગાળો દેવા માંડશે. વળી રૈયત માંહે માંહે લડી મરીને કારભારીઓને ચાડી ચુગલી કરશે. તેમાં કારભારીઓ હશે તે તમામ લાંચીઆ બનશે. પહેલવહેલી જયારે રૈયતની ફરિયાદ આવશે એટલે મીજાજમાં સહુને બીવડાવી મારશે. પછી બંને ફરિયાદી વાળાઓ પાસેથી લાંચો લઇ તેની મરજીમાં આવે તો ફેંસલો આપશે. બિચારી ગરીબ રૈયત પાસેથી કારભારીઓ તદ્દન અધર્મનો પૈસો એકઠો કરશે. વળી ખોઠી ફરિયાદવાળાં પાસેથી લાંચ ખાઇને સાચી ફરિયાદવાળાનું ખોટું કરશે જેથી ખોટી ફરિયાદવાળો બમણા અભિમાનમાં ચઢશે અને રૈયતનો પૂરેપૂરો મરો થશે. રાજાઓ ગેરવ્યાજબી વેઠ તથા વેરાઓ સઘળી રૈયત ઉપર નાંખશે. સઘળા ન્યાય કરનારા એવું સમજશે કે જયાં સુધી આ ગાદી ઉપર છીએ ત્યાં સુધી લાંચ ખાવાની છે, માટે જેમતેમ કરીને ઘર ભરી કાઢવું. એ પ્રમાણે કળિયુગમાં અતિશય અધર્મ ચાલશે, એવું સાંભળીને સૂર ભરાયું કે શું હું કળિયુગી રાજા છું. તેથી તેણે સુધન્વાને તેલ કઢાઇમાં નાંખવાનું ફરમાવ્યું. એટલે સુધન્વા પોતાના બે હાથ જોડીને બોલ્યો,હે પિતાજી આ દેહ આપથકી બંધાયેલો છેમાટેતે આપને અર્પણ કરવા તૈયાર છું; અમે કપુત પુત્રો નથી. નહિ તો હમણાં એક પળમાં પ્રધાનોને ઠેર મારીએ.જો મારા ચાર ભાઇ ધારે તો ગમે તેવાને પૃથ્વીભેગાકરે.

એવું બોલતાં જ તુરત ચાર ભાઈ ઉભા થયા એટલે તેની સાથે સુખવંતી, કોવળીકા તથા બીજા હરિજન પણ તૈયાર થઈગયા, એટલે સુધન્વાએ સઘળાને સમજાવ્યું, મારે મારા પિતાનું બોલેલું વચન પાળવું છે માટે શાંતિ રાખીને બેસી જાઓ. એ પ્રમાણે ઘણું ઘણું કહીને સર્વને શાંત પમાડયાં પછી હંસધ્વજ બોલ્યો,હે દીકરા, તને જરૂર તેલમાં તળવો છે, માટે તારે કંઈ જોઇતું હોય તે માગી લે. ત્યારે સુધન્વાએ કહ્યું, પિતાજી મારે કંઇ જોઇતું નથી, ફકત એક ઇચ્છા પૂરી પાડો તો બહુ સારું, ત્યારે હંસધ્વજે કહ્યું તારી ઈચ્છા હશે તે પૂર્ણ કરીશ, એવું સાંભળી સુધન્વા હંસધ્વજ પ્રત્યે બોલ્યો. અરે પિતાજી, તમે તો પરવશ છો માટે તમારાથી કંઈ થાય તેવું નથી તમે તો નામના રાજા છો અને પ્રધાનો જેમ ધારે તેમ કરી શકે છે, માટે પરવશ રહેનારા ગાદીપતિનું બોલવું વ્યર્થ છે.એવું સાંભળીને હંસધ્વજ બોલ્યો, હું તો ગાદીપતિ છું.માટે જો તારી ઈચ્છા પૂર્ણ ન કરું તો બ્રહ્મહત્યાનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાપ. એ પ્રમાણે સર્વ સભાના સાંભળતા હંસધ્વજ રાજા વચનથી બંધાયો. હવે સુધન્વા પોતાના પિતાજી પ્રત્યે કહે છે, તમે મને તેલ કઢામાં બાળશો તેથી હું ઘણો ખુશી છું. કારણ કે આપ ન્યાય પ્રમાણે વર્તો છો. કાં પોતાનું અગર પારકું ગમે તે હોય પણ સરખી રીતે ન્યાય કરવાથી ઇશ્વર સદા રાજી રહે છે. અને જે પક્ષ રાખીને ન્યાય કરે છે, તે નર્કમાં જાય છે. તમે મારા વિષે કંઇ પક્ષ નથી રાખી તેથી હું ખુશી છું. હવે હે પિતાજી, જે હું માગું તે સાંભળી લ્યો. આપની નગરીની બહાર પ્રભુના પ્રેમી ભક્ત પાંડવો આવ્યા છે. તે દરેક ઠેકાણે હાર પામે છે. પણ શ્રીકૃષ્ણજી જાતે આવીને તેમને મદદ કરે છે, તેટલા માટે મને અર્જુનની સામે યુદ્ધ કરવા જવા દો તો બહુ સારું. કારણ કે મારા મનમાં ફક્ત એટલી જ ઇચ્છા છે કે શ્રીકૃષ્ણજીનાં દર્શન કરીને મારો મોક્ષ કરવો. માટે હે પિતાજી,તમારે તો જરૂર પુત્રનું ભલું કરવું, વળી સગાંવહાલાંનો પણ એ ધર્મ છે કે કુટુંબીનો જીવ પાતકમાંથી ઉગારવો અને તેને મોક્ષપદે ચઢાવવો. તેટલા માટે મને પણ કૃષ્ણ પ્રભુનાં દર્શન કરાવો. એવું સાંભળીને હંસધ્વજ વિચારમાં પડયો. કૃષ્ણ પ્રભુ તો અહીં નથી. સુધન્વાને કેવી રીતે દર્શન કરાવીશ ? વળી જો કબૂલ કરેલું ન પાળું તો સોગનનું પાપ બેસે એમ એ પ્રમાણે રાજા ચિંતાતુર થયો. એટલે સુધન્વા કહે, અરે પિતાજી, તમે કેમ ગુંચવાઓ છો ? એટલે હંસધ્વજ બોલ્યો,કૃષ્ણ પ્રભુ તો અહીં આવ્યા નથી તો કેવી રીતે તને દર્શન કરાવીશ ?

એવું સાંભળી સુધન્વાએ કહ્યું, અરે પિતાજી,પ્રભુ તો ભક્ત આધીન છે. મોટા મોટા તપસ્વી તપ કરીને થાકેપણ તે હરિદર્શન દેતા નથી,ફક્ત તે અર્જુનને વશ છે. તેથી તેને દુઃખ વખતે મદદ કરવા પધારે છે. માટે મને આજ્ઞા આપો તો હું અર્જુનની સાથે યુદ્ધ કરવા જાઉં અને પાંડવ દળને માર મારી શ્રીહરિને તેડાવું, પછી શ્રીકૃષ્ણનાં દર્શન કરી હું તેલ કઢાઇમાં બળી મરીશ. એ પ્રમાણે હંસધ્વજે સુધન્વાનું બોલવું સાંભળીને પ્રધાનોની સામે જોયું. એટલે પ્રધાન બોલ્યા, તમારું બોલેલું ફરશો નહિ. તમે જે મોઢે પાન ચાવ્યા છે તે મોઢે કદી કોયલા ચાવશો નહિ. માટે સુધન્વાને પહેલો તેલ કઢામાં નાંખો પછી કૃષ્ણનાં દર્શન કરાવજો. એવું સાંભળી રાજાએ વિચાર કર્યો, સુધન્વા પહેલો તેલ કઢામાં બળી મરશે પછી પ્રભુનાં દર્શન શી રીતે કરવાનો હતો ? માટે પહેલાનું બોલ્યું પાછળ થાય તોયે અન્યાય છે અને પહેલું પાછળનું કરું તોય અન્યાય થાય છે, આ તો બેઉ બાજુની ઘાંટી આવી પડી, હવે મને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સુલભ માર્ગ કોણબતાવે?એ પ્રમાણેરાજા ઊંડા વિચારમાં પડયો.ત્યારેપ્રધાનો પણ એક એકને કહે છે, રાજાને ઉપાધીમાં કંઇ સૂજતું નથી, માટે આપણે શું કરીશું ? એમ કહી બંને જણે એવો નિશ્ચય કર્યો, સુધન્વાને તેલમાં તળી નાંખીને પોતે રાજ્ય ભોગવવું. એ પ્રમાણે વિચાર કરી તેઓએ હંસધ્વજને કહ્યું, તમે બોલ્યા વિના કેમ બેસી રહ્યા છો ? તમારું બોલેલું પાળવું છે કે નહિ ?તમે બોલ્યા વિના બેસી રહ્યા છો,તેથી અમે પણ ઉદાસ થયા છીએ.વળી પાંડવો આપણને બેસી રહેલા સાંભળીને એકાએક ઘેરો ઘાલીને ઘોડો લઇ લેશે તો શું કરશો ? માટે તમારા પુત્રને તેલ કઢામાં તળીને ચાલો શત્રુ સામા યુદ્ધ કરવા જઇએ. એવું સાંભળી સઘળા હરિજનો તથા સ્ત્રીઓ પ્રધાનોને કકળીને શ્રાપ દે છે.એ હંસધ્વજે પ્રધાનોને કહ્યું,સુધન્વાને તેલકઢામાંતોનિશ્ચય નાંખવો છે પણ પહેલાં તેને કૃષ્ણનાં દર્શન કરવા જોઇએ. માટે સુધન્વાને અર્જુનના સામા યુદ્ધ કરવા જવા દો,પછી જયારે યુદ્ધ કરીનેઆવશે એટલેતેને તેલ કઢામાં બાળીશું. એટલે બંને પ્રધાનો અતિશય ક્રોધે થઇને બોલ્યા, જે પ્રાણી વચન ભ્રષ્ટ છે તેનો સંગ કરવો એ જોખમ ભરેલું છે. તેવા દુષ્ટ જનો તેમના માતા પિતાને વગોવી જગતમાં લાંછન લઈને ફરે છે, માટે એવા જુઠા પ્રાણીઓ ન જન્મતા હોય તોસારું.એવું સાંભળીને હંસધ્વજકહેછે,હેપ્રધાનો, તમે કોને ગાળો દો છો ?ત્યારે પ્રધાનો હંસધ્વજ પ્રત્યે બોલ્યા, જે વચનભ્રષ્ટ હોય છે તેને કહીએ છીએ. તમને શા સારું દુઃખ લાગે છે? તમે જો સાચાહશો તો તમારા પુત્રને તેલ કઢામાં નાંખશો. નહિ તો તમે જુઠા જન્મ્યા છો.

એવું સાંભળી હંસધ્વજ બોલ્યો,અરે પ્રધાનો.પહેલા સુધન્વાનેયુદ્ધ કરવા જવા દો, પછી તેને તેલ કઢામાં નાંખીશું.એટલે પ્રધાનોએ કહ્યું,ગમે તો સૂર્ય પશ્ચિમમાં ઊગે, તો અમારું બોલ્યું કદી ફરવાનું નથી. એવું પ્રધાનોનું બોલવું સાંભળીને આખા નગરની પ્રજા ઘણી જ ગુસ્સે ભરાઇ,વળીસુધન્વાની સ્ત્રી સુંદરવતી મરજાદ મૂકીને પ્રધાનોને કહે છે, તમે બ્રાહ્મણ છો પણ હું સત્યથી કહું છું. તમે કોઇ કર્મચંડાળ છો, ગાય જીવાડીને રત્ન કાઢનારને પ્રધાન કહીએ. તેના બદલામાં રાજાનું વચન લોપવું અને વળી તેનો પુત્ર હણવો આ કેવું તમે નિર્દય કાર્ય કરો છો ? જે જનનું અન્ન ખાવું તેનું ખોટું વાંચવું એ સારા પુરુષના લક્ષણ નથી, માટે દુષ્ટ બુદ્ધિના કુકર્મી ચંડાળ છો, મારા પતિ તેલમાં નહિ પડે તો તારાથી શું થવાનું છે ? ત્યારે સઘળી રૈયત બોલી ઊઠી પ્રધાનને ઠેર મારો. એટલે હંસધ્વજે ઊભા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

થઇને સર્વેને શાંતિ આપી. પછી તેણે પ્રધાનોને કહ્યું, મને કાંઈ સૂજતું નથી માટે તમે જે કરો તે મારે કબૂલ છે.એટલે પ્રધાન કહે,તમારો તો કાંઈવાંધો નથી પણ તમારો પુત્ર મારું કહ્યું ન કરે તો શું કરવું ? એવું સાંભળી રાજાસુધન્વા પ્રત્યે બોલ્યો, અરે વહાલા દીકરા, તું આપણા પ્રધાનના વચનનું માન રાખજે.ત્યારે સુધન્વાએ કહ્યું,બહુ સારું પિતાજી,હું તો આપની આજ્ઞા મુજબ જ ચાલનાર છું. એટલે સુધન્વાના ચાર ભાઇઓ બોલી ઉઠયા, અરે દુષ્ટ પ્રધાનો,તમે તો અમારા ઘરના પેટભરા છો,માટેઅમો અમારા ભાઇને તમનેકદી સોંપવાના નથી.એવું સાંભળી આખી રૈયત પણ પ્રધાન ઉપર શોરબકોરકરવા લાગી. વળી ચાર ભાઈ કહે છે, હે ચંડાળ પ્રધાનો તમે બ્રાહ્મણના વીર્યના નથી તમે કોઈ અન્ય જાતીનાથી ઉત્પન્ન થયા છો.તમારામાં બ્રાહ્મણનું લક્ષણ મળતું નથી, માટે તમે જરૂર ચંડાળ છો એટલે સુધન્વા ગાજીને બોલ્યો. અરે ભાઇઓ,જે મારું વચન ન સાંભળે તેને પોતાના ધર્મની આણ છે. એટલે સર્વ લોકો છાના રહ્યા. પછી સુધન્વાએ કહ્યું, અરે ડહાપણ ભરેલા ભાઇઓ, તમારુ કહેવું યથાર્થ છે પણ હું વચનથી બંધાએલો છું માટે તેમાં તમારો કાંઇ ઉપાય ચાલે તેમ નથી. એટલે સઘળા લોકો બોલ્યા વિના બેસી રહ્યા.

પછી હંસધ્વજે પ્રધાનને કહ્યું હવે સુધન્વાને શી આજ્ઞા આપો છો ? એટલે પ્રધાનો પોનાના આસન ઉપરથી ઉભા થયા. સઘળા લોકોએ થનમાં વિચાર્યું આપણે પ્રધાનને ગાળો દીધી છે માટે સુધન્વાને તેલમાં તળવાનું કહેશે નહિ. એવામાં બેઉ પ્રધાનો બોલ્યા,હે સુન્ધવા જો તમારે અમારું વચન માન્ય કરવું હોય તો તમે તેલના કઢામાં પડીને મરી જાઓ. એ પ્રમાણે ચંડાળોએ આજ્ઞા કરી,એટલે સઘળા હરિજનોમાં હાહાકાર વર્તાઈ ગયો. કેટલાક છાતી માથા કુટીને રુધિર કાઢે છે. વળી કંઇક અતિશય રુદન કરીને કહે છે, અરેરે અમને તારનારો મરવા બેઠો. કેટલીક નિસાસો નાંખીને બેસી જાય છે, કંઇક અમારો જન્મારો કેમ કરીને નિર્ગમન કરીશું. વળી કેટલાક બોલે છે, જો સુધન્વા મરશે તો અમે પણ તેલ કઢામાં પડીને મરશું. કંઇક તો કહે છે, હે સુધન્વા, હાથે કરી મરી શા માટે જાઓ છો ? તમો શા માટે પ્રધાનોના વચનને વિલાપ કરે છે. હવે એવામાં સુધન્વાની સ્ત્રી અતિશય આક્રંદ કરતી બોલે છે, હે પતિ, હું તમને કદી મરવા દેવાની નથી. જો તમે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મરશો તો હું પણ તમારી સાથે તેલ કઢામાં બળી મરીશ. કારણ કે જો હું જીવવાની આશા નહિ રાખું તો તમારી મોક્ષગતિ થશે. એમ કહીને તે અતિશય રુદન કરે છે. વળી કહે છે, હે સ્વામી, મારે પેલા ભવનાં દુઃખ આવી પડયાં. મારે તમારા પ્રતાપથી આનંદ હતો તે સઘળો ચંડાળ પ્રધાનોએ છીનવી લીધો. અરે લીલી વાડીના રમનારા અને યૌવન બાગ વિષે ભમનાર વહાલા સ્વામી, મારો સાચવેલો બાગ કરમાઈ જશે. હે પ્રાણથી પણ અધિક પ્યારા, માળી વિના બાગને કોણ પાણી પાશે ? અરે મારી પુષ્પ સેજે પોઢનારા અને આછાં અમર ઓઢનારા, તમે ઉકળતી તેલ કઢામાં કેમ કરીને પોઢશો? એ પ્રમાણે અતિશય આક્રંદ કરતી પૃથ્વી ઉપર પોતાનું શરીર પછાડે છે.

એવામાં કોવળીકા તથા સુખવંતીએ પણ અતિશય રુદન કરવા માંડયું. સુખવંતી પોતાનું માથું પથ્થર સરસું પછાડીને કારમી પોક મૂકે છે, વળી પોતે સુધન્વાના હાર ઝાલીને કહે છે, હે દીકરા, તમે ઉકળતી કઢામાં કેમ કરીને મરશો ? ઓ મારા વહાલા પૂર્ણ ભાગ્યશાળી પુત્ર તેં તો તારી માતાને ઊભી બાળી એવું પોતાની માતાનું ઘાઢું રુદન સાંભળીને સુધન્વા બોલ્યા, હે વહાલી માતા, તમે શા માટે આક્રંદ કરો છો ? જો તમે મરશો તો ઉલટા પાપબંધન થાશો, માટે સુખેથી પ્રભુનું સ્મરણ કરીને તમારો દેહ ભજનમાં ગુમાવો. મારે તો મારા પિતાજીના વચનથી તેલ કઢામાં પડયા વિના છુટકો નથી. વળી જો તમારે ને મારે સંસ્કાર હશે તો તેલ કઢામાંથી જીવતો નીકળીશ. અને જો રણસંબંધ પૂરો થતો હશે તો તમે કેમ કરીને ઉગારશો ? માટે એ તો ધણીએ જે ધાર્યું હશે તે થવાનું છે. હું શ્રીહરિનો સાચો સેવક હઇશ તો તેલમાંથી જીવતો બહાર નીકળીશ. એ પ્રમાણે પોતાની માતાને શાંત પાડીને સુધન્વા સર્વને કહેવા લાગ્યો, કોઇ માણસ બિલકુલ કલેશ કરશો નહિ. મારે મારા પિતાના વચનથી તેલમાં બળી મરવું છે તેમાં કંઇ દ્વેશ રાખવા જેવું નથી. મારા પિતાજી સુધાનોને વચન આપી બેઠા છે તેથી મારે તે કબૂલ કર્યા વિના ચાલે તેમ નથી. માટે હવે જે પુરુષ મારા વિશે ગરબડ કરે તેને બ્રહ્મહત્યાનું પાપ. એવું સુધન્વાનું બોલવું સાંભળીને સર્વે સ્તબ્ધ થઈ ગયા. પછી સુધન્વા પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો મારો પ્રભુ સાથે સાચો ટેક છે માટે જરૂર તે દયાળુ હરિ નિશ્ચે મારા ગરીબની મદદે આવશે. જો આ વખતે આંખમાંથી આંસુ નીકળશે તો જગતમાં ગમાર ગણાઇશ, કદાચ દહન થઇશ તો શું જતું રહેવાનું છે ? મારી ફક્ત પ્રભુનાં દર્શનની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઇચ્છા મનમાં રહી ગઇ, એટલે મને વિઘ્ન નડયું. વળી સગાંવહાલાં માટે મને દુઃખ ઉપજે છે પણ તે ઉપાધી મારે મનમાં કાઢી નાંખવી જોઇએ. આ અસાર સંસારમાં કોનાં સગાં ને વહાલાં ? કોઇ કોઇનું નથી, માટે આ દુઃખમાંથી મુક્ત થઇ પરમપદમાં જવું તે સર્વોત્તમ છે. એમ ધારી પોતે પોતાનાં વસ્ત્ર અલંકારો ઉતારી નાંખ્યા, ને કટી લગી કચ્છ ભીડી લીધો, પછી શ્રીહરિનું સ્મરણ કરતો કરતો પોતાના પિતાને પગે લાગ્યો, ત્યાર પછી સુધન્વાએ કહ્યું;હે દયાળુ પિતા મને તેલ કઢામાં બળી મરવાની આજ્ઞા આપો. એટલે હંસધ્વજ બોલ્યો,અરે પુત્ર. તું શાની બીજી વાર આજ્ઞા માગે છે ? તને પ્રધાનોએ કહ્યું છે તે પ્રમાણે કર. ત્યારે સઘળા લોકોએ હાથ ઘસીને માંહેમાંહે કહ્યું, રાજાનું પ્રધાન આગળ કંઇ ચાલતું નથી, એવામાં સુધન્વા તાતનું વચન સાંભળીને આનંદમાં ને આનંદમાં તેલ કઢા તરફ ચાલ્યો.એટલે પ્રધાનોએ ઉઘાડાં ખડગવાળા ઘણા યોદ્ધા તૈયાર કર્યા. પછી પ્રધાનોએ સેવકોને કહ્યું, તમે સુધન્વાની પાસ રહેજો અને જો સુધન્વા આડો અવળો નાસી જાય તો ઠેર મારી નાખજો. વળી સુધન્વાની પાછળ કોઇ નર નારી આવે તો તેમને કાઢી મૂકજો, કોઇ પણ માણસ હુમલો ન કરી શકે તેવી રીતે સાવચેત રહેજો. હું તમને પૂરો હુકમ આપું છું તો તમારે શા માટે ડરવું જોઇએ ? એટલે બખ્તરીઆ સેવકો સુધન્વાને ઘેરીને ઊભા રહ્યા. ઉઘાડા ખડગ કરીને ઘેરો ઘાલ્યો. એવામાં સુધન્વા તેલની કઢાના સામો ઊભો રહ્યો.

રાજા પણ તેલ કઢાના સામો ખુરશીમાં બેઠા છે.હરિજનોના મનમાંઅતિશય દુઃખ પ્રગટ થયું છે અને દુષ્ટોના મનમાં પુષ્કળ આનંદ થઇ રહ્યો છે, અસુર બુદ્ધિના એમ ધારે છે, સુધન્વા ઉકળતા તેલમાં કુદકો મારશે તે વખત જોવાની મજા પડશે. પહેલાં તો સુધન્વ હિંમત રાખી પડશે પણ પછી બૂમે બૂમ પાડશે. વળી કોમળ જીવ એવું બોલે છે. અરે સુધન્વાના જીવને કેટલું દુઃખ પ્રગટશે ? એનો બાપ કેવળ દુશ્મન થઈ લાગ્યો છે, પ્રધાનોના કહેવા પ્રમાણે વરતીને પોતાના પુત્રને તેલ કઢામાં બાળે છે. અરેરે કોમળ કાયાનો સુધન્વા આવો સખત તાપ કેમ કરીને ખમશે ? કંઇક કહે છે, સુધન્વા ભક્તનું દુઃખ આપણાથી સહન થાય તેવું નથી માટે જીભ કરડીને મરીશું, વળી કેટલાકે એવો નિશ્ચય કર્યો, જો સુધન્વા ભક્ત ઉગારે તો સો બ્રાહ્મણના પુત્રોને જમાડવા. તેમજ કોઇક કહે છે, અમે ગૌદાન આપીશું, એ પ્રમાણે સઘળું લોક મન દૃઢ રાખીને જોઇ રહ્યું છે. એવામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હંસધ્વજ રાજા બોલ્યો, અરે સુધન્વા, તું ઊભો ઊભો શું ચરિત્ર કરે છે ? એકદમ તલપીને તેલ કઢામાં પડતું મૂક. જેથી અમારા મનને શાંતિ થાય.આ સઘળી વાત પાંડવ દળમાં પહોંચવાથી અર્જુન સર્વેને કહેવા લાગ્યો, અરેરે. વિના મોતે રાજાનો પુત્ર મૃત્યુ પામે છે માટે આપણે ચાર પાંચ જણા ચાલો જોવા જઇએ. એવું સાંભળી વૃષકેતુએ અર્જુનજીને કહ્યું, સુધન્વા પ્રભુનો એકાંતિક ભકત છે. ત્યારે અર્જુનજી બોલ્યો, જો સુધન્વા સાચો ભકત હશે તો દયાળુ કૃષ્ણજી જરૂર તેને સહાય કરશે. ચાલો આપણે ત્યાં જઇએ એટલું સાચુ જુઠું હશે તે જણાશે. જો સુધન્વા તેલ કઢામાં બળશે તો તેનું ભકતપણું કાચું સમજવું, ત્યારે વૃષકેતુ અર્જુનને પૂછે છે, ભકતપણામાં સાચા જુઠા વિષે મને બરાબર સમજાવો.ત્યારે પારથ કહે છે, જે સાચા ભકત હોય છે તેમને ઝાઝો ઠાઠ હોતો નથી. અર્થાત્ તે લોકો જગતમાં ભકતપણું જણાવતા નથી, તેઓ ઝાઝાં ટીલા ટપકાં, માળાઓ વિગેરેનો ઝાઝો ડાકડમાળ કરતા નથી. જેઓ અતિશય ડોળ ડમાક કરે તે તો જગતને ધુતવાના ચાળા સમજવા. આવા પાંખંડીને હરિનો ભકત કદી કહેવો નહિ. ફકત જગતનો ભકત સમજવો. વળી શ્રી કૃષ્ણજીએ કુરુક્ષેત્રમાં ખોટા ભકતની ધારણા કેવી હોય તે વિષે મને સમજાવ્યું હતું તે જ હું તને અત્યારે કહી સંભળાવું છું, પાખંડી પોતાના મનમાં એમ જાણે છે, ફોઇનું પાડેલું નામે ફેરવીશું. તો હરિ ભકત કહેવાઇ શું. વળી સઘળા લોકો પધારો પધારો કહીને બોલાવશે. લોકો પુષ્પના હાર ચઢાવીને વારંવાર ચરણે પડશે વળી સેવકો હરિપદની આશાએ વિધવિધના ભોજન જમાડશે. કંઇક પ્રાણી વાયુ ઢોળશે, ચર્ણ ચાંપશે અને સદા શરણે રહીને પાણી માગતાં દૂધ આપશે.

ભગવાન તો મળવાના હશે તો મળશે પણ સેવા ચાકરી તો થશે, વળી મોઢે બબડીને માળાઓ ફેરવીશું તેમાં આપણું શું જવાનું છે ! તેમ છતાંલોકો પાસે તાળીઓ પડાવીને તથા જાતે નચીને બે ઘડી વાર ગમ્મત કરીશું એટલે સુંદિર અબળાઓ આપણી સેવા કરત્રા આવશે અને વળી રમાડી જમાડીને આનંદ કરાવશે. તેઓની સાથે ગમે તે પ્રમાણે વરતીશું પણ ભકત જાણીને આપણા માથે કોઈ આળ મૂકવાનું નથી. લોકો કરશે. એ તો સંત પ્રાણી છે. એમનામાં તો કુબુદ્ધિ હોય જ નહિ. લોકો નજરે દેખીને વાત કરશે પણ કોઇ માનશે નહિ. વળી રાજયદરબારમાં માન પામીશું અને કદાપી જુઠું બોલીશું તો પણ લોકો શ્રદ્ધા રાખીને સાચું માનશે. કોઈ વાતે આમાં કષ્ટ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નથી. માટે આ ધંધો અવશ્ય કરવો. વળી દુનિયા જેમ વિશેષ માને તેમ જુદો વેષ ધારણ કરીને અંગ ઉઠાવવો, કારણ કે તેમ કરવાથી રિદ્ધસિદ્ધ વૈભોગ વિગેરે મળશે, અને તેથી સઘળી વહેવાર ઉપાધી નાશ પામશે. વળી નહાઇધોઇને સ્વચ્છ રહીશું અને જગતમાં પણ સારું કહેવાશે. પછી આગળનું તો કયાં જાણીએ છીએ. અંધારું છે કે અજવાળું ? પ્રભુ કાંઈ રસ્તામાં તો પડયા નથી, પણ તેને નામે ખાઈપીને આનંદ કરીશું, લોકો પોતાનાં છોકરાંને ન ખવરાવે તેવા પદાર્થ આપણાને બાપજી કહીને ખવડાવશે. વળી પ્રભુની પ્રતિમા સ્થાપન કરીશું, અને તેના બહાને આપણું પેટ ભરીશું. હંમેશ જુદી જુદી જાતના રાજભોગ જેવા કે દૂધપાક, પુરી, લાડવા વિગેરે ધરાવીને મન માન્યું જમીશું. એ પ્રમાણે હે કર્ણકુમાર, ઘણા પાખંડી ભકત બને છે પણ તેના સગા અને તે ભકતો નર્કને પ્રાપ્ત થાય છે. એવું સાંભળી વૃષકેતુ બોલ્યો, અરે પિતાજી, હવે સાચા ભકતો વિષે વિવેચન કરો. ત્યારે અર્જુન કહે, સાંભળ બેટા, હું તને યથાર્થ સમજાવું છું, સાચા ભકતોને ટીલાં ટપકાં, માળાઓ વિગેરે હોતું નથી અને વળી તેવા સંસારી ભકત જગતમાં કેવા રહે છે, જેમ જળમાં કમળ રહે છે તેમ તે નિર્વિકારી રહે છે, જગતના લોકો તેની નિંદા કરે છે તો પણ તે ભકત કહેવરાવવાની બિલકુલ ઇચ્છા રાખતો નથી. વળી સાચા ભકતો માળા ગ્રહણ કર્યા વિના તથા હોઠ ફફડાવ્યા વિના હરિસ્મરણ કરે છે. જ્યાં જ્ઞાનની વાર્તા થતી હોય ત્યાં તે જ્ઞાન કથન કરી જાણે છે. વળી જ્યાં વહેવાર પક્ષ વરતાતો હોય ત્યાં વ્યવહારનો પક્ષ તાણે છે. જગત તેને જંજાળી જાણે છે પણ તે ન્યારો ને ન્યારો રહે છે. સાચો ભકત ન્યાય, નીતિ, વિવેક સહવર્તમાન વર્તે છે, તેવાને તે કોઇ વીરલા જ્ઞાની પુરુષો સમજે છે. એવા સાચા ભકતની પરીક્ષા કરનાર કવચિત હોય અને ખોટા ભકતની સાથે તો ભોટ લોકો બહારનો ડોળા ડમાકા જોઇને જુઠેજુઠા કડાકુડા કર્યા કરે છે. અરે કર્ણના બાળ, તને બેઉની રીતી બતાવી દીધી, માટે ચાલો હવે આપણે સુધન્વા વિષે સાચું જુઠું તપાસીએ. એમ વિચાર કરીને અર્જુનજી દસવીસ યોદ્ધા સાથે રથમાં બેસીને સુધન્વાનું સંકટ જોવા માટે એકાંતમાં આવી ઊભા. હવે હંસધ્વજ રાજા ક્રોધ કરીને બોલ્યા, હે પુત્ર, તું કેમ વાર કરે છે ? ત્યારે સુધન્વા કહે છે, અરે પિતાજી મને શ્રીહરિ સહાય કરનાર છે તો દુશ્મનથી શું થવાનું છે? જો મારી સાચી ભકિત હશે તો રૂડે પ્રકારે મને પ્રભુનાં દર્શન થશે, હે પિતાજી, તમારું તેલ હું પાણીની માફક શીતળતા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વાળું જોઉં છું, તમે ચુલામાં જે પાવક નાંખ્યો છે તે હું બરફ જેવો દેખું છું, માટે તમે પુષ્કળ તેલ કકડાઓ, પછી મારા હરિનો ખેલ જોઇ લેજો. જેને શ્રીહરિની સહાય છે તેને સોમલ, સર્પ વિગેરે શું કરનાર છે ? સાચો ભકત પ્રભુના પ્રતાપથી પાષાણ મારે પણ મરતો નથી. એવું સાંભળીને હંસધ્વજ મનમાં વિચાર કરે છે. મારા પુત્રનું બોલવું સાચું જણાય છે. પછી રાજાએ પ્રધાનોના સામું જોયું, એટલે પ્રધાનો ક્રોધ કરીને બોલ્યા. સુધન્વા તારા કરતા મહા સમર્થ તપસ્વી, યોગી વિગેરે થઈ ગયા છે તેમને હરિ મળવા ઘણા મુશ્કેલ છે તો તું શી ગણતરીમાં છે ? માટે જો તું સાચો હોય તો તારા હરિની પાસે કહેવરાવ ત્યારે આકાશવાણી થઇ, સુધન્વાને તેલમાં તળાવનારા ચંડાળો, તમારું ધુળધાણી થવાનું છે અને સુધન્વા તો હરિભકત છે માટે તે કદી તેલમાં બળવાનો નથી, એમ માણે આકાશવાણી થવાથી સઘળા હરિજનોને શાંતિ વળી, ત્યારે હંસધ્વજ રાજા પ્રધાનોને પૂછવા લાગ્યો, પ્રભુ મારુ કે તમારું આપણા બંનેમાંથી કોનું ધુળધાણી કરશે ? એટલે પ્રધાનજી ગાજીનો બોલ્યો, હે રાજન, તારા પુત્રની જે પ્રપંચબાજી છે તે હું બરાબર રીતે સમજું છું. જે આકાશવાણી થઇ છે તે તો તેનું સાધેલું ભૂત બોલ્યું છે, માટે તે તુત જાણવું. શું અમે તેનાથી ડરી જઇશું ? છો અમારું ધુળધાણી થતું પણ હે સુધન્વા તું તેલ કઢામાં પડતું મૂક. તું અમારી આગળ ભકતના ચાળા બતલાવે છે પણ તેને તો અમે બિલકુલ માનતા નથી. તું તારી જાતે તેલ કઢામાં પડ, નહિ તો અમે તને બંધન કરીને ઘણું દુઃખ દઇશું.

તારા જેવા ધુતારાને તો અમે ઠેર મારી નાખશું. ત્યારે સુધાન્વા કહે છે, અરે દુષ્ટ પ્રધાનો, જેનો ઇશ્વર સાચો છે તેને તમો શું કરી શકવાના હતા. એ પ્રમાણે કહીને પ્રભુનો પ્રેમી ભકત સુધન્વા તેલ કઢામાં પડીને મરવા માટે તૈયાર થયો. એટલે સુધન્વાની સ્ત્રીએ વિચાર કર્યો, અરે મારા પતિનું કોઇ સગુ નથી. તેમની માતા તથા ભગની પણ રડી રડીને છાનાં રહ્યાં પણ તેમનાથી કાંઇ બનવાનું નહિ, મારો પતિવ્રતાનો ધર્મ તો એ જ છે, પતિની સાથે બળી મરવું. એ પ્રમાણે અબળાએ નિશ્ચય કર્યો. હવે સુધન્વા ભકત તાવડા પાસે એક ચર્ણે ઊભો રહીને પ્રભુનું સ્તવન કરે છે, અંતર્યામી, આપે પાંડવનું સઘળુ દુઃખ નિવારણ કર્યું. તેમજ કાળી કુબજાને રૂપાળી બનાવી, વળી ઓ દયાળુ નાથ, આપ શબરીનાં એઠાં બોર જમ્યા અને પાપીને પાવન કર્યા. તેમજ હે સર્વોત્તમ ગુણસિંધુ, જે વખતે દુષ્ટે દ્રૌપદી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સતીનાં ચીર તાણી લીધાં તે વખતે આપે કૃપા કરી નવસે નવાણું ચીર પૂર્યા હતાં. વળી હે મુકુંદવર મોરારી, જ્યારે ગોકુળમાં મેઘ વરસ્યો હતો ત્યારે ગોવર્ધન પર્વત ધારણ કરીને સર્વને અતિ મદદ કરી હતી, બાળકને હણનારી તથા પાતકને ન ગણનારી એવી પુતના માશીને આપે ઠેર મારી નાંખી. વળી હે વિશ્વેશ્વર, ઋષિપત્નીઓ પતિનાં વેણ ઉથલાવીને આપના શરણે આવી તો આપે તેમને વકુંઠમાં વસાવી. અરે રામચંદ્ર પ્રભુ, આપે દશાનનને મારીને વિભીષણને રાજ્ય આપ્યું. આ પ્રમાણે હે અનંત કોટી બ્રહ્માંડના નાથ, સેવક ઉપર દયા લાવી મને આ અપાર દુઃખમાંથી મુકત કરશો, એવો આપનો પૂરણ ભરોસો છે, જયમુનિ જનમેજય રાજા પ્રત્યે કહે છે. સુધન્વા અંતકાળ વખતે એક ચિત્તે, ઇશ્વરનું ભજન કરે છે, હે વિશ્વનાથ,આપે જેમ પ્રજાપતના નીંભાડામાંથી મંજરીના બાળ ઉગાર્યા,પ્રહ-લાદજીના ઉષ્મ સ્થંભે કીડી રૂપે વસ્યા. હાથીને બચાવીને મઘરને માર્યો તેમ તમારા દાસને બચાવી લઈને હરિજનોને ખુશી કરશો એવી સંપૂર્ણ આશા છે.

એમ કહીને સુધન્વા પોતાનાં માતાં, પિતા, ભગની તથા સઘળા સગાંવલાને પૂરણ પ્રેમથી નમ્યો. ત્યાર પછી તેણે સઘળા હરિજનોને પણ જયશ્રીકૃષ્ણ કહ્યા. એ પ્રમાણે સર્વની આજ્ઞા લઈને સુધન્વાએ તેલ કઢાના સામું જોયું પછી પોતે ઊંચું જોઇને શ્રીકૃષ્ણજીને પૂરણ પ્રેમથી અરજ કરવા લાગ્યો ત્યારે શંખલેખ સુધન્વનો બોલી ઉઠયા, અલ્યા સુધનવા ભગતડા. ઉંચુ શા માટે જોઇ રહ્યો છે, ત્યાંથી તે કોણ તારો બાપ મદદ કરવા આવવાનો છે ? એટલે સુધન્વા બોલ્યો, અરે દુષ્ટો, હું તેલમાં કદી બળવાનો નથી. હમણાં તેલમાં નાઇને બહાર નીકળું છું, એમ કહી જયાં સુધન્વાએ તેલ કઢામાં પડવાની તૈયારી કરી એટલે તેની સ્ત્રી દોડી આવીને કહેવાં લાગી, હે સ્વામીનાથ, હું પણ આપની સાથે બલવાન સાથે બળી મરીશત્યારે સુધન્વા બોલ્યો,હે નારી મારાં માતા પિતા તથા સગાંવહાલાં જોઈ રહ્યાં છે, માટે તમે લજયા રાખીને અળગા જાઓ. એવું સાંભળી તેણે કહ્યું, અરે પતિજી, હવે આપ તો મરવા બેઠા છો, પછી મારે કોની શરમ રાખવાની હતી? હવે શહમને પાથરાવી કે ઓઢવી શું કરવી ? એટલે સુધન્વા બોલ્યો હે નારી, હું તેલમાં કદી બળવાનો નથી, હમણાં હું આનંદથી તેલ કઢાની બહાર નીકળું છું. માટે તમે મારી માતારી પાસે જઇને બેસો. એટલે સુંદરવતી કહે છે, આપનું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહેવું સત્ય છે પણ હું સતી છું માટે આપની સાથે બળી મરીશ. ત્યાં સુધન્વાએ કહ્યું, હે સાધવી, જો હું તેલ કઢામાંથી જીવતો બહાર ન નીકળું તો તું જરૂર બળી મરજે. એવું કહ્યાં છતાં પણ કામની છોડતી નથી તેથી પ્રધાનો એકદમ બોલી ઊઠયા, અલ્યા સેવકો શું જોઇ રહ્યાં છો, જાઓ બંનેને છુટાં પાડો, એટલે સુધન્વાએ કહ્યું, તું અળગી થા નહિ તો તને સતીને ટકા ટકાના ગુલામ અડકી જશે. એવું પોતાના પતિનું બોલવું સાંભળીને તે અળગી ઊભી રહી. પછી સુધન્વાએ પ્રદક્ષિણા કરીને તેલ કઢામાં પડવાની તૈયારી કરી. છેવટે જય રણછોડ જય રણછોડ કરીને દોટ મૂકી ત્યાર પછી પોતે રામકૃષ્ણનું નામ લઇને તેલ કઢામાં પડયો. એટલે સુધન્વાના પડતામાં જ શ્રીકૃષ્ણ પ્રભુએ વાયુ-દેવતાને આજ્ઞા કરી તેથી વાયુ દેવે પ્રવેશ કરીને તેલ કઢાને શીતળ બનાવી દીધી. બહાર ધુમાડે ધુમાડે દેખાય છે પણ સુધન્વાને અતિશય ઠંડક લાગે છે. પ્રભુનો પ્રેમી ભકત તેલ કઢામાં જય રણછોડ જય રણછોડ કહીને કુદે છે. એવું દેખીને સુંદરવતીને પ્રધાનોના ઉપર કાળ ચઢયો, તેથી તેઓને કહેવા લાગી, હે કર્મચડાળ, તમારાં કાળાં મોઢ લઇને શું જોઇ રહ્યા છો? મારો સ્વામી પ્રભુની કૃપાથી કેવો સ્નાન કરી રહ્યો છે? તમારાથી થાય તે કરશો તો પણ હરિભકતને કાંઇ આંચ આવવાની નથી.

એવું સાંભળી લેખ પ્રધાન કહ્યું, હે શંખભાઇ, મને કંઇ કપટ જેવું લાગે છે, એટલે લેખ કહે ટપટ તો શું પણ તેલ કદાચ કાચું હશે એ પ્રમાણે વાતો કરીને બંને જણાએ તેલ કઢાની આસપાસ પુષ્કળ દેવતા ચેતાવ્યો તો હરિભકત તો જય રણછોડ જય રણછોડ કહીને સ્નાન કરે છે, એટલે સેવક તરત બજારમાંથી દોડીને એક નાળીએર લાવ્યો. પ્રધાનોએ તે નારીએર ઉષ્ણ તેલ કઢામાં નાંખ્યું એટલે તે નારળીએના બંને ચિતાળિયા ઊછળીનેબેઉ ધ્વનોના લલાટે વાગ્યાં તેથી તેમનું કપા ભ્રકુટીને રુધિર નીકળી પડયું, એ પ્રમાણે બનવાથી સઘળા લોકો હસી હસીને તાળાઓ દેવા લાગ્યા. પછી હંસધ્વજ રાજા વિસ્મય પામ્યો. મારો કુંવર નિશ્ચે હરિભકત છે, એમ ધારી પોને સુધન્વા પ્રત્યે બોલ્યો, શાબાશ સતીઆ પુત્ર, તને ધન્ય છે તને, અરે લાડકવાયા દીકરા, મે તને પ્રધાનોના કહેવાથી દુઃખી કર્યો. પણ તારા સત્ય આગળ મારું મોં કાળું થયું. હવે હે દીકરા, તું જાળવીને તેલ કઢાની બહાર નીકળી જા. એટલે સુધન્વા રામકૃષ્ણનું નામ લઇને તેલ કઢાની બહાર કદી પડયો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એટલે આકાશમાં દુંદુભી વાગ્યાં અને ચંદનનો વરસાદ વરસીને પુષ્પની વૃષ્ટિ થઇ તેથી સર્વે જાણ્યું, અગ્નિ ભરેલા તેલમાં નાહ્યો માટે જરૂર ઇશ્વર કૃપા વિના બીજુ કંઇ નથી. એ પ્રમાણે દરેકના મનમાં શ્રદ્ધા બેઠી. પછી હંસધ્વજે પવિત્ર જળ મંગાવીને સુધન્વાને નવરાવ્યો. પછી તેને સુંદિર, પોશાક પહેરવા આપ્યાં. સુધન્વાએ પોતાનાં વસ્ત્ર, શણગાર તથા આયુદ્ધો ધારણ કરી લીધાં.એટલે સઘળા હરિજનો તેને નમી પડયા. હવે પેલા રુધિરવાળા પ્રધાનોને સેવકોએ વાગ્યાની જગાએ શેકીને પાટા તાણી બાંધ્યા. પછી બેઉ પ્રધાનો પોતાનાં કાળાં મોં લઇને સુધન્વાને ચરણે નમ્યા ને કહેવા લાગ્યા, તમે હસીને બોલો તો અમારા જીવને આનંદ થાય. એટલે હંસધ્વજ બોલ્યો, ધિક્કાર છે તમને. નાહક મારા પુત્રને દુઃખી કર્યો, જેનો કારભારી બુદ્ધિહીણ હોય તેની રાજનીતિ કદી સારી હોતી નથી. જેનો કારભારી મંદ મતિનો હોય તેની સઘળી આવક બંધ થયેલી જાણવી. જેનો કારભારી દ્વેષી હોય તેનો માલિક સદા કલેશી હોય છે, જેનો કારભારી જારકરમી હોય તેનો માલિક અધરમી થાય છે. જેનો કારભારી અવિદ્વાન તેનો માલિક મૂર્ખ નાંદાન હોય છે. જેનો કારભારી હત્યારો તેનો માલિક ગોઝારો થાય છે.તેવો તું કારભારી મને મળ્યો તેથી મારા પુત્રને મારા હાથે તેલમાં તળાવ્યો, માટે તમારું શામ મોં લઇને અહીંથી ચાલ્યા જાઓ. હે દુષ્ટો, મારી સ્ત્રી, પુત્ર, પુત્રી તથા સગાંવહાલાંને તમે રડાવી માર્યાં.પણ તે પુત્ર તેની સ્ત્રીના સત્યથી બચ્યો.

અરે પાપી પ્રધાનો, હું તમને પવિત્ર જાણતો હતો પણ હવે તમારાં ચરિત્ર જોયાં. તમે ભલે બ્રાહ્મણનો દેહ પામ્યા હશો પણ મને તો એમ જણાય છે કે તમે કોઇ અવર વીર્ય થકી ઉત્પન્ન થયા છો. તમે જેનું ખાધું તેનું ભૂડું તાકયું માટે મારા નગરમાંથી ચાલ્યા જાઓ. એટલે સુધન્વા કહે છે હે પિતાજી તમે શા માટે તેમની ભૂલ કાઢો છો. જો તમારામાં ચાલાકી હોય તો તે બિચારા શું કરવાના હતા? જે પ્રાણી બીજાનું કહ્યું માને છે, તેમને નારી તુલ્ય સમજવા. ખરૂં ખોટું સમજ્યા વિના કહ્યું કરનારને મૂર્ખ સમજવા. જેમ મરવારો ટ્રસ્ટ કરે છે તેથી તેના પાછલાં અતિ કષ્ટ પામે છે, તેમ રાજાના જીવતે જે કારભારીનું કર્યું થાય, તે રાજાને જીવતો છતાં મુવો જાણવો, હવે હે પિતાજી, હું સુત થઇને આપને શિખામણ દઉં છું તે બરોબર ધ્યાનમાં રાખજો. એમ કહીને પોતે હંસધ્વજ પાસે પાંડવ સામા યુધ્ધે જવાની આજ્ઞા માગી,ત્યારે હંસધ્વજ કહે, અરે વહાલા દીકરા,એમ અમારેયુધ્ધે જઇશું,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેમાં તારે આવવાની કંઇ જરૂર નથી. એટલે સુધન્વા કહે જો હું યુધ્ધે ન જાઉં તો મારી માતાની કુખ લાજે, વળી ક્ષત્રીધર્મને લાંછન લગાડવા કરતાં મરણું એ ઘણું ઉત્તમ છે. એવું સાંભળી હંસધ્વજ બોલ્યો, અરે પુત્ર, તારા જેવા પુત્ર આ જગતમાં થોડા હશે. એમ કહી પ્રધાનોના સામું જોઇને રાજાએ કહ્યું, અરે દુષ્ટ મંત્રીઓ, તમારા કાળા મોં લઇને ચાલ્યા જાઓ, એટલે પ્રધાનો ત્યાંથી નીકળ્યા. પછી સઘળા લોકો તેમની પાછળ જઇને ફીટકાર કરવા લાગ્યા. એ પ્રમાણે પ્રધાનો ભૂંડે હવાલે ગયા અને જયજયકાર વર્ત્યો. સઘળા લોકો માંહો માંહ્ય કહે છે કે શૂરા પુરુષ યુધ્ધમાં મરશે તેનું દુઃખ નથી, પણ તેલમાં તળાઇ ને ન મુઆ તેથી બહુ સારું થયું. એ પ્રમાણે વાતો કરતી અને આનંદ પામતી સઘળી રૈયત નગરમાં આવી, એટલે અર્જુનજી પણ પોતાના યોધ્ધા સહિત પોતાની સેનામાં ગયા. હવે સુધન્વા હંસધ્વજને કહેવા લાગ્યો, હે પિતાજી, મને અર્જુનજીના સામા યુધ્ધ કરવા દો. હું અર્જુનજીને હાર પમાડીશ એટલે શ્રીકૃષ્ણજી તેની મદદે આવશે. પછી દીનબંધુ દયાળુનાં દર્શન કરવાથી મારો મનુષ્ય દેહ સફળ થશે. માટે રાતી ધજાઓ રોપાવીને મને યુધ્ધે જવાની આજ્ઞા આપો. એટલે હંસધ્વજે ખુશી થઇને રકત નિશાન રોપાવ્યાં તેમજ દુંદુભીના ડંકા વગડાવ્યા, વળી રણસંગ્રામનાં રણશિંગા વાગ્યાં.

શુરા પુરુષોમાં શુર ભરાઇ આવ્યું. સઘળા લોકો પોકાર કરે છે ચાલો શત્રુને હરાવીને પાછા આવીએ, એટલે સુધન્વા પોતાના રથમાં બેસીને પોતાના સૈન્ય સહિત અર્જુન સામે યુધ્ધ કરવા માટે ચાલ્યો આ વાર્તા પાંડવ દળમાં ચાલી સુધન્વા કોઇની પણ મદદ વિના ફકત સૈન્ય સહિત યુધ્ધ કરવા આવે છે, એવું સાંભળીને અર્જુનજી કહેવા લાગ્યા. સુધન્વાના શા ભાર છે? હમણાં તેને પરાજય પમાડીને પાછો મોકલું છું, એટલે ભીમસેન કહે, અરે પારથ તમે થોડા અભિમાન કરો, નહિ તો તમારી હાર થશે. કારણ કે સુધન્વા ભકત શ્રીકૃષ્ણજીને ઘણો વહાલો છે. એવું સાંભળીને અર્જુન ભીમસેનને કહે છે, સુધન્વા જેવા તો હજારોને હાર પમાડયા છે, એટલે ભીમસેને એમ વિચાર્યું, કહો ના કહો પણ મારો ભાઇ આજ જરૂર હાર પામવાનો છે. પણ હવે જોઇએ છીએ શું થાય છે? એવામાં સુધન્વા પાંડવ દળ તરફ ગયો એટલે અર્જુન-જીએ સામા સામી મોરચા બાંધ્યા, ત્યાર પછી સુધન્વા તથા અર્જુનજી એક એકના સામું રકત લોચને જોઇ રહ્યા છે. ત્યારે અર્જુનજી બોલી ઉઠયા, અરે સુધન્વા, તમે ઉષ્ણ તેલ કઢામાંથી બચીને બહાર નીકળ્યા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એટલે અભિમાન રાખો છો પણ તે મારી આગળ ચાલવાનું નથી. શ્રી કૃષ્ણ પ્રભુ સદાય મારા વશમાં છે, તેથી તમે અમને કદી જીતો તેમ નથી. એટલે સુધન્વાએ કહ્યું, હે પારથજી, શું તમારે ભગવાન અને મારે નહિ હોય ? જાઓ તમારાથી બને તેટલું જોર કરજો. એમ એક એકની સાથે વાદ વિવાદ કરી બેઉ જણાએ યુદ્ધની તૈયારીઓ કરી અર્જુનજીએ ગાંડીવનામા ધનુષ્ય ચઢાવ્યું, એટલે ત્રિલોક ખળખળી ઊઠયું. લંકામાંથી હનુમાનજી કૂદી પારથના રથની ધ્વજાએ આવીને બેઠા, પછી અર્જુનજીએ સુધન્વાને મારવા માટે એક બાણ માર્યું. એટલે સુધન્વાએ અર્જુનના બાણના ત્રણ કટકા કર્યા. અર્જુનજીએ નાગપાસ માર્યું, એટલે સુધન્વાએ ગરુડાસ્ત્ર માર્યું, અર્જુને પવનાસ્ત્ર માર્યું એટલે સુધન્વાએ વજ્રાસ્ત્ર માર્યું. અર્જુને અગ્નાસ્ત્ર માર્યું. એટલે સુધન્વાએ મેઘાસ્ત્ર માર્યું. એ પ્રમાણે બંને જણાએ બાણની વૃષ્ટિ કરી. ત્યાર પછી સુધન્વાએ ગુસ્સે થઇને અર્જુનને પુષ્કળ બાણ મારી તેનું શરીર વીંધી નાંખ્યું. તેથી અર્જુનજીએ ક્રોધ કરીને એક બાણથી સુધન્વાના સૈન્યના દસ હજાર યોદ્ધાઓને ઠેર માર્યા, ત્યારે સુધન્વાએ પણ પાંડવના વીસ હજારનો નાશ કર્યો. એટલે અર્જુનજીએ એક બાણ વડે સુધન્વાની ધ્વજા છેદન કરી, ત્યારે સુધન્વાએ અર્જુનના સારથિના પ્રાણ લીધા. તેમજ બીજાં બે બાણ મારી કર્ણકુમાર વૃષકેતુનો સારથિ માર્યો તેથી તેનો રથ ભાંગ્યો. તે પછી હરિદાસે અર્જુન ઉપર બાણની વૃષ્ટિ કરી. તેથી અર્જુન ભયભીત બનીને વૃષકેતુને કહેવા લાગ્યો મને મદદ કર. એવામાં સુધન્વાએ એક બાણ વૃષકેતુની છાતીમાં માર્યું, જેથી કરીને કર્ણકુમાર નીચે ઢળી પડયો. તે પછી પ્રભુનો પુત્ર પ્રદ્યુમન સુધન્વાના સામો ગયો, બંને જણાએ સામસામા બાણની વૃષ્ટિ કરી મૂકી છેવટે સુધન્વાએ નાગપાસ બાણ મારી પ્રદ્યુમનને તાણી બાંધ્યો. એટલે અર્જુન બોલ્યો, અરે ભીમસેનભાઈ, આજ તમે કેમ કંઈ જોર મારતા નથી ? ત્યારે વૃકોદરે કહ્યું, તું અભિમાન ધરાવતો હતો, અમે સુધન્વાને જીતીશું, અને હવે કેમ નરમ થઇ ગયો છે ? એટલે એ પારથે જવાબ આપ્યો, અરે ભીમસેનભાઇ, મારી મોટી ભૂલ થઇ, મેં અહંકાર ધારણ કર્યો. એમ કહી પારથ શ્રીકૃષ્ણજીની સ્તુતિ કરવા લાગ્યા, હે ભીડભંજન પ્રભુ, આપ ભક્તની વહારે ધાઓ નહિ તો આપનો સેવક રણમાં રોળાઈ જશે. જેવી રીતે આપે ભીમસેનને વિષમાંથી બચાવ્યો. વળી અમને બધાંને લાખા ભોવનમાંથી ઉગાર્યા. પછી અમને હેડંબાસુર ચોરી ગયો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust, Funding IKS-MoE-Grant-2

હતો ત્યાં સહાય કરી, ત્યાંથી બકરાક્ષસને મારવામાં આપે મદદ કરી. પછી હું યોગી થઇને દ્વારકામાં આવ્યો. ત્યાં મને આપે કન્યા દીધી, ત્યાર પછી અમે જુગટુ રમીને હાર્યા, તે વખતે દુષ્ટોએ સતીની લાજ લેવાનું ધાર્યું, પણ આપે નવસેં નવાણું ચીર પૂર્યા. વળી કૈયાથી સતીને બચાવી લીધી.આ પ્રમાણે આપે અમારા પર અપાર ઉપકાર કર્યા. તેવી જ રીતે અત્યારે આપના સેવકની વહારે ધાજો એ પ્રમાણે અર્જુનજીની સ્તુતિ સાંભળીને અંતર્યામી અદૃશ્ય રૂપે પાંડવ દળમાં આવ્યા. પછી પ્રત્યક્ષ રૂપ ધરીને પારથનો રથ હાંકવા બેઠા.ત્યારે સુધન્વા પ્રભુનાં દર્શન કરવા માટે નીચે નમી પડયો. પછી પોતે અંતર્યામીને અરજ કરે છે, હે નાથ મારી મરવાની તૈયારી છે, માટે મરણ વખતે આપની મૂર્તિ મારા લક્ષમાં રહે એવું વરદાન આપો. એવું સાંભળીને શ્રીકૃષ્ણજીએ ઘણા ખુશી થઇને ચત્રભુજ સ્વરૂપે દર્શન દીધાં. એટલે સુધન્વાએ પૂર્ણ પ્રેમથી પ્રભુનાં દર્શન કર્યા.પછી શ્રીહરિ પોતાનું કૃષ્ણનું સ્વરૂપ ધારણ કરીને બોલ્યા, હે અર્જુનજી, તમે કેમ ભયભીત થઇ ગયા છો? ત્યારે અર્જુને જવાબ આપ્યો, સુધન્વા બહુ બળીઓ છે તેથી મારું જોર તેના આગળ ચાલી શકતું નથી, એવું સાંભળી પ્રભુએ અર્જુનજીને કહ્યું, અહંકાર છોડીને યુદ્ધ કરશો તો જીતશો. એટલે અર્જુને કહ્યું, અરે મહારાજ, મેં અત્યાર સુધી અભિમાન કર્યો તે મને જ નડયો, માટે હવે પછી હું કદી અભિમાન ધારણ નહિ કરૂં, એમ કહી અર્જુનજીએ મેઘની માફક ગર્જના કરી ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું

સુધન્વાએ પણ અર્જુનની સામે બાણ મારવાની તૈયારી કરી. અર્જુન એક બાણ મારે છે તેનાં એંસી હજાર થાય છે. અને સુધન્વાના સવા લક્ષ થાય છે. તેથી અર્જુન પાછો ભયભીત થઈને પ્રભુ પ્રત્યે કહે છે, હે કૃપાનાથ હવે સુધન્વાને મારવાની યુકિત બતાવો નહિ તો મારા પ્રાણ જસે. એટલે અંતર્યામી બોલ્યા, હે પારથ, તમે એક કાળજવર બાણ લઇને ઉપર વિષ્ણુ મંત્ર ભણીને પછી તેના ઉપર ધર્મરાજાનું પુન્ય મૂકીને તે બાણ મારો એટલે સુધન્વા મરણ પામશે. ત્યારે અર્જુનજીએ પ્રભુના બતાવ્યા પ્રમાણે સુધન્વાને બાણ માર્યું, એટલે સુધન્વા તે બાણ જોઇને વિચારમાં પડયો, આ બાણથી મારું મૃત્યુ થશે, એમ ધારી પોતે પ્રભુના સામી દૃષ્ટિ કરીને ઉભો રહ્યો. એટલામાં અર્જુનના બાણ વડે સુધન્વાનું મસ્તક કપાયું, પછી તે મસ્તક શ્રીહરિના ખોળામાં પડયું, ત્યારે દયાળુ પ્રભુએ સેવક ઉપર કૃપા કરીને તે મસ્તક ગલકીમાં નાખી દીધું. તેથી તે મસ્તક વિષ્ણુરૂપ બન્યું અને ધડ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રથ ઉપરથી નીચે પડયું. એ પ્રમાણે સુધન્વાનું મૃત્યુ થવાથી યુદ્ધ બંધ થયું. સુધન્વાના મરણની વાત હંસધ્વજને ખબર પડી એટલે તરત મૂર્છા ખાઇને નીચે પડયો. પછી તે વાત આખા નગરમાં ચાલવાથી સઘળું લોક રડી પડયું. હવે હંસધ્વજની મૂર્છા વળ્યા પછી સુખવંતી તથા સુંદરવતી વિગેરે છાતી માથાં કુટતાં કુટતાં સુધન્વાના ધડની પાસે ગયાં, સુખવંતીએ સુધન્વાનું ધડ પોતાના ખોળામાં લીધું, હવે પાંડવોએ વિચાર કર્યો, સઘળો કલેશ દૂર થયા પછી આવતી કાલે યુદ્ધ કરીશું એમ ધારી તેઓ પોતાના ઠેકાણે ગયા. ત્યાર પછી સુખવંતી રુદન કરે છે. હે દીકરા, તારા વિના મારા દિવસ જવા ઘણા કઠીન પડશે. ઓ લાડકવાયા, તારા પિતાએ તને અપારદુઃખ દીધું તેમાંથી શ્રીહરિએ તારો પ્રાણ બચાવી લીધો પણ આખરે તેં સ્વર્ગ-વાસ કર્યો. અરે વહાલા તન, શું મેં જમતા બ્રાહ્મણને અભડાવ્યા હશે ? શું મેં મળમુત્ર ગંગામાં ધોયાં હશે ? મેં વિશ્વાસઘાતો કરી હશે ? એ પ્રમાણે વિલાપ કરીને સુખવંતી છાતી ફાટ રડે છે, વળી તેની બહેન કોવળીકા પણ રુદન કરે છે, મારા વહાલા વીર, તારા વિના પિયર સુનું થઇ ગયું, તારું હેત મને બિલકુલ વિસરતું નથી. અરે વીરા, મારી ભોજાઈ તારા વિનાબિચારી ઝુરી મરે છે. ઓ દૈવ, મારો હીરો હડતાઇ ગયો. વળી સુધન્વાની સ્ત્રી સુંદર પ્રભાવતી પણ છાતીફાટ વિલાપ કરી રહી છે. હે પતિ, મેં તમને પહેલેથી યુદ્ધમાં જવાની ના પાડી હતી, પણ તમે માન્યું નહિ. અને છેવટે મને રણમાં રઝળતી મૂકીને ચાલ્યા ગયા. અરે પતિ, હવે મારું જોબનીયું કેવી રીતે જશે ? એવું જોઈ હંસધ્વજ રાજા તથા આખા ગામની પ્રજા આક્રંદ કર્યા કરે છે.

ત્યારે જ્ઞાની સેનાપતિ સર્વને શિખામણ દેવા લાગ્યો, અરે તમે શા માટે રુદન કરો છો ? તમારો સુધન્વા દીકરો તમારી નજર આગળ પડયો છે છતાં શા માટે પોકાર કરો છો ? તમે જીવને યાદ કરતાં હો તો તમારે ને જીવને લેવા દેવા નથી. માટે હે ભાઇઓ તથા બહેનો, સર્વે છાનાં રહી જાઓ. એ પ્રમાણે શાણા સેનાપતિએ સૌને શાંત પમાડયાં. પછી હંસધ્વજે કાષ્ટની ચિતા ખડકાવી સુધન્વાનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાર પછી સર્વે જણાએ સ્નાન કર્યું, એ પ્રમાણે પરવારીને સઘળા હરિસ્મરણ કરતા કરતા ઘેર ગયા. એવામાં દિવસ વીતિ રાત્રી પડી એટલે એક સેવક સાથે હંસધ્વજે પાંડવને એવું કહાવ્યું, કાલે સવારે યુદ્ધ કરવા માટે તૈયાર થજો. એટલે સેવકે પાંડવને તે સમાચાર પહોંચાડયા. પછી જ્યાં વહાણું વાયું એટલે હંસધ્વજ રાજા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

યુદ્ધમાં જવા માટે તૈયાર થયા ત્યારે સુખવંતી હંસધ્વજને કહેવા લાગી, હે નાથ, મારી એક જ અરજ શ્રવણ કરીને પધારો, મારી એવી ઇચ્છા છે, પ્રભુને આપણા ઘેર તેડી લાવો તો મારાથી એમનાં દર્શન થાય. ત્યારે હંસધ્વજે કહ્યું, બહુ સારું હું જરૂર પ્રભુને આપણી નગરીમાં તેડી લાવીશ, જેથી કરીને સઘળું લોક પાવન થઈ જાય. એમ કહી હંસધ્વજ પોતાના પુત્ર સહિત સૈન્ય લઇને પાંડવ સામે યુદ્ધ કરવા માટે ગયો. હવે પાંડવો પણ હંસધ્વજ સામે આવીને ઉભા. પછી જયાં બંને પક્ષ સામ સામી ઊભા એટલે સુરથે હંસધ્વજને કહ્યું, હે પિતાજી મને અર્જુનની સાથે યુદ્ધ કરવા દો ત્યારે હંસધ્વજે સુરથને આજ્ઞા આપી. હવે સુરથ અર્જુનના સામો જઇને ઊભો રહ્યો, ત્યારે પારથે પણ ગાંડીવનામા ધનુષ્યનો ટંકાર કર્યો એટલે લંકામાંથી હનુમાનજી કુદીને અર્જુનના રથની ધજાએ આવીને બેઠા. શ્રીકૃષ્ણજી અર્જુનજીનો રથ હાંકતા સઘળી ચર્ચા જોયા કરે છે, અર્જુનજી સુરથને એક બાણ મારે છે તેના એંસી હજાર બાણ થાય છે. અને સુરથનાં એક બાણનાં સવા લક્ષ થાય છે. અર્જુને ક્રોધ કરીને એક બાણ વડે પારથની સૈન્યાના વીસ હજાર યોદ્ધાને ઠેર મારી નાંખ્યા. ત્યારે પારથે પણ પાંડવના ચાળીસ હજાર યોદ્ધાનો નાશ કર્યો, એમ કરતાં કરતાં અર્જુને સુરથના સારથિનું મસ્તક છેદી નાંખ્યું. તેથી સુરથે પવનાસ્ત્ર બાણથી પારથને રથ સહિત આકાશે ચઢાવ્યો. વળી હંસધ્વજના સુતે નાગપાસ બાણ વડે પ્રદ્યુમ્ન તથા વૃષકેતુને બંધન કર્યાં તે જોઇને ભીમસેન ગદા લઇને સુરથ સામે આવ્યો. વૃકોદરે પોતાની ગદા બે હાથમાં ઝાલીને સુરથના રથ ઉપર મારી તેથી સુરથનો રથ ભાગી ગયો, ત્યારે પોતાના સેવકોને તે કહેવા લાગ્યો, મારે માટે રથ લાવો.

વૃકોદર બીજી વખતે સુરથને ગદા મારવા માટે આવ્યો એટલે સુરથે મોહાસ્ત્ર બાણ મારી ભીમને નીચે પડયો. એટલે અર્જુનજી પ્રભુને કરગરે છે, હે નાથ, સુરથને જીતવાનો ઉપાય બતાવો નહિ તો મારી લજ્યા જશે. એટલે દયાળુ હરિએ અર્જુનને કહ્યું, તમારા રથના નીચેનું બાણ ભાગી નાંખો, એટલે રથ નીચે ઉતરશે. અર્જુને પોતાના રથના નીચેનું બાણ ભાગી નાંખ્યું એટલે રથ નીચે ઉતરવા લાગ્યો. એવું જોઇને સુરથે બીજીવાર પવનાસ્ત્ર બાણ મારી અર્જુનનો રથ આકાશમાં ચઢાવ્યો. એટલે અર્જુન પ્રભુને કહેવા લાગ્યો, અરે દીનબંધુ, દયાળ સુરથે તો ફરીથી રથને ચઢાવી દીધો. માટે હવે કેમ કરું ? એટલે શ્રીહરિને ભકત ઉપર દયા આવવાથી પોતે અર્જુનના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રથ ઉપર ચૌદ બ્રહ્માંડનો ભાર મૂક્યો. એટલે પારથ નીચે આવ્યો. રથ નીચે ઉતાર્યાં પછી અર્જુનજીએ પોતાના સૈન્યને અતિ દુઃખી જોયું, તેથી કુંતાપુત્ર અગણિતા મંત્ર ભણીને સુરથ ઉપર બાણ મારવા લાગ્યો. અર્જુનજીનાં એક બાણનાં અનેક બાણ થાય છે.તે બાણોથી સુરથના યોદ્ધા ત્રાહ્ય ત્રાહ્ય કરે છે. એવો નરનો સપાટો જોઇને સુરથે જબરૂં જોર કરવા માંડયું, એટલે નંદકિશોરે હંસધ્વજ સુતનું જોર આકર્ષણ કર્યું. તેથી સુરથનું બાણ નિર્બળ જવા લાગ્યું, પહેલાં સુરથના ત્રણ લક્ષ છુટતાં હતાં તેને બદલે ફકત અષ્ઠ અયુત થાય છે, એટલે સુરથ વિસ્મય પામ્યો, આ મારા બળની કોણે ચોરી કરી ? કહો ન કહો પણ શ્રીહરિએ અર્જુનને મદદ કરી હોય એમ લાગે છે. માટે હવે નકામી મહેનત કરવા કરતાં યુદ્ધ કરવાનું બંધ રાખું.એમ ધારી પોતે પોતાનાં આયુદ્ધ ફેંકી દીધાં. એવું જોઇને શ્રીહરિએ સુરથને પૂછયું, તમે તમારાં હથિયાર કેમ ફેંકી દીધાં ? એટલે સુરથ કહે, અરે પ્રભુજી શમ વિશમપણું કરવું આપને ઘટતું નથી. અર્જુનને અને મને લડવા દો. હે દયાળું પ્રભુ, મેં આપનો શો અપરાધ કર્યો છે કે આપે મારું બળ હરણ કર્યું ? એટલે મોહનજીએ મનમાં વિચાર્યું, જેમ સુરથ જાણી ગયો, તેમ લોકો જાણશે તો એમ કહેશે, પ્રભુએ પક્ષપાત કર્યો, એમ ધારી દીનાનાથે સુરથનું હરણ કરેલું બળ તેને પાછું સોંપી દીધું. એટલે સુરથને સામર્થ્ય આવ્યું તેથી તેણે પોતાનાં આયુધો ધારણ કર્યાં. પછી સુરથે પારથ ઉપર પહેલાંની માફક જોર કરવા માંડયું, તેથી અર્જુનજીનો પ્રાણ જવો બાકી રહ્યો ત્યારે પારથે શ્રીહરિને અરજ કરી, હે નાથ, હવે દાસ ઉપર દયા કરો નહિ તો તમારો પ્રેમી ભકત રણમાં રોળાઇ જશે. એવું સાંભળી દીના-નાથને દયા આવવાથી તેમણે અર્જુનજીને સમજાવ્યો. તમે કાળજવરનું બાણ કાઢીને તેના ઉપર ધર્મરાજાનું પુન્ય મૂકશો તો તે મરશે. ત્યારે પારથે કાળ જવરનું બાણ લઇને તેના ઉપર ધર્મનું પુન્ય મૂકયું. પછી વાંકા વળીને તે બાણ અતિ જોશમાં ફેકયું. તે બાણને આવતું જોઇને સુરથે વિચાર કર્યો, આ બાણ જરૂર મારા પ્રાણ લેશે. એમ જાણીને સુરથે પોતાની સકળ વાસનાનો ત્યાગ કરી વૃત્તિ ભગવાનમાં જોડી દીધી. એવે કાળજવરનું બાણ વીજળીની માફક ચમકારા કરતું કરતું સુરથ તરફ ચાલ્યું ને સુરથનું મસ્તક છેદાઇ ગયું. પછી તે મસ્તક ઉછળીને કૃષ્ણના ખોળામાં પડયું. એટલે પ્રભુએ તે મસ્તક પોતાના હ્રદય સરખુ ચાંપ્યા પછી. ગરુડજીને બોલાવ્યા. એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગરુડજી કર જોડીને દયાળુ હરિના સામા ઊભા, શ્રીહરિએ ગરુડજીને કહ્યું, આ મારા ભક્તનું શીશ પ્રયાગમાં નાંખી આવો. એવું સાંભળી ગરુડજી તે મસ્તક લઇને આકાશમાં ઊડયા, ત્યારે નારદજીએ વિચાર કર્યો, ગરુડજીને તથા મહાદેવના નંદીને લડાવું તો જોવાની મજા આવશે. એમ ધારી પોતે કૈલાસમાં શંકર પાસે ગયા એટલે શંકર કહે, પધારો નારદજી. એમ કહીને નારદજીને બેસવા માટે આસન આપ્યું. પછી શંકરે નારદને પૂછયું, આપનું કેમ પધારવું થયું ? ત્યારે નારદજીએ કહ્યું, હે ભોળા શંભુ, હું સ્હેજ આવ્યો છું પણ આપને એટલું કહેવાનું છેકે આ તમારી રુંઢમાળામાં સુરથનું શીશ હોય તો સુંદર શોભી ઊઠે. ત્યારે શંકર કહેવા લાગ્યા, સુરથનું મસ્તક કયાં છે ? એવું સાંભળી નારદ બોલ્યા, શીશ લક્ષ્મીજીએ મંગાવ્યું છે તેથી જુઓ પેલા ગરુડ આકાશ માર્ગે લઈ જાય છે. શંકરે ગરુડજીને જોઇને પોતે પોતાના નંદીને મસ્તક લાવવાની આજ્ઞા આપી. એટલે નંદી શંકરને નમીને ચાલ્યો. પછી નંદીએ ગરુડને જતા જતા પકડી પાડયા તેથી ગરુડજીને પુષ્કળ ક્રોધ ચઢવાથી તે નંદીઆને માર મારવા લાગ્યા.

ગરુડજી તથા નંદી એ બેઉજણા સામસામી યુદ્ધ કરવા મચી પડયા. છેવટે ગરુડજીએ ચાંચ મારીને નંદીઆને કૈલાસમાં ફેંકી દીધો. નંદીઆને કૈલાસમા પડેલો જોઇને પાર્વતીજીને હસવું આવ્યું, તેથી પોતે બોલ્યાં, હે નિર્બળ નંદી, તેં ખાઈ બગાડયું. એવું સાંભળીને શંકરને ક્રોધ ચઢયો. શંભુએ નંદીઆને બોલાવીને ભસ્મથી તેને વજ્રનો બનાવ્યો. એટલે નંદીઓ મસ્તાન થઇને ગરુડજી તરફ ચાલ્યો. ગરુડને જતાં જતાં નંદીઆએ પોતાના પૂછડાથી પુષ્કળ પ્રહાર કર્યો. એ પ્રમાણે બંને લડતા લડતા પ્રયાગમાં આવ્યા. જ્યાં મસ્તક નાંખવાનું ઠેકાણું આવ્યું એટલે ગરુડજીએ તે ફેંકી દીધું, ત્યારે નંદીએ શીશ ઝાલી લીધું ને તેણે તે મસ્તક શંભુને આપી દીધું. શંભુએ સુરથનું મસ્તક રુંઢમાળમાં ઘાલ્યું. જયમુનિ કહે છે, હે જનમેજય રાજા, હવે આગળ યુદ્ધમાં શું થયું તે કહી સંભળાવું છે. હંસધ્વજ રાજા પોતાના પુત્રનું મરણ થયેલું જોઇને નરના સામો યુદ્ધ કરવા ઊભો. હંસધ્વજના એક બાણના ત્રણ લક્ષ બાણ થાય છે. અર્જુનજી ઘણું જોર મારે છે પણ હંસધ્વજ આગળ કંઈ ચાલતું નથી, છેવટે હંસધ્વજના બાણથી અર્જુનનું શરીર ઇંદ્રરાજાના ભગંદ્ર જેવું થઈ ગયું તેથી પારથ અકળાઇને પ્રભુ પ્રત્યે બોલ્યો, હે મહારાજ, હું તો આપના શરણે છું માટે મને યથાર્થ કહો.હું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જીતીશ કે હાર પામીશ ? ત્યારે દયાળુ હરિએ જવાબ આપ્યો. હે અર્જુનજી; તમે જીતવાના નથી પણ આ ઠામે જય પામશો, તેમાં કંઈ સંદેહ નથી. એવું પ્રભુનું બોલવું સાંભળીને અર્જુનજીને હિંમત આવી તેથી પોતે હથિયાર ધારણ કરીને હંસધ્વજ સામું યુદ્ધ કરવા લાગ્યા. હંસધ્વજે પાંડવના સૈન્યનાં હથરણ વાળી નાંખ્યું, તેના બાણજી અર્જુનજી ત્રાસ પામી ગયા, પ્રભુ પણ તેનાં બાણ પરોણાથી નિવારણ કરે છે, એમ કરતાં કરતાં રાજાને વિચાર આવ્યો, મારી સ્ત્રી તથા પરિવારને પ્રભુનાં દર્શન કરવાં છે માટે યુક્તિનાં બાણ મારી નર સહિત નારાયણને મારી નગરીમાં લઇ જાઉં તો બહુ સારું. એમ ધારી પોતપોતાના યોદ્ધાઓને છાનામાના સમજાવ્યા, તમે પાંડવના સૈન્યને ઘેરી લેજો. ત્યાર પછી તેમને પાછલા ચરણથી નગરીમાં જવા દેજો, એવું સાંભળી સઘળા ખુશી થયા. સૈન્યના અધિપતિ હંસધ્વજને વખાણવા લાગ્યા, પ્રભુને આપણી નગરીમાં લેવાનું કહો છો તેથી તમને ધન્ય છે. એ પ્રમાણે વાતચીત કર્યા પછી હંસધ્વજ રાજાએ પવનાસ્ત્ર મંત્ર ભણીને પોતાના બાણો અર્જુનના અભંગ રથમાં માર્યા તેથી અર્જુનનો રથ વીસ ધનુષ નગરી તરફ ધસ્યો, એટલે તેની પાછળ પાંડવ સૈન્યા પણ ધસી, આ પ્રમાણે અર્જુનનો રથ તથા તેમનું સૈન્ય સઘળું અવળે ચરણે ચાલવા લાગ્યું. દરેક જગાએથી કબજા કરીને સઘળાને નગરમાં ઘાલ્યા ત્યાર પછી હંસધ્વજરાજાએ પોતાના યોદ્ધા પાસે દરવાજા બંધ કરાવ્યા, આ વાત નગરના લોકોએ જાણી તેથી આખું ગામ આનંદ પામવા લાગ્યું. સઘળાં નરનારી પ્રભુનાં દર્શન કરવા તૈયાર થઈ રહ્યાં છે. પછી અર્જુને પ્રભુને પૂછયું, અરે મહારાજા, આ તો ઘેરાઈ ગયા માટે શો ઉપાય કરવો ? ત્યારે દયાળુ હરિએ જવાબ આપ્યો, તમે તમારે બેસી રહો, નહિ તો ઉલટા હાર પામશો. જે કાંઈ બને તે બેઠા બેઠા જોયા કરો. એ પ્રમાણે પ્રભુએ નરને સમજાવ્યા, એટલે અર્જુન શાંતિ પામીને બેસી રહ્યો. હવે નરનારાયણનો રથ નગરમાં ચાલ્યો જાય છે તેથી કંઇક લોકો પ્રભુને મોતીથી, કંઇક રત્નથી કંઈક અક્ષત, અબીલ ગુલાલ વિગેરેથી વધાવે છે, સઘળા લોક પોતાના કુટુંબકબીલા સહવર્તમાન શ્રીહરિનું પૂજન કરીને નમી પડે છે. એ રીતે હંસધ્વજ રાજા પ્રભુને આખા ગામમાં ફેરવીને પોતાની રાણીના મહેલ આગળ લાવ્યો. એટલે રાણી પૂજન કરવાની છાબ હાથમાં લઇને પ્રભુ પાસે આવી. રાણીએ શ્રીહરિનું પૂર્ણ પ્રેમ વડે પૂજન કર્યું, અને સાષ્ટાંગ પ્રણામ કર્યા. એટલે પ્રભુએ આનંદ પામીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધાં. ત્યારે હંસધ્વજ રાજા પણ રથની નીચે ઉતરીને શ્રી પ્રભુને નમી પડયો. ત્યાર પછી હંસધ્વજે પ્રભુને કહ્યું, જો યુદ્ધ કરવાની મરજી ન હોય તો નરને લઇને મારા મહેલે પધારો, એટલે પ્રભુએ અર્જુનના સામું જોયું. ત્યારે પારથ કહે,તમારી મરજીમાં આવે તેમ કરો. હું તો બોલ્યા વિના બેસી રહીશ. એવું સાંભળી દીનાનાથે હંસધ્વજને કહ્યું, ભાવિક ભક્ત, ધન્ય છે તમને જેમ તમારી ઇચ્છામાં આવે તેમ કરો. એટલે હંસધ્વજ પોતાનાં હથિયાર ફેંકી દઇ પ્રભુને ચરણે લાગ્યો. પછી સૈન્ય સૌ સૌને ઠેકાણે ગયું અને હંસધ્વજ નરનારાયણને પોતાના મહેલમાં લઇ ગયો. ત્યાં સુખવતીએ જાત જાતની રસોઈ કરીને પૂર્ણ પ્રેમ વડે નરનારાયણને જમાડયા. ત્યાર પછી સ્ત્રી પુરુષે નરનારાયણને મુખવાસ આપી પ્રસન્ન કર્યા. એ પ્રમાણે આનંદ કર્યા પછી અર્જુને પ્રભુને કહ્યું હે મહારાજ, હું આપના પ્રતાપથી બચ્યો છું. આ રાજા મને ઠેર મારી નાંખત. ત્યારે પ્રભુ બોલ્યા, હવે તમે સાચું સમજ્યા, રાજાને તમે કદી જીતવવાના નહોતા. એ પ્રમાણે વાતો કરીને બંને રાજસભામાં બીરાજ્યા. ત્યારે હંસધ્વજે નરનારાયણની આજ્ઞા લઇને સારા સરપાવ કર્યા, પછી પોતે નરનારાયણને કહેવા લાગ્યો, હે મહારાજ, આપ તો વિશ્વપતિ છો, તેથી આપના સરખું મારાથી કંઈ અપાયું નથી માટે મારા ઉપર કરુણા કરી કંઈ માગો. ત્યારે શ્રીકૃષ્ણજી બોલ્યા, તમે તમારાં આયુદ્ધ ધારણ કરીને અર્જુનજીની સાથે જાઓ ને અશ્વ ફેરવીને યજ્ઞમાં હસ્તિનાપુર આવો. એવું સાંભળી હંસધ્વજે પ્રભુની આજ્ઞા માથે ચઢાવીને પોતાનું રાજપાટ પોતાના પુત્રોને સોંપી દીધું. પછી હંસધ્વજ પંચકલ્યાણી ઘોડો લઇને પોતાના સૈન્ય સહિત અર્જુનજી સાથે ચાલ્યો. એ પ્રમાણે ભકતના મનોરથ પૂરણ કરીને દયાળુ દીનાનાથ હસ્તિનાપુર પધાર્યા. જે શ્રાતાજનો પૂરણ પ્રેમથી ભગવાનનો તથા ભકતનો મહિમા શ્રવણ કરશે તેનાં સઘળાં પાપ નાશ થશે અને મનવાંછિત ફળ પ્રાપ્ત થશે.

વિશ્રામ પહેલો

આખ્યાન સુધન્વા તણું, સાંભળ્યું જેણે કાન;
વ્યાસ વલ્લભ વાણી વદે,રીઝે શ્રી ભગવાન.

સુધન્વાખ્યાન સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મયુરધ્વજ આખ્યાન

હવે જયમુનિ જનમેજય રાજા પ્રત્યે કહે છે, પંચકલ્યાણી અશ્વ ચાલ્યો જાય છે, તેનો મહિમા શાંતચિત્તે શ્રવણ કર. પંચકલ્યાણી ઘોડો ચાલ્યો જાય છે એવામાં એક સુંદર સરોવર આવ્યું. અતિશય તૃષા લાગવાથી ઘોડાએ સરોવરમાં પેસીને પાણી પીધું તેથી પંચકલ્યાણી ઘોડો મટી જઇને ઘોડી બન્યો તે જોઇને અર્જુનજી વિસ્મય પામ્યો. પંચકલ્યાણી ઘોડીરૂપે ચાલ્યો જાય છે, એટલામાં બીજું સરોવર આવ્યું એટલે પંચકલ્યાણી પાછો તેમાં પાણી પીવા પેઠો, ત્યારે ઘોડી મટીને વાઘ થયો. તે જોઇ અર્જુનજી બહુ પસ્તાવા લાગ્યા, પછી સૌએ એક જોજન સુધી વાંઘને હંકાર્યો એટલે વાઘ ટળીને પાછો પંચકલ્યાણી ઘોડો બની ગયો. એવામાં એક ઋષિ મળ્યા, તેથી અર્જુનજી આ સઘળી હકીકત તેમને પૂછવા લાગ્યા. એટલે ઋષિએ અર્જુનજીનો સઘળો સંદેહ નિવારણ કર્યો. ત્યાર પછી અર્જુનજી અશ્વલઇને આગળ ચાલ્યા. એવામાંએક સ્ત્રીઆ દેશ આવ્યો. તે દેશમાં કોઇ પુરુષ નથી, ત્યાં પ્રેમલા નામની સુંદરી રાજ્ય કરે છે અને ચંદ્રાણી નામની સ્ત્રી પ્રધાનનું કાર્ય કરે છે.

વળી તે સ્ત્રીઓ પુરુષોને પ્રેમદા બનાવે છે એટલું જ નહીં પણ પશુ પક્ષી વિગેરે બનાવીને પોતાન નગરમાં રાખે છે. એવી જાદુવાળી સ્ત્રીઓના દેશમાં પંચકલ્યાણી અશ્વ દાખલ થયો. એટલે સ્ત્રીઓએ અશ્વની કોટે સોનાનું પત્ર વાંચીરે પંચકલ્યાણી તાણી બાંધ્યો. ને સઘળી અબળાઓ અર્જુનના સામે યુદ્ધ કરવા માટે પોતાનાં હથિયાર સજવા લાગી, પ્રેમલા રાણીએ કેટલીક સ્ત્રીઓના ઘોડા, ઊંટ, હાથી વિગેરે અનંત વાહનો બનાવ્યાં એટલે સઘળી સ્ત્રીઓ તેમના ઉપર બેસીને અર્જુનના સામે યુદ્ધ કરવા માટે ચાલી. જ્યાં ધનંજય ઊભો છે ત્યાં સઘળી અબળાઓ આવીને ઊભી રહી ત્યારે અર્જુન કહે, અરે સ્ત્રીઓ, મને પગે પડીને ઘોડો આપી દો, નહિ તો તમારો નાશ કરીશ. એટલે પ્રેમલા કહે, અમારે તમારો ઘોડો જોઇતો નથી. પણ ફકત તમને એટલું કહીએ છીએ કે તમે અમારી સાથે પરણો. એવું સાંભળી અર્જુન બોલ્યો, અરે કજાત, અમે તમને કદી પરણવાના નથી. ચાલો યુદ્ધ કરવું હોય તો આવી જાઓ એમ કહી પારથે હથિયાર સજજ કર્યા. ત્યારે સઘળી અબળાઓએ નેનબાણ મારી પુરુષોના સામું જોયું. એટલે સઘળા સૈન્યના લોકો સ્ત્રીઓનાં નેનબાણથી મૂર્છા ખાઇને નીચે ઢળી પડયા. એકલો અર્જુન સાવચેત છે, ધનંજય આખો નર છે તેથી તેને મોહ લાગતો નથી.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પારથે પોતાના સૈન્યને નીચું પડેલું જોઈ સ્ત્રીઓને પુષ્કળ બાણ માર્યાં, પણ તેમને કંઈ અસર થતી નથી. તેથી સઘળી સ્ત્રીઓએ ભેગી થઈને અર્જુનને અતિશય માર્યો. અર્જુન ગભરાઈ ગયો, ત્યારે આકાશવાણી થઈ,હે પારથ તું સ્ત્રીઓ જીતવાનો નથી, માટે તું એમનું મન માને તેમ કર. એવું સાંભળી ધનંજયે સઘળી સ્ત્રીઓને કહ્યું, તમારે શું કરવાની ઈચ્છા છે? ત્યારે સઘળી સ્ત્રીઓ બોલી, અમે તમને કેટલી વાર કહીએ ? જાણ્યા છતાં શા માટે બીજી વાર પૂછો છો ? ત્યારે અર્જુનજીએ કહ્યું, હે અબળાઓ, હું તમને અત્યારે તો પરણવાનો નથી. કારણ કે મારે યજ્ઞ કરવો છે, મારે ઘોડા લઇને હજી ફરવા જવાનું છે, તેથી તમે હસ્તિનાપુર જાઓ એટલે હું ત્યાં આવી તમને પરણીશ, એવું સાંભળી સ્ત્રીઓએ રાજી થઇને જાદુ વિદ્યા વડે સઘળા સૈન્યની મૂર્છા વાળી નાંખી એટલે સકળ સૈન્ય ઊઠીને બેઠું થયું. પછી પ્રેમલા રાણી અર્જુન સહિત બધાને પોતાના ઘેર લઇ ગઇ. ત્યા બે દિવસ રાખીને સર્વને પ્રેમપૂર્વક જમાડયા. પછી સઘળી સ્ત્રીઓએ પંચકલ્યાણી ઘોડા સહિત સર્વને વિદાય કર્યા ને સ્ત્રીઓ હસ્તિનાપુર ગઈ. હવે પંચકલ્યાણી ઘોડો ચાલ્યો જાય છે. એવામાં ભીશણ નામનો દેશ આવ્યો. તે દેશના રાજાનું નામ પણ ભીશણ છે.

ભીમસેને બકરાક્ષસ માર્યો હતો તેનો પુત્ર ભીશણ રાજય કરે છે તેને નારદજીએ ચઢાવ્યો તારા પિતાને જેણે માર્યો હતો તે જ પુરુષ તારી નગરીમાં આવે છે. માટે તું તારા પિતાનું વહેર લે. એટલે ભીષણ તરત પોતાનાં હથિયાર ધારણ કરીને યુધ્ધ કરવા માટે તૈયાર થયો. પોતાની સાથે રાક્ષસણીઓ લઇને અર્જુનના સામે ગયો, ત્યાં જઇને તેણે પંચ કલ્યાણી અશ્વને મેદાનમાં તાણી બાધ્યો ને પોતે પાંડવના સામા લડવા માટે તૈયાર થઈ ગયો,અર્જુન પણ પોતાના સૈન્ય સહિત યુધ્ધ કરવા માટે તત્પર થયો. હંસધ્વજ નિલધ્વજ વિગેરે રાજાઓ રાક્ષસણીઓ સાથે યુધ્ધ કરવા મચી પડયા રાક્ષસ રાક્ષસણીઓ પણ ક્રોધ કરીને રાજાઓને પુષ્કળ માર મારે છે. રાક્ષસણીઓ પોતાના ગાઉ ગાઉ સુધી લાંબા સ્તનોને ઝાલીને પાંડવના સૈન્યને અતિશય ઝુડે છે. તેથી પાંડવાનું સૈન્ય ત્રાહ ત્રાહ પોકારે છે. તે જોઇને અર્જુન અકળાઇને હનુમાનજીને કહેવા લાગ્યો, હે મહારાજ, તમે મારાં ઉપર કૃપા કરીને મને મદદ કરો. ત્યારે હનુમાનજી ક્રોધ કરી રાક્ષસણીઓના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સામું જોવા લાગ્યા એટલે રાક્ષસણીઓએ વિચાર કર્યો; આ તો રામનો ભકત મહાબળવાન છે, કારણ કે જેણે રાવણને તથા અસુરોને ત્રાહ પોકરાવી હતી. એ પ્રમાણે વાતો કરતી કરતી નાસવા લાગી. એટલામાં હનુમાનજી હુક કહીને રાક્ષસના ટોળામાં પડયા. ત્યારે અર્જુનજી હિંમત રાખીને રાક્ષસોને પુષ્કળ બાણ મારવા લાગ્યા,હવે હનુમાનજી તો રાક્ષસોનેગડદા પાટુથી તથા પોતાના પૂંછથી બાંધી બાંધી તેમને નીચે પછાડીને ઠેર મારે છે. એવામાં અર્જુનજીએ ભીશણ રાક્ષસનું મસ્તક છેદી નાંખ્યું, હનુમાનજીએ પણ કોઇને જીવતા રાખ્યા નહિ. પછી મોટો પર્વત લઇને દુષ્ટના ગામ ઉપર મૂકી દીધો.ત્યારપછી અર્જુનજીએ ભીશણનું સઘળું ધન હસ્તિનાપુર પહોંચાડી દીધું.એ પ્રમાણે વ્યવસ્થા કરીને પાંડવો અશ્વતથા સૈન્ય સહિત આગળ સિધાયા.પંચકલ્યાણી ઘોડો તેની મરજીમાં આવે તેમ ચાલ્યો જાય છે, જયાં ઘોડો વિશ્રામ કરે છે ત્યાં વીસામો બંધાવે છે.જયાં પેશાબ કરે છે ત્યાંવાવ કુવા બંધાવેછે.અને લાદ કરે ત્યાં ધર્મશાળા બંધાવે છે. એવી રીતે પાંડવો પુષ્કળ ધન વાપરે છે,પછી જતાં જતાં એક મૃતક વન આવ્યું,ત્યાં જીવો ફકત એક દિવસ જીવે છે. તેમાં આખો સંસાર માંડી લે છે. એવી ભુમિકામાંથી નીકળીને સઘળા અશ્વની પાછળ પાછળ ચાલ્યા જાય છે.એવામાં મણીપુર કરીને સુંદિર શહેર આવ્યું તે શહેરમાં અર્જુનનો પુત્ર બભ્રુવાહનરાજ્ય કરે છેતેચિત્રકળાનો સુતઅનેઇલેવાન નો ભાઇ થાય છે.તેના રાજયમાં અર્જુનનો અશ્વ ફરતોફરતો ચાલ્યો જાય છે.

હવે અર્જુનજી સૈન્ય સહિત ઘોડાની પાછળ ચાલે છે. એટલામાં કાળા નાગ આડા ઉતર્યા. માઠા શુકન થાય, તો પણ તે બાબત અર્જુનજીએ બિલકુલ ધ્યાનમાં લીધી નહિ. એવામાં, પંચકલ્યાણી ઘોડો મણીપુરમાં દાખલ થયો. કે તરત એક સેવકે તેને દોરડાથી બાંધીને બભ્રુવાહનને સોંપી દીધો. બભ્રુવાહને અશ્વને બાંધેલું પત્ર વાંચીને વિચાર કર્યો, મારા પિતાજીનો ઘોડો કેમ રાખી શકાય?એમ ધારીને પોતે પોતાના સુબુદ્ધિ નામના પ્રધાનને ઘોડા વિષે પૂછયું, ત્યારે સુબુદ્ધિ પ્રધાને જવાબ આપ્યો, હે રાજન, તમારા પિતાનો ઘોડો આપણાથી કદી રખાય નહિ માટે ચાલો આપણે મોતી પુષ્પની થાળ તથા સાકરનાં પાણી વિગેરે લઇ જઇને તમારા પિતાની સેવા કરીએ. એવું સાંભળી બભ્રુવાહન ઘરમાં જઇને પોતાની બે માતાઓને પૂછવા લાગ્યો, મારા પિતાજી આવ્યા છે, તો અમારે શું કરવું જોઇએ ત્યારે તેની માતાઓએ કહ્યું, તમારા પિતાજીને મોટી ધામધુમથી ગામમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાવો. એટલે બભ્રુવાહન પોતાના હાથ અવળા બાંધીને પંચકલ્યાણી ઘોડો, પ્રધાન તથા સૈન્ય સહિત પોતે દીનતા વાણી બોલતો બોલતો અર્જુનની તરફ ચાલ્યો, હવે અર્જુને હંસધ્વજને પૂછયું, આ કિયા રાજાનું ગામ છે. ? ત્યારે હંસધ્વજે કહ્યું, આ મણીપુર ગામનો બભ્રુવાહન નામે રાજા છે. અને તે ઘણોજ બળવાન છે. હું પણ સાત ગાડાં સુવર્ણનો તેને ખંડણી ભરૂં છું. એવી વાત કરે છે એટલામાં બભ્રુવાહન પાંડવ દળમાં પેઠો. પછી બભ્રુવાહને એક સેવકને પૂછયું, કુંતીનંદન કયાં છે ? ત્યારે સેવકે કહ્યું, પેલો સુંદર રથ ઉપર હનુમાનજી છે તેમાં બીરાજેલા છે તે. એટલે બભ્રુવાહન અતિશય હરખ ચઢવાથી પોતે અર્જુનજીને નમી પડયો, પછી બેઉ હાથનાં બંધન છોડી નાંખીને પોતાના પિતાજીને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યો. હે તાતજી, આપ ભલે પધાર્યા જેથી કરીને મારો અવતાર સફળ થયો. બભ્રુવાહનનાં એવાં વચન સુણીને અર્જુન વિચારમાં પડયો, હું અહીં આવ્યો નથી અને પુત્ર કેવી રીતે થયો ? એટલામાં વૃષકેતુએ અર્જુનને પૂછયું, હે પિતાજી, આ તમારો કિયો પુત્ર ? એટલે કીરીટધરે કહ્યું, મનેકંઇ યાદ નથી, એટલે બભ્રુવાહન બોલ્યો, અરે પિતાજી હું તમારો સંદેહ ટાળું છું, એમ કહી પારથને સમજાવવા લાગ્યો, હે પિતાજી આપ યોગી સ્વરૂપે પંપા સરોવર ઉપર બે અપ્સરાઓને પરણ્યા હતા, તેમાંની ચિત્રકળાનો પુત્ર હું છું અને ઉલપીનો પુત્ર ઇલેવાન હતો તે ભીષ્મના હાથે મરણ પામ્યો એ પ્રમાણે બભ્રુવાહને અર્જુનને કહ્યું. પણ જેમ વિનાશકાળે વિપ્રત બુદ્ધિ થાય છે તેથ પારથ બભ્રુવાહન પ્રત્યે બોલ્યો, તુ તો વૈશ્યાનો પુત્ર છે માટે જો હું તને છોકરો કહુ તો મારા કુળમાં લાંછન લાગે. એટલે બભ્રુવાહન કહે, અરે પિતા, જરા વિચારીને બોલો, મારી સતી માતાને શા માટે વેશ્યા કહો છો ? એટલે અર્જુન બોલ્યો, જા, જા, તું શું મને સમજાવે છે ? જો તું મારો પુત્ર હોય તો ઘોડો લઇને કદી ન આપવા આવે. માટે જા વેશ્યાના તન, હું તારો પિતા નથી. એમ કહી અર્જુને બભ્રુવાહનની છાતીમાં લાત મારી. એટલે બભ્રુવાહન બોલ્યો, અરે કુંતીપુત્ર, જોજો હવે મારો ઝપાટો. જો હું સતી માતાનો તથા તમારો પુત્ર હઇશ તો જરૂર તમારો કાળ આણીશ. એમ કહીને ઘોડો પાછો લઇને પોતાના નગરમાં આવ્યો ને ઘોડાને તાંણી બાંધીને પોતાનું સૈન્ય યુદ્ધ કરવા માટે તૈયાર કર્યું. પોતે હથીયારો ધારણ કરીને સૈન્ય સહિત અર્જુનજીના સામે યુદ્ધ કરવા માટે ચાલ્યો. હવે અર્જુન પણ બભ્રુવાહનની સામે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ઉભા. એટલામાં બભ્રુવાહન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પોતાના સૈન્ય સહિત અર્જુન સામે આવીને ઊભા. એટલે બંને પક્ષે યુદ્ધની તૈયારી કરવા માંડી; અર્જુનજીએ પોતાના સૈન્યને કહ્યું, કોઇ પાછી પાની કરશો નહિ, ગમે તેમ કરી શત્રુનો નાશ કરો. એમ કહી પોતે ગાંડેવનામા ધનુષ્યને હાથમાં પકડીને ટંકાર કર્યો 'તેનો શબ્દ ત્રિલોકમાં પહોંચવાથી દશે દિગપાળ ડોલ્યા તથા ધરણુ પણ ધ્રૂજવા લાગી. વળી વૃષકેતુ, મેઘવર્ણ, અનુસાલ્વ. પ્રદ્યુમન, અનીરૂદ્ધ, હંસધ્વજ, નિલધ્વજ વિગેરે મહારથીએ બાણ ચઢાવીને બભ્રુવાહનના સૈન્યને અતિશય માર મારવા માંડયો. અર્જુનજી એક બાણ ફેંકે છે છે તેના એંસી હજાર બાણ થાય છે, તે જ પ્રમાણે યમુનાશ્વનાં સાઠ હજાર, સુવેધનાં સિતેર હજાર, નિલધ્વજનાં નેવું હજાર, હંસ વિજનાં બે લક્ષ, વૃષકેતુનાં ચાળીસ હજાર, ધુમનનાં પચીસ હજાર, અનિરુદ્ધનાં અઠ્ઠાવીસ હજાર બાણ જાય છે. વળી એ સિવાય બીજા અનેક યોદ્ધાનાં અનેક બાણ છુટે છે, ત્યારે બભ્રુવાહનનું એક બાણ છુટે છે, તેનાં દસ લક્ષ બાણ થાય છે. એ પ્રમાણે પાંડવો તરફથી સઘળા યોદ્ધાઓ એકવાર બાણ મારે છે એટલામાં બભ્રુવાહન બે વાર મારે છે. તે જોઇ અર્જુને વિચાર કર્યો. છોકરો કાંઇ કાચો નથી. એમ ધારી પોતે ક્રોધ કરીને બભ્રુવાહનના સારથિનું શીશ છેદી નાંખ્યું એટલે બભ્રુવાને ગુસ્સે થઇને અર્જુનજીની ત્રણ ક્ષોણી સેનાનો નાશ કર્યો એવું જોઇને વૃષકેતુએ બભ્રુવાહનના રથની ધજા છેદી નાંખી. એટલે બભ્રુવાહને હનુમાનજીને એક બાણ મારીને તેમને ગઢ લંકામાં, પહોંચાડી દીધા, તે જોઇ ને અર્જુન મનમાં ત્રાસ પામ્યો, અરેરે, આ બળીઆ સાથે મેં કયાં બાથ બીડી? એવામાં બભ્રુવાહને કાળજવર બાણ મારીને કર્ણકુમાર વૃષકેતુનું શીશ છેદી નાંખ્યું. પછી તેણે બાણ મારીને પ્રદ્યુમનનું મસ્તક છેદી નાંખ્યું, તેથી પારથ થરથર ધ્રૂજીને રડવા લાગ્યો; મેં વૃષકેતુને જોઇને અભિમન્યુને વિસાર્યો હતો પણ છેવટે આનો પણ નાશ થયો, અરેરે દેવ, હવે હું એની માતાને શો જવાબ દઇશ? એવી રીતે, અર્જુનજી ધ્રૂસકા મ્હૂકીને રડવા લાગ્યો. તે જોઈને બભ્રુવાહન બોલ્યો, હે કુંતાપુત્ર, તેં વ્યંઢળ વેશ ધારણ કર્યો હતો તે બરાબર છે. અરે તારા માતાપિતાનું તેં નામ બોળ્યું. જયારે કાળજું કાચું હતું ત્યારે મારી સાથે શા માટે સંગ્રામ કર્યો? એવાં બભ્રુવાહનના મુખમાં કટુ વચન સાંભળીને અર્જુનજીએ બીજી વાર યુદ્ધ આરંભ્યું. એવામાં બભ્રુવાહને મોહાસ્ત્રનો મંત્ર ભણીને એક બાણ પાંડવોમાં ફેંકયું. એટલે અગણિત મંત્ર વડે બાણનાં અનેક બાણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

થઇ પાંડવની સેનાનાં હૃદય ભેદી નાંખ્યાં. વાહનો સહિત સઘળા લોકો પૃથ્વી ઉપર ઢળી પડયા. ફક્ત એકલો અર્જુનજી સાવચેત રહ્યો છે, તેને બભ્રુવાહને પુષ્કળ માર મારવા માંડયો, તેથી અર્જુનના શણગાર તૂટી ગયા અને તેનું શરીર ચારણી જેવું થઇ ગયું. એટલામાં બભ્રુવાહને ફરશુરામના બાણનું ભાલોડું જે પારધીના પાસેથી મેળવ્યું હતું તે બાણ ધનુષ ઉપર સંધાન કર્યું. તે વખત અર્જુનજીને દ્રોણનો શ્રાપ પણ લાગુ પડયો. તેવા જોગાનુજોગે બભ્રુવાહને તે બાણ અર્જુન ઉપર છોડી મૂકયું. તે બાણ વડે પારથનું મસ્તક છેદાઇ ગયું. એ પ્રમાણે બભ્રુવાહને સર્વને પૃથ્વી ભેગા કરી નાંખ્યા,

પછી મણીપુરના નાથે પોતાના સેવકોને પાંડવની સેનાના શણગાર વિગેરે લુંટી લેવાનું ફરમાવ્યું, તેના સેવકોએ પાંડવની સેનાના શણગાર લુંટી લીધા પછી બભ્રુવાહન પાંડવનો અશ્વ લઇ પોતાની સઘળી સેના સહિત ગામમાં આવ્યો. ઘેર આવીને પોતે પોતાની બેઉ માતાને નમી પડયો. ને બેઉ માતાને કહેવા લાગ્યો, માતાઓ, મારા તાતે મને વેશ્યાનો છોકરો કહ્યો તેથી મેં તેમનું શીશ છેદી નાંખ્યું છે એવું બભ્રુવાહનનું વચન સાંભળીને ચિત્રકળા તથા ઉલ્પી બેઉ અપ્સરાઓ અતિશય રડીને કહેવા લાગી, અરે કર્મચંડાળ દીકરા, તેં આ શું કર્યું ? અમને રંડાપો આપ્યો ? અરે પુત્ર, તમે સો વરસના થજો પણ પતિ વિનાનું અમારું જીવવું વૃથા છે. ઓ બેટા, અમારા શણગાર તથા ચોટલો ચાંદલો ચૂડો વિગેરેનો નાશ થઈ ગયો. હે પુત્ર, તું હજી તારા પિતાની પૂંજી ભોગવે છે તેનો તને કંઇ વિચાર ન આવ્યો ? એવું કહીને બંને અબળાઓ છાતીફાટ રુદન કરતી કરતી અર્જુનજીના ધડ મસ્તકની પાસે આવીને બેઠી. પછી ઉલ્પીએ અર્જુનજીનું શીશ પોતાના ખોળામાં લીધું અને ચિત્રકળાએ ધડ લીધું એ પ્રમાણે બંને સ્ત્રીઓ પોતાના પતિના ધડ મસ્તક ઉછંગમાં લઇ અતિશય રડવા લાગી. તે જોઇ બભ્રુવાહને વિચાર કર્યો, હું આપઘાત કરું. એમ ધારી પોતે કટારી લઇને નીચે પડયો. ત્યારે ઉલ્પી બોલી. અરે બેટા, તું શા માટે આપઘાત કરે છે ? તારા પિતાને સજીવન કરવાનો એક ઉપાય છે. એવું ઉલ્પીનું બોલવું સાંભળીને બભ્રુવાહન બોલ્યો હે માતા, મારા ઉપર કૃપા કરી મને તે ઉપાય બતાવો. એટલે બેઉ માતાએ પોતાનાં શણગાર ઉતારી આપીને કહ્યું, હે પુત્ર, આ શણગાર લઇને તું અમારા પિતા શેષનાગ પાસે જા, ત્યાં જઇ તેમને શણગાર આપીને તું એટલું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust, Funding IKS-MoE-Grant-2

કહેજે, તારી 'પુત્રીઓને વિધવાપણું પ્રાપ્ત થયું છે, તમારા જમાત્રનું ધડ મસ્તક ઉછંગમાં લઇને તમારી પુત્રીઓ અતિશય રુદન કરે છે માટે તમારા જમાત્ર જીવતા થાય તેવો ઉપાય બતાવો નહિ તો તેઓ મરણ પામશે. એ પ્રમાણે પોતાની માતાનાં વચન સાંભળીને બભ્રુવાહન પાતાળમાં ગયો, ત્યાં જઇને શેષનારાયણ આગળ પોતાની માતાના આપેલા શણગાર મૂકયા, પછી તેણે કહ્યું, તમારી પુત્રીને વિધવાપણું પ્રાપ્ત થયું છે, માટે તમારો જમાત્ર બચે તેવો ઉપાય બતાવો નહિ તો તેઓ મૃત્યુ પામશે. એવું સાંભળી શેષનાગે પોતાના પાતાળના નાગોને બોલાવીને કહ્યું, મારો જમાત્ર મરણ પામ્યો છે. માટે જો મારો મણી આપું તો તે સજીવન થાય. એટલે સર્વ નાગ બોલ્યા, તમારૂં કહેવું સત્ય છે. પણ તે મણી પાછો આપણને ઝટ પહોંચાડી જાય તો આપજો. એવું સાંભળી દુર્યોધનનો સ્નેહી ધૃત્રાષ્ટ્ર કરીને હતો તેણે મણી આપવાની ના પડી. પણ કોઇએ તેનું કહ્યું, માન્યા સિવાય તે મણી બભ્રુને આપી દીધો. એટલે પાતાળમાં બભ્રુવાહન તથા ધૃત્રાષ્ટ્રને સામસામી યુદ્ધ ચાલ્યું. બભ્રુવાહને ક્રોધ કરીને તેને કીડીયાસ્ત્રનું બાણ માર્યું. એટલે ધૃત્રાષ્ટ્રને સઘળી કીડીઓ વળગી પડી. એટલે ધૃત્રાષ્ટ્ર જીવ લઇને નાસી ગયા, પણ ધૃત્રાષ્ટ્રના બંને પુત્રો હંકાર તથા હુંપદ નામના હતા, તેઓ રીસ ભરેલા ભૂમિ ઉપર ગયા અને ઉલપી તથા ચિત્રકળાના ઉછંગમાંથી અર્જુનનાં ધડ મસ્તક અચાનક લઇને રમણદ્રીપમાં નાસી ગયા. હવે તે વખતે કુંતાને એમ ભાસ્યું. અર્જુન, વૃષકેતુ તથા પ્રદ્યુમન વિગેરેનો નાશ થયો, તેથી તેમણે જાગ્રત થઇને પ્રભુને આ સઘળી હકીકત કહી સંભળાવી. ત્યારે દયાળુ હરીએ આ વાત દ્રૌપદીને પૂછી જોઇ

દ્રૌપદી બોલી, અરે ભાઈ, હવે કળીયુગ બેસવાની તૈયારી છે માટે મારે ખપ્પર ભરવું જોઇએ. એમ કહી પોતે પ્રભુના આગળ હથેળી ધરી, પ્રભુએ હથેળીમાં જોયું તો સઘળા મરણ પામેલા દીઠા એટલે દયાળુ હરિએ કહ્યું, બહેન, હાલમાં તું સર્વને જીવતાં રાખે તો પછીથી હું મારા યાદવોનું ભક્ષણ આપીશ. એવું સાંભળી દ્રૌપદી બોલી. બહુ સારું, જાઓ સઘળાને છુટા મૂકું છું. એટલે પ્રભુ તથા કુંતાજી, ભીમ આ ત્રણે જણ ગરુડજી ઉપર બેસીને આકાશમાર્ગે મણીપુરમાં આવ્યાં, તે સમે મણી લઇને બભ્રુવાહન આવી પહોંચ્યો, એટલે શ્રીહરિએ તેને ઠપકો દીધો. અરે બભ્રુવાહન, આ કર્મ કરવું તને ઘટતું નથી એવું સાંભળી બભ્રુવાહન બોલ્યો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અરે પ્રભુ, તેમણે મને વેશ્યાનો દીકરો કહ્યો, તેથી મેં મસ્તક છેદી નાખ્યું પણ તેમને સજીવન કરવા પતાળમાંથી મણી લાવ્યો છું. એ પ્રમાણે વાતો કરતા કરતા જ્યાં સૈન્ય પડયું છે ત્યાં આવ્યા. પછી બભ્રુવાહને પોતાની માતાને પૂછયું, મારા પિતાનું ધડ મસ્તક કયાં છે ? ત્યારે તેની માતાએ કહ્યું, પાતાળમાંથી કોઈ નાગના બે પુત્રો આવ્યા હતા તે લોકો ધડ મસ્તક લઇને નાસી ગયા. એવું સાંભળી ભીમસેન બોલ્યો, હે પ્રભુજી, આ ધડ મસ્તક ઝટ લાવી આપો. એટલે શ્રીહરિએ તે લાવવા માટે સુદર્શન ચક્રને આજ્ઞા કરી, સુદર્શન ચક્ર રમણદ્વીપમાં ગયું અને હંકાર તથા હુંપદ બેઉ ભાઇઓનાં મસ્તક છેદી અર્જુનનાં ધડ મસ્તક બભ્રુવાહન પાસે લાવીને મૂકયાં. પછી તે ધડ મસ્તક ભેગાં કરીને મણી ચળકાવ્યા એટલે અર્જુન એક પળમાં સજીવન થયો, પછી માર માર કરતો ઉભો થયો ત્યારે ભીમસેને અર્જુનને પાછળથી પકડી કહ્યું, અરે ભાઇ, એ તો સતીનો પુત્ર છે. એવું સાંભળી અર્જુન બોલ્યો, હા વીરા તે પૂર્ણ સતીનો પુત્ર મહા બળવાન છે. એટલે બભ્રુવાહન પોતાના પિતાને નમી પડયો. પછી તે મણી આખી સેનામાં ચળકાવવાથી સઘળા સજીવન થયો, એ પ્રમાણે પ્રભુ, ભકતનું કાર્ય પૂર્ણ કરીને કુંતાને તથાભીમસેનને કહેવા લાગ્યા,તમે હસ્તિાપુર જાઓ, અને હું તો અર્જુનજીની સાથે જઇશ. કારણ કે હજુ આગળ વિકટ દેશ આવવાના છે, એમ કહીને કુંતાને તથા ભીમસેનને હસ્તિનાપુર વિદાય કર્યા. પછી બભ્રુવાહન નરનારાયણને સૈન્ય સહિત તેની નગરીમાં લઈ ગયો.

ત્યાં પાંચ દિવસ પરોણાગત કરી બભ્રુવાહને પંચકલ્યાણી ઘોડો તેના પિતાજી અર્જુનને સોંપી દીધો તેમજ પોતે પોતાના સૈન્ય સહિત પારથ જોડે જવા તૈયાર થયો. એ પ્રમાણે નરનારાયણ સહિત સઘળા યોદ્ધાઓ ઘોડાની ચોકી કરતા કરતા આગળ ચાલ્યા, આગળ જતાં ત્રંબાવતી નામની નગરી આવી, તેમાં મયુરધ્વજ રાજા રાજયકરેછે, હવે તેને ત્યાં પણ અશ્વમેધ હોવાથી મયુરધ્વજ રાજાએ તેના નાના દીકરા તામ્રધ્વજને ઘોડો લઇને ફરવા મોકલ્યો છે. તે અશ્વ ભાગોળે આવ્યો. એટલે બંને ઘોડાઓ ભેગા થયા ને એક એકનું મોઢું સુધીને લડવા મચી પડયા. એટલામાં તામ્રધ્વજે પાંડવની વાજીનું પત્ર વાંચીને વિચાર કર્યો, હું ક્ષત્રી છું. માટે લાવ તાણી બાંધું. એમ ધારી તેણે ઘોડાને તાણી બાંધ્યો. એવામાં પાંડવ પોતાના સૈન્યસહિત ત્યાંઆવ્યા તો તોખારને બાંધેલો જોયો.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પાંડવોએ તામ્રધ્વજને ઘોડો પાછો આપવાનું કહ્યું પણ તેણે જવાબ આપ્યો. હું ક્ષત્રીકુંવર છું માટે તમારી સાથે લડવા તૈયાર છું. એવું સાંભળી પાંડવો યુદ્ધ કરવા તૈયાર થયા. એટલે તામ્રધ્વજ પણ પોતાના હથિયાર સજજ કરીને અર્જુનજીના સામો ઊભો. પછી અર્જુનજીએ તામ્રધ્વજને ઘણાં બાણ માર્યાં. પણ તામ્રધ્વજ તે તમામ બાણોને આવતાં છેદી નાખે છે. એવામાં તામ્રધ્વજે મોહાસ્ત્ર બાણ લઈ અગણિતા મંત્ર ભણીને તે પાંડવ દળમાં મૂકી દીધું. એટલે તે એક બાણના અનેક બાણ થઈ સઘળાના હૃદયમાં વાગ્યાં તેથી તમામ જીવ આકુળવ્યાકુળ થઇ જવાથી પૃથ્વી ઉપર ઢળી પડયા. પછી તામ્રધ્વજ બેઉ અશ્વ લઇને તેના પિતા પાસે ગયો. ત્યાં જઇને તેના પિતાને કહેવા લાગ્યો, નરનારાયણને હરાવીને ઘોડો લાવ્યો છું, એટલે મયુરધ્વજ બોલ્યો, અરે દીકરા, તેં એ શું કર્યું ? પ્રભુના દર્શન કરવા માટે તો આપણે ત્યાં યજ્ઞ આરંભ્યો છે, તેના બદલામાં તું શ્રી હરિને ચીડવીને ઘોડો લાવ્યો એમ મયુરધ્વજ અતિ શોચ કરે છે. એવામાં પાંડવની મૂર્છા વળી એટલે પારથ પ્રભુને પૂછવા લાગ્યો. અરે મહારાજ, હવે કેમ કરીશું ?ત્યારે પ્રભુ બોલ્યા, તમે મયુરધ્વજ રાજાનેજીતીશકવાનાનથીમાટે ચાલો આપણે તેના ઘેર જઇએ, કહી સઘળી સેના બભ્રુવાહનને સોંપીને નર નારાયણ ત્રંબાવટી ભણી ચાલ્યા. હવે શ્રી કૃષ્ણજીએ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને અર્જુનજીને પણ બ્રાહ્મણનુંરૂપ ધારણકરાવ્યું.પછીબંને જણા ગુરુ શિષ્ય બનીને મયુરધ્વજના ધામમાં પધાર્યા. મયુરધ્વજ રાજા ઊઠીને બંનેને પગે લાગ્યો. પછી તેમને પ્રેમ વડે કરીને આસન આપ્યું. પછી મયુર-ધ્વજ રાજાએ પ્રભુને પૂછયું, હે મહારાજ, આપના દાસના ત્યાં કેમ પધારવું થયું? ત્યારે પ્રભુએ જવાબ આપ્યો. અરે રાજન, મારે એક પુત્ર હતો તે પુત્રને લઇને અમે યાત્રાએ જતા હતા. હવે જતા જતા એક અઘોરી મળ્યો. તેણે મારો પુત્ર પકડી લીધો. ત્યારે અમે તેને કરગરી પડયા, અરે મહારાજ, મારે આટલો જ પુત્ર છે માટે મને પાછો આપો.

એવું સાંભળી અઘોરી બોલ્યો, અલ્યા, તારે તારો પુત્ર પાછો લેવો હોય તો મયુરધ્વજ રાજાનું અડધું અંગ મને આપી જજે,એટલેતારો પુત્રતનેપાછો સોંપી દઇશ. વળી વધારામાં અઘોરીએ મને કહ્યું છે, રાજાનું જમણું પાસું લાવજે, કારણ કે મારે તેનું ભક્ષણ કરવું છે. માટે હે રાજન,તને પૂરો ધર્મીષ્ટ જાણીને મેં યાચના કરી છે. તેથી તું માગેલું પૂરું પાડ. એટલે મયુરધ્વજ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

યુદ્ધ કરવા લાગ્યા. અર્જુન તથા વીરવરમા એક એકથી પાછા પડતા નથી. એવામાં યમરાજના એકસો ને આઠ રોગ પાંડવ દળમાં પડયા તેથી સઘળા લોકો રોગથી પીડાવા લાગ્યા, એવું જોઇ બભ્રુવાહને યમરાજને પુષ્કળ બાણ માર્યાં, તેથી યમરાજા બહુ ગભરાઈને પોતાનો યમદંડ પકડીને પાંડવ દળમાં પડયા, ત્યારે બભ્રુવાહને એક બાણથી તેમને ઘર્ણ ઢાળી દીધા. એવું જોઈને વીરવરમા છાનો માનો અર્જુનના રથની નીચે પેસી ગયો અને પછી તે રથ પોતાના મસ્તક ઉપર ઉંચકીને ગગનમાં ચઢી ગયો. અર્જુને તેને બાણ માર્યાં પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. તેથી પ્રભુએ પોતાના પગની લાત તેની છાતીમાં મારી. એટલે વીરવરમા અર્જુનના રથ સહિત નીચે ઉતર્યો. પછી પ્રભુજીને પગે લાગીને તે કહે છે, અરે પ્રભુ મારું કઠણ હૃદય આપના કોમળ ચરણની લાતથી કોમળ થશે. પણ મને લાત મારવાથી આપના ચરણને ઇજા દઇ હશે, એમ કહી પ્રભુનો પગ લઈને પોતાનીછાતીસરસોચાંપ્યોત્યારેદયાળુ હરિએ વીરવરમાને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધાંએવામાંયમરાજને મૂર્છા વળી એટલે વીરવરમા નરનારાયણને તથા તેમની સેનાને પોતાના નગરમાં તેડી ગયો ત્યાં તેમને બે દિવસ પરોણાગતે રાખ્યા. બાદ વીરવરમાપોતાનાપુત્ર પુષ્યકને ગાદી સોંપીને પોતાની સેના સહિત પાંડવોની સાથેચાલ્યો, એ પ્રમાણે આગળ ચાલતાં ચલતાં કુંદનપુર શહેર આવ્યું. ત્યાં કુંદનસેન રાજા રાજ્ય કરે છે તેને ચંદ્રહાસ નામનો જમાત્ર છે.અને તેચંદ્રહાસનેચિત્રસેનતથા મકરધ્વજનામના મહા બળવાન પુત્ર છે. તેના દેશમાં બંને અશ્વો ગયા એટલે તેમણે અશ્વોને બંધન કર્યાં, હવે ગામની ભાગોળે પાંડવ દળ ઊભું છે એટલામાં નારદજી અર્જુન પાસે આવ્યા. પારથે નારદને કહ્યું, અરે મહારાજ, આ ગામનો રાજા કેવો બળવાન છે તે કૃપા કરીને મને કહો.

વિશ્રામ પહેલો

ચંદ્રહાસ આખ્યાનની, કથા કહું કર જોડ;
વ્યાસ વાણી મીઠી ઘણી, સુણતાં પહોંચે કોડ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ચંદ્રહાસ આખ્યાન

હવે નારદ ઋષિ બોલ્યા, અરે પારથ આ ગામનો રાજા કુંદનસેન છે, તે તો બિચારો જન્મથી નિર્બળ છે પણ તેનો જમાત્ર બહુ બળવાન છે. એટલે પારથ કહે મહારાજ, તેના જમાત્ર વિષે બરોબર વિવેચન કરો એવું સાંભળી નારદજી બોલ્યા, ઉત્તર દિશાએ કૈકલ નામે સુંદિર દેશ હતો, ત્યાં કૈકલ-સેન રાજા રાજ્ય કરતો હતો હવે તે રાજાને એક પુત્ર થયો તેને છ માસ થવા આવ્યા એટલામાં તેને માથે દહિતો દુશ્મન થયા, રાજાએ તે પુત્રનું નામ ચંદ્રહાસ પાડ્યું. થોડા વખતમાં દહિતોએ કૈકલસેનને તથા તેની સ્ત્રીને મારીને તેમનો સઘળો ભંડાર લુંટી લીધો. કૈકલની દાસીને ભય લાગવાથી છ માસના ચંદ્રહાસને ઊંચકીને નાસી ગઇ.પછી તે દાસી ચાલી ચાલી કુંદન-સેન રાજાના ગામમાં આવી. દાસી ગામમાં દાખલ થઇને બ્રાહ્મણવાડામાં ગઈ. ત્યાં તે એક વિપ્રના ઓટલા ઉપર બેઠી. થોડો વખત વિત્યા પછી બંનેને અતિશય ભૂખ લાગી ત્યારે દાસી ચંદ્રહાસને ધવરાવવા લાગી પણ તેને ધાવણ આવ્યું નહિ. પણ દયાળુ હરિને દયા આવવાથી પોતે દાસીને ધાવણ મૂક્યું. દાસી ચંદ્રહાસને ધવરાવવા લાગી. ચંદ્રહાસ ધરાઇને શાંત થયો પણ બિચારી દાસીને પુષ્કળ ભૂખ લાગી છે. તેથી તે ભૂખને લીધે રડવા લાગી. એટલામાં સઘળા બ્રાહ્મણ તથા બ્રાહ્મણીઓએ ભેગાં થઇને તેને પૂછ્યું, હે બાઈ તું કોણ છે? અને શા માટે રડે છે? ત્યારે દાસી બોલી, અરે ભાઇઓ, હું દુખિયારી વખાની મારી નાસી આવી છું અને આ મારો પુત્ર છે મારે ખાવા, પીવા, પહેરવા તથા રહેવા માટે વિશ્રામ આ સઘળામાંથી કંઇ નથી તેટલા વાસ્તે મને ભાડે ઓરડી આપો.એટલે બ્રાહ્મણોને દયા આવ-વાથી એક ઓરડી આપી. પછી તે દાસી ચંદ્રહાસને લઇને તે ઓરડીમાં બેઠી. બ્રાહ્મણોએ તેને રાંધવાનાં વાસણ તથા અન્ન વિગેરે સર્વ સામાન આપ્યો. એમ દાસીએ જેમતેમ કરીને ઘર માંડ્યું. પછી તે બ્રાહ્મણોના ફળિયામાં મજુરી કરવા ફરતી રહે છે, લોકોની મજુરી કરીને ચંદ્રહાસને ઉછેરે છે એમ કરતાં કરતાં ચંદ્રહાસને બાર મહિના થયા ત્યારે તે દાસીને રાતમાં સર્પ કરડવાથી મરણ પામી. પ્રભાત થયું ચંદ્રહાસ જાગી ઉઠીને રડવા લાગ્યો. પણ દાસીનો પ્રાણ નીકળી જવાથી તેની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સંભાળ કોણ લે ? ચંદ્રહાસને રડતો સાંભળીને આડોશી પાડોશી ભેગાં થઇ ગયાં. ને બ્રાહ્મણોએ તે દાસીને બોલાવવા ઘણી બૂમો પાડી પણ મૃત્યુ પામેલી દાસી કેમ કરીને બોલી શકે ? તેથી તેમણે બારણાં ઉતારી નાંખીને ઓરડામાં જઇને જોયું તો દાસીને મરણ પામેલી દીઠી. બ્રાહ્મણોએ ચંદ્રહાસને ઉંચકી લીધો અને દાસીને નદી ઉપર ફુટી બાળી. હવે તે બ્રાહ્મણોમાં એક બ્રાહ્મણીને ફરજન નહિ હોવાથી તે ચંદ્રહાસને ઉછેરવા માટે પોતાના ઘેર લઈ ગઈ. તે ચંદ્રહાસને પોતાના પુત્ર માફક ગણીને ઉછેરે છે. એમ કરતાં કરતાં ચંદ્રહાસ રમતાં જમતાં બોલતાં શીખ્યો. વળી ચંદ્રહાસ કાલુ કાલુ બોલે છે, તેથી સઘળા બ્રાહ્મણોને તેને તેડવાનો અતિ ઉમંગ થાય છે. જમવા ખાવાથી ચંદ્રહાસની કાંતિ ઘણી સુંદિર થતી જાય છે. એ પ્રમાણે ઉછરતાં ઉછરતાં તેને પાંચ વર્ષ થયાં એટલે તે બ્રાહ્મણ બ્રાહ્મણીએ ચંદ્રહાસને જનોઇ દીધી. ત્યાર પછી તે ગલકી નદીમાં નાહીને ખટકર્મ કરવા લાગ્યો, હંમેશાં ચંદ્રહાસ તેના નાના ભાઇબંધો સાથે ગલકી નદીમાં નાહવા માટે જાય છે, એક દિવસ નાહતાં નાહતાં ચંદ્રહાસને ગલકીમાંથી શાલિગરામ જડયા, તેણે શાલિગરામનું પ્રેમ વડે કરીને પૂજન કર્યું. પછી તેનું નામ સખો ઠરાવીને સર્વે છોકરાઓને બતાવ્યો એટલે બીજા છોકરાઓ તેની પાસેથી સખો ઝુંટવી લેવા આવ્યા. ચંદ્રહાસે તે સખાને પોતાના મોંમાં ઘાલી દીધો. પછી ચંદ્રહાસ પોતાના ભાઇ-બંધોને લઇ ઘેર ગયો. ચંદ્રહાસ જેને પોતાનો સખો બતાવે છે. તેની બુદ્ધિ પવિત્ર થઇ જાય છે. તેથી સઘળા લોકોની પ્રીતિ ચંદ્રહાસ પર વધારે વધી ગઇ અને ચંદ્રહાસ પણ સખાને પોતાના મુખથી બહાર કાઢીને દર્શન કરે છે. એ પ્રમાણે ચંદ્રહાસ પૂર્ણ પ્રેમથી શાલિગ્રામનું પૂજન કરે છે. તેથી પ્રભુ તેના પર પ્રસન્ન થયા, વળી ચંદ્રહાસ ગામના છોકરા ભેગો સખાથી રમવા જાય છે. તેમાં સખાના પ્રતાપથી પોતે જીતે છે. ગામના લોકો જેઓ ચંદ્રહાસને રમતાં જુએ છે, તેઓની બુદ્ધિ સખાના પ્રતાપથી કોમળ થઈ જાય છે. અને કોમળ બુદ્ધિથી ચંદ્રહાસ પર વધારે પ્રેમ થાય છે, એ પ્રમાણે ચંદ્રહાસ તથા તેના ભાઇબંધો લખોટાથી રમે છે. તેમાં ચંદ્રહાસ જીતે છે તેથી તેના ભાઇબંધોને નક્કી જણાઇ આવ્યું. ચંદ્રહાસ સખાના આશ્રયથી જીતે છે માટે તે આપણે લઈ લઇએ. એમ ધારી તેના ભાઇબંધો તે સખો લેવા માટે ઘણો પ્રયત્ન કરે છે. પણ ચંદ્રહાસ કોઇનો છેતર્યો છેતરાતો નથી. ચંદ્રહાસની મનોહર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કાંતિથી સઘળા લોકો તેની સામું જોઈ રહે છે, જે ને તે ચંદ્રહાસને માન દઇને બોલાવે છે. અને તેને સારું સારું ખવરાવે છે, એ પ્રમાણે આખા ગામમાં ચંદ્રહાસ લાડકવાયો છે, એવામાં એક દિવસ એવું બન્યું, રાજાનો કુબુદ્ધિ પ્રધાન બ્રાહ્મણભોજન કરાવતો હતો તેથી સઘળા બ્રાહ્મણ તેને ત્યાં જમવા બેઠા હતા. હવે તે ઘરની બહાર ચોકમાં દસ વીસ છોકરા ભેગો. ચંદ્રહાસ લખોટાથી રમતો હતો. બ્રાહ્મણો તેને જોઇને પોતપોતાના ભાણાં ઉપર બેસી રહ્યા છે. તમામનું ચિત્ત ચંદ્રહાસમાં લીન થવાથી જમ્યા વિના સ્થંભી રહ્યા છે. એટલે કુબુદ્ધિ પ્રધાન બોલ્યો, અરે મહારાજ; જમ્યા વિના પેલા મૂર્ખ છોકરા સામું શું જોઈ રહ્યા છો ? તમે પણ તે છોકરા જેવા મૂર્ખ બ્રાહ્મણ છો. એવું સાંભળી બ્રાહ્મણોને ક્રોધ ચઢયો તેથી સઘળા બોલી ઊઠયા અરે દુષ્ટ, એ છોકરો તો તારો જમાત્ર છે. એવું બ્રાહ્મણોનું બોલવું સાંભળીને પ્રધાનને ગુસ્સો ચઢવાથી તેણે બ્રાહ્મણોને કટુ વચન કહ્યા એટલે બ્રાહ્મણો કહેવા લાગ્યા અરે પાપી ચંડાળ, તારો ધનમાલ એ છોકરો ભોગવશે તથા રાજ્ય પણ તે જ કરશે એટલે પ્રધાન બોલ્યો, અરે બ્રાહ્મણો તમારું બોલેલું જુઠું ન પાડું તો મારું નામ પ્રધાન નહિ. એ પ્રમાણે દુષ્ટ બુદ્ધિના પ્રધાનને ચંદ્રહાસ ઉપર ઝેર આવ્યું. હવે બ્રાહ્મણો તો જમીને પોતપોતાને ઘેર ગયા. પછી પાપી પ્રધાને ચંદ્રહાસને મારી નંખાવવા ચાર ચંડાળોને બોલાવ્યા. ચંડાળો આવ્યા એટલે પ્રધાને તેમને સમજાવ્યા કે ચંદ્રહાસ છોકરાને કપટથી વનમાં લઈ જઇને તેને મારી નાખો. પછી નિશાની તે માટે છઠ્ઠી આંગળી કાપી લાવજો તથા તેની આંખોના બે ડોળા કાઢી લાવજો, એ પ્રમાણે જો તમે ચોક્કસ કામ કરીને આવશો તો તમને પુષ્કળ ધન આપીશ. એટલે ચાર ચંડાળો ફરતા ફરતા ચંદ્રહાસની પાસે આવ્યા. પછી ચંદ્રહાસને ફોસલાવીને તેમની પાસે બોલાવ્યો. ને તેને એકાએક ઉંચકીને ત્યાંથી નાઠા. નાસીને નગરથી ચાર ગાઉને છેટે ગયા. ને મારી નાખવાનો વિચાર કર્યો એટલે ચંદ્રહાસ બોલ્યો, તમે મને મારી નાંખશો તો પણ મારો સખો આપવાનો નથી. એટલે ચંડાળોએ કહ્યું, અલ્યા છોકરા, બતાવ તો ખરો કે તારો સખો કેવો છે ? એવું સાંભળી ચંદ્રહાસે મોં ફાડીને ચંડાળોને તે સખો બતાવ્યો. એટલે સખાના પ્રતાપથી તે ચંડાળોની બુદ્ધિ પવિત્ર થઈ ગઈ તેથી ચંડાળોએ નિશ્ચય કર્યો કે છોકરાને કદી મારવો જોઇએ નહિ એટલે બીજો ચંડાળ બોલ્યો, એના હાથની છઠ્ઠી આંગળી કાપી લો નહિ તો પ્રધાનને શાની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નિશાની બતાવશો ? એમ કહી સઘળાઓએ ચંદ્રહાસને સમજાવીને તેના જમણા હાથની છઠ્ઠી આંગળી કાપી લીધી. એટલે ચંદ્રહાસે કારમી ચીસ પાડી. બિચારા ચંદ્રહાસને વનમાં રખડતો મૂકીને ચારે ચંડાળો નાસી ગયા, જતાં જતાં તેમને વિચાર આવ્યો કે લોચન વિના જઇએ છીએ તે આપણી મોટી ભૂલ છે. એવામાં તેમણે એક મૃગને મારી નાંખીને તેની આંખો કાઢી લીધી પછી તે બેઉ નિશાનીઓ લઇને ચારે ચંડાળો નગરમાં ગયા. હવે વનમાં પૃથ્વી પર ચંદ્રહાસ પડી રહ્યો છે. એવામાં ચંદ્રમાં અસ્ત પામ્યો તેથી અંધારું ઘોર થવાથી વાઘ વરુ, શિયાળો વિગેરે જંગલી પ્રાણીઓ શોરબકોર કરી રહ્યાં છે. એટલામાં ત્યાં ફરતું ફરતું એક હરણનું ટોળું આવ્યું. ચંદ્રહાસ સુતો સુતો રડે છે તેથી પશુને દયા આવી. ને તેમણે ચંદ્રહાસની કાપેલી આંગળી ચાટવા માંડી તેનાથી ચંદ્રહાસને શિતળતા વળી અને પોતે આનંદથી ઊંઘી ગયો. પછી પ્રભુએ પશુમાં પ્રેરણા કરી, જેથી કરીને સઘળા પશુ ચંદ્રહાસનો બરદાસ કર્યા કરે છે.

ચંદ્રહાસ પોતાના મોંમાં સખો રાખીને સુઈ રહ્યો છે તેથી તે વિશેષ દુઃખ પામતો નથી, એવામાં વહાણું વાયું એટલે ચંદ્રહાસ જાગી ઉઠયો તો પણ હરણનું ટોળું તેની પાસે બેસી રહ્યું છે ચંદ્રહાસથી ઉઠી શકાતું નથી તેથી હરણાંએ ફળ લાવીને આપ્યાં. ચંદ્રહાસને જે મીઠાં લાગે તે ખાય છે અને બાકીનાં પડયાં મૂકે છે. એ પ્રમાણે કેટલાંક ફળ ખાઇને પાણી પીધું; એટલે તેનો જીવ શાંત થયો. એવામાં સૂર્યનો તડકો આવ્યો એટલે આકાશમાં ઉડતી સમડીઓએ તેના ઉપર છાંયડો કર્યો, એ પ્રમાણે પ્રભુની કૃપાથી ચંદ્રહાસ ઉછરેછે અને ચંદ્રહાસને પણ અપાર દુઃખ પડે છે છતાંપણ પોતાનો પ્રાણપ્રિય સખો નીચે મૂકતો નથી. એ રીતે વનમાં ને વનમાં ચંદ્રહાસને દસ દિવસ વીતી ગયા. એવામાં કોળંદર નામનો રાજા ત્યાં આવ્યો, ત્યાં આવીને રાજાએ ઘોડા ઉપરથી નીચે ઉતરીને જોયું તો ચંદ્રહાસને દીઠો. તેથી કોળંદરે વિચાર કર્યો, મારે ફરજન નથી માટે આ છોકરાને પુત્ર તરીકે રાખું. એમ ધારીને કોળંદરે ચંદ્રહાસનું પાંગોઠું ઝાલીને ઘોડા ઉપર બેસાડી દીધો. એ પ્રમાણે કોળંદર ચંદ્રહાસને તેડીને પોતાના ઘેર ગયો. ગામનું સઘળું લોક ચંદ્રહાસને દેખીને હરખાવા લાગ્યું. પછી કોળંદરે તેને નિશાળે મૂકયો, પણ તે કકો કહેતાં. કૃષ્ણ કૃષ્ણ બોલે છે તે સિવાય બીજું કંઈ ભણતો નથી. હરીફરી પોતે શાલિગ્રામની સેવા કરીને પોતાનો દિવસ નિર્ગ-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

મન કરે છે. શાલિગ્રામને મિનિટ પણ અળગા મૂકતો નથી તેથી શ્રીહરિ તેના ઉપર અતિ ખુશી થયા, એમ કરતાં તે સોળ વરસનો થયો એટલે મહા બળવાન થયો. પછી ચંદ્રહાસે કોળંદરને હાથ જોડીને કહ્યું, હે તાત, તમે મને સૈન્ય આપો તો હું દેશ જીતી લાવું. તેથી કોળંદરે તેને સૈન્ય આપ્યું. ચંદ્રહાસ નાના નાના રાજાઓને હરાવીને દેશ જીતે છે. એ પ્રમાણે દેશો જીતીને ચંદ્રહાસ ઘણું ધન લાવ્યો તેથી કોળંદર રાજા અતિ આનંદ પામ્યો. હવે કોળંદર રાજા પાસે કુંદનપુરનો રાજા ખંડણી લે છે, તેથી કોળંદરે તેને ત્યાં સો ગાડાં ધન ભરીને નજરાણું મોકલ્યું. વળી તેને કહાવ્યું કે હું વગડેથી છોકરો લાવ્યો હતો તેણે ઘણા દેશો જીત્યા.

કુંદન રાજાને દ્રવ્ય પહોંચવાથી તેણેવિચાર કર્યો.કે કોળંદરના પાળક પુત્ર ચંદ્રહાસને મારી પુત્રી પરણાવું તો ઠીક. એમ ધારી પોતે પોતાના પ્રધાનને કહ્યું,હે પ્રધાન, તમે કોળંદરના ત્યાં જઇને ચંદ્રહાસની પરીક્ષા કરી લાવો.

એવું સાંભળી પ્રધાન પોતાના ઘેર આવીને વિચાર કરવા લાગ્યો, મેં ચંડાળો પાસે મરાવી નાંખવા મોકલ્યો હતો તે તો નહિ હોય ? એમ ધારી તે એકદમ કોળંદરના ધામે આવ્યો. કુબુદ્ધ પ્રધાનને કોળંદરે ઘણા જ આદર સહિત બેસાડયો. પછી કુબુદ્ધ પૂછવા લાગ્યો, તમારો પુત્ર કયાં છે તે મને બતાવો, કારણ કે કુંદનરાયે મને જોવા સારુ મોકલ્યો છે. ત્યારે રાજાએ ચંદ્રહાસને પ્રધાનની પાસે બોલાવ્યો, એટલે પ્રધાન ચંદ્રહાસને ઓળખીને ત્રાસ પામ્યો, અરેરે બ્રાહ્મણોનું કહેવું સત્ય થશે કે શું ? એવું જાણી કુબુદ્ધિએ તેના પુત્ર મદનને એક પત્ર લખ્યો અને તે પત્રમાં લખ્યું આ કાગળનાં લાવનારને તુરત વિષ દેજે. જો તેમ કરતાં કોઈ જાતનો વિલંબ કરશો તો આવેલી બાજી હાથથી જતી રહેશે, એવો પત્ર લખીને ચંદ્રહાસને આપ્યો. પછી કુબુદ્ધિએ ચંદ્રહાસને કહ્યું, આ પત્ર મારા પુત્રને ઝટ પહોંચાડો. એટલે ચંદ્રહાસ ઘોડા ઉપર સવાર થઈ ગયો, અને પોતાની સાથે બીજા ચાર ઘોડેસવાર રાખ્યા. એપ્રમાણે સવાર થઇને ચંદ્રહાસ ચાર સવારો સહિત ઝટપટ કુંદનપુર ગયો, તેઓ ગલફી નદીના કિનારા પાસે એક સુંદર બાગમાં આરામ લેવા બેઠા. પછી ચંદ્રહાસ બોલ્યો, અરે ભાઇઓ જરા વાર નિદ્રા લો. ત્યારે સઘળા પોતપોતાનાંવસ્ત્રનીચે પાથરીને નિરાંતે સૂઇ રહ્યા. મંદમંદ પવન વાવાથી તેઓ નિદ્રાધીન થઇ ગયા. હવે ત્યાં કુંદન રાજાની પુત્રી ચંપકમાલિની અને પ્રધાનની કુંવરી વિષયા તેઓ ગલફીમાં નહાવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માટે આવ્યા છે.તેમણે બંને જણે સ્નાન કર્યાં પછી ચંપકમાલિનીએ વિષયાને બાગમાંથી ફુલ વીણી લાવવાનું કહ્યું, એટલે વિષયા બાગમાં ફુલ લેવા માટે ગઈ. તે પુષ્પ વીણતી વીણતી ચંદ્રહાસ ભણી ચાલી. ચાલતી ચાલતી ચંદ્રહાસ પાસે આવીને તે ચંદ્રહાસની મનોહર કાન્તિ જોઇને આનંદ પામી. એવામાં તેણે ચંદ્રહાસના જામાની કસેપત્ર બાંધેલો જોયો એટલે તેણે જાળવીને તે પત્ર છોડીને વાંચ્યો. વાંચીને વિચાર કર્યો, અરેરે મારા પિતાએ આ સુંદિર બાળકને મારી નાંખવા ધાર્યો છે ? એમ ધારી તેણીએ પોતાની આંખમાં આંજેલા કાજળથી વિષને બદલે વિષયા શબ્દ કર્યો. પછી તે પત્ર હતો તેમને તેમ વાળીને જામાની કસે તાણી બાંધ્યો. એ પ્રમાણે યુકિત કરીને પોતાને ઘેર ચાલી આવી. એમ કરતાં ચાર ઘડી થઈ એટલે ચંદ્રહાસ જાગી ઊઠયો. પછી તેણે સઘળાને જાગ્રત કરીને ઘોડાઓને તૈયાર કર્યા.

પાંચે જણા સવાર થઇને કુબુદ્ધિને ત્યાં ગયાં તેનાં ઘેર જઇને ચંદ્રાહાસે મદનને તે પત્ર સોંપી દીધો. કુબુદ્ધિના પુત્ર મદને તે પત્ર વાંચીને તરત બ્રાહ્મણને બોલાવ્યો. તેની બહેન વિષયાને ચંદ્રહાસની સાથે પરણાવી દીધી. આ વાત કુબુદ્ધિના જાણવામાં આવી તેથી તે પોતાના પોંચા કરડવા લાગ્યો.પ્રધાન ઘેર આવ્યા પછી તેના પુત્ર મદનને કહ્યું,અલ્યા, તેં તારી બહેન ચંદ્રહાસ સાથે કેમ પરણાવી ? ત્યારે મદન બોલ્યો,અરે પિતાજી, આપના હાથનો લખેલો પત્ર આવ્યો પછી મારાથી હા ના કેમ કરીને થાય? પ્રધાને મદન પાસે પત્ર મંગાવ્યો મદને તે પત્ર આપ્યો, કુબુદ્ધિએ વાંચીને વિચાર કર્યો, અરેરે મારા લખવામાંજ ભૂલ થઈ પછી મારે કોનો દોષ કાઢવો?પછી તેણે એવો નિશ્ચય કર્યો,હું મારી દીકરીને વિધવા કરું પણ તેને ઝેર મરાવી નાંખું એ પ્રમાણે નક્કી કરીને પોતે ઉદાસ થઇને ઘેર બેસી રહ્યો છે.એવામાં મદન રાજસભામાં જઇને કુંદનરાયને કહેવા લાગ્યો, મારી બહેનને તો કોળંદરના સુત ચંદ્રહાસની સાથે પરણાવી દીધી. એવું સાંભળી કુંદનરાય બોલ્યા; અરે મદન, જા તું, ચંદ્રહાસને મારી પાસે મોકલ એટલે મારી પુત્રી તેને પરણાવું. એવાં વચન સાંભળીને મદન ચંદ્રહાસને બોલાવવા માટે ચાલ્યો, એવામાં કુબુદ્ધિએ પોતાના જમાત્ર ચંદ્રહાસને બોલાવીને કહ્યું, તમે આ પૂજન છાબ લઇને ચામુંડા માતાની પૂજા કરી આવો. અમારા કુળની રીત છે માટે તેમ થવું જોઇએ. જો કદી માતાજીનું પૂજન ન થાય તો દીકરીનું હેવાતણ નાશ પામે છે, તેટલા માટે પૂજનાર્થે પધારો. એટલે ચંદ્રહાસે વિચાર કર્યો, સંસારનું બોલવુંન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કબૂલ કરું તો ખોટું કહેવાય એમ ધારી પોતે સ્નાન કરવા ગયા. એવામાં તેણે ચંદ્રહાસને મારી નંખાવવા માટે બે ચંડાળોને બોલાવ્યા, ચંડાળો આવતાં કુબુદ્ધિએ તેમને સમજાવ્યા કે તમે ચામુંડા માતાના દેરામાં જઇને ઊભા રહો, ત્યાં જે પૂજન કરવા આવે તેને ઠેર મારી નાંખજો. એવું સાંભળીને ચંડાળો ચામુંડા માતાના દેરામાં સંતાઈ ગયા. હવે ચંદ્રહાસે સ્નાન કરીને શણગાર સજ્યા પછી પૂજાની છાબ હાથમાં પકડીને ચામુંડાનું પૂજન કરવા સારુ નીકળ્યો.ચંદ્રહાસ પૂજન કરવા જતો હતો તેવામાં પ્રધાનનો પુત્ર મદન સામો મળ્યો. તેણે પોતાના બનેવીને પૂછયું, તમે કયાં પધારો છો? ત્યારે ચંદ્રહાસ બોલ્યો, તમારા પિતાજીએ મને ચામુંડા માતાનું પૂજન કરવા સારું મોકલ્યો છે. એટલે મદને કહ્યું, તમને રાજાજી તેડે છે માટે તમે ત્યાં જાઓ અને આ પૂજાની છાબ મને આપો એટલે હું માતાનું પૂજન કરીને આવતો રહીશ. ચંદ્રહાસે તે છાબ મદનને સોંપીને તે રાજ્યસભામાં ગયો. હવે જેવા મદન માતાજીના દેરામાં પેસવા જાય છે તેવા જ ચંડાળોએ મદનનું મસ્તક છેદી નાંખ્યું. પછી ચંડાળો ત્યાંથી નાસી ગયા. હવે ચંદ્રહાસ જ્યાં સભામાં દાખલ થયો એટલે કુંદનરાયે તેને ઘણું માન આપ્યું અને કેટલોક વખત આનંદની વાત કરીને રાજાએ પોતાની પુત્રી ચંપકમાલિની ચંદ્રહાસ સાથે પરણાવી, તેમજ પોતાનું રાજ્ય અર્પણ કર્યું.

તે વાત પ્રધાનને પહોંચવાથી કુબુદ્ધિ એકદમ રાજ્યસભામાં ગયો, તો તેણે ચંદ્રહાસને રાજાની પાસે બેઠેલો જોયો. તેથી કુબુદ્ધિએ ચંદ્રહાસને પૂછયું, તમે પૂજન કરવા કેમ ન ગયા? ત્યારે ચંદ્રહાસ બોલ્યો, તમારા પુત્ર મદને મારા હાથમાંથી પૂજાપો લઇ લીધો, ને તેણે મને રાજ્યસભામાં મોકલ્યો, અને તે પૂજન કરવા માટે ગયો. એ પ્રમાણે ચંદ્રહાસનું બોલવું સાંભળીને કુબુદ્ધિને વહેમ પડયો નિશ્ચય મારો દીકરો તો નહિ મુવો હોય? એમ વિચારીને તે એકદમ ચામુંડા માતાના દેરે ગયો. ત્યાં જઇ કુબુદ્ધિએ જોયું તો તેનો પુત્ર મદન મરણ પામેલો દીઠો, એટલે પ્રધાને જાણ્યું, અરેરે બ્રાહ્મણોનું વચન સત્ય થયું અને મેં જે જે કપટ કર્યું તે તે મને જ નડયું. હવે હું દીકરા વિના જીવીને શું કરું? એમ વિચારીને તેણે પોતાનું મસ્તક પૃથ્વી સાથે પછાડીને પ્રાણ ત્યાગ કર્યો, હવે તે વાત રાજાને જાણ થવાથી તે પોતાના પ્રધાનને જોવા ગયો, એટલે ચંદ્રહાસ પણ રાજાની સાથે ગયો.તેઓએ ચામુંડા માતાના દેરામાં જોયું તો પ્રધાન ને તેનો પુત્ર બંને મરણ પામેલા દીઠા. તેથી ચંદ્રહાસનું મોં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ઉતરી ગયું. ચંદ્રહાસે મન સાથે વિચાર્યું. અરે હું પગલાંનો કેવો નેષ્ઠ કે જેથી મારો સસરો તથા સાળો બંને મરણ પામ્યા? એવું સમજી તેણે ચામુંડા માતાનો હવન કર્યો, તેથી દેવીએ હસીને ઉત્તર દીધો, હે પુત્ર તું શું માગે છે? એટલે ચંદ્રહાસ બોલ્યો, અરે જગતજનુની, મારા સસરા તથા સાળાને જીવતા કરી આપો. એવું સાંભળી માતાજીએ જ્યાં તેમના સામી અમી દૃષ્ટિ કરી એટલે બંને જણા જીવતા થયા. પછી કુબુદ્ધિ તથા મદન બેઉ જણાએ ઘણા પ્રેમથી ચંદ્રહાસને નમસ્કાર કર્યા. પછી કુબુદ્ધિ બોલ્યો, અરે પ્રભુના પ્રેમી ભકત મારી મોટી ભૂલ થઈ કે મેં આપના સાથે કપટ કર્યું.

હાથનાં કરેલાં હૈયે વાગ્યાં માટે હું એટલું જ કહું છું, જેબ્રહ્માણોનું વચન સત્ય માનતા નથી તેમને મારી પેઠે પાછળથી અતિ દુઃખ પડેછે. તેમજ જેમનુષ્ય બ્રાહ્મણોની સાથે મુમત બાંધે છે, તેકદી વિજય પામતો નથી. એમ કહી કુબુદ્ધિએ પોતાનું ઘરબાર ચંદ્રહાસને સોંપી દીધું. પછી પોતાનો મદન દીકરો પણ ચંદ્રહાસને સોંપીને તેણે વનમાં જઈ પ્રભુ ભજન કરવાનો નિશ્ચય કર્યો. કુંદન-રાયે પણ પ્રધાનના સાથે વનમાં જવાનો નિશ્ચય રાખ્યો. પછી તેમણે બંને જણાએ વનમાં વાસ પૂર્યો, પછી ચંદ્રહાસ રાજ્ય ચલાવે છે અને મદનને પોતાનો પ્રધાન બનાવ્યો છે. ચંદ્રહાસ ગાય બ્રાહ્મણને વિશેષ માને છે તેથી જયજયકાર વર્તાઇ રહ્યો છે. વળી તે ચંદ્રહાસને બે દીકરા છે, તેઓ મહાબાણ વળી છે. એ પ્રમાણે સઘળી હકીકત નારદજીએ અર્જુનને કહી સંભળાવી. ત્યારે અર્જુનજી બોલ્યા. અરે નારદજી હવે કેમ કરીશું? એવું સાંભળી નારદે કહ્યું; હે કુંતીતન, જો મારું કહેવું માનો તો ચંદ્રહાસની જોડે યુધ્ધ કરશો નહિ. જેમ તેમ કરીને તેની સાથે સલાહ કરો. એમ કહીને પોતે અંતર્ધ્યાન થઇ ગયા, પછી અર્જુને વખત વિચારીને હંસધ્વજ તથા નિલધ્વજને ચંદ્રહાસ પાસે મોકલ્યા, એટલે તેઓએ ચંદ્રહાસને એમ કહ્યું, કૃષ્ણ તથા અર્જુન પરોણા ગતે આવ્યા છે. એવું સાંભળી ચંદ્રહાસ મોટી ધામધુમ સાથે નારાયણને તેડવા ગયો. તેણે નરનારાયણને મોતી પુષ્પથી વધાવી લીધા, તે પછી સઘળા સૈન્યને પણ પોતાની નગરીમાં લઈ ગયો. ત્યાર પછી સઘળાની પાંચ દિવસ સેવા ચાકરી કરીને પોતે ખુશી થયો. તે ચંદ્રહાસ પોતાના પુત્રોને રાજ્ય સોંપીને નરનારાયણ સાથે ફરવા નીકળ્યો, યજ્ઞના ઘોડા આગળ ચાલે છે, અને તેની પાછળ નરનારાયણ સહિત સઘળું સૈન્ય પણ ચાલ્યું જાય છે, એવામાં સમુદ્ર આવ્યો, એટલે બંને ઘોડા સમુદ્રમાં પડયા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વિશ્રામ પહેલો

ચંદ્રહાસ પૂરણ હવો, સુણો સહુ એક ચિત્ત;
વલ્લભ વાણી ઓચરે, રાખી પ્રભુશું પ્રીત.

ચંદ્રહાસ આખ્યાન સમાપ્ત

અશ્વમેધ યજ્ઞ

હવે જયમુનિ જનમેજય રાજા પ્રત્યે કહે છે કે રાજન, એ પ્રમાણે બેઉ અશ્વ સમુદ્રમાં તરતા તરતા ચાલ્યા જાય છે, એવામાં જળ વચ્ચે એક ટેકરી આવવાથી તેઓ ત્યાં ગયા. એટલે સિંધુ કિનારે સઘળું સૈન્ય ઊભું રહ્યું. કૃષ્ણ તથા અર્જુને વિચાર કર્યો, આપણે જળતરણ વાજી લઇને તેમની પાછળ જઇએ. એમ વિચારી તેઓ જળતરણ વાજી ઉપર સવારી કરીને ત્યાં ગયા. પછી અશ્વ લેવા તેઓ ટેકરી ઉપર ગયા. તો તેમણે બકદાલવ ઋષિને તપ કરતા દીઠા. અર્જુનજી ઋષિને પગે લાગીને પૂછવા લાગ્યો, અરે મહારાજ, ઉનાળા, શિયાળામાં તથા ચોમાસામાં શું તમારે ઝૂંપડીની જરૂર નહિ પડતી હોય? હે મહારાજ, તમારે અવશ્ય ઝુંપડી બાંધવી જોઇએ. ત્યારે બકદાલવ કહેવા લાગ્યા, તારું કહેવું સત્ય છે પણ કેટલું જીવવા સારું એટલી બધી મહેનત કરું? એવું સાંભળી પારથે આનંદભેર પૂછયું, ઓ મહારાજ, તમારી કાયાને કેટલાં વર્ષ થયાં? ત્યારે ઋષિ બોલ્યા, મને ખબર નથી પણ મારા મસ્તક ઉપર મેં પત્ર મૂકયું છે, તે પત્રમાં જેટલાં મોટાં મોટાં છિદ્ર છે તેટલા મારી આગળ બ્રહ્મા થઇ ગયા છે, એટલે અર્જુને છિદ્ર ગણ્યાં તો વીસ છિદ્રના વીસ બ્રહ્મા થઇ ગયા હશે એમ સમજાયું. એ પ્રમાણે જોઇ અર્જુનજી વિસ્મય પામ્યા, અરેરે આ મહારાજની વૃત્તિ કેવી ટુંકી રહી છે? આપણો તો આયુષ્ય બહુ ટુંકો છે છતાં આશા ઘણી મોટી. અરે દૈવ, અમે અજ્ઞાનતાના જીવો નકામી આશા રખીએ છીએ. એમ કહી અર્જુનજીએ યજ્ઞના ઘોડા હંકાર્યા. તે પછી પોતાના ઘોડા પણ તેમની પાછળ ચલાવ્યા. એ પ્રમાણે નરનારાયણ યજ્ઞના ઘોડા સહિત જ્યાં સૈન્ય ઊભું રહ્યું હતું ત્યાં આવ્યા. પછી યજ્ઞના અશ્વોને ફરવા મૂકયા. એટલે અશ્વો ફરતા ફરતા સિંધુ દેશમાં ગયા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તે દેશમાં જયદ્રથનો પુત્ર જુગમ રાજ્ય કરતો હતો. ત્યાં બેઉ અશ્વો ગયા, જ્યાં જુગમે અશ્વોના લલાટનું પત્ર વાંચ્યું. એટલે મૂર્છા ખાઈ તે નીચે પડયો, તે વાત દુર્યોધનની બહેન દુશાલીએ જાણી તેથી તે ઘરબાર છોડીને રડતી રડતી અર્જુન પાસે ગઇ, અર્જુનજીએ તેણીને બહેન કહીને બોલાવી. પછી પૂછયું, તું શા માટે રુદન કરે છે? ત્યારે દુશાલી બોલી, તારા ભાણેજને તારી બીક લાગી તેથી તે મૂર્છા ખાઇ પૃથ્વી પડયો છે. એવું સાંભળીને પારથ પોતાના સૈન્ય સહિત ગામમાં ગયો. પછી જ્યાં તેનો ભાણેજ પૃથ્વી પર પડયો હતો ત્યાં પારથ ભાઈ ભાઇ કહેતો પાસે ગયો. અર્જુને તેના ભાણેજને હાથ પકડીને કહ્યું આપણે ઘેર યજ્ઞ થાય છે માટે હું તેડવા માટે આવ્યો છું. એટલે જુગમ રાજી થયો અને પોતેપોતાની માતાસહિત હસ્તિનાપુર જવા વાસ્તે તૈયાર થયો.

ત્યાર પછી અર્જુનજી તથા શ્રીકૃષ્ણ ભગવાન સઘળા સૈન્ય સહિત હસ્તિનાપુર ગયા. અર્જુનજીની આજ્ઞાથી વૃષકેતુ ધર્મરાજાને વધામણી કહેવા ગયો. એટલે ધર્મરાજા અશ્વો વધાવવા માટે મોતી પુષ્પની થાળ ભરીને તૈયાર થયા. ત્યારે કુંતા, દ્રૌપદી તથા સુભદ્રા વિગેરે પણ ધર્મરાજાની સાથે ચાલ્યા. ધર્મરાજા અશ્વોને પગે લાગ્યા તેમજ મોતી પુષ્પથી સર્વને વધાવીને ગામમાં લાવ્યા. પાંડવોએ સઘળા લોકોને સુંદિર ઉતારા આપ્યા. જ્યાં જુઓ ત્યાં આનંદ આનંદ થઈ રહ્યો છે, પાંડવોએ યજ્ઞના મંડપની શોભામાં કંઈ ખામી રાખી નથી. તેનો સ્થંભ સ્ફટિકમણિનો રોપીને તેને ફરતી મોતીની ઝુલ મૂકી. વળી યજ્ઞમાં પાંડવોએ અઠયાસી હજાર ઋષિઓને બોલાવ્યા એ પ્રમાણે બ્રાહ્મણોના આવ્યાથી સઘળાનું દુઃખ દાળદર નાશ પામ્યું. પછી બ્રાહ્મણો યજ્ઞના આરંભમાં વેદ શ્રુતિની ધૂની કરવા લાગ્યા. તેથી રાજા, રૈયત તથા છપ્પન કોટી યાદવોને અતિ આનંદ થયો. પાંડવ સંઘળાની સેવા કરીને તેમને હંમેશ જુદાં જુદાં ભોજન કરાવે છે. ભીમસેન યજ્ઞમાં આવનારાઓની બરોબર ચોકી કરે છે. અર્જુને સર્વ ક્ષત્રીઓને માટે સુંદર સભા રચી. વળી પાંડવોએ મેઘવર્ણની સાથે સેવકો મોકલીને પર્વતનું ધન મંગાવ્યું ને કનકના ઓરડા ભરાવી દીધા. એ પ્રમાણે સઘળી સાહિત્ય તૈયાર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરીને ચૈત્ર સુદી પૂર્ણિમાને દિવસે યજ્ઞની પૂર્ણાહુતિ કરવાનો નિશ્ચય કર્યો, જયમુનિ જનમેજયરાજા પ્રત્યે કહે છે કે યજ્ઞમાં ધર્મરાજા તથા દ્રૌપદી બંને સ્ત્રી પુરુષ આનંદભેર બેઠાં છે. બ્રાહ્મણો સઘળું કાર્ય વેદોક્ત મંત્રોથી કર્યે જાય છે. યજ્ઞની ધુમ્ર આકાશમાં જવાથી તેત્રીસ કોટી દેવતાઓ તૃપ્ત થાય છે. યજ્ઞમાં જાતજાતનાં વાજિંત્ર વાગ્યા કરે છે. હરિજનોનો હરખ માતો નથી. પાંડવોએ તમામના લલાટે કુમકુમ અરચા કરી. પછી ધર્મરાજાએ અશ્વનું પૂજન કરીને તેનો કેટલોક અવયવ ભાગ લઇને યજ્ઞમાં હોમ્યો. તે પછી તે ઘોડાને જીવતો કરી છુટો કરી મૂકી દીધો. એ પ્રમાણે યજ્ઞ પરિપૂર્ણ થયા પછી ધર્મરાજાએ પ્રભુને કહ્યું. હવે સહુને ભોજન કરાવવાની તૈયારી કરો. એટલે દયાળુ હરિએ સઘળાને ભોજન કરાવવા સારી રસોઇ કરાવી. તેમને પીરસવા માટે છપ્પન કોટી યાદવો રાખ્યા એ પ્રમાણે સઘળાના જમ્યા પછી ધર્મરાજા તથા દ્રૌપદીએ બંને સ્ત્રી પુરુષ કનક તથા મોતીનું દાન આપવા લાગ્યાં. વળી પાંડવોએ બ્રાહ્મણોને ગૌદાન, વસ્ત્ર દાન સહિત બ્રહ્મપુરીઓ પણ આપી દીધી, તેમજ અવર યાચક જાતિનાં કષ્ટ પણ નિવારણ કર્યાં. એ પ્રમાણે સર્વને તૃપ્ત કર્યા પછી પાંડવો રાજ સભા ભરીને બેઠા. ત્યાં ધર્મરાજાએ જેવો જેવો રાજા તેવો તેવો સરપાવ કર્યો.

એ પ્રમાણે પાંડવોએ સઘળાને ખુશી કરીને અતિ આનંદ ઉત્સવ કર્યો. પછી પાંચ પાંડવ તથા છઠ્ઠા કૃષ્ણજી સઘળા માણસ સહિત યજ્ઞમાં આવ્યા. ત્યાં આવીને તેમણે જોયું તો જ્યાં યજ્ઞનો કચરો નાંખ્યો છે ત્યાં સ્વર્ગમાંથી નોળીઓ આવેલો દીઠો. તે નોળીઓ યજ્ઞના કચરામાં આળોટયો પણ તેનું અંગ સોના રૂપાનું બન્યું નહિ. ત્યારે ધર્મરાજાએ કૃષ્ણને નોળીયાની કાયા ન બદલવાનું કારણ પૂછયું. એટલે કૃષ્ણ બોલ્યા. અરે ધર્મરાજા દ્વાપર યુગ ઉતર્યો તેથી તેણે કાયા ન બદલી. એમ કહેવાથી ધર્મરાજા તરત સમજી ગયા. પછી સરિતામાં સ્નાન કરીને પોતાને સ્થળે ગયા. ત્યાર પછી નગરમાંથી રાજા, ઋષિ તથા છપ્પન કરોડ યાદવ વિગેરે પોતાના દેશ જવા માટે વિદાય થયા. ફક્ત શ્રીકૃષ્ણ પાંડવ પાસે રહ્યા છે. જયમુનિ કહે છે કે જનમેજય રાજા, આ અશ્વમેધ યજ્ઞની કથા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જે મનુષ્ય શ્રદ્ધાયુકત થઇને શ્રવણ કરશે તથા વિધિ પ્રમાણે દાન કરશે તેને શ્રીહરિ પુષ્કળ તન, અન્ન, ધન વિગેરે અર્પણ કરીને સુખી રાખશે.

વિશ્રામ પહેલો

અશ્વમેધ યજ્ઞ પૂર્ણ હવો, સુણો શ્રોતાજન;
વલ્લભ વ્યાસ વાણી વદે, પરમ કથા પાવન.

અશ્વમેધ પર્વ સમાપ્ત

જયમુનિ કહે છે, હે જનમેજય રાજા, પાંડવો યજ્ઞ પરવાર્યા પછી રાજ સભા કરીને બેઠા એવામાં એક બ્રાહ્મણ તથા કણબી લડતા લડતા ત્યાં આવ્યા ત્યારે ધર્મરાજા બોલ્યા, અલ્યા ભાઇઓ, તમારે બંનેની શી તકરાર છે ? એવું ધર્મરાજાનું બોલવું સાંભળીને પાટીદાર બોલી ઊઠયો, અરે રાજન, મેં મારા બાપની પાછળ આ બ્રાહ્મણને ખેતર આપ્યું છે, હવે તે ખેતરમાંથી ચાર ચરુ ભરીને ધન નીકળ્યું છે.તે ધન આ બ્રાહ્મણ તેના ઘેર લઇ ગયો, માટે તે ખેતર તથા ધન મને મારું પાછું અપાવો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો, જો તું ખેતર પાછું લઇ લે તો મારા બે છોકરાના માથાં તારા ખેતરમાં વધેરું.

પાટીદારે કહ્યું,અરે બ્રાહ્મણ,શું તું એમ બોલીને મને બીવડાવે છે ? જા જા હું એમાં કાંઇ પાપ ગણતો નથી.એવું સાંભળીને ધર્મરાજા આશ્ચર્ય પામીને પ્રભુને પૂછવા લાગ્યા, અમ થવાનું કારણ શું ? એટલે પ્રભુએ ધર્મરાજાને કહ્યું દ્વાપર ઉતરીને કળીયુગ બેઠો માટે આ અધર્મનો પાયો રોપાયો. એમ કહી શ્રીહરિએ બ્રાહ્મણ તથા કણબીને તેમની તકરારનો જવાબ છ માસ પછી આપવાનો ઠરાવ કર્યો. એટલે તેઓ બંને જણા પોતપોતાના સ્થળે ગયા. ત્યાર પછીથી ભગવાને ધર્મરાજા પાસે દ્વારીકા જવાની આજ્ઞા માગી.એટલે યુધિષ્ઠિરે કહ્યું, અરે મહારાજ, આપનું કહેવું સત્ય છે પણ મને કળીયુગના ગુણ લક્ષણ સમજાવ્યા પછી આપ ખુશીથી પધારો. એ પ્રમાણે કૃષ્ણ તથા ધર્મરાજા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વાત કરે છે એટલામાં છ બ્રાહ્મણો એક શુદ્રને તાડન કરતા કરતા ત્યાં આવ્યા. બ્રાહ્મણો ધર્મરાજા પ્રત્યે કહે છે કે આ શુદ્ર બ્રાહ્મણની માફક આચાર્ય થયો છે. વળી તેણે દર્ભાસન તથા મહાત્માનો વેશ ધારણ કરીને પંચ કેશ વધાર્યા છે તેમજ કમંડળ પોતાની સાથે રાખી લીધાં છે. એવો વેશ ધારણ કરીને તે પુરાણ વિગેરેની કથા કરે છે. તેથી નેવનું પાણી મોભે ચડયું છે, તદ્દન અવળી ગંગા વહેવા લાગી છે. વાઘ અજાથી ડરે છે. શ્વાન મંજારથી સંતાય છે. કાગથી હંસ ડરે છે. એ પ્રમાણે ઊંચ જાતી ઉપર નીચ જાતીનો વધારે કરપ રહેવાનું કારણ શું ? એવું સાંભળીને ધર્મરાજાએ કૃષ્ણ ભગવાન તરફ જોયું, ત્યારે દયાળુ શ્રી હરિ બોલ્યા, હે યુધિષ્ઠિર, એ સઘળાં કળીયુગનાં કર્મ છે. અત્યારે તો ઠીક છે પણ આગળ જતાં અતિ ઉપાધીના ધર્મ ઉત્પન્ન થશે. શુદ્ર લોકો આચાર્ય થઇને રોમરોમનર્કમાં જશે. તેમજ તેમના પંથે ચઢનારા બ્રાહ્મણક્ષત્રી વૈશ્ય વિગેરે પણ અઘોર નર્કમાં પડશે. એ પ્રમાણે શ્રોતા વક્તા સર્વ અતિ દુઃખને પ્રાપ્ત થશે, વળી સ્ત્રીઓ પોતાનાં પતિવ્રત છોડીને ભક્તાણીઓ થઈ પાપના ભારા બાંધશે. આગળ જતાં ધર્મના નામે અતિ ઢોંગ થશે, ત્યાંસઘળી કુંભારજાઓ જઇજઇને બેસી રહે છે. પોતાના પતિને હંમેશાં સમજાવશે, હું તો મારા દેહનું સાર્થક કરું છું. અને પછી મીઠાઇ, મેવા, તથાકઢેલાં દૂધ તૈયાર કરીને ઢોંગીઓને આપી આવશે. કેટલીક સ્ત્રીઓ પરણ્યા પતિનું પોષણ કરતાં કંજુસાઇ દેખાડશે અને ઢોંગી ધુતારાને પેટ ભરીને જમાડશે. વળી તેમના કુંથની વેળા કોઇ દિવસ સાચવશે નહિ. અને ઢોંગીના બોલાવ્યા વિના તેની સેવામાં રહેવા માટે પોતાના બાળકને પણ રડવા દેશે તેમજ ઘરમાં બીગાડ પણ વધારશે. પોતાના પતિને છોડી દઇ ઢોંગીની છબી નીરખશે.

ઢોંગી લોકો ધર્મને નામે ધન મેળવીને દુનીયાની પાયમાલી કરશે. આ સઘળાં લક્ષણ કળીયુગનાં છે. માટે તેમાં તમારે કદી ચિત્ત નહિધરવું. આતો થોડાં લક્ષણ કહી બતાવ્યા છે. બાકી આગળ જતાં ઘણો જ અધર્મ થવાનોછે એવું સાંભળી ધર્મરાજા ચિંતાતુર થયા. ત્યારે પ્રભુએ કહ્યું, અરે યુધિષ્ઠિર, તમે ચિંતા ન કરશો. જો તમારું મન દુઃખ પામતું હોય તો તમે વેદવ્યાસજીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શરણે જજો. હવે હું દ્વારકા જવાની આજ્ઞા લઉં છું એવું સાંભળી ધર્મરાજાએ પ્રભુને પગે લાગીને કહ્યું, મહારાજ,વહેલા પધારજો. તવ દયાળુ હરિ ત્યાંથી નીકળી દ્વારકામાં પધાર્યા.એ પ્રમાણે પ્રભુના ગયા પછી ધર્મરાજા અતિ ઉદાસીમાં રહે છે,

જયમુનિ કહે છે, હવે અશ્વમેધ પર્વની કથા પરીપૂર્ણ થઇ માટે વિધિ પ્રમાણે દાન કર, જેથી તારી બ્રહ્મહત્યા દૂર થાય. એવું સાંભળી જનમેજય રાજાએ વિધિપૂર્વક બ્રાહ્મણોને દાન આપ્યાં જેથી કાળા પડદા ધોળા થઈ ગયા. કાળી ગાય શ્વેત થઇ અને તલ પણ ધોળા બની ગયા. એ પ્રમાણે બ્રહ્મહત્યા ઉતર્યાનું પ્રત્યક્ષ પ્રમાણ માલમ પડતું હતું.તે પછી જનમેજય રાજા પૂર્ણ શ્રદ્ધા રાખીને વ્યાસાશ્રમની કથા શ્રવણ કરવા માટે આસન વાળી બેઠો.

વિશ્રામ પહેલો

અશ્વમેધ પર્વ પૂરણ હવું, સુણજો સૌ શ્રોતાય;
વ્યાસવલ્લભમુખ ઓચરે,જયજય શ્રીજદુરાય,

અશ્વમેધ પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૧૫. વ્યાસાશ્રમ પર્વ

જયમુનિ ઋષિ જયમેજય રાજા પ્રત્યે કહે છે, હે રાજન, તું વ્યાસાશ્રમ પર્વ વિષેનો મહિમા પૂર્ણ પ્રેમ વડે શ્રવણ કર. એ પ્રમાણે પ્રભુના પધાર્યા પછી ધર્મરાજાને સંસાર વહેવારમાં બિલકુલ ગમતું નથી. તેથી તે ઉદ્વેગ ધારણ કરીને વેદવ્યાસના આશ્રમે ગયા. ત્યાં જઇ વ્યાસજીના ચરણે લાગીને કહે છે, અરે મહારાજા, હવે મને આ સંસારમાં બિલકુલ ગમતું નથી તેનું કારણ શું? એટલે વ્યાસજી બોલ્યા, કળીયુગ બેઠો છે માટે તમારું મન અતિ ઉદાસ રહે છે. કળીયુગ વિષે રહેવાનું સતીઓને કદી રુચતું નથી. ત્યારે ધર્મરાજા કહે, અરે મહારાજ. મારા ઉપર કૃપા કરીને આપ મને કળીયુગના ગુણ લક્ષણ કહી સંભળાવો, એટલે વ્યાસજી કહે છે, કળીયુગમાં થોડા દિવસ જીવવું તેમાં હૈયામાં અતિ હોંશ રહેશે, અનેક પ્રકારના રોગથી વ્યાધિ થશે પણ બરોબર નાડી પરીક્ષા થશે નહિ.બ્રાહ્મણ વિના અન્ય વર્ણ ઘેર ઘેર ભિક્ષા માગશે,દુરાચરણ, દુર્વ્યસન, દુર્બુદ્ધિ, દુકાળ ઇત્યાદિનો વધારો વધશે, ઊંચ વર્ણ નીચ વૃત્તિ રાખશે, અને નીચ વરણ ઊંચ વૃત્તિ રાખશે, સઘળા લોકો નાસ્તિકને આસ્તિક કહેશે, અને આસ્તિકને નાસ્તિક કહેશે, વળી લોકો ખરાબોલાને ખોટા પાડશે, અને ખોટાને ખરા કહેશે. વેદના અર્થના અનર્થ થશે અને પાખંડી પૂજાશે કેટલાક શિવાર્પણ બ્રહ્માર્પણ ને કૃષ્ણાપર્ણનું ખાવા ઇચ્છશે, વળી વિપ્રને તિરસ્કાર કરશે અને શુદ્ર મદિરા વિગેરે દુર્વ્યસન કરી ગુરુ પદવી ધારણ કરવાનો ખોટો ડોળ કરશે, પાખંડી, ત્યાગી ધર્મની જગાના ધણી થશે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેમજ પ્રપંચથી વર્તશે. કન્યાવિક્રય વધારે વધશે અને જુવતી જારમાં ફરશે, રાજનીતિમાં એવો અન્યાય થશે કે તેમાં લાંચ લઇને દંડ કરશે, ઊંચા લોકો નીચની સેવા કરીને પેટ ભરશે. સર્વ વર્ણ એક આરે થશે. બાપની બેટી ઉપર કુદૃષ્ટિ અને ભાઇની બહેન ઉપરકુદૃષ્ટિ થશે. વહાલામાંવહેર વધશે અને નાતજાતમાં કલેશકંકાસ થઈ પડોશમાં કુસંપ રહેશે. લોકો ગરીબને ગોદા ઘાલશે અને ગૃહસ્થનો પક્ષ જીતશે. દુનિયા હંમેશાં બે મુખે બોલશે. જેથી સત્યમાં અસત્ય જણાશે.સાચી વાર્તા સંતાઇ જશે અને જુઠી વાત બહારપડશે. ધર્મિષ્ટ હશે તે અધર્મી કહેવાશે અને પાપી હશે તે પવિત્ર કહેવાશે. બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણ ધર્મનું અગર કૃષ્ણાર્પણનું સઘળું દ્રવ્ય ખાવા ઇચ્છશે. બાપ દીકરાને નહિ ગણે અને દીકરો બાપને નહિ ગણે. સાસુ તથા વહુમાં હંમેશ કુસંપ રહેશે.બહેનનો હિસાબ ગણ્યાવિના સાળીને પ્રેમે કરીને બોલાવશે. કેટલીક પત્નીઓ પિત્રાઇથી વહેર કરીને તેમનું ધન તેમના પિયરમાં ભરશે. કેટલાકજમાત્રનું ખાવા ઇચ્છશે, તેમાં જયાં સુધી ખાશેત્યાંસુધીગુણગાશે અને પછીથી તેનું ખોટું બોલશે. પારકાનું સુખ જોઇને પોતાનું અંતઃકરણ દુઃખાશે, દેખ્યા વિનાની વિશેષ વાતો કરીને નિંદામાં વધારો કરશે. ઉત્તમમાં અવતરીને નીચ વર્ણનો ધર્મ પાળશે.હિન્દુ કુળમાં અવતાર ધારણ કરીને યત્નનો પંથ ઝાલશે, ગધેડીને દુર્બળ દેખીને તેને ખવડાવશે, અને ગાયને તાજી દેખીને તેને હાંકી મૂકશે. એ પ્રમાણે અવળો ન્યાય ચાલશે. સારાને નરતો ઠેરવવા અનેક ઉપાય કરશે. વળી વિપ્ર વિના અન્ય વર્ણ વિદ્યા ભણીને ઘણા પંથ ચલાવશે. તેવા માણસોની સઘળા લોકો સેવા કરશે, તેમજ અજ્ઞાનીને સંત કહીને તેની પૂજા કરશે. સર્વ વર્ણ એક આરે થવાનો ઉપદેશ કરશે, ત્યાગી ત્યાગપણું બતાવીને અતિશય ખજાના ભરશે. વળી કેટલાક લોકો કહેશે, હું બ્રહ્મ છું, પરમેશ્વર છું અને તમે પણ પરમાત્મા છો. આપણા વિના બીજો કોઇ પરમેશ્વર નથી.લોકો સુજાતીને નિંદિત કરીને કુજાતીની કથા શ્રવણકરશે. લોકો સ્ત્રીઓને કહેશે, આપણે બ્રહ્મ છીએ માટે દેહનાં કાર્ય દેહ કરે તેમાં બિલકુલ વાંધો નહિ,પાપ પુન્ય કયાં છે ? મોક્ષ અમોક્ષ કયાં છે ? એ તો સઘળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભ્રમણા છે, વળી પરમેશ્વરને પરોક્ષ માને તો તેનું સ્મરણ કરવું પડે માટે પોતે અપ્રોક્ષ થઇને બેસે છે, જો પરમેશ્વરને સાકાર કહે તો તેને સેવવો પડે માટે તેને નિરકાર ઠરાવીને અધર્મ કર્યા કરે છે. હે ધર્મરાજા જીભ્યાએ પણ ન કહી શકાય તેટલી ભ્રષ્ટા ભ્રષ્ટ થશે. એવું સાંભળી ધર્મરાજાએ વ્યાસજીને કહ્યું, હે મહરાજ, ચારે વર્ણ કેવી રીતે ચાલશે તે મારા ઉપર કૃપા કરીને કહી સંભળાવો. એટલે વ્યાસજી બોલ્યા, ચારે વર્ણમાં બ્રાહ્મણશ્રેષ્ટ છે તેને કળીયુગ નેષ્ટ કરશે. બ્રાહ્મણો એવા અવતરશે, કે જેઓ ત્રણ વર્ણની સેવા કરશે. ગોર લોકો યજમાનોમાં કાસદીઆં કરીને પેટ ભરશે, અને નીચ વર્ણ આગળ હાથ ધરશે. અન્યવર્ણ ગાળ દેશે તો પણ બ્રાહ્મણો વગર નોતરે પડતું મૂકીને જમવા જશે, વળી નીચ વર્ણના બાવા હશે તેના લાડવા કુટી ખાવા માટે ગુણ ગાવા બેસશે. અને તે જ્યાં મોકલશે ત્યાં જઇ દાસપણું કરશે. શુદ્રોનાં છોકરાને તેડી તેડીને ફરશે, અને માનભ્રષ્ટ થઇને યાચના કરશે. શુદ્રોનું અન્ન રાધી આપશે. તેમજ સોળ દિવસ થયા વિના શુદ્રને ત્યાં જમવા બેસશે. ગોર લોકો શુદ્રના નિમિત્તનું અન્ન ભક્ષણ કરીને તથા એંઠવાડમાં ભ્રષ્ટ થશે, વળી બ્રાહ્મ-ણીઓ શુદ્રની સુવાવડ કરીને પોતાનું પેટ ભરશે. ખરો બ્રાહ્મણ જે માનમાં રહેશે તેને અહંકારી ઠરાવીને ધિક્કારી કાઢશે. હવે ક્ષત્રીનો વિસ્તાર કહી સંભળાવું છું તે શ્રવણ કરો. ક્ષત્રીમાંથી શૂર પણું નાશ પામીને નિર્બળતા પ્રાપ્ત થશે. નીચ વર્ણની નોકરી કરશે, મરવાનો અતિ ભય ધરશે, ઘરમાં નિર્ધન રહેવાથી દાસના દાસ થઇને પેટ ભરશે. દુર્વ્યસન કરીને તેના દેવામાં પોતાની મિલકતની ખુવારી કરશે. એ પ્રમાણે ક્ષત્રી પોતાના બાપ દાદાનું નામ બોળીને તથા ઉપવીત ઉતારીને હિંસા કરવામાં ચિત્ત પરોવશે. ક્ષત્રીઓ નીચ વર-ણમાં દાસપણે રહીને અભક્ષાભક્ષ ભોજન કરીને, તથા અન્ય વર્ણની સેવા કરીને પોતાના દિવસ નિર્ગમન કરશે. હવે હે યુધિષ્ઠિર, વૈશ્ય વિશેની રીતિ શ્રવણ કરો. વૈશ્ય લોકો નેક તથા દયા રહિત અવિવેકી વહેપાર કરશે. વળી બિચારા ગરીબોને છેતરવા માટે આપવાનાં તથા લેવાનાં જુદાં જુદાં માપ રાખશે. જે નહિ જમે તેને નોતરું દેશે અને જમશે તેનો તિરસ્કાર કરશે. વળી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નૈવેદ્યનું નામ લઈને પોતાનું પોષણ કરશે. જે માગશે, તેને નહિ આપે, નહિ માગે તેને જોરજુલમથી આપવા જશે, વળી પોતાની ઉપવીત ઉતારી નાખીને લોકોને છેતરવાની વૃત્તિ ધારણ કરશે. નાતો જાતો રૂડે પ્રકારે કરશે અને બ્રાહ્મણ જમાડવામાં કંજુસાઈ કરશે. વળી મોટાં ટીલાં તાણીને તથા ઝાઝી માળાઓ ઘાલીને ભકતપણું ધારણ કરશે. પણ પુન્યદાન કરવામાં તો બિલકલ સમજશે નહિ. કેટલાક તો પ્રસાદના પડિયા ચાટવા માટે જ કળી યુગી પંથમાં ભળશે, એવા કળીયુગાના વૈશ્યો મહા વિશ્વાસઘાતી થશે, હવે શુદ્ર વિષે શ્રવણ કરો. શુદ્રની જાતિ મહા ઘાતકી થશે. એવા શુદ્રોથી શુદ્ર એવા ઉત્પન્ન થશે જે અતિ શુદ્ર નામમાં ભળશે. જો કે આવા દુષ્ટ શુદ્ર થશે પણ તેમાં કેટલાક શુદ્ર કળીયુગના અવળા નિયમોથી તેઓ મૂળ ધર્મના ધારા પાળશે. તેઓ ગાય,બ્રાહ્મણ ઉપર અતિ પ્રેમલાવીનેરૂડે પ્રકારે પુન્યદાન કરશે. તેઓ શ્રદ્ધા રાખી શુભ ધર્મ પાળશે અને ભગવાનના કામે પોતાનોદેહઅર્પણ કરશે, અને બ્રાહ્મણ સુપંથમાંથી નીચ પંથમા જઇ પોતાનો જનમ બગાડશે. તાત્પર્ય એ છે કે ઊંચ વર્ણ હશે તે નીચ થશે.આપ્રમાણે લાંબોવિસ્તાર કરતાં ગ્રંથ લંબાણ થઇ જાય માટે ટુંકાણમાં કહ્યું છે. વેદવ્યાસનું બોલવું સાભળીને ધર્મરાજા બોલ્યા, અરે મહારાજા, મનેએવી શંકા થાય છે કે બ્રહ્માના મુખના જે ચાર વેદ તેમાં મારે કીયા વેદને સત્યમાનવો ?એટલે વ્યાસજી કહે,ચારવેદ સત્ય છે. તેમાં એક પણ વેદ જુઠો કેમ કહેવાય? જેવી રીતે દૂધમાં ઘૃત રહ્યું છે, તેમ વેદમાં જ્ઞાન રહ્યું છે. માટેદૂધમાંથી જેમયુકિત વડે મંથન કરીને ઘૃત કાઢી લઇએ છીએ તેન ચાર વેદમાંથી જ્ઞાન કાઢવું જોઈએ. તે જ્ઞાન વેદથી ન્યારું નીકળશે અને મુમુક્ષુ હશે તેગને અતિ પ્રિય લાગશે. ત્યારે ધર્મરાજા બોલ્યા, હે મહારાજ,એ જ્ઞાન થયા પછીથી શું કરશું તે કૃપા કરીને કહો.એવું સાંભળી વ્યાસજી કહે, અરે ધર્મરાજા, એ જ્ઞાન થયા પછી કર્મ કરવાની જરૂર નથી. જેણે તે સત્ય વસ્તુ જાણી હોય તેમણે તે વસ્તુ ઉપર પ્રેમ લક્ષણા આદરવી. જેથી ચૈતન્ય ચૈતન્યમાં ભળી જશે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે જ્ઞાનવાનને કર્મનું બંધન નથી. જયારે માયામાં બિલકુલ વાસના રહેતી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નથી ત્યારે ચૈતન્ય આત્મા ચૈતન્ય પરમામાં ભળી જાય છે. જે પ્રાણી માયામાં રહીને અહં બ્રહ્માસ્મિ બોલે છે તેમને કેવળ અવિદ્વાન તથા મૂર્ખ સમજવા, માટે કર્મ, ઉપાસના ને જ્ઞાન આ ત્રણેમાં જ્ઞાન વિના કદી મોક્ષ થતો નથી એટલે ધર્મરાજા બોલ્યા, જ્ઞાન છે તે પરમાત્મા છે. અને અજ્ઞાન છે તે માયા છે એ વિષે યથાર્થ વિવેચન કરી સંભળાવવા કૃપા કરશો. એટલે વ્યાસજી કહે છે, આ વિશ્વને ઉત્પન્ન થવાનો તથા લય પામવાનો અનાદીનો રેંટ ચાલે છે. જયારે વિશ્વ લય પામે છે ત્યારે અદ્વૈત ગણવુ અને ઉત્પન્ન થાય ત્યારે દ્વૈત જાણવું. માયા બ્રહ્મરૂપ થાય એટલે એક થયા પણ મુળમાં દ્વૈત છે. તે માયા ચૈતન્ય શકિતથી ચૈતન્ય થઇ છે. તેથી ત્રિગુણી માયાથી ત્રણ ગુણ થયા અને ત્રણ ગુણના પંચભૂત થયા, પછી તે પંચભૂતના ચોવીસ તત્વ થયાં. અરે ધર્મરાજા,આ સઘળું સાંખ્ય શાસ્ત્રમાં છે. પણ ગ્રંથ લંબાણ થવાના ભયથી થોડું વિવેચન કર્યું છે, માયાની કાયામાં ચૈતન્ય બ્રહ્મનું પ્રતિબંબ છે તેને જીવ કહેવાય છે. પછી તે જીવ શિવનું (પરમાત્માનું) જ્ઞાન લે તો જીવ ટળીને શિવ (પરમાત્મા) થાય. જો માયાની વાસના તુટી જઇને બ્રહ્મ સાથે વળગે તો જરૂર આ દેહમાંથી છુટી ગયા પછી પરમ પદને પામે. તેવા પરમ પદ પામવાળા મષ્નુયોને ધન્ય છે. એટલે ધર્મરાજા બોલ્યા, મહારાજ, આપ મૂળ ચૈતન્ય કહો છો ત્યારે તેનો આકાર કેવો હશે ? તે બરોબર સમજાવશો. એટલે વેદવ્યાસજી કહે છે, જેવો આત્માનો આકાર છે તેવો જ પરમાત્માનો આકાર છે. પણ તેમાં આત્મા અને પરમાત્મામાં અપાર ફેરછે. એ પ્રમાણેવેદવ્યાસજીએધર્મરાજાને અતિશય જ્ઞાન કર્યું, જેથી યુધિષ્ઠિર તૃપ્ત થયા હે શ્રોતાજનો, ઉપર કહી બતાવ્યું તે કરતાં જો વિશેષ સમજીને તમારે મોક્ષપદ પામવું હોય તો મારા નિમિત્ત માત્ર દેહે પ્રેરક પ્રેરણાથી ભાવાર્થ પ્રકાશ નામનો ગ્રંથ રચેલો છે, તે વાંચીને વિચાર કરવાથી તેમ પરમ પદનું શુદ્ધ જ્ઞાન મેળવશો.તે ગ્રંથ છપાઇને બહાર પડયો છે માટે તે વાંચી જોવાથી ખાતરી થશે, જયમુનિ કહે છે, હે જનમેજય રાજા, વ્યાસાશ્રમ પૂરણ થયું તેથી તારી બ્રહ્મહત્યા ઉતરી એવું

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કહેતામાં જ કાળા પડદા શ્વેત થયા. કાળી ગાયો ધોળી થઈ અને કાળા તલ સફેદ બનીગયા, એટલે જનમેજય રાજાએ બ્રાહ્મણની સવાસો કન્યાઓ પરણાવી આપી. સવાસો વિપ્રોને દાન આપ્યાં, સવાસો બ્રહ્મપુરીઓ આપી, સવાસો ગૌદાન આપ્યાં તથા સવા લક્ષ બ્રાહ્મણોને બ્રહ્મ ભોજન કરાવીને જયજયકાર કર્યો. એ પ્રમાણે સુપાત્ર દાન કરીને જનમેજય રાજા શ્રદ્ધા રાખીને મુશળ પર્વની કથા શ્રવણ કરવા બેઠો.

વિશ્રામ પહેલો

વ્યાસાશ્રમનું પર્વ તે, પૂરણ થયું, રાજન
વલ્લભ વદે શ્રોતા, સહુ, કહો જય, જય જુગજીન

વ્યાસાશ્રમ પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૧૬. મુશળ પર્વ

જયમુનિ ઋષિ જનમેજય રાજા પ્રત્યે કહે છે, હે રાજન, જ્યારે ધર્મરાજા વ્યાસજી ભગવાન પાસેથી ઉપદેશ લઇનેહસ્તિનાપુર આવ્યા, ત્યારે દ્વારકાથી શ્રીકૃષ્ણજી તેમને મળવા માટે આવ્યા, પછી હસ્તિનાપુર સાત દિવસ રહીને પ્રભુ બોલ્યા હે ધર્મરાજા, મનેદ્વારકાં જવાની આજ્ઞા આપો ત્યારે ધર્મરાજા અર્જુનને કહેવા લાગ્યા, તું શ્રીકૃષ્ણને મૂકવા માટે દ્વારકા જા એવું સાંભળી અર્જુનજી વસ્ત્રાભૂષણ ધારણ કરીને દ્વારકાં જવા માટે તૈયાર થયા ને બેઉ જણા રથમાં બેસીને વાતો કરતાં કરતાં દ્વારકાં ભણી આગળ જતાં તેઓએ એક ગામની ભાગોળે બ્રાહ્મણબ્રાહ્મણી ઉભેલાં દીઠાં જ્યાં અર્જુનજી તથા પ્રભુતેમની નજીક આવ્યા એટલે બ્રાહ્મણબ્રાહ્મણીએ પૂછયું અરે મહારાજ, અમારે સાતપુત્ર હતા તે પુત્રો અમારા જીવતાં છતાં મરણ પામ્યા તેનું શું કારણ ?અને તેપુત્રો અમને લાવી આપો. ત્યારે પ્રભુ બોલ્યા, દ્વાપરયુગ ઉતરીને કળીયુગ બેઠો છે માટે માબાપ પહેલા દીકરા મરી જાય તેમાં નવાઈ નથી.એવું સાંભળીઅર્જુન બોલ્યા, અરે પ્રભુજી,જ્યારે આ બ્રાહ્મણ બ્રાહ્મણીએ તેમના પુત્રો માટે માગણી કરી ત્યારે આપણે તેમને લાવી આપવા જોઇએ. ત્યારે કૃષ્ણ કહે. બહુ સારું ચાલો. એમ કહી પ્રભુ તથા અર્જુન દ્વારીકાથી ડાબી બાજુએ ચાલ્યા. જતાં જતાં તદ્દન જુદી જમીન આવી. જ્યાં તે જમીનમાં બેઉ જણા પ્રવેશ્યા એટલે કેવળ અંધારું આવ્યું.એટલે પ્રભુએ સુદર્શન ચક્રમૂકીને અજવાળું કર્યું. પછી તેઓ રથ ચલાવતા ચલાવતા આગળ ગયા.એટલે ચતુર્ભુજવાળી વસ્તી આવી. ત્યાથી આગળગયા એટલે સહસ્ત્રભુજવાળી વસ્તી આવી પછી ત્યાંથી પણ આગળ ચાલ્યા એટલે તેજનો એક ઢગલો દેખાવમાં આવ્યો. ત્યારે અર્જુનજી પગે લાગીને બોલ્યો, હે શ્રીકૃષ્ણજી આ તેજનો ગોળો તે શું છે ? અને વળી તે વાલપુર ખંડિત કેમ છે ?ત્યારે પ્રભુ બોલ્યા.એ તેજનો ગોળો પૂર્ણ બ્રહ્મ ભોમીનારાયણ છે અને તે વાલપુર ખંડિત છે. તેટલો જ હું છું, ત્યારે અર્જુન કહે,અરે મહારાજ, તે વાલપુર ખંડિત જેટલા જ તમે છો તે કેમ કરીને માની શકું ? એટલે શ્રીહરિ કહે તમે જોયા કરજો. એમ કહી પોતાની પંચભૂત કાયા અળગી કરીને પોતે તેજના ગોળામાં ભળી ગયા. ત્યારે પૂર્ણ જ્યોત થઈ ગઇ, એટલે અર્જુનજી પ્રેમવડે પગે પડીને બોલ્યો,હે મહારાજ હવે પધારો. ત્યારે પ્રભુ પારથની પ્રાથનાથી બહાર નીકળ્યા, જયાંકૃષ્ણ અંશબહાર નીકળ્યા એટલે તે તેજનો ગોળો પાછોવાલપુર ખંડિતથયો ત્યારપછી શ્રીકૃષ્ણે જ્યોત પ્રત્યે કહ્યું, અરે મહારાજા, આપે બ્રાહ્મણના પુત્ર શા માટે લીધા?એટલે જ્યોતમાંથી વાણ નીકળી, હે શ્રીકૃષ્ણ, તમે ભુભાર નાશ કરીનેક્યારે મુળધામે પધારશો ? તે જાણવા માટેબ્રાહ્મણના પુત્રોનેલીધા,એટલેશ્રીકૃષ્ણબોલ્યા,હું થોડા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

દિવસમાં આવીશ, એમ કહી પોતે બ્રાહ્મણના મંગાવેલ સાતપુત્રતેમની પાસેથી લીધા. પેલા બ્રાહ્મણબ્રાહ્મણી પાસે આવ્યા; તેઓપોતાના પુત્રોને જોઇનેઆનંદ પામ્યાં. પછી ત્યાંથી શ્રીકૃષ્ણ તથા અર્જુન દ્વારીકાં તરફ વાતચીત કરતા કરતા ચાલ્યા.એવામાં દ્વારીકામાંએવું વિઘ્નથયું કેદુર્વાસા ઋષિદ્વારીકામાંપધાર્યા.તેથી પ્રભુના પુત્રોએ તેમની મશ્કરી કરવાનો વિચાર કર્યો.વિનાશકાળ થવાનો હોય ત્યારે વિપરીત બુદ્ધિ થાય છે.પ્રભુના પુત્રોએ શાંબ નામના યાદવના છોકરાને ચીર ચણીઓ, ચોળી વિગેરે પહેરાવી કન્યારૂપ બનાવી.પછી તેનો પેટેત્રાંસળું બાંધીને તેને દુર્વાસાપાસેતેડી ગયા.પછી બીજાછોકરાઓ દુર્વાસા પ્રત્યે બોલ્યા. હે મહારાજ, આ વહુને પુત્ર કે પુત્રી એમાંથી શું અવતરશે ? એટલે દુર્વાસાએ સમાધિ માંડીને જોયું તો મશ્કરી કરી છે એમ માલુમ પડયું.તેથી ક્રોધાયમાન થઈને બોલ્યા, એ વહુને એવું અવતરશે કે જેથી જાદવોનું મરણ થશે. તેવું દુર્વાસાનું વચન સાંભળીસઘળા છોકરાઓ ધ્રુજવા લાગ્યા. નેયાદવસભામાં જઇ વાત કરી ત્યારે તમામ વૃદ્ધ બોલી ઊઠયા બગડવા કાળે બ્રાહ્મણની મશ્કરી કરવાનું મન થયું.એ પ્રમાણે સૌ પસ્તાવા લાગ્યા.પછીયાદવો એશાંબ નામના છોકરાનો વેશઉતારી નાંખ્યોએટલે તાંસળું છોડતીવખતેએકહાથલાંબુ તથા મૂઠ પહોળું મૂશળ ભૂમિ ઉપર પડયું, એટલે સર્વે જણા ચિંતા કરવા લાગ્યા.અરેરે,આ યાદવોનું મોત ઉપજાશે.એમ ધારી કેટલાક વૃદ્ધો કહ્યું, તે મુશળ દરિયા કિનારે ઘસીનાખો.એવું સાંભળી કેટલાક છોકરા તે મુશળલઇને દરિયા કિનારે ગયા. તે મુશળ પાષાણ ઉપર ઘસી નાંખ્યું. ઘસતાં ઘસતાં એક કરચ વધી પડી. તેથી તે કરચ દરિયામાં નાંખી. તે નાંખેલી કરચ માછલી ગળી ગઈ. પછી દરિયામાં ઢીમ્મરે જાળ નાંખી તેમાં તે પકડાઇ ગઇ. ઢીમ્મરે તે માછલીમાંથી મુશળની કરચ કાઢી પારધીને આપી એટલે પારધીએ તે કરચ પોતાના બાણમાં ઘાલી. હવે જે જગ્યાએ મુશળ ઘસાયેલું હતું તે જગાએ પાન નામનાં વૃક્ષના છોડ ઉગ્યા તે પછી બે દિવસ ગયા એટલે દરિયા કિનારે મહાદેવ છે તેનો મેળોઆવ્યો એટલેસઘળા યાદવોતથા સ્ત્રીઓતે મેળામાં ગયાં. ત્યાં મેળામાં જાતજાતની દુકાનો મંડાઈ છેતે જગાએ યાદવોએ ન કરવાનું કાર્યકર્યું.નાનામોટાબધાએ આનંદજાણીનેમદ્યપાનકર્યું,પછીતેઓ એક એકને તિરસ્કારકરતાં દુર્વાસાના શ્રાપના પ્રતાપે લડી પડયા.સિંધુકિનારે મુશળની જે પાન ઉગેલી હતી તે કાઢી કાઢીને યાદવો એક એકને મારવા લાગ્યા. દુર્વાસાના શ્રાપથી તે પાન જેને વાગે તે મરી જાય. તે જોઇ બીજા ત્રીજા લોકો નાસી ગયા. યાદવકુળનો તો નાશ થઈ ગયો. ખપ્પર જોગણીએ તેનું ભક્ષ લઇ લીધું. એવામાં કૃષ્ણ તથા અર્જુન દ્વારીકા લગભગ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવ્યા, પછી ચાલ્યા ચાલ્યા તેઓ જયાં પોતાનું કુટુંબ મરણ પામેલું છે ત્યાં આવ્યા ને સર્વને મરણ પામેલા જોઇ પ્રભુ પોતાનો પોંચાં કરડીને અતિશય દિલગીર થયા. ને રથથી નીચે ઉતરીને પીંપળાના વૃક્ષ નીચે બેઠા, ત્યાં

બેઠા પછી પ્રભુ ધાંટો કાઢીને અર્જુનજીને કહેવા લાગ્યા. હવે કળિયુગમાં રહેવામાં બિલકુલ માલ નથી, માટે ધર્મને કહીને તમે સઘળાં હીમાળે ગળવા જજો. એવું સાંભળી અર્જુનજી બહુ રુદન કરીને કહે છે, મહારાજ, દાસને શરણે રાખજો એટલે પ્રભુ બોલ્યા, હું ટુંકમાં કહું છું, તમે ઉતાવળથી વિદાય થઇ જાઓ. એટલે અર્જુનજી રડતો રડતો રથે બેસીને હસ્તિનાપુર ભણી ચાલ્યો, હવે પ્રભુનો દારૂક નામનો સારથિ બોલ્યો, હે કૃપાનિધિ, મારા ઉપર કૃપા કરી મને મોક્ષનો માર્ગ બતાવો. એટલે પ્રભુ કહે છે, હસ્તિનાપુરમાં વિદુરજી છે તેમની પાસે જઇને તું જ્ઞાન મેળવજે જેથી તારો મોક્ષ થશે. એમ કહીતેને વિદાય કર્યો. એટલામાં ઉદ્ધવ આવીને કહે છે, અરે મહારાજ, ચાલો નગરમાં પધારો, અહીં શા માટે બેસી રહ્યા છો ? એટલે કૃષ્ણજી બોલ્યા, આ ભૌતિક દેહ મુકીને મારે સ્વધામ જવું છે. એવું સાંભળી ઉદ્ધવ કહે, ભલે મહારાજ, પણ મારો અવતાર સફળ થાય તેવું બતાવો ત્યારે ત્રિલોનાથ બોલ્યા, હું ક્ષત્રી અવતાર છું માટે બ્રાહ્મણ વિના અન્યથી કદી ઉપદેશ થાય નહિ જે મનુષ્ય અન્ય વર્ણના મુખથી જ્ઞાન માર્ગનો ઉપદેશ શ્રવણ કરશે, તે સાંભળનારને તેનું બિલકુલ ફળ થતું નથી. જે વિપ્ર ગુરુપદવી ધારણ કરે છે તે સવાસો કુતરાના જન્મ ભોગવે છે. વિપ્ર વિના કહેનાર તથા સાંભળનારા મનથી માને છે કે મોક્ષ થશે પણ તેમનું કદી કલ્યાણ થવાનું નથી માટે હું તમને મારા દાસ જાણીને કહું છું, તમે મોક્ષ મેળવવા માટે મૈત્રી ઋષિ પાસે જજો. એ પ્રમાણે કહી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેમને વિદાય કર્યા એટલે સૂર્યનારાયણુ મેર બેઠા. પછી પ્રભુ પીંપળાનાથડે ટેકો દઈ ને બેઠા. તે વખતે પોતેપોતાનો એકચરણુ બીજાચરણુ ઉપરચઢાવ્યો, રામાવતારે રામે જે વાલી વાનરને માર્યો હતો તે વાનર આ વખતે પારધી થઈ ને અવતર્યો છે. તેજ પારધીને હાથ કૃષ્ણનામરણનું બાણ હાથમાં આવેલું છે, તેથી

પારધી જ્યાંપ્રભુ બેઠેલાછે, તે તરફઆવ્યો. હવે પ્રભુનાચરણે પદ્મચળકેછે. તેનોચળકાટજોઇને પારધીને એમ માલમપડયું, જરૂર મૃગ છેએટલે પારધીએ તે બાણ પ્રભુના પદ્મમાં ભોંકી દીધું. એટલે દયાળુ હરિ પોતાનાભૌતિક દેહત્યાગીને સ્વધામે પધાર્યા, હવેઅર્જુન ચાલ્યો ચાલ્યો હસ્તિનાપુર ગયો, ત્યાં ગયા પછીપારથેચોધારે આંસુ સહિતપ્રભુનાસમાચારકહ્યા. તેથીસઘળાં રડવાલાગ્યાં. અર્જુનનીવારતાવિદુરજીએસાચી માની નહિ, એટલાનાં પ્રભુનો દારુક નામનો સારથિ ત્યાં આવી પહોંચ્યો તે દારુક વિદુરજીને પ્રભુ સંબંધીસ ઘળી હકીકત કહી સંભળાવી. એટલે વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે, હે વીરા, હવે આપણે કેમ કરીશું ? દુષ્ટ કળીયુગ આવી પડયો છે માટે ચાલો વનમાં જઇને પ્રભુના ભજનમાં આપણું આયુષ્ય નિર્ગમન કરીએ, ધૃતરાષ્ટર કહે, બહુ સારું ચાલો. એમ કહી ધૃતરાષ્ટર, ગાંધારી, વિદુરજી તથા તેમની સ્ત્રી, દારુક વિગેરે પોતાનાં ઘરબાર છોડીને વનમાં ચાલ્યા ગયાં. તે વાત સાંભળી પાંડવોને અતિ ખેદ થયો, એવામાં ધર્મરાજા બોલી ઊઠયા, અરે ભાઇ ચાલો આપણે હીમાળે ગળવા માટે જઇએ નહિ તો આપણી કળીયુગમાં દુર્દશા આવશે.

જયમુનિ કહે છે, હે જનમેજય રાજા, મુશળ પર્વની કથા પૂર્ણ થઇ તેથીતારી બ્રહ્મહત્યા દૂરથઇ. એટલું કહેતામાંજ કાળા પડદા શ્વેતથયા, કાળો ગાયો સફેદ થઇ અને કાંળા તલઘોળા થયા એ પ્રમાણે પ્રત્યક્ષ પ્રમાણથવાથી જનમેજયના મનમાં અતિશ્રદ્ધા બેસતી જાય છે. પછી રાજાએ પૂર્ણ પ્રેમ વડેબ્રાહ્મણોનેવિધિ પ્રમાણે દાન કર્યા, ત્યારે પછીજનમેજયરાજા પદ્માસન વાળીને યાન પર્વનીકથા પૂર્ણ શ્રદ્ધાથી શ્રવણ કરવા બેઠા.

વિશ્રામ સમાપ્ત

મુશળ પર્વની કહી કથા, પૂર્ણ થયું એ પર્વ,
વ્યાસ વલ્લભ વાણી વદે, સુણો સહુ તજી ગર્વ,

મુશળ પર્વ સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૧૭. યાન પર્વ

જયમુનિ જનમેજય રાજા પ્રત્યે કહે છે, હે રાજન, યાન પર્વ કથા પૂરણ પ્રેમ વડે શ્રવણ કર,જેથી તારા શ્રાપનું નિવારણ થાય,જયારેપાંડવોએ કૌરવની સાથે યુદ્ધ કરીને રાજ્ય લીધું ત્યારે ઘણાક જીંધોનો તથા પોતાના કુળનો નાશ થવાથી તેમને લૌકિક અપવાદ બેઠો હતો, તેથી તેમણે શ્રીકૃષ્ણની કૃપાથી અશ્વમેઘ યજ્ઞ કર્યો હતો. ત્યાર પછી પ્રભુ દ્વારીકા પધાર્યા. ત્યાં જાદવાસ્થળી થઇ. દયાળુ હરિ સ્વધામ પધાર્યા અને અર્જુનજી હસ્તિનાપુર આવ્યા, ધનંજયે યુધિષ્ઠિરને દ્વારીકા સંબંધી સઘળા સમાચાર કહ્યા તેથી પાંડવો તથા દ્રૌપદી, કુંતા વિગેરે અતિ શોક કરવા લાગ્યાં, પછી ધર્મરાજાએ અર્જુનજીને પૂછ્યું. પ્રભુએ તને બીજું કંઈ કહ્યું છે? ત્યારે પારથ બોલ્યો, અરે મોટાભાઇ, મારા વહાલા પ્રભુ મને મૂકીને સ્વર્ગમાં પધાર્યા. એમ કહેતો તે નીચે ઢળી પડયો. તે દેખીને ધર્મ નીકુળ સહદેવ, કુંતા તથા દ્રૌપદી સર્વ જણાં અતિ કલ્પાંત કરવા લાગ્યાં. એટલે કૃષ્ણજી પ્રગટ થયા.પ્રભુના પ્રગટ થવાથી મૂર્છિત થયેલાં સઘળા સાવચેત થયા અને તેમને પૂરણ પ્રેમ વડે શ્રીહરિનાં દર્શન કર્યા. પછી ધર્મરાજા બોલ્યા, હે દયાળુ, આપ તો વૈકુંઠમાં પધાર્યા પણ હવે અમારા ગરીબની શી વલે થશે તેનો આપ વિચાર કરો. એવું સાંભળી પ્રભુ યુધિષ્ઠિરને કહે છે,હવે કળિયુગનુ રાજ્ય બેઠું છે,માટે તેનાઅધર્મી વારામાંતમારાથીરહેવાય તેમનથી.છતાંજોતમે રાજ કરવાની ઇચ્છા રાખશો તો તમે આબરૂ ખોશો. વળી તમારું સત્ય સુકૃત ધોવાઇ જશે અનેછેવટે માઠુ પરિણામ આવશે.આ પ્રમાણે શ્રીહરિએ પાંડવોને ઉપદેશ કર્યો,તેથી પાંડવો ઘણા ઉદાસ થયા.એવામાં યુધિષ્ઠિર બોલી ઊઠયા,હે દીનદયાળુ,હવેઅમારે કેવીયુક્તિથી આયુગની બહાર નીકળવુ તેકૃપાકરીનેકહો.

આ અમારી પંચભૂતની દેહ અમારે કેવી રીતે તજવી ? જો વિષથી અમારી કાયા તજીએ તો આત્મહત્યાનું પાપ લાગે, માટે હવે અમારે શું કરવું તેનો કંઇ ઉપાય બતાવો. ત્યારે અંતર્યામી મનમાં આનંદ પામીને બોલ્યા, તમે શાસ્ત્રના આધાર વડે દેહ ત્યાગ કરશો તો તમને કંઈ બાધ આવશે નહિ. કાશીમાં કરવત મુકાવવાથી, ભૈરવ જવ ખાધાથી, સતી નારી પોતાનાં પતિની સાથે બળી મરે તેથી આત્મહત્યા બિલકુલ લાગતી નથી, વળી જો કોઇ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

માણસ હીમાળે જઇ પોતાનું શરીર ગાળે તો તેને શાસ્ત્રાધારે કંઇ પાપ લાગતું નથી. માટે તમે હીમાળે જઇને તમારો દેહ ત્યાગ કરો. હવે આ કળિયુગમાં તમારાથી ઘડી પણ ટકાવાનું નથી. એટલે યુધિષ્ટિર બોલ્યા, અરે દીનબંધુ, એ દુષ્ટ કળિયુગનાં લક્ષણ વિગેરે કૃપા કરીને કહો. એવું સાંભળીને શ્રીહરિ બોલ્યા, દિવસે દિવસે કળીનું જોર વધી પડવાથી ચાર વર્ણ બોળાઇ જશે. તથા ચારે આશ્રમ ધુળ ધાણી થઇ જશે,એવું સાંભળી ધર્મરાજા કહે છે, હે દીનાનાથ; પહેલું વિવેચન બ્રાહ્મણ વિશે કરો, એટલે કૃષ્ણ બોલ્યા, કળિયુગમાં બ્રાહ્મણો અતિ અદેખા થશે, તેમ થવાથી તેઓ કરરેખા જોઇ શકશે નહિ તેમ જ્યોતિષવિદ્યા પણ જાણી શકવાના નથી.વળી વેદશાસ્ત્ર ભણ્યા વિના માંહોમાંહ્ય નિંદા કરશે. વિદ્વાન લોકો વિદ્યાનું તત્વજ્ઞાન સમજ્યા વિના મોટાં ટીલાં ટપકાં કરીને માળાઓ ઘાલશે. વળી લોકોને ધુતવા માટે ભસ્મનો ભભકો રાખશે. લોકોને એક પાઇ માટે ધનવાન, પુત્રવાન, આયુષ્ય-વાન હજો એમ કહી જ્યાંથી ત્યાંથી લક્ષ્મી મેળવશે, એ પ્રમાણે બ્રાહ્મણ જુજ કિંમતે મોંઘું આપશે તેથી તેમનું બોલ્યું ઇશ્વર કદી માન્ય કરશે નહિ.

વળી ગોર થઇને યજમાનને ત્યાં દાસની પેઠે ફરશે અને તેનાં બાળકોને હિંચોળીને તેનું મન પ્રસન્ન રાખશે. વળી યજમાનને કાકા બાપા કહી કહીને દાસની માફક પોતાનું પેટ ભરશે. ગોર લોકો યજમાનની પાસેથી ઉતરેલા વસ્ત્ર માગીને પહેરશે, ટેકીલાની વૃત્તિઓ ભાગશે જ્યારે યજમાનને ત્યાં ટાણું આવે ત્યારે ગોર પોતાના સગાને નોતરાં દેશે; વળી યજમાનને ત્યાં પોતે પાસે રહીને એવી રસોઇ કરાવશે, જેથી બ્રાહ્મણો બિલકુલ તૃપ્ત થશે નહિ. જો કોઇ પોતાના સગાં વહાલાં સિવાયનો બ્રાહ્મણ જમવા આવશે તો તેના સામા દંતૈયાં કરીને પોતાનું પેટ પાસું બાળી નાખશે, વળી પોતે યજમાનને કહેશે, આ બ્રાહ્મણ જમાડે શું થવાનું હતું ? એ પ્રમાણે કહ્યા પછી જમનારા બ્રાહ્મણને સુંદિર સામગ્રી ઓછી પીરસાવી પોતે યજમાનનું ભલું તાકવા માટે બ્રાહ્મણને ભૂખ્યા રાખશે, પછી છેવટે વધારાનું સુંદિર ભોજન વધેલું નીચને હાથે જશે. એ પ્રમાણે ગોરયજમાનને વહાલો થવામાટે બ્રાહ્મણને પૂરણપ્રેમથી જમવા દેશે નહિ. વળીકેટલાક બ્રાહ્મણવગર નોતરે જમવા માટે નાદારને રાજા-ધિરાજ કહી વારંવાર કાલાવાલા કરશે. એ પ્રમાણે કર્મચંડાળ બ્રાહ્મણ નીચના ટુંકારા હુંકાર, ગાળો વિગેરે ખાઇને પોતાનું પેટ ભરશે. વળી પોતે શુદ્રનું એઠું ઢાંકવા માટે તેની પાછળ પાછળ ફરશે, એ પ્રમાણે પોતાના ધર્મ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તથા કુળની મર્યાદા તોડીને યજમાનનેરાજી કરવા માટેનીચાં કામ કરશે. વળી કેટલાક તો વહાણું વાયા એટલે નોતરાની આશા રાખીને બેસી રહેશે, કદાપી નોંતરું ન આવે તો નિસાસા નાંખીને મધ્યાહને રાંધશે, જ્યાં બ્રાહ્મણની રસોઈ થતી હોય ત્યાં જો યજમાનનું બાળ આવે તો બ્રાહ્મણના જમ્યા પહેલાં તેને રાંધેલુ અન્ન આપશે. એ પ્રમાણે યજમાનને વહાલો થવા માટે પોતાનો કુળ ધર્મ ખોશે, વળી હે રાજન બ્રાહ્મણ વિષે હજી વિશેષ કહું તે શ્રવણ કર. શુકલ બ્રાહ્મણ શુદ્રનું જમીને સર્વે દાન ગ્રહણ કરશે. તેને પોતાની ઊંચ પદવીનું ભાન રહેશે નહિ. બ્રાહ્મણો પોતાનું બ્રાહ્મણ પણું દર્શાવવા હંમેશાં ષટ કર્મ કરશે, પણ પોતાની જાતીનો ધર્મ ઘરબોળ ઘાલશે, વળી હંમેશાં લલાટે ભસ્મ ચોળીને ટીલાં તાણશે પણ પોતાની જાતીનો ધર્મ પાળી શકશે નહિ. છેવટે પોતાનો અવતાર એળે ગુમાવી લક્ષ્મી માટે લપોડ થઇને ફરશે. પોતે દશ શુદ્રનું રાંધીને જાતે એક જણ ભોજન કરશે તેમજ એક પાઇ દક્ષિણા માટે યજમાનને અતિશય આશીર્વાદ દેશે તેથી યજમાન પણ જાણે કે મેં બ્રાહ્મણ જમાડયો એ પ્રમાણે બ્રાહ્મણ વચમાં પડી પડીને પણ જમ્યા વિના રહેશે નહિ, પોતે યજ્ઞ, યાગાદિક, હોમ, હવન શોધવા સારું ફરશે, વળી એવી આશા રાખીને બેસી રહેશે કે કયારે પાઠ પૂજનનું તેડું આવશે? તેમ છતાં જો કોઈ પાઠ પૂજા કરવા બેસાડે તો ત્યાં ગપાટા મારશે, એ પ્રમાણે પાઠ પૂજા કરીને પોતાના યજમાનને અવળું સમજાવીને પ્રપંચથીધન હરણ કરશે. વળી જયાં હોમ હવન થતો હોય ત્યાં પોતાની સાથે પોતાના પક્ષના બ્રાહ્મણોને લઈ જશે, પોતાના અભણ સગાને વરુણમાં લઈ તેમને એવું બતાવશે, તમે ગૌમુખીમાં હાથ ઘાલીને બેસી રહેજો. એ પ્રમાણે કળિયુગમાં બ્રાહ્મણ પોતાની મેળે પોતાનું ઊંધું મારશે.એક પાઇ માટે લોકોનેકર્ણરાજાની ઉપમા આપી આશીર્વાદ દેશે. વળી પોતાના યજમાનને કહેશે, તમે તો મા બાપ તુલ્ય છો. અમારે તમારો આશરો છે. એ પ્રમાણે પોતે ભિખારીનાજેવાશબ્દોબોલશે.કેટલાકબ્રાહ્મણનીચાં દાન લઈ પ્રેત ભોજન કરશે. તેમજ શુદ્રનું સુતક ગયા પહેલાં તેનું અન્ન રાંધીને જમશે. વળી નીચ જાતી સાધુમાં મુડાઈને નગરનીપાસેઆવશે, તો બ્રાહ્મણોતેના દાસ થઇને તેની ઉપમા વધારશે. ને પોતે તે સાધુની પાછળ જમવા જવાની પૂર્ણ આશા રાખશે. તે બ્રાહ્મણ લોકોના ઘર આગળ કરી ફરીને કહેશે કે તે તો મોટા મહાત્મા છે. એ પ્રમાણે પાખંડી વેશધારીનો જયાં ત્યાં મહિમા વધારીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેની જોડે જમવા જશે. પહેલું બ્રાહ્મણને પીરસવું જોઈએ તેના બદલામાં પોતે સાધુને પહેલું પીરસાવશે, વળી પહેલા બ્રાહ્મણોને જમવા બેસાડવાને બદલે તેઓ પાખંડી વેશધારી સાધુ વિગેરેને જમવા બેસાડશે. એ પ્રમાણે તે વેશધારી સાધુને ચંદન ચરચાવીને તેને હાર પહેરાવશે. એ પ્રમાણે બ્રાહ્મણો પાસે રહીને નીચ વેશધારી સાધુની આગળ નમાવશે. તેમ પોતાનું ભૂષમ ખોઇ બેસીને પરનેઉપમા આપવા માટે અતિશય મહેનત લેશે. વળી પોતાની જાતે જાતનું પોત ઉઘાડું કરીને પોતાનાં છિદ્ર અન્યને બતાવશે. કેટલાક બ્રાહ્મણો વ્યસની વ્યભિચારી વિગેરે અનંત અવગુણ વાળા નીપજશે. વળીબ્રાહ્મણની સ્ત્રીઓપણબ્રાહ્મણની પેઠે ખભે ખડીઆ નાંખીને ઘેરઘેર ફરશે. તેમશુદ્રનીસ્ત્રીઓનીસુવવાડકરીને તેમનાં વસ્ત્ર પણ ધોશે. બ્રાહ્મણીઓ લોકોની ઘેર ઘેર જઈને સુતક શોષ ગણ્યા વિના રાંધણું રાંધશે. વળી યજમાન આગળ હસી રમીને પોતાના મા બાપની આબરૂના કાંકરા કરશે. બ્રાહ્મણીઓ કંઇકના વેવિશાળ છંડાવશે ને કંઇકનાં મંડાવશે. એવી અતિ ઉંત્પાતવાળી વામા નીપજશે. વળી બ્રાહ્મણીઓના બાળક પણ એવા નીપજશે. તેઓ દુરિજનના સંગે ચઢી જશે. તેઓ બેઉ છેડે પીતાંબર પહેરીને વિચિત્ર કેશ રાખશે. અને યવનની માફક પોતાનાં લલાટ ખુલાં લઇને ફરશે. તેમાં કેટલાક તો ધર્મ બહાર થઈને ભટકયા કરશે; વળી તેમને કોઈ મહારાજ કહેશે તો મીઠું લાગશે. તેઓ પોતાનું ઉપવીત કેડે કે કોટે ઘાલીને ફરશે. એ પ્રમાણે હે કુંતાપુત્ર,કળિયુગ બ્રાહ્મણોને કુબુદ્ધિઆપીને અવળે રસ્તે ચડાવશે. હવે તમને ક્ષત્રીઓ વિષે કહી સંભળાવું તે બરોબર શ્રવણ કરો.

કળિયુગના ક્ષત્રી ક્ષત્રીપણું ખોઇ બેસીને બહુ બળહીન થશે. વળી તેમની જાતિઓ પણ ભિન્ન ભિન્ન થઈને તેઓ કુળહીન થઈ જશે. તેમની બાણ વિદ્યા નિષ્ફળ થશે. તેઓ વ્યસની તથા લડાઇના કામમાં કાયર થશે. પોતાની સઘળી સત્તા ખોઇ બેસીને મિથ્યા ભૂપ કહેવાશે. તેઓ હંમેશાં રાતદિવસ રંગભોગમાં રહેશે. તેથી રાજપાટ નાશ પામશે અને તેમ થવાથી તેઓ કોઇની નોકરી કરીને તેમનું પેટ ભરશે. તેઓ ટંટાથી ત્રાસ પામીને નાસી જઇ પોતાનું ગુજરાન ચલાવશે. ક્ષત્રીઓ જાત કજાત જોયા વિના રૂપવાન સ્ત્રીને પરણશે. અને તેમાંથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થશે. પછી તે વર્ણસંકર ક્ષત્રીઓની ધર્મ ધ્યાન દાન પુન્યમાં મતિ પાછી પડશે. તેઓ બ્રાહ્મણને દુઃખ દઈને ભાટચારણ ગઢવી વિગેરેને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નચાવી ગવરાવી નર્કાનંદ ભોગવશે. તેઓ વેદ, શાસ્ત્ર પુરાણોને જુઠાં માનીને નાસ્તિકનો પંથ લેશે. ક્ષત્રીઓ યજ્ઞયાગાદિક તથા દેવ દેવસ્થાન ઊંચે મૂકીને નાયકાનો લહાવો લેશે. તેઓ બ્રાહ્મણનાં વરસાસનો તોડી નાંખીને પોતાનું પેટ ભરશે. કળીયુગમાં ક્ષત્રીઓ લડવૈયાને હાથ જોડીને કરગરી પડશે. તેઓ વિદ્યા ઉપર શ્રદ્ધા રાખ્યા સિવાય બ્રાહ્મણોની પરીક્ષા લેશે. વળી તેઓ લક્ષ્મી, લલનાનો લહાવો લેવાની સદા પોતાના મનમાં ચટપટી રાખશે, તેઓ ગૌબ્રાહ્મણનો તિરસ્કાર કરી પોતાના કુળને લાન્છન લગાડશે.ક્ષત્રીઓ ન્યાય-વિદ્યા છોડીને પક્ષપાતની વાત યાદ રાખશે,વળી તેઓ પોતાના ધર્મ ઉપરથી પ્રીતિ ઉઠાડીને યવનના ધર્મઉપર પ્રીતિ રાખશે.તેઓ હથિયારવિના ઠાલે હાથે દાસપણે પેટ ભરીને પોતાના દિવસ નિર્ગમન કરશે, એ પ્રમાણે કળિયુગ ક્ષત્રીઓની દુર્દશા લાવશે. ત્યાર પછી શ્રીહરિ વૈશ્ય સંબંધી વાત કહે છે.

વૈશ્ય જાતિ પોતાનો મૂળ ધર્મ છોડીને નારીની ખોટે નાદાર થઇને નીચ કર્મ ઉપજાવશે. તેઓ સ્વાર્થ બ્રહ્મભોજન તથા નાતરાંનો રિવાજ કરશે. વળી પોતાને ત્યાં ભિક્ષુક આવ્યો હશે તેને મુઠી અન્ન આપ્યા વિના પાછો કાઢશે. તેઓ બ્રાહ્મણના છિદ્ર જોઇ અતિશય નિંદા કરશે, વૈશ્ય ગણિત વિદ્યા શીખ્યા વિના ધુતારાનો ધંધો લઇ બેસશે, તેમને પારકાને નડીને નોકરી કરવાની મરજી થશે. તેઓ વહેવાર વેપાર છોડીને પોતાનો વખત ગાળાગાળી બોલીને લઢવામાં ગાળશે. જે અનાદિના ગુરુ નથી તેમને તેઓ ગુરુ માનીને પૂજશે, તેઓ બ્રાહ્મણ, બહેન જોયા વિના મીઠું મીઠું બોલીને દલાલી ખાઇ પોતાનું પેટ ભરશે. તેઓ લોકોનું લહેણું જમે માંડીને જગતમાં દયાળુ કહેવડાવશે. પછી પાછળથી પાપી લોકો પેટ ટાઢું રાખીને દેવાળું કાઢશે. તેઓ ધર્મને નામે ધન મેળવીને તેમાંથી પોતાનું પેટ ભરશે. વળી તેઓ ધર્મનું ધન જમે માંડીને વ્યાજનો વહેપાર કરશે.તેઓ જગતને બતાવવા માટે થોડું ઘણું વ્યાજમાંથી ખરચશે પછી બાકીનું સઘળું પોતાના ઘરમાં ખેંચી લેશે. એ પ્રમાણે પોતે જગતમાં પ્રમાણિક કહેવડાવશે. જો લોકો તેમને ત્યાં રૂપિયા વ્યાજે મૂકે તો તે નાણું જરૂર આડું અવળું ઓળવીને ભીખ માગતો કરશે. વળી તેઓ પોતાની જ્ઞાતિમાં સુંદર ભોજન કરાવશે, અને બ્રાહ્મણ જમાડવામાં કંજુસાઈ કરશે. વૈશ્યો બ્રાહ્મણોને એંઠવાડમાં બેસાડીને જગતના ભયથી તેમને ભોજન કરાવશે, તેઓ કદી પ્રભુ પ્રીત્યર્થે વાપરશે નહિ પણ માન મેળવવા માટે સારી રીતે વાપરશે.તેઓ ખોટાં તિલક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરી તથા માળાઓ ઘાલી ભક્તિનો રંગ દેખાડશે. વળી તેઓ વેશધારીને
વિશેષ માનશે,તેમ ચમત્કારો શોધવા માટે પોતાનો વખત ખોઇ બેસશે.તેઓ
પોતાના મનમાં દીનતા દયા લાવ્યા વિના અતિ અનીતિ આદરશે. કૃષ્ણજી
પાંડવોને કહે છે. હવે ચાર આશ્રમ સંબંધીની કથા ધ્યાન દઇને શ્રવણ કરો.
બ્રાહ્મચારી એવું નામ ધારણ કરીને પંચકેશ વધારીને ધનધાનના લોભી
થશે. તેઓ મિથ્યા વેશ રાખીને ધામ બાંધીને ધંધા કરશે. વળી જોતીષ જોઇ,
વૈદાં કરી દોરા ચિઠ્ઠી કરી પરાયાં ધન ધુતી ખાશે. તેઓ તિલક માળા
વિગેરેના ડોળા બતાવી અતિ અનીતિ કરશે. ગૃહસ્થી લોકો ભગત કે બ્રહ્મ-
ચારીનું ધન ફોસલાવી ખાશે. તેઓ એવા લંપટ બનશે કે હંમેશાં પ્રસાદની
આશા રાખીને બેસી રહેશે. વળી જગતને બતાવવા તીર્થયાત્રા કરવા માટે
જશે, તેઓ ધર્મ કર્યા વિના મોટાં ધામ બાંધીને અતિ વૈભોગ લેશે, વળી
જ્યારે તેમને ગંગાપૂજન કરવું હશે ત્યારે તેમનાં સગાંવહાલાનાં સીધાં
ગણ્યા પછી બ્રાહ્મણોને જ જમાડવાની વાત કરશે,તેમાં તેઓ મહેતાજીને નોત-
રશે કારણ કે તે છોકરાને ભણાવે, બીજા જોષીને નોંતરાવશે કારણ કે તેમનાં
વર્ષફળ તપાસે, ત્રીજા વૈદ્યને નોતરશે, કારણ કે તેમને ઔષધ આપે
અને ચોથો ગોરને, કારણ કે તેમના ઘરનું અથવા છોકરાના વિવાહ વિગે-
રેનું કાર્ય કરે. વળી પાંચમા પાડોશીને નોતરે કારણ કે તેમના કામકાજે
કેડ બાંધે. એ પ્રમાણે સઘળા ઓળખીતાને જમાડી જગતમાં જશ લેવા માટે
અભિમાનમાં ફરશે. વળી પોતાને ઘેરવિવાહ આવે ત્યારે વાજિંત્રો વગડાવીને,
નાયકા નચાવીને, ખાનપાન કરાવીને પોતાની અતિશય શ્રીમંતાઇ દર્શાવશે,
કદી વૃદ્ધનું મૃત્યુ થાય તો તેની રૂડે પ્રકારે સજ્યા પૂરીને તે પોતાની બહેનને
આપશે. એ પ્રમાણે સગાંવહાલાંને રાજી કરીને બ્રાહ્મણ સાથે વાંકું બોલશે.
વળી જગતમાં શોભા લેવા માટે વિપ્રના પૈસા વિપ્રને આપશે, એ પ્રમાણે
કળિયુગમાં ગૃહસ્થીની નીચ દૃષ્ટિ થવાથી મેઘ વૃષ્ટિ થશે નહિ, અને એમ
થવાથી આખી સૃષ્ટિ અતિ કષ્ટ પામશે, પછી શ્રીકૃષ્ણજી ધર્મરાજાને કહે
છે, હે રાજન, હવે વાનપ્રસ્થ વિષે યથાર્થ સાંભળજો. જે વાનપ્રસ્થ ધારણ
કરશે તે એમ કહેશે કે હું વાનપ્રસ્થ પાળું છું પણ તે નગર સમીપ
રહીને સઘળી ગૃહસ્થની આખી રીતી રાખશે, કળિયુગમાં વાનપ્રસ્થ પાળનાર
કોઇક જ હોય છે, હવે સંન્યાસી વિષે યથાર્થ સાંભળો. કળિયુગમાં જે
સંન્યસ્ત લેશે તે એવા પ્રકારથી કે તેને સંસારમાં ગમે તે જાતનું દુઃખ હશે.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નાની વયમાં અધિકાર નથી છતાં તે સંન્યસ્ત લઇ શાસ્ત્ર વિરુદ્ધ વર્તશે. પોતાના મનમાં બિલકુલ શ્રદ્ધા ધારણ કર્યા સિવાય હરીફરીને ભગવો વેશ રાખીને ઘેર ઘેર ભટકી ખાશે. તે બ્રાહ્મણ ઉપર દ્વેષ રાખશે. અને પારકાનું સુખ દેખી અતિ કલેશ કરશે. એમ કરતાં કરતાં થોડા દિવસ દંડ રાખી પછી પરમહંસ દીક્ષા લઈ પ્રપંચથી ધન મેળવશે. વળી અતિશય સેવક મુંડીને ઊંચ નીચ સઘળાને ઉપદેશ આપશે, સંન્યાસીઓ લોકોનાં ભોજન ખાઈ-પીને રામા સાથે રંગ રમશે. તેઓ સ્ત્રીઓને ઉપદેશ કરીને પોતાની સેવા કરાવશે. વળી મોટા મોટા ધામ બાંધીને ઢોલીઆમાં આરામ લેશે. તેઓ લોકો પાસે પંખા કરાવીને અભિમાન દર્શાવશે. તેઓ નહિ જવાની જગાએ જઇને અતિ વિકારી થશે., જો કોઇ તેમને ઉવેખશે તો તેમની સાથે લડવાડ કરશે. તે પોતાની ભૂમિ છોડીને તથા વેશ બદલીને બીજી જગાએ જઈ સાધુ-પણું બતાવી મુઢ માણસોના ગુરુ થાય છે. તેથી અજ્ઞાની લોકો તેવા ઢોંગીને પગે લાગે છે. ખરું જોતાં એમ બનવાથી તેઓ નર્કમાં જાય છે. વળી કળિયુગમાં સાધુ વેશ ધારણ કરીને અનંત પાખંડીઓ દેશ વિદેશ ભટકશે, તેઓ જંગી ભંગીપણું રાખીને નારી વિના નિસાસા નાંખશે, પણ જગત આંધળું થઈને તેમની સેવા કાર્ય કરશે. દુનિયા તેની કરણી જોયા વિના એકદમ વખાણ કરવા માંડશે. એ પ્રમાણે પાપી કળિયુગ સત્યનો નાશ કરીને અસત્યપણું પ્રસરાવશે. વળી કળિયુગમાં અનંત અસત્ય પંથ નીકળશે, તેવા પંથોને કળી સત્ય મનાવશે. સંસારી પ્રપંચ રહિત સાચો હશે, પણ સઘળા લોકો તેને કાચો જાણશે. અને કોઈ વેશધારી પાખંડી હશે, તેને દુનિયા બાપજી કહીને પગે લાગશે. આ પ્રમાણે કળિયુગમાં અતિ અંનીતિ થશે. વળી કળિયુગના રાજાઓ હરામની નજર રાખીને રૈયત પાસેથી સઘળું ધન લઇ લેશે. રાજાએ પોતાની પ્રજાની સ્ત્રીઓને પુત્રી માફક ગણવી જોઇએ, તેના બદલામાં પોતે કુદૃષ્ટિ કરશે, મેઘરાજા દેખા દેશે (વાદળા વિગેરેનો ડાક ડમાળ કરશે) પણ જળ વૃષ્ટિ બિલકુલ કરશે નહિ. તેમ થવાથી અવનીમાં રસકસ રહેશે નહિ તેથી અન્ન પણ પૂરેપૂરું પાકશે નહિ.કદાપિ અન્નનો પાક દેખાશે પણ આખર અધુરો પાક ઊતરશે. પિતા પુત્રીની સાથે જાર રમશે અને ભાઈ ભગિનીની સાથે રમશે. તેમજ પુત્ર પત્નીને વશ થઇને પોતાનાં માત તાતને તરછોડશે. પુત્ર કુટુંબ સાથે કલેશ કરીને સાસરિયાંની સાથે રાગ રાખશે. તેમજ ચારે વર્ણને એક

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જાણીને પોતાનો દેહ ભ્રષ્ટ કરશે. ધનવંત લોકો ગરીબના રૂપિયા જમે માંડીને છેવટ દેવાળું કાઢી બિચારાઓને ભીખ મંગાવશે. કપટનાં કાંધાં તથા કપટના કાગળો બનાવીને લોકોને જૂઠા પાડશે. જ્ઞાતિઓમાં પીરસનારા વગીઆ કરી પોતાનું પેટ ભરશે. કજીયા ટંટા કરીને જ્ઞાતિમાં શેઠ થઇ પડશે. પંગતીમાં એક જણ જમશે અને એક જઇ જોઇ રહેશે, વળી લોકો ઘીના ભેગું તેલ મેળવીને નૈવેદ્ય ધરાવશે તેમજ બ્રાહ્મણને તેઓ ભિખારી ગણશે અને દેવ દેવસ્થાનને દુકાનો માનશે,તેઓ હોમ હવનને પાખંડ માનીને મહા મસ્તાન થઇ જશે. ગૃહસ્થ લોકો ગરીબને મારવા દોડશે અને પોતાથી જબરા હશે તેનાથી નાસી જશે, વૈશ્ય વર્ણ તીર્થવાસીનો ઢોંગ જણાવીને ભીખ માગી ખાશે. એ પ્રમાણે કળિયુગનાં અનેક પ્રચંડ, પાખંડ અને કપટબાજી ચાલશે. વળી લોકો પારકાના ઉપર પ્રીતિ રાખશે અને વહાલાં ઉપર વેર રાખશે. લોકો પાપના કામમાં આગળ ધાશે અને ધર્મના કામમાં પાછા પડશે, વળી કેટલાક બાધાઓ રાખીને એમ કહેશે, આગળ કરીશું.એ પ્રમાણે કહીને દેવના બંધન થશે. તેવા કર્મના કરનારા ઘણા જ ભિખારી થશે છતાં તેમને સાન આવશે નહિ. એવા એવા અજ્ઞાની લોક જગતમાં કીર્તિને સારુ દાની ધ્યાચી બનશે, વળી શુદ્ર લોકો શ્રદ્ધા રાખીને અતિ આચાર પાળશે. શુદ્ર પોતાના મનમાં એવા ભય ધારશે કે આ અવતાર આવો ભોગવીએ છીએ, માટે પાપ કર્યા વિના આપણો વખત હરિભજનમાં ગાળવો જોઇએ. એ પ્રમાણે તેઓ કળિયુગમાં ધર્મ ધ્યાનમાં કુશળ રહેશે, વળી અનેક જાતના રોગ વધી પડવાથી લોકો બરોબર વૈદક શાસ્ત્ર જાણી શકશે નહિ. તેમજ દુનિયા જોતીષ શાસ્ત્રને જુઠ જાણીને તર્કને વખાણશે. એવું પ્રભુનું બોલવું સાંભળીને ધર્મરાજા બોલ્યા, અરે દયાળુ હરિ, કળિયુગમાં તદ્દન ઊંધું થશે ? હે હરિ, શું ઉત્તમ વર્ણ નીચ કર્મ કરશે ? આવાં વચનોને હું સત્ય કેવી રીતે માની શકું ? અરે પ્રભુજી, મને આ સઘળી વાત અસત્ય લાગે છે એવું સાંભળી શ્રીહરિએ કહ્યું, હે ધર્મરાજા, જો તમારે પરીક્ષા જોવી હોય તો તમે પાંચે ભાઇઓ ગરથી એક યોજન છેટે જાઓ. પછી તમે ત્યાં બેસજો અને તમારા ચાર ભાઇઓને ચારે દિશાએ મોકલજો. તેમાં તમે તમારા ભાઇઓને મોકલતી વખત એટલું કહેજો, બંધુઓ, તમે જ્યાં જાઓ ત્યાંથી વહેલા આવજો. એમ કહીને હરીએ પાંચે ભાઇઓને દરવાજા બહાર મોકલ્યા. ધર્મરાજા એક યોજન દૂર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જઈ ને નિરાંતે બેઠા. એટલે વૃકોદર પૂર્વ દિશાએ ગયો. અર્જુન ઉત્તરમાં ગયો. સહદેવ દક્ષિણમાં ગયો. અને નીકુળ પશ્ચિમ દિશાએ ગયો. હવે જયાં ભીમસેન ગયો છે, ત્યાં એક નગર આવ્યું. ત્યાં વૃકોદરે ભાઇ ભાઇને લડતા જોયા. છેવટે તેઓ બંને ભાઇઓ રાજાને ત્યાં ફરિયાદ કરવા ગયા તેમાં એક જણ બોલ્યો, હે રાજન, મારી એક એવી અરજ છે કે મેં મારી પુત્રી સામાને આપી તેના સાટામાં તે પરણ્યો હતો. પણ તે સ્ત્રી મરણ પામવાથી હું હાલ ઘણો દુઃખી થાઉં છું, હવે મારા ભાઇને એક પુત્રી છે, તે પુત્રીને મારો ભાઈ મને પરણાવા માટે મારા સાટામાં આપતો નથી. માટે હે ભૂપતિ, આ વિષે વિચાર કરી મને યથાર્થ દાદ આપો. એ રીતે કળિયુગમાં સાટા કરીને જગત પરણશે. કાંતો કન્યાવિક્રય કરશે. એટલે ભીમસેન એવું સાંભળીને તરત ત્યાંથી વિદાય થયો. હવે અર્જુનજી ઉત્તર દિશામાં ગયો છે ત્યાં જતાં જતાં એક નગરી આવી તેમાં એવું હતું કે તે નગરીના બજાર તથા ઘરબાર વિગેરે ઘણાં જ સુંદિર પણ તેમાં કોઇ મનુષ્ય રહેતું નથી. એ પ્રમાણે જોતો જોતો અર્જુનજી રાજ મહેલમાં ગયો. ત્યાં તેણે એક હીંચોળાખાટ ઉપર કાગ કાગડીને ચોપાટ રમતાં દીઠાં. વળી તે બંનેને હંસ પક્ષી હીંચોળે હીંચોળીને પવન ઢોળતો હતો. એ રીતે ધનંજયે ધોળેદિવસે ઊંચને નીચની સેવા કરતો જોઈને પોતાને રસ્તે આવ્યો. આ વાતનો હેતુ એવો છે કે કળિયુગમાં ઊંચ જાતી નીચ જાતની સેવાચાકરી કરશે. હવે સહદેવજી દક્ષિણ દિક્ષાએ ગયા છે ત્યાં પણ તેમણે ચમત્કાર જોયો. તેમણે એવું જોયું કે બ્રાહ્મણો બાવળ પાસે બેસીને મેલડી ઝાંપડીની ચંદન ચોખાથી સેવા કરે છે. તેથી તે નિરાશ થઈને ત્યાંથી પાછા વળ્યા. આ વાતનો હેતુ એવો છે કે ઇશ્વર મૂકી મેલડી ઝાંપડી, ભૂત પ્રેતની સાધનાઓ કરશે, હવે નીકુળજી એક ગામમાં ગયો છે ત્યાં તેમણે એક પવિત્ર પતિનેએક અબળાનો માર ખાતો જોયો, તે જોઇને નીકુળજી ધર્મરાજાપાસે જવાનીકળ્યા. આવાતનોએવો હેતુછેકે કળીમાં અવળું કાર્ય થશે.

હવે જયાં યુધિષ્ઠિર રાજા બેઠા છે ત્યાં એવું બન્યું કે તે જ સ્થળે આઠ કુવા ઉભરાવા લાગ્યા. તે કૂવાઓનું પાણી ઉભરાઇ નવમા કુવામાં ભેગું થાય છે, પણ તે પાણીને પૃથ્વી ચુસી લેછે તેથી કૂવો ઉભરાતો નથી, ધર્મરાજાએ તે જોઈ વિચાર કર્યો કે કળિયુગમાં બાર મેઘ વરસે પણ પૃથ્વી તે સઘળું પાણી એવું ચુસી લેશે કે જેથી બિલકુલ ભેજ રહેશે-નહિ. એમ વિચાર કરે છે. એટલામાંચાર ભાઈઓ આવ્યા. પછી જયાં પાંચેભાઈ ઓ ભેગા થયા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એટલે સઘળા એકએકને પોતપોતાની હકીકત કહેતા કહેતા શ્રીકૃષ્ણજી પાસે ચાલ્યા. જ્યાં જગતપતિ બીરાજ્યા છે ત્યાં પાંચે જણ આવીને નમી પડયા. ત્યાર પછી પાંચે ભાઇઓ ઘણી જ દિલગીરી સાથે પ્રભુને તેમની હકીકત કહેવા લાગ્યા. તેમનું બોલવું સાંભળીને પ્રભુ બોલ્યા હે પાંડવો, હવે તમારે આ દુનિયામાં રહેવું યોગ્ય નથી. માટે જરૂર તમે હિમાળે જઈ તમારો દેહત્યાગ કરો. પછી શિખર પાસે મારું સ્થળ છે ત્યાં તમે આવો. એ પ્રમાણે શ્રીહરિ પાંડવોને કહીને અંતરધ્યાન થઇ ગયા. પ્રભુના પધાર્યા પછી ધર્મરાજાને અતિ દુઃખ થવા લાગ્યું. પ્રાતઃકાળ થયો ત્યારે કુંતાના પુત્ર જાગી ઊઠયા, પછી ધર્મ-રાજાએ પોતાના ખટકર્મથી પરવાર્યા બાદ તેમના ચાર ભાઇને તેમની પાસે બોલાવ્યા. પાંચે ભાઇઓ ભેગા થયા એટલે યુધિષ્ઠિર ભીમસેનને કહે છે, વીર, દુષ્ટ કળિયુગથી હું ત્રાસ પામીને હિમાલય જાઉં છું, માટે તમને એક કામ બતાવું તે પ્રમાણે તમે કરો. તમે ખુશીથી આપણી રાજગાદી ઉપર બેસીને પ્રજાને પુત્રની પેઠે પાળજો, વળી આપણા કુળની રીત પ્રમાણે ગૌબ્રાહ્મ-ણની સેવા કરજો. તેમ આપણા વૃદ્ધ માતાની તમે રૂડે પ્રકારે ચાકરી બજાવજો. અન્યાય કરીને કોઇનું ધન હરશો નહિ, એવાં ધર્મરાજાનાં વચન સાંભળી ભીમસેન બોલ્યો, મોટાભાઇ, તમે જે શિખામણ મને આપી તે તો મેં મારે માથે ચઢાવી. પણ તેમાં મારે એક આપને અરજ કરવાની છે કે કીયો નિર્ભાગી માયાપદને પકડીને પ્રભુપદને તરછોડે? જેવું પ્રભુપદ તમને વહાલું છે, તેવું મને પણ વહાલું છે, માટે હે વીરા, હું તો તમારી સાથે આવીશ. મારે રાજ્યની અપેક્ષા નથી. હું હિમાલય જવા માટે ઘણો ખુશી છું.

એવું ભીમસેનનું બોલવું સાંભળીને ધર્મરાજાએ પારથને કહ્યું, હે ધનંજય, તમે દ્રૌપદીને ઉછંગે લઇને રાજગાદી ઉપર બીરાજો. એવું સાંભળી અર્જુનજીએ જવાબ આપ્યો, અરે ધર્મરાજા, આપનું કહેવું કબૂલ કરું છું પણ હવે મને આ વહેવાર ઉપાધી બિલકુલ રુચતી નથી, ઘણા વરસ મિથ્યા માયાને સાચી માની પણ આખર તે તો જુઠી ઠરી. માટે હું તમારી સાથે હિમાલય આવીશ. એટલે યુધિષ્ઠિરે સહદેવને કહ્યું, હે જોષીજી, તમે ત્રિકાળ જ્ઞાની છો માટે તમારામાં કદી અજ્ઞાન પ્રવેશ કરશે નહિ, તેટલા વાસ્તે તમે ખુશીથી રાજ્ય કરો. એવું સાંભળી સહદેવજીએ જવાબ આપ્યો, મોટા ભાઈ, હવે હું આ દુનિયાથી કંટાળ્યો છું માટે હું પણ આપની સાથે હિમાલય આવીશ. એટલે યુધિષ્ઠિર નીકુળજીને કહેવા લાગ્યા, તમે કનિષ્ટ બંધુ છો, માટે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમારે રાજગાદી ઉપર બેસવું જોઇશે. એવું સાંભળી નીકુળજી બોલ્યા, વહાલા વીરા, મને રાજ્યની બિલકુલ ઇચ્છા નથી, હું પણ પ્રભુપદ પામવા તમારી જોડે આવીશ. પછી ધર્મરાજા દ્રૌપદીને કહે છે,હે સ્ત્રી, તારા જેવી સતી કોઈ નથી, તેથી હું ઘણો ખુશી થાઉં છું,હવે તને એટલું કહું છું કે આપણા અભિમન્યુનો પુત્ર પરીક્ષિત છે. તેને ગાદી ઉપર બેસાડીને તું એની સંભાળ રાખજે. એવું સાંભળી દ્રૌપદી બોલી ઊઠયાં, સ્વામીજી, કંથ વિનાની સ્ત્રીનું જીવવું વૃથા છે. વળી દુષ્ટ કળિયુગ મારું સત્ય ભંગ કરાવે તો તમને લાંછન લાગે, માટે મને તમારી સાથે વઇ જાઓ, નહિ તો હું મારા પ્રાણ તજીશ. વળી હે સ્વામી, સ્ત્રીનો ધર્મ છે, તે તમે સમજો છો, છતાં કેમ ભૂલ ખાઓ છો?પ્રેમદાએ પોતાના પતિને પ્રભુતુલ્ય સમજવાનો છે, જો સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરીને પ્રભુને ઝાલે તો નિશ્ચય દયાળુ હરિ તેને કદી મુક્તિ આપતા નથી. માટે દરેક સ્ત્રીએ વિચારવું. પહેલો કંથ ને પછી પ્રભુ, આ પ્રમાણે વર્તવાથી જરૂર પ્રેમદાનું કલ્યાણ થાય છે. સ્ત્રી કંથને કકળાવીને મંદિર જાય છે તેને કીટ હત્યા લાગે છે.જો લલના મહારીસ આણીને તેના કંથને વઢે તો તેને ગુણકા તુલ્ય ભક્તાણી જાણવી. કોઇ સ્ત્રી કંથની સેવા વિના મોક્ષ પામતી નથી. માટે સ્ત્રીએ પોતાના પતિને સદા આનંદમાં રાખવો. એવું સાંભળી ધર્મરાજાએ વિચાર્યું દ્રૌપદી રહેવાની નથી, માટે તેને હિમાલય લઈ જઇશું. એમ ધારી પોતે સતીને કહ્યું, હે દ્રુપદની બાળા, તું જરૂર હિમાલય આવજે. એમ કહી ધર્મરાજા કુંતાને પગે લાગીને કહેવા લાગ્યા, હે માતા, અમને હિમગિરિ પર જવા માટે આજ્ઞા આપો, એવું સાંભળી કુંતાની આંખમાંથી ચોધારે આંસુ ચાલ્યાં. પોતે મનમાં વિચાર કરે છે, અરેરે,હું વૃદ્ધ છું તેથી મારાથી કેવી રીતે હિમાલય જવાય? જો આપઘાત કરું તો મારા પુત્રોને દુનિયામાં લાંછન લાગે, એ પ્રમાણે પોતે હજારો વિચારો કરીને અતિશય રડવા લાગ્યાં, તેથી ધર્મરાજા બોલ્યા, હે માતા, જો તમે અમારાં વહાલેશરી હો તો અમને હિમાલય જવાની આજ્ઞા આપો, વળી એટલું તમને કહું છું કે આપણા પરીક્ષિત બાળને રાજગાદી ઉપર બેસાડીને તમે તેની સંભાળ રાખજો.

એમ માતાને સમજાવીને ધર્મરાજાએ નિશ્ચય કરી બ્રાહ્મણોને બોલાવ્યા. બ્રાહ્મણોના આવ્યા પછી ધર્મરાજાએ પરીક્ષિતને રાજ્યાસન ઉપર બેસાડવાની તૈયારી કરી, સઘળી વિધિ સહિત બ્રાહ્મણોના આશીર્વાદથી યુધિષ્ઠિરે પરીક્ષિતને રાજગાદી ઉપર બેસાડયો.એ પ્રમાણે પરીક્ષિત રાજ્યાસન ઉપર બેઠો તેથી જય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જયકાર થઇ રહ્યો.સઘળી પ્રજા પરીક્ષિતને પુષ્પથી વધાવે છે,એ પ્રમાણે આનંદ ઉત્સવ થવાથી ધર્મરાજા તથા દ્રૌપદીના મનમાં અતિ આનંદ થયો.પરીક્ષિતની કીર્તિ ગામો ગામ ચાલી રહી, પરીક્ષિતની કીર્તિ ગાદી ઉપર બેઠા પછી ધર્મ-રાજાની માફક શશી જેવી દેખાવા લાગી. તેથી પરીક્ષિતની શોભામાં કઇ મણા રહી નહિ. અભિમન્યુના સુતને ગાદી ઉપર બેસાડવાથી જય જયકાર વર્તાઇ રહ્યો, ધર્મરાજાએ પરીક્ષિતને રાજ્યાસન ઉપર બેસાડી બ્રાહ્મણોને વિધિ સહિત અપાર દાન આપ્યાં.

વિશ્રામ પહેલો.

રાજ્યાસન બીરાજ્યો, અભિમન્યુનો બાળ;
વલ્લભ વાણી ઓચરે, જય ધર્મિષ્ટ ભૂપાળ.

જયમુનિ જનમેજય રાજા પ્રત્યે કહે છે, હે ધર્મિષ્ટ રાજન, યુધિષ્ઠિરે વડાપ્રધાનને એવી સોંપણી કરી, તમે રૂડા પ્રકારે રાજ્ય ચલાવીને ન્યાય રીતે વર્તજો. વળી કહ્યું, પ્રધાન, તમે પરીક્ષિતને તમારા બાળ જેવો જાણીને તેની સંભાળ રાખજો. કળિયુગ બેઠો છે, તેથી તે તમને કુબુદ્ધિ આપશે. પણ જરા વિચાર કરીને ચાલશો તો પ્રભુ તમારા ઉપર રાજી રહેશે.એ પ્રમાણે પ્રધાનને શિખામણ દઇને ધર્મરાજા કુંતા સતીની પાસે ગયા. ત્યાં જઈ કુંતા માતાને કહે છે. હે માતુશ્રી, અમારી સુગતિ થવાની છે. માટે અમને હિમાલય જવાની આજ્ઞા આપો. અમે તમારી કંઇ સેવા ચાકરી કરી નથી, અમે તમને ઘણાં દુઃખી કર્યાં છે, એ હું કેમ ભૂલીશ ? અમે પાંચે પુત્રો નિવૃત્તિથી કદી તમારી પાસે બેઠા નથી, હે માતા, તમારો અતિ ઉપકાર અમારાથી ભૂલાતો નથી. પણ હવે કળિયુગ બેઠો છે માટે હે માતા, અમને જવાની આજ્ઞા આપો તો બહુ સારું. એવાં પુત્રોનાં વચન સાંભળીને કુંતાજી અતિ ઉદાસ થઇને કહેવા લાગ્યા, પુત્રો, તમે આ શું બોલો છો ? એમ કહી પોતે ચોધાર આંસુએ રડવા લાગ્યાં, અરે ઈશ્વર, હું આપની પાસે એટલું માગું છું કે મને આ વખત મૃત્યુ આપો, મારા પુત્રો મને જીવતી મૂકીને મરવા માટે પધારે છે તે મારાથી સહન થતું નથી.હે દયાળુ, જો તાંતણો હોત તો હું તોડી નાખું પણ આ તો પંચભૂતની કાયા છે માટે તે સઘળું આપના હાથમાં રહેલું છે.વળી કુંતાજી છાતી માથાં કુટીને કહે છે,હે વિશ્વંભર, સઘળાં મરણ પામ્યાં ને હું એકલી આ દુઃખી દુનિયામાં પડી રહી છું માટે મારા ઉપર કૃપા કરી મને આપની પાસે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બોલાવી લો. એવું સાંભળી ધર્મરાજા બોલ્યા, હે માતુશ્રી શ્રીહરિએ મિથ્યા માયા મૂકી છે. આ દુનિયામાં માત, ભ્રાત, પુત્ર, પરિવાર કોઈ કોઇનુ નથી સર્વે માણસને સઘળું મૂકીને ચાલ્યા જવાનું છે, માટે તે ઉપર અરુચિ રાખીને પ્રભુપદને યાદ કરવું એ સર્વેથી ઉત્તમ છે, વળી હે માતા, જેમ સાપ પોતાની કાંચળી ઉતારે તેમ જીવ પોતાનો દેહ ઉતારી નાંખે છે, આત્મા કદી મરતો નથી તેમ અવતરતો નથી માટે તેને અખંડ જાણીને તમારો શોક દૂર કરો. અમે તમને હિમગિરિએ લઈ જાત પણ તમે વૃદ્ધ છો તેથી તમારાથી અમારી સાથે ચાલી શકાશે નહિ. માટે હે માત જ્યારે પોતાનું શરીર અશક્ત હોય ત્યારે પોતાના સ્થળે બેઠા બેઠા હરિભજન કરવું. વળી તેવા પ્રાણીએ સંપત પ્રમાણે પુણ્ય કરી આ માયાને મિથ્યા સમજવી. જે જીવ હું ને મારું કર્યા કરે છે. તે જીવ મોક્ષ પામ્યા વિના આ દુઃખી માયામાં વારંવાર ભટકયા કરે છે માટે હે માતા, અહં મમતાને દૂર કરીને અમને જવાની આજ્ઞા આપો. તમે રુદન કરો છો તે અમારાથી જોવાતું નથી, એવું યુધિષ્ટિરનું બોલવું સાંભળીને કુંતાજી બોલ્યા, અરે પુત્રો, હવે મને સાચું લાગ્યું. આ સગપણ સઘળું નિરર્થક છે માટે હું તમને પ્રભુપદ પામવાની ખુશીથી આજ્ઞા આપું છું. એમ કહી સતીએ પુત્રોના મસ્તક ઉપર હાથ મૂકયો, જ્યાં મારાપણું જતું રહ્યું, એટલે કુંતાજીએ સઘળા લોકના દેખતાં પોતાના પુત્રોને હિમાલયે જવાની આજ્ઞા આપી ત્યારે પાંચ ભાઇ તથા દ્રૌપદી સતી છએ જણાં કુંતાજીને પૂર્ણ પ્રેમથી પગે લાગીને તથા દુનિયાને દંડવત કરી પોતે હરિ ગુણ ગાતાં નગર બહાર નીકળ્યા.

તેઓ થોડેક દૂર ગયાં એટલે અર્જુન, ભીમસેન, સહદેવ તથા નીકુળ, દ્રૌપદી વિગેરેને અતિ દુઃખ થવા લાગ્યું. તેઓને સુખ, વૈભોગ, માત, નગર વિગેરે યાદ આવવા લાગ્યું, એને તેથી તેઓ પોતાના મનમાં મૂઝાવા લાગ્યાં. એ પ્રમાણે પાંચે જણને ટળવળતા જોઇ ધર્મરાજા બોલી ઉઠયા, અરે ભાઇ, તમારે ને મારે બનવાનું નથી, માટે તમે જુદે રસ્તે થઇને મને હિમાલયમાં મળજો ત્યારે અર્જુને હાથ જોડીને કહ્યું, અરે મોટાભાઇ, અમારો, શો અપરાધ છે? એટલે યુધિષ્ઠિરે જવાબ આપ્યો, માયાનું ચિંતવન કરવાથી ઘણો બાધ આવે છે. એવું સાંભળી પારથ બોલ્યો, હે મોટાભાઇ, તમે કહો તેમ કરીએ પણ અમે તમારા વિના ડગલું ભરવાના નથી. જેમ માછલું પાણી વિના રહી શકતું નથી તેમ અમે તમારા વિના જીવી શકવાના નથી, જો તમે અમને તરછોડશો તો અમે અમારા પ્રાણ તજી દઇશું. એવાં અર્જુનનાં વચન સાંભળી ધર્મરાજા બોલ્યા,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જો તમારે મારી સાથે આવવું હોય તો રામ નામ સિવાય બીજી કંઇ વાત કરશો નહિ તમે ચાર ભાઈ તથા સતી પ્રભુનું સ્મરણ કરતાં મારી સાથે ચાલો. વળી કહ્યું, અરે ભાઇઓ, આપણે મોહ માયા પાછળ મૂકીનેઆગળનું અખંડ સુખ યાદ કરવું જોઈએ. એટલે સર્વ ભાઇઓએ નિશ્ચય કર્યોકે મનમાં દુઃખ ધારણ કર્યા વિના હિમાલય જવું તે ઠીક છે. એમ મન વાળી સઘળા મૌન ગ્રહીને હિમાલયને રસ્તે ચાલ્યાં. દ્રૌપદી સતી દૃઢ વૃત્તિ રાખીને પોતાનાં પતિનું સ્મરણ કર્યા કરે છે તેઓ તાપ, તડકો, વાયુ વિગેરેનું દુઃખ સહનકરતાં કરતાં ચાલ્યાં જાય છે. વળી તેમને ક્ષુધા લાગે છે. એટલે વનફળ તોડીને ખાય છે, અને સરોવર આવે છે ત્યાં પોતાની તૃષા છીપાવે છે. એ પ્રમાણે ચાલતાં ચાલતાં થાક લાગે છે એટલે તેઓ ટોળે મળીને એક વૃક્ષ નીચે બેસી આરામ લે છે. પછી પાછા સાવચેત થઇને પોતાના પંથે ચાલ્યાંજાય છે.

એ પ્રમાણે પાંડવો તથા દ્રુપદની બાળા સઘળા ભગવાનના ભજનની ધુન ચલાવતાં ચલાવતાં આગળ ચાલે છે. વળી તેઓએ પોતાના મનમાં નિશ્ચય કર્યો છે, ચૈતન્ય આત્માને બિલકુલ દુઃખ સુખ નથી, પણ જે પ્રાણી અજ્ઞાનતાથી દેહની સગાઇ માનીને સુખ દુઃખ માને છે, પ્રાણી સદા માયામાં ને માયામાં કુટાયા કરે છે. પાંડવો જ્યાં રાત્રિ પડે છે ત્યાં પોતાનો નિવાસ કરેછે. અને પ્રભાતે પોતાને રસ્તે ચાલે છે. એ પ્રમાણે તેઓ કાયાને અતિ કષ્ટ આપે છે. વળી આગળ ચાલતાં ચાલતાં મોટા પહાડ ગુફાઓ ધોધો વિગેરે અનેક અડચણો આવે છે. પણ તેઓ મનમાં કંઇ પણ દુઃખ માન્યા સિવાય આગળ ચાલ્યાં જાય છે. પાંડવોને હિમાલય જતા જોઇ સ્વર્ગના દેવતાઓને તેમનાં દર્શન કરવાની ઇચ્છા થઇ, ત્યારે ઇંદ્ર રાજાએ કહ્યું, અરે દેવ લોકો હમણા જરા ધીરજ રાખો. આપણે તેમની પરીક્ષા લીધા વિના તેમના દર્શન કરવાં ઠીક નથી. એમ કહી ઇંદ્રરાજાએ સ્વર્ગમાંથી અપ્સરાઓને બોલાવીને કહ્યું, તમે નાટારંભ કરીને પાંડવોનું સત્ય ભંગ કરો, મન વિહવળ કરો. એવું સાંભળીને અપ્સરાઓ ઇંદ્ર રાજાની આજ્ઞા લઈને પાંડવનું સત્ય ભંગ કરવા માટે ચાલી, પછી જ્યાં પાંડવો ચાલ્યા આવે છે, ત્યાં તેમના રસ્તે અતિ નખરા સહિત નૃત્ય કરવા લાગી, પાંડવો તેમના સામું જોઈ રહ્યા છે પણ તેઓ પોતાના મનથી તુચ્છ સમજે છે. અપ્સરાઓએ ઘણી રીતથી નૃત્ય કરીને પાંડવોને છળવા ધાર્યા પણ તેઓનું કંઈ ચાલ્યું નહિ. છેવટે વારાંગનાઓ નગ્ન થઇને નૃત્ય કરવા લાગી એટલે પાંડવોએ તરત નીચું ઘાલ્યું, એટલે અપ્સરા-

Kirtikant Sharma Collection, Najafgarh.

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એએ થાકીને પોતાનાં વસ્ત્ર પહેરી લીધાં. ત્યાર પછી તેઓ સ્વર્ગમાં જઇસર્વ દેવોને કહેવા લાગી. અમો ગમે તેવાને વશ કરીએ પણ આ તો બિલકુલ મોહીત થયા નહિ. હે ઇદ્રરાજા, આવા દૃઢ મનવાળા આજ સુધી અમે કોઇને નિહાળ્યા નથી. એ સતીના પુત્રોનાં દર્શન કરે તેનાં જરૂર પાપ બળીને ભસ્મ થાય, તેમાં કંઇ સંશય નથી. એવું અપ્સરાનું બોલવું સાંભળી ને દેવોએ વૈમાનમાં બેસીને અંતરીક્ષથી પાંડવોનાં દર્શન કર્યાં. પાંડવો તો પોતાના પંથે ચાલ્યા જાય છે; એવામાં એવું બન્યું કે ધર્મ દ્રૌપદી વિના ચારેભાઇ ઓને તૃષા લાગી એટલામાં એક સરોવર આવ્યું તેથી ધર્મ તથા દ્રૌપદી એક વડની છાયામાં બેઠાં, અને ચાર ભાઇ પાણી પીવા ગયા.

હવે ભીમસેન, અર્જુન, સહદેવ, તથા નીકુળ ચારે ભાઈઓએસરોવરમાંથી થોડુંક પાણી પીધું એટલે તરત તેઓ પાષાણ બની ગયા. એવું જોઇનેધર્મ તથા દ્રૌપદી અતિ દુઃખી થઈને રડવા લાગ્યાં. એટલે ત્યાં એક ગાંધર્વ રહેતો હતોતે બોલી ઉઠયો, અરે રાજન, તમે શા માટેશોક કરો છો? જોતમે મારાચાર પ્રશ્નનો ઉત્તર આપો તો તમારા બંધુની પાષણ કાયા મટીને હતી તેવી થાય. ત્યારે ધર્મરાજા કહેવા લાગ્યા, હે ગાંધર્વ, તમારી મરજીમાં આવે તેવા પ્રશ્ન ઝટ પૂછી લો. હું તેના ઉત્તર ઘણી ખુશીથી આપીશ. એવું સાંભળી ગાંધર્વ બોલ્યો, હે ધર્મરાજા બ્રાહ્મણ, સંન્યાસી, તપસ્વી તથા ગૃહસ્થી, આ ચારનેકેવા લક્ષણ ઉપરથી ઓળખી કાઢવા તે કહો. એટલે ધર્મરાજાએ કહ્યું, બ્રાહ્મણ બ્રહ્મ-યોનીથી ઉત્પન્નથયો માટે તે સર્વથો શુદ્ધ છે. પછીતેને ઉપવીતસંસ્કાર થવાથી દ્વિજ જાણવો, વેદાભ્યાસથી તેને વિપ્ર સમજવો જ્યારે તે બ્રહ્મને યથાર્થ જાણે ત્યારે તેને બ્રાહ્મણ ગણવો. એ પ્રમાણે ધર્મરાજાએ પહેલા પ્રશ્નનો ખુલાસોકર્યો. એટલે વૃકોદર હતો તેવો સાવચેત થઈઊભો થયો. ત્યારે પછી યુધિષ્ઠિરે ગાંધર્વ પ્રત્યે બીજા પ્રશ્નનો ઉત્તર એવો કર્યો, જયારે ચોથી સ્થિતિની વય થાય ત્યારે સન્યસ્ત લેવું. તે સંન્યસ્ત લીધા પછી પણ નગરથી અળગા રહેવું અને સ્ત્રીનો પડછાયો સરખો પણ લેવો નહિ. વળી પોતાની પાસે પૈસો એકઠો નકરવો તેમ સ્વાદરહિત ભોજન કરવું. તેમણે ઉપદેશકપણું કદી ધારણકરવુંનહિ. વળી જ્ઞાનમાં મગ્ન થઈને દર્ભાસને સૂઈ રહેવું. એવી નીતિપાળેતેને સંન્યાસીજાણવો જે વેશ ધારણકરી ભટકયા કરે તેને કદી સંન્યાસી જાણવો નહિ. એપ્રમાણેધર્મ-રાજાએ બીજા પ્રશ્નનો ઉત્તર કર્યો એટલે અર્જુનજી તરત ઊભા થયા. પછી યુધિષ્ઠિરે ગાંધર્વ પ્રત્યે ત્રીજા પ્રશ્નનો ઉત્તર કરવા માંડયો, ઓછામાં ઓછી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અડધી ઊંમર તન દઇને તપ કરે તેને પૂરો તપસ્વી જાણવો. એવું કહેતામાંજ સહદેવજી પાષાણ મટી મનુષ્ય દેહ પામ્યો, હવે ગૃહસ્થી કોને કહેવો તે ધર્મરાજા ગાંધર્વ પ્રત્યે બોલે છે. જે નીતિમાં રહીને રોજગાર કરે તથા ગૌબ્રાહ્મણની સેવા કરે તેને ગૃહસ્થી જાણવો. વળી આંગણે આવેલાને અન્ન આપે તથા એકાદશીનું ફરાળ આપે એવા ઉત્તમ વ્યવહારમાં વર્તે તેને ગૃહસ્થી સમજવો. એ પ્રમાણે ચોથો ઉત્તર આપતાં જ નીકુળજી પાષાણ મટી હતા તેવા થઈ ગયા, ત્યાર પછી પાંચે ભાઇ તથા દ્રૌપદી ગાંધર્વના સંદેહ ટાળીને ત્યાંથી હિમાલય તરફ વળ્યા. તેઓ પ્રભુનું સ્મરણ કરતા ચાલ્યા જાયછે, એવામાં તેમને નારદજીએ અંતરીક્ષે જોયા. નારદજીએ પોતાના મનમાંવિચાર કર્યો, આ ઠેકાણે લડાઇથાય તો જોવાની મઝા આવે એવું સમજીનારદજી વનમાં એક ડુંગરમાં પધાર્યા, ત્યાં તેમણે અનેક રાક્ષસોને દીઠા. હવે તે સઘળા રાક્ષસોનો રાજા મેઘનાદ નામેદૈત હતો, તે પાપીએ નારદજીને દંડવત કર્યા, પછીદુષ્ટે ઋષિને કહ્યું, હે મહારાજ, કેમ પધાર્યા ? આજઆપે મારાપામરનું ઘર પાવન કર્યું, તેથી હું ઘણોખુશીથયોછું.

એવું સાંભળીનારદજી બોલ્યા, અરેમેઘનાદધન્ય છેતને, તારાજેટલાવૈભોગ દુનિયામાં કોઇ ભોગવતું નથી. પણ મને એટલી ખામી લાગે છે, તારાલાયકસ્ત્રી નથી. એવું સાંભળી મેઘનાદે જવાબ આપ્યો, અરે મહારાજ, આપનું કહેવું સત્ય છે, પણ મારે માટે યોગ્ય સ્ત્રી કયાંથી લાવવી તે કૃપા કરીને બતાવો. ત્યારે નારદજીએ કહ્યું, તારા લાયક સ્ત્રી તારા ગામની બહાર આવી છે. જે સ્ત્રીને માટે બ્રહ્મા-વિષ્ણુ, મહેશ્વર પણ તલપી રહ્યા છે. તે સ્ત્રીના પતિ પણ તેણીના માટે તેમના દેહો ગાળવા માટે જાય છે, વળી તારા કુટુંબના જે કબીરા હતા તેમને તે સ્ત્રીના કંથે મારી નાંખ્યા હતા. તે જ તારા દુશ્મનો તારા નગરની બહાર ચાલ્યા જાય છે. તેથી જો તારામાં સામર્થ્ય હોય તો તેમને મારીને તે સ્ત્રીને તારા ઘરમાં લાવ, જો નારી તારા ઘેર આવશે તો તારી જિંદગી સફળ થઈ જાણજે. એટલું કહીને નારદજી અંતર્ધ્યાન થઇ ગયા, ત્યારે મેઘનાદ કચ્છ ભીડીને તથા પોતાનો ભાલો હાથમાંપકડીનેપાંડવોના રસ્તામાં છાનોમાનોઊભો. દુષ્ટ મેઘનાદદ્રૌપદીનું સ્વરૂપ દેખીને મોહિત થઈ ગયો. પાપીએ મનમાં વિચાર કર્યો. આ સ્ત્રીને મારા ઘેર લઇ જઇને નારદજીને અતિશય સરપાવ આપીશ. વળી પોતાના મન સાથે બોલે છે, જો સ્ત્રીને લઈ જતાં તેના પતિ આનાકાની કરશે તો તેમને આ મારા ભાલાથી ઠેર મારી એમ નિશ્ચય કરી તે પાપી પાંડવને ગાળો દેતો દેતો ડુંગર ઉપરથી નીચે ઉતર્યો, પછી ચાલ્યો ચાલ્યો તે દુષ્ટ પાંડવોની

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવ્યા. પાંડવો મનમાં વિચાર કરે છે કે પાપીની ગાળોથી શું વળવાનું છે ? છો ગાળો દે. ભોગ એના. તે શ્વાનની માફક ભસ્યા કરે છે તેમાં આપણું શું જાય છે ? એ પ્રમાણે સતીના પુત્રો પોતાના મનમાં શાંતિ રાખીને ચાલ્યા જાય છે, એટલે પાપીએ ધુળના ખોબા ભરીને પાંડવો ઉપર નાંખ્યા. તો પણ પાંડવો આંખો મીચીને પોતાના રસ્તે ચાલ્યા જાય છે, એટલે અસુરે એકદમ છલંગ મારી દ્રૌપદીને પકડીને પોતાના ખભા ઉપર બેસાડી દીધી.એટલે સતી દ્રૌપદી બૂમ પાડીને બોલી ઊઠી,ઓ સ્વામીજી, ઓ સ્વામીજી,આ દુષ્ટ મને ઊંચકીને લઇ જાય છે માટે દાસીને દુઃખમાંથી મુકત કરો.અરે મારા નાથ, મને રઝળતી મૂકીને આપ જાઓ છો તે આપને ઘટતું નથી. એ પ્રમાણે સ્ત્રીનો શોરબકોર સાંભળીને ધર્મરાજાએ વિચાર્યું, જો સ્ત્રીને છોડાવવામાં ચિત્ત ચોટાડું છું તો મારું ધ્યાન ચુકી જાઉં છું. એવું સમજી ધર્મરાજા દ્રૌપદીનો પક્ષ કર્યા વિના ચાલ્યા,એટલે અર્જુનજીએ પણ વિચાર કર્યો કે જ્યાં ને ત્યાં અબળા માટે ઉપાધી થાય છે માટે ઇશ્વરસ્મરણ કરવું તે સત્ય છે. એમ ધારી પોતે પણ ચુપ રહ્યા. સહદેવજી પણ જ્ઞાન દષ્ટિએ વિચાર કરીને શાંત રહી ધર્મરાજાની પાછળ ચાલ્યા' તેમની માફક નીકુળજીએ પણ વિચાર કર્યો મારા મોટાભાઇ વગેરે ચાલ્યા ગયા તો મારે એકલાએ શા માટે ઉપાધી વહોરવી જોઇએ ? એમ ધારી તે પણ યુધિષ્ઠિરની પાછળ પાછળ હરિસ્મરણ કરતાં ચાલ્યા.

પછી વાયુનંદન ભીમસેને નિશ્ચય કર્યો,મારું વ્રત ભંગ થાય તો છો થાય.પણ દુષ્ટ અસુરનો નાશ કરીને સતીને છોડાવું.અરેરે પાપી સતીનું સત્ય ભંગ કરશે તે ઘણું જ પાપ છે, માટે તેણીને મારે જરૂર છોડાવવી જોઇએ જો નિરાધાર અબળાને રઝળતી મૂકીને જઇશું તો નર્કવાસને પ્રાપ્તથઇશું માટેતે પાપીનોનાશ કરું.એ પ્રમાણે વૃકોદર નિશ્ચય કરીને મેઘનાદની પાછળ દોડયો,ભીમસેને પાપી મેઘનાદને એકદમ પકડી પાડયો.એટલે મેઘનાદે ક્રોધાતુર થઇને દ્રૌપદીને કોરાણે ઊભી રાખી.ત્યારપછી ભીમસેન તથા મેઘનાદ બંનેનું ઐરાવત ગજની માફકયુદ્ધ જોઇને મેઘનાદના અસુરો ત્યાં આવ્યા.ભીમસેન તથા મેઘનાદ બંને જણા એક એકને અતિશય માર મારે છે, પણ પાછા હઠતા નથી. બંને જણા સામસામી શીશ તથા ખભા અથડાવેછે તેથી રુધિર ચાલ્યું જાય છે.છેવટે વૃકોદરે લાગ જોઇને મેઘનાદનો ચર્ણ પકડી લીધો ને તેને ચીરી નાખ્યો. મેઘનાદ મરણ પામવાથી સઘળા અસુરો ત્યાંથી જીવ લઇ નાસી ગયા. પછી વૃકોદરે મેઘનાદના નગરમાં પહાડો ઉપાડીને નાંખ્યા,જેથી સઘળા અસુર ચગદાઇ મરણ પામ્યા.એ પ્રમાણે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અસુરોનું નિકંદન કરીને વાયુનંદન સતીને લઇને પોતાના ભાઇઓ સાથે થઈ ગયો. પછી પાંચે ભાઇ તથા દ્રૌપદી શ્રીહરિનું સ્મરણ કરતા કરતા હિમાલય તરફ ચાલ્યાં. એવામાં એવું બન્યું, મેઘનાદનો પિતા તથા તેના ત્રણ કાકા વિગેરે પ્રેત થયેલા હતા તેમણે મેઘનાદ મુવાની વાત સાંભળી તેથી તેઓ પોતાના પુત્ર મેઘનાદનું વહેર લેવા માટે ચાર જણા વૃકોદરના પગે બાઝી પડયા

પ્રભુકૃપાથી ભીમસેને તે પ્રેતોને ઓળખ્યા તેથી તેણે તેમને પકડીને બબે પોતાની બગલમાં ઘાલ્યા. ત્યારે પ્રેતોએ બૂમ પાડીને ભીમસેનને કહ્યું, અરે મહારાજા, અમને જીવતા મૂકો. એવું સાંભળી ભીમસેન બોલ્યો, અરે દુષ્ટો, હું કહું તે કામ કરો તો તમને જીવતા મૂકું.ત્યારે પ્રેતો કહે;અરે દયાળુ વૃકોદરજી, જે આપ ફરમાવશો તે કાર્ય કરવા આપના દાસ તૈયાર છે. એવું સાંભળી ભીમસેન કહે છે, અરે દુષ્ટો, મને તમારો વિશ્વાસ આવતો નથી. તમે મારું કાર્ય કરશો ? એટલે પ્રેતો બોલ્યા, જાઓ અમારું વચન છે કે આપનું કાર્ય પૂર્ણ થયા પછી અમે અમારા ઘેર જઇશું.એટલે ભીમસેને તેમને બગલમાંથી બહાર કાઢીને પહેલા પોતાને પગે લગાડયા. ત્યાર પછી વૃકોદરે તેમને પૂછયું, તમે કોણ છો ! અને કયાંથી આવ્યા છો? ત્યારે પ્રેતોએ જવાબ આપ્યો, હું મેઘનાદનો પિતા છું અને આ ત્રણ મારા ભાઇઓ છે. અમે ચારે ભાઇ ઘણા અધર્મી હતા તેથી અમે પ્રેતયોની પામ્યા છીએ. અમે જન્મીને નીતિ જાણી જ નથી. અમારી આખી ઉંમર અનિતિનો ભંડાર ભરવામાં ગઇ હતી. અમે ડગલે ડગલે હિંસા કરતા અને ઊંચ જીવોને વટલાવીને ઘણું દુઃખ દેતા.વળી બ્રાહ્મણ તથા ગાયનું તો હંમેશાં ભક્ષણ જ કરતા તેમ ધર્મમાં પણ ધાંધલ કરતાં અને પાપમાં આગળ ધાતા હતા.અમે ઢોંગ ધુતારા તથા દ્યુત વિદ્યા વિગેરે અનીતિનાં કાર્યો ઉપજાવી જયાંથી ત્યાંથી ધન મેળવતાં હતા.વળી દેવલોકોની સાથે દ્વેષ રાખીને આખો દિવસ તેમની નિંદા કરતા હતા. અમે સજીવને આખો ગળતા, તે વખત તે જીવ અતિ ત્રાસ પામતા, તે જોઇને અમે ઘણો આનંદ પામતા હતા.અમે કોઇનું સુખ દેખીને અમારા મનમાં દુઃખ માનતા હતા.અમે કોઇનું દુઃખ દેખીને અત્યંત આનંદ માનતા હતા.વળી ભ્રષ્ટ વેડા જોઇને ખુશી થતા અને અનીતિ જોઇને અતિ ઉલ્લાસ માનતા હતા. આચાર વિચાર દેખી અમે અતિ બળી જતા હતા. અમે સર્વથી શ્રેષ્ટ થવાની ઇચ્છાએ શ્રેષ્ટને જોઇને અતિ દુઃખ પામતા હતા. અમે પાપી મનુષ્યોને અતિ દુહિત્રાનું અન્ન ખાઇને આનંદ માનતા હતા.અમે પાપી મનુષ્યોને અતિપુષ્ટિ દઈ ને પુન્યશાળીને અતિશય પજવતા હતા. વળી અમે નાસ્તિક ઉપર ખુશી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહેતા અયે તપસ્વી ઉપર અતિ ક્રોધ કરતા હતા, એ પ્રમાણે પ્રેતો કહે છે. હે ભીમસેન, અમારા અવગુણોનો પાર આવે તેમ નથી, એવાંએવાંઅતિશયપાપ કરીને અમે પ્રેત અવતાર પામ્યા છીએ. એવી વાત સાંભળીને વૃકોદર બોલ્યો, અરેરે,આવા જુલમી જીવોનેજીવતામૂકવા તે ઠીક નથી, એવું સમજી ભીમે કહ્યું, અલ્યા તમે, ચારે જણા અમારા ગુલામથાઓ.ત્યારેપ્રેતબોલ્યા,અરેમહારાજ, આપની જે ઇચ્છા હોય તે કહી બતાવો, એટલે ભીમસેન બોલ્યો, અરે દુષ્ટો, અમારા માટે વનમાંથી ફળ લાવો. એવું સાંભળતાં જ પ્રેતો એકદમ ફળ લેવા માટે થોડીવારમાં પ્રેતોએ ફળનો ઢગલો પાંડવો આગળ લાવીને મૂકયો. એટલે અર્જુનજી કહે અરે ભીમસેન તમે તેમને જીવતા જવા દો. દગાબાજીથી તેમને તમે મારશો નહિ એ પ્રમાણે અર્જુને ભીમસેન કહ્યું તો પણ વૃકોદરે તે વાત ધ્યાનમાં લીધા વિના પ્રેતોને પોતાની બગલમાં ઘાલ્યાં એટલેપ્રેતોતરફડીનેકહેવા લાગ્યા, અરે વૃકોદર આપને, આ ઘટતું નથી, આપનું બોલેલું આપ પાળતા નથી તે ઘણું ખોટું થાય છે. એવું કહ્યા છતાં ભીમસેને તે પ્રેતોને પોતાનીબગલમાં દબાવી ઠેર મારી નાંખ્યા.પછી પોતે સરોવરમાં સ્નાન કરીને પોતેતથાભાઈઓ ફળ ખાઈનેતૃપ્ત થયા.ત્યાર.પછી અર્જુનજી કહે, ભીમસેનભાઇ, તમે વિશ્વાસઘાત કર્યો. તેથી તમને અતિ પાપ લાગ્યું. વૃકોદર બોલ્યો,અરેભાઈ, તમે જ્ઞાન મેળવ્યું છે.પણ:વિવેક વિના વર્તોછો. જુઓ જે જીવ અનેક જીવને નડતો હોય તેવા જીવને મારવામાં કશું પાપ નથી, જેવા જીવ અધર્મી હોય તેવા આપણે પણ અધર્મી બનીને તેમને હણીએ તો તેથી અતિ પુન્ય થાય છે. વળી ભીમસેન અર્જુનજીને વધારામાં કહે છે, જિજ્ઞાસા, નીતિ, દયા ને પરાક્રમ આ ચારપુરુષાર્થી જે મનુષ્ય સમજે છે તે વિવેકી જ્ઞાની પુરુષ કહેવાય છે, જે વિવેક વિનાના જ્ઞાની હોય છે તેએક દેશી હોય છે. જેમ રામચંદ્ર પ્રભુએ ચાર પુરુષાર્થી રાખીને કાર્ય કર્યાં હતાં. તેવી રીતે વિવેકી પુરુષોએ બને તેટલું કરવું જોઇ એ. વળી ચાર પુરુષાર્થ કેવી રીતે સમજવા તે હું તમને કહી બતાવું. જુઓ, પહેલું પુરુષાર્થ જિજ્ઞાસા એટલે સઘળું જાણવું. કોઇ પણ વાતે અજાણ્યા રહેવું નહિ. ત્યારે જુઓ. સઘળું જાણવામાં તો અનીતિ પણ આવી ગઇ: માટે વચનનો વિવેક સમજી લેવો, જાણવું ખરું પણ નીતિનું કાર્ય જાણવું. તેથી બીજું પુરુષાર્થ નીતિ કહ્યું છે, ત્રીજું પુરુષાર્થ દયા કહ્યું છે,તેથી સર્વનાઉપર દયા રાખતાં આખીઅનીતિ થઇ જાય છે.જેમ તસ્કર ખૂન કરવાના ઇરાદાથી ઘરમાં આવે તેવખતે આપણે આપણા મનમાં એવો વિચાર લાવીએ કે જોબૂમપાડીશ તો સઘળાલોકો ભેગા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

થઇ બિચારા ચોરને મારશે,એવું સમજીને જે દયા રાખે છે. તે કેવળ મૂર્ખ છે કારણ કે તેવી દયા રાખવાથી તે તસ્કર પુત્ર પરિવારનું ખૂન કરી નાંખે છે,માટે આ સ્થળે દયા રાખવી ન રાખવી તેનો બરોબર વિચાર કરવો જોઇએ. જેથી ખુની તસ્કર અતિશયને માર મારીને તેની ખો ભુલાવવી જોઇએ જેથી કરીને તસ્કર ફરીથી તેવાં અધર્મી કર્મો કરવાનું છોડી દે. જુઓ રામચંદ્રજીએ પણ પાપી રાવણાદિ અસુરોને ઠેર માર્યા હતા. જે પુરુષ અતિ અધર્મીને દુઃખ દઇને અનેક જીવને સુખ કરે તેવા પુરુષને ધન્ય છે.વળી જે માણસ પરના દુઃખે પોતાના મનમાં ક્ષોભ પામતો નથી તેવાને ધિક્કાર છે,વળી તેવા વિવેક વિનાના જ્ઞાનીનું જીવવું વૃથા છે, જે પુરુષ વિવેક વિના જ્ઞાન મેળવે છે, તે આંધળાની લાકડી જેવું સમજવું.જેમ આંધળો દેખ્યા વિના આડે અવળે રસ્તે ચઢી જાય છે. તેવી રીતે વિવેક વિનાના જ્ઞાની પુરુષો આડે અવળે માર્ગે ચઢી જાય છે, વળી તેવા વિવેકહીન જ્ઞાનીથી પ્રભુ આનંદ પામતા નથી. એ પ્રમાણે વૃકોદરે પોતાના ભાઇઓ સમક્ષ સઘળી વાત કહી બતાવી.ત્યારે સહદેવજી કહે ધન્ય છે ભીમસેનભાઈ તમને.તમારી વાત સાંભળી હું પ્રસન્ન થયો છું. જે પુરુષ સર્વ સાચવી શકે છે,તે સર્વ દેશી જ્ઞાનવાન સમજવો.નહિ તો એક દેશી અભિમાની જાણવો. એ પ્રમાણે વૃકોદરની વાત ઉપર જોશીજીએ ટેકો આપ્યો. એમ ઘણીવાર જ્ઞાનવાર્તા કર્યા પછી પાંચે ભાઇઓ તથા સતી પોતાને પંથે પળવાની તૈયારી કરવા લાગ્યાં ને સઘળા રામ નામનું રટણ કરતાં કરતાં હિમાલય તરફ ચાલ્યાં. જયમુનિ જનમેજય પ્રત્યે કહે છે, હે રાજન, યાન પર્વની કથા અહીં પૂર્ણ થઈ છે,માટે તું પુન્યદાન કરી લે,જેથી તારી બ્રહ્મહત્યા દૂર થાય. એવું સાંભળી જનમેજય રાજાએ બ્રાહ્મણોને વિધિપૂર્વક અતિ દાન આપ્યાં તથાં અતિ કન્યાદાન દીધાં. વળી બ્રાહ્મણોને અતિ બ્રહ્મપુરીઓ આપી. એમ અપાર પુન્ય કરવાથી રાજાની બ્રહ્મહત્યા ઉતરી, તેનો પ્રત્યક્ષ પુરાવો એવો બન્યો,કાળા પડદા ધોળા થયા કાળી ગાયો સફેદ બની અને કાળા તલ સફેદ બની ગયા. એ પ્રમાણે જનમેજયને પ્રત્યક્ષ અનુભવ થવાથી પોતે અતિશય આનંદ પામ્યો. હરિજનો, આ યાન પર્વ જ્ઞાની પુરુષોએ અતિ અનુભવવા યોગ્ય છે. માટે જ્ઞાની મહાત્માઓએ તે અનુભવવું.

વિશ્રામ પહેલો

યાન પર્વ પૂર્ણ હવું, સુણતાં વ્યાપે હર્ષ
સ્વર્ગારોહિણી પર્વ તે, સમજીને મન સર્સ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

૧૮. સ્વર્ગારોહિણી પર્વ

જયમુનિ ઋષિજનમેજયરાજા પ્રત્યે કહે છે. હે રાજન,આસ્વર્ગારોહિણીની પરમ પાવન કથા પૂર્ણ શ્રદ્ધા વડે શ્રવણ કર જેથી તું બ્રહ્મહત્યા થકી મુકત થઇ પરલોકમાં વાસ કરીશ. પાંડવ તથા દ્રૌપદી છએ જણા શ્રીહરિના પરમ ગુણ ગાતાં હિમાલય તરફ ચાલ્યાં જાય છે, એવામાં વીસ યોજનનું એક મોટું વન આવ્યું. વનમાં વૃક્ષનું તો નામ જ નહોતું, રેતીથી ભરપૂર હતું. એવામાં અઘોર વનમાં એક બોડીઓ ડુંગર હતો અને તે ડુંગરમાં એક મોટી ગુફા હતી, તે ગુફામાં એક મહા તપસ્વી રહેતા હતા. તેવા ઘાડા વનમાં હિમાલય જતાં પાંડવો ત્યાં ગયા. પાંડવો થાકી જવાથી તે ડુંગર ઉપર ગયા, પાંડવો તે ડુંગરઉપર ગયાને થોડીવારથઇ એટલામાં ભીમસેને પોતાના ભાઇઓને કહ્યુ, અરેભાઇઓ,અહીં મને પ્રકાશ જેવું માલમ પડે છે. માટે કોઇ દેવનો વાસો હોવો જોઇએ, એવું વૃકોદરનું બોલવું સાંભળી પાંડવો તથા દ્રૌપદી તે પ્રકાશ તરફ જવા લાગ્યાં, એટલે ત્યાંએક ગુફા દેખાઈ તે ગુફા દેખીને પાંડવો તરત તેમાંપ્રવેશ્યા, તોએકમોટા તપસ્વી બેઠેલા માલમ પડયા. પાંડવો તે તપસ્વીને પૂર્ણ પ્રેમ વડે ચરણે નમીને કહેવા લાગ્યા, હે મહારાજ, અમારા ઉપર કૃપા કરીને મોક્ષનું જ્ઞાન બતાવો.

એટલે તપસ્વીએ પાંડવોના સામુ જોઇ ને કહ્યું, અરે ભાઈ ઓ. તમે કોઇ જ્ઞાની માલમ પડો છો, તેટલા માટે હું તમને પૂછું છું, તમે તીર્થયાત્રા મૂકી અહીં અઘોર જંગલમાં શા માટે ભમ્યા કરો છો ? એટલે ધર્મરાજા પાયે પડીને કહે છે, અરે દયાળુ મહારાજ,પાપી પેટ માટે અમારાથી આ જૂઠી જંજાળમાં કેમ કરીને રહેવાય ? અમને કંઇ સુઝતું નથી, અમારા મનમાં એટલી બધી ચિંતા થાય છે કે અમે અમારું જીવતર કયારે સુધારીશું ? તમે અહીં એકલા રહ્યા છો તેથી તમને કંઈ પણ ઉપાધી નથી. એવું સાંભળી તપસ્વી બોલ્યા. અરે પ્રભુના ભકત, તમને ધન્ય છે, તમે જગત જુઠું જાણ્યું છે. વારું મારે અત્યારે ભોજન વેળા થઈ છે માટે તમે પણ ભોજન કરી લો. એમ કહી પાંડવોને તપસ્વીએ પોતાની પાસે બેસાડયા. પાંડવો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

થોડીવાર બેઠા એટલામાં એક સુંદર સ્ત્રી રુમઝુમ કરતી પોતાના એક હાથમાં થાળ તથા બીજા હાથમાં ઝારી ઝાલીને તપસ્વીપાસે આવી, એટલે તપસ્વીબોલ્યા, હે સ્ત્રી, આપણે ત્યાં પ્રભુનાભક્ત પધાર્યાછે, માટેબીજા છથાળલાવો. એવું સાંભળી તે સ્ત્રી તપસ્વીની પાસે થાળ મૂકી બીજા છ થાળ લેવા માટે પોતાના સ્થળે ગઈ. થોડીવારમાં સ્ત્રીએ છ થાળ પીરસી દીધા. અને તે સઘળા પોતે પાંડવોને પહોંચાડયા. એટલે પાંડવોએ તે સઘળી રસોઈ વહેંચી લીધી. પાંડવો પોતાના મનમાં વિચાર કરે છે, આ તે શું વિવિધ પ્રકારની રસોઇ છે? આપણે જાણતા હતા, તપસ્વી તો ઘણા જ્ઞાનવાન છે પણ આ તો તપમાંથી લપસી પડયા હોય એમ જણાય છે, વળી ઓછામાં પૂરા પોતે કામ, ક્રોધ, મોહ તથા લોભમાં પણ પડેલા માલમ પડે છે. તપસ્વીએ આચમન કરીને થોડું જમ્યા કેડે પાંડવોને કહ્યું, તમે પણ જમવા માટે બેસી જાઓ, ત્યારે ધર્મરાજા કહે, હે મહારાજ, મારે તમનેકંઈપૂછવું છે ત્યારેતપસ્વીબોલ્યા, પહેલાં તમે ભોજન કરો પછી પ્રશ્ન પૂછવો હોય તો ખુશીથી પૂછજો. તમે ભોજન કર્યા વિના કંઇ બોલશો તો હું તમને શ્રાપ દઈશ. એટલે પાંડવો ભય પામીને જમવા લાગ્યા. પાંડવો થોડીવામાં જમી રહ્યા, ત્યાર પછી તપસ્વીની તારુણી મુખવાસ વિગેરે લાવી. તેણીએ સર્વેને મુખવાસ આપી પ્રસન્ન કર્યા.

તપસ્વીએ મુખવાસ લઈને પાંડવોને કહ્યું. જ્ઞાનની વાત કાઢો. ત્યારેધર્મરાજા પોતાનાબંનેહાથજોડીને બોલ્યા, અરે મહારાજા, મને જરા ભય લાગે છે. મારા બોલવાથી આપને ગુસ્સો ચઢશે. એવું વચન સાંભળી તપસ્વી કહે, તમે ગમે તેવો પ્રશ્ન પૂછશો પણ તેથી મને બિલકુલ ક્રોધ ચઢશે. નહિ માટે તમારી જે ઇચ્છા હોય તે પૂર્ણ કરો. એટલે યુધિષ્ઠિર બોલ્યા, તમે તપસ્વી છો છતાં તમારે વૈભોગ તથા યૌવન વયની નારી કયાંથી? આ ઉપરથી મને દિલગીરી થાય છે કેઆપના અગાધ તપને આ ખામી લગાડનાર છે. તપસ્વી તો હંમેશાં ત્યાગી હોવા જોઇએ તેના બદલામાં આપ તો પૂરેપૂરા ગૃહસ્થાશ્રમી છો. અમને તો એમ જણાય છે કે આપનું સઘળું તપ ધોવાઈ જાય છે એવું સાંભળી તપસ્વીએ જવાબ આપ્યો, અરે ધર્મરાજા, કાયાને કષ્ટી આપવી નહિ, કારણ કે તેને કષ્ટી દેવાથી શુભ કાર્યો થઇ શકતાં નથી. દેહને જેવરાવી ખવરાવીને જાળવી હોય તો તે વડે આપણાથી જપ તપ, ધ્યાન વિગેરે થઇ શકે છે, વળી ઇચ્છાભોજન કરવાથી આપણું શરીર સાવધ રહે છે અને તે પ્રમાણે તંદુરસ્ત રહેવાથી જીવ ઈશ્વરસ્મરણ કરીને ભવસંસાર તરે છે. જો શરીર ભાગ્યું તો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

જરૂર શક્તિ નાશ પામી જશે, અને તેથી જપ, તપ ધ્યાન વિગેરે કંઇ બનશે નહિ. વળી કંઇ સુકીત ન થવાથી જીવ કદી મોક્ષ પામતો નથી, માટે સ્વાદિષ્ટ ભોજન કરીને દરેકે શરીરને જાળવવું અને શરીરને સાવધ રાખીને સુક્તિત કાર્યો કરવાં. જ્ઞાન,ધ્યાન વિના કાષ્ટી કરવાથી કદી મોક્ષ મળતો નથી. વળી તમોએ અબળા દેખીને મને કહ્યું, આ મુનિ તપસ્યામાંથી લપસી પડયા છે,તે વાતનો હું ખુલાસો કરું, તે તમે શાંત ચિત્તે શ્રવણ કરો, જુઓ જયારે જીવને કામજવર જાગે છે ત્યારે તેની બુદ્ધિ ઝાલી રહેતી નથી. અને તેમ બનવાથી જ્ઞાન, ધ્યાન વિગેરેમાં જરૂર ભંગ પડે છે, માટે સુંદરીને સમીપ રાખીને કામથી નિવૃત્ત થયા પછી હું ઇશ્વરસ્મરણ કરું છું. તે માટે જુઓ હું તમને એક દૃષ્ટાંત આપું, જેથી કરીને તમારો સંદેહ દુર થાય. બ્રહ્મા, વિષ્ણુ તથા શંકરે સ્ત્રીઓ રાખી છે.તેથી શું આપણે તેમને અજ્ઞાની માનીશું? વળી મોટા મોટા ઋષિઓ તથા જનક વિદેહી મહા જ્ઞાનવાન હતા,છતાં તેઓ અબળાઓ રાખીને નિરાંતે વહેવારમાં રહીને ઇશ્વર ભજન કરતા હતા, ઈશ્વરની બનાવેલી બાળા જે જન ત્યાગ કરે છે તેને સૃષ્ટિ ભાગ્યાનું પાતક લાગે છે. જયારે કામજવર શાંતિ પામે ત્યારે જ સ્ત્રીનો ત્યાગ કરવો જોઇએ. વળીકોઈ કહેશે, શું કામદેવને વશ કર્યે કામ વશ થતો નથી ? તો તેનો ઉત્તર એવોછે, કહેનાર જખ મારે છે,કારણ કે શિવથી તે શું બળિયા છે? જયારેમહાદેવથીકામ જીતાયો નહિ તો બીજો જીતવાવાળો કોણમુઓ છે ? વળી કેટલાક લોકોમોટાઇ રાખવા માટે નકામો સુમત તાણે છે. તેઓ પોતાના મનમાં તો સઘળું સમજે છે પણ જો કબૂલ કરે તો કામી ગણાય તેટલા માટે તેઓ ગર્વ સૂકતા નથી.

વળી જો કોઇ મહત્તાવાળો ત્યાગી એમ કહેશે કે કામદેવ કદી જીતાય નહિ, તો તેને સઘળા એમ કહેશે કે તમે પણ કામી છો. માટે તેમ કહેવાથી પોતાની હલકાઇ પડે તેથી મોટા લોકો તેમને માને પણ નહિ. તે કારણથી તેઓ જાણી જોઇને જુઠું બોલે છે કે કામદેવ અમારે વશ છે. આ ઉપરથી હે યુધિષ્ઠિર રાજા. તમારે એટલું સમજવું કે કામદેવ કોઇથી વશ રહેતો નથી, માટે કામદેવ તજયાની વાત કદી સત્ય માનવી નહિ. મુળથી જ કામી દૃષ્ટિ થયેલી છે તે માણસ શું કામ જીતી શકે છે ? અને જેઓ એમ કહે છે કે અમે કામદેવને જીત્યા છીએ તેઓ જરૂર કપટનાં છાનાં વિપ્રિત કાર્યો કરતા હશે. એમ ડાહ્યા પુરુષોએ સમજવું. જયારે વૃદ્ધ શરીર થાય ત્યારે તેણે કામ ત્યાગ કર્યો એમ સમજવું; તે વિના જે મોટાઇ બતાવે તે ભોળા છે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

એમ જાણવું. વળી જે પુરુષ યૌવન વયમાં ઘરબાર મૂકીને યોગી કે સંન્યાસી થાય છે તેને કદી સ્ત્રી ત્યાગી સમજવા નહિ. જો કે તેમને માનુની મળતી નથી. તો પણ વીર્ય સ્ખલિત થાય છે. તેમ થવાથી ભૂમિ માતા લીંજાય છેઅને તેથી તેવા દુષ્ટોને બાળહત્યાનું પાપ બેસે છે, વળી તપસ્વી કહે છે, હે ધર્મરાજા, મનુસ્મૃતિમાં એમ કહ્યું છે કે ત્યાગી પુરુષને ચોપડવાળું કે મિષ્ટ ભોજન કદી આપવું નહિ, અને જો કોઇ ભેટ આપે તો નક્કી તેને બાળહત્યાનો દોષ બેસે છે અને તેમ થવાથી ત્યાગી તથા ત્યાગીને ભોજન કરાવનારા બંને અઘાર નર્કમાં જાય છે માટે ત્યાગીને હંમેશ લુખો સ્વાદરહિત પદાર્થ અર્પણ કરવો. કારણ કે તેવા ખોરાકથી તેમને વિકાર ઉપજે નહિ, તે કરતાં જો તેઓ નારીનો ત્યાગ ન કરે તો કંઈ હરકત ન આવે. પણ વેદ શાસ્ત્રની મર્યાદા તોડીને કાર્ય કરે છે તેથી તેઓ ઉલટા બમણા ગુનેગાર થાય છે. જેમ બત્રીસ દાંત વચ્ચે જીભ રહેલી છે તેવી રીતે દરેક આ મોહમય જગતમાં સાવચેતીથી રહેવું તેવી યુક્તિથી જ્ઞાની પુરુષો રહી શકે છે. બાકી અજ્ઞાની લોકો તો ભય પામીને છટકી જાય છે પછી પાછળથી તેઓ પૂરેપૂરા પસ્તાય છે. તેમનાં મરચટરૂપી મન ભટકતા ફરે છે, અને તેથી તેઓ વિશેષ પાપમાં પડે છે. તેવા પુરુષોના જે સંગ કરે છે તેમનાં કર્મ ફુટેલાં સમજવાં. વળી મનસ્મૃતિમાં એમ કહ્યું છે. ત્યાગીએ સ્ત્રીનો પડછાયો સરખો પણ લેવો નહિ. માટે જે સ્ત્રી તેવા ત્યાગીઓની સેવા કરે છે, તેને જરૂર પાપ બેસે છે. અને તેથી તે યમપુરીમાં જાયછે.

જો ભૂખ્યાની પાસે રસોઈ આવે તો ભૂખ્યાનું મન કેમ વશ રહે? મોટા મોટા મહંતનાં મન ચળે છે તો વેશધારી પ્રપંચી ત્યાગીઓ બિચારા શા લેખમાં છે? માટે દરેક મનુસ્મૃતિમાં લખેલું સત્ય માનવું જોઇએ, અને જે માણસો ધર્મશાસ્ત્રને ખોટું માને છે તેમને સાક્ષાત કળીનું સ્વરૂપ જાણવા. જે માણસ નીતિ, વિવેકમાં રહીને સંસારનું સુખ લે છે તેને કોઇ જાતનું પાપ નથી. હે ધર્મરાજા, આથી વિશેષ તમારે શું જાણવાની ઈચ્છા છે? વળી તમે સમજુ છો, તેથી તમને કંઈ ઝાઝું સમજાવું પડે તેમ નથી. એ પ્રમાણે તપસ્વીનાં વચનો ધર્મરાજાની ધ્યાનમાં બેસવાથી ધર્મરાજા અતિ હર્ષ પામ્યા. અટલે ભીમસેને યુધિષ્ઠિરને કહ્યું, અરે મોટાભાઇ, જ્યારે દ્રૌપદીનું હરણ થયું ત્યારે હું શું કહેતો હતો તે વિચાર કરો. જુઓ મારી અને તપસ્વીની વાત સરખી આવી. એવું સાંભળી ધર્મરાજા બોલ્યા, ભીમસેન! તારી વાત મને સાચી લાગે છે. તે પછી તપસ્વીએ કહ્યું, હવે તમારે જવું હોય

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તો ખુશીથી જાવ.ત્યારે પાંચે પાંડવો અને દ્રૌપદી તપસ્વીને પગેપડીને હિમાલય પર્વત તરફ જવા નીકળ્યાં. રાત પડે છે ત્યાં નિરાંતે રહે છે. અને દહાડો ઊગતાં આગળ ચાલે છે. રસ્તે જતાં હરિ સ્મરણ કરે છે, ભૂખ લાગે છે ત્યારે વનફળનો આહાર કરી લે છે. અને સરોવરમાંથી પાણી પી ચાલવા માંડે છે. આમ પાંડવો આગળ ચાલ્યા જાય છે. એટલે કળીના મનમાં એમ થયું કે પાંડવોએ મને નબળો અને નીચ માન્યો માટે મારે એમને દુઃખ દેવું.વળી જો પાંડવો મારા સપાટામાંથી બચી જાય તો હું હાર્યો ગણાઉં,મેં નળ દમયંતિને દુઃખી કર્યા તો દ્રૌપદી અને પાડવો શા લેખામાં ?મેં સતીદમયંતિની દુર્દશા કરી હતી, તો દ્રૌપદી જેણે પાંચ પતિ કર્યા છે તેને સત્યથી ચળાવવી તેમાં શું મોટું કામ છે ? એ દ્રૌપદીનું સતીત્વ ચુકાવવા કળીએ પાંડવો જે રસ્તે જાય છે, ત્યાં સુંદર નગર બનાવ્યું.જે નગરને જોતાં સ્ત્રીકે પુરુષ મોહ પામ્યા વિના ન રહે.

પાપીએ એ નગરનાં સ્ત્રીપુરુષો પણ સ્વરૂપવાન બનાવ્યાં,નગરની અદ્દ્ભુત શોભા બનાવી કળી પોતે રાજા થઇને બેઠો.પાંડવો ચાલતાં ચાલતાં તે નગરમાં આવ્યાં.નગર જોઇધર્મરાજા બોલ્યા,આપણે અન્નખાધે ઘણાદહાડા થયામાટે બ્રાહ્મણને ત્યાં રસોઈ બનાવી જમીએ તો આનંદ થાય.ત્યારે વૃકોદર બોલ્યો, આ નગરનીસ્ત્રીઓ આગળદ્રૌપદી તુચ્છ લાગે છે.એટલામાં કળીએ કૃત્રિમ બેદૂત બનાવી પાંડવા પાસે મોકલ્યા, તે દૂતો આવીને કહેવા લાગ્યા, અરે ભાઇ,તું આ નગરનાં સ્ત્રીપુરુષોની વાત કયાં કરે છે ? જો તું અમારા નગરના રાજાને જુએ તો ભાન ભૂલી જાય. રાજાનું સ્વરૂપ ઇંદ્ર, ચંદ્ર, તારા કરતાં પણ વિશેષ છે. આને ઘડનારો કોણ હશે ? તેવો વિચાર વિષ્ણુને આવે છે. આમ વાત કરે છે ત્યાં કળિયુગ જાતે અશ્વ ઉપર બેસીને આવ્યો. પાંડવોએ તેમજ દ્રૌપદીએ તેને જોયો. રાજાને જોઇ દ્રૌપદીએ મનમાં વિચાર કર્યો, આ રાજા મનુષ્ય અથવા દેવ નથી, કોઈ કપટી દુરાચારી અધર્મી હોય એમ મને લાગે છે. એવું વિચારી સતીએ નીચું ઘાલ્યું એટલે કળીએ મનમાં વિચાર્યું, હું સતીને છળવા માટે આવ્યો, પણ બધી મહેનત નકામી ગઇ. આમ વિચારતાં કળીએ નિરાશ થઇ દ્રૌપદીની આશા છોડી દીધી ને ચાલ્યો ગયો. પછી પાંડવોએ ભોજનકરવા અન્નલેવા વિચાર્યું,અર્જુને પોતાનાહાથમાંથી વીંટી કાઢી વેચી નાંખી.તેના પૈસામાથી જોઇતાં સીધાં લઈને બ્રાહ્મણના ફળિયામા ગયા ત્યાં જઇ એક બ્રાહ્મણને કહેવા લાગ્યા, મહારાજ અમને તમારી માંડવીમાં રાંધી ખાવા દો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો, તમારે ખટપટ કરવાની જરૂર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નથી. તમારાં સીધાં અને આપશો તો હું ખુશીથી તમને રાંધી આપીશ. એવું બ્રાહ્મણનું બોલવું સાંભળીને પાંડવોએ તેને સીધાં આપ્યાં ને નિરાંતે બેઠાં. થોડીવારમાં તે બ્રાહ્મણે રસોઇ બનાવીને થાળોમાં પીરસી બહાર લાવ્યો. પાંડવો થાળ જોઇને વિસ્મય પામ્યા, ને વિચારવા લાગ્યા, બ્રાહ્મણને ત્યાં આ શું કહેવાય ? વિચારતાં પાંડવોએ બ્રાહ્મણને કહ્યું, અમે અભક્ષાભક્ષકરતા નથી કહી ઊભા થયા. ત્યારે બ્રાહ્મણે તેમના હાથ ઝાલી કહ્યું, નાણાં આપ્યાંવિનાકયાં જાવ છો ? એવું સાંભળી પાંડવો બોલ્યા, અમે તમને પહેલાં અન્ન આપ્યું છે, છતા તમે શા માટે પૈસા માગો છો? ઉલટા તમે અમનેભાણે બેસાડીને ખસેડી મૂકયા; ત્યારે બ્રાહ્મણ બોલ્યો, અરે પાપી લોકો અમારા પૈસા લાવો નહિ તો આ વાત રાજદરબારે જશે, બોલતા પાંડવ અને બ્રાહ્મણ લડવા લાગ્યા. ત્યાં તો પાડોશી કહેવા લાગ્યા. અરે પ્રપંચીઓ ! બ્રાહ્મણના પૈસા તમે આપી દો નહિ તો પરીણામ માઠું આવશે. એમ હોબાળો થયો. એટલામાં કળીરાજા ત્યાં આવી કહેવા લાગ્યો, અરે ભાઇઓ, જો તમે બ્રાહ્મણના પૈસા નહિ આપો તો હેરાન થશો. ત્યારે પાંડવો કહે છે, રાજન, અમે અન્ન વેચાતું લાવી પહેલેથી આ બ્રાહ્મણને રાંધવા આપ્યું છે, હવે તે બ્રાહ્મણે અન્નને બદલે માંસ રાંધી અમારી આગળ મૂકયું. તે ખાધા વિના અમારા અન્નની માંગણી કર્યા વિના અમે જઇએ છીએ. એવાં પાંડવોનાં વચન સાંભળી કળીરાજા પેલા બ્રાહ્મણને પૂછવા લાગ્યો, તમને અન્ન મળી ચુકયું છે, પછી તકરાર શા માટે કરો છો ? ત્યારે બ્રાહ્મણ બોલ્યો, હે રાજન, પહેલાં તમે મારી વાત સાંભળો પછી ન્યાય કરજો. મેં અન્નમાં અજાનું માંસ ભેળવીને રસોઈ કરી. તે તેમણે ન ખાધી તો તેમનું નસીબ પણ મારે તો રસોઈની મહેનત. વાસણનું ભાડું તેમજ તેમણે વિશ્રામ કર્યો તે બધાના પૈસા લેવાના છે. આ સાંભળી કળિ-રાજાએ પાંડવોને કહ્યું. આ બ્રાહ્મણને રીતસર પૈસા આપો નહિ તો શિક્ષા કરવામાં આવશે. એવું સાંભળી વૃકોદર બોલ્યો, હે રાજન, અમારી પાસે પહેરેલાં વસ્ત્ર વિના કાંઇ નથી. છતાં અમે આપેલું અન્ન બ્રાહ્મણને અર્પણ કરીએ છીએ. એ સાંભળી કળિ બોલ્યો, જો તમારી પાસે બીજું કાંઇ ન હોય તો તમારી સ્ત્રી આપો. ત્યારે ભીમસેન બોલ્યો, અરે દુષ્ટમતીના, ધિકકારછેતને અમે તને ન્યાય ભરેલો જાણી તારી સાથે વાત કરી, પણ જેવો રાજા તેવી પ્રજા દેખાઇ આવી. નગરના બધાજ અધર્મી છે. આ સાંભળી કળિ બોલ્યો, તમે સતીઓ છો તો અહીં શા માટે આવ્યા છો ? વળી કહો ના કહો પણ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તમે આ સ્ત્રીને વેચી ખાવા લાગ્યા છો. આમ કહેતા કળિયુગે પોતાના દૂતોને કહ્યું, તમે આ લોકોને કેદમાં લઈ જાવ. એટલે કળિના દૂતો પાંડવોને બાંધવા આગળ વધ્યા, કળી દ્રૌપદીનો હાથ પકડવા ગયો. આ જોઈ ભીમસેનની આંખ ફાટી, કળીએ ભીમસેનનો ક્રોધ જોઈ પોતાની માયા સંકેલી લીધી. તે જોઇ પાંડવો વિસ્મય પામ્યા. ને આગળ ચાલ્યા, ત્યારે કળીએ પાંડવોને દુઃખ દેવા વનમાં એક ઝુંપડી બનાવી, પાણીની પરબ માંડી જતા આવતા મુસાફરો માટે સદાવ્રત માંડયું. આવો ખેલ કરી તે પાંડવોની રાહ જોવા લાગ્યો. એટલામાં પાંડવો ત્યાં આવ્યા. એટલે કળી બોલ્યો, આવો મુસાફર, તમારે માટે અન્ન જળ તૈયાર છે. એવું સાંભળી ધર્મરાજાએ કહ્યું, ભાઇ, અમે ધર્માદાનું પાણી પીતા નથી. અમારા પર કૃપા કરી તમે અમને કુવામાંથી જળ કાઢવા એક પાત્ર આપો. ત્યારે કળીએ કહ્યું, કુવામાં ઉતરીને પાણી પીવું હશે તો પીવાશે. પણ નરનારી ઉતરશો તો વિઘ્ન થશે. માટે પહેલાં તમે પી લો. તે પછી તમારી સ્ત્રીને મોકલજો. આ સાંભળી ભીમસેન મનમાં સમજ્યો, આ કોઇ વિકારી હોય તેમ જણાય છે. એમ જાણી ભીમસેન દ્રૌપદીને કહેવા લાગ્યો, અરે સતી, તમને અમારા કરતાં વધારે તરસ લાગી છે માટે તમે કુવામાં ઉતરી પાણી લો. એટલે સતી પાણી પીવા કુવામાં ઉતરી.

દ્રૌપદી અડધે ગઈ ત્યાં તો કળીએ એક સુંદર ગુફા બનાવી. તે જોતાં બ્રહ્મા, વિષ્ણુ, શંકર મોહ પામી જાય. કળીએ ગુફામાં હિંચોળાખાટ, ચોપાટો ઢાળી હતી. અત્તર ફુલોથી બધું સુવાસિત કર્યું હતું. જેનાં પ્રભાવથી સતી વિકારી થાય. વળી ત્યાં કળી દેવરૂપ ધારી બેઠો છે, દ્રૌપદીએ જોતાં વિચાર્યું. અહીં કોઈ દેવનો વાસો છે. લાવ દર્શન કરવા જઉં. વળી વિચાર આવ્યો, કોઇ કપટીએ લીલા કરી હોય તો દુઃખી થાઉં. સતી આમ વિચારે છે ત્યાં તો કળીએ ગુફામાં અંધારું કર્યું ને ગુફામાં તાણી લીધી. એટલે દ્રૌપદી ગભરાઈ ગઇ ને બોલી, હા, નાથ, ભીમસેન, મારા નોંધારાના આધાર, તમે કયાં ગયા ? આ કુકર્મી કળી મને ઘેરી બેઠો છે. તમે મારી વહારે ધાઓ. આમ બોલતી દ્રૌપદીને જોઇ કળી વિચાર કરવા લાગ્યો. સતી મને શ્રાપ આપશે, એમ વિચારતા કળીએ અલોપ થઇ એક ખેલ મચાવવા વિચાર્યું. કળી પોતે એક રાક્ષસ બન્યો. અને દ્રૌપદી જેવી રૂપવાળી અબળા બનાવી પોતાની ખાંધે નાંખી પાંડવો બેઠા છે, ત્યાં થઇ નાઠો. ત્યારે પેલી કૃત્રિમ અબળા બોલી, અરે મારા ભીમસેન સ્વામી, આપની દાસીને કુકર્મીના હાથથી છોડાવો. ત્યારે ધર્મરાજાને ભીમસેન કહેવા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

લાગ્યો, મોટાભાઇ, દ્રૌપદીનું હરણ થયું, તમારી મને શી આજ્ઞા છે? એ સાંભળી ધર્મરાજાએ ભીમસેનને દ્રૌપદી છોડાવી લાવવા આજ્ઞા આપી. ધર્મરાજાની આજ્ઞા મળતાં જ વૃકોદર એકદમ તે કળીના પાછળ દોડયો અને એક જોજન જતાં જતામાં કળીને ભીમસેને પકડી પાડયો. કળીએ ભીમસેનનો ઝપાટો જોઈ દ્રૌપદીને કોરાણે પૃથ્વી ઉપર નાંખી દીધી. અને ભીમસેનને મજબુત એક ઝાડ સાથે તાણી બાંધ્યો. પછી પોતે તથા પેલી કૃત્રિમ સ્ત્રી એ બંને અદશ્ય થઇ ગયાં. આથી ભીમસેન બહુ વિચારમાં પડયો. જરૂર આ તો કોઇ માયાવીએ ખેલ મચાવ્યો.એ પ્રમાણે વૃકોદર ઉદાસ થઇ પોતાના ભાઇઓને યાદ કરી અતિશય રડે છે.હવે કળી બ્રાહ્મણ રૂપે પાંડવો પાસે જઈને વાત કહેવા લાગ્યો, અરે ભાઈઓ, મારી એક વાત શ્રવણ કરો.

હું આ પંથે ચાલ્યો આવતો હતો, ત્યાં એક તોફાન દીઠું. તે એવું હતું કે એક મહા મસ્તાન તેના સ્કંધ ઉપર એક અબળાને ઉંચકીને ચાલ્યો જતો હતો. તેની પાછળ એક બળવાન પુરુષ દોડતો જતો હતો, જતા, જતામાં અબળાના હરનાર પુરુષને પાછળ પડનાર બળવાને કોટેથી પકડયો, એટલે અબળા હરનારે જોર કરી પેલા બળવાનને અવળેહાથે એક વૃક્ષની નીચે તાણી બાંધ્યો,પછી તે પાપી પ્રાણી નારીને લઈ નાસી ગયો. તે દુષ્ટે બિચારાને એવો બાંધ્યો છે કે કોઇના છોડયો છુટે નહિ. તેનાથી છુટાતું નથી તેટલા માટે તે વૃક્ષ સાથે માથું કુટે છે. રાડયો નાંખે છે. અને નિસાસા મૂકીને રડે છે, તે બળવાન રડતા રડતા એમ કહે છે. અરેરે, આવી વિપત વેળા મારા બંધવ સગા ન થયા. સર્વની સહિયાળી અબળા છે, તેમ છતાં પણ કોઇએ પક્ષ કરી નહિ. અરે હું અન્ન જળ વિના અહીંને અહીં મરી જઈશ. એ પ્રમાણે તે બિચારો ત્રાસનાં વેણ બોલતો અતિશય રુદન કરે છે, તેનું રુદન સાંભળી મને પણ દયા આવી, માટે જો તમારો ભાઈ હોય તો તેની મદદે દોડતા જાઓ. એવી ત્રાસ ભરેલી વાત સાંભળીને તરત ચારે ભાઈ ઊઠીને ભીમસેનની વહારે ચઢવા ત્યાંથી દોડયા.ચારે ભાઇ વૃકોદરનેવનમાં શોધ્યા કરે છે.એવામાં કળીએ વા વંટોળ કરી અંધારુ કર્યું,તેથી ચારે ભાઇઓને દિશાની ગમ નહિ પડવાથી તેઓ ગભરાઇ ગયા.ને અતિ અંધારાથી તેઓ ખરો રસ્તો ભૂલીઅઘોર વનમાં રસ્તેચઢી ગયા,તેઓ ઘણેદૂરગયાએટલે અર્જુનજીબોલ્યા,અરે ભાઇઓઆપણે પા પા યોજનને છેટે ચાલોતોસારું, કારણકે તેમ ચાલવાથીઆપણાએકનેપણ ભીમસેન ભાઇની ભાળ લાગશે. એ વાત સત્ય લાગવાથી તેઓ ચારે જણા

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છુટા છુટા ચાલ્યા. એ પ્રમાણે પાંડવોને પાપી કળિયુગ અતિ દુઃખ દે છે, હવે દ્રૌપદી પણ ફુવામાં બેઠી બેઠી અતિ રુદનકરેછે. તે પાંડવોને પોકારીને કહે છે, હે નાથ તમારી દાસીને ફુવામાંથી બહાર નીકળવાનો રસ્તો જડતો નથી. માટે કૃપા કરી મને પાપણીને બહાર કાઢો. અરે વહાલા પતિ, મને કોઇ પાપીએ કપટથી હરણ કરી છે. માટે આવા દુઃખથી તમારી દાસીને મુકત કરો. હે પ્રભુ, તમે પણ આ વખતે કેમ દુશ્મનથઇને બેઠા? અરે દયાળુ હરિ, જયાંને ત્યાં કષ્ટ દેવા માટે મને રૂપ આપ્યું તે તમને ઘટતું નથી. વળી હે દીનબંધુ, મારા પતિને મારે માટે અતિ દુઃખ વેઠવું પડયું છે. હે દયાળુ, મને આખોભવઉગારી પણ આખર હતું તેનું તે થયું, અરે કૃપાનિધાન, તમે વારંવાર દાસીની વહારે ચઢયા છો, માટે આટલી છેલ્લી વખત બચાવી લો. હે શ્રી હરિ, તારી સેવામાં એવી શી ખામી આવી, જેથીકરીને હું આ દશાને પ્રાપ્ત થઇ? અરે જગતગતિ જયાંને ત્યાં મારે માટે કામી લોકોએ મારા પતિને અતિ દુઃખ દીધું. હે પ્રભુ, છેવટે અમે તારી પાસે આવવામાટેહિમાલયેશરીરગાળવાનો વિચારકર્યો, છતાં પણ જયાં ને ત્યાં અતિ ઉપાધી આવી પડી. અરે જગતપતિ, હવે તો કાંઇ ઉપાય ચલાવી અમને આ દુઃખમાંથી મુકત કરો. હે દયાળુ પ્રભુ, અમારો કંઇ અપરાધ થયો હોય તે માફ કરી અને હિમાલય પહોંચતાંકરો. અરે નોધારાના આધારપ્રભુ, તમેસમર્થ છો, તમારાવિનાઅમારાપામરનું દુઃખ કોણ દૂર કરશે ?

એ પ્રમાણે દ્રૌપદી અતિ રુદન કરી પ્રભુને તથા પોતાના પતિને પોકારે છે. એવામાં ત્યાં (ગુફામાં) કળિયુગ રાજા સ્વરૂપે પ્રગટ થઇ હીંચોળાખાટ ઉપર બેઠો થોડીવાર પછી પાપી બોલ્યો, અરે સુંદરી, તમેહીંચોળાખાટ ઉપર બેસો. એટલે દાસી તમને પવન નાંખે હે વહાલી, અહીં તમને બિલકુલ દુઃખ પડવાનું નથી, તમારી મરજીમાં આવે તે પ્રમાણે પહેરીઓઢીને તથા સુંદિર ભોજન કરીને અમારી સાથે આનંદ કરો. હે સુંદરિ, તું પાંચ પતિની અબળા હતી. પણ છેવટે તને મૂકીને તેઓ ચાલ્યા ગયા. તારે દુઃખે તેમને કંઈ પણ દયા આવી નહિ. પાંડવોને પાલે પડીને તેં શું સુખ ભોગવ્યું ? તેનો તું વિચાર કર. તેં બાર વરસ વનમાં દુઃખ વેઠીને છેવટે તેરમે વરસે વૈરાટમાં અતિ દુઃખનું વસ્ત્ર લપેટયું. વળી તે દુઃખમાંથી મુકત થયાં તો પણ રાજપાટ મળ્યું નહિ. તેથી કુટુંબ, કબીલો તથા પોતાના પુત્રોનો નાશ કર્યો. જો તારા પાંચ પુત્રો મુઆ અને તેથી તું વાંઝણી કહેવાઇ. હેસુંદરિ, તું નિર્ભાગી પતિના સંગે કરીને સદા કષ્ટને પાત્ર થઈ. વળી જયારે જંપીનેબેસવા વેળા થઈત્યારે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હિમાળે ગળવા નીકળી પડયા. એવા કર્મહિણ પતિનો સંગ કરીને તું શા માટે દુઃખ વેઠે છે ? તું મારે વશ થઇને રહે તો હું તને અતિ ભૌભાગ ભોગવવાને આપીશ. અરે વહાવી, આવો રૂપાળો મનુષ્ય દેહ ફરીનૂ આવવાનો નથી, માટે સાંસારિક લહાવો લઇને આનંદ કરવો તે સત્ય છે. પછી પશુ પક્ષીમાં આવો લહાવો મળવાનો નથી માટે સમજી હીંડોળા ઉપર આવીને બેસ. અરે વહાલી સુંદરી, તું જેમ કહેશે તેમ કરવા હું ખુશી છું. સદા તારું બોલ્યું પાળીશ. તું જે માગશે તે ખુશીથી આપીશ, તું બેસ કહેશે તો બેસી રહીશ અને ઊઠ કહેશે તો ઊઠીશ, વળીતું નાચ નચાવશે તો તારી આગળ નાચ કરીશ. એ પ્રમાણે હું સદા તારી સેવામાં રહીશ. હે નારી, મારા યૌવન સામું જોઈને વિચાર કર કે મારામાં શી ખામી છે?

ત્યારે દ્રૌપદી છાની રહીને પોતાનાં લોચન સાફ કરવા લાગી. એટલે કળીએ જાણ્યું, ઘણું કરીને તેણીએ મારા વચન ઉપર વિશ્વાસ રાખીને કંઈક માન્યું હોયએમલાગે છે.એવું જાણીને પાપી સતીનો કર જાલવા માટે ઊભો થયો.ત્યારે સતીએકહ્યું,પાપીચંડાળ,બેસીરહે,નહિ તો શ્રાપ દઈબાળી ભસ્મ કરીશ, એવું સાંભળી કળી કહે છે, તું જે વેણ કહે છે તે સાકર જેવાં લાગે છે. તું જે બોલે છે તે મને અતિ પ્રિય લાગે છે, તેથી હું મારા જીવતરને અતિ સુખી માનું છું ત્યારે સતી બોલી, અરેમૂર્ખના સરદાર, તું હજી અબળાને ઓળખતો નથી ? જે પરદારા છે તે અતિ દુઃખનો ડુંગર છે, તેમ છતાં જેટલા પ્રાણી તે સુખનો સાગર છે એમ સમજે છે તેઓ નિશ્ચય અતિ દુઃખને પાત્ર થઇ અઘોર નર્કમાં પડે છે. હે અજ્ઞાની જીવડા, તું શું રૂપ રંગ જોઇને મોહ પામ્યો છું ? રાવણ તથા ઇંદ્રરાજાસરખા પણ ખુવાર થઈ ગયા તો તું શા લેખામાં છે? અલ્યા, તું તપાસી જો, જ્યારે વૈરાટમાં કૈચા કિચકે કુદૃષ્ટિ કરી ત્યારે તેનું ભુંડા હવાલે મરણ થયું. એ પ્રમાણે જેણે જેણે એવાં કૃત્ય કર્યાં તેણે સ્વપ્ને પણ કદી સુખ જોયું નથી.પરાણે પરદારાલેવા ઇચ્છા રાખેછે તેઓ નાશ થઈ ગયા.જેસ્ત્રીપતિને કષ્ટેકષ્ટ ભોગવે છે તેને જ સ્ત્રી જાણવી.અને જે નારી પોતાનું સુખ ચાહે છે તે પ્રેમદા જરૂર નર્ક ભોગવ્યા વિના રહેતી નથી મારા સ્વામીએ મને મોહ માયામાંથી મુકત કરી મોક્ષનો રસ્તો બતાવ્યો, તેવા મારા વહાલા સ્વામી સરખા બીજા કોઈ નથી. વળી મારા કંથને સાક્ષાત શ્રીહરિ પ્રસન્ન છે. જ્ઞાન વિનાના અજ્ઞાની જીવોને આ દુઃખી સંસાર અતિ વહાલો લાગે છે તેવા જીવો ભવ પાર થતા નથી. જે પુરુષો અગર

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્ત્રીઓ રૂપાળી કાયાનો મોહ કરીને વશ થાય છે તેવા જીવોની માઠી દશા થાય છે. જેમ અન્નનું નર્ક બને છે તેમ તે જીવનું ભુંડું થાય છે. માટે હે મૂર્ખા, તું મારો મોહ છોડી દઇને શ્રી હરિનું સ્મરણ કર, જેથી તારું કલ્યાણ થાય એવું સાંભળી રકત લોચને બોલી ઊઠયો, અરે અબળા, તું સમજી જા નહિ તો બળાત્કારથી તારી લાજ લઇશ. એમ કહી પાપી કળી સતીનો હાથ ઝાલવા ઉઠયો. એટલે તો દ્રૌપદીએ અતિ જોર જણાવ્યું ને તે એકદમબોલી,અરેદુષ્ટ મતીના દૂર રહેજે,નહિતોશ્રાપ દઇ બાળીભસ્મ કરીશ.

એ પ્રમાણે દ્રૌપદીને ક્રોધાયમાન જોઇને દુષ્ટ કળી તરત અલોપ થઇ ને કુવા બહાર સદાવ્રત આપવા માટે બેઠો. હવે ચાર ભાઇઓ [પાંડવો] છુટા છુટા ભીમસેનને શોધતા શોધતા ચાલ્યા જાય છે. એવામાં ધર્મ તથા સહદેવ બંને એકઠા થયા. એટલે યુધિષ્ઠિર સહદેવનેકહેવા લાગ્યા,અરે વીરા, આપણો ભીમસેન ભાઇ અતિ દુઃખમાં હશે. માટે તેનું આપણે શું કરીશું ? વળી હે વીરા,બિચારીસતીદ્રૌપદી આપણાવિના મૃત્યુ પામશે. જો ભીમસેનને દ્રૌપદી મળી હોત તો તેઓ બંને જણ કયારનાં આપણી પાસે આવ્યાં હોત, પણ તેમને નકકો વિઘ્ન થયું છે તેમાં કંઇ શક:નથી.એ પ્રમાણે ધર્મરાજા તથા સહદેવ વાત કરે છે, એટલામાં નીકુળ તથા ધનંજય ત્યાં આવ્યા.પછીનીકુળ તથા અર્જુન રડતા રડતા કહે છે, અરે બંધુ વૃકોદર કયાં ગયો ! અરેરે તમારા વિના અમે કેમ કરીને :જીવીશું ? વળી સતી દ્રુપદ રાજાની પુત્રીની તો શી દશા થઇ હશે ? એમ કહીને બંને ભાઇઓ અતિશય આક્રંદ કરે છે. વળી અર્જુન કહે છે, વીરા ભીમસેન, તમે આંબલી પીપળામાંથી બચાવ્યો હતો તેમજ લાખા ભુવનમાંથી પણ અમને સઘળાને બચાવ્યા હતા. અને હેડંબાસુર હરિ ગયો ત્યાંથી પણ તમે છોડાવ્યા હતા. તેજ પ્રમાણે તમે અત્યારે અમને આ દુઃખમાંથી મુકત કરો. એમ કહી નીકુળ તથા અર્જુન બંને ભાઇઓ રડી પડયા. એટણેધર્મરાજાએ સહદેવને કહ્યું, અરે વીરા, તમે ત્રિકાળજ્ઞાની છો માટે એટલું બતાવો કે ભીમસેન આપણને કેવી રીતે મળશે ? એવું સાંભળી જોષી કહે, ચાલો ભાઇઓ, હું ભીમસેનને બતાવું. એમ કહી સઘળા ભાઇઓ પૂર્વ દિશા તરફ ગયા,તોભીમસેન ઊભો ઊભોરુદન કરે છે. ભીમસેન પોતાના ધનંજયબંધુને પોકારકરીને કહે છે, હે મારા બાણા વળી વહાલા વીર, મને આ દુઃખમાંથી મુકત કરો. હે દ્રૌણગુરુના શિષ્ય કીરી-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ટધર, તમે આવીને તારુ દુઃખ નિવારણ કરો નહિ તો બિચારી સતી દ્રૌપદી દાંતે જીભ લઇને મૃત્યુ પામશે. વળી હે પારથજી, જ્યારે પંપા સરોવર ઉપર મને ગાંધર્વે પાણી ભરતાં હરકત કરી હતી ત્યારે તમે અંગારક ગાંધર્વને બંધન કરી મને ત્યાંથી છોડાવ્યો હતો. માટે તે પ્રમાણે આજ અહીં પણ વહારે ધાઓ. હે જગતમાં પરાક્રમી નર, જ્યારે જયદ્રથ દ્રૌપદીનું હરણ કરીને લઈ જતો હતો તે વખતે તેણીને છોડાવવા માટે હું તેની પાછળ પડયો, ત્યારે જયદ્રથે મને બે વાર બંધન કર્યો પણ તમે તે વખતે પરાક્રમ કરીને મને તે દુઃખ માંથી મુકત કર્યો. અને પાછો જયદ્રથને બંધન કર્યો. એ પ્રમાણે મને આજ આ પાપમાંથી મુકત કરો. ભીડ વેળાના ભાઇ, તમારા બંધુને છોડાવીને દુષ્ટ અસુરના હાથે ગયેલી અબળાની મદદ કરી છોડાવો.

એ બંધુ, આ અઘોર વનમાં હું એકલો ટળવળું છું, માટે મને અહીંથી છોડાવો. વાયુનંદન એ પ્રમાણે ત્રાસ ભરેલું રુદન કરે છે. ગમે તેવો ધીરજવાન પુરુષ હોય પણ તેની હિંમત ભાગી જાય. હવે ચાર ભાઇઓ સહદેવજીના કહ્યા પ્રમાણે ભીમસેનની શોધ કરતા ચાલ્યા જાય છે. એવામાં ભીમસેનનું રુદન તેમને કાને પડયું; એટલે ચારે જણા વૃકોદર તરફ દોડયા. વાયુનંદન તેમને જોઇને શોકમાંથી મુકત થયો. અર્જુનજીએ ભીમસેનના હાથ છોડી નાંખ્યા એટલે વૃકોદર પ્રેમનાં આંસુ આણીને પોતાના ભાઇઓને બાઝી પડયો. થોડીવાર પછી ભીમસેન બોલ્યો, અરે બંધુઓ ચાલો આપણે દ્રૌપદીની શોધમાં જઇએ.એટલે ધર્મરાજાએ ભીમસેનને કહ્યું, સહદેવ જોશી ત્રિકાળજ્ઞાની છે માટે તેમને પૂછશો તો સઘળો ખુલાસો થશે.એવું યુધિષ્ઠિરનું બોલવું સાંભળીને ભીમસેને સહદેવને પૂછયું, અરે બંધુ મને આટલું બધું કષ્ટ કોણે દીધું અને વળી આપણી નારી દ્રૌપદીનું હરણ કરનારો કોણ હશે તે મને વિસ્તારથી કહો. ત્યારે સહદેવજી કહે, અરે વીરા, તમને દુઃખ દેનારો તથા નારીને હરણ કરનારો રાક્ષસ નહોતો પણ તે તો ખુદ કળી હતો.આપણને સતીઆ જાણીને કુકર્મી આપણી પાછળ પડયો છે. માટે ચાલો તેનો નાશ કરીએ.એ પ્રમાણે સહદેવજીના કહ્યા મુજબ પાંચે ભાઇ કળીને શિક્ષા કરવા સારુ ચાલ્યા. રસ્તે ચાલતાં સહદેવે કહ્યું, અરે બંધુઓ, જે સદાવ્રત આપે છે, તે જ કળી છે, વળી જે કુવામાં રાક્ષસ રૂપે કૃત્રિમ નારીને લઇને લઇને નાઠો હતો તે પણ કળી હતો; બિચારી સતી દ્રૌપદી તો કુવામાં બેઠી બેઠી હજુ રુદન કરે છે. એમ વાર્તા કરતા કરતા પાંડવો તે જ કુવાની પાસે આવ્યા એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભીમસેન તરત કળીનું પાંગોઠું ઝાલી માર મારવા માંડયો. ત્યારે કળી બોલ્યો, અરે ધર્મિષ્ટ રાજન,તમે મને શા માટે મારો છો ? તમે મને મારશો તો આ સદાવ્રત અન્ન જળ વિગેરે કોણ આપશે ? આ રણમાં મારા જેવો ધર્મીષ્ટ કોઇ નથી; એવું કળીનું બોલવું સાંભળી વૃકોદર કહે, અલ્યા અધર્મી મેં તને ઓળખ્યો, તું નળરાજાને દુઃખ દેનારો છે. અલ્યા પાપી, તું ઝટપટ અમારી નારી પાછી આપ, નહિ તો તને ઠેર મારી નાંખીશ. એટલે કળીએ પોતાની માયા સંકેલીને કૂવામાં પ્રકાશ કર્યો, તેથી દ્રૌપદી સતી અજવાળે અજવાળે કુવાની બહાર ચાલી આવી.વૃકોદર દ્રૌપદીને જોઇને કળીને અતિશય માર મારવા માંડયો.વૃકોદરના મારથી કળી ત્રાસ પામીને બોલ્યો,અરે માબાપ મને જીવતો મૂકો. ત્યારે ભીમસેન કહે. અલ્યા કુકર્મી, તે મને રણમાં વૃક્ષે તાણી બાંધ્યો અને વળી નારીને કૂવામાં પૂરી વિગેરે તેં બહુ બહાદુરી કરી છે. માટે તારા જેવા અધર્મીનો નાશ કરવો એ જ અમારો ધર્મ છે. એવું સાંભળી બોલ્યો, અરે મહારાજ, મારો વારો બેઠો એટલે મને એમ સુજ્યું કે પાંડવો મને નબળો જાણીને હિમાળે ચાલ્યા જાય છે, માટે તેમને ભ્રષ્ટ કરું. પણ સત્યવક્તા સતીના સુત આગળ મારું કંઇ ન ચાલ્યું.વળી વધારામાં કહ્યું,અરે પાંડવો,તમે તમારે:હિમાળે ગળવા ગળવા ખુશીથી ચાલ્યા જાઓ.હવે પછી હું તમને કંઈ હરકત કરવાનો નથી.એટલે ભીમસેન બોલ્યો. તારા વારામાં સર્વને નાસવું પડે છે અને જો કોઇ ન નાસે તો સુકિત છોડીને જરૂર તેઓ પાપને પંથે ચડે માટે તને ઠેર મારું તો તારો વારો બંધ થઈ જાય.

તું અવગુણનો ભરેલો છે, તેથી તને જીવતો મૂકવાનો નથી. એમ કહીને વૃકોદર દુષ્ટ કળીને માર મારવા લાગ્યો. વાયુનંદન પાપી કળીને નીચે નાંખી તેની છાતી પર ચઢી બેઠો, તેથી કળી અકળાઇને બૂમો પાડે છે. ધર્મરાજાને કરગરીને કહે છે, અરે મહારાજ, તમે મારી પહેલાં વાત સાંભળી લો પછી મને મારવો હોય તો મારજો. એટલે ધર્મરાજાને દયા આવવાથી વૃકોદર પ્રત્યે બોલ્યા, અરે વૃકોદર, તું કળીને મારે તો તને પરમેશ્વરની આણ છે. એ પ્રમાણે ધર્મરાજાનું બોલવું સાંભળીને ભીમસેન ખમચાઇને ઊભો રહ્યો.ત્યાર પછી કળી ધર્મરાજા પ્રત્યે બોલ્યો,હે મહારાજા,જો તમે જ્ઞાનની દૃષ્ટિએ જોશો તો સત્ય,ત્રેતા ને દ્વાપર આ ત્રણે યુગ કરતાં હું ઘણો સારો છું. જુઓ સત્ય, ત્રેતા ને દ્વાપર યુગમાં આયુષ્ય બહુ લાંબો હોય છે તેથી આ દુઃખદાયક મારામાંથી કોઈ પ્રાણી વહેલો નીકળી શકતો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

નથી. વળી ઘણા પ્રાણીઓ તે ત્રણ યુગમાં જપ, તપ, ધ્યાન, દાન વિગેરે મોક્ષ પંથે પળવા માટે કરતા હતા તો પણ પ્રભુ મળવા ઘણા મુશ્કેલ હતા, તેમજ તે યુગમાં પાપ, પ્રપંચ, જુગાર, જારકર્મ, જુઠું બોલવું તથા અન્યાય, અધર્મ, અનીતિ વિગેરે કંઇ નહિ હોવાથી તમે તે યુગને વખાણો છો પણ જરા મારા ઉપર કૃપા કરીને મારી વાત સાંભળ્યા પછી મને માર મારજો, એટલે ધર્મરાજાએ ભીમસેનને કહ્યું, કળીની વાત પૂર્ણ થયા પછી તેને શિક્ષા કરજે, તે સિવાય કંઈ પણ હરકત કરીશ નહિ. એવું ધર્મરાજાનું બોલવું સાંભળીને ભીમસેન બોલ્યો, અરે વહાલા ભાઈ,તમારું બોલેલું વચન હું મસ્તકે ચઢાવું છું. એટલે કળી પાંડવો પ્રત્યે કહે છે કે મારા વારામાં ત્રણ યુગ કરતાં અવળું ચાલશે, તે એવી રીતે કે સત્ય, ત્રેતા ને દ્વાપર કરતાં મારા યુગમાં આવરદા બહુ ટુંકો થશે, તેથી કરીને પિતા પહેલા પુત્રનો નાશ થશે. પુરુષ સ્ત્રીને સઘળી મિલકત સોંપશે એટલે નારી પોતાના પુત્રને દેવું દેખાડીને તમામ પુંજી પોતાની દીકરીને આપશે. નારી પુત્રની પત્નીને શત્રુ દેખશે અને જમાત્રને વહાલો ગણી તેના ઉપર પ્યાર રાખશે. વળી સાસુ વહુના છોબલા પાડીને પોતાના પુત્ર પાસે તેણીને માર મરાવશે. કદી પુત્ર તેમ ન કરે તો બાપબેટાને લડાવીને તેમને એકબીજાથી જુદા પડાવીને વિરોધ વધારશે.

પુત્રના જુદા પડયા પછી માતા કહેશે, પુત્ર વામાને વશ થયો છે એમ કહી લોકોની આગળ નિંદા કરશે. વળી માતા પુત્રી જમાત્રને જોઇને આનંદ પામશે અને પુત્રની પત્નીને દેખી ઘણો શોક ધારણ કરશે પણ શંખણી એમ વિચાર કરતી નથી કે તે પહેલાં વહુ હતી અને પછી માતા થઇને બેઠી એટલે ઘેલી બની પુત્રને પરણાવતી વખતે માતા વહુના તાતભ્રાતને સગા માનશે અને પરણાવીને ઘેર આવ્યા પછી વહુના ભાઇ બાપને ગાળો દેશે એ પ્રમાણે મારા વારામાં કોઇ સુખ પામવાનું નથી. જ્યાં ને ત્યાં લોહી ઉકાળો ચાલ્યા કરશે. વળી ધણી ધણિયાણી, સાસુ વહુ, માતા પુત્ર, નણંદ ભોજાઇ તથા ભ્રાત ભગિની વિગેરે કોઈ સુખેથી બેસશે નહિ. કોઇ તન દુઃખી કોઇ મન દુઃખી, કોઇ ધન દુઃખી, કોઇ અન્ન દુઃખી એ પ્રમાણે લોકોને અનંત પ્રકારનું દુઃખ પ્રાપ્ત થશે. તેમજ ભાણાં આંતરો એવી રીતે કરશે, બાપથી બેટા છાનું ખાશે,બેટાથી બાપ છાનું ખાશે અને ભાઇથી ભગિનીતથા ભગિનીથી ભાઈ છાનું ખાશે. અને વળી પ્રેમદાને પિયરનું ફરજન વહાલું લાગશે અને પુરુષને સાસરિયું વહાલું લાગશે. પુરુષ કુટુંબથી વેર કરશે અને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સાળા સસરાની સેવા કરશે.કેટલાક પ્રાણી માબાપને દુશ્મન સરખાં ભાળશે અને ભાઇ ગૃહસ્થ હોય તો તેને દેખીને દાઝે બળશે તેમ સાસરિયાંની સાહ્યબી જોઈને હાથીની માફક ચાલશે. વળી પાડોશીની સાથે પણ વેર કરાવીને એક બીજાને લડાવી મારશે. ગરીબ પ્રાણીઓ ગૃહસ્થની સાહ્યબી જોઇને ઘણા દિલગીર અને ગૃહસ્થ લોકો પોતાની પુંજી ગરીબ આગળ બતાવી ગરીબને તુચ્છ ગણી કાઢશે. મારા વારામાં ગૃહસ્થ લોકોની એવી બુદ્ધિ થશે કે જેમ ગૃહસ્થને પૈસો મળશે તેમ તેમ તેઓ ઘણા ઘણા કંજૂસ થશે. તેઓ ધર્મના કામમાં એક પણ પાઇ વાપરશે નહિ. વળી જ્યારે પોતાના ઘેર ટાણું આવશે ત્યારે ગૃહસ્થાઈ દેખાડવા માટે તથા કીર્તિ થવા માટે જબરાં જમણ કરશે. પછી પોતે દશે દિશાએ એવી નજર રાખશે કે રખેને બીજો પેટ ભરી જાય. એ પ્રમાણે સર્વને જમાડયા પછી એંઠવાડો વેચાતો આપીને પોતાના માતાપિતાનું નામ બોળશે, ગૃહસ્થ લોકો જીવવાની ઘણી આશા રાખશે પણ મરણ સમયે શું થશે તેની તેઓ બિલકુલ દરકાર રાખશે નહિ. મારા વારામાં હું સર્વને અનીતિના રસ્તે ચઢાવીશ જેથી કરીને કોઇ મોક્ષ ગતિ પામશે નહિ. અને આજનાજેજ્ઞાની પુરુષોહશેતેઓજરૂર ભ્રષ્ટ બુદ્ધિને આધિન થશે. જે શાંતિ પામેલો સંત સાધુ હશે તેનો સ્વભાવ ક્રોધાયમાન થશે. કોઈ ત્યાગી, તપસ્વી પુરુષ હશે તે મારી માયામાં નિશ્ચય લપસી પડશે. વળી જે કોઇ જ્ઞાની પામેલો હશે તેને હું મહા મસ્તાની બનાવીશ.જે ભકિતવાળોહરિજન હશે તેની પાસે જરૂર કપટના ચાળો રહેશે, મારા વારામાં જ્ઞાન ક્ષીણ અને અધર્મનો વધારો થશે. બીજા યુગમાં એક ધર્મ ચાલતો પણમારાવારામાંઅનંત પંથઉત્પન્નથશે.ધર્માચાર્ય ગુરુથઈ ભોળા લોકોનાં ધન હરણ કરી લેશે, તેઓ લોકોને એવોઉપદેશ કરશે, આ માયા મિથ્યા છે,સગાંવહાલાં વિગેરેમિથ્યા છે,એમ સમજાવીનેપૈસો હરણ કરી લેશે. વળી ધર્માચાર્ય લોકોને બાવા કરશે. અને પોતાના માટે તે સાધુને ભીખ માગવા મોકલશે. એ પ્રમાણેધર્માચાર્ય જેમતેમ કરી લોકોનું ધન હરણ કરશે.બિચારા ભોળા લોકોને ભિખારી બનાવી ધર્મગુરુ પૈસાદાર બનશે.

ગુરુ પરનાપૈસે રંગમહેલબનાવીતથાસ્ત્રીઓસાથે મોજમજા ભોગવી અતિ આનંદ કરશે અને ગરીઓને ભીખ માગતાકરશે.વળી તે લોકોનેએમ કહેશે કે શબ્દ, સ્પર્શ,રૂપ,રસ અને ગંધઆ પંચ વિષયનો ત્યાગ કરવો જોઇએ પણ પોતે કંઇ કરશે નહિ. પોતે સારાં સારાં મીષ્ટ ભોજન કરશે અને સેવકોનેખાવા માટે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રોટલો સરખો પણ રહેવા દેશે નહિ. પોતેનહાઇ ધોઇને સુંદિર વસ્ત્રો ધારણ કરી અનંત પ્રકારના ભોભોગ લેશે અને સેવકોને કહેશે કે માયાને મિથ્યા જાણી દેહ ઉપરનો મોહ ત્યાગકરવો. એપ્રમાણેપાપીષ્ટધર્મગુરુ મીઠું બોલી અતિ અનીતિ કરશે પોતે સ્વચ્છ રહીને રૂપાળા પાસે પગ ચંપાવશે. અને ફાટયાં મેલાં વસ્ત્ર પહેરીને કોઈ તેમના ચર્ણ ચાંપવા જશે તો મોં બગાડી પોતાના નાકે લુગડાનો ડુચો દાબશે. ભોળા લોકોતેવા પાપીષ્ટ ગુરુઓના ઉપદેશથી અવળે રસ્તે ચઢી મોક્ષપદનોરસ્તોભૂલી જશે, વળી ધર્માચાર્યો મોટાં મંદિરો બનાવીને તેમને સોને રૂપે મઢાવશે, તેમાં બાગબગીચા તથા સુંદર બેઠકો બનાવી અતિ ભોભોગ લેશે. પોતે:ઠાકોરજીના નામથી સામગ્રી બનાવી નિરાંતે આરોગી જશે.

અજ્ઞાની ભોળા લોકોઠાઠમાઠનેમાનીનેપોતાની આખી ઉંમરએળે ગાળશે વળી જયાં અજ્ઞાનીને પ્રસાદનો પડીયો મળ્યો એટલે સદા તેની ચાકરી કર્યા કરશે, તેમાં વળી કોઇચહોંચેલાસેવકો તો તેમના કારભારી થઇને બેસશે. અને તેઓ મોટા ભક્ત થઈ ટીલું તાણી બીજા લોકોને એવો ઉપદેશ કરશે કે આ મનુષ્યા દેહ ફરી આવવાનો નથી માટે આપણાંગુરુને સારી રીતે પૈસાઆપવા એ આપણો ધર્મ છે. એ પ્રમાણે લોકોને ઊંધુ સમજાવી, પૈસા ઉઘરાવી ધર્માચાર્યનું ઘર ભરશે. પછી તેમાંથી પોતે પોતાનો પગાર લઇ ખાઈ પી આનંદ કરશે. વળી તેઓ પ્રસાદોના પડીઆ ચાંટીને ગુરુનાં છિદ્ર દાટશે. કારભા-રીઓ ભોળા લોકોને એવો ઉપદેશ કરશે કે આપણા ઘેર ગુરુ મહારાજ પધારે તો આપણાં સઘળાં પાપ ટળી જાય, એમ ધર્માચાર્યને રળાવીને પોતે પણ રળશે. કારભારીઓ નિત્ય ગુરુના ત્યાં મીષ્ટ ભોજન કરીને ધર્મના નામે ધન ધુતાવીને ધુતશે. તેઓ ગુરુનો મહિમા જયાં ને ત્યાં વધારશે પણ પોતાના મનમાંબિલકુલ શ્રદ્ધા રહેશે. નહિ. એવા કુકર્મી ગુરુ તથા કારભારીઓનું કહ્યું માનનારા ભોળા, અજ્ઞાની લોકો કદી મોક્ષ પામવાના નહિ. ઘણા ગુરુનું સેવન કરી મોક્ષપદ માગનારનું કદી કલ્યાણ થતું નથી. મોક્ષનો માર્ગ ગુરુથી ન્યારો રહેલો છે, તે માર્ગ ગુરુ બતાવે છે માટે શિષ્યે તેમનો સારી રીતે ઉપકાર માનવો બધાએ ગુરુનો ઉપકાર માની સદા પોતાનું લક્ષ પ્રભુમાં જોડવું જોઈએ. જો કદી પોતાનું લક્ષ પ્રભુમાં રાખ્યા સિવાય ગુરુમાં રાખે તો તેનું કદી કલ્યાણ થતું નથી, પણ મારા વારામાં હે ધર્મરાજા, આવો સદ્દુપદેશ કરનારનું કહેવું કોઈમાનશે. નહિ. એ પ્રમાણે મારી દરેક યુગ કરતાં અવળી વળા છે એવું વેદ શાસ્ત્ર પુરાણ પોકારીને કહે છે પણ જગતના સમજયામાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

આવતું નથી, હું મારા રાજ્યમાં ખોટાનું ખરું ચલાવીશ, અને ખરાનું ખોટું ચલાવીશ. હું ખરા જ્ઞાનીને ભ્રષ્ટ કરી ધુતારાનો ધર્મ વધારીશ તેમજ સાચાનો ધર્મ તોડી નાંખીને પાખંડીનું પૂજન કરાવીશ. એ પ્રમાણે લોકો મારા વારામાં અવળાનું સવળું માનશે, વળી જે સાચી વાત હશે તેને જગમાં સૌ ખોટી માનશે. મારા વારામાં હું કલ્પિત સંસ્કૃત ઊભું કરીને જગતમાં સાચું મનાવીશ એમ પુરાણ પુસ્તકના અર્થો સવળાના ઉલટા કરાવીશ, હું સતીને શિરે લાંછન લાવીને શાહુકારને ચોર ગણાવીશ. વળી સધર્મીને પાછો પાડીને અધર્મીનું જોર વધારીશ, સાચા માણસોને જુઠા ઠરાવીશ. જુઠાને સાચા મનાવીશ, કાયરને શુરા બનાવીશ એને શુરાને કાયર બનાવીશ, વળી જોતીષ વિદ્યા જુઠી પાડીને જગતની શ્રદ્ધા તેના ઉપરથી ઉઠાડીશ તેમ હું વૈદ્યોને અજાણ ઠરાવવા માટે નવા રોગ ઉત્પન્ન કરીશ એ પ્રમાણે ઉત્પાત કરીને લોકોને સવળાને બદલે અવળે માર્ગે ચઢાવીશ.

હું સર્વની બુદ્ધિ સ્વાર્થી ઠરાવીશ જેથી પરમાર્થીનો રસ્તો નાશ પામશે વળી કીર્તિના દાનનો એવો રીવાજ કાઢીશ. જેથી જ્ઞાની પુરુષો હાસ્ય કરશે, વળી કોઇ બ્રહ્મભોજન કરાવે તે વેળા તે જશ લેવા માટે અહંકારથી પૂછશે કે રસોઈ કેવી બની છે! ત્યારે અધર્મી બ્રાહ્મણ વખાણ કરશે કે દાળ તો દૂધપાક તુલ્ય બની છે એવું અન્ન ઉપર બેસીને જુઠું બોલશે. વળી કોઇ તમને પૂછશે કે તમે કેમ જુઠું બોલ્યા? ત્યારે તે કહેશે અન્ન દેવતાને કદી ખોટું કહેવાય નહિ. પણ ખરૂં જોતાં તેઓ અન્ન દેવતા ઉપરે બેસીને યજમાનને વહાલા થવા માટે રસોઇનાં વખાણ કરશે તેથી તેમને બમણું પાપ થશે. વળી પ્રેમદાએ પોતાના ધણીને સૂતો વેચશે અને પર પુરુષના મુખડાં જોઇને મોહી જશે. તેઓ પોતાના કુળની આબરૂ દૂર મૂકીને ધન માટે અનીતિ કરશે. સ્ત્રીઓ પરપુરૂષનાં સારાંનરતાં રૂપ તથા સારાનરતા પોષક જોઈ વિષયના રસ્તે ચઢશે, પોતાનો સ્વામી જયાં જવાનું ના કહેશે ત્યાં તે બમણી જાશે, વળી સ્ત્રીઓ પોતાના કંથ સાથે મુમત બાંધીને કલેશ કરશે સ્ત્રીઓ વૃદ્ધાવસ્થાની થશે તોપે યૌવન વેશે ફરશે. જે સ્ત્રી એક સ્વામી કરશે તે કપુત કહેવાશે. અને શત સ્વામી કરશે તે સપુત કહેવાશે. પોતાના સ્વામીના સ્નેહીના સાથે કુડુ કલંક મૂકી પોતાના કંથને તેની સાથે લડાવશે પુરુષોનું પુરુષાતન ઘટશે અને તેથી સ્ત્રીઓને અતિશય વિરહ વધશે તેમ બનવાથી નારી કુંડાં કૃત્ય કરીને સામાને માથે આળ મૂકશે, પશુનું મૈથુન દેખીને

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વામાને વિરહ ચઢશે અને જો કોઇ સારી શિખામણ દે તો તેઓ સામાને જ ગળે પડશે, મારા વારામાં સ્ત્રીનું ચલણ ચાલશે અને પુરૂષોનું તો બિલકુલ બોલ્યું અબોલ્યું થશે. વળી કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને કહેશે, તમને વધારે સ્ત્રીઓ પરણવાની છુટ છે માટે અમે પણ વધારે પતિ કરશું.પણ સ્ત્રીઓ મનમાં વિચાર નહિ કરે કે પુરૂષ વધારે સ્ત્રીઓ પરણી શકે છે પણ સ્ત્રીનાથી એક વિના બીજા પતિ થાય નહિ. એ પ્રમાણે મારા વારામાં સઘળી અવળી વર્તણુક થશે. ધર્મશાસ્ત્ર પુરૂષને સ્વતંત્ર રહેવાની છુટ આપી છે, પણ પ્રેમ-દાને સ્વતંત્ર રહેવાનું કહ્યુંનથી, એક પૂરૂષ પછવાડે નવ નવ નારીઓ ફરશે, અને સદા તેમની વૃત્તિ કામાતુર રહેશે, કાં પોતાની સ્ત્રી, માતા, બેન, કાકી માશી વિગેરે ગમે તે હશે પણ તેઓ સઘળા કુળની મર્યાદા મૂકીને પશુ સમ વ્યવહાર કરશે. નરનારી હંમેશાં એક વાહન ઉપર બેસીને હવા ખાવા જશે, નર હમેશાં સ્ત્રીના સરખા પોષાક પહેરશે અને સ્ત્રીઓ નરના સરખા પહેરશે. અબળા પૂરૂષના જેવાં ખડાવાળાં ઉપાન પહેરીને છત્રી, રૂમાલ વિગેરે હાથમાં પકડીને તથા પતિનો હાથ ગ્રહીને માત, તાત, ભ્રાત તથા નાત શરમ કોરાણે મૂકી ફરતાં ફરશે, જો કોઇ તેવી સ્ત્રીને શિખામણ દેશે તો તો કહેશે કે કયાં પર પુરૂષનો હાથ પકડયો છે, તેમાં હું કંઇ અધર્મ કરતી નથી.

એ પ્રમાણે વિદ્યા ભણીને આડે રસ્તે ચઢી જશે. એવા ઉત્તર દઇ પોતાની બહાદુરી બતાવશે. પુત્રી માતાપિતાને જોઇ ખુશી ખુશી થશે તેથી માબાપ એમ ધારશે કે મારો જમાત્ર બહુ હોંશિયાર છે. જયારે દીકરી સાસરેથી પોતાના ઘેર આવશે,ત્યારે પોતાની પુત્રને લાડ કરીને માતાપિતા તેણીનો આખો ભવ એળે ગુમાવશે એ પ્રમાણે મારા વારામાં સઘળાની સુમતિ નષ્ટ પામી કુમતિનો વધારો થશે. સગાવહાલામાં તથા જેની ને તેની આંખોમાં ઝેર વધશે.સઘળા લોકો કંગાલ ઉપર કેર કરશે અને જબરા લોકોની મહેર માંગશે. વળી જે પોતાનાં સગાં હશે તેને દુશ્મન ગણશે, જાતી ટળીને જ્ઞાતિ થશે. તેથી કરીને શેઠ પટેલીઆ બનશે તેમાં જે શેઠ પટેલીઆઓ બનશે તે તો એવા ચંડાળ સરખા નીવડશે કે બિચારા ગરીબોને બહુ જ કનડશે તેમજ તેમની પાસેથી લાંચો ખાઇ પોતાનું ઘર ભરશે. મારા વારામાં બ્રાહ્મણ કે વાણીઆ ઊંચ હોવા છતાં નીચ થશે કારણ કે તેઓ બહાર ભક્તિ બતાવશે પણ તેઓ બહુ જ પ્રપંચી નીવડશે. વળી સ્ત્રીઓના માતાપિતા નાનપણથીજ પોતાની બાળકીને પુરૂષોના પોષાક પહેરતા શીખવશે તેથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરીને મોટી ઉંમરે પણ તેની તે જ ટેવ રહેશે, પણ ખરું જોતા તેમાં માતા પિતાનો વાંક નથી, કારણ કે જેમ કાર્ય કર્તાહર્તા ભગવાન છે તેમ મારાવારામાં મારું કરાવ્યું બનવાનું છે.મારાવારામાં મેઘ ચઢીઆવીનેજતા રહેશે. કદી મેઘ વધારે વરસશે તો અન્ન ધોવાઇ જશે, કદી અન્ન ઉત્પન્નથશે તો અનેક પ્રકારના જતું થઇ તે ખાઇ જશે, વળી હું નવા નવા રંગ બતાવીશ પણ તે એવા રંગ હશે કે જેમાં બિલકુલ ઢંગ મળે નહિ. સર્વ લોકોની જે જે આશા ઉમંગ હશે તે તે હું નિષ્ફળ કરીશ.જે ધર્મ ધ્યાન વિગેરે કરતાં હશે તેમનું હું પરીપૂર્ણ થવા દઇશ નહિ. કદી પૂર્ણ થવા દઇશ તો તેનામાં અભિમાની લાવી એનું કરાવ્યું ધોવરાવી નંખાવીશ. વળી મારા વારામાં જુદા જુદા પંથ તથા કલ્પિત ગ્રંથ ચલાવીશ. તેમજ કોઇ પ્રતિમાને પ્રભુ માનશે.અને કોઈ પ્રતિમાને પણ પાષાણ માનશે.કોઇ પ્રભુને સાકાર કહેશેકોઇ નિરાકાર કહેશે, કોંઇ કર્તા કહેશે, કોઇ અકર્તા કહેશે, કોઇ નિરગુણ કહેશે કોઇ સગુણ કહેશે, કોઇ વ્યાપક કહેશે, કોઇ ન્યારો કહેશે, કોઇ સુતાને માનશે કોઈ ઊભાને માનશે અને કોઇ બેઠાને માનશે. વળી કોઇ એવું માનશે કે કંઇ છેજનહિ.કોઇ છબીને પૂજશે કોઇ કાષ્ટ મૃતિકાને પૂજશે વળી કોઇ તે વાતને નેવે જ મૂકશે એ પ્રમાણે અનેક પંથ નીકળશે પણ તેનો શો સાર છે તે વાતની કોઈને ખબર પડવાની નથી. વળીકોઇ તિલક આડાંઊભાં તાણશે તેમજ કોઈ બીંદી ભસ્મવિગેરેનો ઠાઠમાઠ કરશે. કોઇને ઊંભા ટીલામાં એક ચાંલ્લો હશે. કોઇને બે ત્રણ પણ હશે, કોઇ ધનુષ બાણાકાર તિલક કરશે. કોઇ રુદ્રાક્ષ, તુલસી તથા સ્ફટીક મણીની માળાઓ ઘાલશે. એ પ્રમાણે હે ધર્મરાજા, મારા વારામાં અનેક પંથ ઉત્પન્ન થશે તે સઘળાને જ્ઞાની પુરુષો કેવળ જુઠા માનશે. વળી જ્ઞાની મહાત્માઓ કોઇને સદ્ ઉપદેશ કરશે પણ તેમનો ઉપદેશ કોઇ સત્ય માનશે નહિ, વળી અનેક પંથવાળા માંહોમાંહે લડી મરશે. તેઓ એક બીજાને કહેશે કે તારો ખોટો ને મારો ખરો, પણ ખરું જોતાં મારા વારામાં નીકળેલા પંથ જ્ઞાની લોકો જુઠા જ માનશે, પછી જે કેવળ હીજડા જેવા હશે તેઓ જતે પંથો સત્યમાનીને પોતાનું અકલ્યાણ કરશે, જેમ કોઈ વસ્તુ ખાય તેનો સ્વાદ જણાય છે, તે પ્રમાણે પુરુષ જે પંથમાં પેઠો તેને તે જ સત્ય લાગશે. જેમ ભૂંડુ ભૂંડાનો ભાગ રાખે છે, તેમ હું પણ મારા વારામાં કોઈને ચાલતાં સુધી પરમ પદમાં જવા દેતો નથી, હું સત્ય વાત કોઇના મનમાં ઠસવા દેતો નથી.કદી કોઇના મનમાં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સત્ય વાત બેસી જશે તો તેનામાં આળસ મૂકી તેને તેનો અનુભવ થવા દઈશ નહિ. તેથી તેના હાથ આવેલી સત્ય વસ્તુનો નાશ થશે જેથી તેનું કર્યું કરાવ્યું ધુળધાણી થશે, પણ જે પૂરણ પ્રારબ્ધી જીવ છે તે તો સત્ય વસ્તુ કદી ખોઈ બેસશે નહિ. મારું સત્ય જ્ઞાની પુરુષો આગળ ચાલશે નહિ. પણ જગતમાં તેમનું અપમાનથાય તેવોઉપાયચલાવીશ. હે ધર્મરાજા, મારા વારામાં સાચાની સવળી રીતહશે તેસર્વને અવળી ભાસશે. લોકોને સત્યવાત ન્યાયમાં બેસશે, છતાં મારા પ્રભાવથી કોઈ તે સત્ય માનશેનહિ. એ પ્રમાણે હું અનેક અવગુણોનો ભરેલો છું. કોઇનું સારું થવા દઇશ નહિ. મારા વારામાંપોતાનું કલ્યાણ કરવા સંસારી લોકોમાંથી કોઇ ત્યાગી થશે પણ તે ત્યાગી થનારને બમણો પાપમાં નાંખીશ. ત્યાગી પુરુષોની સેવા નર કરતાં નારીઓ અતિશય કરશે. તેમાં વિધવા સ્ત્રીઓ તો તેમની સેવામાંને સેવામાં પડી રહેશે. બિચારી વિધવાઓને પતિ નહિ અને સંન્યાસી, સાધુ, બ્રહ્મચારીઓને બાયડીઓનહિ તેથી હું તેમને ભ્રષ્ટ કરી નર્કમાં નાંખીશ, વળી યૌવન વયવાળી વિધવાઓ ત્યાગીઓની પાસે વિદ્યા ભણવા રહેશે, વળી તેમને ગુરુ મહારાજ, ગુરુ મહારાજ કહીતેમનાચરણ ચાંપશે નવરાવશે અને સુંદિરરસોઇ કરી જમાડશે. તેમ બનવાથી ત્યાગીઓ વિષયના રસ્તે ચઢી અઘોર નર્કમાં જશે તેમાં જગતના અજ્ઞાની જીવો તોએવુ ધારશે, સ્ત્રીઓનેતો ત્યાગી તાતનેઠેકાણે છે. એમ માની બેસી તેઓ આ દુનિયાની ભૂંડી હાલત લાવશે. વળી વિધવાઓ કહેશે, કંથ ગયો તો વ્યવહારને શું કરવોછે ? માટે અમે તો આ ત્યાગી સ્વામી સેવા કરીને ભવ પાર ઉતરીશું, એમ કહી સ્વામીની સેવામાં રહી મનને ગમે તે પ્રમાણે ચલાવશે. વળી જગતમાં નિંદા ન કરે તેમાટે તેઓપોતાના હાથમાં સદા માળા ઝાલશે. એવું જોઈ ભોળિયા લોકો કહેશે કે આ બાઈ તો ભકત છે અને સંસારની કંઇ અપેક્ષા નથી. બિચારી ગુરુ મહારાજની સેવા કરીને વિદ્યા ઠીક ભણી છે. પણ વિધવાઓ વિદ્યામાં શું ભણી છે, તે કહી બતાવું છું,

જુઓ, વિધવાઓ એમ કહેશે કે આ અમારી પંચભૂતની દેહ છે, તે દેહ હું નહિનેદેહમારો નહિ, હું તો દેહથી ન્યારી રહેલી છું. માટે જે દેહ વડે કર્મ બને છે તેની હું કદી ભાગદારી નથી. દેહના કર્મ દેહ કરે છે તેમાં કંઈ દોષ નથી. એ પ્રમાણેગુરુજીનું અતિ ઉત્તમ જ્ઞાન મળ્યાથી તેઓ તેમના મનના કંઈ છોશ ધરશે નહિ અને અધર્મના કાર્યો કરશે, વિધવા ગુરુ મહારાજની ચેલી બનીને સદા તેમનાં ચરણ ચાંપ્યા કરશે જેથી વ્યભિચાર થયા વિના કદી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રહેશે નહિ. જુઓ કે કામદેવને શિવ સરખા જીતી શકયા નહિ તો મનુષ્ય કોણ માત્ર છે? ત્યાગીઓ મિથ્યા અચળપણું બતાવશે પણ જ્ઞાની પુરુષો તો તેમનો પ્રપંચ સમજ્યા વિના કદી રહેશે નહિ. કોઇપણ ગ્રંથમાં એવું કહ્યું નથી કે સ્ત્રીએ ત્યાગીની સેવા કરવી અથવા ત્યાગીએ સ્ત્રી પાસે સેવા કરાવવી છતાં સંન્યાસીઓ,બ્રહ્મચારીઓ તથા વેશધારીઓ સ્ત્રીઓને સેવામાં રાખશે એ કેવળ મારો પ્રભાવ. જેમ કાજળની કોટડીમાં ગયેલો માણસ કદી કોરો રહેતો નથી. તેમ તેઓ બગડયા વિના રહેશે નહિ. વળી જેમ નહાતી વેળા કોઇ પેશાબ કરે તો તે પાણી ભેગું ચાલ્યું જાય છે, તેમ ગુરૂ સેવકની છાની વાત કોણ જાણી શકે? એવા એવા મારામાં અનેક અવગુણ છે તે કહેતાં પાર આવે તેમ નથી. મારા રાજમાં ડગલે ને પગલે વ્યભિચાર વધશે. જે રાજવંશી હશે તે રઝળતા થશે અને જે ગુલામ હશે તે સુખેથી રાજય કરશે, સગાં સહોદરની કોઇ લાજ ગણશે નહિ.રાજા રૈયતને દુઃખ દઇ ધન હરણ કરી લેશે. રાજા ન્યાય તજી અન્યાય ચલાવી લોકોના દંડ કરશે. એ પ્રમાણે રાજા રૈયતને રગડશે તેથી રૈયત રાજાનું ભૂંડું તાકશે.મારા વખતમાં વસ્તીમાં દુઃખ પડશે અને વગડામાં આનંદ થશે, વળી દરેક યુગ કરતાં મારા યુગમાં ઓછા આયુષ્યની સૃષ્ટિ થશે. સ્ત્રી તો સપ્ત વરસની થશે એટલે લાજ ન રાખીને ફરશે નવ વરસે ગર્ભધારણ કરશે, તેથી નિર્બળ પ્રજા ઉત્પન્ન થશે. સર્વની મંદ બુદ્ધિ થવાથી આયુષ્ય ટુંકો થશે. થોડા આયુષ્યમાં આશા તૃષ્ણાનો વધારો વધવાથી પ્રભુનું ભજન યાદ આવશે નહિ અને તે પ્રમાણે તે યાદ નહિ આવવાથી જીવનું ભુંડું થશે.વહુ સોળ વરસની થશે એટલે સાસુ એવાં મહેણાં દેશે, રાંડતું તો વાંઝણી રહી,તારે બાળબચ્ચાં થયાં નહિ તેથી તેબધી જિંદગીડુબાવી.

એ પ્રમાણે સાસુ વિગેરે નાની ઉંમરમાં વસ્તાર માગશે તેથી કરીને નિર્બળ પ્રજાનો ટુંકો આયુષ્ય થશે જળ તૃણ પણ કાંટે તોળાવશે. એ પ્રમાણે અતિ અપલક્ષણ અવગુણોનો વધારો થશે.હવે તમે કહો તો વિશેષ કહી સંભળાવું. એવું કળીનું બોલવું સાંભળીને ધર્મરાજા ક્રોધે ભરાઇને બોલ્યા, અરે દુષ્ટ, તું ચુપ રહે, નહિ તો ભીમસેનની લાતો ખાઇશ. એટલે કળી કહે, અરે મહારાજ,હવે મારા ઉપર કૃપા કરી મારા ગુણ સાંભળ્યા પછી મને મારજો.એટલે ધર્મરાજાએ વૃકોદરને કહ્યું,હે વીર,દુષ્ટ કળીને હમણા મારવાનું બંધ કરો.તેના ગુણ સાંભળ્યા પછી શિક્ષા કરીશું.એટલે કળી કહે,હે મહારાજા, સત્ય, ત્રેતા નેદ્રાપરવિષે સઘળા લોકો નીતિથી ચાલતા હતા તથાપોતાનોધર્મ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ખડગની ધારાએ સાચવતા હતા.વળી લોકો જપતપ કરીકાયાને કષ્ટિ આપતા હતા, નિયમમાં રહેતા હતા પણ ત્યારે પ્રભુ મળવા બહુ જ કઠણ હતા અને મારા વખતમાં ખટ માસ દ્રઢ ચિત્ત પ્રભુનું સ્તવન કરવાથી મનુષ્ય જન્મ અને મૃત્યુ થકી જરૂર મુકત થાય છે, બીજું ત્રણ યુગમાં લોકો અતિશય પુન્ય કરતા હતા પણ તે પુન્ય કમતી થતું અને મારા વખતમાં એક દાનનું સહસ્ત્ર ગણું ફળ મળશે. ત્રીજું ત્રણે યુગમાં લોકો ઘણાં વરસ ધ્યાન ધરતા હતા પણ મારા વારામાં એક ઘડી ધ્યાન થયું હશે તો અપાર થઇ ગયું હશે. એ પ્રમાણે મારા કરતાં તે ત્રણે યુગો ઘણા નબળા છે. ચોથું ત્રણ યુગમાં સ્ત્રીઓ પ્રભુની તથા પોતાના પતિની સેવા કરતી હતી ત્યારે મોક્ષધામ પામતી હતી અને મારા વારામાંફક્ત પોતના પતિનીસેવા કરશેતો પણજરૂરતેનું કલ્યાણથશે.

હે સતીના કુમાર, એ પ્રમાણે મારામા ચાર ગુણ અતિ ઉત્તમ છે. એવું કળીનું બોલવું સાંભળી ધર્મરાજા ભીમસેનને કહે છે,હે વીરા, કળીના અતિ અવગુણ આ ચાર ગુણો આગળ ઢંકાઈગયા, માટે તેને મારશો નહિ,કોટીદીપક એક રવિ આગળ ઢંકાય છે, તેમાં કળીના ચાર ગુણઆગળ તેના અતિ અવ-ગુણ ઢંકાઇ ગયા છેમાટે તેને જીવતો છુટો મૂકીદો.એવુંધર્મરાજાનુંકહેવુંસાંભળી વૃકોદર બોલ્યો,એ દુષ્ટ પાપીએ આપણને ઘણાં હેરાન કર્યાં છે.ત્યારેકળી કહે, અરે મહારાજા,મેં તો તમારું પારખું જોવા માટે સઘળું દુઃખ દીધું હતું,દ્રૌપદીને પણ મેં તાવી જોઇ, તેમાં મારું કંઇ ચાલ્યું નહિ,તેથી હું તમારા જેવાસતીઓને કોટીવખત નમી પડું છું. હે સતીના પુત્ર, તમારું સત્ય જોઇ હું અતિ આનંદ પામ્યો છું.હવે તમને પ્રભુ પ્રસન્ન થશે માટે ખુશીથી હિમાળે ગળવા માટે પધારો. એ પ્રમાણે કળીએ પાંડવોને અતિ માન આપ્યું તેથી ધર્મરાજા બોલ્યા, અરે ભીમસેનભાઈ, તેને તમે જીવતો છોડી દો, તેનામાં જે માણસ ભળશે, તેને તે આડે રસ્તે ચઢાવશે. જ્ઞાની આગળ તેનું કંઇ ચાલે તેમ નથી. એવું સાંભળી ભીમસેન તરત કળીને છોડી દીધો. ત્યાર પછી પાંડવો તથા દ્રૌપદી સતી એ છયે હરિસ્મરણ કરતાં કરતાં હિમાળે ગળવા માટે ચાલ્યાં. ચાલતાં ચાલતાં થોડેક દૂર ગયાં એટલે એક સરોવર આવ્યું તેમાં તેઓએ પાણી પીવાનો વિચાર કર્યો.જયાં પાંડવો પાણી પીવા માટે પોતાનાં લુગડાં ઊંચા કરી સરોવરમાં દાખલ થયા કે તરત એક મહા બળવાન વાઘ જેમ બાર મેઘની ગર્જના થતી હોય તેમ ગર્જના કરતો ત્યાં ગયો. તે વાઘને જોઇ ધર્મરાજા ગભરાઇ ગયા અને પોતાના

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભાઇઓને કહેવા લાગ્યા,નિશ્ચય આપણો કાળ આવ્યો. એટલે વૃકોદરે યુધિષ્ઠિરને હિંમત આપી,અરે મોટાભાઇ,એ પામરના શા ભાર છે? હમણાં હું તેનો અંત આણું છું.એમ કહી પોતે ક્રોધાયમાન થઇ વાઘના સનમુખ ગયો. વાઘ પણ ભીમસેનને જોઇ ચિડાઇ ગયો.એવામાં વૃકોદરે લાગ જોઇને વાઘને પોતાની બગલમાં ઘાલ્યો પછી તેને પૂંછડાથી ઝાલીને પાષાણ ઉપર પછાડયો, એટલે તેનો વાઘનો દેહ મટીને ગાંધર્વનો દેહ થયો. તે દેખીને પાંડવો વિસ્મય પામી ગયા,ત્યારે ગાંધર્વ પાંડવો પ્રત્યે પોતાના બે કર જોડી ઊભો.એટલે વૃકોદરે તેને પૂછયું;અરે ભાઇ, તું વાઘ ટળીને આ દેહ પામ્યો છું, માટે તારી કોણ જાત છે તે કહે. એવું ભીમસેનનું બોલવું સાંભળીને ગાંધર્વ બોલ્યો, મહારાજા, હું સ્વર્ગનો વાસી ગાંધર્વ છું,મારી નીચ બુદ્ધિ થવાથી હું એક વખત અવની ઉપર આવ્યો. હું વનમાં ફરતો ફરતો દુર્વાસા ઋષિ પાસે ગયો તો ઋષિજી બેઠા બેઠા તપ કરતા હતા. મેં તેમને બીવરાવવા માટે મારો વાઘનો દેહ બનાવ્યો એટલે ઋષિ સમજી ગયા કે આ ગાન્ધર્વે મને બીવડાવવા માટે પોતાનું સ્વરૂપ બદલ્યું છે, એમ સમજી દુર્વાસાએ મને શ્રાપ દીધો, જા મૂર્ખ,તું વાઘનો વાઘ રહેજે,ત્યારે મેં દુર્વાસા ઋષિને કરગરીને કહ્યું, અરે મહારાજ મારી મોટી ભૂલ થઈછે પણ ગરીબ ઉપર કૃપા કરી શ્રાપનો અનુગ્રહ કરો. એટલે ઋષિને મારા ઉપર દયા આવવાથી તેમણે મને કહ્યું, જા, હાલ તો તને આ દેહ મળશે, પણ વાયુનંદન ભીમસેનના હાથે તારો વાઘનો દેહ ટળશે. ત્યારે મેં દુર્વાસાને એટલું પૂછયું, વૃકોદર મને કયારે મળશે જેથી કરીને મારો ઉદ્ધાર થાય. એટલે ઋષિએ કહ્યું, જયારે પાંડવો હિમાળે ગળવા જશે ત્યારે તને મળશે. એ પ્રમાણે ઋષિના કહ્યા મુજબ હું અહીં રહ્યો હતો પછી જે વટેમાર્ગુ સરોવરમાં પાણી પીવા માટે જાય તેને હું બરોબર તપાસતો હતો કે આ ભીમસેન છે કે નહિ ? પણ ઇશ્વર ઇચ્છાએ તમે પધાર્યા જેથી મારો ઉદ્ધાર થયો. ઇશ્વર તમારી જય કરો અને તમારો મોક્ષ થાઓ.

એમ આશીર્વાદ દઈગાંધર્વ સ્વર્ગમાં ગયો.ત્યાં જઈ પોતે ઇન્દ્રનેપગેલાગીને બોલ્યો,અરે મહારાજ પાંડવો હીમાળે ગળવા જતાં મને મળ્યા,તેમાં વૃકોદરના હાથથી મારો વાઘનો દેહ ટળીઆ દેહને હું પ્રાપ્ત થયો.તેમાં વળી તમારો પુત્ર અર્જુનજી છે, છે પણ વનકુળ પહેરીને હીમાળે ગળવા જાય છે. તમારો પુત્ર ઘણો દુઃખી છે, માટે તમને કહેવા માટે આવ્યો છું. એવું ગાંધર્વનું બોલવું સાંભળી ઇંદ્રરાજાએ સર્વ દેવને આજ્ઞા આપી કે ચાલો મારા દીકરાને અહીં

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

તેડી લાવીએ. એમ કહી ઇન્દ્ર તથા તેત્રીસ કરોડ દેવતા પોતાના પુષ્પક વિમાનમાં બેસીને જ્યાં પાંડવો જતા હતા ત્યાં તેઓ રસ્તા વચ્ચે ઊભા. પાંડવો દેવતાઓને ચરણે નમીને ઊભા. ઇન્દ્રરાજાએ નરને પૂછયું, તેં શા માટે આવું રૂપ ધારણ કર્યું છે? તું મારા જીવતા છતાં શા દુઃખે દુભ્યો છું? તારું ઘરબાર કોણે છીનવી લીધું? રાજપાટ મૂકીને શા માટે આમ કરવું પડયું?

પોતાના પિતાજીનું બોલવું સાંભળીને નર બોલ્યો, પિતાજી, અમને કોઇએ કાંઈ કર્યું નથી. કુડો કળિયુગ બેસવાથી અમે સઘળું જાણી જોઈને ત્યાગ કર્યું છે, ત્યારે ઇન્દ્રે કહ્યું, અરે પુત્ર, કળિયુગ આવ્યો તો તારે સ્વર્ગે આવવું જોઈતું હતું તેને બદલે તને આ રસ્તો કોણે બતાવ્યો? આમ કરવાથી શું તમે સુખ માનો છો? ઇશ્વરે મનુષદેહ માટે સઘળા વૈભોગ તૈયાર કરી રાખ્યા છે, તે છોડીને કીયા પ્રાણીએ રોગદોષ માગી લીધા? કોણ સુખ સંપત તજી બેઠો છે? અને કદી તે તજી દેવાથી શું વૈકુંઠ મળે છે એમ તમે ધારો છો? એટલે અર્જુન ચરણે લાગીને નિર્મળ વાણી વડે બોલ્યો, અરે પિતાજી, આ પંચભૂતની કાયા આપણી નથી તેને શા માટે સુખ દેવું જોઇએ? એટલે ઇન્દ્ર કહે, અરે દિકરા આપણે દેહ સાથે શું વેર છે? ઝેર વિના શરીરને દુઃખ દેવું તે ઝેરીલાનું ઝેર છે, આપણે પંચભૂતના વેરી નથી તો પછી શા માટે તેમના સાથે વેર રાખવું? એ એ દેહ વડે જ્ઞાન, ધ્યાન થાય છે અને તેથી મોક્ષપદ પમાય છે. જે તેના ઉપર કાળો કેર કરીને દુઃખ દે છે તેને કદી મોક્ષપદ મળતું નથી. એટલે અર્જુન બોલ્યો, દેહ તો જડ છે તેથી તેને સુખદુઃખનો અનુભવ નથી. એવું સાંભળી ઇન્દ્ર કહે છે, જ્યારે દેહ જડ છે ત્યારે તેને શા માટે દુઃખ આપો છો? તમે જડ ઉપર આટલું ઝેર કરો છો તો ચૈતન્ય ઉપર શું બાકી મૂકો? જડને સુખદુઃખનો અનુભવ નથી તો તેને દુઃખ દેવું એ ગેર વ્યાજબી છે, એવું ઇન્દ્રનું બોલવું સાંભળીને અર્જુનજી ખમચાઇને ઊભા રહ્યા, છેવટે પારથે કહ્યું, પિતાજી આપની જ્ઞાનશક્તિને હું પહોંચવાનો નથી ફક્ત હું એટલું સમજ્યો છું કે આ દેહમાં રહેવું તે ઠીક નથી. ત્યારે ઇન્દ્ર કહે, અરે તમે સુમત પકડયો છે તેથી બરોબર સમજતા નથી. તેથી તમે હીમાળે ગળવા ચાલ્યા જાઓ, તમે મોક્ષનું જ્ઞાન જાણ્યું નથી માટે મુકિત પામવાના છો, પણ મોક્ષ પામવાના નથી એમ કહી. ઇંદ્રાદિ દેવતાઓ વિમાનમાં બેસી સ્વર્ગમા ગયા, હવે પાંડવો તથા દ્રૌપદી હરિગુણ ગાતાં ગાતાં હિમાળાની લગભગ થયાં એટલે એક સરિતા આવી. ત્યાં પાંડવોએ સ્નાન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કરીને પંચદેવનું પૂજન કર્યું, ત્યાર પછી તેઓ પવિત્ર હિમાલય ઉપર ચઢવા લાગ્યા. પાડવો ચાલ્યા જાય છે. એવામાં એક લય સરોવર આવ્યું.



ત્યા પાંડવોએ સ્નાન કરવા ધાર્યું એટલામાં નીકુળજી સરોવરના કિનારે જેવી રીતે સબરસ ગળે તેમ ગળવા લાગ્યા. ત્યારે સઘળા રામ રામ શબ્દ બોલવા લાગ્યા. જોતજોતામાં નીકુળજી ગળી ગયા એટલે સઘળાઓએ સ્નાન કરી લીધું. ત્યાર પછી તેઓ આગળ ચાલવા લાગ્યા.

નીકુળજીના ગળવાથી અર્જુન, સહદેવ તથા દ્રૌપદી વિગેરેને શોક થયો પણ ધર્મની બીકથી તેઓ આંસુ લાવતા નથી, થોડી વારે વૃકોદર ધર્મ-રાજાને પૂછવા લાગ્યો, મોટાભાઈ, પહેલવહેલો નીકુળ ગળી ગયો તેનું શું કારણ ? ત્યારે યુધિષ્ટિર કહ્યું, તે આપણાથી નાનો લાડકવાયો હતો તેથી જેને ને તેને ટુકારા કરતો હતો તે પાપ નડવાથી તે વ્હેલો ગળ્યો. પછી થોડેક દૂર ગયા, એટલે સહદેવજી ગળવા લાગ્યા, એટલે ભીમ કહે, અરે યુધિષ્ટિર, સહદેવજી ત્રિકાળજ્ઞાની હતા છતાં કેમ વહેલા ગળ્યા તેનું કારણ બતાવો. ત્યા ધર્મરાજા કહે, જ્યારે આપણે હસ્તીનાપુરમાં દુર્યોધન સાથે દ્યુત રમ્યા હતા ત્યારે સહદેવને પૂછયા છતાં તેણે રમવાની હા પાડી હતી. એ પ્રમાણે સમજ્યાં છતાં તે અસત્ય બોલ્યો માટે પહેલો ગળ્યો. એટલે ભીમ કહે, વહાલા વીરા હવે મારો સઘળો સંદેહ દૂર થયો. પછી સઘળા સ્નાન કરીને આગળ ચાલ્યા એટલે અર્જુનજીની દેહ ગળવા લાગી ત્યારે વૃકોદરે પારથની દેહ ગળવા વિષે યુધિષ્ટિરને પૂછયું. ધર્મરાજાએ વૃકોદરને જવાબ આપ્યો, જગતપતિ શ્રીકૃષ્ણ પાસે પોતાનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રથ હંકાવ્યો અને પ્રભુને દાસ બનાવ્યા તે કારણથી પારથ ગળ્યો છે. પછી સ્નાન કરી આગળ ચાલવા લાગ્યા,જતાં જતાં ભીમસેન ગળવા લાગ્યો ત્યારે તેણે ગળતાં ગળતાં ધર્મરાજાને પ્રશ્ન કર્યો કે મોટાભાઇ મારે ગળવાનું કારણ શું ? ત્યારે ધર્મરાજા કહે, તું પ્રભુનો ભોળા ભકત છે, પણ તને કોઇ વખત તાન આવતું હતું ત્યારે તું ગમે તેવાનું અપમાન કરતો હતો તેટલા માટે તું ગળે છે; એમ કહેતામાં વૃકોદર ગળી ગયો. પછી દ્રૌપદી બોલી, હે પતિ, હવે હું શાથી ગળીશ તેનું મને કારણ કહો, એવું સાંભળી યુધિષ્ઠિર બોલ્યા, અરે સુંદરિ,તારે માથે અમેપાંચ પતિહતા છતાંતું અર્જુન ઉપર વિશેષ પ્રેમ રાખતી હતી તે શમ વિષમાના દોષથી તું ઓગળી જઇશ. ત્યાંથી ખટ ડગલાંઆગળ ચાલી એટલે દ્રૌપદી ગળવા લાગી.સબરસની માફક સતી સુંદરી ઓગળી ગઇ, પછી ધર્મરાજા સ્નાન કરીને રામ રામ બોલતા સરોવરમાં, પેઠા. એટલે તેમની ટચલી આંગળીનું ટેરવું ગળ્યું અને બાકીની દેહ સ્વચ્છ શુદ્ધ થઈ ગઈ. ધર્મરાજાએ ટચલી આગળીનું ટેરવું ગળવાથી વિચાર કર્યો હું દ્રોણગુરુના આગળ અશ્વત્થામા વિષે જુઠું બોલ્યો હતો માટે તે ટેરવું ગળ્યું હશે એમ સમજી પોતે સ્નાન કરીને આગળ ચાલ્યા તો બિલકુલ રસ્તાની સુઝ પડી નહિ, છેવટે થાકીને હરિનું સ્મરણ કરતા કરતા આગળ ચાલ્યા તો ત્રણપંથ આવ્યા.ધર્મરાજાએ વિચાર્યું:આ ત્રણ પંથમાંથી મારે કીયા રસ્તે જવું, એમ વિચારે છે, એટલામાં કૈલાસથી શિવજીના દૂતો ધર્મરાજાને તેડવા આવ્યા, ત્યારે યુધિષ્ઠિરે તેમને જવાબ આપ્યો. શિવજી તમોગુણી છે માટે હું આવવાનો નથી, એવું કહ્યું એટલે શંકરના દૂતો પાછા કૈલાસમાં ગયા. એટલામાં બ્રહ્માના દૂતો યુધિષ્ઠિરને તેડવા માટે આવ્યા. તેમને પણ યુધિષ્ઠરે એવો જવાબ આપ્યો કે બ્રહ્મા રજોગુણી છે, માટે અમો આવવાના નથી. ત્યારે બ્રહ્માના દૂતો પણ પાછા ગયા. એટલામાં વૈકુંઠમાંથી પ્રભુના દૂતો ધર્મરાજાને તેડવા માટે આવ્યા. વિષ્ણુના દૂતો જોઇને ધર્મરાજાએ વૈકુઠમાં જવાની તૈયારી કરી. એટલામાં યમપુરીમાંથી યમરાજા પણ યુધિષ્ઠિરને તેડવામાં માટે આવ્યા. તેમણે યુધિષ્ઠિરને કહ્યું, તમે પહેલા તાતના ઘેર પધારો પછી પ્રભુના ત્યાં જજો. એવું પોતાના પિતાનું બોલવું સાંભળીને ધર્મરાજાએ કહ્યું અરે તાતજી, પહેલો હું વૈકુંઠ જઈશ પછી આપની પાસે જરૂર આવીશ.એવું કહીને પોતે વૈકુંઠમાં ગયા તો પ્રભુનું મહા શોભીતું સુંદિર ધામ દીઠું. ધર્મ રાજા ત્યાં જઈ શ્રી વિષ્ણુને ચર્ણે નમી પડયા,

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ત્યારે પ્રભુએ યુધિષ્ઠિરને-માન આપીને ઊભાકર્યાં.ત્યારે સઘળા ભક્તો વિસ્મય પામ્યા કે આ પણ આપણા કરતાં ભક્તિમાં ચઢે એમ છે. પછી પ્રભુ બોલ્યા, હે ધર્મરાજા તમે માયાવી જગત જીત્યું છે. માટે ચતુર્ભુજ રૂપ પામી અહીં રહો.એટલે યુધિષ્ઠિર કહે,આપનું કહેવું સત્ય છે. પણ એકવાર મને મારાભાઈ તથા દ્રૌપદી બતાવો, ત્યારે ખુશી થયેલા વિષ્ણુ દેવતાએ ચારે ભાઇ તથા સુંદરિને ત્યાં બોલાવ્યાં, એટલે ચતુર્ભુજ સ્વરૂપે ત્યાં આવ્યાં, ધર્મરાજા પોતાના ભાઇ તથા દ્રૌપદીને જોઇને અતિ આનંદ પામ્યા.

પછી યુધિષ્ઠિર પ્રભુને કહ્યું, અરે મહારાજ, હવે મને મારા તાતને ત્યાં જવાની આજ્ઞા આપો.ત્યારે શ્રીહરિ બોલ્યા,ચાલો,હું પણ તમારી સાથે આવું એમ કહી પાંચ બંધુ તથા સતી દ્રૌપદી એ પ્રમાણે પોતાના છ સેવકો સાથે પ્રભુયમપુરીમાંપધાર્યાં.એટલેયમરાજાએ પ્રભુને અતિશય માનઆપીને આસન આપ્યું પછી યમરાજા ધર્મ પ્રત્યે કહેવા લાગ્યા, ધન્ય છે પુત્ર તને કે તારા વડે પ્રભુજીના મને દર્શન થયા જેથી હું પાવન થયો.ત્યારપછીધર્મરાજાએ કહ્યું, હે પિતાજી, મારા કૌરવ ભાઈઓ કયાં છે?ત્યારે યમરાજા બોલ્યા, અરેપુત્ર,તું એ શું બોલ્યો ? દુષ્ટ કૌરવોએ તારું રાજપાટ છીનવી લીધું હતું, તારી સ્ત્રી લેવા ધારી હતી,તારા પુત્રોને માર્યા હતા એ પ્રમાણે તેમણે તમને અતિ દુઃખ દીધું હતું માટે એવા આસુરી જીવોનું તો તમારે મો જોવું યોગ્ય નથી.એટલે યુધિષ્ઠિર ચર્ણે નમીને બોલ્યો, અરે પિતાજી, હું આપનું બોલવું સમજ્યો છું. આપ ખરી વાત કહો છો પણ મારે આપને ટુંકમાં એટલું કહેવું છે કે ગમે તેવા પણ એ મારા ભાઇ છે,માટે મને બતાવો.મને મારા કૌરવો ભાઇના ગુણ યાદ આવે છે. તેમણે અમને દુઃખ દીધું તે ઘણું જ સારૂં થયું કે જેથી અમે પ્રભુ પદને પ્રાપ્ત થયા. જો અમને સુખ મળ્યું હોત તો અમારી પણ કૌરવોના જેવી વલે થાત, પણ જે ઇશ્વર કરે છે તે સારા માટે જ કરે છે. કહેવત છે કે સુખે સાંભરે સોની અને દુઃખે સાંભરે રામ. એટલા માટે જ અમને દુઃખ પડયું તે બહુ જ સારૂ થયું જેથી સદા શ્રીહરિના ચરણમાં પડયાં માટે હે પિતાજી, એવા પરોપકારી મારા ભાઈઓ મને દેખાડો વળી હે તાતજી. એ ભાઇએ વનમાં કાઢયા તો જ્ઞાની બ્રહ્મરૂપ સાથે સમાગમ થયો જેથી અમારી લક્ષચોર્યાસી દૂર થઈ માટે એ બંધુને તોલે બીજું કોઇ નથી.

જે પ્રાણી દુખમાંથી મુકત કરી સુખ આપે છે તે સુખ મળ્યા પછી પંચ વિષયના ભોગો ભોગવાય છે અને ભગવત ભજન ભુલાય છે.વળી જયારેસગાં-

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વહાલા સુખ આપે છે ત્યારે જીવને અભિમાન ચડે છે કે આ મારા સગાનેઆ મારા ઘરનાંએ પ્રમાણે માનીબેસવાથી જીવ મોક્ષપદ પામ્યા વિનાલખચોરાશી ભોગવે છે.માટે જો કોઇ સગાં દુઃખ દેનારાં હોય તો તે જીવને નિશ્ચય શ્રીહરિ યાદ આવે છે,તેથી પાપ નિવારણ થાય છે અને ચોરાસીનો ફેરો ટળી પ્રભુપદ પમાય છે. એ પ્રમાણે જે આવાગમનનું સુખ દુઃખ છે તે સગાં છોડાવે છે માટે મારા કૌરવબંધુઓને મારા ઉપર કૃપા કરી આપ દર્શાવો.એટલે યમરાજા યુધિષ્ઠિરને તેડીને કૌરવનાકુંડ તરફ ચાલ્યા. યમરાજા જ્યાં કૌરવો એક નર્કના કુંડમાં ખદબદે છે ત્યાં યુધિષ્ઠિરને તેડી ગયા. ત્યાં જઇને યમરાજાએ યુધિષ્ઠિરને કહ્યું, જો દીકરા, આ તારા કૌરવ ભાઈઓ નર્ક કુંડમાં અથડાયા કરે છે.

પોતાના પિતાજીનું બોલવું સાંભળીને ધર્મરાજા ધસીને જોવા ગયા તો તે જીવો અઘોર નર્કમાં ફર્યા કરે છે.હવે તે કુંડમાં એક તણખલા ઉપર અનંત જીવો છે તેના ભેગો દુર્યોધન પણ છે. યમરાજા કહે, અરે યુધિષ્ઠિર પેલા તણખલા ઉપર જીવો ફરે છે તેમાં પેલા જીવ જુદો ફરે છેતે જ તારો ભાઈદુર્યોધન છે, તે જીવે સાંભળ્યું એટલે શરમાઇને ડુબકી મારી ગયો. એટલે યમરાજાએ તેને ઉપર બોલાવ્યો. તે દેહ ધારણ કરીને ઉપર આવ્યો. દુર્યોધનને સામો ઉભેલો જોઈને યુધિષ્ઠિર બોલ્યો, અરે મોટાભાઇ મારો હાથ ઝાલીને બહાર આવો. તમારું અતિ કષ્ટ જોઈ મને ખેદ થાય છે. તમે અમારા અતિ અવગુણ કર્યા હતા પણ તે હું મારા મનમાં કંઈ લાવતો નથી,માટે તમે અતિ કષ્ઠ વેઠયા સિવાય મારો હાથ ગ્રહણ કરો જેથી તમારી સદગતી થાય. એટલે દુર્યોધન બોલ્યો અરે ધર્મરાજા,આવી રીતે કોટીયુગ વહી જાય પણ તમારો હાથ ઝાલીને હું બહાર નીકળવાનો નથી. નાના પ્રકારના નર્કનું દુઃખ વેઠીશ તે હા, પણ શત્રુનો હાથ પકડીને હું કદી કુંડની બહાર આવવાનો નથી. એવું સાંભળીને ધર્મરાજા બોલ્યા, અરે વીરા, કહ્યું માનીને તું બહાર નીકળ જેથી તારૂં દુઃખ નિવારણ થાય. ત્યારે દુર્યોધન કહે, તું મારી સાથે વાત સરખી પણ કર્યા સિવાયં અહીંથી ચાલ્યો જા. એ પ્રમાણે દુર્યોધનનું બોલવું સાંભળીને પ્રભુ દૂર ઊભા ઊભા હસવા લાગ્યા કે દુષ્ટને આટલું બધું દુઃખ પડયુ પણ તેનોટેક મૂકતો નથી. શાબાશ છે એના ટેકને એમ કહી પ્રભુ તેનો ઉદ્ધાર કરવા માટે તેની પાસે જવાનો વિચાર કરે છે. દયાળુ હરિએ ધાર્યું કે એ દુષ્ટના લીધે બીજા જીવોનું પણ કલ્યાણ થશે માટે તેમનું નર્ક નિવારું એમ પાપી જીવો ઉપર દયા લાવી પ્રભુ ખડખડ હસતા હસતા ધર્મરાજા પાસે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ગયા. ત્યાં જઈ શ્રીહરિ ધર્મરાજાને કહે છે કે આખા વિશ્વમાં મેં દુર્યોધનના જેવો ટેકવાળો જોયો નથી, હું એના ટેકથી આનંદ પામ્યો છું માટે એનું નર્ક જરૂર નિવારણ કરીશ. કહી પ્રભુ ખડખડ હસતા દુર્યોધનના કુંડ પાસે ગયા અને પ્રભુએ દુર્યોધનને કહ્યું. હે દુર્યોધન, ધન્ય છે તારા ટેકને. હજી સુધી તું તારો ટેક મૂકતો નથી. હવે તું ઉપર આવ હું તને નર્કથી મુક્ત કરું, એવાં પ્રભુનાં વચન સાંભળી દુર્યોધન નર્કના ઉપર એક સળેકડું પડયું હતું તેને આવીને વળગ્યો, એટલે ધર્મરાજા કહ્યું, અરે ભાઇ, હવે પ્રભુને હાથે બાઝીને બહાર આવો. એટલે દુર્યોધન બોલ્યો અમને ફાવશે તેમ કરીશું, તેમાં તારે બોલવાની કંઇ જરૂર નથી. એટલે ધર્મરાજા કહે, અરે ગાંડા ભાઇ, જો તું કૃષ્ણજીને કહેતો હતો કે એ ભરવાડો મારા લાયક નથી. પણ એમના જ હાથે તારૂં નર્ક નિવારણ થાય છે. એવાં ધર્મના વચન સાંભળી દુર્યોધનને અવળો ટેક ભરાયો કે હું પ્રભુના હાથે બહાર નીકળીશ તો પણ મને આ ધર્મ મેણાં દેશે કે જેને તું ભરવાડ કહેતો હતો તેને હાથે કેમ બહાર નીકળ્યો, આ વેળા તારો ટેક કયાં ગયો ? એમ સમજી દુર્યોધન બોલ્યો, જાઓ શ્રીકૃષ્ણજી, હું તમારે હાથે પણ બહાર નીકળવાનો નથી. ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુ કહે, અરે ભાઇ, હાલ હું કૃષ્ણ કયાં છું જુઓ હું તો ચતુર્ભુજ ભગવાન્ છું માટે મારે હાથે બહાર આવો. એટલે દુર્યોધને રાજી થઈને પોતે પોતાનો હાથ લાંબો કર્યો. એટલે શ્રી ભગવાને પોતાના હાથનો સ્પર્શ કર્યો. તેવો જ તે દુર્યોધન ચતુર્ભુજ સ્વરૂપ બનીને જ કુંડની બહાર નીકળ્યો.

તે સમયે તે કુંડમાં જે જે જીવો હતા તે સર્વનું નર્ક નિવારણ થઈ ગયું ને સર્વે જીવ ચતુર્ભુજ સ્વરૂપ પામી પ્રભુની સાથે વૈકુંઠ ગયા. પછી વિષ્ણુ દેવતાએ ધર્મને કહ્યું, કહો હવે તમારી શી ઇચ્છા છે ? એટલે ધર્મરાજ કહે, મેં સર્વને જોયા પણ મારો ધર્મિષ્ટ બંધુ રાજા કર્ણ કયાં છે તે મને દેખાડો. એટલે શ્રીહરિ વૈકુંઠ વિશે જયાં કર્ણ હતો ત્યાં જઈ રાજા કર્ણનો કનક મહેલ બતાવ્યો. તે મહેલમાં રાજા યુધિષ્ઠિર ગયા, ત્યાં કર્ણ રાજા બેઠો છે. ને એના મહેલમાં જ્યાં જુઓ ત્યાં સુવર્ણના ઢગે ઢગ મારેલા છે, તે જોઇ ધર્મરાજા કર્ણને કહેવા લાગ્યા, અરે ભાઇ કર્ણ, ધન્ય છે તને. તેં ભૂમિમાં સુવર્ણનાં ઘણાં દાન કર્યાં હતાં, તેથી તારે અહીં સુવર્ણના ગંજે ગંજ ભરેલા છે, એટલે રાજા કર્ણ કહે, અરે બંધુ, તમે સુવર્ણના ઢગ દેખી ખુશી થયા પણ હું અતિ દુઃખી છું. એટલે ધર્મરાજા કહે, અરે ભાઈ, તને કયું દુઃખ છે ? ત્યારે રાજા કર્ણ કહે, અરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

ભાઈ મારો મહેલ ફરીને જઇ જુઓ. મારા આટઆટલા ધનથી પણ હું ભૂખે મરૂં છું. કેમકે મહેલમાં જોઈએ તેટલું કંચન છે પણ અન્નનો એક દાણો નથી, ફક્ત આ મારા હાથનો એક આંગળી ધાવી નિર્વાહ કરું છું. એટલે રાજા ધર્મ કહે, અરે ભાઇ, એનું કારણ શું કે આટઆટલું તને ઇશ્વરે ધન આપ્યું પણ અન્ન આપ્યું નહિ? એટલે કર્ણ કહે, અરે ભાઈ તેની મને કાંઇ ગમ પડતી નથી, તમે ઈશ્વરના લાડીલા ભક્ત છો તેથી તમે ઇશ્વરને પૂછી મને કહો, એટલે યુધિષ્ઠિરે શ્રીહરિને રાજા કર્ણના મહેલમાં બોલાવીને કર્ણના સાંભળતાં પૂછ્યું, અરે મહારાજ, આ કર્ણને સુમાર વિનાનું સુવર્ણ આપ્યું છે, પણ ખાન પાનને માટે કાંઈ અનાજ વિગેરે પદાર્થ આપ્યો નથી. તેનું કારણ શું? આતો નર્યું સુવર્ણ છે તે સુવર્ણને કંઇ ખવાતું નથી. તેથી કર્ણ રાજા ભૂખે મરે છે.

યુધિષ્ઠરનાં વચન સાંભળી, શ્રી હરિએ કહ્યું, હે ધર્મ, કર્ણ રાજાએ ભૂમિમાં જન્મ લઇ ફક્ત સુવર્ણનું જ દાન કર્યું છે તે સિવાય બીજું કોઈ દાન કર્યું નથી તેથી એને તેથી એકલું સુવર્ણ મળ્યું છે ને બીજું કાંઈ મળ્યું નથી. હે રાજા ધર્મ, જેવું જે આપે તેવું તે પામે. જુઓ કે તમારે ત્યાં બ્રહ્મ-ભોજન હતું ત્યારે કેટલા એક બ્રાહ્મણોને એમ આંગળી બતાવી હતી કે જાઓ પેલા પાંડવને ત્યાં બ્રાહ્મણ જમે છે એટલી આંગળી બતાવવાથી એના હાથની આંગળીમાં અમી આવેલી છે. તેને લીધે એ એની આંગળી ચુસીને સંતોષ પામે છે. પણ એણે અન્નદાન કર્યું નથી તેથી એને અન્ન મળ્યું નથી. એટલે રાજા કર્ણ બોલ્યો, અરે કૃપાનિધિ મારે તમારા વૈકુંઠનું સુખ જોઈતું નથી. હવે તો મને પૃથ્વીમાં મનુષ્ય દેહ આપો એટલે અન્નજળથી ઘણાક જીવોને સંતોષ પમાડું. એટલે શ્રી હરિએ ભૂમિ ઉપર રાજા કર્ણને મનુષ્ય દેહ આપ્યો તે સગાળશા થઇને પૃથ્વીમાં અવતર્યા. હવે રાજા યુધિષ્ઠર શ્રીહરિ પ્રત્યે પૂછવા લાગ્યા, હે મહારાજ, સર્વથી ઉત્તમ દાન કીયું હશે ને જગતમાં કેટલા પ્રકારના દાન હશે એટલે શ્રીહરિ કહે, અરે યુધિષ્ઠિર, મુખ્ય બાર દાન છે. ત્યારે યુધિષ્ઠર કહે, તે બાર કીયાં તે મને કૃપા કરીને કહો. એટલે શ્રીહરિએ કહ્યું, હે રાજા ધર્મ, ૧ અન્નદાન ૨ ધનદાન, ૩ વસ્ત્રદાન, ૪ પાત્રદાન, ૫ પૃથ્વીદાન, ૬ ગૌદાન, ૭ કન્યાદાન, ૮ ઋતુદાન, ૯ સેવાદાન ૧૦ વિદ્યાદાન. ૧૧ વરદાન અને ૧૨ જ્ઞાનદાન- આ બાર દાન છે, છે, તેમાં બે દાન અતિ ઉત્તમ છે, તેમાં અન્નદાન સર્વ વર્ણે આપવાનો

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

અધિકાર છે. અને વરદાન એકલા બ્રાહ્મણને જ આપવાનો અધિકાર છે.વરદાન એટલે આશીર્વાદ દેવાનો બ્રાહ્મણને જ અધિકાર છે. બ્રાહ્મણ વિના અને વડીલ વિના અન્ય વર્ણ કોઇને કોઇ પ્રકારનો આશીર્વાદ દે તો તે દેનારના પિતૃ માત્ર નીચ વર્ણમાં ભિક્ષુકના જન્મને પ્રાપ્ત થાય છે, હે રાજા યુધિષ્ટિર કળિયુગમાં ભૂમિ વિષે અન્ય વર્ણ ભિક્ષુક થશે અને નીચ જન્મ ધરીને આશીર્વાદ ડગલે ડગલે દેત ફરશે. તેમ અન્ય વર્ણ મહેતાજી થઇને વિદ્યા ભણાવશે. આ પ્રકારે કળિયુગમાં પૃથ્વી વિષે વ્યવહાર ચાલશે. અને કળિયુગ સર્વ પ્રાણીમાં પ્રવેશી છે. ધર્માસ્તિક થઈ ધર્મને નામે ધન ધુતશે.તેમાં કળિયુગ પહેલો ઉત્તમ વર્ણને ભ્રષ્ટ કરશે તેમ વિદ્વાનોમાં પહેલો પ્રવેશીને અતિ વિદ્વાન થઇ વેદ વચનના અવળા અવળા અર્થ કરશે, એ કળિયુગની રીતિ થશે.

એ રીતે વાતચીત કરતા તેઓ વૈકુંઠ વિષે ગયા. પછી રાજા યુધિષ્ઠિરે ઘણા દિવસ વિષ્ણુ ભગવાનની સેવા કરી.તે પછી રાજા યુધિષ્ઠિર વિષ્ણુ પ્રત્યે પૂછવા લાગ્યા. હે મહારાજ, આપ ભૂમિ ઉપર લીલા આનંદ કરતા હતા, જો આપ ભૂમિ ઉપર હોત તો કળિયુગ પ્રવૃત્ત થાત નહિ. એટલે વિષ્ણુ ભગવાને કહ્યું હે રાજા યુધિષ્ઠિર, કળિયુગને ચાર લાખ ને બત્રીસ હજાર વરસ ભૂમિનું રાજ્ય કરવાનો અનાદિથી અધિકાર મળેલો છે તે કોઇથી મિથ્યા થાય નહિ. હું પણ મારા અધિકાર સુધી ભૂમિ ઉપર રહી ભૂભાર ઉતારવાનો હતો તેટલો ઉતારી મારા અધિષ્ઠાને આવ્યો છું એટલે યુધિષ્ઠિર કહે હે મહારાજ,ત્યારે તો મારે પણ મારાઅધિષ્ટાને જવું તે યોગ્ય છે.એટલે શ્રીહરિએ કહે, તમારે તમારા અધિષ્ટાને પધારવું તે યોગ્ય છે એટલે રાજા યુધિષ્ઠિર કહે અરે કૃપાનિધિ, હું મારા અધિષ્ટાને જવા ખુશી છું પણ એક વખત મને ભૂમિ ઉપર કળિયુગની લીલા દેખાડવા લઈજાઓ. આપણે બેઉ ભૂમિના જીવોની સ્થિતિ રીતિ જોઇ આવીએ. એટલે વિષ્ણુભગવાન રાજા યુધિષ્ઠિરનેલઇ પૃથ્વી ઉપર ગયા. તો ત્યાં અનેક આશ્ચર્ય, ચમત્કારો જોયાં. જ્યાં શ્રીહરિને યુધિષ્ઠિર ઊભા છે તેની પૂર્વ દિશા તરફ એક વગર વિયાયેલી વાછડી ઊભી હતી તેનેજ તેની જ જનેતા ગાય કળીની પ્રવેશેલી તથા નંદી કળીનો પ્રવેશેલો છે તે બેઉ જણા ધાવતા હતા,પછી ઉત્તર દિશા તરફ જોયું તો એક ખેડુત પોતાના ખેતરમાં જુવારના છોડ વાડતો હતો તેને એક કળીનો પ્રવેશેલો પુરુષ કંઠમાં માળા ઘાલેલી ભસ્મ તિલક કરેલાં તે પેલા જુવારના વાઢનાર ખેડૂતને ઠપકો દેતો હતો, અરે મૂર્ખ, આ બિચારા અનેક વૃક્ષોનો તું કેમ નાશ કરે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

છે ? એટલે ખેડુત કહે, અરે ભાઇ, આ જુવાર મેં વાવી છે અને તે પાકી ચુકેલી છે. તેથી તેને વાઢી ઘેર લઈ જઇશું પછી આ જુવારને ઘંટીમાં દળી તેના રોટલા કરીને ખાઈશું.જો તેમ ન કરીએ તો મારાઘરમાં દશ માણસ ખાનાર છે. તે સર્વ શું ખાઈને જીવે ? ત્યારે પેલો કળીનો પ્રવેશેલો બોલ્યો. મૂર્ખ દસ માણસને દસ શેર જુવાર જોઇએ તે દસ શેર જુવારના કેટલા કણ થતા હશે. એટલે ખેડુત કહે, ઓછામાં ઓછા પચીસ હજાર કણ થાય. એટલે કળીનો પ્રવેશેલો કહે, જો અલ્યા, એ દરેક કણ ઊગતો હશે કે નહિ ? ત્યારે ખેડુત કહે.દરેક કણ ઊગે.ત્યારે ઠપકો દેનારકહે.જો ત્યારે તે દરેક કણમાં જીવ ખરો કે નહિ ? એટલે ખેડુત કહે, હા દરેક કણમાં જીવ ખરો. ત્યારે પેલો બોલ્યો, અરે મૂર્ખ હત્યારા ખેડૂત, તું પચીસ હજાર જીવોનો નાશ કરે છે. ત્યારે તમારા દશ જણનું પોષણ થાય છે. તે પણ પચીસ હજાર જીવોનો નાશ થતાં કેટલું બધું ઘન પાપ તને લાગે છે ને તે પાપથી તું કીયા જન્મે છુટીશ,ત્યારે ખેડુત બોલ્યો, અરે ભાઈ, તમે કોઇ ધર્મીષ્ઠ દયાળુ દેખાઓ છો. તમારી કોટમાં માળા, તિલક, છાપો વિગેરે જોઇને પણ એમ લાગે છે કે તમે ધર્મીષ્ટ દયાળુ છો, તમને પૂછું છું, તમે અનાજ વિના શું ખાતા હશો કે જેથી તમને અમારા જેટલો દોષ નહિ લાગતો હોય ? એટલે પેલો દેખીતો ધર્મીષ્ઠ બોલ્યો, જો ભાઈ,મારા ઘરમાં પણ અમે દસ જણા ખાનારાં છીએ. દસ જણના એક દિવસના નિર્વાહને સારુ એક અજા, એક હરણ જંગલમાંથી લાવીએ છીએ તેથી અમારા દસેનો એક દિવસનો નિર્વાહ થઈ રહે છે, તેથી એક જ જીવની દરરોજ હાનીકરીએ છીએ,તે એકજીવની હત્યામાં અમારા દસજણાના ભાગ પડે છે.તેથી હું દસમાભાગનો હત્યારાથઉં છું.ને તારા ઘરમાં દરેકજણ અઢી અઢી જીવોના હત્યારા થાઓ છો, એ પાપથી તમે કયા જન્મે છુટશો ?

એવા પેલાના વચન સાંભળી ખેડૂત બોલ્યો, અરે ભાઈ, અનાજ છે તે તો સર્વ જગત ખાય છે. અને અજા કે હરણ વિગેરેને તો કોઇ આસુરી જીવ ખાય છે. એટલે પેલો બોલ્યો, અરે મૂર્ખ, કાંઇક તો તોલ કર, અન્ન છે પણ જીવ છે ને અજા છે તે પણ જીવ છે. તેમાં ઘણા જીવની હત્યા કરે તો અસુર કે થોડા જીવની હત્યા કરે તે અસુર, પણ ખેડુત બોલ્યો, અરે ભાઇ ન્યાય રીતે તો ઘણા જીવની હત્યા કરે તે અસુર, પણ અજા કે હરણ વિગેરેનું ભક્ષ કરવું તે તો માંસ ભક્ષણ કર્યું કહેવાય, એટલે

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

પેલો બોલ્યો, જો ભાઈ, જગતમાં જીવ માત્ર માંસ વિના હોતા નથી, વળી આખું જગત માંસાહાર કરે છે. જો કે ગાય, ભેંસ અજા વિગેરેનું દૂધ ખાઓ છો તે દૂધ માંસમાંથી જ થાય છે. માંસનું જ થાય છે. તો માંસ કોઇ નથી ખાતું એમ કેમ કહેવાય ? વળી અજા જેવા જીવ બિચારા જન્મ પૂરો થતાં સુધી દુઃખી છે.જો કે જે ને તે એને હાડછેડ કરેછે ને ઘણાં પ્રકારનાં દુઃખી કરે છે, તેથી તે જીવ અજા જન્મના દુઃખથી છુટે એ આપણને મોટું ફળ છે. એ રીતે પેલાનાં વચન સાંભળી ખેડૂત ભરમાયો ને એને એમ લાગ્યું કે આ કહેનારનું કહેવું ન્યાય ભરેલું લાગે છે. માટે એના જ કહ્યા પ્રમાણે વર્તવું તે જ વ્યાજબી છે,એમ સમજી પેલાને ખેડૂત બે હાથ જોડીને ચરણે લાગ્યો ને કહ્યું, હવે આજથી તમે મારા ગુરુ થાઓ. એ રીતે તેમનો ઝઘડો સાંભળી ધર્મ તથા શ્રીહરિએ પશ્ચિમ દિશા તરફ જોયું તો ત્યાં કળીના પ્રવેશેલાં મા બાપ પોતાનાં બેટા બેટી જે બે ભાઇબહેન તેમને પરણાવતાં હતાં. તેથી તે વરકન્યા પોતાના માબાપને કહેવા લાગ્યાં, અરે મૂર્ખ માબાપ, તમે અમને ભાઇ બહેનને પરણાવો છો એ શું કરો છો ? ત્યારે માબાપ કહેવા લાગ્યાં, અરે અજ્ઞાની, જે કામ ઇશ્વરે કર્યું છે, તે કામ અમે કરીએ છીએ. શું કાંઇ તમને બેને કુંવારા રખાય ? એટલે વરકન્યા કહેવાલાગ્યાંકે અમને બીજાઓની સાથે પરણાવો. આ તો અમે બે ભાઇબહેન થયાં તેથી અમનેબેને પરણાવાય નહિ.

ત્યારે માબાપ બોલ્યાં, અરે મૂર્ખ છોકરાં, તમે અમારા કરતાં ને ઇશ્વર કરતાં ઘણાં ડાહ્યાં છો ? જ્યારે ઇશ્વરે સૃષ્ટિ રચી હશે ત્યારે સ્ત્રી ને પુરુષ બેઉ સાથે ઉત્પન્ન કરેલાં હશે, જુઓ હવે ઉત્પન્ન કરનાર જે ઇશ્વર તે પિતા થયા ને તેમનાઉત્પન્ન કરવાથીથયેલા જે સ્ત્રી પુરુષ તે ઇશ્વરનાં સંતાન થયાં. તે સ્ત્રીપુરુષ એક પિતાથી ઉત્પન્ન થયેલાં તે બંને સ્ત્રી પુરુષ ભાઈ બહેન થયાં; તે પછી સ્ત્રીપુરુષ પરણ્યાં, અનાદિથી ભાઇને બહેન પરણે છે. ત્યારે વરકન્યા કહે, અરે મૂર્ખ માતાપિતા, આજ દિન સુધી આપણાં વડીલો આ પ્રમાણે કેમ નહોતા કરતાં ? ત્યારે માબાપ કહે વડીલો કેવળ મૂર્ખ હતાં. પણ પ્રથમ ઉત્પન્ન થયેલા વડીલો શું નહિ સમજતા હોય, આપણે સર્વ ઇશ્વરનાં ઉત્પન્ન કરેલાં સ્ત્રીપુરુષો ભાઇબહેન થઇએ છીએ. જુઓ બાળકો, પ્રથમનાં સમજુ હતા ને તે પછીનાં મૂર્ખ થયાં અને હાલનાં અમે સમજુ થયાં છીએ. જુઓ કે આ છોકરી બીજાને દઇએ તેથી

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

બીજો તેને મારેઝુડે અને તમે તો સંપીને જ રહો. વળી બીજાની છોકરી હે પુત્ર, તારે માટે લાવીએ તો પારકી પુત્રી અમારી મિલકતની માલિક થાય. ત્યારે શું પારકી છોકરીનાં છોકરા માટે મિલકત મેળવી છે? વળી પારકી આપણે લાવવી ને આપણી પારકાને દેવી એમ અદલાબદલ કરીએ તે કરતાં આ શું ખોટું છે? વળી આપણા મનુષ્યમાં જ મૂર્ખતા પેઠી છે, પશુપક્ષીથી એક માબાપનાં ફરજન તે સ્ત્રીપુરુષ થાય છે. માટે તમારી છોકરબુદ્ધિ મૂકીને પરણાવીએ તેમ પરણો. વળી જુઓ મનુષ્યમાં પણ ઘણા લોકો દૂધની જ સગાઈ ગણે છે. નહિ તો કાકા કાકાનાં ને મામા ફોઇનાં પરણે છે, ફક્ત આપણે જ મૂર્ખ વર્ગમાં છીએ. આ રીતે વરકન્યાને માબાપ તથા પરણાવનાર ગોર મહારાજ બોધ કરે છે, તેથી ધર્મે તથા શ્રીહરિએ દક્ષિણ દિશા તરફ જોયું તો ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્રને અતિ શુદ્ર સર્વને, એક ભાણામાં જમતાં દીઠાં. તે સમયે એક જ્ઞાનવાન પુરુષ તે રસ્તે જતો હતો તેણે પેલા લોકોને કહેવા માંડયું, અરે મૂર્ખો, આ તમે સર્વ કેમ ધર્મભ્રષ્ઠ થવા લાગ્યા છો? એટલે ભેગા જમેલા ભ્રષ્ટો બોલી ઊઠયા, અરે વટેમાર્ગું, મૂર્ખ તો તું જ છે, ઇશ્વરે સૃષ્ટિ રચેલી તે વખતે સર્વ મનુષ્ય એક જ જાતનાં કરેલાં. તે વખતે કાંઇ વર્ણો કરેલી નહોતી. પછી મનુષ્યોએ પોતાના ગુણ કર્મે કરીને બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય થય. પણ કાંઈ કોઈ જુદુ નથી, ત્યારે જ્ઞાનવાને કહ્યું, અરે મૂર્ખો, ઇશ્વરે સૃષ્ટિના આરંભથી જ જુદી જુદી વર્ણો કરેલી છે. જુઓ કે સારી કહેતાં જે ડાંગર તેમજ સુતરસાર, જીરાસર, તાંબાસાર, કમોદ ત્રણ પાંખડી વગેરે જુદી જુદી જાત બનાવી છે તો મનુષ્યમાં કેમ બનાવી નહિ હોય?

તે ડાંગરો કીયા ગુણ કર્મ કરીને જાતીફેર થઈ હશે? ઇશ્વરે અનાદિથી જ જુદી જુદી જાતો બનાવેલી છે. તેમ છતાં તમો એક આરે કરવા બેઠા છો ને વર્ણાશ્રમ બોળવા લાગ્યા છો. એમ કહીને જ્ઞાનવાન ચાલતો થયો. આ પ્રકારે ચારે દિશાના ચાર દાખલા જોઈ રાજા યુધિષ્ઠિર ને શ્રીહરિ વિમાનમાં બેસી વૈકુંઠ વિશે ગયા. ત્યાં જઇ સર્વ ચતુર્ભુજ હરિજનોની સભા કરી. એટલે શ્રીહરિ સિંહાસન ઉપર બિરાજમાન થયેલા તેમના સનમુખ યુધિષ્ઠિર બેસી બે ભુજ જોડી અભિવંદન કરી કહે છે, હે કૃપાનિધિ આપણે ભૂમિ પર ચારે દિશાએ ચાર ચમત્કાર જોયા પણ તેમાંથી એકનો હું યથાર્થ સાર સમજયો નથી તો કૃપા કરી મને સમજાવો. એટલે શ્રીહરિએ કહ્યું.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

હે યુધિષ્ઠિર, પ્રથમ પૂર્વ દિશામાં ગાય અને આખલો પોતાની નાની વાછરડીને ધાવતાં હતાં તેનો અર્થ એ છે કે ભૂમિમાં કળીયુગ હળાહળ વ્યાપી ગયો તેથી કળીની કરણી ગાય આખલાને વાછરડીથી જણાઈ આવી. ગાય અને આખલાની પુત્રી જે વાછરડી તે વાછરડીને માબાપ ધાવતાં હતાં એટલે વગર વીયાયેલી વાછરડીને ચુસતાં હતાં. તેથી આટલું જ સમજવાનું છે કે હવે મનુષ્યમાં મા ને બાપ પોતાની દીકરીને ચૂસશે, એટલે પોતાની પુત્રીનું દ્રવ્ય લેશેને ખાશે. બીજું ઉત્તર દિશાએ ખેડૂતને ટીલાં ટપકાં કરીને અને માળાઓ કોટમાં ઘાલીને જ માંસાહાર કરવાનો બોધ હતો તે પોતે કરતો ન હતો, એ તો એનામાં કળિયુગ પ્રવેશીને કળી બોધ કરતો હતો. જેમ કોઇના શરીરમાં ભૂત આવ્યું હોય છે ને તે ભુત જે જે બોલે છે તે ભુત બોલતું દેખાતું નથી પણ જેના શરીરમાં આવેલું હોય છે તે શરીરવાળું માણસ બોલતું દેખાય છે પણ તે માણસ બોલતું નથી એ તો ભરાયેલું ભૂત બોલે છે એમ આપણે સમજીએ છીએ તેમ કળિયુગ બોલે છે એમ નિશ્ચય જાણવું.

હવે પશ્ચિમ દિશામાં જે માબાપ પોતાના દીકરાદીકરીને એટલે ભાઇબહેનને પરણાવતાં હતાં તેમાં વરકન્યા પરણવાની ના કહેતાં હતાં તેમ છતાં માબાપ તેમને પરણાવાનો બોધ કરતાં હતાં તે માબાપ બોલતાં નહોતાં, એ માબાપમાં કળિયુગ વ્યાપી ગયો હતો તે કળિયુગ બોલતો હતો. જેમ કોઇ ને ભ્રમિત વાયુ થઈ ગયો હોય ને તે ભ્રમિત માણસ જેમ ફાવે તેમ બોલે છે, તેથી તે માણસ બોલે છે તેમ સમજવું નહિ, એ તો તેનો ભ્રમિત વાયુ બોલે છે. જે માબાપ બોલતા હતા તે માબાપ તો કદી બોલે નહિ. પણ તે માબાપમાં પેસીને કળિયુગ બોલતો હતો. પછી દક્ષિણ દિશામાં સર્વવર્ણના એક ભાણામાં બેસીને જમતા હતા તેમને જે પેલા જ્ઞાની પુરુષે ધિક્કાર્યા તે જ્ઞાનીને પેલા જમનારાઓએ જે જે ઉત્તર આપ્યા તે તેમણે આપ્યા નહોતા. એ તો કળિયુગ તેમનામાં પ્રવેશીને ઉત્તર આપતો હતો. જેમ દારૂનો પીધેલો પોતાની સ્ત્રીને દારૂના નશામાં માતા, બહેન વિગેરે કહી દે છે, તે કાંઇ સ્ત્રીનો પુરુષ બોલતો નથી, એ તો પેલો દારૂ બોલે છે. તેમજ એ સર્વવર્ણના ભેગા જમનાર જે બોલતા હતા, તે પોતે બોલતા નહોતા, એ તો તેમનામાં કળિયુગ વ્યાપી રહેલો બોલતો હતો, એટલે યુધિષ્ઠિર કહે છે, હે મહારાજ, ત્યારે તે બોલનારને એમ લાગતું હોય કે આ હું બોલું છું. એટલે શ્રીહરિ કહે, અરે ભાઇ, જો તેને તેમ લાગતું હોય તો દારૂડીઓ

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

સ્ત્રીને માબહેન કહીને પાછો સ્ત્રીને માને જ નહિ. તેને દારૂ ઉતર્યાં પછી તે એમ પણ કહે છે. હું શું બોલતો હતો તેની મને કાંઇ જ ખબર નથી. તે જ રીતે ભૂત વળગેલો કે ભ્રમિત વાયુથી ભમરાયેલો જ્યારે ઠેકાણે આવે છે ત્યારે એમ કહે છે કે હું શું બોલતો હતો ને શું કરતો હતો તેની મને ખબર નથી, એ રીતે જેનામાં કળિયુગ ભરાયેલો છે તેને હું કોણ છું ને આ શું બોલું છું, આ શું કામ કરું છું તેનો તેને જરા પણ વિચાર આવતો નથી.કારણ કે તેનામાં બીજો પેઠેલો છે તેથી તે તો એમ જાણે છે. હું જે બોલું છું તે વ્યાજબી ને યોગ્ય જ બોલું છું. હે રાજા યુધિષ્ઠિર જૂના જમાનાથી વિરુદ્ધ રીતે હશે તેથી જાણવું કે એ કળિયુગ મજા કરે છે અને કોઈ વિરલા પુરુષો જે જુના વિચારના હશે તે તો ઉપર પ્રમાણે બોલનારને જાણી જશે કે આ કળિયુગ બોલે છે.ને જે જે જુના રીવાજોથી ઉલટા રીવાજો કરે છે તે કેવળ કળિયુગ જ કરે છે. એમ સમજનારા પુરુષો જ જ્ઞાની છે. અને તે કળિયુગના પૂરણ પ્રવેશેલા પુરુષોથી જેમ બનશે તેમ અલગ ને અળગા રહેશે, અને તેવા જ્ઞાનવાનને કળિયુગી ટોળાઓ ઘણાંજ સતાવશે.એ જ કળિયુગના લક્ષણજાણવા.

પછી રાજા યુધિષ્ઠિરે આજ્ઞા માગી. હે મહારાજ હવે મને મારે અધિષ્ઠાને જવાની ઇચ્છા છે, માટે આજ્ઞા આપો. એટલે શ્રીહરિએ કરુણા કરી આજ્ઞા આપીને કહ્યું. કૃષ્ણ અવતારમાં ભૂમિનો ભાર ઉતારવા અમારી મદદે પૃથ્વીમાં આવ્યા હોય તે સર્વને પોતાને અધિષ્ઠાને જવા અમારી આજ્ઞા છે. એટલે રાજા યુધિષ્ઠિરે કહ્યું,હે મહારાજ કોણ કોણ આપની મદદમાં અવનિ વિષે આવ્યા હતા તે કૃપા કરી મને કહો.એટલે શ્રીકૃષ્ણ વિષ્ણુ કહે છે,હે યુધિષ્ઠિર, બ્રુહસ્પતિનો અંશ દ્રોણાચાર્ય થયા હતા, અને શ્રીમહાદેવ જીનો અંશ અશ્વત્થામા, અને ગાંધર્વના સ્વામીનો અંશ ધ્રુત્રાષ્ટર વિશ્વાસવસુ ભીષ્મજી હતા.કુબેર ભંડારીનો અંશ પાંડુરાજા હતા.યમરાજાનો અંશ તમે યુધિષ્ઠિર હતા. વાયુનો અંશ તમારો વૃકોદર હતો, ઈંદ્રનો અંશ અર્જુનજી હતા, અશ્વનીકુમારના અંશ સહદેવ અને નીકુળ હતા.સૂર્યનો અંશ રાજા કર્ણ હતો, ચંદ્રનો અંશ અભિમન્યુ હતો. વિધિનો અંશાવતાર અક્રૂરજી હતા. કામદેવનો અંશાવતાર પ્રદ્યુમન હતો. દ્રુપદનો પુત્ર જે ધૃષ્ટદ્યુમ્ન તે અગ્નિનો અંશ હતો. સનતનો અંશ અવતાર વિદુરજી હતા, કારનો અંશ અવતાર ઉદ્ધવજી હતા, રુચિત્રાના અંશાવતાર ગોપિકાઓ હતી, ભક્તિનો અંશાવતાર રાધિકાજી હતા, બળિભદ્ર શેષનાગનો અવતાર હતા.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

કૃષ્ણાવતારમાં હું સાક્ષાત વિષ્ણુ હતો. હે યુધિષ્ઠર,આ સર્વ અંશો તમને કહી સંભળાવ્યા. એટલે યુધિષ્ઠિર કહે. અરે કૃપાનિધિ, આપ ધરાધરી કહો છો કે હું શ્રીકૃષ્ણ હતો તે અંશાવતાર હતો ત્યારે આ જગતમાં ઘણાક જીવો તો એમ જાણે છે, કે જે શ્રીકૃષ્ણ અને શ્રી રામ એ પોતે જ પરમાત્મા હતા,એટલે શ્રીહરી કહે છે, હે યુધિષ્ઠિર જે અજ્ઞાનથી વિંટાયેલા અને જે ચુસ્ત ભગત તે જ એમ સમજે છે. જુઓ કે પરમાત્મા અવિનાશી, અચળ, અખંડ છે અને રામાવતાર તથા કૃષ્ણાવતાર વિગેરે અવિનાશી, પરમાત્માના હોય તો તો અત્યારે પૃથ્વીમાં નથી. અને પૃથ્વીમાં નથી તેથી પૃથ્વીમાં નાશ થયા એમ સિદ્ધ થયું.કદી કહેશો કે શ્રીકૃષ્ણનું શરીર નાશ થયું પણ એમનો ચૈતન્યાત્મા તો નાશ પામતો નથી માટે તે અવિનાશી ગણાયા છે. પણ હે યુધિષ્ઠિર. અવિનાશી તો સર્વ આત્મા માત્ર છે, કોઈ આત્મા કોઇ કાળે નાશ પામતો નથી, તો પણ તે આત્માને અવિનાશી નામ અપાતું નથી. અવિનાશી તો કોને કહેવાય કે જે પુદ્ગલ એટલે જે શરીરે ચૈતન્ય સદા એક ને એક સ્થિતિમાં રહે તેને અવિનાશી કહેવાય. બાકી તો આત્મા માત્ર અવિનાશી છે. પણ દેહીને તો આવવાપણું થાય છે, માટે તેને અવિનાશી કહેવાય નહિ, હે યુધિષ્ઠિર, એક દેહમાંથી બીજા દેહમાં પ્રવેશવું એ ચળિતપણું છે, તેની તેને અચળ કહેવાય નહિ,અને જે અવિનાશી પરમાત્મા છે,તે તો અચળ છે.જેનો કોઇ અંશ પણ ચળિત થાય નહિ તેને જ અચળ કહેવાય,અખંડ એટલે જેના સત્ય સ્વરૂપમાં કોઇ પ્રકારે ખંડિત નહિ તેનું નામ અખંડ કહેવાય. માટે પરમાત્મા વિના કોઇ પણ અવિનાશી, અચળ કે અખંડ છે જ નહિ.જેનો કોઇ રીતે આયુરભાવતીરોભાવ થતો નથી તે જ અવિનાશી પરમાત્મા છે.બાકી સર્વ વિશ્વક્ષર છે ને વિશ્વપતિ જે માયા વશિષ્ટ બ્રહ્મ છે તે અક્ષર છે;તો પણ તેમનો આયુરભાવ તીરોભાવ થાય છે તેથી તે અક્ષર ખરા પણ અક્ષરાતીત નહિ; અક્ષરાતીત તો પરમાત્મા જ છે તેને જ્ઞાનવાન પુરુષો ઓળખે છે એટલે જાણે છે ને તેને જાણી તેમાં જ વૃત્તિ મતિ સ્થિત કરે છે તેજ તે પદને પામી અવિનાશી થાય છે. અને તેનું નામ મોક્ષ થયો કહેવાય છે. અજ્ઞાની જનો જે વિવેકને સમજતા નથી તે ક્ષર અક્ષર અને અક્ષરાતીતનો વિવેક સમજતા નથી ને અડદ, મઠ. સર્વ ભેગું ભરડે છે, તેથી કરીને જગતના જીવો અધોગતિને પામે છે, હે રાજા યુધિષ્ઠિર, આ સર્વ મોક્ષ માર્ગની તમને વાત કહી; હવે તમે તમારા અધિષ્ટાને પધારો. એટલે યુધષ્ઠિર પોતાના અધિષ્ઠાનમાં પૂર્ણ ધ્યાન

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

વૃત્તિએ કરીને મળી ગયા. હે જનમેજય રાજા એ રીતે ભારત કથા અઢારે પર્વ તને પૂર્ણ રીતે સંભળાવી, તેથી તારી અઢારે બ્રહ્મહત્યા નિવારણ થઇ અને જે શ્રોતાજને કથા શ્રવણ કરી અથવા વાંચી તેના પણ ભૂલેચુકે થયેલાં પાપ નિવારણ થઇ ગયાં, એટલું કહેતામાં કાળા તલ, કાળી ગાય, કાળો પડદો શ્વેત થઇ ગયાં.

વિશ્રામ સમાપ્ત

ભારત ગદ્ય કથા કહી, શ્રોતા જનને માટઃ
વાણી વલ્લભ વ્યાસની, ખટ રસની પુરપાટ.
રાજનગર રાયપુરમાં, છે વલ્લભ વિસરામ,
સમાગમ કરશે સજ્જનો, જય જય શ્રીઘનશામ.

સમાપ્ત

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

શિવ પુરાણ

રસિક અને મનોહર રાગરાગણીઓથી ભરપૂર

કવિ દુર્ગાશંકર આદિતરામ કૃત

આમાં બ્રહ્માની ઉત્પત્તિ, બ્રહ્મા વિષ્ણુનો સંવાદ, બ્રહ્મા વિષ્ણુ ઉપર શિવ પ્રસન્ન થયા, બ્રહ્મા વિષ્ણુને શિવનું વરપ્રદાન, દક્ષ યજ્ઞ પ્રારંભ, દક્ષકથા વર્ણન, શિવપૂજા વર્ણન, તારકાસુરે તપ કર્યું: શિવે કામ દગ્ધ કર્યો. રતિ-વિલાપ, પાર્વતીએ તપ કર્યું. પાર્વતી ઉપર શિવ પ્રસન્ન થયા, શિવવિવાહ, હિમાચળને ત્યાં શિવ જાન લઇને આવ્યા, શિવસ્વરૂપ દર્શન, મેનાનો શોક, મેનાને વિષ્ણુએ ઉંપદેશ કર્યો, શંકરના સ્વરૂપનું વર્ણન, પાર્વતીના સ્વરૂપનું વર્ણન શંકર વિવાહ સંપૂર્ણ. હિમાચળે શિવને પહેરામણી આપી. પાર્વતી સહિત શિવ કૈલાસ આવ્યા, કાર્તિક સ્વામીની ઉત્પત્તિ અને તારકાસુરનો વધ, તારકાસુરના ત્રણ પુત્રોનું તપ, ઈંદ્ર બ્રહ્મા પ્રતિ દુઃખ નિવેદન કર્યું, મુંડીએ કરેલો વેદધર્મ, શિવપૂજાનો નાશ, ત્રિપુરાસૂર પ્રતિ શિવનું યુદ્ધ વિદ્યુનમાળી સ્ત્રી પાસે આજ્ઞા લેવા આવ્યો, કમળાક્ષ અને કૌંચનો સંવાદ. કેકર અને ઇંદ્ર સંગ્રામ, વિદ્યુનમાળી યુદ્ધ વિષ્ણુ અને કમળાક્ષનું યુદ્ધ વિષ્ણુ કળા વર્ણનઆદિ સર્વ કથા એટલી બધી રસિક હોવાથી વારે વારે વાંચવા છતાં તપ્તિ થતી નથીઃ સુંદર ચિત્રો, અક્ષર સાધરણ ભણેલા સ્ત્રીપુરૂષો વાંચી શકે તેવા. બોર્ડનું પૂંઠું, સ્વચ્છ છપામણ છે. કિંમત રૂા. ૧૫ પોસ્ટેજ જુદુ.

મળવાનુ ઠેકાણું

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણદરવાજા, અમદાવાદ-૧

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

રામાયણ

--ભકિતરસથી ભરપૂર--

શ્રી ગિરધર કૃત રાગરાગણીમાં

જેના પાને પાને ભક્તિનાં ઝરણાં વહે છે. જેમાં ભગવાન શ્રીરામનું પ્રાગટય, બાળલીલા, વિશ્વામિત્રના યજ્ઞનું રક્ષણ, અહલ્યા ઉદ્ધાર, સીતા સ્વયંવર, પિતાની આજ્ઞા પાળી રામવનવાસ, ઋષિ ઓનું રક્ષણ, રાક્ષસોનો નાશ, ભરતમિલાપ, માયાવી મૃગનો નાશ, સીતાહરણ, જટાયુ વધ, રામમિલાપ, ઋષ્યમૂક પર વાનરો સાથે મૈત્રી, વાલી વધ, હનુમાન શકિત, સીતા શોધ, સેતુબંધ વિભીષણનું રામને શરણે જવું, રાવણની રાક્ષસ માયા, લક્ષ્મણની ભ્રાતુભકિત, યુદ્ધમાં લક્ષ્મણનું મૂર્છિત થવું, હનુમાન દ્રોણાચલ પર્વત લઇ આવે છે. કુંભકરણ મેઘનાદનો નાશ, સુલોચનનો પતિવ્રતાનો પ્રભાવ, મરેલા ઇંદ્રજીતને હસાવવો, રાવણ વધ, વિભીષણને લંકાનું રાજ આપવું. સીતાની અગ્નિ પરીક્ષા, રામ ભરત મિલાપ રામરાજ્યાભિષેક, સીતાજીનો વનવાસ,લવકૃશનો જન્મ, રામાશ્વમેધ, રામ સૈન્ય સાથે લવકુશનું યુદ્ધ, રામનો પરિચય, લવકુશે ગાયેલી રામાયણ, સીતાજીનું પૃથ્વીમાં સમાઇ જવું વગેરે વિષયો આમાં સમાવવામાં આવ્યા છે.

હનુમાનની ભકિત, લક્ષ્મણ ભરતની ભાઈ માટેની ભકિત, સીતાજીની પતિભકિત મંથરાની કુટિલતા વગેરે વાંચતાં તમને અનેરો આનંદ આવશે: સાધારણ ભણેલા પણ વાંચી શકે તે માટે મોટા અક્ષરે છાપવામાં આવેલ છે. સુંદર છપાઈથી કલરના રંગીન ફોટો છતાં કિમંત રૂા. ૨૫-૦૦ પોસ્ટજ જુદું

મળવાનું ઠેકાણું

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણદરવાજા, અમદાવાદ.

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2

Kirtikant Sharma Collection, Najafgarh

CC-0. In Public Domain. Digitization by eGangotri/Sarayu Trust. Funding IKS-MoE-Grant-2



અસલ

શ્રી વિશ્વકર્મા પુરાણ

સચિત્ર વાર્તામાં

આ પુસ્તકની ઘણા વખતથી વાચક ભાઈઓની સતત માગણી હોવાથી આ પુસ્તકને અમે મોટા સ્વચ્છ અક્ષરોમાં છપાવી સુંદર બનાવવા પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકમાં ૧૬ ત્રણ રંગના સુંદર પ્રસંગ ચિત્રો, અને શ્રી વિશ્વકર્મા પ્રભુનું સુંદર ત્રણ રંગનું ચિત્ર મુકયું છે દરેક ધર્મ પ્રેમી [illegible]નાને વાંચવા અને વસાવવા લાયક છે આજે જ વસાવી ખાત્રી કરો. સુંદર કપ [illegible] વૃદ્ધ માણસો પણ સારી રીતે વાંચી શકે તેવા મોટા અક્ષર અને સુંદર છપાઈ [illegible]રે ૩૫૦ પાનાનો બ્રહદ ગ્રંથ છતાં કિંમત માત્ર રૂા. ૧૮-૦૦ પોસ્ટેજ જુદું.

શ્રી ડાકોર મહાત્મ્ય

લે. રમાશંકર મુકતાશંકર જોષી

ડાકોર ગામ ભાગ્યે જ કોઈ હિન્દુએ જોયું નહીં હોય. તમે પણ ડાકોરમાં શ્રી રણછોડરાયજીના દર્શન કરવા અનેકવાર ડાકોર ગયા હશો. પણ ડાકોર અને તેની આસપાસ આવતાં પાંચ મહાતીર્થોથી કદાચ આપ અજાણ હશો. ડાકોરનું મૂળ નામ શું ? ડંકપુર ચરિત્ર, શિવ પ્રાગટ્ય, શિવ સ્તુતિ, મહાયજ્ઞ વર્ણન, દ્વારામતી તીર્થ, વિજયનંદ આખ્યાન, પ્રતાપસિંહ આખ્યાન, વિરસિંહ આખ્યાન, વિજયસિંહ ઉર્ફે બોડાણાનો જન્મ વિજયસિંહ ચરિત્ર વર્ણન, વૃષભ અને શકટનું વૃત્તાંત બોડાણાની સ્તુતિથી પ્રસન્ન થઈ શ્રી રણછોડરાયનું બોડાણા સાથે દ્વારિકાથી ડાકોર આવવું. દ્વારિકાંનાં નગરપતિ બ્રાહ્મણો, વેપારીઓનું ભગવાનને શોધવા નીકળવું, ડાકોરમાં બોડાણાને મળવું, ગંગાબાઈની સવાવાલ વાળીથી ભગવાનનું તુલામાં જોખાવું. દ્વારિકાના લોકોને ખાલી હાથે દ્વારિકા પાછા ફરવું. બોડાણાનું વૈકુંઠ ગમન, આદી વિષયોથી ભરપૂર ગ્લેજ કાગળ કિંમત રૂા. ૬-૦૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું :- **મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે** ત્રણ દરવાજા અમદાવાદ

Kirtikant Sharma Collection, Najafgarh